શ્રી

મહાભારત

ની

કથા અઢારે પર્વ સાથે.

બનાવનાર.

વ્યાસજી વલ્લભરામ સુરજરામ

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. ફકીરચંદ કીલાચંદ.

તથા

ડાકટર હરીલાલ તુલસીદાસ.

અમદાવાદ

આવૃત્તિ છ ઠ્ઠી. પ્રત ૨૨૫૦.

અમદાવાદ.

પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

મોતીલાલ ગણપતરામે છાપી.


સવંત ૧૯૭૦ સને ૧૯૧૪

કીંમત રૂ. ૪—૦—૦

અનુક્રમણિકા.


વ્યાસજી વલ્લભરામ સૂરજરામ


વડવેધનનુ ચિત્ર.



મચ્છવેધનું ચિત્ર.




સુરેખા હરણીનું [redacted]




હીડંબાવધનું ચિત્ર.




ચક્રવ્યૂહ.



આંબળી પીપળી - ચિત્ર.



सुधन्वानुं चित्र



શ્રી.

ભારથની કથા.

આદ્ય પર્વ.

કડવુ ૧ લુ. રાગ સામેરી.

ગણેશ ગીરજાનંદને હું, પ્રથમ લાગું . પાય; સરસ્વતી મા વસો જીભ્યાયે, પુર્ણ કરો કૃપાય. ॥૧॥ ભારત કથા પાંચ પ્રકારે તેસહુનો આ સાર, ભારત ચંપુ બાળ ભારત, મહાભારત વિસ્તાર ॥૨॥ ભારતસાર સાવંત્રા ભારત, તે સહુનું આતત્વ, નીર સંશય કાવ્ય કર્યું છે, જેમ દધી ઘ્રત સત્વ ॥૩॥ પાન્ડવ ચરીત્ર શ્રવણ કરે, પરીક્ષત કેરો તન, જનમેજયની અરાઢ હત્યા, ગઇ થયો પાવન ॥૪॥ તેવો મહીમાઆ કથાનો, વાંચે સાભળે જેહ; વૈરાગ્ય ભક્તિ પુરણ પામે, જ્ઞાન ગ્રહેજનતેહ. ॥૫॥ વૈશમપાયેએણીપેરબોલ્યા, સુણુજનમેજયરાય;વીસ્તારીતુજનેસંભળાવું,આદ્યપરવ મહીમાય.॥૬॥ યમુનાની તીરે ગામ અયોધ્યા, હસ્તસેન્ય ત્યાં રાય; તે રાજાને તેર રાણી, પેટ નહિ પ્રજાય. ॥૭॥ રાજાની થઈ વ્રદ્ધાવસ્થા,તવ કર્યો વીચાર, મારે પેટ પ્રજા નહી તો,શું કરવો સંસાર ॥૮॥ એમ જાણીને ઉઠયો રાજા, મન ધર્યો વૈરાગ;પોપટ લીધો અસ્વે બેઠો ઘરબાર કીધું ત્યાગ.॥૯॥ પ્રભુ પુત્ર આપશે મુને,ત્યારેજઆવીશઘેર; એવું ધારી નીકળ્યોરાજા,અરન્યઆનંદભેર. ॥૧૦॥ સપ્ત દીવસે ગયો મહાવનમાં,દીઠું વડવ્રક્ષ એક,અશ્વ પોપટને ચરવા મુકી, તપ ધાર્યું ધરી ટેક. ॥૧૧॥આસનવાળી માળાઝાલી, ધરતો પ્રભુનું ધ્યાન;વડનીનીચે જાપજપતો,રીઝવવા ભગવાન.॥૧૨॥એ વડ ઉપર ઘુઅડ પક્ષી, માળો બાંધી વસેવાસ,ઘુઅડનરફરવા ગયોછે, પક્ષણી છે ઉદાસ. ॥૧૩॥ એવામાં આવ્યો ઘુઅડપક્ષી,પક્ષણી પુછે પેર; આટલી વેળા કયાંગયાતા, મુને ગમ્યું નહી ઘેર.॥૧૪॥ એટલે પક્ષી પક્ષણીપ્રત્યે,કહેછે બધુ વર્તમાન; નીચે રાજા તપ કરેછે, તે સાંભળેછે કાન.॥૧૫॥ સાંભળ સુંદરીસુરસભામાં, ગયો હતો હું આજ;ત્યાં દેવસભામાં એવું બોલ્યા,વિશ્વામિત્ર મહારાજ.॥૧૬॥ આજનો દિવસ એવો છે કે, વંજા પામે પુત્ર; આપી પ્રાણી પણ પ્રજા પામે, વાધે ભલું ઘરસુત્ર.॥૧૭॥ એમ કહી ક્રીડા આરંભી, પક્ષીએ તે વાર; સાં-

ભળી રાજા રડવા લાગ્યો, હું નીરભાગી અપાર.॥૧૮॥ આજહોતઘેર મા-
હારે તો, પુત્રની પ્રાપ્તી થાત;હું નિરભાગી હાંઇ આવ્યો,કરૂ માહારી દેહ-
ઘાત.॥૧૯॥ એટલે આવ્યો પાળેલોપોપટ, રાય તણું રૂદન દેખી પાંખોથી
આંખો લુશી, પછી વધો વચન, ॥૨૦॥અરેમ્હારાજા રાજાધીરાજા.વન આ
વ્યા ધરી પ્રેમ; જપ તપ કરતાં શું સાંભર્યુંછે. રૂદન કરો કેમ.॥૨૧॥ રાય
કહે ઘુઅડ પક્ષીનાં, સાંભળીઆંવચન;આજ ઘેર હોત માહારે તો, નીશ્ચે
પામત તન ॥૨૨॥ તવ પોપટ કહેમાહારાજા, મનમાંશાદ અદાપો; કામ
જવર ઉત્પન્ન કરીને, વીર્ય મુજને આપો ॥૨૩॥ તે તમ રાણીને જઇને
આપુ, આજને આજ મ્હારાજ; તવ રાજાએ વડનું પાંદડુ, લીધું ધારી
શુભ કાજ. ॥૨૪॥ પડીઓ બનાવ્યો કામ ઉપજાવ્યો, વીર્ય કર્યું ખળીત;
પછી દડીયો દીધો પોપટને, લીધો પક્ષીધરિ પ્રીત. ॥૨૫॥ ચંચુમાં ઘાલી
ઉડયો ચાલી, જળપંથ વ્હેલું જવાય; તેથી સીંધુ પર ઉડતો ચાલ્યો,
મારગમાં શું થાય. ॥૨૬॥ સુર સપાટે જોર ઝપાટે, પોપટ પંથેપળીયો, રા-
જાને ભવિશે જોતાં જાતાં, બાજ શકરો મળીયો ॥૨૭॥ એતો અતિ જોરા
વર પક્ષી,પોપટ દીઠો ચક્ષ; જાણ્યું ચંચુમાં છે દડીયો: તેમાં હશે કાંઈ
ભક્ષ. ॥૨૮॥ એમ સમજી પોપટ ઉપર, કરવા લાગ્યો પ્રાહાર; ચાંચ તણો-
ને પાંખ તણો ત્યાં;પ્રૌઢ માર્યો માર ॥૨૯॥રૂધિર વરણો પોપટ થયો, ભાગી
મનની હામ;પ્રાણ જાશેને પડીયો જાશે, બેઉબગડશેકામ ॥૩૦॥ તે કરતાં
હું એક બચાવું, મનસુબો એમ કીધો; પોતાનો પ્રાણ ઉગારવાને
પડિયો ફેંકી દીધો. ॥૩૧॥ તે પડીયો પડયો જળ વિશે, બાજ થયો નિરા-
શ,સીંધુમાંથી લેઇ ન શકે, પોપટે મુકી આશ. ॥૩૨॥ મન વીચાર્યુંરાજા
કેરૂં,હુંથી ન ભાગ્યું દુખ; હવેજાવું નગ્રમાં શું,દેખાડુ જઇને મુખ.॥૩૩॥
કારજ કથલ્યું કેમ કરવું, રાજા થશે નિરાશ;માટે ત્યાં જાવું નવ ઘટે,
જાણી પુર્યો વનવાસ. ॥૩૪॥ એવે મનમાં તપ સ્થળેથી, ઉડયો રાજ્ય-
કુમાર; અસ્તસેન અશ્વે બીરાજ્યો, હરશભેર અપાર,॥૩૫॥ સપ્ત દીવસે
પૃથ્વી પંથે, આવ્યો પોતાને ઘેર; જોયું તો પોપટ કાંઇ ન દીઠો, પુછી
રાણીને પેર.॥૩૬॥ પોપટ મારો કયાં ગયો તવ,રાણીએ કીધો ઉચ્ચાર;
આપ લેઈગયા તે દનથી તો, દીઠો નથી કોવાર ॥૩૭॥ રાજાએ લેલાટ
હાથ મેલ્યો, મીથ્યા મરૂછુંમથી, ઉદવેગ આણું અવરથાહું, પુત્ર ભવિ-
ષમાં નથી. ॥૩૮॥ વલણ ॥ એમ મન વાળી બેઠો રાજા, રહયો આપનેઘેર;
વલ્લભ કહે દડીઓ પડયો, તેની શી થઈપેર.

કડવું ૨ રાગ ધનાશરી.

વૈશમપાયે બોલીયા છે, સાંભળને તું રાય; દડીયો પડયો દરિયા વિશે,તેની શું ગત થાય॥૧॥સમુદ્ર જળમાંથી એક મચ્છા, નિકળી આવી બહાર; ભક્ષ જાણી દડીયામાંથી વીર્યના ઘુંટ ભર્યા બે વાર॥૨॥ તે દીવશના યોગે કરીને, ગર્ભ રહયો બેઉ કુખ; દિવસે દિવસે ગર્ભ વધે છે, પ્રભુ લીલા કહુ મુખ.॥૩॥ એમ કરતાં દશ માસ થયા, મચ્છથી ન ગર્ભ ખમાય;હલાય ચલાય નહી મન ધાર્યું, તણાઇ જમુનામાં જાય. ॥૪॥ તણાતી આવી અયોદ્ધા નગ્રે, ઢીમરે નાંખી જાળ; તેમાં તે તો ભરાઇ ગઇ, ઢીમરે કાઢી તતકાળ ॥૫॥ જાણ્યું કે આ મચ્છછે બહુભારે, નીકળશે કાંઇ ધન એમ જાણીને ઉચકી લાવ્યો, પોતાને ભોવન ॥૬॥ પોતાનિ નારીને પાસે બોલાવી, ખડગ લીધુ હાથ; મછ તણા બે ભાગ કીધા, નરનારી રહી સાથ. ॥૭॥ ઉભાં ચીતાળીયાં માછલી કેરાં, કીધાં છે જે કાળ, મનુષ જાતી સુંદીરરૂપે. બે કુખમાં બે બાળ. ॥૮॥ જીવતાં જીવ તે રડવા લાગ્યાં ઢીમ્મર વિસ્મય થાય; આ મચ્છને પેટે મનુષ જાતી, પ્રભુ લીલા શું કળાય ॥૯॥ એટલે બોલી માંછીનીનારી,લેઇ લ્યો બેઉ કુઆર;આપણેપેટે પ્રજા ન્હોતી તે, કૃપા કરી કીરતાર. ॥૧૦॥ ઢીમર કહે આપણોરાજા,તપ કરવા ગયો વન; થાકીને છેવટ પાછો આવ્યો, પણ પામ્યો નહી તન. ॥૧૧॥ જેને જોઇએ તેને ન થયાં ને, મછને મનુશ દેહ; આપણ રાખીએ બંને બાળક, આનંદ ઓછવ એહ ॥૧૨॥ પણ આવારતા જાણશે જગત, જાણી જાશે ભુપાળ; આપણનેબોલાવી ડંડદેશે. કહેશેઆ કોનાબાળ॥૧૩॥ માટેપ્રથમજાહેરકરીએ, પછી નહિ ચીંતાય; એમ જાણીમછનાં ચિતાળાં, લેઇ ગયો સભામાંય,॥૧૪॥ હસ્ત સેન્યની પ્રત્યે ઢીમર, મુખ વધ્યો વચન; માહારાજ એક કઉતક થયું, મછનું મુજ ભોવન॥૧૫॥ રાજા પ્રધાનને સકળ સભા, જોઇને વિસ્મય થાય; મછને પેટેછે મનુશ જાતી, આતે શું કહેવાય.॥૧૬॥નથી બનાવટ ઇશ્વર કૃતી,તેમાં નહી સંદેહ;વિદ્વાનબ્રાહ્મણને બોલાવો, નીશ્ચય કરીએ એહ ॥૧૭॥ રાજાએ તેડયા શાસ્ત્રી વેદાન્તી, જોશી પુરાણી પુરા; ગણીતશાસ્ત્રનાકુશળજ્ઞાની, અનુભવી નઅધુરા.॥૧૮॥ સભા મહી સરવેને બેસાડયા; રાય વદયો વચન, મછને પેટે આ મનુશ જાતી,કેમ થયાં ઉત્પન્ન.॥૧૯॥ જ્ઞાનેનિહાળોસંદેહ ટાળો, એમ કર્યોઉચાર; સકળ બ્રાહ્મણે વિધા વડેત્યાં, પુરણ કર્યોવિચાર॥૨૦॥ સરવના સમજ્યામાં આવ્યું, રાય તણા ફરજન; પણ ભુપને કહીશું તો ક્રોધાતુર.થઇકરેવિઘન

॥૨૧॥ એમ જાણી કોઇ મોઢે ન બોલ્યા, સમજીરહ્યાસહુ સાર;મુંગાથઇ બે
શી રહ્યા તવ, વ ર થઇ ઘડી ચાર; ॥૨૨॥ એટલે રાજા અતિ અકળાયો,પુ
રણપેઠો વેહેમ;ઉભાથઇવિપ્રોને પુછયું, ઉત્તર નાદો કેમ ॥ ૨૩॥ બ્રાહ્મણ
આ વી શું ભેગા થયા છો, રાખ શરીરે રોળો;લંગોટી વાળી વન સધારો,
પેથાં પાણીમાં બોળો. ॥૨૪॥નીકળો માહારા નગ્રમાંથી, એમ અતિશય
રૂઠયો; એટલામાં એક તમોગુણી,બ્રાહ્મણ બોલી ઉઠયો. ॥૨૫॥ હેરે રાજા
ઉત્તર આપુ, ધરીશ નહી દલ દુઃખ; બંને બાળક તાહરાં છે જો, તુજ
સરીખાં મુખ૦ ॥૨૬॥ એવું વચન વીપ્રનું સુણી; ભુપને વ્યાપીરીસ, મી-
થ્યા મુજને આળમુકયું, છેદી નાંખું શીશી, ॥૨૭॥ વીપ્રવિધ્યાહિનઅસત્ય
બોલ્યા; કર્યો નહી વીચાર; છતી નારીએ માછલી સાથે, મેં કયાં માંડયું
ઘરબાર. ॥૨૮॥ એમ કહીને ખડગ લીધું, ક્રોધમાંકાંઇન સુજે; સકળસભા
માં બ્રાહ્મણ સઘળા, થરથરથરથરધ્રુજે.॥૨૯॥ વીનાશ થાશેને જીવ જાશે,
આ સ્થળ કોનું ચાલે, ક્રોધી બ્રાહ્મણ બોલ્યો તો તેને, બીજા ગોદા ઘાલે.
॥૩૦॥ બે લીને બોળ્યું માનજ રોળ્યું, શું રે થાશે ભગવાન,જ્ઞાની બ્રાહ્મણો
એ તે સમે ત્યાં, ધર્યું નારદનું ધ્યાન. ॥૩૧॥ નારદ આવ્યા વિપ્ર બચાવા,
નીહાળે સભાનો સાથ;હાંહાંકહીનેનારદમુનીએ,ગ્રહ્યા રાજાના હાથ. ॥૩૨॥
કેમ વિપ્ર પર હ થ ઉપાડે, પાપ લેવા ભુપાળ; રાજા કહેમેં પ્રશ્ન પુછયું,
તે મુજને મુકયું આળ.॥૩૩॥ નારદ કહે ન હોય જુઠ્ઠું,વિપ્ર તણું વચન;
પુત્રને મ ટે તું તપ કરવા,ગયો હતો મહાવન. ॥૩૪॥ત્યાં ઘુડ પક્ષીની વાત
સુણી, તેં તે કલ્પાંત કીધું; પોપટના કહેવા થકી તેં દડીઆમાંવિર્ય દીધું
॥૩૫॥ તે લેઇને પોપટ જાતોતો, સીંધુને પંથે સાર; મારગે બાજે પડીયો
પડાવ્યો, સમુદ્રમાં તે વાર. ॥૩૬॥ પોપટ નીરાસથઇનેગયો, વનવાસ પુર્યો
નેટ;દડીઆનું વીર્ય માંછલીએ પીધું, ગર્ભ રહયો તવ પેટ.॥૩૭॥ તે માંછ
લી હાંઇ આવી તણાતી, સાંભળરે ભુપાળ; બે ભાગમાં છે મનુષ દેહી,
બોલ્ય એ કેનાં બાળ.॥૩૮॥ એટલેરાજા થયો જંખવાણો, ઉતરી મનની
રીસ;અપરાધમ રે ક્ષમ કરો સહુ, વીપ્રોને નમાવ્યું શીશ.॥૩૯॥ આજીજી
કરી દક્ષ ણ આ પી, વીપ્ર થયા વિદ ય; પછી પેલા ઢીમ્મર પ્રત્યે, બોલ્યો
હસ્તસેન રાય.॥૪૦॥ જોઢીમર બેઉ મળમાહરાં, તુજાતારેઘેર, માછી કહે
વ વ મહારાજા. કંગાલ પર શોકેર. ।૪૧॥ હતાં તમારાં તો જુમનામાંથી,
ક હત ન આ વ્યા કેમ; અધર્મ કરી લેવાં હોય તો, લેઇલો એમને એમ.
॥૪૨ રાજા કહે તારૂં દીલદુભાવી મ રેનજોઇએ પુત્ર; તારે નીસાસે સુખી
ન થા ઉં, વ ધે નહીં ઘરસુત્ર. ॥૪૩ મારે પેટ પ્રજા નથી તે, મોહ ઘર મન

એવો.ઢીમર કહે અરે મહારાજા, હું પણછું તમજેવો.॥૪૪॥ તમ પેઠે મ રે પેટે પણ, નથી તનયા કેતન;રાય કહે તારે છોકરાં શું કરવાં,લે તુજને દેઉ ધન.॥૪૫॥ ઢીમર કહે સુણો માહારાજા, નથી અમે કાંઇ કાલાં;ગ્રસ્થ હોકે ગરીબ હોપણ, છોકરાં સૌને વહાલાં.॥૪૬॥ દ્રવ્ય મારે નથી જોઇતું ને, પુત્રને કાજ અદાપું; બે બાળક મને મારાંદો,લ્યો ઝુપડી મારીઆપું.॥૪૭॥ રાજા કહે ગભરાતો નહીતું, તેડયાપ્રમાણીક જન,પંચ થાપ્યા તે પંચ પ્રત્યે,રાય વદયો વચન. ॥૪૮॥આ મછને પેટે છે બે બાળક,મ'હારા વીર્યના સાર;ઢીમર ઢુંડી લાવ્યો જળમાંથી,એ પણછે હકદાર. ॥૪૯॥રૂડીરીતે પ્રભુ પ્રીતે, કષ્ટ બેઉનાં કાપો;તમારા પંચની ધ્યાનમાં આવે, ઈનસાફ એવો આપો.॥૫૦॥તવ પંચે મળી ન્યાય કીધો, દીધો રાજાને તંન; રાજાને કહ્યું પુત્રી ઢીમરની, ઉપર આપો ધન. ॥ ૫૧ ॥ તવરાજાએપુત્રલીધો.પંચ તણું વેણ થાપ્યું; દિકરી આપી ઢીમરને, દ્રવ્યઘણેરૂંઆપ્યું.॥૫૨॥ઢીમર પણ પ્રસન્ન થઇ. લેઇ ગયો પોતાને ઘેર; ઉલ્મુખ નામજ પુત્રનું પાડયું, રાજાએ રૂડી પેર. ॥૫૩॥ માંછીને પુત્રી મળી તે; રૂપ રૂપની ધામ;નરન રીએ વીપ્રને પુછી, મછગંધા ધર્યું નામ.॥૫૪॥ દિવસે દિવસે થાય મ્હોટીથઇ ગુણવંત અપાર; પણ પીતા પરણાવતો નથી, વર્ષથઇગયાંબાર.॥૫૫॥ નીચ જાતિ માછી શું જાણે,કન્યાદાનની રીત, વાહાણવટીનોવ્હેપાર કરે પણ. પરણાવવા નહી પ્રીત.॥૫૬॥ વલણ॥ પરણાવવા પ્રીતી નહી. થઇ ગયો કન્યાકાળ; વ્યાસ વલ્લભ એમ ઓચરે, શું કતવ્ય ગોપાળ.

કડવું ૩ જું રાગ સામેરીની ચાલ

વૈશમપાયે બોલીયા તું, સુણ પરીક્ષત તન; મછગંધાને માતપીતા સૌ, સુતાં પોતાને ભોવન ॥૧॥સયન કીધુછે સુખસારૂ,નીંદ્રા થઇ ભરપુર; તેવે સમે મધ્ય રાત્રીએ, આવ્યા ત્યાં પારાસુર. ॥૨॥ ઢીમરને દ્વાર પોકાર કીધા, સાંભળી ઢીમર રૂઠયો; કોણ છે સાચો શત્રુ અત્યારે.એમ'બડબડતો ઉઠયો. ॥૩॥ બારણે આવ્યો મ્હા ક્રોધ લાવ્યો, ત્રીછકારે જેમ તેમ; બોલ્યો સાંભળ મારા વીર; તપકરવા જાવુંછે મ્હારે,જમનાની સામી તીર. ॥૪॥ નાવ વીના ન જવાય માટે, વદુ આશીશ વાણ; નાવ વડે મુકી અ ત્તેનને તો પ્રભુ કરે કલ્યાણ ॥૬॥ તવ ઢીમર કહે મધરાત્રીએ, મુકવા આવ્ન નો નોકુ છોડી જળવાટ આવું શું આપે છે મને. ॥૭॥ પારાશર કુ[illegible] લેવા, આશા રાખે તે ખોટી; પૈસો પુંજી પાસે નથી; લે આપું [illegible]

॥૮॥ ઢીમર કહે વાળીને માગીખા, કષ્ટતારૂ નહી કાપુ; તવરૂષી કહેરેવાદે લંગોટી, તુમકુ માહારૂ આપુ.॥૯॥ તવ ઢીમર કહે ફોડ લેલાટે, વીપ્રીત બુદ્ધી રૂઠી; એવા હોકારા સાંભળીને, મછગંધા ત્યાં ઉઠી ॥૧૦॥ શું છે આ તોફાન કરતી કરતી, આવિ મંદીર બાહાર; રૂશીને નજરેજોયા તવ, કીધો નમસ્કાર. ॥૧૧॥ પોતે પીતાને વારવા લાગી, હવે કરોક્ષમાય, બ્રહ્મ વેત્તા બ્રાહ્મણએછે, કટુકાંઇ ન કેહેવાય. ॥૧૨॥ ઢીમર કહેછે સામી તીરે, ક્યાં મુકવા હું જાઉ; મછગંધા કહે આજ્ઞા દો તો, હું જઇને મુકી આવું. ॥૧૩॥ એમ કહીને આજ્ઞા લીધી, વાંસડો ઝાલ્યો હાથ; ચાલો રૂષીજી મુકવા આવું આવો તમો મુજ સાથ. ॥૧૪॥ એમ કહી સંગે લઇ ચાલી, આવ્યાં એ જમુના તીર;નૌકુછોડીબેસાડયારૂશીને,પોતેબેઠીધરીધીર. ॥૧૫॥ નઉકુ હંકાર્યું જળપંથ જાતાં, શું નીપજ્યું તે ઠામ; પુર્વતણા પ્રારબ્ધ યોગે; રૂશીને પ્રગટયો કામ. ॥ ૧૬ ॥ મછગંધા પરથઇ કુદ્રષ્ટી ગ્રહ્યો કન્યાનો હાથ તવકંન્યા કહે અરે માહારાજા, વિચાર કરો દલસાથ. ॥૧૭॥રૂશીકહે ઇચ્છા કર પુરણ, પ્રગટયો તનમાં તાપ; હાના કહિશને કાંઇ બોલીસ તો. દેઇશ તુજને શ્રાપ. ॥૧૮॥ એમ કહીને કામ આરંભ્યો, કામ નિવ્રત થયો નેટ; પ્રભુ ઇચ્છાએ મછગંધાને ગર્ભ રહ્યો તવપેટ. ॥૧૯॥ એટલામાં સામીતીર પોહોચ્યાં, પસ્તાયા રૂશી મન;અરેરે મને આ ક્યાં સુજ્યું, વ્રત થયું છેદન. ॥૨૦॥ એમ કહી ઉતરીને ચાલ્યા, કન્યાકેહેઓ નાથ; હવે મનેમુકી ક્યાં જાશો, કહીને ઝાલ્યો હાથ. ॥૨૧॥રૂશી કહે હું ભુલ્યો ચુકયો, નથી તાહારો ખપ; અરણ્યમાં મારે જાવું છે, કરવા પ્રભુનું તપ.॥૨૨॥ કન્યા કહે હું સાથે આવું, ન જાવું બાપને ઘેર; ગર્ભ રહયો તે વાત જાણે તાત, મારે મુજને ઠેર.॥૨૩॥ રૂશી કહે મારો આશીરવાદછે, નહીં મારેતને કોય; ગર્ભ રહયો તેનો વીષ્ણુ નારાયણ, પુત્ર તારે પેટ હોય. ॥૨૪॥ તે સમેતારા અંગમાંથી ઉડશે કસ્તુરી વાસ; એમ કહીને નાઠા રૂશી, કન્યા ગઇનાવ પાસ. ॥૨૫॥ નૌકામાં બેશી ઘેર આવી, ન કહી કોઇને વાત; એમ કરતા પંચ માસ થયા તવ, ગર્ભથયો પ્રખ્યાત.॥૨૬॥ માતપીતાએ પેર પુછી કન્યા કહેધાર્યું ધર્મ; રૂશીને ગઇ મુકવા નડયું, ધર્મ કરતાં કર્મ. ॥૨૭॥ ક્રોધ ન કરશો તાત મારા, મુકીઆવો મને વન; ભવીશમાં હશે તેમ થાશે, નથી હું તમારી તન.॥૨૮॥ તવ ઢીમરવનમાં મુકી આવ્યો, રહી અબળા એક ચીત; પર્ણ કુટીકા બાંધીને વશી, ધરી પ્રભુપર પ્રીત.॥૨૯॥વનફળ ખાઇને દીવશ કાઢે, એવે થયા દસ માસ; એટલે પેટે પ્રસવથયા, વિષ્ણુ વેદમ વ્યાસ.॥ ૩૦॥ અવતર્યા તેવા ઓર ભરેલા, નાઠા તેણીવાર; મછગંધાએ પુત્રને જોતાં,

દેખી કર્યો પોકાર ॥૩૧॥ હે પુત્ર હે પુત્ર પાછા પધારો, સાંભળો માતાની વાણુ; મળ્યા વિનાતમે ચાલ્યા જાઓતો, પારાસ્વરની આણુ. ॥૩૨॥ નવ વેદમવ્યાસ પાછા આવ્યા, માતા વદી વચન; જનેતાનેજંગલમુકી, શીદ શીધારો તન ॥૩૩॥ વ્યાસજી વધા સાંભળ માતા, હું નહીતુજ કુંઆર; જગતના જીવોના કલ્યાણુ કારણુ, મેંતો લીધો અવતાર. ॥૩૪॥ પુસ્તક રચું વિવિધના તે, વાંચે સાંભળે કોય; તો કળયુગમાં કુબુદ્ધિના, ભગવંતને વશ હોય. ॥૩૫॥ માટે માતા જવાદે મુને, હવે સગૈ નહિ તારી; મછગંધા કહે આ શું બોલો, કોણુ ગતીથશે મારી. ॥૩૬॥ વ્યાસજી કહેથો કે દહાડે, દુઃખની શાન્તી થાશે; ક્ષત્રી નંદનરાજ વંશી, તમોને વરી જાશે ॥૩૭॥ ત્યાં તમને દુઃખપડેકો વેળા, તવધરજો મમધ્યાન; આવીને કષ્ટ જૈશ ભાગી, વચન સત્યસમાન્ય ॥૩૮॥ એમકહીને વ્યાસજી ચાલ્યા, ઓરભર્યા જે ઠામ; એ ઓરચાંથી ગંગા નીકળી, ઓરગંગાપડયું નામ. ॥૩૯॥ વ્યાસજી ગયાનર્મદાજીમાં, જળવચ પુર્યો વાસ; મછગંધા રહી એકલી ઉડી કસ્તુરી વાસ ચોપાસ. ॥૪૦॥ તેને વરી ગયો કોણુ રાજા, તેની કહું કથાય; સમુદ્રનો અવતાર સંતનું, હસ્તીના પુરનોરાય. ॥૪૧॥ પ્રથમ ગંગાને સંગ વર્યોતો, ગાંન્ડેવ તેના તંન; શી રીતે ગંગાસંતનુંને વર્યો, તેનું કરૂ વિવેચન. ॥૪૨॥ વળણુ ॥ વીવેચન કરી કહુ કથા, સુણોસહુ શ્રોતાય વ્યાસ વહ્લભ એમ ઓચરે, ગંગા લગ્ન મહિયાય. ॥

કડવું ૪ રાગ ચોપાઇ.

બોલ્યો વૈશમપાયે વચન, સાંભળ જનમેજયરાજંન; એક વારસ્વરગથી સુર, આવ્યોઅવનીવીશે આતુર. ॥૧॥ સંગલાવ્યો પોતાનીનારી, નામ વિશ્વાવસુ સુખકારી; જઇ ઉતરયો ગોરને ઘેર, ગોરાણીએ તેડયા માન્યભેર. ॥૨॥ કહ્યું યજમાન આજ્ઞા દીજે, તમ કારણુ ભોજન કીજે; તવ વિશ્વાવસુ વદયો એમ, વિપ્રનું અન ખાઇએ કેમ. ॥૩॥ અમારી ભ્રષ્ટ કરશોમાં બુધ, ગોરાણી કહે પીઓ દુધ; એમ કહી ગાય દોહી આપ્યું, પીતાં પીતાં અતી હેતવાપ્યું. ॥૪॥ ત્રૈણે લોકમાં નહી દુધએવું સુધસ્વાદમાં અમરીત જેવું વિશ્વાવસુતણીજે નાર, લાગ્યો દુધથી ગાય પર પ્યાર. ॥૫॥ પછી રાત્રીએ કીધુ સયન, ગોરાણીસુતાંજુદેભોવન. તવ વિશ્વાવસુની નારી, કંથપ્રત્યેબોલીહઠધારી ॥૬॥ સ્વામી દુધવાળીજેગાય,

તેવી નથી ત્રીલોકની માંય; માટે ચોરી કરી લૈજેએ, ગોરને બીજીદસ ધ-
ણી દેએ॥૭॥વીશ્વાવસુએ માનીતે વાત, રાત્રીએઊઠયાંનરનારીસાથ; બે-
ઠા વૈમાનમાં ગાયલીધી, ગયાં સ્વર્ગછાનીચોરીકીધિ॥૮॥ એવેથયોછેઆત-
સકાળ,ગોર ગયા હતા પાતાળ; તેતો આવ્યા પોતાને ભોવન, નાહિકરવા
બેઠાપુજન. ॥૯॥ માગ્યું ગોરાણીપાસેદુધ, શીવનેસ્નાનકરવાસુધ;ગોરાણી
દોવાનેગયાંગાય,નદિઠીનેવીસ્મયથાય॥૧૦॥ જાણ્યું કેયજમાન ગયા છાના
ચોરી ગાય થયા મસ્તાના; જઇ કહી સ્વામીને વાત, આવ્યોતોવિશ્વાવ-
સુ નીપાત॥૧૧॥આપણુંઘેરરાત્રએરહ્યા, નરનારીતે ગાયચોરીગયાં;સુણી
રૂશીનેમનથયોતાપ, ક્રોધ કરીને દીધો ત્યાંશ્રાપ.॥૧૨॥ વસુલોકોતમોપાપ
ભરજો ,ભોમીમાંહીઆવીઅવતરજો. ॥૧૩॥એવાઅષ્ટેભાઇનેશ્રાપ્યા,જઇ
નારદેસમાચારઆપ્યા; વિશ્વાવસુતણાબંધુસાત, તેને નારદે જઇ કહી
વાત. ॥૧૪॥ તમ ભ્રાતલાવ્યોગાયચોરી, ગોરેસૌનેદીધોશ્રાપઘોરી; પૃથ્વી
જનમધરીનેપડશો, મુનસાદેહમાંરડવડશો ॥૧૫॥દુધનોખાનાર દુધખાય,
તેમ છતાં તમોને શ્રાપ થાય; તવ સાતે બંધુઓ ચડીયા, આવી ગોરક-
નેરડીપડીયા ॥૧૬॥ માહારાજા અમારાં શાંપાપ, વીના અપરાદે દિધો શ્રાપ;
તવ ગોરતણોક્રોધભાગે, પાપછાંટા પાડોશીનેલાગે ॥૧૭॥ તમે વીના અપ-
રાધીછો જ્યારે, શ્રાપ અનુગ્રે કરૂછું ત્યારે; અવતરજો પ્રથવિમાં એકદન,
તરતપામજોસ્વર્ગસુદન. ॥૧૮॥ તમવીરવિશ્વાવસુ જેહ, ઘણા દનરેજોપ્રથ-
વીમાંતેહ;એમગોરમાહારાજાઢળીયા,તવસાતેબંધુપાછાવળીયા॥૧૯॥જઇ
કહ્યા ભાઇને સમાચાર, સુણી પસ્તાયો અપરંપાર; નારીને ધીકારી અપાર
લીધિ ગોરની ગાય તે વાર ॥૨૦॥જઇ લાગ્યોછે ગોરને ચરણે, સ્વામી આ-
વ્યોતમારેસરણે;મારોઅપરાધક્ષમાકીજે,કાંકઆશીરવાદમુને દિજે.॥ ૨૧॥
નારીની બુદ્ધિ માની મેં જાતે, પામ્યો શ્રાપ તમારોપ્રભાતે;તવરીજ્યાછે
ગોરમહારાજ, શ્રાપમીથ્યાનહીથાયઆજ.॥૨૨॥જાતું ભોમીમાંહી અવતર
જે, પણ સુક્રીત સદાકાળકરજે; તને નહી લાગેકાંઇદોશ, નહિરહે હરીનો
રોશ.॥૨૩॥સુણીવિશ્વાવસુખુશીથાય, ગાયઆપીને સ્વરગેજાય; પછીઅ-
ષ્ટભાઇઓ મળીયા, કયાં અવતરશું વિચારેવળીયા.॥૨૪॥ મનુશપેટ
દેહ ન ધરાય, દેવ થઇ કેમ એમ પળાય; માટે ચાલો ગંગાને કરગરિએ,
પરણેતો પેટ અવતરિએ. ॥૨૫॥ એમ ધારીગયા ગંગા પાસ, કહ્યું કરગરિ
ને થઇ દાસ;તમેવરોકોઇનેનેટ, અમોઅવતરીએતમપેટ.॥૨૬॥ તવગંગા
કહે તે કરિશું, થોડે દિવસે કોઇને વરિશું; સુણી વસુથયા વીદાય, ગં
ગાએ વીચાર્યું મન માય. ॥૨૭॥ મારે વરવું કોઇ નરસાથ, મહુસઘુકહેવો-

જણાય,સંતનુછેસીંધુઅવતાર,હસ્તીનાપુરરાજ્યકુંવાર.॥૨૮॥ એમજાણી-
પુરણમાને હન, થયું નર વરવાનું મન, લીધું સોળ વરસનું સ્વરૂપ,વશ
કરવાને સંતનુભુપ. ॥૨૯॥ વેણા લીધીપોતે કરમાંય,ગયાં હસ્તીનાપુર છે
જ્યાંય,જઇબાગમાંબેઠાં આપ, કરે ગાયનનાઆળાપ. ॥૩૦॥ ઘેર સાંભળ્યું
રાજાએ કાન, ઉઠયો ઝબકી થઇ ગુલતાન; ગયો બાગ ઉલટ મન સાથ,
જઈ ગ્રહયો ગંગાજીનો હાથ ॥ ૩૧ ॥ તમો કોણછો દેહ રૂપાળી,મોહ પા-
મ્યો હું તમને નિહાળી; ગંગા કહે મનુશની જાતી, કર મુકો સુરાના
સાથી॥૩૨॥ કહે સંતનું છો કોણ જાત, કોણ કંથ અને કોણ તાત; કહે
ગંગાજી મુસ્તક નામી, નથી માત તાત કે સ્વામી ॥ ૩૧ ॥ એવી રા-
જાએ જાણી પેર; કહ્યું ચાલો અમારે ઘેર; નથી લગ્નની નારી મેં આણી,
માટે વરી કરૂં પટરાણી॥૩૪॥ કહે ગંગાજી હું કર સાહાવું પાળો વ-
ચન તો હું આવું; રાજા કહે લ્યો વચન આલું, તમો કહો તેરીતીએ
ચાલુ ॥૩૫॥ તવ ગંગા ગયાં થઇ મગ્ન, રાયે કર્યું બીજે દીન લગ્ન; માં-
ડયો ગ્રહસ્થાશ્રમ સુખ રેટ, પેહેલો વસુ રહ્યો ગર્ભપેટ॥૩૬॥ ગાય ચોર્યા
વિનાના જે સાત, તેમાંથી જનમ્યો એક ભ્રાત; ગંગા જાણે છે આપની
પેર, બોલ્યાં દાશી પ્રત્યે સુખ ભેર॥૩૭॥ લે આ પુત્રને વસ્રમાં રાખી,
આવ્ય ગંગાના જળમાં નાંખી; ચાલી પુત્ર લેઈને દાસ, ગઇ સંતનું રા-
જાની પાસ ॥૩૮॥ કરજોડી રાજાને કહે છે, પુત્રને રાણી નંખાવી દે છે;
તવ રાય વદયો મુખ એમ, કરો રાણીજી કહે તેમ ॥૩૯॥ એવો ઉતર
રાજાનો લીધો; દાશીએ જઈ ફેંકી દીધો; પછી પુત્ર બીજો થયો જ્યારે
તેને નંખાવી દીધો તે વારે ॥૪૦॥ એમ નંખાવ્યા પુત્રો સાત, ચાલ્યો
નગ્ર અતી ઉત્પાત; ગોજારીરાણી લાવ્યો રાય, પાપીનગ્રમાં કેમ રહેવાય
॥૪૧॥ ચાલો ઉચાળા ભરો સૌ સાથ, તવ રાજાએ જાણી એ વાત; સર્વે
રૈયતને કહ્યું રાયે, રહો પ્રજા આ નગ્રની માંયે ॥ ૪૨ ॥ હવે એક સુત
નારીને થાય, તવ એને કરૂં વિદાય; તવ સર્વે રાખ્યાં ઘર સુત્ર, એવે
ગંગાજીને થયો પુત્ર ॥ ૪૩ ॥ ગોરની ગાય ચોરનાર જેહ, વિસ્વાવસુ
જનમીઓ તેહ; તેવે રાજાએ શું ખેલ કીધો, ગંગા પાસેથી પુત્રજ લી-
ધો ॥૪૪॥ તવ ગંગાજી બોલ્યાં એમ, રાય પુત્ર લેઇ લીધો કેમ; રાજા
કહે તું નારી હત્યારી, સપ્ત સુત નાંખ્યા મારા મારી ॥૪૫॥ છતે છોકરે
વાંઝીઓ કીધો, માટે આ સુત મેં લેઈ લીધો; ગંગા કહે ઓમારાપતી,
હવે તમ ઘેર રેહેવું નથી ॥૪૬॥ થયા વચન વીલા કંથ, રાજા કહે આ
તમારો પંથ; ગંગા કહે આપો સુત અમને, પંચ વરસનો કરી દેશ તમને

॥ ૪૦ ॥ મારે સ્થાનકે હું લેઈ જાવું મ્હોટો કરીને આપ વાઆવું; રાજા કહે એ મિથ્યા ફેરો, મુજ ઘેર રહીને ઉછેરો ૪૮॥ ગંગા કહે મીથ્યા મરો મથી, થયા વચને વીલા રહેવું નથી;માટે પુત્ર આપો ભુપાળ, માત વિના ન ઉછરે બાળ॥૪૯॥ કરૂં કપટ કુંવરને કોવાર, તોતો મમ સીસ હત્યા ચાર; એવો વેણ ગંગાજીએ કીધો, તવ પુત્ર રાજાએ દીધો ॥૫૦॥ ગંગા ચાલ્યાં લઇને તન, જળમાં વાસ કીધો તે દન; રમાડે ને જમાડે નિત્ય, રાખે પુરણ પુત્ર શું પ્રીત॥૫૧॥ ઉછેરે રાખી પોતાને ઠામ, ધર્યું ગાંગેવ એવું નામ; વાળે લંગોટી લે હથીઆર, નીસરે રમવા જળની બહાર ॥૫૨॥ રમે જમે ધરીને હર્શ, એમ કરતાં થયાં પંચ વર્શ ॥વલણ॥ પુત્ર થયો પંચ વર્ષનો; એવે સમે શું થાય. ગંગા ત્રટ રમવા ગયો; હસ્તીનાપુરનો રાય

કડવું ૫ રાગ રામગ્રી.

વૈશમપાયને એનીપેર બોલ્યા, સુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પર્વ મહિમાય ॥૧॥ પાંચ વરસનો પુત્રજ થયો, ગાંગેવ ગંગા તન; તેવે સમે રમવાને આવ્યો, ગંગાત્રટ રાજન ॥ ૨ ॥ ચાર ક્ષૌણીસૈન્ય સાથે, સાથે બે પ્રધાન; નદી કીનારે રમત રમવા; ધારણ કર્યો અભીમાન ॥૩॥ પ્રથ્વી વિશે ભોભ દટાવ્યો, સોગજ ઉંચો સાર; તે પર નવગજ નિશાન ઘાલ્યું, રાયે કર્યો ઉચ્ચાર ॥૪॥ એક બાણથી નિશાન કેરા. કટકા કરેજેતરણ;સરપાવ આપુ તેહને સારો; રીજે અંતસ કરણ ॥૫॥ એટલે ઉઠયો સૈન્યાપતિ ત્યાં, પોતે કર્યો મનસુબો; તે સમે ગાંગેવ જળમાંથી નીકળી, જોવાને અળગો ઉભો ॥૬॥ તવ સૈન્યાપતિએ બાણ ફેંકયું, વાયુવડે ગયું આડું; એટલે ઉઠી પ્રધાન બોલ્યા, પ્રાક્રમ મારૂં દેખાડું ॥૭॥ એમ કહી એણે શર માર્યો, તે પણ આડો જાય; એટલે ઉઠયો શંતનું રાજા, ભરી સંભાનીમાય ॥૮॥ બોલ્યો ખુંખારી અહંકાર ધારી, બેઉ કર નાખ્યા મુછે; તમ સરખાથી કામ થાયતો, કોણ મારો ભાવ પુછે ॥૯॥ એમ કહીને આયુધ લીધાં, પ્રાક્રમ મારૂં દેખાડું; બળ કરીને બાણ નાંખ્યું, વાયુવેગે ગયું આડું ॥૧૦॥ અળગેથી ગાંગેવ જોઈવિચાર્યું ન તુટયો નીશાન દાંડો; મીથ્યા નામ ધરાવ્યું મરદનું, પણ સહુ રાંડી રાંડો ॥૧૧॥ પ્રાક્રમ બતાવું માહરૂં હું, વીચારયું અંતસકરણ; તાકીને બાણ મારી કીધા, કટકા નિશાનના તરણ ॥૧૨॥

તે જોઇ રાજા વિસ્મય પામ્યો, એ છે કોનું બાળ;સંચરો સેવક ઝાલી લાવો, રાખી કરૂ પ્રતીપાળ ॥૧૩॥ તે સાંભળીને શેવક ચાલ્યા, કરતા દોટા હડીઓ; ગાંગવે જાણ્યું ઝાલશે મુને, જઇને જળમાં પડીઓ ॥ ૧૪ ॥ ગંગા કને જઇ કહ્યું ગંગાને, મેં એક તોડયું નિશાન;માટે મુજને ઝાલવા મોકલ્યો, સેન્ય તણા રાજાન ॥૧૫॥ ગંગા કહે કોઇ નહી હોય બીજું, આવ્યો હશે તુજ તાત; ઝાલવા ગએલા શેવકે આવી, કહી રાજાને વાત ॥૧૬॥ તરત રાજા બહુ પસ્તાયો, ગયો પોતાને ઘેર; એવે ગંગાએ ગાંગેવજીનાં, વરસ ગણ્યાં ભલી પેર ॥૧૭॥ જાણ્યું કે પુત્ર પાંચ વરસનો થયો છે મુજ પાસ; એના પીતાને આપી આવું. નહી તો થશે વિનાશ ॥ ૧૮ ॥ એમ જાણી વસ્ત્ર પેહેર્યાં, સણગાર્યો ગાંગેવ તન, આંગળીએ વળગાડીને આવ્યાં, સંતનુને ભોવન. ॥ ૧૯ ॥ પીતા સામો સુત ઉભો કીધો, બોલ્યાં મુખ ગંગાય;લ્યો પતીપુત્ર તમ તણો આ, થાવું છું હું વીદાય. ॥૨૦॥ સંતનું કહે સુત ઉછેરો, આવી વસો મુજ વાસ; ગંગા કહે મને રાખવી હોય તો, સુત તણો કરો નાસ. ॥૨૧॥ સંતનુ કહે સંચરો પાછાં, ગંગા થયાં વિદાય, ગાંગેવજીને ઉછંગે લીધો, વેમ પડયો મનમાંય ॥૨૨॥ બોલો બેટા આજ ગંગાને ત્રટે તું હતો કે નહી વારૂ; ગાંગેવ કહે નીશાન તોડયું, પીતા એ પ્રાક્રમ મ્હારૂં. ॥૨૩॥ સાંભળી સંતનું પ્રસન થયો, આ સુત રાખશે નામ;એવે સમે ત્યાં આવી ઉભા, બળવંત ફરસુરામ, ॥૨૪॥ રાજાએ ઉઠી આદર દીધાં, આવો અસરણા સરણ; એટલે ઉઠી ગંગાનંદન, પુર્ણ પ્રેમે પડયો ચરણ ॥૨૫॥ જોઇ ફરસુરામ આનંદ પામ્યા. પુત્ર ઘણો હોંશીયાર; સંતનું રાજા સોંપી દે મુને, ભણાવું વિધા અપાર ॥૨૬॥ સંતનુ કહે સુત તમારો,લઇ જાઓ સુખરૂપ; ગાંગેવજીને તેડીને ચાલ્યા, ગુરૂજી આપ અનુપ ॥ ૨૭ ॥ પોતાના મઠમાં લાવીને રાખ્યો. ભણાવી પુર્ણ વિધાય; બહુ બાણાવળી બનાવી સોંપ્યો, સંતનું રાજાને ત્યાંય ॥ ૨૮ ॥ પછી રહ્યા પુત્ર પીતા. જુજવા રહેવાના મેહેલ; ખાય પીએ અતી આનંદ કરે, ભોગવેછે સુખ સહેલ ॥૨૯॥ એવામાં એક દિવસ સંતનું, અશ્વ બેશી ગયો વન; જ્યાં મછગંધા વાસ વસેછે, ત્યાં આવ્યોરાજન॥૩૦॥એવે કસ્તુરીની વાસના આવી, કસ્તુરીઓ મ્રગ જાણ્યો; અશ્વ દોડાવ્યો ઝુંપડી ઉપર,શર રાજાએ તાણ્યો ॥ ૩૧॥ એટલામાં મછગંધા દીઠી, અહો આતો કોઇ નાર; રાજાએ એને પુછવા માંડયું, તું છે કોની કુંઆર ॥૩૨॥ મછગંધા કહે મનુષ જાતી, ઢીમરની તની આય; અયોધ્યા નગ્રનો વહાણુવટી છે, તેમાહરો પીતાય ॥ ૩૩ ॥ માહરે

માતા સાથે બન્યું નહી, કાઢી મુકી વનવાસ; સાંભળી રાજા આનંદ પામ્યો, બોલ્યો થઇ ઉલ્લાસ. ॥૩૪॥ ચાલ સુંદરી ઘેર મ્હારે, તુને કરૂં પટરાણી; એવું સાંભળી રાજાની પ્રત્યે, મંછગંધા વદી વાણી. ॥૩૫॥ ભલે મને પણ છે એમ ઇચ્છા, વચન શીશ ચડાવું; મમતાત તમસંગ પરણાવે તો, તમ સંગે વરી આવું ॥૩૬॥ તવ રાજા ત્યાંથી નીકળીઓ ગયો અયોધ્યા ગામ; ઢીમરનું ઘર પુછીને આવ્યો, ઢીમરે કર્યો પ્રણામ ॥ ૩૭॥ સંતનું કહે તાહરી તનીયા, વનવસીછે વાસ; મુજસાથે તે પરણાવે તો પુર્ણ કરૂં તારી આશ ॥ ૩૮ ॥ ઢીમર કહે ભલે મહારાજા, વિચાર હું વરણાવું; તમ સુત ગાંગેવ આવીને વીવા, કરે તો પરણાવું ॥૩૯॥ સાંભળી રાજા પાછો ફરીઓ; પંથે કર્યો વિચાર; એ કન્યા માહરે વરવી પણ, ઘાંટી આવી અપાર ॥૪૦॥ પુત્ર પિતાને પરણાવો કહે, પીતાથી કેમ કહેવાય; કદાપી કહું કુંવરને તો, નીર નેવનાં મોભ જાય ॥ ૪૧ ॥ કહું નહી તો કામ ન થાએ, એમ વિચારે ચડીઓ; ઘેર આવીને ઉદાશી પામી, મંચક વિશે પડીઓ. ॥૪૨॥ પ્રધાને આવીને પેર પુછી, કેમ પડયા છો નાથ; સંતનું કહે પ્રધાન મ્હારા, શું કહું દુખની વાત ॥૪૩॥ એક કન્યા આજ દીઠી, ઢીમરની તનીયાય; તે વરવાની ઇચ્છાથઇછે, તેથી જીવ ગુંચવાય ॥૪૪॥ કન્યાએ કબુલ કર્યું પણ, બતાવી તાતની આડી; તેથી તેના તાત કને જઇ, વરવાની વાત કહાડી, ॥ ૪૫ ॥ તવ તે ઢીમર એમ બોલ્યો, ભલે આવ્યા રાજાન; પણ તમ નંદન વીવા કરી જાય તો દઉં કન્યાદાન ॥૪૬॥ મુજથી કેમ કહેવાય કુંવરને, પુત્ર મને પરણાવો; કહું તો કેહેશે હુંજ કુઆરો, મુજ કાજ શોધી લાવો ॥૪૭॥ પ્રધાન કહે ગભરાશો નહી, કરૂં છું પુરણ પેર; ગાંગેવજીને સમજાવીને, મોકલું છું તમ ઘેર ॥ ૪૮ ॥ એમ કહીને પ્રધાન ગયો, ગાંગેવને કહ્યું મુખ; તમારા તાતને જઇને પુછો, શું પ્રગટયું છે દુખ ॥૪૯॥ વળાણ. સુણી ગાંગેવ સંચર્યો પિતા કને કરજોડ; વ્યાસ વલ્લભ વદે આવીયો પુરણ કરવા કોડ;

કડવું ૬ રાગ રૂપાણુાવળ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, કહું આદ્ય પરવ મહિમાય, અહોરાયજી સુણીએ ॥૧॥ ગાંગેવ આવ્યો તાતને ધામ, પાસે બેશી વદયો મુખ; કહો પિતાજી કેમ સુતા

છો, શું પ્રગટયું મનદુઃખ. અહો. ॥૨॥ સંતનું કહે સુત સાણા; શું પુછો પુરણ મથી; હું તાત તુજને કષ્ટી કહું પણ; જીભ ઉપડતી નથી અહો ॥૩॥ પ્રધાવસ્થામા વૃત્તી ફરી છે, જીભ્યાયે નવ કહેવાય; એક કન્યા મેં જોઇ છે વનમા, તે વરવા ઇછાય. અહો. ॥૪॥ અયોધ્યા નગ્રના ઢીંમર કેરી, કુંવરી છે રૂપવાન, અંગે ઉડે વાસ કસ્તુરીની, તેણે ચોર્યું મમ ભાન. અહો ॥૫॥ તેના તાતને મેં જઇ પુછ્યું; તેણે પણ કહી હાય; પણ તેણે કહ્યું ગાંગેવ આવી, કરીજાય વીવાય. આ ॥૬॥ તવ ગાંગેવ કહે- તાત મારા, પુર્ણ કરૂં ઇછાય; ઢીંમર પાસે સંચરૂં ને, કરી આવું વીવાય, આ ॥૭॥ એમ કહીને અશ્વે બેઠો, ગયો અયોધ્યા ગામ, પુછતો પુછતો ચાલ્યો આવ્યો, ઢીંમર કેરે ધામ. અ, ॥૮॥ તવ ઢીંમરે માન્યજ દીધું, પધારો ધરી પ્રેમ, ગાગેવ કહે મારા તાતને પાછયા કાઢયા કેમ. અ. ॥૯॥ ઢીમર કહે સુણો માહારાજા, મુજને તમારો વેહેમ; નીચ અમોને ઉંચ તમો, તમને પુછયા વણ દેઉ કેમ આ ॥૧૦॥ ગાગેવ કહે જ્ઞાતી બહાર રહીશું થનારૂં હોય તે થાય; પણ પીતા જે માહરા તેની ,પુરણ કર ઇચ્છાય. આ ॥૧૧ ઢીંમર કહે ભલે માહારાજા, ભલે ન જાઓ જાત; પરણાવું પણ એક આટીની છે, પુછવાની વાત. આ ॥૧૨॥ મારી દીકરીના દીકરા થાયે, તે તમને ઉપાદી; તેને તમો બેઉ બંધુ થયા તેમાં, કોણ ભોગવે ગાદી. આ ॥ ૧૩॥ ગાંગેવ કહે પાકો પુરૂષ તું જાણયો તારો પરીતાપ, હું રાજ ગાદી ભોગવું તો બ્રહ્મહત્યાનું પાપ. આ ૧૪ આ ॥ ૧૪॥ ઢીંમર કહે બીજું પુછું છું, આ વેળા મારો લાગ તમારે પેટ પ્રજા થાય તે, પાછા માગે રાજ્યમાં ભાગ. આ ॥૧૫॥ ગાંગેવજીને ગુસો ચડીઓ, દે દેતો હોય તો કન્યાય; પરણ્યા વીના કયાંથી થાશે, નારી માત્ર મારી જણેતાય; આ ॥૧૬॥ તવ ઢીંમર કહેજાવો મારાજા, ધંન સંતનું સંતાન; મોકલી દો તમ તાત ને હું, દેઇશ કન્યાદાન. આ ॥૧૭॥ એવું સાંભળી ગાંગેવ ઉઠયો, ગયો પોતાને ઘેર; જાવો પિત જી પરણી આવો, બીજી કહી નહી પેર. આ ॥૧૮॥ તવ સંતનું રયર જીજ થયો લીધે પ્રધાનને સાથ; અયોધ્યા નગરમાં આવ એ એ હસ્તીનાપુરનો નાથ, આ ૧૯॥ તવ ઢીંમરે આવકારદીધા, આપે ઉતરો [illegible]; વનમેશોથી તેડીને લાવ્યો. મછગંધા કન્યાય આ ॥૨૦॥ પુરણ પ્રેમે પરણ્યા કન્ય. વળ્યા રાજાની સાથ; ક્ષત્રીનંદન પરણ્યે મછંદન, ચર્લી દેશો દેશ વાત. આ ૨૧॥ સૌ ક્ષત્રીએ પત્રો લખીને, અન્યો અન્ય કર્યો વિચાર; આજ થકી હસ્તીનાપુરનું, કુટંબ જ્ઞાતીની બહાર. આ ॥ ૨૨ ॥ સંતનું પરણી ઘેર આવ્યો, જાણી

જ્ઞાતીની વાત; ગાંગેવને બોલાવીને કહ્યું બેટા, હું તારો મુરખ તાત. આ ॥ ૨૩॥ હું લાવ્યો કન્યા તે થયો અન્યા, આપણ રહ્યા નાત બાહાર; હવે તને કોઇ કન્યા નહી દે, એ દુખ અપરંપાર. આ ॥૨૪॥ગાંગેવ કહે તાત મારા, મેં નીમ કર્યું ઢીંમર સાથ, વિશ્વ વિશે જે પ્રેમદા તે સકળ મા-હારી માત. આ ॥૨૫॥ માટે મારી ચીંતા ન કરશો, સુખે રહો મમ તાત; મછગંધાને કહ્યું તમે સુખે રહો, સતવંતી મુજ માત. આ ૨૬॥ પછી સંતનું સુખે રહયો ત્યાં, વાધ્યું ભલુ ઘરસુત્ર; પ્રભુ કૃપાએ મછગંધાને પેટ થયા બે પુત્ર. આ ॥૨૬॥ મોટો પુત્ર વિચિત્ર વિર્ય, નાનો ચિત્રાગંદ નામ તે બંને ગાંગેવના હોરમન ભાઇ. ઉછેરે છે તે ઠામ, આ ॥૨૭॥ તે બેઉ થયા પાંચ વરસના, તવ આવી પડાઓ શોક; સંતનું રાજાએ દેહ મુકયો પામી ગયો દેવલોક. આ ॥૨૮॥ એટલે ઉપાદી થઇ ગાંગેવને પોતે પુરૂષ સત્યવાદી; રાજ્ય ચલાવે સભામાં બેસીને, પણ નવ ભોગવે ગાદી, આ ॥૨૯॥ બેઉ બંધુને આપ ઉછેરે, ભણાવે છે વિદ્યાય; મછગંધાની શેવા કરે નિત્ય, જાણે સગી જનેતાય. આ ૩૦॥ એમ કરતાઅ ગીયાર વરસના, થયા બંને ભ્રાત; ગાંગેવજીએ ઉપવીત દીધાં, રાજ્ય સોંપ્યું તેને હાથ. આ ॥૩૧॥ પછી ગાંગેવે નીમ કીધો થાય પ્રાતસકાળ એકાંત ભોંયરામાં નાહી ધોઇ, બેસી જપવા શ્રીગોપાળ આ ॥૩૨॥ સાંજ પડે તવ બહાર નીસરવું, ભોજન કરવું તે વાર, પછી માતાના મેહેલમાં જાવું ચરણુ ચાંપવા સાર. આ ॥૩૩॥ એ રીતે વરતે છે ગાંગેવ પણ જે થયો અન્યાય, નાત બહાર છે તે કારણ કોઇ દેતું નથી કન્યાય આ ॥ ૩૪ ॥ વળણુ. કોઇ કન્યા દે નહી, તેથી દગ્ધ શરીર; વલ્લભ કહે પરણ્યા વિના, ગાંગેવના બેવાર.

---oxo---

કડવું ૭ રાગ દોહરો.

વઇશમપાયે એણી પેરે બોલ્યા, સુણ જનમેજે રાયઃ વિસ્તારી તુજને સંભળાવું, કહું આ. પરવ મહિમાય ॥૧॥ ગાંગેવના બે બંધુકું-વારા, તેને કોણ નાર; કાશી દેશમાં કાશીરાજા, કુળવંતો અપાર. ॥૨॥ તે રાજાને ત્રણ પુત્રી, અંબે અંબાળાકા નામ; અંબીકા ત્રીજી છે પુત્રી, સઉ રૂપ રૂપની ધામ. ॥૩॥તે ત્રણ પુત્રીને ખોળે બેસાડી પુછી પિતા એ વાત; કહો દિકરી તમારે ત્રણને, પરણવુ કોણ સાથ ॥૪॥ એટલે બોલી ત્રણ કન્યા, મનધારણા કરીશું; શાક્ષત્રી તેડા કરો સ્વયંવર, ઇચ્છાવર વરી

શું ॥૫॥ તવ રાજાએ તેડયા વિશ્વકરમા, રચાવી સરસ સભાય; પછી પત્ર લખ્યાદેશોદેશે. કુંમ કુંમ છાંટી માંય. ॥૬॥ વૈશાખ સુદિ પુર્ણિમાનું, લગ્ન લખ્યું ભલી પેર, સઘળે લખ્યું પણ ન લખ્યો પત્ર, ગાંગેવજીને ઘેર. ॥૭॥ અંબાળીકાએ છાંનો પત્ર, મોકલ્યો મારવાડમાંય; એને ઇચ્છા સલને વરવાની, તેથી લખ્યું;કન્યાય, ॥૮॥ એમ સકળ દેશ પત્રો પોહોચ્યા, રાજી થયા સહુ ભુપ; ભાયગ ભળશે તેને મળશે, કન્યાઓ બહુ રૂપ ॥૯॥ સરવ રાજાઓ પાંચ દિવસ, પેહેલા થયા તૈયાર; વાજતેગાજતે કાશીદેશે, આવ્યા સૌ રાજ્ય કુંઆર ॥૧૦॥ રૂપાળા થૈ થૈને આવ્યા, પુરણ હરખે ભરીયા; નગ્ર બારણે મેદાનમાં સૌ, તંબુ તાંણી ઉતરિઆ ॥૧૧॥ સરવ દેશનાનરેશ આવ્યા, નહી હસ્તીનાપુરવાળો; એવામાંનારદે જાણ્યો સ્વયંવર, થયો લડાઇનો ચાળો ॥૧૨॥ જેને જનમ ટેવ લડાઇ લડાવા, જોયા ત્યાંક્ષત્રીનાતન; જાણ્યું કેહામાં લડાઈ કરાવું, ત્રમથાયેમુજ મન ॥૧૩॥ એમ જાણિને સહુને નીહાળ્યા, ન જોયા સંતનું તન; એટલે જાણ્યું લાગ લડાઇનો. જાવું એને ભાવન ॥૧૪॥ એમ જાણીને આવી આએ. હસ્તીનાપુર માંય; ભોંયરા વિશે જઇને ઉભા, ગાંગેવ બેઠો જ્યાંય ॥૧૫॥ તવ ગાંગેવે નારદ દીઠા, ઉઠી આપ્યું આસન; પધારોમહારાજા કેમ પધાર્યા. મુને કર્યો પાવન ॥૧૬॥ એટલે નારદ બેશીને બોલ્યા, કેમ નથી તને બુદ્ધી; તારા બે ભાઇ સાવકા તે, કુંઆરા રહે કયાં સુધ. ॥૧૭॥ ગાંગેવ કહે અરે માહારાજા, મુજ તાતે કીધો અન્યાય; જ્ઞાતીબારણે ઘર અમારૂં, તે કોણ દે કન્યાય ॥૧૮॥ નારદ કહે ધર્મ ક્ષત્રીનો, જાણે અષ્ટાદસ વર્ણ કાશીરાજાને ત્રણ છે પુત્રી. તેનું કરી લાવ્ય હર્ણ ॥૧૯॥ એ રાજાને ઘેર સ્વયંવર છે, તેડયો છે ક્ષત્રીનો સાથ; લખ્યો નથી પત્ર ઘેર તારે, માટે જઈ દેબાથ ॥૨૦॥ ગાંગેવ કહે અરે મહારાજા, મીથ્યા હું ન મરૂમથી; અનેકની આશા ભંગ કરીને, કન્યાયો લાવવી નથી ॥૨૧॥ તમે લડાઈની વાત લાવ્યા, એમ વદયો વચન; એટલે નારદ ઉઠીને ચાલ્યા, મછગંધાને ભાવન ॥૨૨॥ મછગંધાએ માન્ય દીધુ, બોલાવ્યા ધરી પ્રેમ; અહો મહારાજા કૃપા કરીને, મમ ઘર આવ્યા કેમ ॥૨૩॥ એટલે નારદ ત્યાં બીરાજ્યા, દુખ ધર્યુંમન સાથ; મોઢું ઉતાર્યું આંસુડાં લાવ્યા, લેલાટ દીધો હાથ ॥૨૪॥ એટલે અબળા લાગી કરગરવા, કેમ ઉતાર્યું મુખ; અરે માહારાજા કલેશ કરોછો, શું એવું દલમાં દુખ ॥ ૨૫ ॥ તવ નારદ કહે તારાજ ઘરની, ચીંતા નથી જરા તને; બે પુત્ર તાહરાછે કુંઆરા, એ દુખ છે બહુ મને ॥૨૬॥ ખાવું ન ભાવે નીંદ્રા ન આવે, તા-

મારા પુત્રોને માટ; મછગંધા તવ રડવા લાગી, વાંકા લેખ લેલાટ ॥૨૭॥ હું નીચ આવી ઉંચને તે, થયો છે બહુ અન્ય; ક્ષત્રીની નાત બહાર અમો તે, કોણજ દે કન્યાય ॥૨૮॥ નારદ કહે રડીશ નહી તું, થઇસ નહિ તું ક્રોધી, તારે માટે ફરી ફરીને, કન્યાયો લાવ્યો છુ સોધી. ॥૨૯॥ મછગંધા કહે કયાં છે મહારાજા, કાંઈ કરો કૃપાય; નારદ કહે કાશી દેશમાં, રૂપવંત ત્રણ કન્યાય ॥૩૦॥ કાશીરાજાએ સકળ દેશના, તેડયાછેત્યાં નરેશ; પણ કંકોતરી નથી લખી, એકલે તારે દેશ ॥૩૧॥ તેથી મુને બહુ ઝેર આવ્યું છે. કોપ્યું છે અંતસકર્ણ; મોકલ્ય તારા ગાંગેવને લાવે કરી કન્યાનું હર્ણ. ॥૩૨॥ મછગંધા કહે પેટના પુત્રો, કરેનકહીએતેમ; તેઓ હોરમ દીકરોન છે, તે કહ્યું માને કેમ; નારદ કહે રડીશ નહી તું, ભાગુ તારી ચીંતાય, ગાંગેવ કહ્યું કરે તાહરૂં, એવો બતાવું ઉપાય, ॥૩૩॥ ઉઘાડું ખડગ હાથમાંલે, જા તું ગાંગેવપાસ, રકતલોચનનેરડતીરડતી, બતાવજબરોત્રાસ, ॥૩૪॥ કેહેજે કાશીદેશમાંથી, ત્રણ કન્યા લાવીઆ, નહીતો આ ખડગ હાથમાં લે, મુસ્તક મારૂં તું કાપ, ॥૩૫॥ આ બેમાંથી એકકામજ કરો, ટાળોબધો સંતાપ; જો બંનેમાંથી એકકરે નહીતો, બ્રહ્મ હત્યાનું પાપ. ॥૩૬॥ એટલે સોગનના ભય થકી, કરશે તારૂં કામ; જો કદીતને પુછે તો પણ, ન લૈશમારૂં નામ. ॥૩૭॥ એમ કહીને નારદ રૂશી, થયાછે અંતરધ્યાન; મછગંધાએ ખડક લીધું, નીકળી ધરી અભીમાન ॥૩૮॥ મહા ક્રોધ લાવી ભોંયરે આવી, ગાંગેવ દીઠી માત; હાંહાં માજી શી માંડી બાજી, એમ કહી જોડયા હાથ ॥૩૯॥ મછગંધા કહે સગીજ નેતા. તુલ્ય ગણેછે તું મન વણી ગભરાઇછું માટે હું, આવીછું તુજકને. ॥૪૦॥ કાશીની ત્રણ કન્યાઓ લેઇ આવ્ય, નહીતો મસ્તક કાપ; બેમાંથી એક કામ કરે નહિ તો, બ્રહ્મ હત્યાનું પાપ, ॥૪૧॥ બે બંધુ છે તારા કુંઆરા, નહી રહે મન ઝલ્યું; ગાંગેવ કહે સમજયો માતા, નારદીએ ઘર ઘાલ્યું. ॥૪૨॥ મછગંધા કહે ગમે તેમ ધારો, ઓરે મારાતન; ગાંગેવ કહે લાવીશ કન્યા, કાંક થશે વિઘન ॥૪૩॥ ગોનીઆશા ભાગીને લાવવી, નીસાસે કન્યાય; આપણા ઘરમાં નુકશાન લાગશે. ઓરે મ્હારી માંય. ॥૪૪॥ મછગંધા કહે છો લાગે નુકશાન, પણ કન્યા લઈ આવો; ગાંગેવ કહે જૈશ સવારે, સ્થળ તમ રે જાવો; ॥૪૫॥ વલણ. તમ સ્થળ જાવો માવડી, મછગંધા તવ જાય, શ્રોત.જન સૌ સાંભળો, વલ્લભવદે કથાય.

કડવું ૮ મું રાગ સાખીનો ઢાળ.

વૈશમપાએ એણીપેરે બોલ્યા. શુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, કહુ આદ્ય પરવ મહીમાય. ॥૧॥ મછગંધા ગઈ ધામમાં એવે, રૂજની થઈ છે જ્યારે, ભોજન કરીને ગાંગેવજી ગયો, મછગંધા પાસ ત્યારે ॥૨॥ સગી જનેતા સમાન્ય જાણે, શુદ્ધ છે અંતહકરણ; માતાને ઢોલીએ આવિને બેઠો, ચાંપવા લાગ્યો ચરણ. ॥૩॥ જોડેના મેહેલમાં હેરમન બે ભાઈ કરે છે સયન; તેમાંથી નાહાનો મધ્ય રાત્રીએ, જાગી ઉઠયો ભોવન. ॥૪॥ માતા ભ્રાતને વાત કરતાં જાણ્યાં, થયો વિપ્રીત વીચાર; જાળીથી જોયું ગાંગેવને દીઠો, કોપ્યો તે અપરમપાર. ॥૫॥ ગયો મોટા બંધુની પાસે, મનમાં ધરીને રોશ; કહ્યું કે આપણી માત ભ્રાતમાંછે કુબુધનો દોશ. ॥૬॥ વીચીત્રવીર્ય વીવેકી છે તે, સાંભળી કોપ્યો છેક; અરેરે મુરખ આ શું બોલ્યો, માર્યો તમાચો એક. ॥૭॥ એટલે ચીત્રાંગંદ કંઇ બોલ્યો નહિ, ઘરની બહાર નીકળીયો; ઘોડે બેસી મરણ ધારી, અઘોર વનમાં પળીયો. ॥૮॥ અઘોર વનમાં જૈ ચીતા ખડકી, કરી મુઓ આપઘાત, તે વાત કોઇએ જાણી નહી ત્યાં, એવે થયો પરભાત. ॥૯॥ તવ મછગંધા કહે ગાંગેવને, સીધારો મારા તન; કાશી દેશે સંચરો મારૂ, મન થાયે પરસન. ॥૧૦॥ તવ ગાંગેવે આયુધ લીધાં, અશ્વ જોડાવ્યા સાર; માતાને ચરણે લાગી ચાલ્યો, ગંગા તણો કુંઆર. ॥૧૧॥ રથે બેઠો શુરો પુરો; શોભીત અપરમપાર, સારથીએ રથ ત્યાં હંકાર્યો, પુર્ણમાને દન સાર. ॥૧૨॥ તે દન કાશી દેશ માંહી; ક્ષત્રી લોક થયા તઈયાર; સવારે રૂપાળા બની બનીને. સંચર્યા સભામાં સાર. ॥૧૩॥ આસનો ઉપર ઓળબંધ બેઠા, દેશ દેશોના ભુપ; સકળ સભા શોભવા લાગી; જળહળ જોત અનુપ. ॥૧૪॥ એવે ગાંગેવ આવ્યો નગ્રની લગભગ હરખે ભરીયો, મેદાનમાં એણે રથ રખાવ્યો; કટી બાંધી ઉતરીઓ. ॥૧૫॥ સારથીને કહ્યું અશ્વ ન છોડીશ, કન્યા લાવું ધરી ટેક; એમ કહીને ગુપ્ત ચાલ્યો, વસ્ત્ર ઓઢી લીધું એક. ॥૧૬॥ કોઇ ન ઓળખે એવું કીધું, પાર પાડવા મનસુબો; સભામાં સૌની પાછળ આવી, લોકોના ભેગો ઉભો ॥૧૭॥ નારદજી તવ અંત્રીક્ષ ઉભા, તમાસો જોવા કાજ; કાશી રાજાએ શેવક મોકલ્યા, કન્યાયો કને મહારાજ. ॥૧૮॥ જાવો જઇને કહો કન્યાને, બેટીઓ આવો બહાર; તે સાંભળીને સેવક સંચર્યા; જે કહ્યા સમાચાર. ॥૧૯॥ એટલે ત્રણે કન્યાઓ નીકળી, હાથ ગ્રહી મોતી હાર; હંસચા

લે એ આવી સભામાં, રૂપરૂપનો અંબાર. ॥૨૦॥ આવીને ઉભી સૌ જુએ ખુબી, નીહાળે જુજવારાય; અંબાળીકા શોધે શાલ્વ રાજાને, હર્ષ રૂદે ન વ માય. ॥૨૧॥ એવામાં ગાંગેવે મન વીચાર્યું, હાર આરોપે કન્યાય; તો તે વરની તે થઇ કન્યા, તો પછી કેમ લેવાય. ॥૨૨॥ એવું જાણીને વસ્ત્ર હોઢેલું, કાઢી નાંખ્યું ચડી ચોટ; કમ્મર કશી દંતડસી, મુકી સભામાં દોટ. ॥૨૩॥ કન્યા કને આવ્યો ક્રોધ ભરેલો સામ્રથ દીધું દાખી; બાથ ભીડાવી ત્રણ કન્યાને, ખાંધ ઉપર ત્યા નાંખી. ॥૨૪॥ હી મતવાળો ગંગાનો બાળો, જુએ સભાનો સાથ; ગરજના કરી બોલીઓ વળી, મુછે નાંખ્યો હાથ. ॥૨૫॥ ગાંગેવ કહે સાંભળો ક્ષત્રી, કર્યું હરણ મેં આ ઠામ; હું નાત બારીયાનો દીકરો છું, ગાંગેવ માહારૂં નામ. ॥૨૬॥ સૌના નેત્રમાં ધુળ નાંખી; લેઇ જાઉછું કન્યાય; વઢવું હોયતો આવજો સૌ, ઉભોછું મેદાન માંય. ॥૨૭॥ એક ગાઉપર મેદાનમા છું, લાવજો સંગ સેન્યાય; નોતરીઆ તમે જાઓ પાછા, ઘોસૈયા જમી જાય. ॥૨૮॥ એમ કહીને દોટ મુકી, ગયો એ દૈવત દાખી; જ્યાં રથ રાખ્યો મેદાનમાં ત્યાં, કન્યાઓ રથમાં નાખી. ॥૨૯॥ તવ ત્રણે કન્યા રડવા લાગી, ઠીક જામ્યો તો રંગ; આ રડયે નાત બહારીયે આવીને રંગમાં પાડયો ભંગ. ॥૩૦॥ ગાંગેવ કહે ન બોલીએ બહુ, લૈજવાં છે ઘેર ઠેઠ; લજ્યા માહારી તાણીને બેસો, થાવું તમારો જેઠ. ॥૩૧॥ એમ કહી એ રથે બેઠો, કન્યાની થઇ મતી માઠી; રથમાંથી પડતાં મુકીને, વીખરાતી ત્રૈણે નાઠી. ॥૩૨॥ ગાંગેવે જોયું રળીને ખોયું, હવે ગતી શી થાય; એકને જાવું ઝાલવા તો, બીજી બે નાશી જાય. ॥૩૩॥ એમ જાણીને બાણ મારયું નાગપાસ મંત્રજ સાધી; તરત ત્યાં નાગ પ્રગટ થયા, ત્રણે કન્યાને બાંધી. ॥૩૪॥ હાથે પગે બંધન થઇ કે, ગાંગેવે જઇ લીધી; ઉચકી લાવ્યો મહા બળવંતો, રથમાં મુકી દીધી. ॥૩૫॥ તવ કન્યાઓ સમજી મનમાં, હવે ન બોલો કાંઇ પેર; છે મારો પીટયો મહા બળીયો, તે મારી નાંખશે ઠેર. ॥૩૬॥ એવું સમજી કન્યાઓ બેઠી, રથે ઉભો ગંગા તન; પણે સભામાં સરવ રાજા; ઘેર જવાનું કરે મન. ॥૩૭॥ તવ નારદેમન વિચારયું, સરવ જાશે ઘેર; માહારી મેહેનત મીથ્યા જાશે, કરૂ લડાઇની પેર. ॥૩૮॥ નારદ અંતરીક્ષથી ઉતરીયા ઉભા સભા વચમાંય; સરવે બેસો કહીને નારદ; કેહેવા લાગ્યા ત્યાંય. ॥ ૩૯ ॥ વલણ ॥ નારદ સભામાં બોલીયા, કટુ વચન અપાર; કહે વલ્લભ સહુ સાંભળો, નારદના ઉચ્ચાર. ॥

કડવું ૯ રાગ ઝુલણાની ચાલ.

અરે કોઈ ઉઠો ઉઠો રાય, જઇને લાવો ત્રણ કન્યાય;જઈ લાવો ત્રણ કન્યાય, નહીતો વરો તમારી માય, ॥ ટેક ॥ તમે દુર દેશથી સરવે આવ્યા, રૂપે બનીને રૂડા; કન્યા વીના તમે પાછા જાઓતો, હાથે પેહેરો ચુડા ॥ અરે કોઇ ॥૧॥ નાત બાહારીઓ લેઇ ગયો કન્યા, છુટી પડી તમ વેઠ; નીચું જોઈ લેઇ જવા દીધિ, પથર પડીઆ પેટ ॥ અરે ॥ ૨ ॥ હીંમત ન્હોતી તો હાંઇ શીદ આવ્યા, ન થયું ધાર્યું કામ, ક્ષત્રી થઇને બેશી રહ્યા છો, બોળ્યાં બાપનાં નામ ॥ અરે ॥ ૩ ॥ આછી હોરણી હોડી ને નાચો, આંખે આંજો મેંશ; ખાઇ ખાઇ ખાલી દીલ વધાર્યાં, ભાદરવાની ભેંશ ॥ અરે ॥૪॥ નાત બારીઆને નાનેછોકરે, હર્ણ કરીને લજાવ્યા, ક્ષત્રાણીનુ દુધ નથી તમે, સૌ લુંડીઓને ધાવ્યા ॥ અરે ॥૫॥ ધીક ધીક શુરાતણ તમારૂં, શું તેજ છે રૂપાળું,કન્યા વીના જાઓપાછા, મોઢું લેઇને કાળુ ॥ અરે ॥ ૬ ॥ હું જોઇને વીસ્મે પામ્યો, અતીશેમન અકળાવું; તમારે વઢવાની શકતી ન હોય તો, હું પણ સાથે આવું ॥ અરે ॥ ૭ ॥ વળણ; એવાં વચન અતીશે કહ્યાં, દાઝ્યું ક્ષત્રી ઉર; વલ્લભ વદે એમ સાંભળી ચઢયું સભાને શુર.

કડવું ૧૦ રાગ જીકરી.

વૈશમપાયન એણીપેરે બોલ્યા, સુણ જનમે જે રાયજી; વીસ્તારી તુજને સંભળાવું, કહું આદ્ય પરવ મહીમાયજી. ॥૧॥ સરવ ક્ષત્રી થયા કોપાતુર, ચાલો જઇ મારીએ હેરજી; આજ તો હાંઇ છે ને કાલે તો કઇ છે, તોફાન કરે ઘેર ઘેરજી ॥૨॥ એમ કહીને સકળ ક્ષત્રી, હાથ્ય ગ્રહ્યાં હથીઆરજી; સરવે સરવનુ સૈન્ય લીધું, નીકળ્યા યુધ વીચારજી ॥ ૩ ॥ સલ્ય શીશુપાળ કંસ જરાસન,મારથી મોટા જેહજી; વાજતે ગાજતે નીકળ્યા સહુ, ગાંગેવ જાણ્યું તેહજી ॥૪॥ ત્રણ કન્યાએ મન વીચાર્યું, હવે થાશે કાળો કેહેરજી; હાંઈ આવીને નાત બારીઆને, મારી નાંખશે હેરજી ॥૫॥ એવામાં સરવે ક્ષત્રીઓ આવ્યા. મન ધારી મનસુબાજી; નારદ રૂશી ઘણાક ખુશી, અંત્રીક્ષ જોવા ઉભાજી ॥ ૬ ॥ એટલે સહુ રાજા સૈન્ય સાથે, લગભગ થયા ચડી ચોટજી;ગાંગેવનો રથ વચમાં ઘેરી, ફરતો વળીયો કોટજી ॥ ૭ ॥ એવે શલ્ય રાય એવું બોલ્યો, લાવ્ય નાત બારીયા કન્યાયજી;ગાંગેવ કહે નહી મળે એ, જઇ વરો તમારી માયજી

॥ ૮ ॥ એટલે સઘળા ક્ષત્રીઓ કોપ્યા, આયુદ્ધ લીધાં હાથજી, એટલે ગાંગેવનો સારથી બોલ્યો, અરજ સુણો મમ નાથજી ॥ ૯ ॥ પાડા લડે કાડે ઝાડોનો ખોડો. મુને થાવા દો વીદાયજી; ગાંગેવ કહે પેહેલો તુજને મારૂ, થનારૂં હોય તે થાયજી ॥ ૧૦ ॥ સુરાનો સારથી ન હોય કાહ્યર, સારથીના ધ્રુજ્યા ચર્ણજી, હાંઇ રહીશું કે નાસી જઇશું, તોપણ થવાનું મર્ણજી ॥૧૧॥ એમ જાણી એ બેઠો રહ્યો, તવ, ગાંગેવે કર્યો વીચારજી; યુધમાં લડતાં રખે કન્યાઓને, વાગે કોઇનું હથીઆરજી ॥ ૧૨ ॥ એમ જાણી એક બાણજ લીધું, બ્રહ્માસ્ત્ર મંત્રનું સારજી; કન્યાનું રક્ષણ કરવા મુકયું, કન્યાઓ ઉપર ત્યાંયજી ॥૧૩॥ તે આડુ અવળુ ને ઉંચુનીચુ,ફરે કન્યાની આગેજી, ચાહ્ય તેટલાં ત્યાં આયુધ આવે, તેને તેવું તે બાણ ભાગેજી ॥ ૧૪ ॥ પછે ગાંગેવજીએ ધનુશ લીધુ, તરત કર્યો ટંકારજી; એટલે સઘળા ક્ષત્રી લોકોએ. દેવા માંડયો મારજી ॥૧૫॥ ગુપ્તી ગેડીને ગદાઓ ફેંકે, તરકસતીર તરવારજી; ખપવા ખંજર સાંગ્યને ત્રીશુળ, જમઇઓને કટારજી ॥ ૧૬ ॥ ગલોલ ગોળી ગોફણુ મારે, આયુધ રહયાં વરશીજી; ભેરી માળને નાંખે કાતરીયાં, ભાલા બાણુને ફરશીજી ॥૧૭॥ દશે દીશાથી આયુધ આવે, ગાંગેવને વીંધી નાખેજી; સામા અનેકને વચમાં એકલો, કયાં કયાં દ્રષ્ટી રાખેજી ॥ ૧૮ ॥ એવામાં ગાંગેવે સલ્ય રાજાનો, રથ ભાગ્યો મારી બાણજી; એટલે શલ્યે શર ફેંકીને લીધો સારથીનો પ્રાણજી. ॥ ૧૯ ॥ તવ ગાંગેવ અછોડા ઘોડાના, પગને અંગુઠે ઝાલ્યાજી; એવામાં ગાંગેવના શરીરમાં સૌએ, બાણુ ઘણેરાં ઘાલ્યાજી ॥ ૨૦ ॥ તવ ગાંગેવજી કાહ્યર થયો; રૂધીર ધાર અંગ છુટેજી; માહા અઘોર યુધ મચી રહ્યું જોઇ, નારદ કાખલીઓ કુટેજી; ॥૨૧॥ એવામાં ગાંગેવે મરણ ધારી, અગણીતું બાણ લીધું એકજી; ઉપર મોહાસ્તર મંત્રીથી માર્યું, બાણ થયાં અનેકજી ॥૨૨॥ તે બાણ વાગ્યાં સરવ જીવ ને, પ્રાણજ ઉંચા ચડીયાજી; હાથી ઘોડાને ઉંટ સુધાં સકળ ક્ષત્રી પડયા જી ॥ ૨૩ ॥ તવ ગાંગેવે જાણ્યું હઇથી જઇને,જીત્યા એવું કહેશેજી; પણ આજ મુજથી લડતાં હાર્યા, નીશાની શી રહેશેજી ॥ ૨૪ ॥ એમ જાણી એક ક્ષૌરાસ્તર મેલી, સહુને નીશાની આપીજી; સરવ ક્ષત્રીની ડાભીમ ગની, મુછ અકેકી કાપીજી ॥૨૫॥ પછે મુછે હાથ નાખીને ઉભો, રાખી રૂદેમાં હામજી;ત્રૈણે કન્યાયો સજડ થઇ ગઇ, નથી બોલ્યાનું કામજી ॥૨૬ ॥ એમ કરતાં ચાર ઘટી થઇ, વળવા માંડી મુરછાયજી;જે રાજા ઉઠે તે રાજા ત્રાશીને, જીવ લેઈ નાશી જાયજી ॥ ૨૭ ॥ એવી રીતે સહુ નાઠા

ત્યાંથી,ગણાયો ગાંગેવ બળીયોજી; પછી ગંગા સુત ત્રણે કન્યાને,લેઇને ઘર ભણી વળીયોજી ॥૨૮॥ જાતાં જાતાં મારવાડ દેશનિ, ભાગોળ આવિ જ્યારેજી; અંબાળીકા કન્યા ગાંગેવ પ્રત્યે, બોલી ઉઠી ત્યારેજી ॥ ૨૯ ॥ ગાંગેવ શીદ મુને લઇ જાવો છો હું સલ્લને વરી ચુકીજી, તવ ગાંગેવે પરદારા જાણી, રથથી ઉતારી મુકીજી ॥ ૩૦ ॥ જારે બાપા આ ગામ છે સલ્લનું, કહી રથ રાખ્યો ત્યાંયજી, કન્યાને ગામમાં જાવા દીધી, રહ્યો જોવા ચરચાયજી ॥ ૩૧ ॥ એટલે અંબાળીકા સલની સભામાં, જઇ કર્યો જુહારજી; જુઓ હું કેવી આવી ગાંગેવને મુકી, ઓરે મારા ભરથારજી ॥ ૩૨ ॥ સલ્લ કહે તું થઇ વશ કન્યા, ગાંગેવજીની સારજી; માટે તુજને હું નહી રાખું, જા નહી તો મારૂં મારજી ॥ ૩૩ ॥ કન્યા કહે હું તો નહી જવાની, પ્રાણ મારો તજીશજી; સલ્લ કહે છે જાય છે કે નહી, છેદુ તારૂં શીશજી ॥ ૩૪ ॥ કન્યાએ જાણ્યું આ નહી રાખે માહરી શી ગત થાશેજી, લાવ્ય દોડી પોહોચું ગાંગેવજીને નહી તો એ પણ જાશેજી ॥ ૩૫ ॥ એમ જાણીને દોડતી આાવ, દીઠી ગાગેવે નારજી; એટલે રથમાંડયો હાંકવાતવ,કન્યા આવી બાજીસારજી ॥ ૩૬ ॥ ગાંગેવ કહે તું અળગી રહેજે, નહીતો કહાડું પ્રાણજી, એટલે અંબેને અંબીકા કન્યા, કરગરી વદી વાણજી ॥ ॥ ૩૭ ॥ ઓરે જેઠજી ક્ષમા કરીને લ્યો એને આપણી સાથજી; ગાંગેવ કહે નહી કામનીએ, સલરાય એનો નાથજી ॥ ૩૮ ॥ એમ કહીને અળગી કહાડી,રથ દોડાવ્યો ભલી પેરજી; બે કન્યાને લેઇને આવ્યો, હસ્તીનાપુર આપ ઘેરજી ॥ ૩૯ ॥ મછગંધાને કન્યા સોંપી, ગાંગેવ લાગ્યો પાયજી; મછગંધા કહે ધન છે નંદન, ભવ ભવ તુજ જય થાયજી ॥ ૪૦ એ એમ કહીને ત્યાજ રહ્યા સહુ. રણ રહી કન્યા જેહજી, આસુડાં પાડી આક્રંદ કરતી, પીયર જવા લાગી તેહજી ॥ ૪૧ ॥ એવામાં નારદે નજરે દીઠી. વીચાર કીધો મનજી; જાણ્યું કે ઠીક થયું કન્યાને મુકી. કરૂં લડાઇ ઉતપનજી ॥ ૪૨ ॥ એમ જાણીને નારદ આવ્યા, અંબાળીકાની પાસજી; અરે બાઇ તુને રઝળતી, હું જોઇ પામ્યો ત્રાસજી ॥ ૪૩ ॥ ફીકર નહી તને ગાંગેવને ઘેર, મોકલવાની કરૂં પેરજી; સલ્લ તણુ તું નામ ન દેતી. જા રડની તુજ ઘેરજી ॥ ૪૪ ॥ વળણ ॥ હું આવીને પુરીશ સાક્ષી. કહી થયા વીદાય, વલ્લભ સુખ એમ ઓચરે. હવે કન્યા રડતી જાય ॥ ૪૫ ॥

કડવું ૧૧ રાગ વૈદ્રભીનો.

અંબાળીકા આંસુ ભરે, કરે વિવિધ વીલાપ; હવે વલે શી માહરા કીધા જનમનાં પાપ, અંબાળીકા આંસુ ભરે,ટેક; અરેરે હું વશ કન્યા થઇ, મુને નહી વરે કોય; પીયર સદા નવ્ય શોભીએ, મારી શી દશાહોય.અં૦ ॥૧॥ એમ રડતી આવી કાશી દેશમાં, જ્યાં બેઠાં માત તાત; પીતાજી હું ઘણી પાપણી, મારી વંઠી ગઇ વાત. અં૦ ॥૨॥ વણુવાં કુએ નાત બહારીએ, મુને મુકી ઉતારી;મુખ થકી કાઇ બોલી નથી, તોયે સત્રુજ ધારી. અં૦॥૩॥ તવપીતા કહે ઓ દીકરી, તારા ભવીશની ટાક; ગાંગેવ અધ્રમી છે નહી, હશે તારો કાંઇ વાંક અં૦ ॥ ૪ ॥ એવે નારદજી ત્યાં આવીઆ, બોલ્યા ધરી શોક ઉર, આ પુત્રાનું મોઢું નવ ગમ્યું, વાંક નથી રતી પુર અં૦ ॥૫॥ તવ કાશી રાજા કહે નાથજી, હવે ટળ્યો મારો વેમ, કુંવારી પુત્રી નવ વેઠીએ, હવે કહો કરૂં કેમ. અં૦ ॥ ૬ ॥ તવ નારદ કહે ચીંતા નહી, તમો તતબર થાઓ; માત તાતને એ દીકરી, ફરશુને મઠ જાવો. અં૦ ॥૭॥ ગાંગેવના ગુરૂ એહછે, તેને કહેજો અન્યાય; એટલે ગાંગેવ તેડાવીને, સોંપી દેશે કન્યાય અં૦॥૮॥ તવ ત્રૈણે ત્યાંથી નીકળ્યાં, ગયાં ગુરૂને મઠ; પ્રથવી પડી રૂદન માંડીયું, આવ્યા વિદ્યાર્થી ઠઠ. અં૦॥ ત્રણે જણાંને ઉઠાડીયાં, લેઈ ગયા ગુરૂ પાસ; ફરશુરામે પુછી વારતા,કેમ પામ્યાછો ત્રાસ.અં૦॥૧૦॥ તારે કાશીરાજા મુખ બોલીયો,ધન તમારી વિખ્યાય;ગાંગેવ વીદ્યારથી તમ તણો, જસ કર્યો જગમાંય. અં૦ ॥૧૧॥ મારી ત્રણ પુત્રીઓનું હરણ કર્યું, તે તો ક્ષત્રીનો ધર્મ, પણ બે કન્યાઓ લેઇ ગયો, એક આ હીન કર્મ.અં ॥૧૨॥ આ મારી દીકરી રાંકડી; મુકી રખડતી રાન્ય;તે તમને લાંછન અતી, કર્યું કસાઇ સમાન્ય.અં ॥ ૧૩ ॥ તવ ગુરૂજી એમ બોલીયા; ચુક પડી હશે કાંક; ગાંગેવ અસત્ય ચાલે નહી, હશે કન્યાનો વાંક. અં૦ ॥૧૪॥ કન્યાં કહે કસુર નથી, સમ જો સત્ય પેર, તવ ગુરૂ કહે રડશો નહી, મોકલું એને ઘેર. અં૦ ॥૧૫॥ છાંના રહો ને ભોજન કરો, ટાળું તમારો તાપ; કન્યાએ ઘેર મોકલું નહી, તોતો બ્રહ્મહત્યા પાપ અં.॥૧૬॥ વળણ. તવ ત્રૈણે છાના રહ્યાં, ભોજન કર્યું ભલી પેર, વલ્લભ વદે તપ ફરશુએ, રાખ્યાં પોતાને ઘેર. ॥

—— o ——

કડવુ ૧૨ રાગ સામેરી.

વૈશમપાયન એણીપેરે બોલ્યા, સુણ જનમેજય રાય; વીસ્તારી

તુજનેસંભળાવું કહું,આધપરવ મહીમાય.॥૧॥ગુરૂએવીધારથીમોકલ્યા, ગાંગેવને તેડી આવો; હજારો કામ પડતાં મુકાવી, હાલને હાલજ લાવો. ॥૨॥ તવ વિધારથીયો ત્યાં ચાલ્યા, ઉલટ છે અતી ઉર, ગાંગેવજીને ઘેર આવ્યા, જ્યાં છે હસ્તીનાપુર. ॥૩॥ ગાંગેવ કહે પધારો મહારાજા, કેમ તસ્દી લીધી આજ; વીધારથી કહે હાલને હાલજ; તેડે ગુરૂ મહારાજ.॥૪॥ મછગંધા કહે જાવો દીકરા, ગુરૂને કામે પેહેલા; તવ ગાંગેવે રથ જોડયો, નીકળયા વેહેલા વેહેલા. ॥૫॥ વિધારથીઓને સાથે લીધા આવ્યા ગુરૂને ઠામ; ચરણમાં જઈ શીશ મુકયું, મુને તેડયો શા કામ ॥૬॥ ફરશુરામ કહે તંન માહરા, તું ગયો કાશી દેશ; ત્રણ કન્યાનાં હરણ કીધાં, જીતીયો સર્વ નરેસ. ॥૭॥ જગતમાં મુજને શેભા આપી, લેઇ ગયો કન્યાય; પણ એક કન્યા મુકી રઝળતી, તે તેં કર્યો અન્યાય. ॥૮॥ એટલું મુજને લાંછન આપ્યું; ઓરે ઓ મારા તન; ગાંગેવ કહે આવી હશે કન્યા, તમ તણે ભોવન. ॥૯॥ ફરશુરામ કહે હા આવી છે, નથી મારે તારી ચોરી; આવો કાશીરાજા હાંઇઆં બેસો, બોલાવો તમારી છોરી. ॥૧૦॥ તવ કાશીરાયને એની રાણી, ત્રીજી કન્યા જેહ; ત્રણે જણાં બાહાર આવીને બેઠાં; પણ ધ્રુજે છે દેહ. ॥૧૧॥ તે પછી ગુરૂ બોલીયા તું-કન્યાને લેઇ જા ઘેર, ગાંગેવ કહે કસુર કન્યાની, તે સાંભળો મમ પેર; ॥૧૨॥ હું કન્યાને લેઈ જાતો તો, પંથ જાતાં વદી એમ, હું સલ્લરાયને વરી ચુકી છું, લઈ જાય મુજને કેમ. ॥૧૩॥ એટલે મેં પરકન્યા જાણી, ઉતારી મુકી તરત; હવે એ કન્યા નહીં કામની; ભાગે ક્ષત્રીનું વરત. ॥૧૪॥ ગુરૂ કહે ગમે તેમ હોય પણ, અણઘટતું મેં કીધું છે, તુજ ઘેર કન્યા મોકલવા મેં, પાપ માથે લીધું છે. ॥૧૫॥ ગાંગેવ કહે ભલેજ લીધું, ઓ મારા માબાપ; એ કન્યા હું લેઈ જાવું તો બ્રહ્મહત્યાદીક પાપ. ॥૧૬॥ ફરશુરામ કહે એ શું બોલ્યો, થઇ જાસે કાળો કેર; માહારૂ કહ્યું માને નહીં તો, મારી નાંખુ ઠેર ॥૧૭॥ ગાંગેવ કહે લો શીશ ખોળામાં, મારતાંન કરો વાર;ગુરૂ કહે એમને એમ મારૂં, તો મુજને ધીક્કાર ॥૧૮॥ યુધ કરી મારિશ તુને, મુસ્તક તારૂં કાપું; ગાંગેવ કહે યુધ કરો તો વીધાની પરીક્ષા આપું ॥૧૯॥ એટલે ગુરૂ અતીશે કોપ્યા, રથ કર્યો તૈયાર; રકત લોચને યુધે ચડીયા, હાથ લીધાં હથીઆર ॥ ૨૦ ॥ ગાંગેવજી પોતાને રથે બેઠો, નીકળીયા મઠ બહાર; સામાસામી ક્રોધમાં ઉભા, ગુરૂ બોલ્યા તેણીવાર ॥૨૧॥ સમજ દીકરા લેઈ જા કન્યા, વચન અમારૂં માનો, ગાંગેવ કહે યુધ આરંભો, વીપ્ર લાડુ ખાઇ જાણે ॥૨૫॥

એટલે ગુરૂ વીશેશ કોપ્યા, કીધો ધનુષ ટંકાર, ગાંગેવે પણ ધનુષ ચડાવ્યું, ક્ષણું ન લાગી વાર. ॥ ૨૩ ॥ વળણ. ગુરૂ ચેલા ગાજીયા, યુધ્ધે અપરમપાર. નારદ અંતરીક્ષ આવીયા, વલ્લભ કરે વીસ્તાર.

કડવું ૧૧ રાગ સાખીની ચાલ.

વૈશંપાયન એણીપેરે બોલ્યા, સુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પરવ મહીમાય ॥ ૧ ॥ બંને બળીયા બહુ કળ કળીઆ, માહા વીપ્રીત થઇ બુધ; બાણાવળીઓએ બાણ લીધાં, આરંભ કીધું યુધ ॥૨॥ ગુરૂએ નાગપાસ માર્યું બાંધવા, તવ નાગ પેદા થાય, ગાંગેવે ગરૂડાસ્તર માર્યું તે, નાગને વીણી ખાય. ॥૩॥ તવ ગુરૂએ માર્યું અગ્નાસ્તર; અગ્ની બાળવા જાય; ગાંગેવજીએ માર્યું મેઘાસ્તર; અગ્ની બધો હોલવાય ॥૪॥ તવ ગુરૂએ માર્યું પર્વતાસ્તર, ચાલ્યું પર્વતનું પુર; ગાંગેવે માર્યું બાણ વજરનું, પર્વત કર્યો ચકચુર ॥૫॥ એવે સમે બાણ મારે અગણિતાં, જાણાવે ઝાઝું જોર; મધમાંખ્યો પેઠે બાણ ભમે તેથી, થયું અંધારૂં ઘોર ॥૭॥ લડતા વડતા પાછા ન પડતાં; કોઇ નથી થતું જેર, એમ એમ કરતાં સાંજ પડીને, સુરજ બેઠો મેર ॥૭॥ એટલે યુધ બંધજ રાખ્યું ભેગા થઇને મડ ગયા, ગુરૂચેલો ભેળું ભોજન કીધું, સયન રામે સુઇરહ્યા ॥૮॥ એવે સમે ત્યાં પ્રભાત થયો. બે બળીયા શુભ સુબા; રથે બેસીને બહાર નીસરીયા, યુધ કરવાને ઉભા ॥૯॥ તે દન પણ અતી યુધ આરંભ્યું, દીવસ વીતી થઇ રાતઃ વળી પાછા યુધે બાઝ્યા, થયો ત્રીજો પ્રભાત ॥૧૩॥ એમને એમ નવદન લડાઇ લડીયા, એવે દસમો દન થાય; તે દન ગુરૂએ મરવું આદરયું, યુધે બાઝ્યા ત્યાંય ॥૧૧॥ ફરશુરામે મારૂ વજરાસ્તર, રથ ગાંગેવનો ભંગ; પછી અતી બાણ મારી ગાંગેવનું વીંધી નાંખ્યું અંગ ॥૧૨॥ પછી બે બાણ બળમાં માર્યાં, દારૂણ દૈવત દાખ્યાં; ગાંગેવજીના કરનાં કાંડાં, આરપાર વીંધી નાંખ્યાં ॥૧૩॥ તવ આયુધ હાથથી પડયાં હેઠાં, ગુરૂએ મુઠી દોટ; બળ કરીને ગાંગેવજીની ઝડપ ઝાલી કોટ ॥૧૩॥ ઉચકી મસ્તક ફેરવીને, તરત નાંખ્યો ધરણ; રૂદીયા ઉપર ક્રોધથી બેઠા; આણું તારૂં મરણ ॥૧૫॥ તવ નારદજી મન વિચાર્યું ગાંગેવ મરણ જાશે; જીવતો હશે તો કોક સ્થળે પણ, લડાવવાને થાશે ॥૧૬॥ દસ દીવસ યુધ સારૂં જામ્યું, પામ્યું મન ઉલ્લાસ; હવે તો એને ઉગારવો એમ; ધારી ગયા ગંગા પાસ ॥૧૭॥ ગંગા કહે કેમ

પધાર્યા, એ બાઈ કાળો કહેર. તારા નંદન ગાંગેવજીને ફરશુ મારેછે ઠેર ॥ ૧૮ ॥ રૂદીચા ઉપર ચઢી બેઠા છે, પુત્ર કરે આંસુપાત, કેહે છે કે આ વેળા નથીજ બેલી, મહારી ગંગા માત.॥ ૧૯ ॥ તેવું સાંભળી મને રડવું આવ્યું, કહેવા આવ્યો તુજ પાસ; જારે જા જઇ ઉગાર પુત્રને, નહી તો થાશે નાશ ॥૨૦॥ તવ ગંગાજી સ્વરૂપ ધરીને, ગયા ઉદાશ મન સાથ; હાંહાં કહીને ફરશુરામના, ગંગાએ ઝાલ્યા હાથ ॥૨૧॥ રખેને મારો માહરા પુત્રને, પાતાળ જઇશ આપ; પછી જીવનાં પાપ ધોવાસે નહીં, તે તમ અંગે પાપ ॥૨૨॥ સુણી ગુરૂજી ઉઠીને ઉભા, બોલ્યા શ્રાપની વાણ; જા જેની જોડે દશ દીન લડે ત્યાં, જાજો તારો પ્રાણ ॥૨૩॥ ગાંગેવ કહે ભલે મહારાજા, પણ કન્યા લીધી ન આપ; ગુરૂ કહે હવે ક્ષત્રી ભણાવું, તો બ્રહ્મહત્યાનું પાપ॥ ૨૪ ॥ એમ કહીને ગયા એ મઠમાં, ગંગા થયાં વિદાય; ગાંગેવજી પણ ઘેર ચાલ્યો, પછી શું મઠમાં થાય ॥૨૫॥ ફરશુરામે ફરશી લીધી, પુરણ પ્રગટી છે રિસ; વ્હાલામાંવ્હેર કરાવ્યું કન્યાયે, છેદું એનું શીશ ॥ ૨૬ ॥ તવ કન્યાને કન્યાના માબાપ, નાઠાં તેણીવાર; આઘે જઇને ઉભાં રહીને, કર્યો રાજાએ ઉચ્ચાર ॥ ૨૭॥ જા દીકરી તું રાજ્ય ભોગવ્ય, અમે તારાં માત તાત; કુંઆરીકા મુખ કેમ જોઇએ, કરીશું પ્રાણઘાત ॥ ૨૮ ॥ તવ કન્યા કહે પીતાજી મારા; તમો એવું નવ ધારો; વનમાં જઇને ત્યાગ કરૂં છું, હું પંડે દેહ મ્હારો.॥૨૯॥ એક કહીને વનમાં ચાલી. ઘેર ગયો કાશીરાય; અંબાળીકા કન્યા તપ લેઇ બેઠી, અઘોર વનની માંય ॥૩૦॥ શીવ તણું એણે તપ આરંભ્યું, શીવ થયા પરસન; માગ્ય માગ્ય જે માગે તે આપું. શંભુ વદ્યા વચન ॥૩૧॥ કન્યા કહે હું માગુ મહારાજા, લાગી તમારે ચરણ; ગંગા નંદન ગાંગેવજી મ્હારે હાથે પામે મરણ ॥ ૩૨ ॥ માહાદેવ કહે આ યુગમાં તો સ્ત્રી હાથે નવ મરે, પણ જા હવેને અવતાર તારે. હાથે તું નાશજ કરે ॥ ૩૩ ॥ તવ કન્યાયે ચીતા ખડકી, દેહજ કીધો નાશ; ઘેલો ગાંગેવજી ઘેર ગયો ત્યાં, કીધો ભાઇઓનો તપાસ ॥ ૩૪॥ લાવો મારી મછગધા મા, વિવેક વાત વરણાવું, બે ભાઇને ને બે કન્યાને, આનંદથી પરણાવું ॥ ૩૫ ॥ તવ બે પુત્રની સોધ કહાડી, આવ્યો મોટો સુત જેહ; નાનાની વાત સાંભળ કે, ત્યાગ કર્યો એણે દેહ ॥ ૩૭॥ વિચીત્ર વિર્ય કહે મોટા બંધુ, એને પડયો તો વ્હેમ; મા સંગ વીભળતા જાણી માટે, એણે કીધું એમ ॥ ૩૭ ॥ ગાંગેવે જાણ્યું છું પુરૂષ માટે, એવું આવ્યું એને મન, એમ જાણી ભીસ્મ કરમ કીધું, ઇંદ્રિ કરીછેદન॥૩૮॥

તે દનથી તો નામજ ફરીયું, કેહેવાયા ભીસ્મ પીતાય; પછી કીયા વીતા ડીને આપી, એકને બે કન્યાય ॥ ૩૯ ॥ વિચીત્રવીર્યે બેઉને પરણ્યો, સાંભળને તું રાય; અંબાળાકા કન્યા બળી મુઇ તે, અવતરી પંચાળ માંય ॥ ૪૦ ॥ પંચાળ દેશનો ધરૂપત રાજા, તેને દસ છે નારી; તેમાં અળ ખામણીને પેટે; અવતરી એ કુંઆરી ॥ ૪૧ ॥ ગર્ભ રહ્યાથી તે થઇ વ્હાલી, પણ પુત્રી અવતરી જ્યારે; એટલે પડદામાં ગભરાઇ રાણી, પણ મન વિચાર્યું ત્યારે ॥ ૪૨ ॥ વળણ ॥ રાણી મન વીચારયું, પુત્રી અવતરી કહીશ; તો તો મારા કંથને હું અળખામણી રહીશ.

કડવું ૧૪ રાગ ચોપાઇના ચાલ.

બોલ્યા વૈશમ પાયે વચન, સાંભળ જનમેજય રાજન; રાણીએ કીધો એમ વિચાર, પુત્રીનો પુત્ર ઠરાવવો સાર ॥૧॥ એમ જાણી પોતાની જે દાસ, તે ચારેને બોલાવી પાસ; સુણો દાશી તમો મારી સલાય, વાત જોજો કોઇને ન જાય ॥૨॥ પુત્રીનો પુત્ર ઠરાવવો સહી; દાશી કહે છાંનુ રેહે શે નહી; રાણી કહે જાણો તમે ચાર; લ્યો આપુંછું મોતીનો હાર ॥૩॥ હાર દીધા દાશી રાજી થઇ, ચારે રાણીની સલામાં રહી; રાણી કહે સભામાં જાવો, દીકરાની વધામણી ખાવો ॥૪॥ તવ દાશી ગઇ ત્યાં ચાર, જઇ રાયને કીધો જુહાર; ભાગ્યશાળી વાધ્યું ઘર સુત્ર. તમને પ્રભુએ આપ્યો પુત્ર ॥ ૫ ॥ રાયે પુન્ય કર્યું તે ઠામ, ધર્યું સીખંડી એવું નામ; ત્યાંતો વર ત્યો બહુ જેજેકાર, રાજા ધરૂપત હરખ્યો અપાર ॥ ૬ ॥ જાણે ચાર દાશીને રાણી, પુત્રી છે તેવું નિશ્ચયમાની, દેખાડે નહી કોઇની આંખે, નાંનાં વસ્ત્ર પેહેરાવી રાખે ॥ ૭ ॥ એમ કરતાં થયા ખટ માસ, રાજા આવ્યો રાણીને અવાસ; રાણી ફેડો મારૂં મન દુઃખ, દેખડાવો કુંઅરનું મુખ ॥૮॥ રાણી કહે ન આવશો આગે. રખે દ્રષ્ટિ કુંઅરને લાગે; તવ રાજા પાછો વળી જાય; ભલે હોજલમાં મ્હોટો થાય ॥૯॥ એમ કરતાં ગયું વર્ષ એક, રાયને જોવા થયો મોહ છેક; ગયો રાણી તણે ભોવન, બાહાર રહીને વદયો વચન ॥ ૧૦ ॥ આજ પુત્રને બારણે લાવો, મને મુખ એનું દેખડાવો, રાણી કહે સભામાં આજ, જાવો મોકલી દઇશ માહા રાજ ॥ ૧૧ ॥ તવ રાજા સભામાં જાય, કહે દાસી હવે શો ઉપાય; રાણી કહે જુઓ ચતુરાઇ, ચોરણી પેહેરાવી કન્યાને ત્યાંહી ॥ ૧૨ ॥ કબજાટો-

પી અને રૂમાલ, વસ્ત્રે વીંટાળીને કર્યો તાલ; લ્યો દાશી દીકરી લેઈ જા-
વો; રાયને મુખ આઘેથી બતાવો ॥૧૩॥ રાજા માગે તો રાજાને દેજો,
દેતા ગુપ્ત ચુંટી એક લેજો; એટલે રડવા લાગે પામી કષ્ટી, કહીયે લાગી
કોઇકની દ્રષ્ટી ॥૧૪॥ એમ કહી છીનવી લેજો સાર; રાજા નહી કરે દે-
તાં વાર; એમ કહી પુત્રી દાશીને આલી, દાશીઓ ત્યાં રમાડતી ચાલી
॥૧૫ આવી રાજ્ય સભાની માંય, રાજા કહે લાવો એને હાંય; તવ
દાશીએ ઉછંગમાં દીધી, દેતાં જંગામાં ચુંટી લીધી ॥૧૬॥ તવ કન્યા
એ નાખી ચીસ, બોલી દાશાઓ કરીને રીસ; રાજા ઘેલો લીધો સુતમા
ગી, જુઓ નજર કોઇની લાગી ॥૧૭॥ રાજા કહે લેઈ જાઓ દાશી, લ-
ઇ દાશીઓ ગઇ ઘેર નાશી; જઈ કહ્યું રાણીને લ્યો બાઈ, ધન ધન તમા-
રી ચતુરાઈ ॥૧૮॥ ભારે હલકી નથી દીઠી રાયે; પાછી આપી દીધી કર
માંયે; એમ કરી રહ્યાં સહુ સાર; થયો પંચ વરસનો કુંઆર ॥૧૯॥ ત-
વ નીશાળે ભણવા જાય, સાથે દાશી રહે છે સદાય; એવે વરસ થયાં
અગીયાર, રાયે દીધી જનોઇ તે વાર ॥૨૦॥ પાસે કમળ દેશ છે એક
રાજા કમળસેન વિવેક; તેને કમળીતા પુત્રી છે સારી, આવ્યો પંચાળ
વીવાહ ધારી ॥૨૧॥ સીખંડીનો વીવાહ કર્યો સાર, કમળીતા સંગે તે
ણી વાર; ગયો કમળસેન આપ ઘેર, એવે થઈ લગનની પેર ॥૨૨॥ રા
જા દ્રુપતે ધાર્યું લગ્ન, કાઢયો વરઘોડો થઇ મન મગ્ન; વાજતે ગાજતે એ
નરેશ; જાન લાવ્યો છે કમળ દેશ ॥૨૩॥ દીધું કમળ સેન્યે માન્ય, લગ્ન
જોઇ આપ્યું કન્યાદાન, વર કન્યા કરયાં વીદાય, આપી પેહેરામણી અ
તી ત્યાંય ॥૨૪॥ જાન આવી છે પંચાળ ગામ, કન્યા રહી ચાર દાડા તે
ઠામ; પાછી પીએર ગઈ થઈ રાજી, સીખંડી સમજ્યો જગબાજી ॥૨૫॥
મારી માએ કીધો અન્યાય, પરણાવી કન્યા ને કન્યાય; જાણ્યું પણ ર
હયો સમજીને મન, એવે વીતી ગયા બહુ દન ॥૨૬॥ તવ દ્રુપતે મોકલ્યું
આણું, આવી કમળીતા સાસરૂં શાણું; રાયે આપ્યું જુદું ભોવન, નર
નારીને કરવા સયન ॥૨૭॥ સીખંડી સમજ્યો મન સાથ, ન કરે નારી-
ની સંગ વાત; બોલાવે કમળીતા અતીશે, પણ બોલે નહીં કો દીશે ॥૨૮॥
તેથી કમળીતા પસ્તાય મન, નાવે નીંદ્રા ન કરે સયન; એવે સીખંડી
નીંદ્રાયે ભરીયો, વસ્ત્ર છેડો નારે દુર કરીયો ॥૨૯॥ દીઠો નાથને નારી
સ્વરૂપ, અરેરે હવે સોધું હું કુપ, લખ્યો પત્ર છાનો બધી પેર, મોકલ્યો
પોતાના તાત ઘેર ॥૩૦॥ તાતજી જીવતી શીદ રાખી, મને જનમ કુ-
વામાં નાંખી; પરણાવી નારી સંગ નારી, તમે કાંઈ નજોયું વીચારી ॥૩૧॥

એવો પત્ર લખીને મોકલીયો, એક પોતાનો સેવક પળીયો; આપ્યો પત્ર કમળસેન્ય હાથ, વાંચી કળકળીયો મન સાથ ॥૩૨॥ થયો ક્રોધાતુર અપાર, કર્યું સેન્ય પોતાનું તૈયાર; એવે પાસે આવ્યો પરધાન, કરો છો કયાં તૈયારી રાજન ॥૩૨॥ બોલ્યો કમળ સેન્યશું જાયો, લ્યો આ પત્ર પુત્રી તણો વાંચો; વાંચી પ્રધાન બોલ્યો તે ઠામ, કશું સહસા ન કરીએ કામ ॥૩૩॥ ચાલો હું ને તમે બેઉ જૈએ; સાથે સેવક સો બસે લૈએ એકાએક ન કરવી શીક્ષા, કરીએ જમાત્ર તણી પરીક્ષા ॥૩૫॥ પુત્રીનું લખેલું હોય સાચું, પછી કાંઇન રાખવું કાચું; એમ શાન્ત કર્યોછેરાય, લીધા બસે સેવક સંગ માંય ॥૩૫॥ આવ્યા પંચાળ રાય પરધાન, તાણ્યા તંબુ મોટે મેદાન; નગ્ર બારણે એ ઉતરીયા, રાજા પ્રધાને વીચાર કરીઆ ॥૩૬॥ ચાલો જમૈને જમવાનું કહીએ, એવે બાંને હૈ બોલાવી લઇએ; કરીશું એની કાંઇ પરીક્ષા, હોય અપરાધ તો દેવી શીક્ષા ॥૩૭॥ એમ કહી બેઉ ઉભા થાય, દ્રુપતરાયની સભામાં જાય, દીઠા દ્રુપતે વેવાઈ જ્યારે, ઉઠી મળી દીધું માન્ય ત્યારે ॥૩૮॥ બોલ્યા દ્રુપત પધાર્યા કયાંથી, વેવાઇ કહે કે જાત્રામાંથી, બોલાવો હમ જમાત્ર હાંય, લેઇ જવા છે જમવાને ત્યાંય ॥૩૯॥ તેડાવ્યા ત્યાં દ્રુપતે કુમાર, આવ્યો સભામાં શીખંડી સાર; દીઠો સસરાને પ્રગટયું દુખ, તવ ઉતરી ગયું એનું મુખ ॥૪૦॥ નીશ્ચે માહારી જાહેર પડી વાત; હવે થાશે અતી ઉતપાત; એવે સમજ્યો કમળશેન્ય ભુપ, બદલાયું જમાત્રનું રૂપ ॥૪૧॥ બોલ્યો કમળશેન વચન, આવજો તંબુએ કરવા ભોજન; નીચું જોઇ બોલ્યો કે વારૂ, મોડું આવવું થાશે ત્યાં મહારૂં ॥ ૪૨ ॥ વલણ ॥ એમ કહીને ચાલ્યો ગયો; પોતાના મેહેલ માય; કમળશેન્ય વલભ વદે, ગયો તંબુ સ્થળ ત્યાય ॥

કડવું ૫ રાગ સામેરીની ચ લ

વૈશમ પાયે એણીપેરે બોલ્યા સુણ જનમે જે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય ॥૧॥ સીખંડી ગયો જનેતા પાસે, સાંભળો માહરી માત; હું દીકરીને દીકરો ઠરાવ્યો, શા કારણે ઉતપાત ॥૨॥ માત કહે હું હતી અણુગમતી, તુજ તાતને મુજ તન; વહાલી થવા આ બંગ ઉઠાવ્યો, એ મહારૂં સત્ય વચન ॥૩॥ સીખંડી કહે ઠીકજ તે તો, પરણાવી પર કન્યાય; મારો ને તેનો અવતાર બાળ્યો, એ કર્યો બહુ

અન્યાય ॥૩॥ તે વાત જાણી માહારો સસરો, આવ્યો પરીક્ષા લેવા; નગ્ર બાર તે ઉતર્યો છે, આવ્યો તો નોતરૂં દેવા ॥પ॥ જાઉ જમવા તો જોઇ લે મુને, પછી કરે કાળો કેહેર; મુજ તાતને ને તુજને પણ, મારી નાંખશે ઠેર ॥૬॥ વળી બધું નગ્ર લુંટી લેશે, ઉજ્જડ કરશે દેશ; કહો હવે તેનું કેમ કરૂં મા, થવાનો મ્હોટો કલેશ ॥૭॥ કહો તો હું દેહ ત્યાગજ કરૂં, પછી શું લેશે પરીક્ષા; નીશ્ચે થયા વીના સસરો મ્હારો, કોને નહી કરે શીક્ષા ॥ ૮ ॥ માત કહે એ વીચાર સારો, મરણ કરો કુંમાર; સીખંડી કહે ધન્ય જનેતા, તુજ જીવવું ધીકાર॥૯॥ અનેક જીવની ઉપાધી ટાળવા, હું કરવાનો એમ; એવું કહીને નીકળ્યો તે, અશ્વે બેઠો ધરી પ્રે ॥૧૦॥ અઘોર વનમાં આપ ચાલ્યો, સપ્ત ગાઉ સંચરીયો;ત્યાં એક મોહોટો કુઓ દીઠો, અશ્વ થકી ઉતરીઓ ॥૧૧॥ અશ્વને બાંધ્યો વૃક્ષને ડાળે, મન થકી ધાર્યું મરણ; કુવા ઉપર આવીને બેઠો, લબડાવી બે ચરણ ॥૧૨॥ ચોધાર આસુ રડવા લાગ્યો, કરે કલેશી શબ્દ મીઠો, તે સામો ગફામાં જક્ષ શીવનો, તેણે કુંઅરને દીઠો ॥૧૩॥ જાણ્યું કે કોઇ પડે છે કુઆમાં, કુઓ ધોળરો થાશે; એમ જાણીને આવીઓએ, સીખંડીનીજ પાશે ॥૧૪॥ કહે ભાઇ તું કેમ મરે છે; કુપ મ્હારો રદ થાય; સીખંડી કહે કીંમત આપું, પણ પડીશ હું માંય ॥૧૫॥ જક્ષ કહે શા દુખે પડે છે જાણવા ઉલટ જાગે; સીખંડી કહે વાત કહેવામાં કોઇ ના કષ્ટી ભાગે ॥૧૬॥ વાત કર્યામાં થાય વગોણું, તેથી દુખ ન રડીએ; દુખ રડે દુખ કોઇ ન ભાગે, મીથ્યા ચાકજ ચડીએ ॥૧૭॥ અંગળ જક્ષ કહે શુણ ભાઇ, ન કર આંસુપાત; માણસ સપુત જોઇએ તો, સુખે ત્યાં કરવી વાત॥ ॥ ૧૮ ॥ તેનાથી કહી દુખ ન ભાગે તો કાંક રસ્તો બતાવે પણ વારતા કર્યા વિના તો, નિવેડો કયાંથી આવે ॥ ૧૯ ॥ માટે મુને કર વારતા તું, મુજથી ભાગશે દુખ; એવાં વચન સાંભળીને, સીખંડી બોલ્યો મુખ ॥૨૦॥ ઓ ભાઇ હું છું પ્રેમદા મુને, પુત્ર ઠરાવ્યો માત; તાત ન જાણે તેણેતો મુજને, પરણાવ્યો પ્રેમદા સાથ ॥૨૧॥ હવે તે પ્રેમદા ઘેર આવિ, તેણે જાણી મમ રીત; સસરો મારો પરીક્ષા લેવા, આવ્યો ધારી વીપરીત ॥૨૨॥ જો મુજને એ અબળા જાણે, તો તે કરે ઉતપાત; પ્રજાને મારે માતને મારે, મારી નાંખે મમ તાત ॥ ૨૩ ॥ મુજ માટે થાય નાશ ઘણાનો, તે કરતાં મરૂં એક; જક્ષે જાણ્યું કે છે આ દયાળુ; માટે ધાર્યો વીવેક ॥ ૨૪ ॥ એમ જાણી અંગળ બોલ્યો, હું કષ્ટ તારૂં કાપુ; છ માસૈ મુજને દૈજાય પાછું તો, પુરૂષાતણુ મારૂં આપુ ॥

૨૫॥ સીખંડી કહે દઇ દઉં પાછું, સુર્યદેવની સાખ; વચન ચુકું તો નર્ક ભોગવું, મુજ જનમ સત લાખ ॥૨૬॥ એવાં નીરમળ વચન સુણી, ઉઠાડયો ગ્રહી હાથ; અંગળ જક્ષે શીખંડીને; ચાંપ્યો રૂદીઆં સાથ ॥૨૭॥ કહ્યું શંભુ હું શેવક તારો, મમ વેણ સફળ થાજો; સી પણું એનું આવજો મુને, પુર્શપણું એને જાજો ॥૨૮॥ અંતઃકરણનો દીધો આશીરવાદ, તરત ટળીયો કલેશ; અંગળ જક્ષ તે નારી થયો, સીખંડી નર વેશ ॥૨૯॥ અંગળ જક્ષે કહ્યું જા ભાઇ, તવ બેઠો તોખાર; કમળશેન્યના તંબુમાં રસોઇ, થયે થઇ બહુ વાર ॥૩૦॥ બે વાર શેવક તેડવા મોકલ્યા, સીખંડી નહી કો ઠામ; એટલે રાજા પંડે આવ્યો દ્રુપતરાયને ધામ ॥૩૧॥ કયાં છે તમારો દીકરો, અમે કયાં લગી રહીએ બેશી; હું જાણું છું તમે સુત સંતાડયો, શું ગયો પ્રથવીમાં પેસી ॥૩૨॥ સાંભળી ગભરાયો દ્રુપતરાજા, કયાં ગયો હશે એ તન; એટલામાં ત્યાં આવ્યો સીખંડી, તાત તણે ભોવન ॥૩૩॥ કમળ સેન્યે કહ્યું કયાં ગયાતા, કેમ કરો બહુ વાર; સીખંડી કહે બંધન તારે, અમે નથી લગાર ॥૩૪॥ જાઓ જમવા નથી આવતા, એમ કર્યો બહુ સોર, સસરાએ જાણ્યું ઢીલો હતો પણ, કેમ આવ્યું આ જોર ॥૩૫॥ કહ્યું કે ક્ષમા કરીને પધારો, અમારે જાવું છે ઘેર; સીખંડી તવ મીત્રોને લઇને, જમવા ચાલ્યો ભલી પેર ॥૩૬॥ રાજાને તંબુએ આવીયો એ, દ્રુપતનો સંતાન; કમળસેન્ય કહે હવે ઉઠો, લ્યો જળને કરો સ્નાન ॥૩૭॥ પલાળવા જીણુ વસ્ત્ર દીધું, પેહેરયું સીખંડીએ સાર, રાજાને પ્રધાન ચરચા જોવા, બેઠા રહી હોશીઆર ॥૩૮॥ સીખંડીએ સ્નાન કીધું કરી પરીક્ષા પ્રધાન; દીકરી ભુલી કાગળ લખતાં, પુરૂશ દ્રુપદ સંતાન ॥૩૯॥ ભોજન કરાવ્યાં ભાવતાંને, કર્યા જમાત્ર વીદાય; રાત્રી પડી તવ શીખંડી સુવા, ગયો પોતે મેહેલમાંય ॥૪૦॥ ત્યાં જઇ મળ્યો કમળીતાને, સુંદરીએ કરી શેવા; સત્ય કહો સ્વામી નર થયા કયાંથી, કાલ હતા મુજ જેવા ॥૪૧॥ સીખંડી કહે જારે રંડા, તું તો વીશયભરી નારી; નર ન થયો હોત તો તાત તારો, નાંખત સરવને મારી ॥૪૨॥ અનેક જીવની ઘાત ઉપાદી, મરવા ગયો હું વન; છ માસ સુધી લાવ્યો પુરૂષાતણ, દેઇને સત્ય વચન ॥૪૩॥ તવ નારી કહે કંથ મારા, ન જોઇએ સુખ લ્હાવો; તમ શેવાને પ્રભુ શેવા કરૂ, પુરૂષાતણ આપી આવો ॥૪૪॥ સીખંડી કહે છ માસે વાયદો પુરણ થશે નાર; તે વારે જઇને આપી આવું, ત્યાં સુધી નર અવતાર ॥૪૫॥ એમ કહીને રહ્યા રાત્રીએ, એવે પ્રભાત થાય; કમળ

રાજાએ કુંવરી તેડાવી, ભાગાળે તંબુ માંય ॥ ૪૬ ॥ ગઇ કમળી તો તંબુ વિશે પ્રધાને બોલાવી પાસ; કહો બેટી કેમ પત્ર લખ્યો તો, અમે થયા ઉદાસ ॥૪૭॥ કમળીતા કેહે શું પુછો કાકા, લખ્યો હશે મુખકથી, પણ તે પત્ર નહી હોય સાચો, શું લખ્યું તે શુદ્ધ નથી ॥૪૮॥ તરત પરધાન મનમાં સમજ્યો. દીકરી કાંઇ દુખે દુલી; લખતાં લખ્યો પણ નોહ્ય વાત સાચી; કાંતો જાણી જોઇ ભુલી ॥૪૯॥ પછી પુત્રીને વિદાય કીધી, રાજા પ્રધાન ગયા દેશ, શિવનું વચન સત્ય થવાને, કેવો ઉપજીઓ કળેશ ॥૫૦॥ વળણ ॥ શીવ વચન સત્યજ થવા. મરવા ગંગાતન, અંગળ જક્ષને શું થયું. વલ્લભ વદે વચન.

કડવું ૩૬ રાગ દોહરા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય, વીસ્તારી તુજને સંભળાવું કહુ, આદ્ય પરવ મહીમાય ॥ ૧ ॥ વરદાન આપી રહ્યો અંગળ જક્ષ, પરણકુટીકા માય; એવામાં એક જક્ષજ આવ્યો, પરોણાગતે વસ્યો ત્યાંય ॥૨॥ એમ કરતાં એ બંને જણને, ભાગી ગયો મન ભેદ; એક એકને બહુ સ્નેહ વાધ્યો, મરિયાદા થઇ ખેદ ॥ ૩ ॥ એવે બે ઉએ માંડયો ગ્રસ્થાશ્રમ, લીધું શુભ સુખ નેટ; કરમ દશાએ અંગળજક્ષને ગર્ભ રહ્યો ત્યા પેટ ॥૪॥ એવે આવેલો જક્ષ હતો તે, થઇ ગયો વીદાય; એકલો અંગળ રહયો એના, ગર્ભને ખટ માસ થાય ॥૫॥ એટલે બીજા જક્ષોએ જાણ્યું, જઇ કહી શીવજીને વાત; ઓમાહારાજા અંગળજક્ષે, એક કર્યો ઉતપાત ॥૬॥ એણે કોઇને વરદાન આપી, પુરષાતણ દેઇ દીધુ; સામાનુ જે સ્રીપણું તે, પોતે માગીને લીધું ॥૭॥ તેથી તેને મળ્યો કોઇ જક્ષ બીજો, લીધો લ્હાવો સુખરેટ; ગ્રહસ્થાશ્રમ બેઉ માંડવાથી, ગર્ભ રહયોછે પેટ ॥૮॥ હવે હેવા લોકો વરદાન દેશે, માગી લેશે સહુ સ્રષ્ટ; પછી તમારૂં તપ કરીને, શું કામ ભોગવે કષ્ટી ॥૯॥ એવું સાંભળી શીવજી બોલ્યા, દશબાર શેવક જાવો; અંગળજક્ષને આ સ્થળે જઇને, હાલ હાંઇ તેડી લાવો ॥૧૦॥ એટલે દસબાર જક્ષો આવ્યા, અંગળ સ્થળ તતક્ષેવ, પોકાર કીધા દ્વાર તું ઉઘેડ, તને તેડે માહાદેવ ॥૧૧॥ અંગળ કહે નથી ઉઠાતું, મારા ભવિષના ભોગ; જાવો જઇને શીવને કહેજો, થયો ઝલંદર રોગ ॥૧૨॥ જક્ષો કહે જોવા દે અમને, ઉઘેડ તારાં દ્વાર; અંગળ કહે નહી ઉઘેડું, સુણી સૌ કોપ્યા અ-

પાર ॥૧૩॥ ઝુપડીનાં દ્વાર ઉતારી નાંખ્યાં, ખેંચી ઉભો કર્યો મથી; અંગળ કહે ગમે તે કરો પણ, ત્યાં આવવાનો નથી ॥૧૪॥ એટલે જક્ષો-એ ઉચકીને ત્યાં, અંગળ જક્ષને લીધો; સીવ પારવતી બેઠાં છે ત્યા, લાવીને મુકી દીધો ॥૧૫॥ મહાદેવ જોઇને હસવા લાગ્યા, ઠીક કર્યું પુન્ય કામ; જા તને વરદાન હું દેઉ છું, સદા રો આમને આમ ॥૧૬॥ તવ અંગળે કપાળ કુટયું, હું કરવા ગયો ધર્મ; ધર્મ કરતાં ધાડ આવી, ધર્મમાં નડીયું કર્મ ॥૧૭॥ રડતો રડતો વીશ્રામ આવ્યો, અતી થયો ઉદાસ; એવે શીખંડીને વરદાન આપ્યે, પુર્ણ થયા ખટ માસ ॥૧૮॥ એટલે શીખંડી અસ્વે બીરાજ્યો, ગયો અંગળને ઠામ, લેરે ભાઈ પુરશાતણ તારૂં, સાર્યું તેં મારૂં કામ ॥૧૯॥ અંગળ કહે એ તારા કરમનું, મને થયો શીવ શ્રાપ; તેં તો પુરવે પુન્ય કરેલાં, મેં તો કરેલાં પાપ ॥૨૦॥ જારે ભાઇ તું ઘેર તારે, એટલે શીખંડી ઉઠયો; જો ભાઇ હવે હું જાઉ છું ને, સમ સોગનથી છુટયો; ॥૨૧॥ એમ કહીને અશ્વે જ બેઠો, આવ્યો પોતાને ઘેર; સદા નર રૂપ રહેવાનુ થયું, કહી નારીને પેર ॥ ૨૨ ॥ અતી આનંદ પામ્યા નરનારી, રીઝ્યા શ્રી ભોળાનાથ; ગંગા નંદન ગાગેવજી તે, મરશે શીખંડી હાથ ॥ ૨૩ ॥ એ કથા રહી એટલે તું સાભળ પરીક્ષત તંન; અંબે અંબીકાનાં લગ્ન કર્યા છે, વિચીત્ર સંગ પાવન ॥૨૪॥ વિચીત્ર વીર્ય પરણ્યા પછી, આવી મળ્યો પાપ યોગ; પુરવના પાપથી ઉતપન થયો, માહાભારે ક્ષય રોગ ॥૨૫॥ ઉઠાય બેસાય ખવાય નહી તે સર્વે કરે સંતાપ; મછગંધા ને ગાંગેવજી તે, નિત્ય કરે અદાપ ॥ ૨૬ ॥ મછગંધા તો એમ વિચારે ક્ષય રોગે મરી જાશે; બે કન્યાયો અપાયમાં નાંખી, વંશ વ્રદ્ધિ કેમ થાશે ॥૨૭॥ એવામાં વાત યાદ આવી મુજ સુત વેદમ વ્યાસ, જનમી ગયા ત્યારે કહેતા ગયા છે, તમ દુખ કરીશ નાશ ॥૨૮॥ એમ જાણી કીધું આરાધન, વ્યાસજી આવ્યા સાર; કહો માત મને કેમ સંભાળ્યો, કહે મચ્છગંધા નાર ॥૨૯॥ અરે દીકરા દુખ ભાગો, પાળો વદેલું વેણ; વ્યાસજી કહેશું દુખ માતા, સત્ય કહો મને કેહેણ ॥ ૩૦ ॥ મછગંધા કહે આ વીર તારો એને થયો રોગ ધાડો; ક્ષય થયો છે, તેથી વંશ જાશે, માટે એ દુખ મટાડો ॥ ૩૧ ॥ વ્યાસજી કહે માવડી મારી, ચાહ્ય તેટલું મરો મથી; એના પુરવના પાપનો રોગ છે. તે મટવાનો નથી. ॥ ૩૨ ॥ મછગંધા કહે દુખ મટે નહી, તો તમે શું બોલ્યું પાળ્યું; હાંઇ આવીને નહી મટે કહી, ઉલટું કાળજું બાળ્યું ॥૩૩॥ વંશની વ્રદ્ધિ થાય નહી ને, ભાંગી પડે ઘરસુત્ર;

વ્યાસજી કહે ઇચ્છા હોય તો, નેત્રથી આપું પુત્ર ॥૩૪॥ વીચીત્ર વિર્યેની જેટલી નારી, તેટલી કરે સ્નાન; એકાન્ત સ્થળ મને બેસવા આપો, ત્યા આવે નગ્ન નિદાન ॥૩૫॥ મમ સ્થળ બેસવા ગાયને ગોબરે, લીંપી કુંભ ત્યાં થાપો; ત્રણસેને સાઠ ગ્રતના દીપક, પ્રગટ કરીને આપો ॥૩૬॥ ત્યાં બેસું આરાધન કરવા, વરદાન આપવું ફાવે; એકે એકે સ્નાન કરીને, માહરી પાસે આવે ॥૩૭॥ એટલે હું નેનગર્ભ આપીશ, દુખના દીવસ જાશે; વરદાન પામશે પુત્ર મળશે, વંશનીવૃધી થાશે ॥૩૮॥ તવ મછગંધા થઇ ઘણી ખુશી, એકાન્ત સ્થળ લીંપી આપ્યું ગ્રત દીપક પુજાપો મુકયો, ત્યાંવ્યાસે આસન થાપ્યું. ॥૩૯॥ પ્રથમ અંબેયે સ્નાન કીધું, પાસે નહિ સુત્રતાર; નગ્નસ્વરૂપ વ્યાસજી પાસે, જાતા કર્યો વિચાર ॥૪૦॥ વળણ॥ પરનર પાસે પરવરૂ, વસ્ત્ર વિના હું કેમ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે વામાને પડયો વ્હેમ.

કડવું ૧૭ રાગ મારૂની દેશી.

વૈશમપાયે બોલીયા તું, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય ॥૧॥ અંબે તો શરમાઇ ઘણેરૂ, નગ્ન કેમ જવાય; ગયા વિના તો કાજ નથાએ, કાહ્યા થઇ કોસ ખવાય ॥૨॥ એ એમ જાણી નગન ચાલી, ડોકી રાખીને નીચી; સરમ સહુને બેચક્ષુની, લોચન દીધાં મીચી ॥૩॥ નેત્ર મીચી વ્યાસજી પાસે, સનમુખ આવી ઉભી; વેદમ વ્યાસે નખ શીખ સુધી, નીરખી એની ખુબી ॥૪॥ નીરખીને નેન ગર્ભ આપ્યો, જાબાઇ દુખડું જાશે; પણ નેત્ર મીચીને આવિ માટે અંધ દીકરો થાશે ॥૫॥ અંબે કહે લ્યો નેત્ર ઉઘાડુ, તવ વ્યાસજી એ કહ્યું, હવે મીથ્યા મારે ફાંફા, થનાર હતું તે થયું ॥૬॥ તવ અંબા એ વસ્ત્રો પહેર્યાં, સાસુની પાસે આવી; ઓ સાસુજી ક્ષમા કરો હું, અંધ દીકરો લાવી ॥૭॥ સાસુએ લેલાટ હાથ મુકયો, અંબીકાને કહ્યું જાવો, આતો લાવી આંધળો પણ, તમે સારો લઇઆવો ॥૮॥ તવ અંબીકાએ સ્નાન કીધું, ડહાપણ ડોળ્યું ભોળી; સુત સારો લાવવાને અંગે ચંદન લીધું ચોળી ॥૯॥ વ્યાસ પાસે જઇને ઉભી, વ્યાસે કહ્યું દુખ જાશે; પણ ચંદન ચોળીને આવી તે, પીન્ડરોગીયો થાશે ॥૧૦॥ અંબીકા કહે લ્યો ધોઇ નાખું, વ્યાસજીએ તવ કહ્યું; હવે મીથ્યા મારે ફાફા, થનારૂં તે થઇ ગયું ॥૧૧॥ તવ અંબીકાએ વસ્ત્ર પહેર્યાં, સાસુની પાસે

આવી; ઓરે સાસુજી ઓરે સાસુજી, હું પીન્ડ રોગીયો લાવી ॥૧૨॥ મછગંધા કહે ભવિશ મ્હારૂં, બેઉ રૂડા લાવી તન, વીચીત્ર વીર્યની રાખ્ય દાશી, તે પ્રત્યે વદી વચન ॥૧૩॥ જારે બાઇ તું રાખ્ય દાશી છે વીદુરા તારૂ નામ; લૈ આવો પુત્ર વ્યાસજી પાસે, પ્રભુ રાખે કાઇ નામ ॥૧૪॥ તવ વીદુરા સ્નાન કરીને, કરવા લાગી ખુબી; જાણ્યું સારો સુત મળે માટે, ભજન કરતી ઉભી ॥૧૫॥ વ્યાસજીએ નખ શીખ લગી નીરખી, જા બાઇ દુખ તારૂં જાશે; ભજન કરતી આવી માટે ભક્તદીકરો થાશે ॥૧૬॥ વીદુરા વસ્ત્ર પહેરીને ચાલી સાસુજી પાસે આવી; સુણો સાસુજી સુણો સાસુજી ભક્ત દીકરો લાવી ॥૧૭॥ મછગંધા કહે શું સારો લાવી, હવે મારૂં ઘર બેઠું; જગત તણી કહેવત છે ઘર, વંઠ્યુ ભગતડું પેઠું ॥૧૮॥ એટલામાં વેદમ વ્યાસ આવ્યા, મછગંધાની પાસ કેમ માતા સુખી થઇ સાતા, તવ બોલી થૈ ઉદાસ ॥૧૯॥ એકને આપ્યું આંધળુ ને, બીજીને આપ્યું રોગી ત્રીજીને આપ્યું ભગતડું મ્હારૂં, કોણ રાજ્યનું ભોગી ॥૨૦॥ રોગીયું તે રોગમાં મરવાનું, ભગતડું ભગતાઇ કરશે; ત્રીજું પીટયું આધળું ભીંતે, ભીંતે ભચકાઇ મરશે ॥૨૧॥ એવા દીકરા દીધા મુને, કેમ ચાલે ઘરબાર, વ્યાસજી કહે માતા મ્હારી કલેશ ન કરો લગાર ॥૨૨॥ મોહોટો નંદન અંધ થશે તે, ચલાવશે ઘર સુત્ર; દત્રાષ્ટર નામ પાડજો એનું, તેને થાશે સો પુત્ર ॥૨૩॥ પંડ રોગીયો પુત્ર તમારો વશ કરશે ગામો ગામ; પાંચ પુત્રનો પીતા થાશે, પાન્ડુરાજા એનું નામ ॥૨૪॥ ત્રીજો તમારો ભક્ત દીકરો, ઇશ્વર સેવા કરશે, એની ભક્તિથી માતા તમારી સાતે પેડી તરશે ॥૨૫॥ એને પેટે નહી થાય પ્રજા, ધરજો વીદુરજી નામ; એવાં વચન સાંભળીને, પ્રસન્ન થયા તમામ ॥૨૬॥ ધન મહારાજા દુખ ફેડયું, તવ થયા વીદાય; વ્યાસને વચને ગર્ભવંતી, થઇ ત્રણે કન્યાય ॥૨૭॥ દશે માસે પુત્ર પ્રગટીયા, પરભવનો સંબંધ; અંબે નારીને ઉપજ્યો તે બેઉ નેત્રથી અંધ ॥૨૮॥ દત્રાષ્ટર નામ તેનું પાડયું, અંબીકાને બીજો થાય; પીંડ રોગીયોપણ પ્રાક્રમી, નામ ધર્યું પાંડુ રાય ॥૨૯॥ પછી થયો વિદુરા દાશીને, વીદુરજી ધર્યું નામ; ત્રણે પુત્રો પ્રગટ થયા, હરખ્યું આખું ગામ ॥૩૦॥ ભીષ્મ પિતા અતિ આનંદ પામ્યા, ઘણાં કર્યાં પુન્ય દાન; દીવસે દીવસે થાય છે મ્હોટા, વીચીત્રના સંતાન ॥૩૧॥ પાંચ પાંચ વરસના થયા પુત્રો, કરે વીદ્યાભ્યાસ; તે સમે વીચીત્ર વીર્યનો, દેહ થયો ત્યાં નાસ ॥ ૩૨ ॥ પછી પાછા ભીષ્મ પીતાએ, ચલાવવા માંડયું રાજ, અંધને અભ્યાસ

મોઢે કરાવે, રાજ્યનીતિનું કાજ ॥૩૫॥પાન્ડુ રાજાને બાણ વીધા, ભણાવે ભીસ્મ પીતાય; વીદુરજી વીધા ભણે નહી, ગોવીંદના ગુણ ગાય ॥૩૪॥ એવે થયા અગીઆર વરસના, ઉપવીત દીધાં ત્યાંય; રાજ્યાસન અંધને બેસાડયો, જેષ્ટ શોભે જ્યાંય ॥૩૫॥ પછી ચલાવે રાજ્ય રૂડી પેર; પણ કન્યા ન દે કોય; પ્રથમ મોહોટો પરણાવો જોઇએ, વીવાહ તેનો કયાં હોય ॥ ૩૬ ॥ ગાંધાર દેશનો ગાંધાર રાજા, તેને છે ત્રણ નાર; પણ પેટ કાંઇ ફરજન નથી; તેથી ઉદાશ અપાર ॥૩૭॥ વળણ પેટ પ્રજા તેને નહી, તેથી ગભરાય મન; વલ્લભ કહે એ રાજીઓ ચાલ્યો તપ કરવા વન.

કડવું ૧૮ રાગ સોરઠની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય ॥૧॥ ગાન્ધાર રાજા તપ કરવાને નીકળી ચાલ્યો વન; આઘે જતાં એક શીવાલય દીઠું, ત્યાં બેઠો રાજન॥ ૨॥ જપજપતો તપતપતો, ધરતો શીવનું ધ્યાન;શ્રાવણ માસે ને સોમવારે, શીવ રીજ્યા ગાધાન ॥૩॥ ગાન્ધારને શીર કર મુકયો આવી, કષ્ટી હું તારી કાપુ; માગ્ય માગ્યરે પ્રસન છું હું, જે માગે તે આપુ ॥૪॥ ગાન્ધાર કહે ઓરે મહારાજા, આપો મને એક તન; શીવ કહે જા પુત્ર થાશે, છે માહારૂં વચન ॥૫॥ શ્રાવણ માસે ને સોમવારે, પુર્ણ કરયું મન કામ; માટે તારા પુત્રનું ધરજે, શ અક્ષર પર નામ ॥૬॥ ગાંધાર કહે શકુની એવું, પાડીશ પુત્રનું નામ;એમ કહીને ઘેર ચાલ્યો, શું બન્યું તે ઠામ. ॥ ૭ ॥ મહાદેવજીનો નંદીઓ તેણે, મન કર્યો વીચાર; મુને પારવતી કુંવારો કુંવારો, કહેછે હરનીસ સાર ॥૮॥ તે માટે મ્હારૂં મેહેણું ટાળું જાણી ગાંધાર કને જાય; લે ગાંન્ધાર જો જોઈતી હોય તો, હું આપુ કન્યાય ॥ ૯ ॥ ગાંન્ધાર કહે ધન્ય ભાગ્ય મારૂં, દઇને દુધ બે મળે; નંદી કહે કહ્યુ તેમ કરે તો, ભાગ્ય તારૂં ભળે ॥ ૧૦ ॥ પાંચ વરસની થાય પુત્રી, પરણાવવી મુજ સંગ; એવું કબુલ કરે તો વરદાન, આપુ ધરી ઉમંગ॥૧૧॥ ગાંન્ધાર રાજાએ મન વીચાર્યું હાલ જાવું હા પાડી; નંદી પરણાવા આવશે તવ, મારીને મુકીશ કહાઢી ॥૧૨॥ એમ વીચારી કબુલ કીધું, નંદી કહે દુખ જાજો; શીવ સવારી કરે મુજ પર તે, પુન્યે પુત્રી તુને થાજો ॥ ૧૩ ॥ બે વરદાન લેઈ રાજા ચાલ્યો; ગયો પોતાને ઘેર; બે પ્રેમદાને ગર્ભ રહયો, પુર્ણ પ્રભુની મેહેર ॥૧૪॥ દસ માસે બે બાળક થયાં.

એક તનયા એક તન; આનંદ ઓચ્છવ થયો ઘણેરો, રાય તણે ભોવન. ॥ ૧૫ ॥ બંને બાળક ઉછેરે છે, દીનદીન દેહેજ દાખે વરદાન આપી નંદી ગયેલો, તે દીવસ ગણી રાખે ॥૧૬॥ એવે કન્યા પાંચ વરસની થઇ બરોબર જ્યારે; પારવતીની પ્રત્યે નંદીયો, હશીને બોલ્યો ત્યારે ॥ ૧૭ ॥ ઓરે મારી પારવતી માતા, હવે મેહેણું નવ ખાવું; આજ મુજને શણગારો તો, પરણવાને જાવું ॥ ૧૮ ॥ પારવતી કહે ભલે ભલે ભાઈ, વારણાં તારાં લેવું, પણ પરણ્યા વીના પાછો આવે તો; હું હેસવા નહી દેવું ॥૧૯॥ એમ કહીને શીંગ રંગ્યાં, રંગ્યું પુછ સુવર્ણું; લેલાટ કીધો ચાંદલોને, ઝાંઝર પહેરાવ્યાં ચર્ણું ॥ ૨૦ ॥ પછી નંદીયો ત્યાંથી નીકળીઓ, આવ્યો એ ગાન્ધાર દેશ; રાજ્ય સભામા બેઠો છે જ્યા, ગાંન્ધાર રાય નરેશ ॥ ૨૧ ॥ ત્યાં આવાને બોલ્યો સભામાં, ગાંન્ધાર રાજા લાવો; વાયદા પ્રમાણે આવ્યોછુ, હવે મુને પરણાવો ॥ ૨૨ ॥ ગાંન્ધાર કહે ગાય પરણાવું, નંદી બોલ્યો ખુંખારી; વરદાન દઈ દીકરી તને આપી પરણ્યા તે ગાંન્ધારી ॥૨૩॥ તવ ગાંન્ધાર રાય કળકળીઓને, બોલ્યો ઘણો ક્રોધ ભેર; શુ જુઓછો શેવક માહારા, નંદીને મારો ઠેર ॥૨૪॥ શેવક ઉઠયા મારવા ટુટયા પ્રહાર કર્યો મારો માઠો ઉંચું પુછડું લઈને નંદી બરાડા પાડતો નાઠો ॥ ૨૫ ॥ છાનોમાનો જઈ શીવને મળીયો, માહારાજ જુઠી આ શ્રષ્ટી; ગાન્ધારને મેં દીકરી આપી, ભાંગી એની કષ્ટી ॥ ૨૬ ॥ મુજ સંગ પરણાવવાનું કહ્યું. માટે આપ્યું વરદાન, ગયો પરણવા ત્યારે મુને, મારી કર્યો હેરાન ॥ ૨૭ ॥ પરણ્યા વિના હું ઘરમા આવું તો; પાર્વતી મા મુકે કહાડી; તમે ભોળાનું વાહન ભોળું, દુનીયાં થઈ અનાડી ॥૨૮॥ તવ મહાદેવે ભસ્મજ ચોળી, જા તુજને નહીં વાગે; કદાપી કાંઈ વાગે તોપણ, જા તુજને નહી લાગે ॥૨૯॥ સાંભળી નંદીયો સુરે ભરાયો, ગયો ગાન્ધારને ઘેર, લાવ્ય અલ્યા તાહરી દીકરી તુ નહી તો થાશે કેહેર॥૩૦॥ સાભળી ગાંન્ધર કળકળીયોને શેવકે દીધા માર;ડાંગ લાકડીયોથી કુટયો પણ, વાગ્યું નહી લગાર ॥ ૩૧॥ પછી નંદીએ શીંગડાં ઘાલ્યા નગ્રની ભોમી માય;બળ થકી પ્રથવી ઉંચી કરી, નગર ધ્રુજ્યું તવ ત્યાય ॥ ૩૨॥ ગાંન્ધારે જાણ્યું ગજબ થાશે, નગરી ઉંધી કરી દેશે;એમ જાણીને ગાંન્ધાર બોલ્યો, આવીને કંગાલ વેશે ॥ ૩૩ ॥ ઓ નંદીયાજી ક્ષમા કરોને, કરશો નહી હેરાન; કોઈ ન જાણે આવો ઘરમાં, દેઉં હું કન્યાદાન ॥ ૩૪ ॥ નંદી કહે હું એમ ન પરણું, ચોરી બાંધો ઘરબહાર; બ્રાહ્મણ આવે ને પરણાવે, ગાય ગીતાંસૈનાં

૨ ॥૩૫॥ ગાંધાર કહે તેમ કરૂંછું, હવે કરો ક્ષમાય; તવ નંદીયે શીંગડાં કાહાઢયાં, મંડપ રચાવ્યો રાય ॥૩૬॥ લોટા મુકીને ચોરી બાંધી, વીપ્ર બોલાવ્યો શાર; પરાણે પુત્રી પરણાવામાંડી, નંદી બોલ્યો તેવાર ॥૩૭॥ પુરણ પરણત નથી પરણવું, નહીં મારે કન્યાનું કામ, આતો કુંવારામેણું ટાળું છું, પરણ્યો એવું એક નામ ॥૩૮॥ તવ ગોરે ત્યાં મીંઢળ બાંધ્યું, નંદીને ચરણે સાર; લેલાટ કીધો કંકુનો ચાંલ્લો, કીધો લગ્ન આચાર ॥૩૯॥ નંદી કહે નથી પરણવું, એમ કહી થયો વિદાય, કહે વાયુ દુનિયામાં નંદી પરણ્યો, ગાંન્ધારની તનીઆય ॥૪૦॥ ગાંન્ધારે પ્રધાનને કહ્યું, આ વાત જાહાર હોય, તો પછી આપણી દીકરીને, પરણશે નહી કોય ॥૪૧॥ માટે તમો સંચરો વેહેલા, ગમે તે ક્ષત્રી લાવો; વાત ઝાહર પડતા પેહેલા, લાવીને પરણાવો ॥૪૨॥ એટલે પ્રધાન વર શોધવાને નીકળ્યો તેણી વાર; જ્યાં જઇને પુછે ત્યા સઘળે, ગયેલા સમાચાર ॥૪૩॥ તેને તે રાજા એમ બોલે, આખલાની કન્યાય; તે વશ કન્યા અમારાથી કદી નવ્ય વરાય ॥૪૪॥ પ્રધાન સઘળેથી વળ્યો પાછો, ગાંન્ધાર પાસે જાય; સઘળે વારતા ગઇ ફેલાઇ, કો નથી કહેતું હાય ॥૪૫॥ ગાંન્ધાર કહે પ્રધાન મ્હારા, વાત થઇ બન્યુ તેમ; દીકરો કુંવારો રાખીએ પણ કન્યા રખાય કેમ ॥૪૬॥ પ્રધાન કહે વર બતાવું. પણ તમને લાગે દુખ; માટે મનમાં સમજી રહ્યો છું, કેહેવાતું નથી મુખ ॥૪૭॥ રાજા કહે એમાં દુખ શાનું, નહી ધરૂં મનક્લેશ, પ્રધાન કહે હસ્તીનાપુર, નાત બહારીયાનો દેશ ॥૪૮॥ તેનો તન અંધ ગાદીપતી છે, કન્યા નથી કો દેનાર; તેમ આપણી ગાંન્ધારીને, કોઇ નથી લેનાર ॥૪૯॥ કોહોનો જુગતે નેહું મેળવીએ, તવ બોલ્યા રાજન; સુખે જઇ વીવાહ કરી આવો સત્ય છે તુજ વચન ॥ ૫૦ ॥ વળણ ॥ સત્ય વચન છે તુજ તણું, દેશું કન્યાદાન; વલ્લભ કહે ત્યાં મોકલ્યો, રાજાએ પ્રધાન,

---xox---

કડવું ૧૯ રાગ ચોપાઈ

ચાલ્યો પ્રધાન હસ્તીનાપુર, વીવા કરવા ઉલટ અતી ઉર; આવ્યો નગ્રમાં પ્રેમશી પળીયો, જઇ ભીસ્મ પીતાને મળીયો ॥૧॥ ભીસ્મે પુછી ત્યાં કુશળક્ષેમ, પછી કહ્યું પધાર્યા કેમ; કહે પ્રધાન સુણો પેર. વીવા કરવા આવ્યો તમ ઘેર ॥૨॥ રાજા ગાંન્ધારની ગાંન્ધારી, તેવી તે છે કન્યા કુઆરી; તમ તન અંધ છે તેની સાથે, કન્યાદાન દીજે અમ હાથે

॥ ૩॥ સુણી ભીસ્મ કહે સુણો વાત, એ તો પરણી નંદીયા સાથ; વ-
શ કન્યા તે કેમ લેવાય, લેતાં અતિશે અધર્મ થાય ॥ ૪ ॥ નાત બહાર
અમો સરવથી, પણ જાત બહાર ગયા નથી; કહે ગાંન્ધારનો પરધાન, સુ-
ણો ગંગા તણા સંતાન ॥૫॥ કન્યાનું કુળ જોઇ થાઓ મગ્ન. નથી થએલું
આખું લગ્ન; અડધા લગ્નની કન્યા લેવાય, પુછો વિપ્રને સૌ સંદે જાય;
॥ ૬ ॥ નથી એ કન્યા કોઇ લેનાર, તો આ વરને કોણ દેનાર; નાત
બહાર વળી આંખે અંધ, માટે સમજી કરોને સબંધ ॥૭॥ તવ ભીસ્મે
ત્યાં વેળા વીચારી, તેડયા વીપ્રો મ્હોટા આચારી; તેમને પુછયું પડીને
પાય, કહો આ કન્યા કેમ લેવાય ॥૮॥ બોલ્યા બ્રાહ્મણો બાધજ નાવે,
જો એ કન્યા જાત્રા કરી આવે; સંગે જાય કન્યાદાન દેનાર, પછી બોધ
રહે ન લગાર ॥૯॥ સુણી ભીસ્મ કહે ઓ પ્રધાન, કરાવો જાત્રા તીરથ
સ્નાન; પીતા પુત્રી બંને જણ જાય, પછી અમારે લેવી કન્યાય ॥ ૧૦॥
તવ પ્રધાને શ્રીફળ દીધું, ભીસ્મજીએ કબુલ કરી લીધું, ગયો પ્રધાનગાં
ન્ધાર દેશ, કીધો ગાંન્ધાર ગ્રહ પ્રવેશ ॥૧૧॥ કહી વીવાતણી બધી પેર
કીધો નાત બારીઆને ઘેર; તે પણ પ્રથમ કહેતો તો નાય, દોશ મુકી
આવો તો એની હાય ૧૨॥ માટે પીતા પુત્રી ત્યાર થાવો, અડસઠ તીરથ
યાત્રાએ જાવો; તવ ગાંન્ધારને ગાંન્ધારી; કરી યાત્રા જવાની ત્યારી
॥૧૩॥ દ્રવ્ય લેઇને બેઉ નીકળીયાં, પીતા પુત્રી યાત્રાએ પળીયાં;
જાય તીરથે તીરથ કરી સ્નાન, કરે વીધિ પ્રમાણે દાન ॥૧૪॥ જાત્રા ક-
રીને પાછાં ફરીયાં, રસ્તે કુંતલપુર ઉતરીયાં; કુન્તલપુરના કુંતી ભો-
જ રાય, તેડી ગયો નગરની માંય॥૧૫॥ રાખ્યાં લઇ જઇને પોતાને ઘેર,
કીધી પરોણાગત બહુ પેર, કુન્તીભોજને દીકરી રૂપ ધામ, જેનું કુન્તાજી
એવુ છે નામ ॥૧૬॥ તે પણ ગાંન્ધારી જેવડી કન્યાય, એ બેને થયાં બે
નપણાં ત્યાય; રમી જમીને રાજી હુતાં, રાત્રીએ બેઉ ભેળાં સુતાં
॥૧૭॥ બોલી કુન્તા ગાંન્ધારી શું એમ બાઇ યાત્રાએ નીકળી કેમ; ના-
રી નાની હોય સરવથી, તેને જાત્રા જાવું કહ્યું નથી ॥૧૮॥ સુણી ગાંધા-
રી કહે સુણ બેની, અડચણ વીના કો નીકળે શેની; તને શું કહુ વારતા
વરણી, મને આખલો ગયો છે પરણી ॥૧૯॥ મારો તાત થાકયો માહા-
ભથી પણ મુને કો પરણતું નથી; છેવટ પરણાવવા કરી પેર, પેલાનાત
બાહારીને ઘેર ॥૨૦॥ તેણે પણ કહ્યું હા તવ કહીએ, કરી આવે યાત્રા
તો લઇએ; માટે યાત્રા નીકળીયાં બાઇ યાત્રા કરી આવ્યાં અમે હાંઇ
॥૨૧॥ કુન્તા કહે ભવીસ્યની વાત; કરો સયન ગઇ બહુ રાત; મારે ઉઠ-

વુંછે બહુ વહેલી, જાવું છે નદીએ સાહેલી ॥૨૨॥ નદી કીનારે છે એક રૂશી, મમ તાતે રાખ્યા થૈ ખુશી; મઠ બાંધી આપીને વસાવ્યા, છ મહીનાથી દુર્વાસા આવ્યા ॥ ૨૩ ॥ નથી કો રૂશી તપસ્વી એવા, હું હમેશાં કરૂછુ શેવા; આજ જવાનાછે એ રૂશી, મુજ ઉપર થયાછે ખુશી ॥૨૪॥ કહ્યું છે વહેલી આવજે બાળ, જોજે ન થાય પ્રાતસકાળ; આવજે વેહેલી રાખીને નેક, કહ્યું દૈશ મંત્રજ એક ॥ ૨૫ ॥ તે મંત્રથી દુખ તારૂ જાશે, તને એકસો દીકરા થાશે; માટે મ્હારે જાવું છે ત્યાય; એમ કહી સુતાં સજ્યામાંય ॥૨૬॥ નીંદ્રા વશ થઈ કુન્તાય, જાગે ગાંન્ધારી વીચાર થાય, મારૂં ભવિષ્ય છે બહુ વાંકુ, મળશે કંથ આંધળો રાંકુ ॥૨૭॥ માટે પરોઢે ઉઠીને હું જાવું, રૂશીને છેતરી મંત્રલાવું; એવા વીચારની ધારે વાત, એમ કરતા ગૈ ત્રણ પોહોર રાત ૨૮॥ કુન્તા ભર નીંદ્રામાં પોઢી, ઉઠીગાંન્ધારી વસ્ત્ર ઓઢી; છાનીમાની ચાલી નદી તીર, આવી રૂશીને મઠ ધીર ॥ ૨૯ ॥ આધું ઓઢી; મઠમાં પેઠી વસ્ત્ર વાસણ વીછળવા બેઠી; કુન્તાએ કહ્યું જેમ જેમ; કર્યું કામ બધું તેમ તેમ ॥ ૩૦ ॥ પછી ચરણ ચાપવા લાગી, આપો મંત્ર લીધો મુખમાગી; રૂશી ભોળીયા તે પ્રેમ વાપ્યો. જાણી કુન્તાને મંત્રજ આપ્યો ॥ ૩૧ ॥ મંત્ર શાખી ઉઠી તેણીવાર, આવુંછુ કહી નીકળી બહાર; નાઠી ગઈ કુન્તાને ભોવન, જઈભેળું કર્યું સયન ॥૩૨॥ એવે કુન્તાજી જાગીને ગઈ, નાહી દુરવાસાના મઠ મહી. દીઠું સઘળું કરેલ કામ; કેમ મહારાજા કીધું છે આમ ॥૩૩॥ સહુ કામ કીધું કેમ હાથે, હું આવીછું થતે પરભાતે; કહે રૂષી બેટા તેં કીધું; મારે હાથે નથી કરી લીધું ॥૩૪॥ કહે કુન્તા હું હમણાંજ આવી, પુછયું તમોને શીશ નમાવી; તેમ છતાં જુઠું બોલો અતી, એમ કરી મંત્ર આપવો નથી ॥૩૩॥ તવ રૂશીએ શમાધિ કીધિ, જ્ઞાનથી વાત ઉચ્ચારી લીધી; ઉતારી સમાધી રૂશીરાય, કોણ બેનપણિ થઇ કુંન્તાય ॥ ૩૬॥ કહે કુન્તાજી એક ગાંધારી, આજ બેન પણી થઇ માહારી, કહે રૂષી તેને વાત કહી તુજ બદલે તે મંત્ર લઇ ગઇ ॥૩૭॥ સુણી કુંન્તાજી બોલી વચન. એક દીનમાં લીધા સો તંન; મારી બહુ શેવાથી કષ્ટ કાપો, મને પાંચ સાત લાખ સુત આપો ॥૩૮॥ બાળ બુદ્ધિથી બોલી એમ, રૂશી કહે ગાંડી થઈ કેમ; હવે નથી મંત્ર મુજ પાસ, કુન્તા કહે કરૂં દેહ નાશ ॥૩૯॥ રૂશિ બોલ્યા તારૂં કષ્ટ કાપુ, પાંચ પુત્રના પાંચમંત્ર આપુ; કહે કુન્તામંત્રો ફેંકી દેવું, પેલીને સોહું પાંચજ લેવું ॥૪૦॥ કહે તું સુણ વચન, આપુ તેથી તું લે પાંચ તન;

તારો પુત્રો પ્રાક્રમ બહુ કરશે, એના સો તારા પુત્રથી મરશે ॥૪૧॥ એવું સુણી કુન્તા થઈ રાજી, પાંચ મંત્ર લીધા પગે લ્હાજી; મંત્ર સુર્યનો પેહેલો એક, બીજો યમરાયનો વીવેક ॥૪૨॥ ત્રીજો વાયુતણો મંત્ર લીધો, ચોથો ઇંદ્રિ તણો મુખ કીધો; પાંચમો છે અશ્વની કુમાર, કીધા જીભ્યાએ ભણી તૈયાર ॥૪૩॥ પછી રૂશીજી થયા વિદાય, આવી કુન્તાજી નગ્રની માંય; દિઠી ગાંન્ધારીને રીસ લાવી, રૂશી કને મંત્ર લેઇ આવી ॥૪૪॥ તારાસો થઇને શું કરશે, મારા એક તન હાથે સો મરશે ગાંન્ધારીએ વાળી ગાંઠ હૈયે, કહ્યું તાતજીને ચાલો જૈએ॥૪૫॥તવ ગાંન્ધારને ગાંન્ધારી ત્યાંથી નીકળ્યાં ઘેર તૈયારી; આવ્યાં આપ ઘેર થઈ મગ્ન, કહાવી મોકલ્યું ભીસ્મને લગ્ન ॥૪૬॥ આવજો વરરાજાને લેઇ થાસું ખુશી કંન્યાદાન દેઈ, પોહોંચ્યા ભીસ્મને સમાચાર, કીધો વરરાજાને તૈયાર ॥૪૭॥ ગયા વાજતે ગાજતે લઈ જાન, આવ્યા ગાંનધાર દેશ નીદાન; આપ્યું ગાનધાર રાજાએ માન દીધું પ્રેમ થકી કંનયાદાન ॥૪૮॥ વર પરણીને ચાલ્યો ઘેર, આવ્યા હસ્તીનાપુર સુખ ભેર; રહી ગાંનધારી થઇને રાણી રાજ્ય ભોગવે બહુ સુખમાણી ॥૪૯॥ વલણ॥નરનારી સુખ ભોગવે, સાંભળને તું રાય. કુંનતા કુંનતલપુર રહી, તેની કહું કથાય.

---oxo---

કડવું ૨૦ રાગ ભૈરવની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા. સુણ જનમેજય રાય; વિસ્તારીતુજને સંભળાવું, આદ્યપરવ મહિમાય ॥૧॥ કુંનતાજી રહી કુતલપુરમાં, મંત્ર લીધાછે પાંચ; પણ છે બાળક બુદ્ધિ માટે નથી લાગતા સાચ ॥૨॥ તેથી મંત્રની અજમાશ કરવિ, એક દન ગઇ નદિ તીર; સ્નાન કરીને મંત્ર રવીનો, જપી રાખી મન સ્થીર ॥૩॥ એટલે મંત્રને આધિન દેવતા, ભાણુંદેવ ન ચુકયો; અશ્વનાકાનથી પુત્રકહાડી કુનતાને ખોળે મુકયો॥૪॥ કુનતાજી તવ વિસ્મય પામી જાણતી હતી કાચું; પણ રૂશીના મંત્રતણું મેં પ્રમાણ જોયું સાચુ ॥૫॥ પછી વિચાર્યું હું છુ કુઆરી, પુત્રને કેમ રખાય; પીતા જાણે તો ઠેર મારે, હવે વલે શી થાય ॥૬॥ઓ રવી દેવતા લ્યો સુત પાછો. હાલ ન જોઇએ તન; પણ રવી કયાં આવે લેવા, તવ ગભરાયુ મન ॥૭॥ વસ્ત્રે વીટાળ્યો પુત્રને ને, મુકયો જોઈ ઝાડ જાણ, દોડતી આવી ઘેર પોતાને, કીધું કામ રૂપાળું ॥૮॥ કંચનની એક પેટી લીધિ, જાળી વાળી રૂપાળી, જ્યાં પુત્ર મુકયો ત્યાં એ આવી, કુનતીભોજની બાળી

॥૯॥ પછી પુત્ર લીધો જળામાંથી, સુવાડયો પેટીનીમાંય; તે પેટી બંધ કરી લેઇ ચાલી, જમનાનું જળ જ્યાંય॥૧૦॥તે જળ વિશે તરતી મુકી, જમુનાજીને સરણ; કહ્યું જમુનાને મુજ સુત મરેતો, તુજમાં ન મુકુ ચરણ ॥૧૧॥ એમ કહીને ઘેર ચાલી, બાળા ભોળી કુંતાય; જમુના જળમાં પેટી તણાતી. હસ્તીનાપુરમાં જાય. ॥૧૨॥ ત્યાં જળ ભરવાને આવી છે,દ્રત્રાષ્ટરની દાશી, રાધે એવું નામ એનું દીઠી પેટી ખુબ ખાશી॥૧૩॥ તવ કછ ભીડીને પડી જળમાં; પેટી કાહાડી લાવી બાહાર; સોડીઆમાં સંતાડીને ચાલી, કરતી મન વીચાર ॥ ૧૪॥ આ પેટીમાં દ્રવ્યજ હશે, દુખ દળદર મારૂં જાશે;પોતાના ઘરમાં લઇને આવી,દ્વાર દીધાં ચોપાશે ॥૧૫॥ પેટી ઉઘેડીને જોયું તો, દીઠો રૂપાળો બાળ; કાનમાં કુંડળ કુમકુમ તુલ્ય કર, કાંતી રૂડી રશાળ. ॥૧૬॥ દાશીએ વીચાર્યું ધન નથીને, આતો નીકળીયો તન;રાજ સભામાં જાહેર કરૂં, નહિતો થશે વિઘન ॥૧૭॥ એવું જાણી હતી તેમ દીધી, ચતુરાઇ નવ ચુકી; રાજસભામાં સૌજન બેઠાં ત્યાં જઇ પેટી મુકી ॥૧૮॥ લ્યો માહારાજા જડી જળમાંથી. કનક પેટી આ જ;માંહી શું હશે તે નથી જાણતી; સોંપી દીધી માહારાજ ॥૧૯॥ એટલે આવ્યા ભીસ્મ પીતા, ઉઘેડયું પેટીનું દ્વાર, જોયું તો માંહી પુત્ર દીઠો, રૂપ રૂપનો અંબાર ॥૨૦॥ ભીસ્મ પીતાએ બ્રાહ્મણ તેડયા, પુત્ર બતાવ્યો સાર; આ સુત કેવો નીકળવાનો, કૃપા કરી કીરતાર ॥૨૧॥ બ્રાહ્મણ કહે એ પુત્રના;લાભકારી છે ચરણ;રાખો તમો ઘેર બળીઓ નીકળશે, નામ ધરો રાજા કરણ ॥૨૨॥ તવ ભીસ્મે સુત લઇ લીધો, બોલીયા મુખ વચન;લે રાધે દાશી ઉછેર હાને,જાણજે તારો તન ॥૨૩॥ બેઠી ખાજે સદા સુખી થાજે, કહીને સોંપ્યો બાળ; એવે સમે દશ દિવસ વિત્યા, વીચાર્યું પાન્ડુ ભુપાળ. ॥૨૪॥ પછી પાંન્ડુ રાય ભીસ્મ પ્રત્યે, દાદા હું તતપર થાવું,આપો મુજને આગના તો, દેશજીતવા જાવું ॥૨૫॥ ભીસ્મ કહે એ ધર્મ આપણો, સુખે પધારો તન; શેન્યા સાથે લેઇ જાવો, લ્યો જોઇએ તેમ ધન ॥૨૬॥ તવ પાન્ડું રાયે સેન્ય લીધું, ચારક્ષોણી આપ સંગ;ડંકા નીશાન આયુધ સઘળાં, રાખ્યાં ધરી ઉમંગ ॥૨૭॥ વાજતે ગાજતે છત્ર છાજતે, નીકળીઓ રાજંન;ચાલતાં સનમુખ ગાય આવી ભલા મળ્યા સુકન ॥૨૮॥ પ્રથમ ગયો અંક દેશમાં, પડાવ કર્યો ગામ બહાર; અંક દેશના રાજાને ત્યાં, મોકલીઆ સમાચાર ॥૨૯॥ ગાંગેવના ભત્રીજા આવ્યા છે, માગે છે યુદ્ધ નરેશ; યુધ કરવાની ન હોય હીમત, તો લખી આપો દેશ ॥૩૦॥ એવો સમાચાર પોહોચ્યો રાજાને, રાયે ક-

ર્યો વિચાર; સહુ ક્ષત્રીને જીત્યા હતા, ગંગા તણા કુંઆર ॥૩૧॥ તેનો ભત્રીજો તેવોજ હશે, એમ ભય મનમાંવાપ્યું, હાથજોડી મળવા આવ્યો, રાજ્ય પોતે લખી આપ્યું ॥૩૨॥ એટલે પાંડુરાજા ત્યાંથી ઉપડી ગયો વંક દેશ, તેણે પણ આવિ રાજ્ય લખીઆપ્યું, વશથયોએ નરેશ ॥૩૩॥ એ રીતે જ્યાંને ત્યાં થવા લાગ્યું, ભાગ્ય કરે બહુ જોર; કોઇ રાજા સામો નથી થાતો, પુન્ય ઉદય અઘોર ॥૩૪॥ જેહ દેશનો રાજા બળીઓ, ત્યાં પોતે નવ જાય; બીજો બધો દેશ જીતીને, ગયો કુંતલપુર માંય ॥૩૫॥ તેને સમાચાર કહાવી મોકલ્યા, આવ્યો કુંતીભોજ રાય; પાન્ડુને કહ્યું ઘર ગામ તમારૂં, પરણાવું કન્યાય ॥૩૬॥ એમ કહી ગામમાં ગયો તેડી, ઘણું કર્યું સનમાન, પાળકપુત્રીકુન્તાજીનું, દીધું ત્યા કન્યાદાન. ॥૩૭॥ પેટપુર પેહેરામણીઆપી, પછી કર્યો વીદાય, કુન્તાને તેડી પાન્ડુરાયચાલ્યો, ગયો મારવાડમાંય ॥૩૮॥ ભાગોળે આવી પડાવ નાંખ્યો; સલ્ય રાજાને કહાવ્યું, હસ્તીનાપુર પાન્ડુ રાજાનું, શૈન્ય વઢવા આવ્યું ॥૩૯॥ રાજ આપો કે યુધ આપો, બેમાંથી કરો એક; તવ સલ્ય રાજા આવ્યો ભાગોળે; વાત લાવ્યો વીવેક ॥૪૦॥ કહો પાન્ડુરાય શી છે મરજી, કોહો તો કરૂં અન્યાય; નહીં તો મારી બેન માદરી, તેદેઉ કન્યાય ॥૪૧॥ પાન્ડુએ તવ વેળા વીચારી, કહ્યું કે કન્યા લાવો, જાણ્યું કે નાતમાં ભળીએ છીએ, ભલે મને પરણાવો ॥૪૨॥ તવ શલ્ય રાજા લૈ ગયો નગ્રમાં; અંતરઉલટ લાવી; પોતાની બેન માદરી તે, પાન્ડુનેપરણાવી ॥૪૩॥ કુન્તાને માદરી બેથઇ કન્યા, પરણી ચાલ્યો ઘેર; ભીષ્મ પીતાજી વીદુરજી સૌ, સામાં આવ્યાં સુખભેર ॥૪૪॥ નાતમાં ભળીયા રાજ્ય મળીયાં, બળીયા લાવ્યા બે રાણી; ગાંન્ધારીને કુન્તાજી તે થયાં દેરાણી જેઠાણી ॥૪૫॥ ગાન્ધારીએ તવ મન વિચાર્યું, આવ્યું આ ઘરમાં સાલ; પણ તે મનમાં સમજી રહેવું, બોલવું નહી કંઇ હાલ ॥૪૬॥ કુન્તાને માદરી બે સોકયો, સંપીરહે સારી રીત; પુરણપતિની ચાકરી કરે, બેઉ જણ ચોખે ચીત. ॥૪૭॥ વળણ॥ એમ કરતાં બહુ દન ગયા, તવ પાંડુ રાજન; વદે વલ્લભ એ સંચર્યો, મ્રગીયા રમવા વન ॥

કડવું ૨૧ રાગ ધવળ ધનાશરી.

વૈશમપાએ એણી પેરે બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મોહમાય ॥૧॥ મ્રગયા રમવા પાન્ડુ સ-

જા, અશ્વ બેસી ગયો વન; જાતાં જાતાં જાય છે ત્યાં કેવું થયુ. વીધન ॥ ૨ ॥ એક ગામને વીપ્ર હતો. બાર વર્ષે પરણ્યો નારી; પછી ગયો વનમાં તપ કરવા,બાર વરસ નીમ ધારી॥૩॥ તેને આઠ દશ વરસ થયાં તવ, તેની નારી જેહ;માબાપ વિનાનિ હતી કાકા ઘેર,સાસરે આવિતેહ ॥ ૪ ॥ પુત્ર વીના શું કરે વહુને,સાસુએ મરડયું મુખ, આવી તેથી ઘેર રાખવી પડી,પણ દેવા માંડયું દુખ ॥પ॥ નિત્ય મોકલે કાષ્ટ વીણુવા એ અબળા વન જાય. સ્વામી ગયો છે તપ કરવાને; તેથી દુખી બહુ થાય ॥૬॥ એવામાં પાન્ડુરાય નીકળ્યો, તે દન વનમાં નાર; કાષ્ટ વીણે એવે તપ કરીને,ઘેર આવે ભરતાર ॥૭॥ તે નરનારી થઇ ગયાં ભેગાં, બ્રાહ્મણીએ ગ્રહયો હાથ,અરેરે તમ વિના ઘણી દુખી; ભલે આવ્યામમ નાથ ॥ ૮ ॥ બ્રાહ્મણ કહે ચાલો ઘેર જઇએ;બ્રાહ્મણી વદી :વચન; રતુ આપો આ વન વીશે, પછી જાસ ભોવન ॥૯॥બ્રાહ્મણ કહે સાંભળ નારી,નહી મનુષને ધર્મ;ધોળે દીવસે ક્રીડા કરવી,પશુ પક્ષીનું કર્મ॥૧૦॥ બ્રાહ્મણી કહે હઠન મુકું, એરે મારા નાથ; તવ બ્રાહ્મણે તુમડીમાંથી, જળ લીધું છે હાથ ॥ ૧૧॥ એક વરસનું તપ મુકી, કામ કીધું અનુપ, બ્રાહ્મણ બ્રાહ્મણી બેઉ જણે ત્યાં, ધારણ કર્યું મૃગ રૂપ ॥૧૨॥ પશુ સરીરે ક્રીડા આરંભી, વાંકી છે કર્મ દશાય, મૃગ શોધતો ત્યાં આવી પહોંચ્યો, બળવંત પાંન્ડુરાય॥ ૧૩॥ પાન્ડુ રાજાએ મૃગ મૃગલીને,દુરથી દીઠાં જ્યારે;બાંધવાના હેતુથી એણે, બાણ ફેંકયું ત્યારે,॥૧૪॥ વાંકા ભવીશે બાણ ચાલ્યું, વાગ્યું, મૃગને અંગ ઉછળીને હેઠો પડયોને, દેહજ થયો ભંગ ॥૧પ॥ તવ મૃગે મૃગલી ટળી જઇને, થયા બે મનુષ દેહ, પાન્ડુ રાજાએ લગભગ જાતાં,દ્રષ્ટીએ દિઠાં તેહ ॥૧૬॥ પુરણ એ પસ્તાવા લાગ્યો, આશુ થયું ઓ બાપા એટલે બ્રાહ્મણીએ કંથકને, બેશી કર્યો વિલાપ ॥૧૭॥અરેરે આ શું કર્મ કઠોરૂં, કંથ પામ્યો મરણ એટલે પાન્ડુ રાય આવી,બ્રાહ્મણીને લાગ્યો ચરણ ॥૧૮॥ અરે ઓ બાઇ કોણ તમે છો, કરશો નહી વીલાપ; બ્રાહ્મણી કહે તુજને લાગ્યું બ્રહ્મહત્યાંનું પાપ ॥૧૯॥ પાન્ડુ કહે ફુટયું ભવીશ માહરૂં, તમો સુણો સત્ય વાત;મારે ઘેર પાળીશ તમને, હું સુતને તમે માત ॥૨૦॥ બ્રાહ્મણી કહે કંથ ગયોને, મારે જીવી શું કરવું;ચીતા ખડકી કંથને ઉછંગ;લેઇને બળી મરવું ॥૨૧॥ માટે રાંજા ચીતા ખડકે, તેણે તારૂ ભલું થાય; તવ પાન્ડુરાય કાષ્ટ લાવ્યો, ખડકી મોટી ચીતાય. ॥૨૨॥ બ્રાહ્મણી બેઠી શબ લઇને, બોલીયો પાન્ડુરાય;માતા મુજને શ્રાપ દો કે, તો પાપ ઓછું

થાય ॥૨૩॥ બ્રાહ્મણી કહે છે જારે જા ગાંડા, શીદ માગે છે શ્રાપ; પાન્ડુ કહે શ્રાપ વેઠાશે, પણ નહી વેઠાય પાપ ॥૨૪॥ એટલે બ્રાહ્મણી ક્રોધમાં બોલી, મ્હારા જેવું તારૂં થાશે; તુજ નારીને રતુ આપતાં જીવ તારો જાશે ॥૨૫॥ પાન્ડુ રાજા કહે ભલે માતાજી, કહી મુકયું અગનીનું બાણ; તેમાં નરનારી બેઉ બળીયાં,નીકળી ગયા પ્રાણ ॥૨૬॥ પછી પાન્ડુરાય ઘેર આવીયો,સકળ દેશનો ભુપ,બ્રહ્મહત્યા લાગી તે કારણ,થઇ ગયું શામરૂપ ॥૨૭॥ ભીષ્મ પીતાને અંબીકા આવી, માદરીને કુન્તાય; અરેરે કેમ રૂપ બદલાયું. પાન્ડુ કહે છે ત્યાંય ॥૨૮॥ મૃગીયા રમવા વન ગયો તો ભવીશ રેખા જાગી,વાંકો દિવસ આજનો મ્હારો, બ્રહ્મહત્યા ત્યાં લાગી ॥૨૯॥ તવ ત્યાં ભીશ્મે વીપ્ર તેડાવ્યા, પ્રશ્ન પુછયું ધરી પ્રેમ; અચાનક હત્યા લાગી તે, થાયે નિવારણ કેમ ॥ ૩૦ ॥ બ્રાહ્મણ કહે તેર વરસ લગી, તીરથે તીરથે ફરે; વીધી પ્રમાણે દાન આપે તો પાતક નિસ્તરે ॥૩૧॥ પાન્ડુ સાંભળી થયો ખુસી; મુકાય માહરૂં પાપ; વળી દાદા મુજને થયો, બ્રાહ્મણી કેરો શ્રાપ ॥૩૨॥ નારીને રૂતુ આપતામાં; જીવ મ્હારો જાય; સુણી ધત્રાષ્ટર મનમાં હરખ્યો હવે પ્રજા નહી થાય॥૩૩॥ પછી પાંડુરાયે તૈયારી કીધી;લીધુ ઘણેરૂં ધન;ચાર ક્ષેણી શેના લીધી. સાથે વીપ્રના તન ॥૩૪॥ તવ કુંતાને માંદરી બોલ્યાં, સાંભળો મારા નાથ; અડસટ તીરથ યાત્રા કરવા આવશું તમારી સાથ ॥૩૫॥ પાંડુ કહે નહી કામ નારીનું, મુજ મન વિભળ થાય શ્રાપ; મુને છે બ્રાહ્મણીનો, જીવ મ્હારો જાય ॥૩૬॥ કુંતા માદરી એમ બોલ્યાં. નથી અમ જીવ એવા, સંસારનું સુખ જોઇતું નથી, કરશું તમારી શેવા ॥૩૭॥ તવ પાંનડુ કહે ચાલો સુખે, મ્હારી નથી કાંઇ નાય; એટલે બેઉ નારી ચાલી. બીજા વળાવવા જાય ॥ ૩૮॥ દરવાજેથી સહુ વળ્યાં પાછાં, જાત્રા ચાલ્યો રાજન;તીરથે સ્નાન કરે છે, દાન દેતે પાવન ॥૩૯॥ એમ કરતાં ખટ માસ વાત્યા;તેવે સમે ધત્રાષ્ટર બોલ્યો, મમ ભાઇને થયો શ્રાપ; નારીને રૂતુ દેતાં જાએ જીવ, એ મળ્યા એના પાપ ॥૪૧॥ હવે પ્રજા એને નહિ થવાની; ચાહ્ય તેવું મરે નથી; ત્રીજો બંધુ વિદુર એના, ભવીશમાં બાળક નથી ॥ ૪૨ ॥ હાવામાં થાય પુત્ર આપણે, તો સરે સહુ શુભ કાજ; આપણા દીકરા એકલા આ; ભોગવે સઘળું રાજ ॥૪૩ ॥ તવ ગાંધારી એમ બોલી; સાંભળો મારા નાથ; જોઇ તેટલા આપું દીકરા, કહુ સુળ માંડી વાત ॥૪૪॥ તમોને પરણવા કારણે દોષ

મુકવા ગઈ જાત્રાય; સહુ તીરથ ફરીને વળ્યાં પાછા, ગયા કુનતલપુરમાંય ॥૪૫॥ત્યાં મારી દેરાણી કુંતાજીને, હું તો છેતરી આવી; એની વતી દુરવાસા કનેથી, સો સુતનો મંત્ર લાવી ॥૪૬॥ તે પછી એ ગઇ દુરવાસા પાસે, મંત્ર લઇ આવી પાંચ; તેથી એને પાંચ પુત્ર થવાના, એટલી છે એક ધાંચ ॥૪૭॥ દત્રાષ્ટર કહે પુત્ર એને થાય, તેનો ધુમાડીના મુઠા; શ્રાપ થયો છે ને પુત્ર લાવે, તો તે ઠરાવીએ જુઠા ॥૪૮॥ જો તું સો સુત ઉત્પન્ન કરે, તોતો હું ભાગ્યશાળી,એટલે મંત્ર આરાધન માંડયું,ગાંનધાર રાજાની બાળી ॥૪૯॥ વળણ ॥ મંત્ર આરાધન આદર્યું. સુખને સારૂ નેટ વલ્લભ વેદે ગાનધારીને, ગર્ભ રહયો તવ પેટ; ॥

કડવું ૨૨ રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન,સુણ જનમેજે રાજન;રહયો ગર્ભ ગાંનધારીને સાર; દશ માસ થયા જેણીવાર ॥૧॥ પેટ પ્રગટયું તુંમડું એક, જોઇને થઇ વીસ્મય છેક; તેડયા વીપ્રાને પુછયું એમ, કરૂં આ તુંમડાને કેમ; કહે વીપ્ર કરો કુંડ એક, તેમાં ગ્રત ભરો છેકાછેક; તેમાં તુમડું મુકો સાર, ધી પી પુત્રી નિકળશે બહાર ॥૩॥ તવ કુંડ કરી ગ્રત ભરીયું, તેના મધ્યે તે તુંમડું ધરીયું; ગ્રત શોશી લીધું તુમડાએ, એક વરશે ફાટયું કુંડ માંયે ॥૪॥ તેમાંથી સુત સો નીકળ્યા, રમતા જમતા મહા બળીયા;બેઠી ગાંન્ધારી તે ઠામ, ધરવા પુત્રો તણાં નામ॥ ૫ ॥ પેહેલો જે નીકળે કુંડ બહાર, તેને ગણવો મ્હોટો નિરધાર; તેથી પાછળ નીકળે જેહ, ગણે ઉતરતો નહાનો તેહ ॥૬॥ એવે બ્હાર નીકળ્યો એક તન, નામ ધરીયું દુર્યોધન;બીજો નીકળ્યો તે ઠામ, પાડયું દુસ્યાસન એવું નામ ॥૭॥ દુરદમન દંતુ દવાલ, દાતરૂ દેવક દુર્દ્રે દત્રાલ;સર્વે દુરવાસા રૂશીથી કામ માટે દદા ઉપર ધર્યાં નામ॥૮॥ એવા સો શુભ નીકળ્યા બહાર, વરત્યો જય જયકાર, પ્રત્યે દાદાય બોલીયા છે ભીસ્મ પીતાય, કરો આ વેળા પુનદાન, તારા ઉછરશે સંતાન ॥૧૦॥ બોલ્યો ધત્રાષ્ટર મુખ એમ, હવે તો દ્રવ્ય વાવરૂ કેમ; મારે વાવરનારા થયા, માટે એવી ન લાવીએ દયા ॥૧૧॥ જેને ન હોય વાવરનાર, તેણે કરવું પુન્ય અપાર; એવી ટુંકી દ્રષ્ટ થઇ જ્યારે; બોલ્યા ભીસ્મ પીતા મુખ ત્યારે ॥૧૨॥ અહ્યા અવળી મતી તને સુજી, તારી વ્યર્થ જશે સહુ પુંજી, પણ ધ્યાન ન બેઠી

લગાર,ટુકું થવાનો ટુકા વીચાર ॥૧૩॥ નીકળ્યા સો પુત્રો જ્યારે; લખ્યો પત્ર પાંડુને ત્યારે, લખાવ્યું કે વાંચ્યું ધર સુત્ર, ભાઇ અમને થયા સો પુત્ર ॥૧૪॥ જ્યાં ઝાડખંડી વૈજનાથ, ત્યાં પત્ર પહોંચાડયો હાથ; લાગ્યા વાંચવા પાન્ડુરાય, કને છે માદરી કુન્તાય॥૧૫॥ વાંચીને પાંન્ડુરાય રીઝ્યા, ભલે થયા મારે ભત્રીજા, મ્હારે એ તો સો સુત તુલ્ય, હવે નહી ભવીશમાં ભુલ્ય ॥૧૬॥ એવાં મનડાં એનાંવળીઆં,તવ કુંનતાને આંશુ નીકળીયાં; ત્યારે બોલ્યાપાંડુરાય એમ, કહે પ્રેમદા તું રડે કેમ ॥૧૭॥ બોલી કુંનતા શુણો સ્વામી આપ,જણ્યા સો સુત મુજ પરતાપ; કહી કંથને માંડીને પેર, માટે મુજને આવીયું ઝેર ॥૧૮॥ મને છેતરીને મંત્ર લીધો, તેનો વસ્તાર એણે કીધો,તેવા પાંચજ મંત્ર હું લાવી, તેમા એક જોયો અજમાવી ॥૧૯॥ તેનો પુત્ર થયો શુભ વર્ણ,રાધે દાસી ઉછેરે કર્ણ; હવે ચાર મંત્ર મુજ કને, કરૂ પુત્ર દો આજ્ઞા મને. ॥૨૦॥ યમરાજાનો મંત્ર છે પહેલો અશ્વની કુમારનો છેલો, વાયુ ઈંદ્રતણા વચમાય, શુણી બ્રાહ્મણો બોલ્યા ત્યાંય ॥૨૧॥ જારે બાઈ તારૂ દુઃખ જાશે, છેલ્લાં મંત્રના બે સુત થાશે, બે રૂપે અશ્વનીકુમાર,માટે બે શુત થાશે સાર॥૨૨॥ તવ પાંડુ રાજા બોલ્યો એમ,કરો પુત્ર ધરીને પ્રેમ મુજ પાપીને કયાંથી એ સુખ, મને દેખાડો પુત્રના મુખ ॥૨૩॥તવ કુનતા કહે મમ કંથ,કોઇ આવશો નહી મુજ પંથ; એમ કહી જાવા મન કીધું, બીજુ વસ્ત્ર જુદુ હાથ લીધું ॥૨૪॥ ચાલી ગઈ ગંગાને તીર, માદરીને રહી નહી ધીર એણે જાણ્યું કે જોવાને રાચુ, કરે કુન્તા તે જુઠું કે સાચું ॥૨૫॥ એમ જાણી જોવા ગઇ કેડે,જઇ વ્રક્ષેબેઠી નદી તેડે;કુંનતા જાણીતી નથી લગાર કીધુ સ્નાનગંગામાં તે વારા॥૨૬॥ ભીનેવસ્ત્ર આવીગંગત્રટે,ધર્યુંધ્યાન નારદનુ વટે, તવ નારદ રૂશી આવ્યા, કહે બાઇ તે કેમ બોલાવ્યા॥૨૭॥ કહે કુન્તા સુણો મહારાજ,બેસોતસ્દી લેઈ હાઇ આજ,હું તો પ્રગટ કરૂ સંતાન,મને દુરવાસાનું વરદાન ॥૨૮॥ તમો સાક્ષીમાં રહો આ ઠામ. પુત્ર તણાં તમો ધરો નામ, હોય ગુણ લક્ષણ જેના જેવાં, કહી બતાવજો તેનાં તેવાં ॥૨૯॥ વળણ, એમ કહી નારદ બેસાડીઆ, માદરા જુએ ચરચાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે; પાડવ જન્મ મહીમાય ॥

કડવું ૨૩ રાગ સાખીની ચાલ

વૈશમપાયે એણીપેરે બોલ્યા,શુણ જનમેજે રાય, વિસ્તારી તુજને

જાંભળાવું આદ્ય પરવ મહીમાય ॥ ૧ ॥ કુંતાજી પહેલો મંત્ર જપતાં, યમરાજાનો સાર; તવ યમરાયે આવીને મુકયો, ઉછંગમાં કુઆર ॥૨॥ રૂપાળો શીરો સુતજ દીઠો, હરખી કુન્તા આપાર; નારદજી હાંનુ નામ પાડો, ગુણનો કરો વીસ્તાર ॥૩॥ નારદ કહે છે સુત એ તારો બહુ કરશે શુભ કર્મ, દયાળુ દાતા નીકળવાનો, નામ યુધિષ્ટર ધર્મ ॥૪॥ શતરૂ મીત્રને સરખા ગણશે, વરતશે પુન્ય પેર, મુઉ મડદું પડયું હશે પણ, તેને નહી કહે મેર ॥૫॥ ગૌ બ્રાહ્મણનો થાશે પ્રતીપાળ, રહેશે સાચો સત્યવાદી, જગતમાં એની જય વંચાશે, એ તો ભોગવશે ગાદી ॥૬॥ તવ કુન્તા કહે, શતરૂ મીત્રના, સરખા ગણશે પ્રેમ; ત્યારે તે મ્હારા સો શતરૂમાં; રાજ્યજ શકશે કેમ ॥૭॥ માટે આ પુત્ર તો ઠીકજ છે, તે માટે મુકી દેવું, પેલીનાશો સુતને મારે, તેવો હું માગી લેવું ॥૮॥ એમ કહીને ધરણ મુકયો, ધરમરાય સંતાન. પછી બીજો મંત્ર જપવા લાગી, ધર્યું વાયુનું ધ્યાન ॥૯॥ મંત્રને વશ છે દેવતા તે, વાયુ દેવ ન ચુકયો, લાંબો પહોળો ને પોચતો ત્યાં પુત્ર ખોળામાં મુકયો. ॥૧૦॥ ભુજ જે ભારે ચરણ લાંબા, હલમસ્ત એનું કાઠું; બહુ બળીયોને બીહામણો એનું, ગાગેર જેવડું માથું ॥૧૧॥ ધોકરણા જેવી આંગળીયો છે, ઉદર દસ વીશ ગોળા, બત્રીશ દંત લૈને આવ્યો, તપેલાં જેવડા ડોળા ॥ ૧૨ ॥ કુન્તાજી જોઇને ભય પામ્યાં, આ સુત કેવોક થાશે, ઓ નારદજી મુને લાગે તે; માબાપને ખાઇજાશે ॥ ૧૩ ॥ નારદ કહે જરા ન બીશો, એ બહુ બળીઓ થાશે; તમે કહેશો જા ઉત્તરમા તો એ દક્ષીણમાં જાશે ॥૧૪॥ એક ભુજે ગદા ઝાલવાનો; બીજે ઝાલશે ફરશી; વીવાહનું કામ થતું હશે ત્યા, જૈને કરાવશે વરશી ॥ ૧૫ ॥ ગૌ બ્રાહ્મણનો પ્રતીપાળ એતો, શેવક શીવનો થાશે, વરદાન મળશે મહાદેવજીનું, દેખશે એટલું ખાશે ॥૧૬॥ મન મોજીને મુમતી થાશે અધર્મની હાણ કરશે; તારી જેઠાનીના સો નંદન, આનેજ હાથે મરશે ॥ ૧૭ ॥ ફુલાવ્યે કામ કરશે ધાર્યું, રહેવાનો કુશળ ખેમ; જગતમાં જય વરતાવવાનો નામ બળીયો ભેમ ॥ ૧૮ ॥ કુન્તા કહે એક એવો હોતે, ધરણ મુકી દેવું, ડાહયો દામણો બત્રીસ લક્ષણો, કુંવર માગી લેવું ॥ ૧૯ ॥ એમ ધારિને સીંમશેનને, ઉચકવાને જાય; બે ભુજ ઘાલી ઉંચો કરે તો, તલપુર ઉંચો ન થાય ॥ ૨૦ ॥ તવ કુન્તાએ ગબડાવી મુકયો; ભોમી પડયો નભ ભાળે. ખડ ખડ ખડ ખડ દંત કહાડે; ચરણે રેણું ઉછાળો ॥૨૧॥ પછી કુન્તાએ ધ્યાન ઇંદ્રનું, ધર્યું ધારીઉમંગ, તવ ઇંદ્રે લાવી પુત્ર મુકયો, કુંતાજીને

ઉછંગ ॥૨૨॥તવ કુંનતા કહે નારદ રૂશી, ખુશીથયું મુજમન; નામપાડો ગુણ દેખાડો,કેવો થશે આ તન,॥૨૩॥ એવાંએના વચન સુણી, બોલીયા નારદ મુન્ય બત્રીસલક્ષણો આ સુત તારો. નામ એનું અરજુન ॥ ૨૪ ॥ બહુ બળીયો બાણાવળી થાશે,સૌ શત્રુ એથી થાકે;આગળ જતાં અંતરયામી, રથ્થજ એનો હાકે ॥ ૨૫ ॥ એટલે કુંતા થઈ ઘણી રાજી, ધરણ મુકયો હેત લાવી એટલેમાદરી ત્રક્ષથી ઉતરી, કુંતાજી પાસે આવી ॥ ૨૬ ॥ ધનધન બહેની મુજ મન રેની દયાથી સામુ ભાળો;એક છે મંત્ર તે મુજને આપો, વંજા મહેણું મારૂં ટાળો ॥ ૧૭ ॥ કુંતા કહે આ છે સુત તારા, કેમ બોલે બોલ આવો,માદરી કહે મંત્ર આપો, હું પણલેઉં લ્હાવો ॥ ૨૮ ॥ તવ કુંતાએ મંત્ર ભણાવ્યો અશ્વની કુમાર કેરો; સ્નાન કરી ધ્યાન ધરવા બેઠી નાંખી પલાંઠીનો ઘેરો ॥૨૯॥ તવ ત્યાં આવ્યા અશ્વની કુઆર, બે સુત મુકયા ઉછંગે,તવ માદરીએ કુંનતાને આપ્યા ઉભી થઇ ઉમંગે ॥ ૩૦॥એ બાઈ જાવું છુ ડેરા તંબુએ, વધામણી જઇ ખાવું;બે રથને દસવીસ સેવક,તમ કાજે મોકલાવું ॥૩૧॥ એમ કહીને માદરી ચાલી, કુંતા વદી તે ઠામ; કહો નારદ કોણ નહાનો મ્હોટો, ગુણ ગાઇ ધરો નામ ॥ ૩૨ ॥ તવ નારદ કહે જમણે ઉછંગે, સુત તમારો જેહ; આ બેમાં એને મ્હોટો ગણજો, વિદ્વાન થાશે એહ ॥૩૩॥ ત્રીકાળ જ્ઞાની એ તન થાશે,ફરશે ટીપણું ખોશી, એમાંને પ્રભુમાં અંતર નહીરે; નામજ શેહેવ જાશી ॥ ૩૪ ॥ બીજો સુત તે ડાબે ઉછંગે, રૂપરૂપનો અંબાર; નીકુળજી ધરો નામ એનું, વરણાગીયો અપાર ॥ ૩૫ ॥ એ રીતે પાંચ પુત્રના, નામ નારદે ધરીયાં; પછી રૂશી કહે આજ્ઞા દે બાઇ, તવ કુંતા ઓચરીયાં ॥ ૩૬ ॥ પધારો મહારાજ કરજો ક્ષમા, કહી કર્યા વિદાય; તે પછી ડેરા તંબુએ જાવા, ઉભી થઇ કુંતાય ॥ ૩૭ ॥ ધરમને ને અરજુનજીને બેસાડયા બેઉ ખાંધે; વસ્ત્ર ફાડીને બને સુતને, શીસ સરસા બાંધે ॥ ૩૮॥ પછી શેદેવજીને નીકુળજી,કટીએ બેસાડી લીધા, અડધે વસ્ત્ર તે બેઉ તનને,કટીશું બાંધી દીધા ॥ ૩૯ ॥ ભીમને ઉચકવાની હીંમત, મળે નહિ લગાર; જાણ્યું કે એને લઉ ઘસડતો, ઝાલ્યું પાંગોઠું સાર ॥ ૪૦ ॥ ગસડવા ગઇ કરગ્રહીને, ભીમ હરચો ખડખડી, ભુજ ભીમે તો પાછો ખેંચ્યો; કુંતાજી ધરણ પડી ॥ ૪૧ ॥ તવ ચારે સુત રડવા લાગ્યા, કુંતાએ રાખ્યા છાનાં; વાટ જુવે છે રથ્થ શેવકની, શોક તણા આ વાનાં ॥ ૪૨ ॥ હજી લગી રથ મોકલીયો નહી, હવે હું અકળાવું; આ ચારને તો ઉચકું પણ, બકાને

કયાં લેઇ જાવું ॥૪૩॥ જો જાવું એને મુકીને, તો જીવ જંતુ મારે; એવે માદરી તંબુએ આવી, કંથ કને તે વારે ॥૪૪॥ ઓરે સ્વામી ઓરે સ્વામી, વાધ્યું ભલું ઘરસુત્ર; આપણે ભવીશે ઇશ્વર રીઝ્યો, પ્રગટીયા પાંચ પુત્ર ॥૪૫॥ પાન્ડુરાજાએ વારતા જાણી, હરખ અતીશે ચડીઓ; ગાંડા ઘેલા જેવો બનીને, મુરછાંગદ થઇ પડીઓ ॥૪૬॥ તવ માદરીએ શેવક મોકલ્યા, બે રથ મોકલ્યા સાથ; કુન્તા ચાર તન લૈ બેઠી રથમાં, હૈયું નથી રેહેતું હાથ ॥૪૭॥ સૌ સેવકે મળી ભીમને, નાંખ્યો એક રથમાંય; ડેરા તંબુએ ચાલી આવ્યાં, પાંનડુ પડયો છે ત્યાંય ॥ ૪૮ ॥ ॥વળણ॥ પાન્ડુ રાજા જ્યાં પડયા, ત્યાં આવી કુન્તાય; વલ્લભ કહે શ્રોતા સુણો, પાન્ડવ ચરીત્ર કથાય ॥

કડવું ૨૪ રાગ સામેરીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણજનમેજયરાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહિમાય ॥૧॥ કુન્તાએ આવી કંથ ઉઠાડયા, જુઓ પતી પાવન; એમ કહીને ઉછંગ મુકયા નાન્હુગ ચારે તન ॥૨॥ ભીમને લાવી ઉછંગ આગળ, સુવાડયો છે ભોમ; એતો હાથ પગ ઉછાળોને, જોયા કરે છે વ્યોમ ॥૩॥ પાંડુ રાજા ચાર પુત્રને, ચાંપે રૂદિયા સાથ; ભીમને અંગે પહોંચે નહિ તે, ફેરવે પેટે હાથ ॥૪॥ હરખના આંસુડા છુટે, પાંન્ડુરાયને ચક્ષ; ખાવું પીવું સહુ ભુલી ગયો ને પુત્રમાં લાગ્યો પક્ષ ॥૫॥ કુંતાને સ્થાન પય ભરાયું, ઇશ્વરની ઇચ્છાય; ધવરાવે નવરાવે કુંન્તા માતા, જય જગમાં વરતાય ॥૬॥ પાંન્ડુ રાજાએ બહુ પુણ્ય કીધું, દીધું ઘણું ગૌદાન; કરાવ્યા બ્રહ્મ ભોજન ભાવે છે, શુભ શ્રદ્ધાવાન; ॥૭॥ પત્રલખ્યો પછી હાસ્તાનાપુર, બંધુ ધત્રાષ્ટર રાય; વીદુર વીરા ભીસ્મ પીતા, વ્રધ અંબીકા માય ॥૮॥ અમો છીએ વૈજનાથ માંહે, પ્રભુએ દુખ દન કાપ્યા; દુરવાસાના મંત્રથી અમને, દેવોએ પાંચ સુત આપ્યા ॥૯॥ જે રીતે થયા ગાંનધાર.ને, દુરવાસા થકી સાર; તે રીતે થયા પ્રાપ્ત અમોને, વરત્યો જેજેકાર ॥૧૦॥ એવો પત્ર લખી મોકલીયો, શેવક કેરી સાથ; હસ્તીનાપુર જૈ પત્ર દીધો, ધત્રાષ્ટરને હાથ ॥૧૧॥ તે સમે એનો શકુની સાળો, રહ્યો છે એને ઘેર; તેને ધત્રાષ્ટરે એકાંત લાવી, વંચાવ્યો રૂડી પેર ॥૧૨॥ તે વેળા ગાંનધારી ધત્રાષ્ટર, ઉદાશ થયાં મન; પત્ર કોઇને વંચાવ્યો નહિ, નાશ કર્યો તદન ॥૧૩॥ ત્રૈણે જણે

મળી મનમાં ધાર્યું; ગુપ્તરાખવીવાત; આગળ થનારૂં હશેતે થાશે,કરવું નહી પ્રખ્યાત ॥૧૪॥ જુઠા ઠરાવવા નંદન એના, અંધે વિચાર્યું એમ; પ્રથમ ઝેરનું ઝાડ ઉગ્યુ, પ્રભુ રાજી રહે કેમ. ॥૧૫॥ પાંડવ ઉછરે છે વન વિશે, લક્ષણ છે વીચીત્ર; દીવશે દીવશે થાય મ્હોટા, કરે છે બાળ ચરીત્ર ॥૧૬॥ ચાર ભાઇ ચાલતા શીખ્યા, ઘુંટણીએ સુસોટ; ત્યારે ભીમસેન ઉભો થઇને, શીખ્યો મુકતાં દોટ ॥૧૭॥ કાલું કાલું કુંવર બોલે; તાતને લાગે સારૂં; પુત્રોની પુંઠળ પુંઠળ ભમે આતે શું ભાગ્ય મ્હારૂં ॥૧૮॥ સવારે કુન્તા પુત્રોને તેડી, નવરાવે તો નહાય; અડધોકોરો અડધો ભીનો, ભીમ નાશી જાય. ॥૧૯॥ સારૂસારૂ ચોરી ખાયછાનું, પુછે તો ન કહે સાચું; માને રાંધતા વાર લાગે; અન ઉતરાવે કાચું ॥૨૦॥ પીતાના ભેળા ભોજન કરે, પાડે ઘણો એંઠવાડ; તેમ તેમ ગમે પાંડુ રાજાને, લડાવે બહુ લાડ ॥૨૧॥ ફોડે ઢોળે તોયે ન બોલે, અણદીઠાનું દીઠું; છોકરાં છાશમાં ખાંડ માગે, દુધમાં માગે મીઠું ॥૨૨॥ કુંતાજી કદી પુત્રને વઢે, પાંડુને માઠું લાગે; ખબડદાર તું કાઇ નકહેતી, છોફોડે ઢોળે ને ભાગે. ॥૨૩॥ વસ્તુ આવે કાંઇખાવાસરખી, માતાનેઉલટવ્યાપે પાંચ પુત્રોને પાસે બેસાડી, સરખે ભાગે વહેંચી આપે. ॥૨૪॥ ભીમ પોતાના ભાગનું તે, એકજ કોળીયે ખાય; ચારે ભાઇઓ ચંચવાળતા હોય, તેનું ઝુંટાવી જાય ॥૨૫॥ તવ કુંતાજી ઝાલવા દોડે, દોડે દાસના ટોળાં; ખાઇ જઇ ભીમ થાય સામો, દેખાડે મોટાડોળા ॥૨૬॥ કોઇવેળા પાંન્ડુ બેઠા હોય, હૈયે ધરી ઉમંગ; ધરમ અરજુન આવિને બેસે, તાત તણે ઉછંગ ॥૨૭॥ શેદેવ આવીપડે વચમાં, અન્યો અન્યજલડે;નીકુળ આવે તોફાન કરતો, તાતને ખાંધે ચડે. ॥૨૮॥ તાત તણી તે મુછો તાણે, કાલુ કાલુ મુખભાંખે; ભીમ આઘેથી આવી તાતને,હડસેલીહેઠા નાંખે ॥૨૯॥ ચારે ભાઇઓ રડવાલાગે, વઢવા ઉઠે કુંતાય; વાયુ નંદ-ન વરકોદર ભીમ, સટુક સટકી જાય. ॥૩૦॥ એમ કરતાં થયા પાંચ વરસના, ભણાવે પાંન્ડુરાય વીદ્યા ભણાવે તો ચાર ભણે છે ભીમ ઉભો ન રે ત્યાંય ॥૩૧॥ એમ કરતાં થયા સુત મોટા, પાંન્ડુએ ઉપવીત દીધા, એકાદશ વરશે છોકરાને, શટ કર્મ કરતાં કીધાં ॥૩૨॥ એટલે ઉઠે પ્રાતઃકાળે, કરે પીતા સંગ સ્નાન; સંધ્યા શેવાપુજા કરેછે, ધરેહરીનું ધ્યાન ॥૩૩॥ મધ્યાને ભોજન તાતની સાથે, કરી કરે સયન; નીંદ્રાલેઇ ને જાગ્રત થાએ. ખટઘડી હોય દન ॥૩૪॥ તે વેળા પાચે આયુધ લઇને રમવાને જાય વન; પોતપોતાને ગમતું રમે, તેનું કરૂ વરણન ॥ વળ-

ણુ ॥ વરણુન કરૂં તેહનું, સુણો સહુ કર જોડ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, બોલો જેજે શ્રી રણછોડ ॥

કડવું ૨૫ રાગ ધનાસરી.

વૈશમપાયેએણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય ॥ ૧ ॥ વન વીશે જઇ રમત રમતા તેમાં ધર્મ સત્યવાદી; રેણુને ચાળી કરે રૂપાળી;બેસવાની રાજ્ય ગ.દી ॥૨॥ મન થકી માને રાજ્યાસન, શેદેવ છુટા ફરે, અરજુનજીતો બાણ ચઢાવે; પાંદડા વીંધે શરે ॥ ૩ ॥ ઝાડતાડ તાકીને વીંધે,શેદેવ સાબાશી ભાખે; પુસ્પ વીણીને હાર કરીને,નીકુળ ગળામા નાખે ॥ ૪ ॥ જુઓ હું કેવો દેખાવું, ભાઇઓને દેખાડે; નાહના વ્રક્ષોને બાથ ભીડાવિ,ભીમશેનખેંચી કહાડે ॥૫॥ ઉછળે કુદે તોફાન કરે, મસ્તાનો થઇ મ્હાલે; વાઘ વરૂ જીવ જંતુને જુએ, ઝડપ જઇને ઝાલે ॥ ૬ ॥ એ રીતે નીત્ય રમત રમે,સાભળ તું રાજન;હસ્તીનાપુરમાં ગાદીએ બેઠો, રાજા દુરીયોધન ॥૭॥ આંધળે ગાદી એને આપી, જાણી મ્હોટો સંતાન; રાધે દાસીનોકુંવર કરણ, તેને કર્યો પરધાન ॥૮॥ દુરીયોધનનેબેન એક છે, તે, તેનો સ્વામી જેહ,જેદ્રથ એવું નામ એનું, થયો કારભારી તેહ॥૯॥ તેમાં મ્હોટો કારભારી કીધો,શકુનીમામાને સાર;ભેગદત ભુરી શેવા સુસરમા, તે સૌ કરે કારભાર ॥૧૦॥ એ રીતે એ રાજ્ય ચલાવે, દુરયોધન કુરમતી;પાન્ડુ રાજાને જાત્રા વીશે,પત્ર લખતો નથી ॥ ૧૧ ॥ પાન્ડુવ વન વીશે ઉછરેછે, એવામાશું થાય;મધ્ય રાત્રે ગયો પાન્ડુરાજા,કરવા લઘુ શંકાય ॥ ૧૨ ॥ જઇ બેઠા એક વ્રક્ષ નીચે, પાન્ડવનો જે તાત; એ વ્રક્ષ ઉપર ઘુવડ બોલ્યો, સાભળ પક્ષણી વાત ॥૧૩॥ આ વ્રક્ષ નાચે જે બેઠો છે, તેનું જે કાળજું ખાય;ત આણીને ઘેર બેઠા, ત્રીલોકનું જ્ઞાન થાય ॥ ૧૪ ॥ તે વાત સાંભળી પાન્ડુ રાજાએ, જ્યારે હું મરવા થૈશ;તે વેળા મારા પાચે પુત્રને,આ વારતા હું કૈશ ॥ ૧૫ ॥ એવું મનમાં દ્રઢ કરીને,જઈ કર્યું સયન;એવામાં એક દનપાચ ભાઈ,રમવા ગયા છે વન ॥ ૧૬ ॥ કુન્તા ગયા છે ગંગાયે ન્હાવા, માદરા તંબુને ઠામ; તે વેળા પાન્ડુનો આયુશ ખુટયો,પ્રગટયો એને કામ ॥ ૧૭ ॥ તેથી કામ નીનો કર ઝાલ્યો,માદરીયે કર્યો સોર;તોપણ પાન્ડુરાયે નમુકી, શું અબળાનું જોર ॥૧૮॥ માદરા કહે કંથ મારા, છે બ્રાહ્મણીનો સ્રાપ; જરૂર

જાશે જીવ તમારો, સમાવો પરીતાપ ॥ ૧૯ ॥ છોકરાંને રઝળાવશો રણુ માં, આવે મુને અપવાદ; તોપણ પાન્ડુએ નવ માન્યું,મરવાને ચાલ્યો નાદ ॥ ૨૦ ॥ કામ વાપ્યો કામ આપ્યો, બ્રાહ્મણીનો શ્રાપ નડીયો; પાન્ડુ રાજા ઉછળીને, મરણુ તુલ્ય થઈ પડીયો ॥ ૨૧ ॥ એટલેમાદરી બ્હાર નીકળી, ઉપજ્યો સંતાપ શોક; આંસુડાં પાડી રડવા લાગી કારમી મુકી પોક. ॥૨૨॥ એટલે શેન્યનું લોક ભરાયુ, રડવા લાગ્યું સહુ કોય; કુન્તા ગઇ છે ગંગાજીયે, ત્યા એને ખબર હોય ॥ ૨૩॥ તેવીજ તે ત્યાંદોડતી આવી,કાળજડું કયાં બાળ્યું;માદરી તું બેન તુલ્ય હતીપણ, શોકનું સાદું વાળ્યું॥૨૪॥ છોકરા તેં રણમાં રઝળાવ્યાં, નથી દીઠું ઘ ગામ; અરેરે સાચી સોક તું શત્રુ, વશ રહયો નહી કામ ॥ ૨૫ ॥ માદરી કહે વાંક નથી બૈ;મિથ્યા ન ધરશો રોશ;ઘણું કહ્યું. પણ કંથે ન માન્યુ, આવ્યો મારે શીશ દોશ ॥૨૬॥ એમ કહી સહુ રડવા લાગ્યાં; પુત્ર ગયા તે વન; તે કોઇ કાંઈ જાણુતા નથી, ત્યાં શું થયું વિઘન ॥૨૭॥ ભીમ જરા રમવા ગયો આઘો,વાઘ ત્યાંથી એક ચાલ્યો;વરકોદરે દેખી દોટ મુકી,બગલમાં ગ્રહી ઘાલ્યો ॥ ૨૮॥ પકડી લાવ્યો ભ્રાતોની પાશે, આ જ મુછો મરડાવું; ચારે આવ્યો છો લાગમાં તે, આ વાઘ હું કરડાવું ॥૨૯॥ એટલે અરજુન શેદેવ નીકુળ,રડે છે ધરમ રાક; ઓ ભીમભાઇ એમ ન કરશો,શું છે અમારો વાંક ॥૩૦॥ ભીમ કહે ખાવાનું આપેછે, વેહેંચીને કુન્તા સતી; તમારા ભાગમાથી તમે મુને, કેમ આપતા નથી ॥૩૧॥ ચારે ભાઇ કહે સાભળો વીરા,માતા આપે તે લૈશું; પણ અમારા ભાગનું હવે, તમોને આપી દૈશું ॥૩૨॥ ભીમ કેહે ના નથી આપતા આજ ભલો છે લાગ; હવે ન મુંકુ કોઇ કાળે, કરડાવી દૈ વાઘ ॥૩૩॥ સાંભળી ચારે બંધુઓ નાઠા,પુઠે વ્રકોદર જાય,રડતા ચારે આગળ આવ્યા, તંબુની લગભગ થાય ॥૩૪॥ એટલે તંબુમાં તોફાન જાણ્યું; લુછી નાંખ્યાં લોચન;તંબુમા જઇ તાત પાસે,બેઠા ચારે તન ॥૩૫॥એટલામાં ત્યા ભીમ આવ્યો,રડતાં સુણ્યાં સૌ કોય,વાઘ વનમાં ફેંકીદીધો તરત ડાહયો હોય ॥ ૩૬ ॥ છાનો માનો શાણો થઇને, ડેરા તંબુમા પેઠો; પીતા પોતાના જ્યાં છે પડેલા, ત્યાં આવીને બેઠો ॥૩૭॥ ભીમ કહે આ તાત મારા;સુઈરહ્યા શું કરવા;કુન્તા કહેકે કરમ ફુટયું,એતોપડયા છે મરવા ॥૩૮॥ ભીમ કહે ભલે મરણુ પામો, ઓરે મારા તાત; એટલે પાન્ડુ રાજાયે ત્યાં,ઉંચોજ કીધો હાથ॥૩૯॥ ભીમ કહે સરવે રહો, છાના,મમ તાત કાંઇક કેહેછે; એટલે સરવ રહી ગયાં છાનાં, તવ ત્યાં

પાંન્ડુ વદે છે ॥૪૦॥ પાંચે પુત્રો શ્રવણ કરજો, કહું તેમાં દેજો લક્ષ; મારા મુઆ પછી કાળજું મ્હારૂં ગમે તે કરજો ભક્ષ ॥૪૧॥ તેથી ત્રીકાળ જ્ઞાન થવાનું, એટલી પાળજો વાણ; પુત્રોએ કહ્યું વારૂ પીતાજી, એટલે છુટયો પ્રાણ ॥૪૨॥ પછી સરવ રડવા લાગ્યાં, એટલે બોલ્યો ભેમ; કહો માતા આ મડદાને, હવે તે કરશું કેમ ॥૪૩॥ કુંન્તાજી કહે એક નંદન, અગ્ની હાથમાંઝાલો; શબ ઉચકીનેચારભાઇ, ગંગા ત્રટલે ચાલો ॥૪૪॥ ભીમે જાણ્યું સહુને દુખ દેવું, તેથી શું વીશેષ વાધે; એવું જાણી કટી કશીને, મડદુ લીધું ખાંધે ॥૪૫॥ દોટ મુકીને બાહાર નીકળીયો, પુંઠળ સરવે જાય, ગંગા ત્રટે શબ લૈ આવ્યો, સ્નાન કરાવ્યું માંય ॥૪૬॥ પછી વરકોદર કાષ્ટ લાવ્યો, ચીતા ખડકી મ્હોટી;તાતને કાળજે કર દેઇને, કાળજું કાહાડયું ખીંચોટી ॥૪૭॥ તે એક પાત્રમાં મુકી રાખ્યું; એવે વધાં કુંન્તાય; કંથ ભેગી હું બળું છું,બીરાજુ ચીતામાંય ॥૪૮॥ માદરી કહે હું બળવાની, આપણા સ્વામીની સાથ; કારણ કે પામ્યા મર્ણ મારાથી, માટે માગું જોડી હાથ ॥૪૯॥ કુંન્તાકહે જોજે છોકરાંને, હું મરૂં કુળવટે; તારાથી છું મોટી માટે માહારે મરવું ઘટે ॥૫૦॥ ભીમ કહે શીદ વઢી મરો છો, આ શું લેવાનો છે લ્હાવો, તે કરતાં ભૈઓ સંપીને રહીશું, બંને માતાજી આવો ॥૫૧॥ એટલે શેદેવ નીકુળ ધરમ, અરજુનજી તરફડીયા; ઘણી માયા કુંન્તાજીની માટે, તેને બ્હાજી પડીયા ॥૫૨॥ તવ માદરી કહે મુને રજા દો, તમારા પુત્રો નેમાયા; તમ વિના તો સોસાઇ જાશે, ગાળી નાખશે કાયા ॥૫૩॥ તવ કુંન્તાએ આજ્ઞા આપી કાષ્ઠ ચિતામાં પેઠી; પોતાનાપતિનું મુસ્તક ખોળે,લેઇને બળવા બેઠી ॥૫૪॥ એટલે ધરમે અગ્ની મુકયો, સળગી ચીતા ચોપાસ; ભીમે ડોવલી કાળજા કેરી, ઉપર મુકી કરી કયાસ ॥૫૫॥ કાળજું તાતનું ભક્ષણ કરવું, અભક્ષાભક્ષ કહેવાય; પણ બાફીને વાસના લેવી, ભક્ષ કર્યા તુલ્ય થાય ॥૫૬॥ એમ જાણીને બાફવા મુકયું, જ્ઞાન થવા સાક્ષાત; દ્વારીકામાં શ્રી કૃષ્ણજીએ,તે સહુ જાણી વાત ॥૫૭॥ જાણ્યું કે કાળજાંની વાસ લેશે, ત્રીકાળનું જ્ઞાન થાશે; પછી મારો ભાવ કો નહી પુછે, મમ તુલ્ય તે તો ગણાશે ॥૫૮॥ તે માટે ત્યાં સંચરૂને, ચરીત્ર મ્હારૂ લડાવું; બ્રાહ્મણ વેશે પક્ષમાં પેશી, જૈ કાળજુ પડાવું ॥૫૯॥ વળણ ॥ કાળજું પડાવવા કૃષ્ણજી, આવ્યા શામ શરીર; વલ્લભ વદે ચીતા બળે, તેની સાંમી તીર.

કડવું ૨૬ રાગ ઉછળતી ચોપાઈ.

આવ્યા સામી તીર વિશ્વના ભુપ, ભગવાને ધર્યું બ્રાહ્મણ રૂપ; માથે બાંધી ધોળી પાઘડી, એકભુજમાંઝાલી લાકડી ॥૧॥ ચારછેડેપહેરી છેરે ધોતી, બગલમાં મારી છેરે પોથી; લેલાટે તો ભસ્મજ ચોળી, ડાબી ખાંધે ભરાવી છે ઝોળી ॥૨॥ એક ભુજે ગ્રહ્યું તુંબીનું પાત્ર, ગોવીંદે ધરીયું રડેરૂં ગાત્ર; વૃધ માટે નેત્ર નવ સુજે, ચામડી લટકેને થર થર ધ્રુજે ॥૩॥ દાંત પડયાને ડાચાંજ મળીયાં, મ્હોડેને માથે ઉગ્યાં છે પળીયાં; કટીમાંથી વાંકાજ વળીયા, શરીરે તો છેકજ ગળીયા ॥૪॥ નીચી ડોકીથી મારગ જુએ, નાશીકામાંથી પાણીજ ચુએ; આંસુડાંછુટેને નેત્રજ ગળે; ઠેસ વાગે ને ધરણ ઢળે ॥૫॥ એવે રૂપે આવ્યા પુણ્ય સ્લોક, પાંન્ડુ રાજા કહી મુકીજ પોક, એ મારા પાંડુરાય જજમાન, તે શબ્દ કુંતાએ સાંભળ્યો કાન ॥૬॥ જુઓ બેટા કોક વીપ્ર રડે છે, વ્રદ્ધ વપુએ ઢળી પડે છે; દે તમારા તાતનું નામ, ચાલો જઇ લાવીએ આ ઠામ ॥૬॥ વળણ. ॥ ચાર સુતને માવડી, ચાલ્યાં સાંમી તીર, વદે વલ્લભ એ આવીયાં, જ્યાં છે શામ શરીર.

કડવુ ૨૭ રાગ સામેરી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજય રાય,વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહિમાય ॥૧॥ ચારે પુત્રને લેઇને આવ્યાં. પ્રભુ કને કુન્તાય; એ મહારાજા કોને રડો છો, કહો કરીને કૃપાય ॥૨॥ પ્રભુ કહે રડું છું કરમને વૃધપણમાં મરૂ મથી,મુજ મીત્ર પાન્ડુનેસોધું છું, પણ કાંઈ મળતો નથી ॥૩॥ તવ કુન્તા કહે એ મહારાજા, જેનો તમારે સ્નેહ; તે પાન્ડુ રાજાએ આજે, મુકી દીધો દેહ ॥૪॥ આ બળે ચીતા એમની હું, કુન્તાએ નરની નાર, પ્રભુ કહે એને શ્રાપ હતો, ગયો વાંજીઓ અવતાર ॥૫॥ બીજી નારી હતી માદરી, તે પણ થઈ વીધવાય; કુન્તા કહે તે માદરીએ તો, કંથભેળી પાડી કાય ॥૬॥ શ્રાપ હુતો બ્રાહ્મણી કેરો, પણ વાર્યુ ઘર સુત્ર; મંત્ર થકીદેવતા લોકોએ,પાંચ દીધા છે પુત્ર ॥૭॥ આ રહ્યા તમારા ચાર દીકરા; પાંચમો સામીતીર; એટલે ગરગર આંસુ પાડી, રડયો શામ શરીર ॥૮॥ ભલે થયા એને દીકરા પણ, મીત્ર વીના હું શું કરૂ; જીવતર મ્હારૂં ધિકાર છે હું, ઘાત

કરીને મરૂં ॥૯॥ એમ કરીને પડતું નાખ્યું, પોતે દીનાનાથ, તવ કુન્તાએ ને ધરમ રાયે, ઝડપ ઝાલ્યા હાથ ॥૧૦॥ તેડીને સામી તીર લાવ્યા, નેત્રોમાં આંસુ છુટે;ચરીત્ર ભરેલા ચત્રુભુજજી, છાતી ને સીશ કુટે ॥ ૧૧ ॥ કુન્તાજી તેમ તેમ કરગરતી, માહારાજા ક્ષમા ધરીએ, અમારૂ બધું ધુળ મળીયું, પણ તેનું કેમ કરીએ ॥ ૧૨॥ અટલે રડતા રડતા બોલ્યા, પોતે પુરૂષ પુરાણ; હું જઇ પડું ચીતા વિશે, કહાડું મારો પ્રાણ ॥૧૩॥ એમ કહી કાળજુ પાડવા ચાલ્યા, મરૂ મરૂ મુખ ભાંખે, અરજુન શેદેવ ધરમ સુદ્ધાં, ખેંચી ખેંચીને રાખે ॥૧૪॥ એટલે ભીમસેન બોલીયો મા શું છે આ તોફાન, કુન્તા કહે તુજ તાત તણો, આ મીત્ર છે વ્રધવાન ॥૧૫॥ તે પડવા આવેછે ચીતામાં, માટે રાખીએ ખાળી; ભીમ કહે ભેળો બ્રાહ્મણ બળે, મમ તાત ભાગ્યશાળી ॥૧૬॥ આવવા દોરે આવવાદો, હુંતો ન રોકીરાખુ;કોહોતો માહારાજા હું આવીને ઉચકીને મહી નાખુ ॥૧૭॥ પ્રભુએ જાણ્યું છે મસ્તાંનો, નાંખતા નહી કરે વાર; એવું જાણીને ખમચાયા, પોતે જુગદાધાર ॥ ૧૮॥ એવે ભીમસેન કાષ્ટ લેવા, અળગો ગયો લગાર; એટલે દીઠો લાગ ભલેરો,દોટ મુકી મોરાર ॥૧૯॥ જઈ ડોઘલીને લાત મારી,ફોડીનાંખી તતકાળ; કાળજુ પડયું અગની વીશે, જોઈ રહ્યા ચાર બાળ ॥૨૦॥ શેદેવે જાણ્યું તાતજી તણું, વેણ વદેલું જાશે; લાવ્ય હુ જઇને કાળજું કહાડું,થનારૂં હશે તે થાશે ॥૨૧॥ એવું જાણી દોટ મુકી, પ્રોઢ પ્રાક્રમ માંડયું; અગની વીશે હાથ ઘાલી, ઝડપ કાળજુ કાહાડયું ॥૨૨ એટલે પ્રભુ પડાવવા દોડયા, શેદેવ નાશી જાય, તેની પુંઠળ દોડવા લાગ્યા, પોતે શ્રી વૈકુંઠ રાય ॥૨૩॥ આગળ શેદેવ કેડે સામળીઓ, જાય દોડયા વન વાસે; હુંનુ કાળજુ ઉછાળતો ત્યાં, શેદેવ સુરો નાસે ॥૨૪॥ એવે દોડતાં શેદેવજીએ, પાળ્યો પીતા વેણ ટેક; કાળજાની વરાળ તણો ત્યાં, સ્વાસજ લીધો એક ॥૨૫॥ તેથી થયું જ્ઞાન સ્વર્ગ કેરૂ, શેદેવને તે વાર; બીજો સ્વાસનો ઘુંટડો ભરીયો, ઓળખ્યા દેવ મોરાર ॥૨૬॥ અવની તણુ જ્ઞાન થયુંને, ત્રીજો ભર્યો જે કાળ; તેથી જ્ઞાન થયું છે અતીશે, જાણી લીધું પાતાળ ॥૨૭॥ પછી કાળજુ નાંખી દીધું, ઉભો જોડી બે હાથ; હું શેવક પર શો છે જુલમ,ઓરે દીનાનાથ ॥૨૮॥ આવું કરવું ન ઘટે તમને દયાળુ વીશ્વના ભુપ, ભગવાન કહે શેદેવ આપણુ, બેઉ થયા એક રૂપ ॥૨૯॥ અમમાં ને તમમાં ભેદ ન રહયો; માટે કલપના કાપો, બેઉ થયા એક વચન માગુ, તેટલું મુજને આપો ॥૩૦॥ શેદેવ કહે ભલે મ્હારાજા, ઓરે જુગદાધાર;

જેવું આપવું તેવું લેવું, જગતમાં વેહેવાર ॥૩૧॥ તમે માગો તેહુ આપુને હું માગુ તે તમે આપો;પ્રભુ કહેછે લ્યો વેણ મ્હારૂં,તમે તમારૂં થાપો ॥૩૨॥ એમ કહીને સામા સામી, વચન આપ્યાં સાર; શેદેવને કહ્યુ માગી લ્યો તમે, બોલીયા જુગદાધાર ॥૩૩॥ શેદેવ કહે સાંભળો સ્વામી ચરણ તમારે લાગુ; પ્રથમ પેહેલું; આપ માગો, પાછળથી હું માગુ ॥૩૪॥ પ્રભુ કહે જ્ઞાન થયું ત્રીકાળી,પણ મન સમજી રેહેવું,પુછયાવીના કોઇ પ્રાણીને,તમારે નવ કેહેવું ॥૩૫॥ પાંચ ભાઇ જાતા હો પંથે તે પંથ તમારે ચડવું; કુઆમાં ભાઇઓ પડતા હોય તો, ભેળા તમારે પડવું ॥૩૬॥ પણ કેહેવું નહી કે કુઓ છે, વેણ પાળે પ્રીચે લાગો; શેદેવ કહે સારૂ મહારાજ,પ્રભુ કહે તમે માગો. ॥૩૭॥ તવ વીચારી સેદેવ બોલ્યા, રક્ષણ અમારૂં કરવું;અમારા પાંચમાંથી એકમરીએતોજોડે તમારે મરવું ॥૩૮॥ શામળીયો કહે સાબાશ શેદેવ, કેમ કુપે પડવા દેવાય,મારૂં માગેલુ મારે ગળે આવ્યું, સદા સંભાળ લેવાય ॥ ૩૯ ॥ શેદેવ કહે પાળો પાલવતું, નહી તો રહેવા દઇએ; કૃષ્ણજી કહે પાળવું પુરૂ,વચન વીલા કેમ થઇએ ॥૪૦॥ એમ કહી અંતરધ્યાન થયા. પોતે શ્રી જુગદાધાર;એવે ચીતા કને ભીમ આવ્યો લાવ્યો કાષ્ટ અપાર ॥૪૧॥ ડોગલી ચીતામાં નવ દીઠી, કાળજા કેરી જયારે; લાગ્યો ભીમસેન પુછવાને,અરજુન પ્રત્યે ત્યારે ॥૪૨॥ કહે ભાઇ કયાં ગઇ ડોઘલી; અરજુને વાત ભાંખી; આવેલા પેલા ઘરડા વીપ્રે, ડોઘલી ફોડી નાંખી ॥૪૩॥ ભીમ કહે ગયું વચન તાતનું, આપણને ધીક્કાર; અરજુન કહે શેદેવ વીરે, કાળજુ કાઢયું બ્હાર ॥૪૪॥ હુંનું ઉછાળતો લેઈ નાઠો છે, વીપ્ર પડ્યો છેપુંઠે; એવું સાંભળી કાષ્ટ બળતું, લેઇ વ્રકોદર ઉઠે ૪૫॥ ખોળવા ચાલ્યો વીપ્રને એ વાયુ નંદન બળીઓ એટલામાં તો શેદેવ જોશી, ભીમને સામો મળીયો ॥૪૬॥ ભીમ કહે ભાઇ બ્રાહ્મણ કયાંછે, જોશી કહે કોણ જાણે; ગભરાશો નહી તાતજી તણું વેણુ, પાળ્યું છે આ ટાણે ॥૪૭॥એમ બેઉ જણ વાતો કરતા, આવીઆ ચીતા કને; ભીમ કહે કે ત્રીકાળ કેરૂં જ્ઞાન થયું હશે તને ॥૪૮॥ શેદેવ કહે કાંઇ ન થયું, કયાં હતી તાતને સુદ્ધી; પણ વીચાર્યું બોલી ગયા એ, મરણે બગડી બુદ્ધી॥૪૯॥ વળણ॥ મરણ શમે બુદ્ધી ગઈ,માટે કહ્યું પીતાય, વલ્લભ કહે છે તે પછી, ભસ્મ થઈ ચીતાય ॥

——— ×॰× ———

કડવું ૨૮ રાગ ચોપાઈની કાફી.

બોલ્યા વૈશમપાયે વચન;સાંભળ જનમેજયરાજન, હસ્તભસ્મ નાં-ખી જયમાંય, ચાલ્યા સ્નાન કરી તંબુ જ્યાંય ॥ ૧ ॥ રડી કકળી કર્યું રે સયન, થયું મધ્ય રાત્રીએ વીઘન;આવ્યો અગની થયો આહાકાર,ક-ર્યું સહુ સૈન્ય પ્રલેકાર ॥ ૨ ॥ રહયો એક રથ ચાર તોખાર,સતી કુન્તા-ને પાંચ કુમાર;વિતી રૂજની થયો પરભાત, મુકયો કુન્તાએ લેલાટ હા-થ ॥ ૩ ॥ પત્ર લખ્યો હસ્તીનાપુર, થઇ કરમ તણી કસુર; દેહ મુકયો છે પાંન્ડુ રાય, બળી દહન થઇ સૈન્યાય ॥ ૪ ॥ લખી મોકલીને એ બેઠાં, માત પુત્ર ચીંતામાં પેઠાં,અરેરેગયો ભાગ્યશાળી;પુંઠે લેઇ ગયો સર્વે વા-ળી ॥ ૫ ॥ તવ ભીમ વધો વચન, માજી શાને કરો છો રૂદન, તમો કે-હેતાં હતાં બહુ વાર ;આપણે છે ઘણું ઘરબાર ॥૫॥ કેહેતાં હતાં કે છી-એ નરેશ, આપણે છે ગાદીને દેશ ॥ ૭ ॥ છે કાકા દાદા ને કાશી, રાજ્ય કાજ નથી કાઇ બાકી; તે બધું છેકહો કીયે ઠામ, ચાલો જઇએ આપણે ગામ ॥ ૮ ॥ કહે કુંન્તા છે સાહ્યબી ઘણી, થઇ બેઠો દુર્યોધન ધણી, તા-રા અંધ કાકાનો તન, પચાવી પડયો રાજ્યાસન ॥ ૯ ॥ જીતીને લાવે-લા તુજ તાત,હવે પડયું એ દુષ્ટને હાથ;પેહેલા હતા આપણે નાત બ-હાર,કર્યો તુજ તાતે જય જયકાર ॥ ૧૦ ॥ રહ્યા યાત્રાઓ કરવા વન, થયા માલીક અંધના તન, જીવતા હોય જો તમ તાત,તો તો રાજ્ય આ વત તમ હાથ ॥૧૧॥ તેમ છતા જો ગામમાં જઇએ, થૈઇએ ગરીબ તો ત્યાં રૈએ; કહે ભીમ ચાલો મારી માત, ત્યાં ગયા પછી બીજી વાત ॥ ૧૨ ॥ કહે કુંન્તા તું છે મસ્તાન, કરે ત્યાં જઇને તોફાન, તેથી ભં-ગાવી નાખીએ વાંસા, પડે ગામમાં પેઠાના સાંસાં ॥૧૩॥ભીમ કહે હ-તો શીશ તાત, ત્યાં લગી કર્યું તોફાન માત, ફર્યો થઇને મસ્ત હરાયો, હવે આજથી જાણજો ડાહયો ॥૧૪॥ તવ કુંન્તા કહે થાઓ ત્યાર, જો-ડો રથને ચાર તો ખાર,તવ અરજુને રથ જોતરિયો, દેશ જોવાનો વી-ચાર કરીઓ ॥૧૫॥ સમર્યા શ્રીદેવાધીદેવા, લીધી ધરમે ઠાકોર શેવા-બેઠાં રથમાં માતને ભ્રાત, ભીમ ચાલ્યો ઉભી વાટ ॥ ૧૬ ॥ કહે કુંન્તા સુણો સુતભિમ,તુજ થકી ચલાશે કેમ, ભીમ કહે ચાલીશું ચરણ, બેસું તો ઘોડા પામે મરણ ॥૧૭॥ અધવચ રસ્તામાં રહીએ, પછી ઘેર-શી રીતે જઇએ એમ કહીને ચાલ્યાં વાટ,કરે વીશ્રામ જ્યાં પડે રાત ॥ ૧૮ ॥ એમ નીત્યાન પંથ કપાય, ઘણે દીવશે લગભગ થાય, નગ્રથી

જુમના જોજન, ત્યાં તો આવ્યા પાંન્ડુનાતન ॥૧૯॥ ઉતર્યો જમુના વહાણું વહાતે,છોડયો રથ થતે પરભાતે,કહે કુંન્તાસુણો સંતાન,કરો જુમનાજીમાં સ્નાન ॥૨૦॥ માળા પુજા કરી પરવારો, પછી નગ્ર વીશેસીધારો,કોટ કાંગરાવાળુ ગામ, હસ્તીનાપુર એવું નામ ॥૨૧॥ તવ ઘોડા છોડયા કીનારે, કીધાં સ્નાન જમનાને આરે, ત્રણ બંધુને ચોથી માત બેઠાં માળા ગ્રહીને હાથ ॥ ૨૨ એતો સમરે દેવાધી દેવા,કરે ધરમ ઠાકોર શેવા,ભીમ પડયો નહાવા બહુ બળમાં,કરે તોફાન જુમનાનાજળમાં ॥ ૨૩ ॥ મારે ડુબકી ફરે ને તરે, મછ મઘરથી નવ ડરે, બોલ્યા ધરમ સાંભળો માડી, આજ પુષ્પ વિના પડે આડી ॥ ૨૪ ॥ ફુલ વીના નથી થઇ સેવા, આજ થાય તે દીવસ કેવા;તવ બોલ્યાં કુંન્તા ડોશી, તમો ઉઠો શેદેવ જોશી ॥ ૨૫ ॥ જુઓ બાગ પેલો દેખાય અતી ફળ ફુલ છે તેની માંય, તુજ તાત તણો એ બાગ, હશે માળી પીળે પોશાક ॥૨૬॥તેને જઇ કહેજો વચન, કહીએ હું પાંન્ડુનો તન; આપો પુષ્પજ શેવા સારૂ, તેમાં ભલેરૂ થાશે તમારૂ ॥ ૨૮ ॥ કહે શેદેવ ભક્તી અધુરી, નથી થઇ માળા મ્હારી પુરી; કહે કુંન્તા તુટે છે નીમ,બોલ્યાં શેદેવ એ રહયો ભીમ ॥ ૨૮ ॥ વળણ ॥ નવરો દીઠો માવડી, તવ કીધો પોકાર; વદે વલ્લભ સોર વાંભળી, ભીમસેન આવ્યો બ્હાર ॥ ૨૦ ॥

કડવું ૨૯ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,શુણ જનમેજે રાય, વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પરવ મહિમાય. ॥ ૧ ॥ ભીમશેન આવ્યો માતાની પાસે.પુછયું ધરીને પ્રેમ; કહો માતા શુખની સાતા, મને બોલાવ્યોકેમ ॥૨॥ કુંન્તાજી કહે તોફાન મુકી, કામમાં તતપર થાવો; પેલા બાગમાં ઠાકોર સારૂ, પુસ્પ લેવા જાવો ॥ ૩ ॥ ભીમ કહે હું નહી જાવું મા, અમો થાકયા પગપાળા; કુંન્તા કહે તું છે નવરોને, બીજા જપે છે માળા ॥૪॥ ભીમ કહે મા મોકલો મુને,મેં શાં કરેલા પાપ; નથી નવરો જમુનાજીમાં, હું પણ જપું છું જાપ ॥પા॥ કુંન્તા કહેતું મેલ ચાળા, જા દીકરા મુકય દોટ;લે આવ્ય પુસ્પ એક ઝપાટે, એ દીસે બાગનો કોટ ॥ ૫ ॥ ત્યાં જઇને માળીને કેહેજે, પાંન્ડુરાયનો તન; પુષ્પ જોઇએ શેવા સારૂ, કરવું દેવ પુજન ॥૬॥એમ કહીને લાવજે માગી, રાખજે મન વશ્યપળ; અનેક તરેહના મેવા હશે પણ,હાથે ન લેઇશ ફળ ॥૭॥ ભીમે જોયું

ત્યાંછે ખાવાનું, તરત થયો તઈયાર; વધારે એક વસ્ત્ર લેઇને, ચાલ્યો વાયુ કુંવાર ॥૮॥ ફળમાં ચીતછે ફુલમાં પ્રાતછે, ચાલ્યો આવ્યો ચડી ચોટ; જાણ્યું કયાં હશે દરવાજો, આતો ફરતો કોટ ॥૯॥ દરવાજો સોધવા કયાં જાવું, કીધી દોટા હડીઓ;આઘે જઇને છલંગ મારી,કોટ કુદીને પડીઓ ॥૧૦॥ બાગમાં પડયો સુત સતીનો, નીરખી દીશા ચાર, પુષ્પ તણી ઘણી પીમળ આવે, વનસ્પતી દસભાર ॥૧૧॥ કમળ કેતકી કુશુમ કેવડો,જાઇ જુઈ ચંબેલી;મોઘરો મરેઠી આક અરેઠી, બોરસલી પડવેલી ॥૧૨॥ સોભાગ સુંદરી સુરજ વંશી, ચંપક ચાંપાને ચંપો; બટ મોઘરોને વેલ મોઘરો, કાંટા શળી વિશંપો ॥૧૩॥ ગુલાબ ગુલ ચંપો ગુલ દાવદા, ગુલબાસ ગોટા હજારી; પારસ પીળીઓ જાશુદ શાળા, કરેણો હાતરો બ્યારી ॥૧૪॥ વીવીધ વ્રક્ષો ચોરૂચારોળી,ચંદન ચંપુ અંક, વેલ વાલોળને વૈલશડો છે, આશાળ વાળ્યો વંક. ॥૧૫॥ આંબા આંબળાં આંબલી અરણી, અગથીયોને અનાર: પીપળા પીંપળી પારશા જાંબુ, બોર બપચાની હાર ॥૧૬॥ શીમળા શેતુરી સીફળા ફોફળા, તાડ તાડીને ખજુરી; શેકટી શેલડી લાંબી; અનુસડી પણ પુરી॥૧૭॥ કમખી પપનસ અનનસ ફનસ, મીઠાં લીંબુ નારંગી; જલદારૂ આળુ અંજીર બદામ, કેરી કેળાં ઝાડ જંગી ॥૧૮॥ દ્રાક્ષની વેલા દ્રાક્ષ લળેલી, અખોડને ગેરાણી; પાકાં ફળની સોડમે ભરાયું, ભીમના મ્હોમાં પાણી ॥૧૯॥ મન વશ રહ્યું નહી ત્યારે, વીચાર કીધો એમ, માતાએ ફળ હાથે તોડવાનું; ના કહ્યુ કરૂ કેમ ॥૨૦॥ સાચા સોગન ખાતા છુટીએ, વીચાર્યું દલ સાથ; બે ચાર વ્રક્ષનું જુથ્થ હોય ત્યાં, ભીમ ભીડાવે બાથ ॥૨૧॥ હચ હચાવી ખેંચી કાહાડે, પછાડે પૃથવી માંય; પાકાં પાકાં ફળ ગરીને, ભોમીએ ઢગલો થાય ॥૨૨॥ વ્રક્ષો કાહાડે ભોમી પછાડે પડે તે ફળ લઇ ખાય, રૂમેછે ઘુમે છે બાગમાં બળીયો,ભય નહી જરાય ॥૨૩॥ તે બાગના દરવાજા ઉપર, રેહેછે માળી રખવાળ; તેણે કડાકા ઝાડના શુણ્યા, પેટમાં પડી ફાળ. ॥૨૪॥ આવ્યો અગાસીમાં જોવાને સારૂ, દીઠી ભીમની પુંઠ; કોણ મુઓ હરામ ખાનાર, અકલ વિનાનો ઉંટ ॥ ૨૫ ॥ આવી રહ્યું છે આયુશ તારૂં,ફળ ખાવા મન મ્હોયું; એટલે ભીમે આડી આંખે, અગાશી સામું જોયું. ॥૨૬॥ માળીને દીઠો મન વીચાર્યું, શુકન માઠા થાશે; ગાળો સાંખીને ગામમાં જાશું, તો જનમ ગાળોમાં જાશે ॥૨૭॥ એવો અવળો અરથ લીધો,ક્રોધ હળાહળ ચડીઓ;

છલંગ મારીને ઉછળ્યો તે, જ ધાબામાં પડીયો, ધમ ધમ ધમ ધમ ધાણુ ધ્રુજ્યું, માળીશું જેરવે તાપ; થર થર ધ્રુજ્યો હાથ જોડયા, નહી બોલું મા બાપ, ॥૨૮॥ ભીમ કહે ભલો ગાળો દેનારો, ઝડપ લઇને ઝાલ્યો, મુસ્તક ઉપર ફેરવીને, તરત બગવમાં ઘાલ્યો. ॥૨૯॥ ભીમ કહે ગામનીને વનની, દેવ્યા કાહાડજે રોગ; પેહેલ વેહેલો ગામમાં જાતાં; તુજને આપુ ભોગ ॥૩૦॥ માની લેજે ભક્ષ માળીનું, એમ વધો મુખ વાણ, બગલમાં બળ કરીને દાબ્યો, કાહાડી નાંખ્યો પ્રાણ. ॥ ૩૧ ॥ પછી મડદુ મુકયું ધાબામાં, માળીના મોહેલમાં વાધ્યો; સોધીને લાવ્યો દોરડુ લાંબુ, માળીને ચર્ણે બાંધ્યો ॥૩૨॥ મોહેલમાં મડદું લેઇને ચાલ્યો, હસવાનો ખેલ કીધો; દરવાજાની કમાન વચ્ચે, ઉંધોજ ટાંગી દીધો, ॥ ૩૪ ॥ પછી પાછોબાગમાં પડીઓ, કીધું સરોવર સ્નાન, ફુલ વીણીને ફળજ ખાયે, નફકરો મસ્તાન ॥ ૩૫ ॥ એવામાં આવી માળીની પુત્રી, ખાવાનું ભાતુ લેઇ; દરવાજામાં પેસવા માંડયું, થર થર કંપી દેહી. ॥૩૫॥ શબ દીઠું તવ લાગી શોસાવા, આ કૃત્યકોણે કીધું; એવે ભીમની પુઠ દીઠી, ભાતુ ત્યાં ફેંકી દીધું ॥ ૩૭ ॥ દડ બડ નાઠી નગ્રમાં આવી, રાજ સભાની માંય; આંસુડાં છુટે શીશ કુટે, છે દુરીયોધનત્યાંય. ॥ ૩૭ ॥ છત્રપતી કહે કેમ છોકરી તવ વદી પુત્રી વચન; મારા તાતને મારી નાખ્યો છે, કોઇ હલમસ્ત જન ॥૩૮॥ બગીચો બધો ભાગી નાંખ્યો, સાંભળ્યું દુરીયોધન; એકદમે સો મલ બોલાવ્યા, ક્રોધ કરી રાજન ॥ ૩૯ ॥ એક સો મલ્લ ત્યાં આવી ઉભા, છત્રપતી કહે જાવો; બાગનો ભાગનાર માળીનો મારનાર, તેંને બાંધીને લાવો. ॥૪૦॥ મલ્લ કહે વારૂ માહારાજા; કહી ચાલ્યા ચડી ચોટ; ગેડીઓ લીધી તૈઆરી કીધી, દડબડ મુકી દોટ ॥૪૧॥ ધમ ધમે ધરતી મલ્લોને ચરણે, જોર ઝપાટે જયા; સાંળભ્યું ભીમે મન વીચાર્યું ધબડાકા કાંક થયા. ॥૪૨॥ એવું જાણી ફળ મુકી ઉઠયો, જ્યાં વ્રક્ષ ઘેરો હુતો; તે ઝાડના જાળામાં પેશી, ઉંઘો થઇને સુતો ॥૪૩॥ એટલામાં મલ્લ લોકો આવ્યા પાકા કર્યા મનસુબા; નેવું જણા મહી સોધવા પેઠા, દરવાજે દશ ઉભા ॥૪૪॥ બીજા સરવ સોધવા લાગ્યા, ભીમે કર્યો વિચાર; આવ્યા છે તો હોંશ એમની પુરણ કરવી સાર. ॥ ૪૫ ॥

॥ વળણ ॥ હોંશો પુરણ પાડવી, એજ કર્યો વીચાર; વ્યાસ વલ્લભ એમ ઓચરે, ભીમ સુરો સરદાર ॥

——+○+——

કડવું ૩૦ રાગ રેકતા ચોપાઇ.

બોલ્યા વૈશંમપાયે વચન,સાંભળ જનમેજય રાજન;ભીમે કાળજાં મલનાં ખોલાવ્યાં, સુતાં સુતાં નાશકોરાં બોલાવ્યાં ॥ ૧ ॥ તવ મલ્લો એ દીઠો ચોર; સૌએ ભેગા થઇ કર્યો સોર, ટોળે મળી ચાલ્યા સહુ સુબા, ભીમને સુતો ઘેરી સૌ ઉભા ॥ ૨ ॥ તોએ સુતો રહયો વાયુ તન, એટલે મલ બોલ્યા વચન; અલ્યા કોણ જાત કોણ ઘર ગામ, કોણ માત તાત કોણ તુજ નામ ॥૩॥ ભીમ કહે શીદ પુછો શબ્દ ઝાઝા, અમો સરવના રાજધીરાજા; મલ્લ કહે તારો દન વાંકો જાગ્યો, છત્રપતી બળીઆનો બાગ ભાગ્યો, ॥ ૪ ॥ ભીમ કહે 'વાંકા દહાડા તમારા, આવી જવાબ માગો છો અમારા; તવ મલ્લ લોક બોલ્યા વચન, ઉઠ તેડાવે છે દુરીયોધન ॥૫॥ વાયુ સુત કહે કહો સભા માંઇ, કહીએ તેડે છે ભીમસેન ભાઇ; મલ્લ કહે ભવીશ તારૂં ફુટયું, જાણજે હવે આયુશ તુટયુ ॥૬॥ સુણી ભીમ કહે લાગો ચરણ, નહી તો આવ્યું તમારૂં મરણ; કહે મલ ઉભો થા મુંઢ મતી, ભીમ કહે અમે ઉઠવાના નથી ॥ ૭ ॥ તવ મલ્લે મનસુબો કર્યો જુદો એના ઉપર ચઢીને કુદો, ચઢયા શરીર ઉપર સોએ સુરા, નાચે કુદે પ્રબળ પ્રૌઢ પુરા ॥૮॥ ભીમ ધરતો નથી મન ધાક, જાણ્યું ઠીક ઉતરે જે થાક; ભીમ કહે સેવા થઇ પાકી, પણ બોચી ગદડવાની બાકી ॥ ૯ ॥ સુણી સહુ મલ કકળ્યા તે ઠામ,આણે સરવને ગણ્યા ગુલામ; ક્રોધે ભરયા એવું ધારી, ભીમને શીશ મલ્લે ગેડી મારી ॥ ૧૦ ॥ તવ વ્રકોદર રોશમાં રૂઠયો. પાસુ મરડી ઝડપ લેઇ ઉઠયો ॥ ૧૧ ॥ વ્રક્ષ ગફામાંથી બહાર નીકળ્યો, જઇ કુઆપર ઉભો એ બળીઓ; મલ લોક કહે ઝાલવાને જાય, દીઠો કુપપર ખમચાયા ત્યાંય ॥૧૨॥ અળગા રહીને બોલ્યા સહુ એમ; અલ્યા બળીઆ તું કરે આમ કેમ; તને નથી રાજા દંડદેનાર, નથી કોઈ તને કાંઇ કહેનાર ॥ ૧૩ ॥ ચાલ અમ સંગ સભા માંય, નથી કેદ કરવો તને ત્યાંય, જો તું નહી આવે અમારે સાથ, અમ પર કોપે નગ્રનો નાથ. ॥ ૧૪ ॥ તેથી અમ પેટપર પડે પાય, તેણે લાભ તને શો થાય; નીથ્યા બાંધવા દેને હાથ, તેથી પ્રસન થશે નગ્રનાથ ॥ ૧૫ ॥ કહે ભીમ ભલે લેઇ જાઓ, મુને બાંધવા કુપપર આવો, મલ્લે જાણ્યું કપટ એ કરશે, જરૂર જીવ સરવના હરશે ॥૧૬॥ નહી ઝાલીએ તો પણ ખોટું, થાશે વીશ્વમાં મેહેણું મ્હોટું; ચાલો થનાર હશે તેથાશે; કાં ઝલાશે કે કાં જીવ જાશે ॥ ૧૭ ॥ એમ જાણી ચાલ્યા સહુ સાર, ભી-

મે મુખથી કર્યો ઉચ્ચાર;આવો સનમુખ નહીં પડે વાંધો,લાવો દોરડાંબે ભુજ બાંધો ॥દોહરાની ઉતાવળી ચાલ॥ તવ ત્યાં સોએ મલ્લો ચાલ્યા, મરવાના મનશુબા;પચાસ પચાસની બે ઓળ્યો થઈ, ભીમની સામા ઉભા ॥૧॥ મલ કહે કે ડરતો નહિ તું, લાવ્ય તારા હાથ, તવ લાંબા ભુજ ભીમે કીધા, ભલી ભીડાવી બાથ ॥ ૨ ॥ શોએ મલ લાગ્યા તરફડવા, છે કોઇ મસ્તાન માઠો; એવામાં તો એક મલ્લ ત્યાં, વચકળીને નાઠો ॥ ૩ ॥ ભીમે તેને જાતાં દીઠો, વીચાર્યું તે વાર, છોને એ જાય જીવતો જૈ, કેહેશે સમાચાર ॥ ૪ ॥ એવું જાણી જાવા દીધો, બીજાને ગ્રહી રાખ્યા, ઉપાડીને હીલોળીને, તરત કુવામાં નાંખ્યા ॥ ૫ ॥ તે નવાણું તરવા લાગ્યા ફરવા લાગ્યા માંય; કંઈક કુવાપર ચડવા લાગ્યા, ભીમેજોયું ત્યાંય ॥૬॥ જાણ્યું મેહેનત છુટી પડી, એવે દૈવત દાખ્યો, ઝાડ બીડ પડેલાં લાવી, કુવો પુરી નાંખ્યો ॥૧૭॥ કૈં તરતાતા કૈ ફરતાતા, તે સહુ બેઠા હેઠ; પ્રાણ પલકમાં નીકળી ગયા, પોહોચી ચુકયા ઠેઠ ॥ ૮ ॥ પછી પોતે ગયો બાગમા; પુરણ કીધો ટેક, બાંધ્યો ફળનો ગાંસડો વળી ફુલનો બાંધ્યો એક ॥ ૯ ॥ બેઉ ગાંસડા લૈને ચાલ્યો, વાયુનો કુમાર; દોટ મુકીને કોટ કુદીને, પડયો બાગની બહાર ॥૧૦॥ માત ભ્રાત જ્યાં છે પોતાનાં ત્યાં આગળ એ આવ્યો;કુન્તાજીએ મન વીચાર્યું, બાગ ઉજડ કરી લાવ્યો ॥૧૧॥ એવે ભીમે મુકયા ગાંસડા, નહી ચતુરાઈમા ભુલ; ધરમરાયના દેવ માટે, આપ્યાં ચપટી ફુલ ॥૧૨॥ બીજા ફુલ જમના ત્રટ વેર્યા, ભીમ કહે લ્યો લહાવો;ગામમાં પેસતાં શુકન છે ભૈ. ફુલમાં શુવા આવો ॥૧૩॥ લો ફળ ખાવો માતા મ્હારી, કુન્તા વદ્યાં વેણ; ઓરે શત્રુ દીકરા આ, કીયા ભવનું લ્હેણુ ॥ ૧૪ ॥ બાગ બગાડયો દુરજોધનનો, જીવ્યાની શી આશા; મુળમાં તો ગામમાં પેઠાના પુરણ હતા સાંસા ॥ ૧૫ ॥ મારે પેટ તું શતરૂ સાચો, નડવા તેડી લાવ્યો, પેલા ભવના પાપ માહરાં;તું મુજ પેટે આવ્યો ॥ ૧૬ ॥ દેવને દુભી દીકરા માગ્યા, નીકળીઓ આ સાર, એમ ગાળો દેવા લાગ્યાં, માતા અમરમપાર ॥૧૭॥ સાંભળી ભીમે મન વીચાર્યું, હવે શી કરૂં પેર; ગાળો દીધી માળીએ તો મારી નાંખ્યો ઠેર ॥ ૧૮ ॥ શુકનમાં શી ગાળો ખાવી, છે મહા મનમાં વેણ; પણ આ તો જે જનેતા તે, આને કરૂં કેમ ॥૧૯॥ ફીકર નથી દેવા દો ગાળો, બહુ દુઃખે દુલાવું; કોઈ ઝાલવા આવે તો તેને, હાથે ખો ભુલાવું ॥ ૨૦ ॥ એવું જાણી શુતો ફુલમાં, ફળ લૈ લૈને ખાતો; દોમા દેવી હોય તેમ ગાળો; એમ કહી મલકાતો ॥ ૨૧ ॥ એવા-

માં જે મલ નાઠેલો, તે ગયો ગામ માંય, દુર્યોધનની સભામાં આવી, જુહાર કીધો ત્યાંય ॥૨૨॥ દુર્યોધન કહે કેમ થયું ત્યા, કયાં છે આપણો ચોર, મલ કહે મહા મસ્તાનો છે, જબરૂ એનું જોર ॥૨૩॥ હું મુજ કરમે જીવતો આવ્યો, નહીં તો પામત મરણ; મારી જોડે નવાણું તે, થયા લિષ્ણુ સરણ ॥૨૪॥ સાંભળી રાજા વીસ્મે પામ્યો, એક સહસ્ત્ર મલ જાઓ, ટંકે મણ દુધ પીનારા જૈને બાંધી લાવો ॥૨૫॥ મલ્લ કહે ઓરે મહારાજા, છે અમને બહુ હામ બે જણા જૈ બાંધી લાવીએ, શું છે સૌનું કામ ॥૨૬॥ તવ જે મલ જીવતો આવ્યો તો, તે તો બોલ્યો આપ; હોંશ હૈયે થોડી રાખો, બળીઓ તમારો બાપ ॥૨૭॥ દુરીયોધન કહે સરવે જાવો, થનાર હોય તે થાય; એટલે મલ હજારે ચાલ્યા, ગયા બાગની માંય ॥૨૮॥ એક સો મલ ઉભા દરવાજે, નવસેં કરતા શોધ, ખુણે ખોંચરે ખોળ કરે, મહા જોરાવર જોધ ॥૨૯॥ કોઇ સ્થળ ભીમને ન દીઠો, ઝીણું જોવા માંડયું; જોતાં જોતાં ભીમસેનનું, પગલું શોધી કહાડયું ॥૩૦॥ તે પગલું ગયું કોટ પાસે, તવ જોઇ કહાડયું બાહાર; પછી પગલે પગલે ચાલ્યા બળીયા મલ્લ હજાર ॥૩૧॥ દોટા દોટે પગલે મ્હોટે, જાતા બહુ બળવાન, વાગે પગની પડગીઓ તે, ભીમે સાંભળ્યું કાન. ॥૩૨॥ તવ વાયુ સુતે વિચાર્યું, માયે મને કર્યું ખોટું, મલો પાસે માર મરાવી, વાળું ગાળનું સાટું, ॥૩૩॥ એવું જાણી ભીમ ઉઠયો, ઓરે મારી માત; કેવારનાં ગાળો દો છો તે, કરૂં જળ જંપાપાત ॥૩૪॥ એમ કહી જૈ જમનાજીના; જળમાં પડયો સાર; ઉંડા નીરમાં તરતો રહયો, રાખ્યું ડોકું બહાર. ॥૩૫॥ એવામાં પેલા મલ આવ્યા, જુમનાની કીનાર; ફળને ફુલ પડેલા દીઠાં, કોપ્યા અપરમપાર. ॥૩૬॥ વળણ. ફળ ફુલ દેખી કોપીઆ, નેત્ર થયાં બહુ લાલ; વલ્લભ વદે મલ બોલાયા, મળ્યો મુદાનો માલ.

કડવું ૩૧ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણી પેરે બોલ્યા; સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય ॥૧॥ મલ્લે માલ દીઠો મુદાનો, તવ મનમા આવ્યું જોર, જાણ્યું કે આ પાચ જણા છે, આપણા બાગનાં ચોર ॥૨॥ એમ કહીને ઝાલ્યા ધરમને, બીજા અરજુન ભુપ; ત્રીજા શેદેવ ચોથો નીકુળ, કુન્તાજી વ્રધ રૂપ. ॥૩॥ પાંચે જણ ત્યાં લાગ્યાં ટળ-

વળવા, વીચાર કરે દવ સાથ; એમનું બોલ્યું મલ્લ માને નહી, અવળા બાંધ્યા હાથ ॥૪॥ તવ કુન્તા કહે મુકી દો અમને, સત્ય કહું મુખ ભાંખી; કોઇક ગાંડો ફળને ફુલ લાવી, હાંઇ ગયો છે નાંખી, ॥૫॥ મલ્લ કહે તમો ફુલ લાવ્યાં, દેવ શેવા કરવા પાકી; કુન્તા કહે હાથ છોડો હું, દુરીયોધનની કાકી ॥૬॥ મલ્લ કહે તારૂં મ્હો નથી કહેતું, મુકય મુમતનો સોર; જો તમારે જીવવું હોય તો, બતાવો બાગનો ચોર. ॥૭॥ એમ કહીને માર મારે, પાંચેને આંસુ છુટે; ભીમ જળમાંથી જોયા કરે, જોઇ કાખલીઓ કુટે. ॥૮॥ મલ માર મારે દયા ન ધારે, સયન કરે દુખ અતી; દેખે છે દુરથી ભીમને પણ કોઇ બતાવતાં નથી. ॥૯॥ મનમાં એમ કે મારશે ભીમને, દુખ કરે છે સહન; ઘણી વારે દયા ઉપની ભીમને, વીચાર કીધો મન. ॥૧૦॥ હવે મા ભાઇ મરી જવાના, જાણીને નીકળ્યો બહાર; એ છે અનેકને હું એકલો વળી, હાથ નથી હથીઆર ॥૧૧॥ એવામાં એક ડુંગર દીઠો, ચાલ્યો ત્યાં સુરભર્યો સુબો; ઉપર ચઢીને કીધો હોંકારો, મુછ મરડતો ઉભો. ॥૧૨॥ કરી ગર્જના વાયુ સુતે, સાંભળો હરામખોર; ગરીબડાને શું મારો છો, હું છું તમારો ચોર ॥૧૩॥ મેં બાગ ભાંગ્યો મેં માળી માર્યો, મલ્લ નાંખ્યા કુપમાંય; તમારી માએ સુંઠ ખાધી હોય તો આવો વઢવા હાંય ॥૧૪॥ એટલે મલ્લોએ જોયું ડુંગરપર, જાણ્યું કે એ ચોરસાચો; પાંચને બાંધી પાંચ ઉભા રહો, ન રાખશો ખેલ કાચો ॥૧૫॥ ચાલો નવસેંને પંચાણું જઇએ, પકડવા કરો પેર; છેવટ હાથમાં આવે નહીં તો મારી નાંખવો ઠેર ॥૧૬॥ એમ કહી નવસેં પંચાણું, ચાલ્યા મુકીને દોટ; આખો ડુંગર વચમાં ઘેરીને, ફરતો વળીઓ કોટ ॥૧૭॥ પાંચની પાસે પાંચ રહ્યા છે કરગરે કુન્તા તે ઠામ, હું પાન્ડુરાયની પ્રેમદા છું, કુન્તાજી મ્હારૂં નામ ॥૧૮॥ મુકો અમને ઠબકો તમને, દેશે દુરીયોધન; ડુંગરપરછે તેને આ ચારે, થાચ છે મહારા તન ॥૧૯॥ તોપણ મલ્લ લોકો માનતા નથી, બાંધી ઉભા છે સાર; પેલા નવસેં પંચાણુ મલ્લોએ કીધો મુખ પોકાર ॥૨૦॥ બાગના ભાગનારા ઉતર હેઠો, જરૂર જીવ તારો જાય; ભીમ કહે જો જીવવુ હોયતો, પ્રથમ લાગો પાય ॥૨૧॥ મલ્લ કહે હવે છે મરવાનો બચ્ચાજી મળીયાં પાપ, ભીમકહે તમે સરવ બચ્ચા, હુંતો તમારો બાપ ॥૨૨॥ એવું સાંભળી સહુ મલ કોપ્યા, હેઠો ઉતર મુંઢ મતી; ભીમ કહે ફાવે તેમ કરો, અમે ઉતરવાના નથી ॥૨૩॥ તવ મલ્લોએ એમ વીચાર્યું, હવે દયા નવ ધારો; છુટાં આયુધે હાથ ઉપાડો, મન મુકીને મારો ॥૨૪॥

એમ કહીને આયુધલીધાં, પ્રાક્રમી પ્રૌઢ પોકારે; ગુપતી ગેડી સાંગ્ય કાતરીયાં, લેઇને છુટાં મારે ॥૨૫॥ દેછે કષ્ટી કરે છે વૃષ્ટી; મુમત ભીમનો મુકાવે; આડા અવળો ખશી જઇને આયુધ ભીમ ચુકાવે. ॥૨૬॥ એવે સરવ મારી મારીને થાકયા, તવ ભીમ કોપે ચડીયો; સો બસેંના ટોળામાં બળીઓ નેત્ર મીંચીને પડીયો ॥૨૭॥ અવની ઉપર આભ પડે તેમ, પડયો બહુ બળવાન; પાંચપચાસ તળે આવ્યા તેનો, વળીઓ કચ્ચર ઘાણ. ॥૨૮॥ ઉભા રહેલાના ચરણ ઝાલે ડરે ન કોઇની બીકે; ઉભો થઇને ધોબીની પેટે, ડુંગર ઉપર ઝીકે. ॥૨૯॥ એકજ ઝીકે થાય બરોબર, તેને તો ફેંકી દે છે, દસદસ જણને એકએક ભુજે, ઝાલીઝાલી ઝીકે છે. ॥૩૦॥એ રીતે સહુને ઠેર માર્યા, હાથ બતાવ્યા માઠા; પાંચને ઝાલી પાંચ ઉભેલા તે, જીવ લઇને નાઠા. ॥૩૧॥ તે પાંચને જાતાં જોયા ભીમે ધારણા ધારી સાર; છો જાય એતો જીવતા જઈ, કહેશે સમાચાર. ॥૩૨॥ એમ જાણીને જાવા દીધા, હીંમત મનમાં લાવ્યો; માત ભ્રાત પાસે હસ્તો હસ્તો મુછ મરડતો આવ્યો. ॥૩૩॥ કુન્તાજી તો જોઇ રહ્યાં સામુ; ગજબ એણે કીધો; બાગમાંને મેદાનમાં થઇ જીવ ઘણાનો લીધો. ॥૩૪॥ આતે કેવો કઠીણ નીકળ્યો બહુ વઢવાનો ચાળો; ભીમ કહે છે માતા, હવે દેવી છે ગાળો. ॥૩૫॥ ગાળોએ ફળ કેવું અપાવ્યું, તવ બોલ્યા ચાર ભ્રાત, એ ભાઇપછી બીજી વાત કરજે, છોડ અમારા હાથ. ॥૩૬॥ એટલે ભીમે ભાઇઓ છોડયા, છોડી મુકયાં વૃધ માય; તવ કુન્તા કહે દીકરા ગાંડા, વડા શું વેર ન થાય. ॥૩૭॥ તે વેહેર તો પાકું બાંધ્યું, જીવ્યાની આશા ફોક; ભીમ કહે મા ભલે સૌ આવે. પહોંચાડી દઉં જમ લોક. ॥૩૮॥ ઘર ગામ છે મુજ તાતતણું તે, ઓશીયાળો શીદ થાવું; વાજતે ગાજતે તેડવા આવે તોજ નગરમાં જાવું. ॥૩૯॥ હાથી ઉપર કરૂં સ્વારી, કરપ પ્રથમ પાડું, જો માત તમારી ઇચ્છા હોય તો, સોનાને રથે બેસાડું. ॥૪૦॥ કુન્તા કહે મારે રથ નવ જોઇએ; જેમ તેમ જીવતાં રહીયે; માટે માનો વચન માહરૂં, વનમાં નાશી જઇએ. ॥૪૧॥ તવ ધરમ કહે માતા માહારી, થનાર હોય તેમ થાય; ભીમને મુમત ભરાયો છે, શાન્તા રાખો મુજ માય. ॥૪૨॥ આયુશ દોરી ખુટયા વીના તો, નથી કોઇ મારનાર; એમકહીનેનીશ્ચય કીધો, કરતો હરતો કીરતાર. ॥૪૩॥ ભીમ કહે સહુ હીંમત રાખો; કરશે સામળીયો સાહાય; કરો પ્રાર્થના પરમેશ્વરની શત્રુ થકી શું થાય. ॥૪૪॥ એમ કહીને બેઠા મેદાનમાં, પાંચ મલ્લો જે ગયા; દુરીયોધનની સભાગાં

આવી, કર જોડી ઉભા રહ્યા. ॥૪૫॥ દુરીયોધન કહે કયાંછે તસ્કર, તવ મલ્લ લાગ્યા ચરણ; મહારાજા નવસેં પંચાણું મોકલ્યા વિષ્ણુ શરણ. ॥૪૬॥ આમ જરા એકાન્ત આવો, કહેવાની છે વાત; એટલે દુરીયોધન ગયો અળગો, જ્યાં પોતાનો તાત. ॥૪૭॥ ત્યાં મલ્લને બોલાવી કહ્યું; કહો શી કહો છો વાત; મલ્લ કહેપાંચ છોકરા છેને, એક છે એમની માત. ॥૪૭॥ તે પાંચમાં એક છે જોરાવર, બાહુબળમાં નહી બાકી, ડોશી કહેતી હતી કે હું કુન્તા, દુરીયોધનની કાકી. ॥૪૮॥ આ પાચ મા હારા દીકરા છે, એમ કહ્યુંતું એણે, ધત્રાષ્ટરકહે મલ્લ બળીયા, તેજાણ્યું કેણે કેણે ॥૪૯॥ મલ્લ કહે છે અમેજ જાણ્યું, નથી જાણતું કોય; આધળો કહે છે એ દુરીયોધન, એ સત્ય શત્રુ હોય ॥૫૦॥ રાજ્ય તણા એ માલીક આવ્યા, ભરેલા ભંડાર હરશે; ઘર ગામ છીનવી લઇને તમને ભીખ માગતા કરશે ॥૫૧॥ પાન્ડુ રાજાને શ્રાપ હતો પણ; દેવે દીધા સરવથી; પુત્ર થયાનો પત્ર આવ્યો તો, કોઇને દેખાડયો નથી ॥૫૨॥ ભીસ્મ વીદુરના અજાણમાં છે, શૈન્ય લેઇ તમે જાવો; પાંચેપુત્રોને મારીનાંખી, એકલી કુન્તાને લાવો. ॥ ૫૩ ॥ વળણ એવી કીધી આગના, ચાલ્યો દુરીયોધન; વ્યાસ વલ્લભ મુખ ઓચરે,તતબર કીધું સૈન્ય ॥૫૪॥

કડવું ૩૨ રાગ સોખારીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજય રાયજી; વિસ્તારી તુજને સંભળાવું આદ્ય પર્વ મહીમાયજી. ॥૧॥અગીચાર ક્ષોણી સૈન્ય લીધું વાજીંતર નવ વાગેજી; વાગે તો જાણે ભીસ્મપીતા, જવાબ એનોમાગેજી ॥૨॥ તે કારણથી ગુપ્ત ચાલ્યા, સો ભાઇને રાય કરણજી; જેદ્રથ ભગદત ભુરીસ્યેવા છે, સુસરમા શામ વરણજી ॥૩॥ શકુની મામો મ્હા ખટપટીયો, ચાલ્યો કરવા યુધજી; છાના નીકળ્યા નગ્રની બારણે, વીખ્રાત થઇ છે બુધજી. ॥૪॥ બાહાર જઇને ડંકા દીધા, જોર ઝપાટે જાયજી; કુન્તાએ કાને અવાજ સુણ્યો, થરથર કંપી કાયજી. ॥૫॥ ભીમ કહે માતા ભય ન ધરશો; સમરો નંદ કીશોરજી; તે પુન્યે પુરોપડીશસહુને, આવશે મુજમાં જોરજી॥૭॥ એટલામાંસહુ સેન્ય આવ્યું, કરતું દોટા દોટ છએ જણાને વચમાં ઘેરી, ફરતો વળીયો કોટજી ॥૭॥ એટલે છયે થૈ ગયા ઉભા, કુન્તા કહે સુણ તનજી; છત્રપતિને સમજાવું છું, ડાહ્યો દુરીયોધનજી. ॥૮॥ એટલામાં બોલ્યો દુષ્ટ દુરીયોધન, ક્રોધ ભ-

યો માહાભારીજી;કોણ તમે છો બાગ ભાગ્યો, મલ્લ મારી નાંખ્યા મારીજી ॥૯॥ તવ કુન્તા કહે સાંભળો દીકરા, હું થાવું કાકી તારીજી; આ પાંચ માહારા દીકરા, હું, પાન્ડુ રાજાની નારીજી ॥૧૦॥ દુરીયોધન કહે ખરા છો કાકી, લ્યો ચાલો અમ ઘેરજી; પણ બનાવટના દીકરા લાવ્યાં, તેને તો મારી શું ઠેરજી ॥૧૧॥ કુન્તા કહે દીધા દીકરા દેવે તેને મારે તો મારે મરવુંજી; સુત વીના તું તેડે છે ગામમાં, માહારે આવી શું કરવુંજી ॥૧૨॥ દુરીયોધન કહે ખુશી તમારી. છે રાજ્ય લેવાના ખટકાજી; તમને જીવતાં રાખશું પણ, કરીશું પાંચના કટકાજી ॥ ૧૩ ॥ એટલે ભીમ કહે સાંભળો માતા, જીવ આપું કે જીવ લેવુંજી; તમારે સમજાવ્યો સમજ્યો નહી જુઓ, સપાટે સમજાવી દેવુંજી ॥૧૪॥ એમ કહીને આગળ થયો, અતી સુરાનો સાથીજી; મુછ મરડતો સનમુખ ઉભો, જ્યાં દુષ્ટજનનો હાથીજી ॥૧૫॥ ભીમ કહે કે કોણ છે તું, મુજ માતને પુછનારજી; આયુશ તારૂં આવી રહ્યું છે. મુરખના સરદારજી ॥૧૬॥ તવ દુરીયોધને સાન દીધી, મામા તતપર થાઓજી; પાછળથી પેલી ડોશીને લઇને, છાના સટકી જાઓજી ॥ ૧૭ ॥ એટલે શકુની છાનો ચાલ્યો, ઝડપ કેવી કીધીજી; કુન્તા ડોશીને ઓચીંતિ ઉચકી, પોતાના રથમાં લીધીજી ॥૧૮॥ લેઇને નાઠો મતીનો માઠો, અશ્વને મુકાવી દોટજી; ઘેરી રાખવા વાયુનંદનને, સેન્ય વળી ગયું કોટજી ॥ ૧૯ ॥ એટલે ધરમે બુમ પાડી, જુઓ જુલમ અતી થયોજી; ભામસેનભાઇ આપણી માને પેલો પાપી લેઇ ગયોજી ॥૨૦॥ સાંભળી ભીમસેન મ્હા ભય પામ્યો, કહાડું એ દુષ્ટના પ્રાણજી; કોટ વળેલી સૈન્યમા પડીયો, વાળ્યો દશ વીસનો ઘાણજી॥૨૨॥ ક્રોધનો ભરીયો ભીમ સંચરીયો,સુરો સપાટે ચડીઓજી; શકુની કેરોરથ જોયો તવ, યુક્તીએ રથ પર પડીઓજી ॥૨૩॥ તવ રથ ભાગ્યોને મરણ પામ્યા, જોડેલા તોખારજી; શકુની કેરો કાન ઝાલી, ચોહોડયા તમાચા ચારજી; ॥ ૨૩ ॥ જમણું લમણું સુજ્યુ શકુનીનું, કટી કશી ભીમ બાંધેજી; પોતાનાં માતાને ભીમે ઉપાડયાં, ઉચકી લીધાં ખાંધેજી ॥૨૪॥ દડબડ દોડયો ગયો એ આડો, પુરણ પ્રાક્રમી કહાવ્યોજી; એક વ્રક્ષ નીચે માતાને મુકી, સેન્યમાં દોડયો આવ્યોજી ॥૨૫॥ દુરીયોધન જોઇ વીસ્મય પામ્યો, ભીમ ભાઇઓ કને વાધેજી શેદેવ નીકુળ કટીએ લીધા, બે ભાઇ લીધા ખાંધેજી ॥૨૬॥ ચારેને ઉચકી ત્યાંથી નાઠો, શેન્ય તણો કોટ ભાગીજી; માત કને જૈ ભ્રાત મુકયા, વઢવાની રઢ લાગીજી ॥ ૨૭ ॥ સુરોપુરો એ સેન્યમાં આવ્યો, રક્ત થયાં લોચનજી, એવામાં

આવ્યો સકુની મામો બોલ્યો દુરીયોધનજી ॥૨૮॥ કેમ થયું મામા તવ મામો બોલ્યો, વૈતરૂ પડીયું બમણુંજી; જાડો એની માને લઇ ગયોને, જો મ્હારૂં જમણું લમણુંજી ॥૨૯॥ દુરીયોધન કહે આયુધ ઝાલો, ફરી નહી મળે લાગજી; મામો કહે તમ યુધ માંડો, લીધો છે મેં મ્હારો ભાગજી ॥૩૦॥ એમ કહીને પુંડળ ઉભો, તવ બોલ્યો નર નાથજી; શુરે જુઓ છો જોદ્ધા મારા, કહી ઉંચો કીધો હાથજી ॥૩૧॥ એટલે કોપ્યા સેન્યના યોદ્ધા, ડુંડભી નાદ ગડગડીઆજી; આયુધ સરવ હાથમાં લીધાં, ભીમપર તુટી પડીઆજી ॥ ૩૨ ॥ ચારે દીશાથી યુધ ચલાવ્યું, ક્રોધ રહયો છે વરશીજી; ભીમના ઉપર ગોળા ફેંકે, ભાલા બાણુને ફરશીજી ॥ ૩૩ ॥ ગુપતી ગેડીને ગદાયો નાંખે, મેઘ ધારા જેમ વેહેછેજી; આડો અવળો કુદે વ્રકોદર, આયુધ ચુકાવી દેછેજી ॥૩૪॥ બને તેટલું બળજ કરતો કયાં કયાં દ્રષ્ટી રાખેજી; એક તરફની ચોટ ચુકાવે; પણ બીજા વીંધી નાંખેજી ॥૩૫॥ આયુધ વાગે અંગ વીશે, માર પડયો માંહા માઠોજી; એટલે ત્યાંથી જીવ લેઇને, વાયુનો નંદન નાઠોજી ॥ ૩૬ ॥ દુરીયોધન કહે પુંડળ પડો, નાશીને કયાં જાયજી; દયા ન ધારો ને ઠેર મારો, થનારૂ હોય તે થાયજી ॥ ૩૭ ॥ તવ પુંઠે પડયા સેન્યના યોધા, દોડે દેતા મારજી, ભીમે જાણ્યું કે શુ કરૂં હવે, હાથ નથી હથીઆરજી ॥૩૮॥ ઓરે વીશ્વંભર આયુધ આપો તો, માનુ તમારો પાડજી; એટલાનાં ભીમે દ્રષ્ટીએ દીઠાં આંબલીનાં બે ઝાડજી ॥ ૩૯ ॥ તે બે વ્રક્ષને બાથ ભીડાવી, પુરણ પ્રાક્રમ માંડયાંજી; બળ કરીને હચહચાવી, સમુળાં ખેંચી કહાડયાંજી ॥૪૦॥ પછી બે ભુજમાં બે વ્રક્ષ ઝાલ્યાં, મેઘ નાદે ગડગડીયોજી; મરવું ધારી નેત્ર મીચીને, સેન્યમાં સપાટે પડીયોજી ॥૪૧॥ પાછો ન પડતો યોદ્ધાને નડતો, નામ રૂડે કે ભુંડેજી; રાતો તાતો મ્હા મદમાતો ઝાડોને ઝાડે ઝુડેજી ॥ ૪૨ ॥ કઇને ઢીંચણ કઇને કોણી, કૈના લે પાહુથી પ્રાણજી; જ્યાં ભીમસેનનું ઝાડ પડે ત્યાં સો બસેનો ઘાણજી ॥ ૪૩ ॥ કૈંક થાકેલાને કૈં અદકચરા, પડેલા પાડે પોકજી; માર દેખીને ત્રાસ પામી, નાઠું સેન્યનું લોકજી ॥૪૪॥ કુટાયા કાકા કારભારી નાઠા, નાઠો રાજા કરણજી; એકાલો દુરીયોધન રહયો એના, હાથીના ઝાલ્યા ચરણજી ॥૪૫॥ વ્રકોદરે વ્રક્ષ ફેંકી દીધાં, ગજ ઉપર બળ દાખ્યોજી; બે ભુજે બે પગ પોહોળા કીધા હાથીને ચીરી નાંખ્યોજી ॥ ૪૬ ॥ તવ દુરજોધન હાથી ઉપરથી, ઢળીને પડીયો હેઠોજી; વાયુનો નંદન દંત પીશીને, રૂદીયા ઉપર બેઠોજી ॥૪૭॥ તવ દુરજોધને હાથ જોડયા, આપોને જીવત દાનજી; ક્ષમા કરોતમે સાચા

છો બંધુ, પાન્ડુ તણા સંતાનજી ॥૪૮॥ પધારો ગામમાં કયાં છે કાકી, ચાલો તેડી ઘેર જૈએજી; ભીમે જાણ્યું કે મુરખ જન છે, આજતો જવા-દૈએજી ॥ ૪૯ ॥ વળણ; એમ કરી ઉભો થયો ધરી દયા મન સાથ; વલ્લવ વદે દુર્યોધને, ઉઠી ઝાલ્યો હાથ ॥

કડવું ૩૩ રાગ ધવળ ધનાસરી.

બોલ્યા વૈશમપાયે વચનજી, સુણ જનમેજે રાજનજી; ઉઠી દુરીયો-ધને કર ઝાલ્યોજી; પછી ભીમની સાથે ચાલ્યોજી. ઢાળ ભીમની સાથે પાપી ચાલ્યો; મુકી મનનો ટેક; એવામાં સેન્યાનો યોદ્ધો, દીઠો દ્રષ્ટીએ એક ॥૧॥ તેપ્રત્યે દુરીયોધન બોલ્યો, સહુ સેન્યને આંહી લાવો; કહીએ કે કારભારી સુદ્ધાં, નગ્રમાં તેડવા આવો ॥૨॥ સાંભળી સેવક નગ્રમાં ચાલ્યો; ભીમ સાથ પાપી જાય; જ્યાં ચાર બંધુને માતા બીરાજ્યાં, ત્યાં આવી લાગ્યો પાય ॥૩॥ દુરીયોધન કુન્તાને નમીઓ, ભલે પધાર્યાં કાકી, આ પાંચે ભાઇ માહરા છે, મદદ મળી મને પાકી ॥ ૪ ॥ કુન્તા જોઇને વિસ્મય પામ્યાં, ભીમે પાંસરો કીધો; એવે ભીમ કહે કેમ માતા. કેવો સમજાવી દીધો ॥ ૫ ॥ એટલામાં તો સેન્ય આવ્યું, વાજતે ગાજતે સર્વ; પાંન્ડવને તેડુ કરવાને, મુકી દીધો ગર્વ ॥૬॥ તવ ચારે ભાઇઓને માતા, બેઠાં રથની માંય, તવ ભીમ પ્રત્યે પાપી બોલ્યો, કહો તમ ઇચ્છા કયાંય ॥ ૭ ॥ ભીમ કહે મંગાવો હાથી, તેપર બેસી જાશું; દુરીયોધને હાથી બોલાવ્યો, ચાલો ઘણા ખુશી થાશું ॥ ૮ ॥ માવતે હાથીને હેઠો બેસાડયો, ચઢવા નિસરણી સોડે; તવ ભીમને દુરીયોધન બંને બેઠા હાથીપર જોડે ॥ ૯॥ માવતને કહ્યુ ઉઠાડ હાથી, નગ્રમાં જૈએ પેશી; તેવોજ હાથીને ઉઠાડયો પણ, ઉઠીને ગયો બેશી ॥૧૦॥ ભીમતણો ભાર નવ ઉચકાયો. પાપીને પડયો વીચાર; હાથીની વલે તે આપણી ભલે, થવાની કોઇવાર ॥ ૧૧ ॥ પછી પાપી કહે કેમ કરીશું; ભીમ યહે ઉતરીએ, હાથી, બીચારાનું શું ગજું, ચાલો ચરણે સંચરીએ ॥ ૧૨ ॥ એમ કહીને ઉતર્યા નીચે, એક એકના ભુજ ઝાલ્યા; આગળ છડીદાર નેકી પોકારે, છત્ર છાજતે ચાલ્યા ॥ ૧૩ ॥ એટલે ગામમાં વાત ચાલી, આવ્યા પાન્ડુના તન; દગો કરીને મારી નાંખવા, ગયોતો દુરીયોધન ॥૧૪॥ ભીસ્મ પીતાએ ને વીદુર ભક્તે, જેવે જાણ્યા સમા-

ચાર; નગ્ર તણા સદગ્રસ્થોને લેઇ, દરવાજે આવ્યા સાર ॥૧૫॥ બીછાના નંખાવી સભા કરીને, બીરાજ્યા ભીસ્મ પીતાય; વીદુરજીને ધત્રાષ્ટ્ર તે આવીને બેઠા ત્યાંય ॥ ૧૬ ॥ એટલામાં સહુ સેન્ય આવ્યું, પાપી નગરમાં પેઠો; ભીસ્મને દેખી ભીમને મુકી, જઇ સભામાં બેઠો ॥ ૧૭ ॥ એટલે કુન્તાએ દાદાને દીઠા, દીઠી સભાની ખુબી; પોતાના પુત્રોને બોલાવ્યા પાસે, અળગી જઇને ઉભી ॥ ૧૦ ॥ ભીમ કહે મા તોફાન શું છે, કહો તો ભંગાણ પાડુ; આપો મુજને આજ્ઞા તો, પ્રાક્રમ પ્રૌઢ દેખાડું ॥ ૧૮ ॥ કુન્તા કહે કાંઇ તોફાન નથી, બેઠા જે વૃદ્ધ પીતાય; તીલકતાણી વીદુર બેઠા, તે સહુ આપણી સ્હાય ॥૧૯॥ એમ કહીને ઉભાં રહ્યાં એ,બેઠી છે સર્વ સભાય;ત્યાં દુરીયોધન પ્રત્યે બોલ્યા, ભક્તને ભીસ્મપીતાય ॥ ૨૦ ॥ ઓ દુરીયોધન ક્યાં તું ગયો તો સેન્ય સાથે ગામ બાહાર; કરી આવ્યો યુધ કોની સાથે; ઉત્તર દે આ વાર ॥૨૧॥ દુરીયોધન કહે દાદા જુઓ, કુન્તા કાકી મ્હારી આવ્યાં, મારા કાકાને શ્રાપ હતો પણ; પુત્ર બનાવટી લાવ્યાં ॥૨૨॥ તેમાં છે એકજ બહુ બળીયો, બાગ ભાગી માળી માર્યો; તેથી મેં ઝાલવાને મોકલ્યા; તે મલ્લ સાથ સંહાર્યો ॥૨૩॥ એ રીતે તોફાન કરતાં, થૈ આવ્યા કાકાના તન; રાજ્યમાં રૂ લેઇ લેવાનું, છે કુન્તાને મન ॥૨૪॥ મારા કાકાને શ્રાપજ હતો, પુત્રો ક્યાંથી હોય; પુત્ર થયા તો પત્ર ન લખ્યો, કેમ ન જાણે કોય ॥ ૨૫ ॥ મારા કાકાની કાયા પડી, પત્ર તે વાતના આવ્યા, તેમરણ પછી, પેલા, જંગલીયોને લાવ્યાં ॥૨૬॥ ભીસ્મપિતા કહે તપાસું છું; તે પછી છીદ્ર બતાવો; એમ કહીને પોકાર કીધો, કુન્તા વહુજી આવો ॥ ૨૭ ॥ કુન્તા કહે સુત આંહીજ રેહેજો,જોયા કરજો ખુબી; દાતમાં છેડો ઘાલીને ચાલી, આવી સભામા ઉભી ॥ ૨૮ ॥ બેઉ કરોનમસ્કાર કીધો, દાદાને આંસુ છુટયાં; ઓરે વહુઆરૂ વીધવા થૈ, ભવીશ અમારાં ફુટયાં ॥૨૯॥ એ દુખને તો ક્યાં આજ રડીએ, થયું કઠોરૂ કર્મ, તારી સાથે વાત કર્યાનો, નથી હું વ્રદ્ધનો ધર્મ ॥ ૩૦ ॥ પણ મુજને તું તાત જાણજે; ધરીશ નહી મન રીશ; કુન્તાજી કહે સુખરૂપે પુછો, કહી નમાવ્યું શીશ ॥૩૧॥ ભીસ્મ પીતા કહે ભલે તું આવી; બહુ વરસે જોઇ હોણ; તુજ ને અમે ઓળખીએ પણ, પેલા પાંચ છે કોણ ॥૩૨॥ કુન્તાજી કહે ઓરે દાદાજી, માનજો સત્ય વચન; તમારા દીકરે દેહ મુકયો, તેનરના એ તન ॥૩૩॥ ભીસ્મજી કહે ભલે વહુવારૂ, ઉત્તર દીધો તેં આપ; પણ મમ સુત પાન્ડુ રાજાને; બ્રાહ્મણીનો હતો શ્રાપ ॥ ૩૪ ॥ રતુ આપતાં જીવ

જાએ, તો કેમ થાયે પુત્ર; તારૂં કહેવું નથી સંભવતું, કયાંથી થયું ઘરસુત્ર. ॥૩૪॥ કુન્તાજી કહે સંગાર માંડી, સુત નથી મેં લીધા; તમારા દીકરા જીવતાંએ, દીકરા દેવોએ દીધા. ॥૩૫॥ એટલે અંધ ધત્રાષ્ટર બોલ્યો, કયાં આવ્યા દેવતા દેવા; કુન્તા કહે તમારીનારીને, મંત્રથીથયા કેવા. ॥૩૬॥ તેવાજ મંત્રથી દેવોએ દીધા, વેણ ન જાણશો કાચું; અંધ કહે દેવ સાક્ષી પુરે, ત્યારે માનીએ સાચું. ॥૩૭॥ તવ કુન્તા કહે દેવ તેડાવું, સાક્ષી પુરાવું સાચી; એમ કહી એક ચરણ ઉભી નહી શ્રદ્ધાળુ કાચી. ॥૧૮॥ સ્મરણ કીધું દેવ તણું તવ, દેવ થયા પરસન; અંતરીક્ષ આવી સત્યવાદીને, દેવે દિધાં દરશન. ॥૩૯॥ આકાશથી એ વાણી વધા, સાંભળજો સહુજન; અમેપાન્ડુરાય જીવતાં આપ્યા છે પાંચ તન. ॥૪૦॥ એમ કહી અંતરધ્યાન થયા, બોલ્યા ભીસ્મ પીતાય; એ ધ્રત્રાષ્ટર સાંભળ્યું તેં, હવે શી શંકાય. ॥૧૧॥ અંધકહેછે એ દુરીયોધન, વાણી સુણી સત્યમેવ, પણ તેં તારી પ્રષ્ઠીએથી, જોયા કે ન જોયા દેવ. ॥૪૨॥ દુરીયાધન કહે નજરે ન જોયા, તેથી લાગે છે તુત; અંધ કહે એ ભીસ્મ દાદા, બોલ્યાં સાધેલાં ભુત ॥૪૩॥ તવ દાદા કહે અમે તો દીઠા, સાચી સતીની શેવા, દુષ્ઠ જનોને દરસન ન દે, અંધ તણા અંધ જેવા ॥૪૪॥ કુન્તાજી કહે ધીરજ ધરો, કરૂં તમોને ખુશી; તે વેળા નામ પાડતા હતા, બોલાવું નારદ રૂશી ॥૪૫॥ એમ કહીને નારદ સમર્યા, આવ્યા સભામાં સાર;રક્તલોચને ક્રોધકરાને, નારદે કર્યો ઉચ્ચાર. ॥૪૬॥ સાંભળજો ધત્રાષ્ઠર તમો, સાંભળો કૌરવલોક; પાન્ડવને નડવાથી તમને, થાશે સંતાપ શોક, ॥૪૭॥ પાન્ડુ રાજાના જીવતાંએ, પુત્ર દેવોએ દીધા; ત્રૈણ નંદક કુન્તાજીએ, માદરીએ બે લીધા ॥૪૮॥ પાંચેનાં મેં નામ ધર્યાં છે, સુરજ દેવતા સાખી; જો એમના પર ઝેર કરશો, રૂઠશે દુનીઆ આખી ॥૪૯॥ એમ કહી અંતરધ્યાન થયા, પોતે નારદ રૂશી, અંધે પેટમાં પાપ રાખી, સભાને બતાવી ખુશી ॥૫૦॥ પેહેલા માહારે એ પાંચ પુત્રો, તે પછી સોતન; બોલાવો કુન્તાકુંવરોને, ચાલો અમ ભોવન ॥૫૧॥ એમ કહી પાંચેને તેડાવ્યા, અંધે રૂદે શું ધાલ્યા; હેત અતીશે બતાવીને, ઘેર સાથે લેઇ ચાલ્યા ॥૫૨॥ વળણા લાવ્યા આપ ઘેર તેડીને, પેટમાં ઝાઝું ઝેર, ખવરાવ્યાં પીવરાવીયા, વલ્લભ વદે બહુ પેર.

કડવું ૩૪ રાગ ચોપાઇની દેશી.

બોલ્યા વૈશમપાયે વચનરે, સુણ જનમેજેરાજનરે; ખાઈપીને પાન્ડવ થયા રાજીરે, કીધી દુષ્ટોએ દગલબાજીરે ॥૧॥ ધ્રત્રાષ્ઠરે તેડયો જેષ્ઠ તનરે, તવ આવીયો દુરીયોધનરે; અંધ કહે સુણોસુત પેરરે, આવી દુશમન બેઠા ઘેરરે ॥૨॥ હવે બગડયું તમારૂં કાજરે, થોડે દીવસે લેશે રાજરે; તવ બોલ્યો દુરીયોધન રાયરે, કહો શો કરીએ ઉપાયરે ॥૩॥ બોલ્યો ધ્રત્રાષ્ઠર તે વારરે, એક ઉપાય છે કુંમારરે; આપણી જુની હવેલી જેહરે;વેદાપીક બાલીકની તેહરે ॥૪॥ હતા તેઓને એક વીતનરે,અતી અવળ ચંદા સૌ જનરે; જતા જુમના ત્રટે દિશાયરે; તપ કરતા હતા રૂશી ત્યાંયરે ॥૫॥ તે રૂશીને પાખંડી ધારેરે; નીત્ય કાંકરા લૈ લૈને મારેરે તવ રૂષીને પ્રગટયો તાપરે, દીધો એકવીશે જણને શ્રાપરે ॥૬॥ અલ્યા રાજ્યવંશીના સુતરે, રેહેજો તમે ઘેર થઇને ભુતરે;તવ એકવીસ પુત્રો રડીયારે, જઇ રૂષીને નમી પડીયારે ॥૭॥ ત્યારે રૂપીની થઇ શુભ મતીરે, જાવો વાયુ સુતે થાશે ગતીરે; પછી તે સહુ પ્રેતજ થયારે, આપણી જુની હવેલીમાં રહયારે ॥૮॥ તેમાં રાખો પાન્ડવને થૈ ખુશીરે ભુત લેશે આજને આજ ચુશીરે; બોલ્યો દુરીયોધન ધન્ય તાતરે, ભલી બતાવી ખુંચની વાતરે ॥૯॥ ઉઠયો પાપી શેવક લઇ સંગરે, વાળી ઝુડાવી કર્યો રંગરે; દીવાબત્તીની કરી શોઇરે, જોઇને મનડું જાયમોહીરે ॥૧૦॥ મુકયા ગોદડા ઓશીકા તળાઇરે, ભરાયાં જળ માટલાં માહીરે રૂડું કરાવીને ઘેર ગયોરે, જઇ કુન્તાને ભેગો થયોરે ॥૧૧॥ માતા તમોને અતડું લાગેરે, આજને આજ શરમ ન ભાગેરે; તમારે માત પુત્રને વાતરે, કરવી હોય છાની કે પ્રખ્યાતરે ॥૧૨॥ તેથી અકળામણ આવેરે, એકાન્ત વિના નવ ફાવેરે, માટે કષ્ટી તમારી કાપુરે, ચાલોમેહેઉઘેડી આપુરે ॥૧૩॥ તવ કુન્તા કહે એમ સારૂરે, ગભરાય છે મન અમારૂરે; કહે દુષ્ટ ચાલો તેડી જાવુંરે, તમ લાયક ધામ બતાવુંરે ॥૧૪॥ એમ કહી તેડી ચાલ્યો સંગરે, પાંચભાઇને થયોઉમંગરે;ચાલ્યાંમાતભ્રતં રૂડી પેરરે, આવ્યા ઉલટે જુને ઘેરરે ॥૧૫॥ ઝાકઝમાળ દીઠું ધામરે, ગમ્યો પાંચે ભ્રાતોને મુકામરે;દુરીયોધન કહે કાશી કેમરે, કહે કુન્તાથયો બહુ પ્રેમરે ॥૧૬॥ જાવો ભાઇ અમે આંહી રહીશુંરે મળ્યું ઘર ગમતું સુખી થઇશુંરે; તવ ગયો દુરીયોધન ઘેરરે, બેઠાં માત ભ્રાત આનંદભેરરે ॥૧૭॥ કુન્તા કહે સુણો શબ્દ મ્હારોરે, દીસેદુષ્ટ દુર્યોધન સારોરે; કેવું

ધરનું તો કષ્ટ કાપ્યુંરે, ભીમ કહે મારા હાથને આપ્યુંરે ॥૧૮॥ કુન્તા કહે તું તો અવજશીયોરે જ્યાંત્યાલઢયાવઢયાનો રશીયોરે; ચાલોહવે તો કરીએ સાધનરે, તવ ભીમ વદ્યો વચનરે ॥૧૯॥ માતા ચજાણ્યુ સ્થળ હોય જ્યાયરે,પેહેલા ચેતતા રેહેવું ત્યાયરે; આજનો દીન ચરચા જુઓરે આપણ સરવે છુટા છુટા સુઓરે ॥૨૦॥માત તમે સુઓ પરસાળરે, સુએ ધરમ બીજે માળરે,ત્રીજે અરજુન ચોથે શેદેવરે, પાંચમે સુએ નીકુળ એવરે ॥૨૧॥અમે ગમેત્યાં સુઇરહીશુંરે. કાલે તમારી હાયે હાકહીશુંરેબોલ્યાં કુન્તા પુત્રના પ્રેમીરે,બેટા જનમ તુ રહયો વેમીરે ॥૨૨॥ તવ બોલ્યા ધરમ માહારાજરે, માતા એનું કહ્યું કરો આજરે, કહી ધર્મ ગયા પહેલે માળરે,તવ માતા સુતા પરસાળરે॥૨૩॥ અરજુન ત્રીજે માળ ગયોરે, સેદેવ ચોથે સુઇ રહયોરે; ગયો પાંચમે માળ નીકુળરે, ભીમ ચેતીને રહયો મુળરે ॥૨૪॥ દ્વારદેઈ ગયો છેલ્લે માળરે, બેઠો જૈ ધાબામા વાયુ બાળરે; ॥વળણ॥ વાયુસુત બીરાજીઓ, જઇ ધાબાનીમાંય; વ્યાસ વલ્લભ એમ ઓચરે, ભીમ વીચારે ત્યાંય ॥

કડવું ૩૫ રાગ રેકતાનો ઢાળ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય ॥ ૧ ॥ વરકોદર બેઠો ધાબામા જાણ્યું હરી ધ્યાન ધરવું; કાલે દહાડે ઉંઘવું પણ આજે તો જાગ્રણ કરવું ॥૨॥ એમ ધારીને જાગ્રત બેઠો, વાયુ તણો કુમાર; એવે મધ્ય રાત્રા ગઈ કે પ્રેત નીકળ્યાં બ્હાર ॥૩॥ પાચમે માળે ટોળું નીકળ્યું શામ વરણ ગોળ ચક્ષ; કેશ પીળા ચરણ અવળા, નજરે દીઠું ભક્ષ ॥૪॥ તવ તે પ્રેતો રાજી થઇને, નીકુળ પાસે ફરતા;નીકુળજી છે ભર નીંદ્રામાં ખાઉં ખાઉં શબ્દજ કરતાં ॥૫॥લક્ષજ ચોટયું ભક્ષ જોઇને, બકવાકરે મસ્તાન; અગાશીમાં ભીમ બેઠેલો તેણે તો સાભળ્યું કાન ॥૬॥ એટલે તો વીચારમા પડીયો, કોણ બોલે મેહેલ માંય, સર્વને ખાવું તેવો હું બેઠોને, ખાઉંખાઉં તે શું થાય ॥૭॥ એમ જાણી છાનોમાનો, ભીમજ ઉભો થયો; પાંચમા માળની નીસરણીમાં આવીને જોઇ રહયો ॥૮॥ ટગ ટગ દ્રષ્ટીએ જોવા લાગ્યો, કુન્તા કેરો સુત જાણ્યું કે નીકુળને નડશે છે પ્રેત જાતી ભુત ॥૯॥ એમ વીચારી ભીમ બોલ્યો, મુજ સામાં માંડો ચક્ષ; હું છું જાડો જાઇએ તેવો, આવો કરો મારૂં ભક્ષ ॥૧૦॥ એ સુક-

લામાં શું તમે ખાશો, મને મારવા ઇચ્છાય;તવ ભુત કહે આવ્ય હેઠો, ભીમ કહે ધાબામાંય ॥૧૧॥ ચાલો અગાશીમા ઠાક ફાવશે, ન માનશો તમે ભુત; ભીમને કહયે ભોળવાઇ ગયા, ઉપર ચાલ્યા ભુત ॥૨॥ ભીમ તેડીને ગયો ધાબામાં, પછી વદયો વચન, હુ મારી માને ગમતો નથી માટે, મરવાનું મને મન ॥૧૩॥ પણ મારી કાયા કઠણ છે તે, શુઇ રહુ હું ઉંધો;ખાતા ફાવે તેથી નરમ કરવા, મુજપર ચઢીને કુદો ॥૧૪॥ ભુત કહે આ ભલો માણસ છે, એવે શુતો ભીમસાર;ઉપર ચઢી કુદવા લાગ્યાં, ભુતાવળ તે વાર ॥૧૫॥હાથ ચરણ અંગને ગદડે, યુકતીથી આડા આંક; ભીમે જાણ્યું યુદ્ધ કરયું તે ઉતરે છે થાક ॥૧૬॥ શરીરને સુખ સારૂ થયું તવ, ભીમ કહે નીચે આવો;હવે કાયા નરમ થઈ છે, સનમુખ બેસીને ખાવો ॥૧૭॥ ભુત ભોળીયાં ભોળવ્યાં ભીમે, તરત ઉતર્યા હેઠા, ઉઠીને ભીમ બેઠો થયો તેના સનમુખ સરવે બેઠાં ॥૧૮॥ પછી ભીમ કહે ભક્ષ કરો, પ્રથમ ચુસો હાથ; ભુતાવળ ગયા વળગવા તવ ભીમે ભીંડાવી બાથ ॥૧૯॥ વાયુ સુતથી મુકત થવાનાં, એવી છે રૂશી વાણ; વકોદરે જ્યા દબાવ્યાં કે, નીકળી ગયા પ્રાણ ॥૨૦॥ થઇ ચોખા રહી ગયા ખોખા, ભીમે ટાળી બધી વ્યાધિ; દોરડું લાવી ભુતાવળની, ચોટલીઓ બધી બાંધી ॥૨૧॥ ઓળ બંધ બંધન કરીને, ટીંખળ જેવું કીધું; સૌ દેખે એમ અગાશી આગળ તોરણ ટાંકી દીધું ॥૨૨॥ પછી નીરભયભોમી ભાશી, નીરવરતી વંત હુ તો; છેક નીચે કુન્તાજી પાસે પરસાળમા જઇ સુતો ॥૨૩॥ એટલે પાછલી પોહોર રાત્રીએ, ઉઠયો દુર્યોધન; ભાઇ ભોજાઇઓને ઉઠાડયાં,બોલીયો મુખ વચન ॥૨૪॥ રસોઈ કરી જમી પરવારો;હમણાં દીવસ ચડશે; પાન્ડવ ભુતથી મુઆ હશે ત્યારડવું કુટવું પડશે ॥૨૫॥એટલે સર્વેકીધી સતાપી પાપી કહે તૈયારથઇએ;ચાલો મામાઘોડે બેસીને,ચરચા જોવા જઇએ ॥૨૬॥એવે રસોઈ તૈયાર થઇ ત્યા,ભોજન લીધા કરી;પછી અસ્વે બેસીને ચાલ્યા ચાલ્યા જોવા ચીત ધરી ॥૨૭॥ મોહો મ્હો સુજે તેવી વેળાચાલ્યા પાન્ડવને ધામ;મેહેલ આગળ આટામારે ઉચું જોયું તે ઠામ ॥૨૮॥ તોરણ જેવું જરા દેખાયું,તવ બોલ્યો અંધસુત; જુઓ મામા પેલાં લટકે, મુને ભાસે છે ભુત ॥૨૯॥ નીશ્ચે પાંન્ડવે મારી નાંખ્યા,મામો કહે ભાઇ ભલે; કોઇક દહાડા ભુતા જાના, જેવીજ આપણી વહલે ॥૩૦॥ મનમાં સમજીને વળ્યા પાછા, એવામાં વહાણું વાય; આવતા જતાલોકેએ દીઠું, જોવા ભરાયું ત્યાય ॥૩૧॥ જુઓરેભાઇ ભુતડાં મુઆં ઠક કાણુ પાડયું.

તે આખા ગામનું પાપ હતું, કુન્તી સુતોએ કાહાડયું. ॥૩૨॥ એવામાં ઉઠયા ચાર ભાઈ, ઉઠયા કુન્તામાત, લોકને દેખીનેબ્હાર આવ્યાં જોવા લાગ્યા સહુ સાથ. ॥૩૩॥ દીઠાં ભુતાવળને ભય ભાસ્યો, છે ઘરમાં ભીમ સુત;કુન્તાજીએ જૈને ઉઠાડયો, હો દીકરા અહીં ભુત. ॥૩૪॥ આ ખ્યો ચોળતો ભીમ ઉઠયો,બ્હાર આવ્યો થઈ ઠીક;ઉંચું જોઇને બોલીયો મા, મુને લાગે છે બીક. ॥૩૫॥ તવ કુન્તાજી કહે કેમ કરશું, આપણને ભય વ્યાપ્યો; ભીમ કહે તમારે ભત્રીજે, મેહેલ ભલેરો આપ્યો. ॥૩૬॥ દુષ્ટ જને તો દગોજ કરવા, દીધું આ ભોવન; મરણ પામતનીકુળભાઇ કરત ભુત વીધન. ॥૩૭॥ પણ મેં તો કરી ભૈબંધી ભુતની, પોહોચાડયા વીષ્ણુને સરણ; એમ કહીને તોરણ તોડી, ફેંકી દીધું ધરણ. ॥૩૭॥ નીરવરતીથી રહ્યા પાન્ડવ, શું કરે દુરીયોધન;લોકની લાજેપાન્ડવ કાજે મોકલે વસ્ત્રને અન. ॥૩૮॥ ખાય પીએને ફરતા ફરે, પાન્ડુરાયના તન; ભીમ ભમે નીત્ય અખાડામાં, એમ કાઢે છે દન. ॥૩૯॥ એવામાં એક દીવશ આવ્યા, પાન્ડવ ઘેર વીદુર, કુન્તા કહે દીયરજી પધારો,આજેતો હરખ્યું ઉર ॥૪૦॥ એમ કહીને આસન આપી, બેસાડયા ભોવન; અરે રે દીયર દુખીયાં અમે, કહી ભર્યાં લોચન. ॥૪૧॥ તમારા બંધુ મરણ પામ્યા, મુકીને નાના બાળ; એટલે અમે ઓશીઆળાં, કોણજ લે સંભાળ. ॥૪૨॥ ન બાપા છે છોકરાં તે, તમારે લેવો તપાસ; છો તમે એમના તાત ઠેકાણે, કરો દીયરજી કયાસ ॥૪૩॥ રમતાં ફરે ને ભમતાં ફરે, નહી વિદ્યા અભ્યાસ; કોણ આપે કેળવણીને, કોણ રાખે ત્રાસ.॥૪૪॥ તે વીના નવ પડે ઠેકાણું, વીચારો દલ સાથ; તમ બંધુ રળી રાજ્ય લાવ્યા, તે પડયું દુષ્ટને હાથ. ॥૪૫॥ પોતાના પીતાનું સંભાળે તેવા, સુત કરો તૈયાર; વીદુર કહે લક્ષણ જોવું, તે પછી સૌ વિચાર. ॥૪૬॥ વળણ જોવું પરીક્ષા સુતની, તે પછી વિચાર; વલ્લભ વદે બોલાવી આ, કુન્તાએ કુવાર.॥

કડવું ૩૬ રાગ બીલારની છાંયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારિ તુજને સંભળાવું, આદ્ય પરવ મહિમાય.॥૧॥ પાંચેપાન્ડવ આવીયાને,કાકાનેપડયા પાય; વિદુર કહે કેમજ કરશો,દીકરા ધરમ રાયા॥૨॥તમારેમાથેતાત નથીને, નથી પૈસો કે પુંજી; ખાઇ પીને ફરતા ફરોછો, એવિ શું અક્કલ

સુજી ॥૩॥ ધરમ કહે સાંભળો કાકા, શું કરવા ધન માલ, પેટમાંથી કું-
હાડી પુન્ય કરીશું; જેથી રીઝે નંદલાલ ॥૪॥ અન્ન વસ્ત્ર સહુને આપેછે
વિશ્વંભર દીનોનાથ; રાજ્યપાટને પૈસો પુંજી, કોણ લેઇ ગયું સાથ ॥૫॥
માટે શું ધનને કરવું છે, ખાઇપી બેશી રહીશું, દુરીયોધન બધુંમોકલે
છે, ગોવિંદના ગુણ ગઇશું. ॥૬॥ નીરવરતી વંત વીદુરે જાણ્યો, પુછયું
શેદેવને એમ; કહો દીકરા દાહાડા તમારા, કાહાડશો કરીને કેમ ॥૭॥
શેદેવ કહે સાંભળો કાકા, સુખમા દીવસ જાશે; ચીતમાં જરાએ ચીંતા
નથી, ધણી છે આપણી પાસે. ॥૮॥ વીદુરે જાણ્યું વીઠલ સાથે, સાચી
ગોઠડી એની, માટે બોલે નીરવતીનું, સોશના એને શેની. ॥૯॥ પછી
પુછયું નીકુળજીને,તમારી શું ગત થાશે;નીકુળ કહે અન મોકલે છે, તે
તો નીત્ય ખવાસે ॥૧૦॥ પણ વસ્ત્રો મોકલે ઉતરેલાં, દુરીયોધન દુરમતી;
સારા પોશાગ પેહેરવાના, મુજને ગળતા નથી. ॥૧૧॥ વિદુરે જાણ્યું વ-
ણાગીયો છે, પછી બોલાવ્યો ભેમ; દીકરા તમે રાજ્ય વિનાના, દીવસ
કાઢશો કેમ. ॥૧૨॥ ભીમ કહે છે કાકા મ્હારા, ખાઇ પી ફરતા ફરીએ;
બાગ બગીચાની હવા ખાઈ, અખાડે કુસ્તી કરાએ, ॥૧૩॥ માત ભ્રા-
તને ઇચ્છા થશે, રાજ્ય લેવાનીજ્યારે; દુરીયોધનનું ડોકું ઝાલી, રાજ્ય
લેઈ લઉં ત્યારે ॥૧૪॥ વીદુરે જાણ્યું છે મસ્તાનો રહે છે કુશળ ખેમ;
અરજુનજીને પુછયું બેટા, તમે કરશો કેમ, ॥૧૫॥ તવ અરજુનને આં-
સુ આવ્યાં,તમે અમારા હીત; જુઓ મારા ચારે ભાઇની તમોએ જાણી
રીત. ॥૧૬॥ એમને કોઇને ચીંતા નથી, દીવસ તે કેમ જાશે; કાકા કાં-
ઇક નાંખો ઠેકાણે જય તમારી થાશે. ॥૧૭॥ વિદુરે જાણ્યું આ છોકરૂં
છે ઘણું ચીંતાતુર; એમ જાણી અરજુન પ્રત્યે, બોલ્યા ભક્ત વિદુર
॥૧૮॥ આજથી બેટા આવજે તું, રાજ્ય સભાની માંય; માન્ય દેઇને હું
બોલાવીશ, સોંપણ કરીશ ત્યાંય. ॥૧૯॥ રાજના કાજની અક્કલ આવે,
શીખી લેજે ચતુરાઇ અરજુન કહે વારૂ કાકા, આવીસ સભા મહી.
॥૨૦॥ પછી વીદુર ઘેર ગયા, જમી ચાલ્યા સભામાંય; જઇ બીરાજ્યા
એવામાં અરજુન, જમીને ગયો ત્યાંય. ॥૨૧॥ વીદુરજીએ પોકાર કીધો,
આવો અરજુન તન; દેખીને ત્યાં દગ્ધ થયો, દુષ્ટ દુરીયોદન ॥૨૨॥ એવે
વીદુર બોલીયા તું, સુણ દુરીયોધન રાય; રાજ્ય કાજ કાંઇ સોંપો આને,
પુરો પ્રવીણ એ થાય. ॥૨૪॥ દુરીયોધન કહે કેમ મામા, શીખી જશે
રાજ રીત; મામો કહે એમ શું શીખે છે, ન રાખો વીપરીત ॥૨૪॥ દુ-
રીયોધન કહે કરણ વિરા, તમારી પાસે રાખો; રાજકાજનું હોય લખવા

નું, તેવા કામમાં નાંખો ॥૨૫॥ તવ કરણે બોલાવ્યો પાશે, સોંપણ કીધું કામ; દુરીયોધન કહે મામાએનું, અરજુનજી છે નામ ॥૨૬॥ તેવું મ્હોટું નામ દેઇને, બોલાવતાં લાજી મરીએ, એની માયે કહ્યું મંત્રથી થયા, મંત્ર પુત્ર નામ ધરીએ ॥ ૨૭ ॥ મામો કેહેકે વ્યાજબી છે, મંત્ર પુત્ર કહો નામ; સકળ સભાને નામ બતાવ્યું, કુડીલાનું કુડું કામ ॥૨૮॥ પછી મંત્ર પુત્ર કહે સૌ, અરજુનને દલ દુખ, પણ પરાઈ વિદ્યા લેવા, રાખેછે હસ્તુમુખ ॥૨૯॥ બોલાવતામાં ઝડપ ઉઠે, ઝડપથી કરે કામ; સાંજે શીખીને ઘેર જાયે, લખી લેછે તમામ ॥ ૩૦ ॥ રાત્રીએ દીવસે અભ્યાસ કરે ભણવા-નિર્ચીંતાય; વળી મેહેણું સાંભળે તે મનમાં ઘણો મુઝાય. ॥ ૩૧ ॥ ઘેર કોઇને કેહેતો નથી, મનમાં બળાપો થાય; દીવસે દીવસે જાય સુકાતો બે પાસની ચીંતા ॥૩૧॥ એમ ઘણા દન વિતી ગયા, અરજુનની ગળી જાત; એવામાં એક દીવસ જોડે, જમવા બેઠા સહુ ભ્રાત ॥ ૩૨ ॥ પીરસે માતા બંધુઓ ખાતા ભીમ તણું મન મ્હોયુ; સેજ સ્વભાવે વરકોદરે, શરીરો સામુ જોયું ॥ ૩૩ ॥ ધરમ શેદેવ નીકુળજીને; દીઠા જેવા હતા તેવા; પોતાનું શરીર જોઈ વિચાર્યું, છીએ એવાને એવા ॥ ૩૪ ॥ એકલો અરજુન સુકાયો દીઠો, ભીમે કર્યો વીચાર; કોહો ના કોહો પણ અરજુનજીને, છે દલ દુખ અપાર ॥ ૩૫ ॥ મનમાં સમજ્યો કાંઈ ન બોલ્યો, એવે જમી રહ્યા સર્વ; ઓરડામાં માને ભીમે બોલાવ્યાં, પાય પડયો મુકી ગર્વ ॥ ૩૬ ॥ ઓ મારી માતા સુખની દાતા, સૌ અમે કુશળ ખેમ, શું અરજુન અળખામણો છે, સુકાઈ ગયો કેમ ॥ ૩૭ ॥ કુન્તાજી કહે તમે ન ફરા, એતો ભણેછે વીદ્યાય; રાત્રીનેદીવસ જંપતો નથી, તે દુખથી સુકાય. ॥૩૮॥ ભીમ કહેછે આટલો બધો, તેથી સુકાય કેમ; જનેતા એને છે દુખ ઉંડુ. મને પડયો છે વ્હેમ .॥૩૯॥ કુન્તા કહે શું જાણીએ આ પણ, કહ્યા વીના એનુ દુખ; ભી કહે અમને બ્હાર કાઢી, વાત લ્યો એને મુખ. ॥૪૦॥ અમારા ચારેના દેખતાંએ; નહી કહે વાત તમને; ભીસ્મપીતા બોલાવે છે કહી, બાગમાં મોકલો અમને. ॥૪૧॥ અમે જઈએ એટલે તમે, પુછી જો જો માત; પછી હું ઘેર આવું ત્યારે; મુજને કહેજો વાત. ॥ ૪૨ ॥ કુન્તાજી કહે વારૂ બેટા, સમજી નીકળ્યાં બ્હાર, પછી માતા બોલીયાં તમે, સાંભળો કુંવર ચાર ॥૪૩॥ અરજુન વીના ચારે નંદન, મ્હોટા બાગમાં જાવો; ભીસ્મ પીતાએ તેડાવ્યા છે, માટે જઇ મળી આવો. ॥૪૪॥ એટલે ઉઠયા ચારે બંધુ, જાવાને નીકળ્યા બાહાર; એવા

માં અરજુન સભામાં જાવા; થઈ ગયો તૈયાર ॥૪૫॥ કુન્તાજી કહે અરજુન બેઠા, છે હજુ જવાની વાર; ટાઢી મીઠી વાત કરીએ, સુખ દુખની સગાર. ॥ ૪૬ ॥ ॥વળણ॥ એમ કહી બેસાડીયો, દીધાં ઘરનાં દ્વાર, વળણ વદે પંથે જતાં; ભીમે કર્યો વીચાર.

કડવું ૩૭ રાગ અહો રાયજીનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય, અહો રાયજી સુણીએ. ॥ ૧ ॥ ભીમે વીચાર્યું અરજુનજીને, પુછી લેશે મુજ માત; પણ અરજુન શોગન દેશે તો, નહી કહે મુજને વાત. અહો. ॥૨॥ તો મ્હારી મેહેનત કરેલી જાશે ધાર્યું વાયુ સંતાન; તે માટે હું પાછો વળુને, સાંભળું કાનો કાન. અહો. ॥ ૩ ॥ એવું જાણી ભીમ બોલ્યો, ધરમ ભાઈ હું જાવું; તમે ચાલ્યા જાવો રૂમાલ મારો, ઘેર ભુલ્યો લઇ આવું, આ ॥૪॥ એમ કહીને પાછોજ વળીયો બળીયો અપરમ પાર; ભોવન આવી જોવાને લાગ્યો, દીઠાં દીધેલાં દ્વાર, આ ॥૫॥ તવ ભીમ ગભરાયો કેમ કરીશું, ફેરો ફોગટનો પડીઓ; માળીની બારી દીઠી ઉઘાડી, છલંગ મારીને ચડીયો. આ ॥૬॥ કોઇ ન જાણે તેવીજ રીતે, ભોવન વીશે પેઠો; ચોકના દાદરમાં કરી ડોકું, સાંભળવા ભીમ બેઠો, આ ॥૭॥ તે ચોકમાં અરજુનને કુન્તા, બીરાજ્યાં સાક્ષાત; અરજુન કહે શુ કોહો છો માતા, શી પુછવીછે વાત. આ ॥૮॥ તવ માતા કહે દીકરા મ્હારા, મને પડયો છે વ્હેમ, શરીર સામુ નથી જોવાતું, સુકાતો જાયછે કેમ, આ ॥૯॥ અરજુન કેહે માવડી મ્હારી, ભણવાની ચીંતાય; મહેનત્ત પંડે રાતને દહાડો, તેણેશરીર સુકાય, આ ॥૧૦॥ તવ કુન્તા કહે દીકરા મારા, આવડો નવ સુકાયે; તુજ દલમાં કાંઇદુઃખછે મ્હોટું, એવું મુને જણાય. આ ॥૧૧॥ અરજુન કહે નથી માતા. કુન્તાં વદ્યાં મુખ વાણ; સાચુ મુજને કહે નહી તો, પરમેશ્વરની આણ, આ ॥૧૨॥ અરજુન કહે સોગન દીધા, વણ વીચારે માત; દુખ મારૂ તમને કહું પણ તમે, કહી દો ભીમને વાત. આ ॥૧૩॥ એટલે કુન્તાજી એમ બોલ્યાં, ડાહ્યા દીકરા મારા; એ ગાંડીઆને વાત કરૂતો, મુજને સોગન તારા, આ ॥૧૪॥ તે વાત ભીમે સાંભળી કાને, વીચાર મનનાં લાગ્યો; સોગન ખાઇને માતાજી બેઠાં, બહુ થયું હું આગ્યો. આ ॥૧૫॥ એવે અરજુન માતાની પ્રત્યે, રડીને બોલ્યો મુખ, રાજ્ય સભામાં કટુ વચનનું, મુજને દારૂણ દુખ. આ ॥૧૬॥ જયારે સભામાં જાવું છું ત્યારે, કૌ-

રવો મ્હેણું દેછે; અરજુનજી કોઇ કહેતુ નથીને; મંત્ર પુત્ર સહુ કહે છે. આ ॥૧૭॥ તે દુખે હું દુબળો પડયો, ઓરે મારી માત; કુન્તાજી કહે છાનો રહે તું, સાંભળ કહુ એક વાત. આ ॥૧૮॥ દુરીયોધનતને એવું કહેતો, તું પણ મેહેણું દેજે; દુર્યોધન કહી બોલાવીશ નહી, આખલાનો સુત કહે જે. આ ॥૧૯॥ એની માતા ગાન્ધારીનો, દીવસ વાંકો થયો; નાહાની હતી ત્યારે મહાદેવજીનો નંદીગો પરણી ગયો આ ॥૨૦॥ અરજુનજી કહે મ્હેણું દેવામાંન ચાલે મ્હારી હાંમ, ભીમમેડેથીબોલી ઉઠયો, "એતો મ્હારૂંજ કામ આ ॥૨૧॥એમકહીને ચોકમાં આવ્યો, કહીશ કરમની કરણી; દુર્યોધનને કે તારી મા આખલાને પરણી. આ ॥૨૨॥ તવત્યા અરજુન લાગ્યો ધુજવા, હવે ગતીશી થાશે: ભીમજ મ્હેણું દેશેકે, ભણવાનું મારૂં જાશે આ ॥૨૩॥ એટલે કુન્તાએ કલેશ માંડયો, શાનુઆવ્યો કયાંથી ભીમ કહે ઓ માતા મારી. આવ્યો હું બારીમાંથી, આ ॥૨૫॥ કુન્તા કહે તને જીવ આપુ, થનાર હોય તે થાય; ભીમે વીચાર્યું કંકાશ થાશે, તરત લાગ્યો પાય આ ॥૨૫॥ ભીમ કહેછે ક્ષમા કરો મા, નહી કરૂં દુરમતી દુષ્ટની સભામા આગ મુકવા, મારે તો જાવું નથી. આ ॥ ૨૬ ॥ તવ કુન્તા કહે અરજુન બેટા, રોકી રાણું છું ગેર, સભામાં એને નહીં આવવા દેઉ, મરૂ કે મારૂ ઠેર, આ ॥ ૨૭ ॥ ઉઠો સભામાં સીધારો, અરજુન તતબર થાય; મારગ જાતા ભીમના ભયથી, પાછું જોતો જાય. આ ॥૨૮॥ એ રીતે એ ગયો સભામાં, ભીમે કર્યો વિચાર; હમણા ઢાઢું પડવા દેવું, દીવસ બે ત્રણ ચાર. આ ॥૨૯॥ એમ ધારી ચાર દીવશ કાઢયા, પછી પાંચમે દન; અરજુન સભામાં જાવા નીકળીયો, તવચાલ્યો વાયુ તન આ ॥૩૦॥ વસ્ત્ર પેહેરીનેછાનો ચાલ્યો, પણ અરજુનનોનીમ; પાછું વાળીને નીત્ય જુવે તે, જોતામાં દીઠો ભીમ આ ॥ ૩૧ ॥ એટલે અરજુન ઉભો રહયો ત્યાં. મારગ વચે અડીયો; એટલે ભીમસેન જાણી જોઇને, બીજે મારગે પડીયો. આ ॥ ૩૨ ॥ એટલે અરજુનને ભ્રાન્ત ભાગી, પોતાને પંથે પળીયો: બે રસ્તા થાય આગળ ભેગા, ત્યાં પાછો ભીમ મળીયો. આ ॥ ૩૩ ॥ અરજુનજી કહે વીરા મ્હારા. શી ધારી છે પેર; જો તમે સભામાં આવતા હો તો, હું જાવું પાછો ઘેર. આ ॥ ૩૪ ॥ ભીમ કહે કોણ આવે સભામાં, કહી બજારમાં પેઠો. એક તંબોળીની દુકાન ઉપર, મુખવાસ ખાવા બેઠો આ ॥ ૩૪ ॥ તવ તંબોળી થર થર ધ્રુજ્યો, કેમ પધાર્યા હાંય; ભીમ કહે દે તંબોળ મને, ડરીશ નહી મનમાંય. આ ॥ ૩૬ ॥ એમ કહીને મુખવાસ લીધો, ત-

રત ઉભો થયો; અરજુનનો પંથ રહેવા દઇને, અવર પંથે ગયો. આ
॥ ૩૭ ॥ બીજે મારગ સભાની પુઠે; આવ્યો વાયુનો તન, મજબુત કી-
લ્લો રાજ્ય સભાનો, ભીમે વીચાર્યુ મન.આ ॥ ૩૮ ॥ કાને ન સાંભળું
નેત્ર ન દેખું, ફેરો ફોકટ પડીયો; પછી પાછી યુક્તા વીચારી, કીલ્લાને
કાંગરે ચડીયો. આ ॥૩૯॥ કોટની કીનારી ઉપર બાજ્યો, રૂડો મચાવ્યો
રંગ; કોટપર મુઠી મુઠીપર ડાચું, રાખ્યું લબડતું અંગ. આ ॥૪૦॥ એ
વી રીતે રહ્યો સભાની પુઠે દ્રષ્ટીએ સર્વ દેખાય, એવે અર્જુનઆવ્યો.
સભામાં, ભય ભર્યો મન માંય. આ ॥૪૧॥ એટલામાં દુરીયોધને દીઠો
ક્રોધ ઘણો ઉપજાવ્યો; ગર્જના કરી કહ્યું કેમ મોડો, મંત્ર પુત્ર તું આવ્યો.
આ ॥૪૨॥ એ વેણ વ્રકોદરે સાંભળીયું, ઘણોક ક્રોધે ભરાયો; કોઇ ન
જાણે એ રીતે પાછો સભા પુઠે ઉતરીયો. આ ॥૪૩॥ નીચે ઉતરી અ-
ળગો ચાલ્યો, મેઘનાદે ગડ ગડીયો; દોટ મુકીને કોટ કુદીને, રાજ્ય સ-
ભામાં પડીયો. આ ॥૪૪॥ એવામાં લાંબો હાથ કરીને, ઝાલ્યો રાજા
કરણ; શકુની ગયો નાસવા તવ, ભીમે ઝાલ્યો ચરણ. આ ॥૪૫॥ ત્રા-
જો ઝાલ્યો દુશ્યાશનને, ચોથો દુરીયોધન; ચારેને નીચે નાંખીને ઉપર
બેઠો વાયુનો તંન. આ ॥૪૬॥ બોજ બહુ બળીઆનો આવ્યો, ત્રાહ્ય
ત્રાહ્ય પોકારે; રીસ ભરેલો દંત પીસીને, ગડદા કોહોણી મારે.આ ॥૪૭॥
બહુ માર માર્યો ચારે જણાને નેત્રોમાં વહે નીર; પેટ પાસામાં પ્રહાર પ-
ડ્યો તે, નાકે વહ્યું રૂધીર આ ॥૪૮॥ કોણ વારી શકે વરકોદરને, જુએ
સભાનો સાથ; એટલે ઉઠયા વીદુર કાકા, જૈ ઝાલ્યા ભીમના હાથ. આ
॥૪૯॥ હાંહાં દીકરા આ શું કરે છે, ભીમ વદ્યો વચન; જુઓ કાકા મે-
હેણું દીધું, કેહેછે મંત્રના તંન, આ ॥૫૦॥ ભલે અમે તો મંત્રના પુ-
ત્રા, કહું એની વાત વરણી; એની માતા ગન્ધારી તે, આખલા સાથે પ
રણી, આ. ॥૫૧॥ જુઓ કાકા કહીને કેહેવરાવ્યું, ભાગું એનું ડાચું;
બોલ્યરે દુરીયોધન પાપી, છે જુઠ કે સાચું. આ ॥૫૨॥ દુરીયોધન કહે
મેં નથી જોયું; કાંને તે સાંભળી વાત, શકુની મામા જાણતા હશે, તેને
પુછો ભીમ ભ્રાત. આ ॥૫૩॥ ભીમ કહે છે કેમ શકુની, મારી નાંખુ
ઠેર; નહીતો સાચે સાચું કહેજે, તો જીવતો જૈશ ઘેર. આ ॥૫૪॥ શકુના
કહે શુ પુછોછો, જાણેછે આખી ધરણી; ગાન્ધારી બેન માહ્યરીને, આ-
ખલો ગયેલો પરણી. આ ॥૫૫॥ દુરીયોધન કહે સાચું છે ભાઇ, મુકી
દ્યો મા બાપ; મંત્ર પુત્ર હવે કહીયે તો, બ્રહ્મ હત્યાનું પાપ. આ ॥૫૬॥
એટલે ઉઠા ગયો ભીમ બળીયો, ગયો પોતાને ઘેર; ડાહ્યો થઇ ડોસીકને

બેઠો. કાંઇ કહી નહી પેર આ. ॥૫૭॥ ચારજણાને મારપડેલો, તેનાથી નવ્ય ઉઠાય; ડોળી કરીને મેહેલમાં લીધા, સુવાડયા મંચકમાંય. આ. ॥૫૭॥ વલણ॥ મંચકમાં ચારે પડયા, અરજુન ગયો ઘેર; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, કહી કુન્તાને પેર ॥

કડવું ૩૮ રાગ ચોપાઈ.

બોલ્યા વૈશમ પાયે વચન, સુણ પરીક્ષત રાયના તન; જાણી કુન્તાએ સભાની પેર, ભીમપર કરવા માંડયો કેહેર. ॥૧॥ કેમ ગયો તું સભામાં આજ, તને કહ્યા છતાં નથી લાજ;ભીમ કહે માજુઠી છેવાત, શીદ મીથ્યા માંડયો ઉતપાત ॥૨॥ સભાના દરવાજામાં ચરણ, મેં મુકયો હોય તો થાજો મરણ;કહેકુન્તા આ બોલેછે એમ,બેટાઅરજુનઆ વાત કેમ. ॥૩॥ કહે અરજુન સાંભળો સતી, દરવાજામાં પેઠો નથી; બાહારથી કોટ કુદીને પડીયો, પછી ચારે જણાને નડીયો. ॥૪॥ ભીમ કહે ખરી વાત માંડી, મારૂં સત્ય દેવું દેખાડી; સભાની પુંઠેથી હું જતો તો, તેવે સોરબકોર થતોતો ॥૫॥ મંત્ર પુત્ર કહેતા હતા સર્વ, તેથી થયો મને ઘણો ગર્વ; મેં જાણ્યું કે મને સૌ કહે છે, મંત્ર પુત્રતણું મ્હેણું દેછે. ॥૬॥ માટે પડયો સભામાં ધારી, આવ્યો ચાર જણાને મારી; તવ કુન્તાએ દીધી ગાળો, તને છે વઢવાનોજ ચાલો. ॥૭॥ તું ગયો એ પાસ શું કરવા,હવે તુજપરઆદર મરવા, ભીમકહે હવે ક્ષમા કરો, કદિનહી જાવું અરો પરો ॥૮॥ એમસમાવીઓ કંકાસ, ગયો અરજુન દુષ્ટોને વાસ; જ્યાં સુતા કાયલી થઇ ચાર, ત્યાં આવી કીધો નમસ્કાર ॥૯॥ બોલ્યો દુરીયોધન મુખ એમ, અમારે ઘેર તું આવ્યો કેમ; તારાભાઇએમાર્યો મુને, માટે ન પેસવા દઉં તુને. ॥૧૦॥ બોલ્યો અરજુન જોડીને હાથ, તમે સાંભળો માહારી વાત; અમને સહુને મારે માર, મરે તો સુખ થાય અપાર. ॥૧૧॥ હૈયામાંતો વ્હાલો છે અતી, પણ કહ્યાવણુચાલતું નથી, લેવી છે પરની વીદ્યાય, માટે કેહેવી પડે હાયે હાય. ॥૧૨॥ બોલ્યો શકુની ગરીબ આતો, ભીમતણો હશે માર ખાતો;આવવા દેવો એને તો નીત્ય, લાગી આપણી સંગાથે પ્રીત. ॥૧૩॥ દુર્યોધન કહે કરી બાધા, મંત્ર પુત્ર તણા સમ ખાધા; એને અરજુનજી કેમ કહીએ, બોલાવ્યા વિના શી રીતે રહીયે ॥૧૪॥ મામો કહે આવી કરે કામ, એનું ગરીબડો ધરો નામ, એમ કરીને આવતો કીધો, જાણેશેવક માની લીધો

॥૧૫॥ કરે ઓસડ વાસડ આવી, ધાલ્યો ચણું પાપીને રીજાવી, મટ્યુ દુષ્ટોને દુખ એક માસે, ચાલ્યા રમવાને મન ઉલ્લાસે. ॥૧૬॥ અશ્વે બેશી ગયા એ વન,થયો ત્રશાતુર રાજન, કયાં હશે જળનો ભાગ મીઠો, એવે કુપ ભરેલો દીઠો. ॥૧૭॥ ઘોડેથી ઉતર્યો હેત આણી, પાત્ર વીના શાને પીયે પાણી; બેઠો કુપમાં ઘાલીને પાય, પડી પગ મોજડીજળ માંય. ॥૧૮॥ લાગ્યો રડવા મોજડી માટે;અતીદ્રવ્ય તો પણ જીવ સાટે; એવે એ પંથ દ્રોણાચાર, જાતાં જોયા ત્યાં રાજકુંવાર. ॥૧૯॥ આવી પુછયું રડે છે લ્યા કેમ, બોલ્યો દુર્યોધન મુખ એમ; જળ માટે નથી બેઠો રડી, મારી મોજડી કુવામાં પડી ॥૨૦॥ દ્રોણે દર્ભ શળી એક લીધી મંત્રી કુપમાં ફેંકી દીધી;તવ જળ ઉભરાયું તે વાર,આવ્યું મોજડી સહીત બ્હાર. ॥૨૧॥ લીધી મોજડી જળ પીધું, આ માહારાજે સારૂ કામ કીધું; બોલ્યો છત્રપાત શિશ નામી, તમો છો વિખ્યાવંત સ્વામી ॥૨૨॥માટે ચાલો તમો અમ ઘેર,શીખવો બાણ વિખ્યાની પેર; મુજ ઘેર બધી રાજધાની, તેનો ભાગ લેજો એક આની. ॥૨૩॥ અમો સો ભાઈ, ઓ શીખનારા, થાશું વિદ્યારથી સૌ તમારા; દ્રોણ કહે ચાલોભલેભાઇ આવ્યા હસ્તિનાપુરમાંઇ. ॥૨૪॥ દીધો દ્રોણને એક મુકામ, ભાગ લખાવી વસ્યા તે ઠામ; ગોર કૌરવના કૃપાચાર, તેની ભગની હતીએસાર ॥૨૫॥ તેતો પરણાવી દ્રોણની સંગ, થયા ગ્રસ્થી ધરી ઉમંગ,એવે એક દિવસ શુભ જોઇ,ધાર્યું ભણવા કૌરવ સહુ કોઇ. ॥૨૬॥ સત બંધુને શટ કારભારી, બેઠા અશ્વે કરીને ત્યારી; ઉભારહી જુએ છે શુકન,એવેઆવ્યો ત્યાં ઇંદ્રનો તન. ॥૨૭॥ બોલ્યો અરજુન શીદ સીધારો, અશ્વ બેસી કયાં આપ પધારો;બોલ્યો દુરીયોધન દુરમતી,અમે જઇએ ત્યાં તુજ ખપ નથી. ॥૨૮॥ કેમ મામા એ સંગ લેવાય, આવી બાણ વીખ્યા શીખી જાય;મામો કહે શું શીખે લગાર,એને બેસાડશું ઘરબ્હાર ॥૨૯॥ અલ્યા ગરીબડા આવ્ય ચાલી, બેસજે ત્યાં મોજડીયો ઝાલી; અરજુને જાણ્યું ભણવાનું, કાક ફરે કરમનું પાનું ॥૩૦॥ એમ જાણી કહ્યું ભાઇ વારૂ, તમ સંગ પડયું પાનું મ્હારૂં, થયો આગળ કુન્તીનોતન, એવેશુભ મળ્યા શુકન. ॥૩૧॥ ગયા દ્રોણ ગુરૂને ધામ, કર્યો અરજુને બ્હાર મુકામ; બીજા અસ્વ થકી ઉતરીયા, ગુરૂના ઘરમાં પરવરાયા. ॥૩૨॥

॥વલણ॥ અશ્વ ઉપરથી ઉતરી,ચાલ્યા અંધ કુંવાર; વ્યાસ વલ્લભએમ ઓચરે, કુન્તી કુંવર બ્હાર ॥

કડવું ૩૯ રાગ સાખીની ચાલ.

વૈશમ પાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી મુજને સંભળાવું,આદ્ય પરવ મહીમાય;॥૧॥ અરજુન બેઠો એટલા ઉપર, પોહોળી પલાંઠી રાખી;દુરીયોધનને ધામમાં જાતાં,મોજડી ખોળામાં નાંખી ॥૨॥તે મોજડી ગ્રહીને રહ્યોબેસી,કુન્તાજીનો તન; ગયા સહુ દુષ્ટો મ.ળ ઉપર, ગુરૂ તેણે ભોવન॥૩॥ ગુરૂજી તવ આનંદ પામ્યા,બેસાડયા વિવેક;પેહેલે દહાડે મંત્ર આપ્યો, લખીને એકેક ॥૪॥ લ્યો આ મંત્રને મુખ પાઠ કરો,તે પછી ઉભા થાવો;પાટીમાં જોયા વીના;જીભ્યાગ્રે બોલી જાવો ॥૫॥ કૌરવ કહે વારૂ મ્હારાજા, મંત્ર ગોખે ચીત ધરી; પછી સરવ બોલીયા છે, મંત્ર લીધો મુખ કરી ॥૫॥ ગુરૂ કહે મુકો પાટી હેઠી, સરવ ઉભા થાવો; લખેલો મંત્ર જોયા વીના, મોઢેથી બોલી જાવો ॥૭॥ તવ ઉભા થઇ બોલવા લાગ્યા, વીદ્યા તણા શાહુકાર; જેમાં લખેલું તે માં મુકેલુ, ન નીકળ્યો ઉચાર ॥૮॥ એટલે ગુરૂ ક્રોધે ભરાયા, સાંભળી લ્યો સંતાન; ગાજીને ગુરૂ મંત્ર બોલ્યા, અરજુને સાંભળ્યો કાન ॥૯॥ કૌરવ કહે આવડયો મહારાજ, કાલે લઇશું જોર; એમ કહી શાહુકાર ઉડયા. અરજુન એકલો ચોર ॥૧૦॥ ઉતરીયો દુરીયોધન આગળ, પુડે રહ્યા સૌ આવી; અરજુને ઉઠી છત્રપતીને, મોજડીઓ પેહેરાવી ॥૧૧॥ પછી અધરમી અશ્વે બીરાજ્યા,ચાલોને તતબર થૈએ;ચાલ ગરીબડા આગળ તુંતો, બાગમા રમવા જૈએ ॥૧૨॥ અરજુન આગળ ચાલ્યો દોડતો મંત્ર ગોખતો જાય;કાકાના સુતને શેવક રીતે,દોડાવે નથી દયા ય ॥૧૩॥ જેના તાતનું રાજ્ય ભોગવે, તેનો નહી વીચાર; એ લક્ષણછે ભુડું થવાનું રૂડવાના કીરતા ॥૧૪॥ ઘોડા ખેલાવતા બાગમાં આવ્યા, રમતનો કર્યો ધંધ;ભીમ તણા ભય થકી કીધા, બે દરવાજા બંધ ॥૧૫॥ પછી કરણે પુશ્પ તણો ત્યાં, દડો બનાવ્યો એક; સાંભળજો સહુ રીતી રમતની, ઉછાળુંછું દડો છેક॥૧૬॥ તે ઝીલી લેજો હાથ આવેતો, પછી ગમે તેને મારો;જેને વાગે તે થાય ઘોડી, સ્વાર બને મારનારો॥૧૭॥ તે પછી બીજા બાકી રહ્યા તે,તમામ ટોળે થાય;ઘોડીની પીઠે થાપટોમારી સૌ વ્રક્ષે ચઢી જાય॥૧૮॥ સ્વાર થયેલો હોય તે પણ, ગમે ત્યાં નાસવું ધારે; ઘોડી થયેલો દડો પડેલો, લેઇને જ્હાય ત્યાં મારે ॥૧૯॥ ન મારે બે વ્રક્ષ ઉપર, આંબલી પીપળી જેહ; તે પર ચઢેલાને મારે, તો દાવન દે તેહ॥૨૦॥ બાકીનાને દડો મારે તેતો ઘોડી થાય;ઘોડી થએલો કરે સ-

વારી, એ રીતે રાખો ન્યાય ॥૨૧॥ દીવસમાં ત્રણ દાવ લેવા, ચોથો પડે જેને શીશ; તેને માથે રહેવા દેવો, લેવો બીજે દીશ ॥૨૨॥ એવી રીતે ઠરાવ કીધો,સંભળાવ્યો ચીત ચોખે; અરજુનજી હાએહા કરે,મંત્ર ગુરૂનો ગોખે ॥૨૩॥ પછી કરણે દડો ઉછાળ્યો, ઝીલ્યો દુરીયોધન; સૌ નાઠા પણ મંત્ર ગોખ્યામાં, રહી ગયો કુન્તી તન ॥ ૨૪ ॥ તેને દુષ્ટે દડો માર્યો, આવ્ય અક્ષ્યા કરજોડી; ગરાબડા તારે દાવ આવ્યો,થાને તું મ્હારી ઘોડી ॥૨૫॥ તવ કીક્ષાને હાથ દઇને, ઘોડી થયો સતી તન; એટલે ઉપર કરી સવારી, દુષ્ટ દુર્યોધન ॥ ૨૬ ॥ એટલે બીજા બાકી રહેલા, દ્વેશ બુદ્ધિ મન ધારી; અરજુનજીની પીઠ ઉપર, જોરમાં થાપટ મારી ॥૨૭॥ એકસોને પાંચ થાપટો વાગી, રૂધીર તસરો છુટી; મારીને સહુ વ્રક્ષે ચઢીયા, ગયો દુર્યોધન ઉઠી ॥ ૨૮ ॥ ઉતરી નાઠો તવ અરજુને પડેલો દડો લીધો; તાકીને દુર્યોધન ઉપર, દડો મારી દીધો ॥૨૯॥ એટલે સરવ વ્રક્ષથી આવ્યા, શકુની બોલ્યો એમ; છત્રપતીને દડો માર્યો, તે રાવ બકાય કેમ ॥૩૦॥ અરજુન કહે આ શું બોલો, કેવી રીતે ન્યાય માપુ; શકુની કહે થાવું છું ઘોડી, દાવ હું એનો આપુ ॥ ૩૧ ॥ એમ કહીને એ થયો ઘોડી, અરજુને કરી સ્વારી; એટલે એકસો પાંચ નાઠા,લગાર થાપટ મારી॥૩૨॥ પછી અરજુન ઉતરી નાઠો,દ્વેશ મામાએ ધાર્યો; કુન્તી સુતની પુઠે પડીને, એનેજ દડો માર્યો ॥ ૩૩ ॥ આવ્ય ગરીબડા થાતું ઘોડી, તવ થયો બીજીવાર, મનમાંને નનમાં મંત્ર ગોખે, થયો શકુની સ્વાર ॥૩૪॥ એટલે સરવે થાપટો મારી,નહી દયા લગાર; એ રીતે અરજુન પાસે, દાવ લીધો ત્રણ વાર॥ ૩૫ ॥ ચોથી વારનો દાવ આવ્યો અરજુનજીને માંથે; એટલે રમત બંધ કરીને, ઘેર ગયા સૌ સાથે ॥ ૩૬ ॥ બીજે દીવસે દ્રોણને ધામે, ભણવા ગયા સાર; અરજુન મોજડીનો ઉચકીને, બેઠો છે દ્વાર બહાર ॥ ૩૭ ॥ બે મંત્ર દીધા બીજે દહાડે, તે ગોખ્યા ઘણીવાર; ઉભા થઇને બોલવા ગયા. બાપ તણો બુધવાર, ॥ ૩૮ ॥ ગુરૂએ ગર્જના કીધી, અરજુન સાભળે કાન; તરત રૂદેમાં ચોટી ગયા,પ્રસન શ્રીભગવાન॥૩૯॥ કૌરવ કહે કાલેશીખી શું એમ કહી ઉતરીયા; અર્જુન પાસ લેવા, બાગ વીશે પરવરીયા ॥ ૪૦ ॥ અર્જુનને શીશ દાવ રહેલો, લીધો બીજે દન; એ રીતે નીત્ય રમેને ભણે; કુન્તી તણો જે તન ॥૪૧॥ મંત્ર શીખે તે ઘેર આવીને, લખી લેછે નીત નીત્ય;રમતાં રોજનો માર ખાતાં,રોગ થયો વીપરીત ॥૪૨॥ પીઠના ઉપર નારાં પડીયાં, રૂધીરને પરૂ જાય; પાટો બાંધી પેહે-

રે અંગરખું, ન જાણે બંધુ કે માય ॥૪૩॥ એવી રીતે દુઃખ વેઠીને, વીધા ભણ્યો ખટમાસ, જેવો જોઇએ તેવો એને,થઇ ગયો અભ્યાસ ॥૪૪॥ ઘેર કોઇ જાણે નહી માટે સ્નાન કરે નીત્ય છાનું;એવામાં એક દહાડો ન્હાવા બેઠો સૌને અજાણ્યું ॥૪૫॥ એવે વ્રકોદર ઓચીંતાનો, જઇ ચઢયો ચોક માય; અરજુનજીની પીઠ ઉપર, નારાં દીઠાં ત્યાય ॥ ૪૬ ॥ એટલે અરજુનને જણાવ્યા વણ,નીકળીગયો બ્હાર;એકાન્ત બેસી વાયુને સુતે,મન કર્યો વીચાર ॥ ૪૭ ॥ અરજુનને દુખ ઉપજ્યું છે, રૂધીરપરૂ ભરેલું; રોગ હોયતો વાત કરે પણ, છે ઉતપન કરેલું ॥૪૮॥ તેમાટે નથી કહેતો કોને,હું મ્હારો સંદેહ ખોવું;શું કરવાથી આ દુઃખ થયું, આજચ્ર્કીક્ષા જોવું ॥૪૯॥ એવું સમજી કાંઇ ન બોલ્યો, નર ઊઠયો કરી સ્નાન; વસ્ત્ર પેહેરીને વીદ્યા ભણવા, ચાલ્યો થઇ સાવધાન ॥ ૫૦ ॥ વલણ અરજુન ભણવા ચાલીયો, ભીમસેન પુઠે જાય; વલ્લ કહે કૌરવ તણી, કરણી કેવી થાય ॥

કડવું ૪૦ રાગ દુહાનો સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજયરાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય ॥૧॥ ચાલ્યો વ્રકોદર છાનોમાનો, વીચારી મનપેર; હું બીજે સ્થળ શાન ભટકું, જાવું દ્રોણને ઘેર ॥ ૨ ॥ એવું જાણી દ્રોણને ત્યાં; ગયો સતીનો સુત; સામું ઘર એક બ્રાહ્મણનું, ત્યાં, પેઠો ભમતો ભુત ॥ ૩ ॥ બ્રાહ્મણ થરથર ધ્રુજવા લાગ્યો, થઇ ગયો તદ રૂપ; ઘરમા બેચાર છોકરાં તે, થઇ ગયાં ચુપા ચુપ ॥ ૪ ॥ ભીમ કહે કોઇ ભય ન ધરશો,ન માંડશો બાળ રોવા; અરજુનગુરૂને ઘેર ભણેછે, આવ્યો તે ચરચા જોવા ॥૫॥ તવ બ્રાહ્મણ કહે ભલે પધાર્યા, બેસાડયો દૈ આસન; અરજુન કૌરવ ભેળા થૈ આવ્યા, દ્રોણ તણે ભોવન ॥ ૬ ॥ એટલે બેઠો સુત સતીનો, અશ્વથી દુષ્ટ ઉતરીયા; અરજુનને ખોળે મોજડી મુકી, ધામ વિષે સંચરીયા ॥૭॥ સામા ઘરમાંથી ભીમ જુએ, વહી આંસુની ધાર; અરેરે અરજુનનો આ દહાડો થયો ઉદાશ અપાર॥૮॥ એવે સરવ ભણીને ઉઠયા, ઉતર્યા માળથી હેઠા; અરજુને આપી મોજડી પછી, અશ્વ ઉપર સૌ બેઠા ॥ ૯ ॥ અરજુન એકલો ચરણ ચાલે, ઘોડા ઘણા છે ઘેર; પણ પાપી એને ન બેસાડે, વણ ઝેરનું છે ઝેર॥૧૦॥ પુંઠળ ભીમશેન જોવા ચાલ્યો,જોવું હવે કયાં જાય;રમત રમવા આવી-

યા સૌ, પેઠા બાગની માંય ॥૧૧॥ દરવાજાતો બંધ કીધા, ભીમ રહયો એક બ્હાર; એણે જાણ્યું મહીં શું કરે છે. તે જોઉં સારોધાર ॥ ૧૨ ॥ એમજાણીને બાગને ક્રીલ્લે, ફરીતે દીઠી વ્રક્ષ ગટા; તવ તે કીલ્લાપરચડી બેઠો, સંતાયો જ્યાં લાંબી લટા ॥૧૩॥ એવામાં દુરિયોધન બોલ્યો, થા તું ગરીબડા ઘોડી, મંત્ર ગોખતો અરજુન આવ્યો, ઘોડીથયો કરજોડી ॥૧૪॥ એટલે ઉપર પાપી બેઠો. આવ્યા છે દાહાડા માઠા; બીજાએ દોડીને થાપટો મારી. વ્રક્ષ ઉપર સહુ નાઠા ॥૧૫॥ આંબલી પીંપળીએ ચઢી ગયા, જોયું ભીમે દ્રષ્ટી; અરેરે મારા કંગાલ ભાઇને, ઘણુંજ દેછે કષ્ટી ॥૧૬॥ વાગ્યા ઉપર વાગ્યા કરે તે, નારાં પટે શી નવાઇ;એવે ઘોડીથી ઉતરી નાઠો, દુર્યોધનબાગ માંઇ ॥૧૭॥ અરજુને તવ દડો માર્યો, વાગ્યો દુરીયોધન;એના વતીનો દાવ લીધો, દુષ્ટ દુસ્યાસન ॥ ૧૮ ॥ અરજુને તવ કીધી સ્વારી, જુએ છે સકળ સાથ. દુસ્યાસનને કોઇન મારે. નાઠા અરાડી હાથ ॥૧૯॥ તે પછી ઉતરી અરજુન નાઠો,દુશ્યાસને દાવ ધાર્યો;પુંઠળ દોડી કુન્તા કુંવરને, દડીમ દડો માર્યો ॥૨૦॥ એટલેઅરજુન રડવા લાગ્યો નથી રમ્યાનો ભાવ; દુર્યોધન કહે કેમ રડે છે, થા ઘોડી લાવ્ય દાવ ॥૨૧॥ અરજુનજી કહે નથી રમવું; મારમને બહુ દોછો; તમો તમારે એક એકનો, દાવજ માંથે લ્યો છો ॥૨૨॥ પોતાનાને મારતા નથી, પક્ષ કરોછો અપાર, માટે મ્હારે નથી રમવું, નથી ખમાતો માર ॥ ૨૩ ॥ દુર્યોધન કહે ભોગ તારા, દાવ દેવા અહીં આવ્ય, તારાવતી દાવ લેનાર હોય તો,સુખ રૂપે બોલાવ્ય ॥૨૪॥ તવ ભીમે જાણ્યું ભલું થયું, ઠીક વધો વચન;કોટ ઉપરથી ઉછળી પડયો, બાગમાવાયુતન ॥૨૫॥ દુષ્ટ જનોએ ભીમને દીઠો, દીવશ વાંકા થયા; આંબલીએને પીંપળીએ સો, કૌરવ ચઢી ગયા ॥ ૨૬ ॥ એટલે અરજુને એમ વીચાર્યું, ભલે આવ્યો ભીમ ભાઈ, નીત્ય આ રીતે રમતાં રમતાં, મરત હું માર ખાઇ ॥ ૨૭ ॥ ભવીશમા હતું તેટલું ભણ્યો, નીરવરતીમાં પેઠો; ઓશીઆળો થઇ આઘો જઇને, એક કોરાણે બેઠો ॥ ૨૯ ॥ એટલે બોલ્યો વાયુનો નંદન, ભાઈરમ્યાનો ભાવ; ઉતરો હેઠા કૌરવ લોકો, હું આપું છું દાવ ॥૨૯॥ દુર્યોધન કહે ભુલ્યા ચુકયા, શું કહું મુખ કથી, ક્ષમા કરીને જાવો પાછા, દાવ જોઇતો નથી ॥૩૦॥ ભીમ કહે વ્હેવારે દેવો, હું નીત્ય રમવા આવું; લ્યો દાવ અરજુનની વતીનો, ઘોડી તમારી થાવું ॥૩૧॥ કૌરવ કહે કરો કરૂણા, કરગરીએકરજોડી; કાળજું કંપવા લાગ્યું અમારૂં, નથી જોઈતી ઘોડી ॥ ૩૨ ॥ ભીમ કહે કે બાળક કેરૂં, કેહેવત છે આ

જુગે; અરજુનને શીશ દાવ રહે તો; ઘંટી પીંપળો ઉગે ॥ ૩૩॥ કૌરવ કહે કેહેવત ખોટું; શીદ મરો છો મથી; તમારા ગયા વીના અમેતો; ઉતરવાના નથી ॥૩૪॥ એવું સાભળી ભીમ કોપ્યો, કળકળીયો મન સાથ;કટી કશીને દંત ડશીને, વ્રક્ષોને દીધી બાથ.॥૩૫॥ જે આંબલીને પીંપળી છે, તે પર પ્રાક્રમ માંડયાં,હચ હચાવી બળ કરીને, બે વ્રક્ષ ખેંચી કહાડયાં ॥૩૬॥ બે ઘટીકા લગી બાગમા નાચ્યો, પછી વદ્યો વચન;હજી ઉતરો કહ્યું માનીને, ઉંધ બુદ્ધી અંધ તન.॥૩૭॥ કૌરવ કહે ઉતરીએ નહી,તો પણ કરશો કેર;ઉતરીશું હેઠાતોએ પણ, નથી જવાના ઘેર ॥૩૮॥ માટે દયા લાવી દો મુકી, બાગમાંથી સંચરો;નહીતો અમારો ઉપાય નથી,કરવું હોય તે કરો. ॥૩૯॥ ભીમે જાણ્યું કે ભરાયો મુમત ઉતરશે નહી સીધા;આંબલી પીંપળી બે ભુજ વિશે,જુજવા જુજવાં લીધાં. ॥૪૦॥ રાતો તાતો બહુ મદ માતો, ભાઇ તણી દાઝ કાહાડે; બે ભુજના વ્રક્ષ આધાં કરીને, માહીઓમાંહી પછાડે. ॥૪૧॥ ડાળેડાળું પાંખડેપાંખડું, જે એક એકને અડે; થાય સપાટા વાગે ઝપાટા, અરબડી હેઠા પડે. ॥૪૨॥ વાગે લાગે લાગેને હાડ ભાગે, ખંખેરી ખોડા કાહાડયો; ઝુડી ઝુડી નીચે નાંખે જાણે, આંબો વેડવા માંડયો. ॥૪૩॥ એકસો છએ ધરણઢળ્યા, વ્રક્ષતણો માર દીધો; પછી પડેલાને વીણી લાવી, ઢગલો ભેળો કીધો. ॥૪૪॥ પછી ગયો અરજુનની પાસે, કટી કશીને બાંધે, જે નરનુ પાંગોઠું ઝાલી, બેસાડી લીધો ખાધે. ॥૪૫॥ કોટ કુદી બ્હાર પડીઓ, બે પંથ આવ્યા છેક; અરજુનને ખાધેથી ઉતારી, માર્યો તમાચો એક॥૪૬॥ આ પંથે જા ઘેર આપણે,હું કાકા ઘર જાવું;દિકરા એના મરવા પડયા છે, વધામણી ખાઈ આવું ॥૪૭॥ એમ કહીને ઘેર મોકલ્યો આપ ગયો રાજ મ્હેલ; ધત્રાષ્ટરનેકહ્યું જઇને; તમ સુતની જુઓ સ્હેલ ॥૪૮॥ બાગને વિશે સોએ ભાઈ, વ્રક્ષો ઊપર ચડીયા;ઊતારે ઊતર્યા ન હેઠા, વા વાયો ને પડીઆ ॥ ૪૯ ॥ ઝડપ જાવો નહીં તો મરશે, જાશે તમારૂ નામ; અંધ કહે હું સમજ્યો બેટા,તારૂં કરેલું કામ ॥ ૫૦ ॥ એવું સાંભળી ભીમ ચાલ્યો, ગયો પોતાને ઘેર, અરજુન જૈને ઘેર બેઠો છે, કહી નથી કાંઈ પેર ॥૫૧॥ એટલે ભીમે કહ્યું માતાને, ક્ષમા કરો હું રાંક, ભુલ્યો ચુકયો માફ કરજો, આજ પડયો મમ વાંક ॥ ૫૧ ॥ કુન્તા કહે કે વાંક પડયા વણ, કેમ કહુ કુઆર; ભીમ કહે કેમ અરજુનજીએ, નથી કહ્યા સમાચાર ॥ ૫૨ ॥ એમ કહિ અરજુનને ઝાલ્યો, ઘાલ્યો બગલનિ માંય, અંગરખો ઉંચો કરીને, પીઠ બતાવી ત્યાંય ॥ ૫૩ ॥ કુન્તા ધરમ

વીસ્મય પામ્યાં, આતે શું કેહેવાય; ભીમ કહે મા ડાહ્યો દીકરો, ભણ્યો આવ્યો વિદ્યાય ॥ ૫૪ ॥ ગુરૂને ઘેર ભણીને પાછા, બાગમા ખાતાતા માર; ત્યા જઇ મેં કૌરવોને કુટયા, ખામી ન રાખી લગાર ॥ ૫૫ ॥ કુંતાજી કહે ભલે કુટચા, ખુશી થયું મુજ મન,તુજ પ્રતાપે જીવતો રહયો અરજુન મારો તન ॥ ૫૬ ॥ વળણ ॥ તુજવડે એ ઉગર્યો, ઓરે મ્હારા તન; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણો શ્રોતાજન. ॥

કડવું ૪૧. રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન; બોલ્યો અરજુન જોડીને હાથ. તમો સાંભળજો માત ભ્રાત ॥૧॥ વેઠયા દુખના દીવશએવા, પર પેટની વિદ્યા લેવા; ભણ્યો ભવીશમાં હતું જેહ, હવે ન કરૂદુષ્ટનો સ્નેહ ॥ ૨ ॥ એમ કહી રહ્યાં સહુ છાના, પડયા બાગમાં સુત આંધળાના, તેથી અંધે કરી આગનાય, સહસ્ર શેવક મોકલ્યા ત્યાંય ॥૩॥ દિધેલા દરવાજે અડીયા, મુકી નીસરણી કોટે ચડીઆ; પછી બાગ વિશે ઉતરીયા, દરવાજા ઉઘાડા કરીયા ॥ ૪ ॥ ગયા સેવકો કૌરવ પાસે, કૈક માંદાને કૈકને શ્વાસ, હતા ભેગા તે છુટા કીધા, નાંખી ડોળીયે ખાંધે લીધા ॥ ૫ ॥ સૌને સુવાડયા એક મુકામ; ઢાળી ખાટલો સુતા તમામ, કર્યો ઔશદ અપરમપાર, થયો બે માસે સૌને કરાર ॥૬॥ હરેફરે એવા ઠીક થયા, પાછા ભણવા ગુરૂ ઘેર ગયા; ત્યારે બોલીઆ દ્રોણાચાર. હવે નહી ભણાવું લગાર ॥ ૭ ॥ ખટમાસ ભણાવ્યા તમને, તેની આપો પરીક્ષા અમને, બોલ્યો દુરીયોધન મુખ એવું, માગો તેવી પરીક્ષા દેવું ॥૮॥ દ્રોણ કહે નથી લેવી હાલ, આપો પરીક્ષા આવતે કાલ. આપણા નગ્રથી ગાઊ બેચા ત્યા તો જોજનીયો વડ છેય ॥૯॥ લાંબો પોહોળો છે ગાઉ ચાર; તેનીનીચે જાવું નીરધાર; વડથડ સરસું સંહાસન,મુજ માટે કરો આસન ॥૧૦॥આસપાસ બીછાનાં નાંખો, બીજાને બેસવાનું ત્યા રાખો; પડો વગડાવો ગામની માંય, કાલે જોવા આવે સહુ ત્યાંય ॥૧૧॥ વ્હાણું વાહાતામા તતબર થાવું, વાજતેગાજતે ત્યાં જાવું; જેમ શોભા વધેરે તમારી, તેવી ઉપમા કરજો અમારી ॥૧૨॥ કહે દુરીયોધન મ્હારાજા, છીએ શીષ્ય તમારા ઝાઝા, પૈસા પુંજીથી પણ તાજા, વધારીશુ તમારી માઝા ॥ ૧૩ ॥ કહી કૌરવો ચાલ્યા ઘેર, કરી પરીક્ષા દેવાનીપેર; ડંડેરો ગામમાં વગડાવ્યો. સૌને સમાચાર કેવરાવ્યો ॥૧૪॥ દ્રોણે દીધે-

હી વિદ્યાની દિક્ષા, તેની રાય આપે છે પરીક્ષા; જેને જોવાની હોય ઇ-
ચ્છાય, જજો જોજનીયો વડ જ્યાંય ॥૧૫॥ એમ કરતાં રૂજની જાય;
બીજો દીન પરીક્ષાનો થાય; કરી આજ્ઞા દુરજોધન, સોનાનું મોકલ્યું સીં
હાસન ॥૧૬॥ વડ થડે જઇને મેલ્યું, કર્યું સાફસુફ સૌ પાથરેલું; પછી
કૌરવ થયા તૈયાર, પેહેર્યા પોષાક શુભ શણગાર ॥૧૭॥ લાવ્યા વાજીં
ત્ર અપરમપાર, સાથે શેન્ય ક્ષોણી અગીયાર; ભીસ્મ વીદુરને કૃપાચાર
વળી ગામના શેઠ શાહુકાર ॥૧૮॥ ઉભા ગુરૂ તણે ઘેર આવી, એક સુ-
ખપાલ ત્યાં મંગાવી;તેમા બેસાડયા ગુરૂનેસાર, ખાંધેલીધીને કૌરવચાર
॥૧૯॥ તવ જોવાને શરવ ભરાય, કૈક પહેલેથી વડ કને જાય; જોવા
માટે જગો રાખી પડીયા, કૈક અવર વૃક્ષોએ ચડીયા ॥૨૦॥ એવી રી
તે મચ્યું ધમશાન, વાગ્યાં ગુરૂને ઘેર નીસાન;વાઘે વાજીંત્ર અપરમપાર,
કાને સંભળાય નહીં લગાર ॥૨૧॥ વલણ॥ વાગે વાજીંત્રો ઘણાં, કાને
નવ સંભળાય;વ્યાસ વશ્રભ મુખ ઓચરે, સાંભળજો શ્રોતાય ॥

———×०×———

કડવું ૪૨ રાગ ધમાસની ચાલ.

ડુડંભી ગડગડેરે ॥ટેક॥ બોલ્યા વૈશમપાયેવચન, સાંભળ જનમેજેરા
જન;થયા ગુરૂ ઘણા પરસન,કે ડુડંભી ગડગડેરે ॥૧॥વાગે ઢોલ મરદંગને
તાલ, આગળચાલે શાણા ધીમી ચાલ;ઘણાઉડેઅબીલ ગુલાલકેડુડંભી
ગડગડેરે ॥૨॥ વાગે રામઢોલ પરઘમ કાંશી,સરોદા સરણાઇને ઢાશી; જુ
એ નારીયો રહીને ત્રાંશી, ડુડંભીગડગડેરે॥૩॥ઘણા અનુચરચંમરઢોળે,
આગળ છડીદાર નેકી બોલે;બની શોભા ત્યા સુરપતી તોલે કે ડુડંભી
ગડ ગડેરે ॥૪॥ ધીમે ધીમે ગયા નગ્ર બ્હાર, કીધી ઉતાવળ અપાર;
આવ્યો જોજનીઓ વડ સાર. કે ડુડંભી ગડ ગડેરે ॥૫॥ વલણ ॥ જો
જનીએ વડ આવીયા, આનંદ ઉપજ્યો મન, દ્રોણાચાર વલ્લભ વદે, જૈ
બેઠા આસન ॥

———०———

કડવું ૪૩ રાગ ધનાસરીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, શુણ જનમેજે રાય, વિસ્તારી તુજને
સંભળાવું આદ્યપરવ મહીમાય ॥૧॥ આસન ઉપર ગુરૂ બીરાજ્યા, વ
ડને થડે હુલ્લાસ;એટલે સરવ નગ્રના લોકો બેસી ગયા ચોપાસ ૨॥

એક જથે રાજવંશીઓ બેઠા, દેખાય શોભા અપાર; એટલે કુન્તા મા-પ્રત્યે બોલ્યા ધર્મ કુમાર ॥૩॥ સાભળો માતા છો સુખ દાતા, દ્યો આગના ત્યાર થૈએ; જોજનીએ વડ જોવાને માટે આપ કહો તો જૈએ. ॥૪॥ કુંતાજી કહે કુંવર મ્હારા, સુખરૂપે ત્યાર થાવો; એકલા ભીમનેઘેર મુકી જોવાને સારૂ જાવો ॥૫॥ ભીમ કહે ઓ માવડી મ્હારી, દયા ધરો કાંઈ ઉર; શા સારૂ મને ના કહો છો શી છે મ્હારી કસુર ॥૬॥ કુન્તા કહે કાંઇ કસુર નથી, પણ નહી સ્થીરચીત; સભામા દેખે દુરીયોધનને થાય મતી વિપરીત ॥૭॥ ભીમ કહે કાઇ નહિ બોલું, ભ્રાત મુને લૈ ચાલો, ન હોય વીશ્વાસ માહરો તો બે ભાઈ બે ભુજ ઝાલો ॥૮॥ ધરમ કહે આવવા દો, ઓરે મ્હારી માતા; કુન્તાજીકહે જાઓ બેટા, રેહેજો સરવ સાથ ॥૯॥ એવી આપી આગના કે, નીકળી સંગે ચાલ્યા ધરમને અરજુનજીએ, બેભુજ ભીમના ઝાલ્યા ॥૧૦॥ આગળ શેદેવપાછળ નીકુળ, ચાલ્યા શોભા કરી એવી; ભીમ કહે છે જુઓ માતા, શાયબી મ્હારી કેવી. ॥૧૧॥ ચાર ચાર ચાકર જોરે ચાલે, વચમાં રાજા તુલ્ય ડોલું; એટલે ધરમે આખ કહાડી, ભીમ કહે નહી બોલું ॥૧૨॥ એમ કરીને ગયા સભામાં, વીદુરે દીઠા તન; માન્ય દઇને બોલાવીયાને બેસાડયા દેઇ આસન ॥૧૩॥ ભીસ્મ પીતા પણ થયા રાજી, બેઠા સભા સહુ જન; એટલે દ્રોણે તેડયો સભામાં, રાજા દુરીયોધન ॥૧૪॥ તવ સભામા આવી ઉભો, એટલે બોલ્યા દ્રોણ; બાણાવધા મેં ભણાવીતેની દેછે પરીક્ષા કોણ ॥૧૫॥ છત્રપતિ કહે આપું પરીક્ષા, જેવી માગશો તેવી, ગુરૂ કહે કે કરી બતાવો એવી પરીક્ષા લેવી ॥૧૬॥ છત્રપતિ કહે ભલે મહારાજાજેજોઇએ તે મગાવો; ગુરૂ કહે ઘડો મ્રતીકાનો, કાચોને કાચો લાવો ॥૧૭॥ દરીયોધને સ્વાર મોકલીયો, કુંભ કાચો જઇ લાવ્યો, હવે માહારાજા શી આગના છે, મંગાવ્યો તેકુંભઆવ્યો॥૧૮॥ ગુરૂ કહે સહુ સભા સુણો, કુંભનું રક્ષણ કરવું; ભાગે નહી તેવી યુક્તિ કરીને, ભુજમાં લૈ જળ ભરવું ॥૧૯॥ પછી એ ઘડાને ઉછાળી દેવો, ગગન ચાલ્યો જાય; તે પછી ખાંધેથી ધનુષ લેવું, ચઢાવવું સભામાય ॥૨૦॥ તેના ઉપર બાણ લેવું; મંત્ર ભણીને એક;તે બાણ ઉંચુ જતામાં તેના, બાણ બને અનેક ॥૨૧॥ વડ વિશે તેનો થાય ફેલાવો, મંત્રથી દૈવત દાખે,નાહાનું મ્હોટું કુંપળ સુદ્ધાં, પત્ર વીંધી નાખે ॥૨૨॥ પછી જે રીતે બાણ વધેલાં, તે રીતે ઘટતાં જાય; છેવટ બાણ બને એકનું એક, આવે સભાની માય ॥૨૩॥ સકળ સભાના દેખતાં તે, બાણ ભાથામાં

પેસે; એટલે ગગન ગયેલો ઘડો, હાથમાં આવીને બેસે. ॥૨૪॥ તે ઘડો મારી આગળ મુકી,મુજને પડે પાય;તે વિચારથી મારો ઠરે, આશીશ દો સભામાંય, ॥૨૫॥ સાંભળી રાજા વિસ્મય પામ્યો, આ કેમ માનીયે સાચું; પાણી કેમ કરીને ભરીયે, કુંભનું ઠીકરૂં કાચું. ॥૨૬॥ એમ જાણી મામાને બોલાવ્યો,આ વાત કેવી કીધેલી;મામો કહે એ ગુરૂનું ગપ્પું છે; કાંક ભાંગ પીધેલી. ॥૨૭॥ કરણે કહ્યું એમજ દીસે, ગુરૂ તણું ચિત ચાલ્યું; દ્રોણે એવું સાંભળ્યું તવ, તરત નીચું ઘાલ્યું.॥૨૮॥અરેરે આ દુષ્ટો શું બોલ્યા, સભા મેં શીદ ભરાવી; અનેકમાં મ્હારી આબરૂ લીધી, ભાંગ પીધેલી ઠરાવી. ॥ ૨૯ ॥ એટલે આવ્યો દુષ્ટ દુસ્યાન, બોલીયો મર્મ વચન; ગુરૂ મહારાજા ઘેર ચાલો, રાતાં થયાં લોચન. ॥૩૦॥ તેમ તેમ ગુરૂને મ્હા માઠું લાગ્યું, વીષ હોય તો ખાવું; ઓ પ્રથવી મા માગ દેતો, તારામાં સમાઇ જાવું. ॥૩૧॥ કજાતીને વિદ્યા ન દેવી, દેવો નહિ શુભ બોધ પ્રથમ તો શીખે કે સુણે, પુંઠેકરે વીરોધ. ॥૩૨॥ કુપાત્રોને વિદ્યા ભણાવી, મારે જીવી શું કરવુ; મશકરી મ્હારા થઇ સભામાં, સાગરમાં પડી મરવું. ॥૩૩॥ વલણ॥ સાગરમાં જઇને પડું,એમ કરે રૂદન;વ્યાસ વલ્લભ મુખ ઓચરે,આંસુ વહેલોચન॥

કડવું ૪૪ શીક્ષા શાણાને એ રાગ.

જઇ પડુ તે સાગર માંયરે, હવે હું તો શું કરૂં રે. ॥ટેક॥ દ્રોણ ગુરૂએ કલ્પાંત માંડયું,દુષ્ટોને દીધી વીદ્યાયજી; સભામાંલાવ્યો લાવી બનાવ્યો, કરાવી જગ નીંદાયરે. ॥ હવે ॥ ૧ ॥ મેં જાણ્યું મારા સારા નીવડશે, વીદ્યા ભણાવેલા પ્રાણીજી; છેવટ મ્હેનત છુટી પડીને, સઘળુ થયું ધુળ ધાણીરે. ॥હ॥૨॥ શુકતીમાંતો રૂપું ભાસે, પણ તેતો મીથ્યાયજી; તેવા મુજને કૈરવ ભાસ્યા, તેણે શું ફળ થાયરે. ॥હ.॥૩॥ ઝાંઝવાના જળદુર થી દેખી,ત્રશાવંત જન જાયજી;તેણે તરસ કદીન છીપે,તેવી ગતીમારી થાયરે. ॥હ.॥૪॥ ખોટું નાણું ચળકે ઝાઝુ, તેથી લાગે મોહજી; ભર્યા બજારમાં વટાવવાથી, નીપજે મ્હોટો દ્રોહરે. ॥ હ. ॥ ૫ ॥ ભંગી ઠરાવ્યો ભરી સભામાં, પાડુ મારી કાયજી; એવું જોઇને ઉદાશી પામ્યા વીદુર ભીસ્મ પીતાયરે. ॥હ.॥૬॥ દુઃખ ગુરૂનું દેખીને અરજુન નેત્રમાં લાવ્યો નીરજી; મ્હારા ગુરૂજી લજ્યા જાય છે, સાંભળો ધરમ વીરરે, ॥હ.॥૭॥ એ ગુરૂની હું ભણ્યો વીદ્યા, દુઃખવેળા મ્હારે જાવુંજી; વડ

વાંધવા મુને આજ્ઞા દોતો, સભામાં ઉભો થાવુંરે, ॥હ.॥ ૮ ॥ ભીમ કહે એ મુસ્કલ કામ છે, કોહોતો દૈવત દાખુંજી; પાંદડાં વાંધવાની પંચાત નહી બધો, વડ ઉપાડી નાંખુંરે. ॥હ॥૯॥ તવ ધરમ કહે બેસોને વીરા ગુણ ગોવીંદના ગાવોજી; અરજુન વીરા કુળના હીરા, ઉઠો તમે ઉભા થાવોરે. ॥હ॥૧૦॥ પાપના કામમાં પાછા પડવું, ધર્મમાં આગળ ધાવું- જી; કાંઇક કરતાં બ્રાહ્મણ ઉગરે, તેથી કબુલ હું થાવુંરે. ॥ હ. ॥ ૧૧ ॥ વળણ.॥ કબુલથાવું વીરલા, જોઇ બ્રાહ્મણનું દુઃખ,વ્યાસ વલ્લભવાણી વદે, થઇ આગના સત્ય મુખ,

---

કડવું ૪૫ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય. ॥૧॥ અરજુનજીને આજ્ઞા દિધી, ધ- રમે જેણીવાર. એટલે ઉઠયો સભા વીશે, ઇન્દ્ર તણો કુંવાર. ॥ ૨ ॥ ગુરૂને નમસ્કાર કીધો, આજ્ઞા દ્યો મહારાજ; તમારે ઓટલે બેશી ભ- ણ્યો છું, પ્રભુ કરાવશેકાજ. ॥૩॥ એટલે જોયું અરજુન સામું, મન કર્યો વીચાર; પાસેના નાઠા તો આ અળગાનો, શો વળે શુકરવાર ॥૪॥ ન- જીક બેશી વીદ્યા ભણેલા, તેથી ન થયું કામ; તો આ ઓટલેબેશીને શીખ્યો, તેની શું ચાલે હામ. ॥૫॥ એવું સમજી નીચું જોયું, આપી નહી આજ્ઞાય; એટલે અરજુન પ્રત્યે બોલ્યો, જે દુરીયોધન રાય. ॥૬॥ કહી નહીને તે તદન બોલ્યો, કેમ ઉઠયા અર્જુન, અર્જુને જાણ્યું અર્જુન કહ્યો, તે ભીમભાઇનું પુન્ય. ॥૭॥ ભીમના ભયથી માન્ય દેઇને, પુછ- વા લાગ્યો એમ; સભામાં આવીને દ્રોણ ગુરૂની, આજ્ઞા માગો કેમ ॥૮॥ અરજુનજી કહે હું વડ વીંધુ, જો આપે આજ્ઞાય; ગુરૂએ નથી બતાવ્યું ખોટુ, સાચી છે વીદ્યાય. ॥૯॥ પાપી કહે તમે બહુ ડાહ્યા, કામ કરો તો સાચા; છેટે બેકેલાથી કામ થવાનું કને બેઠેલા કાચા. ॥૧૦॥ તે કરતાં આજ્ઞા અપાવું, તે પછી આયુધ ધરવું; તે છતાં કારજ થાય નહી તો, તમારે શું કરવું. ॥૧૧॥ અરજુન કહે આજ્ઞા ગુરૂની, અપાવો ધરી હુંશ; બાણ અપાવો કરણ કેરાં, તેની સંગ ધનુષ. ॥૧૨॥ એટલું અ- પાવો મુજને તો, કારજ મ્હારે કરવું; તેમ છતાં કામ થાય નહીં તો,જે કહો તે શીશ ધરવું. ॥૧૩॥ દુરીયોધન કહે અપાવું આજ્ઞા, આયુધ કર્ણના આપુ, તેમ છતાં કામ થાય નહી તો,બેકાનને નાક કાપુ. ॥૧૫॥

અરજુનજી કહે કબુલ મારે, બે કાનને નાક કાપો;દુરીયોધન કહેધર્મની
પાસે એટલું લખાવી આપો ॥૧૫॥ એટલે અરજુન ધરમ પ્રત્યે, ન-
મીને બોલ્યો એમ;તાંબાનેપત્રે લખીને આપો, છત્રપતી કહે તેમ ॥૧૬॥
ધરમ કહે વીરા મારા,કયાં મુમતે ચઢી મતી;સરત કરીને કામ ન કર-
વું, સરપાવ લેવો નથી ॥૧૭॥ આપણ તો બ્રાહ્મણને માટે, ઉભા થયા
કામ કરવા;અરજુન કે' નહી લખી આપોતો, પ્રાણ મારેપરહરવા ॥૧૮॥
ભીમ કહે લખી આપો બંધુ, સૌ પ્રભુકરશે સારૂ; નહિકામ થાયને નાક
કાપે, તો સોયેને મારૂં ॥૧૯॥ ધરમ કહે કાંઈન થાયે, મ્હારી વદેલી
વાણ; તે લેખથી ઉલટો તું ચાલે, કાઢું મારા પ્રાણ ॥૨૦॥ અરજુન ક-
હે મારાં કપાશે;તમારે શા સંતાપો,ઉઠેલો હવે હેઠો ન બેસું, દસ્તાવેજ
લખી આપો ॥૨૧॥ એટલે ધરમે પત્ર લીધું, લખી આપ્યું તે ઠામ;
અરજુન કહે ગુરૂ પ્રતાપે ઇશ્વર કરશે કામ॥૨૨॥ એમ રામજી થૈ દિધો
દસ્તાવેજ, જુવે સભાનો સાથ;સત્યવાદીએ સોંપી દીધો, દુરીયોધનને
હાથ ॥૨૩॥ દુરીયોધન કહે મામા મ્હારા, પત્ર ઠેકાણે કરો; અરજુનના
નાક કાન કાપવા ધરી મુકજો છરો ॥૨૪॥ એમ કહીને પત્ર આપ્યું,
વીપ્રીત એની બુધ; કરણની કનેથીઅપાવ્યાં; અરજુનને આયુધ ॥૨૫॥
એટલે અરજુન રાજી થયો,કટીકશીને બાંધે; બાણનોભાથો ધનુષ મ્હો-
ટું. ભેરવ્યું ડાબી ખાંધે ॥૨૬॥ કરણ કહે ઓ દુરીયોધન, બનવાના
ગુરૂ દ્રોણ;ધનુષ મ્હારૂં ત્રૈણ લોકમાં, ચડાવે એવું કોણ ॥૨૭॥ દુષ્ટ કહે
મુજને પણ નીશ્ચે,મીથ્યા ચઢયો છે છાક;ભરી સભામાં બેઠોછે ખોવા,
બે કાનને એક નાક ॥૨૮॥ એવી વાતો કરતા ચાલ્યા, ચાર જણા ચં-
ડાળ; આગના અપવવાને ચાલ્યા, ગુરૂ કને તતકાળ ॥૨૯॥ ઓરે
મ્હારાજા આગના આપો, અરજુનજી કરે કામ;દ્રોણ ગુરૂ ઉંચુ નવ જુ-
એ, બોલે નહી તે ઠામ. ॥૩૦॥ દુર્યોધન કહે નહી બોલે, તો પગ પાછા
ભરીએ; મામો કહે પરાણે બોલાવો, ગોદમગોદા કરીયે. ॥૩૧॥ કરણ
કહે આગના આપો,ઓરે ઓ દ્રેણાચાર, એટલે ગોદો મારીને બોલ્યો
અંધ તણો કુંવાર. ॥૩૨॥ એટલે ગોદો ઘાલ્યો મામાએ, વચન રાયનું
થાપો, થશે તો થશે નહિ તો રેહેશે, આગના તમે આપો. ॥૩૩॥ એટ-
લે હલાવ્યા દુશ્યાસને, આપી દો આગનાય; તવ ગુરૂ ગભરાયા ઘણા
વીચાર્યું મનમાંય. ॥૩૪॥ અરજુનથી કદી કામ ન બને, તો વેણ મ્હારૂ
જાય; એમ જાણી આગના ન આપુ તો ઘણી ગોદાગોદ થાય, ॥૩૫॥
એવું વિચારી દ્રોણ બોલ્યા, પુન્ય મ્હારૂં વ્હારે ધાજે; અરજુનજી આ-

ઞના આપું છું, કામ તારાથી થાજો ॥૩૬॥ અરજુનજી કહે શીશ ચ-ઢાવું, ફળજો વેણ તમારૂં; હાથ જોડીને ઉભો સભામાં, પ્રભુજીને પો-કારૂં. ॥૩૭॥ વળણ॥ પ્રભુને પોકારવા, ઉભો જોડી હાથ; વ્યાસ વ-લ્લભ મુખ ઓચરે, સમરે દીનાનાથ.

કડવું ૪૬ રાગ ખમચાથી છાયા.

ઓ સત્યના સંગાથી રે રે રે હો, ઇશ્વર લજ્યા રાખજોરે. ॥ટેક॥ બોલ્યા બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ સાંભળ જનમેજે રાજન;અ-રજુનજી તો કરે છે પ્રભુનું સ્તવન ॥ઓ સત્યના. ॥૧॥ પ્રભુ લજ્યા રા-ખવા શવરીના જમ્યા બોર,કુબજા કેરૂં ચંદન લીધું કીશોર; વડ વીંધ્યા નુ નથી મ્હારામાં જરા જોર ॥ ઓ સત્યના. ॥૨॥ શીવની લજ્યા સારૂ મોહની રૂપ ધરીયું, દેવની લજ્યા સારૂ ઝાળંધરરૂપ કરીયું, શલ્યાની તો અહલ્યા બનાવી મ્હેણું હરીયું॥ઓ સત્યના. ॥૩॥ પ્રભુ એવી લ-જ્યા સૌ શેવકોની રાખી, આ વેળાએ દૈવત ધો રાખી; કરજો કાર-જ શોભા તમારી છે આખી ॥ઓ સત્યના ॥૪॥ પ્રભુ નથી ઉઠયો હું જસ લેવા કાજ, દેહ ત્યાગ કરતાતા ગુરૂ મ્હારાજ; માટે મારા દલડામાં ઉપની છે દાજ ઓ સત્યના ॥૫॥ જોવા સારૂ ભરાયાં જન સારાં સારાં. દુષ્ટે લખી લીધાં છે નાક કાન મ્હારાં;મ્હારાં જાશે તો હું જાણીશ ગયાં તારાં ॥ઓ સત્યના. ॥૬॥ પ્રભુ દીનબંધુ છો દયાળુ ગોપાળ, લાગ્યો ટેક જોઇ સંસારી ગટમાળ; નાક જશે તો હું કરીશ માહરો કાળ ઓ સત્યના. ॥૭॥ વળણ॥ એવી ત્યાં સ્તુતિ કરી, ત્યાગ કર્યો અભીમા-ન; વ્યાસ વલ્લભ વાણી વદે, રીજ્યા શ્રી ભગવાન.

કડવુ ૪૭ રાગ ચોપાઈ.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન; સ્તુતી કીધી પ્રભુની અપાર,કર્યો ગુરૂને નમસ્કાર ॥૧॥ પછી ભીશ્મ વીદુરને નમી યો. દેખી વીવેકી જનોને ગમીયો; કર્યો સર્વ સભાને જુહાર, દીધી આ શીશ સહુએ અપાર ॥૨॥ દેખી બોલ્યો દુરીયોધન રાય, મામા કામ થશે કે નહી થાય; સુણી મામો બોલ્યો મુખ વાણી, કાચા કુંભમાં કેમ રહે પાણી ॥૩॥ જળ રેડતામાં ભાગી જાશે;કુંભ ટળીને કાદવ થાશે; સુણી

છત્રપતી થયો ખુશી, કુંભ લીધો કુંતી સુત હુંશી.॥૪॥ વજ્ મંત્ર ભણ્યો મુખ એવો, તવ કુંભ થયો વજ્ જેવો; પછી અરજુન વદોવચન જળલાવી રેડો રાજન ॥૫॥ એમ કહી ભજ્યા દીનાનાથ, ઘડો ગ્રહણ કર્યો બે હાથ. ॥૬॥ બોલ્યો મામો ઉડો રાય મ્હારા, કરો ઉંચેથી જે જળધારા; વાગે ધાર કાચો કુંભ ભાગે, જોઇ મુજને આનંદ લાગે. ॥૭॥ ઉઠયો ગાગેર લૈ રાજન,કરી જળધારા દુરીયોધન; ભરાયો ઘડોને પડયો વ્હેમ, મામા કુંભ ન ભાગ્યો કેમ. ॥૮॥ મામો કહે ધીરજ ધર ભાઇ, એની ઝાલવાની ચતુરાઇ;હવે પલળીને ઓગળીજાશે, ગગનનાખતાં કાદવ થાશે. ॥૯॥ છત્રપતીએ માન્યું સાચું, આખું નહિરહે પાત્રછે કાચું; અરજુને ગરવ મન હણીયો, કુંભ કાજે વાયુ મંત્ર ભણીયો. ॥૧૦॥ મંત્ર નેવશ વાયુબળીયો, આવીઘડાને વીંટળાઇવિળીયો; તવકુંભફેંકયો કુંન્તી તન, વાયુ લેઇ ગયો ગગન ॥૧૧॥ બોલ્યો દરીયોધન મુખ એમ, મામા કુંભ ન ભાગ્યો કેમ; મામો કહે કાંઇકવીદ્યાય, પણધનુષ નહિચઢાવાય. ॥૧૨॥ એવે અરજુને કામ શું કીધું; પોતે ધનુષ ખાંધેથી લીધું; છેડો ભોમી મુકી દીધો ભાર, દોરી ચઢાવી કીધો ટંકાર. ॥૧૩॥ દેખી બોલ્યો દરીયોધન એમ, કહોમામા ધનુષચઢયુંકેમ; તવબોલ્યો મામો ને કરણ, ચઢે ધનુશ મુકેલું ધરણ ॥૧૪॥ પણ રાખ્ય ધીરજ મનમાંય, જોવાનું છે છોડે બાણ ત્યાંય; વડ વીંધવા જેટલાં કયાંથી થાશે, શું એ બાણનાં બાણ વીયાશે. ॥૧૫॥ બોલ્યો છત્રપતી ઠીક બાપુ, પછી નાક કાન એનાં કાપુ; એવે અરજુને શુભ કામ કીધું, એક બાણ ધનુષપર લીધું. ॥૧૬॥ કામ કરવા ઉભો રણે રણીયો, બાણ પર મંત્ર અગણીતો ભણીયો;એની શ્રદ્ધામાં નહી નુન્ય, ઉપર મેલ્યું ધરમનું પુન્ય. ॥૧૭॥ પછી રાખ્યો પ્રભુ પર ટેક, એણે બાણજ છોડયું એક;પછી પ્રભુ ભજ્યાનો મનસુબો, હાથ જોડી સભામાં ઉભો ॥૧૮॥ એની ઇશ્વર કરે જય, બાણ જતામાં બનીયા બેય, સામું જોઇ રહ્યા રાજા કરણ, એવે બાણ થયાં છે તરણ ॥૧૯॥ જીભે જપે છે જુગદાધાર, એનાં બાણ થયાં છે ચાર; વીદ્યાવંતને નાવે આંચ, પછી બાણ થયાં છે પાંચ ॥ ૨૦ ॥ નથી વડ વીંધવા મન ભય, એનાં બાણ થયાં છે છય, ટગમગ જોઇરહ્યા ચાર ભ્રાત, એવે બાણ થયાં છે સાત ॥૨૧॥ સોહ્યો સભામાં રૂડેરો ઘાટ પછી બાણ થયાં છે આઠ,દેખી દુષ્ટોને મન બળ્યો દવ; એનાં બાણ થયાં છે નવ॥૨૨॥એનો વધારે જુગધીસ જસ,એવેબાણથયાંછે દસ,બાણ ફાલવા લાગ્યાં બધે, પછી દસકે દસકે વધે ॥૨૩॥ કુન્તી સુતનો સાચો

ઇશ, એનાં બાણુ થયાં વીસ ત્રીસ; જીભે જપ્યાકરેવનમાળી, એવેબાણ થયા છે ચાળી ॥૨૪॥ એની વીદ્યામાં નહીં કચાસ, પછી બાણુ થયાં પચાસ ॥રાગ ઉતાવળી ચાલનો ઢાળ ॥ સાઠ સીતેરને એંસી નેવુ, સો બસે નીરધાર;ત્રણસે ચારસે પાચસે છસે, એમ થયાં હજાર ॥૧॥ અયુત લક્ષને કોટીક થયાં, સર્વે જુએ તે સમે, મધપુડાની મક્ષીકા પેઠે, વડ મહીં બાણુ ભમે ॥૨॥ નાહાનું ને મ્હોટું પાતરૂં વીંધે, કુપળ ન રહે બાકી; બાણુ પછીથી ઘટવા લાગ્યાં, સૌ પત્રો વીંધી નાખી. ॥૩॥ જેવી રીતે વધ્યા તેવી, રીતે ઓછાં થાય; છેવટ એકજ બાણ બનીને, પેઠું ભાથામાંય ॥૪॥ એટલે અરજુને હાથ ધર્યો, કુંભ લેવા જીવ પેઠો, એ-ટલે ગગનમાથી ઘડો, આવીને હાથમાં બેઠો ॥૫॥ તે ઘડો ગુરૂની આગળ મુકી, લાંબો થઈ પડયો પાય; એટલ દ્રોણે ઉંચું જોયું જય જય શ-બ્દો થાય ॥૬॥ ગુરૂ કહે છે અરજુન બેટા,. તુજ સરીખું કોણ; તારા સામ્રથથી જીતાજો મુજ સરખા સો દ્રોણ ॥૭॥ મરણ મ્હારૂં તેં ઉગા-ર્યું, જય જય તારી થાજો; મ્હારા કોઠાની સઘળી વીદ્યા, તારા કોઠામાં બીજો ॥૮॥ એટલે સહુ સભા જય બોલી, ઉઠયો વાયુ સંતાન; કયાંગયો દરીયોધન પાપી, કાપુ નાક ને કાન ॥૯॥ એટલે ઉઠયો શકુની મામો બીજો રાજા કરણ; દુસ્યાસન કહે સહુ નાસો, નહિ તો આવ્યું મરણ ॥૧૦॥ કાળે મ્હોડે કૌરવ લોકો તરત નાશી જાય; બીજા બધા તો બે-શી રહ્યા, નાશી ગઇ સેન્યાય ॥૧૧॥ એવામાં ભીમનો હાથ ઝાલ્યો, પોતે ધરમ રાય; ભીમ કહે છે બીવરાવ્યું છું વીરા, કરવાનો નથી કાંય ॥૧૨॥ એટલે બોલ્યા ભીષ્મપીતા, ભીમ કરી તેં ઓભા; ગુરૂને ઘેર લેઇ જવામાં, સેન્ય વીના શી શોભા ॥૧૩॥ એટલે વાયુ નંદન દોડયો પ્રાક્રમી પુરૂષ કાહાવ્યો; અગીયાર ક્ષોણી સેન્યને ઘેરીબીક બતાવીલા વ્યો ॥૧૪॥ પછી પાલખીમાં પધરાવ્યા;હેત ગણેરૂ વાધે;ધરમ અરજુન શેદેવ નીકુળ, તેમણે લીધી ખાંધે ॥૧૪॥ ભીમ છડી લેઇ આગળ ચાલ્યો શોભાતણો નહી પાર; વાજતે ગાજતે ગામમાં લાવ્યા, સરમાયા અંધ કુમાર ॥૧૬॥ ગુરૂજીને ઘેર ઉતાર્યા; સર્વે થયા વીદાય; અરજુનજી કુન્તા માતાને, પ્રેમથી લાગ્યા પાય. ॥૧૭॥ કુન્તાએ કહ્યું કેમ બેટા, એટલે બોલ્યા ધર્મ, દુખ વેઠેલું પ્રમાણ પડીયું, ઉઘડયું એનું કર્મ ॥૧૮॥ ઓ મા તારા અરજુનજીએ, કીધું વડ વેધન;પાસે ભણેલોપાછો પડીયો રાજા દરજોધન ॥૧૯॥ દ્રોણ તણો આશીરવાદ મળીયો, વળી મળી વિદ્યાય;અરજુનને કોઈ જીતે તેવો. હવે નથી જગથાંય ॥૨૦॥ એટલ

ભીમને માઠુ લાગ્યું, માન્ય મારૂં ઉતરીયુ; ઉપમા વધી અરજુન કેરી, આતો ઠીક ન ઠરીયું ॥૨૧॥ એમ જાણીને ભીમે પુછયું, મ્હારાથી જબરો કેવો; ધરમ કહે તારા સરીખા, પચીસ જીતે તેવો ॥૨૨॥ ભીમકહે અરજુનજી ઉઠો, આપણ બે યુદ્ધ કરીયે, અરજુનજી કહે તમે તો બળીયા અમો તમોથી ડરીએ॥૨૩॥ ભીમ કહે મ્હોટાભાઇ સુણો, વીચાર મનમાંધરીએ; હું ને અરજુન સામાથઇને,યુદ્ધઆરંભ કરીયે॥૨૪॥ હું નેઅરજુન સામાથૈયે, એ ઝાલે હથિઆર;ધનુષ ચડાવે બાણ ચઢાવે,મંત્રભણે થાય વાર ॥૨૫॥ એટલી વેળા વીતે એને,હુંતો દૈવત દાખું; ડોટ મુશ્ટીને ઠેકી ગ્રહીને. ધરણ ઢાળ નાંખું ॥૨૬॥ કહો વીરા કોણ જીતે ને હારે; અરજુન બોલ્યો એમ;ધરમભાઇગમે તેમ બોલે, તે સત્ય માનુ કેમ ॥૨૭॥ એવું ભીમનું માન્ય રાખ્યું, સરવ ખુશીથયા; કૌરવલોકો વિચાર માટે એકાન્ત સ્થળે ગયા ॥૨૮॥ છત્રપતી કહે સાભળો સરવે, મીથ્યા હલાવ્યા હોઠ; અરજુન વીદ્યા ભણી ગયોને, આપણ ઠોઠના ઠોઠ ॥ ૨૯ ॥ એકલો ભીમજ હતો જોરાવર, કશી ન હારતો હોડ; એનાથી બળીયો અરજુન થયો બે ભાઇની મળી જોડ ॥૩૦॥ એકને આપણ પોહોચતા ન્હોતા, બેને કેમ પોહોચાય; હવે સહેતો રાજ્ય લઇ લેવાના,આપણી શી ગત થાય ॥૩૧॥ એકલો અરજુન જીતી શકે, દ્રોણ જેવા સો દ્રોણ; તો એક હજાર દ્રોણને જીતે, એવોહશે નર કોણ ॥૩૨॥ શકુની કહે ફરશુરામ છે, અતી જોરાવર કાહાવે; છત્રપતી કહે તેમનિ વિદ્યા, કોણ જઇ ભણી આવે ॥૩૩॥ શકુની કહે ઘણાક ભણે, છે ઇચ્છાતુર અતી; પણ એમને તો પ્રતીગના છે, ક્ષત્રી ભણાવતા નથી ॥૩૪॥ ભીસ્મદાદા એમની પાસે, ભણ્યા હતા વિદ્યાય; ભણીને થયા ગુરૂની સામા, તવ કરી પ્રતીગનાય ॥૩૫॥ તે દનથી ક્ષત્રી લોકોને, વીદ્યા નવ ભણાવે; બ્રાહ્મણ કેરો વેશ ધરીને, જો જાય તો ભણીઆવે ॥૩૬॥ કરણ કહે હું જાઉં ભણવા, પણ કરો એક કામ; હુંડીયો મોકલો ફરશુરામની, આશપાશગામો ગામ ॥૩૭॥ માહારા શરીરની લખો નીશાની, ઉલટ મુજપર વાપે; હું માગવા જઇને ત્યા માગુ, જે જોઇએ તે આપે ॥૩૮॥ છત્રપતી કહે કબુલ વીરા, સુખેથી તતબર થાવો; જે જોઇશે તે તમોને દેશે; ભણવા માટે જાવો ॥૩૯॥ એટલે કરણ ઉલટ આણી,ઉઠયો તેણીવાર; બ્રાહ્મણ કેરો વેશ ધરીને,નીકળ્યો નગ્રની બાહાર ॥૪૦॥ છત્રપતી વળાવવા ગયો, આવજો વ્હેલા કરણ; ભણીગણીને લાવજો તમે, અરજુનજીનું મરણ ॥૪૧॥ વળણ ॥ એમ કહીને પાછો વળ્યો. જે દુરીયોધન રાય; વ્યાસ

વલ્લભ એમ ઓચરે, સાંભળજો શ્રોતાય.

કડવું ૪૮ રાગ સાખીની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન,સાંભળ જનમેજે રાજન; રાજાકરણ મઠ કને આવ્યો,એનો આંસુડાં આખમા લાવ્યો ॥૧॥ ચોમાસા તુલ્ય આસુ ભરંતો. પેઠો મઠમાં આક્રંદ કરતો; જઇ લાગ્યો ગુરૂને ચરણ, સ્વામી આવ્યો તમારે સરણ ॥૨॥ હવે ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ, નથીતમવીનાકોઇ દયાળ; ક્ષત્રીનંદને જુલમ કીધો, રાંધ્યુ અભડાવીને માર દિધો ॥૩॥ કાશીદેશ જનમ ભોમી મ્હારી, ભણુતો હસ્તીનાપુર ભારી; માગી જમતો રાધી ભીક્ષાય, લેઇ જાતો હતો નેળમાંય ॥૪॥ સામો મળ્યો ત્યાં કુન્તીનો તન; કહ્યું રહો આઘા અભડાશે અન્ન; એવું કેહેતામાંરીસથઇ ભારી,મુને ચાર પાંચ ચાબક માર ॥ ૫॥ મેંતો નાંખી દીધી રસોઇ. પક્ષ કરનારૂ ન મળ્યું કોઇ;એતો ગરવીષ્ઠ અરજુન નામ,હુંતો આવ્યો ભુખ્યો તમ ઠામ ॥૬॥ માહારી રૂદે વસ્યું છે ઝેર, એને મારૂ પછી જાઉ ઘેર ॥૭॥ મને ભણાવો વિદ્યા તો જીવું નહીતો વીશ ઘોળીને પીવું. મુને શીખવો બાણ વીદ્યાય, ગુરૂ માહારાજા પડુ પાય ॥૮॥ બોલ્યા ફરશુરામજી એવું, એને મારે એવી વિદ્યા દેવું ॥૯॥ એમ કહી રાખ્યો આપ ઘેર, ભણાવે વીદ્યા બહુ પેર; એવે પાંચ દસ દહાડા જાય, લખી હુંડી દુરજોધન રાય ॥ ૧૦ ॥ વળણ ॥ લખી મોકલી દુરીયોધને ગુરૂનીઆશાપાસ ગામ; વ્યાસ વલ્લભ વાણી વદે, શું કર્યું કરણે કામ

કડવું ૪૯ રાગ સુઢાવળનો,

વૈશમપાગે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય ॥૧॥ સરવ વીદ્યારથીઓસવારે,ભીક્ષા માગવા જાય; તેની સાથે માગવા ચાલ્યો પોતે કરણ રાય ॥ ૨ ॥ એટલે ગુરૂ એમ બોલ્યા, તારે રેવું થોડા દન; માટે માગવાનજશો બેટા છે મઠમાં બહુ અન્ન ॥૩॥ કરણ કહે મુજને ઇચ્છા, એમ કહીને જાય; સો બસે વીદ્યારથી સાથે, સંચરીયો ગામમાંય ॥૪॥ ગ્રહસ્થ તણું ઘર જોઈને ગયા, વીપ્ર કરણની સાથ, પત્રથી ગ્રહસ્થે કરણને દેખી, બોલાવ્યા જોડી હાથ ॥૫॥ કહો મહારાજા જોઇએ શું, માગી લ્યો સરવકોઇ; કરણ કહે સર્વે જમે તેમ, મોદીકની દો રસોઇ ॥૬॥ તરત ગ્રહસ્થે સી

ધાં દીધાં લીધાં વીપ્રના તન; માગવું મુકી મઠમાંઆવ્યા, હરખ્યું સરવ
નું મન ॥૭॥ સૈ બ્રાહ્મણે વીચાર કીધો, આ ભાગ્યશાળી કેવો; નીત્યાનં
મીષ્ટાન મળે માટે, આને માગવા લેવો ॥૮॥ કરણ કહે નારે મ્હારા
જા, કાલથી માગવું મુકું; થોડા દાહાડામાં ભણવી વીદ્યા, તે ભણવાનું
ચુકું ॥૯॥ વીદ્યારથીઓ એમ બોલ્યા છો પડે મ્હેનત અમને, અમા-
રૂં ભણવાનું મુકી ભણાવીશું તમને ॥૧૦॥ આવતાં જાતા ખાતાંપીતાં
ભણાવશું વીદ્યાય; કરણ કહે કામ એટલું, બીજી નહી ઇછાય ॥૧૧॥
એમ કહીને માગવા માટે, કરણ કેડે જાય; બ્રાહ્મણ ભોજન ભાવતાં પાં-
મે, કર્ણ ભણે વિદ્યાય ॥૧૨॥ એવી રીતે રીઝવી રીઝવી, કર્યો ઘણો
અભ્યાસ,બાણાવળી થયો વીદ્યા ભણીને, એવે થયા ખટમાસ ॥૧૩॥
પછી કરણે કહ્યું ગુરૂને, વ્રદ્ધ છે મુજ માબાપો, અરજુનને હણી ઘેરજા
વું, આગના મુજને આપો ॥૧૪॥ ગુરૂ કહે અરજુનના સામો, શું યુદ્ધ
કરે કુંવાર; એ ક્ષત્રીને તું તો બ્રાહ્મણ, જેરવી ન શકે માર ॥૧૪॥ માટે
આજની રૂજની રહો, કાંઇ કરૂં ઉપાય; કાલે સવારે વ્હાણું વાતાં, બેટા
થજો વીદાય ॥૧૬॥ એમ કહી તે દીવસ રાખ્યો, થૈ રૂજની જેવારે;એ-
કાન્ત જઇ ગુરૂજીએ, કર્ણ તેડયો તે વારે ॥૧૭॥ બોલાવીને સામો બે-
સાડયો, જળ અંજળી ભરી હાથ; મંત્ર ભણી તે કર્ણને છાંટે,ગુરૂપ્રસન
મને શાથ ॥૧૮॥ નવાણુ કવચ કર્ણને અંગે, મંત્ર વડે પહેરાવ્યાં; તે
થકી એને કાંઇ ન વાગે, જળવંત કવચ બનાવ્યાં ॥૧૯॥ પછી ગુરૂએ
બે બાણ લીધાં, જુએ છે રાજા કર્ણ;મંત્રીને એક બાણ આપ્યું, આઅ
રજુનનું મર્ણ ॥૨૦॥ કરણ કહે વારૂ મ્હારાજા, કૃપા કરી પ્રત્યક્ષ; પણ
મુજને મારવાને આવે, કૃષ્ણ કરીને પક્ષ ॥૨૧॥ તવ બીજું બાણમંત્
રી આપ્યું, પક્ષ પ્રભુ એની કરશે;તો તું આ બાણ મારજે તેણે, દેવકી
નંદન મરશે ॥૨૨॥ એમ કહી બે બાણ આપ્યાં, ગુરૂ નીંદ્રાતુર હુતા;
કરણ રાજાના ચરણ ઉપર, મુસતક મુકી સુતા ॥૨૩॥ તવ રવી સુત
મન વીચારે, ભાગ્યજ મારૂં ભળીયું; હવે વ્હાણું વ્હાય કેવારે જેનોઇએ
તે મળીયું ॥૨૩॥ પ્રભાત થાય તો વીદાય થાવું, મન ચોર ચીંતા ધર-
તો; લાબે ભુજે ગુરૂજીની, ચરણ ચંપી કરતો ॥૨૪॥ અંતરયામી
ગરૂડગામી, કૃષ્ણ પ્રભુ સાક્ષાત; જાણી કરણના કપટ કેરી, દ્વારીકાં-
ધીશે વાત ॥૨૫॥ કરણને ફોસલાવીને ભણ્યો, બાણ તણી વીદ્યાય;
મ્હારૂં ને નરના મ્રત્યુનું, બે બાણ લેઈ જાય ॥૨૬॥ એવું જાણી પ્રેરક
પ્રભુએ, પુર્ણ કરી પ્રેરણાય; નારદજીને સુદ્ધી દીધી,ગયા તે સ્વરગમાય

॥૧૭॥ સુરપતિ પાસે નારદ આવ્યા, સુરેન્દ્ર લાગ્યો પાય,કેમ માહારાજા કવેળાએ, આપ કરી કરૂણાય ॥૨૮॥ નારદજી કહે ઇન્દ્રરાજા, અરજુન છે તુજ તન; તેને હણવા વીધ્યા ભણવા, રહ્યો છે ફરશુ ભોવન ॥૨૯॥સુર્યનો નંદન કરણ રાજા, તુજ તનના લે પ્રાણ; ભોળપણમાં ગુરૂએ આપ્યું તુજ સુત મરણનું બાણ ॥૩૦॥ વ્હાણું વાતે એછે જવાનો, કરણ કપટ કરી; જા જઇને ચેતાવ્ય ગુરૂને, કાંક કરો કરગરી ॥૩૧॥ સુરપતી કહે જાવું મહારાજા, ઉઠયોઇન્દ્ર અમ્મર;ભોમીમાઆવ્યોસ્વરૂપ લીધું થયો કાળો ભમ્મર ॥૩૨॥ ભમરા કેરૂં રૂપ ધરીને ગણગણતો મઠ પેઠો; કરણ રાજાની જંગા ઉપર કરડવાને બેઠો ॥૩૩॥ કરણ રાજાએ મન વિચાર્યું, એનાથી નહિ જાય પ્રાણ; એવાના ડંશથીડરીશ તો પછી, કેમ ખમાશે બાણ ॥૩૪॥ માટે કરડવું હોય તેટલું છોને કરડી જાય; એમ જાણીને ઉરાડયો નહી, થયો નકાળજો રાય ॥૩૫॥ એટલે ભમરો ન થાય ભુંડો, કોચી નાંખ્યું શરીર,ખણી ખોતરીને ખણે કાહાડયું રેલારેલ રૂધીર ॥૩૬॥ તે રેલો ગયો ગુરૂની નીચે, લાગ્યું ઉષ્ણ અપાર; ઝબકીને તવ જાગી ઉઠયા, ફરશુરામ તેવાર ॥૩૭॥ ગુરૂ બોલ્યા શું તળે આવ્યું, જાણે ઉનું નીર; કરણ કસે ભમરોકરડયો;કાહાડયું મને રૂધીર ॥૩૮॥ તેતો તમારી તળે આવ્યું, ગુરૂએ કર્યો વીચાર; રૂધીર દેખી દોઢ ગાઉ નાસે, બ્રાહ્મણનો કુંવાર ॥૩૯॥ આ કાળજું નોહ્ય બ્રાહ્મણ કેરૂં,છેકોઇ કઠીણ જાત; ક્ષત્રિ સરખું કાળજું એનું, એમ આવી મન વાત ॥૪૦॥ કરણ પ્રત્યે કેહેવા લાગ્યા, સાંભળ મારી વાત; બોલજે સાચું નથી બ્રાહ્મણ, છે કોઇ બીજી જાત ॥૪૧॥ કરણ કહે એમ શું બોલો, સંગ કર્યો બહુ દન; આપનેઅનુભવ છેવહારો,હું બ્રાહ્મણનો તન ॥૪૨॥ સાંભળી ગુરૂએ વીચાર કીધો, સહસા ન કરવું કામ; સમાધીમાં જોઇને સમજુ, તે પછી ચલવું હામ ॥૪૩॥ ॥૪૩॥એમ જાણીને માંડી સમાધી, કરણે વિચારીપેર; હવે ગુરૂ મને ઓળખવાના, નહી જાવું જીવતો ઘેર ॥૪૪॥ એમ જાણીને રથ જોડયો ગુરૂનો, ગુરૂ તણાં હથીયાર; બાણનો ભાથો ધનુષ લીધું, રથે બેસી ચાલ્યો બ્હાર ॥૪૫॥ મન મુકીને ઘોડા હંકાર્યા, જોર ઝપાટે જાય; સમાધીથી ગુરૂએ જાણ્યો, કપટી કરણરાય ॥૪૬॥ સુત સતીનો અરજુન કહાવે, તેનો નથી કાંઇ દોશ; ગૌબ્રાહ્મણનો પ્રતીપાળક, તે પર દુષ્ટનો રોશ ॥૪૭॥ કપટથી મહારી વિદ્યા ભણીયો, સાચો કર્યો સંતાપ;એણે મ્હારેમાથે લગાડયું, બ્રહ્મહત્યાનું પાપ ॥૪૮॥ એમ જાણીને ક્રોધમાં ઉઠયા, આણું

એનું મરણ; વિદ્યારથીને પુછવા લાગ્યા. કયાં ગયો કપટી કરણ ॥૪૯॥ વિદ્યારથી કહે નાશી ગયો એ, ઘણી થઇ ગઈ વાર ગુરૂ કહે ઘોડા જોડો, રથ કરો તઇયાર. ॥૫૦॥ વીદ્યારથી કહે ઓરે મ્હારાજા, કરણ કપટી થયો; વિદ્યા તમારી ભણ્યો તેમા, રથ ભેગો ભણી ગયો. ॥૫૧॥ ગુરૂ કહે બીજો રથ કહાડો, તવ ત્યાં કર્યો તઇયાર; આયુધ લાગ્યા શોધવા તો નવ દીઠાં હથીઆર ॥૫૨॥ વીદ્યારથી કહે શોધશો માં, એ આયુધ લૈ પળીયો; ફરશુરામ કહે એ ખરો, ગુરૂનો ગુરૂ મળીયો ॥૫૩॥ એવે આયુધ બીજાં લીધાં, વિદ્વાન જન નવ ચુકયા; અશ્વમંત્ર ભણી ગુરૂએ, કાન ઘોડાના ફુંકયા ॥૫૪॥ વાયુવેગે ઘોડા ઉડયા, ગુરૂ બેઠા રથમાંય; કરણ રાજાને જઇ પહોંચ્યા. રોકણ કીધું ત્યાંય ॥૫૫॥ ફરશુરામ કહે કયાં નાસે પાપ લગાડયું શીશ; સત્યવાદી કુન્તા સુતને શું, તું જઇને હણીશ ॥૫૬॥ કરણ કહે થનાર વસ્તુ, હતી તે થઇ ગઇ; હવે મીથ્યા મુજને રોકો; કૈં વળવાનું નહી ॥૫૭॥ ફરસુરામ કહે ન વળે શું તુજને મારૂ ઠેર; કર્ણ કહે તમ વિદ્યા ભણ્યોછું, જાવો આબરૂ ભેર ॥૫૮॥ વળણ ॥ આબરૂભેર જાવો મકે, નેમાં છે શોભાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણજો સૌ શ્રોતાય.

કડવું ૫૦ રાગ રાજન રાચેજી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણુજનમેજે રાય; બળવંત બાજેજી વીસ્તારી તુજને સંભળાવું, યુદ્ધ તણોમહીમાય ॥બળવંત ॥૧॥ કરણનાં વચન સુણ્યાં ગુરૂએ, કોપ્યા અપરમપાર; ॥બળવંત ॥ સામા સામી ધનુશ ચઢાવ્યાં, કારમા કીધો ટંકાર ॥બળવંત. ॥૩॥ પછી બળવંતોએ બાણુજ લીધાં, મંત્ર ભણીને મારે ॥બળ॥ અગણીત છુટે બકતર ટુટે, મુખથી પ્રૌઢ પોકારે ॥બળ॥ ॥૪॥ થાય બહુ ત્રાટી કાયાને કણી પંડછે પુરણ પેર; ॥બળ॥ લડતા વઢતા પાછા ન પડતા, થાયછે કારમો કેહેર ॥બળ.॥૫॥ એક દીવસે તો એમજ ચાલ્યુ, એવે બીજો દન થાય ॥બળ॥ ને દન બાહજ્યા ઘણાક ગાજ્યા લાજ્યા, નહી મનમાંય ॥બળ. ॥૬॥ ફરશુંને એ ફાંફાં મરાવે, આવી કવચની સર્ત; ॥બળ. ॥ નવાણુ મંત્રથી કવચ નવાણું, બાણ મારી તોડયાં તર્ત ॥બળ ॥ ॥૬॥ કવચ વીનાનો કરણ બનીયો, પછી વાગવા માંડયો માર ॥બળ॥ ભોંકયાં ભાલોડાં ગાજીને ગુરૂએ. શરીરમાં અપાર ॥બળ॥૭॥ એટલે ક-

રણ કાયર થયો, તરફડીઓ તે વાર ॥બળ ॥ પછી ગુરૂએ રથ એનો ભાગ્યો માર્યા ચાર તો ખાર ॥બળ॥ ॥૮॥ ને પછી રૂવાડે રૂંવાડે વીંધ્યો, જીર્ણ કર્યો છેકાછેક ॥બળ॥ તોપણ બળીયો બ્હાજ્યો રહયો ગુરૂએ બાણ ગ્રહ્યું એક ॥ બળ ॥ ૯ ॥ બાણ માર્યું વજ્ર સરીખું, વીંધ્યો કરણનો ભુજ ॥ બળ ॥ તવ આયુધ હેઠાં પડયાં કરણનાં, થઇ શરીરે ધ્રુજ ॥ બળ. ॥ ૧૦ ॥ પછી ગુરૂએ કીધી ગરજના, પુરણ ક્રોધેભરીયા ॥ બળ ॥ ફરશી લીધી ફરશુરામે, રથમાથી ઉતરીયા ॥ બળ ॥૧૧॥દોટ મુકીને કોટજ ઝાલી, નાંખ્યો કરણને ધર્ણ ॥ બળ. ॥રોશ ભરેલા રૂદીયે બેઠા, આણું તારૂં મર્ણ ॥ બળ ॥ ૧૨॥ બે દન લગી યુદ્ધ જોયું નારદે, જાણ્યું કરણ મરી જાશે ॥બળ॥ જીવંતો હશે તો કોક જગોએ, લડાવવાને થાશે ॥બળ.॥ ૧૩॥ એમ જાણી ગયા સુર્યની પાશે, બોલ્યા મુખ વચન ॥ બળ. ॥ જાવો મુકાવો ફરશુ મારે છે, મરે કરણ તમ તન ॥બળ. ॥૧૪ ॥ એટલે બીજે રૂપ રવી આવ્યા, બોલ્યા મુખથી એમ ॥ બળ. ॥ ઓરે મ્હારાજા વગર વાકે, મુજ સુત મારો કેમ, ॥ બળ ॥ ॥૧૫॥ ફરશુ કહે મુને પાપ લગાડયું, માટે કરૂં એનો કાળ. ॥ બળ ॥ સુર્ય કહે તમે એને મારોતો, હું પરવરૂ પાતાળ. ॥બળ ॥ ૧૬ ॥ એટલે અવનીમાં અંધકાર રહેશે, અટવાશો સહુ આપ ॥ બળ ॥ અનજળની આવદાની અટકશે, તે સહુ તમને પાપ. ॥ બળ. ॥૧૭॥ તવ ફરશુએ એમ વીચાર્યું, કયાં લેઉ વિશ્વનું પાપ ॥ બળ. ॥ રોશમાં રૂઠયા ઉપરથી ઉઠયા, દીધો કરણને શ્રાપ. ॥ બળ॥ ૧૮ ॥ જ્યાં બે દન યુધ કરે ત્યા તારાં, રથ ચક્ર ભોમી ગળજો. ॥ બળ॥ બીજે દીવસે ત્રીજે પોહોરે, પ્રાણજ તારો ટળજો ॥બળ॥૧૯॥ એમ કહીને જઇ રથે બીરાજ્યા ભુલ્યા લેવાના બે બાણ ॥ બળ ॥ સુતને છોડાવાને સુર્ય નારાયણ થયા અંતરધ્યાન ॥ બળ ॥ ૨૦ ॥ વળણ પછી કરણરાય ચાલીયો. જાય હસ્તીનાપુર; જાતાં જાતાં વલ્લભ વદે, ઇચ્છા ઉપરની ઉર.

———oXo———

કડવું ૫૧ રાગ સામેરીની લટક.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણજનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્યપરવ મહીમાય ॥ ૧ જાતા જાતાં કરણ રાયને, ઉલટ આવી ઉર; વન વીશે તપ ઇંદ્રનું માંડયું, આવ્યો સ્વરગનો સુરા॥રા॥ કહ્યુ કરણને શું માગેછે, બોલ્યો રાજા કરણ; હું માગુછું અરજુન કેરૂં,

મ્હારે હાથે થાય મરણ ॥૩॥ ઇંદ્ર રાજા કહે ખરો તું તપશી, વીઘન એનું હરજો; વરદાન દેઉછું કર રાજા, અરજુન હાથે તું મરજો ॥૪॥ કરણ કહે અવળુ બોલ્યા, હું સવળું બોલાવું, માગ્યા પ્રમાણે આપો નહી તો ઇંદ્રાસન ડોલાવું ॥૫॥ ઇંદ્ર કહે કેમ મુમત ઝાલે, થઇને કરણ કાલો, તારા બાપે તુને ઉગાર્યો, તેવો મુને મ્હારો વ્હાલો ॥૬॥ વીસેશ કેડો દેવનો લેવો, તેમાં ન નિકળે સાર; તે કરતાં તને સાંગ્ય આપુ, કામ કરે એક વાર ॥૭॥ કહેતો મેઘાડમર આપુ, છત્ર તરે શીશ; તે કરતાં કલ્વાક રથ આપુ, તુ તેમાં બેશીશ ॥૮॥ હોય બેઠેલો ત્યાં લગી તારૂં; કાદ ન થાયે મર્ણ; એટલે ત્રણ વસ્તુ માગી, પોતે રાજા કરણ॥૯॥ ઇંદ્ર રાજાએ સાંગ્ય આપી, આ એકવાર કાજ કરશે; મેઘાડમર અપાય નહી મારો, ગંધર્વ તુજને ધરસે ॥૧૦॥ કલ્વીક નામનો રથ આપ્યો; કરણ બેઠો માંય; હસ્તીનાપુર ભણી ચાલ્યો, જાણ્યું દુર્યોધનરાય ॥ ૧૧ ॥ બોલાવ્યા પાંચે કારભારિ, ચાલો તતબર થૈએ, અરજુનનું મોત કરણ લાવ્યો, માટે સામા જૈએ ॥૧૨॥ એમ કહીને ઉઠયા સરવે,કરણને લેવા જાય; મોતી પુસ્પ વધાવવા લીધા, દરવાજે આવ્યો રાય ॥ ૧૩ ॥ એવે કરણનો રથ આવ્યો, છત્રપતી કહે આવો; કુશળ ખેમ ખબર ન પુછી, અરજુનનુ મોત લાવે ॥૧૪॥ તેથી ખોટું લાગ્યું કરણને, છે સ્વારથીયો પુરો;કરણ કહે મ્રત્યુ તારૂં લૈ આવ્યો હું સુરો ॥૧૫॥ દુર્યોધન કહે એમ કેમ બોલે બગડી ગઇ તુજ મતી; કરણ કહે સ્વારથ પુછયો, ખબર પુછતો થી ॥૧૬॥ દુર્યોધન કહે હુંતો રાજા, પુછુ કે ના પુછું; કેમ માહરા સામુ બોલ્યો, ગુલામ ઘરનો તુછું॥૧૭॥કરણકહે કેમ ગુલામ કહ્યો, અંધ તણા કુમાર; દુર્યોધન કહે મેણુ દીધુ, જા મુજ ગામની બ્હાર ॥૧૮॥ કરણ કહે જા નહી આવુ, આ રહ્યા ગામની બ્હાર; મોકલી દે તું મારી માતા, મોકલ મારી નાર ॥૧૯॥ એમ કહીને પાછો વળીયો, નગ્રની બારણે રહયો; દુષ્ટ બુધિ દુરજોધન એને, તરછોડીનેગયો. ॥૨૦॥ જઇ કરણની નારીને મોકલી. મોકલીએની માત,બનેજણી ચાલીને આવ , જ્યાં છે કરણ રાય. ॥૨૧॥ કરણે બેઉને રથમાં લીધાં, વનવાસ ચાલ્યો જાય;જાતાં તાં તપ આરંભ્યું, સુર્યતણુ વનમાંય ॥૨૦॥ એટલે આવ્યા દીનમણી ત્યાં, મુસ્તક મુકયો હાથ; કેમ બેટા મુજનેતેડાવ્યો; શું દુખ છે દલસાથ ॥૨૩॥ કરણ કહે પીતા મારા, મુજને મુકયો ભોમ; કીયા તાતને ર રહુ, તમોતો વશ્યા વ્યોમ ॥૨૪॥ પ્રથવીમાં પીતા કોણ મહારો,કોણજ મહારી માત;આતો મહારી પાળક માતા

ઓરે મારા તાત ॥૨૫॥ રવી કહે તુજ તાત નથી, જીવતો અવની વી-
શે; જનેતા જીવે છે તારી, દેખાશે કોઇ દીશે. ॥ ૨૬ ॥ લે તુજને આચું-
દડી આપુ, ને તુ સંગરી રહેજે;તારી જનેતા થતી કોઇઆવે,તેને હોરા
ડી દેજે.॥૨૭॥એટલે તેના સ્થાનમાથી, નીકળશે પયધાર;તેપડશેતારામુ
ખ વીશે, એ મારા કુંવાર ॥૨૮॥ તેને તું જાણજે જનેતા, ઓરે મારા
તન;કરણ કહે ઠીક તેનો, સાંભળો એક વચન ॥૨૯॥ દુરીયોધનેકહાડી
મુકયો, વચનમા થયું ઝેર; તમેતો રહ્યાબ્ચોમનાવાશી,જાવું કીયાતાત-
ઘેર ॥૩૦ ॥ એટલે ભાણુએ મણી વશીને, નગ્ર બનાવ્યું એક;ચારબ-
જારને રાજ્ય હવેલી, શોભા ભરેલું છેક ॥૩૧॥ પછી કહ્યું આ નગ્ર ત-
મારૂં, દીન દીન વસ્તી વસાશે;લ્યો આ મણીની શેવા કરજો,સોનું સ-
વાભાર થાશે ॥૩૨॥ ત્રીસમણ સોનું નીત્ય નીકળશે, એ મારા સંતા
ન; કરણ ખુશી થયો ત્યારે, થયા અંતર ધ્યાન ॥૩૩॥ કરણ ચાલ્યો ન-
ગ્ર વીશે, લેઇ માતાને નારી; વીશ્રામ કીધો રાજ્યમ્હેલમાં,સભાનીશો-
ભા ભારી ॥ ૩૪ ॥ પછી કરણ વસ્તી લેવા; ગામડે ગયોચોપાસ; મફત
ઘર આપવાના કહ્યાં, લોકોએ પુર્યો વાસ ॥ ૩૫ ॥ ખચ ખચીને વસ્તી
વશી ત્યાં, શોભી રહ્યું એ ગામ, કરણ રાજાએ નગ્રતણું ત્યા,કર્ણપુરીધ-
ર્યું મન ॥૩૬॥ રઇીયત રૂડી રાજા રૂડો, નહીકો જનને દુઃખ વેઠ વેરો
નાહી કોઇને માથે, સહુ જીવને બહુ સુખ ॥૩૭॥ નિત્યાન મણીની પુ-
જા કરે, ઝરે ત્રીસમણ સોનું;કરણે જાણ્યું કરૂં ભેગું, ભાયગભળે કોનુ
॥૩૮॥ તે કરતાં હું હાથે વાવરૂ, કરૂ કાંઇ. પુન્યદાન; ધરમ ધજા ઘેર
બાધી, રીઝે શ્રી ભગવાન ॥૩૯॥ એ વાત ચાલી દેશ પ્રદેશે,આવેયાચક
જન, મોઢે માગ્યું દાન આપે. થતે સવા પ્હોર દાન ॥ ૪૦ ॥ યાચક
લોકો આશીશ દેછે, ધન્ય કરણની કમાણી કરણ દાતાર કેહેવા-
યો સઘળે, દુર્યોધને વાત જાણી ॥ ૪૧ ॥ મામાની પ્રત્યે પાપી બોલ્યો,
જુઓ કરણ ચડીયો;દાન દેઇને ડંકો કીધો, હું તો જાંખો પડીયો ॥૪૨॥
મામો કહે આજ રાજ સંપાડયું, પૈસાનો પડશે વાંધો;છેવટછુટશે ધજા
એની, આપણ ધજા બાંધો ॥ ૪૩ ॥ એના કરતાં કેહેવાશું દાતા, એને
શું યશ મળ્યો છે; આપણે ઘેર કયાં ખોટ છે ભૈ, બહુ પૈસો બળ્યોછે
॥૪૪॥ એમ વીચારી ધજા બાંધી, કરવાને દાતારી;પુન્યસમજી બાંધી
નથી, જસ લેવાનો ધારી ॥ ૪૫ ॥ જસ લેવાનું નામ રેહેવાનું ધારીને
કરે દાન;તેને પુન્ય કદી નવ થાયે, વળી નહી કલ્યાણ ॥૪૬॥ વાદોવાદે
ધજા બાંધા, ભીક્ષુકનુ કષ્ટ કાપે, કેમ મ્હારાજા કેવો હુંછું, જસ લેઇ દા-

ન આપે ॥૪૭॥ કરણ દીનતો દેખાડે સૌને. માગે નહિ જસ જરા; પરાણે વાહવા કેવરાવે,અંધ તણા દીકરા. ॥૪૮॥ જસ ગાજો એમ યાચક જનને,કહે દુરીયોધનરાય;કરણના કહ્યા વીના સૌ, યાચક જન જસગાય.॥૪૯॥ કીરતી કરાવવા ઇચ્છા રાખે,તે પર પ્રભુને રોશ;યાચક પોતે કીરતી કરે,તેનો નહી કાંઇ દોશ.॥૫૦॥બેઉ જણાએધજાયો બાંધી, ધર્મ મારગ નહી કાચો;પ્રભુએ જાણ્યુ બે થયા દાતા,તેમાંથીકોણસાચો.॥૫૧॥ સાચા જુઠાની જોઉં પરીક્ષા, વિચાર્યું વિશ્વને ભુપ; પ્રથમ હસ્તીનાપુર આવ્યા, બ્રાહ્મણનું લઇ રૂપ. ॥ ૫૧ ॥ વળણ ॥ રૂપ ધર્યું બ્રાહ્મણ તણું, આવ્યા જોવા હોડ; વ્યાસ વલ્લભ કહે બોલજો, જે જે શ્રી રણછોડ.

કડવું ૫૨ રાગ સાખી.

વૈયમપાયે એણીપેરે બોલ્યા;સુણજનમેજેરાય;વીસ્તારીતુજનેસંભળાવું,આદ્યપરવ મહીમાય. ॥૧॥ વીપ્રને વેશે આવ્યા વિશ્વંભર, ધારણ કર્યું વ્રદ્ધ ગાત્ર;ચામડી લટકે કાયાથી કંપે, કર ગ્રહ્યુંતુંમ્બીપાત્ર.॥૨॥ જેષ્ટીકા ઝાલી આવ્યા ચાલી,રાજસભામાં પેઠા, ડાચાંમળીયાં ઉગેલાં પળીયાં, બળાતકારે બેઠા. ॥૩॥ દુર્યોધન કહે આવો મ્હારાજા, વ્રદ્ધ વાડવ છો જ્ઞાતા,સાચુંકેહેજો જગતમાંહે, કોણ મુજ જેવો દાતા. ॥ ૪ ॥ કરણ રાયનું દાન લેઇને, યાચકતો જસ બોલે;ગમે તેટલું વાપરે તોપણ,નાવે મ્હારી તોલે. ॥૫॥ હું રાજ્યવાળો હું દ્રવ્યવાળો, હું સહુનુ કષ્ટ કાપું;હુંતો દયાળુ હુંતો દાતા, મુખ માગ્યા દાન આપુ॥૬॥ કરણનુકયાછે નભવાનું;રાજ વસાવ્યું હોણ;કેમ મ્હારાજા બોલતા નથી, મુજસરીખુ કોણ. ॥ ૭ ॥ પ્રભુ કહે સાબાશ તુને, મર્મનું વચન બોલે; ઇંદ્રરાય કે ઇશ્વર સરખા, આવે નહી તુજ તોલે. ॥૮॥ દુર્યોધન કહેસાંભળો મામા, ઘરડા જાણે ગાળા;કીમત આપણી ખરી કરી, છે વૃદ્ધ વીવેક વાળા. ॥ ૯ ॥ એમ કહીને બોલીયોએ, કષ્ટ તમારૂ કાપું;માગો મ્હારાજ વ્રધતમે છો, જે માગો તે આપું. ॥૧૦॥ તવ વ્રધ વેશે વિઠ્ઠલ બોલ્યા, દાન દેવુ છે તારે; જો ભાઇ વૃધાવસ્તામાં છે, યાત્રાની ઇચ્છા મ્હારે. ॥૧૦॥અડસટ તીરથ કરવા જાવું એવું છે અંતસકરણ,પણ શરીરમાં શક્તા નથી, ચાલતા નથી ચરણ. ॥૧૨॥ દુર્યોધન કહે હાથી આપુ, આપુ મેના સુખપાલ; અશ્વ આપુ રથ આપુ, લ્યો આપુ ધનમાલ. ॥૧૩॥ પ્રભુકહે મ્હારે કાંઇ ન જોઇએ, સકળ યાત્રા ફરવી, વાહન પર નવ બેસવુંને,

ચરણે ચાલી કરવી.॥૧૪॥ એવો નીમ કરીને આવ્યોછુ, એ દુરીયોધન રાય; છત્રપતી કહે એ મ્હારા, ત્યાં તો શો ઉપાય. ॥ ૧૫ ॥ પ્રભુ કહે જાત્રા કરી આવું,વ્રધપણું તુ લેને;યાત્રા કરી રહી આપીશપાછું, યોબન તારૂ દેને. ॥૧૬॥ કરીએ બદલો શરીર કેરો; ત્યારે તો યાત્રા થાય; એવું સાભળી પડયો વીચારે, જે દુરાયોધન રાય ॥૧૭॥ ઓરે મ્હારાજા યોવન માગો, મુજ મનનો વ્હેમ ખોવું; મારા તો મરજી નથીપણ, રાણીને પુછી જોવું.॥૧૮॥ પ્રભુ કહે પુછીજો નારીને, ઉઠયો દુરાયોધન; ભાણુમતીની પાસ આવ્યો,બોલ્યો મુખ વચન. ॥ ૧૯ ॥ ઓરે રાણી સાંભળો વાણી, વિપ્ર આવ્યો ઘર આગે; વ્રદ્ધપણુ એનુ આપે છે મુને, જવાની મ્હારી માગે.॥૨૦॥જાત્રા કરી આવે એટલો દહાડા, શરીર એનુ લેવું જો આપતાં હો આગના તો, દેહ મ્હારી દેઇ દેવું.॥૨૧॥ ભાણુમતી કહે એવો કેવો, શરીરનો માગનાર;એમ કરીને જોવા આવી, સભામાં મેહેલ બ્હાર. ॥૨૨॥ આવીને વ્રદ્ધ બ્રાહ્મણ જોયા, નીતરે નાકથી પાણી કાયા કંપે લાળ ચુએ, તે જોઈ બોલી રાણી. ॥ ૨૩ ॥ ઓરે રાજા મુંઢ મતીના, આ ધંધો કેમ ફાવે; મારા રડયા નવરા નાગા, એવાતોહજારો આવે. ॥૨૪॥ મફતનું માંગી ખાનારા, શતરૂ થઇ નિત્ય લાગે; બુદ્ધી તમારી બળી ગઈ છે. તેથી ફાવેતેમ માગે. ॥૨૫॥ કાલ વળી કોઇ બીજો આવે, ભંડાર માગે સમુળો; ધરમધ્વજા છોડી નાંખો, પુન્યમાંમુકો પુળો ॥૨૬॥ તવ દુરીયોધન આવી બોલ્યો કે, બહુ બહુ ઠપકો દેછે; સરીરનથી બદલવાનું, રાણીજી ના કેહેછે. ॥૨૭॥ પ્રભુ કહે છોડ ધરમ ધજા, તવ મામો ઓચરીયો,ભલુ થયુભાઇ આજથી આપણે, પૈસોબધો ઉગરીયો. ॥૨૮॥ બંધાવ્યે સુરો છોડાવ્યે સુરો,શકુની મંદમતી; છત્રપતીએ છોડાવી ધજા, લજ્યા જરાએ નથી. ॥૨૯॥ પ્રભુ બોલ્યા ધીકાર તુને, નથી ધરમનો ટેક; રાંડ ને રંડવો બેઉ છો સરખાં,ઘર બગડયું છે એક ॥૩૦॥ દુષ્ટ કહે વારૂ મહારાજ, તમ જેવા બહુ આવે, તમારે કહે શું છે થવાનું, ન મળ્યું તેથી ન ફાવે. ॥ ૩૧ ॥ આ સાર સાંભળીને શ્રોતાજન, કરજો મનમાં તોલ;દુર્યોધન જેવા જીવ તેના; આવા નીકળે બોલ. ॥૩૨॥ પછી પ્રભુ અંતરધ્યાન થયા, ગયા કરણપુરી, સભામાં આવ્યા વ્રદ્ધ વપુએ, વદે વાણી મધુરી. ॥૩૩॥ કરણે ઉઠી આસન આપે, પધારો માહારાજ, તસ્દી ધીધિ દરસણ દિધાં, ઘણી ક્રપા કરીઆજ ॥ ૩૪ ॥ પ્રભુ કહે ભાઈ શાબાશ તુને,બહુ કર્યાં પુન્યદાન;કરણ કહે એમ ન કેહેશો, હું તમ દાસ સમાન ॥૩૫॥ હું કયાંથી લાવીને પુન્ય કરૂં;લક્ષમી

નથી મ્હારી; લક્ષ્મીના માલીક પ્રભુ છે, તે કંથની એ નારી ॥ ૩૬ ॥ જેની છે તેની તેને આપુ, તેમાં મ્હોટાઇ શાની;આપણ તો ચીઠીનાચાકર, મુરખ લે મન માની ॥૩૭॥ પ્રભુએ જાણ્યું દિનતાવાળો, કરણ રાજા કહાવ્યો; એમ જાણી બોલ્યા વિપ્રવેશે,હું યાચવાને આવ્યો ॥૩૮॥ કરણ કહે માગો માહારાજા, દેશે દિનદયાળ, હું આપવાનેસમર્થ નથી હાથ જોડયા ભુપાળ ॥૩૯॥ પ્રભુ કહે મારે યાત્રા કરવી; અડસટ તીર્થ પાવન; ચરણ ચાલીને બધે જાવું, ન જોઇએ વાહન ॥૪૦॥ કરણ કહે ઓ મહારાજા; ત્યારે શો ઉપાય; પ્રભુ કહેમ્હારૂં વ્રદ્ધપણું લે, જુવાન દે તારી કાય. ॥૪૧॥ કરણ કહે ભલે મ્હારાજા, એ કહ્યું તે નહી ખોટું; આ પાપનો દેહ યાત્રા કરશે, ભાગ્ય મ્હારૂ મ્હોટું ॥૪૨॥ ઉઠો મ્હારાજા બદલો કરો; જુવાની મ્હારી દેવું; પ્રભુ કહે પુછ તારી નારીને,હાકહે તો હું લેવું ॥૪૩॥ કરણ કહે નારીને પુછું, તેથી ભલી પ્રાણઘાત; પુન્યમાં પુછવું નહી પ્રેમદાને, પુછવી વ્યવહાર વાત ॥૪૪॥ પ્રભુ કહેપ્રેમદાને ન પુછે, તો ન લેવી તુજ કાય; કરણ કહે તમારે પુછાવ્યે, પુછુ હું જગરાય ॥૪૫॥ એમ કહીને મ્હેલમાં ગયો, પ્રેમદા પાયે લાગે; કર્ણ કહે એક વ્રદ્ધ વાડવ, જુવાની મ્હારી માગે ॥૪૬॥ પ્રેમદા કહે શું પુછો છો, ઓરે મ્હારા નાથ; પુન્યમાં પાછા શું પડો પીઉ, શા કામનીછેજાત ॥૪૭॥ એવું સાભળી કરણ આવ્યો, મહારાજા લ્યો કાય, પ્રભુ કહે કેવરાવો મોઢે; આવે સભાનીમાય ॥ ૪૮ ॥ કરણે બોલાવી કામની તે, આવીને લાગી ચરણ; પ્રભુએ જાણી જોઇને કીધું, ગંદુ ગોબરૂ વરણ ॥૪૯॥ કામની બોલી દલડુ ખોલી, કલ્પના મનની કાપો; ચોબન લ્યો મુજ કંથ તણું ને વ્રદ્ધપણુ તમે આપો ॥૫૦॥ તે વ્રદ્ધ શરીરને હું શેવું, પાતક મ્હારાં પળાય; સ્વચ્છ શરિરની શું કરૂં શેવા, ગોબરૂ ગંદુ ધોવાય ॥૫૧॥ એવા વચન સાંભળીને, ખુશી થયા જગ ભુપ; ઉભા થઇને દરસણ દીધાં, ધર્યું ચતુરભુજ રૂપ ॥ ૫૨ ॥ લીલામ્બર પીતાંબર અંગે, મુગટ શોભા સારી; કોટીકસુર્યતણુ તેજ જેમાં, હાશ્યવદનમોરારિ ॥૫૩॥ છે જળહળ જોત આકતી ઉજવળ, દયા કરી દીનાનાથ; નર નારી નમ્યાં તવ પ્રભુએ, મુસ્તક મુકયા હાથ ॥૫૪॥ શાબાશ નારી કરણ તારી, મળી છે બેઉની જોડ;કરણ રાજા માગે તે આપુ, રીઝ્યોહું રણછોડ ॥૫૫॥ કરણ કહે માયા ન માગુ; સદાય રૂદેમાં રેહેજો; મ્હારા મરણ સમે સ્વામી, આવીને દરસણ દેજો. ॥૫૬॥ પ્રભુએ તવ કબુલ કીધું, મર્ણ સમે થશું ભેળા; વળી કેવાશે સવા પ્હોર સુધ; કરણરાયની

વેળા ॥૫૭॥ એમ કહી અંતરધ્યાન થયા; જોયોગુપત ગાળો; રૂડી રીતી બોલ્યાની નીતી, તે પુન્યશાળીનો ચાળો ॥૫૮॥ નમ્રતાવાળો દાતાર ભાળો, કટુ વચન નવ બોલે; સચન કરે વચન વિપ્રનું, તે કાંકકરણ તોલે ॥૫૯ ॥ વળણ.॥ ધર્મ ધજા રહી કરણની, દુષ્ટજન હાર્યો હોડ; વ્યાસવલ્લભ વદે બોલજો, જેજે શ્રીરણછોડ.

કડવું ૫૩ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન, રહી કરણની ધજા આખી, દુષ્ટજને ઉતારી નાંખી ॥૧॥ કરે પોતપોતાનું રાજ, એવામાં શું નીપજ્યું કાજ; જેવો હોય નર તેવી નારી, ભાણુમતીએ વાત વીચારી ॥૨॥ મુજ સ્વામી જે દુરજોધન, એનુ નથી રેહેતુ સ્થીર મન; દેત બ્રાહ્મણને એની કાયા, હું હતીતો એ ન છેતરાયા. ॥ ૩ ॥ વળીકોઇ દીન મન ભમી જાય, માટે વશ કરી લેઉ રાય. છે કુન્તા સુત શેદેવ જેહ, જાણે જાદુની વીદ્યા તેહ ॥૪॥ માટે એમની પાસે જાવું, જઇ ધુપેલ મંત્રાવી લાવું; ધાલુ મ્હારા સ્વામીને શીશ, મુને વશરહેહરનીશ ॥૫॥ એમ જાણી લીધું ધુપેલ, કરવા વશીકરણ ખેલ; જઇ દીધું શેદેવને હાથ, વશ કરા આપો મુજ નાથ. ॥૬॥ તવ શેદેવજીમાપમાંપ્યું, એને ધુપેલ મંતરી આપ્યું, કહ્યું ભોજાઇ છે એક આંટો. જોજો નપડે ભોમીમાં છાંટો. ॥૭॥ ભોમી પડે ભુંડુ થઇ જાશે; વશ કરતાં કવશ થાશે; કહે રાણી નહી પાડ઼ ભોમ, મુને એ ચીંતા રોમરોમ ॥૮॥ એમ કહીને ચાલી ત્યાંય. ગઇ પોતાના મ્હેલમાય; આવી મ્હેલમાં માળે ચડી, તવ આખો પ્યાલો ગયો પડી ॥૯॥ ઢળ્યું ધુપેલ ત્યાં તતકાળ, તેતો ઉતરીયું પાતાળ ॥૧૦॥ એક અગ્નીક નાગ છે નામ, તેને શીશ અડયું થયો કામ; મંત્રથી કામ દેવતા જાગ્યો, ભાણુમતી ઉપર મોહ લાગ્યો ॥૧૦॥ એવે રૂજની એ ગયો દન, કરે દુર્યોધન જ્યા સદ્દન; તેની પાસે ભાણુમતી નારી, હસે રમે બેઉ સુખકારિ ॥૧૦॥ એવે પાતાળનો નાગ બળીયો, દુષ્ટના મ્હેલમાં નીકળીયો; છત્રપતીને બંધન કીધો, ઉંધે શીશ ઉંચો ટાંગી દીધો ॥ ૧૨ ॥ એતો વશી કરણનો રોગ, રમ્યોરાણી સાથે રંગભોગ; વ્હાણુ વ્હાતે થયો વિદાય, તવ છોડયો રાણીએ રાય ॥૧૩॥ કહે દુરીયોધન સુણ નારી, કેમ આમ થયું દુખ ભારી, ભાણુમતી કહે હું રૂપાળી, મને મોહી જાયે વનમાળી ॥૧૪॥ દિઠી હશે મુને કો-

ઇ વાર, તેથી આવિ ચઢયો ગુમાર, લીધુ દુર્યોધને વીચારી,નથી ત્રીલોક હાવી નારી ॥૧૫॥ એમ મુરખજન મન માને, એશું ચરીત્ર નારીનુ જાણે;બીજે દહાડે ગયાં બીજે મ્હેલ, ત્યા થયું તેનું તે ફેલ ॥ ૧૬ ॥ ત્રીજે દન તામ્ર ધરતી કીધ,તોહે ત્યા આવ્યો ભોમી વાંધી;ઉંઘોટંગાઇ રહે રોજ રાત;એની ગળવા માડી જાત ॥૧૭॥ કથામાત્ર જાણો દ્રષ્ટાંન્ત તેનાં સર્વ લેવાં સીધાન્ત; જેને નારીભાણુમતીજેવી, તેનીદુરદશા થાય એવી ॥ ૨૮ ॥ તેવી નારીને વિશ્વાસે જેહ. રહેતો દુખ પામે તેહ; દુષ્ટ દુખી થયો ખટમાસ, હરનીસ રહે ઉદાશ ॥૧૯॥ એની સોસાઇ ચાલી જાત, જાણ્યું આ કોને કરૂં વાત;દુખ હરે એવો મીત્ર કરણ,ટેક મુકીથાવું એને સરણ. ॥૨૦॥એને એકલાને કેહેવાય,બીજેકેહેવાથી ઇજ્જત જાય; એમ જાણી ચાલ્યો એકદન, ગયો કરણપુરી રાજન ॥૨૧॥ નગ્રમાં ભુજ જોડીને પેઠો, ગયો સભામા કરણ બેઠો, ઉઠી કરણે છોડયા હાથ,ચાંપ્યો પોતાની રૂદીયા સાથ ॥૨૨॥ પેહેલી પુછી કુશળ ક્ષેમ, ઓરે ભાઇ સુકાયો તુ કેમ; બોલ્યો દુરીયોધન એમ મુખ, તુજવીનામ્હારે દલ દુખ ॥ ૨૩ ॥ ટાઢી મીઠી કોને કરૂ વાત,મમ ઘેર ચાલો મુજભ્રાત; હોય રાજતણી ઇછાય,કરજે હસ્તીનાપુરમાંય ॥૨૪॥ બોલ્યો કરણ રાય વચન, થયો મ્હોટો ખાઇ તુજ અન નથી લુણ હરામી હુંતો, મ્હારૂ રાજ ભોગવજે તુતો ॥ ૨૫ ॥ કાહાડી મુકયો ત્યારે જુદો રહયો, આવ્યો તેડવા તો ત્યાર થયો; એમ કહી લખી દિધુ રાજ, ચાલ આવુંછું આજને આજ ॥૨૬॥ લીધી માતાને લીધી નારી, ચાલ્યોકરણ વણ વીકારી; દીનમણીનો દીધો મણી; ગયો હસ્તીનાપુર ભણી ॥ ૨૬ ॥ જઇ રહયો જુનુ જ્યાં ધામ,સુખમાની કર્યો વિસરામ;એવે એકાન્તમાં એકદન; છત્ર પતીએ ભર્યાં લોચન ॥૨૮॥ જોઇ પડયો કરણનેવેમ,ભાઈ તુંતોરડે છે કેમ;તવ બોલીયો છત્રપતી,કેહેતાં જીભ ઉપડતી નથી ॥૨૯॥ બોલ્યો કરણ કહે દુખ તારૂ,મુજથી બનેતો હું નીવારૂ;સાંભળી દુષ્ટ પાય પડેછે, મુને નીત્યાન નાગ નડે છે ॥૩૦॥ હુંને રાણી કરૂં આરામ, નાગ નીત્ય આવે તે ઠામ;અમારા સુખને અટકાવે, મને ઉંચે ઉંધો લટકાવે ॥૩૧॥ ખટમાસથી દે એમ દુખ, પોતે રાણી સાથે લે સુખ;એવી વાત કોને નવ થાય,કરીએતો ઇજ્જત જાય ॥૩૨॥ સુણી કરણે કર્યો વીચાર, કાંઇ કપટ કીધેલું નાર; તે વીના નાગને મોહ શાનો, સમજી મનને રહ્યો છાનો ॥૩૩॥ કહ્યું કરણે કરીશું પેર,આજ આવશું તારે ઘેર; રેહેવાનો છાનો હું સંતાઇ, આવશે તવ લેઇસ સાહી ॥ ૩૪ ॥ એમ કહી

છાનો રાખ્યો રાય, એવે દીવસ વીતી જાય; પડી રૂજની કરણુ ઘાયો,
દુષ્ટના મ્હેલમાં સંતાયો ॥૩૫॥ એવે પાતાળથી નાગ આવ્યો,દુષ્ટે કરણુ
ને બોલાવ્યો;આયો કરણુ કરીને રીસ,લાત મારી તે નાગને શીશ॥૩૬॥
હતું નાગને વરદાન એવું,કોઇનો માર ન વાગે તેવું;વાગેતો ન લાગે લ
ગાર, લાગે સુર્યના સુતનો સાર. ॥ ૩૭ ॥ લાત વાગી તે લાગી જ્યારે,
જાણ્યો સુર્યનો નંદન ત્યારે;તવ અત્રીક લાગ્યો પાય, કરો ક્ષમા ઓકરણુ
રાય ॥૩૮॥ તમને ઓળખ્યા પાવન, તમો કરણુ રવીના તન, બોલ્યો
કર્ણ આવ્યો પરપેર,તેથી તુજને મારૂં ડેર ॥ ૩૯ ॥ બોલ્યો અત્રીક મુકો
મા બાપ, હવે આવું તો વિશ્વનું પાપ; બોલ્યું વચન સત્યજ થાપુ, મુ-
કો મનવેગી ઘોડો આપુ ॥૪૦॥ ઘોડે બેશી કરો ઇચ્છાય,કરો કલ્પના
ત્યાંતો જવાય;તવ કરણે ઘોડો લીધો, અત્રી નાગને મુકી દીધો ॥૪૧॥
દુખ ગયું પાપીનું જ્યારે, રહ્યા નીરવરતીથી ત્યારે;એવે દીવસ વિત્યા
ચાર, મળ્યા એકાંતમાં એક વાર ॥૪૨॥ દુરીયોધન દુશ્યાશન, શકુની
ને કરણ રાજન; બોલ્યો દુરીયોધન મુખ એમ, કહો ભાઇઓ કરશું કે
મ, ॥ ૪૩ ॥ રહ્યા પાન્ડવ સુખે પાંચ, એમને ન આવી કાંઇ આંચ; લે
શે કોઇક દન એ રાજ,માટે શોધો કાંઇ ઇલાજ ॥૪૪॥ પાચમાથીજોએક
બે ઘટે, થોડી થોડી ચીંતા તવ મટે;એવે બોલ્યો શકુની એમ, પેહેલો
નાશ પમાડીએ ભેમ ॥૪૫॥ જુઓ આવ્યો આ જેઠ માસ, એમને એ-
કાદશી અભ્યાસ; આવી નીર્જળા એકાદશી, કરે વ્રત પાન્ડવ હશી
હશી ॥૪૬॥ જમે દસમીને દન એકવાર,એકાદશીએ કરે ફરાળ;તેતો
ભીમશેનને નવ ગમે, દવાદશીએ એક વાર જમે ॥ ૪૭ ॥ છેક મધ્યાને
કરે ભોજન,ભીમ ભુખાળવો માગે અન;નવ્ય ખવરાવેએની માંય,દત્રા
ષ્ટ્રને ત્યાં જમી જાય ॥ ૪૮ ॥ બારશે ને બારશે જમે, પેઘો પડયો તે
નીત્ય દમે;માટે આ દ્વાદશીને દન, તુજ તાત ઘેર ભોજન ॥ ૪૯ ॥ આ-
પણે વીશના લાડુ કરીએ, દત્રાષ્ટરના ધામમાં ભરીયે; તેનું ભોજન
ભીમશેન કરશે; વીખવાપશે ને તે મરશે ॥ ૫૦ ॥ બોલ્યો દુર્યોધન
ખુંખારી, મામા તુજ બુદ્ધિ બલીહારી; પાંચમાંથી ઓછો એક થાશે,
એમ સર્વને ઓછા કરાશો ॥વળણ॥એમ કરતાં ઓછા થાશે, કુન્તીકુ
રાતન; વ્યાસ વલ્લભ સુખ ઓચરે, હરખ્યા પાપીજન.

કડવું ૫૪ સાખી,

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને

સંભળાવું આધ પરવ મહીમાય. ॥૧॥ દુષ્ટજનોએ દગો ધાર્યો થયે દશમીનો દન; ચાર ચન્ડાળો ભેળા થઈ ગયા, અંધ તણે ભોવન ॥૨॥ ધત્રાષ્ટરને બીના કહી તવ, આંધળો ખુશી થાય; પછી પચીસમણ લોટ મંગાવ્યો, પચીસ મણ ઘ્રત માંય. ॥ ૩ ॥ પચીસ મણ સાકર મંગાવી લાડુ કર્યા ભલી પેર. ચુરમુ ભેળતાં ભેળું નાંખ્યું, પચીસમણ મહીઝેર ॥૪॥ પછી તેના લાડુ વાળ્યા, પાપના મારગ ધાર્યા, મ્હેલના સાતમા માળ ઉપર, પવનમાં તે ઠાર્યા. ॥૫॥ પછી સમજાવ્યો ધત્રાષ્ટરને, સાચવજો બહુ પેર; દુર્યોધન કહે રાંધશો માં, જમજો મારે ઘેર ॥૬॥ એમ કહીને વિદાય થયા, જેષ્ટની દશમીને દન; તે દન કુન્તાએ ભેળા કીધા, પાંચ પોતાના તન. ॥૭॥ સાંભળો નંદન આવતી કાલે, નિર્જળા એકાદશી પુન્યનો દહાડો હરીજનોને. ઉપાદી કરવી ન કશી. ॥૭॥ એવું ભીમે સાંભળ્યું ને, બોલ્યો છે કલેશ લાવી; અરેરે મારે કરમે કયાં, વળી એકાદશી આવી ॥૮॥ કુન્તાજી કહે જારે ગાંડા, એક દન શું તનેનડશે; ગમે તેમ તું કકળે તો પણ, અપવાસ કરવો પડશે. ॥૯॥ ભીમ કહે હું તો નહી કરૂ, ઓરે મારી માય; કુન્તાજી કહે ખાવા ન આપું, થનારહોય તે થાય. ॥૧૦॥ ભીમ કહે અપવાસ ન થાયે, અન વીના હું મરૂ; તે કરતાં આજ લાડુ જમાડો, તો એકાદશી કરૂં. ॥ ૧૧ ॥ કુન્તાજી કહે ભલે બેટા, રાંધુ દાળ ભાત લાડુ; આનંદ પામે જીવ તારો, તેમ તુનેજ માડુ. ॥૧૨॥ જાવો જઇ બેસો સભામાં, રસોઇ રૂડી બનાવું; ત્યાર કરીને કુંવર મારા. તમને તેડવા આવું. ॥૧૩॥ એવી આજ્ઞા માતાએ કીધી ઉઠયા પાંચે ભ્રાત; પોતાના ઘરથી થોડે છેટે, સભા રચી એકાન્ત.॥૧૪॥ રાજ્ય વિના રાજ્ય સભા ન હોયે, કરેછે બ્રહ્મસભાય; ધર્મસંબંધી સંવાદ ચાલે, વેદના વાખ્યાન થાય ॥ ૧૫ ॥ તે સભામાં નીત્ય પાન્ડવ બેસે, થાય અતી ઉપદેશ; ત્યાં જઇને બીરાજ્યા પાંચે, નહીઉપાદી કલેશ ॥૧૬ ॥ કુન્તાએ રસોઇ કરવા માંડી, ભીમ તણી ઘણી બીક; રખે અપવાસ ન કરે કાલે, રાંધ્યું ઠીકાઠીક ॥૧૭॥ ત્યાર કરીને રસોઇ ઢાંકી ન્હાવા હુંનુ જળ કીધું; પછી ચાલ્યાં તેડવાને, નામ પ્રભુનુ લીધું ॥ ૧૮॥ જેષ્ટીકા ઝાલી માતા ચાલી, ધિરે ધિરે, જાય; આઘેથીભીમે આવતા દિઠા, પોતાનિ વ્રદ્ધ માય ॥ ૧૯ ॥ ભીમે જાણ્યું કે છ જણ જમે, તેટલું રાંધ્યુ હશે; અપવાસ કાલે છે કરવાનો, મ્હારૂ પુરૂ કેમથશે ॥૨૦॥ ધિમે ધિમે માતા આવે, તે પેહેલાં હું જાવું; છાનો માનો જમી લઇને, માતા પેહેલાં આવું ॥ ૨૧ ॥ એમ જાણીને ભીમ ઉઠયો, ઘેર

પોતે પરવરવા; ધરમને કહ્યું કે જાવું છું, લઘુશંકાકરવા॥૨૨॥ એમ કહીને બહાર નીકળીયો, બીજે પંથે પળીયો; આવ્યો પોતાનેમુકામે,સુત સતીનો બળીયો ॥૨૩॥ હવેલી ઉઘેડી ઉલટ આણી, પડયો લાડુના ધ્યાનમાં; જાણ્યું કે ન્હાતાવાર લાગે, ન્હાવા ધોવાનું કાનમાં ॥૨૪॥ હાથ ન ધોયા પગ ન ધોયા;રસોડુ ઉઘેડી પેઠો;ઢાંકેલી રસોઇ ઉઘેડીને ભોજન કરવા બેઠો ॥૨૫॥ દાળ ભાતને શાક ચોળી પીધાં, વાળી નાંખ્યો છેક; આખા લાડુલેઇમુખમાંમુકયા; રાખ્યો ન કટકોએક॥૨૬॥ હતુ તેવું ઢાંકી દીધું, દ્વાર હતા તેમ દીધાં, કુન્તા પહેલો આવ્યો સભામાં, કામજ ધાર્યા કીધાં ॥૨૭॥ એટલે આવ્યાં કુન્તા માતા,ઉઠો મ્હારા તન; તેડવાને આવવું પડયું, ચાલો કરવા ભોજન ॥૨૮॥ રાંધેલું થઈ જાશે ટાઢુ, એમજ બોલ્યાં માડી;ભીમેવીચાર્યુંમારાપેટમા, કે વારનીથઇ ટાઢી ॥૨૯॥ પણ પોતે શાહુકાર થાવા, ઉતારી નાંખ્યુ મુખ;ઉઠો વીરા વાર ન કરો, પેટમાં લાગી ભુખ ॥૩૦॥ એટલે ઉઠયા પાંચે બંધુ, માતાના કર ઝાલ્યા;ભોજન કરવા ઉતાવળા થૈવાતોકરતાચાલ્યા॥૩૧॥ ઘેર પોતાને ચાલી આવ્યા, અંતર ઉલટ આણી; કુન્તાએ ન્હાવાનેમાટે, આપ્યાં હુનાં પાણી ॥૩૨॥ પ્રથમ ચારે બંધુ નાહ્યા. દેવશેવામાં પેઠા, પોત પોતાનું શટ કર્મ કરવા, આસનવાળી બેઠા ॥૩૩॥ સૌથી છેવટ ભીમ નાહયો, દેવશેવામાં પેઠો, કદી નહીને તે દહાડેએ. માળા લઇને બેઠો ॥ ૩૪ ॥ કુન્તાજી જોઇ રાજી થયા, આજ આવી શુભ સુદ્ધી; ધનધન મ્હારા દીકરા હવે, સુધરા તારી બુદ્ધી ॥ ૩૫ ॥ ભીમ કહે મા વરસ થયા, કાંઇ કરવું શુભ કર્મ; તે સાંભળીને આનંદ પામ્યા,પોતેરાજા ધર્મ॥૩૬ ॥ એવે ચાર ભાઇઓ ઉઠયા;ભોજનમા ગઇમતી;પેટભરીને બેઠેલો છે, ભીમ ઉઠતો નથી ॥૩૭॥ કુન્તાજી કહે ઉઠ બેટા, એવીમાળા કેવી;ભીમ કહે ભાઇઓની પેઠે, ન કરૂંજેવીતેવી॥૩૮॥કુન્તાજી કહેકાલે કરજો, તવ ઉઠયો ભીમ કોડે,બાજઠ ઢાળી પાચે બંધુ,બેઠા જોડે જોડે ॥ ૩૯॥ માતાએ મુકયા વાટકાને,કનક કેરા થાળા; ભીમે જાણ્યુંથાળામાંશું મુકશે મા ઇટાળા ॥૪૦॥ માતા પેઠાં રસોડામાં, પીરસવા પ્રેમજાગે,લાડુની કથરોટ ઉઘેડી, તેમાં ઘંટા વાગે ॥૪૧॥જોયું તો દાળભાત નહીઆ, કોણે કીધું ભક્ષ;માયેજાણ્યું કામ ભીમનું,ડોસીએ કાડયાં ચક્ષ ॥ ૪૨ ॥ ભીમ કહે કે શું છે માતા, કેમ થયો ક્રોધ માઠો, મોઢું ચાટતોચાટતોમાતા, એક બીલાડો નાઠો ॥૪૨॥ કુન્તા કહે જ બીલાડો, નહી બીજાનું કામ; ભીમ કહે મોટા ભાઇ જુઓ, લેછે મારૂ નામ ॥ ૪૩ ॥ તમા-

રી પાસે હતો સભામાં,તેમ છતાં મુકે આળ; ધર્મ કહે માબોલો વિચારી, જુઠે તો લાગે ઝાળ ॥ ૪૪ ॥ લઘુ શંકા કરવાને ગયો હતો, તે નથી લાગી વાર; તે વીનાનો ઉઠયો ન્હોતો, ન્હોતો નીકળ્યો બ્હાર ॥૪૫॥ કુન્તાજી કહે તું શું જાણે, એ મારા કુમાર; એને આવતાં જાતાં ખાતાં, જરા ન જાણવી વાર. ॥૪૬॥ એના વીના નહી ધા બીજાનો, ભીમવધો વચન;રાંધ્યા ધાનની ચોરી ચઢાવી, મ્હારે ના લેવું અંન. ॥ ૪૭ ॥ એમ કહીને ઉભો થયો, ક્રોધાતુર બહુ હુતો; પેટની ચીંતા પારતી નથી,ઓટલે જૈને સુતો. ॥૪૮॥ માતા ગાળો દેવા લાગ્યાં,ઉતપાત માંડયોઅતી; ભીમે જાણ્યું છોદે ગાળો, ખાધું તે જવાનું નથી. ॥૪૯॥ ધર્મ કહેમાકલેશ ન કરશો, ખાધુ નથી પર કોઇ; શેદેવ નીકુળ રસોડામાં, કરવા પેઠા રસોઇ ॥૫૦॥ ફરીથી રસોઇબનાવી,બોલ્યા મુખવચન,ઉઠો સરવે કંકાસ મુકી, કરી લ્યો ભોજન ॥૫૧॥ એટલે ધરમ અરજુન ઉઠયા, ઉઠયાં કુન્તા સતી; ભીમને કહ્યું તવ ભીમ બોલ્યો, મ્હારે તો જમવું નથી. ॥૫૧॥ કુન્તાજી કહે રહેવા દો એને, ચાલો બીજા તન; ધર્મ કહે એને મુકીને, હું ન કરૂં ભોજન. ॥ ૫૩ ॥ એ છે ન્હાનો ને હું મ્હોટો, હું જમું તે ધિક્કાર; તમે તમારે ભોજન કરો. કહી બેઠા તે વાર. ॥૫૪॥તવ કુન્તાજી ભીમ પાસે, ાવીને બોલ્યાં એમ; ઉઠ બેટા તારા વીના;ધર્મ જમે કેમ. ॥૫૫॥ ભીમ કહે મારૂ નામ ન લેશો, મ્હારે જીવીને શું કરવું આજથીતો અપવાસ કરીને, અન ઉદક વણ મરવું ॥૫૬॥ કુન્તાજીકહે પાયે લાગુ, ઉઠો દીકરા ધોરી; ભીમ કહે મ્હારા માંથે મુકી,રાંધ્યાધાનની ચોરી. ॥ ૫૭ ॥ તે માટે ઉઠવાનો નથી, ચાહ્યતે કરો ઉપાય; એટલે શેદેવે ઘરમાં બોલાવ્યાં, પોતાની વ્રદ્ધ માય. ॥ ૫૮ ॥ માતા મમત ભીમ ન મુકે, હઠીલો તમ બાળ; ભીમના સાભળતાં કાહાડયો ધાંટો,મુજ માંથે મુકો આળ. ॥૫૯॥ એટલે એતો ઉઠશે ખાવા, એ એનો ઉપાય;તવ ઘરમાંથી ધાંટો કહાડી, બોલ્યાં કુન્તા માય, ॥૬૦॥ અલ્યા શેદેવપેટતારૂ, જમેલા જેવું લાગે;હું જાણું છું તેંજ ખાધું, તવ જોશી માફ માગે ॥ ૬૧ ॥ માતા અપરાધ ક્ષમા કરજો, હવે નહી કરૂં એમ; એટલે ઓટલેથી ઉઠીને, ઘરમાં ગયો ભેમ. ॥ ૬૨ ॥ જોરે માતા બીજાના ઉપર, તું કરતીતી જોર; કુન્તાજી કહે ભુલ મ્હારી, હવે ઝલાયો ચોર ॥ ૬૩ ॥ તવ ભીમ કહે કટેવ એતો. શું લક્ષણ એ સારૂં; ખો એની ભુલાવી નાંખું, હાથ બાંધને મારૂં. ॥ ૬૪ ॥ એમ કહી ઝાલ્યું પાંગોઠુ; ઓરડામાં લઈ ગયો; શેદેવ કહે જાણું છું વીરા, કોનો અપરાધ થયો. ॥ ૬૫ ॥ નાહ્યા વીના

કોણે ખાધું, ઓરે મારા ભ્રાત; ભીમ કહે મ્હારો ભાઇ હોય તો, કોને ન કરીશ વાત. ॥૬૬॥ એમ કહીને બ્હાર લાવ્યો; જાવા દેવું છું માત; પછી બેઠા ભોજન કરવા, બાજઠ પાંચે ભ્રાત. ॥૬૭॥ વળણ, બેઠા પાંચે બંધવો, પીરશ્યું કુન્તા માય; વ્યાસ વલ્લભ મુખ આચરે, ભીમથી નવ્ય ખવાય.

કડવું ૪૫ રાગ સાળંગીની છાયાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારીતુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ ભીમ થકી ખવાઈ ન શકયું, કુન્તા બોલ્યા એમ; હવે સાચું બોલજે ભાઇ તુથીં ન ખવાયું કેમ ॥ ૨ ॥ ભીમ કહે અપવાસ કરવા, જમ્યો છાનું માનું; પણ તેં મીથ્યા માથું કુટાવ્યું, જમેલો જમું શાનું. ॥૩॥ કુન્તા કહે ભાઇ ભલે ખાધું, ખાધાનો ટેક ધરજે; આવતી કાલે એકાદશી છે, તેથી અપવાશ કરજે. ॥૪॥ ભીમ કહે કે વારૂ માતા, જમી ઉઠયા સહુ જન; એવામાં રાત્રી પડી કે, સર્વે કર્યું સચન ॥૫॥ એવે ત્રણ પહોર રાત ગઇને, રહી છે એક પહોર; એટલે જમુનાએ સ્નાન કરવા, જાગ્યાં સહુ તે ઠોર. ॥ ૬ ॥ ચાર ભ્રાતને માત જાગ્યાં, બોલ્યાં કુન્તા એમ; ન્હાવા જાવા ભીમ ઉઠાડો, સુઇ રહ્યો છે કેમ. ॥ ૭ ॥ ધર્મ કહે ન ઉઠાડશો મા, આખો દહાડો બડબડશે; હું ગાળવાની ઢુંગ બગડે, ધરમા કંકાશ કરશે. ॥૮॥ આપણ નાહીને આવ્યા પછી, ઉઠાડશું એને; એમ કહીને ન્હાવા ચાલ્યાં, ધ્યાન પ્રભુનું જેને. ॥૯॥ આવ્યાં ઉઆરે વિપ્રને આસન, વસ્ત્ર મુકયાં સાર; જઈ જુમનામા સ્નાન કીધું, સમર્યા દેવ મોરાર. ॥૧૦॥ નમસ્કાર કર્યા ભાણુને ભાવે ભજ્યા ભગવાન; શક્તિ પ્રમાણે બ્રાહ્મણોને, દીનતાથી દીધું દાન ॥૧૧॥ પછી ગોવીંદ ગુણ ગાતાં ગાતાં, ગયાં પોતાને ઘેર; દેવના દરશણ શેવા પુંજા, કાધી પુરણ હેર. ॥૧૨॥ એમ કરતાં વ્હાણું વાહ્યું, બોલ્યાં કુન્તા માય; ઉઠાડ ભીમને નીકુળ બેટા;નદીએ ન્હાવા જાય ॥૧૩॥ મેદાનમા ભીમ સુઇ રહેલો, જાગ્રત રહ્યો છે પડી, નીકુળજી ઉઠાડવાને; આવીચા તે ઘડી. ॥૧૪॥ જાગતો જોઇને નીકુળ બોલ્યા, ઉઠો મ્હોટા વીર. સ્નાન કરવા સંચરોને, શમરો શામ શરીર ॥૧૫॥ માએ મોકલ્યો ઉઠાડવાને, ભીમ બોલ્યો તવ હશી; જા જઇ કહેજે ભીમ ભાઇએ, કરી છે એકાદશી. ॥૧૬॥ નીકુળે જૈ કહ્યું માને, ભીમશેન જાગ્રત રહે,

છે; ઉઠવાનું કહ્યું ત્યારે એકાદશી, ફરી એવું કહે છે ॥૧૭॥ માતાજી ઉઠયાં રોશમાં રૂઠયાં, આવ્યાં ભીમની પાસ; "ઉઠો બેટા તવ ભીમ બોલ્યો, આજ તો છે અપવાશ ॥૧૮॥ સુતેલો મને શીદ ઉઠાડો, એકાદશી કરી લેવિ; કુન્તાજી કહે સુતા સુતાં, એકાદશી તો કેવી ॥ ૧૯ ॥ ન્હાવા ધોવા ભજન કરવાં; કરવા દેવ દરસન; ત્યારેવળીએકાદશી, થાય પ્રભુ પરસન ॥૨૦॥ ભીમ કહે છે સાંભળો માતા, બોધજ તમનેદેવું, જે દીવસે ખાવુ નહી, તે દન ન્હાવું કેવું ॥૨૧॥ એટલે આવ્યા ધરમરાજા, ઉઠો ભીમસેન ભાઈ; તો પણ હઠીલો નવ ઉઠયો, માતા કોપ્યાં મન માંઈ ॥૨૨॥ ઉઠ પીટયા જા નહાવાને, થાય તારી શુભ મતી; ભીમ કહે મા અપવાસ છે તે, હું ઉઠવાનો નથી ॥ ૨૩ ॥ ધરમ કહે આડે દાહાડે; ન્હાવાનો રાખીએ પ્રેમ; તો આજ એકાદશીને દહાડે, મલીઅંત રહેવાય કેમ ॥ ૨૪ ॥ ભીમ કહે ન્હાવાને જાવું, તો અપવાસન થાય; જતા આવતા કાલના લાડુ, ખાધેલા પચી જાય ॥ ૨૫ ॥ ઉઠવું બેસવું પચે ખાધેલું, તો પાછી ભુખ્યો થાવું; માટે ખીચડી ઓરો તો, ન્હાવાને માટે જાવું ॥૨૬॥ કુન્તાજી કહે લાકડીએથી, મારૂ તને મુઢ મતી; ભીમ કહે ખીચડી ઓર્યા વણ, હું ઉઠવાનો નથી॥૨૭॥ ધર્મ કહે શું પુન્ય પુરાણે, માતા મુરખ મકલાનો, ઓરો ખીચડી ન્હાવામોકલો, આવિને છો ખાનો ॥ ૨૮ ॥ કુન્તાજી કહે જા ભાઈન્હાવા, ખાવાકરૂ તુજ સારૂ; ભીમ કહે ચુલો સળગાવો, તો મન માને મ્હારૂં ॥ ૨૯ ॥ કુન્તાએ જાણ્યું ખવરાવવું નહી; કરાવવો અપવાસ;પટાવવા ચુલોસળગાવ્યો, દેખતાં ભીમની પાસ ॥૩૦॥ કુન્તાજી કહે હવે ઉઠ બેટા, કહ્યું તે નથી કાચું; ભીમ કહે મા આધણ મુકો, ત્યારે લાગે સાચુ ॥ ૩૧ ॥ કુન્તાએ તવ પટાવવાને; આધણ મુકયું ચુલે; કુન્તાજી કહે ઉઠ બેટા, ભીમ ભલો કેમ ભુલે ॥૩૨॥ ઓરે માતા જાણીશ નહીં તું, કાચો છે તુજ છોરો; ન્હાવા જાવું ને કાંઇ ન કરો, દેખતાં ખીચડી ઓરો ॥૩૩ ॥ કુન્તાએ જાણ્યું નથી કાચો, ખીચડી ભેળા કીધી; ભીમની નજરેદેખાડીને, આધણમાં ઓરી દીધી ॥૩૪॥ એટલે ઉઠયો વાયુનો નંદન, ન્હાવાને માટે જઇશું; ભલી મળી એકાદશી ફળી, ઘેર આવીને ખઇશું ॥૩૫॥ સ્વચ્છ ધોયેલું વસ્ત્ર લીધું, મનથી આનંદ કરતો; ખુશી થઇ ન્હાવાને ચાલ્યો, ખીચડીનું ધ્યાન ધરતો ॥ ૩૬ ॥ નદિએ નહીશું ખીચડી ખઇશું, ખાધાના ફંદમાં ફુલ્યો; અવળે મારગ ચઢી ગયો ને, જમનાનો પંથ ભુલ્યો ॥ ૩૭ ॥ પુરણતાનમા ખાધાના ધ્યાનમાં, પંથનો

ઘોડા ન રહયો; વીચારમાંને વીચારમાંએ, દ્વાદસ જોજન ગયો ॥ ૩૮ ॥ એટલે મ્હોટું મેદાન આવ્યું, રળીયામણી ભોમી મીઠી, એવામાંજોયું શીવાળય, ન્હાની નદી ત્યાં દીઠી ॥ ૩૯ ॥ ભીમે જાણ્યું ન્હાય જુમના ખીચડીમાં ગયો ફુલી; આવી પહોંચ્યો અઘોર રણમાં, મારગ ગયો ભુલી ॥૪૦॥ હશે જ્યાં ત્યાં નાહી લેવું છે, વસ્ત્ર મુકયાં કોરાણે, પછી પેઠો ન્હાવા નદીમાં, પલળી પાની પરાણે ॥ ૪૧ ॥ ભીમે જાણ્યું ન-વાશે નહી; જો આ જળ રોકાય; પ્રથમ પાણી ભેળું કરીએ; ત્યારે તો નવાય ॥ ૪૨ ॥ એમ જાણી સુતો નદીમાં, આવતું પાણી રોકું; એક કીનારે ચરણ મુકયા, બીજી કીનારે ડોકું ॥ ૪૩ ॥ આગળનું જળજાવાદીધું, પાછળ જળ રોકાય; નીરભયપણે સુઇ રહયો છે, નદીની વચમાંય ॥૪૪॥ પુંઠે પુરણ પાણી ભરાયું, વધ્યું બેઠું ને બેઠું; નદી કીનારે શી-વનું ડેરૂં, તેમાં પાણી પેઠું ॥૪૫॥ પારવતી જોઇને ગભરાયાં, આ જળ તે કોણ લાવ્યું; કૌતક કારમુ કાળે ઉનાળે, પાણી કયાંથી આવ્યું॥૪૬॥ ઓરે શંભુ ઓરે શંભુ; આ જળ તે કોણ લાવ્યો; મહાદેવ કહે ભકત મ્હારો; નદીમાં ન્હાવા આવ્યો ॥૪૭॥ તેણે નીર નદીમાં રોકયુ, તેમા શી બુમ પાડો; પારવતી કહે ભય ભાસે છે, જાવો જઇ ઉઠાડો ॥ ૪૮ ॥ માહાદેવજી કહે છે એ હઠીલો, ઉઠાડે નવ ઉઠે, ઝાઝી જીકર જો કરૂ તો જટા ઝાલીને કુટે ॥ ૪૯ ॥ પારવતી કહે ભકત ભલોએ; ભલા તમે મા-હાદેવ; એવા ગાંડાને ભકત કહોછો, આશી તમારી ટેવ ॥ ૫૦ ॥ વ-ળણ. આતે શી ટેવ તમ તણી, ઉઠાડો શીવરાય; વ્યાસ વલ્લભ વાણા વદે, સુણજો સર્વ કથાય;

કડવું ૫૬ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વિસ્તારી તુજને સંભળાવું આદ્યપરવ મહીમાય ॥૧॥ માહાદેવજી કહે ગભરાસો નહી, બતાવું એક ઉપાય; હું લેઉ સ્વરૂપ વાઘનુંને, તમે બનો ગાય ॥ ૨ ॥ આગળ નાશો બરાડા ત્રાસો, ભીમ કને થઇ જાવો; તે તમોને જાવાદેશે, આઘે જઈ સ્વાસ ખાવો ॥૩॥ પાછળથી હું વાઘ રૂપે, આવીશ ભીમ-ની કને; એટલે તમારી દયા લાવી, ઝાલી લેવાનો મને ॥૪॥એટલે હું તોફાન કરીને, ઉઠાડું બળ આણી; મને મારવા ઉભો થશે, તવ વહે જશેપાણી ॥૫॥ પારવતી કહે વારૂ મહારાજ, આવજો કૈલાસ ભુપ;

એમ કહીને ઉમીયાજીએ, લીધું ગાયનું રૂપ.॥૬॥ નાહાની શીંગોટી પું-
છડી મ્હોટી,દોટ ઘણેરી કાહાડે;ઉછળે ચાર ચરણુથીને, ઉંચે પુંછ બ-
શડે ॥૭॥ પુરણુ ત્રાસે આગળ નાસે, વહે વાયુ સુંસવાટા;માહાદેવ પું-
ઠે ગાજીને કરે, વાઘરૂપે ઘુઘવાટા ॥૮॥ સુતાં ભીમે સાંભળ્યું કાને, ચી-
તમાં ચીંતા થાય;અરેરે આજ એકાદશીએ, વાઘ મારે છે ગાય ॥૯॥ પા-
ણીમાંથી ચીત ખસ્યુને, ગાયવિષે મન પ્રોયું;સુતાં સુતા ઉંચું ડોકું, ક-
રીને વનમાં જોયું. ॥૧૦॥ તો ગાય દિઠીને વાઘ દીઠો, વીચાર્યું મન આ-
પ,મ્હારા દેખતાં ગાય મરેતો, મુજને લાગે પાપ ॥ ૧૧ ॥ ઉઠીને જાવું
છોડાવવાતો; પાણી બધું વહી જાય;છોડાવું નહીતો પાપ લાગે, હવેશો
ઉપાય ॥૧૨॥ ઓ ગાય માતા આમ આવો, બચકારી બોલાવિ; એટ-
લે ઉમીયા ગાય રૂપે, ભીમનિ પાસે આવી ॥ ૧૩ ॥ ભીમે પેહેલી જા-
વા દિધિ, તે ગઇ સામી તીર, એટલે વાઘ આવ્યો, તવ કોપ્યો બળ-
વિર. ॥૧૪॥ ઘુઘવતો વાઘ જોર ઝપાટે, ભીમ કને થઇ ચાલ્યો; એટલે
લાંબો ભુજ કરીને, પાછળનો પગ ઝાલ્યો ॥૧૫॥ એટલે તો વાઘ અ-
વળો ફર્યો,દારૂણ દૈવતદાખ્યું,ભીમનું ડાબુ પાસું પંજો, મારીને ચીરી
નાંખ્યું ॥૧૬॥ રૂધીરની તવ ધારા છુટી, દેખીને ભીમ રૂઠયો; બળીઆ
રમત બળીઆ ગમત, બરબડતો એ ઉઠયો ॥૧૭॥ જળ ભરેલું જાવા
દીધું;જબ્બર વાઘ્રને ઝાલ્યો,માથા ઉપર ફેરવતો એ,નદી કીનારે ચા-
લ્યો ॥ ૧૮ ॥ દાઝે બળેલો લાવ્યો કીનારે, એક દીઠો પાશાણ; જાણ્યું
તે પર પછાઢીને,કાહાડું વાઘનો પ્રાણ ॥૧૯॥ એવું જાણી પછાડવા આ-
વ્યો વાયુ તણો સંતાન; માહાદેવે જાણ્યું ભોગ મળ્યા, થૈ ગયા અંતર
ધ્યાન. ॥૨૦॥ એટલે બાવરો બની ગયો; કુન્તાજીનોબાળ;શું ઉડીઆ-
કાશ ગયો શું, પેશી ગયો પાતાળ ॥૨૧॥ ઉંચું નીચુ ભીમ જુએ છે,
કૌતક આતો અનુપ; ભીમની પુંઠળ આવીને ઉભા, શીવજોગેશ્વર રૂપ
॥૨૨॥ વાઘ્રને ભીમ ખોળવા લાગ્યો, આડો અવળો ચાલી; એવામાંતો
જોગી દીઠા, ઝડપ જટા ઝાલી ॥૨૩॥ ઓરે જોગીડા ઓરે ધુતારા,ભલો
આવ્યો આજ લાગ; તુજને મારી નાંખુ નહી તો, બતાવ્ય મારો વાઘ
॥૨૪॥ મહાદેવ કહે મેં નથી દીઠો, સત્ય વદુછું મુખ; તે કરતાં એ વા-
ઘ થકી શું, તુજને થયું દુખ ॥ ૨૫ ॥ ભીમ કહે જો પાસુ ચીર્યું, રીઝ્યા
ભોળાનાથ, ભીમતણું દુખ મટાડી દીધું; શંભુએ ફેરવ્યો હાથ ॥ ૨૬॥
હતું તેવું શરીર બન્યુ, શીવે શબ્દજ કહ્યા; જા કુન્તીસુત ડાબેપાસે,વ
જ્રતણો તું થયો ॥૨૭॥ ડાબુ પાસુ વજ્રનું બન્યું; ત્યાં તુજને નહી વા-

ગે; કદાપી વાગે તોહે પણ, તુજને જરા નાહ લાગે ॥૨૮॥ અંગનો રંગ-
જ બદલાઇ ગયો, ભીમે જાણ્યું નોય કાચું ઉભારો જોગી જોવાદોમુને,છે
જુઠુંકે સાચું ॥૨૯॥ એમ કહીને પાશાણ ઉપર,પાસું પછડાયુ પોતે; જરા
ન વાગ્યું અંગે ન લાગ્યું, બદલાયો ભીમ હતો તે ॥૩૦॥ દીઠો ચમત-
કાર જોગીનો, પ્રેમથી લાગ્યો પાય; ઓ મહારાજા કોણ તમો છો, જાણ
વાની ઇછાય ॥૩૧॥ કહો સત્ય વાચા છો કોઈ સાચા, કરૂ તમારી શેવ,
શંકર કહે હું કૈલાસપતી, ભોળોનાથ મ્હાદેવ, ॥ ૩૨ ॥ ભીમ કહે ભલે
ભેગા થયા, કષ્ટી મહારી કાપો, સૌને વરદાન આપોછો તેવુ,હું માગુ તે
આપો ॥૩૩॥ મહાદેવ કહે ઓરે ગાંડા, મરવું પડેછેમથી; કષ્ટી વેઠીને
તપ કર્યો વણ; વરદાન મળતું નથી ॥૩૪॥ ભીમ કહે તમે પંડે મળ્યા
છો, તપ હવે શીદ ધારૂં; વરદાન આપો નહી તો તમને, જટા ઝાલીને
મારૂ ॥૩૫॥ ભોળા શંભુ સાંભળી હસ્યા, કષ્ટી તારી કાપુ, માગ માગ
રે પ્રસન છુ હું, જે માગે તે આપુ ॥ ૩૬ ॥ ભીમ કહે ઊભા રહોને. કર
વાદો વિચાર; પછી વીચારી ભીમ બોલ્યો, સાંભળો ત્રીપુરાર ॥ ૩૭ ॥
વરદાન આપો મુજને હું. ઝાઝો જોરાવર થાવું, મ્હારી નજરેજેટલું દેખું
તેટલું અન હું ખાવું ॥ ૩૮ ॥ મહાદેવજી કહે તથાસ્તુ છે, શુરજદેવતા
સાખી; ભીમ કહે કે ઉભા રહો, બીજું રહ્યું છે બાકી ॥૩૯॥ કાચું ખા-
વું પાકુ ખાવું, રોગદોગ નવ થાય; મહારાવતીનો શકુનિ મામો ઝાડેફ
રવા જાય ॥૪૦॥ તથાસ્તુ કહ્યું શીવજીએ, મુજ વેણ મુસ્તક ધરજે;
થાય ન થાયે તોપણ આજે, એકાદસી તું કરજે ॥ ૪૧ ॥ ભીમે જાણ્યુ
એકાદશીનો, ચોટી મારે કરમે.વારૂ મહારાજા અપવાસ કરશું; કાંધરમે
કાંશરમે ॥૪૨॥ વરદાન આપી ભોળાશંભુ, થયા અંતર ધ્યાન; પછી
ભીમે થોડા જળમાં, કરી લીધું સ્નાન ॥૪૩॥ શીવ તણું ત્યાં પુજન કી
ધું પોતે આનંદ ભેર; વસ્ત્ર પેહેરિને સીવ સમરતો, ગયો પોતાને ઘેર
॥૪૪॥ કુન્તા માતા વાટ જુવે છે, આવ્યો વાયુ કુમાર, કુન્તાજી કહે
આટલીબધી, કયાં થઈ તુજને વાર ॥૪૫॥ ખીચડી ટાઢી થઈ ગઇ શું
ટાઢું ખાધાની ટેવ; ભીમ કહે હું ભુલો પડયો ત્યાં, મળ્યા શ્રી મહાદેવ.
॥૪૬॥ કુન્તા કહે તને મહાદેવ મળે,તેવાત કેમ મનાય; ભીમ કહે અં-
ધનો રંગ જુઓ;ઓરે મારી માય ॥૪૭॥ ડાભુ પાસુ વજરનું થયું, ત્યાં
મુજને નવ વાગે;લાકડીએ મારીને તપાસો; વાગે પણ નવ લાગે. ॥૪૮॥
કુન્તાજી કહે અંગ તણો રંગ; જોતાં લાગે સાચું; વરદાન કાંઈન માગી
લીધું;કેમ મુકયુ કાચું ॥૪૯॥ ભીમ કહે કાચું નથી મુકયું; બહુજોરાવ

ર થાવું; વરદાન મેં માગી લીધું છે, દેખું તેટલું ખાવું ॥૫૦॥ કુન્તા કહે એમાં શું માગ્યું, ભીમ કહે ઓ માય; માગ્યું છે બીજું મ્હારાવતી નો શકુની ઝાડે જાય. ॥૫૧॥ કુન્તાજી કહે નીરભાગીનો, ખાધા પીધાનો ઠાઠ; માગવાનું મ્હાદેવે કહ્યું તો, માંગવું તું રાજ્યપાટ. ॥૫૨॥ભીમ કહે માતા મેં માગ્યું, તેમાંથી સહુ થાય; બહુ ખાઉં તો બહુબળઆવે, ધાર્યો રાજ્ય લેવાય. ॥૫૩॥ કુન્તાજી કહે જારે ગાડા, ખીચડી ખાઇ લે તું તો; ભીમે કહ્યું શીવે ના કહ્યું છે, ખાવાનો નહી હું તો ॥૫૪॥ સાંભળી હરખ્યાં કુન્તા સતી, એકાદશી તો કીધિ;રાંધેલી જે ખિચડી તે, ગરીબને દેઇ દિધિ. ॥૫૫॥ એમ કરતાં સાંજ પડી, ભીમે કર્યું સહુન; આર ભ્રાતને માત પાંચમી, કરે છે ભજન, ॥૫૬॥ વળણ॥ ભજન કરવા લાગીયાં,લૈ કાંશિ કિડતાલ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સમરે શ્રી નંદલાલ.

કડવું ૫૭ રાગ કનડાની ત્રીજી છાયા.

ઓ રામરે રામ રામ રામા,સોહીત ઘનશામા; અખંડ સુખધામા, કરો પુરણ મન કામા ॥ ઓ રામ ॥૧॥ ઓ રામરે, ગોવીંદજી ગોપાળા, છો દીન જનના દયાળા, તમ કીંકરના કૃપાળા; મોહનજી મોરલીવાળા ॥ઓ ॥૨॥ ઓ રામરે, ગૌરક્ષક ગીરધારી,મુકુંદવર મોરારી; છો ભકત જનોના વ્હારી, તમે દુષ્ટ તણા સંહારી ॥ઓ. ॥૩॥ ઓ રામરે, સીતાજીના સ્વામી, ગોનીંદ ગરૂડા ગામી; અકળ અંતર યામી, અખંડપદ ધામી, ॥ઓ. ॥૪॥ ઓ રામરે, અદ્વૈત પદ એકિલા, આ વિશ્વ તમારી લિલા, રણછોડ છો રંગિલા, જુગ જુગના રસીલા ॥ ઓ ॥ ઓ રામરે. તાર્યા દાસો દાસી, તમે સૌ તીરથ કાશી; વીઠલ વૈકુંઠવાસી, અચળ અવિનાશી ॥ ઓ ॥ ૬ ॥ ઓ રામરે, જુગજીવન જગરાયા, આ એ રપણુ આતમ કાયા; બહુ લાગિ તમારી માયા,છોગાળા છેડા સ્હાયા ॥ ઓ ॥ ૭ ॥ વળણુ ॥ એવી રીતે ભજન કરતાં, થઇ ગઇ છે મધરાત; વદે વલ્લભ ભીમ જાગિયો, ગયો જ્યા છે માત ભ્રાત.

કડવું ૫૮ રાગ ધવળ ધનાસરી.

બોલ્યા વૈશમપાયે વચનજી, સુણ જનમેજે રાજનજી, ભિમ ગયો જ્યાં બેઠાં માતજી, પુછયું કેટલિ ગઇ છે રાતજી ॥ઢાળ॥ ભીમ કહે ઓ

માતા મ્હારી, કેટલી ગઇ છે રાત; કેમ હજી રાંધવા નથી માંડયું, ઓરે મહારિ માત ॥ ૧ ॥ કુન્તાજી કહે કુંવર મ્હારા, પુર્ણ ગઇ મધરાત; રાંધિસ રશોઇ જમવા તરે, થતે મહોટે પરભાત ॥ ૨ ॥ સુઇ રહે તું નીરવરતીથી, શીવે દીધી શુભ મતી; ભીમ કહે મા ભુખ લાગી, હવે રેહેવાતું નથી ॥ ૩ ॥ સમજાવીને સુવાડયો માએ, નીંદ્રા ન આવી લગાર, પહોર રાત્રી ગઇ એટલે એ, ઉઠયો બીજીવાર॥૪॥ ઓરે માતા વાર કેટલી, ભુખે જીવડો જાય; કુન્તાજી કહે સુઇ રહે બેટા, હજી તો વ્હાણું વ્હાય ॥પ॥ ભીમ કહે મ્હારો પ્રાણ જાશે, સાચી માનજો વાણી; માતા કહે સળગાવું ચુલો, કરિ લે દાતણ પાણિ ॥ ૬ ॥ તવ ભીમ દાતણ કરવા બેઠો, ઉતાવળથી છેક; એવામાં કાછીઆનું ત્યાંથી, શબલેઇજાય છે એક ॥ ૭ ॥ એટલે ભીમે પુછી જોયું. શબ કોનું કોણ વર્ણ, સ્મશાનિયા એમ બોલીયા એક, કાછીઓ પામ્યો મર્ણ॥૮॥ એવું જાણિ ભીમ ઉઠયો, કહેવાને ધ મમા ધશીયો; ઓ મા આવીને પુછો એક, મુવોએકાદશીયો ॥૯॥ કુન્તાજી કહે જારે ગાંડા, પુછવા આવ્યાં માત; સ્મશાનિએ કહ્યું સતીને, છે કાછીઆની જાત; ॥૧૦॥ કુન્તાજી કહે સાંભળ ગડા, સમજણ ન પડી કશી; ભીમ કહે એ મરનારાએ, કીધીતી એકાદશી ॥ ૧૧ ॥ માટે માતા કરો ઉતાવળ, ભુખે જીવડો ફરશે; જો માતા ખવરાવીશ નહીતો, પાંચે દીકરા મરશે ॥ ૧૨ ॥ કુન્તાજી કહે દાતણકરીને, કરી આવ્ય જુમના સ્નાન, મનમાંતોએવો છે નીસ્ચે,ખવરાવવું મસ્થાન ॥ ૧૩ ॥ એવે વ્રકોદર દાતણ કરી, જઇ કરી આવ્યોસ્નાન; ઘરમાં જોયું તો કાંઇ ન મળે, રસોઇ કેરે સ્થાન ॥૧૪॥ નીરાશ થઇને એટલે બેઠો, જીવ લાગ્યો ગભરાવા, ભીમે જાણ્યું કે કરણને ત્યાં થએલું હશે ખાવા ॥ ૧૫ ॥ એવું જાણી ઉઠયો ત્યાંથી, કરવા પેટની પેર; શાણો થઇને આવિયોએ, કરણ રાયને ઘેર ॥ ૧૬ ॥ કરણ કૈરવને ત્યાં ગયો છે, કરવા દુષ્ટ વીચાર; ભીમે એનાં દ્વાર હલાવ્યાં. બોલી કરણની નાર ॥ ૧૭ ॥ કોણ આવ્યું છે કોણ આવ્યું છે,કોણ તમારૂં નામ; ભીમ કહે ભાભી દ્વાર ઉઘેડો, સેજ પડયુંછે કામ॥૧૮॥ કરણનીનારીએદ્વાર ઉઘેડયાં, ભીમ ભોવનમાં પેઠો; નારી રસોડે કરે રસોઇ, ત્યાં સનમુખ જઈ બેઠો ॥૧૯॥કર્ણની નારી કહે કેમ આવ્યા, ઓ કુન્તાના તન; ભીમ કહે મારી માતાએ, કરાવ્યું નહી ભોજન ॥૨૦॥ ગઇ કાલનો હું છું અપવાશી ક્ષુધાએ જીવ ગભરાયો, મેં જાણ્યું ભોજાઇ સારાં છે ખાવા

માટે આવ્યો. ॥૨૧॥ કરણની નારીને દયા આવી, બેસો કુન્તી તન; તમારા ભાઇ આવે ત્યારે, બેઉ કરજો ભોજન ॥૨૨॥ ભીમ કહે તમે છો દયાળુ, ડાહ્યો થઇ રહ્યો ત્યાંય; એવે કરણની કામની તે, ઓરડા વિશે જાય. ॥ ૨૩॥ એટલે ઉઠયો વાયુનોનંદન, કપટનું કામ કીધું; દાળભાત શાક ભેગાં ચોળી, મોઢે માંડીને પીધુ. ॥ ૨૪ ॥ પુરણ પોળીનું પુરણ ખાધું, ખાનારો નહી પોચો; હતો ત્યાં બેઠો મોઢામાં ઘાલી, કણેક કેરો લોચો. ॥૨૫॥ એવે આવી કર્ણની નારી, રસોઇ જોવા જાય; જોયુ તો અનનો નહી દાણો, ક્રોધ હળાહળ થાય. ॥ ૨૬ ॥ ધાનના ધનેરૂ કુન્તાના કુંવર, છે તુજને ધીક્કાર, ભુખ્યો ભીખાર્વો ભીમડાતુંતો.શાનેઆવ્યો મુજદ્વાર, ॥૨૭॥ ભીમ કહે બીલાડું નાડું, કેમ મુકે મને આળ; જા તારે ઘેર નથી ખાવું, કહી ઉઠયો વાયુ બાળ.॥૨૮॥ ઘર બહાર જઇને ઉદર વીશે, ખોશી જોઇ આંગળીઓ; ખાધેલું કાંઇ નથી જણાતું, ચાંથીચાલ્યો બળીયો. ॥ ૨૯ ॥ ગયો સો ભાઇના રસોડે, રાંધે કૌરવનીનારી; દાળભાત સામગ્રી·ત્યાર·થઇ છે, લાડુ વાળ્યાની ત્યારી. ॥ ૩૦ ॥ તવભીમ આવ્યો ઉલટ લાવ્યો, જીવ આનંદમાં પેઠો; રસોડા પાસે રાણી ભાણુમતી, તે કને આવીને બેઠો ॥૩૧॥ ભાણુમતી કહે કેમ પધાર્યા; વીલે મોડે બની આવ્યા; ભીમ કહે કાલનો છું ભુખ્યો; તમ ઘેર આવ્યો ખાવા ॥૩૨॥ નાદારણ મારી માતાજી, કાલે દીધો અપવાસ; આજ હજી લગી ખાવા ન દીધુ; ત્યારે આવ્યો તમપાસ. ॥ ૩૪ ॥ ભાનુમતી કહે ભાઇ તમારા; આવે એટલી વાર; જુઓ લાડુ વાળવાનો છે; ધીરજખમોલગાર ॥૩૪॥ ભીમ કહે સૌ મહેનત લોછો, લાવો હું શણીયું માગું; નવરો હાંઇ બેસી રહુ ત્યારે; લાડુ વાળવા લાગુ ॥ ૩૫ ॥ ભાનુમતી કહે તમે બેશીરો; શણીયું નથી જોયેલું; ભીમ કહેકાંઇ કામનથી; છેઘોતીયું ધોએલું ॥ ૩૬ ॥ નારીઓ નાન. કહેવા લાગી; ઉઠી રસોડામાં પેઠો; ઘી ગોળ ભેળેલા ચુરમામાં, મોઢું ઘાલીને બેઠો ॥ ૩૭ ॥ સરવ નારી હુકારા કરતી, મારવા માંડયો ત્યાંય; ભીમ જરૂએ જુએન ઉંચુ; ખુશી થી ખાધે જાય ॥૩૮॥ ચુરમુ ચડી ચોટ ઉઠાવ્યું; જમી ગયો ભાત દાળ; પછી હાથને મોઢું ધોયું; કુન્તાજીને બાળ ॥૩૯॥ સરવ સુંદરીગાળો દેતી; કોપ્યો વ્રકોદર માઠો, સર્વને બબે ટપલી મારી; વાયુનો નંદન નાઠો ॥ ૪૦ ॥ મારગ જાતાં ઉદર જોયું; કામ નથી થયું કાચુ; ખાધુ તો પણ પેટ છે ખાલી; વચન શીવનુ સાચુ ॥૪૧॥ વરદાન વડે જઠરાજાગ્યો; જમેલું બળી જાય; તેથી સકુની મામાને દિશા; જવાનુંનવથા-

ય. ॥ ૪૨ ॥ આ ઠેકાણે સંદે નીવારણ; સાંભળ તું રાજન, ભીમેજાણ્યું ભુખ ન ભાગી, જઉ કાકાને ભોજન. ॥ ૪૩॥ એમ જાણી અંધને ઘેર આવ્યો, ખાવાને હાલી ચાલી ત્યાં અંધ ઓટલે બેસી રહયોછે, કરજે ટીકા ઝાલી. ॥૪૪॥ ભીમે આવિ કહ્યું કાકાને, કાકા પડયો મને વેમ, દ્વાદશીએ હું ખાવા આવુંછું, બ્હાર બેઠા આજ કેમ ॥૪૫॥ અંધ કહે આજ રંધાવ્યું નથી. સાંભળ મ્હારી પેર; ત્રણ દહાડાથી જાવુંછું ખાવા, દુરીયોધનને ઘેર. ॥૪૬॥ ખોરાકીનો લાડુ કરીને, રોકયુ છે ઘર મ્હારૂ, મશાલાને તેજાના નાંખ્યા છે,સો છોકરાને સારૂ. ॥૪૭॥ તે માટે તું જા આજ પાછો, નહી મેળે ભોજન, ભીમ કહે એ છોકરાને,શું અમે નહી તન. ॥૪૮॥ ધત્રાષ્ટર કહે ખરા તમોએ, છેક નીરાશ ન કહાડુ, તમારા પાંચ ભાઈઓ માટે, મોકલશું પાંચ લાડુ ॥૪૯॥ ભીમ કહે મ્હારા ભાગનો મને, આપી દો અત્યારે, અંધ કહે નહી મળે હમણાં,ભીમેજાણ્યું દેખે કયારે ॥ ૫૦ ॥ છોબ્હાર બેઠો છાનો માનો,હું મહી પેશી જાવું ખરેખરી ખાવાની ખોરાકી, પેટ ભરીને ખાવું. ॥ ૫૧ ॥ એમ જાણીને છાનો માનો,ધામમા પેસવા જાય; જાણી જોઈને ધત્રાષ્ટરે.ધરીજેષ્ટીકાય.॥ ૫૨ ॥ એટલે ભીમને ક્રોધ વ્યાપ્યો, કાકાને ઉચકી લીધા;જેષ્ટીકા સૈત ઉપાડીને, અળગો ફેંકી દીધા ॥૫૨ ॥ પછી પોતે ધામમાં પેઠો, ગયો સાતમે માળ: મોદીક જોયા ઠારેલા ત્યાં, ખુશી થયો સતી બાળ ॥ ૫૪॥ ઓ વીશ્વંભર વિશ્વનાપતી, વિશ્વનુ કષ્ટ કાપોછો, કીડીને કણ હાથીને મણ,જોઇએ તેમ આપોછો. ॥૫૫॥ એવી સ્તુતી કરી ઉલટધારી, બીરાજયો તે ઠામ: ટીલુ ઘોર્તાયું પેટનું કીધું,લીધુ શીવનું નામ ॥૫૬॥ ॥ વલણ ॥ નામ લીધું શીવજી તણું,થઈ જમવા ઈચ્છાય;વ્યાસ વલ્લભ વાણી વદે, સાંભળજો શ્રોતાય ॥

કડવું ૫૯ રાગ ધ્રાવડી દોહરાની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારીતુજને સંભળાવું. આદ્યપરવ મહીમાય. ॥ ૧ ॥ ખાવા બેઠો સુત સતીનોશીવ શીવ શબ્દો ભાખે, એકેક ભુજમાં વીસ વીસ લાડુ. લેઈને મુખમાંનાંખે ॥ ૨ ॥ નવાણું મણ મોદીક ખાધા, રૂવે રૂવે ચઢયું ઝેર,લોચન થયાં લીલાં પીળાં,આવી વીશની લ્હેર ॥૩॥ ફેણફીસોટા મોઢે આવ્યાં, પ્રાણ બ્રમાન્ડે ચડીયો, સુદ્ધી બુદ્ધી કાંઈ રહી નહી, ઢળીનેધરણ પડીયો ॥૪॥

મુખમાં લાડુ હાથમાં લાડુ, ફાટી ગયેલી આંખ્યો; કાષ્ટ સરીખું શરીર થયું, બમણે મ્હોંપર માંખ્યો. ॥ ૫ ॥ આંધળાને નાંખી દીધેલો, બેઠો છે એટલે જઇ; ફરી રસોઇ કરવા માંડી, કૌરવોને તહીં. ॥૬॥ કૌરવ આવ્યા ભોજન કરવા, કોપે ચઢ્યા અપાર; દુરીયોધન કહે ઓરે નારી, કેમ લગાડો વાર. ॥૭॥ ભાનુમતી કહે સાંભળો સ્વામી, રંધાઇ રહ્યુંતુ બાધું; આવ્યો ભીમસેન ગાંડીયો, એણે પડતું નાંખીને ખાધુ. ॥૮॥ આતો ફરીથી રાંધવા માંડયું, અમારો શો વાંક; ખાઇને ટવલા મારી ગયો. શું કરીએ અમે રાંક. ॥૯॥ દુર્યોધન કહે કરો ઉતાવળ. નહીતો લોકાચાર નડશે; ખાઇ પીને સૌ પરવારો, રડવું કુટવું પડશે ॥૧૦॥ એમ કહીઉતાવળ કીધી, ભોજન કીધું સાર; પછીભીમની તપાસ કરવા, નીકળીયાજણ ચાર. ॥૧૧॥ દુસ્યાશન શકુની કરણ, ચોથો દુરીયોધન; ચાલ્યાચાલ્યાચારે આવ્યા, તાત તણે ભોવન ॥૧૨॥ જેષ્ટીકા ઝાલી અંધ બેઠો, તેને પુછ્યું કર્ણે; ધત્રાષ્ટર કહે પેઠો છે ઘરમાં, પામ્યો હશે મરણ. ॥ ૧૩ ॥ દુરીયોધન કહે જાઓ પીતાજી, તમે તો મ્હારે ઘેર; ખાઇ પીને પરવારી લેજો, કરિએ શબની પેર ॥૧૪॥ ધત્રાષ્ટર કહેસબ ભીમ કેરૂં, સંતાડજો કરી ઠીક, જો કદી જગત જાણશે તો, કહેવાશે ધીક ધીક. ॥ ૧૫ ॥ એમ કહીને એતો ચાલ્યો, રહ્યા ચાન્ડાળ ચાર; ધીરે રહીને મ્હેલ તણું ત્યાં હડશેલી જોયું દ્વાર. ॥૧૬॥ તો મહીલી દીઠી સાંકળો, ઉતાર્યાં ચણીઆરાં; નીચેનો ભાગ તપાસી જોયો, કુકૃતના કરનારા. ॥ ૧૭ ॥ મામો કહે માળપર ચાલો, ઓરે દુરીયોધન; છત્રપતી કહે આગળ થાતું, દીનમણીના તન. ॥૧૮॥ કરણ કહે નાહ કામ મ્હારૂં, મામા મ્હોટા તે શોભે; મામો કહે કામ દુસ્યાસનનું એમ ચારે જણ થોભે. ॥ ૧૯ ॥ પછી મામાયે મારગ કાઢયો, એક એકના કર ઝાલો; જોડે મરવું વિવા તુલ્ય ગણવું: નીસરણી પર ચાલો. ॥૨૦॥ એમ કહીને જોડે ચાલ્યા, મન તણા વેમ ખુએ; દાદરમાં ઉભા રહીને, ચારે દીશા જુએ. ॥ ૨૧ ॥ તે પછી તે ઉપર ચડે. જોતા જોતા જાય; ભીમ તણો ભયછે બહુ મનમાં, થરથર કંપેકાય ॥૨૨॥ એવા ચાલે કાંઇ ન હાલે, મનમાં કરે મનસુબા, સાતમા માળની નીસરણીમાં છેવટ જઇને ઉભા ॥ ૨૩ ॥ ભીમ પ્રચંડ પડેલો દીઠો, રહ્યા છે અન્યોઅન્ય ઝાલી; એવે વાસુ બ્હારીનો આવ્યો ભીમ તણી મુછ હાલી. ॥૨૪॥ એટલે જાણ્યું જીવતો છે, હૈયામાં હડબડીયા; નાસવા ગયા નીસરણીમાં, એક એક ઉપર પડીઆ. ॥૨૫॥ ભાગ્યા ઢાઠા કુટાયાં કાઢાં, બોલ્યો રાજા કરણ, મરો મુરખો મુજને પાડયો, પામ્યો છે ભીમ મરણ.

॥૨૬॥ એમ કહિને આગળ થયો,સાતમા માળમાં પેઠો; વાયુ નંદન વર કોદરની, પાસે જઇને બેઠો. ॥૨૭॥ ભીમને દેખી આંસુ આવ્યાં, આ શું ભુડું કીધું; દયા ઉપની ઉર વીશે. કયા વીશ આને દીધું ॥ ૨૮ ॥ છે દયાળુ ને સત્યવાદી, સુર્ય તણો એ બાળ; ચાન્ડાળોનો સંગ કરીને, કેહેવાયો ચાન્ડાળ. ॥૨૯॥ પણ પુરણ પસ્તાયો મનમાં, એવે ગયો શકુની; પછી દરજોધન દુશ્યાસન, પાસે ગયા બેઉ ખુની. ॥ ૩૦ ॥ ભીમને જોયો મરણ ગયેલો દુષ્ટ ઘણી દાજ ધારે;મુએલાના રૂદીઆપર બેશી, ગાલમાં ગોદ્દા મારે.॥૩૧॥ ઓ ભીમડા તેં બહુ માર્યા છે, તેનું વળ્યું હવે બ્હેર;કર્ણ કહે મુઆને શું મારે,કરો સંતાડવા પેર. ॥૩૨॥ આ વાત જો કોઇ જાણશે તો, વરતાશે હાહાકાર; કાળુ મોઢું થાસે સહુનું, હવે તો ન કરો વાર. ॥૩૩॥ દુશ્યાશન કહે શબ ઉતારો, નહિતો થશે જીવ ખાટો; છેકજ નીચે શબ લેઇને, ઓરડાની મહી દાટો, ॥૩૪॥ કરણ કહે ગુપ્ત ગાડામાં, ઘાલી લ્યો ગામ બ્હાર; ગમે તેવો તોહ્યે બંધુ માટે, કરો અગની સંસકાર. ॥ ૩૫ ॥ શકુની કહે સૌ મુરખા છો, કામ બતાવું સેલ; જુમનાજીના કીનારા ઉપર, છે આપણો આ મ્હેલ ॥૩૬॥ જુમનાજીવાળો ઘોરોપાડો, તે પછી મડદુ લેવુ;કોઇના જાણ્યામાં નવ આવે, પાણીમાં ફેંકી દેવુ. ॥૩૭॥ મધ્ધર માંછલા ખાઇ જવાનાં, બતાવું તે કરી જુઓ; કદાપી મડદુ જડશે તો, કહેશે કે ડુબી મુઓ. ॥૩૮॥ નાહાવાની બહુ ટેવ હતી તે, ડુબી મુએલો ભેમ; જો દુરજોધન ઉપાય મ્હારા, જે જે બતાવુ તે કેમ ॥૩૯॥ જો મ્હારે ઉપાયે મરણ પામ્યો, કેવો નાંખ્યો છે મારી; દુરીયોધન કહે મામા તારી, બુદ્ધીની બલીહારી ॥૪૦॥ જુમનાજી ભણી ભીંતડુ પાડ્યું,નાખવા થયા ત્યાર; ભીમનિ ભુંડી દશા બેઠી, જાણ્યું જુગદાધાર. ॥૪૧॥ કૃષ્ણ પ્રભુએ એમ વિચાર્યું, સેદેવનું વેણ નડસે; બ્રમાન્ડ જીવ છે ભીમ મરે તો, મારે મરવું પડશે. ॥ ૪૨ ॥ એમ જાણિ પુર્ણ પુરાણી, ચીંતાતુર થયા એવ; પ્રેરણા કીધી પ્રેરક પ્રભુ, બોલાવ્યો વાયુ દેવ. ॥૪૩॥ એટલે વાયુ દેવતા આવ્યો, બોલીયા જુગજીવન; જા વણ મ્હોતે મરણ પામે, ભીમસેન તારો તન. ॥૪૪॥ જુમનાજી પર જૈ રહે ઉભો,હોશીયારી ઘણી રાખી; દુષ્ટો ફેંકે તવ ડાબે પાસે, જુમનામાં દેજે નાંખી. ॥૪૫॥ તો તારો સુત ઉગરવાનો, કહી કર્યો વીદાય; આવી વાયુ દેવ ઉભો રહ્યો, છે અંધનો મ્હેલ ત્યાંય. ॥ ૪૬ ॥ એવામાં તો ચાર ચંડાળે,મડદુ ગબડાવી લીધુ;કીનારે લાવી બળ કરીને, તર્તજ ફેંકી દીધુ. ॥૪૭॥ વાયુ દેવનો દીકરો તે, વાયુએ ઉચકી લીધો, *

અવળ સવળ કરીને ડાભે, પાસે ફેંકી દીધો. ॥૪૦॥ વજ્ર પાસુ પ્રથવી પર પડયું, પ્રથવી ફાટી તતકાળ; પ્રથવીમાં ઉતરીયો તે, જઇ પડયોપાતાળ. ॥૪૯॥ પાતાળમાં વજ્રેશ્વર મહાદેવ, વજ્રને ડેરે અડીયો, ડેરા ઉપર અથડાઇને એ, એટલા ઉપર પડીઓ. ॥૫૦॥ જો વચમાં વજ્ર આવે તો, ઉતરે સાત પાતાળ; પણ વજ્ર વચમાંઆવીયું તે, અચકયોસતીનો બાળ. ॥૫૧॥ વળણ: ॥ અચકયો બાળ સતી તણો, સાંભળનેતું રાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, મ્હાદેવમાં શું થાય

——×o×——

કડવુ ૬૦ રાગ ચોપાઈની છાયા.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન; છે પાતાળમાં એક નાગ, તેને દીકરી શુભ સોહાગ. ॥ ૧ ॥ હતી પાંચ વરસની એતન. ત્યારથી કરે શીવ પુજન; પુંજે વજ્રેશ્વરને એવા, માગે સ્વામીકરીને શેવા. ॥ ૨ ॥ થઇ એકાદશ વર્ષની જ્યારે, ધારી પીતાએપરણાવા ત્યારે; કન્યાએ કહ્યું ન મરો મથી, શીવનાવર વીનાવરવાનીનથી.॥૩॥ દેશે મ્હાદેવજી વર જ્યારે, વરૂ તે વરને હું ત્યારે; એમ કહી નહી વરી નાથ. તેથી કળકળે માતતાત ॥૩॥ થઇ સોળ વરસનીનાર, માત પીતા લડયા; તે વાર, દીકરી વગોવી અમ કુખ, કુંવારીનું નજોઇએમુખ॥૫॥ પડયો ભીમ જે દાડે તે દાડે, થયો કલેશ ઘણો આંક આડે; કન્યા ક્રોધ ભરેલી ચાલી, શેવા સામગ્રીની છાબ ઝાલી ॥ ૬ ॥ વજ્રેશ્વર મ્હાદેવમાં પેઠી, પુજન કરવાને રડતી બેઠી, શેવા કરી બોલી એમનારી, થાવોપ્રસન ત્રાપુરારી. ॥ ૭ ॥ નહી તો જીભ દંતથી કાપું, હુંતોસ્ત્રી હત્યા તમોને આપુ; તવ શીવજીએ કરી દયા, કલેશ જોઇને પ્રગટ થયા.॥૮॥ શીવે કહ્યું માગી લે તું નાર, કન્યા બોલી આપો ભરથાર; તવ શંભુ મેલ્યો શીશ હાથ, દેરા પુઠે પડયો તારો નાથ. ॥ ૯ ॥ વેણ સાંભળતાં મન મોહ્યું, દેરા પુંઠે કન્યાએ જઇ જોયું; દીઠો મરણ પામેલો નાથ, એણે મનમાં વીચારી વાત. ॥ ૧૦ ॥ આતો પ્રથવીનો છે નર કોય, દીસેમરણ પામેલો હોય; પ્રાણ બ્રહ્માંડે હોય કદાપે, શંભુ મરણ પામેલો ન આપે. ॥૧૧ ॥ મારા મન તણો સંદેહ ખોવું. જીવતો કે મુએલો જોવું. લાવી ઠરેલું વ્રત તે દીશ, મુકી જોયુ ત્યાં ભીમને શીશ. ॥૧૨॥ થયું ઉષ્ણ કન્યા વદીવાણ, એના ખોળીયામા હજી પ્રાણ.કોક શત્રુએ કીધો છે કેહેર; એને ખવરાવી દીધું છે ઝેર. ॥ ૧૩ ॥ ગઈ દોડતી તાતની કને

શીવે સ્વામી આપ્યો આજ મને. પડયો છે શબ તુલ્ય શીવ દેરે, નથી સુખસાન ચહેલે ઝેરે ॥ ૧૪॥ તમો આવીયે વીશ ઉતારો, આપ્યો શીવે તેતો સ્વામી મ્હારો, તવ વાસુકીને એનો ભાઈ, આવ્યા શીવને દેહેરે ધાઈ॥૧૫॥ રખાવ્યા ભીમના પગ સીધા, પછી બે અંગુઠે ડંશ દીધા; ડંશ દઇ વીશ ચુશ્યુ તમામ, પાછો નાગ બોલ્યો તે ઠામ. ॥ ૧૬ ॥ હાંઈ બેશી રેહેજે તું બેહેની, હવે જાગૃતી થવાની એની; અમો આગળ જઇએ ઘેર, કરીએ સહુ વીવાની પેર. ॥૧૭॥ બે ઘટીકાએ બેઠો એ થાશે, તેડી લાવજે આપણે અવાસે; એમ કહી થયા વીદાય, ભીમ પાસે રહી કન્યાય. ॥૧૮॥ સત્યકંથ માન્યો તે દહાડે, વસ્ત્ર વતી મક્ષીકા ઉરાડે; બે ઘટીકાએ પ્રાણ ઉતરીયો; નશો નાડી રૂવાડે પસરીયો. ॥ ૧૯ ॥ આવી સુદ્ધી ઉતર્યો જીવ હેઠો, મરડી આળસ ભીમ થયો બેઠો; જોવા લાગ્યો એ ચારે દીશાય, અરેહું હાંઈ આવ્યો છું કયાંય ॥ ૨૦॥ હવે ગામની શોધ કયાં કાહાડુ, કયાં ગયું ઘર કયા ગયા લાડુ;કયાં ગયુ કાકાનુ ઘરબાર. શાનુ દેહરૂં ને આ કોણ નાર. ॥ ૨૧ ॥ તવ નારીએ જોડયા બે હાથ, તમે શું જુઓ સ્વામીનાથ; નથી પ્રથિવ આ તો પાતાળ, હાંઇ નાંખ્યા કોઇ ચંડાળ, ॥૨૨॥ કોઈ શત્રુએ કીધો કેહેર, દીધું હતું તમોને ઝેર; તેતો મુજ ગરજ કારજ કીધું, મારા તાતે વિશ ચુશી લીધું ॥ ૨૩ ॥ હુંતો શીવનું વરદાન પામી, તમોને આપ્યા મુજ સ્વામી, ભીમે કન્યા રૂપાળી ભાળી, જાણયું મનમાં હું ભાગ્યશાળિ. ॥ ૨૪॥ કહે કન્યા ચાલો મુજ ઘેર, કરે મુજ તાત પરણાવા પેર; એવું સુણિ ઉભો ભીમ થાય, ઘેર તેડિ લાવિ કન્યાય.॥૨૫॥ વાસુકી નાગે આપ્યું આસન, કરો જમાત્રે ઘર પાવન; ભીમ કહે બોલો વિચારી, મ્હારે નથી પરણવિ નારી. ॥૨૬॥ તવ નાગે નીસાસા મુકયા, તમે જમાત્ર તો થઈ ચુકયા; પુત્રીવગર વર્યે વરી ચુકી, હવે કયાં જશો એને મુકી. ॥૨૭॥ ભીમ કહે દયા આવી ઘણી, પણ શું આપશો પેહેરામણી; નાગ કહે કહો સુણી લૈયે પણ પાછા જવા નહીં દૈએ ॥ ૨૮ ॥ ભીમ કહે લ્યો પુન્યના લ્હાવા, માગું પેહેરામણીમાં ખાવા. એમ સુણી સહુ નાગ હર્શિયા, એવું કેટલું ખાધાના રશીયા. ॥ ૨૯॥ તમે ખાવાના શુ ખઈ ખઈને, કહ્યું ત્રણસે મણ બ વાર થઈને; સુણી ભાગી વાસુકીની હામ. આ તો વેચવું પડે ઘર ગામ. ॥ ૩૦ ॥ ત્યારે બોલીયા નાગ તમામ, પુંછી પાતાલની શું કામ કરો કબુલ ખાવા દેવું, ત્યારે કબુલ કીધું એવું. ॥ ૩૧ ॥ વલણ ॥ કબુલકીધું ભીમને, તવ સતિ સુત હરખાય; વ્યાસ વલ્લભ મુખ આચ-

રે, પ્રથ્વીમાં શું થાય. ॥

કડવું ૬૧ રાગ સામેરી દોહરાની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ માહમાય. ॥ ૧ ॥હસ્તીનાપુરમાં મધ્યાન થયા, કુન્તાએ કીધી રસોઇ;ધરમને કહ્યું ચાલો બેટા,જમવાને સહુ કોઇ.॥૨॥ ધરમ કહે સવારનો મા, ભીમ નથી દેખાતો;એના વીના હું જમવા ન બેસુ, હરનીસનો નીમ આતો. ॥ ૩ ॥ કુન્તાજી કહે સોધી કાહાડો, તવ ચાલ્યા ત્રણ વીર; બાગ બગીચા અખાડા જોયા, જોયું જમુના તીર. ॥ ૪ ॥ જ્યાં જ્યાં જવાનાં ઠેકાણાં એનાં, ત્યાં કીધો તપાસ; કોઈ જગે ભીમને નવ દીઠો, સર્વે થયા ઉદાસ. ॥૫॥ કુન્તાજી કહે જાવો બેટા, દુરીયોધનને અવાસ; એટલે એના સેવક મોકલી, કરાવશે તપાસ. ॥૬॥ એટલે ધરમ અરજુન ચાલ્યા, ગયા સભાની માંય; દુરીયોધન કહે આવો ભાઇ, કેમ પધાર્યા હાંય. ॥ ૭ ॥ કદી નહી ને તે દાડેતો, માન્યે દીધું આસન; કેમ પધાર્યા, કેમ પધાર્યા, કહો મમ બંધુ જન. ॥ ૮ ॥ ધર્મ કહે કે મોહોટા બંધુ,ભીમ ગયો છે ખોવાઇ;સવારનો દેખાતો નથી,ખોળીને આવ્યા હાંઈ॥ ૯ ॥ ગૈ કાલનો એ છે અપવાસી. સવારે ભુખ્યો થયો; માતાએ મધ્યાને ખવરાવું ધાર્યું, માટે એ રીસાઇ ગયો. ॥ ૧૦ ॥ દુર્યોધન કહે શા માટે એને,ખાવા ન આપ્યુ તમે; શી ખોટ તમારે આ વર્તીની,મોકલીએ સૌ અમે. ॥૧૧॥ કુન્તા ડોશી છે બહુ ડાહ્યાં, બોલેલાં મશે મશે;રીસનો ભર્યો દેહ તજે તો,મોઢું કાળુંમેશ થશે.॥૧૨॥ એમ કહીને દોડતો આવ્યો, લાવ્યો શકુની સાથ;ઘાંટા કાઢતો ને બરબડતો, ગયો જ્યાં કુન્તા માત. ॥૧૩॥ ઓરે કાકી તમે ન મુઆં, કીધો સોર બકોર; ભામને વ્હેલું ખવરાવવામાં,શું પડ્યું તમને જોર. ॥૧૪॥ પરાણે એકાદશી કરાવી, નકર કષ્ટ તમેતો; આજ સવારે ખાવા ન આપ્યું,શુ કરિએ અમે તો. ॥૧૫॥ ભામ ભુખાળવો રીસનો માર્યો, રખે કરે આપ ઘાત; તો શું બતાવિએ મોઢું જગતમાં,વિચાર કરી લ્યો માત. ॥ ૧૬ ॥ ઓથ અમારી ભાગી પડે સૌ, વદ્યો એવાં વચન; કુન્તાજી ઠપકો સાંભળીને, કરવા માંડ્યું રૂદન. ॥૧૭॥ શાહુકાર થવા કુન્તાજી ઊપર,ક્રોધકરે બહુ પાપી;ઘાંટો કાઢીને શકુનિ બોલાવ્યો,દુષ્ટે રજા એમ આપી. ॥૧૮॥ બોલાવો રાજ સ્વાર ઘોડાના,વન સોધે ઠેરોઠેર; નગ્રમાં હજાર શેવક છો

ડો, જડતિ લો ઘેર ઘેર.॥૧૯॥ એકસો ઢીમ્મર લોક બોલાવો, જુમનામાં નાંખે જાળ;ન્હાવાનિ એને ટેવ ઘણી તે, બુડી મરે કોઇ કાળ. ॥ ૨૦ ॥ એવિ રિતે સોધ કરવા કાહાડયા, જ્યાંને ત્યાં ગાભરો ફરે, કુન્તાએ જાણ્યું સપુત સગા વણ, આટલુ તે કોણ કરે.॥૨૧॥ જગતમાં ભલાઇદેખાડવાને, કરે દોડાદોડ ઝાજી;આંસુડાં કાહાડે દુઃખ દેખાડે,છેમનમાં બહુરાજી.॥૨૨॥ એમ કરતાં તોરૂજનિપડી,તેમતેમ હાહાકાર; ભીશમજી આવ્યા વિદુર આવ્યા,આવિ કૌરવનિ નાર ॥૨૩॥ ધત્રાષ્ટરગાંન્ધારિ આવ્યાં,સર્વે બેઠાં મળી ટોળે;ગામમાં ઘેર ઘેર શેવકો,ખુણાખોચરાખોળે.॥૨૪॥ઢીમ્મર સોધે જમુનાજીમા, વનમા સોધે સ્વાર;કુન્તાજીકને સર્વેમળીને, કઇકઇ કરે વિચાર. ॥૨૫॥ એવે સમે પાતાળ વિશે, મંડપ રચના કીધિ; ભીમને બેસાડયો બાજઠ ઉપર, કન્યા પધરાવિ દિધિ, ॥ ૨૬ ॥ પાતાળના નાગ પાસેજ બેઠા, ગોર બીરાજ્યા માય; નાગકેરિ નાગણિઓ તે,ગુણીઅલ ગીતાં ગાય. ॥ ૨૭ ॥ વળણ. ॥ ગુણીઅલ ગીતાં ગાય છે, પરાણે સતિ સંતાન; વ્યાસ વલ્લભ વદે વાસુકી, દે તે કન્યાદાન.

કડવુ ૬૨ રાગ રેણીની.

ત્યાં તો સમે વરતે સાવધાન, સોભાગ્ય રેણી રે;દે છે વાસુકી કન્યા દાન. ॥ સોભાગ્ય,॥૧॥ પેહેલો હસ્ત મેળાપક થાય, ॥ સો ॥ તેમાં વેદના મંત્ર ભણાય. ॥સો ॥ ૨ ॥ ત્યાં તો પાડી પટોળે ગાંઠ, ॥ સો ॥ વરમાળ આરોપી કંઠ. ॥ સો ૩॥ પછી પેહેલું મંગળ વરતાય. ॥ સો ॥ તેમાં દાશીઓ અરપણ થાય. ॥ સો ૫ ॥ ત્યાંતો ત્રીજું મંગળ વરતાય. ॥સો॥ તેમાં ભોમીના દાન દેવાય. ॥સો૬॥ ચોરી ચોથું મંગળ વરતાય. ॥સો॥ તેમાં ભંડાર સહીત અપાય. ॥ સો ૭ ॥ પછી રૂપૈઆ વીંટીઓ રમાય, ॥ સો ॥ બેઉ લાગ્યા ગોત્રજને પાય ॥ સો ૮ ॥ સઘળી વીધીથી વરી કન્યાય ॥ સો ॥ પછી નરનારી ગયા મ્હેલમાંય. ॥ સો ૯ ॥ વલણ. નરનારી મહેલમાં ગયાં,બોલ્યો કુંતી તન, વ્યાસ વલ્લભ એમ ઓચરે માગ્યું ભોમ ભોજન.

કડવું ૬૩ રાગ સાખીનો દોહરો

વૈશમ પાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય,વિસ્તારી તુજને

સંભળાવું, આધ પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીમે માગ્યું ભોજન કરવા, નારિ રહી નહી જોઇ; ધણી છે આતુર એતો ચાતુરા, કરવા લાગી રસોઇ. ॥ ૨ ॥ શીખંડ પુરીનું જમણ કીધું, સાથે સામગ્રી ઝાઝી; મેથીની ચોળાઇની કંજરીની, તાંદરજાની ભાજી. ॥ ૩ ॥ દોડીની કુબીની પુંઆડની ને, ગળજીભીની વધારી; ચીલની ને પોઇની ભાજી, સાવાની છમકારી. ॥ ૪ ॥ આળુના પત્રના વાટા વળેલા, છે લાંબા અદગજીયાં; કોળાનાં કેળાનાં રાતા રતાળુનાં, દુધિનાં ભાવતાં ભજીયાં. ॥ ૫ ॥ રાણનું રાઇતું રાઇ ચઢાવી, ત્યાર કર્યું તતકાળ; બાજઠ થાળી વાડકા મુકયા, મુકયો કનકનો થાળ ॥ ૬ ॥ જળની ઝારી આપી નારી પતી માન્યો ભગવાન; ઉષ્ણોદકથી વ્રકોદરને, પ્રેમે કરાવ્યાં સ્નાન. ॥ ૭ ॥ પછી બેઠો ભીમ બાજઠ પર, પ્રેમદા પીરશ્યો થાળ; સામગ્રી સહુ જોઇને રીઝ્યો, શુભ સતીનો બાળ. ॥ ૮ ॥ ક્ષુધા લાગી છે અતી ઉદરમાં, નારીએ આગના દીધિ; ભીમે જાણ્યું કયાં કોળીયા ભરૂ, સામગ્રી ભેળી કીધિ ॥ ૯ ॥ થાળ મોંડે માંડી પી ગયો, માગ્યું બીજીવાર; પાત્ર લાવીને ઠાલવી દિધાં, રાખ્યું નહી લગાર ॥ ૧૦ ॥ તે પણ નારી બોલી ચોળ્યું શું સ્વાદ સર્વ જણાશે; ભીમ કહે મ્હાર મે મ, જુદેજુદું થઇ જાશે. ॥ ૧૧ ॥ એમ કહાને આરોગી ગયો, ભીમ વદયો વચન; અરેરે હું જમી ગયો તું, કરીશ શું ભોજન. ॥ ૧૨ ॥ નારી કહે તમે જીવ ન બાળો, રાંધિશ બીજીવાર; ભીમ કહે કરો ભેગા ભેગી, ભુખ રહીછે લગાર ॥ ૧૩ ॥ એમ કહીને ફરી રંધાવ્યું, જમ્યો બીજીવાર; ખાધું પીધું આનંદ થયો, માટી રહયો સંસાર. ॥ ૧૩ ॥ ભામનિ મળી ભોજન મળ્યું, આનંદ ફંદમા ફુલ્યો; માત ભ્રાત કુટુંબ કબીલો, ઘર ગામ સઘળું ભુલ્યો. ॥ ૧૫ ॥ ઇશ્વર કૃપા એવી બનીકે, નારીને ગર્ભજ રહયો; પ્રથિવમાં રૂજની ગઇ પણ, ભીમ ભેગો નવ થયો. ॥ ૧૬ ॥ તેરશનું વહાણું વહાયું તવ, સર્વે થયા નીરાશ; વસ્તીમાં વનમાં જળમાં જડયો નાહ, સરવે મુકી આશ ॥ ૧૭ ॥ તવ શેદેવને પ્રષ્ણ પુછયું, પોતે કુન્તા સતી, ભીમસેન પ્રાથ્વમાં છે કે નહી, શેદેવ કહ્યું મા નથી. ॥ ૧૮ ॥ જેવું પ્રષ્ણ તેવો ઉત્તર, આપ્યો શેદેવ જોશી; વીપ્રીત વચન સાંભળીને રડવા લાગ્યાં ડોશી. ॥ ૧૯ ॥

વળણ ॥ ડોશી રડવા લાગીયાં, ધરમે નાંખી ચીસ; વ્યાસ વલ્લભ વાંણી વદે, કુટે છાતી શીશ.

કડવું ૬૪   રાગી બીલાવરી છાયાનો રાગ.

કુન્તાજી વલવલહો, રૂએ ભોળી ભામની; પ્રથવીમાં પડતી હો, પાન્ડુ કેરી કામની ॥ ૧ ॥ ઓ લાડકવાયા હો, દીકરા તેં દગો દીધો; ઓ જબરા જાયા હો, આજ કાળો કહેર કીધો. ॥ ૨ ॥ પીખાવ્યાં તેં પળીયાં હો, કીધાં ઘર ધુળધાણી ચાર તા બંધુ હો, તેની દયા નવ આણી. ॥૩॥ભીમ ભુખાળવા હો, ભવીશ મારૂં ભુસાયું; ફાળ પાડી પેટમાંહો, રૂધીર બધું ચુસાયું ॥૪॥ શીશબહુકુટેહો,છુટેધારરૂધીરતણી-હરખ હૈયાના હો,બેટા તેં નાંખ્યો હણી ॥૫॥ ઓ દુશ્મન દૈવડાહો,ખરૂં રત્ન કયાં ખોયું;હુંનીરભાગણીનાહો, સામું કેમ ના જોયું. ॥૬॥ હિરોહ-ડતાયો હો, સરવનો પાળનારો;ખરો દિવો બુજ્યોહો, સકળ કષ્ટ ટાળ-નારો॥૭॥ હતુ મ્હારૂં રમકડું હો, રીસાઇને કયાંરે ગયું; નડી કેઇ-કરણી હો, કરમ વીજોગી થયું. ॥૮॥ કયાં કયાં તુને સોધુંહો, સોધુંતોહ્યે કયાં તુ મળે; લઈ ગયા જમડા હો, મ્હારૂં પેટ પાસુ બળે ॥ ૯ ॥ ઘણી ખેપ રાખીને હો, ન્હોતી દેતી કૈં જાવા; નીત્યે રડી રડીનેહો, ખાઉઘરા તું માગતો ખાવા. ॥ ૧૦ ॥ માને ગયો મુકી હો, કેમ દયા નવ આવી; રજળાવ્યું ઘડપણ હો, નાઠો કેમ રીસાવી. ॥ ૧૧ ॥ કયાં કયાં પોકારૂ હો, જયાં ત્યા જર જોડાવું, બાંધ્યો હોય કોઇએ હો; તોહ્યે તને છોડાવું ॥૧૨॥ આતો કયાં છોડાવું હો, દીકરાજી દન રૂઠયો, જન્મ્યો માને બા-ળવા હો, સુત થઇ શત્રુ ઉઠયો. ॥ ૧૩ ॥ સદા રાખી બળતી હો; ઉઠે છે હૈએ હોળી; શું જાણું થશે આવું હો, ભટકતી થઇ ભોળી. ॥૧૪॥ કંઈ હો સંતાએલા હો, દેખુ તો વીજોગ ભાગે; જાણે તુ નજરકને હો. ભોવનમાં ભણકારા વાગે. ॥ ૧૫ ॥ લાંબા પોહોળા પોચતા હો, કલેવર કયાં પાડયું; મ્હોટા ધરમ રાયે હો, અતી કલ્પાંત માંડયું. કાહાડે કેશ શીશના હો, ચામડી ચુંટી નાંખે; ચક્ષ ચુવે ચોધારે હો; ભાઇ ભાઇ મુખે ભાખે. ॥ ૧૮ ॥ વીરા વીપત વેળાના હો, બંધવા તું બ્હાર ગયો; ભલુ તને ગમશે હો, કઠોર કાળજાનો થયો. ॥ ૧૭ ॥ એમ બહુ રૂવે હો, શરીરને પછાડે; દંત જીભ લે છે હો, શીશ ફોડી રૂધીર કાડે ॥૧૯॥ રડે અરજુનજી હો, રડેછે શેદેવ જોશી, રડે ઘણો નીકુળહો, થઇ છે બાવરી ડોશી. ॥ ૨૯ ॥ છાતી છોલ્યો છુટે હો, કુટે પાન્ડુની કામની; એને રડતી દેખી હો, રૂવે પ્રજા ગામની ॥ ૨૧ ॥ રૂવે વ્રધ જોબનહો,રૂવે બાળક બાળુવા; વાવલીયો ન વાયે હો, સ્થંભી ગયાં ઝાડુવા ॥ ૨ ૨॥

ઘોડા ઘાસ ખાય નહી હો, એવું રૂદન આરંભ્યું; ભયંકર કલેશથીહો, જુમનાનું જળ થંભ્યું, ॥૨૩॥ રડે સ્વાન ગામના હો, સ્મશાન સરીખું ભાસે; વાદળાં છવાયાં હો, ગગનમાં ચોપાસે ॥ ૨૪ ॥ વળણ. ગગન છવાયાં વાદળા, થઇ ભોમી ભયંકાર; વ્યાસ વલ્લભ એમ ઓચરે, કલેશ થયો અપાર. ॥

કડવું ૬૫ રાગ સોભાગ્યનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, આ દ્ય પરવ મહીમાય. ॥૧॥ હાહાકાર ઘણો વરતાયો, રડે છે ભીસ્મ વિદુર; આંધળો અતીશે આક્રંદ કરે, હર્ખ ઘણો છે ઉર. ॥ ૨ ॥ ગાન્ધારી ઘણું કુટવા લાગી,કુટે કૌરવ નાર;સારૂં દેખાડવા જગત વીશે, રડે સૌ અંધ કુમાર. ॥ ૩ ॥ દુરીયોધને જુલમ માંડયો, કુટી ભાગે શરીર; મોઢે બરાડે શીશ પછાડે, કુટીને કાઢયું રૂધીર. ॥૪॥ સૌ કરતાં એણે જુલમ માંડયો; જુએ મનુશનો સાથ. શકુનીને સુશરમા તે, ઝાલી રાખે છે હાથ. ॥૫॥ તેમ તેમ પાપીને તાન આવે, દુનીયા દોરંગીજુએ; લોકો વાતો કરવા લાગ્યા, અરેરે રાય બહુ રૂએ. ॥૬॥ છત્રપતીપર ભીમ કરતોતો, જ્યારે ત્યારે બહુ કેહેર; પણ તે વાતનું દુરીયોધનમાં, નથી દેખાતું ઝેર. ॥ ૭ ॥ એમ ઘણા જન કેહેવા લાગ્યા, હરખ્યા પાપી મનમાંય; દુરીયોધન કહે ગમે તેવો તોએ,બંધુપોતાનીબાંહ્ય॥૮॥ઘણુંઆક્રંદ તે દન ચાલ્યું,સાંજેકીધુંસ્નાન;ત્રણદનના અપવાસથયા, થયા મર્ણ સમાન. ॥ ૯ ॥ બળાત્કારે ભીશમ વીદુરે, સમજાવ્યા કુન્તી તંન; કુન્તા સહીતને બોધ કરીને, ખવરાવ્યું તવ અન. ॥૧૦॥ ચૌદશેચોથેદીવસ થયો,એકલાં કુન્તાજેવાર;દુરીયોધનને પેરપુછવા બોલાવ્યોતેવાર.॥૧૧॥ પછી પુછયું ઓરે બેટા, મરણ પામ્યો ભેમ;એનોક્રિયાખરચજોઇએ,કહો કરીશું કેમ. ॥૧૨॥ અમ પાસે નથી પૈસા પુંજી; તું મોકલે તે ખઇયે, અમે નિરધન પડયાં ભાઇ, તારે આશરે છૈએ. ॥ ૧૩ ॥ દુરીયોધન કહે એમ શું બોલો,કહો તેવું વાવરવું;એની પુરણ ક્રીયા કરીને, મ્હારે તો નિસ્ચે મરવું.॥૧૪॥ કુન્તાજી કહે નારે બેટા,તુજથી ઉજળાં છૈએ, પ્રભુકોપ્યો ત્યાં ઉપાય શો છે,શાંતી રાખી રહીએ. ॥૧૫॥ છત્રપતિ કહે સાંભળો માતા, પત્ર લખું દેશેદેશ, મ્હારા ભાઇને રડવા માટે, આવે સર્વ નરેશ. ॥૧૬॥ વાવરૂખરચુંને ખવરાવું,શાન્તીવળે મનેત્યારે;ભાઇની પુઠે

વરે નહી તો,શું કરવું ધન મ્હારે. ॥૧૮॥ એમ કહીને મામાને બોલાવ્યો, લખી તેડા સરવત્ર; કુન્તાજી કહે પ્રથમ પેહેલા, ત્રણ લખી દો પત્ર. ॥ ૧૮ ॥ કુન્તલપુરમાં મ્હારા પીતાને, બીજો મારવાડ દેશ; શલરાજા મ્હારી શોકનો ભાઇ, માને છે ભગની હમેશ. ॥૧૯॥ ત્રીજો લખો દવારકામાં, ક્રષ્ણને બળદેવ જેહ; મ્હારા ભાઇના દીકરા છે, મમ ભત્રીજા તેહ. ॥ ૨૦ ॥ શકુનીએ તવ પત્ર લખીને, મોકલીયા તતકાળ; પછી બીજે મોકલવાને, લખાવે અંધબાળ. ॥૨૧॥ સર્વ ક્ષત્રીને પત્ર પોહોંચેથી, આવવું અમારે દેશ; ભીમનો કુકવો કરવા માટે, નહિ આવે જે નરેશ. ॥ ૨૨ ॥ તેનું ઘર ગામ લુંટી લેઇશું, એમ લખાવ્યું રાય; પછી શેવક લોકને આપી,કરી દીધા વિદાય. ॥૨૩॥ દેશદેશાન્તર પત્ર પોચાડયા, દ્વારીકા પોચ્યો જ્યારે; બળદેવજીએ સર્વ કુટુંબને, વાંચી બતાવ્યો ત્યારે ॥૨૪॥ એટલે સરવ રડવા લાગ્યાં,ત્રાહ્ય ત્રાહ્ય કરતાં મુખ; કૃષ્ણપ્રભુ કહે કુન્તા ફોઇને, વ્રદ્ધપણમાં પડયું દુઃખ ॥ ૨૫ ॥ જગત વ્હેવારે જુગજીવને ઘણું કર્યું કલ્પાન્ત; પછી સરવે સ્નાન કીધું, રહ્યા રડીને શાન્ત ॥ ૨૬ ॥ તે રીતે થયું કુન્તલપુરમાં, ત્રીજું મારવાડ દેશ; હસ્તીનાપુર જાવા નીકળીયો, કુન્તિભોજ નરેશ. ॥૨૭॥ મારવાડથી શલ રાજા ચાલ્યો, દ્વારીકાંથી જદુરાય;ક્ષ્ણને બળદેવ બે બંધુઓ,હાસ્તનાપુર પળાય ॥૨૮॥ ભીમના નવમાને દાહાડે આવ્યા, નગ્ર તણે દરવાજે; ત્યાં તે ચારે ભેગાં થયાં, રૂએ મ્હોટે અવાજે. ॥ ૨૯ ॥ મ્હોડે માથે વસ્ત્ર ઓઢીને; દુરીયોધનને કાહાવે; શલ કુન્તીભોજ કૃષ્ણને બળદેવ, રડવા માટે આવે. ॥ ૩૦ ॥ તવ પથાણા પાથરીયાને, બોલ્યો શકુની એમ; ઓ દુરિયોધન કુટજે તું, રૂધીર નીકળે તેમ. ॥૩૧ ॥ ત્રાહ્ય ત્રાહ્ય કરજે રડજે પડજે, વાગશે તો મટાડાશે; એમ નાહ કરે તો કૃષ્ણ કપટી, નિશ્ચે દગો જાણી જાશે. ॥ ૩૨ ॥ એમ કરીને એ બેઠા પથાણે, રૂએ છે હૈયા ફાટ; રડવા આવેલા તે ચારે જણા, ચાલી આવ્યા પુર પાટ. ॥ ૩૩ ॥ પથાણે પેઠા સનમુખ બેઠા, નેત્ર વહે નીરધારા; દુરીયોધને કુટવા માંડયું, મુખ કરે હોકારા. ॥૩૪॥ અરેરે બંધુ કયાં ગયો તું, ભીડ વેળાનો ભાઇ;થોડીવારે રડતા રહ્યા, પ્રભુ પથાણા માંઇ. ॥ ૩૫ ॥ આંસુ લુછતા ઉઠયા પ્રભુજી, પોતે દિનાનાથ; દુરીયોધન શીશ છાતી કુટે, તેના ઝાલ્યા જઈ હાથ. ॥૩૬॥ ઓ છત્રપતી આ શું કરો છો, જનમે તેટલું જાય; કોઇ ઘણુંને કોઇ થોડું,તેમાં શોઉપાય ॥૩૭॥ ગયેલાતે નથી લવાતું,લવાયતોસહુ લાવે, મુવાની પુંઠેનથીમરાતું;મરેતોએનવઆવે,॥૩૮॥માટે મીથ્યાકલ્પાંત

કરો, બોલ્યા જુગજીવન; એટલે રડતો રડતો કેહેછે, રાજા દુરીયોધન ॥૪૮॥ ઓરે મ્હારાજા એ બંધુનો, વિજોગ કયારે ટળશે; ભગવાન કહે ભાવ હશે તો, ભીમ તમોને મળશે. ॥૪૯॥ સાંભળી પાપી વીસ્મય પામ્યો, મામાને સાન કરે છે; મામાએ સાન કરી કુટ તું તો, મન વળાવવા કેહે છે. ॥૪૨॥ એટલે પાપી કુટવા લાગ્યો, પાખંડમાં નહી મણા; પ્રભુ કહે શીદ કુટી ભાગો છો, હજી કુટાશો ઘણા ॥૪૨॥ એમ મરમમાં મોહન બોલ્યા, પાપી ન ચેત્યો લગાર;બળાત્કારે રોતો રહયો એ,અંધ તણો કુંવાર. ॥૪૩॥ એમ કરતાં થયો દસમો દહાડો, બોલ્યા સુંદીર શ્યામ, પરદેશી લોક આવશે આજે, માટે સોંપી દેઉ કામ. ॥૪૪॥ ધરમરાજા ભીમની ક્રીયા, કરવાની છે તમારે; અરજુન આવેલાને માન્ય દેવું, વિશ્વ તણા વ્હેવારે. ॥૪૫॥ નીકુળજી જેહ ખરચ થાયે, તે તમારે લખી લેવું; ધર્મની પાસે શેદેવ જોશી, તમારે બેશી રહેવું ॥ ૪૬ ॥ દાનને દક્ષણા જે જે માગે, તે તે તમારે દેવું; છત્રપતી બીરાજે પથાણે, તે કામ તમારા જેવું. ॥ ૪૭ ॥ એવી રીતે સહુને કામ સોંપ્યાં, પોતે દિન દયાળ; એવે સમે આવવા લાગ્યા, પરદેશી ભુપાળ ॥ ૪૮ ॥ નગ્રની બારણે તંબુ તાણી,ઉતર્યા ક્ષત્રી લોક; શીશ ઉપર સ્વેત મુગટ પેહેરે, શર્વ બતાવે શોક. ॥૪૯॥ ધરમરાયે દશા સરાવી, એકાદશી શ્રાધ કીધું; એવે થયો દન દ્વાદશનો, ક્રીયા કારજ ત્યા લીધું. ॥૫૦॥ બેઠો છે પાપી પથાણામાં, રોતો આવે ત્યાં રાય; કૈક આવેલા કૈંક આવે છે બેસે પથાણા માંય ॥ ૫૧ ॥ ધરમરાજા ક્રીયા કરે છે, બારમાને દન પોતે; સર્વ વસ્તુ ગર્થ લેઈ બેઠો, શેદેવ બંધુ હતો તે. ॥૫૨॥ શ્રાધ કરાવે ગોર ક્રપાચાર બ્રાહ્મણ થયા છે ભેળા; સોના રૂપાની શળીથી પીંડ, વેહેરવાની થઈ વેળા. ॥ ૫૩ ॥ પીંડ કરીને ગોરે કહ્યું આ, ધાતુ શળીથી કાપો; ધરમે અવળો હાથ ધરીયો. શેદેવજી શળી આપો. ॥૫૪॥ શેદેવજીયે મન વિચાર્યું, અણુઘટતું આ થાશે; શળી લેઇ પીંડ વેહેરશે તો, સગપણ ઉતરિ જાશે. ॥૫૫॥ આપું ન આપું તો પણ ખોટું, વીચારમાં જીવ પેઠો, ધરમે ધાંટો કાહડીને માગી, શેદેવ અવળો બેઠો. ॥ ૫૬ ॥ ધર્મ કહે શું સાંભળે નહી, કેમ કરે છે વાર; એટલે વિશેશ આડું જોયું, કોપ્યા ધર્મ અપાર ॥૫૭॥ કળકળી કુખમાં કોહોણી મારી, કેમ તું માથું કુટાવે; તે સમે સેજ સ્વભાવ પ્રભુજી, ધામમાંથી બ્હાર આવે ॥ ૫૮ ॥ જોયો તમાસો જુગજીવને, ધરમ કોપે ચડીયા; શેદેવ શામની દ્રષ્ટી મળીકે, ખડખડ હશી પડીઆ. ॥૫૯॥ ધરમે બેઉનો જોયો તમાસો, પેટમાં પડયો

વ્હેમ; કહો ના કહો પણ જીવે છે, બળવંતો ભાઇ ભેમ. ॥ ૬૦ ॥ ॥ વળણ ॥ બળીયો બંધુ માહરો, છે જીવતો જગમાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સાંભળજો શ્રોતાય,

---

કડવું ૬૬ રાગ બેહાગનો દોહરો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા;સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું,આધપરવ મહીમાય. ॥૧॥ ધરમ રાજાને વ્હેમ પડીયો, જીવે છે ભીમશેન ભ્રાત; શેદેવ મારો ત્રીકાળ જ્ઞાની, કૃષ્ણ પ્રભુ સાક્ષાત ॥૨॥ બેઉ જણા નથી જેવા તેવા, જો હોય મુએલો ભેમ; જવાન જોધનો શોક ઘણેરો, હસે ડાહ્યા જન કેમ. ॥૩॥ એમ જાણીને ગોરને કહ્યું, ઘેર પધારો આજ; આટલેથી ક્રીયા બંધ રાખો, છે મ્હારે બીજું કાજ ॥૪॥ એટલે ક્રીયા અધુરી રાખી, ગોર થયા વિદાય;શેદેવ કહે કેમ બંધ રાખી ઓરે ધરમરાય. ॥૫॥ એટલે ધરમે હાથ ઝાલ્યો, થયું મ્હારૂં મન કાચું; ભીમસેન જીવે છે કે મુઓ છે,બોલજે સાચે સાચું.॥૬॥ તુને ત્રીલોકનાથ હસ્યા, માટે વેમ પડયો મુને; એમ ભાસ્યું કે ભીમ જીવે છે, નહીતો હસુ નાવે તુને. ॥૭॥ શેદેવજી કહે સેજ હસ્યો તો, તેમાં શું ક્રીધું આમ; જીવ્યા ન જીવ્યાનું ભીમતણું તે, જાણે સુંદર શામ. ॥ ૮ ॥ એટલે ગયા પ્રભુની પાસે, સાચી કહો મને વાત; તમે હસ્યા તેથી વ્હેમ પડયો, જીવે મ્હારો ભીમ ભ્રાત ॥૯॥ કૃષ્ણ કહે તેતો તમે જાણો; બીજું ન જાણે કોય; ભીમ મુઓ એમ મુને ન લાગે, જીવતો કયાંથી હોય ॥૧૦ હાની હાને નાની ના એમ, વચન બોલ્યા નાથ; ધરમે જાણ્યું ગમે તે બોલે, પણ જીવે મુજ ભ્રાત. ॥૧૧॥ વ્હેમ પાડીને ક્રીયા મુકાવી,સાંજ લગી ધ્યાન ધરવું; જો ભીમ ભાઇને દેખું નહીતો,વીશ ઘોળીને મરવું ॥૧૨॥ એમ ધારીને ધરમ બેઠા, વિઠ્ઠલ ત્યાંથી વળીયા; શેદેવજીને સામળીયો બે, એકાંન્તમાં જઇ મળીયા. ॥ ૧૩ ॥ પછી બોલ્યા શેદેવ જોશી, સુણો અસરણો સરણ; સાંજે ભીમને નહિ દેખેતો ધરમ પામે મરણ. ॥૧૪॥ આપણે કામ કથાળ્યું હસીને, આજની ક્રીયા ઝુલી; પાતાળમાં ભીમ જાણતો નથી, ગયો છે ઘર ગામ ભુલી. ॥ ૧૫ ॥ વામાવારને વશ બન્યો છે, બંધન એની બુદ્ધી; ભુલ્યો ભ્રાતને માત પોતાની, મુકો સામળીયા સુદ્ધી.॥૧૬॥ કૃષ્ણ કહે કાંઇ ચીંતા ન રાખો, આપણે પથાણે પેસો; ચાર ચંડાળોમાં બબે જણની, વચમાં આપણુ

બેસો. ॥૧૭॥ કરણુનાને શકુનીના બેસજો ઝાલી હાથ; દુસ્યાસનને હું જઇ ઝાલું, બીજો ઝાલું નરનાથ. ॥૧૮॥ એમ કહી બેઉ ચાલ્યા પથાણે પ્રભુજી કેમ જાય ચુકી; પવન પુત્રને પાતાળ વિશે, પ્રભુએ સુદ્ધી મુકી ॥ ૧૯ ॥ એટલે ભીમને સાંભરી આવ્યાં, પોતાના માત ભ્રાત, અરે રે હું ઘર ગામ ભુલ્યો, થતો હશે આંસુપાત. ॥૨૦॥ નાગ કન્યાને કેહેવા લાગ્યો, તેં વશ કીધો નારી; મ્હારા બંધુ નહી ખાતા હોયે, રોઇ મરશે મા મ્હારી. ॥૨૧॥ હાંઇ આવે બાર દીવશ થયા, સગપણ મ્હારૂં જશે; સગું વ્હાલું રડવા આવેલું, બારમુ થતું હશે ॥૨૨॥ માટે પ્રેમદા જાવું મ્હારે, કરી દે મુને વીદાય;બળ્યું તારૂં ઘરને બધું, મરી જશે મ્હારી માય. ॥૨૩॥ એટલે આવ્યો નાગ વાસુકી, તેણેતો ગુટકો આલ્યો, કહ્યું આંખો મીચી ધારો ત્યાં પડશો, તવ ભીમે મુખ ઘાલ્યો. ॥ ૨૪ ॥ નેત્ર મીચીને ધારણા કીધી, વાયુને વેગે ચડીઓ;હસ્તીનાપુરથી એક જોજન,છેટે જઇને પડીયો ॥૨૫॥ નેત્ર ઉઘાડી નગ્રના સામું જોયું જેણીવાર, જ્યાં ત્યાં દીઠા દેરા તંબુ, મનુશ અપરંમપાર. ॥૨૬॥ ભીમે જાણ્યું મને ઓળખશે સૌ, માટે કરૂં નવો બંગ;તળાવડામાં પડી આળોટયો, કાદવ ચોપડયો અંગ. ॥૨૭॥ મોઢું બીહામણું શરીર તેવું, કરીને ચાલ્યો જાય; એવામાં રાજાનો તંબુ હતો, ભીમ ગયો તેની માંય. ॥૨૮॥ રાજાકહે તું કોણ છે અલ્યા, કેમ આવ્યો મુકી માઝા; ભીમકહેમને માન્ય આપો, હું સર્વ રાજાનો રાજા ॥૨૯॥રાજાએ જાણ્યું છે કોઇ ગાંડો, જાભાઈ દેવું છું જાવા; ભીમ કહે દુરજોધન કેરૂં, આવ્યો છું બારમું ખાવા ॥૩૦॥ માટે જોઇયે પોશાક મ્હારે,આપો તો લેઇને જાવું;રાયે જાણ્યું દુરીયોધન જાણે તો, કેશે બોલાવ્યું હાવું. ॥૩૧॥ એમ જાણીને વસ્ત્ર જરીનાં,આપ્યાં તે ભીમે લીધાં;માથાઉપર ફેરવીને,પાછાં ફેંકી દીધાં.॥૩૨॥ ભીમ કહે મારે કામ ન આવે, માટે હું ફેંકી દેવું; આપોતમારો દેરા તંબુ, તોતો હોઢી લેવું. ॥૩૩॥રાજાએ જાણ્યું બકવા કરશે, ડેશતંબુ દેઇદીધો;ભીમે ઉપાડીને મસ્તકપરથી,પગ લગી હોઢી લીધો.॥૩૪॥આંખ્યો આગળબે બાકાં પાડયાં,સર્વની ચરચા જુએ; જેને તે રાજા ગામમાં પેસે, ભીમના નામને રૂએ.॥૩૫॥એવે વ્રકોદર દરવાજેઆવ્યો,ભીડ ભરાઇ અથોક;ભીમે જાણ્યું સહુમને રડેછે,હું મુકુટુંષ્ટનીપોક.॥૩૬॥એમ જાણીને ભીડમાં ચાલ્યો, ટોળાં દેખીમહીંધસે;લોકોએજાણ્યું આકોણ કારમુ, આઘાપાછા સૌખશે. ॥૩૭॥ બ્હોતેર દરવાજા બાસઠ બારા, હસ્તીનાપુર ગામ;તે સઘળે સ્થળ ક્ષત્રીયો રડે, લૈ ભીમસેનનું નામ. ॥ ૩૮ ॥ એક દરવાજામાં ભીમ પેઠો,

ધાંટા કાઢયો સતિ તન;વચમાં ઉભો રહિ પોક મુકી, ઓ મ્હારા દુરિ-યોધન. ॥૩૯॥ સર્વના ધાંટા કાઢી નાખ્યા, શેવકો સાંભળી રૂઠયા; ત્રીસ દરવાન દરવાજાના, લાકડીઓ લેઈ ઉઠયા. ॥૪૦॥ તડાતડ તંબુપર દીધી, ભીમે કર્યો વીચાર; બારે દાહાડે ગામમાં જાતાં, સુકનમાં ખાઉં માર. ॥૪૧॥ જનમ જાશે માર ખાધામાં, કુદીને ઉંચો ચડીયો; તબુ પોહોળો કરી સુત વાયુનો, ત્રીસના ટોળામાં પડીયો. ॥૪૨॥ તવ ત્રીસે તંબુમાં આવ્યા, પુરણ મળીયાં પાપ; ભયંકર ભીમને જોઇ બોલ્યા,મુક્ી દો માબાપ. ॥ ૪૩ ॥ ભીમ કહે ભાઇ ભલે પધાર્યા, કહી ટપોટપ ઝાલ્યા; પંદર પંદરને પકડીને, બેઉ બગલમાં ઘાલ્યા. ॥૪૪॥ ભીમ કહે ઓ ગામની દેવ્યા, કાઢજે મ્હારો રોગ; બારે દહાડે ગામમાં જાતાં, તુજ ને આપું ભોગ. ॥૪૫॥ માની લેજે તું નગ્રની દેવી, એમ વદ્યો મુખ વાણુ, બળ કરી બે બગલ દાબી, કાહાડી નાંખ્યા પ્રાણ. ॥૪૬॥ ત્રીસ મડદાં રાખ્યાં બગલમા, ભીમે જાણ્યું જવું ઠેઠ; છત્રપતી દુરીયોધન પાસે, મુકવી મ્હારે આ ભેઠ. ॥૪૭॥ એમ કહીને ચાલ્યો વ્રકોદર, મડદાં સાથે લાવ્યો; ધુમતો ધુમતો રૂમતો રૂમતો, ઠેઠ પથાણે આવ્યો. ॥૪૮॥ એટલે શેદેવજીને શામળીયો, જાણી પથાણામાં પેઠા; ચાર ચંડાળોની વચમાં આવી. સીક્ષા અપાવવા બેઠા ॥૪૯॥ કરણ શકુનીને શેદેવે ઝાલ્યા, પછી બે અંધના તન; તે બેઉના કર ઝાલીને બેઠા, પોતે શ્રી જુગજીવન. ॥ ૫૦॥ શીદ કુટો છો, શીદ રડો છો, દુખવા આવે લોચન; તેમ તેમ ઝાઝાં પાખંડ કરે, દુષ્ટ દુરીયોધન ॥૫૧॥ વલણ ॥ દુષ્ટે પાખંડી માંડીયાં ભીમ જુએ ચરચાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, કેવી કરણી થાય॥

કડવું ૬૭ રાગ સાખી.

વઇશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહિમાય ॥ ૧ ॥ પાપીએ બહુ પાખંડ માંડયાં. વારે અસરણા શરણ;એવું જોઇને વાયુનો નંદન, બેશી ગયો તવધરણ ॥ ૨ ॥ ડેરા તંબુ આઘો નાંખ્યો, ન રહે કોઇનો ઝાલ્યો,ત્રીસે મડદાં લબડતાં લેઈ, બેઠો બેઠો ચાલ્યો. ॥ ૩ ॥ પથાણે બેઠેલાં સૌ ખસે આઘા, ન ખસે તો ભીમ બબડે;બગલમાં મડદાંનાં ડોકાં, પાછળ ટાંટીયા લબડે ॥૪॥ તેવું જોઇને સવ ખસે છે, ભીમ ભય મનમાં ન ધારે, જે કોઇ જવાનો માગ ન મુકે, તેને ઢીંચણ કોણી મારે. ॥૫॥ એમ કરી અડધે લ-

ગી ગયો, પોચવા આવ્યો હેઠ; ઉભો થઇને મડદાં ફેંકયા, લે દુરિયોધન ભેટ. ॥૬॥ સભા સજડ થઇ જોઇને, આ કોણ પ્રાણી અડીયો; છલંગ મારી સુત સતીનો, દુષ્ટોની પાસે પડીયો. ॥૭॥ એટલે શેદેવ સામળી આએ દુષ્ટોને ધરી દીધા; ભીંગે ચારે ચંડાળોને, ટપોટપ લેઇ લીધા ॥૮॥ ધરણ ઢાળી ઉપર બેઠો, કુન્તી તણો કુંવાર;ગડદા પાટુ ઢીંચણ કોણી, દેવા માંડયો માર. ॥ ૯ ॥ ઉચકી પછાડે ચારે બરાડે, જુએ ભીસ્મ ને દ્રોણ; સકળ સભા વિચાર કરે, આતે આવ્યું કોણ. ॥૧૦॥ એટલામાં વ્રકોદર બોલ્યો, સાંભળી લેજો તમામ;હું કુન્તાનો દીકરોને, ભીમ સેન મ્હારૂં નામ. ॥૧૧॥ બારશને દાહાડે ગયો ખાવા, હું અંધ કાકાને ઘેર;કપટ કરી લાડુમાં નાંખી, મુને જમાડયું ઝેર ॥૧૨॥ ઝેર જમાડી કેહેર કરીને, નાખી દીધો ચંડાળે; પણ મુજ વૃદ્ધોના પુન્યે કરીને, હું જઇ પડ્યો પાતાળે ॥૧૩॥ ત્યાં જઇ વર્યો નાગની કન્યા, આયુશ મ્હારૂં ખરૂં; આજ પાપીને ઠેર મારૂં, બારમું એનું કરૂં. ॥૧૪॥ કેવાંપાખંડ કરતોતો એ, રટતોતો મુજ માટે; છો રહ્યો દીકરો કાકાકેરો, મારી નાંખું ઝપાટે. ॥૧૫॥ સાંભળી સરવે પોંચા કરડયા, મુઓ એ નરનાથ; એટલે વિદુર ભકતે ઉઠીને, ઝાલ્યા ભીમના હાથ. ॥૧૬॥ હાં હાં બેટા મુકી દે એને, માર્યામાં શું વળશે; કરણી તેવી પાર ઉતરણી, કર્મ તણાં ફળ મળશે. ॥૧૭॥ એના જેવા તમે ન થાશો, એની તો ભુંડી કરણી; ભીમ કહે આ દુરીયોધનની મા આખલાને પરણી. ॥૧૮॥ તેનું ફરજન તેના જેવું, માટે એનો જીવ લેવું; રાજ્ય સોંપે મુને મારા તાતનું, તો જીવતો જવા દેવું. ॥૧૯॥ વીદુરજી કહે કેમ દુરીયોધન, સાંભળ ભીમની વાણ;રાજ્ય આપીશ તો રહીશ જીવતો, નહી તો લેશે પ્રાણ ॥૨૦॥ દુરીયોધન કહે વગર મ્હોતે;શીદ મારેછે બાપુ;રાજ્યબધું દેઇનેશું ખાવું, લ્યો અડધું રાજ્ય આપું ॥૨૧॥ વીદુરજી કહે જાવા દે બેટા;લે તું અડધું રાજ; ભીમ કહે તાંબાને પત્રે, લખી આપે આજને આજ. ॥૨૨॥ વીદુર તાંબાનુ પત્ર લાવ્યા, લ્યો દુષ્ટજન કર કાપો; બેતાળી હજાર દેશ ક્ષત્રીના, પાન્ડવને લખી આપો. ॥૨૩॥ એમના બાપનું પેદા કરેલું, ભોગવતો હતો પાપી;એમણે કાંઇ નતું માગ્યું લીધું, તોહે આ બુદ્ધિ વ્યાપી. ॥૨૪॥ દુરીયોધન કહે ભવીશ મ્હારૂં, ઉઠવાદે હવે બાપુ; બેતાળી હજાર દેશ ક્ષત્રીના, બેઠો થઇ લખી આપું ॥૨૫॥ ભીમ કહે ઓળખું છું તુને, નાશી જતો રહે ઘેર; સુતાંને સુતાં લખી આપ નહીતો, મારી નાંખું ઠેર. ॥૨૬॥ એમ કહીને કોહોણી મારી, દુષ્ટ થયો બહુ દખી; ઉભા

રહો મને મારશો નહી,લાવો હું આપુંછું લખી, ॥૨૭॥ પત્ર લઇને લખી દીધા, બેતાળી હજાર દેશ; પાન્ડવના ભાગમાં જે ગયાતે, રાજીથયા નરેશ. ॥૨૮॥ ઉભો થયો ભીમ પત્ર લેઇને, આપ્યું ધરમને હાથ; શેવક્રાએ ડોળી કરીને, લીધા ચારેને સાથ. ॥૨૯॥ ઘેર જઇ મંચકે નાંખ્યા ખુશી થયો ભીમ બળીયો, કુન્તા માતા રડે ને કુટે, ત્યાં જઇ માતાનેમળીયો. ॥૩૦॥ તે દેખી કૌરવ કેરી નારી, નાઠી તેણિ વાર; દુષ્ટને મંદીર મોહોકણ મંડાઈ; બીજે જયજયકાર. ॥૩૧॥ બારમાની રસોઇ કરીતી વીવાની થઇ પડી;ખરીખુશીથી સૌને જમાડયા, આવિ આણંદનીઘડી ॥૩૨॥ પછી પ્રભુએ ધર્મને કહ્યું, વિચારો દલ સાથ; આવેલા સહુ રાજાને કેમ, કડાય ઠાલે હાથ. ॥૩૩॥ ધર્મ કહે અમે નીરધન છીએ, ઓરે જુગદાધાર, ભીમ કહે લાવુંછું મહારાજા, દુષ્ટ તણો ભંડાર. ॥૩૪॥ એમ કહીને ભંડારખાને,વાયુનો નંદન આવ્યો; તાળાં તોડી બારણા ભાગી, દ્રવ્યજ સઘળું લાવ્યો. ॥૩૫॥ લાવીને આપ્યું કૃષ્ણ પ્રભુને, લેવાને જશ લ્હાવ;વિવેક પ્રમાણે વહેંચીને આપ્યો, સામળીયેસરપાવ. ॥૩૬॥ સકળ રાજા રાજી થયા, માગી લીધી વિદાય;સરવના વેરાયાપછી, દ્વારકા પ્રભુ જાય ॥૩૭॥ પાન્ડવ રહ્યા પુર વિશે, દિવસ દશ વીશ જાય; ભીમ કહે છે સાંભળો ભાઇ, સાંભળો કુન્તામાય. ॥૩૮॥ પાણીનો સગાળ સગાનો દકાળ, હોય તેવે સ્થળ રહીયે; આપણ આપણું રાજ્ય કરીશું ચાલો ઇંદ્રપસ્ત જૈએ. ॥૩૯॥ તવ કુન્તાએ વીદુર ભીસ્મને, પુછી જોયું મન રાચી; વૃધ્ધોએ કહ્યું ભીમ કહે છે, તેવાત માનજોસાચી. ॥૪૦॥ એટલે પાન્ડવે આગના લીધી, ત્યાંથી થયા વિદાય; પાંચ ભાઇને છઠ્ઠી માતા,આવ્યાં ઇંદ્રપસ્તમાય ॥૪૧॥ શોભા ભરેલો મ્હેલ બનાવ્યો રચાવી રાજ્યગાદી; શુભ મહુરત જોઇને ગાદી, બેઠા ધરમ સત્યવાદિ ॥૪૨॥ બેતાળી હજ્જાર દેશ વિશે, વરતાવી પોતાનિ આણ; જેવો રાજા તેવીજ પ્રજા; કોન બોલે જુઠ વાણ. ॥૪૩॥ ચોર લોકોએ ચોરી મુકી, ગુણકાએ ધરી શર્મ; નહિ કોઇને રોગને વ્યાધી, સર્વ પાળે શુભ ધર્મ, ॥૪૪॥ નહિ વેરો કે વેઠ કોઇને, અકાળ મ્રત્યુ ન થાય; એવિ રીતીનું રાજ્ય ચાલે, ધર્મધારી ધર્મરાય. ॥૪૫॥ પેલા ચંડાળ ચાર જણાને મહિને થયો આરામ; એટલે પાન્ડવને નડવાનો, વિચાર કરેતઆમ. ॥૪૬॥ દુરીયોધન કહે ખેલ કર્યો પણ, એક કામ આડું થયું; ભીમને જમુનામાં નંખાવ્યો તેથી, ઝેરજ ઉતરી ગયું. ॥૪૭॥ શકુની કહે ખેલજ હાર્યા, વર્શ હાર્યા નથી રાય;એક એ ચોટ ખાલી ગઈ, તોહજીછે

લાખો ઉપાય ॥૪૮॥ એતો એકલો ભીમ ધાર્યોતો, પણ આ વેળા જો વાત;છયે જણાને શાન્તી કરવા, કુન્તાને પાંચે ભ્રાત, ॥ ૪૯ ॥ પુલોચન કરીને એક પ્રાણિ, વનવગડે પડી રહે છે; ન્હાનપણનોએ મીત્ર મ્હારો,જાદુની વિદ્યા જાણે છે. ॥૫૦॥ ખાવા પીવા એને મળતું નથી, વસ્ત્ર મળે નહી અંગ; તેને તેડાવું એટલે પછી; જો પાન્ડવનો રંગ ॥ ૫૧ ॥ દુરીયોધન કહે તે કરો પહેલું,તો તો રહે કાંઇ ટેક;શકુની મામાએ વચન સુણી, પત્રજ લખીયો એક. ॥૫૨॥ મીત્ર પુલોચન બાળ સનેહી, આવજો હસ્તીનાપુર,તમોને કષ્ટ ઘણી પડે છે, જાણું છું મુજ ઉર॥૫૩॥ માટે મે ઉપમા વધારી,છત્રપતીનિ કને,આવિને તેનુ કામ કરેતો, રાજ આનિ ભાગ તને ॥૫૪॥ એક આનીનો ભાગ મળશે, ટળશે તારૂ દુખ; રાજધાની ભોગવતો થવાનો, ઘણુક પામીશ સુખ. ॥ ૫૫ ॥ એવો પત્ર લખીને પોચાડયો, વાંચી જોયો પુલોચન,નારીને કહ્યું ભાગ્ય ઉઘડીયું, તેડે છે દુરીયોધન ॥ ૫૬ ॥ નારી કહે તમે જાવો વેહેલા, અંતર ઉલટ આણી ;રાજ્ય લેઇ થાવો રાજીઆ હું થાવું તમારી રાણી. ॥૫૭॥ તવ પુલોચન ત્યાંથી ચાલ્યો,વાળેલીછે લંગોટી,વસ્ત્ર બીજું પાસે નવ મળે, નિચ વિધ્યા ઘણી ખોટી. ॥૫૮॥ ચાલીને આવ્યો હસ્તીનાપુર, એવાને કોણ બોલાવે; હવેલી પાસે ફાંફાં મારે, મામે જોયો એ આવે. ॥ ૫૯ ॥ મામાએ કહ્યુલંગોટી વાળીને,આવ્યો તે પુલોચન;જમાન્યદેઇને લાવ્ય બોલાવી;તવ ગયો દુરીયોધન॥૬૦॥પધારો મામા પધારો મામા, કેહેતો આવ્યો નરનાથ;છત્રપતીએ પુલોચનનો,હસીને ઝાલ્યો હાથ. ॥૬૧॥ લેઇ ગયો પોતાના મ્હેલમાં,જરિના વસ્ત્ર પેહેરાવ્યાં,એકાન્ત ગાદિએ પાસ બેસાડયો.હેત ઘણાં ઉપજાવ્યાં. ॥૬૨॥દુરીયોધન દુસ્યાશન શકુની; ચોથો રાજા કર્ણ; છત્રપતી કહે પુલોચન, મામા તમારે સરણ. ॥ ૬૩ ॥ મારા મામાના મીત્ર તમે તે,મ્હારે મામા તુલ્ય;કરો એમ કામ બતાવું તે જરા ન રાખવી ભુલ. ॥ ૬૪ ॥ વળણ ॥ ભુલ જરા રહે નાહ, એવું કરો એક કાજ, વ્યાસ વલ્લભ મુખ ઓચરે, દેવાનું કહ્યું રાજ. ॥

કડવું ૬૮ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા વૈશમ પાયે વચન,સાંભળ જનમેજે રાજન;સુણો પુલોચન મામા વાત,મારે માથે શત્રુ પાંચ ભ્રાત. ॥૧॥ મ્હારા કાકાના સુતને કાકી,દ્વેશમાં નથી રાખતાં બાકી; અમ ઉપર રાખેછે દાઝ, લીધું અડધ.

નુ મ્હારૂં રાજ ॥૨॥ તેનો નાશ કરો વેણુ થાપુ રાજ્યમાંથી,આની ભાગ આપુ;મળે પા આનીનો ભાગ જેને, હાથી ઘોડા ઝુલે ઘેર તેને ॥૩॥ બોલ્યો પુલોચન કરૂં કેહેર,તારા શત્રુને મારૂં ઠેર; તારા મનનું ધાર્યું કામ થાય, મોકલે તું ત્યાં જાય, કે ન જાય ॥ ૪ ॥ દુરિયોધન કહે મોકલું ત્યાં જાશે, ભોળીયાં છે તેથી ભોળવાશે; તવ બોલીયો પુલોચન, એક રચું હું લાખાભોવન. ॥ ૫ ॥ દિસે કાષ્ટ પાશાણ પણ લાખ; તેમાં બાળી કરી દેઉં ખાખ;જાવું નગ્રથી વિસ જોજન, ત્યાં જઇ વિદ્યાથીરચું ભોવન ॥૬॥ સસ્ત્ર શેવક આપો મને, બતાવ્યું કામ કરવા કને; એમ વાત કરી ઉરભાવ્યા, એવે વીદુરજી ત્યાં આવ્યા. ॥૭॥ દિઠો નિચ જાતિ પુલોચન, તવ વીચાર કીધો મન; જાણ્યું છોટાને આશી બડાઇ; કાંક પાન્ડવપર છે ચડાઈ. ॥૮॥ જોવું કપટ કરે છે કેવું, પેટમાં પેશીને વાત લેવું; એમ જાણીને વધા વચન, કેમ ઉંઘે છે દુરિયોધન ॥ ૯ ॥ પેલી કુન્તા કેદાડાની આવી,કયાંથી રઝળતા તન લાવી, તેને નથી કાંઇ દાઝ, પણ લૈ ગયા અડધું રાજ. ॥ ૧૦ ॥ દુરિયોધન કહે શું કહીએ અમો,તે દાડે રાજ અપાવ્યું તમો;કહે વિદુર ઉર વીચારી,તે દાડે ભીમ નાંખત મારી. ॥ ૧૧ ॥ માટે તે વેળા લખાવ્યું રાજ, તેની છે મુજ મનમાં દાઝ;દિધું ભીમને તમોએ ઝેર, પણ પુંઠે ન આવડી પેર ॥૧૨॥ તમો છોકરવાદી છો ચારે,અનુભવ કરેલા કયારે;ધરડા વીનાવળે નહી ગાડું,કરો સવળું તોએ થાય આડું.॥૧૩॥ દુષ્ટ કહે ભલુ ઇછો કોનુ,કાકા હૈયાનું કહો છો કે મ્હોનું; કહે વીદુર હૈયાનું બોલું, ડોલાવે દલ તો નવ ડોલું. ॥૧૪॥ બોલ્યો રાયકાકા હાંઇ આવો, હોય સાચુ તો શોગન ખાવો, તવ વીદુરે વીચાર્યું આપ, દુષ્ટના સમ ખાધે શું પાપ; એમ જાણી કહ્યું સુત મારા,તારી પક્ષમાં છું સમ તારા; જાય છે દહાડા ઉપર દાહાડો, કાંઇ કપટ શોધી કહાડો. ॥ ૧૬ ॥ બોલ્યો હસ્તીનાપુરનો ધણી તમને જાણુતાતા પાન્ડવ ભણી;હવે મન મ્હારૂં રાજી થાય,કરીએ છીએ એજ ઉપાય. ॥ ૧૭ ॥ જુઓ તેડાવ્યા છે પુલોચન, તેતો રચે છે લાખાભોવન, તેમાં શત્રુને મોકલી દેવા, બાળીને કરશે ખાખ જેવા. ॥ ૧૮ ॥ શસ્ત્ર શેવક લેઇને જાય; રચે લાખા ભોવન વનમાંય, કાકા વ્રદ્ધ તમો ત્યાર થ:ઓ, દેખરેખ રાખવા જોડે જાઓ. ॥૧૯॥ સાથે રહી લેજો શેવકથી કામ, ત્યાર કરીને આવો આ ઠામ; કહે વીદુર ઘેર જઇ આવું, હાનો કે નાનો જવાબ લાવું. ॥ ૨૦ ॥ એવું કહી ગયા એ ઘેર, પોતે પુરણ વીચારી પેર,જો આ વાત પાન્ડવને કહીશું, તોએ અવજશ

ઝાજો લઇશું. ॥૨૧॥ ભોળા પાન્ડવ તે ભોળવાશે, દુષ્ટ દુરીયોધન તેડી જાશે;મ્હારિ કહેલી કેહેશે વાત, છે ભોળાં ડોશીને ચાર ભ્રાત. ॥ ૨ ॥ માટે કેહેવાનું નહીં કામ; જાવું બંધાવવાને મુકામ; રચાવું લાખાગ્રહ રચનાય, કરૂં ત્યા ઉગાર્યાનો ઉપાય. ॥ ૨૩ ॥ એમ જાણી ઉભા થયા, ત્યાર થઇ દુષ્ટને ઘેર ગયા; શસ્ત્ર શેવક દીધા પાપી, પુલોચનને રજા આપી. ॥ ૨૪ ॥ ચાલ્યા વીદુરને પુલોચન,શસ્ત્ર શેવક લઈ ગયા વન; વિસ જોજન છેટે આવ્યો, પુલોચને શેવક બોલાવ્યા ॥ ૨૫ ॥ કરો આ સ્થળમાં મેદાન,પછી પ્રતીકામાં દો ધ્યાન; આઘે જઇને ખોદી લાવો, મોહોટો ઢગલો હાંઇ બનાવો. ॥૨૬॥ હું તો નદીના ત્રટપર જાવું સાધના સાધિ રાત્રીએ આવું;તમો સૌ રાંધી જમજો સારૂ, પેલાવ્રક્ષ નીચે ઢાંકજો મ્હારૂં. ॥૨૭॥ રાતે આવી કરીશ ભોજન, એમ કહિ ગયો પુલોચન; બેઠો નદીએ સાધના લેઇ, મંત્ર સાધે છે બહુ ચીત દેઈ. ॥૨૮॥ કર્યું શેવકોએ કામ કેવું, કીધું વનમાંહી મેદાન જેવું; લાખાગ્રહ રચવાનો ધાર્યો,લાવી પ્રતીકાનો ઢગ માર્યો. ॥૨૯॥ સાંજ પડીને કાધું ભોજન, પછી સરવે કર્યું સયન; મધ્યરાત્રી થઇ જે વારે, આવ્યો પુલોચન પાપી તે વારે. ॥ ૩૦ ॥ વ્રક્ષ નીચે ઢાંકેલી રસોઇ, કીધું ભોજન જાણે ન કોઇ; પછી મંત્ર ભણી જળ લીધું, પ્રતીકા પર છાંટી દીધું. ॥ ૩૧ ॥ તેની લાખ બની તે દન, આપો આપ રચાયું ભોવન; થયો ઓરડોને પરસાળ,તેના ઉપર બન્યો માળ ॥ ૩૨ ॥ ખુટી પ્રત્તીકા થયો વીદાય, પાછો નદી કિનારે જાય;વિતી રૂજનીને થયું વ્હાણું,જોઈ વિદુર ઉર પસ્તાણું ॥૩૩॥આતો કામજ ધાર્યું કરશે,મ્હારા પાન્ડવ પાંચે મરશે;એવું જાણી શેવકોપ્રત્યે,બોલ્યા વીદુરજી મુખ સત્યે ॥૩૪॥સુણો શેવક લોકો આપ,કોઇ રાખશો નહી પેટ પાપ; રચે લાખાભોવન ઘણે ઘાટે, આતો પાન્ડવ મારવા માટે ॥૩૫॥ મરે સુત સતીના તે કેવું. કેહેજો મનમાં હોય તેવું; બોલ્યા સર્વ શેવક મુખ એમ, જીવે તેમાં તો અમોને પ્રેમ. ॥ ૩૬ ॥ બોલ્યા વીદુરજી સુણો બાપુ. ઘેર જૈ સૌને સરપાવ આપુ; આવે પાન્ડવ તણી દયાય,કરો ઉગરવાનો ઉપાય ॥૩૭॥ કહ્યું શેવકોએ આણી ભાવ, અમે નહી લઇએ સરપાવ;એવું લીધે શું ભાવટ ટળશે.જીવે પાન્ડવ પુન્ય ભાગ મળશે ॥ ૩૮ ॥ કહે વીદુર પુન્ય ભાગ ખરો, પરસાળમા ખોદાણ કરો;એક આડી સળંગ મહી પાડો,એમાંથી પ્રતીકા વ્હાર કાડો ॥૩૯॥તવ શેવકો રાજી થાય, કીધું ખોદાણ પરસાળ માંય; ઉંડું ખોદીને ખોદયું આડું, એક ગાઉ લગી બાકુ પાડયું. ॥૪૦॥ સાંજ પડી મે-

હેનત બંધ કીધી,ખાડાપર સલ્યા ઢાંકી દીધિ;રાતે રાંધિ જમી સુતાસર્વ, આવ્યો પુલોચન મન ગર્વ ॥ ૪૧ ॥ જમી લીધી રસોઇ રાંધેલી, ભરી જળઅંજળી મન મેલી; મંત્ર ભણી મ્રત્તીકાને છાંટી,બની લાખ ટળી ગઇ માટી ॥૪૨॥ ઉંચી ચઢી તે મંત્ર બળે, બીજો ત્રીજો થયો આળકળે તેના ઉપર ચોથો થાય,ખુટી માટી પુલોચન જાય. ॥૪૩॥ એવે રાત વીતી થયો દન, જોઇવીસ્મે પામે સહુ જન;પછી વીદુરજી વધા વાણ, ચાલોને ભાઇ કરો ખોદાણ ॥૪૪॥ તવ પરસાળમા સલ્યાય, ઉઘેડી ઉતર્યા સહુ માંય; ખોદી ખોદી મ્રત્તીકા કાઢે, લાંબી સળંગ મ્હોટી પાડે ॥૪૫॥ છેડો નીકળ્યો નદી કીનારે,પુલોચનનાથી બીજે ઉઆરે;પીંપળાના વ્રક્ષનિ તળે, મોઢું સળંગ તણું નીકળે ॥ ૪૬ ॥ તેનાપર મ્હોટી સલ્યા મેલી,જાણે નહિ તેમ ધુળ પાથરેલી;પછી પરસાળમાં મોઢું જેહ, સલ્યા મુકી ઢાકી દીધું તેહ॥૪૭॥ કોઇ જાણે નહિ એમ કીધું, માર્યો ઢગ સહુ કામ કરી લીધું-કર્યું રાંધિ જમીને સદ્યન,રાતે આવિયો પુલોચન ॥ ૪૮॥ ઢાંકી રસોઇ તેજમી લીધિ;પછી મ્રતિકાની લાખ કીધિ;તેતો મંત્ર વડેઉ ઉંચી ચડી, થયો પાંચમો માળ તે ઘડી ॥૪૯॥ છઠ્ઠો સાતમો થઇ અગાશી જાણે કરી, ગયા અવીનાશી, મેહેલ તૈયાર થયો જ્યારે, બીજી અંજળી છાંટી તે વારે॥ ૫૦॥ તેથી રંગ બધો બદલાય, કાષ્ટ પાશાણુ લોહ દેખાય;ઇંટ ચુને ચણેલું દિસે,જોઇ જોઇને મનડુ હિસે, ॥૫૧॥ લાલ લીલા પીળા રંગ ભરીયા,તેમાં ચિત્ર વિચિત્ર ચીતરિયાં;એવું બનાવિને રહયો ત્યાય, વિતિ રજનીને વ્હાણુ વાય ॥ ૫૨ ॥ જાગ્યા શેવક વિદુર સર્વ, જોઇ ઉતરિ ગયો ગર્વ;આવિ રચના શું રચે શીવે,ભાગ્ય હોય તો પાન્ડવો જીવે. ॥૫૩॥ પછી પુછયું પુલોચને એમ, કહો વિદુર વિદ્યા છે કેમ; બોલ્યા વિદુરજી નથી ખામી, હુંતો ગયોછું આસ્ચર્ય પામી, ॥ ૫૪ ॥ કહ્યુ, પુલોચને સહુ જાવો,જઇ પાન્ડવને મોકલાવો;સુણી સર્વ થયા વિદાય;ગયા બે ગાઉ ઉભા ત્યાંય. ॥૫૫॥ બોલ્યા વિદુર શેવક પ્રત્યે જાવો હસ્તીનાપુર શુભ મત્યે;જઇને કાંઇ ન કહેવું, સઉ સળંગનું સમજી રેહેવું.॥૫૬॥આવુંછું આ ગામમાં જઇને, પીંપળે રહેવાનું કોઇ કાહને એમ કહિને કર્યા વિદાય. પછી તે ગયા ગામ માંય ॥૫૭॥ એક ભીલ ભગત શોધ કહાડયો, તેને બોલાવિ પાસે બેસાડયો; કહ્યું પીપળો નદિ કીનારે,જઇ મુકામ કરવો ત્યાં તારે. ॥૫૮॥ સલ્યા નીચેથી કોઇ દન નિકળે, ડોશીને પાંચ તન;બળ્યાં જળ્યાં તે નિકળે બ્હાર,તેને ધિર્યતા દેજો અપાર. ॥૫૯॥ તેને દેજો આ વસ્ત્ર ખાદીના, જોઇ લેજોસૌ દુઃખની બી-

ના; લ્યો આ વીંટી પાસે રાખી રેહેજો;હોય ડોશી તેને દેઈ દેજો. ॥૬૦॥ ત્રાપામાં બેસાડી દેજો વીર, ઉતારી મુકજો સામી તીર; પછીહસ્તીનાપુરમા મુને, મળજો દૈશ સરપાવ તુને. ॥૬૧॥ બોલ્યો ભીલ ભગતધરીભાવ, મ્હારે જોઇયે નહી સરપાવ; લેવુંસરપાવમાં દાગીના, તેણે બને બહુ બુરી બીના ॥૬૨॥ ચોર ચોરે તેનો ભય ભાસે, મારિ માળાથી જમદુત નાસે; માટે માયા ન જાઇએ મ્હારે, કામ કરીશ પુન્ય આધારે. ॥૬૩॥ વળણ॥ પુન્ય તણા આધારથી, કરશું એટલું કામ; છ વસ્ત્રો લૈ ભીલ ગયો, વદે વ્યાસ વલ્લભરામ ॥

કડવું ૬૯ રાગ કલ્યાણની છાયાનો દોહરો.

વૈશમપાયે એનીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારીતુજને સંભળાવું આદ્ય પરવ મહીમાય, ॥૧॥ ખાદીનાં છ વસ્ત્ર લેઇને, નદી કીનારે ગયો; ભીલ ભગત ત્રાપો બાંધીને, પીંપળા નીચે રહ્યો ॥૨॥ હસ્તીનાપુરમાં વિદુર ગયા, દુરીયોધનને ઘેર; કહ્યું કે મોકલ પાન્ડવને કહી, લાખાભોવનની પેર. ॥૩॥ દુરીયોધન કહે ચાલો મામા, થોડે લગી મુજ સાથ; ઇંદ્રપસ્તને દરવાજે જઈ, બાંધી જાવો મુજ હાથ ॥૪॥ કહું એટલું કરી પાછા વળજો, એવું કહી બેઉજાય; દરવાજે આવ્યા ઇંદ્રપસ્તને, કહે દુરીયોધન રાય. ॥૫॥ લ્યો મામા અવળા હાથ બાંધો;બંધાવ્યા તે વાર; મુસ્તક પર સઘડીમેલાવિ, અંધતણે કુંવાર॥૬॥ પછી પાપી ગામમા ચાલ્યો, મામો ગયો તવ ઘેર;રોતો રોતો રાજા આવ્યો, ધરમે જાણી પેર. ॥૭॥ ઉઠીને ધાયા દ્વેષ ન રાખ્યો, કુન્તાજી આવ્યાં સાથ; દોટ કાહાડી સઘડી પાડી, છોડી નાંખ્યા બેઉ હાથ. ॥૮॥ ખમા ખમા કરતા લાવ્યાં, પાપીને પોતાને ઘેર;દુરીયોધન બહુ રડવા લાગ્યો, કુન્તાજી પુછે પેર. ॥૯॥ શું છે બેટા શાને રડે છે, કેમ ગઇ તુજ ગતિ;બાગમાં ગયો છે પુત્ર વાયુનો, તે વેળા ભીમ નથી. ॥૧૦॥ પાપી તો પોકેને પોકે રડે છે,આંસુ છુટે પુરપાટ; કુન્તાજી રૂદીયા શું ચાપે, બેટા રડે શા માટે ॥૧૧॥ દુષ્ટ કહે છે સાંભળો માતા, મેંબહુ ખોટું કીધું; કુબુદ્ધિ માહારી થઈ મેં, ભીમભાઇને વીખદીધું. ॥૧૨॥ જગતમાંશુંમોહું બતાવું, કપાળ થયું કાળું; લાવો મુજને વીખ પાવો કૃત્યનું સાટું વાળું ॥૧૩॥ કુન્તાજી કહે આ શું બોલે, ઓરે મ્હારા તન; નીત્ય તને ભીમ મારતો માટે, એવું થયું તને મન. ॥૧૪॥ કહેનારાનું મુખ છે

કાળુ, પરને નથી દીધું ઝેર; આજ વઢીશું ને કાલે મળીશું, વ્હાલામાં ન હોય વ્હેર. ॥૧૬॥ દુરીયોધન કહે મ્હારેતો મરવું, ઓરે મ્હારિ માય; જો મુજને ઉગારવો હોયતો, એક કરો ઉપાય. ॥૧૭॥ શીવરાત્રીના આવિ છે યાત્રા, પત્ર લખ્યા સહુ દેશ; ઇંદ્રને માહાદેવ તેડાવ્યા છે, ક્ષત્રી સુત નરેશ. ॥૧૮॥ મારગમાં એક મ્હેલ કર્યો છે, આપણા ઉતારા સારૂં; જાત્રામા જઈ જોડે ફરિએ; બને ઉજ્વળ મુખ મ્હારૂં. ॥૧૯॥ કુન્તાજી કહે વારૂ બેટા, જાત્રાએ જોડે જાશું; ધરમ કહે ધન્ય તુને, ઘણાક ખુશી થાશું. ॥૨૦॥ દુરિયોધન કહે ધરમ વીરા, કયા ગયો ભાઇ ભેમ, તમેતો આવો પણ ભીમભાઇ. આવવા દેશે કેમ. ॥૨૧॥ ધરમ કહે એ શું રોકે, માતાએ હા પાડી; એને ન આવવું હોય તો નાવે, હું તો થઇશ અગાડી. ॥૨૨॥ દુષ્ટ કહે મને આજ્ઞા આપો, ઘેર જઈ તૈયાર થાવું; તમો વહેલા આવજો ત્યાં, સામાન સર્વ સજાવું. ॥૨૩॥ કુન્તાજી કહે રસોઈ કરૂં, જાવો જમીને ઘેર; ઉઠોબેટા અરજુન તમે કરો જવાની પેર. ॥૨૪॥ એમ કહીને રાંધવા માંડયું, આવ્યો વાયુ કુંવાર; દુરજોધનને ઘરમા દીઠો; આંખ્યો થઇ ગઇ ચાર ॥૨૫॥ અરેરે શત્રૂને ઘરમા ઘાલ્યો, પાપીએ જોડયા હાથ; દુષ્ટ કહે પધારો પધારો, ઓરે ભીમસેન ભ્રાત. ॥૨૬॥ ભીમ કહે તારો ભ્રાત મુઓ, કેમ આવ્યો ચન્ડાળ;કુન્તા કહે તને વિખ દેઇને; પસ્તાયો ભુપાળ. ॥૨૭॥ ભીમ કહે એને બ્હાર કાઢો, વાળીશ કચ્ચર ઘાણ;ધર્મ કહે તું કાંઇ કરેતો કાઢું મ્હારો પ્રાણ ॥૨૮॥ કુન્તાજી કહે જારે રડયાજી,શું મગરૂબીમાં મ્હાલે; જનમનો તું એકલસુરો, અમારે તો નહિ ચાલે ॥૨૯॥ વિખ દઇને બાહુ પસ્તાયો લોકતણી લાજ લાવ્યો; શીવરાત્રીની જાત્રાએ જાવા, તેડવા માટે આવ્યો. ॥૩૦॥ ભીમ કહે મા જાત્રા ન જાણો, સાથરા તમારા કરશે; કુન્તાજી કહે જારે પીટયા, શું પાપે પેટ ભરશે ॥૩૧॥ જે કરે તે છો કરે ભાઇ, જીવ જાત્રામાં પેઠો; બે ભુજ ભીમે દીધા લેલાટ, ઓટલા ઉપર બેઠો ॥૩૨॥ કુન્તાજીએ રસોઇ રાંધી, ઉઠો મ્હારા તન; એટલે ઉઠયા ચાર ભાઇને, પાંચમો દુરીયોધન ॥૩૩॥ ભીમને કહ્યું પણ નવઉઠયો, ધર્મ ચુકીગયા સુદ્ધી; ભીમને મુકયો વિનાશકાળે, વિપ્રીત થઇ છે બુદ્ધિ ॥૩૪॥ દુષ્ટની જોડે જમવા બેઠા, બેસી રહ્યો બ્હાર ભીમ;મુકીને ધર્મ કહી નવ જમે તોપણ તોડયો નીમ ॥૩૫॥ પછી ભોજન કરિને ઉઠયા, બોલ્યો દુરિયોધને,હવેમાગુ આગના હું, ઓરે બાંધવ જન ॥૩૬॥ તમો વેહેલા પધારજોને, લાવજો ભીમને તેડી; હાથ ઝાલી જોડે ફરિને, મેહેણું નાંખી

દ્દો ફેડી.॥૩૭॥ કુન્તાજી કહે આવશે તો, સંગ તેડી લાવીશું;નહિતોએને ઘેર મુકીને, પાંચ અમે આવીશું ॥૩૮॥ એવું સાંભળીને ગયો પાપી, પાન્ડવ તતબર થાય; જે જોઇએ તે સાથે લીધું, બીરાજ્યા રથ માંય. ॥૩૯॥ ભીમ કહે મા મુકો જવાનું,હું તમને તેડી જાવું; પાંચને ઉચકી માહારે પંડે. જાત્રા તમોને કરાવું ॥૪૦॥ પણ પાપીની સાથે ન જાશો, ઓરે મ્હારી માય, કુન્તા કહે એને માંથે મ્હેણું, રાખવા તુજ ઇછાય. ॥૪૧॥ અમે તો એની જોડે જવાનાં,ફરવાના કર સાહાઇ;ભીમ કહે અરજુન કે નીકુળ, ઘેર રહો કોઈ ભાઈ. ॥૪૨॥ કોઇએ કહ્યું માન્યું નહિને, જાવા થયા સાવધાન; ભીમ કહે જીવતા નહા આવો,કરૂ તમારૂ સ્નાન. ॥૪૩॥તોપણ કોઇએ ધ્યાન ન દીધું,નિકળ્યા નગ્રની બ્હાર;હૈયું ભરાયું રડવાલાગ્યો, વાયુ તણો કુંવાર. ॥૪૪॥ અરેરે શો ઉપાય મ્હારો, ન રહ્યાં રોકી રાખ્યાં;હું આજ ગયો બાગમાં મારા, ભોળીયા ભોળવિ નાંખ્યા. ॥૪૫॥ કરમ ચંડાળ એ કયાથી આવ્યો, સમજાવ્યાં શું મથી, જાત્રામાં માત્રા થવાની, કો જીવવાનાં નથી.॥૪૬॥ હું એકલો હાંઈ રાજ્ય ભોગવું,પેટજ પાપી ભરવું; માત ગયાને ભ્રાત ગયા તો, મ્હોરે જીવીશું કરવું. ॥૪૭॥ હું પણ જાવું એમની જોડે, તો કોઈ રીતે ઉગરશું; આયુશ આવી રહ્યું હશે તો,ભાઇઓ ભેગા મરશું, ॥૪૮॥ એમ જાણીને એ નીકળીઓ; મળીયો માતને દોડી;હું આવુછું જાત્રા વીશે,ભીમ બોલ્યોકર જોડી ॥૪૯॥ કુન્તા કહે નથી લેઈ જાવો,મુરખ તું મસ્તાન; દુરિયોધનને દેખીને તું, ઘણું કરે તોફાન. ॥ ૫૦ ॥ ના કહેતોતો ને કેમ આવ્યો,તને શું યાત્રામાં હિત, ભીમ કહે મા શીવની યાત્રા, જાણીને ચોટયું ચીત્ત ॥ ૫૧ ॥ સ્નાન કર્યાનું મેં કહ્યું તું, તમે નીકળ્યા પછી ન્હાયો; એટલે આવી સુદ્ધી બુદ્ધી, હવે થયો હું ડાહયો. ॥ ૫૨ ॥ વલણ ॥ ડાહયો થયો હું માવડી, બોલ્યાની બાધાય; વ્યાસ વલ્લભ વાણી વદે, પુંઠે પડયો પડી પાય. ॥

કડવું ૭૦ રાગ ધવળ ધન્યાસરી.

બોલ્યા વૈશમ પાયે વચનજી,સુણ જન્મે રાજનજી; પાય પડીને પુંઠે ચાલ્યોજી, હસ્તીનાપુરનો પંથ ઝાલ્યોજી. ॥ ઢાળ ॥ હસ્તીનાપુરનો પંથ ઝાલ્યો, મનમાં ઘણો મુઝવાય;એવામાં શું કપટ કીધું,જે દુરીયોધન રાય. ॥૧॥ સીધાના સો રથ્થ ભરાવ્યા, મોકલ્યા નગ્રની બ્હાર; શકુ

નીને ઘેર મુકી, દરવાજે આવ્યા ચાર. ॥૨॥ દુરીયોધન દુસ્યાસન કરણ વળી વીદુરજી જેહ; આવીને દરવાજે ઉભા, કોને ન પડે સંદેહ ॥ ૩ ॥ એવે આવ્યાં કુન્તાને પાન્ડવ, આઘેથી જોયો રંગ; કુન્તાજી કહે જો વર કોદર, કેવો કાઢયો છે સંગ. ॥૪॥ ભીમ મોઢેથી કાંઈ ન બોલે, રાખે હસ્તુ મુખ; એવે દીઠાં દુરીયોધને, ઉપજ્યું આનંદ સુખ. ॥૫॥ ભીમને દીઠો લાગ્યો મીઠો, ઉતરશે હવે દાજ; એકે શત્રુ શીશ રહ્યા નહી, લઈશ પાછું રાજ. ॥૬॥ આવો આવો કહી આવકાર દીધો, લાગી તમોને વાર;માટે સર ત્યાર થયેલા- નીકળ્યા નગ્રની બ્હાર. ॥૭॥ ચાલોકહીને ચાલવા માંડયું ત્રણ ગાઉ પંથ પળાય; શકુનીને શીખવી મુકેલું, દોડતો આવ્યો ત્યાંય. ॥૮॥ એ દુરિયોધન કયાં જાય છે તું, વીઘન થયુ છે ભારી; મારા મારી વઢીને આવ્યા છે, બ્રાહ્મણનાં નરનારી. ॥૯॥ ન્યાય કરીને જા જાત્રાએ,સાથેલ્યો કરણ રાય;જાય રાઢચુકાવ્યા વીના તો,લાગશે બ્રહ્મ હત્યાય. ॥૧૦॥ રાય કહે નહી આવું પાછો થનારૂં હશે તે થાશે; હાવો રૂડો સંગાથ મેલુ, મનડુ પાછુ નાસે. ॥૧૧॥ ધરમ કહે ભાઈ બ્રાહ્મણ માટે, પાછા વળો રાજન;ન્યાય કરીને ટંટા ચુકાવી,આવજોએક બે દન ॥ ૧૨ ॥ એકલા આવવું મુને ન ગમે, એમ કહ્યું નરનાથે; ધરમ કહે સરવે વળો પાછા, આવજો સાથે સાથે ॥૧૩॥ દુરીયોધન કહે વારૂ વીરા, આવવાનું કાલે થાશે; કાલ કદાપી રહી ગયાતો, પરમદાહાડે અવાશે ॥ ૧૪ ॥ મારગમાં મેહેલ છે આપણો, ત્યાં કરજો વીસરામ; શેવક આપણો છે મુકેલો, પુલોચન એનું નામ. ॥૧૫॥ એમ કહીનેકરણ દુસ્યાસન,રીઝયો દુરીયોધન;પાછા વળ્યા પણ વીદુર રહ્યા,તે વેમઆવ્યો મન. ॥૧૬॥ શકુનીને મુકયો સાથે, ત્રણ ગયા ગામ માંય; વીદુરજીએ એમ વિચાર્યું, ચેતવણી દેઉ કાંય ॥ ૧૭॥ એમ જાણી ગયા ધરમ પાસે; એઠો શકુની સોડે, તવ ઉઠી ગયા અરજુન કને, ત્યાં પણ મામો જોડે ॥૧૮॥ થાકીને છેવટ ઉતર્યા હેઠા, ભીમ ચાલ્યો જાય ચરણ; તેને વીદુરજીએ બોલાવ્યો,દાજે છે અંતઃકરણ ॥૧૯॥ ઓ બેટા દલમાં ન દુભાશો, જાવો નહી થાવો દુઃખી;તું છે ચેતેલો હું શું ચેતાવું, પણ ચેતતા નર સુખી. ॥ ૨૦ ॥ જાગે તે જીવે ઊંઘે તે મરે, તે માટે નીંદ્રા ખોજો; કો સ્થળ રોકાયા હોતો જોશીને, પંથજ પુછી જોજો. ॥ ૨૧ ॥ ભીમ કહે કે વારૂ કાકા, નમીને લાગ્યો પાય, વીદુરજી આસીશ દઈને પાછા થયા વીદાય. ॥ ૨૨ ॥ ચાલ્યા જાય છે સુત સતીના, શીધાં તણા રથસંગ; લાખાભોવન આવીયા એ,ઉર અતી ઉમંગ ॥૨૩॥ તવ પુલોચન સા-

મો આવ્યો નમી કર્યો જુહાર; પધારો પધારો રાજ ધીરાજા, ખમ્મા અનદાતાર. ॥૨૪॥ એવાં એનાં વચન સુણી, ભીમે વિચાર્યું તે ઠોર; ઘણોનમ્યો માટે ભીમે જાણ્યું, છે કોઇ દગાખોર. ॥ ૨૫ ॥ દગાખોર તે દ્વોઢો નમે, ગાંઠ વાળી મનમાંય; પછી મ્હેલમાં તેડી લાવ્યો, કહ્યું કે ઉતરો હાંય. ॥૨૬॥ શીધાંના જે રથ્થ ભરેલા, તે ઠાલવ્યા ભોવન; બીજી વાર ભરવાને જૈએ,કહી ચાલ્યા સહુજન ॥૨૭॥ રહ્યા એકલા પાન્ડવ પોતે સર્વે થયા વિદાય; ભીમે વિચાર્યું આખા સંગમાં અમે ને અમારી માય. ॥૨૭॥ પુલોચન કહે રસોઇ કરો રમોને જમો સુખે; કામ પડે તે કહેજો મુને,જોઇતું માગજો મુખે ॥૨૯॥ એવુ કહીને મ્હેલની બારણે, પાટ ઉપર જઇ બેઠો; ચાર ભાઈનેકુન્તામાનો, જીવલેવામાં પેઠો.॥૩૦॥ સાતે માળ ચઢીને જોયું, ઠીક રચ્યો છે મ્હોલ;જેવા જેવા જોઇએ તેવા કેવા કર્યા છે હોલ ॥૩૧॥ ભીમ કોરાણે બેસી રહયો છે, બોલ્યાં કુન્તામાય; જો ભીમ કેવું ધામ બાંધ્યું છે. એ દુરીયોધન રાય.॥૩૨॥ભીમકહે મા ઘણું છે સારૂં, બીજુ ન બોલ્યો વચન; પછી માતાએ રસોઇ કીધી,સર્વે કર્યું ભોજન ॥ ૩૩ ॥ પછી સુવાનો સમો થયો; દીધાં ધરમે દ્વાર; પાપી પુલોચન પાટની ઉપર, સુઇ રહે છે બ્હાર, ॥૩૪॥ સુવુંછે ધારી માતને ભ્રાતો, બેઠાં છે પરસાળ; એટલે હાથ જોડીનેબેઠો,વાયુકેરો બાળ. ॥૩૫॥ બોલવાની બંધી છે મ્હારે, પણ મુજ સામું જુઓ; લ્યો વિનંતી ધ્યાનમાં ને, જુજવા જુજવાં સુઓ. ॥૩૬॥ ધર્મ કહેએનુ વચન પાળો, ઓરે મ્હારી માય; પરસાળમાં જનેતાસુતાં,ધરમમાળેજાય ॥૩૭॥ અરજુન બીજે માળે સુતો, ત્રીજે શેદેવ જોશી; ચોથે માળે નીકુળ સુતો, ભીમ થયો સંતોશી. ॥ ૩૮ ॥ કુન્તાને કહ્યું મારા વીના ઉઘાડશો નહી દ્વાર; એમ કહીને અગાશીમાં, ગયો વાયુ કુવાર. ॥૩૯॥ નીમજ કીધો ભીમજ બળીયે, મ્હારે હરિ ધ્યાન ધરવું; અહીંરહીનેઢી વશે ઉંઘું, રાત્રીએ જાગ્રણ કરવું. ॥ ૪૦॥ એવું આદરી બેઠો ધાબામાં તવ મધ્યરાત્રી જાય; તે સમે પુલોચન ઉઠયો, ભીમ જુએ ચરચાય. ॥ ૪૧ ॥ શીતળ જળનો ઘેડો ભરેલો, તેણેથી સ્નાન કીધું; એકચરણે ઉભો રહયોને, બળતું છાણું મુખ લીધું. ॥૪૨॥ આકડાનામણકાનીમાળાથી, મંત્ર જપ્યો તતખેવ;એટલે પ્રગટ થઇનેઆવ્યો, ઉજવળઅગ્ની દેવ ॥૪૩॥ તર્ત પુલોચન પાયે પડીયો, મંત્રનું મુકયું લક્ષ; અગ્નીકહે મને નોતરૂ દીધું, લાવ્ય માહરૂં ભક્ષ.॥૪૪॥ પુલોચન કહેભલે મહારાજા, જરાક ઉભા રોહોને;ભેગાં કે જુદાં સુતાં છે,બાળીથી જોવા દોને॥૪૫ ॥

એમ કહીને જઇ જાળીયા વીશે, જોયું ડોકુ ખોશી;પાંચમાંથીએકેનવદી ઠાં. એકલી દીઠી ડોશી ॥૪॥ પુલોચન કહે પાછા પધારો. આજ નથી કાંઈ તાલ; જુદાં જુદાં સર્વે સુતાં છે, માટે આવજો કાલ. ॥૪૭॥ તવઅગ્નીદેવ પાછો વળીયો, સુઇરહયોપુલોચન;એટલે ભીમસેન નીરભયથયો, જઇ કર્યું સહ્યન ॥૪૮॥ એવે બીજો દીવસ થયો;ભીમ સમજી ગયો મન; અગ્નીમાં બળવાના છીએ. એજ થશે વીઘન ॥૪૯॥ રમ્યાંજમ્યા ને સાંજ પડી પણ; નાઠ્યો દુરીયોધન;રાત્રીએ જુદાં જુદાં ત્યાં.સર્વેકર્યું સહ્યન. ॥૫૦॥ ભીમ અગાશીમા જઇને બેઠો, ધરે હરીનું ધ્યાન; મધ્ય રાત્રી થઇ ઉઠયો પુલોચન, શીતળ જળ કર્યું સ્નાન॥૫૧॥ બળતું છાણું મુખમાં લીધું, અર્ક માળા ગ્રહી એવ; એકજ ચરણે ઉભો રહ્યો, આવ્યો અગ્નીદેવ ॥૫૨॥ હોકારો કીધો પુલોચનને,કાહાડીને મોટાંચક્ષ; ગૈકાલે પાછો વાળ્યોતો લાવ્ય મ્હારૂં ભક્ષ. ॥૫૩॥ પુલોચન કહે જરા ઉભારો, સંદેહ મારો ખોવું;ભેગાંકેજુદા સુતાંછે, તેતો તપાશી જોવું. ॥૫૪॥ એમ કહી જાળીયામાં જોયું. દીઠી એકલીડોશી; પુલોચન કહે પાછા પધારો, રૂદેન રેહેશો રોશી, ॥૫૫॥ અગ્ની કહે હુંનહી જાવુંપાછો ભક્ષ દે હાલને હાલ; પુલોચન કહે કૃપા કરીને, આપે પધારજો કાલ ॥૫૬॥ કાલે તો જુદાં હશે પણ, આપીશ હું આગનાય; એમ કહ્યું તવ અગ્ની કાકા, તુરત થયા વીદાય. ॥૫૭॥ તે જોયા પછી ભીમશેન સુતો એવે ત્રીજો દન થાયઃસર્વના મનમાં આવી ઉદાશી, ધરતીતો ખાવાને ધાય ॥ ૫૮ ॥ રાંધ્યું ખાધુ પણ કાંઇ ગમે નહી, મનડું તો ડગ ડગ ડોલે; ભીમ કોરાણેને કોરાણે રહે છે, કોઇ સાથે નવબોલે ॥૫૯॥ વાટ જુએછે દુરીયોધનની;પણ ત્યાં તે કોણ આવે;એવે સમે તો સાંજપડી, ખાવું પીવું નવ ભાવે. ॥૬૦॥ ભોમી ભારે લાગવા માંડી, શબ્દ કર્યો શીઆળ; સાંજની વેળા વાયસ બોલ્યા, પડી પેટમાં ફાળ. ॥ ૬૧ ॥ કુન્તા ધરમે એમ જાણ્યું, સત્ય દગો દેખાય; ભીમનું કહ્યું માન્યુનહીને હવે વલે શી થાય. ॥૬૨॥ આડો અવળો ભીમ ફરે છે, બોલ્યાં કુન્તા સતી; આવોને બેટા બેસો પાસે, કેમ તું બોલતો નથી. ॥૬૩॥ વલણ; કેમ બેટા બોલતો નથી, શું લાગી મન રીસ; વ્યાસ વલ્લભ વાણીવદે; ભીમે ધુણાવ્યું શીશ. ॥

—— ×०× ——

કડવું ૬૮ રાગ ચોપાઈની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારીતુજને સંભળાવું, આદ્ય પરવ મહિમાય. ॥૧॥ શીશ ધુણાવી ભીમ બોલ્યો સાંભળો ધરમ ભુપ; છત્રપતીનો મેલ જોઇ હું, બનિ ગયો તદરૂપ ॥૨॥ કુન્તા કહે તું મર્મમા બોલે, હવે જાણ્યો મેં દગો,ભીમ કહેએવુંનવહોયે, દગો કરે નહી સગો. ॥૩॥ વેમીલાં તમે વેમ ધરોછો, એ છે સગા સુપાત્રા, ઘણોઘણો ખરચ કરીને, કરાવેછે જાત્રા. ॥૪॥ કુન્તાજી કહે ભડકોમુકયો,જાત્રામાં નિરધાર; ભીમ કહે હમણા નહી ભડકો, મધરાત્રીનીવાર ॥૫॥ કુન્તાજી કહે કર્યે મશ્કરી, કેવારે વ્હાણુ વ્હાય;એટલેતમયે સર્વને લૈને, થઈ જાવું વિદાય, ॥૬॥ ભીમે જાણ્યું વળે શીખામણ માટે દાજવા દેવું, થવા કાળ હશે તે થાશે, લખ્યું ભવિશમાં જેવું, ॥૭॥ એવેરૂજની પડી ત્યારે, સુઇ રહયો પુલોચન; ભ્રાતેને માતે છુટાં મ્હેલમાં કર્યું સક્ષન, ॥૮॥ શેજ સ્વભાવે ભીમ બેઠો. ધર્મ કને પેહેલે માળ; બારીએ બેશી વાત કરેછે, મહા.બળીયો વાયુ બાળ. ॥૯॥ એવામાંભીમે પુલોચનને, કહ્યું સેવક જાણી; જારે જા લ્યા ઘડો લેઇને,ભરીઆવ નદીનું પાણી ॥ ૩૦॥ પુલોચને મન વિચાર્યું, કહ્યું ત્યારે તોજાવું;આજ બીચારા છે મરવાના, મરતાં ગંગાજળ પાવું ॥૧૧॥ એમ કહી જળભરવા ચાલ્યો; એવામાં કેવું થાય; મેહેલમાંદીવોદેખીનેઆવ્યાં, ભુલેલાં વનમાંય. ॥૧૨॥ પાંચ ભીલને એક ભીલડી, આવી દ્વાર ઠોકેછે, પોકાર કીધા ગરિબથી, આ ઘરમાં કોણ રહે છે. ॥ ૧૩ ॥ શબ્દ સુણીભીમહેઠો આવ્યો, ઉઘેડયાં બેઉ દ્વાર; ભીમે કહ્યું કે કોણ તમેછો,ભીલે કર્યો ઉચ્ચાર, ॥૧૪॥ ભાઇ અમે છીએ ભીલ જાતી, મારગે ભુલાં પડીયાં; તમારા મહેલમાં દિવો દિઠો, માટે અમે આવી ચડીયાં, ॥૧૫॥ આજની રૂજની સુવા દોતો, પ્રભુ કરે કલ્યાણ; એટલે ભીમસેનમાતાનીપ્રત્યેએમ વદ્યો મુખવાણ. ॥૧૬॥ જાવો માતા પહેલે માળે, ધરમ બીજે માળ; એકેકો માળ બદલી સુઓ, ડોશી ઉઠયાં તતકાળ. ॥૧૭॥ પછી ભીમે ભીલને કહ્યું, પરસાળમાંતમે સુઓ; તમોને શીખામણ દેવું, હુંહુંઓ કે નુઓ ॥૧૮॥ તોપણ તમારે બોલવું નહી, બોલાવે કદી કોય; તમે જાણશો માણસ છે પણ, દૈત ઘણા અહી હોય. ॥૧૯॥ ભીલ કહે મોઢને માથે,"ઢાંઢીને સુઇ રેહેશું; ઉઘેડશું નહી બોલશું નહીં,સહ્યનનુ સુખલેશું ॥૨૦॥ એમ કહીને છએ ભીલડાં, સુઇ રહ્યા પરસાળ; બારણાં સાંક

ળ દેઇને ગયો, ભીમશેન પેહેલે માળ. ॥૨૧॥ બારીએ બેઠેલો ત્યાં બેઠો, એવે પુલોચન આવ્યો;કયાં ગયારે ભીમશેન ભાઈ, લ્યો ગંગાજળ લાવ્યો ॥૨૨॥ ભીમ કહે કે પાણી લાવતાં, વાર તને ઘણીલાગી;હવે તો જળ નથી પીવું, ત્રશા ગઇ છે ભાગી ॥૨૩॥ એમ કહીને બારીથી ઉઠયો, દીધા બારીના દ્વાર, તવ પુલોચન ગાગર મુકી, પાટે સુતોતે વાર ॥૨૪॥ ભીમ જઈ બેઠો ધાબામાં, મધરાત્રી ગઇ જ્યારે; પાપી પુલોચન ઉભો થયો, મંત્ર સાધવા ત્યારે. ॥૨૫॥ વસ્ત્ર બદલી કુંભ લીધો, શીતળ જળ સ્નાન કીધું, અર્કની માળા હાથમાં ઝાલી, બળતું છાણું મુખલીધું ॥૨૬॥ એક ચરણે ઉભો રહીને, મંત્ર જપ્યો તતખેવ, પુરણ માળા થઇ રહી કે, આવ્યો અગ્ની દેવ. ॥૨૭॥ અગાશીમાં બેઠો બેઠો, ભીમ જુએ છે ચક્ષ; અગ્ની કહે શેવક મારા, લાવ્ય મ્હારૂ ભક્ષ. ॥૨૮॥ પુલોચન કહે આપુછું કાકા, જરાક ઉભા રોને; ભેગા કે જુદાં સુતાં છે, જાળીયે જોવા દોને. ॥૨૯॥ અગ્ની કહે શું જોવું છે, આગના દેથઇ ખુશી; ભેગાં હશે કે જુદાં હશે પણ, લેશ સરવને ચુશી. ॥૩૦॥ પુલોચન કહે જરા ઉભારો, વચન વદ્યો મીઠાં; જાળીયામાં ડોકું કરયુંતો; છ ભીલડાને દીઠાં, ॥૩૧॥ એવે જાણ્યું પાન્ડવ સુતા છે, રાજ્ય લેવા લાગ્યો લક્ષ;હાથ જોડી અગ્નીને કહ્યું, કાકા લેજો ભક્ષ. ॥ ૩૨ ॥ એવી આપીઆગના તવ, જવાળા રૂપે થયો બળીયો, ભડકેભડકા પ્રગટથયા, મ્હેલનેવિંટાઇ વળીયો ॥ ૩૩ ॥ લાખાભોવન ભડભડ લાગ્યું, કોપ થયો મહા મોટો; એક આની રાજ્ય લેવા પાપી, સળગાવીને નાઠો. ॥૩૪॥ ભીમે જાણ્યું કે ભોગ મળીયા, પણ અણઘટતું થાય; ગુલામ જાતી પુલોચનશું અમને બાળી જાય, ॥૩૫॥ અમે મરીએને એ શું જીવે, મુમત મનમાંચડીયો; વાયુનો નંદન ધાબામાંથી ઉછળી હેઠો પડીયો. ॥૩૬॥ કટી કશીને દંત ડશીને, દડબડ મેલી દોટ, પાપી પુલોચન જાય છે તેની, ઝડપઝાલી કોટ. ॥૩૭॥ પુલોચન કહે ભુલ્યો ચુકયો, ભીમ ભાઇ લાગુ પાય; ભીમ કહે અમને બાળીને તું જીવતો કયાં જાય ॥૩૮॥ એક આનીનો ભાગ દેવા, તુજને ઝાલી લાવ્યો; એમ કહી માંથે ફેરવતો; લાખાભોવને આવ્યો. ॥૩૯॥ એગ્ની કેરી સ્તુતી કીધી, કાકા કરો અમ રક્ષ, છ ભીલડાં મહી આપ્યાં છે ને, લ્યો આ સાતમું ભક્ષ ॥૪૦॥ એમ કહી વાયુના સુતે, અગ્નીમાં ફેંકી દીધો; જેવો નાંખ્યો તેવો,એને, અગનીએ ચુશી લીધો, ॥ ૪૧ ॥ વલણ ॥ ચુશી લીધો નાંખતો, થયો બળીને ખાખ; વ્યાસ વલ્લભ વાણી વદે, ભડભડ લાગી લાખ. ॥

કડવું ૭૨ રાગ દોહરાની ચાલનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજેરાય, વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય, ॥ ૧ ॥ ચારે દિશાએ અગની લાગ્યો, ભડકા ભયંકર થાય; ભીમ જુએછે બારણેથી. ઘણું કરે ત્રાહ્ય ત્રાહ્ય. ॥૨॥ જાળીમાંથી અગની પેઠો, ભીલડાં ચુશી લીધાં; બધું ભસ્મ થયું, બળી ગયાંઅન સીધાં.॥૩॥ મેહેલમાં સળગ્યો, લાખને વળગ્યો. જવાળા ચઢે સુંસોટ; તનખા ઉડે વાયુ વડેને. થાય ધુમાડીનો ગોટ. ॥૪॥ તેથી અતી અકળાંમણ આવી,જાગી ઉઠયાં માત ભ્રાત,અંધારે કાંઇ સુજે નહિને, કરવા લાગ્યાં કલ્પાન્ત ॥૫॥ સ્વાસ ન લેવાયે મોઢે ન બોલાય, ધુમાડી બહુ અકળાવે; આંખ્યોને ગળું જાય છેબળી,કૈ કરવું નવફાવે ॥૬॥ પોતપોતાની પથારીમાં, બેશી રહિને રૂવે;જીવ ગભરાય છે ઘણો ઘણોને નાસીકા બહુ ચુવે॥૭॥ બ્હાર રહિને ભીમ જુએ છે, મેહેલમાં શું થતું હશે; મ્હારાં માતને ભ્રાત મારા; શેકાઇને બળી જશે. ॥૮॥ અરેરે હું શીદ બ્હાર આવ્યો,એમની જોડે મરવું;મરણ પામે માતને ભ્રાતતો, મ્હારે જીવી શું કરવું. ॥૯॥ એમ જાણીને આઘો ગયો એ, મેઘ નાદે ગડગડીઓ;છલંગ મારી કુદીયો તે,જૈ ધાબોમાં પડીયો ॥૧૦॥ સાચવીને ઉતર્યો માળ વિશે, ગભરાટ ઝાઝો થયો; તોપણ હીંમત રાખીને એ. પાંચમે માળે ગયો. ॥૧૧॥દશે દીશાથી તાપ લાગે,કાયા થરથર ધરૂજે;ધુમાડો ધુંધવાઇ રહયોછે; નેત્ર થકી નવ સુજે ॥૧૨॥ નીકુળજીને ખોળવા લાગ્યો,હાથજ ફેરવી જુએ તો માદરીનોનંદનપોતે,પથારીમાંરહ્યો રૂવે,॥૧૩॥તે ભીમશેનને હાથ આવ્યો;તવ ઇશ્વર આરાધે;પાગોઠુ ઝાલી ભીમે લીધો બેસાડી દિધો ખાંધે॥૧૪॥પછીફાંફાં મારવા લાગ્યો,સાચવીને સંચરીયો,હાથ ફેરવતાં દાદર જડયો,ચોથે માળે ઉતરીયા.॥૧૫॥કયાંછેતુ શેદેવ કયાં છે તું શેદેવે, હુંકારો દીધો; એટલે અટકળે જૈને ઝાલ્યો, બીજી ખાંધે લેઈ લીધો. ॥ ૧૬ ॥ ત્યાંથી નીચે ઉતર્યોને, અરજુન શોધી કહાડયો; ભીમે એને ઉચકીને, કેહેડ ઉપર બેસાડયો ॥ ૧૭ ॥ ત્યાંથી બીજે માળે ગયોને,દુખ પામે છે પર્મ; સોધી બીજી કેહેડે બેસાડયા,યુધિષ્ટર જે ધર્મ ॥ ૧૮ ॥ ત્યાંથી ગયો પહેલે માળે, માંડયા ભીમે ચાળા; ઓ જાત્રાવાશી મુજ માડી, ફેરવી લેજો માળા, ॥ ૧૯ ॥ તવ કુન્તાજી બ્હાજી પડીયા,ભીમને આવી દયાય;પાંગોઠુ ઝાલી મુસ્તક ઉપર, બેસાડયાં કુન્તા માય. ॥ ૨૦ ॥ પછી પંથ સોધે નાસવાનો, આડોને અવળો

થાય; જ્યાં જુવે ત્યાં અગ્ની સળગે; નાશીને કયાં જાય ॥૨૧॥ માળ ઉપર અથડાયા કરે છે. અગ્ની ઉચો ચડીયો, લાખનાં પીઢીયા ને પાટીયાં સળગ્યા,તવ માળ તુટી પડીયો ॥૨૨॥ તેની સાથે પડયો વ્રકોદર, જ્યાંને ત્યાં અગની ભાસે; નીસરી જવાનું મન કરિને, વાયુનો નંદન નાસે ॥૨૨॥ મેહેડાની લાખ નીચે પડેલી, તેના તો ભડકા; થાય;કેઈ ભોમીપર ચરણ મુકે, જ્યાંને ત્યાં બળી જાય,॥૨૪॥ આશપાસ ઉચેને નીચે અગની,ભડકાની શેડયો છુટે, ચરચર ચરચર ચામડી બળેને, શરીરે ફોલ્લા ઉઠે,॥પર॥ફોલ્લા ઉઠે ઉઠીને ફુટે, છુટે બહુ જળધાર; તેની વેદના થાય અતીશે,પાંચે કરે પોકાર॥૨૬॥ ઉંચો નીચો વ્રકોદર કુદે, કાળજડાં કળકળીયા;જવાળાઓ લાગી શેડયો વાગી;વસ્ત્ર વપુનાં બળીયાં ॥૨૭॥ તેથી શરીર પણ લાગ્યાં સળગવા,ત્રાહ્ય ત્રાહ્ય મુખથી ભાંખે, અંગે આભુશણ ઊનાં થયાં તે, તોડીને કાહાડી નાંખે ॥ ૨૮ ॥ ચાંમડી દાજી વસ્ત્રો બળીયાં,બળ્યા રૂવાડાં કેશ;મરજાદા કશી રહી નહી સહુ,થયાં નગન વેશ ॥ ૨૯ ॥ માઉશ શરીરનું લાગ્યું સળગવા, રડે છે પાન્ડવ પોચા; ઊચેથી ઊના ઊના ઊકળીને, પડે છે લાખના લોચા ॥ ૩૦॥ તે ચોટે અંગે રડે સૌ સંગે, ભીમશેન નાસવા જાય; ઊનેશ દેખી પડતું મુકે, જૈ ભીતમા ભચકાય ॥ ૩૧ ॥ ભચકાય ભાથી બળે છે છાતી તરત પાછો નાસે જવાનો મારગ મળતો નથી તે- અથડાય છે ચોપાસે ॥ ૩૨ ॥ છે જોર જેટલું કાઢે છે તેટલુ,કરે છે દોટા દોટ; બોલાય નહીને સ્વાસ લેવાય નહી ધુમ્રના ગોટાગોટ ॥૩૩॥ શેદેવજીને પુછી જોવાનું,પણભીમ દુખમા દુલ્યો,વીદુરજીના કહ્યા છતાં,પંથજ પુછવો ભુલ્યો॥૩૪॥ શેદેવજી પણ સાચો વચનનો,વેઠયા કરે દુખ અતી;પણ પોતે પુછયાવી નાતો, ભીમને કહેતો નથી ॥૩૫॥છેવટ ભીમસેન થાકયો ને પાકયો,પ્રાણુજ ઊંચો ચડીયો;નસો નાઠી ખેચાવા લાગી,ઢળીને અગનીમાં પડીયો ॥ ૩૬ ॥ તેની સાથે પડયા પાંચે, ધુશકા મેલી રડે, દીપકમાં જેમ ફુદા પડે છે,તેમ પડી તડફડે. ॥૩૭॥ સરવની ગઇ બુદ્ધીને શકતી,પાપજ પુરણ મળીયાં; ચાર ભાઇને પાચમી ડોશી, પાંચે ભીમપર ઢળીયાં ॥૩૮॥ અગનીમાં જેવા કાષ્ટજ સળગે,તેવાં સળગે શરીર;વ્રદ્ધ માતાએપ્રભુસંભાર્યા, ધરી મનમાં ધીર, ॥ ૩૯ ॥ શબ સરિખા પડયા છે પાંચે કોણ ચડે તેની વ્હારે; ડોશીને જરા છે સુદ્ધી તે, ઇશ્વરને પોકારે. ॥ ૪૦ ॥

વળણ ॥ ઇશ્વરને પોકારતી, ભક્ત ભોળી કુન્તાય; વ્યાસ વલ્લભ વાણિ વદે, કૃષ્ણ કરે કરૂણાય,

કડવું ૭૩ બાવલીચાને દેખીરે એ રાગ.

ઓ શામળા સનેહિરે રેરે હો, વ્હારે ચઢજો વિઠલારે ॥ ટેક ॥ બોલ્યા બોલ્યા વૈશમ્પાયે વચન, સાંભળ સાંભળજનમેજે રાજન; કુન્તા જીએ કરવા માંડયું છે રૂદન. ॥ઓ સામળા॥ ૧ ॥ પ્રભુ મેં શું ગંગામાં ધોયાં મળ મુત્ર, પ્રભુ તેવે પાપે શું ભાગે ઘર સુત્ર; સુદ્ધી વીના થૈને પોઢયા છે પાંચે પુત્ર. ॥ઓ ॥૨॥ પ્રભુ મેં શું તોડી સરોવરની પાળ, પ્રભુ મેં શું ભાગી ફળતી વ્રક્ષ ડાળ; પ્રભુ મેં શું અભડાવી બ્રાહ્મણની થાળ.॥ ઓ ॥૩॥ પ્રભુ બ્રાહ્મણ મુકીશું શેવ્યા વેસધારી, ઓખરી ગાયોને શું મેં સેવતાં તીછકારી; શું વિપ્રનાં છીદ્ર જોઇ મેં મુકયા મારી ॥ ઓ ॥ ૪॥ પ્રભુ મેં શું મળતા ભાગ્યાં વેવિશાળ. ॥ ઓ ॥ ૫ ॥ પ્રભુ મેં શું પરને દુખ દેઇ ધર્યો ગર્વ, પ્રભુ મેં શું હુનાળે ઉઠાડીપર્વ તેવે પાપે મ્હારૂં જવા બેઠું સરવ. ॥ઓ ॥૬॥ પ્રભુ મેં શું વીશ્વાસે કોઇને દગો દીધો, પ્રભુ મે શું મારે સ્વારથે અધ્રમ કીધો; પ્રભુ પરનોપૈસા શું લલચાવી લીધો, ॥ ઓ ॥ ૭ ॥ પ્રભુ મેં શું નીચ જાતિની કીધી શેવા પ્રભુ મેં શું ગુરૂ કર્યા પ્રસાદિ લેવા. કુદ્રષ્ટીં શું કીધી દેવાધિ દેવા. ॥ઓ ॥૮॥ પ્રભુ કહ્યા તેવા અપરાધ હોય મ્હારા, પ્રભુ તોયે તમે છો ક્ષમા કરનારા; હું હો પાપી તેમાં શું કરે સુત બીચારા. ॥ ઓ ॥ ૯ ॥ પ્રભુ તમે જગ્ત ભક્તના રંગ રશીયા, મધુર મુખથી હાથીમુકાવવાનેધશીયા; પ્રભુ તમે પ્રલાદજીને સ્થંભે વશીયા. ॥ ઓ ॥ ૧૧ ॥ પ્રભુ તમે ઉગાર્યા નીભામાં મંઝાર, આખા નીભાને રાખ્યો આચનહિ લગાર; તેવી રીતે અમને ઉગારો જુગદાધાર. ॥ ઓ ॥ ૧૧ ॥ પ્રભુ પુતના મારી બચાવ્યા બધાં બાળ, અજગર નાથી ગાયો ઉગારી ગોપાળ;તેવીરીતે ઉગારો દિનના દયાળ. ॥ઓ ॥ ૧૨ ॥ વળણ ॥ દીન દયાળ ઉગારીયે, તમ વણ કોની વ્હાર; વ્યાસ વલ્લભ વાણી વદે, જાણ્યું જુગદાધાર.

કડવું ૭૪ રાગ ભેરવીની છાયાનો દોહરો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પરવ મહિમાય. ॥૧॥ અંતરયામી ગરૂડા ગામી, ગોવીંદે જાણિ વાત; ભકતને દુખે ભુદરાને, અતિ થયો ઉતપાત. ॥૨॥ શા

બારા શેદેવ સુત સતીનો, સઉનો જવા થયો અંત; પણ પુછયાવણ કેહે તો નથી, બતાવતો નથી પંથ. ॥૩॥ એણે એનું બોલ્યુ પાળ્યું; મને મ્હારૂં વેણ નડશે; રખેને પાંચમાંથી મરશેતો, મ્હારે મરવું પડશે. ॥ ૪॥ દવના દુખમાં મને સંભાર્યો, એમ અતિ હેત વાપ્યું; એક કળાનુસામર્થ પોતાનું, ભીમને અંગે આપ્યું. ॥ ૫ ॥ એટલે ઉઠયો સુત વાયુનો સમરતો જુગદીશ; બે ભાઇ ખાધે બે ભાઇ કેહેડે, કુન્તાને લીધાં શીશ. ॥૬॥ પાછો ભટકવા લાગ્યો ભોવનમાં, ભીંતે ભીંતે ભચકાય; સુદ્ધી ભુલ્યો છે પુછવા કેરી, તે જાણ્યું જાદવરાય. ॥૭ ॥ ભકત આધિન ભુદરો છે, તે કેમ જાયે ચુકી; વાયુ સુતના શરીર વીશે, સામળે સુદ્ધી મુકી, ॥૮॥ એટલે ભીમને યાદ આવ્યું, વિદુરજીનુ વચન; શેદેવજીને પુછવા લાગ્યો, વાયુ કેરો તન. ॥૯॥ શેદેવ જોશી શેદેવ જોશી, શીદને દુખીયા થાવો. બીજાને દુયાયા કરોછો. જવાનો પંથ બતાવો. ॥ ૧૦ ॥ એટલે બોલ્યા શેદેવ જોશી, શું જુઓ ભીમ ભ્રાત; તમે તમારા ચરણ નિચે; જોરમાં મારો લાત. ॥૧૧॥ એટલે ભીમે લાત મારીને, સલ્યાનો ચુરોકરીયો; તેમાં મ્હોટી સુરંગ દીઠી; વાયુસુત ઉતરીયો. ॥ ૧૨ ॥ એટલે વેદના વહનીની મટી, દાજ તણો દવ કાહાડયો; ઝાલ્યો શેદેવનો ટાટીયોને, પ્રથવીમાં પછાડયો ॥૧૩॥ શેદેવજી કહે શો વાંક મ્હારો, પછાડયો એમને એમ, ભીમ કહે બહુ દુખી થયા પણ પંથ ન બતાવ્યો કેમ. ॥૧૪॥ શેદેવજી કહે પુછવાનું ભુલી ગયા તમે જેમ, તમોને મારગ બતાવવાનો, હું પણ ભુલ્યો તેમ. ॥ ૧૫ ॥ પાછો પોતાની ખાંધે લીધો, સળંગ પંથે પળીયો, એટલે હાથ ઘસ્યા અગનીએ; સરવને લૈ ગયો બળીયો. ॥ ૧૬ ॥ એવું જાણી રિસ આણી, સળંગમાં ઉતરીયો; પાન્ડવને જૈ જવાળા દીધી, તવ ત્યાં ભીમ થરથરયો. ॥ ૧૭ ॥ અવળો ફરી ફુંક મારી, વહનિ થયો વીદાય, દસ ડગલાં ભીમે ભર્યાંકે, પાછોઆવ્યો ત્યાંય. ॥૧૮॥ ભીમ કહે ઓ અગની કાકા, વેણ વદેલુ થાપુ; એકમાના પાંચને મુકોતો, એક માના સો આપુ. ॥૧૯॥ એમ કહિને ફુંક મારિ, અગની પાછો જાય; પાછાં દસ ડગલાં ભરયાં કે, આવી પોહોચ્યોત્યાંય ભીમ કહે પાછા વળો કાકા, પાંચને જવા દોને; પાંચ જણાને મુકી દેઈ, એક માના સો લ્યોને. ॥ ૨૦ ॥ એટલે અગની દેવતા બોલ્યા. જા તને જાવા દેવું; પણ ત્રણ વેળા બોલ્યો માટે, ત્રણ માના ત્રણસે લેવું. ॥૨૧॥ એવું સાંભળી વાયુ સુતે, વીચાર કીધો મન; હું તો જગતમાંજાણુછું, કાકીના સો તન. ॥૨૨॥ એક માના સો બીજા કોઈ, જાણેલા નથી મેંતો;

અત્યારે તો હાયે હા કહેવી, મરશે લેતો કે દેતો. ॥૨૩॥ ગઇતક બ્રાહ્મણ વાચતો નથી,લ્યોકાકા વેણથાપુ;બોલ્યું વચનપાળવાનો, ત્રૈણનાત્રૈણસે આપુ ॥૨૪॥ એમ કહીને વચન આપ્યું, અગનીપાછોવળીયો;એટલેદો દોટ મુકીને ચાલ્યો, વ્રકોદર માહાબળીયો. ॥૨૫॥ કુન્તાજી કહે દીકરા મ્હારા, ત્રૈણસે આપશો કયાંથી; ભીમ કહે આપશું મા, લાવિશું જાત્રામાંથી ॥૨૬॥ પીંપળાને થડ નદી કીનારે, જ્યાં ઢાંકી સહ્યા સાર; તે આડી પાડીને બ્હાર આવ્યો ક્ષણ ન લાગી વાર. ॥૨૭॥ ભીલ ભગત ત્યાં બેશી રહેલો, તેને લાગ્યો ભય ઉર;જાણ્યું કે ગભરાએલા મને મારે, કહ્યું વિદુર વિદુર. ॥૨૮॥ એટલે ભીમ કહે કોણ છેતું, કોણે મુકયો હોઇ તુને; ભીલ કહે વિદુરજીએ, તમ કાજ મુકયો મુને. ॥૨૯॥ લ્યો છ જણ વસ્ત્ર ખાદીનાં,એમ કહીને દીધાં;એબ ઢાંકવા અતી કષ્ટે, વસ્ત્ર વીંટાળી દીધાં. ॥૩૦॥ પછી કનક વીંટી આપી, વિદુરજીની જેહ; કુન્તાજીએ હાથમાં ઝાલી, ઓળખી લીધી તેહ. ॥૩૧॥ પછી ભીલે કહ્યું કે બેસો, ત્રાપામાં પાંચે વીર,છઠ્ઠાં બેસો કુન્તા ડોશી, ઉતારૂ સામી તીર ॥૩૨॥ તવ તે બેઠા ત્રાપા વિશે, નદીમાં બહુ નિર; તેમાં ભીલે ત્રાપોહંકાર્યો, લેઈ ગયો સામી તીર ॥૩૩॥ ત્યા જઇને છયેને ઉતાર્યો, ભીલ પાછો વળીઓ; તે વાતનો વિચાર કરે, દ્વારીકાંધીશ શામળીઓ. ॥૩૪॥ જાણ્યું કે ભીલ જઇને કેહેશે, વિદુરજીને વાત; પણ મ્હારે કેવરાવવુંવિશ્વમાં, પાન્ડવનિ થઇ ઘાત. ॥૩૫॥ કોઇ ન જાણે એવું કરવું, તે ચટકી મન લાગી; અડધી નદીએ ભીલ આવ્યો ત્રાપો નાંખ્યો ભાગી ॥૩૬॥ ભીલ ભગત પાણીમાં તણાયો, લાગ્યાં ત્રાહ્ય ઓચરવા; ભીમ કહે શીદ ત્રાહ્ય કહો છો, જાય છે જાત્રા કરવા. ॥૩૭॥ કુન્તાજી તવ રડવા લાગ્યાં, નથી બોલ્યાનો આરો; જાત્રાનું મ્હેણું દૈ દૈને ભીમ લેશે જીવ મ્હારો ॥૩૮॥ પછી ધરમે પુછ્યું જોશીને, કહો કરીશું કેમ; શેદેવ કહે પુર્વ દીશાએ, ચાલો એમને એમ. ॥૩૯॥ વનમાં જઇશું રાજી રહીશું, થૈશું નગ્રમાં દુખી; હાલ છે આપણી દશા નઠારી;તેથી નહિ થાવો સુખી ॥૪૦॥ ધર્મ કહે વેણ શીશ ચઢાવ્યું. વસ્તી વીના વન રહીએ; પણ ભોમી ચરણ મુકાતો નથી, કેમ કરીને જઇએ. ॥૪૧॥ તે કરતાં ભામ લેઇ જાયે તો, ધારીએ તેમ જવાય;ભીમ કહે વારો થૈ રહ્યો મ્હારો, ઉચકો ધરમરાય. ॥૪૨॥ સળંગમાં ઉચકીને ચાલ્યો, કયાં લગી કીધાં પાપ; ધર્મ કહે તું વિના કોણ તેડે, ઉગર્યા તુજ પ્રતાપ. ॥૪૩॥ એટલે ભીમને હોંશ આવી, ઉચકીયા માત ભ્રાત, પ્રભુના બળથી પુર્વમાં

ચાલ્યો પ્હોર રહી છે રાત. ॥૪૪॥ જાય વ્રકોદર વાયુને વેગે, જોરમ ન રહે ઝાલ્યો; કૃષ્ણ પ્રભુના સામ્રથથી એ, સવાસો ગાઉ ચાલ્યો ॥૪૫॥ એવે આવ્યું એક સરોવર, ત્યાંતો ન્હાણું ન્હાય શેદેવજી કહે ઉતારો વિરા, વિશ્રામ કરવો હાંય ॥૪૬॥ એટલે ભીમે હેઠાં ઉતાર્યાં, સ્વાસ ઘણેરો ચડીયો,પ્રભુએ પોતાનું બળ લેઇ લીધું, તેથી ચતોપાટપડીઓ ॥૪૭॥ ચાર ભૈને મા પાસે બીરાજ્યાં, દીવસ દેખી થયાં રાજી; રાતાં રતાળુ જેવાં શરીર છે; આવિને માંખ્યો બાજી. ॥૪૮॥ તે વેદનાથી બહુ અકળાયા, કેમ કરી આઘી કાહાડે, લીંમડાનાંડાળાં ભાગી લાવિ, એક એકને ઉરાડે. ॥૪૯॥ ભીમને અંગ ઉરાડે માતા, સાતા ભીમને થાય, એટલે ઉઠયો સુત પવનનો, એક કર્યો ઉપાય ॥૫૦॥ વૃક્ષનાં લાંબાં કાષ્ટ લાવ્યો, ભોમીમાં દિધાં ઘાલી; આડાંઅવળાં બીજાંબાંધીને એક પર્ણકુટી કરી આલી. ॥૫૧॥ સાગનાં પત્રની ભીત્યોબનાવી,મક્ષીયા પેસી ન જાય; તે મધે સહુ જઇને બેઠાં, મટી માંખ્યોની પીડાય ॥૫૨॥ પછી ધરમ કહે ભીમશેન વીરા, પેટ પાપી ખાવા માગે; તવ ભીમ ઝુંપડી બહાર ચાલ્યો, જઇ ઉભો જરા આઘે. ॥૫૩॥ પોતાનું પેહેરેલુ વસ્ત્ર કાહાડયું, વડો કર્યો વિવેક; અડધું ફાડીને કરી લંગોટીઓ, અડધાની ઝોળી એક. ॥૫૪॥ પ્રથમ પોતે વાળી લંગોટી, આવ્યો સતીનો બાળો; ભીમ કહે તમે વસ્ત્ર કાઢીને, ચારે લંગોટીઓ વાળો. ॥૫૫॥ માતા પેહેરે વસ્ત્રજ આખું,તમારાં મુકી છાંડો; આગળ લેવા તેપર દાહા, કહો હું ડાહયો કે ગાંડો. ॥૫૬॥ ધર્મ કહે ધન્ય ત્રેવડ તારી, કહિ વસ્ત્ર નાંખ્યા ટાળી; ભીમના કહયા પ્રમાણે ચારે લીધિ લંગોટીઓવાળી ॥૫૭॥ ભીમે ઝોળી ખાંધે ભરાવિ, બેસો વિરા વન જાવું, સર્વને ખાવા માટે વનના, વનફળ હું લેઈ આવું. ॥૫૮॥ કહીને ચાલ્યો ઉત્તરદિશા, ફળ તણો નહિ પાર; લેઇ લેઇને ઝોળી ભરે ને, પોતે કરે છે આર ॥૫૯॥ વળણ ॥આર કરે ઝોળી ભરે, કુન્તાનો કુંવાર; વ્યાસ વલ્લભ કહે કથા, સુણો સૌ સંસાર.

કડવું ૭૫ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહિમાય ॥૧॥ બે ચાર લીધાં તુમડાંને, ફળ ઝોળી ભરી લાવ્યો; માત ભ્રાત ભુખ્યા બેસી રહયાં છે, માટે ઉતાવળો

આવ્યો. ॥ ૨॥ તુમડા કીધાં જળ પીવાનાં, ભરી આવ્યા શેદેવ જોશી; ઝોળીના ફળનો ઢગગો કીધો, ફળ વેંચી આપ્યાં ડોશી ॥૩॥ સરવે ખાધુંને જળ પીધું,પછી કાઢયું એક કામ;દર્ભની ગુંથે સાદડીયોને,સમરે સુદરી શામ. ॥ ૪ ॥ માંખ્યોને દુખે ઝુપડી વીશે, બેશી રહે બધો દન; રાત્રીએ સરોવરપર બેસે.બે ઘડી ખાય પવન. ॥ ૫ ॥ પછી જઇને સહયન કરે-એમજ કાઢે દન;વનફળ લાવીને ખવરાવે, નીત્ય વાયુનો તન ॥૬ ॥ ખાય પીયેને ભગવત ભજે. જંજાળમાંથી છુટયાં;ફળ લાવે ભીમ ઉતરમાંથી; તે દીશા ફળ ખુટયાં. ॥૭॥ છ માસ સુધી ત્યાં ફળ ચાલ્યાં,હવે તે કયાંથી લાવું;ભીમે મનમાં એમ વીચાર્યું,પુર્વ દીશાએ જાવું.॥૮॥એવું જાણી ઝોળી લઇને, નીકળ્યો કુન્તા તન; ચાર ગાઉ આઘો ગયો ત્યાં, આવ્યુ હેડંબા વન ॥ ૯ ॥ થોર તણી ઘણી વાડ દીઠી, કૌતક જોયું મેં હોણ;અઘોરવનમાં આવે ઠેકાણે.રેહેતું હશે કોણ ॥૧૦॥ તે ચરચા મહારે નજર જોવી,જોવું જો બાગમાં શું છે,ફળ લેતાંને ખાતા મુજને,પુછે તેને પ્રભુ પુછે ॥૧૧॥એવું જાણી હીંમત આણી, આઘેથી દોટે ચડીયો; છલંગ મારીને બાગ ભણીએ, વાડ કુદી મહી પડીયો. ॥૧૨॥ બાગમાં જોયું મનડું મોહ્યું, હરખ્યો અપરમપાર; જેવી જોઇએ તેવી વનસ્પતી'ઉભી છે અરાડ ભાર. ॥૧૩॥ દશ વરસ લગી ખાતાંન ખુટે,મળ્યુ ઠેકાણું ઠીક;પછી લાગ્યો ફળતોડવા એને, નથી જરાયે બીક ॥૧૪॥અનેક જાતીનાં ફળ ને ફુલા છે, વર્ણવીશું શકે શેશ;રમણી રંભા જાડા સ્થંભા,અતી ઉંચી છે ટેશ ॥૧૫॥વ્રક્ષ ઘણાં છે ચોરૂ ચારોળીનાં,ચંદન ચંપો અંક;વેલ્લ વાલોળને વૈલશડોછે,આશાભનો વાળ્યોવંક ॥ ૧૬ ॥ મોઘરો મરડાઇ રહ્યો છે, હેરામણીને મરેઠી;આંબા આંબલીને આવળ છે, એખરોને અરેઠી.॥૧૭॥કોઠી કેવડી કાચકી છે, કદળીના કોમળ સ્થંભ; સાગ શીશમને સર્ગવો સાદડ, આશાળ કેરા ખંભ ॥૧૮॥ જામે જુઇને કમળ કેતકી,કુશુમ વનનાં ભોથાં;ફેફળ રામફળ જામફળ જાયફળ,ભમરા મારે ગોથાં.॥૧૯॥ લીંબુ કરમદા કરતી કંથેરી,કમરખ જાંબુ બોર; તાલતમાલને રશાળ સમડી, રાએણ રાતાકોર. ॥ ૨૦ ॥ ખંડોકળીની વેલવળી છે, પીળી આંબા સાખ; બાવચી બીજોરાં ચીનીકબાલા, ઝાડે ઝુલે તે દ્રાખ, ॥૨૧॥ પપનસ ફનસ અને નારંગી. શીફળ નીંચા નેત્ર; તાડ તાડી બદામ બપૈયા,ખજુર ખારેકનાં ક્ષેત્ર ॥૨૨॥ પીંપળી પીંપળીને વડગુંદા,ધમીણુને પલ્લાસ; ફાલશી શેલડીને શેતુરી વરખડીને વાંસ ॥૨૩॥તજ જાવંત્રી લવીંગ,એલચી, સીકોતરાં જલદારૂ

ગલબાસ ગુલસબો ગુલચપો. બોરસલી સગધારૂ. ॥૨૪॥ ગટાયો ઝાડ ની લટાયો લાબી,સીતળતાછે અતોલે;ક્રાબર કોયલ કરે ટાંઉકા,બપાઇ આ બહુ બોલે. ॥ ૨૫ ॥ તેતર ટઉકે વઇયો બબડે, ચાત્રકને ચકોર; હીરામણુ મેંના કાકા કઉઆ, મોર કરે બહુ સોર, ॥૨૬॥અનેક જાતીનાં પક્ષી ઉડે,બોલે મધુરી વાણી;પાકાં ફળની પીમળે ભીમનાં મહોમાં ભરાયું પાણી. ॥૨૭॥ ફળ તોડી તોડી ખાવા લાગ્યો,જરા નદીલમાં ડરતો; ભાવે તે ખાતો બહુ મલકાતો,વળી ઝોળીમાં ભરતોં, ॥૨૮॥ હાલતો ચાલતો મહાલતોમનથી,શુભ સતીનો સુત;માયીક વનની હેડંબા રાક્ષણી, શક્ર માયાવી દુત ॥ ૨૯ ॥ કૈં કીર મુખા કૈં સ્વાન મુખા, ભુંડ મુખા મહી ભારે, અશ્વ મુખાને ગર્ધવ મુખા, કૈંનાં છે મુખ મંજારે. ॥૩૦॥ વ્રશભ મુખા મહીશીમુખા,લુઅડ મુખા ઘણા;અનઉદક જરા ન જોઇએ, ચાવે લોઢાના ચણા. ॥૩૧॥ જુદા જુદા રંગ છે અંગના, લીલા પીળા રાતા ચોળ.કાળા ભુરાને કૈં પચરંગી, નેત્ર સરવના ગોળ. ॥ ૩૨ ॥ નાકેથી ભુચા તાડપુર ઉંચા, બાગમા પેરા ભરે;પશુ પક્ષી મહી પેશીશકેન હી હરનીશ ચોકી કરે. ॥૩૩॥ તેના બાગમાં ભીમસેન ખાય છે. લાગે છે મેવો મીઠો;એવામાં એક ભુંડ મુખાએ ભીમનેભમતો દીઠો॥૩૪॥ તવ તેણે કારમી ચીસ નાંખી, ઉડયો અસુરો બળીયો; આસપાસથી સહુ દોડા આવ્યા.તરત ટોળે મળીયા ॥૩૫॥ ભીમને જોયોને જોર આવ્યું, ચોરજ આપણો એછે;ભીમે જાણ્યું કે ભલે આવ્યા, આપણું એ શું લે છે.॥૩૬॥ નથી ડરતો ફળ આર કરતો, દહીતોએ મુકી દોટ, વ્રકોદર ને વચમાં ઘેરી,ફરતો વળીઓ કોટ ॥૩૭॥ હોકારા કરતા માવે આદરતા ભીમ નથી ગભરાતો; સારાં સારાં ફળ દેખે તે, તોડી તોડીને ખાતો. ॥૩૮॥ દૈત કહે અલ્યા કોણ છે તું, હવે તે કયાં જાઇશ; બળવંતના બાગમાં પડયો છે,માર ઘણો ખાઇશ; ॥૩૯॥ મરણ તારૂ આવી પોહોચ્યું, શું સમજી ફળ ખાય;ભીમ કહે જો જીવવું હોય તો,લાગો મુજને પાય ॥૪૦॥ દૈત કહે તું કોણ છે લ્યા, ઝાલવા આવ્યા ઝાઝા, ભીમ કહે મને કેમ પુછોછો અમે પ્રથવિના રાજા, ॥ ૪૧ ॥ ભોમી અમારી કયાં છે તમારી, સર્વને મારી કાહાડું; રજા લીધા વીના આંહી વસ્યાંછો, લાવો ભોમીનું ભાડું ॥ ૪૨ ॥ સાંભળીને સહુ હસવા લાગ્યા, બચ્ચા મળ્યાં તારાં પાપ; ભીમ કહે તમો સરવ બચ્ચા,હું તો તમારો બાપ, ॥૪૩॥ દહીતોએ કહ્યુ આ રમકડુ, રાણીને જૈ કહીએ; બીજા કહે એમાં શું કહેવું તું,રાણી કને લૈ જઇએ. ॥ ૪૪ ॥ એવું વીચારી સુર બોલ્યા, અરે-

હેવાદે ફળ ખવાશે, આ બાગની માલીક છે રાણી, ચાલ તું તેની પાશે ॥૪૫॥ ભીમ કહે મહારે શું કામ એનું, નજરે કદી નથી ન્યાળી;તેકરતાં કદી આવુ જોવાને, રૂપાળી છે કાળી ॥ ૪૬ ॥ એટલે અસુરો હસીને બોલ્યા, ચાલે તું ત્યાંતો બતાવુ;ઘણીરૂપાળીરાણી અમારી, ભીમેકહ્યુચાલો આવુ. ॥૪૭॥ એમ કહીને ચાલવા લાગ્યો; મસ્તાનો મન મહાલે, અસુર લોકો આગળ પાછળ, ઘેરો કરીને ચાલે. ॥ ૪૮ ॥ વચમાં ચાલે વાયુનો નંદન, ધીરે ધીરે જાય; મારગમાં મીઠુ ફળ દેખે, તોડીનેતેખાય ॥૪૯॥ દહીત કહે અલ્યા ચાલસીધો,કેમ તોડે ફળ અતિ;ભીમકહેમુમત કરોતો, જાવો આવતા નથી. ॥૫૦ દહીતોએ જાણ્યું લ્યો સમજાવિ, ગાંડીયું નાશી જાશે, આજ્ઞા આપી ખાતો જજે તું, ચાલ રાણીનિપાસે ॥૫૧॥ એવે દસ જણ આગળ દોડયા, જૈ કહી રાણીને વાત;હેડંબાક-હે આવવા દો, કોણ એવો કજાત ॥૫૨॥ વડની ડાળે હીંદોળો છે,પાશાણ કેરો ભરિ; દાશી ખીંચે રાણી હીંચે, ઘણી જોરાવર નારિ. ॥૫૩॥ત્યા ભીમને લઇને આવ્યા, સૌના જુદા મનસુબા; હીંચકાસામોભીમનેરા-ખી, આસવે પાસવે ઉભા. ॥૫૪॥ જોઇ લીધી રાણીને ભીમે, ભય ભણકારો ભાગ્યો; નાચુ ઘાલિ ઝોળીમાંથી, ફળ લૈ ખાવા લાગ્યો. ॥ ૫૫ ॥ હેડંબા કહે ફળ ખાનારા, છે તુ મુરખ જેવો; ઉભો રહે સામુજોઇને,પુછુ તે જવાબ દેવો. ॥૫૬॥ ભીમ કહે હું મુરખ જેવો, તું મહારીસરદાર; પુછે તેનો જવાબ આપુ, ઓ વનની રેહેનાર. ॥ ૫૭ ॥ વલણ ॥ વનવગડે રેહેનાર તું, પુછવું હોય તે પુછ; વ્યાસ વલ્લભ એમ ઓચરે, ભીમે મરડી મુછ. ॥

કડવું ૭૬ રાગ ઢળકતી ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન; હેડંબા કહે તું આવ્યો કયાંથી, ભીમ કહે આવ્યો વાદળમાંથી. ॥૧॥ હેડંબા કહે કેમ ચઢયું બોલે, ભીમ કહે મારે સહુ તરણા તોલે; હેડંબા કહે કોણ તારૂં ગામ; કોણ માત તાત કોણ નામ. ॥૨॥ ભીમ કહે તું કોણ નાત જાત, પેહેલી કર મુને તારી વાત, હેડંબા કે શી વાત પુછે મહારી, ભીમકેપ-રણેલા છે કે કુંવારી. ॥૩॥ હેડંબા કહે કહુ વાત વરણી, હું છું કુંવારી હજી નથી પરણી, ભીમ કહે મળ્યો ઘાટ કેવો, અલી હું પણ તારાજેવો, ॥ ૪ ॥ હેડંબા કહે જીભડી કર થોડી, ભીમ કહે મળી આપણી જોડી

હેડંબા કહે ઠેર મારી નાંખુ, વાશીદુ વાળવા નવ રાખુ ॥૫॥ ભીમ કહે મુજથી દેવ કાંપે, તારા જેવી હજારો પગ ચાંપે; હેડંબા કહે સુણુ વચન, નાંખે હીંચોળો માને મુજ મન ॥૬॥ તોતો ભલી તુજ ભવીશાની પેર, રાખુ ખવરાવી ગુલામ ઘેર; ભીમ કહે ભુંડી જોડ હાથ, કેહેકે આવો બેસો સ્વામીનાથ. ॥૭॥ હેડંબા કહે જંગલી જન, તને હીંચકે બેબેસ બેસાડુ ને દોર ઝાલું, ખો ભુલે તેવો હીંચકો ઘાલું ॥૮॥ કહી હેઠી ઉતરી નારિ, ભીમ ત્યાર થયો ખુંખારી; ઝોળી લેઇ હીંદોળે ગયો, ઉપર બેસવાને ત્યાર થયો. ॥૯॥ હેડંબા કહે નહી જાય ચુકી, તારિ ઝોળી નીચે દે મુકી; ભીમ કહે મુકુ નહિ સરવથી, મને ગુરૂએ ભણાવ્યો નથી. ॥ ૧૦ ॥ ગર્થ ગાઠેને વિદ્યા પાઠે, અમે રેહેવાના અમારે ઘાટે; હેડંબા કહે બેશ બકવા મુકી. જોજે ઝાલવામાં જાતો ચુકી ॥૧૧॥ એમ કરવા લાગીએ સોર, તવ ભીમે ગ્રહ્યા બેદોર; દેઈ ચરણને ઉપર ચડીઓ, તેવો હીંચકો તુટી પડીઓ. ॥ ૧૨ ॥ તેની સાથે વડ ડાળભાગ્યું હેડંબાને તો આશ્ચર્ય લાગ્યું; ભીમ ઉઠી આઘો જઇ ઉભો, મુછ મરડે સતી સુત સુભો, ॥૧૩॥ બોલિ હેડંબા દહિત શું ભાળે, બાંધોહીંચકો બીજી ડાળે; તવ બાધિ દિધો બીજી ડાળ, હેડંબા બોલી મુખ તતકાળ ॥૧૪॥ અલ્યા બેશ જંગલી બીજી વાર, ભીમ કહે તું સાંભળ નાર; અલી મેં જોયું તારૂં પાણિ, નહી બેસું બધું ધુળધાણી. ॥ ૧૫ ॥ તવ હેડંબા બોલી એમ, ત્યારે હું બેસુ ધરી પ્રેમ; જોવું ઝુલાવે છે તું કેમ; નાંખ હું પ્રસન થાઊ તેમ ॥ ૧૬ ॥ એવું કહિ બેઠી એ નારી. ભીમે ગ્રહયો દોર ખુંખારિ; મનમાં રામનું નામ ભાખે, ધીરે ધીરે હીંદોળોનાંખે ॥૧૭॥ તવ હેડંબાએ કર્યો સોર, રડયા કયાં ગયું તારૂં જોર; ભીમ કહે શું બકેછે ઠાલી, હવે બેસજે બે દોર ઝાલી. ॥ ૧૮ ॥ તુંતો જોઇ લેજે હાથ મ્હારા, તુને દેખાડુ ગગનના તારા; કહી કોપે ચઢયો સતિસુત, વણો થયો છે આકળો ભુત. ॥ ૧૯ ॥ વલણ ॥ ભીમ થયો અતી આકળો, જબ્બર ઝાલ્યો દોર, વ્યાસ વલ્લભ મુખ ઓચરે; કેવું જણવે જોર.

કડવું ૭૭ રાગ કટાવની ચાલ.

વાયુ નંદન, કરે પ્રભુ વંદન, સીવ સમરતો ધ્યાનજ ધરતો, બહુ બળ કરતો; હરતો ફરતો; જરા ન ડરતો, વાયુ દેવનું સ્મરણ કરીયું, બળ આદરીયું મનડું ઠરીયું ડગલું ભરીયું; હીંદોળાને ચાક ચડાવ્યો,

ખેલ લડાવ્યો, મુમત અડાવ્યો ધીરે ચલાવી, ઘણો હલાવી; દોર ઝલાવિ. ફેંકયો બળમાં; કેવળ કળમાં, એકજ પળમાં, જેમ વાદળમા વિજળી નાસે, તેવું ભાસે; ગયો આકાશે, ભય ચોપાસે, ત્રાયા ત્રાસ. ગગને જઇને પાછો વળીઓ; અવળો પળીયો, અઢળક કળીઓ, ટગટગ જુવે ભીમસેન બળીયો; ભય ભરી નારી, દુખમાં ભારી, મન વિચારી; મુખ પોકારી, કહ્યું ખુંખારિ; નારિ તમરિ લ્યો ઉગારી, દયાજ ધારી, એ બળવંતા મ્હારા સ્વામી, કંઉ શીશ નામી; બહુ દુઃખ પામી, ન રહી ખામી; હું તો હરામી, ચાહ્ય તેમ બોલી. મન નવ્ય લાવો, મુને બચાવો; વ્હારે ધાવો, વેહેલા આવો, હીંચકો સ્હાવો; એવું ભીમે સાંભળ્યું કાને, સતી સંતાને; મનડુ માને; દુઃખ દો શાને, બહુ તોફાને, પરશે નારી, જાશે મ્હારી, છે બહુસારી; પ્રાણનિ પ્યારી, અતી સુખકારી; એવું ધારિ; છલંગ મારિ; બળીયો બોહોળો; થઇને પોહોળો.ઝાલ્યો હિંદોળો દૈવત દાખી; હિંચો રાખી, સહુ જનસાખી, ખમ્મા ભાંખી; નારી ઉતારી, જે ધુતારી; તે થઈ સારી, વશ બની ભારી; બળવંત ધારી;નમી બીચારી,ફરી પરદક્ષણા; છો સુલક્ષણા, બે કરજોડી; કટી મરોડી; શીશ નમાવ્યું, ભીમને ભાવ્યું,રમકડું આવ્યું, ઠીકજ ફાવ્યું, કોમળ રદેછે, ગણિ ગદે છે, બેશ બદે છે, વલ્લભ કહેછે; પરણવાની કીધિ ત્યારી, માંડી મંડપ રચના સારિ, ॥ઃવળણ॥ મંડપની રચના રચી,શોભાનો નહી પાર; નારદઋશી આવિયા, પરણાવ્યા તે ઠાર.

કડવું ૭૮ રાગ ધન્યાસરી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ નારદ આવ્યા ભીમે બોલાવ્યા કહો પધાર્યા કેમ નારદજી કહે પરણાવવાને, આવ્યો ધરિને પ્રેમ, ॥૨॥ ભીમે કહ્યું ભલે મ્હારાજા, એતો મુને ગમી વાત; પણ તમો કોઇને નવ કહેશો, ન જાણે મુજ માત. ॥૩॥ નારદ કહે હું શાને જણવું, હેંડબાએ જોડયા હાથ; મંડપમાં પધારો પરણવા, ઓરે મારા નાથ. ॥૪॥ તવ ભીમ કહે સાંભળ નારી,હું વાત મ્હારી વરણું;મ્હારા બાધાનું પુરૂ કર્યાની,શક્તી હોયેતો પરણું. ॥૫॥ હેડંબા કહે તન મનને ધન, સરવે છે તમારૂ; આજથી અરપણ આપને કીધું. કાઇ નથી અમારૂં. ॥૬॥ એટલે ઉઠી બેઠા મંડપમાં, હેડંબા સનમુખ આવે. સામા સામા નરનારી બેઠાં.

નારદજી પરણાવે. ॥૭॥ વળણ ॥ પરણાવે નારદઋશી, રાક્ષણીયો ગીત ગાય; રાક્ષસ સહુ બીરાજીયા, વલ્લભ કહે કથાય.

કડવું ૭૯ રાગ ધોળ.

બોલ્યા બોલ્યા વૈશમપાયે વચનરે,સાભળ સાંભળ પરાક્ષત રાયના તનરે ॥ ૧ ॥ મંડપમાં તો હસ્ત મેળાપક થાયરે; માનુનીયો મળી મળી ગીતાં ગાયરે. ॥૨॥ નારદજીએ પાડી પટોળે ગાંઠરે;મંત્ર ભણી વરમાળા આરોપી કંઠરે. ॥ ૩ ॥ મંડપ મધ્યે પેહેલું મંગળ વરતાયરે, પેહેલે મંગળ ગાયોના દાન અપાયરે. ॥૪॥ એવે બીજું મંગળ ફર્યાં નરનારીરે બીજે મંગળ આપી ભોમી ઘણી સારિરે. ॥૫॥મંડપ વીશે ત્રીજું મંગળ વરતાયરે, ત્રીજે મંગળ શેવક દાન અપાયરે. ॥૬॥ ચોરીમાં તો ચોથું મંગળ વરતાયરે; ચોથે મંગળ ભર્યા ભંડાર અપાયરે ॥૭॥ પછી જમ્યાં વરકંન્યા કંસારરે,હેડંબાએ પેહેરાવ્યો મોતિનો હારરે. ॥૮॥ પરણી ઉઠી રૂપૈયા વીંટીઓ રમાયરે, પછી બંને લાગ્યા ગોત્રજને પાયરે ॥ ૯ ॥ દ્વિજદક્ષણા નારદથયા વિદાયરે પછીબેઉ ગયાં કનક મ્હેલ માંયરે.॥૧૦॥ ॥ વળણ ॥ વરકન્યા ગયાં મ્હેલમાં, રસોઇ કરિ તવ દાસ; વલ્લભ વદે સુત વાયુનો, અતિ થયો ઉલ્લાસ.

કડવું ૮૦ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વિસ્તારિ તુજને સંભળાવું,આદ્યપરવ મહિમાય ॥૧॥ શેવક શેવકીયે રશોઇ કીધી, ભીમને કહ્યા ભગવાન,હેડંબા કહે ઉઠો સ્વામીજી,જમવા સારૂ કરો સ્નાન ॥૨॥ તવ ભીમ ઉઠી ન્હાવાને બેઠો, હેડંબા આવી સંગ; તેલ ફુલેલ લાવિ શેવક પાસે, ચોળાવ્યું ભીમમે અંગ. ॥૩॥ ઉષ્ણોદકથી સ્નાન કરાવ્યું,દહિત લોકે અંગ ચોળી;વસ્ત્ર વતિ તે સાચવિ લુછયુ, ઉતરી દાજેલી ખોળી ॥૪॥ પછી ભામે કહ્યું દહિતોને, દેતાતા ફળના ટોટા; બાગ વિશે જુઓ કહ્યું તું અમે; રાજા ખરા કે ખોટા. ॥ ૫ ॥ દહિત કહે કે ખરા મહારાજા, બેસોને કરવા ભોજન; હેડંબાએ પિરસ્યું પીરસણું, તે દન પામ્યો અન. ॥૬॥ વિવિધનું એણે જમણ જમાડયું, પછી આપ્યો મુખવાસ;તે લેઇ જઇને ઢોલીયે બેઠો,હેડંબ બેઠી પાસ. ॥૭॥ સુણો સ્વા-

મિજી પાણી પીને,ઘર પુછું એ નહિ રીત; હું તો પુછયા વણ પેહેલી પરણી, લાગી તમારા પ્રીત. ॥૮॥ અપરાધ મારો ક્ષમા કરજો, કોણ તમારૂં ઘર ગામ;કોણ માબાપના દીકરાને,કોણ તમારૂ નામ.॥૯॥કોણનાત જાતને ભ્રાત કોણ છે,વાત પુછયાનો થયો પ્રેમ;આવા જંગલમાં કોઇ ન આવે ને,તમે પધાર્યા કેમ.॥૧૦॥ ભીમ કહે તું સાંભળ સુંદરી, હસ્તીનાપુર મહારો દેશ;ક્ષત્રાણિનો દીકરો છું,સર્વ રાજાનો નરેશ.॥૩૧॥ ચારભાઇને પાંચમી મા છે,સુખ રૂપ કરતાતા રાજ;અમારા કાકાના સો દિકરા છે,તેમને અમપર દાઝ. ॥૧૨॥ દગો કરીને કાઢયાં જાત્રાએ, ઘરબારમાંથી ટાળ્યાં; વનમાં ભોવન કરા લાખનું, તેમા અમોને બાળ્યાં. ॥ ૧૩ ॥ તે બળતામાંથી ઉગાર્યા હરિયે, આવ્યા છીએ આ વન;છમાસથી અમેરહીએ છીએ, અહીંથી એક જોજન. ॥ ૧૪ ॥ પશ્ચીમ દીશાએ સરોવર છે, ત્યાં કર્યો છે વિસરામ; ઉત્તરમાંથી ફળ લાવનોતો, ખાતાંતાંમાબૈ તમામ ॥૧૫॥એ દિશામાં ફળ ખુટયાં ત્યારે, આવ્યો હું તારાભણી, પુર્વનાલેખ થીલગ્નજથયું,તું ધણીઆણી હું ધણી.॥૧૬॥હેડંબા કહે પીધારો પીઉજી, હવે થઇ સુખલ્હેર;તમારાં માતભ્રાત વશ્યાં જ વનમાં, તેડી લેઇ આવીએ ઘેર.॥૧૭॥ એટલે ભીમે મન વિચાર્યું, મા ભાઇનું સાલ નડસે; હશાશે બોલાશેનહિ મારાથી,ખરા રંગમાંભંગ પડશે.॥૧૮॥એવું જાણી ભીમસેન બોલ્યો, હું તો નહિ તેડી લાવું;તું તેડી આવે તે મને ન ફાવે, હું વન નાશી જાવું.॥૧૯॥ એતો ભગત છે અહિ નહિ આવે, જો લગ્ન થાય પ્રખ્યાત;તો તુજ કને આવવા નવ દે, મ્હારા માતને ભ્રાત. ॥૨૦॥ તવ હેડંબા એવું બોલી, રહેવાદો એમને કામ; તમે જાવો ત્યારે તમારાં મા ભાઇ,મ્હારે જોઇએ શું કામ. ॥૨૧॥ આપણા બાગમાં ફળ ઘણા છે, જઇને ત્યાં આપી આવો,તમે તમારે ખાઇ પીને, સંસારનો લ્યો લ્હાવો.॥૨૨॥ એવામાં તો સાંજ પડી કે,ભીમસેને ફલ મંગાવ્યાં, ઝોળી ભરીને ગાંસડી કીધી,દહીતને શીશ ચઢાવ્યાં.॥૨૪॥॥ માત ભ્રાતને આપવાને ચાલ્યો, હિનમણી હસ્ત થાતે; નારાએ પુછયું કેવારે આવશો, ભીમે કહ્યું પોહોર રાતે. ॥૨૪॥ ભીમ છે આગલ દહિત છે પાછલ, ત્રણ ગાઉ મજલ કીધિ; ભીમે દહિતને પાછો વાળ્યો, ફળની ઝોળી લેઇ લીધિ. ॥ ૨૫ ॥ ઝોળી લેઇને ચાલ્યો ભીમસેન,માતા જુવે છે વાટ;ભીમને આજ કેમ વાર લાગી,સર્વ કરે ઉચાટ. ॥૨૬॥ એવામાં આવ્યો બહુ ફળ લાવ્યો, મેલ્યાં ઝુપડીમાં સાર;કુન્તાજી કહે કુંવર મ્હારા, કેમ લાગી બહુ વાર. ॥૨૭॥ ભીમ કહે કાંઇ ફળ નથી મળતાં,આઘો ગયો હું વન;આખા દાહાડામાં આટલાં

વીણ્યાં, કુન્તા કહે ધન્ય તન. ॥૨૮॥ અમારે માટે કષ્ટ તું વેઠે, તવ બો-લ્યા શેદેવ શાણા; ઓરે મારી કુન્તા માતા, આજ વેહેચ્યો ગોલ ધાણા. ॥૨૯॥ ભીમે વિચાર્યું જોશીડો જાણે, કહિ દેશે મુખ લાવી; કોઇ ન ચેતે એ રીતે ભીમે,જોશીને આંખ્ય બતાવી. ॥૩૦॥ એટલે શેદેવ રયા છાનાં, કુન્તાને પડયો વેમ;શાના ગોળને ધાણા કહ્યા,કહી,છાનો રહ્યો કેમ ॥૩૧॥ શેદેવજી કહે સળંગ વીશે,મુને પછાડયો એણે; તે દુઃખજેવું એને દુઃખ પડીયું,ખુશી થયો હું તેણે.॥૩૨॥ કુન્તાજી કહે મારા પીટયા; એમાં શું ખુશી થાય;આપણે માટે આથડવાને, એજ બીચારો જાય. ॥૩૩॥ એમ કહીને ગાસડી છોડી, ફળ ખાવા સૌ આવો; ભીમ બેટા કેમ બેશી રયાં છો,તમે પણ ફળ ખાવો.॥૩૪॥ ભીમ કહે રણમાં રઝળ્યો ત્યાં ફળનું ભોજ-ન કીધું;અથડામણમાં વારેવારે,ઘણુંક પાણી પીધું. ॥ ૩૫ ॥ તેથી પેટ ભરાઇ ગયું છે,ખાવું નથી લગાર;શેદેવે શાન કરી એક કોળીયો,લાવ-વોતો કંસાર. ॥૩૬॥પછી સરવે ફળજ ખાધા,કુન્તાજી બોલ્યાં કોડે; ભી-મ બેટા કાલ અરજુનજીને, લઇ જજે તું જોડે. ॥૩૭॥ ભીમ કહે ઓ મા-તા મ્હારી,શું ચાલે બીજાની હામ;એ વનમાં એક વાઘેણ મોટી, નહી અરજુનનું કામ. ॥૩૮॥શેદેવજી કહેવાતજ સાચી,ભીમભાઇએ વશ કી-ધિ;તવ કુન્તા કહે ભીમસેન બેટા, તુજ વિના નહી સીદ્ધી ॥૩૯॥ ભીમ કહે ઘણો ગભરાટ થાય છે,માટે વ્હેલો ઉઠી જઇશ;મારી ફીકર ચીંતા નવ કરશો,હું બારણે સુઇ રહિશ. ॥૪૦॥ એવું કહીને બારણે સુતો;ઝું-પડીમાં માત ભ્રાત;સયન કીધુંને નીંદ્રા આવી,એવે ગઇ પોહોર રાત.॥૪૧॥ એટલે ઉઠયો વાયુનો નંદન,છાનોમાનો સમશેર;ઝોળી લાવ્યો ચાલીને આવ્યો, હેડંબાને ઘેર. ॥૪૨॥ તવ હેડંબા આનંદ પામી,કરાવ્યાં ખાન પાન;ખુશીમાં રહેતો સહુ સુખ લેતો,બંને થયાં ગુલતાન.॥૪૩॥ એ રિતે રાત્રીએ ત્યાં રહે છે, એક એકને મન ભાવે; અહમેશ સાંજે ઝુંપડીએ જઇ,ફળનિ ઝોળી આપી આવે. ॥૪૪॥ થોડે દહાડે ભીમનું વાન વળી યું,સુખની વ્રતી નેટ;ઇશ્વર ઇચ્છાએ હડંબાને ગર્ભ રહ્યો છે પેટ.॥૪૫॥ મનુષ જાતીને દસે માસે,પુત્રનો પ્રસવ થાય;માયાવીને દશે દિવસે,પ્રસવે પેટ પ્રજાય.॥૪૬॥તેથી હેડંબાને દશે દીવસે,પુત્ર પ્રગટીયો સાર; ગરજ-ના કરિ ઉછળ્યો ઉંચો;દાશીએ ઝીલ્યો કુંવાર. ॥૪૭॥ બહુજ બળીયો જનમ્યો માયાવી,છે રૂપરૂપનો ધામ;હર્ખે થયો ભીમસેનને ભારે,પાડયું ઘટોત્કચ્છ નામ.॥૪૮॥ રમાડે જમાડે દીવશ કાહાડે, પુત્રને જોઇ હરખા-ય ઘટોત્કચ્છ ઘડીમાં ન્હાનોને, ઘડીમાં મ્હોટો થાય, ॥૪૯॥ બોલે કાલુ

લાગે વ્હાલું,સુનોનમુકેલગાર,ફળઆપવા ભીમનેજવુંપડે,કંટાળો આવે અપાર.॥૫૦॥ એવી રીતે દીવશ કહાડે, એવામાં શું થાય;હેડંબાને એકછે ભાઇ,હેડંબાસુર રાય.॥૫૧॥હેડંબાવનથી દશ ગાઉ આઘે, ઊતર દીશા માંય; માંખણિયો પરવત સુંવાળો, મક્ષીકા લપશી જાય. ॥ ૫૨ ॥ બાર ગાઊનો એછે ઉંચો,તેના ઉપર રેહે છે;અયુત ઘરની તે પર વસ્તી, તેનું રાજ્ય કરે છે. ॥૫૩॥તેપરવતપર દેવીનું ડેરૂ,છત્રેશ્વરી મંમાય; તેનું પુજન નિત્ય કરે છે,હેડંબાસુરરાય. ॥૫૪॥ ત્રણ પેહેડીથી પાપી લોકો, દેવીની પુઠે લાગે,શીવ વિષ્ણુને જીતવા માટે,અમર થવાનું માગે ॥૫૫॥ તેવું વરદાન આપેન દેવિ. પાપી ન મુકે કેડો;દેવિએજાણ્યું પાન્ડવ હૈછે, માટે લાવુ નવેડો. ॥ ૫૬ ॥ એવે હેડંબાસુર આવ્યો, પ્રેમે કરયું પુજન; એટલે દેવી પ્રગટ થયાં, દેઇ દિધાં દરસન. ॥ ૫૭ ॥ કહ્યું કે માગ્ય માગે તે આપું, શેવક છે તુ ખરો,હેડંબાસુર બોલીયો મા,અમર મુજને કરો. ॥૫૮॥ એટલે હુંતો જીતી લાવું, પાતાળ સ્વર્ગને ભોમ; દેવી કહે પાંચ બત્રીશ લક્ષણા, પુરૂશનો કર હોમ. ॥ ૫૯ ॥ દૈત કહે તે કયાં હશે મા, બોલી દેવિ તેણિવાર; હેડંબાવનથી પશ્ચીમ દિશાયે, છે છેટે ગાઉ ચાર. ॥ ૬૦ ॥ ત્યાં સરોવરના કીનારા ઉપર, ઝુંપડીમાં પાંચ ભ્રાત; એક છે તેમાં છત્રીસ લક્ષણો;છઠ્ઠી એનિ માત. ॥૬૧॥ તે ઝુંપડી તું લાવેતો આવે, કામજ તારૂં થાય;પાપી કહે આજ રાતે લાવું, ઓરે મારી માય. ॥ ૬૨ ॥ વળણ. ॥ એમ કહિને એ રહ્યો, એવે થઇ મધરાત; વ્યાસ વલ્લભ વાણિ વદે, અસુર માંડે ઉતપાત.

કડવું ૮૧ રાગ રમણ રેકતાની ચોપાઈ.

બોલ્યા બોલ્યા,વૈંશમપાયે વચનરે;સાંભળ સાંભળ,જનમેજે રાજનરે. ॥૧॥ હેડંબાસુર, ચોરી કરવાને ચડીયોરે, કટી કશી, પરવત પરથી પડીયોરે. ॥૨॥ ચાલ્યો ચાલ્યો, ગયો હેડંબા વનરે; ત્યાંથી ગયો,પશ્ચીમ એક જોજનરે. ॥૩॥ આવ્યું સરોવર, ઝુંપડી દિઠી ત્યાંયરે; સત્ય લાગ્યું, દેવિનું કહેવું મનમાયરે. ॥ ૪ ॥ પછી કીધિ, ચોરિ કરવાની પેરરે; તે વેળાયે,ભીમ હેડંબાને ઘેરરે. ॥૫॥ પાપી બેઠો, ઝુંપડીએ કરવા તપાસરે; કાન માંડીને, ઉંઘતાનો ઓળખ્યો સ્વાસરે. ॥ ૬ ॥ પછી રાખી ઝુંપડી છાતી સાથરે;આશપાશ વાલ્યા, અવની વિશે બે હાથરે. ॥૭॥ બળવંતાયે,બહુજ પાક્રમ માંડયુંરે; જુંપડી સુદ્ધાં, પૃથવીનું ડગ

ણુ કાહાડયુંરે. ॥૮॥ ઉચકી લીધું, પોતાના એક કર માંય; ચોરી કરી, ચાલ્યો તે તસ્કર ત્યાંયરે. ॥૯॥ આવ્યો પરવત છલંગથી ઊંચો ચડી- ચોરે;બાર ગૌ ઉંચો, કુદી પરવત પર પડીચોરે. ॥ ૧૦ ॥ જૈને ઝુંપડી, મુકી વજ્રકોટ માંયરે; પછી ગયો, દેવીનિ પાસે ત્યાંયરે. ॥૧૧॥ માજી લાવ્યો, ઝુંપડી પૃથ્વી કર ખોશીરે; દેવી કહે, છે ચાર નર એક ડોશીરે. ॥૧૨॥ પાપી કહે, લાવ્યો છુ આખીને આખીરે; દેવિ કહે, છત્રી લક્ષણો છે બાકીરે. ॥ ૧૩ ॥ જા જૈને જો, તવ ચાલ્યો અસુર રે; બળતી મશાલે, જોવા ગયો થૈ આતુરરે. ॥૧૪॥ કોટ ઊઘેડી,ઝુંપડી ઉઘેડી જ્યારે રે; પ્રકાશ દિઠો, ચાર ભાઇ જાગ્યા ત્યારેરે. ॥૧૫॥ પાંચમાં કુન્તા,જાગ્યાં તેતો દૈત જુએરે; બહુ ભય પામ્યાં, ચોધાર આંસુથી રૂવેરે. ॥ ૧૬ ॥ દહિતે દિઠાં, ચાર પુરૂશ એક ડોશીરે;પાછો કોટ, અડકાવિ નીકળ્યો રોશીરે. ॥ ૧૭ ॥ આવ્યો છત્રેશ્વરિ દેવીની પાસરે; સાચુ છે મા, કેમ કરૂં હવે કયાસરે. ॥ ૧૮ ॥ દેવી કહે, જા તુ ઉત્તર દિશાયરે; વ્હાણું વ્હાતાં સુધીમાં જો ભેગો થાયરે. ॥૧૯॥ તો તો લાવજે,નહિતો આવજે પાછોરે; કરશું બીજી, પેરવી નહી રાખુ કાચોરે. ॥ ૨૦ ॥ એમ કહીને, કાઢ્યો અવળે પંથરે;દેવીને છે, દૈત મરાવવાનો તંતરે. ॥ ૨૧ ॥ રડે કોટ, વીશે માતને ભ્રાતરે;અસુરેનો,ભય પામી કરે કલ્પાંતરે. ॥૨૨॥પછીભીમને,સપનુ મુકયું મંમાયરે;જાણે મ્હારાં,મા ભૈની ચોરી થાયરે.॥૨૩॥હેડંબાને, સ્વપ્ન થયું વણ ધાર્યુંરે; મારા ભાઇનું, દુઃખ દેવિએ નીવાર્યુંરે. ॥ ૨૪ ॥ અમ્મર કરશે, જીતશે સઘળી ભોમરે;મારા દીયર જેઠોનો કરવો છે હોમરે. ॥૨૫॥ માટે ચોરી, કરીને લેઇ ગયો ઘેરરે; એવું સપનું, આવ્યું, ને જાણી પેરરે. ॥ ૨૬ ॥ એવે પ્રભાત, થતામાં જાગ્યો ભેમરે; સપનું આવ્યું, તેથી પડયો છે વેમરે. ॥૨૭॥ માંડી કહી, હેડંબા રાણીને વાતરે; જાણે હાંઇ, ચોરાયા મારા મા ભ્રાતરે. ॥ ૨૮ ॥ હેડંબાને, દાખલો મળ્યો તતકાળ રે;મનમાં સમજી,બોલી નહી દૈત બાળરે.॥૨૯॥ અંધારામાં, ફળ મંગાવી ભીમજાયરે; ખબર કાઢું, એમ લાગ્યું મનમાંયરે. ॥ ૩૦ ॥ ગયો ઝોળી, લેઇને સરોવર તીરરે; ઝુંપડી નવ્ય, દીઠીને કંપ્યુ શરીરરે. ॥ ૩૧ ॥ બે ગૌ ફરતો, સોધિને આવ્યો ઘેરરે; રડવા લાગ્યો, કયાં કરૂ સોધ્યાની ઘેરરે.॥૩૨॥ઓ હેડંબા, ઘેલો કર્યો મને ગેરિરે; થઇછે મ્હારાં, માતને ભ્રાતની ચોરીરે. ॥ ૩૩ ॥ તવ હેડંબા, આવી મ્હેલની બાહારરે; મેં કહ્યું હતું, હઇં લાવો ભરથારરે. ॥ ૩૪ ॥ તોય નવ્ય,લાવ્યા તે,ભવીશ તમારૂંરે;થઇ ગઇ ચોરી,તેમાં શું જોર અમારૂંરે.

॥૩૫॥ લેઇ ગયેલો. અસુર કોઇ ભક્ષ સારૂંરે, હવેતો મન, વાળી બેસો હું વારૂરે. ॥૩૬॥ ભીમસેન બોલ્યો; મ્હારે જીવીને શું કરવુંરે; બતાવ મા ભાઇ, નહિતો બળી મરવુંરે.॥૩૭॥બોલી હેડંબા, એવું કર્યામાં શોસારરે; ન્હોતાં મા ભાઇ; મનવાળો ભરથારરે.॥૩૮॥ ચાલો જઇએ, હસ્તીનાપુર તમ ઘેરરે; ત્યાં હું આવી, કઉરવોને મારૂ ઠેરરે. ॥૩૯॥ ભીમ કહે તુજ, કરતા મુજમાં બળ જાજુંરે;મા ભાઇ વિના; રાજ્ય લેતાં હું લાજુંરે ॥૪૦॥ માટે મારા, માને ભાઇ શોધી આવરે; તારે હઇથી, ગયાં માટે તું લાવરે. ॥૪૧॥ બોલી નારી, મ્હારી ન કરશો વાતરે; હું શું જાણું, શોધી આવો તમ ભ્રાતરે. ॥૪૨॥ ભીમસેન બોલ્યો, જો તું આવું ઓચ-રીશરે; તારે બારણે ચીતા ખડકીને મરીસરે. ॥૪૩॥ કહે નારિ, તમારી ખુશી રજા આલીરે; ગટોરગછને તેડીને ઘરમાં ચાલિરે; ॥ ૪૪ ॥ બેઠી જઇને, જરૂખે પુત્રજ લેઇરે; ભીમે જાણ્યું, કામની સગી કેઇરે. ॥૪૫॥ લાવ્યો કાષ્ટ, ચીતા ખડકી તે વાર રે; પછી ધુસ્કા, મુકીને રડયો અપા-રરે; ॥ ૪૬ ॥ માત બંધુ, સમાન સગું નહિ કોય રે; કદી કાળે, નારી સગી નવ હોય રે. ॥૪૭॥ દેખે સુખડું, ત્યાં સુધી તે સગી થાયરે; માને સગી, તે મુજ પેરે કુટાયરે. ॥૪૮॥ બને ગોરી; દેખીને મુજ તુલ્ય ઘેલોરે તેવા જનને, મુરખ માનવો પહેલોરે. ॥ ૪૯ ॥ નારી કોની થઇ નથી ને ન થાયરે, દુખનાં બેલી, જાણવાં ભ્રાત તાત માય રે. ॥ ૫૦ ॥ વનમાં મુકી, સુખી થવાને હું આવ્યોરે; તેથી મુને દારાએ દુખમાં દુલાવ્યોરે. ॥૫૧॥ એવું ઘણું રડિને બોલ્યો વચનરે; અગની મને, મુકી જા ગટોર-ગછ તન રે, ॥૫૨॥ વલણ ॥ અગની મુજને મુકતું, ઓરે મ્હારા તન; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણજો શ્રોતાજન.

———+*+———

કડવું ૮૨ રાગ સાખીની ચાલ.

વશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજમે સંભળાવું, આદ્યપરવ મહિમાય ॥૧॥ ગટોરગછને દયા આવી, મુખથી બોલ્યો એમ; મારા પીતા અગ્નિ મુકાવે, કરૂં જનેતા કેમ. ॥ ૨ ॥ હે-ડંબા કહે મુકી આવ જઇને, બોલ્યો ગટોરગછ વાત; કોણ લેઇ ગયું હશે મ્હારા;તાત તણાં માત ભ્રાત ॥૩॥ હેડંબા કહે કહીશ તુને, અગની જઇ મુકી આવ્ય; ગટોરગછ કહે પછી મુકું, માતા તુ મને બતાવ્ય.॥૪॥ હેડંબા કહે બાળક તું છે, ન ટકે પેટમાં વાત; ગટોરગછ કહે સમ તારા

કોઇને નહિ કહુ માત ॥૫॥ હોમ કરીને અમર લેવા, લેઇ ગયો તુજ મામો; ત્રીલોકનું એને રાજ્ય મળશે; તેમાંથી તમે પામો ॥ ૬ ॥ તે માટે હું નથી કેહેતી તારા લાભને સારૂ;તુજ તાત કદી મરી જશે તો, શુ વળશે અંધારૂ ॥૭॥ ગટોરગછ કહે વારૂ માતા, કહી માળથી ઉતરીયો; ઉઘાડી તરવાર લઇને આવ્યો, તાત કને ક્રોધ ભરીયો ॥૮॥ ઓરે પીતાજી ઓરે પીતાજી, તમે નથી જરા પાકા;આવો માહારી માને મારો, બતાવુ દાદિને કાકા ॥૯॥ એમ કહિને ખડગ આપ્યુ,હેડંબા સાંભળી ત્રાસે;હાથ ઝાલી ભીમને ખેંચી લાવ્યો, હેડંબાની પાસે ॥૧૦॥ મુસ્તક છેદો મ્હારી માતાનું શા સારૂ ભય પામો. તમારા ભ્રાતને તમારી માતને, લેઈ ગયો મુજ મામો ॥૧૧॥ એમ કહ્યું પણ ભીમ ન મારે, ગટોરગછ બાજ્યો આઈ; હેડંબા તવ રડવા લાગી, પેટ ઉઠયું પીતરાઇ ॥૧૨॥ છાની વાત તો ફાટી ગઇ, હવે શી રીતે સાંધુ; અરેરે મ્હારૂં પેટજ કોહોયું, ત્યાં કયાં પાટો બાંધુ ॥૧૩॥ પેટ ફુટયું તેનું કરમ ફુટયું,ગટોરગછ રીસ ધારે, ઝાલ્યો માનો ચોટલો ને ગડદા પાટુ મારે ॥૧૪॥ શંખણી માતા દુખની દાતા,છેક છેકી ગઇ છાકે, સાસરીયાનું ભુડું કરીને, પીઅરીઆનું તાકે. ॥૧૫॥ તેથી બીજી શંખણી કેઇ, જે નારી પીઅરવાસી;તે તો નર્કની ભોગવનારી, સાતે જનમ નિરાસી॥૧૬॥ જે પ્રેમદાને પીઅર વ્હાલું, તે તો ઘર નવ માંડે; કાંતો તે રહે વાંજણીકે, કાંતો તે રાંડરાંડે ॥૧૭ પોતાના પતીને મરતાં લગી,તું તો હા કેહેનારી; માટે ન મુકું જીવતી હું, તુજને નાખુ મારી ॥૧૮॥ એમ કહીને મારજ મારે,અતીશે આકળો થયો, એટલે ભીમે વછોડી નાખી, એને આઘો લઇ ગયો ॥૧૯॥ ખુણે જઇ સમજાવ્યો એને, ઓરે મારા સુત, તારા મામાનું ઘર જાણ્યા વણ, શું થયો આકળો ભુત ॥૨૦॥ કયાં ઘર એનું કયાં ગામ એનું, જાણ્યા વીના શું વળે; કયાં જઇએ ને કયાંથી લાવીએ, માતને ભ્રાત કયાં મળે ॥૨૧॥ ગટોરગછ કહે વાત સાચી, ભુલ થઇ બહુ મ્હારી; એના પેટમાં પેસીને પાછો, વાત લેવું છું વીચારી.॥૨૨॥ એમ કહીને આવ્યો જરૂખે માને રોતી જોઇ રડીઓ; અરેરે મેં તુજને મારી, ખોળામાં આળોટી પડીઓ ॥૨૩॥ હેડંબા કહે તું નહિ દીકરો, હું નથી તારી માય; ઉઠી જા મારા ખોળામાંથી, હડશેલી મુકયો ત્યાંય ॥૨૪॥ તો પણ પાછો પડયો ખોળામાં રોયો હૈયા ફાટ;ઓ માતા હું ભુલ્યો ભુંડો, દારૂણ વાળયો દાટ ॥૨૫॥ એમ કહિને ધુશકા મુકે, હઇયું રહે નહી હાથ; એટલે માતાને દયા આવી, દાબ્યો રૂદયા સાથ ॥૨૬॥ જો બેટા તેં મુજને મા-

રી,રાખવા તાતનો ટેક; મે તને કહ્યું તે કહિ દીધું, બાપ બેટા થયા એ-ક. ॥૨૭॥ એક થઇને જાવો લઈ આવો, ત્યારે તો જુક્તીના સાચા; જો જઇને લઇ આવો નહિતો, બાપ બેટા બે કાચા. ॥૨૮॥ ભીમ કહે ભુ-ડી એમ શું બોલે, હું ને તું તઇઆર થઇએ; સાસરૂ મને જોવાનિ ઇચ્છા છોકરા સુદ્ધાં જઇએ ॥૨૯॥ ગટોરગછ કહે ચાલો માતા, મારે જાવું છે મો-સાળ;હેડંબા કહે તાત તારો,કરે મામાનો કાળ. ॥ ૩૦ ॥ ભીમ કહે મને સાળો વ્હાલો,તેનાથી કેમ વઢાય;ગટોરગછ કહે તોફાન કરે તો, મારે જોયા જેવું થાય. ॥૩૧॥ મ્હારા બાપની સાથે બાજુ, કલેશ બને જોયા જેવો; વળી મ્હારો મામો એમના કરતાં, નહી હોય હારે તેવો. ॥ ૩૨ ॥ હેડંબા કહે તારા પીતાને, કોઈ નથી જીતનારા; હીંચકા નાંખી મુને દે-ખાડયા, દહાડે ગગનના તારા ॥ ૩૩ ॥ ગટોરગછ કહે મામાને ભાણેજ, મળીને ચાહ્ય તે કરીએ; ભીમ કહે કહોતો સમ ખાવું, ઉઠો આપણે પ-રવરિએ.॥૩૪॥ગટોરગછ કહે ઉભી થા માતા,કહીને કરિ તઇયાર; ત્રઇ-ણે હળીમળી નિકળ્યાં તે,માંખનીએ ગયાં સાર. ॥ ૩૫ ॥ બાર ગાઉનો પરવત ઉંચો,સુંવાળો માખણ જેવો; હેડંબા કહે આ પરવત પર, મા ભાઇનો સોધ લેવો. ॥૩૬॥ ભીમ કહે કયાં થઇને ચડવું, હેડંબા બોલી વાત;છલંગ મારિને ઉતરે ચઢે, બળવંત મારો ભ્રાત. ॥૩૭॥ ચડવા ઉ-તરવાનો મારગ નથી, ઓરે મ્હારા નાથ; ભીમ કહે કે ઉપર ચઢવું તે-તો તારે હાથ. ॥૩૮॥ તવ હેડંબાએ ચઢાવવાને, કરી માયા કળ કુંચી; શીશ ધુણાવિ પાશાણ પછાડયું, થઇ દ્વાદશ ગાઉ ઊંચી. ॥ ૩૯ ॥ પગ પાની લગી કેશ લાંબા, જાડા વાંસડા જેવા;દસ ગજ લાંબા દંત એના, પોહોળા પાવડા તેવા. ॥ ૪૦ ॥ દરવાજા જેવડું મુખ જેનું, નાસ્કોરાં ઘડનાળાં;શરીરનાં જે રૂવાડાં તે, જાણે જંગલનાં જાળાં. ॥ ૪૧ ॥ વ્રક્ષના થડ સરખી આંગળીઓ, દસ થડ જેવા ખંભો; ભીમે જાણ્યું નોહ્ય હે-ડંબા,આતો મ્હોટો હેડંબો. ॥૪૨॥ એવે ગટોરગછ કેશને વળગ્યો, ચઢી ગયો સુસોટ; પરવત પર જઇને એ બેઠો, મ્હા બળીયો ચડી ચોટ. ॥ ૪૩ ॥ પછી ભીમ પણ ચોટલે બાઝ્યો, પરવત ઉપર ગયો; ગટોરગછે હેડંબાનો, ચોટલો બેકર સહ્યો. ॥ ૪૪ ॥ બે ચાર આંટા હાથે નાંખ્યાં, પછી વધ્યો પેર;જાવો પીતાજી મ્હારા મામાને,મારી નાંખજો ઠેર. ॥૪૫॥ હેડંબા સાંભળીને અકળાઇ;ઉંચીને નીચી થાય; ગટોરગછે દબાવી દી-ધિ,ઉભીરે શંખણી માય. ॥૪૬॥ ભીમ કહે બોલશો નહી બેટા, પાછળ પસ્તાઈ મરશું; રખે ન્હાની થઇ જશેતો, કેમ કરી ઉતરશું. ॥૪૭॥ ગ-

ટોરગછ કહે સુણો પીતાજી, ઉંચી નીચી છો થાય; એનાથી ચોટલો ગ્રહ્યો ત્યાં લગી, ન્હાની નહિ થવાય. ॥૪૮॥ તે વાતની ચીંતા નવ કરશો, અસુરના પ્રાણ હરજો; મારા મામાને મારીને મ્હારૂ, મોસાળ ઉજડ કરજો. ॥ ૪૯ ॥ તમે ન જાઓ તો ચોટલો ઝાલો, હું જઇ મામાને મારૂં ભીમ કહે હું જાવું છું બેટા, એતો નહિ કામ તારૂં ॥૫૦॥ એમ કહી ચાલ્યો વ્રકોદર, વીચાર કરતો મન; એવે દેવિનું ડેરૂં દિઠું, જઇ કર્યાં દરશન. ॥૫૧॥ખડખડ દેવિ હસી પડયાં, બોલ્યાં મુખ વચન; મેં તારા ભાઇની ચોરી કરાવી, તને તેડાવ્યો તન. ॥૫૨॥ તારો સાળો મને દુખ દેઇ, અમ્મર માગે આજ;અમ્મર આપું તો અધીમ કરે, ત્રીલોકનું લે રાજ. ॥ ૫૩ ॥ એવા અસુર જાતિને તો, અમ્મર કેમ અપાય; ભીમ કહે આપવું નવ જોઇએ, ઓરે મારી માય. ॥૫૪॥ દેવિ કહે આપું નહીં તો કેડા લેઇ કરે કેહેર;માટે તુજને તેડાવ્યો છે, પાપીને મારવા ઠેર. ॥ ૫૫ ॥ લાંબી વાતો પછી તું કરજે, પેલો કોટમાં જાને;જઇને વ્હેલો આવજે તુ મળી આવ તારી માને. ॥૫૬॥ એવું સાંભળી ભીમ ચાલ્યો, કરતો દોટા હડીઓ;વજ્રકોટ દેખીને કુદ્યો, ઉછળીને મહી પડીયો. ॥૫૭॥ ચાર ભાઇ બાજી પડયાને,કુન્તા કહેતું કયાંથી; ભીમ કહે ઓ માતા મારી,આવ્યો જાત્રામાંથી ॥૫૮॥ કુન્તાજી કહે બળી જાત્રા, નાશી જા તુતને;રાક્ષસહમારૂ ભક્ષજ કરે, તને થશે વીઘન.॥૫૯॥ બેટા તું હઇશ જીવતોતો;કરીશક્રીયા હમારી;માટે હઇથી તું ઝટ જા નાશી, કરે પ્રભુસાહ્ય તારી. ॥૬૦॥ ભીમ કહે મા ધીરજ રાખો, કરૂં જીવાડવા પેર; ભક્તી કરી મને શક્તી અપાવો;દુષ્ટને મારૂં ઠેર. ॥ વળણ ॥ એમ કહીને ચાલીયો, દેવીને દરબાર; વલ્લભ કહે મહી પેશીને, બંધ કર્યાં બે દ્વાર.

કડવું ૮૩ રાગ રામગરીની છાયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ દેવીના દેરાનાં દ્વારજ દીધાં, સાંકળ ભોંગળ દેઇ;પછી પુછવા લાગ્યો શક્તીને કહો તે કરૂં ખુસી લેઇ, ॥૨॥ દેવી કહે બેટા દઇતને મારો, એનાં કુકર્મ અઘોર; ભીમ કહે ખાવા મળતું નથી મા, નથી સરીરમાં જોર.॥૩॥સવારની મને ભુખ લાગી છે, શક્તી કહે સ્થીર રહેજે;તને શોધી પાપી આવતો હશે, નઇવેદ માગી લેજે ॥૪॥ભીમ કહે હવે જુક્તી કરીશ મા, નીરવરતી વંત થયો, આનંદ પામીને દેવીના ડેરામાં, લાંબો થઇ સુઇ રહ્યો. ॥૫॥ એવે હેડંબાસુર આ-

વ્યો, દેલ્યાં દેવિનાં દ્વાર;ઉઘેડો માજી હું આવ્યોછું,કહું બધાં સમાચાર, ॥૨૬॥ જીણે શબ્દે ભીમશેન બોલ્યો, ઉઘડશે નહી દ્વાર; તુજ કાજ અમ્મર ભેગું કરૂંછું, ઓ મારા કુંવાર. ॥૭॥ હેડંબાસુર થયો રાજી, માજીપાછો વળીઓ; છત્રીસ લક્ષણાને બહુ સોધ્યો, કો સ્થળે નવ મળીયો. ॥૮॥ જીણે શબ્દે વ્રકોદર બોલ્યો, એતો પડયો બહુ ભેદ; એના વતીનું માગું તેટલું, દે મુજને નૈવેદ ॥૯॥ અસુર કહે માગી લ્યો માજી, કાળજડું થાય ટાહાડું; ભીમ કહે બરોબર ઘીનો સોમણનો લાવ્ય લાડુ ॥૧૦॥ મીઠા મશાલા નાંખજે માંહી, સો બેડાં જળ તણાં, બાકળામા તો લાવજે તું પચીસ મણજ ચણા ॥૧૧॥ અસુર કહે વારૂ માજી,રાજી થઇ ગયો ઘેર;પચીસ મણ ચણાને લાડુ, કરાવ્યો ભલી પેર. ॥૧૨॥ વાજતે ગાજતે નૈવેદ લઇને, આવ્યા દેવીને દેરે; ઓ માતાજી લાવ્યાસામગ્રી,દ્વાર ઉઘેડો આ ફેરે ॥૧૩॥ જીણે શબ્દે ભીમસેન બોલ્યો,નથી ઉઘેડયાનું કામ;બારથી આરતી પુજા કરીને ધાબામાં જાઓ તમામ. ॥૧૪॥ એ ધાબાપર ચઢીને શરવે,અંબે અંબે ભાખો; ધાબામાં છે ગોખલો તે, નૈવેદ એમાં નાંખો. ॥૧૫॥ પેહેલો લાડુ પછી ચણા, તે પછી રેડો પાણી; મણ ચણા તમે રહેવા દેજો,અંબેના બાકળા જાણી॥૧૬॥ તે મુઠીઓ ભરીને ઉછાળો, કેહેજો કોણ બળવીર; અટલે અમર લેઇને આવું,રાખજો રૂદેધીર. ॥૧૭॥ એવી આપી આગના તવ, દ્વારે કર્યું પુજન; આરતી ઉતારીને ચાલ્યા ધાબા ઉપર સહુજન. ॥૧૮॥ ઘંટ વગાડે ચીચીયા પાડે, માતાજી અમર દેજો; નૈવેદ ગોખમાં નાંખીએ તે, છત્રેશ્વરી મા લેજો. ॥૧૯॥ ભીમે જાણ્યું ભોમી પડશે, તો કચરાળા થાશે;હાથે લેઈ ખાતાં વાર લાગે, બહુ વેળા વહિ જાશે ॥૨૦॥ એવું જાણી ઉભો થયો; પ્રાક્રમ સોધી કહાડયું; લંગોટું ઢીલું મોઢું વ્હીલું,કરીને ગોખલે માંડયું. ॥૨૧॥ તવ અસુરે ટોપલા લીધા, અંબે અંબે ભાંખે;ભોગ લેજો મા ભોગ લેજો મા, કહી કહી લાડુ નાંખે. ॥૨૨॥ તેવાજ એના મુખમાં પડે, ભીમને ભલા ભાવે; ગળામાં પડે તેવા ગળે,દંત દેઈ નવ ચાવે. ॥૨૩॥ એમ જમ્યો સોમણનો લાડુ, કાંઈ રહી નહી મણા;પછી ટોપલે ટોપલા લેઇ, ગોખમાં નાંખ્યા ચણા. ॥૨૪॥ તે ચોવિશ મણ ખાઈ ગયો,નૈવેદ ભલેરૂ જાણી;પછી અસુર લોકે રેડયું,પીધું સો બેડાં પાણી ॥૨૫॥ પછી જે મણ ચણા રહેલા, તેની મુઠીયો વાળે;કોણ બળવીર,કોણ બળવીર કહી કહીને ઉછાળે॥૨૬॥ સુત સતિનો ખાઇ પી રહયો,દેવીને પડયો પાય; કહે હવે આજ્ઞા શીછે, ઓરે મહારી માય.॥૨૭॥ દેવીકહેદીકરા યુધ કરી, મારો દુષ્ટનેઠેર, ભીમ

કહે યુધ કરતાં હારૂં, ત્યારે શી કરવી પેર ॥૨૮॥ દેવી કહે વઢતાં હારેતો આવજે લૈ અનુકુળ;આવીને પાછો જૈ થજે શામો;આપીશ હું તરસુળ ॥૨૯॥ ભીમ કહે વારૂ મંમાયા, જૈ ઉઘેડયાં દ્વાર;હું છું બળવીર હું છું બળવિર, કહીને નિકળ્યો બ્હાર. ॥૩૦॥ આવો ધાબામાંથી ઉતરો હેઠા, લેવરાવું અમર બાધા;હું છત્રી લક્ષણો નર આવ્યો;લાડુ ને ચણા ખાધા ॥૩૧॥ જોઇને અસુર વિસ્મય પામ્યા, આતે ખાનારો કેવો; અમરવાળી કયાં ગઇ દેવિ,આતો નીકળ્યો દેવો, ॥૩૨॥ રાક્ષસ રાક્ષસણીયો બહુ બીધાં,કાળજાં નથી કાઢાં;ધાબામાંથી પડતાં મુકી, જીવ લૈ લૈને નાઠાં.॥૩૩॥ એકલો હેડંબાસુર રહ્યો, એતો અતી ક્રોધે ચડીયો;કમ્મર કશીને દંત ડશીને ધાબા ઉપરથી પડીયો. ॥ ૩૪ ॥ ભીમના સનમુખ એતો ઉભો, કીધી કરાડી કેવિ; કોણ છે તું કોણ છે તું, ભીમ કહે હું બનેવિ. ॥૩૫॥ અસુર કહે બોલ વીચારી, ખાધા તેં મ્હારા લાડુ, નથી માલ હરામનોતે, જોને સુંસરા કહાડુ. ॥ ૩૬ ॥ વળણ ॥ લાડુ કહાડુ સુંસરા, જોતું મ્હાહરા હાથ; વ્યાસ વલ્લભ વાણી વદે, ભીમે ભજ્યો ભીમનાથ. ॥

કડવું ૮૪ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન;બંને યુધના કર્યા મનસુબા, દંત પીસી સામા સામી ઉભા. ॥ ૧ ॥ શોભે બે જણ જુગલ જોડા,જાણે ગડ લંકાના ટોડા; બેઉ બળીયા સુરાના સાથી, જેવા ઇંદ્રના ઘરના હાથી. ॥૨॥ જાણે પાતાળના કાળા નાગ, જેવા વગડાના કેશરી વાઘ; રાતા તાતા બે મદના ભરેલા,જાણે હાંડ ચોમાસુ ચરેલા, ॥૪॥ ધાર્યું યુદ્ધ કરવું આરંભ,સામાસામી ઠોકે બેઉ ખંભ, એક એકપર ખુંનસ કરતા દાવ જોઇ જોઈ ડગલાં ભરતા.॥૪॥ પછી મેઘની પેરે ગાજ્યા, દોટ મુકી લથ્થાબથ્થી બાજ્યા; એક એકને મારે ધીક, કરકડે પાંસળાં આવે હીક. ॥૫॥ નાંખે મોઢાની કારમી ચીસ, લડાડે ખભા શીશેશીશ; દયા દલમાં ન રાખે લેશ, એક એકના ઝાલે કેશ. ॥૬॥ કરે ગડદા પાટુના ભડાકા, ભાગે હાડ તે થાય કડાકા; હેડંબાસુરની જે નારી, જુએ મેહેલમાંથી બેઠી બારી. ॥૭॥ બેઉને પરશેવા ઉતરે દીલે, ભીમ ગડદા વજ્જર પાસે ઝીલે ભીમ મારે તેમાં નહિ ભુલ, પણ અસુરને મન અડયું ફુલ. ॥૮॥ બાજ્યા બરાબર જેવા પાડા, પગે પડયા પરવતમા ખાડા; લઢતા વડતા ને પડતા ધરણ, આંટી છુટીથી ફેરવે ચરણ. ॥ ૯ ॥

એવે પાપીનું પ્રાક્રમ ચાલ્યું,ભીમના પગ વચ્ચે શીશ ઘાલ્યું; ઉપાડીફેં
કી દેવા ખેલ કીધો, ભીમે કટી ગ્રહી ઉચકી લીધો. ॥૧૦॥ ઉંધો ઉચ-
કયો આણી મ્હોટી ઘાંટી, પાપીએ ગળે નાંખી પગ આંટી, એટલેબેઉ
જણા અડબડીયા, ગભરાયાને ધરણ પડીયા ॥૧૧॥ પડી ગડબડીને ઊ-
ભા થાય, કોઇ પાછા પડી નવ જાય; એવે વઢતાં બેઠો દુષ્ટ ધરણ, દાવ
જોઇ ઝાલ્યા ભીમના ચરણ ॥૧૨॥ ઉચકી માંથે ફેરવી નાંખ્યો હેઠો, હે-
ડંબાસુર રૂદીયા પર બેઠો; દુષ્ટ દયા દલમાં નવ ધારે, મ્હોમાં ધુળભરિ
ગડદા મારે ॥૧૩॥ અલ્યા આ મોઢે ખાધા લાડુ, ચણા સહીત સુંસરા
કાહાડુ; એમ કહી ગળે દીધો નખ, ભીમનાં ઉંચાં ચડીયાં ચક્ષ ॥૧૪॥
નસો તણાઇ દબાવ્યા ટોટા, મ્હોડે આવીયા ફેંણ ફીસાટા; એનો જીવ
રહયો નહી હાથ, તે તો જાણીયું દ્વારીકાં નાથ ॥૧૫॥ રાગ દોહરાની
ચાલનો ઢાલ * ॥ દીનાનાથે વાત જાણી, વેણ શેદેવનું નડશે; રખેને એ
ભીમ મરે તો, મ્હારે મરવું પડશે ॥૧૬॥ એવું જાણી દયા આણી, પ્રભુ
ન જાય ચુકી; પોતાના સામ્રથ તણી એક, કળા ભીમમાં મુકી. ॥ ૧૭॥
તવ ભીમશેનને જોર આવ્યું, મારો મારો ભાખ્યો. પગની આંટી દુષ્ટને
દીધી, ગગન ઉછાળી નાંખ્યો ॥૧૮॥ પાપી ઊંચો ઊછળ્યો કે, ઊઠીના
ઠો ભેમ: છત્રેશ્વરીને જૈને નમ્યો, માતાજી કરૂ કેમ ॥૧૯॥ દેવી કહે ડ-
રતો નહી બેટા, લે મ્હારૂં ત્રીસુળ જા જને માર્યે ચાપીની રૂદે, જાશે સમુ
ળુ મુળ ॥૨૦॥ એવામા ઉંચેથી હેઠો, હેડંબાસુર પડીયો; ત્રાસુળ લૈ
ભીમ નીકળ્યોએ, મેઘ નાદે ગડગડીઓ ॥૨૧॥ પાપીયે દીઠો ત્રીસુળસા
થ, અતી થયો ઉચાટ; જાણ્યું કે આ છત્રેશ્વરી દેવી, ઘડાવે મારો ઘાટ;
॥૨૨॥ એમ જાણીને નાસી જવાનું, મન પાપીએ કીધું; એટલામાં ભી
મે દોટ મુકી છાતીમાં ભોકી દીધું ॥૨૩॥ ત્રીસુલ તરેહવાર ભોંકાયું,
પ્રાણુજ ઉંચો ચડીયો; શુદ્ધિને શકતી ગઇ શરીરની ઢળીને હેઠોપડીયો
॥૨૪॥ તેવો ભીમે પગ પાપીનો, પગ તળે દાબી રાખ્યો; બીજો ઝાલ્યો
હાથમાં ને, ઉભો ચીરી નાંખ્યો ॥૨૫॥ પછી પોતાની મટી ઉદાશી,
જીવ નીરવરતીમાં પેઠો; હાથ હાથ જીભ્યા બ્હાર નિકળે, સ્વાસખાવાને
બેઠો ॥૨૬॥ એટલે હેડંબાસુરની નારી, બારીથી ઉતરી ધરણ; જોજે
જાડા મ્હારા સ્વામીનું, તેં તો કર્યું છે મરણ ॥૨૭॥ પણ સો બંધવની
બેન હુ છું. તારિ ગતિ કરૂ માઠી; બ્હેરે બ્હેર લેઉ તો ખરી, એમ કહીને
નાઠી ॥૨૮॥ ભીમને તો સ્વાસ માતો નથી, છોને બોલિ ગઇ નાર; એવે
પરવત પરથી પડીને, નાઠો અસુર પરીવાર ॥૨૯॥ પછી ભીમને સ્વાને

સ વળીયો, ગયો દેવીની પાસ; હ્યારે માતાજી ત્રીસૂળ તમો, દુષ્ટનો કીધો નાશ ॥૩॥ વલણ ॥ નાશ કર્યો મા દુષ્ટનો, લૈ આવું માત ભ્રાત; વ્યાસ વલ્લભ વાણી વદે, પ્રસન થઇ જગમાત.

કડવું ૮૫ રાગ સખીની ચાલ.

વૈશમપાયે એણિપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તાર તુજને સંભળાવું, આદ્ય પરવ મહિમાય ॥૧॥ માતને ભ્રાત લેવાને ચાલ્યો, મ્હા બળીયો ચડીચોટ; બળ કરીને ખંભ પછાડી, ચકચુર કીધો કોટ॥૨॥ ચાર ભાઇને કુન્તા માતા, પાચને કહાડયા બ્હાર; છયે ગયા દેવીના ડેરામાં, જૈ કર્યો નમસ્કાર ॥૩॥ એટલે બોલ્યા છત્રેશ્વરી, પોતે હસ્તે મુખ; ધન્ય છે તારા દીકરાને, ધન કુન્તા તુજ કુખ ॥૪॥ જણવો તો હરિજન જણવો, કાં દાતા કાંસુર; ત્રૈણે લક્ષણનો સુત તારો, આશીશ દે મુજ ઉર ॥૫॥ તવ છયે જણ ચરણ લાગી, ત્યાંથી થયા વિદાય; પરવત પરથી ઉતરવું છે, હેડંબા ભણી જાય ॥૬॥ જાતાં ભીમે મન વિચાર્યું સાથે છે માત ભ્રાત; આટલા દહાડા છાની રાખી તે, ઉઘાડી પડશે વાત ॥૭॥ એમ ઘણો મનમાં સરમાયો, થોડો આગળ ચાલ્યો; ગટોરગછને ઉઠાડીને ચોટલો ભીમે ઝાલ્યો ॥૮॥ જા ભેટો તારા કાકાને તારિ, દાદિને લાવ્ય તેડી; હેડંબા ઉભી ઉભી રડે મ્હારૂં, પીયર નાંખ્યું તોડી॥૯॥ એવે ગટોરગછ તેડવા ચાલ્યો, હરખ ઘણેરો ચડીયો; કાકા કાકા ઓ વ્રધ માતા, કહિ જઈ બ્હાજી પડીયો ॥૧૦॥ કુન્તાજી કહે કોણ છે આ, શેદેવ બોલ્યા વચન; શેદેવ કહે માતા તમારા, ભીમસેન તનનો તન ॥૧૧॥ કુન્તાજી કહે કેવારે પરણ્યો, કેમ જુઠું વેણ કહાડે, ઓ મા ગોળ ધાણા વેંચવાનું, કહ્યું હતું તે દાડે ॥૧૨॥ કુન્તાજી કહે બાર માસ થયા, કેમ વધે ઘર સુત્ર; દ્વાદસ માસમાં આવડો મ્હોટો. કયાંથી હોયે પુત્ર ॥૧૩॥ શેદેવજી કહે સુત માયાવી, નાહાનો ને મ્હોટો થાય; ગટોરગછ કહે સાચી છે વારતા, ઓ મ્હારી વ્રધ માય ॥૧૪॥ એવી રીતે વાતો કરતાં, સરવે આવ્યા ચાલી; બે ભુજે ભીમે કેશ ગ્રહેલા, બેઠો છે નીચું ઘાલી ॥૧૫॥ ચારભાઇને પાંચમી માનું, વહુ જોવા મન મોહ્યું; હેડંબા ઊભા શરિર તેનું વાંકા વળીને જોયું ॥૧૬॥ અરજુન કહે ભીમ વીરા કોણ ઊભી આ નારી; ભીમ કહે શું જાણીને પુછે, છે એતો વહુ મ્હારી ॥૧૭॥ સહદેવ કહે વાઘેણ કહીતી, તે આ વાઘેણ વનવશી, કુન્તા

કહે આ વહુકે વહુડો; કહી પડયાં સૌ હશી. ॥૧૭॥ કુન્તાજી કહે શાબાશ બેટા, તુજ લાયક છે નારિ; ભીમ કહે હવે ઉતરો હેઠાં, મુકો મશકરી મ્હારી. ॥૧૮॥ ડોશી કહે શી રીતે ઉતરવું, ગટોરગછ કેહેડ બાંધે; આવો માતા હું ઉતારૂં, કહીને લીધાં ખાંધે ॥૧૯॥ વાળને વલગી ઉતર્યો હેઠો, હેડંબાનો તન; નીચે મુકી પાછો ચઢીયો, ઉંચો ત્રણ જોજન.॥૨૦॥ પછી ખાંધે લીધા ધરમને, બહુ જોરાવર કાહાવ્યો; નીચે ઉતરી કુન્તા પાસે, મુકીને ઉપર આવ્યો. ॥ ૨૧ ॥ સદેવ નિકુલ અરજુન તે ઉતર્યા પોતાને આપ; ભોમી ઉભા હેડંબાને જુએ, ભય ભાસે ઓ બાપ. ॥૨૨॥ ગટોરગછે ચોટલો ઝાલ્યો, ઉતરી પડો તાત; તવ ભીમ બળીયો તર્ત ઉતર્યો, વરને જુએ માત ભ્રાત. ॥ ૨૩ ॥ નીચું ઘાલી ભીમ બળીયો ખણે, કુન્તાનો વિસ્મય હોતી; હેડંબા સામુને ભીમના સામું, વારમવાર એ જોતી. ॥૨૪॥ એવે ગટોરગછ હેડંબાને, ગળે બાજી વદયો વાણી; ઓ માતા કામ પુરાગુ થયું, હવે થઇ જા ન્હાની.॥૨૫॥ તવ હેડંબા સુક્ષમ બની, મહા રૂપવંતી રાણી; રડતી કુન્તાને ચરણે લાગી, લજ્યા જેઠનિ તાણી. ॥૨૬॥ કુન્તાજી કહે કેમ રડે છે, નેત્ર ભરે છે નિર; હેડંબા કહે ઉજડ થયું, પીયર મુઓ વિર ॥ ॥૨૮॥ તમારા પુત્રને પહેલું કહ્યું તું, લાવો મા ભાઈ ઘેર; તો કહ્યું માન્યું નહીને મહારૂ, ઉજડકર્યું પીયર ॥૨૮॥ કુન્તાજી કહે થવા કાળે, થઇ ગયું વહુવારૂ, હવે મીથ્યાશોક કરીને, કાળજું બાળે તહારૂં. ॥૨૯॥ હેડંબા કહે કોણ દુજાતી, પીયરનું ભુડું ધારે; સલામાં રહિને ભાઇ મરાવ્યો, લાન્છન આવ્યું મહારે. ॥૩૦॥ જગતમાં શું મોઢું બતાવું, ભીમ કહે સુણ ગોરી; તારો ભાઇ મુઓતો ભલે કેમ કરી ચોરી.॥૩૧॥ ગટોરગછ કહે ઠીક થયું, હવે તો ચાલો ઘેર; હેડંબા કહે એને માર્યામાં, થયું વધારે વ્હેર. ॥ ૩૨ ॥ માટે દીયર જેઠને સાસુ, ચાલો મ્હારે મુકામ; મન ભમ્યુને ભીમ બોલ્યો, નહી આવે તુજ ઠામ॥૩૩॥એછે હરીજન રહેશે વનમાં,ફળફળાદિક ખાશે;સંસાર સુખમાં એ નવ આવે, ગોવિંદના ગુણ ગાશે. ॥૩૪॥ હેડંબા કહે વ્હેર વધ્યું છે, ફરીથી ચોરી થાશે; ભીમ કહે કોણ ચોરી જનારૂં,ચોરાશે તોસાધાસે॥૩૫॥ એવા આંકા ભીમે વાળ્યા, બોલ્યાં કુન્તા સતી; ઓ વહુ સાચી વારતા છે.અમે તો આવતાં. નથી॥૩૬॥મનમાં તો મહા માઠુ લાગ્યું,જવા રહ્યાંતાં ઝંપી;ભીમ સરોવરપર તેડી ગયો,ઝુંપડી ત્યાં બાંધી આપી ॥૩૭॥જાવું છું માતા ફળ મોકલુ છું,ઉદરક્ષુધા તમારી;હું કહી નાવું ને દહીત આવે, ચીંતા ન કરશો.મ્હારી॥૩૮॥ કુન્તાજી કહે જાવો બેટા, આવજો પાલવે

ત્યારે; દયા કરી ફળ મોકલી દેજે, પેટ છે પાપી અમારે ॥૩૯॥ વારૂ વારૂ કહિને ભીમ ચાલ્યો, ભય કુવામાં નાંખ્યો, હેડંબા વનમાં જઇ બેઠો, એક અસુરને ભાખ્યો.॥૪૦॥જો લ્યા મ્હારાં મા ભાઇને ત્યાં,જાવું પડતું તું મ્હારે;અહંમેશ ફળની ઝોળી ભરીને,ત્યાં આપી આવવાં તારે॥૪૧॥ એવી આગના કરીને રહ્યો, વાયુ તણો સંતાન; પ્રથમ પસ્તાયો હતોપણ, ભુલી ગયો બધું ભાન. ॥૪૨॥ ખાય છે પીયે છે ખુશી રહે છે, ચીંતા ધરે નાહ રતી; દહિત સંગે ફળ મોકલે છે. પોતે તો જતો નથી. ॥૪૩॥ એવામાં જે નાઠેલી હતી,હેડંબાસૂરની નારી, કબીરાપુર વિશે પરવરિ. રૂદન કરતી ભારી.॥૪૪॥ દરવાજે ચુડી કરમ કીધું,રડતી ચાલી ગામમાય, શેવક લોકોએ બેહેન જાણી, હાથગ્રહી લઈ જાય. ॥૪૫॥ તેડી લાવ્યા રાજ મ્હેલે નેત્ર વહે છે નિર; વીધવા દીઠી બેનને તવ,આવ્યા સોયેવિર ॥૪૬॥ ઓ મારી ભગની શો લાગ્યો અગ્નિ, રંડાપો લઇ આવી, હેડંબા-સૂરની નારી કપીલા,બોલી અતિ ક્રોધ લાવી.॥૪૭॥ છત્રેશ્વરીએ અમ્મર દેવા, પાંચ પુરૂષ મંગાવ્યા; તારા બનેવિ હેડંબાવન જઇ, ચાર જણાને લાવ્યા. ॥૪૮॥ તેનો પાંચમો ભાઇ હતો તે, છાનો આવી નગ્ર પેઠો; કો ન જાણે એમ દેવિના દેરામાં, દેવિ થઇને બેઠો.॥૪૯॥ સોમણ લાડુ ચણા ચોવિમણ, ખાઇને પીધું પાણી; નૈવેદ માગ્યું તેવું દીધું, અમે તો દેવિ જાણી. ॥ ૫૦ ॥ એટલું ભક્ષ કરી જઇને, દારૂણ દૈવત દાખ્યો; તમારા બનેવિના પગ ઝાલી, ઉભો ચીરી નાંખ્યો. ॥૫૧॥ તે જોઇને હું નાશી આવીછું, સમ સોગન મે ખાધા; વેહેરજ લ્યો તો વિરલા મ્હારા; નહિ તો મારે અન્ન બાધા. ॥૫૨॥ સાયે કબીરા સાભળી કોપ્યા, ક્રોધ થયો ભરપુર;મોહોટો બંધવ બોલી ઉઠયો,નામ કદંબાસૂર. ॥૫૩॥ ઓ મ્હારી બેની અન્નજળ લેને,આજ રાત્રીએ જાવું;બતાવે તેનું ઠેકાણું તો,ચોરી કરી હાંઇ લાવું. ॥૫૪॥ કપીલા કહે નણંદ મ્હારી, એનું હેડંબાવન; તેનાથી પશ્ચીમ દિશામાં છેટે એક જોજન. ॥ ૫૫ ॥ સરોવર પર ઝુંપડી વીશે, હશે એનાં માતને ભ્રાત; તમે લાવશો એટલે આવશે, શોધતો એ પરભાત.॥૫૬॥ કદંબાસુર કહે ઓરે બેની,આજ રાત્રીએ જાવું;કપીલા કહે ઝુપડી લાવો, ત્યાર પછી અન્ન ખાવું. ॥૫૭॥ એમ કરતાં રૂજની પડી, એવે ગઈ મધરાત; કદંબાસુર તૈયાર થયો, ભાલો લીધો હાથ ॥૫૮॥ વલણ ॥ **ભુજ વિશે ભાલો ગ્રહયો, ચોરા કરવા જાય; વ્યાસ વલ્લભ કહે કથા, સાંભળજો શ્રોતાય, ॥**

કડવું ૭૬ રાગ રમણ રેકતાની ચોપાઇ.

બોલ્યા બોલ્યા, વૈશમપાયે વચનરે;સાંભળ સાંભળ, જનમેજે રાજનરે. ॥૧॥ ભાલો ઝાલ્યો ચાલ્યો કદંબાસુરરે; વાયુ વેગે વહે છે વન ભરપુરરે.॥૨॥કપીલાયે જેવી નિશાની દીધીરે;તવી રિતે, ઝુંપડી શોધી લીધીરે.॥૩॥ઝુંપડી પાસે, બેઠો એ કરવા તપાસરે; કાંન માંડીને, ઓળખ્યો ઉંઘતાંનો સ્વાસરે. ॥૩॥ ઝુંપડી છાતિ, સરશી રાખી જોર માંડયું રે, પર્ણકુટીકા સહીત ભોમી ડગળું કહાડયું રે. ॥૫॥ હાલે નહી કે ચાલે નહી એમ લીધીરે, ડાભી મુછને, વાળે તે ટાંગી દિધીરે, ॥૬॥ પછી ગયો, વાયુને વેગે ઘેરરે; કબજે કીધી, કોટ વીશે ભલ્લી પેરરે. ॥ ૭ ॥ જૈને કહ્યું,કપીલા પ્રત્યે વચનરે; લાવ્યો જુંપડી,તવ ખાધું એણે અન ॥૮॥ એવી રાત્રા, વિતીને વ્હાણું વ્હાયરે; ફળ આપવાને, ઝોળી લઇ દહિત જાયરે ॥ ૯ ॥ સરોવર આવ્યો, જુંપડીને સ્થળ દિઠો ખાડરે; જેને ભીમને કહ્યું પાછી પડી ધાડરે. ॥૧૦॥ ભીમસેન બોલ્યો, સાંભળ હેડંબા ગોરીરે;પાછી થઇ મ્હારાં મા ભાઇની ચોરીરે ॥૧૧॥ નારી બોલી,હવેતો ફરો અરાપરારે;આ વેળા જઇ.લૈ આવો ત્યારેતો ખરારે॥૧૨॥ ભીમ કહે તું, બતાવ્ય કોણ લેવાવાળારે; નારિ કહે, તમારા સાળાના સાળારે. ॥૧૩॥ ઉત્તર દીશા, માંખણીયા પરવત પારરે; દસ ગૌ છેટે,શો ભાઇ સુરા સરદારરે. ॥ ૧૪ ॥ મ્હારા રંક, બંધુને માર્યો ઠેરરે;મા ભૈ લાવો જઇને એવાને ઘેરરે ॥ ૧૫ ॥ એ સો ભાઇને, શીવ તણું વરદાનરે; અમ્મર કીધા, તેથી ઘણા બળવાનરે. ॥ ૧૬ ॥ વલણ ॥વરદાન એમને શીવનું,તેથી છે બળવાન;વ્યાસ વલ્લભ એમ ઓચરે,પુછે સતિ સંતાન.

કડવું ૭૭ રાગ ધવળ ધન્યાસરી.

બોલ્યા વૈશમપાયે વચનજી,સાંભળ જનમેજે રાજનજી; ભીમ પુછવા લાગ્યો એમજી, શીવે અમ્મર કીધા, કેમજી. ॥ઢાળ॥ શીવજીએ કેમ અમ્મર કીધા, ન જોઈ અસુર જાત; હેડંબા કહે સુણો સ્વામી, કહુમાંડીને વાત. ॥ ૧ ॥ એક જનેતાને શો પુત્રો, ન્હાના હતા જ્યારે; ગામ ભાગોળે શીવનું દેરૂં, નીત્ય જતા ત્યાં ત્યારે. ॥ ૨ ॥ નંદીપર જઇને બે સવાતા,નડારૂં નઠારૂં ભાંખે;પાર્વતી ઉપર ને શીવ ઉપર, નીચી વસ્તુઓ નાંખે. ॥ ૩ ॥ ઘણે દહાડે માહાદેવ બોલ્યા, કેમ નડો છો તમો; કબીરા

કહે અમ્મર થાવા, આ કૃત્ય કરીયે અમો ॥૪॥ માહાદેવ કહે અસુર તમે માટે અમ્મર નવ થાય અમ્મર જેવું વરદાન આપુ, જો હોય તમ ઇચ્છાય.॥પ॥કબીર કહે વરદાન આપો, શંભુ કહે ચીત ધરો; ગામની દશ ગાઉ ફરતા તમો, કોના માર્યા નહી મરો. ॥પ॥ બ્રહ્મા વીષ્ણુ કે હું મારૂં,પણ મરો નહી કોય; ભાગોળમાં આ વાવ્ય તમારી, તેમાંજ મ્રત્યુ હોય.॥૭॥તે વાવ્યમાં કોઇ નાંખી દેતો,જાય તમારા પ્રાણ;તે વીના તમે અમ્મર જેવા,એમ વધા શીવ વાણ. ॥ ૮ ॥ ભીમ કહે ભલો ભેદ જાણ્યો,શીવે રાખી મ્હોત જગો;એ વાવ્યમાં સોએને નાંખુ,દાવ જોઇ દેઉ દગો ॥૯॥ હેડંબા કહે પાય પડું છુ, મુકીદો મુમત વાત; આ ફેરા જાશો તો વીઘન થાશે,નહી મળે માત ભ્રાત. ॥ ૧૦ ॥ ભીમ કહે નહી મળેતો મરશુ,મ્હારે જીવી શું કરવું;પતિ રહુ નહી મા ભાઇ વીના;નીશ્ચે કામ આદરવું. ॥૧૧॥ પછી ભીમે મન વીચાર્યું, શીવ જોગેશ્વર ભુપ; તેથી કબીરા જોગીને માને, ધરૂં જોગીનું રૂપ ॥૧૨॥ એમ વીચારી ઉભો થયો,હેડંબાનો નાથ;ગટોરગછ કહે પીતાજી, આવું તમારી સાથ. ॥૧૩॥ હેડંબા કહે નાંરે બેટા ન રહે મુજને સાતા; ગટોરગછ કહે રહે છાની; ઓરે શંખણી માતા. ॥૧૪॥એમ કહીને એ ત્યાર થયો, બાપ બેટે ખેલ કીધા;જોગીનો વેશ ધારણ કરવા, અડબંગ બાંધી દીધા. ॥૧૫॥ લંગોટ વાળ્યા કસકશીને; ભસ્મ શરીરે રોળી; ચંદન ચોપડયું મોઢેને માથે. ખાંધે ભરાવી ઝોળી. ॥ ૧૬ ॥ ઝાલ્યા સોટા તુંબડા મ્હોટાં, બાપ બેટા બેઉ જાય,નીશાની બતાવી તે પરમાણે,ગયા ગામની માય. ॥૧૭॥ઢોંગ લગાવે અલક જગાવે,ભાવની ભીક્ષા માગે,આપવા આવેતો નથી લેતા સહુ લોક ચરણે લાગે ॥ ૧૮ ॥ ભીમને કામનું નથી માટે, લેવાનો પ્રેમ ન વ્યાપે;અનાડી જગત ન લે તેને દે,લે તેને નવ આપે. ॥૧૯॥ લે નહી તેમ વધારે માને, પરાણે જૈ જૈ આલે; પાકા પાખંડી થોડું ગ્રહે નહી તો સામટુ ઘર ઘાલે. ॥ ૨૦ ॥ ઘર ઘાલવા ભીમશેન આવ્યો છે, દરસણને લોક જાય, ચાલ્યા ચાલ્યા કબીરા કેરી, ગયા સભાની માંય ॥ ૨૧ ॥ સોયે ભાઇ ઉદાશ બેઠા છે,આવ્યા જોગી પાવન,ઉઠી સરવે મોઢેમાન્ય દિધું,ઉઠી આપ્યું આસન. ॥૨૨॥ પદમાસન વાળ્યું જોગીયે, નાશીકા ગ્રહી હાથ; જાણ્યુ કે જોગી શું કરે છે, જોઇ રહ્યા સહુ સાથ. ॥ ૨૩ ॥ થોડી વારે નાશીકા મુકી બોલ્યો વ્રકોદર મુખ;સુનો બચ્ચા સો બંધુકુ, હુઆ અંતર દુખ. ॥૨૪॥ સાંભળીને એક કબીરો બોલ્યો, શું દુખ હશે મ્હારાજ; ભીમ કહે સબ સુનો બચ્ચા, સબ કહે દેગા આજ. ॥૨૫॥ એમ

કહીને નાક ઝાલ્યું, મુકયું બીજી વાર; ભેણ તુમારી વિધવા હુઇ, કષ્ટી એજ અપાર ॥૨૬॥ તુમારા બનેવી ચોરી કરકે, પાંચ જીવોકું લાયા; છઠ્ઠા જીવે છેતર પંડીસે,લડુ ચના ખુબ ખાયા.॥૨૭॥ખાયા પીયા ઓર યુદ્ધમ ચાયા, તુમારા બનેવી મારા; કબીરા ઉઠી પગે લાગ્યા,આ કોઇ જોગી સારા. ॥૨૮॥ ભીમ કહે સબ બેઠો બચ્ચા; સુનો દુસરી બાત; હરામખોર જો માર ગયા હે, ઉનકે લાયે તુમ ભ્રાત. ॥૨૯॥ કબીરા કહે વાતજ સાચી, આતો કૈલાસભુપ; ભીડ વેળા ભોળાનાથ આવ્યા, ધરી જોગીનું રૂપ ॥૩૦॥ કબીરા કહે શંભુ ભાસો છો, સાચો જવાબ દીજે; ભીમ કહે મુખસેં નહી કહેગા, આપસેં ઓલખ લીજે. ॥૩૧॥ કબીરા કહે કૈલાશ પતી, એજ સ્વયંભુ નાથ; પછી સૌ કહે કષ્ટી કાપો, શત્રુ આવે અમ હાથ. ॥૩૨॥ ભીમ કહે ફીકર મત રખો, કહાં તુમ કુલ દેવ્યાય; કબીરા કહે ગામ ભાગોળે, કુળદેવી વાવ્યમાંય. ॥૩૩॥ જોગી કહે બાવડી પર ચલો,દેખો દેખાવે રંગ;બાજતે ગાજતે છત્ર છાજતે, હમકુ લે ચલો સંગ. ॥૩૪॥ વા જાકે એક મંત્ર દેવે, ઉસકા કરોઅભ્યાસ; સવાસો મંત્રકા જાપ જપો જબ, શત્રુ આવેગા પાસ. ॥૩૫॥ કબીરા કહે ખોળવો મટયો, થૈ જઇએ તૈયાર; હરખ ભરાયો અધિ ઘણો તે,વાજીંત્ર લાવ્યા અપાર. ॥૩૬॥ જે જેને જેવી ઉલટ આવી, તેવું તેવું તે લાવ્યા; વાવ્ય થકી તે સભા સુધી, મારગ સાફ કરાવ્યા. ॥૩૭॥ અતરના છંટકાવ કીધા, ઉઠો હવે મહારાજ; બાપ બેટા બે ઉભા થયા; કરવા ધાર્યું કાજ. ॥૩૮॥ અડધી આંખ્યો મીચેલી રાખે, ગુરૂ ચેલા બેબંકા; છત્રીસ વાજાં વાગીયાં ને, દેવાયા ડુંડભી ડંકા. ॥૩૯॥વળણ॥વાગ્યા ડંકા ડુંડભી, ગરગડીયાં નીશાન; વ્યાસવલ્લભ મુખઓચરે,ઘો શ્રોતાજનધ્યાન.

———×○×———

કડવું ૮૮ રાગ ધુમાસની ચાલ.

ડુંડંભી ગડગડેરે, ટેક. બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન;ત્યાંથી ચાલ્યો કુંતીનો તન કે ડુંડંભી૦ ॥૧॥ ગુરૂ ચેલો જોડેજોડે ચાલે,લોક આડું ને અવળું ફાલે,જોગી મસ્તાનો મહીં મ્હાલેકે, ડુંડંભી ॥૨॥ ધીરી ધીરી ચાલે સહુ ચાલ, ઉરાડે છે અબીલ ગુલાલ, વાગે ઢોલ પીપુડીને તાલ, કે ડુડંભી. ॥૩॥ કોઇ ન કરે તોફાન ટંટા, રસ્તે થાય અત્તરના છંટા, વાગે પખાજ કાંશીને ઘંટા, કે ડુંડભી. ॥૪॥ વાગે સુમ વાબું જળત્રંગ, સરોદ સરણૈ મોર ચંગ, ડફ નગારા નરઘાં મ્રદંગ,કેડું-

ડંભી.॥૫॥ કરી જોગીએ વશ દુષ્ટ સ્રષ્ટી, જેની દશે દિશાફરે દ્રષ્ટી,કરેક-
બીરા પુષ્પની વૃષ્ટી, કે. ડુંડંભી ॥૬॥ સરવે જાણ્યું કો નહી જોગી તોલે,
પંથ જાતાં જાતાં જશ બોલે;જોગી જાડો ચાલંતાં ડોલે,કે. ડુંડંભી. ॥૭॥
જેણે મોડે ચંદન લીધું ચોળી, આખે અંગે ભભુત રગદોળી; ડાબી
ખાંધે લળી રહી ઝોળી, કે ડુંડંભી. ॥૮॥ શોભે સુંદર શરીરની છટા,
જોગીની પીતવરણી છે જટા,ઉડીભસ્મ ગુલાલની ગટા;કે ડુંડંભી. ॥૯॥
કબીરાયે જાણ્યા જોગા મોટા, શોભે સુંદીર ભુજમાં સોટા; બાપ બે-
ટાના વજ્ર લંગોટા, કે ડુંડંભી. ॥૧૦॥ જોગીનું ગોરૂં ગોરૂં છે ગાત્ર, ડા-
ભા ભુજમાં તુંમ્બી પાત્ર, નીરખે છબી કબીરા માત્ર, કે ડુંડંભી, ॥૧૧॥
જોગીની જય બોલતા ચાલે, કઇક ચરણની રજ ઝાલે; લેઇ લેઇ માથે
ધુળ ઘાલે, કે. ડુંડંભી ॥૧૨॥ કઇક આળોટે ચરણ હેઠા, નીર્ખે નિર-
બળ જન રહી છેટા; ભીમ કહે કયું ગટોરગછ બેટા,કે. ડુંડંભી. ॥૧૩॥
બેનાં ઉઘાડાં અંગને થાપા,કેહેડે પડયા કંદોરાના કાપા,ગટોરગછકહે શા
બાશ મારા બાપા, કે. ડુંડંભી० ॥૧૪॥ આવ્યા નગ્રની બારણે જ્યારે.
જેજેકાર ઘણો પોકારે, આવ્યા કુળદેવ્યા વાવ્ય કીનારે,કે. ડુંડંભી॥૧૫॥
॥વળણ॥ વાવ્ય કીનારે આવીયા, આનંદ ઓછવ હોય; વ્યાસ વલ્લભ
વાણી વદે, ત્યા ઉભા સઉ કોય

કડવું ૮૯ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજ રાય; વીસ્તારી તુજને
સંભળાવું આદ્ય પરવ મહીમાય. ॥૧॥ પછી બોલ્યા સર્વે કબીરા, હવે
શી આગનાય; ભીમ કહે સો ભાઇ વીના; સૌને કરો વીદાય.॥૨॥ તવક
બીરાયે હુકમ કીધો,સર્વે જાવો ગામમાય નથી રજા માહાનંતકેરી,કોઇ
ન રહેશો હાંય.॥૩॥ એટલે સૌજન ગામમાં ગયા,જોગી બોલ્યા તે વાર;
સોયે બંધુ સાવધ રહેજો આઘાં મુકો હથીઆર. ॥૪॥ એટલે આયુધ આ
ઘાં મુકયાં, ભીમ કહે ત્યાર થાવો;આ વાવડીના થાળા વીશે,કીનારાઉ
પર જાવો. ॥૪॥ આયુષ એમનો આવી રહયો; સુઝ્યા નહિ મનસુબા;
જોગીએ કહ્યું ને ઇશ્વરે કહ્યું જઈ કીનારે ઉભા॥૬॥ ભીમ કહેપચાસ પ
ચાસની,બે ઓળ્યો તમે થાવો; ઉભા રહો હાથ પગ જોડીને.છેકકીનારે
જાવો. ॥૭॥ એટલે ગયા છેક કીનારે,જોડયા હાથને ચરણ; બેઓળે સહુ
ઉભા રહ્યા આવી પેહોંચ્યું મરણ. ॥૮॥ ભીમ કહે જુઓ જળના સા-

મું, ડોક્ષી રાખો નીચી; ભીમનાથ ભીમનાથ જપો જીભે નેત્રજ દેજો મી ચી ॥૯॥ કરાવે તે રીતે કરે સેરવે, જેમ જોગી કહે તેમ; જેમત નામને એક કબીરો, તેને પડયો પેટ વ્હેમ ॥૧૦॥ જેમત કહે આંખો માચીને શું પડવું તે માંઇ; એમ કહીને પાછો ખસ્યો ઉભા રહીશું હાંઇ, ॥૧૧॥ તવ જેમતને ઠબકો દેવા, લાગ્યા સરવ કોય; જેમત કહે જોગી જાણોછો, કદાપી કપટી હોય. ॥૧૨॥ વાટેલું ઓસડ મુડેલા જતિ, તેની કોનેપરી ક્ષા, સાચો જુડો કેમ જાણીયે, માગી ખાનારો ભીક્ષા ॥૧૩॥ કબીરા કહે આબરૂથી એ, બીહે સંત મ્હારાજ;જેમત કહે લંગોટી વાળી; તેને તેશી લાજ. ॥૧૪॥ લાજ હોયે તો કેમ મુકે સગાં સહોદર ન્યાત; લાજ વાળો કેમ વ્યવહાર મુકે, કેમ મુકે માત તાત. ॥૧૫॥ લાજવાળાને ભગવાન શો ભે, ન નાંખે નારી છોડી; લાજવાળો કેમ વેશજ બદલે લાજમાં અનેરા ખોડી. ॥૧૬॥ એની કયાં ન્યાતછે એનિ કયાં જાતછે,કયાં છે એનો વ્હેવાર: કોનાથી છે સરમાવાનું એને કયાં એનું ઘરબાર. ॥૧૭॥ નીચ હશે કે ઉંચ હશે એ, અજાણે માનિયે મ્હોટો;તેવાની શેવાથી પાપજ લાગે; નિકળે નક્કી ખોટો ॥૧૮॥ સંસારી હોય ગમેતેવો;તેથી પાડીયે કામ; દગો દઇને નાસે તો પણ, કયાં લઇ જાય ઘરગામ. ॥૧૯॥ થોડે દહાડે પણ હાથ આવે, મુડયાને કયાં જઇ ઝાલો; તમેતો ગરદન ઘલાવછો પણ મને કયાં ગરદન ચાલો.॥૨૦॥સર્વેના મનને સાચું લાગ્યું, મ્હારાજ હાં ઉભા રહિશું; ભીમ કહે શું પાંખડી જાણ્યો,ચાલો ચેલાજી જઇશું.॥૨૧॥એમ કહીને બેઉ ચાલ્યા,ચીંતા કબીરાને થાય;હિરો હાથ આવેલો જશેવળી જઇ પડયા પાય ॥૨૨॥ ઓરે મ્હારાજા પાછા વળો, કરો ગરીબોનું કામ; અમારા મનમાં અવળું આવ્યું, માફ કરો તમામ ॥૨૩॥ ભીમ કહે હમ નહિ આવેગા, નહી કરેગા કાજ; ગેટારગછ કહે કરના ચૈયે, ચલો ગુરૂ મ્હારાજ. ॥૨૫॥ પાછો ભામસેન વાળ્યે આવ્યો, ઉભા કર્યા હતા તેમ; આંખો મીચી ભીમનાથ ભજે પુંઠળ ઉભો ભેમ. ॥૨૫॥ સતી સુતે અ ગનિ આરાધ્યો, કાકા આશીશ દેજે; આ એક માના શો આપુંછું. તે તું માની લેજે. ॥૨૬॥ જળમાં તું અગની થળમાં તુ અગની, સઘળે ચેતન તારૂં; એકમાના અણધાર્યા મળીયા; વચન પળાયું મ્હારૂં. ॥૩૭॥ એમ કહીને વ્રકોદરે લાંબા કર્યા બે હાથ; વાયુ સુતે બળ કરીને; ભલી ભી- ડાવી ભાથ ॥૨૮॥ જેમત કબીરો ચેતિ રહેલો, જાણ્યો જોગીને માઠો; બગલમાથી વચકળીને; જીવ લેઇને નાઠો ॥૨૯॥ એટલે ભીમસેન ભ- ડક્યો ઝાઝો, બીજાને ઝાલી રાખ્યા; ઉંચા કરીને હીલોળીને, તરત વા

વ્યમાં નાખ્યા ॥૩૦॥ પડયા જળમાં એકજ પળમાં, કંઈ પડી લાગ્યાત રવા; કૈં જણા ઉપર ચડવા લાગ્યા, કૈં લાગ્યા મહિ ફરવા ॥૩૧॥ ભીમે જોયું કે છે જીવતા સૌ, પછી કેવી બુદ્ધ કીધી; કોટ ફીનારા વાવ્યના પાડી વાવ્યજ પુરા દીધી. ॥૩૨॥ કૈ તરતાતા કૈં ફરતાતા, તે સહુ બેઠા હેઠ, અદ કચરાને આખા રહેલા, તે સહુ પોચ્યા હેઠ. ॥૩૩॥ એક કબીરો જીવતો નાઠો, હસ્તીનાપુર ગયો, દુરિયોધનને ત્યાં જઇને, મલ્લ થઇને રહ્યો ॥૩૪॥ જો એ પોતાને નગ્રે રહીને, કાઢે પોતાનું રૂધિર, તો પાછા થાય જીવતાયે, મુએલા નવાણુ વિર. ॥૩૫॥ પણ ભયનો માર્યો ગયો નાશી, ભીમે કર્યો વિચાર; અગનિનો એક બાકી રહયો તે, મળી જશે કોઇ વાર. ॥ ૩૬ ॥ એમ ધારીને બાપનેબેટા, ગયાગામનિ માંય; રાજમ્હેલ પાસે આવિયાછે, કપીલા બેઠી ત્યાંય. ॥૩૭॥ કલેવરથી ભીમને વરત્યો, કારમીનાંખીચીસ; કયા ગયા ભાઇઓ શત્રુ આવ્યો છે, છેદો એનું શીશ. ॥ ૩૮ ॥ ગેટાર-ગછે દેટ મુકી, આવો મ્હારિ મામી; કેશ ઝાલીને ભોમી પછાડી, તેતો જમલોક પામી. ॥૩૯॥ બે બાપ બેટા નગ્રમાં ફર્યા, ઉજડ કીધું ગામ; કૈં-કને માર્યા કૈંક રહ્યા તે, નાશી ગયા તમામ. ॥૪૦॥ પછી જઈ વજ્રકોટ પાડયો, કાઢયાં મોતને ભ્રાત; તે દાડે ઘેર તેડીને ગયો, ભાશી ભયાનક વાત, ॥૪૭॥ વળણ ॥ ભય ભાસ્યો બહુ ભીમને, આવ્યો હેડંબા ઘેર; ભીમ કહે જો કામની, લાવ્યોછું ભલી પેર.

કડવું ૯૦ રાગ સામેરીની છાયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારિ તુજને સંભળાવું, આધ્યપરવ મહિમાય. ॥૧॥ હેડંબા આખ્યાનનિ કહિ કથા, સાંભળો શ્રોતાજન; કૈંક કહે ભારતમાં નથી હેડંબાનું વન. ॥૨॥ કૈંક કહે કેછે ભારતમાં, એમ વઢે અજ્ઞાનિ: પાંચ પ્રકારનિ ભારત કથા, તેમાંથી કેઇ લેવી માની ॥૩॥ જુજવા જુજવા મત રૂશીના, તેનો ન આવે પાર; તે બધુ જોવાનુ મુરખ જનને, હરિજનને શુભ સાર. ॥૪॥ આ આખ્યાનનો સાર એછે, શું કહુ ભીમની શક્તી; જ્યાંને ત્યાં જય પામીયો તે, સફળ પાન્ડવ ભક્તી. ॥૫॥ ભકતીથી શકતી બહુ પામ્યો, નહિ સુરાતનમાં નુન્ય; દેવોને દુખ દેનારાને માર્યા, તે એક મ્હોટુ પુન્ય. ॥૬॥ અધર્મીનો નાશ કરીને, ધર્મ કરે સ્થાપન; તેને અતી ફળ પ્રાપ્ત થાયે, સુણજો શ્રોતાજન ॥૭॥ સરવે વારતા જાણવી સાચી, ન જાણે તે કહે ખોટું;

ભીસ્મ પરવમાં કહ્યું છે કે, શંકા ધર્યે પાપ મ્હોટું. ॥૭॥ ભર્યો ઘડો છલકાય નાહને,અધુરો છલકાય;ગુરૂથી શીખેલો ગુરૂનું કહેલું મ્હોટો થાવા કહે નાચ. ॥૮॥ તેવાની વાણિ પાપની જાણિ. જાણવો ગુરૂ દ્રોહિ; ગુરૂ દ્રોહીનું અસત્ય હોયે, સત્ય ન માનવું કોઈ. ॥૯॥ ગુરૂ દ્રોહી કહે ગુરૂ તણિ હું, નથી ભણ્યો વિદ્યાય; તો તો ગુરૂના જેવી વાણી, શું કરવા મુંઢ ગાય. ॥૧૦॥ માટે શ્રોતાજન સંદે ન ધરવો, સાંભળો ભક્ત ચરીત્ર; હેડંબાને ઘેર આવ્યાં, કુન્તા ધર્મ પવીત્ર. ॥૧૧॥ હેડંબાએ રસોઇ કીધી. કરાવ્યું ભોજન; ચાર ભાઇને પાંચમી માયે, તે દન દિઠું અન્ન. ॥૧૨॥ પછી ભીમે એમ વિચાર્યું, મ્હારે માથે મોહોટા ધર્મ; વળી વ્રદ્ધ કુન્તા માતા, સહુની રાખવિ સર્મ. ॥ ૧૩ ॥ હાંઈ રહ્યાથી સર્મ નહિરે, રાખવિ જોઇએ બીક; તે કરતાં વિદાય થાવું, તે લાગે છે ઠીક ॥ ૧૪ ॥ એવું જાણી ભીમ બોલ્યો, સુણો જેષા વચન; આપણે હાંઇ પડયા રેહેવું; હજી કેટલા દન. ॥ ૧૫ ॥ શેદેવજી કહે પુછોછો તો, સંદેહ સઘળા ખોઇએ; હવે હાંઈ રહેવું નથી, સાંજે ઉપડવું જાઇએ ॥ ૧૬ ॥ ભીમ કહે છે સાંભળો માતા,કુન્તાજી કહે જાવું;હેડંબા કહે મુને ન ગમે,હું સંગાથે આવુ. ॥૧૭॥ ભીમ કહે સાથે નવ લેવું. તારાથી શો દન વળે; જ્યાં જાવુ ત્યાં તારા જેવિ,હજારો દાસી મળે. ॥૧૮॥ ગટોરગછ કહે હું આવું પિતા, ભીમ વદ્યો વચન; ઘેર જઇ રાજ લેઇશું ત્યારે, તુને તેડાવિશ તન. ॥૧૯॥ ગટોરગછ કહે વારૂ પિતાજી, હેડંબા બોલિ એમ; સાસુજી કોઈ હોય સુખી દૃખી, તે હું જાણું કેમ. ॥૨૦॥ કુન્તાજી કહે ગભરાતિ નાહી, પુરણ પ્રેમજ વાપ્યા; પાંચજ છોડવા દાડમડીના, કુન્તાએ રોપી આપ્યા ॥ ૨૧ ॥ ધરમ ભીમને અરજુન શેદેવ, પાંચમો નિકુળ નામ; કહ્યું કે આ પાંચ પાન્ડવ જાણજે, જો રહે આમને આમ. ॥ ૨૨ ॥ તો જાણજે આવી સ્થિતીમાં, ખીલે છોડવો જેહ; તો જાણજે આજ ઘણો ખુશીમાં, ખીલેલા નામનો તેહ ॥ ૨૩ ॥ જે છોડવો કરમાય તેને, તુતો જાણજે દુઃખી; આવી સ્થીતિમાં આવા જાણજે, ખીલે તો જાણજે સુખી. ॥ ૨૪ ॥ એટલે હેડંબા આનંદ પામી, સાસુનુ પુજન કીધું; ચરણ ધોઇને ચરણામ્રત એક; કુપ્પામાં ભરી લીધું ॥ ૨૫ ॥ એવામાં તો સાંજ પડી; સર્વે થયાં તૈયાર; ભીમે માને માથે બેસાડયાં, તેડી લીધા ભાઈ ચાર ॥ ૨૬ ॥ બે જણ કેહેડે બે જણ ખાંધે, તેડી લીધા ચાર ભ્રાત; હેડંબા ગટોરગછ પાયે લાગ્યાં, એવામાં પડી રાત ॥ ૨૭ ॥ પછી વ્રકોદર ત્યાંથી ચાલ્યો, આડે વગડે જાય, ક્રષ્ણ પક્ષની રાત અંધારી, રૂજની

હમ હમ થાય. ॥૨૮॥ ન મળે મારગ ઝાડને ઝરડાં, ઘણિ ઉગેલી ઘાસ;
ખાડા ટેકરા પાહાડને પરવત, ભયંકર ચોપાસ. ॥૨૯॥ બાવળીયા બી-
હામણા;બોરડીનાં બહુ ઝાડ;એ ખરા ખાખરા સમડા પીલુડા, કાળીયા
સરસને તાડ. ॥૩૦॥ સાદડ સાગ સીસવા સરગવા, સમડા હીંગોરી કાંટા-
ળાં; અઈડુસાને પીતપાપડા,જંગલી ઝાડનાં જાળાં. ॥ ૩૧ ॥ ઉંડાં કોતર
ધરતીની ઘોઘો,તળાવ નદિનાં નાળાં. વેહેળા ખોચો ભુઆ ભોમીમાં,તે
માં પડ્યાં વ્રક્ષ ડાળાં. ॥૩૨॥ રાફડા વીશે સાપ ફુફાટે, અજગર ને નાગ
કાળા;ચીતળા તનછ આંધળી ચાકરણ, ભોરંગ કોડીયો વાળા. ॥ ૩૩ ॥
શસલાં શીયાળ સુવર સાબર,શીકારાં શાવડી; ચંદનઘોયો પાટલાઘોયો
ફુંકાળવાં ફાવડી ॥૩૪॥ વગડાઉ વણીયર વાઘને ચીત્તા, દીપડા રોજને
હરણાં;નાર જરખ ભુંડ રીંછને ગેંડી, સોધે ભોમીપર તરણાં. ॥૩૫॥ ઘુ-
અડ વાગોલ આકાશ પક્ષી, આગીયા તારા તોલે, ચાંમાચીડીયાં ચીચી
ભાંખે, ચીબડી ચરરાટ બોલે.॥૩૬॥ નેત્રે ન સુઝે રાત અંધારિ; ભીમશેન
પંથે ચડે; અડફેટમાં ઝાડ તાડ આવે, મુળથી ઉખડિ પડે. ॥ ૩૭ ॥ કો-
તર ઉતરે ગિરિ ચઢે છે, બળવંત વાયુ તન;હેડંબા વનથી ઉતર દિશા,
ગયો સાઠ જોજન. ॥૩૮॥ એવામાં પ્રાતસ્કાળ થયો, બોલતાં સાંભળ્યાં
સ્વાન;શેદેવજી કહે હાંઇ ઉભારો,આ ભીમ ભૈ બળવાન ॥ ૩૯ ॥ સ્વા-
ન ભસે તે નગ્ર આવ્યું, તેમાં પુરવો વાસ,આ ઠેકાણે સુખ પામીશું. સ-
મરવા અવિનાશ॥૪૦॥ એટલે ભીમે સહુને ઊતાર્યાં, કર્યું સરોવર સ્નાન;
ઊઘડતે દરવાજે ચાલ્યાં,સતીને પાંચ સંતાન ॥૪૧॥ એક ચકરા નગરિ-
માં ગયાં, અંતર ઊલટ આણિ; એક બ્રાહ્મણિ ઓટલે બેસી, કરે છે
દાતણ પાણી ॥૪૨॥ તેને જઇને કહ્યું કુન્તાએ, બાઈ અમ કષ્ટ કાપો, જે
લેશો તે ભાડું આપીશું, રેહેવાનું ઘર આપો. ॥ ૪૩ ॥ આ પાંચે મહારા
દીકરા છે, ઊદ્યોગ માટે આવ્યા; દયાળું તે બ્રાહ્મણી છે, માન્ય દઇ
બોલાવ્યાં ॥૪૪॥ આવોરે બાઈ હું તમ પેઠે, હતી પાંચની માડી; હાલ
મારે એક દીકરો છે, ચાર મુવા દુખ પાડી ॥૪૫॥ પાંચ માટે પાંચધામ
બાંધ્યાતાં, તેમાં ખાલી પડયા ચાર, વસો આ એક ધામ વિશે, ભાડુ
ન લેવું લગાર. ॥૪૬॥ એમ કહી ઉઘેડી આપ્યું, જૈ બેઠાં માત ભ્રાત.
પછી કુન્તાએ પુત્રોની પ્રત્યે, કરિ ઉદ્યોગ વાત. ॥ ૪૭ ॥ કહો બેટા શો
ઊદયમ કરશો, બોલ્યા ધરમ રાય; વીદુર કાકાની તમ કને વીંટી તે
લાવો મુજ માય. ॥ ૪૮ ॥ કો ગ્રહસ્થને ઘેર મુકી આવીને, નાણાં વ્યા-
જે લૈએ, તેનું કાપડ લાવશું ને, વેચીને નફો ખએ. ॥ ૪૯ ॥ તવ

કુન્તાએ તવ વિંટીઆપી,લૈ ચાલ્યા પાંચવીર;ગ્રહસ્થને ઘેર જઇનેઆપી, બોલ્યા ધરીને ધીર. ॥૪૯॥સો રૂપઇઆએ પર આપો, તે દેશું વ્યાજસાથે; ગ્રહસ્થ કહે આ અમુલ્ય વીંટી, ક્યાંથી આવિ તમ હાથે. ॥ ૫૦ ॥ ભીમ કહે નથી દગા ચોરીની,આપીએ ઈશ્વર સાખે;એવાં નીરમળ વચન સુણી, ગ્રહસ્થ વીંટી તવ રાખે. ॥૫૧॥ સો રૂપૈઆ ધાર્યા ગ્રહસ્થે, પાન્ડવે શું કીધું; એંશી રૂપૈયાનું રેશમી કાપડ, વેચવા માટે લીધું, ॥૫૨॥ પંદર રૂપીઆનું અન લીધું, તેનિ ગાંસડીયો બાંધી; પાંચે જણાને પેહેરવાને, પાંચની લીધી ખાદી. ॥૫૩॥ તેના તંગીયા કુરતાં કરાવ્યાં, શીશનાં ફાળીયાં લીધાં;પછી પોતાને મુકામ ગયા,કાપડીના વેશ કીધા ॥૫૪॥ કુન્તાજીએ રસોઇ કીધી, જમાડયા પાંચ તન; પછી ધરમે કાપડ છોડયું, વ્હેપારનું થયું મન. ॥૫૫॥ અડધો અડધ કાપડ કરી, બે ગાંસડીયો બાંધી, કાષ્ટ તણા ત્યાં ગજ બનાવ્યા, તવ બોલ્યો ભીમ આંધી ॥ ૫૬ ॥ ઓ મમ વીરા ઓ મમ વીરા, મને પડયો છે વ્હેમ; કાપડના બે ભાગ પાડી, બાંધી બે ગાંસડી કેમ. ॥ ૫૭ ॥ ધર્મ કહે એક ગાંસડી લેઈ,હું ને અરજુન જાશું;શેદેવ નીકુળજી એક લેશે, નીતીનો નફો ખાશું.॥૫૮॥ ભીમે કહ્યું અમે શું કરશું. હું શું બેઠા ખાનારો; લાવો અમે પણ વ્હેપાર કરશું, મુકો ભાગ અમારો. ॥૫૯॥ ધર્મે કહે અનિતી ન કરશો, કહિ કાઢી આપ્યો ભાગ; પોત પોતાની બાંધી ગાંસડીયો, પેહેરી લીધો પોશાગ. ॥ ૬૦ ॥ વળણ ॥ પાંચે પોશાગ પેહેરીયા, લીધો કાપડી વેશ; વ્યાસ વલ્લભ વાણી વદે, ઉઠયાં સુત નરેશ.

કડવું ૯૧ રાગ સામેરી દોહરો.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ અર્જુન ધર્મે ગાંસડી લીધી, ચાલ્યા વેચવા કાજ;સેદેવ નીકુળ તે બે ચાલ્યા, મુખ કરે અવાજ. ॥૨॥ લ્યો કોઇ રેજા લ્યો કોઈ કાપડ,મુખ થકી પોકારે;ઉત્તર દક્ષણ ગયા એતો, વ્રકોદર વિચારે. ॥ ૩ ॥ ભીક્ષુક પેઠે પોકાર કરવા, ફરવું ઘેર ઘેર; આપણે તો એવું નવ કરવું, કરવી જુદી પેર. ॥૪॥ એમ જાણી ગયો પુર્વ દીશામા, એક ચક્રા નગરિ માંય; એવામાં એક મ્હોલ્લો દિઠો, ભીમસેન ગયો ત્યાંય. ॥ ૫ ॥ માંથાનું ફાળીયું પાથરયું ભોમી; ઉપર રેજા ઢાળ્યા; પછી ભીમે પોકાર કીધો, લોકોએ નજરે ભાળ્યા. ॥ ૬ ॥ આવોરે ભાઇ

રેજા આપુ, સોંઘાને સસ્તા કીધા; ભુલે તેના ભોગ જાણે, મફત લુટાવિ દિધા. ॥૭॥ લોક લાલચું લેઈ લેઇને, વૃકોદરને પુછે; બોલજે કાપડી સાચે સાચું, કીમત આની શું છે. ॥ ૮ ॥ ભીમ વિચારે ધરમરાયે, પાંચનો કહ્યો છે છેક;તે રેજાનો ભીમ બતાવે, કીમત રૂપીઓ એક.॥૯॥ લોકોએ જાણ્યું લાભ ઘણો છે, સર્વે રેજા લઈ લીધા; પોતપોતાયે હીસાબે આવ્યા, તે રૂપીયા દેઈ દિધા. ॥૧૦॥ ભીમે ગણીને ગાંઠે બાંધ્યા, કહ્યું કે સંદેહ ખુઓ; ચોખું આપવું ચોખું લેવું, રેજા તપાશી જુઓ. ॥ ૧૧ ॥ દુર દેશથી કાપડ લાવ્યો છું,નથી મ્હારૂં જોયેલું;ઉકેલીને તપાસો સરવે કાણું કૈડ્યું કોહ્યેલું.॥૧૨॥ તત્ર સરવે લોક જોવા લાગ્યા, ઉકેલી પોળાકી ધા;એટલે ભીમે ઝડપ મારિ,રેજા ઝુંટાવિ લીધા. ॥૧૩॥ બગલમાં મારીને ચાલ્યો, પુંઠે પડ્યા સૌ લોક; મારો મારો છે ધુતારો, પડી પોકાપોક. ॥૧૪॥ જેષ્ટીકાયો ઝાલી દોડ્યા,મારવા લોકનાં ટોળા; ભીમે પાછળ પુંઠ ફેરવિ, દેખાડ્યા મ્હોટા ડોળા. ॥ ૧૫ ॥ હડુડુ લેઇને લોકો નાઠા, ભીમ ગયો દરવાજે; એકાન્ત છે ત્યાં ઓટલો તે, ઉપર જૈ બીરાજે. ॥ ૧૬ ॥ રેજાના નંગે નંગ મેળવ્યાં, પછીથી વિચાર કીધો; એક રૂપીયોને એક ગજ રેજો,વિપ્રને આપી દિધો. ॥૧૭॥ ગડાંઓ ગોઠવિ ગાંસડી બાંધી, મનમાં આનંદ થયો;ઉશીકે મુકી સુત વાયુનો, નિરાતે સુઈ રહયો. ॥૧૮॥ એવે ચાર ઘટીકા દન રહયો,ઘેર ગયા ચાર વિર;તે સમે વૃકોદર ગયો, મ્હા બળીયો રણધિર. ॥૧૯॥ ગાંસડીઓ જઇ ખીંટીએ મુકી, બેઠા પાંચે ભ્રાત, એટલે હિસાબ કરવા માંડયો, પાશે છે કુન્તામાત. ॥૨૦॥ તે વૃધ બોલ્યાં ગાંસડી દેખી,સુણો ધર્મ સુજાણ;એવિને એવિ ગાંસડી ભિમનિ નથી થયું વેચાણ.॥૨૧॥ એવામાં ધર્મે હિસાબ કીધો, પોતાનો તે વાર; મુડીએ મુડી બંધ બેસાડી, નફાના આના બાર. ॥ ૨૨ ॥ સેહેદેવ નિકુળના નવ આના, પછી ભીમને પુછે; બોલો વિરા કેટલું વેચ્યું; નફો તમારે શું છે. ॥ ૨૩ ॥ ભિમ કહે કે રાતો રેજો, એક ગજનું શું થાય, ધર્મે ;કહે કે સવા રૂપૈયો, ભીમે મુકયો ત્યાંય. ॥ ૨૪ ॥ કુન્તાજી કહે ઓછું વેચાયું, શું નફો લાવ્યા સાર, ભીમ કહે લ્યો આ નફો લાવ્યો, મુકયા રૂપૈઆ ચાર. ॥ ૨૫ ॥ ધરમ રાજા વિશ્મય પામ્યા, શી રીતે ચાર લાવ્યો; કહો ના કહો પણ દગો કરિને, કોકને ધુતિ આવ્યો. ॥ ૨૬ ॥ એમ જાણીને પુછવા લાગ્યા, તેં તો નફો ઠીક કીધો; પણ સાચુ કહેજેકે ટલા જણે,એક ગજ રેજો લીધો.॥૨૭॥ભીમ કહે કે દસવીસ જણિયે, જેમ કહ્યું તેમ કાપ્યો;મુગજી મુકવાને લેઈ ગયા, તસુ તસુ ફાડી આપ્યો. ॥૨૮॥

ધર્મ કહે તારા નફા પ્રમાણે, નાણું ન આપે કોય; શું માલ મળતો નથી જગતમાં, શું સર્વે આંધળા હોય, ॥૨૯॥ ભીમ કહે છે મ્હોટા બંધુ, મીઠી બોલીયે વાણ,ગ્રાહક રીજવવાને કરીયે, માલ તણા વિખાણ ॥૩૦॥ધર્મ કહે એ નથી સંભવતું, વીખાણે ભોળવાય કોક;ભીમ કહે હું ગયો જે સ્થળે, ત્યાના ભોળીયાં લોક.॥૩૧॥ ધર્મ કહે ત્રીયે સ્થળ ગયા; બતાવ કાલે જાશું; કેવા છે ભોળીયા લોક ત્યાંના, તે જઇને તપાસુ. ॥૩૨॥ ભીમ કહે કે પુર્વ દિશાયે, ફળીયુ જમણે હાથ;ત્યાં જઈ કહેજો કાલે આવ્યો તો, તેના અમો ભ્રાત.॥૩૩॥ એટલે તમને આવકાર દેશે, સાચુ માનજો ત્યારે; ધરમ કહે જરૂર જાશું, હવે વાત સવારે ॥૩૪॥ એમ કહી રાત્રી એ સુતા, એવે વ્હાણું વાય; જમી પરવારી લીધિ ગાંસડીયો, વ્હેપાર અરથે જાય. ॥૩૫॥ શેદેવ નીકુળ ઉતર દિશા,દક્ષીણદિશા ભેમ;ધર્મને અર્જુન પુરવમાં ગયા, ભીમે બતાવ્યું તેમ. ॥૩૬॥ જમણે હાથે મ્હેલો દિઠો, તેમાં પેસવા જાય; અરજુન કહે ધર્મ વીરા, એકદમ પેશો ન માંય. ॥૩૭॥ એટલે ઉભા રહીને પોકાર્યા, લ્યો ભાઈ રેજા લાવ્યા; લોક કહે કાલે ધુતી ગયો તેના, જેવા તેના ભાઇ આવ્યા. ॥૩૮॥ લાંઠીયા લોકોયે લીધી લાકડીયો ક્રોધ બતાવ્યા માઠા; તેવું તોફાન જોઇને ધરમ,અરજુન બંને નાઠા. ॥૩૯॥ બીજે સ્થળ જઇને વેચ્યો, નીતી પુર્વક જેમ, દક્ષીણુ દિશાએ ભીમ ગયો, ક્રીધું એમને એમ. ॥૪૦ ॥ લોકને લુટી ગયો દરવાજે. ગજ રેજો વિપ્રને દિધો, આગલે દિવસે કર્યુંતું તેવું, ફરિને આરામ કીધો. ॥૪૧॥ ચાર ઘટીકા દિવસ રહ્યો, ચાર ભાઇ ગયા ઘેર; ધરમ રાયે કુન્તામાને, કહી બધિ ભીમની પેર.॥૪૨॥કુન્તાજી કહે કો બોલશો નહિ, આવવાદો એને હાય; એટલામાં તો ભામશેન ગાંસડીલૈનેઆવ્યો ત્યાંય ॥૪૩॥ કુન્તાજી કહે શું નફો લાવ્યો;ઓરે મારા તન; ભીમે પુછ્યું અરજુનજીને કેમ છે બંધવ જન.॥૪૪॥ મેં કહ્યું ત્યાં ગયા હતા કે, ગયા હતા સ્થળ બીજે,અરજુન કહે કે ન્હોતા ગયા, ગયાતા સ્થળ ત્રીજે॥૪૫॥ ભીમ કહેકે ભવિશ તમારૂં, એમ કર્યો ઉચાર; કાલના જેટલો નફો લાવ્યો, ભુલ નથી લગાર॥૪૬॥એટલે ધરમ ઉકળી બોલ્યા, તુજને છે ધિક્કાર, ગરિબોને ગરદન મારવા, માંડયો તેં વ્હેપાર. ॥૪૭॥ તેં કહ્યું તે સ્થળે અમે ગયાતા, મ્હોત લેવાનુ હતુ માગી; અનેક લોકો લીધીલાકડીયો, હાડકાં નાંખતભાગી.॥૪૮॥ અધર્મને તું પૈશો લાવ્યો, તે નફો નવ્ય ખવાય;અસત્યનું અન જો ખાઇએતો, અસત્ય બુદ્ધી થાય. ॥૪૯॥ એમ કહીને એના નફાના; આઠ રૂપીયા લેઇ લીધા; બ્રાહ્મણોને બોલાવિને,

દક્ષણુમાં દેઈ દીધાં. ॥૫૧॥પછી ભીમની ગાંસડી ફેંદી, વસ્ત્રો વેંચી લીધાં, કહ્યું કે માતાના કામમાં રહેજે, ધર્મે એવાં વેણ કીધાં.॥૫૧॥ તે પછી નીત્યે ચારે બંધુ; વ્યપાર માટે જાય; કુન્તાજીનું કામકાજ કરે, થોડેદને શું થાય॥૫૨॥ એ ગામ બારણે રાક્ષસ રેહે છે, રાજાએ આપેલો ઠામ; આવેલો ત્યારે તોફાન કરેલું,બક રાક્ષસ છે નામ॥૫૩॥ પેહેલવ્હેલો જેવો ગામમાં આવ્યો;તેણે કર્યો કાળો કેર;મનુશનું ભક્ષ કરવા લાગ્યો,સો બસે માર્યા ઠેર.॥૫૪॥સંતાયો.રાજા ભોંયરાવિશે, અરજબારીમાંથી કીધી કેમ મ્હારી પ્રજાને હણોછો,કોણેઆબુધી ધિધી॥૫૫॥ બક રાક્ષસ કહે સર્વને ખાઉં;નહીરેહેવા દેઉં ઠામ; ખોરાક મ્હારી નીત્ય કર પુરી,તોરાખુતારૂગામ॥૫૬॥રાજા કહે શું ખોરાક જોઈએ, બીજુન બોલશોઆડુ; રાક્ષસ કહે નીત્યજમુ,સોમણ લોટનો લાડુ. ॥૫૭॥ પાંચ મણનો ખીચડો ખાવાનો, પીવા પચીસમણ દુધ; મધપાનના પાંચ માટલાં પીવા,તેણેરહેલ્હેર શુધ.॥૫૮॥પાંચ અજા નીત્ય શાકભાજીમાં, એટલો કર વિવેક; જમ્યાપછી સોપારીને બદલે મનુશ જોઈએ એક.॥૫૯॥ એટલું નીત્યાન ભક્ષ આપે, તો વસ્તી વસવા દેવું; રાજાએ કહ્યું કબુલ મ્હારે, જેવું તમે કહ્યું તેવું ॥૬૦॥એમ કહીને બ્હાર આવ્યો,પાપીનો બાંધ્યો નેક; નગ્રની બારણેરેહેવામાટે, બંગલો આપ્યો એક ॥૬૧॥ કહ્યા પ્રમાણે ખોરાક આપે,નીત્યનો જે જે ધારો; માણસ મરવા મોકલવાનો, ઘરોઘર બાંધ્યો વારો. ॥૬૨॥ પાન્ડવ વિપ્રને ઘેર રહ્યા છે, છેવિપ્રને પાંચ તન;તેમાંથી ચારનું ભક્ષકરેલું, બકરાક્ષસ મુઢ જન॥૬૩॥એકજ દિકરો રહ્યોતો એને, આવ્યો તેને ત્યાં વારો, તે વેળા ઘરનાં રડવા લાગ્યાં, થઈ રહ્યો હોંકારો ॥૬૪॥ તે વેળા જળ ભરવા ગયો છે, વાયુ તણો સંતાન,કુન્તાજી ઘરચાં ફેરવે માળા, તેમણે સાંભળ્યું કાન.॥૬૫॥માળા લેઈને માતાજી ગયાં, બ્રાહ્મણના ઘરમાંય, કેમ રડો છો સકળ ઘરનાં, બ્રાહ્મણિ બોલી ત્યાંય. ॥ ૬૬ ॥ ઓ બાઈ હું હતી તારા જેવી, પાંચજ પુત્રની માય;ચાર સુત માહરા દહીતે ખાધા, એક રહ્યો છે આંહ્ય. ॥૬૭॥ આજ તેનો પણ આવ્યો છે વારો, મરવા જવાનો સાર;વાજણી થાઊંછું છતેદિકરે, તેનો છે આહાકાર॥૬૮॥ તવ કુન્તાજીને દયા ઉપની,વિચાર્યો નહી વિવેક; કહ્યું તારો તન નવ્ય મોકલતી,મોકલીશ મારો એક.॥૬૯॥બ્રાહ્મણી કહે કોઈ ન મોકલે, કરવા માંડયો વિલાપ, કુન્તા કહે નવ મોકલુ તો.બ્રહ્મહત્યાનું પાપ ॥૭૦॥ એટલે સરવે રહી ગયાં છાનાં, કુન્તા બોલી ગયાં ઘેર; પછી આવ્યો વિચાર ઉરમાં,રડવા લાગ્યાં બહુ પેર. ॥૭૧॥ વળણ ॥ બહુ તરે રડવા લાગી

યાં,શું બોલીહુ બોલ; વ્યાસ વલ્લભ એમ ઓચરે,કુન્તા રડે અતોલ ॥

કડવું ૯૨ રાગ સાળંગની છાયાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું,આદ્ય પરવ મહીમાય. ॥૧॥ કુન્તાજી બહુ રડવા લાગ્યાં, શું બોલિ આવિ વચન;વધારાના શું વાડમાં નાંખીયે,મોકલું કીયોતન. ॥૨॥ એવામાં આવ્યા વસ્ત્ર વેચીને,ધરમ અરજુન સાર; શેદેવ નિકુળ તેપણ આવ્યા,કલેશ જોયો અપાર. ॥૩॥ એવામાં વ્રકોદર આવ્યો, રડતાં દિઠાં માત;પાસે બેશીને પુછવા લાગ્યો, કુન્તાના દુખની વાત. ॥ ૪ ॥ ઓરે માતાજી કેમ રડોછો;કેમ ભર્યાં લોચન; કોણે તમને દુભ્યાં જનેતા; સત્ય વદો વચન.॥૫॥ જો કોઇએ ગાળ દીધિ હોયતો,જીભ્યા તેનિ તાણિ કાહાડું;જો કોઇએ હાથ ઉપાડયો હોયતો.કાંડાં તેનાં વાહાડું ॥ ૬ ॥ કુન્તાજી કહે કોઇ નથી દુભ્યું,વાંકી કરણિ કાહાવિ; બ્રાહ્મણ વતીનો એક દીકરો, મરવાનો કહા આવિ.॥૭॥ બકરાક્ષસનો વારો આવ્યો છે, વિપ્ર મર શે આપ; મેં કહ્યું મુજ સુત ના મોકલું તો બ્રહ્મહત્યાનું પાપ.॥૮॥ ભીમ કહે ધન દયાળુ માતા, બોલ આવ્યાં મુખવતી; ગમે તેને મોકલજો મા, મ્હારેતો જાવું નથી ॥૯॥ એમ કહિ જઇ ઓટલે સુતો, બોલ્યાધરમરાય;તમારૂં વચન હું પાળવાનો,દ્યો મુજને આજ્ઞાય.॥૧૦॥ કુન્તા કહે કેમ મોકલું તુને,ઓ દિકરા સત્યવાદિ; રાજપાટ મ્હારૂ પડે સુનુ, કોણ ભોગવે રાજગાદિ. ॥૧૧॥ અરજુન કહે હું જાવું મરવા, ઓરે મ્હારી માત;કુન્તાજી કહે તારા વિના, કોને પુછું ડાહિ વાત. ॥ ૧૨ ॥ શેદેવ કહે હું જાવું મરવા,નથી જીવ્યાનિ ત્રસ્ન;ડોશી કહે જોશી તુજ વિના,કોને પુછીએ પ્રશ્ન.॥૧૩॥ નિકુળજી કહે હું જાવું મરવા, મન મ્હારૂં નવડરે; કુન્તાજી કહે તારા વિના વરણાગી કોણ કરે.॥ ૧૪ ॥ એટલે ભીમે બારથી સુણિ,જાણ્યું કેસંદે ખોઇએ; વ્હાલોછું કે અળખામણો છું મ્હારે પુછવું જોઇએ. ॥૧૫॥ સહુ ભાઇઓનિ રીતે પ્રમાણે, પુછી જોવું સરવથી;ના કેહેશેતો ઠીકજ છે હા, કેહેશેતો મરવું નથી. ॥૧૬॥ એમ ધારી પુછવા આવ્યો, માતા હું તતપર થાવું; આપો મુજને આગના તો, મરવાને માટે જાવું ॥૧૭॥ કુન્તાજી કહે કુંવર મ્હારા, બહુ દુખ વેઠયું હોણ; અગનિથી ને ચોરીચોથી તું વણ ઉગારે કોણ. ॥ ૧૮ ॥ ભીમે વિચાર્યું વ્હાલો હું છું. કહ્યું માતા ત્યાર થાવો; પાંચે બંધવ સંપીને રાહ શું,

પન્ડે મરવા જાવો ॥૧૯॥ ધરમ કહે એ શું બોલ્યો, અમે તતપર થાશું; સુઈ રહે જઈ ઓટલે તું, ચારમાંથી કોઇ જાશું. ॥૨૦॥ ભીમ કહે ફાવે તે જન્ને;મરવાનું મન ધારી; એવું કહીને ઓટલે ગયો, જઈ કરી પથારિ. ॥૨૧॥ એવે શેદેવ છાનો બોલ્યો. માતા મને કહો જાજે; ખીચડોને ધી દુધ કડેલું. સોમણ લાડુ ખાજે. ॥૨૨॥ ખાધાનું નામ સાંભળીને,જાશે વાયુનો બાળ;એનિ ચીંતા કાંઇ ન કરશો. નહિ થાય વાંકોવાળ ॥૨૩॥ તવ કુન્તાએ ધાંટો કાહાડયો,ઓરે શેદેવ તન; તુજને આપુ આગનાતે, જા રાક્ષસ ભોવન ॥૨૪॥ ખાજે ખીચડો સો મણ લાડુ, પીજે પચીસ મણ દુધ;પછી બકરાક્ષસનિ સાથે, કરજે જબરૂ જુધ. ॥ ૨૫ ॥ સેદેવજી કહે વારૂ માતા, તે ભીમને કાન જાય;ભીમે જાણ્યું ઘરને વિશે લાડુ લાડુ શું થાય ॥૨૬॥ કયાંછે દુધને કયા છે લાડુ, તે વારતા લેઉં જાણિ; ખાવાનું નામ સાંભળ્યું એને,મોહોમાં ભરાયુ પાણિ. ॥૨૭॥ ઉઠીને આવ્યો ઉલટ લાવ્યો; પુછવા માંડી વાત; કોને મરવા મોકલો છો, ઓરે મ્હારિ માત, ॥૨૭॥ કુન્તાજી કહે શેદેવ જાશે, ખાશે લાડુને દુધ; પાંચ મણનો ખીચડો ખાઇને, કરશે પાપી સંગ યુધ. ॥૨૯॥ ભીમ કહે ઓ માતા મ્હારિ, ન ચાલે એનિ હામ; દિકરો જોશી ખોશો ડોશી, એતો મ્હારૂં કામ. ॥૩૦॥ કુન્તાજી કહે શેદેવ જાશે, પેહેલું એને કહ્યું હાય; ભીમ કહે છે પક્ષ કરે તું,ઓરે મહારિ માય ॥૩૧॥ વ્હાલા અળખામણી તું ધારે, બળી એ તારિ ટેવ;ઉગારતી વેળા ભીમ બેટો, ખાતિ વેળા શેદેવ. ॥૩૨॥ ધરમ કહે વાતજ સાચી, મોકલો ભીમને માય; કુન્તાજી કહે તુ જજે બેટા,શેદેવજી કહે નાચ. ॥૩૩॥ ભીમ કહે ઓરે જોશીડા,મુમત મેલ અપાર;મારા સામો પડવામાં તું, નાહ કાઢે કાંઈ સાર. ॥ ૩૪ ॥ તવ શેદેવ કહે તું જાજે;આ પાડ તુજને ચડશે; તવ ભીમ કહે દિવસ મોટો,રાત્રી કેવારે પડશે.॥૩૫॥કુન્તાજી કહે ધીરજ ધરો, ઓરે મારાતન; આડો અવળો ભીમ ફરે છે,જોયા કરે છે દન.॥૩૬॥ એવે સુરજમેર બેઠો ભીમ વધો વચન;ઓરે માતા બોલાવિ લાવો, મરનાર વિપ્રનો તન. ॥૩૭॥ કુન્તાજીએ વિપ્ર બોલાવ્યો, ભીમ વધો વચન; ચાલો માહારાજા મુને બતાવો, રાક્ષસનું ભોવન. ॥૩૮॥ બ્રાહ્મણ કહે તમે તો ગાંડા, નાશીને પાછા આવો;ભીમ કહે નહિ નાશી આવું, ચાલો મુને બતાવો, ॥૩૯॥ એમ કહિને બેઊ જણ ચાલ્યા, ભીમે પુછયો ધારો; મરનારનું નામ લખાવવું કે નહી, આજ તમારો વારો. ॥૪૦॥ વીપ્ર કહે પેલે દરવાજે, લખાવવું પડે નામ; ભીમ કહે તમે લખાવિને, આવજો વડ વીસરામ.

॥૪૧॥ આ દરવાજેથી હું જાવું. વડને થડે બેશીશ; દગો દલમાં જાણ-
શો નહી, સાક્ષી શ્રી જુગદીશ. ॥૪૨॥ એમ કહિ મોકલ્યો બ્રાહ્મણને લ-
ખાયછે જ્યાં નામ; ભીમ બીજેદરવાજેથીગયો; જૈ બેઠોવડ ઠામ॥૪૩॥
વિપ્રે જઇને નામ લખાવ્યું, લખાતું હતું જ્યાંય.પછી ગયોવડનીપાસે;
ભીમને દિઠો ત્યાંય. ॥૪૪॥ આંધળાને જેમ આંખજ આવે, તેવું લાગ્યું
સારૂ; જાણ્યું કે જાટો નથી જુઠો. મર્યું ઉગાર્યું મારૂં. ॥૪૫॥ પછી હળી
મળી બે ચાલ્યા, રાક્ષસને ભોવન; થોડે છેટેથી ભીમને બતાવ્યું, જા
વો સતીના તન. ॥૪૬॥ રાક્ષસ ગયો હશે વન વિશે, દ્વાર ઉઘેડી જજો;
મહી બારણાં પુઠે બેશી રહેજો, મન સંતોસી થાજો. ॥૪૭॥ પોહોર રા-
ત્રીએ આવશે પાપી, તે લેજો તમે જાણી;એટલે બેશી માગશે તે. આપ
જો દાતણ પાણી. ॥૪૮॥ દાતણ કરી ધામમાં આવે. પછી ખોરાકી
ખાશે; તે પછી સહુથી છેલ્લો એ, આવશે તમારી પાસે. ॥ ૪૯ ॥ પછી
તમારૂં ભક્ષ કરશે. કરવા દેજો વારૂ; ભીમ કહે હું કરિશ એનું, કાંતો
એ કરશે મ્હારૂ. ॥૫૦॥ બ્રાહ્મણ કહે રાઢ ન કરશો, એની સરવને બીક;
ભીમ કહે પધારો પાછા, તમે કહ્યું તે ઠીક. ॥૫૧॥ એટલે બ્રાહ્મણ પાછો
વળીયો, બળીયો ગયો મેહેલ માંય; દ્વાર ઉઘેડી ધામમાં પેઠો, વૈભોગ
જોયો ત્યાંય ॥૫૨॥ જમણે હાથે છે પાણીયારૂં ડાબે હાથ રશોડું; સનમુ
ખ સ્થળ સુવાનું પાપીનું, ચીનૈખાનુ નહી થોડું. ॥૫૩॥ હાંડીતકતા ગ-
લાસ ઘડીઆળ, ઝુમ્મરનો નહી પાર. તળાઇ ગોદડા અને ઉસીકાં, ઢો-
લીયો શોભાનો સાર. ॥૫૪॥ ભીમ જઇ તેની મહા સુતો. વીચારતોબ
હુ પેર;ધરમીને ઘેર ધાડ ઘણેરી, કુશળ કસાઈ ઘેર ॥૫૫॥ અરે પ્રભુ
અમે તુજને ભજીયે. તેમ છતાં અતિ દુઃખ આ અધ્રમી રાક્ષસ,ને શું.
આપ્યું છે આવડું સુખ॥૫૬॥ એમ કરતાં એવો વિચાર આવ્યો, અં-
તે ધરમો જય; ચાર ઘડી સુખ પાપી જનને; છેવટ પાછો ક્ષય. ॥ ૫૭ ॥
એટલા દીવસ હત્યાઓ કીધી; પાપનો કુંભ ભરાવ્યો; એવાં પાપે પ્રભુ
ઇચ્છાએ, હું આજ હાંઇ આવ્યો, ॥૫૮॥ વળણ ॥ એમ કહી આળોટ-
તો, કુન્તીનો કુંવાર, વ્યાસ વલ્લભ મુખ ઓચરે, ભીમે કર્યો વીચાર.

કડવું ૯૩ રાગ સખીના ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારિ તુજને
સંભળાવું આદ્ય પરવ મહિમાય. ॥૧॥ ભીમે મનમા એમ વિચાર્યું, હ-

વેતો આવશે પાપી; તે માટે પરવારીને બેસુ;ખાવાને ક્ષુધા વ્યાપી. ॥૨॥
એમ જાણી સુતેલો ઉઠયો, રસોડામા પેઠો; સો મણનો લાડુ ઠરેલો ત્યા
જઈ જમવા બેઠો. ॥૩॥ તેજાના સોડે લાડુ વિશે, ભીમશેન શીવ શીવ
ભાંખે; એક એક ભુજમાં વિસ વિસ લઈને, ડબોડબ મુખમાં નાંખે.
॥૪॥ સો મણનો લાડુ ખાઇ ગયો, ખીચડુ ખાલી કીધું. છે પચીસ મણ
દુધ કઢેલું, ઉભા ઉભા તે પીધું ॥૫॥ મધુ પાનનાં પાંચ માટલાં તે, લાતે
થી નાંખ્યાં ફોડી; બાંધેલા પાંચ બોકડા તે, ભીમે મુકયા છોડી.॥૬॥ તે
પછી વ્રકોદરે વીચાર્યું, અસુર બહુ અકળાશે, ભુખ્યોને ભુખ્યો આવશે
તે, આવીને શું ખાશે ॥ ૭ ॥ એવું જાણી કોટડું કુદી, ગયો મોહોલની
બ્હાર; તળાવડાનો કાદવ કચરો, લાવ્યો અપરંમપાર ॥૮॥ તેના લાડુ
વાળીને ઠાર્યા, ધુળનુ ખીચડુ કરીયું; દુધનુ કઢાયુ ખાલી હતું તે લઘુ
શંકા કરી ભરીયું ॥૯॥ પછી પલંગમા જઇ સુતો,આળોટયો ઘડીવાર;
પછી જાણ્યું આવશે પાપી, ઉઠયો સતી કુંવાર. ॥૧૦॥ ઢોલીયાનિએણે
ઇસ કાઢી, રીસ કરી ફર્યો દોડી; હાંડી તકતા ગહ્લાસ ઘડીઆળ, તમામ
નાંખ્યાં ફોડી ॥૧૧॥ ચીનાઇખાનું ચકચુર કીધું, ચાતુર નર નવ ચુ-
કયો, તળાઇ ગોદડાં ભેગાં કરીને; તેમાં અગ્ની મુકયો ॥૧૨॥ પાપીનાસુ
ખમાં હોળી ઉઠાડી, રાખોડી કીધી સાર, પછી ઠાલાં દ્વાર દેઇને,સુતોતે
ણીવાર ॥૧૩॥ બારણાને એક પગ દઈ રાખ્યો, જુકતી ભલેરી લાવ્યો,
એવામાં બકરાક્ષસ બળીઓ, વન વીશેથી આવ્યો. ॥૧૪॥ દ્વાર તણી
સાંકળ ખખડાવી, પછી કર્યો પોકાર; ઓરે સોપારીના કટકા,ઉઘેડહવે
દ્વાર ॥૧૫॥ ઝીણે શબ્દે ભીમશેન બોલ્યો, ઉઘડાવવા મત મેલો; ઠાલી
દ્વાર સપટાઇ ગયાં છે, જોર કરીને ઠેલો. ॥૧૬॥ એટલે ઠેલ્યાં બકરાક્ષસે,
ભીમનું નહી કામ કાચું; પગ લીધો દ્વાર ઉઘાડયાં પાપી પડયો ને કુ-
ટાયું ડાચું. ॥૧૭॥ ભીમ જઇને અળગો બેઠો;દુષ્ટે કહ્યું મને વાગ્યું;ભી
મે કહ્યું જરા જાળવતા નથી, મુજને માઠું લાગ્યું. ॥૧૮ ॥ એવે અસુર
ઓટલે બેઠો, બોલ્યો મુખથી વાણિ. ઓરે સોપારિના કટકા, લાવ્ય દા-
તણ પાણી ॥૧૯॥ કોટડુ કુદી ભીમ ગયો, મોહોલની બારણે આવ્યો;
કાંટા ભરેલું બાવળીઆનું, વ્રક્ષ ખેંચી લાવ્યો. ॥૨૦॥ જળનો લોટોને
બાવળીઓ; મુકી દિધાં દૈત પાસ; પાછો પેશી ગયો મ્હોલ વીશે, મન-
માં અતી ઉલ્લાસ. ॥૨૧॥ અસુરે પાછળ હાથ નાખ્યો, કાંટા વાગ્યા
અપાર, બકરાક્ષસ કહે કેવું દાતણ, લાવ્યો વણ વિચાર. ॥ ૨૨ ॥ ભી-
મ કહે તમે હોટા માટે, તમારા લાયક લાવ્યો; રાક્ષસે જાણ્યું આજે કટકો,

ગાંડા જેવો કોઇ આવ્યો ॥૨૩॥ ડાળુ ભાગી દાતણ કીધું, ભુખે લાગ્યો જીવ ભમવા; એકાએક ઉઠીને ચાલ્યો, દુધને લાડુ જમવા. ॥૨૪॥ મોહોલમા બધે છે અંધારૂં, તે દુખે દારૂણ દુલ્યો, કાલે કરૂ રાજાની વલે, દીવાબત્તી કેમ ભુલ્યો ॥૨૫॥ આવ્ય અલ્યા ખાવું હોય તો કડકા, મરતી વેળા લે લ્હાવો; ભીમ કહે મુને ભુખ નથી, તમે તમારે ખાવો, ॥ ૨૬ ॥ વળણ ॥ ખાવો તમે ખાવું નથી, મ્હારે તો લગાર; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણો શ્રોતા સાર. ॥

કડવુ ૯૪ રાગ અહો રાયજીનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય, અહો રાયજી સુણીયે. ॥ ૧ ॥ ચાલ્યો રાક્ષસ રસોડામા, ખાવું ખાવું મુખ ભાંખે, લાડુ લઇ મુખમાંમુકપાતવ થુથુ કરી કાઢી નાંખે. ॥ આહો ॥ ૨ ॥ બીજો લાડુ લેઇ ચાવવા લાગ્યો મુખમાં કાંકરા ભાગે; પાપીએ કહ્યું ઓરે કડકા, કાદવકચરો લાગે.॥આહો॥૩॥ ન્હોય આ લાડુ કેમ થએલું, ભીમ કહે વેમ ખુઓ; મોઢુતમારૂ હશે એવું, પાણી લેઇને ધુઓ. ॥આહો॥ ૪॥ તવ પાપીએ મોઢું ધોયું. પાછો ખાવા જાય; કાદવનો તે કાદવ લાગે. આતે શું કહેવાય. ॥ આહો ॥૫॥ ભીમ કહે રેહેવા દો લાડુ, સંદેહ મનના ખુઓ; મોઢુતમારૂં ચોખું થાશે, દુધ ઉનુ પી જુઆ. ॥ આહો॥૬॥ તવ પાપી ગયો કઢાયા પાસે, છે જરા ઉનું સારૂં; મોઢે માંડી પીવા વળગ્યો, લાગ્યુંખારૂ ખારૂ-॥આહો॥૭॥ પાપીએ કહ્યું પેશાબ આતો, લાગ્યું ખારૂં ખારૂં. ભીમે કહ્યું કે ઓરે અધર્મી, તે પીધું મુતર મ્હારૂં. ॥આહો॥૮॥ પાપીએ જાણ્યું ગાંડીયો છે તે, બોલે ગમે તેમ; માટલાં બોકડા કાંઇ ન દીઠું. ત્યારે પડયો ખરો વેમ. ॥આહો॥૯॥ આવ્ય અલ્યા શોપારીના કડકા, તુનેખાઇ લેઊ લ્હાવો; ભીમ કહે મને ભય લાગે છે, તમે આ ખુણે આવો. ॥ આહો ॥૧૦॥ એટલે પાપી તરતજ બોલ્યો, ખોળવા ખુણે પેઠો; ભીમશેન ત્યાંથી ઉઠીને ગયો, બીજે ખુણે જઇ બેઠો. ॥આહો॥૧૧॥ રાક્ષસે જઇને ફાંફા માર્યા, કયાં છે કટકા તુતો; ભીમે કહ્યું શું આંધળા છો;હાંઇ બેશી રહ્યો હુંતો, ॥આહો॥૧૨॥ તવ દૈત દોડયો બીજે ખુણે, ભીમ ત્રીજે જાય; ત્રીજે ખુણે દુષ્ટ ગયો કે, ભીમ ગયો ચોથા માંય ॥આહો ॥૧૩॥ એમ ઘડી સુધિ અથડાયો, ભીમે કર્યો વિચાર;કયાં લગી રમત કર્યા ક-

રીશું, ઉઠી થયો તૈયાર. ॥આહો ॥૧૪॥ ભીમશેન ઉઠયો રોશમાં રૂઠયો, આપ સુરાનો સાથી; સામો ગયો તવ બેઉ જણાનિ, ભચકાઇ છાતીએ છાનિ. ॥આહો॥૧૫॥ એવામાં એક એકના કર ઝાલ્યા, દુષ્ટનો વિચાર કેવો; ભીમના ભુજના પંજેથી જાણ્યું, છે કોઇ મ્હારા જેવો.॥ આહો ॥ ॥૧૬॥ એવામાં વ્રકોદર બોલ્યો, અરે હરામખોર, હરામનું ખાઇ હત્યા યો કરવી. ઇશ્વરનો તુ ચોર. ॥આહો॥૧૭॥ નીત્યની પાંછ અજાયોમારે, મારે મનુશ એક; અરર તુજને દયા નહી દલમા, છુંદી નાંખુ છેક. ॥ આહો ॥૧૮॥ લાડુ દુધને ખીચડો ખાતો, તોહ્યે ન રહ્યો નેક; આ મોઢાને સ્વાદ ઘણો કહી, માર્યો તમાચો એક. ॥ આહો॥ ૧૯॥ જે મોઢે સારૂ તે મોઢે માડુ, ખાવાનું મળીયું આજ; એમ કહેતામાં બેઉજણ કોપ્યા, થઇ ગઇ બાજા બાજ. ॥ આહો॥ ૨૦॥ બેઉ જણબાજ્યા મેઘતુલ્ય ગાજ્યા, પાડે મુખ પોકાર; કોપે ચંઢીયા કેવા વઢીયા, તેનો કરૂ વિસ્તાર ॥આહો॥ ॥૨૧॥ વળણ ॥ વીસ્તાર સાથે વર્ણવુ, અધમથી લ સ્વાદ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, તેનો ઉતરે નાદ. ॥

કડવું ૯૫ રાગ ચોપાઇની છાંયા.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન, બેઉબળીયા તે બળથી બાજ્યા, વનના સીંહ પેરે ગાજ્યા ॥૧॥ કરે મુખથી પ્રૌઢ પોકાર, ગડદા પાટુનો મારે માર; એક એકને મારે ધીક, કરકડે પાંસળાંઆવે હીક. ॥૨॥ કેશ ઝાલી ઝાલીને તાણે, એક એકને દાવમાં આણે, કરે મ્હેલમાં દોટા હડીયો, ધક્કાથી મ્હેલ ટુટી પડીયો. ॥૩॥ બેઉ જણ કરે પોકાપોક, જાગી ઉઠયું ત્યાં નગ્રનું લોક; સહુ દુનીયાં દુખે દુલી, રાજા કાંક ગયેલો ભુલી. ॥૪॥ તેથી અસુર કોપ્યો અપાર, સૌને મારશે થતે સવાર; તેથી કૈ ભોંયરામાં પેઠા, કૈંક ટાંકામાં ઉતરી બેઠા. ॥૫॥ કૈંક માળ ઉપર સંચરીઆ, કૈક કોઠીઓમા ઉતરીઆ; એમ સર્વને પડીયો ત્રાસ, પેલો વીપ્ર થયો ઉદાસ. ॥૬॥ જાણ્યું ગાંડીઓ નાઠો હશે, માટે મુજને વીઘન થશે; એવા વીચાર વીપ્રને થાય, માળા લઇ બેઠાં કુન્તામાય. ॥૭॥ ચાર ભાઇઓ કરતા ભકતી, મારા ભીમમાં આવજો શકતી; એવી રીતે ગામમાં થાય. પેલા બેઉ વઢે મેહેલ માંય. ॥૮॥ લડતાં વડતાં બેઠો ભીમ ધર્ણ, દાવ જોઇ ઝાલ્યો દૈતનો ચર્ણ; ખેંચી ભોંમી પર આડો કીધો, એક પગ પર પગ ભીમે દીધો. ॥૮॥ બીજો હાથમાં ઝાલી

રાખ્યો,પછી પોહોળો કરિ ચીરી નાંખ્યો; થયાં ચીતાળીયાં બે સાર,બે ઠો સ્વાસ ખાવાને લગાર. ॥૧૦॥ સ્વાસ ખાઇને શો ખેલ કીધો, લાવી દોરડાં બાંધી લિધો;હતો તેવોજ એને બનાવ્યો, પછી વળીયો મ્હોટી લાવ્યો. ॥૧૧॥ તેતો વળીયો રાખી બેઉ સાથ, પછીમડદાનો ગ્રહ્યોએક હાથ;ચાલ્યો ઘસડતો સતી તન, આવ્યો દરવાજે એ રાજન. ॥ ૧૨ ॥ ॥ વળણ ॥ દરવાજે એ આવીયો, લાવ્યો મડદુ સંગ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે; કીધો કેવો રંગ. ॥

કડવું ૯૬ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા. સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું આધપરવ મહિમાય. ॥૧॥ ભીમશેન મડદુ લાવ્યો દરવાજે, કેવો કીધો મનસુબો;દરવાજાના કમાડ સરસો,કર્યો પાપીને ઉભો. ॥૨॥ બગલમાં બે વળીયો ઘાલી,તેનેટેકારાખી દીધા; પછી પાપીનાં નાશીકાને,કાન ચીમોળી લીધા,॥૩॥ તેની વસ્રમાં પોટલી બાંધી, કર્યું સરોવર સ્નાન; નાક કાન લેઇ કોટ કુદીને, ગયો વાયુનો સંતાન. ॥ ૪ ॥ પોતાને વીશ્રામે આવ્યો.માને કર્યો પોકાર;તવ કુન્તાયે દોટ મુકીને, તરત ઉઘાડયાં દ્વાર. ॥૫॥ ભીમશેન જઇને ઘરમાં બેઠો,કહ્યું કે માતાજીજાવો; પાડોશમાંથી બ્રાહ્મણ કેરા, બાળકને બોલાવો. ॥ ૬ ॥ તવ કુન્તાએ જૈને બોલાવ્યો,આવો જરા મુજ ઘેર;એમ કહીને બોલાવી આણ્યો, તે આવ્યો ભયભેર. ॥૭॥ તેવોજ દિઠો વરકોદરને, વિપ્રને પડી ફાળ; અરેરે તું નાશી આવ્યો.થાશે સરવનો કાળ. ॥૮॥ ભીમ કહે શું કાળ કરશે, મેં માર નાંખ્યો ઠેર; દરવાજે મડદુ ગોઠવીને, જીવતો આવ્યો ઘેર ॥૯॥ બ્રાહ્મણ કહે કપાળ મ્હારૂ,દુષ્ટ ઘણો મસ્તાન; ભીમ કહે સત્ય માને નહીતો જુઓ નાકને કાન. ॥૧૦॥ તવ બ્રાહ્મણને સાચું લાગ્યું, દુષ્ટને હણીયો હોણ; સાચુ કહો સોગન મ્હારા, કયાંના રેહેવાશી કોણ, ॥૧૧॥ ભીમ કહે કોઇને કહોતો, તમને દૈ સોગન; હસ્તીનાપુરના ક્ષત્રી જાતી, પાન્ડવ કુન્તિ તન. ॥ ૧૨ ॥ બ્રાહ્મણ કહે તે વીનાતો, બીજાની નહી હામ;તેમાં તમે મુને ભાસોછો, ભીમ તમારૂ નામ. ॥ ૧૩ ॥ ભીમ કહે ખરૂ મ્હારાજા, લ્યો દુષ્ટનાં નાક કાન; દરવાજામાં મડદુ પડશે. ઉઘડતા નીધાન. ॥૧૪॥ એટલે ગામમાં ત્રાસ પડશે, જાણશે મડદુ જ્યારે; રાજા તપાસ કરશે તેનો, સોધશે તમને ત્યારે. ॥૧૫॥ બોલાવા મોકલે એટલે

જાજો,આ નાકને કાન લેઇ,કેહેજો કે મેં માર્યો એને,નાક કાન દેજો દેઇ ॥૧૬॥ કદી તમારૂ પારખુ જોવા, રાજા કહેશે આવો; તમે માર્યો તો એ રાક્ષસને,આગળ ખેંચી લાવો ॥૧૭॥ તવ તમે કેહેજો ઓરે રાજા, સાંભળો મ્હારી વાત; આ રાક્ષસે મારી નાંખ્યા, મ્હારા સગા ચાર ભ્રાત. ॥૧૮॥ માટે મેં કરી રૂશીની શેવા. માગી લીધું વરદાન; તે રૂશીયે કેવું વરદાન આપ્યુ,સાભળી લ્યો રાજન. ॥૧૯॥ હોય મ્હારો વારો જેવારે, તે વારે મરવા જાવું,પાપીને દેખી પાપી કરતાં.દસ ઘણો બળીયો થાવું ॥૨૦॥ તે બળ રહે સવા પ્હોર સુધી, એવું વરદાન દીધું, તે સવા પ્હોરમાં પાપીને માર્યો, દરવાજે આ કામ કીધું. ॥૨૧॥ હવે મારામાં કાંઈ બળ નથી,ઓરે નગરના રાય;સાચુ માનોતો સરપાવ આપો, નહીતો તમ ઇછાય. ॥૨૨॥ એવું કહેસો એટલે તો, તમપર થાશે ભાવ; સપુત હશે તો મન મુકી,તમને દેશે સરપાવ. ॥૨૩॥ એવું બ્રાહ્મણને કહીને, માતાને કહી વાત;આપણે હઇથી ચાલ્યા જાવું,રેહેવું નહી પરભાત ॥૨૪॥ રહીશું તોતો ઝાહેર થૈશું,સત્યછેમ્હારૂં કેહેવું, બ્રાહ્મણ કહે ચાહ્યને કરો હું તો જાવા નહી દેવું.॥૨૫॥ ગૈ બ્રાહ્મણ પ્રતીપાળ આવ્યા, છો દેવાધી દેવા;સંભાળ નથી લીધી તમારી,નથી કરી કાંઇ શેવા. ॥૨૬॥ ભીમ કહે કે ઓરે મહારાજા,એશું બોલ્યા વચન;બ્રાહ્મણ પાસે સેવા કરાવે, તે તેથી કીયો દુષ્ટ જન. ॥ ૨૭ ॥ ગમે તેટલું દાન આપ, કરાવે શેવાય; તે પ્રાણીનું ધ્યાનને દાન તે,સઘળું ધોવાઇ જાય. ॥૨૮॥ધરમ ધોવાયે પુન્ય ખોવાએ, પાતક ચઢે શીશ;સફળ સુકીત અફળ થાયે, કોપે શ્રી જગધીશ. ॥ ૨૯ અન્ય સ્થળે પણ બ્રાહ્મણને તો, જરા ન દેવું કામ;તીરથ જાત્રાયે કામજ દેતો, બાંધે પાપ તમામ. ॥ ૩૦ ॥ તે પાપ કદી કાળે ન છુટે સાંભળજો મહારાજ; અમારા ઉપર કૃપા રાખો, અમે તો જાશુ આજ. ॥૩૧॥ એમ કહીને કીધી ત્યારી,કટી કશીને બાંધે;ગાંસડીઓ લીધી કાપડની, બે ભાઈ બેસાડયા ખાંધે.॥૩૩॥ બે ભાઇને કેહેડે બેસાડયા, કુન્તા માને માથે; મ્રતીકાનો કુભ લીધો, વીપ્ર ને નમ્યો બે હાથે ॥ ૩૩॥ પછી પોતે ત્યાંથી ચાલ્યો કરતો દોટા હડીયો; પાંચેને ઉચકી કોટ કુદી, નગ્રની બારણે પડીયો. ॥ ૩૪॥ ચાલ્યો રાત્રીએ રાન્ય વીશે, સુત સતીનો સભાગી, એવે સમે કુન્તાજીને, ઘણીક તરશા લાગી ॥૩૫॥ કુન્તાજી કહે ભીમસેન બેટા,બેશી ગયા મુજ ઘાંટા;જળ વિના મારો જીવ જાશે કંઠ પડયા છે કાંટા ॥૩૬॥ ભીમ કહે ચાલવું નથી પડતુ, તોએ તરશ ભલી લાગી; એમ કહીને નીચે ઉતર્યાં,બોલ્યા ધર્મ સોહાગી ॥૩૭॥ ઓ-

ભીમ વીરા જાવો જઇને, જળ લાવો ગમે ત્યાંથી; ભીમ કહે આ અજાણ વગડો,જળ લૈ આવું કયાંથી. ॥૩૮॥ એવે કુન્તા ધરણી ઢળ્યાં, તવ ભીમે કુંભ ઝાલ્યો;માતાને માટે જળ લેવા,વાયુનો નંદન ચાલ્યો॥૩૯॥ ઉંચે ટેકરે ચઢીને ઉભો, પશુ પક્ષી બોલે કોય; કાન માંડીને સાંભળે છે, તેવે સ્થળે જળ હોય. ॥ ૪૦ ॥ એવે પક્ષીના શબ્દ સુણ્યા, ચાલ્યો તે દીશાય; જાતાં જાતાં આઘો ગયો, દીઠું સરોવર ત્યાંય. ॥ ૪૧ ॥ પંચક સરોવર નામ એનું, તેમાં છે ગાંધર્થ સાર; શસ્ત્ર અપછરા લૈને રમે છે જળક્રીડા ગુમાર. ॥ ૪૨ ॥ તે સરોવરમાં ભીમે જઇને, કુંભ બોળ્યો જળમાંય; એટલે ઘડાના સ્વભાવે કરિ,ભગ ભગ શબ્દજ થાય. ॥૪૩॥ તે ગાંધર્વે કાને સુણ્યો, વીચાર્યું મનમાંય: કોઇ સ્વર્ગનો દેવ માહારિ, જુવે છે ચરચાય. ॥૪૪॥ એમ જાણી એ બ્હાર નીકળ્યો, કીધો ધનુશ ટંકાર; ત્રીલોકમાં તેનો શબ્દ ગયો, ધ્રુજી ધરણ અપાર. ॥ ૪૫ ॥ ભીમે જાણ્યું રખવાળ કોઈ, ભય ભાસ્યો મન માંઠો; ભરેલો ઘડો કીનારે મુકી,જીવ લેઇને નાઠો ॥૪૬॥ માતને ભ્રાતની પાસે આવ્યો, બોલ્યા ધરમરાય;કેમ તું આવ્યો નાઠો નાઠો,કુંભજ મુકયો કયાંય.॥૪૭॥ ભીમ કહે ટંકાર થયો તે,સાંભળ્યો હશે કાન;સરોવરનો રખવાળ હતો.કાઢતમારો પ્રાણ. ॥૪૮॥ માટે ઘડો મુકીને આવ્યો, સરોવરને કીનાર; ભરેલો ઘડો ઉચકી નામું, દોડતાં લાગે વાર ॥૪૯॥ માટે ત્યાં મુકીને આવ્યોછું, તે તો હું નાહ લાવું;અર્જુન કહે દેખાડ મુને, હું તુજ સાથે આવું. ॥૫૦॥ ભીમ કહે શું મુજથી બળીયો, તે તું ધરે છે હામ;તે કરતાં જા ઊત્તર દીશા;શું છે મ્હારૂં કામ. ॥૫૧॥ અરજુન કહે દેખાડવાને, ચાલ મારી પુંઠે; ભીમશેન કહે આગળ થાવો; એમ કહિ બેઉ ઉઠે. ॥૫૨॥ ચાલીને સરોવરે ગયા, ભીમ વદ્યો વચન;જા કુંભ રહ્યો કીનારા વિશે, બતાવ્યો વાયુને તન. ॥૫૩॥ બતાવીને વ્રક્ષની પુંઠે, સંતાઇ ઉભો સાર; અરજુને જઇ ઘડો લીધો;કીધો મન વીચાર. ॥૫૪॥ કોણ છે રખવાળ સરોવરનો, કોને ન પીવા દે પાણી; જોવું એની ચરચા હુંતો, એવિ ઊલટ આણી ॥૫૫॥ ભરેલો ઘડો જળમાં ઢોળ્યો,ઢોળીને પાછો ભરીયો; બે ચાર કીધા ખુંખારાને,કોગળો જળનો કરીયો. ॥૫૬॥ એટલે ગાંધર્વે સાંભળ્યું કાને, નીકળ્યા જળની બ્હાર; બાણુજ લીધું ભાથામાંથી, ધનુશ છે તૈયાર.ડ૫૭॥જળ હાલવાથી અરજુને જાણ્યું, નીકળીયું કોઇ બ્હાર રખેને બાણુ મારશેતો, વાગતાં નહિ થાય વાર. ॥ ૫૮ ॥ અંધારે કાંઇ દેખાય નહીં, વાગી બેસે બાણુ; હવે હું શી રીતે કરૂં, જાશે મ્હારો

પ્રાણ. ॥૫૯॥ એવું જાણી મંત્ર વાયુનો, ભણીયો ચડી ચોટ, શરીરનો રક્ષણને સારૂ;કીધો પવનનો કોટ. ॥૬૦॥ એવામાં અંગારક ગાંધર્વે, બાણ ફેંકયું ત્યાંય; અરજુનનિ પાસ બાણ આવ્યું, ઝાલી લીધું કર માંય. ॥૬૧॥ પછી અરજુને વિચાર કીધો, છે કોઇ અધમ જાત; આ પ્રમાણે મારી નાંખે, કરે જીવની ઘાત. ॥૬૨॥ માટે એને શીક્ષા દેવી,એવી ધરી મન હુંશ;હું બાણ શી રીતે મારૂ એને, પાસે નથી ધનુશ. ॥૬૩॥ પણ વીધાવંતને વાર શાની, રણ લડનારો રણીયો, એ બાણ ઉપર મંત્ર વાયુનો,બીજો નાગ પાસ ભણીયો. ॥ ૬૪ ॥ પછી બળમાં બાણ ફેંકયું તવ વાયુ લેઇ જાય;અંગારક પાસે બાણ પડયું;નાગજ પેંદા થાય.॥૬૫॥ તેવાજ ભુજ બાંધ્યા ગાંધર્વના, ગાંધર્વે જબરો કળીયો, કહ્યું પ્રેમદા બાહાર આવો,કોઇ મુજ માંથાનો મળીયો. ॥૬૬॥ બળીયા સાથે બાથ ન દેવી, નમવા માટે જાવું;તમે વઇમાનબેશી જાવો, કરગરી કર છોડાવું. ॥૬૭॥ વીઘ્ન કરે તે નીવારણ કરે, એમ કર્યો ઉચ્ચાર; એટલે એની અપછરાયો,તરત નિકળી બાહાર.॥૬૮॥વસ્ત્ર પેહેરી વઇમાને બેઠી, અંત્રીક્ષ ઉભી જોવા; અંગારક કરગરતો ચાલ્યો, ધ્રુંશકે માડયું રોવા. ॥ ૬૯ ॥ વળણ. ॥ ધ્રુશકે રડવા લાગીયો, સાંભળને તું રાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણજો સહુ શ્રોતાય.

કડવું ૯૭ રાગ સોહાગની છાયાની ચોપાઈ.

બોલ્યા વૈશમપાયે વચનરે, સાંભળ જનમેજે રાજનરે. ॥૧॥ રડતો રડતો ગાંધર્વ જાયરે,એના અવળા હાથ ચુસાયરે. ॥ ૨ ॥ બુમ પાડે બાંધ્યો કોણે મનરે, કયાં છો આવું તમારી કનેરે. ॥ ૩ ॥ હાથ છોડો થાવું છું હેરાનરે, તેતો સાંભળ્યું ભીમે કાનરે. ॥ ૪ ॥ દોહરાની ઝડપનો રાગ ॥ ભીમે કાને સાંભળ્યું કે, અરજુનજીએ બાંધ્યો;વૃક્ષની ઓઠેથી નીકળીને, ગાંધર્વ સામો વાંધ્યો. ॥૧॥ મ્હા બળીઓ એતો કળકળીયો, દડબડ મુકી દોટ;ગાંધર્વ સામો આવે તેની, જઇને ઝાલી કોટ. ॥ ૨ ॥ ગડદા પાટુ ઢીંચણ કોણી,દેવા માંડયો માર;ઉંચો ઉછાળીને પછાડે, પ્રૌઢ કરે પોકાર. ॥૩॥ અરેરે મને શીદ મારોછો,ગુનો કરો મુજ માફ, ભુલ્યો ચુકયો ને જખ મારી, ઓ માહારા માબાપ. ॥ ૪ ॥ કરગરે તોએ ભીમ મારે, કરે છે ત્રાહ્ય ત્રાહ્ય, તેવું જાઇને અરજુનજીને, આવી ઉર દયાય. ॥ ૫ ॥ અરજુન કહે મ્હોટા બંધુ, મુકો ધમા ધમ; જો તમે એને હાથ

અરાડો, તો મ્હારા સમા॥ ૬ ॥ તવ હાથ ભીમે બંધ કીધા, રાતો તા-
તો થાતો; સોગન સારૂ હાથ બંધ રાખી, મારે પગની લાગતો. ॥૭॥એવું
દેખીને અરજુનજી, વધા મુખે વાણ; મુદ્દલે એને અડો તો, ધરમરાયની
આણ ॥ ૮॥ એટલે ભીમશેનઆઘો ચસ્યો,ખેલજ ખોળી કહાડયો;નાહા
નાં નાહાના ઝાડ ઉપાડી, ઝાડે ઝુડવા માંડયો, ॥૯॥ તવ અરજુને વ્રકોદ
રને, વ્રક્ષના સોગન દીધા; એટલે ભીમે વ્રક્ષ મુકી, ઢેપાં પથરા લીધા.
॥૧૦॥ તવ અરજુને એમ વીચાર્યું, મનમાં ધરી શોક, એ ભાઇ ઘટે
તેમ કરો, સોગન તમને ફોક. ॥૧૧॥ ભીમ કહે હવે નહીમારૂ, ચાલો ત-
તબર થઈએ; અરજુન કહે મોહોટા ભાઇ;મ્હોટાકને લઇ જઇએ.॥૧૨॥
ગાંધર્વે મનમાં વીચાર્યું, હવે તો જીવ જશે; આ મહોટો આવો નીરદય
તો, તે તો કેવો હશે. ॥૧૩॥ એવું જાણીને એ બોલ્યો, મુજને મુકો બા
પુ; મહોટા પાસે લઇ ન જશો, અભંગ રથ હું આપું, ॥૧૪॥ તમે ન્હાના
છો દયાળુ, નિરદય આ મહોટા; તો તેમનાથી જે મહોટા તે, હશે
ઘણા ખોટા. ॥૧૫॥ ભીમ કહે હું તો સારો છું, રાખુછું કૈં મેહેર; એતો
મહોટા મહા ક્રોધી છે, મારી નાંખશે ઠેર. ॥ ૧૬॥ ગાંધર્વ કહે મુકો મુ-
જને, આપુ અક્ષય ભાથો; ગાજેવ નામા ધનુષ આપુ, સુણી ભીમ મક-
લાનો, ॥૧૭॥ એવે અરજુને કુંભ લીધો ચાલ્યા સરવે સાથ; આવતા
જોઇ ધરમ ઉઠયા, છોડયા ગાંધર્વના હાથ. ॥૧૮॥ અરેરે આને શીદ મા
ર્યો, કાંઈ દયા નવ આણી; એવે શેદેવે ઘડો લીધો, માતાને પાયું પાણી
॥૧૯॥ તવ કુન્તાને શુદ્ધી આવી, બોલ્યા ધરમરાય; ઓરે ગાંધર્વ જાતું
તારે, અપરાધ કરજે ક્ષમાય. ॥૨૦॥ એ સરોવરે આવીશ નહીં તું, જો
હોએ સજાત; અનેક જીવને પીવાનું પાણી, તેમાં તું કરે ઘાત.॥૨૧॥એ
રિતિ નહી સપુત જનની, કહી મુકયો તવ ચાલ્યો; એટલભીમે છલં
ગ મારી; ઝડપ ચોચીથી ઝાલ્યો. ॥૨૨॥ ભીમ કહે કયાં જાય નાશી, જી
વજ તારો લેવું; પેલી ત્રણ વસ્તુ કહિ તે, આપે તો જાવા દેવું. ॥૨૩॥
એટલે ગાંધર્વ એમ બોલ્યો, કહો જોઇએ કયારે; ભીમ કહે વેણુદે અર
જુનને, આપજે માગે ત્યારે. ॥૨૪॥ તવ અરજુનને વચન દીધું, અંગા-
રક મુજ નામ; જોઇએ ત્યારે સ્મરણ કરજો, આપીદઇશ તે ઠામ. ॥૨૫॥
અરજુનજી કહે વારૂ વીરા, મુકીદો ભ્રાત; એટલે ભીમે મુકી દઇને,
માથે લીધાં માત. ॥૨૬॥ બે ભાઇ ખાંધે બે ભાઈ કેહેડે, ઉચકી ચાલ્યો
જાય; એવે વ્હાણુ વાવા આવ્યું, રૂશીનો મઠ ત્યાય. ॥૨૭॥ બ્રાહ્મણોને
ભણતા સુણયા, બોલ્યા શેદેવ સાર; ભીમશેન ભાઇસહુને ઉતારો,હાંઇ

રેહેવા વીચાર. ॥૨૮॥ વળણ ॥ હૈયાં રેહેવું આપણે, ઓરે મારા વી-
ર, તવ ભીમે ઉતારીયા; બોલ્યાં મા ગંભીર,

કડવું ૯૮ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહિમાય, ॥૧॥ કુન્તાજીકહે કુંવર મ્હારા,આસ્થળ રૂડુ કેવું બ્રાહ્મણની નીત્ય શેવા થાશે;મુકામ બાંધિનેરેહેવું.॥૨॥ પણ પરોઢમાં મડે ન જાવું; જાશું દનચઢે સાર; એવુંધારી બેઠાં અળગાં,જપતાં જુગદાધાર. ॥૩॥ એવામાં તે બ્હાણુ વાહ્યું એક ચક્રામાં શું થાય; રાક્ષસવાળો દરવાજો ઉઘડયો, મડદુ પડયું વચમાંય, ॥ ૪ ॥ તેવિજ ગામમાં નાસાનાસ થૈ, સંતાયા સરવે લોક; રાય સંતાયો ભોંયરા વીશે, સર્વને પ્રગટયો શોક. ॥૫॥ દરવાન સંતાયો ઓરડી વીશે, ત્રાસ સરવને હોય; આખુ ગામ જાણે ઉજડ પડયું, દીશે ન મનુશ્ય કોય ॥૬॥ એવામાં દરવાને જાળીથી જોયું, મુએલો દીઠો પાપી; જાણ્યું કે મેંમાર્યોઠરાવું, રાજા દે સરપાવ આપી. ॥૭॥ તરવારે પોથીનો રંગ ચઢાવ્યો,નીકળ્યો ઓરડી બ્હાર; ગયો રાજાના ભોંયરા પાસે મુખ કર્યો ઉચ્ચાર ॥૮॥ કેમ રાજાજી છુપા રહે હો મેને કીયા ખુબ કેહેર;બકરાક્ષસ જેસા આયા એસા મેને મારા ઠેર ॥૯॥ જાળીથી રાજાએ કહ્યું સેવકને કયાં આવી બન્યુ છે તારૂ; જમાદાર કહે સચા માનો એસાતો સો દોસો મારૂં. ॥૧૦॥તવ રાજાએ સાચુ માન્યું, નીકળ્યો ભોંયરા બ્હાર; ઉઘાડાઆયુધે સાથે લીધા, શેવક એક હજાર. ॥૧૧॥ દરવાજે આવ્યો બીછાના નાંખ્યાં, બેસીને બોલ્યા એમ; બોલે જમાદાર બકરાક્ષસને, તમેમાર્યોકેમ. ॥૧૨॥ જમાદાર કહે દરવાજો ખોલતા, આયા દુષ્ટએ ધાઇ; તવ હમને તલવાર નીકાલકે, ઉનકે સીરમે લગાઇ ॥૧૩॥ સીરમે લગાઇ પાઉ બીચ નીકાલી, ફીરમે આયા તુમ પાસ; એવું સાંભળી રાજા રીજ્યો;તમને છે સાબાસ ॥૧૪॥ સોનાના સાંકળાં સરપાવ આપ્યો; બાંધી આપ્યો દરમાયો; તમારે બેઠા બેઠા ખાવુ, તવ જમાદાર હરખાયો. ॥૧૫॥ એવામાં આવ્યો પ્રધાન રાયનો, બેઠો રાજાની સંગે, પછી પુછયું કે કોણે માર્યો, બોલ્યો રાય ઉમંગ. ॥૧૬॥ આ દરવાજાના જમાદારે, પ્રૌઢજપ્રાક્રમ માંડયું; પાપીને પળવારમાં માર્યો, દળદળ ગામનું કાહાડયુ.॥૧૭॥પ્રધાને જોયુ જમાદાર સામું, વીચાર કીધો તે ઠામ;બકરાક્ષસનેમારીયોતે,નહો-

ય આનુ કામ. ॥૧૮॥ એમ જાણીને પ્રધાન બોલ્યો, આ દુષ્ટ ઠીક સંહાર્યો;જમાદાર સાચેસાચુ કેહેજો,રાક્ષસ કોણે માર્યો. ॥૧૯॥ જમાદાર કહે મેને મારા,કેસા જુલમ કીયા;પ્રધાન કહે શાબાશ તમને, જવાબ અછા દીયા. ॥૨૦॥ પણ પુછુછુ સવાલ તમને, તરવારે ફાચરા કીધા; પણ તેના બે ફાચરાને, કોણે બાંધિ લાધા. ॥૨૧॥ જમાદાર કહે મેને બાંધા, પ્રધાન કહે આવો; સરપાવ જાદે અપાવું તમને,મડદું હૈ ખેંચી લાવો.॥ ૨૨ ॥ જમાદાર કહે અભી લા દો;એમ કહી લાગ્યો જાવા;પાપીનું મોઢુ પોહોળું દીઠું,ઓરે મેરા બાવા. ॥ ૨૩ ॥ બુમ પાડીને પાછો પડીયો, ત્રાસ ઘણો મનકીધો;તમાચો મારી પ્રધાને એનો,સરપાવછીનવીલીધો ॥ ૨૪ ॥ બોલજો સાચુ કોણે માર્યો, જેથી મ્હારૂ મન માને; એટલે હાથ જોડીને બોલ્યો, સાહેબ ખોદા જાને. ॥૨૫॥ પ્રધાન પુરૂશ હોય ડાહયો, એણે કર્યું એક કામ; કાલે કોણ ગયુતું મરવા દરવાજે જુઓ નામ. ॥ ૨૬ ॥ દરવાજાનું દફતર જોયું, નીકળ્યું વિપ્રનું નામ;શેવક મોકલ્યા સુખપાલ આપી,તેડી લાવો આ ઠામ. ॥૨૭॥ તવ અનુચર તેડવા ગયા, વિપ્ર તણે ભોવન; કહ્યું મ્હારાજા ચાલો તમોને,તેડે છે રાજન. ॥ ૨૮ ॥ બ્રાહ્મણ પરવારી ત્યાર થયોતો,અતી હરખમાં પેઠો;નાક કાનની પોટલી લેને, સુખપાલ વીશે બેઠો. ॥૨૯॥ દરવાજે આવ્યો પોટલી લાવ્યો, પ્રધાને આપ્યું આશન;ત્યાં બ્રાહ્મણનો પુત્ર બીરાજ્યો,પ્રધાન વધો વચન. ॥૩૦॥ કહો મ્હારાજા વારો તમારો, કાલે હતો મરવાનો; ત્યાં તમે ગયા હતા કે નહી, વીચાર છે કરવાનો. ॥૩૧॥ બ્રાહ્મણ કહે ગયો હતો હું,દુષ્ટ તણો દાવ ધાર્યો;એક રૂશીના વરદાન વડે,બકરાક્ષસમેં માર્યો. ॥૩૧॥ પ્રધાન કહે વરદાન શાનુ,પીપ્ર વધો વચન;મારા ચાર ભાઇનું એ તો, કરી ગયો ભોજન. ॥૩૨॥ માટે મેં એક રૂશી શેવ્યા, તેણે આપ્યું વરદાન; કહ્યું કે તારો વારો આવે, ત્યારે જજે સંતાન. ॥૩૩॥ રાક્ષસને તું ભેગા થતાં, તુજમાં આવશે જોર; રાક્ષસ કરતાં બળ દસ ઘણું, રેહેશે સવા પોહોર. ॥૩૪॥ એટલામાં તુજ હાથે મરશે,એમ દીધું વરદાન; તે વરદાને કાલ મેં માર્યો, સાંભળો રાય પ્રધાન. ॥૩૫॥ મારીને લાવ્યો દરવાજે, ભયંકર અઘોર; કોટ કુદી હું ઘેર આવ્યો, પછી જતુ રહ્યું જોર.॥૩૬॥ આ વાત સાચી માનો નહીતો, લ્યો આપુ નીશાન; જુઓ એનાં તોડી લીધેલાં; એક નાકને બે કાન. ॥૩૭॥ એમ કહીને પોટલી છોડી;સત્ય સરવને લાગ્યું;પ્રધાન કહે સાબાશ તમને,નગ્ર તણું દુખભાગ્યું.॥૩૮॥પ્રધાને કહ્યું રાજા પ્રત્યે, નહી મળે આવો જોગ; એને આપતાં

પાછા પડે,તેતો ભવીશના ભોગ.॥૩૯॥ દક્ષણાવંતિ શંખ છેને, દુધે ભરેલો જાણો; જાતે બ્રાહ્મણ દુખ નીવાર્યા, તે ગુણ અંતર આણો ॥૪૦॥ રાજા કહે તમો કહો તે આપુ, તવ બોલ્યો પરધાન; આપણી કુંવરી કુંવારી છે, દો તેનું કન્યાદાન. ॥ ૪૧ ॥ તવ રાયે પુત્રી પરણાવી, હેત અતી ઉર વાપ્યું; અડધો અડધ રાજ્ય પોતાનું, બ્રાહ્મણને લખી આપ્યું. ॥ ૪૨ ॥ તવ બ્રાહ્મણે નીમ કીધો, જે આવે રાજ્યનું ધન; એક વરસ લગી તે નવ લેવું, કરવું બ્રહ્મ ભોજન. ॥ ૪૩ ॥ એ પુન્ય અરપણ છે પાન્ડવને, સંકલ્પ કીધો એમ;એવાં સુકીત પાન્ડવ લેછે, પ્રભુ રીઝે નહી કેમ. ॥ ૪૪ ॥ આશીશ વીપ્રની બ્રાહ્મણ ભોજન, તે શું બહુ પુન્ય કીધું; પણ નીત્યના છ જીવ ઉગાર્યા, તે મ્હોટું પુન્ય લીધું. ॥ ૪૫ ॥ એનું નામ તે સુરો જણ્યો, ધન્ય સતી સંતાન; પછી પાન્ડવ બેઠેલા ત્યાંથી, મઠમાં થયા સાવધાન. ॥ ૪૬ ॥ વળણ ॥ ત્યાર થયા મઠમાં જવા, જપતા હરીનું નામ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, આવ્યાં શુભ વિશ્રામ.

કડવું ૯૯ રાગ આશાવરીની છાંયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥ ૧ ॥ પાન્ડવ કુન્તા મઠમાં ચાલ્યાં, વીપ્રો તણે મુકામ; એક હજાર વીદ્યારથી ભણે, ધ્રુમ રૂશીનો ઠામ.॥૨॥ ત્યાં જઇ પાન્ડવ ચરણે લાગ્યા, તવ બોલ્યા રૂશી રાય; કોણ છો તમે કયાંના રેહેનારા, કયાંથી આવ્યા હાંય.॥૩॥ભીમ કહે કડવા કાપડીની, હાલ અમારી જાત;નથી ઘર ગામ વિશ્રામ કાંઇ,ફરતા દીવશ રાત.॥૪॥ ધ્રુમ કહે તમે નીચ જાતી, પુછયા વિના કેમ પેઠા; મઠ બધો અભડાવી માર્યો, આવીને હાંઇ બેઠા. ॥૫॥ બારણે જાવો બારણે જાવો,ક્રોધે ભર્યા અપાર; પાન્ડવે જાણ્યું શ્રાપ દેશે, તરત નીકલ્યા બ્હાર.॥૬॥ થોડે છેટે જઇ ઝુંપડી બાંધી,ધરશું હરીનું ધ્યાન;અળગેથી વાણી વીપ્રની સુણશું, પવીત્ર થાશે કાન. ॥૭॥ આઘેથી દરસન કરીશું,તોહયે થશું પાવન; એમ જાણીને વીશ્રામ કીધો, કરે ફળ ભોજન.॥૮॥ એવે દસ વીસ દીવશ થયા,બોલ્યા ધરમ રાય;બ્રાહ્મણ આપણી સેવા ઇછે, એવો શો ઉપાય.॥૯॥ભીમ કહે રૂશીને મારૂ,હા કેવરાવું મુખ; ધરમ કહે બ્રાહ્મણને તો, કદી ન દેવાય દુખ. ॥૧૦॥ બોલીને તું પાપમાં પડયો, વીચારી લે આપ; ભીમ કહે અવગુણી સાથે, એમ કરતાં શું પાપ. ॥૧૧॥ ધરમ ક-

હે સાંભળ વિરા, ઓખર કરે ગાયે; લાત મારે કે શીંગડુ મારે, પણ પુજન એનું થાય. ॥ ૧૨ ॥ ગધેડી ઓખર નવ કરે, વળી ગંગા જળ ન્હાય; લાત ન મારે બચકુ ન ભરે, પણ તે નહી પુજાય. ॥ ૧૩ ॥ ઘડા ભરી તે દુધ દે પણ, ગધેડી નહીં શેવાય: જરાયે દુધ દે નહી પણ, પુજવા જોગ છે ગાય ॥ ૧૪ ॥ કોટીક અવગુણી બ્રાહ્મણ હોયે, તોપણ બ્રાહ્મણ તેહ; અવર જાતી શુભ ગુણી પણ, તે નહિ બ્રાહ્મણ દેહ. ॥ ૧૫ ॥ જાર કરમી હોય જનેતા, પણ તેને કહેવાય માય; સતી સાધવી હોય નારી પણ, માતા નહીં કેહેવાય. ॥૧૬॥ ભીમ કહે એક પ્રશ્ન પુછું. તેથી ન કરશો ક્રોધ; ઉપદેશ તમારો સારો લાગે, સાંભળવો છે બોધ. ॥૧૭॥ ધરમ કહે પુછો વિરા, એમાં નહી રીસ આણું; ભીમ કહે કોહો છો બ્રાહ્મણ મ્હોટા, તે હું શાથી જાણું. ॥ ૧૮ ॥ બ્રાહ્મણની ને આપણિ કાયા છે પંચભુતનિ ભાઇ;એમને આપણે અવ્યવ સરખા, શી છે બીજી નવાઇ. ॥૧૯॥ એમને કરણ ચરણ ચક્ષુ, મુખ નાશીકા હસ્ત; ક્ષુધા પીપાશા આળસ નીંદ્રા, લઘુ શંકાને દસ્ત. ॥ ૨૦ ॥ એમને ઊપવિત આપણે ઉપવિત; સર્વ તણો એક ધર્મ; ઈશ્વર પદ મળવા સહુ ઇચ્છે, સર્વ કરે નીત્ય કર્મ. ॥૨૧॥ માટે બ્રાહ્મણમાં ને આપણમાં,શો ફેર મ્હારા વિર; ધર્મ કહે તું સાંભળ બંધુ, ચીત્ત દેઈ રણધિર.॥ ૨૨ ॥ જનેતામાં ને નારીમાં, ફેર જરા નવ દીસે; સ્ત્રી જાતીના એકજ અવ્યવ, આખા વિશ્વને વિશે. ॥૨૩॥ ચણીયો ચોળી પેહેરે માતા, તેવાજ પેહેરે નારી; મા માંને નારિમાં ફેર શો છે, વિરલા લ્યો વિચારી. ॥ ૨૪ ॥ ભીમે કહ્યું માતા તે માતા, માની લેવો ફેર એવ; ધર્મ કહે તેમ તેમ ન માને, ભુદેવ તે ભુદેવ. ॥ ૨૫ ॥ ભીમ કહે ભાઇ વાતજ સાચી, ન્યાય નીતીની એતો,બ્રાહ્મણ મુગટ મુસ્તકના, આજથી માન્યા મ્હેતો. ॥ ૨૬ ॥ આજથી બ્રાહ્મણને નહી ખીજવું, રીઝવું મ્હારા વિર; શેવા લેવાની આજ્ઞા કરાવું, જાવું જુમના તીર. ॥ ૨૭ ॥ એમ કહી વ્રકોદર ચાલ્યો, જ્યાં નીત્ય બ્રાહ્મણ ન્હાય; ત્યાં જઇ કસરત કરવા લાગ્યો, વીપ્ર જોઇ રાજી થાય ॥૨૮॥ ચોરાશી જાતિનાં આસન વાળે, ડંડ પીલે છે ત્યાય; વિધારથી કહે સાબાશ તુને, ઠીક વળે તુજ કાય. ॥ ૨૯ ॥ અમે દેખીને ખુશી થયા, ભીમ વધો વચન; મ્હારાજા તમે ખુશી થયા પણ, મ્હારૂ ન માન્યુ મન. ॥૩૦॥ માહરી ઇચ્છા મ્હારા મનમાં, રહી જાય છે મ્હારાજ; મઠ કને બેસવા આજ્ઞા અમને, રૂશીની કરાવો આજ. ॥ ૩૧ ॥ વિધારથી કહે આવજો તમો, અમો રૂશીને કહેશું; ધીરે ધીરે સૌ થૈ રે

દેશે, પેસવા બેસવા દેશું. ॥ ૩૨ ॥ એમ કહીને બ્રાહ્મણ ગયા, રૂશીના મઠ માંય; રાજી કરિને ભીમ આવ્યો, પોતાની ઝુંપડી જ્યાંય. ॥ ૩૩ ॥ માતને ભ્રાતને ભીમે કહ્યું, ચાલો રૂશીને મઠ; આપણને આજ પેસવા દેશે, વિદ્યારથી લેઇ હઠ; ॥ ૩૪ ॥ ત્યાંથી તે છયે જણ ચાલ્યાં, ગયાં દ્રૂમને દ્વાર; બ્હાર ઉભા રહી નીચા પડીને, કીધો નમસ્કાર. ॥ ૩૫ ॥ દ્રૂમ કહે કેમ આવ્યાં તમો, વિદ્યારથી સહુ બોલે; મ્હારાજા એ નીચ નથી, ઉત્તમ વરણ તોલે. ॥૩૬॥ રિતીને નીતી છે બહુ સારા, વીકારી નથી લગાર; એક કોરાણે બેસવા દો; એમ કર્યો ઉચ્ચાર. ॥૩૭॥ દ્રૂમ કહે હાંઇ બેશો કોરાણે, તવ તે મઠમાં પેઠાં; સહુ વિપ્રોનાં દરસન કરી, એક કોરાણે બેઠાં. ॥૩૮॥ એમ કરતાં થોડા દન વીત્યા, ધર્મે વદ્યા વ-ચન, આ ભીમ ભાઇ ઠરાવિ આપો, કરવા બ્રહ્મ પુજન. ॥૩૯ ॥ એવે સમે ભીમ બળિયે, કસરત કીધિ અપાર; વિદ્યારથીયો રાજી થયા, ધન્ય સુરા સંરદાર ॥ ૪૦ ॥ ભીમ કહે આથી કરૂ જાદે, માને તમારૂ મન; પણ ક્રીયા કરીને અમારા; હાથનું લ્યો પુજન. ॥૪૧॥ વિદ્યારથી કહે ધીરે ધીરે, મન ઇચ્છા પુરી થાશે; પછી તે દન મઠમાં ગયા, બેઠા જરા રૂશી પાસે. ॥ ૪૨ ॥ પછી ધરમે પ્રશ્ન પુછયાં, સીધાન્તનાં સીધાન્ત; ઉત્તમ પ્રષ્ણો સાંભળીને, રૂશીજી થયા શાન્ત. ॥૪૩॥ દ્રૂમ કહે કોઇ જ્ઞાની દીસો છો, ઉંચ વરણના જેવા; હવે તમોને આજ્ઞા છે; કરજો સ-રવની શેવા. ॥૪૪॥ એટલે પાન્ડવ આનંદ પામ્યા, ઝુંપડીમાં ગયા સાર; નીત્યાન પુજન કરવાનો ત્યાં. સરવ કર્યો વીચાર. ॥ ૪૫ ॥ અરજુન શે-દેવ નીકુળ તેતો, નીત્યાન લાવે ફુલ, ભીમને માંથે કામ સોંપ્યું, ચં-દન ઘસે અમુલ્ય. ॥૪૬॥ પછી નિત્યે ચંદન પુશ્પ, લઇને મઠમાં જાય; દ્રૂમ રૂશીનું પુજન કરે, કુન્તાને ધરમરાય. ॥ ૪૭ ॥ પછી ચારે ભાઇ ફરી વળે, સહુનું કરે પુજન; બ્રાહ્મણોના ચરણ ચાંપે, ભાયગ એમનું ધન્ય. ॥૪૮॥ એ રીતે આનંદ કરે છે, સાંભળને તું રાય, એ કથા રહી એટલે કહું, મચ્છા વેધ કથાય. ॥ ૪૯ ॥ વળણ ॥ મચ્છા વેધની કહુ કથા, સાંભળજો કરજોડ; વલ્લભ વદે સહુ બોલજો, જે જે શ્રી રણછોડ.

કડવું ૧૦૧ રાગ સાખીની છાયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, મચ્છવેધનો મહીમાય. ॥૧॥ પંચાળ દેશ સોહામણો છે, ત્યાંનો દ્રૂપતરાય; તેને પેટ છે દીકરો પણ, પુત્રીની થઈ ઇચ્છાય. ॥૨॥

માટે પોતે યજ્ઞ આરંભ્યો. વરૂણ વિપ્રનાં કરીયાં; તે રાયને ઘેર દીકરો દીકરી,કોણ કયાથી અવતરીયાં. ॥૩॥એક દહાડોબ્રહ્મ પુરીમાં. વેદભણે બ્રહ્માય; ત્યાં અચાનક મહાદેવ આવ્યા, સાંભળવા મન થાય. ॥૪॥ આસન વાળી બેઠા સાંભળવા, અતી આનંદ સુખ;ચાર મુખેવેદબ્રહ્મા ભણે, તેમા પાંચમું મુખ;॥૫॥ એકાક્ષર ભાંખેથી પડે ભંગ, માહાદેવને ચઢી રીસ; ત્રીશુળ મારી બ્રહ્માજીનું, છેદયું પાચમું શીશ. ॥૬॥ એટલે લાગી બ્રહ્મહત્યા, શીવ સ્વરૂપ થયું શામ;·તવ મહાદેવ પસ્તાવાલાગ્યા આ શું કર્યું મેં કામ ॥૭॥ એમ જાણીન બ્રહ્માન નમ્યા, તમોગુણી હું આપ; તમારૂં મેં મુસ્તક છેદયું, મુજને લાગ્યું પાપ. ॥ ૮ ॥ તે પાપ મ્હારૂં કરો નીવારણ, ઓરે વીરંચી દેવ; બ્રહ્મા કહે ચાલો વિષ્ણુ પાસે એમની કરીએ શેવ. ॥૯॥ એમ કહીને બંને ચાલ્યા, વૈકુંઠ વીસે જાય; વીષ્ણુ નારાયણ બીરાજેલા, આવ્યા શીવ બ્રહ્માય. ॥૧૦॥ વિષ્ણુએ કહ્યું કૈલાસપતી, કેમ થયા છો શામ; શીવ કહે શીશ છેદયું બ્રહ્માનું કીધું અઘટતું કામ. ॥૧૧॥ તેથી મને બ્રહ્મહત્યા લાગી, તે નીવારો નાથ; વીષ્ણુએ હત્યાને કહ્યું, જોડીને બેઉ હાથ. ॥૧૨॥ ઓરે હત્યા મુકય મહાદેવને, હું કષ્ટ તારૂં કાપુ; મહાદેવજીએ પાપ કર્યું તો, માગે તે દંડ આપું. ॥૧૩॥ હત્યા બોલી ઓ મહારાજા, દંડ લેવા મુજ લક્ષ; હરાડ ક્ષોણી શેન્યા કેરૂં આપો મુજને ભક્ષ,॥૧૪॥વીષ્ણુએકહ્યું કબુલ્ય મ્હારે વચન માની લેવું;કૃષ્ણ અવતારે હરાડ ક્ષોણી,ભક્ષતમોને દેવું. ॥૧૫॥ એવું વીષ્ણુએ વચન આપ્યું, ત્યારે હત્યા છુટી; તે પછી બ્રહ્માને શીવજી આગ્ના લૈ ગયા ઉઠી. ॥૧૬॥ તે પછી કૃષ્ણ અવતાર થયો, હત્યાની શી થઈ પેર, દીકરીથઇને અવતરી,મેધાવી રૂશીને ઘેર ॥૧૭॥ મેધાવી નામના એક રૂશી, રેહેતા હતા અરણ્ય, શાન્તા નામની નારી એમની,પતીવૃતાપાવન. ॥૧૮॥ તેને પેટે પુત્રી આવી ગુણસુંદરી ધર્યું નામ; ન્હાની ઉમરમાં વિદ્યા ભણી ઘણી,છે રૂપ રૂપની ધામ. ॥૧૯॥ તે કન્યા થઇ નવ વરસની જનેતા પામી મર્ણ;પોતેપીતાનીચાકરીકરે,ની ત્યાન ચાંપે ચર્ણ.॥૨૦॥એવામાં રૂશીએ એમ વીચાર્યું, મ્હારી થઇ વૃધ કાયઃમાટે પરણાવું દીકરીને સાસરે કરૂં વીદાય ॥૨૧॥ એમ જાણીને જમાત્ર શોધવા,ચાલ્યા રૂશીવર ચરણ;દૈવ ઇચ્છાયે જાતાં જાતાં, મારગે પામ્યા મરણ. ॥૨૨॥ તે વારતા ગઈ ગુણસુંદરીને, ઘણું કરયું કલપાન્ત; દુરવાસા મુનીયે ત્યાં આવીને, પમાડી પુત્રીને શાન્ત. ॥૨૩॥ ગુણસુંદરી તવ શાન્ત પામી, વૈરાગનાં મન કીધાં; પીતાનાં પાનાંનેપુસ્તક

વિપ્રોને આપી દીધાં. ॥૨૪॥ વાસણ વસ્ત્રો સરવ આપ્યાં, હવે નથી મ્હારે ખપ;વન વીશે શીવાલય દીઠું, ત્યાં જઇ માંડ્યુ તપ.॥૨૫॥ ડાભા પગના અંગુઠાપર, કાયા તોળી તપ કીધું; ખરા મનથી જાપજપી, બહુ કષ્ટ વેઠી લીધું ॥૨૬॥ ઘણે દીવસે મહાદેવ રીઝ્યા, તપથી થયા પરસન ત્રીપુરારી જટાધારી આવી દીધાં દરશન. ॥૨૭॥ તપ કરતાં કુંવરીને ઉઠાડી બાઇ તારૂં કષ્ઠ કાપુ; તારા તપથી પ્રસન્ન થયો જે માગે તે આપુ. ॥૨૮॥ ક્રોધ ભરેલી કુંવરી બોલી, મ્હારાજા કષ્ટી કાપો; ભરતાર આપો ભરતાર આપો, સ્વામી મુજને આપો. ॥૨૯॥ સ્વામી આપોસ્વામી આપો, એમ બોલી પાંચ વાર, મ્હાદેવજી કહે પાંચવાર બોલી પાંચ હજો ભરથાર ॥૩૦॥ ગુણસુંદરી કહે ઓરે મ્હારાજા, કાને ન સાંભળ્યું કોય; એક નરને હોય નારી ઝાજી, નારીને બે નવ્ય હોય. ॥૩૧॥ તેને બદલે પાંચ આપ્યા, આતે શો અધર્મ; એમ કહીને શીશ પછાડયું, ફુટયું મ્હારૂં કર્મ ॥૩૨॥ મહાદેવજી કહે રાખ્ય શાન્તી, દેહ તજી દેનાર; પાચ પતી તું તો ભોગવજે હવેને અવતાર. ॥૩૩॥ તવ ગુણસુંદરી કાષ્ટ લાવિ, ચીતા ખડકી તેહ; અગ્ની મુકીને મહી પડી, પ્રજાળી નાંખ્યો દેહ.॥૩૪॥બીજે અવતાર અવતરી એ, ગાય તણો અવતાર; મારગે જાતા પાચ નંદી, પુઠે પડયા એકવાર ॥૩૫॥ એવામાં આવ્યું શીવાલય ત્યાં આવી ગઇ ગાય;પાંચ નંદી પુઠેજોઇને;હસીપડયાઉમીઆય.॥૩૬॥ ઓ ગાય એવા શા ગુણ તુજમાં પુઠળ નંદી પાંચ;એટલે ગાયને વાચા આવી,બોલી ખરેખરીખાંચ. ॥૩૭॥ ઓ ઉમીયા તું જનેતા જેવી, હશી કાઢયાં અમને;તે માટે હું શ્રાપ દેવું છું, પાંચ પતિ હોજો તમને. ॥૩૮॥ એવો ગાયે શ્રાપ દીધો,તેવોજ પ્રાણ નીકળીયો;પારવતી ચેતી ગયા તે, અંશજ એનો ગળીયો. ॥૩૦॥અંશગળી ગયાં શીવજીપાસે; આજેહુંતો શ્રાપ પામી, શ્રાપ પ્રમાણે વર્તવું જોઇએ, કરવા મ્હારે પાંચ સ્વામી ॥૪૦॥ શંભુ કહે પાંચ રૂપ મ્હારાં, તે પાંચે સ્વામી જાણો; પાર્વતી કહે એમ ન ચાલે,વીવેકવીચાર આણો. ॥૪૧॥ શીવજી કહે ગાય તણો જે અંશ તમોએ ગળીયો; તેની તમે કન્યા બનાવો, હું વિર બનાવું બળીયો ॥૪૨॥ ભાઇને બેનનું જોડું બનશે, તે રથ વીસે ધરો; દ્રુપતને ઘેરે થાય છે યજ્ઞ, તેમાંથી પ્રગટ કરો ॥૫૩॥ તવ ઉમીઆયે અંશ કાહાડયો પુતળું બનાવ્યું સાર; થોડો અંશ પોતાનો મુકયો, તેજસ્વી થયું અપાર. ॥૪૪॥ બહુ રૂપવંતી કન્યા ભનાવી, પાંચ વરસની શોભે; વર્ણન કરતાં શેષ થાકે, વીશ્વ તણું મન લોભે. ॥૪૫॥ સહુ દેવે અ-

વતાર ધર્યો તો, ઉતારવા ભુભાર, પણ અગ્ની ન્હેતો અવતરીયો, તેડાવ્યો ત્રીપુરાર. ॥૪૬॥ માહાદેવજી કહે ઓરે અગ્ની, લેતું હવે અવતાર; આ કન્યાની સાથે જાતું, થા દ્રુપદ કુંવાર. ॥૪૭॥ તવ અગનીએ પાંચ વરસનું, સ્વરૂપ લીધું ત્યાંય; મહાદેવજીએ રથ આપ્યો, કન્યાને બેસાડી માંય.॥૪૮॥ હાંકવા માટે કુંવર બેઠો, અદર્શરૂપે જાય; એવે બ્રાહ્મણોએ હોમ કીધો છેલ્લું ડીફળ હોમાય ॥૪૯॥ તે વેળા રથ મહીંથી નીકળીયો વરત્યો જે જે કાર; તેજસ્વી કન્યાને જોઇને કીધો નમસ્કાર ॥૫૦॥ બ્રાહ્મણોએ દ્રષ્ટ પ્રદુમાન, ઠરાવ્યો તે ઠામ, મહા રૂપવંતી કન્યા કેરૂ, ધર્યું દ્રુપતી નામ. ॥૫૧॥ પછી અવર સહુ વીદાય થયા, રાય થયા પરસન; ખોળામાં બેસાડયા બેઉને એક તનીયા એક તન. ॥૫૨॥ રાજાએ પુછયું તમારે બેઉને,રેહેવાની કયાં ઇચ્છાય, દ્રષ્ટ પ્રદુમાનએમ બોલ્યો,હું રહું તમ ઘરમાંય ॥૫૩॥ દ્રુપતી કહે બાગ વિશે દો મુજને મુકામ, રાજા બાગમાં તેડી ગયો,રેહેવાનું દીધું ધામ ॥૫૪॥ એક સહસ્ત્ર દાસી આપી દ્રુપદી કરે શેવા; પીતાને બહુ લાડકવાઇ, મોકલે મીઠા મેવા. ॥૫૫॥ એવામાં નારદજી આવ્યા, રાયને કહ્યું વચન; તારી દીકરી જુગત અંબા કરવાં છે દરસન. ॥ ૫૬ ॥ વલણ ॥ દરસન કરવા મુજને, થઇ છે બહુ ઇચ્છાય; વ્યાસ વલ્લભ વાણી વદે સાંભળજો શ્રોતાય. ॥

---×---

કડવું ૧૦૨ રાગ : સોહાગીનો દોહરો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, મચ્છવેધનો માહમાય. ॥૧॥ સાંભળી દ્રૂપતરાજા બોલ્યો, આશું વદ્યા વચન; તમો સાક્ષાત ઇશ્વર છો ને, તમારે શાં દરશન ॥૨॥ પામ્મર પ્રાણી પુત્રી મ્હારી, તમથી મ્હોટી કેવી; નારદ કહે જુગત અંબા ખપ્પર જોગણી દેવી. ॥૩॥ તવ રાજાએ કન્યા તેડાવી, નારદ લાગ્યા પાય;પછી અંતરધ્યાનજ થયા કન્યા થઈ વીદાય. ॥૪॥ બીજે દીવસે વેદમ વ્યાસજી આવ્યા દ્રૂપત ઘેર;દ્રૂપતરાજાચરણે લાગ્યો,મુજપર કીધી મ્હેર ॥૫॥ વ્યાસજી કહે નીમીત માત્ર, દ્રૂપતી પુત્રી તારી; તેનાં દરસન કરવા માટે, આવ્યો છું પ્રેમ ધારી॥૬॥દ્રૂપત કહે પામ્મર પુત્રી, તેનાં શા દરસન;વ્યાસજી કહે રખે તું બોલે, હવેથી એવું વચન. ॥૭॥ જો પુત્રી ભાવ ગણીશ એને, તો ખપ્પરમાં ભરાયો, જુગત અંબા જા-

ણજે એને આજથી થાજે ડાહ્યો ॥૮॥ પછી દ્રુપતે દ્રુપતીને, તેડાવી પોતાને ઘેર; વ્યાસજીએ નમસ્કાર કીધો,સ્તુતી કરી બહુ પેર. ॥૯॥ દ્રુપતી વ્યાસજીને નમી, પછી થઇ વીદાય; વ્યાસજીએ પેર પુછવા માંડી, સાંભળ દ્રુપદ રાય. ॥૧૦॥ આ કન્યાને પરણાવવાનો, કયાં તેં કર્યો વીચાર; દ્રુપદ કહે કૈં નથી કીધો, વીચારમાં છું સાર. ॥૧૧॥ કોઇ કુળવંતો ને રૂપવંતો, ધનવંતો મળી આવે; તેવાની સાથે પરણાવું, કોહોતમને કેમ ફાવે ॥૧૨॥ વ્યાસજી કહે કોણ કુળવંતો;કુળવંતની શી રીત; દ્રુપત કહે તે નવ જાણુ હું છું આંધળો ભીંત. ॥૧૩॥ વ્યાસજી કહેવીદ્યા હોએ હોય વીવેક વિચાર; દિનતા હોયે દયા હોએ, ઉત્તમ મુખ ઉચ્ચાર. ॥૧૪॥ શાળતા સંતોષ સહન શકતી દ્વેષ બુદ્ધી નહી જેને; સરવે સદગુણ સારા જેમાં. કુળવંત કહેવો તેને ॥૧૫॥ એવો પુરૂષ જોયા વિના, દેશો કન્યાદાન; તો તો એના ખપ્પર વીશે, ભરાશો રાજાન. ॥૧૬॥ એવાં વચન સાંભળાને, રાજાને પડયોવેમ વેમ, મ્હારાજા ઉપાય બતાવો,કરૂ તમો કહો તેમ ॥૧૭॥ વ્યાસજી કહે મચ્છવેધન, કરે પુરૂષ જેહ; તેને કુળવંત જાણજે તું, કન્યાનેલાયક તેહ ॥૧૮॥ દ્રુપત કહે મચ્છાવેધન, તે કેમ કરવું કામ; વ્યાસજી કહે :વિશ્વકરમા તેડાવ્ય તારે ઠામ ॥૧૯॥ તેમને કહેજો મછવેધ રચના રચી આપો મહારાજ;એટલે એ રચી આપશે તુને, કરજે પછી એક કાજ ॥૨૦॥ દેશ દેશાન્તર પત્ર લખીને, તેડાવજે સહુ રાય;રૂશી લોકોને જાદવ લોકો, તેડાવવા સભામાંય. ॥૨૧॥ ઉત્તર પુરવદક્ષીણદીશા,બીરાજે સહુ રાય; પશ્ચીમ દીશામાં મ્હેલ હશે, ત્યા બેસશે કન્યાય. ॥૨૨॥ સભાની વચમાં જળકુંડ હશે, તેમાં કાષ્ટનો સ્થંભ; દ્વાદશ ગાઉનો ઉંચોતે, ચઢી શકે નહીં દંભ. ॥૨૩॥ છેકજ છેડે સોય સરીખો, અગ્ર હશે એક સ્વછ; તેના ઉપર સુવર્ણ કેરૂં, સવામણનું મચ્છ. ॥૨૪॥ તે થાભલાને અડધે ભાગે,આડા ખીલાને ત્રાંસ;સોનાની સાંકળે ત્રાજવાં બે, લ્રક્ષીપડે ચોપાસ. ॥૨૫॥ જળ કુંડાળે સ્થંભે જાવા, પાટીયાં મુકી દેવાં, ચઢનારો બાથ થંભને દે, તવ તે તાણી લેવાં. ॥૨૬॥ એ રીતની રચના હશે ત્યાં ભરાય સર્વ સભાય,તેવેળા તારે ઉભા થઇને, બોલવું સભામાંય ॥૨૭॥ કકહીએ કે મ્હારી વાત સુણી, પછી ઉઠજો કોય, તે વીના જોઉઠશોતો નિષ્ફળ ફેરા હોય. ॥૨૮॥ એમ કહીને એવું કહેવું, ઉભો થશે જે રાય, સભામાં વસ્ત્રાભુષણ કહાડી કરવી ઉઘાડી કાય. ॥૨૯॥ જંગા કટીનો કચ્છ રાખવો હૈએ ધરવી હુંશ, બાણનો ભાથોને વણ ચઢાવ્યું, ખાંધે

લેવું ધનુશ, ॥ ૩૦ ॥ તે પછી કુન્ડને પાટીએ જાવું, સ્થંભનેદેવી બાથ; શેવકો પાટીયાં તાણી લેશે, ચેતી રહેજો નરનાથ. ॥ ૩૧ ॥ પછી સ્થંભે શટ ગાઉ જાવું, ત્રણ ઘટીકામાં ચડવું; આડા ખીલાને ત્રાંસ છે તેનાં ત્રાજવાં વીશે પડવું. ॥૩૨॥ બે ચરણ બે ત્રાજવામાં. મુકી થવું તૈયાર; ખાંધેથી ધનુશ લેઇને, ત્યાં કરવો ટંકાર. ॥૩૩॥ તે પછી એક બાણ લેવું, ઘણાક સાવધ હોવું; મચ્છનો પરછાયો જળમાં પડે, માટે જળમાંજોવું. ॥ ૩૪ ॥ તે જળમાંથી મચ્છા તાકી, મારવુ બાણ ગગન; તે બાણ જઇને મચ્છા કેરૂં, વીંધે એક લોચન. ॥૩૫॥ તેનું તે બાણ પુંછ વીંધે, પ્રાક્રમ કરે પળમાં; તેનું તે બાણ મચ્છ ઉપાડી, નાંખે કુન્ડના જળમાં. ॥૩૬॥ એવી રીતે ત્રાજવામાંથી, કહેલું પ્રાક્રમ કરે; તે પુરૂશ કન્યાને લાયક, દ્રુપતીને વરે. ॥ ૩૭ ॥ તેમાં જે કોઈ ચડતા પડે, પડે અધુરે કામ; તે જળ કુંડાળા ઉપર બેસે, જુએ શોભા તમામ. ॥ ૩૭ ॥ કાષ્ટનું આસન આપવું એને, બેસે ઉઘાડે શીશ; તે પણ પેહેલેથી કહી દેવું, પાછળથી નહી રીસ. ॥૩૮॥ એ રીતે મચ્છવેધ કરાવી, દેજે કન્યાદાન; એવું કહીને વ્યાસજી તો, થયા અંતરધ્યાન. ॥ ૩૯ ॥ એટલે રાજાને ચટપટી પેઠી, કરવા લાગ્યો વીચાર; પોતાના બે પુત્ર બોલાવી, કહ્યા સૌ સમાચાર. ॥૪૦॥ કહો બેટા કેમ કરીશું, વ્યાશે કહ્યો ખેલ હાવો; પુત્રો કહે કરો પિતાજી, લેવરાવે પ્રભુ લ્હાવો. ॥ ૪૧ ॥ તવ દ્રુપતે ધ્યાન ધરીને; તેડયા વીશ્વકર્માય; કહ્યું કે મચ્છવેધની સભા રચો, પુર્ણ કરો ઇચ્છાય. ॥ ૪૨ ॥ વીશ્વકર્મા કહે નગ્ર બારણે, કરી આપો મેદાન; તવ રાજાએ આજ્ઞા કીધી, શેવક થયા સાવધાન. ॥ ૪૩ ॥ નગ્ર બારણે વૃક્ષો પાડયાં, કર્યું મેદાન તે દન; પૃથ્વી સાફ લાંબી ને પોહોળી, કીધી શોળ જોજન. ॥ ૪૪ ॥ વળણ ॥ સોળ જોજન પૃથ્વી કરી, સરખી શોભા માન; વ્યાસ વલ્લભ એમ ઓચરે, શ્રોતા દેજો ધ્યાન.

કડવું ૧૦૩ રાગ સખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારીતુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય. ॥૧॥ સોળ જોજન પૃથ્વી વીશે, વીશ્વ કરમા ઉભા; મંત્ર ભણીને જળની અંજળી, છાંટે છે તે સુભા. ॥ ૨ ॥ તેથી ભોમી પવિત્ર બની, બીજી અંજળી લીધી; ચોસઠ ગાઉની પવીત્ર ભોમી. આરશપાણની કીધી, ॥૩॥ લીલા પીળાને રંગ રાતા, ચળકતા

ચડી ચોટ;વળી જળ છાંટીને બનાવ્યો, ફરતો કનકનો કોટ ॥ ૪ ॥ તેમા રૂપેરી ક્રીનારી નાંખી,કાંગરી કાંગરા પડીયાં;જ્યાં જ્યાં જુએ ત્યાંત્યાં શોભા,હારા માણેક જડીયાં. ॥૫॥ વાવ્ય નૈરૂત્ય અગની ખુણે, બારીઓ ત્રણ વિવેક;ઇશાન ખુણે શોભાવંતો,દરવાજો કર્યો એક. ॥૬॥તેમાંઅમુલ્ય શોભા બનાવી, મીનાકારી રઢીઆળ; હાંડી તક્તા ઝુમ્મર ટાંગ્યાં, ગલ્લાસને ઘડીઆળ. ॥૭॥ પછી સભામાં પશ્ચામ દિશા, મ્હેલ કર્યો વિવેક; ગોખ ચોક ને નોક ભરેલો, આગળ ઝરૂખો એક. ॥૮॥ જાળીબારી અને અટારી, જોતાં લોભાય મન; ઝરૂખામાં કુરૂપતી માટે, માંડયુ સીંહાસન ॥૯॥મુસ્તક ઉપર છત્ર સોનાનું, આસને ચીત્ર ચીતરીયાં; અનેક જાતીના રંગ ભર્યા, જરીનાં વસ્ત્ર પાથરીયા ॥૧૦॥ જડાવ જડેલાં ઝવેર મઢેલાં, સ્ફાટીક મણી અમુલ્ય; હીરા ચળકે લીલમ લળકે, ફરતી મોતીની ઝુલ્ય ॥૧૧॥ એવી શોભા ત્યાં કરીને, દક્ષીણ દીશા જાય; જળની અંજળી મંત્ર ભણીને, છાંટી ભોમી માંય. ॥૧૨॥ ચાર ચાર પગથીઆંનાં આસન, કીધાં છપન ક્રોડ; નવ પગથીઆંનું એક કીધું, બેસવા શ્રી રણછોડ. ॥૧૩॥ પ્રભુની સાથે બળદેવ બેસે જાદવ સૌ આશપાશ; પછી પુર્વ દીશામાં ગયા, મનમાં અતી ઉલ્લાસ. ॥ ૧૪ ॥ મંત્ર ભણીને ચોરાશી શહસ્ત્ર,ઢાળ્યાં સીંહાસન; અમુલ્ય શોભા એનિ બનાવિ, બીરાજે ક્ષત્રી તંન. ॥૧૫॥ જેવો રાજા તેવું ઉંચું, માંડયું છે આસન; એક એકાદશ પગથીઆંનું,બેસે દુરીયોધન.॥૧૬॥ સરવને આસન છત્ર સોનાનાં, કીધું કારીગરી કામ;ટંટો તકરાર થાય નહી તે, જુજવાં લખ્યાં નામ. ॥૧૭॥ પછી ઉત્તર દીશાએ ગયા,વિધાનો નહી પાર; મંત્ર ભણીને આસન કીધાં, અઠયાશી હજાર. ॥૧૮॥ બબે પગથીઆનાં આસન, બ્રાહ્મણ માટે કરીયાં; મુસ્તકે છત્ર તામ્ર ધાતુનાં, મ્રગ ચમ્મર પાથરીઆં. ॥૧૯॥ આચમની પંચ પાત્રો મુકયા, ગૌમુખી માળા રૂંઢ; જે જે જોઇએ તે તે સામગ્રી, આગળ અગનીના કુન્ડ. ॥૨૦॥ એવી શોભા ત્યાં કરીને, સભાની વચમાં જાય;જળ છાંટીને કુન્ડ બનાવ્યો,સજીવન જળ કર્યું માંય. ॥ ૨૧ ॥ લાંબો પોહોળો અને ઉંડો, નીરમળ જળનો કીધો; મંત્ર વડે માંહી દ્વાદશ ગાઉનો, સ્થંભજ રોપી દીધો. ॥૨૨॥ તેને મધ્ય ભાગે એક ખીલો, તેણે બાંધ્યો ત્રાંસ; ત્રાજવા બે નીચાં ઝુલે. ખીલાથી એક વાંસ. ॥ ૨૩ ॥ પછી સ્થંભને છેલે ભાગે મંત્રથી મચ્છા મુકી; આવે વાયુ આકાશનો તે, ચાક ચઢે ફરૂકી. ॥ ૨૪ ॥ એવી અમુલ્ય શોભા બનાવી, બોલાવ્યો કુરૂપતરાય;ખામી હોય તો બોલજે તું, જોઈ રાજી રાય થાય;

॥૨૫॥ આપનિ ક્રીયામાં ન હોય ખામી, કહીને લાગ્યો પાય;આગ્ના માગી વિશ્વકર્મા, ત્યાંથી થયા વિદાય. ॥૨૬॥પછી દ્રુપતે પુત્રો તેડાવ્યા,કારભારીને પ્રધાન; કહ્યું દેશે દેશ પત્ર લખો, તેડાવોરાજન. ॥૨૭॥ પ્રથમ લખો છત્રપતિને, સહુના શીરોમણી રાય; શીખંડી સુત દ્રુપતકેરો, લખવા લાગ્યો ત્યાંય. ॥૨૮॥ દ્રુપતરાજા લખાવે છે, શ્રી હસ્તીનાપુર; સીરછત્ર શીરોમણી સહુના, યસ તણા આતુર ॥૨૯॥ અતી ઉત્તમ નામ દુર્યોધન, ધત્રાષ્ટરના તન; લખીતંગપંચાળદેશનો, દ્રુપતશેવકજન॥૩૦॥ નમ્રતાપુર્વક વીનંતી માહારી, ધ્યાનમાં લેજો રાય; મુજ ઘેરયજ્ઞમાંથીથઇ છે, પ્રગટ એક કન્યાય. ॥૩૧॥ છે રૂપવંતી નામ દ્રુપતી,તેનાલગ્નને સારૂ; મચ્છવેધ સ્વયંવર રચ્યો, થાય પાવન ઘર માહારૂં. ॥૩૨॥આપને આવે ઉત્તમ દિસે, જો હોય પાધરા પાશા; આ કન્યા તમ કુળમાં શોભે, મને છે એવી આશા. ॥૩૩॥ વૈશાખ સુદી પંચમીએ, લગ્નનું મહુરત સાર; માટે આવજો કુટુંબ લેઇ, વેહેલા દિવસ ચાર. ॥૩૪॥એવો પત્ર લખીને આપ્યો, પોતાના સેવક હાથ; જા જઈ દેજે હસ્તીનાપુરમાં, છત્રપતિ નરનાથ.॥૩૫॥ પછી બીજા દેશોમાં લખ્યા, જેનું ભાયગ ભળશે જે ધણી મચ્છવેદ કરશે, તેને કન્યા મળશે. ॥૩૬॥ વઇશાખ સુદી પંચમીનું, મહુરત છે નીરધાર; બે ચાર દિવસ વેહેલા આવો, સૌ ક્ષત્રી કુંવાર ॥૩૭॥ એટલી બીના બીજાને લખી, પછી કર્યો વિવેક; દ્વારીકાં વીશે કૃષ્ણ પ્રભુને; પત્રજ લખ્યો એક. ॥૩૮॥ હું ગરીબને ઘેર કન્યા, યજ્ઞમાંથી છે થએલી; તેનેપરણાવવાનેમાટે, મચ્છવેધસભારચેલી॥૩૯॥ તે ટાણે તમે વહેલા પધારો, મુને કરો પાવન; જાદવકુળ કુટુંબલાવજો, ઓરે જુગજીવન. ॥૪૦॥ એટલી બીના એમાં લખી, પછી અડયાસી હજાર; સરવ રૂશીને વીનંતી પુરવક, લખ્યો નમસ્કાર. ॥૪૧॥ મહારાજો મુજ ઘેર પધારવા; સરવે કરૂણા કરજો; ઘર ગામ મ્હારૂં પાવન થશે, દાસની દયા ધરજો. ॥ ૪૨ ॥ એ બીનાના રૂશીને લખ્યા, મોકલી દીધા તત્ર; રાજાના શેવક સંચર્યા તે, સહુને પોહોચાડયા પત્ર. ॥૪૩ ॥ દેશ દેશાન્તર વારતા ચાલી, શોભા થવાની સારી, ઉદ્યોગ અરથે ગરાબ ગરબાં વળી ગયા વ્હેપારી. ॥ ૪૪ ॥ દસ દસ દિવસ પેહેલા ગયા, લોકો અપરંમપાર; નગ્રની બ્હાર બજાર નીકળીયાં, વ્હેપારી કરેવ્હેપાર. ॥૪૦॥ ગામમાં ન મળે જરાએ જગો, ભીડ ભરાણી ભારે; દ્રુપતરાયે બ્રાહ્મણ સારૂ, મુકામ બાંધ્યો તે વારે. ॥૪૬॥ વઇશાખ સુદીપડવાનેદાહાડે, ક્ષત્રી થયા તૈયાર; પોત પોતાનું શેન્ય લઇ, નીકળીઆ ગામ બા-

હાર.॥૪૭॥ વાજતે ગાજતે ક્ષત્રીઓ ચાલ્યા, મારગે માગણ જાચે; ભાટ ચારણ બહુ જસ બોલે, રસ્તે અપછરા નાચે. ॥૪૮॥ એ રીતે સૌ ક્ષત્રી ચાલ્યા, પંચાળમાં પરવરીયા; નગ્રની બારણે દેરા તંબુ, તાણી તાણીઉ તરીયા.॥૪૯॥ દ્વારીકામાંથી જાદવ ચાલ્યા. બળવંત છપન ક્રોડ;હળધારી હળ લેઇને ચાલ્યા, ચક્રધારી રણછોડ. ॥૫૦॥ તે પણ આવ્યા પંચાળ દેશે, દ્રુપતે આદર કરીયા; રાજા લોકના તંબુઓ ર્થી,જુદિ જગેઉ તરીયા. ॥૫૧॥ એટલે રૂશીઓ આવવા માંડયા દ્રુપત ઉલટ ધારે; બ્રાહ્મણ માટે મઠ બાંધેલો, ત્યાં તેમને ઉતારે. ॥ ૫૨ ॥ એકેક બ્રાહ્મણ નીશેવામાં, એકેક શેવક મુકયો; જે જોઇએ તે હાજર કરે, ચાતુર કાંઇ નચુકયો. ॥૫૩॥ કૈ આવ્યાને કૈં આવે છે, કૈક કરેછે ત્યારી; દ્રુમ રૂશીને પત્ર પોહોચો, તે વાંચ્યો ખુંખારી. ॥ ૫૪ ॥ સાંભળ્યો સરવે વિદ્યારથીયે, સાંભળ્યો કુન્તા તન; એક એકને સાન કરીને, ઉઠયા ધર્મ રાજન.॥૫૫॥ વળણ. ॥ધરમ પેહેલા ઉઠીયા, પછી ઉઠયાં માત; વ્યાસ વલ્લભ વાણી વદે ઉઠયા ચારે ભ્રાત.

કડવુ ૧૦૪ રાગ આશાવરીની છાયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય. ॥૧॥ પાંચ ભાઇને છટ્ઠી માતા,ઝુંપડીમાં સંચરાઆં, પછી પાંચે પુત્રોની પ્રત્યે, કુન્તાજી ઓચરીયાં. ॥૨॥ પંચાળ દેશમાં સ્વયંવર છે, ત્યા આવશે બહુ પ્રાણી; રાજા રૂશીજાદવ કેરા; હશે ભાડ ભરાણી, મનુશ મેદનીનો છે મેળો; બેટા કરીશું કેમ; એટલે માતાની પ્રત્યે બોલ્યો, વાયુ નંદન ભેમ. ॥૪॥ ચાલો માતા જોવા જૈએ, દ્રુમ રૂશી પણ જાય; જો હોય ભવીશ પાધરૂ તો;વરીએએકન્યાય. ॥૫॥ કુન્તાજી કહે ઓરે રડયા, કેવું તું બોલ્યો હાલ; માટેજવાનુંમન પડે પાછુ, છે તારૂ બહુ સાલ. ॥૬॥ માટે જાવું નથી ગમતું.તોફાનકરે તું કાંક; ભીમ કહે હમણાનો માતા, બતાવો મ્હારો વાંક ॥૭॥ કુન્તા કહે હમણાં વાંક નથી, ઓરે મ્હારા તન; ત્યાં આંખ્યો તારી ફાટી જવાની, દેખીને દુરીયોધન. ॥૮॥ ભીમ કહે મેં મન વાળ્યું છે, થયો કબુદ્ધીથી કાહ્યો; અરીશ્યાપણું મુકી દીધું. આજથી જાણજો ડાહ્યો.॥૯॥તવ કુન્તા કહે કરો તૈયારી, આગળ ઉભાં રહીએ; દ્રુમ રૂશીવર નીકળેકે, પુંઠળ પુંઠળ જઇએ. ॥૧૦॥ એમ કહ્યું તવ કાપડ કેરી, ગાંસડીઓ સ-

ધળી લીધી;સાદડીઓને તુમડાં લીધાં;તૈઆરી ત્યાં કીધી. ॥ ૧૧ ॥ એવે
રૂશીજી તૈઆર થયા,સુખપાલમાં બીરાજ્યા;તે ઉચક્યાચારવીચારથીઓ,
જય જય શબ્દે ગાજ્યા. ॥૧૨॥ અડધા આગળ અડધા પાછળ, વીધાર-
થીયો ચાલે;પ્રષ્ણોત્તર એક એકને કરે,મારગ વીદ્વાન માહાલે. ॥ ૧૩ ॥
ઝુંપડીએથી પાંડવ આવ્યા,રૂશીને પડયા પાય;ધ્રુમે કહ્યું કેડવા કાપડી,
તમે આરો છો કયાંય. ॥૧૪॥ કુન્તા કહે તમારી કેડે, આવીએ પંચાળ
દેશ; ત્યાં સહુનાં દરશન પામીશું, જાદવ રૂશી નરેશ. ॥૧૫॥ કોનેઆશ
રે હાંઇ રેહેવું, ઓ રૂષી મ્હારાજ;ધ્રુમ કહે તમો કાપડી જાતી, મુજને
આવે લાજ. ॥ ૧૬ ॥ ધર્મ કહે ઓરે મ્હારાજા, મારગમાં સંગ રહીશું;
ચાર ગાઉ છેટે રેહેશે,ત્યાંથી બીજે પંથ જઇશું. ॥ ૧૭ ॥ મારગ નથી
દીઠો માટે, આવવા દો તમ સાથ; ધ્રુમ કહે પછી છુટા પડજો, ધર્મે
જોડયા તવ હાથ. ॥૧૮॥ આનંદ કરતા સરવે ચાલ્યા, પંચાળ લગભગ
થાય; ચાર ગાઉ ગામ બાકી રહ્યું, પાન્ડવ લાગ્યા પાય ॥૧૦॥ પાય પ-
ડીને છુટા પડીયા,અવર પંથ પળાય; નગ્ર તણા દરવાજે આવ્યા,ભીડ
ઘણેરી ભરાય. ॥૨૦॥ કુન્તાજી કહે કેમ કરીશું; નથી જવાનો લાગ; હું
છો કચરાઇને મરી જાવું, કયાં પગ મુકયાનો માગ. ॥૨૧॥ ભીમ કહેહું
આગળ થાવું, માહારી પુંઠે આવો; ધર્મ કહે કોને દુખ ન દેતો, ચાલો
આગળ થાવો. ॥૨૨॥ તવ વ્રકોદર આગળ થયો, પુંઠળ માતને ભ્રાત;
જરાએ જગો જવાની નથી, તેથી ગભરાય માત.॥૨૩॥ એવામાં ભીમ
વચ્ચે પડીયો, દેખીને લોક ત્રાસે; ભીમ ડોળા કાઢી દંત પીશે, ગભરા-
તું સહુ નાસે. ॥ ૨૪ ॥ એક એકના ઉપર પડે, કંઈ લોક કચરાઇ જાય;
દરવાજામાં માગ થયો, ગયા ગામની માંય. ॥ ૨૫ ॥ ગામ વીશે પણ છે
ભીડ ભારે,કુન્તા કહે કેમ કરીશું;ઉભા રહેવાની જગો નથી, કયાં જઈ
ને ઉતરશું. ॥ ૨૬ ॥ શેદેવ કહે ચાલો માતા, કાંઇ કરીશું પેર; બ્હોળી
જગા જાણીને ગયા, પ્રજાપતને ઘેર. ॥ ૨૭ ॥ ઓટલે એક કુંભાર બેઠો
તો, તેને કહ્યું કષ્ટ કાપો,મુખ મેળો કરવા અમે આવ્યા,ઉતારો અમને
આપો. ॥૨૮॥ પ્રજાપતને દયા આવી, હરિજન લીધાં માપી; ન્હાની સ-
રખી ઓરડી તે, રેહેવાને માટે આપી.॥૨૯॥ તેમાં જઈ માત ભ્રાત બેઠાં,
ભીમે કર્યો પલીતો;જાણ્યું કે આ કુંભાર કાકો,છે ઠીક ખાતો પીતો.॥૩૦॥
એમ જાણી વ્રકોદરે, ઉતારી નાંખ્યું મુખ; ધાંટા કાહાડી કહ્યું ખાવા
આપો, માતાજી લાગી ભુખ.॥૩૧॥ કુંતાજી કહે પેલા ભવનો, સાચો શ-
ત્રુ તું આવ્યો; અમોને વિતાડવું હતું તો, હાંઈ શીદ તેડી લાવ્યો. ॥૩૨॥

તે ધાંટા સાભળ્યા કુંભારે,ઉઠીનેગયો એમ;ઓરે ગાંડા ગરીબમાને,વીતાડે છેકેમ.॥૩૩॥ભીમ કહે કેભુખજ લાગી,જીવડો મારોજાય;પેટમાં બીલાડાં બોલે,ખાવાનું મનથાય.॥૩૪॥કુંભારને તવ દયા આવી,કહ્યુંતું ડાહ્યો થાને પેલી ખડકીમાં ખાણ ચણાની, એક મુઠી લેઇ ખાને. ॥૩૫॥ ગર્ધવ માટે ચણા ભર્યા છે,એક હજાર મણ પુરા;એકજ મુઠી લેઇને ખા તું, તેમાં શું થાય અધુરા. ॥ ૩૬ ॥ ભીમે જાણ્યું ભાયગ ભળીયું, હમણાં લેવા નહિ જાવું; કાકો ખસે આઘો પાછો,તો તો ચણા હું ખાવું. ॥૩૭॥ એમ જાણીને વૃકોદર બોલ્યો, કાકા હું ડાહ્યો થૈશ;હવે જીવને સબુરી વળી મોડેથી લૈને ખૈશ.॥૩૮॥ કુંભાર કહે દુખ ન દેતો, ગાંડીયા ડાહ્યો થાજે; ખાણ ઉઘેડી ચણા લેઇને, મને દેખાડી ખાજે. ॥૩૯॥ ભીમસેન કહે વારૂ કાકા, પછી પ્રજાપત ગયો; એટલે ભીમને લાગ ફાવ્યો; ઝડપ ઉભો થયો. ॥૪૦॥ ખડકીમાં જઇ ખાણ ઉઘેડી, દીઠા ચણા અપાર; એક મુઠી ભરી ભુજ બાહાર રાખ્યો, મહી મ્હો ઘાલ્યું તે વાર.॥૪૧॥ દંતથી ચાવે ચણા ભાવે, ગરીબનું ધન ટાળ્યું; એકે દાણો રેહેવા ન દીધો, સાફ વાશીદુ વાળ્યું. ॥ ૪૨ ॥ હતી તેવિ ખાણ ઢાંકી, ત્યાંથી ગયો ભીમ ઉઠી; પ્રજાપતને જઇ બતાવિ, જુઓ કાકા લીધી મુઠી ॥૪૩॥ પ્રજાપત કહે ફાકી ખાજે,થાજે ડાહ્યો લગાર;વારૂ કહીને ભીમ ચાલ્યો, ઓરડીમાં આવ્યો સાર. ॥૪૪॥શેદેવ નિકુળને જઈ કહ્યું,લ્યો ચણા ઉલટ આણી; ચપટી ચપટી ફાકશો તો, પીવા ચાલશે પાણી. ॥૪૫॥ કુન્તાજી કહે ફાકી ખા, દીકરા દઇવની વેઠ; ભીમ કહે હવે ભુખ નથી, ભરાયુ મ્હારૂ પેટ ॥૪૬॥ તવ કુન્તાને વ્હેમ પડીયો, નહી રહ્યું હોય મન ઝાલ્યું, ખાણ બધી કરી હશે ખાલી,નક્કી તેં ઘર ઘાલ્યું. ॥૪૭॥ ભીમ કહે આ શું બોલોછો, સંદેહ મનનો ખુઓ, કાકાને દેખાડી મુઠી લીધા છે,જઇને પુછી જુઓ. ॥૪૮॥ તવ કુન્તાને વીશ્વાસ પડીયો, પછી બોલ્યાં માય; ઓરે ધરમ અરજુન બેટા, પેટનો કરો ઉપાય. ॥૪૯॥ વળણ॥ પેટ પોશાણનું કૈં કરો, ઓરે મ્હારા તન; કાપડ વેચી નાંખીને; ખાવા લાવો અંન.

કડવું ૧૦૪ રાગ સોહાગનો દોહરો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું,આદ્ય પરવ મહીમાય. ॥૧॥ ધરમ અરજુને કાપડ લીધું, વેચવા માટે જાય; કાપડનો કોઈ ભાવ ન પુછે, ફરે છે બજારમાંય. ॥ ૨ ॥

હરી ફરિને ખાવાનું ખપે, અન મોઘુ વેચાય; શાક ભાજીતો શાંનાંમળે, ઘાસ પાણી તોળાય ॥૩॥ એવી હળાહળ છે મોઘવારિ, ઘરમેવીચાર કી ધો; નાખી દેવાને ભાવે સઘળો, માલજ આપી દિધો.॥૪॥ તેનાણુંનાદા ણા લીધા, ઓરડીએ ગયા એહ; કુન્તાજીએ રસોઇ કીધ, ભોજનકીધુ તેહ. ॥૫॥ એક દીવસનું પોશણ થયું, રાત્રી પડી તે વાર; કુન્તાજી કહે કેમ કરશું; કાલે અન ઉધાર. ॥૬॥ શેદેવ કહે આજ પરોઢે; અ- મને ઉઠાડજો માત; નદી ઉપર ન્હાવા જાવું, આપણ પાંચે ભ્રાત. ॥૭॥ નાહી ઘોઇ નિત્ય કર્મ કરીને, જાવું સામી તીર; હાથ જોડી ત્યાં ઉભા રેહેવું, ઓરે મ્હારા વિર. ॥ ૮ ॥ રાજા રૂશી રઇયત જાદવ, નહાવા આવશે ત્યાંય; આપણે સહુના દરસણ કરવાં, બીજોનહિ ઉપાય. ॥૯॥ ઇશ્વર વણ માગે અન દેશે, વગર બોલે નેટ; ભીમ કહે હાથ જોડજો તમે, હું તો કુટીશ પેટ. ॥૧૦॥ બોલ્યા વિના કોઈ શું સમજે, માટે પેટ પછાડું; શેદેવ કહે એમ કરજો, બીજુ ન બોલવું આડું. ॥૧૧ ॥ એમ કરીને સયન કીધું, થયો પ્રાતસકાળ; તવ કુન્તાએ જગાડયા, પોતા- ના પાંચે બાળ. ॥૧૨॥ તવ પાચે ભાઇઓ ઉઠીને,ગયા ગંગા સ્થાન; ના- હિ ધોઈ નીત્ય કર્મ કીધું, ધર્યું હરીનુ ધ્યાન ॥૧૩॥ પછી સામી તીરે ગયા. પેટ તણા મનસુબા; સુર્યના સામુ મુખ કરીને, હાથ જોડીનેઉભા ॥૧૪॥ એવામાં તો વ્હાણુ વાહ્યું, ન્હાવા આવ્યું લોક; રહીયત રાજા રૂશી જાદવ, ભીડ ભરાઈ અથોક. ॥૧૫ ॥ ચારે વર્ગના ચાર જથે, કરે ગંગા સ્નાન; જાદવ જોદ્ધા જળમાં ઝીલે, મદે ભર્યા મસ્તાન. ॥૧૬॥બ્રા હ્મણે નાહીને સંધ્યા કરે છે, રવીને અર્ગજ આપે; રાજા લોકો શરીર ચોળાવે, રૂપ વીશય પ્રેમ વ્યાપે. ॥૧૭॥ જે જેને જેવું ફાવે તેવુ, કરે છે જળમાં સ્નાન; જાદવમાં બળદેવનાહ્યા,નાહ્યા શ્રી ભગવાન.॥૧૮॥તેસાંમે સામી તીરે ઉભા છે, જોઇ દયા મન ઉઠે; ચાર ભાઇએ હાથજોડેલા, વ્ર કોદર પેટ કુટે.॥૧૯॥ તે સમે નાહિને બ્હાર નીકળીયા, પોતે જુગજીવ- ન; પીતાબર પેહેરતા ભકત દીઠા, આવ્યાં આંસુ લોચન. ॥૨૦॥ અરે રે મારા દાસ છે દુખી, અન જળના ઉધારા; એક કણુકો ખાવા નથી, પેટ કુટે બીચારા ॥૨૧॥ તાપ તાઢને વરસાદ વેઠી, વનમા ધર્યું મુજ ધ્યા ન; તોપણ સંભાળ હું નથી લેતો, છો નુઘરો ભગવાન. ॥૨૨॥ એમ ધા- રીને સંકલ્પ કીધો. હવે કરૂ ઘણી સ્હાય; મચ્છવેધ એમનિ પાસે કરાવું, વરાવું આ કન્યાય. ॥૨૩॥ સૌ આવેલાને પાછાકાઢુ,નીશ્ચેકર્યું દીનાનાથ; એકલા શેદેવને ચેતવવા, ઉંચો કીધો હાથ. ॥૨૪॥એટલે શેદેવે ભીમનેક

હ્યું, હવે ન કરો કેહેર; પેટ ન કુટો મુકામે ચાલોઆવશેશીધાં ઘેર.॥૨૫॥
ભીમ કહે કોઇએ નથી કહ્યું, સાચુલાગે કેમ;શેદેવકહે મ્હારેમાથે,ચાલો
એમને એમ. ॥૨૬॥ તવ પાંચે ભાઇ ત્યાંથી ચાલ્યા,ઓરડીએગયાભ્રાત,
કોહો કેમ થયું કુંવર મ્હારા, પુછવા લાગ્યાં માત. ॥૨૭॥શેદેવ કહે આવ
શે શીધાં, ભીમ વધ્યો વચન;ઓમા કોઇએ કહ્યુંનથીકે, મોકલાવીશુંઅ,
ન. ॥૨૮॥ કુંતાજી કહે ધીરજ રાખો, શેદેવનું વેણ સાચું;ભીમ કહેજુઠ
પડશે તો, ભાગીશ એનું ડાચું. ॥૨૯॥ એમ કહીને સરવેબેઠા, સાંભળને
તું રાય; રાજા રૂશી જાદવ સરવે, સ્નાન કરી સ્થળ જાય. ॥૩૦॥ પછી
પ્રભુ તંબુથી ચાલ્યા, ગયા દ્રુપતને ઘેર;પંચાળ રાજા પાયે પડીયો,મુ
જપરકીધિ મ્હેર. ॥૩૧॥ કેમ પધાર્યા કેમ પધાર્યા, વણ તેડયા શ્રી કૃષ્ણ;
પ્રભુ કહે આજ ઉલટ આવિ, તુને પુછુછું‌પ્રષ્ણ ॥૩૨॥ કોઇતારાગામમાં
આવ્યું હોય, જોવા સ્વયંવર કામ; ઉત્તમજાતી દુર દશાના,નહોયપાસે
દામ. ॥૩૩॥ ભીક્ષા માગવા નહિઅધીકારી, મજુરી નવ્યકરે;તેવાપ્રાણી
આવ્યા હોયે, તે શું ભુખે મરે.॥૩૪॥દ્રુપત કહે નારે મ્હારાજા;તેવાનુકષ્ટ
કપાવું, બતાવો તેને નીત્યાન શીધાં, જોઇએ તેમ અપાવું. ॥૩૫॥સામ-
ળીયો કહે કહો શેવકને, મોકલો મારી સાથ;દ્રુપતે છડીદારને કહ્યું,
જા જ્યાં તેડે દીનાનાથ.॥૩૬॥જેને બતાવે તેને લેઇને, મોદીખાનેતેડીજા
જે; મોદીને જઇ કહુ તે કેહેજે. રીતીમાં પ્રવિણ થાજે. ॥૩૭॥ જેટલું
જોઇએ તેટલું ને,જેવું જોઇએ તેવું; જેટલા દન રહે તેટલા દન,મોદી
ને કહીએ દેવું ॥૩૮॥ એમ કહીને વીદાય કીધા, પ્રભુ તેડીને ગયા; કું
ભારના ઘર પાસે આવી. થોડે છેટે રહ્યા. ॥૩૯॥ કૃષ્ણે કહ્યું ઓરડી પે-
લી; ત્યાંથી બોલાવી લેજે; જેવી રીતે રાજાએ કહ્યું,તેમ અપાવી દેજે.
॥૪૦॥ એમ કહી પ્રભુ પાછા વળીયા, તવ ગયો છડીદાર; એટલે આ-
વતો ભીમે દીઠો, દીધો અતી આઉકાર. ॥૪૧॥ છડીદાર કહે તમે ચાલો
મોદીખાને લેઇ જાવું; જેટલું જોઇએ તેટલું શીધું,તમોનેકેવરાવું॥૪૨॥
એટલે ઉઠયા ધરમરાજા, જોડે અરજુન જાય; તેમનિ સાથે સુત વાયુનો
તરત ઉભો થાય ॥૪૩॥ ધરમ કહે નહી કામ ત્હારૂં, વાંધા ઘણેરા પાડે;
વીવેક વીના મીઠા ઝાડનું મુળ તુતો કહાડે. ॥૪૪॥ ભીમ કહે તમે ત-
મારે ચાલો, કહી ગયા સૌ સંગ; મોદીખાને આવી ઉભા, ભોજનનો
ઉમંગ.॥૪૫॥ છડીદારે કહ્યું મોદીને, વચન રાયનું થાપો; આ લોક
જ્યાં લગી રહે ત્યાં લગી, શીધાં એમને આપો. ॥ ૪૬ ॥ જેટલાં
જોઇએ તેટલાંને, જેવાં જોઇએ તેવાં; હવેથી કેહેવા નહી આવું,

નિત્ય તમારે દેવાં. ॥૪૭॥ મોદીએ પુછયું કેટલું જોઇએ, જમનારા કેટલા જણ, ભીમે કહ્યું સાભળો મોદી, લાવો લોટ સોમણ. ॥૪૮॥ સોમણ ઘી ને સો મણ સાકર, પચીશ મણ મસાલો, પચાસ મણ દો દાળનેચોખા, પચીશ મણ શાક આલો. ॥૪૯॥ સાંભળીને છડીદાર બોલ્યો, છો કોઇ કપટીને પેચી, એટલું શીધુ લેઇને શું, તમારે ખાવું છે વેચી. ॥૫૦॥ ભીમ કહે ચાલો જોવાને, જમીએ ત્યાં પેટ ભરજો, વધે તો ફરી નવ દેશો, ઘટે તો પુરૂ કરજો. ॥૫૧॥ સેવક કહે ઉપર બેશી, કરાવુ રસોઇ; તવ મોદીએ શીધાં દીધાં, સાચુ ન માને કોઇ. ॥૫૨॥ વળણ. સાચું કોઈ નથી માનતું, પણ આપ્યો સામાન; વ્યાસ વલ્લભ એમ ઓચરે, લીધુ સતી સંતાન.

કડવુ ૧૦૫ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પરવ મહીમાય. ॥૧॥ સરવ સામાન લીધો ભીમે, ગયો કુંભારને ઘેર; સાથે છડીદાર આવીઓ એ, જોવાને બાધ પેર. ॥૨॥ પ્રજાપતની ખડકી વીશે, ચુલા ચારિ કરાવ્યાં; જેજે વાસણ જોઇએ તે, ભંડારમાંથી અપાવ્યાં. ॥૩॥ પછી ભીમે સ્નાન કીધું કરવા માંડી રસોઈ; ધરૂપતનો છડીદાર બેઠો, તે રહ્યા છે જોઇ. ॥૪॥ વ્રકોદરે દાળ ભાત કીધાં, લાડુ કર્યો તૈયાર; શાક વઘારીને કાઢીનાંખ્યું, ક્ષણુ ન લાગી વાર ॥૫॥ પછી પોતાના ચાર ભાઇને, પાંચમી પોતાની માત; તે પાંચેને જમવા બેસાડયાં, પછી પેટનિ વાત. ॥૬॥ તે પાંચે જણ જમી ઉઠયાં, ચારશેરનો મોદીક; છડીદાર કહે આ કોણ ખાશે, હવે તો છે ઠીક. ॥૭॥ ઠગારાને ઠેઠ પોહોચાડો, એવો વીચાર પેઠો, ભીમે કહ્યું રાયના દુત જોજો, કહીને જમવા બેઠો. ॥૮॥ ઢીલો કીધો તંગીચોને, શીવ શીવ મુખે ભાંખે, એક એક ભુજમાં વીસ વીસ લાડુ, લેઇને મુખમાં નાંખે. ॥૯॥ એમ સો મણનો લાડુ ખાધો, જમી ગયો દાળભાત શાક સામગ્રી સઘળું જમ્યો, તે પછી ધોયા હાથ. ॥૧૦॥ છડીદાર જોઇને વિસ્મે પામ્યો; ભીમે કહ્યું જોવા આવો; વધ્યું હોય તો શીક્ષા કરો, નહીતો પચીસ મણ લાવો ॥૧૧॥ છડીદારે નમસ્કાર કીધો, આ કોની ચાલે હામ; નિત્ય રાજા આમ ખવરાવે તો, વેચે ઘરને ગામ. ॥૧૨॥ ઓ બળવંતા તમે તમારે, મોદીખાને નીત્ય જાજો; આજ લીધું તે પ્રમાણે લેને, રહો ત્યાં સુધી ખા-

જો.॥૧૩॥ એવું કહી છડીદાર ગયો, સાંભળ તુ રાજન;ચતુરથીથઈપણ નથી આવ્યો, રાજા દુરીયોધન ॥૧૪॥ સર્વ આવ્યા છે પણ એ પાપી,ઘેરથી નવ નીસરે; ધરૂપતીને વરવા માટે, વીવા સામગ્રીકરે. ॥૧૬॥ભાણુમતીને કહ્યું જઈને, જો પરણવા જાવું; તું તો છેક ભુતડી જેવી, વીજળી જેવી લાવું, ॥૧૬॥ સોક તણુ તને સાલ કરૂં,જોજેઅભીમાન ટાળ્યો; રાણીએ એવું સાંભળીને, શુકનનો છેડો વાળ્યો. ॥૧૭॥ અછકલે ઘેર વીવા માંડયો,વાજીંત્રો વગડાવે; વડીઓ પાપડ કરાવેને, ઘેરગીતાં ગવરાવે. ॥૧૮॥ એમ એતો વીવાની ત્યારીમાં,થઈ ચતુરથીની સાંજ; પંચાળ રાજા વાટ જુએ, આવ્યા ન મ્હોટા રાજ. ॥૧૯॥ આવતી કાલરે મહુરત માહારે, કોને પુછુ સલાય; મહુરત કાલનું બંધ રાખું,તોસહુ ધુસ્સે થાય. ॥૨૦॥ જો કાલે મહુરત સાચવુંને, આવે દુરીયોધન;રાજપાટ માહારૂં છીનવી લે, છીનવી લે ભોવન ॥૨૧॥ એમ વિચારિ એણે તેડાવ્યા; બળવંત રાજા ચાર; જરાસંધને શલ્ય શીશુપાલ, ચોથા દેવ મોરાર. ॥૨૨॥ શેવક પાસે તેડાવીને, આપ્યાં છે આસન;તે ચારેની પ્રત્યે બોલ્યો ધરૂપતરાય વચન ॥૨૩॥ સુણો મ્હારાજા, સુણો મ્હારાજા, મારે આવી એક આંટી; છત્રપતી હજી સુધી ન આવ્યા, એજ ઘણેરી ઘાંટી ॥૨૪॥ કાલનુ મહુરત નીશ્ચે કરીને, પત્ર લખેલા તમને; આ મહુરત હું ફેરવું તો, ફાવતુ આવે અમને. ॥૨૫॥ માટે ફેરવવાની રજા, આપો તો ઠીક થાય; એટલે તરત બોલી ઉઠયા, પોતે જાદવરાય ॥૨૬॥ શું તારો દુરીયોધન ખરો, બીજા બધા શું ખોટા; અમારે મન તરણા તોલે,તારે મન એ મોહોટા. ॥૨૭॥ કન્યા તારે પરણાવવી કોને. તે તારો કહે વીચાર;ધરૂપત કહે મછવેધ કરે. તેતો વરે નીરધાર. ॥૨૮॥પ્રભુ કહેશુવાટ જુએ છે, જે જન મછવેધ કરસે; નથી કન્યા દુર્યોધનની, જે કરશેતેવરશે. ॥૨૨૯॥ માટે કાલની આજ્ઞા આપો, નહિ તો રીસાઈ જશે; દુરીયોધન આવ્યો નહી અને, ઘેર મુઊ કોઈ હશે. ॥૩૦॥ ધરૂપત કહેઆમશું બોલો, ઓરે દીનદયાળ; સલ્ય કહે આજ્ઞા નહિ દેતો, જાશું સૌ ભુપાળ ॥૩૧॥ ધરૂપત કહે આજ્ઞા આપુ, પણ નથી રેહેતી હામ, માહારા પર દુરીયોધન કોપે, લુંટી લે ઘર ગામ. ॥૩૨॥ પ્રભુ કહે એતો સાચુ, તેનો મોહોટો વીચાર; કહો શલ્ય શો જવાબ દેવો, જાય એનું ઘરબાર. ॥૩૩॥ એટલે શીશુપાળ જરાસંધ બોલ્યા મુખે એમ; આનો બચાવ કરવા કબુલ,કૃષ્ણ કહે જેમ તેમ ॥૩૪॥ કૃષ્ણ કહે તમોવચન આપો,ત્રણે વેણજ દીધાં; એટલે અંતરયામીએ ત્યાં ધરૂપતને કેહેણ કીધાં. ॥૩૫॥

દ્રૂપતરાજા આજ્ઞા આપો, ડરશો નહી લગાર; અમે સરવે સામા થાશું, શું કરે અંધ કુંવાર. ॥૩૬॥ તારી પક્ષમાં સરવે રહેશે ક્ષત્રી કેરા બાળ; રંગમાં ભંગ નથી પડવાનો, નહી થાય વાંકો વાળ. ॥૩૭॥ એટલે દ્રૂપત રાજા બોલ્યો, વ્હેલા પધારજો કાલ. ॥૩૮॥ ચારે જણાને વીદાય કીધા, બોલાવ્યા શેવક ચાર; જાવો જઇને ડુંડી વગાડી, કરજો મુખપોકાર. ॥૩૯॥ એક જણો જાઓ રાજ્ય જથામાં, કેહેજો કે કાલે પધારો; આસન બેસજો નામ વાંચી, રાજાનું કાજ સધારો. ॥૪૦॥ એક જણો જાવો જાદવમાં, કહેજો કે કાલે આવો; દક્ષીણ દીશાએ જગો તમારી, બેશીને સભાસોભાવો. ॥૫૧॥ એક જણો જાવો બ્રાહ્મણમાં, કેહેજોએમ વચન; આસન ઉત્તર દીશા તમારાં કરજો કાલ પાવન. ॥૪૨॥ એક જણુ કહો રહીયતને જઇ, જોવા આવજો સર્વ; બેસવું સીંહાસનોની પુઠે કોઇ ન કરવો ગર્વ ॥૪૩॥ ટંટો તાફાન કોઇ ન કરવું, કોઇ ન કરવું બંડ; જે જન ફીતુર કરશે તેને, દ્રૂપત દેશે દંડ. ॥૪૪॥ એ રીતે ચારજણુ કહેજો, કહી કર્યા વીદાય; એટલે ડુંડી વગાડતા ચાલ્યા, ચારે સ્થળે ચાર જાય. ॥૪૫॥ દ્રૂપતના કેહેવા પ્રમાણે, કહ્યા સમાચાર; સઘળે જાહેર કરીને ગયા, હરખ્યા સર્વ અપાર. ॥૪૬॥ ક્ષત્રી લોકને ઉમંગ અતી; ચાલો ભાયગ ભળશે; વેહેલા જઇએ સભામાં તો, આસન સારૂ મળશે. ॥૪૭॥ ડુંડી સાંભળી ન્હાતા ધોતા, કૈં સજતા શણગાર; કંઇ રાજા જોશીને તેડે, પ્રષ્ણ પુછે વારોવાર. ॥૪૮॥ કૈં જન જનમોતરી દેખાડે, કન્યા મળે કે ન મળે; કૈં દેખડાવે હસ્તરેખા, કહો કયારે ભાગ્ય ભળે. ॥૪૯॥ કૈ રાજાતો સ્નાન કરે છે, સાબુ લેઇને ન્હાતા; અતર ફુલેલ અંગે ચોળે, શરીરે ઉજવળ થાતા. ॥૫૦॥ દરપણ મોઢા આગળ રાખે સજે રૂડા શણગાર; દીપે નહીં તે ઉતારી નાંખે, બીજા પહેરે બીજીવાર. ॥૫૧॥ વારે વારે વસ્ત્રો બદલે, મુગટ બદલી જુએ; નથી શોભતા કે શોભે છે, તકતે જોઇ વેમ ખુએ ॥૫૨॥ વૃદ્ધ રાજાને વરવાની વૃતી, ડાચાં જેનાં મળીયાં; છોલાવી છોલાવી ક્ષૌર કરાવે, ઢંપાવે ધોળા પળીયાં. ॥૫૩॥ કલપ ચઢાવી કરે કેશ કાળા, હોઠ લુછી કરે લાલ; પાનસોપારીના ડુચા મારી, રાખે છે ઉંચા ગાલ. ॥૫૪॥ દંત પડેલા તે દંત બંધાવે, એમ ઉજાગરા કરીયા; સમરણ સૌને દ્રૂપતીનું, પડયા નીંદ્રાએ ભરીઆ. ॥૫૫॥ વળણ. નીંદ્રામાં સરવે પડયા, થતે મોહોટે પ્રભાત; વ્યાસ વલ્લભ મુખ ઓચરે જાગ્યા આખી રાત.

કડવું ૧૦૬ રાગ બેહાગની ચોપાઇ.

બોલ્યારે વૈશમપાયે વચન, સાંભળજનમેજે રાજન;રૂજનીવીતીને વ્હાણુંરે વ્હાય, નીંદ્રાથી આંખ ઉંચી નવ થાય.॥૧॥ ઉઠાડવાનેજાય છડીદાર, મ્હારાજા કહીને કરે પોકાર;ઉઠો કન્યા લેઈજાશે કોય, કન્યાને નામે જાગ્રત હોય.॥૨॥રાતાં નેત્રે તતબર થાય, વખત થઈગઈ કરતા જાય,॥૩॥ કૈં બેઠા રથ ને કૈં સુખપાલ,કૈંકચાલે ચરણે ગજ ચાલ;કૈંગજઘોડે કૈં ચાલે ચર્ણ,કન્યામાં સહુનું અંતસ્કર્ણ. ॥૪॥ મારગ ભીડ ભરાઈ અપાર, ઉડે છે રેણુ થાય અંધકાર;કરાવે છે છંટકાવ અત્તરતણા, રંક રાજા તે ગભરાય ઘણા ॥૫॥ સાચવી સાચવી મારગ પળે, ધક્કા ધક્કીમાં મુગટ ઢળે;ખંખેરીલેઇનેમુકેશીશ,શેવકોઉપરજણવે છે રીસ॥૬॥ દોડતા રથ માંહોમાંહ્ય ભરાય,તવઅશ્વભડકેને તમાસો થાય;હાથી કુદે તે વળી જાય ઘાણ, થાય મારગમાં બહુ બુંબાણ॥૭॥જેમતેમ કરી જાય છે સર્વ કૈં કુળવંતાને કુળનો ગર્વ;કૈંનેધનનો કૈંને રૂપતણો, કૈંને બળનો ગરવ છે ઘણો.॥૮॥ ફુલ્યા ફુલ્યા ચાલ્યા રાજન, સહુસહુના મનમાં મસ્તાન; દરવાજે ઉભા બે છડીદાર,તેતો સરવને કરે જુહાર. ॥૯॥ ઠાઉકા થૈ જાય સભામાં રાજન, નામ વાંચીને બેસે આસન;ટંટા તોફાન કોઇ નવ કરે પોતપોતાની મગરૂબીમાં ફરે.॥૧૦॥ આવી રહ્યા સહુ ક્ષત્રીના તન નથી આવ્યો એક દુરીયોધન; ખાલી પડયું છે એનું આસન, બાકી રહ્યા નહી કો રાજન ॥૧૧॥ એક એકને પુછે છેરે ભુપ; કેવું ઇશ્વરે મને આપ્યું છે રૂપ;તે રૂપ જોઇ વરશેકન્યાય;કૈંક કહે એ વાતમીથ્યાય॥૧૨॥ કૈંક કહે હું કુળવંત રાય,તેથી મુજનેવરે કન્યાય;કૈંક કહે હુંધનવાન ઘણો, દ્રુપતીને મોહ લાગે ધન તણો.॥૧૩॥જેમફાવે તેમગરવમનધરે, દરપણ લેઈ મુખ જોયા કરે;સરવે ધરે દ્રુપતીનું ધ્યાન,ઘરડા તો જાણે બેઠા જવાન.॥૧૪॥એવે આવ્યા છપન ક્રોડ. ॥૧૬॥ પછી પધાર્યા સહુ રૂશી રાય,બ્રહ્મવેત્તા તેજસ્વી દેખાય; ઊભાથયા સભા સહુજન, પુરણ પ્રેમે કરે દરસન.॥૧૭॥બેઠા ઉત્તરમાં થઇને ઓળ,દીસે છે તેજ ઝાકમ ઝોળ; સુક્રીતનો શરીરે ચળકાટ,ચંદ્રસરીખાંચળકેલેલાટ.॥૧૮॥ આવી રહ્યા સહુ રૂશીને રાય, જાદવ જુગદીશ સૈ સભા માંય પછી આવીયું,

રહીયત લોક; ભરાયે મેદની સભામાં અથોક॥૧૯॥એવામાં પાન્ડવો થ-
યા તઇઆર,માતાજી આજ્ઞા આપો આવાર;જૈએ સભામાં જોવાને માટ;
કહે કુન્તા તમે તમે જાવો ચાર ભ્રાત;॥૨૦॥રેહેવાદોભીમને લેઇ નવજ.
શો, ભીમ કહે મ્હારો વાંક તે કશો; કુન્તા કહે તું સભામાં જાય, કૈર-
વને દેખી કોપે ભરાય. ॥૨૧॥ ભીમે કહ્યું રેહેશે સરવ ભાઇ સાથ, તે ક-
રતાં ધર્મ ઝાલશે હાથ; બોલ્યા ધરમ આવવા દો માત; સાચવી લેઈ-
જશું ચારે ભ્રાત. ॥૨૨॥ તવ કુન્તાએ કરી આજ્ઞાય, બેસજો વીપ્ર પુઠે
સભામાંય; વારૂ કહીને ઉઠયા પાંચ ભ્રાત. ॥૨૨॥વ્રકોદરના ઝાલ્યાબેહાથ
॥૨૩॥ ભીમ કહે શાહ્યબીનો નહી પાર, બબે શેવક ભુજ ઉચકાર;
સાંભળી બોલ્યાં કુન્તા વચન; નહીં જંપે એ મુરખ જન. ॥૨૪॥ મુ-
કો ઘેરને જાવો તમો, ભીમે કહ્યું નવ બોલું અમો; પછી શુકન
લેઇ થયા વીદાય, ગયા બ્રહ્મ સભાની માંય. ॥૨૫॥ ધ્રૂમ રૂષી બેઠાતા
તહી, જૈ પુઠે બેઠા લોકની મહી; દીઠા કાપડી ધ્રુમે તે વાર, જુઓ વિ-
ધરાથી નીકળ્યો આ સાર. ॥૨૬॥ અરેરે નીચજાતને શું કરૂં, ભરી
સભામાં હું લાજી મરૂં; પુઠે આવી બેઠા કીધાં ચરીત્ર, સૌ લોક જાણુશે
માહ્યરા મીત્ર. ॥૨૭॥ એટલે મારી આબરૂ જશે, આખા જગતમાં ફ-
જેતી થશે, બોલ્યા વીધારથી બોલો શું કામ, ઉઘાડું હાથેથી પાડોછો
તમામ. ॥૨૮॥ જેવા સૌ બેઠા તેવા તે હોય, બુમો પાડેથી જાણે સઉ
કોય; એવું સમજાવ્યું રૂશીને સહી, પાન્ડવ બેસી રહ્યા તહીં.
॥૨૯॥ સેહુને બેસવા સુગમ પડે, જગોને સારૂ કોઇ નવ વઢે, સરવેથી
સરખું દ્રષ્ટે દેખાય, આવ્યા નથી દુરીયોધન રાય. ॥૩૦॥ જળ કુંડા-
ળે સેવક વીશ, કાષ્ટનાં આસન ઢાળ્યા છે ત્રીસ; ચઢતા જે પડે તેમને
કાજ સકળ સાઈ કરી મહારાજ. ॥૩૧॥ કુન્ડે આવી ઉભો પંચાળ ભુ-
પ,જોડે દ્રૌણીક ગોર અનુપ;તે ગોરે કરી છે આજ્ઞાય,તેડાવો કન્યાને સ
ભાની માંય॥૩૨॥એટલે શેવક સંચર્યા સાર,દાસી સાથે કહ્યા સમાચાર;
એટલે દ્રૂપતી થઇ તઇઆર, સાથે દાસી એક હજાર. ॥૩૩॥ ઢોળે
ચંમર વાગે વાજીંત્ર,સજડ બે જણી પોતાની મીત્ર,આવિ સભામાં હો
કારા હોય,ક્ષત્રાયો ઉંચા થઇને જોય ॥૩૪॥વળણ. ઉંચા થઈ થઈ નીર
ખે, પોતાને આસન, વલ્લભ વદે કન્યા તણું, શું કરીયે વરણન.

કડવું ૧૦૭ રાગ ધુમાળની ચાલ.

દ્રુપતી આવીયાંરે; ॥ટેક॥ બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જ-

નમેજે રાજન, કરીયે કન્યાનું શું વરણન. કે. ॥દ્રુપતી ॥૧॥ એને જો-તામાં ઉપજે વ્હાલ. એની પગ પાની લાલ ગુલાલ; ચાલે ધીમી ધીમી હંસ ચાલ, કે ॥દ્રુપતી ॥૨॥ માને અવર પ્રાણી જગદંબા, જેના રૂપથી હારે રંભા, એના ચરણ કદળી સ્થંભા કે. દ્રુપતી ॥૩॥ એથી ચંદ્રકળા જાય ઘટી, થાય યોગીને મન ચટપટી, એની સીંહ સરખી કટી, કે. ॥ દ્રુપતી ॥૪॥ જેનું પેટ પલ્લાસનું પાન, એની ચામડી કાચ સમાન; દેખી દુનિયા બને ગુલતાન, કે. ॥દ્રુપતી॥ ૫॥ એની કમળ સરીખી હાથળીયો, શોભે ચંપા જેવી આંગળીઓ, એના દાંત દાડમની કળીયો કે. ॥દ્રુપતી॥૬॥ અંગ રંગ ગુલાબી બાગ, કીરચંચુ નાશીકા સોહાગ, શીશ કેશ કાળુડા નાગ, કે. ॥દ્રુપતી॥ ૭॥ વાળ્યો અંબોડો છુટી બે વેણી, કાયા કોમળમાં નહી કેહેણી, એતો માનુની મરગાનેણી. કે; ॥ ॥દ્રુપતી॥ ॥૮॥ દીસે લીલી નસો ઝીણી ખાલ, એના હોઠ બે લાલમલાલ, છુંદયું છુંદણું ગોરે ગાલ. કે દ્રુપતી ॥૯॥ હબચી પર હીરો ચળકે, બેઉ કાનમાં લીલમ લળકે,રૂપ આણંદી મોઢું મળકે. કે. દ્રુપતી ॥૧૦॥ ઘણા જોવાને આગળ અડીયા, દેખી સ્વરૂપને મોહ ચડીયા, લટ્ટુ થૈ થૈ સીંહાસન પડીયા, કે. દ્રુપતી. ॥૧૧॥ ગઇ સભામાંથી પંચાળી, ચઢી પશ્ચીમ મહેલ અટાળી, બેઠી જરૂખે દ્રુપત બાળી કે; દ્રુપતી ॥૧૨॥ વળણ॥ ઝરૂખે બેઠી બાળકી, મ્હા તેજેશ્વી રૂપ; કહે વલ્લભ એ રૂપથી, ઝાંખા પડીયા ભુપ.

કડવું ૧૯૩ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે અણીપેર બોલ્યા, સુણ જનમજેરાય; વાસ્તારી તુજને સંભળાવું,આદ્ય પરવ મહીમાય.॥૧॥ સભા સરવે પડીછે જાંખીવિચારે ક્ષત્રી લોક,આ કન્યા આપણ હાથ આવે,તેતોઆશાફોક.॥૨॥ જેજેનેમન અહંકાર હતા, તે સહુના ઉતરીયા, પછી સહુને સમજુત દેવા, દ્રુપત રાય ઓચરીયા.॥૩॥સુણો સહુ સભા સમજુતી,હકીકતકહીરહુ જ્યારે તે પછી આજ્ઞા હું આપું, તો ઉઠજો તે વારે.॥૪॥એમકહીનેએવું બોલ્યો વરવાની જેને ઇચ્છાય; તેણે પહેલા ઉભા થઇને, આવવું કુંડાળે હાંય. ॥૫॥ વસ્ત્ર આભુષણ ઉતારી દેવાં, થાવું સભામાં સ્વચ્છ; જંગાથીકે કટી સુધી,ભીડાવી લેવો કચ્છ. ॥ ૬ ॥ વળ ચઢાવ્યું ધનુશ લેવું, ભાથામાં એક બાણ; તેથી વિશેષ આયુધ રાખે તેને પ્રભુની આણ. ॥ ૭ ॥ તે પણ ખાંધે ભેરવી લેવાં, તે પછી તતબર થાવું;

સ્થંભ જવા પાટીયું મુકયુ છે, તે ચાટીયાપર જાવું. ॥૮॥ જનારને સમજુતી આપું છું, જે સ્થંભે કર દેશે; એટલે મ્હારા શેવક લોકો, પાક્ષીયું તાણિ લેશે. ॥ ૯ ॥ માટે ચાતુર ચેતતા રેહેજો, સ્થંભે ચઢવું સપાટે.વચમાં કાંઈ સ્વાસ ન લેવો,જાવું જોર ઝપાટે ॥૧૦॥ છ ગાઉએ છે આડો ખીલો, ત્યા જરા વિશ્રામ કરવું. પછી કનકનાં ત્રાજવાં છે, તે ત્રાજવે ઉતરવું. ॥ ૧૧ ॥ બે ત્રાજવે બે ચરણ દેઈ, ધનુશ લેવું સાર. ત્યાં પડપંચા ચડાવીને, કરવો ધનુશ ટંકાર. ॥ ૧૨ ॥ તે પછી બાણ ભાથામાંથા, લેવું ધરીને ટક; જળમાં જોઈ તાકાવ મચ્છા, બાણજ ફેંકવું એક ॥ ૧૩ ॥ જોવું નીચું મારવું ઉંચુ, સાંભળજો રાજન, છ ગાઉ છેટે માંછલીનું. જૈ વીંધવું લોચન. ॥ ૧૪ ॥ તેનુ તે બાણ પુંછ વિંધે, એવું દૈવત દાખે; પછી મછને ઉપાડીને, એ બાણ જળમાં નાંખે. ॥ ૧૫ ॥ એકજ બાણે ત્રણ કામ કરવાં, એટલુ પ્રાક્રમ કરે; તે પુરૂશ પુજ્ય માહ્યરાન, મ્હારી પુત્રીને વરે. ॥૧૬॥ તેમાંથી કોઇ ચઢતાં પડે, કો પડે અધુરે કામે; તે ધણી ઉઘાડે માંથે બેસે, સભામાં આ ઠામે. ॥૧૭॥ તે વાતમાં જે મુમતઝાલે, તેને બ્રહ્મહત્યાય; આ કામમાંછે આંટીયો તે, સમજજો શકુ રાય. ॥ ૧૮ ॥ સ્થંભે ચઢવું છાતિ વરાણે, એ પણ મ્હોટી ઘાટી; ખીલેથી ત્રાજવે ઉતરવું, તે છે અવળી આંટી. ॥૧૯॥ બે માંથોડાં ત્રાજવાં નીચાં, શી રિતે ઉતરાય; ઉતરે એક હાથે ડાંડીઝાલી, તો ત્રાજવાં ભમી જાય. ॥ ૨૦॥ એક તરફને ત્રાજવે કર, ઉતરવા ઇચ્છાય; તો એક તરફ તોલ આવેથી, બીજું ઉચું જાય. ॥૨૧॥ તે તેમાં ચરણ નવ પોહોચે,થંભે થોડો ઉતરે; બે હાથે બાહાજી રહીને, ત્રાજવે ચરણ ધરે. ॥ ૨૨ ॥ તેથી ત્રાજવાં જાય આઘાં, ચરણ મહી લડથડે; લાગે ઝોલ્લો ત્રાજવાને, ચઢનારો નર પડે. ॥૨૩॥એ રીતે ત્રાજવે ઉતરતાં, આવવાનિ બહુ આંટી; ત્રાજવામાં ઉભા રહ્યા પછી, ધનુશ ચઢાવતા ઘાંટી. ॥ ૨૪ ॥ ધનુશને વાંકુ વાળીને, ચઢાવવાનો દોર, એક છેડો નીચે મુકાને, કરવું પડે ઘણું જોર. ॥ ૨૫ ॥ એકજ ત્રાજવે મુકે છેડો, બળ કર્યે વાંકુ થાય; તો એક તરફ તોલ આવે ને, બીજું ઉંચું જાય. ॥૨૬॥ તેથી ચરણ થાય પોહોળા, એટલે ઢળે ઘણું સ્થંભને ટેકો દેઇ ચઢાવે, તો પણ પામે મર્ણ. ॥ ૨૭ ॥ ધક્કાથી ત્રાજવાં જાય આઘાં, ઊંધે મુસ્તક પડે; એ રાતે એ મોહોટી ઘાંટી, ચાતુર હોય તે ચડે ॥૨૮ ॥ ત્રીજી ઘાંટી નીચું જોઇને. ઊંચું મારવું બાણ; તે બાણે ત્રણ કામ કરવાં, સમજજો સુજાણ. ॥ ૨૯ ॥ આગ્રહ કરી કેહેતો નથી; સ્થંભે ચઢો નર કોય; સાત વેળા પાલવે તે ચડજો, હી-

મત જેને હોય. ॥ ૩૦ ॥ પાછળ મુને દોશ ન દેશો, વ્રત્તી ન કરશો વ્યાકુળી; એમ ન કેહેશો રૂપાળી સારૂં સૌને ચઢાવ્યા શુળી. "॥ ૩૧ ॥ એવિ સભામાં સુચના આપી, છેવટ વદયો વચન; હવે ઉઠવું હોય તે ઉઠો. ક્ષત્રીનો કોઇ તન. ॥ ૩૨ ॥ વળણ ॥ ઉઠવું હોય તે ઉઠજો, ક્ષત્રીના કોઇ તન, વ્યાસ વલ્લભ વાણી વદે, ઉઠયો જરાસન.

કડવું ૧૦૯ રાગ દુભાસી દોહરાની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, મચ્છવેધન મહિમાય. ॥ ૧ ॥ મગજ દેશનો માલીક ઉઠયો, જબરો જરાસન; એટલે બીજા બેશી રહ્યા, જેને ઉઠયાનું મન. ॥ ૨ ॥ તેમનિ હોંશો રહી હઇયામાં, આપણો નીસાસો ના'જે; આપડો ઉઠવાનો વારો આવે, ચઢતાં જરાસન પડજે. ॥ ૩ ॥ ર. ન એવિ આશીશ દિધી, ધારીને મન મનસુબો; બે માતાનો જાયો જરાસન, જઇ જળ કુંડાળે ઉભો. ॥૪॥ હોઠ કરડતો મુછ મરડતો, થયો સભામાં સ્વચ્છ; વસ્ત્ર આભુશણ ઉતારીને, ભીડાવી દિધો કચ્છ ॥૫॥ રાખ્યો તોડો વાળ્યો અંબોડો, કટી કશીને બાંધે; બાણનો ભાથો ને ધનુષ તે, ભેરવ્યાં ડાબી ખાંધે ॥૬॥ કન્યાના રૂપમાં અંજાયો, ઘેલી થઇ છે ગતી; અતી અહંકારનો ભરેલો, કોઇને નમતો નથી. ॥ ૭ ॥ ભીમ કહે ઓ ધરમ વિરા, જુઓ જરાસન ચડે; જો એ ચઢતામાં પડે તો, જોવાની ગમત પડે. ॥૮॥ ધરમ કહે મુંઢ મતિના, કોઇનું તાકીયે ભુંડું; તો તેવું તાકનાર પ્રાણીનું કદી ન થાયે રૂડું. ॥૯॥ એવે જરાસન સુર ભરેલો, ઝડપ તૈયાર થયો; લોચન રાતાં બીહામણાં છે, પાટીયા ઉપર ગયો. ॥૧૦॥ દ્રુપતી જરાએ સામુ ન જુએ, જોયા કરે સહુ સાથ; સ્તંભે જઇ જુહાર કરીને, દીધી બળમાં બાથ. ॥ ૧૧ ॥ એક પગ મુકયો થંભ ઉપર, ચઢવાનું મન કીધું; તવ દ્રુપતના શેવકોએ, પાટીયું તાણી લીધું. ॥૧૨॥ તેવોજ બીજો ચર્ણ ઉપાડયો, સુર ભર્યો સુંસોટ; છાતી વરાણે સ્થંભના ઉપર, દડબડ મુકી દોટ. ॥૧૩॥ જોર ઝપાટે સુરસપાટે, સુંસરો ચાલ્યો જાય; ચઢવાની એની ઝડપ જોઇ, સૌ સભા વિસ્મે થાય. ॥૧૪॥ ઓ ગયોરે ઓ ગયો એ, મચ્છાવેધન કરશે; બીજા સરવનો ફોગટ ફેરો, રૂપાળી કન્યાને વરશે. ॥ ૧૫ ॥ એમજ સરવે આશા મુકી;બેઠા ક્ષત્રી કુંવાર;જબરો જોધ જરાસન ચઢયો, ઉંચો ગયો ગાઉ ચાર॥૧૬॥ એટલે પ્રભુએ સામું જોયું, જાણ્યું કે મચ્છવેધ થાશે, દાસ દુખીયા પાન્ડવ માહારા, આવેલા પાછા જાશે ॥ ૧૭ ॥ ક્યાં

લગી વનમાં વેઠશે કષ્ટી, એમ જાણી કામ કાધું; જરાસનનું કૃષ્ણ પ્રભુએ, બળ બધું હરી લીધું. ॥૧૮॥ શરીરમાંથી શકતી નાઠી,શ્વાસ વધેરો ચડીયો; એકાએક એનો જીવ ગભરાયો, સ્થંભને બ્હાજી પડીયો. ॥ ૧ ॥ પરશેવાના જેભેજેભ છુટયા, કાયા થરથર ધ્રુજે; ઊંચુને નીચુ જુવે તો,આભ અવનિ નવ સુજે. ॥ ૨૦ ॥ લીલાં પીળાં દેખાય આંખે, વાયો વાયુ સમશેર; મોળ વછુટીને ઊલટી થૈ ગૈ, ચઢી ગયા બહુ ફેર. ॥ ૨૧ ॥ જરાસને મન એમ વિચાર્યું, દીવશ વાંકો મ્હારો, રૂપાળીને રૂપે રોળાયો, હવે થયો મરનારો. ॥૨૨॥ એવે સુધ બુધ રહી નહીને, પ્રાણજ ઉંચો ચઢીયો; હાથ પગ સ્તંભથી છુટી ગયા; આવીને જળમાં પડીયો. ॥૨૩॥ સરવે સભા ખડખડ હશી, દીવસ એનો રૂઠયો; એટલે દીકરો દમઘોસ કેરો, સુરો શીશુપાળ ઉઠયો. ॥૨૪॥ જેવો જરાસન જળમાં પડયો. તેવો જળે તારી દિધો. જળને સ્વભાવે ઉપર આવ્યો, શેવકે ખેંચી લીધો. ॥૨૫॥ ઊંધો કરી ઝોલાં ખવરાવ્યાં, ઓકાવ્યું પીધેલું પાણી; એટલે દ્રૌણિક ગોર આવ્યા ક્રોધે વધ્યા મુખ વાણી. ॥૨૬॥ આવો જરાસન કાષ્ટને આસન, વ્હેવારમાં શી રીસ; એમ કહીને મુગટ લીધો, બેઠો ઉઘાડે શીશ. ॥૨૭॥ જ સને જોયું નીચું, બહુ ચીંતામાં પેઠો; જળ કુંડાળે કાષ્ટને આસન, ઉઘાડે માંથે બેઠો. ॥ ૨૮ ॥ નીચું ઘાલીને રડવા લાગ્યો, વીખ મળે તો ખાવું; ઓ પ્રથવી મા માગ દે તો, તુજમાં સમાઇ જાવું. ॥ ૨૯ ॥ એવે શીશુપાળ એમ બોલ્યો, સાંભળો જરાસન; તમે તો તાતનું નામ બોળ્યું, હું કરૂ મચ્છવેધન. ॥ ૩૦ ॥ જરાસન કહે બળતાને બાળે, અહંકાર એને નડજો; આડે આવજો પુન્ય મ્હારૂં. એ શીશુપાળ પડજો. ॥ ૩૧ ॥ વળણ.॥ પડજો શીશુપાળ એ, ધરયો છે અહંકાર; વ્યાસ વલ્લભ વાણી વદે, સુણજો શ્રોતા સાર.

કડવું ૧૧૦ રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન; શીશુપાળ છે બહુ હંકારી,એણે વસ્ત્ર દિધાં ઉતારી. ॥૧॥ એણે કચ્છ ભીડાવિ દિધો; ખાંધે ધનુશ ભાથો લીધો; ગણે સર્વ સભાને તુચ્છ અભીમાનથી મરડે મુચ્છ. ॥૨॥ ગયો પાટીએ ધરીને હામ,જઇ સ્થંભે કીધી સલામ; બાથ ભીડવાને મન કીધું,તવ શેવકે પાટીયું લાધું. ॥ ૩ ॥ તેવો ચેતી ચાલ્યો ચડી ચોટ,દાખી દૈવત મુકી દોટ;વાયુ વેગે ચાતુર નર ચડતો, જાય

જોરમાં પાછો ન પડતો. ॥ ૪ ॥ એતો નેત્રની ચોટ ન ચુકે, જોઇ જોઇને પગલુ મુકે, સહુ સભા કરે વીચાર, એને નહી આવે ભુલ લગાર. ॥૫॥ કામ કરશેને કન્યા વરશે, બીજા આવેલા પાછા ફરશે; એની ચઢવામાં છે ચતુરાઈ, જરાસનથી ચઢે છે સવાઈ. ॥ ૬ ॥ એ તો પંચાણુ ક્ષોણીનો ધણી, તેમા હીમ્મત હોયે ઘણી, એમ બોલે સકળ સભાય, એવે ગાઉ સાડાચાર જાય. ॥ ૭ ॥ એનું મછ વીંધવા મન મોહ્યું, તવ જુગદીશે સામુ જોયું; ભક્તને કાજ કપટ કીધું, એનું બળ પળમાં હરી લીધું. ॥ ૮ ॥ રહ્યો ગાઉ ઉંચો ત્રાસ, ગઈ શક્તીને ચઢીયો શ્વાસ; આવ્યા મોઢે ફેંણ ફીસોટા, અધવચ વળ્યા ગરબડ ગોટા. ॥૯॥ ગભરાયોને વીચાર લાવ્યો, વાંકુ કર્મ તે હું હાંઇ આવ્યો; અરે આ રૂપાળી દ્રુપતી, મ્હારે તુજને વરવું નથી. ॥ ૧૦ ॥ વરવા માટે ચડયો હું ધાઇ, હવે જીવતો જવાદે બાઇ; એવા સંકટ મનમાં કરતો; સ્થંભે રહ્યો રહ્યો થરથરતો ॥૧૧॥ વાયુ વ્હાયો મેરસમેર, શીશુપાળને ચડાયા ફેર; સુદયસાન ગઇ લડથડીયો, હાથ પગ છુટયાને પડીયો. ॥ ૧૨ ॥ જળમા ડુબી ઉપર આવ્યો, તેવે રાયે ખેંચી લેવરાવ્યો; ઝોલા ખવરાવી ઓકાવ્યું પાણી. થઇ ગઇ આબરૂ ધુળધાણી. ॥ ૧૩ ॥ આવી ગોરે મુગટ લીધો લેઇ, સોંપ્યું કાષ્ટસન ગાળ દેઇ; પડયો તેથી સૌનું મન મ્હોયું, પછી જરાસને ઉંચુ જોયું. ॥ ૧૪ ॥ બોલ્યો જરસન તે વારે, કહો લગ્ન તમારૂં કે વારે; મ્હોટી પડતીતી મુજમાં ખોડ, ભાઇ આવો બેસો મ્હારી જોડ. ॥ ૧૫ ॥ એકલો ન્હોતો શોભતો હું તો, ભલે થયો મારા જેવો તું તો; શીશુપાળનું કાંઇ ન ચાલ્યું, જોડે બેઠો ને નિચું ઘાલ્યું. ॥ ૧૬ ॥ અરેરે આ મેં શું કર્યું કામ, મારા બાપનું મેં બોળ્યું નામ; હાવું જીવ્યાથી ભલું મરવું, જરાસન કહે મરી શું કરવું.॥૧૭॥ એમ બેઠા વાળીને મન, બેશી રહ્યા સભા સહુ જન; હતી ઉઠવા સહુને ઇચ્છાય, તેણે સમાવી મનમાંય. ॥૧૮॥ આવા આવા ચડી પડયા રાય, ત્યારે બીજાની શી ગતી થાય; એમ ભાગી સરવની હામ, રઝળ્યું મચ્છવેધન કામ. ॥ ૧૯ ॥ વળણ.॥ કામ રઝળ્યું દ્રુપત તણું. મીથ્યા કરે સહુ શોર; કૈં કહે દુરીઓધન તણું, કરમ કરે છે જોર. ॥

કડવું ૯૬ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા. સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને

સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ એવે સમે શલ્લરાજા ઉઠયો,પુષ્ટશ રીરનો ભારે, સકળ સભા શલ્લને જોઇ.હસવા લાગી ત્યારે. ॥૨॥એવેસલ્લ જઇ જળ કુન્ડ ઉભો, લોકો કહે કેમ ચડશે; થાંભલો એનાઅંગુઠા જેવો, ચઢતામાં ભાગી પડશે, ॥૩॥ લાંબો પોહોળોને પોચતો છે, પાંચ પાન્ડવનો મામો, ત્રણ મણનો સુરવાળ પ્હેરેછે, પાચ મણનો પ્હેરે જામો ॥૪॥ મુછોના થોભા તણી બહુ શોભા,દેખીતો કેશરી વાઘ; મુસ્તકઉપર સદાય બાંધે, બાર મણ બોજનો પાઘ. ॥૫॥ મલ્લ કુસ્તાઇ ગદાજુધજાણે, બાણ યુધ ન જાય કળીયું; જમણે બાહુએબાંધેલું રેહેછે, બ્હોતેર મણ માદળીયું. ॥૬॥ વસ્ત્રાભુશણ એણે ઉતાર્યા, થયો સભામાંસ્વચ્છ; જંગાથી કે કટી સુધી, ભલ્લો ભીડાવ્યો કચ્છ, ॥૭॥ ચડવાનો ચટકો લીધો પટકો, કમ્મર કશીને બાંધે; બાણનો ભાથોને ધનુશ તે, ભેરવ્યાં ડાબી ખાંધે ॥૮॥ દ્રુપત રાજાના સેવકોએ કામજ કેવાં કીધાં; એક પાટીયું બોજ ઝીલે નહી તે, દસ વિસ વિસ મુકી દીધાં. ॥૯॥તવ શલ્લ પાટીયાંઉપર ગયો, ચઢવા વ્રતિ કીધી; સરવ સભા ટગ ટગ જુએ, બળ કરી બાથ દીધ. ॥૧૦॥ ભીમ કહે ભાઇ મામા ઉઠયા, કામ થયે ખુશી થૈશું, કોઇ દાહાડો એ કન્યાના, હાથનો કંસાર ખૈશુ. ॥૧૧॥ ધરમ કહે કાંઇ બોલીયે નહી, ઇશ્વરની ઇચ્છાય; બેઠા બેઠા ચરચા જુઓ, જુએ છે જેમ સભાય. ॥૧૨॥ એવે સમે સલ્લ રાજાએ, સ્થંભ ઉપર ડગ દીધાં; એટલે આડાં પાટીયાં તે, દાસોએ તાણી લીધાં. ॥૧૩॥ સલ્લ સપાટે ચઢવા લાગ્યો, છલંગ મ્હોટી મારે; તલપ દે દસ દસ ડગલાંની, ભય જરા નવ ધારે. ॥૧૪॥ સલ્લ રાજાના ચરણને ધકકે, સ્થંભ ચઢીયો ઝોલે; થૈ જાયવાંકો ભોમા સરસો, કચ્ચડ કચ્ચડ બોલે, ॥૧૫॥ સકળ સભા ખડ ખડ હસે, ઘણા વદે એમ વાણ; જો કદી સ્થંભ ભાગી જશે તો, વાળશે કચ્ચર ઘાણ.॥૧૬॥ એમ કરે સરવે ચેષ્ટાળા, પણ મુખ એવું બોલે; બેજણ ચઢીને પડયા પણ, કો નહિ હાંની તોલે. ॥૧૭॥ એવે શલ્લ ગયોપાચ ગાઉ, જોયા કરે સઉ સ્રષ્ટા; ભકતનેમાટેભુદરાયે, ઉંચી કીધી દ્રષ્ટી॥૧૮॥ આકરશણ બળ શલ્લનું કીધું, એટલે એ તરફડીયો; સ્વાસ મોઢે માતો નથી, સ્થંભને બ્હાજી પડીયો. ॥૧૯॥ હથળ વથળ જીવજ થયો,ઉકાળો અતી આવ્યો; અરેરે હું કયાં ચઢયો થંભે,વાંકો દીવશ મનેલાવ્યો. ॥૨૦॥ આંખે અતી અંધારાં આવ્યાં, ગભરાયુંઅંતઃકર્ણ;શરીરેપરશેવો વળીયો, છુટી ગયા ભુજ ચર્ણ. ॥૨૧॥ ઓ પડયો ઓ પડયો; સૌ કેહેવા લાગ્યા, ધરણ આવ્યો પળમા;આવીને કુન્ડમાં પડયો જેમ,મચ્છર

પડે જળમાં. ॥૨૨॥ સર્વે કહે બે પડયાતા તોહ્યે,શું દેખી મન મોહ્યું;શલ્ય રાજા તો પડયો એટલે ઉચુ શીશુપાળે જોયું. ॥૨૩॥ સો બંસે શેવક ભેગા થઇને, શલ્યને કાઢયો બ્હાર; પીધેલું પાણી ઓકાવિ નાંખ્યું, ક્ષણુ ન લાગી વાર. ॥૨૪॥ ધરૂપતના દ્રૌણીક ગોર આવ્યા, કહ્યું કટુ વચન; મારવાડ દેશના માલીક બેસો, કાષ્ટ તણે આસન ॥૨૫॥ પાધ રેહેવા દેને બીરાજો, તવ દીલગીરીમાં પેઠો; અરેરે મને આ શું સુજ્યું, નીચુ જોઇ જઇ બેઠો. ॥૨૬॥ શીશુપાળે કહ્યું કે પધારો, ઠીક થયો છે ધારો; નીચુ જોઇ બોચી દુખતીતી, હવે તમારો વારો, ॥૨૭॥ શલ્ય કહે જંપવા દે મુને, તુને લાગુ પાય; તે પછી દંતવકત ઉઠયો, જુએછેસઉ સભાય. ॥૨૮॥ દમઘોસનો એ દીકરો છે, શીશુપાળનો ભ્રાત;તેનેદેખીને શીશુપાળે. બોલાવિ પુછી વાત ॥૨૯॥ કહો બંધુ તમે કેમ ઉઠયા, કીધો શું વીચાર; દંતવકત કહે મચ્છ વીંધીને, હું વરવાનો નાર.॥૩૦॥ તમો પડયા તેથી તાત તણુ, બોળાઇ ગયુ નામ; માટે પાછો જસજ લેવા, મચ્છજ વીધું આ ઠામ. ॥૩૧॥ શીશુપાળ કહેવીર મ્હારા, માથ્યાન મરશો મથી; આપણા બાપના બાપ પાશે, માંછલું દીસતુ નથી ॥૩૨॥ માટે આબરૂભેર બેસો, શીદને આવ્યા ઉઠી; તમે નથી પડયા ત્યાં સુધી છે કાંઇ બાંધી મુઠી. ॥૩૩॥ એક હાથ તો ઉઘડી ગયો પણ, બીજોછે બાંધ્યો હાથ; ત્યાં સુધિ કોઇ કરી ન શકે; આપણા ઘરની વાત. ॥૩૪॥ માટે જઈ સીંહાસન બેસો, ઓરે તાતના તન;એવું સાંભળી નીચું જોઇને, શલ્ય વધો વચન. ॥૩૫॥ ચઢીને પડે તો ફીકર નહી, ઉઠીને બેસે જેહ; શું કાળુ મુખ લૈને ઉઠયો, જીવતો મુઓ તેહ. ॥૩૬॥ ચઢયો ને પડયો તો ઈશ્વર ઇચ્છા, પણ ઉઠીને બેસે; શું જોઇને જકતમાં ફરે, કાં પ્રથિવમાં ન પેસે. ॥૩૭॥ ક્ષત્રીનો સુત પાછો પડે, તો તેની બગડી બુધ; ક્ષત્રાણીનો નહી જાયેલો, ધાવેલો દાશીનું દુધ.॥૩૮॥ એવાં વચન શલ્યનાં સુણી, લાગ્યો તનમાં તાપ; સ્થંભ ચઢયા વણ હું બેસુ તો, બ્રહ્મહત્યાનું પાપ. ॥૩૯॥ શીશુપાળે કપાળ કુટયું, શલ્લે ખેલ લડાવ્યો; પોતાને ઉંચું જોવાને સારૂ, બંધવ મ્હારો ચઢાવ્યો. ॥૪૦॥ ચઢયો ચઢાવે પડયો પડાવે, વટલેલો વટલાવે; નાક કટટો નાક કટ્ટા કરે,આભડેલો અભડાવે ॥૪૧॥ એવામાં દંતવકતે સભામાં, ઉતાર્યો સણુગાર; વસ્ત્ર ઉતારી કચ્છ ભીડાવ્યો, ખાંધે લીધાં હથીઆર॥૪૨॥ પાટીએજૈને થંભે બ્હાંજ્યો. ચઢવાનુ કામ કીધું; ધરૂપત રાજાના શેવકોયે, પાટીયું તાણી લીધું. ॥૪૩॥ દોઢ ગાઊ તે ઊંચો ગયો, પ્રભુએ વીચાર્યું એમ; આ દં

તવકત ભકત છે મ્હારો,ઉંચેથી પાડું કેમ.॥૪૪॥એમ જાણી એનું બળ લીધું,એટલે એ ગભરાય;મચ્છના સાંમી દ્રષ્ટી કરે તો, માંછલી નવ દેખાય. ॥૪૫॥ અરેરે હું શીદને ચઢયો, મુજ બુદ્ધી થઇ કાચી; ભાઈનું કહ્યું મેં નવ માન્યું વારતા એની સાચી. ॥૪૬॥ હવે શો ઉપાય ઊતરવાનો; એવે સમે અડબડીયો; હાથ પગ એના છુટી ગયાને, આવીને જળમાં પડીયો. ॥૪૭॥ શીશુપાળે હાથ ગસ્યા, મ્હારૂં કાંઇનવ ચાલ્યું; બન્ને બંધુ બન્યા સરખા,એમકહી નીચું ઘાલ્યું ॥૪૮॥ શેવકોએ દંતવકતને,જળથી કહાડયો બ્હાર, ઝોલા દેઇને પાણી ઓકાવ્યું, ગોર આવ્યા તે વાર. ॥૪૯॥ ગોરે કહ્યું ધન્ય દમઘોસ નંદન, ધાર્યું કર્યું તમે કામ; એક બાપના બે દીકરા તે,બેઉએ બોળ્યું નામ. ॥૫૦॥ એમ કહીને મુગટ લીધો,કરે કોનાપર રીશ;શીશુપાળની જોડે જઇને, બેઠો ઉઘાડે શીશ. ॥૫૧॥ શીશુપાળે તવ ઠપકો દીધો, મુમતમાં બોજ ખોયું; શલ્ય કહે ભાઈ ભલે પડીયો, પોતે ત્યાં ઊચું જોયું ॥૫૨॥ ચારે નામીચા ચઢીને પડયા, અતી આહાકાર હોય; પછી સહુની હીમ્મત ભાગી, ઉભો ન થયો કોય. ॥૫૩॥ દ્રુપત રાજાએ આશા મુકી, નહિ ચાલે કોની હામ; છત્રપતી જો આવ્યા હોત તો, થાત મ્હારૂં કામ. ॥૫૪॥ પવન ગમની સાંઢ આપી, મોકલીયો છડીદાર;દુરીયોધનને જૈ તેડી આવો,કહીએ ન કરશો વાર.॥૫૫॥સાંઢણી લઇ છડીદાર પોહોચ્યો જૈને કહ્યા સમાચાર;દુરિયોધન કહે પીઠી ચોળાવો, મામા ન કરશો વાર. ॥૫૬॥ મામાએ બોલાવી માનુનીયોને; ગીતાં મંગળ ગાય; દુરિયોધન બાજઠે બેઠો, પીઠી સારૂ વર રાય. ॥ ૫૭ ॥ વલણ॥ બેઠો પીઠી ચોળાવવા, જે દુરીયોધન રાય; વ્યાસ વલ્લભ વાણી વદે, અછકલો એ રાય. ॥॥

કડવું ૧૧૨ રાગ ધોળનો.

પીઠી ચોળે, પીઠી ચોળે પ્રીત આણીરે,વરરાજાને, ચઢાવે ગંગોદક પાણીરે. ॥૧॥ અત્તર ફુલેલ તેલ શરિરે લોચેરે; ગીતાં ગાતી. સુંદરી શરિયા ધોચેરે. ॥૨॥ વરરાજાથી, હોડમાં હશી દેવાયરે;કરે અતી, ઉતાવળ માંમાયરે. ॥૩॥ કાઢે ઘાંટા ચીકણાશ મુકી દાનેરે; ઘણું થયું વરને નવરાવવા લ્યોનેરે ॥૪॥ એટલે બીજે,બાજઠે કરાવ્યું સ્નાનરે; શરીર લુછી, વરને કર્યો સાવધાનરે. ॥૫॥ વરરાય બોલ્યા, માંમા મને દિપાવોરે;સહુથી શોભુ,તેવા શણગાર પહેરાવોરે. ॥૬॥ મુજને દેખી કન્યાને

મન થાય ચટકોરે,જામો પેરાવો,મને ચીરોને પટકોરે ॥૭॥ દ્રષ્ટી ન લાગે, હું ન બીહું કે ન ઝબકુંરે;માંમા માહારે, ગાલે કરો કાળુ ટપકુરે ॥૮॥ તવ મામાયે, પહેરાવ્યાં વસ્ત્ર શણગાર;આગળ આછાબા, બાંધીને કર્યો તૈઆરરે. ॥૯॥ માંમાયે તો મોઢે જરા ઘસી મેશરે; કહ્યું હવે જા ભાઈ ઘોડે બેશરે. ॥૧૦॥ વરરાય બોલ્યા માંમા લ્હાવો વિતાડોરે; તમે મુને તેડીને ઘોડે બેસાડોરે. ॥૧૧॥ એટલે મામે, વરને તેડયો તે વારરે; કરણ; બોલ્યો કાહાડો વરરાજાને બ્હારરે.॥૧૨॥ તવ માંમાયે, વરરાયને બ્હાર લીધોરે; શણગારેલે ઘોડે બેસાડી દીધોરે. ॥૧૩॥ વરરાય બેઠો, થઇને ઠીકા ઠીકરે, બેસતામાં દસવીસ થઇ છે છીંકરે. ॥૧૪॥ વરરાય બોલ્યો માંમા આ શુકન કેવારે; માંમે કહ્યું દસ વિસ કન્યા મળે એવારે. ॥૧૫॥ માંમે લાવી વરને શ્રીફળ આલ્યુરે; દુરીયોધનને હસીને ભુજમાં ઝાલ્યુંરે ॥૧૬॥ વરરાય બોલ્યો, શેવકથી મુને મ લજાવોરે; લક્ષ લક્ષના, દાગીના સહુને પહેરાવોરે ॥૧૭॥ અગીઆર ક્ષોણી, શેન્યાના જોદ્ધા જેહરે; દીધા દાગીના, પેહેરીને ત્યાર થયા તેહરે. ॥૧૮॥ આગળ ચાલે, શેન્ય ક્ષોણી અગીઆરરે; પુઠળ ગાતી નવાણુ ભાઈની નારરે. ॥૧૯॥ વાજતે ગાજતે વરઘોડો લેઇ નીકળીયારે. ગયા દરવાજે, તેવા ત્યાં કાગ કળકળીયારે. ॥૨૦॥ ભીષ્મ વીદુર, દ્રોણને કારપાચારરે;સરવે આવ્યા, નગ્રના દરવાજા બ્હારરે. ॥૨૧॥ પછી સરવે સુંદરીને ત્યાંથી ખાળીરે; વરની રાણી, ઘેર બેઠી છેડો વાળીરે,॥૨૨॥ પછી બેઠો હાથી ઉપર વરરાયરે; પુઠે બેઠા ચમ્મર ઢોળે માંમાયરે. ॥૨૩॥ કરણ કહે ઉતાવળો પંથ ઝાલોરે; વાર ન કરશો, વર રાયને લેઇ ચાલોરે,॥૨૪॥ વાગતે ડંકે,સરવે ચાલ્યા જાયરે; મારગમાં તો અત્તરના છંટકાવ થાયરે. ॥૨૫॥ ભાટચારણ, આવીને યાચક યાચેરે; ચાલતે રથે થૈ થૈ અપછરા નાચેરે. ॥૨૬॥ સાંઢણીવાળો આગળ ગયો છડીદાર; જૈને કહ્યા સભામાં સમાચારરે ॥૨૭॥ સરવે જાણ્યું આવ્યો દુરીયોધનરે; દ્રુપદ રાજા ઘણો થયો પરસનરે. ॥૨૮॥ એવે આવ્યો, છત્રપતી સભા પાસરે, એટલે ઉઠયો, દ્રુપદ ધરી હુલ્લાસરે. ॥૨૯॥ સામો ચાલ્યો લેઇ સાકરનાં પાણીરે, એટલે સરવે ક્ષત્રીની સભા વિખરાણીરે. ॥૩૦॥ સૌ ક્ષત્રીએ, મનમાં કર્યો વિચારરે, જૈએ સામા, આવ્યો સઉનો સરદારરે. ॥૩૧॥ એવી રીતે સભામાં હોકારો હોયરે, ભુજ જોડીને, સામા આવ્યા સહુકોયરે, ॥૩૨॥બેશી રહ્યા પડેલા પુરૂષ ચારરે, બેશી રહ્યા, જાદવ બ્રહ્મ કુંવારરે. ॥૩૩॥ ॥વળણ॥ વિપ્ર જાદવ બેસી રહ્યા, બેસી રહી પ્રજાય, વ્યાસ વલ્લભ કહે

કથા, સાંભળજો શ્રોતાય.

કડવું ૧૧૩ મું.

॥ હંશે માંડયો વીલાપ, પાપી માણસરે. એ રાગ. ॥

થયો સ્વયંવરમાં પોકાર,દુરીયોધન આવીયોરે;સાંમા ગયા સૌ ક્ષત્રા કુંવાર, દુરિયોધન આવીયોરે. ॥ ૧ ॥ રાજા દ્રુપતે ઉલટ આણી, દુરીયોધન આવીયોરે; પાવા લાગ્યો સાકરનાં પાણી, દુરીયોધન આવીયોરે. ॥૨॥ ભલે પધાર્યા સર્વના સુભા. દુ૦ સાંમા આવી સૌ કર જોડી ઉભા. દુ૦ ॥ ૩ ॥ પાયાં પાયાં સાકરનાં પાણી, દુ૦ સરવેની ગતી ગભરાણી. દુ૦ ॥૪॥ કોઇથી ઘાંટો કાઢી ન બોલાય; દુ૦ કોઇથી છાની વાત ન થાય. દુ૦ ॥ ૫ ॥ એવી છત્રપતીની બીક, દુ૦ નવ્ય ખવાય ઉદ્રસ છીંક.દુ૦ ॥૬॥ પાપીની દ્રષ્ટા જે પર જાય. દુ૦ તે ક્ષત્રીની કંપે કાય. દુ૦ ॥૭॥ અંધ સુત છે ગર્વનો ભરાયો, દુ૦ પછી હાથીથી ઉતરીયો. દુ૦ ॥ ૮ ॥ ચાલ્યો હાથમાં શ્રીફળ ઝાલી, દુ૦ તેની પુંઠળ સઉ જાય ચાલી. દુ૦ ॥૯॥ પેઠો સભામાં અંધ તન, દુ૦ જઇ બેઠો ઉંચે આસન. દુ૦ ॥ ૧૦ ॥ એના પેઠા પછી સહુ પેઠા, દુ૦એના બેઠા પછી સહુ બેઠા. દુ૦ ॥ ૧૧ ॥ આવ્યો આવ્યો સરવનો ભુપ. દુ૦ સહુ સભા થઇ ચુપાચુપ. દુ૦ ॥ ૧૨ ॥ વળણ ॥ સભા સહુ સજડ થઇ,કોથી નવ્ય બોલાય; વ્યાસ વલ્લભ વાણી વદે, અછકલો દેખાય.

કડવું ૧૧૪ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, મચ્છાવેધનો મહિમાય. ॥૧॥સકળ સભા સજડ થૈને,બેઠી છે ચુપાચુપ;સરવ સામા દ્રષ્ટી કીધી,હસ્તીનાપુરને ભુપ. ॥૨॥ એવામાં ધીરે રહી બોલ્યો, વ્રકોદર મુખ વાત; જુઓ ધરમ ભાઇ આવ્યો અછકલો, દુષ્ટ તમારો ભ્રાત. ॥ ૩ ॥ ધર્મ કહે તું બેશ છાનો, કેવો શોભે રણધીર; ગમે તો ગમે તેવો છે, તો પણ આપણો વીર. ॥ ૪ ॥ એ આવ્યો ત્યારે સભા સોહી, નહી તો પડયુતું ઝાંખુ; એના આવ્યાથી કેવું શોભ્યું, સભાનું મંડળ આખું. ॥૫॥ એમ એને સમજાવી રાખ્યો, એવે ભીષ્મપીતાય; વિદુર પ્રત્યે કેહેવા લાગ્યા, અછકલું દેખાય.॥૬॥ શ્રીફળ ઝાલી

મુંઢ બેઠો છે, સર્વે કરે ચેષ્ટાળી; જાવો જઈ મુકાવો હેઠું, લોક રહ્યું છે ભાળી. ॥૭॥ એટલે ઉઠયા વિદુર કાકા, જૈ કાનમાં કહી વાત; શ્રીફળ તારૂં મેલ હેઠું, દીસે અછકલી જાત. ॥ ૮ ॥ ભીષ્મપીતા બહુ કળકળે છે, દેશે સભામાં ગાળ; તે વેળા નિચું જોવું પડશે; હસશે સઉ ભુપાળ. ॥૯॥ દુરીયોધન કહે કેમ માંમા, શું શ્રીફળમાં પેઠું; કન્યા છે તારી તે નહી કોની, નારીયેળને બાળ હેઠું. ॥ ૧૦ ॥ તવ પાપીએ નીચું મુકયું, કરા ગરજના ત્યાંય; કયાં ગયોરે આવ્ય હાંઈ, ઓરે ઓ દ્રુપત રાય. ॥૧૧॥ તવ દ્રુપતરાય થરથર ધરૂજ્યો, ગોરને જોડયા હાથ; છત્રપતી મને બોલાવે છે, ચાલો તમે મુજ સાથ. ॥ ૧૨ ॥ મુજને શું પુછશે શું કેહેશે, માંડશે ઉધ્રેડો લેવા; માટે મારી સાથ પધારો, એમને ઉત્તર દેવા. ॥૧૩॥ મારાથી કાંઇ કેહેવાશે નહી, કાળજુ ફફડે મ્હારૂં, ગોર કહે ચાલ હું આવું છું, શું કેહે છે જોઉ વારૂં. ॥ ૧૪ ॥ એમ કહી દ્રુપત નીચું ઘાલી, આવી કર જોડી ઉભો; કાળજુ કંપે કાયા ધુજે, છત્રપતિ છે સુબા. ॥૧૬॥ દુરાયોધન ધાંટો કાડી બોલ્યો, મનમાં ધરી અહંકાર; કન્યા લાવી પરણાવી દે મુને, કેમ કરે છે વાર. ॥૧૭॥ ધરૂપત શું તેનો ઉત્તર આપે, બોલ્યા ગોર વચન; ધરૂપતને પુછશો નહી કાંઇ, મને કહો રાજન. ॥૧૮॥ દુરીયોધન કહે શું કેહેવું તુ, કન્યાને ઝટપટ લાવો; વાર કર્યાનું કારણ શું છે, લાવી મને પરણાવો. ॥ ૧૯ ॥ ગોર કહે તમે સાંભળો જરા. છો કુંળવંતા દીવા, એકાએક કન્યા માગો છો, નથી કર્યો કાંઇ વ્હીવા. ॥૨૦॥ આતો સ્વયંવર સભા છે, મચ્છાવેધન કરો; એટલે એ કન્યા તમારી, સુખરૂપે તમે વરો. ॥૨૧॥ છત્રપતી કહે મચ્છવેધ કેવો, શું કામ કીધું આરંભ; દ્રૌણીક કહે જુઓ જળ કુન્ડમાં, દ્વાદશ ગાઉનો સ્થંળ. ॥ ૨૨ ॥ તે સ્થંભ ચડવા આપ ઉઠો, છ ગાઉ ત્રાજવે જાવો; બે ત્રાજવે બે ચરણ મુકી, ધનુશ પછી સ્હાવો ॥ ૨૩ ॥ તેને ચડાવી બાણ ચડાવો, ઓ બળીયા રાજન; નીચું જોઇને ઉચું મારી, વીંધો મચ્છ લોચન. ॥૨૪॥ તેને તે બાણે પુંછ વીંધો, એટલું દૈવત દાખો; તેને તે બાણે મચ્છ ઉપાડી, આ જળ કુન્ડમા નાખો. ॥૨૫॥ સુરા પુરા છો પ્રાક્રમ એટલું, રાજ્ય સભામાં કરો; એટલે તમે પુજ્ય અમારા, રૂપાળી કન્યા વરો. ॥ ૨૬ ॥ તેમાંથી જો ચડતાં પડયા, કાં પડો અધુરે કામે; તો તો બેસવું ઉઘાડે માંથે, પેલા બેઠા તે ઠામે. ॥ ૨૭ ॥ તવ પાપીએ તે પાસ જોયું, પડેલાનું મન હાલ્યું; છત્રપતીથી સરમાયા ત. ચાર જણે નીચું ઘાલ્યું. ॥ ૨૮ ॥ તે જોઇને અતી આકળો થયો, બોલીયો છત્રપતી; શું કાંઇ અમે જેવા તેવા, સ્થંભે ચઢનાર નથી.

॥૨૯॥ તાઇ પીંજારા ઘણાક અડે કોણ અમારિ તોલે; માટે અમેતો નહી ચઢવાના ગર્વના વચન બોલે. ॥૩૦॥ બળ્યો મછવેદ બળી સભા, પરણાવી દો કન્યા; અમે નહી બેશી રેહેવાના, થાશે મ્હોટો અન્યા. ॥૩૧॥ ગરજના કરી ગોરે કહ્યું બોલ ન બોલીશ ખોટો. મ્હોટાઇ મુકીદે મ્હારી પાસે તું તારા ઘરનો મ્હોટો. ॥૩૨॥ મચ્છવેદને ને સભાને બાળે; બાળને મ્હોઢું તારૂં જેમ ફાવે તેમ કેમ બોલે છે, કેવું દીશે મુખ સારૂં. ॥૩૨॥ વર બનિને વરવા આવ્યો, છેકજ ચઢયો ઘોડે; કામ કર્યો વણજજે પાછો, ઘેરજ કાળે મોઢે ॥૩૩॥ મચ્છવેધ કર્યા વિના તુને, નહિ મળેકન્યાય; એમને એમજ વરવી હોય તો વરશે તારી માય૩૪॥ એ કન્યા નહી દ્રુપત કેરી, છે એ દીકરી મ્હારી; હીમ્મત ન હોય કામ કર્યાની, તો મુક લવારી તારી. ॥૩૫॥ દ્રુપત રાય તાબેદાર તારો, અમે તાબેદાર નથી; બ્રાહ્મણ કેરો કોણ મુરબ્બી, સમજ છત્રપતી ॥ ૩૬ ॥ ઉંચ દીસે પણ નીચ જાતિ છે. મેં લીધો જાણી; નીચા વીના મ્હોઢામાંથી તો, ન નીકળે નીચ વાણી ॥૩૭॥ જનમે ઊત્તમ જનેતાને પેટ કદી નીચ કોય; ઉત્તમ વર્ગમાં ગણાય તોપણ તાત બીજો કોક હોય ॥૩૮॥ તેવણ વેણ ન નીકળે નિચાં, નીચાં કૃત્ય ન ધારે; હવે લાંબી વાત ન કરતો, બેશી રહે તારે ભારે ॥૩૯॥ એમ કહી દ્રુપતને લીધો, સકળ સભા ભાળે; ખેંચોટી તેડીલાવીને,ઉભા જળ કુંડાળે ॥૪૦॥ દુરીયોધન કહેકેમ માંમા, ગોરેતો ઘર ઘાલ્યું; રોફ ભલો બેસાડી દીધો,આપણું કાંઇ ન ચાલ્યું ॥૪૧॥ ઉલટી બે ચાર ગાળો ખાધિ, કહો માંમા કેમ કરવું; માંમો કહે મચ્છવેધ કરી, એ કન્યાને વરવું. ॥૪૨॥ છત્રપતી કહે થંભે ચઢશું, થનારૂં હોય તે થાય; પણ મુજ પેહેલાં કેમ આવ્યા, સભામાં સહુ રાય. ॥૪૩॥ રાખી નહિ મ્હારી મરજાદા, નીત્યાન આવું ફાવે; ચઢયા પડયા માટે સપડાવું; ફરી પેહેલા નવ આવે, ॥૪૪॥ માંમો કહે એતો વાત સાચી, કેમ ન રાખે માપ; તારૂં કહ્યું સાંભળવું પડશે, તું સહુનો મા બાપ. ॥ ૪૫ ॥ વળણ ॥ સહુનો તું મા બાપ છે, સહુ તુજ તાબેદાર; સરવે રેહેશે સાંભળી, કોણ સામો બોલનાર.

કડવું ૧૧૫ રાગ થેકાવળી.

દુષ્ટ ઉઠયો સભાની માંય, હવે કોઇ ઉઠીયેરે; એમ કહે દુરીયોધ-

નરાય; હવે કોય ઉઠીયેરે ॥ ટેક ॥ હું આવ્યો હવે કેમ ન ઉઠો, શું બેઠા થઇ ચુપરે; જોવું જો કેવા ચઢો છો થંભે, કેવા છો જબરા ભુપ હવે ॥૧॥ આવ્યાછો સહુ આશા ભરેલા, રૂપે બનીને રૂડારે; મારા આવ્યા વિના કામ ન થયું, હાથે પેહેરો તમે ચુડા, હવે. ॥૩॥ આછી હોરણી ઓઢીને નાચો, આંખમાં આજો મેશરે; ખાઇ ખાઇ ખાલી કાયા વધારી, થયા ભાદરવાની ભેંશ, હવે ॥૩॥ માહરા આવ્યા વણ આવ્યા સભામાં, ન થયું કોઇથી કામરે; ત્યારે શું સમજીને આવ્યા, બોળ્યા બાપના નામ. હવે ॥૪॥ મ્હોટાની મરીયાદા ન રાખી, કન્યા વરવા આવ્યારે. ક્ષત્રાણીનું દુધ લજાવ્યું, સૌ લુડીયોને ધાવ્યા. હવે. ॥૫॥ ક્ષત્રાણીને ઉદર જનમ્યા, મીથ્યા કરાવી વેઠરે; મનુશ થૈ શીદને અવતરીયા, પથ્થર પડીયા પેટ. હવે ॥૬॥ છેવટ પડી જરૂર મ્હારી, તેનો પ્રગટે છે તાપરે, શું પેહેલાં તમે જાણુતા ન્હોતા. નથી આવ્યો હજી બાપ હવે ॥૭॥ વલણ ॥ બાપ હજી આવ્યો નથી. જાણ્યા વણ ધરિ હામ; ઓછું પાત્ર છલકાઇ ગયો, કેહે છે વલ્લભરામ. ॥

કડવું ૧૧૬ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, મચ્છવેધ મહીમાય. ॥૧॥ ઓછું પાત્ર છલકાઈ ગયો; બોલ્યો ફાવે તેમ; કોણ બોલી સકે એના સામુ, કોણ કહે કહ્યું કેમ. ॥૨॥ પણ પ્રભુથી નવ્ય ખમાય, ઉઠીને વચમાં આવ્યા; હાંહાં છત્રપતી આ શું બોલો, સહુ ક્ષત્રીને લજાવ્યા; ॥૩॥ મ્હોટાનું મ્હોટું મન જોઇએ ગંભીરતા તે મ્હોટાઈ; છોટાં વચન બોલવાથી, દેખાય છે છોટાઇ ॥૪॥ આવું બોલવું તમને ન ઘટે. નીચે નીચું વેણ બોલે;તાબાના ક્ષત્રીના માત પીતાછો, એ તમ પ્રજા તોલે ॥૫॥ હવે ક્ષમા કરી આસન બેસો, ઠબકો દેશે ગુરૂ દ્રોણ; દુરીયોધન કહે ઓ ભરવાડા, તુ મને કેહેનાર કોણ. ॥૬॥ તું ભરવાડો તું પીંડારો॥, ગાયો તણો ચારનારો, છાશ પીને મ્હોટો થયેલો, માંમા માસી મારનારો. ॥૭॥ બ્રાહ્મણનું અન માગી ખાનારો, કેમ મ્હારા સામુ બોલે; કોણ મને તુ સીખ દેનારો, શું તુછે મુજ તોલે.॥૮॥ કૃષ્ણ કહે હું નથી તમ તોલે; ઠીક મ્હારી વાતો વરણી, તુજ તોલે કયાંથી આવું તારી, મા આખલાને પરણી.॥૯॥ ક્ષત્રીને ત્યાં અવતર્યો છે, તેમાં શું મ્હોટાઇ લાવે, પણ પેહેલો પીતા આખલો તે, તેનો અસર આવે.॥૧૦॥ભેગ વીના ઊંચ કુળનાની,બુદ્ધી આવી નવ ચાલે;

આખલાની જાત અવળી હોય, જ્યાંને ત્યાં શીંગડાં ઘાલે ॥૧૧॥ પ્રભુ કહે સમજો બહુ શભા, નંદીનો થયેલો ભેગ; તેથી તેની બુદ્ધી જુદી છે, હાંડીયા જેવો વેધ ॥૧૨॥ આ દ્રષ્ટાંતથી સીધાન્ત લેવું, શ્રોતાયે રાખવી સુદ્ધી; ઉંચ હોયે પણ ભેળ થયા વણ, નવ્ય બને નીચ બુદ્ધી॥૧૩॥ નીચ બુદ્ધી વણ નીચું ન બોલે, નીચાં કૃત્ય નકરે;આખલે હસ્તમેળાપ જ કીધો, એટલામાં ગુણ ફરે. ॥૧૪॥ ઉંચ હોયે પણ નીચી વાણી, તેથી જાણવો નીચ; નીચાને ન હોય શીંગડાં પણ, બુદ્ધીનો કાદવકીચ ॥૧૫॥ જે જન હોયે ખોટા તેને, ખરૂં કહ્યે ખારલાગે; ખરાજનને ખોટું કહ્યે કાળ જડામાં વાગે ॥૧૬॥ એછે રીતી અનાદીની, મ્હોટા જને કેહેણકીધું; પ્રભુએ સેજ કહ્યું તેમાં, દુષ્ટે ઘણુ ખેંચી લીધુ. ॥૧૭॥ સેજ શીખામણે નીચ જાતી, ખોટુ ખેંચી લેશીશ; બોધમાં કટુ વચન સુણતાં,નીચાનેપ્રગટે રીસ. ॥૧૮॥ નીચ ઉંચજાણવોતે ઉપરથી,પ્રભુએ કહ્યુંએમ; દુરીયોધન કહે જુઓ માંમા, આતો બોલે જેમતેમ॥૧૯॥ કર્ણ કહેબોલીનેબોલાવ્યા તેં બહુ માંડયાંછે ચેન; માંમો કહે તારીમાખતરાઈ, ખતરાઇ મ્હારીબેન ॥૨૦ એટલે દુરીયોધન એમ બોલ્યો, શામ સમાવો તાપ; મેં કાંઈ તમોને નથી કહ્યું. આસન બેસો આપ. ॥૨૧॥ પ્રભુ કહે તુજ તાબાના તે સાંભળી રહ્યા કાન; પણ પારકે ઘેર નહી કે વાયે, શું કરવું છે તોફાન ॥૨૨॥ દુષ્ટ કહે માહારે કૈં નથી કરવું, જાઓજુગજીવન; એમ કહી આસન પર ગયો, તવ ગયા દેવકી તન, ॥૨૩॥ સકળ સભા થઇ બહુ રાજી પ્રભુએ કહ્યું ઠીક; અન્યા ભરેલુંજેમતેમ બોલે, ન ધરે કોની બીક॥૨૪॥ કાળું મોઢું લેઇ આસન બેઠો, દુષ્ટ દુર્યોધન; પછી મામાની ને કર્ણની પ્રત્યે, બોલ્યો દુષ્ટ વચન ॥૨૫॥ કહો આપણે કેમ કરવું, બહુ બોલેલું નડશે; માંમો કહે બોલ્યા પરમાણે, સ્થંભેતો ચઢવું પડશે. ॥૨૬॥દુરીયોધન કહે માંચ્છલું ઉંચું, ત્રાજવામાં ઉપાદી; ચડતાં પડુ પડુને મરૂ,તો કોણ ભોગવે ગાદી ॥૨૭॥ મામો કહે શું માંછલુ જુએ, ત્રાજવાં શું જુએ સાર; જો જરૂખામાં કન્યા બેઠી, વીજળીનો ચમકાર.॥૨૮॥ તવ પાપીએ કન્યા નીરખી. હરખ ચમક થાય; ઓરે માંમા હાવી કન્યા,નથી ત્રીલોક માંય ॥૨૯॥ સ્થંભે ચઢું મચ્છવેધ કરૂં, ભાયગ મ્હારૂ ભળીયું; સફળ જનમ થાશે માહારો, રત્ન હું રંકને મળીયું. ॥૩॥ એના હાથનો મારા હાથની, સાથે મેળાપક થાશે; પરણતાં એના હાથ કેરો,કંસાર આ મ્હો ખાશે ॥૩૧॥ બહુ પલકાયો મન મલકાયો, ગાજીને વધો વચન,

આવ્ય માહારી કને જવાબ દેવા,'પંચાળના રાજન ॥૩૨॥ધરૂપતકહેગો ર મ્હારાજા, બોલાવે મ્હોટા રાય;દ્રોણિક કહે આવું છુ જોડે, જવાબ દેવા ત્યાંય.॥૩૩॥ એમ કહીને બેઉ જણ ચાલ્યા, આવિને ઉભા સાથ; ધરૂપત ધરૂજતો નીચું ઘાલી, જોડી રહ્યો છે હાથ ॥૩૪॥છત્રપતિકહે ગોર મ્હારાજા,ઉઠુ હું સર્વનો ધણિ, મચ્છવેધ કરીએ કન્યાવરીએ, પરઠોપેહેરામણિ.॥૩૫॥ ગોરે કહ્યું પાણિ પહેલાં,મોજડાં શીદ ઉતારે,કામ કરીને ઘર ગામ સઉ લે, કાંઇ ન ખપે અમારે.॥૩૬॥ દુર્યોધન કહે જાવો ઠેકાણે, હવે નથી કાંઈ વાર;એટલે ધરૂપતને ગોર ગયા,બોલ્યોઅંધકુમાર ॥૩૭॥ એ માંમા ચઢતાં કદી પડુ, તે થાય છે મનસુબા; તમેને કરણ ઝીલી લેવા, જળ કુન્ડે રેહેજો ઉભા ॥૩૭॥ કરણ શુકનમાં તો શબ્દ છે આગળ તારા; આવાં આવાં વચન બોલી,કરેફજેતાઅમારા॥૩૯॥ ધ્યો ત્યારે ઉઠ્યુ સભામાં;બોલીયો છત્રપતી; પણ માંમા રૂપાળી કન્યા સાંમુ જોતી નથી ॥૪૦॥ મ્હારા સામુ કેમ ન જુએ કોઇ સાથે કેવરાવો; છેવટ છુટકો મુજ વીના નથી,માટે સામુ જોવરાવો ॥૪૧॥ માંમો કહે એ શું કેવરાવ્યે,ગણાઇએગુમાર;દુર્યોધન કહે પરણ્યા પછીખાવાની મ્હારે માર.॥૪૨॥ માંમો કહે પછી ચાહ્ય તે કરજે, તવ ઉઠયો અભીમાની; કન્યાના સાંમુ જોયા કરે પણ, કન્યા તો જુએ શાની. ॥૪૩॥ એટલેધરૂપતીની દાસીઓએ, ધરૂપતીને કહ્યું એમ; અરે બાઈ છત્રપતી ઉઠયા, સાંમુ ન જુઓ કેમ. ॥૪૪॥ એટલે ક્રોધ કરીને બોલી, દાસીપ્રત્યે ધરૂપપતી; એ અભીમાની એ અહંકારી. મારા લાયક નથી ॥૪૫॥ દાસી કહે ગમે તેવો પણ, એને ઘેર જવાનું; ધરૂપતી કહે એ પીટયાથી,કામ નથી થવાનું.॥૪૬॥ દાસી કહે કે જોઇએ છીયે, કોનું સાચુવચન; એવે આવ્યો જળ કુંડાળે, દુષ્ટ દુરીયોધન. ॥૪૭॥ વળણ॥ જળ કુંડાળે આવ્યો; દુષ્ટજ દુરીયોધન; ચાળા ચટકા બહુ કરે,વલ્લભ વદે વચન.॥

કડવું ૧૧૭ રાગ ધન્યાસરીની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું આધ પરવ મહીમાય.॥૧॥ભરીસભામાં જળકુંડાળે, ઉભો દુરીયોધન;કન્યાના સામું જોઇ રહ્યો છે,લબ્ધ થયું છે મન. ॥૨॥ એવે સર્વ સભા કકળેલી, દુષ્ટને પાતક નડજો, પુન્યસરવનું આડેઆવિ;ચઢતાં ચાપી પડજો ॥૩॥ પડેલા ત્યારે નીચું ઘાલ્યું છે. તે મનમાં એમ ધા-

રે;સ્થંભે ચઢતાં પાપી પડીને, હાથમાં આવે ક્યારે. ॥૪॥ એવે વ્રકોદર ધરમ પ્રત્યે, બોલ્યો અહંકાર નડજો; તમારો દુરીયોધન ભાઈ, ચઢતાં હેઠો પડજો. ॥૫॥ ધર્મ કહે ઓ મુંઢમતીના, એ શું બોલ્યો વચન; એ પડે તેમાં આબરૂ ઘટે, આપણને લનાંછન.॥૬॥એમકહીને છાનો રાખ્યો દુષ્ટ થયો તવ સ્વચ્છ;ભરી સભામાં વસ્ત્ર ઉતાર્યો,ભીડાવીલીધો કચ્છ. ॥૭॥ પગમાં તોડા માથે અંબોડો; જુએ સકળ સભાય; જોઈજોઈ સહુ મશ્કરીઓ કરે મોઢે નવ કેહેવાય. ॥૮॥રહ્યોછે અક્કડ દીસેછે ફક્કડ, દંત વતી હોઠ કરડે;મનડું હીસે દાઢયો પીસે, મુછોનાથોભા મરડે. ॥૯॥ ચાળો ચટકો જરીનો પટકો, લેઇને કમ્મર બાંધે; બાણનો ભાથો અને ધનુષ તે;ભેરવ્યાં ડાબી ખાધે. ॥૧૦॥ મુખવાસ ચાવે સહુને બતાવે, શું કે છે પચકારે;વારે વારે જુએ કન્યાના સામું આંખ્યો ઘણીચમકારે.॥૧૧॥ એમ કુલક્ષણી કરતો ચાળા;અભીમાની સરવથી; સભાને નમવાનું ઘેર ગયું પણ સામુંઅ જોતો નથી. ॥૧૨॥ કોન ન નમતો કોને ન ગમતો, ભમતો કન્યામાં લક્ષ; પછી પાટીયાં ઉપર ચાલ્યો ચતુરા સામાં ચક્ષ. ॥૧૩॥ ચાલે લટકમાં વરવા ફટકમાં, કરવા ધાર્યું કામ;પાટીયે થૈને થંભે આવ્યો થંભને કરી સલામ. ॥૧૪॥ ચઢું કે ન ચઢું ભય ભાસે છે,જુએ છે સઘળો સાથ; જેહ થનાર હશે તે થાશે, થંભે ભીડાવી બાથ. ॥૧૫॥ પછી પગ દીધો થંભેને કે,શેવકોએ શું કીધું; આડું પાટીયું મુકયુ હતું તે ખર ખર ખેંચી લીધું. ॥૧૬॥ પાટીયું લેતામાં પુરણ પાપી, ચેતી ગયો ચડી ચોટ; મચ્છવેધ કરૂં રૂપાળી વરૂં, કહિને મેલી દોટ. ॥૧૭॥ દડબડ દોડયો વાયુને વેગે, જાય છે જોર ઝપાટે; જરા ન ડરતો છલંગ ભરતો, ચઢે છે સુર સપાટે. ॥૧૮॥ બહુજ બળથી ચાલે છે કળથી, કાયા થકી નવ કાંપે, થેકડા મારે કુદે વધારે, વાંદર પેરે ટાંપે. ॥૧૯॥નેત્ર ન હેકે ચરણ મુકે, જાણે ન આવે જોર; કેવિ રીતે ચાલ્યો જેવી પતંગ માગે દોર ॥૨૦॥ વાયુને વેગે સુસરો ચાલ્યો, સઉ સભા વીશમે થાય; આવી રીતે કોઇ ન્હોતું ચડીયું સર્વેથી સવાયો જાય. ॥ ૨૧ ॥ ગમે એટલું આપણ બધા, બોલીયે એનું ખોટું; તે બોલેલું મ્હોઢામાં પેસે, મ્હોટાનું ભાયગ મ્હોટું. ॥ ૨૨ ॥ એના ભવિશની એ કન્યા છે, તે ટકી આટલી વાર; ભાગ્ય વિના ભામની લેવા ગયા, ચઢીને પડીયા ચાર. ॥ ૨૩ ॥ મચ્છવેધ કરશે કન્યા વરશે, એમ હોંકારો થયો; જોત જોતામાં અભીમાની, પોણા છ ગાઉ :ગયો. ॥ ૪૨ ॥ ઓ ગયો ઓ ગયો સહુ કેવા લાગ્યું, બોલવું સહુનું નકામું; એટલામાં

અંતરયામીયે, જોયું દુષ્ટના સામું. ॥૨૫॥ જાણ્યું કે આતો જઇ પોચ્યો નિશ્ચે મચ્છવેધ કરશે; મ્હારૂં ધાર્યું માહારા મનમાં રહેશે, પાન્ડવ પાછા ફરશે. ॥૨૬॥ એવું જાણી પુરૂષ પુરાણી, કપટ કૃષ્ણે કીધું; ઉંચા બરોબર જવા દેઇ, બળ હરીને લીધું. ॥૨૭॥ શરીરમાંથી શક્તિ ગઇ કે શ્વાસ ઘણેરો ચડીયો; આકુળ વ્યાકુળ જીવજ થયો; થંભન બ્હાજી પડીઓ. ॥૨૮॥ જીલજો માંમા જીલજો મામા. પુર્ણ મળ્યાં છે પાપ; ઉંચેથી પોકાર કરે કોણુ સાંભળે એનો બાપ. ॥ ૨૯ ॥ પોણા છ ગાઉ ઉંચો વાયુ, બ્હાયો મેરસમેર; તમ લાગ્યો ઘણો ગભરાવા, ચઢી ગયા બહુ ફેર. ॥૩૦॥ અરેરે હુંતા પડવાના, મરવાનો આજ હોણુ; મ્હારો પૈસો પુંજી મ્હારી; ગાદી ભોગવશે કોણ. ॥ ૩૧॥ રૂપાળી કન્યા દેખીને લોભાઇ બુદ્ધિ મારી. ઓ કન્યા તેં ગજબ કીધો સઉના જીવ લેનારી. ॥૩૨॥ જીવતા મુન ઉતરવા દે લાગુ તુજને પાય; મારે તુને નથી પરણવું, તું તો મારી માય. ॥૩૩॥ એ રીતે ટળવળવા લાગ્યો, કાયા થર થર ધ્રુજે; ઉંચુ ને નીચું જુએ તો આભ અવની નવ સુજે. ॥ ૩૪॥ પરસેવાના જેભ વછુટયા શરીર શીતળ થાય; રૂંવાડે રૂંવાડાં થઇગયા ઉભાં, લીલુ પીળુ દેખાય. ॥૩૫॥ આંખે અંધારાં આવવા લાગ્યાં, ઉલટી થઇ અપાર; નસો નરમ થઇગઇ કે ભુજ છુટયા તે વાર. ॥૩૬॥ થંભેથી વછુટી ગયો પાપી, જેવાં વચન એભાંખ્યો; તેવા ફળદેવાપ્રભુએ ઉંધો કરીને નાંખ્યો. ॥૩૭॥ ઉંધો પડીયો માંભલો નડીયો, વાગ્યો તે લેલાટ ફુટયું;તેવાજ તમ્મર ચઢી ગયા, રૂધિર ઝાઝું છુટયું. ॥૩૮॥ જળ હેલકારે ઉપર આવ્યો શેવકે કાઢયો બ્હાર; ઝોલા દેઇને પાણી પીધેલુ ઓકાવ્યું તેણીવાર. ॥ ૨૯ ॥ સકળસભા ખડખડ હશી કોપ પ્રભુએ કીધો; એટલે દ્રૌણિક ગોર આવ્યા, મુગટ ત્યાં લેઇ લીધો. ॥૩૯॥ શકુની માંમો આવ્યો સભામાં; કરે અતી ઉચાટ; અગ્ના લાવી શેક કરીને, પાટો બાંધ્યો લેલાટ. ॥ ૪૦ ॥ દ્રૌણીક કહે ઉઘાડે માથે બેસો કાષ્ટ આસન, એટલે દ્રૌણીક પ્રત્યે બોલ્યો, ધ્રત્રાષ્ટરનો તન. ॥૪૧॥ મ્હારાજા અમે નહિ જેવા તેવા; સર્વ તણા સરદાર; ચાર બેઠા પણ હું કેમ બેસું બોલતાં કરો વિચાર. ॥૪૨॥ દ્રૌણીક કહે ધીક્કાર તુને, થયું નહીં આ કાજ; ઉંચું જોઇને શું બોલે છે નથી આવતી લાજ. ॥૪૩॥ પહેલી બહુ ફુલાશો મારી, શઉને કર્યો તીછકાર,તાત તણું તેં નામ બોળ્યું ઓ અંધના કુંવાર, ॥૪૪॥ માંમો કહે શીદ તકરાર કરે, વીચાર કરી લે હૈએ; એવું જાણજે ઉઘાડે માથે; ઘરમાંજ બેઠા છૈએ. ॥૪૫॥ દુષ્ટે કહ્યું બરોબર માંમા શાનું પ્રયોજન ખોયું; ચાર ચઢીને પ-

ડેલા હતા, તેમણે ઊંચું જોયું. ॥૪૯॥ અંધ તણો સુત બેસવા ગયો, કાષ્ટ તણે આસન; ચાર જણાએ વચમાં બસાડયો પધારો દુરિઓધન. ॥૪૭॥ તવ ચારેની વચમાં બેઠો, બોલીયો જરાસન, કેમ પેહેલી દીધી સર્વને ગાળો, એ આખલાના તન. ॥૪૮॥ શલ્ય કહે કે એ દરજોધન; ઘરમાં મચ્છવેધ કરજે; તારી મા છે બે વર વાળી, તેને જૈને વરજે. ॥૪૯॥ દુરીયોધન કહે ચાલ્ય તેમ બોલો, ધારેલું કામ કરશું;રૂપાળી કન્યા કયાં છે જવાની, અમેજ એને વરશું. ॥૫૦॥ એમ માંહોમાંહ્ય ટંટા ચાલ્યો, જુએ ક્ષત્રી સંતાન; શકુનીને દ્રૌણીક આવ્યા કરી ગયા સમાધાન ॥૫૧॥ સકળ સભા બેશી રહી છે, ઉભું થતું નથી કોય; દુષ્ટનો પ્રધાન કરણ રાજા છેવટ ઉભો હોય. ॥૫૨॥ એટલામાં વ્રકોદર બોલ્યો, સાંભળો ધરમ રાય; તમારાભાઇએ અજવાળ્યું, ભરિ સભાની માંહ્ય. ॥ ૫૩ ॥ વળણ ॥ અજવાળ્યું ભરી સભા મહી, એવે ઉઠયો કર્ણ; કામ તેથી થાશે નહિ, એ પણ ઢળશે ધર્ણ.

કડવું ૧૧૮ રાગ મારૂની ચોપાઇ.

બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન; બોલ્યા ધરમ સાંભળ વીર, બેશી રહે થઇને સ્થીર. ॥૧॥ એવે કરણ સભામાં ઊઠયો, એનો વાંકો દીવસ રૂઠયો; એને સકળ સભા ભાળે, જઈ ઊભો એ જળ કુંડાળે. ॥૨॥ દીઠો દુરીયોધન ભુપાળે, એને પડી પેટમાં ફાળ; આતો કરણ મચ્છવેધ કરશે. એતો રૂપાળી કન્યા વરસે. ॥૩॥ હું તો વરરાય પાછો જાવું, વરે જાનૈયો ખોટો દેખાવું; એવું સમજીને બોલ્યો એમ, કહો કરણ ઊઠયા કેમ. ॥૪॥ બોલ્યો કરણ ખોવાઈ લાજ, કરૂ મચ્છાવેધન આજ. ॥૫॥ જાન લાવ્યાને પાછા ફરીયે, તેથી વિશ્વમાં લાજી મરીયે: સુણી છત્રપતી બોલ્યો વાત, તમે બેસી રહો મુજ ભ્રાત ॥૬॥ જાવાદો લાજ છો જાય મારી, જોવું કોણ વરે છે નારી; કહી માંમાને બોલાવ્યો, તવ શકુની ઉઠીને આવ્યો ॥૭॥ બોલ્યો દુરીયોધન મુખ એવું, ઉઠયો કરણ તે દીસે કેવું; વરે જાનૈયાને વરરહે,તેથી જગત કેવું કહે. ॥૮॥ માટે સાંભળો કરણ વિર, તમે બેશી રહો રણધીર; કદી કામ કરવા હોય મન, તો તો પાળો મ્હારૂં વચન. ॥૯॥ થંભે ચઢી કરો કામ તમો, પણ પરણીયે કન્યા અમો; બોલ્યો કરણ સાંભળો રાય, નથી વરવાની મુજ ઇચ્છાય. ॥૧૦॥ કામકરી ઉતરશું અમો, પછી પ્રેમદા પરણો તમો; એમ કહીને દીધું વચન, દીધી

આગના દુરીયોધન ॥૧૧॥ માંમા કામ એનાથી થાશે, હવે એ કન્યા ક્યાં જાશે; લોકે મશ્કરી કીધી ભારી, પણ કન્યા થૈ મ્હારીને મ્હારી. ॥૧૨॥ બોલ્યો માંમો વાત મરમની, મેં તો જાણી છે તારા કરમની; બોલ્યો રાય માંમા ચીત્ત ધરો, વીવા સામગ્રી ત્યાર કરો. ॥૧૩॥ માંમો જઈ બેઠો ઠેકાણે, વસ્ત્ર ઉતાર્યાં કર્ણે તે ટાણે; થયો ભરી સભામાં સ્વચ્છ, એણે ભીડાવી વીધો કચ્છ. ॥૧૪॥ લીધો બાણનો ભાથો ધનુષ, ગયો પાટીયે ધરીને હુંશ; જોડયા સર્વ સભાને હાથ, પછી થંભે ભીડાવી બાથ. ॥૧૫॥ એણે ચડવાનું મન કીધું, તવ દાસોએ પાટીયું લીધું; રાજા કરણ બહુ બળવાન, દોટ મુકી રવી સંતાન. ॥ ૧૬ ॥ એ તો વાયુને વેગે ચડીયો, જઇ ખીલાને બાજી પડીયો; છે છ ગાઉ ખીલોને ત્રાંસ, તેણે લટકી ખાવા લાગ્યો શ્વાસ. ॥૧૭॥ તવ હરખાયો દુરીયોધન, માંમા ચડયો કરણ રાજન; હવે કન્યામાં વ્રત્તિ પેઠી, માંમા નિશ્ચે મ્હારે ઘેર બેઠી. ॥૧૮॥ માંમા કહે ન બોલીયે કશું, કામ થયા પછી શેર થશું; એવે કરણ રાયને જોઇ, આશા મુકી બેઠા સહુ કોઇ. ॥૧૯॥ એવે કૃષ્ણે વીચાર્યું એમ, હવે કરણનું કરૂં કેમ; એ છે ભક્ત અને દાતાર, એને પીડાય નહી લગાર. ॥૨૦॥ નહી પાડુ તો કામ કરશે. દુષ્ટ દુરીયોધન કન્યા વરશે; મ્હારા પાન્ડવ પાછા જાશે, માહારી ધારણા મીથ્યા થાશે. ॥૨૧॥ એમ જાણી નારદ સંભાર્યા, તેવા આવીને ઉભા ધાર્યા; પુછ્યુ કૃષ્ણને નારદ રૂશી; કહો તમારી કેવી ખુશી. ॥૨૨॥કહ્યુંકૃષ્ણેકરણનેઉતારો; ધાર્યો થાયમનસુબો મ્હારો; તવ નારદજી કહે વારૂ, જુઓ જુક્તી કરી ઊતારૂ. ॥૨૩॥ વળણ ॥ ઊતારૂં હું કર્ણને જોજો જુક્તી આજ; વલ્લભ વદે એમ બોલીને; ગયા નારદ મ્હારાજ. ॥

---x---

કડવું ૧૧૯ રાગ સોભાગ્યની દેશી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું; મચ્છવેધનો મહીમાય. ॥૧॥ નારદ રૂશી થાતા ખુશી દ્રુપતીને ધામ ગયા; તવ સતીયે બે ભુજ જોડયા; કીંકર પર કરી દયા॥૨॥ પધારો મ્હારાજા પધારો મ્હારાજા, મુને કરીપાવન; એમકહીને બેસવામાટે, કન્યાયે આપ્યું આસન ॥૩॥ તવ નારદજી આસન બેઠા, જાણે અતી ઊચાટ; શીશ ધુણાવે હોઠ ફફડાવે, બે ભુજ દીધા લેલાટ ॥૪॥ આંખ્યોમાં ઝરઝરીઆં લાવ્યા, ઊતારી નાંખ્યું મુખ; દ્રુપતીતવ પુછવા લાગી.

મ્હારાજ શું દલ દુખ. ॥૫॥ આ વેળા તો હરખવું જોઇએ, તેમ છતાં શી ઉદાશી;સાચુ કેહેજો સોગન મ્હારા, કેમ થયા નીરાશી. ॥ ૬ ॥ નારદ કહે શું પુછે છે, તારી ચીંતા નથી તને; તારે માટે પેઠી ઉદાશી. ગભરાટ થયો મને. ॥૭॥ દ્રુપતી કહે ઓરે મ્હારાજા, દલમાં ન ધરશો દુખ; શા સારૂ મનમાં મુજવાવો, કહી દો મ્હારે મુખ. ॥૮॥ નારદ કહે સ્થંભે ચઢયો છે, તેની તું ન જાણે વાત; પુછી જો તારી દાશીયોને,કોણ કરણની માત. ॥૯॥ નથી એનાં મા બાપ જગમાં, કુળહીન જાતીમાં રાશી;વળી જગતમાં લાન્છન મ્હાટું, અનિ જનેતા દાશી. ॥૧૦ ॥ ક્ષત્રીની પુત્રી દાશાના પુત્રને, પરણેતો આહાકાર; વળી નથી રાજ્યવંશી, કરી લે કાંઈ વીચાર. ॥૧૧॥ સહુ લોક વાતો કરવા લાગ્યું, અવળી ગંગા વેહેશે; નેવ તણાં નિર મોભે ચઢવાનાં,રાજ્યની કન્યા લેશે, ॥૧૨॥ એવી વાતો ચાલી છે તારી, સાંભળી કાળજુ બળીયું તેથી તુજને કેહેવા આવ્યો, ભવીશ વાંકુ વળીયું. ॥૧૩॥ એ બાઇ વર કાંઇ મળે નહી તો, વીશ ઘોળીને મરજે, પણ આવાને કાઢજે પાછો,બીજો મળેતો વરજે. ॥૧૫॥ એવાં વચન સાંભળી બોલી, દ્રુપતિ મુખ વચન; એ મ્હારાજા હેઠો ઉતારૂં, નહી વરૂ દાશી તન. ॥ ૧૬ ॥ એમ કહીને આગના કીધી, જાવો દાશી તમે ચાર, જળકુન્ડ જઇને શંખ વગાડી ઝાહેર કરો વીચાર. ॥૧૭॥ તવ ચાર દાશી શંખ લેઇ ચાલી, ઉતારવા તે ઠામ; નારદ કહે જાવું છું હુંતો, ન લૈશ મ્હારૂં નામ. ॥૧૭॥ એમ કહિ અંતરધ્યાન થયા, સૌ સભા જુએછે ખુબી;ચાર દાશી સભામાંઆવી, જળ કુંડાળે ઉભી. ॥૧૮॥ શંખ વગાડી નાદજ કીધો, સાંભળ રાજા કરણ; જોજે તું મછવેદન કરતો, ઉતર પાછો ધરણ. ॥ ૧૯ ॥ રાજનિ કન્યા નહી વરે તુને, તારીતો જાત છે રાશી, એકતો પ્રધાન બીજુ છે લાન્છન, તારીજનેતા દાશી. ॥૨૦॥ તે માટે તને નહી વરે કન્યા, માટે કરીશ નહી કામ; કામ કરીશ તોહ્યે પાછો જવાનો, સાંભળે છે તમામ. ॥૨૧॥ એવું કહ્યું શંખને શબ્દે, સાંભળ્યું કરણે કાન; અરરર મુજને મેહેણું દીધું કીધું મ્હારૂં અપમાન ॥ ૨૨ ॥ એમજ જાણી થંભને વળગ્યો, ઘણોક ક્રોધે ભરિયો; ભરી સભામાં લાજ લીધી, ખરખર નીચે ઉતરીયો. ॥ ૨૩ ॥ દાશી શંખ વગાડીને નાઠી, જતી રહી મહેલમાંય; કરણ ઉતરી ધરણ આવ્યો, મોઢું ઉતરીયું ત્યાંય. ॥ ૨૪ ॥ દુરાયોધન કહે કરણ વીરા, કન્યાયે લીધી લાજ; વરવાની મે આશા રાખીતી, પણ જૈશ પાછો આજ. ॥ ૨૫ ॥ કરણ કહે હવે જો ચરચા, જોઉંજો કોણ કામ કરે, કેની માંયે સુંઠ ખાધી છે, મ્હેણુ

દેનારીને વરે. ॥૨૬॥ હવે કરૂ અન્યા લેઉ એ કન્યા, રીસ ઘણી છેમને; આભને અવની એક થશે પણ, પરણાવી લૈ જાઉ તને. ॥૨૭॥ ધીરજ ધરજે નીશ્ચય કરજે, જાણુજે કન્યા તારા; દુરીયોધન કહે સાંભળો માંમા, થૈ હવે મ્હારીને મારા. ॥૨૮॥ માંમે કહ્યું કે કરણ બોલ્યો, તેમાં ન રાખીશ વ્હેમ;દુરીયોધન કહે કોક કામ કરશે, ત્યારે કરીશું કેમ. ॥૨૯॥ કરણ કહે કોક ચઢીને, કામ કરે ભલી પેર; એટલે તેને ઉતરતામાં, એક બાણે મારૂ ઠેર. ॥૩૦॥ કન્યા કોઇને વરવા ન દેવું, તુજને શી ચીંતા પેઠી; છત્રપતી કહે સંદેહ ટળીયો. હવે મારે ઘેર બેઠી. ॥૩૧॥ પછી સૌ સભા બેશી રહીને, ઉભુ થતુ નથી કોય; દ્રુપત રાજા ઘણો ગભરાયો, હવે વલે શી હોય. ॥૩૪॥ કામ થતાં કન્યાને કેહેર કીધો, ક્રોધે ભરાયો કરણ; વીવેક વીવા નથી થવાનો, થાશે કન્યાનું હરણ. ॥૩૫॥ તે જોવું પડશે માહરી આંખે, તેથી ભલુ મ્હારે મરવુ; ઘેર જઇને વાખડા પીવું, માહારે જીવા શું કરવું. ॥૩૪॥ વળી જાણ્યું કે કોઈ ઉઠે છે, જોવા લાગ્યો ચોપાસ પણ સભામાંથી કોઇ ન ઉઠયું, પુરણ પડ્યો ત્રાસ, ॥૩૫॥ દ્રુપતે કહ્યું દ્રોણીકજીને, જઈ આવું જરા ઘેર; એમ કહીને ત્યાંથી નીકળીયો, ધારા મરણની પેર. ॥ ૩૬ ॥ વળણ ॥ મરવું ધાર્યું મન થકી, સાંભળજે તું રાય; વ્યાસ વલ્લભ કથા કહે, સભામાં શું થાય.

કડવુ ૧૨૦ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, મચ્છાવેધન મહિમાય ॥૧॥ સ્વયંવરમાં વાતો ચાલી, કોન ઉઠયું કામ કરવા; તેથી દ્રુપત ઘણો ગભરાયો, ઘેર ગયો એ મરવા.॥૨॥ અરેરે આપઘાત એ કરશે, રહિ રૂપાળી ક્ષત્રાણી;બીચારાયે ખરચ કર્યો તે, સર્વ થયો ધુળધાણી. ॥૩॥ એવામાં બળભદ્રજી બોલ્યા, સાભળો શામશરીર; દ્રુપતનું ધાર્યું ધુળ મળાયું, ઓરે માહારાવીર ॥૪॥ માટે મુજને દયા આવે છે, કહોતો ઊભો થાવું; મચ્છવેધન કરવાને માટે,સભામાં પાટીયે જાવું. ॥૫॥ તવ પ્રભુએ એમ વિચાર્યું, તરછટ કથલે ઘાટ; જેટલા ચડયા તેટલા પડયા, પાંચ પાન્ડવને માટ. ॥૬॥ વળા પાછામોહોટાભાઈઉઠે, એમ જાણી બોલ્યા મર્મ; હું ન્હાનોનેતમે મોહોટા, કેમ ન રાખો સર્મ.॥૭॥ ઘડપણમાં શું ગતી ગઇ તે, થઇ વરવા ઇચ્છાય;એવાં પ્રભુનાં વચન સુણી,બળદેવજી સરમાય. ॥ ૮ ॥ હળધારી કહે ઓરે

વીરા, નથી કન્યાપર પ્રેમ દ્રૂપતનું થાય છે ધુળધાણી, દયા આવે છે એમ. ॥ ૯ ॥ આ વેળા કુન્તા ફોઈનો, હોય કોઇ કુંઆર, તો તો સવામણ સોનાની મચ્છા, ટકે ન આટલી વાર. ॥ ૧૦ ॥ કૃષ્ણ કહે કુન્તા કુંવરનું, કષ્ઠ તમે શું કાપો. પાંચમાનો એક દેખાડું તો, તેને તમે શું આપો. ॥ ૧૧ ॥ બળદેવ કહે બતાવો બંધુ, બરોબર ઓળખી લેવું, તો તો આજ લગીનુ સુકીત, તેને અરપી દેવું. ॥ ૧૨ ॥ વીફલ કહે વચન આપો બળદેવ વચને ચડીયા; અંતરયામી વચન લેઇને ખડખડ હસી પડયાં ॥ ૧૩ ॥ પાન્ડવ શાના વચન શાનું, મશ્કરિ કરશે કોય; ત્રણ ત્રણ વરશો અમને થયાં,પાન્ડવ ત કયાંથી હોય. ॥૧૪॥ તવ બળદેવન ક્રોધ વાપ્યો, કેમ હશી કાઢે તું તો; મારી મશ્કરી તં કરી શું તારા જેવડો હું તો ॥ ૧૫ ॥ તવ પ્રભુ કાંઇ બોલ્યા નહાને,ઉઠી ગયા તે વાર, રાજ્ય સભામાં સંચરિયાએ, પોતે જુગદાધાર. ॥ ૧૬ ॥ ભીષ્મ વિદુર ને દ્રોણ બેઠા, ચોથા ક્રીરપાચાર. હસ્તે મોઢે આવીયા ત્યાં પોતે દેવ મોરાર. ॥ ૧૭ ॥ તવ બોલાવ્યા ભીષ્મ પીતાયે, પધારો પુર્શ પુરાણી. જુઓ બીચારા દ્રૂપત કેરૂં, ખરચ્યું થયું ધુળધાણી. ॥ ૧૮ ॥ દુરીયોધન પડયો ચઢીને, બોલ્યું અમારૂં નામ. અત્યારે અમારાં પાંન્ડવ હોય તો, તરત કર્યું હોય કામ. ॥૧૯॥ અંગારો રહ્યો હીરા હડતાયા, ત્યા શો અમારો ઉપાય, એટલે સત્ય પુરૂશોના પ્રત્યે, બોલ્યા યાદવ રાય ॥ ૨૦ ॥ પાન્ડવના તમે વખાણ કીધાં, શું તમનું કષ્ટ કાપો; પાંચમાનો કદી એક બતાવું, તેન તમે શું આપો ॥૨૧॥ તવ ચારે સતિયા એમ બોલ્યા, બતાવો ઓળખી લેયે અમારા સુકીત આજ સુધનાં, તેને અરપી દૈયે. ॥૨૨॥ વનમાળી કહે વચન આપો, તવ દીધાં વચન; એટલે ખડખડ હશી પડયા, પોતે જુગજીવન. ॥ ૨૩ ॥ ભીશ્મ પીતા કહે કેમ હસોછો હસવું આવ્યું શેમાંથી;પ્રભુ કહે તમે વચન દીધા, પાંડવ તે હોય કયાંથી. ॥૨૪॥ ભીશ્મ પીતા કહે સાબાશ તમને, ઓરે દેવાધિ દેવ; વ્રદ્ધ થયા પણ મશ્કરીની, ન ગઈ તમારી ટેવ. ॥૨૫॥ ગોવીંદ કહે ગમ્મત ઘડી, કહી પ્રભુ સંચરીયા; જઈ પોતાને આસન બેઠા, વચન પોત વરીયા. ॥૨૬ ॥ ભક્તને માટે ભુદરજીને, ઘણાક ચીંતાય; આગળથી પેરવી કરી મુકી, ભક્તીને વશ જગરાય. ॥ ૨૭ ॥ એવે દ્રૂપત ઘેર ગયોને, સંચર્યો સાતમે માળ; વિશનો પ્યાલો ઘોળીને ભરીયો, વ્યાસજી ઉપર કાળ. ॥૨૮॥ ચોધારે આંસુ ચક્ષુમાં ચાલે, કરે અતિ પરીતાપ; વેદમ વ્યાસજી હું તો મરૂ તે, તમારે માથે પાપ. ॥ ૨૯ ॥ એમ કહીને પ્યાલો પોતે, મોઢે માંડયો જે વારે; વેદમ વ્યાસજી આવીને

ઉભા, પાડયો પ્યાલો તે વારે. ॥૩૦॥ તમાચો મારી ઢોળી નાંખી, મુખ વધા વચન; શા શારૂ આપઘાત કરે છે, ઓરે મુરખ જન ॥ ૩૧ ॥ દ્રૂપત કહે ઓરે મ્હારાજા, તમે તો શતરૂ માહારા: જગતમાં વગોણું કરાવ્યું, બતાવ્યા ઉપાય સારા. ॥ ૩૨ ॥ કેહેણી કરાવી વિશ્વમાં માંથે, પઇસામાં મુકી પુળી, એક રૂપાળી દીકરી સારૂ શૌને ચઢાવ્યા શુળી. ॥ ૩૩ ॥ એવું લાંછન માંથે આવ્યું, હવે જીવી શું કરૂં; તમારા કહેવા પ્રમાણે કર્યું તે, વિસ ઘોળીને મરૂં ॥ ૩૪ ॥ તમોએ માઠી મતી મને દિધી, કામ કોથી નવ થયું, પાંચ પડયા ને છઠો ઉતરીયો; માંછલુ અદ્ધર રહ્યું. ॥૩૫॥ વળતી વેદમ વ્યાસજી બોલ્યા શું ગભરાયો છેક; તારી પુત્રીના લાયક ન્હોતો, એમાંનો વર એક ॥૩૬॥ દ્રૂપત કહે પુત્રીના લાયક કેમ જણાતો નથી; વ્યાસ કહે આવ્યો સભામાં, કામ ઉપર નહિ મતી. ॥૩૭॥ કન્યાનિ એન નથી ઇચ્છા, નહી જસ લેવાનો પ્રેમ; દ્રુપત કહે પ્રેમ વીનાને, ઉઠાડું કરી કેમ. ॥ ૩૮ ॥ વ્યાસજી કહે જા તું સભામાં, ગોરને લૈ પરવરજે; રાજા રૂશી જાદવ લોકો, ત્રણે સભામાં ફરજે. ॥ ૩૯ ॥ હાથ જોડીને સ્તુતી કરજે, ધરજે પુરણ પ્રેમ; ઉઘાડે છોગે કહેજે સભામાં, જેમ તને કહું તેમ. ॥ ૪૦ ॥ કહીએ રૂપ રંગનું કામ નથી, ક્ષત્રી જોઇએ આપ; જાત છુપાવી બેશી રહેતો બ્રહ્મહત્યાનું પાપ. ॥૪૧॥ એટલે ઉઠશે પાપના ભયથી, ચાલશે એની હામ; તેનામાં રૂપ રંગ નહી હોયે, પણ તે કરશે કામ ॥૪૨॥ દ્રૂપત કહે વારૂ મહારાજા, પાળુછું તમારી વાણ; તેમ છતાં કામ નહી બનેતો, કાઢીશ માહારો પ્રાણ. ॥૪૩॥ એમ કહીને રાજા ઉઠયો, વ્યાસજી થયા વિદાય; દ્રૂપત રાજા આંસુ લુછીને, ચાલી આવ્યો સભામાંય ॥ ૪૪ ॥ દ્રૌણિકને કહ્યું ઓરે મહારાજા, ચાલો તમે મુજ સાથ; એમ કહી સાથે લૈઇ ગયો, જાદવમાં જોડયા હાથ. ॥ ૪૫ ॥ વળણ ॥ પ્રથમ ગયો જાદવ મહી, છે દ્રૌણીક ગોર સાથ, વ્યાસ વલ્લભ કહે કરગરે; સહુને જોડી હાથ.

---×०×---

કડવું ૧૨૧ રાગ ઝુલાણાની ચાલ.

અરે કોઇ ઉઠો ઉઠો રાય, મચ્છા વીંધી વરો કન્યાય; અરે મછ વીંધિ વરો કન્યાય; હું તો કહુંછું લાગી પાય. ટેક. જાદવ સભામાં દ્રુપત કહે છે, કોઇ કરો માહારૂં કામ; નહી તો માહારી મશ્કરી થાશે, જાશે ક્ષત્રીનું નામ, અરે કોઇ ઉઠો. ॥૧॥ રૂપ રંગનું કામ નથી ને, ક્ષત્રી જોઇએ આપ; જાત છુપાવી બેશી રહે તેને, બ્રહ્મ હત્યાનું પાપ. અરે ॥૨॥

સર્વે જાદવ તવ પડયા વિચારમાં, દ્રૂપત દેછે પોહોણું;જાત છુપાવીનેબે ઠેલો, છે આપણામાં કોણ અરે. ॥૩॥ જદુ કુળમાંથી કોઇ ન ઉઠયું;રાજા ઘણો ગભરાયે, આક્રંદ કરતો આસુ ભરતો, રાજ્ય સભામાં જાય અરે. ॥૪॥તવ દુરીયોધને માંમાને તેડયો, જુઓ ગોરને લાવ્યો; ઘેર જઈ વીચારી માહારો, વીવા કરવા આવ્યો. અરે. ॥ ૫ ॥તવ દ્રૂપત કહે રૂપ નવ જોઇએ,ક્ષત્રી જોઇએ આપ;જાણીજોઇને બેશી રેહે તેને, બ્રહ્મહત્યા નું પાપ. અરે. ॥ ૬ ॥ દુરીયોધન કહે જુઓ માંમા, મુરખો દે છે પાપ; જાત છુપાવીને બેઠેલો, કીયો છે એનો બાપ, અરે. ॥૭॥ માંમો કહે છે ફાંફાં મારે, મનમાં નીશ્ચે મને; છેવટ એને આવવું પડશે, કન્યા લેઇ તુજ કને અરે. ॥ ૮ ॥ રાજ્ય સભામાંથી કોઇ ન ઉઠયું. દ્રૂપત અતી અકળાય; આક્રંદ કરતો ને કરગરતો, બ્રહ્મ સભામાં જાય. અરે૦ ॥ ૯ ॥ ત્યાં લાગ્યો ફરવાને કરગરવા, સહુ સભા જોઈ રહે છે; હાથ જોડીને નમ્રતા પુર્વક; કેવું સભાને કેહે છે. અરે૦ ॥ ૧૦ ॥ રૂપ રંગનું કામ નથી મ્હારે; ક્ષત્રી જોઇએ આપ; જાણી જોઇ જાત છુપાવી ન ઉઠે, તેને બ્રહ્મ હત્યા પાપ. અરે૦ ॥ ૧૧ ॥ તવ ધરમ કહે અરજુન વીરા વિચાર કરો દલ સાથે;જાત છુપાવી આપણ બેઠા, પાપ આપણે માથે. અરે.॥૧૨॥ ભીમ કહે સાચું છે વીરા, કોહોતો દૈવત દાખું;નહી અડવું પડવું કૈં કરવું, થંભ ઉપાડી નાંખુ. અરે૦ ॥ ૧૩ ॥ ધર્મ કહે તમે બેઠા બેઠા, ગુણ ગોવિંદના ગાવો; અરજુન વીરા કુળના હીરા, ઉઠો ઉભા થાવો. અરે૦ ॥૧૪॥ ભીમ કહે ભલે અરજુન ઉઠો; હું બહુ રાજી થાવું કામ કરીને નાંખજો પડતું; તમને ઝીલવા આવું. અરે૦ ॥૧૫॥ અરજુન કહે તમે બેશી રહોતો. ઉઠુ મ્હારા વીર; ભીમશેન ભાઇ ચીંતા તમારી, રહેશે મ્હારે શરીર. અરે૦ ॥ ૧૬ ॥ વળણ॥ તવ ભીમ કહે ચીંતા તજો ઓરે મ્હારા વાર; વલ્લભ વદે વાયુ તને, દિધી ધારણ ધીર,

—+○+

કડવું ૧૨૨ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું. મચ્છવેધન મહીમાય. ॥૧॥ધરમરાયની આગના લીધ, ઉઠયો ઇંદ્રનો તન; મોઢે ને માથે કેશ ઉગેલા, જોઇ રહ્યા સહુ જન. ॥ ૨ ॥ તંગીઓ કુરતુ અંગ પેહેરેલું, ફાળીયું બાંધેલું શીશ; મારગ જોઇને સભામાં પેઠો, જપતો શ્રી જુગદીશ. ॥૩॥ દ્રુપતરાજા લાગ્યો નીરખવા, અ

કોણ ઉભુ થાય;બ્રહ્મ સભામાં આગળ આવી, દ્રૂમને લાગ્યો પાય. ॥૪॥ ઓ મહારાજા આગ્નાઆપો, સ્થંભે ચઢું હું આપ;મચ્છાવેધનનું કામ કરૂ, તમારે પુન્ય પ્રતાપ. ॥૫॥ તવ દ્રૂમરૂશી ગાભરા બન્યા, આણે તો આ બરૂ લીધી; જુઓ વિધારથી આગ્ના માગે, કેવા ફજેતી કીધિ. ॥૬॥ વિધારથી સહુ વિસ્મય પામ્યા,આ તે શું કેહેવાય;મચ્છવેધ કરવાની આગ્ના માગે, સાચું કે જુઠું કળાય ॥૭॥ એવે અંતરયામી ઉઠાને, આવ્યા બ્રહ્મ સભાય;એટલે એમને પુછવા ચાલ્યો, સામો દ્રૂપતરાય.॥૮॥ઓ મહારાજા આ કોણ ઉઠયું દિસે છે કુપાત્ર; પ્રભુ કહે કુપાત્ર એ ન્હોએ, જાણજે તારો જમાત્ર. ॥૯॥ દ્રૂપતને તવ માઠું લાગ્યું, મહારાજ બોલો વીચારી; ન કહેવાનું વચન કહોછો, ઘેહેલા થયા ગીરધારી, ॥૧૦॥ ડાહાપણ તમારૂં હવે મેં જાણ્યું, કટુ વાણી થઈ કેવી; પ્રભુ કહે તે ખોટુ પડે તો. કરીશ માહારો બનેવી, ॥૧૧॥ તવ દ્રૂપત વિચારમાં પડીયો, આ શું બોલે અવીનાશ; પછી બેઉ આંગળીએ વળગી, ગયા ધ્રુમની પાસ ॥ ૧૨ ॥ આવી દ્રૂમને કહેવા લાગ્યા, કૃષ્ણે કર્યું ચરીત્ર; ઓ મહારાજા આગ્ના માગે, શું એ તમારો મીત્ર; ॥ ૧૩ ॥ એટલે દ્રૂમને જવાળા ઉઠી, વીકટ વિચાર ધાર્યો, મોહન સરીખા મશ્કરી કરે, મુને લજવી માર્યો, ॥ ૧૪॥ દ્રૂમરૂશી કહે કૃષ્ણ પ્રભુજી, હું ઓળખું નહી એને પ્રભુ કહે ઓળખો નહીતો આવી નમ્યો છે. શેને. ॥ ૧૫ ॥ એવું સાંભળી અતી અકળાયા,રિસ હળાહળ લાગે,ગોવિંદ કહે ન ગભરાશો, શું તમ પાસે માગે. ॥૧૬॥ દ્રૂમરૂશી કહે કૈડવો કાપડી, દીવશે એનો રૂઠયો; આગના માગે છે મહારી પાસે મચ્છવેધ કરવા ઉઠયો.॥૧૭॥ પ્રભુ કહે ત્યારે આગના આપો, થવાનું હશે તે થાશે; થંભે ચઢશે મેહેનત પડશે તેમાં તમારૂ શું જાશે. ॥ ૧૮ ॥ ધ્રુમ કહે કેમ એવું બોલો,આગના કેમ અપાય; એનાથી કામ બને નહીતો, વચન મીથ્યા જાય. ॥ ૧૯ ॥ પ્રભુ કહે કાંઇ નહી જાય મીથ્યા.શું કરવા મત તાણો; ધ્રુમરૂશી કહે હુ ઓળખું છુ તમે તે વાત ન જાણો. ॥૨૦॥ મહારા મઠ પાસે રહેનારૂં, ગોવિંદ ગુણ ગાતુ તું; અન્ન તણા ઉધારા નીત્યે,કોઠાંબીલાં ખાતુતું ॥૨૧॥ તેને રૂપારી કન્યા દેખી ચડવાનું થયુ મન;એવાને આગના શું અપાવો, ઓરે જુગજીવન, ॥૨૨॥ પ્રભુ કહે ગમે તેમ હશે,તે ન કરો વિચાર; તમે તમારે આગના આપો, શીદ કરો છો વાર. ॥ ૨૩ ॥ એટલે રીશ ભર્યા બોલ્યા રૂશી;સંકટ તારૂ જાજો;પ્રભુને વચને ને માહારે વચને, જા કામ તુજથી થાજો. ॥૨૪॥ પ્રભુએ આગના અપાવી માટે, તે ફળ તુને

મળજો; શીશ નમાવિ અરજુન બોલ્યો, વચન તમારૂ ફળજો, ॥ ૨૫ ॥ એમ કહી નીચી દ્રષ્ટીએ, ચાલ્યો સતી સુત સુબો; સકળ સભા જોઇ રહી છે, જે જળકુન્ડે ઉભો. ॥૨૫॥ પછી પ્રભુએ કહ્યું દ્રૂપતને, એની કને તુ રેહેજે; હું મ્હારા આસન પર જાવું, જે જોઇએ તે દેજે. ॥૨૭॥ એમ કહી આસન જઈ બેઠા, છત્રપતી ઓચરે; જુઓ માંમા દ્વારીકાં વાળો. કાળો દોડાદોડ કરે. ॥૨૮॥ મામો કહે છો ફાંફાં મારે, છોને મરે-સહુ મથી; રૂપાળી તુને પરણાવ્યા વિના, છુટકો થવાનો નથી ॥ ૨૯ ॥ એવે અરજુન ઉભો રહ્યા છે,દલમાં નથી કાંઇ દુખ; દુર્યોધન વાંકો વળ વળી, જુએ એનું મુખ. ॥૩૦॥ નેત્ર નાશીકા ચહેરો જોઇને, મામા ને કહ્યું આ કેવો; મુજને તો આભાશ પડે છે. જાણે અરજુન જેવો. ॥૩૧॥ માંમો કહે અરજુન હશે તો, થાશે કાળો કેહેર, ભામ ગમે ત્યાં સંતાયો હશે, જવા ન પામીયે ઘેર. ॥૩૨॥ દુર્યોધન કહે તમે તપાસો, આકે અરજુન કોય; માંમે જોઇ વિચારીને કહ્યું, આતો અરજુન ન્હોય. ત્રણ ત્રણ વર્ષનાં વ્હાણાં વ્હાયાં, નથી વાર થઈ થોડી; હોય તો જરાયે ન રહે છાના, થઇ ગયા રાખોડી. ॥૩૪॥ દુરીયોધન કહે સાચુ માંમા, હવે ટળ્યો મ્હારો વ્હેમ; મુએલા કયાંથી હાંઇ આવે, કાં અરજુન કાં ભેમ, ॥૩૫॥ મનથી પરણે મનથી રાંડ. મુરખ કરે મનસુબા; એવે અર્જુનની મામા, દ્રૂપત દ્રૌણીક ઉભા ॥૩૬॥ દ્રૂપત કહે ઉભા થનારા, સ્વારથ આજ અમારે; જે જોઇએ તે સામગ્રી માગો, શું જોઇએ તમારે. ॥ ૩૭ ॥ અરજુન કહે દ્રૂપત રાજા, કષ્ટ અમારૂ કાપો; બાણ ધનુશ ને બાણનો ભાથો, એટલું અમને આપો. ॥૩૮॥ તવ દ્રૂપતે આજ્ઞા કીધિ, શેવકને તે વાર; દાસોએ લાવીને આગળ મુકયાં, દસ વીસ ત્રીસ હથીઆર. ॥૩૯॥ અરજુન આયુધ જોઇને બોલ્યો, માપ મ્હારૂ તમે માપો, આ હથીઆર કામનાં નહિ એકે, કરણનાં આયુધ આપો. ॥ ૪૦ ॥ તવ ધ્રૂપત ગયો કરણ કને, ઉઠયો આ કામ કરનાર;તે તો મહારી કને માગે, તમારાં હથીઆર. ॥૪૧॥ માટે કીપા કરીને આપો, કામ હું રંકનું થાય; કરણ બોલ્યો દુરીયોધન કહે તો, આયુધ એ અપાય. ॥૪૨॥ દ્રૂપત દુરીયોધન કને આવ્યો, માહ્યરૂ કષ્ટ કપાવો, તમારા કરણરાય કનેથી, ધનુષ બાણ અપાવો. ॥૪૩॥ તવ દુરીયોધન ગાજીને બોલ્યો, આઘો જા દુરમતી; કોણ કુજાતી ઉભો કર્યો છે, આયુધ મળવાનાં નથી, ॥૪૪॥ તવ ધ્રૂપતરાય અળગો ઉભો, ગભરાયું ઘણું મન; એટલે આસનથી ઉઠી આવ્યા, પોતે જુગજીવન. ॥૪૫॥ ધ્રૂપતને કહ્યું કેમ ગભરાયો, કેમ વીપ્રીત થઇ બુધ; ધ્રૂપત કહે ઉભા થનારે, કરણનાં મા-

ગ્યાં આયુધ. ॥૪૬॥ દુરીયોધનને ના પાડી, હવે શો ઉપાય; પ્રભુ કહે હથીયાર અપાવું, કેહેજે હાથે હાય. ॥૪૭॥ એમ કહી ગયા પાપીની પાસે, ઓચર્યો હરજી એમ; છત્રપતી એ આયુધ માગે, આપતા નથી કેમ. ॥૪૮॥ આયુધ આપવા કબુલ કરો, રાયને પેચમાં લાવી, કામ ન થાય તો કન્યા દે તમને, એવું લ્યોને લખાવી. ॥ ૪૯ ॥ પછી દો આયુધ ઊઠનારાને, શું જંગલી થંભ ચડશે; ટાંટીયા એના અમળાઈ જાય છે, થરથરી હેઠો પડશે. ॥૫૦॥ એટલે કન્યા તમોને દેશે, પેહેરામણી પુરપાટ; કેહેતા હો તો ઉપર રહિને. ઘડાવું તમારો ઘાટ. ॥૫૧॥ દુરીયોધન કહે વાવા મહારાજા. ધરૂપતને ચડાવો; લખાવરાવી કબજે નાંખો, મહારો ઘાટ ઘડાવો. ॥૫૨॥ તવ પ્રભુએ રાયને તેડયો, બોલ્યા મુખ વચન; જો દસ્તાવેજ કરિ આપે તો, આયુધ દે રાજન. ॥૫૩॥ ઊભો થનારો થંભે ચઢીને, કરે મચ્છવેધ કામ; તો તો તે કન્યાને વરે, ખુશી છે તમામ. ॥૫૪॥ પણ એનાથી થાય નહી તો, કન્યા તુ રાયને આપે; ઊભા થનારાનાં નાકને કાન તે, છત્રપતી હાંઈ કાપે, ॥ ૫૫ ॥ એવું લખો તાંબાના પત્રે, તો આપે હથીઆર; એમ કહીને સાન કીધી, લખવા જુગદાધાર. ॥ ૫૬ ॥ તવ ધરૂપતે લેખ લખીઓ, તાંબાને પત્રે સાર; માંમાએ કહ્યું દુરિઓધનને, નથી કામ થનાર, ॥ ૫૭ ॥ ઊભા થનારાના ચરણ બેઉ જાય છે ફરિ ફરિ, કન્યા તારા કરમની છે, ઠીક લીધો લેખ કરિ. ॥ ૫૮ ॥ દુરીયોધન કહે પત્ર લ્યો આ, વિવા સામગ્રી કરો; ઊઠનારાનું નાક કાપવા, ધરી મુકજો છરો ॥ ૫૯ ॥ માંમા હું એવું જાણતો તો,કૃષ્ણ છે આપણા દ્રોહા; પણ એમણે આપણું ભલું કીધું, ગુણ ન ભુલવો કાંઇ. ॥૬૦॥ સાબાશ પ્રભુ શાબાશ પ્રભુ, તસ્દિ લિધી મુજ માટ; પ્રભુ કહે ઉપર રહીને, કરિશ તમારો ઘાટ. ॥ ૬૧ ॥ તવ દુરિઓધન રાજી થયો, સમજ્યો ન અવળી વાણ; કરણ કને માગીને આપ્યાં, ધનુશ ભાથો બાણ. ॥૬૨॥ જઇ ધરૂપતે અરજુનજીને, આપ્યાં ઊલટ વાધે, કુન્તી સુતે આયુધ લઇને, ભેરવ્યાં, ડાભી ખાંધે, ॥ ૬૩ ॥ પ્રભુ જઈ સીંહાસન બેઠા,કામ કર્યું ધરી પ્રેમ,એટલામાં દુરિઓધનનેતો, પડયો પેટમાં વ્હેમ. ॥૬૪॥ અરજુને જ્યારે વડ વીંધ્યો તો, તે વારે થયું તું આમ; કરણનાં હથીઆર લઇને, અર્જુને કર્યું તું કામ; ॥ ૬૫ ॥ માટે માંમા અરજુન હોએ,મુને પડે છે વ્હેમ; માંમો કહે અરજુન હોય તો ભીમ ઢાંકયો રહે કેમ. ॥ ૬૬ ॥ એવી રીતે મન વાળીને બેઠા, સાંભળને રાજન; પછી અરજુન જળ કુંડાળે, કરે પ્રભુનું સ્તવન. ॥

૬૭ ॥ વળણ ॥ સ્તવન કરે પ્રભુ તણું, જોડીને બે હાથ; વ્યાસ વલ્લભ એમ ઓધરે, જપતો દીનાનાથ.

કડવું ૧૨૩ બાવલીયાને દેખીરે એ રાગ.

રણછોડા રણછોડારે રે રે હો, તેમાંશોભા તમ તણીરે;॥ટેક॥ બોલ્યા બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ સાંભળ જનમેજે રાજન, અરજુનજીએ કરવા માંડયું છે સ્તવન. રણ ॥૧॥ પ્રભુ મારે માંથે પાપનું રણચઢીયુ બ્રહ્મહત્યાના ભયથી અત્યારે ઉઠવું પડીયું, કોનેકાજે કરેલું કામરખડીઉ ॥રણ॥૨॥ પ્રભુ નથી ઉઠયો કન્યાનું રૂપ જોઇ, નથી ઉઠયો વીશય જાળમાં મોહી, પ્રભુ નહી રાખે લજ્યા તુવણ કોઇ. રણ. ॥ ૩ ॥ કુબુધના કૈરવે કપટ કીધાં, નાક કાન કાપવા માહારાં લખી લીધાં, દ્રુપતરાયે લખીને પત્ર સોંપી દીધાં. રણ. ॥૪॥ નાક કાન જાળવી લેજો ગીરધારી, નહી તો થાશે વિશ્વમાં ફજેતી અમારી. તે ફજેતી જાણિશ પ્રભુ હું તમારી. રણ. ॥ ૫ ॥ મળે જસ તેના ભોક્તા તમે મોરારી, ઊભો થયો પાપનો વીવેક વીચારી, સઘળે શોભા રાખીને લીધા છે ઉગારિ. રણ. ॥૬॥ વડવેધનમાં ગુરૂની લજ્યા રખાવી, વીશ મોદીકથી વ્રકોદર લીધો બચાવી, લાખાગ્રેના અગ્નીથી દિધા છોડાવી. રણ. ॥૭॥ હેડંબાસુર ચોરી કરી ગયો જે વારે, ભીમને સામ્રથ આપ્યું સામળીઆ તે વારે, ધાતા ધાયા નથી તમે તો કેવારે. રણ ॥૮॥ કબીરાને ત્યાંથી છોડાવ્યા શ્રી શામે રાખી લજ્યા ઉગાર્યો સકળ મુકામે,તેવી માહારા લજ્યા રાખવાની આ ઠામે.રણ.॥૯॥ નથી થંભે ચઢવાનું સામ્રથ માહારૂં, માહારે માથે સાચો ધણી હું તને ધારૂ, માટે મુને દેજે સામળીયા સામ્રથ તારૂં, રણ. ॥૧૦॥ વળણ.સામ્રથ દેજો તમ તણું, યસ લેવો તમ હાથ; વ્યાસ વલ્લભ કહે કથા, રીજ્યા દીનાનાથ.

કડવું ૧૨૪ રાગ આશાવરીની છાયા.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવુ, મચ્છવેધન મહીમાય.॥૧॥ અરજુને એમ સ્તુતિ કીધી, સમર્યાં અસરણ સરણ; પછી સકળ સભા બેઠેલી, તેમને લાગ્યો ચરણ; ॥૨॥ વીપ્રોને નમીઓ ગુરૂને નમીઓ, કોઇ ન ચેતે એમ; પછી નમ્યો નારાયણને, પુર્ણ ધરીને પ્રેમ. ॥૩॥ કન્યાના સામી દ્રષ્ટી ન કીધિ, મન

થી પ્રાર્થના કરતો,સર્વને પ્રાર્થના કરીને,જળ કુન્ડે પરવરતો. ॥૪॥ સભામાં ડાહ્યા ડાહ્યા હતા તે; કરવા લાગ્યા વીચાર;નોહ્યે નોહ્યે કોઇ નીચ જાતિ,છે ઉંચનો કુંવાર. ॥૫॥ ઉંચ વીના બીજે નવ નમે,ગમે તેવો હોય;નીશ્ચે કામ એનાથી થવાનું, એમ વદે સહુ કોય. ॥ ૬ ॥ ઉંટ ઉંચુ તાડ ઊંચો, પણ નાચ્ય તેથી ના નમે; સાળીનું વ્રક્ષ નમે નીચું, તે સરવેને ગમે. ॥૭॥ એવી સભામાં ચરચા ચાલી, બોલે ફાવે તેમ શ્રષ્ટી; અર્જુન સામી માંડી રહી છે, સતી દ્રુપતી દ્રષ્ટી. ॥૮॥ એટલે એની દાશી બોલિ, અમોને પડીયો વેમ, ગાભા ચુંથા પેહેરેલો પ્રાણી, તે સામુ જુઓ કેમ. ॥૯॥ ક્ષત્રાના સુત રૂપને રંગે, તેના સામુ નવ જોયું;જંગલ નોએ જંગલી ઉઠયો, તે પર શું મન મોહ્યું, ॥૧૦॥કેવારનાં તેને જોયા કરોછો, પુછવા કીધું યત્ન; સતિ કહે મુરખ દાશી, એ છે ઢાંકેલું. રત્ન. ॥૧૧॥ નહી અહંકારી નહિ અભીમાનિ, નમ્રતા એની જણાતી; નીચનું ફરજન જાણશો નહિ, છે કોઈ ઉત્તમ જાતી.॥૧૨॥ એટલે એની દાશીયો તે, વીચારમાં પડી સાર; જોઇએ જો હવે શું બને છે, વીશેશ નથી વાર. ॥ ૧૩ ॥ એવે સમે દુષ્ટ બુદ્ધી, બોલ્યો દુરીયોધન; માંમા ઉઠનારો કોણ હશે, વીચાર કરો મન. ॥ ૧૪ ॥ માંમો કહે કોઇ જંગલી છે, રેહેનારો અઘોર વન; રૂપાળી કન્યા દેખીને, ચઢવાનું થયું મન. ॥ ૧૫ ॥ ચરણ અમળાઈ જાય છે એની, એતે શું સ્થંભે ચઢશે; પાંચ પચા ડગલાં ચઢતામાં, પાણિમાં આવિ પડશે. ॥ ૧૬ ॥ કરણ કેરાં આયુધ માગ્યાં, જાણિને મોહોટાનું નામ; માટે જરાએ ગભરાતો નહિ, થવાનું તારૂ કામ. ॥ ૧૭ ॥ દુરાયોધન કહે ધીરજ વળી, ચીંતા હતિ બહુ પેર; પણ હવે એ રૂપાળી કન્યા, આવિ ચુકી મુજ ઘેર. ॥૧૮॥ માંમો કહે એક વિચાર લેતું, બતાવું તુજને આંટી, થંભે ચઢીને કામ કરવું, બહુ સ્થળ મ્હોતની ઘાટિ.॥૧૯॥કદિ કોઇ હોયે બળવંતો, થંભે ચઢતાં શું ચડે; પણ ત્રાજવાં નિચાં ને, આઘાં,તેમાં ઉતરતાં પડે. ॥૨૦॥ ખીલેથી ત્રાજવાંની ડાંડિએ, પોચી શકે નહિ હાથ; પડતુ મુકીને ડાંડી ગ્રહે તો, થાય અતી ઉતપાત. ॥૨૧॥ ઝોલ્લો લાગે તેથી વાગે, ત્રાજવાં ભોમી જાય; એક તરફની સાંકળ ઝાલે, તો બીજું ઉંચુ થાય. ॥૨૨॥ચરણ મુકવો તેથી ન ફાવે; આવે લથડી ધરણ;થાંભલેથોડો પાછો આવી, જો મુકવા જાય ચરણ. ॥ ૨૩ ॥ પ્રથમ એક પગ મુકવો પડે, એકજ ત્રાજવા માંય; એટલે પગના હેલકારાથી, ત્રાજવાં ખશી જાય. ॥૨૪॥ કોઈ રીતે નથી ત્રાજવામાં, ઊતરવા ઊપાય;કદાપી ત્રાજવામાં પડે, તો પણ

કામ ન થાય. ॥૨૫॥ શી રીતે ધનુષ ચઢાવે, કેમ આવે નવેડો, વાંકુ વાળવા ધનુષ કેરો,કૈ જગે મુકે છેડો. ॥૨૬॥ એક તરફ મુક્રી બળ કરે, તો તે નીચું જાય; બીજું ત્રાજવું ઉંચુ ચડે, ચરણ પહોળા થાય. ॥૨૭॥ લડથડીને પડે પાણીમાં, પુરણ થૈ રહે હુંશે; તે કરતાં કદી એમમાનો ચઢાવી શકે ધનુષ. ॥૨૮॥ પણ ત્યાંથી મચ્છ છ ગાઉ ઉંચુ, તાકવું જળ નિ માંય; લોચનને પુંછ વીંધવું તે, જળમાં કેમ દેખાય. ॥૨૯॥ એમ બાણે ત્રણ કામ કરવાં, તે કદી કાળ ન થાય; એવી આંટી ઘાંટી ઘણીછે ચાલે નહી ઉપાય. ॥૩૦॥ દુરીયોધનનું મન વળાવી, જૈ બેઠો આસન; એવે અરજુન પ્રત્યે બોલ્યો, ધ્રુપતરાય વચન. ॥૩૧॥ ઉભા થનારા થંભે જનારા, ચઢવાને થાઓ સ્વચ્છ; વસ્ત્ર તમારાં નીચે ઉતારો, લ્યોભીડવિ દો કચ્છ ॥ ૩૨ ॥ એવું સાંભળી અરજુન બોલ્યો, ઉતરાવવાં વસ્ત્ર આ ઠામ; તેવિ તમારે જરૂર શી છે, કામ કર્યાથી કામ. ॥૩૩॥ એમ કહિને પાટીયે ગયો, સમરે સુંદીર શામ;સકળ સભા જોઇ રહીછે. થંભને કીધો પ્રણામ. ॥૩૪॥ તંગીયો મ્હોટો કુરતુ મોહોટું, માંથે ફાળીયું એક; તે ભેર ચાલ્યો પ્રભુ સમરતો,ઇશ્વર સાથે નેક.॥૩૫॥પછી સ્થંભનેબાથ ભીડાવી, ચઢવાનું મન કીધું; એટલે ધ્રુપતના દાસોયે, પાટીયું તાણી લીધું. ॥ ૩૬ ॥ વળણ ॥ પાટીયું તાણ્યું એટલે ધરીયો મન શું ટેક; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, એણે ડગલું ભરીયું એક.

કડવું ૧૨૫ રાગ ચોપાઇ.

બોલ્યારે વૈશમપાયે વચન, સાંભળજનમેજે રાજન; ધર્યો અરજુને મન ટેક, એણે પગલું ભર્યું છે એક. ॥૧॥ એની ઇશ્વર કરશે જેય, પછી પગલાં ભર્યાં છે બેય; પોતે સમરે અસરણા સરણ, એણે પગલાં ભર્યાં છે તરણ. ॥૨॥ એને પ્રસન દેવ મોરાર, પછી પગલા ભર્યાં છે ચાર; ચઢતાં ન આવે ઉની આંચ, એણે પગલાં ભર્યાં છે પાંચ. ॥૩॥નથી ચઢવામાં પડવાનો ભય, એણે પગલાં ભર્યાં છે છય; એને જોઇ રહ્યા ચાર ભ્રાત, પછી પગલાં ભર્યં છે સાત. ॥૪॥ એનો નથી ક્ષત્રી જેવો ઠાઠ, પછી પગલાં ભર્યાં છે આઠ; દેખી દુષ્ટને મન બળે દલ; એણે પગલાં ભર્યાં છે નવ. ॥૫॥ એને ઇશ્વર અપાવે જસ, એણે પગલાં ભર્યાં છે દસ, નથી પેહેર્યા શરીરે શણગાર, એણે પગલાં ભર્યાં અગીઆર. ॥૬॥ જીભે જપે છે જુગદાધાર.પછી પગલાં ભર્યાં છે બાર;એને ચઢતાં ન આવે ફેર,

એણે પગલાં ભર્યાં છે તેર. ॥૭॥ ધણી છે વિદ્યાવંતમાં બૌધ, પછી પગલાં ભર્યાં છે ચૌદ;એનો ચઢવાનો સાચો હુંનર, એણે પગલાં ભર્યાં પન્નર ॥૮॥ નથી. ચાવીયાં મુખ તંબોળ, એણે પગલાં ભર્યાં છે સોળ; નથી ચોળ્યાં શરીરે અત્તર;એણે પગલાં ભર્યાં સત્તર. ॥૯॥ થંભ થાયછે કડકડાડ, એણે પગલાં ભર્યાં અરાડ;જોઈ રહ્યા ભ્રુપતિ ભેગણિ, એણે પગલાં ભર્યાં ઓગણા. ॥૧૦॥ એતો ચઢતાં જપે જુગવિસ;એણે પગલાં ભર્યાંછે વીસ; એતો ઇશ્વરને આરાધે; પછી દસ્કેને દસ્કે વાધે. ॥૧૧॥ એને માંથે છે સાચો ઇસ, એણે પગલાં ભર્યાં છે ત્રીસ; એને માંથે સાચો વનમાળી, પછી પગલાં ભર્યાં છે ચાળી. ॥૧૨॥ એની ચઢવામાં નહી કચાસ, એણે પગલાં ભર્યાં પચાસ; પછી જણવ્યું સુરાતન સાર, હવે તેનો કરૂં વીસ્તાર ॥૧૩॥ ઝડપના દોહરાનો રાગ. ॥ શાઠ શીતેરને એશીંને નું, સો બસે નીરધાર;પાંચસેને સાતસ પગ ભરીયા, ભરીયા છે હજાર ॥૧૪॥ જાય સપાટે સુર સપાટે,કાયાથી નવ કંપે;મોહોટી મોહોટી છલંગ મારે,વાંદરપેરે ટંપે. ॥૧૫॥ વાયુ વેધે પરવરે છે. ચઢતાં નાવેજોર; કેવી રિતે ચાલીયો જેમ, પતંગ માગે દોર. ॥ ૧૬ ॥ ચોટ ન ચુકે પગલાં મુકે, સભા વિસ્મે થાય;આવિ રીતે કો નવ ચઢીયો, એમ કહે સૌ રાય.॥૧૭॥ ધસતો ધાયો ચઢયો સવાયો, જ્યાં છે આડો ત્રાંસ; દડબડ દોડીને એ આવ્યો, આડા ખીલા પાસ. ॥ ૧૮ ॥ વળણ ॥ ખીલે જૈ બ્હાજી પડયો, જુએ શ્રી અવિનાશ; શરીર લટકતું નાંખીને, ખાવા લાગ્યો શ્વાસ. ॥

કડવું ૧૨૬ રાગ ધન્યાશ્રી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારીતુજને સંભળાવુ,મચ્છાવેધન મહિમાય.॥૧॥ એક ઘડીવાર શ્વાસ લીધો, પછી વિચાર્યું એમ;બે ત્રાજવે બે ચરણ દેવા, ઉતરવા કરૂ કેમ. ॥૨॥એવામાં દુરીયોધન બોલ્યો, માંમા આતો નપડીયો;તમો કહેતા હતા કે પડશે, પણ પુરપાટે ચડીયો. ॥૩॥ માંમો કહે એ જંગલવાશી, ચઢવા હીમ્મત આણે; તાડે ને ઝાડે ચઢેલો માટે, ચઢવાની રીત જાણે. ॥ ૪ ॥ તે કારણથી ચઢી ગયો પણ, ઉતરવાની આંટી; ત્રાજવામાં આવવું તે, છે મરવાની ઘાંટી. ॥૫॥ માટે મનમાં રાખજે નીશ્ચે, છે એ કન્યા તારી; દુષ્ટ કહે હવે એમ લાગ્યું, રૂપાળી નારિ મ્હારિ. ॥ ૬ ॥ અરજુને ત્રાજવા ભણી જોયું, બરોબર નજર માંડી; ઘણો લાંબો હાથ કરૂ પણ, હા-

થ ન આવે દાંડી. ॥૭॥ થાંભલે થોડો ઉતરૂ પાછો, ત્રાજવે મુકુ પાય;તે મુકતામાં હોલકારાથી, ત્રાજવું આઘે જાય.॥૮॥ હું વચમાં ટટળી પડુ હેઠો, શું થાશે શામ શરીર; પડતુ નાંખી પડુ ત્રાજવામાં, ત્રાજવાંકેમ રે સ્થીર ॥૯॥ પડતાં શરીર ધારણ રાખુ. તો મટે શોર બકોર; પણ તે ધારણ રાખવાનું, નથી મ્હારામાં જોર ॥૧૦॥ અરેરે હવે કેમ થવાનું, વીશ્વ તણા મ્હારાજ; તમે ઉઠાડી થંભે ચઢાવ્યો, હવે લેવા માંડી લાજ ॥૧૧॥ ચઢાવી બનાવો તે નવ શોભે, ઓરે વીશ્વંભર નાથ; એવુ,આરાધન એણે કીધું, પ્રભુએ જાણી વ;ત. ॥૧૨॥ ભકતને આધિન ભુધરો છે પોતે નંદકિશોર; અરજુનજીને અરપણ કીધું એક કળાનું જોર ॥૧૩॥ શરીરમાં તવ શક્તિ આવિ, વીચાર સુજ્યો મન; કોના કહો પણ કામ કરાવે,પોતે જુગજીવન.॥૧૪॥ ધણી છે સાચો નથી કાચો. જે કરે છે તે ઠીક, મીથ્યા મનમાં ભય રાખુ છું,હવે ન ધરવી બીક. ॥૧૫॥ ધણીનું ધ્યાન ધરી નાખ્યુ પડતું,પોતેગુણ ગંભીર;બે ત્રાજવે બેચરણ પડયા, સરખે બોજેરહ્યા સ્થીર॥૧૬॥સકળસભા ખડ ખડહશી, ચઢનારને શાબાશ;તેવું પ્રાક્રમ જોઇને પાપી.થઈ ગયો ઉદાસ.॥૧૭॥જુઓ માંમા જુઓ માંમા, જંગલી ઝપાટે ચડીયો;ત્રાજવે પડવાની ધાંટી કહેતા હતા,પણતે ત્રાજવે પડીયો ॥૧૮॥ માંમો કહે ભાઇ ભવીશ તારૂં, નિકળી ગૈ એનિ ધાંટિ; પણ ધનુશ ચઢવાનુ નથી,એ છે લ્હોટી આંટી. ॥૧૯॥ તે આંટિથી ધરણ ઢળશે, ભળશે ભાયગ તારૂં; દુષ્ટ કહે રૂપાળી કન્યા, થાશેરમકડુ મ્હારૂં.॥૨૦॥ એવે અરજુન ત્રાજવા માંહા, ઉભો રહ્યો છે સાર; તે સમે એના સામુ જોઇને, વીચાર્યું જુગદાધાર. ॥૨૧॥ સરવ સભા સુંદીર શોભે,બહુ શોભે દ્રુપતી;ત્રાજવાં વિશે ભકત મારો, જરાએ શોભતો નથી. ॥૨૨॥ નહી વસ્ત્ર વાધા પ્હેર્યા છે ધાગા,નથી કાંઇ સણુગાર; એમાં ઇજ્જત માહરી ધટે,કેહેશે શું ખુટયો ભંડાર. ॥૨૩॥ એમ જાણી + ભક્તની ભીડે,ભુધરે પ્રેરણા કીકી;નારદજીને બોલાવીને,શીખ સામળીયે દીધી, ॥૨૪॥ તવ નારદજી સ્વર્ગ સંચરીયા, ઇંદ્ર દાજની પાસ; ઇંદ્ર કહે પધારો મ્હારાજ, આવો મુજ અવાસ. ॥૨૫॥ નારદ કહે નંદન તારો.કુન્તાને આપ્યોજેહ;અરજુનજી છે નામએનું,મચ્છવેદ કરે તેહ, ॥૨૬॥ પંચાળ દેશમાં દ્રુપતનેત્યાં,કીધું છે કામ આરંભ;વસ્ત્ર વાધા નથીધાગા ને અંગે. એવો ચઢયોછે થંભ. ॥૨૭॥ જાદવ રહીયત રાજા રૂશી; શોભા વં[illegible] માય; તેમા મેલો ઘેલો [illegible]રો,થઈ તારી નીંદાય॥૨૮॥ ફાગટી થાયે પ્હેર્યુ ઓઢયુ છે, તુજ તન ગરી ' ઉઠયું; લોક કહે છે એના બાપ

ના,ઘરમાં ખાવા ખુટયું. ॥૨૯॥ તે મુજથી સાંભળી ન શકાયું, માટે હું આવ્યોકહેવા; જાવો જઇને વસ્ત્ર પેહેરાવો,સભામાં શોભા લેવા.॥૩૦॥ એમ કહીને નારદરૂશી,ત્યાંથી થયા વીદાય;એટલે ઇંદ્રે સર્વદેવોને,એવી કરી આજ્ઞાય. ॥૩૧॥તેત્રીસ કોટી વેમાન બેસો; ચંદન પુષ્પભરીને;દુડ-ભી ડંકા સાથે રાખો, અતી ઉલટ ધરિને. ॥૩૨॥ એમ કહ્યું તવ સ્વર્ગના સુરા,તરત થયા તૈયાર; ઇંદ્રના સાથે અંત્રીક્ષ આવ્યા, કરવા જેજેકાર. ॥૩૩॥ સત્યવાદિ સભામાં બેઠેલા,તેને થયાં દરશન; તેત્રીસ કોટી દેવને દેખી. વીચાર કરતા મન. ॥૩૪॥ કેમ આવ્યા આ સુર સ્વર્ગના. હર્શભરેલા એવ; આ દેખી એમ વેમ પડે છે,સ્થંભે ચઢયો કોઇદેવ॥૩૫॥કોઈ કહેછે વેશ બદલા, ચઢયાછેવૈકુંઠરાય; કોઇ કહેકે બ્રહ્મા ચઢેલા,કોકહેશી વદેખાય. ॥૩૬॥ જેજેને ફાવે તે બોલે; દુષ્ટોને નહિ દરસન; તેતો જાણે જંગલવાશી, એમ કરે સભા જન. ॥૩૭॥ એવામાં ઇંદ્રે અરજુન દીઠો. સ્થંભે ત્રાજવા માંય; પુત્રને દેખી લજ્યા આવી, આયુધ લીધાં ત્યાંય. ॥ ૩૮ ॥ વળણ ॥ આયુધ ઈન્દ્રે કર ગ્રહ્યાં, પ્હેરાવવા સણગાર; વ્યાસ વલ્લભ વાણી વદે, કરતા દેવ મોરાર. ॥

કડવું ૧૧૭ રાગ ભેરવના દોહરાની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વિસ્તારી તુજને સંભળાવું મચ્છાવેધન મહીમાય. ॥૧॥ ઇંદ્ર રાજાએ ધનુષ લીધું, ઉપર લીધું બાણ;વસ્ત્રાભુષણ પેહેરાવા ધાર્યાં જુએ પુરૂષ પુરાણ. ॥૨॥ પ્રથમ પેહેલું બાણ મારી. દૈવતદારૂણ દાખ્યું; અર્જુનજીનું પાંઘડું તે, સભામાં પાડી નાંખ્યું. ॥૩॥ સકળ શભા ખડખડ હશી, ઇંદ્રને અંગ ઉલટ; બીજે બાણે ક્ષૌર કરાવી. પેહેરાવ્યો મુગટ. ॥૪॥ ત્રીજે બાણે મુખવાસ આપી; મોઢું કરાવ્યું લાલ; ચોથે બાણે તંગીયા ઉપર, પેહેરાવ્યો સુરવાલ. ॥ ૫ ॥ પાંચમે બાણે કવચ બકતર, પેહેરાવ્યાં રહી સામો; છઠે બાણે કમ્મર પટો, સાથે જરીનો જામો. ॥૬॥ પછી ગૌરાસ્તર બાણ માર્યું, ગૌરવણ થયો સાર; તે પછી ઇંદ્રે બાણ મુકીને, પેહેરાવ્યા સણગાર ॥૭॥ રૂપે ગોરો કેહેડે કંદોરો, તોરો મોતીનો માથે;કડાં સાકળાં વેઢ વીંટી, બાંધ્યા બાજુબંધ હાથે ॥૮॥ કાનમાં કુંડળ હાર હીરાના, પેહેરાવી મોતિના માળા;અર્જુનજીતવ વિસ્મય પામ્યો, આ શું શ્યામ છોગાળા ॥ ૯ ॥ શર્વ સભા પણ વિસ્મય પામી. ખુશી થયા જગતપતી; પ્ર-

ભુએ જાણ્યું ગોરો થયો પણ. તેજ જરાએ નથી. ॥૧૦॥ સુકૃત વિના તેજ ન હોયે, માટે કષ્ટ કપાવું; પાંચ જણાને વચને બાંધ્યા છે, સુકૃત તેનાં અપાવુ. ॥૧૧॥ એમ જાણીને પ્રેરણા કીધી, બળદેવને તે વાર હળધારી તવ પુછવા લાગ્યા. ઓરે છુગદાધાર. ॥૧૨॥ આજનું કૌતક કદા ન જોયું, આશ્ચર્ય દીઠું ઓણ; સ્થંભે જઇને સ્વરૂપ બદલલ્યું, એ પ્રાણી છે કોણ. ॥૧૩॥ વિઠલ વધ્યા વડા વીરા, વેણ વદેલુ થાપો; કુન્તા કુંવર એ અર્જુનજી, સુકીત તમારૂં આપો. ॥ ૧૪॥ બળદેવજી કહે મશ્કરી મુકો. અરજુન માનુ કેમ; ભગવાન કહે બ્રહ્મ સભાની, પુંઠળ જુઓ ભેમ. ॥ ૧૫ ॥ તવ બળદેવે જોઇને માન્યું, કહ્યું કે જયજય થાજો, મારૂં સુકીત આજ સુધીનું, અરજુન અંગે જાજો. ॥ ૧૬ ॥ એમ કહીને સુકીત આપ્યું, તેજ વધ્યું તતકાળ; સહુ રાજાના સરખો શોભ્યો, રાજ્યા નહી ગોપાળ. ॥૧૭॥ ઉઠીન ગયા રાજ સભામાં, સત્યવાદિ કને આવ્યા; એટલે ભીષ્મને વીદુરજીએ, માન્ય દઈ બોલાવ્યા. ॥ ૧૮ ॥ પાસે બેસાડી પુછવા લાગ્યા. ભીષ્મ વિદુરને દ્રોણ; ઓ મ્હારાજા સ્થંભે ચડીયો, એ ત પુરૂષ કોણ. ॥ ૧૯ ॥ પ્રભુ કહ તમે બોલ્યાતા, બોલ્યાનું માપ માપો; કુન્તા કુંવર અરજુનજી છે, તમારાં સુકીત આપો. ॥ ૨૯ ॥ સત્યવાદી કહે સાચું ન ભાસે, અરજુન કહીએ કેમ; પ્રભુ કહે જુઓ બ્રહ્મ સભાની, પુંઠળ બેઠો ભેમ. ॥ ૨૧ ॥ કોઇ ન ચેતે તેમ જોજો, તવ જોવા મન મોહ્યું; એકે એકે ઉંચા થઇને બ્રહ્મ સભામાં જોયુ ॥૨૨॥ લાંબો પોહોળો પોચતો દીઠો બળવંત વાયુ તન; પાંન્ડવને જીવતા જાણ્યા કે, ઘણા થયા પરસન. ॥૨૩॥ સત્યપુરૂષોએ સંકલ્પ કીધો, અરજુનની જય થાજો; અમારાં સુકીત આજ સુધીના અરજુનજીને જાજો. ॥૨૪॥ તે ચાર સુકીત આવીયાં કે, તેજ વધ્યું .અપાર; સરવે સભા ઝાંખી પડી. શોભ્યો સતી કુંવાર. ॥૨૫॥ જેવી કન્યા તેવો જ બનીયો, ભુલ નહિ લગાર; વર કન્યાનું જોડું મળીયું, રહ્યોનહિ ફેરફાર. ॥૨૬॥ પ્રભુ જોઇને આનંદ પામ્યા, વર શોભે સરવથી; પણ કન્યાના સરખો થયો તે, મુજ મન માનતું નથી. ॥૨૭॥ દ્રુપતીને અભીમાન સ્હેશે કેહેશે થયો મુજ જોડ; એનાથી વિશેષ શોભાવું ત્યારે; નામ મ્હારૂ રણછોડ ॥૨૮॥ એમ ધારી જઈ આસન બેઠા, વાત વિચારી લીધા; ભકતને માટે પ્રેરક પ્રભુ, પ્રેરણા કુરૂમને કાધી. ॥ ૨૯ ॥ તવ કુરૂમ રૂષીને વિચાર આવ્યો, હું તો વિષમય પામું; અરજુનજીને જોઇને જુએ ચારે ભાઇના સામું. ॥ ૩૦ ॥ આ હતા જેવા તેવાને તેવા, ઉપર ગયો જેહ; વસ્ત્ર આભુષણુથી અંગ શોભ્યું, કોણ હશે નર તેહ. ॥ ૩૧ ॥

છતી વિધાએ રહ્યુ અજાણ્યો, એ તો મ્હોટી ઉપાધી; નિશ્ચય કરવા આસનવાળા, રૂશીએ માંડી સમાધી. ॥૩૨॥ જ્ઞાનદ્રષ્ટિએ જોવાથી જાણ્યું, છે કુન્તાના તન; સ્થંભ ઊપર અરજુન ચઢયો છે, પ્રસન જુગજીવન. ॥૩૩॥ એવું જાણી સમાધી ઊતારી,દલમા લાગ્યું દુઃખ; અરેરે પાંડવને તીછકાર્યા, શું દેખાડુ મુખ. ॥૩૪॥ એમ કરીને રડવા લાગ્યા, ચોધારે આંસુ જાય; સમુદ્રમાં જંપાપાત કરૂ, કલ્પાંત માંડયું ત્યાંય. ॥ ૩૫ ॥ વળણ ॥ રૂષ્મે કલ્પાન્ત માડીયું, નેત્રે ભરતા નીર; વ્યાસ વલ્લભ વાણી વદે, છોડવુ ધાર્યું શરીર.

કડવું ૧૨૮ રાગ આશાવઘનેર દોહરો.

જઇ પડુ તે સાગરમાંયરે, હવે હુંતો શું કરૂર; ॥ટેક॥ રૂમ રૂશીએ આક્રંદ માંડયુ, કરે વિવિધ વિલાપજી; છતી વિધાએ હું છેતરાયો, કીયા જનમનાં પાપરે. હવે હુંતો શું કરૂરે. ॥૧॥ આળસુને ઘેર ગંગા પધારે પણ, આળસુ ઊઠી નવ ન્હાયજી; જ્યારે ગંગાજી જતાં રહે તેની, પુંઠે પાપી પસ્તાયરે. હવે.॥ ૨ ॥ કાગની ચંચુમાં રત્નજ આવેને, મરકટને મોતી હારજી; તેવા પાંડવ મારે હાથ આવ્યા, જેવી કાહારને તરવારરે. હવે. ॥૩॥ અંધની નારિ આભુષણ પ્હેરે પણ, અવરથા અવતાર જાયજી;બેહેરાની આગળ શંખ ફુકે તોહે,હાડકાં કરડયાં કહેવાયરે. હવે૦ ॥૪॥ ચકલીને માળે મોટા પધારે, ગરૂડ ગુણ ભંડારજી; તેવા મારે ત્યાં શેજ પધાર્યા; કુન્તા સતીના કુવારરે. હવે. ॥ ૫ ॥ કાપડી જાણી ટકવા ન દીધા, મેં મારા મઠ માંયજી; હરીજન દાતા દીનતા વાળા, ફરિથા મુજ ઘેર કયાંયરે. હવે. ॥૬॥ એમ અતીશે આક્રંદ માંડયું, જોયું ધરમ રાયજી; ભીમ વીરા હું જૈ સમજાવું, આવેળા કલેશ ન થાયરે. હવે૦ ॥૭॥ એ બ્રાહ્મણે રડવા માંડયું છે, અરજુન થંભે જતાનોજી; ભીમ કહે એને રડવા દો વીરા બ્રાહ્મણ છે, એ મતાનોરે. હવે. ॥૮॥

॥ વલણ ॥ એજ મતાનો વિપ્ર છે, કર્યા હતા તિછકાર; વદે વલ્લભ ધરમે કહ્યું, ભીમ તુજને ધિક્કાર.

કડવું ૧૨૯ આશાવરીનો દોહરો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, મચ્છવેદન મહિમાય. ॥૧॥ ધર્મ કહે ધિક્કાર તુને, હજી ન આવ્યું, જ્ઞાન,બ્રાહ્મણની ને માતાની કરણી,જોવી બેઉ સામાન્ય.॥૨॥

મ કહીને ધરમ રાજા, છાંના રાખવા ઉઠે;કોઇ ન ચેતે એમ આવી, ઊભા ધ્રુમની પુઠે.॥૩॥ ઓ મહારાજા આશુ કરો છો,ખોટો ચઢયો કેમ નાદ;દેવો જોઇએ અરજુનજીને આ વેળા આશીરવાદ.॥૪॥અમારૂ ભલુ ઇછતા હોતો, આંસુ ન ઢાળો લોચન;એવું સાંભળી ધ્રુમરૂશી;મુખ વધાવચન. ॥૫॥ ઓરે ધરમ મ્હારી આગળ, છુપાવિ રાખી જાત;શું હું શત્રુ હતો તમારો, કરત કોઇને વાત. ॥૬॥ ધરમ કહે ભુલ અમારી; હવે ન દેવો દોશ; બનનાર વસ્તુ બની ગઇ, જળ વહી ગયે શો સોશ. ॥ ૭ ॥ તવ ધ્રુમ રૂશી રહિ ગયા છાના, કહ્યું પાન્ડવ જય થાજો; આજ દીન સુધીનુ સુક્રીત મ્હારૂં, અરજુન અંગે જાજો. ॥ ૮ ॥ અરજુનજીને સુક્રીત સોંપ્યું, વધ્યું તેજ અપાર; ધરમરાય ઠેકાણે બેઠા, જોયું જુગદાધાર. ॥૯॥ ધરૂપતી કરતાં અરજુન સોભ્યો,મહતા ઉતારી નાંખી; તેજ તણો બીંબકાર છુટયો,કન્યા પડી ગઇ ઝાંખી.॥૧૦॥ પ્રભુ જોઇને આનંદ પામ્યા વર સોભ્યો સર્વથી; રવિથી ઝાંખો દીસે છે માટે,મુજ મન માનતું નથી ॥૧૧॥ અઢળક ઢળીયો પોતે સામળીયો, કાંઇ ન રાખી ન્યુન્ય; ભક્તને હરજીએ અરપણ કીધુ, એક વરસનું પુન્ય. ॥ ૧૨ ॥ એટલે અંગમાંથી તેજ છુટયું, શોભા વધી ગઇ ઘણી.સુર્યના તાપને એની શીતળતા જાણે બીજો દીનમણી. ॥૧૩॥ ઉપર સુર્ય અરજુન વચમાં, બેઉનો તેજ પ્રકાશ; તે તેજ પડયું કુન્ડના જળમાં,જળથી થયો ચીદા ભાશ.॥૧૪॥ તે આભાશે સભા શોભી, તેજ તણો બીંબકાર; ઝબુક ઝબુકારા મારે, જુએ ધ્રુપતી નાર. ॥ ૧૫ ॥ મોઢુ ઉતારિ બોલી એ નારિ, સાંભળો સૈયર સહિ; આ વરસ્થંભે ચડયો તે મુને, પરણુશે કે નહી. ॥ ૧૬ ॥ દાશીયો જોઇને વિસ્મય પામી, થૈ ગયું કાળજુ કાચુ; ઢાંકયું રત્ન તમેકે હેતાંતાં. બૈ તમ બોલ્યું સાચું.॥૧૭॥ ગભરાશો નહી એ વર વરશે, તવ મન ધિરજ આવિ;ધ્રુપતી સામુને સામુ જુવે છે, પ્રેમ પતી ભાવ લાવિ. ॥ ૧૮ ॥ એવે અરજુને ધનુશ લીધુ, ચઢાવવા વીચાર; જાણ્યું કે એ છેડો કયાં મુકુ.શા પર દેવું ભાર. ॥૧૯॥ એકજ ત્રાજવે ટેકો મુકીને.જોકદી ભાર દેવાય; તો બીજા ત્રાજવું ઉંચું ચઢે, ચર્ણ પોહોળા થઇ જાય ॥૨૦॥એટલે ટટળી પ[illegible]નાં,થાય સભામાં હાંશી; થંભને ટેકો દૈ ભાર દેવું, તો વણ ફાંશીએ ફાંશી. ॥૨૧॥ ધક્કાથી ત્રાજવાં જાય આવાં, ઝોલા ખાઇને પડું; કેમ કરિ ધનુશ ચઢાવું,કયાં લગી હું રડવડુ. ॥ ૨૨ ॥ શરિરનો મધ્ય ભાગ નાભી, તે પર દૈ આણીઆરૂ; સાહ્યય કરતાં સુંસરૂ પેસે, તો થાય મરણ મ્હારૂ. ॥ ૨૩ ॥ અણી મુકી જોવું સંદે ખો-

શું,જાણી મુકયો એક છેડો;જરા દબાવવાં પેસવા માંડયુ,જાણ્યું કે આવ્યો નવેડો. ॥૨૪॥ તરત પાછુ ઉપાડી લીધુ,ગભરાયો અપરમપાર; અરેરે ચઢાવી બનાવ્યો, ઓરે જુગદાધાર. ॥૨૫ પાકી મશ્કરી મ્હારિ કરાવી, શું કરવાને ચડાવ્યો; વસ્ત્ર આભુશણ તેજ વધાર્યું,શું મરવા દીપાવ્યો. ॥૨૬॥ આટલી આંટી મ્હોતની ઘાટી. તેમાંથી તમે ઉગારો; પ્રથમ જેવી બાંહ્ય ઝાલી તેવિ, ઝાલીને પાર ઉતારો. ॥ ૨૭ ॥ એવી સ્તુતી કરી પ્રભુની, પુરણ ધરીને પ્રેમ; તવ પ્રભુએ સામું જોયું, ગુંચવાય છે હજી કેમ. ॥ ૨૮ ॥ ભક્ત તણી ભીડ ભુધરે જાણી, આપ ચીંતામાં પેઠા, ગોવીંદ વાયુનો ગોળો થઇને, નાભી ઉપર જઇ બેઠા ॥ ૨૯ ॥ દુંટી ઉપર દડો વાગે, એમ લાગ્યું જે વાર; અરજુનજીને આસ્તા બેઠી, અણી મુકી તે વાર. ॥ ૩૦ ॥ જોર કરિને દબાવી, પેઠું નહી અણીઆરૂં; અરજુને જાણ્યું ધણિ છે સાચો, શા સારૂં ભય ધારૂં. ॥ ૩૧ ॥ એવું જાણી બીજો છેડો,ધનુશ કેરો જેહ;એકજ હાથે જોર કરીને, વાંકું વાળ્યું તેહ. ॥૩૨॥ બીજે હાથે દોર ચઢાવી, તેવો થયો ટંકાર; ધનુશ ચઢ્યું એટલે તો બોલ્યો અંધ કુંવાર. ॥ ૩૩ ॥ ઓ માંમા તમો કહેતાતા, ચાહ્ય તેમ મરશે મથી, પણ ધનુષ કરણ રાજાનું, એનાથી ચઢવાનું નથી. ॥ ૩૪ ॥ મામો કહે ભાઇ ભોગ મ્હારા, મેં તુને કહ્યું એવું; પણ નીચું જોઇ બાણ ઉંચુ,મારી કરે કામ કેવું. ॥૩૫॥ એક બાણ શું ત્રણ કામ કરશે,જો મન માં વિચારી; દુરીયોધન કહે એ છે આંટી, કન્યા થવાની મ્હારી.॥૩૬॥ એમ પાછો મન વાળીને બેઠો, સાંભળન તુ રાય;આ ઠેકાણે સીધાન્ત લેવું, કેવું ગાંડુ દેખાય. ॥૩૭॥ દુરિયોધનની બોલી ચાલી, રીતી નીતી જેહ; તે પ્રમાણે જે જન રાખે, દુરીયોધન તુલ્ય તેહ. ॥૩૮॥ પાન્ડવની સંતોશ શીળતા, રીતીનીતી સુદ્ધ વાણી; દીનતા દયા એવી રાખે, તે પાન્ડવ તુલ્ય પ્રાણી. ॥૩૯॥ કથાતો દ્રષ્ટાન્ત રૂપી, સીધાન્ત એનું કેવું; જેવી જેની રીતી તેવું,તેને જાણી લેવું.॥૪૦॥ ઇતીહાસ કૌરવ પાન્ડવ કેરો, તે જાણવે નહી મુક્તા;મુક્તાંને માટે જાણી લેવી;નીતી અનીતીના યુકતી. ॥ ૪૧ ॥ વળણ,॥ યુકતી મુકતી કારણે, જાણવી શ્રોતા જન; વ્યાસ વલ્લભ એમ ઓચરે, શું કર્યું ઇંદ્રને તન.

કડવું ૧૩૦ રાગ સાખાંની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને

સંભળાવુ, મચ્છવેદન મહીમાય.॥૧॥ અરજુનજીએ ટંકાર કીધો, ચઢા-
વિયું ધનુશ;વિચાર કીધો મચ્છ વિંધવાનો, હૈયામાં ધરી હુંશ. ॥૨॥ એ-
વામાં દુરિયોધન રાજાએ,બોલાવ્યો રાજા કરણ, કહ્યું કે આ મચ્છવેધકર
શે, વરશે ઉતરિ ધરણ. ॥૩॥ કાળે મોઢે જાવું પડશે, આપણને ધિક્કાર,
કરણ કહે જો દુરિયોધન,મુજ મનનો વિચાર॥૪॥ ચઢનારો મચ્છવેદ ક-
રશે, તેવુજ મારિશ બાણ, ત્રાજવામાંથી નિચે નાખી,કાઢુ એના પ્રાણ.
॥૫॥ નીચે પડે તવ સરવે ભાઈએ, મારી પમાડવો મરણ,તે વેળાહું દ્રૂ-
પતીનું, કરિ જવાનો હરણ. ॥ ૬ ॥ નીશ્ચે તુજને પરણાવવાની, ચીંતા
મુજને પેઠી, દુષ્ટ કહે મુજને એમ લાગ્યું, હવે મ્હારે ઘેર બેઠી. ॥૭॥ આ-
શા આપી કરણ ગયો, જૈ બેઠો આસન, શકુની માંમાએ સમજાવ્યા,
અંધ તણા સૌ તન. ॥૮॥ સાવચેતીથી સરવે બેસો, હાથ ગ્રહિ હથીઆ
ર, તવ કૌરવો આયુધ લઈને, બેઠા થૈ તૈયાર. ॥૯॥ તે સહુ શભાયે નજરે
જોયું, કોપ્યા કૌરવ કરણ,કન્યા સુખે નથી વરવાની, થશે રૂપાળીનુહ-
રણ. ॥૧૦॥ દ્રૂપતનું ધુળધાણી કરસે, અંધ તણા કુંવાર; એવી ચરચા
ચાલી સભામાં, ભય ભર્યા સૌ સાર. ॥૧૧॥ દ્રૂમરૂશીએ કૌરવોને, દીઠા
ગ્રહ્યાં હથાઆર, જાણ્યું કે એ અરજુન ઉપર, છેવટ દેશ માર. ॥ ૧૨ ॥
એમ જાણીને સર્વ રૂશીને. ચેતવણી કરિ એમ; આપણી સભામાંથીવર
ઉઠયો, મારવા દેઇએ કેમ. ॥૧૩॥ આપણે એ વરના જાનૈયા,હાંઇથી ઉ-
ઠયો માટે;લજ્યા ન ખોવિ કૌરવ કેરો, આપણે ઘડવો ઘાટ. ॥૧૪॥ એવું
સાંભળી સર્વ રૂશીને, ઉમંગ પ્રગટયો કેવો; એ વરના આપણે જાનૈયા
માટે ન મરવા દેવો. ॥૧૫॥ થનાર વસ્તુ હશે તે થાશે,કરવો કાળોકેહેર;
કૌરવ વરરાયને મારે તો, આપણે મારવા ઠેર. ॥૧૬॥ એમ ધારી સૌ તૈ
યાર થયા,વઢવાને મન કીધાં;કૈક કહે હું મારિશ સરવો,કૈકે તુમડાં લી-
ધાં ॥૧૭॥ કૈ કહે આખ્યો પુરવાને, મારવા ભસ્મના ગોળા;કૈક કહે આ
છમનીયોને ગોદે, ફાડી નાખવા ડોળા. ॥ ૧૮ ॥ કૈક કહે તુમડાં ફોડીશું,
કૌરવને લેલાટ; બ્રાહ્મણ કોપ્યા ભક્તાની ભીડે, બેઠો બરોબર ઘાટ.
॥૧૯॥ એવામાં દ્રૂપતરાજાયે, દ્રુપતીને એમ કાહાવ્યું; હાથણી બેશી
આવો સભામાં, ભવીશ ભલેરૂં ભાવ્યું. ॥૨૦॥ સણગારી હાથણી મંગા
વી,દ્રુપતીયે તે વાર;સુંઢમાં સોનાનો કળસ આપ્યો. શોભા તણો નહિ
પાર.॥૨॥દ્રુપતી ઊઠી ઝરૂખેથી, ઊતરી મ્હેલથી હેઠી; વરમાળા બે
કરમાં લઈને, હાથણી ઊપર બેઠી. ॥૨૨॥ પુંડળ દાશી ચામ્મર ઢોળે,
જોયા જેવી થઇ ખુબી;સભાની વચમાં જળ કુંડાળે, આવીને કન્યા ઉ

ભી ॥૨૩॥ હરખી ઉડવા ભીમસેન બળીયો, ઉંચો નીચો થાય; પણએ નો ભુજ ઝાલી બેઠા છે, પોતે ધરમરાય. ॥ ૨૪ ॥ અરજુનજીએ ધનુશ ચઢેલું, ધર્યું દ્વીભુજ વિશે; તે વેળાએ અરજુનજીની, ક્રાન્તી અલોકીક દિસે. ॥૨૫॥ તે દેખી શેદેવ જોશીને, ઉપજ્યો અતી પ્રેમ; હશી હશીને ધરમ પ્રત્યે, કહેવા લાગ્યા એમ. ॥૨૬॥ વળણુ ॥ શેદેવ કેહેવા લાગીયા આતો વાત અનુપ; વદે વલ્લભ જોશી કહે, જુઓ ભુપનુ રૂપ.

કડવું ૧૩૧ રાગ કનડાની સાખીયોનો.

જુઓ જુઓ ભુપનાં રૂપ, ધનુશધનંજય ધર્યુંરે; જુઓ જુઓઅરજુનજીનું રૂપ, ધનુશ ધનંજય ધર્યુંરે;॥શેદેવજી મુખ બોલીયા, સુણો ધર્મ સુજાણ; ત્રણ ત્રણ વરસ દુખ વેઠીયું, તેતો આજ પડયું પરમાણ, ધનુશ.॥૧॥ લાખાગ્રહેમાં બાળીયા; દુષ્ટે કરી અન્યાય; ત્યાંથી ઉગરી વન રહ્યા, ભીમ પરણ્યો હેડંબા કન્યાય. ધ. ॥૨॥ હેડંબો ચોરી ગયો, દેનાર દેવને દુખ;તેને ભીમે મારીઓ,કર્યું છત્રેશ્વરને સુખ. ધ. ॥૩॥ પછી કબીરા લઇ ગયા; પોતાને અવાસ; યોગી વેશ ભીમે ધરી, કીધો દુષ્ટજનોનો નાશ.ધ.॥૪॥ તે પછી એક ચક્રા ગયા, સ્થીતી કરી બહુ દન;બકરાક્ષસને મારીયો, ભીમે ઉગાર્યો વિપ્રનો તન; ધ. ॥૫॥ નીત્યના પાંચ અજા હણે મનુશ મારે એક; હંમેશ છ જીવ ઊગર્યા; કર્યો પુન્ય તણો વીવેક ધ.॥૬॥ ત્યાંથી દ્રુમને મઠ ગયા, સમર્યા અસરણા સર્ણ,વિપ્રતણાં પુજન કર્યાં, અને નીત્યાન ચાંપ્યાં ચર્ણ. ધ. ॥૭॥ ટાઢ તાપ વેઠયા વન વિશે, દુખમાં ન રહી નુન્ય, દુખ વેઠી ભગવત ભજ્યા, તેતો આજ ઉગ્યું પુન્ય. ધ. ॥૮॥ વસ્ત્ર વપુપર કયાં હતાં, કયાં હતા સણગાર, તેજ મોઢા પર કયાં હતું ઢળ્યા અઢળક જુગદાધાર. ધ. ॥૯॥ સુર્ય સમ છબી અરજુનની, જુઓ મ્હારા વિર; ધનુશ શોભે બે ભુજમાં,કેવો ઊભો છે ગુણ ગંભીર. ધ. ॥૧૦॥ વળણ. ગુણ ગંભીર વિર આપણો, ધરયું ધનંજય નામ; વ્યાસ વલ્લભ કહે કથા, ભક્તને રીઝે રામ.

કડવું ૧૩૨ રાગ ધોળ.

બોલ્યા. બોલ્યા વૈશમપાયે વચનરે,સાંભળ સાંભળ જનમેજેરાજન રે, ॥૧॥ અરજુનજીએ, ધનુશ ધરીયું હાથરે; શ્રદ્ધા રાખી સમરે શ્રી વૈકું-

ઠ નાથરે. ॥૨॥ જોયું એણે મછના સામુ ગગનરે;દીસે નહી મચ્છાનુ પું-
છ લોચનરે. ॥૩॥ આકાશ કેરા. વાયુથી મચ્છ ચઢી ચાકરે; વાયુ વેગે
ફરેછે આડો આંકરે.॥૪॥ અરજુનજીએ વીચાર કીધો મનરે; કેમ ત-
કાશે, મચ્છા તણું લોચનરે. ॥૫॥ જળમાં જોઇ, તાકીને મારવું બાણરે;
મચ્છને જળને છેટુ છ ગાઉ પરમાણરે. ॥૬॥ મચ્છા હોએ સ્થીર તો તા
કી શકાયરે; હવે મુને, ગુંચવણ પડી જગરાયરે. ॥૭॥ સ્તુતી કીધી, ત-
વ પ્રભુએ જાણ્યુંરે;અંતરયામી હેત અતી મન આણ્યુંરે. ॥૮॥ પ્રેરક
પ્રભુ પ્રેરણા કીધી તે દનરે; મચ્છ પાસેનો બંધ કીધો પવનરે. ॥૯॥
કરી કરૂણા પોતે શામ શરીરે; સોવ્રણ મચ્છા તરત થઇ ગઈ સ્થીરરે.
॥૧૦॥ તે દેખીને અરજુનનું માન્યું મનરે; હશી હશીને જપતો શ્રી
જુગજીવનરે. ॥૧૧॥ પછી પોતે જળમાં જોયું સતી તનરે; તવ દેખાયુ
મચ્છા તણું લોચનરે. ॥૧૨॥ પડે મચ્છનો, પરછાયો જળમાંયરે; સ્થીર
રહ્યાથી દરપણ તુલ્ય દેખાયરે. ॥૧૩॥ પછી પોતે મચ્છ વીંધવા મન કી-
ધુંરે; ભાથામાંથી એક બાણ કરમાં લીધુંરે. ॥૧૪॥ તેના ઉપર શક્તી
નો મંત્ર ભણ્યો સારરે; પછી તેના ત્રીભાગ ગણ્યા તે વારરે. ॥૧૫॥ પે-
હેલે ભાગે બ્રહ્મા મુકયા તતખેવરે; વચમાં વિષ્ણુ છેલ્લા મુકયા મહાદે-
વરે. ॥૧૬॥ વાયુ મંત્ર ભણ્યોને નવ રહી નુન્યરે; ઉપર મેલ્યું ધરમ
રાયનું પુન્યરે ॥૧૭॥એવી રીતે,બાણ કર્યું તઈઆરરે; પછી જોયું જળ-
માં સતીને કુંવારરે.॥૧૮॥ કેહેડયો વાંકી વાળી કરે મનસુબોરે;અરજુન
જી તો ત્રાંસમાં ચઢી ઉભોરે ॥વળણ॥ અરજુન ઉભો ત્રાંસમાં, સાંભ
ળને તું રાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, મચ્છવેધનો મહીમાય.

કડવું ૧૩૩ ટેક વીના કટાવની છાયા.

અરજુનજી તો ત્રાંસમાં ઉભો, ત્રાંસમાં ઉભો; શોભે સુબો, મછ
વીંધવા છે મનસુબો, આપ રૂદેમાં ઉલટ આણી, સમજણ શાણી,
મીઠી વાણી, પ્રૌઢજ પ્રાણી, કામ વિખાણી, સમર્યા પોતે પુરૂશ પુરા-
ણી, જુગજીવનને સાચા જાણી મન ધાલીયું, અંગ ફાલીયું, બાણ ઝાલી
યું, કલ્મીશ હણીયો, ગણિત ગણિયો, મંત્રજ ભણીયો, વેલ્લો વણી-
યો, દલડું લડાવ્યું, ધનુપ ચડાવ્યું; બાણ અડાવ્યું, આપ પંડથી પા-
પજ ખોયું મનડું મોહ્યું, જળમાં જોયું કેહેડયોને તો વાળી વાંકી, ન
જાય થાકી, બુદ્ધિ પાકી, ન રહે બાકી, જળમાં ઝાંખી, મછતાકી, રં-

ગે રેલીયું; બાણ મેલીયું, ખુબ ઠેલીયું, ખરર લેઇને ચપળે ચાલ્યું.ન રહે ઝાલ્યું, ફંદે ફાલ્યું, માતંગ માહાલ્યું. હળહળ હાલ્યું, સણ સણ સણ સણ, સરરર કરતું, થંભે ફરતું ભટડગ ભરતું, પાર ઉતરતું, પાછું ન ખરતું, પવન વેગથી, જાણે મેઘથી, આભ વેગથી, વીજળી છટકી, ન રહે લટકી, ખરીજ ખટકી, ઝાડે ઝટકી, પાડે પટકી. એવી કટકી, કેમ રહે અટકી, આવી પહોંચ્યું મચ્છનિ પાસે, તરકટી ત્રાસે, સાચુ ભાસે. અધર વાસે; ફુરરક ફુરરક ફર ફર બોલે. પોહોચ્યું રામના બાણની તોલે, ચડીયું ઝોલે, જરા ન ડોલે, બ્રહ્મા મંત્રે જબ્બર દોડયું; ન રહે ઓઢયું, જુગતે જોડયું, એવું છોડયું ફટાક દઇને લોચન ફોડયું, પછી તે કટકો હેઠો પડીઓ, વિષ્ણુ કડકો ઉંચો ચડીઓ, નરદમ નડીઓ; જઇને અડીઓ, ઘાટજ ઘડીઓ, પુંછ ઉપર તો ઉલટ વ્યાપી, માપે માપી, નીશાની આપી; તે પ્રમાણે ખચક દઇને નાંખ્યું કાપી. ને પછી કડકો શંકર કેરો, મારે ફેરો, ઘાલ્યો ઘેરો, કામજ કીધુ, ચાલ્યું સીધું, જરા ન બીધું, ઉઠાવી લીધું, શીવને મંત્રે; બહુજ બળમાં, કોટી કળમાં, એકજ પળમાં; છરરરરરરર છબાક થઇને ફેંકયું જળમાં, દેખી દેવે કરી ફુલ વ્રષ્ટી, કાપી કષ્ટી, જુએ દ્રષ્ટી, સરવે શ્રષ્ટી દુંદભી ડંકા દેવના વાગ્યા; સારા લાગ્યા, સૌ ભય ભાગ્યા; ભાગ્યવંત પાન્ડવો જાગ્યા; વલ્લભ વદે મછાની હોડ; પુરણ થઇને પોહોચ્યા કોડ; બોલો જે જે શ્રી રણછોડ ॥વળણ॥ જય જય શ્રી રણછોડજી, કર્યું ભક્તનું કામ; શ્રોતા શ્રદ્ધા રાખીને, શમરો શીતારામ.

કડવું ૧૩૪ રાગ ઝડપનો દોહરો.

બાણ વડે જળ મચ્છ નાંખ્યું. વરત્યો જેજેકાર; તે સમે કરણ રાય ઉઠયો, ઉઠયા અંધકુંવાર ॥૧॥ આયુધ લીધાં ભુજ વીશે, જુએ સઘળો સાથ;તે સમે ભીમ ઉભો થયો, મરડી ધરમનો હાથ.॥૨॥ છલંગ મારીઆવ્યો સભામાં મનમાં ધરી મનસુબો; જળ કુન્ડની કીનારે જૈને, વાયુનો નંદન ઉભો. ॥૩॥ ગરજના કરી ઘાંટો કહાડયો, વીરા ધારણ દેવું; ઊતરવાની તસ્દી ન લેશો પડો હું ઝીલી લેવું. ॥૪॥ તવ દુરિયોધને બુમ પાડી,એ માંમા આ ભેમ; માંમાએ કહ્યું મારગ ઝાલો, રૈયે કુશળખેમ. ॥૫॥ ભીમને જોઇ મનમાં વિચાર્યું, પોતે રાજા કરણ; મ્હારૂ બોલેલું મીથ્યા જાશે, કરૂ કન્યાનું હરણ. ॥૭॥ ભીમની ઉંચી દી-

ઠી, કન્યા હરવા જાય; એવે ભીમે જાતાં જોયા, ચીતમાં ચટપટી થાય. ॥૭॥ ભાઇનાં લાગ્યા ભાઇ ભોગવશે, કન્યાનું હરણ થાશે; મેહેનત કરેલી છુટી પડશે, ઇજ્જત અમારી જાશે. ॥૮॥ એમ જાણીને દોટ મુકી, વાયુને કુંવાર; કરણનો જઇ કાન ઝાલી, ચોઢયા તમાચા ચાર. ॥ ૯ ॥ કરણ રાજા ત્રાસ પામ્યો, આ મુજને કયાં નડીયો; એટલામાં ભીમ છલંગ મારી. હાથણી ઉપર પડીયો. ॥૧૦॥ એટલે હાથણી ગૈ ભોંય ભેગી, પ્રકો દર કેહેડ બાંધે, દ્રુપતીનું પાંગોઠુ ઝાલી લીધી પોતાની ખાંધે. ॥૧૧॥ કન્યા લઇને ત્યાંથી નાઠો, સભાની બારણે જાય; કુંભારના ઘર ભણીઆવ્યો જ્યાં પોતાની માય. ॥૧૨॥ બારણેથી એમ બુમ પાડી, એ પ્રશ્નમા હું આવ્યો; જુઓરે જુઓ જનેતા, અમુલ્ય વસ્તુ લાવ્યો. ॥ ૧૩ ॥ કુન્તાએ જાણ્યું કાં ખાવાનું, કાં રમવાનું હશે; કાં મુજને મરાવવા ફાંફાં, બોલતો મશે મશે. ॥ ૧૪ ॥ એવું સમજી માતા બોલ્યાં, ભૈયોનું ભૈઆરૂ; જે લાવ્યો હોય તમાં બેટા, પાંચેનું સૈયારૂ. ॥ ૧૫॥ ભીમે જઇ તવ કન્યા મુકી, શું બોલી તું માત; આજ સભામાં મચ્છવેધ કીધો, આપણો અરજુન ભ્રાત. ॥૧૬॥ કન્યાનું ત્યાં હરણ થતુ ... ટે ઉચકી લાવ્યો; ન બોલવાનું તુંતો બોલી. વીચાર કાંઇ ન આવ . ॥૧૭॥ માતાને એમ ડબકો દેછે, વાયુ દેવનો તન; તવ કુન્તાજી રડ લાગ્યા, આંસુભર્યાં લોચન ॥૧૮ ॥ બળ્યું આ જીવનું વડપણનું ફાવ તેમ બોલાય; કન્યા દેખી ભીમ લલચાયો, ઠીક બોલી ગયાં માય. ॥૧૯॥ એમ જાણીને ભીમ બોલ્યો, શાને કરો વિલાપ, તમારૂ બોલ્યું પાળો નહીતો, બ્રહ્મ હત્યાનું પાપ. ॥૧૦॥ એમ કહિને ત્યાં રહ્યો બેશી, સભા વિશેશું થાય; ભીમના તમાચા ખૈ વળ્યો પાછો, ક્રોધમાં કરણ રાય. ॥ ૨૧ ॥ જળકુંડાળે ચાલીને આવ્યો, બાણ ધનુશ પર લીધું; ત્રાજવામાં અરજુનજીને, બાણજ ભોગી દીધું ॥૨૨॥ અરજુનજીને તે બાણ વાગ્યું, પ્રાણજ ઉંચો ચડીયો; બાણને ધક્કે; ત્રાજવામાંથી અરજુન હેઠો પડીયો. ॥૨૩॥ પડયો તેવો આવ્યો પાણીમા કૈરવે કાહાડયો બ્હાર; જળકુન્ડની કીનારે નાંખી, દેવા માંડયો માર. ॥ ૨૪ ॥ સો ભાઇઓને છ કારભારી, ઘણાક કોપે ચડીયા; તે દેખીને બ્રાહ્મણ ઉઠયા, મારવા તુટી પડીયા ॥ ૨૫ ॥ કૈરવ મારે અરજુનજીને, છોડાવ્યા નવ છોડે; તુમડા લૈ બ્રા ... કો કપાળ સહુના ફોડે. ॥ ૨૬ ॥ ભભુતીન ગોળા મારિ, ડોળામુઠી નાખે; ગડદા પાટુનો પ્રહાર કરી, મારો મારો ભાંખે. ॥ ૨૬ ॥ કૈરવ ઉપર દ્વીજ લોકોએ, ઘણું તોફાન મચાવ્યું; એવામાં પ્રજાપતને ત્યાં, ભીમને સાભરી આવ્યું. ॥ ૨૭ ॥ એરેરે એકલો

છે ભાઈ મ્હારા, એમ જાણીને ઉઠયો દોડતો, આવ્યો સુરો સભામાં. રોશ ભરેલો રૂઠયો. ॥ ૨૮ ॥ ભાઇ રોળાતો દીઠો સભામાં, મેઘનાદે ગડગડીયો; વાયુ નંદન કોપ કરીને, જળકુન્ડ વીશે પડીયો. ॥ ૨૯ ॥ થંભને બાઝ્યો ઘણોક ગાજ્યો, હસ્તીનીપેર ત્રાડયો; બાર ગાઉનો થાંભલો તે, હચહચાવી કાહાડયો. ॥૩૦॥ તવ કૈરવ ત્રાસ પામ્યા, થાશે કાળો કેહેર; માંમો કહે ભાઈ સરવે નાસો.માર્યા જઈશું ઠેર. ॥૩૧॥ એમ જાણી અરજુનને મુકયો, મુંઢમતીના માઠા; ભીમના ભયથી હરામખોરો, જીવ વઇને નાઠા. ॥૩૨॥ એટલે આવ્યા અંતરયામી, આવ્યા ત્રૈણે ભ્રાત; ભીશમ વીદુરને દ્રોણ આવ્યા,વળી રોહ્યણી કુંવાર. ॥૩૩॥ ખમ્મા ખમ્મા કરી ઉઠાડયો, અરજુનને તે વાર; સૌ સભાએ પાંડવ જાણ્યા, વરત્યો જેજેકાર. ॥૩૪॥ સ્વયંવરની રીતી એવી, જેની થઇ કન્યાય;તે એકલો રહે બાકી બીજા, સૌ સૌને ઘેર જાય. ॥ ૩૫ ॥ પણ તે દાડે પાન્ડવ જાણી, રેહેવા ॥ કર્યો વિચાર; પાન્ડવને પરણાવ્યા પછી, વેરાઇ જાવુ સારા ॥૩૬॥ પાન્ડવ ઉપર પ્રેમ એવો, કોઇએ ધર્યો નહી ગર્વ; આગળ ચાલ્યા અરજુનજીને, પુઠે ચાલ્યા સર્વ. ॥ ૩૭ ॥ ચાલી આવ્યા પ્રજાપતને ત્યાં, પુરણહરખમા પેઠા; ભોમી ઉપર આસન વિના, રાજા રૂશી સહુ બેઠા. ॥ ૩૮ ॥ જાદવ સહીત સઘળા બેઠા, એટલે ધરમ રાય; અરજુનજી ઘરમાં જઇને, માતાને પડીયો પાય. ॥ ૩૯ ॥ આશીરવાદ મુને દો માતા, મેં કર્યું મચ્છવેધન, શુભવેળાએ જનુની મ્હારી,કેમ કરો રૂદન.॥૪૦॥કુન્તાજી કહે ભીમ ગાંડો,લઈ આવ્યો કન્યાય,બ્હાર થી કહ્યું કાંઇ લાવ્યો, ઓરે મારી માય. ॥ ૪૧ ॥ મેં જાણ્યું ખાવાનું રમવાનુ, બોલી જવાયું એમ; કહ્યું કે પાંચનું સહિયારૂ, એટલે બોલ્યો ભેમ. ॥૪૨॥ એણે કહ્યું કે આ શું બોલ્યાં. વિચાર વીના આપ;હવે એ બોલ્યુ પાળો નહી તો, બ્રહ્મહત્યાનું પાપ. ॥૪૩॥ તે કારણથી રડયા કરૂછું, ઓરે મ્હારા તન; એવું સાંભળી અરજુન બોલ્યો, મુકો માં રૂદન ॥૪૪॥ તમારૂં બોલ્યું પાળવું મ્હારે, જો હોય પાન્ડુ બાપ; ભૈઓને મુકી એકલો પરણુ, તો બ્રહ્મહત્યા પાપ. ॥૪૫॥ તવ કુન્તાજી રડતાં રહ્યાં, આશીરવાદજ દીધો;પછી જઇને ઓટલે બેઠો,માનો ખુલ:સો કીધો. ॥૪૬॥ એવામા પ્રજાપત આવ્યો,જોવા ઘરની બ્હાર; વ્રકોદરને બોલાવીને, પુછયો સમાચાર. ॥૪૭॥ કેમ આવ્યાછે રાજા રૂશી,શો આ ખેલ મચાવ્યો ભીમ કહે તમારા રાજાની, પુત્રીને હરી લાવ્યો. ॥૪૮॥ તેથી સૌ લાંઘવા આવ્યાછે;કળકળીઓ તમ રાય; તમોએ અમને રાખ્યા માટે, શીક્ષા

તમોને થાય. ॥૪૯॥ એવું સાંભળી કુંભાર બોલ્યો, ગાંડીયા ગાંડુ કીધું દયા જાણીને તમોને રાખ્યા, તેનું ફળ આ દીધું. ॥૫૧॥ એમ કહીને રડતો રડતો, ગયો ઘરની માંય; નરને નારી રૂદન કરે, ધરમે સાંભળ્યુ ત્યાંય ॥૫૧॥ ઉઠીને યુધીષ્ટર ગયા, પ્રજાપતના ઘરમાં, કહો કાકા કેમ રડો છો, શું આવ્યું ઉદરમા. ॥ ૫૨ ॥ પ્રજાપત કહે મારે કરમે, કયાંથી તમે આવ્યા; ગરીબ જાણી ઘરમાં રાખ્યા, રાજાની પુત્રી લાવ્યા. ॥૫૩॥ તારા ગાંડીયે ગજબ કીધો, ઘર મ્હારૂ લુટાશે; ધરમ કહે કોણે કહ્યું, રડશો નહિ નીશાસે.॥૫૪॥કુંભારે કહ્યું ગાંડીયો તારો, કહી ગયો મને વાત; ધરમ કહે સાંભળો કાકા મુકો આંસુપાત. ॥૫૫॥ અમે ક્ષત્રી નંદન છૈયે, કુન્તા સતીના તન; પાંચ ભાઇ પાન્ડવ અમે તો કીધો મચ્છવેધન. ॥૫૬॥ તેથી કન્યા લાવ્યા છૈયે, કાકા તમારે ઘેર; હરણ કર્યું હોય તો કાકા થયો હોય કાળો કેહેર. ॥૫૭॥ પ્રજાપતને વીસ્વાસ પડીયો, જૈ બેઠા ધર્મરાય; ધ્રુપતરાયે ઘેર જઇને, મંડપ રચીયો ત્યાંય. ॥૫૮॥ મોકલ્યા બે પુત્રો પોતાના, કુંભારને ઘેર જાવો; મચ્છવેધ કરનારાને કહીને, દ્રુપતીને લઈ આવો ॥ ૫૯ ॥ કહેજો વાજીંત્ર અમે મોકલીયે છીએ પેહેલા; એટલે તમે વરવા માટે આવજો અમ ઘેર વેહેલા. ॥૫૦॥ વળણ ॥ વેહેલા અમ ઘેર આવજો, એવું કહેજો તન; વલ્લભ વદે રાયે કહ્યું, લાવો ભગનિ ભોવન.

કડવું ૧૧ રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાયે વચન, ,સુણ જનમેજે રાજન; ચાલ્યા દ્રુપતના બે તન, ગયા કુંભારને ભોવન. ॥૧॥ કહ્યું નરને દ્રુપતી લાવો, વાજાં મોકલીયે તવ આવો; કહ્યું અરજુને તતપર થાવો, ઓરડીમાંથી તેડી જાવો.॥૨॥ કહેજો તમ તાતને સમાચાર, કહીયે પાંચ છે કુન્તી કુવાર;કહિએ મચ્છવેધ કર્યો એક હાથે; પણ પાંચ પરણવાના સાથે.॥૩॥ ધર્મ નીકુળ શેદેવ ભીમ, ચારને લેઈ વરવાનો નીમ; હોય મરજી તો તેડુકાહાવો, નહિ તો કાહાવજો કે તમે જાવો. ॥૪॥ એવું સાંભળી ક્રોધે થયા, પોતાની બેહેનને લેઈ ગયા; જઇ તાતને કહ્યું કામ કરો. બાપ બેટી બેઉ જણ મરો ॥૫॥ કહાવ્યું મચ્છવેધના કરનારે, વરવાનું પાંચે અમારે; છીયે કુન્તા તણા પાંચ તન, વરશું સહુ બંધવ જન. ॥ ૬ ॥ એકલાને તો વરવાનું નથી, કહીને આપી દ્રુપતી; ઘણી નારી વરે નરકોય,એક

નારીને બે નવ હોય. ॥૭॥ અમારી બેહેનને પાંચ પતી; તેનો અમોનેગ
મતું નથી; તવ દ્રુપતને ખોટું લાગ્યું, પાછુ આડુ ભવિશ કયાં જાગ્યું.
॥૮॥ હવે માહરે જીવીને શું કરવું, વ્યાસના પર વીશ ઘોળી મરવું;
એવું ધારીને મેહેલમાં ગયો, વીશ ઘોળી પીવા ત્યાર થયો. ॥૯॥ તવ
વ્યાસજી આવ્યા દોડી, પ્યાલો તમાચે નાંખ્યો ફોડી; શાને મરેછે મુંઢ
મતી, એના નશીબમાં પાંચ પતી. ॥૧૦॥ જઈ પુછી જો કન્યાને વાત,
તે કહેતો મેળવજે હાથ; તવ દ્રુપત રાજી થયો, પુછવા પુત્રી કને ગયો.
॥૧૧॥ બેન મચ્છવેધનો કરનારો, કેવુ કહે છે તે વાત વીચારો; એમકે-
હે છે કે પાંચભાઈ વરીયે, બોલો બેટી હવે કેમ કરીયે. ॥૧૨॥ બોલી
પીતા પ્રત્યે દ્રુપતી, મ્હારા ભવિશમાં પાંચ પતિ; તેમાં ડાહાપણ તમે
ન કરશો, કરશો તો પાપે પેટ ભરશો. ॥૧૩॥ તવ લાગ્યું દ્રુપદને સાચું,
નથી વ્યાસજીનું કહેવું કાચું; એમ જાણીને પાછું પુછે, બેટા સતીસા
ધ્વી તું છે. ॥૧૪॥ વરે પાંચને તે શાની સતી, મને તે અકળામણ અતી
બોલી દ્રુપતી સાંભળો તાત, તમે ધ્યાનમાં લેજો વાત. ॥૧૫॥ તમે મં-
ડપ જ્યાં રચો પીતા, ત્યાંતો કરજો ચંદનની ચીતા; તેને રાખવી ત્યાં
સળગાવી પરણીશ પતી પ્રેમ લાવી ॥૧૬॥ એક પરણીને સત્યે ચડી-
શ, સળગેલી ચીતામાં પડીશ; પાછી સજીવન નીકળીશ બ્હાર, પછી
વરૂ બીજો ભરથાર. ॥૧૭॥ એવી રીતીએ પરણાશ પતી, માટે સદા હું
સતી ને સતી; તવ તાતને લાગ્યું સારૂં, બેટી જોઈશપારખું તારૂં. ॥૧૮॥
પછી વીચાર્યું દ્રુપત રાય, એ છે પાન્ડવ કેમ મનાય; એવો સંદેહ ટાળવા
પળીયો, જઈ કૃષ્ણ પ્રભુને મળીયો ॥૧૯॥ પ્રભુ કુન્તા તણા આ તન, કેમ
સાચું લાગે મુજ મન; બોલ્યા પ્રભુ તું સાંભળ રાય, એતો લક્ષણથી વ-
રતાય. ॥૨૦॥ જેના જેના હશે ગુણ જેવા, તેના તુને દેખાડુ તેવા; હતા
ઓરડા દ્રુપદ તણા, પાંચે શોભીત સોહામણા ॥૨૦॥ તેમાં શું કર્યું જુ-
ગજીવન, ભર્યો એકમાં સીંહાસન; જુદીજુદી તરેનાં શોભે; રાજ્યવંશી
તણું મન લોભે ॥૨૧॥ બીજો ઓરડો તૈઆર કરી, તેમા ઘણી ગદાયો
ભરી ત્રીજામાં ભર્યાં ધનુષ બાણ, એવું કરાવ્યું પુરૂષ પુરાણ.
॥૨૨॥ ચોથામાં પાંનાં પુસ્તક ધરિયાં, વેદ શાસ્ત્ર પુરાણે ભરીયાં;
પાંચમામાં વસ્ત્ર શણગાર, એવું કરાવ્યું જુગદાધાર, ॥૨૩॥ પછી
બોલ્યા શ્રી વનમાળી, જો આ સઉ ઓરડા પુરે જાળી; ત્યા તું જોવાર-
હે સંતાઈ, હુંતો મોકલુ જૈ પાંચે ભાઈ ॥૨૪॥ કહી પ્રભુએ ભક્ત
બોલાવ્યા, તવ પાન્ડવ પાંચે આવ્યા; પછી બોલ્યા પ્રભુ સાક્ષાત,
મ્હારે કરવી છે તમને વાત. ॥ ૨૫ ॥ એક સ્થળ જઈ આ-

ણું સાર,જુએ ઓરડા એટલી વાર;એવું કહી ગયા ગોપાળ, પેઠા ઓરડે સતીના બાળ. ॥૨૬॥ પ્રભુ ગયા દ્રુપત પાસ,જાળીથી દેખાડે અવીનાશ;જુએ દ્રુપત શામ શરીર,પેહેલે ઓરડે પાંચે વિર. ॥૨૭॥ દિઠાં સઘળાં સીંહાસન, માન્યુ એકલા ધર્મનું મન;માટે પોતે એકલા રહ્યા,બીજા ચાર નીકળી ગયા.॥૨૮॥બીજે ઓરઢે દીઠી ગદાયો, બીજા નીકળ્યા ભીમ ભરાયો; ત્રીજે ઓરડે ધનુશ બાણુ, રહ્યો એકલો ઈંદ્ર સંતાન. ॥૨૯॥ ચોથે ઓરડે પુસ્તક પાનું, ત્યાંતો શેહેદેવનું મન માન્યું;પાંચમે આભુષણ પટકુળ, તે દેખીને પેઠા નિકુળ ॥૩૦॥ પેહેલે ઓરડે ધરમરાય, તેની જુએ દરૂપત ચરચાય;જુએ ધરમ સીંહાસન;જોઇ ખરખડી વીચારે મન. ॥૩૦॥ ઈંદ્રપ્રસ્ત જાવું જે દન, કરાવું હાવું સીંહાસન; તેતો દ્રુપતે સાંભળ્યું કાન, આતો ધરમ ખરા ભગવાન. ॥૩૦॥ પછી બીજે જાળીયે જાય, ભીમ ઉંચકી જુએ ગદાય; એતો જુએ હળવી ભારે, એક આવી ગદા તે વારે. ॥૩૧॥ દશ હજાર મણ છે ભાર, ઉંચકી વાયુને કુંવાર;એતો દ્રુપતના દાદા તણી, ગમી વ્રકોદરને ઘણી. ॥૩૨॥ પછી બરબડી બોલ્યો આપ,આહા આવે દ્રુપપતનો બાપ; પણ આ ગદા પાછી ન દેવુ.લઢી વઢીને પણ લેવુ. ॥૩૩॥ પ્રભુ બોલીયા સાંભળ રાય, પછી ત્યાંથી થયા વિદાય; ત્રીજે ઓરડે અરજુન જ્યાંય,બોલ્યો દ્રુપતરાજા ત્યાંય. ॥૩૪॥ એનું પારખું થંભે જોયું,પછી ચોથે જઈ ચીત પ્રોયું,પાંચે પાંનાં પુસ્તક શેહેદેવ, તેથી જાણીયા જોશી એવ. ॥ ૩૫ ॥ પછી પાંચમે ઓરડે ગયા,જાળીયે ડોકુ કરી રહ્યા;તેમાં નીકુળ છેલ તે વાર,પેહેરી જુએ બધા સણગાર. ॥ ૩૬ ॥ મોઢા આગળ દરપણ રાખે, નવ્ય ગમે તે બદલી નાંખે;ટળ્યો દ્રુપતનો સંદેહ. ખરો નીકુળ ફાંકડો એહ. ॥૩૭॥ પ્રભુ પાન્ડવ પાંચે સાચા;હવે વિચાર નહી મુજ કાચા, તમે અંતરયામી જાવો વાજાં મોકલું વાગતે આવો. ॥૩૭॥ કહી રાજા થયો વીદાય, પછી બોલીયા જાદવરાય; પાંચ પાન્ડવોને બોલાવ્યા, સહુ ઓરડામાંથી આવ્યા ॥ ૩૯ ॥ સ્થળે લેઇ ગયા જુગદીસ, ક્ષૌર કરાવ્યું પાન્ડવ શીશ, ઉતરાવ્યા શીશના કેશ, ધરાવ્યો રાજ્યવંશી વેશ. ॥ ૪૦ ॥ પેલા દ્રુપને દીધિ પેર, મોકલ્યું તેડું હરખભેર; વાજાં સાજ સહીત તે વાર, આવ્યા પ્રજાપતને દ્વાર. ॥૪૧॥ કહિ પાન્ડવને શુભ પેર;ચાલો વરવા દ્રુપત ઘેર; તવ સર્વને આનંદ થાય,ગયા કુન્તા કને ધર્મરાય. ॥૪૨॥ માતા મોહોડ માંથે કોણ ઘાલે,કોણ રામન દિવો ઝાલે; બોલ્યાં કુન્તાજી મુખ વચન. રહ્યાં આપણુ જેને ભોવન. ॥૪૩॥ તેને સમજવાં માત તાત, કહો જૈ પ્ર-

જાપતને વાત;માંથે મોહોડ ઘાલે એની નારી, તેડે સૌસગાંને ન્યાત સારી.॥૪૪॥ ગયા ધરમ તેણી વાર.કહ્યું કુંભારને થાવો ત્યાર; તમારીસહુ ગ્નાતી બોલાવો, અમને પરણાવવા આવો. ॥૪૫॥ મોહોડ ઘાલે અમારી કાકી,પેહેર્યા હોડયામાં ન રાખે બાકી;તવ બોલાવી કુંભારે નારી તુંતો પેહેરી હોઢીનેથા સારી. ॥ ૪૬ ॥ વણુ પૈસે ઉપમા લેવાઇ, થયા રાજા તણા વેહેવાઇ; તેડો સગાં વ્હાલાં ન્યાત સાથ,ઘાલો મોહોડ દીપકલ્યો હાથ.॥૪૭॥ તવ પ્રજાપતની નારી, ચાલે ધરતી ધમધમે ભારી;સહુસગાં ને ભેગાં કીધાં, બધી ન્યાતને નોતરાં દિધાં.॥૪૮॥ તવ આવ્યા સહુ નરનારી, ગીત ગાવા લાગી શુભકારી; જાણી દ્રુપત રાજાયે પેર, રચ્યો મંડપ રૂડો ઘેર. ॥૪૯॥ પાસે ખડકાવી ચંદન ચીતા, કરીયુ પુત્રીનું કહેલું પીતા; પ્રજાપતની નાર મોહોડ ઘાલ્યો, કર વામન દીવો ઝાલ્યો. ॥ ૫૦ ॥ ઉઠયા પાન્ડવ જોડા જોડ, કરે ગોઠવણ શ્રી રણછોડ; રાખ્યા આગળ જાદવ જોધ,વચમાં રૂશી કરનાર બોધ.॥૫૧॥ તેની પુઠળ ક્ષત્રી લોક, શોભાવી શોભા પુન્ય સ્લોક; પછી વાજતે ગાજતે જાય, કેડે કામનીયો ગીત ગાય. ॥૫૨॥ વળણ ॥ ગીત ગાય છે ગુણના ભર્યા, સાંભળ તુ રાજન; વ્યાસ વલ્લભ વાણી વદે, ચાલ્યા કુન્તા તન.

કડવું ૧૩૬ રાગ લક્ષ્મણની ઘોડીનો

આની આંરે પાન્ડવ પાંચ ચાલીયા. ॥ ટેક. ॥ પાન્ડવ પાંચે ચાલી ચારે,જાય છે જોડાજોડ, વરઘોડામાં મ્હાલતારે, કરે કારભારૂ શ્રી રણછોડ પાન્ડવ.॥આની હાંરે. ॥ ૧ ॥ રાજા રૂશીને યાદવોરે. ચાલે સહુ સાજન, પ્રજાપતની નાતનારે, ધરે હરખ અતિશે મન. ॥પાન્ડવ॥૨॥ પ્રજાપતની પ્રેમદારે, ગુણ ભર્યાં ગીત ગાય મોહોડ કાકીએ ઘાલીઓરે,એનેહૈએ હરખ નવ માય. ॥પાન્ડવ॥૩॥ વીવીધ વાજાં વાગતાંરે, દુન્દભી ડંકા થાય; પોતાના પુત્રો જાનીનેરે,ઘણા હરખે છે ભીશ્મ પીતાય. પાન્ડવ.॥૪॥ વિદુર ઉર આનંદછેરે,પ્રગટીયા પ્રભુ દાસ; દ્રોણગુરૂ કૃપાચારનેરે, ઉપજેછે અતિ ઉલ્લાસ ॥ પાન્ડવ ॥ ૫ ॥ ગામના લોક જોવા મળ્યારે, જોઇને બોલે બોલ; ભાગ્ય ધન્ય દ્રુપતી તણુંરે, સ્વામી મળીયા છે કન્યાને તોલ.॥પાન્ડવ ॥૬॥પાન્ડવપર પ્રેમ સર્વનેરે, સાજન થઈ સહુ જાય; સાજ મળ્યો શોભા તણોરે આવિ ઉભા તોરણ વરરાય.॥પાન્ડવ પાંચે આવીયા ॥ ૭ ॥ તવ દ્રુપતની તારૂણીરે, વર પોખ્યાના કોડ. આવી સાસુ થઇ

પોંખવાંરે માથે બત્રીસ ભમરીનો મોહોડ, પાન્ડવ પાંચે આવીયા. ॥૮॥ સૌ સાજન બીરાજીયુંરે, મંડપ કેરે ઠોર; પાસે રહી પોંખાવતારે, દ્રુપતરાયના દ્રૌણીક ગોર. પાન્ડવ ॥૯॥ ધુંસળ મુસળ રવૈઓરે, સરીઓ સંપુટ ત્રાક; એંડી પેંડી ઉતારીનેરે, તીલક તાણી આમળીયા નાક.પાન્ડવ ॥૧૦॥ પછી વર પધરાવીયારે, મંડપ કેરી માંય; દ્રૌણીક કૃપાચાર્ય છેરે. બેઉના ગોર બે બેઠા ત્યાંય પાન્ડવ. ॥૧૧॥ અંતરયામી બોલીયારે, મંડપ કેરી માંય; પ્રથમ પેહેલું લગ્ન કરોરે, મોહોટા માટે વરે ધર્મરાય.પાન્ડવ. ॥૧૨॥ તવ ધરમ બીરાજીયારે, બાજઠ ઉપર ત્યાંય; સીખંડીભાઇએ તેડીનેરે. પધરાવી દરૂપતી કન્યાય પાન્ડવ.॥૧૩॥ વળણ॥ કન્યાપધરાવી તહીં,કન્યાદાન દેવાય,વ્યાસવલ્લભ વાણીવદે, સાંભળજો શ્રોતાય.

કડવું ૧૩૭ રાગ કન્યાદાનનો.

ત્યાં તો સમે વરતે સાવધાન,સોભા ધણેરીરે, દેછે દ્રુપત કન્યાનું દાન; સોભા ધરેણીરે.॥૧॥ પેહેલા બીરાજ્યા ધરમરાય. સો. તેનો હસ્ત મેળાપક થાય. સો. ॥ ૨ ॥ ત્યાંતો પા ડી પટોળે ગાંઠ. વર માળા આરોપી કંઠ સો. ॥૩॥ વદે વેદ વચન વીપ્ર તન, સો. પાસે બેઠા છે જુગજીવન સો. ॥૪॥ ત્યાંતો પેહેલું મંગળ વરતાય, સો.તેમાં ગાયોના દાન અપાય. સો. ॥૫॥ત્યાંતો બીજે મંગળ સાવધાન, સો. તેમાં દીધાં દાસીનાં દાન. સો. ॥૬॥ચોરી ત્રીજું મંગળ વરતાય, સો. તેમાં ભોમીનાં દાન દેવાય. સો. ॥૭॥ ચોરી ચોથું મંગળ વરતાય. સો. તેમાં ભંડારસહીત વરતાય. સો. ॥૮॥ પછી વરકન્યા જમ્યાં કંસાર. સો. ત્યાંતો આરોપ્યા મોતિડાના હાર. સો. ॥૯॥પછી રૂપૈયા વીંટીઓ રમાય,સો. લાગ્યાં વરકન્યા ગોત્રજને પાય સો, ॥૧૦॥ પછી કન્યા ઉઠી સતી નાર. સો. પડી ચંદન ચીતામાં સાર. સો. ॥૧૧॥નાહી નિકળી અગ્નીથી બ્હાર. સો. તવ વરત્યો જય જયકાર. સો. ॥૧૨ ॥ પછી વર્યો વાયુ સંતાન, સો. તેનાં ચારે ચાર ચાર દાન. સો. ॥૧૩॥ પછી પરણ્યો અરજુનરાય, સો. એનાં ચારે મંગળ વરતાય સો. ॥ ૧૪॥ તેના પછી વર્યા શેદેવ, સો. વરત્યાં ચારે મંગળ તતખેવ, સો. ॥૧૫॥ વર્યા છેવટે નીકુળરાય. સો.ચારે મંગળે દાન અપાય. સો. ॥૧૬॥પછી કન્યા અગ્નીમાં ન નહાય, સો. પોતે પરણેલી રાખી તે કાય. સો. ॥૧૭॥ જોઇ પોહોચ્યા સહુ જનના કોડ, સો. સરવે બોલ્યા જે જે શ્રી રણછોડ. ॥ ૧૮ ॥ વળણ ॥ વરકન્યા પરણી ર

ત્યાં વરત્યો જેજેકાર; ધરૂપત લાગ્યો પુછવા, ઓરે જુગદાધાર.

કડવું ૧૩૮ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું કહું,આદ્યપરવ મહીમાય.॥૧॥ધરૂપત કહે આજ્ઞા આપો,ઓરે જુગજીવન;મચ્છવેધની સભામાં બેશી,સર્વકરે ભોજન.॥૨॥ પ્રભુએ તત્વ આજ્ઞા આપી, સર્વ સભામાં પેસો; પોતપોતાની રીત પ્રમાણે પંગતે જમવા બેસો. ॥૩॥ રાજા રૂશી જાદવ લોકો, વળી પ્રજાપ્રત સર્વ;અન્નારથી પણ જમવા જાવો, વેહેવારનો ધરી ગર્વ. ॥૩॥ એટલે સૌજન ગયા સભામાં,બેઠા પોતાની રીતે;ધરૂપતરાયે શેવકો પાસે,પીરસવામાંડયુ પ્રીતે. ॥૫॥ રાગ કટાવની છાયા ॥ મીનાકારી થાળી પુરી; મીનાકારી થાળી પુરી, નહી અધુરી, ચીજો મધુરી,પ્યાલા રૂપાના,માંહી દુધડાં,દ્રાખ ચારોળી, સાકર ઘોરી, કેસર ચોળી;મહી રગદોળી, મલાઇ કેરી બ્હાજી પોળી,કુર કમોદનો જાયફળ, વળી શેવ સરકરાં;પુરાં ઘેબર મગદળ બરફી પેંડા; કળીના લાડુ ઠોર ખાજલી,દળ લાડુલા, કણસાઇ મોતીચુર પુરાયાં,દુધપાકવંતાકનુ શાક કે રૈતુરત્યોનું;ચણા દાળ ત્યાં માંહીકાકડી કારેલાં વાલોળ વાંકડી, કંકોડાં કુશમાન્ડ તુરીયા પાપડીઓ પંડોળ વડીઓ, ગલકાં ફળ ટેંભરવાં નૈયાં, ગવારશીંગો ચોળાફળીઓ કંદમુળ ભીંડા; અળવી રતાળુ ગાજર ગીલોડુ,શક્કરીઆં સુરણ વલીઆરી, દહિછમકારી કઢી વધારી; ભાત્ય ભાત્યની ભાજી સમારી, તાંજરજોને મેથી સારી, કંજરીકુબીભેગી સુધારી ગલજીભીની પોઇનાં પાનાપતરવેલીચા હવે વરણવું મેવા કાચા,પરતાને લીધી ખારેકો અખોડ અંજીર રાજેરી સુનેરી કેળાં, તડબુચાંને કુટ બીજોરાં અનુસરાંમ ફળ સેતુરાં પાકાં કરમદ ફનસ ફાલસાં લીલા શીફળ ખજુરફેસી કમરખ જામફળ કરણકેરી મધુર લાંમડી;રાણુ શીંઘોડાં થોડી થોડી, પાકાં ઉમર પારસ જાંબુ પાકી ચીકણુ કેળાં કુંકણુ દાઢમ કંકણુ. હવે વરણવું ચટણી અથાણું; થોડુ થોડુ મુખથી ગાવું,કોળાં દોડાં આબળ કાકડ જીરા કેરી મેથીઓ ચીરીંઅળદર કેળાં આમ્રચીરીયાં રાઇ સરશીઆં તેમાં કુબીઆં ખારી બીલી મોળી આથેલી, આદારસ ચટણીલીંબુ પટની આદામુળી અળદરમુળા મધુરી મધુરી; મીનાકારી થાળી પુરી.

રાગ સાખીનો.॥વઇશમપાએએણીપેરે બોલ્યા,સુણ જનમેજેરાયવી

સ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥ ૧ ॥ સરવેને ભોજન કરાવી, દીધા છે મુખ વાસ; કૌરવ લોકો નાશી ગએલા, કન્યા થકી નીરાશ. ॥૨॥ જાતાં જાતાં મારગે આવા દ્વાદશ ગાઉની નેળ; પાપીએ સહુને ઉભા રાખ્યા, આવી વનીતાની વેળ. ॥૩॥ દુરીયોધન મુખ એવું બોલ્યો, રહી ગયો પરણ્યાનો પ્રેમ; મનના મનસુબા રહ્યા મનમાં, મામા કરીશુ કેમ, ॥૪॥ બોલ્યો શકુની ખારીલો ખુની, બતાવું એક ઉપાય; પરણી હશે તો શું થઇ ગયું, પણ લેવી કન્યાય. ॥૫॥ બાર ગાઉની આ નેળ લાંબી, ઉંચી બે વાંસ પુર; આ નેળમાં પાન્ડવને ઘેરી, હાડ કરો ચકચુર. ॥ ૬ ॥ એક રથ હૈયેથી જતો હોએ તો, પરાણે બીજુ જાય; એવી સાંકડી નેળ માહી, થનારૂં હોય તે થાય. ॥૭॥ આગળથી ને પાછળથી હઈ, ઘેરીને કરીએ કેહેર; કુન્તાજીને ને પાંડવને, મારી નાંખીએ ઠેર. ॥૮॥ તો રૂપાળી હાથમ આવે, ભાગ્ય ભળે મળે નારી; દુરીયોધન કહે મામા તારી, બુદ્ધિની બલીહારી. ॥ ૯ ॥ એમ કહી કહ્યું દુરીયોધનને, સાંભળો વીરા કરણ;છ ક્ષોણી તમ પાસે રાખો, કરવા પાંડવનુ મરણ. ॥૧૦॥ આ મોઢે તુમે સંતાઈ રહો; નેળની ઘોઘો માંહી, પાંડવ નેળમા પેઠા પછી; ઘેરો ઘાલજો હાંઇ. ॥ ૧૧ ॥ પાંચ ક્ષોણી લઇને સો ભાઇ, સામે મોઢે જઇએ; જેદ્રથ ભગદત ભુરીશ્રેવા સુસરમા રૌત રહિએ.॥૧૨॥ કરણ કહે કબુલ વીરા,પડાવ સામો નાંખો; સંદેશા સારૂ નેળની ઉપર. દસવીસ સવક રાખો.॥૧૩॥ દુરીયોધને વીસ જોદ્ધા, નેળ પર મુકવા સાર; પ ડવ પેસ નળમા ત્યારે, આપે સમાચાર. ॥ ૧૪ ॥ પછી પોતે પાંચ ક્ષોણી લઇને, સુંસરા નેળમાં ગયા; સામે મોઢે, છ ક્ષોણી સન્યાય;આવતું જતું કોઇ ન દેખે, કરવો છે અન્યાય. ॥૧૬॥ ચોકી કરવા રાખેલાને, સમજાવ્યા તે વાર; આપણા વૃધ્ધો પેહેલા જાસે. તેનો કેહેજો સમચાર. ॥ ૧૭॥ એ રાતે ગોઠવણ કરીને, સંતાયા છે પાપી ધ્રુપતરાયે જમાડયા પછી. ભેગા થવા રજા આપી. ॥૧૮॥ એટલે રાજા રૂષી જાદવો, મળી કરી સભાય; પાંડવો ત્યાં બીરાજીયા છે, કોરાણે કુંતા માય. ॥૧૯॥ ધ્રૂપત આવ્યો સરપાવ લાવ્યો, વેહેંચવા સારૂ સાર; પેહેરામણી પાંડવને દેવા, હરખ્યો અપરમપાર. ॥ ૨૦ ॥ કારભારી થઇ કૃષ્ણ બીરાજ્યા, સભા શોભે પુરપાટ; ધ્રૂપતરાયે લક કીધાં, પાંડવને લેલાટ ॥૨૧॥ બે રથ આપ્યા મોહોરો ભરીને, હાથી દિધાં દસ ગામ; શહસ્ત્ર દાસી આપી રાવ.મા, ધરૂપતીને કામ. ॥૨૨॥ પાન્ડવને બે ક્ષોણી સેન્યા, દીધિ ધરૂપતરાય; આવદાની એક ગામની

આપી, કુન્તાને પડયો પાય. ॥૨૩॥ તમ જોગ મુજથી નથી અપાયું, માગી લ્યો વૃધ સતી; કુંતાજી કહે ભાવ એઇએ, બીજું જોઇતું નથી. ॥૨૪॥ તવ ધરમને ચરણે લાગ્યો. છો ક્ષત્રી સુપાત્ર; તમ જોગ કાંઇ નથી અપાયું, માટે માગી લ્યો જમાત્ર. ॥૨૫॥ ધરમ કહે કાંઇ ખામી નથી, તવ અરજુનને પુછે; કાંઇક માગી લો મુજ પાસે. તમારી મરજી શું છે. ॥ ૨૬ ॥ અરજુન કહે પ્રીતિ રાખો, એટલું માગીયે અમો; તવ શેદેવને શીશ નમાવ્યું, જોશીજી માગો તમો. ॥૨૭॥ શેદેવે કહ્યું સંતોષ પામ્યા, આનંદ થયા અતી; ભીમે જાણ્યું સૌને પુછે પણ, મુજને પુછતો નથી. ॥૨૮॥ એટલામાં નીકુળને પુછયું, નીકુળે કહી નાય; પછી ગયો ભીમની પાસે, પ્રેમે પડીયો પાય, ॥૨૯॥ તમ જોગ મુજથી નથી અપાયું, માગો માગ્યા જોગ સદા; ભીમ કહે એટલું માગુ છું, નહી આપું આ ગદા. ॥૩૦॥ ધરૂપત કહે એમાં શું માગ્યું, બળવંતા છો અતી; એને કોઇ ઉપાડી ન શકે, અમારે કામની નથી. ॥૩૧॥ પણ એ ગદા કયારે આપું, જો જોરાવર થાવો, જે મંગળ નામનો એક હાથી, બતાવું તે લઇ જાવો. ॥૩૨॥ કીલ્લો ચણિને પુરી મુકયો છે, દરવાજો ન ઉઘેડાય; કીલ્લે ચઢી ઘાસ નાંખે છે દાસો, કીલ્લે રહી જળ પાય. ॥૩૩॥ એ મદ ભર્યો મસ્તાની, તેને વશ કરા આવો; તો તે હાથીને આ ગદા બે વસ્તુ લઇ જાવો. ॥૩૪ ॥ ભીમ કહે બતાવો મુજને, કુંચી લીધી તવ રાય; હાથીના કીલ્લાનું તાળુ ઉઘેડયું, હાથી ચેત્યો તવ ત્યાંય. ॥૩૫॥ ભીમશેને દરવાજો ઉઘેડયો, તેવોજ હાથી ધશીયો; દરવાજાનિ બ્હાર નીકળીયો, ભીમશેન આઘો ખશીયો. ॥૩૬॥ આઘો ખશીને ધાયો ધશીને, ભયમાં જરા નવ પેઠો; ગદા સહીત છલંગ મારી, ઉપર ચઢી બેઠો. ॥૩૭॥ બોજ આવ્યો તેથી ગજ ત્રાસ્યો, ભીમ તણો ભય ધાર્યો; વ્રકોદરે દડમાં દોડાવ્યો, તવ જયમંગળ હાર્યો. ॥૩૮॥ નરમ થઇને ઉભો રહ્યો ભીમે ફેરવ્યો હાથ; નીચે ઉતરીને બોલાવ્યો, તવ ગજ ચાલ્યો સાથ. ॥૩૯॥ સભામાં આવ્યો હાથી બાંધ્યો, ખુશી થયા સહુ રાય; ધરૂપત કહે અર પણ તમને, જેમંગળને ગદાય. ॥૪૦॥ વિનોદમાં વ્રકોદર બોલ્યો, મેં ઠીક કીધી કમાઇ; ધરૂપત તુજને સોધ્યો ન મળે; મુજ સરખો જમાઇ. ॥૪૧॥ દ્રુપત કહે ક્ષમા રાખો, બોલો નહી બીજું ત્રીજું; તમ તણાં પ્રાક્રમ જોઇને, આનંદ પામી રિઝું. ॥૪૨॥ પછી સરપાવ આપ્યો, સરવને જેવો રાજા તેવો દીધો; એકલા પ્રભુને કાંઇ ન આપ્યો તવ ભીમે ક્રોધ કીધો. ॥૪૩॥ ધરૂપત કહે ક્રોધ ન કરશો, કૃષ્ણ છે લક્ષ્મી પતી, તે લક્ષ્મી

શું એમને આપુ, બીજું દેવા જોગ નથી. ॥૪૪॥ એટલે હરજી આનંદ પામ્યા, પોતે દીનાનાથ; સાબાશ તારી જ્ઞાન દ્રષ્ટી, કહી શીશ મુકયો હાથ.॥૪૫॥ પછી સરવે વીદાય માગી, રાય વદ્યો વચન; ચાર દહાડાલગી પાંન્ડવોને, રાખશું અમ ભોવન.॥૪૬॥ એમ કહીને વીદાય આપી, સરવેને થઇ ખુશી; તવ પોત પોતાને પંથે ચાલ્યા, રાજા રહીયત રૂશી. ॥૪૭॥ છપન કોટી જાદવ બળદેવ, સાથે શ્રી મોરારી; સત્ય પુરૂશો પણ ઘેર ચાલ્યા, પાન્ડવના હેત ધારી. ॥૪૮॥ તે સત્યવાદી નેળમાં થઇને, ગયા હસ્તીનાપુર; દુષ્ટોને જૈ કહ્યું ચોકીદારોએ, ગયા ભીષ્મ વિદુર. ॥૪૯॥ એટલે દુરીયોધન થયો રાજી, હવે તો ભાયગ ભળશે; જેનો ભય હતો તે ગયા, હવે તો કન્યા મળશે. ॥૫૦॥ એમ કરીને એ રહ્યાછે, પાપીઓ આશા ભેર; પાન્ડવ કુન્તા ચારદહાડા, રહ્યા દ્રૂપતને ઘેર.॥૫૧॥ તે પછી પોતે વીદાય માગી, અમને દો આગ્નાય; ઘરગામ ઘણા દ-થીસુનું, માટે કરો વીદાય. ॥૫૨॥ તવ દ્રૂપતે આગ્ના આપી, પધારો કુન્તાનાતન તવ પોતાનું શેન્ય લેઇને, નીકળીયા રાજન. ॥૫૩॥ વળણા પાન્ડવ પાંચે નીકળ્યા, વાજતે ગાજતે જાય; ધનનારથને દ્રૂપતી, વળી સંગ સંન્યાય.

કડવું ૧૩૯ રાગ સવૈયા છાયાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પર્વ મહિમાય. ॥૧॥ સહુ સાથે લેઇ નિકળ્યા બળીયા, સગુવળાવવા જાય; ભાગોળ સુધિ સરવે આવ્યા, આવ્યો દ્રૂપતરાય॥૨॥ એવામાં પેલા પ્રજાપતને, ચણાં રૂર પડી; ભીમની ખાધેલી ખાંણુ હતી, ઉઘેડી તેજ ઘડી ॥૩॥ જોતામાં એનો જીવ ગભરાયો, હથળ થયો છેક; સાફ વાશીદુ વાળી મુકેલું, ન મળે દાણો એક. ॥૪॥ જાણ્યું કે આ કામ ભીમનું, ભાગોળે દોડતો આવ્યો; ભીમ ભાઇ કરી ખાણ ખાલી, વાંકો દહાડો તું લાવ્યો. ॥૫॥ એટલે બોલ્યા ધરમરાજા, આશું કરમ ભીમ કરીયું; ગરીબને ગરદન ઘાલીને, પેટ પોતાનું ભરીયું ॥૬॥ નાણાંઆપો [illegible]ષ્ટી કાપો, તવ ભીમ બોલ્યો ત્યાંય; હીસાબ પ્રમાણે ગણીને નાણાં દેજો દ્રૂપતરાય.॥૭॥ ધર્મ કહે દ્રૂપતને શું છે, ભુંડા માંડી ભવાઈ; ભીમ કહે જમાત્રનું દેવું, દેશે તે શી નવાઇ.॥૮॥ એમના ગામમાં રહીને ખાધુ છે, તે ખાધા ખરચ દેશે; દ્રૂપતી આપણે ઘેર ખાશે, તેનું ખરચ કોણ લેશે ॥૯॥ દ્રૂપત કહે ક્ષમા રાખો, માં બોલો માઠુ વચન; અમે અમારે પ્રજાપતનું, પુર્ણ મનાવીશું મન ॥૧૦॥ એમ કહીને વીદાય કીધા, તવ પંથે પળાય; એક રથમાં કુન્તા દ્રૂપતિ, ત્રીજા ધરમરાય. ॥૧૧॥ આનંદ

કરતા મારગ ચાલ્યા, બેઠો હાથીપર ભીમ; દ્વાદશ ગાઉનિ નેળે આવ્યા, ભીમને આવ્યો વ્હેમ.॥૧૨॥ સકળ સેન્યને રોકી રાખી કહ્યું આયુધ સહુ ઝાલો; જે રીતે ગોઠવણ કરૂ તે, રિતે નળમાં ચાલો. ॥૧૩॥ કુન્તાજી કહે મિથ્યા વેમીલો, ભય ભાળોછો અતી. ભીમ કહે મા તમારી પેંઠે જાત્રા કરાવવિ નથી. ॥૧૪॥ ધર્મે કહ્યું કરે તે કરવાદો, વીચાર સારોકરે; જે જન જાગે તે જન જીવે, ઉંઘે તે જન મરે. ॥૧૫॥ એવે ભીમે પોતાનો હાથી, સહુથી આગળ નાંખ્યો, તે પુઠે એક ક્ષોણિ સેન્યા, તે પુઠે જોશી રાખ્યો. ॥૧૬॥ તે પુઠે ધર્મ ક્રૂપતી; કુન્તાનો રથએક; તેની પુઠે રથ નિકુળનો, એમ કર્યો વિવેક ॥૧૭॥ તેની પુઠે બીજી એક ક્ષોણિ તે પુઠે અરજુન ભુપ; એવી કીધી ગોઠવણી તે, દીસે શોભા અનુપ ॥૧૮॥ પછી પોતે ગદા લેઇને,જયમંગળ પર બેઠો; કહ્યું સહુ મુજ પુંઠે આવો, કહિ નેળ વિશે પેઠો.॥૧૯॥ પુંઠળ પોતાનુ શેન્ય આવ્યું;નેળમાંપેઠાસાર; અરજુન સહીત પેશી ચુકયા, તવ ગયા સમાચાર ॥૨૦॥ દુરીયોધનના દાસ મુકેલા તે બેઉ તરફ ગયા; કરણને કૈરવને જૈ, સર્વે સમાચાર કહ્યા॥૨૧॥ તવ સહુ નીકળ્યા કોતરમાંથી માઠા કરી મનસુબા; ઉત્તર દક્ષીણ બેઉ મોઢે, પંથ ઘેરીને ઉભા. ॥૨૨॥ ઉત્તર દીશાએ સો બંધુ, પાંચ ક્ષોણિ સેન્યાય; જેદ્રથ ભગદત ભુરીશેવા શકુની સુસુરમાય, ॥ ૨૩ ॥ દક્ષીણ દિશા સુર્યનો નંદન, છ ક્ષોણી છે સાથ; ડંકા દેતી મોઢાં ઘેર્યાં, આયુધ સહુને હાથ. ॥૨૪॥ સુરતાગ્ણાં વાજાં વગાડયાં, સાંભળ્યાં ભીમે કાન; એટલે પોતે બંધ કરાવ્યા, પોતાના નીશાન. ॥૨૫॥ પછી અરજુનજીને કાહાવ્યું, શેવક સાથે એમ: તમારા ભણી કોણ આવ્યુંછે, ઘેરો ઘાલ્યો કેમ.॥૨૬॥ તે સંદેસો મોકલો વ્હેલા, કહિ ગજથી ઉતરીયો; ગદા લેઇને આગલે મોડે, ક્રોધ ભર્યો પરવરીયો. ॥ ૨૭ ॥ જઇ જોયુ તો કૈરવ દીઠા, સેન્યાને કારભારી;અરજુનજીને કાહાવી મોકલ્યો, સમાચાર વિસ્તારી ॥૨૮॥ અરજુનને સંદેશો પોહાચ્યો અરજુન કાહાવ્યું એમ; મુજ ભણી કરણ સેન્ય સાથે, કહો કરીશું કેમ ॥૨૯॥ વળતું કાહાવ્યું વ્રકોદરે, જો હોય મારો વીર; તોતો પાછી પાહાની ન કરતો, રોળ વાળો રણધીર. ॥૩૦॥ તવ અરજુને સામું કાહાવ્યું,હારૂતો ઠબકો દેજો, આણીપાની ચીંતા ન કરશો તમારૂ સાચવી લેજો. ॥૩૧॥ ભીમે કહાવ્યું મારી ચીંતા ન કરતો, કૈરવનું મ્હાત આવ્યું; તે પછી શેદેવ નીકુળજીને, વ્રકોદરે એમ કાહાવ્યું. ॥૩૨॥ તમારા બેની વચમાં શોપ્યાં છે, કુન્તા ધર્મ ક્રૂપતી; તેમાંથીકોઇનેહરકત થઇતો તમાજીવવા ના નથી. ॥૩૩॥ રક્ષણ કરજો, ચાહાતો મરજો, પણ વાંકો ન થાયવાળ;

કન્યાનું કોઇ હર્ણ ન કરે, રાખજો બહુ સંભાળ.॥૩૪ શેદેવ નીકુળે એ-
ત્રું કાહાવ્યું, ચીંતા ન ધરશો કાંય; દેહમાંથી પ્રાણ ગયા પછી, થનારૂ
હોય તે થાય. ॥૩૫॥ એવા સૌના સમાચારસુણી, ક્રીધો લડતમનસુબો;
કમ્મર બાંધી ગદા ગ્રહીને, દુષ્ટ સામો જઇ ઉભો.॥૩૬॥ કરણ સામું મો-
ઢું કરીને, ઉભો ઇંદ્રનો તન; મરીયાદામાં બેઉ રહ્યા છે; કોઇ ન બોલે
વચન. ॥૩૭॥ શેદેવ નીકુળ બે બંધુને, રક્ષણના મનસુબા; ધનુશ ચઢા
વી બાણ લઇને, આગળ પાછળ ઉભા. ॥૩૮ રાતો તાતો થઈ ભીમ
ઉભોછે, કૌરવને કહ્યું એમ; ઓ નીચ જાતીનીચ બુદ્ધીના, મારગઘેર્યો
કેમ. ॥૩૯॥ દુરીયોધન કહે બોલ્ય વિચારી કહું તે સાંભળ કાન; પછી
બોલજે બોલવું હોય તે, ઉતરશે અભીમાન. ॥૪૦॥ વળણ॥ અભીમાન
ઊતારશુ, ઓરે કુન્તી તન; વદે વલ્લભ શ્રોતા સુણો, કહે છે દુરિયોધન.

કડવું ૧૪૦ રાગ ઝુલણા સાખીયોનો.

તડોતડ બે જણારે, બરોબર બે જણારે. ॥ ટેક ॥ દુરીયોધન મુખ
બોલીયો, કન્યા દેઇ પડ પાય; ભીમ કહે અ કરૂપતા તેતો, જાણજેતા-
રી માય. ॥તડો॥૧॥ દુરીયોધન કહે ભામડા, હાલ મળ્યાં ઘર શુત્ર; ર-
ખડતા રવડતા કુન્તા લાવી, તમે પાચે છો મંત્રના પુત્ર. ॥ તડો ॥ ૨ ॥
ભીમ કહે અમે તો મંત્રના, દેવ નંદન શુભ કરણી; તુજતાત જનમઆ
ધળો; તારી મા આખલાને પરણી. તડો. ॥૫॥ દુરીયોધન અમબોલીયો,
કેવું કપટ અમે ક્રીધું; બારશને દાહાડે લાડુ ખવરાવી,કેવું ઝેરજતુજને
દિધું. તડો ॥૪॥ ભીમ કહે ઝેર દઇને, ક્રીધો તેં અન્યાય; પણ પ્રભુએ
બચાવિયો, પરણ્યો પાતાળમાં કન્યાય. તડો. ॥૫॥ જીવતો આવ્યો ભો
મીમાં. આયુશ દન નવ ખુટયા;બારમાને દાહાડે સભાવશે,કેવાઝાલા
ઝાલીને કુટયા તડો.॥૬॥ કચરી કચરી મારીયા, કેવુંબળ મેં ક્રીધું,આ-
ડો રાખી તુજ કને, અડધુ રાજ્ય લખાવી લીધું. તડો. ॥૭॥ દુષ્ટ કહે રા
જ્ય લેઇને, શા સુખ દહાડા ભાળ્યા; વળા કૌતક ઊભુ કરા, કેવા લા-
ખાભોવનમાં બાળ્યા તડો. ॥૮॥ ભીમ કહે ત્યાંથી ઉગર્યા, લાંબી આ-
યુશ દોરી; સુખે માણ્યું બહુ વનવિશ, હુંતો પરણ્યો હેડંબા ગોરી.
તડો. ॥૯॥ દુરીયોધન કહે રણ રહી, પંચાળમાં શીદઆવ્યા, ખાનપાન
વણ સુકાઇ ગયા, આવી અમને સભામા લજાવ્યા. તડો. ॥ ૧૦ ॥ ભા-
મ કહે દુખ દહાડો હતો, તું આવ્યો તો ચડી ઘોડે; કન્યાતો લેવાઇ ન
હી, કેવો પાછો વળ્યો કાળે મોહોડે. તડો. ॥૧૧॥ દુષ્ટ કહે ભાખારવા,
હો માંથે વધ્યા કેશ; સ્વયંવરમાં આવિયા, તમ લીધો કાપડી વશ.તડો
॥૧૨॥ ભીમ કહે થયા કાપડી, હતા દાહાડા દોહ્યલા; વીવાવણ પીઠી

કરી તેંતો ચોળ્યા શરીરે કોહલા. તડો ॥૧૩॥ ઝાઝું અમે જોતા નથી, કરમહીણનું ઓઠું; શ્રીફળ મોહોર દીધા વિના, તેંતો હાથમાંઝાલ્યુંતુંકો ઠું. તડો. ॥૧૪॥ વળી સભામાં સહુ રાયને, બોલ કહ્યા બહુ ખાટા; પરણ્યા પેહેલી પેરામણી માગી, કેવા બાંધ્યા કપાળે પાટા. તડો. ॥૧૫॥શકુની વાણી બોલીયો, સુણ દુરિયોધન રાય; મેહેણું દોહ્ુ તુંજથી દે છે, મ્હારૂં પેટ પાસુ બળી જાય. તડો. ॥૧૬॥ દુરીયોધન કહે ભીમડા,સમજી ન દે નારા; ભામ કહે વરવું હાય તો, તને વરશે તારી ગાંન્ધારી. તડો. ॥૧૭॥ વળણ ॥ ગાંન્ધારી વરે તુજ તણી, સાંભળ અંધના તન; વદે વલ્લભ વળી બોલીયો, રાજા દુરીયોધન.

કડવું ૧૪૧ રાગ મનહર છંદ.

કહત દુરીયોધન; સુન સુન મંત્ર તન; અબમેરો મન સબ ક્રોધનપે આયોહે; મેરી મન ગમતીસેં, બૈઠે હો લગન કર, પન પ્યારી પીછીલેને કુટુંબ ચડાયોહે; પ્રથમસેં પાઉંપર, ઓરતકું આગે ધર, નૈતો મારમારનાએ, બીચાર જમાયો હે; લ્હાવલસ્કર મેરો, પ્રાણ નિકારેગોતેરો, છુંદ છુંદ છોડાનેકો, હીંમત ધરાયોહે. ॥ ॥ છલંગી છંદ–ભીમ કહે છે. ॥

ખેલતેમેં ધરા ધ્રુજે,દેખતેમે કૈં ન સુજે; ભુજેગોમાનમેંમારમારમારેગો; નાળ ગોળે બાણ છુટે, ગામ તેરોજાકે લુંટે, રૂઠેમીરાનીયોતો,દાવો દેકે છુટેગો; મેરા નીકુલજીકુંહક્કાર,તું ડર જાય ઉસકે ડક્કારે, તોરનગારે સબ ફીટફાટફેટ ફીટ,ભીમશેનફેરેગો; કહતહું બેરબેર, આયોહુઅજીત સર, ઘેર લેગો કરી રીસ, શો બંધુકા સીસ મેંતો, એઇ ગદાસે તોરેગો.

રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ દુરીયોધન કહેબોલ એના, કરેછે કાળો કેહેર; શું જુઓછો જોદ્ધા મારા, મારો ભીમને ઠેર. ॥૨॥ તવ સહુ યોધે આયુધ લીધાં, મેઘનાદે ગડગડીયા;રાતા તાતા કૌરવ થાતા,મારવા તુટી પડીયા. ॥૩॥ વ્રકોદર પર વ્રષ્ટી કીધી,"મન મુકી દે માર; ગુપતિ ગેડી ગદાયો મારે, તરકસતીર તરવાર. ॥૪॥"આયુધ ઉછાળે અતીઘણાં ને, જણાવે ઝાઝુ જોર; વરસાવ્યો વરસાદ,બાણ તણો, ત્યાં થયું અંધારૂ ઘોર. ॥૫॥ ધશીને ધાતા બહુ મદ માતા, ભીમને મુમત મુકાવે; આડા અવળો ભીમ ખશીને, આવતાં આયુધ ચુકાવે. ॥૬॥ એવામાં તો જોર કરીને, જેદ્રથે બાણ લીધું; ભીમની નજર ચુકાવીને, રૂદેમાં ભોંકીદીધું. ॥ ૭ ॥ તવ ભીમનો પ્રાણ ઉંચો ચડીયો, પડીયો ઢળીને ધરણ દુરી-

યોધન કહે ધન્ય બનેવી,હરખ્યું અંતઃકરણ. ॥૮॥ શું જુઓછો શકુની માંમા, ખડગ લૈને જાવો, ભીમ તણો ભય નથી હવે, ભાણેજ વહુ લૈ આવો. ॥૯॥ તવ તરવાર લૈ ચાલ્યો શકુની,નેળ વિશે પરવરીયો; હાથી મુકીને આગળ ગયો, શેન્યામાં કેહેર આદરીયો. ॥૧૦॥ સેન્યાના યોદ્ધે બુમો પાડી; શેદેવ આવ્યો શકુની; અમારા સહુનો ક્ષય કરે છે, માહા ખુનીનો ખુની. ॥૧૧॥ શેદેવે જાણ્યું કન્યા હરશે; ધનુશપર બાણ લીધું; પવનાસ્તરનો મંત્ર ભણીને, માંમાને ભોંકી દિધું. ॥૧૨॥ છાતિ છેદાણી રૂદે ભેદાણી,પ્રાણજ ઉંચો ચડીયો;વાયુ મંત્રથી ઉછળ્યો તે, નેળનીબારણે પડીયો. ॥૧૩॥ એક ઘડીયે ઉભો થયો, ગયો રાયની કને, શકુની કહે કન્યા લેતાં, શેદેવે કુટયો મને ॥૧૪॥ એવામાં વ્રકોદર ઉઠયો, મુરછા વળી સાર; પોતાની શેન્યમાં ભંગરાણ દીઠું કોપ્યો અપરમપાર ॥૧૫॥ એમ વીચાર્યું એવું ધાર્યું,"સુરેજ્ઞ" છે એક વાર, કટી કશીને દંત ડશીને. થયો વ્રકોદર ત્યાર. ॥૧૬॥ "વળણ॥ ત્યાર થયો સુત વાયુનો લોચન રાતાં ચોળ; વલ્લભ વદે ગદા ગ્રહી, વાળવો ધાર્યો રોળ.

કડવું ૧૪૨ રાગ રાજન રાચેજીનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય;રાજનરાચેજી, વિસ્તારી તુજને સંભળાવું, યુદ્ધ તણો મહીમાય. રાજ૦ ॥૧॥ ભીમ કળકળીયો બીહામણો બળીયો. મેઘનાદે ગડગડીયો, રા૦ ગદા ગ્રહિને નેત્ર મીચીને, કૌરવ દળમાં પડીયો. રાજ૦ ॥૨॥ ગદા ઝપાટે સુર સપાટ, વાળે કચ્ચર ઘાણ. રાજ૦ ઢીંચણ કોહોણી પ્રહાર પાટુનો, કરીને લેછે પ્રાણ. રાજ૦ ॥ ઘોડા ગબડાવે ઉંટ અટકાવે વ્રકોદર વાયુ તન; રાજ. રથ વાંકા વાળે હાથી ઉછાળે, પુંઠ ગ્રહાને ગગન. રાજ૦ ॥ ૪ ॥ એવા ઉછાળ્યા કે ધડ લંક પડીયા, એમજ કીધો કેહેર; રાજ૦ એક ઘડી અતી જુલમ કીધો. માર્યા છ હજાર ડેર રા૦ ॥ ૫ ॥ તવ ત્રાશ્યા સહુ જોધ સેન્યા ના, માર પડયા માહા માઠા; રા૦ લડવું ને વઢવું સરવે ભુલ્યા, જીવ લેઇ લેઇને નાઠા. રા૦ ॥૨॥ રહ્યા સોભાઇને પાંચ કારભારી, જાણ્યું કે જાશે પ્રાણ; રા૦ નાશોરે માંમા થાશો ન સાંમા. વળશે કચ્ચરઘાણ.રા૦ ॥૭॥ એવો એમનો વાંકો દહાડો, મુમત ભરેલા માઠા; રા૦ આશપાશનો કાંઇ રસ્તો ન સુજ્યો,સરવે નેળમાં નાઠા. રા૦॥૮॥ ભીમે જાણ્યું કે ભલુ થયુ, કર્યો મુખે પોકાર. રા૦ જો જો જોશી શત્રુ આવ્યા છે, આયુધ રાખજે ત્યાર રા૦ ॥૯॥ તવ શેદેવે બાણ ચઢાવ્યું મારવા કીધી પેર રા૦ દુરીયોધન કહે કેમ કરીશું, બે બાજુ મરવાનું ડેર; રા૦ ॥૧૦॥

એવામાં વ્રકોદર આવ્યો,નેળમાં સહુને ઝાલ્યા; રા૦ એક એક પર નાં ખીને કર્યો ઢગલો, બે પગ વચ્ચે ઘાલ્યા. રા૦ ॥૧૧॥ ધરણુ ઢાળીને દોર ડાં મંગાયાં, બાંધયાં સરવના પાય;રા૦ પછી સરવનાં વસ્ત્રો કાઢયાં, મા ચે જણ્યા જેવા થાય.રા૦ ॥૧૨॥ ઉંધે મુસ્તકે ઉચકયા ભીમે, લેઈ ગ- યો નેળ બ્હાર; રા૦ નેળને મોઢે વ્રક્ષ આંમલીનું,તેણે ટાંગ્યા તેણીવાર. રા૦ ॥૧૩॥ પછી પોતાનો હાથી ને સેન્યા. નીકળીયા નેળ બાહાર; રા૦ એવે ધરમનો રથ બ્હાર આવ્યો, કર્યો કૈરવે પોકાર રા૦ ॥૧૪॥ ઓરે ધરમરાય અમને છોડાવો, તે સુણ્યું ધરમે કાન; રા૦ હોજલમાં થી ડોક કરી જોયું, સતી તણે સંતાન. રા૦ ॥૧૫॥ નગન નીરખ્યા ને નીચું ઘાલ્યું, બોલ્યા ભીમ પ્રત્યે એમ; રા૦ ઓ કુમતીના અવળી ગતીના, આ અનરથ કીધો કેમ રા૦ ॥૧૬॥ મુકી ગરવને છોડ સરવને, પુરણ પ્રગટે છે શોક; રા૦ દિનમણીને એબ બતાવી, લાજે પીત્રુ લોક રા૦ ॥૧૭॥ એમ બેઉ ભાઈ વાતો કરે છે. એવે પાછળ શું થાય; રા૦ અરજુને નીકળવા રથ હંકાર્યો, બોલીયો કરણ રાય રા૦ ॥ ૧૮ ॥ ઉભો રહે સતી સુત યુધ માગુ છુ, કર્યો અરજુને ઉચ્ચાર, રા૦ વડી વારના શીદ ઉભા રહ્યા તા, ચાલો થાવો તૈયાર. ॥ ૨૦ ॥ વળણ. અરજુને રથ રાખીયો, હાથ ગ્રયાં હથીઆર; વલ્લભ વદે બેઉ જણે કીધા ધનુશ ટંકાર.

કડવું ૧૪૩ રાગ કલ્યાણની છાયાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાયરે;વિસ્તારી તુજને સંભળાવું, યુદ્ધ તણો મહીમાયરે. ॥૧॥ કરણે પહેલો હાથ ઉપાડયો, બાણ ફેકયું ખરે. રંગરે;તેવું અરજુને સામુ મારીને, કીધું કરણનું ભંગ રે. ॥૨॥ તવ કરણે નાગપાસ મારયું, નાગ ત્યાં બાંધવા જાયરે; અરજુ- ને ગરૂડાસ્તર માર્યું તે, નાગને વીણી ખાયરે, ॥ ૩ ॥ તવ કરણે પત્રા- સ્તર માર્યું કે, ચાલ્યું પરવતનું પુરરે; અરજુનજીએ વજરાસ્તર મારીને પરવત કર્યા ચકચુરરે. ॥૪॥ તવ કરણે અગ્નાસ્તર ફેંકયું; અગ્ની બાળવા જાયરે; અરજુનજીએ મેઘાસ્તર માર્યું, તેણેઅગ્ની બધોહોલવાયરે॥૫॥પછી કરણે બાણ એકમાર્યું. છેકનીશાની આપીરે;અરજુનજીના રથતણિધજા, ઝડપ નાંખી કાપીરે ॥૬॥ તવ અરજુને કાળજવર માર્યું, પુરણ જણાવી રીશરે ॥ ૭॥ પછી સામા સામી બહુ ચઢયા કોપે, વરસાવે બાણ અ- પારરે; અગણીતાં છુટે અનંત ઉઠે, થઈ ગયો અંધકાર. ॥ ૮ ॥ કરણ

રાજા એક બાણુ મારેને,સાત સહસ્ત્ર બાણુજાયરે;અરજુનજીનું પણ એક બાણુ જાતાં,કરણુ જેટલાં થાયરે.॥૯॥ પણ કરણુ પુંઠે છ ક્ષોણી સેન્યા, તેનાં આવે હથીઆરરે; એકલો અરજુન કેમ કરી પોહોંચે, પડવા માંડયો એને મારરે. ॥૧૦॥ એવામાં નેળને સાંમે મોંઢે, ધરમ ભીમ જક કરેરે; યુધીષ્ટર કહે છોડ સરવને, મુજ કુળ લાજી મરેરે ॥૧૧॥ ભીમ કહે લંપટ છોલટકતા, શીક્ષા લાયક પરમાણુરે; ધર્મ કહે મુજ જીભ દંતમાં લેઈ,કાઢીશ માહારો પ્રાણુરે. ॥૧૨॥ ભીમ કહે તમો બેઠા છોડાવવા, પણ પણે ઘેરાયો ભ્રાતરે, અરજુનની પખે જઇને આવું, તે પછી છોડયાની વાતરે. ॥૧૩॥ એમ કહીને નેળપર ચડીયો, સુરોપુરો નર કહાવ્યોરે; ગદા લેઈને અવળો ફરીને એ, કર્ણની સેન્યામાં આવ્યોરે. ॥ ૧૪ ॥ નીચું ઘાલીને ઝુડવા લાગ્યો, બાવરૂં બન્યું શેન્ય લોકરોઓરે કરણુરાય ધાણુવાળી નાં ેયો. પાડી પોકાપોકરે ॥૧૫॥ તવ કરણે જાણ્યું કેહેર કીધો ભીમે. કાહાડુ એનો પ્રાણુરે; એમ જાણી મારવાને પુંઠ ફેરવી. અરજુને લીધું બાણુરે. ॥૧૬॥ એમ જાણ્યું કે મારા ભાઇને મારશે, તેથી નાગનો મંત્ર સાંધ્યોરે; ભીમને મારતાં પેહેલાં કરણુને ા, અવળે હાથે બાંધ્યોરે.॥૧૭॥કર્ણ બંધાયો કે શેન્ય ગભરાયુ તે, નાઠા ગયું ચોપાસરે; ભીમે બાંધેલા કરણુને ઝાલીને, કીધો માર મારી ત્રાસરે. ॥૧૮॥ અરજુનને કહ્યું નેળ બહાર નીકળી, તવ રથ ચાલતો કીધોરે ॥ ૧૯ ॥ અડધી નેળમાં જઈ ભીમે રાખ્યો, ઢીંચણુ દૈ ઢાળ્યો ધરણુરે; પછી પેહેરેલાં વસ્ત્ર કાઢી લીધાં, કર્ણ કહે ભલુ મરણુરે. ॥૨૦॥ લાજ લીધી વણુ મારી નાંખ મુજને, ઓરે ભીમશેન ભાઈરે; ભીમ કહે સાને કીધા તુજ જેવા, તો તાહારે શી નવાઇરે. ॥૨૧॥ એમ કહી નગ્ન લાવ્યો નેંળ બારણે, ધરમે જોયો તતકાળરે; ભીમને કહ્યું આતે શું શીખ્યો, ઓરે કરમ ચંન્ડાળરે. ॥૨૨॥ બળ્યો તારો ધારો છોડને આ ભારો, નહી તો જુલમ મેં ધાર્યોરે; એટલે ભીમે નગ્ન કૌરવનો,ભારોભોમી ઉતાર્યોરે ॥૨૩॥ ચરણુ છોડતાં કહ્યું છાનું માનું: કરીશ કાળો કેહેરરે, જો લુગડાં લેવા ઉભા રેહેશોતો, હું મારી નાંખીશ ઠેરરે. ॥૨૪॥ એમ કહિ છોડયા કરણુ સહીતને, ભીમના ભય માહા માઠારે; જેવા જનેતાયે જાણ્યા તેવા, વસ્ત્ર વીના સહુ નાઠારે. ॥૨૫॥ ધર્મ કહે અલ્યા વસ્ત્ર લેઇ જાવો, પણુ ભીમનોભય હોયરે, જીવ જશે તેથી લાજ છોને જાતી, નાશી ગયા સહુ કાયરે ॥ ૨૬॥ વળણુ નગ્ન સ્વરૂપ નાશી ગયા, ઉમારગ એ જાય; વ્યાસ વલ્લભ વાણી વદે, ભલી થઇ શીક્ષાય.

કડવું ૧૪૪ રાગ સવૈયાની ચાલ

વૈશમપાયે એણીપેર; બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાંય. ॥૧॥ કાળે મોઢે કૈરવ નાઠા, ઉમારગે એ પળાય; વાજતે ગાજતે સુત સતીના, ધીરે ધીરે જાય. ॥૨॥ મારગ જાતા રાત્રી પડી કે, નાહાનું આવ્યું એક ગામ;તે ઠેકાણે એક રૂજની,પાન્ડવે કર્યો વીસરામ. ॥૩॥ નાઠેલા જે કૈરવ લોકો. કોઈ સ્થળે નવ રહ્યા, દોઢ પોહોર રાત્રી જતામાં, હસ્તીનાપુર ગયા. ॥૪॥ દરવાજા બાહાર જઈ જઇને ઉભા, ટોળે વળીને વીચારે; નગ્ન સ્વરૂપે નગ્ર વીશે, જાવું કેવે પ્રકારે ॥૫॥ દરવાન જાણે રહીયત જાણે, પાછી ફજેતી થાય; માંમાયે કહ્યું એકે એકે, પેસો ગામની માંય ॥૬॥ એટલે પેહેલો જેદ્રથ ગયો, તે પછી શુંસરમાય; તે પછી ભગદત ભુરિશ્રયેવા, પછી માંમા પળાય ॥૭॥ દરવાજાના દરવાન લોકો, તેમને આવ્યો વીચાર; નાગા નાગા કોણ ગામમાં પેસે, આ કૌતક અપાર. ॥૮॥ એવામાં તો શકુની માંમા, ગુપ્તપણેથી ચાલ્યા; એટલે ઉઠયા દરવાન લોકો, ઝડપ જૈનેઝાલ્યા ॥૯॥ મોઢે પોકારે બહુ માર મારે, પડયું માંમા પર રોળું; માંમોકહે એકલાને ન મારો, એ રહ્યું બધું બ્હાર ટોળું. ॥૧૦॥ તવ દાસોએ બુમ પાડી, બોલાવ્યા જોધ અપાર; જઇને ઝાલ્યું. આખુ ટોળું, દેવા માંડયો માર. ॥૧૧॥ દુરીયોધન કહે શીદ મારોછો, હું તમારો છત્રપતિ; તો પણ ચોર જાણી માર મારે, બાકી મુકતા નથી.॥૧૨॥એક શેવકેમશાલ ક્રીધિ, મોઢાં જોયાં જે વારે; શેવક લાજ્યા કૈરવ લાજ્યા.અન્યો અન્ય તે વારે. ॥૧૩॥ દાસોએ પુછયું આ શું મહારાજા, દુષ્ટો કહે ભીમેલુટયા;કુટયામાં બાકી હતા તે, તમોએ અહીયાં કુટયા.॥૧૪॥ શેવકો કહે ક્ષમા કરજો, કહીને વસ્ત્રો દીધાં; અંધ તણા સરવ સૂતોયે, એક એક પેહેરી લીધાં. ॥ ૧૫ ॥ પછી છાનામાના નગ્રમાં ચાલ્યા. પોત પોતાને ઘેર; ઘરની ઘરૂણાયો પુછવા લાગી, મચ્છવેદની જે પેર. ॥૧૬॥ ભાણુમતીયે છત્રપતિને કહ્યું, પીઊજી આવો; મુજને અતી આનંદ થાશે, શોકલડી બતાવો. ॥૧૭॥ દુરિયોધન કહે ઓરે તારૂણી, તુજ પર લાવું કેમ, ભાણુમતી કહે લાવવી તી પણ, ભલે મળી ગયો ભેમ ॥૧૮॥ એમ કહીને તે ત્યાં રહ્યા છે,એવામા વાહાણુ વાહાય; પાંડવે વીસરામ કર્યો તો, ત્યાંથી ઇંદ્રિપસ્ત જાય.॥૧૯॥ પોતાનું ઘર રાજ્ય સંભાળ્યું, વરતાવી ધર્મની આણ;સુખ રૂપે ખાઈપીને રહે છે, સતીના સુત સુજાણ. ॥૨૦॥ વળાણુ રાજપાટ લે પાંડવ રહ્યા, સુણો સહુ કરજોડ; મછવેદ કથા પુરણ હવી, બોલો જેજે શ્રી રણછોડ॥

કડવું ૧૪૪ રાગ સવૈયાની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવુ, આદ્ય પર્વ મહીમાય,॥૧॥ પાંચ પાંડવની એક પ્રેમદા, અણઘટતુ ઘણું લાગે; એક કરાવે ચરણુ ચંપી: તો બીજો જળમાગે, ॥૨॥ નાહાના મોટાની ગઇ મરીયાદા, કુન્તાજી સોસાય; એવામાં વેદમવ્યાસજી આવ્યા વૃદ્ધ ડોશી પડયાં પાય. ॥ ૩ ॥ એ મહારાજા પાંચ પુત્રોને, પરણાવી પ્રેમદા એક; તેથી મારી માઝા ટુટી, નથી રેહેતો વિવેક. ॥૪॥ તેનો કાંઇંક કરો ખુલાશો, તવ પાંચેને બોલાવ્યા; કુન્તા વ્યાસજી બેઠાં છે ત્યાં, પાંચે પાંડવ આવ્યા. ॥ ૫ ॥ વ્યાસજી કહે ઓરે પાન્ડવો વચન મુજને આલો; એક રીતી તમને બતાવું, તે રીતે સહુ ચાલો. ॥૬॥ તવ પાડવને વચન દીધાં, વ્યાસજી વદ્યા વચન; જુઓને એક વરસકેરા ત્રણુસેને સાઠ દન.॥૭॥ પાંચને ભાગે બહોતેર બોહોતેર, દીવસનો થાય વારો; જેનો વારો તેની નારી, દ્રુપતીને ધારો.॥૮॥ બીજા કોઇનો હક ન ચાલે ના કરે બીજાનું કામ, જ્યાં હોય વારો દ્રુપતીનો, ન જાયકોઇ તેઠામ.॥૯॥ તેઘરમાં કોઇ ભુલે ચુકે, ચર્ણુ મુકે જે તન; હડી વરસલગી જોગી વેશે, વાશો વસે જઇ વન.॥૧૦॥ તવ પાન્ડવે કબુલ કીધું, માહારાજ પાળવો ધારો વ્યાસજી કહે ધરમને ત્યાં પ્રથમ પેહેલો વારો. ॥૧૧॥ એમ કહી અંતરધ્યાન થયા, પોતે વેદમ વ્યાસ દ્રુપતી રહી ધર્મને ધામે; ટળી ગયા વીનાશ. ॥૧૨॥ એવે થોડા દીવસ વિત્યા, દ્વારિકાંથી પ્રભુ આવ્યા; ગરૂડે બેસાડી પોતાની ત્યાં. સઉ પ્રેમદાને લાયા. ॥ ૧૩ ॥ કુન્તા પાન્ડવ આનંદ પામ્યા, તવ બોલ્યા પ્રભુ મુખ, એ માતાજી ખાવા કરાવો, લાગી છે મુજને ભુખ. ॥ ૧૪ ॥ કુન્તાયે રસોઇ કરવા માંડી, પુરણુ ઉલટ વ્યાપી, પ્રથમ પ્રભુને આરોગવાને, ચાકુને શેરડી આપી, ॥૧૫॥ પ્રભુ શેરડી છોલવા લાગ્યા, છોલતાં ચાકુ વાગ્યું; આંગળીમાંથી રૂધિર વહ્યું, સહુને માઠું લાગ્યું. ॥૧૬॥ અરેરે કરવા લાગી સૌ નારી, દ્રુપતીયે ભાવ કીધો: અમુલ્ય પેહેરેલું ચીર ફાડી, પાટો બાંધી દિધો. ॥૧૭॥ ભગવાન કહે ભગની મારી, નકામું ફાડયું ચીર દ્રુપતી કહે ચીર તમોથી, વધારે નથી વીર. ॥ ૧૮ ॥ પાડ પ્રભુએ મનમાં માન્યો, ત્યાર થયું ભોજન; સરવેને સાથે લેઇને જમ્યા, પોતે જુગજીવન. ॥ ૧૯ ॥ મુખવાસ ખાઇ ભીમને કહ્યું ચાલો તતપર

થઇએ; હુંને તમે આપણ બેઉ, એકલા બાગમાં જઇએ. ॥ ૨૦ ॥ તવ ભીમ ઉઠયો પ્રભુને તેડી,ગયા બાગમાં બેઉ; જાતાં પ્રભુએ મન વિચાર્યું, બેહેનનું થયું દેવું. ॥૨૧॥ આંગળીએથી પાટો છોડી, ગણ્યા સુતરના તાર નવસેંને નવાણું થયા,વિચાર્યું જુગદાધાર. ॥૨૫॥ આજથી માહારે, રે એનું દેવું, દ્રુપતીએ ધાર્યો વીર. ॥૨૨॥ એક એક તારે એક માહારે, આપવું બેહનને ચીર. ॥ ૧૨ એવો મનમાં સંકલ્પ કીધો, પછી ગયા બાગ માંય; ભીમની જોડે એકાન્ત બેશી, વાત ઉપાડી ત્યાંય. ॥ ૨૪ ॥ ઓ વ્રકોદર વાત કહું તે, વિચારો અંતસકરણ; થોડે દહાડે માહારૂ તમારૂં, છયેનું આવ્યું મરણ. ॥૨૫॥ ભીમ કહે કે કોણ છે શત્રૂ બતાવો પેહેલેથી હણીયે; ગોવિંદ કહે ઘરમાંને ઘરમાં, તેને શું શત્રૂ ગણિયે. ॥ ૨૬ ॥ વાત કોઇને કદિ નવ કેહેશો, રાખી રેહેજો શુભમતી; આપણ છને લેશે ખપ્પરમાં, તમારી જે દ્રુપતિ- ॥ ૨૭ ॥ ભીમ કહે શો ઉપાય કરવો, ઓરે સુંદીર શામ; પ્રભુ કહે તમને બતાવું, તેટલું કરજો કામ. ॥ ૨૮ ॥વળણ॥ કામ બતાવું તેટલું. કરજો વાયુ તન; તો છ ઉગરીયે આપણે, બોલ્યા જુગજીવન.

કડવું ૧૪૫ રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરિક્ષતકેરા તન;બોલ્યા અંતરયામી એમ, ભીમ સાંભળો રાખી પ્રેમ. ॥૧॥ જેહ ધર્મને ઘેરછે વારો, બદલાઇ થશે તમારો, તે રાત્રીએ કરશે કેવું. સૌને ઘારણ આવે એવું. ॥૨॥ તામશી મંત્ર ભણી દ્રુપતિ,સૌને ગારણ નાંખશે અતી; તમ શીશ હાથ મારો સાર નહી આવે નીંદ્રા લગાર. ॥૩ ॥ તમે ઘરમાંથી જોઇ રહેજો, મધ્યનો સમો સાચવી લેજો; નારિ નીકળશે ઘર બાહાર, કટી કશેલી તે વાર. ॥ ૪ ॥ ચોળી ચણીયાથી બાળે વેશે, બાહાર જાશે છુટે કેશે; ઘણી હડીયા દોટે ચડશે; કોટ કુદી નગ્ર બાહાર પડશે. ॥પ॥ ગામથીએક ગાઉ દુર, સરોવર દુધક ભરપુર, તમે છાના પુંઠળ જાજો, જઇ સરોવરમાં સંતાજો. ॥૬॥ તેવા તે સરોવરની કીનારે, ચિતા ખડકેલી હશે તેવારે; હશે કરૂપતીના દુત ત્યાય,બધો પુંજાપો ગ્રહી કરમાંય. ॥૭ ॥તેવિ તે ચીતામાં તમ નારી, બેશે કરૂપતી સુખકારી, એના દુત ત્યાં આરતી કરશે, પછી ચગ્નીમાંથી ઓચરશે. ॥ ૮ ॥ હાંરે કોઈ છે વિપ્રનો તન,

માગે તેવું આપું વચન; તે વેળા સમજી લેજો, ઉંડા જળમાં તરતા રેહેજો ॥૯॥ ત્યાંથી માગી લેજો કેવું, તેની સમજુત તમને દેવું; એવું કેહેજો કુન્તી સંતાન, કહિયે પાન્ડવને ભગવાન.॥ ૧૦ ॥ તારા ખપરમાં તે નહી, કહિ પેસી જજો જળમહિ;છેક બેશી જજો જળતળખે નવ્ય રહેશો પાસવે પડખે ॥૧૧॥ વચ વેગળે જો રહિ જાશો, તોતો ભસ્મ બળીને થાશો;એમ સમજાવિ સહુ પેર, પછી બેઉ જણ આવ્યા ઘેર. ॥૧૨॥ પછી પ્રભુ વિદાય થયા, દારા લેઇ દ્વારિકાં ગયા; ભીમને નીત્ય ચીંતા ભરાઇ, કરે વિચાર બહુ મનમાંઇ. ॥૧૩॥ એવે ધર્મનો પુરણ વારો, પડી રૂજની ભીમ ચેતનારો; બેઠોપોતાના ઘરમાંસાર, અદખોલું રાખીને દ્વાર. ॥૧૪॥ ડોકું રાખી જુએ ચરચાય; એવે સમે રાત્રી મધ્ય જાય, તવ દ્રુપતી મંત્ર ભણિ, મુકી નગ્રમાં નીંદ્રા ઘણી. ॥૧૫॥ વાપ્યું સઉને ઘેન ઘનઘોર; ઉંઘ્યા સ્વાન ચતુર ને ચોર; આખા નગ્રમાંન જાગે કોય, એક ભીમને નીંદ્રા ન હોય. ॥૧૬॥ એવે નીકળી દ્રુપતી બહાર,કેહેડે ચીર બાંધયું તેણિવાર, ચાલી રૂમઝુમ રૂમઝુમ કરતી, મોઢે તામશી મંત્ર ઓચરતી. ॥૧૭॥ પુઠે નીકળ્યો વાયુનો તન, છાનો માનો ન જાણે કો જન;સતી કોટ કુદી પડી બાહાર, છાનો કુદયો.કુન્તીકુવાર ॥૧૮॥ ગયાં દુધક સરોવર બેવું,ભીમે દીઠું પ્રભુ કહ્યું તેવું, ગયો ચીતાની સામી કીનાર, પેઠો જળમાં જોયો સુમાર,॥૧૯॥ બાવી વાંસ છે પાણી ભરેલું,નિરમળ જળ થંભ્યુ ઠરેલું; તેમાં તરતો રહ્યો સતી તન,જુવે ચરચા પોતાને લોચન. ॥૨૦॥ પડી દ્રુપતી ચીતામાંય,કરી હુતોએ પુજા ત્યાંય;કરી આરતિ પ્રેમે અનુપ;થઇ દ્રુપતી અગ્નિ રૂપ.॥૨૧॥ થઇ ચીતામાંથી વાણિ, બોલી ખપર જોગણિ વાણિ, હાંરે છે કોઇ વીપ્રનો તન, માગ્ય માગ્ય આપુ વચન. ॥૨૨॥ બોલ્યો વૃકોદર જળ મહી તારા ખપરમાં છ નહિ, પાંચ પાંડવને ભગવાન, માગી તળખે ગયો મસ્તાન. ॥૨૩॥ થઈ વાણિ ચીતામાંથી એમ, છે તથાસ્તુ કુશળ ક્ષેમ; એવું કહેતામાં નીકળી જવાળ,અગની ભડકો વિકરાળ. ॥૨૪॥ પડયો જળમાં અગ્રી ચોપાસ, જળ બળી ગયું બાર વાંસ; થોડીવારે ભીમની કળીયો, જળ જોઇને ભયભર્યો બળીયો. ॥૨૫॥ હોત અધવચ તો જાત પ્રાણ, આતો નારી અતિ જાદુવાન;એને માહારે કાંઇ નવ કેહેવું, એને કાંઇ કામ ન દેવું. ॥૨૬॥ એમ વિચારતો ગયો બાહાર, કોટ કુદીને નગ્રમાં સાર;જઇ સુતો પોતાને ભોવન, નથી મીંચાતાં લોચન. ॥૨૭॥ એવે ચીતામાં દ્રુપતી નાર; રૂપ ધરીને નીકળી બાહાર; કોટ કુદિને ગા

મમાં પેઠી, ભીમના ઘરમાં જઈ બેઠી. ॥૨૮॥ સઉનું ધારણ તાણિ લીધુ ઉંઘતું લોક જાગૃત કીધું, ગઇ ભીમ પતિને શરણુ; લાગી પ્રેમે ચાંપવા ચરણુ ॥૨૯॥ બોલ્યો વૃકોદર સુણ નારી, તારે શેવા ન કરવી મ્હારી; બેશી રહેવાની આજ્ઞા તુને, તારૂં કામ બતાવજે મુને ॥૩૦॥ મળી નાગણી કન્યા જેવી, મળી વનમાં હેડંબા તેવી,તેનાથી તું જબરી દેવી, મ્હારે તારી શેવા નવ લેવી ॥૩૧॥ બોલી દ્રુપતી સતી એમ, પતી આમ બોલો છો કેમ;પછી ભીમ ન બોલ્યો કાંઈ, ધુંચવાઇ સતી મનમાં ઈ, ॥૩૨॥ એવે વિતી ગયા ચાર દન, ભુલ્યો ભ્રમણા કુન્તી તન; લાગ્યો મોહ નારીની સાથ, ખાઇ પીને કરે સુખ વાત ॥૩૩॥ રહે આનંદથીન રનાર,એવામાં શું બન્યું એકવાર;અરજુનને ભીમ બે ભાઇ, ગયારમવા વનની માંઇ. ॥૩૪॥ સાંજ પડે રમી પાછા વળીયા, વાતો કરતાચાલ્યા બેઉ બળીયા;લાગી અરજુનને તરશાય, આપ્યાં આયુધ ભીમ કર માંય ॥૩૫॥ ભીમભાઇ જાવો ગેર તમો, સરોવર જળ પી આવું અમો, એમ કહી કર્યો વિદાય, ભીમ આવ્યો નગ્રની માંય. ॥૩૬॥ અરજુનના હથીઆર જેહ, પોતાને ઘેર મુકયાં તેહ, જળ પી આવ્યો ઇંદ્રનો તન. ચાલ્યો ગયો પોતાને ભોવન, ॥૩૭॥ ભુલી ગયો લેવાં હથીઆર, કર્યું શહન સર્વ તે વાર; એવે થવા કાળ શું થાય; ઉઠયો દુષ્ટ દુરીયોધનરાય ॥૩૮॥ પોતાના હસ્તીનાપુર માંઇ જાગી માંમાને તેડાવ્યા ત્યાંઇ; વળી કરણુને દુસ્યાસન, મળ્યા રાય તણે ભોવન. ॥૩૯॥ બોલ્યો દુરીયોધન ત્યાર થૈયે,આજ રાત્રીએ રમવા જઇયે; કહિ ઘોડે થયા સ્વાર, લાધાંભુજ વીશે હથીઆર,॥૪૦॥ ચારે નીકળ્યા નગ્રનીબ્હાર,ચાલ્યા ઇંદ્રપસ્ત તે વાર; બોલ્યો શકુની સુણો વાત,કરો પાન્ડવને ઉતપાત. ॥૧૪॥ એના ગામનિ ચારે દિશાય, જઇ અગ્નિ મુકીયે માંય; ચાર દિશાયે ચાર જાવો, બાણ મારી નગ્ર સળગાવો. ॥૪૨॥ તવ ચારે જણા ત્યાંપળીયા, ઈંદ્રપસ્તને આંતરી વળીયા; કોટ બાહારથી ખેલ મચાવ્યો, બાણમુકી વહની સળગાવ્યો. ॥૪૩॥ ગામ સળગી ઉઠયું પુરપાટ, થયો અગની ભડભડાટ,તવ જાગ્યું ગામનું લોક, પડી કારમી પોકાપોક. ॥ ૪૪ ॥ તવ ચારે ચોરો ગયા નાશી, જાગ્યા ધરમથઈ ઉદાસી, કુન્તા અરજુનનેશે દેવ જાગ્યા નીકુળ સુદ્ધાં એવ. ॥૪૫॥ એક જાગ્યો નહિ વાયુ તન, એવે કુન્તાજી વદ્યા વચન; બેટા અરજુન દૈવત દાખો થયો અગ્ની તે હોલવી નાંખો. ॥૪૬॥ બોલ્યો અરજુનજી તે વાર, ભીમના ઘરમાં હથીઆર;મારી ભુલમાં ગયાં છે રહી, માટે અગ્ની હોલવાય નહિ. ॥૪૭॥

કહે કુન્તા ભીમ ઘર જાવો, અવળે પગલે જૈલૈ આવો; તવઅરજુનવધો વચન, માતા માહારે જાવું પડે વન. ॥૪૮॥ કહ્યું કુન્તાયે સાંભળ તન કોણ મોકલનારૂં છે વન; માહારી આજ્ઞાથી જઇ લાવો, બ્હની હોલવી ગામ બચાવો. ॥૪૯॥ તવ અરજુન અવળે પાય, ગયો ભીમ તણા ઘર માય; લીધાંપોતાખ્ય હથીઆર; આવ્યો બાણ ચઢાવી બ્હાર. ॥૫૦॥ મેઘ મંત્રથી માર્યું બાણ, તવ અગની પડયો હોલવાણ;એવે થયો પ્રાતઃ કાળ, તવ જાગ્યો વાયુનો બાળ. ॥૫૧॥ બેઠો લેઇને દાતણ પાણી, તવ કુંતાજી વદે વાણિ; અલ્યા અઘોરી તું તો ન જાગ્યો, આજ ગામમાં અગ્નિ લાગ્યો.॥૫૨॥તવ બોલ્યો વૃકોદર પ્રીતે, તમે હોલવીયો શી રીતે; કહે કુન્તા અરજુનજીએ, હોલવ્યો અગની ખુબીયે ॥ ૫૩ ॥ બોલ્યો વ્રકોદર તે વાર, એનાં મુજ ઘરમાં હથીઆર;એ લેઇ ગયો કેમ કરી,કહેકુન્તાજી અવળો ફરી.॥૫૪॥મુજ કહેવાથી આયુધ લાવ્યો, કહે ભીમ કેમ મુજ ઘેર આવ્યો;હવે પાળે દીધેલું વચન, જાય હઢી વરસ લગી વન.॥૫૫॥ વળી ધરે જોગીનો વેશ,મોઢે માથે વધારે કેશ; ગ્રહેતુમડું વાળે લંગોટી,નહિતો વાત થાશે ખોટી॥૫૬॥કહે કુન્તાજી સાંભળ તન, મોકલ્યો મેં તુજ ભોવન; માટે એ વનમાં નહી જાય; બોલ્યો ભીમ તમે સુણો માય॥૫૭॥ભલે ન જવું હોય તો ન જાય, થયા વચનભ્રષ્ટ એ રાય; હવે તુટયો ઇશ્વરનોધારો,હવે જશેજેને ઘેર વારો॥૫૮॥ તેને ઘેર અમે નીત્ય જઇશું, રાતદીવસ બેસી રહીશું; સુણી નરને માઠું લાગે,ભાઇનાં વેણ કાળજે વાગે.॥૫૯॥બોલ્યો અરજુનજી મુખ વાણી,કેમ કરૂં વચન ધુળધાણી;સતી માતા હું તો વન જાવું, અઢી વર્ષ લગી રહિ આવું. ॥૬૦॥વળણ॥ અઢી વરસ વન સંચરૂં, ઓરે માહારી માય; વલ્લભ વદે અરજુનજી, માગે છે આગનાય.

કડવું ૧૪૬ રાગ સરવઇયાની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પરવ મહીમાય. ॥૧॥ અરજુનજી કહે આગના આપો, વન જવા છે ઇચ્છાય;મારા સોગન દેઉં છું સૌને કોઇ ન કેશો નાય.॥૨॥ કુન્તાજી કહે કુંવર માહારા કેમ જશે મુજ દન; એક ઘડી સુનો નથી મુકયો,ઓરે મહારા તન.॥૩॥ એમ કહીને રડવા લાગ્યાં, અરજુને

સોગન દીધા;એટલે શરવે આગના આપી, અરજુનને ત્યાર કીધા॥૪॥ નર નીકળીયો દરવાજે પળીયો,વળાવવા ગયાં માત; ધરમરાજા તેપણુ ચાલ્યા,શેદેવ નીકુળ ભ્રાત.॥૫॥ નગ્રનાં બારણે જઈ સહુ ઉભા, એવે વૃકોદર આવ્યો, બગલમાં સંતાડી .જોગીના વેશનો સામાન લાવ્યો. ॥૬॥ વધો વૃકોદર અરજુન વીરા જાતનાં જતન કરજો, રાત્રી સમે વીશ્રામ કરીને દીવસે કૈં પરવરજો. ॥૭॥ અરજુન કહે વારૂ વીરા, અઢી વરસ જાવું વન; હવે ખુશી જીવ થયો તમારો, ભીમ વધો વચન. ॥૮॥ હજી માહારો જીવ ખુશી નથી,વચત શું પળ્યુ લેશ, વસ્ત્રને શણુગાર ઉતારો હેઠાં, લ્યો ધરો જોગીનો વેશ.॥૯॥એમ કહીને બગલમાંથી પોટલી કાહાડી બ્હાર; લંગોટી વાળો ભભુતી ચોળો, લ્યો તુમડું તૈઆર. ॥૧૦॥ લ્યો આ ઝોળી લ્યો આ સોટો, દુભાયો અરજુન ભુપ; વસ્ત્ર આભુષણુ ઉતારીને, ધર્યું યોગીનું રૂપ ॥૧૧॥ ભસ્મજ ચોળી લીધી ઝોળી,હાથમાં તુમડું સોટો, વૃક્ષ વેલાનો અડબંગ કીધો, વાળી લીધો લંગોટો॥૧૨॥ માત ભાઇને નમીને ચાલ્યો, તવ સહુ પાછાં વળીયાં; વન વીશે સંચરીયો પોતે, ગોવીંદમાં મન ગળીયાં ॥૧૩॥મારગ જાતાં નીયમ કીધો, સુર્યનો ઉદય થાય; ત પહેલાં ખાધાનો પદારથ મળે તો તે ખવાય. ॥૧૪॥ ભાણુનાં દરશન થયા પછી, જળવણુ કાંઇ ન લેવું; સુર્યનાં દરશણુ થયાં પહેલાં જે મળે ત ભેરરહેવું. ॥૧૫॥એવો મનમાં નીશ્ચય કીધો, ધરતા હરિનું ધ્યાન; તીરથ કરતો યાત્રાયે ફરતો જ્ઞાની કને લે જ્ઞાન ॥૧૬॥ રિતી પાળે નીતી ચાલે, ઉત્તમ સ્થળે જાય; પ્રભાતમાં અનફળ ન મળે તો પત્ર વીણી ખાય ॥૧૭॥ નવ્ય મળે તો આખો દાહાડો પોતે કરે ઉપવાસ; એવી રીતે બહુ દહાડા વીત્યા, બાકી રહ્યો એક માસ, ॥ ૮ ॥ એટલે ચાલ્યો દ્વારાકાં ભણી, કુન્તા સતીનો બાળ,અઘોર રણુમાં જાય છે ચાલ્યો, થયો છે મધ્યાંન કાળ. ॥૧૯॥ એવે એને તરશ્યા લાગી, જળ વીના જીવ જાય; એવામાં કોઇ સંત પુરૂશો, મળીયા મારગમાંય. ॥૨૦॥ તેને પુછયું અરજુનજીયે, માહારાજ કયાં મળે પાણિ, અરજુનના તવ વચન સુણી, સંત જનો વધા વાણી. ॥૨૧॥ નજીકમાં એક સરોવર છે, પણુ પીવું ન જોઇએ; સરપ એમાં વાસ વસે છે, જીવતું ન જાય કોઇએ ॥૨૨॥ માટે તમે જલ નવ પીશો;કહી થયા વીદાય;અરજુનજી દોટ મુકીને ચાલ્યો, પંપા સરોવર જાય. ॥૨૩॥ જાણ્યું કે જલ વીના મરૂં છું, તે કરતાં મરૂ પીને; એવું સમજી જલમાં પેઠો, મરવાનું આદરીને; ॥૨૪॥ એટલે બે સરપાણો

આવી જ્યાં છે અરજુન ભુપ; જેને ચરણે ડંશ કરતાં,થઈ અપછરારૂપ ॥૨૫॥ અરજુનનેકરજોડી ઉભી,દીઠી અતી સુતનાર;જળનુંતુમડું ભરિને પોતે તરત નીકળ્યો બ્હાર. ॥ ૨૩ ॥ કીનારે જળ પીવા બેઠો શાંતી સ્વભાવની ખુબી; બેઉ અપસરા સનમુખ આવી, હાથ જોડીને ઉભ ॥૨૭॥ અરજુનજી એ પાણી પીધું, પછી નારી પડી પાય; ઓળખ્યા અર્જુન ઇંદ્રના નંદન અમપર કીધી કૃપાય. ॥ ૨૫ ॥ અપછરો છીએ સ્વર્ગ કેરી, તે સાંભળો વીસ્તાર, દેવ સભામાં નરૂત્ય કરતીતી, આનંદથી એક વાર, ॥૨૯॥ ઉલ્પી નામ છે માહારૂં ને ચીત્રકાળા આનુ નામ; અમારા નૃત્યની વેળાયે આવ્યા, દુરવાસા તે ઠામ. ॥૩૦॥ એટલે અમોને દેવોએ કહ્યું,આ આવ્યા બ્રહ્મ રૂષી;ખરી હોતો નૃત્ય કરીનેકરો રૂશીને ખુશી. ॥૩૧॥ ત્યારે તો કીયા સાચી તમારી,એવો વળચડાવ્યો; એટલે અમે નાચ કરીને, ભધો કીસબ લડાવ્યો. ॥ ૩૨ ॥ પણ રૂશીનું મન નવ માન્યું, તવ જીવ થયો કેવો, ક્રોધે ભરાઇ અમે કહ્યું કે, વિપ્રએ જંગલી જેવો. ॥૩૪॥ સાંભળી રૂશીને રીશ વ્યાપી, એ શું બોવી પાપણીયો; શ્રાપ દીધો સરોવરથાં પડજો,થાજો બેઉ સાપણીયો. ॥ ૩૪॥ એટલે અમે થર થર ધ્રુજી, નમાવી દીધું શીશ; કાલાવાલા ઘણાક કીધા ત્યારે ઉતરી રીસ. ॥૩૫॥ શ્રાપ તણો અનુગ્રહ કીધો; ઇંદ્ર તણો સુત મળશે. અરજુન પગનો સ્પર્શ થતામાં,સર્પ તણો દેહ ટળશે. ॥ ૩૬ ॥ તે શ્રાપથી અમો સર્પણોથઇ. પડયાં છીએ જળ માંઈ; અનેકને ડંશી જીવ લીધા, આજ આવ્યા તમે હાંઇ. ॥૩૭॥ તમારા પગને પરતાપે પામી, મનુશનો અવતાર; તમોને અમે વરી ચુકી માટે થાઓ ભરથાર. ॥૩૮॥ અર્જુન કહે હુંતો યોગી છું, મ્હારે શું તમારૂ કામ; અપછરા કહે કેમ છોડીશું, ઓરે મારા શામ. ॥૩૯॥ એમ કહી શીશના કેશ વણી, ફાંસા ઘાલ્યા આપ; પરણો નહીતો આપઘાત કરાયે, તે તમ માંથે પાપ. ॥૪૦॥ અરજુને જાણ્યું સુકીત કરતાં, દુકીત થાય છે આતો; અરજુનજી કહે હમણા ન મરશો, સાંભળી લ્યો બે વાતો. ॥૪૧॥ હમણાં માહારૂં યોગી વૃત છે. જાવો તમે મુજ દેશ; વત પુરૂં થયે પરણું આવિને, સત્ય કહુછું, નરેશ. ॥૪૨॥ અપછરા કહે વરત હોય તો, હસ્ત લગ્ન કરી જાવો;અમેતમારે દેશ જઇશું, પછી ગમે ત્યારે આવો. ॥૪૨॥ અરજુન કહે એવી ઉતાવળ, શી છે ઓણુને ઓણ; હસ્ત લગન કરૂં પણ વીપ્રવણ, કરાવનારૂ કેણ. ॥૪૪॥ એટલે આવ્યા નારદ રૂષી, હશી બોલ્યા તે ઠામ; ધન યોગીજી યોગી થઇને, કરવા માંડયુ ઠીક કામ. ॥ ૪૫ ॥

અરજુનજી કહે હું શું કરૂં, મારે તો નથી ખપ, મીથ્યા મુને શીદ આ-રોપ મુકો, વાટમાં વળગી લપ્પ. ॥ ૪૬ ॥ નારદ કહે આવો પરણાવું, બેઠો પરણવા આપ;સુર્યની સાખ્યે બ્રાહ્મણ વચને,કરાવ્યો હસ્ત મેળાપ. ॥૪૭॥ પછી રૂશી અંતરધ્યાન થયા, અરજુન કહે એ નારી; તમે જાજો ઘેર મ્હારે, હું જાવું જાત્રા સારી. ॥૪૮॥ નારી કહે આજ રાત્રિ રહીને, અમને દો રૂતુદાન;નહિતો તમોને આપીએ સ્ત્રી હત્યા,સાક્ષી શ્રી ભગવાન.॥૪૯॥ નર કહે હું કયાં હાંઈ આવ્યો, કીયું કરમ નડીયુ; અત્યારે વ્રત ભંગ થાશે,ઝાંખરૂ વળગી પડીયું. ॥૫૦॥ હત્યાના ભયથી રહ્યો રૂજની, દિધું રૂતુદાન નેટ; ઇશ્વર ઇચ્છાયે બેઉ નારીને, ગર્ભજ રહ્યોપેટ. ॥૫૧॥ એવામાં વાહાણું વાયું કે, બોલ્યો કુન્ત તન; હું મારે યાત્રાયે જાવું; તમો જજો ભોવન. ॥૫૨॥ અપછરા કહે હાથ ઝાલીને, હવે શું માંડો ભવાઈ; પરણ્યાંને પાળો જણ્યાંને જીવાડો, તેમાં શી કરો નવાઈ. ॥૫૩॥ તમારો અમોને ગર્ભ રહ્યો છે, જનમે તે કયાં જાશે; તમારે ત્યાં અમારે નથી જાવું, કયાં છોકરાં રેહેશે ને ખાશે. ॥૫૪॥ માટે ગામવસાવિ આપો, નહીતો મરિયે આપ; કુનતીનંદન તમારે માંથે, સ્ત્રી હત્યાનું પાપ. ॥ ૫૫ ॥ તવ અરજુને તપ કીધું, સુર્ય તણું તે વાર; સુર્યે આવિ મણિ ધરીને નગ્ર કર્યુ નિરધાર. ॥૫૬॥ નામ તેનું માણુપુર પાડયું, થયા અંતર ધ્યાન; પછી અપછરાની પ્રત્યે બોલ્યો સતી સંતાન.॥ ૫૭ ॥હવે હું આજ્ઞા માગું છું, તવ વદી બેઉ નાર. કોઈક દહાડો કૃપા કરીને, પધારજો આ ઠાર. ॥૫૮॥ અરજુનજી કહે શો ભોગ હોય તે,આવું તમારી પાસ; એમ કહી મારગે સંચરીયો,તારૂણીથી થયો ત્રાસ. ॥૫૯॥ વળણ॥ ત્રાશ્યો તારૂણી થકી. સાંભળને તું રાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, નર દ્વારિકાં ભણી જાય.

કડવું ૧૪૭ રાગ અહે રાયજીનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું;આદ્યપરવ મહીમાય,અહોરાયજી સુણીયે.॥૧॥દ્વારિકાં ચાલ્યો સુત સતીનો, પુરણ હરખે ભરિયો; ગામથી બે ગાઉ માહાદેવ આધા, ત્યાં જઈ મુકામ કરિયો. અ૦ ॥ ૨ ॥ થોડે દહાડે, ત્યાં મેળો ભરાયો. આવ્યા છપન કોડ; સ્ત્રી પુત્રોને બળદેવ આવ્યા, આવ્યા શ્રી રણછોડ. અ૦ ॥૩॥ જાત્રામાં બહુમેદની ભરાઈ, કરે શીવ સેવાય; યોગી વેશ

જોઈ સહુ પ્રાણિ, પડે અરજુનને પાય અ૦ ॥૪॥ અરજુન બેઠો મઘરૂ-
બીમાં,આવ્યા અસરણા સરણ;જાણી જોઇને લાબા થઇને, પ્રભુજી પડી
યા ચરણ અ૦॥૫॥ અરજુને ઉંચો હાથ કીધો, દીધો પ્રભુને શીશ; પ-
છી મર્મની મસ્કરી કરવા, બેઠા પોતે જુગધીસ અ૦ ॥૬॥ કૃષ્ણ પ્રભુ
કહે એ માહારાજા શું છે તમારૂ નામ; કેવારના તમે હાંઇ આવ્યાછો,
મુળ કીયું તમ ગામ. અ૦ ॥૭॥ જોગી કહે કયહુ નાહિ સમજતે, ત્યા-
ગીકું કયા ઘર ગામ;ન કી નામ ઓર ઠામ હું મારે, સદાઇ રમતે રામ.
અ૦ ॥૮॥ કૃષ્ણ પ્રભુ કહે વારૂ માહારાજા,દીસોછો નિરોગી, પણ સા-
ચે સાચુ તમે કેહેજો, છો જોગી કે ભોગી. અ૦ ॥ ૯ ॥ અરજુન કહે હમ
કેસે ભોગી,બીચારિ કરના બાત; કૃષ્ણ પ્રભુ કહે ક્ષમા કરજો શું કરે
કુન્તા માત. અ૦ ॥૧૦॥ અરજુને જાણ્યું પ્રભુ જાણે છે, તરત નમાવ્યું
શીશ;માહારાજા મુને વગોવશો નહી, કૃપાળુ આ જુદીશ. અ૦ ॥૧૧॥
પ્રભુ કહે કાહુ સહુ જાદવને, સર્વનેલાવી દેખાડું,જોગી તણો તમે વેશકર્યો
છે, જગતમાં કરૂં ઉઘાડું, અ૦ ॥૧૨॥ અરજુનજી કહે અપરાધ શો છે,
ઓરે દીનાનાથ;ઇજ્જત માહારી હલકી કર્યામા, શું આવશે તમ હાથ.
અ૦ ॥૧૩॥ કૃષ્ણ કહે એક કામ કરોતો, વારતા ગુપત રાખું; અરજુન
કહે કરૂં કહો તે, લ્યો આ વચન સત્ય ભાખુ. અ૦ ॥૧૪॥ એમ કહીને
વચન આપ્યું બોલ્યા અસરણા સરણ; દ્વારીકા આવી મુજ ભગનિનું,
તમે કરી જાનો હરણ. અ૦ ॥ ૧૫ ॥ માહારા મોટા ભાઇ બળદેવનો,
વીચાર જુદી પેર; મારી શુભદ્રા પરણાવવી છે, દુરંગોધનને ઘેર.
અ૦ ॥ ૧૬ ॥ તમારા ઘર પર ચીતડું મ્હારૂં, માટે હરણ કરી જાવો,
અંહા અહીંથી ગયા પછી તમે, અશોક બાગમાં આવો. અ૦ ॥૧૭॥ તે
બાગમાં વ્રક્ષ છે પીંપળાનું, ત્યાં તમારૂં આસન; અગનીનો કુંન્ડ બ-
નાવીને, ભભુતભરીશ પાવન. અ૦ ॥૧૮॥ ભભુતી તે મુકીશ મંત્રીને,
તેણેથી નામના થાશે;જેને નાંખશો તેનાં મનના,ને તનનાં દુખ જાશે. અ૦
॥૧૯॥ નીરધનને ધન પ્રાપ્ત થવાનું વંજાને પુત્રની આશ, રોગીયાના
બધા રોગ મટશે, ગણશે અવીનાશ. અ૦ ॥ ૨૦ ॥ મમ બંધુને પુત્રજ
નથી, તેથી આશાભેર; તમોને ચરણે લાગીને, તેડશે એમને ઘેર. અ૦
॥૨૧॥ તે વેળા તમે માગા લેજો.શેવામાં કુંવારકાય; એટલે સોંપશે ભ-
ગનિ અમારી, ભભુતીયે વશ થાય. અ૦ ॥૨૨॥ લાગ જોઈ તેનું હરણ
કરજો,સત્ય વદુ ગોપાળ;બળદેવની બીક ધરશો ન મનમાં, નહી થાય
વાંકો વાળ. અ૦ ॥ ૨૩ ॥ અરજુનજી કહે વારૂ માહારાજા, પક્ષમાં રેહે-

જો જાતે, આજે બાગમાં બેઠક કરજો,હું આવી બેશીશ રાતે અ૦॥૨૪॥ એટલે પ્રભુ વિદાય થયા,કરિ લીધી બધી પેર;મેળામાં સહુ આવ્યા હ-તા તે,ગયા પોતાને ઘેર.અ૦ ॥૨૫॥ અંતરયામી બાગમાં ગયા, પીંપળા નીચે વીવેક; જોગીને બેસવા ઓટલી કીધી, કુન્ડ બનાવ્યો એક. અ૦ ॥૨૬॥ ભગવાને ભરી ભભુતિ તેમાં,માયાને મંત્રે મોહન; પછીપોતે ઘેર જઇને સુતા,જુગદીશ જુગજીવન. અ૦ ॥૨૭॥ એવામાં પોહોર રાત્રી વીતિ, અરજુન આવ્યો ત્યાંય; પીંપળા નીચે જઇને બેઠો, અશોક બાગનિ માંય. અ૦॥૨૮॥ એ બાગમાં એક માળી રેહે છે, નહી એનાં લોચન; વાણું વાહ્યું તવ બાગમાં આવ્યો, એ માળીનો તન, અ૦ ॥૨૯॥ તેણે દીઠા તપશી યોગી, જઇને પડીયો પાય; ભભુતી નાંખી અરજુ-નજીએ, તવ એને મોહ થાય. અ૦ ॥૩૦॥ પછી પોતાના અંધ પીતાને, લાવી લગાડયો પાય; તેને જોગીએ ભભુત નાંખી. તવ નેત્રે દેખાય. એ૦ ॥૩૧॥ અંધમાળી કહે ઓરે દીકરા, આંખે દેખાયુ મુને, યોગેશ્વર છે ઇશ્વર જેવા, આજ મેં દીઠો તુને. અ૦ ॥ ૩૨ ॥ જોજે જોગીને જાવા ન દેતો, નગ્ર વીશે હું જાવું, દેખતો થયો તે તુજ માને;સમાચાર કહી આવું. અ૦ ॥૩૩॥ વળણુ. એમ કહી માળી ગયો, દ્વારીકાં કેરી માંય; લોકને કેહેતો ચાલીયો; સાચું ભાશ્યું ત્યાંય.

કડવું ૧૪૮ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥ ૧ ॥ આખા ગામમાં વારતા ચાલી. દુખીયાને ઉમંગ થયો;માળીપોતાની પ્રેમદાને, બાગમાં તેડી ગયો.॥૨॥ તવ ગામમાંથી દુખીયા લોકો,ચાલ્યા અપરમપાર; આવ્યા સહુજન બાન સ્કાર. ॥૩॥ બેરા બોબડા રાંટા ઢુંટા, લુલા લંગડા જેહ; આંધળા ખુંધા વૈયાળા તેહ. ॥ ૪ ॥ સને પાતિયા પક્ષા ઘાતીયા,મુળશી મુઝારાવાળા; કાણા કદ્રા કુબડા પતિયા, ગાંડાકદરૂપ કાળ ॥૫॥ રોગીયા દોગીયા દુખીયા પ્રાણિ,આવી આવીપડે પાય; યોગી સહુને નખે ભભુતિ, રોગ નિવારણ થાય. ॥ ૬॥ તેને તે વેળા વ્યાધી નાસ, થાય છે સુખ અનુપ; સર્વે લોકોને સ્રધા બેઠી, યોગી તો વૈકુંઠ ભુપ. ॥ ૭ ॥ મહીમા ચાલ્યો દ્વારીકામાં, મોહે યોગી

પર પડીયાં;બૈરાં છોકરાં ખાવા પીવાનું, લૈ આવી બાગમાં પડીયાં ॥૮॥ ત્યાં રેહેવું સુવુ ખાવુ પીવું, અનેક આવી વશીયા; નિરધન પ્રાણી ધનનિ આશાયે, કૈ જીવ પુત્રના રશીયા. ॥૯॥ આખી દ્વારીકાં થઇ ગઈ ખાલી, ઉજડ નગ્ર દેખાય; એવે સમે રાજ્ય સભામાં યોગી તણી વાત થાય. ॥૧૦॥ બળદેવ કહે ઉજડ જેવું,નગ્ર દીસે છે કેમ; "એવું સાંભળી એક યાદવ, બોલ્યો સભામાં એમ. ॥૧૧॥ આવ્યા છે કોઇ અબધુત યોગી, જાણે છે સાધન યોગ; સહુ પ્રાણીને ભભુત નાંખી,ટાળ્યા સર્વના રોગ. ॥૧૨॥ નીર્ધનને કરી ધનની પ્રાપ્તિ, વંજાને પુત્રની આશા; મનકામના કરે સહુની પુરી, પોતે રહે છે નીરાશા."॥૧૩॥ સહુ દુખીયાનાં દુખ નીવાર્યાં, ઉપડી ગયું બધું ગામ; બાળબચ્ચાં લઇ સરવે લોકો, ત્યાં જઈ કર્યો વીસરામ. ॥૧૪॥ બળદેવજીનું મન લલચાયું વધે મ્હારૂં ઘરસુત્ર; એવા યોગીની શેવા કરૂં તો,મુજનેઆપે પુત્ર॥૧૫॥ એવું વીચારી બળદેવ બોલ્યા, સાંભળો કૃષ્ણજી વાત;ચાલોયોગીને લાવીએ તડી,ઓરે મ્હારા ભ્રાત.॥૧૭॥ ટળે મારૂં વંઝ મેહેણું, જો મળે ફળ શેવાનું; નગ્ર બધું પાવન થઇ જાશે, પગલુ પડે એવાનું. ॥૧૮॥એવું સાંભળી શામળો બોલ્યા; ઓ ભાઇ એ વેશધારી; ધુતવા માટે ઢોંગ કરેલો, પ્રપંચીને વીકારી. ॥૧૯॥ હોયે યોગી યોગાભ્યાસી; તો રે વન વીશરામ, કરે કલ્યાણ પોતાના જીવનુ, હાંઈ આવ્યાનું શું કામ ॥૨૦॥ તવ બળદેવને માઠું લાગ્યું, દુશ્મન સરખો ભાઈ; માહારો વંશ વધે તે તે માટે, કૃષ્ણ કરે અદેખાઇ. ॥૨૧॥પ્રભુ પ્રત્યે કહ્યું બળદેવે, મનમાં પડયો મને ડાઘ; તમોને એવું કે વંશ વધે તો, રાજમાં માગે ભાગ ॥૨૦॥ કૃષ્ણ કહે ભાઇ એમ ન કહેશો, હું શાને દ્વેશ લાવું; જો તમારો વંશ રહેતો હોય તો,ચાલો હું તેડવા આવું. ॥૨૩॥ એમ કહીને કૃષ્ણજી ઉઠયા, ઉઠયા મ્હોટા બળદેવ; પચાસ જાદવ સાથે લેઇને, બાગમાં આવ્યા એવ. ॥૨૪॥ યોગેશ્વરનાં દરશન કીધાં, બળદેવે કહ્યું એમ;કૃષ્ણ વીરા તમે કહો યોગીને,મુજથી કહેવાય કેમ.॥૨૫॥ એટલે યોગીને પાસે ગયા, જોડયા પ્રભુએ હાથ; પ્રેમ ધરીને પુછવા લાગ્યા, પોતે દીનાનાથ. ॥૨૬॥ ઓ માહારાજા રાજ વિરાજા, છો પરમેશ્વર જેવા; અમારા મોહોટા ભાઇને, કરવી છે તમ શેવા. ॥૨૭॥ માટે જો ગામમાં પધારો, તો મોહોટી કરૂણાય; અમો ગામના રાજીઆ છીયે; શી દોછો આજ્ઞાય ॥૨૮॥ એવી રીતે નમી નમીને, પુછયું શ્રી ઘનશામ; અરજુનજી કહે હમતો ત્યાગી, કયા કરના ઘર ગામ. ॥૨૯॥ કૃષ્ણ કહે સેવાના સા-

રૂ, તમોને તેડી જઇએ;અરજુન કહે શેવામાંવાં,એક કુંવારીકા ચૈયે.॥૩૦॥ એવું સાંભળી કૃષ્ણજી ઉઠયા,ગયા બળદેવની પાસ;ઓ ભાઇ કુંવારકા માગે છે, એવું વદ્યા અવીનાશ.॥૩૧॥ બળદેવજી કહે કબુલ કરો, વાત બતાવું વગની;યોગીની શેવામાં સોંપીશું, સુભદ્રા આપણીભગની ॥૩॥ પ્રભુ કહે ભાઇ તે નહી ફાવે, કરી લ્યો મનમાં કયાસ; કુળમાં લાન્છન લાગી બેસે, મુડયાનો શો વીશવાસ. ॥૩૩॥ બળદેવજી કહે બોલો વીચારી,ત્યાગીને સમજોછો કેવા; સાક્ષાત ઇશ્વર રૂપ સમજો નહી સરવે તમ જેવા. ॥૩૪॥ પ્રભુ કહે ભાઇ ખુશી તમારી, કહી લાગ્યા જોગીને પાય;ચાલો મહારાજા નગ્ર વિશે, અમ બેન કરશે શેવાય. ॥૩૫॥ અરજુનજી તવ ઉભા થાય, ભભુતી ઝોળીમાં લીધી;બાકીની કુન્ડમાંરહિતે વ્યર્થ પ્રભુએ કીધી ॥૩૬॥ યોગી ઉઠયા તવ સહુ લોકઉઠયા, બાગમાંરેહેવા વાળા;ચાલોરે ઘેર ગંગા પધારે, ઉપાડયા ઉચાળા ॥૩૭॥ વાજતે ગાજતે લીધા યોગીને,સહુ પ્રાણીને પ્રેમ વાપ્યો. એકાન્ત મુકામ યોગીને માટે, બળદેવજીએ આપ્યો. ॥૩૮॥ સીંહાસન પર પધરાવ્યા યોગી, જય જય શબ્દો થાય; શેશે સુભદ્રાને લાવીને, પાડી યોગીને પાય.॥૩૯॥ ઝોળીમાંથી ભભુતી કાઢી, નાંખી અરજુન ભુપ;એટલે સુભદ્રા યોગીને, દેખી થઇ તદરૂપ. ॥૪૦॥ બળદેવ કહે બેહેની મારી, રેહેવું તમારે હાંઇ;એક ઘડી અળગા નવ થાવું, સદાયે શેવા માંઇ. ॥૪૧॥ સુભદ્રા કહે વારૂ વીરા, પછે કહે યોગીરાય; સવારમાં સવા પોહોર સુધી, આવે જેને ઇચ્છાય. ॥૪૨॥ પછી પાછલે પોહોર દહાડે, આવવું હોય તે આવે આખો દહાડો અમારી પાસે, સૌ રહે તે નહિ ફાવે. ॥૪૩॥ સહુ પ્રાણી કહે વારૂ વિરા, કહિને થયા વિદાય; હળધારિની નારી રેવંતી, આવીને પડીયાં પાય ॥૪૪॥ યોગીયે તેને ભસ્મ છાંટી જળ છાંટયુ બોળી દર્ભ;ઇશ્વરી ચમત્કારને લીધે; રહ્યો રેવંતીને ગર્ભ. ॥૪૫॥ તેથી મહિમા વિશેષ વધ્યો. બળદેવ ગયા બહુ મોહી;સ્વર્ગ મ્રત્યુનેપાતાળ વીશે, આવા યોગી નહી કોઇ.॥૪૬॥ ગામમાં કોઈ કોઈ પ્રાણીયે, નીયમ કીધા એવા,અન જળ મુખમાં મુકવું કયારે, કરિને યોગીનીશેવ.॥૪૭॥ કંઈ જન જળ લે દરસણ કરી, માને મહીમા સુખ; કે ઉઠે પરોઢે આંખો મીચી, જુએ જોગીનું મુખ.॥૪૮॥ તે પછી જુએ મુખ બીજાનું, એવી વધી માનતાયો;સુભદ્રા હરનીશ શેવામાં; મોહ અતી ઉભરાયો. ॥૪૯॥ એવામાં એક દિન મધ્યાને, આવિયા સુંદીરશામ; એકાન્ત બોલાવી સુભદ્રાને, પુછી બીના તમામ. ॥ ૫૦ ॥ ઓ બેહેની એ

ચોગી કેવા, ખરૂ રદય શું તાહારૂં; સુભદ્રા કહે ચોગીની સાથે, ...ગુવા મન મ્હારૂં. ॥૫૧॥ પ્રભુ કહે બેન એવું ન બોલો, જો જાણે બળદેવ; તો તમારીને મારી ભુલાવે, વાતો કર્યાની ટેવ ॥૫૨॥ એમ મન જોયું સુભદ્રાનું, પછી ગયા ચોગી પાસ; હવે સુભદ્રાનું હરણ કરો, એમ કહ્યું અવિનાસ. ॥૫૩॥ આવતી કાલે એકાદશી છે, ગોમતી સૌ ન્હાવા જાશે; બળદેવ બળીયા તેડવા માટે, આવશે તમારી પાસે.॥૫૪॥ તમે ન્હાવા જવાની ના કહેજો, કરા આવશે સહુ સ્નાન; પછી તમે કહેજો ન્હાવા જવું છે, થતે ખરે મધ્યાન. ॥ ૫૫ ॥ તે વેળા ત્યાં નહિ હોય કોઇ, હરણ કરી લેઇ જાજો;અરજુન કહે પકડાઇએતો, અમારી વાહારે ધાજો ॥૫૬॥ પ્રભુ કહે કાંઇ ચીંતા ન કરશો, કહિ ઉઠયા અવીનાસ; સુભદ્રા કાંઇ કામ કરતીતી, પ્રભુ ગયા તેની પાસ. ॥૫૭॥ કૃષ્ણે કહ્યું એ ભગનિ મ્હારી,જો કાલે જવો ન્હાવાય; તો માહારો રથ મંગાવી જાજે. જોગીને બેસાડી માંય. ॥ ૬૦ ॥ વળણ ॥ મોહોટો રથ મંગાવજે. જાજે કરવા સ્નાન; વદે વલ્લભ એવું કહિ ત્યાંથી ગયા ભગવાન.

કડવું ૧૪૯ રાગ સવૈયાની ચા.

વૈશમપાયે એણીપેર બોલ્યા;શુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય. ॥ ૧ ॥ સહુ સમજાવી સામળો ગયા, વિત્યો દશમનો દન;એકાદશીને પ્રભાતે આવ્યા,બળદેવ ચોગીભોવન- ॥૨॥ એ માહારાજા, રાજ ધિરાજા, વિશ્વપતી ભગવાન; આજ એકાદશીયે ગોમતીમાં,કરવા જઇએ સ્નાન ॥૩॥ નહીને આવતા રહીશુ વેહેલા,શેવક સંત સમોણા; અરજુનજી કહે અમ નાહી આવે, કયાન્હાણા કયા ધોણા. ॥૪॥ બળદેવજી કહે ઇચ્છા તમારી, કહી કરવા ગયા સ્નાન;નગ્ર તણું લોક નાહીને આવ્યું, કીધું અતી પુન્યદાન.॥ ૫ ॥ ચોગીનું દરસણ પુજન કરિ, ગયા સૌ સૌને ઘેર;એવે મધ્યાન થવા આવ્યો, બોલ્યા ચોગી સુખ ભેર. ॥ ૬ ॥ સુભદ્રા ન્હાણેકુ જાણાહે, તવ સુભદ્રા ચાલી; એ ભાઇ ચોગીને ન્હાવા જવું છે, બળદેવને લાવી ઝાલી॥૭॥ બળદેવ આવ્યા ચોગીની પાસે, ઉભા નમી પડી પાય;અરજુન કહે ગોમતીજીમેં,ન્હાણેકી હુઇ ઇચ્છાય. ॥ ૮ ॥ બળદેવ કહે બેહેની માહારી, ઉઠો તતપર થાવો; રથ જોડી આપુ તેમાં બસાડી, ન્હાવાને લેઇ જાવો

॥૯॥ સુભદ્રા કહે મ્હોટા બંધુ, કહ્યું તો તતપર થાવું; કૃષ્ણનો મોહોટો રથ મંગાવો,તો ન્હાવા લેઇ જાવું. ॥૧૦॥ બળદેવજીએ મોકલ્યા યોદ્ધા, ગયા પ્રભુને દ્વાર, બળદેવજી રથ મંગાવે છે, ઓરે જુગદાધાર. ॥૧૧॥જો ગીજીને ને સુભદ્રાને,જાવું ગોમતી ઘાટ;તમ રથ સુભદ્રાયે માગ્યો, ન્હાવા જાવા માટ. ॥૧૨॥ એટલે બોલ્યા અંતરયામી, બળદેવની ગઇ ગતી;મોકલો બીજો રથ આપીને,આ રથ આપવો નથી. ॥૧૩॥ સાંભળી જાદવ પાછા વળીયા, તવ શું કરયું ઘનશામ; મુકયો પોતાના હરણીયા રથમાં,લગ્ન સામાન તમામ. ॥ ૧૪ ॥ ચુડો પાનેતર કન્યા જોડી, મીંઢળ નાડાછડી; જાદવ કંચુકી કન્યા મોઢીયે., કાંકણ કંકુ પડી. ॥ ૧૫ ॥ જે જોઇએ તે ભંડારીયામાં,ભર્યું શ્રી ગોપાળ;એ રીતે રથ ત્યાર કરીને, બેઠા દિનદયાળ.॥૧૬॥ બળદેવ પાસે પાછા ગયેલા,જાદવ જોદ્ધા જેહ;કહ્યું કે પ્રભુએ નવ આપ્યો,માગ્યો તો રથ તેહ. ॥૧૭॥ એવું સાંભળી હળધર ચાલ્યા,ક્રોધ ભરેલા એમ; જઇને કહ્યું જુગજીવનને, રથ ન આપ્યો કેમ. ॥૧૮॥ દસ વીસ જાદવ પાસે ઉભેલા,વાતની ચરચા ચાલી; પ્રભુ કહે ઓ મ્હોટા બંધુ, આ મતી કોણે આલી. ॥૧૯॥ આ રથ માહારો હરણીયો છે, વીચારો અંતસકર્ણ; સોળ સહસ્ત્ર એકસો અષ્ટનું, હામાં કરેલું હરણ. ॥૨૦॥ એવો આ રથ ઉપાડી વાળો, બેસે જોગીને બેહેન; એમની વ્રતી ફરી જઇને,થાય માયાવી ચેન. ॥૨૧॥ બળદેવજી કહે બાલ્ય વિચારી, જોગી તો દેવાધા દેવા; તારા નેત્રમાં વીચારછે તે, દેખે સૌ તારા જેવા. ॥૨૨॥ જેવા પોતે તેવા બીજા, જાણે સરવે પ્રાણી, પોતાની ગત સહુમાં સમજે,એજ મ્હોટી એધાણિ. ॥૨૩॥ વેહેવાર વ્રતી મનમાં હોયે તો, શીદ તજે સંસાર,વચન શીદ્ધી થાય કયાંથી, વીચારો વિદ્યાધાર.॥૨૪॥ પોતાના આત્માનું કલ્યાણ કરવા, વ્યવહાર કીધો ત્યાગ; દશે ઇંદ્રી બંધ કરેલી,મનમાં ધરી વૈરાગ. ॥૨૫॥ એટલે બોલ્યા અંતરયામી સાંભળો બળદેવ બોધ; ધ્યાન દેઇનેન્યાયમાં સમજો, તમે ને યાદવ યોધ. ॥ ૨૬ ॥ એ યોગી હશે શી જાતી, કાં ઉચકે કાં નીચ; નીચ હોયે ને જો નમીયે તો, તે પણ પાપનો કીચ. ॥૨૭॥ નીચની સેવા ઉંચ કરેતો,નિચ યોની ઉચ જાય; પાતાંજલી રૂશીયે કહ્યું, પોતાના શાસ્ત્રનિ માંય. ॥૨૮॥ કદી કેહેશો કે જાત ન જોતાં,યોગી વેસને નમીયે; જાત ભાત કાંઇ ન જોવી,તો ઇશ્વરને ગમીયે. ॥૨૯॥ પ્રભુ કહે બંધુ બોળવા બેઠા, પોતાનો કુળધર્મ; એકારે બધુ થવા બેસે, કયાં રહ્યો વરણાસર્મ. ॥૩૦॥ વ્યવ્યહાર તજે તે નહી ત્યાગી, અનિતિ તજે તે ત્યાગી;

વ્યવહારમાં રહી મનનો વૈરાગ, રાખે તે વૈરાગી. ॥૩૧॥ સંતોષીને શાં-
ન્ત પડેલો,તે જનને સંત જાણો;યોગાભ્યાસ કરે તે યોગી, નાઠાનેશીદ
પરમાણો. ॥૩૨॥ યોગીમાં યોગી માહાદેવજી છે, તે પણ રાખે છે નારી;
પુત્ર પરિવાર રીદ્ધી સીદ્ધી, એવા શીવ શંસારી ॥૩૩॥ પણ યોગ સાધ-
નથી યોગી છે, ઘર તજવે નહિ યોગી;વ્યવાહાર તાગીને નાઠેલો, કાં દુ
ખુયો કે રોગી. ॥૩૪॥ સંસારમાં સરસો રહેને, મન રાખે મુજ પાસ;
વ્યવહારને લોપે નહિ તે, જાણું મ્હારો દાસ. ॥૩૫॥ આત્માનું કલ્યાણ
કરવા, જો થયો હોય ત્યાગી; તો શીદ આવે વ્યાહાવારિમાં, નાઠેલોઘર
ગામ ભાગી. ॥૩૬॥ ઉપાધી તજી ઉપાધીમાં, ફરી આવે શા સારૂ; હુ-
મતો ગુરૂ આતો ચેલા,આતો મંદીર મ્હારૂં. ॥૩૭॥ વૈદક કરવા ટાળવા
રોગો, કરતો વઇદોનું કામ; કારણ શું તેને તે કરવાનું;વળીગામમાંવી
સરામ.॥૩૮॥ કાઢવા ભુત પ્રેતોનું વળગણ,આપવા લોકોનેપુત્ર,નિર્ધનને
દેવી ધનની આશા,કુંવારાને ઘરસુત્ર. ॥૩૯॥ એ સરવે કામ સંસારીનાં,
ત્યાગી કરે શા સારૂ; તેનો વીચાર કરતા નથી, ત્યાં સુધી અંધારૂ. ॥૪૦॥
ઘેર ગામ તજ્યો તાત માત તજી, તજ્યાં છોકરાં નારી; સગાં વ્હાલાં
પાડોશી તજ્યો, તજ્યો જગત વીકારિ. ॥ ૪૧ ॥ નાત તજીને જમાત
કીધી; માત તજી કરી માઇ,બાપ તજીને બાવા કીધા; બંધુ તજીગુરૂભાઇ
॥૪૨॥ ઘર તજીને મંદીર બનાવ્યું,શેવક રૂપ ગ્રહાકી;દીકરા તજી ચેલા
કીધા, કહો શું મુકયું બાકી ॥૪૩॥કેહેશો કે દસઇંદ્રી તાગ્યો,તોતેબતાવુ
ભાંખી;કાંને શું દાટયા માર્યાશું, આંખ્યો ફોડીનાંખી.॥૪૪॥શું જીભલડી
એની કાપી નાખી, શું હાથ કીધા ઠુંઠા, શું લઘુશંકા કે દસ્ત તજ્યો,
શું અવયવ કર્યા જુડા. ॥૪૫॥ ત્યાગી થઈ શું ત્યાગ કીધું,વીચાર કરજો
ભાઈ;તમે કહેશો કામ જવર તાગ્યો,તે સમજો ચતુરાઇ. ॥૪૬॥ માહાદેવ
થી કામ ન જીતાયો, તો કોણ જીતે કામ; માહાદેવથી શું નીકળ્યા
મ્હોટા ધરી કામ જીતવા હામ. ॥૪૭॥ સંસાર ઉપર વેરાગ ધરી, તજી
દીધો સંસાર,પછી શીદ સંસારમાં આવે, વસ્તીમાંકરવા વહેવાર,॥૪૮॥
સર્વ તજીને સર્વમાં પેસે,તેતો સમજવુ કેવું;પેટમાંથી ઓકી કાઢેલું, પા
છું ખાધા જેવું. ॥૪૯॥ ત્યાગ કર્યું તો તરછટ તજી, વાસો વસવું વન;
તે બદલ આવે વસ્તિમાં, પુરણ પાખંડી જન.॥૫૦॥વ્યવહારમાં રહેલા
પ્રાણી વૈભોગી કોહોછો જેને; તે કરતાં વઇભોગ બમણો, ખશી ગયેલો
તેને. ॥ ૫૧ ॥ અજ્ઞાની એને મ્હોટો સમજી, બાગ બગીચે રમાડે,
ઘણાં ઘીનાં ને ગળપણનાં, ભોજન કરી જમાડે. ॥ ૫૨ ॥ આપે આ-

સન ગાદી તકીયા,ચર્ણુ ચાંપી કરે શેવા;વાયુઢોળાવે અંગ ધોવે, એથી તે વૈભોગ કેવા.॥૫૩॥રળવું ખપવું કાંઇ નપડે, મોહોમાગ્યું મળેખાવા; બેટા નામ કોઇએ ન ધર્યું, જેના ને તેના બાવા. ॥૫૪॥ વેહેવાર તજી વેહેવારમાં વસ, તેથી તે પાખંડ કેવું; કદી કેહેશો બોધ કરવા, તેનો ઉત્તર દેવું. ॥૫૫॥ ઉપદેશ કરવો પંથ ચલાવવો. આચાંર્ય જનનું કામ;બીજાનો અધીકારજ કયા છે, કહે શ્રીમુખ ઘનશામ. ॥૫૬॥મનુએ ધર્મશાસ્ત્રમાં કહ્યું, જો ત્યાગી ગળ્યું ખાય; ઘી તેલ ચીકણો આર કરે તો, કામની વૃદ્ધી થાય. ॥૫૭॥ તવ મન વશ કોઇ કાળે ન રહે, વીર્યખ ળીત થઈજાય; તેથી વ્રત ગળપણ જમાડે, તેને બાળ હત્યાય. ॥૫૮॥ મોહ્યની રૂપે મહાદેવ પલળ્યા, તો બીજો કોણ રહેનારો; કેહેશે કે કામ દેવ જીત્યા છે, મુરખ એમ કેહેનારો. ॥૫૯॥ એકલા બ્રાહ્મણ છે અધીકારી,સન્યસ્ત લઇ થવું ત્યાગી; તે પણ પાંચમી દ્વાદશીમાં, કુટુંબનીરજા માગી. ॥૬૦॥ તેને પણ રેહેવું નગ્રથી છેટે, અડધો આરજ કરવો; ગળ્યું ચીકણું કાંઈ ન ખાવું, એવો ધર્મ આદરવો. ॥૬૧॥ હાથ ન જોવો વૈદુ ન કરવું, સુવું નહી સેજ્યાય; પ્રેમદાનો પરછાયો ન લેવો, લખ્યું સમરતી માય. ॥૬૨॥ ન જાણો ત્યાગી છે સોહાગી, વઇભોગ લેવા આવ્યા; બળદેવ વીરા તેવા પ્રાણીને; ઇશ્વર તમે ઠરાવ્યા. ॥ ૬૩ ॥ વસ્તીમાં આવી રોગ મટાડી, દેખાડે ચમત્કાર;એવી જરૂર એમને શી છે, કાંઇ કરો વીચાર. ॥૬૪॥ પોતાનું કલ્યાણ કરવું મુકી, અવરનાં દુખ ભાગે; એ પણ એકજ ધધો કાહાડયો,શું ત્યાગી થઈ ત્યાગે. ॥૬૫॥ ॥વળણ॥ શુ ત્યાગીયે તાગીયું બોલ્યા શામ શરીર; વલ્લભ વદે એમ સાંભળી, કોપ્યા બળદેવ વીર.

———○×○———

કડવું ૧૫૦ રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; ચઢી બળદેવને બહુ રીસ, આતે શું કહો છો જગદીસ. ॥ ૧ ॥ તમો શીખ્યા નીંદાય, ત્યારે બોલીયા વૈકુંઠરાય; ભાઈ સત્ય કહ્યું છે અમો, તેને નાંધા સમજ્યા તમો ॥૨॥ તમો વીચારો બળદેવ બળીયા, કીયા ત્યાગીને ઇશ્વર મળીયા સંસારીને મોરારી, કહો તો તે કહું વીસ્તારી. ॥૩॥ મોહોટા જનક વીદેહી જેવા, વળી ઉદાલક રૂશી કેવા; બ્રહ્મવેત્તા

હોય ઘરબારી, શીવ બ્રહ્મા સરિખાને નારી ॥૪॥ સુર્ય ચંદ્રને વિષ્ણું દેવ, વળી વરૂણ અગ્નિ એવ; હરીશ્ચંદ્ર અને રામ રૂપ; હતા સહુ સંસારી ભુપ ॥૫॥ કોહોનો વિશેશ દાખલો દેવું આથી તે સમજાવું કેવું હાલ જે કહું તે નહી ગમે, શાથી કે જીવ એમાં ભમે ॥૬॥ બોલ્યા બળદેવજી મુખ એમ. રથ આપોછો કે કેમ; તવ બોલ્યા અસરણા સરણ; આતો રથ કરાવશે હરણ. ॥૭॥ માટ બીજો રથ લેઈ જાવો બોલ્યા બળદેવજી એજ લાવો, કહી જોડયો પોતાને હાથે, હશું નાના વૈકુંઠનાથે ॥૮॥ જો જો ભાઈ નવા જુની થાશે, જીવ મારો તમારો જાશે તોહે લેઈ ચાલ્યા હળધારિ, કરી હરીએ તો શાહુકારિ. ॥ ૯ ॥ લાવ્યા રથ્થ અતી પ્રેમ વાપ્યો,પોતે સુભદ્રાને આપ્યો; પણ બહુ કહ્યું જુગદાધાર, તેથી મનમાં રહ્યો વિચાર. ॥૧૦॥ મને બહુ ટોકયો જુગદીસ, તેથી જાદવ સોપ્યા વીસ;જોગીને ન્હાવા લેઇ જાવો, સ્નાન કરાવી વેહેલા આવો ॥ ૧૧ ॥ એવું કહી દિધી આજ્ઞાય, આવી જોગીજી બેઠા માંય; ઝોળી તુમડું સાથે લેઇ, વાળી પગોટી ટેકો દેઈ. ॥૧૨॥ તવ સુભદ્રા હરખમાં પેઠી ઘોડાના અછોડા ઝાલી બેઠી; ગ્રહી ચાબક પોતાને હાથ, ચાલી નવરાવવા જોગી સાથ. ॥ ૧૩ ॥ ચાલી નિકળ્યાં નગ્રની બ્હાર, થયો મધ્યાનકાળ તે વાર; દસ જાદવ આગળ થાય, દસ પુંઠળ પુંઠળ જાય ॥ ૧૪ ॥ ચોટયું છે સુભદ્રાનું ચીત, લાગી પુરણ જોગી પર પ્રીત. નથી રથ હાંકયામાં લક્ષ, જોગી સામા ચોટાડયાં છે ચક્ષ ॥ ૧૫ ॥ એને ઉલટ એવી જોગી, બાવાના ગુણ ગાવા લાગી; નથી બાવલીયા તુલ્ય કોય, નીરખી નીરખી રૂપ જોય. ॥૧૬॥ વળણ ॥ રૂપ જુએ બાવા તણું, બહુ મારે નેન બાણ; કહે વલ્લભ કરે ઘણા, બાવાના વીખાણ.

કડવું ૧૫૧ રાગ બાવલીયાનો.

એ બાવલીયાને દેખીરે રેરે હો; મોહ પામી પ્રેમદારે. ॥ ટેક ॥ બોલ્યા. બોલ્યા વૈશમપાયે વચન સાંભળ સાંભળ જનમેજેરાજન, શુભદ્રાનું લબ્ધ થયુ છે રે મન એ૦ ॥૧॥ આ બાવલીયાનું ગોરૂ ગોરૂ છેરે ગાત્ર, બાવલીયાને ચરણે અડસટ તીરથ જાત્રા; બાવલીયાના ભુજમાં સોભે છે તુંબી પાત્ર. એ૦ ॥૨॥ બાવલીઆયે મોઢે ચંદન લીધું ચોળી,

બાવલીયાને અંગે ભભુત રગદોળી, બાવલીયાનિ ડાબી ખાંધે શોભે ઝોળી. એ૦ ॥૩॥ બાવલીઆના અંગ તણીછે સારી છટા,બાવલીયાને અંગે ભભુતીની ગટા, બાવલીયાની લાંબી લાંબી શોભે જટા.એ૦॥૪॥ બાવલીયોતો દિશે છે પુરૂષ મોહોટો, જમણા ભુજમાં કેવો સુંદર શોભે સોટો, બાવલીયેતો વાળ્યો છે વ્રજ લંગોટો. એ૦ ॥ ૫ ॥ વલણ ॥ એમ વિખાણ કરે અતી, વળી વળી નીરખે મુખ; વ્યાસ વલ્લભ વાણી વદે, મુખ જોયે થાય સુખ.

કડવું ૧૫૨ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારીતુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય. ॥૧॥ અરજુન કહે ઓરેસુભદ્રા. પડશે કોઇને વેહેમ; રથ હાંકયામાં ચીત નથી તાહારૂં, મુને જુએછે કેમ. ॥૨॥ સુભદ્રા કહે તમ ચરણની, સદા થઈ રહુ દાશી; માહારી ઇચ્છા પુરણ કરો, આપણ જઇએ નાશી,॥૩॥ અરજુનજી કહે ઓરે અબળા,વાતોમાં પડશે વેમ; વિસ જાદવ આપણી જોડે; તે જાવા દે કેમ. ॥૪॥ સુભદ્રા કહે ઓરે માહારાજા,ચરિત્ર મારૂં દેખાડું;એ તે રડયા શું કરતાતા એમને પાછા કાહાડું ॥૫॥ એમ કહિ ઝાંઝર પોતાનું, કાહાડીને કરમાં લીધું;જાહવના જોયામાં ન આવે,તેમ સંતાડી દીધું. ॥૬॥ પછી પોતે કહ્યું જાદવોને,મારા રડયા કયાં આવો;પગનું ઝાંઝર પડી ગયું કે, શોધ કરીને લાવો. ॥૭॥ તવ દસ જાદવ સોધવા માટે, તરત પાછા વળીયા;બીજા દસજણ સાથે રહ્યા. ચોકી કરવા બળીયા ॥ ૮ ॥ સુભદ્રા કહે વળો પાછા,સઉ સોધવાને જાવો;ઝાંઝર માહારૂં અમુલ્ય છે તે, ગમે ત્યાંથી લાવો. ॥૯॥ તવ તે પણ સોધવા વળ્યા પાછા, શુભદ્રા પડી પાય, કોહેતો હવે ઘોડા દોડાવુંદો મુજને આજ્ઞાય. ॥ ૧૦ ॥ અરજુનજી કહે બેશતુ રથમાં, કહિ રથમાં બેસાડી;ચારે ઘોડાના અછોડા ઝાલી,અશ્વો, દીધા ઉરાડી. ॥૧૧॥ વાયુ વેગે રથ દોડાવ્યો,જુભદ્રા ખુશી થાય; આ જોગી સહુ વાતે કુશળ, જાણે બધી વિદ્યાય. ॥૧૨॥ અરજુન ત્યાંથી નાઠા નાઠા, ગયા એક જોજન; મેદાનમાં એક વ્રક્ષની નીચે રથ રાખ્યો સતી તન, ॥ ૧૩ ॥ શુભદ્રા કહે શીદ રથ રાખ્યો,જાણી જશે કોઈ વાત;

તો તો જાદવ લેઇને આવે, નંમળા છે મુજ ભ્રાત. ॥૧૪॥ એવામાં અંતરયામીયે,મોકલ્યા નારદ રૂશી, જાવો તમે ત્યાં જઇ પરણાવો. વરકન્યા થઈ ખુશી. ॥૧૫॥ રથના ભંડારિયામાં ભર્યો છે,લગ્નનો સામાન સર્વ, હસ્તમેળાપક કરિ આવો. ટળે બળદેવનો ગર્વ. ॥ ૧૬ ॥ એવું સાંભળી નારદ ગયા, જ્યાં વન વીશે ચોગી; નારદ કહે આવો પરણાવું, ઇંદ્ર નંદન વૈભોગી.॥૧૭॥ કહી બેઉને નીચે ઉતાર્યો, ભંડારીયું ઉઘાડયુ; ભરી હતી સામ્રગી લગ્નની, જે જે હતું તે કાહાડયું. ॥૧૮॥ સુર્યની સાખે વીપ્રને વચને,હસ્ત મેળાપક કીધો,જાદવ કંચુકીને પાનેતર, ચુડો પેહેરાવી દિધો. ॥૧૯॥ કહ્યું કે મંગળ નહી વરતાવું, કૃષ્ણ દેશે કન્યાદાન; એવું કહીને નારદ રૂશી, થયા અંતરધ્યાન. ॥૨૦॥ વરકન્યા બે રથમાં બેઠાં, બોલી સુભદ્રા એમ; ઓ માહારાજા અશ્વ હંકારો, ઉભા રહ્યા છો કેમ. ॥૨૧॥ અરજુન કહે સુણ સુભદ્રા, તુંને તો નાઠાનું મન; પણ કન્યા લેઇને કેમ નાસુ, છુ ક્ષત્રીનો તન. ॥૨૨॥ ઇંદ્રપસ્તનો રાજીયો હું, કરનારો સંગ્રામ; કુન્તા સતીનો દીકરોછું, અરજુન માહારૂ નામ. ॥૨૩॥ નથી હું ચોગી છું વૈભોગી, સત્રુને પોચાડુ ઠેઠ; ચોરની પેઠે નાશી જાવુંતો, લાજે જનુનીનું પેટ ॥૨૪॥ સુભદ્રા કહે ચીંતા નથી, ઓ માહારા ભરથાર; માહારા ભાઇને કેહેવાની કે, નથી ગઇ નાત બાહાર ॥૨૫॥ અરજુન કહે ચાહ્ય તેમ કહેજે, કહી ઉભો બળવાન; પેલા જાદવે ઝાંઝર સોધ્યું, નગ્ર લગી નીધ્રાન. ॥૨૬॥ તો પણ તેતો હાથ ન આવ્યું, ગયા ગોમતી તીર; બેહેન ન દીઠાં રથ્થ ન દીઠો, નેત્રોમાં આવ્યાં નીર. ॥૨૭॥ અરેરે ભાઇઓ શું કરશુ, આવ્યુ દારૂણ દુઃખ; જોગી લેઇને જતો રહેલો, શું દેખાડશું મુખ, ॥ ૨૮ ॥ એમ કહીને રડતા રડતા, પાછા વળ્યા ધરી રીસ, બળદેવજીને ઘેર આવી, ખોળામાં મુકયાં શીશ ॥૨૯॥ બળદેવજી કહે છે કેમ રડોછો, કયાં ગયાં ચોગીને ભગની; જેવુ હોય તેવું કહો મુને, અંતર ઉઠયો અગની ॥૩૦॥ જાદવ કહે ઝાંઝર પાડયું, મારગે સુભદ્રાય; તે સોધવાને મોકલ્યા અમને, જોગી થયો વીદાય.॥૩૧॥ શોધિને અમે ગોમતી ગયા, ન દીઠાં ચોગી કે બેહેની; તેથી તમને કેહેવા આવ્યા, જીવજ ઝાલ્યો રેની. ॥૩૨॥ બળદેવજી કહે ધાંટા ન કાહાડો, જો જાણે પુરૂશ પુરાણ; ના કહ્યા ઉપર કામ કરયું તે, કાહાડે મારો પ્રાણ. ॥ ૩૩ ॥ એમ કહિને રડવા લાગ્યા, મનમાં ને મનમાં મુઝાય; એવામાં શું કૌતક કીધું, પોતે વૈકુંઠ રાય. ॥૩૪॥ પ્રભુ

એ મંત્રની માયા ખેંચી,પોતે દેવાધી દેવા;એટલે સૌ લોક દુખીયા થયા હતા તેવાને તેવા. ॥૩૫॥ બેહેરા હતા તે બેહેરા બનીયા, આંધળા થ-યા અંધ; બોબડા બોલવું શીખ્યા હતા તે, બોલવું થયું બંધ ॥૩૬॥ રોગીયા રોગી દુખીયા દુખી, ગર્ભવંતી થઇ ખાલી; જોગી જુઠો ને ધુતારો, એવીજ અફવા ચાલી.॥૩૭॥ ચાલો જઇયે જોગાના પાસે, ઉં-ચું નીચું લોક થાય; જોવા ગયા તો ન મળે જોગી, હાહાકાર વરતાય ॥૩૮॥ બળદેવ ઘરમાં છાંના રડે છે, ઉઘાડું નવ્ય રડાય; કૃષ્ણ પ્રભુનો ભય છે ભારે, કોઇને વાત ન થાય.॥૩૯॥ એટલ જાણી જોઇને આવ્યા, પ્રભુ ભાઇને ઘેર; બ્હારથી બોલાવતા ગયા ઘરમાં, આપતો આનંદ ભેર. ॥૪૦॥ વળણ ॥ પ્રભુ આનંદથી આવીયા, કરતા મુખ પોકાર; કહે વલ્લભ બળદેવ રડે, નીચું જોઇ તે વાર.

———×———

કડવું ૧૫૩ રાગ વદરભીનો.

હવે બળદેવજી નૈણાં ભરે, કરે બહુ આંસુ પાત;પ્રભુ આવી લાગ્યા પુછવા, કેમ રડો છો ભ્રાત. બ૦ ॥ ૧ ॥ પુછે તો બળદેવ બોલે નહી, રડે રૂદીયા ફાટ; અરેરે હવે શું થશે, કહી કુટે લેલાટ. બ૦ ॥૨॥ તવ કૃ-ષ્ણ કહે કહો મુજને, કેવું થયું વીઘન; શી આયફત પડી આપને,કાં શું લાગ્યું લાન્છન. બ૦ ॥૩॥ ત્યારે બળદેવ બોલ્યા એ બંધવા, વાંકુ ભ-વીશ કાહાવ્યું; તમોએ જે કહ્યું મુજને, તેતો આગળ આવ્યું. બ૦॥ ૪॥ જો જો ભાઇ શાન્તી રાખજે, વાત કહુ મુખ કથી;ભય તમારો ભા રે મને, જીભ ઉપડતી નથી. બ૦ ॥૫॥ તવ પ્રભુ કહે કહી દો તમે, જી-વ નથી રેહેતો હાથ;મ્હોટાયે ભુજ બે ઝાલીયા, સાંભળો જદુનાથ. બ૦ ॥૬॥ મને શીખ દીધી તમોએ ઘણી,ત્રણો બાંધતા બંધ;પણ સાચો સ્વા-રથ લાગીયો, થયો લોભમાં અંધ. બ૦ ॥ ૭ ॥ મેંતો જોગીને ઇશ્વર જા-ણીયો, નમતો રહ્યો ચર્ણ; એણેતો લાન્છન આપીયું, કર્યું બેહેનનું હ-ર્ણ. બ૦ ॥૮॥ તવ પ્રભુએ લેલાટ કુટીયું, કરયું કર્મ આ કેવું; ચોરને ઘેર ચોર ફાવીયો, જીવ આપુ કે લેવું. બ૦ ॥ ૯ ॥ એમ કહીને પ્રભુ પ્રથવી પડયા, લાગે બળેદેવ પાય; ભુલ થઇ બહુ માહરી,કરો કાંક ક્ષ-માય. બ૦ ॥૧૦॥ પ્રભુ કહે હવે માંનુ નહિ, એમ માંડીયા ચેન; જો

જીવી જીવાડવો હોયતો, લાવો સુભદ્રા બેહેન. બ૦ ॥ ૧૧ ॥ વળણ ॥ લાવો ભગની માહરી, તો મટશે કલપાન્ત; નહિતો નવા જુની થશે, પાડો ઝટપટ શાન્ત.

કડવું ૧૫૪ રાગ ઝુલણાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, આદ્ય પરવ મહીમાય. ॥૧॥ કૃષ્ણ કહે મારી ભગની લાવો, નહી તો ત્યાંડું દેહ. તમોને જોગીયે દીકરો આપ્યો,લાવો રમાડુ તેહ.॥૨॥ બળદેવજી કહે દીકરો મુઓ, એવે આવ્યું ગામ લોક, રોગાયા સૌ હતા તેવા થયા, એમ પાડે છે પોક. ॥૩॥ જોગી ધુતારો જાદુવાળો, કેવો મ્હોટો સીદ્ધ થયો; જદુકુળમાં લાન્છન દીધું, ભગનીને લેઈ ગયો ॥૪॥ બળદેવજી કહે જાદવ મ્હારા, અષ્ટ દીશાયે જાવો;એક પોહોરની રજા આપુછું, ચાહ્ય ત્યાંથી શોધ લાવો. ॥૫॥ એટલે છુટયા છપ્પન કોટી, હાથ ગ્રહી હથીઆર; કૈ ચાલ્યા ચરણ કૈ ઉંટ ઉપર, કૈ બેઠા તો ખાર. ॥૬॥ બળદેવજી ઘર આગળ બેશી,ઘનશામને સમજાવે; ઓવિરા તમે કલેશ ન કરશો, હમણાં સોધજ આવે, ॥ ૭ ॥ તમારૂં કહ્યું અમે ન માન્યું, ઘેર કર્યો ઉતારો; અમે તો ત્યાગી માન્યો તો, તમે માન્યો તો ધુતારો. ॥૮॥ પ્રભુ કહે શીખામણ દૌ તે, સદાયે રાખજે યાદ; ત્યાગ કરિ વ્યવહારમાં વસે, તે ઢોંગી નીરવાદ. ॥૯॥ વળી જાતી કજાતી જોયા વણ, શેવા કરે જન જેહ;સુકીતતેનું ધોવાઈ જઈને,નર્કવાશી થાય તેહ॥૧૦॥ વીપ્રનો સુત સન્યાશી હોયે,મુકત ઇમ્નારત્ના જ્યારે;શાસ્ત્રનાં કહ્યા પ્રમાણે તેને, અન વસ્ત્ર દેવું ત્યારે. ॥૧૧॥ તે વણ વીશેશ શેવા ન કરવી, નારીયે ન જવું પાસ; તેથી મન તેનું વીમળ થાયે,વ્રત કર્યું તેણે નાશ. ॥૨॥ તે દોશ લાગે તારૂણીને, નગ્રમાં ન દેવો વાસ; વીપ્ર વિના અન્ય વરણથી તો, કરવો નહી અભ્યાસ. ॥૧૩॥ વ્હેવાર તજ્યો તે વ્હેવારે છુટયો, પછી તેને શીલાજ. મ્હોટાઈ દેખાડે અજ્ઞાનીયોને; મુરખ માને માહારાજ ॥૧૪॥ નાતનાં જાતનાં માતનાં તાતનાં, ખોટાં કરી નીસરે; તેતો પ્રાણી બીજા કોઇનું, કેમ ખોટું નવ કરે. ॥૧૫॥ વ્હાલાનું ખોટું કરી વહે વાટે, તે કોનું મુકે બાકી;મોક્ષને અરથે નીકળ્યો હોયતો વનમાં વસે સુખ તાકી. ॥૧૬॥ સંસાર તજી સંસારમાં આવે, તેને શ્વા-

રથ કોઇ રીતે; તે વણ શા સારૂ તે આવે, સમજો ન્યાયને પ્રીતે ॥ ૧૭ ॥ વેહેવારપર થઇ અરૂચી તેથી, વહેવાર દીધો ત્યાગી;તો પછી વ્હેવારમાં શીદ આવે, આવેતો મતલબ લાગા. ॥૧૮॥ મતલબ વીના કદી ન આવે. વ્હેવાર લેત વેહેવારી; વનમાં વનફળ જળ ખાવા સહુ દેછે ગીરધારી. ॥૧૯॥ વસ્તી તજી વસ્તીમાં આવે, કાં મહતાને સારૂ; મનમાં હોયે કે દેવલ બાંધી, રાખુ સદા નામ મ્હારૂં. ॥૨૦॥ કરૂ ભંડારને બ્રહ્મભોજન, તેથી નામના વધે; મહાનંત થઇ ગાદીયે બીરાજુ, ગુરૂ ગણાવું બધે. ॥૨૧॥ વળી કેવરાવું ચમતકારિ, વળી પુંજાવું ચરણ;શેવા કરશે શવક લોકો, બહુ પ્રાણી આવશે સરણ. ॥૨૨॥ વિવિધના ભોજન મળવાનાં, એવું ઢોંગીના મનમાં; એવું ન હોય તો વ્હેવાર તજી, કેમ વશ્યો નહી વનમા. ॥૨૩॥ એ બળદેવજી માનજો સાચું, એમ કર્યો ઉપદેશ; હળધારી કહે ધન્ય છે વીરા, શંકા રહી નહી લેશ. ॥૨૪॥ એવામાં યાદવ સોધે ગયેલા, ફરી ફરી પાછા આવે;કૃષ્ણ ન ચેતે તેવી રીતે શેશને સાન બતાવે. ॥ ૨૫ ॥ એવામાં બે જાદવ ગયા, અરજુનનો રથ જ્યાંય, તેમણે જોયું આઘા રહીને, બેઉને દીઠા ત્યાંય. ॥૨૬॥ જાણ્યું કે જો જઇને ઝાલીયે તો, જોગી છે જાદુવાળો; પશુ બનાવે કે અંધ બનાવે, જોયો છે વીદ્યાનો ટાળો. ॥ ૨૭ ॥ જોગીના જેવા જાદુવાળા, આપણી જુગજીવન; તેમને જઇને લાવીયે તેડી, એમ વીચાર્યું મન. ॥૨૮॥ તે બેઉ ચાલ્યા નગ્રમાં આવ્યા, લાવ્યા છૈએ સોધ; પણ ભગનીને પરણ્યો છે જોગી, બળદેવને થયો ક્રોધ. ॥૨૯॥ ઉઠો મ્હારા વીઠલ વીરા, કરીયે કાળો કેહેર; પ્રપંચ કરી પરણ્યો કન્યા, મારી નાંખીયે ઠેર. ॥૩૦॥ એટલે ઉઠયા અંતરયામી, જાદવ છપ્પન ક્રોડ; એક લાખ શાઠ શહસ્ર એકાશી, પ્રભુના પુત્રની જોડ. ॥૩૧॥ હળધારી હથીઆર લેઇને, બેઠા રથની માંય; સહુ દોટા દોટ કરતા આવ્યા, જોગી ઉભો છે ત્યાંય. ॥૩૨॥ આગળ પાછળ ઘેરો ઘાલી, કોટ વળી સહુ ઉભા;સુભદ્રાને પરણેલી દેખી, ક્રોધે ભરાણા સુબા. ॥૩૩॥ કૃષ્ણ કહે મોહોટાભાઇ સુણો, આપણ અળગા રહીયે; જાદવને પુત્રો હણે એને, નહી તો પક્ષે થઇએ ॥ ૩૪ ॥ એમ કહી બેઉ અળગા ઉભા, પ્રભુ વીધા વચન;જાવો જઇ રથને ફોઇ લાવો, એરે પ્રદુમાન તન ॥૩૫॥ તવ પ્રદુમાને ફરશા લીધી, રથમાંથી ઉતરીયો; રક્તલોચને સુર ભરેલો, જોગી કને પરવરિયો. ॥૩૬॥ જૈને અડીયો રથે ચડીયે., ક્રોધ છે અંતસકરણ;ઘોડાના અઘોડા ઝાલી,જોગીને નાંખ્યો ધરણ. ॥૩૭॥ સુભદ્રા સહીત રથ લાવ્યો, કૃષ્ણ પ્રભુની

પાસ; એટલે બીજા રથમાંથી એમાં, બેઠા શ્રી અવીનાસ. ॥૩૮॥ જઈ પ્રદ્યુમાન પોતાને રથે, બેઠો ગ્રહી હથીઆર; શુભદ્રાની પ્રત્યે બોલ્યા,હળધારી તે વાર. ॥૯॥ સત્ય બોલ ભગનિ ઉઠયો છે અગ્ની, જોગી ઉભો તને લાવી; કે તું તાહરીજ ખુશીથી જોગીનિ જોડે આવિ. ॥ ૪૦ ॥ શુભદ્રા કહે મારશો નહી,જોગી બીચારો રાંક;એને શી ખવિને હું નાઠી, નથી ત્યાગીનો વાંક. ॥૪૧॥ બળદેવજી કહે ધિક્કાર ભગની, નીચું ઘલાવ્યું અપાર;શુભદ્રા કહે નથી નીચું,નથી ગઇ નાત બાહાર. ॥૪૨॥ છે જોગી શુત ક્ષત્રા કેરા, કુન્તાજીના તન; પાન્ડવ કુળમાં હું પરણીછું, અરજુન નામ પાવન. ॥ ૪૩ ॥ એટલે બોલ્યા બળભદ્રજી, કૃષ્ણ વીરા વિચારો;વ્હાલામાં વીકટ કામ કીધું, પાન્ડવને ઠેર મારો. ॥૪૪॥ સગાયે દગા દિધા આપણને, લાજ જરા નવ ધરીયે; પાંચે મારી ન પાન્ડવી પ્રથવી, જગતમાંથી કરીયે. ॥ ૪૫ ॥ કૃષ્ણે કહ્યું કે કોના એ સગા,કીધો કપટથી કેહેર; શું જુઓ છો જાદવ મ્હારા, મારી નાંખો ઠેર. ॥૪૬॥ તવ શુભદ્રા છાનીમાની, કૃષ્ણને કરગરતી: હેવાતણ માહારૂં શીદ ખુઓ છો,વિનય વચન ઓચરતિ.॥૪૭॥ વિરા તમે મુજને પુછયું'તું, તવ મેં કહ્યું તું એમ;જોગી પરણવાનું બોલી, માર્યો તમાચો ન કેમ. ॥ ૪૮ ॥ ધાર્યું કરવા દૈ કનડો છો, ઓરે શ્રી ગોપાળ; કૃષ્ણ કહે તારા જોગીનો, નહી કરૂં વાંકો વાળ. ॥ ૪૯ ॥ શુભદ્રા કહે વારૂ વિરા, તુજ વંશ વૃદ્ધા થાજો; બળદેવ માહારૂં ઘર ભાગે છે, તેથી જડામુળ જાજો. ॥ ૫૦ ॥ એવામાં હોકારો કરીને, બોલ્યા દિનાનાથ;શું જુઓછો જોગીને મારો, ઉંચો કીધો હાથ. ॥૫૧॥ શુભદ્રા કહે આ શું બોલો છો, દાબ્યો પ્રભુએ ચરણ;બળદેવ કહે કૃષ્ણ વિરા, કરીશ બેહેનનું મરણ. ॥૫૨॥ પ્રભુ કહે બેનને નવ કેહેશો,શું ભગનિનો વાંક; બાવાને લાવિ ભુરકી નખાવી,તેથી વશ થઇ રાક. ॥ ૫૩ ॥ જોગીને લાવ્યા ભગની સોંપી, વાંક તમારો માનો;ભુરકી નાંખેથી વશ થઇએ,તેમાં એનો વાંક શાનો.॥૫૪॥ એમ કહી બળદેવને વાર્યા, ઉશ્કેર્યા જાદવ જોધ; અરજુનજીને ઓછુ આવ્યું,કોણ લેશે મુજ સોધ. ॥ ૫૫ ॥ વળણ. ॥ એમ જાણી રડતો ઘણું, દગા ભરેલ દયાળ; વલ્લભ વદે અરજુનને, પડી પેટમાં ફાળ.

કડવું ૧૫૫ રાગ મધવનનો.

મારા ગદાધારણ ગુણવાનરે,ભાઈ આવો;માહારી જતી રહી છે શુધ ને સાનરે, ભાઇ આવો. ટેક. યોગી કરિ તમે વન વિશે કાડયો, તીરથ યાત્રા કરિ સારિરે;પંપાસરોવરે પુર્વના લેખે,પરણ્યો અપછરા બે નારીરે. ભાઇ. ॥૧॥ ત્યાંથી હું આવ્યો દ્વારિકાં નગરિ, મળ્યા અસરણાસરણરે;વચને બાંધી મને લૈ ગયા ગામમાં, કરાવ્યું ભગનિનું હરણરે. ભા૦ ॥૨॥હવે સાંમા શતરૂ થઇ ઉભા છે, જાદવ પાસે મરાવેરે; સૌને ઉસ્કેરી આયુધ ઝલાવ્યાં,ક્ષય મારો કરાવેરે. ભા.॥૩॥ભીડ વેળાના ભીમશેનભાઈ,મુજ નેત્રે આંશુની હેલીરે; અનેક વચમાં એક ઘેરાયો, મ્હારૂ નથી કોઈ બેલીરે. ભા૦ ॥ ૪ ॥ આજ જમ જેવા જાદવ ભાસે છે, ભય મુજ મનમાં થાય રે; સમળી સીચાણા કારમા બોલે, મને ધરતી તો ખાવાને ધાય રે. ભા૦ ॥ ૫ ॥ બંધવ હોય તે દુખડાંના બેલી, વિઘન તમે નિવાર્યાંરે; લાખાભોવનનિ લાહ્યમાં લાગ્યા ત્યાંથી તમે ઉગાર્યાંરે. ભા૦ ॥ ૬ ॥ વનમાં રહ્યા ત્યાંથી દહિતોયે ચોર્યા, ત્યાંથી તમે છોડાવ્યારે; એક ચક્રામાં વિપ્ર ઉગાર્યો, નિત્યના છ જીવ બચાવ્યારે.ભા.॥૭॥ યુદ્ધ કરૂ પણ એકલો હું છું,નથી માહારે રથનો આધારરે;પાછો પડુ નહી પણ મુજ પાસે એક નથી હથીઆરરે. ભા૦ ॥૮॥ હથીઆર વણ તમે બકરાક્ષને, બહુ બળથી હણીયોરે; ત્યાંથી નિકળી આગળ જાતાં, મળ્યો ગાન્ધર્વ રણીયોરે. ભા૦ ॥૯॥ એમ સંભારતાં સાંભરી આવ્યાં, અભંગ રથ હથીઆરરે; મને વચન અંગારકે આપ્યું છે, ભય નવ્ય ધરૂં લગારરે. ભા૦ ॥૧૦॥વળણ॥ હથીઆર સાંભર્યાં એટલે, ધર્યું અંગારકનું ધ્યાન, વ્યાસ વલ્લભ મુખ ઓચરે, કરતો હરતો ભગવાન.

કડવું ૧૫૬ રાગ સવૈયાની ચાલ

વૈશમપાયે એણીપેરે બોલ્યા શુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું,આદ્ય પરવ મહીમાય.॥૧॥ સમરણ કીધું અંગારકનું, વચની પુરૂશ નવ ચુકયો, અક્ષ ભાથો ગાંજેવ નામા, ધનુષ સૈતરથ મુકયો.॥૨॥ તેવોજ અરજુન રથ પર ચઢીયો, ઝોળી તુમડું ફેંકી દીધું, ઘોડાના અછોડા ઝાલ્યા,ધનુશ હાથમાં લીધું. ॥ ૩ ॥ બાણને ભાથો ભેરવ્યો ખાંધે, ધનંજય થયો ત્યાર; ગાંજેવ નામા ધનુશ ચઢાવી, બળમાં કર્યો ટંકાર.

॥૪॥ તેનો શબ્દ ત્રીલોકમાં પોહોચ્યો, ડોલ્યા દશે દીગપાળ; ધરણ લાગી ધ્રુજવાને, ખળભળ્યું પાતાળ ॥૫॥ પછી મુછે હાથ નાંખ્યો, બોલ્યો મુખ વચન; હવે કરવું હોય તે કરો, ઓરે જુગજીવન ॥૬॥ એટલે કોપ્યો પુત્ર પ્રદુમન, પહેલો ઉપાડયો હાથ એટલે આયુધ લઈને તુટયો, જાદવનો સહુ સાથ. ॥૭॥ માર માર કરતા પાછા ન ફરતા, ક્રોધાતુર થઈ દ્રષ્ટી; મેઘ જળ વરસે તેવી કીધિ, આયુધ કેરિ વ્રષ્ટી. ॥ ૮ ॥ અરજુનજીયે બાણ માર્યા, અગણીતાં અપરમપાર; પણ જાદવો બહુ બળ કરતા, કૈંકે અતી હથીઆર, ॥ ૯ ॥ અરજુન પન્ડે એકલો તે, કયં કયાં દ્રષ્ટી રાખે; એક તરફ એ યુદ્ધ કરે તો, બીજા વીંધી નાંખે. ॥ ૧૦ ॥ તેથી અરજુન કાયર થયો, કામજ કેવું કીધું. અગણીતો મંત્ર ભણીને, બાણ મોહાસ્તર લીધું. ॥૧૧॥ ફેરપુંદડી ફરિને ફેંકયું. બહુ બળમાં બાણ એક;અગણીતામંત્ર વડે તે, બાણ થયા અનેક. ॥ ૧૨ ॥ તેણે સહુનિ રૂદીયા ભેદી, પ્રાણજ ઊંચા ચડીયા, યુદ્ધમાં જેટલા ઉભા રહેલા, તેટલા સરવ પડીયા.॥૧૩॥ મુરછાંગદ બે ભાનમાં પોહોડયા, જોયું દ્વારીકાં નાથ; બે ભાઇ સામો અરજુનજીએ, મુછે નાંખ્યો હાથ. ॥ ૧૪ ॥ આવો યુધ કરવું હોયે તો.થઇજાવો તઇઆર; તે સાંભળીને બળભદ્રજી કોપ્યા અપરંમપાર. ॥૧૬॥ હળ મુશળ લઇને હલાવ્યું, ચક્ર લીધું જુગધીસે;હળધર કહે હળમુશળથી, જોગીનું છેદુ શીશ. ॥૧૭॥ ચક્ર રેહેવાદો ચતરૂભુજજી, પ્રભુ બોલ્યા ક્રોધ ભેર; તમે મારો જોગીજીને,હુંમારૂ જાદવકેર. ॥૧૮॥ બળદેવ કહે આમકેમબોલો, વાંકવિના જદુરાંક; પ્રભુ વધા વણ વાંકે મારોછો, જોગી તણો શો વાંક. ॥૧૯॥ બળદેવ કહે બોલે વીચારિ, ઓરે અસરણા સરણ; આપણા કુલમાં લાંન્છન આપ્યું, કીધું બેહેનનું હરણ. ॥ ૨૦ ॥ કૃષ્ણ કહે તમો સાંભળો વીરા, આપણી લીધી કંન્યાય, પણ પુરણ વીચાર કરીને, હું કરૂ મ્હારો ન્યાય. ॥૨૧॥ ધણીક પ્રેમદા હું લાવ્યો તે, કોણે મને પરણાવ્યો; જ્યાં મોહ લાગ્યોને સારી દીઠી, ત્યાંથી હરણ કરી લાવ્યો ॥ ૨૨ ॥ કોઇને ત્યાં કરીયે જેવું તેવું, આપણ ઘેર કોઈ કરે. વ્હેવાર એવો વિશ્વ તણો છે, માટે મ્હારૂં મન ડરે. ॥ ૨૩ ॥ ગર્ગના ઘરમાં ચોરીયો કીધી, હું શ્રી નંદકીશોર, તો તેનું ફલ તેવુ લૈયે હોય ચોરને ઘેર ચોર. ॥૨૪॥ બળદેવ કહે તું છે સલામાં,તેંજ કરાવ્યું હરણ; તવ કહ્યું જાવો મેં કરાવ્યું, બોલ્યા અસરણા સરણ. ॥૨૫॥ બળદેવજી આયુધ પછાડી, રીસાઇને ગયા ઘેર;અરજુનને જઇ ચરણે લાગ્યા,ભુદરજી ભાવ ભેર. ॥૨૬॥ અરજુન-

જી કહે જાવો માહારાજા, દગાખોર જદુરાય; ખરેખરા મારા હાથદીઠા, ત્યારે આવી પડયા પાય. ॥૨૭॥ પ્રભુ કહે તમે એમ માનો, બોલી સુભદ્રા વચન;કૃષ્ણ પેહેલેથી હતા સલામાં, એ સાસુના તંન. ॥ ૨૮ ॥ અરજુન કહે બોલો પ્રભુજી, ટળે માહારો વેમ; સલામાં હતા તો આટલું બધું, યુદ્ધ કરાવ્યું કેમ. ॥૨૯॥ કૃષ્ણ કહે હથીઆર તમારાં, હતાં ગાન્ધરવની પાસ; તે મંગાવવા તમપર કીધો; આટલો બધો ત્રાસ. ॥૩૦॥ પારથ કહે વારૂ મહારાજા, એવે જાદવ ઉભા થાય; પ્રભુને પાયે પડતા જોઈ,સરવે આવી પડયા પાય. ॥૩૧॥જુગધીશે જોગી વેશ ઉતરાવ્યો,ઉતરાવી નાંખ્યા કેશ, વસ્રને આભુષણ પેહેરાવી, ધરાવ્યો ક્ષત્રી વેશ. ॥૩૨॥ વાજતે ગાજતે ગામમાં લીધાં. ઊતાર્યા ઘેર હરી; અરજુનને કહ્યું ઇંદ્રપસ્તમાં, લખો કંકોતરી. ॥૩૩॥ અરજુને કંકોતરી લખી, મોકલી પોતાના ઘેર;સૌ સાંભળતાં સદેવે વાંચી, જાણી પુરણ પેર. ॥૩૪॥હસ્તીનાપુર કાહાવ્યો સંદેશો, ભીશમ વીદુરને સાર; તેથી સતીયા જાનમાં જાવા, આવ્યા તેણીવાર. ॥ ૩૫ ॥ દ્રોણ કૃપાચાર અશ્વસ્થામા, આવ્યા ઇંદ્રપસ્ત ગામ;કૌરવોએ ખબર જાણી, દાજે બળ્યા તમામ. ॥૩૬॥ પાન્ડવ નીકળ્યા જાન લઇને,દ્વારીકામાં પરવરીયા,કૃષ્ણ પ્રભુએ આપ્યો ઉતારો, જાનૈયા ત્યાં ઉતરીયા. ॥૩૭॥ માત ભ્રાત અરજુનને મળીયાં, બોલ્યા શ્રી ભગવાન;લગ્નનો દીવસ ઉત્તમ આજે,દેઈશું કન્યાદાન॥૩૮॥ એમ કહિ જઈ મંડપ માંડયો. વરવા આવ્યો [illegible] તન; સુભદ્રા લાવી પધરાવી, પરણાવે જુગજીવન ॥૩૯॥ ગોર ગરમાચાર જાદવ કેરા; પાન્ડવના કૃપાચાર; વીધી પ્રમાણે લગ્ન કરાવે, દે દાન જુગદાધાર. ॥ ૪૦ ॥ ॥ વલણ ॥ કન્યાદાન દે કૃષ્ણજી, સાંભળે સૌ શ્રોતાય, દાન દીધે વલ્લભ વદે, તેને તે ફળ થાય.

―――○―――

કડવું ૧૫૭ રાગ રોહણીનો.

ત્યાંતો સમે વરતે સાવધાન, શોભા ઘણેરીરે; ત્યાંતો કૃષ્ણજી દે છે કન્યાદાન, શોભા ઘણેરીરે ॥ ૧ ॥ ચોરી પેહેલું મંગળ વરતાય. શો. તેમાં ગાયોનાં દાન અપાય. સો. ॥ ૨ ॥ ચોરી બીજુ મંગળ વરતાય. શો. તેમાં દાસીનાં દાન અપાય. સો. ॥૩॥ પછી ત્રીજુ

મંગળ વરતાય. સો. તેમાં પ્રથિવનાં દાન અપાય. સો, ॥૪॥ ચોરિ ચો
થુ મંગળ વરતાય. સો. તેમાં બંડાર સહીત અપાય. સો. ॥૫॥ પછી
વરકન્યા જમ્યારે કંસાર. સો. આપ્યો છેડે સહામણુ હાર. સો. ॥૬॥
પછી રૂપીઆ વીંટીઓ રમાય. સો. લાગ્યા વરકન્યા ગાત્રજને પાય.સો.
॥૭॥ વળણુ ॥ કન્યાદાન દીધુ પ્રભુ કરાવિયા ભોજન; પછી વહેંચે
પેહેરામણી, પોતે જોગજીવન.

કડવું ૧૫૮ રાગ સામેરી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું આદ્ય પરવ મહીમાય. ॥ ૧ ॥ બે રથ આપ્યા ધનના ભરીને, ઉપર કરયો સરપાવ; પછી કહ્યું કુન્તાજીને, માગો જે હોય ભાવ ॥ ૨ ॥ કુન્તાજી કહે જાણજો સદા,ભક્ત ભાવે મને દાસ; એટલે ધરમને પુછવા લાગ્યા, પોતે શ્રી અવિનાશ. ॥ ૩ ॥ તમ જોગ મુજથી નથી અપાયું, માટે માગી લો આજ; ધરમ કહે કાંઈ માગવું નથી, મેહેર રાખો મહારાજ. ॥૪॥ એટલે પુછ્યું અરજુનજીને, માગો જે મન તમ તણું; અરજુનજી કહે મેદાન વાશે. મને આપ્યું છે ઘણું. ॥ ૫ ॥ એટલે પુછ્યું શેદેવજીને, માગા લ્યો સપુત સભાગી; શેદેવ કહે કરૂણા રાખો, માગનારો લેશે માગી. ॥૬॥ એટલે પુછ્યું નીકુળને, પોતે અંતરજામી; નિકુળ કહે ઓરે માહારાજા, કાંઇ નથી રહિ ખામી. ॥ ૭ ॥ તવ ભીમસેન બડબડવા લાગ્યો, શું જસ લેશે મોરાર; નવ્ય જમે તેવા જનને, દે નહોતરૂં નવ વાર, ॥૮॥ કેમ મને કાંઈ પુછતા નથી, એવે આવ્યા જગપતી; વ્રકોદર તમે કાંઈ માગા લ્યો. તમ જોગુ અપાયુ નથી. ॥૯॥ ભીમ કહે ખરૂં છે માહારાજા, હમણા કર્યો ઘર ત્રાપો; ગાયો ચારતાં ઘર ગામ વાસ્યું, ગરીબ તે શું આપો. ॥ ૧૦ ॥ પ્રભુ કહે તમે શું માગોછો, ઓરે વાયુ કુવાર; પવન પુત્ર કહે જરા બેસો, કરવા દો વિચાર. ॥૧૧॥ એટલે ધરમે પગ દબાવ્યો, કુન્તાએ કરી સાન; જોજે ગાંડા બોલતો કાંઇ,તોલ કરે ભગવાન. ॥ ૧૨ ॥ ભીમે કહ્યું પ્રભુ માગવું નથી, ઓરે અસરણા સરણ;માહારી માએ આપ્યો કાહાડી; ધરમે દબાવ્યો ચરણ. ॥ ૧૩ ॥ પ્રભુએ કહ્યું કોઈ ન વારો. વારે તેને માહારી

આણુ; એટલે સરવે રજા આપી, તવ વદ્યો ભીમ વાણુ. ॥ ૧૪ ॥ એ માહારાજા હું માગુ તે, આપો જાદવરાય, આજથી મ્હારા કુળ કુટંબમાં દિકરિ કોને ન થાય. ॥૧૫॥ તથાસ્તુ કહ્યું ત્રીલોક નાથે, બોલીયા ધરમરાય; અરે મુંઢ તેં આ શું માગ્યું, કુળમાં નહિ કન્યાય. ॥ ૧૬ ॥ એક કન્યાનું દાન દેતો, સસ યગ્ન ફળ થાય;શું સમજીને એવું માગ્યુ, ભીમ વદયો તવ ત્યાંય. ॥૧૭॥ આવા મ્હોટા દ્વારીકાં પતી, તે પણ પડીયા પાય;તેમ મ્હારે પાયે પડવું પડે,જો હોય પેટ કન્યાય ॥૧૮॥ ધરમ કહેગતિ વીનાનો;હવે નહી ઉપાય,પછી માગી પ્રભુની પાસે, પાન્ડવોએ વીદાય ॥ ૧૯ ॥ તવ જુગધીસે જાન વળાવી,સુભદ્રા સહીત સાર; ચાર દહાડા આસરે રહીને, ગઈ દ્વારીકા નિરધાર ॥ ૨૦ ॥ વરસ દીવસ એને વીત્યો કુન્તા કહે કોઇ જાવો; સુભદ્રાને આણું કરિને આપણે ઘેર તેડી આવો. ॥૨૧॥ ધરમ કહે મ્હારૂ નામ ન દેશો તવ કુન્તા કહે એમ; જેઠ હોય તે તેડવા જાએ, કાં તું કે કાં ભેમ. ॥ ૨૨ ॥ તવ ભીમ કહે લ્યો હું જાવું, અરજુનથી છું વડો, કુન્તાજી કહે ન મળે તુને, ખાધા બોલ્યાનો ઘડો. ॥૨૩॥ ભીમ કહે વેવિશાળમાં તો, સહુ કરિયે વિચાર; સુભદ્રાને પુછી જોજે,ઠબકો નાવે લગાર. ॥૨૪॥ તવ કુન્તા કહે જાવો બેટા, શુભ સુરાના સાથી; વસ્ત્ર પેહેરિને ગદા લીધી, બેઠો વ્રકોદર હાથી. ॥૨૫॥ દ્વારીકા ગયો ગજશાળામાં, ગજ મુકયો તે વાર;પછી પ્રભુના ઘર ભણી ચાલ્યો,જાણ્યું જુગદાધાર. ॥૨૬॥ મશ્કરી કરવા મોહનજીએ,ઉઠાડયાછડી દ્વાર; જાણીને બંધ કરાવ્યાં પોતે, પોતાના દરબાર. ॥ ૨૭ ॥ રૂક્ષમણીની પાસે માગ્યું,કરવાને ભોજન; માળ ઉપર થાળ લેઇને બેઠા, જમવા જુગજીવન. ॥૨૮॥ એવે આવ્યો પ્રભુને ત્યાં, વાયુ નંદન ભેમ;બંધ છે દરબાર માન્ય વિનાતો, ઘરમાં જઇએ કેમ.॥૨૯॥ એવું જાણી આંટા મારે; પ્રભુ સબડકા બોલાવે;મશ્કરી કરવા સબડકેથી,ભીમનું મન લલચાવે, ॥૩૦॥ ભીમે જાણ્યું જમવા બેઠા છે. પોતે પુરૂશ પુરાણી; સબડકો સાંભળી ભીમસેનના, મ્હોમાં ભરાયું પાણી. ॥૩૧॥ લલચાયો તે ધીરે રહીને,ઠેલ્યું પ્રભુનું દ્વાર; એટલે કોણ છે કોણ છે કેહેવા, લાગ્યા જુગદાધાર, ॥૩૨॥ અજીઠે હાથે બારીએ જોયું, ભીમને કહ્યું પધારો; એટલે માળ ઉપર ભીમ ગયો, આઉકાર દીધો સારો. ॥૩૩॥ હાથ ધોઇને હરજી ઉઠયા, પ્રેમે દીધું આસન; કુશળતા સરવેની પુછી, પોતે જુગજીવન. ॥ ૩૪ ॥ કીંકર પાસે કરાવી પથારી, ઉઠો કુન્તી તન; હશો થાકયા પાકયા તમે તો,સુખે કરો સયન. ॥ ૩૫ ॥ ભીમે જાણ્યું ભુખે મુઓ કુ-

જાકળી બોલ્યો વચન; ગોવિંદ ગાયો ચારી જાણો, ઓરે દેવકી તન. ॥૩૬॥મેમાનગતિ તમે શું જાણો, ગાયો તણા ગોવાળ; પ્રભુ કહે એમ કેમ બોલોછો, તવ વદ્યો સતી બાળ. ॥૩૭॥ ખાધા પીધાનો ભાવ ન પુછો, એ નહિ રૂડાની રીત;માગ્યા વિના તો માયે ન પીરસે, બોલ્યા પ્રભુ પુરી પ્રાત. ॥૩૮॥ પછી ગોવીંદ ઘરમાં ગયા,બોલાવી સઘળી નારી; જાણ્યુ કે આજ લાગ આવ્યો, વિચાર્યું શ્રી ગીરધારી. ॥૩૯॥ થોડું ખાધાથી પ્રેમદાઓએ પાડયુંપાશેરીઓ નામ;ભીમભેગો જમી ખો ભુલાવું, એમ ધાર્યું ઘનશામ. ॥૪૦॥ સૌ સુંદરીને આજ્ઞા આપી, ખાલી ન રહેશો કોઇ; જેને જેવી હોયે ઇચ્છા,તેવિ કરો રસોઇ. ॥ ૪૧ ॥ રૂક્ષમણી કહે ઓરે પીયુજી, મેમાન આવ્યા છે એક; તે ખાઇને કેટલું ખાશે, તમે પાશેરીયા છેક. ॥ ૪૨ ॥ પ્રભુ કહે ટેવ ભુલાવુ સહુની, પાશેરીઓ નવ કહો; સૌ સુંદરી કહે વારૂ મહારાજા, તેને તે નામે ન રહો. ॥૪૩॥ રસોઇ કરશુ ને વધશે તો, બાંધશું તમારી કોટે; પ્રભુ કહે પાશેરીયો એવું, લાવવા ન દેઉ હોઠે. ॥ ૪૪ ॥ એમ કહિને આજ્ઞા આપી, રસોઈ કરતી નારી; જુદાં જુદાં જમણ કીધાં, ભોજનની થૈ ત્યારી. ॥ ૪૫ ॥ એટલે બોલ્યા અંતરયામી,ઉઠો સતી સંતાન; નીચે નાવણમાં જળછે તે,કરો લેઇને સ્નાન. ॥૪૬॥ ભીમે જાણ્યું કે ખવરાવવું છે. સુદ્ધબુદ્ધી ગીરધારા; પણ જાણી જોઇ કકળાવવાને, મશ્કરી કીધી મ્હારી. ॥૪૭॥ માટે એમની મશ્કરી કરૂં,ભીમ વદ્યો વચન; થાકેલો છું તે નીચે આવી, જળ દો જુગજીવન. ॥૪૮॥ શરીર ચોળીને નવરાવો, તોતો ઉતરે થાક; હશીને કૃષ્ણે કહ્યું ચાલો, એમા નહી જાય નાક. ॥ ૪૯ ॥ વલણ ॥ તવ વ્રકોદર બોલીયો, રાખો કૃપા ભગવાન; વલ્લભ વદે નીચે જઈ, ભીમે કીધું સ્નાન. ॥ ૫૦ ॥

કડવું ૧૫૯ રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન; ભીમ સ્નાન કરી ગયો માળ,બેસવા સોઈ કીધી ગોપાળ. ॥ ૧ ॥ સામા સામી બે બાજઠ ઢાળી,બેઠા એક સ્થળે વનમાળી, બેઉ બાજઠ બે જળ ઝારી,વાડકાવાટકી મીનાકારી. ॥૨॥ મુકયો બાવન ગજનો થાળ, બીજે બાજઠ કુન્તા

નો બાળ; ભીમ કહે ઓ જુગજીવન, તમે ક્યાં કરશો ભોજન. ॥ ૩ ॥ પ્રભુ કહે મને પ્રેમ એવો, ભેગા ભોજન કરીએ તેવો; બોલ્યો વ્રકોદર મુખ એમ, ભેગું જમવું ફાવે કેમ. ॥૪॥ કોઈ ચોખું કે કોઈ ગંદુ, માટે જુદા બેસો દીન બંધુ; પ્રભુ કહે હું હોવું ગંદો, કરૂં જુદા બેસવા ફંદો. ॥૫॥ ભીમ કહે કહુ પાપ ખોલી, હું તો અવળી બોલ્યો બોલી; તમો સુઘટ છો એગુ ભાવે, પણ તમને ખાવું નાહ ફાવે ॥૬॥ સત્ય વદુ છું દીના નાથ. એંઠા થશે નહી તમ હાથ; રહેશો ભુખ્યા એમને એમ, માટે કરો ફાવે તેમ, ॥૭॥ બોલ્યા કૃષ્ણ જમ્યો પુર પાટે, હું તો બેસું છુ તમ માટે; જેમ જમાય તેમ તેમ જમજો, મારી સરવે દારાને દમજો ॥૮॥ તવ વ્રકોદર કહે વારૂ,હવે ખાવાનું જોજો મારૂ;પછી પ્રભુએ કીધો પોકાર,હવે લાવો પીરસણું નાર. ॥૯॥ તવ સકળ નારી આવી, જુદી દાદી રસોઈઓ લાવી,જુદે જુદુ પીરશી ગઈ, પોત પોતાના ધામ મહિ. ॥ ૧૦ ॥ કહે કૃષ્ણજી ઉલટ ધરો, હવે ભીમ બ્રહ્માર્પણ કરો,કહી જળ લીધું મોરારી, તવ ભીમે લીધી જળ ઝારી. ॥૧ ॥ અનમાં રેડી રવડો કીધો, થાળ લેઇ મોઢે માંડી દીધો. ॥૧૨॥ બધું પી જઈ મુકયો થાળ, બુમ પાડી શ્રી ગોપાળ;લાવો પ્રેમદા ક્યાં છે રસોઇ, બધું લઈ આવી સહુ કોઇ. ॥૧૩॥ હતું તેટલું પીરશી દીધું, પાછું રાંધણું ચાલતું કીધું; ચુલા સસળગાવી ઓર્યું અન, ભીમ કરી ગયો ભોજન. ॥૧૪॥ પ્રભુ કહે પ્રેમદા લાવો, ઝટપટ પીરસવા આવો; લાવો લાવો પ્રભુ ભાંખે, કાચુ કાહુ લાવી નારી નાંખે. ॥ ૧૫ ॥ જેવું હોય તેવું ભીમ જમે, તે તો ગોવીંદજીને ગમે;રાંધી રાંધી રામા થાકી, આંખ્યો ફુલ્યામાં ન રહી બાકી. ॥૧૬॥ ધુણી મુકતાં બ્હાણું વાહાય, છાની પડી પ્રભુને પાય; કરી છાની પ્રભુને સાન, હવે ક્ષમા કરો ભગવાન. ॥ ૧૭॥ કદી પાશેરાઓ નહી કહીએ, વારતા સત્ય ધરજો હઇએ; ત્યારે ખુશી થયા દીનાનાથ, એક વાટકામાં ધોયા હાથ. ॥૧૮॥ ભીમ જમવું હોય તેમ જમો, હવે જમી રહ્યા છીએ અમો, ભીમ કહે જોવું છું વાટ,બેસી રહ્યો છું તમ માટ. ॥ ૧૯ ॥ હાથ ધોઈ ઉઠયો શીવદાસ,બેઉ જણ લીધા મુખવાસ; પછી પ્રભુએ ઉલટ લાવી, પોતાની ભગનીને વળાવી ॥ ૨૦ ॥ ભીમ તેડી ગયો આપ ઘેર, નમી કુન્તાને વહુ બહુ પેર;દીધી આશીશ કુન્તા માત,પછી પુછી ભીમની વાત. ॥૨૧॥ ભીમ કહે પુછી જુઓ માડી. નથી આવ્યો નવું નામ કહાડી;તવ કુન્તાએ પુછીયું એમ,કેવી રીતે ત્યાં વરત્યો ભેમ.॥૨૨॥ કહે સુભદ્રા સારી રીતે, રહ્યા હતા પ્રભુ ઘેર પ્રીતે; બેઠા જમવા

જાની પરાયું, સંધાકાળથી વહાણું વાયુ. ॥૨૩॥ સુણી કુન્તાને ચડીયો ક્રોધ, રડયા તુને ન લાગ્યો બોધ; વઘો વ્રકોદર વેમ ખુઓ. કોણ ભેગા જમ્યા પુછી જુઓ. ॥૨૪॥ હુંને કૃષ્ણ જમ્યા એક થાળે, ઘણુ ભોજન કીધું ગોપાળે, આવે જેટલું તેટલું ખાય,મુજથી કેમ મુકી ઉઠાય. ॥૨૫ ॥ માટે બેશી રહ્યો હું જોડે, આખી રાત ખાધું રણછોડે; બોલ્યાં કુન્તા તું સાચો ને શાણો,નથી પ્રભુ મ્હારો અજાણ્યો. ॥ ૨૬ ॥ આખી રૂજની ખાધું તેંતો, તારી કાધી પરીક્ષા મેંતો; ભીમ કહે ખાધુંને ઐએ, પેટ મુકીને શું ત્યાં રહીએ ॥ ૨૭ ॥ એમ કહી રહ્યા એ ત્યાંય, એવે શું બન્યુ હરા ઇચ્છાય; રહ્યો ગર્ભ સુભદ્રા રાણિ; આવ્યા શ્રીમંતે પુરૂષ પુરાણી. ॥ ૨૮ ॥ કરા ગયા વ્હેવાર રિતી. એવિ પાંડવ ઉપર પ્રતી; પછી તેડાવી બેનને ઘેર; દ્વારીકામાં આનંદ ભેર. ॥ ૨૯ ॥ રહી સુભદ્રા દ્વારકાંમતી, એના ગર્ભની શું થઇ ગતી; એના ગર્ભમાં કોનો અંશ; મુળ હસ્તિના કુળના વંશ. ॥૩૦॥ તેની કહુ તને કથાય, ચીત્ત રાખીને સાંભળ રાય; મુળ ચંદ્ર તણો અવતાર, પછી અ[illegible]રનો પરીવાર. ॥ ૩૧ ॥ વળણ ॥ પરિવાર એ અશુરનો,તેની કહુ કર[illegible] ; વ્યાસ વલ્લભ વાણી વદે, સાંભળજો શ્રોતાય ॥ ૩૨ ॥

———×○×———

કડવું ૧૬૦ રાગ ધના[illegible]રી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, આધપરવ મહીમાય. ॥ ૧ ॥હેદાનવ મેદાનવ નામે, બળવંત બે અસુર;તેમાં હે દાનવ મહા બળીયો, દુષ્ટમની ભરપુર. ॥૨॥ તે બેઉને મારેલા પ્રભુએ, ગર્ભવંતી એની નારી,અસુર ગામમા જઇને વશેલી,પુત્ર થયો બળે ભારી. ॥૩॥ હૈલોચન નામ એનું પાડયું, પંચ વરસનો થયો; એટલે વિદ્યા ભણવા ગુરૂ ઘેર,પાટી લેઇને ગયો.॥૪॥ એવે મારગમાં મળી ડોશી,ઠેશ વાગી ઢળી ધર્ણ; રડયો નબાપો કયાંથી આવ્યો, થાજો એનું મર્ણ. ॥૫॥ હૈલોચન કહે ઓરે ડોશી, મુને પુછયાનો પ્રેમ;ગાળ દેવીહોય તો વળીદેજો,કહ્યો નબાપોકેમ.॥૬॥ એટલે ડોશી એવું બોલી, કયાં છે તારે બાપ, બાપના મારનારને નવમારે, તો તું દિકરી આપ.॥૭॥જા જઇ પુછી જો તુજ માને, તે તને કહેશે પેર; હૈલોચન એવું સાંભળીને, ગયો પોતાને ઘેર. ॥ ૮ ॥ જઇ જનેતાને પુછવા

લાગ્યો;શોગન દઇને આપ;ઓરે જનેતા તુતો ખરી પણ;બતાવ્ય મ્હારો બાપ. ॥ ૯ ॥ તવ તે રાક્ષણી રડી પડી, મોઢેથી શબ્દ ઉચ્ચોર્યો, બળવંતો બાપ તુજ તણો તે, દ્વારીકાંધાશે માર્યો. ॥ ૧૦ ॥ તવ હૈલોચન એ ચુંબોલ્યો, જાવું એ કૃષ્ણને ઘેર; ગમે તેમ કરીને મારૂ,તાત તણું લેઉ વ્હેર.॥૧૧॥એવો આકળો થઇને ઉઠયો.માતાએ ઝાલ્યો હાથ; ઓ દીકરા તુ ધિરજ રાખી, સાંભળ મ્હારી વાત. ॥૧૨॥ બળીયા સાથે બાથ ન દીજે, સમજી બેસો ઘેર; આપણ દાન્નવ એ છે દેવો, ચાલે અનાદી વ્હેર. ॥ ૧૩ ॥ વળણ॥ વ્હેર અનાદી આપણે; કેટલીક વ્હેરી જાત; તે સમજાવું તુજને, એમ વદે છે માત,

---

કડવું ૧૬૧ રાગ ઊછળતી ચોપાઈ.

વૈશણુપાયે બોલ્યા વચન, સાંભળ જનમેજે રાજન. ॥૧॥ સાંભળ બેટા સાચું સમજાવું ,આનાદી વ્હેર તુને બતાવું. ॥ ૨ ॥ આદ્ય વ્હેર સલાટને સલ્યા, આદ્ય વ્હેર ઉદરને બલ્યા. ॥ ૩ ॥ આદ્ય વેહેર દરજી કાપડુ, આદ્ય વેહેર સુથાર લાકડું, ॥ ૪ ॥ આદ્ય વેહેર જોગી ને જતી, આદ્ય વેહેર ગુણકાને સતી. ॥ ૫॥ આદ્ય વેહેર અંધારૂને તેજ, આદ્ય વેહેર મામો ભાણેજ. ॥૬ ॥ આદ્ય વેહેર વીંછુને વંદો, આદ્ય વેહેર રાહુને ચંદો. ॥ ૭ ॥ લોઢુ લુવાર તે વહેર બહુ, આદ્ય વહેર સાસુને વહુ. ॥ ૮ ॥ આદ્ય વેહેર કૈરવ પાન્ડવા, આદ્ય વેહેર દેવને દાનવા. ॥ ૯ ॥ આદ્ય વેહેર તીમીરને પ્રકાશ, આદ્ય વેહેર દિનતાને ત્રાસ. ॥ ૧૦ ॥ એ વાંતો આદ્ય વેહેર છે બહુ, ઓરે કુંવર તુજને શું કહું. ॥ ૧૧ ॥ માટે વઢવા જાવું નથી, ગોવીંદની છે અકળ ગતી. ॥ ૧૨॥ અનેક રિતે એ ધરે રૂપ, છેતરશે તને વૈકુંઠ ભુપ. ॥ ૧૩ ॥ કુંવર કહે સાંભળ માડી, નહી બેસી રહુ થઇને અનાડી. ॥ ૧૪ ॥ એમ કહીને એ નીકળીઓ મહા દેવનું તપ કરવા પળીઓ. ॥૧૫॥ શીવાલય એક દીઠુ સહી, આસન વાળી બેઠો તહીં. ॥ ૧૬ ॥ થોડે દહાડે રીઝ્યા ભોળાનાથ, પ્રગટ થઈ શીશ મેલીયો હાથ. ॥ ૧૭॥ માગ્ય માગ્ય માગે તેહ આપુ, બાળક તારૂં કષ્ટજ કાપુ. ॥ ૧૮ ॥ તવ હઇલોચન મુખ ઓચરે, દ્વારીકાંધીશ મ્હારાથી મરે. ॥ ૧૯ ॥ એટલે શંભુ એમ ઓચરે, કૃષ્ણને હાથે જા તું મરે ॥ ૨૦ ॥ હઇલોચન તવ બોલીઓ એમ, અવળું વરદાન આપીયું કેમ

॥૨૧॥ તપ કરી કઇલાશ ડોલાવું. તમારી પાસે સવળુ બોલાવું ॥૨૨॥ શીવ કહે બતાવું વીવેક, મજબુત પેટી લઇ આવ્ય એક, ॥૨૩॥ તવ હઇલોચન વનમાં ગયો, કાષ્ટ શોધવા અળગો વહયો, ॥૨૪॥ બોરસલી એક વ્રક્ષ છે સાર, ઓત્રાનો છઠો અવતાર. ॥૨૫॥ તે બોરસળી નાંખી જ કાપી, વીશ્વકર્માને ઘડવાજ આપી. ॥૨૬॥ તેણે પેટી મજબુત ઘડી, સવાસો મણ લોઢે જડી. ॥૨૭॥ બાવન કુંચી છપ્પનને ભેર, પેટી બનાવી મેર સમેર. ॥૨૮॥ તે લેઇને હઇલોચને ગયો, માહાદેવે પાસે ઉભો રહયો. ॥૨૯॥ તે પર શીવ સરનામુ કરે, પેહેલો પેટીમાં પેસે તે મરે. ॥૩૦॥ તવ હઇલોચન રાજી થયો, પેટી લેઇને પંથે ગયો, ॥૩૧॥ દ્વારીકાં ભણી ચાલ્યો અસુર, ક્રોધે ભરાયો છે ભરપુર. ॥૩૨॥ તવ તે જાણી પ્રભુએ વાત, સામા જવું ધાર્યું સાક્ષાત. ॥૩૩॥ વળણ ॥ સામા જાવું ધારીયું, વિશ્વ તણો જે ભુપ;વદે વલ્લભ એ મારગે, આવ્યા વિપ્રને રૂપ.

કડવું ૧૬૨ રાગ ઊપરનો.

મારગે આવી ઉભા જગ ભુપ, ભગવાને ધર્યું બ્રાહ્મણ રૂપ. ॥ ૧ ॥ માંથે બાંધિ ધોળી પાઘડી, ડાભે કર ઝાલી લાકડી. ॥૨॥ ચાર છેડે પહેરી છે ધોતી, બગલમાં મારિ છે પોથી. ॥૩॥ પાઘમાં દિધું ટીપણું ખોશી જુગજીવન બનીયા છે જોશી. ॥૪॥ લેલાટે તો ભસ્મજ ચોળી, ડાબી ખાંધે ભરાવી છે ઝોળી. ॥૫॥ જમણા હાથમાં તુંબીનું પાત્ર. ગોવીંદે ધરિયું ઘરડું ગાત્ર. ॥૬॥ વૃદ્ધ માટે આંખે નવ સુજે, ચામડી લટકેને થરથર ધ્રુજે, ॥૭॥ દંત પડયાને ડાચાં મળીયાં,મોઢે ને માથે ઉગ્યાં છે પળીયાં. ॥૮॥ કમ્મરમાંથી બેવડ વળ્યા, મારગમા અસુરને મળ્યા. ॥૯॥ ગાજી બોલ્યા પુન્ય શ્લોક, ઓ જજમાન કહી મેલી પોક. ॥૧૦॥ ઓરે હેદાનવ જજમાન, એ શબ્દ સાંભળ્યો કુંવરે કાન. ॥૧૧॥ પાસે જઇને પુછીયું એમ, મારાજ રડોછો કોને ને કેમ. ॥૧૨॥ એટલે બોલીયા સુંદર શામ, જા ભાઇ તારે શું પુછયાનું કામ. ॥૧૩॥ હેદાનવ હતો મુજ જજમાન. તેને મારી ગયો છે ભગવાન. ॥૧૪॥ ક્રષ્ણ કાળાએ મારીયો ઠેર, ન લેઇ શકાયું મુજથી વેર; ॥૧૫॥ હેદાનવની ભાર-

જા જેહ, ગર્ભવંતી નાશી ગઇ તેહ. ॥ ૧૬ ॥ એનું કેવું વધ્યું ધરસુત્ર, ન જાણુ આવી પુત્રી કે પુત્ર, ॥ ૧૭ ॥ હૈલોચને વિચાર્યું તે ઠોર, સાચે સાચા છે મુજ ગોર. ॥૧૮॥ એવું સમજી વધો વચન, હું તમારા જજમાનનો તન. ॥૧૯॥ એટલે હશી બોલ્યા દિનાનાથ, ચાંપ્યો કુંવરને રૂદિયા સાથ. ॥૨૦॥ બેટા તું મ્હોટો થા હવે, વેહેરે વેહર લેવું આ ભવે. ॥૨૧॥ કુંવર કહે ઓ માહારાજ, વેહેર લેવાને જાવું છું આજ. ॥ ૨૨ ॥ જુઓ પેટી પર અક્ષર જેહ, માહાદેવજીએ લખીયા તેહ. ॥ ૨૩ ॥ માટે પેટી લઇ જાવું તહીં, કાળાને ઉચકી ઘાલીશ મહી. ॥૨૪॥ તવ મોઢુ મરડયું જુગધિશ, નહીં નહીં કહીને ધુણાવ્યું શીશ. ॥૨૫॥ બેટા નજ ઇશ દ્વારીકાં મતી, આ પેટીમાં એ માવાનો નથી. ॥૨૬॥ કુંવર કહે એ કેવડો, પ્રભુ કહે તારા જેવડો. ॥૨૭॥ હૈલોચન કહે હું માઉ એવી, ગોર તમોને લાગે છે કેવિ. ॥૨૮॥ પ્રભુ કહે કામ કરિયે જેહ, પેહેલેથી ટાળીયે સંદેહ, ॥૨૯॥ પેટીમાં તું પેશી જો તન; હું અડકાવિ જોવું પાવન ॥૩૦॥ પછી આપણે બે જણ જઇએ, કૃષ્ણને ઉચકી ઘાલી દઇયે. ॥૩૧॥ કુંવરનું માન્યુ અંતસકરણ, પેટી મુકી માંથેથી ધરણ. ॥૩૨॥ ઉઘેડીને મહી મુકીયો ચરણે, ટગટગ જુએ અસરણાસરણ. ॥૩૩॥ એવે કુંવરને આવ્યો વિચાર, મારિ માયે મુને ટોકયો અપાર. ॥૩૪॥ કહ્યું હતું કે કપટી એ ભુપ, ધરે છે જુદાં જુદાંજ રૂપ. ॥૩૫॥ માટે કદી કપટીજ હોય, હાલ હેતેશ્વી ન જાણવો કોય. ॥૩૬॥ એમ જાણી પગ કાઢયો બહાર, પેટી શીશે લીધી તે વાર. ॥ ૩૭ ॥ નહી બોલ્યોને પંથે પળ્યો, કૃષ્ણ બોલ્યા કોઇ કપટી મળ્યો. ॥ ૩૮ ॥ ઓરે હે દાનવ જજમાન; તમવીના હું થયો હેરાન. ॥૩૯॥ નાહાનાં છોકરાં મશ્કરી કરે, તમોને મારનારો મરે. ॥૪૦॥ એમ કહી તુમડું નાંખ્યું ફોડી, પોથી પાઘડી નાંખી છોડી. ॥૪૧॥ ધરણ ઢળીને ચરણ ઘસે, મોઢે રડેને મનમાં હસે, ॥૪૨॥ પોકાપોક કરીને રડે, તવ કુંવરને વિશ્વાસ પડે. ॥ ૪૩ ॥ પાછો વળીને આવ્યો તે વાર, પેટી, મુકી કર્યો નમસ્કાર. ॥૪૪॥ મેં જાણ્યું કાળા કપટી તમો, તેથી મારગ ઝાલ્યો અમો. ॥૪૫॥ લ્યો પેટીમાં પેસું મ્હારાજ, નીશ્ચે કરિને જઇએ આજ. ॥૪૭॥ વળણ ॥ એમ કહીને પેટીમાં પેઠો દૈતનો બાળ; વલ્લભ વદે તવ બંધ કરી, પેટી શ્રી ગોપાળ.

કડવું ૧૬૩ રાગ ઊપરનો.

બોલ્યા વઇશમપાય વચન,સાંભળ પરીક્ષત રાયના તન. ॥૧॥ પેટી અડકાવી ગોપાળ,અકળાયો અસુરનો બાળ. ॥૨॥ આઘા જઈ ઉભા ઘનશામ,હૈલોચન મુખ બોલ્યો તે ઠામ. ॥ ૩ ॥ ગોર મહારાજ હસો ન તમો, પેટીમાં અકળાઇએ અમો. ॥૪॥ તવ બોલ્યા દેવકી સંતાન, સાભળી લેજે કુંવર કાન. ॥ ૫ ॥ કોણ ગોરને કોણ જજમાન, કાળીયો કપટી હું ભગવાન. ॥ ૬ ॥ સાંભળી કુંવરને ચઢી રિસ, શાનુ નામ ધર્યું જુગદીશ. ॥ ૭ ॥ કપટ કેરૂં કરયું તે કામ, મીથ્યા ધરયું છે દયાળું નામ. ॥ ૮ ॥ કયારે જાણું તને જુગદાધાર, એકવાર મુને કાઢી જો બાહાર. ॥ ૯ ॥ કયારે જાણું દ્વારીકાં નાથ, એક વાર વઢીયે બાથો બાથ. ॥ ૧૦ ॥ કયારે જાણું સારંગ પ્રાણ, એકવાર વઢીયે ધનુશને બાણ- ॥ ૧૧ ॥ કયારે જાણું ત્રીલોકનો ધણી, એકવાર વઢીયે ભાલાની અણી ॥૧૨॥ કયારે જાણું દેવ મોરાર, એકવાર વઢીયે ઢાલે તલવાર. ॥ ૧૩ ॥ એવું સુણિ બોલયા જુગદીશ,મીથ્યા શીદ પાડેછે ચીસ. ॥ ૧૪॥ જીતી બાજી કેમ હારીયે, ગોળે મરે વિખે શીદ મારીયે. ॥૧૫॥ માટે છાનામાના મહીં મરો, હોય જોરતો પેટમાં કરો. ॥ ૧૬॥ તવ હૈલોચન કોપીયો છેક, પેટીમાં મારી લાત એક. ॥૧૭॥ એટલે પેટી ગગન ચડી,આકાશ જઇને હેઠી પડી. ॥૧૮॥ ફરી લાત મારી તે તન, પાછી પેટી ચઢી ગગન. ॥ ૧૯ ॥ પાછી આવિ હેઠળ પડી, ત્રીજી લાતે ત્રીજી વાર ચડી. ॥૨૦॥ તે પાછી આવી પડી ધરણ, ઉપર બેઠા અસરણા સરણ. ॥ ૨૧ ॥ તોયે પેટી ઉછળી ગજ ચાર, તવ મુકયો ચૌદ બ્રહ્માંડ ભાર. ॥૨૨ ॥ એટલે થઇ અસુરની હાણ, હૈલોચનનો નિકળ્યો પ્રાણ. ॥૨૩॥ ખોળીયેથી જીવ જુદો થયો, પણ પેટીમાં ભમતો રહ્યો. ॥ ૨૪ ॥ સપડાઇ ગઈ છે પેટી અતી, તેથી જીવ બહાર જાતો નથી. ॥૨૫॥ પછી ઉભા થયા દ્વારીકાં ભુપ, હતુ તેવું ધર્યું કૃષ્ણનું રૂપ. ॥૨૬॥ ઉપરાણાનું ઉઢાણું કરી, પોતે પેટી લેઇ મુસ્તક ધરી. ॥ ૨૭ ॥ ઉચકીને ગયા દ્વારીકા માંય, ગયા પોતાના મ્હેલ છે ત્યાંય. ॥ ૨૮ ॥ નારીઓયે દિઠા જગધિસ, કાંકઉપાડી

લાવ્યા છે શીશ. ॥૨૯॥ અમુલ્ય વસ્તુ લાવેલા આજ, માટે ઉચકી પોતે મહારાજ. ॥ ૩૦ ॥ એમ જાણી દેતિ આઉકાર, આવો આવો કહેછે સઉ નાર. ॥ ૩૧ ॥ પણ કોઇને ત્યાં ઉભા ન રહ્યા, ચાલી સુભદ્રાને ઘેર ગયા. ॥ ૩૨ ॥ વળણ॥ ગયા ભોવન ભગની તણે, પોતે શ્રી ગોપાળ; કૃષ્ણ કહે એ બેનડી, આ મુકુ તુજ માળ.

કડવું ૧૬૪ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણિપેર બોલ્યા; સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, આદ્યપરવ મહીમાય. ॥૧॥ સુભદ્રાને સાતમે માળે, મુકી જુગદાધાર; કુંચીયો તેનિ બહેનને સોંપી, દિધી શીખ અપાર. ॥૨॥ સાંભળ ભગની વારત વગની, ખપ પડીયે આવશું અમો; પેટી મુકી છે તે કોઇ કાળે, ઉઘેડશો નહી તમો. ॥૩॥ ઉઘેડશો તો ઉતપાત થાશે, જાતે પામશો દુખ; સુભદ્રા કહે નહી ઉઘેડું, એમ કહ્યું શ્રી મુખ. ॥ ૪ ॥ પ્રભુ પોતાનેઘેર પધાર્યા, વિત્યાદન દસ બાર, અષ્ટ પટરાણી પ્રભુ કેરી, મળી કર્યો વિચાર. ॥૫॥ તે દહાડે પ્રભુ શું લાવ્યા છે, પેટીમાં સંતાડી; ચાલો બેહેનને ઘેર જઇને, આવિયે ખબર કહાડી. ॥ ૬ ॥ એમ વિચારી ઉઠી આઠે, ગઇ નણંદને ઘેર; સુભદ્રા કહે આવો ભાભી, કીધી અમપર મેહેર. ॥ ૭ ॥ રૂક્ષમણી કહે મેહેર તમારી, અમપર જોઇએ બેહેન; એમ કહીને પાસે બેઠી, તે પછી માંડયાં ચન. ॥૮॥ રૂક્ષમણીયે દિધી કંચુકી જાંબુવંતીએ વાળી; સતભામાએ સાળુ આપ્યો, દીધી જણશો રૂપાળી. ॥ ૧૦ ॥ પોત પોતાને ફાવે તેવું, આપ્યું આઠે નારી સુભદ્રા કહે શુ છે આજે, કહો મને વાત વિસ્તારી ॥ ૧૧ ॥ રૂક્ષમણિ કહે શેજ સ્વભાવે, આપ્યું છે શું ઘણું; તમથી અમારે કોણ છે બીજું, તમે માનો જુદા પણું. ॥૧૨॥ બેહેન કહે જુદાપણું હું, રાખતિ નથી લગાર; રૂક્ષમણી કહે ખરૂ હોયતો, સાંભળો એક વિચાર. ॥ ૧૩ ॥ તમારા ભાઈ પેટી લાવ્યા છે, તે દેખાડો અમને; શુભદ્રા કહે કહી ન દેશો, ચાલો દેખાડુ તમને. ॥૧૪॥ એમ કહી કુંચીઓ લેઇ ચાલી, સહુ સંગ સાતમે માળ; બાવ-

ન કુચી છપ્પન ભેરો, ફેરવી છે ત્રન્ન કાળ. ॥૧૫॥ એવે બગાસુ બેહેન ને આવ્યું, પેટી ઉઘેડી જે વાર;પ્રાણુ પેટીમા ભમતો હતો, તેમોહોમાં પેઠો નીરધાર. ॥૧૬॥ સુભદ્રાના પેટમાં પેશી, ગર્ભમા કીધો વાસ; પછી બરોબર પેટી ઉઘેડી, તેમાં કીધો તપાસ ॥૧૭॥ જોયું તો મહી મડદુ દીઠું, સકળ અબળા ધ્રુજી;રૂક્ષમણી કહે ઢાંકીરાખો, તમારા ભાઇની પુંજી. ॥૧૮॥ સુભદ્રાએ અડકાવી દીધિ, નારીઓ ગઇ નીજ ધામ; માંહોમાંહે કહે મદડુ નઠારૂં લાવ્યા હશે શું કામ. ॥૧૯॥ જનમારાના છે ખટપટીયા, આપણા પ્રાણુ જીવન;અરેરે નકામી ખોઇ જણુશો, જેમ તેમ વાળ્યું મન. ॥૨૦॥ સુભદ્રાના ગર્ભ વીશે. અસુરનો થયો વાસ; તેથી ગર્ભ તે તોફાન કરે એવે થયા દસમાસ, ॥૨૧॥ પણ પુત્ર પ્રશવતો નથી, દેછે દુખ અપાર; આડો ફરકે અવળો ફરકે,કરે પાટુ પ્રાહાર. ॥૨૨॥ એમ કરતાં અગીઆર થયા, થયા છે માસ બાર;તેર થયાને ચૌદ થયા પણ, જનમે નહી કુંવાર. ॥૨૩॥ પંદર સોળને સત્તર થયા, બેઠો અઢારમો માસ; સુભદ્રાતો ગર્ભને દુખે, ઘણો પામી ત્રાસ, ॥૨૪॥ હરાય નહી ફરાય નહી, બેઠાં નવ રેહેવાય; હાથ પગ દોરડી પેટ ગાગરડી,રાત્રીયે નીંદ્રા ન થાય. ॥૨૫॥ ખાવુ ન ભાવે ઉંઘ ન આવે. થઇ ગઇ બેહાલ; જીવ્યાની કોઇને નથી આશા; મરે આજ કે કાલ. ॥૨૬॥ સગાં વાહાલાં સહુ જોવા આવે, દુખદાયક છે અતી; જાણી જોઇને કૃષ્ણપ્રભુ, જોવા આવતા નથી. ॥ ૨૭ ॥ અષ્ટાદસ માસ થવા આવ્યા, જેણીવાર, ત્યારે ખબર જોવા આવ્યા, પોતે જુગદાધાર. ॥૨૮॥ સુભદ્રા કહે સાબાશ વીરા, જોવા ન આવ્યા ધરમે; કૃષ્ણ કહે કે દુખ પામો છો, તમે તમારે કરમે. ॥૨૯॥ શા સારૂ પેલી પેટી ઉઘેડી, ના કહ્યા છતાં તમો, તે ઉઘેડયાનું ફળ મળ્યું છે, તેમાં શું કરીયે અમો, ॥ ૩૦ ॥ દુખ નીવારણ કરૂં તમારૂ, કહુ તે સાંભળી લેજો, સાત કોઠાની વીદ્યા ભણુંછું, તેમાં હુંકારો દેજો. ॥૩૧॥ તે સાંભળીને ગરભે જાણ્યું, ભણવા જેવી વીદ્યાય; તોફાન મુકી શીખી લેવું, એમ ધારી સ્થીર થાય. ॥૩૨॥ કૃષ્ણ પ્રભુએ પોથી છોડા, સાંભળે સુભદ્રાય; ગરભ પેટમાં સ્થીર રહ્યો તેથી અતિ સુખ થાય. ॥૩૩॥ કોઠા વીદ્યા વાંચવા લાગ્યા, ગરભ શીખી લે છે; દુખ નીવારણ સમજી સુભદ્રા, મુખે હુંકારો દેછે,॥૩૪॥ઘણા

દાહાડાના ઉજાગરા છે, મીચાયાંલોચન; છ કોઠ લગી વીદ્યા વાંચી, પોતે જુગજીવન. ॥૩૫॥ ભગનીને તો ઉંઘતાં દેખી, બોલ્યા કરીને ધંધ; ઓ ભગની તમે ઉંઘવા માંડ્યું, પોથી કરૂંછું બંધ. ॥૩૬॥ ઉદરમાંથી ગરભ બોલ્યો, પુરૂ કરો હીત તાકી, છ કોઠાની વીદ્યા ભણ્યો પ ગુ, એ કજ રેહેછે બાકી. ॥૩૭॥ મોહન કહે મળ મુત્રમાં, રહી શું ભણે વીદ્યાય; આવ્ય બારણે ભણાવુ તને, તે બહુ સફળ થાય. ॥૩૮॥ ગર્ભ કહે એક વરદાન આપો,તો તો બારણે આવું;ગર્ભમાં વીદ્યાનું જ્ઞાન થયું તે, આવીને ભુલિ ન જાવું. ॥૩૯॥ જીવને ગર્ભમાં જ્ઞાન રહે છે, બારણે ભુલી જાય; માટે ભુલુ નહી તેવું વરદાન,આપો જાદવ રાય. ॥૪૦॥ પ્રભુ કહે જા છ કોઠાની, નહી ભુલે વીદ્યાય;ગર્ભે કહ્યું મોક્લો દાશીને, પ્રશવ મ્હારો થાય. ॥૪૧॥ એટલે ઉઠીને ગયા પ્રભુ, મોકલી દાશીઆર;નક્ષત્ર અભીજીત વેળા, અવતરીયો કુંવાર. ॥૪૨॥ તવ થઇ જાગ્રત શુભદ્રા, વરત્યો જેજેકાર; ઇંદ્રપ્રસ્તમાં પત્ર લખીયો, માહાશુભસમાચાર. ॥૪૩॥ પુન્ય દાન પાન્ડવે કીધાં, આનંદ ઓચ્છવ થાય; બંધી જનોની બંધી છોડી, હરખ્યા ધર્મ કુંતાય. ॥૪૪॥ વૈશમપાયે બોલીયાતુ. સુણ પરિક્ષત તન, આદ્યપરવ સંભળાવ્યું તુને, મન્ડાણુ પર્મ પાવન ॥૪૫॥ વીધી પ્રમાણે દાન દેતું, તે પછી બીજુ પર્વ; કરો પ્રમારથ પર્મ અરથે, તજીને મનનો ગર્વ. ॥૪૬॥ બ્રહ્મ ભોજન સવા લક્ષ કરાવ્યું, જનમજે રાજાન; સવાસો વીપ્રને ઉપવીત દીધાં,સવાસો કન્યા દાન.।૪૭। સવાસો બ્રહ્મપુરીયો આપી, અન ધન પુર્ણ ભરીને; સવાસો ગૌદાનદિધાં, કૃષ્ણારપણ કરીને. ॥૪૮॥ જનમેજેને લાગી હતી, હરાઢ બ્રહ્મ હત્યાય; તવ એક પરવે એક ઊતરી, તેનુ પ્રમાણ દેખાય. ॥૪૯॥ હરાડ કાળા પડદા બાંધ્યાતા, હરાડ કાળી ગાય; હરાડ ઢગલા કાળા તલના, તેમાં એક સ્વેત થાય. ॥૫૦॥ કાળા તલના ધોળા થયાને, કાળીધોળી થઈ ગાય; કાળો પડદો ધોળો થયો, પ્રત્યક્ષ તે દેખાય. ॥૫૧॥ એવો મહીમા એ કથાનો સાંભળો શ્રોતા જન; જાણ્યે અજાણ્યે પાપ થયું હોય ટળી થાય પાવન. ॥૫૨॥ કથા સાભળી પરવે પરવે, કરવું જોઇએ પુન્ય; ગ્રહસ્થ હોયે તો તે પરમાણે,ગરાબને કાંઈ પુન્ય.॥૫૩॥ વીશેશ નહીતો એક પરવે, એકજ બ્રહ્મ ભોજન; તેમ ન ફાવેતો પોશાણુ જેટ

લું, આપી દેવું અન.॥ ૫૪॥ ઉપવીત જોટા એક શોપારી વિપ્રને અ-
રપણ કરવી;જનોઇને કન્યાદાન દીધાની ઉરમાં ઉર આદરવી.॥૫૫॥
શ્રદ્ધા વડે શ્રવણ કરા, ધરવું હરીનું ધ્યાન; આસતી જનને તે ફળ મ
ળે,રીઝે શ્રી ભગવાન.॥૫૬॥ શ્રોતા વક્તા સહુ થાય શુખી, આવે ની-
તિને જ્ઞાન; બીજું ત્રીજુ કાંઇ ન ખોળે, તે ભક્ત વીદુર સમાન. ॥૫૭॥
॥ વળણ ॥ આદ્ય પરવ પુરણ હવું, પોહોચ્યા મનના કોડ; વલ્લભ વદે
શ્રોતા સહુ,બોલો જે જે શ્રી રણછોડ.॥ રણછોડ રાયકી જે.

આદ્ય પર્વ સમાપ્ત.

સભા પર્વ.

કડવું ૧ રાગ સામેરી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, શભા પરવ મહીમાય. ॥૧॥ યજ્ઞ કથા છે આ પરવમાં, સાંભળશે જન જેહ; શ્રદ્ધા પ્રમાણે દાન કરતો,યજ્ઞનું લે ફળ તેહ.॥૨॥ નાસ્તીકને આસ્તા નવ બેસે,સુણી સોધે સંદેહ;દધિ તક્રનું તત્વ કીયું છે, ખરૂ ન ખોળે એહ.॥૩॥તક્રના કુચા તળે પડેને ઉપર માખણ હોય; ઉંડો હાથ ઘાલી લે કુચા, માખણ લે જન કોય. ॥૪॥ કથા રૂપી તો કુચા જાણો,માખણ મોહન લીલા;તે નહી લેતા કુચા કાઢે,દુષ્ટ અજ્ઞાની ન્હીલા. ॥૫॥ વીદ્વાન પણ દેખાડવાને, નીરોથી પ્રષ્ણ પુછે;ફલાણા રાજાના તાતનુંને,સસરાનુ નામ શું છે.॥૬॥પોતે ન જાણે પોતાની દસમી.પ્હેડીના તાતનું નામ;તો વક્તાપરનું કયાં જાણે,દો પુછનારને ડામ.॥૭॥નામ પરાયાના જાણવાથી,શું એનું કલ્યાણ; જય કારક જગદીશ શોધવા, વક્તા વદે સત્ય વાણ. ॥૮॥ હાસ્યવનોદી વચન નાંખ્યા,સાકર ઘ્રતનો લાડુ; કળયુગે કૃષ્ણ નામ કડવું,,લાડુમાં ઘાલી ખવાડુ. ॥૯॥માટે સંદેહ ધર્યા વિના, સાંભળવા કથાય;કૌરવ કેરો પાન્ડવ કેરો, જોવો ન્યાય અન્યાય. ॥૧૦॥ કોની છે નિતી કોની અનીતી, કેને કેવા ફળ મળીયાં,તે સાંભળતા શુભ મારગ સ્હાશે તે જનનાં ભાગ્ય ભળીયાં.॥૧૧॥ભક્ત તણી ઘણી ભીડ ભાગી, પાન્ડવ ધર્મ પવીત્ર.આડુ અવળુ જોયા વિના, જોવાં શ્રી કૃષ્ણ ચરીત્ર. ॥૧૨॥ સુભદ્રા ને સુત આવ્યો રૂપ રૂપનો ધામ; અભીજીતમાં અવતર્યો તે, અભેમાન પાડયું નામ. ॥૧૩॥ નવરાવે ધવરાવેને ઉછેરે, ત્રણ માસનો એ થાય, એક દન પ્રભુનિ પાશે સુવાડી, સુભદ્રા બીજે જાય.॥૧૪॥ પ્રભુએ લેલાટ ભાણેજનું જોઈ,જ્ઞાન ગ્રહ્યુ મન સાથ; અરાઢ વરસનો થાય તો મ્હારૂ, મ્રત્યું આને હાથ. ॥૧૫॥ દ્વારીકાં મારી ઉજડ કરે, લેશે ધરે નહી લાજ, સ્વર્ગ મ્રત્યું પાતાળનું કરે, સત વરસ લગી રાજ. ॥૧૬॥ અવું જાણીને સામળીઆએ, સર્પ મુકયો સોડમાંય; અભીમન્યુએ હાથમાં ઝાલી, કટકા કીધા ત્યાંય. ॥૧૭॥ સાપની વલે તે આપની વલ, નીશ્ચે કર્યું ભગવાન;ઠીક છે આગળ જોઇ લેઇશું, વારતા રાખી ધ્યાન.॥૧૮॥પછી ઘણા દન વહી ગયા છે,એવે લખ્યા એક પત્ર:

ઇંદ્ર પસ્તમાં મોકલ્યો તમે, તેડવા આવજો અત્ર.॥૨૯॥પ્રભુ પ્રતાપે પુત્ર થયો છે, મોકલીયા સમાચાર; પાન્ડવોને પત્ર પ્હોચ્યો, વરત્યો જય જય કાર. ॥૨૨॥ કુન્તાજી કહે ભીમ બેઠા, દ્વારીકાં નગ્ર જાવો; ભોજાઇ ને ને ભત્રીજાને, તમે જઇ તેડી આવો. ॥૧૨॥ એટલે ઉઠયો વાયુનો નંદન, શુભ શુરાનો સાથી,તૈઆરી કીધી ગદા લીધી, બેઠો જેમંગળ હાથી. ॥૨૨॥ દ્વારીકાં આવ્યો ધામ પ્રભુને, દીધો પ્રભુ આવકાર; સુત સુભદ્રાએ ઉછંગ મુકયો, હરખ્યો ભીમ અપાર. ॥૨૩॥ છબી જોઇને આનંદ પામ્યો, દીધો આશીર્વાદ કેવો; મસ્તકે હાથ ફેરવી કહ્યું, થાજે તું મ્હારા જેવો. ॥ ૨૪ ॥ શુભદ્રા કહે એમ ન કહેશો, જો તમ જેવો થાય, તો તો મ્હારા ભોગ મળ્યા, તોફાન કેમ વેઠાય. ॥ ૨૫ ॥ પાછી પ્રભુએ કર્યું જીઆણુ, બેનને કીધાં વિદાય; તેડીને ભીમ ઘેર આવ્યો, ખુશી થયા કુન્તાય. ॥ ૨૬ ॥ આનંદ ખુશીથી સહુ રહ્યાં, વાધ્યું ભલુ ઘર શુત્ર; એમ કરતાં થયો પંચ વરસનો, અભેમન્યુ જે પુત્ર ॥ ૨૭ ॥ એવામાં એક દીવશ આવ્યા, વેદમ વ્યાસજી જેહ; કુન્તાજીએ માન્ય દીધું. આનંદ પામ્યા એહ. ॥ ૨૮ ॥ વ્યાસજી બોલ્યા કુન્તા પ્રત્યે, તુને પ્રસન વનમાળી, છત ને છોકરાં સઘળું ત્હારે, તું બહુ ભાયગ શાળી. ॥ ૨૯ ॥ ધરમ ધ્યાન છે પુન્ય ને દાન, નથી નિતિમાં ખામી; પણ પામ્યો છે અવગતીને, પાન્ડુ રાજા તુજ સ્વામી. ॥ ૩૦ ॥ પ્રેત રૂપે ફરે પ્રથ્વી વીશે, તે તુજને ધીક્કાર, સપુત તાતની સુત હોય તો, કર કંથનો ઓદ્ધાર. ॥ ૩૧ ॥ એટલે કુન્તાને આંસુ આવ્યાં, એ દુખ શી રીતે વામે; આપ બતાવો તે કારજ કરૂં, સવામી સગતીને પામે.॥૩૨॥ વ્યાસજી કહે સાંભળ બાઇ, થાય તારૂં મન મગ્ન; સ્વામીને સ્વર્ગની પ્રાપ્તી થાવા; કર રાજ સોઇ યજ્ઞ. ॥ ૩૩ ॥ [illegible]ન્તાજી કહે શું શું કરવું, એ યજ્ઞમાં કામ; શી શી વિધી શી શી રિતી, બતાવો તે તમામ. ॥ ૩૪ ॥ વ્યાસ કહે કામ મ્હોટાં, તે કરવાને ધારો; પછી પ્રભુ બતાવશે બધું, પાન્ડુનું પાપ નીવારો. ॥ ૩૫ ॥ પ્રથમ પહેલું કામ બતાવું, કૃષ્ણને લાવવા તડી; તે સઘળું કાજ કરવા લાગે, દુખડા દેશે ફેડી. ॥ ૩૬ ॥ ઘડ લંકાથી લાવવું સોનું, બીજુ કામ એ સાર; ત્રીજુ કામ છે કઠીણ ઘણું, પણ કરશે મોરાર. ॥ ૩૭ ॥ પાતાળ જૈ કાળી નાગ કનેથી, સવરાટ મંડપ લાવો, ચોથુ કામ છે સ્વર્ગ વીશેથી કામ ધેનું મંગાવો. ॥ ૩૮ ॥ પાંચમા કામમાં બ્રાહ્મણ લાવો, વિદ્વાન વીસ હજાર; છઠ્ઠું કામ છે સર્વેથી ભારે, વિધન વંત

અપાર. ॥ ૩૯ ॥ સરવ જીવોના બંધ છોડાવો, જ્યાં જ્યાં ક્ષત્રીનો દેશ; મનુશ કે પશું પક્ષીને, બંધન ન રહે લેશ. ॥૪૦॥ પોપટ ન રહે પાંજરા વીશે, ગાય ગળે નહી ગાળો; જે જે પ્રાણીને બંધન હોયે, તે તે બંધન ટાળો. ॥ ૪૧ ॥ કહ્યા છતાં કોઇ છોડે નહી તો, યુદ્ધ..કરવું તે સાથ; કાં મરવું કે કાં મારવો પણ, ધારેલી કરવી વાત. ॥ ૪૨ ॥ એટલા કામો કરવામાં કાંઇ, પુછવું પડે પ્રષ્ણ; તો તો તે પુછતો પ્રભુને, બતાવશે શ્રી કૃશ્ણ. ॥ ૪૩ ॥ એમ કહી અંતર ધ્યાન થયા, પોતે વેદમ વ્યાસ; કુન્તાજીએ રડવા માંડયુ, મન અતી ઉદાસ. ॥ ૪૪ ॥ તે વાત જાણી પાંચે પુત્રે, આવીને પુછયું એમ; ઓરે જનેતા વિઘન વિના, કલ્પાન્ત કરો કેમ. ॥૪૫॥ કુન્તાજી કહે શું પુછોછો, ઓ મ્હારા કુવાર; તમ તાત સદગતી પામ્યા નથી, મમ જીવતર ધીક્કાર. ॥ ૪૬ ॥ તેવો ધિક્કાર તમોને સઉને, ઓરે મ્હારા તન; સદગતિ પમાડવા કરો યત્ન, તો મ્હારે લેવું અન. ॥ ૪૭ ॥ રાજ સોઇ યજ્ઞ કરીએ તો, મોક્ષ ગતીને પામે; પ્રેત થઇ પ્રથવીમાં ફરે છે; તે પ્રેત યોની વામે. ॥ ૪૮ ॥ યજ્ઞના છ કામ વ્યાસજીએ જે કહ્યાં તે કહી બતાવ્યાં, તે કામ કરવા ધારો તમે, કહી આંસુડાં લાવ્યા ॥ ૪૯ ॥ ॥ વળણ ॥ કુન્તા આંસુ લાવીયાં, માઠું લાગ્યું મન; વ્યાસ વલ્લભ એમ ઓચરે, સુણજો શ્રોતા જન.

——×——

કડવું ૨ રાગ ધવળ ધનાસરી.

બોલ્યા વૈશમપાયે વચનજી, સાંભળ જનમેજે રાજનજી; જોયાં કુન્તાને રડતાં જ્યારેજી, ધર્મે વિચાર કીધો ત્યારેજી. ॥ ટેક ॥ ધરમરાયે વિચાર કીધો, યજ્ઞ કરવો ઘેર, પ્રથમ હું કામ માથે લેઉ તો, બીજા લેશે ભલી પેર. ॥ ૧ ॥ એવુ જાણીને ધરમ બોલ્યા, માતા રાખો મન ધીર; સાંભળજો સહુ વારતા મ્હારી, ઓરે મ્હારા વિર. ॥ ૨ ॥ અવગતીમાં તાતજી રહે, એ તો લાન્છન મ્હોટું; સદગતીને પમાડે નહીં, તે તો ફરજન ખોટું. ॥ ૩ ॥ ધીક્કાર આપણું જીવવું ને, ધીક્કાર આપણ પુત્ર; કુળ કદિ સુખી નવ થાયે, ન થાયે ઘર સુત્ર. ॥ ૪ ॥ માટે આપણે યજ્ઞ કરવો, છાના રહો મુજ માય; એક કારજ મ્હારે માથે, લાવું કામ હુર ધાય ॥ ૫૧ ॥ પ્રથમ મ્હારે લેવું ને લીધુ, મ્હોટા પણાને વટે; ભીમે જાણ્યું ધરમ પછી માહારે લેવું ઘટે. ॥૬॥ એમ જાણી

વ્રકોદર બોલ્યા, માતાજી તતબર થાવું; વીશ શહસ્ર બ્રાહ્મણોને, હું જઇ તેડી લાવું. ॥ ૭ ॥ અરજુન કહે કનક લેવા, ઘડ લંકા હું જાવું, શેદેવ કહે દ્વારીકામાંથી કૃષ્ણને તેડી આવું. ॥૮॥ ભીમ કહે એ કામ માં નહી,આવશે દ્વારીકાંવાળા, પત્ર લખેથી કેમ ન આવે, છે અરજુનના શાળા. ॥ ૯ ॥ શેદેવ કહે વ્યાસજીએ, ગણાવેલું કામ; માટે તે કામ હું કરવાનો; નહી બીજી મુજ હામ. ॥ ૧૦॥ ધરમ કહે તેમ રાખો, નીકુળજી કહે જાવું; સવરાટ મંડપ પાતાળમાં જે, કાળી કનેથી લાવું. ॥ ૧૧ ॥ ધરમ કહે છઠું કામ મ્હોટું, કેદી છોડાવવા સર્વે; પણ છોડાવે છોડશે નહિ,છે જરાસનને ગર્વ ॥ ૧૨ ॥ મઘજ દેશનો માલીક એતે, બે જનેતાનો કુંવાર, એણે ભોંયરામાં કેદ કર્યા છે, ક્ષત્રી વીસ હજાર. ॥ ૧૩ ॥ તેતો છોડાવ્યે છોડશે નહી. વિપ્રીત એની બુધ; તે સારૂ જરાસન સાથે, કરવું પડે યુધ. ॥ ૧૪ ॥ તે કામ કપરૂ કોણ લે છે, વીચાર કરો વીર; એટલે તો એક એકના સામુ, જુએ ઘુણ ગંભીર. ॥ ૧૫ ॥ કોઇની કાંઇ હામ ન ચાલી,કોણ કરે કામ એવું; ભીમે જાણ્યું થાશે તો કરશું; લાવ્ય પહેલો જશ લેવું. ॥ ૧૬ ॥ એવું સમજી બોલ્યો વ્રકોદર, માતા નમુ બેઉ હાથે તમારા ચારે નીચું ઘાલ્યું એ કામ મ્હારે માથે. ॥ ૧૭ ॥ કુન્તાજી કહે સાબાશ બેટા, તુજ વડે થાય યજ્ઞ; માતાએ બહુ દીધી સાબાશી, ભીમ થયો મન મગ્ન. ॥ ૧૮ ॥ પછી વ્રકોદર બોલીયો કે, પહેલું કીયું કામ;ધરમ કહે દ્વારીકાંથી લાવવા સુંદીરશામ ॥ ૧૯॥ ભીમ કહે તમે ઉંડો જોશી, ધરમમાં શી ઢીલ; ટીપણુ કાહાડી શેદેવે જોયું, હાંમલીયો અશીલ. ॥ ૨૦ ॥ શેદેવ કહે વીરા મારા. જોગણીનું ઘર સામું, એ દીશાએ ખપ્પર ભરશે, હું જાઉતો દખ પામું. ॥ ૨ ॥ ભીમ કહે ભવીશ પોતાનું, હલકું તે ભારે થાય: શેદેવ કહે જૈશ સવારે ઓરે કુન્તામાંય. ॥ ૨૨ ॥ કુન્તાજી કહે કાલે જાશો, આજ ગયે પસ્તાશું; ભીમ કહે અમે બ્રાહ્મણ લેવા બે ત્રણ વરશે જાશું. ॥૨૩॥ પાંચે વરશે જરાસનને, મારવા લેશું માગી; કુન્તાએ જાણ્યું આડો ફાટયો. યજ્ઞ પડશે ભાગી. ॥ ૨૪ ॥ એમ કહિને મોઢું ઉતાર્યું. ઉદાશ થયા ડોશી; એટલે આકળો થઇને ઉઠયો, પોતે શેદેવ જોશી. ॥ ૨૫ ॥ ભાગી ન પાડશો હાલ જાવુંછું, થનારૂ હસે તે થાશે; એમ કહીને રથ જોડાવ્યો. પોતાના સારથી પાસે. ॥ ૨૬ ॥ આયુધ લીધાં રથે બીરાજ્યો, સુરજ બેઠો મેર; સારથીએ તવ રથ હંકાર્યો, ચાલ્યા બેઉ સમશેર. ॥ ૨૭ ॥ નગ્રનિ બારણે નિકળીયાં ને, થયુ

અંધારૂ ઘોર; મારગે થાય છે પશુ પક્ષીના, બીહામણા બહુ શોર. ॥૨૮॥ એવામાં એક મેદાન આવ્યું, ત્યાં થઇ લીલા કેવી; બાળે વેશે છુટે કેશે, રમે છે ચોસઠ દેવિ. ॥ ૨૯ ॥ ચીર કશી કેહેડે બાંધેલાં, પેહેરેલાં ચણીઆ ચોળી; ખપવા ખંજર સાંગ્યો ગ્રહેલી, શીશ તેલે રગદોળી. ॥ ૩૦ ॥ ચોસટ જોગણિ ભક્ષનિ ભોગણી, રથ જોઇ થઇ પરસન; ભક્ષ ભલેરૂ મળ્યું આપણુને. સારા થયા શુકન. ॥ ૩૧ ॥ શેદેવજી ખમચાનહિને, સુંસવાટા ભેર ચાલ્યો; એટલે ચોસટે ભેગી થઇને, સનમુખ ઘેરો ઘાલ્યો. ॥ ૩૨ ॥ શેદેવનો રથ રોકી રાખ્યો, બોલ્યો સતી સુત એમ; એ મુજ માતા વિશ્વની દાતા, રસ્તો રોકો છો કેમ. ॥ ૩૩ ॥ જોગણી કહે આજે આ દીશા, ખપ્પરનો છે વારો; તેમ છતાં તું આ દેશ આવ્યો, ભોગ લેઇશું તારો. ॥ ૩૪ ॥ શેદેવ કહે ધન ભાગ્ય મ્હારૂં, પણ બગડે એક કામ; દ્વારિકાથી લાવવા છે તેડી, કૃષ્ણજી સુંદીરશામ. ॥ ૩૪ ॥ તે વિના મુજ ઘેર યજ્ઞ અટકે, માટે ત્યા લાગ્યું લક્ષ; તેડીને પાછો કાલે આવું, કરજો માહારૂ ભક્ષ. ॥૩૫॥ દેવી કહે કાલે આ દિશાએ, હક નથી અમારો;તે માટે આજ જાવા ન દૈએ, લૈએ ભોગ તમારો. ॥ ૩૬ ॥ શેદેવ કહે સાંભળો માતા. આજે તો નહિ લેવાશે; તેમ છતાં રોકી રાખશો તો, જોયા જેવું થાશે. ॥ ૩૭ ॥ દેવી કહે કરો જોયા જેવું, ઉંચાં કર્યાં [illegible]ીઆર; ટોળે મળીને શેદેવ ઉપર, દેવા માંડયો માર. ॥ ૩૮ ॥ વા[illegible] માર દેવા માંડીયો, વિપ્રીત થઇ છે બુધ; વ્યાસ વલ્લભ મુખ એ[illegible]. આરંભ કીધું યુધ. ॥

કડવું ૩ રાગ કલ્યાની છાંયાનો દોહરો.

વૈશમ પાયેને એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તાર તુજને સંભળાવું, સભા પરવ મહીમાયરે. ॥ ૧ ॥ દેવીયો કોપી મરજાદા લોપી, દેવા માંડયો બહુ મારરે; ખપર ખંજર ને ત્રીશુળ ફેંકે, સાંગ્ય ભાલાને તરવારરે. ॥ ૨ ॥ તવ શેદેવે ધનુશ લીધું ને, તરત કર્યો ટંકારરે; બાણ લેઇને બળ આદરીયું, કુન્તાજીને કુંવારરે. ॥ ૩ ॥ અગણીતા મંત્ર ભણીને ફેંકે, દેવીનો મત મુકાવેરે; ચોસઠ જોગણી થાય આડી અવળી, આવતાં [illegible]કાવેરે. ॥ ૪ ॥ એવામાં શેદેવે બાણજ માર્યું, વાગ્યું દેવીને [illegible]ાલોડ઼ ભોંકાયું લોહ વજ્જરનું, તેથી નીકળીયું રૂ[illegible]ીરના [illegible]

છંટાયા, પૃથ્વી પડયા જોડા જોડરે; એટલે ચોસટ દેવી હતી તેની, થૈગ
ઈ ચોસટ ક્રોડરે. ॥ ૬ ॥ જયાં જુએ ત્યા જોગણીયો છે રૂપાળી છુટે
કેશેરે; મ્રગયાનેણી નહીં કાંઇ કેહેણી, સરવ બાળે વેશેરે. ॥ ૭ ॥ સક-
ળ બાહાજીને ગાજી ઝાજી, થઇ બહુ કોપ દ્રષ્ટરે; આડી અવળી ને
ઉંચી કુદે, કરે આયુદ્ધની વૃષ્ટીરે. ॥ ૮ ॥ પછી શેદેવ બહુ ગભરાયો,
નીશ્ચે આવ્યું મર્ણરે; હવે જીવ્યાની આશા શી રાખવી, થર થર ધ્રુ-
જ્યા ચરણરે. ॥ ૯ ॥ એવામાં દેવીયે જુલમ કીધો ને, સારથી માર્યો
ઠેરરે; તે પછી ભાગ્યો રથ શેદેવનો, અશ્વ હણ્યા બળભેરરે. ॥ ૧૦ ॥
એકલો શેદેવ પગપાળ થયો, સઘળે કયાં દ્રષ્ટી રાખેરે; એક તરફ એ
યુદ્ધ કરે તો, આશપાશની વીંધી નાંખેરે. ॥ ૧૧ ॥ શેદેવજી ઘણો કાં-
હ્યર થયો તેં, કામજ કેવું કીધુંરે; દેવાયોને બાળી ભસ્મજ કરવા, અ-
ગ્નીનું બાણ લીધુંરે. ॥ ૧૨ ॥ મંત્ર ભણીને તે બાણ મુકયું, અગ્ની પેં-
દા થાયરે, જ્વાળા રૂપે જોગણીયોમાં, બાળવા માટે જાયરે. ॥ ૧૩ ॥
જઇને બાળ્યાં આભુશણ અંગનાં, બાળ્યાં વસ્ત્ર ને કેશરે:સુતરનો તા-
ર ન રહયો પાસે, સૌ થઈ નગ્ન વેશરે. ॥ ૧૪ ॥ તેવું જોઇ શેદેવે
વીચાર્યું, નગ્ન સ્વરૂપ થઇ દેવીરે; એની એબ કેમ નજરે નીરખું,
માહારી જનેતા જેવીરે. ॥ ૧૫ ॥ કુન્તાની જેવીને જોગણીની જે-
વી, બેઉ બરોબર થાયરે; એમ જાણીને નીચું ઘાલ્યું, ઉભો એ
શેદેવરાયરે. ॥ ૧૬ ॥ તવ જોગણીયોએ એમ વીચાર્યું, છે કોઈ સતી
કુંવારરે; છીયે જોબનવંતીને રૂપવંતી, કને નથી શુત્ર તારરે, ॥ ૧૭ ॥
તો પણ સ્થીર મન કેવું છે એનું, ચાલ્યો એ સત્યની વાટેરે; જનેતા
જેવી જાણી સરવને, હવે ન મારવો ઘટેરે. ॥ ૧૮ ॥ એમ નીશ્ચે કરિ
આવી સૌ દેવી, ટોળે મળી બોલી એમરે; ઉંચુ જો સુરા બળવંત
પુરા, શેદેવ કહે જોવું કેમરે. ॥ ૧૯ ॥ જોગણી કહે મારશું ન દીકરા,
તુજ તણા ગુણ લૈએરે; તુજ પર રીજી હવે નથી ખીજી, માગો તે
વરદાન દૈએરે. ॥ ૨૦ ॥ સતીનો સુત નીચું ઘાલીને બોલ્યો, માતા-
જી ચરણે લાગુરે; તમો સરવ એકવાર વસ્ત્ર પહેરો, તે પછી વરદાન
માગુંરે ॥૨૧॥ તવ મંમાયાયે માયા કરીને, હતા તેવા કર્યા કેશરે; હ-
તાં તેવાં વસ્ત્રા ભુષણ પેહેર્યાં; હતો તેવો પેહેરવેશરે. ॥૨૨॥ એટલે શેદેવે
સામુજ જોયુ, લાગ્યો સૌ દેવીને પાયરે; પછી દેવીયો કહે વરદાન
માગો; તેં ન નીરખી અમ. કાયરે. ॥ ૨૩ ॥ શેદેવજી કહે શું માગુ
માતા, તમો તમારે માપ માપોરે; બીજુ તો આપવાનું તમારી ખુ-

શીનું; પણ રથ અશ્વ મારા આપોરે. ॥ ૨૪ ॥ તવ દેવિયોયે અશ્વને સારથી, સજીવન કરી દીધોરે; રથ હતો તેવો સાજો કરી આપ્યોને, શેદેવ મન ખુશી કીધોરે. ॥ ૨૫ ॥ પછી કહ્યું કે બેટા બીજુ માગો, જોશી કહે જ્યાં ઇછા લાવુરે; તમે અનેક જેમ થયા તેમ હું, એકનો અનેક થાવુંરે, ॥ ૨૬ ॥ તવ તથાસ્તુ કહ્યું દેવીયોયે, જાવો બેટા ભાગી ભ્રાન્તરે; આટલી કથાનું દ્રષ્ટાંત સુણીને, કેટલું લેવું સીધાન્તરે. ॥ ૨૭ ॥ જોગણીયો હતી જોબનવંતીને, રૂપવંતી અપારરે; નગ્ન થઇતી પણ શેદેવજીનું, મન ન પામ્યું વિકારરે ॥ ૨૮ ॥ સત્યથી વરત્યે સત્ય રહ્યું ને વળી, પામ્યો શુભ વરદાનરે; તેવું વરતવાથી ફળ મળે તેવું, દેવું શ્રોતાજન ધ્યાનરે. ॥ ૨૯ ॥ વળણ ॥ દેવું ધ્યાન શ્રોતાજને, સત્ય વરતવો સાર; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, જે જે જુગદાધાર.

કડવું ૪ રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમ પાયે વચન, સાંભળ જનમેજે રાજન ચાલ્યો શેદેવ લઇ વરદાન, ગયો દ્વારીકા સતી સંતાન. ॥ ૧ ॥ વાહાણું વ્હાતે ભાગોળે આવ્યો, ત્યાં ઉભા રહી સંદેશો કાહાવ્યો; એક જાદવને સંગ કાહાવે, કેહેજો પ્રભુને દરવાજે આવે. ॥ ૨ ॥ ગયો જાદવ કેહેવાને વાત; બેઠા બળદેવ કૃષ્ણ બે ભ્રાત; કહયું જાદવે જુગજીવન, તેડે ગામ બ્હાર કુન્તાના તંન. ॥ ૩ ॥ ઉભા છે રથ રાખીને એવ, પન્ડે આવ્યા છે જોશી શેદેવ; સુણી બળદેવ બોલ્યા એમ, ત્યાં ઉભા હાંઇ આવ્યા ન કેમ, ॥ ૪ ॥ કૃષ્ણ વિરા શી છે છાનિ વાતો, તારો કાંઇ ભેદ નથી જણાતો; જાણી જોઇ કૃષ્ણ કહે ન ફાવે, એ છે નવરાતે નાઠા આવે. ॥ ૫ ॥ જા લ્યા જાદવ કહીયે કહયું શામ, નથી આવતા તમારે શું કામ; જઇ જાદવે કહ્યો સમાચાર, સુણી શેદેવ કોપ્યા અપાર. ॥ ૬ ॥ આતે શું બોલ્યા સુંદરિ શામ, એમને કરાવવું છે યજ્ઞ કામ; હણવો છે જરાસંધ ભીમ હાથે, તોયે પોતે નથી રાખતા માથે. ॥ ૭ ॥ એમ ક્રોધે ભરાઇને કહે છે, કહીયે શેદેવ યુધ માગે છે; કહીયે યુધ કરવું ન હોય શામ, તો તો લખી આપો ઘરને ગામ. ॥ ૮ ॥ સુણી જાદવ થયો વીદાય, આવી પ્રભુને પડીયો પાય; સુણો શેદેવે માગ્યો સંગ્રામ; નહી તો લખી આપો ઘર ગામ, ઠા-

મ. ॥ ૯ ॥ એવું વચન સુણી બળદેવ, થયા ક્રોધાતુર તત્તખેવ એતું કૃષ્ણવીરા સગા એતો, દીન દીન મદે ભરાયા તેતો ॥ ૧૦ ॥ પેંધા પડયા તેં કુન્તાના તન, ત્યારે આવ્યા લેવા રાજ્યાસન; પેલો અરજુન આવ્યો થૈ જોગી, હરી ભગની થયો ભારે ભોગી. ॥ ૧૧ ॥ તેને લેઇ જવા દીધી બેન, ત્યારે દીન દીન માંડયા ચેન; કૃષ્ણ કહે સાચી વાત વિરા રેહેવું પાન્ડવનાથી અધીરા. ॥ ૧૨ ॥ રાજ્ય-લેવા આવ્યો આ કામ, એની સાથે કરવો સંગ્રામ; એમ ક્રોધે બોલ્યા રણછોડ. થાવો તઇયાર છપન ક્રોડ. ॥ ૧૩ ॥ તવ જાદવે કીધી ત્યારી, થયા ત્યાર મ્હોટા હળધારી; એક લક્ષ સાઠ શહસ્ર એકાશી, પુત્ર પ્રભુના ઉઠયા સુખ વાસી ॥ ૧૪ ॥ લીધાં હથીઆર સરવ કો ગાજ્યા, ચક્ર લૈ પ્રભુ રથે બીરાજ્યા; વાજતે ગાજતે નાકળીયા, ડંકા દેતા આવ્યા બહુ બળીયા. ॥ ૧૫ ॥ જાણ્યું શેદેવ ન રહયું કાચું, હાંશી કરતામાં થૈ પડયું સાચું, હોય થવા કાળ તે થાશે, છે વ્રદાન દેવીનું મુજ પાસે ॥ ૧૬ ॥ એવા કરી લીધા મનસુબા, આવી યાદવ સનમુખ ઉભા; બોલ્યા બળદેવજી મુખ એમ પુછો કૃષ્ણજી આવ્યા એ કેમ. ॥ ૧૭ ॥ તવ પ્રભુજી વધા વચન, કેમ આવ્યા છો કુન્તીના તન; બોલ્યા શેદેવ લેવાને રાજ્ય, અમો આવ્યા છીએ માહાસજ. ॥ ૧૯ ॥॥ સુણી કૃષ્ણજીને થયો ક્રોધ, ઘણો વધ્યો વાહાલામાં વીરોધ, ચઢયો હમતાને મમતાનો વાદ, કરવા લાગ્યા એ મુખ વીવાદ. ॥ ૧૯ ॥ વળણ ॥ વિવાદ માંડયો મુખથી, બોલે ફાવે એમ; વ્યાસ વલ્લભ વાણી વદે, સુણો રાખી પ્રેમ. ॥

———oxo———

કડવું ૫ મનહર છંદો.

શેદેવ કે, સુણો શામ, સેજમાં બોળાશે નામ, છોડસો દ્વારીકાં ગામ. દલ માંહી દાજીને; રણ ચઢયા રણછોડ, જાદવ છપનક્રોડ, અતિ દીકરાની જોડ, લાવ્યા ઘણા ગાજીને, ભાગશે ભલોજ ભાર, સરમ ન રે લગાર, કાઢશું લાન્છન બ્હાર; ત્યારે જશો લાજીને માટે પ્હેલા પડી પાય, સમજો જાદવ રાય; વ્હાલામાં તે વ્હેર થાય. હારી જસે બ્હાજીને. ॥ ૧ ॥ કૃષ્ણ કહે કુન્તી સુત, મદ ભર્યા થયા ભુત, આ વેલા અમારા દુત, જીવ લેઇને; સુભદ્રા ભગની જેહ, પારથને દીધી તેહ, ત્યારે થયા ક્ષત્રી દેહ, નહી તો વરે કેઇને; જોશી જોરે

આણ્યો એક, તોડયો બોલવાનો નેક, હવે તો ટળશે ટક. ન જીતો ઓ તેઇને; રણમાં છોડી શું બાણ, આબરૂની થશે હાણ; પલકમાં લેઇ પ્રાણ, જાશું ડંકો દેઇને. ॥ ૨ ॥ શેદેવ કે' કુળ તારૂ. નથી અજાણ્યું જ મ્હારૂ, બારૂ તારે બોલવાનું, ન મળે લ્યા કાળીયા; ગોકુળમા મ્હોટો થયો, તે દાડા શું ભુલી ગયો, કેડ કોંબળી ને માંથે, બાંધ તો ફાળીયાં; નામ ધરાવ્યું કીશોર,કેવાયો માખણ ચોર, ઢોર ઝાલી ઝાલીને તું, ઘાલતો તો ગાળીયાં; ગોપીકાથી રંગ રમ્યો, મરકટ સંગ ભમ્યો; દમ્યો તુ આહીરને ખા માયના ગોવાળીયા. ॥ ૩ ॥ કહે શામ શુણો વેણ, કહુ કહ્યા કેડે કોણ, નેણના ગરભ થકી, પાન્ડુરાય આવીયા, તેના ત્રય માંછીનાર; વરી રહ્યા નાત બ્હાર, બીજુ અંધ કાકા કન્યા. આખલાનિ લાવીયા, કૌરવોનો કાળો કેર; તમ પર ઝાઝુ ઝેર, મ્હેર અમો રાખી બહુ, તમોને બચાવીયા, તેમ છાક છેક ચડયો; અમ શીગ સામો અડયો, ઘડયો હવે ઘાટ જો જો, પલમાં ઉડાવીયા. ॥ ૪ ॥ શેદેવ કે ગીરધ રિ, [illegible] જરા વીચારી;મારિ માશી ઉછર્યો તું, આહિરની જાતમાં, [illegible] બાહું બ્રાહ્મણોનું અન ખાધું. છેક છેલ ભ્રષ્ટ થયો, ભરવાડી [illegible]ાતમાં; પરાઇ તું લાવ્યો નારી, કો પરણી કો કુંવારિ; ન[illegible] હાથ ઝાલ્યો બંધુ, જાણું તારી વાતમાં; ઘેર ઘેર જાચનાર, ન્હોનો [illegible]માં લગાર; તારિ બેન અમે લા[illegible], ત્યારે આવ્યો નાતમાં. ॥ ૫ ॥ [illegible] કરિ ક્રોધ. જુઓરે [illegible] વ, જોધ, બકે વણ વિચાર્યું ને, [illegible] મારો [illegible]; ટકાવ્યો આટલી વાર, દયા ધરીને અપાર, ઉભો રેવા દિધો તમે, અમારીજ મ્હેરથી[illegible] સરવ સરમ તોડો, મન મુકી બાગ [illegible]. કરો નામ નાશ એનું; મા[illegible] બહુ પેરથી; કહે લક્ષ્મનો નાથ, આપે [illegible]ચો કરી હાથ આવ્યો એ શેદેવ જોશી, મ્હોત લેઇ પેરથી ॥ ૬ ॥

[illegible]હું ૬ રાગ રાજન રાચેજી

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; બળવંત બાજેજી; વીસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહિમાય, બળવંત બાજેજી. ॥ ૧ ॥ કૃષ્ણ પ્રભુએ કોપ કરીને, કીધો ઉંચો હાથ; બળ૦ શું રે જુઓછો જાદવ જોધા, તુટી પડયો સહુ સાથ,બળ૦ ॥ ૨ ॥ એટલે ઉપડયા આયુધ લેપને, જાદવ છપન કોડ; બળ૦ એક લક્ષ સાઠ શસ્ત્ર

એકાસી, બળદેવને રણછોડ બળ૦ ॥ ૩ ॥ આયુધ લેતા બહુ માર દેતા, છુટે અતી હથીઆર; બગ૦ જળનાં ફોરાં પડે તેમ પડતાં, જાણે વરસે મેઘ બાર. બળ૦ ॥ ૪ ॥ દેવાન કષ્ટી એવી કરી વ્રષ્ટી, દ્રષ્ટાયે નવ જોવાય; બળ૦ શેદેવજીએ બાણજ લીધા, થનાર હોયતે થાય બળ૦ ॥ ૫ ॥ જાદવ સામો એકલો બાજ્યો, પણ શું ચાલે જોર, બળ૦ મધમાખ્યો પેઠે બાણ ભમે છે, થયું અંધારૂ ઘોરઃ બળ૦ ॥ ૬ ॥ અનેકનિ સાથે એકલો કયાં પોહોચે, કાહાર થયો અપાર; બળ૦ ઘણો ગભરાયો અતી અકળાયો; કુન્તા સતીનો કુંવાર. બળ૦ ॥ ૭ ॥ રક્ત લોચન કરી શેદેવજીયે, શક્તી સમરી કરજોડ;બળ૦ ઇચ્છા કરી તવ શેદેવો બનીયા, બીજા સતાવન ક્રોડ.બ૦ ॥૮॥ એકેક શેદવ એકેક જાદવ, બ્હાજી પડયાં તે વાર; બળ૦ બહુ બળીયાને બબે બાજયા, કોઇને બાજયા ચાર. બળ૦ ॥ ૯ ॥ લડતા વઢતા પાછા ન પડતાં, નાંખે કારમી ચીસ; બળ૦ બળદેવજીને બાર જણ બાજ્યા, વળગ્યા વિફુલને વીસ. બળ૦ ॥ ૧૦ ॥ કોઇ કેસ ઝાલે કોઇ કાન ઝાલે, કોઇ કોઇ ઝાલે ચર્ણ; બળ૦ એવામાં હળધારીને અકળાવ્યા; ખેંચોટી નાંખ્યા ધર્ણ. બળ૦ ॥ ૧૧ ॥ મુગટ કુન્ડળ નીકળી પડીયાં, વસ્ત્ર વપુથી વીખરાય, બળ૦ શેદેવ શેદેવ જ્યાં જ્યાં જુએ ત્યાં, જાદવ જોધ ગભરાય.બળ૦ ॥ ૧૨ ॥ બળદેવજી બહુ પડયા વીચારમાં, આ કેવી વિદ્યા ભણીયા; બ૦ એકજ શેદેવ કુન્તાજીનો, આ બધા કોણે જણીયા, બ૦ ॥ ૧૩ ॥ એવામાં બળદેવે બુમ પાડી, વ્હારે ચડો જુગદીશ, બ૦ પ્રભુ કહે બાર બાહાજયા છે તમને, મને વળગ્યા છે વીસ- બ૦ ॥ ૧૪ ॥ સહુનાં લાગ્યાં સહુ ભોગવિ લો, નથી મ્હારો ઉપાય, બ૦ એવે શેદેવજી બળ કરી વળગ્યા, બોલ્યા શ્રી જાદવરાય. બ૦ ॥ ૧૫ ॥ વ્હાલમાં શો વીરોધ માડયો છે, રાખો કાંક વિવેક; બળ૦ વઢનારા વડશે ચડશે તે પડશે. આપણુંતા એકના એક બ૦ ॥ ૬ ॥ બેસો બેસો બાજવાનુ મુકી, કરીએ દુખ સુખ વાત; બ૦ તવ એક શેદેવ વાતોમાં વળગ્યા, પ્રભુ સાથે સોક્ષાત. બ૦ ॥ ૧૭ ॥ કૃષ્ણ કહે સુણો શેદેવ જોશી માગું તે આપો વચન; બળ૦ શેદેવજી કહે આપવું ને લેવું, વ્હેવારે જુગજીવન. બ૦ ॥ ૧૮ ॥ ભગવાન કહે ભલે તમે માગો, પ્રથમ હું માગુ એક, બ૦ આજ પછી કોઈ દહાડો તમારે, થાવું નહી અનેક. બ૦ ॥ ૧૯ ॥ શેદેવજી કહે કબુલ મ્હારે, ઓરે શ્રી ભગવાન. બ૦ પછી પ્રભુ બોલ્યા હવે તમે માગો, કુન્તા

સતીના સંતાન. બળ૦ ॥ ૨૦ ॥ શેદેવ બોલ્યા. શુણો સામળીયા, હુ તમ પરતાપ પાકો; બળ૦ તમ પાશે હું માગુછું એટલું, અરજુનનો રથ હાંકો, બળ૦ ॥ ૨૧ ॥ પ્રભુ કહે તમે આશું માગ્યું, મુને બનાવ્યો દાસ; બળ૦ શેદેવ કહે અમે દાસ તમારા, પણ એક આંટી અવિનાશ. બળ૦ ॥૨૨॥ અમારે તમારે કોઇક દાહાડો, થઇ પડે વિરોધ;બળ૦ તે દન તમે રથ હાંકોકે, સામા થઇ કરો ક્રોધ. બળ૦ ॥ ૨૩ ॥ સામા થાવો તો રથ કોણ હાંકે, તે વેળા જાય વચન; બળ૦ એટલે હું થાવું અનેક એકનો, ઓરે જુગજીવન. બળ૦ ॥ ૨૪ ॥ એવા પેચથી એમ માગ્યું છે, હું કેમ ખાવું ભુલ; બળ૦ કૃષ્ણ કહે કદી નહી થાયે ટંટો મારે તમારે કબુલ. બળ૦ ॥ ૨૫ ॥ એમ એક એકને વચન દીધાં, પછી ધાર્યો વિવેક; બળ૦ શક્તીનું સમરણ શેદેવે કીધું. થયા સ્વરૂપે એક. બળ૦ ॥ ૨૬ ॥ એટલે જાદવ બળદેવ સરવે, વિસ્મે થયા અપાર; બળ૦ ॥ ૨૭ ॥ સેદેવ સામળીયો વાતો કરે છે, હળધરને પડયો વ્હેમ; બ૦ મને નીચે નાંખીને રોળ્યો શત્રુએ; કૃષ્ણે બેસાડયો કને કેમ. બ૦ ॥ ૨૮ ॥ બોલ્યા બળદેવ પ્રભુનિ પ્રત્યે, શત્રુ સાથે શો સ્નેહ; બળ૦ મને નિચે નાંખીને રોળ્યો,વીઓળ્યો મ્હારો દેહ. બળ૦ ॥૨૯॥ બાર શેદેવે બાજી મને માર્યો, બોલ્યા જુગજીવન; બળ૦ જુઠું શું બોલો એક સેદેવજી, થયું તમોને સ્વપન. બળ૦ ॥ ૩૦ ॥ બળદેવ કહે બનાવ્યો મુજને, રિસાઇને ગયા ઘેર; બળ૦ પછી પ્રભુએ કહ્યું જાવો જાદવો, પુછી શેદેવને પેર. બળ૦ ॥ ૩૧ ॥ કહે કેમ આવ્યા, શું કામ લાવ્યા, સાંભળી હું થાવું મગ્ન; બ૦ શેદેવ કહે શુ છે અજાણ્યું, આપણે ઘેર છે યજ્ઞ. બળ૦ ॥૩૨॥ એટલે પ્રભુજી જોડે ચાલ્યા, આવ્યા ઇંદ્રપ્રસ્તમાંય; બ૦ ધરમ અરજુન આનંદ પામ્યા, કુન્તાએ તેડયા ત્યાંય, બળ૦ ॥ ૩૩ ॥ વળણ ॥ કુન્તાજીએ તેડીયા, પોતાને ભોવન; વ્યાસ વલ્લભ મુખ ઓખરે, રીજ્યા જુગજીવન.

કડવું ૭ રાગ સાખી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ કુન્તાજીને કહે રાજસોઇનો, યજ્ઞજ કરવો ઘેર; વ્યાસજીએ શટ કામ બતાવ્યાં, કહિ માંડીને પેર. ॥ ૨ ॥ તમોને શેદેવ તેડી લાવ્યો, તે થયું એક કામ; હવે કીયું કારજ

કરવું, બતાવો સુંદીરશામ. ॥ ૩ ॥ પ્રભુ કહે કે ગડ લંકાથી, કનક લાવવું સાર; અરજુન કહે એ કામ મ્હારૂં, થઈ જાવું તૈઆર, ॥ ૪ ॥ એમ કહીને અરજુન ઉઠયો, અંગ ધર્યા શણુગાર; વસ્ત્રો પ્હેર્યાં પ્રેમથી ને, હાથ લીધાં હથીઆર. ॥ ૫ ॥ તવ એનો રથ ત્યાર કરવા, ચાલ્યા સુંદીરશામ; અભંગ રથે અશ્વ જોડયા, કીધું કીંકર કામ. ॥ ૬ ॥ તે જોઈ કુન્તા ધરમ બોલ્યા, આમ કરો પ્રભુ કેમ; કૃષ્ણ કહે મને કાંઈ ન કેહેશો, સારથી થવાનો પ્રેમ. ॥ ૭ ધર્મ કહે અણુઘટતું એ તો, કહી છોડાવવા ધશે; મુકો અછોડા કહીને બાજ્યા, શેદેવ મનમાં હસે. ॥૮॥ એટલે બોલ્યો સુત વાયુનો, ધર્મ કરો આમ કેમ; બનેવીનો રથ સાળો હાંકે, છો કરે ગમે તેમ. ॥ ૯ ॥ એટલામાં ત્યાં અરજુન આવ્યો, આ શું કરો છો નાથ; સારથી છે રથનો હાંકનારો, આપણુ બેશીએ સાથ. ॥ ૧૦ ॥ પ્રભુ કહે કે ઇચ્છા થઇ છે, કોઈ મુને નવ બાજો; એ વાતની શી પરડ તમારે, રથમાં આપ બીરાજો. ॥૧૧॥ એટલે અરજુન રથે બીરાજ્યો, પ્રભુએ ગ્રહ્યા અછોડા; ચાબક લીધિ હાથમાં ને, બેશી હંકાર્યા ઘોડા. ॥૧૨॥ એટલે ભીમે મન વીચાર્યું. મ્હારે માથે બે કામ; તેમાં વીકટ જરાસનની, સાથે ઘણો સંગ્રામ. ॥ ૧૩ ॥ આપણે કોઇનું કર્યું હશે તો, કોઇક આપણુ કરે; માટે જાવું અરજુન સાથે, પાડ એને મન ધરે. ॥૧૪॥ એમ જાણી વસ્ત્ર પેહેર્યાં, કટી કશીને બાંધે; દસ સહસ્ત્ર મણની ગદા પોતેજ લીધી ખાંધે. ॥૧૫ રથની આગળ આવી ઊભો, અરજુન બોલ્યા એમ; ઓ મ્હોટા ભાઇ કયાં પધારો, આગળ ઉભા કેમ. ॥ ૧૬ ॥ ભીમ કહે તમારી જોડે, આવું રક્ષણ કરવા; અરજુન કહે કાંઇ કામ નથી, શાને આવો પાડ ધરવા. ॥ ૧૭ ॥ સમજ્યો હું મનસુબો તમારો, તે વાત મુને ન ફાવે; તમે જાણો જોડે જાવું તો, એ મ્હારી જોડે આવે. ॥ ૧૮ ॥ પણ હું નહીં આવું તમ જોડે, માની લેજો સત્ય સાર; ભીમ કહે કરવું ને કરાવવું, વીશ્વ તણો વહેવાર. ॥ ૧૯॥ અરજુન કહે હું નથી કહેતો, માટે નહી પાડ વાળું; ભીમ કહે વ્હેવાર પોતાનો કાહાડે ઘણા દેવાળું. ॥ ૨૦ ॥ તવ પ્રભુ કહે આવવા દો, ચાલશે એમને ચરણ; એમ કહીને ભીમની પ્રત્યે, બોલ્યા અશરણા સરણ. ॥ ૨૧ ॥ અશ્વ મ્હારા ઉતાવળા ચાલે, ભીમશેન કરશો કેમ; ભીમ કહે અમો આગળ રેહેશુ હાંકજો ફાવે તેમ. ॥ ૨૨ ॥ એમ કહીને ચાલ્યો વ્રકોદર, પુંઠળ રથ હંકાર્યો; અરજુન નરં ને

કૃષ્ણ નારાયણ; લંકાનો પંથ ધાર્યો. ॥ ૨૩ ॥ નર નારાયણની મળી જોડી, દરસણે દેવ ઉતરીયા, અંત્રીક્ષયથી નમસ્કાર કરી,દેવો પાછા પરવરીયા. ॥ ૨૪ ॥ એવામાં દીઠા નારદે, હવે કરૂં ચડાઇ; જોવાની મજે મારે પડશે, કરાવું કાંક લડાઇ. ॥૨૫॥ એમ જાણીને નારદ ગયા, અગ્નીદેવની પાસ, થયું છે અજીરણ અગ્નીને, ઉપાદિનો બહુ ત્રાસ. ॥ ૨૬ ॥ નારદજી કહે ઓરે અગ્ની, દુખી દિસે છે કેમ; ન હોયે અજીરણ અગ્નીને, મુને પડયો બહુ વેમ. ॥ ૨૭ ॥ અગ્ની કહે કે મરયુતરાયે, યજ્ઞ કરી ઘી હોમાવ્યું; પંનાળે ને પંનાળે રેડયું,તે ચરવામાં આવ્યું. ॥૨૮ ॥ તે દનનું અજીરણ થયું છે. ઓરે રૂશી રાય, અતિ ઘણિ પીડા પામું છું, બતાવો કાંઈ ઉપાય. ॥ ૨૯ ॥ એવાં વચન સાંભળીને, નારદ બોલ્યા મુખ; નર નારાયણ જાય છે લંકા, તે તારૂં ભાખે દુખ. ॥૩૦॥ જા જઇને પડ મારગ વિશે, કહી ગયા તે દિશ; એટલે અગ્ની ઉઠીને ચાલ્યો, છે જેને ત્રણ શીશ. ॥ ૩૧ ॥ જઇને મારગમા પડયો આડો, એવે આવ્યો વાયુ તન; મારગમાં સુતો દેખીને, ભીમ વધો વચન. ॥ ૩૨ ॥ કેમ સુતો ત્રણ મુસ્તકવાળા, પંથ રોકીને અમારો; અગ્ની કહે યાચવા આવ્યો છું, અજીરણ દુખ નીવારો, ॥૩૩॥ ભીમે જાણ્યું છે કોઈ દુખી, એમ દયા મંન લાવે સુઇ રહે લ્યા મારિ પુઠે, નરનારાયણ આવે. ॥ ૩૪ ॥ એમ કહીને આઘો ઉભો, એવે આવ્યો રથથ; ઉભો થઇને હાથ જોડયા, અગ્ની દેવ ત્રત. ॥ ૩૫ ॥ નર નારાયણ દુખ નિવારણ, કારણ રૂપ અવિનાશી; પતીત પાવન છો જુગજીવન,અખંડ અકળ વાશી; ॥ ૩૬ ॥ ત્રીગુણાતીત છો તુરીયાતીત, માયાતીત મહારાજ; અચળધામી ગરૂડ ગામી, સગુણ ભક્તને કાજ. ॥૩૭॥ હું દુખી યાનું દુખ નીવારો,આવ્યા આપને જાણી;મરીયુતના યજ્ઞમાં ઘ્રત ચર્યો, ઓરે પુરૂષ પુરાણી. ॥ ૩૮ ॥ તે દનથી અજીરણે થયું છે વિકટ વળગ્યો વ્યાધી; ત્રીલોક વિશે આપ વીના એ, કોણ મટાડે ઉપાધી. ॥ ૩૯॥ એવાં અગ્નીનાં વચન સુણી, નરને થયો અહંકાર; દેવ સરીખા મ્હારી આગળ, કરગરે અપાર. ॥ ૪૦ ॥ એ વાત જાણી જુગજીવને; બોલ્યા મુખ મોરારી; આ બેઠા તે મુરબ્બી મ્હરા,એ કાપે કષ્ટી તારિ. ॥ ૪૨ ॥ એટલે અગની નરને નમ્યો, ક[illegible] મ્હારૂં નીવારો; અરજુન કહે ઓરે મોરારિ, આની વાત વીચરે ॥ ૪૩ ॥ કૃષ્ણ કહે તમે છો મ્હોટા, દેવ સરખા નમે તમને; એવા અહંકાર મનમાં ધર્યો, તો શીદ પુછોછો

અમને ॥ ૪૪ ॥ અરજુન કહે અંતરજામી, જાણી અંતરની વાત; મ્હારો અહંકાર મુરખતાનો, ક્ષમા કરો દીનાનાથ. ॥ ૪૫ ॥ તમે બતાવો તે કારજ કરૂં, પ્રભુ કહે કેમ ચુકો; આ ખાન્ડેવ વન વીશે અગની, મંત્ર ભણિને મુકો; ॥ ૪૬ ॥ અષ્ટાદસ ભાર વનસ્પતી છે, અગની તે ચરશે ચારો; એટલે મટશે અજીરણ એનું, એ રિતે કષ્ટ નીવારો. ॥ ૪૭ ॥ સાંભળી અરજુનનું મન ફરીયું, આમાં શું બતાવ્યું ભારે; એમ કહિ અગનાસ્તર માર્યું, ખાન્ડેવ વનમાં ત્યારે. ॥ ૪૮ ॥ તવ ચારે દિશા અગનિ લાગ્યો, નારદે જોયું ત્યાંય, જાણ્યું હવે કરૂ લડાઇ ઉભી, ગયા ઇંદ્રિપુરી માંય ॥ ૪૯ ॥ સુરપતી કહે કેમ પધાર્યા, નારદ વદયા વચન; તમારૂ ઇંદ્રાસન લેવાને, કોપ્યો તમારો તન. ॥૫૦॥ તેણે તમારા ખન્ડેવ વનમાં, અગની અતી સળગાવ્યો; તમે ત્યાં જાવો તો જુધ કરવાના; વિચારથી એ આવ્યો.॥ ૫૧ ॥ તમને મારી લેવું ઇંદ્રિાસન, એવો એનો વિચાર; દીકરો છે તો ભલે છે પણ, યુધે થાવો તૈયાર. ॥ ૫૨ ॥ વળણ ॥ યુધ્ધે ચઢો લઈ દેવને, એમ વદયા વચન; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણો શ્રોતા જન. ॥

કડવું ૮ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન; સુણી નારદ જીનો બોલ, કર્યો ઇંદ્ર રાયે મન તોલ. ॥ ૧ ॥ આતો નારદ રૂષી ચડાવે, બેઉ બાપ બેટાને લડાવે; એમ સમજી બોલ્યો સુર રાય, માહારાજ થાવો વિદાય. ॥ ૧ ॥ મુકયો અગની એણે આજ દંન, એના બાપનું બાળ્યું વન, તેમાં શાના કરો છો ચડાવા; તમોએ તો ધાર્યા છે લડાવા. ॥ ૩ ॥ કોઈ બાપનું ધન સંભાળે, કોઇ તાત તણું ધન ટાળે; તેમાં બીજાને શો બળાપો, તમો કાંઈ ન કરશો કડાપો. ॥ ૪ ॥ સુણી નારદ થયા વિદાય, આજ કાંઇ ન ચાલ્યો ઉપાય; એવે ઇંદ્રે કર્યો વિચાર, પોતે બોલાવ્યા મેઘ બાર. ॥ ૫ ॥ તમો ખાન્ડેવ વનમાં જાવો, જાગ મુશળધાર વરસાવ;તવ બારે મેઘ ગડગડીયા જઈ ખાન્ડેવ વનમાં પડીયા. ॥ ૬ ॥ જળ વર્સાવ્યું મુશળધાર. કર્યો. અગનીએ તવ પોકાર; નર નારણ પડું પાય, મને મેઘ તણું દુઃખ થાય. ॥ ૭ ॥ જળધારાનું દુઃખ નીવારો, પ્રભુ બોલ્યા નર ઉગારો,

તવ અરજુન બોલ્યો એમ, કહો પ્રભુ હવે કરૂ કેમ. ॥૮॥ બોલ્યા અં-
તરયામી તે વારે, મેં શું બતાવ્યું હતું ભારે; તમે ઉપાય ભારે કરો,
વાગ્યો અરજુનને બોલ ખરો. ॥ ૯ ॥ બોલ્યો અરજુન ઓ મહારાજ,
મ્હારૂં મન ભમી રહ્યુ આજ; પ્રભુ કહે તેમાં શો વાંધો, તમો બાણનું
છાપરૂ બાંધો. ॥૧૦॥ વાયુ મંત્રે વાયુના થંભ, ચાર મુકીને કરો આ-
રંભ; તવ અરજુનજી કેમ ચુકે, મંત્રથી વાયુના થંભ મુકે. ॥ ૧૧ ॥ પ-
છી પ્રાક્રમ કેવું કીધું, એક બાણ અગણીતુ લીધુ; માર્યું મંત્ર ભણીને
જ્યારે. થયું બાણનું છાપરૂં ત્યારે. ॥ ૧૨ ॥ વરસે જળ તે ઢળી જાય,
નીચે અગનીને કાંઈ નવ થાય; તવ થાકીને મેઘ ગયો, અગની દેવ ચ-
રતો રહ્યો ॥૧૩॥ બોલ્યા કૃષ્ણ સુણો સતી તન, આપણે બે જઇએ
વન; હું તો દક્ષીણ દીશાયે જાવું, જે મળે તેને ઝાલી લાવું. ॥ ૧૪ ॥
તમો ઉત્તર દિશા જાવો, જે મળે તેને ઝાલી લાવો; ભીમ પાસે લાવી
એ આપ, મુકે મળેલો તેને બે બાપ. ॥૧૫॥ ચરે અગની એટલી વા-
ર; લ્હેર કરી આવીએ લગાર; ભીમ સાચવશે રથ હાંઇ, જૈએ આપણ
વનની માંઇ. ॥ ૧૬ ॥ ભીમે કહયું કે આવજો વ્હેલા, જો જો અરજુન-
જી થતા ઘેલા; મળેલો મુકવે મ્હેણુ દેશે, નીત્ય બે બાપનો આ કેહેશે
॥૧૭॥ એમ કહીને રજા આપી ચાલ્યા, બેઉ નીશ્ચે મન થાપી; ગયા
પ્રભુ દક્ષીણ દીશાય, સપ્ત ફણાનો નાગ ત્યાં જાય. ॥ ૧૮ ॥ દેખી લા-
ત મારી વિશ્વ ભુપ, તવ નાગ થયો વિપ્ર રૂપ; તેવો પ્રભુએ ઝાલ્યો હા-
થ, ભીમ કને ચાલો બોલ્યા નાથ. ॥ ૧૯ ॥ કહ્યું બ્રાહ્મણે છો પ્રભુ આ-
પ, તમે નીવાર્યો મહારો સ્રાપ; મુળ હતો હું વીપ્રનો તન; થયો શ્રાપ-
થી સર્પ આ વન. ॥ ૨૦ ॥ તમ ચર્ણનો પ્રતાપ એહ, પાછો પામ્યો
બ્રાહ્મણ દેહ; લાગ્યા પુછવા કૃષ્ણજી આપ, તને શાથી મળ્યો
આ શ્રાપ. ॥ ૨૧ ॥ કહે બ્રાહ્મણ હું વ્હેરીલો, હતો જનમનનો ઝે-
રીલો; કરતો શેઠાઈ વીપ્રમાં આપ, પામ્યો તેવાં પાપથી શ્રાપ. ॥ ૨૨ ॥
પ્રભુ કહે અમારો છે નીમ, તને તેડી જવો જ્યાં ભીમ કર્યો છે ભી-
મે નીમ એવો, જેને લાવો તેને મારી દેવો. ॥ ૨૩ ॥ બોલ્યો વીપ્ર પડી
ને પાય, મુને મુકીદો જગરાય; કાંઈ સુક્રીત કરી લેવું, મને મુકોતો મુ-
ગટ દેવુ, ॥ ૨૪ ॥ બત્રી દેરડીનો સોભે ધામ, એનુ કીરટ મુગટ નામ;
તવ પ્રભુએ મુગટ લીધો, તવ બ્રાહ્મણને મુકી દિધો. ॥ ૨૫ ॥ ઘા-
લ્યો મુગ બગલ માંય; હોડયો ઉપરણો ઉપર ત્યાંય; અરજુન ઉત્ત-

રમાં પળીચો, એને મેનામાં દહીત મળીચો, ॥ ૨૬ ॥ તેના જઇને ઝાલ્યા કેશ, બોલ્યો અરજુનજી ધરી દવેશ; ચાલ ભીમકને લેઇ જાવું. તને જીવતો ઠેર મરાવું, ॥ ૨૭ ॥ બોલ્યો મેનામાં મુખ એમ, કાને સાંભળ્યો છે મેં ભેમ; એણે મ્હારો વિધારથી માર્યો, પુલોચન નામનો સંહાર્યો; ॥૨૮॥ લાખાભોવનમાં બાળી દીધો; એની કને કયાં મુજને લીધો, મુકો મુને તો ગુણ સ્હાવું, એક અવળ મંત્ર ભણાવું. ॥ ૨૯ ॥ મંત્ર ભણી છાંટો જળ જરા, બને સોભીત સભા તે ધરા; હોય ભીંત ત્યાં દ્વાર દેખાય, હોય દ્વાર ત્યાં ભીંત જણાય. ॥ ૩૦ ॥ બને દશ ગજ લાંબી સભાય પેસે માણસ મહોટી થાય;તેમાં ગજ ગજનું હોય સ્થળ સ્થળને સ્થળ દેખાય જળ. ॥ ૩૧ ॥ હોય જળ ત્યાં સ્થળ દેખાય, એવી અવળ સભા રચાય; તવ અરજુને જાણ્યું મન, શું જાણસે જુગજીવન. ॥ ૩૨ ॥ પેટમાં પેડેલી વિધાય. કોઇના જાણવામાં ન જાય. એવું સમજીને મંત્રજ લીધો,એણે મેનામાને મુકી દિધો. ॥૩૩॥ પછી પોતાના રથ ભણી જાય, એવે પ્રભુજી ભેગા થાય; આવ્યા રથ્થની લગભગ જ્યારે બોલ્યા શ્રીક્રષ્ણજી મુખ ત્યારે. ॥૩૪॥ સુણો વ્રકોદર તમો આપ તમારા ભાઇને બે બાપ; એમણે એક મંત્રજ લીધો. મેનામાં દૈતનેમુકી દિધો. ॥૩૫॥ તવ અરજુન બોલ્યો વાણી. પ્રભુ તમે લીધી વાત જાણી; ભીમે જાણ્યું મ્હેણાં દેસે મીઠો, એવે બગલમાં ચળકાટ દીઠો. ॥ ૩૬ ॥ તવ ઝાલ્યું ભીમે પાંગોઠું, કહાડ્યું ઉપરણાનું ઓઠું; દીઠો મુગટ બોલ્યો વચન, કયાંથી લાવ્યા દેવકી તન. ॥૩૭॥ બોલ્યા કૃષ્ણ પ્રભુ મુખ આપ ભીમ મ્હારે પણ બે બાપ, જેવા બબે બાપ અમારે, તેવા બે બાપ ભીમ તમારે. ॥ ૩૮ ॥ ભીમે કહ્યું મને કહો કેમ, નથી કર્યું તમે કર્યુંતેમ;બોલ્યા ક્રષ્ણ સમાવું તાપ, આપણે છે બબે બાપ. ॥૩૯॥ તમારે વાયુ ને પાન્ડુરાય, અરજુનને ઇંદ્ર પીતાય; બીજા પાન્ડુ રાજા તાત, હવે કહું તમને મ્હારી વાત. ॥૪૦॥ મ્હારે વસુદેવ ને નંદરાય, જુઓ એ બેઉ પીતા ગણાય; ભીમ કહે સાબાશ છોગાળા, આપણે ત્રણે બે બાપવાળા. ॥૪૧॥ એવે અગ્ની ચરી રહ્યો સાર, આવી કીધો નમસ્કાર; મને અજીર્ણ દુર થયું, તમ પ્રતાપે એ કષ્ટ ગયું. ॥ ૪૨ ॥ તેથી અતીસે આનંદ વાપ્યો, એમ કહીને જામો આપ્યો; સોભ્યો અરજુન અંગે અપાર, તવ રીજ્યા શ્રી જુગદાધાર. ॥ ૪૩ ॥ લાવ્યા હતા

જે મુગટ જગદીશ, પેહેરાવ્યો અરજુનને શીશ; શોભી કાન્તી બોલ્યા તવ શામ, હવે કીરટધર તમ નામ. ॥ ૪૪ ॥ પછી ત્યાંથી થયા વિદાય, અગની આપને સ્થળ જાય; ગડ લંકાને પંથ પડીયા, પોતે પ્રભુને બે ભાઇ બળીયા. ॥ ૪૫ ॥ ભીમ બે ગાઉ આગળ જાય, એવે સમુદ્ર લગભગ થાય, ત્યાંતો સમુદ્ર કેરે કીનારે, સુતા અંજની સુત તે વારે ॥ ૪૬ ॥ આવ્યો વ્રકોદર વાયુ તન, દેખી વાનર વદયો વચન; અલ્યા મુક મારગ વાંદરા, જાવું ગડ લંકા સુંસરા. ॥ ૪૭ ॥ લાગ્યુ હનુમાનને દલ દુખ, ઉંચી ડોકી કરી જોયું મુખ;બોલ્યા રકતલોચન કપીરાય, અમે પડ્યા રેહેવાના હાંય. ॥ ૪૮ ॥ ભીમ કહે હું દૈવત દાખી, પુંછ ઝાલીને દૈશ નાંખી; કપી કહે ન બોલીશ જુઠ્ઠ, મને ફેંકી દે ત્યારેજ ઊઠ્ઠ ॥ ૪૯ ॥ ભીમ કહે તુ બોલે છે બળમાં, પણ નાંખી દેવાનો જળમાં; એમ કહ્યુને મરડી મુછ, ભીમે ગ્રહ્યું કપીનું પુંછ. ॥ ૫૦॥પછી ઉંચુ કરવા જાય,તલપુર ઊંચુ નવ થાય; પડી ભીમના પેટમાં ફાળ; આતો વાંદરો છે વીકરાળ. ॥ ૫૧ ॥ એણે જાણ્યો મરકટ માઠો, પુંછ મુકી ગદા લેઇ નાઠો; ગયો રથ સામો સતી તન, વળો પાછા જુગજીવન. ॥ ૫૨ ॥ એક વાંદરો છે બળવાન, પ્રભુ કહે એતો હનુમાન;જોજો વાનર કેહેતો એને, કેહેતા રામજીનો ભક્ત તેને. ॥૫૩॥ ભીમ કહે ઉઠાડયો ન ઉઠે, થાઓ આગળ હું રહું પુંઠે; એમ કહિ રથ પુંઠે જાય, આવ્યા કપી સુતા છે ત્યાંય.॥ ૫૪ ॥ બોલ્યા કૃષ્ણ ઉઠો હનુંમાન; પંથ દો અંજની સંતાન; બોલ્યા કપી સુણો બોલ મ્હારો, કયાં ગયો મને ફેંકી દેનારો. ॥ ૫૫ ॥ તવ બોલ્યા શામ શરીર, એતો થાય તમારો વીર; એતો છે વાયુ દેવનો તન;તેવા તમારા તાત પવન. ॥ ૫૬ ॥ બેઉ બંધવ થૈ શું બોલો એક એકની આંટીયો ખોલો, તવ હનુમાન રાજી થયા, ભલે ન્હાના ભાઇ બોલી ગયા. ॥ ૫૭ ॥ તવ ભીમ રથ પુંઠેથી આવ્યો, હનુમાને એને બોલાવ્યો,પછી કૃષ્ણને પુછી વાત,તમારે કયાં જવું સાક્ષાત. ॥ ૫૮ ॥ કહે કૃષ્ણ સુણો કપી બંકા, અમારે તો જાવું ગડ લંકા; તવ કપીયે કીધો વીચાર; કેવી રીતે એ ઉતરે પાર. ॥ ૫૯ ॥ તાર્યા પાશણ મ્હારા રામે, ત્યારે જવાયું લંકા મુકામે. જોવું જો આ શી રીતે જાય, એમ ધારી કુધા કપીરાય. ॥ ૬૦ ॥

વળણ, રામ તણુ નામ લઇને, કુદ્યા હનુમંત વિર; વ્યાસ વલ્લભ કહે જૈ પડયા, પોતે સામી તીર.

કડવું ૯ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણિપેરે બોલ્યા;સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ સામી તીરે કુદિ ગયા કપી, વીચાર્યું મન એમ; જોવું એ દાસ કૃષ્ણનો, આવે કરીને કેમ. ॥ ૨ ॥ એવામાં અરજુનજી બોલ્યા, કેમ કરૂં મ્હારાજ, કૃષ્ણ કહે અગણીતા બાણે, બાંધો બાણની પાજ. ॥ ૩ ॥ તવ અરજુને બાણજ લીધું, છે વિદ્યાવંત આંધિ; સો જોજનની અગણીત મંત્રે, બાણ તણી પાજ બાંધી. ॥ ૪ ॥ તવ અરજુનને હંકાર આવ્યો, નથી કોઇ મુજ જેવો, ભક્ત હું કૃષ્ણનો રામથી જબરો, પંથ બાંધી જાઉં કેવો. ॥૫॥ એટલે કપીને આવી ઇરશ્યા, આ એમને ઠીક ફાવે; મારા રામજી કરતાં શું જબરા, રસ્તે હસ્તે આવે. ॥ ૬ ॥ મ્હારા રામની પ્રતિષ્ટા, અરજુનનું નામ વધે; કહેશે કે સમે પથ્થર તાર્યા, નર પાજ બાંધી બધે. ॥ ૭ ॥ એમ જાણી રામ નામ દઇને, હનુમાન ઉંચા ચઢીયા, અરજુનના બાણની પાજ પર એ, ક્રોધ કરી કપી પડીયા. ॥ ૮ ॥ તે પડયાથી પાજ ભાગી, પડયા લંકાતીર; ભીમ કહે એ વાદરો ભુંડો, મહેનત મુકો વીર. ॥૯॥ પ્રભુ કહે બીજી વાર બાંધો, થનારૂં હશે તે થાશે; તવ નરે બીજી વાર ભાંધી; ભાગી કપી ચોપાસે. ॥ ૧૦ ॥ અરજુનનો અભીમાન ઉતરીયો, હું થઇ ગયો અશક્ત; હું કૃષ્ણનો દાસ પાછો પડીયો, જીત્યો રામનો ભક્ત. ॥ ૧૧ ॥ પછી અરજુનજી એમ બોલ્યા, ફોકટ મરીયે મથી;મુમતમાં કપીરાજ ચઢયા છે,રેહેવા દેવાના નથી. ॥ ૧૨ ॥ પ્રભુ કહે તમે ધીરજ રાખો,ગભરાશો નહી બાપુ; હું કહુ તે હાયે હા કળેજો, તો કપી વશ કરિ આપુ. ॥ ૧૩ ॥ પ્રભુએ જાણ્યું કૃષ્ણ ભક્તનો અહંકાર; હવે ઉતારૂ રામ ભક્તનો, વિચાર્યું જુગદાધાર, ॥ ૧૪ ॥ એમ જાણી અંતરયામી, કૃષ્ણે શું ખેલ કીધો; પંચ જન શંખ પોતા તણો તે, વગાડવા હાથ લીધો. ॥ ૧૫ ॥ તે શંશમાં એમ શબ્દ કીધો, બોલ્યા વિઠ્ઠલ વર વાણ; હણુમાન આ તીર આવો નહી તો, છે રામચંદ્રની આણ. ॥ ૧૬ ॥ તે શંખ શબ્દ સુણ્યા કપીએ, કુદિને ગગન ચડીયા, ચારસેં ગાઉનો સીધુ ઓળંગી કૃષ્ણ હતા ત્યાં પડીયા. ॥૧૭॥ કપી કહે કેમ બોલાવ્યો, વીઠ્ઠલ વદો વચન; શા સારૂ તમે પાજ ભાગો છો, ઓરે અંજની તન. ॥૧૭॥ કપી કહે એ કીંકર કૃષ્ણનો, શું પાજ બાંધી આવે; રામને પા-

શાણુ તારવા પડયા,તેમને શું એ લજાવે. ॥ ૧૯ ॥ હું રામનો કીંકર દેખતાંએ, કૃષ્ણ કીંકર જીતી જાય; તો તો મુજને લજ્યા મ્હોટી, કેમએ પાજ રખાય. ॥૨૦॥ પ્રભુ કહે તમે ભક્ત રામના, કૃષ્ણ ભકત અરજુન; એ જણને ઠીક મુમત પડયો, અમે જોશું રહી મુન્ય. ॥ ૨૧ ॥ પણ તમે કાંઇ સરત કરો, તો મુજને ઠીક લાગો, અરજુન ત્રીજી પાજ બાંધે, તમે ત્રીજીવાર ભાગો. ॥ ૨૨ ॥ જો તમે પાજ ભાંગો નહીંતો, તમારે શુ કરવું;ઓ અરજુન કપી પાજ ભાગે તો, તમારે શું આદરવું. ॥ ૨૩ ॥ તવ કપી કીરટધર બોલ્યા, તમે કહો તે કરીયે; લ્યો બાપ દાદાનાવેણ અમારાં,બોલેલું નહી ફરીયે. ॥ ૨૪ ॥ પ્રભુ કહે હું ત્રાહીત પ્રાણી,મ્હારે નહી લેવા દેવા; જે હારે તે ગુલામ થૈને, કરે જીતેલાની શેવા. ॥૨૫॥ આ વેળા એ અરજુન પાજ બાંધે, તે તમે ભાગી નાખો; તો તો અરજુન દાસ તમારો, તમારી શેવામાં રાખો. ॥ ૨૬ ॥ તમ થકી પાજ ભાગે નહીંતો, તમારે થાવું દાસ; અરજુનજીની શેવામાં રેહેવું, એમ વધા અવીનાશ. ॥ ૨૭ ॥ કપીને કીરટધર બોલ્યા, કબુલ છે મ્હારાજ; પ્રભુ કહે કપી તમે પધારો, અરજુન બાંધો પાજ. ॥ ૨૮ ॥ તવ કપી કુદીને ગયા, ઘડ લંકાની તીર; એટલે ભીમ કહે બંધ રાખો, ઓરે અરજુન વીર. ॥૨૯॥ સરત કરી સામળીઆયે, બનાવવા ગુલામ; જરૂર વાંદરો નાંખશે ભાગી, રેહેવા દો એ કામ. ॥ ૩૦ ॥ કૃષ્ણ કહે નહીં ભાગી શકે, કામ કરીશું તેવું; તમે તમારે ધિરજ રાખો, દાસપણુ નહી દેવું. ॥ ૩૧ ॥ ભીમ કહે મુજ ભ્રાત હારે તો, તમારો શત્રૂ થાવું, સોગન તમારા દરિયામાં તમને, ડુબાવી દેઇને જાવું. ॥ ૩૨ ॥ ભગવત કહે ભલે એમ કરો, વ્હેવારમાં શો વાંધો, શું જુઓ છો ઈંદ્રના નંદન, પાજ ફરીથી બાંધો. ॥ ૩૩ ॥ તવ એરજુને બાણ ચડાવ્યું, અગણીત મંત્ર આરાધ્યો; ચારસેં ગાઉના સમુદ્ર ઉપર, બાણ તણો પંથ બાંધ્યો. ॥ ૩૪ ॥ પાજ બરોબર બંધાણી કે, કપટ કૃષ્ણે કીધું; સુદરશણ ચક્ર પોતાનું, જળમાં મુકી દીધું. ॥ ૩૫ ॥ તે જઈ પેઠું પાજની નિચે, પંથ દીઠો હનુમાન; રામ તણુ નામ દેઈને કુદયા, અંજનીના સંતાન. ॥ ૩૬ ॥ ગગન ચઢી ઉપર પડયા, રાખવા પોતાનો ટેક; નીચેથી ચક્રે ભાર ઝાલ્યો, બાણ ખરયું નહિ એક. ॥ ૩૭ ॥ એટલે મનમાં માઠું લાગ્યું, બાજી કર્યું અપાર; કુદયા ઉપર ને ઉપર એ,પોતે અગીઆર વાર. ॥ ૩૮ ॥ તો પણ એક શળી નવ ખશી, જોઈ

રહ્યા જગધીશ; ઉતર્યો અહંકાર રામ ભકતનો, આવી નમાવ્યું શીસ. ॥ ૩૯ ॥ મ્હારાજા રામચંદ્રે મુકયો તો, કરવા રાવણની ચોકી; છ માસે ચીત્તામાંથી ઉઠે છે, દાબુ છું મારી ઠોકી ॥ ૪૦ ॥ રાવણને રોકી રાખુ-છું, નીકળી ન શકે બ્હાર; તે કામ હવે મુકી દેઇને, તમ સેવા કરૂ સાર. ॥ ૪૧ ॥ મને હતો અહંકાર એવો, હું રામ ભકત સવાયો, કૃષ્ણનો ભકત કોણ લેખામાં, તે ધારતો તે ધરાયો. ॥ ૪૨ ॥ એટલે બોલ્યા અંતરયામી, તમે પામ્યા મન ખેદ; તેનું કારણ રામ કૃષ્ણમાં; બેઉએ જાણ્યો ભેદ. ॥ ૪૩ ॥ જે રામજી તે હુંજ કૃષ્ણજી, કારણ રૂપે એક; તે તમથી સમજાયું નથી. ત્યાં લગી વણ વીવેક. ॥ ૪૪ ॥ એટલે બોલ્યા કપી કીરટધર,ટાળો મ્હારાજા વેમ; એ દેહ જુદો આ દેહ જુદો, એકજ માનીયે કેમ. ॥ ૪૫ ॥ કૃષ્ણ કહે તમને સમજાવું, જ્ઞાન થવાને માટ; કારણમાં તો સુવર્ણ સાચું, કાર્યમાં જુજવાં નામ. ॥૪૬॥ ભવાઇમાં એક નરવેશ ધરે, થાય મીયા કો હરાયો; જુજવાં નામ પડે પણ, મુળ તેનો તે ભવાયો. ॥ ૪૭ ॥ એ રીતે દેહ અનંત ધરૂં, પણ હું તેનો તેજ; જુદા દેહથી જુદા માને, અજ્ઞાની જન એજ. ॥ ૪૮ ॥ કો કહે શ્રી કૃષ્ણ મ્હારા, કો કહે મ્હારા રામ; શીવ શકતી પણ જુદાં માને, તે મુંઢ પ્રાણી તમામ. ॥ ૪૯ ॥ આંધળે હાથીના અવયવ જુદા, ઝાલીને જુજવો જાણ્યો; દેખતા પ્રાણી એ સૌ અવયવો, મળીને હાથી માન્યો. ॥ ૫૦ ॥ પગવાળે થંભ જેવો જાણ્યો, દંત વાળે પાયા જેવો, સુંઢવાળે મુશળ સરખો, કાન વાળે શુપ તેવો. ॥ ૫૧ ॥ જુદા જુદા ઘાટ જોઇને. આંધળે કરી લડાઇ;દેખતાએ સૌ મળી એક જાણ્યો, તેને શાની બડાઈ. ॥ ૫૨ ॥ અંધ જેવા અજ્ઞાની પ્રાણી, જુજવું જુજવું જાણે જ્ઞાનીના જ્ઞાનમાં ગમ પડે નહીં, મુમત મીથ્યા તાણે, ॥ ૫૩ ॥ કૈં કહેસે ટેકની ભકતી, ટેકથી માનીએ એક; પણ અનેકનો એક જાણી, ભકતીનો ધરાવો ટેક. ॥ ૫૪ ॥ કૈંક કહે બાજીયે બધાને, તેમાં કીયો કરે કામ; જો એકને વળગ્યા હોઇએ તો, તે કરે કાર્ય તમામ. ॥૫૫॥ એ બોલવું અજ્ઞાની જનનું, સર્વે મળી છે એક, તેમાંથી એકને માન્યોને, એકને છાંડયો છેક. ॥ ૫૬ ॥ તેને કેવા ફળ મળે છે, સાંભળજો દ્રષ્ટાન્ત; ચિત્ત દેજો શ્રોતાજન સરવે, સાંભળી વળશે શાન્ત ॥ ૫૭ ॥ હતી એક નરને બે નારી. વીવેકી ભરતાર; બેઉને બેઉ ચરણ ચાંપવા, દીધો અધીકાર. ॥ ૫૮ ॥ જુનીને જમણો નવીને ડાબો ચ-

રણુ સોંપ્યા સાર; પોતાને સોંપેલા ચરણુ ચાંપે, ત્યાં શું બન્યું એક વાર. ॥ ૫૯ ॥ નવી નારી ગઇ પીહર પોતે. છે ઘેર જુની નાર; પોતાના ભાગનો ચરણુ ચાંપતાં, આવ્યો એક વીચાર. ॥ ૬૦ ॥ આ વેળા મ્હારી શોકય નથી, લાગ ભલો બળ દાખું, એના ભાગનો ચરણુ આવેલો તરવારે કાપી નાંખુ. ॥ ૬૧ ॥ એમ જાણીને ખડગ લીધું, બોલ્યો પતિ તવ એમ; ઓ અબળા તું શું કરે છે, તરવાર લીધી કેમ. ॥ ૬૨ ॥ નારી કહે નાથ બોલશોમાં, દગ્ધ છે અંતસકર્ણુ; શોક સાંમી નીત્ય બેસે છે એનો, ચાંપવાનો છેદુ ચર્ણુ. ॥ ૬૩ ॥ ?થે કહયું એ તો ચરણુ મ્હારો, સ્ત્રી કહે તમારો શેનો; તમે તો તેને સોંપી દીધો છે, માટે તે ચરણુ તેનો. ॥ ૬૪ ॥ પતીએ જાણ્યું નવી નારીને ચાંપવા સોપીને શીશ, નારી તેનું શીશ સમજી, છેદી દે કો દીશ ॥ ૬૫ ॥ સરવ અંગ મ્હારૂં નવ જાણ્યું, આ છે અતી અજ્ઞાની; શીક્ષા કરીને કાઢી મુકી, ઉંધિ મતી એની જાણી. ॥ ૬૬ ॥ આ દ્રષ્ટાંતનું શીદ્ધાન્ત એ છે, એક સ્વરૂપ અંગ ઘણાં, એ અંગોમાં ભેદ ગણે તે, લક્ષણુ અજ્ઞાની તણાં. ॥ ૬૭ ॥ માટે એકજ માની લેજો, રામ કૃષ્ણુ શીવ શક્તિ; જો જુજવા ભેદ જાણુશો તો, નિષ્ફળ થાશે, ભકતી ॥ ૬૮ ॥ ॥ વળણુ. ॥ નિસ્ફળ સૌ ભક્તિ થશે, ધરવો નહીં ભેદ ટેક; વલ્લભ વદે શ્રોતા સહુ. જાણજો ઇશ્વર એક.

———×○×———

કડવું ૧૦ રાગ ધનાસરીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવુ, સભા પરવ મહિ માંય ॥ ૧ ॥ જુઓ અરજુન તમો એ પેહેલો, મનમાં ધર્યો અહંકાર; કૃષ્ણુ ભક્ત હું રામથી જબરો, પંથી બાંધી જાવું સાર. ॥ ૨ ॥ તેથી કપીયે બે પાજ ભાગી, ગર્વ તમારો ઉતરીયો; અંજની સુતે રામ ભકતનો; અહંકાર મનમાં ધરીયો. ॥ ૩॥ તે: ત્રીજી વાર પાજ ન ભાગી, થયા દાસના દાસ; જુદા જાણી અહંકાર ધરે, તેને થશે વિનાશ. ॥ ૪ ॥ જેમ નરે નારી તરછોડી, જમણા ચરણુ વાળી;તેરી તે ભેદી ભકતોને, તરછેડું વનમાળી. ॥ ૫ ॥ જુઓ જુદા જાણુતા હોતો. શું કર્યું વૈકુંઠ ભુપ; કૃષ્ણુ સ્વરૂપની કાયા બદલી, આપે ધર્યું રામ રૂપ. ॥૬॥ તવ કપીવર પાયે પડીયા, મુકીયો નરે પણુ ટેક; બેઉ જણાંયે સ્તુતી કીધી કૃષ્ણુને રામછો એક. ॥ ૭ ॥ પ-

છી કપી કહે કયાં જાવું છે, કહો મુને વારતાય; કૃષ્ણ કહે કે કનક લેવા જાવું છે લંકા માંય. ॥ ૮ ॥ કપી કહે સીદ તસ્દી લ્યોછો; આ-જ ઇંદ્ર પસ્ત આવું; જોઇએ કનક કેટલું ત્યાંતો,કહો તેટલુ લાવું ॥૯॥ પ્રભુએ કહ્યું સો મણ સોનું; લૈ આવજો કપી રાજ; કપી કહે તમો વળો પાછા લાવિશ કનક આજ. ॥ ૧૦ ॥ કૃષ્ણ કહે લંકા જોવી છે, તવ બોલ્યા હનુમાન; મનોવરાની આજ્ઞા નથી, ઓરે શ્રી ભગવાન. ॥૧૧॥ રામને લક્ષમણ એ બેઉ વિના, નહી અન્યને આગ્નાય; રામ રૂપે તમો સુખે પધારો, આ બેઉથી ન અવાય. ॥ ૧૨ ॥ એટલે બેઉને તેડી જવાને, શું કરયું વઇકુંઠ ભુપ; કુન્તી કુંવર અરજુનજીને, આ-પ્યુ લક્ષમણ રૂપ. ॥ ૧૩ ॥ કપી કહે હવે પ્રેમે પધારો, પણ રહિ જાશે ભેમ; પ્રભુ કહે મનોવરીને, જવો જઇ કહો એમ. ॥ ૧૪ ॥ કહીએ લંકામાં હાથી પડયાતા, આવ્યો છે તે નાંખનારો; તવ કપીયે કહયું જઇને, શુણો સમાચાર સારો. ॥ ૧૫ ॥ મનોવરિએ કહયું આવવાદો, તવ કપી રાજ ગયા; મનોવરીએ હા કહયું છે; સર્વ સમાચાર કહયાં. ॥૧૬॥ ભીમને જોવાની ઇચ્છા રાણીની, તેથી કરી આગનાય; એવું સાંભળી વ્રકોદરને, અતી અહંકાર થાય. ॥ ૧૭ ॥ હું બળીયો બધે કીરતી મ્હારી; મને જોવા સૌ ઇચ્છે; જેવા તેવા જનમે પ્રાણી, તેને કોઇ નવ પીછે. ॥ ૧૮ ॥ એવા વિચારે વ્રકોદર ચાલ્યો, પાજ ઊપર પરવરીયા; રામ લક્ષ્મણે રથ દોડાવ્યો. આગળ એ સંચરીયા, ॥૧૯॥ રામરૂપ દેખી મન્નોવરીએ, તેડી આપ્યું આસન, પુછયું કે હાથીનો ઉછાળનારો કયાં ગયો જુગજીવન ॥ ૨૦ ॥ પ્રભુ કહે એ આવે પું-ઠે, તવ જોવા ગઇ આધી એવામાં ભીમશેન આવે છે, તેને તો તર-શા લાગી. ॥ ૨૧ ॥ સમુદ્રનું જળ ઘણુંજ ખારૂં, તેતો કેમ પીવાય; મીઠું જળ એ શોધવા લાગ્યો, તળાવ દીઠું ત્યાંય. ॥ ૨૨ ॥ કુંભકરણના માથાની ખોપરી, પડી રહિ છે સાર; વરસાદનું તેમાં જળ ભરેલું, તળાવ તુલ્ય અપાર. ॥ ૨૩ ॥ તેતો ભીમે તળાવ જાણ્યું, પીવા કીનારે ચડીઓ; કીનારા ઉપર લીલ વળેલી, ત્યાં ભીમ લપશી પડીયો ॥૨૪॥ જેવો પડયો તેવો ગયો જળમાં, માંથે પાણી ફરી વળીયું; મનોવરી તવ હસવા લાગી, સામ્રથ એનું કળીયું ॥ ૨૫ ॥ એવામાં ભીમ જ-ળમાં તરીને, તરત નીકળ્યો બ્હાર; મનોવરી કહે જાવો કપીવર, અંજનીના કુંવાર. ॥ ૨૬ ॥ જઇને પેલાને પાછો વાળો, જોર જોઇ લીધુ એનું; મારા દીયરના માંથામાં બુડયો, સામ્રથ એમા શેનું. ॥ ૨૭ ॥

તવ રામલક્ષમણ એમ બોલ્યા.હવે અમે પણ જાશું;મનોવરી કહેભલે પ ધારો,સદાય કીંકર થાશું.॥૨૮॥ એટલે ચાલ્યા રામને લક્ષમણ, રથે બે-શીને પળીયા; કપી સહિત ત્રણે આવ્યા, વ્રકોદરને મળીયા, ॥ ૨૯ ॥ કહે ભીમ પાછા વળો,ના કહ્યું સતી નાર; પ્રભુએ કહ્યું તમોને નડયો, તમારો અહંકાર.॥૩૦॥ તમોએ જાણ્યું મુજને જોવા, ઈચ્છેછે સહુ સ્ત્રી-ષ્ટી; કુંભકરણની ખોપરીમાં તમે, બુડીને પામ્યા કષ્ટી. ॥ ૩૧ ॥ ભીમ કહે હોય ઇશ્વર ઈચ્છા, કહીને પાછા વળીયા, પાજ પર ગયા રથ્થ ચલાવી, સીંધુની બ્હાર નિકળીયા. ॥ ૩૨ ॥ તવ કપી કહે કહો કેમ કરૂં, છું અરજુનનો દાસ; હતાં તેવાં તવ રૂપ ધરીને, બોલ્યા શ્રી અ-વિનાશ. ॥ ૩૩ ॥ તમે તમારે સાચવો ચીતા, ચાકરી દેવું બતાવી; ટંકાર સાંભળો અરજુન કેરો, ધજાયે બેસવું આવી. ॥ ૩૪ ॥ એટલી તમારે ચાકરી કરવી, બીજુ ત્રીજુ નહિ કામ; એટલે હનુમાન પાછા વળીયા, સહુને કર્યો પરણામ. ॥ ૩૫ ॥ તવ ત્રણ જણા ત્યાંથી ચાલ્યા, ગયા ઇંદ્રપસ્ત માંય; કુન્તાને જઈ ચરણે લાગ્યો, આવશે સાત્રણ હાંય. ॥ ૩૬ ॥ એટલે સરવ આનંદ પામ્યાં, રાત્રીએ સુઈ રહયો; તે સમે કપી સોમણ સોનું, આવિને મુકી ગયા. ॥ ૩૭ ॥ સવારે તેના કટકા કરાવિ, ભરાવિ પરસાળ; તાળું દેઈ કુંચી કરી કબજે, પોતે શ્રી ગોપાળ. ॥ ૩૮ ॥ તે પછી પુછયું કુન્તાજીએ, ઓરે સુંદીર શામ; કારજ આ બે સીદ્ધજ થયાં, હવે શું કરવું કામ. ॥ ૩૯ ॥ પ્રભુ કહે કે કામદુરવા, લાવવિ જોઇએ ગાય; તવ ઇંદ્રનું આરાધન માંડયું, પો-તે ધરમ રાય. ॥ ૪૦ ॥ મંત્રને આધિન દેવતા તે,દેવ ન જાયે મુકી; ધ-ર્મના સત્યથી સરવ બીહે, અંત્રીક્ષથી ગાય મુકી. ॥ ૪૧ ॥ તે ગાય આવી પાન્ડવ ધામે, ટાળ્યો સંતાપ શોક; રાજાના જેવિ રહાયત સ-રવે દરશણે આવ્યું લોક. ॥ ૪૨ ॥ આણંદ ઓચ્છવ નગ્રમાં થયો, વ-રત્યો જય જયકાર; કામધેનુંની આગળ બાળો, ગ્રતના દીપક ચાર ॥ ૪૩ ॥ પછી પુછયું કુન્તાજીએ, ત્રીજું થયું આ કામ હવે કીયું કામ જ કરવું. ઓરે સુંદીર શામ. ॥ ૪૪ ॥ વળણ. ॥ શામ કામ કરવું કયું, બતાવો મોરાર; વ્યાસ વલ્લભ કહે બોલીયા. પોતે જુગદાધાર.

---o---

કડવું ૧૧ રાગ સોહાગની ચોપાઈ.

બોલ્યા, વૈશમપાયે વચનરે, સુણ જનમેજે રાજનરે, બોલ્યા અંતરયામી એમરે, લાવો વિપ્રને બળીયા ભેમરે. ॥ ૧ ॥ તવ થયો વ્રકોદર ત્યારરે ગદા લૈ ચાલ્યો વાયુ કુંવારરે; ગયો પ્રથમ ધ્રુમને મઠરે; ભણે અયુત વિપ્રોની ઠઠરે. ॥ ૨ ॥ ત્યાં જૈ પડયો રૂશીને પાયરે, મુજ ગેર યજ્ઞ એક થાયરે; વિપ્ર જોઇએ વીશ હજારરે, તમારે હાંઇ કેટલા ત્યારરે. ॥ ૩ ॥ ધ્રુમ બોલ્યા કે દશ હજારરે, જાતુ ગૌતમને મઠ સારરે, તવ ચાલ્યો વાયુનો તનરે, ગયો ગૌતમ મઠ રાજનરે. ॥ ૪ ॥ પુછયું વીપ્ર છે કેટલા હાંઇરે, જોઇએ છીઅ યજ્ઞની માંઇયે; બોલ્યા ગૌતમ તેણી વારરે, હાંઈ વીપ્ર છે ત્રણ હજારરે. ॥ ૫ ॥ જાતુ અગસ્ત રૂશીને મઠરે; ત્યાં છે વિદ્યારથીની ઠઠરે; સર્વ યજ્ઞ કરાવે એવારે, માટે ત્યાં તું જાને લેવારે ॥ ૬ ॥ ગયો અગસ્તને મઠ આપરે, લાગ્યો ચરણ એ મા બાપરે; મુજ ઘેર પધારો આજરે, કરવો રાજ સોઈ મહારાજરે. ॥ ૭ ॥ બોલ્યા અગસ્ત સાંભળ વાતરે; હાંઇ વિપ્ર છે હજાર સાતરે; ભીમ કહે તે લેઇને જેયેરે, બીજા ગૌતમને ત્યાંથી લૈયેરે ॥ ૮ ॥ તવ અગસ્ત ઉઠયા સારરે, લીધા વિપ્રો સપ્ત હજારરે; ગયા ગઊતમને મઠ જ્યારેરે, થયા ગઊતમ તૈઆર ત્યારેરે. ॥ ૯ ॥ લીધા વિપ્રો ત્રણ હજારરે. આવ્યા ધ્રુમ રૂશીને ત્યાં સારરે; ભીમે કહયું માહારાજા આવ્યોરે, દસ હજાર બ્રાહ્મણ લાવ્યોરે. ॥ ૧૦ ॥ આવ્યા ગઊતમ અગસ્ત રૂશીરે, તવ ધ્રુમ થયા બહુ ખુશીરે; તેડયા આદરથી મઠ માંયરે, બેઠા રૂશીયે રૂશીઓ ત્યાંયરે. ॥ ૧૧ ॥ બોલ્યા ધ્રુમ સુણો ભુદેવરે, ભીમને હસવાની ટેવરે; રખે મશ્કરી કરે એતોરે, બોલ્યા અગસ્ત સત્ય કરો તેતોરે. ॥ ૧૨ ॥ તવ ધ્રુમ રહે વાયુ તનરે, તારૂં સાચુ નથી વચનરે, નહિ આવીયે તારે તેડેરે, આવશું કોઈ બીજા કેડેરે ॥ ૧૩ ॥ જાતું મોકલ કોઈ તારો વીરરે, તવ આવીશું પાધરા તીરરે; તવ ભીમે કર્યો પરમાણરે, આતો માંરે માંથે છે કામરે. ॥ ૧૪ ॥ માટે ચાલો હું આગળ થાવુંરે, નહીં આવો તો ઉચકી જાવુરે; કરૂં વીપ્ર તણી મશ્કરીરે, મુજ જેવો પછી કોણ અરીરે, ॥ ૧૫ ॥ થાઉં નર્ક તણો અધીકારીરે, માટે સત્ય માનો વાત મ્હારીરે; તવ બ્રાહ્મણને સત્ય ભાસ્યુંરે, ચાલો ભીમની સાથે જાશુંરે. ॥ ૧૬ ॥ પછી ઉઠયા સરવ ભુદેવોરે મળ્યો મેળો એ જોવા જે-

વોરે; સહુ નગ્રની લગભગ થાયરે,તેતો ખબર ગામમાં જાયરે. ॥ ૧૭ ॥ લાગ્યા પાન્ડવ સામા જાવારે, સાથે લીધા પુસ્પ વધાવારે; ચાલ્યું નગ્ર તણું સહુ લોકરે, ભીડ ભરાઇ છે અથોકરે. ॥ ૧૮ ॥ બ્રહ્મરૂપના દરશન કરવારે, ઉભા પાતક સહુ નિસ્તરવારે; એવે વીપ્ર તણુ વ્રંદ આવેરે, લોક મોતિ ને પુષ્પે વધાવેરે. ॥ ૧૯ ॥ પેઠા નગ્રમાં બ્રાહ્મણ લોકરે, સહુનો ટળ્યો સંતાપ શોકરે, એક બાંધ્યો હતો મુકામરે, ત્યાંતો આપ્યો વીપ્રોને ઠામરે. ॥ ૨૦ ॥ મુકયા બબે સેવક પાસરે, કરે પુરણ સેવા હુલાસરે; આવે પ્રજા દરશણ કરવારે, પુછે પ્રષ્ણો સંસાર તરવારે. ॥ ૨૧ ॥ તેના ઉતરથી જ્ઞાન થાયરે, ઘણો જેજેકાર વરતાયરે; પછી કુન્તાજી વદ્યાં વચનરે, હવે શું કામ જુગજીવનરે. ॥ ૨૨ ॥ બોલ્યા પ્રભુ નીકુળ ત્યાર થાવોરે, તમો મંન્ડપ જઇ લઇ આવોરે; તવ કુન્તાજી કહે તનરે, ઉઠો કરી લ્યો બેટા ભોજનરે. ॥ ૨૩ ॥ તવ ચાલ્યો માદરિ તનરે, કરવા બેઠો ભોજનરે; તવ શેદેવજીને શામરે, મળાયા એકાન્ત મુકામરે. ॥ ૨૪ ॥ બોલ્યા શેદેવ સુણો ગોપાળરે, જાય છે ન્હાના ભાઇ પાતાળરે; કાળી નાગ છે કાળનો કાળરે, તેની કોણ લેશે સંભાળરે. ॥ ૨૫ ॥ કહ્યું ક્રષ્ણે કરો વીવેકરે, લખો પાતાળ પત્ર એકરે, ત્યાં છે ભીમ તણો સંતાનરે નાગ કન્યા સુતબળવાનરે.॥૨૬॥ લેશે નીકુળની સંભાળરે, અપાવે મંન્ડપ એ બાળરે.

ઝડપના દોહરાનો રાગ.

તવ શેદેવ પત્ર લખ્યો, સાંભળને તું રાય; નીકુળજીના જામા કેરી, કસે બાંધ્યો માંય. ॥ ૨૭॥ તે કોની નજરે નવ પડે. તેવો બાંધ્યો સાર; એવે નીકુળ જમી ઉઠયા, પેહેર્યારે શણગાર. ॥ ૨૮॥ શુરવાળ કવચ બક્તર જામો, પેહેરી લીધો ઝટ; કટીયે સૌ આયુધ બાંધ્યાં માથાપર મુગટ. ॥ ૨૯ ॥ ત્યાર થઇ પોતે નીકળીયો, આબુ ઉપર જાય,ગયો પોતે પાતાળ જવાનું દ્વાર ત્યાં છે.ઉતરીયો તે માંય.॥૩૦॥ પાતાળ વીશે, કાળી નાગને ધામ; બારણે જઇને ઉભો રહયો, લીધું કાળીનું નામ. ॥ ૩૧ ॥ તે વેળા કાળી નાગ સુતો, જેનાથી સહુ કાંપે; એ કાળી નાગની નાગણીયો, તે બેઠી અંગ ચાંપે ॥ ૩૨ ॥ તેમણે ઘાંટો સાંભળ્યો કે, તરત આવી બ્હાર; મહા રૂપવંતો પુરૂષ દેખી કીધો નમસ્કાર. ॥ ૩૩ ॥ ઓ રૂપવંતા કેમ પધાર્યા,કાળી છે કાળનો કાળ; ઘાંટા ન કાઢો જાઓ પાછા, અમને તમારી ફાળ ॥ ૩૪ ॥ ધન્ય તમારિ જનેતાને, કેવું કઠીણ હૈયું, આવું રૂપાળું મરવા

માટે, બારણે કાઢ્યું છેયું. ॥ ૩૫ ॥ તમારી કામનીનું કાળજું, કઠોર અપરંપાર; આવો રૂપાળો ઘર બ્હાર કાહાડયો, અલબેલો ભરતાર. ॥૩૬॥ સુંદિર કાન્તી મનહર છબી, નંદ કુંવર જેમ કાળા, તેવી સુંદીર છબીના તમે, ગૌર વરણ રૂપાળા, ॥ ૩૭ ॥ કૃષ્ણે કાળી નાગ નાથ્યો, બહુ પરશેવો વળીયો; તો તમારૂ કેટલું ગજુ, છે કાળી નાગ બળીયો. ॥ ૩૮ ॥ નીકુળ બોલ્યો અ શું કરશે, ધાંટા કાઢીને રૂઢયો; એના હોંકારા સાંભળીને કાળી જાગી ઉઠયો. ॥ ૩૯ ॥ રક્ત લોચને રાતો તાતો, થયો કાળનો કાળ; ક્રોધ ધરીને નીકુળ ઉપર. નાંખી વીશની જવાળ. ॥ ૪૦ ॥ તવ નીકુળને લ્હેર ચડી, પ્રાણજ ઉંચો ચડીયો; સુદ્ધી બુદ્ધી વીનાનો થૈને, મારગમાં જઇ પડીયો. ॥ ૪૧ ॥ નાગણીયો તવ ઘરમાં નાઠી, બહુ ચીંતામાં પેઠી; કાળી નાગનો ક્રોધ દેખી, શરીર ચાંપવા બેઠી. ॥ ૪૨ ॥ બે ભાન થઇને નીકુળ પરીયો, એવામાં શું થાય; ત્રીસ કે ચાળીસ બાળક કેરૂં, ટોળું આવ્યું ત્યાંય. ॥ ૪૩ ॥ તેમાં સરદાર બબરીક સૌનો. વ્રકોદરનો તન; તેણે નીકુળ પડયો દેખીને, વીચાર કીધો મન. ॥ ૪૪ ॥ છે કોઇ પ્રાણી,પૃથ્વી કેરો, લેહેરમાં પડ્યો છે સાર; કાહાડી લેવા ધાયક એને, અંગે છે સણગાર. ॥ ૪૫ ॥ એમ જાણી સહુ છોકરાંને, કાઢી મુકયાં મારી; પછી નીકુળે અંગેથી લીધાં, આભુશણ ઉતારી. ॥ ૪૬ ॥ કવચ બક્તર મુગટ જામો, તે પણ કાઢી લીધો; શુદ્ધી વીનાનો નીકુળજી છે, સુરવાર રેહેવા દીધો. ॥ ૪૭ ॥ પછી પોતાને ઘેર ગયોને, માતાને કહ્યું આવ્યો; પૃથ્વીનો પ્રાણી પડયો છે તેનાં, વસ્ત્ર આભુષણ લાવ્યો. ॥ ૪૮ ॥ એમ કહી મુકયાં માત પાસે, નાગ કન્યા તે જોય; આવા રૂપાળા દાગીના પેહેરે; તે કેવો રૂપાળો હોય. ॥ ૪૯ ॥ દાગીના જોઇને મુગટ જોયો, તેની શોભા બહુ દીઠી;એવામાં જામો જોતામાં કસે, જોવામાં આવી ચીઠી. ॥ ૫૦ ॥ તે છોડીને વાંચી જોઇ, જાણ્યો સમાચાર સારો; એ દીકરા એતો તુજ કાકા. નીકુળ દીયર મ્હારો, ॥ ૫૧ ॥ જા દોડતો તું એમની પાસે, ઉતરી હશે લ્હેર; મંન્ડપ લેવા આવ્યા છે એતો, તેડી લીઆવો ઘેર. ॥ ૫૨ ॥ એટલે બબરીક કાકાની પાસે, આવીયો તેણી વાર; તવ નીકુળને સુદ્ધી આવી. ઉઠયો કુન્તી કુંવર. ॥ ૫૩ ॥ અરેરે લુગડાં થયા મોંઘાં, પડયુ દારૂણ દુખ; કામ કર્યા વણ ઘેર જઇને, શું દેખડાવું મુખ. ॥ ૫૪ ॥ એવામાં બબરીક બોલ્યો, કાકા સુણો વચન. વસ્ત્ર ને શણગાર લે-

ઇ ગયો છું, હું ભીમશેનનો તન ॥ ૫૫ ॥ વીશ ખાઈ પાતાળ પડયા તા, વર્યા હતા મુજ માત; તે નાગ કન્યાનો દીકરો હું, જાણુતા હ-શો વાત. ॥ ૫૬ ॥ નીકુળને તવ હીમત આવી, જાણી સાચી પેર; બબરીક કાકાનો હાથ ઝાલી, તેડી લાવ્યો ઘેર. ॥ ૫૭ ॥ નાગ ક-ન્યાએ આઉકાર દીધો, દિધાં વસ્ત્ર શણગાર; રશોઇ કરીને જમા-ડયાં, દાળ ભાતને કનસાર. ॥ ૫૮ ॥ પછી ખાધાં પાન સોપારી, બબ-રીક બોલ્યો એમ; સર્વેનિ ખબર પુછીને કહ્યું; તમે પધાર્યા કેમ. ॥ ૫૯ ॥ વળણ. ॥ કાકા કેમ પધારીયા, તે સઘળી કહો પેર; તવ ત્યાં નીકુળ બોલીયા, યજ્ઞ આપણે ઘેર.

કડવું ૧૨ રાગ કલ્યાણની છાયાની ચોપાઈ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન; બોલ્યો નીકુળ થઇને મગ્ન, આપણે ઘેર રાજસોઈ યજ્ઞ. ॥ ૧ ॥ તે યજ્ઞમાં પડયો છે ખપ્પ, જોઇએ સવરાટ મંડપ્પ; માટે કાળી કને લેવા આવ્યો, મને ફુંક મારિને ઉડાવ્યો. ॥ ૨ ॥ તેથી પડયો થઈ બેભાન, મને તેં લુટયો સંતાન; બોલ્યો બબરીક લાગી પાય, કાળી નાગ મ્હારો મામો થાય. ॥ ૩ ॥ પછી કહ્યું તું સાંભળ માત, કેવો ફાટયો છે તારો ભ્રાત; મુજ કાકાની લજ્યા લીધિ, મ્હારી ઇજ્જત હલકી કીધી. ॥ ૪ ॥ માટે કરી નાંખું કાળો કેહેર, તારા ભાઇને મારૂં ઠેર; કરૂં ઉજડ બધું મોસાળ, આણું કાળી નાગનો કાળ. ॥ ૫ ॥ કેમ નાંખી વિ-શની જવાળ, શું એ બહુ જબરો પાતાળ; કીધો ક્રોધ અતી મન સાથ, નાગ કન્યાયે ઝાલ્યો હાથ. ॥ ૬ ॥ બેટા ચાલો વ્હેવાર વટે, મામાને મારવો નવ ઘટે; એણે ઓળખ્યો નહી તુજ કાકો, તેથી ક્રોધ કરેલો પાકો. ॥ ૭ ॥ કરે મોસાળ ઉજડ જેહ, ખરો નિરદય ભાણેજ તેહ; ટાળે માત તણો વિસરામ, ઠરે જનેતા કીયે ઠામ. ॥ ૮ ॥ બોલ્યો બબરીક સમજ્યો આજ, કેમ ખોવું કુટુંબની લાજ; ખુએ તાત ત-ણી શોભાય, તેતો કપુત સુત કેહેવાય. ॥ ૮ ॥ પેહેલું કુટુંબ પછી મો-સાળ, એવું સમજે સપુત બાળ; નાગ કન્યા કહે સુણ તન, જા તું મામાને ભોવન. ॥ ૯ ॥ જઈ માગી લે મંન્ડપ; આપે તો ટંટાનો શો ખપ; નવ્ય આપે તો લડાઇ થાય, પછી મ્હારો નહિ ઉપાય. ॥ ૧૦ ॥ બોલ્યો બબરીક વારૂ માત, કહી કાકાનો ઝાલ્યો હાથ, ચાલો મા-

આની મજા બતાવું નહી આપે તો મારીને લાવું. ॥ ૧૧ ॥ એમ કહી ને તત્પર થયો, કાળીનાગ તણે ઘેર ગયો; પેઠો ઘાંટા કાઢતો ઘરમાં, કેમ મામો ભરાયો છે છરમાં. ॥ ૧૨ ॥ મારા કાકા ઉપર ધર્યો કાળ, કેમ નાંખી તેં વીશની જવાળ; હુંગમાંથી કાળીનાગ જાગ્યો, બબરીકને કેહેવા લાગ્યો. ॥ ૧૩ ॥ હું શું જાણું તારો કાકો થાય, અજાણ્યાનો ન દોશ ગણાય, બોલ્યો બબરીક સંદેહ ખોઇએ, લાવો સવરાટ મંડપ જોઇએ. ॥ ૧૪ ॥ કહ્યું કાળીનાગે મ્હારો નથી, એના માલીક છે સુરપતી; દેવલોકનો મન્ડપ એહ; સોંપ્યો ઇંદ્રરાજાએ તેહ. ॥ ૧૪ ॥ માટે મુજથી કેમ દેવાય, સુણે બ્હારથી નીકુળ રાય; બોલ્યો બબરીક લૈ જવો મ્હારે, કહે શું કરવું છે તારે. ॥ ૧૬ ॥ કહ્યું કાળીયે મરશો માં મથી, એ તો મન્ડપ મળવાનો નથી; સુણી બબરીકને ચઢી રીસ, ગેડી મારી મામાને શીશ. ॥ ૧૭ ॥ કહ્યું કાળીનાગે માર્યો મુને, હવે ન ગણું ભાણેજ તુને; કહી સામો થયો તે વાર, ચાલી બેઉને મારા માર. ॥ ૧૮ ॥ મારે પુંછ ફણાનો માર; કોપ્યો બબરીક અપરમપાર; એનો દારૂણ દૈવત દાખે, કાળીનું અંગ કચરી નાંખે. ॥ ૧૯ ॥ કરે ગેડી તણો બહુ પ્રહાર, ખેંચી લાવ્યો ભોવન બ્હાર; કાળીને અંગ રૂધિર છુટે, જોઇ નિકુળ કાખલી કુટે. ॥ ૨૦ ॥ ઠીક વળે છે મ્હારૂ, વ્હેર, મુને નાંખીતિ વિશની લ્હેર; મારે બબરીક ગેડીનો માર, તેથી વહે રૂધીરનિ ધાર. ॥ ૨૧ ॥ આવિ કાળીનાગનિ નારિ, તમે શાને નાખો છો મારી, અહો ભાણેજજી કષ્ટ કાપો, અમને હેવાતણ આપો. ॥૨૨॥ તવ બબરીકને દયા આવિ, દીધો નાગણીઓએ છોડાવી, તેથી મામાને મુકી દીધો, ઘરમાં જઇ મન્ડપ લીધો. ॥ ૨૩ ॥ કાળીનાગ રહયો તવ જોઇ, એને રોકી શકયું નહી કોઇ; તેડી ગયો કાકાને ઘેર, કહિ જનેતાને બધી પેર. ॥ ૨૪ ॥ માતા આગના આપો મને, મારે જાવું છે તાતજી કને, બોલી નાગ કન્યા મુખ એમ, તુજ વિના મુને ગમે કેમ. ॥ ૨૫ ॥ રાત્રીએ નીંદ્રા નવ આવે, દીવસે રાંધી ખાવું ન ભાવે; બોલ્યો નીકુળ કયાંથી હું આવું, આવ્યોછું ત્યારે તેડી જાવું. ॥ ૨૬ ॥ એમ મ્હોઢા ઉપરનું કહ્યું, પણ મનમાં તો કેવું થયું. જો આ છોકરો સાથે આવે, તો તો જસ લેવાનો ન ફાવે. ॥ ૨૭ ॥ મેં તો ઇજ્જત ખોઇ પાતાળ, તે બધી વાત કહી દે બાળ; દીધો મંડપ આ છોકરે, કામ કરેલું એનું ઠરે. ॥ ૩૮ ॥ માટે આવે નહિ તો સારૂ, જોઇએ શું થાય છે વારૂ; નાગકન્યાયે કર્યું રૂદન, તવ બોલ્યો બબરીક તન. ॥૨૯॥

કાકા લ્યો મન્ડપ તમે જાવો, મ્હારે કલેશ થાયછે હાવો; કહ્યુ નિકુળે રહો તન; ભાભી કરશો નહી રૂદન. ॥ ૩૦ ॥ નથી આવતો બબરિક બાળ, કન્યા છાની રહે ત્રતકાળ; દિધિ દીયરજીને વીદાય, લેઇ મન્ડપ નિકુળ જાય. ॥ ૩૧ ॥ નીકળ્યો આબુગડને દ્વાર, ત્યાંથી નગ્રમાં ગયો તે વાર; જઈ કુન્તાને પડીયો પાય, લ્યો હું મન્ડપ લાવ્યો માય. ॥ ૩૨ ॥ ત્યાંતો બેઠા છે ચારે ભ્રાત, વળી કૃષ્ણ પ્રભુ સાક્ષાત; બોલ્યાં કુન્તાજી મુખ વચન, કેમ કરીને લાવ્યો તું તન. ॥ ૩૩ ॥ કાળી નાગ છે કાળનો કાળ, ભલી ન નાંખી વિખ જ્વાળ; એને કૃષ્ણજી એ વશ કરીયો, ત્યારે પરશેવો ઉતરિયો. ॥ ૩૪ ॥ એવો બહુ બળીયો પ્રખ્યાત, કેમ જીત્યો તે કહે વાત; બોલ્યો નિકુળજી તતકાળ, માતા હુંતો ગયો પાતાળ. ॥ ૩૫ ॥ કાળી નાગનું પુછયું ધામ; જઇ ઉભો એને મુકામ;મેંતો ધાંટા કાઢયા બે ચાર. તેવિ આવી બધી એની નાર. ॥ ૬૬ ॥ મને લાગી તે સરવે કેહેવા, તમો રૂપાળા કષ્ણજી જેવા; એવામાં કાળી જાગી ઉઠયો, મુને દેખીને રોશમાં રૂઠયો. ॥ ૬૭ ॥ એણે નાખી વીશની જ્વાળ, મને રિસ ચઢી તતકાળ; માર મારીને બે ભાન કીધો, એને મારગમાં ફેંકી દીધો. ॥ ૩૮ ॥ જઇ ઘરમાંને મન્ડપ લાવ્યો, એવી રીતે જીતીને આવ્યો; જાણ્યું શેદેવ થયો અહંકાર, કહ્યું કેટલો જમ્યા કંસાર. ॥ ૩૯ ॥ ભીમ ચેતી ગયો બધી પેર, કહ્યું ગયો હશે મુજ ઘેર; તવ નીકુળે એમ જાણ્યું કદી કપટ ન રહે છાનું ॥ ૪૦ ॥ એમ સમજીને બોલ્યો વાણી, હવે સાંભળો સાચુ જાણી; ભીમભાઈની જય જય થાજો, એનાંદુખને દળદર જાજો. ॥ ૪૧ ॥ હું તો ગયો હતો પાતાળ. મુને કાળીયે નાંખી જ્વાળ, પડયો પંથમાં જઈ બેભાન; આવ્યો ભીમ તણો સંતાન ॥ ૪૨ ॥ મારા હર્યાં વસ્ત્ર સણગાર, તેમાંથી જાણ્યા સમાચાર; પછી કળવળી મુને જ્યારે, એને ઘેર તેડી ગયો ત્યારે- ॥ ૪૩ ॥ દીધા ભોજાઇએ આડિકાર, મને જમાડયો કંસાર; ભીમનો સુત બબરીક નામ. બહુ પ્રાક્રમી રૂપનો ધામ. ॥ ૪૪ ॥ :કાળીનાગ એનો થાય મામો, પણ તે થયો તેના સામો, કીધો કુંવરે કાળો કેહેર, માર મારી લીધું મુજ વ્હેર. ॥ ૪૫ ॥ ઘણી કરગરી કાળીની નારિ, નહીતો ઠેર નાખત મારિ; સરજોરીથી મંડપ લીધો, મુને આપીને વિદાય કીધો. ॥ ૪૬ ॥ સીવ બ્રહ્મા એનાથી હારે, ભાઈ ભીમ એવો સુત તારે; ભીમ કહે સુણો દિનાનાથ, કાહ મુછે નાંખ્યો હાથ. ॥ ૪૭ ॥ પ્રભુ સુત તમારે અ-

નેક,પણ પ્રાક્રમી ન મળે એક; મારે બબરિક દિકરો કેવો, જુવો પ્રાક્રમી પુરૂશ એવો, ॥ ૪૮ ॥ એનાથી શીવ સરખા રે છેટા, જેવા બાપજ તેવા બેટા, મુજ પુત્રે મન્ડપ કાજ સરિયું;તેથી એ કામ મેં કર્યું કરિયું. ॥ વળણ. ॥ સુણી સામળીયો બોલીયા, સત્ય વદો છો આપ; વલ્લભ વદે કૃષ્ણે કહ્યું, યજ્ઞ તમો પરતાપ. ॥

કડવું ૧૩ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તજને ળંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીમને ભગવાને પુલાવ્યો, પછી બોલ્યાં કુન્તાય; હવે કીયું કામ કરવું; ઓરે જાદવ રાય. ॥ ૨ ॥ પ્રભુએ કહ્યું દેશ દેશાન્તર, પત્રની જુકતી જોડાવો; મનુશ પશુ પક્ષી કેરાં, સહુ બંધન છોડાવો. ॥ ૩ ॥ તવ દેશે દેશ પત્રો લખીયા, સહી કરિ ધરમ ભુપાળ; તે પત્રો રાજાઓએ વાંચ્યા, બંધ છોડયા તતકાળ. ॥૪॥ પશુ પક્ષી મનુશ માત્રો, છોડી મુકયા તે વાર; જરાસને એક ન છોડયો, કેદિ વીસ હજાર. ॥ ૫ ॥ પાન્ડવને પત્ર લખી જણાવ્યો, આપણે નથી નેક; રાજા લોક મ્હારે ઘેર કેદિ, નહિ છોડુ કોઇ એક. ॥ ૬ ॥ પાન્ડવને તે પત્ર પોહોચ્યો, વાંચી કર્યો વિચાર; પ્રભુએ કહ્યું વ્રકોદર બળીયા, થાવો યુધે તઇઆર. ॥ ૭ ॥ એતો છે કામ તમારે માંથે, માટે ઉઠો રણધીર; તવ ભીમ કહે વસ્ત્ર પ્હેરો, ઓરે અરજુન વિર. ॥ ૮ ॥ તમારે કામે હું આવ્યોતો, તમે ચાલો મુજ કામ; અરજુન કહે સારૂ ન્હોતું, સાંભળો સુંદિર શામ. ॥ ૯ ॥ પ્રભુ કહે કે જોડે જાવું, તેમાં શું આવે જોર; અરજુનજી કહે ખુશી તમારી, રથ જોડો કીશોર. ॥ ૧૦ ॥ એમ કહી જઈ વસ્ત્રો પેહેર્યાં, હાથ લીધાં હથીઆર; રથ જોડીને આગળ ઉભા, પોતે જુગદાધાર. ॥ ૧૧ ॥ વ્રકોદરે વસ્રો પેહેર્યાં; કટી કશીને બાંધે;કરૂપતનાં ઘરની ગદા તે, તરત લીધી ખાંધે. ॥ ૧૨ ॥ પારથ આવી રથ બીરાજ્યો,હાંકયો શ્રી રણછોડ;વાયુ નંદન આગળ ચાલ્યો જાય છે જોડાજોડ. ॥ ૧૩ ॥ મગજ દેસે આવી પોહોચ્યા, નગ્ર રહ્યું ગાઉ ચાર; એટલે ભીમની પ્રત્યે બોલ્યા, પોતે વિશ્વાધાર. ॥ ૧૪ ॥ આપણ ચાલ્યા જૈયે છયે, સુર ભર્યા સરવથી; નગ્રમાં રાયના હુકમ વિના, પેસવા દેનાર નથી, ॥ ૧૫ ॥ દરવાજે રોકીને રાખે છે,કોણ ગામને કોણ નામ, તે ચીઠ્ઠી દરવાન લેઇને, બતાવે

રાયને ઠામ. ॥ ૧૬ ॥ જરાસને તે વાંચી જોઇને, હુકમ કરે જેવો; તેનો જવાબ દરવાજે આવે, ત્યારે બને ખેલ તેવો. ॥ ૧૭ ॥ એવિ ઘણી પરડ થાયે; એમાંથી વધશે દ્વેશ; બ્રાહ્મણને જવાનિ રજા છે, લ્યો વિપ્રનો વેશ. ॥ ૧૮ ॥ આયુધને રથ આ જંગલમાં, મુકીને આપણ જૈયે; બ્રાહ્મણ વેશે જરાસનના. ઘરમાં ભેગા થૈયે. ॥ ૧૯ ॥ ભીમ કહે ખરી વાત માહારાજા, કહી જંગલમાં ગયા;રથ ઘોડા ગુફામાં મુકયા,વિપ્રને વેશે થયા. ॥ ૨૦ ॥ આયુધ સૌનાં રથમાં મુકયાં, અરજુને શું કીધું; તીછક નાગનો મંત્ર ભણીને, એક બાણ કરમાં લીધું. ॥ ૨૪ ॥ તે બાણ માર્યું કે નાગ પ્રગટયો, રથને વીંટાઈ વળીયો, ફેણા માંડીને ચોકી કરવા, બેઠો તે નાગ બળીયો. ॥ ૨૨ ॥ અરજુને કહ્યું સાચવજે સો, નહી તો કાઢીશ મુળ; જો કાંઈ મ્હારી વસ્તુ જશે તો, ભસ્મ કરૂ તુજ કુળ. ॥ ૨૩ ॥ એમ કહીને વિપ્રને વેશે, ચાલ્યા તેણીવાર; તે સમે શીવ શેવા કરવા ગયો, બે માતાનો કુંવાર. ॥ ૨૪ ॥ બે માતાનો સુત જરાસન છે, સંદે ધરે શ્રોતાજન; તે સંદે સહુ સાંભળી લેજો, બે માતનો કેમ તન. ॥ ૨૫ ॥ જરા રાણીને જરા રાક્ષણી, તે બેઉ એની માય; પેટ ફરજન ન્હોતું માટે, કરતી શીવ શેવાય. ॥ ૨૬ ॥ એવામાં શીવ પ્રસન થયા, રાણીને એકવાર; પ્રગટ થઈ કહ્યું માગ્ય નારી, તવ માગ્યો કુંવાર. ॥ ૨૭ ॥ એટલે માહાદેવે કેરી આપી, જા વધશે ઘર સુત્ર; આ ફળ આખું ખાઇ જજેકે, તુજને થાશે પુત્ર. ॥ ૨૮ ॥ તે ફળ લૈ જરા રાણી ચાલી, મનમાં આનંદ પામી; તેવે સમે જરા રાક્ષણી, શોકને મળી સામી. ॥ ૨૯ ॥ તેણે હાથમાં કેરિ દીઠી. રાણીને રોકી રાખી; પુછયું કે કયાંથી કેરી લાવી, એટલે રાણી ભાખી. ॥ ૩૦ ॥ એ બાઈ માહાદેવ પ્રસન થયા, મુજ પર ઉલટ વ્યાપી; ભક્ષ કરેથી પુત્ર થવાનો આ કેરિ મુજને આપી. ॥ ૩૧ ॥ રાક્ષણી કહે આપ અડધી, આપણ બેઉ ખૈયે; બે જણને બે દીકરા થાશે, કોઇ વંજા ન કેહેવૈયે. ॥ ૩૨ ॥ રાણી કહે હું તો નહિ આપુ, રાક્ષણી બોલી એમ; ઝુંટાવિને બધી જૈશ ખાઈ, ત્યારે તું કરીશ કેમ. ॥ ૩૩ ॥ એટલે રાણી થર થર ધ્રુજી; કેરિનિ ચીરાડી કિધી; ઉભી ચીરી એક એને આપી, બીજીતો પોતે લીધી. ॥ ૩૪ ॥ બેઉ જણીયે ભક્ષ કીધું, સુખની વ્રતિ નેટ અડધો અડધ ગર્ભજ રહયો, બે પ્રેમદાને પેટ. ॥ ૩૫ ॥ રાણી કરતાં રાક્ષણીયે તો, ફળ ભક્ષ પેહેલું કરિયું; તેથી પેહેલું રાક્ષણીને, અડધું અંગ અવતરીયું,

॥ ૩૬ માથું અડધું નાક અડધું, એક ચક્ષુ એક કર્ણ; એક પાસુ ને ભુજ એક છે, એક જંગા એક ચર્ણ. ॥ ૩૭ ॥ તે જોઇ રાક્ષણી કળ કળી ઉઠી, અડધો કુંવર લીધો; ડેરામાં જઈ શીવના ઉપર, પુત્રને મુકી દીધો. ॥ ૩૮ ॥ લેરે રડયા મ્હાદેવડા તું, અડધો તારો તન; નીચ જાતી તે નીચું બોલો; ગૈં આપને ભોવન. ॥ ૩૯ ॥ એવામાં અવતર્યું રાણીને, પુત્રનું અડધું અંગ; તે જોઇને એ રડવા લાગી, ભાગી ગયો ઉમંગ. ॥ ૪૦ ॥ આ મ્હારે શા કામનું છે, જૈ પાછું આપી આવું; જો મ્હાદેવજી આખો પુત્ર, અપેતો પાછો લાવું. ॥ ૪૧ ॥ એમ કહિ ગઇ ડેરામાં, શીવ તણું ધ્યાન ધરતી; ઉત્તમ જાતીનિ દીકરિ છે, બીજું નથી ઓચરતી. ॥ ૪૧ ॥ ડેરામાં આવિ દિકરો લાવિ, ઊમંગ થયો છે ભંગ; એવે જળાધારી ઉપર દીઠું, પુત્રનું અડધું અંગ ॥ ૪૨ ॥ તે બેઉ ચીતાળીયાં લીધાં ખોળે, રડવા લાગી થઈ રાંક; ઓરે શંભુ ભવીશ મ્હારૂં, નથી તમારો વાંક. ॥ ૪૩ ॥ શોકે કેરી ચીરાવી ખાધી, ચીરી ચીરી થયું અંગ; પણ કૃપા કરીને કરો આખો, પુત્ર મ્હારે ઉછંગ. ॥ ૪૪ ॥ પ્રગટ થૈ એટલું કરી આપો, તો શેવ્યા પરમાણ; કામ નહી કરોતો છેવટે, કાહાડીશ મ્હારા પ્રાણ. ॥ ૪૫ ॥ એવાં દીનતાનાં વચન બોલી, પ્રગટીયા માહાદેવ; રાણીના ઉછંગમાથી લીધાં ચીતાળીયાં તતખેવ. ॥ ૪૬ ॥ ભેગાં કરિને ભોળા શંભુએ, ફરતો ફેરવ્યો હાથ; એટલે પુત્ર સજીવન થયો, બોલ્યા ઉમીયા નાથ. ॥ ૪૭ ॥ લે બાઈ તારો દીકરો તું, એ બહુ પ્રાક્રમ કરે, નહીં લોઢેથી નહિં લાકડેથી નહી પાશાણથી મરે. ॥ ૪૮ ॥ નહિં હાડકેથી નહિં ચામડેથી. કોઇ રિતે નહિં મરણ, એટલે રાણી પુછવા લાગી. માહાદેવને નમી ચરણ. ॥ ૪૯ ॥ આ દીકરો શું અમ્મર આપ્યો, ઓરે ત્રીપુરારી, શીવજી કહે સાંભળ નારિ, ધ્યાંનમાં લે વાત મ્હારિ. ॥ ૫૦ ॥ કોઇ એને ઉભો ચીરો ચીતાળીયાં કરિ નાંખો; તોપણ ગબડીને મળે ભેગાં, પાછો થઈ જાય આખો. ॥ ૫૧ ॥ પણ કોઈ ચીરિને ચીતાળાં કરિ, વચમાં કરે શીવ બાણ; તવ ચીતાચીયાં ભેળાં ન થાયે, નીકળી જાશે પ્રાણ ॥ ૫૨ ॥ એમ કહીને પુત્ર આપ્યો, નારિ ગઈ નીજ ધામ, આનંદથી ઉછેરે એને, ધર્યું જરાસન નામ. ॥ ૫૩ ॥ તે જરાસન મ્હોટો થયો, કરતો રાજ્યાસન, ગૌ બ્રાહ્મ પર પ્રીતિ સારિ; કરે સીવ પુજન. ॥ ૫૪ ॥ એ રીતે બે માનો જણેલો શીવ શેવા કેવી કરે; વહાણમાં

ઉઠી નાહી ધોઇને. માહાદેવમાં સંચરે. ॥ ૫૫ ॥ ચંદન પુશ્પથી પુજન કરે, ધરે સુવર્ણનું છત્ર; ધુપ દિપ નૈવેદ ધરાવે, ચઢાવે બીલી પત્ર. ॥ ૫૬ ॥ સવાસોમણની આરતી લે, શીવને સારૂ લગાડે; સોમણનો ઘંટ કાંને બાંધ, શીશ ધુણાવી વગાડે. ॥ ૫૭ ॥ એ રીતે શીવ શેવા કરીને, ઘેર પોતાને જાય; દરવાજે દરવાજે સોધાવી, વીપ્ર મંગાવે ત્યાંય. ॥ ૫૮ ॥ તેમને આસન આપી બેસાડે, કરાવે ભોજન; પછી મુખવાસ દક્ષણા આપે, લે સ્વસ્તી વચન. ॥ ૫૯ ॥ તે પછી વિપ્રને વિદાય કરે. જમવા ધરે હુલ્લાસ; વિપ્રના આસનમાંથી અનના, પ્રથમ ભરે પાંચ ગ્રાસ. ॥ ૬૦ ॥ તે પછી અન બીજું જમે, એવો છે ધર્મનો ધામી; પણ શીવ સાચાને વિષ્ણુ જુઠા, એ ભેદની છે ખામી. ॥ ૬૧ ॥ વળણ ॥ ખામી એમાં એટલી, વળી બળ તણો અહંકાર; વદે વલ્લભ બેઉ ગુણથી, અધ્રમનો સરદાર. ॥ ૬૨ ॥

કડવું ૧૪ રાગ આશાવરીની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહીં માય. ॥ ૧ ॥ જરાસનમાં એટલી ખામી. બીજી નહી લગાર; ક્ષત્રી નંદન કેદ કર્યા છે, પોતે વીસ હજાર. ॥ ૨ ॥ ભોંયરામાં ગોંધી મુકેલા, બેડી જડિને રળાવે; કહિ કરેલું નહી તેવાનિ, પાસે દૈણું દળાવે. ॥૩॥ એવો જરાસન જોરાવર છે, જાણે છે જુગદાધાર; કૃષ્ણ અર્જુને નસાડેલા, યુધથી સત્તર વાર. ॥ ૪ ॥ તેને ત્યાં તે ત્રૈણે આવ્યા, દરવાજા લગ ભગ થાય; એવે જરાસન શીવ શેવા કરિ, આવ્યો છે મ્હેલની માંય. ॥ ૫ ॥ પોતે મોકલ્યા છડીદારોને. નગ્રને દરવાજે જાવો; જેટલા બ્રાહ્મણ મળે તેને, જમવા તેડી લાવો. ॥ એટલે એના શેવક ચાલ્યા, દરવાજે દરવાજે જાય; ભીમ ભગવાનને અરજુન જ્યાં છે, ત્યાં આવી પડ્યા પાય. ॥ ૭ ॥ ચાલો મ્હારાજા ભોજન સારૂ તેડે છે રાજન; એટલે તેની પુંઠે ચાલ્યા, એ ભ્રાત જુગજીવન. ॥ ૮ ॥ વિપ્રને વેશે મોહોલમાં ગયા, પાય પડ્યો જરાસન; પધારો કહી માન્ય દીધું, બેસવા દીધાં આસન. ॥ ૯ ॥ સ્વચ્છ પણે થાળ ભરીને લાવ્યો, સામગ્રી માંહિ અનપ; આગળ ગ્રતના દીપક મુકયાં, અગરબત્તીના ધુપ, ॥ ૧૦ ॥ પછી જમવા આજ્ઞા દીધી, પોને જરાસન; નિચું ઘાલીને ત્રૈણે જણાયે, કરી લીધું ભોજન.

॥ ૧૧ ॥ હાથ ધોઇને મુખ પખાળ્યાં, એટલે મુખવાસ દીધા, બ્રાહ્મણ ની રીતી પરમાણે, અળગે હાથે લીધાં. ॥ ૧૨ ॥ પછી જરાસન દક્ષ ણા લાવ્યો, મહારાજા દાન લ્યોને; તમારા અંગીકાર પ્રમાણે. સ્વસ્તી વચન કાહોને. ॥ ૧૩ ॥ તઇણે જણાયે વિચાર કીધો, આપે તેનો કદી લઇયે; પણ ક્ષત્રીની જાતી થઇને, સ્વસ્તિ વચન કેમ કહીયે. ॥ ૧૪ ॥ વિપ્ર વીના સ્વસ્તિ વેણ બોલે, તે નર્કનો અધીકારી; સફળ સુકીત નિશ્ફળ થાયે; વિવેક વાત વિચારિ. ॥ ૧૫ ॥ એમ જાણી કાંઈ શબ્દ ન બોલ્યા, બે ભાઇને દિનાનાથ; નિચું જોઇને બેશી રહ્યા છે, ઉંચા કરી રહ્યા હાથ. ॥ ૧૬ ॥ બીજી વેળા જરાસન બોલ્યો; કે વારનો મ- રૂ મથી; હાથ ધર્યા પણ સ્વસ્તી વચન, કેતો કેમ કેહેતા નથી. ॥૧૭॥ તો પણ કોઈ કાંઇ ન બોલ્યા, સ્વસ્તી કેહેતા કેમ; એટલે માલીકમ- ગજ દેશનો, તેને પડયો બહુ વેમ. ॥૧૮॥ કપટ કરના સ્વસ્તી નથી કેહે- તા, છે કપટી જન કોય; વિપ્રને કેહેતાં વાર ન લાગે, માટે આ બ્રા- હ્મણ ન્હોય. ॥૧૯॥ એમ જાણીને ખડગ લીધું, માહારાજ દક્ષણા લ્યોને શા સારૂ તમે બોલતા નથી, સ્વસ્તી વચન કોહોને. ॥ ૨૦ ॥ તોયે પણ કોઇ નવ બોલ્યા, તમે છો કોણ જાત; એમ જરાસન પુછવા લાગ્યો, સાચી કહી દો વાત. ॥ ૨૧ ॥ તો પણ ઉતર જરા ન દીધો, પ્રગટી રાયને રીસ; બોલો નહી તો ખડગ વતી, છેદું તમારાં શીશ. ॥ ૨૨ ॥ એટલે આકુળ વ્યાકુળ થૈને, બોલી ઉઠયો ભેમ; ઓરે જરાસન આ- વડા બધા, સતાવે છે કેમ. ॥ ૨૩ ॥ ક્ષત્રી કેરા નંદન અમે, ઇંદ્રપ- સ્ત છે ગામ; કુન્તાજીનો દીકરો હું, ભીમશેન મ્હારૂં નામ ॥ ૨૪ ॥ તવ જરાસન હસીને બોલ્યો, ધન્ય સતિના તન. ગૌ બ્રાહ્મણ પ્રતિપા- ળ તમે છો, મુને કર્યો પાવન. ॥ ૨૫ ॥ વડું ભાગ્ય મુજ ઘેર પધાર્યા, ઉગ્ર દીવસ મ્હારો હોણ; તમારી જોડે જમણે હાથે, બેઠું છે તે કોણ. ॥૨૬॥ ભીમશેન બોલ્યો સાંભળ રાજા, રાજા, સત્ય વદુછું વાત. મચ્છા- વેધન કરનારો એ, અરજુન મારો ભ્રાત ॥ ૨૭ ॥ જરાસન કહે ભલે પધાર્યા, જેના ગુરૂ દ્રોણ; તમારી જોડે ડાબે હાથે, બેઠું છે તે કોણ. ॥ ૨૮ ॥ એટલે પ્રભુએ પગ દાબ્યો, સાન કરી શ્રી શામ; જરાસન પુછે પણ તમે, ન દેશો મ્હારૂં નામ. ॥ ૨૯ ॥ તો પણ ભીમશેન બો- લી ઉઠયો, અરજુનના એ સાળા; દેવકીજીના દિકરા એ, કૃષ્ણજી દ્વા- રીકાં વાળા. ॥ ૩૦ ॥ એવું વચન સાંભળીને, ક્રોધમાં બોલ્યા એમ; એ ભરવાડો એ પેંડારો, મુજ ઘેર આવ્યો કેમ. ॥ ૩૧ ॥ ઘર બધું

અભડાવિ માર્યું, ગાય તણે ગોવાળે; ભીમ કહે જરા બોલ વિચારિ રહે કાંઇ ઢંગ ઢાળે. ॥ ૩૨ ॥ અમારિ સાથે આવ્યા છે માટે, તુજથી નવ બોલાય;જરાસન કહે ઠીક ત્યારેતો,હવે કેમ કહેવાય. ॥૩૩॥ વારૂ ભીમ શેન ભલે પધાર્યો,કેમ આવ્યા મુજ ઘેર, ભીમ કહે ભાઇ તુજને હણવો મારવા આવ્યા ઠેર.॥૩૪॥કેદી લોકોને તૈ નવ છોડયા,તેથી તુજને તોમારૂ; હું પણ હઠીલો તારા જેવો, બોલ્યો જરાસન સારૂ,॥ ૩૫ ॥ કહે કેવી રીતે મારવો છે, વારતા કરજો સુદ્ધ; ભીમ કહે ક્ષત્રાનિ રીતે, હણવો કરીને યુદ્ધ. ॥ ૩૬ ॥ જરાસન કહે બહુ સારૂ, ક્ષત્રી તણો એજ ધારો. તમારા ત્રણમાં મારિ સાથે, છે કોણ યુધ કરનારો. ॥ ૩૭ ॥ ભીમ કહે તારિ નજરમાં, આવે તેને લે માગી; બોલ્યો જરાસન અરજુનજી તો, સુવાળા શુભ સભાગી. ॥ ૩૮ ॥ હરી ફરી બાણ વીદ્યા જાણે, બીજુ તીજુ નહીં જોર; ભીમ કહે એ ગમે નહિ તો; આ રહ્યા નંદ કીશોર. ॥ ૩૯ ॥ કહે જરાસન અભડાઉ હું તો, લાન્છન વાળો નઠારો; તે કરતાં કદી યુદ્ધ કરૂ પણ, મારી મુકેલા છે મ્હારો. ॥ ૪૦ ॥ ભીમ કહે ત્યારે મ્હારી જોડે, જો રહેતું હોય મન માની; રાય કહે આવો છો નજરમાં, ભીમ તમે બે આની. ॥ ૪૧ ॥ ભીમ કહે તુ અડધિ આની, મ્હારી નજરમાં આવે; જરાસન કહે મશ્કરી નથી, બોલો તમે જેમ ફાવે, ॥ ૪૨ ॥ પણ એક વચન મ્હારૂં માનો, મુજ ઘેર ખોરાક ખાવો; બરોબર એક માસ રહીને, ઘણા જોરાવર થાવો. ॥ ૪૩ ॥ ભીમે જાણ્યું કે ભાગ્ય ભળીયું, ખાધાની થઇ પેર; જરાસન કહે એકલા તમે, મહીનો રહો મુજ ઘેર. ॥ ૪૪ ॥ તમારા ભાઇને ઘેર રાખુ પણ, સાથે દેવકી તન; માટે બાગમાં મુકામ આપુ, નહી મારે ભોવન; ॥ ૪૫ ॥ ભીમે કહ્યું કબુલ મ્હારે, બોલ્યો જરાસન સાર સાચુ કેહેજો સરમાશો નહીં, કેટલો તમારે આર. ॥ ૪૬ ॥ ભીમ કહે હું નહિં સરમાવું, મશ્કરી કરશો માં કોઇએ, ખોરાકીનો લાડુ એક વેળા,૮કે સોમણ જોઇએ. ॥ ૪૭ ॥ બે વેળાએ બસે મણ ખાવું પીવું પચીસ મણ દુદ્ધ; પછી જરાસન જોજે ઝપાટો, કરૂ હું સાથે યુદ્ધ. ॥ ૪૮ ॥ જરાસન કહે ખાવો ખોરાકી, હિમત મનમા ધારો; સો મલ તમને સોંપી મુકુ, તેનાથી કસરત કરો. ॥ ૪૯ ॥ એકજ માસમાં ત્યાર થાશો, તે પછી યુધ કરીયે; કોણ જીતે છે કોણ હારે છે, કાં મારીયે કાં મરીયે. ॥ ૫૦ ॥ એમ કહિને ભીમને રાખ્યો, નરને કહ્યું ઉભા થાવો; ઓરે છડીદાર આપણા બાગમાં, આમને તેડી જાવો. ॥

૫૧ ॥ સો શેવક સેવામાં રેહેજો, શેવા કરજો શુદ્ધ જે જોઇએ તે લાવિ દેજો,જળ માગતામાં દુધ. ॥ ૫૨ ॥ એ રિતે વિવેક બતાવી, બેઉને કીધા વીદાય; મેહેલમાંથી નીકળી નર બોલ્યો, ઓરે જાદવરાય. ॥ ૫૩ ॥ ભીમશેન તો ભોળવાઇને બેઠો, થાશે કાળો કેહેર; જરાસન કાંઇ કપટ કરી, ખોરાકમાં દે ઝેર. ॥ ૫૪ ॥ કૃષ્ણ કહે અરજુનજી સુણો, રવી પશ્ચિમમાં ફરે; પણ જરાસન કોઈ કાળે, કપટ એવું ન કરે. ૫૫ ॥ એતો મ્હારો શત્રૂ છે પણ, હું એની સાખ ઘાલું; તવ અરજુનને વીશ્વાસ આવ્યો, હવે બોલું તે ઠાલું. ॥ ૫૬ ॥ એમ ધારીને બેઉ જણ ચાલ્યા, જૈ બાગમાં ઉતરીયા; સો સેવક સેવામાં રહ્યા, શીધાં સામાન ભરીયા. ॥ ૫૭ ॥ અરજુન જૈને રથ લૈ આવ્યા, લાવ્યા ચાર તોખાર, બાગમાં રહ્યા છે સુખ રૂપે, અરજુનને મોરાર, ॥ ૫૮ ભીમને માટે જરાસને, સોઇ કરાવી સાર; ચાર ચાર દનની કરાવી ચુકે, ખોરાકી તઇઆર. ॥ ૫૯ ॥ અખાડો એક એને સોંપ્યો, સો મલ્લ કસરત કરવા; કસરત કરીને દુધ પીયે; શરીને શક્તી ભરવા. ॥ ૬૦ ॥ ખાય ખોરાકી ન રહે બાકી, કૌવત કાયામાં આવે; પંદર દીવશ ભોજન કીધું, યુદ્ધની ઉલટ લાવે. ॥ ૬૧ ॥ વળણ. ॥ યુદ્ધની ઉલટ ઉરમાં થઇ, ગયો જરાસન પાસ; મોઢા મોઢ યુદ્ધ માગીયું કહે છે વલ્લભ વ્યાસ.

કડવું ૧૫ રાગ ભેરવની છાયાનો દોહરો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીમ કહે કે યુધ્ધ આપો ઓરે જરાસન; હવે બહુ બળ મુજમાં આવયું લડવાનું છે મન. ॥ ૨ ॥ બોલ્યો જરાસન શાન્તી રાખો; પંદર દીવસ આવો; હજી આઠ આની છો નજરમાં, શોળ આની તમે થાવો. ॥ ૩ ॥ એમ કહી સમજાવીને રાખ્યો, બીજા થયા દશ દન; ભીમે જઇને યુધ માગ્યું હા કહયું જરાશન. ॥ ૪ ॥ કાલ આપણ યુધ કરીશું, ભીમને ભરે.સો આવ્યો; નગ્રની બારણે જરાસને, અખાંડો એક કરાવ્યો. ॥ ૫॥ ચાળીને ઝીણી રેત નંખાવી, રખે મેમાનને વાગે; ડંડેરો પીટાવ્યો ગામ માંહી, સહુનો સંદેહ ભાગે. ॥ ૬ ॥ કેવરાવ્યું કાલે આવજો જોવા, દરવાજાની બ્હાર, ભીમને જરાસંઘ લડે છે, સુરાના સરદાર-

॥ ૭ ॥ ભોંયરા વિશે કેદી લોકે, જાણ્યા સમાચાર; પુત્રે કહ્યું જરાસન મરજો, ઓરે જુગદાધાર. ॥ ૮ ॥ સહીદેવ સુત છે જરાસનનો, ભક્ત પ્રભુનો આપ; તેણે કહ્યું પુન્ય મારૂં આવજો, મરજો મારો બાપ. ॥ ૯ ॥ વિશ સહસ્રને કેદ કર્યા છે, તે દુખે એમ ધારે; સરવ લોકે વીચાર કીધો, જોવા જાવું સવારે. ॥ ૧૦ ॥ એમ કરતાં રાત્રી વિતી, એવે વ્હાણું વ્હાય; ભીમ ભાઇને મળવા ગયો. પોતે બાગનિ માંય. ॥ ૧૧ ॥ અરજુનને ને હરજીને મળીયો, કહ્યું સુણો મહારાજ; યુદ્ધ અમે કરવાના છૈયે, જોવા આવજો આજ. ॥ ૧૨ ॥ ગામનિ બારણે છે અખાડો, એમ કહિ સ્થળ ગયો; જરાસન એની વાટ જુએ છે, તને ભેગો થયો. ॥ ૧૩ ॥ એવામા લોક નગ્ર કેરૂં, જોવા ગયું અપાર; કોઇ ટેકરે ને કોઇ ઝાડે, જોવા ચઢયું તે વાર. ॥ ૧૪ ॥ કે જન બેઠા કે જન ઉભા, સહિદેવ કુંવર જેહ; અશ્વે બેસી આવીને ઉભો, યુદ્ધજ જોવા તેહ, ॥ ૧૫ ॥ રથ જોડીને નર નારાયણ, જોવા કર્યા મનસુબા; અખાડા પાશે પીપળા નિચે, રથ્થ સહિત એ ઉભા. ॥ ૧૬ ॥ એવામાં તો નગ્ર મધ્યે, થયો જરાસન સ્વચ્છ; જંગાથી તે કટી સુધી. ભીડાવિ દીધો કચ્છ. ॥ ૧૭ ॥ એટલે ભીમે પણ કછ ભીડયો, કટી કસીને બાંધે; ગદા દસ હજાર મણનિ, લીધી વ્રકોદર ખાંધે ॥ ૧૮ ॥ જરાસને સવા સો મણની, લિધી ગદા તે વાર; બેઉ જણા આગળીયે વળગયા, તરત નિકળ્યા બ્હાર. ॥ ૧૯ ॥ રાતા તાતા છે મદ માતા, દેખતા પેહેલવાન; ડોલતા ડોલતા જાય જોડે, દિસે હસ્તી સમાન. ॥ ૨૦ ॥ અખાડે આવ્યા ઉલટ લાવ્યા, અતિ ઉમંગે ભરિયા; ગદાઓ કીનારે મુકી, બેઉ મહી ઉતરીયા. ॥ ૨૧ ॥ છાના માના લોક વાતો કરતા, બે બળીયા યુધ કરશે; તેમાંથી કીયો જીવશે ને, કીયો યોધ્ધો મરશે. ॥ ૨૨ ॥ કૈક કહે જરાસન જબરો, કૈક કહે કે ભીમ; કૈક કહે કે ધારણા સીથ્યા, ઇશ્વરનો સત્ય નિમ. ॥ ૨૩ ॥ કૈક કહે જરાસન મધ્વર, ભીમશેન જાણે મચ્છ; કૈક કહે જરાસન પાડો, ભીમશેન જાણે વચ્છ; ॥ ૨૪ ॥ કૈક કહે ભીમશીંગ સરિખો, જરાસન શીઆળ; સીંધુ સરિખો ભીમ દિશે છે, તળાવ બેનો બાળ. ॥ ૨૫ ॥ જે જેને જેવિ ફાવે તેવિ, વાત કરે છે લોક; અરજુન ટગટગ જોઇ રહ્યો છે, જુએ પુણ્ય શ્લોક. ॥ ૨૬ ॥ એવામાં જરાસન બોલ્યો, સાંભળો કુન્તી તન; કેવી રીતનું યુધ કરવું, કેવું તમારૂં મન. ॥ ૨૭ ॥ કોહો તો ધનુશ બાણુ લૈયે, કરીયે તે સંગ્રામ; ભીમ કહે યુધ્ધ બાણુ

તણું તે, બૈરીયોનું કામ. ॥ ૨૮ ॥ પોતાને એ યુધ આવડે નહી, તેથી બોલ્યો એમ; જરાસન કહે ગદા લૈયે, કહોતો કુસ્તાઇનો પ્રેમ ॥ ૨૯ ॥ ભીમ કહે બંધુએ જવાદો, ઉંઠો ઉલટ ધરીયે; સામા થઇને પેહેલ વેહેલી, આવો કુસ્તાઇ કરીયે ॥ ૩૦ ॥ એમ કહીને બે જણુ ઊઠયા. શોભીતા નર સુબા, ઊત્તર, દક્ષીણ સામા સામી, ખંભ ઠોકીને ઉભા. ॥ ૩૧ ॥ વળણુ. ॥ ઊભા બેઊ ખંભ ઠોકીને, સાંભળને તું રાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, યુદ્ધ તણો મહીમાય, ॥

કડવું ૧૬ રાગ ચોપાઈનો.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; બેઊ બળીયા અખાડામાં ઉભા, કર્યો મલ્લ કુસ્તી મન સુબા. ॥ ૧ ॥ બેઊને યુધ કરવું આરંભ, સામા સામા ઠોકે છે ખંભ; કેવા શોભે બે જણના જોડા, જાણે ગડ લંકાના તોડા; ॥ ૨ ॥ બેઉ બળીયા સુરાના સાથી, જાણે ઇંદ્રના ઘરના હાથી; જેવા વગડાના કેશરી વાઘ, જાણે પાતાળના કાળા નાગ, ॥ ૩ ॥ રાતા તાતા છે મદના ભરેલા જાણે આખલા ચોમાસું ચરેલા: થઇ ગયાં છે રાતાં લોચન, ક્રોધી છે ભીમને જરાસંન. ॥ ૪ ॥ એક એક પર ખુન્નસ કરતા, દાવ જોઇ જોઈ ડગલાં ભરતા; પછી મેઘ ગરજનાએ ગાજ્યા, દોટ મુકી લથા બથી બ્હાજ્યા. ॥ ૫ ॥ આંટી ઘુંટીથી ખેલતા દાવ, બેઉને જીતવા પર ભાવ; નાંખે કારમી ચીસે ચીસ, લડાવે ખભા શીશે શીશ. ॥ ૬ ॥ મારે ગડદાને હાડકાં ભાગે, બરોબર શત્રૂ થઇ લાગે; બેઊને પરશેવા ઊતરે દીલે, ભીમ ગડદા વજ્જર પાસે ઝીલે, ॥ ૭ ॥ ભીમ મારે તેમાં નહી ભુલ, જરાસનને મન અડયું ફુલ; લડતાં ચેતિ ગયો જરાસન, અડઘો વજર છે. કુન્તીનો તન. ॥ ૮ ॥ તેથી દગલ બાજી દાવ ધારે, ભીમને જમણે અંગ મારે; લડતાં ભીમે ઝાલ્યો ચરણ તેવો જરાસને ઢાળ્યો ધરણ. ॥૯॥ ભીમ પડયો ચતોપાટ હેઠો, તેની રૂદિયે જરાસન બેઠો; ઉપર બેસી અતી ક્રોધ ધારે, મ્હોંમાં રેણું ભરીને મારે. ॥ ૧૦ ॥ જોરે ભીમશેન ખવરાવ્યા લાડુ, તારી ખાધેલી ખોરાક કાડુ; એમ કહી ગળે દીધો નક્ષ, ભીમનાં ઉંચાં ચઢીયાં ચક્ષ. ॥ ૧૧ ॥ એની ખેંચાઈ નસોને નાડિ, સુતો ચતાપાટ મોઢું ફાડિ; તવ પ્રભુએ જાણ્યું શું કરવું, ભીમ મરેતો પડશે મરવું. ॥ ૧૨ ॥

રાગ ઝડપનો દોહરો.

પ્રભુએ મનમાં વીચાર્યું, વેણુ શેદેવનું નડશે, રખે ને જો ભીમ મરે તો, મ્હારે મરણ પડશે. ॥ ૧૩ ॥ એવું જાણી પુરૂષ પુરાણી, પ્રભુ કેમ જાય ચુકી; ભગવાને ભીમ શેનને અંગે, બળનિ કળા મુકી. ॥૧૪॥ તવ ભીમશેનને સામ્રથ આવ્યું, મારો મારો મુખ ભાખ્યો; પગની આંટી દેઈ જરાસનને, ગગને ઊછાળી નાંખ્યો. ॥૧૫॥ ઉછાળીને ભીમ ઉડયો જાણ્યો જરાસન આડો;ગદા ત્યાંની ત્યાં રેવા દેઇને, જીવ લેઇને નાઠો, ॥ ૧૬ ॥તવ પ્રભુએ એમ વીચાર્યું, ભીમની ભાગી હામ; સમજાવીને પાછો લાવું, રથથી ઉતર્યા શામ. ॥ ૧૮ ॥ ભીમની પુઠે ભગવાન નાઠા, દે ટા વધા વાણુ; ઓ ભીમ ઉભા રહો નહિ તો, ધરમરાયની આણ. ॥ ૧૮ ॥ શ્વાસ ભર્યો ભીમ ઉભો રહ્યો, શું કહો છો મ્હારાજ; પ્રભુ કહે મંડ્યુ કામ કરેલું, વ્યર્થ કરો છો આજ. ॥૧૯॥ જગતમાં હાર્યો કેહેવાશો, થાશે જરાસન મગ્ન. ॥ ૨૦ ॥ તમ વડે તાત સ્વર્ગે પામે, તમો ચડે છે યજ્ઞ. ॥ ૨૦ ॥ ભીમ કહે યજ્ઞ નથી કરવો, જુઓ જરા મુજ સમુ; પીતાજીને સ્વર્ગ મોકલતા, પેહેલો હું સ્વર્ગે જ પામું, ॥ ૨૧ ॥ શારીરનાં હાડે હાડ મ્હારાં, થઈ ગયાં ચકચુર; માટે માહારે વઢવું નથી, હાર્યો હું ભરપુર. ॥ ૨૨ ॥ પ્રભુ કહે આમ શું બોલોછો, નામને લાન્છન હોય; તમ વિના જરાસનને તો, જીતનારૂં નથી કોય. ॥ ૨૩ ॥ એમ કહીને હાથ ફેરાવિયો, અંગ ઉપર તે વાર; એ દુખાવો નિવારણ થયો, પીડા રહી ન લગાર. ॥ ૨૪ ॥ તવ ભીમે કહ્યું ઓ માહારાજા, દુખ મટી ગયું, કેમ; પ્રભુ કહે દુખ તમને ન દાખે, મીથ્યા ધારો છો વ્હેમ. ॥ ૨૫ ॥ ભીમ કહે કોહોતો જાવું વઢવા, બોલ્યા સુંદિર શામ; ઓરે વૃકોદર ગયા વીના, કેમ થશે બધુ કામ ॥ ૨૬ ॥ એમ કહીને એને ચડાવ્યો, તેડી લાવ્યા ધનશામ; ઉછળેલો અખાડામાં પડયો છે, જરાસન તે ઠામ. ॥ ૨૭ ॥ ત્યાં બન્ને જણ ચાલી આવ્યા, રથ બેઠા મોરારી; અખાડામાં ભીમશેન આવ્યો, બળવંતો ખુંખારી. ॥ ૨૮ ॥ જરાસન તવ એવું બોલ્યો, નાશી ગયો શું કામ; ક્ષત્રાણીનું દુધ લજાવ્યું, લજવ્યું બાપનું નામ. ॥ ૨૯ ॥ ભીમ કહે કે વણ વીચાર્યું, શું લાગ્યો ઓચરવા; ન્હોતા નાઠાને ગયાતા, લઘુ શંકા કરવા. ॥ ૩૦ ॥ તવ જરાસન એમ બોલ્યો, થઇ જા તું તૈઆર; ભીમ કહે મલકુસ્તાઇ તુને, આવડે નહી લગાર. ॥ ૩૧ ॥ માટે કુસ્તાઇ નથી કરવી, પુરણ દાખીયે અદા; તું

લે તારી હું લઉ મ્હારી, લડાવીયે બેઉ ગદા. ॥ ૩૨ ॥ વળણુ ॥ ગદા યુદ્ધ આરંભીયે, જુએ સઘળો સાથ; વલ્લભ વદે જરાસને, ગદા લીધી તવ હાથ. ॥ ૩૩ ॥

કડવું ૧૭ રાગ બીલાવરી દોહરો.

વૈશમ પાયે એણી પેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ જરાસને ગદા લીધી, સવા સો મણ ભાર; વ્રકોદરે લીધી પોતાની, બોજ મણ દસ હજાર. ॥ ૨ ॥ પણ ભીમ પાસે મંત્ર નથી, એટલી ભુલ છે સાર; જો મંત્ર હોય તો સ્વર્ગ મ્રત્યુ, સૌ કરે એકાકાર. ॥ ૩ ॥ પણ પ્રભુએ રાખી છે ખામી; જાણી જોઇને તેહ; જરાસન કને મંત્ર ગદાનો, તેથી બળવંત એહ. ॥ ૪ ॥ મંત્ર ભણી મણની મારે તો, સો મણનો બોજ વાગે; તેણે લીધી સવાસો મણની, વજ્જર વસ્તુ પણ ભાગે. ॥ ૫ ॥ એ રીતે બેઉજણ બળીયા, કોપ્યા અપરંપાર; દોટ મુકીને ચોટ કરીને, દેવા માંડયો માર. ॥ ૬ ॥ મંત્ર ભણીને મારે જરાસન, વ્રકોદર બહુ ત્રાસે; શરીર બચાવવાને ગદા, ઝીલે વજ્જર પાસે. ॥ ૭ ॥ ભીમ ઉપાડીને ગદા મારે, જરાસનને દીલે; પણ કળ વારો ગદા ઉપર, આવતી ગદા ઝીલે. ॥ ૮ ॥ ડાબુ પાસુ વજ્જરનું છે વૃકોદરનું જેહ; જરાસન સમજી ગયો છે, માટે મુકી દે તેહ. ॥ ૯ ॥ ભામને જમણે લમણે મારે. દારૂણુ દૈવત દાખે; ડાબુ પાસુ ને પગનો નળો, ગદાથી ભાગી નાંખો. ॥ ૧૦ ॥ ત્રાહ્ય ત્રાહ્ય ત્યાં ભીમ કરે છે, ભાગી ગયું શરીર; જમણું લમણું ફુટી ગયું, ઘણું વહ્યું રૂધીર. ॥ ૧૧ ॥ વસ્ત્ર ને વાધા રૂધીર વરણા, થયા છે રાતા ચોળ; ભીમે જાણ્યું મરણ આવ્યું, વળી જવાનો રોળ. ॥ ૧૨ ॥ એવામાં તો જરાસને, રીસ ઘણેરી ધારી; ભીમના જમણા પોંચા ઉપર, ગદા બળમાં મારી. ॥ ૧૩ ॥ એટલે આંગળાં થૈ ગયાં પોહોળાં, માર પડયો મ્હા માઠો; કર તડફોડતો સુત સતીનો, જીવ લેઇને નાઠો. ॥ ૧૪ ॥ તવ પ્રભુ રથથી ઉતરીયા, કરતા દોડા દોડ; ભામની પુંઠે પોકાર કરતા, દોડયા શ્રી રણછોડ. ॥ ૧૫ ॥ ભીમ ઉભારો ભીમ ઉભારો, સાંભળો મારી વાણ; સાંભળ્યા વીના જો જાયો તો; કુન્તા માની આણ. ॥ ૧૬ ॥ ભીમ કહે હું નહી રહુ ઉભો, સોગનની દાઝ ધરૂં, શું મને મરાવી નાંખવો છે, આવો

તમનેજ મારૂ. ॥ ૧૭ ॥ એમ કહી વ્રકોદર ઊભો, આઘા આવો આપ-પ; કૃષ્ણ કહે મને કાંઇ કરો, તો, બ્રહ્મ હત્યાનું પાપ. ॥ ૧૮ ॥ એમ કહીને પાસે આવ્યા, પોતે શામ શરીર; ભીમને અંગે ભુજ ફેરવી-યો, ઉડી ગયું રૂધિર. ॥ ૧૯ ॥ હાડ ન દુખે ઘાવ ન દીસે, મટી ગયું સહુ દુખ; હતું તેવું શરિર થયું, હશે બોલ્યો ભીમ મુખ. ॥ ૨૦ ॥ ઓ માહારાજા બહુ વાગ્યુતું, નાંખ્યોતો મને કુટી, તમારો હાથ ફર્યે દુઃખ ગયું, છે કાક જડી બુટ્ટી, ॥૨૧॥ કૃષ્ણ કહે કયાં છે જડી બુટ્ટી તમોને કાંઈ ન વાગે; શરીર તમારૂ એવું છે કે, વાગે પણ નવ લાગે ॥ ૨૨ ॥ ભીમ કહે એવું પણ ખરૂ, ઓરે સુંદીર શામ; પ્રભુ કહે તમે ચાલો પાછા, અધુરૂ રહેછે કામ. ॥ ૨૩ ॥ ભીમે કહ્યું કે ક્ષમા રાખો, હવે ન હાડ ભગાવું; ઉપર રહીને મરાવી નાંખો, પણ ફરી કેમ આવું. ॥ ૨૪ ॥ કૃષ્ણ કહે આ શું બોલોછો, શું મ્હારે તમ સંગ વ્હેર આરંભેલો યજ્ઞ અધુરો, રેહેશે આપણે ઘેર ॥ ૨૫ ॥ આટલી આ ફેરો લડવા ચાલો, કુસ્તાઇમાં જીવ પ્રોજો; તે કરતાં લડતાં હારોતો, મ્હારા સામું જોજો. ॥ ૨૬ ॥ એટલે સાન બતાવીશ તમને, ઓ વાયુના તન; ભીમ કહે ત્યારે હૈથીજ કહી દો, ઓરે જુગજીવન. ॥ ૨૭ ॥ પ્રભુ કહે શી રીતે કહીદૈ, જે વેળા જે દાવ આવે; તેવો તમને દૈશ બતાવિ, ઇશ્વર છેવટે લાવે. ॥ ૨૮ ॥ ભીમ કહે વારૂ મ્હારાજા, લડાવવે લડીશ; સામુ જોયે સાન નહિ કરોતો, તમને બ્હાજી પડીશ. ॥ ૨૯॥ કૃષ્ણ પ્રભુ કહે કબુલ મ્હારે, ચાલો કુન્તી તન; એમ કહીને તેડી લાવ્યા, પોતે જુગજીવન. ॥ ૩૦ ॥ આપે જઇને રથમાં બેઠા, જરાસન ક્રોધ ભરીયો, એવામાં સુત આવ્યો, અખાડે ઊતરીયો. ॥ ૩૧ ॥ જાણ્યું જરાસને મન વીશે, કાળીયો લાવ્યો તેડી; એક વાર વ્રકોદરને મારી, કૃષ્ણને નાંખું ફેડી. ॥ ૩૨ ॥ પછી ગરજના કરીને બોલ્યો, ધીક્કાર કુન્તિ તન; બીજી વારતો નાશી ગયો, એ મ્હોટું લાન્છન. ॥ ૩૩ ॥ ભીમ કહે હું ન્હોતો નાઠો, જૈ આવ્યો દોટ કાહાડી; વનમાં જડી બુટ્ટી સુંગી આવ્યો, જો દુઃખ નાંખ્યું મટાડી. ॥૩૪॥ તવ જરાસનને સત્ય ભાસ્યું, આ વેળા જાવા ન દેવું; જાવા દેવું તો જડી સુંગી આવે, માટે હાંઇ જીવ લેવું. ॥ ૩૫ ॥ ભીમ કહે જીવ જવાનો તારો, નીશ્ચે જાણજે મનને; જે કેહેવું હોય તે તું કહિ લે, ઓ ઊભો તુજ તનને. ॥ ૩૬ ॥ આવ્યો તારો છેવટ છેડો, મરવાનો એક પળમાં; ગદા આપણિ આધિ મુકી, કુસ્તાઇ કરીયે બળમાં. ॥ ૩૭ ॥ એટલે મુકી દીધી

ગદાયો, સાંભળને તું રાય; કુસ્તાઇ કરવા તતબર થયા, તેનો કહુ મહીમાય. ॥ ૩૮ ॥ વળણુ. મહીમા કહુ એ યુદ્ધનો, સુણજો સ્ત્રોતાજન; વ્યાસ વલ્લભ વાણી વદે, કોપ્યા જુગજીવન. ॥ ૩૯ ॥

કડવું ૧૮ રાગ રાખીની ચાલ.

વૈશમપાયે એણિપેર બોલ્યા;સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહામાય. ॥ ૧ ॥ બેઉ જણાએ ગદાયો મુકી, ઉભા કુસ્તાઈ કરવા; ભોંયરા વીશે બંધીજનો, લાગ્યા હરી ધ્યાન ધરવા, ॥ ૨ ॥ ઓરે પ્રભુ ભીમને બળ દેજો, દયા અમારી ધરજો; સર્વ તણુ પુન્ય આવજો આડે, દુષ્ટ જરાસન મરજો. ॥ ૩ ॥ સહીદેવ મનમાં સમરણ કરતો, મરજો મારો તાત; બીચારા બંધનથી છુટે, ક્ષત્રી અમારી જાત. ॥ ૪ ॥ એવામાં ભીમને જરાસન, મેઘનાદે ગડગડીયા; સામા સામી દોટ મુકી, લથબથ બ્હાજી પડીયા. ॥ ૫ ॥ ખભે ખંભ લડાવે ચડાવે, એક એકને શીશ; ટીચણ મારે દયા ન ધારે, નાંખે કારમી ચીસ. ॥ ૬ ॥ મ્હોતની ઘાટી ભીડાવે આંટી, ઉંચા ને નીચા થાય; પગ પાહાનીથી પૃથ્વી વીશે ખાડા પડી જાય. ॥ ૭ ॥ નીચે પડે ઉપર ચડે, ગડબડતા બેઉ જાય; બ્હાજે ગાજે જરા ન લાજે, વછુટી ઉભા થાય. ॥ ૮ ॥ એક એકના કાન ઝાલે, આંટી દેઇ ગ્રહે કેશ; હાથ હાથ જીભ્યા બહાર નીકળે, દાખવે ઘણો દવેશ ॥ ૯ ॥ જરાસને વ્રકોદર, ઘણોક દીધો માર; થયું તેટલું જોરજ કીધું, પછી કર્યો વીચાર. ॥ ૧૦ ॥ પ્રભુએ મુને કહયું છે છતાં શા સારૂ દુખ પામું; એવું જાણી ભીમે જોયું, સામળીયાના સામુ. ॥ ૧૧ ॥ તવ પ્રભુએ એમ વીચાર્યુ, ગાંડીયો મુને નડશે, જો એને સાન નહી કરૂં તો, મુજને વળગી પડશે ॥ ૧૨ ॥ એવું જાણી પુર્વ પુરાણી કારજ કેવું કીધું; ઉંચે હાથે પીંપળાનું, એકજ પાંતરૂ લીધું. ॥ ૧૩ ॥ ભીમશેનને તો સાન કરીને, બે ભુજમાં ગ્રહી રાખ્યું, પીંપળા કેરૂ પાંતરૂ તે ઉભુ ચીરી નાંખ્યું. ॥ ૧૪ ॥ એટલે ભીમશેન ચેતી ગયો, તરત બેઠો ધરણ; બળ કરીને જરાસનના; એણે ઝાલ્યા ચરણ. ॥૧૫॥ ઊભો થઇને ધરણ ઢાળ્યો, દારૂણ દૈવત દાખ્યો, જેવી રીતે વાંસડો ચીરે, તેવો ચીરી નાંખ્યો. ॥ ૧૬ ॥ પુર્વ પશ્ચીમ ચીતાળાં ફેંકયાં, હરખાયો મન સાથ; અતી અહંકાર મનમાં આવ્યો, મુછે નાંખ્યો

હાથ. ॥ ૧૭ ॥ કૃષ્ણુ સરીખા એનાથી નાઠા, આ કોઇથી નવ હારે; આવા બળવંતા જોદ્ધાને, મુજ વિના કોણુ મારે. ॥ ૧૮ ॥ એવું બોલે નહિ મુજ તોલે, એમ કરે મનસુબો; ચીતાળીયાં ગડબડતાં આવી, ભેગાં થઇ થયો ઊભો. ॥ ૧૯ ॥ જેવો હતો તેવો થયો આખો, શીવ વરદાને સાર; રાતો તાતો થઇ વ્રકોદરને દેવા માંડયો માર. ॥ ૨૦ ॥ જોઈને ભીમશેન વિસ્મય પામ્યો, આ કેવી વિદ્યા ભણીયો, અરેરે મીથ્યા ફુલી ગયો હું, ગર્વજ મારો હણીયો. ॥ ૨૧ ॥ બહુ માર પડીયો જરાસન નડીયો, શરીર ધ્રુજ્યું માર મોયું; દીનતા દેખાડી અહંકાર મુકી, પ્રભુના સામુ જોયું. ॥ ૨૨ ॥ ગોવીંદે જાણ્યું ગર્વ ઉતરીયો, તે પછી શું કામ કીધું; બીજી વેળા પીંપળા કેરૂ, પત્ર પ્રભુએ લીધું. ॥૨૩ ॥ હાંથમાં રાખ્યું ચીરી નાંખ્યું, પોતે શ્રી ભગવાન; આશપાસ ચીતાળીયાં મુકીને, બીજી બતાવી સાન. ॥૨૪॥ ચીતાળીયાં વચે મુઠી મુકી, સાન કરિ નંદલાલ; સમજાવ્યો કે શીવલીંગ જોઇએ, વગાડયા ગોપાળે ગાલ. ॥ ૨૫ ॥ તે દેખીને ભીમુશેન સમજ્યો, ધારણ પકડી ધીરિ; ધરણુ બેસી ચરણ ઝાલી, ફરીથી નાખ્યો ચીરિ. ॥ ૨૬ ॥ ઉત્તર દક્ષીણ નાંખ્યાં ચીતાળાં, બળવંતે તતખેવ; વચમાં ધુળની ઢગલી કીધી, બનાવ્યા મ્હાદેવ. ॥ ૨૭ ॥ જળા ધારિનો આકાર કીધો; મેળવીયો ઠીક તાલ; હર હર શંભુ જે જે ભોળા, કહીને વગાડે ગાલ. ॥ ૨૮ ॥ એવે ચીનાળાં આવ્યા ગડબડતાં. જ્યાં વચમાં શીવ બાણુ; ત્યાંથી રોકાઇ થઈ પડયાં પોહોળાં, નિકળી ગયો પ્રાણુ ॥ ૨૯ ॥ એટલે જય જયકાર વરત્યો, ખુશી થયા જગધીશ; સહીદેવે આવી ત્રણે જણાને, તરત નમાવ્યું શીશ. ॥ ૩૦ ॥ ભલુ કર્યું મમ પીતા માર્યો; દુષ્ટ હતો દુરમતી; આ ઘર ગામને દામ તમારા; મ્હારે જોઇતું નથી. ॥ ૩૧ ॥ ભીમ કહે સઘળુ પછી કેહેજો; કાહાડો કેદી લોક બ્હાર; એટલે ભોંયરામાંથી કાહાડયા, તોડી બેડી તે વાર. ॥ ૩૨ ॥ વિસ શહસ્ત્ર ક્ષત્રી નંદન, પ્રભુને પડીયા પાય; ભીમે જાણ્યું મેહેનત મેં કીધી, જસ કૃષ્ણુ લેઈ જાય. ॥ ૩૩ ॥ એમ જાણી કોપ કરિને બોલ્યો, પાછા પુરો માય; મુને કોઈ કેમ ન નમ્યા, તવ બોલ્યા જદુરાય. ॥ ૩૪ ॥ જાવો જઇ સહુ ભીમને નમો, તવ સહુ લાગ્યા પાય; ભીમ કહે પુંઠળથી નમ્યા, અણુઘટતું એ થાય. ॥ ૩૫ ॥ પ્રભુ કહે તમે અવળુ બેલો, તે મુજને નવ ગમે; પ્રથમ છડીદારને નમી, પછી રાયને નમે. ॥ ૩૬ ॥ તે રીતિ પરમાણે નમીયા, તેમાં શું ગયા લાજી; એવું વચ-

ન સાંભળીને, થયો વ્રકોદર રાજી. ॥ ૩૭ ॥ છુટેલા સહુ રાજા બોલ્યા, અમ પર કીધી મેહેર; યજ્ઞમાં મેહેનત કરવા હાથી આવિયે તમારે ઘેર. ॥ ૩૮ ॥ ભીમ કહે કે નારે બાપુ, ઘેર તમારે પળો; પોતાના કુટુંબ પરીવાર, બાળ બચ્ચાંને મળો. ॥ ૩૯ ॥ અમારા પત્રો આવે ત્યારે, આવજો અમારે ઘેર; એમ કહિને વીદાય કીધા, સૌ ગયા આનંદ ભેર. ॥ ૪૦ ॥ સહીદેવે કહ્યું વ્રકોદરને, મીલકત સરવ તમારી; ભીમે સામો દસ્તાવેજ લખીયો, નહી ખંડણી અમારી. ॥ ૪૧ ॥ સ્વતંત્ર પણે રાજ્ય તારૂં, કરજે સહીદેવ તન; પત્ર અમારો આવે ત્યારે, આવજો અમ ભોવન. ॥ ૪૨ ॥ એમ કહીને અરજુન પ્રભુ, ભીમ થયા વીદાય; આવ્યા ઇંદ્રપસ્ત વીશે, માને પડયો ભીમ પાય. ॥ ૪૩ ॥ કુન્તાજી કહે સાબાશ બેટા, તુને જોઇ થઈ મગ્ન; પ્રૌઢ પ્રાક્રમ તેંતો કીધું, હવે થવાનો યજ્ઞ. ॥ ૪૩ ॥ ધર્મને કહ્યું જાવો બેટા, તમે હસ્તીનાપુર; તેડી લાવો ભીશ્મ પીતાને, બીજા ભકત વીદુર. ॥૪૪॥ દ્રોણ કૃપાચારને તેડી આવો, ઓરે માહરા તન; ગમે તેમ કરી તેડી લાવો, રાજા દુરીયોધન. ॥ ૪૫ ॥ ધર્મને અરજુન બેઉ જણ ચાલ્યા, ગયા હસ્તીનાપુર; રાજ્ય સભામા આવિયા ત્યાં, બેઠા ભીંસ્મ વીદુર. ॥ ૪૬ ॥ ત્યાં આવી કહ્યું સત્ય પુરૂષોને, યજ્ઞની કરી છે પેર; સર્વ પ્રાણીને તેડાવ્યા છે, પધારો આપણે ઘેર. ॥ ૪૭ ॥ એમ કહી કહ્યું દુરીયોધનને, પધારી દો જસ અમને; આપણે ત્યાં આવી યજ્ઞ કરાવો, તે સહુ શોભા તમને. ॥ ૪૮ ॥ આપણુ કોઇ નથી છુટવાના એ દુરીયોધન રાય; કદી કાળે ડાંગે માર્યું, જળ જુદુ નહી થાય. ॥ ૪૯ ॥ દુરીયોધને છાનું માનું મામાને કહ્યું એમ; એ મામા આ તેડવા આવ્યા, કહો કરીશું કેમ. ॥ ૫૦ ॥ પાન્ડવોએ યજ્ઞ માંડયો, તે હું સમજ્યો ઘાટ; પોતે જસ લેઇને આપણને, ઝાંખા પાડવા માટ. ॥ ૫૧ ॥ મામો કહે એક ખેલ બતાવું, તે યુકતી ઉકેલો; ત્યાં જઈને કારભારી થઇને, પૈસો પુંજી લુંટાવો. ॥ ૫૨ ॥ લુટાડો ખુટાડો ખેલ કરીને, પાકી ફજેતી થાય; ફરીથી આવા યસ લેવાના, ખેલજ ભુલી જાય. ॥ ૫૩ ॥ છત્રપતી કહે સાબાશ મામા, બુદ્ધીની બલીહારી; નીસ્ચે કરીને ધર્મની પ્રત્યે, બોલીયો દુરાચારી. ॥ ૫૪ ॥ આવશું અમે પધારો તમે, ન્હોતરૂં ચઢાવ્યું માથે; ધર્મરાજા કહે આવજો સરવે, પુત્ર પરાવાર સાથે. ॥ ૫૫ ॥ દુરીયોધન કહે વારૂ વીરા, કહી કર્યા વીદાય; એટલે સાન કરી કહ્યું જાવો, પોતે ભીસ્મ પીતાય. ॥ ૫૬ ॥ એટલે ધરમ અરજુન બેઉ, ગયા

પોતાને ઘેર; પછી દેશે દેશ પત્રો લખવા, કીધિ પુરણ પેર. ॥ ૫૭ ॥ સકળ દેશમાં પત્રો લખીયા, લખ્યો દ્વારીકા માંય; બળદેવને લખ્યું કુટુંબ લેઇ, વ્હેલા આવજો હાંય. ॥ ૫૮ ॥ સર્વ રૂશીના મઠોયે લખી-યા, પધારી કરો પાવન; પછી યજ્ઞનો આરંભ કીધો, પાન્ડવને ભોવન ॥ ૫૯ ॥ ગણીત પ્રમાણે કુંડ બનાવ્યો, ભોમી કરીને પવિત્ર; બ્રાહ્મ-ણોના વરૂણ કીધા, આવીયા વિશ્વામીત્ર. ॥ ૬૦ ॥ વશીષ્ઠ ભારદ્વાજ આવ્યા, ગાંદ્ધીને ઐત્રી રૂશી; જે બાલીને સાન્ડીલ આવ્યા, સરવ થયા ખુશી. ॥ ૬૧ ॥ મારકંડને મેધાવી આવ્યા, વચ્છસ રૂશી સંગ; નાશી કેતને એકલશ્રીંગી, મુદ્દીંગને માતંગ. ॥ ૬૨ ॥ કપીલ કેદાર મરીચચ આવ્યા, બાપી રૂશી બળ ધાતા; બકદાલ્વને માધ્યવી આવ્યા, શટ મૈત્રી વીરત્રાતા, ॥ ૬૩ ॥ ભ્રગુરૂશીને ભાર્ગવ આવ્યા, માન્ધાતા પણ જોડે; ઇંદ્રપસ્તને બહુ શોભાવ્યું, પધાર્યા લાડે કોડે. ॥ ૬૪ ॥ વળણ. લાડે કોડે પધારીયા, રૂશી બ્રહ્મ કુંવાર; વલ્લભ વદે વરણવ કર્યે કેમે ન આવે પાર. ॥

કડવું ૧૯ રાગ ચોપાઇનો.

બોલ્યા વૈશમ પાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; આવ્યા રૂશી સહુ બ્રહ્મ વેત્તા, બધિ પ્રજા દર્શણ લ્હાવ લેતા. ॥ ૧ ॥ વરતી રહ્યો જ ય જયકાર, પછી આવ્યા ક્ષત્રી કુંવાર; આવ્યા યાદવ છપન્ન ક્રોડ, પ્રભુની કામની સઉ જોડ. ॥ ૨ ॥ વળી પુત્ર પ્રભુના આવ્યા, માન્ય દેઇ સરવને બોલાવ્યા; આપ્યા પાંડવે રેહેવા મુકામ, રાજા રૂશી જાદવના ઠામ. ॥ ૩ ॥ પછી આવ્યા કૈરવ લોક, તેને બોલાવ્યા પુન્ય શ્લોક; ચાલ્યું યજ્ઞ તણું ત્યાં કામ, વાગે વાજીંત્ર ઠામો ઠામ. ॥ ૪ ॥ કરે કારભાર શુંદિર શામ, વેંચી આપવા માંડયાં કામ; બેસો પાંચ ભાઇને દ્રુપતી, આવો બીરાજો છત્ર પતિ ॥ ૫ ॥ તવ બેઠા સહુ જન પાસ, એટલે બોલ્યા અવીનાશ; રાખી દુષ્ટની પદવી ઊંચી સોપી દુ-રીયોધનને કુંચી. ॥ ૬ ॥ યજ્ઞ પુરણ થઈ રહે જ્યારે, તમે ઓરડો ઉ-ઘેડજો ત્યારે આઇ સોવૃણ કટકા કરીયા, એક શો મણના મહિ ભ-રિયા. ॥ ૭ ॥ આવે વીપ્ર લેવાને દાન, તેને આપજો રાખી સમાન; હોય લોભાયા તેતો લુટે, હાથ રાખી દેજો નવ ખુટ. ॥ ૮ ॥ એવું કુ-હીને કુંચી આપી, તવ હરખીને ગયો પાપી; મામા કુંચી કનકની

લાવ્યો, હવે જોજો ફજેતો લુટાવ્યો. ॥ ૯ ॥ એવે ઘરમાં બોલ્યો ભેમ, પ્રભુ આમ કર્યું તમે કેમ; તમે શતરૂને કુંચી આપી, બધું લુટાવિ દેશે પાપી. ॥ ૧૦ ॥ પ્રભુ કહે તમારે શી બીક, મેં તો જે કર્યું છે તે ઠીક; પછી ધર્મશું લાગ્યા ઓચરવા, તમે બેસજો યજ્ઞ કરવા. ॥ ૧૧ ॥ તમે દ્રૂપતી બેસજો સંગ, મનમાંહી ધરીને ઉમંગ; એવી આગના દીધી શામ. બેસો જોશી બતાવું કામ. ॥ ૧૨ ॥ રાખવી દાન દક્ષણા હાથ, રેહેવું ધર્મરાજાની સાથ; એ જે માગે તે તમારે દેવું, તેનો હીસાબ છેવટ લેવું. ॥ ૧૩ ॥ પછી નિકુળને કહ્યું શામ, તમારે કરવું એ કામ; શીધાં સામાન શેવક આપે, દેવરાવવું ગણીત માપે. ॥ ૧૪ ॥ તેનો હિસાબ રાખજો તમો, પછી પુછી લેઈશું અમો; પછી અરજુનને કહ્યું કામ, તમે રચો સભા એક ઠામ. ॥ ૧૫ ॥ શીખ્યા મેનામાં પાશે જેહ; અજમાશ કરી લ્યો તેહ; વળી સહુને દેવો આદિકાર, ન વ્ચ આવે કેહેણી લગાર. ॥ ૧૬ ॥ યજ્ઞ પુરણ થૈ રહે જ્યારે, કામ કરવું શેહેદેવ તમારે; રચે અરજુનજી સભાય, તેમાં જળ થળના ખંડ થાય. ॥ ૧૭ ॥ હોય જળ ત્યાં સ્થળ દેખાય, તેથી વસ્ત્ર કોઈનાં ભીજાય; માટે બેસવું સભાને દ્વારે, સભા ભરાવા માંડે ત્યારે. ॥ ૧૮ ॥ પેસે સભામાં જે જે રાય, તેને અંગુઠી દોકર માંય; તેતો બાંધેલી સોવૃણ તારે, સહુ પછાડતા મહિ પધારે. ॥ ૧૯ ॥ એવું સોંપીને બોલ્યા શામ, ભીમ બેસો બતાવું કામ; બોલ્યો ભીમ શું કહો ગીરધારી, તમો અમ ઘરના કારભારી, ॥ ૨૦ ॥ ત્યારે બોલ્યા શ્રી જુગધિશ, રેહેવાદો ચઢતી હોય રીશ; ભીમ કહે બતાવો શામ, કહ્યું કૃષ્ણે તમોને બે કામ. ॥ ૨૧ ॥ આખા નગ્ર તણી બીક હરવી, રાતે તમારે ચોકી કરવી; બીજું કરી શકે નહીં કોઈ, દહાડે કરવી તમારે રસોઈ. ॥ ૨૨ ॥ ભીમ બોલીયો તેણીવાર, ઠીક કામ દીધાં મોરાર; કર્યો રાતે પેરા ભરનારો, બનાવ્યો દીવશે ભઠીઆરો ॥ ૨૩ ॥ સારી ઉપમાનું કામ દીધું, વારૂ તમો એ શું કામ લીધું; બોલ્યાં કુન્તાજી મુખ એમ, રડયા એમને કહેવાય કેમ. ॥ ૨૪ ॥ ભીમ કહે શું નવરા ફરશે, કરે કામ કોને પાડ કરશે; ગમે તેટવા એ છોગાળા, પણ આપણા નરના સાળા. ॥ ૨૫ ॥ બોલ્યા પ્રભુ વધારે શું કોહો છો, બતાવો કામ મુને શું દોછો; ભીમ કહે માનીશું પાડ, તમે ઉપાડજો એંઠવાડ. ॥ ૨૬ ॥ જઈ ઉકરડે નાંખી આવો, એટલે મુજ સરખા થાવો; પ્રભુ કહે કબુલ છે મ્હારે, એક માફી માગું અત્યારે. ॥ ૨૭ ॥ બીજી વરણ

નો નહી કાહાડું, એકલા વિપ્રોનો ઉપાડું; ભીમે કહયું ભલે માહારા જ, કરજો વીપ્રનું પણ કાજ. ॥ તવ કૃષ્ણે કર્યું કબુલ, મ્હારે આવ્યું કામ અમુલ્ય; પછી યજ્ઞ ચાલ્યો રૂડી રીતે, કરે કામ સોંપેલાં પ્રીતે. ॥ ૨૯ ॥ વળણ. ॥ પ્રીતે કામ કરે સહુ, સાંભળજો શ્રોતાય, વલ્લભ વદે શ્રદ્ધા થકી, યજ્ઞ તણું ફળ થાય. ॥

કડવું ૨૦ રાગ ધોળનો.

બોલ્યા બોલ્યા, વૈશમ પાયે વચનરે; સાંભળજે તું, પરીક્ષત રાયના તનરે. ॥ ૧ ॥ બ્રાહ્મણોયે. યજ્ઞ કર્યો છે આરંભરે; ચારે પાસે, રોપ્યા છે કદળા સ્થંભરે. ॥ ૨ ॥ આસો પાલવ, તોરણીયા ઘેર ઘેરરે; આનંદ ઓછવ, થયા કરે ઠેર ઠેરરે. ॥ ૩ ॥ વાગે વાજાં, વાજીંતરો અપરંમપારરે; ગુણીયલ ગીતાં ગાય છે સકળ નારરે. ॥ ૪ ॥ યજ્ઞ કરવા, બેઠા ધરમને દ્રૂપતીરે; જોઈ જોઈ હરખે છે કુન્તા સતીરે. ॥ ૫ ॥ કામધેનુનું, થાય છે શુભ પુજનરે, સૌ કાર્યમા, આધિષ્ટાતા જુગજીવન રે. ॥ ૬ ॥ બ્રાહ્મણો તો વદે છે વેદ ઉચ્ચારરે, તે વાણીનો પામર ન પામે પારરે. ॥ ૭ ॥ જ્યાં જ્યાં ઘટે, ત્યાં વેદ મંત્ર ભણાયરે; જવ તલને ઘી, અગ્ન વિશે હોમાયરે. ॥ ૮ ॥ શરવા ભરી, ભરિને કરતા હોમરે, તે યજ્ઞની ધ્રુમ ચઢે છે વ્યોમરે. ॥ ૯ ॥ તેને વડે શહુ દેવ ત્રપ્તી થાયરે;છેલ્લો હોમ તે, સૌ વીપ્ર મંત્રે હોમાયરે.॥૧૦॥ હોમ કર્યોને, વરત્યો જય જયકારરે; જે જે રણછોડ, બોલે શહુ નર નારરે. ॥૧૧॥ યજ્ઞ કરી, ઉઠયાં ધરમને દ્રુપતિરે;જૈને નમ્યા જ્યાં વ્રધ કુન્તા શતીરે. ॥૧૨॥ પુર્ણ શભામાં, બેઠાછે ભીસ્મ પીતાયરે; તેને જૈને ધરમ પડીયા પાયરે. ॥ ૧૩ ॥ બીજાં બેઠા, વીદુરને દ્રોણાચારરે; તે સરવેને. કીધો નમસ્કાર રે. ॥ ૧૪ ॥ શરવે જને, દીધો છે આશીરવાદરે; જય જય કેરા થૈ રહ્યા વાજીંત્ર નાદરે. ॥૧૫॥ પછી પોતે, બોલીયાં કુન્તા માયરે; પતીગતી પામ્યા તે શાથી જણાયરે. ॥ ૧૬ ॥ એવું સુણિ, બોલ્યા જુગજીવનરે, હજીતો સૌ પ્રાણી કરે ભોજનરે. ॥ ૧૭ ॥ પસુ પક્ષી, મનુશ વીગેરે પ્રાણીરે; ભુખ્યું રેહેવું, જોઈએ નહી કોઇ જાણીરે. ॥ ૧૮ ॥ નગ્ર ફરતું, પા જોજન લગી કોયરે; સૌ થાય ત્રપ્તી, તો યજ્ઞ પુરણ હોયરે. ॥ ૧૯॥ તવ વ્રકોદર, નગ્ર વિશે કહિ વળાવ્યોરે; પછી ગામની, બારણે કેહેવા પળીયોરે. ॥ ૨૦ ॥ ધાંટો કાહાડી, બધે વધો ભીમ વાણુરે; જમવા

નાવે. તેને ધરમની આણુરે. ॥ ૨૧ ॥ રસોઇ કરીને, ઢાંકી મુકી છે ભેમરે; તે જમવાને, થયો સૌ પ્રાણીને પ્રેમરે. ॥ ૨૧ ॥ નાહિ ધોઇને, સ્વછ થઈ ભીમ ફરતોરે; સરવે જનને જમાડવા પેર કરતોરે. ॥ ૨૨ ॥ એક લક્ષ યોદ્ધા રાખ્યા પીરશવા માટરે; જાતીયે જાતી, બેઠા જુજવે ધાટરે. ॥ ૨૩ ॥ રાજા રૂશી, રહીયત વરણ પ્રમાણેરે; મુળ કુળ ધર્મ, સાચવી બેઠા તે ટાણેરે. ॥ ૨૪ ॥ પીરશણીયાને. પાન્ડવ વળા રણછોડરે; તે વીના સૌ, બેઠા ધરી મન કોડરે. ॥ ૨૫ ॥ આપી આગના, પીરશવાની તે વારરે, જળ ભરાવ્યાં. કૃષ્ણની કૌરવોની નારરે. ॥ ૨૬ ॥ વળણ ॥ જળ ભરાવ્યાં નારીએ, પીરશણ. ત્યારી થાય, વ્યાશ વલ્લભ વાણી વદે, ભોજન તણી ઉપમાય.

કડવું ૨૧ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, શભા પરવ મહીમાય. ॥ ૧ ॥ પુરણ પ્રેમે કાઢયાં પીરશણાં શાક ભાજીને અથાણું; અનેક પ્રકારે પકવાન કીધાં, થોડુ થોડુ વખાણું. ॥ ૨ ॥ બરફી પેંડાને જલેબી. ધારી ઘેબર તાજાં; શાકરીયાં ચણા સુતરફેણી, લાખડશીને ખાજાં, ॥ ૩ ॥ મોતીચુરને મગજ મગદળ, મરકી આડા આંક; નુકતીને વલીયારી દાણા, હલવો કોપરપાક. ॥ ૪ ॥ કણસી શાલમ ગુંદરપાક જે, બદામપાક પશાર, મસુરપાક માવો મુરબ્બો પરસુરી કંશાર. ॥ ૫ ॥ માલપુડા શીરોને શેવો, દઇથરાંથી વળે ઠંડ; ચુરમુ ખારી પુરી દુધપાક, બાશુદી શીખંડ. ॥ ૬ ॥ વેડમી મલાંઇ શેવ ગાંઠીઆ, સંભેરી દાડમ પાક; કોળું રૈયાં મુળા મોધરી; વાલોળને વંતાક. ॥ ૭ ॥ તાંજરજો મેથીની ભાજી, કુંવાડ ને પુરણ; લુણી કોથમી ફુદનો વરીડાં, શવાને સુરણ. ॥ ૮ ॥ પંચામ્રત પપનશ ચીલ ચણીયાં, જળધારૂ દુધેલી, ખાંડણી ગળછી પનુ ફટોળાં, વરશા દોડી મેહેલી ॥ ૯ ॥ કંજરી કુબી રતાળુ અળવી, કાચડીને કંકોડાં; કારેલાં બટાટા તુરીયાં, ગવારફળી ગીલોડાં. ॥ ૧૦ ॥ તડબુચ્યાંને ટેટી પાપડી, પરવરને પંડાળુ, વાડ કારેલાં ગવાર વાંકડીયો, ભીંડા ભુરૂ કોળું. ॥ ૧૧ ॥ દુધફળી કોઠમડાં, સાંગળી શારી શીંગ; ચોળા ફળીને ચીભડાં તે, વઘાર મધે હીંગ. ॥ ૧૨ ॥ મીઠાં લીંબુ ખાટાં લીંબુ, વાલ વટાણા ચણા, ગલકાં કુશમાન્ડ લીલવા મહી,

મરી મશાલા ઘણા. ॥ ૧૩ ॥ ખીરાં વડીચોને કાળંગડાં, ટીમરૂ ગાજ-
ર ગળીયાં; શકરીયાં સુનેરી કેળાં, કાચા તેલમાં તળીયાં. ॥ ૧૪ ॥ લી-
લી ખારેકને ચારોળી, કરમડા કનસ; અંજીર અનુસરામફળ છે, બોર
ફાલસાં ફનસ. ॥ ૧૫ ॥ પાપડને પરદેશી શીંગો, અખોડને અનાર;
ગોળ ગલેફાં ગુદાં રેવડી, સાત જાત વઘાર. ॥ ૧૬ ॥ જમરૂખ જામફળ
પારસ જાંબુ, મઠીયાં માખણ બીલી; આરિયા આમલી અળદર આ-
દુ, કદળી કેરી ઢીલી. ॥ ૧૭ ॥ રાજેરી કેળાં ફુટ બીજોરાં, ફાફડા વ-
ડાં કચોળી; લોચા લાવસી બદામ બપાયા, પસ્તાં પુરણપોળી. ॥૧૮॥
લીલાં શ્રીફળ લવીંગ લીમચાં, ખીર ખાંડ ફુલવડી; ખજુર ખરસવાં
ખુમચાં આળુ,છુટી દાળને કડી. ॥ ૧૯ ॥ પોઇનાં પાનાંને પતાસાં, ગ-
ળ કેરી ગળમાણું; રાઇતી કેરીને રાજગરી, ગરમર હોડવાનું અથાણું.
॥ ૨૦ ॥ સકરપારા શેતુર ઉમૈડાં, નારંગી રાણ સીંગોડાં; કુંકણી
કેળાં કાજુકળીયા, કમરખે થોડાં થોડાં. ॥ ૨૧ ॥ ચોટીયા લાડુ ચીકણ
મીઠાં, દ્રાખ ચણીબોર મીરી,સફરજન દાઢમ દહીવડાં,ભજીયાં મરચાં
ચીરી. ॥૨૨॥ નીકલાં જાયફળ કાયફળ કોપરાં, સરસા સેરડી સારી;
ફીલાવર કોબીસ આબુવા. ખશ ખશ ઘીની ધારી. ॥ ૧૩ ॥ દુધ કઢેલું
ગુંદવડાં આળુ, સુખડી ગલપાપડી, ખારી ભાજી ખમણ ઢોકળાં, ચુ-
રમાની થાપડી. ॥ ૨૪ ॥ રોટલી રાઇતા રાઇતી કેરી, પીંપર કેળા કાત-
રી; જીરા કેરી ગોળચી મોળી, આંબળાં ચીર પાતળી. ॥ ૨૫ ॥ કે-
ડાનાં ફુલ કેરાં કાચલી, કણસાઇ કેરી કળી; ખારીયાં મરીયાં બીરં-
જ તેમાં, તજ જાવંત્રી ભળી. ॥ ૨૬ ॥ દોડકાં ટીંડાળા કીલ કંટોળા,
મોઘરી મોરસ ભાજી; આદામુળી અળદર મુળી, વાંસનિ ગાંઠયો તા-
જી. ॥ ૨૭ ॥ પત્તરવેલીયાં મીઠા ઘુઘરા, ઢોકળાં ઘોળી જાત; સેકટા-
શીંગો ઓરમુઇદડાં ઘેંશ કમોદનો ભાત. ॥ ૨૮ ॥ મીઠો મઠો મીઠા
લીમડો, ડોડી ડોડાં ઓર; બફાણા કેરિ કોરિ કસ્તુરી, કોહી રોટલી
ઢોર. ॥ ૨૯ ॥ રોટલા ઢેબરાં ભાત કેસરિ, એવું રહ્યું રહ્યું બહુ બાકી;
ઝાઝો વિસ્તાર જો કહિયેતો; વખત વીતે આખી. ॥ ૩૦ ॥ વળણ. ॥
વેળા વહી જાયે ઘણી, માટે જુજ વીસ્તાર; વ્યાસ વલ્લભ વાણી વદે,
થોડો થોડો સાર. ॥ ૩૧ ॥

કડવું ૨૨ રાગ ધનાસરી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુ-

જને સંભળાવું; સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ સુંદિર સામગ્રી પીરસાણી, જમવા આગના દિધી, જેમ જેમ માગ્યું તેમ તેમ પીરસ્યું સૌની ત્રપ્તી કીધી. ॥૨॥ જય જયકાર કરી સહુ ઉઠયા, તવ દીધા મુખવાસ; પછી ઘરનાંયે ભોજન કીધું, પીરસણીઆ જમ્યા દાસ. ॥ ૩ ॥ કોઇ પ્રાણી ભુખ્યું નવ રહ્યું, કૃષ્ણ પ્રભુ કામ કાહાડયું; બ્રાહ્મણનું જે એઠું ચડેલું, તે પ્રભુએ ઉપાડયું. ॥ ૪ ॥ ઉપરણામાં ગાંસડી બાંધિ, ઉકરડે નાંખી આવે; ભીમશેન જોઇ મુછયો મરડે, હશીને ડોકુ ધુણાવે. ॥ ૫ ॥ પ્રભુ કહે શું હાંસી કરો છો, કામ ભલુ તમે કહ્યું એંઠવાડના રેલા ઉતરીયા, પાતક ઉતરી ગયું. ॥ ૬ ॥ લક્ષ ચોરાસી જાય છે નાસી, કારજ આ અમુલ્ય; વ્રકોદર તમે રૂદે લખજો, કોઇ નહી બ્રાહ્મણ તુલ્ય. ॥ ૭ ॥ એમ અતી ઉપદેશ કરીને, સ્નાન કર્યું ભગવાન, વસ્ત્ર પેહેરીને સહુને કહ્યું, થાવો સહુ સાવધાન. ॥ ૮ ॥ કુન્તાજી કહે કેમ મ્હારાજા, સંશય મ્હારો સમાવો; મુજ પતી શુભ ગતિ પામ્યા, તે સીદ્ધતા બતાલો. ॥ ૯ ॥ તવ પ્રભુ કહે નરનારી સૌ, ઘરનાં તતપર થૈયે; વાજતે ગાજતે પારખુ જોવા, ચાલો ઉકરડ જૈયે. ॥ ૧૦ ॥ ત્યા જઇને એક બાજઠ ઢાળો, ગ્રત દીપક ત્યાં કરાવો, વીષ્ણુ દેવને મુકવાને, પંચ જન શંખજ ધરવો. ॥ ૧૧ ॥ ઉભા ઉભાં હરી ભજન કરવું, પાન્ડુનુ પાપ નીસ્તરશે; નજરે જોઇશું ને આકાશમાંથી, નોળીયો એક ઉતરશે. ॥ ૧૨ ॥ તે આવી એંઠામાં આળોટે, તે નજરે દેખાશે, અડધી કાયા કનકનીને, અડધી રૂપાની થશે. ॥૧૩॥ એટલે પંચજન શંખ એને, આપે શબ્દજ કરશે; જય જય જય જય ઉચ્ચાર થાશે, તવ પાન્ડુરાય તરશે. ॥ ૧૪ ॥ એ સીધ્ધતા જોવાના તમારે, એવું કહયું ઘનશામ; સૌ સામગ્રી લૈને ચાલ્યા ઉકરડે તમામ. ॥ ૧૫ ॥ આવી ઊભાં બાજઠ મુકયો, દીપક કીધો એવ; પ્રભુએ પંચજનશંખ મુકયો, પધરાવ્યા વીષ્ણુ દેવ. ॥ ૧૬ ॥ સવે ઊભાં રહી ભજન કરતા, ધરતાં હરાનું ધ્યાન; એકાગ્રહ ચીત્ત ઇશ્વર જપે, સમીપ શ્રી ભગવાન. ॥ ૧૭ ॥ એવે આકાશ મારગે આવ્યો, નોળીયો એંઠા માંય; આળોટયો પણ સોના રૂપાની, કાયા એની નવ થાય. ॥ ૧૮ ॥ કુન્તાયે કહ્યું કેમ પ્રભુજી, કનક કાયા નવ હોય; કૃષ્ણે કહ્યું કોહોના કોહો પણ; ભુખ્યું રહ્યું છે કોય. ॥ ૧૯ ॥ તવ કુન્તાયે કહ્યું શેવકને, સૌ સ્થળ વહો વાણ; ભુખ્યું હોય ને જમવા ન

આવે, તેને પ્રભુનિ આણુ. ॥ ૨૦ ॥ એટલે શેવક દો દશ છુટયા, ગાં-મેમાં ને ગામ બ્હાર; સોગન દે છે ફરી ફરીને મુખ કરે પોકાર. ॥૨૧॥ તે સમે નગ્રનિ બ્હાર બેઠો છે. નિચ જાતી અનામીક; આંખે આંધળો તેથા એમે, અડી પંડયાનિ બીક. ॥ ૨૨ ॥ વળી ચોક્ષી વૃકોદરનિ, તે ગઇ છે બીક પેશી; તે માટે એકાન્ત ખેતરમાં,ભુખ્યો રહયો છે બેશી ॥ ૨૩ ॥ એકતારો તંબુરો લઇને, કર્યા કરે ભજન, તે જોઇને શેવકો આવ્યા, મુખ વદ્યા વચન. ॥ ૨૪ ॥ ભુખ્યો કે જમીને બેઠો, સાચુ કહે સુરદાસ; ભક્ત અનામીક એવું બોલ્યો. ત્રણ દનનો અપવાસ. ॥ ૨૫ ॥ ભીમના ભયથી બેશી રહયો છું, હુતો છું નિચ જાત; એટલે અભડાઇને એક દાસે, ઝાલ્યો એનો હાથ. ॥ ૨૬ ॥ દોરીને ઊકરડે લાવ્યા, બોલ્યા શ્રી ભગવાન; દ્રુપતી સતી અભડાઇ પીરસો, પછી કરજો સ્નાન. ॥ ૨૭ ॥ સીપચને તવ દ્રુપતીયે, બાજઠ પર બેસાડયો; થાળ લાવી મોહો આગળ મુક્ષી, ત્રસ કરી જમાડયો. ॥ ૨૮ ॥ ત્રણ દીવશનો ભુખ્યો માટે ,પી ગયો ભેગુ ચોળી; જુદા જુદા સ્વાદ ન જોયા, વીચાર્યું દ્રુપતી ભોળી. ॥ ૨૯ ॥ આ નિચ જાતી શું જમી જાણે, સંખ્યા મનમાં લાવી; પછી સ્નાન કરીને પોતે, જોવાને સારૂ આવી ॥ ૩૦ ॥ એવે કાયા થૈ સોના રૂપાની, નોળીયાની તે વાર; પણ શંખે શબ્દ નવ કીધો, બોલ્યા જુગદાધાર. ॥ ૩૧ ॥ હવે સૌ જીવ ત્રપ્તી થયા, ભુખ્યું નથી જન કોય; તેને લીધે નોળીઆની, કાયા બેરંગી હોય. ॥ ૩૨ ॥ કોઇ ભુખ્યું રહેવું નવ જોઇએ, આ યજ્ઞની એ રીત; પણ શંખ શબ્દ થયો નહી તે, કોઇનું મન ઊચીત્ત ॥ ૩૩ ॥ જવું હોય તવું સૌ કહેજો ભગવતના ભય લાવી, દ્રુપતિ કહે માહરા મનમા. અટલી સંખ્યા આવી. ॥ ૩૪ ॥ આ અનામીકે ભેગું ચોળ્યું, જમ્યો મુંઢ પ્રમાણે, તેથી મુજ મનમાં એમ આવ્યં, નીચ જમી શું જાણે. ॥ ૩૫ ॥ પ્રભુએ કહયું એ પાપ મ્હોટું, જમ્યાથી જાણ્યો નીચ; પણ મુજ ભક્તી કરે તે ઉંચો, બાક્ષી નીચનો નીચ, ॥ ૩૬ ॥ બાજઠ ઊપર વિષ્ણુજીને, નમી કરો પરીતાપ; ભુલી ચુકી તે સંખ્યા આણી, કાન ગ્રહી માગો માફ. ॥ ૩૭ ॥ ઉચ થઇ મુજને નવ ભજે ચાન્ડાળ સરખો તેહ; નીચ થઇ મુજને ભજે તે; જાણું મ્હારી દેહ. ॥ ૩૮ ॥ એવાં પ્રભુનાં વચન સુણી, બોલીયા, ધરમ રાય; ઓ માહારાજ સંદે પડીયો, પ્રષ્ણ પુછુ પડી પાય. ॥ ૩૯ ॥ તમે કહયું નીચ મુજને ભજે, તે તો મ્હારી દેહી. તો એને અડતાં બાધ શાનો,

જમીયે જોડે લેઇ. ॥ ૪૦ ॥ કૃષ્ણે કહ્યું સમજ્યા વીના, સંદેહ ધરીયો છેક; અડયે જમ્યે વરણાશ્રમ ટુટે, એતો અવીવેક. ॥ ૪૧ ॥ વીવેક વડો વીશ્વ વિશે, વીવેકથી વેહેવાર, વિવેકને કોઈ માને નહી તો, સૌ થાય એકાકાર. ॥ ૪૨ ॥ એક થયુ તો કાંઇ ન રહયું, પ્રેમદા ને મા સરખી; સરખા માને તો તે પ્રાણી, પશુ લેવો પરખી. ॥ ૪૩ ॥ કુતરાં બીલાડાંને ગધેડાં, માથી માંડે સંસાર; વીવેક કયાં છે એ જાતીમાં, તેવા મનુશ અવતાર. ॥ ૪૪ ॥ અવીવેકી એકજ માને, તે જીવ પશુ તુલ્ય, હરામખોરો જાણી જોઇને વીવેકમાં કરે ભુલ. ॥ ૪૫ ॥ એરે યુધીસ્ટર માહારા કેહેવાનો, સમજી લ્યો ભાવાર્થ; તે સમજ્યા વણ શબ્દ ઝાલ્યો, તો બધું ડાહાપણ વ્યાર્થ. ॥ ૪૬ ॥ મેં કહયું મુજને જે ભજે તે, જાણું મારો દેહ; તો મુજને ભજનારો કીયો, પ્રથમ સમજો તેહ. ॥ ૪૭ ॥ માયાના પંચ ભુત છે ને, તે પંચભુતનિ કાય; માયા તેતો ચૈતન્ય નથી; જડવસ્તુ કેહેવાય. ॥ ૪૮ ॥ તે જડ કેમ કરી ને ભજે; તેનો કરો વિચાર; ચૈતન્ન આત્મા મુને ભજે છે, ઓ કુન્તી કુંમાર. ॥ ૪૯ ॥ ભજે તે આત્મા દેહ મ્હારો, તેને અડો સુખ રૂપે; તે નથી અડવા જેવી સસ્તુ, કહ્યું વઇકુંઠ ભુપે. ॥ ૫૦ ॥ કાયા તો માયા ની બનેલી, તે જોડ મુને ન ભજે, ડાહયો જન આત્માને માને, માયાની કાયા તજે. ॥ ૫૧ ॥ માટે એ અનામીકનિ કાયા, તેને અડે અતિ દોશ; ગમે તેવો ભક્ત હોયે પણ, પાળવો એટલો છોશ. ॥ ૫૨ ॥ અનામીકના ચુલાનો અગની, લેઇને રસોઇ થાય; ચુલો ધોયો ધોયો હોયે પણ, ત પર નવ રંધાય. ॥ ૫૩ ॥ અગની રૂપી આત્મા જાણો, ચુલા રૂપી દેહ; નીચ યોનાથી પ્રગટ થયેલી, અસુધ માનવી એહ. ॥ ૫૪ ॥ કદિ કહેશો કે આત્માને સમજી, કરિયે તેનો સંગ; તેવી તમારી શંકા હોયે તો, તે પણ કરૂ ભંગ ॥ ૫૫ ॥ ચુલામાં અગની દેખીને રાંધવા કરો ઈચ્છાય; પણ તે ચુલો નીચનો માટે, તે પર નવ રંધાય. ॥ ૫૬ ॥ ચુલાથી અગની જુદો પડે, તે અગ્ન આવે કામ; ચુલા સંહીત અગ્ની નહ પાવન, બોલ્યા સુંદિર શામ. ॥ ૫૭ ॥ ભજે તે દેહ મ્હારો કહયો, પણ તે મુજ દેહ કયારે; કાયા રૂપિ ચુલો તજે, અગ્ની આવે ખપ ત્યારે. ॥ ૫૮ ॥ એ રિતે કાયા તજ્યા પછી, આત્મા મારો દેહ, ખોળીયુ બદલાયા વણ માને. પાપી પ્રાણી તેહ. ॥ ૫૯ ॥ ઉંચ જ : નીચને નવ નમવું, નમે નીચો દેહ થાય, નીચ યોનીનો નીચને ન માવે, સત વર્શ નર્કમાં જાય. ॥ ૬૦ ॥ નીચ ગધેડી નાહ્ય

ગંગામાં ભસ્મમાં બોળે કાય, ઓખર ન કરે રહે ચોખ્ખી, પણ તે નન પુંજાય. ॥ ૬૧ ॥ ગંદી રહે ને ચાટયો ચાટે, ઓખર કરે ગાય; પણ તે યોની ઉત્તમ્ માટે, તેનું પુજન થાય. ॥ ૬૩ ॥ આ દ્રષ્ટાન્તનું સીદ્ધાન્ત એ છે. સાંભળો ધરમરાય; નીચ દેહીની ઉંચ ક્રતીથી, કદિ ન પડવુ પાય. ॥ ૬૩ ॥ ઉંચ દેહીનાં કરમ નીચાં, ગુપ્ત પણે કદી હોય; ત્યાં લગી તેને નમવું ઘટે, સત્ય ગણો સહુ કોય. ॥૬૪॥ આકડાનું દુધ ઊજવળ દિસે, પણ પીધે પ્રાણ જાય, ધેનુનુ દુધ સામળુ હોયે, પણ પીધે સુખ થાય. ॥ ૬૫ ॥ આ દ્રષ્ટાન્તનું સીદ્ધાન્ત સુણો, વીપ્ર વીના અન્ય કોય; આચાર પાળે ઉંચ તણો પણ, તે દેહ ઉંચો ન હોય. ॥ ૬૬ ॥ વળી આગળ ઉપદેશ કરશું, ઓરે ધરમ રાય; દ્રૂપતી વીષ્ણુને નમી, માગી બહુ ક્ષમાય. ॥ ૬૭ ॥ વળણ. ॥ ક્ષમા માગી દ્રૂપતી, તવ થયો શંખનાદ; પાન્ડુરાય વલ્લભ વદે, સ્વર્ગે ગયા નીરવાદ.

કડવું ૨૩ રાગ સામેરીનો દોહરો.

વૈશમ પાયે એણી પેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું સભા પરવ મહિમાય. ॥ ૧ ॥ જય જય શબ્દ ... ખનો થયો, પાન્ડુ થયા સુરવાસી; વાજતે ગાજતે ઘેર આવી ... લ્યા શ્રી અવીનાશી. ॥ ૩ ॥ ઓ દુરીયોધન ઓરડે જાવો, ... સંતાન; તેઓને વીવેક, પ્રમાણે કરો કનકનું દાન. ॥ ૩ ॥ ... દુરિયોધન ઓરડે ગયો, મામાને રાખ્યા સાથ; ચાલો મામા લુંટાવી દૈયે, કુંચી આવી છે હાથ. ॥ ૪ ॥ એમ કહી બેઊ ઓરડે ગયા, વીપ્ર સ્થળે ભીમ બળીયો, માહારાજે દાન લેવા જાવો, સરવેને કહી વળીયો. ॥ ૫ ॥ એટલે ગયા દાન લેવા, સઘળા બ્રાહ્મણ લોક; દુરીયોધને ઓરડો ઉઘેડયો, ત્યાં થઇ ભીડ એથોક. ॥ ૬ ॥ લુટાડવાને ખુટાડવા ત્યાં, પ્રેમ પાપીને વ્યાપે; શેર શોનું જે બ્રાહ્મણ માગે, તેને બે મણ આપે. ॥ ૭ ॥ તાંબાની કુડીયો ભરિને નાંખે, વિપ્રથી ન ઊંચકાય; એ રીતે આપે છે પાપી, ખુટાડવા ઇચ્છાય. ॥ ૭ ॥ પણ એને હાથે પદમ છે તે, આપ્યેથી બમણું વધે, ઓરડામાં એક ખુણે હતું, તે વધી ફેલાયું બધે. ॥ ૮ ॥ જેમ જેમ આપે તેમ તેમ વધે, જુએ અંધ કુંવાર; ઓરડા માંહેથી ઉભરાઇને, સુવર્ણ આવ્યું

બ્હાર. ॥૯॥ દુરીયોધન કહે આશું મામા, વિસ્મય થયો પાપી, મામો અપાવે ચોધણું ચોધણું,દે વિપ્રોને આપી ॥ ૧૦ ॥ તેમ તેમ પાપીને તાન ભરાયું,લ્યો રે લ્યો એમ ભાંખે, બ્રાહ્મણથી લેઇ શકાય નહીં, કુડીયો ભરીને નાંખે. ॥ ૧૧ ॥ જેમજ આપે તેમજ વધે, પદમ તણે, પર તાપ, છેવટ બ્રાહ્મણ લેઇનેથાકયા, આપીને થાકયો આપ. ॥ ૨૨ ॥ દુહિયોધન કહે મામા હવે, કોઇ નથી લેનાર; ઘટયું નહીને વધ્યું તેનો, શો કરીએ વીચાર. ॥ ૧૩ ॥ મામો કહે હું તો સમજ્યો, મેહેનત પડી છુટી, કહો ના કહો પણ કૃષ્ણ કાળીયે, ઘાલેલી જડી બુટી. ॥ ૧૪ ॥ એવામાં ત્યાં ભીમ આવ્યો, બોલ્યો અંધ કુંવાર; તમે તમારૂ સંભાળો હવે, વીપ્ર નથી લેનાર. ॥ ૧૫ ॥ એમ કહીને ઓરડો સોંપ્યો, ભીમશેન વીસ્મે થાય; આટલું બધું સોવૃણ વધ્યું, આ તે શું કહેવાય. ॥ ૧૬ ॥ એવામાં શ્રી કૃષ્ણ આવ્યા, ભીમ વદયો વચન; થોડું આપતાં ઘણું વધ્યું, ઓરે જુગજીવન. ॥ ૧૭ ॥ સમજીને તમે પાપીને સોંપ્યું, ઓરે દીનાનાથ; પ્રભુ કહે દુરીયોધનને પદમ જમણે હાથ. ॥ ૧૮ ॥ હાથેળીમાં પદમ છે ને, ઉપર જમનો વાસ; પદમની વાત તે જાણ તો નથી, બોલ્યા શ્રી અવીનાશ. ॥ ૧૯ ॥ જો વારતા એ જાણતો હોય તો; દે ધરમમાંથી દાન; આપે તેથી બમણું વધે, વળી રીઝે ભગવાન. ॥૨૦॥ પણ ભુજ ઉપર જમ બેડા છે,તેથી ન શકે આપી; પર ઘેર ખુટાડવાને આપ્યું, પોતે તો પાપીનો પાપી.॥૨૧॥ ભીમ કહે શાભાશ પ્રભુજી, સહુ ભેદ જાણો તમો,કુંચી સોંપી તમો તે વેળા, હતા અધીરા અમો.॥ ૨૨॥ એમ કહી ઓરડો અડકાવ્યો, વરત્યો જય જયકાર; અતી આશીરવાદ વીપ્રનો મળીયો,કુન્તાસુતને સાર.॥૨૩॥ પછી પ્રભુએ આગ્ના કીધી,ઓરે અરજુન ભુપ,જાઓ જઇને સભા રચો, થાય સહુ તદરૂપ॥૪॥ તવ અરજુનને બોહોળી જગોમાં,બનાવી મંત્રજ ભણી,જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ છે, કીધી કારીગરી ઘણી. ॥૨૫॥ બારણું ત્યાં ભીંત ભીંત ત્યાં બારણું, અવળું અતી દેખાય; સભા કને એક મ્હેલ છે લાબો, નારાયો બેસે ત્યાંય. ॥૨૬॥ શુભ શોભાની સભા બનાવી, ગયો પ્રભુની પાસ; એટલે પ્રભુએ ખબર દેવા, મોકલીયા ચાર દાસ. ॥૨॥સૌ ક્ષત્રીને ખબર આપી, પધારો સભા માંય; એટલે સરવે ક્ષત્રી લોકો. સભામાં ચાલ્યા ત્યાંય. ॥ ૨૮ ॥ શેદેવ બેઠા સભાને દ્વાર, અંગુઠી સહુને દેછે; જાય પછાડતાં જ્યાં જળ આવે, વસ્ત્ર ત્યાં ઉચાં લેછે. ॥૨૯॥

જૈ જૈને આસન પર બેસે, જેમ જેમ આવે રાય; તેમ સભા મ્હોટી બને છે, સહુ જોઇ ખુશી થયા. ॥ ૩૦ ॥ સરવે રાજા આવીને બેઠા, મ્હેલ ઝરૂખો જ્યાંય; પ્રભુ કેરી કઉરવ કેરી, નારીયો બેઠિ ત્યાંય ॥૩૧॥ વચમાં બેઠી દ્રૂપતી સતી, ભાણુમતી ડાબે હાથ; જમણે પાસે રૂક્ષ્મણીજી, વળી બીજી સહુ સાથ. ॥ ૩૨ ॥ બેઠી જુએ સભાનિ શોભા, સાંભળને રાજન. સર્વેના પછી આવવા લાગ્યા, કઉરવ દુરયોધન, ॥ ૩૩ ॥ મારગ આવતાં ઉંચી કીધિ, દ્રષ્ટી દુરીયોધન; બેઠેલી દ્રૂપતીને જોઈ, બોલ્યો મુખ વચન. ॥ ૩૪ ॥ જુઓ મામા દ્રૂપતી સોભે વિજળી ચમકે તેવી; એની જોડે મ્હારી રાણી, દિશે ભુતડી જેવી. ॥૩૫॥ એવી વાતો કરતા ચાલ્યા, નજરે જોતા જાય; જોશીયે જાણ્યું કામી આવ્યો, ઉઠી ગયા તવ ત્યાંય. ॥ ૩૬ ॥ અંગુઠીયો લેઈ ચાલ્યા ગયા, આવ્યો દુરીયોધન; સભાના દરવાજામાં પેઠો, ઝરૂખામાં લોચન ॥૩૭॥ સભામાં પહેલો ખંડ આવ્યો, સ્થળનો જળ દેખાય; દુષ્ટે લુગડાં ઉંચાં લીધાં, મનમાં હસ્યા સૌ રાય. ॥ ૩૮ ॥ એવે સ્થળ જળ કેરૂ આવ્યું, તેમાં પોતે પડીયા; સ્થળ જાણીને વસ્ત્રો મુકયાં, પાણીમાં પલળીયાં. ॥ ૩૯ ॥ એટલે હશી સકળ સભા, નજરે જોયું ભાળી; દ્રૂપતી કહે રૂક્ષમણજી, લ્યો તમે મારી તાળી. ॥ ૪૦ ॥ છત્રપતીની શી હોંશીઆરી, ચાતુર નર છે કેવા; હું જાણતીતી ચકોર છે પણ, અંધ તણા અંધ જેવા. ॥ ૪૧ ॥ દુષ્ટે કાને સાંભળ્યુંને, પાછો નિકળ્યો બ્હાર રૂપાળી છાકમાં છકી છે; ચોહું તમાચા ચાર. ॥ ૪૨ ॥ મામો કહે મુકીશ નહી બાકી, થનારૂં હોય તે થાય, એટલે બમણું તાન ભરાયું, મેહેલમાં પેસવા જાય. ॥ ૪૩ ॥ એવામાં ફરતો ફરતો ત્યાં, આવિ પડીયો ભેમ; મામે કહ્યું વ્રકોદર આવ્યો, ચાલો આવ્યાતા એમ. ॥ ૪૪ ॥ તવ દુરીયોધન પાછો વળીયો, સમજી સભામાં પેઠો;ક્રોધમાં રાતો તાતો થયેલો, જૈ આસન પર બેઠો. ॥ ૪૫ ॥ સકળ સભા ભરાઇ ચુકી, આવિયા ધરમરાય; પુજાપાની થાળ છે કરમાં જુએ સર્વ સભાય. ॥ ૪૬ ॥ યુધીષ્ટર કહે સરવે રાજા, બોલજો સત્ય વચન;આપણી સભામાં પ્રથમ પેહેલું કોનું કરૂ પુજન. ॥ ૪૭ ॥ સૌ સભા કહે કૃષ્ણજી કેરૂં તવ બોલ્યો શીશુપાળ;એનું પુજન નહી થાય પેહેલું, આહીરનો એ બાળ. ॥ ૪૮॥ એ ભરવાડો એ પેંડારો, ગાયો તણો ચારનારો પરાઇ નારીને હરનારો, મામા માશી મારનારો. ॥૪૯॥ પ્રભુએ ગાળોના લીટા તાણ્યા, સો ગાળો થઈ સાર; એટલે પડેલુ સંપુટ લીધુ, પોતે જુગદાધાર. ॥ ૫૦ ॥ સો ગા-

ળોનો ગુનો કીધો, ત્યારે જણાવી રીસ, સંપુટ મારી છેદી નાંખ્યું શીશુપાળનું શીશ. ॥ ૫૧ ॥ સકળ સભા રાજી થઇને; હરખ્યા સહુ રાજન; એટલે કીધું ધરમરાયે, પ્રભુ તણુ પુજન. ॥ ૫૨ ॥ પછી પુજન સર્વેનું કીધું, અંતરમાં અતી ભાવ; જેવો રાજા તેવો તેવો, વેહેંચ્યો ત્યાં સરપાવ. ॥ ૫૩ ॥ તવ બળદેવે કંકુ કેરો, કંકાવટો કર લીધો;ઉભા થઇને અભીમન્યુને,લેલાટ ચાંલ્લો કીધો. ॥ ૫૪ ॥ કહ્યું કે મારે પાળક પુત્રી સુખેનની સુરેખા;તેનિ સાથે વિવા કિધો; તવ દુભાયા ભાયા અદેખા. બીજા સહુ જન રાજી થયા. બળદેવે કર્યું બેશ; પાન્ડવને પણ શોભા મળી, હરખ્યા સઉ નરેશ. ॥ ૫૫ ॥ પછી સરવે વિદાય માગી, ક્ષત્રી થયા વિદાય; કૈરવ વિના સરવે ગયા, તવ બોલ્યાં કુન્તાય. ॥ ૫૬ ॥ ચાલો કઉરવ પાન્ડવ બેટા, નિરવરતીથી જમો; મેહેનત મજુરિમાં પડેલા, ખાધુ પીધુ નથી તમો. ॥ ૫૭ ॥ વળણ ॥ ખાધુ પીધું છે નહિ, ઓરે મ્હારા તન; સહુ ભાઇઓ ભેગા થઈ, કરિ લોને ભોજન.

કડવું ૨૪ રાગ ચોપાઈ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; કહ્યું કુન્તાયે જે વાર; બોલ્યા અંધ તણા કુંવાર; સુણો કુન્તા કાકી સતિ, અમારે કાંઇ જમવું નથી. ॥ ૧ ॥ અમે જસના ભુખ્યા હતા માત, તેથિ જસ લીધો ભાગી જાત, અમ આવ્યાતા આવિને જાવા, બીજું નહિં પણ મ્હેણા ખાવા. ॥ ૨ ॥ કહે કુન્તા શું મેહેણું દીધું, કોણે કટુ વચન તને કીધું. તવ બોલીયો દુરિયોધન, ઘણાં રક્ત થયાં લોચક. ॥ ૩ ॥ આજ કાલનિ છે આવેલી, બહુ છરવાળી ને છકેલી. ॥ ૪ ॥ ભાગી પડે છે રૂપે રૂપાળી, બોલતાં ન જુએ પાછું વાળી; એનું રૂપ એને ગંધાય, મારે મેહેણું બીજું કોણ ખાય. ॥ ૫ ॥ બેહેકી ગઇ પંચાળનિ બેટી, હવે શું કાંઇ છે એ હલેતિ, સુણી કુન્તાને ક્રોધ ચડીયો, ખરા રંગમાં ભંગજ પડીયો. ॥૬॥ એતો કયાં ગઈ મ્હોટા કુળવાળી,નહી હોય કોઈ એવી રૂપાળી; તવ દ્રૂપતી રડતી આવી,એતો આંખોમાં આંસુ લાવી. ॥૭॥ તવ કુન્તાજી વદીયાં વાણી, તારી જીભડી નાંખીસ તાણી; શીખી બોલતા કેવું કેવું. મારા ઘરમાં નહી ફાવે એવું. ॥ ૮ ॥ સારી રીતે

રેહેવાય તો રેહેજો. નહી તો પીયરનો પંથ લેજો; તવ દ્રુપતી આંસું ભરતી, ભુલી ચુકી કહી કરગરતી.॥૯॥ છત્રપતી પીતા તુલ્ય મ્હારે, બોલી પોતાના, જાણ્યો ત્યારે; હું તો છોકરૂ તમે તો બાપ. કરો અપરાધ મ્હારો માફ. ॥ ૧૦ ॥ કહી દુષ્ટને ખોળા પાથરતી, તાત તાત મોઢે ઓચરતી; ચઢે રાયને રીસ અતોલે, બાપ બાપ કહી કેમ બોલે. ॥ ૧૧ ॥ એવો બળાપો પેટમાં થાય, તવ ભીમસેન બોલ્યો ત્યાંય; શીદ આંધળે બેહેરૂ કુટાવો, જાણ્યા વિનાની રાઢ ઉઠાવો. ॥ ૧૨ ॥ કોણ જાણે કેવું કહ્યુ કીધું, બોલ ભાઇ શું મેહેણું દિધું; તવ બોલીયો દુરીયોધન, મુને કહયો અંધનો તન. ॥ ૧૩ ॥ ભીમે કહયું સુણો મુજ ભ્રાત, એમાં શી ખોટી કહી વાત, એમાં શું લાગ્યું દુખ મ્હોટું. કહયું દ્રુપતીયે શું ખોટું. ॥ ૧૪ ॥ અંધ સુત કહયો છે રહેવાય, દેખતાનો કેમ કેહેવાય; ખોટુ કહયું નથી તેં નાર, હવે રડીશ નહીં લગાર. ॥ ૧૫ ॥ અંધનો સુત સત્તરવાર, ખોટું કહયું નથી તલભાર; એવાં ભીમ તણાં વચન, સુણી ઉઠયો દુરીયોધન. ॥ ૧૬ ॥ જોઇ ભીમ તણી મેં ઠગાઈ, હવે રાખવી નથી સગાઇ; એમ કહીને રીસાઇ ગયો. પાછો સંપમા કુસંપ થયો. ॥ ૧૭ ॥ રહ્યા પોત પોતાને સ્થળે, દુષ્ટથી હેત ભાવ ન મળે; એટલેથી રહી એક કથાય, તું તો સુણ જનમેજે રાય ॥ ૧૭ ॥ વળણુ ॥ જનમેજય સાંળળ કથા, દાન્ગવનું આખ્યાન; વ્યાસ વહ્લળ વાણી વદે, દો શ્રોતાજન ધ્યાન.

દાન્ગવ ખ્યાન

ડવું ૨૫ રાગ ધનાસરી.

જનમેજેને વઇશમ પાયે, શ્રવણ કરાવી કથાય, તે કથા કહુ શ્રોતા જનને, પશુ જનમ વહી જાય. ॥ ૧ ॥ સાંળળે શીખેને શંભળાવે, ટળે ત્રિવિધી તાપ; દેહ પશુનો પ્રાપ્ત ન થાયે, છુટે મોટાનો શ્રાપ. ॥ ૨ ॥ એક વેળા ઇંદ્રપુરીમાં, બીરાજ્યા દેવ લોક; વાદ વિવાદ વિનોદ ન ચાલ્યો, વડી વારે થયો શોક. ॥ ૪ ॥ એવામાં આવિ એક અપછરા, ઉરવંશી જેનું નામ; કોમળ કાયા કનક સરખી, રૂપ રૂપની ધામ. ॥ ૪ ॥ કાંઇ ન કેણી છે મ્રગા નેણી, વેણી કેસની વાણી; વરણન કરતાં ફણીધર થાકે, એવી અતીશે રૂપાળી. ॥ ૫ ॥ તે તારૂણી જોઇ દેવ

બોલ્યા આનંદ ઉપજે સત્ય; મનહર ચીત ચોર ચાતુરા તું, માંડય સ-
ભામાં નૃત્ય. ॥૬॥ એવી આપી આગના તવ, નૃત્ય કર્યો આરંભ; પા-
મ્મર પ્રાણીની નજરે પડે, તો થાય સ્થંભીત. સ્થંભ. ॥૭॥ વાજીંત્ર
વાગે મીઠાશ લાગે, સરોદાને સરણાઈ; જળતંત્ર મોરચંગ મર્દંગ નશ્રંગ
પખવાજને અવાઇ. ॥ ૮ ॥ ધમ ધમ ધમ ધમ ધુઘરૂ બોલે, દેખી થયા
દેવ ખુશી; તેવે સમે ત્યાં આવી પહોંચ્યા, જે દુરવાસ રૂશી. ॥૯॥ એ-
ટલે સભના સૌ સુર ઉઠયા, ભલે દીધાં દરસન; પધારો પધારો કહી, પધ
રાવ્યા, આપાને આસન. ॥૧૦॥ વળતું વાણી વધા સુરપતી, અપછરાને
એમ; નૃત્ય કરી તુ રૂશીવરને ઉપજાવ્ય પુરણ પ્રેમ. ॥ ૧૧ ॥ મોહીત
મન થાય માહા મુનીનું, ત્યારે ક્રીયા તુજ સાચી; માન્યની માન્ય મળે
સહુ સુરનું, રીઝવ રૂશીને નાચી. ॥ ૧૨॥ અપછરા કહે મોહીત કીધા,
શાણાને સુપાત્ર; તેત્રીસ કોટીને લબ્ધ કર્યા તો, બ્રાહ્મણ તે કોણ માત્ર ॥
૧૩ ॥ એમ કહીને નત્ય આરંભ્યો, મન ધરી અભામાન; હતી જેટલી
ક્રીયા તેટલી, કરી વળી દઇ ધ્યાન. ॥૧૪॥ તોપણ રૂશી રીજ્યા નહીને,
જરા ન લાગી લત્ય; મન કેમ માને મ્હાદેવજીનો, જેણે જોયેલો નરત્ય. ॥
૧૫॥ માટે રૂશીવર ખુશી ન થાય, ક્રોધ કર્યો ઉરવંશી; કોપ કરીને એમ
બોલી, વીપ્ર ઝેરીલો ધ્વંશી ॥૧૬॥ મન માન્યુ પણ મોઢેના બોલે, અંતર
ઉલટ આણો; નવ્ય આણે તો જંગલી સરખા, શું નૃત્યની વાત જાણે॥૧૭॥
એવાં એવાં જ્યાં વેણ કહ્યા ત્યાં, લાગ્યો રૂશી તન તાપ; શું કહ્યું રંડા
પાપણી તેં, દૂરવાસે દીધો શ્રાપ. ॥૧૮॥ નીશાયે નારી દીવશે ઘોડી, થઇ તું
પૃથવી પડજે; તર્ણને જળથી ઉદર ભરી, રણ વીશે રખડજે. ॥ ૧૪ ॥
એમ શ્રાપ દીધો રૂશીએ, અપછરા અકળાય; ત્રાસજ પામી રડવા લાગી,
થર થર કંપી કાય. ॥ ૨૦ ॥ દેવતા સહુ કરગરવા લાગ્યા, વરત્યો આ-
હાકાર. આ નારી વણ સ્વર્ગ વીષે, રેહેવાય નહી લગાર. ॥ ૨૧ ॥ એમ
કહી દેવતા કરગરીયા, કરગરી છે નારી; દયા ઉપરની દુરવાસાને, શ્રાપ
હું નાંખું નીવારી. ॥ ૨૨ ॥ કરૂણા કરી કહે રૂશીજી, સુંદરી સુણ્ય વ-
ચન; મળે સાડાત્રણ વજ્જર ત્યારે, આવજે સ્વર્ગ સુદન. ॥૨૩ ॥
વળણ ॥ શ્રાઇ એમ નીવારીને, રૂશી થયા વીદાય; આજ્ઞા માગે દેવની,
પડી અપછરા પાય.

કડવું ૨૬ નાટકની સ્તુતિનો રાગ.

આગના દો માહારાજ, સભા સહુ આગના દો માહારાજ; ટેક. પુર્વના પાપથી, શ્રાપજ પામીરે, રૂશીને દલ થઇ દાજ. ॥ સભા. ૧ ॥ દોશ કોને દઉં વાંક ભવિશનોરે, કાંઇ રહયો ન ઇલાજ. ॥ સભા. ૨ ॥ વેઠીશું વનમાં વપુ પશુનુરે; છોડાવા કરજો કાજ. ॥ સભા. ૩ ॥ આપનું હેત અતી સાંભરી આવશેરે, રડીને દઇશું અવાજ. ॥ સભા. ॥ ૪ પશુના વર્ગમાં પડી રહીશુંરે, તે બધિ તમને છે લાજ. ॥ સભા. ૫ ॥ વળણ. એમ કહી લીધી આગના, જુએ સ્વર્ગના ભુપ; અવની આવી અપછરા, બનીયું ઘોડી રૂપ.

—×—

કડવું ૨૭ વઇદ્રભી વનમાં વલવલે એ રાગ.

અંત્રીક્ષથી ઘોડી ઉતરી, પચરંગી સ્વરૂપ; શામ ચરણ સોહામણા, કેશ વાળા અનુપ. ॥ અ. ૧ ॥ સ્વેત શરીર સાફ શોભતું, રક્ત રંગના કરણ; સુંદીર સોત્રણ મુખની, પુંછ છે પીત વરણ. ॥ અં. ૨ ॥ એતો ટૂંકી ચાલે ઘણું ચાલતિ, આવી યુમનાને તીર; ચારો ચરે છે એ ઘાસનો, પીચે નીરમળ નીર. ॥ અં. ૩ ॥ એમ આખો દિવસ ફરે રાન્યમાં, પડે નિશા જે વાર; અસ્ત રવી થાય એટલે, બને સુંદીર નાર. ॥ અં. ૪ ॥ એતો નારી વેશે વ્રક્ષે ચઢી, રૂજની રહે બેઠી; સુર્ય ઉદયના યોગમાં, ઉતરે આપ હેઠી. ॥ અં. ૫ ॥ પછી દરસન દે સુર્ય દેવતા, તવ સ્વરૂપે ફરતિ; અશ્વની અંગ ધારણ કરી, જળ ત્રઠ ચારો ચરતી. ॥ અં. ૬ ॥ હવે તે ત્રઠનિ સામી તીર છે, એક સુંદીર દેશ; વસે છે ત્યાં રૂડો રાજીયો, દાંગવ નામ નરેશ. ॥ અ. ૭ ॥ તેવા તે રાજાને સસ ઘોડલા, પુષ્ટીવાન છે કાય; મહ્યાન અનુચર લેઇને, જળ પાવાને જાય. ॥ અં. ૮ ॥ તેવા તે ઘોડાએ દીઠી ઘોડલી, રહ્યા નહી દાસ પાસ; છટકી સામી તિર સંચર્યા, તજી ગયા જળ ઘાસ. ॥ અં. ॥ ॥ ૯ ॥ એ તો આખો દહાડો ભુખ્યા ભમ્યા, સાંજે થઇ ઘોડી નાર; મનુષ રૂપે વ્રક્ષે ચડી, પાછા વળીયા તે ખાર. ॥ અં. ૧૦ ॥ એમ ઘોડાને લેહ લાગી નીત્યની, તેથી શરીરે સોસાય;રાજાએ પુછીયું દાસને કેમ અશ્વ સુકાય. ॥ અં. ૧૧ ॥ ત્યારે દાસ કહે સુણો રાયજી, જળ પાવાને લેતા; સામી તિરે ઘોડી કોકની, દેખી હાથ ન રહેતા. ॥ અં. ૧૨ ॥ તવ રાજા કહે કોની ઘોડલી, બાંધીને ઘેર લાવું; આજ

અશ્વ ઉપર બેશીને; જળ પાવા હું જાવું. ॥ અં. ૧૩ ॥ એવું કહી રાજા અશ્વ બીરાજીયો, ગયો યુમનાંને ઘાટે, ઘોડાએ ઘોડી નીરખી, દોડયા સુર સપાટ. ॥ અં. ૧૪ ॥ રાય જોવાને ઘોડે બેઠો રહયો, આખો દીવસ ભમીયો; એવે સમે થઈ રૂજની, દીન મણી આથમીયો. ॥ અં. ૧૫ ॥ ત્યારે ઘોડી ટળીને નારી થઇ, વ્રક્ષે ચડવાને ચાલી; ઘોડેથી દાંગવ ઉતર્યો, ઉભો જઈ કર ઝાલી. ॥ અં. ૧૬ ॥ કહે રાજા તું કોણ છે સુંદરિ, ભુત પ્રેત કે દેવી; કોણ નાત જાત ઘર ગામ છે, નામે નારી તું કેવી. ॥ અં. ૧૭ ॥ તવ ઉરવશી કહે સુણો રાયજી, તમારે શો સંતાપ; અપછરા છું હું સ્વર્ગની, પામી રૂશીનો શ્રાપ. ॥અં. ॥ ૧૮ ॥ તેવા શ્રાપથી દીન દેહ બે ધરૂ, વસુછુ વાસો વનમાં; મધુરિ વાણી સુણી રાયને, લાગી ચટકી ત્યાં તનમાં. ॥ અં. ૨૦ ॥ તદરૂપ સ્વરૂપ દેખીને થયો, નમીને વદયો વાણી; ઘેર પધારો માહારે, થાપશું પટરાણી. ॥ અં. ૨૧ ॥ સહુ ખાન પાનનું સુખ આપશું, મુને પ્રગટયો છે પ્રેમ; ઉરવંશી કહે આવીયે, જો ચાલો કહું તેમ. ॥ અં. ૨૨ ॥ તવ રાજા કહે કોહો તે કરૂ, બોલી નારી વીવેક; શીવ વીષ્ણું માગે મુજને, દેવી નહી ઘડી એક. ॥ અં. ૨૩ ॥ ત્યારે રાજા કહે એ પ્રમાણ છે, પણ પુછુછુ પેર; બળીયો હોયે કોઇ મુજથી, તે ધણી માગે ઘેર. ॥ અં. ॥ ૨૪ ॥ તેહેવાને માગે હું ન દેઊં તો. માગે રણ શંગ્રામ; તે વારે શુ કરૂ સુંદરી, મ્હારી ચાલે ન હામ. ॥ અં. ૨૫ ॥ ત્યારે નારી કહે સુણો ભુપતી, રહેવું અન્યને શરણ; સરણ ન રાખે તો મુજને, લઇ પામવું મરણ. ॥ અં. ॥ ૨૬ ॥ ત્યારે રાજા કહે તે કબુલ છે, દીધુ વચન હાથ; ઘોડે બેસાડીને સુંદરી, લાવ્યો પોતાની સાથ. ॥ અં. ૨૭ ॥ રામારૂપ રૂજની વીષે, દીવસે ઘોડી થાય; ઘાસ ચારો નાંખી ચાકરી, કર્યા કરે છે રાય. ॥ અં. ૨૮ ॥ વળણ. ॥ એમ કેટલા દન વિતીયા, એવે સ્વરગ સુર લોક; નારદને બોલાવીયા, દેખાડયો બહુ શોક.

કડવું ૨૮ રાગ આશાવરી.

શોક દેખી સુર લોકનો ને, નારદજી એમ પુછે; સ્વર્ગ સુખમાં ઉદાશી આવી, તેનું તે કારણ શું છે. ॥ ૧ ॥ શે દુખે દુલ્યા આનંદ ભુલ્યા, તે વાત જાણવા માગુ; જે હોય તે કહો મુજને હું, ભીડ તમારી ભાગુ. ॥ ૨ ॥ તેવું સાંભળીને સહુ બોલ્યા, આનંદ નાઠો સ્વા-

મી; ઊરવંશી હતી અપછરા તે, શ્રાપ રૂષીનો પામી॥૩॥ દીવશે ઘોડી રાત્રીએ રામા, થઇ ભોમીમાં પડી, એના વીના છે સ્વરગ સુનું, ગમતું નથી ઘડી ॥ ૪ ॥ વજ્ર સાઢા ત્રણ ભેગાં કરવાં, શ્રાપ નીવારણ થાય; આવે અપછરા સ્વરગ વિષે, એમ કરો ઉપાય. ॥ ૫ ॥ નારદજી તવ બોલીયા છે, પૃથવીમાં પરવરૂ; વજ્ર સાડા ત્રણ ભેગાં કરાવી, શ્રાપ નીવારણ કરૂ. ॥ ૬ ॥ યુદ્ધ થયા વણ વજર સાડા ત્રણ, કોકાળ ભેગાં ન થાય; ટંટાની ત્રષ્ણા છે મુજ મનમાં, જોવાની આતુરતાય. ॥ ૭ ॥ એમ કહીને સંચરીયા છે, ભોમી દ્વારીકા ગામ; શોભે શોયામણું નગ્રરશીલુ, વાસો વશે ઘનશામ. ॥ ૮ ॥ શોળ શહસ્ત્ર સત અષ્ટ ધામ છે, પ્રભુનાં શોભાયમાન; એક લક્ષ સાઠ સહસ્ત્ર એકાશી, હરી તણા સંતાન. ॥ ૯ ॥ તે સહુના મેહેલ જુજવા છે, પુત્ર પ્રદુમાન જેષ્ટ; બળવાન રૂપવાન ગુણવાન ઘણો, સુરો પુરો નર શ્રેષ્ટ. ॥ ૧૦ ॥ નારદજી તેને ધામ પધાર્યા, માન્ય દીધુ પ્રદુમાન; આસન આપીને બેસાડયા, નારદે કર્યા વીખાણ. ॥ ૧૧ ॥ ભાઈ તુ ભાગ્યશાળી ભારે, વૈભોગ શા કહું મુખ; ત્રૈણ લોકમાં તારા સરખું, કો જનને નથી સુખ. ॥ ૧૨ ॥ માત ભ્રાત વળી પુત્ર ને પીતા, રૂડી છે રીદ્ધીને સીદ્ધી; નવે ગ્રહ તુજ મંચક પાયે, ઘેર વસે નવ નીદ્ધી. ॥ ૧૩ ॥ સંસારનો સહુ લ્હાવો છે તારે, હું રહયો આનંદ પામી: સઘળી વાતનું સુખ લીધું પણ, છે એક વાતમાં ખામી. ॥૧૪॥ કહે પ્રદુમાન ખામી હોયે તો, બતાવી દો માહારાજ; વીલમ નથી તે સુખ લેતાં, સીધ કરૂ કાજ આજ ॥ ૧૫ ॥ નારદ વદે બોલેલું પાળજે, તું તાહરૂ તન તોડી મંગાવ્ય દાનવને ઘેરથી તું, અમુલ્ય એક છે ઘોડી ॥ ૧૬ ॥ ત્રૈણે લોકમાં એહ ઘોડીની, જોડી નથી કોઇ ઠામ;ઘણું નહીતો ચાર ઘટીકા લાવી રાખ્ય તુજ ધામ. ॥ ૧૭ ॥ ત્યારે હું જાણું પુત્ર પ્રભુનો, ધન્ય તારી માનું પેટ; મંગાવે નહીં તો છોકરી સરખો, ઉડયો તું દૈવની વેઠ. ॥ ૧૮ ॥ વલણ.એમ ઉશ્કેર્યો નારદે, કરજે ધાર્યું કામ; કલાવી પુછે કોઇ તો, ન લેશ મારૂ નામ.

કડવું ૨૯ રાગ મારૂ.

અવું કહી થયા નારદ વીદાય, લાગી ચટકી કુંવર મનમાંય; તેણે દીન બળદેવજીને ઘેર, સાથ ભોજન છે ભલી પેર. ॥ ૧ ॥ સગાંસ

સોદર પુત્ર પરેવાર, આવ્યાં જમવા હળદરને દ્વાર; આવ્યો નથી પર્દ્યુ પ્રદુમાન, બાકી આવ્યા છે સહુ સંતાન ॥ ૨ ॥ ત્યારે બળદેવ પુછે એમ; હજી ન આવ્યો પ્રદુમાન કેમ; તવ રૂક્ષમણી કહે જાવો, શાથી ન આવ્યો તમે બોલાવો ॥ ૩ ॥ એવું સુણીને બળદેવ જાય, આવ્યા પ્રદુમાનના ધામ માંય; ઉઠો બેટા કરાવ્યો ઉચાટ, સહુ જમનારા જુવે છે વાટ. ॥ ૪ ॥ એવું સુણી કહે પ્રદુમાન, મારે કરવું નથી અવદાન; ત્યારે બળદેવજી એમ પુછે, નથી જમવું તે કારણ શું છે ॥ ૫ ॥ શુણી વદે પ્રદુમાન વાણી, મારૂ જીવતર છે ધુળધાણિ; એક ઘોડી દાન્ગવ ઘરમાય તેને જોવાની મુજ ઇચ્છાય. ॥ ૬ ॥ સુણી બળીભદ્ર વધા સુખ, બેટા એમાં શું ધર્યું દલ દુખ; એતો ઘોડી મંગાવુ આજ, ઉઠો ભોજન કરવા કાજ. ॥ ૭ ॥ સુણિ કહે કુંવર એ તો કાચુ, માગો જવાબ તો લાગે સાચુ; સુણિ પત્ર લખ્યો હળધારી; દેજે દાન્ગવ ઘોડી તારી. ॥ ૮ ॥ આવે પત્ર લઇને જોધ જેહ, તેને દેજે તું ઘોડલા તેહ; રાખી બે દિન પાછી દઇશું, નહીં તો પરાણે પણ લઇશું. ॥ ૯ ॥ આપી પત્ર જાદવ મોકલીયા, તેતો દાન્ગવપુરીમાં પળીયા; આપ્યો પત્ર દાન્ગવસેન હાથ, વાંચી દિલગીર થયો દલ સાથ ॥ ૧૦ ॥ લખ્યો જવાબ આ જદુપતિ, ઘોડી પા પળ મળવાની નથી; લાવ્યો જવાબ જાદવ જોધ, સુણિ હળધારીને ચડયો ક્રોધ. ॥ ૧૧ ॥ એવે વાર થઇ ગટી ચાર, આવ્યા તેડવા દેવ મોરાર; કહયું બેઉ જણા રહયા બેશી વાતો શી કરો ખુણે પેશી. ॥ ૧૨ ॥ ત્યારે બોલ્યા બળીભદ્ર એમ, એક પ્રદુમાનને થયો પ્રેમ; છે દાંગવ ઘેર ઘોડી રૂપાળી, તમ સુતને જોવી છે ન્યાળી, ॥ ૧૩ ॥ તે મંગાવવા મં લખ્યો પત્ર, તેણે જવાબ મોકલ્યો અત્ર; નથી દેવાનિ ઘોડી ઘડી એક, તેવું સુણિ લાગ્યો મને ટેક. ॥ ૧૪ ॥ ત્યારે વધા વીઠલ વર વાણિ, આ શો લઈ બેઠા મત તાણિ; તમો મ્હોટા તે છોટા થયા, ખોટી હઠ ઝાલીને બેશી રહયા ॥૧૫॥ કહ્યું કરો બાળક તણું જેમ, થાયે હઠીલું છોકરૂં તેમ; ઇછાપુરી કર્યેથી લેહે લાગે, કાલે ચંદ્ર ચાંદરણિ માગે. ॥ ૧૬ ॥ તેવું પુરૂ ન પડે સદાય, ઉઠો જમવા સમય થઈ જાય; તેવું સુણિ વદયા હળપતિ, તમ સુત ઉઠવાનો નથી. ॥ ૧૭ ॥ તારે બોલ્યા હરીવર હુંશી, ભલે નવ્ય ઉઠે એની ખુશી; નહીં ઉઠે શું આપણું જાશે, થાશે ક્ષુધા મોઢે માગી ખાશે. ॥ ૧૮ ॥ એવાં વચન તાતના જાણી, લાવ્યાં નેત્રમાં પ્રદુમન પાણી, એમ વેળા વીતી ઘટી ચાર, આવ્યાં રૂક્ષમણિ-

જી તે વાર ॥ ૧૯ ॥ દિઠો રડતો કુંવર કાયા કાંપે, શું છે બેટડા કહી રૂદે ચાંપે; શાને સારૂ આંસુ ભરે તન, એવું કહી લુછે મા લોચન. ॥ ૨૦ ॥ બેટા કોણે વાળ્યો દુખ ડાટ, રડે તેમ તેમ સુત હૈયા ફાટ; કોણે દુભ્યો દીકરા તને ફાંસુ, આવ્યાં રૂક્ષમણિને આંસુ. ॥ ૨૧ ॥ તેવું જોઈ વધ્યા હળધારી, વઢયા કુંવરને શ્રી મોરારિ; એક ઘોડી દાંગવને ઘેર આવી, તારા પુત્રને લેવી મંગાવી. ॥ ૨૨ ॥ હઠ લેઇ બેઠો તન તારો, તેથી પત્ર મોકલીયો મે મારો; પણ માન્યુ નહિ દાંગવરાય, વાગે માથામાં તેવી કહી નાય. ॥ ૨૩ ॥ માટે રીસ રૂદે મને લાગી, જાણે એ કને લેઉં યુદ્ધ માગી; પણ પીઊજી તારો વઢે છે, મને ધીકારા ઠપકો દે છે. ॥ ૨૪ ॥ વળણ. ॥ એવાં વચન સાંભળી, રાણી વદીયાં વાણ;શીદ સંતાપો સુતને, ઓરે પુરૂષ પુરાણ.

કડવું ૩૦ રાગ સિંધુ

સામળીયા સ્વામી સુત સપડાવો છો શાને; ક્યાન તમારી બેસે નહી તો, જરા ન ધરશો કાનેરે, ॥શામ. ટેક.॥ કદી નહિ ને આજ કુંવરને, ઉલટ આવી એવી; કાંક કહ્યું છે કાકા પ્રત્યે, તો તમને રીસ કેવીરે. ॥ શામ. ૧ ॥ ઇછા ઉપની આપના ઉમરમાં તો કંતલપુર આવ્યા; મમ વિર સાથે વૈર કરીને, કેમ મને હરી લાવ્યારે. ॥ સા૦ ૨ ॥ કેહેર કરીને વેર વધાર્યા. ઘેર ઘેર ગીરધારી; સોળ શહસ્ર કામનિ લાવ્યા, નરકાસુરને મારીરે. ॥ સા૦ ૩ ॥ પુત્રની ઇચ્છા પુરણ કરશું; આપ ખુણામાં પેશો; લ્યો આપુ કંચુકી મારી; પ્હેરા પાતળીયા બેસોરે. ॥ સા૦ ૪ ॥ યુધે ચડશુ લડશુ વઢશું, તોડીશુ તન તાપો; મમ ચીર ચણીયા ધારણ કરી, આયુધ અમને આપોરે. ॥ સામ ૫ ॥ જગત જાણે ગુણ વીખાણે. થાય ભલે ભવાઈ; ન્હાનપણમાં પ્હેરિ નાચ્યાતા, તો શી આજ નવાઇરે. ॥ શામ૦ ૬ ॥ બળદેવનું બોલ્યું પડયું પાછું, તે પણ મનમાં નાવ્યું; ટેક ન લાગ્યો ક્ષત્રી ધરમનો, શીદ નર નામ ધરાવ્યુંરે. ॥ સામ૦ ૭ ॥ ઘોડી લેશુ છો જગ કેહેતું, ભામનીયો છે ભુંડી; ચક્ર ઘો અમને ચતુર્ભુજજી, લ્યો કર પહેરો ચુડીરે, ॥ સામ૦ ૮ ॥ આગળ પ્રાક્રમ બહુ કરેલાં, તે પ્રાક્રમ ડબોળ્યું; શીતળ થઈ શું સુણો સ્વામી; જાદવ કુળ વગોવ્યુંરે. ॥ સામ૦ ૯ ॥ હીમતતો કયાંથી આપો પણ, ઠપકો દેવા આવ્યા; કાહારપણું કરી મોહોટા. હળધારી લજાવ્યોરે. ॥ સા૦ ૧૦ ॥ વળણ. એવાં વાકય સાંભળી, બો-

લ્યા સ્ત્રી જદુનાથ; કાહાવો દાંગવરાયને, યુધ્ધ કરજે અમ સાથ.

કડવું ૩૧ રાગ ધન્યાશરી.

સુર ભરાયું શામળીયાને, પત્ર આપ્યો હળધારી; દાંન્ગવ રાજા ઘોડી ન આપી, વિપ્રીત છે ગત તારી. ॥ ૧ ॥ ભલે ન આપી તો રિસ વ્યાપી, હું પદ શું મન આણે; માગીએ તારી પાસે, ક્ષત્રી ધર્મ પ્રમાણે, ॥ ૨ ॥ એમ લખીને જાદવ સાથે, પત્ર પોચાડી દીધો; ઉઠયો પ્રદુમાન ભોજન કરવા, લ્હાવ કુટંબી લીધો. ॥ ૩ ॥ દાંન્ગવ રાજાને પત્રજ પ્હોચ્યો, વાંચી પડી પેટફાળ; જાદવ જેદ્ધને હું કયાં પ્હોચું, વિઘ્ન પડયું વીકરાળ. ॥ ૪ ॥ કયાં સીંહના મામુ સસલુ કયાં, મઘ્ઘર ને કયાં મછ; કયાં નદી કયાં ખાબડું કયાં, પાડા ને ન્હાનું વછ. ॥ ૫ ॥ કયાં શેશને કયાં અળશીયું કયાં કનકને કથીર; કયા કેળને કયાં કાચકી કયાં, કાયરને કયાં ધીર ॥ ૬ ॥ એમ વિચારી થર થર ધ્રુજયો દાજીયું અંતઃકર્ણ; અપછરાયે કહ્યું છે મુને, રહુ કોઇ મોટાને સર્ણ. ॥૭॥ એવું ધારીને કરી ત્યારી, નિકળીયો ઘર બાહાર; મન ગમતી ઘોડી ન છોડી, આપ થયા છે સ્વાર. ॥ ૮ ॥ જાણ્યું કે જાદવ સામા બાહાજે, એવો છે કૌરવ સાથ; બીજા બાહાજે સુત સતીના, પાંન્ડવ પંચાળી નાથ. ॥ ૯ ॥ એમ વિચારિ નિકળ્યો તે, પળીયો હસ્તિનાપુર; દુરિયોધનનિ સભામાં આવ્યો. બેઠા ભીસ્મ વિદુર ॥૧૦॥ દ્રોણ કૃપા આર્ચ અશ્વસ્થામા, જેદ્રથ ભગ્દત કરણ; શકુની દસનીક દુશ્યાશન, ત્યાં, આવી લાગ્યો ચરણ. ॥ ૧૧ આદ્ય ગાદિ સત્યવાદિ સુરાનિ, અરજ કરૂ કરજોડી; જદુપતિ અતિ મતિ માઠી કરી, માગે છે મારિ ઘોડી. ॥ ૧૨ ॥ શિર સાટે મારે ઘોડિ ન દેવિ, તેથી કરે છે ચડાઇ; હું નીરબળમાં બળ નહીં મ્હારી પાસે માગી લડાઇ. ॥ ૧૩ ॥ એટલે ઈલાજ ન રહયો મ્હારો, ભાગી ગયા છે ચરણ; મ્હોટા જાણિને અલ્પ પ્રાણી હું, આવ્યો તમારે શરણ. ॥ ૧૩ ॥ સરણ રાખી ઘોડી બચાવો, થાવો જદુ કુળ સામા; તે સાંભળી દુરિયોધન સામું, શિશ ધુણાવ્યું મામા. ॥ ૧૫ ॥ એટલે ઉત્તર દે દુરીયોધન, એ કામ નહીં હમારૂં; ઘોડલી બે દીન માગી દેતાં, શું ઘટી જાય છે તારૂં. ॥ ૧૬ ॥ પરાઇ લડાઈ લીજીએ શાને; વ્હેર વધારવા શાશ; જબરા જેદ્ધા છે જથાવાળા, જાદવને જગદીશ. ॥ ૧૭ આપજે ઘોડલી તું મત મુકી, નહીંતો

પામીશ દુઃખ; એમ કહીને કાઢી મુકયો, ઊતરી ગયું મુખ. ॥ ૧૮ ॥ આંસુડાં ભરતો આક્રંદ કરતો, ઘોડલીને લઇ જાય; સોસાઈ સભામાં પોંચ્યા કરડયા, વીદુર ભીષ્મ પીતાય. ॥ ૧૯ ॥ સરણે આવ્યાને પાછો કાઢવો; ક્ષત્રીનું તે નહા કામ; કાહ્યર કુંવર દુષ્ટ દુરિયોધન બોલ્યું ગાદીનું નામ. ॥ ૨૦ ॥ સંતાપ કરતા રહ્યા સભામાં, દાંગવે વિચાર્યું મન; પાંડવને સરણે જઇને રહું, એ શુભ સતીના તન. ॥ ૨૧ ॥ એવું ધારિને પરવરીયો, ગયો ઇંદ્રપસ્ત માંય; અભીમન્યુને સુભદ્રાજી, ગયાં નદી નાહાવાય. ॥ ૨૨ ॥ મ્હેલમાં બેઠા સુત સતીના, હળા મળી પાંચ વિર; કુન્તાજી બેઠાં પુત્રની પાસે, જ્ઞાન ગુણે ગંભીર. ॥ ૨૩ ॥ વળણુ ॥ તે સમે દાંગવ રાજીયો, આવ્યો છે શુભ ધામ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, ત્યાં શું કીધું કામ.

કડવું ૩૨ રાગ કાફી હોળીની ચાલ.

આવ્યો દાંગવ રાય આંસુ ભરતો, પેઠો મેહેલ માંહી કરગરતો; લટી પડીયો ધરમને ચરણ, સ્વામી આવ્યો તમારે શરણ. ॥ ૧ ॥ બાંધિ કેહેડ મેં બળીયા સામી, મુજ પર રૂઠયો અંતરયામી; બોલ્યે બંધાયો માટે ન ચાલ્યું, મેં તો આભ ઊંડળમાં ઘાલ્યું. ॥ ૨ ॥ વણુ વહેરે લડાઇ લાગી, જદુપતીએ આ ઘોડી માગી; માહારે દેવી નહીં ઘડી એક, રાખી ત્યારથી તે મારો ટેક. ॥ ૩ ॥ માગી ન દીધી માટે કળકળીયા, જુધ માગે છે જાદવ બળીયા;કોપ્યા બળીભદ્રને કીશોર, સામા થયાનું શું મ્હારૂં જોર ॥ ૪ ॥ નથી ઉભા રહ્યાની ધરણુ, ત્યારે આવ્યો તમારે શરણુ; સુણી ધરમે કર્યો વિચાર, અરજુનના સાળક છે મોરાર. ॥ ૫ ॥ સરણે આવ્યાને કાહાડું તો દોશ; રાખુ તો આવે નરને રોશ; માટે મારે ન બોલવું ઘટે. આપો ઉત્તર નર રાજ વટે. ॥ ૬ ॥ સુણી અરજુનજી એમ કહે છે, સગાને શત્રુ કયા કરાવે છે, અમ સર્ણે ન રાખવો જોઇએ, અન્ય સ્થળે જા રાખશે કોઇયે. ॥ ૭ ॥ દીધી દાંગવને આગનાય, તવ દાંગવ થયો વિદાય; જાણ્યું નથી ઠર્યાનો ઠામ, સુરાતણુ વણુ છે ક્ષત્રી નામ. ॥ ૮ ॥ નથી કો બેલી તે શું કરવું, કાષ્ટ ચીતા કરી બળી મરવું; ધારી ગયો તે નગ્રની બાહાર, આવ્યો નદી ત્રટે તેજ વાર. ॥ ૯ ॥ ઘોડીથી ઊતરી કાષ્ટ લાવ્યો, ચીતા ખડકીને વૈરાગ આવ્યો, ઘોડી લઇને મરવું આદરીયું, મુકયો અગ્નના

હરી ધ્યાન ધરાયું. ॥ ૧૦ ॥ તેહ નદી ત્રડે અભીમાન, કરે છે અરજુન સુત સ્નાન; તેણે નાહાતાં જોયું જાણી વાત, કોઈ પ્રાણી કરે આપઘાત. ॥ ૧૧ ॥ એવું સમજી દયા મન લાવ્યો, રાજા દાંગવની કને આવ્યો, વદ્યો નર સુત મુખથી વાંણી, શાને બળી મરે રાજ પ્રાણી. ॥ ૧૨ ॥ કોણ નાત જાતને કોણ દેશ; કોણ નામ ગામ કયાંનો નરેશ, એવા શા કામમા દુલી પડયો, આપઘાત કરવાને ચડીયો. ॥ ૧૩ ॥ સુણી દાંગવ વદ્યો વચન, સુણો અરજુનજીના તન; તમ મામાએ આ ઘોડી માગી, મેં ન દીધી તે લડત લાગી. ॥ ૧૪ ॥ મારે વચન ઘોડીની સાથ, સોંપવી ન ઘડી કોઈ હાથ, માટે ન દીધી તે ખોટું લાગ્યું, પત્ર દ્વારાએ યુદ્ધજ માગ્યું. ॥ ૧૫ ॥ મુજ બળ વણ ધ્રુજ્યા ચરણ, ગયો તમારી ગાદીને શરણ;જાણી સગા જદુકુળ વાડી, તમ તાતજીએ મુકયો કાહાડી. ॥ ૧૬ ॥ નવ્ય રાખ્યો શરણ તે શું કરવું, આવ્યો જળ ત્રડ ધારીને મરવું; સુણી સુતને મન વ્યાપી રીશ, છેક છકી ગયા જગધીશ. ॥ ૧૭ ॥ રાજા હવે ન પામીશ મરણ. તુને રાખ્યો મેં મારે શરણ; સુણી વેંણ વદે છે રાય, તમ બાળકથી શું રખાય,॥૧૮॥ રાખ્યો શરણે જાણે એમ વાત, અતી ઠપકો દે તમોને તાત; તવ તમારૂ બોલેલું જાયે, જગતમાં મુજ હાંશી થાયે. ॥ ૧૯ ॥ સુણી અભેમાન વદ્યો વાણિ, નવ્ય ડરીશ બાળક જાણી; ચાહ્ય શરણે જોજે મુજ માપ.સરમાયો શાળકથી બાપ. ॥ ૨૦ ॥ તેણે ક્ષત્રાની રીત ન બજાવી, વ્રદ્ધ પીતાની ગાદી લજાવી; ઘોડી આપવા ન દેઉં આપ; મુને બ્રહ્મહત્યાદીક પાપ. ॥ ૨૧ ॥ વલણ. ॥ એમ કહિ શરણે રાખીયો, આવ્યો પોતાને ગેર; બાંધી ગોડા ધામમાં, બેઉ બેઠા સુખ ભેર.

કડવું ૩૨ રાગ આશાવરી.

બે જણ બેઠા ધામ વીષે, સાંભળો શ્રોતાજન; રસોડે રસોઈ ત્યાર થઈ છે, જમ્યા સમે પાવન. ॥ ૧ ॥ કુંતા સુભદ્રા દ્રુપતી ધર્મ, ભીમ અને અરજુન; શેદેવ નીકુળ સરવ આવ્યા, નથી આવ્યા અભેમન. ॥ ૨ ॥ તે જોઈને વ્રદ્ધ માતા બોલ્યાં, કુંવરને ધામ જાવો; વાટે સંચરો સુત વ્રકોદર, અભીમન્યુને લાવો. ॥ ૩ ॥ કેમ ન આવ્યો શું રીસાયો, કયાં લગી ખોટી થઈએ; ક્ષુધા લાગી સમય થયો, હવે ન બેશી રહીયે. ॥ ૪ ॥ એવાં વચન વ્રધનાં સુણી, વહયો વાયુ સુત ભેમ; કું-

વરને ધામ આવી બોલ્યો, બેટા બેશી રહ્યો કેમ. ॥ ૫ ॥ અભીમન્યું કહે પાછા પધારો, શું છે કુંવરનું કામ; દાંગવસેનને પાછો કાહાડયો આદીનું બોળ્યું નામ. ॥ ૬ ॥ ક્ષત્રાના ધર્મનો ધારો તોડયો, સત્ય નાંખ્યું સહુ ફેડી, સરણ આવ્યાને શાંન્ત ન પાડયો, લજાવી શાતે પ્હેડી. ॥ ૭ ॥ આછી હોરણી હોડીને નાચો, આંખમાં આંજો મેશ, ખાઇ ખાલ દિલ વધારી, થયા ભાદરવાની ભેંશ. ॥ ૮ ॥ દાંગવને હું શરણ લાવ્યો, યુધે જશું ચડચે ઘોડે; ભીમ કહે ભાઇ ભલું કર્યું લે, હું પણ તારી જોડે. ॥૯॥ ઉલટ હતી ઉરમાં મુને, પાળવા ક્ષત્રી ધર્મ; તુજ તાતે તરછોડયો એને, ગ્રહિ શાળકની શર્મ. ॥ ૧૦ ॥ એમ કહી ભીમ મ્હેલમા પેઠો, બેઠો કુંવર કને; એવે ઘટી ચાર વાર થઇ છે, કુન્તા ક્રોધાતુર બને. ॥ ૧૧ ॥ જા જઇને જો સુત સેદેવજી, કયાં લગી થાશું ખોટી; ભીમ રડયાને તેડવા મોકલ્યો, તે પણ ત્યાં રહ્યો ચોટી. ॥ ૧૨ ॥ એવું સાંભળી શેદેવ ચાલ્યા, અભીમન્યુને ધામ; કળકળતા કહ્યું કાકા ભત્રીજા, બેસી રહ્યા શા કામ. ॥ ૧૩ ॥ અભીમન્યુને ધીક્કાર કાકા, ભસ્મ શરીરે ચોળો; વીદ્યા તમારી નાશજ પામી, પોથાં પાણીમાં બોળો. ॥ ૧૪ ॥ દાંગવને સરણે નવ રાખ્યો, હું લાવ્યો તોડે મંકોડે; તે સાંભળીને શેદેવ બોલ્યા, હું પણ તમારી જોડે. ॥ ૧૫ ॥ એમ કહીને ધામમાં બીરાજ્યા, બે ઘટીકા થઈ વાર; એટલે કુન્તાએ ક્રોધ કરી કર્યો નિકુળને તઈયાર. ॥ ૧૬ ॥ જાતુ તેડવા બેટડા મ્હારા, ગયા શેદેવ ને ભેમ; કુંવર સહીત તેડીને આવજે, બેસી રહ્યા સૌ કેમ. ॥ ૧૭ ॥ તે કરતા કાંઈ કારણ હોયતો, આવ્ય તું ખબર લેઈ; તું ત્યાં રહેવું ચોગ્ય ધારે તો, જાજે ઉત્તર દેઇ. ॥ ૨૮ ॥ એમ કહિને મોકલીયા તે, આવ્યા કુંવરને ઘેર; ક્રોધ કરી કહ્યું બેશી રહ્યા છો, શી છે તમારી પેર. ॥ ૧૯ ॥ સુણી અભેમાન એવું બોલ્યો, પેર અમારી મોટી; ટંટાનું ઘર લેઇને બેઠા, મતી ખરી કે ખોટી. ॥ ૨૦ ॥ દાંગવને મેં શરણ રાખ્યો, જાદવે જે ઘોડા માગી; તે રાયને તમે કાહાડી મુકયો, છુટી પડી વરણાગી. ॥ ૨૧ ॥ વાટજ ઉઠી વરણાગીમાં, મેં રાખ્યો ખરી હોડે; નીકુળ કહે રાખ્યો ભાઇ ભલે હું એ તમારી જોડે. ॥૨૨॥ એમ કહા નીકુળ બીરાજ્યા, કુંતા કહે આ કેવું, જે જે ગયા તે ત્યાં ને ત્યાં ચોટયા, છે કાંઇ આશ્ચર્ય જેવું. ॥ ૨૩ ॥ ઉઠો અરજુનજી જઇ જુઓ, કાંક થયું વિઘન ચીન્તાતુર થઇ ચાલ્યા પારથ, જ્યાં પોતાનો તન. ॥ ૨૪ ॥ તાતને દેખીને

તન બોલ્યો, કાકા તમારો વારો; મ્હારે બોલવું ઘટે નહી તમે, પારથને ધીક્કારો. ॥ ૨૫ ॥ એટલે વેંણુ વદે વ્રકોદર; શું કરવા તું આવ્યો; દાંગવને તેં તગેડી મેલ્યો, આ સુત સરણ લાવ્યો. ॥ ૨૬ ॥ ગાદીનું નામ રાખ્યું માટે, હું એને પંથ પેઠો; સાળાની સરમ રાખીને તું, ધરમ બોળી બેઠો. ॥ ૨૭ ॥ ત્રઇણે ભ્રાતને ચોથો ભત્રીજો, કરીશુ રાયની રક્ષ; સાસરીનું સારૂં તાકવું હોય તો; તાણજે તું તેની પક્ષ. ॥ ૨૮ ॥ ચડીને આવજે અમારા સામો, દાખવજે તારૂં જોર; સત્ય સારૂં નહીં પડીએ પાછા, શું કરશે કીશોર. ॥ ૨૯ ॥ જા જઇને માતને વાત કહે, કરવું નથી ભોજન; નહીં આવીએ ધામ તમારે, બેસશું આ ભોવન. ॥ ૩૦ ॥ વચન વીરનાં સાંભળી વળીયા, અરજુનજી રણધીર; આતો વાહાલામાં વીરોધ પેઠો,સોસાયું શરીર. ॥ ૩૧ ॥ સંતાપ કરતો આવિયો જ્યાં, કુન્તા ધરમ ભ્રાત; ત્યાં ટંટાની મુળથી માંડી, કહી બતાવી વાત. ॥ ૩૨ ॥ આપણો સુતને સુભદ્રાજી, નાહાવા ગયાં તાં સરીત, ચીતા ત્યાં ખડકી દાંગવે,આદરીયું વીપ્રીત. ॥ ૩૩ ॥ ઘોડી સહિત વ્હનીમાં પડી, આણવું ધાર્યું મર્ણું;દેખીને દયા આવિ કુંવરને, લાવ્યો પોતાને સર્ણું. ॥ ૩૪ ॥ સુતને તેડવા ત્રેણુ ગયા તે, તેની પક્ષમાં પેઠા; સ્નેહ સગાનો તોડવા માટે, કલેશ લેઈ સહુ બેઠા. ॥ ૩૫ ॥ વળણ. ॥ સુણી ધરમરાય બોલીયા, સાંભળ અરજુન વીર; સીદ નર નામ ધરાવિયું, કાહાર થયો રણ ધીર.

કડવું ૭૩ ઓખાહરણમાં જાગ્યારે જાદવરાય એ રાગ.

કુંતાજી તવ બોલે,તું થયો નર નાર તોલેરે; સાસરીયાની સરમમાં; લેવાઇ ગયોરે. ॥ ૧ ॥ ક્ષત્રીપણું તેં ખોયુ, મુળ કુળ સામુ નવ જોયુંરે; સરણે આવેલાને પાછો કાહાડીયોરે. ॥૨॥ કુખ વગોવી મ્હારિ, કાહાર કુંવર દેહ ધારીરે; અનાદીની ગાદીને લાંન્છન આપીયુંરે. ॥ ૩ ॥ લજાવ્યો પાંડુ રાજા, જેની સકળ દેશમાં આગ્નારે; તેવા તાતને માંથે પાણી ફેરવ્યુરે. ॥ ૪ ॥ તું અજ્ઞાની જેવો, ક્ષત્રી ધરમ છે કેવોરે; તે નથી સમજ્યો ત્યાં સુધી ભ્રષ્ટ છેરે. ॥ ૫ ॥ જે જન સરણે આવે, તેને માન્ય દઇ બોલાવેરે; ભીડ ભંજન થાવું એ રીતી રાયનીરે. ॥ ૬ ॥ તે રીતી તે છોડી, દાંગવ ગયો કર જોડીરે; ઘોડી લઇ મરવું એણે ધારીયુંરે. ॥ ૭ ॥ ધન્ય કુંવરની નાતી લાવ્યો સરણે એ

રીતીરે; ભલે પક્ષે પેઠા મારા દિકરારે. ॥ ૮ ॥ યુધ કરવાને જાશે, ક્ષત્રીનો ધરમ સચવાશેરે; તારે હોય સરમ તો ઘરમાં બેસજેરે. ॥ ૯ ॥ ભીમ નિકુળને જોશી, હું ચોથી ચઢું ડોશીરે; ટેક-કુંવરનો ત્યાં જઇને રાખશુંરે, ॥ ૧૦ ॥ ધરમ રાજા કહે છે, અરજુનજીને શીખ દેછેરે; ઠપકો નથી તુજને; સાસરીયા તણોરે ॥ ૧૧ ॥ કરજો સાચી વાત, યુધમાં સામળીયા સાથરે; કહિયે દાંગવરાજા સરણે આવિયોરે. ॥૧૨॥ જાણ્યું તમ સંગ વ્હેર, ત્યારે રાખ્યો નહીં એમ ઘેરરે; કાહાડી મુકેલો અભેમાન લાવીયોરે. ॥ ૧૩ ॥ તે ભાણેજ તમારો, નથી કાંઇ વાંક હમારોરે; છોકરાં પુંઠે રણમાં આવવું પડેરે. ॥ ૧૪ ॥ અમને ન ઘો દોશ, રાખો ભાણેજ પર રોશરે; પણ કુંવરને કનડયે કનડશું આપનેરે. ॥ ૧૫ ॥ એવું કેહેજો ભાઈ, કસુર ન નીકળે કાંઇરે; જાવો જઇને લાવો સહુ સાથનેરે. ॥ ૧૬ ॥ ધર્મે આજ્ઞા કીધી, અરજુને શીખ ગ્રહી લીધીરે; ચાલ્યો ચાલ્યો આવ્યો સુતના ધામમારે. ॥ ૧૭ ॥ જઇ કુંવરશુ ભાંખ્યો, દાંગવ મેં સરણે રાખ્યોરે; પીન્ડમાં પ્રાણ લગી ઘોડી દેવિ નહીંરે. ॥ ૧૮ ॥ ઉઠો રણધીર વીર; શું કરશે શામ શરીરરે; ઉઠ જમવા દાંગવરાય તું છે માહારોરે. ॥ ૧૯ ॥ વળણ. ॥ એમ કહી ઉઠાડીયા, તેડી લાવ્યો ઘેર; ધર્મ કહે ઓ રાજીયા, રેહેજો આનંદ ભેર.

કડવું ૩૪ ઓખા કહેછે તુ સુણરે સાહેલી એ રાગ.

એમ કહી ગ્રહયો છે હાથ, બેઠા જમવા લેઈ સહુ સાથ; કરી ભોજન મુખવાસ લીધા, પછી સંગ્રામ વીચાર કીધા. ॥ ૧ ॥ બોલ્યા અરજુન પ્રત્યે ધર્મ, લખો પ્રભુને જાણે મર્મ; બેઠો લખવાને અરજુન ભુપ, જાણજો તમે શામ સ્વરૂપ. ॥ ૨ ॥ માગી દાંગવની તમે ઘોડી, એવી અનીતી કયારથી જોડી; પામતો હતો તે રાય મરણ. રાખ્યો તમારા ભાણેજે સરણ ॥૩॥ તેની પક્ષે આવિશું અમો, કરજો યુધની ત્યારી તમો; એમ પત્ર લખીને પ્હોચાડયો, બળીભદ્રે તે વાંચવા માંડયો. ॥ ૪ ॥ કહી હરીને યથાસ્થીતી, જુઓ પાંન્ડવ સગાંની પ્રીતી; જ્યારે ત્યારે એ ચડીને આવે, સુણી સામળાયો રીસ લાવે, ॥ ૫ ॥ કોના સગા કોના એ વ્હાલા, ભલા વાગ્યા ભલાઇના ભાલા, હવે સગાઇ આઘી મેલી, કરવું યુદ્ધ ન થાવું બેલી. ॥ ૫ ॥ સામો પત્ર લખ્યો શ્રી મોરાર, સુખે આવજો કુંન્તી કુંવાર; લખી મોકલી બોલ્યા

એમ, જેષ્ટ બંધુ કરીશુ કેમ. ॥ ૬ ॥ સુણી હળધર વદ્યા વાણી. લખો સહુ દેશ સારંગ પ્રાણી; ક્ષત્રી માત્ર સગા સ્નેહી કાહાવે, આપણા આપણી પક્ષ આવે. ॥ ૭ ॥ સુણી સામળીયાજી લખે, "આવજો આ વેળા સહુ પખે; એમ પત્ર દીધા સહુ દેશ, જાણ્યું ધરમરાય નરેશ. ॥ ૮ ॥ કહિ ભ્રાતને વાત જે જાણી, માગી પક્ષ શ્રી કૃષ્ણ કલ્યાણી; સહુ ભુપતી પક્ષમાં જાય, તવ આપણી શી ગત થાય. ॥ ૯ ॥ કહે સાંભળીને ચારે વીર, લખો આપણ પણ રણધીર; પછી જેની જ્યાં નસ તણાશે, હેત જેનું જેવું તે ત્યાં જાશે. ॥ ૧૦ ॥ એવું ધારિને લખ્યા કાગળીયા, દેવાને સહુ શેવક પળાયા; પછી પુત્ર પ્રત્યે વદ્યાં માય, બેટા બીજો બતાવું ઊપાય. ॥ ૧૧ ॥ જાવો હસ્તીનાપુર પુત્ર, છે ત્યાં સગુ વાહાલુ ધરસુત્ર; કુળ વ્રદ્ધને દુરીયોધન, તેને દો યુદ્ધ નોહોતરૂ તન. ॥ ૧૨ ॥ એવિ માત તણી વાત જાણી, ઊઠયા ધરમને નર પ્રાણી; આવ્યા સભામાં હસ્તીનાપુર, બેઠા ભીસ્મજી દ્રોણ વીદુર. ॥ ૧૩ ॥ કૃપાચાર્યને અસ્વસ્થામાં, કારભારી છે શકુની મામા; ભુરીષ્યેવાને ભગદત જેહ, બેઠા સુસરમા સૈત નેહ. ॥ ૧૪ ॥ બીજા ઘણા યોદ્ધા રણધીર. અંધ સુત બેઠા સત વીર; ગાદી પતી છે દુરીયોધન, દંત દમની ક દુરશાસન. ॥ ૧૫ ॥ દુરદમન દેવક ભ્રાત, દ્રાક્ષો દ્રુમપતી દ્રગ નાથ; દેહેણું સેન્યને દુરઘા સુર; દંભુ દુશણ દગ્ધાતુર. ॥ ૧૬ ॥ એવા એવા બેઠા સહુ ભાઈ, આવ્યા ધર્મ સભાની મ્હાઈ; કહયું સહુ વૃદ્ધને નમી ચરણ; અમે દાંગવ રાખ્યો છે સરણ. ॥ ૧૭॥ પક્ષે આવવું મ્હોટા ભ્રાત; યુધ્ધ ધાર્યું યદુકુળ સાથ; એવુ સુણીને ભીસ્મજી બોલે, નહિ નહિ સુત કો તમ તોલે. ॥ ૧૮ ॥ નામ દુરીયોધને બોળી નાંખ્યું, તમે બીરદ ગાદીનું રાખ્યું; અમો આવશું પક્ષમાં બાળ, કરી નાખશે શું ગોપાળ. ॥ ૧૯ ॥ રાખવી નહી સગાંની સર્મ, દેવ યુધ એ ક્ષત્રીનો ધરમ, એવુ વદી વદ્યા વૃધ એમ, કરશો દુરીયોધન કેમ ॥૨૦॥ તવ બોલ્યો છે અંધ કુમાર, કહીએ છીએ કરી વીચાર; એમ કહી ગયો મ્હેલ માંય. તેડયા શકુની મામાને ત્યાંય. ॥૨૧ ॥ કહો મામા જાવું કે ન જાવું, બોલ્યો મામો ઉપાય બતાવું; જાવું પક્ષમાં પુરણ પેર, ભલુ લેવાશે વેહેહે બ્હેર. ॥ ૨૨ ॥ યુધ્ધ આરંભ થાય જે વારે, આપણે પાછા પડવું તે વારે; મારે આગળથી જદુરાય, કરશું પુંઠેથી આપણ ઘાય. ॥ ૨૩ ॥ બેઉ બાજુથી મારવો માર, પામે મરણ કુન્તી કુવાર; સાંભળીને વદ્યો વીભીચારી, મામા છે બુધ્ધીની બલહારી ॥૨૪॥

બેઉ દુષ્ટે સલા એવિ કીધી, હશી હશીને તાળીઓ લીધી; પછી આવ્યા સભાનિ માંય, બોલ્યા ધરમ પ્રત્યે એ ત્યાંય. ॥ ૨૫ ॥ ભાઇ ભલું કર્યું તમે કામ, આવશું કરવા સંગરામ; એવું સુણિ યુધીષ્ટર રાય, વ્હેલા પધારજો કહિ જાય. ॥ ૨૬ ॥ બીજે દીવસ લૈ સન્યાય, ચાલ્યો પાંન્ડવ પક્ષમાં રાય; લીધી અગીયાર ક્ષોણિ સૌ સાથ, બેઠો હસ્તી આયુદ્ધ ગ્રહી હાથ; ભીષ્મ વિદુર ને કૃપાચાર, દ્રોણ ગુરૂને અમર કુંવાર; કારભારી સહીત સહુ પ્રાણી, ઈંદ્ર પસ્ત આવ્યા હેત આણી. ॥ ૨૮ ॥ વળણ. ॥ માન્ય સતિ સુત દેઇને, ઉતાર્યા નિજ ઘેર; વ્યાસ વાણી મુખ ઓચરે, પછી શું થઇ પેર.

કડવું ૨૨ રાગ ઢાળ ધનાસરી.

પત્ર બેઊના પ્હોચ્યા સહુ દેશજી, કરે વિચાર સર્વે નરેશજી; લાગી સગાં સગાંમાં લડાઇજી, કરીએ કોની પક્ષે ચડાઇજી. ॥ઢાળ॥ સકળ દેશના ક્ષત્રી લોકે, કરિ લીધો વિચાર; કોઇની પક્ષે જાવું ઘટે નહીં, ગયામાં દુખ અપાર. ॥ ૧ ॥ વ્હાલે વ્હાલાના વિરોધમાં જૈ, કોની કરીએ પક્ષ; આજ લડેને આવતી કાલે, ભેગા થઈ કરે ભક્ષ. ॥૨॥ સાળ દાળ થાય એકઠાંને, તરીયો તેડે રહી જાય; ઉષ્ણ જળે કદી ઘર ન સળગે, એમ ધારયું સહુ રાય. ॥ ૩ ॥ પક્ષ ન કરવિ સરમ ન ધરવી, જોવો ન ન્યાય અન્યાય; જે જેને શરમ જેટલી તેટલી, મોકલી છે સન્યાય. ॥ ૪ ॥ જાદવ પક્ષમાં ચાળીસ ક્ષોણી, સર્વે મળીને આવી; બેતાળી ક્ષોણી, પાંન્ડવ પક્ષે, સર્વે રાયે મોકલાવી. ॥ ૫ ॥ સાત ક્ષોણી હતું સતીના સુતનું, કૌરવનું અગીઆર; તે સહુ મળીને સાઠજ ક્ષોણી, આવી થયું તૈયાર ॥ ૬ એટલે બોલ્યા ભીસ્મપીતાજી, સાંભળો કુંતી કુમાર; જદુપતી જોરાવર પાસે, સાશાં છે હથીઆર. ॥ ૭ ॥ હળ મુશળને ચક્ર સુદરશન, જ્યાં મોકલે ત્યાં જાય; પ્રાણ લીધા વણ પાછાં ન પડે, તે મુજને ચીંતાય. ॥૮॥ તેના આયુદ્ધને બાઝે તેવું, જોઇએ આપણી પાસ; ત્રીશુળ લાવો ત્રીપુરારીનું, તો ભય પામે નાશ. ॥૯॥શેવક હોયે શંભુ તણો તે, લાવવાની ધરે હામ; વાત સુણી વ્રકોદર વદયો, દાદાએ મ્હારૂં કામ.॥૧૦॥ હું સંચરૂં શાવજીનિ પાસ, સમજાવીને લાવું, તેમ ન આપે તો જોર કરીને જટા ઝાલી ધુણાવું.॥૧૧॥ એમ કહી વ્રકોદર વાટે, સંચરીયો સુભ મન, શીવાલયમાં આવી ઉભો, પ્રેમે કર્યું પુજન.॥૧૨॥જળ

ચડાવિ ચંદન ચરચ્યું, પહેરાવ્યા પુષ્પના હાર; આક ધંતુરો વિજયાવા-
ટી,પ્રેમે કરી પય ધાર. ॥૧૩॥ ધુપ દીપને નૈવેદ મુકી,ઉર આવ્યું, અતી
વ્હાલ; ન્રૃત્ય કરી નેહર શંભુ, કહી વગાડયા ગાલ. ॥૧૪॥ તોપણ દ-
રશન દિધાં ન ત્યારે. રીસ વ્યાપી ગઇ હાડ;બાહાર નિકળી ઉપાડી લા
વ્યો બીલી પત્રનું ઝાડ. ॥ ૧૫ ॥ તે લઇને પોરવ્યું દેરામાં, ધ્રુજી ગ-
યાં ઉમીઆય; જુઓ વ્હાલો ભક્ત તમારો, વિઘ્ન કરે ધામમાંય ॥૧૬॥
તે જોઇ પ્રગટીયા જટાધારિ. દરશન દિધાં નાથ; હાંહા ગાડીયા આ શું
કરે કહિ, મુસ્તક મુકયો હાથ. ॥ ૧૭ ॥ માગ્ય માગ્ય તું શું માગે બે-
ટા, ભીમ કહે કષ્ટ કાપો; સામળીયા શું સંગ્રામ કરાવે, ત્રીશુળ તમારૂ
આપો. ॥ ૧૮ ॥ ત્રીપુરારિ કહે ત્રીશુળ ન મળે, બીજુ દુખ છોડાવું;
ભીમ કહે ત્રીશુળ ન દયોતો, દાઢી ગ્રહી દોડાવું. ॥ ૧૯ ॥ ભોળો ભીમ
ના ભાશણે હશ્યા, લ્યો બેટા લેઈ જાવો; સંગ્રામ શામળીયા સંગ જી-
તી, પાછુ દેવાને આવો. ॥ ૨૦ ॥ સતિના શુતે શીશ નમાવ્યું, ત્રીશુળ
લઇ ગેર આવ્યો; સભામાં આવી લીધી શાબાસી, લ્યો દાદા હું લા-
વ્યો. ॥ ૨૧ ॥ ભીશ્મ કહે રાખ્ય તાહરિ પાસે, તું તજજે સંગ્રામ; ચક્ર
કે હળ છુટે ત્યારે છોડવું, એટલું તાહ્યરે કામ, એમ સહુ સંતલસ વિ-
ચારી, થઈ ગયા સાવધાન; લડાઇની ચડાઈ કરીને,ફરકાવ્યાં નિશાન
॥ ૨૩ ॥ વાજતે ગાજતે, છત્ર છાજતે, રથે બીરાજ્યા રાય; ડંકા દેતા
બંકા ચાલ્યા, મેંદાન ભોમી માંય. ॥ ૨૪ ॥ ગોડલા જોડલા ઓળ ઉં-
ટોની, ચણું ચાલે સુભ સાથી; વ્રકોદર નંદન વાયુનો, બેઠો જે મંગળ
હાથી. ॥ ૨૫ ॥ સકળ સન્યા આગળ ચાલે, પુંઠળ પન્ડે વાઘે; મુષ્ટી
વાળીને ત્રીસુળ ઝાલ્યું, ગદા ધરી છે ખાંધે. ॥ ૨૬ ॥ ઘોડીએ બેશી દાં
ગવરાજા, જુદ્ધ જોવાને જાય; આવિ ઊભા સહુ મીર બાંધિ; જાણ્યું શ્રી
જાદવરાય. ॥ ૨૭ ॥ યાદવના યોદ્ધ યુદ્ધે ચડીયા,દેવકીનું ઘર સુત્ર; એ
ક લાખને સાઠ સહસ્ત્ર,એકાશી પ્રભુના પુત્ર ॥૨૮॥ છપન કોટીને ચા-
ળીસ ક્ષોણી, બળદેવજી બળવાન, આયુદ્ધ ગહ્યાં હાથમાંને, યુધે થયા
સાવધાન. ॥ ૨૯ ॥ રાતા માતા મદના માતા, થાતા જાતા મેદાન; આ-
વિ ઊભા સહોદર સાથે, ચક્રધારી ભગવાન. ॥ ૩૦ ॥ સામા પડીયા મુ
મતે ચડીયા, સાભળને સતી સુત; પાન્ડવ પ્રત્યે પ્રભુજી બોલ્યા, બની
આકળા ભુત. ॥ ૩૧ ॥ વલણ. ॥ બળદેવને કહે બોલીયા, રીસમાં રણ
છોડ રાય; પ્રીતી ટુટી પાન્ડવો, લાગી સગઇમાં લ્હાય.

કડવું ૩૬ રાગ આશાવરીનો છાયો.

અંતરયામી ઉકળી બોલ્યા, સાંભળો સતીના તનજી; સગા જાણી સદા સ્હાય કરી ત્યારે, આવ્યો અમારે આનંદજી. ॥ ૧ ॥ વચન સાંભળ્યાં વીઠલ વરનાં, બોલી ઉઠયો અરજુનજી; સગા જાણી શરણે ન રાખ્યો, રાખી લાવ્યો અભેમુનજી. ॥ ૨ ॥ તેરે કુંવરનું રક્ષણ કરવા, પક્ષમાં આવ્યા નાથજી; માટે અમોને કાંઇ ન કહેશો, કરો ભાણેજ સંગ વાતજી. ॥ ૩ ॥ એવા પાન્ડવો છુટી પડયા ત્યારે, બોલ્યા શ્રી ભગવાનજી;ધન્ય ભાણેજા ધન્ય ભાણેજા, ધન્ય તુને અભેમાનજી. ॥૪॥ ઘેર રાખીને ઉછર્યો તુને, તેનું મળ્યુ આ લ્હાણુજી; શત્રુનો અરથ સગો સારે, ત્યારે સગો પરમાણુજી; ॥ ૫ ॥ જગતની રીતી છે વ્હાલું તે વ્હેરી, તેમાં શો ધરીએ રોશજી; કયાં કસુર કાહાડુ તાહારી હું,છે ગુણનો ભાઈ દોશજી. ॥ ૬ ॥ નહા તમારા અમે નહી અમારા તમે, આજથી સગપણ છુટયુંજી; વ્હેર વધાર્યું જાદવ સાથે, ભવીશ તમારૂ ફુટયુંજી. ॥ ૭ ॥ એવું સાંભળી અભીમન્યુને, હળહળ વ્યાપી રીસજી; જોઇ વીચારી બોલજો મામા,શું ધરાવોછો બે શીશજી. ॥ ૮ ॥ તમારા છોકરા છાકે છકેલા, પરાઈ માગે ઘોડીજી; આજતો એ છેને આવતી કાલે, માગશે કોકની છોડીજી. ॥ ૯ ॥ સત્યને સારૂ સગાંના સામા,થાવું તેમાં નહી વ્હેરજી; તમે તમારો મામો માર્યો,તેવી કરૂ હું પેરજી. ॥૧૦॥ મામાનું દેખી ભાણેજ શીખ્યો, તેમાં શું ઠપકો દેતાજી; મુળ ક્ષત્રીના ધર્મ પ્રમાણે, યુધ્ધ અમે માગી લેતાજી. ॥ ૧૧ ॥બળદેવ કેહે છે વિરલા મ્હારા, શું બોલો બાળક સાથજી; ત્રીકાળ જ્ઞાનિ શેદેવ જોશી, ઉભા આયુધ ગ્રહી હાથજી. ॥ ૧૨ ॥ તેના સામુ જોઇ શીશ ધુણાવ્યું, પછી બોલ્યા ભગવાનજી; શુરે જુઓછો જાદવ મારા, સર્વ રહો સાવધાનજી. ॥ ૧૩ ॥ પછી પાન્ડવમાં ભીષ્મપીતાએ, કેથો કર્યો વિચારજી; શેળ ભેળ રાખી યુધ્ધ કરીશું તો, ખામી પામીશું અપારજી. ॥ ૧૪ ॥ કૌરવ કપટી છે કુકરમી, વખત પર દે દગોજી; મળતો રહીને મારી નાંખે, નથી સુજાતી સગોજી. ॥ ૧૫ ॥ એમ જાણીને ભીશમ પીતાએ; પેરવી કીધી પાકીજી; ઓળ કરીને એક એક સામી, શન્ય પોતાની રાખીજી. ॥૧૬॥ બળદેવ સામા આપ થયાને, અરજુનને જગદીશજી; પ્રદુમાનને દ્રોણગુરૂ બે, સામા થયા ધરી રીસજી. ॥ ૧૭ ॥ કમળ લોચન સામો કરણને, રાખ્યે; ભીશમ પીતાયજી; શાંભના સામો રાખ્યો શકુની

ભાણુને ભુરી શેવાયજી. ॥ ૧૮ ॥ સુંદત સામો સુસુરમાને, રાખ્યો કરવા યુદ્ધજી; ભાણુવંત સામો ભગદત રાખ્યો; અભીમાનને અણીરૂધજી. ॥ ૧૯ ॥ એવા અન્યો અન્ય ગોઠવિયા, પછી વધા ગ્રંધ્ધ એમજી; પવન પુત્ર તું સહુ પુઠે રેહેજે, ગદા ત્રીશુળ લેઈ ભેમજી. ॥ ૨૦ ॥ હાથી ઉપર રહિ ચરચા તું જોજે, સેન્યની ચતુરસુજાણજી; આ ઓળમાંથી જે પડે પાછો તેના લેજે પ્રાણજી. ॥ ૨૧ ॥ કહ્યું ગરજના કરી દાદાએ, ભાગી પડયો ધાર્યો ઘાટજી; દુરીયોધન કહે જુઓ મામા, ડોસાયે વાળ્યો દાટજી.॥૨૨॥ હોંશ હૈયાની હૈયામાં પેઠી, ધાર્યો વીચાર છુટી પડીયોજી, ઘાટ ઘડત આ કુન્તા નંદનનો, નઠારો ડોસો નડીયોજી. ॥૨૩ ॥ મામો કહે હવે મનસુબા મેલો, કાંઈ ન વદશો વાણજી; પાછા પડશોતો પુત્ર પવનનો, ગદાથી લેશે પ્રાણજી. ॥ ૨૪ ॥ કબજ પડીયા ઓળમાં અડીઆં, હવે નથી ઉપાયજી, સામાના સામો સંગ્રામ કરવો, થનારૂ હોય તે થાયજી. ॥ ૨૫ ॥ વળણ. એતો હોંશ રહી ઉરમાં, ફરા ગયો વીચાર; પાન્ડુ તનને જાદવે, હાથ ગ્રહ્યાં હથીઆર.

કડવું ૩૭ રાગ સામેરી.

સામાસામી સરવ જોધ્ધે, હાથ ગ્રહ્યાં હથીઆર; બાણાવળીયે બાણ લીધાં, કીધા ધનુશ ટંકાર. ॥ ૧ ॥ અરજુનજીયે ગાંન્ડેવનામા, ધનુશ ધારણ કીધું; વાંકુ વાળ્યું ટંકાર થયો ત્યાં, ચાંપે ચડાવી દીધું. ॥ ૨ ॥ તેનો શબ્દ ત્રીલોકમાં પ્હોંચ્યો, ડોલ્યા દસે દિગ્પાળ; ધરણ લાગી ધ્રૂજવાને, ખળભળ્યું પાતાળ. ॥ ૩ ॥ શબ્દ સુણીને પુત્ર પવનનો, કપીવર જેનું નામ; ઉછળીને આકાશ ચડયો. આવ્યો રણ ભોમી ઠામ. ॥ ૪ ॥ સ્વરૂપ કારમુ અનુપ સોભા, પાંન્ડવ દળમાં પેઠા; પારથના રથની ધજાયે, પુંછ વિટાળી બેઠા. ॥ ૫ ॥ તવ સોભા થઇ સૌ સામણીને, ગરગડીયાં નિશાન; રણ વિશે રણશીંગાં વાગ્યાં, સુરાયે સાંભળ્યાં કાન. ॥ ૬ ॥ શબ્દ સુણા સુણી શુર ભરાયાં, ગાજ્યા ગાજે જેમ મેઘ; સામ સામી દળમાં દોટ મુકી, કીધો ભારે વેધ. ॥ ૭ ॥ જરા ન લાજ્યા ગાજ્યા બોજ્યા, ઉછળીયાં આયુદ્ધ; દે માર દે માર મારજ દેતા, ન રહે સાનકે સુદ્ધ. ॥ ૮ ॥ સત્રૂ તુલ્ય સુરા સહુ બાજે, ક્રોધ રહ્યા છે વરશી; ભેરી માળને ગોળા છુટે, ભાલા બાણને ફરશી. ॥ ૯ ॥ ગુપ્તી ગેડીને ગદાયો ઉછળે; તર્કસ તીર તરવાર; ખપવા ખંજર સાં-

ગ્યને ત્રીશુળ, જમઇઆને કટાર. ॥ ૧૦ ॥ કર્વત કોવાડા ડાંગને આ-ડાં, બંધુકને પીસ્તોલ; આડીયાં કાતરિયાંને ઢાળીયાં, ગોફણુની ગલો-લ. ॥ ૧૧ ॥ બાણુ વછુટે ઉતપાત ઉઠે, પડે કાયાને કષ્ટી; માહા માર મારે યુદ્ધ પોકારે, કરે આહાકાર શ્રષ્ટી. ॥ ૧૨ ॥ અગણીતા મંત્ર ભ-ણી ભણીને, નાંખે બાંણુવાળી બાણુ; કાહારની કાયાને અડેતો, પલક-માં જાય પ્રાણુ. ॥ ૧૩ ॥ બળીભદ્ર અગણીતુ નાંખે, સાઠ શસ્ત્ર બાણુ જાય; ભીશમપીતા પણુ તેવું મારે છે, જાતાં લક્ષ એક માય. ॥ ૧૪ ॥ સાઠ સહસ્ત્ર ચાલે અરજુનનાં, પ્રભુજીનાં પણુ તેવાં; બાણુ તણી ઘણી ઝડી પડે છે, અનંત છુટે એવાં. ॥૧૫॥ સુરા પુરાને સુર ભરાયાં, જ-ણાવે ઝાઝુ જોર; મદ મક્ષીકાશમ શર છુટે, થાય ઘણું ઘમઘોર. ॥ ૧૬॥ ગાજતા બાજતા ન લાજતા કો, થાય છે સોર બકોર, મરણુ આદરિ જાદવા રૂઠયા, ક્રોધ થયા કીશોર. ॥ ૧૭ ॥ રીશે ચડીયા શત્રૂમાં પડી-યા, વાળવા માંડયો ઘાણુ; ખડગે ખોડા કાઢવા માંડયો, વાળી નાંખે હથરાણુ. ॥ ૧૮ ॥ ત્રાહ્ય ત્રાહ્ય પોકાર પાડે છે, પાંન્ડવ કેરો જોધ; તે દેખી શેદેવ જોશીને, પ્રગટયો પુરણુ ક્રોધ. ॥ ૧૯ ॥ વળણુ. ॥ પ્રગ-ટયો ક્રોધ શેદેવને, સુણુ જનમેજે રાય; વ્યાસ વલ્લભ વાણી વદે, વક્તા વૈશમ પાય.

કડવું ૩૮ રાગ ધામસીંગ.

બોલ્યા વૈયમ પાયે વચન; સુણુ પરિક્ષત કેરા તન; હતું શેદેવ-ને વૃદાન, ધર્યું જોગણી કેરૂ ધ્યાન; કીધું સમરણુ શેદેવ ભુપ, ધર્યા પંચાણુ કોટી સ્વરૂપ. ॥ ૧ ॥ જ્યાં જુએ ત્યાં શેદેવ જોશી, રણુમાં રૂપ પ્રકાશ્યું રોશી; કરી ગરજના તતખેવ, એક જોધને એક શેદેવ. ॥ ૨ ॥ યુધ કરવાને આપ અડીયા, જદુ જુથને બાઝી પડીયા; જાણે બળવા-ન જોધો જેને, બાહાજે બબે ચચાર તેને. ॥૩॥ બળ બતાવ્યું અપ-રમ પાર, વ્હાલ્યા બળદેવજીને બાર; પડી સેન્યામાં ચીસા ચીસ, વ-ળગ્યા વિઠ્ઠલ વરને વિસ. ॥ ૪ ॥ ત્રાહ્ય ત્રાહ્ય કરે જદુ કુળ, પેટ ચો-ળી કયાં કીધું સુળ; બળીભદ્રજી બાવરા બનીયા, કેઇ કુંતાચે આવ-ડા જણીયા. ॥ ૫ ॥ સુણી શેદેવ ઝાલ્યા ચરણુ, હળધારીને ઢાળ્યા ધ-રણુ; તવ બળદેવ મુખ પોકારે; ચડો વનમાળી વીર મમ વારે. ॥ ૬ ॥ સુણી વાણી વધ્યા જગદિસ, જુઓ મુજને વળગ્યા વીસ; સોંનાં લા-

ગ્યા સૌ ભોગવો ભાઇ; આમ લેવાય ઘોડી પરાઇ. ॥ ૭ ॥ એમ કહીને શેદેવ સાથે, કરી વારતા વૈકુંઠ નાથે; મેં તો વચન લીધું તું જેહ, ચુકયા શેદેવજી તેણુ તેહ. ॥ ૮ ॥ કદી એકપા અનેક ન થાવું, દેઇ વચન શું કર્યું હાવું; સુણો સતી સુતે કહ્યું એમ, તમો તમારૂં ચુકયા છો કેમ. ॥ ૯ ॥ મને વેણુ દિધું'તું પાકુ, સદા રથ અરજુનનો હાંકુ, નથી હાકતા તે ચુકયો ટેક, માટે એકનો થયો અનેક. ॥૧૦॥ સુણો શામળાયો ચાલ્યા છટકી, લાગી વચનની ચીત ચટકી; દોટ મુકી અસરણાસરણ, નરનો સારથી હાંક્યો ધરણ. ॥ ૧૧ ॥ રથે ચડી બેઠા વનમાળી, કરમાં રાશ પરોણો ઝાલી; એવું શેદેવજીયે ત્યાં ભાળ્યું; જાણ્યું વેણ વદેલું પાળ્યું. ॥૧૨ ॥ માહારૂં વચન જાશે વ્યર્થ, થયા અનેકના એક તરત; જોઇ પ્રભુજી હરખ ભરીયા, નરને રથથી ઉતરીયા. ॥ ૧૩ ॥ જઈ પોતાના જુથમાં પેઠા, ગ્રહી આયુધ રથ પર બેઠા; રીશે ભરેલો આડો આંક, લઇ ચક્ર ચડાવ્યું ચાક. ॥ ૧૪ ॥ માહા રક્ત કીધાં લોચન, ઘણું કોપ્યા જગજીવન; જોઇ ભીસ્મ પીતા વધ્યા એમ, જોજે ચોટ તુ ચુકતો ભેમ. ॥ ૧૫ ॥ ચુકવે ચુકવાના ન સ્વામી, શેન્ય સહીત જાશું અંત પામી; સુણી પવન પુત્ર અમ વાણી, લીધું ત્રાશુળ મહા ક્રોધ આણી, ॥ ૧૬ ॥

॥ વળણ. ॥ ત્રાશુળ લીધુ હાથમા, લોચન કીધાં રક્ત; હરહરીનાં અથીઆરથી, બ્હાજ્યા ભુધરને ભક્ત.

કડવું ૩૯ રાગ ધવળ ધન્યાસરી,

સામા સાંમી લીધાં હથીઆરજી, થયા ક્રોધ કરી તઇઆરજી; ધાર્યું વીપ્રીત અપરમપારજી, કરૂં તે યુધનો વિસ્તારજી. ઢાળ વીસ્તાર કરૂં યુદ્ધજ તણો, સુણો શ્રોતાજન સર્વ; ખરાં ખડગ સામા સામી, લીધાં ધરી મન ગર્વ. ॥૧॥ પ્રથમ ચક્ર પ્રભુએ મુકયું કાહાડવા પાંન્ડવ કુળ; તે દેખીને પવન પુત્રે, તર્ત મેલ્યું ત્રાશુળ. ॥ ૨ ॥ હર હરીનાં આયુધ છુટયાં, વાયુને વેગે જાય; ધુધવાટે સુસવાટે જાતા, સનમુખ ભેગાં થાય. ॥ ૩ ॥ ગર્જના કરતાં પાછાં ન ફરતાં બેઉ મુમતે ચડીયાં; એક એકને ટક્કર મારે, બહુ બળે બાઝી પડીયાં. ॥ ૪ ॥ થાય કડાકા ભારે ભડાકા, ટંચાય ધારે ધાર; ધાવ વાગે તેથી ઝરે છે, ધીખ ધીખતા અંગાર. ॥ ૫ ॥ દોદશ વૃષ્ટી વહ્નીની કેરી, અગ્ની ઉઠયો અપાર; વરુણ મેલ્યું વેગળુને સો શેન્ય કરે પોકાર. ॥ ૬ ॥ સુરત સુરા જનના

ઉતરીયાં, ત્રાહ ત્રાહ મુખથી ભાંખે; અંગારા અંગ ઉપર પડે તે સહુ ખંખેરી નાંખે. ॥૭॥ કેકની દગ્ધ થઇ ચાંમડીને, કેકના સળગ્યા કેશ; કેકના વસ્ત્ર આભુષણ સળગ્યાં, કે થયા નગન વેશ.॥૮॥ ઘણાક પ્રાણી પ્રલય થયા, ત્રાસ પામી સહુ શ્રષ્ટા; ભોમી લાગી કંપવા એવી, થૈ અગ્નીની વૃષ્ટી ॥ ૯ ॥ કષ્ટા પડે દ્રષ્ટી ન જોવાયે, શેન્યમાં સહુને શોક; આયુધ લડતાં આકાશ ચાલ્યાં, ત્રાશી ગયા સુર લોક. ॥ ૧૦ ॥ તાપ ન ખમાયે અગનિ કેરો, વરસે મ્હોટા લાળા, સ્વર્ગમાંથી દેવ લોકે, દેખી ભર્યા ઉચાળા. ॥૧૧॥ આહાકાર થયો અવનીમાં, જાણ્યું જુગદા ધાર; નીશ્ચય થાશે આ અગ્નીથી, પ્રથ્વી પ્રલ્લેકાર. ॥ ૧૨ ॥ મ્હોટાને મ્હોટમ હોય નહિને, વડાને શી વડાઈ; નીચા નમ્યાથી ઉંચ જણાશું, હોલવિ નાંખુ લડાઇ. ॥ ૧૩ ॥ દુનીયાને દુખે નવ દાઝુ, તો કોણ કેહેશે દયાળુ; એમ જાણી રથેથી ઉતરીયા, પોતે કૃષ્ણ કૃપાળુ. ॥ ૧૪ ॥ ચાહીને આવ્યા પાંન્ડવ દળમાં. જીવ જીવાડવા ધાર્યા, ભાણેજને આવિ શીશ નમાવ્યું, તમે જીત્યા અમે હાર્યા. ॥ ૧૫ ॥ શ્રષ્ટીની કષ્ટી કરો નિવારણ, હું કહું છું કર જોડી; ટેક તોરો તમ આગળ મેલ્યો, નથી જો ઇતી ઘોડી. ॥ ૧૬ ॥ અગ્નીથી અવનિ બળી જાશે, થાશે પાતક પુર; તે સાંભળા નમસ્કાર કીધો, ભીશમજીને વિદુર. ॥ ૧૭ ॥ સાબાશ છે મ્હોટા તે મ્હોટા ખોટા નહી કોકાળ;જ્યાં ત્યાં કરિને જગત જીવાડો, વિશ્વ તણા પ્રતિપાળ. ॥ ૧૮ ॥એવું સુણિ શ્રી કૃષ્ન ચંદ્ર ત્યાં, વાણી વદેછે એમ; ત્રીશુળ તમે તમારૂ બોલાવો, એ બળવંતા ભેમ. ॥ ૧૯ ॥ સુણીને ભીમે પોકાર કીધો, ત્રીશુળને બોલાવો;પ્રભુએ કહ્યું હઠ ભરેલા, આયુધ એમ ન આવે. ॥ ૨૦ ॥ કૃપા કરો કપીવર તમે, ઉછળી આકાશ જાવો; એ બે વજ્જર તેવા તમે છો,બે ભુજ બે ગ્રહી લાવો. ॥૨૧॥ અંજનીનંદન એવું બોલ્યા, હું જાવું આકાશ; બે વજ્જરને ત્રાજો હું તેવો,કયાં પડ,એ અવીનાશ. ॥૨૨॥ પ્રથ્વીમાં પડું પ્રથ્વી ફાટે, ઉતરિ જાવું પાતાળ; પડવા વસ્તુ વજ્રનિ હોયે, તો તેમ કરૂ કૃપાળ. ॥૨૩॥ આખુ વજ્ર ચક્ર તમારૂ, આખુ વજ્ર ત્રીશુળ; ત્રીજો વજ્ર હું છું આખો, કેમ આવે અનુકુળ ॥૨૪॥ ત્રૈણે વજ્રનો બોજ પડે તે, પૃથ્વી ઝીલે કમ; પ્રભુ કહે અડધા છો વજ્ર, એ વાયુ સુત ભેમ. ॥ ૨૫ ॥ અવની ઉપર ઉંધા સુઓ, વજ્જર ડાભુ અંગ; તે પર પડે ભક્ત રામનો, ન થાય ભોમી ભંગ. ॥ ૨૬ ॥ તે સાંભળી વૃકોદર બોલ્યો, સું થાઓ છો અજાણ; મુજથી પૂંછ ઊંચું નતું થયું, તે પડે તો જાય પ્રાણ. ॥ ૨૭ ॥ કંપી કહે

પડશું જાળવીને, જીવ જીવાડવા ધારો; ભગવાન ભીસ્મને વીદુર બોલ્યા, શ્રષ્ટીને ઉગારો. ॥ ૨૮ ॥ એવાં વીવેકનાં વચન સુણિ, કપાળે મેલ્યો હાથ; અનેક માટે ભલે એક મરૂ, ઊગારે દીનો નાથ. ॥૨૯॥ એમ કહિ અવનિપર સુતો, કુન્તા સતીનો તન; અરજુનના રથપરથી આજ્યા, કપી ગયા ગગન. ॥ ૩૦ ॥ ઝડપ જઇ ઝાલ્યાં અથીઆરો, બળથી બે ભુજમાંય; તો પણ આયુધ બાઝવા દોડે, કર કપીના તણાય. ॥ ૩૧ ॥ બળ થકી કપી ગ્રહી રહ્યા છે, જરા નહી લડથડીઆ; પાંન્ડુપુત્રના ડાભા પાસા પર, આવી કપીવર પડીઆ ॥ ૩૨ ॥ તવ સાડા ત્રણ વજ્જર મળ્યાં, દાંગવે જે ગ્રહી ઘોડી; તે ઘોડી થઇ અપછરા ગૈ દાંગવને તરછોડી.॥૩૩॥સ્વરગે ચાલી ન રહી ઝાલી, જાણ્યું સેન્યને લોક; દાંગવનું મુખ ઉતરી ગયું, થયો અતિ મન શોક. ॥૩૪॥ પાપણી માટે વીરોધ વ્હાલમાં, કરાવ્યો મેં અજાણ; મુખડું મ્હારૂ શું દેખાડુ, કાહાડુ પાપી પ્રાણ. ॥ ૩૫ ॥ એમ કહી દેહ પાડવા બેઠો, ગ્રહિ કટારિ ઘણી; પાન્ડવ જાદવ હળીયા મળીયા, પળીયા દાંગવ ભણી ॥૩૬॥ હાંહાં કરીને હાથ મેલ્યા, દાંગવ કેરે શીશ; જાદવ પાંન્ડવ સરવ બોલ્યા, આ વાતમાં નથી રીસ. ॥૭૭॥ થવા કાળ થયે જાય તેમાં શો છે તમારો વાંક; એમ કહિ એને ઉગાર્યો, નમી પડયો તવ રાંક. ॥ ૩૮ ॥ અરી દ્રષ્ટી અલબેલાયે કીધી, શેન્યા મહિ અક્રોધ; મરણ પામેલા સહુ ઉઠયા, જીવતા થયા જોદ્ધ. ॥ ૩૯ ॥ સહુ સહુનું શેન્ય વિદાય કીધું, દાંગવ દે સરપાવ; લડત વડત વ્હેર ન મળે, હતા તેવા થયા ભાવ ॥ ૪૦ ॥ પાંન્ડવ પળ્યા ઇંદ્રપસ્તમાં, જાદવ દ્વારીકાં માંય; કૌરવ વિદુર ભીસ્મ આદે, હસ્તીનાપુર જાય. ॥ ૪૧ અપછરા અશ્વણી મટીને, રહિ સ્વર્ગસુદન; ત્રિશુળ ભીમ જઇ આપી આવ્યો, જ્યાં કઇલાશ ભોવન. ॥ ૪૨ ॥ પશુ તણો દેહ નાશ પામ્યો, અપછરાનો જેમ; એક ચીતે સાંભળે કથા તેનો, ટળે પશુ દેહ તેમ ॥ ॥ ૪૩ ॥ સાંભળે શીખે ને સંભળાવે, પ્હોંચે મનના કોડ, વ્યાસ વલ્લભ વદે સહુ બોલો, જય જય શ્રી રણછોડ. ॥ ૪૪ ॥

કડવું ૨૪ રાગ ચોપાઇનો

બોલ્યા વૈશમપાયે વચન, શુણ જનમેજે રાજન; સહુ સહુને સ્થ-

બે સહુ રહ્યા, એવે દીવશ બહુ વિતી ગયા. ॥ ૧ ॥ એવે દુરિયોધન એક વાર; બેઠો એકાન્ત અંધ કુવાર એવે સાંભરી છે દ્રુપતી, થયો આકુળ વ્યાકુળ અતિ ॥ ૨ ॥ એણે મામાને બોલાવ્યો પાસ, થઇ બેઠો અતી ઊદાશ; મામે પુછયું ભાઇ આમ કેમ, થયો બાવરો કુચળખેમ ॥ ૩ ॥ નથી તન દુખ તુને કાંઇ, પણ છે મન દુખ મનમાંઈ; બોલ્યો દુરીયોધન દુર મતી, મને પટકે છે દ્રુપતી ॥ ૩ ॥ એનુ સ્વરૂપ સાંભરે જ્યારે હૈયે હોળી ઊઠે છે ત્યારે; માટે એ લાવી આપો તો જીવું; નહીં તો વીશ ઘોચીને પીવું. ॥ ૪ ॥ બોલ્યો શકુની મામો એમ, મને કહેતો નથી તું કેમ; જોજે કષ્ટ હું તારૂ કપાવું, રાજ્ય પાઠ રૂપાળી અપાવું. ॥ ૫ ॥ કર્યો પાંન્ડવે યજ્ઞ જે વારે, એક થયા છીયે તે વારે; ગયા દ્વારીકાં એમની પખે, ઘણો થયો વ્હેવાર તે તકે. ॥ ૬ ॥ માટે કરો કહુ તે પેર, ગોત્ર યાગ માંડો આપ ઘેર; તેડો પાંન્ડવ કુટુંબ સાથ, આવે વહુવો પુત્રો ને માત. ॥ ૭ ॥ અતી હેત દેખાડજે ભાઇ, જમીને જાજો સભા માંઈ; સાથે ધર્મને લેઇ રાજંન, બેસજે તું સિંહાસન. ॥ ૮ ॥ એટલે હું ત્યાં આવીશ, બાજી બગલમાં લાવીશ; તેમાં સાગટાં છે સોળ, કાળા પીળાં લીલાં રાતાં ચોળ. ॥ ૯ ॥ તેમાં પાસા ત્રૈણ રૂપાળા, મ્હારી મરજી સાચવવા વાળા; મારા કાકાના હાડના એતો, પાસા કરાવી રાખ્યા છે મેંતો. ॥ ૧૦ ॥ માહારૂં ધારેલું કામ તે કરે ફેરવું ડોળો તેમ તે ફરે; ધારૂ તેટલા દાણા પડે, સામો રમનારો હોય તે રડે. ॥ ૧૧ ॥ તેતો બાજી રમવા કાહાડું; પછી તમોને બેને રમાડું; તારૂં ધસાતુ બોલીશ આડું, કરી શરત તુને ઝીતાડું. ॥ ૧૨ ॥ અપાવું રાજ રૂપાળી રાણી, સાચો મામો લેજે જાણી; થયો ખુશી દુરીરોધન, ગોત્રયાગ આરંભ્યો ભોવન. ॥૧૩ ॥ ઇંદ્રપસ્ત મોકલીયો દાસ, પાંચ પાંન્ડવોની પાસ; તેણે કહી કુન્તાને પેર, ગોત્રયાગ છે આપણે ગેર. ॥ ૧૪ ॥ દુરીયોધને કહયું છે અતી, આવે પાંન્ડવ કુન્તા દ્રુપતી; વળી શુભદ્રા અભેમાન, તેડયા છે સહુને રાજાન. ॥ ૧૫ ॥ માટે ચાલો હસ્તીના પુર, નહી આવ્યે આંટી પડે ઉર; સુણી કુન્તાજી બોલ્યાં એમ, તેડયાં છતાં ના અવીયે કેમ ॥ ૧૬ ॥ ભાઇ સર્વે આવીશું અમે.. જઇ કહો સામાચાર તમો; કહિ દાસ કર્યો વીદાય, પછી પુત્રોને પુછયું માંય. ॥ ૧૭ ॥ કહો જાવું કે નવ જાવું, બોલ્યા ધર્મ હું સત્ય બતાવું; થયા છીયે એકાકાર, નવ જૈયે ટુટે વેહેવાર. ॥ ૧૭ ॥ ભીમ કહે જાવું ભલીપેર, કરવો ઉતારો વીદુર ઘેર;

થયો સર્વનો સત્ય વિચાર; પેહેરી હોડી ચાલ્યાં તે વાર. ॥ ૧૯ ॥ રથ બેશીને નીકળીયાં, એતો હસ્તીનાપુર પળીયાં; આવ્યાં મ્હાલવા આનંદ ભેર, રાખ્યો ઉતારો વીદુર ઘેર. ॥ ૨૦ ॥ પછી દુરીયોધન ઘેર ગયાં, સગાં વ્હાલાં સૌ ભેગાં થયાં, કરી દુખ સુખ કેરી વાત; મળ્યા એક-સોને પાંચ ભ્રાત. ॥ ૨૧ ॥ હળી મળીને હરે ફરે, હેત ઉપજે એવું ક-રે; તેતો વ્રદ્ધ જનોને ગમીયા, ગોત્ર યાગ કરી સહુ જમીયાં. ॥ ૨૨ ॥ લીધા મુખવાસ પાન સોપારી, હળી મળી જમ્યા નર નારી; જમ્યાં જન્મમાં તે દન સંગ, વસ્ત્ર પેહેરી લીધાં સહુ અંગ. ॥ ૨૩ ॥ પછી અસ્તીનાપુરને નાથ, ઝાલ્યો ધરમરાયનો હાથ; ચાલો જઈએ સભામાં સાથ, આપણે એકસો પાંચ ભ્રાત. ॥ ૨૪ ॥ તવ ખુશી થઈ સહુ ચા-લ્યા, એક એક તણા હાથ ઝાલ્યા; ગયા રાજ્યસભા રાજન, દુષ્ટ બેઠો સીંહાસન. ॥ ૨૫ ॥ રાજા ધર્મને સાથે લેઇ, જાણે બેઠો સાચો સ્નેહી; બીજા સર્વ સભાની માંય, ઓળ બંધ બેઠા છે ત્યાંય. ॥ ૨૬ ॥ એવે આવ્યો શકુની મામો, ઉભો રાજ ગાદીના સામો; બોલ્યો મુખથી વચન એવું, દીસે રૂડું આ વેળા કેવું. ॥ ૨૭ ॥ શોભી બે ભાઇની જોડ કેવી; જાણે રામન લક્ષ્મણ જેવા; હાવો સંપ સદા કાળ હોય, તોતો તમથી નહી ડાહ્યું કોય. ॥ ૨૮ ॥ બોલ્યો દુ-રીયોધન મુખ એમ, મામા સંપ ન રાખીયે કેમ, બીજાની હોય સહ, આ સગાઇ, પણ કયાંથી કુટુંબી ભાઈ. ॥ ૨૯ ॥ સરવેની છોકર વાદી, કરી તે વારે અતી ઉપાધિ; હવે સમજ્યા ત્યારે શીદ લડીયે, શું છે વે હેચવાનું તે નડીયે. ॥ ૩૦ ॥ બોલ્યા શકુની બહુ સારૂ, જોઉં પારખું બેનું હું વારૂ; કોણ મુઢને કોણ ચાતુર, મને જોવાની ઇચ્છા ઉર. ॥૩૧॥ આવો નીચે બેસો બે ભાઈ, રમો બાજી જોવું ચતુરાઇ; બાજી રમવી તે બહુ હોંશીઆરી, પલમાં પરખાય નર નારી. ॥ ૩૨ ॥ કહી બાજી બગલમાંથી કાહાડી નીચે ઢાળી સોગટડાં માંડી; નથી અવર કોઇ તે વેળા. બધા કૌરવ પાંન્ડવ ભેળા. ॥ ૩૩ ॥ વળી જેદ્રથ ભગદત ત્યાંય ભુરી શેવાને શુસરમાય; વળી શકુની કરણ રાય, એટલાજ સભાની માય. ॥ ૩૪ ॥ નથી ભીસ્મ વીદુરકે દ્રોણ, તેથી કપટ જાણે કોણ; મા-મે બાજી માંડી જે વારે, બોલ્યો દુરીયોધન તે વારે. ॥ ૩૫ ॥ ઉઠો ર-મીયે ધરમ ભાઇ, બેઉની જણાશે ચતુરાઈ; તવ બોલીયા ધરમ રા-ય, નથી રમવા મુને ઇચ્છાય. ॥ ૩૬ ॥ ભાઇ બાજીતો વીશનું મુળ, હેત તુટેને ઉડે ધુળ; બોલ્યા છત્રપતી મુખ એમ, હોય સરત તો

થાય તેમ. ॥ ૩૭ ॥ હોડ કરીને રમતા નથી, તેમાં શીદ ખેચો મત અતિ; તવ ધરમ ઉતર્યા હેઠા, સામા સામી બે રમવા બેઠા. ॥ ૩૮ ॥ જોવા લાગ્યો કૌરવનો સાથ, વળી જુવે ધરમના ભ્રાત; લીધા પાસા પાપીએ હાથ, લાગ્યો નાખવા એ નર નાથ, ॥ ૩૯ ॥ એના ઓછા પડીયા દાણા, પછી નાંખે સતી સુત શાણા; પડે ધર્મ તણા પોબાર, વળી હરાડને અગીઆર. ॥૪૦॥ મામો ફેરવે ચક્ષુ જેમ, ત્રણ પાસા ફરે છે તેમ; એણે યુક્તાનો ખેલ લડાવ્યો, રાજા ધર્મનો પાસો ચડાવ્યો. ॥ ૪૧ ॥ પેહેલો દુરીયોધનને હરાવ્યો, રાજા ધર્મને મોહ કરાવ્યો; પછી શકુની બોલ્યો વાણી, છત્રપતિ બુદ્ધી તારી જાણી. ॥ ૪૨ ॥ બોલ્યો દુરિયોધન સભા માંઈ,ઠાલી રમવામાં શી ચતુરાઈ; કરિ હોય સરત જે વારે, ચતુરાઇ જોવાનિ તે વારે. ॥ ૪૩ ॥ બોલ્યો શકુની વળતું એમ, કહો ધરમ રાજા કેમ; તવ ધરમનું મન મોહ્યું, પોતે ભીમશેન સામું જોયું. ॥૪૪॥ ત્યારે ભીમે કરી એમ સાન, કરો સરત સતી સંતાન; પછી ધરમ બોલ્યા વચન. કરવી શું સરત રાજન. ॥ ૪૫ ॥ શકુનિ કહે હું કહુ તેમ,બેઉ બોલ્યા કબુલ છે એમ; કહે શકુની સાંભળો સાર, રમવી બાજી ત્રણ વાર. ॥૪૬॥ પેહેલી બાજીમાં સરત એવી, કરો કબુલ હું કહુ તેવી; તવ કબુલ કર્યું બેઉ જન, મામો કહે ઓ દુરીયોધન. ॥ ૪૭ ॥ પેહેલી બાજી તુ હારે નરેશ, આપે બેતાળી હજાર દેશ; હારે ધર્મ તો બોલેલું થાપે, એમના દેશ તુને આપે. ॥૪૮॥ બીજી બાજી જો તું હારે, દેવું સસરાનું રાજ્ય તાહારે; મળ્યું સસરાનું રાજ જેહ, આપી દેવું પાન્ડવને તેહ. ॥૪૯॥ હારે પાન્ડવ બીજી વાર, તને આપે દ્રુપતી નાર; ત્રાજી બાજી હારે તું રાજન, વસે દ્વાદશ વરસ વન. ॥૫૦॥ ત્રીજી હારે જો ધરમરાય, તો તે બાર વરસ વન જાય; હારીને વનમાં જાય જેહ, રહે તેરમું વરસ છાના તેહ. ॥૫૧॥ છાના રેહેને જો તે ઝલાય, ફરિ બાર વરસ તે જાય; એવી સરત કરિ રમો બાજી, કરો દસ્તાવેજ થઇ રાજી. ॥૫૨॥ પુછી ધરમે ભાઇઓને વાત. કેમ કરિશું કહો ભ્રાત; બોલ્યા નીકુળ શેદેવ વાણિ, રમો વિરા ઉલટ આણી. ॥ ૫૩ ॥ બોલ્યો અરજુન કહું મત મ્હારો, સારો પાસો પડે છે તમારો; પછી ભીમ વદશે વચન, સુખે રમો ધરમ રાજન. ॥ ૫૪ ॥

॥વળણ.॥ કહે ભીમ સુખ્ખે રમો, સરસ પડે છે દાવ; વ્યાસ વલ્લભ વાણિ વદે, થયો રમવાનો ભાવ.

કડવું ૪૧ રાગ સાખી.

વૈશમપાયે એણિપેરે બોલ્યા;સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીમ કહે ભાઇ રમવા બેસો, થનાર વસ્તુ થાશે; પાસો તમારો સારો પડે છે, છત્રપતીને જીતાશે. ॥ ૨ ॥ તે કરતાં હારી બેઠાતો, ન કરવો ઉચ્ચાટ; ધોલ મારીને લેઇશ પાછું, ઘડીશ એનો ઘાટ. ॥ ૩ ॥ ધરમ કહે એ શું બોલ્યો, ધારી તેં કુમતી; બોલ્યું અબોલ્યું કરવું હોય તો;માહારે રમવું નથી. ॥ ૪ ॥ ચંદ્ર ચળે રવી પશ્ચીમ પ્રગટે, પાવક શીતળ થાય; શીંધુ કદી મરયાદ લોપે પણ, ધર્મ વચન કેમ જાય. ॥ ૫ ॥ મ્હારા હાથના અક્ષર પડે, તે તું ભંગાણ, તો જીભ્યા દંતુમાં લઇને, કાહાડુ મારો પ્રાણ. ॥ ૬ ॥ ભીમ કહે કાંઈ નહિ કરૂ વિરા, બાજી રમો સુખ રૂપે; થનાર વસ્તુ હશે તે થાશે, જે ધાર્યું વીશ્વને ભુપે. ॥ ૭ ॥ એમ ચારે ભાઈ કબુલ થયા, ધરમે હા કહી તત્ર; કપટ ભરેલો શકુની મામો, લાવ્યો ત્રાબાનાં પત્ર. ॥ ૮ ॥ દુરાયોધનની પાસે લખાવ્યું, પેહેલી બાજી જો હરાય; તોતો બેતાળી હજાર દેશો, પાન્ડવને ઘેર જાય. ॥ ૯ ॥ બીજી બાજી હારે તો આપે, સસરાનું રાજ્યાસન; ત્રીજી હારે તો જાય પોતે, દ્વાદસ વરસ વન. ॥ ૧૦ ॥ તેરમુ વરસ છાનો રહે, પાન્ડવ કાહાડે સોધિ;તો બાર વરસ બીજાં જાવું, તેમાં ન થાવું વિરોધી. ॥૧૧॥ એવો દસ્તાવેજ દુષ્ટે લખીયો, સાક્ષી કરિ સહુ સાથ;પછી ધરમે લીધુ લખવા, પત્ર પોતાને હાથ. ॥ ૧૨ ॥ તવ સમળી સીચાણા આવી, અંત્રીક્ષ મારે આંટા; માઠા શુકન લાગ્યા દેખાવા, થયા રૂધીરનાં છાંટા, ॥ ૧૩ ॥ પાન્વના સમજ્યામાં નાવ્યું, વિનાશે વીપ્રીત બુધ્ધી; શેદેવજી શમજે છે તોહે, તે કેમ આપે સુધ્ધી. ॥ ૧૪ ॥ ધરમરાયે લખવા માંડયું,પેહેલી બાજી હરાય; તોતો બેતાળી હઝાર દેશો,શવળા અમારા જાય. ॥ ૧૫ ॥ બીજી બાજી હારિયેતો. દ્રુપતી દેઇ દઇયે; ત્રીજી બાજી હારીયેતો, બાર વરશ વન જઇએ. ॥ ૧૬ ॥ તેરમુ વરશ છાના રહીયે, સોધિ કાઢે રાજન;તો પાછા બાર વરસ સુધી, અમો વેઠીયે વન. ॥૧૭॥ એ રીતે દસ્તાવેજ લખીયા, મામાયે લીધા કને; પછી પોતે બાજી ઢાળી આપી, તે રમતાં કેવું બને. ॥ ૧૮ ॥ દુરિયોધન પાશા નાંખેતો, પાંચ દાણા પડી જાય, શકુની મામો ફેરવે ડોળો, હરાડ દાણા થાય. ॥ ૧૯ ॥ કાચા બાર પોબાર પડે છે, દુરીયોધનના દાવ; ગણુતરી ગ-

ળીને સોગટી મારે, કપટ બાજીનો ભાવ. ॥ ૨૦ ॥ ધરમ રાજા પાસા
નાંખે, હરાડ કે પોબાર; મામાનો ડોળો ફેરવે ફરે, પાસા તેણીવાર.
॥ ૨૧ ॥ પાંચ પડે કે સાત પડે છે, તેથી વિશેશ ન હોય; ખેલ્યામાં પ-
ણ પાછા પડીયા, વીસ્મે થયા સહુ કોય. ॥ ૨૨ ॥ પેહેલી બાજી ધરમ
હાર્યો, ખોયું રાજ્યાસન; એટલે હસીને કુદવા લાગ્યો, રાજા દુરીયોધ-
ન. ॥ ૨૩ ॥ મામો કહે શું થાય છે ખુશી, હજી રમવું બે વાર; એટ-
લામાં એ જીતશેતો, મોહું થાશે લગાર. ॥ ૨૪ ॥ એમ કહી રમવા બે-
સાડયો, તવ બેઠો દુરમતિ; તે બાજી પણ ધરમ હાર્યો, ખોઇ બેઠા ક્ષુપ-
તિ. ॥ ૨૫ ॥ હાથ હાથ ઉંચો પાપી કુદયો, ભવીશ રેખા ભાવી;
ઘણાક દાહાડાથી તરશતોતો, આજ રૂપાળી આવી. ॥ ૨૬ ॥ મામા-
યે કહયું શું ફુલે છે, ત્રાજી બાજી છે બાકી; આ વેળા પાન્ડવ જી-
તશેતો, મશ્કરી તાહરી પાકી. ॥ ૨૭ ॥ એમ કહી રમવા બેસાડયો,
બેઠો ત્રીજી વાર; બાવરા બનીને રમવા વાગ્યા, કુન્તી તણા કુંવર,
॥ ૨૮ ॥ ધરમ રાજા જીતવા માટે, યત્ન ઘણેરાં કરે; પણ મામો ડોળો
ફેરવે જેવો, તેવો પાસો ફરે. ॥ ૨૯ ॥ ડોળામાં દેવતા મેલ્યો, હરાવ્યા
ત્રીજીવાર; બાર વરસ વન જાવાનું ઠરીયું, વરત્યો આહાકાર. ॥ ૩૦ ॥
કુન્તી નંદન પાંચે ભાઇના, પ્રાણજ ઉંચા ચડીયા; શરીરની સુદ્ધી નવ
રહી, મુરછામાં ઢળી પડીયા. ॥ ૩૧ ॥ તવ દુરીયોધન ઉભો થઇને, ખુ-
શી થયો ખુંખારી, ઓ મામા તારા ચરણ ધોવું, બુદ્ધીની બલીહારી.
॥ ૩૨ ॥ ઉઠોરે દુશ્યાસન વીરા, વીદુરને ઘેર જાવો; મેહેણું દેનારી
કામણગારી, રૂપાળીને લાવો. ॥૩૩॥ છાકે છકેલી બહુ બકેલી, દ્રૂપ-
તરાયની બાળી; નગ્ન કરી નચાશું સભામાં, નાંખું બધુ ઝેર બાળી.
॥ ૩૪ ॥ જાતું ઝપાટે લાવ્ય સપાટે, ગ્રહી ગોરીના કેશ; ડરીશ નહિ
દિલમાં લગારે, હક નથી કોઇનો લેશ. ॥ ૩૫ ॥ દંત પીશીને આગના
દીધી, દુષ્ટ દુરાયોધન;કમ્મર કશીને ઉભો થયો, પોતે દુશ્યાસન. ॥૩૬॥
ચાલ્યો બળમાં એકજ પળમાં, બુદ્ધા થઇ છે રાજી;વીદુર ઘેર જઈ કુ-
ન્તાને પુછયું, કયાં છે દ્રૂપતી ભાભી. ॥ ૩૭ ॥ કુન્તા બોળીયે કહ્યું
પુછયા વણ ગઇ હાંઇથી સવેળી; બહુ વારથી ભુતાવળ વાળી, જે
વા જુની હવેલી. ॥ ૩૮ ॥ તવ ત્યાંથી દુષ્યાસન દોડયો, કુકરમી ક્રોધ
લાવ્યો; એકલી દ્રૂપતી જુએ હવેલી, ત્યાં દુરમતી આવ્યો. ॥ ૩૯ ॥
કયાં ગૈ રૂપાળી કામગુગાળી, દ્રૂપતરાયની બાળી; શબ્દ સુનિને આ-
વી છજામાં, કંપી ક્રોધાતુર ભાળી. ॥ ૪૦ ॥ લજ્યા તાણિને દ્રૂપતી

બોલિ, શું કહો જેઠજી મ્હારા; દુશ્યાસન કહે ઉતર હેઠી, અમે તો દીયર તારા. ॥ ૪૧ ॥ મ્હારો મોટો ભાઈ છત્રપતી છે, તેની તું થઇ નારી;સરતથી તુજ સ્વામી રમીયા, જુગટામાં ગયા હારી. ॥ ૪૨ ॥ દ્રુપતી કહે વીચારીને બોલો, જીભડીયે દો ડાંમ; બાપને ઠેકાણે જેઠજી શોભો, શું બકો બુદ્ધી હરામ. ॥ ૪૩ ॥ દુષ્ટ કહે હું દિયર તારો, તું છત્રપતીનિ નારિ; સતી કહે નારિ કેવવી હોય તો, કરજે જનેતા તારિ. ॥ ૪૪ ॥ વળણ. ॥ નારિ તારિ માવડી, એમ વદી વચન; વ્યાસ વલ્લભ વાણિ વદે, કોપ્યો દુશ્યાસન.

કડવું ૪૨ રાગ વઈરાગી બીલાટરી.

દુશ્યાસન ધાયો હો, કટી કશી મેહેલમાં ચાલ્યો; દ્રુપતી કરૂજી હો, દુષ્ટે જઈ ચોટલો ઝાલ્યો. ॥ ૧ ॥ કીધો ક્રોધ કારમો હો, અબળાને ઉચકી લિધી; છેકા છેક છાકે છકયો હો, છજામાંથી નાંખી દિખી. ॥ ૨ ॥ બની બાળા બાવરિ હો, બે સુદ્ધિ થઈને ગડી; પાપી ઉતર્યો હેઠો હો, જઇને ઝાલિ તેજ ઘડી. ॥ ૩ ॥ કેશ ગ્રહી તાણિ હો, દ્રૂપતીને ભાન આવ્યું;લાગી કરગરવા હો, કઠોર કરમ કાહાવ્યું. ॥ ૪ ॥ મુકો જેઠ બાપજી હો, કયાં ભોગવશો પાપ પોટલો; માંથુ મ્હારૂં દુખે હો, તાણો નહી ચોટલો. ॥૫॥ કહી ખોળા પાથરે હો, પાયે પડુ દો મેલિ; આ વેળા નથી મ્હારૂ હો, સગુ વ્હાલુ કોઈ બેલિ. ॥૬॥ એમ વલ વલતી હો, ટીટોડી તળવળે જેવી;દુષ્ટ કહે કેમ મુકુ હો,તનેતો શભામાં લેવી. ॥ ૭ ॥ એમ કહી મારે હો, ગડદાને પાટુ અતી,છાતીમાં દે ઢીંચણ હો, બેવડી વળે છે સતી. ॥ ૮ ॥ કાહેર કરે કાહોણિથી હો,ક્રોધે ગજ તુલ્ય ત્રાડે, ઉંચી કરિ કરિને હો, પાપી પ્રથ્વી પછાડે. ॥ ૯ ॥ કેશ ગ્રહી વીંઝોળે હો, શરિર ગયું છોલાઇ; કુખમાં લે ચોંટીયો હો, મારે માર ધાઇ ધાઈ ॥ ૧૦ ॥ મારે ઈંટ ઢેપા હો. પથ્થરને લાકડી; વામા વળે બેવડિ હો, રૂએ બાળા બાપડિ. ॥૧૧॥ સરિર છોલાણું હો, રૂધીરની ધાર ઝરે; બળ શું બાળા તણું હો, કારમા પોકાર કરે. ॥૧૨॥ અંગે ઉઠયાં ઢીંમડા હો, સીશ કેમ જાય નીસરિ; વાગે પેટ પાટુ હો, સુધ બુધ વીસરિ. ॥ ૧૩ ॥ લોક ગામ કેરૂં હો,ત્રાશ જોઇ ભેળુ થયું; ત્યાં તે કોનું ચાલે હો, ટોળાં વળી ઉભુ રહ્યું. ॥ ૧૪ ॥ પુરૂશોને પ્રેમદા હો, જોઈ જોઇ ટળવળે; ચાલ્યો દુષ્ટ ખેંચીને હો, શહુ જીવ કળકળે. ॥ ૧૫ ॥ ચીર ગયું ફાટી

હો, ફાટયાં ચણીયાં ચોળી; ચુડીચો નંદાણી હો. રંક રામા નાંખી રોળી. ॥૧૬॥ એની પગ પાની હો, કોઇ જને દીઠી નતી, શરીર તેનું ઉઘડયું હો, ઘસડાતી જાય છે સતી. ॥ ૧૭ ॥ ચીરના ગાભાથી હો, એબ પોતે ઢાંકતી; કંપે કાયા કોમળ હો,ત્રાહ્ય ત્રાહ્ય ભાંખતી.॥૧૮॥ ચરણુ નોહોતો મુકયો હો,ભોમી પર ભામનિ કદી; તેની એવિ વેળા હો, આંસુડાની વેહે છે નદી. ॥૧૯॥ હૈયા ફાટ રડતી હો, દુખે ડુબી ભામની; દ્રપતીને રોતિ જોઇ હો, રૂએ પ્રજા ગામની.॥૨૦॥ રડે વ્રધ જોબન હો, રૂવે બાળક બાળુવાં; રૂવે પશુ પક્ષી હો, રૂવે નગ્ર ઝાડુવાં, ॥૨૧॥ રૂવે સ્વાન ગામનાં હો, સ્વરગે રૂવે સ્વર્ગ પતી; પણ દુષ્ટ જનને હો, દયા જરા આવતી નથી. ॥ ૨૨ ॥ ગગને છાયાં વાદળાં હો, જુમનાજીનું જળ થંભ્યું; કોણ એનું બેલી હો, અતી આક્રંધ આરંભ્યું. ॥ ૨૩ ॥ ચાલ્યો દુષ્ટ તાણુતો હો, સભા કને ઉચક્રી લીધિ; દુશ્યાસને ઉચક્રી હો, સભા વિશે ફેંકી દીધિ. ॥ ૨૪ ॥ વળણુ. ॥ ફેંકી સભામાં સુદરી;સહુને પ્રગટયો સોક;વલ્લભ વદે બારણે રહ્યું,રડતું રહીયત લોક.

કડવું ૪૩ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણુ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ લોચો વળીને પડી સભામાં, બોલ્યો દુરીયાધન; ઓ રૂપાળી નથી ગયો ભુલી, કહ્યાતા અંધના તન. ॥૨॥ ઉઠ ઉભી થા પાખંડ મુકી, પાય પડી મને જાચો, જો જીવવાનો ખપ કરો તો, નગ્ન સભામાં નાચો. ॥ ૩ ॥ તો પણ દ્રુપતી ઉઠી નહિ ને, બોલી નહી મુખ કાંઇ; દુષ્ટ કહે કે લાત મારીને, ઉભી કરો એને ભાઇ. ॥ ૪ ॥ તવ દુશ્યાસને લાત મારિ, કપુત જન જુએ ખુબી, પાંગોઠું ઝાલી પ્રેમદાને, કરી સભામાં ઉભી. ॥૫॥ એટલે આંખ્યો કાઢીને બોલ્યો, સભા વિશે શકુની; માર ખાઇને મરિ જવાની, માન કહ્યું માનુની. ॥ ૬ ॥ નિચું જોઇ ઉભી છે અબળા, દુરીજન થયો મગ્ન; ઘાંટો કાઢી કહ્યું વસ્ત્રો કાઢી, થા મુજ આગળ નગ્ન ॥ ૭ ॥ દ્રૂપતી કહે આ શું બોલો, ઇશ્વરથી નથી બીહિતા,હું તો તમારી દિકરિને, તમો મારા પીતા. ॥ ૮ ॥ જેઠ તમે તાતને ઠેકાણે, વિચારી લ્યો મ્હારાજ; તમોને જરા શોભતું નથી, બેટીની લેવી લાજ. ॥ ૯ ॥ દુ-

રિયોધન કહે સુણો મામા, પ્રહાર ખાઇ પકડાઇ; તો પણ તાતજી તા-
તજી કહે છે, મુકે નાહ અકડાઇ. ॥ ૧૦ ॥ એમ કહી કહ્યું દ્રુપતિને,
સીક્ષા હજુ નથી પામી; માર ખાઇને માનશો કહ્યું, કેહેવો પડશે
સ્વામી. ॥ ૧૧ ॥ ચાંમડી તારિ ઉતરિ જાશે, મુમત મુકી દે નારિ; પા-
ય પડી મને કહે સભામાં, હું તો નારિ તમારી. ॥ ૧૨ ॥ એવું સાંભ-
ળી અબળા બોલી, મેં માન્યા મમ ત્રાતા; તેમ છતાં તમે એવું બો-
લો, નારિ તમારિ માતા. ॥ ૧૩ ॥ આ મું'ઢ બુદ્ધી કયાં ગઇ સુદ્ધી, જે
મ ફાવે તેમ બોલે, કાયાના કટકા ભલે થાતા; હું તારિ દીકરી તોલે.
॥ ૧૪ ॥ દુરીયોધન કહે શું જુઓ છો, ઓ દુસ્યાસન વિર; હાથેથી
નગ્ન નથી થવાનિ, ખેંચી કાઢો ચીર. ॥ ૧૫ ॥ એટલે ઉઠયો દુષ્ટ
દુશ્યાસન, ઉછળી મારિ લાત; છબીલીનો છેડો ઝાલ્યો, ગામમાં ફેલા-
ઇ વાત. ॥ ૧૬ ॥ ભીશ્મ વિદુરને દ્રોણ કૃપાચાર, તેમણે જાણી પેર;
ત્રાસ પામી સતીયા દોડયા, થાય છે કાળો કેહેર. ॥ ૧૭ ॥ રાતા તા-
તા થાતા જાત, આવ્યા રાજ્ય સભાય; બે ભાન થઇ પોઢેલા દીઠા,
પાંન્ડવોને ત્યાંય. ॥ ૧૮ ॥ સતિના શરિરે માર દીઠો, દીઠું ગ્રહેલું ચીર,
રૂંવાટે રૂંવાટાં ઉભા થયાં, નેત્રોમાં આવ્યું નિર. ॥ ૧૯ ॥ મોઢામાં આં-
ગળીયા ઘાલી, ધુણાવા લાગ્યા શીશ; ગંગા નંદન ભીસ્મ પીતાને હ-
ળ હળ પ્રગટી રીસ. ॥ ૨૦ ॥ દુારયોધનની પ્રત્યે બોલ્યા, ઓરે કરમ
ચંડાળ; આ તેં કરમશું કર્યું છે, જવા બેઠુ રસાતળ. ॥ ૨૧ ॥ છો-
ડ સતિને દ્રુપતિને, નહિ તો માઠુ થાશે; જરૂર માનજે જુલમી બેટા,
જીવ અમાર. જાશે. ॥ ૨૨ ॥ ધમરોળ થાશે મરશું મરાશે, જાશે કૈના
પ્રાણ; શું તું બે માથાં ધરાવે, ઓરે મુંઢ અજાણ. ॥ ૨૩ ॥ મારીયે મ-
રીયે જુલમ કરીયે, ધરીયે કેહેરજ કાળો; કોણ મુઓ છે શુભ સતી-
ની લજ્યા લેવા વાળો. ॥ ૨૪ ॥ દુરીયોધન કહે સાંભળો દાદા, પા-
ન્ડવ બેઠા હારી; તે માટે કરૂં ચાહ્ય તેવું, થઇ છે નારી મ્હારી. ॥૨૫॥
નથી પરનારી નાંખીશ મારી, મુજ ઘર માંડશે એજ; બીજાનો શો હ-
ક બોલવાનો, જુઓ દસ્તાવેજ. ॥ ૨૬ ॥ એમ કહીને પત્ર બતા-
વ્યું, વૃદ્ધના મુમત મરડયા; તે વાંચીને સત્યવાદીયે, તરત પોંચા ક-
રડયા. ॥ ૨૭ ॥ નીચું ઘાલ્યું કાંઇ ના ચાલ્યું, હવે શો ઉપાય; લેખ
ઉપર મેખ આપણાથી, કેમ કરી દેવાય. ॥ ૨૮ ॥ ધર્મનો અક્ષર ઓ-
ળંગીયે તો, આપણુ સહુ સત્ય જાય; સતીને છોડે તો છોડાવવાને, પા-
પીને પડીયે પાય. ॥ ૨૯ ॥ તે વીના નથી ઉપાય બીજો, સાક્ષ કરે જુ-

અધીશ; પછી ચારે સત પુરૂશોયે, પાપીને નમાવ્યાં શીશ ॥ ૩૦ ॥ ઓ દિકરા દુરિયોધન સુણો, ડાહ્યા છો કુવાર; પાન્ડવનો લ્યો પૈશો પુંજી, લ્યો શઘળું ઘર બાર. ॥ ૩૧ ॥ ફાવેતો લૈ લ્યો પ્રાણ પાન્ડવનો કોઇ વાતે નવ ચુકો; પણ અમારિ દયા લાવી, દ્રૂપતી શતિને મુકો. ॥ ૩૨ ॥ દુરિયોધન કહે મીથ્યા બોલો, ચાહ્ય તેવું મરો મથી; પ્રાણ પ્યારી મળી છે મુને, હું મુકવાનો નથી. ॥ ૩૩ ॥ એટલે બોલ્યા સૌ શત્યવાદી, શાચી તું માનજે વાણ; ફાંશા ખાઇને દેહ તજીશું, તારે મા-ટે રામબાણ. ॥ ૩૪ ॥ દુરિયોધન કહે ફાવે તે કરો, કેમ છોડુ મદ-માતી; એવું શાંભળી શત્ય પુરૂશોયે, કુટી ભાગી છાતી. ॥ ૩૫ ॥ શીશ પછાડે આંસુડાં પાડે, શ્રોણીત વહ્યું લેલાટ; કરમ ચંડાળ કર કાળું તારૂં, રડતા હૈયા ફાટ. ॥ ૩૬ ॥ ધમરોળ કરતા જવાને ઉઠયા, પ્રેમદા પોકે રડી; ઓ દાદાજી મુને છોડાવો, ભીશ્મને બાહાજી પડી. ॥ ૩૭ ॥ વળણ. ॥ બાહાજી બાળા ભીસ્મને, રડતી રૂદીયા ફાટ; દાદાને ખભે મુકીયું, પોતાનું લેલાટ.

કડવું ૪૪ વઈદ્રભીનો રાગ નાટકની છાયા.

દ્રૂપતિ દ્રૂજે શભા મહિ. કરે અતીશે વીલાપ; દાદા મુકીયે જાશો નહિ, મને છોડવો માબાપ. દ્રૂ. ॥ ટેક. રાંકડી તનયા હું તમ તણી, મારે તમારો આધાર; જુઓ શરિર તમે માહ્યરૂં. નથી જેરવાનો માર. દ્રૂ. ॥ ૧ ॥ નથી બેલી બાપકે બંધવો, નથી પીયેરીયું કોય; સાશરિમાં શશરા નથી, પડયા ભરથાય ભોંય. દ્રૂ. ॥ ૨ ॥ દાદા જાવો જવું હોયતો, મુને મારીને ઠેર; ગરિબ ગાવડી નવ મુકશો, કુડા કસૈ ને ઘેર. દ્રૂ. ॥ ૩ ॥ અરેરે રડયા રાસે રોળશે, લેશે લંપટ લાજ; શતીનું શત્ય છોડાવશે, કરૂં તન મ્હારૂં તાજ. દ્રૂ. ॥ ૪ ॥ જેણે દીઠી નતિ પાહાનિ પગ તણી, તેતો નિરખે અંગ; બળ્યું એ જીવવું માહ્યરૂં, બાહાર કાઢો તમ શંગ. દ્રૂ. ॥ ૫ ॥ કંથ કપટમાં લેવૈ ગયા, મ્હારા ભવીશની ભુલ; ભાસે મોહોઢાં કૌરવ તણાં, મને જમડાનિ તુલ્ય. દ્રૂ. ॥ ૬ ॥ ચોધારે આંસુ ચક્ષુ ભરે. રડે શતી હૈયા ફાટ; દાદાયે દાબી રૂદીયે, હું મરીશ તુજ માટ. દ્રૂ. ॥ ૭ ॥ દીકરી ઉપાય નથી માહ્યરો તારા ભવિશનો લેખ; તારા સ્વામીના અક્ષરો, તે પર કેમ મારૂ મેખ દ્રૂ. ॥ ૮ ॥ એમ કહીને શીશ કુટીયું. થવા લાગ્યા વીદાય;તારૂણી ત્રા

શીને નાસતી, છેડા વૃધના સાહાય. દ્રુ. ॥ ૯ ॥ તવ દુસ્યાશને કર ગ્રહ્યો, ખેંચોટી લીધી પાસ;ડોળા કાઢયા દુરીયોધને, પડયો ત્રિયાને ત્રાશ. દ્રુ. ॥ ૧૦ ॥ વળણ ॥ ત્રાશ પડેયો અતી ઘણો, જમડા જુએ જેમ; વલ્લભ વદે એ ફડફડે, પાંદડું ફફડે તેમ.

કડવું ૪૫ રાગ ધનાસરી.

વૈશમ પાયે એણી પેરે બોલ્યા, સુણ જંનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, શભા પરવ મહીમાય. ॥૧॥ ધરૂપતીને ખેચોટી રાખી વૃદ્ધ થયા વિદાય; સભાના સામું ધામ હતું, દોરડાં બાંધ્યાં ત્યાંય. ॥ ૨ ॥ ગાળા કરિને ઘાલ્યા ગાળામાં, ચારે જણે તે વાર; હવે એની લાજ જશે તો, મરશું જુગદાધાર. ॥ ૩ ॥ તે દોશ પ્રભુ તમારે માથે, એમ કહિ ધાર્યું મરણ; સતીની લજ્યા લેવાશે તો, ઢળીને પડવું ધરણ ॥ ૪ ॥ એ રિતે ધારીને ઉભા, રૂવે રૂદિયા ફાટ, નગ્ર તણુ ઘણુ લોક ભરાયું, સતિના દુખને માટ. ॥ ૫ ॥ પેસાય નહી સભામાં કોઈ, બારણે આંસુ ભરતાં; પ્રેમદા પુરૂષ બાળક સુદ્ધાં, બારણે આક્રંદ કરતા. ॥ ૬ ॥ સપુત માતાના જણેલા, નિકળી ગયા બાહાર; કપુત માના જણેલા જોવા, ગયા સભામાં શાર. ॥ ૭ ॥ શપુતે જાણ્યું દ્રુપતી છે, ખપ્પર જોગણી દેવી; કેમ એની એબ નજરે નિરખીયે, એનો જનુની જેવી ॥ ૮ ॥ કપુતે જાણ્યું એબ જોઇશું, રૂપાળિનું રૂપ; એમ જાણી કપુત ભરાયા, નેત્ર મીચ્યાં કર્ણ ભુપ. ॥૯॥ એવામાં દુરિયોધન બોલ્યો, ઓ દુશ્યાસન વીર; શું જુઓછો રૂપાળિનું; ખેંચી કાહાડો ચીર. ॥ ૧૦ ॥ તવ દુસ્યાશન ઉઠીને ધાયો, સ્યાયો છેડો હાથ; દ્રુપતી કહે ધીરજ રાખો; સાંભળી મહારિ વાત. ॥ ૧૧ ॥ હું મ્હારે હાથે આપીશ છેડો, એક ઘડી ધરો ધીર; પછી તમે તાણી લજો; પેહેરેલું મહારૂં ચીર. ॥ ૧૨ ॥ રૂરિયોધન કહે ધીરજ ખમો, વારૂં એ શુ કરે છે; જોવા દો મને ચરિત્ર એનું,એમ પાપી ઓચરે છે. ॥ ૧૩ ॥ તવ દુસ્યાસને મુકયો છેડો, સહુ સભા જુએ ખુબી; દ્રુપતી શતી ભરિ સભામાં, એકજ ચરણે ઉભી. ॥ ૧૪ ॥ ઉંચુ જોઇને બે કર જોડયા, બોલ્યો દુરિયોધન આપ, ઓ મામા એ બોલાવે કોને, કોયો છે એનો બાપ. ॥ ૧૫ ॥ મામો કહે ભય બતાવે છે, ઇશ્વરનો અપાર; તું વીના ઇશ્વર છે બીજો કોયો, ચરિત્ર જો આવાર, ॥ ૧૬ ॥ વલણ. ॥

ચરીત્ર જુઓ ચતુરા તણું, કરે કેટલી વાર; વલ્લભ વદે ઉભી ભજે, પંચાળી જુગદાધાર. ॥

કડવું ૪૬ રાગ બાવલીયાની દેશી.

પંચાળી પોકારે રેરે હો, વીઠ્ઠલ વિરા આવજોરે. ॥ ટેક ॥ બોલ્યા બોલ્યા વૈશમ પાયે વચંન, સાભળ સાભળ પરિક્ષત રાયના તંન, દ્રૂપતીતો કરે છે પ્રભુનું સ્તવન. પંચાળી. ॥ ૧ ॥ પ્રભુ તમે વિપત વેળાની વિહ, સાચા બેલી સત્યના શામ શરીર, સૌ ચંડાળો ખેંચી કાઢે છે મારૂં ચીર. ॥ પંચા. ॥ ૨ ॥ લંપટ લજ્યા લેવા રહ્યાછે ઢુંકી, પ્રભુ મેં શું તમારી શેવા ચુકી; પાંચ પતીયે પરણીને જુગટામાં મુકી. પં. ॥૩॥ પ્રભુ નથી છકે છકી તે દોશે છણાઇ પ્રભુ હુંતો અતી હરમમાં હણાઇ, પાંચ પતિને પરણીને ગુણકા ગણાઇ. ॥ પં. ॥ ૪ ॥ પ્રભુ તમે સુખ એક નરની જ નારિ, પાંચ પરણી કોઇએ પોતાની નવ નારિ, જુગટુ રમી મુકી જાણિને મજીઆરી. ॥ પં. ॥ ૫ ॥ પ્રભુ મેં શું લાગીને વળગાડી જંજાળ, પ્રભુ મેં શું અભડાવિ બ્રાહ્મણની થાળ; પ્રભુ મેં શું ભાગી સરોવરની પાળ. ॥ પં. ॥ ૬ ॥ પ્રભુ મેં શું ઘોયાં ગંગામાં મળ સુત્ર, મેં શું કોઇનું ચાલતું ભાગ્યું ઘર સુત્ર, બે ભાન થઇને પોહોડયા સાસુડીના પુત્ર. ॥ પં. ॥ ૭ પ્રભુ મેં શું છેદી પીંપળાની ડાળ, પ્રભુ મેં શું ધાવતા વછોડયાં નાહાનાં બાળ, પ્રભુ મેં શું મળતાં ભાગ્યાં વેવીશાળ. ॥ પં. ॥ ૮ ॥ પ્રભુ મેં શું પરને દુખ દૈને કર્યો ગર્વ, પ્રભુ મેં શું હુનાળે ઉઠાવી પર્વ, તેવે પાપે આજે ખોવાયું સુખ સર્વ. ॥ પં૦ ॥ ૯ ॥ પ્રભુ મેં શું પુન્ય કરતાં કોઇનું ખળાવ્યું, ત્યાગીને શું પર્શ કરી મન ચળાવ્યું; અવળું કહી નીરધનનું ધન ટળાવ્યું, ॥ પં. ॥ ૧૦ ॥ પ્રભુ મારા પીઉએ પર ઘેર મેલા, હવે નથી તમ વીના બીજુ મ્હારૂં બેલી, વેહેલા આવો નહીતો કાઢું છું પ્રાણ ઠેલી. પં૦ ॥ ૧૧ વલણ. એ રીતે સ્તુતી કરી, જાણ્યું જુગદાધાર; અદશ્ય થઇને આવીયા, પોતે દેવ મોરાર. ॥

કડવું ૪૭ રાગ સવઇયાનો

વૈશમ પાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ સ્તુતી કરી તવ ઇશ્વર

આવ્યા, વીશ્વ તણા જે ભુપ; દ્રૂપતીને પરછાયો બતાવી, પોતે ધર્યું તે હ રૂપ. ॥ ૨ ॥ તેવુંજ ચીરને ચણીયા ચોળી, તેવો પડેલો ભાર; જેવી દ્રૂપતી તેવા બનીયા, પોતે જુગદાધાર. ॥ ૩ ॥ લોચન રાતાં ક્રોધે ભરેલાં, વીચાર્યું મન એવું; ભગનીનાં નવસેં નવાણું, ચીર તણું છે દેવું. ॥ ૪ ॥ તે ચીર બેહેન તણાં આપવાનો, આવ્યો છે ઘાટે ઘાટ; ભક્તને અધીન ભુધરો વળી, સતીના સત્યને માટ. ॥ ૫ ॥ દ્વી ચરણે ઉભા રહીને,દુષ્ટના સામુ જોયું; દુરીયોધન કહે ચરીત્ર વાળી, કોણે આવી દુખ ખોયું. ॥ ૬ ॥ ઉંચુ જોઇને એક ચરણે, ઉભી રહી તું આપ; હાથ જોડીને અરજ કરી તે, ક્રીયો આવ્યો તુજ બાપ. ॥૭॥ દ્રૂપતી રૂપે ભગવાન બોલ્યા, કુબુદ્ધી મુકય કેડો; નગ્ન નચાવવા વ્રતી હોયતો,લે આપું ચીરનો છેડો. ॥ ૮ ॥ દુરીયોધન કહે દુશ્યાસનને, ઉઠો મ્હારા વીર; બાલે છે જોર ઝપાટે માટે, કાહાડો સપાટે ચીર, ॥ ૯ ॥ તવ દુશ્યાસનને છેડો સ્હાયો, ખેંચવા માંડયું ચીર; ફરવા લાગ્યા ફુદડી, પોતે શામ સરીર. ॥ ૧૦ ॥ એવામાં એક ચીરની સાથે, સંધાઇ આવ્યું બીજું; બીજુ તાણયું તેના જોડે, સંધાઇ આવ્યું ત્રીજું. ॥ ૧૧ ॥ સકલ સભા વીસ્મય પામી, આશી કારિગરિ કાહાવી; દુરિયોધન કહે જુઓ મામા બે ચાર પેહેરિ લાવિ. ॥ ૧૨ ॥ મામો કહે કે ખેંચી કાઢો; કેટલાં પહેર્યાં હશે નગ્ન થયા વીના નથી રહેવાની, હાથ આવેલી કયાં જશે. ॥ ૧૩ ॥ ત્રાજા પુંકે ચોથું આવ્યું, પછી પાંચમું ચીર; પ્રજાપતીના ચાક પ્રમાણે, ફરે શામ શરિર. ॥ ૧૪ ॥ નવાં નવાઇનાં નીકળે વસ્ત્રો, જુજવી જુજવી જાત; લીલાં પીલાં લાલ ગુલાબી, કેશરિ ભરિ ભાત. ॥૧૬॥ પોમચા પડોલાં ડડીયાં છીદરિ, ગાલા બંગલાં રાતાં, અમ્મર મખીયાં મુગા સાડી, શુબ સુંદીર દેખાતાં, ॥ ૧૬ ॥ એક એકથી અદકાં નીકલે છે, નગદ જરિ ભરેલાં;મુલ ન થાયે અમુલ્ય એવાં, મોતીની કોર્યો કરેલાં. ॥ ૧૭ ॥ ફર ફર ફર ફર ફુંદડી ફરે, પોતે નંદ કીસોર; ખર ખર ખર ખર ખેંચે પાપી, જેમ પતંગની દોર. ॥૧૮॥ છુટે કેશે કારમે વેશે, ફેર ફરે વનમાળી; શ્વાસ ન ખાતા છે જગ ત્રાતા, ત્રીકમ દેતા તાલી. ॥૧૯॥ દુશ્યાસને તાંણી કાઢયાં, પુરણ પાંચસો ચીર;એટલે એના ઉપર કોપ્યા, પોતે શાંમ શરિર.॥૨૦॥કોપ દ્રષ્ટી સામું જોયું, પોતે દીનાનાથ. તતડાવીને તાવ મુકયો,રાખી દીધા હાથ. ॥૨૧॥ સણકા નાંખ્યા શરિર વીશે, પાપીયે પાડી ચીસ; અરેરે કાંઇ જાદુ કીધો, કુટવા લાગ્યો શીશી

॥ ૨૨ ॥ એટલે ઉઠયો શકુની મામો, ચાલી નહિ તુજ હામ; બુમો પાડતો બેશ આઘો, હવે એ માહારૂં કામ. ॥ ૨૩ ॥ એમ કહિ શકુનીયે સાહયો. લાજ લેવા મન આણે; પુરણ પાપી રીસજ વાપી, ચપ ચપ ચીરજ તાણે. ॥ ૨૪ ॥ થયો સભામાં મ્હોટો ઢગલો, એક એકથી ચડી આતા;તે દેખીને કૌરવ કેરાં, દલડાં બહુ દુખાતાં. ॥ ૨૫ ॥ ચારશેં નવાણુ ચીર કાહાડયાં, શકુની મામાએ જ્યારે;અંતરયામી ગરૂડા ગામી; કૃષ્ણે કર્યો કોપ ત્યારે ॥૨૬॥ તતડાવિને તાવ મેલ્યો, રાખી દીધા ભુજ, રૂંવાડે રૂંવાડાં ઉભાં થયાં, છુટી શરીરે ધ્રુજ. ॥ ૨૭ ॥ તરકટીયોને ટુંટીયું આવ્યું, બોલ્યો શકુની એમ; હેના ચીર જે તાણુશે તે,નહી રહે કુશળ ખેમ. ॥ ૨૮ ॥ કહો ના કહો પણ કાંઇ જાદુ, છે પંચાલી પાસ; પાપી લોકે પોંચા કરડયા, ઘણો પડયો મન ત્રાસ. ॥૨૯॥ ગરજના કરી ગોવીંદ બોલ્યા,દ્રુપતીને રૂપ; લે તાણુતા ણવા હોયતો વસ્ત્રો,હસ્તીનાપુર ભુપ. ॥૩૦॥ તે વાત જાણી સત્યવાદીઓયે; કાઢયા ગલામાંથી ગાળા; રાતા તાતા થાતા આવ્યા, સભામાં નિતિ વાલા. ॥ ૩૧ ॥ બાહાર બેઠેલા લોકો આવ્યા, દ્રૂપતીને પડયા પાય; એટલે મનથી સંકલ્પ કીધો, પોતે શ્રી જગરાય.॥૩૨॥માહારી બેનની કથા સુણી,આપે વસ્ત્રનું દાન; તેના કુલનિ લજ્યા રાખું, નિશ્ચે કર્યું ભગવાન. ॥૩૩॥ એમ કહી અંતર ધ્યાન થયા, એજ પ્રભુની ખુબી; હતી તેવા વસ્ત્રને વેશે, દ્રૂપતીને કરી ઉભી.॥૩૪॥ સભામાં રાતી તાતી થઇને, ઉભી રહી છે સતી; ટગ ટગ સામું જોઇ રહ્યો છે, છકેલો છત્રપતી. ॥૩૫॥ ભીશ્મ કહે શું જુઓ સામું, થતા હતા મન મગ્ન; હવે તમારી માને બોલાવી, કરો સભામાં નગ્ન. ॥૩૬॥ ધિક્કાર તારા જીવતરને છે, ધિક્કાર તારી માને; ધીકાર તારા બંધુઓને; ભોમીમાં સમાઇ જાને. ॥ ૩૭ ॥ ધીક્કાર તારા મામાને છે,તુજને શીખ દેનારો; શુભ સતિ દ્રુપતિની લજ્યા, કોણ મુઓ છે લેનારો. ॥ ૩૮ ॥ કાળે શું રહ્યો બેશી, ફરિ તોફાન મચાવો; લાવો પાપણી ગાન્ધારીને, સભામાં નાચ નચાવો. ॥૩૯॥ દુરીયોધન કહે થોડું બોલો, પાન્ડવ બેઠા હારિ; મને મન ફાવે તેમ કરૂં,થઇ છે મ્હારિ નારી. ॥૪૦॥ ઓ રૂપાળી કામણગાળી, કર અરપણ મને અંગ; લજ્યા લેવાઈ નહીતો ભલે, બેશ મ્હારે ઉછંગ. ॥ ૪૧ ॥ છેવટ સતીને ક્રોધ વાપ્યો, સાંભલ મુર્ખ અજાણ; ખોળે બેશસે ભીમની ગદા; જાશે તારો પ્રાણ. ॥૪૧॥ ભીશ્મ પીતા કહે હ્યો બેટાજી, લાભની ગાં-

સડી બાંધો;દુરીયોધન કહે જા મુજ ઘરમાં,પછી નથી કાંઇ વાંધો.॥૪૩॥ ભીસ્મે જાણ્યું નહિ મુકે નારિ, પાપીને સમજાવું અવળું;તે વિના કાંઈ શુભ સતિનું, નથી થવાનું સવળું. ॥૪૪॥ એમ જાણીને દાદા બોલ્યા, ઘરમાં ઘરના મરશે; ચિરનો ઢગલો કીધો તેવો, મડદાંનો ઢગલો કરશે. ॥૪૫॥ હું તો કેવારનો કકળુછું, તેતો તારે માટ; છે રૂપાળી જાદુ વાળી, ઘડશે સહુનો ઘાટ. ॥૪૬॥ તવ દુરીયોધન મન ભય પામ્યો, દાદા કહી સત્ય વાત;એ કામીની કાંઇ કામનીનથી,જાદુગરી કમજાત. ॥ ૪૭ ॥ ભીશ્મપીતા કહે રોશણુ વાળે, તારૂણુ બહુ ટેકી; એના સબંધી લખેલું હોયે, તે સવળું નાંખ્ય છેકી. ॥ ૪૮ ॥ દુરીયોધને છેકી નાંખ્યું હરખ્યા ભીશ્મપીતાય; ઠીક થયું તે સતી છુટી,કસાઇ ઘેરથી ગાય. ॥૪૯॥ દુરીયોધન કહે જુઓ દાદા, હું હાવો છત્રપતી; એણે ચીર કાઢયાં તેવું ચીર, સમ ખાવા મુજ ઘેર નથી. ॥ ૫૦ ॥ શેવક ઉઠો ગેડયો કરીને, ગાસડીયો બંધાવો;ઘણાક ધનનો લાભ થયો છે, ચીર ઘરમાં લેઈ જાવો. ॥ ૫૧ ॥ ભીશ્મે જાણ્યું લેછે મુફતનું, તે લેવા દેઉ કેમ; એવું વિચારી ભીશ્મપીતાયે, પાપીને વાલ્યો વેમ. ॥ ૫૨ ॥ જોજે જે જન વસ્ત્રને અડશે, તેનું ભાંગે ઘરબાર; નારિ અડે તો નર મરેને, નર અડયે મરે નાર. ॥૩૫॥ નરની નારી મરે તે ભલું, પણ જો નારીને આપો;તો તે નારીનો નાથ મરે, આવે એને રંડાપો ॥૫૪॥ દુરીયોધન કહે કેમ કરીશું, ઓરે ભીસ્મ પીતાય; ભીશ્મપીતા કહે હું અડુ છું,મ્મારે કોણ મરી જાય.॥૫૫॥એમ કહીને કામઘેનુને, ધ્યાન ધરી બોલાવી;અંત્રીક્ષમારગે રાજ્યસભામાં, કામઘેનુ ત્યાં આવી.॥૫૬॥તેને દાદાએ ચીર હોરાડયા, પછી વીદાય આલી; એટલે આવેલી કામઘેનું અંત્રીક્ષ મારગે ચાલી. ॥ ૫૭ ॥ એટલે આકાશ વાયુ વ્હાયો, તવ પવને ચીર ચડીયાં; નવસેં નવાણું નદીમાં, નવસે નવાણું પડીયાં. ॥ ૫૮ ॥ સભામાં જેજેકાર વરત્યો, પ્રભુ તણી ઘણી દયા; એવામાં મુરછા વળીને, પાંડવ બેઠા થયા. ॥ ૫૯ ॥ દીઠી ભીમે ભામનીને, દીઠો મારેલો માર; ભીમ કહે ઓ ધરમ વીરા, વરતાવું આહાકાર. ॥ ૬૦ ॥ જુઓ માર મારીને કરી છે, મરણ તુલ્યજ નારી;ધરમ કહે હારી બેઠા, નારી એની કે તાહારી. ॥ ૬૧ ॥ એની અબળાને ચાહ્ય તે કરે, કેમ થયો અજાણ; મ્હારા લખ્યા છતાં કાંઈ કરે તો; કાઢું મ્હારો પ્રાણ. ॥ ૬૨ ॥ એમ કહીને દાબી રાખ્યો, બોલ્યો દુરીયોધન; વસ્ત્ર ઉતારી ખાદી પહેરો, પા

ન્ડવ જાઓ વન. ॥ ૬૩ ॥ એટલે ધરમે વસ્ત્રા બદલ્યાં, સત્યથી વ્હેવાર વાતે; તેમને દેખી પડયાં ભદલવાં, બદલ્યાં ચારે ભ્રાતે ॥૬૪॥ તવ વીદુર ઘેર વાત પહોંચી, પાંન્ડવ જાય છે વન; દ્યુત રમીને નારી હાર્યા, હાર્યા રાજ્યાસન. ॥ ૬૫ ॥ કુન્તા સુભદ્રા અભેમાને, સુણ્યા સમાચાર માઠા; રડતાં પડતાં આંસુ ભરતાં, સભામાં ગયા નાઠા. ॥ ૬૬ ॥ વળણ.॥ નાઠાં સભામા આવીયાં, રડતાં અપરમપાર; વ્યાસ વલ્લભ વાણિ વદે, સુણો શ્રોતા સાર. ॥

કડવું ૪૮ રાગ કાફી.

હારે બોલ્યા વૈશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન; હાંરે આવ્યો કુંવર શ્વાસે ચડીયો, જઇ અરજુનને બ્હાજી પડીયો. ॥ ૧ ॥ હાંરે તાતજી તમે આશું કીધું, દીકરાને દારૂણ દુખ દીધું; હાંરે ખોયું રાજ પાટને ઘર ગામ,મને કયાં મળશે વિસરામ. ॥ ૨ ॥ હારે નવ રાખ્યો ઠર્યાનો ઠામ; મ્હારી ભાગી હીમતને હામ. ॥ ૩ ॥ હાંરે તાત તમે ન જાશો વન, કોને આધાર રહું હું તન; હાંરે મ્હારી સાચવણના કરનારા, કેમ તરછોડો પીતા પ્યારા ॥ ૪ ॥ હાંરે મ્હારી માડી મુને દે ગાળ, તવ તમને પ્રગટતી જવાળ; કદી હોયે મ્હારી કસુર, તોહ્યે તમે ન ધરતા ઉર. ॥ ૫ ॥ મને રડાવતી મ્હારિ માત, તમો ચાંપતા રૂદિયા સાથ; નાહોતા દેતા કૈં એકલો જાવા, ખોળે બેશાડી આપતા ખાવા. ॥ ૬ ॥ મોઢે માગ્યું દેતાતા મને, હવે માગીશ કોની કને; હાંરે પડશે ખાધા પીધાના ટોટા, થિઇશું ઓસીઆળા મોટા. ॥ ૭ ॥ મોઢે માગી મોજડી કયાં મળશે, ઉષ્ણ રૂતુએ ચરણ બળશે; વેઠીશું શીત રૂતુયે ટાઢયો, આવી ધરમીને ઘેર ધાડયો. ॥ ૮ ॥ હાંરે મ્હારૂં કરમ કઠોરૂં કેવું, તાત વનમાં જાવા નહી દેવું; મને કોણ દે મીઠાઇ મેવા, તાત કયાંથી હોયે તમ જેવા. ॥ ૯ ॥ હાંરે મ્હારૂં ફુટી ગયું રે લેલાટ, કહી રડે રૂદિયા ફાટ; પીતાની કટીયે દેઇ સીસ. મુકે ધ્રુશકાને પાડે ચીસ. ॥ ૧૦ ॥ હાંરે મને કીધો રઝળતો હો રામ, રડે અરજુન ઉભો તે ઠામ; હાંરે દીકરા દુખ તણા દન આવ્યા, ભુંડા ભવિશે અમને ભુલાવ્યા. ॥ ૧૧ ॥ હાંરે બેટા નીરભાગી તાતને પેટ, આવિ સુખ ન પામ્યા નેટ; બેઠી દુરબળ દશા અમારિ, તેથી તેવી ગતી થૈ તમારી. ॥ ૧૨ ॥ હાંરે રેહેજો વીદુર દાદાને ઘેર દાદા સાચવશે રૂડી

પેર; હાંરે થયા ઓશીઆળા મારા તન, એમ કહીને કરે ચુંબન. ॥૧૩॥ હાંરે તેડી તેડીને રૂદીયા શું ચાંપે, પીતા પુત્ર તણી કાયા કાંપે; સામા સામુ જોઈ રોવા ચઢીયા, મડા ગાંઠ પડી ઢળી પડીયા. ॥ ૧૪ ॥ હાંરે જોઈ રૂએ હરીજન લોક, આખા નગ્રમાં પ્રગટયો શોક; બાહાજી પડયાં કુન્તા તનને, તેમને કણુદ્ધી કેમ સુજી મનને. ॥ ૧૫ ॥ બેહ્ન બાપનું રળેલું બોહોયું, દુત રમીને ઘર ગામ ખોયું; હાર્યા બેહેતાળી હજાર દેશ; તેટલા દાબી બેઠો છે નરેશ. ॥ ૧૬ ॥ માટે વન ન જાવા નહી દેવું, દાબી પડયો છે તે રાજ લેવું; તવ બોલીયા ધરમરાય, તમો સાંભળો માહારી માય. ॥ ૧૭ ॥ નથી બોલવું દોડું કે આડુ, પાડો વાંધા તો હું પ્રાણ કાહાડું; હાંરે માત એક વચનને કાજ, નળ રાજાયે મુકીયું રાજ. ॥ ૧૮ ॥ હાંરે માડી પાળવા પોતાનું વચન, રામચંદ્ર વસ્યા જઈ વન; હાંરે એક વચન પાળવા પેર, હરીશ્ચંદ્ર રહ્યો નીચ ઘેર ॥ ૧૯ ॥ હાંરે બોલ્યું વચન પાળ્યું નહી જેણે, મનુશાદેહ ધર્યો સીદ તેણે; હાડ ચામ્ર પશુનું કામ લાગે, કોઇ મનુશ તણુ નવ માગે. ॥૨૦॥ પક્ષીના નખ પીંછ કામ આવે, કહો મનુશનું કોણ બતાવે; માટે માતાજી મુમત મેલો, મ્હારે હાથેથી લેખ લખેલો. ॥ ૨૧ ॥ તેતો કરૂં નહી ભંગાણ, કોઇ ભાગો તો કાહાડું પ્રાણ; માતા વચન ઓળંગુ ઠેઠ; તવ વગોવાય તારૂં પેટ. ॥ ૨૨ ॥ બાર વરસ રેહેશું સુખ ભેર, કાલે પાછા આવીશું ઘેર; હાંરે માટે આગના આપો માડી, શું કરશો આંસુડાં પાડી. ॥ ૨૩ ॥ વળણ. ॥ આંસુ પાડી શું કરો, ઓરે માહારી માત; કહે વલ્લભ વૈરાગથી, ચાલ્યા પાંચે ભ્રાત.

કડવું ૪૯ રાગ સામેરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારિ તુજને સંભળાવું, સભા પરવ મહીમાય. ॥ ૧ ॥ ઉભા થયા પાંચે બંધુ, આવી રૂપતી નારી; ધર્મ કહે કેમ આવે પુંઠે, નથી તું નારી અમારી. ॥ ૨ ॥ દુરીયોધન કહે લૈ જાવો સાથે, ઘરમાં ન ઘાલું વેહેરી; એના નીમીતનો લખ હતો તે, મેં નાંખ્યો છે ચેહેરિ. ॥ ૩ ॥ છે જાદુવાળી એ રૂપાળી, મુજ ઘરમાં નહી કામ; ધર્મ કહે હવે દોશ નહી હમને, ફરિથી ન લૈશ નામ. ॥૪॥ ભીમે જાણ્યં ઠીક વેહેમ પડયો છે, એવું જાણી બોલ્યો એમ; ચાર દાહાડા તુજ ઘેર રાખીને. કરજે ફાવે તેમ. ॥૫॥

દુરીયોધન કહે સહુ સમજુછુ,તે રાખવાની ઠરાવી; ચાર દાહાડા ઘરમાં રખાવિ,નાંખ્ય ઘરનાંને મરાવિ. ॥૬॥ તમે તમારી લૈ જાવો નારી, બોલ્યો દુરીયોધન; એટલે બોલ્યા દ્રૂપતી પ્રત્યે, રાજા ધર્મ વચન. ॥ ૭ ॥ ઓરે નારી વીદુરને ઘેર વાસો તમારો કરજો; પીહારથી તેડવા આવે તો, પંચાળમાં પરવરજો. ॥ ૮ ॥ વીદુરકાકા તાત ઠેકાણે, છો તમે અમારે શીશ; કુન્તા સુભદ્રા દ્રૂપતીને,રાખો તમો હરનીશ.॥૯॥અભીમન્યું પણ તમને સોંપ્યો,વીદુર વદ્યા વચન; બેટા એમની ચીંતા ન ધરશો. કહીને ભર્યા લોચન. ॥૧૦॥ એટલે દ્રૂપતી ધર્મને કહે છે, ઓરે મ્હારા નાથ; પતી વીના રતી ન રહુ અળગી, હું તો આવું તમ સાથ. ॥ ૧૧ ॥ જ્યાં તમે ત્યાં હું આવવાની, કાયાને છાયા વળગી, તે રીતે તારૂણી તમારી, ઘડી ન થાવું અળગી. ॥ ૧૨ ॥ ધર્મ કહે તું સાંભળ નારી, કરમાઇ જાશે મુખ; ટાઢ તડકા વરસાદ વરસે, વેઠવાનું વન દુખ, ॥૧૩॥ ભરાશે જટીયાં જાળામાં, ઉષ્ણ રૂતુ બળે ચરણ, મળે નહી હોઢવા પેહેરવાનું, સુઇ રેહેવાનું ધરણ, ॥ ૧૪ ॥ માટે માનુની મુમત મુકી, હલ ત્મારી થાઓ ડાહ્યાં; વન આવીને દગ્ધ કરશો, તમારિ કોમળ કાયા. ॥ ૧૫ ॥ વન વિશે ભય પશુ પક્ષીનો, વળી રાક્ષસ લોક; સપનમાં પણ સુખ ન મળે, અતી ઉપાધિયે શોક. ॥ ૧૬ ॥ દ્રૂપતી કહે તમે કષ્ટ પામો, તો મારે શાનું સુખ; તમ સાથે વેઠવું છે મ્હારે, વન વગડાનું દુખ. ॥ ૧૭ ॥ ધર્મ કહે ત્હારે ખુશી ત્હારી, પેહેરી લે વન કુળ; તવ ખાદીના વસ્ત્ર પેહેર્યાં, ઊતારી મુકયાં મુળ. ॥ ૧૮ ॥ પાંચ પતીને છડી સતી, નીકળ્યાં સભાની બ્હાર; ધર્મે મ્હોટા ભાઈ જાણી, કર્યો દુષ્ટને નમસ્કાર. ॥૧૯॥ એટલે બોલ્યો દુષ્ટ બુદ્ધા, ઓરે કુન્તી કુંમાર; રાજ્ય સભામાં મુકી જાવો, તમારાં હથીઆર. ॥ ૨૦ ॥ એટલે સભામા સતીયા બોલ્યા, ભીસ્મ પીતાને દ્રોણ; વીપ્રનું જનોઇ ખડગ ક્ષત્રાના,મુકાવનારૂ કોણ. ॥૨૧॥ તવ પાપી કહે જાવો રસ્તે, પાપીને મન નહી શોક;પાન્ડવ પુંઠે રડતું ચાલ્યું;આખા નગરનું લોક, ॥૨૨॥ સર્વે પ્રાણીને એમજ આવ્યું,જાયછે સતી તંન;તો આપણે જાવું એમની પુંઠે, વાસો વસીશું વન. ॥ ૨૩ ॥ એમ ધારિ પુંઠે ચાલ્યા, કરતાં આંસુ પાત;દ્રોણ કૃપાચાર વીદુર ભીશ્મ, કુન્તાજી ત્રધ માત. ॥ ૨૪ ॥ વળી અભીમન્યુને સુભદ્રા, સરવે રડતાં જાય; દુરિયોધનને ગાળો દેછે, નગ્ર તણી પરજાય. ॥ ૨૫ ॥ અનેકની આંતરડી કકળે, નીસાસા નાંખે અપાર; ધરમરાજા આનંદમાં છે, નહી દિલગીર લગાર. ॥ ૨૬ ॥ દરવા

જે આવી ધરમ ઉભા, ભીડ થઈ છે અથોક; તેમને કહયું યુધીષ્ટરે, પાછા વળો સહુ લોક. ॥ ૨૭ ॥ હાથ જોડીને રઈયત સરવે, એમ બોલી વચન; બળ્યું દુષ્ટના રાજ્યમાં રેહેવું; અમો આવીશું વન. ॥ ૨૮ ॥ ધરમે સહુ જનને સમજાવ્યા, પાછા વળો હરિજન; જેવું જેવું જે કરશે તે ભોગવશે, કરજો હરિ ભજન. ॥ ૨૯ ॥ રડશો નહિને કળકળશો નહિ, સપુત જન સહુ સારા; રજા આપીને વળો પાછા, સહુને સોગન મ્હારા. ॥૩૦॥ એટલે સરવે આંસુ લુછયાં, પડયા ધરમને ચરણ; દ્રુપતિ સતીને પાય લાગ્યા, રૂએ અષ્ટાદસ વરણ. ॥ ૩૧ ॥ કુન્તાજીયે પાંચે પુત્રો, ચાંપ્યા રૂદીયા સાથ; છયે જણાં વૃદ્ધ માતાને નમીયાં, માતાયે મુકયો હાથ. ॥ ૩૨ ॥ દુખીયા દિકરા સુખીયા થાજો, સ્હાય પ્રભુની લેજો; અમારી ચીંતા ધરશો ન મનનાં, ભગવતનું નામ દેજો. ॥ ૩૩ ॥ અભીમન્યુ અરજુનને વળગ્યો, વહેલા આવજો તાત; અમ માટે ઉદાશ ન રેહેશો, જાળવજો તમ જાત. ॥ ૩૪ ॥ અરજુને ચુંબન કરીને, મુસ્તક મુકયો હાથ;બેટા દાદાની શેવા કરજો, ખુશી રેહેજો મન સાથ. ॥ ૩૫ ॥ એમ કહિ અળગો કરીને, નીકળ્યા નગ્રની બ્હાર; સભા પરવ ત્યાં પુરણ હવું, સાંભળ રાજ કુંવર. ॥ ૩૬ ॥ જનમેજે બ્રહ્મ ભોજન કીધાં,દીધાં વીધીસર દાન, ઉપવીત વીપ્રને દાન કન્યાનાં, બ્રહ્મ પુરિયો નીધાન. ॥ ૩૭ ॥ ગૌદાન આપ્યાં પાતક કાપ્યાં, ઉપજે અતી હેત; શામ પડદા શામ ગાયો, શાખ તલ થયા સ્વેત. ॥ ૩૮ ॥ પ્રત્યક્ષ પરમાણ દીઠું રાયે, આનંદ મન ઉભરાય; પાછો આસન વાળી બેઠો, સાંભળવાને કથાય. ॥ ૩૯ ॥ વળણ. ॥ કથા સાંભળવા કારણે બેઠો ધરા મન કોડ; વલ્લભ વદે શ્રોતા સહુ, બોલો જેજે શ્રી રણછોડ. ॥

રણછોડ રાયકી જે છે. ॥

સભા પર્વ સમાપ્ત.

વન પર્વ.

---×o×---

કડવું ૩૧ રાગ ધન્યાશરી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય, વીસ્તારી તુજને સંભળાવું,વન્ન પરવ મહીમાય, ॥૧॥ પાંચ ભાઇને છઠ્ઠી દ્રૂપતી, નીકળ્યાં નગ્રની બ્હાર;રહીઅત સઘળી પુંઠે આવી,વન જાવા તૈઆર. ॥૨॥ ધર્મ કહે સહુ કેમ આવોછો, ઓરે હેતેશ્રી જન; સર્વે પ્રાણિ કહે તમારિ સાથ, અમે આવીશું વન. ॥ ૩ ॥ નગ્રમાં અમારે નથી રેહવું, એમ વદ્યા સહુ વાણ; ધર્મ કહે પાછા ન વળોતો, સર્વ ને મ્હારિ આણ. ॥ ૪ ॥ એટલે સહુ પ્રાણી ખમચાયા, કુન્તા ભીસ્મ વીદુર; દ્રોણ ક્રપાચાર સરવે અચકયા, દગ્ધ થયેલાં ઉર. ॥૫॥ સુભદ્રા ઉભી ટળવળે. અતી કરે ઉચાટ; અભીમન્યુ બાળક ન્હાનો. રડે હૈયાફાટ. ॥ ૬ ॥ અરેરે પીતા કયારે મળશો, કાયા થર થર કાંપે;અરજુનને પણ આંસુ છુટે,રૂદીયા સરસો ચાંપે ॥ ૭ ॥ ધર્મે સૌને શીખામણ દીધી, સમજાવી પાછા વાળ્યા; પછી પંથ ઝાલ્યો વન કેરો, ધર્મ ભાન્ડુને ભાળ્યા. ॥ ૮ ॥ ચારે ભાઇને પાંચમી નારી, કરે અતી રૂદન; ધરમ કહે તમારે, જાવો ફાવેતે વન ॥૯॥ અમે અમારે ફાવે ત્યાં જાશું તમે નહી મુજ કને; આનંદ મ્હારે કલેશ તમારે, માટે ભેગું નહિ બને. ॥૧૦॥ તવ પાંચે જણ રડતા રહ્યા બોલ્યાં જોડીને હાથ;હવે કલેશ કરિશું નહિ,આવીશું તમ સાથઃ ॥૧૧॥ એમ કાહને કેડે ચાલ્યા; તપી ગયેલી ધર્ણ; અગ્ના જેવી ઉકળે રેણું;તેમાં બળે છે ચર્ણ, ॥ ૧૨ ॥ લેવાયલાછો બહુ પડે પાછા, છાંયો દેખી જાય દોડી; ચામડું દાઝી ફોલ્લા ઉઠે, ન મળે પગમાં જોડી. ॥ ૧૩ ॥ ઝાડગટામાં પેસવા જાયે; વસ્ત્ર કાંટામાં શરાયઃ કોમળ કામની દ્રૂપતીનાં,જટીયાં જાળે ભરાય. ॥ ૧૪ ॥ કદી ન દીઠેલું દીઠામાં આવ્યું,રડું રડું મન થાય;પણ મનમાં મુજવાઇ રહે છ, ઉઘાડું નવ્ય રડાય. ॥૧૫॥ સુખે દુખે જેમ જેમ ચાલ્યાં, રાત્રી પડે ત્યારહ્યાં; જાતાં જાતાં થોડે દહાડે, દ્રૂમ તણે મઠ ગયાં. ॥૧૬॥ જઇ રૂશીને ચરણે લાગ્યાં,સુભ સતીના તન; દેદાર દેખી દ્રૂમ રૂશીને,આંસુ વહ્યાં લોચન. ॥૧૭॥ ઓરે દીકરા દુખીયા કયાંથી,કચરે ભરેલા કેશ; વસ્ત્ર આભુષણ કયાં ઉતાર્યાં,કયાં થયા દુરબળ વેશ. ॥ ૧૮ ॥ ભીમશેન કહે ઓરે માહારાજા, કૌરવે કપટ કીધું; બાજી રમાડી દુરીયોધને, ઘર ગામને રાજ્ય લીધું, ॥ ૧૯ ॥ વનકુળ પેહેરાવી

વનમાં કહાડયા, આવ્યા તમારે શરણ;ક્રૂમ કહે કૌરવ કુળ કેરૂ, થાજો થોડે દન મરણ ॥૨૦॥ ધર્મ કહે આ શું બોલોછો, સાંભળો માહારી વાત; સબળો નબળો અમે તેવો, તોપણ મ્હારો ભ્રાત. ॥૨૧॥ એ ભાઇએ નથી કર્યું ખોટું, હું તો થયો પરસન; વન આજ કાહાડયા હોત નહીતો કયાંથાત તમ દરસન. ॥૨૨॥ ઉપાદીથી અળગા કીધા,ઠીક થયું છેકામ સુખમાં સાંભરે સુંદરિ સોનું, દુખમાં સાંભરે રામ. ॥૨૩॥ રૂશી બોલ્યા ઠીક રહ્યું તે,અર્થ તું સવળો લેછે;પણ પાપીનાં કૃત્ય જોઈ,મુજ આત્મા ગાળ દેછે.॥૨૪॥ ગુણ કેડે અવગુણ કરેતે, સો પાપીની પ્રીત; અવગુણ કેડે ગુણ કરેતે, સો રૂડાની રીત. ॥ ૨૫ ॥ એમ કહી પાન્ડવને રાખ્યા, પોતાના મઠ માંય;વનફળલાવી આર કરેછે,વિપ્રનું કાંઇ ન ખાય.॥૨૬॥ ખાયછે મેવા કરેછે શેવા,બ્રાહ્મણની હરનીશ;સત્ય સમાગમ ચાલે નીત્યે રીઝેછે જુગદીસ. ૨૭॥ એ રાતે ખટ માસ રહ્યા ત્યાં, પછી માગી વીદાય;નિરમળ મનથી ખરા તનથી, અડસટ તિરથ જાય ॥ ૨૮ ॥ તીરથે તીરથે સ્નાન કરેછે,ધરેછે હરિ ધ્યાન;નીશકપટી પણે યાત્રા કરતા; ગ્રહણ કરે મુળ જ્ઞાન. ॥૨૯॥છે વન પર્વમાં વિશેશ વાતો, બહુ લાંબો વીસ્તાર; પણ સમજાવ્વું શ્રોતાજનને, ટુંકામાં કહ્યો સાર.॥૩૦॥ શ્રોતાજનને, સમ જવાનો, ટુંકામાં છે સાર; નિતી અનિતિ શીળતા, અશીળતા, તે કરવા નો વિચાર. ॥ ૩૧ ॥ સર્વે ગયું પણ મનમાં ન આણ્યું, છે કોનું ને કયાં જાય;નથી જતું કાંઈ જગતમાંથી,આધું પાછું થાય, ॥૩૨॥ જેને મળ્યું તે જાણે આવ્યું,ખસ્યું તે જાણે ગયું; આવ્યું તેણે સાથે ન લીધું,ત્યાંનું ત્યાં પડી રહ્યું.॥ ૩૩ ॥ ગયું તેણે ન્હોતું જોડે આણેલું, મીથ્યા છે વિશ્વ વ્હેવાર; જીવતાં સુધિ મ્હારૂ તારૂ, મીથ્યા એ અહંકાર.॥ ૩૪ ॥ એવું શમજી ધરમ રાજા, ધરતા નથી મન શોક;તે રિતે સમજવું સારૂ, સરવે શ્રોતા લોક. ॥ ૫॥ દુખ પડે દલમાં નવ દાજે, સુખ થયે નહી રાજી; નથી આપવું નથી લેવું, ફોગટ સંસાર બાજી ॥ ૩૫ ॥ ધર્મના રિતે જે જન સમજે, તેને નહિ કદિ દુઃખ;વાદીગરનો ખેલ સમજે, તે જનને સદા સુખ. ॥૩૭॥ એટલું તત્વ લેવું શ્રોતાયે, બીજો ન લેવો સાર; પાંચ પ્રકારે ભારથ કથા, તેનો કયાં આવે પાર. ॥૩૮॥ પાન્ડવે સહુ તીરથ કીધાં, ગઉતમ ને મઠ ગયા; રૂશીયે જોઈ પોંચો કરડયો, કેમ તમે આમ થયા.॥૩૯॥ભીમશેન બોલ્યો એરે માહારાજા, કૌરવ થયા રાજી; કપટ કરિ ઘર ગામ લીધું; રમાડયા દગલબાજી. ॥૪૦॥ ગૌતમ બોલ્યા હશે બેટા, તમારૂં સારૂં થાશે; થોડે દહાડે કૌરવ કેરૂં, સૌ સત્યાનાશ જા

શે. ॥૪૧॥ ધરમે ભીમને બહુ ધીક્કાર્યો, છે તુજ પેટમાં પાપ; જ્યાં ને ત્યાં તું આગળ બોલી,દેવરાવે છે શ્રાપ. ॥૪૨॥ ગમે તેવા તોહે આપણા ભાઈ,તેની તું કરે ભવાઈ;ભીમ કહે હશે તેવા ગણાશે,તેમાં સી છે નવાઈ. ॥૪૩॥ ગૌતમને મઠ પાન્ડવ રહ્યા, શેવા કરી છ માસ; ત્યાંથી આગ્ના લેઈને ગયા, અગસ્તને અવાસ. ॥ ૪૪ ॥ ત્યા પણ રૂશી એવું બોલ્યા, તમારૂં સારૂ થાજો; દુષ્ટ બુદ્ધિ દુરીયોધન કેરૂં મુળ સમુળું જાજો. ॥ ૪૫ ॥ ધર્મરાજાએ સ્તુતી કીધી, આશું કર્યું મા બાપ; ગમે તેવો પણ બંધવ મ્હારો, તેને દિધો તમે શ્રાપ. ॥ ૪૬ ॥ અમારૂ એણે નથી કર્યું ભુંડું,જંગાળ છીનવી લીધી;વન કાહાડયામાં અડસટ તિર્થો,ફરીને યાત્રા કીધી. ॥૪૭॥ તમ સરીખાનાં દરશન થયાં, તે એનો પ્રતાપ; તેવા મ્હારા સપુત બંધુ, તેને ન ઘટે શ્રાપ. ॥ ૪૮ ॥ સાંભળી અગસ્ત એવું બોલ્યા, રાપુત સવળુ માને; પણ એ પાપીનાં પાપ ઘણાં છે, મેં બહુ સાંભળ્યું કાને. ॥ ૪૯ ॥ પછી પાંન્ડવ ત્યા રહ્યા છે, બરોબર છ માસ; તે પછી રૂશીની આગના માગી, રૂશી થયા ઉદાશ. ॥૫૦॥ તમ વિના અમને નહી ગમે,કયાં તમે તતપર થાવો; જો તમારે જવું હોયે તો,ઈંદ્રને માહાદેવ જાવો. ॥ ૫૧ ॥ ત્યાં શીવરાત્રાનો છે મેળો, દરસને પરસન થાશો; પણ કદી કોઇ વગડે જાશો, રણભોમીમાં શું ખાશો. ॥૫૨॥ તે તમારી પીડા કાપુ, આપુ મંત્રજ એક; સુર્યનું અખેપાત્ર મળશે,નીવ્રત થાશો છેક. ॥ ૫૩ ॥ એમ કહીને દ્રુપતીને, એકાન્તમાં બોલાવી; સુર્ય તણો ત્યાં મંત્ર દીધો, રૂશીને દયા આવી. ॥ ૫૪ ॥ મંત્ર જપીને માગી લેજે, દીનમણીની કને, અક્ષેપાત્ર આપશ પણ, બધો આવકાર તન. ॥ ૫૫ ॥ તારે હાથે તું જે ધારે, ત અન પદા થાય; તારા જમ્યા પછી કાંઈ ન નીકળે,તવ પ્રેમદા પડી પાય. ॥ ૫૬॥ માહારાજા કદી ચાર દાહાડા, રજસ્વાળા હોઉ જયારે;મુજ વિના અન ન નીપજે તો, શું ભુખ્યા રહેવું તે વારે. ॥૫૭॥ એવું સાભળી અગસ્ત બોલ્યા, તમ તણું દુઃખ જાશે; ચાર દહાડા અરજુન હાથે, સાંમગ્રા ઉત્પન્ન થાશે. ॥૫૮॥ એવું સાંભળી આનંદ પામી, પતીની પાસે જાય; પછી રૂશીની આગ્ના લેઇ, ત્યાંથી થયાં વિદાય. ॥ ૫૯ ॥ દુરિયોધન દાસ મુકેલા, તે ફરે વિપ્રને વેશ; પાન્ડવનિ નીત્ય ખબર રાખે, દુષ્ટન કહે હંમેશ. ॥ ૬૦ ॥ પાન્ડવ ગયા યાત્રા વિશે,ઈંદ્ર તણે માહાદેવ; શીવાલયથી છેટે જઇને, ઝુંપડી બાંધી એવ. ॥ ૬૧ ॥ વળણ. ॥ ઝુંપડી બાંધીને રહ્યા, યાત્રાની છે વાર; વદે વલ્લભ ત્યાં દુષ્ટને, પોહોચ્યા સમાચાર. ॥

———+*+———

કડવું ૨ રાગ ચોપાઇનો

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; ગયા દુષ્ટને સૌ સમાચાર, આવ્યા યાત્રામાં કુન્તી કુંવાર. ॥૧॥ સાથે આવી છે દ્રૂપતી નારી, સુણી ચમકયો વડો વિભીચારી. ॥૨॥ બોલ્યો મામા પ્રત્યે દુરમતી, મામા આવિ છે દ્રૂપતી;માહારે કરમે ભુલવણી કીધી. હાથ આવેલી મુકી દિધી. ॥ ૩ ॥ ખોઈ નાંખ્યું રમકડું રૂપાળું. હવે સંભારીને જીવ બાળું;તમે તો મુને અપાવી હતી, પણ ફરી ગઇ મુજ મતી.॥૪॥ હવે ફાંફાં મારૂં છું મથી, ઘડીવાર વિસરતી નથી, એનું બોલવું કાલું કાલું, મને ઘણું લાગે છે વહાલું. ॥ ૫ ॥ એતો માનુની મ્રગીયા નેણી, જેના સ્વરૂપમાં નહી કેહેણી, મને રૂંવે રૂંવે તે સાલે, એના વિના મહારે નાહિ ચાલે. ॥ ૬ ॥ રૂપાળી વીના કેમ રેહેવાય, મારૂં કાળજડું ખશી જાય; પેહેલો ભુલ્યો હવે કષ્ટ કાપો, મને જો રૂપાળી લાવી આપો. ॥ ૭ ॥ તવ શકુનિ વધ્યો વચન, ધર ધીરજ દુરીયોધન; એતો વનવગડે કુટાઇ, હવે પુર્ણ હશે ધરાઇ. ॥ ૮ ॥ ભુખ દુઃખ વેઠયુ હશે ઘણું ધ્યાન ધરતિ હશે તુજ તણું; બહુ પસ્તાતી હશે મન, મેં કયાં મુકયો દુરીયોધન. ॥૯॥ એતો યાત્રામા આવિ છે નારી, માટે આપણે કરો તૈયારી;ચાલો ઈંદ્રને માહાદેવ જૈયે, એનો મનસુબો બધો લૈયે.॥૧૦॥ મુજને તો લાગે છે એમ, થયો હશે તારા પર પ્રેમ;તને દેખીને હરખાશે રાણી, જેવું તરશાને મળે પાણી. ॥ ૧૧ ॥ તને દેખીને પડશે વળગી, તરછોડે નહી થાય અળગી; બળતી હશે હૈયામાં હોળી, દેખીને ભોળવાશે ભોળી. ॥ ૧૨ ॥ સુખ મુકીને દુખ કોણ વેઠે, નહિ થાય તુજથી જરા છેટે; સુણી હસીયો દુરિયોધન, મારૂં કરતિ હશે ભજન. ॥ ૧૩ ॥ ચાલો મામા કરો તૈયારી, ટળવળતી હશે બીચારી; બધું સેન્ય ન લેશો સાર. જોદ્ધા રાખજો દશ હજાર. ॥૧૪॥ કાલે સવારે ત્યાર થાવું, જોજો રૂપાળો બનીને આવું;હોડી લેઇશ પામરી પટ્ટ, મને દેખતામાં થાય લટ્ટ. ॥૧૫॥ આવ્યા યાત્રાના લગભગ દન, ગયા મહાદેવ બહુ શુભજન; નીરમળ મતીના પ્રેમ ભરીયા, કૈક તંબુ તાણી ઉતરીયા. ॥ ૧૬ ॥ લોક ભરાયું જાત્રાવાશી; શીવ ઇંદ્રતણા અવીનાશી; ઘણા આવ્યા છે શ્રદ્ધાળુ પ્રાણી, યાત્રા દસ દન પેહેલી ભરાણી. ॥ ૧૭ ॥ એવે દુરીયોધન જે રાય, વ્હાણું વાતામાં તતપર થાય;લીધા હાથી ઘોડા સુખપાલ, છડી ચમ્મર છતરી મશાલ. ॥ ૧૮ ॥ ચાલ્યા સો ભાઈ છકા-

રભારી,વાજતે ગાજતે અહંકારી;એવે સ્વર્ગ વિસે સુરપતી; રબાઈંદ્રને આતુર અતી. ॥ ૧૯ ॥ એણે વીચાર કીધો મન, મ્હારે મ્હાદેવ યાત્રાનો દન; રખે આવ્યું હશે નીચ કોય, ચોર ઠગારા દુરગુણી હોય. ॥ ૨૦ ॥ હોય હંકારી કે વીભીચારી, બધી જાત્રા વગોવે મ્હારી; એવું જાણીને કીધો વીવેક, એણે બોલાવ્યો ગાંધર્વ એક. ॥ ૨૧ ॥ તેને આગના જાવાને દીધી, એક સાંગ્યજ હાથમાં દીધી;કહ્યું જા જાત્રાને ઠામ. જઈ ત્યાં કરજે વીસરામ. ॥૨૨॥ રેહેજે ઓટલે આસન કરી, રાખજે ચોકી ત્યાં ખરી; ચોર ધુતારો ડાંડીયો કોય, વીભીચારી આવેલો હોય. ॥ ૨૩ ॥ કરજે તેવાપર ત્રાસ,લાવજે બાંધીને મુજ પાસ;એમ કહી કર્યો વીદાય, આવ્યો ઈંદ્ર ને મહાદેવ ત્યાંય. ॥ ૨૪ ॥ નાંખ્યા દેહેરાને ઓટલે ધામા, વશ રાખવા પુરૂશ વામા, એવે આવીયો છત્રપતી, એનિ શોભામાં ખાંમી ન થી. ॥૨૫॥ એતો અતી અભીમાન ભરીયો,ડેહેરા તંબુતાણી ઉતરીયો; એવે થયો પાછલો પોહોર, બોલ્યો દુરીયોધન તે ઠોર. ॥ ૨૬ ॥ મામા ક્યા રેહેછે રૂપાળી,એનું સ્થળ જોઇયે નીહાળી,ચાલો હું તમને દુસ્યાસન, ચોથો આવે કરણ રાજન. ॥ ૨૭ ॥ કહીને થયા ઘોડે સ્વાર, નીકળ્યા કુમતી જન ચાર;હવા ખાવાની મશેનીકળીયા,વસ્યા પાન્ડવતેણી પા પળીયા. ॥ ૨૮ ॥ દીઠી ઝુંપડી સૌ દુરમતી, બેઠી બારણાના દ્રૂપતી; કરી બેઠી છે લાંબા ચરણ, ત્યાં તો આવ્યા ત્રીદુષ્ટને કરણ. ॥૨૯॥ ઉરખ્યો અતી અંધ કુંવર, થઇ હરખ ચમક અપાર, દોડાવ્યો ઘોડાદુષ્ટે ઘણું,નંખાવ્યો દ્રૂપતીપર ચર્ણ. ॥૩૦॥ તેવી ઉઠી મુખ મરોડી, કંથ કને ગઇ કરજોડી;પાંચ પતી બેઠાજે માંય, આવી ચરણ બતાવ્યો ત્યાંય. ॥ ૧૩ ॥ જુઓ દુષ્ટ દુર્યોધન આવ્યો, એણે અશ્વનો પગ નંખાવ્યો; બોલ્યા ધરમ રાજા વાણી, કેમ ત્યાં તું બેઠીતી રાણી. ॥ ૩૨ ॥ લાંબા ચરણ બેસે જે નારી, તેતો પાપ તણી અધીકારી; બેસેજે નારી તુજ રીતે, તેને તારી પેડે સદા વિતે. ॥ ૩૩ ॥ આજથી એવો માહારો શ્રાપ, કર્યો દ્રૂપતીએ વિલાપ;એતો દુષ્ટ જનો શું કરે,ઝુંપડીની આગળ ફરે. ॥૩૪॥ નથી મદના ભરેલા થોડા;કુદાવે જુંપડી પર ઘોડા;તવ બોલ્યો વાયુનો તન,તમે જુઓ ધરમ રાજન. ॥૩૫॥ કરે જુંપડી પાડવા જેવું, કોહોતોઉઠાને માર દેવું;બોલ્યા ધરમ રાજા વાણ,કરે એવું તો કાઢું પ્રાણ. ॥૩૬॥ એની ધરણ ધારે તે કરે,એનું મન માને ત્યાં ફરે;રેહેવાદેછે આપણુનેસાર, એટલો માનવો ઉપકાર. ॥ ૩૭ ॥ સરવે ભાઇ રહ્યા સુણી, કેવું કપટ કરેછે શકુની; એતો અશ્વ ખેલાવતો ફરતો. જુંપડીમાં ડોકાં કરતો. ॥૩૮॥

એવે સાંજ પડી જે વાર, બોલ્યો દુરાયોધન તે વાર;ચાલો મામા મુકામે જૈયે,આતો નીસ્ફળ ફેરા ખૈયે. ॥૩૯॥ મામો કહે કયાં છે તને ભાન, મ્હારેને એને થૈગઈ સાન; મેં તો સાન કરી સમજાવી, તેથી એણે સાન બતાવિ. ॥૪૦॥ સાનમાં મને બતાવ્યું એમ, ધણો છત્રપતિ પર પ્રેમ, કહ્યું જે કે હું મ્હારિ જાતે,ડેરા તંબુએ આવિશ રાતે.॥૪૧॥ તેથી આવશે તારિ કને,એનો પુર્ણ ભરોંસો મને;બોલ્યો દુરિયોધન ભાગ્ય ભળશે, આજ રમકડું મને મળશે. ॥૪૨॥ મામા ખાવો સોગન મ્હારા, બોલ્યો મામો લે સોગન તારા;થયો દુરિયોધન બહુ રાજી. આજ ખેલીશું રંગ બાજી. ॥૪૩॥ એમ કરતાં તંબુએ આવ્યા, દુરિયોધને દાસ બોલાવ્યા; આજ આનંદનો દન જાણો, જુદો જરિનો તંબુ તાણો. ॥ ૪૪ ॥ મ્હારા ડેરા તંબુનિ માંઇ,કરો ખરેખરિ રોસનાઇ;હાંડી તકતાને જુંમ્મર બાંધો, કોઇ વાતમાં ન રહે વાંધો. ॥ ૪૫ ॥ મુકો મેવા મીકાઇને પાણી, થાય ખુશી દ્રુપતી રાણી;એમ કહીને તંબુ તણાવ્યો, એટલે મામાએ ભણાવ્યો ॥૪૬॥ જો જે ઉંઘતો લગાર વાર, જશે આવેલી પાછી નાર; પછી કાઢીશ નહી મુજ વાંક, એતો બીકણ બીચારિ રાંક, ॥ ૪૭ ॥ બોલ્યો હશીને દુરિયોધન,મામા નહી મીચું લોચન;એને માટે તો આટલો મથુ મ્હારૂ રમકડું રહે જતું. ॥૪૮॥ વળણ. ॥ રમકડું જતું રહે, નહી મીચું લોચન વલ્લભ વદે કામી થયો, અંધ તણો એ તંન. ॥

કડવું ૩ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય;વિસ્તારિ તુજનેસંભળાવું,વન પરવ મહીમાય ॥૧॥ડેહેરા તંબુ ત્યાર કરાવ્યો, હરખમાં અતી પેઠો;તંબુની બારણે ખુરશી નાંખી,આશા ભરેલો બેઠો.॥૨॥સર્વનેત્યાંથી કાઢી મુકયા,પોતે જાગ્રણ કરતો;બેઠો બેઠો દ્રુપતિનું ધ્યાનજ મનમાં ધરતો. ॥૩॥ પાન્ડવને ઉંઘવા દેઇને, આવશે હમણાં નારિ; ભાગ્ય ભળશે વીયોગ ટળશે, મળશે પ્રાણની પ્યારી. ॥ ૪ ॥ કોમળ કામા મુજ સુખ ધામા, વામા જોઇએ તેવી; વિચારમાં પોહોર રાત્રી વિતિ, ત્રણ પોહોર રૂજની લેવી. ॥ ૫ ॥ હજી ન આવિ હજી ન આવિ, મન ગમતી એ નાર; હજી ન આવિ હજી ન આવી, કોટની કાવળ હાર. ॥ ૬ ॥ કેમ ન આવિ કેમ ન આવિ, વચનની નથી જુઠી; આવતી હશે આવતી

હશે, જુએછે ઉઠી ઉઠી. ॥૭॥ કાંઇ ન દેખે નાંખે નિશાસો, વળી તંબુ માં પેસે; આવતી હશે આવતી હશે, કહી ખુરશીમાં બેસે .॥૮॥ વન વગડામાં તંબુ તાણેલો, વાના સપાટા ચાલે;તેને લીધે જરીઆન કેરો, તંબુ ફર ફર હાલે, ॥૯॥ એટલે ઉઠયો છે ઝબકીને, ઓ આવી ઓ આ-વી; તંબુની આસપાસ ફરીને જુએ દ્રષ્ટિ દોડાવી. ॥૧૦॥ કાંઇ ન દેખે નાંખે નિસાસો, વિચાર ઉંડા ચાલે;વાયુ વાહ્યાથી વ્રક્ષ કેરાં,ડાળાં ડાળી હાલે. ॥ ૧૧ ॥ તેનો દેખાવ પરછાયો કે, ઉભો થઇને નાશે; મનનો ધર્મ છે જેવું મનમાં, તેવું તેને ભાસે. ॥૧૨॥ એમ ભાસે કે અબળા આવિ, ઝડપ ઝાલવા જાય; જૈ જુએ તો પરચાયો દીશે, એટલે નીરાસ થાય. ॥ ૧૩ ॥અરેરે હજી કેમ ન આવી, શું થયું હશે વિઘન; પાછો વાયુથી તંબુ ખખડે, દોડે દુરીયોધન. ॥ ૧૪ ॥ આવેલાં છે આવેલાં છે. એવું મનમાં ધારે; મારી મશકરી કરવા માટે, સંતાઇ દોડાવી મારે. ॥૧૫॥ ઓ પ્રાણ પ્યારી ઓ પ્રાણ પ્યારી, શીદ દોડાવી મારો એમ કહીને સો ધવા લાગે, વાગે વ્રણો ભણકારો. ॥ ૧૬ ॥ છેવટ થાકીને પાછો બેસે, ચીત થયું છે હરાયું; આખી રાતઉજાગરો કીધો, એવે વ્હાણું વ્હાયું. ॥ ૨૭ ॥ વીહીલે મોંઢે ગયો મામા પાસે, માર્યો જાગ્રણ કરાવી; નેત્ર જરાયે મીચ્યું ન્હોતું, પણ પ્રમદા નવ આવી. ॥ ૧૮ ॥ મામો કહે એ કે મ થયું, મળવા માટે જાવું; એમ કહીને ઘોડે બેઠો, ખબર લૈને આવું. ॥ ૧૯ ॥ એમ કહિ ચાલ્યો હવા ખાવા, બહુ પરપંચી કાહાવ્યો; ચાર ઘડી વગડામાં ફરી, ડેહેરા તંબુએ આવ્યો. ॥ ૨૦ ॥ દુરીયોધન કહે કે મ મામા, શું લાવ્યા સમાચાર;મામો કહે દીશાયે ગઇતી,એકાંત મળી નાર. ॥૨૧॥ મેં એને બહુ ઠપકો દીધો, કહ્યું તે કેવો ધાર્યો; મ્હારો કો-મળ ભાણેજ તેને, ઉજાગરે કેમ માર્યો. ॥૨૨॥તવ તે તારૂણી રડી પડી, કેહેવા લાગી એમ;ભીમશેન જાગતો રહ્યો હતો,એટલે આવું કેમ ॥૨૩॥ છત્રતીને એવું કહેજો, મુજ કાજ જાગ્યા આપ; રંકના ઉપર રીશ ન ધરશો, ગુનો કરજો માફ. ॥ ૨૪ ॥ રીસાશો નહિ રાંકડી સાથે, કહી વહી આંસુ ધારા; દુરીયોધન કહે એવુંજ કહ્યું, ખાવો સોગન મ્હારા. ॥ ૨૫ ॥ મામો કહે શોગન તારા, વળી મને વાળ્યો વાતે; કહ્યું છે કે અવાસે તો, આવીશ હું આજ રાતે. ॥ ૨૬ ॥ રાત્રીએ અવાય નહી તો, ધિરજ ધરજો ઉર, દાવ જોઇને થોડે દહાડે, આવીશ હસ્તીનાપુર ॥ ૨૭ ॥ તવ દુર્યોધન રાજી થયો, ધિરજ વાળી મન; મામો જેવો ભાણેજ તેવો લેબુદ્ધિ રાજન. ॥૨૮ ॥ તે દન રાતે જાગ્રણ કીધું, પણ

ન આવ્યું કોય; એવામાં રાત્રી વીતીને, જાત્રાનો દીવશ હોય. ॥ ૨૯ ॥
દુર્યોધન કહે ઓરે મામા,ચાલો માહાદેવ જૈયે; વાજતે ગાજતેપેહેરી
હોદ્દાને, હાથીપરસ્વાર થૈયે. ॥ ૩૦ ॥ પેહેરી હોદ્દાને બનુ રૂપાળો, મોહ
પામે કરૂપતી; તે વિના રૂપાળા થવાનું, બીજું કારણ નથી. ॥ ૩૧ ॥
એમ કહીને સ્વારી ચડાવી, વાજતે ચાલ્યો; દરશન કરવા જતા
કામીનો, જીવ રહે નહી ઝાલ્યો. ॥૩૨॥ રૂપાળા બની રૂપ દરશાવે, તે
થી સમજવો કામી; તીર્થે જઈ કરે ચાળા ચટકા, એ કુમતી હરામી
॥૩૩ ॥અવર ક્ષેત્રે પાપ કરે તો, તીરથ ક્ષેત્રે છુટાય; તીરથક્ષેત્રે પાપ કરે
તે વજ્ર સરખું થાય. ॥ ૩૪ ॥ સામાનું મન ચળાવવાને, પેહેરે રૂડા
પોશાક, નહીતો કારણ નહી પહેરવાનું. કયાં બોલવાનો લાગ. ॥ ૩૫ ॥
કેક કહેશે દેવ રીઝવવા પોશાક સારા ધરીયે; પણ દેવને રીઝવવા હોય
તો તીલક છાપા કરીયે. ॥ ૩૬ ॥માળાઓ ઝાલી બેરખા ઘાલી, ભજન
કરતાં ફરીયે; શેમાં લખ્યું છે કે પોશાક પહેરો,કયાં કહ્યું છે શ્રી હરિયે
॥ ૩૭ ॥ માટે શ્રોતાજને શીખ લેવિ, ભજન મંડળ કરવું; પણ અ-
વર મંડળી નવ કરવી, ભકતનું સ્વરૂપ ધરવું. ॥૩૮ ॥ બીજું સ્વરૂપ
ધારણ કરે, તે નર્કના અધીકારિ; મોઢે ન કહે પણ રહે મનમાં મોહ પા-
મે નારી. ॥ ૩૯ ॥ મેલો ઘેલો કેમ વેશ ન ધરે; શાને કરે ચતુરાઈ;
મોઢે કહે દેવ રીઝવું છું, પણ મનમાં લુચ્ચાઈ. ॥ ૪૦ ॥ અન્ય જગોનું
પાતક છુટે, પણ તીરથે પાપ થાય;કો કાળે છુટવા નવ પામે, વેદપુરાણે
ગાય. ॥ ૪૧ ॥ તીરથ યાત્રાયે જઈને, વિપ્રછે દે દાસપણું; ને પ્રાણીને
પાતક ચોટે, બીજા સતઘણું. ॥ ૪૨ ॥ સુક્રીત સઘળું ધોવાઈ જાશે,
કોપે પુન્ય સ્લોક;કોટાણકોટી દાન કરે પણ,યાત્રા બને બધી ફોક.॥૪૩॥
દુરિયોધન કુબુદ્ધિ પ્રાણી, બાનું દરશણ કરવા; દેવના ઉપર શ્રદ્ધા ન-
નથી. ચાલ્યો પાપે પેટ ભરવા. ॥ ૪૪ ॥ અભીમાની હાથીપર બેશી;
ચોદશ જોતો જાય; ગાંધર્વે જાણ્યું કુબુદ્ધિનો, આવેછે કોક રાય. ॥૪૫॥
એનો અભીમાન ઉતારી નાંખું, એમ કર્યો મનસુબો; સાંગ્ય ગ્રહીને
દુરીયોધનનો મારગ ઘેરી ઉભો. ॥૪૬॥ પાપીના છડીદાર બોલ્યા, કોણ-
ઉભો દુરમતિ; મારગ મુકી અળગોજા હું,આવે છે છત્રપતી. ॥૪૭॥ તો
પણ ગાંધર્વ અળગો ન ખસે, પાછો વળ્યો છડીદાર; હાથીપર દુરીયો
ધન બેઠો, તેને કહ્યા સમાચાર. ॥ ૪૮ ॥ વવણ ॥ સમાચાર જૈને કહ્યા
રોકયો આપણો પંથ વલ્લભ વદે છત્રપતી, ક્રોધે ભર્યો અત્યંત. ॥

કડવું ૪ રાગ સાખીની ચાલ.

વૈશમ પાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું વન પરવ મહિમાય. ॥ ૧ ॥ ક્રોધ ભર્યો દુરીયોધન બોલ્યો, એ કોણ છે રોકનારો; જાવો છડીદાર એને ઝાલી, બાંધિને માર મારો. ॥ ૨ ॥ એવી આગના દુષ્ટે દિધી; ગાંન્ધર્વે સાભળ્યું કાન; એટલે અતી ક્રોધે ભરાયો, માહા બળીયો મરતાન. ॥ ૩ ॥ આવ્યો એ પાપી એમ રીસ વ્યાપી,કોપ ઘણેરો ચડીયો; છલંગ મારી ઉછળીને, જૈ હાથીપર પડીયો. ॥ ૪ ॥ શકુનીને નીચે નાંખ્યો, પાપીને બંધન કીધો; લાંબે દોરડે પોતાના એક, ચરણે ટાંગી દીધો. ॥૫॥ એવું કરીને સ્વર્ગે ચાલ્યો રાય પોકારે બાપ; નીચે લબડતા ભાઈ ચાલ્યા,જેમ સમળી તળે સાપ ॥૬॥ આ જાય ઓ જાય સરવે કરતા,ત્યાંકોનો ઉપાય;એવામાં ભીમ ઝુંપડી પાસે,બ્હાર બેઠો છે ત્યાંય.॥૭॥ એટલે દુષ્ટનેલૈ જતાં જોયો,હરખ્યો અપરમપાર; અરજુનજીને સાન કરીને; ભીમે બોલાવ્યો બ્હાર. ॥ ૮ ॥ અરજુન આવ્યો ભીમે બતાવ્યો, જો ભાઇ જાય છે પાપ; અરજુને જોયું ભીમને કહ્યું, બોલીશ નહી તું આપ; ॥ ૯ ॥ ધરમરાજા ચેતી જાશે તે તો છોડાવિ દેશે; ધર્મે જોયું ઝુંપડીમાંથી, ચેત્યા વાતને વેશે. ॥૧૦॥ ઉંચું જુએછે વાતો કરેછે,હશીને અરજુનભેમ; કહો ના કહો પણ કૈતક કાંઇ,પુરણ પડીયો વેમ. ॥ ૧૧ ॥ ધરમરાજા બહાર આવ્યા, પોતે જોયું ગગન;ગાંન્ધર્વ ચરણે બાંધેલો દિઠો, પોતાનો દુરીયોધન. ॥ ૧૨ ॥ અરજના કરી પોતે બોલ્યા, મનમાં કરી પરીતાપ; ગાંન્ધર્વ એટલેથી ઉંચો ચડેતો, બ્રહ્મહત્યાનું પાપ ॥૧૩॥ એટલેથી ગાંન્ધર્વ અચકી ઉભો, ભીમશેન બોલ્યો વાણ; એટલેથી નિચે આવેતો, ઇંદ્રરાજાની આણ. ॥ ૧૪ ॥ ધરમને તવ ક્રોધ ચડીયો, અવળું બોલ્યો કેમ; ભીમ કહે સવળુ કેહેતામાં બોલાઇ ગયું એમ ॥ ૧૫ ॥ ધરમ કહે સૌ સમજુછું તુ બોલ્યો વૈર ભાવે; પણ દુરીયોધન છુટે નહીતો, કરૂં ગમે તેમ ફાવે. ॥ ૧૬ ॥ તે માટે મુજ ભાઇને ઉતારો,અરજુનજી કરો કાજ; ભોમીથી ગાંધ્રર્વ પગ સુધી, બાંધો બાણની પાજ. ॥ ૧૭ ॥ અરજુનજી કહે વિરા મ્હારા, વન દુખમાં પડયો દુલી; બાણ વિદ્યા જાણતો હતો પણ હાલ ગયોછુ. ભુલી. ॥ ૧૮ ॥ ધરમ કહે જો ભીમ વિરા, પાખંડનું પરમાણુ છોડાવો નહીં તો દંતમાં જીભ્યા દાબીને કાઢીશ પ્રાણ. ॥૧૯॥ નહીં તો અરજુનને સમજાવી, પાજ તમે બંધાવો, ભીમ કહે ભુલ્યા હોતે ભૈ

ગમે ત્યાં જે ભણીઆવો. ॥૨૦॥ ધરમ કહે ભણવા જાયે, તે જઈ આ-
વે કયારે; ભીમ કહે મહીને છ મહિને, ભુલેલું આવડે ત્યારે. ॥ ૨૧ ॥
ધરમ કહે છ માસ સુધી, દુરીયોધન રહે કયાંય;ભીમ કહે તેતોશું કરી
યે, રેહેશે ત્યાંનો ત્યાંય. ॥ ૨૨ ॥ ધરમ કહે તું પડપંચી, સમજી ગયો
સૌ તેહ; પરમેશ્વરના સોગન મુજને,તજીશ મારો દેહ. ॥ ૨૩ ॥ તવ ભી-
મે અરજુનને કહ્યું,પઢયો પ્રતીજ્ઞાનો વાંધો;અમારાથી ઉતપાત થશે,પા-
જ હવે તો બાંધો. ॥૨૪॥ તવ અરજુને ધનુશ ચઢાવ્યું, મુમત મન-
નો હણીયો;બાણ લેઇને પાજ બાંધવા, અગણી તો મંત્ર ભણીયો ॥૨૫॥
ધરમ કહે ધારણ ખમો;બાંધવી પાજ નિરાળી; ભોમીપરથી સાફ કરીને
બેઠા આસનવાળી, ॥ ૨૬ ॥ નીકુળજીને આગના કીધી, મુજને સારૂ
લાગે, હું પડશે મ્હોટા ભાઈ તેને, કાંકરો કુકરી વાગે. ॥ ૨૭ ॥ માટે મ્હા-
રી આશપાશ વાળો,તો સાબાશી દેવું; કોમળ ભાઇને કાંઇ ન વાગે,ઉ
છંગ ઝીલી લેવું ॥ ૨૮ ॥ એમ કહીને ભોમી વળાવી, કહ્યું નરને બાણ
સાંધો; મુજ ઉછંગમાં પડે એવી, રીતીથી પાજ બાંધો. ॥ ૨૯ ॥ અર-
જુને તવ બાણ મુકયું, વીદ્યાવંત છે આધી; ભોમીથી કે ગાંધ્રર્વ કેરા
પગલગી પાજ બાંધી. ॥ ૩૦ ॥ એ ઢાળ પડતી પાજ બાંધાણી, બોલી
યા ધરમરાય; મુજબંધુને મુકો ગબડતો, વીઘન જરા નવ થાય ॥૩૧॥
કાંઇ ન વાગે અંગે ન લાગે,મુકો એ રીતે આપ;જે ગાંન્ધર્વ નહી માનો
તો,દેઇશ તમને સ્રાપ. ॥ ૩૨ ॥ તવ ગાંન્ધર્વે સ્રાપના ભયથી, છોડયો
તેણીવાર; કામી પાધરો રેહેજે કહિને, ચોઢયા તમાચા ચાર. ॥ ૩૩ ॥
પાજ ઉપર પછી આડો સુવાડયો;એટલે એ ગરબડીયો; ધરમરાયનાઉ-
છંગ વિશે, આવી કુબુદ્ધા પડીયો. ॥ ૩૪ ॥ ધરમે ખંમ્મા ખંમ્મા કહ્યું,
તવ અવગુણી ઉઠયો, મનમાં ઘણો લજવાણો એ, ઉછંગમાંથી ઉઠયો.
॥ ૩૫ ॥ ઉઠીને અવગુણી બોલ્યો, તમે કર્યું આ કામ; જાણોછો કે રાજ
આપે, પણ દેવાનો ડામ. ॥૩૬॥ ભીમ કહે સાંભળો મોટા ભાઇ, સર-
પાવ આપ્યો સારો; ધરમ કહે હતો તો કહ્યું, કોણ છે બીજો કહેનારો
॥ ૩૭ ॥ એમ કહીને ત્યાંથી નાઠો, કૌરવ દળમાં ગયો; આવો આવો
સહુ કરવા લાગ્યા,આતે શો ગજબ થયો ॥૩૮॥ કરણ કહે વીરા મ્હારા
એક મ્હારૂં વેણ થાપો, પાન્ડવને લ્યો નગ્ન વિશે થોડું ઘણું રાજ્ય આ
પો. ॥ ૩૯ ॥ આ વેળા એમણે ઉગાર્યો, જાણી પોતાનો ભ્રાત, તે ગુણનો
કાંઇ બદલો વાળો,તો આપણે માંથે જાત. ॥ ૪૦ ॥ ·રિયોધન કહે સાં-
ભળો મામા, કરણે બતાવ્યું કામ, મામો કહે બુદ્ધા ·ન એછે, શું રા-

જ્યનો દે ડામ. ॥૪૧॥ છત્રપતી કહે શાબાશ મામા, આપણો એક વિચાર; મહાદેવનાં દરશન નથી કરવાં, પાછા વળો આ વાર. ॥ ૪૨ ॥ શાના એ મહાદેવ વિઘન કીધું, એમ ધર્યો મન રોશ; પોતાનો અવગુણ દુષ્ટ ન કાહાડે, દેવને મુકે દોશ. ॥૪૩॥ કાળે મોઢે કૌરવ લોકો, ગયા પોતાને ઘેર; બીજા આવેલા લોકોયે, યાત્રા કરી સુખ ભેર. ॥ ૪૪ ॥ પાંચે દાહાડે મેળો વેરાણો, રહ્યું નહી જન કોય; કપટી કીંકર કૌરવ કેરા આવતા જતા હોય. ॥૪૫॥ એવામાં બોલ્યા ધરમરાજા, કયાં લગી હાંઈ રહિયે, વસ્તીની ઉપાદી મુકી ચાલો વનમાં જઇએ. ॥૪૬॥ એમ કહિ ત્યાંથી નીકળ્યા, કુન્તા કેરા તન; ઉપાદિથી રહિત થાવા, ગયા કામીક વન. ॥૪૭॥ ત્યાં જઇને ઝુંપડીયો બે બાંધિ, પાસે નદી કિનારો; સંસારના વ્યવહાર પ્રમાણે, દ્રુપતિનો કર્યો વારો. ॥૪૮॥ પ્રથમ ધર્મની શેવામાં આવિ, એક ઝુંપડીમાં રહે છે; ચાર ભાઇ બીજી ઝુંપડીમાં, એરીત વાસ વસે છે. ॥૪૯॥ એ વનમાં અછત ફળની, ક્ષુધા રહે નીત્ય લાગી, દ્રુપતી સુર્યનો મંત્ર જપીને, અક્ષયપાત્ર લ્યો માગી. ॥૫૦॥ એવિ થઇ આગના ધરમની, નારી જપી રવી જાપ; મંત્રને આધિન દેવતા તે આવી આપી ગયા આપ. ॥૫૧॥દ્રૂપતી કહે અન ઉપજાવું, બોલીયા ધરમ રાય; પેહેલું પ્રગટાવી વિપ્ર જમાડો, તે પછી અન્ન ખવાય. ॥૫૨॥ એવામાં ઈશ્વર ઇચ્છાયે, આવ્યા વાડવ તન; મારગે જાતાં બોલાવી લાવી, કરાવિયું ભોજન. ॥ ૫૪ ॥ વિપ્રો જમીને વીદાય થયા; પછી બોલી શુભ સતિ; કહો તે ભોજન પ્રકટ કરૂં, આગના આપો પતી ॥૫૪॥ ધરમ કહે પ્રગટ કરો, જેમ સરવે થાયે રાજી, મ્હારે માટે રોટલો ને, તાંજરજાની ભાજી. ॥૫૫॥ તવ ભાઇયોયે વિચાર કીધો, જે માગ્યું ધરમ રાય; તે આપણે પણ ખાવું ઘટે, બીજું નવ્ય ખવાય. ॥ ૫૬ ॥ એમ ધારિ સરવે એજ માગ્યુ, ધરમ ખુશી થાય; ઇચ્છા કરી નારિયે કર ઢાંકયો, પ્રગટયું પાત્રની માંય. ॥૫૭॥ પ્રેમે પોતાના પતિને પીરશ્યું, એમ જમે નિત્ય અન; છાના શેવક ખબર કાહાવે, જાણ્યું દુરીયોધન ॥૫૮॥ દુષ્ટે કહ્યું ઓ મામા મ્હારા, પ્રેમદાપર રહ્યો પ્રેમ; તમ કહેતાતા કે આવસે હાઇ હજી ન આવી કેમ. ॥૫૯॥ મામો કહે જાત્રામાં તુને; ગાંધ્રવે ગાંડું કરીયું; તે જોઇને મન દ્રૂપતિનું, તુજપરથી ઉતરીયું. ॥૬૦॥ છત્રપતી કહે વાત સાચી, પણ કાંઇ ખેલ ઉઠાવો; ગમે તેમ કરિને મામા, રૂપાળી ઘેર લાવો. ॥ ૬૧ ॥ મામો કહે કે કામીક વનમાં, કામીક નામે અસુર; તે ન્હાનપણાનો મીત્ર મ્હારો, તેડાવું હસ્તીનાપુર. ॥૬૨॥ એની

પાસે હર્ણી કરાવી;મંગાવું દ્રૂપતી, માયાવી જબ્બરો છે જોદ્ધો,તે લાવશે મુજ વતી. ॥૬૩॥ વળણુ. ॥ મુજ વતી તે લાવશે, અબળા તારે ઘેર; પાંચે કુન્તી સુતને, મારિ નાંખશે ઠેર. ॥ ૬૪ ॥

કડવું ૫ રાગ ચોપાઈનો.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરિક્ષત કેરા તન; વાત સાંભળી હરખ્યો રાય, મામા ઝટ કરો ઉપાય. ॥ ૧ ॥ મામે પત્ર લખ્યો તે વાર. દાસ સાથે મોકલીયો સાર; થોડે દહાડે તે વન પળીયો, એવે રખડતો કામીક મળીયો ॥૨॥ તેને પત્ર આપ્યો જે વાર, વાંચીને નિકળ્યો તે વાર; એતો હસ્તીનાપુર આવ્યો, એને શકુનીયે બોલાવ્યો ॥૩॥ ગયો દુરીયોધન કને લેઇ, લે આવ્યો મ્હારો સ્નેહી; દેખી ઉઠયો દુરીયોધન,દીધું પોતાની પાસે આસન ॥૪॥ મુજ મામાના મીત્ર છો તમે માટે મામા માનિશું અમે; બોલ્યો કામીક મુખથી એજ, હુંતો મામોને તું ભાણેજ. ॥૫॥ તવ છત્રપતી બોલ્યા સામા. તમે સહુ કહેવાના મામા; મને મીથ્યા ભાણેજ ભાંખો, સાચા હોતો શત્રુ શીદ રાખો.॥૫॥ મુજ સતરૂ વશ્યા તમ વન; મ્હારા કાકા તણા પાંચ તન; બોલ્યો દુષ્ટ સુણો છત્રપતિ, તેની મુજને ખબર નથી ॥૭॥ હવે જાણ્યું તો તતપર થાવું, તારા શત્રુઓને ગળી જાવું; બોલ્યો દુરિયોધન તે વાર, પાંચપુરૂશને એક નાર. ॥૮॥ જઇ પાંચને ગળી જાવો, જોડે રૂપાળી છે તેને લાવો; ત્યારે જાણિશ મામા સાચા, નહીતો ત્યાં સુધિ કાચા. ॥૯॥ સુણી કામીક ઉઠયો સાર, આવ્યો પોતાના વનમાં તે વાર; લાગ્યો સોધવાને દુષ્ટ જન, પાંન્ડવોયે કર્યું છે સદ્દન ॥૧૦॥ થયેલો છે મધ્યાન કાળ, આવ્યો જુંપડીયે વિકાળ; બોલ્યો ગરજના કરીને પાપી;કોણ વશ્યું કોણે જગો આપી. ॥ ૧૧ ॥ સુણી જાગી ઉઠયા પાંચ વીર; આવ્યા બારણે ગુણ ગંભીર; આવી જોવાને દ્રૂપતિ નાર,દેખી દ્રૂજી અપરમપાર.॥૧૨॥ એવે બોલીયો બળીયો ભેમ, અલ્યા કોણ તું આવ્યો કેમ;બધિ ધરણના અમે ધણી,કેમ આવ્યો તું અમારા ભણી. ॥ ૧૨ ॥ સુણી કામીક વદ્યો વચન, તમે સાંભળો મુરખ જન;હું તો ચોકી કરૂં આ વનની,બધરતી છે દુરીયોધનની. ॥૧૩॥ એતો થાય છે ભાણેજ મ્હારો, તેનો શત્રુ તું કોણ રેહેનારો; તારિ જોડે આ નારી આવી,મ્હારા ભાણેજે તે

મંગાવિ. ॥ ૧૪ ॥ ભીમ બોલ્યો સુણો ધર્મ રાય; માગી દુરિયોધને ક-
ન્યાય; તમારા ભાઈનું કષ્ટ કાપો, મંગાવિ દ્રૂપતી તે આપો. ॥ ૧૫ ॥
બોલ્યા ધરમરાય મુખ એમ; સદા દુરિજન તે કરૂ કેમ; પછી બોલ્યો
વ્રકોદર વાત, બાલો કેમ કરિશું ભ્રાત. ॥ ૧૬ ॥ તવ નીકુળજી એમ બો
લે; મારે મન દુષ્ટ તરણા તોલે; પેહેલી કરૂં એનાથી લડાઈ,હારૂં તો ત-
મે કરજો ચડાઈ, ॥૧૭॥ એમ કહી લીધાં હથીઆર, થયો કામીક સા-
મો તૈઆર; ઉભો સુક્ષમ રૂપે અસુર, થયા યુધકરવાને આતુર. ॥ ૧૮ ॥
એવે નીકુળે ફેંકયાં બાણ,દહીત ગળી ગયો પરમાણ;ત્યારે મારીયાં બા
ણ અનેક દહીત ગળી ગયો એક એક. ॥૧૯॥ પછી નીકુળને ક્રોધ ચ-
ડીયો, દોટ મુકી કોટે બ્હાજી પડીયો;તવ કામીકે કેવું કરાયું,એણે મા-
યાવી સ્વરૂપ ધરીયું. ॥ ૨૦ ॥ થયો લાંબો એ બતરીસ તાડ,ત્રણ તાડનાં
પોહોળાં હાડ;એણે પોહોળુ સ્વરૂપ કર્યું એવું,એનું મુખ દરવાજા જેવું
॥ ૨૧ ॥ એનાં નાક મોહોટાં ધંડાળાં, દીશે કદરૂપ મ્હા ભયવાળાં; તેણે
નીકુળજીને ઝાલ્યો, મરડી મસળી મુખમાં ઘાલ્યો. ॥૨૨॥ દાબ્યો ઘોઘ-
ળામાં તેવો પેઠો,જઇ નીકુળ પેટમાં બેઠો;એવે શેદેવ કોપે ચડીયા,જાણી
જોઇનેબ્હાજી પડીયા.॥૨૩॥ તેવો દહીતે ગળ્યો પોહોળે મોહોડે,તેતો જૈ
બેઠો નીકુળ જોડે;તવ ઉભો થયો અરજુન, એને કોપ ચડીયો ધુન ધુન
॥ ૨૪ ॥ રાગ ઝડપનો દોહરો. ॥ અગણીતા મંત્રથી બાણ મુકયાં, ઘણા
ક કીધી વૃષ્ટી;જેટલાં આવ્યાં તેટલા ગળીયાં,અસુરને નહી કષ્ટ. ॥૨૫॥
પછી દહીતે દોટ મુકીને,અરજુનજીને ગળીયો; શેદેવ નીકુળ બેઠા ઉ-
દરમાં,તેને જઇને મળીયો. ॥ ૨૬ ॥ છેવટ ઉઠયો સુત વાયુનો, બાજ્યો
બહુ બળ કરી; કાળ રૂપે ભીમને ઝાલ્યો, ઉતપાત કીધો અરી. ॥ ૨૭ ॥
વ્રકોદરનું કાંઈ ન ચાલ્યું, ચરણમાંથી ઝાલ્યો; લાંબે હાથે મોઢું ફાડીને
અસુરે ઘોચી ઘાલ્યો. ॥ ૨૮ ॥ પોળ સરીખું ગળું પોહળું, ભીમ ગયો
ઉદરમાં;ચારે બંધુ ભેળા થયા, જાણે બીરાજ્યા ઘરમાં. ॥ ૨૯ ॥ પછી
જઈ ઝાલ્યા ધરમને,દ્રૂજી ગઈ દ્રૂપતી;અસુરે યુધિષ્ટર ગળીયા,આકળો
થયો છે અતી ॥૩૦॥ ભીમ કહે પધારો ભાઇ, ઘર જાણી હે રહીશું; ધ-
રમ કહે ત્રણ પોહોર પછી, સરવે મરા જઇશું. ॥ ૩૧ ॥ એના શરીરનું
ઝેર ચઢશે,ન ચઢેતો પણ ખોટું; આ મળ મુત્રમાં પડી રેહેવું,તેથી શું
દુખ મ્હોટું. ॥૩૨॥સર્વે મળી પ્રભુને પોકારો, તે નાંખસે ભીડ ભાગી;
તવ પાચે આરાધન કીધું, ખરે ખરી લેહ લાગી, બારણે દ્રૂપતી ઉભી
ઉભી; ધ્યાન પ્રભુનું ધરતી; હૈયું ફાટે અતી ઉચ્ચાટે, એવું આંક્રંદ

કરતી. ॥ ૩૪ ॥ વળણુ. ॥ કરે આક્રંદ અતી ઘણું, રડતી રૂદીયા ફાટ; વલ્લભ વદે વન વીશે, ભય ભર્યો દહીતનો ઘાટ.

કડવું ૬ નાટકીનો અઘોર વનમાં હું પ્રભુ એ રાગ.

ઉભી ઉભી અબળા રડે, મ્હારી કોણજ લે સંભાળ. ॥ ટેક. ॥ વનીતા વીકટ વન વિશે, ગભરૈછું ગોપાળ; ડુબુછુ દારૂણ દૂખમાં હું, દહીત દેખી વીકરાળ, ઉભી. ॥ ૧ ॥ પાપી પતીને ગળી ગયો, શું થયું દીન દયાળ;એકલડીની શી ગતી; ખોયા સાસુડીના બાળ. ઉભી. ॥૨॥ ચીર સભામાં પુરીયાં,ન થયો વાંકો વાળ;આ વેળા જો લજ્યા જશ તો કરીશ મ્હારો કાળ. ઉભી. ॥ ૩ ॥ ભજન તારૂં છુટી પડયું, જ્યાને ત્યાં જંજાળ; ઠરી ઠેકાણે બેઠાં નહી તે, તુજ માંથે પશ્ચાળ, ઉભી. ॥ ૪ ॥ કલેવર અસુરનું કારમું, જોઇ પડા છે ફાળ; અરેરે કહી બેશી ગઈ એણે કર મેલ્યો કપાળ. ઉભી. ॥ ૫ ॥ વળણુ. ॥ કર કપાળે મુકીયો, રડતી અપરમપાર; વદે વલ્લભ તવ આવિયા, પોતે જુગદાધાર. ॥

કડવું ૭ રાગ પંજાબી સોરઠો.

વૈશમપાયે એણીપેરે ભાખ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, વન પરવ મહિમાય.॥૧॥દ્રૂપતીયે ધ્યાન ધર્યું હરીનું,આવ્યા જુગદાધાર;અસુર સામા યુધ્ધે ઉભા, શ્રી કૃષ્ણ દેવ મોરાર. ॥ ૨ ॥ તેવો અસુરે કોપ કીધો,જુગજીવનને ઝાલ્યા,હાથ પગને અંગ ભેગુ કરીને,કષ્ણને મુખમાં ઘાલ્યા.॥૩॥ જાણી જોઇ પ્રભુ ઉતર્યો ઉદરમાં;દીઠા પાન્ડવ બળીયા;ધર્મ કહે તમે કયાંથી આવ્યા,ઓ સુંદર સામળીયા.॥૪॥રૂધીર માંઉિશને મળમુત્રથી,નીકળોને બ્હાર કાડો;આ દુખ હવે નથી વેઠાતુંના રવરતી પમાડો. ॥૫॥ પ્રભુને પાપી ગળી ગયો કે,દ્રૂપતી મુરછામા પડી તે સરવેની પીડા જાણીને, કૃષ્ણ કોપ્યા તે ઘડી ॥૬॥ અંતરયામી આકળા થયા,વિશ્વ તણા જે ભુપ; પાપીના પેટ વીશે પ્રભુયે,ધરીયું, વૈરાટ રૂપ. ॥ ૭ ॥ હાથમાં હાથને ચર્ણમાં ચર્ણા, ચાલ્યા શ્રી જુગધીસ; પોળા ન થયા ભક્ત જાળવવા,ઘાલ્યું શીશમાં શીશ. ॥૮ ॥એ રીતે આપ ઉંચા વધી, લાંબા થતા જાય; તવ આંખ્યો તરી કામીક કેરી,દુષ્ટ લાંબો

ખેંચાય. ॥ ૯ ॥ તાળવું ફાટયું પ્રાણ નીકળીયો, પાન્ડવ નીકળ્યા બ્હાર; ભકત ઉગારી અંતરધ્યાન થયા, પોતે જુગદાર. ॥ ૧૦ ॥ તે પછી સ્વરૂપ નહાનું થયું, અસુર કેરૂં સાર; દ્રૂપતી ધરમે બેઠી કીધી શું કર્યું વાયુ કુવાર, ॥ ૧૧ ॥ પાપીનો પગ ગ્રહી મડદુ ઉછાળ્યું, અસુર આકાશે ચડીયો; બેહુ બળમાં બળીઆયે ફેંકયો તે, હસ્તીનાપુર પડાયો. ॥ ૧૨ ॥ તે વાત જાણી દુરીયોધને, થઈ ગયો નીરાશ;રૂપાળી નથી મળવાની, છુટી પડી મુજ આશ. ॥ ૧૩ ॥ પાન્ડવ કામીક વનમાં રહ્યા, નીરભયપણે પોતે; કામીક કેરો નાશ થયો, ગયો ભય હતો તે. ॥ ૧૪ ॥ અક્ષેપાત્રથી અન ઉપજાવે.જમે રમે કાહાડે દન;દુરીયોધને તે વાત જાણી, સુખે રહ્યા સતી તન. ॥ ૧૫ ॥ એવે હસ્તીનાપુર વીશે; દુરવાસા રૂશી આવ્યા; પોતાની સંગે પાંચ શહસ્ત્ર વીધ્રારથીને લાવ્યા. ॥ ૧૬ ॥ દુરવાસાના મંત્રે થયેલા,પાન્ડવ કૌરવ સર્વે;તેથી દુરિયોધન સામો ગયો, તે વેળા તજી ગર્વ. ॥૧૭॥ પધારો પીતાજી પધારો પીતાજી, કહી તેડી લાવ્યો ઘેર; દુરવાસા કહે પાંન્ડવ કયાં છે, તે કહે મુજન પેર. ॥ ૧૮ ॥ દુષ્ટ કહે કહુંશુ પીતાજી,પેહેલું કરો ભોજન;એમ કહી વીપ્રોને જમાડયા પછી બોલ્યો વચન. ॥૧૯॥ અમે ને પાન્ડવ બાજી રમીયા, સરત કરી સજસાજ; તેતો રમતાં પાન્ડવ હાર્યા, મુકી દીધું બધું રાજ. ॥૨૦॥ મેં કહ્યું કે રાજ્ય લ્યો તમારૂં,ન માન્યું કુન્તી તન;કહ્યુ વચન ભ્રષ્ટ ન થૈવે,એમ કરી ગયા વન. ॥ ૨૧ ॥ પાપીયે જાણ્યું દુરવાસાને, પ્રપંચે મોકલું આપ, ત્યાં જઇ ખાવા પામે નહી તો,ભુખ્યા રહી દે શ્રાપ. ॥ ૨૨ ॥ મંધયાનકાળે પાન્ડવ જમે,પછી જમે દ્રુપતી;પ્રેમદાના જમી રહ્યા પછી, અન ઉપજતું નથી. ॥ ૨૩ ॥ એટલે જમાડશે કયાંથી લાવી, ભુખે થશે પરીતાપ; કળકળશે વીપરોની આંતરડાં, એટલે દેશે શ્રાપ. ॥ ૨૪ ॥ એવું વીચારા દુષ્ટ બોલ્યો, પાન્ડવ કાહાવે સંદેસા;દુરવાસા આવે તો મોકલજો,કાહાવે છે હમેશા. ॥ ૨૫ ॥ માટે તમે જાવો કામીક વનમાં, જૈને ભગા થાજો; પણ મધયાનથવા દેઇને, પછી ઝુંપડીયે જાજો. ॥ ૨૬ ॥ દુરવાસા કહે વારૂ બેટા,કહિ થયા વીદાય;વીધ્રારથી લેઇને સંચરીયા, કામીક વનની માંય. ॥૨૭॥ મધયાનકાળ થઇ જવા દીધો, તવ ઝુંપડાયે જાય;પાન્ડવ જમીને સુઇ રહ્યા છે, દ્રુપતી ચાંપે પાય. ॥૨૮॥ ઉલટ લાવ્યા વીપરો આવ્યા, મળવાના મનસુબા; ઝુંપડીયે આવી ભીક્ષાનદેહિ, કરિને આગળ ઉભા. ॥ ૨૯ ॥ દ્રુપતીયે શબ્દ સાંભળીયો, પડી પેટમાં કાળ; પોતે પોતાના પતી ઉઠાડયા, આવ્યા છે વીપ્રના બાળ. ॥ ૩૦ ॥

પાંચે ભાઇઓ દ્રૂજતા ઉઠયા,કયાંથી લાવીશું અન;ભુખ્યા બ્રાહ્મણે ભીક્ષા
માગી, શું દેઇશું ભોજન. ॥ ૩૧ ॥ હસ્તે મોઢે આવીને નમ્યા, આપ્યાં
દર્ભાસન; માંહોમાંહ કેહેવા લાગ્યા વીપરો, હવે તો માગો અન. ॥૩૨॥
તવ પાન્ડવો સમજી ગયા, બોલ્યો વાયુ સંતાન;મહારાજા હું રસોઇ ક-
રશુ, કરી આવો તમે સ્નાન. ॥૩૩॥ તવ બ્રાહ્મણો ન્હાવાને માટે, ચાલ્યા
ગંગાતીર;તે વેળા વીચાર કરવા, લાગ્યા પાચે વીર. ॥ ૩૪ ॥ ધર્મ કહે
દ્રુપતી જમી,અન ઉત્પન્ન નહિ થાય;આશા બંધ બ્રાહ્મણ આવ્યા, ની-
રમુખ કેમ રખાય. ॥ ૩૫ ॥ સ્નાન કરીને આવશે ત્યારે, શું દેઇશું ભો-
જન; શું મ્હો આપણુ બતાવીશું, શાંના સતીના તન. ॥ ૩૬ ॥ ભીમ
કહે કે સુણો વીરા, અન માગે તો શું કહિએ; માટે ઉઠો તેડી લેઉ તમને
હૈથી નાશી જઇએ, ॥૩૭॥ નહી દેખે એટલે જશે પાછા, ઓશીઆળા
નહી થાશો; ધર્મ કહે આશા દેઈ જઇએ, એતો પડે નીશાસો. ॥ ૩૮ ॥
નોહોતરૂં દેઇને નાશી જવું, તે કરતાં ભલુ મરવું; કાષ્ટ લાવીને ખડ-
કો ચીતા, મ્હારેતો એજ આદરવું. ॥૩૯॥ ચાર ભાઇને દ્રુપતી બોલ્યાં
વીપ્ર રહે વાંહિલે મોહોડે;માટે અમારે જીવવું નથી, મરશુ તમારી જો-
ડે. ॥ ૪૦ ॥ એવું કેહેતામાં ભીમશેન ઉઠયો, કાષ્ટ લાવી કરી ચીતા
અગ્ની મુકીને સળગાવી, ગાય પ્રભુની ગીતા. ॥ ૪૧ ॥ ચીતાની પરદ-
ક્ષણા ફરવા, લાગ્યા ધરમરાય;તેમની પુંઠે ભીમશેન અરજુન, શેદેવ ની
કુળ જાય. ॥ ૪૨ ॥ સર્વથી છેલ્લી દ્રુપતી છે; સમર્યા પુરૂશ પુરાણી, ભ-
ક્તને વશ છે ભુધરો તે, ભગવાને વાત જાણી. ॥૩૩॥ મેં ને પાન્ડવોએ
અવતાર ધરીયો,ભોમી તણા ભાર હરવા;તે કારજ કાંઇ કરયું નથીને
પાંડવ બેઠા મરવા. ॥ ૪૪ ॥ એ મરશે કે મરવું પડશે, મ્હારે એમની
સાથ; શેદેવ સાથે બંધાયોછું, વચનને હાથો હાથ. ॥૪૫॥ એમ જાણ્યું
પાવડીયે ન ચઢીયા,નચઢયા, ગરૂડે પોતે;અંતર ધયાન થઇને આવ્યા,
વનમાં જોતે જોતે. ॥૪૬॥ જાણે રખડતા ને રવડતા, અથડાતા કુટાતા;
ઝરડાંના ઉઝરડા થયા, ચરણે દેખાય જેમ લુટાતા ॥ ૪૭ ॥ એવે સ્વરૂપે
આવે છે પ્રભુ; પાંડવે દીઠા દ્રષ્ટ; ધર્મ કહે શ્રી કૃષ્ણ આવે છે,
એ મોટું થયું કષ્ટ. ॥૪૮॥ ચરચા જોઇ જઇને વાત કરશે, પાંડવ તો
નાશ હુઆ, બ્રાહ્મણને ખવરાવા ન મળીયું, ચીત્તા કરી બાળી મુઆ
॥૪૯॥ તથી ધરડાંની ઇજ્જત જાયે, ભીમ કહે હું નડું; તમે તમારે પ-
ડવા માંડો, હું કૃષ્ણને લેઇ પડું. ॥૫૦ ॥ તે પછી કોણ વારતા કહેશે,
એટલે બોલ્યા ધર્મ;અરે મુરખ આશું ધારયું,પુરણ પાપનું કર્મ. ॥૫૧॥

આપણે માટે બીજાને નડવું, એતો અતી અન્યાય; નિરાંતવા થઈ બેસો હેઠા, થનારૂં હોય તે થાય. ॥૫૨॥ વળણુ. ॥ એમ ધારી બેશી ગયા, સાંભળને તું રાય; વ્યાસ વલ્લભ વાણી વદે, કૃષ્ણુ કરે કરૂણાય.

કડવું ૮ રાગ સોભાગ્યનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાય; વીસ્તારિ તુજને સંભળાવું, અરણીક પર્વ મહિમાય. ॥૧॥ અંતરયામી ગરૂડાગામી આવ્યા કરી ઢીલું મુખ; દ્રુપતી પ્રત્યે કેહેવા લાગ્યા, ભગનિ લાગી છે ભુખ. ॥૨॥ ભુલો પડયો ને ભુખ લાગી છે, કાંઇક ખાવા લાવો; તવ મુખ મરડી દ્રુપતી બોલી, ભાઈ ભગનીને ખાવો. ॥ ૩ ॥ પ્રભુ કહે કેમ આમ બોલોછો, ક્ષુધાની પીડા કાપો; અક્ષેપાત્રમાં ઢાંકેલું હશે, તેમાંથી ખાવા આપો. ॥ ૪ ॥ દ્રુપતિ કહે જાણુતા હોતો, હાથે લેઇલો ગોવાળા; ભીમે મનમાં એમ વિચાર્યું. ઢાંકા મુકયા છે ઈટાળા. ॥૫॥ તવ ત્રીલોકનો નાથ પધાર્યો, પરણુ કુટીમાં પેઠા; અક્ષેપાત્ર ધોઇને ઢાંકેલું, તે લઈ જોવા બેઠા. ॥૬॥ તેમાં દિઠો તાજ રજાની ભાજી તણો એક તાર; શળી લેઇને ખોતર કાહાડયો, પોતે જુગદાધાર. ॥૭॥ તે તાર મુકયો હાથેળીમાં, તેના ભેગું જળ લીધું; ભકતની લજ્યા રાખવાને, કૃષ્ણુજીએ કેવું કીધું. ॥૮॥ જળમાં સ્થળમાં પણુ આકાશમાં, દેવને દાનવ જેહ; માનવ પશુ પક્ષી પતંગીયા; કીટ ત્રપત થાઓ તેહ. ॥ ૧૦ ॥ જેને જેવિ જમવાનિ ઇચ્છા, તેવી તેની પુર્ણુ થાજો; કલ્પના કોઇને જરા ન રહે ક્ષુધા સરવની જાજો. ॥૧૧॥ એમ કહીને આચ્નમન કીધું કૃષ્ણે કરી અતી દ્રષ્ટી; વીશ્વંભરે વિશ્વનાં, પેટ ભરીયાં ત્રપ્ત થઈ સહુ શ્રષ્ટિ ॥૧૨॥ બ્રાહ્મણુ માટે ભક્ત દુભાણા, ભક્ત માટે ભગવાન; ભીડ ભાગીને ભુધરોજી, થઇ ગયા અંતરધ્યાન. ॥ ૧૩ ॥ એવે પાન્ડવને ઓટકાર આવ્યો, જાણે ઉદર અતી ભરીયાં; ભીમ કહે કેમ મને આમ લાગે, મોદિક ભોજન જાણે કરીયાં. ॥ ૧૪ ॥ ધર્મ કહે કરી કૃષ્ણે કરૂણા, આવી થયા અંતરધ્યાન; વીશ્વંભરે વીશ્વનું પેટ ભરીયું, ભીડ ભાગી ભગવાન॥૧૫॥ જાવો જઈ વીપ્રોને તેડી આવો. ચીંતા ન ધરશો લગાર; તવ ભીમ ગયો ગંગાની તીરે, ચાલો માહારાજ થયું ત્યાર, ॥ ૧૬ ॥ એટલે માંહોમાંહી કહેવા લાગ્યા, ક્ષુધાજણાતિ નથી; કૈંક કહે જમ્યો કેળાંને પોળી, કૈંકહેમો

દીક અતી.॥૧૭॥ એમ સરવ બોલ્યા ભાવતાં ભોજન; કહ્યું દુરવાસાને મુખ; માહારાજા ભીમ તેડવા આવ્યો, પણ પેટમાં નથી ભુખ. ॥૧૮॥ તવ રૂશીયે મનમાં વીચાર્યું,સૌને ખાધાનો હતો પરેમ; હવે ક્ષુધા સહુની કયાં નાઠી, આમ બન્યુ આ કેમ. ॥ ૧૯ ॥ એવું સમજી માંડી સમાધી, તેમાં જાણી લીધી પેર; સમજી રહી બ્રાહ્મણોને લેઇ,ગયા પાન્ડવના ઘેર. ॥ ૨૦ ॥ આવ્યા રૂશી આસન બેઠા, હશીને વદ્યા વચન, એ ભીમ બેટા ભુખ લાગી છે, લાવો કરાવો ભોજન. ॥ ૨૧ ॥ ઉતાવળ તું અતી કરતોતો,હવે દે પીરસણું કાહાડી; તવ ભીમ કહે ઓરે પીતાજી, થૈ ગૈ કેવારની તાહાડી. ॥૨૨॥ બોલ્યા રૂશી થઇને ખુશી,અમે ગયાતા સરીતા, ત્યાં વાર લાગી તેથી થૈ ટાઢી, મરવાની સળગેલી ચીતા.॥૨૩॥ પણ પુત્ર પ્રભુ સાહાય છે તમને,તેણેર્થી કારજ સરીયું; વીશ્વંભરે આવીને વીશ્વનું, ભરણ પોશણ કરીયું. ॥ ૨૪ ॥ દુષ્ટ મતીના દુરીયોધને, પેટમાં રાખ્યું પાપ, મધ્યાન પછી મોકલ્યા અમને,તમને દેવરાવા શ્રાપ ॥૨૫॥ તમેને કૈરવ ઉત્પન થયા, મ્હારા મંત્રો પ્રતાપ; માટે એક રીતે તમે પુત્રો, એક રીતે હું બાપ. ॥૨૬॥ ધર્મ કહે સત્ય છે મ્હારાજા, તમ વડે છે અદાપી; દુરવાસા કહે મળ્યો જસ તમથી, પણ પેલા નીકળ્યા પાપી. ॥૨૭॥ પાપીએ પાપનું કર્મ કરીને, તમ સંગ કપટ કીધું; બાજી રમાડીને ઘરબાર રાજ્ય પાટ, સરવસ્ત લુટી લીધું. ॥ ૨૮ ॥ દ્રુપતી ઉપર કરી કુદ્રષ્ટી,ત્રણ ત્રણ ચાર ચાર વાર;આટલું કર્યું તોયે શ્રાપ દેવરાવા, મોકલ્યા અંધ કુંવાર. ॥૨૯॥ તેથી આસીરવાદ તમને અમારો,તમારા બહુ જય થાજો;દુષ્ટમતી દુરીયોધન કેરૂ,મુળ સમુળુ જાજો. ॥૩૦॥ તવ ભીમે કહ્યું તથા અસ્તુ; વચન ચઢાવ્યું માંથે; દુરવાસા કહે પ્રથમે કહ્યું છે, એ સહુ મરે તુજ હાથે. ॥ ૩૧ ॥ એટલે બોલ્યા ધરમરાજા, બાપજી વરતવું વટે;છોરૂ કછોરૂ થાય કદી પણ, માબાપને આ ન ઘટે. ॥૩૨॥ શ્રાપ દીધો તમે મુજ બંધુને; તે થાય છે પરીતાપ; તેનો અનુગ્રે કરો કૃપાળું, ઓરે મ્હારા મા બાપ. ॥ ૩૩ ॥ તમોને અમ પાસે મોકલીયા,તેનો કર્યો ઉપકાર; તમારાં દરશન અમે પામ્યા, તે માનીયે આભાર. ॥ ૩૪ ॥ રૂશી કહે ધન્ય ધરમ રાજા, ધન્ય ધરમ તારૂં નામ; અવગુણ બદલે ગુણ માને છે, તે તારૂ ઉત્તમ કામ.॥ ૩૫ ॥ ગુણ પછાડે અવગુણ કરેતે,સો પાપીની પ્રીત;અવગુણ પુઠે ગુણ માને તે, સો રૂડાની રિત. ॥ ૩૬ ॥ એમ કહી રહ્યા રૂશીજી, પાન્ડવ પર પ્રેમ વાધ્યો; વનમાંથી કાષ્ટ લાવીને ભીમે, રેહેવાને મઠ બાંધી આપ્યો. ॥ ૩૭ ॥ તે

દનથી દ્રૂપતીએ ધાર્યું;વીપ્રમાટે દેહે દમવું;એથી તું કોઇ આવિ ચડે માટે, સાંજ પડે નીત્ય જમવું. ॥ ૩૮ ॥ વિપ્ર રહ્યા ત્યાં આનંદ કરવા પાન્ડવો સુખ પમાડે; અક્ષેપાત્રથી અન ઉપજાવી, ઇચ્છા ભોજન જમાડે. ॥ ૩૯ ॥ કરે નીત્ય શેવા શ્રદ્ધાળુ એવા, શુભ સતીના તંન; પ્રષ્ણ પુછી જ્ઞાન ગ્રહણ કરે છે, આનંદમાં કાઢે દન. ॥૪૦॥ એમ રૂષીને રાખ્યા છ મહીના, પછી બોલ્યા રૂષી રાય; ઓરે દીકરા આગળ મળશું, હવેતો કરો વિદાય. ॥૪૧॥ છ મહીના તમે વિપરોને શેવ્યા,મનમાં થઇને મગ્ન; નીત્યાન કરાવ્યાં બ્રાહ્મણ ભોજન, તેતો થયો બ્રહ્મ યજ્ઞ. ॥ ૪૨ ॥ આશીશ અમારી જય છે તમારિ, કહીને માગી વીદાય; ઉદાસી થઇને વીદાય દીધી, રહ્યા પાંન્ડવ ત્યાંને ત્યાંય. ॥૪૩॥ તે વનમાં વારો ચાલે છે, દ્રૂપતી કેરો સાર;ઇશ્વર ઇચ્છાએ ધર્મ તણો ત્યાં,ગર્ભ રહ્યો તે વાર. ॥૪૪॥ એટલે વારા બંધ અવરના,નેક નીતી સુખ નેટ;એમ કરતાં દસ માસજ થયા, પુત્ર પ્રસવિયો પેટ. ॥ ૪૫ ॥ તે સુત સવા વર્ષનો થયો, તવ વારો શરૂ થાય; એવે ભીમ તણા વારાનો, પ્રગટયો પુત્ર પ્રજાય. ॥ ૪૬ ॥ એ રિતે પાંચેના વારામાં,પાંચ થયા છે તન; એવામાં એક દહાડો બોલ્યા, પોતે ધરમ રાજન. ॥ ૪૭ ॥ હવે આ વનમાં નથી ગમતું, ચાલો બીજે સ્થળે જૈયે; એટલે સરવે કબુલ કીધું, દ્વીવીત વન જઈ રહીએ ॥ ૪૮ ॥ એમ કહીને ત્યાંથી નીકળ્યા, કુન્તા સતીના તન; નદી કીનારે ડુંગરપર જઇ, વશીયા દ્વાવત વન. ॥૪૯॥ ડુંગર ઉપર વ્રક્ષ પીંપળાનું,ઝુંપડી બાંધિ તેની તળે;નીચે નીરમળ ગંગા વહે, સ્નાન કરે તેહ જળે. ॥ ૫૦ ॥ એ રીતે પાન્ડવો રહ્યા છે, સાભળને તું રાય; દ્રૂપતીને પાંચ પુત્ર થયા તે,દુષ્ટને ખબર થાય. ॥ ૫૧ ॥ વળણ. ॥ દુરીયોધને તે જાણીયું, થયો મન અતી ઉતપાત; વ્યાસ વલ્લભ વાણી વદે, કહી મામાને વાત. ॥ ૫૨ ॥

———×———

કડવું ૯ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણિપેરે બોલ્યા;સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, વન પરવ મહીમાય. ॥ ૧ ॥ દુરીયોધને કહ્યું મામાને, દ્રૂપતી થૈ વસ્તારી;પણ મુજ આશા પુરી ન પડી, દલડુ દુભાય ભારી.॥૨॥ ઓરે કરણ એને માટે,થશે મુજ જીવની હાણ;કર્ણે વીચાર્યું જ્યારે ત્યારે

એને સારૂ જશે પ્રાણ. ॥૩॥ એટલે બોલ્યો મામો શકુની, જો મુજ બુદ્ધી ચલાવું; ચાલો સભામાં યુક્તી કરીને, એજ રૂપાળી મંગાવું. ॥ ૪ ॥ એટલે ઉઠી ગયા સભામાં, મામાએ કેવું કીધું, બાસઠ પાનનું સુરવીર બીડું, સભામાં બનાવી દીધું. ॥ ૫ ॥ તે બીડું ફેરવ્યું સભામાં, સુરો પુરો કોઇ થાય; દુરીયોધનનું કામ કરવા, મુખવાસ લેને જાય. ॥૬॥ દ્રૌપદી વનથી હરીને લાવે, છત્રપતીની મનમાની; તે ધણીને ભાગ અપાવું, રાજ્ય તણો બે આની. ॥ ૭ ॥ સર્વ સભાએ વીચાર કીધો, આશા કરે તે ફોક; પાન્ડવ પાસેથી હરણ કરે, તે પામે જમ લોક. ॥ ૮ ॥ એવા ભયથી કોઇ ન ઉઠયુ, જેદ્રથે મન કીધું, સાળાની ચાકરી કરવી મટશે, એમ જાણી બીડુ લીધું. ॥ ૯ ॥ જાણ્યું કે નારીને લાવશું, તો વધશે મુજ માઝા; ટળશે તાબેદારી સાળકની, થૈશું રાજમા રાજા. ॥ ૧૦ ॥ હરણ કરતાં મરણ થાશે, તોય જશે તાબેદારી, વ્હેલા મોડા એક વાર મરવું છે, બીડુ લીધું એમ ધારી, ॥ ૧૧ ॥ તવ દુરિયોધન એવું બોલ્યો, બનેવી સુરા સોહાગ; ઘી ઢળશે તોહે છે ખીચડીમાં, ચાર આની દૈશ ભાગ. ॥ ૧૨ ॥ વહેલા જાવો રૂપાળી લાવો, ભાયગ ભળે અમારૂં; તેમાંથી તમે પણ સમજો, ઉઘડયું કર્મ તમારૂ. ॥ ૧૩ ॥ સૌ હરખ્યા પછી કરણ બોલ્યો, સાંભળી છત્રપતી; મીથ્યા મેહેનત શીદ કરોછો, સત્ય ન છોડે સતી. ॥ ૧૪ ॥ અબળાનું બળ કાંઇ ન ચાલે, પણ પ્રભુ એને શીશ; તે એની લજ્યા નહી લેવાદે, ચીર પુર્યા જુગધીસ. ॥ ૧૫ ॥ યાત્રામાંથી બનિને આવ્યા, સતી તો સંગ ન આવી; કામીક પાપી મરણ પામ્યો, તે પણ ન શકયો લાવિ. ॥૧૬॥ માટે મીથ્યા મુકો આશા, પુજનીક કેમ મોકલાય, લેવા ગયો ને નાશ થયો તો, ભગનીની શું ગત થાય. ॥૧૭॥ દુષ્ટ કહે શું થવાની છે ગતી, જમ જેવા સો વિર; ખાશે પીશે મઝા કરશે, શું દુખ એને શરિર. ॥ ૧૮ ॥ કરણે કહ્યું મરજી તમારિ, ઉઠયો જેદ્રથ બળીયો; સારથી પાસે રથ જોડાવી, બેશીને વન પળીયો. ॥ ૧૯ ॥ દ્રૌપદી વનમાં ચાલ્યો આવ્યો, ડુંગર રહ્યો ગઉ ચાર; ત્યાં રથ રખાવિ નીચે ઉતરીયો; કહયો સારથીને સાર. ॥૨૦॥ રથના ઘોડા છોડતો નહી તું, જોડી રાખજે તોખાર; એમને એમજ પાણી પાઇને, ચરવા દેજે ચાર. ॥૨૧॥ આઠ દીવસ લગી વાટ જોજે, આવિશ કરિને હરણ; આઠે દહાડે આવું નહીતો, જાણજે પામ્યો મરણ. ॥ ૨૨ ॥ એટલે તુ તારે પાછો જાજે, કહી ચાલ્યો સતીને હરવા પાન્ડવની રિત નીત્ય છે કેવા. જેને હરી ધ્યાન ધરવાં. ॥ ૨૩ ॥ નીત્ય

સરવે નાહી ધોઇને, ભાવે ભજે ભગવાન; તેમાંથી તાગી ભોજન કરે, થાય તે સમે મધ્યાન.॥૨૪॥ પાંચે ભાઇને પાંચે પુત્રો, સાથે કરે સઇન; નીંદ્રા કરીને જાગ્રત થાયે;ચાર ઘડી રહે દન.॥૨૫॥ તવ ભીમ અરજુન શેદેવ નીકુળ; હાથમાં લે હથીયાર; ધર્મની આગના લૈ જાય રમવા; વીકટ વન ભાઈ ચાર. ॥૨૬॥ દીપડા વાઘને સીંહ સાથે, રમતમાં અધ્ય વાળે;એ વનમાં ભયંકર પશુ,તે તણો ભય ટાળે. ॥૨૭॥ એ રીતે નીત્ય વનમાં રમે, જુંપડીયે શું થાય; ધર્મને છોકરાં સોંપીને સતી, તુમડાં લે નદી જાય. ॥૨૮॥જળ ભરી આવી ભોજન કરી,છેક સાંજે પરવારે; વન માંથી રમી ભાઈઓ આવે,ભજન કરી સુવે ત્યારે.॥૨૯॥એ રીતે રેહેછે પાન્ડવો,આવ્યો જેદ્રથ જે દન;તે દનપાન્ડવે મધ્યાન કાળે, કીધુછે સઇન;॥૩૦॥દ્રૂપતી ધર્મના ચરણ ચાંપે, પર્ણકુટીકામાંય; તે સમે જેદ્રથ છાનો આવ્યો,ડુંગરપર ચઢયો ત્યાંય. ॥૩૧॥ જુંપડીની પુંઠે પીંપળો છે, તેને થડે ચઢી ગયો;જ્યાં પત્રોની પુરણ ગફા,તેમાં સંતાઈ રહ્યો. ॥ ૩૨ ॥ એવે ચાર ઘડી દન રહ્યા,પાન્ડવ જાગ્રત થયા;ચાર ભાઇઓ આયુધલૈને વનમાં રમવા ગયા. ॥ ૩૩ ॥ એટલે બોલ્યા ધરમ રાજા, દ્રૂપતી પુત્રને લાવો, તમારે જમવાનો સમય થયો, ગંગાજળ ભરી આવો. ॥ ૩૪ ॥ એટલે આવ્યા પાંચે પુત્રો,રમાડે ધરમરાય; શુભ સતીએ તુમડાં લીધાં જળ ભરવાને જાય. ॥ ૩૫ ॥ ડુંગર પરથી ઉતરી નીચે, બેઠી ગંગા તીર;તુંમડામાં કાંકરા નાંખીને,ધુએ ધરીને ધીર. ॥ ૩૬ ॥ જેદ્રથે તે નજરે જોયું,મનમાં કર્યો વીચાર;ધરમના દેખતાં હરૂ તો, ધરમનો શોભાર. ॥૩૭॥ ફરી ભય ચાર ભાઇનો, તંતો સંચર્યા વન; ધર્મને મોઢું બતાવવું મટયું, આગળ થૈ સ્રીજન. ॥ ૩૮ ॥ એમ જાણીને છાનોમાનો, પીંપળેથી ઉતરીયો;તે પછી ડુંગર પરથી ઉતરી.છોનોમાનો પરવરીયો.॥૩૯ એણીપા પુંઠ છે પ્રેમદા કેરી, પાપી તો સુરમા ચાલ્યો; દ્રૂપતી નથી જાણતી એનો, ચોટલો ઝડપ ઝાલ્યો. ॥ ૪૦ ॥ તેવી દ્રૂપતી આવરિ બની,દુષ્ટ કશી કેહેડ બાંધે;એક હાથે અબળાને ઉપાડી,ઉચકી લીધી ખાંધે ॥૪૧॥ દોટ મુકીને દુષ્ટ ચાલ્યો, અતિશે હડિયો કાહાડે; દ્રૂપતીનું અંગ દ્રૂજવા લાગ્યું, બહુ બરાક બુમ પાડે. ॥ ૪૨ ॥ જેદ્રથે જાણ્યું જાણશે કોઈ,તો રંગમાં ભંગ થાશે;ચાર આનિ ભાગ આવી ચુકેલો, નશીબમાંથી જાશે. ॥ ૪૩ ॥ એમ વીચારિ હેઠી નાંખી, દુષ્ટે કાળો કેહેર ધાર્યો; અબળાના હાથ ચરણ બાંધ્યા, મોંઢામાં ડુચો માર્યો.॥૪૪॥ પાછી ઉપાડિ ખાંધે લીધી, પંથે પડયો તેવાર, દ્રૂપતિથી બોલાય નહી ને,રૂદન ક-

રે અપાર. ॥૪૫॥ મનમાં સમરણ કરવા લાગી, સાંભળને તું રાય; પોતાના પ્રભુને પોકારે,તેનો કહુ મહીમાય-॥૪૬॥વળણ.॥મહિમા તે કહુ તુજને,સુણજનમેજયરાય;વ્યાસ વલ્લભ વાણિ વદે, સાંભળીઓ કરે સહાય.

કડવું ૧૦ રાગ નફેટ ફેટ ફેટ તનેરે.

કરે સતી અતિ ઘણું કલપાન્ત,દુખીયા દુશણેરે;કોઈ દીવશે વળી નહિ શાન્ત, પ્રભુ કેમ રૂશણેરે. ॥ ૧ ॥ મેશું લીધી કોને વીશ્વાસ ઘાત, દુખી શા દુશણેરે; વગોવાઇ જ્યાંને ત્યાં મુજ જાત. પ્ર. ॥ ૨ ॥ કરો ક્ષમા હરિ મુજ અપરાધ, દુખી; મ્હારા સત્યમાં શો આવ્યા બાધ, પ્ર. ॥ ૩ ॥ માહારી વીપત વેળાના છો વીર, દુખી; નહોતાં પુરવાં સભમાં ચીર. ॥૪॥ માર્યો કામીક દહિત તમે આવી, દુખી; તમે ત્યાંપણ લીધી બચાવી, પ્રભું ॥૫॥ આવ્યા દુરવાસા રૂશી ખાવા માગી, દુખી; ભાજી તાર લેઈ ક્ષુધા ગયા ભાગી,પ્રભુ.॥૬॥ લાજ રાખતા આવ્યાને આજ રાખો,દુખી; નહિતો એકદમ પ્રાણ કાહાડિ નાંખો,"પ્રભુ. ॥ ૭ ॥ મ્હારાં ટળવળી મરે પાંચ બાળ,દુખી;કાંક દલ દયા ધરોને દયાળ, પ્રભુ. ॥૮॥ ૮ મ્હારે તુજ વીના નથી કોઇ બેલી, દુખી; થઈ નુધરા દાસને શું મેલી, પ્રભુ, ॥ ૯॥ આતો લેઈ જશે દુષ્ટ વિકારિ, દુખી; વગોવાશે ભોળી ભગની તમારિ, પ્રભુ, ॥ ૧૦ ॥ વલણ. ॥ એમ ઈશ્વર પોકારિયા, જાણિ પ્રભુએ વાત; વલ્લભ વદે તરશા મુકી, ભીમને પ્રભુએ સાક્ષાત.

કડવું ૧૧ રાગ સાખીની ચાલ.

વૈશમ પાયે એણિપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારિ તુજને સંભળાવું, વન પરવ મહિમાય. ॥ ૧ ॥ વ્રકોદરને પ્યાશ મુકી, તવ બેશી ગયા વાંટા, એકાએક અતિસોસ પડીયો, કંઠે પડીયા કાટા. ॥ ૨ ॥ ભિમ કહે ભાઈ ગદા જોજો,તરશે જીવડો જાય;નદી જઈ પાણિ પીઆવું, કહિ ચાલ્યો વનમાંય. ॥૩ ॥ પુરવમાંથી પસ્ચીમ દીશા, એને જવાનું થાય;જેદ્રથ ઉત્તરમાંથી ચાલી, દક્ષીણ દીશા જાય, ॥ ૩ ॥ નદી કીનારે એ જતોતો, પુંઠળ આવ્યો ભેમ; અબળા ઉચકી જાતાં દીઠો, પડયો પેટમાં વેમ. ॥૫॥ કોઈક પુરૂષ પ્રેમદા લેઈ, નાસે ભય હોય તેવું; એની ખાંધે અબળા છે તેનું, મોઢું દ્રૂપતી જેવું. ॥ ૬ ॥ તરશ્યો ને તર-

રથો કયાં જઈ ઝાલુ. હમણાંતો જાવા દેવું; પેટ ભરી પાણી પીધા પ
છી, ખબર એની લેવું. ॥ ૭ ॥ એમ જાણીને નદિમાં પેઠો, જળ પીવા
ને વિચાર; જાણ્યું કે ખોબે ખોબે પીતાં, લાગશે મુજને વાર. ॥ ૮ ॥
એટલામાં જાશે જોવાનું, એમ જાણી ખોળી કહાડયું; હાથે વતિ આધુ
પાછું કરીને, પાણીમાં મોહોડું માંડયું. ॥૯॥ એટલે એનિ તરસ્યા છી-
પી, મુખથી બોલ્યો હાસ;પછી નદી કીનારે બેશી, પા ઘડી ખાધોસા-
સ. ॥૧૦॥ પછી ઉઠયો કટી કશીને, દડબડ મુકી દોટ; જેદ્રથની પુઠે
જઈ પોહોચ્યો, કરી બોચીમાં ચોટ. ॥ ૧૧ ॥ જેદ્રથે જાણ્યું ભીમ આ
વ્યો, નાંખી દીધિ નાર; વ્રકોદરના સામો થઇને, હાથ ગ્રહ્યાં હથીઆર
॥૧૨॥ એકલાને દેખી હામ આવિ, નાગ પાસ મંત્રજ સાધ્યો; તે બાણ
મારી વ્રકોદરને,હાથેને પગે બાંધ્યો. ॥૧૩॥ કબજ થઇને ભીમ ઉભો,
જેદ્રથ મળીયો માઠો,પછી પ્રેમદા ખાંધે લીધિ, સુરસપાટે નાઠો. ॥૧૪॥
એટલે ભીમે કહ્યું એને,અચ્યાજી લેઇ જાજો;એમ કહી પછી બુમ પાડી
ધાજોરે ભાઈ ધાજો. ॥૧૫॥ તે શબ્દ સાંભળ્યો શહેવજીએ, બોલ્યા મુ
ખ વચન; કોહો ના કોહો પણ વ્રકોદરને, વનમાં થયું વિઘન. ॥ ૧૬ ॥
તવ ત્રણે ભાઇ તૈયાર થયા,ફાળ ભર્યા માહા માઠા;ભીમની ગદા ઉચકે
કીધો, વનમાં મુકીને નાઠા. ॥૧૭॥ એટલે ભીમે આવતા દીઠા, કહ્યું કે
દોડોરે દોડો;દોડયાનું જોર હોય નહિ તો, હાથ પગ મ્હારા છોડો. ॥૧૮॥
ચાલતાં અરજુને બાણ લીધું, બળવંત દૈવત દાખ્યો;ગરૂડાસ્તરનું બા
ણ મારી, ભીમને છોડી નાંખ્યો. ॥ ૧૯ ॥ તવ ભીમ બોલ્યો આવજો
વ્હેલા, કહીને દોડયો છેક; પાછો જૈ પોહોચ્યો જેદ્રથને, ગડદો માર્યો એ
ક ॥૨૦॥ તવ જેદ્રથે મન વિચાર્યું, વાંકો દીવસ કહાવ્યો; ગણત નહી
વ્રકોદરને પણ. હવે અરજુન આવ્યો. ॥ ૨૧ ॥ દ્રૂજી દ્રૂપતિ નાંખી
દિધિ દીઠો એકલો ભેમ; એટલે બાણ ચઢાવિને માર્યું; બાંધ્યો એમને
એમ. ॥ ૨૨ ॥ પાછો નારીને લેઇને નાઠો. દાઝયું અંતસકરણ; ભીમે
ભાઇઓને ધાંટો કાહાડયો. શું ભાગી ગયા ચરણ. ॥ ૨૩॥ દોડો નહીતો
છોડો મુજને, વ્રકોદર એમ ભાંખ્યો. તવ અરજુને બાણ મારી, તરત
છોડી નાંખ્યો. ॥૨૪॥ ભીમ કહે સહુ આવી પોહોચો, કહીને ઝપાટો
કીધો; પાછો જેદ્રથને જઇ પોહોચ્યો, બોચીમાં ગડદો દીધો. ॥ ૨૫ ॥
તવ નારીને નીચે નાંખી,બાંધવા ઉલટ લાગ્યો; એવામાં અરજુન બા
ણાવળી,સુર સપાટે આવ્યો. ॥૨૬॥ આવતાં બાણ ચઢાવ્યું પોતે, પ્રાક
મીયે ખેલ કીધો;નાગ પાસના મંત્રનું મારી,અવળો બાંધિ દિધો. ॥૨૭॥

એટલે ભીમે દોટ મુકી, કીધો અતી ઉપાડ; ગડદા પાટુનો માર મારી, ભાગ્યા હાડે હાડ. ॥ ૨૮ ॥ શેદેવ આવી અબળા છોડી, ડુચો મુખનો કાહાડયો; નિરદયપણે જેદ્રથને તો, ભીમે માર માંડયો. ॥ ૨૯ ॥ જેદ્રથ બુમો બરકા પાડે, અપરાધ કરો માફ;દ્રૂપતી મુજ માતા સરીખી મને મુકો માબાપ. ॥ ૩૦ ॥ ભીમ કહે મને બે વાર બાંધ્યો. માટે મારૂ ઠેર; જેદ્રથ કહે ભુલ્યો ચુકયો,જવાદો આ ફેર. ॥૩૧॥ અરજુનજીને દયા આવી, બોલ્યા મુખે વાણ; ભીમ હવે એને હાથ અરાડો,તો તો ધરમ ની આણ. ॥ ૩૨ ॥ તવ ભીમે ભુજ બંધ કીધા, મારે ચરણની લાતો; જેદ્રથ કહે કોઈ મુકાવો, માર નથી ખમાતો ॥ ૩૩ ॥ એટલે અરજુનજી એમ બોલ્યા, મુકો ધમા ધમ; ભીમભાઇ એને અડોતો, તમને મ્હારા સમ. ॥ ૩૪ ॥ તવ વરકોદર આઘો ખશ્યો, ખલ્લજ ખોળી કાહાડયો; વાયુ સુતે વૃક્ષ ઉપાડી, ઝાડે ઝુડવા માંડયો. ॥ ૩૫ ॥ અરજુને જાણ્યું નહિ મુકે કેડો, મીથ્યા કર્યા સોગન; તમને જેમ ઘટે તેમ કરો, ઓ વાયુના તન, ॥ ૩૬ ॥ તવ ભામે જઇને ગ્રહી બોચી, બાંધેલા ભાઇને ઝાલ્યા, ધરમને દેખાડવો જોઇએ, કહી સાથે લેઈ ચાલ્યા. ॥ ૩૭ ॥ દ્રૂપતીયે તુમડાં ભરી લીધાં, ડુંગર ઉપર ચડીયા; ધરમે જેદ્રથ બનેવી જોયા, તવ જઇ બાહાજી પડીયા; ॥૩૮॥ જેદ્રથના બે ભુજ છોડયા, બોલ્યા મુખ વચન; બનેવી પુજનીક ભલે પધાર્યા, મુને કર્યો પાવન. ॥૩૯॥ ભીમ કહે ભાઇ પાવન કરવા, એમણે કીધા ચરણ; આવી તમારી દ્રૂપતીનું, કરી જતોતો હરણ. ॥૪૦॥ ધરમ કહે હોયે ભાઈ. દ્રૂપતી જળ લાવો;મુજ પુજનીક સ્નાન કરાવિ, ભોજન ભાવે કરાવો. ॥ ૪૧ ॥ દ્રૂપતી કહે હું ન જમાડું; ઓરે ધરમ ભુપાળ; હર્ણ કરી લેઈ ગયો હોતેતો,ટળવળી મરત બાળ ॥૪૨॥ ધર્મ કહે તમે મુકો લવારિ, પાળો મુજ વચન; જેદ્રથ કહે જાવા દો મુજને, કરવું નથી ભોજન. ॥ ૪૩ ॥ ધરમ કહે જમ્યા વીના ન દેવું તમને જાવા, એટલે જેદ્રથે સ્નાન કીધું, દ્રૂપતીયે દીધું ખાવા; ॥૪૪॥ ખાઇ ઉઠીને આગના માગી, ધર્મ વધ્યા તે ઠામ; ઓરે બનેવી આવો પધારો, જરા કરો આરામ.॥૪૫॥ એમ કહી સાદડીમાં સુવાડયો, ડુંગર ઉપર ધરણ;ધરમ રાજા પાસે બેસી, ચાંપવા લાગ્યા ચરણ. ॥ ૪૬ ॥ ચાર ભાઇને દ્રૂપતીના,મનમાં એ દુઃખ સાલે;ધર્મના ઉપર રીસ ચઢે છે, પણ કોઈનું નવ ચાલે. ॥૪૭॥ જેદ્રથ કહે આશું કરોછો, ઓરે ધરમ રાય; ક્ષમા કરો ચાંપવા નથી ચર્ણ,રેહેવા દો મુજ પાય.॥૪૮॥ધર્મ કહે તમે થાકી

ગયા છો, મેહેનત ઝાજી કીધી; અમારા ચર્ણની રજ દ્રૂપતી તેને ખાંધે લીધી. ॥૪૯॥ તમારા ચર્ણની રજ અમે, અમારા ચર્ણની એહ; તેને ઉચકી દોડવું પડયું, તસ્દી લીધી તેહ. ॥ ૫૦ ॥ પુજન કરવું ઘટે તમારૂ, બદલે તસ્દી દીધી; મુરખ બંધુ ભીમ અમારો, ગડદેથી પુંજા કીધી. ॥૫૧॥ વારૂ બનેવી બોલો સાચુ, કેમ કર્યું આ કર્મ; જેદ્રથ ઝર-ઝરીયાં લાવી બોલ્યો,સાંભળો રાજા ધર્મ. ॥૫૨॥ દુરીયોધને લાલચ દિધિ, ચાર આની રાજ ભાગ; તેથી દ્રૂપતી હરવા આવ્યો, જોઇને મનથી લાગ. ॥૫૩॥ ધર્મ કહે ધાર્યું નવ બને, મનુષનું કોઈ કાળ; પરદારાને દુખજ દીધું, મરત ધાવ્યા વણુ બાળ. ॥૫૪॥ તે દોશ તમને લાગત કેવો, તેનો કરો વીચાર; તેમ છતાં મન ધાર્યું ન બને, કરતા શ્રી જુગદાધાર,॥૫॥ કદાપી પામત કામ કરીને, ચાર આનીનું રાજ; તેથી શું ફળ મળત તમને, વીચારિ લ્યો આજ. ॥ ૫૬ ॥ રાજ્યથી ભોગવત વઇભોગ ઝાઝા, તણે શું વધે આયુશ; ન ભોગવેથી ઘટયો કોનો, તો મીથ્યા બધી હુંશ. ॥૫૭॥ વૈભોગથી શરીર સચવાયું, વઇભોગવણુ ગાર્સ્યો દેહ; પણ બેઉનો મારગ મરવાનો, સર્વને છે તેનો તેહ. ॥૫૮॥ કદી કોઇ ધનવંતો હોયે, વૈભોગ લે વીશાળ; પાંચ પચા સો સુધી ભોગવે, પછી કયાં સદાકાળ. ॥૫૯॥ એક જનમ કહિ વૈભોગ લાવી, તણેથી શું થાય,બીજે જનમ કયાંથી લાવે. કોગળે દવ ન બુજાય. ॥ ૬૦ ॥ માટે વૈભોગ રોગજ મ્હોટો, વૈભોગ કાજ રાજ કરવું; વૈભોગ ન હોય કે કદિ હોયે, તો પણ પેટજ ભરવું. ॥ ૬૧ ॥ સ્વાદ પડે કે સ્વાદ વિનાનું, જયાં ત્યાં ભરવું પેટ; તેમ છતાં મુંઢ પ્રપંચ કરે, મનથી મીથ્યા વેઠ. ॥ ૬૨ ॥ વળણ. ॥ મનની મીથ્યા વેઠ છે, ન પડે પાર વીચાર; વ્યાસ વલ્લભ વાણી વદે, બોધ કર્યો અપાર.

કડવું ૧૨ રાગ ચોપાઈ.

બોલ્યા, વૈશમ પાયે વચન, સુણ જનમેજે રાજન; બોલ્યો જેદ્રથ મુખથી એમ, મારી મતી ફરિ ગઇ તેમ. ॥ ૧ ॥ મને ઉપદેશ કીધો કેવો, ફરી આ કત્ય ન કરૂ એવો; હવે આપો મુને આગનાય, થાવું જીવતો હેંથી વીદાય. ॥૨॥ બોલ્યા ધર્મ પધારો સુખે,માફ કરજો કહ્યું મેં મુખે; તવ જેદ્રથ ચાલ્યો સાર. ત્યારે ભીમે કર્યો વિચાર ॥ ૩ ॥ એની ચાકરિ ધરમે કરિ, માટે મારી આવું હું ફરિ, બેસો અરજુન ધર્મનિ પાસ નાખો વાતોમાં દૈ વીસ્વાસ. ॥૪॥ હુંતો જેદ્રથ પુંઠે જાવું, એને જૈ ખો-

ખરો કરી આણું;એમ કહી ઉઠયો વાયુ તન,દેખી જેદ્રથવદ્યોવચન॥૫॥ ધાજો ધાજો ધરમ રાય ધાજો, આવે વ્રકોદર તેને સ્હાજો; ત્યારે ઉઠીયા ધરમરાય, બોલાવ્યો ભીમ ઝુંપડીમાંય. ॥૬॥ ગયો નાશીને જેદ્રથ,જઇ પોહોંચ્યો જ્યા પોતાના રથ; બોલ્યો સારથી ઠાલો ભાળી, કહો કયાં ગઇ પેલી રૂપાળી. ॥૭॥ કહ્યું જેદ્રથે વિદાય કીધી, હસ્તીનાપુર મોકલી દીધી; કહી રથ બેઠો એ બળીયો.હસ્તીનાપુર ભણી પળીયો ॥૮॥ આવ્યો રસ્તે જતાં વીચાર, મારે હાથ આવિતી નાર; આવ્યોતો ભીમ તથા શું થાત, એને બાંધી મુકી લૈ જાત.॥૯॥ પણ અરજુને આવી બગાડયું, એણે મળતું રાજ નસાડયું; માટે સાચોચે મ્હારો વ્હેરી, એમ ઝેરે ભરાયો ઝેરી. ॥૧૦॥ એવે દિઠું શીવાલય એક, ઉતરી ધર્યો તપનો ટેક; બેઠો તપ કરવાને જ્યારે, શીવ થયા પ્રસન દન ચારે ॥ ૧૧ ॥ માગ્ય માગ્ય માગે તે આપુ, શાને તપ લેઇ બેઠો બાપુ; બોલ્યો જેદ્રથ લાગીને ચરણ, પામે અરજુન મુજથી મરણ. ॥૧૨॥ ત્યારે માહાદેવજી ઓચરે,અરજુનને હાથે તુ મરે; પડયો જેદ્રથને અતી વેમ, હાણું અવળું બોલ્યા કેમ. ॥૧૩॥ ત્યારે બોલીયા ત્રીપુરારી, કરી હર્ણુ તેં એની નારી, એનો અવગુણ કરી એમ માગે, તેથી મુજને માઠુ લાગે. ॥૧૪॥ બોલ્યો જેદ્રથ મુકું ન તપ્પ,મ્હારે એ વરદાનનો ખપ્પ; બોલ્યો મ્હાદેવ આપુ ન એવું, હોય ખુશીતો બીજું દેવું. ॥ ૧૫ ॥ બોલ્યો જેદ્રથ કષ્ટી કાપો; તમને જે ફાવેતે આપો; ત્યારે માહાદેવ વધા વચન, થાશે યુદ્ધ અષ્ટાદસ દન. ॥ ૧૬ ॥ તે વારે વેણ મ્હારૂં ફળશે, તારા ખાળ્યા પાન્ડવ ખળશે; એવું વરદાન લૈને જાય, રથ બેશી થયો વીદાય ॥ ૧૬ ॥ આવ્યો, હસ્તીનાપુર સાર, પોહોચ્યા દુષ્ટને સમાચાર; તેવો ઉઠીને સામો આવ્યો;મોતી પુષ્પ વધાવવા લાવ્યો. ॥ ૧૮ ॥ સાથે શકુની દુસ્યાસન, જોડે આવ્યો કરણ રાજન;દુરીયોધન હરખે ભરીયો, સામો આવી નમસ્કાર કરીયો. ॥ ૧૯ ॥ આવો આવો બનેવિ આવો, મારા મનગમતી ગોરિ લાવો; થયો ક્રોધ જેદ્રથને અતી મ્હારી ખબર પુછતો નથી. ॥ ૨૦ ॥ એના સ્વારથની કરે વાત,મુઓ એવો સગો પ્રખ્યાત;એમરીસ કરી બોલ્યો વાણી. તુજ ઘેર મોકલી છે રાણી ॥૨૧॥ મુજ કને મંગાવી નારી, તને સોંપી જનેતા તાહારી;તવ શું બોલે દુરીયોધન, એનું ઉતરી ગયું વદન. ॥ ૨૨ ॥ બોલ્યો છત્રપતિ મુખ એમ, તમે આમ બોલો છો કેમ;કહે જેદ્રથ મોકલ્યો મરવા,શુભ સતીનું હરણ કરવા ॥૨૩॥ એતો જગ્ત જનુનીસતી,લાજ લેવા ન દે જગતપતી,સુણી કરણને બો-

લવું ફાવ્યું, મ્હારૂં કહ્યું જે આગળ આવ્યું. ॥ ૨૪ ॥ તવ સમજીને સહુ રહ્યા, મામા ભાણેજ નીરાશ થયા; આશા મુકીને બેઠો પાપી, મન ધાર્યું થયું ન કદાપી. ॥ ૨૫ ॥ રહ્યા પાન્ડવ દ્રીવીત વન, એવે શું થયું એક દન; બોલ્યા અરજુન પડીને પાય, તમે સાંભળો ધરમ રાય. ॥ ૨૬ ॥ આપો આજ્ઞા તઈયાર થાવું, વીધા ભણવા હું સ્વરગે જાવું; મ્હારા ઇંદ્ર પીતાનિ પાસ, કરી આવું કાંઇ અભ્યાસ. ॥ ૨૭ ॥ આણ્યાં આંસુ ધરમ તે સમે, તુજ વીના મને કેમ ગમે; જાય સ્વર્ગે તું વીધા લેવા. મારી કોઇ કરે નહી શેવા. ॥ ૨૮ ॥ મુને વીપત સરવે પાડે, ભીમ ઉઠે સવા પોર દાહાડે; કામ બતાવું તો વઝ ચડે, આખો દાહાડો મને બડબડે ॥ ૨૯ ॥ કહ્યું શેદેવ કરે કયારે, શેવાથી મધ્યાને પરવારે; પછી કામમાં જીવજ પેસે, પાછો ટીપણું જોવા બેસે. ॥ ૩૦ ॥ જોઇ વિચારિને ભરે ફાળ, જાવું દક્ષીણ સામો કાળ; જાવું ઉત્તર તો દુઃખ પામુ, આજ જોગણીનું ઘર સામું. ॥૩૧॥ જુએ શુભ અશુભ ચોઘડીયું, એટલે સહુ કામ રખડીયું; કામ બતાવું નીકુળજીને, ઉઠે વસ્ત્ર પોશાગ સજીને. ॥૩૨॥ લાગે પેહેરતાં બે પેહોર વાર, એની છેલાઇનો નહિ પાર;કરે દ્રૃપતી કામ અનુપ, પણ પીડા કારક એનું રૂપ. ॥૩૩॥ એનાથી અળગી ન જવાય, કોઈ હર્ણ કરી લઈ જાય;તુજથી કામ જે જે બને, તેવું કરનાર કોણ મુજ કને. ॥ ૩૪ ॥ માટે નહિ જાવા દેઉ વિર, કહિ નેત્રમાં ભરિયા નીર; બોલ્યા અરજુનજી સુણો વાત, કરો કરૂણા ત્રણે ભ્રાત. ॥૩૫ ॥ કરો ધર્મ તણી શેવાય, તેતો મુજથી ભણવા જવાય; બોલ્યો ભીમ ભણીને શું કરવું, ભણ્યા ન ભણ્યા સર્વેને મરવું. ॥ ૩૬ ॥ ભણ્યામાં તમે કાઢયા દાહાડા, અમથી કેટલા થયા જાડા; માટે ચલાવો ભણ્યા વણ ભ્રાત, ત્યારે અરજુને જોડયા હાથ. ॥ ૩૭ ॥ ત્યારે કહ્યું ત્રણે વિર,જાવો ભણુવાને રણુધીર; મ્હોટા ભાઇની શેવા કરશું, તમ કરતાં સારૂં આદરશું ॥૩૮॥ કહ્યું ધર્મને ચીંતા ન ધરશો, કરશું જે અગના કરશો; ત્યારે બોલ્યા ધરમ રાય, જાવો વિરા થાવો વિદાય, ॥૩૯॥ સહુ કરશે સેવા અમારી, જાળવજો જાત તમારિ; ભાઈ થાશો નહિ મન મેલા, તમો ભણીને આવજો વેહેલા. ॥ ૪૦ ॥ વલણ. ધરમે આપી આગના અરજુન પડીયો પાય; આયુદ્ધ લીંધા હાથમાં, તરત થયો વિદાય. ॥ ૪૧ ॥

કડવું ૧૩ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારિ તુજનેસં ભળાવું વન પરવ મહિમાય. ॥ ૧ ॥ અરજુનજી આગ્ના લૈ ચાલ્યો, અઘોર વન મોઝાર; એવામાં શીવાલય દીઠું, તપનો કર્યો વિચાર. ॥ ૨ ॥ શીવ વિના કોણ સ્વર્ગે મોકલે, ડાહાપણ સોધી કાહાડયું; ઉંધે શીશે અરજુનજીએ,શંકરનું તપ માંડયું. ॥ ૩ ॥ એવામાં દીઠો નારદજીયે,જાણ્યું કે એને ચડાવું;અરજુન માહાદેવને કરૂ ભેગા, બે જણાને લડાવું. ॥૪॥ એવું વિચારિ નારદ આવ્યા, અરજુનજીની કને;સત સતીના તપલેઈ બેઠો,કોણે બતાવ્યું તને. ॥૫॥ છ મહીના તને વિતી જાશે, તોયે પ્રસન નહિ થાય; શુંભને પ્રસન કરવા હોયતો, બતાવું એક ઉપાય.॥૬॥ ઉભો થઈને આયુધ ઝાલી, લે શીવજીનું નામ;એટલે તરત પ્રસન થાશે, સરશે તારૂં કામ. ॥૭॥ અરજુનજી કહે વારૂ માહારાજા, મુનેતો આનંદ થાય; મશ્કરિ કરિ હશે પણ વિપ્રનું, વચન મીથ્યા ન જાય. ॥ ૮ ॥ મુજ મનનેતો પુરણ શ્રદ્ધા,એમ કર્યો મનસુબો;માળા મુકી આયુદ્ધ ઝાલી તપ કરવા રહ્યો ઉભો. ॥ ૯ ॥ એટલે નારદજી પરવરિયા, ગયા માહાદેવ પાસ; જોજો વરદાન આપવા જતા, જાણી તમારો દાસ. ॥૧૦॥ તપ કરે છે આયુધ ઝાલી, તેનો છે એમ વિચાર; વરદાન આપવા આવે ત્યારે મારવા ત્રીપુરાર. ॥૧૧॥ કૈલાશ લેવું મનમાં એવું,માટે તમે નવ જાશો; અત્યારે સાચુ નહિ માનો પણ, પાછળથી પસ્તાશો. ॥ ૧૨ ॥ શંકર કહે કોણ છે એવો, સૌ વેમ મનનો ખોવું;કેવિ રિતે મારે છે મુને, પારખું એનું જોવું. ॥ ૪૩ ॥ ચડાવિ નારદ વિદાય થયા, કોપ્યા કૈલાશ ભુપ; બે મુખનો મ્રગ બનાવિ પોતે, પારધીનું ધર્યું રૂપ. ॥૧૪॥ આગળ મ્રગને પુઠળ પોતે, લીધેલાં કર હથીઆર; અરજુનજી તપ કરે તેણીપા, આવીયા ત્રીપુરાર. ॥૧૫॥ કુન્તી પુત્રે પારધી દીઠો, આગળ દીઠો હરણ;જાણ્યું કે મુજ દેખતા કરશે, પારધી મ્રગનું મરણ. ॥ ૧૬ ॥ એવું સમજી સુરો બોલ્યો, મ્રગ મારે તું કેવું;અમ ક્ષત્રીનું રમકડું એ, થાશે જોયા જેવું. ॥૧૭॥ પારધી રૂપે પશુ પતી બોલ્યા, જોયા ખતરા અનેક; જોયા જેવું કરનારો મેં નથી દીઠો કોઈ એક. ॥ ૧૮ ॥ અરજુન કહે લે દેખાડું,બાણ માર્યું મ્હાબળી શંકર પોહોળુ મ્હોઢું કરિ,તે બાણ ગયા ગળી.॥૧૯॥તવ અરજુને બીજુ માર્યું,ગળી ગયા વિવેક;કુન્તી સુતે અગણીત મંત્રે,બાણ માર્યા અનેક. ॥૨૦॥ તે સહુ શીવજી ગળી ગયા, કેંકયું

ધનુશ બળીયું; માહાદેવ મુખ પોહોળું કરીને, ગાન્જેનામાં ગળીયું. ॥૨૧॥ તવ ભાથો માર્યો તે પણ ગળીયો, અરજુનને ક્રોધ ચડીયો; દોટે મુષ્ટીને માહાદેવજીની, કોટે બાહાજી પડીયો. ॥૨૨॥ એટલે માહાદેવ ઉંચા બનીયા, અરજુન વળગેલો કંઠ; તેથી સોભ્યો કેવો જેવો, ઉંટની કોટે ઘંટ. ॥ ૨૩ ॥ અરજુન અતી અકળાયો; કામજ કેવું કરીયું; છેવટ એણે માહાદેવજીને, ખભે બચકું ભરીયું. ॥૨૪॥ તવ શીવજીને હસવું આવ્યું, પોતે થયા પરસંન; અરજુનજીને અળગો ઉતારી, દીધાં શીવ દરશન. ॥૨૫॥ ભોળો ભોળવાયો બચકેથી, કહ્યું કે મ્હારો થાપું; તપ કરવાનું કારણ શું છે, જે માગે તે આપું. ॥ ૨૬ ॥ અરજુનજી કહે ઓ મ્હારાજા, પછી બીજું કષ્ટ કાપો; હતું તેજ ગયું છે મ્હારૂં, આયુધ મ્હારાં આપો. ॥૨૭॥ તવ શીવજીએ આયુધ એનાં, આપ્યાં તેણીવાર; પછી કહ્યું તપ આમ કેમ કીધું, હાથ ગ્રહી હથીઆર. ॥૨૮॥ અરજુન કહે નારદ મુને; એવું બતાવી પળીયા, વીપ્ર વચન પર મેં રાખી શ્રદ્ધા, તો તમે તરત મળીયા. ॥ ૨૯ ॥ શીવ કહે મને મોકલ્યો એણે, કરી ગયો ચડાવા; આયુધ તને હાથે ઝલાવ્યાં, આપણ બેને લડાવા. ॥૩૦॥ અરજુન કહે તે તો તે જાણે, બ્રહ્મવાચક ફળીયું; આધીન છે તે સૌથી મ્હોટું, ભાગય મ્હારૂં ભળીયું. ॥ ૩૧ ॥ વીપ્ર વચન પર શ્રદ્ધા રાખે, મુજ પેઠે જન જેહ; મન વાન્છીત ફળ તેને મળસે, સૌ સુખ પામે તેહ. ॥૩૨॥ એવે બોલ્યા ભોળા શંભુ, શી તારી ઇચ્છાય; અરજુન કહે મ્હારે જાવું, મોકલો સ્વર્ગની માંય. ॥ ૩૩ ॥ શીવ કહે જા પુર્વ દીશાએ, ઇંદ્ર તણા સંતાન; ગાંધર્વ આવશે તેડવા તુંને સાથે લઈ વઇમાન. ॥ ૩૪ ॥ એમાં તેં કાંઇ નથી માગ્યું, એમ અતી હેત વાપ્યં; પસુપતાકા પસુ પતીયે, બાણ પારથને આપ્યું ॥ ૩૫ ॥ આ બાણ રાખજે તારી પાસે, જો તું મારે કો દીશ; બ્રહ્મા વીષ્ણુ કે હું હોવું, તો પણ છેદે વીશ. ॥૩૬॥ એક વેળા તારૂં કામ કરીને, આવશે મારી પાસ; માટે ખરી વેળાયે વાવરજે, કહ્યું શીવ અવીનાશ. ॥ ૩૭ ॥ બાણ આપી અંતરધ્યાન થયા, તવ અરજુનજી જાય; વૈમાનની વાટ જોતો જોતો, ચાલ્યો પુર્વ દીશાય. ॥ ૩૮ ॥ શીવે પોતાના ગણ મોકલીયા, ઇંદ્ર પુરીની માંય; શીવ ગ્રદાને વઇમાન મોકલી; અરજુનને લાવો હાંય. ॥ ૩૯ ॥ ઈંદ્રે કહ્યું વારૂ માહારાજા, ગણ થયા વીદાય; એટલે ઇંદ્રે વીચાર કીધો, હવે શો કરવો ઉપાય. ॥૪૦॥ લવશ કવશ નામના દહીતો, કૈંક વેળા હાઇ આવે; ઘણાજ નબળા ઘણાજ જબરા, સૌ દેવતાને હરાવે,

॥૪૧॥ દેવતા અમ્મર માટે ન મરીયે, અર્જુન મ્રત્યુનો પ્રાણી; દૈતો મારેને મરણ પામે તો, મુજ ઇજ્જત ધુળધાણી. ॥૪૨॥ સ્વર્ગમાં શું જોઈ લાવું એને, મન ગભરામણ આણી; પરીક્ષા કરૂં કેવો કુંવર છે, જોવું પેહેલું એનું પાણી. ॥૪૩॥ એવું વીચારી ઇંદ્ર નીકળીયો, સુર સ્વર્ગનો ભુપ; અરજુનના મારગમાં આવ્યો, ધરી વાંદરનું રૂપ. ॥ ૪૪ ॥ નેળ છે નીચી ધોધો બે ઉંચી, બે બાજુ બે ધર્યા ચરણ; પરિક્ષા જોવા નેળ પર રહ્યો, પારથ આવ્યો ધરણ. ॥ ૪૫ ॥ એણે ઉપર વાન્નર દીઠો, બોલ્યા ચપરશીને દંત; ઉપરથી અળગો થા કપી, મ્હારે જવું આ પંથ. ॥ ૪૬ ॥ ઇંદ્ર કહે નીચે બહુ છે રસ્તો, હું કયાં આડે આવું; અરજુન કહે તુજ ટાંગ તળે, નીસરીને શું જાવું. ॥ ૪૭ ॥ ઇંદ્ર કહે પાલવે તો જા તું, નહી ખસુ લગાર; એટલે પારથે ધનુશ લેઇ, બાણ કર્યું તૈયાર. ॥ ૪૮ ॥ ઇંદ્રે જાણ્યું પાણીવાળો છે, થઈ ગયો અંતર ધ્યાન; સ્વર્ગે આગ્ના કરી ગાંન્ધ્રવને, મોકલીયું વઇમાન. ॥ ૪૯ ॥ ગાંન્ધ્રવ આવ્યો નરને બોલાવ્યો, બેસાડયો વઇમાન માંય; સ્વર્ગે ઇંદ્રપુરીમાં જઇને, પીતાને પડીયો પાય. ॥ ૫૦ ॥ તાતજી તમ કને ભણવા આવ્યો, ઇંદ્ર કહે ભલે તન; આ વસ્ત્ર ઉતારી બીજાં પેહેરો, રેહેવાને આ ભોવન. ॥૫૧॥ સ્વર્ગ તણો વઇભવ ભોગવો, ઓરે મ્હારા બાળ; અરજુન કહે ભણવા આવ્યો છું, સુરતણા પ્રતીપાળ. ॥૫૧॥ મારા ભાઇ વનમાં દુઃખ વેઠે, તો સુખ શું લેવું મારે; રોટલો ભાજી ખાઇ ભોંય સુવું. વરતવું ધરણ ધારે, ॥૫૨॥ ઇંદ્ર ઇંદ્રાણી કહે ઓ બેટા, મરજી તમારી જેમ; સુખ રૂપે રહી વીદ્યા ભણો. વરતો ફાવે તેમ. ॥ ૫૩ ॥ એમ કહીને એને રાખ્યો, સ્વાદ રહીત એ ખાય; સાદડી નાંખી નીચે સુએ, નિત્ય ભણે વીદ્યાય. ॥ ૫૪ ॥ રહ્યો સ્વર્ગે ભાઇઓ ભોમી, જનેતા હસ્તીનાપુરઃ સુભદ્રા અભીમન્યુને, પાળે છે વીદુર. ॥ ૫૫ ચાલી છે વારતા દેશ પ્રદેશે, પાન્ડવો દુરબળ થયા; રાજપાટ ઘર ગામ પૈશો પુંજી, હારીને વનમાં ગયા. ॥ ૫૬ ॥ તેથી બળદેવજી ગભરાયા, મેં કયા કર્યો વીવાય; કન્યાને કન્યા કાળ થયો, શું કરવો ઉપાય. ॥ ૫૭ ॥ વળણ. ॥ ઉપાય હવે હું શું કરૂં, હસશે દુશ્મન લોક; વલ્લભ વદે મન માં થયું એ વીવા કરૂં ફોક. ॥ ૫૮ ॥

સુરેખા હર્ણ.

કડવું ૧ રાગ ધનાસરી.

પ્રથમ પેહેલો પાય પડુ છું, સંકર સુત ગણેશ, સરસ્વતી રહો રસનાયે, ખામી ન આવે લેશ. ॥ ૧ ॥ સુરેખા હર્ણનું વર્ણન કરૂં, કૃષ્ણ તણાં છે ચરિત્ર; ભક્તના સુતને સાહ્યતા કીધી, કથાયે પર્મ પવીત્ર. ॥૨॥ પાન્ડવ ગયેલા છે વન વીશે, કુંવર વીદુર ઘેર; કુન્તા સુભદ્રા અભેમન્યું, રહેછે આનંદભેર. ॥૩॥ બળદેવજીએ વીવા કરેલો, રાજસોઈ યજ્ઞમાંય; પોતાની પાળક પુત્રી દેવાનું, નીસ્ચે કરેલું ત્યાંય. ॥૪॥ પાન્ડવ વનમાં જવાથી એમનું, મન થયું ઉદાસ; પુરણ લાગ્યા પસ્તાવાને. સુજે નહિ કોઇ પાસ. ॥૫॥ વીવા કર્યો મેં અભીમન્યુનો.તવ દાહાડો થયો હાવો; નીરધનનો સુત આવે વરવા, મુને ન વીતે લ્હાવો. ॥૬॥ કન્યા કાળ થયો કુંવરિનો, તેહાનું અભેમાન; એકલો આવે નગ્ન શું શોભે, ન હોય જોડે જાન. ॥૭॥ ભીસ્મ કૃપાચાર દ્રોણ જેવાને, લાવે તાણી નોશી; સુંદરીમાં સુભદ્રા આવે, બીજી કુન્તા ડોશી. ॥ ૮ ॥ વેહેવાર કરવા વિદુર આવે, ભક્ત જનમના ભારે, ટીલું ત્રણ ગજનું તાણીને, છૈયાં હસાવી મારે. ॥૯॥ તાલને કીડતાલ મ્હોટા મંજીરા, વગાડીને કરે ચાળા; છપન છાપા છાતીયે કરે; ડોકમાં દસ વીસ માળા, ॥૧૦॥ ગાય ગીતાં ગોવીંદ વરનાં, ભગવત ભગવત ભણે; હોઠ બબડાવે જીભ ફફડાવે, ભમરા પેરે ગણગણે. ॥૧૧॥ લ્હાવો નવીતે સંસાર રીતે, હાસ્ય કરે સહુ લોક; ગરીબને ઘેર ન દેઉં કન્યા, વીવા આજથી ફોક. ॥૧૨॥ છત્રપતી દુરીયોધન છે તે,ગ્રસ્ત ઘણો ભુપાળ; ભાણુમતી છે ભામનીને, લખમણ જેનો બાળ. ॥૧૩॥ તેનો વીવા કરી દેઉં કન્યા, અન્યા કહે નહી કોય; જાન જથો લેઈ ભુપત આવે, આનંદ મુજને હોય. ॥૧૪॥ એમ વિચારી વિર મોરારી, બોલાવી પુછે પ્રશ્ન; દ્વારપાળને મોકલ્યો તે, તેડી લાવ્યો શ્રી કૃષ્ણ. ॥ ૧૫ ॥ વિઠ્ઠલ પ્રત્યે વદે વડા વિર, કલ્પના મેં એક કરી; હસ્તીનાપુરના છત્રપતીને લખો કંકોતરી. ॥૧૬ ॥ પ્રભુ કહે કંકોતરી શાની, સમજવો શુભ અર્થ; બળદેવ બોલ્યા અભેમન્યુનો, વિવા કીધો વ્યર્થ. ॥ ૧૭॥ નીરધન થયા સુત

સતીના, વન પધાર્યે પ્રીતે; એટલા કુંવર વરવાને આવે, મુને ન લ્હાવો વીતે. ॥ ૧૮ ॥ માટે તે વિવા ફોક કરીને, કરૂં હું રૂડી પેર; સુત સભાગી છત્રપતીનો, દુરિયોધનને ઘેર. ॥૧૯॥ કુરૂ રાજાના કુટુંબનો એ, લક્ષમણો છે નામ; જાનજ લાવે છત્રપતીતે, શોભી રહે ઘર ગામ. ॥ ૨૦॥ માટે વિવા કરૂ લક્ષમણાનો, કંકોતરિ લખો વિર; એવાં વાંકાં વાચક સુણી, બોલ્યા શામ શરિર. ॥૨૧॥ વડીલ વિરા આ શું બોલોવિરૂધી વચન એજ; સુભદ્રા ભગનિ પોતીકી, અભીમન્યુ ભાણેજ. ॥૨૨॥ વ્હાલાને માથે વિપત પડી, વ્હાલાના વ્હોર શું થૈએ; ઉમરો મુકી ડુંગરો પુજવા, કદી કાળે નવ જૈએ. ॥૨૩॥ વિપત વેળા સગાનો સાથી, થાય સગો તે સાચો; ઘર શોભે તેવો સુત એ છે, શું લક્ષમણ પર રાચો. ॥૨૪॥ રાજ્ય ગયું ને દ્રવ્ય ગયું પણ, નથી ગયું એનું કર્મ; એક મુકી બીજો કરવો તે, નહિ જદુકુળ ધર્મ. ॥૨૫॥ લક્ષ્મી હોયને જતી રહે છે. ન હોય ને ત્યાં થાય; વિવા ભંગથી ભાણેજ ભગની, બેઉનાં દલ દુભાય. ॥ ૨૬ ॥ વળણ. ॥ દલ દુભાશે બેઉનાં, દેશે દારૂણ દોશ; વેણ વલ્લભના નાથના, સુણી વ્યાપ્યો રોશ. ॥ ૨૭ ॥

કડવું ૨ રાગ ચોપાઈ.

બોલ્યા બળદેવજી મુખ વાણી, મેં વાત વિરા તારિ જાણી; તમે કીધાં ઘણાં વેવિશાળ. એકે ન મળ્યો એવો ભુપાળ. ॥ ૧ ॥ તેથી દલડુ તમારૂ દુભાય, માટે મુને કહોછો નાય; લેઉ છત્રપતિનો હું લ્હાવો, તેથી ઝાંખા પડી તમે જાવો. ॥૨॥ કરે વિશ્વ બધુ વાત, સોધ્યો બળદેવે ભુનાથ; કરિ કૃષ્ણ થકી સરસાઈ, માટે દાજે બળો છો ભાઈ. ॥૩॥ એમ સુણીને વદે શામ, વિરા સુખે કરો એ કામ; લાવો લખુ કંકોતરિ, પત્ર લઈ બેઠા શ્રી હરિ.॥૪॥બળીભદ્રજી તેમાં લખાવે.છત્રપતિશિરોમણીક હાવે;સુભ શોભીતા દુરિયોધન,રૂપે ફુટડો તમારો તન. ॥૫॥ અમે તે વર માગી લીધો, અભીમન્યુનો ફોકજ કીધો; માસ વૈશાખની દવા દશી, પધારો નીરભયથી ધશી. ॥ ૬ ॥ જાન લાવજો આવજો વેહેલા, પધારો દ્વાદશીએ પેહેલા; લગ્ન પુર્ણમીને દન, પણ પ્રથમ આવો રાજન. ॥ ૭ ॥ ચાર દન રેહેજો મુજ ધામ, જાન લાવો શોભે ઘર ગામ; એમ પુરણ લખી મોરારિ, વદે વિર પ્રત્યે ગીરધારિ. ॥૮॥ લાવો કુમકુમ છાટણાં કરિએ, માગી કંકાવટી શ્રી હરિએ; ગયા બળદેવ કંકુ લેવા, છાનુ લ-

ખે દેવાધી દેવા. ॥ ૯ ॥ જોઈ વિચારિ આવજે રાય, નવ જાણુશ તુજ કન્યાય;સીંહનું ભક્ષ ન લે શીઆળ,સામોછે અરજુનનો બાળ. ॥૧૦॥હંસ ભક્ષ શું પામે કાગ,કુવાશી ભમરાને કયાં બાગ; એમ લેખ્યું છાનું છબીલે, બળદેવ વીના એકીલે. ॥૧૧॥ આવ્યા હળધર કુમકુમ લાવ્યા, પ્રભુએ છાંટણા છંટાવ્યા; તેડયા સેવક દીનાનાથ,આપી કંકોતરી તેને હાથ. ॥ ૧૨ ॥ જાવો જાદવ હસ્તીનાપુર, દુરિયોધનને દયો જરૂર; લેઇ ચાલ્યા અનુચર ચાર, આવ્યા પુર સભા મોઝાર. ॥૧૩॥ બેઉ ભુજથી જુહાર કરી, રાયને કર પત્રીકા ધરી; કુમકુમ જોઇ રાજન,વદે મામાની પ્રત્યે વચન. ॥ ૧૪ ॥ વાંચી જુઓ શકુની મામા, ઉભા જાદવના જોધ સામા; મામા વાચે સભાની માંય; બેઠા વિદુર ભીશ્મ પીતાય. ॥ ૧૫ ॥ કહે શકુની સાંભળ રાય,થયો તુજ સુતનો વીવાય;થયા વેહેવાઈ છપન ક્રોડ, થયા બળદેવને રણછોડ. ॥ ૧૬ ॥ તારા ભાગ્યનો દિવસ જાગ્યો, અભિમાનનો વિવા ભાગ્યો; એવું સાંભળતાં રાય રિઝયો, હવે ન મળે મુજ તુલ્ય બીજો. ॥૧૭॥ જદુનાથે કારજ સુભ કરીયું, મારા કર્મનું પાંદડુ ફરીયું;પ્રભુ પાંન્વનું હેત તુટયું,હવે સગપણ એમનું છુટયું ॥ ૧૮ ॥ આખી અવની કરૂં જેર, થયો ઇંદ્ર થકી સમશેર; મુજ સામુ કોઇ નવ થાય, થાયતો આવે જાદવરાય. ॥ ૨૦ ॥ એમ સુણી શકુની કહે છે, જો લ્યા પત્ર નીચે શું લખે છે; કહ્યું છે આવજે વીચારી, લખ્યું છે નથી કંન્યા ત્હારી. ॥૨૧॥ એવું સાંભળી બોલ્યો ભુપાળ, લખીતંગ છે શ્રી ગોપાળ; એમની લખી વાત લ્યો શીધી, આતો મોહને મશકરી કીધી ॥૨૨॥ વેહેવાઇ જાણી દેવાધી દેવ, હાંશી કર્યાની એમનીટેવ; હોય વેહેવાઈ મશ્કરી કરે,લ્હાવો વીતે મ્હારૂ મન ઠરે. ॥૨૩॥ એમ કહીને ઉઠયો રાજન; ગયો ભાણુમતીને ભોવન; રાણી પ્રત્યે કહે છે રાય;થયો પુત્રતણો વીવાય ॥૨૪॥ થયા વેહેવાઇ પુન્ય શ્લોક, કર્યો સત્રૂનો વીવા રૈક; અભીમન્યુની કંન્યા જેહ, થઇ આપણી સુરેખા તેહ. ॥ ૨૫ ॥ આવ્યા દુત હરીના ચાર,તેડી ભાવે કરો કંસાર;તેવું સુણી રાણી હરખાણી, સજ્યા સણુગાર ઉલટ આણી. ॥૨૬॥ વસ્ત્ર વીધવીધ્ધ ધારણ કીધાં છત દેખાડવા પ્હેરી લીધાં;ફુલી ફુલાશોમાં ફરતી, તેડયા લગનીયા આદરથી. ॥ ૨૭ ॥ આપી આસન ભોજન દિધાં, સુત તણા ત્યાં વખાણુ કીધાં; મારે લક્ષમણો જેહ બાળ, ભણ્યો ગણ્યોને રૂપે રસાળ. ॥ ૨૮ ॥ બળીભદ્રનું ભાગ્ય ઉઘડીયું, છત્રપતીનું છોકરૂં જડીયું; એનાં આવ્યાંતાં માગાં અનેક, પણ મેં નવ માન્યું એક. ॥ ૨૯ ॥ વીસ્વમાં સહુ-

નાથી મ્હોટા, અમારે શા કંન્યાના ટોટા; એમ કરી બોલાવ્યો સુત,જો યો જાદવે કાળો ભુત. ॥૩૦॥ લાગ્યુ શેવકને મન દુખ, વર દેખીને મરડયું મુખ;કયાં હંસ અને કયાં કાગ સોભશે નહીં કંન્યા સોહાગ,॥૩૧॥ હળધરને ન ખોટું કેહેવાય, ધણીનું સુજ્યું ઢાંકણી માંય; આતોવેવણુ ગરવજ આણે, વરને વરની મા વખાણે. ॥૩૨॥ એવું સમજીને ઉભા થાય, માગી જાદવ જોધે વીદાય; આગ્ના લેઇને પરવરીયા, સહુ કઉરવ હરખે ભરીયા.॥૩૩॥ સભામાં બોલ્યો દુરીયોધન, કેવો રઝળ્યો છે અભેમન; હવે ઉતર્યું પાંન્ડવ નુર, સુણી દલ દુભાયા વીદુર. ॥ ૩૪ ॥ સભા વિશે ઉભા થયા,અતી ઉધ્વેગથી ઘેર ગયા;કહી કુન્તા સુભદ્રાને વાત સુણી અબળા કરે આંસુપાત. ॥ ૩૫ ॥ અભીમન્યું પોતાનો બાળ, ગયો ભણવાને નીશાળ;તેના જાણવામાં નથી પેર, થયો કલેશ વીદુરને ઘેર. ॥ ૩૬ ॥ બેઠા ચોક વિશે વીદુર, દુખે ઉભરાયું આપનું ઉર; રૂવે પરસાળમાં કુન્તા, મેંડે રડયા કરે સુભદ્રાય. ॥ ૩૭ ॥ દૈવ દુખના દીવસ આવ્યા, પુરવના દોશે દલડાં દુભાવ્યાં. ॥૩૮॥ વલણ॥ દલ દુભાવ્યાં દોશથી, નેત્ર વહે જળધાર;વ્યાસ વલ્લભ એમ ઓચરે,સુણો શ્રોતા સાર.

કડવું ૭ રાગ બાવળીયાનો.

કુંન્તાજી વલવલતાંરે રે રે હો,દૈવ દહાડો રૂઠીઓરે;ટેક.પ્રભુમ્હારાનવે ગ્રહો થયા વાંકા, ગ્રહસ્ત મટીને થયા રઝળતા રાંકા. ઘટી માઝા ઝાઝા જગતમાં પડયા જાંખા, ડુબ્યા દુનીયામાંરે રે રે હો, અન્નોદક ઉઠીયોરે ॥૧॥ કીયાં પાપે સુખની વ્રતી ઉથાપી,કીધો પાંચે પુતરોથી પડપંચ પાપી, મતી બગડી સુતે દુતમાં ગાદી આપી, કર્મ કઠોરૂં જાગ્યુંરે રે રે હો ધર્મ ધોરીંધર ભુલીયોરે. ॥૨॥ દુખીયા દીકરા ગયા છે વનકુળ પ્હેરી, ત્યારે જંપ્યો દુરીયોધન જનમનો ઝેરી, જાદવ કુળ જે વ્હાલું તે વ્હાલા થયા વ્હેરી, વિવા સુતનો ભાગ્યોર રે રેહા કન્યા વિના ઝુલીયોરે. ॥૩॥ આ દિકરે ન દીઠું તાતજી તણું સુખ,જનમી સમજ્યો સુખમાંત્યારે આવ્યું દુખ;ફરેકુંવર લેવાઇ ગયેલે મુખ,છે છૈયો ઓશીઆળોરે રે રે હો પરઘેર ભરે પેટડુરે ॥૪॥થયું નહી સગુકો એને મોસાળ, ભાણેજ ભમતો મેલી ભાગ્યું વેવીશાળ.કેમ વિરોધી થયા હળધરન ગોપાળ, શત્રુ કર્યા રાજીરે રેરેહો; મુકયું છોરૂ છેટડુંરે. ॥ ૫ ॥ વળણ ॥ કુંતાજી એમ કળકળે, વીદુર સુભદ્રાય; નીશાળેથી આવીયો, અભેમાન જે રાય.

કડવું ૪ રાગ સવૈયો.

અભીમન્યુ નીશાળેથી આવ્યો, અરજુનનો કુમાર; દાદા દાદા કહી બારણેથી પાંચ કર્યા પોકાર ॥ ૧ ॥ નીત્યાન વીદુર કુંવર માટે, મીઠાઇ મેવો મંગાવે; નીશાળેથી આવે એટલે, હેતથી ધરી બોલાવે. ॥ ૨ ॥ આવો કહી ઉછંગ બેસાડે, રૂદયા સરસો ચાપે; મુસ્તક ઉપર હાથ ફેરવી, મીઠાઈ મેવો આપે. ॥ ૩ ॥ રખે કુંવર ઓછું આવે, સાભળે કાકા કે બાપ; એવું જાણીને લાડ લડાવે, સંભાળ રાખે આપ. ॥ ૪ ॥ તે દીન કુંવરે બોલાવ્યા પણ, નવ બોલ્યા વીદુર; અભીમન્યુને ખોટું લાગ્યુ, ભરાઇ આવ્યું ઉર. ॥ ૫ ॥ અરેરે દાદા કેમ ન બોલ્યા, પાંચ કર્યા પોકાર; બાપ કાકા વણકોણ બોલાવે, ઓશીઆળો અવતાર ॥ ૬ ॥ આંસુડાં આવ્યાં આંખમાં ને, ધશી ધામમાં પેઠો; દાદાને રડતા દીઠા, તેની પાસે પુછવા બેઠો. ॥ ૭ ॥ કેમ રડોછો કેમ રડોછો, શો કલેશ મનમાં વ્યાપ્યો, કરગરી પુછયું પણ દાદે; ઉત્તર એક ન આપ્યો. ॥ ૭ ॥ એટલે મન ઉભરાઇ આવ્યું, કુંવરનું તે વાર; હું ન બાપો તે કોણ બોલાવે, આંસુ વહ્યાં ચોધાર. ॥ ૯ ॥ આક્રંદ કરતો આંસુ ભરતો, કુન્તાજી કને જાય; શી સોચનાથી રડવા બેઠાં, ઓ માહારી વૃદ્ધ માય. ॥ ૧૦ ॥ બાપ કાકા મારા વન ગયા ત, તને શુ સાંભરી આવ્યાં; તે તણે દુખ દીલ દુભાયું, અતી આંસુડાં લાવ્યાં. ॥૧૧॥ એમ કહ્યું પણ વચન વધ્યાં, છોકરૂં પડયું છોછું; રૂદે ફાટે તેમ રડવા લાગ્યાં, ઉરમાં આવ્યું ઓછું. ॥ ૧૨ ॥ માતા કહી માનું મોઢું હલાવે, આંસુ વારંવાર લુછે; ઢાંકેલું મોહોડું માનું ઉઘેડે, વાકો વળીને પુછે. ॥ ૧૩ ॥ તોપણ કુંતાએ કાંઇ ન કહ્યું, આક્રંધ કરતો જાય; માળ પર ચડતો રડતો રડતો, જ્યાં છે જનેતાય. ॥ ૧૪ ॥ સુભદ્રાને આવીને પુછયું શું છે મારી માત; શા દુઃખમાં ડુબ્યાંછો જનેતા, કરો છો આંસુપાત. ॥ ૧૫ ॥ ઓશીઆળાં થઇ આક્રંદ માંડયું; લેવાઇ ગયું છે મુખ; બાપ કાકા મારા વન ગયા છે, તે શું સાંભર્યું દુખ. ॥ ૧૬ ॥ તે દુખથી તમો રડતાં હોતો. મોહન કરશે મેહેર; દ્વાદશ વરસ જતાં રેહેશે ને,કાલે આવશે ઘેર.॥૧૭॥દ્રવ્ય ગયું મા તેની સોચના; હોય તો તો લ્યો જોઇ; જનમ્યા જે જે પ્રાણી તે તે, સંગ ન લાવ્યા કોઈ.॥૧૮॥ નથી લાવ્યા નથી લેઇ જવાના, સત્ય ધારો મનમાંય; ન હોયને થાય થયેલું જાય, વે

ળા વેળાની છાંય. ॥ ૧૯ ॥ આ સઘળું સમજો છો પોતે, કેમ રડો છો માત; કોઇએ તમોને દુભ્યાં હોય તો, તે કહો મુજને વાત, ગાળ દીધી હોય કોઇ પાપીએ, તો જીભ તેની કહાડું; હાથ કોઇએ ઉપાડયો હોય તો, કાંડાં તે તણાં વહાડું. ॥ ૨૦ ॥ તેમ છતાં તમે કેમ રડો છો, રડવે શું દુખ જાશે;ભાગ્યશાળીછું સુત તમારો, આગળ આનંદ થાશે. ॥૨૧॥ સુતનું સાંભળી સુભદ્રાને, ચટકી ચીત્તમાં લાગી; આગળ તે શું સુખ થવાનું, તું જનમ્યો નીરભાગી. ॥ ૨૨ ॥ સભાગી સુતને દુખ ન પડે ઓરે મારા તન; જનમ જ્યારે થયો તારે, પાંડવ પધાર્યા વન. ॥ ૨૩ ॥ તારે પગલેથી પીડા પડી, દુખ પડયું બહુ પેર;અભીમન્યુ કહે મારે ચ રણે, યજ્ઞ થયો આપ ઘેર. ॥ ૨૪ ॥ વડીલ દાદા પાન્ડુ રાજા. તે પામ્યા સુભ ગતી; પુત્રને પગલે સારૂ થયું, હું નીરભાગી નથી. ॥ ૨૫ ॥ શુણી સુભદ્રા સુત કેહે છે, હશ્યા શત્રૂ લોક; ભાગ્યશાળી હોયતો તારો, ન થાય વીવાહ ફોક. ॥ ૨૬ ॥ બળભદ્રનો જીવ ભમ્યો તે, વેવીશાળ ન રાખ્યું; સાચા સ્નેહી સત્રૂ થયાજો, સગપણ કહાડી નાંખ્યું. ॥ ૨૭ ॥ કુંવર કહે પેર મેં જાણી, એ વાતમાં સો દ્વેશ; કાચા વીવાહની કન્યા ગઇ છે, તેમાં શો આવડો કલેશ. ॥ ૨૮ ॥ કન્યા ગઇ તો ભલે ગઇ મા, હજી હું મ્હોટો થાવું; બાપ કાકા મારા જીવે છે તો, લક્ષ કન્યા એવી લાવું. ॥ ૨૯ ॥ તેને સારૂ કલપાન્ત ન કરો, માની લ્યો મન સુખ; સુભદ્રા કહે કન્યા ગઇ છે, તેનું નથી મને દુઃખ. ॥ ૩૦ ॥ સાચા સત્રૂ હરખ પામ્યા, તે પ્રગટયું છે ઝેર; આપણી કન્યાનો થયો વિવાહ; દુરી યોધનને ઘેર. ॥ ૩૧ ॥ લક્ષમણાનું લગ્ન લીધું, દગ્ધ થયું મમ ઉર; તે વેદનાથી કુન્તા રડે છે રડે છે વૃદ્ધ વિદુર. ॥ ૩૨ ॥ કુંવર કહે મીથ્યા રડોછો, છો ગઈ શત્રૂને ઘેર; તેમાં શું ગયું આપણું મા, એ વાતનું શું ઝ્હેર. ॥ ૩૩ ॥ એવાં વચન સુતનાં સુણી, ક્રોધે ભરાણાં માત; જા નંદન નીરભાગી કહીને, મારી રૂદેમાં લાત. ॥ ૩૪ ॥ લાત મારીને માત કહે છે, ઉઠયો તું દૈવની વેઠ, દીકરો આવ્યો પણ તું મારે,દીકરી પડયો પેટ. ॥ ૩૫ ॥ ક્ષત્રી કન્યા ન જવાદે પોતાની, કરે મોટો સંગ્રામ; પણ તેં કુખ વગોવી મ્હારી, બાપનું બોળ્યું નામ. ॥ ૩૬ ॥ કાયર કુંવર આદી લજાવી, સાને તું જનમ્યો જોધ; એવાં વાયક માતનાં સુણી, કુંવરને થયો ક્રોધ. ॥ ૩૭ ॥ સાંભળો માતા,વાળો શાતા, નહી લજવું માબાપ; એજ સુરેખા વરૂં નહી તો, બ્રહ્મ હત્યાદીક પાપ. ॥૩૮॥

એમ કહીને નીચે ચાલ્યો, ઉઘેડયો ભંડાર;પોતાની પેટી માંહીથી લીધાં, વસ્ત્ર અને શણગાર. ॥ ૩૯ ॥ શુકનમાં મુખવાસ ખાધો, મુખડું કીધું લાલ; ઉપાન ચર્ણમાં ધારણ કીધા, પ્હેરિ લીધો સુરવાળ. ॥ ૪૦॥ કવચ બકતર કમ્મર પટો, અંગ ઘણી ઉલટ; જરીનો જામો પ્રેમે પ્હેર્યો મુસ્તક પર મુગટ. ॥ ૪૧ ॥ કાનમાં કુંન્ડળ લોલક લળકે, કોટમાં કાવળ હાર; કટી કશી પટકેથી બાંધિ, તેમાં ખોસ્યાં હથીઆર. ॥ ૪૨ ॥ ખપવા ખંજર સાંગ્યને ત્રીસુળ, જમદયા કટાર; ગુપ્તી ગેડી ને ગદા લીધી; તરકસ તીર તરવાર. ॥ ૪૩ ॥ કર્વત કુહાડા ભાલો ફરશી, કમ્મર સાથે બાંધે; બાણનો ભાથો બાણે ભરેલો ધનુષ્ય ભરવ્યું ખાંધે. ॥ ૪૪ ॥ કારમી કીકીયે કુંવર ચાલ્યો, વિદુરને પડયો પાય; ઓરે દાદા દો આજ્ઞા હું લાવું એ કંન્યાય. ॥ ૪૫ ॥ વીદુરજી જોઇને ગભરાયા, આ ખેલ કોણે લડાવ્યો; ચાંન્ડાળ બુધી કોણ મળ્યું તે, કુંવરને ચડાવ્યો. ॥ ૪૭ ॥ સુણી સતી કુંન્તાજી આવ્યાં, ત્યારે દીઠો તે ઠામ; કંન્યા લાવવા સુત ચડાવ્યો, સુભદ્રાનું કામ. ॥ ૪૭ ॥ બેટા તને તારિ માયે કહ્યું, શું તે કહે માંડી વાત; અભેમન્યું કહે કંન્યાને માટે,કરે છે આંસુ પાત ॥ ૪૮ ॥ સુભદ્રાને દીધી શીખામણ, રડીશમાં મુજ માત; કન્યા ગઇતો છો ગઈ કહ્યું, ત્યારે મારિ મને લાત. ॥ ૪૯ ॥ દીકરો નથી, દીકરી છે તું, લજાવ્યો, અરજુન બાપ; તે સાંભળી કંન્યા વરવાને, માંથે લીધુ છે પાપ. ॥ ૫૦ ॥ દ્વારીકામાં પરવરૂને કેરૂં, સુરેખા કેરૂ હરણ; જીવશું તો આવશું જીતિને, નહી તો પામશું મરણ. ॥૫૧॥ વળાણ ॥ એવાં વચન સાંભળી, કોપ્યા કુન્તા માત, ઉત્તર હેઠી પાપણી, કયાં કર્યો ઉતપાત. ॥ વલણ બીજું ॥ સુણી સુભદ્રા ઉતરી, થર થર કંપી કાય; વદે વલ્લભ શ્રોતાજનો, શું કહે છે કુંતાય.

કડવું ૫ રાગ સિન્ધુ

વીવેક વણ વહુજી,દિકરાને ફુભાવ્યો શાથી, ઘેર ગોદો ઘાલવા થૈ ડાપો શીખી લાવ્યાં કયાંથીરે, વિવેક વણ વહુજી. ટેક. ॥ હરી ફરીમારે એક છોકરૂ, તેગે વેવા વાળશે, ગોળિ હશે તો ગોળિ ઢાંકણાં, જોઇસે તેટલાં મળશેરે; વિવેક વણ વહુજી. ॥ ૧ ॥ હઠ ચ઼ી અભીમન્યુને સામથ કોણ રખાવવા; વ્હેલી વહુ જોઇએ તમારે સાસુ પણું દાખવવારે;

વિવેકણુ વહુજી. ॥ ૨ ॥ સાસુનીતો બીક હોએ શાની, સ્વામી વન સંચરીયો, ધણી વીના ધણીઆપું માંડી, આશો જુલમ કરીયોરે, વી વેકણુ વહુજી. ॥૩॥પુત્રને પુંઠ પક્ષ મળેનહી,નહી પીતા નહીકાકા;પીયર ના પુરાં નહીને,માંડયા ડોળ ડમાકારે. વિવેક વણુ વહુજી ॥૪॥છાછે છકી ગઇ છેક છાંછવી, છૈયાને છકાવ્યો, તેં જાણ્યું મને પુછનાર કોણ છે, બાળકને બકાવ્યોરે. વિવેક વહુજી. ॥૫॥ આવા ગુણથી પીહેરી માં-યે,તુજ સંભાળ ન લીધી; વળગણી શોધતાં વસ્યાં સાસરીયે, પરણાવી નાંખી દીધીરે, વીવેક વણુ વહુજી; ॥ ૬ ॥ ભાઇતો શત્રૂ થઇ પડયાને, શા પર હુંપદ આણ્યાં; કદી નહીને આજ મેંતો, આવડાં ડાહ્યાં જાણ્યાં રે. વીવેક વણુ વહુજી; ॥ ૭ ॥ ક્રોધે જનુંની પણું જણાવ્યું, લાત રૂ-દયામાં દીધી; ઠીક કેડ કસી પાઘડી બાંધી, આખી મરદાઈ કીધીરે, વી વેકવણુ વહુજી. ॥ ૮ ॥ કૈરવ જાદવ જમડા જેવા, ન દે કુંવરને મેલી, એકલુ અટવાય ઓથ વિનાનું, ત્યાં કોણ એનું બેલીરે; વિવેકવણુ વહુજી.॥૯॥ શું કરૂ સંસારની સરમે હું, તુંજ પ્રત્યે નવ ચાલ્યું; આ દીકરો દુશમનમાં ચાલ્યો, જીભડીએ ઘર ઘાલ્યુંરે; વિવેક વણુ. વહુજી ॥ ૧૦ ॥ ચાહ્ય તેમ કરિ રાખ્ય કુંવરને; વીપ્રીત વાત ફેલવી વલ્લભ વદે શ્રોતાજન સુણો, રૂધીર રેલ રેલાણીરે. વિવેકવણુ વહુજી. ॥ વળણ. ॥ શબ્દ સતીના સાંભળી, પડી પેટમાં ફાળ; કર ઝાલ્યો કુંવર તણો, નહી જાવા દેઉં બાળ. ॥

કડવું ૬ રાગ મારૂનો પરજ.

મારા જાયારે, નહિ જાવા દેઉ તુજને; જાવુ હોયતોરે, નાશ કરી નાંખો મુજને. ॥ ૧ ॥ પીન્ડ પાડુરે કાહાડું પાપી પ્રાણ માહરો, ભુલ માહારીરે, વાંક નથી તન તાહરો. ॥ ૨ ॥ તાત વનમારે, મનમાં એ કેવું લાવશે, રડયા કૈરવરે, કાળ રૂપ તુજપર આવશે. ॥ ૩ ॥ જમજે વારે જાદવ ઝાઝા જોરાવરો, તેના સામારે, યુદ્ધ તણી હઠ પરહરો. ॥૪॥ હોય પાપીરે, તેવા શું રાઢ ન કીજીયે. છો બાળકરે બળીયા શું બાથ નહીજીએ. ॥ ૫ ॥ પક્ષ વીનારે, મુમત હાવો ન ઝાલવો કાલા કુંવરરે, કંથેરે કર નવ્ય ઘાલવો. ॥ ૬ ॥ નહિ પોહોચોરે, પુઠવના લાંબી દોડ માં; શાને ઘાલોરે, હાથ એ વાગની બોડમાં. ॥ ૭ ॥ નથી જોઇતીરે, કં ન્યાએ કાળા કલેશની, કેમ વરિયેરે, દારા છે દારૂણ દ્વેશની.॥૮॥હૈશજી

વતોરે, લક્ષ નારી એવી આવશે, બાપ કાકારે, સામ્રથ તે ઘણી લાવશે. ॥૯॥ સહુ ક્ષત્રીયેરે, વીવા ફર્યા જ્યાં ભાળીયા, તવ આવશેરે મન ગમતા વેવીશાળીયા. ॥ ૧૦ ॥ ખોટ શી છેરે, કન્યાનો કાળ પડયો નથી, મુકો મુમતરે, માતા હું તારી મરૂં મથી. ॥ ૧૧ ॥ વળણ. ॥ એમ સુભદ્રા વલવલી, પ્રગટયો કુંવર તન તાપ, પેહેલું ન માન્યું માવડી, હવે બ્રહ્મ હત્યા પાપ.

કડવું ૭ રાગ ચોપાઇ.

અભીમન્યુ કહે માત મ્હારી, નીશ્ચે વરવી સુરેખા નારી, લીધું છે બ્રહ્મહત્યાનું પાપ, બેશી રહુ તો લાજે બાપ. ॥૧॥ લાજે જનેતા તાહ્મરી કુખ, કેમ વ્યર્થ થાયે વદ્દયુ મુખ; પાળે નહી તેને શું કરવું, ભલું તે જીવ્યાં કરતાં મરવું. ॥ ૨ ॥ તવ વીદુરે કીધો વીચાર, રોકયો રોકાશે નહી કુમાર; એમ જાણી વીદુરજી બોલે, ધન્ય સુત નહી કો તુ તોલે. ॥૩॥ ભલે જાવાનું આદરો તન. એક માની લ્યો મારૂં વચન; દીવશે નીસરવું નહી બાળ, સુખે સંચરો સાયંકાળ. ॥૪॥ તેનું કારણ સાંભળ સુત, જતાં જાણે કૌરવો કપુત; પડે પુંઠળ પાપી પ્રાણી, કરે વીઘ્ન અતી ક્રેશ આણી. ॥ ૫ ॥ માટે જજો મોડી પડે રાત, સંગ લેજે તું તાહ્મરી માત; તવ અભીમન્યુ કહે વારૂ, વેણ શીશ ચડાવું તમારૂં. ॥ ૬ ॥ નીશા પડે નીકળશું ગામ, પણ સુભદ્રા આવે શું કામ; ત્યારે વીદુર કહે મુજ તન, એને આવે થાશે લગન. ॥ ૭ ॥ તુજ સાથે સુભદ્રા આવે, એના બે બંધુને સમજાવે; કલેશ કરીને કષ્ટ કપાવે, કરગરી ને કંન્યા અપાવે. ॥ ૮ ॥ સુણી સુત વદેમુખ એમ, ગ્રંધ થઈ ભુલો છો કેમ; આટા સંગ કરવો પડે અન્યા, નાવે કરગરે કરજને કન્યા ॥ ૯ ॥ વદે વીદુરજી સુણ બાળ, થાયે ખુશીથી જો વેવીશાળ; તો તો હેત રહે હંમેશ, નવ માને તો છે પછી કલેશ. ॥ ૧૦ ॥ સુણી સુત ટાઢો થઇ બેઠો, જાવા ચીત ચીતરવટ પેઠો; એવે દીનમણી બેઠો મેર, પહેર્યા વસ્ત્ર આભુશણ ફેર. ॥૧૦॥ લીધાં આયુધ કમર કશી, તવ સુભદ્રા શંગ ધશી; લીધી ગાંસડી વસ્ત્રની માત; ત્યાર થયાં અભેમાન સાથ. ॥ ૧૨ ॥ રથ કાહાડયો કુંવરે બાહાર, તેણે જોતર્યા ચાર તોખાર; તવ ચઢી બેઠી સુભદ્રાય, રખે મુને મુકી સુત જાય. ॥ ૧૩ ॥ ભક્ત વીદુરે

આગના આપી, દેછે શીખ કુન્તા રૂદે ચાંપી; બેટા ટંટાનો તંતન ધરીયે, કળ થાય તો બળ નવ કરીયે. ॥૧૪॥ નથી પુઠ કે પક્ષ એ બાળ, કદી લાબી ન ભરીયે ફાળ, ધાર્યું થાશે હરીનું એ તંન, પછી વિદુર વધા વચન. ॥ ૧૫ ॥ સુણો સુભદ્રા સુંદરી, કેહેજે તુજ વીરને કરગરી; સગાં સાથ સહુ ભેળાં કરજે, માને નહી તો મરવું આદરજે. ॥ ૧૬ ॥ એમ કહી દીધી આગનાય, બેઠો કુંવર રથની માંય; એક ભુજે ગ્રહ્યા આછોડા, લીધી ચાબુક હંકાર્યા ઘોડા. ॥ ૧૭ ॥ ડગ ભરવાને વાજી જાય, તેવી સનમુખ આવી ગાય; જોઇ માન્યું વીદુરનું મન, જાઓ ફતેહ થયા શુકન. ॥ ૧૮ ॥ હાંકી અશ્વને પંથ પળીયો, નગ્રના દ્વાર બ્હાર નીકળીયો; તવ શબ્દ શીઆળના થાય, માઠા શુકન ત્યાં દેખાય. ॥ ૧૯ ॥ પણ ગણગાર્યું નહીં કુમાર, પુરપાટ હંકાર્યા તોખાર; પગ પડધીને રથ ધધડાટ, જાતાં જાતાં આવિ બે વાટ. ॥૨૦॥ અભેમન્યુ ઉભો ખમચાઇ, રાખ્યા ઘોડાના અછોડા સાહી; કહો માતા કેઈ દીશે વળીયે, ડાબે કે જમણે પંથ પળીયે. ॥૨૧॥ તમો ભોમીયાં નીત્ય જનાર; કીયે રસ્તે દ્વારામતી સાર; તવ જાણ્યું અશરણા સરણ, આવે ભાણેજ કરવાને હરણ. ॥ ૨૨ ॥ પણ પંડે એકલો આવે, એનું બળ કદી નહી ફાવે; મ્હારા ભકતનો પુત્ર એ સાચો એને પડવા ન દેવો પાછો. ॥ ૨૩ ॥ પેહેલું બળદેવને મેં કહ્યું, 'મ્હારૂં કહ્યું મ્હોટાએ ન લહ્યું; સમજાવ્યા હતા બહુ પેર, તોયે ગયા કૌરવને ઘેર. ॥ ૨૪ ॥ એમનું ધાર્યું થવા ન દેવું, વરે ભાણેજ હું જસ લેઉં; પણ એકલો શું ધાર્યું કરસે, નહી મનસુબો પાર ઉતરશે. ॥ ૨૫ ॥ એમ જાણ્યું શ્રી રણછોડ, મેળવું એની જોડે જોડ; તેમ જાયે પ્રભુ વર ચુકી, ભગનીને ભુલવણી મુકી ॥ ૨૬ ॥ સુતે પુછ્યું સુભદ્રાને જ્યારે, કરી વીચાર બોલ્યાં ન ત્યારે; બેટા મારગ ડાબે ચાલો, એહ પંથ મોસાળનો ઝાલો. ॥ ૨૭ ॥ વળણ. ॥ એવા વાયક સાંભળ્યાં, માતાનાં જેવાર, કહે વલ્લભ રથ ફેરવ્યો, હાંકયા તવ તોખાર.

કડવું ૮ રાગ સાખી.

અશ્વ હંકાર્યા ડાબે પંથે, ઘણી લાબી વહી વાટ; એટલે મારગ આવી રહ્યો, આવ્યું વન સપાટ. ॥૧॥ દીશા ભુલ થયો તવ કુંવર, અરણ્ય ચાલ્યો જાય; જેમ વળે તેમ અરણ્ય આવે, ગુંચાયો ગહવર માં-

ચ. ॥ ૨ ॥ પાછા વળ્યાની સુજ ન પડે, રાત અંધારી ઘોર; સણુસણુ
રૂજની સુંસવે છે, તમરા કરે બકોર. ॥ ૩ ॥ કુંવર રખડે વિકરાળ
વગડે, બહુ બાવળના ઝાડ; ટેકરા ખાડા કોતર ડુંગર, પરવત પહાડ
ને તાડ. ॥ ૪ ॥ નદીનાં નાળાં;ઝાડનાં જાળાં, ઝાડી જાડી પડેલી; કાંટા
કંથેર કાચકીનાં, લાંબી વ્રક્ષની વેલી ॥ ૫ ॥ ખેર ખાખરને ખાજલી
છે, ખરસાણી ખારેકી; પત્ર વડે પવનથી ખખડે, ભયંકાર ભાસે નળે-
કી ॥ ૬ ॥ રાફડામાં સાપ શબ્દ કરે છે ચીતળા પડીયા આડાં; નાગ-
ફણા માંડીને ફરે છે, નોળીયા વણીયર વાડાં. ॥ ૭ ॥ સાહુડી શીયાળ
સુવર સસલા હરણ મ્રગને હસ્તી; ભુંડ રોઝાંને રિછડાં રખડે, સીંહ
ચીત્તા વાઘ વસ્તી. ॥ ૮ ॥ તનછ ચંદનઘો પાટલાઘો, કરચલાં કા-
ચંડા; ઘુવડ ચીબડી ઘોર કરે છે, ઉંટ અને ઉડગંડા ॥ ૯ ॥ એવા વ-
નમાં વાટે વહે છે, ગુફામાં ગુંચવાય; ઝાડનાં જડીયાં ડાળાં પડીયાં,
પીંન્ડાં તેમાં ભરાય. ॥ ૧૦ ॥ રથ ન હાલે ઘોડા ન ચાલે, ઘણાક પાદ
પછાડે; અંધારે સુત હેઠો ઉતરી, બળે કળે રથ કાહાડે, ॥ ૧૧ ॥ મુખ
પોકારે ચાબક મારે; ધરે વાજી પર રોશ. એ દુઃખ દેખી સુભદ્રાજી. થ-
ઇ ગયાં અપશોશ ॥ ૧૨ ॥ અરેરે દીકરા ભુલ્યાંને દુલ્યાં, સંતાપ આ-
ણ્યો આવો; અભીમન્યુ કહે માતા મુને, પરણાવવા લ્યો લ્હાવો. ॥૧૩॥
॥ મોહોડ ઘાલી લ્હાવ લેવો તે, આ કર્યા વીના ન ફાવે; દુખ વેઠયા વ
ણ માતા મ્હારી; કયાથી વ્હેલી વહુ આવે. ॥૧૪॥ એવાં મર્મનાં વચન
સુણિ, માતાએ નીચું ઘાલ્યું; પછી કુંવરે વીચાર કરી, ધનુશ હાથમાં
ઝાલ્યું. ॥ ૧૫ ॥ શાને સારૂં કષ્ટી વેઠું, વીદ્યા છે મુજ પાસ; અગનાસ્ત્ર
થી અગ્ની મુકી. પંથ કરૂં પ્રકાશ. ॥ ૧૬ ॥ તીમ્મર નાસે મારગ ભા-
શે, થાશે અસ્વને સુખ; છતી વીદ્યાએ સાને સારૂ, વેઠું વેઠાવું દુઃખે.
॥ ૧૭ ॥ એવું જાણી એક બાણ લીધું, મંત્ર ભણી તે વાર; અગ્નાસ્ત્રનું
મુકીયું તે, પાવક પ્રગટયો સાર. ॥૧૮॥ ઝાડ બીડ સળગવા લાંગ્યાં, તી-
મ્મર પામ્યું નાસ; વધ્યો વ્હની વનને વિશે; ઘણો થયો પ્રકાશ. ॥૧૯॥
તે અજવાળે અશ્વો ચાલે, કુંવર મ્હાસુખ ધારે; પ્રબળ પ્રકાશ પાછ-
ળ રેહે કે આગળ બીજું મારે. ॥ ૨૦ ॥ એવી રીતે સળગાવતો ચા-
લ્યો સુભદ્રાનો તન; સુખ રૂપે જાતાં જાતાં ત્યાં, આવ્યું હેડંબા વન.
॥૨૧॥ તે વન વીશે રાક્ષસ રહે છે, માયાવી વીકરાળ; ત્રણ ત્રણ તા-
ડના ઉંચા દૈતો. બાગ તણા રખવાળ. ॥ ૨૨ ॥ તેનું રાજ્ય કરે છે રા-

ક્ષણિ, રાણિ હૈડંબા નામ; તે પ્રેમદા પરણેલી ભીમને, વસી વાસી વન ધામ. ॥ ૨૩ ॥ પુત્ર તેનો ગટોરગછ નામે, માયાવી બળવાન; તે વન સળગાવ્યું સુસવાટે, અરજુનને સંતાન ॥ ૨૪ ॥ પવન ઝપાટે સુર સપાટે, આગ અતિ ઘણી લાગી; ભભક ભભકા જ્હની ના જોઈ, અસુર ઉઠયા જાગી. ॥ ૨૫ ॥ અરેરે આફત કોણે કીધું, રોશમાં વાળી રિસ; ધાજોરે ભાઇ ધાજો કહીને, પાપીએ પાડી ચીસ. ॥ ૨૬ ॥ તે સબ્દ સુણીને સહુ જાગ્યા, તોફાની થયા ટોળે; આયુધ લીધાં હાથમાંને, ઉપડયા ફાટે ડોળે. ॥૨૭॥ આપની રાણીના ભય થકી, કો પ્રાણીથી ન વ અવાય; અંત્રીક્ષનાં ઉડનારાં પક્ષી, આ મારગે નવ જાય. ॥ ૨૮ ॥ દેવ દ્રષ્ટી નવ નાંખી સકેતો, બીજાનો શો ભાર; અતળીક બળીયો ન જાય કળીયો, રાણિ તણો કુમાર. ॥ ૨૯ ॥ તેવાના બાગમાં આગ મુકી, કોણે જણાવ્યું જોર; ચાલો ઝાલો ભાલા ભુજે, પકડી લાવીએ ચોર. ॥ ૩૦ ॥ એમ કહીને સહસ્ત્ર સુરા, તૈયાર થયા ચડી ચોટે; ફલંગ ભરતા દહીત ન ડરતા, દોડયા દડબડ દોટે. ॥ ૩૧ ॥ ત્રીતાડ ઉંચા નાકે બુચા, હાથ હાથ લાંબા દંતઃ કાન સહુના સુપડાં સરખા, બીહામણા બળવંત. ॥ ૩૨ ॥ ચાલ્યો ચોટે દારૂણ દોટે, ભુમી ભાર ભરપુર; રથમાં બેઠાં સુભદ્રાયે, આવતા દિઠા અશુર ॥ ૩૩ ॥ અરેરે દૈવ દૈત આવ્યા કાહાડસે પુત્રના પ્રાણ; હું નીરભાગણિ આશું કીધું, જાન ફીટી થશે કાંણ. ॥ ૩૪ ॥ ભયંકર ભય ભાસવાથી, પ્રતક મુરછા ચડી; સુભદ્રા મુરછાંગદ થઇને, રથમાં ઢળી પડી. ॥ ૩૫ ॥ વળણ. પ્રાણ ઉંચો ચડી ગયો, ન રહી શુધ બુધ સાન; કહે વલ્લભ તે જોઇને, મન ધાર્યું અભેમાન. ॥ ૩૬ ॥

કડવું ૧૦ રાગ લલીતનો છાયો.

અરર શું થયું માત માહારી; પુરણ ના પડી, હોશ તાહારી. ॥૧॥ ધરણ તું ઢળી; રાંક માવડી; મરણ તુલ્ય શું રથમાં પડી. ॥ ૨ ॥ લગન ધારીયું દીકરા તણું; મન ન વારીયું, વાર તેં ક્ષણું, ॥ ૩ ॥ હઠ કરી અતી નાર લાવવા; રથ ચડી ગયાં, સંગ આવવા. ॥ ૪ ॥ રતન માતરે, હાથ હું ચક્ષું; જીભલડી લઇ, દંતમાં ડશું. ॥ ૫ ॥ અરણ્યમાં વશ્યો, તાત જે હતો; રઝળતો કર્યો માતા તેં છતો ॥ ૬ ॥ ઉછંગ લે-

ઈને, કોણ પાળશે; નજર મીઠ્ઠથી, કોણ ભાળશે. ॥ ૭ ॥ અવર માત કો, માહરો નથી; હ્રદય ચાંપીને, તુ હશી જતી. ॥૮ ॥ રમીશ બેશીને, કેઈ મા કને; અગન ઉઠીરે, માત મુજને. ॥૯॥ જીવત ધીક છે, માહારૂં હવે; મળીશ માવડી કયે ભવે, ॥ ૧૦ ॥ નયન આંસુડાં જાય છે અતી; વલ્લભ ઓચરે, આવી આ ગતી. ॥ ૧૧ ॥ વળણુ. ॥ રડતો રૂદે ફાટતું, આંસુ ચાલ્યા જાય; દહીતો દેખી કુંવરે વીચાર્યું મનમાય.

કડવું ૧૧ રાગ સવઈયા.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણે જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું સુરેખા હરણ મહીમાય. ॥ ૧ ॥ મન વીચાર્યું અભીમન્યુએ ધાર્યું, રડયામાં રોળાઈ જાશું; કઠણ કાળજુ રાખુ મ્હારૂં, લુછી નાંખ્યાં આંસુ. ॥ ૨ ॥ જાણ્યું કે અસુર ઉત્પાત કરશે. મરશે મ્હારી માડી; પ્રાણ બ્રહ્માંડ છે જનેતાનો, એકાંન્ત દેઉં સુવાડી. ॥ ૩ ॥ બે ઘટીકાએ આવવે શુદ્ધી. રહેવા દેઉં રથ માંહ્ય; પણ પાપીનો પ્રહાર પ્રડે તો, માતાનો પ્રાણ પળાય. ॥ ૪ ॥ એમ જાણી રથમાંથી ઉતરીયો, કટી કશીને બાંધે; જનુની પડી શુધ બુધ વીના, કુંવરે લીધિ ખાંધે. ॥૫॥ લેઇને પળીયો કુંવર બળીયો, એકાન્ત જંગલ ઝાડી; વ્રક્ષ ગુફામાં વસ્ત્ર હોરાડી, ભુમી માડી સુવાડી. ॥ ૬ ॥ અસુર સાથે સંગ્રામ કરવો, ધારીને આવ્યો કુમાર; ઘોડાના અછોડા ગ્રહીને રથે, લઇ બેઠો હથીઆર. ॥ ૭ ॥ એવામાં અસુર આવી પ્હોચ્યા, દુષ્ટજનો દેઈ દોટ; કુંવરનો રથ ગેરી લેઇને, ઊભા વળીને કોટ. ॥ ૮ ॥ લોચન રાતાં ક્રોધે ન માતાં, વધા અસુરો વાણી; કોણ તું છે ને કયાંથી આવ્યો, બાળક મનુશ પ્રાણી. ॥ ૯ ॥ કેઇ નાતને જાતજ તારી, ક્રીયું ઘરને ગામ; કોણ માબાપનું છોકરૂં છે, કોણ તારૂં નામ. ॥ ૧૦ ॥ અભીમન્યુ કહે શું સહુ પુછો, નાતને જાત અનુપ; લાંબુ કહ્યા કરતાં કહું થોડું, સકળ ભુમીનો ભુપ. ॥ ૧૧ ॥ દાંનવ માનવ સર્વનો રાજા; રૈયત છો તમે મ્હારી; તે સાંભળીને ક્રોધ વ્યાપ્યો દુષ્ટ જનોને ભારી. ॥ ૧૨ ॥ ન્હાને મ્હોડે ન બોલ મ્હોટું, ખોટું વગર વીચાર્યું; બાગમાં આગ લગાડી માટે, મરણ તારૂ ધાર્યું. ॥ ૧૩ ॥ જેમ ફાવે તેમ બકયા કરે છે, આયુશ ટુંકો કાહાવ્યો; જો જે અહ્યા જીવતો નથી જવાનો, કાળ તારે શીર

આવ્યો. ॥ ૧૪ ॥ અભીમન્યું કહે કાળ કરો શું, કોણ હણે મમ કાય; જો તમે જીવ્યાનો ખપ કરો તો, નાશી જાઓ પડી પાય. ॥ ૧૫ ॥ તે સાંભળીને કુમતી કોપ્યા, કહાડી નાંખ્ખો પ્રાણ; ભાલા લીધા ભુજમાંને કરા રહ્યા ઘુમરાણ. ॥ ૧૬ ॥ ઉછળીયા બળીયા મળીયા છે, માયાવી મ્હા વીકરાળ; ધશી ધશીને ધાયા કરડવા, ફટક દેતા ફાળ. ॥ ૧૭ ॥ ઉંચા નીચા અવળા આડા, ઘણી ગરજના ગાજે; લાગ આવે તેમ લાતો ફેંકે, રથ તો ખારને બાજે. ॥૧૮॥ લડત લડે લાંબા પંજે, મારો મારો મુખ ભાંખે; વાંસડાના ફાંસડા ઉખેડી, કુંવર ઉપર નાંખે. ॥ ૧૯ ॥ જોર જુલમ જોઇ જંગલીનો, કોપ કર્યો અભેમાનઃ ધનુશ ચડાવી ટંકાર કીધો, ઉપર લીધાં બાણ. ॥ ૨૭ ॥ મ્હા દ્વેશ ધારે બાણજ મારે, સુમત દેવો મુકાવી; અસુર આડાને અવળા ખશી, આયુધ દે ચુકાવી. ॥૨૧ ॥ તાકી તાકી તન તોડીને મારે, પણ પાપીને નવ વાગે; વાગે કદાચીત કોઇ કને તો, ખોડ ખામી નવ લાગે. ॥ ૨૨ ॥ પ્રાણ ન જાયે ઘાત ન થયો, અસુર એવાને એવા; કુંવર લાગ્યો વિમાસવાને, આ જીવ જાતી કેવ'. ॥ ૨૩ ॥ માતાને ઉદર રહ્યો હતો હું, ગર્ભે અષ્ટાદસે માસ; તવ કોઠા વીધા વાંચીતી, મમ મામા અવિનાશ. ॥ ૨૪ ॥ તેમાં એવો હેતુ આવ્યો હતો કે, માયાવી હોય જેહ; ખડગ ન વાગે વાગે ન લાગે, પતન ન થાય દેહ. ॥ ૨૫ ॥ તેમાંના અસુર ભાસે છે આ, જેમ ફાવે તેમ ફાલે, તેવી જાતના ઉપર એકલું, શીવજીનું બાણ ચાલે. ॥ ૨૬ ॥ એવું જાણી ઉલટ આણિ, કામ કુંવરે કીધું; મહાદેવજીનો મંત્ર ભણીને, એક બાણ તવ લીધું. ॥૨૭॥ ફેરની ફુંદડિ ફરીને ફેંકયું થયો કારમો કોપ; જે જે જોદ્ધાને બાણ અડયું તે, રાક્ષસ થયા લોપ. ॥૨૮॥ નવસેને નાવાણું હણાયા. કુંવર કળીયો માઠો; એક બચી ગયો રાક્ષસ સહુમાં, તે જીવ લેઇને નાઠો. ॥ ૨૯ ॥ જાતાં જોયો અભીમન્યુએ, સવળો લીધો સાર; છોને એ જાય જીવતો જં, કેહેશે સમાચાર. ॥ ૩૦ ॥ વળણ. ॥ રાક્ષસ નાશી આવીયો, હેડંબા ભોવન; જાગો જાગો માવડી, શું કરો શયન.

કડવું ૧૨ રાગ સોહયાણીની ચોપાઇ.

આવી અશુરે ગરજના કીધી,સાંભળી બળવંતી બીધી; ઉઠી આ

વી વીપ્રીત મન જાણી, શું છે શું છે પુછે છે રાણી. ॥ ૧ ॥ જોયું વન સળગતું જ્યારે, બની બાવરી બાળા તે વારે; કોણે કરમ કર્યું આજ આવું, વધ્યો વહની શી રીતે સમાવું. ॥ ૨ ॥ સુણી દહીત કહે ઓ માડી, બાળી નાંખી બધી વન વાડી; જાગી ઉઠયા અમો સહુ દાસ, શત્રુ કરતાનો કીધો તપાસ. ॥ ૩ ॥ કોઈ મનુશ જાતી છે બાળ, આવ્યું રૂજની વન વીકરાળ, પંડે એકલો નથી કોઇ સંગ, બોલે નીરભય હીમત અંગ. ॥ ૪ ॥ અમે માંડી તે સાથે લડાઈ, કરી પ્રાણ લેવાની ચડાઇ; પણ પડી નહી કુંવરને વેઠ. એક બાણે પોંહોચ્યા સહુ હેઠ. ॥૫॥ આવ્યો એકલો જીવતો માડી, નવ્ય આવ્યું તે તુંને ઉઠાડી, સુણી દીલમાં દુભાણી દારા, રેહેજે ઉભો અનુચર મ્હારા, ॥ ૬ ॥ કહી ગઇ તે સાતમે માળ, આવી સુતો જ્યાં પોતાનો બાળ; ક્રોધે ભરી લોચન રક્ત માત; મારી તનની રૂદેમાં લાત. ॥ ૭ ॥ ઉઠય સુત થયો સંતાપ, આવ્યો બળીયો કોઈ તારો બાપ; જોને આગ લાગી અતી વન, તોએ દળીદ્રી તું કરે સયન. ॥ ૮ ॥ માર્યા સહસ્ર શેવક એક પલમાં ધાણ કાહાડયો બધો બહુ બળમાં; હજી હામ રાખી રહ્યો ઉભો, એનો શો હશે મનસુબો. ॥૯॥ એવાં વચન માતનાં સુણી, ઉઠયો ગટોરગછ માહા ખુની; કરી ગરજના કોપે ચડીયો, સાતમે માળથી ભોંય પડીયો. ॥૧૦॥ દીઠો વીકરાળ વહની વનમાં, લાગી તપત ઘણી તેના તનમાં; ઉડે અગની તણા અંગારા, થાય ભડકા ભારે ભબકારા. ॥૧૧॥ સળગે વનસ્પતી સુસોટ, વળે ધુમ્રના ગોટે ગોટ; દેખી દેખીને મ્હા રીસ વ્યાપી, કોણ આવ્યો એ હરૂન્ય પાપી. ॥૧૨॥ પુછયો શેવકને સમાચાર; તેણે કહ્યો વાત વીસ્તાર; જાણી ખબર ખુનસે ભરાયો, જુધે જાવા હેડંબાનો જાયો. ॥ ૧૩ ॥ વળણ. ॥ ખુનસે ભરાયો ખારીલો, જુધે જાવા મન; વદે વલ્લભ પછી શું થયું; સુણો શ્રોતાજન.

---×○×---

કડવું ૧૩ રાગ ધન્યાશરી.

વાયુના નંદનનો એ નંદન, નિકંદન મન ધાર્યું; વ્હેર વધ્યું વીશ તુલ્ય વપુએ, મહા વિપ્રત વીચાર્યું. ॥ ૧ ॥ થયો ઊતાવળો અતી આકળો; દારૂણ દીલમાં દ્વેશ, માયાવીએ માયા રચવાને, મુસ્તક છોડયા કેશ. ॥ ૨ ॥ રીસ કરીને શીશ ધુણાવી, પછાડયું પાશાણ માય,

જીવજંતુ જેવડા શાહસ્ત્ર જંતુ, ખરી પડયા તવ ત્યાંય. ॥ ૩ ॥ પવન પ્રથવી સ્પર્શ થયો કે હરેન્ય થયા અસુર; સરીર પોહોળા પુષ્ટ ઘણેરા, લાંબા ત્રીતાડપુર. ॥ ૪ ॥ ધ્રુજાવે ધરણ મુકતા ગરણ, આવી કરે ચકચુર; એવા યોદ્ધા ઉત્પન કીધા, ક્રોધ ભરેલા ક્રૂર. ॥ ૫ ॥ દેખીને આનંદ પામી હેડંબા, હું પણ રૂપે થાઉં; બેટા ગટોરગછ તારી સાથે પુરણ પક્ષે આવું. ॥ ૬ ॥ છે વણો સુરો પરાક્રમે પુરો, વીઘ્નનો કરનાર; તે વણ રાત્રીયે રણ ન નીકળે, એ માહારા કુમાર. ॥ ૭ ॥ તું બાઝજે પણ અળગી ઉભી, કરીશ તારી રક્ષ; જો તે જોરાવર ઘણો હશેતો, ગળે ઝાલી કરૂં ભક્ષ. ॥ ૮ ॥ સાંભળી સતીનો સુત બોલ્યો, જાણી જનેતાની વાત; પુરૂશે પુરૂષ પરાક્રમ કરીયે, કામ નહી તારૂં માત. ॥ ૯ ॥ યુધ કરતાં હાર હું પામુ, તો તું આવજે ધાઇ; એકલાને હણવો છે તેમાં, શી કરવિ સરસાઇ. ॥ ૧૦ ॥ એવું કહ્યું તવ બોલી હેડંબા, પધારો મ્હારા બાળ; બે ઘડી રહીને આવીશ જોવા, છે મુને પેટમાં ફાળ. ॥ ૧૧ ॥ ॥ વળણ ॥ માયે દીધી આગના, ગટોડગછ બળવાન, વ્યાસ વલ્લભ મુખ ઓચરે, શૈન્ય કર્યું સાવધાન. ॥

કડવું ૧૪ રાગ નાટકમાં ચાલો ભૈયો ચાલો. એ રાગ.

ચાલો દૈતો ચાલો ઝાલો, હાથે હથીઆર; છાકમાં છકેલો કોઇ બાગ બાળનાર. ॥ ૧ ॥ જોર જુલમ વાપરે, શું સર્વનો સરદાર; ફાટેલો તે કોણ છે એ દૈત્ય મારનાર. ॥ ૨ ॥ બાંધો કેહેડ કશી કશી, ધશી ધશીને, પીટંપીટા મારો રીંટા, ધશી ધશીને. ॥ ૩ ॥ ઉઠો રૂઠો કુટો લુટો લાજ તેતણી; શીશ બે ધરાવી આવ્યો, આપણા ભણી. ॥૪॥ એવું સુણી સર્વ ઉઠયા, હારવી ન હોડ;હાથમાં આયુધ લેઈ, જાય જોડાજોડ. ॥૫॥ ધમક ધમક ધરણ ધ્રુજે, ચમક ચમક ચાલ, પરડ પરડ પગલાં પાડે, શત્રુને છે સાલ. ॥ ૬ ॥ ધબડ ધબડ કરે ધબાકા, ફાટયાં રહ્યાં લોચન; પડધી પગની સાંભળી કાને, કીરીટધરને તન. ॥ ૭ ॥ ચેતન બનીને ચાતુર ઉભો. આપ અતી હોંશીઆર; અસુર આવ્યા દોડતા દોડતા,સાથે છે સરદાર. ॥ ૮ ॥ રથજ દીઠો અભીમન્યુનો, પડી ગયા સુસોટ; વચમાં ઘેરીને આગળ પાછળ, ઉભા કરીને કોટ. ॥૯॥ વળણ. ॥ કોટ કરી ઉભા રહ્યા, દેવા દારૂણ દુખ; કહે વલ્લભ સુત અભીમન્યા, રહ્યો કુંવર સનમુખ.

કડવું ૧૫ રાગ સાખી.

કુંવર સામો માયાવી ઉભો, ગટોરગછ બળવાન; સઘળી દીશા દ્રષ્ટી કરીને, જોઇ લીધું અભીમાન. ॥ ૧ ॥ ત્રીતાડ ઉંચા સરવ દીઠા, એક મનુશ આકાર; કુંવરે જાણ્યું સર્વ તણો છે, સનમુખ તે સરદાર. ॥ ૨ ॥ એવું જાણી અભેમાન બોલ્યો, કોણ છો શા મનશુબા; ભુપતી જાણી મુજ સામી શી, અરજ કરવાને ઉભા. ॥૩॥ સાંભળી સુત હેડંબાનો બોલ્યો, બકે શું વણ વીચાર્યું; મ્હોત ભમે છે તારે માંથે; મ્રત્યુ થશે અણુધારયું. ॥ ૪ ॥ કોની નાતને કોણ જાત તું; કેઇ દીશા ઘર ગામ; કોના કુળનો કુંવર છે તું, તાત તણું શું નામ. ॥ ૫ ॥ અભીમન્યુ કહે શું પુછે છે, માંડીને મુજ વાત,તાહરી જ્ઞાતી ને જાતી શી છે, કોણ છે તારો તાત. ॥ ૬ ॥ મુમત લેતાં નામ ન દેતાં, વીખાણ આપ વડાઇ; જો તાતજી તણાં નામ કહેતો, થાય નહી લડાઇ. ॥૭॥ પણ જુવાનીયા છે બાળ ચેષ્ટા, હુંપદ બહુ મન આણે; શીઆળ સીસમાં કુતરૂં ગામમાં,તેવી રીતે મત તાણે. ॥૭॥ ગટોરગછ કહે સુણ છોકરા,વાંકાં વદે છે વચન;શાથી તું આવ્યો આ ભુમીમાં, લગાડયું મ્હારૂં વન.॥૯ અભીમન્યું કહે ભુપતી હું છું, સકળ ભુમી છે મ્હારી, કેટલા વર્ષથી અહી વસ્યો તું, વાત ખરી કહે તારી. ॥ ૧૦ ॥ સાચે સાચું કહેજે નહી તો ઉપજે દુઃખ આડું; વણ રજાએ વશ્યો છે વનમાં, લાવ્ય ભુમીનું ભાડું. ॥ ૧૧ ॥ ભાડા વીના રેહેવા નવ દીજે; લીજે ધન માલ લુંટી; પાય ન પડેને બાકરી બાંધે, આયુશ દોરી ખુટી. ॥ ૧૨ ॥ વચન સુણી ખડ ખડ હસ્યો, હેડંબાનો તન, જુઓ દૈતો ભાડું આ માગે, ભાડે હું વસ્યો વન. ॥ ૧૩ ॥ શું છાકમાં છકયું છે છોકરૂં, જેમ ફાવે તેમ બોલે; દેવ ધરા ધડી ડરે મ્હારાથી, નગણું તરણા તોલે. ॥ ૧૪ ॥ સાંભળરે રથના બેસનારા નથી તું મુજ સમાન; શેશની સામું અળશાયું જેમ, સીંગની સામુ સ્વાન. ॥ ૧૫ ॥ સાગર આગળ ખાબડું જેવું, કનક કને કથીર, તે પ્રમાણે તું મુંજ સામો, શું રહ્યા રાખી ધીર. ॥ ૧૬ ॥ તેવું સાંભળી કુંવર બોલ્યો, પારથનો સંતાન, કીંમત નથી તુજને મ્હારી; ન થૈશ હીંમતવાન. ॥ ૧૭ ॥ અનેક તમે એકલો હું છું, પણ જોજો હાથ મારા; તાહરી આગળ કેવા તમો છે. એક ચંદ્ર બહુ તારા. ॥ ૧૮॥ શુર્યના સામા દીપક કોટીક,મેઘ ધારા કન છાંટા, તેવા તમે છો કેવા જેવા, ભાલાની આગળ કાંટા.

॥ ૧૯ ॥ વળણ. ॥ એમ વચન અભીમન્યુનાં સાંભળી કોપ્યો અપાર; કહે વલ્લભ તવ બોલીયો. ભીમ તણો કુમાર. ॥ ૨૦ ॥

કડવું ૧૬ રાગ ચોપાઈ.

બોલ્યો ગટોરગછ મુખ એમ, સહુ જોઈ રહ્યા છો કેમ; મારો ઠેર કેર કરો ઝાઝો, બહુ બોલીને શું જાય સાજો. ॥ ૧ ॥ બાગમાં આગ મુકી અપાર, મારો મહા મન મેલીને માર; ચુંથો ચામડીને હાડ ભંગ, એનું આખું રહે નહી અંગ. ॥૨॥ કોઈ બાઝે ન આપ સંગ, વાળો રોસણુ રીસને રંગ; એવું કહેતામાં કોપ્યા અશુર, રાતા તાતા થયા ભરપુર. ॥ ૩ ॥ ફેંકે ફાંસડા વાંસડા કહાડી. મારે પાશાણુ જંગલી ઝાડી; ગ્રહ્યા અભીમન્યુએ હથીઆર; લેઈ બાણુ દેવા માંડયો માર. ॥ ૪ ॥ તવ વ્રકોદરનો તન, કરી ગરજના ગયો ગગન; જઈ વનમાં પાછો આવે, ઝાહાડ પહાડને તાડજ લાવે. ॥પ॥ નાંખે અંત્રીક્ષથી ધરી સુર, ચેતી કુંવર કરે ચકચુર; કરે કકડા આવી અંગ વાગે; પણ બાણોથી પરવત ભાગે. ॥૬॥ ઝાડ તાડ કરે છે છેદન, પાછો પડતો નથી અભેમન; એમ લડતાં બે વડતાં શું કીધું; મંત્ર ભણી શંભુ બાણુ લીધું. ॥ ૭ ॥ ફરી પુંઠડી ફેંકયું જ્યારે, સહસ્ત્ર દહીત થયા લોપ ત્યારે; દેખી વનવાશી ક્રોધ ભરીયો, માયાવી નર નીચે ઉતરીયો. ॥૮॥ એણે પછાડયું શીશ વીસ વાર, કર્યા અસુર વીસ હજાર; ટોળે ટોળાં ને ફાટેલા ડોળા, ફેંકે ફરશીને ગોફણુ ગોળા. ॥૯॥ ઢેપાં ઢેખાળાં ધારીને મારે, પાપી પ્રચંડ પોક પોકારે; દૈત્યને સાંપી ગયો ગગન, રહ્યો અંત્રીક્ષ હેડંબા તન ॥ ૧૦ ॥ કરે ઉંચે રહી અતી જોર, ભલો હાથ આવ્યો છે ચોર, એમ કર્યા કરે બકોર; આગ મુકી એ હરામખોર. ॥ ૧૧ ॥ કરે કુંવરને ક્રૂર કષ્ટી, પડે પાસાણુની મ્હા વ્રષ્ટી, ખશે ખેવાડુ જાળવે અંગ, તો યે ગાત્ર ઘણું થાયે ભંગ. ॥૧૨ ધ્રુજ્યા થર થર કુંવરના ચરણુ, જાણ્યું નીસ્ચે આવ્યું આજ મરણુ; નહી જીવીયે જીવડો જાશે; મ્હારૂ ચામ રણુમાં ચુંથાશે. ॥ ૧૩ ॥ નીસ્ચે મરવું તો રડવું શા માટે, બહુ બાણુ છોડાયા શુસવાટે; એક લાધું મોહાસ્તર ભણી, નાંખ્યું ગગન જાણીને ધણી ॥ ૧૪ ॥ ભોકાયું ભીમ શુતને જઈ, પેઠું પુરણુ રૂદીઆ મહી; તવ પ્રાણુ બ્રહ્માંડે ચડીયો; નવ જોજન જે દુર પડીયો. ॥ ૧૬ ॥ રહી નહી એને શુદ્ધ સાન, પડયો ભુમીમાં થૈ બે ભાન;

ભાન;પછી કુંવરે શું કામ કીધું, શીવ મંત્ર ભણી ભાણુ લીધું. ॥ ૧૬॥ નાંખ્યું બહુ બળથી કરી કોપ, થયા અસુર સઘળા લોપ; ઉભો એવે થઇ ઘડી ચાર, વળી મુરછા ભીમ કુંવર. ॥૧૭॥ ઉઠયો રૂઠયો ભરાયો ટેક, કીધા અસુર હજાર એક; ચાલો શેવક સુરપણું કરિયે, પ્રાણ શત્રૂ તણો પરહરીયે. ॥ ૧૮ ॥ લેઇ ટોળુને આવ્યો બળીયો, દેખી દુશમન બહુ કળકળીયો; કરો બળ હોનારૂં હોય, ઝાહાડા પાહાડ ન માર શે કોય.॥૧૯॥ મારો ઝપાટો જણાવો જોર, કરો ધુળે અંધારૂં ઘોર;નાંખો રેણું થશે અંધકાર. તેણે ગભરાવી દેવો કુંમાર. ॥૨૦॥ વળણ॥ ગભરાવો એ છોકરૂં,ઉછાળો ભુ ભાગ;નેત્ર ન સુજે એટલે,ફાવે મ્હારો લાગ

કડવું ૧૭ રાગ [illegible]જાહી ધુમાસ.

આજ્ઞા આપી અસુર જવને, ભું ખાયો રાક્ષસ લોકજી;ઘણાક ગાજ્યા વડવા બાજ્યા; પાડ્યા પોકા પોકજી. ॥ ૧ ॥ જોકળે કળકળે કારમા તે, મારોમારો મુખ ભાખેજી; ખોબે ખોબે ધુળ લેઇને, કુંવર ઉપર નાખેજી. ॥ ૨ ॥ લોચન મીચી નજર નીચી, રાખીને રેણું ઉછાળેજી; વાકાં વળીને દાટજ વાળે, આડું અવળું નવ ભાળેજી. ॥૩॥ થેકડા ભરતા હોકારા કરતા, જબરૂં જણવે જોરજી; કાંકરા કુંકરી ઝીણી રજોટી, ઉડી થયું ધમઘોરજી. ॥૪॥ કરી ગરજના ગગન ચડીયો, હેડંબાનો બાળજી; અંત્રાક્ષ રહીને ચરચ્યા જોતો, વ્યાકુળ થઈ વિકરાળજી.॥પ॥ અભીમન્યુ અકળાયો રૂંધાયો, ચરણ થરથર ફરૂજેજી; રજોટી ભરાઈ નાશીકામાં, નેત્ર વડે નવ સુજેજી. ॥૬॥ સ્વાસ લેવાય નહી સ્વાસ મુકાય નહી.રાક્ષસરેણું રોળેજી;રજતજ કાકરી ઉડતી આવે,ઉભો ઉભો ચક્ષ ચોળેજી.॥૭॥ વસ્ત્ર વપુ સહુ ધુળે ભરાણાં, મુખ પ્રતીકા ધુળ ણીજી; વઢવાનું મેલ્યું વેગળુંને, પટકુળ ઓઢયું તાણીજી. ॥૮॥ તવ ખબર પડી ગટોરગછને, પુરણ ઉંચો ચડીયોજી, સમળી શમ ત્યાં ઝડપ મારી, આવીને રથમાં પડીયોજી, ॥ ૯ ॥ કુંવર ઉપર ક્રોધ કરીને, કીધો મુષ્ટી મારજી; ગાભરો કીધો ગટોરગછે, છીનવી લીધાં હથીઆરજી. ॥૧૦॥ અભીમન્યુને ફાળ પડીને. પટકુળ અંગથી કાહાડયુંજી; મરવું આદર્યું મન થકીને, હસ્ત [illegible] માંડયુંજી. ॥ ૧૧ ॥ બે બળિયા ત્યા ગાજ્યા ભ્હાજ્યા, બળથી બાથો બાથજી; કુસ્તાઇ લાગી સુસ્તાઇ ભાગી, જુએ અશુરનો સાથજી. ॥ ૧૨ ॥ લડતા કનડતા રથેથી

પડીયા, પૃથ્વીપર પ્રચંડજી, માયાવી દાવ જોઇ ઘાવ કરે છે, રાક્ષસે કીધું કુભંડજી. ॥ ૧૩ ॥ ગટોરગછની પક્ષ કરીને, મારે કુંવરને મારજી. બીજાએ રથ બધો ભાગી નાંખ્યો, માર્યા ઘોડા ચારજી. ॥ ૧૪ ॥ બળી એ બળિયા બાઝયા ક છે, એકએકને દે ઢીકજી; છાતીના બંધનો સ મંધ તુટે, કળચડી આવે હીકજી. ॥ ૧૫ ॥ કરણ પકડી નાશીકા ભાગે, દે છે ડિંચણની ઠેસજી; ધોલ થપડને ગડદા પાટુ, મારે ને ઝાલે કેસજી. ॥૧૬॥ કોણિએ કોણિ દે કુખ ચોંટી, લડાવે શીશે શીશજી; પડતા હેઠા થાય છે બેઠા, નાંખે ચીશેચીસજી. ॥૧૭॥ એવામાં માયાવિ દાવ જોઈ-ને, બેસી ગયો છે ધરણજી; મ્હા ક્રોધ ભરીયો અભીમન્યુનો, ચપશી ઝાલ્યો ચરણજી. ॥ ૧૮ ॥ ઉચકી ઉભો થયો છે શુબો, હિલોળી નાંખ્યો હેઠોજી; પડયો ચતાપાટ તેની રૂદેપર, ગટોરગછ ચડી બેઠોજી. ॥ ૧૯ ॥ કુંવર નીચે તરફડે છે, દ્વેશ માયાવી ધારેજી; અભીમન્યુના મુખમાં રે-ણું; ભરીને ગડદા મારેજી. ॥૨૦॥ દંત પીશીને, બહુ ચપશીને, ગળે દીધો નક્ષજી, નસો નાડા ત્યાં તણાઈ શુતની, ઉંચાં ચડીયાં, ચક્ષજી. ॥૨૧॥ મોડેથી નિકળ્યા ફીણ ફીસોટા, કારમુ થયું કુભાન્ડજી; શુધ ગ-ઇને સ્વાસ થયો બંધ, પ્રાણ ચડયો બ્રહ્માંડજી. ॥ ૨૨ ॥ અંતરયામી વિ-શ્વના સ્વામી, જાણિ હરિએ વાતજી; જાણ્યું ભાણેજો ભોમી પડયો. થશે એની દેહ ઘાતજી. ॥૨૩॥ જો એ મરશે તો ધાર્યું, ફરશે, કરશે, હ-રણ નહિ કોયજી; મારૂં બોલ્યું રેહેશે મ્હારા મુખમાં, હળધારીનું કર્યું હોયજી. ॥૨૪॥ એવુંજ જાંણી પુરૂશ પુરાણી, ચાતુર કેમ જાય ચુકી-જી; ગટોરગછના પટમાં ગોવિંદે, દયાને દીનતા મુકીજી. ॥ ૨૫ ॥ તવ કો-મળ રૂદે ગટોરગછનું, થઇ ગયું શુભ સારૂંજી; અરેરે જીવ નીકળી ગયો, હવે એને શીદ મારૂંજી. ॥ ૨૬ ॥ વળણ ॥ એમ કહિ ઉભો થયો, ચા-લો દૈતો ભાગ; વદે વલ્લભ સહુ સંચર્યા, હોલવવાને આગ.

કડવું ૧૮ રગ ચોપાઇ.

આલ્યા આગ હોલવવા અશુર, દોડયા દડબડ દોટેપુર; પણ વઢતાં થઇ જે વાર, ઘેર હેડંબા કિધો વિચાર. ॥ ૧ ॥ પુત્ર પરવર્યો દુશમન પાસ થઇ વાર પડયો મન ત્રાસ; હજી આવ્યો નહિ શુત બળિયો, સામો શત્રુ માથાનો મળીયો. ॥ ૨ ॥ રખે કુંવરને કાંઈ થાય; મ્હારૂં જીવતર છુટી જાય; માટે ઘાલું લડાઇમાં લક્ષ, પરવરૂં હું પુત્રની પક્ષ. ॥ ૩ ॥

એવું ધારીને નીકળી નાર, આવી સોત્રણ ધામની બ્હાર;હતી સુક્ષ્મ શામા અનુપ, એણે ધર્યું માયાવી રૂપ. ॥૪॥ રણ વઢવા જવાની રૂચી સાત તાડવા બની ઉંચી;ત્રણ તાડ લાંબા બેઉ ચરણ, ચાર તાડ લાંબુ દેહ વરણ. ॥૫॥ શીશ ડુંગર સમ કેશ કેવા, લાંબા જાડા મ્હોટા વાંસ જેવા; નવગજ નાશીકા દ્વીંગાળા, સ્વાસ શાર મ્હોટાં ઘડનાળાં. ॥ ૬ ॥ નગ્રદ્વાર સરીખું વદન, મ્હોટાં સરોવર સરખાં લોચન, બ્હામ દંતુવજ્ર તોડે તેવા; બેઉ કરણ સાગર નાભ જેવા. ॥ ૭ ॥ એવો કારમો વેશ ધરીને,ચાલી પુત્રની પક્ષ કરીને; દોડી પુત્રની પક્ષે આવે, જાતાં લોહ તણા ચણા ચાવે. ॥ ૮ ॥ દૈત ટોળું જીતી આવ્યું જેવે, દીઠી માતા ગટોરગછ તેવે; કીધો જનુની જાણી જુહાર; શીદ સધારો માત આવાર ॥૯॥ તવ હેડંબા કહે એ બાળ,લાગીવાર મને પડી ફાળ;જાણ્યું કરી આવું શત્રુનુ ભક્ષ, આવતીતી હું તારી પક્ષ, ॥૧૦॥ ભલે સાંમો મળ્યો તું કુમાર, બેટા કહે યુધના સમાચાર; હતો શતરૂ કેવડો કેવો, શુત કહે માતા મ્હારા જેવો. ॥ ૧૧ ॥ પણ ઘણો હતો બળવાન, કોઇ મોટા તણો સંતાન; બળવંત એ બાણાવળી, માર્યો મુઓ છેતર્યો છળી. ॥ ૧૨ ॥ કહે હેડંબા હરાવ્યો હોડે, બેટાકોણ તે કુંવરની જોડે; બોલ્યો ગટોરગછ માત મ્હારી, નથી જોડે કોઇ નરનારી. ॥ ૧૩ ॥ આવ્યો એકલો રથમાં બેસી, પડયો રૂજની રણમાં પેશી, આણ્યો કાળ મેં કારજ કીધું. એનું સબ રણમાં રેહેવા દીધું. ॥૧૪॥સુણી બોલી હેડંબાએમ,છેતેછોકરૂં જોવાનો પ્રેમ; તેને જોવાને જાઉં છું તન, તમે હોલવો આપણું વન ॥૧૫॥ આપી આજ્ઞા શુતને જ્યારે, ચાલ્યા સરવ શુરા બાગ ત્યારે; કરે વહંની સમાવા ઉપાય, પણ હેડંબા ચાલી જાય. ॥૧૬॥ પડી શુભદ્રા મુરછામાંય, થઈબેઠી વળી મુરછાય; આવી શુદ્ધીને આવ્યું ભાન, ગયો રથ સૈત કયાં સંતાન. ॥૧૭॥ વળણ ॥ કયાં ગયો સંતાન માહરો, એમ કરે પોકાર; વ્યાસ વલ્લભ વાણી વદે, ભાસે વન ભયંકાર.

કડવું ૧૯ રાગ કાફી.

બોલ્યા વૈશમ પાયે વચન, શુણ પરીક્ષત કેરા તન; એતો પુત્રને પોકાર કરતી,વન વીશે આંશુડાં ભરતી. ॥૧॥ પુત્ર પુત્ર કહીને પોકારે, કોઇન બોલ્યું ગભરાઇ ત્યારે; અરેરે કેમ થયું એ બાળ,લાગી શોધવા વન વીકરાળ. ॥૨॥ મારે ફાંફાં અંધારે ફરતી, ત્રાહ્ય ત્રાહ્ય તે મુખ એ-

ચરતી;દીઠો રથરણમાં ભાગેલો—જડયો સોધતાં પુત્ર પડેલો ॥ ૩ ॥ જોયુ સબ શુતનું જેવારે, બેઠી ગગળી ભુમીમા ત્યારે; હોશ કોશ ગયા એના ઉડી, દારા દુઃખ દરીયામાં બુડી. ॥ ૪ ॥ અરેરે દૈવડા આવું થયું. મારૂં નીર્ધનનું ધન ગયું, ફુટયું કરમ મ્હારૂ કઠોરૂં, ખોઇ બેઠી એકનું એક છોરૂ. ॥ ૫ ॥ દૈવ દાહાડો થયો મ્હારો વાંકો, પડયું દુઃખ રહ્યો નહી આંકો, પુત્ર પુત્ર પોકારજ દીધો; શુત શુતેલો ઉછંગ લીધો. ॥૬॥ બોલો બોલો કહીને બોલાવે; મુખઝાલીને માત હલાવે, ઊંચો કરી કરીને જોતી, ફાટે રૂદીયા તેવું રોતી. ॥ ૭ ॥ ચાલે લોચન આંશુ ચોધાર, કુટે શીશને છાતી અપાર; નવે ગ્રહો વાંકા થઇ પડીયા, કેમ કઠોરાં કર્મનીવડીયાં.॥૮॥ ગયું ઘરબાર ધનમાલ રાજ, ગયો ટેક તારોને લાજ; પડી પરઘેર પેટડું ભરતાં, તોહ્ય ફળ મળ્યાં અતી નરતાં. ॥ ૯ ॥ સ્વામી મુકીને વન પડયો હુતો; લાવી રણમાં મુકી શુતશુતો; એમ વલવલે પ્રત્યું આદરે,રડે રણમાં રામા ઝીણે સ્વરે. ॥૧૦॥ આવી હેડંબા જોવા સંતાન, તેણે રૂદન સાંભળ્યું કાન; અહો કોઇ કામા કરે રૂદન, મને કહ્યું તું મ્હારે તન. ॥૧૧॥ નથી શુત સંગકો નરનાર,ત્યારે આકોણ કરે પોકાર; કોઈ છે અબળાની જાતી,રડે જેમ છળી જાય છાતી. ॥૧૨॥ શુત સાથે શી સગાઇ એની,થાય સ્ત્રી માત,કે થાય બેહેની;હાલ જોવાને જાઊં હું પાસ,નહી બોલે પછી પામી ત્રાસ.॥૧૩॥ માટેહાલ અહીં ઉભી રહેવું, એનું સગપણ સાંભળી લેવું; એવું જાણી શુક્ષમ દેહ ધરી,બેઠી તર્ણ ગુફા શુંદરી. ॥૧૪॥ દીધું ધ્યાન ત્યાં કાનજ માંડયા, શુણે છબીલી ઊતપાત છાંડયા;રડે શુભદ્રા શીશ કર ધરી, પાડું દેહ મ્હારો કાંક કરી. ॥ ૧૫ ॥ વલણ. ॥ એમ અતી આક્રંદ કરે, શુત ગ્રહી બે હાથ; કહે વલ્લભ સંભારતી, સાસરીયાનો સાથ ॥

કડવું ૨૦ મું અોખાહરણમાં ગણુપત બોલો

હો બાળા. એ રાગ.

મારા લાડકવાયા તન, અભેમાન બોલોનેરે; તારી માતા હું કરૂં રૂદન, અભેમાન બોલોનેરે. ॥ ૧ ॥ જરા જુઓને આંખ ઊઘાડી, અભે. તેંતો રઝળાવી રણમાં માડી. અભે. ॥૨॥ કીયા શત્રુએ કીધો આ કેર. અભે. હોય સંગ સગુતો લે વ્હેર. અભે. ॥ ૩ ॥ બેટા જનમનો તુંરોશી.

અભે; નથી વડીઆઈ કુન્તા ડોશી, અભે. ॥ ૪ ॥ સુણી હેડંબાને આવ્યાં આંસુ, અભે; કુન્તા નામે છે મ્હારાં સાસુ, અભે. ॥ ૫ ॥ બેટા તુજને નડયું મ્હારૂં કર્મ, અભી; નથી વડીલ કાકો તારો ધર્મ, અભી. ॥ ૬ ॥ હેડંબાને સગપણ ભાસ્યું ઠેઠ, અભી; રાજા ધર્મ તો મહારા જેઠ, અભી. ॥૭॥ બેટા ન રહ્યો કુશળ ખેમ, અભી; નથી કાકો ભીડભંજન ભેમ, અભી. ॥૮॥ સુણી ત્રાસ હેડંબા પામી, અભી; કહ્યા ભીમ તે તો મ્હારા સ્વામી, અભી. ॥૯॥ બોલો બોલો બેટા અભીમુન,અભી; નથી તાત તારો અરજુન, અભી.॥૧૦॥આવ્યો ઉમંગે આયુધ ખોશી, અભી; નથી કાકો તો શેદેવ જોશી, અભી; ॥ ૧૧ ॥ હોય તો તે ફકાવું ધુળ, અભી; નથી નાનો કાકો નીકુળ, અભી. ॥૧૨॥ હેડંબાએ સગાઇ સત્ય જાણી, અભી; આતો દેરાણી ને હું જેઠાણી, અભી. ॥ ૧૩ ॥ વળણ ॥ એમ સગપણ સત્ય જાણીયું, તવ મન પ્રગટયો શોક; કહે વલ્લભ તે માનુની, મુકી મોટી પોક. ॥

કડવું ૨૧ રાગ સાખી.

પોકજ મુકી કારમીને,આવી કુંવરની પાસ;તે દેખી સુભદ્રા ધ્રુજી,પડીયો મનમાં ત્રાસ. ॥૧॥ અરેરે આ અઘોર વનમાં, અબળા જાતે કેવી; ભુત પીચાસ કે ડાકેણ સાકેણ, વંતરી કે વનદેવી. ॥૨॥ ચુડેલ ઝાંપડી કે મેલડી છે, શીકોતરી કે પ્રાણી; એમ અતી મન તરંગ ઉઠયા, ગોરી ઘણી ગભરાણી. ॥૩॥-એટલે આવી બોલી હેડંબા, બાઈ તમે દેરાણી; હું ભીમશેનની ભામની છું, તમ તણી જેઠાણી. ॥૪॥ જરા ન બીશો જરા ન ડરશો,ધારણ રાખજો મન;આ સુત સાથે જુદ્ધ કરયું છે,ગટોરગછ મુજતંન. ॥ ૫ ॥ ભાઇએ ભાઇ લડયા અજાણે, નથી લડયુ અન્ય કોય; એવું સાંભળી સુભદ્રાના, મનમાં ધારણ હોય.॥૬॥પછી હેડંબાએ પુત્ર લીધો, પોતાને ઉછંગ; હવે જીવીને શું કરૂં હું, પાડું મારૂ અંગ. ॥૭॥ પેહેલી ન જાણી મેં તો દેરાણી, કાણી કીમી કુખ; અરજુન દીયર દાહ્યો મ્હારો, શું દેખાડીશ મુખ. ॥ ૮ ॥ કાળીટીલી ર્હારે કપાળ ચોટી, બેઠું લાંછન મ્હોટું; કેહેશે કે પીતરાઈ પણું જણાવ્યું, ખરેખરૂ થયું ખોટું. ॥ ૯ ॥ એમ કરીને રડવા લાગી, પોક મુકે બે ભાન; ગટોરગછ બાગ હેલાવે છે, તેણે સાંભળ્યું કાન ॥ ૧૦ ॥ સાંભળો દૈતો સાંભળો દૈતો, માત મ્હારી પોકારે; સો વશા પેલો જીવતો થયો, મ્હારી જનુ-

નીને મારે. ॥ ૧૧ ॥ શું જુએ છે જેએ ઝપાટે, સપાટે સુસોટ; એમ કહ્યું કે અસુર સરવે, દરબડ મુઠી દોટ. ॥૧૨॥ લગભગ આવ્યા દોડતા છે, લડતના મનસુબા; જનેતાને જ્યાં રૂદન કરે ત્યાં,ઘેરો ઘાલીને ઉભા. ॥ ૧૩ ॥ શું છે શું છે પુત્રજ પુછે, કેમ આ છોકરૂં ઝાલ્યું; હેડંબા કહે અણુસમજણના, ઉધમાતમાં ઘર ઘાલ્યું. ॥ ૧૪ ॥ એકાએક શું વગર બોલે, આરંભ્યો સંગ્રામ; સામા સામી શું પુછ્યું નહિ હોય, ઘરગામ બાપનું નામ. ॥૧૫॥ ગટોરગછ કહે મુજ માતા, તે વાત કયાં તું પુછે, હળીમળી સુત ઉછંગ લીધો, તે તણું કારણ શું છે. ॥ ૧૬ ॥ સુતના વાયક સાંભળીને, વદીયાં મા વચન; મરણ પામ્યો બંધવતારો, અરજુનજીનો તન. ॥૧૭॥ એવું સાંભળી પડયો ચરાડો, અરેરે શ્રી રણછોડ; ત્રીલોકમાં આવો ભાઇ ન મળે, ભાગી ગઇ મ્હારી જોડ. ॥૧૮॥ અરેરે ભાઇ બેહક બેસાડયો, કહી ઢળી પડયો ધરણ; હવે જીવીને શું કરૂં હું,આણું મારૂ મરણ. ॥ ૧૯ ॥ વલણ. ॥ મરણ આણું માહારૂ, જીવ્યામાં શો સાર; કહે વલ્લભ રૂવે ઘણો, ભીમ તણો કુમાર.

કડવું ૨૨ રાગ લલીતની છાયા.

અરર બંધવા, આમ શું કરયું; ધરણ પોડતાં. દીલના ડર્યું. વીર રીસાળવા, રીશ શું ચડી; પ્રથમ આવીરે, વાત ના જડી.॥૨॥ મરણ શું પડયો, પુર્ણ પીડનો; સુરપણે ઘણો, ભાઈ ભીડનો.॥૩॥ ખબર હોતતો, આમ ના બને; એકલડો કર્યો, બંધવા મને. ॥૪॥ રઝળતો થયો, વિર તાહારો; અમુલ્ય ભાગીયો, ભુજ માહારો. ॥ ૫ ॥ નજરથી તને, જોઈ ન શકું; વગર ઓથનો, કયાં જઇ ટકું.॥૬॥ હથળ થૈ ગયો, તુજ દુખડે; ફરીશ તું વીના, રંક મુખડે, ॥૭॥ બળ ન દાખુંરે, સંગ કોઇને; દીવસ માહારા, કાઢું રોઇને. ॥૮॥ મુખ દેખુંરે, કયાંથી તું તણું; જન્મમાનતું, દુઃખ આ ક્ષણું. ॥ ૯ ॥ વળણ ॥ એમ ગટોરગછ વલવલે, વાગ્યો પેહેલો ઘાવ વલ્લભ દુઃખે ડુલીયો, કીધો મરવા ભાવ.

કડવું ૨૩ રાગ સવૈયા.

ગટોરગછે આદર્યું મરવું, હેડંબા વદી વચંન;શો માલ છે સુત એમ કર્યામાં ઓરે મહારા તન. ॥ ૧ ॥ ભ્રાત તારો નથી મરણ પામ્યો, છે હજી બ્રહ્માંડે પ્રાણ; વ્રધોને પુન્યે જીવતો થાયે, નીશ્ચે છે નીરમાણ. ॥૨॥ કલેશ મુકીને કુંવર મહારા, આપણા ધામમાં જાઓ; ચરણાપ્રતી

અમર કુંપો છે, સાતમે માળથી લાવો. ॥૩॥ સુણિ ગટોરગછ સંચર્યો તે, આવ્યે પોતાને ધામ;કુપ્પો લાવ્યો વ્હેલો, આવ્ગો પ્રભુ કરે વિસામ. ॥૪॥ તેમાંથી અમ્મર હાથમાં લીધું, હેડંબા હેત આણી; બીજું લીધું ગટોરગછે, ત્રીજું સુભદ્રા રાણી. ॥ ૫ ॥ સુભદ્રા કહે આવજો આડે, ધરમ જેઠનું પુન્ય; મરણ પામેલો બેઠો થાજો, કુંવર અભેમન્ય. ॥ ૬ ॥ ગટોરગછ કહે પરમેશ્વર,દુખડું મ્હારૂ સમાજો; આડે આવજો સત્ય કુંન્તાનું, બંધવ બેઠો થાજો. ॥ ૭॥ હેડંબા કહે અરણ્યમાં હું, ન્હાનેથી મોટી થઇ; ભીમ વીના અવરના સામું, જો મેં જોયું હોય નહિ. ॥ ૮ ॥ પતીવ્રતા વ્રત પાળ્યું હોયતો, તે પુન્ય આવજો આડે;સુત પડેલો બેઠો થાજો, કહિ મુખમાં જળ પાડે. ॥૯॥ ત્રણે મળી મુખમાં જળ મેલ્યું, પુન્ય તણું જે વાર; પ્રાણ બ્રહ્માડે ચડિ ગયેલો. ઉતરિયો તે વાર. ॥૧૦॥ નસેનશોમાં પ્રાણ પ્રસરીઓ,શુદ્ધીઆવીતવ રૂઠયો;મારમાર કરતો ક્રોધ ભરેલો, અભિમન્યુ ત્યાં ઉઠયો.॥૧૧॥ કયાં થયો શત્રૂ કયાં ગયો શત્રૂ, હળહળ વ્યાપી રીસ; ગટોરગછે અભિમન્યુના. ચરણોમાં ધર્યું શીશ, ॥૧૨॥ સુભદ્રા કહે કુંવર મ્હારા, કોને શત્રૂ દમે છે; શો સગો થાય તાહારો જો, ચરણ કોણ નમે છે. ॥ ૧૩ ॥ ધરમાંને ધરમાં વઢી મુઆ, નથી દુસમનદાઈ;ભીમ કાકાનો સુત ગટોરગછ,વડીલ તારો ભાઈ. ॥૧૪॥ તે શુણતામાં અતી હેત આવ્યું, મુમત મોઝા વળીયા; ઉઠાડયો ભાઈ ભુજ ઝાલી; અન્યો અન્ય બે મળીયા.॥૧૫॥આંગળી ઝાલી નીકળ્યાચાલી, ધામ ભણી શુખ જાણી, તે બેઉ પુંઠે હાથ ગ્રહીને,જાય જેઠાણી દેરાણી.॥૧૬॥ મેહેલમાં આવ્યાં સ્નાંન કરાવ્યાં, ભોજન ભેળાં કીધાં; દેરાણી જેઠાણીને બે બંધુ, પાન સોપારી લીધાં. ॥ ૧૭॥ સામાસામી બેહીંદોળા ખાટયો; તેમાં કર્યા આસન; એક બાજુ શુભદ્રા બીરાજી; સાથે અભેમાન તન. ॥૧૮॥ એક હીંદોળે બેઠી હેડંબા, શુત પોતાનો સાથ; તે બેઉ લાગ્યાં પુછવા, શુભદ્રાને સરવ વાત.॥૧૯॥ હેડંબા કહે ઓરે દેરાણી,શું કરેછે સહુ ઘેર;પાંડવ અહીંથી પરવર્યા તે, પછી થઇ શીપેર ॥૨૦॥ શુભદ્રા કહે શુણો જેઠાણી, કહું કહેલી વાત; તમારે ધામેથી ફરતા ફરતા, ગયા જે પાંચે ભ્રાત. ॥ ૨૧ ॥ પંચાળ દેશમાં પંચાળી નારી, પરણ્યાં પાંચે વીર; ઘેર જઇને રાજ્ય કીધું; ધર્મ ધોરીધર ધીર. ॥ ૨૨ ॥ પછી નર દીયર તમારા, આવ્યા એ દ્વારામતી;હરણ કીધું માહ્યરૂંને, લગ્ન થયું ત્યાં ફરતી. ॥૨૩॥ જન્મ થયો અભીમન્યુનો, કહેવાઈ લીલા

લ્હેર; પાંડુ રાજાને સગતી દેવા, યજ્ઞ કર્યો આપ ઘેર ॥ ૨૪ ॥ એકારો કર્યો કૈરવ સાથે, કહેવાયા વિસ્વમાં.દીવા;તે યજ્ઞમાં અભિમન્યુનો બળદેવે કીધો વિવા. ॥ ૨૫ ॥ તે પછી વાકા દહાડા આવ્યા કૈરવે કપટ કીધું; દુત રમાડી પાંડવ કેરૂં, રાજ્યાસન લૈ લીધું. ॥ ૨૬ ॥ દ્રૂપતી સતી દુતમાં હાર્યો, કૈરવ કુમતિ કહાવ્યા; નગ્ન નચાવવા મારદેતા, પચાળી સભામાં લાવ્યા. ॥૨૭॥ સો વિર મળિને તીરતાણ્યાં, સતી સાથે બળ દાખી; અનેક ચીર પ્રભુએ પુર્યાં, દ્રૂપદીની લાજ રાખી. ॥ ૨૮ ॥ તે થયા પછી વ્રતી કરી તે, પાછા સોંપી નાર; પાંચે ભાઇને પ્રેમદા તે, વન વસ્યાં વર્ષ બાર. ॥ ૨૯॥ હું અભિમન્યુને કુંતાજી રહ્યાં વિદુરને ઘેર ગરીબ અવસ્થા આપણિ આવી, તે જાણી સેરવે પેર ॥ ૩૦ ॥ નીરધન થયાંને રાજ્ય ગયાં, તે સમજ્યા સહુ લોક;બળદેવે જાણ્યું ન વીતે લ્હાવો, માટે વિવાહ કર્યો ફોક ॥ ૩૧ ॥ ફોક કર્યાની ફીકર નહોતી, નહોતું તેવાતે ઝ્હેર; પણ તેવિવાહભાગીને કર્યો, દુરયોધનને ઘેર ॥૩૨॥ તેથી મને મહા કલેશ થયો, તે કુંવરે પુછી વાત; મેં દિકરી દિકરી કહિ દુભ્યો, મારી છાતીમા લાત ॥૩૩॥ તેથી અભિમન્યુને રીસ આવી, કળકળિ બોલ્યો આપ; એણે કહ્યું એ કન્યા ન વરૂં તો, બ્રહ્મ હત્યાનું પાપ. ॥૩૪॥ એમ કહીને તૈયાર થયો એ, વાર્યું ન કીધું લગાર; કૈરવના ભયથી રાત્રીએ, નીકળ્યા ધામની બ્હાર. ॥ ૩૫ ॥ મેં જાણ્યું જે કુંવર સાથે, પીહેરીયે હું જાઊં;મહારા બે બંધુને કરગરીને,એ કન્યા પરણાવું.॥૩૬॥ એમ જાણીહું જોડે આવી, દારૂણ દુઃખમાં ડુલ્યાં; પંથ તણી ફેમ રહી નહીંને, દ્વારીકાં મારગ ભુલ્યાં. ॥૩૭॥ વનને વીશે વીપત વેઠી, આવી પોહોચ્યાં હાંઈ; અજાણે અજાણ લઢાઈ લઢયા, નીશા સમે બે ભાઈ. ॥૩૮॥ ઓરે ગટોરગછ દીકરા તારા, ભાઇને બહુ સમજાવો હઠ મુકી દે એ કન્યાની ઘેર પાછો માકલાવો. ॥૩૯॥ કલેશની કંન્યા ન જોઇએ આપણે; ઘણીક મળશે તન; કાકીનાં તેવાં વેણ શુણી વદે, ગટોરગછ વચન. ॥૪૦॥ ઓ કાકી ભાઇને પાછા મોકલું, લાજે માહારા બાપ; એ કંન્યા એને ના પરણાવું, તો બ્રહ્મહત્યા પાપ. ॥ ૪૧ ॥ શુભદ્રા કહે જુઓ હેડંબા, આશો તમારો ધારો; તમ શુત ટંટાનો તંત લે છે તમે, પાસેછો કેમ ના વારો. ॥૪૨॥ હેડંબા કહે ટેક ગ્રહે છે, તેમા તે હું શું વારૂં. મરવું ન ડરવું પાછાં ન ફરવું. કામ એ ક્ષત્રીનું સારૂ. ॥૪૩॥ ધારે તે કરે કુંવર મહોરો, હું પણ પક્ષે ધાવું; દ્વારીકાંધીશ-

જો પુત્રને મારે, તો દ્વારીકાં ગળી જાઉં. ॥૪૪॥ સુભદ્રા સુણિ વીસ્મય પામી, સુરતણી છે સવાઇ;માતનું જોર તેનો દીકરો કરે,ધાર્યું તેમાં શી નવાઇ. ॥૪૫॥ પછી હેડંબાનો પુત્ર પુછેછે, કાકી કયારે લગ્ન થાશે; જાન લેઇને કૌરવ જોધા, દ્વારીકાં કયારે જાશે ॥૪૬॥ શુભદ્રા કહે કાલે સવારે, નીકળશે એની જાન; ગટોરગછ કહે પરમ દાહાડે, હમે થશું સાવધાન. ॥૪૭॥ વળણ ॥ એમ કહીને એ રહ્યા, આગળ કહું મહીમાય; કહે વલ્લભ કૌરવ ગ્રહે, વીવાહ સામગ્રી થાય. ॥

કડવું ૨૪ મું ચોરાગી ચોપાઇ.

વદ્યા વૈશમ પાયે વચન, તુતો સાંભળજે રાજન; હવે હસ્તીનાપુર સું થાય, કરે ત્યારિ દુર્યોધન રાય. ॥૧॥ લીધી સેન્યા ક્ષોણી અગીયાર, કીધા વરરાજાને ત્યાર; સાથે સર્વ કુટુંબ પરીવાર, લીધા ભીશ્મ દ્રોણને કૃપાચાર. ॥ ૨ ॥ ચોથા અસ્વસ્થામા પણ સંગ, ભલો કીધો ત્યાં જાનનો રંગ; કર્યા સાએલા સોભીતા સારા, પેહેરી પટકુળ નીકળી દારા.॥૩॥ વાગે દુંન્દભીડંકા અપાર, થાયભેર ભુંગળ ટેંહકાર; વાગે મોરલી મોવર સરણાઇ;તાસાં ઢોલ પરવમ વાગે માંહી ॥૪॥ વાગે છત્રીસ વાજાં તે સાથે, કાહાડયો વરઘોડો ભુનાથે; વરને સજાવીયા સણગાર, જામા પટકા ચીરા હીરા હાર. ॥૫॥ કાને કુંડળ લીલમ લળકે, બાંધ્યા બાજુબંધ રત્ન ચળકે; કેડે કામનીયો ગાંણુગાય, ભાણુમતી દીપક કરમાંય. ॥૬॥ ચાલ્યાં સુભ સોભાયે સોહાગ; થયા સુકન આડા વદ્યાનાગ; પુછે પાપી આ શુકન કેવા, કહે મામો ફને થાય હેવા. ॥૭॥ પછી ચાલ્યાકૌરવ સુખભેર,નરનારી બાળકભલીપેર;એણેઘણીશોભાવી છે જાન, મનમાં મ્હોટાઇ અભીમાન. ॥ ૮ ॥ થયા લગભગ દ્વારકાંમતી ત્યારે બોલ્યોછે છત્રપતી; મામા સેન્યના જોદ્ધા છે જેહ,આપો આસુશણ સોભે તેહ. ॥ ૯ ॥ જોઈ જોઈ જાદવ વીશ્મે થાય, જોઈ બળદેવ બહુ હરખાય; જોઇ જાણે હેવું વીશ્વપતી,હાવો હેવેવૈ મને મળ્યો નથી.॥૧૦॥ ગાજ્યોગોરીયો ગીતાં ભાતભાત, જૈયે તેવા થૈયે પ્રખ્યાતઃ હેવી આગના દીધી ભુપાળ, કહ્યા પ્રમાણે કર્યું ત્રતકાળ.॥ ૧૧ ॥ આજ્ઞ્યાકારીકાને ઝાંપે જ્યારે, દીધા દુંન્દભી ડંકા ત્યારે;જેના ઉંટ ઉપર ઘોંસાવાગે રસ્તે આવી માગણ લોક માગે. ॥૧૨॥ ઘણા બંધીજનો આવી જાચે, ચાલતે રથ અપછરા નાચે; રસ્તે જાતા થાયે થેઈકાર, ઝુલે ઉંટ હાથીને

તોખાર. ॥૧૩॥ ઘણા રથ સુખપાલ ને મેના, બોલે છડીદાર જસ ઘણા એના; લેછે પુરણ વિવાનો લ્હાવ, રસ્તે થયા અતર છંટકાવ. ॥ ૧૪ ॥ આવી દ્વારીકાંને ઝાંપે જાન, સામા આવ્યા બળદેવ ભગવાન; આવ્યા જાદવ છપન કોટી, અહો જાન આવી ઘણી મ્હોટી. ॥ ૧૫ ॥ એવાવીખાણ થાય અપાર, દેખી ગાય કૌરવની નાર. ॥ વળણ. ॥ ગીતાં ગાતી કામની, નહી મનમાં કાંઇ શોક; વરરાજાને નીરખે, આવી ગામનું લોક.

કડવું ૨૫ મું ઝરમરીયા ઝાલા એ રાગ

બંકા રાજાના ડંકા વાગીયા, જાદવરાય જાગો;આવી કૌરવ કેરીજાનરે. જાદવરાય જાગો. છત્રપતી હૈ પધારાયા.જાદવરાય જાગો,જાગોબળદેવ ભગવાનરે. જા. ॥ ૧ ॥ ભવિસ ભલા તમાહ્યરૂ, જા. કયાંથી જાનૈયા તમ ઘેરરે. જા. કૈ આવ્યાને કઇ પાછાગયા, જા. પણ તમપર થઇ મ્હેરરે જા. ॥ ૨ ॥ ભુપતી નરપતી નામના, જા. મલપતા દુરીયોધનરે; જા. શેન્યા સકળ સોહ્યામણી જા. કર શેઅ નગરી પાવનરે. જા. ॥૩॥ આવ્યા હલમલતા હાથીયો. જા. રથ મેનાને સુખપાલરે. જા, આવ્યાછેઘોડલા ખુંખારતા. જા. વાગે મરદંગ ઢોલ તાલરે. જા. ॥ ૪ ॥ ગોકુળ ગામના રેહેવાશીયો, જા. ઘણા દાહાડા ચારી ગાયરે,જા. હમે વેવિશાળમાં નીયું,જા. હવે આવ્યા જ્ઞાતી માંહ્યરે. જા. ॥૫॥ નહીં તો કો ક્ષત્રી કેહેતું નતું. જા. સહુ કહેતું હતું ભરવાડરે. જા. હમે મળ્યા તો દાહાડા વળ્યા. જા. વેવઇનો માની લેજો પાડરે. જા ॥૬॥ ગાય જાદવ કેરી કામની, ફુલાશો મેલો. નથી અજાણ્યું તમ કુળરે, ફુલાશો મેલો; થોડાં ફુલીને થાવો ફાળકો. ફુ. વિચારો વેવાણો મુળરે. ફુ. ॥ ૭ ॥ બોલો વિચારી ઢીંમર જાતનાં, ફુ. સંતનુની મછગંધા નારરે. ફુ.તે બાઇ માંછીની દીકરી. ફુ. તેણે હતું ઘર નાતબારરે. ફુ. ॥ ૮ ॥ ગાંધારી વેવણ વડીલ છે. ફુ. તેને જૈ પુછી જુઓ વાતરે, ફુ. માહાદેવજીનો નંદીયો. ફુ. તે પરણિ ગયો તેનિ સાથરે. ફુ.॥ ૯ ॥ આજકાલ વધી પડયા વિશ્વમાં, ફુ. પેહેલાનો કયાં કહીએ અંન્યાય, ફુ. તમને લેવા ક્ષત્રીની નાતમાં; ફુ. હમે આ દિજીયે કંન્યાયરે. ફુ. ॥ ૧૦ ॥ ચંદ્ર સરિખી અમ છોકરિ, ફુ. વરરાજા ભુતડાંનો ભાઇરે,ફુ. ડાહી ડમરિ દીકરિ દિજીયે;ફુ બુધી નથી વરમા કાંઇરે. ફુ.॥ ૧૧ ॥ વાયશ સંગ હંશ બાંધીયે, ફુ. જેવા મરકટને

મોતી હારરે. પુ. ભોળવાયા બળદેવ દેછે દીકરી. પુ. કેહેવશાત્રશો ન-હીં બહુ વારરે. પુ. ॥ ૧૨ ॥ વલણ ॥ એવી રીતે વેવણો, આનંદના ગીત ગાય; કહે વલ્લભ સહુ લોક ત્યાં, વરને જોવા જાય.

કડવું ૧૩ રાગ સાખીની ચાલ.

વરરાજાને જોઈ જોઇ લોકો, મરડે પોતાનાં મુખ; બળદેવે બીહા-મણો વર સોધ્યો, જોઇ પૈસાનું શુખ. ॥૧॥ ચંદ્ર સરીખો શુત પારથ-નો, અભામન્યુ જેનુ નામ;કન્યા લાયક એ વર હતો, રૂપે રૂપનો ધા-મ. ॥૨॥ બળદેવજીએ આ વર લેવા, શું જોઇ કીધું પ્રયત્ન; કાગડાની કોટમા બાંધે છે, શુરેખા સરખું રત્ન. ॥ ૩ ॥ એમ છાના વાતો કરે છે, ટોળેટોળાં વળી ત્યાંય; બળદેવજી જાન તેડીને લાવ્યા, દ્વારકાં કેરી માં ય. ॥૪॥ સામાસામી બે મુકામ આપ્યા, જુજવા નરને નારી; આસના વાસના ઘણી કરીને, હળધર ગયા ઉતારી. ॥૫॥ એવે આણંદે દીવશ ગયો, ॥૬॥ અભેમન્યુને આપે ઉઠાડયો, વીર હું દ્વારીકાં જાવું; અર જુન શુત કહે મમ વીરા, હું પણ સાથે આવું. ॥૭॥ ગટોરગછ કહે મ મ બંધુ, બેઠા ભજો શીવ શીવ; હું એકલો જાવું શુભદ્રા કાકીનો, ઘ-ણો છે અધીરો જીવ. ॥૮॥ શુણી સુભદ્રા એમ બોલી, બેટાએ બોલે તુ ઠાલો;જેવો મ્હારો મોઘો મને તેવો, તરી માને તું વ્હાલો. ॥૯॥ ભત્રી-જા તેં એકલે શાં, રણ ભોગવ્યાં તે બતાવો; દીકરા હું આગના આપું છું, હળીમળી બેઉ જાવો. ॥ ૧૦ ॥ ગટોરગછ કહે ખુશી તમારિં, ઉઠો વીરા થાવો ત્યાર; અભીમન્યુએ વસ્ત્ર પેહેર્યો, હાથ લીધાં હથીયાર. ॥ ૧૧ ॥ ત્યાર થઇને કુંવર બોલ્યો, ઓરે ગટોરગછ ભાઇ; તમારે ઘેર છે સાહેબી જાજી, તેવી નથી જોઇ કાંઇ.॥૧૨॥ રીદ્ધીસીદ્ધી નવનીધી તમા રે,ધ્રબ્યેહારે સુરપતી; પણ મને એક ખામી લાગે છે, વાહન કેમ કાંઈ નથી. ॥૧૩॥ ન મળે ઉંટ કે ન મળે હાથી, ન મળ એક તોખાર; ચર ણે ચાલીને દ્વારીકામાં જાસું કેવે પ્રકાર, ॥ ૧૪ ॥ ગટોરગછ કહે વીરા મ્હારા, જે કહો તે છે ત્યાર; એમ કહીને દહીતમાયાવી, બોલાવ્યા તે ણીવાર. ॥૧૫॥ ચાર દહીતનો રથ બનાવ્યો, ચારને કીધા ઘોડા; ચાર દહીતનાં પીન્ડાં બનાવ્યા, ચારના ચાર હછોડા.॥૧૬॥ અભીમન્યુ જો-ઇ આણંદ પામ્યો, આ ગુણ કેમ કળાય; વીરના વખાણ કરતો આ વી, બીરાજ્યો રથમાંય. ॥૧૭॥:ચાબુક ઝાલી હાંકવા બેઠો, ભીમ ત-

ઓ કુંવાર; બંને માતાની આગના લીધી, હંકારીયા તોખાર.॥૧૮॥રથ
ચલાવ્યો પવન વેગે, દ્વારીકાં લગભગ થાય; એક જોજન ગામ આઘુ
રહ્યું કે, બોલ્યો અભેમાન ત્યાંય. ॥૧૯॥ ઓ ભાઈ રથ રાખો હાંઇ ઉ-
ભો, આ રહ્યો અશોક બાગ; તેમાં છે ભોંયરૂ ઉતરવાનું, જાણે નહી કો
ઈ કાગ. ॥૨૦॥ ગામમાં ગયાનું કામ નહી. લેવી છે પરાઇ છોરી; નથી
આવ્યા કરવા શહુકારી, છે કરવાની ચોરી. ॥૨૧॥ એવું સાંભળીને ર
થ રાખ્યો, ઉતરીયા બે વિર; માયાવીયે રથ લોપ કીધો, બાગે ગયા ર
ણધીર. ॥૨૨॥ સોહામણી શોભા બાગ તણી છે, લીલાશ ભરી અપા-
ર; શીતળ વાયુ વાય ઘણેરો, ત્યાં વ્રક્ષ અઢારે ભાર. ॥૨૩॥ વચમાં સ
રોવર સુંદીર શોભે, હંસ રહે તે કીનાર; કમળ પોયણા ખુબ ખીલેલાં
ભમર ભમે વારોવાર. ॥૨૪॥ બપૈયા બાગમાં બોલ્યા કરે છે, કોયલ કરે
બકોર; પોપટ ઝીણિ ડાળીયે હીંચે. ટૌકા કરે છે મોર. ॥ ૨૫ ॥ શબ્દ
પાડી પાડી મેના બોલે, લોલા છે લાલ રંગ; ચકલી ચકચક ચકોર
બોલે, કૌઆ છે સ્વેત અંગ. ॥ ૨૬ ॥ તેતરના ટૌકા થાય મીઠા, દાદુર
પક્ષી અનેક; અનંત પક્ષી બાગમાં બોલે, કેહેતાં ન આવે છેક. ॥૨૭॥
લટરો લીલી તરૂવર કેરી,ઘણીક લાંબી વધેલી;ગુલબાસ ગુલછડી ગુ-
લસબ્બો, ચંપોને ચંબેલી. ॥૨૮॥ મોઘરો મલીઆગરી ને મરેઠી, સુર્ય
વંશી ફુલ મોહોટા; કરેણા કરેણીને ગુલબાસો, ગુલદાવડી ગલગોટા
॥૨૯॥ ખડચંપો ચંપાવતી ચમરી, અમ્મર ફુલ સુવાસી; રેવતી કેત-
કીને જાઇ જુઇ, બોરસલી બારમાસી. ॥૩૦॥ હારસંગોને અગથીયો છે
ફનસવંસી ફુલ; જાયફળ જાવંત્રી તમાલ પત્ર, તજ ઘણી અમુલ. ॥
૩૧ ॥ સકરજને શીફળ ફોફળ, શીકોરાં સેતુર; શેકટો શીમળો સીતા-
ફળી છે, લીલાં મરી મ્હા મધુર.॥૩૨॥ રામફળ જામફળ ઝાડ જાંબુનાં,
બગૈચાને બદામ; કનસે ફનગ પપનસ લીંબુ. દાડમડીને જામ. ॥ ૩૩ ॥
અખોડ અંજીર અતનસ કાજુ, કમરખ કેળને ડમરા; કલસી આંબા
બોરડી નારંગી, તે પર ભમે ભમરા. ॥૩૪॥ દ્રાખ ચોરૂ ચારોળી ને પ-
સ્તા, ફાલસાં ખારેક મ્હોટી; પીપર લવીંગ અકલગરો એળચીની લં
બ સોટી. ॥૩૫॥ અગરચંદન સુખડજાસુદ, લજ્યાળું સંકોચેલી; આ
શાળ બાળચારી પડી પાંદડી, હેરામણી શામ વેલી. ॥૩૬॥ સમુદ્ર સોસ
ને નાગર વેલ્યો. પંકજ ધરણ ઢળીયો; પોપટ વેલી ચાંદવેલી તે, વૃક્ષ
માં વાંકી વળીયો. ॥ ૩૭ ॥ વળણ ॥ એવા બાગમાં આવીયા, હરખ્યા
જોઈ નરેશ; પછી દીઠું ભોંયરૂં, તેમાં કર્યો પ્રવેશ.

કડવું ૨૭ મું ॥ રાગ સામેરી. ॥

ઉતરીયાબેભાઈ ભોંયરામાં,ભોયરૂભારેવીશાળ;ગટોરગછે તેમાંકરી માયા, દહીત કીધા તત કાળ ॥ ૧ ॥ બે દૈતની બે ખુરશી કીધી, બેઠા ભાઇ શ્વાસ વળ્યો;હેડંબા શુતે ચાર દહીતનો, ઢોલીયો કરીને ઢાળ્યો. ॥ ૨ ॥ ચાર દહીતનાં પાત્ર બનાવ્યાં, લોટા લોટીને થાળા; ચાર દહીત માનુશ બનાવ્યા,ચાકરી કરવા વાળા. ॥ ૩ ॥ અભીમન્યુ જોઇ વીષ્મય પામ્યો, ભાઇ પ્રત્યે ઓચરીયો; સામાન ઘર ખટલો જોઇએ તે, ભલો માંથામાં ભરીયો. ॥ ૪ ॥ એમ અતી મન આનંદપામી, બેઠા છે બેઉ ભ્રાત; દ્વારિકાં ધીસનું નથી અજાણ્યું આવ્યાની જાણી વાત. ॥ ૫ ॥ અંતરધ્યાન થઇ હરી આવ્યા, ભાંણેજ શું ભાવ ભરીયા; આવ્યો છું મળવા કેહેતા કેહતા, ભોંયરામાં ઉતરીયા. ॥૬॥ ગટોરગછ કહે કોણ છે એ, તવ બોલ્યો અભેમાન; આવવા દ્યો મારા નાહાના મામા, નામ એનું ભગવાન.॥૭॥ વીહીવા ફોકમાં એ નથી રાજી,વાત જાણુંછું તમામ; કન્યા દેવી ધારી દુશમનને, મોહોટા મામાનું કામ. ॥ ૮ ॥ એમ કહીને બેશી રહ્યા બે,ભાણેજને દલ દુખ,મામા આવ્યા કે અભીમન્યું, મરડી બેઠો મુખ. ॥૯॥ પ્રભુ કહે કેમ આડુ જુઓ છે, શો મુજથી થયો શોક; કશુર છે બધી હળધારીની,તેણે વિવા કર્યો ફોક. ॥૧૦॥ શુર્યની સાખ્યે સત્ય વદુછું, ચોખ્ખે અંતસકરણ; શુખ રૂપે બે ભાઇ મળીને, કરો કન્યાનું હરણ. ॥ ૧૧ ॥ જેવું ધુમાય તેવું ધુમો. સલામાં છું ગોપાળ; છેવટ શુધી સાહ્યતા મ્હારી, વાંકો ન થાયે વાળ. ॥ ૧૨ ॥ અભેમન્યુ કહે વારૂ મામા, તમે ધારિ રૂડી પેર;દારૂણ દુખનો દાહાડો આવ્યો,રહ્યાં પરાયે ઘેર. ॥૧૩॥ મુજ બાપ કાકા વન સધાર્યા, નાંખી દેઇને નેટ; વિદુરને ઘેર પુત્રને માતા, પોશીયે પાપી પેટ. ॥૧૪॥ બેહેન તમારી શુભદ્રાજી, હું તમારો ભાણેજ; પરઘેર વેઠ કરી પેટ ભરિયે, લાન્છન તમને તેજ. ॥ ૧૫ ॥ ભાંણેજ ભગની નવ્ય તેડાવ્યાં, સગાઈ શું પડી છેટી; જગતની લાજ તમોને ન આવી, શું ગયું ખાવા ખુટી, ॥૧૬॥ કૃષ્ણ કહે તું શુણ ભાણેજા, કહું વિશ્વનો મહીમાય; દીવસો વાંકા આવે ત્યારે, કોઇ સગુ નવ થાય. ॥ ૧૭ ॥ ચઢતો દીવસ હોય તે વારે, રહે વશ મરદ મેહેરી; આયફત આવે એટલે ભાઈ, થાય વ્હાલું પણ વેહેરી. ॥ ૧૮ ॥ સમજીને શું મારે છે મેહેણાં;વળી આ વેળા વળશે;ધાર્યું કરો હાંઇ કામ તમારૂં, જરૂર કન્યા મળશે. ॥ ૧૦ ॥ ગટોરગછ સાંભળી થયો ખુશી,

બોલ્યા પ્રાણજીવન; ઓ ભીમ શુત તમારી પાસે હું માગુછું વચન. ॥ ૨૦ ॥ માયાવી કહે માગો માહારાજા, બોલ્યા અસરણા સરણ; સોળ સહસ્ત્ર મ્હેલ માહારામાં, તમે ન મુકો ચરણ. ॥૨૧॥ અભીમન્યુને મા-ના દુખ લાગ્યું. મામા એવું કહો કેમ; મ્હારા ભાઇને કેવો જાણ્યો, શું પડયો મનમાં વેમ. ॥૨૨॥ પ્રભુ કહે કાંઈ વેમ નથી ભૈ. ભલે બધે સ્થ-ળ ફરે; પણ તારો વિર છે મસ્કરો, જ્યાં જાય ત્યાં હાંસી કરે. ॥ ૨૩ ॥ ગટોરગછ કહે વીર માહારા, હરી કરિ ખરિ વાત; તેમાં તું દુખલાવ્ય ન મનમાં, સમજાવ્યો એમ ભ્રાત. ॥ ૨૪ ॥ ગટોરગછે ગોવીંદજીને, વેણ દીધું ત્રત કાળ;જાવો તમારે ધામ ન આવું, પછી ગયા ગોપાળ.॥ ૨૫ ॥ ગટોરગછ કહે મમ વિરા, હવે હું દ્વારીકાં જાવું; કૈરવ કુળનો હું છું અજાણ્યો, ત્યાં જઈ ઓળખી આવું. ॥૨૬ ॥ એમ કહિને ભોયરામા થી, નીકળી ચાલ્યો બ્હાર; નગ્રને દ્વારે આવીને ઉભો, ભીમતણો કુમા ર. ॥ ૨૭ ॥ હેવે દીઠો એક જાદવ જતો, ગટોડગછે બોલાવ્યો; કહોભા ઈ કોણ લોક તમે છો, પુછવાનો પ્રેમ આવ્યો. ॥૨૮॥ જાદવ કહે જદુ-પતિના, હમો જાદવ જાતે; ગટોડગછ કેહે પધારો,કાંમ નથી લાંબીવાતે. ॥ ૨૯॥એમ કહિને વીદાય કીધો, માયાવિ જે ભુપ; આકતી જોઈ જા-દવનીને, તેવું ધરિયું રૂપ. ॥ ૩૦ ॥ જાદવ જેવો જોધબનીને, નગ્રનેવી શે પળીયો; બજારમાં બીજો જાદવ દીઠો, તેને જઇને મળિયો. ॥ ૩૧ ॥ ગટોડગછ કહે કેમ ભાઇ, વેવાઇ આવ્યા કયારે;હું નથી જાણતો વાત આવ્યાની, જાદવ બોલ્યો ત્યારે. ॥ ૩૨ ॥ ગૈ કાલની જાન આવેલિ છે, જાની વાસે જોવા જાવો; ગટોડગછ કહે ચાલો સાથે,મને સઉ ઓળખા વો. ॥ ૩૩ ॥ જાદવ કહે શું નવ ઓળખે, દુરિયોધન ભુપતિ; હેડંબા સુત, કહે ઓળખાવો, ઓળખતો હું નથી ॥ ૩૪॥ એમ કહિ જોડે જાદવ લિધો,આવ્યા જાની વાસે;જદુ કહે જો ગાદીયે રાજા, શકુની મા મા પાસે. ॥ ૩૫ ॥ જેદ્રથ ભગદત ભુરિશ્યેવા, કરણ સુસર માય; આ દ્રોણ આ ગોરને આ અશ્વમ, આ વ્રધ ભીશ્મ પીતાય. ॥ ૩૬ ॥ એમ સહુ જોદ્ધા ઓળખાવ્યા,ઓળખી નીકળ્યો બ્હાર; ભીમ સુતે જાણ્યું, ઓળખી લૌ, કૈરવ કેરિ નાર. ॥૩૭॥ એવામાં એક જાદવ કેરિ, કામ ની દીઠી ભુપ; માયાવીએ માયા કરિને, તેવું લિધું સ્વરૂપ. ॥ ૩૮ ॥ જા દવની બીજી જુવતીને, મળ્યો હેડંબા તંન; સાંભળ સુજની જાન આ-વી છે, છે તે જોવાનું મન. ॥ ૩૯ ॥ ચાલ તું સાથે સયર મ્હારિ, સમજા-

વી લેઈ જાય, નારીયોને જનીવાસે આવ્યો, જોવા લાગ્યો શોભાય. ॥૪૦॥ જાદવની નારીએ ઓળખાવી, ભાણુમતી જે રાણી; તેની સાથે ઓળખાવી દીધી, રાણી તણી દેરાણી. ॥૪૧॥ ઓળખાવી શકુનીની નારી, ધુસ્સે ભરાયો મનમાં, વેહેરે વેહેર લેઉ તોજ ખરો,એમજ તાકયું તનમાં. ॥ ૪૨ ॥ ત્યાંથી નીકળ્યો ભાણુમતીની, મુખ્ય દાસી દીઠી ભુપ; જદુની નારીથી જુદી પડીને, ધર્યું દાશીનું રૂપ. ॥ ૪૩ ॥ પછી ગયો બળદેવને ધામે, જોવાને સર્વે તપાસી; તવ રેવંતીએ એમ જાણ્યું, આવી રાણીની દાસી. ॥ ૪૪ ॥ એવું સમજી આઉકાર દીધો, આવ્યા શું સંદેહ ખોવા; ગટોરગછ કહે રાણીયે મોકલી, સુરેખા કન્યા જોવા. ॥ ૪૫ ॥ કન્યા દેખાડી રેવંતીયે, રૂપે શશી હોય તેવી; ગટોરગછે મન વિચાર્યું, ભાભી તો ભાઇ જેવી. ॥ ૪૬ ॥ બીજા સહુને ઓળખી ચાલ્યો, હેડંબાનો તન; મીઠાઇ મેવા લાવ્યો ને આવ્યો, ભોંયરામાં રાજન. ॥ ૪૭ ॥ બ ભાઇએ ભેળા ભોજન કીધું, કહી સહુ માંડીને વાત; એવે સમે દીવશ વીત્યો, પછી ગઇ પોહોર રાત. ॥ ૪૮ ॥ તે સમે ભીમનો નંદન બોલ્યો, વીરા અભેમાન જાવું, કૈરવ કાકાને ખંખેરીને, કાલે રાત્રીએ આવું. ॥૪૯॥ આપણું ધન એણે હર્યું તો, એનું હું હરી લેવું; બાગની પાસે મેદાનમાંછું, સમીપ રહ્યા જેવું. ॥૫૦॥એમ કહીને બ્હાર નીકળીયો; બળીયો માયાવી તન; મોહોટા મેદાનમાં ઉભો રહીને, માયા રચે રાજન. ॥૫૧॥ વળણ. મેદાનમા ઉભો રહી માયા રચે બળવાન; વલ્લભ વદે કામ કારમું. કરે ભીમ સંતાન.

કડવું ૨૪ રાગ સાખી.

વૈશમ પાયે એણી પેરે બોલ્યા સુણ જનમેજે રાય;વિસ્તારિ તુજને સંભળાવું; સુરેખા હરણ મહીમાય, ॥૧॥ કેશ છોડીને શીશ પછાડયું, માયાવિયે તે વાર; જુજુ જેવડા જીવ ખરી પડયા, દહીત થયા નીરધાર. ॥૨॥ તેર શહસ્ત્ર અસુર ઉપન્યા,લાંબા પોહોળા સુરા સારથી; તેમાંથી હજ્જાર દહીતને, કીધા મ્હોટા હાથી. ॥૩॥ એક હજ્જારને ઉંટ બનાવ્યા. ન મળે જેના જોડા;એક શહસ્ત્રને અળગા રાખી, તેના બનાવ્યા ઘોડા. ॥ ૪ ॥ હાથી ઘોડાને ઉંટ સુદ્ધાં, કીધા ત્રણ હજાર; ત્રૈણશહસ્ત્ર અસુર કેરી, સાંકળો કીધી સાર, ॥૫॥ અકેકી સાકળે અકેક પસું, બાંધી

દીધું તેવાર;જુજવિ જાતની જુજવિઓળ્યો,ઉભી રાખી નીરધાર. ॥૬॥ પછી ત્રણ શસ્ત્રને કીધા,મનુશ જાતી દાસ;એક એક શેવક બેશી ગયા એક એક જાનવર પાસ. ॥ ૭ ॥ જેથી જાનવર વશમાં રહે,માંને માવતના ત્રાસ; ત્રણ શહસ્ત્રને ખાવા કીધી, ત્રણ શહસ્ત્રની ધાસ. ॥ ૮ ॥ એ રીતબાર હજાર દહીતો, વાવરીયા વિવેક; રહ્યા ત્રૈણ હજારમાંથી,અસુર હજારએક,॥૯॥ત્રણસેનો તંબુ બનાવ્યો, જરીયાનનોનહિ ભુલ; સોનાનું શીખ્ખર હિરા લળકે,ફરતી મોતીનિ ઝુલ ॥૧૦॥ લીલમો લળકે રત્નજ ચળકે, જોતાં પાંમે મોહ મન;એકસોદહીતના તંબુ વિશે, બનાવ્યું સીંહાસન. ॥ ૧૧ ॥ સોના ચોપડા સો કર્યા મેહેતા ખળપણુ કરી ન શકે, ખડીયા કલમો લેઈ લેઇને, બેઠા બેઠા લખે ॥ ૧૨ ॥ ત્રણસેને પેરાદાર બનાવ્યા,તે બાહાર પેરા ભરે;ઉઘાડાં આયુદ્ધ કરમાં ગ્રહિને, ચોકસ ચોકી કરે. ॥૧૩॥ એકસોને અનુચર બનાવ્યા, ખંમ્મા ખંમ્મા મુખ ભાંખે; ગટોરગછની સેવામાં રહિ, પંખાથી પવન નાંખે. ॥ ૧૪ ॥ કૈ પાન આપે સોપારી આપે, કૈં જન ચમ્મર ઢોળે;કં પગચાંપે માગે તે આપે, શોભે કળા જેમ સોળો. ॥૧૫॥ લીલી ટોપી લીલી કફની, લીલા સુરવાળે પેડો; આંખ કપરિ આકૃતી જબરિ, સોદાગર થઇને બેઠો, ॥૧૬॥ સીંહાસનપર શોભે માયાવિ, થઇ બેઠો વેહેપારિ;રજની વિતી વહાણું વાહ્યું, દેખાઈ શોભા સારિ. ॥૧૭॥ ઉઘડયા દરવાજા દ્વારિકાંના, ચાલી ગામમાં વાત; વેહેપારિ આવ્યો જાનવર લાવ્યો, જાણી રાય પ્રખ્યાત. ॥૧૮॥ છત્રપતી છે ગ્રહસ્થ ઘણેરો, તેથી આવ્યો વેહેપારિ; એવિ વારતા થઈ સભામાં, બળદેવ હરખ્યા ભારિ, ॥૧૯॥ કૃષ્ણની પ્રત્યે હશીને બોલ્યા, સાંભળો શ્રી ગોપાળ; તમોને મુજ સરખું નવ મળીયું,એકે વેવિશાળ. ॥૨૦॥ ગ્રહસ્થ વેવાઇનું નામ જાણીને,મોહોટો વેહેપારિ આવ્યો;હાથી ઘોડાને ઉંટ સારા, વેચવા માટે લાવ્યો. ॥ ૨૧ ॥ પ્રભુએ જાણ્યું ખરો વેહેપારિ, લાવ્ય હું ખેલ લડાવું; જાનવર લેવરાવવાને માટે બળદેવને ચડાવું. ॥ ૨૨ ॥ એમ વિચારિ કહે ગીરધારિ, કરમ હિણો કોઇ આવ્યો, ફેરો એનો ફોગટ પડશે, શું :વેચવાને લાવ્યો. ॥ ૨૩ ॥ જાનવર એનું નથી ખપવાનું, બળભદ્ર કરો વિચાર; હું તમ વેહેવાઈ ને ઓળખું છું, નાદારનો નાદાર.॥૨૪॥ ચમડી તોડે પણ દમડી નછોડે પુરણ મખીચુસ; મરે દોડી ખરચે નકોડી, જીવનો છે કંજુસ. ॥ ૨૫ ॥ તવ બળદેવને માઠું લાગ્યું,શું મુજ વેહેવાઈ એવો; મુમતાપર જાનવર લેવરાવું, પછી તું કહીશ કેવો. ॥ ૨૬ ॥ કૃષ્ણ કહે તમે મમત મુકો,

પન્ડે કહેવા નવ જાશો, તમારૂં બોલ્યું રહેશે તમ પાસે, પાછા વળી પસ્તાશો. ॥૨૭॥ બળદેવ કહે જારે અદેખા, લેવરાવું તારી હોડે; પ્રભુ કહે આબરૂમાં બેસો, આવસો ઢીલે મોહોડે ॥ ૨૮ ॥ એમ અતીસે વળ ચઢાવ્યો, બળદેવ ઉભા થાય; મુમતે ભરીયા ને સંચરીયા, જાની વાસે જાય. ॥ ૨૯ ॥ દુર્યોધને માન્ય દીધું, પુર્ણ બતાવ્યો પ્રેમ; આસન આપી બેસાડી પુછ્યું, કહો પધાર્યા કેમ. ॥ ૩૦ ॥ બળદેવ કહે નામ તમારૂં સાભળી વ્હેપારી આવ્યો; હાથી ઘોડાને ઉંટ સારાં વેચવા માટે લાવ્યો. ॥ ૩૧ ॥ તેથી વખાણુ થયાં તમારા, મારી સભાની માંય; તે સાંભળીને કૃષ્ણ માહારો, ઝાંખો પડી ગયો ત્યાંય. ॥ ૩૨ ॥ અદેખાઇથી એવું બોલ્યો, મુરખ કોઇ આવનાર; દુરીયોધન શું જાનવર લેશે, છે જીવના નાદાર, ॥૩૩॥ એમ તમારી કરી ચેષ્ટાળી, માટે, ઉઠો તમે જાવો; મારા તમારા ટેકને માટે, જૈ જાનવર લૈ આવો. ॥ ૩૪ ॥ રાખીને કીંમત માગે જે કીંમત, તે આપીને લાવો; દુરીયોધન કહે લાવું ઝપાટે, હવે તમો ઘેર જાઓ. ॥ ૩૫ ॥ મુજ ઘેર ઘણો પૈસો બળ્યો છે. ડરસો નહી લગાર; એમ કહીને વીદાય કીધા; પોતે થયો તૈયાર. ॥૩૬॥ ઉઠો મામા પહેરો જામા, ઉઠો દુસ્યાસન; કર્ણવીરા તમે પણ ઉઠો, માને વેવાઇનું મન. ॥૩૭॥ એમ કહીને ચારે ઉઠયા, રથમાં બેસી તે વાર; છકેલા ધનને અહંકારે. નીકળ્યા નગ્રની બાહાર. ॥ ૩૮ ॥ બાગના મેદાનમાં જવા લાગ્યા, ટેક ધર્યો છે સ્પષ્ટ; હાથી ઘોડાને ઉંટ બાંધ્યા, તે તો પડીયાં દ્રષ્ટ. ॥ ૩૯॥ દુરીયોધન કહે જુઓ મામા, મોહન લાગે શાથી; આપણે ઘેર સોધ્યો નવ મળે, આવો ઘોડો કે હાથી. ॥ ૪૦ ॥ આપણા લાયક જે જાનવરો. મોહ ઘણેરો ચડીયો; એવે લગભગ જાતાં, જાતાં તંબુ નજરે પડીયો. ॥ ૪૧ ॥ દુરીયોધન કહે જુઓ મામા, હુંછું છત્રપતી; પણ જરીઆનનો આવો તંબુ, આપણા ઘરમાં નથી. ॥૪૨॥ એવી એની સાહ્યબી દીઠી, તંબુ કને પરવરીયા; ચારે જણા રથ વીશેથી, માલ લેવા ઉતરિયા. ॥ ૪૩ ॥ ડેરા તંબુમાં જાવા લાગ્યા, આગળ છત્રપતી; ગટોરગછના શેવકે રોકયા, તંબુમાં જવાનું નથી. ॥૪૪ ॥ શેઠની આગના મળ્યા વિના, ચાલ્યા જાવો ભર્યા છરના; મામો કહે આતો છત્રપતી છે, શેવકે કહ્યું કના ગરના. ॥૪૫॥ એમ કહી ત્યાં ઉભા રાખી એક શેવક મહી જાય; શેઠને કહ્યું મળવા ગ્રાહક

આવ્યા છે, રાજ્યકુંવર દેખાય. ॥૪૬॥ ગટોરગછ કહે આવવા દો, કહિ બેઠો આડું જોઇ; છડીદારે કહ્યું છત્રપતીને, હવે જાઓ સહુ કોઇ. ॥ ૪૭ ॥ એટલે ચાલ્યા ચારે જણા, ડેહેરા તંબુમાં પેઠા, ભભકો જોઈને ભય ભરેલા, આવકાર વીના બેઠા. ॥૪૮॥ પછી ગટોરગછે સામું જોયું, હશી દીધો આવકાર; કહ્યું કે હશો પાન્ડવમાંના, બોલ્યો અંધ કુવાર. ॥૪૯॥ ઓરે મામા આતો જુઓ, પાન્ડવ ગામો ગામ; જેને તે એમને સંભારે મ્હારૂં ન લે કોઇ નામ. ॥૫૦॥ એટલે વેહેપારિ પ્રત્યે બોલ્યો, મામો મુખ વચન; પાન્ડવ તો ભીખારિ થઈને,ચાલ્યાગયાછેવન.॥૫૧॥ અન્નવસ્ત્રના છે ઉધારા, એવી થઇછે ગતિ; સહુનાશીરોમણી છેઆતો દુર્યોધનભુપતી. ॥૫૨॥ વળણ ॥ નરપતી છત્રપતી, આ દુર્યોધનરાય; વલ્લભ વદે વખાણીયો, મામાયે મહીમાય. ॥

કડવું ૨૯ મું રાગ ઝડપની સામેરી.

ગટોરગછ કહે મેહેતા મ્હારા, પડે વહેપારમાં વાંધો; શુકન આપણને મળ્યા માઠા, ઝટપટ ચોપડા બાંધો. ॥ ૧ ॥ આપણે હોંશ ભરેલા આવ્યા, જાણિ કુન્તા તન; રાંડીરાંડ મળેલી સામી, નીકળ્યો દુર્યોધન ॥૨॥ ફોગટ ફેરો પડયો આપણે, ચાલો થાઓ તૈયાર; એ આપણો માલ શું લેતો તો, નાદારનો નાદાર. ॥ ૩ ॥ ચમડી તોડે દમડી ન છોડે, જાણું એની કરણી; છે આંધળાનો છોકરો એની, મા આખલાને પરણી. ॥૪॥ મારા હાથીની કિંમત જાણે, વ્રકોદર વાયુ તન; અશ્વની કીમત અરજુન જાણે, વળી નિકુળ રાજન. ॥ ૫॥ ઉંટની કીંમત રાયકા જાણે, વળી જાણે સહદેવ; પરિક્ષા વીના પારખશે શું, કંજુસ જીવના એવ. ॥૬॥ વળણ ॥ માટે બાંધી ચોપડા, જઇએ આપણે ઘેર; દુર્યોધન દબઇ ગયો, ભારે ભભકા ભેર.

કડવું ૫ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારિ તુજને સંભળાવું; સુરેખા હરણ મહીમાય. ॥ ૧ ॥ શકુની મામો એમ બોલ્યો, સાંભળો વાત વ્હેપારિ, એકવેળા કામપાડી જુઓ, ખબર પડશે અમારિ. ॥ ૨ ॥ જાનવરમાં કાંઈ નથી જોવાનું, બધી પરિક્ષા અમને; કીંમત કહો વ્યાજબી રિતે, માગ્યું દઇશું તમને ॥ ૩ ॥ ગટોરગ-

છી કહે મારા હાથી, ગજથી ઉંચા ભરાય; તેનિ કીંમત એક એક ગ-
જે, પાંચ પાંચ હજાર થાય. ॥૪॥ ઉચ્ચક કીમત અશ્વ ઉંટોની, અકકે-
કે એક અયુત; માગણી તાગણી નહી કરવાની, સમજો ક્ષત્રી સુત.
॥૫॥ દુર્યોધન કહે કબુલ છીએ, ગજ ભરવાનો લાવો; અસત્ય, અધર્મ
કાંઈ ન મળે,સાથે જોવાને આવો. ॥૬॥ તવ ગટોરગછે ગજ દીધો, લીધો
કરણે હાથ; પાવડી ચડી ચાલ્યો માયાવી, મેહેતા મુસદ્દી સાથ. ॥ ૭ ॥
ચાલ્યા સેવકને છડીદારો, શેઠની શેવા માટ; દુર્યોધન કહે મારા કરતાં,
રાજાના રાજાનો ઠાઠ. ॥૮॥ ચોપડા લૈ લૈ ઉભા ગુમાસ્તા, કરણ હાથીનો
ભરે; ચોપડામાં આંકડાં મુકે, ભરતર ચોકસ કરે. ॥ ૯ ॥ જાણી જોઇને
કરણ રાજા, ઓછું ભરવા જાય; પણ માયાવી સોળ ગજનો, હોય
તે વીસ ગજ થાય. ॥ ૧૦ ॥ એ રિતે એક હજાર હાથી, ભરી રહ્યા
સીરદાર. ઉચક કીમત અશ્વ ઉંટોની, ગણતી કરી તેવાર. ॥ ૧૧ ॥
દ્વાદશ કરોડ થયા રૂપૈયા, હીસાબ મેળવી દીધો; ગટોરગછ કહે લાવો
નાણાં, આંકડો નિસ્ચે કીધો. ॥ ૧૨ ॥ દુર્યોધન કહે ઓરે વ્હેપારી,
કોણ તમારૂં ગામ; કીયો દેશને કયાંના રહેનારા, લખાવો તમારૂં નામ
॥ ૧૩ ॥ હુંડી કરીને મોકલી દેશું, અમે તમારે ઘેર; ગટોરગછ રક્ત-
લોચન કરી, બોલ્યો બહુ ક્રોધભેર. ॥૧૪॥ ઉધારાનો નથી ધંધો, હાલ
નાણાં ગણી આપો,દુષ્ટ કહે પરદેશમાં છીયે, વીવેકથી માપ માપો.
॥૧૫॥ જાને આવ્યા કયા નાણા લાવ્યા. તે કરતાં લખી દૈયે; ગટોરગછ
કહે અમે શું કરીએ,રોકડ ગણી લૈએ.॥૧૬॥ દુર્યોધન કહે રોકડા નથી,
રાખો ભરોંસો અમારો,અધીર રહેતી હોય તો રે'વા દો આ રહ્યો માલ
તમારો ॥૧૭॥ ગટોરગછ કહે નાણાં નતાં તો, શીદ કર્યો વેહેપાર; ચો-
પડા અમારા બગડાવ્યા, દીધી તસ્દી અપાર. ॥૧૮॥ શું જુઓ છો શે-
વક મ્હારા, કરો કારમો કેર; અવળા બાંધી ઉંચા ટાંગી, મારી નાંખો
ઠેર. ॥ ૧૯ ॥ એટલે એના સેવક કોપ્યા, અવળા બાંધી દીધા; ઉઘાડી
તરવારે પેરા મુકયા;નજર કેદી કીધી. ॥૨૦॥ દુર્યોધન કહે ઓરે મામા,
દ્વારીકાં વિશે જાઓ; ગ્રહસ્થોને ઘેર ખત ખાતાં, લખીને નાણાં લાવો
॥૨૧॥ તવ મામાએ અરજ કીધી, એકને છોડોસાર; નાણાં તમારાં
લાવી દૈયે, નહી લાગે કંઇ વાર. ॥ ૨૨ ॥ ગટોરગછ કહે એકને છોડો,
તવ આવ્યો છડીદાર; ચારમાંથી છુંટવું છે કોને. એમ કર્યો ઉચ્ચાર.
॥ ૨૩ ॥ મામો કહે મુજને છુટવા દો, નાણાં લેઈ ઝટ આવું; ત-

વ છોડાવ્યો શકુનીને, મામો કહે હું જાઉં. ॥ ૨૪ ॥ જો કોઇ નાણાં ધીરે છે તો, પાછો આવું છું આ ઠામ; ધીરનારૂં કોઈ નહી મળે તો, મારે તારે રામરામ ॥૨૫॥ એમ કહીને મામો નાઠો, ગયો દ્વારીકાગામ; મોહો મા ગ્યાં વ્યાજ કબુલે કરી; ખત લખી લીધા દામ. ॥૨૬॥ રથ ભરાવી લાવ્યો ને આવ્યો; કહ્યું શોદાગર લ્યોને; રાજા ધિરાજને કેદ કર્યા છે, હવેતો છોડીદોને. ॥ ૨૭ ॥ ગટોરગછે ગણી લીધાં, નાણાં તેણીવાર; બાંધેલાને છોડી મુકયા, કહ્યું ખરો વેહેવાર. ॥ ૨૮ ॥ હવે ઉધારે માલ ધીરીશુ, માલ સુખે લેઇ જાઓ, ત્રણે હજાર માવત તમે, ગામમાં માલ મુકી આવો. ॥ ૨૯ ॥ દુર્યોધન દુસ્યાસન શકુની ચોથો કરણુરાય; રથમાં બેશી આગળ ચાલ્યા, પુંઠે જાનવર જાય. ॥ ૩૦ ॥ ગામમાં આવ્યા વાહન લાવ્યા, બંધાવ્યાં જાનીવાસે, માયાવી સેવકો પશુ સોંપીને, ગયા ગટોરગછ પાસે ॥૩૧॥ બળદેવજીને ખબર પોહોંચી, પાસે બેઠા દિનાનાથ; બળદેવજીયે પ્રભુના સામો, મુછે નાંખ્યો હાથ. ॥ ૩૨ ॥ જો ભાઇ વેહેવાઈ નાદાર મહારો. અદેખાઈથી તું બોલે; પણ જો બધા જાનવર લાવ્યો. કોણ છે એની તોલે. ॥ ૩૦ ॥ પ્રભુ કહે ભાઈ મોટા તે મોટા, વાત એની નવ થાય; દિવસ કરતાં રાતે શોભા, મર્મે વધા જદુરાય. ॥૩૪॥ એવામાં તો રાત પડીને, વીતી ગઇ ઘડી ચાર; લોકો-યે કરી તૈયારી સુવાની, દેવાયાં નગ્રનાં દ્વાર. ॥ ૩૫ ॥ ગટોરગછે માયા સંકેલી, પાંચસેં દૈત્ય બનાવ્યા; પાંચસેંના ટોપલા કરિને, નાણું ભરી ઉપાડાવ્યાં. ॥૩૬॥ અસુર તેડી ભોંયરે આવ્યો,ભાઇએ આવકાર દીધો; એક ખુણે ટોપલા ઠાલવીને, નાણુંનો ઢગ કીધો. ॥ ૩૭ ॥ અભીમન્યુ કહે કયાંથી આ લાવ્યા, ખુટાડે ન જાય ખુટયો, ગટોરગછ કહે વીરા મ્હારા, દુષ્ટ કાકાને લુંટયો. ॥ ૩૮ ॥ એમ કહી બેઉ બંધુ બેઠા, ભેળું કર્યું ભોજન; એવે સમે મધ્ય રાત્રી ગઇને, બોલ્યો ભીમનો તન. ॥૩૯॥ ઓ વીર હવે જાઉંછું હુંતો, દુઃખ દેવા મુજ જાતે; તમે તમારે નીર્ભય રેહેજો, આવીશ હું કાલે રાતે. ॥૪૦॥ અભીમન્યુ કહે નીત્યાન જાઓ તેતો નહી ઠીક ધારો; ગટોરગછ કહે આજનો દહાડો, છે કાકીયોનો વારો. ॥ ૪૧ ॥ એમ કહીને નીકળીયો એ, ગયો બાગની બહાર; કેસ છોડીને ધુણવા બેઠો, હેડંબા કુમાર. ॥૪૨॥ એટલે એની માયા હાલી, બહુજ ચડી ચોટે;ગામમાં હાથી ઘોડા ઉંટ બાંધ્યાં, તે ભોંય પડી આ-ળોટે. ॥ ૪૨ ॥ ઉંટ બરાડે હાથી ત્રાડે, અશ્વ પછાડે કૈ ચરણ;

સરવે જાગ્યા જોવા લાગ્યા, જાણ્યુ કે પામશે મરણ. ॥ ૪૩ ॥ અરેરે કોઇ ઉપાય કરો, પાડે છે પોકે પોક; થયો ઉતપાત ને હોકારા જાગ્યું ગામનું લોક. ॥૪૪॥ ગોવીંદજી તવ હસવા લાગ્યા, ચાલો તતપર થૈયે; શું છે બળદેવના વેહેવાઇને, તમાશો જોવા જૈએ. ॥૪૫॥ એમ કહીને જોવા આવ્યા, માયાવીએ ખેલ કીધા; ગટોરગછે જાનવરોના જીવજ ખેંચી લીધા. ॥૪૬॥ શરિર સહીત માયાવીને, લોપ એણે નવ કીધા; બરોબર ચોખાં કરિને, ખોખાં રહેવા દિધાં. ॥ ૪૭ ॥ ત્રણશહસ્ત્ર જાનવર મુઆં, પાપીને પ્રગટયો શોક; અરેરે મારૂં ઘર બેઠું, કહીને મુકી પોક. ॥ ૪૮ ॥ મામાયે તવ ગોદો માર્યો, કીમ્મત આપણી થાશે; કેહેશે કે આટલામાં રડે છે, નીર નહિ હોયે પાસે. ॥ ૪૯ ॥ એમ કહીને છાનો રાખ્યો, બળદેવજીયે દિઠું; દુરીયોધન કહે વેવાઈ લાવો, પશુને દાટવા મીઠું. ॥૫૦॥ પ્રભુ કહે જોઇએ તે આપો, ઓરે બળદેવ ભ્રાત;હળધારી કહે તુ જા અહીંથી, મુકય મશ્કરીની વાત.॥૫૧॥ એમ કહીને મીઠું દીધું, ખાડા ગોડાવ્યા ઘણા; મીઠું નાંખીને નાંખવા માંડયા, ખોખાં પશુ તણા.॥૫૨॥ ખાડામાં નાંખેને લોપ થાયે. એ કામ માયાનું કહાવ્યું; હર પ્રકારે નુકશાન કીધું,મીઠું પણ બગડાવ્યું.॥૫૩॥પછી સહુસહુને સ્થળ ગયા, કૌરવ જાનીવાસે; દુર્યોધન બહુ રડવા લાગ્યો, રાણીજી આવ્યા પાસે. ॥ ૫૪ ॥ આવા ઉંધા વ્હેપાર કરજો, ઠપકો દીધો અપાર; પછી સૌ મનવાળી સુતા, શું કર્યું ભીમ કુમાર. ॥૫૫॥ જાણ્યું કે લુંટવી કાકીયોને, જો એક કરૂં વ્હેપાર; તો વ્હેમ ખાઈ કોઇ નહીં આવે, રચું જુદો પ્રકાર. ॥ ૫૬ ॥ વળણ ॥ જુદા પ્રકારે રચના કરૂં, એમ સમજ્યો બળવાન; કહે વલ્લભ રચના કરી, ઓળબંધ બહુ દુકાન. ॥

કડવું ૨૩ મું રાગ સવૈયાનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણજનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું સુરેખા હરણ મહીમાય. ॥ ૧ ॥ દરવાજાથી બેબાજુએ, લાંબી બે ઓળો કીધિ,જુજવી જાતના તંબુ તાણી,દુકાનોબનાવી દીધી. ॥૨॥ જુજવી જાતના કર્યા વ્હેપારી, જુદા જુદા વ્હેપાર; મનુશ જુદી જુદી જાતી, મેહેનતુને માગનાર. ॥ ૩ ॥ કોઇ વેહેપારી કોઇ ભીખારી, બનાવ્યા ભીમને તંન; પુરણ કહેતાં પાર ન આવે, થોડું કરૂં વરણન

॥ ૪ ॥ વઇદ પુરાણી બ્રાહ્મણ ભૈડા, ભાટેલાને જોશી;વીચારથી સારથી-
ચા મેહેતા ફરતા લેખણ ખોશી. ॥ ૫ ॥ કાયત મુસદીને ઝવેરી, સોની
ચોકશી જડીઆ; ચીતણીયાને શેઠ પટેલીયા, સલાટ સુથાર કડીઆ,
॥ ૬ ॥ ગાંધી તેસ્તીને તંબોળી, પાટીદારને વાણીયા; સરૈયાને સાળવી
પટવા; ચપડીયાને તાણીયા ॥ ૭ ॥ ખમાર ખાતરી શાવક શણવી, સુ-
ખડીયા મેવાવાળા; દક્ષણી દુબળાને મરેઠા,કાબુલી સીદ્દી કાળા. ॥૮॥
કુંભાર લુહારને કંસારા; રજપુત ગરાસીયા કોળી; ઘાંચી મોચી માળી
દરજી, કંદોઇને પંચોળી. ॥૯॥ કાઠી લોકને ગોલા ધોબી, છીંપાને ગ-
ળીઆરા, કણબી કાછીયાને મારવાડી, ચુડઘરને બંધારા. ॥ ૧૦ ॥ મા
દુર મલ્લને મશ્કરા છે, ડોશી વાણીયા ઘાટીયા; પસ્તાગીયાને દલાલઘાં
ચજા, વિંટનાર ને ભાટીયા. ॥૧૧॥ ખાલ પાખરવાનને ખરાદી, કાસદને
વણઝારા; રાવળીયાને ભોઇ ભીલડા. ડભગરને હલકારા. ॥ ૧૨ ॥ દુધા
રા તલંગી વાડીયા, ગાડીવાન વેહેલવાન;દરવાન સરવાનને ભરનારા,
મસ્તાનને પેહેલવાન. ॥૧૩॥ રંગારા ચીતારા વીંધારા, પખાલી તુનના-
રા; ચોધરીને દાતણીઆ વાઘરી, સાદડીયા ચુનારા. ॥ ૧૪ ॥ આશેદાર
ચરવેદાર વ્હોરા, પીંડારને તારકશી; પીંજારા ઇંગ્રેજ ફીરંગી, મુગલને
પારશી. ॥૧૫॥ ચોરચાડીયાને જુગારી, મુસલમાન ભઠીઆરા; આરબ
હબશી બાહાર વાશીયા, ઢીંમરને ચમારા. ॥ ૧૬ ॥ બાજીગરને બજા-
ણીયા છે, ભાંડ ભાટ ભવૈયા;નટવા નાચણીયાનેવાદી,ગાંધર્વને ગવૈયા.
॥૧૭॥ ફાતડા હીજડા ગુણકા દૈયણ, શેવડાને ઝલાલી; ઝંડાફકીર જોગી
મેવડા,જપતીને હલાલી.॥૧૮॥ભાવસાર ભદવાડજે ભાડભુંજા, બુકસેલર
લેખડીયા; હકીમ દાક્તર મેમણ મુમના, તાઇ ઘડવી ચોઘડીયા. ॥૧૯॥
વાંસફોડા સારસ્વત ખોજા, કાપડીને ખલાસી; ક્ષત્રી બ્રહ્મક્ષત્રીને નાગડા
બહુરૂપીમધવ્રાશી.॥૨૦॥વકીલ કાપડીયાને છાપતીયા, કઠીઆરા કુંદ્દી-
ગરા વળતણીયાને વળાવીયાછે, નાણાવટી તો નરા. ॥ ૨૧ ॥ પર્મ હંશ
અને ઉદાસી, સંન્યાસીને ત્યાગી; બ્રહ્મચારી ભગતને ગોંસાંઇ, તપે-
સ્વરીને વઇરાગી. ॥૨૨॥ મુની કાનફટાને પવાઇ, તેલીને બહુ ખામી;
વીશેષ વીસ્તાર જો કરીયે તો, વખત વિતે આખી. ॥ ૨૩ ॥ વળણ. ॥
બહુ કીધા વેહેપારીયો, સરવે જુજવી જાત; વદે વલ્લભ રચના રચી,
પછી થયો પરભાત.

કડવું ૨૮ રાગ ધન્યાશરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણુજનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું; સુરેખા હરણ મહીમાય ॥ ૧ ॥ વાહાણું વાહ્યું દરવાજા ઉઘડીયા, હોંકારો ગામમાં પેઠો, ગટોરગછ એક દુકાનમાંડી, સણગારવેચવા બેઠો, ॥ ૨ ॥ સોળ સોળ સણગાર ચણ્યા ચોળી, ચીર અતી અમુલ્ય; એક એક નારીનાં ખીંટીયે ખીંટીયે, ભેરવીયાં નહીં ભુલ્ય ॥૩॥ મોટો વેપારી પોતે બનીયો;વેચે વસ્ત્ર શણગાર; દ્વારીકાં વિશેવાત ચાલી, ઉપમા અપરમ પાર. ॥૪॥ છત્રપતીનું નામ સુણી, પરદેશી લોક આવ્યા, દરવાજા બહાર બજાર કીધું, માલ ઘણેરો લાવ્યા. ॥૫॥ અંતરયામીનું નથી અજાણ્યું, ભાણેજ પર છે દયા. કૈરવની નારીનોઘાટ ઘડવા, પોતાના મેહેલમાં ગયા ॥૬॥ એકસોને આઠ પટરાણીને, બોલાવી પોતાની પાસે: કહયું કે તમે પેહેરી ઓઢીને, જાઓ જાનીવાસે ॥૭॥ કૈરવ કેરી કામનીયોને, ફોગટની ફુલાવો;બાહારનું બજાર જોવા માટે, તેઓને તેડી જાઓ. ॥૮॥ હોરાવજો કાંઇ એમની પાસે, તમારે કાંઇ ન લેવું; બહારની ચીજ જે લાવશે તેને, હું પેસવા નહીં દેઉં ॥ ૯ ॥ એવી પ્રભુએ આજ્ઞા આપી, પહેર્યું ઓઢયું સહુ નાર;આવી સ્ત્રીઓ તે જાનીવાસે, સહુએ દીધો આવકાર. ॥ ૧૦ ॥ દુરયોધનની ભાનુમતીએ, બોલાવ્યાં હેત આણી;રૂક્ષમણીને જોડે બેસાડયાં, પછી વદીમુખ વાણી ॥ ૧૧ ॥ કેમ આવ્યાં પ્રભુની પટરાણી, રૂક્ષમણી તવ બોલે; જગતમાં ભામની ભાગ્યશાળી, નથી કોઇ તમ તોલે.॥૧૨॥છે ધનવંતા ધણી તમતણા. નામ સુણી લોક આવ્યા; દેશ દેશાન્તરના વેહેપારી, વેચવાને માલ લાવ્યા. ॥૧૩॥ નગ્રની બારણે બજાર થયું, મંડાઈ બહુ દુકાન; તે જોવાને જાવા સારૂં આવ્યા થઇ સાવધાન. ॥ ૧૪ ॥ સાંભળીને ભાનુમતી ફુલી, આજ તમે વાત જાણી; મારા ધણીના નામ પ્રમાણે, નથી બરોબર મંડાણી. ॥ ૧૫ ॥ એમની પુઠે મનુશ મેદની, ખરે ખરી ખંડાય; સ્રષ્ટીમાં મ્હારા ધણીને નામે, જયાં જાય ત્યાં મંડાય. ॥ ૧૬ ॥ અમ તોલે કોણ ગ્રહસ્થ છે જગમાં, પૈસાનો નાવે પાર; અટવાય લક્ષમી ચરણ તળે ગણીયે નહી લગાર. ॥ ૧૭ ॥ છત્રપતી નથી ભાગ્યશાળી, હું આવી !એમને ઘેર, મારે પગલે. હસ્તીનાપુરમાં, થૈ છે લીલા લહેર. ॥ ૧૮ ॥ સૌ સુદરીને સતભામાજી, સાંભળી સમજ્યાં એ-

મ; કરમજાદી કેહેવરાવવાનો, પુરણ એમનો પ્રેમ. ॥ ૧૯ ॥ પછી રૂક્ષમણી એમ બોલ્યાં; ઉઠો તતપર થઇયે; તમારા કંથની આજ્ઞા માગો, બજાર જોવા જઇયે. ॥૨૦॥ ભાણુમતી કહે ચાલો વેવાણયો, શું આજ્ઞા દે પતી; ધણીને પુછવાનો ધારો. અમારા ઘરમાં નથી. ॥૨૧॥ શું કાંઈ દાબેલ છીએ ધણીનાં, શું ધણીની ઓશીઆળ;અમોને એ આવીને પુછે, બહાર જતાં ભુપાળ. ॥૨૨॥ મને પુછયાવણ પાણી ના પીયે, વશમાં રહે રાત દહાડી;પુછયા વીના કાંઈ કામ કરેતો, હું નાંખુ ધુળ કાહાડી ॥૨૩॥ રૂક્ષમણી કહે વારૂ બાઈ, છત્રપતી ભલા સાંખે; અમારા પ્રભુને પુછીયે નહીતો, ચામડી કાહાડી નાંખે. ॥ ૨૪ ॥ ભાનુમતી કહે તમે ડરેલાં, શું કરી નાંખે ગોપાળ; મુજ પતી ટુંકારો કરેતો, દેઉં બે મણની ગાળ. ॥૨૫॥ પ્રભુની નારીયોએ ગાંઠવાળી,શું બોલે મ્હોટાની ગોરી; પતીને તુછય જેવો કરી કાહાડે,એજ કપુતનિ છોરી ॥૨૬॥રૂક્ષમણી કહે ભાગ્યશાળીછો,ઘરમાં ચલણ ચાલે; રાણી કહે પુછો મામીજીને. પતી થી પત્ર ન હાલે ॥૨૭॥ એમ કહીને વસ્ત્ર પેહેર્યાં, કૌરવની સહુ નાર; સણગાર સજી એકસોને છ, નાકળી મુકામ બ્હાર. ॥૨૮॥ છ કારભારીની છ નારી; સોભાઇનિ સો સાથે; પ્રભુનિ પટરાણિ રૂક્ષમણિ, બાજ્યાં રાણીને હાથે. ॥ ૨૯ ॥ વાતો કરતી સરવે ચાલી. નીકળી નગ્રનિ બાહાર; ત્યાંતો ઝળહળ શોભી રહ્યુ છે, નવું થએલું બજાર. ॥૩૦॥ ભાનુમતિ ફુલીને બોલી, જુઓ પ્રભુની રાણિ; દુકાનો મારા નાથના નામની, જુઓ કેવી મંડાણી. ॥૩૧॥ રૂક્ષમણિ કહે તમારા ધણિના, નામની મંડાઈ સારી, શંખણિ રાણિ સમજે ન કાંઈ, ફુલણિયણ અહંકારી. ॥૩૨॥ બજાર બધું જોતાં ચાલ્યાં, ગયાં ગટોરગછ પાસે; વસ્ત્રને સુંદીર સણગાર દીઠા, માયાવીને અવાસ. ॥૩૩॥ રૂક્ષમણી કહે ભાનુમતીજી,તમ લાયક સણગારો; તેવાંજ વસ્ત્ર લાવ્યા વેહેપારી, મોહ્યો જીવ અમારો. ॥૩૪॥ એટલે આગળ થૈ ભાનુમતી, ગટોરગછને પુછે; એક એકનારીનાં સણગાર વસ્ત્ર, તેની કીમ્મત શું છે. ॥૩૫॥ જુદી ભાશા ગટોરગછ બોલ્યો, દુર હમારો દેશ; ત્યાંનિ નારીયો બહુ ઇછેછે, આ દેશનો પેહેરવેશ. ॥૩૬॥ માટે મુલ કરવાનું નથી લેવું હોયતો આવો;તમારાં ઉતારી અહીં મુકો, અમારાં પેરી જાઓ. ॥૩૭॥ ભાનુમતી કહે રૂક્ષમણીજી, વેહેપારી આંધળા જેવો; આપણા કરતાં ઉંચા સોનાનો ભારે દાગીનો કેવો ॥૩૮॥ મોતીનો માલ છે બહુ ભારે;હાવો કયાંથી મળેજોગ;

સતભામા કહે ઉઘાડો નફો ભુલે તેના ભોગ. ॥ ૩૯ ॥ ભાનુમતી કહે તમોને અમો, સરવે બદલી લૈયે, પ્રભુની પ્રેમદા એવું બોલી, બદલીને કયાં જૈયે. ॥૪૦॥ અમારા ઘરમાં ધણી છે નબળો, અણ સમજુ ભગવાન; મુમત ઝાલે જરા ન સમજે, નફો કે નુકશાન. ॥૪૧॥ ભાનુમતી કહે ભોગ ભવિશના, કહી કૌરવની પેઠી; વસ્ત્રાભુષણ બદલવાને, દુકાનમાં જઇ બેઠી. ॥૪૨॥ ગટોરગછ કહે બધું બદલજો, મુજ મનમાં રેછે વેમ; ભાનુમતી કહે નથી ગાંડાં અમે ભુલશું કેમ. ॥ ૪૩ ॥ એમ કહીને બદલી લીધાં,પટકુળને શણગાર;વાલની વીંટી ધરાધરી બદલી નીકળી સરવે નાર. ॥ ૪૪ ॥ ભાનુમતી કહે જાંબુવંતીજી, હવે દેખાઉં-છું કેવિ; સતભામા કહે શું પુછોછો, થૈ છબી લક્ષ્મી જેવી. ॥૪૫॥ ચાલ્યાં એવી વાતો કરતાં, ગામમાં આનંદ ભેર; કૃષ્ણ પ્રભુની કામનીયો તે, ગઇ પોતાને ઘેર. ॥ ૩૬ ॥ પુછયા પ્રભુએ સૌ પ્રેમદાને, બજારના સમાચાર; સતભામા કહે બદલો કીધો, વસ્ત્ર અને સણગાર. ॥૪૭॥ એમ કહિને એતો રહ્યાં, પેલી સહુ જાની વાસે; સ્વામીયોને લાભ બતાવવાને, આવા દુર્યોધેન પાસે. ॥ ૪૮ ॥ છત્રપતી કહે ભાનુમતીજી મને પડયો એક વેમ; ઇંદ્રાણી સરખું રૂપ તમારૂં આજ થયું છે કેમ. ॥૪૯॥ ભાનુમતી કહે તપાસી જુઓ, અમારા શણગાર; તમારા જેવા અમે ન કરિયે, ઉંધા ઉંધા વેહેપાર. ॥૫૦॥ હાથી ઘોડા જૈઇ હારી આવ્યા, શો લાભ લીધો લાવી, જુઓ અમે એક વેહેપારીને, કેવી છેતરી આવી ॥ ૫૧ ॥ દુર્યોધન કહે જુઓ મામા, બહુ પાકી ભાનુમતી; મામો કહે તારી મામી, તે પણ કાચી નથી. ॥૫૨॥ નારીયોનાં એમ વખાણ કીધાં, સ્થળે ગઇ સ્ત્રી જન; એવે સમે પોહોર રાત્રી વિતી સરવે કર્યું શયન. ॥૫૩॥ નગ્રના દરવાજા બંધ થયા, માયાવીએ માયા મેલી, બજાર બધું લોપ કીધું, લીધું બધુ સંકેલી . ॥૫૪॥ પછી બસે દૈત્ય બનાવી, સોના ટોપલા કરીયા; નારીયોના ધુતી લીધેલા, દાગીના તેમાં ભરીયા. ॥૫૫॥ સો દૈત્યને માથે ઉંચકાવી,, ભોંયરામાં સીધાર્યો; નાણાંના ખુણા સામો ખુણો, તેમાં ઢગલો માર્યો. ॥ ૫૬ ॥ અભીમન્યુ હસવા લાગ્યો, આ પુંજી ન જાય ખુટી;ગટોરગછ કહે વીરા મ્હારા,સો કાકીયોને લુંટી. ॥ ૫૭ ॥ એમ કહીને ભોજન ભેળાં, કીધાં બન્ને ભ્રાત; હશી હશીને વાતો કીધી, એવે ગઇ મધરાત. ॥ ૫૮ ॥ ગટોરગછ કહે વિરા મ્હારા, બે ઘડી બારણે જાઉં; આજે રાત્રી નથી રહેવાનો, કાકીયો કુદાવી આ

શું. ॥ ૫૯ ॥ એમ કહીને બ્હાર નીકળ્યો, માયાવી જુલમી જાગ્યો; મસ્તકના કેસ છુટા મુકી, પોતે ધુણુવા લાગ્યો. ॥ વલણ ॥ લાગ્યો મેદાનમાં ધુણુવા, કર્યો માયાવિ કોપ; કહે વલ્લભ અબળા તણાં, વસ્ત્રો કીધાં લોપ.

કડવું ૧૧ રાગ સાખી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણે જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું સુરેખા હરણ મહીમાય. ॥ ૧ ॥ ચીર ચણીયા ચોળી લોપ કરી,શણગાર રેહેવા દીધા;માયાવી રચના રચીને, ભયંકર જંતુ કીધા. ॥૨॥ ચીતાકોની ચાકરણે બનાવી, પુરણ મેળવ્યાં પાપ; કલ્લાંના કાળા નાગ બનાવ્યા,સાંકળાના કર્યા સાપ. ॥૩॥ દામણીના થયા કાન ખજુરા શરીર ઉપર ફરતા; મોતીના મકોડા થઇને,ચટ ચટ ચટકા ભરતા. ॥૪॥ વાળીના વીંછુ પાંદડીના વંદા, ઝીણા મોતીની કીડી; ચુડીયોની થઇ ચંદન ઘોયો, સૌ પ્રેમધાને પીડી. ॥ ૫ ॥ કાળીગાંઠોની કાળીનાગેણે તુસીની તનસો કાળી; સળવળાટ શરિરે થયો, જાન જાગી ભય ભાળી ॥૬ ॥ વસ્ત્ર શરીરે ન મળે કોને, :પુરણ પડીયો શોક; ભયંકર જંતુ દેખીને,પાડે પોકા પોક.॥૭॥ નગ્ર તણું લોક જાગીઉઠયું,ઉઠયા શ્રીઅવીનાશ;ચાલોરે લોકો જૈયે જોવા,કરીયે કાઇ તપાસ.॥૮॥તવ સરવેલોકજોવા આવ્યું, આવ્યા અંધના સુત; શું થયું છે બહારથી પુછે,શું મહી ભરાયું ભુત.॥૯॥ આડાઅવળા વાંકા ચુંકા, ચરણે વિંટાયા સાપ; ત્રાસે નાસે ખંખેરી નાંખે, મોઢે પોકારે બાપ. ॥૧૦॥ ઉંચી નીચી અબળા કુદે; દુખ દશા થઈ કેવી; સુતરનો તાર પાસે ન મળે, સૌ માયે જણી એવી. ॥૧૧॥બહારથી બહુ બુમો પાડે છે, છત્રપતી રાજન; દ્વાર ઉઘેડો દ્વાર ઉઘેડો, શું થયું છે વિઘન. ॥ ૧૨ ॥ તો પણ કોઇ ઉત્તર નદે; પુરણ દુખમાં પડીયો; છુટે કેશે કુદે સઘળી, જેમ જાણે ભુતડીયો. ॥ ૧૩ ॥ ચાર ઘડી કુદાવી મારી, એવો કારમો કોપ; ધુણુતો બંધ રહીને જંતુ, સર્વે કરી દીધાં લોપ. ॥ ૧૪ ॥ એટલે વળી ધિરજ મનમાં, શરમમાં સહુ પેઠી; ટોળે ટોળાં ભેગાં થઇને, ખુણે ખુણે બેઠી. ॥ ૧૫ ॥ એક નારીયે અદખોલે દ્વારે, કહ્યું કે કષ્ટી કાપો; સુત્ર તાર નથી અમપાસે, વસ્ત્રો અમને આપો, ॥ ૧૬ ॥ પુરૂશોના પાસે ધોળાં વસ્ત્ર દીધાં તેણી વાર; ધોળાં તો ધોળાં પેહેરીને, બેઠી સરવે નાર. ॥ ૧૭ ॥

પછી બારણાં ઉઘેડી નાંખ્યાં, પેઠા પુરૂશો તમામ; બળદેવ આવ્યા કૃષ્ણ આવ્યા, આવ્યું આખું ગામ. ॥૧૮॥ સૌ સૌની નારીને પુછે, આ ખેલ કોણે બનાવ્યો, ચુડો ન મળે ધોળાં વસ્ત્રો, જાણે રંડાપો આવ્યો ॥૧૯॥ જોઇ જોઇને સર્વે હસે છે, મશ્કરી કરે ગોપાળ, રંડાપોરૂડો શોભ્યો પણ, માથા ઉપર છે વાળ. ॥૨૦॥ બળદેવજી કળકળવા લાગ્યા, આશુ તુજને ઝેર; કેમ કરેછે મશ્કરીયો તુ, જા ભાઈ તારે ઘેર. ॥૨૧॥ પ્રભુ કહે જોઇશું તમાસો, જગતને વેહવારે; તમાસાનું ન હોયતેડું, રોજ જગાડી મારે. ॥૨૨॥ છત્રપતી તો પુછવા લાગ્યો, ભાનુમતીને એમ; કયાં કયાં આભુશણ વસ્ત્રો, કુદવા લાગ્યાં કેમ. ॥૨૩॥ ભાનુમતી કહે ભરથાર મ્હારો, વાંકો દીવસ થયો, વસ્ત્ર આભુશણ બદલાવીને, વેહેપારી છેતરી ગયો. ॥૨૪॥ દુર્યોધન કહે બહુ ડાપણમાં, થયો નફાનો પ્રેમ; રાણી કહે કાલે જાનવર લાવી, છેતરાયા તમે કેમ. ॥ ૨૫ ॥ કોઇને છોકોટા નવ કરસો, અમે તો અહીં નહીરહીયે; પરણાવોપુત્રતમે તમારે; અમે અમારે જઇએ. ॥૨૬॥ દુર્યોધન કહે શું કહ્યું છે ન, આ વડી કરો રિસ; જવાનુંતો નામ ન દેતી, તુજ ખોળે મુજ શીશ. ॥૨૭॥ એટલે પાછું કહ્યું રાણીયે; શું કહું નફટ તમને; રાખવાં હોય તો વસ્ત્ર ભુશણ, કૈથી લાવી દો અમને. ॥ ૨૮ ॥ દુર્યોધને કહ્યું પ્રભુને, વેળા અમારિ માપો, ઘેર જઈ પોચાડી દેઇશું, નારીના પોશાક આપો. ॥૨૯॥ બળદેવજી કહે આપો વીરા, કહયું માન્યુ મોરાર; આપ્યાં એકસો છ નારીનાં વસ્ત્ર અને શણગાર. ॥ ૩૦ ॥ પછી સૌ સૌને સ્થળ ગયાં, ગયો હેડંબા તન; ભોંયરા વીશે અભીમન્યુની જોડે કર્યું સયન. ॥૩૧॥ રાત્રી વીતી વ્હાણું વાયું, ઉઠયો ભીમનો સુત; ઓ ભાઇ ગામમાં જૈને આવું છું. કરી આવું કાંઇ તુત, ॥ ૩૨॥ એમ કહી બ્હાર નીકળીયો, દુષ્ટને દમવા રાજી, પચીસ દહીતો બનાવી તેની, બનાવી શાક ભાજી. ॥ ૩૩ ॥ ગાંસડો બાંધી માથે લીધો, પોતે કાછીયો થયો; દ્વારીકા ગામના બજાર વીશે, વેચવા માટે ગયો. ॥૩૪॥ સારાં શાક જોઇને લોકો, ભાવજ પુછવા આવે; તવ માયાવી બજાર કરતાં બમણું મુલ બતાવે. ॥૩૫॥ તેથી તેનું કોઈ ન લેતું, એવે આવ્યા ગીરધારી જાનૈયા માટે હરનીશ લાવે, શાક સામાન મોરારી. ॥૩૬॥ તેમણે દીઠો ગટોરગછને, પ્રભુ જઈ તવ પુછે; સાચા કાછીઆ સાચુ કેહેજે, આ શાકનો ભાવ શું છે. ॥૩૬॥ માયાવીકહેભાવજ શાનો, લેઇ જાઓમહારાજ;

સત્યવાદીને ખવરાવશોમાં, લેજો લંપટની લાજ.॥૩૮॥ એમ કહીનેઆપી દીધું પોતે થયો વિદાય; સાથે સારાં શાક બીજાં લીધાં, ઘેર ગયા જદુરાય. ॥૩૯॥ કદી નહીને તે દીન પ્રભુ, પેઠા રસોઇ કરવા, માયાવિ શાક જુદા કીધાં, પાપીતણાં પેટભરવા. ॥૪૦॥શ્રષ્ટીનો સ્વાદખેંચીમહી મુકયો, જાનયા જમવા આવ્યા; બાજઠ ઢાળી બીરાજ્યા સરવે, પ્રભુ પીરસણું લાવ્યા. ॥૪૧॥ સત્યવાદીને પીરસ્યુ સાચું, સોભાઇને માયાવી; છ કારભારી સહીતને તે, નવીન સામગ્રી ભાવી. ॥ ૪૨ ॥ બાકી બીજાને પીરસ્યું સાચું, જમવાની આજ્ઞા દીધી; ચાખી જોતામાંઅતિ સ્વાદ લાગ્યો, કૃષ્ણે કારીગરી કીધી. ॥૪૩॥ કૌરવે કહ્યું લૈજાઓ પાછાં, પાંચવાની પકવાન; બીજું ત્રીજું કાંઇ ખાવું નથી, શાક મુકોભગવાન ॥૪૪॥ પ્રભુ કહે જોઇએ જેટલું, તેટલું માગી લેજો; દુર્યોધન કહે શાક તમારૂં, સઘળું મુકી દેજો. ॥૪૫॥ સ્વાદજ લાગે તેમજ માગે, મુકેછે ભગવાન; અવિવેકી શાક આરોગે, અંધ તણા સંતાન. ॥૪૬॥ જમતા જમતા વીખાણ કરે, આજ સુંદીર રસોઇ; એ બળદેવ બલીહારી જૈયે ચાતુર રાંધનાર કોઇ. ॥૪૭॥ બળદેવ કહે કૃષ્ણ અમારા, રાંધ્યું સરમે લેવાઇ; કૃષ્ણ કહે કોનું કરવું તું, અમારા પણ વેવાઈ. ॥૪૮॥ દુર્યોધન કહે ઓરે મામા, સારી રસોઇ કરે શામ; આપણા ઘરમાં રાંધવા જોઇએ, કૃષ્ણ સરીખો ગુલામ. ॥૪૯॥ અજ્ઞાની જીવ દુષ્ટ મતીનો, બોલે ફાવે તેમ; માયાવી શાક ઘણું ખાધુ; ગળા લગી આવ્યું એમ.॥૫૦॥ પછી સરવે જમી ઉઠયા; બળદેવે મુખવાસ આલ્યા; રસોઇનાં વખાણ કરતા, જાનીવાસે ચાલ્યા, ॥૫૧॥ એવામાં તો રાત્રી પડી,વીતીગયો દન; દરવાજા નગ્રના બંધ થયા, સરવે કર્યું શયન. ॥ ૫૨ ॥ વલણ ॥ એવે મધ્ય રાત્રી થઈ, ઉઠયો ભીમ કુમાર; વ્યાસ વલ્લભ એમ ઓચરે, નીકળ્યો ભોંયરા બ્હાર.

કડવું ૭૪ મું રાગ અહોરાયજીનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા; સુણ્ જનમેજેરાય, વીસ્તારી તુજને સંભળાવું, સુરેખાહરણ મહીમાય, અહોરાયજી સુણીએ. ॥ ૧ ॥ ગેટાર ગછ મેદાનમાં બેઠા, છુટા મેલ્યા કેશ; એટલે એનિ માયા ઉપડી,પુરણ કર્યો પ્રવેશ. અ૦ ॥ ૨ ॥ માયાવીની માયા જબરી, હલાવી હલાય; શાક જમી સુતા છે તેના, પેટમાં ધુડધુડ થાય. અ. ॥૩॥ કઇનામોઢામાં

મોળ વછુટી,નીકળતું બહુ થુંક; કૈ જણાને આંકડી આવી, કૈનેચાલી ચુંક અ. ॥૪॥ અકળાઈ અકળાઈ સરવે ઉઠયા, પુરણ દુખમાં પેઠા; આંતરડાં દોવાવા લાગ્યાં, કૈ જન ઓકવા બેઠા. અ. ॥૫॥ ખરળ ખરળ સૌ ઓકવા લાગ્યા, પુરાં મળીયા પાપ; મ્હોમાથી નીકળે ચકલાં ઉંદરડાં વંદા વિંછીને સાપ. અ. ॥૬॥ ઘરોડીઓને કાન ખજુરા; ખીશકોલા નીકળી પડતાં; ચાકરણેયોને ચામાચીડીયા, બ્હાર પડી તરફડતાં. અ. ॥ ૭ ॥ એવું એવું જોઇ ભય પામે. પોકારે છે બાપ; અડધા પેટમા અડધાબારણે;લબડે મોટા સાપ. અ. ॥૮॥ એવું જોઇનેત્રાસ પામીને, પાડે પોકા પોક; હોકારા થયા તેથી જાગ્યુ, આખા ગામનુ લોક, અ. ॥ ૯ ॥ જુગદીસ જાગ્યા કેહેવા લાગ્યા, સરવે તતપર થઇયે; ચાલો લોકો વણ પૈસાનો તમાસો જોવા જઈયે. અ.॥૧૦॥ પ્રભુ આવ્યા લોકોને લાવ્યા, દોડયા આવ્યા બળદેવ;ઓરે વેવાઇ દ્વાર ઉઘેડો, તોફાનની શી ટેવ અ. ॥ ૧૧ ॥ પણ બારણા ત્યાં કોણ ઉઘાડે, ઓકા ઓકજ થાય; કૈ કૈ લોટા ભરીને નાસે, ત્યાંને ત્યાં બેશી જાય. અ.॥૧૨॥ તેથી અતીશે દુરગંધ ઉડે, ઓકી મુઆ ઘડીચાર; જીવજંતુ દેખી દેખીને, ત્રાસ્યાઅપરમપાર અ. ॥૧૩॥ આંતરડાં ઓકીને દોવાયાં.માયાવીનો એ કોપ;ખરેખરી સીક્ષા કરીને,માયા કીધી લોપ. અ.॥૧૪॥ ન મળે ઓકેલું જીવજંતુ, ધીરજ વળી લગાર; બળદેવની બહુ બુમો સુણી, ત્યારે ઉઘેડયાં દ્વાર અ. ॥૧૫॥ એટલે અંતરયામી બોલ્યા, લેવાનો છે લાહાવો; બારણે શા સારૂ ઉભા છો, સઉ લોક અંદરઆવો. ॥૧૬॥ તવ બળદેવને બહુ રીસ વ્યાપી, બોલ્યા કૃષ્ણ શું એમ; ઉપર રહી મસ્કરી કરાવે, ભાઈ તું આવ્યો કેમ. અ.॥૧૭॥ તુંતો ઘેરજા ભાઇતુતારે,તવબોલ્યા ભગવાન; શા ઉપર સપડાવોછો અમને, આશુ નીત્ય તોફાન. અ.॥૧૮॥ સપુત વેવાઇ શોધી લાવ્યા છો. જ્યાંને ત્યાં વાત ગવાઇ; રાત પડેને હો બાળો નીત્યે, આતે શી નાગી ભવાઈ અ.॥૧૯॥ એકેદિન ઉંઘવા નવ દીધા, ફજેતી બહુ સસ્તી; આવું અહીં નીત્યે નહી ફાવે.ઉજડછેકે વસ્તી. અ. ॥૨૦॥ તમાશો થાશે સઉ જોવા જાશે, જગતનો છે ધારો; તે કરતાં તો ફાન ન કરે,વેવાઇઓનેવારો.અ.॥૨૧॥બળદેવજીઝખવાણાપડીયા, ગયા વેવાઇપાસ; શું હતું તે આજ બુમો પાડી, શો પડયો તમને ત્રાશ. અ. ॥૨૨॥ દુર્યોધન કહે ઓ વેવાઈ, પોકાર્યા અમે બાપ; અમને સહુને થઇ ગઇ ઊંલટી, નીકળ્યા મ્હોમાંથી સાપ. અ. ॥ ૨૩ ॥ બળદેવજી કહે બતાવો મુને, કરોછો તમે નવાઇ; કાંઇ નથી ને બુમો પાડોછો, મા

ડી મીથ્યા ભવાઈ. અ.॥૨૪॥ તમે તમારે કાલ સવારે, છાબજ મોકલી દેજો; પછી વરઘોડો ચઢાવી આવિ, વર પરણાવી લેજો. અ. ॥ ૨૫ ॥ એમ કહીને પાછા વળીયા, સઉ લોક ગયું ઘેર; છત્રપતી કહે ઓરે મા મા, ફજેતી થઈ બહુ પેર. અ. ॥ ૨૬ ॥ મામો કહે મુઇ ફજેતી, ભુખે જીવડો જાય; રાત્રીએ ખીચડી ઓરાવી, ઓકેલા સહુ ખાય. અ. ॥૨૭॥ પછી સરવે શયન કીધું, થયો પ્રાતસકાળ;તવ અંતરધ્યાન થઇને ગયા ભોંયરે શ્રી ગોપાળ. અ. ॥ ૨૮ ॥ બે ભાઇ સુતા તેને જગાડયા, બોલ્યા જુગજીવન; વીવેક હોય તો છાબ કન્યાને,આપો ભીમનાતન. અ.॥૨૯॥ ગટોરગછ કહે રીતી બતાવો, પ્રભુ કહે ત્યાર થાઓ. ભાનુમતીનું સ્વરૂપ ધરીને, વેવાઇને ઘેર જાઓ.અ. ॥૩૦॥ જોડે બીજી નારીયો લેવી, ગાતાં જવું સહુ સાથ, વસ્ત્રને આભુશણુ ભરેલી, છાબ લેવી તમ હાથ અ. ॥૩૧॥ ગાતાં ગાતાં મંડપે જાવું, વેહેવણે વેહેવણો ગાય; તમારે તો છાબ લેઇને, બેસવું મંડપ માંય. અ. ॥૩૨॥ પછી સુરેખા કન્યા આવી, છાબ બધી લઇ જાશે; તે મુકી આવિને ખોળામાં, બેસવાની તમ પાસે, અ ॥૩૩॥ એ રીતી છે છાબ આપવાની, બોલ્યો ભીમનો તન; કરશું વટ વેહેવાર સઘળો, ઓરે જુગજીવન. અ. ॥ ૩૪ ॥ એટલે પ્રભુ વીદાય થયા, ઊઠયો માયાવી ભુપ; છાબદેવા જાવાને ધરીયું, ભાનુમતીનું રૂપ. અ. ॥૩૫॥ એકશોને છ દૈત્ય બનાવ્યા, માયાવી કુંમાર; એક દૈત્યની છાબ બનાવી, ભર્યાં વસ્ત્ર સણુગાર. અ. ॥ ૩૬ ॥ એકસોને પાંચ રાક્ષસ રહ્યા, તેની કરી ફંડ ફેરા; નવાણું ભાઇની નારી નવાણું, છ કારભારી કેરી. અ. ॥ ૩૭ ॥ પોતે ભાનુમતી થયેલો, ખેલજ કીધો ત્યાંય, છાબ લઇ લોપ થૈને પડયો, દ્વારીકાં નગ્રની માંય અ. ॥૩૮॥ ગાતાંગાતાં મંડપ ભણી, ચાલ્યાં ઉલટ લાવી; બળદેવને ત્યાં ખબર પોહોચી, છાબ આપવા આવી. અ. ॥ ૩૯ ॥ બળદેવની નારી રેવંતી,તે કહે ધારો ખોટો;અત્યારમાં સૌ ઊભાં રો ગાવા, મોટાનો ચાલ મોહોટો. અ. ॥ ૪૦ ॥ વળણુ એમ કહી જદુકુળની, ભેગી કીધી નાર; ગીતાંગાતી આવતી, તેનો કરૂં વીસ્તાર.

કડવું ૩૨ મુ ॥ રાગ ધુમાશી ધોળનો. ॥

આનીહારે રૂડો વીવા માંડીયો ટેક; ॥ હવે વૈશમ પાયે રૂષી બોલીયા. તુતો સુણજન મેજે ભુપાળ; ૨, છાબ લેઈ સાસુ થઇ ચાલીયો,

એતો માયાવી ભીમનો બાળ. રૂ૦ ॥ ૧ ॥ જાતાં જાતાં મળ્યું લોક ગાંમનું, એને ભાનુમતી સૌ જાણે; રૂ૦ રાણી ઠમકેને ઝમકે ચાલતી, છેડો ખેંચીને ઘુંઘટ તાણે. રૂ૦ ॥ ૨ ॥ ગાતી ગાતી આવી સહુ સુંદરી, પુરા પ્રેમે મંડપમાં પેઠી; રૂ. છાબ ગ્રહી ભાનુમતી ભામની, ગાદી તકીયે જઇને બેઠી. રૂ૦ ॥ ૩ ॥ તવ રેવંતીજી ઘરમાં ગઇ, કહ્યું બેટી પહેરી ઓઢી જાઓ; રૂ૦ તારી સાસુજી છાબ દે તુજને, તે તો લઇને ઘરમાં આવો. રૂ૦ ॥ ૪ ॥ તવ સુરેખા કન્યા સંચરી, એને પુરણ ઉલટ વ્યાપી; રૂ૦ ગટોરગછે બોલાવી ભાવથી,કન્યાના કરમાં છાબઆપી રૂ૦ ॥ ૫ ॥ તે તો લઇને ઘરમાં પરવરી, માયે વધાવિ ધરી ઉમંગ; રૂ૦ છાબ લેઈ કહ્યું બેટી સંચરો, બેસો જૈ સાસુને ઉછંગ. રૂ૦ ॥ ૬ ॥ તવ સુરેખા ત્યાંથી પાછી વળી, માને કહ્યે મંડપમાં પેઠી; રૂ૦ સાસુ થઇને બેઠો સુત ભીમનો, તેના ખોળામાં આવીને બેઠી. રૂ૦ ॥ ૭ ॥ સુરેખા કહે સાસુજી માહ્યરાં; તમ સંગ દીવસ આવ્યો રૂડો; રૂ૦ ગટોરગછે મનમાં વીચારીયું,નથી સાસુજી હુંછું સાસુડો. રૂ૦ ॥૮॥ પછી ગટોરગછ કહે વહુ સારૂ,ચાલો આપણે ઉભાં થઇયે;રૂ.કેવો મહેલ છે તાહ્યરા તાતનો, મને દેખાડ જોવાને જૈયે. ॥ રૂ૦ ॥૯॥ તવ સુરેખા કન્યા ઉભી થઈ, ઝાલ્યો સાસુજી કેરો હાથ; રૂ૦ વાતો કરતાં ગયાં બેઉ મેહેલમાં પેહેલો માળ જોવા ચઢયાં સાથ. રૂ૦ ॥ ૧૦ ॥ નીરખી જાળી બાહારી અટારીયો, જોતાં જોતાં બીજે માળ જાય; રૂ૦ નીચે કરેલી માયાવીકામની, તેતો જદુનારી સામી ગાય. રૂ૦ ॥ ૧૧ ॥ એવે બીજેત્રીજે માળ નીરખી,ગયાંચોથે ને પાચમે માળ; રૂ૦ પછી છઠોને સાતમો નીરખ્યો, ગયાં ધાબામાં ધાબું વીસાળ. રૂ૦ ॥૧૨॥ એતો અગાશી ગગનમાં ગાજતી, ત્યાં તો શીતળ વાયુ વ્હાય;રૂ૦ દીસે નગ્રને વન બધું ત્યાં થકી, વળી અશોક બાગ દેખાય રૂ૦॥ ૧૩ ॥ તવ ગટોરગછે વીચારીયું, નથી અહી કોઇ કાળો કાગ; રૂ૦ મ્હારી સુરેખા ભાભીછે એકલી, ભલો લેઇ જવાનો છે લાગ. રૂ૦ ॥ ૧૪ ॥ વળણ ॥ છે લાગ લેઈ જાવા તણો,

---

કડવું ૩૬ મું રાગ સવૈયો ઝડપથી.

ભુલું તો મુજ ભોગ; વલ્લભ વદે વીચારીયુ, ફરી બેસે નહી જોગ.

એમ વીચારી ચીર કાઢયું, કટી કશીને બાંધે; આવોરે લાડકડી ભાભી, કરીને લીધી ખાંધે. ॥૧॥ વાયુને વંટાળ કીધો, વીજળીનો ચ-

મકાર; ગરજના કરી ગગને ચઢીયા,ભીમ તણો કુમાર. ॥ ૨ ॥ બાગમાં પડી ભોંયરા વિશે, સુરસપાટે આવ્યો; કયાં ગયા અભીનન્યુ ભાઇ, ભાભી લાડકડી લાવ્યો. ॥૩॥ એમ કહી જઇ પાસે બેસાડી, ગભરાઇ સુરેખાય; અભેમન્યુને ઓળખ્યો, ને, રડવા લાગી ત્યાંય. ॥ ૪ ॥ મારા રડયા મારા પીટયા, કરમ હીણા કહાવ્યા; બોલાવું મ્હારા બાપને તમે,કેમ મને હરી લાવ્યા. ॥પ॥ ઓળખ્યો આ જુનો વર મ્હારો, કહીને નાંખી ચીસ; મ્હારા તાતને તેડાવીને, છેદાવું તમ શીશ. ॥૬॥ ગટોરગછે મન વિચાર્યું, જાણી જશે કોઈ વાત; પાર નહી પડે ખેલ ધારેલો થાશે અતી ઉત્પાત. ॥ ૮ ॥ એમ જાણી સમજાવવા લાગ્યો, સુરેખાને એમ; આવો રૂપાળો વર મુકીને, પેલાને મોહ્યાં કેમ. ॥ ૮ ॥ કન્યા ગાળો દેવા લાગી, તમને પોહોચાડુ હેઠ; ગટોરગછ કહે ગાળો ન દેશો, હું તો તમારો જેઠ. ॥ ૯ ॥ છાનાંમાનાં આને પરણો, સંસારનું સુખ માણો; ટુંકારો મુજને નવ કરીયે,મારી લાજ તાણો. ॥ ૧૦ ॥ તેમ તેમ ગાળો દેવા લાગી, રૂવે અપરમપાર; ધાંટા કહાડે બરકા પાડે, નાની વયની નાર. ॥ ૧૧ ॥ ગટોરગછે શીશ પછાડી, કીધા રાક્ષસ ચાર;ગર્ધવ મુખાકારમા કાળા, દંત લાંલા ગજ ચાર. ॥ ૧૨ ॥ ગોળ ગોળ ગોળા જેવા ડોળા પોહોળાં મોહો કદરૂપ; બારે ભયંકર દૈતો દેખી, કન્યા થઈ ગઈ ચુપ. ॥ ૧૩ ॥ રાક્ષસો કહે ખાઇ જઇશું થનારૂં હોય તે થાય; સુરેખા કહે જેઠ મ્હારા, તમને લાગુ પાય. ॥ ૧૪ ॥ આ રડયા મને ખાઈ જવાના, રંક ભાભી ઉગારો, મુઓ પેલો વર લખમણો, આ વર મ્હારો સારો. ॥૧પ॥ અભીમન્યુ તવ હશી પડયો, બોલ્યો ગટોરગછ એમ; કબુલ કરે છે કન્યા વરને, પાપીયો ખાઓછો કેમ. ॥ ૧૬ ॥ ખબડદાર કોઇ નવ ખાશો, પાસેને પાસે ઠરજો એ કન્યા બુમો પાડે, તો એક કોળીયો કરજો. ॥૭॥ પછી કહ્યું અભીમન્યુને, ઓ વીરા હું જાઉં, કન્યાની ત્યાં બુમો પડશે, જૈ સુરેખા થાઉં. ॥૧૮॥ આશા ભરેલો વર આવ્યો છે કન્યા વના વળેપાછો;મ્હારીતમે ચીન્તા નવકરશો,કોઇ વાતે નથી કાચો. ॥૧૯॥ સુરેખા કહે જેઠ મ્હારા, રાક્ષસ લેતા જાવો; નહી તો મુજને ખાઈ જવાના, કાંઇક દયા લાવો. ॥૨૦॥ ગટોરગછ કહે નહી ખાય તમને, બોલ્યા વિના કોઈ વાર; સુરેખા કહે ડાહી થઇશ હું; બોલીશ નહી લગાર. ॥૨૧॥ બેશીશ તમારા ભાઇ પાસે, પછી રડયા શું ખાશે; માયાવી કહે એવાં ડાહ્યાં થઇ, બેસો ભરથાર પાસે. ॥૨૨॥ એ-

મ કહીને બ્હાર નીકળીયો, ઉડી આકાશે ચડીયો; શુદ્ધ સુરેખાનું રૂપ ધરીને જૈ ધાબામાં પડીયો. ॥૨૩॥ પછી પોતે છાબ લોપ કીધી, લોપ કરી બધી નાર; માયાવી ખેલ કરેલો તે, રાખ્યો નહી લગાર. ॥ ૨૪ ॥ બાવરી બની જદુકુળ નારી, વહેવાણો ગઇ કયાંય; છાબ આપેલી જેવા ગઈ તો, તે ન મળે ઘરમાંય. ॥૨૫॥ તવ સહુ સુંદરી કહેવા લાગી, આતો કઉતક કહાવ્યું; ગાંડા જેવા ગાવા લાગ્યા, નિશ્ચે સપનું આવ્યું. ॥૨૬॥ રેવંતી કહે શાનું સપનું, ગાયું છે લાડે કોડે; સુરેખા ગઇ છે મ્હેલ જેવા, એની સાસુ જોડે. ॥૨૭॥ અરેરે તેનો તપાસ કરૂં કહી મેહેલમાં દોડી; ઓરે સુરેખા ઓરે સુરેખા, ઓરે લાડકી છોડી. ॥૨૮॥ મેડા ઉપર ચઢવા લાગી, ઘાંટા કાઢી બોલાવી; ઓમા ઓમા કરતી કરતી, સામી સુરેખા આવી. ॥૨૯॥ ચોથે માળે ભેગાં થયાં, મા દીકરી તે ઘડી; ઓ માતા મુને બિક લાગી; કહીને બાઝી પડી. ॥ ૩૦ ॥ રેવંતીયે રૂદે ચાંપી, નીચે તેડી લાવિ; પ્રભુ કેરી પ્રેમદા સૌ; ખબર પુછવા આવી. ॥૩૧॥ રેવંતી કહે દીકરી મ્હારી, તારા જીવને કેમ; ગટોરગછ કહે કાળજુ મ્હારૂં, ધડકયા કરે જેમ તેમ. ॥ ૩૨ ॥ સૌ કહે તારી સાસુ કયાં ગઇ કેવું બની ગયું કામ; ગટોરગછ કહે ઉંચી ઉડીને; ચાલી ગઇ એ આમ. ॥૩૩॥ ઓમા મ્હારા પેટમા તો, મરવાનો ભય લાગે; જીવ ઘણો ગભરાય છે મ્હારો, જાણે કોઈ હાડ ભાગે. ॥ ૩૪ ॥ રેવંતી તવ રડવા લાગી. ચોધાર આંસુ પાડી; પથારી કરી સુરેખાને, સાચવીને સુવાડી. ॥૩૫॥ અરેરે જોશીને બોલાવો, જોવરાવો કોઈ જોશ દોરા કરાવો ચીઠી કરાવો, શો દીકરીનો દોશ. ॥૩૬॥ ભુઆ બોલાવો જતી બોલાવો, કોઇને દાણા દેખાડો; દ્રષ્ટી બાંધો નજર ઉતારો, લાડકડીને ઊઠાડો. ॥૩૭॥ એટલે અતી દોડા દોડ ચાલી, કન્યા મરડે મુખ; મોંઘાઇ માટે ખાય ગોઠમડાં, શૌ કહે દારૂણ દુખ. ॥૩૮॥ બળદેવજી ત્યાં ધાઈ આવ્યા, બહુ ચીંતામાં પેઠા; ઊદાશ પામી લેલાટ કર દૈ, સુરેખા પાસે બેઠા. ॥૩૯॥ ઉતાર ઊતારે નજર બાંધે, કરાવે દોરા ચીઠી; લગન વેળા વીઘન આવ્યાં, દીકરી દુખી દીઠી. ॥૪૦॥ એવામાં શ્રી કૃષ્ણ આવ્યા, સેજ સ્વભાવે ત્યાંય; કન્યાને ઓળખી પાછા વળીયા, ઉભા ન રહેવું હાંય, ॥૪૧॥ એવામાં સુરેખા બોલી, બળદેવ પ્રત્યે વચન; કૃષ્ણકાકાને પાછા બોલાવો, ખોળે બેઠાનું મન. ॥૪૨॥ બળદેવજીએ બુમ પાડી. પાછા વળો મમભ્રાત; તમારે ઉછંગ બેટી બેસાડો, ટાઢી મીઠી

કરે વાત. ॥૪૩॥ કૃષ્ણ પ્રભુ કહે કામ છે મ્હારે, તવ બળદેને રિસ વ્યાપી; મારે ખોળે મોટાં કીધાં, બાળક તારાં અમાપી. ॥૪૪॥ તે બધું મ્હારૂં છુટી પડીયું, દીકરી નથી સુખી, તેથી ખોળે બેસવા માગ્યું; શું જશે ખોળો દુખી. ॥ ૪૫ ॥ એવું કહ્યું તવ કૃષ્ણજી આવ્યા; બોલાવી રૂડે રંગ, આવ્ય સુરેખા કહીને બેસાડી, હરજીએ ઉછંગ. ॥૪૬॥ પછી છાનુ માનુ કહ્યું, પોતે સુંદરશામ; તું તારે કર કરતો હોય તે, ન લઇશ મારૂં નામ. ॥૪૭॥ મુજ ઉપર રાખવી મેહેરબાની, જાણીતો તુજથી કાંપે; ગટોરગછ કહે તમારી નારીઓ, કેવા ચરણ શીશ ચાંપે. ॥૪૮॥ કૃષ્ણ કહે ફાવે તે કરજે, તારો દીવસ છે ઘેર; ઉછંગથી ગટોરગછ ઉઠયો, પછી બોલ્યો સુખ ભેર. ॥૪૯॥ પીતાજી હવે ઠીક થયું છે, જાઓ સૌ સૌને ઠામ; એમ કહી પથારીમાં સુતા, લેશો નહી મુજ નામ.॥૫૦॥ એટલે સરવે વેરાઈ ગયું, બોલી રેવંતી એમ; આ દીકરી તને ખાવા આપું, શું ખાધા પર પ્રેમ. ॥ ૫૧ ॥ વળણ ॥ ખાવા માગો દીકરી, તો મન ખુશી થાય; કહે વલ્લભ એમ કરગરે સુરેખાની માય.

કડવું ૩૭ રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાય વચન. સુણ પરાક્ષત રાયના તન; બોલ્યો ગટોરગછ હું ખાઊં, લાવો કુંચીયો ઓરડે જાઉં. ॥ ૧ ॥ ભર્યા પકવાન જાનૈયા કાજ, ગમે તો તેમાંથી ખાઉં આજ; તવ માતાને ઉલટ વ્યાપી, તેને ઓરડાની કુંચીયો આપી. ॥૨॥ તવ માયાવી ઓરડે ગયો, દીઠાં પકવાન ખુશી થયો; એણે માયા રચી તેવાર, કીધા દૈત્ય એક હજાર, ॥૩॥ તેમાં પાંચશે ટોપલા કીધા, પકવાને ભરાવી દીધા; રહ્યા રાક્ષસ પાંચશે જેહ, ઉપડાવ્યા તેને શીર તેહ. ॥૪॥ પછી ખેલ માયાવીએ કીધા, કરી અદર્શ મોકલી દીધા; તેતો પોહોચાડયાં હેડંબા વન, દીધા ઓરડા ભિમને તન. ॥૫॥ હતું તેટલું પકવાન ટાળ્યું, એણે સાફ વાશિદું વાળ્યું; તાળા દેઇને કુંચિયો લીધી, જઇ રેવંતીને દીધિ. ॥ ૬ ॥ ગયા પકવાન લેઇને જેહ, પોચ્યા હેડંબા વનમા તેહ; કર્યો ઢગલો પકવાંન તણો, તેનો ગંજ ત્યાં વાગ્યો ઘણો. ॥ ૭ ॥ બેઠી સુભદ્રા હેડંબાય કહ્યું શેવકે સઘળું ત્યાંય; બોલ્યા સુભદ્રા એ જેઠાણી, કયાંથી આણ્યા પકવાન તાણી. ॥ ૮ ॥ કહે હેડંબા સુણો દેરાણી, લાવ્યા દ્વારીકાંથી દૈત્ય તાણી, એ તો વેહેવાઇનું મોકલાવ્યું, તમ સારૂં ઢાંકયું આવ્યું

॥ ૯ ॥ કહી હસ્યાં દેરાણી જેઠાણી, બેઉ રહ્યા છે ઉલટ આણી; રહ્યો માયાવી થઇ કન્યાય; બળીભદ્રના ભોવન માંય.॥૧૦॥ તેવે થયો મધ્યાન કાળ, બોલ્યો દુર્યોધન ભુપાળ; ઉઠો નારીયો સરવે જાઓ, છાબજે વહુને આપી આવો. ॥ ૧૧ ॥ તવ ઉઠી ભાનુમતિ રાણી, પેહેર્યા પોશાક ઉલટ આણિ; પછી છાબ કરી તૈયાર, તેમાં ભર્યા વસ્ત્ર શણગાર. ॥૧૨॥ લીધી ભાનુમતીયે હાથ, બીજી પ્રેમદા ચાલી સાથ; ગીત ગાતી સહુ આવી, તવ વેહેવાઓએ બોલાવી. ॥૧૩॥ સહુ સામા સામી ગીત ગાતી, બેઠી ભાણુમતી મદ માતી; તવ રેવંતી ઘરમાં ગઈ, ત્યારે સુરેખા ઉભી થઇ. ॥ ૧૪ ॥ રેવંતીયે કહ્યું બેટી જાઓ, સાસુ આપે તે છાબ લાવો, બોલ્યો ગટોરગછ મુખ એવું, નહિ જાઉ થાય થયું તું તેવું. ॥૧૫॥ માયે કહ્યું કાળજાની કાચી; આ તો આવી છે સાસુ સાચી; ત્યારે ચાલ્યો હેડંબા તન, ગયો મંડપ હસ્તે વદન. ॥ ૧૬ ॥ જઈ છાબ સાસુ કને લીધી, પોતાની માતને સોંપી દીધી; પછી પાછો મંડપમાં પેઠો, ભાનુમતીને ખોળે બેઠો. ॥ ૧૭ ॥ તવ ભાનુમતી હરખાણી, વહુ બહુ રૂપાળી જાણી; એણે અણ દીઠાનું દીઠું, જાણે માર મહુડાને મીઠું. ॥ ૧૮ ॥ વહુતું નથી રૂપે નરસી, કહી ચાંપે રૂદીયા સરસી વિચાર્યું માયાવીયે એમ, બતાવું સાસુને પ્રેમ. ॥ ૧૯ ॥ વ્હાલાં લાગો છો કહીને દાબી, બનિ ગઈ ભાણુમતી રાબી;ભાંગી ગયાં એનાં બધાં હાડ,બળ્યું આ કન્યાનું લાડ. ॥૨૦॥ તપ્યા નેત્રને તપ્યું શીશ, નાંખી રાણીયે કારમી ચીસ; તવ શકુની મામાની નારી, એણે ભાનુમતિ ને વારી. ॥ ૨૧ ॥ કર્યા કન્યાયે તુજને લાડ. તેમાં શું તારાં ભાગ્યાં હાડ; એતો છે વહુજી હલેતી,તેમાં શી કરી તેની ફજેતી. ॥ ૨૨ ॥ કહી ગોદો મારી રીસ કીધી, પોતે વહુને ખોળે લીધી; બોલ્યાં મામીજી વહુ શાણાં;તારી સાસુમાં નથી બે દાણા ॥ ૨૩ ॥ કહી ચાંપે રૂદીયા સાથ, ત્યારે દીધી માયાવીએ બાથ; મામીજી તમે છો બહુ સારાં, મને લાગો છો પ્રાણથી પ્યારાં. ॥ ૨૪ ॥ કહી દબાવી દાખવી રિસ, તવ માંમીયે પાડી ચીસ; એના લોચન તરિ ગયાં, બધાં હાડજ ચકચુર થયાં. ॥૨૫॥ મુકી દીધિ સુરેખાએ મામી, દાબવામાં ન રાખી ખામી;પછી ભાનુમતી બોલી એમ. હવે બુમ તમે પાડી કેમ. ॥૨૬॥ બોલી મામીજી સુણ રાણિ, હવે કન્યાની વાત મેં જાણિ; આપણો લક્ષમણો રાંક, તેનો વિચાર કરવો કાંક. ॥૨૭॥ બોલી મુખે મરડી ભાનુમતી, મને આ કન્યા

ગમતી નથી; કદિ પરણાવ્યા વણુ પાછા જૈયે, બળીભદ્રનાં દુશમન થૈયે. ॥૨૮॥ માટે પરણાવો રીઝી ખીજી, ઘેર જઇને લાવીશું બીજી; બળદેવ તનયા બળદાખે, મ્હારા છોકરાને મારિ નાંખે ॥ ૨૯ ॥ એવી વાતો કરતી ચાલી; ગઈ જાનીવાસે કર ઝાલી; કહાવ્યું બળદેવજીએ આવો, વાજતે ગાજતે વર લાવો. ॥ ૩૦ ॥ તવ બોલીયો અંધ કુમાર; મામા વરને કરો તૈયાર; એને પીઠી ચોળાવો અંગ, કહાડો વરઘોડો ખુબ રંગ. ॥ ૩૧ ॥ વળણુ ॥ મામે આપી આગના, આવો સરવે નાર; પીઠી ચોળો પ્રેમથી, હવે ન કરશો વાર. ॥

કડવું ૩૮ મું રાગ ધોળનો.

પીઠીચોળે, પીઠી ચોળે પ્રીત આણીરે; વરરાજાને ચઢાવે ગંગોદક પાણીરે ॥૧॥ અતર ફુલેલ, તેલ શરિરે લોરરે; ગીતાં ગાતી, ગાતિ તે શરિયા ઘોચેરે.॥૨॥ વરરાજાને, હૈયે હરખ નવ માયરે, ઝટપટ કરવા, આવ્યો દુર્યોધન રાયરે ॥૩॥ ઓરે મામા, ટાઢો સ્વભાવ તમારોરે;બાજઠપરથી, વરને ભોંય ઉતારોરે. ॥ ૪ ॥ ઉનું ટાઢું, જળ મંગાવી દોનેરે, વરરાજાને. હવે નવરાવા લ્યોનેરે. ॥ ૫ ॥ તવ તે મામે, ભોમી ઉતારિ નવરાવ્યોરે; છત્રપતિ, વસ્ત્ર આભુશણુ લાવ્યોરે. ॥ ૬ ॥ મામા ઝટપટ, જાવાનો રાખી ખેટકોરે; જામો પ્હેરાવો, વરને ચીરોને પટકોરે. ॥ ૭ ॥ તવ તે મામે, પેહેરાવ્યાં વસ્ત્ર સણુગારરે; નાંખ્યા અછાબા, હીરા મોતિના હારરે. ॥ ૮ ॥ એટલે રાયના અનુચર આંગણે આવ્યારે, વરને માટે, ઘોડી શણુગારિને લાવ્યારે. ॥૯॥ દુર્યોધને, કહ્યું વરને ઉપાડોરે; વાર ન કરશો, વરરાયન બહાર કહાડોરે ॥૧૦॥ લાવી તમે, ઘોડી ઉપર બેસાડોરે; પછી સરવે, જાનૈયા રસ્તે પાડોરે. ॥૧૧॥ મામાયેતો, વર રાયને ઉપાડયોરે; બહાર કાહાડી, ઘોડી ઉપર બેસાડયોરે. ॥૧૨॥ વરરાજા તો થૈ બેઠો ઠીકા ઠીકરે,બેસતામાં, થઈછે દસવીસ છીંકરે ॥ ૧૩ ॥ બોલ્યા રાજા, મામા આ શુકન કેવારે; મામો કહે,જસ લેઇ આવીએ એવારે ॥ ૧૪ ॥ રાય કહે શી, બુદ્ધી તમમાં ભાળુરે; કરો ટપકું, વર રાયને મોડે કાળુંરે ॥ ૧૫ ॥ દ્રષ્ટી ન લાગે, પરણી આવે લાડે કોડેરે; એટલે મામે, લાવીને મેંશ ધરી મોંઢે રે. ॥ ૧૬ ॥ વરરાજાને, શ્રીફળ મુખવાસ આલોરે; સૌ જાનૈયા, વરરાયને લેઇ ચાલોરે, આપ્યું શ્રીફળ, પાન તે વરને હાથરે; મોહોઠ ઘાલી. પુઠે ઊભી એની માતરે. ॥ ૧૭ ॥

પુઠે બીજી નારીયો ગાતી જાયરે; ઉતાવળ કરે દુર્યોધન રાયરે. ॥૧૮॥ વલણ ॥ લૈ ચાલ્યો વરરાયરે, કહે છે દુર્યોધન; વદે વલ્લભ સૌ સાંભળો. ઘોડી તણું વરણુન.

કડવું ૩૯ મું રાગ લક્ષમણીની ઘોડીનો.

આંની હાંરે લક્ષમણ વરની ઘોડલી. ટેક ॥ રાજાયે દીધી આગનારે, ગરગડીયાં નીસાન; છત્રીસ વાજાં વાગીયાંરે, ચાલી કૌરવ કેરી જાન, લ૦ ॥ ૧ ॥ જાનૈયા જોડે જાયછેરે, સાબેલા રૂપવાન સાજન સારૂ શોભતુંરે, બની શોભા સ્વર્ગ સમાન. લ૦ ॥ ૨ ॥ છત્રપતી માંહિ માલતોરે, અછકલો નીચ જાત; ફુલી ફુલી થાય ફાળકોરે, ભાનુમતી વરરાજાની માત. લ૦ ॥ ૩ ॥ મોહોડ મુસ્તકપર મેલીયોરે, રામનદીવો હાથ; નવાણું ભાઇની નારીયોરે,ચાલે ભાનુમતીની સાથ.લ૦ ॥૪॥ બાપ સરીખો બેટડોરે, લખમણ વર નાદાન, વારે વારે હસ્યા કરેરે, બન્યો બાઘો ચકવો બેભાન. લ૦ ॥૫॥ ડાફેરો મારે ડગેડગેરે, જુએ નગ્રનું લોક; મરડે મોઢાં વર જોઇનેરે, ભીડ ભરાઈ છે અથોક. લ૦ ॥ ૬ ॥ દેખાડે સહુને સાહ્યબીરે,રાજા દુરીયોધન, મુજ જેવો ગ્રહસ્થ કો નથીરે, એવો અભીમાન વસ્યો છે મન. લ૦ ॥૭॥ શુભ શોભાથી આવીયારે, બળદેવજીને ઘેરઃ તોરણે વરને રોખીયોરે; પછી પોખવાની કીધી પેર. લ૦ ॥ ૮ ॥ રેવંતી આવી પોંખવારે, વર પોખ્યાના કોડ, રામન દીવો હાથ મારે, માથે બત્રીશ ભમરીનો મોહોડ લ૦ ॥ ૯ ॥ ગરગાચાર્ય પોખાવતારે, લેઇ સામગ્રી સાર, વરની કને મામો રહયોરે, કરે બ્રાહ્મણ મંત્રઉચ્ચાર. લ૦ ॥૧૦॥ ધુંસળ મુસળ રવૈયોરે, સરીયો. સંપુટ ત્રાક, એંડી પેંડી ઉતારીનેરે, ટીલું તાંણી આમળીયું નાક. લ૦ ॥ ૧૧ ॥ વલણ ॥ એ રીતે વર પોંખીયો, લીધા મંડપ માય; બાજઠપર પધરાવીયો, બેઠા કૃપાચાર્ય ત્યાંય.

કડવું ૪૦ મું ॥ રાગ સાખીનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સુરેખાહરણ મહીમાય, ॥૧॥ મંડપ માંડયો છે મધ્ય ભાગે, પુર્વ દીશાયે સભાય; જાદવ કૌરવ સૌ ત્યાં બેઠા.મંડપચરચા દેખાય ॥ ૨ ॥ પશ્ચીમ દીશા રચી છે સભા, તેમાં બેઠી સહુ નારિ; તે પણ સઘળી ચરચા દેખે, રચવાની બલહારી. ॥૩॥ ગર્ગાચાર્ય ને કૃપાચાર્ય તે

બેઠા મંડપ માંય; બાજઠ બેઠો છે વરરાજા, શકુની મામા ત્યાંય. ॥ ૪ ॥ રેવંતીયે સુરેખાને, કર્યો પીઠી આચાર; કન્યા ચુડો મોજડી પાનેતર, પેહેરાવ્યાં તે વાર. ॥૫॥ કન્યા મોઢીયો માંથે મુકયો, કન્યા રૂપ બનાવી; પ્રદ્યુમને ઉચકી લાવી, મંડપમાં પધરાવી. ॥ ૬॥ કન્યા પાસે પ્રદ્યુમન બેઠો, પ્રભુ ભય મન લાવે; પુત્ર મ્હારો પાસે હશે તો, કન્યાને નહી ફાવે. ॥૭॥ એવું જાણી પુરૂશ પુરાણી, બોલ્યા મુખ વચમ; સભામાંથી ધાટો કાહાડી, તેડયો પોતાનો તંન. ॥૮॥ કૃષ્ણ કહે તમે બેસો સભામાં કન્યા કને શોભે નારી; એક દાસીને, બેસાડીને, અત્રે આવો વીચારી. ॥૯॥ પ્રદ્યુમને કબુલ કીધું, સત્ય વાર્તા મન વ્યાપી; દાસીને જઇ પાસે બેસાડી, સૌ સામગ્રી આપી. ॥૧૦॥ પોતે જઇને બેઠો સભામાં, શુભ શોભા દેખાય;વર કન્યા સામસાતી મંડપમાં,પટકુળ આગળ ધરાય. ॥૧૧॥ હસ્ત મેળવવાનો સમય થયો, વીપ્રને વચને તદાપ; આડો પટ તે લઇ લીધો, કીધો હસ્ત મેળાપ. ॥૧૨॥ કન્યાનો કોમળ કર દેખીને, ખુશી થયો વરરાય, મામાંયે કહ્યું વરરાજાને, કેવી છે કન્યાય. ॥ ૧૩ ॥ એટલે હશીને વરરાય બોલ્યો, મુજ પીતા છત્રપતી;પણ મ્હારી નારી ના સરખી, એમને નારી નથી.॥૧૪॥ ઓ મામા હું ભાગ્યશાળી, મામા કહે સુખ લેજે; છાનો માનો એ કન્યાના, હાથ ઉપર નખ દેજે. ॥ ૧૫॥ વરરાજા કહે બધું જાણું છું, શીખવ્યું છે મુજ મીત્ર; એમ કહી નખ દેવા લાગ્યો,કરે પ્રેમ ચરીત્ર. ॥૧૬॥ ગટોરગછે મન વીચાર્યું, પતી ઉપર પ્રેમ ધરીયે;એ,લાડ આપણને કરેછે,તો આપણ લાડ કરીયે.॥૧૭॥ એવું જાણીને વરનો પોંચો, દબાવ્યો કરી રીસ; આંગળાં હાડ નાંખ્યા ભાગી, વર ઉઠયો પાડી ચીસ. ॥૧૮ ॥ વળણ ॥ ચીસ પાડી વર ઉઠયો, આંસુ નીકળી જાય;વ્યાસ વલ્લભ વદે સાંભળો, શું કહે છે વરરાય.

કડવું ૪૨ મું ॥ બીલાલરીની છાયા.॥

ઓ મામા મુકાવોરે, જીવ મારો જાય છે; હું તો નહી પરણુંરે, કન્યા મારી માય છે. ॥ ૧ ॥ મામો તવ બોલ્યોરે, એવા ગાંડા નવ થૈયે; કન્યા કોમળ અંગનીરે, તેનાથી શું ડરી જૈયે. ॥ ૨ ॥ સમજાવી બેસાડયોરે, સભા સહુ નજરે જુએ; હોશ ગઇ ભાગીરે, બેઠો બેઠો વર રૂએ ॥૩॥ કન્યાયે વીચાર્યુંરે, હાડ ભાગ્યું ખરે ખરૂં; રડેછે કેવારનોરે, માટે એને ખુશી કરૂં. ॥૪॥ ઘુંઘટ ઉધેડયોરે,દેખાડી કાન્તી કેવી; માન્યની મૃગા નેણીરે, પુરણીમાના ચંદ્ર જેવી. ॥ ૫ ॥ વર હશી પડયોરે; મામા

વહુ બહુ સારી; હવે હું તો પરણુંરે, એતો મા નહી મ્હારી. ॥૬॥ એવી રીતે રાજીરે, વર રાયને કીધો; ઘુંઘટ ગટોરગછેરે, ખુશી કરી ખેંચી લીધો. ॥ ૭ ॥ પછી પાછું ધાર્યુંરે, વરરાયને દેવા દુઃખ; ઘુંઘટ ઉઘેડયોરે, દેખાડયું મંઝાર મુખ. ॥૮॥ વર થયો ઊભોરે, કન્યા કાળી કહેલાડી; પીળા પીળા ડોળારે,આતો રાંડ બીલાડી. ॥૯॥મામો મુખ બોલ્યોરે, વાત તું કરે છે કેવી;કન્યાતો રૂપાળીરે,તારી મા બીલાડી જેવી.॥૧૦॥ ખેંચોટી બેસાડયોરે,કન્યા ધારે દેવા દુઃખ;ઘુંઘટ ઉઘેડયોરે,દેખાડયું છે સ્વાન મુખ. ॥૧૧॥ વર થયો ઉભોરે, બાજઠથી પડયો ઉતરી; મામા નહી પરણુંરે, જુઓ કન્યા કુતરી, ॥૧૨॥મામે કહ્યું બેશ હેઠોરે,મોઢેથી ગાળ ભણી; તારી માછે કુતરીરે,કહી કુખમાં ચોટી ખણી.॥૧૩॥તવ ઘુંઘટ ઢાંકયોરે, વરરાયને દેવા દુઃખ; ઘુંઘટ ઉઘેડયોરે, દેખાડયું ગર્ધવ મુખ.॥૧૪॥ વર થયો ઉભોરે,મામા હું તો જઇશ મરી;મ્હારે નથી વરવુંરે, આતો છે ખરની ખરી.॥૧૫॥મામે હાથ ખેંચ્યોરે,ખોટી વાત કરે કેવી; માર્યો એક ઠોંશોરે, તારી મા ગર્ધવ જેવી. ॥૧૬॥ વરને બેસાડયોરે, માયાવી તો દેછે દુઃખ;ઘુંઘટ ઉઘેડયોરે, દેખાડયું રાક્ષસ મુખ. ॥૧૭॥ વર થયો ઉભોરે, મામા ભારે ભુડું થશે; આતો રાંડ રાક્ષણીરે, મને તમને ખાઇ જશે. ॥૧૮॥ ભાનુમતી આવીરે, દીકરાનું દુઃખ જુએ;બેટા ઘડી કષ્ટ વેઠોરે. પાલવથી આંસુ લુએ. ॥૧૯॥ મને જે વિતેલુંરે, મન મારૂં જાણેછે; મામાજીયે જોયું નથીરે, માટે પક્ષ તાણેછે. ॥૨૦॥ ત્યારે મામો બોલ્યોરે,ગોર ઉતાવળ કરો;કહોના કહો પણરે,છોકરો કે બીયો ખરો. ॥૨૧॥વળણ.॥ ગોર બેઉ વળતું બોલીયા, કહો શી કરીયે ભુલ; તેથી ઉતાવળ હોય તો કરીએ સરાગ્યા તુલ્ય.

કડવું ૪૨ રાગ સવૈયા.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, સુરેખા હરણ મહીમાય. ॥ ૧ ॥ ઓળો ગોળો ગોરે વાળ્યો, ઝટપટ પુરૂં કરવા, વર કન્યાને ઉભાં કીધા, મંગળ ફેરા ફરવા. ॥ ૨ ॥ વરરાય રડતો ઉભો રહ્યોને, કન્યા ઉભી આંખ મીંચી; વરના કરતાં દેખાય કન્યા, એક વેહેંતજ નીચી. ॥ ૩ ॥ પેહેલું મંગળ ફેરો ફેરવ્યાં; ફરી ઉભાં નારી નર; બાજઠે બેઉ ઉભાં રહ્યાં તો, થયાં બરાબર. ॥૪॥

સકળ સભા વિસ્મય પામી, કજોડાપણું ગયું; ઊંચાનીચી જરા હતું તે, હવે બરાબર થયું. ॥૫॥ હેવે બીજું મંગળ ફરતાં, કરી માયાની કુંચી; વરરાય નીચો પડી ગયો ને, કન્યા થઈ હાથ ઊંચી. ॥૬॥ એવે ત્રીજું મંગળ વરત્યું, ફરી ઊભાં બેઉ સાથ; વરરાજા છેક નીચો પડીયો, કન્યા વધી બે હાથ. ॥૭॥ જોઈ સભાસદ વીસ્મય પામ્યા, કેમ પડી ગઇ ખોડ; આ વર કન્યા શોભે કેવાં, મા દીકરાની જોડ. ॥૮॥ તે જોઇને બળદેવજીનું, દાઝયું અંતઃકરણ, નોહ્ય નોહ્ય મારી દીકરી આ, થયું કન્યાનું હરણ. ॥૯॥ આતો છે કોઇ કપટી કન્યા, પુરણ પ્રગટી રીસ; હળમુસળ લેવા ગયા ઘરમાં, છેદું એનું શીશ. ॥ ૧૦ ॥ સભામાંથી ઉઠીને નાઠા, ચેતી ગયા ભગવાન; ગટોરગછને ગોવીંદજીયે, તરત બતાવી સાન. ॥૧૧॥ સાન કરી સમજાવી દીધો, પોતે જાદવરાય; હવે વીલંબ કાંઈ ન કરનો, તું થઇજા વીદાય. ॥૧૨॥ તવ માયાવી ચાતુર ચેત્યો, વરરાજાને ઝાલ્યો, આવોરે ઘણી લાડકવાયા, કહીને બગલમાં ઘાલ્યો. ॥૧૩॥ મંડપ ઉપાડી માંથે લીધો; હેડંબાને તન; વા વંટોળ વીજળી કરીને, ચઢી ગયો ગગન. ॥૧૪॥ અંત્રીક્ષ જઇને ઉભો રહ્યો, બોલ્યો મુખ વચન; સાંભળજે સુત અંધ તણા તુ, રાજા દુર્યોધન. ॥ ૧૫ ॥ રાંડીરાંડના શુકન લેઇ, દ્વારીકામાં તું પેઠો; અરજુન નંદન અભીમન્યુ, સુરેખા પરણી બેઠો ॥૧૬॥ ત્રણ દીવસ તમને વીતાડયું, તેતો મ્હારૂં કામ; હું ભીમસેનનો દીકરો, ગટોરગછ મુજ નામ. ॥૧૭॥ કન્યા લૈ નાશી નથી જાવું, છું ક્ષત્રી સંતાન; વઢવું હોય તો આવજો, સરવે, બાગ તણે મેદાન. ॥૧૮॥ તવ દુર્યોધને બુમ પાડી, શીદ ભાગે ઘર સુત્ર; ઓ ભીમસેનના દીકરા તું, આપ મ્હારો પુત્ર. ॥૧૯॥ એવું સાંભળી ગટોરગછે, વરને બગલથી લીધો; પરણજે તું તારી માને કહીને નાંખી દીધો. ॥ ૨૦ ॥ શેવકોએ અદ્ધર ઝીલ્યો, કુંવર થરથર કાંપ્યો; દુર્યોધને ખોળામાં લેઇ, રૂદીયા સરસો ચાંપ્યો. ॥૨૧॥ ઓ બેટા શું શું દુઃખ પડીયું, બોલ્યો લખમણ એમ; વારે વારે મેં કહ્યું મામાને, તોહ્યે ન આવ્યો વ્હેમ. ॥૨૨॥ ચાર પ્રકારે રૂપ બતાવ્યાં, મામાયે જુઠું જાણ્યું; રડી રડી ઘણું કહ્યું પણ, મનમાં કાંઇ ન આણ્યું. ॥૨૩॥ દુર્યોધન કહે ધીક્કાર મામા, વરસ પડયાં સૌ છુટી; રડી રડીને છોકરે કહ્યું, તોહ્યે માની વાત જુઠી. ॥૨૪॥ મામો કહે શું વાંકો વળીને, જોવું કન્યાનું વાન; શા સારૂ મને ઠબકો દેછે, મુઓ વર બળી જાન. ॥ ૨૫ ॥ એટલામાં બળદેવજી આવ્યા, હળમુશળ

લેઈ હાથ; કયાં ગઇરે કારમી કન્યા, તવ બોલ્યો ભુનાથ. ॥ ૨૬ ॥ ઓ હળધારિ ન્હોય એ કન્યા, ભીમ તણો એ તન; સુરેખાને પરણી બેઠો નર સુત અભેમન. ॥ ૨૭ ॥ ગટોરગછ છે નામ એનું, કન્યાનું સ્વરૂપ કીધું; હાથી ઘોડા ઘરેણું આપી, એમ ધન લુંટી લીધું. ॥ ૨૮ ॥ એવું સાંભળી બળદેવ બોલ્યા, સાંભળો કૃષ્ણ વીર; જ્યારે ને ત્યારે પાન્ડવ નડે, ઓરે શામ શરિર ॥૨૯॥ પાન્ડવને તેં પેંધા પાડયા, ભગની લેવા દૈને; ભગની તેડવા ભીમ આવ્યો, તે ગયો ખુબ ખૈને. ॥ ૩૦ ॥ વળી પાછો સહેદેવ આવ્યો, બાઝી ગયો બહુ થૈને; વળી અભીમન્યું યુદ્ધે આવ્યો, દાંનવ શરણે લઇને. ॥૩૧॥ આજતો આવ્યો પુત્ર ભીમનો. કર્યું કન્યાનું હરણ; હવે તેનું કેમ કરવું, ઓરે અસરણા શરણ, ॥૩૨॥ પ્રભુ કહે કે કેમ કરવું તં, જેવી તમારી મરજી; તવ બળદેવ કહે લુગડાં પહેરો, યુધ્ધે ચડવું હરજી. ॥૩૩॥ કૃષ્ણ પ્રભુ કહે લ્યો પેહેરી આવું, કહીને ઘરમાં ગયા; એવામાં દુર્યોધન બોલ્યો; જાદવ તો ત્યાર થયા. ॥ ૩૪ ॥ એ ભીસ્મ દાદા એ દ્રોણ ગુરૂ, જુઓ વાળ્યો આડો આક; કન્યા લીધી લક્ષમણાની. આજ જુઓ કોનો વાંક. ॥ ૩૫ ॥ દ્રોણ ગુરૂ કહે વાંક એમનો, કરવું હોય તે કરો; છત્રપતિયે આજ્ઞા દીધી, આયુદ્ધ સરવે ધરો. ॥ ૩૬ ॥ ગોર કૃપાચાર્ય અશ્વસ્થામા, દ્રોણ ને ભીસ્મ પીતાય; વીચાર કરવા લાગ્યા બેશી, એકાંન્ત સભામાંય. ॥૩૭॥ દ્રોણ કહે કેમ કરશું દાદા, છોકરાં આડો આંક; ભીસ્મ પીતા કહે ન્યાય કરો તો, નહી છોકરાંનો વાંક. ॥૩૮॥ પ્રથમ કન્યા એ છોકરાંની, બળદેવે ગાંડાઇ કીધી; પણ દુર્યોધને કુટુંબીની, કહો કેમ કન્યા લીધી. ॥૩૯॥ આરતીયાતો આંધળો હોયે, બળદેવજીતો તેવા; પણ કૌરવો એ કન્યાને; કબુલ કરનાર કેવા. ॥ ૪૦ ॥ અભીમન્યુએ અભીમન્યુની, તારૂણી લીધી તાણી; શું તે લેવા દે બીજાને, પોતાનું ખુએ પાણી. ॥૪૧॥ બે છોકરે વ્યાજબી કર્યું છે, તવ કહ્યું કૃપાચાર; લોકો કહેશે પરણાવ્યા વીના, રહ્યા ગંગા કુમાર. ॥ ૪૨ ॥ જગતની રીતી પ્રમાણે, જાનૈયાને લાજ; કેહેણિ થાશે આપણે માંથે, વીચારો ભીસ્મ મહારાજ. ॥ ૪૩ ॥ ભીસ્મ પીતા કહે તમે વીચારો, ઓરે ગોર ગુરૂ આજ; આપણું રહેને પરનું પરણે, તો જાય જગતમાં લાજ. ॥૪૪॥ અભીમન્યુ પણ આપણું છોરૂં, તેથી રાજી થૈયે; ઠાલા પાછા વળતા નથી, પરણાવીને જૈયે. ॥ ૪૫ ॥ આવી છે કન્યા ઘરમાંને ઘરમાં, નથી ગઈ પરઘેર; દ્રોણ કહે તે વ્યાજબી કોહો છો, હવે શી કરવી પેર. ॥ ૪૬ ॥ કૌરવ જાદવ ભેગા

થઇને, બે છોકરાને નડશે; આપણને યુદ્ધમાં સંગ લેશે, ત્યાં તો વઢવું પડશે. ॥ ૪૭ ॥ તે માટે આપણે કેમ કરવું, એરે ભીસ્મ પીતાય; આપણ છતાં છોકરાંને મારે, અણુઘટતુ દેખાય. ॥ ૪૮ ॥ ભીસ્મપીતા કહે આપણે સૌની સાથે યુદ્ધમાં જાવું;સામા મોરચા બાંધ્યા પછી, આપણે અળગા થાવું. ॥૪॥ આપણે ચારે સત્ય પુરૂશોએ, યુદ્ધથી કોરાણે રેહેવા; બળદેવ કૃષ્ણને બોલાવીને, આપણિ પાસે લેવા. ॥ ૫૦ ॥ કેહેવું કે નાનાં છોકરાં સાથે, આપણું એ નહી કામ; જાદવ કૌરવ નથી ઓછા કરવા દો સંગ્રામ. ॥ ૫૧ ॥ એમ સમજાવી આપણિ પાસે, રાખવા કબજે કરી; છોકરાં નથી હારે એવાં, વઢવાના સુર ભસી. ॥ ૫૨ ॥ તે કરતાં બળદેવને કૃષ્ણ,ઉપડશે જે વારે; છોકરાંની પક્ષ આપણે કરવી; સામા થવું તે વારે. ॥ ૫૩ ॥ એમ ચારે જણે સંતલસ કીધી, એવામાં દુર્યોધન; પોતાના યોદ્ધાને આજ્ઞા કીધી, તૈયાર થાઓ સહુ જન. ॥૫૪॥ એમ કરવા માંડી તૈયારી, જાદવ કૌરવ લોક; ગટોરગછ મંડપ લેઇને, ગયો બાગ અશોક. ॥ ૫૫ ॥ ભોંયરા બારણે મંડપ મુકયો, પરણાવવાને સાર; ભોજાઇને આવકાર દેઈ, બોલાવ્યાં ભોંયરા બ્હાર. ॥ ૫૬ ॥ એક સહસ્ત્ર દૈત્ય બનાવ્યા, વિવેક વાત વિચારી; તેમાંથી પાંચસેં નર કીધા,પાંચસે કીધિ નારી. ॥૫૭॥ સભા કરીને પુરૂપ બેઠા,ગાય છે ગીતાં નારી;એત્રે નારદને બોલાવ્યા,ઘર વિશે ગીરધારી.॥૫૮॥ ચુડો પાનેતર કંકુ પડો;મીંઢળ નાડાછડી;જે જોઇએ તે સામગ્રી આપી, નારદ ને તે ઘડી. ॥૫૯॥ પછી પ્રભુએ આજ્ઞા આપી, અશોક બાગમાં જાવો; મંગળે મંગળે દાન દેઉં છું, વર કન્યા પરણાવો. ॥ ૬૦ ॥ તવ નારદજી બાગમાં ગયા,કન્યાયે કીધો શોર;નારદજીને નજરે દેખી, આવ્યું પગમા જોર. ॥ ૬૧ ॥ એરે મારા નારદ કાકા, જઇને કહો આ કરણિ, મારા તાતને એટલું કહેજો. જાય જુનો વર પરણિ. ॥ ૬૨ ॥ એટલે માયાવી રાક્ષસ બોલ્યા, હવે કોળીયો કરીયે; સુરેખા કહે હવે ન બોલું, આવો અભીમન્યું વરીયે ॥ ૬૩ ॥ નારદ કહે આ વર સારો, બેશ પરણાવી દેઉં; બેઠા નારદ પરણાવવાને, કારણ કૃષ્ણનું દેવું. ॥ ૬૪ ॥ વળણ. ॥ કારજ સઘળું કૃષ્ણનું, દે છે કન્યાદાન; વ્યાસ વલ્લભ વાણિ વદે, છે સાહાય શ્રી ભગવાન. ॥

કડવું ૪૩ મુ. રાગ રહેણીનો.

ત્યાં તો સમે વરતે સાવધાન, શોભા ઘણેરીરે; ત્યાં તો દાન દે છે ભગવાન, શોભા ઘણેરીરે. ॥ ૧ ॥ એવે રાક્ષણીયો ગીત ગાય, શો; ત્યાં તો હસ્ત મેળાપક થાય, શો. ॥૨॥ ચોરી પેહેલું મંગળ વરતાય, શો; તેમાં ગાયોનાં દાન અપાય, શો. ॥૩॥ પછી બીજું મંગળ વરતાય, શો; તેમાં દાશીનાં દાન અપાય, શોભા. ॥૪॥ ચોરી ત્રીજું મંગળ વરતાય, શો; તેમાં ભુમીનાં દાન દેવાય, શો. ॥૫॥ ચોરી ચોથું મંગળ વરતાય, શો; તેમાં ભંડાર સહીત અપાય, શો. ॥૬॥ પછી રૂપૈયા વીંટીયો રમાય, શો; લાગ્યાં વર કન્યા ગોત્રજને પાય, શો. ॥૭॥ વળણ ॥ વર કન્યા પરણિ રહ્યાં, પ્રભુએ દીધું દાન; કહે વલ્લભ પછી કૃષ્ણજી, યુદ્ધે થયા સાવધાન.

કડવું ૪૪ મુ ॥ રાગ સાખ.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સુરેખા હરણ મેહીમાય. ॥ ૧ ॥ કૃષ્ણ પ્રભુ તઇયાર થઇને, હાથ લીધાં હથીયાર, ક્રોધ સ્વરૂપ ધારણ કરીને, નીકળીયા ઘર બ્હાર. ॥ ૨ ॥ એક લક્ષ સાઠ સહસ્ર એકાશી, કુંવર કેરી જોડ; હળધારી હળ લઇને આવ્યા, જાદવ છપન ક્રોડ. ॥૩॥ દુર્યોધને અગીઆર ક્ષોણી, શેન્યા કીધી ત્યાર; છ કારભારી ને સો ભાઈ, હાથ ગ્રહ્યાં હથીઆર. ॥ ૪ ॥ દિધા ડંકા ઉપડયા બંકા, સતવાદીનર ચાંર; તે પણ આયુદ્ધ લઇને ચાલ્યા, સૌ સાથે તે વાર. ॥ ૫ ॥ વર કન્યા પણે પરણી રહ્યાં, નારદ બોલ્યા વાણ; લાવો કુંવર હવે અમને, આપો દક્ષણા દાન, ॥ ૬ ॥ ગટોરગછ કહે ભોંયરા વીશે, નગદ નાણું ભરીયું; નારીનાં વસ્ત્રને શણગાર શઘ્ઘાં, તમને અરપણ કરીયું. ॥ ૭ ॥ નારદજીએ આશીશ દીધી, થયા અંતરધ્યાન; પછી ઉતર્યો ભોંયરા વીશે. પાન્ડવના સંતાન. ॥૮॥ કન્યાને જઇને બેસાડી, રાક્ષસ ચોકીમાં ચાર; ગટોરગછ કહે મમ વીરા, નીકળો યુદ્ધે બ્હાર. ॥ ૯ ॥ સુરેખા કહે એકલી હું, રહું કેવે પ્રકાર એટલે બનાવી માયાવીયે, નાની છોકરીયો ચાર. ॥૧૦॥ સુરેખાના જે વડી તેતો, જોઈ સુરેખાને ગમે; પાંચે જણીયો ભેગી થઇને, વીવીધ રમત રમે. ॥ ૧૧ ॥ પછી બે ભાઇ બ્હાર નીકળીયા, કેવો કર્યો વીવે

ક; માયાવી સત્તર દૈત તણો ત્યાં, રથ બનાવ્યો એક. ॥ ૧૨ ॥ તેમાં અભીમન્યુ બીરાજ્યો, સંગ્રામમાં જીવ પેઠો; ઘોડાના અછોડા ઝાલી, માયાવી હોંકવા બેઠો. ॥ ૧૩ ॥ ખરખર ખરખર રથને હાંકયો, ચાલી આવ્યો મેદાન; હીમ્મત રાખી રણમાં ઉભા, યુદ્ધ કરવા બળવાન. ॥૧૪॥ એટલે જાદવ કૌરવ આવ્યા, યુદ્ધ તણા મનસુબા; મેદાન વીશે જુદે જુદે, જથે જઈને ઉભા. ॥૧૫॥ ભીસ્ક કૃપાચાર્ય અશ્વસ્થામાં, દ્રોણ ગુરૂ બળવાન; તે ચાર જૈને અળગા ઉભા, માહા મોટું મેદાન.॥૧૬॥ એટલે બોલ્યા અંતરયામી, ભીસ્મ પીતાશું એમ; ચાર સત્ય પુરૂશો સંપ કરી, અળગા ઉભા કેમ. ॥૧૭॥ ભીસ્મ પીતા કહે બાળક સાથે, આપણે વનવું ન ઘટે;જો કદી છોકરાં જીતશે તો, તૈયાર છીએ છેવટે. ॥૧૮॥ જાદવ કૌર સેન્યા સાથે, શું બેને નહી જીતે,ચરચા જોવા રહ્યા ઉભા; મોટા મોટાની રીતે. ॥૧૯ ॥ તમારે પણ ચરચા જોવા, અળગા રેહેવું જોઈએ; છેવટ સરવે સામા થૈશું, વાંક કાઢે નહી કોઈએ. ॥૨૦॥ તવ કૃષ્ણે કહ્યું બળદેવ બંધુ, સમજણની એ વાત; ચાલો એમની સાથે જઈને, ઉભા રહીએ ભ્રાત. ॥૨૧॥ એમ વીચારી બન્ને બંધુ, સતીયા ગાસે ગયા; ભીસ્મ પીતાના રથની સાથે,રથ રાખીને રહ્યા.॥૨૨॥ ભીસ્મની જોડે રથ પ્રભુનો,પ્રભુ જોડે બળદેવ; ભીસ્મ પીતાયે સાન કીધી,રથ ભીડાવો એવ.॥૨૩॥ એટલે ગુરૂ રથ હંકારી, બળદેવ પાસે આવ્યા;તેમની જોડે ગોર કૃપાચાર્ય, રથ પોતાનો લાવ્યા.॥૨૪॥ભીસ્મનીજોડે અશ્વસ્થામા, રથ રાખીને રહ્યા; ચારે જણુની વચમા બંને, બંધુ કબજે થયા. ॥ ૨૫ ॥ ભીસ્મે દ્રોણને સાન કીધી, આપણે કોઈ ન વડવું; છોકરાં ઉપર આ ઉપડે તો, એપર આપણે પડવું. ॥૨૬॥ વચમાં ચાલી નાંખવા કચરી, શું કરે બળ ગોપાળ; આપણાં બેઉ છોકરાનો, ન થાય વાંકો વાળ. ॥ ૨૭ ॥ એવી સંતલસ એમણે કીધી, પ્રભુના મનમાં કાંઇ, લડવાઆ બે તરફે ઉભા, મેદાન ભુમી માંઈ. ॥ ૨૮ ॥ અળગા ઉભાછે છોકરા બેઉ,બોલ્યો અભીમન્યુ એમ;જો ભાઇ જુજવા એ જથે ઉભા, કહો કરીશું કેમ. ॥૨૯॥ ગટોરગછ કહે વીરા મ્હારા, શા સારૂ ગભરાએ, તમોને ન ફાવે તે દો મુને, ફાવે ત્યાં તમે જાઓ. ॥૩૦॥ લઢી વઢીને પક્ષ તમારી; કરીશ મ્હારા વીર; જરાએ ગભરાશો નહી, રાખજો રૂદે ધીર. ॥૩૧॥ એટલે બોલ્યો અભીમન્યું, રથ લઇ તતપર થાઉં; તમે જાવો જાદવ ચીસે; હું કૌરવમાં જાઉં. ॥ ૩૨ ॥ ગટોરગછ

તવ ઉતર્યો હેઠો, રથમાંથી તે વાર; અભીમન્યુ કહે વારતા સુણો, સુરા નર સરદાર ॥૩૩॥ રથ તમારો માયાવી છે, વાગે કોઇની ચોપ; તો નીરાધાર થઇને હું બેસું,થઇ જવાનો લોપ. ॥૩૪॥ ગટોરગછ કહે હું જાણું છું,તે કેમ ભુલી જઇશ;લઢીશ વઢીશ પણ તમારી. ખબર લેતો રહીશ. ॥૩૫॥ એમ કહીને પોતે આવ્યો, જાદવ સામો થાય; અભીમન્યુ રથ હંકારી,કૌરવ દળમાં જાય ॥૩૬॥ જેને ઉભો દુષ્ટો સામો, અરજુન જીનો તન; માયાવી ગયો જાદવમાં, ત્યાં મોખરે પ્રદુમન. ॥ ૩૬ ॥ પુત્ર પ્રભુનો સહુથી મોટો, બોલ્યો મુખ વચન; શું આવ્યો તું અમારા સામો, ઓ રાક્ષસીના તન. ॥૩૭॥ ક્ષત્રીનું કુળ છે કેવારે, શોધી જો તારાં પરીયા; નાત બહાર રહ્યા સંતનું રાજા, માછીની પુત્રી વરીયા. ॥૩૮॥ તારા બાપનો કાકો લાવ્યો, વરેલી નંદીની નારી; કુન્તલપુરના રાજાયે દીધી, ફક્ત ફોઈ અમારી. ॥ ૩૯ ॥ કુન્તા કુંવર પાંચે કુંવારા, સમજી સામો થાને,તાણીતોશી તુજ તાત વર્યો,રાક્ષસીહેડંબાને. ॥૪૦॥ મુજ સામો તું શોભતો નથી, ઓ રાક્ષસીના પુત્ર;પાંડવ વર્યા એક નારીને, ત્યારે થયું ઘરસુત્ર. ॥૪૧॥ અમારી કન્યાનું હરણ કીધું, મરણ આવ્યું તારૂં; માયાવી કહે પુત્ર પ્રભુના, સાંભળ બોલવું મ્હારૂં. ॥૪૨॥ તારા દાદા વાસુદેવજીને, કંસે કન્યા દીધી; કુળવંતને કેમ છુટા ન મુકયા, કાળાગ્રહે કેદ કીધી. ॥૪૩॥ પુછી જો તુજ તાતને એ, કાળાગ્રહમાં અવતરીયા; ગાયો ચારી છાશ પીને, ગોકુળમાં ઉછરીયા. ॥૪૪॥ તારા બાપને કોણે દિધી, કન્યા સન્મુખ હાથ; અંબાવના ડેહેરામાંથી લાવ્યા, રૂક્ષમણી તુજ માત. ॥ ૪૫ ॥ નરકાસુરને મારી નારી, લાવ્યા સોળ હજાર;જાંબુવંતી રીંછડી લાવ્યા, શરમ ન આવી લગાર. ॥૪૬॥ કુળ તારૂં તું રાખ્ય છાનું, પાનું બધું મુજ હાથ;હજુ બીજું સાભળવું હોયતો, ઘણી લાંબીછે વાત. ॥ ૪૭ ॥ એવાં વચન સાંભળીને, બોલ્યો પ્રદુમાન; રાતો તાતો ક્રોધે ભરાયો, શામ તણો સંતાન. ॥ ૪૮ ॥ ॥ વળણ ॥ ક્રોધે ભરાયો અતી ઘણો, કૃષ્ણ પ્રભુનો તંન; કહે વલ્લભ વળી બોલીયો, વઢવાનાં વચન.

કડવું ૪૫ મું રાગ ॥ પ્રદુમન કહે છે. મનહરછંદ.

ભીમ સુત કીયો, તુત મદમેં તું ભયો ભુત;અબ હાથ આય ગયો

ઠામ મૈ બેઠારેગો. ॥ નગ્રમે તોફાન કીયો, પ્રપંચ લગાય ગીયો; બલીયે સું બાથ દીની,અબ તું બીચારેગો. ॥ જમ જૈશે જાદવહે, કાલ જૈસે કૌરવ હે, સબ હીલ મીલ તેરા, પ્રાનકું નીકારેગો. ॥ દેખ મેરો બાન સાન, ભાન તો ભુલાય દઉં; દોનુંકું પકર કર, કરશે સંહારેગો ॥— ॥ ગટોરગજ કહે છે. ॥ પાઉંપર પાઉંપર, પ્રભુ કે નંદન તુંહી ભગ જા નહીતો મેરા, દંત લલકારેગો. ॥ માયાવી મચેગાજબ, જાન નીકારેગા તબ; કબ નહી લરૂ ઐસો, તોબા તું પોકારેગો. ॥ આપો આપ બલ કરૂ, તબ મેં પીછો નપરૂં; પકરપકર કર બ્હોત માર મારેગો. ॥ કીસનકે સુત સબ, દાવમેં આયાહો અબ; કેસ ગ્રહી ગ્રહી લેકે; દરીયેમેં ડારેગો. ॥—રાગ ચોપાઇ ॥ બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત રાયના તન;એવું બોલ્યો ગટોરગછ જ્યારે, કોપે ચઢીયો પદુમન ત્યારે. ॥૧॥ એવે કૌરવમાં શું થાય, મુખ્ય લઢવૈયો કરણરાય; સાથે રાખેલા બે સંતાન, સામો આવ્યો ત્યાં અભેમાન. ॥ ૨ ॥ તેવો ગાજીને બોલ્યો કરણ, આવ્યું છોકરા તારૂ મરણ; તવ બોલ્યો અભીમન્યું રાય, જીવવું હોય તો પડ પાય. ॥ ૩ ॥ એવે કરણ તણા બે તન, બોલ્યા પીતા પ્રત્યે વચન; તાતજી નવ બોલશો કાંઇ, અમે લઢવાના બે ભાઇ. ॥ ૪ ॥ જાઓ જઇ બેસો કોરાણે,એને મારવાના આ ટાણે જાણ્યું કરણે લઢવા દેવું, જોવું દીકરા કરે છે કેવું. ॥૫॥ એવું સમજીને એ ખશીયો, બેઠો અળગો જોવા યુદ્ધ રશીયો; એના વ્રશકેતુ ચંદ્રકેતુ, તેને થયો વઢવાનો હેતુ. ॥ ૬ ॥ અભીમન્યુ સામા બેઉ ઉભા, કીધા યુદ્ધ તણા મનસુબા; બોલ્યો વ્રશકેતુ વચન, જોતું ઝપાટો નરના તન. ॥ ૭ ॥ વળણ ॥ જોજે ઝપાટો અમ તણો, કહે છે કરણ કુમાર; વદે વલ્લભ બેઉ બોલતા, મનમાં ધરી અહંકાર. ॥

કડવું ૪૬ રાગ ઝુલણા સાખી.

તડો વડ બે જણારે,બરોબર બે જણારે. ॥ટેક॥ વ્રશકેતુ બોલીયો, કન્યા દે પડ પાય; અભીમન્યુ કહે વર રાયને, વરે ભાનુમતી એની માય. તડો૦ ॥૧॥ વૃશકેતુ બોલીયો, હમણાં વધ્યું ધર શુત્ર; બોલ વીચારી બાળકા, તું તો મંત્રના પુત્રનો પુત્ર. તડો૦ ॥ ૨ ॥ અભીમન્યુ વળતું વદ્યો, સાંભળ મુજ વચન; મુજ સામો શોભતો નથી, તું તો દાશીના તનનો તન. તડો૦ ॥ ૩ ॥ વ્રશકેતુ બોલીયો, કપટ અમે જો કી-

ધું;તારા બાપને 'આજી રમાડી, કેવું'રાજપાટ ધુતી લીધું. તડો૦ ॥ ૪ ॥ અભીમન્યુ કહે કપટી તણું,ખરાબ થાશે ખાણું; મારા ભાઇએ હાથી આપી,કેવું નગદ લીધું નાણું, તડો૦ ॥ ૫ ॥ વ્રશકેતુ બોલીયો, જો અમે સમશેર કાહાડ્યા, દ્રુપતી નગ્ન નચાડવા, કેવા ભરી સભામાં લાવ્યા. તડો૦ ॥ ૬ ॥ અભીમન્યુ કહે મુજ બંધુએ; સણગાર દૈ રચના રચાવી;તારી કાકીયોને તારી માને, આખી રાતજ નગ્ન નચાવી; તડો૦ ॥ ૭ ॥ વૃશકેતુ વળતું વધો, શુણ અરજુનના તન; દુઃખ દેવા તુજ તાતને, કેવા કાહાડયા છે અઘોર વન તડો૦ ॥૮॥ અભીમન્યુ કહે બદલો વાળવા, ગટોરગછે દાવ ધાર્યાં; શાક ભાજી ખવરાવીને, કેવા ઓકાવી અધાવી માર્યાં. તડો૦ ॥ ૯ ॥ કરણ કેડેથી બોલીયો, આતો જીભ જુધ થાય; મેહેણું મારે તુજથી સવાયું, મ્હારૂં પેટ પાસુ બળી જાય,તડો૦ ॥ ૧૦ ॥ વળણઃ ॥ માટે મ્હારા, દીકરા, ઢુંકીકરો જીભ્યાય; કહે વલ્લભ ઉશકેરીયા, વઢવાને એ રાય. ॥

કડવું ૪૭ મું. ॥ રાગ સાખીનો ॥

વૈશમપાયે એણીપેર બોલ્યા. સુણ જનમેજે રાય: વીસ્તારી તુજને સંભળાવું, યુદ્ધ તણો મહિમાય. ॥ ૧ ॥ કરણરાયે કુંવરોને, ઉશ્કેર્યા તે વાર; એટલે વૃશકેતું ચંદ્રકેતુ, બન્ને ગ્રહ્યાં હથીઆર. ॥ ૨ ॥ અભીમન્યુયે ટંકાર કીધો,હિમ્મત રાખી અપાર;એટલે સઘળા કૌરવલોકે ઉપાડયાં હથીઆર. ॥ ૩ ॥ જાદવ જુધમાં પ્રદુમને, ઉંચો કીધો હાથ; એટલે આયુધ લૈને કોપ્યો, જાદવનો સહુ સાથ ॥ ૪ ॥ રોશે રૂઠયા, અગની ઉઠયા,મનમાં અપરમપાર; ગુપતી ગેડી ગદાયો લેઇ, દેવા માડયો માર ॥ ૫ ॥ માયાવી એકલો જાદવ ઝાઝા, કરતા શોર બકોર; કીડી ઉપર કટક ચઢે, તેવું કીધું જોર ॥ ૬ ॥ તોફાન દેખી માયાવીને, પુરણ પ્રગટી રીસ; કેશ છોડીને પાશાણ વિશે, એણે પછડાયું શીશ. ॥ ૭ ॥ મુસ્તકમાંથી જુજુ જેવા,જીવ ખર્યા હજાર;પવનને પ્રથવિ અડીકે, દૈત્ય થયા તે વાર. ॥ ૮ ॥ તાડપુર ઉંચા નાકે બુચા, ગજ ગજ લાંબા દંત; જાદવ ઉપર જોર જણાવ્યું,લેવા માંડયો અંત. ॥ ૯ ॥ મારો મારો મુખે ભાંખે,નાંખે કારમી ચીસ; કૌરવમાં યુધ શરૂ થયું, સૌને વ્યાપી રીસ. ॥૧૦॥ વ્રશકેતુએ બાણ માર્યું, અભીમન્યુને અંગ; અરજુન સુતે સામુ મારી, તે બાણ કીધું ભંગ. ॥ ૧૧ ॥ ચંદ્રકેતુએ મંત્ર ભણીને,

માર્યા અગણીત બાણ; અભીમન્યુએ સામ મારી, સર્વે કર્યાં ભંગાણ. ॥ ૧૨ ॥ પછી પોતે બાણ લેઇને, નાગ પાસ મંતરો સાધ્યા; કરણના બે દીકરાને. અવળે હાથે બાંધ્યા. ॥ ૧૩ ॥ તે દેખીને કરણ ઉઠયો, આવી ઉભો તે ઠામ; પોતાના પુતરોને કહયું, બોળ્યું બાપનું નામ. ॥૧૪॥ એમ કહીને હાથ છોડયા, મેઘનાદે ગડગડીયો; આયુધ લીધાં હાથમાંને, યુધ્ધે તુટી પડાયો. ॥૧૫॥ અગણીત મંત્રથી બાણ છોડે, સુર્ય તણો કુમાર; બાણ એનું એક જતામાં, થાય છે બાર હજાર. ॥૧૬॥ મારે અભીમન્યુ અગણીતું,વાયુ વેગે જાય;બાણ એનું એક જતાજતામાં ચાળીસ હજાર થાય. ॥૧૭॥ કરણ આગળ કેટલું ગજું, ઘણો પડે છે માર; વળી આસપાસના યોદ્ધાનાં, આવે વાગ્યાં હથીઆર. ॥ ૧૮ ॥ તો પણ યુદ્ધ ટકાવી રહયો છે, અરજુનજીનો તન; જાદવમાં બહુ જોર કરે છે, બળીયો પ્રદુમન. ॥ ૧૯ ॥ શીવ તણું એક બાણ લીધું, માર્યું કરીને કોપ; ગટોરગછના દૈત્ય માયાવી, તેતો કીધા લોપ. ॥ ૨૦ ॥ તે દેખી માયાવી કોપ્યો, જણવિ ઝાઝી રીસ; પાશાણ વીશે પોતે પછાડયું, ચાળીસ વેળા શીશ ॥ ૨૧ ॥ ચાળીસ હજાર રાક્ષસ થયા, લાંબા ત્રણ ત્રણ તાડ; બળવંતાને બીહામણા બહુ; લાંબા પોહોળાં હાડ. ॥ ૨૨ ॥ પછી પાછું શીશ પછાડયું, ફરીથી ચાળીસવાર; સાત તાડવા ઉંચી બનાવિ,રાક્ષણી ચાળી હજાર. ॥ ૨૩ ॥ ગર્ધવમુખીને ભુંડમુખી, સ્વાનમુખીકીરમુખી;વાયસમુખી હરણમુખી, મસુંવાળીકોલુખી ॥૨૪॥ કે પીતવરણિ કંઇ રક્તવરણિ, કેંશામવરણકાળિ;સાતસાતગજના દંત લાંબા,કેંક ટુકા કેશવાળી. ॥૨૫॥ કે રાક્ષણીએ ચણીયો પેહેર્યો, કેંયે ઢાંકયા કેશ;કંઇયેકછે લંગોટિ.વાળી, કેં છે નગનવેશ. ॥૨૬॥અકકેકતાડવા સ્તન લાંબા,કારમી લડાઇ ધારે;બે ભુજમાં બે ધ્યાન ગ્રહીને, જાદવલોકને મારે ॥૨૭॥ દસ દસ જોદ્ધા દબાય તળે, પામે છે બહુ ત્રાસ; રાક્ષસીનો ભય ભારે ભાસે, કરતા નાસાનાસ. ॥ ૨૮ ॥ કે રાક્ષણી પડે ટોળામાં. કેં જાદવને ઝાલે; મરડા મસળી મોઢામાં ને, નસ્કોરામાં ઘાલે, ॥ ૨૯ ॥ એ રીતે રાક્ષસીયો લડતી, જબરૂં દૈંવત દાખે; રાશસ લોકો ખોળા ને ખોબા, ભરીને રેણું નાંખે. ॥૩૦॥ જાદવ ઉભા આંખો ચોળે, રોળે રાક્ષણી દોડી;ધુળ થકી અંધકાર કીધો, એવી જુક્તી જોડી. ॥૩૧॥ હેડંબાનો દીકરો તે, ચડીયો છે ગગન; યુદ્ધ કરાવે ઉપર રહીને, ભીમસેન કેરો તન. ॥૩૨॥ વનમાં જઈ ઝાડ તાડ લાવે.દારૂણ દૈવત દાખે;

મ્હોટા મ્હોટા પાહાડ ને પરવત, અંત્રીક્ષ રહીને નાંખે. ॥૩૩॥ એ રીતે ત્યાં યુધ ચાલે, કૌરવમાં શું થાય; અભીમન્યુ ઉપર કોપ્યો, પોતે કરણ રાય. ॥ ૩૪ ॥ લડતાં વઢતાં, કરણ રાયે, કીધો કારમો કોપ, શીવ મંત્રે બાણ મારી કીધો, કુંવરનો રથ લોપ. ॥૩૫॥ પગ પાળ થયો અભેમન્યુ, વાગે ઘણાં હથીઆર; શરીરને ઓથો નવ રહયો, ઘણોક પડીયો માર. ॥ ૩૬ ॥ વસ્રો ફાટયાં આભુશણ તુટયાં, ભોંકાઇ ગયાં તીર; રૂંવે રૂંવે ભાલોડાં ભેદયાં, વહયું ઘણું રૂધીર. ॥ ૩૭ ॥ ચારણી જેવું શરીર થયું, તરી ગયાં લોચન; સંભારવા લાગ્યો ગટોરગછને, કયાં ગયા બંધવ જન. ॥ ૩૮ ॥ ભીડ વેળાના ભાઇ મ્હારા, વીસ્વાસ દેઇને વહ્યા, અરેરે રણમાં રઝળાવ્યો, હવાલ ભુંડા થયા. ॥ ૩૯ ॥ એ રીતે ટળવળવા લાગ્યો, ઘણીક પામ્યો કષ્ટી; એવે સમે ગટોરગછની ગગનથી ગઇ દ્રષ્ટી ॥ ૪૦ ॥ બહુ દુઃખીયો બંધુને દીઠો, ક્રોધ હળાહળ ચડીયો જયદ્રથ બનેવી દુર્યોધનનો, તેના રથમાં પડીયો. ॥ ૪૧ ॥ જેદ્રથને હડસેલો માર્યો, માયાવી મ્હાબળ કાવ્યો; ઘોડાના અછોડા ઝાલી, રથજ હાંકી લાવ્યો. ॥૪૨॥ અભીમન્યુને ઉચકીને, બેસાડયો રથમાંય; ગટોરગછ કહે કેમ વિરા, શું તારી ઇચ્છાય. ॥ ૪૩ ॥ કુંવર કહે વીરા મ્હારા, હવે નહી ચીંતાય; તમે તમારૂં પુરૂં કરીને, પક્ષે આવો હાંય. ॥૪૪॥ માયાવી કહે વારૂ વીરા, કહી આકાશે ચડીયો, પ્રદુમાનના રથની નીચે, આવી અચાનક પડીયો. ॥ ૪૫ ॥ ઉપાડી રથ માંથે લીધો, ચઢી ગયો ગગન; અંત્રીક્ષ જૈ ગાજીને બોલ્યો, વ્રકોદરનો તન. ॥ ૪૬ ॥ જોરે પ્રભુના દીકરા હું, જીવજ તારો લેઉં; રતનાગર સાગરમાં તુને, રથ સહીત નાંખી દેવું" ॥૪૭॥ તવ પ્રદુમાન ચેતી ગયો, મારવા ભાલો લીધો, રથ ઉપાડી ગટોરગછે, ગામમાં ફેંકી દીધો. ॥ ૪૮ ॥ પછી પડયો જાદવ વીરો, કરતો સોરબકોર; મોખરાનો લડવઇઓ ગયો, ભાગ્યું સહુનું જોર. ॥૪૯॥ એટલે રાક્ષસને રાક્ષણીયો, કોપ કરે માહા માઠા; જાદવકેરા જબરાજોધા, પણ જીવ લઇને નાઠા. ॥ ૫૦ ॥ ભંગરાણ પડીયુ, માયાવી નટીયું; નસાડયા સહુ જન; પછી રાક્ષસ રાક્ષણીયોની, પ્રત્યે વધો વચન. ॥ ૫૧ ॥ વળણ ॥ યોદ્ધા પ્રત્યે બોલીયો, રાતાં રાખો ચક્ષ; વદે વલ્લભ આજ્ઞા કરી, કરીયે ભાઇની પક્ષ. ॥

કડવું ૪૮ રાગ સવૈયાનો.

વૈશમપાયન એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુ-

જને સંભળાવું;યુધ તણો મહીમાય. ॥૧॥ ગટોરગછે આજ્ઞા આપી,ભાઈની વાહારે ચડો; કૌરવ કેરી સેન્યા વીશે નેત્ર મીચીને પડો. ॥ ૨ ॥ એમ કહી દૈત્યો લલકારી, પોતે ચઢયો ગગન; રાક્ષસ રાક્ષસીયોનું ટોળું, આવ્યું હસ્તે વદન. ॥૩॥ કૌરવે જાણ્યું કેર થવાનો, થૈ રહયો સોરબકોર; તે દેખી અભીમન્યુના પગમા આવ્યું જોર. ॥ ૪ ॥ હેડંબાનો સુત માયાવી, જોયું ગગનથી ધરણ; જાણ્યું કે બહુ જોર કરે છે, કપરો રાજા કરણ. ॥૫॥ એવું ધારી ઝડપ મારી, કર્ણની નીચે પડીયો, રથ એનો ઉપાડી લેઈ, પોતે આકાશ ચડીયો. ॥૬॥ ગગને જૈને કરી ગરજના ભુંડી વાત ભંડાવું, કરણ કાકા દરીયામાં નાંખી, કાકીને રંડાવું. ॥૭॥ સાંભળી કરણ થરથર ધ્રુજ્યો, યુધ ભલેરૂં મચીયું; ખરા રંગમાં ભંગ પડાવ્યો, ભુંડું ગટોરગચીયું. ॥ ૮ ॥ નીચે નાંખી દેશે મુને, નીકળી જાશે પ્રાણ; એવું જાણી હાથમાથી, મુકયાં ધનુશને બાંણ.॥૯॥ વાંકો વળીને મારવા માટે,કરણે ભાલો લીધો; માયાવીએ રથ ઉપાડી,વનમાં ફેંકી દીધો. ॥૧૦॥ હાડ કુટાયા કરણ કેરાં, ધાટ ભલેરો ઘડીયો; ગગનથી ગટોરગછ પાછો, હાથી ઉપર પડીયો. ॥૧૧॥ દુર્યોધનનિ અંબાડીમાં, આવ્યો ભીમકુમાર;છત્રપતીના બે ભુજ ઝાલી, છીનવી લીધાં હથીયાર. ॥૧૨॥ ગટોરગછે ધોધરો ઝાલી, પાપીને નાંખ્યો હેઠો; રાતો તાનો થઇ માયાવિ, રૂદીયા ઉપર બેઠો. ॥ ૧૩ ॥ એટલે બધી રાક્ષસીઓયે, જુલમ કીધો માઠો; શકુની સૌથી પહેલો સમજ્યો,જીવ લઈને નાઠો. ॥૧૪॥ એટલે નાઠા સકળ યોધા,કીધો કારમો કેર;ગટોરગછ કહે દુષ્ટ કાકા, તુજને મારૂં ઠેર. ॥૧૫ ॥ તવ દુર્યોધને હાથ જોડયા, તુજને લાગુ પાય; લખમણને પરણવું હશે તો, પરણશે એની માય. ॥ ૧૬ ॥ ઓ ભાઇ જીવતદાન દે મુને, ઉગરૂં તુજ પ્રતાપ; એવો કુમતી ગરજ વેળા ગર્ધવને કહે બાપ. ॥ ૧૭ ॥ તે અનુભવ નથી માયાવીને, એણે કર્યો વિચાર; કાકો થઇ આવું બોલે છે; મારૂં તે ધીક્કાર. ॥૧૮॥ એવું સમજી ઉઠી ગયો કે, નાઠે દુર્યોધન; રાક્ષસ રાક્ષસી લોપ કીધાં વ્રકોદરને તન. ॥ ૧૯ ॥ આવી બેઠો રથને વીશે અભીમન્યુની સાથ; સારથી પદથી ગ્રહણ કીધા, ઘોડાના અછોડા હાથ. ॥ ૨૦ ॥ દુરીયોધન બહુ ખેદ પામ્યો, બોલ્યો મામા પ્રત્યે; જુઓ મામા કન્યા લીધી, ક્ષત્રીયોની ગત્યે. ॥ ૨૧ ॥ જીત જોઈ બળદેવજીએ, હળમુશળ ધર્યું હાથ; એટલે ચક્ર ચડાવ્યું પોતે,દયાળુ દીનાનાથ. ॥૨૨॥ એટલે બો

હ્યા ભીસ્મપીતા,વિચારી આયુદ્ધ ધરજો; અમારે તમારે લડાઇ થાશે,
સમજીને કામ કરજો. ॥૨૩॥ બળભદ્ર કહે આશું બોલો, અવગો ઉમં
ગ કેમ ધારો, ભીશ્મ કહે મારવા નવ દૈયે, છે છોકરો અમારો. ॥ ૨૪ ॥
એમ કહીને આયુધ લીધાં, બળદેવ બોલ્યા એમ; કૃષ્ણ વીરા તમે આ
મને જોજો, કરે ફાવે જેમ તેમ. ॥૨૫॥ બે છોકરાંને હું મારૂં છું જણુવો
તમે અહિંરીસ,પ્રભુ કહે હું તો ચક્ર મુકું છું,છેદવા જાદવ શીશ. ॥૨૬॥
હળધર કહે કેમ આડુ બોલે,જાદવ આપણાં રાંક;તેમને તું શા સારૂ મા
રે, શો છે એમનો વાંક. ॥ ૨૭ ॥ કૃષ્ણ પ્રભુ કહે વીરા મારા, ન્યાય
તણો પંથ સ્હાવો, શા સારૂ છોકરાઓને મારો; એમનો વાંક બતાવો.
॥૨૮॥ બળદેવજી કહે નજરે જુઓછો, ઓરે અસરણા સરણ, આપણે
ઘેર ઉતપાત કરીને, કરયું કન્યાનું હરણ. ॥ ૨૯ ॥ પ્રભુ કહે કે હરણ
કીધું,તેમાં અનીતી શી કીધી,પેહેલો વીવા શીદ કર્યો તો, પોતાની ક-
ન્યા લીધી.॥૩૦॥ એમની હતીને એમણે લીધી તેમાં શો એમનો વાંક,
પોતાની કન્યા કેમ જવા દે;સહુને વ્હાલુ છે નાક. ॥૩૧॥ ભીસ્મે સાન
કરી ગુરૂને;હવે ન ધરશો બીક; આપણેઆપણ જોયા કરો,સળગ્યું ઘર
માં ઠીક.॥૩૨॥ કૃષ્ણના શબ્દો બળદેવે સુણ્યા,બોલ્યો તું બંધવ મ્હા
રો; આ કહેવાથી થાય છે નિસ્ચે,આ બંધુ તું કરનારો. ॥ ૩૩ ॥ કૃષ્ણ
કહે કે હું કરનારો, નહી મારવા દેઉં બાળ.બળદેવ કહે કપટ તારૂ,મેં
ન જાણ્યું ગોપાળ. ॥ ૩૪ ॥ હળમુશળ હેઠું પછાડી, રથ થકી ઉતરીયા,
અભીમન્યુને પુછવા લાગ્યા, બળદેવજી ક્રોધ ભરીયા.॥ ૩૫ ॥ બતાવ્ય
છોકરા કયાં છે કન્યા,મોકલું નહી તુજ ઘેર, અભીમન્યુ કહે જોઇતી ન
થી, નીસ્ચે ધારી તે પેર. ॥ ૩૬ ॥ અમારે અમારી કેવરાવવીતી,તે તો
લીધો લાહાવો; અશોક બાગના ભોંયરામાંથી, સુખે પાછી લઈ જાઓ
॥ ૩૭ ॥ એટલે ત્યાંથી બળદેવ ચાલ્યા, ભોંયરામાં ભડાકે, રાક્ષ
સ માયાવી ગટોરગછના, લોપ કર્યા લપડાકે. ॥ ૩૮ ॥ જઈ કન્યાને
બાંધે લીધી, બળદેવજી બહુ બળીયા; બડ બડતાને કળકળતા એ,
પોતાને ઘેર પળીયા. ॥ ૩૯ ॥ કઉરવ હારીને નાઠેલા તે, એ
ક જગાએ મળીયા, તેમણે જાણ્યું બળદેવજી તો, કન્યા લઇ
ઘેર પળીયા. ॥ ૪૦ ॥ દુર્યોધન કહે મામા તમે, હું ત્રીજો દુશા
શન. ચોથો કરણ આપણ ચારે, જઇએ બળ ભોવન ॥ ૪૧ ॥ સમ
જાવિને કન્યા લૈયે, થૈયે પછી વિદાય; નારિયો માત્રને રજા આપો, તે

સહુ આગળ જાય. ॥ ૪૨ ॥ નારીયોને તવ વિદાય કીધી, કૌરવ ઉભા રહ્યા;કન્યા લેવા ચારે જણા, દ્વારામતીમાં ગયા, ॥ ૪૩ ॥ જૈ બળદેવની પાસે બેઠા, બોલ્યો દુર્યોધન; આપણા રંગમાં ભંગ કીધો, પાડવોને તન. ॥૪૪॥ જ્યારે ને ત્યારે અમને નડે છે, વળી ગણાય છે રાંક; હળ ધારી તમે નજરે જોયું, જુઓ કોનો વાક. ॥૪૫॥ કરમ એમનાં એ ભોગવશે. કરે અધર્મ અન્યાય; અમે અમારે ઘેર લૈજૈયે, લાવો સુરેખા કન્યાય. ॥૪૬॥ બળદેવને તવ કરોધ વ્યાપ્યો, શું તું બોલ્યો હરામી;એ કન્યા પરણી ચુકી છે, શું કરૂં બીજો સ્વામી. ॥ ૪૭ ॥ વિચાર વીના કેમ તું બોલ્યો, હળધરને ચઢી રીસ; લાવો શેવક ખડગ મારૂં, છેદું આનું શીશ. ॥ ૪૮ ॥ તવ ચારે જણ મુઠીઓ વાળી, નાઠા તેણી વાર; રથમાં બેશી નીકળી ગયા, દ્વારીકા નગ્રની બહાર. ॥ ૪૯ ॥ મેદાનમાં પેલા સત્ય પુરૂશો છે, પાંચમા છે અવીનાશ;તે પાંચે જણે પાંન્ડવ કેરા પુત્રોને બોલાવ્યા પાસ. ॥ ૫૦ ॥ તવ ગટોરગછ અભેમન્યુ,આવીને પડીયાપાય; આશીશ દેઇને હાથ મુકયો, મુસ્તક ભીસ્મ પીતાય. ॥૫૧॥ મંદ હશીને ભીસ્મપીતા, બોલ્યા મુખ વચન, તારી ક્રિયા જોઇ પ્રસન થયો ઓ ભીમસેનના તન. ॥ ૫૨ ॥ ધન તારી માની કુખને ને, ધન ભીમ તારો બાપ; ગટોરગછ કહે દાદા તે સૌ. તમારો પરતાપ. ॥ ૫૩ ॥ દાદા કહે કે વેહેવાર વટમા, ધરવી ન કોઇની ધાક; એવી વધારવી શાબાશી, જાવા ન દેવું નાક. ॥૫૪॥ પછી કહયું અભિમન્યુને, ઓરે લાડકડા તન;વનમાંથી તુજ તાત આવતા સુધી, રેહેજે હેડંબાવન॥૫૫॥ કૌરવલોકો છે બહુ કપટી, દગાથી મારે કેર;માટે ગટોરગછ અભીમન્યુ ન,રાખજે તારે ઘેર. ॥૫૬॥ માયાવી કહે ઓરે દાદા,મા દીકરો બે રહેશે રાખજો સંભાળ કુન્તાજીની, વીદુરને ઘેર સેહેશે. ॥ ૫૭ ॥ ભીસ્મ પીતા કહે કુન્તાજીની, ચીંતા ન ધરશો મન; નીરભયપણે તમે રેહેજો ઓરે મ્હારા તન. ॥ ૫૮ ॥ તવ બે પુત્રો પાયે પડીયા. રાજી થયા જુગદીશ; સત્ય પુરૂશો તેને કૃષ્ણ પ્રભુએ, હાથજ મુકયા શીશ. ॥ ૫૯ ॥ વળણ॥ કર શીશ મુકી બોલીયા, પોતે ભિસ્મ પીતાય; જાઓ તમે બેઉ દીકરા, થૈએ અમે વિદાય.

કડવું ૪૯ મું રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાય વચન, સુણ પરિક્ષત કેરા તન; સત્ય પુરૂશોયે રથ હકાર્યા કૃષ્ણ પ્રભુ દ્વારીકાં પધાર્યા. ॥ ૧ ॥ સત્યવાદી ચારે જણ.પ

ળીયા, જઇ કૌરવદળને મળીયા; એવા પાન્ડવના સુત બળીયા;હેડંબા વન જાવા વળીયા. ॥૨॥ ગયા આધા એક જોજન,બોલ્યો ગટોરગછ વ-ચન;ભાઇ અહીં રહો થોડી વાર,રસ્તે ફરી આવું ખેલ લગાર.॥૩॥એવું કહીને તતપર થયો,જાય કૌરવ જુવતી ત્યાં ગયો; એતો બળવંત માયાવી ભુપ; એણે લીધું દુર્યોધન રૂપ. ॥૪॥ બીજા બનાવ્યા નવાણું ભાઈ, તેતો સરવે ત્યાં આવ્યા ધાઈ; સાથે ફીધા છ કારભારી, આવ્યા કૌરવ કેરી જ્યાં નારી. ॥૫॥એવે ભાનુમતી પુછે એમ;કહો કન્યાનું કર્યું કેમ; બોલ્યો દુરીયોધન મુખવાણી,તું તો નીર્ભાગીણી છે રાણી. ॥૬॥ રાંડો તમારા પગને પ્રતાપ,સહુને ઉપજીયો સંતાપ, સુણી બોલી સરવે નારી તમો પન્ડે નીર્ભાગી ભારી. ॥ ૭ ॥ સુણિ પુરૂશો ક્રોધભેર ચાલ્યા, પો-તાની સ્ત્રીયોના કેશ ઝાલ્યા. ॥ ૮ ॥ ગાળો દેતા દેવા માંડયો માર; ગ-ડદા પાટુ ઢીંચણનો પ્રહાર;કીધો માયાવીએ કાળો કેર;લીધું દ્રુપતી માતાનું વેર. ॥ ૯ ॥ સહુ નારીને હાથ બતાવ્યા, એવે કૌરવ સરવે આ-વ્યા; બુમો સાંભળી પ્રગટયો કોપ, તવ થયો ગટોરગછ લોપ. ॥૧૦॥ ત્યારે કૌરવો આવીને પુછે, તમો રડો તે કારણ શું છે. વળી પુછવા લાગ્યો ભુપાળ; કહે રાણી તમારૂં કપાળ. ॥૧૧॥ અમને મારીને થાઓ અજાણ્યા,તમે સપુત છો તે જાણ્યા; જોયું સત્ય પુરૂશોએ દુઃખ, લાગ્યા હસવા વસ્ત્ર દેઇ મુખ. ॥૧૨॥ એવે બોલ્યો દુર્યોધન એમ, કહો મામા થયેલું આ કેમ; બોલ્યો શકુની મામો તે ઠામ; ગટોરગછીઆનું આ કામ. ॥ ૧૩ ॥ જેવો ગટોરગછ લોપ થયો, તેવો હસ્તીનાપુરમાં ગયો; જ્યાં બેઠો ધત્રાષ્ટર ભુપ,ત્યાં તો આવ્યો શકુનીને રૂપ. ॥ ૧૪ ॥ બોલ્યા અંધ તણા છડીદાર, આવ્યા શકુની લેજો જુહાર,તવ બોલ્યો આંધળો એમ, આવો શકુની કોહો થયું કેમ. ॥ ૧૫ ॥ કેમ કેટલે રહી છે જાન, કહો કયાં ગયા સૌ સંતાન; તવ બોલ્યો માયાવી ભુપ, શુદ્ધ શકુનીને સ્વરૂપ. ॥ ૧૬ ॥ આંસુ પાડી લેલાટ કર દીધા, રડી અશુભ સમાચાર કીધા; આવ્યા દ્વારીકાં પાંડવ તન, એક ગટોરગછ અભેમન. ॥ ૧૭ ॥ એતો બેઉ જણે વાળ્યો ઘાણ, લીધા સકળ જાનના પ્રાણ; બેઉ બાળકે વાળ્યો છંક, રાખ્યું નહી જીવતું કોઇ એક. ॥ ૧૮ ॥ બાળબચ્ચાં નર-ને નારી, એક એકને નાંખ્યા મારી; રહ્યો જીવતો હું એક આપ. તેનો તમારે પુન્ય પ્રતાપ. ॥ ૧૯ ॥ બેઉ પાન્ડવ કેરા તન, એવું બોલ્યા છે વચન; કરશુ હસ્તીનાપુર સેલ,સોયે ભાઇના ભોગવશું મેહેલ. ॥ ૨૦ ॥

એવું સાંભળી પ્રગટી રીસ, કુટયું ધત્રાષ્ટરે શીશ;અરેરે કાઢયો મ્હારો વંશ, મ્હેલ ભોગવે તે મને દ્રંશ. ॥ ૨૧ ॥ આપી આંધળાએ આજ્ઞાય, લક્ષ શેવક થાઓ વીદાય; એક ઝપાટે દૈવત દાખો, સોયે મેહેલ છે તે તોડી નાંખો ॥૨૨॥ તવ કીધું શેવકોયે કેવું, એક સપાટે હાથેળી જેવું; શકુની આડો અવળો થયો, લોપ થૈ ભાઇ પાસે ગયો. ॥ ૨૩ ॥ જઈ અભીમન્યુને મળીયો,બેઠો રથ હાંકવાને બળીયો; વાતો કરતા ચાલ્યા બે વીર, હસે રમે ગુણ ગંભીર. ॥ ૨૪ ॥ એવે હસ્તીનાપુર ગઈ જાન, તેણે દીઠું મ્હોટું મેદાન;જાણ્યું મેહેલ પાડયા તે શું છે, જઇ ધત્રાષ્ટરને પુછે. ॥ ૨૫ ॥ પુછયું ધત્રાષ્ટરને એમ, તાતજી આમ કીધું કેમ; બોલ્યો ધત્રાષ્ટર મુખમાંથી, તમે મુએલા આવ્યા કયાંથી. ॥ ૨૬ ॥ બોલ્યો દુર્યોધન ઓ તાત, એવી બુરી કોણે કહી વાત; બોલ્યો આંધળો તેણી વાર, કહ્યા તુજ મામે સમાચાર. ॥૨૭॥ બોલ્યો શકુની ન જાણું વાત, હું તો આવ્યો જાનૈયાની સાથ;મારા જેવું ધરીને રૂપ,કહી ગયેલો માયાવી ભુપ.॥૨૮॥ ભીમના નંદનનું એ કામ, એનું ગટોરગછ છે નામ; બોલ્યો દુર્યોધન તે વાર, કહ્યા તાતને સઉ સમાચાર. ॥૨૯॥ હજી પાંડવ બહુ સારા, પણ પુત્રો થયા બે નઠારા, તેમાં અભીમન્યું તો ઠીક, ઘણી ગટોરગછની બીક, ॥૩૦॥ એમ વાતો કરીને રહ્યા,પેલા બેઉ ભાઈ ઘેર ગયા;ચાલી આવ્યા હેડંબા વન, પેઠા સુવર્ણને ભોવન. ॥૩૧॥ જ્યાંબેઠી છે હેડંબાય,અભીમન્યુ જઈ પડયો પાય;પછી સુભદ્રા માતને નમીયો, સઉના મનનો સંતાપ સમીયો, ॥ ૩૨ ॥ પુછયા સુભદ્રાએ સમાચાર, કહ્યા અરજુનને કુમાર;માતા કન્યાનો રેહેત અદાપ, પણ પરણ્યો ભાઇને પ્રતાપ. ॥૩૩॥ બોલ્યો માયાવી પ્રભુ પ્રતાપે, ભાઈ પરણ્યો છે એને આપે; એક એકનાં કીધાં વખાણ, રહ્યા હેડંબાવન બળવાન. ॥ ૩૪ ॥ હસ્તીનાપુર વીદુર ઘેર, કહી ભીસ્મે કુન્તાને પેર; રહ્યાં સુખ રૂપ ત્યાં કુન્તાય, પાન્ડવો છે દ્રીવિત વનમાંય. ॥૩૫॥ જીત પામ્યા પાન્ડવ તન; કરી સહાયતા જુગજીવન;પોતાના ભક્તનો સુત કાજ, કીધી ખટપટ શ્રી મહારાજ. ॥૩૬॥ જેનાં માત પીતા સેવે હરી, તેનો પરીવાર બેસે ઠરી; કરે ભક્તના પુત્રને સાહાય, એવો ભજન તણો મહીમાય. ॥૩૭॥ વળણઃ ॥ મહીમા મોટો ભજનનો, પુરે મનના કોડ; કહે વલ્લભ શ્રોતા સહુ, બોલો જે જે શ્રી રણછોડ. ॥

સુરેખા હરણ સમાપ્ત.

કડવું ૫૦ મું ॥ રાગ ધનાસરી. ॥

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, વન પરવ મહીમાય. ॥ ૧ ॥ ચાર ભાઇને દ્રૂપતી તે, છે દ્રીવીત વનમાંય; અરજુન એકલા સ્વર્ગ વીશે, ભણે છે વીદ્યાય. ॥ ઇંદ્રનિ સભામાં બેઠો બેઠો, ભણે છે અરજુનરાય; એવામાં શત્રૂસુર કેરા, આવ્યા સ્વર્ગની માંય. ॥ ૩ ॥ લવશ કવસ અસુર જાતી, દૈત્યો લેઇને આવ્યા, દેવતા લોકને ભ્રષ્ટ કરવા, મળમુત્ર રૂધીર લાવ્યા. ॥૪॥ લીલાં હાડને માંઉસ લેઈ, આવ કર્યા હોકારા; અશુદ્ધતાથી બહુ બીહે છે, દેવતા લોક બીચારા. ॥ ૫ ॥ તેમણે બુમો સાંભળી કે, ઇંદ્રને પડી ફાળ;મ્રત્યુ લોકનો પ્રાણી સભામાં,અરજુન મારો બાળ.॥૬॥ અસુર અરજુનજીને મારસેતો, કથલશે બધો ઘાટ. જગતમાં કહેણી થઈ ચોટે, શામ તીલક લેલાટ. ॥ ૭ ॥ અમે તો અમર નહી મરવાના, ન થાય દેવનો ક્ષય, પણ મ્રત્યુનું પ્રાણી નંદન, એના મરણનો ભય. ॥૮॥ એવું જાણી ઉઠયો સભામાં, કટી કશીને બાધે; એકાએક નરને ઉપાડી, ઉચકી લીધો ખાંધે. ॥૯॥ અરજુન કહે ઓરે પીતાજી. આમ કરો છો કેમ; તમારા શત્રૂને હું બાઝું, જરા ન ધરશો વેમ.॥૧૦॥ તોપણ સુરપતી લઈ ચાલ્યા, ઘેર જઇ ઘેરો કીધો, વજર તણી એક કોટડી છે,તેમાં પુરિ દીધો. ॥ ૧૧ ॥ અરજુન મહીથી બુમો પાડે, બહાર કાઢો મને તાત, અસુર લોકને ઠેર મારૂં, જુઓ મ્હારા હાથ. ॥ ૧૨॥ તો પણ ઇંદ્રે કહયું ન માન્યું, પોતે થયો તૈયાર; ઐરાવતને રથે બેઠો, હાથ, ગ્રહી હથીયાર. ॥ ૧૩ ॥ તેત્રીસ કોટી દેવતા લોકો, તે સહુ સાથે નીકળીયા; યુધ કરવાને અસુર સામા, આવ્યા દેવતા બળીયા, ॥ ૧૪ ॥ એટલે લવશક વશ પાપી, કોપ્યા અપરમપાર; તેમની સાથે માયાવી દૈત્યો, આવ્યા છે ચઉદ હજાર ॥ ૧૫ ॥ તેમણે સરવે દેવને દીઠા, કોપ્યો દુષ્ટનો સાથ; લવશ કવશે આજ્ઞા આપી; ઉંચો કરીને હાથ. ॥ ૧૬ ॥ એટલે ઉપડયા અસુર લોકો; મારો મારો મુખ ભાખે; મળ મુત્રના કુંડાં બરેલા, દેવ લોકોપર નાંખે. ॥ ૧૭ ॥ તેથી દેવતા ત્રાસે નાસે, થાય ઘણો ભકોર ઉંચ કને નીચ વસ્તુ આવે, ત્યાં ઉંચનું શું જોર. ॥ ૧૮ ॥ એવામાંતો કવશ દૈત્યે, નાગપાસ મંત્ર સાધ્યો; સુરપતી જે ઇંદ્રરાજા, તેને અવ-

ળો બાંધ્યો. ॥ ૧૯ ॥ એટલે સકળ દેવ નાઠા, ધણી બંધાયો જ્યારે; લવશે ઇંદ્રને લીધો, પોતાના રથમા ત્યારે. ॥ ૨૦ ॥ એવે સહુ દેવ ગયા નાશીને, ઇંદ્રરાજાને ઘેર; સુરપતી બંધાયો તેની, ઇંદ્રાણીને કહી પેર. ॥ ૨૧ ॥ ઇંદ્રાણી તવ રડવા લાગી, દીવસ મ્હારો રૂઠયો; અરજુન જી વડી કોટડીમાં, ગાજીને બોલી ઉઠયો. ॥૨૨॥ ઓ માતા મુજને બ્હાર કહાડો, વરતાણું હાહાકાર; જરા જુઓ ઝપાટો મ્હારો, કોણ તાત બાંધનાર. ॥ ૨૩ ॥ ઇંદ્રાણી કહે બેશીરો બેટા, મુકો સોર બકોર; તારા કરતાં દેવલોકમા, ઘણું ભર્યું છે જોર. ॥ ૨૪ ॥ તોપણ તેમનું કાંઇ નચાલે, તો પછી તું કોણ માત્ર; એમ કહિને રડવા લાગી, વીચાર્યું નર સુપાત્ર. ॥ ૨૫ ॥ હું છું સ્વર્ગમાં તેમ છતાં એ, બંધાયો મ્હારો તાત; જગતમાં ઇજ્જત જાશે મ્હારી, ઠબકો દેશે ભીમ ભ્રાત. ॥ ૨૬ ॥ એવું સમજી અરજુનજીને, પુરણ પ્રગટયું સુર;વજરની કોટડી બાણ મારીને. કરી નાંખી ચકચુક. ॥ ૨૭ ॥ એ માહા બળીયો બાહાર નીકળીયો, કોણ એને રોકી શકે; ઇંદ્રાણીને ત્રાસ પડીયો, ત્રાહ્ય ત્રાહ્ય મોઢે બકે. ॥૨૮॥ તો પણ અરજુન યુધ્ધે ચડીયો,દેવ તણો રથ લીધો; એટલે દેવતા જોડે ચાલ્યા,યુધ મનસુબો કીધો.॥૨૯॥ અરજુન બળીયો બહુ કળકળીયો, બાણાવળી નર સુબો; અસુર લોકોના ટોળા સામો, આવિને યુધે ઉભો. ॥ ૩૦ ॥ ઇંદ્રરાયે તવ શીશ ધુણાવ્યું, કયાં આવ્યો મમસુત; ગરજના કરી કહ્યું નરને, કયાં થયો આકળો ભુત. ॥ ૩૧ ॥ ઓરે દીકરા વળ તું પાછો,મનસુબો નહી જાય હેઠ; અરજુન કહે પાછો વળુ તો લાજે જનુનીનું પેટ. ॥૩૨॥ બંધવ લાજે બાપ લાજે, લાને ગુરૂ માહા રાજ; માટે પાછો નહી વળવાનો, મરવું આદર્યું આજ. ॥૩૩॥ એટલે અસુર લોકો હસ્યા, શું બોલે મ્રત્યુનો પ્રાણી; શું જુઓછો દૈત્ય લોકો કરી નાંખો ધુળ ધાણી. ॥૩૪॥ મનુશજાતી મળપુત્રથી કદી પાછો નહિ નાસે; માટે એને માર મારો, મરવાથી બહુ ત્રાસે, ॥ ૩૫ ॥ વળણ. એમ અસુરે ધારીયું, હાથ ગ્રહ્યાં હથીઆર; કહે વલ્લભ સુત સતી તણો, તે પણ થયો તૈયાર.

કડવું ૫૧ મું ॥ રાગ રેકારી ચોપાઇ

બોલ્યા વૈશમ પાયે વચન, સુણ પરીક્ષીત કેરા તન; થયો અર-

જુનજી તૈયાર, કીધો ધનુશ તણો ટંકાર, ॥ ૧ ॥ તેનો શબ્દ ગયો ત્રીલોક,સ્વર્ગ મ્રત્યુ પાતાળ અથોક; શબ્દ સાંભળ્યો કપીયે કાન, લાગ્યુ સ્વર્ગે જવામાં ધ્યાન. ॥૨॥ રામ નામ દેઇને ઉછળીયા, સ્વર્ગદ્વારે થઇ ગયા બળીયા; બેઠા અરજુનજીની ધજાય, જોઇ અસુર વીસ્મે થાય. ॥ ૩ ॥ આતો રામ તણો રંગ આવ્યો. ઇંદ્રનો સુત પરાક્રમી કહાવ્યો જેમ થનારૂં હશે તેમ થાશે, બેમાંથી એક હારીને જાશે. ॥૪॥ કહી તુટી પડીયા છે અસુર, જોર કરવા માંડયું ભરપુર;રાતા તાતા થઇને પોકારે, ઘણાં પ્રકારે આયુધ મારે. ॥૫॥ લીધાં અર્જુને કરમાં બાણ, વાળવા માંડયું છે હથરાણ;બાણ અસુર લોકને વાગે, પણ માયાવિ તેથી ન લાગે. ॥ ૬ ॥ એવે એકને ભોંકયું છે તીર, તેને નિકળ્યું જરા રૂધીર; છાંટયો પ્રથવિ પડયો મન મોડ, પ્રગટયા પાપી ચઉદ ક્રોડ ॥ ૭ ॥ ચૌદ શસ્ત્રના ચૌદ ક્રોડ થયા,અરજુન ઉપર ધશીને ગયા; આયુધ વ્રષ્ટી કરી અપાર, જાણે વરશી મેઘની ધાર. ॥ ૮ ॥ એવે લવશે માર્યું એક બાણ, કર્યો અરજુનનો રથ ભંગાણ;કપીને કુન્તી તન પડયા ધર્ણ અરજુને જાણ્યું આવિયું મર્ણ. ॥ ૯ ॥ એવી રિતે મન એનું ડરે, ઇંદ્રનો સુત પાછો પગ ધરે; જેમ જેમ પોતે પાછો ખસે, તેમ તેમ દૈત્યો ઉપર ધસે. ॥ ૧૦ ॥ અરજુનજીયે વીચાર્યું તે ઠામ, શીવનું બાણ આવશે શા કામ,આ વેળા હુ બચાવું પ્રાણ,એવું સમજી કાહાડયું એ બાણ.॥૧૧॥ પસુપતાકા લીધું જોર કરી, ધનુશ ઉપર દીધું ધરિ;પછી ફેંકયું કરિને રિસ, સરવે અસુરનાં છેદયા શીશ. ॥ ૧૨ ॥ રહ્યો નહી કોઇ અસુર આકાર, થયો સ્વર્ગમાં જયજયકાર; હરખ્યો સઘળો દેવનો સાથ, અરજુને છોડયા ઇંદ્રના હાથ. ॥૧૩॥ ઇંદ્રરાજા તવ-વદ્યો વચન, સાબાશ તુજને છે મુજ તન; નીર્ભય કીધા સ્વર્ગના સુર, તેથી ઉલટ આવી અતી ઉર ॥ ૧૪ ॥ વાજતે ગાજતે પાછા વળ્યા, અરજુનને લેઇ ભોવન પળ્યા; અરજુન લાગ્યો ઇંદ્રાણિને પાય, તમ પ્રતાપે જીત્યો હું માય, ॥ ૧૫ ॥ ઇંદ્રાણીએ કર મુકયો શીશ,હસીને દીધી બહુ આસીશ, બેઠો અરજુન માતાની પાસ, સર્વે દેવોની મટી ઉદસ. ॥ ૧૬ ॥ દેવ ભેગા થઇ સભાનાં ગયા,ઇંદ્ર સહીત સહુ ભેગા થયા,હળી મળીને બેઠા સહુ દેવ, અરજુનજીને વખાણે એવ. ॥ ૧૭ ॥ વળણ. ॥ અરજુનને વીખાણતા, દેવ કરે વીચાર; વ્યાસ વલ્લભ વાણી વદે, સાંભળજો સહુ સાર.

કડવું પર મું ॥ રાગ સવૈયો ॥

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણુજનમેજે રાય; વીસ્તારી તુજ ને સંભળાવું, વન પરવ મહિમાય. ॥૧॥ ઇંદ્રની પ્રત્યે દેવ બોલ્યા, અરજુન રત્ન છે કેવો; એ પુરૂશ પૃથ્વીમાં ન શોભે, સ્વરગમાં શોભે તેવો. ॥૨॥ માટે તમ સુતને સમજાવી, રાખો સ્વર્ગ સુદન; અમર પાઇ અમ્મર કરો, ઓરે ઇંદ્ર રાજન. ॥ ૩ ॥ તવ ઇંદ્રે અરજુન તેડાવ્યો, કહ્યું સભામાં એમ; બેટા તારે ભુ[illegible]ી ન જાવું, દેવો તણો એ પ્રેમ ॥૪॥ એવું સાંભળી અરજુન બોલ્યો, સાંભળો મારી વાત; તમારા સહુની નજર બગડી, આજ્ઞા આપો તાત. ॥૫॥ હવે મારે આંહી રહેવું નથી, વ્હેમ પડયો મને ભારી; દેવ થઇને પારકી પુત્રી, પચાવવાની ધારી ॥ ૬ ॥ માટે હમણાં ને હમણાં જાવું, ઓરે મારા તાત; ઇંદ્ર કહે મોકલીશ સવારે, અહી રહે આજના રાત. ॥૭॥ અરજુન કહે વારૂ પીતાજી, કહીને ઉઠી ગયો, એકાન્ત સ્થળ પોતાતણું છે; ત્યાં જઇને સુઇ રહયો ॥૮॥ સભામાં સરવ દેવતા લોકે, એમ કર્યો વિચાર; આપણો રોકયો નથી રહેવાનો, [illegible]ાખી શકે કોઇ નાર. ॥૯॥ નારીથી મોહ સહુ જન પામે, બ્રહ્મા વીષ્ણુ માહાદેવ; તો અરજુન છે મનુશજાતી, શું મોહ પામે ન એવ. ॥ ૧૦ ॥ માટે મોકલો અપછરાને, જે ઉપજાવે કામ; એવો એને બાંધિ લેવો કે, પૃથ્વીનું ન લે નામ. ॥ ૧૧ ॥ તવ ઇંદ્રે અપછરા બોલાવી, રૂપવંત આવી બે નાર;સભામાં ઉભી સુંદર ખુબી, ઇંદ્રને નમસ્કાર. ॥ ૧૨ ॥ એટલે બોલ્યા ઇંદ્ર રાજા, દેવોને રીઝવ્યા નાચી; પણ મ્હારા અરજુનને રીઝવો તો, તમારી ક્રીયા સાચી. ॥ ૧૩ ॥ ચાહ્ય તો એની નારી થાજો, લજ્યા મુકો તમામ; પણ અરજુનને એવો કરો કે, ના લે ભુમીનું નામ. ॥૧૪॥ અપછરા કહે ઓરે મ્હારાજા, સકળ ક્રીયા કરીયે; પૃથ્વીનું નામ દૈયે ભુલાવી, ચાહ્ય તો એમને વરીયે. ॥ ૧૫ ॥ તવ સહુ દેવો પ્રસન થયા, કરી બેને આજ્ઞાય;અરજુનજી જ્યાં એકલો સુતો, ત્યાં આગળ એ જાય. ॥૧૬॥ સાદડી સુતેલો સુત સતીનો, તેણે દીઠી નારી; જોઇએ પ્રેમદા શું કરે છે, જાગતો રહયો વીચારી, ॥ ૧૭ ॥ અપછરાયે નૃત્ય આરંભ્યો ,અરજુનને રૂડું લાગે;અરજુનજીની આગળ ફરતી, ધમધમ ઘુઘર વાગે ॥૧૮॥ નારી રૂપાળી એવી વળી, અરજુન રીઝયો અપાર; મધુરેમોઢે હશવા લાગ્યો, પણ નહી મન વીકાર. ॥૧૯॥

અપછરાએ મન વિચાર્યું,ક્રીયા ક્રીધી અતી;પડચો પડયો હસ્યા કરે પણ, બેઠો થાતો નથી.॥૨૦॥ખરેખરો મોહ લાગ્યા વીના, એ બેઠો નહી થાય, વસ્ત્ર કાઢીને અળગાં મુકયાં, નગ્નસ્વરૂપ કરી કાય. ॥ ૨૧ ॥ તવ અરજુને નીચું ઘાલ્યું, પડચો અપછરાને પાય; વસ્ત્રજ પેહેરો વસ્ત્રજ પેહેરો ઓરે મારી માય. ॥ ૨૨ ॥ એટલે અપછરા સરમાણી, વસ્ત્રજ તેમણે ધરીયાં; અરજુન ઉપર ક્રોધ કરીને, બન્ને જણાં ઓચરીયાં. ॥ ૨૫ ॥ ઇંદ્રનો નંદન મુરખ સરીખો, નરમાં ગણાચો કેવો;આટલું થયે મોહ ન લાગ્યો, થજે તું વ્યંડળ જેવો. ॥૨૪॥ તે કરતા પુરૂશ હોયે તો, શ્રાપ દેઉં છું આજે; સત્ય વચન ફળજો અમારૂ, જા તું વ્યંઢળ થાજે. ॥ ૨૫ ॥ અરજુન કહે ભલે માતાજી, કહી કરી વીદાય; ઇંદ્ર સભામાં આવી અપછરા, દેવોને લાગી પાય. ॥ ૨૬ ॥ સાંભળી લેજો સુર સભાના, મોહ ન પામ્યો એવ; નૃત્ય જોયો વણ વીકારે, દેવ તણો એ દેવ. ॥ ૨૭ ॥ મ્હોટા મોટા મુનીવર ચળે, પણ વશ એનું મન; વસ્ત્ર વીના થઇ તવ કહ્યું એણે, મુખથી માતા વચન. ॥૨૮॥ એટલે અમો અતી લજવાણી, મીથ્યા કરાવી ભવાઇ;મન વશવાળો દેવોને જીતે,તેમાં તે શી નવાઈ. ॥૨૯॥ એમ કહી થઇ વીદાય ત્યાંથી, રજની વીતી જાય; અરજુન ન્હાણું વાહાયું ત્યારે. ગચો સભાની માંય. ॥ ૩૦ ॥ ઇંદ્રને જઇને ચરણે લાગ્યો, સરપાવ દીધો આપ; અપછરા આજ મોકલીને, દેવરાજ્યો ઠીક શ્રાપ. ॥ ૩૧ ॥ એવું સાંભળી ઇંદ્રરાયે, અપછરાયો બોલાવી; એટલે શ્રાપ દેનારી બેઉ, ઇંદ્ર સભામાં આવી. ॥ ૩૨ ॥ ઇંદ્રે કહ્યું કે ઓરે પાપણીયો,કેમ દીધો તમે શ્રાપ; અપછરા કહે નગ્ન થઇને, દરસાવ્યું અમે આપ. ॥૩૩॥ આપ દરશાવી માપ ખોયું, શ્રાપ દીધો તે સારૂ; તમોને રીસ ચઢતી હોય તો, દીધેલો શ્રાપ નીવારૂ. ॥ ૩૪ ॥ ઇંદ્રે કહ્યું કે શ્રાપ નીવારો,નહી તો તમ પર ત્રાસ; અપછરા કહે વંઢળ રેહેજે,અરજુનજી બાર માસ. ॥ ૩૫ ॥ અરજુન કહે ખપ છે મ્હારે, છાના રહેવું એક વર્શ; આ શ્રાપ મ્હારે મનગમતા છે, નથી શોક કે હર્શ. ॥૩૬॥ પછી પોતે કહયું પીતાને,તાતજી કષ્ટી કાપો;શ્રાપ વ્યંઢળનો પાળવા સારૂ, વસ્ત્ર વ્યંઢળનાં આપો. ॥૩૭॥ ઇંદ્રે આપ્યો ચુંદડી ચુડો, ચણીયો બાસટ હાથ; પછી અશ્વનો મંત્ર ભણાવ્યો, નર હરખ્યો મન. સાથ. ॥૩૮॥ મડદા જેવા અશ્વ હોયે પણ, પવનવેગી થાય; એવો મંત્ર ભણાવ્યો એને, પછી દીધી વીદાય. ॥ ૩૯ ॥ મોકલ્યો વૈમાનમાં બેસાડી, ધરણુ દ્રીવીત વન; પાંડવ રહે છે તે ડુંગરથી, છેટે એક જોજન

॥૪૦॥ અરજુનને ઉતારી મુકી; સ્વર્ગ ગયું વૈમાન; પારથ ગયો ડુંગર ઉપર, કુન્તિ તણો સંતાન. ॥ ૪૧ ॥ ચાર ભાઇને દ્રુપતીયે, ઉઠી દીધો આવકાર, હર્ખનાં આંસુ ધર્મને છુટયાં, પુછ્યા સુખ સમાચાર. ॥ ૪૨॥ વળતુ અરજુન એમ બોલ્યો, ઘણુંક વેઠયું વન; દ્વાદશ વરસ પુરાંથવા માં,બાકી કેટલા દન.॥૪૩॥ એટલે પુછયું સહદેવજીને, પોતે ધરમ રાય; જોશી કહે મ્હારે હીસાબે; પરમ દીવસ પુરાં થાય. ॥૪૪॥ અઢી ત્રણ વરસે એક મહીનો,અધીક જુદો થાય; પણ તે દહાડા કપાઇને નીકળે, માટે તે ન ગણાય. ॥ ૪૫ ॥ તેથી પરમ દહાડે થાશે, દ્વાદશ વરસ પુરાં; ગુપ્ત રેહેવું હોય ત્યાં રહી જઇએ, નથી દીવસ અધુરા. ॥ ૪૬ ॥ એટલે મુખ ઉતારી બોલ્યા, પોતે ધરમ રાય;રૂપાળી નારી વળી પાંચ પુત્રો, શી રીતે ગુપ્ત રેહેવાય. ॥૪૭॥ એવી સોચના કરવા લાગ્યા, ઉદાસી મનમાં લાવ્યા; એવામાં દ્રૌણીક ગોર પોતે, રથમાં બેસી આવ્યા. ॥૪૮॥ ગોર છે દ્રુપતીના તાત કેરા, ખબર લેવા આવે; તેથી તે દાડે પણ આવ્યા,ધર્મને મન વાત ભાવે. ॥૪૯॥ ઉઠી યુધીષ્ટરે આવકાર દીધો, ગોર મહારાજા આવો; તમારાં ભાણેજા તમારી પુત્રી, તમારે ત્યાં લઇ જાઓ. ॥૫૦॥ દ્વાદસ માસ અમારે જાવું છે,છાના રેહેવા કાજ; સાથે શી રીતે પાલવીયે, ઓરે ગોર મહારાજ. ॥ ૫૧ ॥ દ્રૌણીક કહે તેડી જાસું, તવ બોલી દ્રુપતી;ઓ કંથજી મને કયાં મોકલો છો,હું તો જવાની નથી. ॥૫૨॥ જ્યાં તમે ત્યાં હું આવવાની, ઓરે મ્હારા નાથ; ધર્મ કહે તુ કામની જો, બાળક કેમ રહે સાથ. ॥૫૩॥ તે કરતાં આવવું હોય તારે, તો ગોરને દે તન; નાહાનાંછોકરાં સચવાશે નહી, જૈયે પર ભોવન. ॥૫૪॥ દ્રુપતી કહે તેમ કરૂંછું, કહીને લીધા પાંચ બાળ, રૂદે ચાંપી રડવા લાગી, પધારો પુત્રો મોસાળ. ॥ ૫૫ ॥ વળણ. ॥ મોસાળ પધારો બેટડા; દુઃખનો વળીયો ડાટ, કહે વલ્લભ એ દ્રુપતી રડતી રૂદીયા ફાટ.

કડવું ૫૩ મું રાગ બાવલીયા.

મોસાળે પધારો રેરેરે હો, બાળક મારાં બાળુંવારે. ॥ટેક:॥ બોલ્યા બોલ્યા વૈશમપાય વચન, સાંભળ સાંભળ પરીક્ષત રાયના તન, દ્રુપતીને આંસુ વહે છે લોચન. મોશાળે ॥ ૧ ॥ દીકરા દુખીયાં મા બાપોને

પેટ આવ્યાં,તમે કેવું કઠોરૂં કરમ લાવ્યાં, અરે તમને નથી પેહેરાવ્યાં ઓઢાવ્યાં.મોસાળે. ॥૨॥ બેટા વનમાં જનમીને જોયુ નથી કાંઇ, તડકા ટાઢયો વેઠી છે અરણ્યની માઈ, શીદને જનમ્યાં દુખી માંબાપોને હાંઇ. મોસાળે. ॥ ૩ ॥ દીકરા દીઠો નહી દુનીયાનો વેહેવાર, સગે વ્હાલે રમાડયા નથી લગાર,ખોઇયું પારણું પામ્યા નથી એ કુમાર, મોશાળે. ॥૪॥ ભુમી પડી મોટા થયાં છો એ બાળ, ગોદડી ગાભો નથી મળેલો કો કાળ. સાદડીઓમાં છોલ્યા છે શરીર રસાળ. મોસાળે. ॥ ૫ ॥ નથી મળ્યાં વેળા વેળાયે સારૂ ખાવા,નથી મળ્યાં ઉષ્ણુજળથી તમે ન્હાવા, નથી મળી જનમતા ગળથુથી પાવા. મોસાળે ॥૬॥ નથી દિઠું માબાપ નું જરા સુખ, અવતરીને દિઠું છે દારૂણ દુખ, સારી વસ્તુલાવીને ઘાલી નથી મુખ. મોસાળે. ॥ ૭ ॥ હવે તમે જઈ ઉછરજો મોસાળ, સાચવી રેહેજો રખેને માંથે લેતા આળ; સાંખી રેહેજો મામા મામીની ગાળ. મોસાળે૦ ॥ ૮ ॥ થાજો ઠાવકા કરશોમાં ચેષ્ટાળી ચાળા, વેઠી રહેજો ક્ષુધા પીપાશા બાળા. સૌ દુખ સહન કરજોને રેહેજો ઓશીઆળા. મોસાળે૦ ॥ ૯ ॥ દુખીયા દીકરા સરવેના કીંકર રૂપ થાજો, જેવા જેવું કહે તેવા ગુણ ગાજો, ટાઢુંશીળું આપે તે ખુશી થઈ ખાજો. મો- સાળે. ॥ ૧૦ ॥ મુમત કરી કાંઇ ન માગશો ખાવા, નવ્ય હોયે પરઘેર લેવાના લ્હાવા, છો દુખીયા તે દૈવ ઉપર શા દાવા. મોસાળે૦ ॥ ૧૧ ॥ જેનું તેનું કામકાજ કરજો જાત ભાગી, શીત રૂતમાં ઓઢજો ધા ગા કે ધાગી, ઉષ્ણુરૂતુએ લેશો માં મોજડીયો માગી. મોશાળે૦ ॥૧૨॥ દી કરા થયું ભવીષ્ય અમારૂં અનાડી,હસ્તે મોઢે મુને કેહાહાડે કેહેશો મા ડી, દીકરા દેવા પડે છે કાળજડું કાહાડી. મોસાળે. ॥ ૧૩ ॥ ઓરે પ્રભુ આથી તું દે મત્યુ તો સારૂ, આપું દીકરા કઠોર કાળજું મ્હારૂં, અરે પ્રભુ છેકજ વળીયું અંધારૂં, મોસાળે. ॥ ૧૪ ॥ વળગ ॥ ટીટોડી જેમ ટળવળે,તેમ ટળવળતી એહ; કહે વલ્લભ કંપે ઘણી,પંચાળીનોદેહ.

--- ×°× ---

કડવું ૫૪ મું રાગ સવૈયાનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, વન પર્વ મહીમાય. ॥ ૧ ॥ દ્રૂપતીએ અતિ આકંદ કીધું. ત્રારયા ધરમ ભુપાળ,દ્રૌણીકે દ્રૂપતી કનેથી, લેઈ લીધાં બાળ ॥૨॥ ર-

થમાં બેશી રસ્તે ચાલ્યા, ગોર થયા વીદાય, દ્રૂપતી સમજાવવા લાગ્યા પોતે ધરમ રાય. ॥ ૩ ॥ કોનાં છોકરાં કોની માતા, કોનાં છે ઘરબાર; જ્ઞાનવંતી થઇ કેમ ભુલે છે, મીથ્યા આ સંસાર. ॥ ૪ ॥ તેને તું પોતાનુ માને, તે તારૂં અજ્ઞાન; તે કરતાં કાલે ભેગાં થાશે, છે જીવતાં સંતાન. ॥ ૫ ॥ એમ અતી ઉપદેશ કીધો, વળાવ્યું તેનું મન; એવે બે દીન વીત્યા પછી, ધર્મ વધા વચન. ॥૬॥ કહો ભાઇ સહદેવ કાલે સવારે, ગુપ્ત રહેવું ઘટે; નહી તો છત્રપતી પકડે તો, વન જાવું જોઇએ વટે. ॥ ૭ ॥ માટે કયાં જાવું કયા સુખી થાશું, જોશી જોશ બતાવો; સહદેવ કહે સાયંકાળે, અહિંથી ઊપડી જાઓ. ॥૮॥ પુર્વદીશાયે પરવરવું તે, રૂજની રટણ કરવું; જે ઠેકાણે વાહાય વાહાણું તે ઠેકાણે ઠરવું. ॥ ૯ ॥ એટલે બોલ્યા ધર્મરાજા; રટણ રાતે નવ થાય; ભીમભાઇ ઉચકીને લેઇ ચાલે, તો મન ધાર્યું જવાય. ॥૧૦॥ તવ વ્રકોદર બોલીયો છે. રાખો રૂદીયે ધીર; તૈયાર થાવો પાચે જણાને, તેડી જવાનો વીર. ॥ ૧૧ ॥ તવ ધરમે આજ્ઞા દીધી, દ્રૂપતી સતીને એમ; સુર્યને અક્ષેપાત્ર આપો, જેમ લીધું છે તેમ. ॥ ૧૨ ॥ કંથ તણી આજ્ઞા લઇને, રવીનું સમરણ કીધું; એટલે આવ્યા દીનમણી, પાત્રજ આપી દીધું. ॥૧૩॥ એવે દીનમણી મેર બેઠો, વ્રકોદર કટી બાંધે; ધરમને ને અરજુનજીને, ઉચકી લીધા ખાંધે. ॥૧૪॥ સહદેવ નીકુળ કેહેડે લીધા, બળવંતો નર આંધી માનુની મુસ્તક ઘેટે નહી તે, સતીને જંગાયે બાંધિ. ॥ ૧૫ ॥ પાચેને ઉચકી પર્વતપરથી, વાયુસુત ઉતરિયો, વિષ્ણું સ્થળને ચરણે લાગી પુર્વદીશા સંચરીયો. ॥૧૬॥ ચાલે ઉતાવળો અરણ્ય વીશે, મન ભય નહી લગાર; વાયુ વેગે સંચરે છે, કુન્તિ તણો કુમાર. ॥ ૧૭ ॥ આખી રૂજની રટણ કીધું. પોણાબસે ગાઉ જાય; એવે બોલતા શ્વાન સુણ્યાં તેવે વાહાણું વાહાય. ॥૧૮॥ એટલે બોલ્યા સહદેવ જોશી. ભીમભાઈ ઉતારો; વૈરાટ નગર નજીક આવ્યું, એ સ્થળ રેહેવું ધારો. ॥૧૯॥ તવ પાંચેને ભીમે ઉતાર્યા, બેઠા બંધુને નાર; ધર્મ કહે સાથ ન શોભે, આપણાં આ હથીઆર. ॥ ૨૦ ॥ અરજુનજી કહે ભીમ વીરા, ઉઠો ઉભા થૈયે; સૌના હથીઆર સાથે લાવો, એકાંત મુકી દૈયે. ॥ ૨૧ ॥ ભીમે પોતાની ગદા લીધી, ત્રણ ભાઇનાં હથીઆર; અરજુન પોતાના લેઇને ચાલ્યો ગયા બે કુન્તી કુમાર. ॥ ૨૨ ॥ મશાણમાં એક વ્રક્ષ સમડાનુ તે પર મુકયાં આયુધ; અરજુને નાગ મંત્ર ભણીને, નાગ પ્રગટ કર્યો

શુદ્ધ ॥૨૩॥ તિક્ષણ નાગ પ્રગટ થયો તે, વીશવંતો બહુ બળીયો; ગદા નુશ બાણનાભાથા, તેને વીટાઈ વળીયો. ॥૨૪॥ ફણા માંડીને નાગ બેઠો, અરજુન વધો વચન;બાર મહીના આયુધ મ્હારાં, સાચવજે શુભ મન. ॥ ૨૫ ॥ જો એમાંથી આયુદ્ધ જાશે, તો બાળુ તુજ કુળ; આપવા અમે બે આવીએ ત્યારે, યાદ રાખજે મુળ. ॥ ૨૬ ॥ એમ એને સોંપીને ચાલ્યા, ભાઈઓ પાસે જાય; એટલે શક્તિનું સમરણ કીધું,પોતે ધરમ રાય. ॥ ૨૭ ॥ તવ મહામાયા સનમુખ આવી, કહયું કે કષ્ટ કાપુ; માગીલે માગવું હોય તે તું, જે માગે તે આપુ. ॥ ૨૮ ॥ ધર્મ કહે જગત જનુની,જુઠું ન બોલવું મારે; સાચું કહું પણ કોઇ મુને, ધર્મરાય ન ધારે. ॥ ૨૯ ॥ દ્વાદસ માસનું વરદાન આપો, તવ સુખે વ્રતી હોય હું કહું કે હું ધર્મરાજા, પણ સત્ય માને ન કોય. ॥૩૦॥ એટલું વરદાન આપો મુને, ઓરે મારી માય; જગદંબા કહે તથાસ્તુ છે, કહી થયાં વીદાય. ॥૩૧॥ ધરમ રાજા બંધુની પાસે, જઇ માંડી કહી વાત; જગદંબાનું વ્રદાન મુને, મળી ગયું સાક્ષાત. ॥ ૩૨ ॥ હવે માહારે ચીંતા નથી, જ્યાં ફાવે ત્યાં જાવું. અસત્ય નવ બોલું તોહે પણ, ધર્મ નહી ઓળખાવું. ॥ ૩૩ ॥ વળણ. ॥ વ્રકોદર તવ બોલીયો, અસત્ય નહિ વદો વાત; હાની હીન જુઠ બોલવે, શું પાતક એ ભ્રાત. ॥

કડવું ૫૫ મું રાગ ચોપાઈ.

બોલ્યા વૈશમપાય વચન, સુણ પરીક્ષત કેરા તન; ભીમે ધર્મ પ્રત્યે કહી વાણી, પ્રષણ રૂપ તે લીધું જાણી. ॥ ૧ ॥ તેથી બોલ્યા યુધીષ્ટર એમ, ભાઇ આમ તું બોલે કેમ; જુઠું બોલ્યાનો છે દોશ, પુછો શેદેવ જોશીને જોશ. ॥૨॥ તવ વરકોદર કહે જોશી, પુછતામાં ન થાશો રોશી; કહે છે ધર્મ ભાસે કેવું,મને ભાસ્યુ ભયાનક જેવું. ॥૩॥ કોને હાની કરવા સારૂ, જુઠુ બોલે તે પાતક ધારૂ;અથવા હાની સંભવ હોય, તેવું બોલવું તે પાપ જોય. ॥ ૪ ॥ એમ બે પક્ષની સુણી વાણી, બોલ્યા શેદેવ ઉલટ આણી; હાની કરવાને જે જુઠ બોલે, તે તો પાતક સમુદ્ર તોલે. ॥ ૫ ॥ હાની થવાનો સંભવ હોય; જાણ્યા છતાં વદે જુઠ કોય;તેને પાતક કાંઇક ઓછું,હાની કરે તે કરતાં છોછું ॥ ૬ ॥ આતો વીવેકના વીચાર, તેતો સમજવા સારો ધાર; પછી ધર્મ કહે એ વીર; તમો ઘણા છો જ્ઞાન ગંભીર. ॥ ૭ ॥ માટે પ્રષણ પુછુ

છું તમને, તેનો ઉત્તર આપો અમને; આવી દ્રુપતી નારી સાથ, એના પાંચ બંધુ છીયે નાથ. ॥ ૮ ॥ એને કહ્યું તું પીહર જાવો. તમો એમ સંગે નવ આવો; તોહે હઠ કરી પુંઠળ આવી, પતીનું વેણુ મનમાં ન લાવી. ॥ ૯ ॥ એ તે નારીનો કેવો ધર્મ, તેનો સમજાવો મુજને મર્મ; નાથનં વેણુ નાંખે ઉથાપી, તેને જાણવી કેવી પાપી. ॥ ૧૦ ॥ એને સતી કેહેવી કેવી રીતે, તમો ઉત્તર દો પ્રભુ પ્રીતે; તવ શેદેવજી વદે વાણી, વીરા સાંભળો ઉલટ આણી. ॥ ૧૧ ॥ ભાઇ નારી જાતી નામ એક, પણ તેના કહું વીવેક; નારી જાતીમાં ત્રૈણ પ્રકાર, તેનો સમજી લેજો શુભ સાર. ॥૧૨॥ એક શંખણી બીજી શામા, ત્રીજી સતી જાણો સુખ ધામા; તવ ધર્મ કહે એ ભ્રાત, હું તો સમજ્યો નહી એ વાત. ॥ ૧૩ ॥ શંખણી શામા ને સતી, તેની કેવી કેવી હોય મતી; કેવું કાર્યેને કેવી ક્રતી. મારૂ સાંભળવા મન અતી. ॥ ૧૪ ॥ કેવા લક્ષણે શંખણી નારી. તેની કથા કહો વીસ્તારી; કેવી શંખણીની હોય વાણી, તેના શરીરની શી એંધાણી. ॥ ૧૫ ॥ તમે જોશી છો ત્રીકાળ જ્ઞાની, તમારૂ કહ્યું લઉ સત્ય માની; નહી વીદ્વાન જ્ઞાનીની તોલો, મોહોટા મુનેશ્વર એમ બોલે. ॥ ૧૬ ॥ વિદ્યાવંત લખેલુ ભાખે, તે તો જોનારો ત્રણ આંખે; જ્ઞાની અનંત લોચનવાળો, ન્યાય વીવેકમાં રૂપાળો. ॥૧૭॥ ભણ્યું ભાંખે તે પોપટ જ્ઞાન, તેને ભલે કહો વીદ્વાન; પણ વીદ્વાન તે નહી જ્ઞાની, મનુ ભગવાને તે વાત માની. ॥ ૧૮ ॥ માટે જ્ઞાની સમો નહી કોય, જ્ઞાનીનું વેણુ નીસ્ચે હોય; તેથી મુને કહો એ વાત, પ્રષણુ પ્રેમે પુછયું મુજ ભ્રાત. ॥ ૧૯ ॥ પેહેલી શંખણીનિ કહો રીતી, તેનિ કેવી સદાયે સ્થીતી; તેની કેવી વાણી ગુણ ક્રીયો, મુને જ્ઞાનથી ઉત્તર દીયો. ॥ ૨૦ ॥ વળણ. ઉત્તર દોને જ્ઞાનથી, મુજ શંકા ટળી જાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, શ્રવણ કરો શ્રોતાય.

કડવું ૫૬ રાગ રમણીક દોહાનો.

વૈશમ પાયે એણી પેર બોલ્યા સુણુ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, પુરણ જ્ઞાન કથાય. ॥ ૧ ॥ ધર્મ રાજાના પુછવાથી, શેદેવ ઉતર દે છે; અર્જુન નીકુળ ભીમ પંચાળી, દઢ મને સાંભળી લે છે. ॥ ૨ ॥ શેદેવજી કહે સાંભળો સરવે, જ્ઞાન જ્ઞાનીના ગટમાં તે જ્ઞાન ન નીકળે શબ્દોમાં, નીકળે વીવેક વટમાં. ॥ ૩ ॥ ન્યાયમાં ભાસે

લાગે ખુલાસે, મન બુદ્ધી ચીત્ત ઠરે; સાંભળતાં સાંભળનારાનો, જીવા-
ત્મા કબુલ કરે. ॥ ૪ ॥ તેનું નામ તે જ્ઞાનની વાણી, ઓરે મ્હારા વીર;
એમ કહીને કેહેવા લાગ્યા, શેદેવ ગુણ ગંભીર. ॥ ૫ ॥ સંખણીના કહુ
ગુણને લક્ષણ, વળી શંખણીની વાણી, શંખણીના સ્વભાવ કહું છું,
તેથી લેશો જાણી. ॥ ૬ ॥ શંખણી નારી હઠીલી આડી, વઢવાનું બહુ
જોર; આખ કપરી જગમા જબરી, બોલનારી કઠોર. ॥ ૭ ॥ પીહેરમાં
ભોજાઇને બાજે, વાધા સર્વના પાડે; સ્રીયોનું જ્યાં વ્રંદ મળે ત્યાં, ન-
પંગી વાત કાહાડે. ॥ ૮ ॥ સાસરીમાં સંતાપે સાસુને, સ્વામીને સપડા-
વે; ઘાંટા કાઢે ને છણુકા કરે, ધાર્યું કરે મન ફાવે. ॥ ૯ ॥ કંથને કહે
અમે અમારી, દેહનું સારતક કરશું; હાજરી અમારી તમે ન લેશો,
સંત સાધુમાં ફરશું. ॥ ૧૦ ॥ એમ કહીને ભક્તાણી થાવા, કેહેડમાં
કોથળી ઘાલે;ચંદનને વળી તીલક કરે,કરમાં માળા ઝાલે. ॥૧૧॥ જાય
સ્વામીજીની શેવામા બ્રહ્મચારીમા ભટકે; હસે બોલે આનંદ કરે; પ-
રણ્યો પતી ઘેર લટકે. ॥ ૧૨ ॥ પરણ્યો પતી જાય ઉદ્યોગે, હંમેશ
ને અભ્યાસે; તવ દુધ સાકર ઉકાળી લઇ, સંચરે સાધુની પાસે.
॥ ૧૩ ॥ માલ મશાલા તેને પોસે, સહન કરે બોલ ટુંકો; પરણ્યા
પતીને લુખો પાખો, મુકે રોટલો સુકો. ॥ ૧૪ ॥ પરણ્યા પતીને ચરણે
અડતા, મનથી કાળજુ કાંપે; સન્યાસી બ્રહ્મચારી સંત સાધુ, તેના
ચરણ ચાંપે. ॥ ૧૫ ॥ પરણ્યા પતીને બે ભુજ જોડી, નમે નહી કો દીશ;
વગર સ્વામીએ સ્વામીજી કહીને, મુકે ચરણમાં શીશ. ॥ ૧૬ ॥ મ્હોં-
કણ ત્યાં શી મંડાતી હશે, તે જાણે જુગધીસ; જગમાં કહે હું ભક્તા-
ણી, લ્હેર કરે હરનીસ. ॥ ૧૭ ॥ પંચી કરણનો અભ્યાસ કરે, દ્રઢ
કરે મન એવું, દેહનાં કરમ દેહ કરે તેમાં,આત્માને પાતક કેવું. ॥૧૮॥
દેહ નહી માહારો, હું તો નહી દેહ, પંચ ભુતનું આ સ્થુળ; ભુતોમાં
ભુત મળે અનાદી, આત્માને અનુકુળ. ॥ ૧૯ ॥ એવું સમજી કરે ફાવે
તે વળી ધારે ગ્રંથમાંથી; પરણ્યો સ્વામી સંસારી સગો, સ્વામીજી
સ્વર્ગના સાથી. ॥ ૨૦ ॥ એવું કહી પર નરને શેવે, કંથને કળકળી
બોલે; ઓ વીરા એવી સુંદરીને, સમજો શંખણી તોલે. ॥ ૨૧ ॥ આ
લક્ષણ સહુ શંખણી કેરાં, જગત જાણે ભક્તાણી; પતી મુકી પરને વર
શેવે; શેમાં એ વાત લખાણી. ॥૨૨॥ હવે લક્ષણ શામા કેરાં, સાંભળો
રાખી ચીત, સતી નહી તેમ શંખણી નહી, મધમમાં તે નીત્ય. ॥૨૩॥

તેની વાણી તેનાં લક્ષણ, જ્ઞાનથી કહુ કથાય; પોપટીયા વીદ્વાન લોકો, વીદ્યાથી મુમત સાહાય. ॥ ૨૪ ॥ વળણ. ॥ સ્હાય મુમત વીદ્યા થકી, વાંચી બોલે બોલ; વલ્લભ વદે કોઈ વાકયનો કરે ન મનમાં તોલ.

કડવું ૫૭ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, પ્રષ્ણોતર કથાય. ॥ ૧ ॥ વાકય તણો તોલ કરે નહીને, બોલેલો પાછો ન વળે, હઠ યોગના એ જાણવા પ્રાણી, ભાવાર્થોને નવ કળે. ॥ ૨ ॥ પણ જ્ઞાન વડે ગમ પાડુ છું, શામા તણી કહું કથા; સાંભળાને શીખામણ ના લે, તેનું સાંભળ્યું વ્રથા. ॥ ૪ ॥ શામા સ્વામીની ધાક રાખે, બોલે ન પતીના સામી; સાસુને સાધારણ બોલ આપે, પુંઠે મુકે બદલામી. ॥ ૪ ॥ સાસરીયાંથી છાના અવગુણ, બોલે ન ચઢે મુખ; શું કરીએ બાઈ ઘર માંડવું તે, જેમ તેમ વેઠવું દુખ. ॥ ૫ ॥ દુઃખ વેઠીશું તો સુખ થાશે, કાં વહેવો અવતાર; એક જનમનું સગ પણ છે તે, વેઠી લેવું નીરધાર. ॥ ૬ ॥ એમ બબડે પણ સામી ન બોલે મનમા બળતી રહે;સાસરીયાંનું કે સ્વામીનું, દુખ દીલમાં સહે. ॥૭॥ સાસરીયાં જો રાખે નહી તો, પુરે પીહયેરમાં વાસ;પણ પુઠેભુડું નવતાકે મનમાં રાખે ત્રાસ. ॥ ૮ ॥ આઘેથી જોઇને થાય રાજી, સુખી દેખી રહે સુખી; દુખમાં બેલી થવા ન જાયે, પણ મનમા રહે દુખી. ॥ ૯ ॥ સાસરી પીહેરની મરયાદા, તેને ન દે લાંછન; ભગવત સમરણ ઘરમાં કરે. રાખે મતી પાવન. ॥ ૧૦ ॥ મધ્યમ મતી જે રાખે તે, સ્વામી કેરી શામા; સંસારમા સરસૈથી રહે તે, વીવેક વાળી વામા. ॥ ૧૧ ॥ હવે લક્ષણ કહુ સતીનાં, સાંભળો મારા વીર; પોતે પરણ્યા પતીથી, અળગી, ન રહે લગીર. ॥૧૨॥ પ્રભાતે ઉઠી પાય પડેને, નીરખે નાથનું મુખ; પોતાના પતીનું દુખ દેખીને, દસ ઘણુ ધરે દુખ. ॥ ૧૩ ॥ હળી મળીને હસ્તે મોઢે, કાહાડે દીવસ રેહેણી; નમ્ર નેત્રે નીરખે સામુ, નીરમળ નીરળે કેહેણી.॥૧૪॥પતીનેમન હોય ઉદાશી,તો તેને શાન્ત પમાડે સ્નાન કરાવે વસ્ત્ર ધરાવે, સમીપ રહી જમાડે. ॥ ૧૫ ॥ હરેક વાતમાં હીમ્મત દેને, સયન સમે પાય ચાંપે; કંથનાં નેત્ર ક્રોધાતુર દેખે, તવ તાબેદારીમાં ટાંપે.॥૧૬॥વીવેકે વદી શાન્ત પાડે; આનંદ મન ઉપજાવે

પરણ્યા પતાથે દુખ વેઠે દાઢું,દયાં અતી મન લાવે.॥૧૭॥નભાવે નિર ધનનો ગ્રસ્થાશ્રમ, અવર માને ન દેવ; એજ માલીક એજ રાજા; પર-મેશ્વર પણ એવ. ॥ ૧૮ ॥ અવર ઇશ્વર નહી પોતાને, નહિ કોઈ ધર્મા ચાર્ય; પતીનાં દર્શણ તેજ પ્રભુ શમ, નહી કો અવરનું કાર્ય. ॥ ૧૯ ॥ સ્વામીની છાયામાં સદાયે, વશવું વાસો ભોવનમાં; કંથ જઇ વનમાં વસે તો, વામાએ વસવું વનમાં. ॥ ૨૦ ॥ બ્રહ્મચારી સંન્યાશી ત્યાગી તેને ને પરછાયો દેવો; આઘેથી તેની તાંણવી લજ્યા,તો પરછાયોકેવો. ॥ ૨૧ ॥ ત્યાગીને મુખ બતાવવું નહિ, ત્યાગીને ન દેવી ભીક્ષા; ત્યાગીને ભીખ દેવાથી થાયે, સીતા સતી સમ સીક્ષા. ॥ ૨૨ ॥ બીજી સીક્ષા થઇ મંદાને, ત્યાગ વેશે છળી હરીએ; બોધ કરી વિસ્વાસ પાડયો, તે વાત મનમાં ધરીયે, ॥ ૨૩ ॥ ત્યાગી વેશે અરજુનજીએ, કીધુ સુભદ્રા હરણુ, નારીનું મુખડું દેખીને, ચળે અંતકરણ. ॥૨૪॥ તે દોશ લાગે તારૂણીને, રોમ રોમ નરકે જાય, ત્યાગીનું મન ચળીત કરે, તેને સતી ન કેવાય. ॥ ૨૫ ॥ ત્યાગી તણુ મન ભ્રમણ કરાવે, તે રંડા મહા પાપી; સતીયે મુખ દેખાડવું નહી, ત્યાગીને તો કદાપી. ॥૨૬॥ સતીયે શેવવા નહી ત્યાગીને,પરછાયો નવ દેવો;તેમ ત્યાગીની વાણી ન સુણવી તો છાયો કેમ લેવો. ॥ ૨૭ ॥ સેદેવજીએ ધર્મ પ્રત્યે, સમજાવ્યો ન્યાય વિવેક; ઓરે યુધષ્ટર યાદ રાખો, ન્યાયવાળાનો નેક-॥૨૮॥ વળી કળયુગમાં સ્વામીને મુકી-સ્વામીજી પાસે જાશે; રોમ રોમ નરકે પડવાની નારી, સગાં પુઠે પસ્તાશે. ॥ ૨૯ ॥ સર્વ યુગમાં સતી નારીનો, ધર્મ પતી શેવવાનો; જ્યાં સ્વામી ત્યાં સતી સાથે, સદા શેવા કરવાનો. ॥ ૨૦ ॥ જેમ શરીરને છાયા સાથે, તેમ નારીએ રેહેવું; સુખ દે કે દુઃખ દે તે, સુંદરીએ સદા સેહેવું. ॥૩૧॥ અરધંગના છે નામ નારીનું,પુર્શનું અડધું અંગ; તે માટે સતી નારીએ, તજવો ન સ્વામીનો સંગ. ॥ ૩૨ ॥ તે વણ સતીપણું બતાવે, ભસ્મ લેલાટે ચોળી; ભગતાણી થઈ ફરે ત્યાગીમાં,તે કુળ નાંખે બોળી. ॥ ૩૩ ॥ સતીનો તો સત્ય ધરમ છે,સ્વામીની કરવી શેવા;પરણ્યો પતી તેજ સ્વામી,અવર સ્વામીજી કેવા. ॥૩૪॥ સીધાન્ત સાચો સતી તણો એ, સાંભળો ધરમ વીર; ધર્મ કહે મ્હારી ધ્યાનમાં બેઠી,વારતા ગુણ ગંભીર. ॥૩૪॥ એટલે અરજુનજી એમ બોલ્યા, ઓરે શેદેવ જ્ઞાની; ત્રૈણ કાળનું જ્ઞાન છે તમને, સત્ય લેઉ વેણુ માની. ॥ ૩૬ ॥ માટે તમને પ્રષ્ણ પુછુછું, એક-

લો સંદેહ ટાળો; ટુંકામાં ટુંકુ બતાવો, આડો આંકજ વાળો૦ ॥ ૩૭ ॥ બીજું ત્રીજું પુછતા નથી, વ્યવહારનો નવેડો; ન્યાય નીતીને રીતી કેરો, કદી ન આવે છેડો. ॥ ૩૮ ॥ માટ તે તો પુછતો નથી, પુછું છું પ્રષ્ણ સમુદો; જગત નીયંતા જે પરમેશ્વર. તે ભેળો કે જુદો. ॥ ૩૯ ॥ ભેળો કે જુદો હશે તે, નીયંતા પરમેશ; એટલો ઉત્તર દો ટુંકામાં, શંકા રહે નહી લેશ. ॥ ૪૦ ॥ શેદેવ કહે સુણો વીરા, પરમેશ્વર છે જુદો, પોતાને પરમેશ્વર માને, તે નર્ક કુળ સમુદો. ॥ ૪૧ ॥ એવે સુર્યના ફીર્ણ ફુટયા, સાંભળને તું રાય; વન પર્વ પુરણ થયું તારી, ઉતરી બ્રહ્મ હત્યાય. ॥ ૪૨ ॥ એવું કેહેતામાં શામ પડદા, સ્વેત સ્વરૂપે થાય; કાળા તલ ધોળા થયાને, સ્વેત થઇ શામ આય. ॥ ૪૩ ॥ પરીક્ષત સુતે વીધી પ્રમાણે, વીપ્રોને દીધું દાન;ગૌ દાન કન્યા દાન દીધાં.જનોઇ વીપ્ર સંતાન. ॥ ૪૪ ॥ ભરીપુરી બ્રહ્મપુરીઓ આપી, કરાવ્યાં બ્રહ્મ ભોજન; ત્રીજી હત્યા ઉતરી એની, સાંભળો શ્રોતા જન. ॥ ૪૫ ॥ વળણ. ॥ શ્રોતાજન સહુ સાંભળો, કથા કહી કર-જોડ; વલ્લભ વદે સહુ બોલજો, જે જે શ્રી રણછોડ.

વન પર્વ સમાપ્ત.

વૈરાટ પર્વ.

કડવું ૧ રાગ સાખીનો.

વૈશમ પાયન બોલીયા તું, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું વૈરાટ પરવ મહીમાય. ॥ ૧ ॥ વાહાણું વાયું ને કીર્ણ ફુટયાં સુર્ય તણાં જે વાર;ચાર ભાઇને દ્રૂપદી પ્રત્યે, ધરમે કર્યો ઉચ્ચાર. ॥૨॥ રાજાને ત્યાં વાસ પુરીશું, પણ મુજને ચીંતાય; સરવેને શી રીતે સંઘરશે,ગરીબ વૈરાટ રાય. ॥ ૩ ॥ તેમ છતાં સરવે સમાશે પણ વ્રકોદરનો વેમ; ઘણું બોલવું ને ઘણું ખાવું. પરઘેર સમાય કેમ. ॥ ૪ ॥ એવું સાંભળી ભીમ ઉઠયો, પરાક્રમી પ્રાણી કહાવ્યો,વ્રક્ષ તણુ એક થડ પાડીને, કાતરી કડછો બનાવ્યો. ॥ ૫ ॥ બોહોતેર મણનો બોજ તેમાં, લઇ આવી પડયો પાય; પછી બોલ્યો ધર્મ પ્રત્યે, સુણો યુધીષ્ટર રાય. ॥ ૬ ॥ વૈરાટ રાયને ઘેર રહીશું, કટી કશી બાંધીશું; એની સકળ સન્યા સારૂ,રાંધણું ત્યાં રાંધીશું ॥૭॥ ઘણા માણસ મળીને રાંધે, તે બહું બીગાડ થાય; એકજ હાથે બીગાડ ઓછો, માટે રાખશે રાય. ॥૮॥ માટે રહીશું ખાવા ખાઇશું, રાજાનું મન ઠરે;વળી બીચારો ભઠીઆરો તે,કદી ભુખે નવ મરે. ॥૯॥ માટે મારી ચિંત્તા ન ધરશો, કરશું રસોઈનું કામ;હવેથી ભીમસેન ન કહેશો,વીર વાલવો મુજ નામ, ॥૧૦॥ ધર્મ કહે સાબાશ વીરા,ટળી ગયો મુજ વેમ;બત્રીશ લક્ષણા અરજુન વીરા તમે કરશો કેમ. ॥ ૧૧ ॥ તવ અરજુને ઉભા થઇને,ચણીયો પેહેરી લીધો; ઇંદ્રની આપેલી ચુંદડી ઓઢી, ચુડો ધારણ કીધો. ॥ ૧૨ ॥ ઉદાભવાની કહીને ઉભો, ધરી વ્યંડળ વેશ; જુઓ બંધુ ઘાટ કેવો, કોઇન ઓળખે લેશ. ॥ ૧૩ ॥ ગામના છોકરાં ભણાવીશું,કરશું ગુરૂ પદ કામ; અરજુનજી મુજને નવ કહેશો,વ્યંડળ મેહેતા નામ. ॥ ૧૪ ॥ ધર્મ કહે કે મનકુ માન્યું,પુરણ પ્રગટયો પ્રેમ;સહદેવ જોશી ન થાશો રોશી,તમે કરશો કેમ. ॥ ૧૫ ॥ સહદેવ કહે વીરા મ્હારા, સાંભળો વાતનો પાયો વૈરાટરાયને ઘેર રહાશું, ચારશું એની ગાયો. ॥ ૧૬ ॥ ધરમ કહે ધ્યાન ન બેસે, ગાયો ચારે સહુ કોય; વૈરાટને ઘેર ગાયો હશે તો, ગોવાળશું નહી હોય. ॥ ૧૭ ॥ સહદેવ કહે વીરા મા-

રી પાશે એક વીઘાય, ટંકે સેર દુધ દેતી હોય તો, બશેર દેતી થાય. ॥ ૧૮ ॥ તેથી રાજા રાખશે મુને, કરશું ગૌ રક્ષા કામ; સહદેવજી કોઈન કહેશો, પંછીજી મુજ નામ. ॥ ૧૯ ॥ ધર્મ રાજા કહે વારૂ વીરા, રેહેજો ખુશળ ખેમ; ઓ વરણાગીયા નીકુળ વીરા, તમે કરશો કેમ ॥ ૨૦ ॥ પેહેરી ઓઢીને ફરતા ફરવું, તે ન ફાવે પરઘેર; એટલે નીકુળ વદીયા વાણી, સાંભળો મારી પેર. ॥ ૨૧ ॥ ભણાવશું રાજાના ઘોડા, મુજ કને વીઘાય, પચાસનું ટટવું ભણાવું; તે પાંચસેંનું થાય. ॥ ૨૧ ॥ માટે મુજને રાખશે રાજા, ઘોડારનું કામ કરશું, મન ગમને અશ્વે બેસીને, બાગ બગીચા ફરશું. ॥ ૨૩ ॥ અમારે મન ગમતું થાશે, કરશું અશ્વનું કામ; નીકુળજી મને કોઈ ન કહેશો; બાહાદુરજી મ્હારૂં નામ. ॥ ૨૪ ॥ ધર્મ કહેછે વારૂ વીરા, તુજપર પ્રગટયો પ્રેમ; ઓ પંચાળી બહુ રૂપાળી, તમે કરશો કેમ. ॥ ૨૫ ॥ દ્રૂપદી કહે કંથ મારા, રેહેશું નગ્રનીવાશી, રાણીની શેવા કરીશું, થાશું એની દાશી ॥ ૨૬ ॥ જ્ઞાન મારગ ઉપદેશ કરિશું, માટે રાખશે મને; વાળે વાળે પરોવવાં મોતી, તે વીદ્યા મુજ કને, ॥૨૭॥ મુઠી ભરિ મોતી મુખમાં ભરૂ, કેશની લટ મુખ લેઉં, વગર જોયે જીભ્યા વતી મોતી પરોવા દેઉં. ॥ ૨૮ ॥ એ ક્રીયા જોઈ રાખશે મુને, નહી રહું નીરાશી, દ્રૂપદી કોઇ કહેશો નહીને, કહેજો સયંદ્રી દાશી. ॥ ૨૯ ॥ ધરમ કહે મુજ મન માન્યું, ઓરે દ્રૂપદની તન; એટલે બોલ્યો ધર્મ પ્રત્યે, વ્રકોદર વચન ॥ ૩૦॥ સરવેનું તો પડયું ઠેકાણું, સમાશે જેમ તેમ; ચાર ચાર ચાકર જોઇએ તમારે; તમે સમાશો કેમ. ॥ ૩૧ ॥ ધર્મ કહે મારિ ચિંત્તા ન કરશો, ખાઈ પી રહીશું ખુશી; રાજ્યગાદીના ગુરૂ બનીશું નામ કેહેજો કીંક રૂષી. ॥ ૩૨ ॥ રાજા અમારિ ચાકરિ કરશે, ચીંતા ન ધરશો મન; પછી સરવે ભાઇઓ પ્રત્યે, ભીમ બોલ્યો વચન. ॥૩૩॥ આપણે સરવે એવું કહેવું, પાન્ડવ નીકળ્યા વન; અમે શેવક એમના ઘરના, રેહેતાતા કુન્તી ભોવન. ॥ ૩૪ ॥ પાન્ડવ સાથે નીકળ્યા અમો, દાસત્વ કરવા પુરૂં; કહેવું કે આ કીંક રૂશી, પાંન્ડવની ગાદીના ગુરૂ. ॥ ૩૫ ॥ હું કહીશ કે ભીમનો ભીલ્લુ, ભીમ સાથે બાથ દેતા, અરજુનજી તમે એવું કહેજો, પાન્ડવ ઘરના મેહેતા. ॥ ૩૬ ॥ સહદેવ કહે પાન્ડવ ઘરનો, ગાયો તણો ગોવાળ; નીકુળ કેહેજો ઇંદ્રપસ્તમાં, અશ્વ તણો રખવાળ. ॥ ૩૭ ॥ સતી તું એમ કેહેજે, હું દ્રૂપતીના દાશી; પાન્ડવ સાથે અમે સરવે થયાં

હતાં વન વાસી, ॥ ૩૮ ॥ પાંડવ સાને સુતા મુકીને, ગયા છાનો વાસ કરવા, અમે સઉ તમારે ત્યાં આવ્યાં, એક વરસ પેટ ભરવા. ॥ ૪૦ ॥ સરવે રાખવી એક બોલી, જણાવવી શુભજાત, હવે સાંભળ કરૂપતી સતી, તુને કહું એક વાત. ॥ ૪૧ ॥ તું જાય વૈરાટની સભામાં બેઠો હશે ત્યાં ભુપ; તુને રાખે તવ તારે કેહેવું, જો રાય મુજમાં રૂપ. ॥ ૪૨ ॥ માટે મુજ પર કોઇ પ્રાણી, કુદ્રષ્ટા કદી કરશે, તો તે પ્રાણી નહીં જીવવાનો, વગર મ્હોતે મરશે. ॥ ૪૩ ॥ મારે માંથે પાંચ ગાંધરવો છે, તે બહુ કરશે કેર; કુદ્રષ્ટીએ જોનારાને, મારી નાંખશે ઠેર. ॥ ૪૪ ॥ પાળ એવી બાંધજે પેહેલેથી; કોણ કુદ્રષ્ટે જોનારો; કદાપી કો કુદ્રષ્ટ કરે, તો હું ગાંન્ધર્વે તારો. ॥ ૪૫ ॥ કરૂપતી કહે વારૂ સ્વામીજી, એમ કહી પડી પાય; ભીમ કહે કે એકે એકે, થાઓ હવે વીદાય. ॥ ૪૬ ॥ મ્હોટા ભાઇ તમે પધારો, ઓરે યુધીષ્ટીર રાજા; હવે તો વાહાણું વાયું છે, ઉઘડેલા દરવાજા. ॥ ૪૭ ॥ વળણ ॥ દરવાજા ઉઘડયા હશે, માટે પધારો ભ્રાત; કહે વલ્લભ તવ ચાલીયા, સમરી દીનાનાથ.

કડવું ૨ રાગ સોહયાણીનો દોહરો.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહિમાય. ॥ ૧ ॥ સુત સતીના અતી સત્યવાળા, સમરે અસરણાસરણ; ધરમે ઉઘડતે દરવાજે, નગ્રમાં મુકયો ચરણ. ॥ ૨ ॥ તવ ગામમાંથી રોગ નાઠા, વીપ્રીત વ્યાધી જાય; અકાળ મ્રત્યુનાં મડદાં પડેલાં, તેતો બેઠાં થાય. ॥ ૩ ॥ ઝડપથી જમકીંકર નાઠા, નાઠાં અધરમ પાપ;કુબુદ્ધી બધા નગ્રની નાઠી, ધર્મ ચરણ પ્રતાપ. ॥ ૪ ॥ મનુશ માત્રનાં મનડાં ફરીયાં, ચોરે મુકયું ચોર કર્મ; ગુણકાએ ગુણકાપણું મુકયું, સૌને વહાલો શુભ ધર્મ. ॥૫॥ એ રીતે ફરી સરવની વ્રતી, જેને તે લાગે પાય;વઇરાટ રાયને ઘેર આવ્યા, પોતે ધરમરાય. ॥ ૬ ॥ વઇરાટે તેજશ્વી દીઠા, દોડતો આવ્યો બાહાર; પધારો કહીને આસન આપ્યું, કીધા નમસ્કાર. ॥ ૭ ॥ કહો મહારાજા કયાંથી પધાર્યા, કોણ છો તે કહો મરમ; તવ યુધિષ્ટર એમ બોલ્યા, હું તો રાજા ધરમ. ॥ ૮ ॥ પાન્ડવની ગાદીયે બેસનારો, સદા રેહેનારો ખુશી; તુજ ઘેર આવ્યો છું પેટ ભરવા, નામ હાલમાં કીંક

રૂશી. ॥ ૯ ॥ દ્વાદશ માસ રેહુ તુંજ ધામે; જો તારો પ્રેમ; તવ શક્તીના વરદાન વડે, વઇરાટ સમજ્યો એમ. ॥ ૧૦ ॥ ગાદીના ગુરૂહશે પાન્ડવના, ધરમરાજા જેવા; આ પુરૂશ મારે ઘેર કયાંથી, રાખીને કરૂં સેવા. ॥ ૧૧ ॥ એમ ધારીને વઇરાટ બોલ્યો; આ તમારૂં ભોવન, ઘર ગામ રાજ પાટ સઘળું તમારૂં, મુને કરો પાવન, ॥ ૧૨ ॥ વળી તમારી આજ્ઞા પાળું, ઓરે મારા નાથ; ધરમ કહે ચાલ્ય સભામાં કહિને લીધો સાથ. ॥ ૧૨ ॥ બેઉ જણા ગયા સભામાં, વઇરાટને સત્યવાદી; ધર્મને સોરૂ સ્થાપન કીધી, રાજ્ય ગુરૂની ગાદી ॥ ૧૪ ॥ તે પર બેઠા ધરમરાજા, વાર થઈ ઘડી ચાર; એટલે ભીમે કહ્યું અરજુનને, મેહેતાજી થાઓ તૈયાર. ॥ ૧૫ ॥ એટલે અરજુન ઉઠી ચાલ્યો; નગ્ર વિશે જ્યાં ધસે; તવ વ્યંઢળનું રૂપ દેખીને, નગ્ર તણા લોક હસે. ॥ ૧૬ ॥ ટોળે ટોળાં જોવા મળીયાં, વંઢળનું રૂપ ભાળે; છોકરાં કેડે તાળીયો પાડે, રેણું ઘણી ઉછાળે, ॥ ૧૭ ॥ કેડે કરે સરવે કીકીઆરી, અરજુન ચાલ્યો જાય; ઉદો ભવાની કહીને પેઠો, રાજ્ય સભાની માંય. ॥ ૧૮ ॥ ધર્મને નમસ્કાર કીધો, વઇરાટને જુહાર; એટલે વૈરાટ રાજાએ પુછયું, કોણ કયાંના રેહેનાર. ॥ ૧૯ ॥ અરજુન કહે ઇંદ્રપસ્તના, પાંડવ પાસે રહેતા, અભીમન્યુને હું ભણાવનારો, નામ છે વ્યંઢળ મેહેતા. ॥૨૦॥ બાણુ વીધા હું જાણું છું સારિ, ભણાવું તારો તન; પાંન્ડવ સાથે અમે નીકળ્યા, દ્વાદસ વરસ વન. ॥ ૨૧ ॥ આ કીંકરૂશી જોડે હતા ત્યાં, ગાદીના ગુરૂ માહારાજ; અમને સુતા મુકી ગયા પાંડવ, છાના રેહેવાને આજ. ॥ ૨૨ ॥ રૂશી માહારાજા અહીં પધાર્યો, હું પણ આવ્યો આંય; નિશાળ કરી બાળ ભણાવું. તારા નગ્રની માંય. ॥ ૨૩ ॥ બાર મહીના ઉદર ભરવું, ગામમાં નિશાળ થાપી, વઇરાટ કહે વીધાશાળા, તમોને રેવા આપી. ॥ ૨૪ ॥ મોટાના ઘરના મુજ ઘેર કયાંથી, કહી કર્યા વીદાય, અરજુને નીશાળમા વાસ પુર્યો, એવે બે ઘડી થાય. ॥ ૨૫ ॥ ભીમ કહે કે સહદેવ જોશી, હવે પધારો તમો; સરવેના ગયા પછી ત્યાં, છેવટે આવશું અમો. ॥ ૨૬ ॥ એટલે ઉઠયા સહદેવ જોશી; વનકુળથી કટી બાંધે; એકજ હાથમાં ટીપણું ઝાલ્યું જેષ્ટીકા લીધી ખાંધે, ॥ ૨૭ ॥ ગામ વીશે ગયા, રાજ્ય સભામાં, ધર્મને નમસ્કાર; પછી વઇરાટની સામું જોઈ, પોતે કર્યો જુહાર. ॥ ૨૮ ॥ સહદેવજીને પુછવા લાગ્યો, જે વઇરાટ ભુપાળ; તેનો ઉત્તર જોશીએ દીધો, પાન્ડવના ગોવાળ. ॥ ૨૯ ॥ હું છું સહદેવજીનો

સનેહી ચારતો એમની ગાય; ટકે શેર દુધ દેતી હોય તે, બે શેર દેતી થાય. ॥ ૩૦ ॥ એવી વીદ્યા છે મુજ પાસ, જોતીશનો અભ્યાસ; તમ ઘેર રહી ગાયો ચારૂં, પેટ ભરૂં બાર માસ. ॥ ૩૧ ॥ ગાયો ચાર્યા વ-ણુ નહી કરૂ બીજું, પંછીજી મ્હારૂં નામ; વૈરાટે સોંપી ગૌશાળા, જાઓ કરો એજ કામ. ॥ ૩૨ ॥ શેહેદેવજી ગૌશાળામાં ગયા; બે ઘડી થઇ વાર; ભીમસેને મોકલ્યા નીકુળને, નગ્ર વીશે નીરધાર. ॥ ૩૩ ॥ નીકુળજી જઈ ઉભા સભામાં, કહી હકીકત તે ઠામ; હું તો ઘોડા ભ-ણાવી જાણું છું, બાહાદુરજી મારૂં નામ. ॥ ૩૪ ॥ તવ વઇરાટે હય શાળા સોંપી, જઇ રહ્યા નીકુળ સાર; એટલે ભીમે આજ્ઞા આપી, હવે જા દ્રુપદી નાર. ॥ ૩૫ ॥ દાતે છેડો ઘાલીને ચાલી, ગઇ સભા-ના માંય; વઇરાટને જુહાર કીધો, ધર્મને લાગી પાય, ॥ ૩૬ ॥ વઈરાટ રાયે હાથ જોડ્યા, ધન ભાગ્ય મ્હારૂં હોય; જગદંબા જોગણી જેવી, બોલ બાઇ તું કોણ. ॥ ૩૭ ॥ દ્રુપદી કહે ઓરે રાજા, હાલ હતી વન વાશી; સયંદ્રી છે નામ મ્હારૂં, દ્રુપતી સતીની દાસી. ॥ ૩૮ ॥ તેતો ગયા છાનાં રહેવાને, માટે હું અહીં આવી; વળી દીઠા કીંક રૂશીને, રેવાની ઉલટ લાવિ. ॥ ૩૯ ॥ બાર મહીના પેટ ભરવું છે, જો હોય રાખ્યાના પ્રતી; રાણીને ઉપદેશ કરીને, શીખવું શેવા નીતી. ॥ ૪૦ ॥ વઇરાટ રાજા એમ બોલ્યો, સોંપ્યું તને ઘરબાર; દ્રુપતી કહે વારતા બીજી સાંભળો રાજ કુમાર. ॥ ૪૧ ॥ મ્હારા શરીરનું રૂપ ઘણું છે, કામીને કરે કેર; મારા સામી કુદ્રષ્ટી કરશે, તો તે મરશે ઠેર. ॥ ૪૨ ॥ મારી સાથે પાંચ ગાંધર્વ છે, તેમાંનો કોઈ એક મારે; તે તમને પેહેલું કહું છું, વઇરાટ બોલ્યો ત્યારે. ॥ ૪૩ ॥ તું તો મારી બેહેન ધર્મની, કોણ કુદ્રષ્ટી જોશે; તે કરતાં જોશે તે મરશે, તેમાં માને શું દોશે. ॥ ૪૪ ॥ એટલે વઈરાટ રાયનો સાળો, જેષ્ટ કૈચો પ્રધાન; સો ભાઇની છે સું-દીર જોડી, એક માના સંતાન. ॥ ૪૫ ॥ સહુથી મોટો પ્રધાન થયે-લો, કુદ્રષ્ટીનો તેહ, દ્રૂપતીના સામુ જોઇ રહ્યો છે, વીકારવંતો એહ ॥ ૪૬ ॥ તેણે સાંભળી સતીની બીના મનમાં વીચાર્યું એમ; શેના ગાંધરવ શું મારતાતા, મીથ્યા ઘાલે છે વેમ. ॥ ૪૭ ॥ ઠીક છે કયાં જાશે આવેલી, એવી કબુદ્ધી થઈ, વઇરાટ રાયે મોકલી તે, દ્રૂપતી ઘરમાં ગઇ ॥ ૪૮ ॥ વઇરાટ રાયની રાણી સુદ્રષ્ણા, દ્રુપતીને પડી પાય, પધારો બાઇ તમારે પુન્યે, શુભ મતી મુજ થાય. ॥ ૪૯ ॥ એમ કહી માન્ય દેઇ બેસાડી આ બધું તમારૂં ધામ; હીંચોળા ખાટે હીંચ્યા કરો, કરવું નહી કાંઇ કામ

॥ ૫૦ ॥ એ રીતે શુભ સતી સમાણી, એવે થઇ ઘડી ચાર;છેવટઉઠયો સુત વાયુનો, જાવા થયો તઇયાર. ॥૫૧॥ કટી બાંધે કડછો ખાંધે લેઇને ચાલ્યો સુબો;દરવાજાનિ લગભગ આવિ, વીચાર કરવા ઉભો. ॥૫૨॥ પહેલ વહેલો જાઉં ગામ વીશે, હું રહું કુશળ ખેમ;ખંડણી ભરનારા રાજાની, કમાનમાં પેસું કેમ. ॥ ૫૩ ॥ વળણ. ॥ કેમ પેશું કમાનમાં એમ કર્યો વીચાર, કહે વલ્લભ કોટ કુદવા, થઇ ગયો તઇયાર. ॥

કડવું ૩ રાગ સાખીની ચાલ.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણજનમેજેરાય; વીસ્તારીતુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥ ૧ ॥ વાવાજીએ અળગા રહાને દડબડ મુકી દોટ; છલંગ મારી ઉછળ્યો તે, કુદી પડયો કોટ. ॥ ૨ ॥ આભ પડે એમ અવની પડીયો,ધરણ ધ્રુજી માઠી; પાણીનાં ભરનાર પાણીઆરિયો તે,બેડાં ફોડીને નાઠી. ॥૩॥ આખા ગામમાં ધુમ ચાલી સૌનો વાંકો દીન કહાવ્યો; ખાંધ ઉપર છે કડછો મોટો, કડછાદૈત્યજઆવ્યો. ॥૪॥ હવે ગામનું આવી બન્યું, સહુ લોકના જીવ જાશે,સહુપ્રાણીને ઝાલી ઝાલીને, કડશે ચઢાવિ ખાશે. ॥૫॥ એવો બહુ ચાલ્યો બોંબાટો, નાશે લોકનાં ટોળાં;વ્રકોદર ગમ્મત કરવાને, દેખાડે દાંતને ડોળા. ॥ ૬ ॥ તેમ તેમ શરવે ત્રાશેને નાશે,બોંબાટ ઠામો ઠામ; ભીમે જાણ્યુંકે ગામ શું જાણે, કરવું મ્હારૂં નામ. ॥૭॥ એમ જાણી બજારમાં ચાલ્યો, ધાણી ચણા શેવો ભાળે; તેના ખોબે ખોબા ભરીને, મારગમાં ઉછાળે. ॥૮॥ કોણજ એના સામું બોલે,કોણ જઇ કર ઝાલે,મીઠાઇનીદુકાન દેખે ત્યાં; મીઠાઇમાં મુખ ઘાલે. ॥૯॥ ભાવે તે ચાવે મઝા ઉડાવે, બહુ ફીકી આરો થયો; પછી પોતે ઘુમતો ઘુમતો, રાજ્ય સભામાં ગયો ॥ ૧૦ ॥ ખંભ ઠોકી કે ધમ ધમી સભા, ધ્રુજ્યો વઇરાટરાય;વાયુનંદન યુધીષ્ટરને પ્રેમે લાગ્યો પાય. ॥૧૧॥ વઇરાટ કહે ઓ કીંકરૂશી, આ કોણછેબળવાન ધર્મ કહે ભય ન ધરતો, શુભ મતી રાજાન. ॥ ૧૨ ॥ સરમાય શાને પુછ મન માને, બોલ્યો વઇરાટ રાય; કોણ તમે છો કયાંથી આવ્યા,તવ ભીમ બોલ્યો ત્યાંય ॥૧૩॥ ઇંદ્રપસ્તનો હું રેહેવાશી; રશોઇનો કરનારો; ભીમસેન કેરો ભીલ્લું હુંછું, શાખો ગામમાં મારો. ॥ ૧૪ ॥ દ્વાદસ મહીના તુજ ઘેર આવ્યો, ભરવા પાપી પેટ; સકળ સેન્યનું રાંધણું રાંધુ; એકલો કરૂ વેઠ. ॥ ૧૫ ॥ વઇરાટ કહે ભલે પધાર્યા, કયાંથી

આવ્યા હાવા; ભીમ કહે તે તો ખરૂં પણ, કેટલું આપો ખાવા. ॥૧૬॥ વૈરાટ કહે કેટલું ખાશો, મોઢે માગી લ્યોને; તમોને તો નહીં જવા દૌ; સુખરૂપે આંહિ રેહોને. ॥ ૧૭ ॥ ભીમ કહે રાંધણું રાંધીશ પણ, નહી કરૂં તારી પળશી; હંમેશાં મારે ખાવાને, અન જોઇએ સોળ કળશી. ॥ ૧૮ ॥ વૈરાટ રાજાએ પોંચો કરડયો, એ નહી મારી હામ; એ રીતે ખવરાવું તો તો, વેચું ઘરને ગામ. ॥ ૧૯ ॥ નથી મારૂં એટલું ગજું, માટે હું નહી રાખું;ભીમ કહે રાખે નહીં તો, તુજને મારી નાંખું. ॥૨૦॥ ધર્મ રાયે સાન બતાવી, શું ડોળા દેખાડી ખાય; એવામાં ધ્રુજીને બોલ્યો, પોતે વૈરાટ રાય. ॥ ૨૧ ॥ ઓશીઆળ મારી તમે ન કરશો, કશી ન કરશો પળશી;હંમેશાં આપીશ ખાવાને, અન તમને બાર કળશી. ॥ ૨૨ ॥ રસોઇમાં જે કાષ્ટ મળે તે, લાવવાં તમારે શીરા; વ્રકોદર કહે કબુલ મારે, શોશે નહી રહીશ. ॥ ૨૩ ॥ પણ રાજા ગભરાતો નહીં તું, ખુશીથી ખવરાવો અમને; તેનો બદલો બહુ વળવાનો, કોઇ વેળા ગુણ તમને. ॥ ૨૪ ॥ વૈરાટ કહે વારૂ વાલવાજી, કહિને રસોડું આપ્યું; છયે જણા સમાણાં ગામમાં, હેત અતિ મન વ્યાપ્યું. ॥૨૫॥ ધર્મરાજા કહે રાજસભામાં બીજું નહીં ભાવન; એક વેળા વૈરાટને ધામે,કરી આવે ભોજન. ॥ ૨૬ ॥ રાજ્ય બધુ પોતે ચલાવે શુભ કરે છે ન્યાય; નગ્ર તણા સરવે પ્રાણીને, આનંદ ઉર ન માય. ॥ ૨૭ ॥ અરજુનજી નિશાળ ભણાવે, ગામનાં છોકરાં આવે; ઓત્રા કુંવરી ઓત્રા કુંવરને, વ્યંડળ જઇ તેડી લાવે. ॥ ૨૮ ॥ વૈરાટનાં એ પુત્રને પુત્રી, તે પણ ભણે વિદ્યાય; રાત દહાડો નિશાળમાં રહે છે, ઇંદ્રનો અરજુનરાય. ॥૨૯॥સહદેવ રાજાની ગાયો લઇને,વન વગડામાં જાય પીંપળા કેરૂં વ્રક્ષભલેરૂં,ગોડી ગુફા કરિ ત્યાંય. ॥૩૦॥ તેનીમહી ઉતરીને બેસે,સહદેવ સતી સંતાન;આખો દીવસ બેઠા બેઠા, ધરે હરિનું ધ્યાન. ॥ ૩૧ ॥ સાંજ પડે તવ ગાયો લેઇને, નગ્ર વીશે એ જાય; ગોવાળીઆ સહુ એમના વશમાં, પંછીજીના ગુણ ગાય. ॥ ૩૨ ॥ નીકુળજી વ્હાણામાં ઉઠે, લે મન ગમતો તોખાર; ઉપર બેસી બાગ બગીચે, ફરી આવે લગાર. ॥ ૩૩ ॥ એ રીતે સેલ કરે છે, પેહેર્યા ઓઢયાની મતી; સુદ્રષ્ણાની પાસે રેહે છે; સંયદ્રી દ્રૂપતી. ॥ ૩૪ ॥ રાણીને રીતી શીખવાડે, કરવા સુંદીર શેવા; ઉપદેશ કરી શ્રદ્ધા બેસાડે, સમરાવે દેવાધી દેવા. ॥ ૩૫ ॥ વ્રકોદરે રસોડામાં, રાંધવાની રીત રાખી; પેહેલાંનાં હતાં ચુલા ચુલ્યો, તે સહુ પુરી નાંખી. ॥ ૩૬ ॥ મોટી મોટી બે

તમણે ખોદી, બનાવી લાંબી ચારી; વચમાં છુટી જગો રાખી, થાય પોતાની પથારી. ॥ ૩૭ ॥ ચાર ક્ષોણી સૈન્ય વૈરાટનું છે, તેનું ખીચડું આવે; એટલે ભીમસેન લાંબી ચારીયે, સળગાવી પાત્ર ચઢાવે. ॥૩૮॥ વચમાં સોડો તાંણીને સુએ, પણ બધે સુરતા રાખે; પીમ્મળથી કાચું પાકું પરખી, પગવતે ઉતારી નાખે. ॥ ૩૯ ॥ દસ વીસ દહાડે જાય વગડામાં, ઝાડ ઉપાડી લાવે; વિસ દીન રંધાય એટલાં કાષ્ટો, એકજ ફેરે આવે. ॥ ૪૦ ॥ વળી રસોડામાં રાત્રીએ સુએ, નાસ્કોરાંનો વા જાય; તેથી તે છાપરાનાં નળીયાં, ઉંચાં નીચાં થાય. ॥ ૪૧ ॥ જાણે ટકોરખાનું વાગ્યું, ત્રણે ભયંકર ભુપ; વાલવાનું નામ સાંભળે કે, રડતા બાળક રહે ચુપ. ॥ ૪૨ ॥ એ રીતે પાંચ ભાઇને નારી, રહ્યાં છે સુખ રૂપે; ચાર મહીને હીસાબ ગણીયો, હસ્તીનાપુરનો ભુપ. ॥ ૪૩ ॥ વરસ ત્રણસેં સાઠ દીવસનું, પુરે પુરૂ ગણ્યું રાય; પુરૂશોતમ માસ જુદા ગણીયા; એમ કર્યો અન્યાય. ॥૪૪॥ શકુની મામાને વારતા કરી, આ પણ આળશે રહ્યા; કુંન્તી નંદનને વન ગયે, દ્વાદસ વરસ થયાં. ॥૪૫॥ ગુપ્ત રેહેવા ગમે ત્યાં ગયા હસે, કર્યું હશે ફાવે તેમ; આપણે અની ભુલ ખાધી, પત્તો લાગશે કેમ. ॥ ૪૬ ॥ મામો કહે ચીંતા નવ ધરતો, તું સહુનો શીર છત્ર; જ્યાં હશે ત્યાં પ્રથવી વીશે, લખો દેશોદેશ પત્ર. ॥૪૭॥ સૌ રાજાને એવું લખવું, જ્યાં જ્યાં પોતાના ધરતી;વસ્તી વગડો ડુંગર દરીયો શોધ કરવી ફરતી. ॥ ૪૮ ॥ પાન્ડવનો ખરો સોધ કરીને, અમને મોકલવું લખી; નહીતો દુરિયોધન થશે ક્રોધે, માટે કરજો નકી. ॥ ૪૯ ॥ તેમાં જો ફેરફાર પડશે, તો રાજ છીનવી લેશું; વળી તેના કુટુંબ સાથે, ધાણીએ ઘાલી દેશું. ॥ ૫૦ ॥ એ રીતે પત્રો લખીને મોકલો દેશો દેશ; એટલે ખરી ખબર કાહાડી, લખશે સહુ નરેશ ॥૫૧॥ દુરીયોધન કહે લખો ત્યારે, તે વણ નહી કામ થાય;ચોરાસી સહસ્ત્ર પત્ર લખાવ્યા, મામાયે સભા માંય. ॥૫૨॥ પછી દેશે દેશ પોહોચ્યા, ક્ષણુ ન લાગી વાર; સૌએ પોતપોતાની હદ સોધી,લખીયા સમાચાર. ॥૫૩॥ વઇરાટ નગર પત્ર આવ્યો, વંચાવ્યો કીંક રૂશી, પુછવા લાગ્યો વઇરાટ રાજા, ગુણ ગંભીર થઈ ખુશી. ॥ ૫૪ ॥ ઓ માહારાજા કેમ કરીશું પાન્ડવની કયાં પેર; તમે તો પાન્ડવના ઘરના, પાન્ડવ નહી મુજ ઘેર. ॥૫૫॥ તે માટે કેમ કરૂં મ્હારાજા,બોલ્યા ધરમ રાય;તને સુજે તેવું કરતું; મુંને ન પુછીશ કાંય.॥૫૬॥ વઇરાટ રાજાએ પત્ર લખીયો, જાણજો છત્રપતી; કુન્તી નંદન પાન્ડવો તે, અમારે ઘેર નથી. ॥ ૫૮ ॥ એ રીતે

દેશ દેશાન્તરના, કાગળ પોહોચી ગયા; દુર્યોધન કહે જુઓ મામા, પાન્ડવ તે કયાં રહ્યા. ॥ ૫૭ ॥ વળણ ॥ વળતું મામો બોલીયો, ધીરજ ધર તું રાય; વદે વલ્લભ મામે કહ્યું કાહાડું એક ઉપાય.

કડવું ૪ રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વઇશંપાયે વચન, સુણ જનમેજે રાજન; કહ્યું શકુની મામે એમ, જોવું પાન્ડવ ન જડે કેમ. ॥ ૧ ॥ એણે પાન મંગાવી લીધું, ભરી સભામાં બીડું કીધું; પછી તેડાવ્યા મલ્લ લોક, આવી ભેળા થયા અથોક. ॥ ૨ ॥ કહ્યું મામાએ બીડું ખાય, સોધ પાંડવની લેવા જાય; કરે એટલું જે કોઈ કાજ તેને એક આની દેઉં રાજ. ॥૩॥ સહુ મલ્લે વીચાર્યું એમ, જાય તે નાવે કુશળ ખેમ; એવે જેમલ્લ કબીરો જેહ, મલ્લ થઇ રહ્યો છે તેહ. ॥૪॥ ભીમે વાવ્યમાં નાંખ્યા જ્યારે, તેમાંથી તે ઉગરીયો ત્યારે; તે તો રહ્યો છે ત્યાં મલ્લ થઇ, એણે વીચાર્યું મન માંહી ॥૫॥ લાવ્યસોધન મારે કરવું, જ્યારે ત્યારે એકવાર મરવું; જો હું શોધ લઇને આવું, તો તો રાજ્યની લેહેર ઉડાવું. ॥૬॥ શોધ કરતાં જો થાશે મરવું, તો તો જાશે દાસત્વ કરવું; એવું જાણીને બીડું લીધું, એણે મુખમાં મુકી દીધું. ॥ ૭ ॥ તવ મામે સાબાશી દીધી, એને મોકલવા પેર કીધી; લીધું તાંબાનું પત્ર એક, તેમાં શકતાઇ લખી છેક. ॥૮॥ આતો છત્રપતીનો જોધ, લેવા આવ્યો પાંડવની શોધ; એને ખાવા પીવાની સોઇ; રાખજો ક્ષત્રી સહુ કોઇ. ॥૯॥ કરી દેવો પાંડવનો તપાસ, પોતાની હાથમાં હોય વાસ, કહી પોતાની હદયમાં ન હોય; તોતો કામ કરજો સહુ કોય. ॥૧૦॥ સોનાનું એક પુતળું કરી, દેજો મલ્લને ઉલટ ધરી; સવા મણ સુવર્ણનું થાય, એવું આપજો લાગીને પાય. ॥ ૧૧ ॥ એવું લખ્યું પત્રની માંય, મલ્લ તૈયાર થયો ત્યાંય, એતો બળવંતો છે આંધી, સોમણ લોહના સાંકળ બાંધી. ॥ ૧૨ ॥ કેહેડે બાંધીને ભાલો ઝાલ્યો, પત્ર કોટમાં બાંધીને ચાલ્યો, તવ રાય વધો વચન, પુછ્યું મામાને દુર્યોધન ॥૧૩॥ મામા પુતળું લેવા લખ્યું કેમ, તે તો ટાળો તમે મારો વેમ, બોલ્યો શકુની મામો વાણ, તું તો સાંભળ ચતુર સુજાણ, ॥ ૧૪ ॥ જેને ત્યાં હશે પાંડવ પાંચ, પુતળું દેતાં ઘાલશે ઘાંચ; આપવા દે પુતળું એહ, તવ ખોયું ક્ષત્રી પણું તેહ. ॥ ૧૫ ॥ માટે નહી આપવા દે કો કાળ, તેથી સમજી શું ભુપાળ; બોલ્યો દુરીયોધન ખુંખારી, મામા તુજ બુદ્ધીની

બલીહારી. ॥ ૧૬ ॥ પછી મલ્લને આજ્ઞા દીધી, તવ જેમલે રટણ કીધી, મલ્લ પેહેલો ગયો અંક દેશ, બેઠો સભામાં જ્યાં નરેશ. ॥ ૧૭ ॥ ડોકમાં પત્ર જેમ લખેલું,મલ્લે છાતી ઉપર રાખેલું;તેતો વાંચી જોયું અંકરાય દીધો આવકાર સભાની માંય. ॥ ૧૮ ॥ દીધું ખાવાનું આનંદ ભેર, કીધી કનક પુતળાની પેર; સવામણનું પુતળું ઘડાવિ, આપ્યું મલ્લને ઉલટ લાવી. ॥૧૯॥ મલ્લ લેઇ ત્યાથી સંચરીયો, વળી બીજે દેશ પરવરીયો; જેને તે રાજા વાંચે પત્ર,આપે શુવર્ણ પુતળું તત્ર. ॥ ૨૦ ॥ એમ પુતળાં લેતો જાય,એમ બોતેર ભેગાં થાય;બોહોતેર સવા નેવું મણ સોનું,લીધું બોહોતેર ક્ષત્રી લોકોનું ॥૨૧॥એવે દ્વારીકાં નગરી આવી, મલ્લ ગયો વીચાર લાવી;કૃષ્ણ બળદેવ એમના સગા, માટે કાંઇ કર્યા હોય દગા. ॥ ૨૨ ॥ માટે અહી કરૂં તપાસ, પછી જાવું બીજાની પાસ. ॥૨૩॥ એવો મલ્લે કર્યો મનસુબો,જઈ જાદવ સભામાં ઉભો ॥૨૪॥ બેઠા બળદેવ જુગદાધાર,પત્ર વાચ્યું સભામાં તે વાર; બોલ્યા બળદેવજી મુખ એમ;લખ્યો પત્ર તોયે આવ્યા કેમ. ॥ ૨૫ ॥ નથી પાંડવ અમારે ઘેર, મોકલ્યો છે જુવાબ ભલી પેર, મલ્લ કહે આ લખાણ જોઇ, આપે છે પુતળું સહુ કોઈ. ॥૨૬॥ તેથી પુતળું તમે આપો,છત્રપતીનું વચન સ્થાપો;બોલ્યા બળદેવ સુંણ મુંઢ મતી,અમે ખંડણી ભરતા નથી. ॥૨૭॥ એના તાબાના નહી અમે, આપીયે નહીં કાંઈ કો સમે;માટે પુતળુ મળવાનું નથી, મુંઢ મીથ્યા મરે છે મથી. ॥ ૨૮ ॥ તવ જેમલ્લ મલ્લ બોલ્યો એમ, મુંઢ મુંઢ કહો છો કેમ; સોનું દેવાની હોય ન શુધ, તો તો મુજને આપો યુદ્ધ. ॥ ૨૯ ॥ તવ બળદેવને ક્રોધ લાગે, નીચ કીંકર શું યુદ્ધ માગે; એનું છેદી નાંખુ શીશ, ત્યારે બોલ્યાં શ્રી જુગદીશ. ॥ ૩૦ ॥ ધરો શાન્તી અંતઃકર્ણ, એનું ભીમ હાથે છે મર્ણ; માટે તમે ન મારશો ઠેર;કરો નાંખી દેવાની પેર. ॥ ૩૧ ॥ તવ હળધરે ખેલ લડાવ્યો,મલને હળની અણીયે ચડાવ્યો;બળ કરીને ફેંકયો ગગન, પડયો વઇરાટ નગ્ર તે દીન. ॥૩૨॥ પડયો ભાગોળે થઇ બેભાન, આવિ બે ઘડીયે શુદ્ધ સાન; જાણ્યું બોલ્યો હોત વિશેશ.તો જીવતો ન રેહેત લેશ. ॥૩૩॥ હવે આ ગામમાં હું જાઉં લેઈ સીધુ ને રાંધી ખાઉં;પછી પુતળું લઈ જાવું બીજે, એમ ઉઠયો જવા મન રીજે. ॥૩૪॥ પછી વઇરાટ નગ્રની માંય,ગયો રાજ્ય સભા છે ત્યાંય;ઉભો પત્ર ધરીને જ્યારે,વાંચ્યું વઇરાટ રાજાએ ત્યારે. ॥૩૫॥ એવે સમે છજામાં ક્રૂપતી,તેણે પણ વાંચ્યું શુભ મતી; જોયું કે અમારી શોધ આવી, હવે તો પ્રભુ લે બચાવી.

॥૩૬॥ તેવું વાંચ્યું ધરમરાય, તેથી ચીતમાં ચીંતા થાય;બેઠો છે કઇ-ઓ પ્રધાન,તેનું લાગ્યું દ્રૂપતીમાં ધ્યાન.॥૩૭॥એતો ખુખારી હોઠ બચકારે;સામું જોઈ આંખો મચકારે,એવે બોલીઓ વઇરાટ રાય,ફીંક રૂશીને લાગીધાય ॥ ૩૮ ॥ આતો મલ્લને પુતળું દેવું, માટે રજા તમારી લેવું; બોલ્યા ધર્મરાય શુભ મતી, એને પુતળું દેવું નથી.॥૩૯॥ ત્યારે વઇરાટ કહે મહારાજા,છત્રપતીની ટુટે ન માઝા;હું તો એના તાબાનો પ્રાણી, મ્હારૂં ઘરબાર કરે ધુળધાણી. ॥૪૦॥ બોલ્યા ધરમ ભવીશ તારૂં, પાળવું પડશે વેણ મ્હારૂ;તવ બોલીયો વઇરાટ રાય,થાઓ જેમલ મલ્લ વીદાય. ॥૪૧॥ અમે પુતળુ દેવાના નથી, ત્યારે મલ ક્રોધે થયો અતી; બોલ્યો વીપ્રીત થઇ તુજ બુધ; કર્ય વઇરાટ મુજ સંગ યુધ ॥૪૧॥ત્યારે ધ્રુજ્યો વઇરાટ રાય,કહો મહારાજા હવે કેમ થાય; બોલ્યા ધર્મ તેતો તું જાણે, તવ રાજા ઉદાશી આણે. ॥ ૪૦ ॥ નથી કૈયાનું વાતમાં ધ્યાન, થયો દ્રૂપતીમાં ગુલતાન;કર્યો દ્રૂપતીયે વીચાર, રડયા દુષ્ટને ખવરાવુ માર.॥૪૩॥ એમ જાણી કૈયા સામું જોયું, કૈયે જાણ્યું હવે મન મ્હોયું; એતો હરખી ગયો મન સાથ, હસ્તે મોઢે મુછે ધર્યો હાથ. ॥૪૪॥ તવ કરી દ્રૂપદીએ સાન,મલ જેવા તમે મસ્તાન, ઊઠો મેઘની પેરે ગાજો, મન મુકીને એને બાઝો. ॥૪૫॥ તવ કૈયાએ જાણ્યું એમ,થયો સયંદ્રીને પ્રેમ; મલ્લને બાઝુતો ખુશી થાય, બરોબર મને વશ બની જાય. ॥૫૬॥

રાગ ઝડપનો દોહરો.

એવું સમજી કૈયાજીએ, વીપરીત કીધી બુધ; ગુલામ મલતું રાજા સાથે,શું માગે છે યુધ. ॥ ૧ ॥ તું તારા મનમાં શું સમજે, થાશે કાળો કેર; હમણાં હું ઉભો થઇને, મારી નાંખું ઠેર. ॥ ૨ ॥ મલ કહે કે તું, આવ ત્યારે, વઢીએ સભામાંય, તવ કૈયોજી ઉભો થયો, થનાર હોય તે થાય. ॥ ૩ ॥ મનમાં મલનો ભય છે ભારે; હૈયું બહુ ચોળાય; ઉંચું નીચું દ્રૂપદી સામું, પોતે જોતો જાય. ॥ ૪॥ પછી સતીયે સાન કીધી, છો સુરા સરદાર; મીથ્યા ચાળા કેમ માંડયા, શાને કરોછો વાર. ॥ ૫ ॥ એટલે પાછું તાન ભરાયું, ઉભો થઇને ગાજ્યો;બાંહ્યો ચઢાવી દ્રૂપદી સામું, જોઇ મલ્લને બાહાજ્યો. ॥ ૬ ॥ તેવોજ મલ્લે મહા બળ કરી, બોચીમાંથી ઝાલ્યો; માંથા ઉપર ફેરવીને, તરત બગલમાં ઘાલ્યો. ॥ ૭ ॥ બગલ કરીને મલ્લે દબાવ્યો, ભાંગી ગયું શરીર, ઓ બાપ કહીને ચીસ નાંખી, મોઢે વહ્યું રૂધીર. ॥૮॥ એટલે વઇરાટે બુમ પાડી, વચન તમારૂં થાપું; મારા પ્રધાનને મુકી દો, પુતળું તમને આપું

॥ ૯ ॥ એટલે મલ્લે નાંખ્યો સભામાં, પુરણ પડીયું દુઃખ દ્રૂપતીએ સાન કરીને, મરડયું પોતાનું મુખ. ॥ ૧૦ ॥ કૈચાયે તવ પડયા પડયા દ્રૂપતીને કરી સાન; અરેરે હું ચોટ ચુકયો, માટે થયો હેરાન. ॥ ૧૧ ॥ દ્રુપદી જતી રહી ભોવનમાં,દુષ્ટને શીક્ષા કરાવી;તોપણ દુરમતી કૈચાને સાન કાંઈ ન આવી. ॥ ૧૨ ॥ વળણ. ॥ સાન વળી નહીં મુંઢને, પર પ્રેમદાશું પ્રીત, કહે વલ્લભ દુઃખદીલ નહીં, ચોટયું વીશયમાં ચીત. ॥

કડવું ૫ રાગ સાખીનો.

વઇશમપાયન એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય.॥૧॥ દ્રુપદીનું ધ્યાન ધરનો પડયો છે,કૈચો સભાની માંચ; વઇરાટે કહ્યું શેવકોને, કયાં સુધી રાખશો હાંચ.॥૨॥ઉચક્રી કૈચાને લેઈ જાઓ; કૈચાજીને ઘેર; તવ ડોળી કરી ઉચક્રી ગયા, સેવક માહા બળ ભેર. ॥૩॥ ઘેર જઇ ખાટલે સુવાડયા, સભામાં વઇરાટ રાય; મલ્લને કહ્યું સોનાની સવડ,નથી અમ ઘરમાંએ. ॥ ૪ ॥ માટે મોદીખાનેથી સીધું, લેઇને તમે જાઓ; એટલામાં સોનું કરીયે ભેગું, તમો જઇ રાંધી ખાઓ, ॥ ૫ ॥ એટલે મલ્લે સીધું લીધું, ગયો ગામની બહાર; પોતે રસોઇ કરવા લાગ્યો, વઇરાટ કરે વીચાર, ॥ ૬ ॥ આ ક્રીંકરૂશી થાઓ ખુશી, પુતળું આપવા દોને; કયાં વડા સાથે વ્હેર કરાવો, કનક દેવા હા કોહોને. ॥૭॥ ધર્મ કહે સાંભળ રાજા, પુતળું દેવાનું નથી; પોતે જાણ્યું ક્ષત્રી પણું, લાગે લાન્છન અતી. ॥૮॥ એમ જાણીને ના કહે છે, પોતે ધર્મરાય; વઇરાટ કહે મલ્લ યુદ્ધ માગે, તેનો શો ઉપાય.॥ ૯ ॥ એકને મલ્લે ખાટલે નાંખ્યો, માહારૂં તો નહીં જોર;યુદ્ધ માગે તવ થાય કોણ સામો,આંટી એ છે અઘોર. ॥ ૧૦ ॥ ધર્મ કહે ધર તું શાંતી,બતાવું એક ઉપાય;નીત્યાન વાહાલવો બેઠો બેઠો, બારે કળશી અન ખાય. ॥ ૧૧ ॥ બોલાવ્ય એને ડરે છે શેને, મલ્લ સાથે યુધ્ધ કરશે;વઇરાટ કહે એનું શું ગજું,મલ્લનો માર ખાઇ મરશે. ॥૧૨॥ ધર્મ કહે જોજે ઝપાટો, તવ વદયો વચન; શેવકને કહ્યું જઈ તેડી આવો, કહીયે તેડે રાજન. ॥ ૧૩ ॥ તવ તેડવા ચાર શેવક આવ્યા,ભીમને રસોડે જાય;કહયું કે ચાલો વાલવાજી,તેડાવે વઇરાટ રાય. ॥ ૧૪ ॥ એવું ભીમે સાભળ્યુંને, ક્રોધજ વ્યાપ્યો અતી, તમે મુઆને રાજાયે મુઓ,અમે આવતા નથી. ॥ ૧૫ ॥ એમ કહી કડછો ઉપાડયો,

તવ નાઠા છડીદાર;રાજ સભામાં આવીને ઉભા, કહ્યા સમાચાર. ॥૧૬॥ વાલવો કેહે છે તમે મુઆને, મુઓ તમારો રાય; જાઓ અમે નથી આવતા કહી,અમને મારવા ધાય. ॥૧૭॥વઇરાટ કહે જુઓ મહારાજા, હવે કરીશું કેમ;પુરૂં પડે નહી વાલવાનું, હવે કરૂં કહો તેમ. ॥૧૮॥ ધર્મ કહે જાઓ ફરીથી,જઇ કહેજો થઇ ખુશી;કહીયે કે ઓ વાલવાજી તેડાવે છે કીંકરૂશી. ॥ ૧૯ ॥ એટલે પાછા છડીદાર ચાલ્યા. ભીમને રસોડે આવે;ઓ વાલવાજી ચાલો સભામાં, કીંકરૂશી બોલાવે. ॥ ૨૦ ॥ ભીમ કહે ઉભા રહો આવું છું; કહીને તત્પર થયો;વસ્ત્ર પેહેરીને કડછો લીધો, રાજ સભામાં ગયો. ॥૨૧॥ ધરમને નમસ્કાર કીધો, વઇરાટને કહ્યું એમ; મારો માલીક તું નથી, મને તેડવા મોકલ્યો કેમ. ॥૨૨॥ વઇરાટ રાજા કાંઇ ન બોલ્યો, બોલ્યા ધરમ ભ્રાત; ઓ વાલવા વઇરાટ કહે તે સાંભળી લે બધિ વાત. ॥૨૩॥ ભીમ કહે રાય શું કેહેવું છે, તવ બોલ્યો વઇરાટ;મારૂં બોલવું તમને ન ગમે, નહીં કહુ તે માટ. ॥૨૪॥ ભીમ કહે કીંકના કેહેવાથી,ધ્યાનમાં લેઇશ વાત,વઇરાટ કહે સાંભળો ત્યારે, એક થયો ઉતપાત. ॥૨૫॥ દુર્યોધનનો મલ્લ આવ્યો છે, પાંન્ડવની શોધ લેવા; પાંન્ડવ આપણે ઘેર કયાં છે,તો શોધી આપીએ કેવા. ॥૨૬॥ મલ્લને કહ્યું પાન્ડવ નથી, તવ ક્રોધે ભર્યો છેક; સવામણ સોનાનું પુતળું, એણે માગ્યું એક.॥૨૭॥ તે પુતળું એને આપીને. કરતો હતો વીદાય; ત્યારે આપણા કીંક રૂશીયે, આપવાની કહી નાય. ॥ ૨૮ ॥ તેથી મલ્લે યુદ્ધ માગ્યું,હું તો લડતાં લાજ્યો; પણ આપણો પ્રધાન કૈયો, મલ્લ સંગાથે બાઝ્યો. ॥ ૨૮ ॥ તેને મલ્લે ઝાલી બાંધ્યો, પ્રાણજ ઉંચો ચડીયો; નાકને મોઢે રૂધીર વહ્યું, મંચકમા એ પડીયો. ॥૨૯॥ પછી મલ્લને સીધું આપી, મોકલ્યો રાંધી ખાવા; કહો પુતળું દેવું કે ન દેવું, રૂશી તો સુમતી આવા. ॥ ૩૦ ॥ ભીમ કહે કે સાભળ રાજા, ઉત્તર દી રાજ વટે, રૂશીનું વચન ઓળંગીને, પુતળું દેવું ન ઘટે. ॥ ૩૧ ॥ રાય કહે પુતળું ન દેઉં તો,માગે યુદ્ધ અઘોર; એ મલ્લ સામું યુદ્ધ કરવાનું, નથી મુજમાં જોર. ॥ ૩૨ ॥ ભીમ કહે તેતો તારી મરજી, એ દુઃખ હું શું વામું; એટલે વઇરાટ રાજાએ જોયું; કીંક રૂશીના સામું. ॥૩૩॥કીંકે કહ્યું વઇરાટ રાજાને, પેટ ફોડી કર વાત; એટલે વાલવા પ્રત્યે બોલ્યો, વઇરાટ જોડી હાથ. ॥ ૩૪ ॥ ઓ વાલવાજી મલના સામા, તમને યુધ્ધે ધરીયે; ભીમ કહે યુદ્ધ મલ્લના સામું, શા ખાધાપર કરીયે. ॥૩૫॥ હરિ ફરિને બાર કળશી, અન મળે છે ખાવા; અડધો તો ભુખ્યો રહું છું,

જો લાગ્યો સુકાવા. ॥ ૩૬ ॥ તે કરતાં આજ મ્હોનું માગ્યું, ખાવા દેતો ખાઇ; તે પછી જો ઝપાટો મારો, મલ્લના સામા થઇએ. ॥૩૭॥ વઇરાટ કહે કબુલ મારે,મુજનેવ્હાલા લાગો,જેટલું ને જેવી હોય ઇચ્છા, તેટલુ તેવું માગો. ॥૩૮॥ ભીમ કહે કે સોમણ આટો, સોમણ સાકર આપો; સોમણ ઘી વીસમણ મસાલો,એટલું બોલ્યું થાપો. ॥૩૯॥ પછી જુઓ સાચો સપાટો,ઝપાટો જબરો લેઉં;મલ પાસેથી પુતળાં છોડાવી, તમોને આપી દેઉં. ॥ ૪૦ ॥ વઇરાટે તવ આજ્ઞા કીધી, સેવકને કહ્યું જાઓ; વાલવાજીએ કહ્યું તે પ્રમાણે; જઇ સીધાં નાંખી આવો. ॥ ૪૧ ॥ એટલે ભીમ ગયો રસોડે,શેવકે શીધાં લીધાં;ઘી સાકરને લોટ મસાલો; ભીમને સોંપી દીધાં. ॥૪૨॥ ભીમસેને તવ લાડુ બનાવ્યો, તૈયાર કરી કર્યું સ્નાન; પછી પોતે જમવા બેઠો, ધર્યું શંભુનું ધ્યાન. ॥૪૩॥ પલાંઠી વાળી લાડુ નીહાળી,શીવ શીવ મુખે ભાંખે,એક એક ભુજમાં વીસ વીસ લાડુ; લેઇને મુખમાં નાંખે. ॥૪૪॥ એ રીતે કરેલા લાડુ, જમી ગયો તે વાર; પછી ખાધાં પાન સોપારી, મનમાં કર્યો વીચાર. ॥ ૪૫ ॥ મલ્લ દુર્યોધનના ઘરનો તે, ઓળખવાનો મને; માટે મારો વેશ બદલી જાઉં એની કને. ॥ ૪૬ ॥ એવું વીચારી મેલો ઘેલો, પોશાક ધારણ કીધો; મોઢા પર પ્રતીકા ચોળી, કડછો ખાંધે લીધો. ॥ ૪૭ ॥ પછી ગયો રાજ્યસભામાં, બોલ્યો મુખ વચન;-જોવા ચાલો કીંકરૂશી ચાલો વઇરાટ રાજન. ॥૪૮॥ એટલે વઇરાટ ધરમ રાજા,અશ્વે બેશી પળીયા; વારતા જાણી ગામ લોકે, જોવા સહુ નીકળીયા. ॥ ૪૯ ॥ નીશાળીયા લેઇ વ્યંઢળ મેહેતા, જુધ જોવાને જાય; ગોવાળીયા લઈ શેદેવ જોશી, તે પણ તતપર થાય. ॥૫૦॥ નીકુળ ઘોડે બેશીને ચાલ્યો, જોવા નગ્રની બાહાર, મારગ જાતાં ભીમ બોલ્યો, કુન્તી તણો કુમાર. ॥૫૧॥ વઇરાટને કહ્યું મલને કહેજો,કહીએ કે હું આવ્યો;સોનાનું પુતળું મળ્યું નહી તે, આ પુતળું હું લાવ્યો. ॥૫૨॥ વઇરાટ કહે વારૂ વાલવાજી, એમ કહી જોડે જાય;એવે મલ જમીને પરવાર્યો,લોક જોઇ વીસ્મે થાય ॥૫૩॥ એવે આવ્યો વઇરાટ રાજા, મલ્લ વદયો વચન;પુતળું સવામણ સોનાનું, કયાં છે રે રાજન. ॥૫૪॥ વઇરાટ કહે મલ મોટાના, વચને બાંધ્યો આવ્યો, સોનાનું પુતળું મળ્યું નહીં તે, આ પુતળું હું લાવ્યો. ॥ ૫૫ ॥ તવ ભીમશેન સામો જઇ ઉભો, મલ્લ બોલ્યો બની બોહોત; ઓ રંધવાળા તું, કયાં આવ્યો, માથે ભમ્યું છે મ્હોત. ॥૫૬॥ ભીમ કહે કે પુતળા તારાં, રેહેવાની આશા ફોક; મનમાં નીશ્ચે જાણજે તું, પોહોંચી ચુ

ક્રયો જમ લોક. ॥૫૭॥ તવ મલ્લ કહે તૈયાર થા તું, મનસુબો વઢવા કીધો;મલે પુતળાં ભીમે કડછો આઘો મુકી દીધો. ॥ ૫૮ ॥ પછી બેઉ થયા સામ સામી,જબરૂજોર જુલાવું; મલ કહે રંધવાળા, રાધણુ તારૂ ભુલાવું. ॥૫૯॥ ભીમ કહે કે થૈજા સામો, તે પછી સરવ જણાશે; કોટ વળી લોક જોવા ઉભા, કોણ બળવંતા ગણાશે. ॥ ૬૦ ॥ વળણ ॥એમ સહુ લોક વીચારતા, સાંભળે વઇરાટ રાય; કહે વલ્લભ શ્રોતા સુણો, યુદ્ધ તણો મહીમાય. ॥

કડવું ૬ રાગ ઝુલતી ચોપાઇ.

બોલ્યા વૈશમ પાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; બંન્ને યુદ્ધના કર્યા મનસુબા,લાંબા પોહોળા સામ સામી ઉભા. ॥ ૧ ॥ કરવું ધાર્યું છે યુદ્ધ આરંભ; પછી બેઉ જણ ઠોકે ખંભ; રાતા રાતા થાતા બેઉ ગાજ્યા, દોટ મુકી લથાબથી બાજ્યા. ॥૨॥ ભીમે જાણ્યું હું સંદેહ ખોઉં એક વાર એનું બળ જોઉં;એવી રમત મનમાં ધારે,ભીમ ગડદા પોલા પોલા મારે. ॥ ૩ ॥ બેઉને પરશેવા ઉતરે દીલે, ભીમ ગડદા વજ્જર પાસે ઝીલે;મલ્લ મારે તેમાં નહી ભુલ, પણ ભીમને મન અડયું ફુલ. ॥૪॥ ભીમે ઓળખાણ રાખી છે પાકી, જાણ્યું સો ભાઇમાંનો આ બાકી; જાણી જોઇને રમત કરતો, મલનો પાડયો નીચો નથી પડતો. ॥૫॥ લોક જોઇ જોઇ વીચાર કરે,વાલવો માર ખાઇ ખાઇ મરે,એતો બીચારો રાધી જાણે, કયાંથી આવે એ મલના પ્રમાણે. ॥૬॥ ભીમને રમતા ઘડી બે થાય, ત્યારે સમજી ગયા ધર્મ રાય;આતો રમતમાં ચઢીઓ છે ભેમ, પણ રમતાં કોઇને પડે વેમ. ॥૭॥ એમ જાણી ભીમને કરી સાન, ભુંડા કયાં ગયું તારૂ ભાન; રમતાં જાણી જશે કો જન, બાર વરસ જવું પડે વન. ॥ ૮ ॥

રાગ ઝડપનો દોહરો.

તવ વ્રકોદર ચેતી ગયો; બહુ ક્રોધાતુર થાય, ઉછળી ગડદો માર્યો જાણે, બ્રહ્માંડ ભાગી જાય. ॥૧॥ મલના ચક્ષુ તરી ગયાંને, વીચાર કીધો એવો;આતો ગડદો ઓળખ્યો મેં, ભીમસેનના જેવો. ॥૨॥ એવે વાંકો વળી ઝાલ્યો, ભીમે મલનો ચરણ; ઉચકી માથે ફેરવીને,તરત નાંખ્યો ધરણ. ॥૩॥ મલ બન્યો બેબાકળો ને, પડયો ચીતાપાટ હેઠો. ભીમશેન રાતાં લોચન કરી,રૂદીઆ ઉપર બેઠો. ॥ ૪ ॥ બે પગ ઝાલી નાંખ્યો

નીચે,દ્વેશ ઘણેરો ધારે;મલના મ્હોમાં ધુળ ભરીને,ગાલમાં ગડદા મારે ॥૫॥ જેમલ મલ તરફડવા લાગ્યો, ઉંચા ચડીયા ચક્ષ; એવામા કુન્તી કુંવરે, ગળે દીધો નખ. ॥ ૬ ॥ મલે મનમાં એમ વીચાર્યું; હવે હું તો મરૂં;પણ આ પન્ડે ભીમ છે તે, સઉને જાહેર કરૂં. ॥ ૭ ॥ એવું સમજી મરતા મરતાં,ભીમ કહેવા જાય;ગળે આવ્યો અચરકો તે, ભેં શબ્દ એક થાય. ॥ ૮ ॥ વળણ ॥ ભેં શબ્દ એકજ થયો, વદી ન શકયો વાણ; કહે વલ્લભ એ મલ તણા, નીકળી ચાલ્યા પ્રાણ.

——×○×——

કડવું ૭ મું રાગ સવૈયાનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજ ને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥ ૧ ॥ પાપીનો પ્રાણ નીકળી ગયો, ભીમે પુતળાં લીધાં; નેવું મણ સુવર્ણનાં બોહોતેર, વઇરાટને દેઈ દીધાં. ॥ ૨ ॥ વઇરાટ રાજા વીશ્મય પામ્યો, વાલવાજી તમને ધન;કાષ્ટ તમારે ન લાવવાં ને, સોળ કળશી ખાવું અન્ન ॥ ૩ ॥ ભીમ કહે કે જેટલું જેટલું, ખવરાવશો રાય અમને; તે ફાયદો મુજને કાંઈ નથી, થવાનો ફાયદો તમને. ॥૪॥ પછી સરવે લોકને કહ્યું, ગામમાં નાશી જાઓ, નહીતો મલના ભેગા બાળું, જેવું હોયતો આવો. ॥ ૫ ॥ તવ ભય સર્યો લોકો નાઠા, એનાથી સૌ રહે બીહીતા;કાષ્ટ લાવીને વ્રકોદરે, મલ કાજ કીધી ચીતા. ॥ ૬ ॥ અગ્ની મુકીને સળગાવી,મલ્લ તણી લાશ લીધી; અગ્નીના સામા ઉભા રહીને, પોતે સ્તુતી કીધી. ॥૭॥ અગ્ની કાકા અગ્ની કાકા,અમને આશીશ દેજે; સોમાનો એક બાકી હતો તે, આપું છું માની લેજે ॥૮॥ ત્રણ માના ત્રણસેં માન્યાતા, લાખાભોવનથી નીકળતા;કાશીના એકશો જાણતો હતો; બીજા ન્હોતા કાંઈ મળતા. ॥૯॥ પણ તમ કરમે કબીરા મળીયા, એક રહયો ॥ અધુરો; તે પણ હાથમાં આજ આવ્યો, સોમો કીધો પુરો. ॥ ૧૦ ॥ અગ્ની કાકા છો ભાગ્યશાળી નશીબના બહુ બળીયા;વળી તમારે નશીબે અહીં, એક માના સો મળીયા. ॥ ૧૧ ॥ છે કૈયા લોકો એક માના, વાંકમા આવે લગાર, એટલે એમને પુરા કરૂં, કાંઇ કરૂં નહી વાર. ॥ ૧૨ ॥ એમ કહીને જેમલ મલને, ચીતામાં હોમી દીધો; જેમલ કબીરો બાકી રહેલો, અગ્નીએ ચુશી લીધો. ॥૧૩॥ ભીમે સરોવરમા સ્નાન કીધું, પછી ગામમાં ગયો;

મહિમા વધ્યો વાલવાજીનો, જસ ઘણેરો થયો. ॥ ૧૪ ॥ સોળ કળસી નીત્ય મળે ખાવા. કાષ્ટ ન લાવવાં એને; કૈયો પડયો ખાટલે તે, મહી ને મટયું તેને. ॥૧૫॥ એક મહીને માંથે પાણી ઘાલ્યું, થઇ જરા સુખ-પેર, સુદ્રષ્ણા ભગની એની તે,ગઈ કઇઆને ઘેર. ॥૧૬॥ જઇને કહયું કઇઆજીને, આવ્યો નવે અવતાર; માટે પહેલો બેહેનના હાથે,જમવો ઘટે કંસાર. ॥ ૧૭ ॥ તેથી મારે ઘેર આવજો જમવા, ઓરે મ્હારા વીર; કૈયાજી કહે વારૂ ભગની, આવીશ ધરી ધીર. ॥૧૮॥ તવ સુદ્રષ્ણા ઘેર અઇને,કરવા માંડી રસોઇ;કૈયાજીને સમરણુ ચાલ્યું, દ્રૂપદીને ગયો મોહી. ॥૧૯॥ જાણ્યું કે નવે અવતાર આવ્યો, દારૂણ પડીયું દુખ; એક મહીનાથી શયંદ્રીનું, મેં નથી જોયું મુખ. ॥૨૦॥ ધીરે ધીરે ત્યાં જઇને બેસું,ભગનીને ઘેર ઠરશું; સયંદ્રી પાસે બેસાડી, ગમ્મતની વાત કરશું ॥૨૧॥ એવું જાણી મોહ આણી, તરત ઊભો થયો; સયંદ્રીનુ સમરણુ કરતો,વઇરાટને ઘેર ગયો. ॥૨૨॥ સુદ્રષ્ણા કહે કેમ વીરા, તરત તું આવ્યો સાર;હવે રસોઇ કરવા માંડું છું, માટે થવાની વાર. ॥૨૩॥ કૈયોજી કહે ભગની મ્હારી, ઘરમાં ગમતું નથી;માટે વેહેલો આવીયો હું, અકળામણ છે અતી. ॥૨૪॥ સુદ્રષ્ણા કહે ભલે આવ્યો, ટળશે તનના તાપો;કયાં ગયાં સયંદ્રી સતી,ભાઇને આસન આપો.॥૨૫॥દ્રૂપદીએ તકીયો આપ્યો,પાથરીયું આસન;તે પર કૈયાજી બેસીને,વદ્યા પ્રેમ વચન॥૨૬॥ ઓરે સયંદ્રી તમારા ઉપર,અમને પુરણ પ્રેમ;હું તો મરતાં ઉગર્યો તમે, ખબર પુછો ન કેમ. ॥ ૨૭ ॥ દ્રૂપદી કહે નજરે દેખું છું, તેં છતાં પુછું કેમ; નથી આંખે આંધળી હું, દેખું છું કુશળ ખેમ. ॥ ૨૮ ॥ કૈયોજી કહે કાંઇ નથી ગમતું, અખંડ દીવસ રાત; માટે બેસો મારી પાસે, કરીયે સુખ દુઃખ વાત. ॥૨૯॥ દ્રૂપદી કહે કામ ઘણું છે, નથી મારે નવરાઇ; સુદ્રષ્ણા સાથે વારતા કરો, ઓરે કઇયા ભાઈ. ॥ ૩૦ ॥ એમ કહીને ઉઠી ચાલી, કૈયોજી વદ્યો વચન; રાંધશો નહીં સુદ્રષ્ણા ભગની, કરવું નથી ભોજન. ॥૩૧॥ સુદ્રષ્ણા કહે શું પડયું વાંકું, શું દાઝયું અંતઃકરણ; કૈયો કહે હું શીદને જીવ્યો, મુને ન આવ્યું મરણ. ॥૩૨॥ સુદ્રષ્ણા કહે આમ કેમ બોલે,ઓરે મ્હારા વીર; શા શારૂ મુખ ઉતારી નાંખ્યું, કેમ શોસાવે શરીર. ॥ ૩૩ ॥ કઇયો કહે જાવાદે મુને, હું નહીં તારો ભ્રાત; ઘેર જઇ ફાંશો ઘાલીને, કરવાનો આપઘાત. ॥ ૩૪ ॥ સુદ્રષ્ણા તવ રડવા લાગી, શા દુઃખથી તું મરે, જે હોય તે કહે મુજને તું, આપઘાત શાને કરે. ॥ ૩૫ ॥ જો ભાઇ તારે ત્રણ છે નારી, જો ભાઇ

તારૂં આ રાજ; નીમીત માત્ર બનેવી તારો,તું કરે છે રાજ કાજ॥૩૬॥ જો ભાઈ તારે શી ખામી છે,જે દુઃખ હોય તે કહેને,તે કરતાં કાંઇ જોઇ તું હોય તો, મુજ કનેથી માગી લેને. ॥૩૭॥ વળણ.॥ કઇચોજી કહે બેનડી,ઉપડે નહીં જીભ્યાય,પણ તે કહુનહીતુજને,તો મુજ કાજ ન થાય.

કડવું ૮ રાગ સુણો કંથાજીરે.

કૈચોજી વાણી બોલ્યો, સુણ બેહેનીરે; મુને ઘણો લાગ્યો મોહ, મન વશ રેહેનીરે; તુજને કહીશ વારતા, સુણ૦તવ તુજને લાગશે દ્રોહ, એ મન વશ રેહેનીરે. ॥૧॥ ખાવા પીવા સહુ માહારે, સુણ, બધું રાજ પાટને રીધ શીધ. એ૦ત્રણ ત્રણ તારૂણી ધામમાં,સુણ જોઈએ તે નવે નીધ. એ. ॥૨॥ પણ એક ચીજ તુજ ધામમાં. સુણ તેતો જોઈએ મારે ઘેર, એ, તેમાં મારો જીવ ભમ્યા કરે, સુણ. તે લેવાની બહુ કરી પેર, એ. ॥૩॥ ત્રીલોકમાં તે ચીજ નથી, સુણ. તેને હુંતો રહ્યો છું ઉપાશી, એ. માગી માગી માગુ એટલુ, સુણ,મુને દોને સયંદ્રી દાશી.એ. ॥ ૪ ॥ તવ રાણી થઈ બાહાવરી, સુણ વીરારે; તુંતો આ શું વદયો વચન,ઓ કુળના હીરારે; કાનના કીડા ખરી પડયા, સુણ. આજ વાંકો થયો તુજ દન. એ. ॥ ૫ ॥ આતો સયંદ્રી શુભ સતી, સુણ. એના ધોઇને પીજીયે ચરણ, એ. અવળું બોલે આભ ઉંધું વળે. સુણ. બધી જાય રસાતાળ ધરણ. એ. ॥ ૬ ॥ શ્રાપ દેઇ બાળી ભસ્મ કરે. સુણ. તારી કુબુદ્ધી કેમ હોય. એ. ઘણા ઘણા નર જગતમાં, સુણ. પણ તુજ તુલ્ય દીઠો ન કોય. એ૦ ॥ ૭ ॥ વળણ. ॥ તુજ સરખો જાણ્યો નથી, આજ લગી મેં કોય;કહે વલ્લભ ભાઇ બેહેનને, વાદ વિવાદજ હોય.

કડવું ૯ રાગ દોહરો.

વઇશમ પાયે એણી પેર બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું,વઇરાટ પરવ મહીમાય. ॥૧॥ કઇચોજી કહે ઓરે ભગની, તુજ મનને થયો દ્રોહ, મારાથી તો મોટા મોટાને, લાગ્યો છે બહુ મોહ. ॥ ૨ ॥ માહાદેવજી મોહ્યા ભીલડીને, ગુરૂ પત્નિને ચંદ્ર, ક્રષ્ણજી મોહ્યા ગોપીકાને, અહલ્યાને મોહયો ઇંદ્ર. ॥૩॥ પારાસર મોહ્યા મછગંધાને, રાવણ સીતા સતીને;દુર્યોધન પણ મોહ પામ્યો છે. પંચાળી કરૂપ-

દીને ॥ ૪ ॥ શું તેં મારી દીઠી નવાઇ, અનાદી ચાલે એમ;એવા અનેક દાખલા છે મુને દબાવે કેમ. ॥ ૫ ॥ સુદ્રશણા કહે વીરા મ્હારા, કહ્યા ખરા સમાચાર; પણ મોહ પામ્યા તેના બતાવું, જે નીકળેલા સાર. ॥ ૬ ॥ શીવ વીષ્ણુને પારાસરના દાખલા દીધા જેહ; એમનો વાદ ન થાય કદાપી,મોટા પુરૂષ એહ. ॥૭॥ પારાસર મોહ્યા મછગંધાને,તેનો ફૂરી લે કયાસ, વીષ્ણુનેઅ વતરવું પડીયું; થયા વેદમવ્યાસ. ॥૮॥ કષ્ણ વીશ્ણુ મોહ્યા ગોપીકા, સાથ્રથનો ખલ કીધો; પોતાની ટચલી આંગળી ઉપર, ગોવરધન ધરી લીધો. ॥ ૯ ॥ માહાદેવજી મોહ્યા ભીલડીને પણ પરાક્રમ કેવું કીધું;સમુદ્ર મથતાં વીશ નીકળીયું, તે પોતે પી લીધું ॥ ૧૦ ॥ એમના વાદ કયાં કરીયે વીર, આપણે મનુશ જાત;દેવના રદીયા આપું તુંને, સાંભળ મારા ભ્રાત. ॥૧૧॥ ઈંદ્ર મોહ્યો અહલ્યાની સાથે, લેવાને વઇભોગ; ગૌતમ રૂશીનો શ્રાપ પામ્યો, થયો ભગંદર રોગ. ॥ ૧૨ ॥ ચંદ્ર મોહ્યા ગુરૂ પત્નીને, તો તે પામ્યા શ્રાપ; ક્ષય રોગ એમને પ્રાપ્ત થયો, ક્ષીણતા પામે આપ. ॥૧૩॥ રાવણ મોહ્યો સીતા સતીને, રામે રોળ્યો રણ માંય; દુર્યોધન મોહ્યે દ્રુપદીને, તેની ગતી શું થાય.॥૧૪॥ આગળ જાતાં જોશો નજરે, ઓરે મ્હારા વીર;સમજીને લલુતા મુકો, મનડું રાખો સ્થીર. ॥૧૫॥ એવાં વચન સાંભળીને,કઇચોજી વદ્યા વાણ; મારૂં બોલ્યું તને અવળું લાગ્યું, ઘેર જઇ કાઢું પ્રાણ. ॥ ૧૬ ॥ તેં સયંદ્રીને સતી જાણી; પણ હું જાણું બધી વાત; સુદ્રશણા ગભરાઈ મનમાં મરશે મારો ભ્રાત. ॥૧૭॥ સોની જોડમાં ખોડ પડશે, દારૂણ દશા કેવી; કઇચો કેહે છે તે માટે, હશે સયંદ્રી એવી. ॥ ૧૮ ॥ એમ ભોળી ભરમાઇને બોલી,તુજ સલાહમાં રહેવાય;પણ સયંદ્રીને મોઢે મુજથી, કાંઇ ન વ કેહેવાય. ॥૧૯॥ કઇચોજી કહે કાંઇ નથી કેહેવું,સાંજ પડે જે વારે; દુધ તણો આપખોરો ભરીને,આપજે એને તે વારે.॥૨૦॥ કહીએ કે મારા ભાઇને જઇને, આપજે હાથો હાથ;ભુમી મુકેલો કામ ન આવે, એ ભય બહુ મન સાથ. ॥ ૨૧ ॥ એમ કહી આપખોરો આપી, મોકલજે મુજ ભગની, તે વીના હું મરી જવાનો, શાન્ત પડે નહી અગ્ની. ॥ ૨૨ ॥ સુદ્રષ્ણા કહે વારૂ વીરા, ઊતારી નાંખજે રોશ; તું જાણે ને સૈયંદ્રી જાણે, મુને નહી કાંઇ દોશ. ॥ ૨૩ ॥ કૈચોજી કહે નહી દોશ તુને,રાખજે મ્હારી એન;હવે હું ભાઈ તાહરોને; તું તો મારી બેન. ॥૨૪॥ એમ સપુત ભઈ ખુશી થયા, ભાવે કર્યું ભોજન;પછી પોતાને ઘેર ગયો, વીચાર કીધો મન. ॥૨૫॥ દેવ શેવા નીચે ચોકમાં છે,સયંદ્રી સાંજે આવે; દુધનો આ-

પખોરો હાથમા આપી, નાશી જવું એને ફાવે. ॥૨૬॥ માટે સાતમે માળ બેસું, ઉપર આવશે નાર; છેક ઉંચેથી નાશી જતાં, ફાવશે નહી લગાર. ॥૨૭॥ એવું જાણી કૈચો કીચક, ત્યાંથી તતપર થયો, ઠાકોર શેવા માળા પોથી, લૈ સાતમે માળ ગયો. ॥ ૨૮ ॥ ચોકમાં દ્રષ્ટી પડે તે રીતે,બારીએ બેઠો એવ; ગૌમુખી માળા હાથ ઝાલી; આગળ મુકયા દેવ ॥ ૨૯ ॥ ચોકમાં ટગમગ જોઇ રહયો છે, મોહાતુર સરવથી;વારે વારે ઉંચું જુએ, કેમ સાંજ પડતી નથી. ॥ ૩૦ ॥ એવે દીનમણી મેર બેઠો, કૈચોજી વીચાર કરતો;હવે સૈયંદ્રી આવતી હશે.દ્રુપદીનું ધ્યાન ધરતો ॥ ૩૧ ॥ પાપની માળાના મણુકા તે, અધરમીને હાથ ચડીયા, ઠાકોર એવા ભાગ્યશાળી તે, પાપીને પાલે પડીયા. ॥૪૨॥ મોહીત કૈચો ફેરવે માળા, સયંદ્રા નામ ઓચરેતો, પ્રભુ તણું તો સમરણ શાનું, પાપની ગાંસડી કરતો. ॥ ૩૩ ॥ એટલું ધ્યાન જો ધરે હરીનું, થાય સફળ અવતાર; પણ કામીને કાંઈ ન સુજે, કામમાં તદાકાર. ॥૩૪॥ એવામાંતો સુદ્રષ્ણાયે, દુધ મંગાવ્યું સાર; ઉજ્વળ આપખોરો ભરીને, કીધો છે તૈયાર. ॥૩૫॥ પછી બોલાવી સયંદ્રી,મુજ બંધુ ઘર જાઓ;દેવ શેરામાં બેઠેલો હશે, આપખોરો આપી આવો ॥ ૩૬ ॥ ભુમી મુકેલું ખાપ નહી આવે, આપજો હાથો હાથ; એવું સાંભળીને સયંદ્રી, બહુ શોસાઈ મન સાથ ॥ ૩૭ ॥ સપુત રાણી સાંભળો વાણી, હું ડગલું નહિ ભરૂં; નીચી વસ્તુ કહો ઉપાડવાની,તો પણ તે કામ કરૂં. ॥ ૩૮ ॥ પણ આ કામ મુને નવ દેશો, લાગું તમને પાય;સુદ્રષ્ણાને ક્રોધ વ્યાપ્યો,કેમ તું ત્યાં નહી જાય. ॥ ૩૯ ॥ તેં મારા ભાઇને કેવો જાણ્યો, તું કોણના કેહેનારી; કામ ન કરે મ્હારા ઘરની,તું તો પેટ ભરનારી.॥૪૦॥ નીકળ મારા ઘરમાંથી, હું રાખું નહી મુજ ધામ;દ્રુપદી કહે ધાંટા ન કહાડો, લાવો કરૂં છું કામ ॥ ૪૧ ॥ એમ કહી લીધો આપખોરો, આપવા માટે ચાલી, નીચું જોઇને પંથે પળતી; દાંતે છેડો ઘાલી. ॥૪૨॥ થર થર કંપે નીકળે આંસુ, કરવી પડે નીચ વેઠ; અરેરે આ દાહાડો આવ્યો, નડે છે પાપી પેટ ॥ ૪૩ ॥ કામ કર્યા વણ જઉં કંથ કને, કેહેશે કે આવો રાણી, ના કહ્યું તુને કેડે આવી, તું કાંઇએ ન સમાણી. ॥ ૪૪ ॥ કૈચાને ઘેર નહી જાઉં તો સુદ્રષ્ણા મુકે કાહાડી;પછી કયાં જાઉં એકલી હું, નીકળું ભાગ્ય અનાડી. ॥૪૫॥ થવા કાળ હશે તે થાશે, એમ ધાર્યું ઉદરમાં, કૈયા ભાઇ કૈચા ભાઈ કહેતી, પેઠી કઇચાનાં ઘરમા. ॥ ૪૬ ॥ હરખ ચમકથૈ કઇચાને, માન્યની શું મન મ્હોતું; સાતમે માળથી કર્યો ખુંખારો, સતીયે ઉં

ચું જોયું ॥૪૭॥ દ્રૂપદી કહે પય આપખોરો,લૈ જાઓ નીચે આવી; બારીમાં હાથ બાહાર કાઢી, ગૌમુખી કેચે બતાવી. ॥૪૮॥ જો હું બેઠો છું આરાધનમાં, ઉઠયા તેવું નથી; માટે તમે ઉપર આવી, આપીને જાઓ સતી. ॥૪૯॥ ભુમી મુકો તો કામ ન લાગે, તેથી ઉપર આવો; જરાયે ડરશો નહીં મનમાં, આપખોરો મુકી જાઓ. ॥૫૦॥ તવ દ્રૂપદી દ્રૂજતી ધરૂજતી, ચાલી સાતમે માળ;દુષ્ટ કને મારી રાખજો તમે, લજ્યા શ્રી ગોપાળ. ॥૫૧॥ એમ કરીને સાતમા માળે, દાદરમા ગઇ નાર; કહ્યું કે લ્યો લાંબે હાથે, કઇચો બોલ્યો તે વાર. ॥૫૨॥ આ બાજઠ પર લાવીને મુકો,તવ દ્રૂપતી ચડી,માળા ગૌમુખી ફેંકી દેઇને,કઇચો ઉઠયો તે ઘડી ॥ ૫૩ ॥ એકાએક;દાદર દૈ દીધો, વાશી દીધું તાળું,દ્રૂપદી તવ ધરૂજવા લાગી,કૈચે ધાર્યું કાળું ॥૫૪॥ નીસાસો નાંખી હેઠી બેઠી, બોલી મુખથી એમ; ઓ કઇચા ભાઈ જાવું છે મારે, દાદર દીધો કેમ. ॥૫૫॥ કઇચો કે સુણો શચંદ્રી, મારા મનની વાત, બોલતાં તમને નથી આવડતું ! કેમ કહો છો ભ્રાત ॥૫૬॥ ઓરે મારી પ્રાણની પ્યારી, દુખમાંથી લેઊં તાણી; ન્નણ નારી મ્હારી દાશી તારી, તમને થાપું પટરાણી, ॥૫૭॥ દાસ પણું તમે શાને કરોછો, મુકીદો ધંધો નીચો; મન ગમતું તમે પેહેરો ઓઢો, હંચોળાખાટે હીંચો. ॥ ૫૮ ॥ દ્રુપતી કહે વીરા મારા, બોલો ન આળ પંપાળ; જાણજે મુજને ભગની જેવી, નહીતો જાશે રસાતાળ. ॥ ૫૯ ॥ રૂપ દેખીને શું મોહ પામે, મળ મુત્રનો દેહ; તોપણ તેમાંથી વીશ નીપજે, બહુ પસ્તાય જો તેહ. ॥૬૦॥ એટલે કઇચે એમ વીચાર્યું હોય હઠીલી નાર; સમજાવે નથી સમજવાની, માટે મારૂ માર. ॥ ૬૧ ॥ એમ જાણી કુદ્રષ્ટી કીધી,માંડયા કામ જવર ચેન;ધરૂપતી કહે જા રડયા અળગો, હુંતો તારી બેહેન. ॥૬૨॥ એટલે કઇચે કેશ ઝાલી,દેવા માંડયો માર; ગડદા પાટું ઢીંચણ કોણી, જેષ્ટિકાનો પ્રહાર. ॥ ૬૩ ॥ વળણ ॥ પ્રાહાર કરે પાપી અતી, મારે જુલમ માર;વદે વલ્લભ માને નહી, શુભ સતી જે નાર. ॥

કડવું ૧૦ રાગ કાફીની ચાલ.

હાંરે બોલ્યા વઈશમપાયે વચન, સુણ પરીક્ષત રાયના તન. ॥ ૧ ॥ હાંરે સતી સાધવી બહુ ટળવળતી,પણ પાપીના મતને ન મળતી ॥૨॥ હાંરે એને વહે છે નેત્રમાં નીર, કરગરે મુકી દો વીર. ॥ ૩ ॥ હાંરે મુજ

રંક ઉપર શી રીશ; મુકો ચોટલો દુખે છે શીશ. ॥૪॥ તોયે દુષ્ટ દયા નવ આણે, કરગ્રહીને સમીપ તાણે. ॥ ૫ ॥ હાંરે ત્યારે સમરીયા શામ શરીર, વ્હારે આવોને વીઠુલ્ વીર. ॥૬॥ હાંરે એને નેણે વહે છે નીર, શીદ પુર્યાં સભામાં ચીર. ॥ ૭ ॥ હાંરે શીદ જયદ્રથ કરથી છોડાવી, શીદ અસુરને લેતાં હોડાવી. ॥ ૮ ॥ હાંરે છેવટ જાય છે લજ્યા મોરારી, ઘણું દુખ પામે ભગની તમારી. ॥ ૯ ॥ હાંરે એવી સ્તુતી કરી સતી રાણી, તવ પ્રભુએ વારતા જાણી ॥ ૧૦ ॥

રાગ ઝડપનો દોહરો.

દુઃખ ભગનીનું ભગવાને જાણ્યું,આવ્યા વીશ્વના ભુપ;કૈયાજીનેછાપરે આવી, ધરીયું વાંદર રૂપ. ॥ ૧ ॥ રાતા તાતા બહુજ થાતા, ઘણાક ક્રોધે ભરીયા; છે ધાબાની બારી ઉઘાડી, તેથી ત્યાં ઉતરીયા. ॥૨॥ અગાશીમાં ઉતરીને, ગયા સાતમે માળ; ઝડપ દેઇને કૈયાજીને, ઝાલ્યોરે તતકાળ. ॥ ૩ ॥ આડો પાડી માર માર્યો, અદ્ધર ઉચકી લીધો; બાચકાને બચકાં ભરીને, બારીથી ફેંકી દીધો. ॥ ૪ ॥ પાપી જઇને પડયો ચોકમાં, ન રહી સુદ્ધ કે સાન; પછી દાદરનું તાળુ ભાગ્યું, પોતે શ્રી ભગવાન ॥ ૫ ॥ દ્રૂપદીનો પાલવ ઝાલી, પોતે આગળ થયા; સત્ય સતીનું રાખી ઉતારી, ચોકમાં લઇ ગયા. ॥ ૬ ॥ કૈયા કને પોતે ઉભા, કેમ જાય પ્રભુ ચુકી; દ્રૂપદીને કઇયાજીના, ઘર બાહાર કાઢી મુકી. ॥ ૭ ॥ મધ્ય રાત્રીએ બાહાર નિકળી, દ્રૂપતની સંતાન; બેભાની કૈયા કનેથી, હરી થયા અંતરધ્યાન. ॥૮॥ પાપી પાસથી પ્રેમદા છુટી,હવે હું કયાં જાઉં; રાણીને ઘેર જવાની પણ, હું ત્યાં નહી સમાઉં. ॥ ૯ ॥ કઇયાને કળ વળશે સવારે, તવ આવશે અનાડી; એની બેહેનને શીખવી મુને, મુકાવશે એ કાહાડી. ॥ ૧૦ ॥ તેથી મોટો થાશે ફજેતો, જો વન નાશી જાઉં; કોને આશરે વાસ પુરૂં, રૂપથી દુઃખી થાઉં. ॥૧૧॥ મ્હારો એકે આરો નથી, તે કરતાં વેમ ખોવું; સલા લીધા વણ કાંઇ ન કરવું, પીયુને પુછી જોવું. ॥૧૨॥ એવું સમજી પ્રથમ પેહેલી, રાજ્યસભામાં જાય; જૈને ચરણ ચાંપવા લાગી; સુતા ધરમરાય. ॥૧૩॥ ચરણે હાથ અડયો તવ ઉઠયા, પોતે રાજા ધર્મ; કેમ કામની અહીં આવી,શો તુજ મનનો મર્મ. ॥૧૪॥ વળણ. ॥ કહે મરમ તુજ મન તણો, કેમ આવી તું નાર; વદે વલ્લભ તવ દ્રૂપતી, કહે સઉ સમાચાર. ॥

કડવું ૧૧ રાગ કંથાજીનો.

દ્રુપદી વાણી બોલીયાં, સુણો કંથારે,જુઓ ઉતર્યું મારૂં મુખ,ઓ પીઉ ગુણવંતારે;રડયો કઇચોજી મહારી કેડે પડયો સુ૦ એણે આજ દીધું અતી દુખ.ઓ. ॥ ૧ ॥ મોહોલમા જમવા આવીયો, સુ૦ એણે માડયાં વ્યભીચારી ચેન. ઓ. પય દેવા સાજે મોકલી, સુ૦ એની સુદ્રષ્ણા જે બેહેન. ઓ. ॥૨॥ કઇચોજી સાતમે માળ હતો, સુ૦ મને ત્યાં ઘેરી ભરથાર. ઓ. મને સમજાવી સમજી નહી. સુ૦ ત્યારે માર્યો મોહોકમ માર. ઓ. ॥ ૩ ॥ હવે જેમ કહો તેમજ વરતું, સુ૦ કોહોતો વન વીશે પરવરૂ,ઓ. કોહોતો એની નારી થઇને રહું, સુ. કોહોતો કુવો હવાડો કરૂં. ઓ. ॥ ૪ ॥ તવ ધરમરાય બોલીઆ સુણ સુંદરી; કેડે આવી મુમતથી કેમ, ઘેલી કોણે કરીરે; સહુનાં લાગ્યા સહુ ભોગવો, સુ૦ કરો તમોને ફાવે તેમ. ઘે. ॥ ૫ ॥ રાણી હવે રાખશે નહી,સુ૦ માટે ચાહ્યતો વન સંચરો. ઘે. ચાહ્યતો થાઓ એની પ્રેમદા,સુ. ચાહ્ય કુઓ હવાડો કરો. ઘે. ॥ ૬ ॥ મુમતથી માંથે કષ્ટ આવ્યું. સુ. હવે શીદ કરે ઠગાઈ. ઘેલી. અલી હાલ હું રૂશી તું દાશી. સુ. મારે તારે નહી સગાઇ. ઘે. ॥૭॥ ઉઠ ચાલી જાતું અહીંથી,સુ. થાશે ફજેતો નીકળ બાહર. ઘે. હોય પુરૂષનો સ્વભાવ આકળો,સુ. પેટ ભરીને ખાઇશ માર. ઘે.॥૮॥ દ્રૂપદી કહે શાન્ત પડો,સુણો કંથારે; નવ થાશો રામા પર રોશી,ઓ પીઉ ગુણવંતારે;હું જાણું છું ભીડ ભાગનાર નથી. સુ. છો જનમારાના ફોશી.ઓ.॥વળણ॥ એમ કહી ગઇ નિશાળમાં, અરજુન જાગ્રત થાય; કહે વલ્લભ નરે પુછીયું, કેમ આવી પ્રેમદાય. ॥

કડવું ૧૨ રાગ ઉપરનો.

દ્રૂપદી વાણી બોલીયાં, સુણો કંથારે, મારા દુખના બેલી ભરથાર- ઓ પીયુ ગુણવંતારે;જુઓ કઇચોજી મારી કેડે પડયો,સુ.એણે મુમતથી માર્યો માર. ઓ.॥૧॥ હવે સવારે રેહેવાનું મારે નથી, સુ.કહો વન જોઈ પુરૂ વાસ,ઓ.કોહોતો એની નારી થઇ રહું,સુ. કોહોતો દેહ કરૂં મારો નાશ ઓ. ॥ ૨ ॥ તવ વ્યંઢળ વાણી બોલીઓ, સુણ સુંદરીરે;કરિ કેડે આવવા ઠગાઈ,ઘેલી કોણે કરિરે; હાલ હું વ્યંઢળને તું દાશી.સુ. મારેતારે શી સગાઈ. ઘે. ॥૩॥ તારે ચીરને મારે ચુંદડી. સુ. ચુડી ચુડો બેને કેવો

ઘે. તારે ઘાઘરો માહારે ઘાઘરો સુ. અલી હું પણ તારા જેવો. ઘે. ॥૪॥ તારે ચોળી તેવી મ્હારે ચોળી. સુ૦ નથી ફેર રહેલો લગાર. ઘે૦ ચાહ્ય તો વન જાઓ ચાહ્યતો મરો. સુ. ચાહ્યતો થાઓ કૈચાની નાર ઘે. ॥૫॥ તવ દ્રૂપદી ઉઠી ઉભી થઈ, સુણો કંથારે; તમો નરમાં ગણાતા કેવા એ. વેશ ધર્યો તે પ્રવેશ કર્યો સુ. હવે બની ગયા મુજ જેવા. એ. ॥૬॥ ॥ વળણ. ॥ એમ કહી અબળા સંચરિ, ગૌશાળામાં જાય; જોશી જાણે વારતા, તેથી બેઠા થાય. ॥દુહા.॥ સહદેવ કહે સુણ સુંદરી, જાણું છુ સહુ પેર; માર પડયો છે તુજને, કઇચાજીને ઘેર. ॥ ૧ ॥ પણ દુખ ભાગે ન મુજથી, અહીં રડવું નિષ્ફળ હોય; પણ હિમ્મત દેઉ તુજને, જા દુઃખ ભાગશે કોય. ॥ ૨ ॥ તવ નારી નમી નીકળી, નીકુળ પાસે જાય; લાગી ચરણ ચાંપવા, હયશાળાની માંય. ॥ ૩ ॥ નીકુળ તવ જાગ્રત થયા, પુછવા લાગ્યા એમ; મધ્ય રાત્રીયે માનની, કહે તું આવી કેમ. ॥૪॥

કડવું ૧૩ રાગ ઉપરનો.

દ્રૂપદી વાણી બોલીયાં, સુણો કંથારે; જુઓ કઇઆયે કીધો કેર; ઓ. પીઉ ગુણવંતારે; કુદ્રષ્ટાથી મુને મારી. સુ૦ કીધું કપટ એને ઘેર. ઓ. ॥ ૧ ॥ પણ પ્રભુએ છોડવી મને. સુ૦ પણ સવારે મુકશે કહાડી, ઓ. કોહોતો વન જાઉ કે મરૂ. સુ૦ કોહોતો બેસું એનું ઘર માંડી ઓ. ॥ ૨ ॥ નીકુળજી તવ બોલીયા. સુણ સુંદરીરે; એતો પોતે પોતાનું ભવીશ. ઘેલી કોણે કરીરે; જેમ ફાવે તેમ તમે કરો, સુ૦ તેમાં નથી અમોને રીસ. ઘે. ॥૩॥ પક્ષ કર્યે પ્રસીધ થૈયે, સુ૦ હવે નથી વેઠવાનું વન. ઘે. તમારૂં લાગ્યું તમે ભોગવો, સુ૦ કાંઇ કેહેશો નહી વચન. ઘે. ॥૪॥ દ્રૂપદી તવ ઉભી થઈ, સુણો કંથારે; ઉઠી વરણાગીમાં વાટ, ઓ પીઉ ગુણવંતારે; દુઃખ વેળા કોઇ સગુ નહી, સુ૦ કાંઇ કરશો નહી બોબાટ. ઓ૦ ॥ ૫ ॥ ॥ વળણ ॥ એમ કહી ત્યાંથી સંચરી, પીઉ પર ખાતિ ચીડ; જાણ્યું ભીમ ભરથાર વીના, કોઇ નહી ભાગે ભીડ. ॥દુહો.॥ એવું ધારીને ગઇ, ભીમના રસોડા માંય; શયન કર્યું સુત વાયુને, તેના ચાંપ્યા પાય. ॥ ૧ ॥ તવ ભીમશેન જાગ્રત થયો, આ કઉતક શું એણ; અંધારે ઓળખી નહી, પુછયું કે તું કોણ. ॥ ૨ ॥ દ્રૂપતી કહે નારી તમ તણી, નથી આવી કરવા એશ; ભીમ કહે આવી ભલે, આવ આવ પ્રેમદા બેશ, ॥૩॥ કેહે વારૂ કેમ આવવું પડયું, આ વેળા મધ્ય રાત; કરવા લાગી તે સમે, દ્રૂપદી આંસુપાત. ॥ ૪ ॥

કડવું ૧૪ રાગ ઉપરનો.

દ્રુપદી વાણી બોલીયાં,સુણો કંથારે;મ્હારા દુઃખ તણો નહી પાર. ઓ પીઉ ગુણવંતારે, રડયો કઇચોજી મ્હારી કેડે પડયો. સુ. જુઓ આ વો માર્યો મને માર. ઓ. કપટથી મુજને કબજે કરી. સુ. એણે સમજાવી અપરમપાર. ઓ. પણ તમ દાશીયે માન્યું નહી. સુ. તેથી આવાં કર્યા દેદાર. ઓ. ॥ ૨ ॥

રાગ ઝડપનો દોહરો.

ભીમે જાણ્યું થયું ભલેરૂં, આવ્યો વાંક અપાર, જોઇતું તું ને વઇદે કીધું, ઉઠયો તેણીવાર. ॥૧॥ કડછો લીધો હાથમાંને, ધાર્યો કરવો કેર; હવે ન મુકું જીવતોને મારી નાંખું ઠેર. ॥ ૨ ॥ અગની દેવનું ભાગ્ય મોટું, એમ કહીને ચાલ્યો; એટલે તો દ્રુપતીએ,હાથ એનો ઝાલ્યો. ॥ વળણ ॥ દ્રુપદી કહે કંથજી, ગમ ખાઓ સતી તન; સહસા કામ કરવા થકી, જાવું પડશે વન.

કડવું ૧૫ રાગ સવૈયો.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણુજનમેજેરાય; વીસ્તારીતુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીમે જાણ્યું વાત છે સાચી, સહસા ન કરવું કામ,કળથી થશે તે બળથી ન બને, ધારી બેઠો તે ઠામ. ॥ ૨ ॥ ઓરે નારી વારતા તારી, માંડીને કહે મુને, શી રીતે તને ઘેર બોલાવી, શું દુઃખ દીધું તુને. ॥ ૩ ॥ દ્રુપદી કહે કંથ મ્હારા, પાપીએ કીધી પેર; રાણીએ મોકલી કઇચાને કહયે, પય આપવા એને ઘેર. ॥૮॥ પાપી પ્રપંચનો ભરેલો, ઘરમાં ઊંડાણે પેઠો; દેવ શેવા લઇ સત્ય દરશાવવા, સાતમે માળે બેઠો. ॥ ૫ ॥ મુને એણે ઉપર બોલાવી, કપટનું કાજ કીધું;દુધ મુકતામાં દાદર દઇને, ઉપર તાળું દીધું. ॥૫॥ મુને બહુ સમજાવવા માંડી, સમજી નહી તમ નાર; ત્યારે કઇચે ક્રોધ કરીને મારયો મુજને માર. ॥ ૭ ॥ પ્રભુને મેં પોકાર કીધો, આવ્યા વીશ્વના ભુપ;કઇચાને બહુ રીતે માર્યો,ધરી વાંદરનું રૂપ. ॥૮॥ તાળું તોડીને નીચે ઉતારી, કાહાડી ઘરની બાહાર; ધરમ અરજુન સહદેવ નીકુળ કને ગઈ ભરતાર. ॥ ૯ ॥ તેમણે કહ્યું ભવીશ તારૂં, અમથી નહી થાય કામ; સહદેવે કહ્યું કોઈ કામ કરશે, એટલી આપી હામ. ॥૧૦॥ ભીમ

કહે કે કોઇએ ન રાખી, ધરમતો કદી મોટા; પણ વ્યંઢળે કાઢી મુકી, એણે વાળ્યા કેમ ગોટા. ॥ ૧૧ ॥ હુંજ ખરો કે નીશાળમાંથી, ઉચાળો એને ભરાવું, નીકુળજીતો નાનો માટે,રીસ એની ન ધરાવું. ॥૧૩॥ સહદેવે તને હીમ્મત આપી,માટે એને ન કહેવાય, જો પ્રેમદા હવે જેમ. કહું તેમ, તું કરી લે ઉપાય. ॥૧૩॥ જો અડધો પોહોર રાત રહી છે, કઇચાને કળ વળી હશે; નર મોકલે ત્યાં નારીયે જતાં, પાપ કાંઈ નહી થશે. ॥૧૪॥ કળથી કામ કરવું છે માટે,જા કઇચાને ઘેર; હસ્તે મોઢે નેત્રને ચાળેબોલાવજે સુખભેર. ॥૧૫॥ તવ કઇચો બોલાવશે તુજને, કામીને ન હોય દાઝ;કામી જનને ટેક ન હોયે,કામીને નહી લાજ. ॥૧૬॥ કહેશે કે આવો બેસો સૈરંધ્રી,તવ તું કહેજે એમ; કહીએ કે સમજણ નથી તમોમા,મુને તો બહુ છે પ્રેમ.॥૧૭॥ મ્હારે માંથે પાંચ ગાંન્ધર્વ છે, તેમાંનો ગાંધરવ એક; વાંદર રૂપે છાપરે રહીને, જોતો હતો મારો ટેક. ॥૧૮॥ તમારૂં કહ્યું માનીને મેં,કીધી હોત સુખ લેહેર; તોતો તમને ગણું ગ્રહીને,મારી નાખત ઠેર. ॥ ૧૯ ॥ મેં તમારૂં કહ્યું માન્યું નહિં તો, જીવતા ફેંકી દીધા;તમને જીવાડવા મુમત ઝાલ્યો, માર સહન મેં કીધા ॥ ૨૦ ॥ હમણાં ગાંધરવ મ્હારા સ્વરગે ગયા, ત્યારે હું તમ કને આવી; એવું કહીશ તવ થાશે રાજી,તમને લેશે બોલાવી. ॥૨૧॥ કહેશે કે તમે ઘરમાં આવો;ત્યારે તું કેહેજે એમ; કહીયે કે આજ મળવું છે મારે,પણ કરો કહુ તેમ. ॥૨૨॥ કહીએ કે વ્યંઢળ મેહેતાજીની, ખાલી કરાવો નીશાળ,રાત્રીએ ત્યાં રંગ રમીશું, કરાવો ઝાક ઝમાળ. ॥ ૨૩ ॥ તમારી સાથે રંગ રમું તે,મુજને શું વીતે લાહાવો; સવારે છોકરાને વેહેંચવાને સો મણ મીઠાઈ ભરાવો.॥૨૪॥ એટલે કૈચો કબુલ કરશે, બોલજે બીજીવાર; કહીએ કે મારે સ્વાગ બદલવા, આપો વસ્ત્ર શણગાર. ॥ ૨૫ ॥ એટલે આપશે રાજી થઇને,તે લેઇ આવજે હાંઇ;પછી અંધારે જતીરેહેજે, રાણીના ઘર માંઇ.॥૨૬॥ પછી રાતે નીરાંતે સુજે, ચીંતા ન ધરીશ મ્હારી;કૈચોજી મ્હારો કંથ થાશે, હું થઇશ એની નારી. ॥૨૭॥ ઉઠ હવે વાહાણું વહી જાશે, તવ બોલી દ્રુપતી; તમો કહોછો તેવું કહેવા જાવા, મુજ મન માનતુ નથી. ॥ ૨૮ ॥ ભીમ કહે ભરથાર મોકલે, ત્યા તે ભામની જાય,તેમાં શાસ્ત્રથી દોશ નથી,જા હવે વાહાણું વાહાય. ॥૨૯॥ એટલે ઊઠી દ્રુપદી સતી,રસોડેથી ચાલી;મન સંકોચતી જાયછે એ,દાંતે છેડો ઘાલી. ॥૩૦॥ કઇચાજીને કળ વળી છે, ચીંતામાં જીવ પેઠો; દાતણ પાણી લેઇને આવી,ઓટલા ઉપર બેઠો.॥૩૧॥ દાતણ કરતાં વીચા

ર કરતો; ક્યારે વાહાણું વાય;બેહેનનાઘરમાંજઇસિંયદ્રી,કરીદેઉ વીદાય ॥૩૨॥ એવામાં તો કરૂપતી આવી, લેવરાવવા મુખ લાવો; કૈચાચેદીઠીસ યંદ્રી,કહ્યું કે આવો આવો ॥૩૩॥એટલે ચક્ષુનો ચાળો કરીને, હશી બોલી દ્રુપદી;અરેરે તમે મુમતી છો, કળ વકળ કાઇ નથી. ॥૩૪॥ ગાંધરવ વાંદર રૂપે જોતો તો, છાપરા પરથી પેર; મેં રંગ રમવા દીધા હોત તમને, તો મારી નાંખત ઠેર. ॥૩૫॥ પણ તમને બચાવવા માટે, ખાધો તમારો માર; તો તો તમે જીવતા રહ્યા, છો મારા કાવળ હાર. ॥ ૩૬ ॥ અત્યારે ગાંધરવ સ્વરગે ગયા, તવ તમ પાસે આવી; કઇચોજી કહેધન્ય સયંદ્રી, મુને તે લીધો બચાવી ॥૩૭॥ મુજ જીવ સારૂ તેં માર ખાધો, આ ગુણ કેમ વીસરૂં; જો પ્રેમદા તું કેહેતી હોય તો, તારે માટે હું મરૂ. ॥૩૮॥ દ્રુપતીને મન હસવું આવ્યું, લંપટને નહી લાજ; મનમા જાણ્યું કે મારે માટે, મરવાના છો અ જ. ॥૩૯॥ કઇચો કહે હવે ઘરમાં આવો, દ્રપતી બોલી એમ; તમ બુદ્ધી રેહેવા દો તમ પાસે, કરોહું કહું તેમ. ॥ ૪૦ ॥ ગાધરવ આજ રહેવાના સ્વર્ગે, માટે થાશે સંગ,વ્યંડળ મેહેતાની નીશાળ વીશે, રાતે રમીશું રંગ. ॥ ૪૧ ॥ માટે જઇને ખાલી કરાવો, વ્યંડળની નીશાળ; ઓછાનાબીછાના દીવા બતી,કરાવો ઝાકઝમાળ. ॥૪૧॥ રાત્રીયે ત્યાં આપણ મળશું. બીજું વચન માન્ય કરજો; સવારે બાળકોને વેહેંચવાને, સોમણ મીઠાઇ ભરજો. ॥૪૨॥ કૈચોજી કહે શું મને કોહો છો નીશાળ બનાવું કેવી, રંગાવું ધોળાવું ને બનાવું, વૈકુંઠપુરી જેવી ॥૪૩॥ જળનાં બે માટલાં ભરાવું, કષ્ટી પડે નહી તમને; બસેં મણ મીઠાઇ ભરાવું, કેહેવું નહી પડે અમને. ॥૪૪॥ દ્રુપદી કહે વારૂ કૈચાજી, વળી વચન એક થાપો, ઘડીયે ઘડીયે સ્વાંગ બદલું, વસ્ત્ર આભુષણ આપો. ॥૪૫॥ ઝડપ ઉઠયો ત્રીયાને તુઠયો, કામજ્વરે તદાકાર; જેટલા હતા તેટલાં લાવી,દીધાં વસ્ત્ર શણગાર ॥૪૬॥ દ્રુપદી તે લેઇને વળી પાછી, ગઇ ભીમને રસોડે; હ્યો પીઉજીએ તો થૈ ગયો ખુશી, કબુલ કર્યું બધું મોઢે ॥૪૭॥ કઇચાજી કને માગી લીધાં, વસ્ત્રોને શણગાર; જેટલુ હતું તેટલું લાવી, દેતાં કરી નહી વાર ॥૪૮॥ ઓ કંથજી કોઈભીક્ષુક જઇને, કરગરે છેકાછેક; તો તે ધરમ સમજીને એને; આપે ન કોડી એક. ॥૪૯॥ પુન્યના કામમાં પડે પાછો પાપનાં કર્મમાં પેહેલો; અરેરે અજ્ઞાની જીવડો, પંચ વીશયમાં ઘેલો, ॥૫૦॥ ભીમ કહે કે પુન્યને કામે, પૈશો ખરચતાં ધરૂજે;તેવા પ્રાણીનેમારગ અવળા, એની મેળે સુજે. ॥૫૧॥ મનસા દેહી ધારણ કરી, ધર્મ

ના સુજે સુધું; તેવા કર્મથી તે પ્રાણીને સુજે અવળું ઉંધું. ॥૫૨॥ સુમારગે જે વાવરે નહીં, તેનું કુમારગ જાય, સુપંથ ચઢયોતે પ્રાણીથી, કુપંથ નહી પળાય ॥૫૩॥ કુપંથનાં ફળ માઠાં મળે છે, સુપંથ સૌથી બળીયો; જો કઇચા જેવા અધરમીને, કરમે હું આવી મળીયો ॥૫૪॥ વ્હાણું વાહાશે જાતું ઠેકાણે, કહીને કરી વીદાય; કંથની આજ્ઞા લેઇને આવી, રાણીના મેહેલમાંય ॥૫૫॥ સુદ્રષ્ણાએ મનમાં વીચાર્યું નહી સતી સાક્ષાત; રહી આવી મારા કઇચાજીના, ઘરમાં આખી રાત ॥૫૬॥ રાણીયે કહ્યું આવો સયંદ્રી, હવે નહી દાશી ઘાટ; ભાઇની માનીતી તે મારી માનીતી, બેશો હંચોળા ખાટ. ॥૫૭॥ દ્રુપતીયે તવ નિચુ ઘાલ્યું; હવે શું મારે કરવું, મીથ્યા લાન્છન માથેબેઠું, જીવ્યાથીભલું મરવું ॥૫૮॥ વળી વીચાર્યું નાડે નરવાં, તો વૈદ શું કરનારા; સાચને આંચ કદી નવ લાગે, જાણે જુગદાધાર ॥૫૯॥ એવું મન વાળીને બેઠી, તેવે વાહાણું વાહાય, હરખે બસે સેવક લઇને, કૈચો નીશાળેજાય॥૬૦॥ ॥વળણ॥ નીશાળે એ આવીયો; હરખે ભર્યો અપાર; કહે વલ્લભ તવ ઘરૂજીયો, ઇંદ્ર તણો કુમાર. ॥

કડવું રાગ ૧૬ ભેરવીનો દોહરો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥૧॥ ઇંદ્રના નંદન અરજુનજીના પેટમાં પડી ફાળ; કેમ કઇચોજી ઝડપમાંઆવે, આજ મારીનીશાળ. ॥૨॥ એટલે કઇચાજી આવીને બોલ્યા, ખાલી કરોઆ ઠામ; સૌછોકરાંને છુટી આપો; આજ અમારે કામ. ॥૩॥ જાઓ પેલા સામા કોટડામાં, પડી રહો આજ રાત, વળી અહીઆવજોરેહેવાને, કાલેથતે પરભાત ॥૪॥ અરજુનજીએ મન વીચાર્યું ને ભરાવે ઉચાળો; આ વાત સમજાતી નથી મુને, કોણ કઢાવવા વાળો ॥૫॥ એમ જાણીનેઅરજુનબોલ્યા, શા કામે કઇચાજી ચડીયા; કઇચો કહે આજગમ્મત છે અહીં, કહી ભાઈ હશી પડીયા ॥૬॥ અરજુને જાણ્યું કામી કઇચાને, ભીમ રાજી કરવાવાળો; દ્રુપતીનું કામ એણે ઉપાડયું, મને ભરાવ્યો ઉચાળો ॥૭॥ આજ કઇચાનું મોત ભમ્યું છે, એમ મનસુબોકીધો; છોકરાઓને રજા આપી, ગોદડીને ઘડો લીધો. ॥ ૮ ॥ સામું કોટડુ પડેલું હતું, તેમાં કર્યો વીસરામ; કૈચાજીએ શેવકોને, સોંપ્યું નીશાળનું કામ. ॥૯॥ વાળી ઝુડી

ઘોળી રંગીને,કામ કર્યું અમુલ્ય;ચીનાઇખાનું ગોઠવીદીધું,કાંઈ ન રાખી ભુલ્ય. ॥૧૦॥ સોને મઢેલો ઢોલીયો, ઢાળ્યો, ઉશીકાંને તળાઈ; જળનાં બે માટલાં ભરાવ્યાં,બસે મણ મીઠાઇ,॥૧૧॥ હાંડી તકતા ગલાસ ઘડી યાળ,ઝુમ્મરનો નહી પાર;દીવસ છતાં દીવા કીધા,પછી નીકળ્યા બાહાર. ॥૧૨॥ દ્વાર દેઇને તાળું દીધું કઇચાજી રાજી થયો; કુંચી પોતાની પાસે લેઇને, રાણીના મેહેલમાં ગયો. ॥૧૩॥ દ્રૂપતીને સાન બતાવી, સાંજે તતપર થાજો; આ ખીંટીએ કુંચી મુકુછું, તે લેઇને તમે જાજો.॥૧૪॥ એમ કહી કુંચી મુકીને,સાંજે ગયો સભામાય;ધરમ રાયે કઇચાને જોઈ, વીચાર કીધો ત્યાંય. ॥૧૫॥ રાત્રીએ તોફાન થયુંતુ, તેનું કરયું એણે કેમ; એવું સમજી પુછયું ધરમે; જોવા પાપીનો પ્રેમ. ॥૧૬॥ કઇચાજી આજ આખો દહાડો, દીઠા નહી આ ઠામ,કઇચો કહે કે આજ મારે,હતું ઘરનું કામ. ॥૧૭॥ આનંદ છો કે ઉદાશ છો એમ, પુછી જોયું કીક રૂશી; એટલે એનાથી હશી દેવાયું, માહારાજ છૈયે ખુશી. ॥ ૧૮ ॥ કઇચાનો ઉમળકો દિઠો,ધરમે ધાર્યું તે ઠામ;ભીમ વિના કોઇ ખુશી ન કરે, એણે લીધું હાથ કામ. ॥ ૧૯ ॥ કરમ ફુંટયું કઇચાજીનું,પોહોચી જશે જમ લોક. ભીમના હાથમાં ગયો એટલે જીવ્યાની આશા ફોક. ॥ ૨૦ ॥ અરેરે ગમે તેમ કરીને, કઇઆજીને ઊગારૂં;એમ ધારીને ધરમ બોલ્યા, વચન સાંભળો મ્હારૂં. ॥ ૨૧ ॥ રાજાને પ્રધાન સાળા બનેવી; વચન મ્હારૂં થાપો; એક હીસાબ બેને માંડી આપું, જુદા બેશી કરી આપો ॥ ૨૨ ॥ એમ કહી બે પત્ર તાંબાનાં, લીધાં ધરમરાય; તેમાં એવો હીસાબ માંડયો, બે દીને પુરો થાય. ॥ ૨૩ ॥ બંઉને બેંઉ આપી, બેસાડયા જુદા જુદા;કરી આપસે તે ઘેર જાશે, નહીંતો હૈ રેહેશો સમુદા ॥ ૨૪ ॥ હીસાબ કરીને આપ્યા વીના,જાવા દેવાના નથી;એટલે કઇચોજી ગભરાયો,કામાતુર મુઢમતી ॥૨૫॥ એણે જાણ્યું કે કરી આપીને;ઝટપટ નાશી જાશું; શતરૂ થઇને બામણો લાગ્યો,ટીંખળ કાઢયું હાણું.॥૨૬॥ એમ ધારીને ચીત્ત પરોવ્યું, પણ જીવ ભમી જાય; એવે સમે રાત્રી પડીકે,ભીમસેન તૈયાર થાય. ॥૨૭॥ રસોડાનાં દ્વાર બંધ કીધાં, દીવો કીધો એક; દરપણ આગળ લૈને બેઠો,સણગાર કાઢયા વીવેક ॥ ૨૮ ॥ ચાર ચીરોને ભેગા સાંધી, એક બનાવી દીધું;હસ્તો હસ્તો ઉભો થઇને, પોતે પેહેરી લીધું.॥૨૯॥પછી દાભડા ઉઘેડીને સણગાર કાઢયા બાહાર બહુ કીમ્મતના દાગીના દેખી, કળકળ્યો અપરમપાર ॥ ૩૦ ॥ અરેરે આવા અજ્ઞાનીનું,કીયે કાળે કલ્યાણ,પુન્યમાં આપવું હોય તો ન આપે,

આપતાં જાયે પ્રાણ ॥૩૧॥ આ કામમાં કેવું આપી દીધુ છે,પાછું વાળી નથી જોયુ;પ્રભુમાં પરોવે નહી તેટલું, પ્રેમદામાંચીત પ્રોયું ॥૩૨॥ વારૂએ પાપીને શીક્ષા કરવી, બરબડતો એમ હોઠે; શણગાર જોઇને વીચાર્યું એણે, પેહેરૂં કીયે કાને કોટે.॥૩૩॥ દોરડીના બે કટકા સાથે, સણગાર બાંધીલીધાં; બે ચરણે બે વીંટાળીને, પગનાં ઝાંઝર કીધાં, ॥૩૪॥ કુમ કુમ ચાંલ્લો કીધો લેલાટે,નેત્રોમાં કાજળ સાર્યું; પછી દરપણમાં મુખ જોઇ, વ્રકોદરે એમ ધાર્યું,॥૩૫॥ હવે મારૂં મુખ ઠીક દીસેછે;બની રૂપાળી નાર; મોહ પામશે મુને દેખીને,કૈચાજી ભરથાર. ॥ ૩૬ ॥ હવે હું કેમ વાર કરૂછું.કઇયાજી બેશી રહેશે;માંડી જઇશતો સ્વામી મ્હારા,મુજને ઠપકો દેશે. ॥૩૭॥ એમ પાપીની મસ્કરી કરતો, ઉઠયો તેણીવાર; અંધારે અંધારે ગયો નીશાળે,વાયુ તણો કુમાર. ॥ ૩૮ ॥ અરજુન સામા કોટડામાંથી, કરી રહ્યા છે ડોકું;એમને એમ કે ચરચા જોવી,આવે તને ટોકું, એવે વાલવો ઓટલે ચઢીયો,વ્યંડળે પુછયું એમ; અંધારે ઓટલે ચઢે છે, કોણ આવ્યું ને કેમ ॥ ૪૦ ॥ તવ ભીમસેન ધી રહી બોલ્યો, તમને મળી જગો સારી; વ્યંઢળ મેહેતા આવીછું હું, કઇચાજીની નારી ॥ ૪૧ ॥ અરજુનજી તવ રહી ગયો છાનો, ટળીયો મનનો વેમ; કઇચાજીનું આજ કાટલું થાશે, થયો સચંદ્રી ભેમ. ॥ ૪૨ ॥ ભીમે નીશાળે દીઠું તાળું, દૈવત પોતે દાખ્યું; કુંચીનું કામ શું પડે એને, મરડીને ભાગી નાંખ્યું. ॥ ૪૩ ॥ દ્વાર ઉઘેડીને અડકાવ્યા, સાંકળ દઈ મહી પેઠો; રૂડો ઢોલીયો ઢાળેલો છે, તેમાં જઇને બેઠો. ॥૪૪॥ સુંદર શોભા જોઈને હશીયો, રશીયો મ્હારો નાથ;કેવી સારી શોભા કરી છે,રંગ રમવા મુજ સાથ. ॥૪૫॥ ધીક્ક છે આવા અજ્ઞાનીઓને, અવળે મારગ મરે, દેવ મંદીરે કે હરી કથામાં,કહેથી આવું ન કરે. ॥ ૪૬ ॥ વીષય વાતે વીત જ ખરચે, પુરણ દી ઉડેલો; ધરમમાં કરે તરફોડા, કરમનો ફુટેલો. ॥ ॥૪૭॥ કરમનાં ફળ હમણાં મળશે,બહુ ત્યારે બે ઘડીવાર; કરે ગમ્મત વીવેકની એ, પછી થયો તૈયાર. ॥ ૪૮ ॥ જાણ્યું કે પતીના આવતાં પેહેલાં, પરવારી બેસુતો ઠીક; હબકો દેશે ઠપકો દેશે,ધરવી કંથની બીક ॥ ૪૯ ॥ પછી જીવ મીઠાઇમાં દોડયો, મન નવ રહયું ઝાલ્યું; ખુણામાં ઢગલો માર્યો છે,તેમાં મોઢું ઘાલ્યું ॥ ૫૦॥ પકવાન ચાવે ઘણાંજ ભાવે ખાધાનો નહી નેક; આખો ખુણો ખાલી કીધો, ન રહયો કટકો એક. ॥ ॥૫૧॥ પછી પોતે પાણી પીધું;મનમાં રાજી હુતો; ઉદર ઉપર હાથ ફેરવતો, જઈ ઢોલીયામાં સુતો.॥૫૨॥ બે ઘડી એમાં આળોટી ઉઠયો; પ-

છી કેવો ખેલ કીધો;એકજ દીવો શળગાવી જુદો,એકાન્ત ઢાંકી દીધો. ॥ ૫૨ ॥ પાપી પર પછી ક્રોધે ભરાયો, પુરણ પ્રગટી રીસ; ઢોલીયાને કરી નાંખ્યો છુટો, લીધી લાંબી ઇસ. ॥૫૪॥ ઇસ લેઇને રીસ કરીને, નિશાળમાં વળ્યો દોડી, હાંડી તકતા ગલાસ ઘડીયાળ, ઝુમ્મર નાંખ્યાં ફોડી. ॥૫૫॥ ચીનાઈખાનું ચકચુર કીધું. ચાતુર નર નવ ચુકયો; તળાઇ ગોદડાં ભેગાં કરીને, તેમાં અગ્નિ મુકયો, ॥૫૬॥ કૈચાના નામની હોળી કીધી, આનંદ મનમાં હુંતો;હોલાયા પછી દ્વારે ચરણ,દઇને ભીમ શેન સુતો.॥૫૭॥સુતાં સુતાં ગમ્મત કરે,ખડખડ કાઢે દંત;અરેરે હજી કેમ ન આવ્યા,કઇયાજી મુજ કંથ.॥૫૮॥હજી ન અવ્યા હજીન આવ્યા,કાળજુ જાય છે ધીકી; પ્રાણના પ્યારા પતી મ્હારા; મારા નેત્રની કીકી. ॥ ૫૯ ॥ચાર ઘડી જ્યાં રાત ગઈ કે, કૈચાને ચટપટી થાય, સયંદ્રી વાટ જોતી હશે મ્હારી, હવે શું કરૂં ઉપાય. ॥ ૬૦ ॥ કીંક રૂષીનું કોઈ પ્રાણીથી લોપાય નહી વચન;તો મુજથી કેમ કરી જવાશે, આનંદનો આજ દન. ॥ ૬૧ ॥ પેલા ભવનો શત્રૂ મ્હારો, થઇને બ્રાહ્મણ લાગ્યો; આ બામણાનું નહીં થાય સારૂં, મળેલો વઈભોગ ભાગ્યો. ॥ ૬૨ ॥ વળી મન વિચારી બોલ્યો, અરજ સુણો રૂષી;કોહોતો કાલે હિસાબ કરીએ, આજ નથી હું ખુશી. ॥૬૩॥ હું છું દુઃખી નથી સુખી, જાણો છો માહારાજ;માટે મુજને ઘેર જવા દો,માગી લેઉં છું આજ. ॥૬૪॥ પેટમાં મુને ચુંક આવે છે, તેથી કહોકે જાઓ, ધરમે કહ્યું શેવકોને, લાવી અજમો ફકાવો. ॥૬૫॥ તવ દાસોએ અજમો ફકાવ્યો, કઇયો કળકળ્યો અતી; પછી કહ્યું માહારાજા મુજથી, બેઠા રહેવાતું નથી. ॥૬૬॥ એટલે બોલ્યા કીંક રૂષી, સેવક કષ્ટ કાપો; કઇયાને સુવાની પથારી, સભામાં કરી આપો ॥ ૬૭ ॥ કઇયાયે જાણ્યું શત્રૂ સામો, જવા દેવાનો નથી; હિસાબ એનો કરીને આપું, પછી ટકુ નહી રતી. ॥૬૮॥ એવું જાણી ચીત્ત પરોવ્યું, ગણિત કરવા જાય; બેને ત્રણ પાંચ પાંચને ચાર નવ, નવથી નીશાળ માંય. ॥ ૬૯ ॥ પેલી ગઈ હશે વાટડી જોશે, રોશે છેડો વાળી; હીસાબ ચાલે હીસાબમાં મ્હોટો, રીસાઈ જાશે રૂપાળી. ॥ ૩૦ ॥ એમ જાણી આડું પત્ર ધરાને, મુખમાં આંગળી લીધી; યુકતી લડાવિ સુગ ચઢાવી; સભામાં ઉલટી કીધી. ॥૭૧॥ ધરમરાયે મન વીચાર્યું, કઇયો થયો મરનારો; આયુશ એનો આવી રહ્યો છે,ત્યાં હું શું કરનારો ॥૭૨॥ બળાતકારે ઓકવા બેઠો. એવું જાણી બોલ્યા એમ; જાવો કઈયાજી ઘેર તમારે, તો રહેશો કુશળ ખેમ. ॥૭૩॥ બીજે જવાથી આ-

ચુશ ટ્ટે,જુઠ્ઠ ન જાણો લગાર;કઇઓજી કહે વારૂ મ્હારાજા, કહીને નીકળીયો બ્હાર. ॥ ૭૪ ॥ થોડે લગી ધીરે ધીરે ચાલ્યો, પછીથી મુકી દોટ અરેરે વાટડી જોતી હશે, જઇ પોહોંચ્યો સુંસોટ ॥૭૫॥ વળણુ. ॥ સુંસરો નીશાળે સંચર્યો, હૈયે હરખ ન માય, વ્યાસ વલ્લભ વાણી વદે સાંભળો સહુ શ્રોતાય. ॥

—— x ——

કડવું ૧૭ રાગ સવઇયા.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણુ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય.॥ ૧ ॥ નીશાળને ઓટલે કઇચોજી, ચડીયો આનંદભેર;કોટડામાંથી અરજુને જેયું,સમજ્યો સઘળી પેર,॥૨॥ જાણ્યું કે કઇચોજી આવ્યો, કરી કામાતુર મતી;ભીમશેનને ભોગ પડયો કે, એ જીવવાનો નથી. ॥ ૩ ॥ એવામાં કઇચાએ સાંકળ ઠોકી,પ્યારી ઉઘેડો દ્વાર; એટલે ભીમે મન વીચાર્યું, આવ્યો મુજ ભરતાર. ॥૪॥ ઝીણે શબ્દે વ્રકોદર બોલ્યો,ઉઘડાવા મુમત મેલો; ઠાલાં બારણાં સપડાયાં છે જોર કરીને ઠેલો. ॥૫॥ કઇચે બે ભુજ દૈ બળ કીધું, ભીમે લીધો ચરણ; તવ ઓચીંતા દ્વાર ઉઘડીયાં, પાપી ઢળીયો ધરણ. ॥ ૬ ॥ કુટાયું ડાચું વાગ્યું સાચું, ભુમીમાં ભચકાયો અતી; ભીમ કહે અરેરે આ શું થયું જરા જાળવતા નથી.॥૭॥કઇચોજી કહે જીવ ન બાળો,નથી વાગ્યુ મુજ અંગ; એમ કહીને દ્વાર દીધાં, રૂજની રમવા રંગ. ॥૮॥ ભીમ જઈ એક ખુણે બેઠો, બોલ્યો કુબુધી એમ;ઓરે સચંદ્રી નીશાળ વિશે,અંધારૂ છે કેમ ॥૯॥ ભીમ કહે હું જ્યારનિ આવી, ત્યારનું છે અંધારૂં; મુજને કાંઈ વિતે નહા લાહાવો; ન ગમ્યું કામ તમારૂં. ॥૧૦॥ કઇઓ કહે ઠીક ઠાઠ કર્યો તો, તે કર્યો કોઇએ ભંગ;સવારે તેની શોધ કરીશું; હાલ કરો મુજ રંગ. ॥ ૧૧ ॥ ઓ પ્રાણ પ્યારી નેન કટારી; મારી મુને દો લાહાવો; એટલે હશીને ભીમ બોલ્યો, આ ખુણામાં આવો. ॥ ૧૨ ॥ કામમાં તદ્રુપ કઇચો દોડયો, ખુશીથી ખુણે પેઠો; તવ વ્રકોદર ત્યાંથી ઉઠી,બીજે ખુણે જૈ બેઠો ॥૧૩॥ કઈચોજી ખુણો ખોળવાલાગ્યો, થયો નહી સમંધ;ભીમ કહે ત્યાં કયાં ખોળો છો,છતી આંખે થયા અંધ. ॥૧૪॥ કઇચોજી કહે આવું છું પ્યારી, તારૂં બોલ્યું મીઠું લાગે; કાચ ભાગેલા ભુમી પડેલા, પાપીના ચર્ણમાં વાગે. ॥૧૫॥ તોપણ કાંઇ ચેતતો નથી, કામ રૂપી અંધાપે;ભીમ ઉઠી ગયો ત્રીજે ખુણે,કઇચો બીજે ગયો આપે

॥ ૧૬ ॥ ફોગટ ફાંફાં મારીને થાકયો, ત્રીજે ખુણે પળાય; ભિમે ભમાવ્યો. બે ઘડી સુધી, કઇચો અતી અકળાય ॥૧૭॥ ઓ મ્હારી વાહાલી ખોળાવો ખાલી, મળો તો માનું પાડ; જાણી જોઇ હાથ આવતાં નથી, મુને કરો છો લાડ ॥૧૮॥ ભીમ કહે તમને ન કરૂં તો, બીજા કોને લાડ થાય; કઇચોજી કહે નથી રેહેવાતું. મળો હું લાગુ પાય. ॥ ૧૯ ॥ ભીમે જાણ્યું બહુ અથડાવું, તો મુજ કંથ રીસાશે; પછી ઘર હું ગરીબડીનું મંડાતું ભાગી જાશે. ॥૨૦॥ એવું જાણી ઉલટ આણી. ઉઠયો વાયુ સુત બળીયો; આવો કંથજી કહીને ગયો, કઇચાજીને મળીયો ॥ ૨૧ ॥ સામા સામી બેઉ અથડાયા, કર અન્યો અન્ય ઝાલવો; કઇચાએ જાણ્યું નોહોય શયંદ્રી આતો છે વીરવાલવો, ॥ ૨૨ ॥ ભીમે કહ્યું કે ભરથાર આવો. કહી બોચીથી ઝાલ્યો; માથા ઉપર ફેરવીને, તરત બગલમાં ઘાલ્યો. ॥૨૩॥ કઇચાની કાયા કંપવા લાગી, જાણ્યું કે મળીયાં પાપ, ભુલ્યો ચુકયો ને જખમારી, મુકી દો મા બાપ. ॥ ૨૪ ॥ ભીમે કહ્યું કે પરનારીનો સ્વાદ બતાવું તમને; અરે પીયુજી અકળાશો નહી; તમ તુલ્ય કયાં મળે અમને. ॥૨૫॥ સતી સામી કુદ્રષ્ટી કીધી તેનું મળે છે લાહાણ; એમ કહીને બગલ દબાવી, કાઢી નાંખ્યો પ્રાણ. ॥ ૨૬ ॥ પછી મડદુ ભુમી નાંખ્યું, પરાક્રમી પ્રાણીકહાવ્યો; ગુપત દીપક ઢાંકી મુકયો તો, તે દીવો ત્યાં લાવ્યો ॥૨૭॥ નીરખી કૈયાનું મોઢું જોયું, પછી વધો વાયુ કુમાર; અરેરે તમો મરણ પામ્યા; ઓ મારા ભરથાર. ॥ ૨૮ ॥ હું ગરીબનું ઘર ભાગ્યું; હેવાતણ ઉતરીયું, લાડ હવે મને કોણ લડાવે, સંસારનું સુખ હરીયું, ॥૨૯॥ એવી રીતે મશ્કરી કરતો, દુષ્ટને દીધું દુઃખ, દીપક ઉપર મેંશ પાડી; કાળુ કીધું મુખ. ॥૩૦॥ કઇચાને મોઢે મેંશ ચોળી, તવ દીશ્યુ મુખ વીહીલું; નાશીકાથી તાળવા સુધી, ચુનાનું તાણ્યું ટીલું. ॥ ૩૧ ॥ હોઠ ઉપર પણ ચોડયો ચુનો, બનાવ્યો ભુતનો ભાઇ; પછી કઇચાની લીધી પીછોડી, પાથરી નીશાળ માંઇ. ॥ ૩૨ ॥ તેમાં કઇચાનું મડદું. મુકયું બળવંતો નર આંધી; હાથ ચરણ અંગ ભેળું કરીને, કઇચાની ગાંસડી બાંધી. ॥૩૩॥ ડોકું કઇચાનું બાહાર રાખી, ભીમે ઉપાડી લીધો; બીજે હાથે નીશાળ કેરો, પાટડો ઉંચો કીધો. ॥૩૪॥ ભીંત પાટડામાં પોલાણ પડીયું, તેમાં ગાંસડી ઘાલી; મડદાનું ડોકું બાહાર રાખ્યું, પાટડો મુકયો ખાલી ॥૩૫॥ વજન પાસાણના પાટડાનું, આવ્યું અપરમપાર; હાડે હાડ કચરાયાં કઇચાનાં, વછુટી રૂધીર ધાર. ॥ ૩૬ ॥ થાંભલે તેના ઉતર્યા રેલા, જોયું સતીનેસુત;

નસે વળગેલું ડોકું લબડે, દેખાતું કાળુ ભુત.॥૩૭॥ વળતું વ્રકોદરે વી-
ચાર કીધો, રાજા કોઇને નડશે;હું અપરાધીને નહીઝાલે, ગરાબનેશીશ
પડશે॥૩૮॥ એવું જાણ્યા વાયુ સુતે, કીધો વડો વીવેક; પાટડા નીચે
થાભલા ઉપર, દોહરો લખ્યો એક. ॥૩૯॥ પરનારીશું રંગે રમતાં, ખેલ
કરતાં હાર્યો; રાજાનો સાળો કઇચોજી તે, મેં માર્યો મેં માર્યો॥૪૦॥ એવું
લખીને નીકળીયો; નીશાળનાં દઈ દ્વાર; ધીરે રહી કહ્યું અરજુનજીને,
તું નવ નીકળીશ બ્હાર. ॥૪૧॥ એમ કહીને ગયો રસોડે, સીતળ જળે
સ્નાન કીધું; અગની સળગાવી વસ્રને જરીયાન, સઘળું સળગાવી દી
ધુ. ॥૪૨॥ પછી નીવૃતીથી સુતો, એવે વ્હાણું વાય; એટલે ગામનાં
છોકરાં તે, ભણવા નીશાળે જાય. ॥૪૩॥ દ્વાર ઉઘેડી નીશાળમાં પેઠાં
કાચના કટકા ભાળે, ડાહ્યાં છોકરાં સાવરણી લઈ. વાશીદુ મહિ વાળે.
॥૪૪॥ કઇ છોકરાં મહી મસ્તાઈ કરે, કઈ ભણે કઈ ભણાવે, કઇછોકરાં
હીસાબ ગણે છે,કૈ છોકરાં ગણાવે. ॥૪૫॥ કંઇક લખેને કંઈક લખાવે
કંઇ બેઠા પાધરા તીર;એવામાં એક છોકરાયે,થાંભલે દીઠું રૂધીર॥૪૬॥
એક જણાયે દોહરો વાંચ્યો, બીજાએ વેમ ધાર્યો; સૌ છોકરાં કહે આ
શું બોલ્યો, શું તેં કઇયો માર્યો. ॥૪૭॥ એમ કરતાં જરા ઉંચું જોયું
ભય પામ્યા સહુ સુત; ડોકું દેખી બહાર નાઠાં, નીશાળમાં છે ભુત
॥૪૮॥ નગ્ર તણું લોક સાંભળીને,ભયભીત થયું હરાયું; વાતો કરે કે
બાળક કુમળાં, જાણીને ખાવા ભરાયું. ॥૪૯॥ કંઈ લોક કહે છે વાતજ
ખોટી, નહી સાચું એ તુત: બારણેથી જુએ લબડતું ડોકું, તવ સત્ય
માને ભુત. ॥૫૦॥ કંઈક અવળચંડા લોકો, ગમ્મત કરવી ધારે; બાર-
ણે રહીને કાંકરા લઇને; ધારી ભુતને મારે. ॥૫૧॥ ડોકાને વાગે ડોકું
હાલે, અર્થ લોકો કેવો લે છે; જુઓ એ ભુત ડોકું હલાવી, મારવાની
ના કહે છે. ॥ ૫૨ ॥ એ રીતે ત્યાં તોફાન મચ્યું, બધે થયું પ્રખ્યાત;
એવો હોબાળો અતી થયો; રાજ્ય સભા ગઇ વાત. ॥૫૩॥ વઇરાટે ક
હ્યું કીંકરૂશીને, આ વાત સાચી કે તુત; ધર્મ મનમાં સમજી ગયા કે,
ભીમનું કરેલું ભુત. ॥ ૫૪ ॥ ધરમ કહે જોવા જઇએ, તે પછી સુજે
વીચાર; એમકહી વઇરાટને લેઇ, ધરમ નીકળ્યા બાહાર ॥ ૫૫ ॥ વ-
ળણ. ॥ બેઉ જોવા નીકળ્યા, નીશાળે એ જોય; વલ્લભ કહે ચઢયા
ઓટલે, જોવા પેઠા માંય. ॥

કડવું ૧૮ રાગ સાખીની ચાલ.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥૧॥ નીશાળમાં પેઠા રાજા રૂશી, વ્યાકુળ થયું છે મન;દોહરો દેખી વાંચવા લાગ્યો, જે વઇરાટ રાજન. ॥૨॥ પરનારીશું રંગે રમતાં, ખેલ કરતાં હાર્યો, રાજાનો સાળો કઇચોજી તે,મેં માર્યો મેં માર્યો. ॥ ૩ ॥ ધરમે જાણ્યુ ભીમની યુક્તા, બોલ્યા મુખથી એમ; શું રાય તમે કઇચાને માર્યો,એવું બોલોછો કેમ.॥૪॥ વઈરાટ કહે લખ્યું છે કોકે,એમાં સી મહારી કસુર,પછી લબડતું ડોકું જોયું;વીચાર ઉપન્યો ઉર ॥૫॥ ધરમ કહે ઓરે રાજા, ભુત પ્રેમ નહી આતો; પુરણ માહારા વીચાર વડે, કઇચોજી દેખાતો. ॥ ૬ ॥ બોલાવો શેવક મો ધોવરાવો, એટલે એ ઓળખાય;વઇરાટ રાયે અનુચર તેડી, મુખ ધોવરાવ્યું ત્યાંય; ॥ ૭ ॥ વસ્ત્ર વતી લુંછાવી નાંખ્યું, ઓળખીયો પ્રધાન; એટલે આવ્યા નવાણું કૈયા, ઘણું મચ્યું તોફાન ॥૮॥ એવે સુદ્રષ્ણાયે વારતા જાણી, આંસુ ચાલ્યાં નેન;રડતી રાણી આવી નીશાળે, કઇચાજીની બેહેન. ॥૯॥ સરવે મુખ જોઈ ઓળખી લીધો, કઈચો કિચ્ચક એહ; કયાં ગયારે વંડળ મેહેતા, પુછતાં ટળે સંદેહ. ॥૧૦॥ સેવકે સામી કોટડીમાંથી,મેહેતાને ઉઠાડી આણ્યા;આંખો ચોળતા અરજુન આવ્યા, જાણે અતીસે અજાણ્યા, ॥૧૧॥ વઇરાટ રાજા પુછવા લાગ્યો, અરજુનજીને એમ; તમે તમારી નીશાળ મુકી, કોટડામાં પડ્યા કેમ. ॥૧૨॥ અરજુન કહે મને શું પુછો, હું તો રાખું વાત છાની; પણ આ નીશાળના છોકરાંની, પ્રથમ લ્યો જુબાની. ॥૧૩॥ એટલે છોકરાં બોલી ઉઠયાં,નહી કહીએ વાત જુઠી; કાલે તમારા કઇચાજીએ,સહુને અપાવી છુટી. ॥ ૧૪ ॥ આવી અમારા મેહેતાને કહ્યું, બીજો કરો વીસરામ; આજનો દાહાડો ને આજની રાત્રી, નીશાળમાં મ્હારે કામ. ॥૧૫॥ એમ કહીને મેહેતાજીને, કાહાડયા કોટડામાંય; અમને સહુને ઘેર કાહાડયા, એટલી બની બીનાય. ॥૧૬॥ પછી અરજુનજી એમ બોલ્યા, સાંભળી લ્યો ભુપતી;કોટડામાં રહ્યા પછી શું થયું,તે કાંઇ જાણતો નથી ॥૧૭॥ એટલે બોલી રાણી સુદ્રષ્ણા,હું સમજીછું તમામ; રૂપાળી સચંદ્રી મારા ઘરમાં તેણે કર્યું આ કામ. ॥ ૧૮ ॥ એટલે દોડયા નવાણું કઇયા,રાણીના મેહેલમાં આવ્યા; દ્રૂપદીનો ચોટલો ઝાલીને, ખેંચી બારણે લાવ્યા. ॥૧૯॥ બહુ માર મારે દયા ન ધારે, નગ્ર તણા લોક ભાળે,

મારતા મારતા ઘસરડીને, લઇ આવ્યા નીશાળે. ॥ ૨૦ ॥ ઘરમે જોયું ત્રાસ પડીયો, મુખથી બોલ્યા એમ; કઇયો મુઆનું નીશ્ચે કર્યો વણ; એને મારો કેમ. ॥૨૧॥ એકવાર મડદુ બહાર કાઢી, કરી જુઓ તપાસ તે વીના તમે મારો છો તે, મુને પડે છે ત્રાસ. ॥૨૨॥ એટલે સરવ મારતી મુકી,વઇરાટ વદયો વચન;મડદું કાઢવા પાટડો ઉચકો, મળીને સઉજન. ॥૨૩॥ એટલે અનેક યોદ્ધા વળગ્યા, પાટડે નીશાળ માંય; પણ પાશાણનો વજન વાળો, જરા ન ઉંચો થાય. ॥૨૪॥ એટલે બોલ્યો વઇરાટ રાજા, ચાર અનુચર જાઓ; રસોડેથી વીર વાલવાને, જઇને બોલાવી લાવો. ॥ ૨૫ ॥ એટલે અનુચર ગયા રસોડે, વાલવા ચાલો નીશાળે; મોટા કઇયાજી મરણ પામ્યા, માટે તેડયા ભુપાળે, ॥ ૨૬ ॥ સાંભળી ભીમસેન બ્હાર આવ્યો, બોલ્યો બતાવિ તાપ,કૈયાને કાણ મુઓ કેહે છે,મરે તમારો બાપ. ॥૨૭॥ એમ કહીને ડોળા કાઢયા, નાઠા અનુચર ચાર; નીશાળે આવીને એમ કહ્યું, માન્યું ન વાલવે લગાર. ॥૨૮॥ એ કેહે છે મરે બાપ તમારો, કૈયાને શું થાય; રાણી કહે કોઈ માને ન સાચું, હું તેડવા જાઉં ત્યાંય, ॥૨૯॥ એમ કહીને રાણી ચાલી, સાથે શેવક લોક; રસોડે આવી સુદ્રષ્ણાએ, કારમી મુકી પોક. ॥૩૦॥ ઓ વાલવાભાઇ બારણે આવો,દાઝે અંતઃકરણ; બંધવ મ્હારો મ્હોટો કઇયો, પામ્યો રૂપાળીથી મરણ. ॥ ૩૧ ॥ એવું ભીમે સાંભળ્યું ને, મ્હોં પર દરસાવ્યો શોક; મીથ્યા માથાં કુટતો નીકળ્યો; કઇયાની મુકી પોક. ॥૩૨॥ ઓરે મારા મીત્ર કૈયાજી,કયાં થયો કાળો કેર; તારા પછાડી પીન્ડ પાડું, ઘોળીને પીઉં ઝેર. ॥ ૩૩ ॥ એમ કહીને પડતું નાંખ્યું. જુવે શેવક સાથ; છાતી માંથુ કુટવા લાગ્યો, રાણીયે ઝાલ્યો. હાથ ॥૩૪॥ ઓ વાલવા ભાઈ આમ ન કરતાં. નીશાળે તમે ચાલો; ભીમ કહે કે એના જેવો, બીજો નોહોતો મને વ્હાલો. ॥૩૫॥ સુદ્રષ્ણાએને ભાઇ ભાઈ,કહી ફોસલાવી લાવ્યાં, વાલવો શેવક ને સુદ્રષ્ણા, નીશાળે ચાલી આવ્યાં. ॥૩૬॥ એટલે વઇરાટ નવાણું કઈયા,રડવા લાગ્યા અપાર; તે જોઈ ભીમને સુર ભરાયું, પ્રૌઢ કરે પોકાર, ॥ ૩૭ ॥ પ્રથ્વીમાં પછાડયો નાંખે, પાડે કારમી ચીસ, મનમાં હશે ચરણ ઘસે; પાડે ચીસા ચીસ. ॥૩૮॥ એરેરે મારો મીત્ર મુઓ,મારે જીવી શું કરવું;લાવોરે કોઈ કટારી માહારે, પેટે મારીને મરવું. ॥૩૯॥ વઇરાટ રાજા નવાણુ કઇયા;વાલવાજીને વારે; બહુ સમજાવે શાન્તી આપે, તેમ રડે છે વધારે. ॥૪૦॥ જેને તે એના હાથ ઝાલે, થઈ રહી હુકાહુક;આંસુ ન આવે વાંકો વળીને, આંખોએચોપ

ડે થુંક. ॥ ૪૧ ॥ ધર્મ રાજા જોઇ રહ્યા છે, કુટવા શો પડયો મંડી; મન જાણ્યું ચોર શાહુકાર થયો, ઓ ભીમડા પાખંડી. ॥૪૨॥ ધાંધલ જોઇ ધરમ રાજા, બોલ્યા તેણી વાર;ઓ વાલવા હવે રડવું મુકી, મડદુ કાહાડો બાહાર. ॥૪૩॥ એમ કહીને હાથ દબાવ્યો, મુકી દે તારાં ચરીત્ર ભીમે કહ્યું કે ઓ કીંક રૂશી, ખરો ગયો મુજ મીત્ર. ॥૪૪॥ અરેરે માહારો સાચો સ્નેહી, ખબર લેતો પ્રભાતે.ઓચીંતું એને શું થયું, મને મળ્યોતો રાતે. ॥૪૫॥ ધર્મ કહે મળ્યો હશે ભૈ, નહી વેણ તારૂં કાચું ભીમ કહે મીઠાઇ ખવરાવી,માહારાજ માનજો સાચું. ॥૪૬॥ એક એકના અમે હાથ ઝાલ્યાતા, પડીતી ગમ્મત ઝાજી; ધરમે કહ્યું કાનમાં ભાઇ, તારી દગલ બાજી. ॥૪૭॥ ઉઠ હવે તું કાઢ મડદું, ભીમ વદયો વચન; હાથો હાથનું કામ છે ભૈ. ચાલો સરવે જન. ॥ ૪૮ ॥ એમ કહી નીશાળમાં ચાલ્યો,ઝાઝા શેવક સાથ; પાટડો ઉંચો કરવા સરવે, દીધા પાટડે હાથ. ॥ ૪૯ ॥ શેવક સઘળા બળ કરે છે, મુખ કરે છે બકોર; એટલે ભીમે હાથ દેઇને, જરાક કીધું જોર. ॥૫૦॥ તવ તે પાટડો ઉંચો થયો,મડદું કાઢયું બાહાર; ઓળખ્યા આભુષણ કઇચાના,પુરણ થયો પોકાર. ॥૫૧॥ નવાણું કઇચા નીશાળમાંથી, પુરણ કોપે ચડીયા;દ્રુપદી જ્યાં બેઠી ત્યાં જૈને, મારવા તુટી પડીયા. ॥૫૨॥ ભીમ કહે કેમ એને મારોછો, શો મનસુબો ધાર્યો,સુદ્રષ્ણા કહે વાલવા વીરા, એણે કઇચાને માર્યો. ॥ ૫૨ ॥ ભીમ કહે નીશ્ચે કરવા દો,તે પછી ઘાટ ઘડીએ; સાચું જાણ્યા વણ મારીયે તો, રોમ રોમ નરકે પડીએ. ॥૫૪॥ એમ કહીને ભીમ બોલ્યો, વીત્યામાં નહી રહ કાચું;વઇરાટન કીકના સાંભળતાં, કેહેજે સાચે સાચું. ॥ ૫૫ ॥ આ કઇચાને કોણે માર્યો, દ્રુપદી વદી વચન; સાંભળજો સત્યે સત્ય કહું છું, ઓ વઇરાટ રાજન. ॥૫૬॥ કઇચોજી મુજ કેડે પડયો તો, રોકી હતી એક રાત, મારે માંથે ગાંધવા છે તે; તેમણે જાણી વાત. ॥૫૭॥ જ્યારે તમ ઘેર આવી રેહેવા,ત્યારે કહીતી પેર; તે મારા કોઇ એક ગાન્ધર્વે, કઇચાને મારેલો ઠેર. ॥ ૫૮ ॥ હું અબળા શું નરને મારૂં, એવી શું હીમ્મત ઝાલું; માર્યો માનો તોયે પાટડા વીશે; શી રીતે હું ઘાલું. ॥૫૯॥ ભામ કહે આ સાચું કહે છે, સત્ય અનુમાન થશે; ગાંન્ધર્વ એનો મ્હારા જેવો,તેણે મારયો હશે. ॥૬૦॥ કીંકરૂષી કહે ઓ વાલવાજી, સાચું છે તારૂં વેણ; એ બધી વાત મુકી દઇને, મડદાને દો દેહેણ. ॥ ૬૧ ॥ વળણ. ॥ મડદાને હવે દેણદો,ધરમે કહ્યું મુખ એમ; કહે વલ્લભ તવ વાલવે, ઘાલ્યો રાયને વેમ.

કડવું ૧૯ રાગ સવૈયો.

વઇશમપાયન એણીપેર બોલ્યા, સુણુજનમેજે રાય; વીસ્તારી તુજ
ને સંભળાવુ,વઇરાટ પરવ મહીમાય.॥૧॥ભીમ કહે ઓ વઇરાટ રાજા, બ
રોબર જાગ્રત થાજો;ગામ સાચવવું સ્મશાન સાચવવું,જોઇ વીચારી જા
જો ॥૨॥ તમારા માંથે ગાંન્ધરવ એના,શત્રૂ માનજો સત્ય;જેવા તેવા સ્મશા
ન જશો તો,ગાંન્ધરવ કરશે ગત. ॥૩॥ સરવ મળી સ્મશાન જશો તો,ત્યાં
આવતાં એ ડરશે;પણ ગામ સુનું રહેશે તેથી,ગામ ઉજડ કરશે. ॥૪॥
સાંભળી વઇરાટરાય ગભરાયો,ધર્મને પડયો વીચાર; ભીમ આ ગેડ ગો-
ઠવી શાથી, સમજાયા નહી સાર.॥૫॥ એવે બોલ્યો વઇરાટ રાજા, કહો
વાલવા કેમ કરીએ;પેહેલેથી ચેતીયે નહીં તો, પાછળ પસ્તાઇ મરીએ.
॥ ૬ ॥ ભીમ કહે કે તમારે માટે,મુજને બહુ ચીંત્તાય;તમે સ્મશાન જા
શો નહીંને, રક્ષા કરો ગામ માંય. ॥ ૭ ॥ ચાર ક્ષોણી સન્યા લેઇને, ઉ-
ભા રહો આ બજાર;નજર રાખજો દશે દીશા,હાથ ગ્રહી હથીઆર.॥૮॥
નવાણું કઇચા મડદુ ઉપાડે, હું રખવાળો થાઉં,સયંદ્રીને બાળવી ભેગી,
હું લેઇ જોડે જાઊ. ॥ ૯ ॥ અમો નગ્રની બાહાર નીકળીયે, તમે સાવધ
રેહેજો; નગ્રના દરવાજા બંધ કરીને,સાંકળ તાળાં દેજો. ॥ ૧૦ ॥ ગાંન્ધ
રવ કઇચાનું રૂપ ધરીને, કદાપી દરવાજે આવે; કેહેશે કે હું કઇચોજી છું,
એમ કહી ઉઘડાવે. ॥૧૧॥ તો પણ મારા આવ્યા વીના;ઊઘેડવાં નહી
દ્વાર; જો ગફલતમાં ઉઘેડશો તો, થાશે હાહાકાર. ॥૧૨॥ મશાણમાં કદી
આવશે ગાંન્ધરવ,તો હું સામો લડીશ;પણ મારી ચીંતા તમે ન કરશો,
સહુને પુરો પડીશ.॥૧૩॥ વઇરાટ રાજા ચરણે લાગ્યો, સાબાશ વાલવા
વીર, ગામમાં ચોકી અમે કરશું, હાથમાં ઝાલી તીર. ॥૧૪॥ એટલે ધ
રમ રાજા સમજ્યા, ડાહાપણથી વાળે દાટ; ભીમે નવાણું કઇચાનો, ઘ
ડવો ધાર્યો ઘાટ. ॥૧૫॥ અરેરે એ ગજબ થાશે, ભીમ જરા નહી ત્રા-
શે, સાન કરિને કીંક રૂશીયે, વાલવો બોલાવ્યો પાસે. ॥ ૧૬ ॥ કાનમાં
કહ્યું છાનું માનું, તું ન કરે કોનું વાર્યું; હું સમજ્યો છું સૌ કઇચાનું,
રોશણ વાળવું ધાર્યું. ॥૧૭॥ ભીમ કહે તેમાં તમારે શું, ધરમ બોલ્યા
એમ; વગર વાંકે નવાણુંને, મારવા દેઉં કેમ. ॥૧૮॥ ભીમ કહે લાખા
ભોવનમાં,મેં તો સોગન ખાધા;જાણોછો અગની કાકાની, રાખેલી છે
બાધા. ॥૧૯॥ તે બાધા મુકવી ધારી છે, માટે છાના રહો વીર; ધર્મ
કહે એમ નથી કરવું,કંપે મારૂં શરીર. ॥ ૨૦ ॥ ભીમ કહે કે ઠીક છે
ભાઈ, કહીને અળગો જાય; સઉને જીવાડવા વઇરાટ પ્રત્યે, બોલ્યા ધરમ

રાય. ॥૨૧॥ ઓરે વઇરાટ કાંઇ ભય નથી,જાઓ સઉ સમશાન;વાલવો કહે છે તે સહુ ખોટું, સાચવશે ભગવાન. ॥ ૨૨ ॥ ભીમ કહે ત્યારે ખુશી તમારી, સાચું છે બોલવું મારૂં; ઓ ફરી જેનું અન ખાઓ તેનું, કાંઇક તાકો સારૂં. ॥૨૩॥ ધર્મરાજા મનમાં ચીડયા, આ સારૂં તાકનારો; ભીમ કહે કે વઇરાટ રાજા, વીચાર શું છે તારો. ॥૨૪॥ અગમ બુદ્ધી વાણીયોને, પાછળ બુદ્ધી બ્રહ્મ; તેમનું કહ્યું માનવાથી, થાશે ધમા ધમ. ॥૨૫॥ એટલે વઇરાટ નવાણું કઇયા,બોલ્યા કરીને અવાજ; વાલ વાજી બધું ઠીક કહે છે, બોલશો નહી માહારાજ. ॥ ૨૬ ॥ વાલવાનું કહયું કરીશું,બોલ્યા વાણી કરડી;ભીમે ધર્મને સાન કરીને, છાની મુછો મરડી. ॥૨૭॥ એટલે ધર્મ રાજા ગયા, રાજ્ય સભાની માંય; વઇરાટ રાયે આયુધ લીધાં, તૈયાર કરી સેન્યાય. ॥ ૨૮ ॥ નગ્રના લોકો શ્મશાન જાવા. આવેલા ભલીપેર;તોફાનની વારતા જાણીને, જતા રહ્યા સહુ ઘેર. ॥ ૨૯ ॥ નવાણુ કઇયાએ મડદું બાંધ્યું, ઉચકી સૌ સાથ ચાલ્યો; વ્રકોદરે ક્રોધ કરીને,દ્રૂપદીનો કર ઝાલ્યો. ॥ ૩૦ ॥ સહુ નગ્રની બાહાર નીકળીયા,ભીમે મચાવ્યો ધંધ;વઇરાટ રાયે ચારે દીશાના,દરવાજા કીધા બંધ. ॥૩૧॥ સાંકળ ભોંગળ તાળા દીધાં, એ ભીમશેનનો બોધ; કીલ્લા ઉપર આયુધવાળા, ફરતા મુકયા યોદ્ધ ॥ ૩૨ ॥ ભીમે તેમને બાહારથી કહ્યું, સાચવજો બહુ પેર;આવશે ગાન્ધર્વ કઇયાને વેશે,દેખો તો મારજો ઠેર. ॥૩૩॥ એવી આગળથી પાળ બાંધી, પોતે ચતુર સુજાણ; આગળ કઇયા પાછળ પોતે, આવ્યા સરવ મશાણ. ॥૩૪॥ કઇયાએ મડદુ ઉતાર્યું, સતી ગ્રહી બેઠો ભેમ;સરવે કઇયા પુછવા લાગ્યા,વાહલવા કરીએ કેમ ॥ ૩૫ ॥ ભીમ કહે કે મરનાર કઇયો;શું લેઈ ગયો સાથ, અફળ ફેરો એનો ગયો છે, ન થયું પુન્યદાન હાથ. ॥ ૩૬ ॥ માટે પોતાનો ભાઈ જાણીને ભલાઈથી સહુ ભાળો;વનમાંથી બહુ કાષ્ટ લાવીને, મ્હોટી ચીતામાં બાળો. ॥ ૩૭ ॥ વળણ ॥ બાળો સહુ અગની થકી,કઇયા કબુલ થાય; પચીસ પચીસનું જુથ કરી, ચારે દીશા જાય.

કડવું ૨૦ રાગ ધન્યાશ્રી.

વઇશમ પાયે એણીપેર બોલ્યો સુણ જનમેજે રાય;વીસ્તારી તુજ ને સંભળાવું,વઇરાટ પરવ મહીમાય. ॥ ૧ ॥ પચીસ ગયા દક્ષીણ દીશા, પચીસ પુરવ દીશાય, પચીસ ગયા ઉત્તર દીશા; ચોવીશ પશ્ચીમ માંય

॥ ૨ ॥ એટલે બોલી દ્રુપદી સતી, ઓ મ્હારા ભરતાર; મોટી ચીતા ખડકાવો છો, શું છે તમારો વીચાર. ॥૩॥ ભીમ કહે તું સુણ સયંદ્રી ધુમ્ર જવાની વ્યોમ; એકની જોડે નવાણુંનો, કરવો ધાર્યો હોમ. ॥ ૪ ॥ દ્રુપતી કહે કંથ મ્હારા; બીજાએ શાં કર્યા પાપ; મુજથી દેખી ખમાશે નહી, મરવાના અદાપ. ॥૫॥ ભીમ કહે કે ગમ્મત પડશે; જોવાની અપ રમપાર; ઉંચા નીચા કુદશેને, મુખ કરશે પોકાર ॥ ૬ ॥ સતી કહે મારૂં કાળજુ ફટકે, શાને મારો સહુ કોઈ,ભીમ કહે બાધા મુકવી છે બેસજે આડુ જોઈ. ॥૭॥ એવામાં દક્ષીણ દીશાથી, પચીસ કઇચા આવ્યા; કાષ્ટ તણા ભારા બાંધીને, માંથે ઉચકી લાવ્યા, ॥૮॥ તેની ભીમે ચીતા ખડકી, લાંબી પહોળી મોટી; વળતું વરકોદર એમ બોલ્યો, શીદ સહુ થાવોછો ખોટી. ॥૯॥ કાષ્ટ વધારે જોઇતાં નથી, તો નવરા શીદ ઢુંકો; સબ સુવાડો ચીતા વીશે, પછી અગની મુકો. ॥૧૦॥ તવ કઇચાએ મડદુ મુકયું,કર્યો અગની સંસકાર;ભડભડ અગની ચોદશ લાગ્યો, બોલ્યો કુન્તી કુમાર. ॥૧૧॥ તમારો કઇચો કમોતે મુઓ, માટે કરો એક કામ ઓળબંધ ચીતા કને ઉભા રહી,સમરો શ્રી રામ રામ ॥૧૨॥ તવ કઇચા કહે,સાચું કહોછો, સમરીએ શ્રી રામ;ચીતા કને ઓળબંધ ઉભા,સમરે પ્રભુનું નામ. ॥ ૧૩ ॥ ભીમ પચીસની પુઠે ઉભો; મનમાં કર્યું સ્તવન; અગની કાકા બીજી માના, સો આપુંછું તન. ॥૧૪॥ તે તું તારે માની લેજે,કહી લાંબા કર્યા હાથ;પચીસ પાપી ઉભા રહેલા,તેને ભીડાવી બાથ ॥૧૫॥ ઉંચા નીચા થયા કૈચા, ભીમે ઉચકી લીધા; ઉચકી ઉંચા કરી હીલોળ્યા; ચીતામાં ફેંકીદિધા. ॥૧૬॥ તે તાપમા તરફડવા લાગ્યા, આડાને અવળા હાલ્યા; ભીમે બળતું કાષ્ટ લેઇને, અગનિમા ગડબી ઘાલ્યા. ॥ ૧૭ ॥ ઉપર બીજાં કાષ્ટ નાંખ્યાં. પુરવના તવ આવ્યા, તેમના કાષ્ટ ચીતામાં નાંખી, ભીમે પાસે બોલાવ્યા. ॥૧૮॥ છોતમે સહુ મુરખ જેવા, બહુ લાવો શું કરવા; દક્ષીણમાંના અગની મુકીને; ગયલાકડાં ભરવા. ॥૧૯॥ માટે તમોહવેન જાશો,એક કરો શુભ કામ;ચીતા પાસે ઉભા રહિને, ભજો શ્રી રામ રામ. ॥૨૦॥ કૈચાએ જાણ્યું ખરૂં કહે છે,વીવેકના મનસુબા;ચીતા પાસે કરજોડીને, ભજન કરવા ઉભા. ॥૨૧॥ પુઠેથી ભીમે બાથ દીધી,અચેત ઉચકી લીધા; અગની કાકા માની લેજે,કહીને હોમી દીધા.॥૨૨॥ ઉંચા નીચા કુદવા લાગ્યા, બહુ તરફડતા હાલે,વાયુના નંદન બળતે કાષ્ટે, ગડબીને મહી ઘાલે. ॥૨૩॥એટલે ઉત્તર દીશાના આવ્યા. તેને પણ કર્યું તેમ, પશ્ચીમમાંથી ચોવીશ

આવ્યા, એટલે બોલ્યો ભીમ. ॥૨૪॥ ભાઈ તમે કોઈ હવે ન જાશો મારૂં વાર્યું કરો, ઓળબંધ સહુ ઉભા રહીને,ધ્યાન પ્રભુનું ધરો, ॥૨૫॥ એટલે ઉભા ઓળ કરીને, સમરે વઇકુંઠ નાથ, વાયુ નંદન વ્રકોદરે;પુંઠેથી દીધી બાથ. ॥૨૬॥ એક કઇચો તવ ચેતી ગયો,વાલવો જાણ્યો માઠો, વ્રકોદરની બાથમાંથી, વચકળીને નાઠો. ॥૨૭॥ એણે જાણ્યું સચંદ્રીને, વાલવો છે એક; નાશીને કેટલે હું જવાનો, ગયેલો ઝાલશે છેક. ॥ ૨૮ ॥ એવું જાણી દ્રૂપતી પાસે, આવીને જોડયા હાથ; ઓ બાઈ તારે શરણે હું આવ્યો, જીવતદાન દે માત. ॥૨૯॥ દ્રૂપદીને તવ ઊપની દયા, ખેલ કેવો એણે દાખ્યો; ઓઢેલું ચીર અળગું કરીને, પુંઠળ ઉભો રાખ્યો. ॥૩૦॥ પછી તે ચીર ઓઢી લીધું, ખરેખરી કરી ખુબી; વાયુ નંદન કાંઇ ન ચેતે, એવે પ્રકારે ઉભી. ॥૩૩॥ એવામાં ભીમે તેવીશ જણને, ચીતામાં હોમી દીધા; ગડબીને અગનીમાં ઘાલ્યા,નવાણું પુરા કીધા. ॥૩૨॥ પછી જાણ્યું કે જીવતો ગયો;કુમતી કઇચો એક;વાત મારી ઉઘાડી થવાની, વન જાવું પડશે છેક. ॥ ૩૩ ॥ એમ જાણીને કાષ્ટ સળગતું, પોતે લીધું ચડી ચોટ; કઇચાને શોધવા નગ્ર ભણી, બળમાં મુકી દોટ. ॥૩૪॥ દરવાજા સુધી શોધી આવ્યો આસપાસ શોધી વળીયો;ચીંત્તા કરતો ચીતા કને આવ્યો, આક્રંદ કરતો બળીયો. ॥૩૫॥ આવી પુછયું દ્રૂપદીને, આંસુ ભર્યાં લોચન;કેઇ દીશા કઇચો નાઠો, જાવું પડશે વન. ॥ ૩૬ ॥ દ્રૂપદી કહે મેં નથી દીઠો, તમ કરથી કેમ છુટયો;ઓ પેઉજી મારૂં કહ્યું ન માન્યું, પાપ તણો કુંભ ફુટયો. ॥૩૭॥ ભીમ કહે મ્હારૂં ભવીશ વાંકું, હવે જીવી શું કરવું;મારે કરમે સૌ વન જાશે, આપઘાત કરી મરવું ॥૩૮॥ એમ કહીને રડતો રડતો,ઢળીને પડયો ધરણ; એવામાં નીચેથી દીઠા, દ્રૂપદીના ચાર ચરણ. ॥ ૩૯ ॥ એટલે વેમ પડયો વ્રકોદરને, ગડબડતો કને ચાલ્યો;ઓચીંતી પોતે ઝડપ મારી, પાછળનો પગ ઝાલ્યો ॥૪૦॥ ચાર પગી તું નારી કયાંથી, કહી પગ ખેંચ્યો આપ; એટલે કઇચે ચીસ નાંખી,મારશો નહી મા બાપ. ॥૪૧॥ ભીમે પાપીને તાણી કાઢયો, દ્રૂપદી વદી વાણ,જો કંથજી એને મારો તો,કાહાડું મારો પ્રાણ. ॥૪૨॥ ભીમ કહે તું ઉભીરે અળગી, મારૂં તો સોગન તારા; તવ તારૂણી આઘી ઉભી, પાળજો સોગન મારા. ॥ ૪૩ ॥ પછી ભીમે કહ્યું કઇચાને હવે ગયું તુજ દુઃખ;પણ મરજી હોય જીવવાની તો, પોહોળું કરી દે મુખ ॥ ૪૪ ॥ તવ કઇચાએ કહ્યું માન્યું, બેઠો મોઢું ફાડી; વ્રકોદરે જીભડી ઝાલી, ખેંચીને નાંખી કાહાડી. ॥ ૪૫ ॥ પછી આગળાં બેઉ ભુજનાં

ભીમે નાંખ્યાં ભાગી; તે સહુ લેઈ ચીતામાં નાંખ્યાં ભડ ભડ અગના લાગી ॥૪૬॥ કૈઆજીએ કપાળ કુટયું, આ કરતાં ભલું મરણુ; દ્રૂપદી કહે કંથજી મારા, દુભ્યું અંતકરણુ ॥૪૭॥ તમે શોગન કાંઈ ન પાળ્યા, શા કામના મુજ પતી; ભીમ કહે જો જીવતો છે, મારી નાંખ્યો નથી, ॥ ૪૮ ॥ જીભ ન કાહાડું તો વારતા કહી દે, તો વનજાવાનું આવે, આં ગળાં એનાં ભાગું નહીતો, લોકોને લખી બતાવે. ॥૪૯॥ માટે કર્યું તે ઠીક કર્યું છે,ચાલો મારી સાથ; એવું કહીને ભીમે ઝાલ્યા, બે જણુના બે હાથ. ॥ ૫૦ ॥ લેઇને આવ્યો દરવાજે, શેવકે ઉઘેડયાં દ્વાર; સદ્ર-ષ્ણાએ દ્રૂપદી દીઠી, તવ પુછયા સમાચાર. ॥૫૧॥ એટલે કઇચાને સુર ભરાયું,જાણ્યું કહી દેઉં વાત. કઇચો બોલ્યો ઉં ઉં ઉં ઉં, કરી બતાવી બાથ. ॥૫૨॥ સુદ્રષ્ણા કહે આમ કેમ બોલે, શું થઈ છે આ ગતી; ક-ઈચાએ મોં ફાડી બતાવ્યું, આમાં જીભડી નથી. ॥ ૫૩ ॥ એટલે રાણી પુછવા લાગી,ઓરે વાલવા ભ્રાત;કઈચાનું કહ્યું નથી સમજાતું,તું માંડી ને કહે વાત.॥૫૪॥ ભીમ કહે ભાઇ ભોગ મારા, હું ગયો એમની સાથ ચીતામાં સરવે પડવા માંડયું,આને દીધી મેં બાથ. ॥ ૫૫ ॥ એક હાથે ઝાલેલી શયંદ્રી, બીજે હાથે કઇચો;ભાઇના મ્રત્યુથી ચીંતામાં પડી,મર ણુ પામ્યા સહુ ભૈયો. ॥૫૬॥ સુદ્રષ્ણા કહે ભવીશ મ્હારૂં, ઉજડ થયું પીયેર; એટલે કઇચોજી અકળાયો, બેન સમજી નહી પેર. ॥૫૭॥ એમ અકળાઇને ધ્રાંટા કહાડયા,બોલી ન શકાઈ વાણુ;તે કારણે એણે શીશ પછાડયું, નીકળી ગયા પ્રાણુ. ॥૫૮॥ તવ તેનું મડદુ ભીમે ઉપાડયું, માહા યુકતીવંત કાહાડ્યો;મશાણમાં સળગેલી ચીતા,તેમાં જે નાંખી આવ્યો. ॥ ૫૯ ॥ તવ વઈરાટની રાણી બોલી,રૂપાળીએ કર્યો કેર; ઓ વાલવાજી આ સયંદ્રી, ના જોઇએ મુજ ઘેર. ॥ ૬૦ ॥ વળણુ. મુજ ઘેર એ જોઇએ નહી, ભીમ વધા વચન; ગભરાશો નહી બેનડી, જઈ મુકી આવું વન. ॥

કડવું ૨૧ રાગ સાખી.

વઇશંપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુ-જને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥૧॥ ભીમે કર ઝાલ્યો સતી ને, જાણે આકળો થયો; જોશીનું સ્થાનક ગાયો ચાર્યાનું, ત્યાં તેડીને ગયો. ॥ ૨ ॥ વૃક્ષ ઉપેર માળો બાંધી આપ્યો, નારી મુકી તે માંય; સ

હદેવજીને સોંપણુ કીધી, રાત દીન રેહેજે આંય. ॥ ૩ ॥ આવજે રસોડે ખાવાનું લેવા, આપીશ હું પેટ પુર; જોજેરે કાંઇ ખામી ન આવે, ધર જે ચીંતા ઉર. ॥ ૪ ॥ એ રીતે કહી ગામમાં ગયો, સુદ્રષ્ણા કને આવ્યો; એ બેન પેલી ધોબારીને, વનનો વાઘ ભળાવ્યો. ॥ ૫ ॥ સુદ્રષ્ણા કહે સારૂં થયું, એરે વાલવા ભ્રાત;ભીમ જઇ રસોડે રહ્યોને,દુનીયામાં ચાલી વાત. ॥ ૬ ॥ હસ્તીનાપુર વારતા પહોંચી, જાણ્યું દુર્યોધન; એ મામા હવે કેમ કરીશું, નજડયા કુન્તી તન. ॥૭॥ વઇરાટ નગ્રમાં ઉતપાત થયો, તેથી પડે છે વેહેમ; પાન્ડવ હશે વઇરાટ નગ્રે, મુને લાગે છે એમ. ॥૮॥ તવ મામા કહે ધીરજ ધરો, પાન્ડવની શોદ કહાડું; આપણા ઘરનો માળી બોલાવો, તેને યુક્તિ દેખાડું. ॥ ૯ ॥ એટલે રાયે બોલાવ્યો માળીને, શકુની વદયો વચન; જા ભાઇ વઇરાટ નગ્ર વીશે, રેહેજે સગાને ભોવન. ॥૧૦॥ બાગ કોઇનો રાખને ભાડે, પુરૂપની વીણજે કળીયો; જેને ને તેને મફત દેજે, કાં રંગ કે કાં બળીયો. ॥ ૧૧ ॥ જેના કરમા કળીયો ખીલીને,પુષ્પજ બની જાય;તે જનને રાખજે સુરતામાં, જાણજે ધર્મરાય. ॥ ૧૨ ॥ જાણ્યા પછી તું આવજે પાછો, એમ કહી કર્યો વીદાય; માળી ગયો વઇરાટ નગરે, ઉતર્યો સગાને ત્યાંય. ॥૧૩॥ બીજે દીવશે બાગ રાખ્યો, નાંણાંની પરઠણ કરી; તે પછી પુરૂપનિ કળીયો વીણી, તેની છાબજ ભરી. ॥ ૧૪ ॥ પ્રથમ ગયો રાજ્ય સભામાં, વેહેંચવા સર્વન માપે;ગાદીના ગુરૂ ધર્મ રાજા છે, તેમને પેહેલાં આપે, ॥૧૫॥ હાથજ અડતાં પુરૂપજ થયાં, માળી સમજી ગયો; પછી સરવને વેહેચી નાખ્યાં,અતી ઊતાવળો થયો.॥૧૭॥ પછી સહુ સમાચાર જાણ્યા, હરખ ભરાયો ઉર; સરપાવ લેવા માળી ગયો, પ્રેમે હસ્તીનાપુર. ॥ ૧૭ ॥ છત્રપતીને સમાચાર કહ્યા, ભરી સભાની માંયે; દુર્યોધન કહે સુણો ગુરૂજી, સુણો ભીશ્મ પીતાય. ॥ ૧૮ ॥ પાંચે પાન્ડવ છે વઇરાટ વીશે. ચાલો તમે સત્ય જન;આવી એમના હાથ ઝાલી, ફરીથી કાહાડો વન. ॥ ૧૯ ॥ એમ કહીને તઇયારી કીધી, ચઢીઓ નરને નાથ;જોડે અગીઆર ક્ષોણી સેન્યા લીધી સત્યવાદી ચાર સાથ.॥૨૦॥ ડંકા દેતા વઇરાટ આવ્યા, ઘણાક હરખે ભરીયા; ઉત્તર દીશાને દરવાજે,સરવે મુકામ કરીઆ. ॥૨૧॥ પછી દુર્યોધન એમ બોલ્યો,સુરોનિકળે કોય; તે જાઓ પશ્ચીમને દરવાજે, નગ્રનો ભોમીયો હોય. ॥ ૨૨ ॥ તે જઇ ત્યાંની ગાયો વાળો,મારો ગોવાળને માર;એટલે ગોવાળ જઇને કહેશે, રાજાને સમાચાર. ॥ ૨૩ ॥ તેથી કોણ આવે છે છોડાવા, ઘેરી રાખેલી

ગાયો; પાન્ડવ આવ્યા વીના નહી રહે, જણાશે વાતનો પાયો. ॥૨૪॥ એવું સુણી બોલ્યો સુસરમા, હું થાવું છું સાવધાન,વઇરાટ કેરો ભોમી યોછું; હું હતો પરધાન. ॥ ૨૫ ॥ તવ બોલ્યો રાજા દુર્યોધન, સુખ રૂપ તતપર થાવો;છ ક્ષોણી સેન્યા જેદ્રથ ભગદત, સુસરમા તમે જાવો. ॥ ૨૬ ॥ એવી દીધી આજ્ઞા કે, યોદ્ધા તતપર થયા; આયુધ લેઇને શુરા પુરા, પશ્ચીમ દીશાયે ગયા; ॥૨૭॥જઇ જોર માર્યું ગાયો ઘેરી, ગોવાળને માર્યો માર; એટલે રડતા ગયા ગોવાળા, વઇરાટ કને તે વાર. ॥ ૨૮ ॥ કહ્યું તમારો પ્રધાન જુનો, તેણે ઘેરી ગાયો; છ ક્ષોણી સૈન્યા જેદ્રથ જેવા, યોદ્ધા સાથે લાયો. ॥૨૯॥ તવ વઇરાટે કીંકને કહ્યું, વઢવા સામગ્રી લાવ્યો, પોતાનું પ્રધાનપણું લેવા, સરજોરીથી આવ્યો. ॥ ૩૦ ॥ માટે માહારાજા જાવું છે યુધ્ધે, વીચાર્યું ધર્મરાય; વઇરાટ રાજાને ઉશ્કેર્યો, ઘેરાઇ જાણી ગાય. ॥૩૧॥ વઇરાટ રાજા રથે બેઠો, હાથ ગ્રહ્યાં હથીઆર; ડંકા દેતો યુધ્ધે ચાલ્યો;સાથે ક્ષોણી ચાર.॥૩૨॥ ધર્મે જાણ્યું અમારે માટે, ઘેરાઈ ગઈ છે ગાય;જો એ ગાયો છુટે નહીતો, પાપ અમોને થાય.॥૩૩॥ વઇરાટ કેરૂ ગજું નથી, માટે અતી પસ્તાવું; હારે છે કે જીતે છે એ, જોવા માટે જાવું. ॥૩૪॥ એમ જાણીને અસ્વે બેઠા, પોતે ધર્મરાય; પુઠે પુઠે જોવા ચાલ્યા, સંગ્રામ સ્થાનક જ્યાંય. ॥ ૩૫ ॥ એકવૃક્ષ નીચે જઇને ઉભા,ચીકીત્સા જોવા રહ્યા;વઇરાટ રાજા સૈન્યા સાથે, સુસરમા સામા થયા. ॥૩૬॥ એટલે સુસરમા એમ બોલ્યો, કથજ્યું તારૂં રાજ; તુજને હવે કેદ કરીને,લેવું છે તારૂં રાજ. ॥૩૭॥ એટલે બોલ્યો વઇરાટ રાજા, કરો કાળો કેર; શું જુઓ છો યોદ્ધા મારા, મારીને મારો ઠેર. ॥૩૮॥ એમ કહી યુદ્ધ આરંભ કીધું, યોદ્ધા કોપે ચડીયા; સામા સામી આયુધ લઇને. મારવા ટુટી પડીયા. ॥૩૯॥ એવામાં જેદ્રથે બાણ લીધું, નાગાસ્ત્ર મંત્રજ શાંધ્યો; એકછ બાણે વઇરાટ રાયને, અવળે હાથે બાંધ્યો. ॥ ૪૦ ॥ તવ શુસરમાયે રથ દોડાવ્યો, ચુકતનો ખેલ કીધો; વઇરાટ રાયને ઉચકીને, પોતાના રથમાં લીધો. ॥૪૧॥ પછી છ ક્ષોણી સૈન્યાના યોધ્ધે, સૈન્યને માર્યો માર; એટલે સઉ ત્રાસ પામી નાઠા, યોદ્ધા ક્ષોણી ચાર ॥૪૨॥ વઇરાટનું સન્ય નાશી ગયું,વઇરાટ હારી ચુકયો; તે દેખીને ધર્મરાયે, ઘોડો મારી મુકયો. ॥ ૪૩ ॥ દોડતા દોડતા ગયા રસોડે, બોલાવ્યો ભીમને બહાર; શું જુએ છે આપણે માટે, બંધાયો અનદાતાર. ॥ ૪૪ ॥ એવું ભીમે સાંભળ્યું ને ક્રોધ ગણેરો કીધો; મેલાં ઘેલાં પેહેરી વસ્ત્રો, કડછો ખભે લીધો ॥૪૫॥ મોઢે પ્રતીકા ચોપડીને,

આલ્યો ધર્મની સાથ; ધર્મે આવી વઇરાટ રાયને, ઉંચો દેખાડયો હાથ. ॥ ૪૬ ॥ તવ વઇરાટને ધીરજ આવી;રહીશું કુશળ ક્ષેમ;એવે સનમુખ આવી ઉભો, મહાબળવંતો ભેમ ॥૪૭॥ ભીમશેને કહ્યું જેદ્રથને. રાયને કોણ બાંધનારા;પગે લાગી પાછો આપો;અનદાતા અમારો ॥૪૮॥ જેદ્રથ કહે ઓળખ્યો તને, ઓરે કુન્તી કુમાર; રાંધણું રાંધવા પરઘેર રહયો તુજ જીવતર ધીક્કાર ॥ ૪૯ ॥ એવું સાભળી વ્રકોદરને, તનમાં લાગ્યો તાપ; ભીમસન ભીમશેન કોને કહે છે, કયાં ભીમ તારો બાપ ॥ ૫૦ ॥ એવું સાંભળી જેદ્રથ બોલ્યો, સહુ જોદ્ધા જુધ ધારો; રાંધણું રાંધવાનું ભુલાવો, મન મુકીને મારો, ॥ ૫૧ ॥ વળણ ॥ એવી કીધી આગના, કોપ્યા અપરમપાર; કહે વલ્લભ સરવે મળી, દેવા માંડયો માર.

——×○×——

કડવું ૨૨ રાજન રાચેજી.

વઇશમપાયન એણીપેર બોલ્યા. સુણ જનમેજે રાય; બળવંત બા જેજી; વીસ્તારી તુજને સંભળાવું, યુદ્ધ તણો મહીમાય, બળ. ॥ ૧ ॥ જેદ્રથ ભગદત્તન ભુરી શેવા, ચોથો સુસરમાય. બ. છ ક્ષોણી સન્ય કરતી અન્યા, ભીમને મારવા ધાય, બ. ॥ ૨ ॥ રાતા તાતા થાતા મદમાતા, મુખ કરે પોકાર, બ. ગુપતી ગેડી ગદા લઇને, દેવા માંડયો માર બ. ॥ ૩ ॥ છુટા ગોફણના ગોળા મારે, ભીમનો મત મુકાવે. બ. આડોને અવળો ભીમ ખશે છે;હથીઆરને ચુકાવે. બ. ॥ ૪ ॥ કડછેથી જાળવે અંગ પોતાનું, જુલમ ઝગડો જાગ્યો. બ. એવામાં ભગદતે બાણ મારીને,ભીમનો કડછો ભાગ્યો. બ. ॥ ૫ ॥ આયુધ વીના ભીમ ગભરાયો,માર પડયો એને માઠો. બ. ઊભા રહેવાની હીમ્મત હાર્યો. જીવ લઇને નાઠો. બ. ॥ ૬ ॥ એટલે સૌ જોદ્ધા પુંઠે પડયા, ભીમે કર્યો વીચાર; બ.હું એકલો ને આતો અનેક છે, વળી નથી હથીઆર, બ. ॥ ૭ ॥ અંતૅરયામી ગરૂડા ગામી,આયુધ દો તો માનું પાડ. બ. એવામાં ભીમે નજરે દીઠાં,આંબલીનાંબે ઝાડ. બ. ॥૮॥ તેને જઇને બાથ ભીડાવી, પરાક્રમ મોટાં માંડયાં. બ. જોર કરીને હચ હચાવી, સમુળાં તાંણી કહાડયાં. બ. ॥ ૯ ॥ પછી બે ભુજમાં જુજવાં ઝાલ્યાં; મેઘનાદે ગડગડીયો બ. હડુડુડુ લેઇને હાકજ મારી, સૈન્યમાં કુદી પડીયો બ. ॥ ૧૦ ॥ દેતો સપાટા ઝાડના ઝપાટા; નામ રૂડે કે ભુંડે; બ. નીચું જોઇને નેત્ર મીચીને, ઝાડે ઝાડે ઝુડે. બ. ॥ ૧૧ ॥ કંઇને દે કોહાણી કંઇને ઢીંચણ દે, પા-

દ્રુથી કહાડે પ્રાણ, બ. જ્યાં ભીમસેનનું ઝાડ પડે ત્યાં, બસેં ચારસેનો ઘાણ.બ. ॥ ૧૨ ॥ એક ઘડીમાં ચઉદશેં માર્યા;હાથ દેખાડયા માઠા. બ. ત્રાસ પામીને શીશ નામીને, સેન્યના યોદ્ધા નાઠા. બ. ॥૧૩॥ એટલે નાઠા મારથી ચારે,એમ સરવ ગયા નાશી. બ.સ્વાસ ભર્યા ગયા ઉત્તર દીશાયે. રાય કને મોં વીકાશી. બ. ॥૧૪॥ એવે વઇરાટને ભીમે ઉતાર્યો,। બાંધેલો રથથી ધાર્ગે.બ. હસ્ત છોડયા તવ વઇરાટ રાજા, ભીમને લાગ્યો ચર્ણે. બ. ॥ ૧૫ ॥ વળણ. ભીમસેનને ચરણે નમ્યો, આવ્યા ધરમરાય; વદે વ્યાસ વલ્લભ તે સમે, રાણી આવિ ત્યાંય. ॥

કડવું ૨૩ રાગ ચોપાઇની ચાલ

બોલ્યા વઇશમપાયે વચન સુણ જનમેજે રાજન; રાણીયે સાંભળી વાત, કંથના બંધાયેલા હાથ. ॥૧॥ માટે રડતી રડતી આવી, કંથ કાજે આંસુડાં લાવી; એવે કંથને છોડતા દીઠો. એને વાલવો લાગ્યો મીઠો ॥ ૨ ॥ તેથી પોતે આવી પડી પાય, એવે બોલ્યો વઇરાટ રાય;વાલવા કહું છું પગે લાગી,મારી પાસે કાંઇક લ્યો માગી. ॥ ૩॥ ત્યારે બોલી સુદ્રષ્ણા રાણી, મુજ પાસે માગો હેત આણી, તવ ભીમ બોલ્યો મુખ કથી,કોથી માગ્યું અપાતું નથી. ॥ ૪ ॥ બોલ્યો વઇરાટ માગો તે દૈએ, ભીમ કહે ઉજાણી જઇએ; ચાલો હનુમાનના બાગ માંય, ત્યારે રસોઇ જમવી ત્યાંય ॥ ૫ ॥ બોલ્યો વઇરાટ રાય કબુલ, હવે તેમાં નહી આવે ભુલ; પછી સુદ્રષ્ણા ચરણે લાગી, વીરા મુજ કને લે માગી॥૬॥ ભીમ કહે તારૂં કહેવું કાચું,માનતો નથી નારીનું સાચું; એટલે રાણી બોલી આપ, માગ્યું ન દેઉં તો મુને પાપ. ॥ ૭ ॥ ભીમ કહે સંયદ્રી લાવો, તમારે ઘેર તેડી જાઓ; પેલો પંથજી જ્યાં ગાયો ચારે. ત્યાં મે મુકી છે એને આધારે. ॥ ૮ ॥ તવ રાણી બોલી ધરી ધીર, એને તેડી જાઉં છું મમ વીર;કહી શેવક લીધા ચાર,ગઇ વન વીશે નીરધાર॥૯॥ જ્યાં સહદેવ ગાયો ચારે,ત્યાં રાણી આવી તે વારે; વ્રક્ષે વ્રક્ષને શોધતી સાર,એવે દીઠી દ્રુપદિ નાર. ॥ ૧૦ ॥ તેને જોડયા રાણીએ હાથ, બાઇ તું ચાલ મારી સાથ;તુજને કહું છું સત્ય ધરમે મારા ભાઇ મુવા તેના કરમે ॥ ૧૧ ॥ પેલા વાલવે મુજ કામ કીધું, મારી પાસે એણે માગી લીધું; માટે તેડવા આવી આપ, તું ન આવે તો ગૌહત્યા પાપ; ॥ ૧૨ ॥ તુજપર કાંઇ રાખું દ્વેષ, તોતો પાપ મુને હમેશ; એવાં વચન સાંભળ્યાં જ્યારે, હેઠી ઉતરી દ્રુપદી ત્યારે ॥ ૧૩ ॥ ઝાલ્યો સુદ્રષ્ણાએ હાથ, લેઇ

ચાલી ગામમાં સાથ; લાવી ધરબાર સોંપી દીધું, પછી રાણીએ શું કામ કીધું. ॥ ૧૪ ॥ આજ રહ્યું હેવાતણ મ્હારૂં; માટે પ્રભુની પ્રાર્થના ધારૂં; એમ જાણી ઓરડામાં પેઠી, હરી સમરણ કરવા બેઠી ॥ ૧૫ ॥ એવે નગ્રની બહાર વૈરાટ, ઉભો ઉજાણી જવા માટ;એવે શૈન્ય તણું લોક આવ્યું,રાયે સીધું બધું મંગાવ્યું ॥૧૬॥ બાહારો બાહાર તે બાગમાં ગયા, ભીમપર બહુ રાજી થયા;એવે ઉત્તર દીશા શું થાય; વાત જાણી દુર્યોધનરાય.॥૧૭॥ પછી બોલીયો છત્રપતી, ભીશ્મદાદા જુઓ થઈ ગતી; જેણે વાલવો ધર્યું છે નામ, તેતો ભીમે કર્યો સંગ્રામ. ॥૧૮॥ બોલ્યા ભીશ્મપીતા મુખ એમ; દીઠા વીના કહુ ભીમ કેમ; ત્યારે બોલ્યો રાય હરાયો, ઘેરો આ દરવાજાની ગાયો. ॥ ૧૯ ॥ સુણી શેવકનો સાથ ધાયો, ઘેરી ઉત્તર દીશાની ગાયો,માર્યો ગોવાળીઆને માર,તે તો નાઠા કરી પોકાર ॥૨૦॥ જોઇ ભીસ્મજી બોલ્યા એમ, આનું થવા બેઠું છે કેમ; દ્રોણે કહ્યું કે ફુટયું ભાળ,એનો થયો બગડવા કાળ ॥૨૧॥ ખોટું થવાનું તે ખોટું સુજે,જુઓ ગાયો આ કેવી ધ્રુજે; ગયા ગોવાળ ગામમાં સાર, કેહેવા રાયને સમાચાર.॥૨૨॥આવીતે રાજ્ય સભા જોઇ, માળે નહીં સભામાં કોઇ;ઓત્રા કુંવર રાયનો તન, રમતો હતો રાજ્યભોવન. ॥ ૨૩ ॥ તેને પુછી ગોવાળીએ વાત, ભાઈ કયાં ગયા તમારા તાત;કહ્યું કુંવરે બેઠો હું રમવા,તાત ગયા ઉજાણી જમવા.॥૨૪॥ છજામાંથી સુણે દ્રુપતી, બોલ્યા ગોવાળીયા દુઃખ અતી;આવ્યો હસ્તીનાપુરનો પતી, ગાયો ઘેરી લીધી દુરમતી. ॥ ૨૫ ॥ અમને સહુને દીધો માર, નાશી આવ્યા કેહેવા સમાચાર; તેનો જાણી દ્રુપતીયે વાત, ગાયો ઘેરાઈ અમારે માટ. ॥ ૨૬ ॥ કેમ રખાય તેનો અદાપ, ભુખી તરશીનું અમને પાપ; એવું જાણી વદી દ્રુપતી; સુત તાત તમારા નથી. ॥૨૭॥ તેથી તમે જાઓ યુદ્ધ કરવા, બધી ગાયો તણું દુખ હરવા;તમે જબરા જણાઓછો ઝાઝા,તેથી આગળ કેહેવાશો રાજા.॥૨૮॥ એવી રીતે કુંવરને ચડાવ્યો, સતીયે શુભ ખેલ લડાવ્યો; બોલ્યો કુંવર હું યુદ્ધ ધારૂં, જાઉં તો છત્રપતીને મારૂં. ॥ ૨૯ ॥ પણ રથ હાંકનાર નથી કોઇ,માટે યુદ્ધે જાઉં શું જોઇ; ત્યારે દ્રુપતી કહે જાઓ, પેલા વ્યંઢળ મેહેતાને લાવો. ॥૩૦॥ રથ હાંકતાં આવડે સારો. આવશે એ ગુરૂ તમારો;સુણી સુત ગયો નીશાળ; જ્યાં બેઠા છે કુન્તી બાળ. ॥ ૩૧ ॥ ચાલો મેહેતાજી તતપર થાઓ, મ્હારી સાથે યુદ્ધમાં આવો; આવ્યો છે દુષ્ટ દુર્યોધન;ઘેરી ગાયો કરીને વીઘન. ॥૩૨॥ મારી ગોવા-

ળને મુકયા કાહાડી,તેણે આવી મુને બુમ પાડી;તેથી જાવું મ્હારે યુદ્ધ કરવા, આજ બળીયાશું બાચકા ભરવા. ॥ ૩૩ ॥ નથી રથ હાંકનાર કોઈ ગેર,તમારી જાણે સયંદ્રી પેર; તેણે મુને મોકલ્યો તમ કને,બોલ્યા બ્યંઢળ પુછુંછું તને. ॥૩૪॥ સયંદ્રીને મુકીતી કહાડી,એને કોણે ઘરમાં પેસાડી;વળી તમ તાત કેમ ઘેર નથી,મને સમજાવો શુભ મતી. ॥૩૫॥ ત્યારે કુંવર કહે ઓ મહેતા,કેમ આવાઅજાણ્યા રેહેતા;પેહેલા પશ્ચીમને દરવાજે; થયું યુદ્ધ ઘણે અવાજે ॥ ૩૬ ॥ ત્યાં તો જયદ્રથે સંગ્રામ કીધો મારા તાતને બાંધી લીધો;ત્યાંતો વાલવે જઇ છોડાવ્યા, શતરૂ પાસે હાથ જોડાવ્યા. ॥૩૭॥ તેથી મુજ તાતે માન્ય દીધું, પછી વાલવે માગી લીધું;બાહારોબાહાર ઉજાણી ખાવા, ગયા બાગમાં લેવાને લાહાવા॥૩૮॥ મારી માતાયે વાલવાને કહ્યું, તુજથી એવાતણુ રહ્યું; માટે માગી લે કંઈ મુજ કને,જેહ માગે તે આપીશ તને. ॥૩૯॥ ત્યારે વાલવે માગી લીધું, સયંદ્રીને લાવવા કીધું;તેથી મુજ માતા તેડી લાવી, આજ સયંદ્રી ઘરમાં આવી.॥૪૦॥ એણે કહ્યું કુંવરજી જાઓ, હાંકનારા બ્યંઢળને લાવો; માટે તેડવા આવ્યો તમને, ઉઠો ઉતાવળ છે અમને. ॥૪૧॥ સુણી અરજુને કીધો વીચાર,નહી ઉઠું તો પાપ અપાર;ગાયો ભુખીને તરશી રેહેશે, વળી ધરમ ઠપકો દેશે. ॥ ૪૨ ॥ એવું જાણીને ઉભો થયો, એતો કુંવર સાથે ગયો,આવ્યા મેહેલ પાસે જે વાર,બોલ્યા અરજુનજી તે વાર. ॥ ૪૩ ॥ જાઓ પેહેરી લ્યો સુત શણગાર, ઝટ આવો થઇ તૈયાર; તવ કુંવર ઘરમા જાય, કરી સાન દ્રૂપતી ત્યાંય. ॥ ૪૪ ॥ કંથ કુંવરને લેઇ જાઓ, જઇ ઘેરેલી ગાયો છોડાવો; તમે જાળવજો એ બાળ. એનો વાંકો ન થાય વાળ. ॥ ૪૫ ॥ તવ અરજુને કીધી સાન, એને સાચવશે ભગવાન; પછી રથશાળામાં જાય; આખો રથ નથી એક ત્યાંય. ॥ ૪૦ ॥ દોરડે બાંધિ રથ કર્યો ત્યાર, જેવો તેવો તે કાહાડયો બાહાર; પછી હયશાળામાં ગયો, અશ્વ જોવાને ઉભો રહ્યો. ॥ ૭ ॥ નથી એકે સારો તોખાર;પડયાં મડદાલ ટટવાં ચાર; તેના પુંછ ગ્રહી ઉઠાડયાં, હડસેલીને બારણે કાડયા. ॥૪૮॥ રથમાં જોડયા બહુ બળ કરી, જેમ તેમ ધરી ઘોંસરી; એવે ઓત્રાકુંવર જેહ; ત્યાર થઇને આવ્યો એહ. ॥૪૯॥ વળણ॥ તઇયાર થઇને આવીયો, વઇરાટ કેરો બાળ; કહે વલ્લભ રથ દેખીને, કુંવર કોપ્યો તતકાળ.

કડવું ૨૫ મું રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાય; વીસ્તારી તુ-સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥૧॥ કુંવરકકળ્યો અશ્વજોઇને, કેમ સંગ પોહોંચે ઠેઠ; વંડળીયા આ કયાંથી જોડયા, ઘોડાદૈવની વેઠ॥૨॥રથ ભાગેલો અધવચ અચકે, કયાં ગઇ તારી ગતી; વંઢળ કહે જુઓ કુવ રજી, રથ ઘોડા બીજા નથી. ॥ ૩ ॥ ચીંતાન ધરશો જેમ તેમ જાશું, ન થાશો આકળાભુત; એટલે શાન્ત પડી રથ બેઠો, વઇરાટ રાયનો સુત. ॥ ૪ ॥ અરજુનબેઠો હાંકવાને, હાથગ્રહ્યા અછોડા; ચાબક ઝાલી હાથમાંને તરત હંકાર્યા ઘોડા. ॥૫॥ હાંકતામા થયા આઘા પાછા, બે ચાલે તો બે ખચકે; પંથ બરોબર કાપે નહીને, વારે વારે અચકે. ॥ ૬ ॥ દુઃખ ભરેલા દુબળા છે, બે નીચા બે ઉંચા; ખુધાને ખોડે ભર્યા બે, કેડકણા બે બુચા. ॥૭॥ ગોબર ગંદા વાળ શરીરે, ભયાનક હણુહણે ડગમગે ડોળા હાડકાં દીસે બગઇયો ગણુગણે. ॥ ૮ ॥ હડશેલી હડશેલીને હાંકે, આડાને અવળા ફરે; વારે વારે ઉભા રહીને, પેસાબ ઝાઝો કરે. ॥૯ ॥ એક ચાલે તો એક ઉભો રે; તો એક બેશી જાય; અરજુન ઉતરી પુછડું ઝાલે, ત્યારે ઉભા થાય. ॥૧૦॥ જેમ તેમ કરી રથ ચલાવ્યો, દરવાજે આવ્યા વળી; એવે પુષ્પની છાબ લેઇને, ઓત્રા કુંવરી મળી. ॥૧૧॥ ઓત્રા કુંવર બંધુ પોતાનો, તેને દેખી વદી વાણી; શીદ સીધારો વીરા મારા, વાત કહો હેત આણી. ॥ ૧૨ ॥ ઓત્રા કુંવર કહે ભગની મારી, યુધ્ધે તત્પર થાઉં; દુર્યોધને ગાયો ઘેરી છે, તેને છોડાવવા જાવું. ॥૧૩॥ ઓત્રાયે કહ્યું સીધારોવીરા, જીતીને વેહેલા આવજો; શત્રુનાં વસ્ત્રશણુગાર મ્હારે, ઢીંગલે રમવા લાવજો ॥૧૪॥ એવાં વચન સાંભળીને, અરજુને વિચાર્યું મન; પુષ્પ સાથે નાહેલી કુંવારી, વળી વાણીના શુકન. ॥૧૫॥ કહો ના કહો પણ જય થાશે, અરજુન હરખે ભરીયો; ઓત્રાને ગામમાં વિદાય કરી, રથથી પોતે ઉતરીયો. ॥૧૬ ॥ અશ્વ મંત્ર ઇંદ્રનો આપેલો, અરજુનજી નવ ચુકયા; તે મંત્ર ભણી ચારે ઘોડાના, કાન અરજુને ફુંકયા. ॥૧૭॥ એટલે ઉડયા વાયુ વેગે, અરજુન દોડીને બેઠો; તાણ્યા અછોડા મરડયા ઘોડા, મશાણ ભુમીમા પેઠો. ॥ ૧૮ ॥ ઓત્રા કુંવર હસવા લાગ્યો, વંઢળ વિદ્યા વાળા; ત્રણ કોડીનાં ટટવા તેને, તમે કર્યા પંખાળા. ॥ ૧૯ ॥ મશાણમાં રથ લઇ ને આવ્યા, ઇંદ્ર તણો સુત-સુબો; સમડાને વ્રક્ષે હથીઆર છે ત્યાં, રથ રાખીને ઉભો. ॥ ૨૦ ॥ એ

એટલે ઓત્રા કુંવર બોલ્યો,મશાણમાં શીદ આવ્યો;અરજુન કહે આયુધ પેલાં, લેવા માટે હાંઇ લાવ્યો. ॥ ૨૧ ॥ઉતરો કુંવરજી મોટા ભાથો, જોડે મોટું ધનુષ; વ્રક્ષ ઉપરથી જઇ લઇ આવો, મને પણ ઘણી હુંશ. ॥ ૨૨ ॥ કુંવર કહે ઓરે વંઢળજી, તારે એનું શું કામ; હરી ફરી રથ હાકવો છે, કરીશ હું સંગ્રામ. ॥૨૩॥ લડીશ વઢીય જાળવીશ તુને, તારે શું કરવાં આયુધ; અરજુનજી કહે લેઇ આવો, તો સ્થીર મ્હારિ બુધ. ॥૨૪ ॥તવ કુંવર રથેથી ઉતરીયો, કીધો ઝાડે ઝપાટો; તવ તક્ષક નાગે ફણો માંડી, કર્યો ઘણો ફુફવાટો. ॥ ૨૫ ॥ એટલે કુંવરે પડતું નાંખ્યું, પુરણ મળીયાં પાપ; જા વંઢળીયા લઈ આવ્ય તું જઇ, બેઠો છે તારો બાપ. ॥ ૨૬ ॥ અરજુન કહે ઝાલો હછોડા, ઘોડા ન નાશી જાય; એમ કહી પોતે ઉતરીયો, વૃક્ષે ચઢીયો ત્યાંય. ॥ ૨૭ ॥ નાગે ફરી ફુંફવાટો કીધો, અરજુનને કર્યો બોધ; હું છું અરજુન નથી બીજો, કાંઈ ન કરશો ક્રોધ. ॥૨૮ ॥ હથીઆરની જરૂર છે મ્હારે, માટે આવ્યો લેવા; ચાર ઘડી મારૂ કામ કરીને, આવીશ પાછો દેવા. ॥ ૨૯ ॥વળતું તક્ષક નાગ બોલ્યો, મુને પડે છે વ્હેમ; કુન્તી સુત કહે આવ્યો તો મુકવા. હુંને મારો ભેમ. ॥૩૦॥ તક્ષક કહે માનું ન સાચું, ને કરતાં કરો કામ; જનમોતરીથી જાણુતા હશો, કેટલાં તમારાં નામ. ॥ ૩૧ ॥ અર્જુનજી કહે આખર સુધી, દ્વાદશ નામ ધરાવે; હમણાં આઠ નામ ધરાયાં છે, ચતુર્થ આગળ થાશે. ॥ ૩૨ ॥ તક્ષક કહે કહી બતાવો, અષ્ટ તમારાં નામ; તવ અર્જુન કેહેવા લાગ્યો,તક્ષકને તે ઠામ ॥ ૩૩ ॥ કન્તા નંદન પાન્ડુ નંદન, ઈંદ્ર નંદન નામ મ્હારૂં; નર પાર્થને નામ કીરીટધર, ધનંજય શુભ સારૂ. ॥૩૪ ॥ આઠમું નામજ છે અરજુનજી હવે આપો હથીયાર; પાછાં આપી જાઉં નહીતો, મુજને હત્યા ચાર. ॥ ૩૫ ॥ તવ તક્ષકનાગ અળગો ખશીયો, મનનુ સમાધાન કીધું; અક્ષે ભાથો ગાંડીવનામાં ધનુષ નરે લીધું. ॥ ૩૫ ॥ હરખે ભરીયો લેઇ ઉતરીયો, બેઠો રથની માંય; ઘોડાના અછોડા ઝાલ્યા, કુંવર બોલ્યો ત્યાંય ॥૩૬॥ આવડું મોટું ધનુષ લાવ્યો, ચઢાવશે કોણ બાપ; અરજુન કહે ધનુષ હલાવી, કાયા જાળવું આપ. ॥ ૩૭ ॥એમ કહીને રથ હંકાર્યો, જોર ઝપાટે જાય; જાતાં જાતાં નજરે દીઠી, કૌરવની સેન્યાય. ॥ ૩૮ ॥ હાથી ઘોડા ઉંટને રથ છે, મનુષ યોધ અથોક; કુંવરે પુછયું વંઢળજીને, પણે કેમ છે લોક. ॥ ૩૯ ॥ અરજુન કહે ઓરે કુંવરજી, દુર્યોધનનું સેન્ય; ભીસ્મ આદે યોદ્ધા જબરા, નથી બીજું અન્ય. ॥૪૦॥ કુંવર કહે ઓરે

વંઢળજી, આપણે સૈન્યના ટોટા; એની પાસે છે મનુષ ઝાઝાં તે વળી મોટા મોટા. ॥૪૧॥ આપણું ગજું ત્યાં નવ પોહોચે, માટે રથને ખાળો; ઓ વંઢળજી મરણ પામીશું, ઘોડાને પાછાવાળો. ॥ ૪૨ ॥ અરજુન કહે સામા જઇને, કરવો છે સંગ્રામ; હવે જો પાછા વળીએ તો, બોળાય બાપનું નામ. ॥૪૩॥ એમ કહીને ઘોડા દોડાવ્યા, કુંવરે નાંખી ચીશ; ઓરે વંઢળ વળ તું પાછો,નહિતો પ્રાણ તજીશ. ॥૪૪॥ મારા માબાપને એક હું છું, તે તો આક્રંદ કરશે;મુજને જો કાઇ વીઘન થશે તો,ટળવળીને બેઉ મરશે. ॥ ૪૫ ॥ પાવલે લાગુ જીવત માગુ, એમ કહી રડવા ચડીયો; તો પણ અરજુન ખમચાયો નહીં, તવ સુત ઉતરી પડીયો. ॥ ૪૬ ॥ અરજુને જોયું કુંવર નાઠો, એકલો યુધ્ધે જાઉ, તો મને કહેશે તું કેમ આવ્યો, એમ ઉઘાડો થાઉં. ॥ ૪૭ ॥ ધણી વિના શું બાનું બતાવું, ઓઠું બતાવવા જોઇએ;નહીતો મને માની લેશે,અરજુનજી સહુ કોઇએ. ॥ ૪૮ ॥ જો એ કુંવર ઝાલવાને રથજ પાછો વાળું; તો પુંઠ બતાવી કહેવાશે, કહેવાશે જગતમાં કાળુ. ॥ ૪૯ ॥ એવું જાણી પાછે પગે, રથજ પાછો લીધો; નાગપાશથી ઓત્રા કુંવરને, અવળો બંધન કીધો. ॥ ૫૦ ॥ ગળામાં બેડી ધનુષની નાંખી, ઉચકી નાંખ્યો રથમાંય; ‘ રડી રડીને, કહેવા લાગ્યો ત્યાય. ॥ ૫૧ ॥ વંઢળ વારતા સુણો મારી. અમે ક્ષત્રીની જાત; તે સહુ સંભળાવું હું તમને માડીને કહુ વાત. ॥ ૫૨ ॥ વળણ ॥ વાત કહું તે સાંભળો, કહેવા લાગ્યો સાર; કહે વ્યાસ વલ્લભ સાંભળો, સહુ વિવેક વિસ્તાર.

કડવું ૨૫ રાગ કંથાજીનો.

કુંવર વાણી બોલીયો, મારા વંઢળરે; કહું માંડીને અમારી વાત, ઓ મેહેતા વઢંળરે; સુરાપુરા બધા વિશ્વમાં, મારા તે તો જાણજો ક્ષત્રિની જાત. ઓ. ॥૨॥ ચોરાશી હજાર રાજીયા, મા. પણ ખંડણી ભરે સહુ જન. ઓ. માટે સરવનો શીરોમણી મા. છત્રપતી આ દુર્યોધન; ઓ. એને જીતે તેવું કોઈ નથી. મા. એક જીતે કુન્તી તન. ઓ.પાન્ડવ એવા જબરા ઘણા, મા. પણ તેતો ગયા છે વન. ॥ ૩ ॥ ત્યારે વંઢળ વાણી બોલીયા, મારા કુંવરરે, તારા તનનો સમાવું તાપ. ઓ. ઓત્રા કુંવરરે; ચાર દીન વાત તું કોઇને કરે તો તો બ્રહ્મહત્યાનું પાપ ઓ. ॥૪॥ પાંડવ તેં બળવંત કહ્યા, મા. તેતો જાણે છે તું પેર. ઓ. પણ તે પાંડવ

પાંચે ભાઇ, મા. તેતો વસ્યા છે તારે ઘેર. એ. ॥૫॥ તારી ગાદીના ગુરૂ થઇને રહ્યા, મા. એતો સદા કરે શુભ કર્મ. આ. કીંક રૂશી હાલ નામ ધર્યું, મા. તેને જાણુજે રાજા ધર્મ. એ. ॥ ૬ ॥ વળી ગાયો ચારીને પેટ ભરે. મા. સદા ફરે છે ટીપણું ખોશી; એ. પંછીજી હાલ નામ ધર્યું. મા. તેને જાણુજે સહદેવ જોશી. એ. ॥ ૭ ॥ વળી ઘોડા ભણાવી પેટ ભરે. મા. ધોયા ધોયાં રાખે પટકુળ, એ. બહાદુરજી હાલ નામ ધર્યું, મા. તેતો વરણાગીઓ નીકુળ. એ. ॥૮॥ તુજ મામા માર્યાનું આળ આવ્યું, મા. જેહ સયંદ્રી સુભસતી; એ. પંચાળની એતો દીકરી, મા. એ તો પંચાળી દ્રૂપતી. એ. ॥ ૯ ॥ સાયે મામા તારા મારીયા, મા. જેને ખાધાનો નહી નેમ. એ વાલવોજી હાલ નામ ધર્યું, મા. એતો વાયુ નંદન ભેમ. એ. ॥૧૦॥ મેંતો થઇને હું રહ્યો, મા. મારે દીકરો અભેમુન. એ. મચ્છાવેધન મેં કર્યો; મા. બેટા નામ મારૂ અરજુન. ॥ ૧૧ ॥ વળણ. ॥ વિદ્યારથી હું દ્રોણનો માટે કરૂં સંગ્રામ; કહે વલ્લભ સુત સાભળ્યું, આવી હઇએ હામ.

કડવું ૫ ૨૬ મું રાગ ચોપાઈ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરિક્ષત કેરા તન; આવી કુંવરને બહુ હામ. ઘણો ગાજી બોલ્યો તે ઠામ. ॥૧॥ હવે છોડો મારા હાથ, દેઉ બળીયાની સાથે બાથ; તમ સરિખા મારે માંથે, ચાલો આવું તમારી સાથે. ॥૨॥ હુંતો દીકરોને તમે તાત, હવે નહી ડરૂં કોઈ વાત, હુતો ભાગ્યશાળી પુરો, કોઇ વાતે નહી અધુરો. ॥ ૩ ॥ મારી વાત સુણો ધરી કોડ, તમારા સારથી રણછોડ; તેના મારથી તમે મોટા, કોઇ ન કહે વીશ્વમાં ખોટા. ॥૪॥ પ્રભુના મારથીનો હું મારથી, તમે થયા છો મારા સારથી; હું બહુ બન્યો ભાગ્યવાન, પીતાજી મુને આપ્યું માન ॥ ૫ ॥ મુને મોટાઇમાં ચડાવ્યો, આજ દીવસ રૂડો આવ્યો; હવે રહીશ તમ પગ હેઠ, ચાલો દુષ્ટોને પોહોંચાડુ હેઠ. ॥ ૬ ॥ તમે રથ ઉતાવળો હાંકો, મને ઉમંગ થયો પાકો, કોઈ વાતે નહી આવે કેહેણાં; દઈશ દુર્યોધનને મેહેણાં. ॥ ૬ ॥ તવ અરજુને જાણ્યુ એમ, હવે ગયો કુંવરનો વેમ; સત્ય વાત લાગી મન સાથ, તવ અરજુને છોડયા હાથ. ॥ ૮ ॥ પછી અશ્વ દોડાવ્યા દોટે, ચાલ્યો સેન્ય સામો ચડી ચોટે; એવે કૌરવે દિઠો રથ; સૌને ચેતાવીયા જેદ્રથ. ॥ ૯ ॥ રથની હાંકની જોઇને રાય; કહ્યુ

જુઓ ભીસ્મ પીતાય; રાખો રથ સામી દ્રષ્ટી તમો, સાર સમજાવી દેઉં અમો. ॥ ૧૦ ॥ વળણ ॥ સાર સમજાવું સાંભળો,કેહે છે દુર્યોધન; વલ્લભ વદે ત્યાં પાપીએ, કેવાં કહ્યાં વચન.

કડવું ૨૭ મું ॥ રાગ સાખીનો.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥ ૧ ॥ દુર્યોધન કહે જુઓ દાદા રથ પેલો ચાલ્યો આવે; તેની કેવી હાકણી છે. જુઓ શાન્ત સ્વભાવે ॥ ૨ ॥ ચાબક ઉછળે અરજુન જેવિ, તેવો કટી લચકારો; તેથી એને અરજુન જાણો, તેવો મોહોનો ડચકારો. ॥૩॥ ભીસ્મે હાંકણી જોઇને જાણ્યું, અરજુનજી છે આપ, સત્યવાદી સારૂ ફેર બોલવું તેમાં નહીં કાંઇ પાપ ॥ ૪ ॥ એવું વીચારી દાદા બોલ્યા; અરજુન હું કહું કેમ; શું એવું હાંકતું નહીં હોય કોઇ, મુને નથી કાંઇ વેમ. ॥ ૫ ॥ એવામાં રથ જ રાખ્યો ઉભો. એટલે દુર્યોધન એમ બોલ્યો, હવે નથી વાત લીશી; જુઓ દાદા અરજુન જેવી, વ્યંઢળના નાકની ટીસી. ॥૬॥ ભમ્મર ભ્રગુટી પારથ સરખી, વળી તેવા લોચન; ઓ દાદા એનો કર ઝાલીને, ફરીથી મોકલો વન ॥ ૭ ॥ ભીસ્મ પીતા કેહે દેખાડ કોઇને, કોણ કેહે છે સહુ કોય, જેને તે વ્યંઢળ કેશે તો, મુજથી કબુલ કેમ હોય ॥ ૮ ॥ આકૃતી તો એવા હોય ઘણાની, ન કહું કુન્તી તન; દુર્યોધન કહે વળી બતાવું, પછી શું કેહેશો વચન. ॥ ૯ ॥એવું કહીને અરજુન પ્રત્યે દુષ્ટ વદયો વચન; ધીકાર વ્યંઢળનો વેશ લીધો,ઓ કુન્તી તન. ॥ ૧૦ ॥ એટલે ઓત્રા કુંવર બોલ્યો, પુરણ જણ્યો તાપ; ઓ અધરમી કયાં છે હાંઇ; અરજુન તારો બાપ. ॥ ૧૧ ॥ દુષ્ટ કહે છાનો રે છોકરા, તારૂં બોલ્યું તને નડશે; તારો બાપ મારા તાબાનો, ઘર ગામ લુટવું પડશે. ॥ ૧૨ ॥ ઓત્રા કુંવર કહે તું શું લુંટે; મુઢ મતી રાજન; તુ મુજ સામો શું બોલે છે,ઓ આખલાના તન. ॥ ૧૩ ॥ કર્ણ કહે છાનો રે બાળકડા,હાર પામી જઇશ નાશી; કુંવર કહે તું જા નાશી, તારી જનેતા દાશી. ॥ ૧૪ ॥ મારા વ્યંઢળ મેહેતાજીને, કોણ છે નર કેહેનાર; લડવું હોયતો લડત માંડો, નથી ઝાલ્યો રેહેનાર. ॥ ૧૫ ॥ ભીસ્મ પીતાને દ્રોણ હશીયા, વ્યંડળે જોધ જણાવ્યો; કુંવરે ઠીક મેહેણાં માર્યાં,

મેહેતાયે બેશ ભણાવ્યો. ॥૧૬॥ એવામાં દુર્યોધન બોલ્યો, શું જુઓ
સહુ સાથ;એવા કુંવરને ઠેર મારો, કહી ઉચો કર્યો હાથ ॥ ૧૭ ॥ એ-
ટલે રથ પર અરજુન ઉઠયો, બળવંત ઇંદ્ર કુમાર; ગાંડીવનામા ધનુશ
લઇને, પહેલો કર્યો ટંકાર. ॥ ૧૮ ॥ તે શબ્દ ત્રાલોકમાં પોહોચ્યો, ડો
લ્યા દસે દીગપાળ; ધરતી લાગી ધ્રુજવાને; ખળભળ્યું પાતાળ. ॥૧૯॥
લંકામાંથી હનુમંત આવ્યા, નરની પક્ષમાં પેઠા, અરજુનના રથની ધ-
જા પર, પુંછ વીંટાળી બેઠો. ॥ ૨૦ ॥ એટલે બોલ્યો દુષ્ટ બુદ્ધી, રાજા
દુરયોધન; ઓ દાદા હવે કર ઝાલો, કહો કુન્તી તન. ॥ ૨૧ ॥ કપી કી
રીટધરની ધજાયે, બેસે છે સદા કાળ;માટે વ્યંઢળ તે અરજુનજી, કુન્તા
સતીનો બાળ. ॥ ૨૨ ॥ ભીશમપીતા કહે કપી બેઠાથી,અરજુન કેમ કે
હેવાય; કપી તો રામને રથ બેસતાતા, તેમજ બેઠા હાંય. ॥૨૩॥ કપી
બેઠાથી અરજુન કહીએ, તો કેમ કહીએ ન રામ;જો કરે સાધના કરે હનુ
માનજીની,તેનું કરે તે કામ. ॥ ૨૪ ॥ તેથી તું સાધના કરી જો, તો તા
રૂં કામ કરશે તો બેસસે તારી ધજાયે, કાં તુજ ઘરમા ફરશે. ॥ ૨૫ ॥
દુરયોધન કહે જુઓ મામા,જુવે છે ઉઘાડે ચક્ષ;તેમ છતાં અવળું બોલે
છે,ડોશો કરે છે પક્ષ. ॥ ૨૬ ॥ મામો કહે જુઓ કયાં લાગી કરશે, હાથ
માં લ્યો હથીઆર; તવ ભીસ્ત દ્રોણ અસ્વસ્થામા, ચોથા કીરપાચાર
॥ ૨૭ ॥ તે સત્ય પુરૂષોએ વીચાર્યું,આપણે તો કેમ કરવું; સહુની રીતે
ઉભા રહ્યા તે,યુધ આંહી આદરવું. ॥ ૨૯ ॥ દ્રોણ કહે કે આપણ ચારે
વઢવા જેવું ધારો; બાણ ફેંકો પણ આડાં અવળાં, ઉંચાંને નીચાં મારો
॥ ૩૦ ॥ રથમાં આપણું બાણ ન જાયે, એટલું રેહેજો જાગી; બીજાનું
બાણ ત્યા જતું હોયતો,આપણે નાંખવું ભાગી. ॥ ૩૧ ॥ એવી અરજુ-
નની ને કુંવરની, રક્ષા કરવી સાર;એવી રીતે વીચારીને,યુધમાં થયા
તઇયાર. ॥ ૩૨ ॥ એવે ઓત્રા કુંવર બોલ્યો, ઓરે અરજુન તાત, તમે
તમારે બેસો નીરાંતે, હું વઢીશ સહુ સાથ. ॥ ૩૩ ॥ અરજુન કહે વારૂ
બેટા, કહી કર્યો વીવેક, અક્ષય બ્રહ્મનું બાણ લીધું, રક્ષાને સારૂ એક
॥ ૩૪ ॥ તે બાણ કુંવર ઉપર મુકયું, સુતની રક્ષા કરે; આડું અવળું
ઉંચું નીચું ભમરા પેઠે ફરે. ॥ ૩૫ ॥ એવું કરીને અરજુન બેઠો, સુત
થયો તૈયાર; ધનુષ લેઇ બાણ ચઢાવ્યું, વઇરાટને કુમાર. ॥ ૩૬ ॥ એટ
લે કૌરવ કેરા યોદ્ધા ઘણાક ક્રોધે ચડીયા; આયુધ વીધવીધનાં લેઇને,
મારવા ઢુટી પડીયા. ॥૩૭॥ બાણ વછોડે મુમત તોડે,દોડી દોડીને ધાતા;
હાથી ઘોડા લેઈ આગળ આવે,મુમતી છે મદમાતા. ॥ ૩૮ ॥ ચારે સ-

તીયા છે શુભ મતીયા,મારો મારો ભાંખે;કુંવરના રથથી આડાં અવળાં ઉંચાં નીચાં બાણ નાંખે ॥ ૩૯ ॥ કૌરવમાં છે કરણ બળીયો. જણાવે ઝાઝું જોર; અગણીતા બાણુની વ્રષ્ટી કરીને,કરે ઘણું ઘમઘોર. ॥ ૪૦ ॥ અનેક હથીઆર આવે રથમાં;કુંવરને નવ વાગે;રક્ષા કરનાર બાણ ભમે તે, આયુધ માત્રને ભાગે ॥૪૧॥ તે દેખીને ઓત્રા કુંવર, આનંદ પામ્યો અતી;હું હવે મન મુકીને મારૂં, વાગ્યાનો ભય નથી. ॥૪૨॥ એમ જાણી એમ બાણ લીધુ,વઇરાટ રાયને તન;મુગટ કરણના માથાનો, ઉરાડ્યો ગગન. ॥૪૩॥ તેથી કરણ બહુ કળકળીયો, મોહાસ્ત્ર બાણ લીધું, અરજુન બેઠો રથજ હાંકે, તેને ભોંકી દીધું. ॥૪૪॥ તે બાણ વાગ્યું રૂદીયા વીશે, પ્રાણજ ઉચો ચડીયો;સુદ્ધ વીનાનો થઇ રથમાથી, ધરણ ઢળી પડીયો. ॥ ૪૫ ॥ કરણે બીજું બાણ માર્યું, ક્રોધ હળાહળ લાગ્યો; વ્રજશાસ્ત્રથી કુંવર કેરો, રથજ સમુળો ભાગ્યો. ॥૪૬॥ કુંવરને કપી ધરણ ઢળીયા, સુતે કર્યો મનસુબો; રખે અરજુન તાતને વાગે, આગળ આવી ઉભો. ॥૪૭॥ ઊભો ઉભો યુદ્ધ કરે છે.વઇરાટ કેરો બાળ; એવે નરની મુરછા વળી,ઉભો થયો ત્રતકાળ ॥૪૮॥ કુંવરને કષ્ટીવંત દીઠો, તેથી ઘણો કોપ ચડીયો; કુંવરની ફરશી લેઇને, કૌરવમાં જઇ પડીયો. ॥ ૪૯ ॥ સુસરમાને રથે ચઢીયો, પરાક્રમી પુરૂશ કાહાવ્યો; સુસરમાને નીચે નાંખી, રથ હાકીને લાવ્યો. ॥૫૦॥ તવ કુંવર કપી રથે બેઠા, કોપ્યો કુન્તી કુમાર; ધનુશ ઉપર બાણ ચઢાવી, દેવા માંડ્યો માર. ॥૫૧॥ લડતો વડતો પાછો ન પડતો, જુલ પ્રાક્રમ કીધું; એવામાં ઓત્રા કુંવરે, બાણ અગણીતું લીધું. ॥ ૫૨ ॥ તે મંત્ર મોહાસ્તર ભણીયો; કાંઇ ન રાખી નુન્ય; અરજુનજી આ સાચા હોય તો, આડે આવજો પુન્ય. ॥૫૩॥એમ કહી ફેર ફુંદડી ફરી,ફેંકયું બળમાં એક;અગણીતા મંત્રવડે તે, બાણ થયા અનેક. ॥૫૪॥ તે સહુના રૂદીયામાં વાગ્યાં, પ્રાણજ ઉંચા ચડીયા; હાથી ઘોડાને ઉંટ સુદ્ધાં; ઢળી ઢળીને પડીયા ॥૫૫॥ એકલા ચાર સત્ય પુરૂશો વીના,સરવ થયા બેભાન;અરજુનજી કહે શાબાશ બેટા, ધન્ય તુને સંતાન. ॥ ૫૬ ॥ સરવે તારાથી હાર્યા પણ, જીત્યા એવું કહેશે; છત્રપતી હાર્યો તુજથી તે,નીશાની શું રેહેશે. ॥૫૭॥ એમ જાણી પવનાસ્ત મુકી, પોતે નીશાની આપી; સરવ યોધનિ ડાબી મગની, મુછ એકેકી કાપી, ॥૫૮॥ તે જોઇને સતીયા થયા ખુશી. ઉંચા કીધા હાથ; ધન્ય દિકરા સદા જય થાજો, એમ કહયું મન સાથ. ॥૫૦॥ પછી અન્યો અન્ય સતીયા બોલ્યા, ઉભા રહીયે કેમ; જો કોઇ જાગી

જોશે આપણું ,તો તેને પડશે વેહેમ. ॥ ૬૦ ॥ દુરીયોધનને ચાડી ખાશે, કેહેશે ન્હોતી મુરછાય;પણ સતીયા યુદ્ધ નહોતા કરતા,ઉભાતા રથમાંય ॥૬૧॥ તેથી આપણી ઇજત જાશે,તે વે'મ પેહેલો ખુઓ, જાણી જોઇને આરામ લેવા, રથમાં પડીને સુઓ. ॥ ૬૨ ॥ વળણ. ॥ રથમાં પડીને સુઇ રહો, એમ કહી સુતા ચાર; વલ્લભ વદે તવ બોલીયો, વઇરાટ નો કુમાર.

કડવું ૨૮ રાગ ધવળ ધન્યાશ્રી.

બોલ્યા વઇશમપાયે વચનજી,સુણુ જનમેજે રાજનજી, બોલ્યો અર જુન પ્રત્યે બાળજી, હાર્યો દુરીયોધન ભુપાળજી. ॥ ઢાળ. ॥ દુરીયોધન યુદ્ધ કરતાં હારયો, ઓરે અરજુન તાત,મ્હારી ભગનીએ શું કહ્યું તું, તે સંભારો વાત. ॥૨॥ ઢીંગલે રમવા મંગાવ્યાં છે, વસ્ત્રોને શણગાર; અરજુનજી કહે જઈ લૈ આવો, ડરશો નહીં લગાર. ॥ ૩ ॥ પેલા ચાર રથમાં નવ જાશો, કુંવર હરખે ભરીયો; એકજ વસ્ત્રની ઝોળી કીધી, રથમાંથી ઉતરીઓ.॥૪॥ જઈ દુરીયોધન ઉપર બેઠો, કાઢી લીધા શણગાર; પછી કરણ રાજાને લુટયો, ક્ષણુ ન લાગી વાર. ॥ ૫ ॥ એ રીતે બહુ યોદ્ધા લુંટયા, લોભ જરા નવ માય; સારા દેખે તે જાય છે લેતો, ખોટાં પાછાં નાંખે ત્યાંય. ॥ ૬ ॥ લેતાં લેતાં બહુ લોભ લાગ્યો, બાળે વીચાર્યું એવું; આ ચાર છે સત્ય પુરૂષોના, જો સારૂ હોય તો લેવું ॥ ૭ ॥ એમ જાણી ગયો ભીશ્મને રથે, લેવાની ઉલટ લાવ્યો. દાદાયે જાણ્યું છોકરો લોભી, મુજને લુટવા આવ્યો. ॥ ૮ ॥ એવું જાણી ડરાવવાને, ઉંચુ કર્યું એક બાણ; કુંવરે કારમી ચીસ નાંખી, ડોસો લે છે પ્રાણ. ॥ ૯ ॥ નીચો પડીયો કરતો હડીયો; અરજુન પાસે આવ્યો, ઓ તાતજી પેલો ડોસો જાગે છે, આટલુ લુંટી લાવ્યો. ॥ ૧૦ ॥ અરજુનજી કહે બહુ થયું બેટા,કહી લીધો રથમાંય; એવે મુરછાયો વળવા માંડી; એકે એકે ઉભા થાય. ॥ ૧૧ ॥ કુંવરને દેખે કાળને દેખે, ભય પામ્યા બહુ માઠા; અકેક મુછના સરવે જોદ્ધા, જીવ લઇને નાઠા. ॥ ૧૨ ॥ સર્વે પછી પેલા સતીયા ઉઠયા, જેને વાહાલા ભગવાન, અરજુનજીને પુછવાને દાદાયે કીધી સાન. ॥ ૧૩ ॥ ઓ દીકરા પ્રગટ થવાની, કેટલી છે હજી વાર;અરજુનજીએ સાન બતાવી,બાકી છે દીવસ ચાર.॥૧૪॥ તવ સમજીને સતીયા ચાલ્યા, આવેલે પંથ પળાય;આગળ કૈરવ દળ જા-

તુ, તેમના ભેગા થાય. ॥ ૧૫ ॥ એવે દુર્યોધન બોલ્યો,બાળકે ક્રીધાતુ
ચ્છ; ઓરે મ્હારા શકુની મામા,કયાં તમારી એક મુછ ॥ ૧૬ ॥ વળી ક
રણ તેં કયાં ખોઇ, જોઇ સરવનિ ધારી; મામો કહે અમારી પેઠે, એક
મુછ ગઈ છે તારી ॥૧૭॥ સરવે જોયું તો સરવની ગઇ છે,અકેકી કેમ શોભે
જાણ્યું કે ખોટું દેખાસે, એમ સમજી ત્યાં થોભે. ॥ ૧૮ ॥ અકેકી રહેલી
તે મુંડાવી;ક્ષૌર કરાવવા માંડયું;સરવે કેવા શોભીયા જાણે,બાપનું સુ
તક કાહાડયું. ॥૧૯॥ કાળે મોઢે હારીને ચાલ્યા, અરજુન હરખે ભરી-
યો; ગાયોનુ ટોળું છે તરશું, નર રથથી ઉતરીયો. ॥ ૨૦ ॥ સરવે ગાયો
ને પંપોળી, ઉંચાં ડોકાં ઘેન કરે;કુન્તીનંદન સમજી ગયો, ગાયો તરશે
મરે ॥ ૨૧ ॥ એમ જાણી એક બાણ લીધું, ઇંદ્ર તણે કુમાર; ગંગાસ્તર
ભણી ભોમીમાં માર્યું,નીકળી જળની ધાર ॥ ૨૨ ॥ સહુ ગાયોએ પ્રા-
ણી પીધું, દીધી ઘણી આશીશ; જળ પાનારાની જય થાજો,પ્રસન હો
જગદીસ. ॥૨૩॥ પછી અરજુને ધુર ગાયોનું, હાંકી મુકયું ગામ ભણી;
તે પછી જઈ બેઠો રથ વીશે, સુરોપુરો શીરોમણી ॥ ૨૪ ॥ કુંવરને ક્રી
રીટધર ચાલ્યા; મશાણ ભુમી ગયા; અરજુને ઘોડા ખેંચી રાખ્યા,તવ
તે ઉભા રહ્યા ॥ ૨૫ ॥ ઘોડાના અછોડા દીધા કુંવરને, સમડી વ્રક્ષે ગ
યો; તીછક નાગને આયુધ સોંપી,રથ બેશી તૈયાર થયો. ॥ ૨૬ ॥ ગામ
ભણી બને જણ ચાલ્યા; એવે શું નગ્રમાં થાય;ઉજાણી જમી ગામમાં
આવ્યો,સૌ સંગ વઇરાટ રાય. ॥૨૭॥ રાજ્ય સભામાં આવીને બેઠો, જા
ણ્યા વીના છે રાજી;ધર્મ સાથે બેઠો સભામાં,લઇ રમવાની બાજી॥૨૮॥
બાજી રમે છે ઘણું ગમે છે,ગામમાં છે ઉત્પાત;રાણી પ્રભુ સમરી બાહાર
આવી, તેને કાને ગઇ વાત.॥૨૯॥ઓતરા કુંવર યુદ્ધે ગયો છે, દુર્યોધન
ના સામો; જબરા યોદ્ધા છે લડનાર, કર્ણ શકુની મામો. ॥ ૩૦ ॥ એ
વાત જાણી નાઠી રાણી,આવી સભાની માંય;મુસ્તક કુટતી કેહેવા લાગી,
શું બેશી રહ્યા રાય ॥ ૩૧ ॥ ઓતરા કુંવર છત્રપતીના,સામો ગયો છે
લડવા; વળી વ્યંઢળ સાથે ગયો, નબળા શુકન નડવા ॥૩૨॥ સાંભળી
વઇરાટ રાજા ચમકયો, કુંવર પામશે મરણ; ત્રણ પાસા હાથમાં હતા તે,
રાયે પછાડયા ધરણ. ॥ ૩૩ ॥ તેમાંથી પાશો ઉછળી વાગ્યો,ધરમને લે
લાટ; મુસ્તક ફુટયું તે જોઇ આવિ, દ્રૌપદી પુરપાટ. ॥૩૪॥ ધરમનું રૂ
ધીર હાથમા ઝીલ્યું, ઘાલ્યું પોતાને શીશ; છાંટો ભુમી પડવા ન દીધો;જા
ણે એ વાતનું વીશ. ॥૩૫॥ પછી કપાળે પાટો બાંધી, ચાલી ગઇ ભુવન
બેસુદ્ધ થઇ પડયો મુરછામાં જે વઇરાટ રાજન. ॥ ૩૬ ॥ એવે ગામમાં

ગાયો, આવી, વળી આવ્યા ગોવાળ; તેમણે જઈ વધામણિ ખાધી, જીત્યો તમારો બાળ. ॥૩૭॥ એટલે ઊઠયો વઇરાટ રાજા, લાગ્યો સામો જાવા; છાબ ભરિ મોતી પુષ્પોનિ, કુંવરને વધાવા. ॥ ૩૮ ॥ એવામાં દ્રુપતીએ વિચારયુ, જો આવે અરજુન ઘેર;ધર્મને વાગેલું દેખીને મારે, વઇરાટ રાજાને ઠેર. ॥૩૯॥ અરજુનજીને છે નીમ એવો, ધર્મને રૂધિર કાહાડે; તેને તો ઠેર મારવો મ્હારે, વળી રૂધીર ભુમી પાડે ॥ ૪૦ ॥ તેનું આખું કુટુંબ હણવું, એવો નીમ છે માટે;રૂધીર સતીએ માંથામાં ઘાલ્યું, પાટો બંધાયો લેલાટે. ॥ ૪૧ ॥ અરજુનજી કુંવરની સાથે, જો અહીં આવશે ઘેર; ધર્મને રૂધીર નીકળ્યું જોઇ; કરશે કાળો કેર. ॥૪૨॥ તેથી વઇરાટ રાજાને કહયું, મેહેતા મોકલજો નીશાળે; એ આવેતો શુંકન એના, ખોટા પડે કોઇ કાળે. ॥ ૪૩ ॥ એમ કહીને મોકલ્યા સામા સઉ દરવાજે જાય; આઘેથી અરજુનજીએ જોયો,દરવાજે વઇરાટ રાય ॥ ૪૪ ॥ તવ કુંવરને બોધ કીધો, અવગુણ મારા ગાજે; ચાર દહાડા વાત રાખજે છાની, એટલો ડાહયો થાજે. ॥ ૪૫ ॥ કુંવર કહે તાતજી મહારા, ચીંતા ન ધરશો રતી;તમારા ચરણને પ્રતાપે, મારી થઇ શુભ મતી ॥ ૪૬ ॥ વાતોમાં દરવાજે આવ્યા; ખુશી થઇ સહુ શ્રષ્ટી; વઇરાટ રાયને રૈયત સરવે, કીધી પુષ્પની વૃષ્ટી. ॥૪૭॥ વ્યંઢળને કહ્યું જાઓ નીશાળે,તમારા માઠા શુકન; અરજુનજી તવ ઉતરી ગયો,દ્વેશ નહી કાઇ મન. ॥૪૮॥ કુંવરને સૌ લાવ્યા સભામાં,વઇરાટે પુછી વાત; ઓ બેટા તેં બળીઆ સાથે, શી રીતે, દીધી બાથ. ॥ ૪૯ ॥ કુંવર કહે ઉજાણી ખાવા, તમે તો બાગમાં ગયા; દુર્યોધને ગાયો ઘેરી. ગોવાળા દુઃખી થયા. ॥ ૫૦ ॥ તે વાત જાણી હું ચડયો યુદ્ધે,ન મળે રથ કે ઘોડા;જેવા તેવા જોડી વ્યંઢળને, હાથ દીધા અછોડા ॥ ૫૧ ॥ નગ્રની બારણે કૈરવ દળમાં જાવા લાગ્યા જ્યારે; વ્યંઢળ ભય પામીને રથથી, ઉતરી પડયો ત્યારે ॥ ૫૨ ॥ પાછો મેં એને કબજે કીધો, લીધો મારી સાથ; જઈ સૈન્ય સામો ઉભો રહ્યો, તવ બોલ્યો નર નાથ ॥ ૫૩ ॥ ઓ છોકરા કેમ આવ્યો સામો,શુણી મુને કરોધ ચડીયો; એક બાણ મારયું એની રૂદેમાં, ઉંધો થઇને પડીયો. ॥ ૫૪ ॥ બીજે બાણે કરણ રાયને, ઉરાડયો ગગન; એટલે ભય પામીને નાઠા; સેન્યના સૌ જન. ॥૫૫॥ ગાયો લેઇને ઘેર આવ્યો, ઓરે મારા તાત; તવ વઇરાટ ઉભા થઇને, દીધી કુંવરને બાથ ॥ ૫૬ ॥ ઉંચકીને ગાદીએ બેસાડયો, બેટા હું આશીશ દેવું;હવે તું મોટો થાય ત્યારે, ઈંદ્ર તણું રાજ લેવું. ॥ ૫૭ ॥ વળણ.

એ બાળકનું બોલવું, સત્ય માન્યું છે રાય; કહે વલ્લભ સુત ઘેર ગયો, હરખી સુદ્રષ્ણાય. ॥

કડવું ૨૯ મું રાગ ચોપાઇ ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ જનમેજે રાજન; પછી રાત્રી પડી જે વારે, ગયો કુંવર સભામાં ત્યારે. ॥૧॥ જ્યાં છે એકલા ધર્મરાય; ખોળે શીશમુકી પડયો પાય; કર મુકયો ધરમે શીશ, બેટા બાહાર ન વાત પાડીશ ॥૨॥ વારૂ પીતાજી કહીને ગયો, જઈ નીકુળને ભેળો થયો; નમીને પુત્ર ભાવ જણાવ્યો, નીકુળે જાણ્યું મેહેતે ભણાવ્યો. ॥૩॥ બોલ્યા નીકુળજી સુણ તન. સમજી રેહેજો ચાર દન; વારૂ કહી કુંવર જાય, ગયો ગઉશાળાની માંય. ॥૪॥ બોલ્યા સહદેવ ત્રીકાળ જ્ઞાની, બેટા વારતા રાખજો છાની; તવ વારૂ કહી સુત ગયો; રસોડે ભીમને ભેગો થયો ॥૫॥ શીશ નામીને પડયો પાય, ભીમે જાણ્યુ ભણ્યો વીદ્યાય; બેટા મનમાં સમજી રેહેજો, ચાર દીવસ પછી કેહેજો. ॥ ૬ ॥ કહે કુંવરજી વારૂ તાત, નહી જાય જરાયે વાત; એમ કહી ત્યાંથી નીકળીયો છાનોમાનો દ્રૂપદીને મળીયો. ॥ ૭॥ ઓરે માતા તમારો હું તન, મારા મામા થયા દુશ્મન; તમને દુઃખ દીધું અપાર, માર્યો મન મુકીને માર. ॥ ૮ ॥ માટે મુવા ત્યાંથી મરજો, માતા મુજ ઉપર હેત ધરજો; તવ સતીએ દીધી આશીશ, વાત ટકાવજો ચાર દીવશ ॥ ૯॥ એમ સરવેને સુત મળીયો, પછી હરી ભજનમાં ભળીયો; સંગનો રંગ લાગ્યો સાચો, જ્ઞાન ગુણે રહ્યો નહી કાચો ॥ ૧૦ ॥ નીત્ય પ્રભાતે ઉઠવું વેહેલા, કરે સમરણ સુર્યના પેહેલા; પછી ધર્મના દરશન કરે, પછી નીશાળે સંચરે ॥ ૧૧ ॥ એમ નીત્ય કરે શેવાય; એવે ચાર દહાડા વહી જાય; ચોથે દીવસ સાજે જોશી, ગયા રસોડે ટીપણું ખોશી ॥ ૧૨ ॥ ભીમને જઇ કહ્યું વચન, હવે પુર્ણ થયા બધા દીન; કાલે સવારે પ્રગટ થાવું, હવે શા સારૂ સંતાવું. ॥૧૩॥ બોલ્યો ભીમસેન ખુશી થઇ, મધ્ય રાત્રીએ આવજો અહીં; સરવેને હું કહી આવું જોશી જા તું હવે હું જાઉ. ॥ ૧૪ ॥ એમ કહી હયશાળા પળીયો, કહી નીકુળને પાછો વળીયો; જઇ વ્યંઢળને કહી પેર, રાતે આવજો મારે ઘેર.॥૧૫॥ જઇ કહ્યુ ધરમને મોહોડે, આવજો રાત્રીએ રશોડે; પછી દ્રૂપદીને કહી આવ્યો, સરવેને હરખ ઉપજાવ્યો ॥૧૬॥ મધ્યરાત્રી એવે ગઈ જ્યારે, આવ્યા ધર્મને અરજુન ત્યારે, આવ્યાં નીકુળને દ્રૂપતી

આવ્યા સહદેવજી શુભ મતી. ॥ ૧૭ ॥ સહુ રસોડે ભેગાં થયાં, પછી ધરમે વચન કહ્યાં, બોલો સહદેવ સવારે આજ, થાવું પ્રગટ તેમાં શી લાજ. ॥ ૧૮ ॥ પણ ગાદીનું મહુરત ક્યારે; બોલ્યા સહદેવ કાલે સવારે; બોલ્યા ધર્મ વીચારો ઉર, સત જોજન હસ્તીનાપુર. ॥ ૧૯ ॥ આજને આજ કેમ જવાય,જતામાં રાજ્ય મળે ક્યાંય, ત્યારે બોલ્યા સહદેવ એવું, સેહેલો રસ્તો બતાવિ દેવું. ॥ ૨૦ ॥ આજ નીકળો નગ્રની બાર, કરો રેણું ગાદી નીરાધાર;કરો તે ઉપર આસન, રાજ્ય ગાદી માની લેવી મન. ॥ ૨૧ ॥ ત્યારે રાજી થયા રાય ધર્મ, કરવું મનસા વાચા કર્મ; પછી બોલ્યો વાયુ કુમાર, આજ્ઞા દો કરૂં કંસાર. ॥૨૨॥ તવ ધરમે આજ્ઞા દીધિ,ત્યારે રસોઇ ભીમે કીધી; જમ્યા પાંચ ભાઇને નાર,થયાં પરોઢમાં તૈયાર. ॥ ૨૩ ॥ ભીમ કટી કશીને બાંધે, લીધા બે ભાઇને બે ખાંધે; પછી નીકુળને સહદેવ, તેને કટી લીધા તતખેવ. ॥ ૨૪ ॥ બાંધી જંગાયે દ્રૂપતી, પછી ચાલ્યો શુરો શુભ મતી; એતો દોટા હડીયે ચડીયો, કોટ કુદીને બારણે પડીયો. ॥ ૨૫ ॥ સૌને તેડેલાં ઉતાર્યા, પછી આયુદ્ધ લાવવા ધાર્યાં; ભીમને અરજુન બે ભ્રાત, ગયા મશાણ ગ્રહીને હાથ. ॥ ૨૬ ॥ સમડાને વ્રક્ષે હથીઆર,ત્યાં ચડીયો ઇંદ્રિકુમાર; ત્યાંથી નાગને વિદાય કીધો, પોતે ધનુશ ભાથો લીધો ॥ ૨૭ ॥ બીજા ત્રણ ભાઇનાં હથીઆર, લીધાં તે પણ તેણી વાર; પછી ભીમે લીધી ગદા,જેની સાથે શોભે સદા.॥૨૮॥ ચાલ્યા બેઉ બંધુઓ જ્યાંય, પોતાના ભાઈ બેઠા ત્યાંય તવ સહદેવે આજ્ઞા દીધી, ભીમે રેતીની ગાદી કીધી ॥ ૨૯ ॥ એવે નિકુળ ડાહ્યો કાહાવ્યો,લીંમડાની ડાળી ભાગી લાવ્યો;એવે ભળ ભાખણું જ્યાં થયું,તવ સહદેવજીએ કહ્યું. ॥૩૦॥ તમે ઉઠો ભાઇ સત્યવાદી; સતીને લેઇ બેસો ગાદી;બેઠા ધર્મ ધરી ઉમંગ;લીધી દ્રૂપદીને ઉછંગ ॥ ૩૧ ॥ તવ વાયુનો નંદન સુબો, ગદા લૈ છડીદારમાં ઉભો; ધાટા કાઢીને નેકી બોલે કેડે નીકુળ ચમ્મર ઢોળે ॥ ૩૨ ॥ લીંમડા તણી ડાળી હલાવે, અરજુનજી અરજદાર આવે; જોશી સહદેવ વીવેકે પેઠા, એક શળી લૈ લખવા બેઠા,॥૩૩॥એવી મન થકી ગાદી કીધી,રાજા ધરમે માની લીધી; મનથી માન્યો જય જયકાર, જીભે જપે જુગદાધાર ॥૩૪॥ એવે તરછટ વાહાણું વાય, ઉઘડયા દરવાજા ત્યાંય; તવ આવતું જાતું લોક; જઇ જોવા ઉભા અથોક ॥ ૩૫ ॥ ઘણા લોક વીચારમાં પેઠા, ગુરૂ ગોઝારીને લેઇ બેઠા;જુઓ વાલવો સરવનો સુબો, છડીદાર થઇને ઉભો, ॥૩૬॥પેલો ઘોડાનો ભણાવનારો, ઢોળે ચમ્મર કેવો સારો; પેલો વ્યંઢળ

અરજદાર, પેલો ગોવાળીયો લખનાર ॥૩૭॥ જોઇ લોકોયે વેહેમ લીધો, રાજ્ય લેવાનો ટુચકો કીધો;લેશે આપણા રાજાનું રાજ્ય,જુઓ આ ક થલે છે કાજ ॥૩૮॥ ચાલો લોકો આપણા જૈયે,જઇ કુંવરજીને કહીએ; તવ કુંવર કરશે કેર, આવી મારી નાંખશે ઠેર. ॥ ૩૯ ॥ મોટા છત્ર પતીને હરાવ્યો,તે શું વિચાર એમને નાવ્યો,લોક ગયું જ્યાં વઇરાટ રાય, આવી કહ્યા સમાચાર ત્યાંય ॥૪૦॥તે વેળાયે ઓત્રા કુમાર,બેઠો છે દેવ શેવામાં સાર;તેથી બોલ્યો વઇરાટ રાય,બધી તૈયાર થાવો સન્યાય॥૪૧॥ આપણે ઘેર પેટ ભરનારાં,એવો ટુચકો કોણ કરનારાં; સુત જીતી આવ્યો છત્રપતી,તે શું એમને ખબર નથી ॥૪૨॥ પેહેલા આપણે વઢવા જાશું, કદી વાલવાથી હાર થાશું;તે તો કુંવર જાણશે વાત, આવી કરશે સૌનો નિપાત ॥ ૪૩ ॥ એમ કહી થયો તૈયાર, થયા નીશાન ડંકા તેવાર; સુણ્યા કુંવરજીએ કાન, કેમ ગરગડીયાં નીશાંન ॥ ૪૪ ॥ જાણ્યું કે કુન્તીના તન, આજ પ્રગટીયા પાવન;થયા પુરણ ચારે દન, એને ઉમંગ પ્રગટયો મન ॥ ૪૫ ॥ આવ્યો શેવામાંથી બહાર, દીઠા તાતજીને તૈયાર; મુજ તાત કહો કયાં પધારો, કોની સાથે વિશ વધારો ॥ ૪૬ ॥ તવ બોલીયો વઇરાટ રાય, પેલા પેટ ભરા જે કેવાય; તેણે કર્યા છે ટુચકા એવા, આપણું રાજ્યાસન લેવા ॥૪૭॥ માટે યુધ્ય કરવા જાઊ હુંતો, પરવારીને આવજે તુંતો, મ્હોટા છત્રપતી, તુંથી હાર્યો, તે વિચાર તેઓએ ન ધાર્યો ॥ ૪૮ ॥ બોલ્યો કુંવર ધર્મ વાણીમાં, ગયાં વર્શ તમારા પાણીમાં; મે શું હરાવ્યો દુર્યોધન, એતો જીતીઆ કુન્તા તન. ॥ ૪૯ ॥ ન્હોય આપણા એ પેટ ભરા, એ તો કુન્તા તણા દીકરા; થયા ગુરૂ ને ભોગવી ગાદી; એતો ધર્મ રાજા સત્યવાદી ॥ ૫૦ ॥ જેનું નામ સયંદરી સતી,તેતો પંચાળના ધ્રુપતી, પેલા પંથીજીસહદેવ જોશી, સદા ફરે છે ટીપણું ખોશી ॥ ૫૧ ॥ ઘોડા ભણાવે નીકુળ રાય, વાલવાજી તે ભીમ કેહેવાય; કર નીશાળનું કામ; તેનું અરજુનજી છે નામ ॥ ૫૨ ॥ તેણે કૌરવ દળ હરાવ્યું; મારૂં મારથી નામ ધરાવ્યું; એવુ સાંભળી વઇરાટ રાય, હવે પાડુ હું મારી કાય ॥ ૫૩ ॥ હવે જીવી વસુ કીયે ઠામ,કર્યા પાન્ડવને મેં ગુલામ; એમના મનમાં એ દવેશ, મારે તાબામાં રેહેવું હમેશ ॥ ૫૪ ॥ કહ્યુ કુંવરે સાંભળો તાત, એક બતાવું વેવેક વાત;મોટાને મન નવ હોય દવેશ, તમે કાંઇ ન કરશો કલેશ॥૫૫॥ તમે હાથ જોડી ત્યાં જાઓ, વિવા ઓત્રાનો કરી આવો; અહીં વાજતે ગાજતે લાવો, રાજવંશીનો વેશ ધરાવો ॥ ૫૬ ॥ વલણ ॥ જાઓ

તેડી ખાવો તાતજી, ઠીક બતાવ્યો વેત; કહે વલ્લભ કુંવરે કહ્યું, થાશે હેતમાં હેત.

કડવું ૩૦ રાગ સાખીનો.

વઇશમપાયન એણીપેરે બોલ્યા, સુણુજનમેજે રાય; વીસ્તારી તુજ ને સંભળાવું, વઇરાટ પરવ મહી માય ॥ ૧ ॥ હાથ બંધાવી વઇરાટ ચાલ્યો, નેત્રમાં ભરતો પાણી; વઇરાટ રાજાનિ સાથે ચાલી, સુદ્રશ્ણા જે રાણી. ॥૨॥ દરવાજા બાહાર આવીયા કે, ભીમે દીઠા સાર; ધરમને કહ્યું વઇરાટ આવ્યો, આવિ એની નાર ॥ ૩ ॥ એટલે ધર્મને દ્રૂપદી દોડયાં, જઇને છોડયા હાથ; ખમા ખમા કરી બેઉને ચાંપ્યાં રૂદીયા સાથ.॥૪॥ એટલે બોલ્યો વઇરાટ રાજા, મેં અણઘટતું કીધું;ચકલી માળે ગરૂડ આવ્યા, દાસ તણું કામ દીધું. ॥ ૫ ॥ તે માટે હું નહીં જીવવાનો, પાડીશ મ્હારી કાય; જો મુજને જીવાડવો હોયતો, વરો મ્હારી તનિયાય. ॥૬॥ એટલે ધરમે ધોલ મારી, એ શું બોલ્યો અનાડી; આેત્રા કુંવરી મ્હારે ખોળે, બેસાડીને રમાડી. ॥૭॥ તેનું તું એવું કેમ બોલ્યો, વઇરાટ કહે કહે કહ્યું કરો;ગમે તેમ કરી લ્યો કન્યા, જેને ફાવે તે વરો. ॥૮॥ એટલે ભીમે ચરણ દબાવ્યો, ધરમરાયનો સાર; કન્યા લેવાની કબુલ કરો; વરનાર છે તૈયાર. ॥૯॥ એટલધરમે ધોલ મારી, એવું બોલ્યો કેમ; આેરે ભાઈ મેં શું કહ્યું ખોટું,ગાજીને બોલ્યો એમ. ॥૧૦॥ વઇરાટ રાજા મરે બીચારો, તો કેવા કેહેવાશું દીવા;એ કન્યાનો અભેમન્યુની,સાથે કરી લ્યો વીવા. ॥ ૧૧ ॥ ધરમ કહે ખરૂં કહ્યું ભાઇ, ટળી ગયો મુજ વેમ; ભીમ કહે તમે વણ વીચાર્યો, તમાચો માર્યો કેમ. ॥૧૨॥ ધર્મ કહે ભાઇ ભુલ છે મ્હારી, તેં શુભ વિચાર લીધો; પછી કહ્યું વઇરાટ રાજાને, સુતશુ વિવા કીધો. ॥ ૧૩ ॥ એટલે વઇરાટ બહુ થયો રાજી, ઉતરાવ્યા પાંચેના કેશ; વનકુળ ઉતરાવી લેવરાવ્યો, રાજ્યવંશીનો વેશ. ॥ ૧૪ ॥ વાજતે ગાજતે ગામમાં લાવ્યા, વઇરાટ પત્ર લખાવે; કંકોત્રી લખો કુન્તાને જાન લેઇને આવે. ॥ ૧૫ ॥ અરજુને એક પત્ર લખીયો દ્વારિકાં આણંદ ભેર; તમારા ભાણેજ ને લૈ આવો, વઇરાટ રાયને ઘેર ॥ ૧૬ ॥ હસ્તીનાપુરથી જાન લઇને, આવજો જાદવ સાથ; પુર્ણ શોભાયે પધારવાનું, તેતો તમારે હાથ ॥ ૧૭ ॥ પછી બીજો પત્ર લખીયો, હસ્તીનાપુર માંય;વિદુર કાકા જાન લેઇને,વેહેલા આવજો આંય. ॥૧૮॥

સરવ કુટુંબને આવજો લેતા. જો આવે દુરીયોધન; તો તો અતી આનંદ થાયે, માને અમારૂં મન ॥ ૧૯ ॥ એવી રીતે પત્ર લખીને, મોકલી કંકોતરી, હળીમળીને આવજો સરવે, આવશે વળી શ્રી હરી. ॥ ૨૦ ॥ બે કંકોતરી બે સ્થળ પોહોંચી, દ્વારીકામાં વંચાય; પાન્ડવ પ્રગટયા ખબર જાણી, સરવેં ખુશી થાય ॥ ૨૧ ॥ બળદેવજી કહે કુટુંબ સરવે, ચાલો સઉ નર નારી;વાજતે ગાજતે નઇ લઇને, નીકળીઆ ગીરધારી ॥ ૨૨ ॥ પ્રભુ કહે બારો બાર ચાલો, જઇએ હેડંબાવન; ગટોરગછને ઘેર રહ્યાં છે. સુભદ્રા અભેમુન ॥ ૨૩ ॥ એમ જાણીને હેડંબાવનમા, પ્રેમ થકી પરવરીયા;દેખી ગટોરગછ સામો આવ્યો,સઉ જાદવ ઉતરીયા ॥૨૪॥ બળદેવે બેનને બોલાવી, બોલી સુભદ્રા વચન; ભાણેજ ભગની પરઘેર રાખ્યાં, શું ખાવા ખુટયુ અન્ન, ॥ ૨૫ ॥ બળદેવ કહે બોલશો નહી, વાંકા દીવસ હોય,તે વારે સહુની ફરે મતી,શત્રૂ થાયે સહુ કોય ॥ ૨૬ ॥ બીજી ત્રીજી વાત મુકીદો, પત્ર જોઇ થાઓ ત્યાર; અભેમન્યુનું લગ્ન કર્યું છે, પ્રગટયા કુન્તી કુમાર ॥ ૨૭ ॥ તવ અભેમન્યુ એટલું બોલ્યો, ચાલો ગટોરગછ વીર; તુજ વીના હું નહી જવાનો, ઓ બંધુ રણધીર; ॥૨૮॥ ગટોરગછ તત્ર તઇયાર થયો, જાવાનો ઉમંગ ચડીયો; મેઘ વરણ સુત ગટોરગછનો, તે તવ પુઠે પડીઓ ॥૨૯॥ તેને પણ ત્યાં સાથે લીધો. હરખ ઘણેરો ઉર; વાજતે ગાજતે આવીયા સઉ;નગ્ર હસ્તીનાપુર ॥ ૩૦ ॥ વિદુરજીને ઘેર આવ્યા, વિયોગ સહુના ટળીઆ ભકતને ઘેર છે કુન્તા માતા, તેમને સરવે મળીયા ॥ ૩૧ ॥ એવે ભીસ્મને દ્રોણ આવ્યા, આવ્યા કૃપાચાર; અશ્વસ્થામા તે પણ આવ્યા, મળીઆ દેવ મોરાર ॥ ૩૨ ॥ પ્રભુ કહે ચાલો ભીષ્મ દાદા, દ્રોણને તેડી જઇએ; દુરીયોધનને સમજાવીને જાનમાં આવવા કહીએ. ॥ ૩૩ ॥ એમ ધારીને ગયા સભામાં, જ્યાં બેઠા ભુપાળ; કહ્યું કે આ કંકોતરી છે, વઇરાટમા વેવીશાળ. ॥ ૩૪ ॥ દુષ્ટ કહે કે સરત તોડી, પ્રગટયા કુન્તી તન; ગામમા પેસવા દેવા નથી, ફરીથી કહાડું વન. ॥ ૩૫ ॥ અમારે જાને આવવું નથી, કહી કર્યા વિદાય; તવ પાંચ સતીઆને સઉ જાદવ, જાન લેઇને જાય. ॥૩૬॥ વઇરાટ નગ્રની લગભગ આવ્યા, ગઊ છેટે વિશ્રામ કરીયા, વરઘોડા ગામમાં સાંજે લેવો,તંબુ તાણી ઉતરીયા. ॥ ૩૭ ॥ એક તંબુમાં પ્રેમદા સરવે, એકમાં પુરૂષ માત્ર; એક તંબુમાં બાળક સરવે, છે ડાહ્યા સુપાત્ર. ॥ ૩૮ ॥ એકાન્તમાં એવે પ્રભુ બેઠેલા, જ્ઞાને કર્યો વિચાર; ભાણેજ મુને વિઘન કરશે, જો વરેશે આ

નાર. ॥ ૩૯ ॥ ઓત્રાનું મોઢું દેખશે તો, યુધે પછી નહી જાય,પછી ભા ણેજ મરવાનો નથી, મ્રત્યુ મારૂ થાય. ॥ ૪૦ ॥ માટે આ વિવા તોડાવું, ધાર્યું વિશ્વને ભુપ, ભાણેજનુ મન ભમાવવાને; ધર્યું વિપ્રનું રૂપ. ॥ ૪૧ ॥ ગ્રધજ ગાત્ર તુંબી પાત્ર, ટીપણું લીધું ખોશી; જેષ્ટીકા ગ્રહી ગયા તંબુમાં, બનિઆ વિદ્વાન જોશી. ॥ ૪૨ ॥ તંબુમાં પેઠા કર જોવાને બેઠા;જાદવ તનના જુવે; દાખલે દાખલા મેળવે પુરા, સરવના સંદેહ ખુવે. ॥૪૩॥ એટલે સરવે બાળક બોલ્યા, સંદેહ કયારે ટળશે; હાથ જુઓ અભેમન્યુનો, કન્યા કેવી મળશે. ॥૪૪॥ એટલે પ્રભુએ જોઈ રેખા, પોતે શ્રી જુગદીશ;સૌ સામુ જોઈ મોઢું ઉતારી, ધુણાવ્યું પોતે શાશ. ॥ ૪૫ ॥ આ કન્યા કાંઇ નથી સારી, બેહેરી બોબડી કાળી, અભીમન્યુ જા તું પાછો, કદરૂપ વઈરાટ બાળી. ॥૪૬॥ અભીમન્યુ કહે ભુલ્યા મ્હારાજા, કન્યા દેખી મન ઠરે; કદરૂપ કન્યા હોયતો મ્હારો, તાત વીવા નવ કરે. ॥ ૪૭ ॥ જાઓ માહારાજા જુઠા તમે છો, તવ ઉઠયા ભગવાન,જાણ્યું કે હાંઈ કાંઇ ન ચાલ્યું, થયા અંતરધ્યાન. ॥૪૮॥ નગ્રમાં સરખી સરખી સાહેલી, રમતીતી ઓત્રા સાથ; ત્યાં જોશીને રૂપે આવ્યા, પોતે દીનાનાથ. ॥ ૪૯ ॥ લાવોરે બેનો હાથ જોઉં, બોલી છોકરીઓ સાથ; આ વર ઓત્રાને કેવો મળશે. જુઓ બેનનો હાથ.॥૫૦॥પ્રભુએ હાથ જોવા લીધો, જોઈ ધુણાવ્યું શીશ,જો બેન ખરી વારતા કરૂં તેમાં ન ધરવી રીસ. ॥ ૫૧ ॥ એમ કહીને કહ્યું પ્રભુએ, આ વર નથી રૂપાળો;હોઠ જાડાને દાત લાંબા, બોબડો ને વળી કાળો. ॥૫૨॥ જોતામાં ઓકારી આવે, તેનાથી લગ્ન કરવું, ઓરે ઓત્રા સત્ય માનોતો,જીવ્યાથી ભલું મરવું.॥૫૩॥ તવ ઓત્રા કહે જાઓ જુઠા, અરજુન નંદન કેવા,માહારાજા તમે છો કોઈ કપટી,વર છે અરજુન જેવા. ॥૫૪॥ તવ અંતર ધ્યાન થૈ ગયા પ્રભુ, લાગ્યું દલમાં દુખ; જાણ્યું કે વરકન્યાનું, મારે જોવા ન દેવું મુખ ॥૫૫॥ એમ જાણી વા વંટાળ કીધો, પ્રભુએ માયા દાખી, કાંકરા ઉરાડી,·વર કન્યાની આંખ્યો પુરી નાંખી. ॥૫૬॥ તતડાવીને તાવ મુકયો, પોતે શ્રી ભગવાન; પેહેલું અભીમન્યુંને દુખ મુકયું. ખળભળી બધી જાન ॥૫૭॥ નેત્રે માતાયે પાટા બાંધ્યા, ઓચીંતો પડયો ત્રાસ;તે પછી ઓત્રા કુંવરીને, દુખ મુકયું અવીનાશ. ॥ ૫૭ ॥ ઓત્રાને પણ એમજ થયું, બંધાવ્યા ચક્ષુ પાટા; પાછલા પોહોરે તઈયાર કીધા, વરઘોડાના ઉભરાટા. ॥૫૯॥ વાજતે ગાજતે ઘોડે બેસાડયો, વર રાયને તે વાર;જાન લેઈને ગામમાં ગયા,પોતે જુ

મહાધાર. ॥૧૯॥ વળણ. ॥ વરઘોડો લેઈ આવીઆ, પોતે પુન્યસ્લોક; કહે વલ્લભ જોવા મળ્યું, મનુષ સરવ અથોક. ॥ ૬૧ ॥

કડવું ૩૧ રાગ સવૈયા.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, વઇરાટ પરવ મહીમાય. ॥૧॥ વઇરાટ રાજા સામો આવ્યો, પ્રેમ ઘણેરો વ્યાપ્યો; જગતની રીતી પ્રમાણે, પોતે જાનીવાસો આપ્યો. ॥ ૨ ॥ પાન્ડવને મળ્યાં સગાં વ્હાલાં, સુખરૂપે સહુ રહ્યા; લગ્ન લેવાનો દાહાડો ફેરવીયો, વર કન્યા દુખી થયાં. ॥ ૩ ॥ જાનઇયા માટે મધ્યાન વેળા, થાય છે નીત્ય રસોઈ;પણ વાહાણામાં ખાવા માગે, બાળક સરવ કોઈ. ॥૪॥ વઇરાટ રાયે સાત ઓરડા, પકવાનના ભરેલા; સવારમાં છોકરાંને ખાવા; હુકમ રાયે કરેલા. ॥ ૫ ॥ કુંચી ધર્મ રાજાને દીધેલી, ધર્મે બોલાવ્યો ભીમ; સવારે છોકરાંને ખવરાવવા, તારે રાખવો નીમ. ॥૬॥ તુજ વીના વશ નથી રહેવાનાં, જાદવનાં બધા બાળ; એવામાં બીજા દાહાડાનો,થયો પ્રાતઃકાળ. ॥ ૭ ॥ તવ ખાવાને છોકરાં ચાલ્યાં, ભીમને તેડી જાય; મીઠાઇઓના ઓરડા ઉઘેડયા, છોકરાં પેઠાં માંય. ॥ ૮ ॥ જે જેને ભાવે તે લૈ ચાવે, ખાય છે ઉલટ આણી;તે દેખીને વ્રકોદરના, મોઢામાં ભરાયું પાણી. ॥ ૯ ॥ ઉઠીને ઓરડામા પેઠો, બાળક કહાડયાં બાહાર; દ્વાર દેઇને ખાવા બેઠો, વાયુનો કુમાર. ॥૧૦॥ બાહારથી આકામાં બાળક જુવે, કરે ઘણો ઉતપાત; ઓરે ભીમ ખાવોછો તમે તે,ધર્મને કહીશુ વાત. ॥૧૧॥ તો પણ ભીમે ભય નવ રાખ્યો, ઊંચુ નીચું નવ ભાળ્યું, સાતે ઓરડાની મીઠાઈ ખાધી, સાફ વાશીદું વાળ્યું. ॥૧૨॥ પછી ઉઠીને બાહાર આવ્યો, નાઠા સહુ કુમાર; ભીમે બારણે દઈ દીધાં તાળાં, જાનીવાસે ગયો સાર. ॥ ૧૩ ॥ એવે જઈ બાળકોએ કહ્યું,ભીમશેનને નહી દયા; અમોને ખાવા નવ દીધું, એ પોતે ખાઇ ગયા ॥ ૧૪ ॥ ભીમે કહ્યું બાળકોએ; વેર્યું ને પાથરીયં, તેથી બાળકોને બાહાર કાઢી; એક ઠેકાણે કરીયું. ॥ ૧૫ ॥ એવામાંતો બીજે દહાડે, વઇરાટે જાણી વાત; ફરીથી પકવાન ભરાવ્યાં, ધર્મે કુંચી લીધી હાથ. ॥૧૬॥ એવે વઇરાટને કહ્યું ધરમે, નકામા ખોટી થાઓ; અમારે ઉતાવળ છે જવાની, વર કન્યા પરણાવો. ॥૧૭॥ અમારે ઘર ગામનું નથી નીસ્ચે, માટે કરો વીદાય; વઇરાટે કહ્યું પધારો આજે,પર

ણાવું કન્યાય. ॥ ૧૪ ॥ એમ કહીને વઇરાટ ગયો, મંડપ રચના કીધી; ધર્મે વરઘોડો ચડાવ્યો, જાનને જોડે લીધી. ॥ ૧૯ ॥ આવીને મંડપે ઉતરીયા, બાજઠે વર બેસાડયો; વર કન્યાના ગોર બેઠા. મંત્રનો ઉચ્ચાર કાહાડયો. ॥૨૦॥ વઇરાટે કન્યા પધરાવી, દે છે કન્યા દાન; સરવે સભા ચરચા જુવે, જુવે છે ભગવાન. ॥ ૨૧ ॥ વળણ. ॥ કન્યા દાન દેવાય છે, સાંભળને તું રાય; નેત્રે પાટા રાખીને, પરણે વર કન્યાય. ॥

કડવું ૭૨ રાગ રેહેણીનો.

ત્યાંતો સમે વરતે સાવધાન, શોભાઘણેરીરે; રાજા વઇરાટ દે છે કન્યાદાન શોભા. ॥ ૧ ॥ ત્યાંતો હસ્ત મેળાવો થાય, શો. પછી માનુની મંગળ ગાય. શોભા. ॥ ૨ ॥ ચોરી પેહેલું મંગળ વરતાય, શો. તેમાં ગાયોનાં દાન અપાય. શો. ॥ ૩ ॥ ત્યાં તો બીજુ મંગળ વરતાય, શો, તેમાં દાસીનાંદાન અપાય. શો. ॥ ૪ ॥ ચોરી ત્રીજું મંગળ વરતાય; શો. તેમાં ભંડાર સહીત અપાય. શો. ॥ ૫ ॥ પછી વર કન્યા જમ્યાં કંસાર. શો. છેડા ઝાલ્યામાં આપ્યો મોતીહાર. શો. ॥૬॥ પછી રૂપીયા વીંટીયો રમાય; શો. લાગ્યા વર કન્યા ગોત્રજને પાય. શો. ॥૭॥ વળણ.॥ વર કન્યા પરણી રહ્યાં,રાયે જમાડી જાન, આપી પછી પેહેરામણી, રીજ્યા સતી સંતાન. ॥

કડવું ૭૨ રાગ સોહાગી દોહરો.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ ને સભળાવું, વઇરાટ પરવ મહીમાય.॥૧॥ત્રણ રથ ભરીને ધન આપ્યુ, બે ક્ષોણી સેન્યાય;એટલું આપી વઇરાટ રાયે, કરી દીધા વીદાય.॥૨॥ વર કન્યાની આંખે પાટા,કન્યાને રહેવા દીધી; હળ્યા મળ્યાને હેત કીધાં, જાનને વીદાય કીધી. ॥૩॥ વઇશમપાયે એવું બોલ્યા, ઓ જનમેજે રાય; વઇરાટ પરવ પુરણ હવું, ઉતરી બ્રહ્મ હત્યાય. ॥૪॥ કાળા પડદા શ્વેત થયાને, કાળી ધોળી થઇ ગાય;કાળા તલ ધોળા થયા છે, પુરણ પરિક્ષા દેખાય. ॥૫॥ એટલે જનમેજય રાએ લક્ષ કર્યાં ગૌ દાન; સવાશો જનોઇ દૈ પરણાવ્યાં; બ્રાહ્મણનાં સંતાન. ॥ ૬ ॥ સવાશો કન્યા પરણાવી, બ્રાહ્મણ કેરી બાળ; સવાસો બ્રહ્મપુરી આપી, ધરમીષ્ટ એ ભુપાળ. ॥ ૭ ॥ સવાલક્ષ બ્રહ્મ ભોજન કીધાં, પાતક નાંખ્યું ટાળી;

પછી પાછો બેઠો સાંભાળવા, પોતે આશન વાળી. ॥૮॥ શ્રોતાને વક્તા સરવના, પોહોચ્યા મનનો કોડ; કેહે વલ્લભ સહુ બોલજો ભાઇ, જે જે શ્રી રણછોડ. ॥ ૯ ॥

વૈરાટ પર્વ સમાપ્ત.

ઉદ્યોગ પર્વ

કડવું ૧ લું રાગ સાખી.

વઇશંમ પાયે એણીપેર બોલ્યો સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ ને સંભળાવું ઉદ્યોગ પરવ મહીમાય. ॥૧॥ જાન લેઇને પાન્ડવ ચાલ્યા, હસ્થીનાપુર ભણી જાય; બળદેવજી જાદવ લેઇને, દ્વારીકાં થયા વીદાય ॥ ૨ ॥ કૃષ્ણ રહ્યા પાંડવની સાથે, ભીસ્મ દ્રોણ વીદુર; કૃપાચાર્યને અશ્વ સ્થામા, આવ્યા હસ્તીનાપુર.॥ ૩ ॥ દુરીયોધને વારતા જાણી, જબરો મચાવ્યો ધંધ,સેવકોને આગ્ના આપી, દરવાજા કરો બંધ. ॥ ૪ ॥ કીલ્લા ઉપર કીંકર રાખ્યા, તેતો પેહેરા ભરે, ઉઘાડા આયુધ હાથમાં ઝાલી, ચોકી કરવા ફરે. ॥ ૫ ॥ તે દરવાજા બંધ દેખીને બોલીયા ધરમ રાય, તોફાન કોઇ કાંઇ ન કરો, ઉતારો આ બાગમાંય. ॥ ૬ ॥ એટલે સરવે બાગમાં ગયા, બીછાનાં પાથરીયાં; એક તંબુ અળગો તાણ્યો ત્યાં, કુન્તા સુભદ્રા ઉતરીયાં. ॥ ૭ ॥ બે ક્ષોણી લેઇ પંચાળમાંથી, દ્રુપદ રાજા આવ્યા પોતાના બે દીકરાને, પાન્ડવના પાંચ લાવ્યા. ॥ ૮ ॥ તે દ્રોપદી ને ઉછંગ મુકયા, પુત્રનો વીયોગ ટળીયો; સરવે સભામાં બીરાજ્યા પછી, બોલ્યો અભેમન્યુ બળીયો. ॥૯॥ ધરમ કાકા આગ્ના આપો, દારૂણ દૈવત દાખું;એકજ બાણે હસ્તીનાપુરના, દરવાજા ચીરી નાંખું. ॥૧૦॥ ભીમ કહે ભાઇ આગ્ના આપો, ગદા ગ્રહુ ચડી ચોટ, નગર ઠેકાણે ઝગર કરૂં ને,પાડું કીલ્લા કોટ. ॥૧૧॥ ગટોરગછ કહે આગ્ના આપો, કોટ કુદી માંહે જાવું; અંધતણા સોયે સુતોને, બાંધીને આંઇ લાવું. ॥ ૧૨ ॥ મેઘવરણ કહે દાદા દ્યો આગ્ના, સરવે શત્રુને રોળું, હસ્તીનાપુરનું ડગળું ઉપાડી, જૈ દરીઆમાં બોળું. ॥ ૧૩ ॥ એટલે બોલ્યા ધરમરાજા, મીથ્યા મરોછો મથી, નુકશાન વેઠું કુટુંબ સાથે, કલેશ કરવાનો નથી ॥ ૧૪ ॥ ભીમ કહે કલેશથી ડરશો, તો નહી દે દુષ્ટ જન; ધરમ કહે નહી આપે તો, જઇ વશીશું વન. ॥ ૧૫ ॥ એટલે આવી કુન્તા બોલ્યાં ક્રોધ અતીશે પેઠો;ઓ દીકરા બાપનું રળેલું, ખોવા માટે બેઠો. ॥ ૧૬ ॥ બાપથી કૈક સંપાડે સવાયું,કંઇજન બાપનું ખુએ;ઓરે અરજુન દીકરા શું, ધરમ સામું જુએ. ॥ ૧૭ ॥ એવે બોલ્યો દ્રુપતરાજા, સાંભળો ધર્મ ભુપતી, સદા વનવાસ પુરવો હતો તો, મુજ પુત્રી વરવી નોતી. ॥૧૮॥

મ્હારી છોકરીના છોકરાંને, ઘરબાર રાજ્ય અપાવો; રીધ સીધને નવ નીધ સોંપીને, પછીથી વનમાં જાવો. ॥ ૧૯ ॥ એટલે બોલ્યા ભીશમ પીતા, સમજજે સત્ય મર્મ; સામા થઇને યુદ્ધ કરવું, તે ક્ષત્રીનો ધર્મ. ॥ ૨૦ ॥ માગે તે સાથ યુદ્ધ કરવું,મરવું તેથી નવ ડરવું;પોતાનું મસ્તક હાથમાં લૈ, રણભુમીમાં ફરવું. ॥ ધર્મ કહે કે નારે દાદા, એક પેટ ભરવું પાપી; તેટલા માટે કલેશ ન કરવો; ઈશ્વર રહેશે આપી. ॥ ૨૧॥ તે કરતાં ઓ ભીશમદાદા,તમો નગ્રમાં જાવો;પેહેલાંની હકીકત સઘળી, એને જઈ સમજાવો.॥૨૨॥ એટલે ભીશમ દ્રોણ બોલ્યા,જાશું દુષ્ટ અવાશે; સમજાવીને છત્રપતીને, મોકલશું તુજ પાસે. ॥ ૨૩ ॥ એટલે તમો કરગરી પડજો, તવ સરમાવિશું અમો; આપશે એની ખુશી પ્રમાણે, કબુલ કરજો તમો. ॥ ૨૪ ॥ એમ કહી સત્યવાદી ઉઠયા, દરવાજે ગયા સાર; કીલ્લાના સેવકોને કહ્યું, ઉઘાડો આ દ્વાર ॥ ૨૫ ॥ સેવકે કહ્યું છત્રપતીને, તવ દુરીયોધન આવ્યો;દરવાજા પાસે ઊભો રહીને, દરવાજો ઉઘડાવ્યો ॥૨૬॥ એકલા પાંચ સતીયાને લીધા, પછી દીધાં દ્વાર; છત્રપતીને સભામાં લીધો, સમજાવવા બધો સાર. ॥ ૨૭ ॥ પાસે બેસાડીને શરમાવ્યો, સમજાવ્યો બહુ પેર; રાજ્ય થોડું ઘણું દે પાન્ડવને, નહીંતો વધશે વ્હેર. ॥૨૮॥ દુરીયોધન કહે ઓરે દાદા, વેણ તમારૂ થાપુ; પાન્ડવ મુને નમી પડે તો, થોડું ઘણું કાંઈ આપું. ॥ ૨૯ ॥ એટલે બોલ્યા ભીશમ દાદા, નમે તો ખુશી થાજે; પાન્ડવો તુને લટી પડશે, મળવા બાગમાં જાજે. ॥૩૦॥ છત્રપતી કહે કાલે જઇશું,નહી પડે ભુલ લગાર; તવ દાદાએ પાન્ડવોને, કહાવ્યા સમાચાર. ॥ ૩૧ ॥ ધરમરાજા બહુ હરખાયા, આવશે મ્હોટા વીર;ઓ ભીમભાઇ નમી પડવું, રેહેજો પાધરા તીર. ॥૩૨॥ રાજી કરીને રાજ્ય લેવું, તેમાં ઉપજે સુખ; કલેશ કરીને જે લેવું તે,જાણવું દારૂણ દુખ. ॥૩૩॥ ભીમ કહે કે વારૂ વીરા, એવે સમે પડી રાત, શયન કીધું સહુ પ્રાણીયે, જાગ્યા પ્રભુ સાક્ષાત. ॥ ૩૪ ॥ મધ્ય રાત્રીએ જૈ પગ ખેંચ્યો, ભીમનો દેવ મોરાર; છાના માના સાન કરીને,બોલાવી લીધો બાહાર. ॥૩૫॥ પ્રભુએ કહ્યું આજ પ્રભાતે, આવશે દુરીયોધન;ધરમરાજા નમી પડશે;વીચાર શો છે મન ॥૩૬॥ ભીમ કહે નમવું નવ ઘટે,ઓરે અશરણા શર્ણ, પ્રભુ કહે કપટ કરીને, નમાવો દુષ્ટને ચર્ણ. ॥૩૭॥ આ બીછાનું ઉપાડી નાંખો, ખાડ કરો ત્યાં એક; તેના ઉપર પાથરો પછી, ખાડ ઢાંકી દો છેક. ॥ ૩૮ ॥ હાથીએ બેશીને અભીમાની,બીછાના ઉપર ચડશે;ખાડા ઉપર આવ

તામાં,ખાડમાં હાથી પડશે. ॥ ૩૯ ॥ તેવોજ પાપી ગડબડવાનો, પુરણ મોઢે પોહોળે;સામા ધરમરાય બેઠા હશે તે, પડશે તેમને ખોળે. ॥૪૦॥ એટલે આપણે હશી દેવું,કરવી દોટા હડીયો;કેહેવું કે દુરીયોધન આવી ધરમને નમી પડીયો. ॥ ૪૧ ॥ એટલે પાપીને લાગશે ચટકી, રીસ ચઢાવી જાશે; પછી સંપ નથી રેહેવાનો, યુદ્ધ સામગ્રી થાશે. ॥ ૪૨ ॥ સાંભળી ભીમશેન રાજી થયો, સારૂં બતાવ્યું હરજી; ધર્મને સમાધાન કરવું તું પણ, ન્હોતી મારી મરજી. ॥૪૩॥ એમ કહીને કમ્મર બાંધી, ઝપાટે જોર દાખ્યો;બીછાનું ઉપાડી પળ એકમાં,ખાડો ખોદી નાંખ્યો. ॥૪૪॥ તેપર પાછું પાથરી દીધું,કોર પર ઢાળી ગાદી;તે ગાદીપર બીરાજવાના, ધરમરાય સત્યવાદી.॥૪૫॥ પછી આખી રાત પેહેરો ભરીયો,એવે થયો પ્રભાત; ધર્મ કહે કેમ ચોકી કરે છે,કહે મુને તારી વાત. ॥૪૬॥ ભીમ કહે ભાઇને ખુશી કરવા, ઠીક કરી રંગબાજી; સાફ બીછાનું જોઇને હરખે, છત્રપતી થાય રાજી. ॥ ૪૭ ॥ તે માટે ચોકી કરૂં છું, કોઇ ન મુકે ચર્ણ; ધરમ કહે સાબાશ વીરા, હરખ્યું અંતઃકર્ણ. ॥ ૪૮ ॥ રાજી કરીને રાજ્ય લેઇશું, તેમાં થાશે સારૂં;ભીમ કહે ભાઇ આજ રાત્રીયે, એમ થયું મન મારૂં. ॥૪૯॥ એવે સરવે નાહી ધોઇને,આનંદમાં અતી પેઠા; ધરમરાજા કોરાણે થઇને, જઈ ગાદીપર બેઠા. ॥ ૫૦ ॥ આસપાસ બીજા સરવે બેઠા, એક પોહોર ચઢીયો દન;તે સમે ગામમાં તૈયાર થયો, રાજા દુરીયોધન. ॥ ૫૧ ॥ ચાલો મામા આપણ બને, જૈયે બાગની માંય; એમ કહીને બેઉ જણ બેઠા, હાથી ઉપર ત્યાંય. ॥૫૨॥ દરવાજો ઊઘાડી આવ્યા, બાગ વિષે બેઉ બેઠા; બીછાના ઉપર હાથી ચલાવ્યો;ઉતરીયા નહી હેઠા. ॥ ૫૩ ॥ ખાડ ઉપર પગ આવ્યા હાથીના, આગળથી ગજ પડીયો; એટલે છત્રપતીને મામો,હાથીથી ગરબડીયો. ॥૫૫॥ ધરમના ચર્ણ કને આવી પડીયો, જે દુરીયોધન રાય; એટલે ભીમે ધાંટો કાહાડયો,છત્રપતી પડયો પાય. ॥ ૫૬ ॥ દુરાયોધન ઝટ ઉભો થયો, પ્રભુ હસવા ચડીયા;ધન્ય દુરીયોધન મ્હોટા તે મ્હોટા, મ્હોટા તે નમી પડીયા. ॥ ૫૭ ॥ છત્રપતીને મામો રીસાયા, કકળી બોલ્યા તે ઠામ; હવે રાજ્યની આશા મુકો, નથી દેવાનો ડામ. ॥ ૫૮ ॥ એમ કહી બેઉ ગામમાં ગયા, દરવાજા બંધ કીધા; ધરમ કહે સાચું કહેજો, આ દગા કોણે દીધા. ॥૫૯॥ આ કરમ કોણે કર્યું છે, ખાડ ખોદયો આમ;ભીમ કહે ભાઇ કોને ન કહેશો, કર્યું હતું મે કામ.॥૬૦॥ ધર્મે લેલાટે કરે મુકયો, શું ધાર્યું કરવો કેર; સરાડે ચઢેલું ભાગી નાંખ્યું, ભીમે વ

ધાર્યું વ્હેર. ॥૬૧॥ વળણ॥ વેહેર વધારયું ભીમડા, જુઓ શ્રી ભગવાન; પંચાત લઇ જાઓ ગામમાં, કરી આવો સમાધાન, ॥

કડવુ રજુ રાગ સોહાગી દોહરો.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાશું, ઉદયોગ પર્વ મહીમાય. ॥૧॥ પ્રભુને કહ્યું આપ પધારો, કરી આવો પંચાત, શી રીતે રાજ્ય મેળવ્યું છે, તે જાણો છો વાત. ॥ ૨ ॥ અંતરયામી એવું બોલ્યા,સાંભળજો ભુપતી; તમારા બોલ્યાનો ઢંગ નહી તે, માટે હું જતો નથી. ॥૩॥ દુષ્ટને ત્યાં જઇ પંચાત કરૂં, તેમ છતાં નવ માને; તો પછી મારે કેમ કરવું, એમ પુછયું ભગવાને. ॥ ૪ ॥ ધર્મે કહે એ માને નહી તો, આવજો પાછા તમો; પ્રભુ કહે એવી પંચાત નાગી, કરવા જતા નથી અમો. ॥૫॥ હું જાવુંને મારૂં માન્ય ન રાખે, તો શું ઢીલે મુખ આવું, ના માને તો યુદ્ધનું કહીને,આવુંને તમને લઢાવું. ॥૬॥ ધર્મે કહે કે ઓ માહારાજા, અમે વેઠીશું ટાંચ; છત્રપતી કને છેવટ લેજો, માગીને દેશ પાંચ. ॥૭॥ પ્રભુ કહે કદી પાંચે ન આપે, તો મહારે કેમ કરવું;ધરમ કહે પાંચ આપે નહીતો,યુદ્ધ મહારે આદરવું ॥ ૮ ॥ કૃષ્ણ પ્રભુ કહે વચન આપો, ધરમે વચન દીધું; એટલે ઉઠયા અંતરયામી, જવાને મન કીધું. ॥૯॥ એકાન્તમાં જઇ ભીમે કહ્યું, પધારજો પ્રભુ વેહેલા;કરી લાવજો લડત ઉભી,ઓ છોગાળા છેલા. ॥૧૦॥ પ્રભુ કહે કેહેવું નહિ પડે, એમ કહિ રથ બેઠા; ઉઘડાવ્યો દરવાજો દાસો પાસે, નરહરી નગ્રમાં પેઠા. ॥૧૧॥ એકલા પ્રભુને ગામમા લેઇ, દુષ્ટે દરવાજા દીધા; પ્રભુએ પ્રમાણીક લોકો, સભામાં ભેગા કીધા. ॥૧૨॥ ભીસ્મ વીદુરને દ્રોણ બોલાવ્યા, બોલાવ્યા કીરપાચારર; પછી દુરીયોધનના સામા, બેઠા જુગદાધાર. ॥ ૧૩ ॥ છબીલે કહ્યું છત્રપતીને, સાંભળો પુરણ વાત, પેહેલું પુરણ ચીત્ત પરોવો, પછી કરૂં પંચાત. ॥ ૧૪ ॥ તમે તમારે એક કુટંબી, આપશો લેશો કાંક;પણ વાત સાંભળશો નહી તો, બધો તમારો વાંક. ॥૧૫॥ તમે ને પાન્ડવ બાઇઓ ભાઈ, રેહેવું નહીં હીકડીમાં; કદી અપાય ઓછું વધતું, ઘી ઢળ્યું તો ખીચડીમાં. ॥૧૬॥ ઓ ભીસમજી વ્રદ્ધ તમેછો, જાણો છો જુની પેર; હું જે કહું તે હોય જુઠં તો,કહેજો તમે સુખ ભેર. ॥ ૧૭ ॥ મુળના પુરૂશ સંતનું રાજા, બેતાળી ગામના ધણી; તે સંતનુંના દીકરા બે, પ્રથમથી હ્યો ગ-

ણી. ॥ ૧૮ ॥ ભીસ્મપીતાને વીચીત્રવીર્ય, સરખા ભાગે શોભે; ભીશ્મ-પીતાએ ભાગ મુકયો, નીરવરતી નીરલોભે. ॥૧૯॥ વીચીત્રવીર્યને ત્ર-ણ પુત્રો, જાણે છે બધું જગત, ધૃતરાષ્ટને પાન્ડુ રાજા, ત્રીજા વીદુર ભ-ક્ત. ॥ ૨૦ ॥ બેતાળી ગામ તે ત્રણને ભાગે, એક એકને ચઉદ ગામ; બાકીનું રાજ્ય જીતી લાવ્યા, પાન્ડુરાય તમાત. ॥ ૨૧ ॥ તેમાં કંઈ હક નહી બીજાનો, સાંભળો રાય નરેશ; પાન્ડવના પાન્ડવને સોં-પો, ચોરાશી હજાર દેશ. ॥ ૨૨ ॥ દુરીયોધન કહે સુણો પ્રભુજી પા-ન્ડુરાજા જીતી આવ્યા;તે વાત કબુલ કરીએ છૈયે, ચોરાશી હજાર લા-વ્યા. ॥ ૨૩ ॥ પણ પાન્ડુને હત્યા લાગી, બાર વરસ ગયા વન; ત્યાં લગી તે રાજ્ય જાળવ્યું અમો વીચારો જુગજીવન. ॥ ૨૪ ॥ કૃષ્ણ કહે છત્રપતી સુણો,રાજ્યની રક્ષા કીધી;તેટલા દીવસની આવદાની, તે ત-મોએ લીધી. ॥ ૨૫ ॥ તેમાં તમોને નુકશાન નથી, એમનું દૈ દો રાજ; દુરીયોધન કહે ઉતરો ન્યાયે, ઓરે કૃષ્ણ મ્હારાજ. ॥ ૨૬ ॥ પાન્ડવ દ્યુ-ત રમતાં રાજ હાર્યા જીત્યો હું નરેશ; પ્રભુ કહે બેતાળીશ હજાર જી-ત્યા તે લ્યો દેશ. ॥૨૭॥ બાકીના બેતાળીસ હજાર, પાછા આપો રાય; દુરીયોધન કહે જાવો મ્હારાજા, પંચાત એ નહી થાય. ॥ ૨૮ ॥ એટલે બોલ્યા અંતરયામી, વાતમાં કરશો ન ક્રોધ, જેમ તેમ સમાધાન થાયે તો, ટળે બધો વીરોધ. ॥ ૨૯ ॥ કુબુધી ક્રોધ કરીને બોલ્યો, સાંભળજો જદુપતી, એ રીતે રાજ્ય માગવું હોયતો, પંચાત કરવી નથી. ॥૩૦॥ પ્રભુ કહે વારૂ તેમ રહેવા દો, કોહોતો માગણી માગું, દુરીયોધન કહે માગી જુઓ, તો હું સાંભળવા લાગું. ॥ ૩૧ ॥ વળણ. ॥ રીતસર મા ગો માગણું, તો હું સાંભળી રહીશ; જો ધ્યાન બેસે માહરી, તો તો હું હા કહીશ. ॥ ૩૨ ॥

કડવું ૩ રાગ ઢાલાવરોની દેશી.

પ્રભુજી વધા વચન, રાજાજી. સાંભળો દુરીયોધન; રાજાજી. ॥ ૧ ॥ પાન્ડવનું કષ્ટ કાપો, રાજાજી. ચાળી હજાર દેશ આપો, રાજાજી. ॥ ૨ ॥ એવું વચન સુણાવ્યું, રાજાજી. દુષ્ટે શીશ ધુણાવ્યું. રાજાજી. ॥ ૩ ॥ બોલ્યા જુગદાધાર, રાજાજી. આપો ત્રીશ હજાર. રાજાજી. ॥ ૪ ॥ તેથી દો હજાર વીસ, રાજાજી. દુષ્ટ ધુણાવી શીશ, રાજાજી ॥ ૫ ॥ પ્રભુ કહે વધે જશ, રાજાજી. આપો હજાર દશ, રાજાજી ॥૬॥ એટલું વચન થા-

પો. રાજાજી; પાંચ હઝાર આપો, રાજાજી, ॥૭॥ ખેંચી ન પકડો છેક, રાજાજી. આપો હજાર એક. રાજાજી ॥૮॥ સૌ સભાનું માપ માપો, રાજાજી; પાંચસેં દેશજ આપો રાજાજી. ॥૯॥ કેટલું કેહેવા લાગું, રાજાજી;એક સો દેશજ માગું. રાજાજી. ॥૧૦॥ પ્રભુ ઓછું ઓછું માગે, રાજાજી. પાપીને સારૂં લાગે, રાજાજી. ॥ ૧૧ ॥ પ્રભુ કહે વેણુ થાપો, રાજાજી, પચાસ દેશજ આપો, રાજાજી. ॥ ૧૨ ॥ જેમ જેમ ઓછું સુણાવે,રાજાજી; માંકડો માંથુ ધુણાવે, રાજાજી. ॥૧૩॥ તવ બોલ્યા વનમાળી,રાજાજી;દેશજ આપો ચાળી. રાજાજી.॥૧૪॥ માગ્યામાં ન ધરો રીશ, રાજાજી;આપોને દેશ ત્રિસ. રાજાજી. ॥૧૫॥ હું માગુછું જુગદીશ, રાજાજી,આપોને દેશ વિશ,રાજાજી॥૧૬॥ઝાજો ન કરશો કસ,રાજાજી આપોને દેશ દસ. રાજાજી. ॥૧૭॥ તેમાં તે કાઢશે ભવ, રાજાજી; તે કરતાં દો નવ, રાજાજી. ॥ ૧૮ ॥ મુકો મુમતનો ઠાઠ, રાજાજી, આપી દો દેશ આઠ, રાજાજી. ॥૧૯॥ ગુણ માનશે પાંચ ભ્રાત, રાજાજી, છેવટ દો દેશ સાત, રાજાજી. ॥ ૨૦ ॥ ટળશે સરવનો ભય,રાજાજી; આપોને દેશ છય, રાજાજી. ॥ ૨૧ ॥ નહીં આવે ઉની આચ, રાજાજી. છેવટ આપો પાંચ, રાજાજી. ॥ ૨૨ ॥ તેમાં તો સારૂં કેહેવાશે,રાજાજી; પાંચેથી વેહેચી લેવાશે, રાજાજી. ॥ ૨૩ ॥ તવ બોલ્યો દુરીયોધન, પ્રભુજી; સાંભળો જુગજીવન. પ્રભુજી. ॥ ૨૪ ॥ તમારૂં વચન થાપુ,પ્રભુજી; કાંઈ પાન્ડવને ન આપું,પ્રભુજી ॥ ૨૫ ॥ દીધે નથી કાંઇ ધરમ, પ્રભુજી; પણ મને તમારી સરમ. પ્રભુજી, ॥ ૨૬ ॥ તમારૂં માપજ માપું, પ્રભુજી; તમારા મ્હોને આપું, પ્રભુજી. ॥ ૨૭ ॥ વળણ. ॥ દુરીયોધને કહ્યું કર્ણને, લખીને આપો પાંચ દેશ; કહે વલ્લભ લખાવતા, દ્વારકાંધીશ પ્રમેશ.

કડવું ૪ રાગ સાખીનો.

વૈશમપાયન એણીપેરે બોલ્યા, સુણુ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવુ; ઉદ્યોગ પર્વ મહીમાય.॥૧॥અંતરયામી બેઠા લખાવા,લખનારો કરણ રાય; ત્રાંબાને પત્રે લખવા માંડયું, કલમ ગ્રહી કરમાંય ॥૨॥ બોલો પ્રભુજી લખાવો તે લખું, તવ કહ્યું કૃષ્ણ પ્રમેશ; આગરા ને બંગાળા લખો,લખો કાશી દેશ ॥૩॥ હસ્તીનાપુરને મારવાડ લખો, કરણે લખ્યા તે વાર; પછી મુખમાં કલમ ઘાલી, પડયો બહુ વીચાર ॥ ૪ ॥ મુસ્તક ઉપર ખડીયો મુકયો, મનમાં કરી મનસુબો; સભાની

વચમાં પતરૂં ધરીને; એકજ ચરણે ઉભો. ॥ ૫ ॥ દેખીને દુરીયોધન બોલ્યો, કેમ ઉભા થયા અત્ર;કરણ કહે વાંચી જુઓ, લખેલું તાંબાનું પત્ર. ॥૭॥ ઉભા રેહેવાની નથી જગીયા,કૃષ્ણે કપટાઇ કીધી; પાંચ દેશ લખાવ્યા તેમાં, પૃથ્વી તાણી લીધી. ॥ ૭ ॥ તવ દુરીયોધને પત્ર વાંચ્યું,હળહળ વાપી રીસ;મુજ સંગ કપટ કરવા આવ્યો,લંપટ દ્વારીકાધીસ. ॥૮॥ એ ભરવાડા એ પીંડારા,ગાયોના ચારનારા; મુજ સાથે તેં પ્રપંચ કીધો, મામા માશી મારનારા. ॥ ૯ ॥ ગાયો દોનારો છાશો પીનારો કયાં છે તું ક્ષત્રીની જાત;ગામડું વસાવી રાજા કેહેવાયો,તું શું જાણે પંચાત. ॥૧૦॥ એમ કહી ઉઠીને બાઝયો, કુબુદ્ધી નરેશ; ગડદા કોણી મારવા લાગ્યો, ગ્રહી પ્રભુના કેશ. ॥૧૧॥ છછુંદરીનાં સરવે સરખાં, ઉઠયા નવાણું વીર; મારો ઝુડો હવે ન મુકો, કરો પધારો તીર. ॥૧૨॥ એમ કહીને કપુત સોચે, દેવા માંડયો માર; સભાસદ સહુ પોંચા કરડે. વરત્યો હાહાકાર ॥૧૩॥ અંતરયામીએ એમ જાણ્યું; દુષ્ટો દેશે દુઃખ; એવું જાણીને ભુમી પડેલા; પોહોળું કીધું મુખ. ॥ ૧૪ ॥ તે મુખમાં એમ લીલા બતાવી, સુત પવનનો કાહાવે; ગદા ગ્રહીને ભીમસેન બળીયો, મારવા માટે આવે.॥૧૫॥ દુરીયોધન કહે નાસો મામા, મારવા આવે ભેમ; એવો ભીમનો ભય પામીને નાઠા એમને એમ. ॥૧૬॥ તવ ઉઠી ઉભા અલબેલો, બોલ્યા મુખ વચન;યુદ્ધનું નોહોતરૂં દેઉં છુ તુને,ઓરે દુરીયોધન.॥૧૭॥સાંભળી પાપી નાશી ગયો, પોતાના તાત કને; અરે પીતાજી કૃષ્ણ આવ્યાતા, સમજાવવાને મને. ॥ ૧૮ ॥ પંચાત કરી છેતર ા તો,પ્રપંચનો ખેલ ધાર્યો; તેથી મુજને ક્રોધ ચડયો તે, ભરી સભામાં માર્યો. ॥ ૧૯ ॥ એવું સાંભળી વાણી વદિયો, ધૃતરાષ્ટ્ર જે અંધ; એ દીકરા એને માર્યો તે, તમારૂં જીવવું બંધ ॥ ૨૦ ॥ ચૌદ લોકનો એ છે સ્વામી,તેને સભામાં કુટયો;માટે નિશ્ચે જાણજોતમે, સહુનો આવરદા ખુટયો. ॥૨૧॥ દુરીયોધન કહે કેમ કરૂં પીતા, અંધ કહે વળી જાવો; આપણે ધામે ભોજન કરવા, ચરણે લાગીને લાવો.॥૨૨॥ તવ દુરીયોધન તેડવા ચાલ્યો,મુકી મુમતની હોડ; એવે સભામાંથી નીકળી બેઠા, રથમાં શ્રી રણછોડ.॥૨૩॥અટલામાં દુરીયોધન આવ્યો પ્રભુ ચાલો મુજ ઘેર;મેમાન ગતીયે ભોજન કરી, પધારજો ભલીપેર. ॥૨૪॥ કૃષ્ણજી કહે આવત જમવા, તમ ધામે રાજ્યવટે; પણ મ્હારા પર હાથ ઉપાડયો,માટે ન આવવું ઘટે ॥૨૫॥ જમવું હશે તો બહુ છે ઠેકાણાં, એમ વદ્યા ગીરધારી;દુરીયોધન કહે જમે નહી તો, ચાલ્યો જા ખાસડે

મારી. ॥૨૬॥ જો તું જમે માહારી નગરીમાં,ત્યારે તો દેવકી તન, એમ કહી કેડે ચોકી મુકી; પાછો વળ્યો રાજન. ॥૨૭॥ એટલે રથ હંકારીને ચાલ્યા, દાસ ઉપર ,કરી મ્હેર; વીદુરજી સભામાં છે પણ, ગયા એમને ઘેર. ॥૨૮॥ બારણે રથ રાખીને ઉતરીયા, દયાળુ એ કરા દયા; વિદુર પત્નિને માતા માતા, કેહેતા ઘરમાં ગયા. ॥ ૨૯ ॥ ચોક તણાં બેઉ દ્વાર દેઇને; વિદુર પત્ની નાહાય;નગ્ન નાહાવાનો સ્વભાવ નારીનો,તેવું કરે સ્નાન ત્યાંય. । ૩૦ ॥ પ્રભુને શબ્દે જોયું જાળીથી,દીઠા શ્રી ભગવાન; દ્વાર ઉઘાડી આવી પાય પડી, ન રહ્યું વસ્ત્રનું ભાન. ॥ ૩૧ ॥ એટલે પ્રભુએ આડું જોયું, ભક્તને પ્રભુ શું પ્રેમ; ઉભી થઇને પુછવા લાગી આડું જોયું હરી કેમ. ॥૩૨॥ કૃષ્ણ કહે મા વસ્ત્ર પેહેરો, બોલી વિદુર-ની નારી; ઓ પ્રભુ તમને દેખી ભાન ભુલી. કરજો ક્ષમા ગીરધારી. ॥ ૩૩ ॥ એમ કહી જઇ વસ્ત્ર પેહેરી, આવી અતી પાવન; પધારો કહી બેસાડ્યા પ્રભુને, આપી એક આસન. ॥ ૩૪ ॥ કૃષ્ણ કહે મા ભુખલા-ગી, જમવાને બેઠો આવી; વીદુરની નારી ઘરમા જઇને, કદળી તણાં ફળ લાવી ॥ ૩૫ ॥ પ્રભુના સામા ફોલવા બેઠાં, કૃષ્ણ કૃષ્ણ મુખ ભાખે;છોતરાં આપે છબીલાને, ગલ કાહાડી બાહાર નાંખે. ॥૩૬॥ એ રીતે તદાકાર થયેલી, પ્રભુ ઉપર પ્રેમ ભાવે; ભક્તને ભાવે છેલછબીલો, કેળાંનાં છોતરાં ચાવે. ॥ ૩૭ ॥ છેવટ છોડું ચાવતા દીઠા, તેવારે આવ્યું ભાન અરેરે મેં છોડાં દીધાં. જમે મ્હારો ભગવાન. ॥ ૩૮ ॥ (ારણે જોયું તવ ગલ દીઠો, પસ્તાવો બહુ કીધો; પ્રભુ કહે મા પસ્તાશો નહી, આજજ આ સ્વાદ લીધો. ॥ ૩૯ ॥ આ સામગ્રી નોહોતી આરોગી, તે મેં આરોગી આજ; વિદુર પત્નિએ કહ્યું બીરાજો, રાંધું છું માહારાજ ॥ ૪૦ ॥ એમ કહી ઉઠયાં વાટડી જુએ; વીદુરની વિવેક; સન્યસ્ત પાળે તે સારૂં ઘરમા, અનનો દાણો નહી એક ॥૪૧॥ એટલામાં તો વિદુર આવ્યા, દીઠા કૃષ્ણ મેમાન; વણ તેડયા પ્રભુ ભલે પધાર્યા, ઓ મ્હારા ભગવાન. ॥૪૨॥ એમ કહીને ગયા ભોવનમાં, એકાન્તમાં મળી નારી; ઓરે પતી ઘરમાં નથી કાંઈ, પરૂણા છે ગીરધારી. ॥ ૪૩ ॥ ભક્ત કહે ભંડાર ખાનેથી,લઈ આવું છું નાર; એવામાં દુરાયોધનના સેવકે,જઇ કહયો સામાચાર ॥૪૪॥ વિદુરને ઘેર કૃષ્ણ ગયા છે, વાત જાણી રાજન; ભંડારખાનું બંધ કરાવ્યું કાકાને ન દેવું અન. ॥૪૫॥ ગામમાં રૈયતને કેવરાવ્યું,ભક્તને કાંઇ ન દેવું,જે કોઇ કાંઈ દેશે તેનું,સરવસલુટી લેવું ॥ ૪૬ ॥ સહુ રૈયતે મન વિચાર્યું. શું ભક્તને જોઇ રહીએ; દીઠે મોઢે

માગે ત્યારે, કેમ કરી ના કહીએ. ॥૪૭॥ એવું જાણી સરવે પ્રાણી, ઘરને ખુણે પેઠા,કામ ધંધા બધા બંધ કરીને,દ્વાર દેઈ દેઈ બેઠા. ॥ ૪૮ ॥ એવામાં વિદુરજી ચાલ્યા, ભંડારખાને જાય;જઇ જોયું તો તાળાં દીઠાં, તવ ગયા મેહેલ માંય. ॥૪૯॥ દુરીયોધન પર ક્રોધ કરીને વિદુર બોલ્યા એમ,ભંડારખાને લેવા આવ્યા, તાળાં દીધાંછે કેમ. ॥ ૫૦॥એવું સાંભળી કાકા પ્રત્યે, બોલ્યો દુરીયોધન; ઓરે કાકા કોને માટે, તમારે જોઇએ અન્ન. ॥૫૧॥ વિદુર કહે મહારે માટે. વળી આવ્યા જદુપતી, દુષ્ટ કહે બીજા લોકોને,ખવરાવી દેવાનું નથી. ॥૫૨॥ અનધન કાંઈ નથી આપવાનું, જાણજો ભલી પેર;તમે ને માહારી કાકી બેઉ, ખાવા આવો મુજ ઘેર. ॥ ૫૩ ॥ વીદુરજીને ખોટું લાગ્યું, તરત પાછા વળીયા; અરેરે આજ ભુખ્યા રેહેશે, માહારે ઘેર સામળીયા. ॥ ૫૪ ॥ એ ઉદાશી થઈ ઘેર ગયા, સહુ જાણે વનમાળી; ભકતે જઈ ઓરડામાંથી લીધી, છાનીમાની એક થાળી. ॥ ૫૫ ॥ બગલમાં મારી વસ્ત્ર હોઢયું, વેચવા બજાર જાય; ત્યાં બધું બજાર બંધ દીઠું, ગભરાયા મનમાંય ॥ ૫૬ ॥ અરેરે દુષ્ટનાં તાળાં દેવાયાં, પ્રભુને શું જઇ ધરવું; એવામાં એક કુવો દીઠો, જાણ્યું કે માહારે મરવું. ॥ ૫૭ ॥ એમ જાણી કુવા પર ચઢીઆ, પરાણે જીવ જશે, સાતે જનમ દુખ પડવાનું, આત્મ હત્યા મને થશે. ॥ ૫૮ ॥ એવું વીચારતાં ભાજી દીઠી, તાંદળજાની ઉગેલી; વીદુરે જાણ્યું પાય પડીશું, પ્રભુને ભાજી મેલી. ॥ ૫૯ ॥ એવું સમજી ભાજી લીધી, પોટલી બગલમાં મારી; ગુપત ઘેર લાવીને આપી, જ્યાં પોતાની નારી ॥ ૬૦ ॥ વામાને બધી વાત કીધી, તવ ભાજી સુધારી; ચુલો સળગાવી તપેલીમાં, વઘાર મુઠી વઘારી, ॥ ૬૧ ॥ પછી વીદુર પત્ની બોલી પ્રભુજીને શું ધરવું; એકલી ભાજી મુકયા કરતાં. વીશ ઘોળી ભલું મરવું. ॥૬૨॥ વળણ. ॥ નરનારી એમ આદરી, મરવા કીધું મન; કહે વલ્લભ તેવે સમે, આવ્યો દુરીયોધન.

કડવું ૫ રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાયન વચન,સુણ જનમેજે રાજન;આવ્યો હસવાને દુરીયોધન, એતો ભગત કાકાને ભોવન. ॥ ૧ ॥ બોલ્યો પાપી મશ્કરી ભેર,કાકા પરોણા તમારે ઘેર;માટે થશે રસોઈ સવાઇ,અમે પરોણાભેગા પાઈ. ॥ ૨ ॥ તવ વીદુર ક્રોધે ભરિયા, મશ્કરિમાં ક્રોધે ઓચરિયા;

આવજે જમવા ડંકોદેઇ ; તારો સરવ પરીવાર લેઇ.॥૩॥ તારી માતા-
રી નારીને પુત્ર; તેડી લાવજે સહુ ઘરસુત્ર ;તવ હશીગયો ભુપાળ, ગ.
યા વિદુર સાતમે માળ. ॥ ૪॥ વળી સંગ પોતાની નારી, બેઉ જં
મરવું ધારી; કર્યા વિષના પ્યાલા ત્યાર ॥ ૫ ॥ મોઢે માંડવા ગયા જે
વાર, વાતજાણી ગયા જુગદાધાર; ચત્રભુજ રૂપે ગયા દોડી, તમાચે નાં-
ખ્યા પ્યાલા ફોડી.॥ ૬ ॥ પછી બોલીયા અંતરયામી. તારે ઘેર નથીકાંઈ
ખામી;સાતે ઓરડામા સૌ ત્યાર, વળી રસોઇ બનેછે બાહાર ॥ ૭ ॥
એમ કહી થયા અંતરધ્યાન,કરી લીલા શ્રી ભગવાન; એવે વીદુર હર-
ખે ભરીયા, બધી ચરચા જોવાને ઉતરીયા. ॥ ૮ ॥ પેહેલા જોવા ગયા
ઘર બાહાર, કરે જાદવો રશોઇ ત્યાર, કોઇ ચુલ ચુલો સળગાવે, કોઈ
નીરમળ જળ ભરી લાવે. ॥ ૯ ॥ કોઇ બેઠા સાક સુધારે, જોઈ હસ્યા
હરીજન ત્યારે, પછી ઓરડા જોવા જાય,નરનારી બેઉ મેહેલમાંય.॥૧૦॥
પેહેલે ઓરડે બહુ બાજઠ;બીજે જળ ઝારીની ઠઠ;ત્રીજે વસ્ત્ર છે નરના
રીનાં,રેશમી જાત જાડાંને ઝીણાં.॥૧૧॥ વાટકાની ચોથી પરસાળ,પાચ-
મામાં કનકના થાળ; ભર્યા છઠામા રૈનાં અથાણાં, જોઇ વીદુરજીએ વ
ખાણ્યાં. ॥૧૨॥ સાતમામાં ભર્યા પકવાન, એવી કરી કૃપા ભગવાન;
જોઈ હરખે ભર્યા વિદુર, અતી ઉભરાઈ જાય છે ઉર. ॥ ૧૩ ॥ પો
હોચી પાપીને બધી પેર, થઇ રસોઈ કાકાને ઘેર; મામાને વાત પુછું
જોઇ; કાકે કયાંથી કરાવિ સોઇ. ॥૧૪॥ બોલ્યો મામો એ કૃષ્ણજી કરે,
ઘરનું લાવીને વાવરે; જો એ જમ્યા વિનાનો જાય, તોતો ફજેતી એની
થાય. ॥ ૧૫ ॥ એવે રસોઇ થઇ રહી ત્યાર, કાહાવ્યા વિદુરે સમાચાર;
તેડે જમવાને વિદુર ભગત, આવજો લેઇને બધું જગત. ॥ ૧૬ ॥ તવ
બોલ્યો દુરીયોધન એમ, કહો મામા કરીશું કેમ;કહે મામો ચાલો જમ
વાય, મુકીએ તેમાં એનું શું જાય. ॥૧૭॥ કહી લીધું કુટુંબ પરીવાર.
આવ્યા જમવા સહુ નરનાર;લાવ્યાં શણીયાં જુજવાં ઝાલી,તવ વિદુરે
આગના આલી. ॥૧૮॥ પાછા મોકલો શણીયાં ઘેર, આપશું અહીંથી
ભલી પેર;તવ પાછાં મોકલી દીધાં,પછી ઉષ્ણોદકે સ્નાન કીધા. ॥૧૯॥
દીધા ભકતે વસ્ત્રો વિધવિધ,રાયે જાણ્યું કયાંથી રિધશીધ; પેહેર્યા વસ્ત્રો
સહુ નરનારી, દીધી વિદુરે જળની ઝારી. ॥ ૨૦ ॥ દીધા રત્ન જડીત્ર
બાજઠ, બેઠી નરનારીની ઠઠ; પછી વાટકા રૂપાના દીધા, જેને જેમ જો
ઇએ તેમ લીધા. ॥૨૧॥ પછી લીધા કનકના થાળ,તવ ઉઠયા શ્રી ગો-
પાળ; ભક્તને ઘેર હરખે ભરીયા, પીતાંમ્બર પેહેરી પ્રભુ ઉતરીયા.॥

૨૨॥ એટલે બોલીયો દુરીયો' ન,મામા વીચારી લેજો મન; કદી કૃષ્ણે કરાવી રસોઈ, પણ બીજી ચીજો લ્યો જોઈ. ॥૨૩॥ થાળી વાટકા બાજઠ શણીયાં, આપ્યાં તે ન જાયે ગણે ગણીયાં; ગમે તેવો હું છત્રપતી મારા ઘરમાં આવી ચીજ નથી. ॥ ૨૪ ॥ બોલ્યો શકુની મામો સાર, સમજ્યો હું લગારે લગાર; તારા કાકા પાન્ડુરાય, લાગી હત્યા ગયા જાત્રાય ॥૨૫॥ તાત તાહારો આંખ વિનાનો, તે વારે લુટયો ભંડાર છાનો; ઘણાં અધર્મ વીદુરે કરીયાં, બધું લુંટીને ભોંયરાં ભરીયાં. ॥ ૨૬ ॥ તેવારે તારી ઉમ્મર કાચી, બોલ્યો દુરીયોધન વાત સાચી; એવે કૃષ્ણે કરી આજ્ઞાય, દાસો પીરસો પંગત માંય. ॥૨૭॥ તવ જાદવ જોદ્ધા જેહ; લાગ્યા પીરસવાને તેહ; અથાણાં રાઈતાં શાક ભાજી, પકવાન સામગ્રી તાજી. ॥ ૨૮ ॥ પછી જમવા આજ્ઞા દીધી, તવ પ્રભુએ મશકરી કીધી, હશીને બોલ્યા જુગજીવન, કાંઈ માગજો દુરીયોધન. ॥૨૯॥ નોચે નીચું જોઈ જમ્યો રાય, બતાવ્યો મામાએ ઉપાય;આપણે સહુ જમી રહીએ, તવ વાશણો લૈ ઘેર જઈએ ॥૩૦॥ પીતામ્બરો પહેરેલાં લેવા, કાકાને પાછાં ન દેવાં: આતો કાઢી છે આપણી પુંજી, એમાં શું કરનાર પ્રભુજી. ॥૩૧॥ સત્ય છે એમ બોલ્યો ભુનાથ, અન્યો અન્ય પોહોચાડી વાત;એવે જમી રહ્યા સહુજન.પેહેલો ઉઠયો દુરિયોધન ॥૩૨॥ લીધા વાટકા થાળી ઝારી,ઉઠયા બાજઠો બગલમાં મારી; જોઈ વીદુર બોલ્યા એમ, ઠાલાં વાસણો લૈ જાત્રો કેમ ॥૩૩॥ લેઈ જાવો મહીં પકવાન,તવ ખમચાયો રાજન,કહો વારૂ મામા કેમ કરીયે, બોલ્યો મામો થાળીયો ધરીયે. ॥ ૩૪ ॥ આવી થાળીયો ધરવા લાગે, જાણે વસવઈઆ અન માગે; બોલ્યા કૃષ્ણજી સહુને આપો, બધા ગરાબનું કષ્ટ કાપો. ॥૩૫॥ એમ કહીને પકવાન દીધાં, નીચું જોઇને નીચોએ લીધાં; લેઈ લેઈ ચાલ્યા ગયા ઘેર;કરી પ્રભુએ કૃપા મેહેર.॥૩૬॥ પછી છેવટ લીલા દાખા,ત્રણ જણની રસોઈ ખી;બીજું બધું કીધું અદર્શ, થયો વીદુરને અતી હર્શ ॥૩૭॥ પછી વિદુર વિદુરની નારી, ગયા ઘરમાં ત્રીજા ગીરધારી;તવ રામા રસોડામાં પેઠી; બેઉ જણને પીરસવા બેઠી. ॥ ૩૮ ॥ બેઉ બાજઠ રસોડા બાહાર, સામા સામી ઢાળ્યા તે વાર; બેઠા વીદુરને ગોપાળ, તવ પીરશી મુકયા થાળ. ॥ ૩૯ ॥ ત્યારે બોલીયા જુગજીવન, માજી તમારૂં કરો આસન;બોલ્યાં વીદુરપત્ની વાણી, તમો જમી લો પુરૂશ પુરાણી. ॥ ૪૦ ॥ તમો છો નરે નરની જોડ; એકલી નારી હું રણછોડ;માટે મુને ભોજન નવ ભાવે, બોલ્યા કૃષ્ણજી જુઓ

કોણ આવે; ॥ ૪૧ ॥ ઉઠયાં જોવાને ઉલટ આણી, આવ્યાં રૂક્ષમણીજી રાણી, રૂમ ઝુમ કરતાં ધામમાં પેઠાં, દીધું આસન તવ ત્યાં બેઠાં ॥૪૨॥ એટલે બોલીયા રણછોડ, માજી મળી તમારી જોડ;હવે તમો કરો આસન, એવા કૃપાળુ મધુસુદન. ॥ ૪૩ ॥ તવ ચીંત્તા થઇ ઉદરમાં. એક જણની સામગ્રી ઘરમાં થોડે થોડે બે પીરસ્યા થાળ, તવ કેવું કર્યું ગોપાળ ॥ ૪૪ ॥ પોતાની સૌ સામગ્રી લીધી, તેતો બેઉને મુકી દીધી; પછી પોતે ઉઠયા થઈ રાજી, લીધી રસોડામાંથી ભાજી. ॥૪૫ ॥ ઠાલવી થાળમાં દીનાનાથ,હાંહાં કહી ગ્રહ્યા વીદુરે હાથ; આ તે શું કરોછો મહારાજ, કહે પ્રભુ પ્રીતી મુને આજ. ॥ ૪૬ ॥ એતો સ્વાદમાં થઇ છે ઝાજી, માટે આરોગવાદેઃ ભાજી; નવ માનો તો સંદેહ ખુઓ. જરા જરા ભાજી ચાખી જુઓ. ॥ ૪૭ ॥ ચૌદ લોક તણો સ્વાદ તાણી, મુકયો ભાજીમાં પુરૂશ પુરાણી, પછી થોડી થોડી વેહેંચી આપી, ચાખતામાં ઉલટ બહુ વ્યાપી ॥ ૪૮ ॥બધી મરજાદા પ્રભુની છાંડી, થાળમાંથી તે લુટાવા માંડી; ઉઠયા પ્રસુ લેઇને થાળ, ચાલ્યા ચોકમાં શ્રી ગોપાળ. ॥ ૪૯ ॥ લાગ્યાં લુંટવા પ્રભુની ભાજી,છીનવે ભુજે બાઝી બાઝી; દોડી દોડી દોડાવે છબીલા, ખરેખરી કરી રાશ લીલા. ॥ ૫૦ ॥ રમે ભક્તજે ઘેર રણછોડ, આવ્યા દર્શને તેત્રીશક્રોડ; એવે પ્રભુએ શું ખેલ કીધો, ભાજીનો સ્વાદ તાણી લીધો. ॥૫૧ ॥ પછી આગળ ધરીજે વારે, લાગી ફીકી ફીકી તે વારે;પછીસ્તુતી કરી વિદુર,પ્રભુસચરાચર ભરપુર.॥૫૨॥ સ્વાદ બે સ્વાદ સૌ તમપાસ, ભીથ્યા મોટાઈ ધરે દાસ; બધી તમારિ જગબાજી, જમો ભગવાન ભાવની ભાજી. ॥૫૩॥ થાવો ભાજી જમી ને રાજી, આરોગો બાજઠે બીરાજી. પછી બેસીને ભોજન કીધાં, જમીને મુખવાસજ લીધાં ॥ ૫૪ ॥ રૂક્ષમણીજી અંતરધ્યાન, કરી રથ બેઠા ભગવાન; પોતે નીકળ્યા નગ્રની બાહાર, આવ્યા બાગમા જુગદાધાર. ॥ ૫૫ ॥ પુછયા ધરમે સમાચાર, કેહેવા લાગ્યા દેવમોરાર; જુઓ મુજને માર્યો માર, નીકળ્યો પંચાતમાં સાર. ॥ ૫૬ ॥

———×०×———

ઝડપનો રાગ દોહરો.

એવું સાંભળી ધરમ બોલ્યા, પ્રગટી પુરણ જવાળ,઼ઓ મહારાજા દુરિયોધનનું થયું બગડવા કાળ. ॥ ૧ ॥ શું જુઓ છો સરવે બંધું, કરજો વિપ્રીત બુધ; દુરિયોધનને પત્ર લખીને, આરંભો એક યુધ. ॥૨ ॥

એવાં વચન સાંભળીને,હરખ્યો વાયુતન; પારથે પત્ર લખી મોકલીયો, દુષ્ટ તણે ભોભન. ॥૩॥ ॥ યુધ તણું તો નોતરૂં આવ્યું,ગભરાયો જેમ તેમ અંધ પીતાને જઈને પુછયું, કહો કરિએ કેમ. ॥ ૪ ॥ ધ્રુતરાષ્ટર કહે દીકરા મ્હારા, સમજી જાવો આજ; પાંન્ડવોને બોલાવીને, આપો અડધું રાજ. ॥૫॥ દુરિયોધન કહે પીતા મ્હારા, બગડી છે તમ મતી, બીજો કાઇ ઊપાય બતાવો.રાજ્ય આપવું નથી. ॥ ૬ ॥ ધૃતરાષ્ટર કહે દીકરા મ્હારા, સંદેહ મનના ખુઓ; દ્રોણ ગુરૂ વીદ્વાન તમારા, તેમને પુછી જુઓ ॥ ૭ ॥ વળણુ ॥ વાત તાતની સાંભળી.ઊઠયો દુરિયોધન; વલ્લભવદે પુછવા ગયો, ગુરૂ તણે ભોવન;

———+*+———

કડવું ૬ રાગ સવૈયાની ચાલ.

વૈશમપાયન એણીપેર બોલ્યા. સુણ જનમેજે રાય; વિસ્તારિ તુજને સંભળાવું. ઉદયોગ પર્વ મહીમાય. ॥૧॥ મામાને લેઇ પુછવા આવ્યો, ગુરૂતણે ભોવન; ઓ માહારાજા પ્રષ્ણ પુછું; તમારૂં સત્ય વચન ॥૨॥ રાજ્ય સારૂ પાન્ડવને અમો, સામાસામી યુધ કરીએ; તેમાં જીતીયે કે હારિયે વળી, કાં મારિયે કે મરિયે ॥ ૩ ॥ દ્રોણ કહે કે દક્ષણા વીના, પ્રશ્ન પુછે તે ઠાલું; તે વીનાતો પ્રશ્ન ઉત્તર, કદી કાળે નેહી આલું ॥ ૪ ॥ દુરિયોધન બડબડવા લાગ્યો, બ્રાંહ્મણની જાત લોભી કે વારના નથી ઉત્તર દેતા,રહ્યા છે લોભથી થોભી.॥ ૫ ॥ મોતીના તોરાની લટ તોડી, દક્ષણામાં દેઇ દીધી; દ્રોણ ગુરૂએ ઉત્તર કરવા, પોતાના કરમાં લીધી ॥૬॥ તેનાં મોતી કહાડીને ગણીયાં,બોલ્યા ગુરૂજી શાણા; જો દુરિયોધન ગર્ણીત બાંધ્યું, થાય છે હરાડ દાણા. ॥ ૭ ॥ તેથી તુને ઉત્તર દૌછું, યુધ આરંભતું કરે;તે દનથી હરાડમે દાહાડે,કુટુંબ સાથે તું મરે ॥૮॥ તવ રૂરિયોધન અકળાઇ ઉઠયો, કાળજું થયું કાચું;શકુની બોલ્યો બ્રાહ્મણે કહ્યું, તે નવ માનીશ સાચું. ॥૯॥ એવું વીચારતા ઘેર ગયા, જ્યાં છે રાયનો તાત; ધૃતરાષ્ટરને દુરિયોધને, કહી માંડીને વાત. ॥ ૧૦ ॥ તવ ધૃતરાષ્ટર એમ બોલ્યો,નીશ્ચે જાણજો મર્ણ; તે કરતાં જીવવું હો ચેતો, રહી જાવો ભીસ્મને સર્ણ. ॥ ૧૧ ॥ તવ દુરિયોધન ત્યાંથી નીકળીયો. જૈ દાદાને નમ્યો ચરણ; ઓ દાદા પાન્ડવ સંગ વઢવું, રાખો મુજને સરણ. ॥ ૧૨ ॥ ભીસ્મ પીતાયે મન વીચાર્યું, હવે ગતી શી થાય; સરણે આવ્યાને સર્ણે ન રાખું, તો સત્ય મ્હારૂં જાય. ॥ ૧૩ ॥ એમ જા

ણીને ભીસ્મ બોલ્યા,દીનતા વચન તું ભાંખ્યો;અગીઆરમે દીન મ્રત્યુ છે મ્હારૂં, દસદન સરણે રાખ્યો. ॥ ૧૪ ॥ દુરીયોધન કહે અષ્ટદન માટે મુજને શીદ રઝળાવો; ભીસ્મ પીતા કહે દ્રોણ ગુરૂ છે, તેમને સરણે જાવો. ॥ ૧૫ ॥ તવ દુરીયોધન ગુરૂ ગ્રહે જૈ, લાગ્યો ગુરૂને ચરણ; ઓ ગુરૂ ભીસ્મે દસદન રાખ્યો, બાકી તમો રાખો સરણ. ॥ ૧૬ ॥ દ્રોણ કહે કે પાંચ દહાડા,સરણ રાખ્યો ભુપાળ; દુરીયોધન કહે ત્રણ દન માટે શીદ કરાવો કાળ. ॥૧૭॥ ઓ માહારાજા મુને ઉગારો, પુરણ રાખો સરણ; દ્રોણ કહે કે રાખશે સરણે, તાહરો રાજા કરણ. ॥૧૮॥ તવ દુરીયોધન ત્યાંથી ગયો, જ્યાં છે રાજા કરણ;ઓ ભાઇ હું તો આવીયો છું, રેહેવા તારે સરણ. ॥ ૧૯ ॥ કરણ કહે સરણ આવ્યો, ઓરે દુરીયોધન;તેથી તુજને સરણ રાખ્યો,મુજ માથે બે દન. ॥ ૨૦ ॥ ફરશુરામનો શ્રાપ છે મુને, વદું નહીં દન તરણ; બે દીન લાગટ યુદ્ધ કરૂ તવ, થાયે માહારૂ મરણ. ॥ ૨૧ ॥ તે માટે બે દીવસ રાખ્યો, વીશેશ થઇશ ન આડો; પાન્ડવનો શલ્ય મામો આવે છે, તે રાખશે એક દહાડો. ॥ ૨૨ ॥ પાન્ડવની પક્ષે આવે છે, લડવઇઓ એ આધી; કપટથી તેને સરણે રહીજા; લેજે વચનથી બાંધી. ॥ ૨૩ ॥ તવ દુરયોધન ત્યાંથી ઉઠયો, શલ્યને પંથે ચડીયો; મારવાડથી આવવાનો મારગ, તે મારગમાં પડીયો ॥ ૨૪ ॥ એવે શલ્યરાય બે ક્ષોણી લૈ, આવે ભાણેજની પક્ષ; એવે મારગમાં પડેલો દીઠો, દુરીયોધનને ચક્ષ. ॥ ૨૫ ॥ તવ શલ્ય કહે કેમ પડયો છે, ઓરે દુરિયોધન; મારગ મુકી જાવા દે અમને, ભાણેજના દુશ્મન. ॥૨૬॥ એટલે ઉઠીને હાથ જોડયા, દુરિયોધન ભુપાળ; અમેને પાન્ડવ સંપી ગયા, કાકા કાકાના બાળ. ॥૨૭॥ રાજપાટ એમનું સોંપ્યું, હસ્તાં રહ્યાં છે મુખ; પાન્ડવે મુજને મોકલ્યો જા, મુજ મામા ભાગશે દુઃખ. ॥ ૨૮ ॥ એવું દુઃખ પડયું છે મુને, વચન દો તવ બોલું;નહી તો તમને જાવા ન દેઉં, મનનો મરમ નવ ખોલું. ॥ ૨૯ ॥ એટલે શલ્લે એમ વીચાર્યું હવે ખોટો શીદ લાગું, પાન્ડવ સાથે બનાવ કીધો, માટે કષ્ટી ભાગું. ॥૩૦॥એવું સમજીને શલ્ય બોલ્યો,કહે દુઃખ દુરિયોધન, તાહરી કષ્ટી હું ભાગવાનો, કહી દીધું વચન. ॥ ૩૧ ॥ એટલે હશીને દુષ્ટ બોલ્યો; લાગુ તમારે ચરણ; પાન્ડવ સામા યુદ્ધ કરવું છે, રાખો તમો મને સરણ. ॥ ૩૨ ॥ સાંભળીને શલ્ય બહુ ગભરાયો, કપટીએ કપટ કીધું, દગાખોરે દગો કરીને વચન માહારૂં લીધું. ॥ ૩૩ ॥ ઘણું વીચારીને શલ્ય બોલ્યો,સાંભળ તું રાજન; તુજને મેં મારા શરણે રા

ખ્યો, જા ભાઇ અડધો દન. ॥ ૩૪ ॥ દુરિયોધન કહે અડધા દાહાડા, માટે થાશે મુજ મરણ; મન વીચાર્યું બનનાર બનશે, દ્રઢ રાખું અંત કરણ. ॥ ૩૫ ॥ એમ વીચારી પાપી બોલ્યો, ચાલો માહરે ઘેર; શલ્લ કહે મુજ ભાણેજોને,મળી આવું સુખભેર. ॥૩૬॥ એમ કહીને બે ક્ષોણી લેઈ, શલ્ય ગયો બાગમાંય;એટલે આડું જોઇને બેઠા, પાન્ડવ પાંચે ત્યાંય ॥૩૭॥ શલ્ય કહે કેમ આડું જુઓછો, ઓ ભગનીના તન; ભીમ કહે તમે શરણે રાખ્યો, અમારો દુશ્મન ॥ ૩૮ ॥ શલ્ય કહે દગાથી બંધા યો, તેનો ન કરવો ઉચ્ચાટ; હું પણ એના ભેગો રહીને, ઘડાવું એનો ઘાટ. ॥૩૯॥ લ્યો ભાણેજા બે ક્ષોણી સેન્યા, આપી થયો વીદાય;જઇને મુકામ પોને નાંખ્યો, પાપીના ધામમાંય. ॥ ૪૦ ॥ એવે પાપીયે પત્ર લ ખીયો, પાન્ડવને તે વાર; વઢવાની જગો સોધી કાહાડો, વઢવા છીએ તૈયાર. ॥ ૪૧ ॥ એક એકને સંદેશા પોહોંચ્યા, કરવી યુદ્ધની ત્યારી; એટલે દ્વારીકાં જાવાની રજા; માગી શ્રી ગીરધારી. ॥ ૪૨ ॥ ભીમ કહે લડાઇ કરાવી,હવે કયાં જાઓ ઘેર;તમારા વીના અમને ન સુજે, યુદ્ધ કરવાની પેર.॥૪૩॥ પ્રભુ કહે હમણાં મુને જાવાદો,બળદેવની મને બીક; મોકલજો તેડવા અરજુનને, તવ આવીશ કરી ઠીક. ॥ ૪૪ એમ કહીને આજ્ઞા લીધી, પોતે જુગજીવન;રથ્થે બેશી દ્વારીકા ચાલ્યા,જાણ્યું દુરીયોધન. ॥ ૪૫ ॥ તેથી ગયો પ્રભુની પાસે, નોતરૂં દઉછું તમને, અ મારી પક્ષે આવજો યુધ્ધે, સાહ્યતા કરજો અમને. ॥ ૩૬ ॥ પ્રભુ કહે વા રતા સુણો, ઓરે છત્રપતી, મારગમાં કોઇ નોતરૂં દે તે, નોતરૂં માન- તો નથી. ॥ ૪૭ ॥ અરજુનજી કાલે નોતરૂં દેવા, આવશે મ્હારે ઘેર; નોતરૂં દેવું હોય તો તમે, પધારજો સુખભેર. ॥ ૪૮ ॥ એમ કહી દ્વા- રીકાં ગયા, પોતે શ્રી ભગવાન; બળદેવે સમાચાર પુછયા, કહ્યું થયું સમાધાન. ॥ ૪૯ ॥ એમ કહીને કૃષ્ણ રહ્યા છે, બીજે દીવસ થાય; અ રજુન અભંગ રથ્થે બેશી,પ્રભુને તેડવા જાય. ॥૫૦॥ એવે દુષ્ટ મતી દુરિયોધન, તેડવાને નીકળીયો,સંગાથ થયો અરજુનજીનો; વાતો કરતો પળીયો. ॥ ૫૧ ॥ તે બંને જણ દ્વારીકાં આવ્યા,અતીશે હરખે ભરીયા રથશાળામાં રથ મુકીને, પ્રભુને ત્યાં સંચરીયા. ॥ ૫૨ ॥ દુરિયોધન તવ આગળ દોડયો, પેહેલું નોતરૂં દીધું; પછી આવી કહ્યું અરજુને પ્રભુએ માની લીધુ. ॥ ૫૩ ॥ કૃષ્ણ કહે સાંભળો વાત મારિ પારથને છત્રપતી; દીવસે આવી ન્હોતરાં દીધાં, કોઇનું માનતો નથી. ॥ ૫૪ ॥ મારા ધામમાંથી બેઉ જાઓ, નીશા રહે; અન્ય ઘેર; પરોઢમા જેનું મો

હું દેખું, તેનું માનું ભલી પેર, ॥ ૫૫ ॥ દુરીયોધને સુણી વીચાર્યું, કૃષ્ણને કપટ ઉદરમાં; મુને કાઢીને બનેવીને, સંતાડી ઘાલશે ઘરમાં. ॥૫૬॥ એવે કુન્તા નંદન ઉઠયો; નિકળ્યો ધામની બાહાર; તેના પછી નિકળ્યો પાપી, અંધ તણો કુમાર. ॥૫૭॥ એટલે પ્રભુનાં દ્વાર દીધાં, શેવકે તતકાળ; તવ પ્રભુને ઓટલે બેઠો, દુરીયોધન ભુપાળ. ॥ ૫૮ ॥ એણે મનમાં એમ વીચાર્યું, માહારે શુભ આદરવું, કૃષ્ણના બારણા વચમાં સુવું, જાગ્રણ પુરણ કરવું. ॥ ૫૯ ॥ વળણ ॥ એમ ધાર્યું દુરીયોધને, અવર સ્થળે નર જાય; કહે વલ્લભ શ્રોતા સુણો, કૃષ્ણ ચરીત્ર મહીમાય. ॥

કડવું ૭ રાગ સામેરીનો દોહરો.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજેરાય,વીસ્તારી તુજને સંભળાવું,ઉદ્યોગ પર્વ મહીમાય. ॥ ૧ ॥ અરજુન ગયો બીજે અવાસે છત્રપતી હતો જેહ; પ્રભુના દ્વારમાં પીછોડી પાથરી, સુતો આડો થઇ તેહ. ॥૨॥ અંતરયામીએ તે વાત જાણી, અતી ક્રોધાતુર હુવા, પાપીની પાસે મુકયા પ્રભુએ, માકણ મચ્છર જુવા ॥૩॥ ચાંચડીઆની ચટપટી મુકી, દુષ્ટને નીંદ્રા નાવે; વલુરે વપુ બેઠો બેઠો. મનમાં અહંપદ લાવે ॥૪॥ અરેરે જીવાત આટલી બધિ, કહી દે ગોવીંદને ગાળો; આ જીવાતમાં જુગજીવન રહે, ગાયો તણો ગોવાળો. ॥ ૫ ॥ ગમે તેટલું રાજ્ય પામ્યો પણ તે વૈભોગ શું જાણે;ચાતુર હોય તો કદી ન રહે, જીવાતને ઠેકાણે. ॥ ૬ ॥ એમ આખી રાત બડબડે ને,ગાળો ગોવીંદને દેતો, સર્વનું ભંડુંને મારૂં રૂડું, મનથી માની લેતો. ॥ ૭ ॥ એવું વીતતાં ત્રણ પોહોર રાત્રી, વીતી ગઈ તે વાર; તે સમે સેવકે ઉઘાડયાં, પ્રભુ તણાં દરબાર. ॥૮॥ એટલે ઉઠયો અતી અધરમી, કૃષ્ણના ધામમાં પેઠો; મોઢે માથે ઓઢી મોહન સુતા, તેમને ઉશીકે બેઠો. ॥૯॥ સુતા સુતા પ્રભુ સર્વ જાણે છે,આવ્યો છે છત્રપતી;કુન્તીનંદન અરજુનજી તે,હજુએ આવ્યા નથી. ॥૧૦॥ એવામાં અરજુનજી આવ્યા, ગયો પ્રભુને માળ; ઢાલીઆમાં પોઢેલા દિઠા, સુંદીર શામગોપાળ. ॥૧૦॥ તે જોઇ અરજુનજીએ વીચાર્યું,હવે કરૂ કોણ ગતી;ઉશીકા વણ પ્રભુની પાંગેથે,હું બેસવા યોગ નથી. ॥૧૨॥ એવું જાણી પાંગથ નીચે, બીરાજ્યો કુન્તી તન;એટલે મોઢે ઓઢેલે વસ્ત્રે,ઉઠયા જુગજીવન. ॥૧૩॥ઓઢેલે વસ્ત્રે બેઠા

થયા, કરવા સેવકને સુખ;પછીથી પછોડી ઉધેડી નાંખી જોયું પારથનું મુખ. ॥ ૧૪ ॥ કૃષ્ણ કહે નોતરૂં તમ તણું; મેં માન્યું શુભ મતી; એ અરજુન કેમ નથી આવ્યા, દુરીયોધન છરપતી. ॥૧૫॥ સાંભળીને દુરિયોધન બોલ્યો,એ પ્રભુ ચરિત્ર વાળા;જાણી જોઇ વસ્ત્ર ઓઢીને ઉઠયા. જાણ્યા તમારા ચાળા. ॥ ૧૬ ॥ જા જા આવજે પાન્ડવ પક્ષે, જો તુજને બતાવું; પુરણ સ્નેહી બળદેવ મ્હારા,તેને પક્ષે લેઇ જાવું. ॥૧૭॥ એવું સાંભળી કેહેવા લાગ્યા, પોતે દેવાધી દેવ; પુછો સહુને સદાયે માહારી, ઓઢીને ઉઠયાની ટેવ. ॥ ૧૮ ॥ દુરિયોધન કહે સૌ જાણું છું, કહી નીકળ્યો ઘર બાહાર; એટલે પુરણ ચીંતા પેઠી, ઉઠયા દેવ મોરાર. ॥૧૯॥ અદર્શ થઇ બજારમાં ગયા, પોતે અસરણા સરણ; એક વ્રધ ટેલીયો ઓટલે સુતો, તેને પમાડયો મરણ. ॥૨૦॥ ખોળીયું તેનું પડયું રહ્યું ને જીવને વઇકુંઠ વાસ;પછી તે મડદું ખાંધે લઇને,ચાલ્યા શ્રી અવિનાશ. ॥ ૨૧ ॥ બળદેવજીને ઘેર પધારિ, યુક્તિનું કામ કીધું; મોટા ભાઇના દ્વાર વિશે, મડં ગોઠવી દીધું. ॥૨૨॥ પછી પ્રભુ ત્યાંથી પધાર્યા, પોતાને ભોવન; એવે બળદેવને ત્યાં આવ્યો, દુષ્ટ દુરિયોધન. ॥૨૩॥ દ્વારથી અળગા રહીને પોતે, ટઉકા કર્યા બે ચાર; શબ્દ સુણી બળદેવજી જાગ્યા, ઉઘેડયાં બારીના દ્વાર ॥ ૨૪ ॥ તેવોજ દીઠો દુરીયોધનને, હરખ્યા અપરમપાર; ઉભા રહો છત્રપતી કહી, જઇ ઉઘેડયાં દ્વાર ॥૨૫॥ બારણાં ઉઘડતાં પડયું મડદું, મનમાં લાગ્યું દુઃખ;અરેરે આ કોણ પડીયું, દીપકે જોયું મુખ. ॥ ૨૬ ॥ મુખ જોતામાં ટેલીયો દીઠો, અરેરે હું નીરભાગી; દ્વાર ઊઘેડતાં ચગદાઇ મુઓ, મુજને હત્યા લાગી. ॥ ૨૭ ॥ એમ કહીને રડવા લાગ્યા, નેત્રેમાં વહે પાણી; એવે દાતણ લઇને આવ્યા,પોતે પુરૂશ પુરાણી. ॥૨૮॥ એ મોહોટા ભાઇ એ મોહોટા ભાઇ, કરતા કરતા આવ્યા; દુરિયોધન ત્યોંનો ત્યાં ઉભો, વાંકા દહાડા કાહાવ્યા. ॥૨૯॥ કૃષ્ણ પ્રભુ કહે કેમ રડોછો, શો ઉપજ્યો સંતાપ બળદેવ કહે મુજને લાગ્યું, બ્રહ્મહત્યાનું પાપ. ॥૩૦॥ કૃષ્ણ કહે કે આપણા કુળમાં, કદી નથી થયું આવું,આ કામ તમારાથી બનીયું જગતને શું મોં બતાવું. ॥ ૩૧ ॥ બળદેવજી કહે વીરા માહારા, અણુચીતવ્યું થયું દુઃખ; પ્રભુ કહે વાહાણામાં ઉઠી; કહો કોનું જોયું મુખ. ॥ ૩૨ ॥ મોઢું જોયા વરામ છે આ, એમ વધ્યા વચન;બળદેવ કહે એ પેલો આવ્યો, દુષ્ટ દુરિયોધન ॥૩૩॥ લાવો શેવક ખડગ માહારૂં, છેદું પાપીનું શીશ; સાંભળીને દુરીયોધન નાઠો, જુક્તિ કરી જુગદીશ. ॥ ૩૪ ॥ હસ્તીના-

પુરને પંથે ચાલ્યો, કૃષ્ણને દેતો ગાળ. તેમ તેમ કુંભ ભરાયો પાતકનો નજીક આવ્યો કાળ ॥ ૩૫ ॥ હસ્તીનાપુર તે તો ગયો, એવે વાહાણું વાય; બળદેવ કહે કૃષ્ણ વીરા,હવે કરવો શો ઉપાય. ॥ ૩૬ ॥ તવ પ્રભુએ વીપ્ર બોલાવ્યા, ઉપડાવ્યું મડદું સાર; ગોમતી ત્રટે તે મડદાને, કરાવ્યો સૌ સંસકાર. ॥ ૩૭ ॥ પછી પ્રભુએ વીદ્વાન વીપ્રો, તેડીને પુછયું પ્રશ્ન; ભાઇની બ્રહ્મહત્યા કેમ જાયે, એમ બોલ્યા શ્રી કૃષ્ણ. ॥૩૮॥ વિપ્રોએ કહ્યું અચાનક હત્યા,લાગી તેનો છે ઉપાય, સવાસો વીપ્રો સવાસો ગાયો,લેઇને યાત્રા જાય, ॥ ૩૯ ॥ તે ગાયોને જવ ખવરાવે, તે ખાઇ ગોબર કરે; તે ગોબરમાં જવના દાણા, ખાધેલા નીસરે, ॥ ૪૦ ॥ તે વીણી લેઇ છોલી નાંખી, દુધમાં રાંધી લેવા;તેનોજ આહાર કરીને રેહેવું,સમરી દેવાધી દેવા. ॥૪૧॥ એ રીતે યાત્રાયો કરવી,અડસટનીરથ ફરવું; પોતાની સંપત પરમાણે, વિપ્રોને દાન કરવું. ॥ ૪૨ ॥ એ રીતે બતાવી બ્રાહ્મણ ગયા, બોલ્યા બળદેવ એમ; ઓ કૃષ્ણ ભાઇ કેવારે જાવું,જાવાનું કરૂં કેમ. ॥ ૪૩ ॥ કૃષ્ણ પ્રભુ કહે વીચાર મુકી, હમણાં થઇ જાવો ત્યાર;પાપ તણું તો પાપજ વધે, નીકળો નગ્રની બાહાર;બળદેવ કહે કાલે જાશું, ઓરે માહારા વીર; એટલે રકત લોચન કરી બોલ્યા, પોતે શામ શરીર. ॥ ૪૫ ॥ ઓ ભાઇ તમે જે બોલ બોલ્યા, તે મુને કાળજે વાગે; જુઓ કેહેવત પાપના છાંટા, પાડોશીને લાગે, ॥૪૬॥ ને માટે તમો આજેજ જાવો, સર્વ સમેટી લેશું; જે જે સામાન જોઇશે તે તે; પાછળ મોકલી દેશું ॥ ૪૭ ॥ એવું સુણી ઉઠયા હળધારી, રથમાં બીરાજ્યા આપ; નગ્રની બારણે નિકળ્યા પોતે, કરવા નીવારણ પાપ. ॥૪૮॥ પ્રભુએ પાછળ મોકલ્યા વીપ્રો, મોકલી દીધી ગાય, ધનના અનના રથ ભરીને, સરવ કર્યા વીદાય. ॥ ૪૯ ॥ એ રીતે ભાઇનો ભય કાઢયો, અરજુન પાસે ગયા, ઓરે અરજુન ચાલો જઇએ, હવે તો નીરભય થયા. ॥ ૫૦ ॥ એમ કહી બેઉ રથે બીરાજ્યા, ગયા હસ્તીનાપુર; પાન્ડવે દીઠા કૃષ્ણ પ્રભુને, હરખ્યાં અંતર ઉર ॥ ૫૧ ॥ પોતે પ્રભુ સાથે લાવ્યાતા,પોતાના થોડા જોધ તે મોકલ્યા દુરીયોધનને ત્યાં, ન રહે દુષ્ટને ક્રોધ, ॥ ૫૨ ॥ એવે બાગ માં પ્રભુ પ્રત્યે, બોલ્યા ધરમ રાય; કેઇ ભોમીમાં યુધ કરવું, કહો કરી કરૂણાય. ॥ ૫૩ ॥ કૃષ્ણે કહ્યું નીરદય ભોમી,કુરૂક્ષેત્ર છે જેહ; જે જગીયોમાં દયા ન આવે, લડવા લાયક તેહ. ॥ ૫૪ ॥ ધર્મ કહે તમોને ગમે તે, ભોમી ભાડે રાખી આવો;તમોને એકલા ગમે નહી નહી તો,અરજુનને લેઇ જાવો.॥૫૫॥એટ

લે પ્રભુએ આજ્ઞા કરી, અરજુનને તે વાર; રણછોડે રથ તૈયાર કીધો, નરે લીધાં હથીઆર. ॥ ૫૬ ॥ વસ્ત્ર આભુષણ પેહેરી નીકળીયો, ઇંદ્ર તણો જે તન; રાશ પરોણો ઝાલીને બેઠા, હાકવા જુગજીવન. ॥ ૫૭ ॥ રણ ભોમી જોવાને ચાલ્યા, વાતો કરતા જાય; સાળો બનેવી આવિ પોંહોચ્યા, નીરદય પ્રથવીમાંય. ॥ ૫૮ ॥ વળણ. ॥ નીરદય ભોમી આવીયા, અરજુનને ઘનશામ; કહે વલ્લભ પ્રભુએ કહ્યું, આ સ્થળ કરો સંગ્રામ. ॥

કડવું ૮ રાગ સાખી ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ઉદ્યોગ પર્વ મહીમાય. ॥ ૧ ॥ અરજુન કહે ઓરે પ્રભુજી. આ ભોમીનો નહી વેહેમ; આપણા જેવી આ ભોમી છે. નીરદય માનું કેમ. ॥ ૨૨ ॥ ક્રષ્ણ કહે પરીક્ષા બતાવું, જોઇ લેજો આ ટાણે; જુઓ પેલા કુવા ઉપર, કોસ કોસીયો તાણે ॥ ૩ ॥ ખેતરમાં પેલો પાણી વાળે, તે દીકરો ને એ બાપ; એમ કહીને બીજે સ્વરૂપે, સામળો બનીયા સાપ. સર્પ સ્વરૂપે ડંશ કીધો, કોસીઆ કેરા તનને; તેવોજ તે ચકરિ ખાઇ પડીયો; વીસ્મય નરના મનને ॥૫॥ પાણી વાળવું પડતર રહ્યું એવું કર્યું ગોપાળ; પાણીની પાળ ભાગી નાંખી, જળ વહ્યું તતકાળ. ॥૬॥ અરજુન બોલ્યા ઓરે પ્રભુજી, પેલાનાં મળીયાં પાપ; વારતા આપણ કરિએ છીયે ને,ડશી ગયો એને સાપ ॥ ૭ ॥ રથ દોડાવો દીનદયાળ,કુવા પાસે જઇએ, કોસીઓ બીચારો જાણતો નથી, તેને સમાચાર કહીએ. ॥૮॥ એટલે રણછોડે રથહાંકયો,ગયા કુવા કને; ઓરે કોશીઆ કોશ શું તાણે, ખબર નથી તને ॥૯॥ પાણી વાળે ને શો સગો તારો,કોશીયો વદયો વચન; માહારાજા હું બાપ એનો,એછે મારો તન ॥૧૦॥ પ્રભુ કહે તારા દીકરાને સર્પ ડશ્યો આ વાર; પાણી તારૂં વહી ગયું બધું,કામનું નથી લગાર ॥ ૧૧ ॥ તવ કોસીઆએ કોશ છોડયો; જીવ રહયો નહી ઝાલ્યો; રાંડનો જરા વહેલો ન મુઓ, ગાળો દેતો એ ચાલ્યો ॥ ૧૨ ॥ જઇને જોયું તો મુએલો દીઠો, પાણી દીઠું વહી ગયું; અરેરે કેમ વહેલો ન મુઓ, ખેંચ્યું પાણી રદ થયું. ॥ ૧૩ ॥ એમ બરબડતો માટું લેઇને,નાંખ્યું જળ કીનારે;કાદવના લચકા નાંખીને,જળ ચાલતું કર્યું ત્યારે. ॥ ૧૪ ॥ પાછો જઇ કોસ તાણવા લાગ્યો, અરજુન

વીસ્મય થાય; બાપ બેટાને સગાઈ નથી, તરછટ એમ દેખાય. ॥ ૧૫ ॥ ઓરે પ્રભુ આ કાળજું કેવું કહી નથી શકાતુ મુખ; જવાન દીકરો મરણ પામ્યો,તેનું નથી દીલ દુઃખ.॥૧૬॥ કૃષ્ણ કહે કે ચાલો આગળ. બીજો ખેલ બતાવું,એમ કરતાં પછી પંથે ચાલ્યા, બેઊને ગામમાં જાવું. ॥ ૧૭ ॥ મારગમાં મળી મરનારાની, માનુની ભાથું લેઈ; તેને પુછવા લાગ્યા પ્રભુજી. બાઇ તારિ ભોમી કેઇ. ॥ ૧૮ ॥ તવ તે નારિ એવું બોલી, પેલી ભોમી અમારિ, કોસ તાણે તે સસરો માહારો, પાણી વાળે તેની નારી. ॥ ૧૯ ॥ પ્રભુ કહે બાઈ કહેતાં કહેતાં, ધ્રુજે અમારા ચરણ; તાહારા પતિને સર્પ કરડયો, તેથી તે પામ્યો મરણ. ॥૨૦॥ નારિ કહે ભલે કહ્યું માહારાજા, હવે વિલંબ કરિ જાવું; માંરા સ્વામીના ભાગનું ભાથું, હાંઇ બેસીને ખાવું. ॥ ૨૧ ॥ એમ કહિને હેઠી બેઠી, કરિ લીધું ભોજન; ચુડો કાઢી રેણુંમાં દાટયો.તવ બોલ્યો કુન્તિ તન. ॥ ૨૨ ॥ ઓ બાઇ ચુડો આમ કેમ કીધો, વળતું વદિ મુખ નારિ; બાર દીવસ રંડાપો વેઠી, થઇશ બીજી ઘરબારી. ॥૨૩॥ બીજાને નાતરે જવાની, વસવાની તેને કામ; તે વેળાએ રાખેલો ચુડો આવશે પેહેરવા કામ. ॥ ૨૪ ॥ સાંભળી અરજુને હાથ ઘશીયા,શી છે નારિની ડગાઇ;ઓ માહારાજા કોઇ જીવને. નહી કો કોનિ સગાઇ. ॥૨૫॥ પ્રભુ કહે હજી ગામમાં ચાલો, બતાવું બીજો ખેલ; એમ કહીને ગામમાં ગયા, પારથ સુંદીર છેલ. ॥૨૬॥ કોશીયાનું ઘર પુછતા આવ્યા,કેહેવાને સમાચાર;કોશીયાનિ છોડી ખીચડો ખાંડે, બેઠેલી કોશીનિ નાર. ॥૨૭॥ તે બાઇ પ્રત્યે પુછવા લાગ્યા, પોતે જાદવરાય; ઓ બાઈ કુરૂક્ષેત્રનો કોશી, તારો સગો શો થાય. ॥૨૮॥ એટલે કોશીનિ નારી બોલી,માહારાજા સુણો વચન; કોસ તાણે તે કંથ માહારો, પાણી વાળે તે તન. ॥૨૯॥ પ્રભુ કહે બાઇ દીકરો તારો, શર્પથી પામ્યો મરણ; તેથી તુજને કહેવા આવ્યા, વધા અસરણાસરણ. ॥૩૦॥ એટલે એ છોકરાની માયે, દિકરીને કહ્યું એમ; ઓ દીકરી તારો બંધવ મુઓ; ખીચડો ખાંડે બધો કેમ. ॥ ૩૧ ॥ તારા ભાઇના ભાગનો ખીચડો, એક શેરનો લે કાહાડી;એવું કહિને કઢાવિ લીધો,એ દિકરાની માડી. ॥ ૩૨ ॥ અરજુન જોઇને વિસ્મય પામ્યો, બની ગયો અચેત; ઓ પ્રભુ હાવું કાંઇ ન હોયે, મા દિકરાનું હેત ॥ ૩૩ ॥ પછી ગામમાં શાદ પડાવ્યો,ભેળું કર્યું ગામ લોક,તેમનિ પ્રત્યે પુછવા લાગ્યા પોતે પુણ્ય શ્લોક. ॥૩૪॥ કહો ભાઇ કુરૂ ક્ષેત્ર તમારૂં, ભાડે લેવું અમારે; રણસંગ્રામ કરવાને સારૂં, શું ભાડુ લેવું તમારે. ॥ ૩૫ ॥ ગામનું

સહુ લોક કેહેવા લાગ્યું, વઢવામાં કેટલાં પ્રાણી; તવ કહ્યું અગીઆર ક્ષોણી, બોલ્યા પુરૂષ પુરાણી. ॥ ૩૬ ॥ લોકોએ પુછ્યું તે સહુમાંથી, કેટલાં મડદાં બાળો;તે પછી તમને જવાબ દઇએ, એટલો સંદેહ ટાળો ॥૩૭॥ પ્રભુ કહે કે ઘણામાં ઘણાં, બાળીએ પાંચ હજાર; તવ તે લોકો રાજી થયા, કીધો મુખ ઉચ્ચાર. ॥ ૩૮ ॥ જાવો મહારાજા ભાડું ન લેવું, ઓરે સુંદિર શામ; મડદાંનો કચરો પડયો રહેશે તે, આવે ખાતરને કામ. ॥૩૯॥ તેથી અમારી ભોમી સુધરે, માટે ભાડુ નહીં લઇયે; માટે મહારાજા વિશેષ પ્રાણીને, બાળવાને નહી દૈયે. ॥ ૪૦ ॥ કૃષ્ણ કહે કબુલ અમારે, કહી થયા વીદાય; અરજુન કહે નીરદય ભોમી, જોઇ લીધી જદુરાય ॥ ૪૧ ॥ એવી વાતો કરતા ચાલ્યા,ઘરને પંથે ચડીયા; નીરદય ભોમીનો પાસ લાગ્યો, કૃષ્ણને અરજુન લડીયા. ॥ ૪૨ ॥ એક એકને ટુંકારા હુંકારા, કીધા અપરમપાર; એવામાં તો નીકળી ગયા, કુરૂક્ષેત્રની બાહાર. ॥ ૪૩ ॥ તવ એક એકે માફ માગી, અરજુનને કીશોર; નિરદયપણું આવે સરવમાં, એ ભોમીનું જોર, ॥ ૪૪ ॥ હસ્તીનાપુરના બાગમાં આવ્યા,કહ્યા સહુ સમાચાર; ધર્મે કહ્યું લખો પત્ર પાપીને, નિકળે થઇ તૈયાર. ॥ ૪૫ ॥ એટલે અરજુને પત્ર લખીયો, દુરિયોધનને એમ; પરમ દહાડે કુરૂક્ષેત્રે, નિકળજે ધરી પ્રેમ. ॥ ૪૬ ॥ તે પત્ર પોહાચ્યો પાપીને, આજ્ઞા મામાને દિધી, યુદ્ધે જવાનું નિશ્ચે કરીને. સેન્યને આજ્ઞા કીધી. ॥ ૪૭ ॥ ધ્રુતરાષ્ટર કહે દિકરા માહારા, યુદ્ધે થયા તઇયાર; પણ ત્યા શું શું બને છે તેના કોણ કેહેશે સમાચાર. ॥૪૮॥ તવ પ્રભુજીનો આપેલો યોધો, સંજે જેનું નામ; ત્રીકાળ જ્ઞાનિને ત્યાં મુકયો, ખબર કેહેવાને કામ. ॥૪૯॥ પછી સોએ ભાઇઓ ઉઠયા, યુધ કરવાને બળીયા, સેન્યાના યોદ્ધાને સહુ પ્રાણી,સગાં વાહાલાંને મળીયા. ॥ ૫૦ ॥ જીવતા આવ્યાની નથી આશા, એવે બે દન વહિ જાય; એટલે કઉરવ પાંન્ડવ સરવે, જવાને તતપર થાય. ॥ ૫૧ ॥ સ્થળ નહિ પાન્ડવને રેહેવાનું,તેથી લેવાં સહુ સાથ, સરવેને તઇયાર થવાને કહ્યું, પોતે દીનાનાથ. ॥૫૨॥ એવે વૈરાટ નગ્રથી આવ્યો, પોતે વઇરાટરાય. વેહેવાઇની પક્ષ કરવા સારૂ, લાવ્યો ક્ષોણી સેન્યાય. ॥૫૩॥ પ્રથમ બે ક્ષોણી આપીતી, બે ક્ષોણી શલ્યની આવી; બે ક્ષોણિ દ્રુપદરાજાની. તે સાત ક્ષોણી ચઢાવી. ॥ ૫૪ ॥ દ્રુપત વૈરાટ ધ્રષ્ટ પ્રદ્યુમાન, શીખંડી પંચાળ તન; મેઘવરણ ગટોરગછ ચડીયો, બળીયો અભેમન ॥૫૫॥ પાંચ પાન્ડવને છઠા પ્રભુજી, સુભદ્રાને દ્રુપતી;તેનાં નાહાનાં પાંચ

બાળકડાં, વળી વૃદ્ધ કુન્તાસતી. ॥૫૬ ॥ વાજતે ગાજતે તેનો ચઢીયા, નીકળ્યા બાગની બાહાર; એટલે અગીઆર ક્ષોણિ લેઇને, ચડીઓ અંધકુમાર. ॥ ૫૭ ॥ વળી પોતાના નવાણું ભાઈ, ચારસેં શીતેર તન શકુની મામો સાત સુત તેના;વળી કરણુ રાજન, ॥ ૫૮ ॥ કરણના બે દીકરા તે. યુધ્ધે જવા નીકળીયા; દ્રોણુ કરપાચાર્ય અશ્વસ્થામાં ભીસ્મ પીતા બહુ બળીયા. ॥ ૫૯ ॥ શલ્લ રાજાને જેદ્રથ ભગદત, ભુરીશ્રવા કારભારી; સુસરમા સહિત સૌ ચાલ્યા, સંગ નહિ કોઇ નારી. ॥ ૬૦ ॥ કેસરીયાં કરી ગાજતે વાજતે,ફરકાવ્યાં નીશાન:રણશીંગાં વાગ્યાં ભયભીત લાગ્યાં, નગર ભાસ્યું સમશાન. ॥ ૬૧ ॥ તે વેળા થયા શુકન માઠા, આડા ઉતર્યા નાગ; પાંન્ડવની સેન્યા ઉપર, કકળ્યા કાળા કાગ ॥ ૬૨ ॥ એટલે વીદુર દોડતા આવ્યા, દાઝે છે અંતઃકરણ; પાંન્ડવને ને કૌરવને જૈ, પોતે લાગે ચરણુ ॥૬૩॥ એ દીકરા શીદ વઢી મરો છો, શુકનમાં કાગ નાગ; શું કરવા ઉજડ કરોછો, ખીલેલો લીલો બાગ. ॥ ૬૪ ॥ તેમનું કહ્યું કોઈ ન માને, કુબુદ્ધિ દુરીયોધન, તેથી વીદુર વૈરાગ ધરી, ગયા અઘોર વન. ॥ ૬૫ ॥ કૌરવ પાંન્ડવ યુધ્ધે નીકળીયા તરવારે તર હરીયા; નીરદય ભોમી કુરૂક્ષેત્રે, આવીને ઉતરીયા. ॥૬૬॥ દક્ષીણે તંબુ તાણ્યા દુષ્ટે, ઉતરે પાંન્ડવ પડીયા; પુરવ પશ્ચીમ વઢવાનું રાખ્યુ, સુરા સુરમાં ચડીયા ॥ ૬૭ ॥ વળણ. ॥ એ રીતે આવી વસ્યા, યુદ્ધ કરવાને કાજ; કહે વલ્લ શ્રોતા સુણો, દુષ્ટના દીલમાં દાઝ

કડવું ૯ રાગ ચોપાઇ ચાલ

કહે વૈશમપાય કથાય, સુણ જનમેજે રાય; જે તેને તે સાંજે સભાય, કરી બેઠો દુરીયોધન રાય. ॥ ૧ ॥ પુછયું ભીસ્મપીતાને તે વારે, યુદ્ધ આરંભવું કયારે; તમો કહો તવ કરવો આરંભ, કેદાડે રોપવા રણ સ્થંભ. ॥ ૨ ॥બોલ્યા ભીસ્મપીતા મનરોશી,ભાઇ હું નથી ત્રીકાળ જોશી; ખરૂં મહુરતલેવા ચાહાવો, તો તો સેહેદેવને પુછી આવો ॥૩॥ તવ બોલીયો દુરીયોધન, એતો છે આપણો દુશમન;એને સવળી ઉલટ કેમ વ્યાપે,સારૂ મહુરત શત્રુને પાપે. ॥ ૪ ॥ ત્યારે દાદાજી બોલ્યા વચન,તાહારા મનને છે દુશમન;એને દુશમન દાવો નથી, સાચો સતી યો જનેતા સતી. ॥ ૫ ॥ કદી કાળે નહી કહે ખોટું,જા જો હોય ભાગ્ય તારૂં મોટું; તવ દુરીયોધન ત્યાર થયો, એતો જોશીના તંબુમાં ગયો.

॥૬॥ દીધો સહદેવે આવકાર, આપ્યું આસન તેણીવાર;પછી જોશી બો લ્યા એમ,કહો પધારવું પડયું કેમ ॥૭॥ તવ પાપી ઉલટ લાવ્યો,તુનેમ હુરત પુછવા આવ્યો; તેથી વચન મારૂં થાપો, સ્થંભ રોપ્યાનું મહુરત આપો ॥૮॥ યુદ્ધ કરતાં જીતીએ અમો,અમારાથી હારી જાઓ તમો,અ મો જીવીએને તમો મરો,એવું મહુરત નીશ્ચે કરો ॥૯॥ તવ સહદેવ વી ચાર્યું એમ થાઉંવીશ્વાસઘાતી હું કેમ;મને વીશ્વાસે પુછવા આવ્યો,મા હારો પાકો ભરૂસો લાવ્યો. ॥૧૦॥ માટે ખોટું મહુરત દેવું. તો પાપની ગાંસડી લેવું; શાને સારૂં હારૂં સત્ય મારૂં, અમને સાચવશે પ્રભુ વારૂ. ॥૧૧॥એમ જાણીને સહદેવ કહે છે,શુભમહુરત શોધી દે છે;કાલે સવારે રોપજો થંભ,પછી યુદ્ધ કરજોઆરંભ ॥૧૨॥ વાગશે ખીલી શેશને શીશ ભાઇ તું અમને જીતીશ; લેઈ મહુરત થયો વિદાય,જઇ કહ્યું જ્યાં ભી સ્મપીતાય. ॥ ૧૩ ॥ બોલ્યા ભીસ્મપીતા વેણ સાચું, નહી જોશીનું મહુરત કાચું; સત્ય બોલ દુષ્ટે માંની લીધો, સ્થંભ રોપવાનો ત્યાર કીધો, ॥ ૧૪ ॥ પછી રાત્રીએ કર્યું શયન, એવે ઉગીયો બીજો દન; વા હાણું વાતામાં ખોદાવ્યો ખાડ, ભોમી પુજન કર્યું એ અનાડ. ॥ ૧૫ ॥ એકાદસ શેવક સ્થંભ લીધો, પૃથવિમાં તે રોપી દીધો;જોશીની વાણિ સાચી લાગી, શેસને શીશ ખીલી વાગી. ॥ ૧૬ ॥ તેથી સ્થભજ ડગ-ડગ ડોલ્યો, તવ દુરીયોધન એમ બોલ્યો; દાદા સહદેવનું વેણ સત્ય, આપ્યું મહુરત નીરમળ મત્ય. ॥ ૧૭ ॥ તવ ભીસ્મજી વધા વચન. ભક્ષ સ્થંભને દે રાજન; ત્યાં બોલ્યો દુરિયોધન એમ; કહો મામા કરી શું કેમ. ॥ ૧૮ ॥ તમે વ્રદ્ધજો મરવા ઉઠો, મારો બોલ ન જાણશો જુઠો, મામો કહે મારૂં નહિ કામ, તુનો ખોઇ બેસે ઘર ગામ ॥ ૧૯ ॥ માટે લ ક્ષમણો તારો તન. તેને ઉઠાડ દુરીયોધન; તવ છત્રપતી કહે જાવો, કોઇ મારગમાંથી લાવો, ॥ ૨૦ ॥ તવ ચાલ્યા અનુચર ચાર, શોધે મનુશ તેણિવાર; આવ્યો નીચ જાતિ એક હાથ, બાંધિ લાવ્યા જ્યાં છે નર-નાથ ॥ ૨૧ ॥ જોઇ બોલીયો દુરીયોધન, એનું શીશ કરો છેદન; તેવે સેવકે છેદી નાંખ્યું, એણે ગરીબપર જોર દાખ્યું ॥ ૨૨ ॥ છાંટયું સ્થં-ભને તે રૂધીર, સ્થંભ રહયો નહિ સ્થીર; કાળરૂદ્રને પ્રગટયો કાળ, ખ રખરી ઉતપન થઈ જવાળ. ॥ ૨૩ ॥ કાળ રૂદ્રતણિ થઈ વાણિ, તારૂ સ-ગળું થજો ધુળ ધાણી;નીચું ભક્ષજ દીધું મને,તેથી અવળુ. થજો દુઃખ તને ॥ ૧૪ ॥ એવું કાળ રૂદ્ર કળકળીયા, તેથી કાંકરા ધુળ ઉછળીયા; રહ્યું તું મોહું ઉત્તર માંય,તેથી ઉત્તરમાં રેણું જાય. ॥ ૨૫ ॥ એતો પા

ન્ડવને દુઃખ થાય, તેથી બોલ્યા ધરમ રાય; આતો કષ્ટી કેમ વેઠાયે, પ્રભુ કરોને કાંઇ ઉપાય. ॥ ૨૬॥ કહ્યું કૃષ્ણે રાત્રીએ કરશું, મોઢું ફેરવી નીંદ્રા આદરશું;એમ કરતા વીતી ગયો દન, ભીમને કહ્યુ જુગજીવન ॥ થભ ॥ તમે ક્ષાહાદેવ પાસે જાવો, શીવજીતણું ત્રીશુળ લાવો; ત્યારે ભીમ ગયો તતકાળ, દીઠું શીવાલય વીશાળ. ॥ ૨૮ ॥ જઇ શીવનું પુજન કરી, લીધું ત્રીશુળ બહુ કરગરી; આવ્યો લેઇને પ્રભુની પાસ; નરને કહ્યું અવીનાશ. ॥ ૨૯ ॥ કરો ધનુસનો ટંકાર, તેડાવો અંજની કુંમાર;સાડાત્રણ વજર ભેગા થાય. ત્યારે તો થાંભલોફેરવાય. ॥ ૩૦ ॥ તવ અરજુને ધનુશ લેઈ.કર્યો ટંકાર ચાંપણદેઈ; પડ્યો શબ્દ કપીને કાન, તવ લાગ્યું જવામા ધ્યાન. ॥ ૩૧ ॥ રામનામ દેઇ ઉંચા ચડીયા. આવી નીરદય ભોમીમાં પડીયા; પછી કહ્યું પ્રભુએ વચન,બેસો સ્થંભપર અંજની તન.॥ ૩૨ ॥ દીધી આજ્ઞા શ્રી ગોપાળ, પોતે ચક્ર મુકયું પાતાળ; તેણે જઇ સ્થંભ ઉચકી લીધો, તવ કપીએ શું ખેલ કીધો. ॥ ૩૩ ॥ બેઠા સ્થંભ ઉપર એ ચટી,બોલ્યા ભગવંત ત્યાં તેઘડી;ભીમ બળીયાહવે તમે ગાજો, ઝાલી ત્રીશુળ સ્થંભને બાજો. ॥ ૩૪ ॥ ડાબું પાસું વજર તમારૂં. તેથી કરોને કહ્યું અમારૂં;ડાભે હાથ દૈવત દાખો, જરા થાંભલો ફેરવી નાંખો ॥ ૩૫ ॥ એમ આજ્ઞા દીધી મોરાર, તવ બાજ્યો કુન્તિ કુમાર; ડાભે હાથે બળ દાખ્યું, સ્થંભનું મુખ ફેરવી નાખ્યુ.॥ ૩૬ ॥ કર્યું પશ્ચીમ દીશા મુખ, હોય તે દીશા દુઃખ, પછી કૃષ્ણ કહે રેહેવા દોને, હવે કષ્ટી નથી જન કોને. ॥ ૩૭॥ કર્યા હનુમાનજીને વીદાયે,ચક્ર લેઇ લીધું જદુરાય; તવ ભીમસેનઅળગો થયો, દેવા ત્રીશુળ શીવ કને ગયો. ॥ ૩૮ ॥ આપી આવીને રાજી હુતો, રૂજની સમે સૌ સાથ સુતો;વીતી રૂજની વહાણુ વાહાય, બેઠા પાન્ડવો કરી સભાય, ॥ ૩૯ ॥ વલણ. ॥ સભા કરી બીરાજીયા, બોલ્યા યુધીષ્ટીર રાય; સ્થંભ રોપીશું આપણો, કહો કયારે જદુ રાય.

કડવું ૧૦ રાગ સવચાનો.

વઇશમ પાયન એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ઉદયોગ પરવ મહીમાય .॥ ૧ ॥ ધરમરાજાએ પ્રભુને પુછયું. તેથી પ્રભુ વધાએમ, અત્યારે આપણે સ્થંભ રોપો, રેહેશો કુશળ ખેમ. ॥ ૨ ॥ પાંન્ડવે સ્થંભ ત્યાર કીધો, કરાવી ભોમી ખોદાણ;

પ્રભુને વચને સ્થંભ રોપ્યો, તે મહુરત રામબાણ. ॥૩॥ પછી બોલ્યા કૃષ્ણ પ્રભુજી, રૂદ્રને પુજનીક થાપો; કાળ રૂદ્રને પ્રથમ પેહેલું, ભક્ષજ ભાવથી આપો. ॥૪॥ ઉંચ પ્રાણી વધેરવાને જોઇએ, સત્ય સમજજો મર્મ; એટલે ભરી સભામાં બોલ્યા, પોતે રાજા ધર્મ. ॥ ૫ ॥ ઓ પ્રભુ મુજને આજ્ઞા આપો, મરવાને છું તઇઆર;સંગ્રામ મારે જોવો ન પડે ઓરે જુગદાધાર.॥૬॥ એટલે બોલ્યા કૃષ્ણ પ્રભુજી, બેસી રહો સત્યવાદી; તમારા વીના કોણ ચલાવે, નીતીથી રાજ્ય ગાદી. ॥૭॥ એટલે બોલ્યો અરજુન બળીયો, માહારાજા ગુણ ગાવું; સર્વ મળી દો આગના તો, મરવાને ઉભો થાવું. ॥ ૯ ॥ પ્રભુ કહે તમે એ શું બોલ્યા, બહુ બળ કરવાનું હોણ; તમારા વીના બાણાવળી યોધ્ધો, મોખરે લડનાર કોણ. ॥ ૯ ॥ એટલે બોલ્યા સહદેવ જોશી, ભરી સભામાં આવું; સર્વ મળી દો આગના તો, મરવાને ઉભો થાવું. ॥૧૦॥ પ્રભુ કહે તમારે મરવાનું, કહો પ્રયોજન શું છે;તમ વીના દુરિયોધન આવી,મહુરત કોને પુછે. ॥ ૧૧ ॥ તવ સહદેવે નીચું ઘાલ્યું, નીકુળ કહે ગુણ ગાવું; આપો મુજને આગના તો, મરવાને ઉભો થાવું. ॥ ૧૨ ॥ દયાળુ બોલ્યા તમારા વીના, વરણાગી કોણ કરે; કુન્તા માતા કોનું પેહેર્યું, ઓઢયું દેખીને ઠરે. ॥ ૧૩ ॥ એટલે ભીમે મન વીચાર્યું, સંદેહ મનનો ખોઇએ; સહુની રીત પ્રમાણે મારે, પ્રભુને પુછવું જોઇએ. ॥ ૧૪ ॥ તે પુછતામાં જણાઇ જાશે, અળખામણો કે વાહાલો; ખરેખરૂં નથી પુછવાનું, પુછું છું ઠાલો માલો.॥૧૫॥ નહી પુછું તો દેખાય ખોટું, શું કેહે છે જદુપતી; ના કેહેશે તો ઠીકજ છે હા, કેહેશે તો મરવું નથી. ॥ ૧૫ ॥ એમ જાણી વ્રકોદર બોલ્યો,ગોવીંદજી ગુણ ગાઉં; આપો મુજને આગના તો,મરવા ઉભો થાઉં.॥૧૯॥ પ્રભુ કહે સાંભળો વ્રકોદર; મોટી ગદા કોણ ઝાલે તમારા વીના રણસંગ્રામે, મન મુકી કોણ માહાલે ॥ ૧૯ ॥ ભીમ કહે ત્યારે આપજ ઉઠો, તવ બોલ્યા રાય ધર્મ; અરે મુરખ એ શું બોલ્યો, વાંકું થયું તુજ કર્મ. ॥૧૯॥ ભીમ કહે હસવા બોલું છું; તવ બોલ્યા ભગવાન; ધીરજ રાખો કહી શંખ લીધો, દેવકીને સંતાન. ॥૨૦॥ પંચજન શંખમાં શબ્દ કીધો, જે હોય યોદ્ધો સુરો; તે કુરૂક્ષેત્રમાં જોવા આવે, પ્રાક્રમી પ્રાણી પુરો. ॥ ૨૧ ॥ કઉરવ પાન્ડવ યુદ્ધ કરે છે એમ કહ્યું શંખનાદે; તે શબ્દ ત્રીલોકમાં પોહોંચ્યો; ચઢયા શુરા નીરવાદે. ॥ ૨૨ ॥ મણીપુરમાં અરજુનજીનો બબરૂવાહન ઇલેવાન; તે બેઉ જણને શુર ભરાયું, શબ્દ સુણીને કાન. ॥ ૨૩ ॥ ઇલેવાન કહે નાહાના

વીરા, તાતને પક્ષે જાવું, બભ્રુવાહન કહે મોટા બંધુ.હું પણ સાથે આવું. ॥ ૨૪ ॥ મોટો કહે ભાઈ ઘરબાર સુનું, બેઉથી કેમ જવાય; એક જણે ઘેર રેહેવું જોઈએ, તે મારા ઈચ્છાય. ॥ ૨૫ ॥ તે માટે ભાઈ મુને જવાદે, મલીને આજ્ઞા લીધી; બબરૂવાહને ખુશી થઈને,જાવાને હા કીધી. ॥ ૨૬ ॥ તવ ઈલીવાન રથમાં બેઠો, જવાને ખરી ખંત; એને કુરૂક્ષેત્રમાં જાતાં, પાંચ દીવશનો પંથ ॥ ૨૭ ॥ તે કારણ તે મારગે ચાલ્યો, શબ્દજ શંખનો જેહ :પાતાળમાં સુત વ્રકોદરનો. તેણે સાભળ્યો તેહ. ॥ ૨૮ ॥ બર્બ્રીક એવું નામ કુંવરનું, નાગ કન્યાનો સુત; કઉરવ પાંન્ડવનું યુદ્ધ જાણી, થયો આકળો ભુત. ॥ ૨૯ ॥ પોતાની મા માતાને પાયે લાગ્યો, રકત થયાછે નેત્ર; ઓ માતા મુને આજ્ઞા આપો, જાઊ છું કુરૂક્ષેત્ર ॥ ૩૦ ॥ મારા કાકાને પારા પીતા, કરેછે રણ સંગ્રામ; માટે તાતની પક્ષે જાવું, મારૂ કાકા તમામ. ॥ ૩૧ ॥ નાગ કન્યા કહે બેટા મારા. તું છે આકળો અતી, સવળાનું અવળું કરેતું, કોઇને ઓળખનો નથી. ॥ ૩૨ ॥ કઉરવ લોકો છે બહુ કપટી, છેતરી લૈ જાય તુને; માટે તુજને મોકલ વામાં, વિશ્વાસ ન રહે મુને. ॥ ૩૩ ॥ તે કરતાં મારૂં કહ્યં કરેતો,તુજને દઊ આજ્ઞાય; જઇ કોરાણે ઊભા રેહેવું ;જુદ્ધ જોવા રણમાંય. ॥ ૩૪ ॥ પ્રથમ પેહેલું યુદ્ધ વિશે, તારે ન દેવું લક્ષ; છેવટ જે કોઇ હારે તેની પુરણ કરવી પક્ષ. ॥ ૩૫ ॥ અબળાએ એમ હીસાબ ગણીયો, પેલા સોને પેલા પાંચ; માટે સો જીને પાંચ હારે, આવે અતીશે આચ. ॥ ૩૬ ॥ એવું સમજીને એમ બોલી, અબળા બુદ્ધીમાં ભુલ; બર્બ્રીકતોજાવાને માટે, વાત કરી કબુલ ॥ ૩૮ ॥ પછી પોતે ધનુષ્ય લીધું, ભાથે લીધો બળવાન; તે ભાથામાં હરી ફરીને, રાખી લીધાંત્રણ બાણ. ॥ ૪૮ ॥ નાજુક પોશાક પેહેરી નીકળીયો, પાતાળથી શુભ સુબો; કુરૂક્ષેત્રમાં એકકોરાણે, વ્રક્ષની નીચે ઉભો. ॥ ૩૯ ॥ એવે સભામાં બોલ્યા સામળીયો, સૌ બેસજો હું આવું: કાંઇકાંઇ ચીંતા ન કરશો, નજીકમાં હું જાવું. ॥ ૪૦ ॥ એમકહી અલબેલો ઊઠયા; પોતે વઇકુંઠ રાય; જેસ્થળે ઉભો ભીમનો નંદન;ત્યાં આગળ એ જાય.॥ ૪૧ ॥ જઈ બબરીકને કહેવા લાગ્યા- કોણ તુ કોનો બાળ;આ ઠેકાણે યુદ્ધ થવાનું, તેમાં થાશે તુજ કાળ. ॥ ૪૩ ॥ બબરીક કહે ત્રીલોક વીશે, કોણ મુને મારનારો; શીવ બ્રહ્મા કે વીષ્ણુ આવે. તેના મ્રત્યુ ધારનારો. ॥૪૩॥ ક્રષ્ણ કહે હવે જોયો તુજને, મીથ્યા વદે છે વાણ; હરી ફરીને તારી પાસે, ભાથામાં ત્રણ બાણ. ॥ ૪૪ ॥ બબરીક કહે ત્રણ બાણમાંથી, એક

તોમીથ્યા રાખ્યું; એમ કહી ભાથામાંથી કાહાડી, એક બાણ ભાગી નાંખ્યું. ॥ ૪૫ ॥ પછી કહ્યું બે બાણ રહ્યાં છે, તે પર લડત ધારૂ,એક બાણે મ્રત્યું તાકુને, બીજે બાણે મારૂ. ॥ ૪૬ ॥ કૃષ્ણ પ્રભુ કહે શું બોલેછે, બન્ગો છે બાળક બોહોત; એવો હોયતો લે હું ઉભો. તાકી જો મહારૂં મોત ॥ ૪૭ ॥ બબરીક કહે મોત તાકું, મારા નાંખું બીજે બાણ; પ્રભુ કહે પેહેલું મ્રત્યું તાકીને,દેખાડી દો એંધાણ. ॥ ૪૮ ॥ બબરીક બોલ્યો [illegible] ભલો મોત તાકુ, કહીને કહાડયું બાણ; તે સમે વૈરાટ રૂપ ધરીયું [illegible] પુરૂશ પુરાણે. ॥ ૪૯ ॥ સ્વરગ વીશે શીશ ધાલ્યું, ધડ બધું રાખ્યું ધરણ; બબરીક કાંઇ વરતી ન શકે પાતાળ ઘાલ્યા ચરણ. ॥ ૫૦ ॥ સુક્ષમ સ્વરૂપ છાંયા રૂપી, રાખ્યું બબરીક સામું; બબરીકે બાણ ચઢાવી દીધું, રખેને ખાંમી પામું. ॥ ૫૧ ॥ મ્રત્યું તાકવાનું બાણ મુકયું, તે ગયું સ્વરગ સુદન;વીશ્વ પતીનું શીશ તપાશી, ઉતર્યું ભુ [illegible] ॥ ૫૨ ॥ અવની વીશે અંગ તપાશી, ઉતરીયું પાતાળ, ચત્રભુજના ચર્ણ તપાસ્યા,તળખે પદ્મમાં કાળ ॥૫૩॥ તે સ્થળ સીંદુરની અર [illegible] રી,બબરીકનું બાણ બળીયું,એંધાણી કરી પાતાળમાંથી ભોમીમાં [illegible] ॥ ૫૪ ॥ સુર સપાટે જોર ઝા [illegible] ટે,પૃથ્વી વીશે પેઠું; વણ બોલા [illegible] બબરીક કેરા, ભાથામાં જઇ બેઠું ॥ ૫૫ ॥ એટલે સુક્ષમ સ્વરૂપ [illegible], પોતે શ્રી ઘનશામ; બેશીને ચરણ જોવા લાગ્યા, શીંદુર દીઠું [illegible] મ. ॥ ૫૬ ॥ તવ બબરીકે બાણ બીજું, લીધું પોતાને હાથ; એટ [illegible] ડાંડાં કરી થયા ઉભા, પોતે દીનનાથ ॥ ૫૭ ॥ એ ભાઇ બાણને શ્રી [illegible] કે,શું મનડું થયું તારૂ; બબરીક કહે મ્રત્યું તાકયું, તે ઉપર બા [illegible] ॥ ૫૮ ॥ કૃષ્ણ પ્રભુ કહે રાખો કરૂણા;એ ભીમસેનના તન. [illegible] તાત કને તેડી જાઉં, સત્ય વદું છું વચન. ॥૫૯॥ જે તારા અર [illegible] કાકા, તેનો હું સાળક થાઉં; આવ્યો છું હું તેડવા તુંને, ભીમ કને લેઇ જાવું. ॥ ૬૦ ॥ કપટથી કેહેતો હઉં તો, સરવ પાતક મુજ શીશ; એવી રીતે સમજાવીને સાથે, તેડી ચાલ્યા જગદીશ. ॥૬૧॥ વલણ. ॥ સાથે લઇને આવીયા, સ્થંભજ રોપ્યો જ્યાંય; કહે વલ્લભ બેઠી શભા, લાવ્યા કુંવરને ત્યાંય.

કડવું ૧૧ રાગ સાખી.

વઇશંમ [illegible] એણીપેર બોલ્યો મુણ જનમેજે રાય; વીસ્તારી તુજ

ને સંભળાવું, ઉદયોગ પર્વ મહીમાય. ॥૧॥ બબરીકને તેડી પ્રભુ આ-
વ્યા, જુએ છે સર્વે સભાય; જાણ્યું કે આ કોને લાવ્યા, તવ બોલ્યા જ
દુરાય. ॥૨॥ ઓ બબરીક આ બાપ તારા, ભીમસેન એનું નામ, ભી-
મ કહે એ દીકરો કીયો, કોણ એનો મુકામ. ॥ ૩ ॥ બબરીક બોલ્યો
તાતજી મારા, હું રહું છું પાતાળ; વીશ ખાઇ પરણ્યાતા મુજ માતા,
નાગ કન્યાનો હું બાળ. ॥ ૪ ॥ એટલે વ્રકોદર થયો રાજી, બેસાડયો
પુત્રને પાસ; તવ બબરીકનાં વખાણ કીધાં, પોતે શ્રી અવીનાશ,
॥૫॥ આ પુત્રજ તમારા કુળમાં બળીયો, શીવ સરખા રહે છેટા; એટ-
લે ભીમ હશીને બોલ્યો, બાપજ તેવા બેટા. ॥ ૬ ॥ એટલે રા-
જા ધરમ બોલ્યા, પ્રભુ ધરી પ્રેમ; ઓ માહારાજા સ્થંભ રોપ્યો છે,
તેનું કરવું કેમ. ॥ ૭ ॥ બબરીક બોલ્યો શી ધુંચવણ છે, તવ બો-
લ્યા જદુરાય; કાળરૂદ્રને ભક્ષ દેવું છે, તે વારતા ધુંચવાય. ॥ ૮ ॥
ઘાટો કાહાડીને કહ્યું શ્રીકૃષ્ણે, મરવા ઉઠે જન જેહ; તેના શીશને અ
મ્મર પાઇ, અમ્મર કરૂં તેહ. ॥૯॥ મુસ્તક તેનું સજીવન રહે, ધડવ-
ણ સદાકાળ; એટલે સભામા ઉઠયો, નાગ કન્યાનો બાળ. ॥ ૧૦ ॥
ભીમનો નંદન કરી વંદન, બોલ્યો સભામાં એમ; મુસ્તક માહારૂં અ-
મ્મર કરજો, મુજને મરવા પ્રેમ. ॥ ૧૧ ॥ સભાએ જાણ્યું બત્રીશ લક્ષ-
ણો, ઉઠયો ભીમનો તન, સ્વારથને લીધે વરકોદરને, માઠું ન લાગ્યું
મન. ॥ ૧૨ ॥ પ્રભુએ કુમ કુમ અરચા કીધી, પેહેરાવ્યા પુષ્પના હાર;
તે પછી શીશ છેદન કરાવ્યું, ધડ ઝુઝ્યું ઘડીવાર. ॥ ૧૩ ॥ કાળરૂદ્રને
રૂધીર છાંટયું, જયજય શબ્દ થાય; બબરીકનું શીશ ખોળામાં લીધું,
પોતે જાદવરાય. ॥ ૧૪ ॥ અમીદ્રષ્ટીનું અમ્મર પાયું પોતે મધુસુદન;
એટલે મુસ્તક બબરીક કેરૂં, થયું સજીવન. ॥૧૫॥ તે ઉંચી સ્થંભ
ઉપર બેઠું, યુદ્ધ જોવાને કાજ; પછી યુદ્ધની આગના આપી, પોતે કૃષ્ણ
માહારાજ. ॥૧૬॥ પુરવ પશ્ચીમ થંભ રોપાયા, યુદ્ધ કરવું તે સ્થળ,
ધર્મ કહે હવે પત્ર લખો, અરજુનજી સબળ. ॥ ૧૭ ॥ અરજુને તવ પ
ત્ર લખીઓ, જાણજો દુરીયોધન; કાલે સવારે આવજો યુધ્ધે, વઢવું મુ-
કીને મન. ॥ ૧૮ ॥ એવું લખીને પત્ર મોકલીયો, દુરીયોધનનિ કને;
દુષ્ટે દેખાડયો સર્વ સભામાં. દાદા શી આગના મને. ॥ ૧૯ ॥ ભીસ્મ-
પીતા કહે કાલે સવારે, યુધ્ધે ચઢીશું અમો; અગીઆર ક્ષોણી સન્યા
લઇશું, સાથે નહી કોઇ તમો. ॥ ૨૦ ॥ દુરીયોધન કહે ઓરે દાદા, સહુ
સંગ છોને આવે; હાથોહાથનું કામ છે એ, શત્રુને મારવા ફાવે. ॥ ૨૧ ॥

ભીસ્મજી કહે યુદ્ધ અસત્યનું, માહારે તો કરવું નથી; સત્ય યુદ્ધ કરવું પાન્ડવ સાથે, તમે છો દુષ્ટ મતી ॥ ૨૨ ॥ પુંઠ દેખાડે તેને ન હણુવો બંધન હોય જન જેહ;મુરછા વાળાને નવ હણુવો; સત્ય તણુ યુદ્ધ જેહ, ॥ ૨૩ ॥ માટે માહારી સંગ ન કોઇ, કહ્યું ભીસ્મપીતાય; તવ દુરીયોધને પત્ર લખીયો, પાન્ડવને સભામાંય. ॥૨૪॥ આવતી કાલે આવજો યુધ્ધે, આવશે ભીસ્મપીતાય; પત્ર તે પોહોંચ્યો પાન્ડવોને, સરવને સુર ભરાય. ॥ ૨૫ ॥ એવે સમે રાત્રી વીતી, થયો પ્રાતસકાળ; નાહી ધોઇ નીત્ય કર્મ તાગ્યા, ગંગાજીના બાળ. ॥ ૨૬ ॥ પાન્ડવો પણ પરવારીને કરી લીધાં ભોજન; તૈઆર થઈ ગઇ સકળ સેન્યા, વળી જુગજીવન. ॥ ૨૭ ॥ અભંગ રથે અરજુન બેઠો, યુધ કરવાના કોડ; તે રથ હાંકવા માટે બેઠા, પોતે શ્રી રણછોડ. ॥ ૨૮ ॥ અભીમન્યુ જુદા રથમાં, બેઠો ગ્રહી હથીઆર; તેનો રથ હાંકવાને બેઠો, હેડંબા કુંવાર. ॥ ૨૯ ॥ જય મંગળ હાથીપર બેઠો, ગદા ગ્રહી વાયુતન; તેને ખોળે મેઘવરણ બેઠો. નંદનનો નંદન. ॥૩૦॥ જુજવા રથમાં બીજા બેઠા, દ્રુપત વઇરાટ રાય; દ્રષ્ટ પ્રદુમાનને શીખંડી, સૌ જુદા રથમાય. ॥ ૩૧ ॥ શેદેવ નીકુળ જુદા જુદા, યુધ્ધે તતપર થાય; હરીફરી યુધ્ધે નવ ચઢીયા, પોતે ધરમ રાય. ॥ ૩૨ ॥ સાત ક્ષોણી સેન્યા ચઢી યુધ્ધે, ગરગડીયાં નીશાન, અશ્વના સ્વારો ને ઉંટવાળા, સરવ થયા સાવધાન. ॥ ૩૩ ॥ હાથી વાળા હાથીએ બેઠા, રથવાળા રથમાંય; પગપાળા ચરણેથી ચાલ્યા, ઉપડયા સરવે ત્યાંય. ॥ ૩૪ ॥ ઉંટના ઉપર નોબત વાગે, ઘોડાના ઉપર ડંકા; રાતાં રાતાં નીશાન ફરકે, ચાલ્યા પાન્ડવ બંકા ॥ ૩૬ ॥ કૌરવ લોકમાં ભીસ્મપીતા, પરવારી થયા ત્યાર; પોતાનો સ્વેત રથ જોડયો, સ્વેતજ ઘોડા ચાર. ॥ ૩૬ ॥ ધોળી ધજા શીખ્ખર ધોળું, સારથી છે સ્વેત રંગ; તે વણુ બીજે રંગ ન મળે, વ્રધ્ધને એજ ઉમંગ. ॥ ૩૭ ॥ પોતે ધોળા વસ્ત્ર પેહેર્યાં, ધોળાં બધાં હથીઆર; સુરવાળ ધોળો જામો ધોળો, પટો ધોળો કટી સાર. ॥ ૩૮ ॥ ધોળો પટકો શીશ બાંધ્યો, બાંધી લીધી દાઢી; પાછળ બે ગજ છેડો લટકે, સેન્યાને પાછી કાઢી. ॥૩૯॥ આગળ રથ પોતાનો રાખ્યો, મારથી નહી કોઇ સંગ; ધોળી ધજાયો ફરફર ફર; સહુ શેન્ય ધોળે રંગ. ॥ ૪૦ ॥ પશ્ચીમ દીશા સ્થંભ પોતાનો, ત્યા આવીને ઉભા; પુરવ દીશાને સ્થંભે આવ્યા, કુન્તાના સુત સુબો. ॥ ૪૧ ॥ મોખરે અરજુન આગળ ઉભો, ઇંદ્ર તણો કુંવાર; પોતે પેહેલા ભીશ્મપીતાને, કીધો નમસ્કાર. ॥ ૪૨ ॥ એવી રીતે

યુદ્ધે ઉભા, સાંભળને તું રાય; ઉદયોગ પરવ પુરણ હવું, ઉતરી તુજ હત્યાય. ॥ ૪૩ ॥ શામ પડદા સ્વેતજ થયા, સ્વેત થઈ શામ ગાય; કાળા તલ ધોળા થયા છે, પ્રમાણુ તે દેખાય. ॥ ૪૪ ॥ જનમેજે બહુ પુન્ય કીધાં, દીધાં વીપ્રને દાન; વીધી પ્રમાણે સહુ કામ કીધું, શ્રધાળુ રાજાન ॥ ૪૫ ॥ વળણ. ॥ ઉદયોગ પરણ પુરણ હવું સુણતાં પોહોંચે કોડ; વદે વલ્લભ સહુ બોલજો; જે જે શ્રી રણછોડ. ॥

ઉદ્યોગ પર્વ સમાપ્ત.

ભીસ્મ પર્વ.

---×---

કડવું ૧ રાગ સાખી.

વૈશમપાય એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ-
ને સંભળાવું,ભીશ્મ પરવ મહીમાય ॥ ૧ ॥ શ્રદ્ધા રાખી સાંભળ રાજા
પાતક સઘળાં જાય, નીસ્પાપી સાંભળી જય પામે, વંશની વ્રદ્ધી થાય
॥ ૨ ॥ સાંભળતાં કાંઇ સંદે ન ધરાવો, જો શંકા મન થાશે; તો તો પા-
તક નથી જવાનું, પાછળથી પસ્તાશે ॥૩॥ એમ કહીને કેહેવા લાગ્યા
પોતે વૈશમપાય; અરજુન ઉપર છે બહુ રાજી, પોતે ભીશ્મ પીતાય.
॥ ૪ ॥ બોલ્યા દાદા સાંભળો બેટા, હાથ ગ્રહો હથીયાર; માહારા સામું
શું જુઓછો. વઢવું તે વહેવાર. ॥ ૫ ॥ અરજુનજીને વીચાર આવ્યો,
વીપ્રીત થઈ મુજ બુધ; એકજ પાપી પેટને સારૂ. કરવું વીકટ યુદ્ધ.
॥ ૬ ॥ સાંમો કોઇ નથી પરાયો,છે મુજ વ્રદ્ધ પીતાય; તેમને મારે હાથે
હણવા,વળી ગરીબ સેન્યાય. ॥ ૭ ॥ સેન્યના લોકને કયાં છે ટંટો, મી
થ્યા કુટાઈ મરે; બાળ બચ્ચાં રઝળે તેઓનાં, રંક જાતી શું કરે. ॥૮॥
એવા એવાને હું શીદ મારૂ, પાતક બુદ્ધી ગણી; એવું વીચારીને પછી
જોયું, દક્ષીણ દીશા ભણી. ॥ ૯ ॥ તે દીશા તંબુ તાણેલા, કૌરવના
નીરધાર; ત્યાં સહુ કૌરવ જોવા ઉભા છે, ઓળબંધ તંબુ બહાર ॥૧૦॥
તેમને દેખી અરજુનજીએ, મનમાં વીચાર્યું એમ; એ પણ બધુ કુટુંબ
મ્હારૂં, ઊજડ કરૂં કેમ. ॥ ૧૧ ॥ પછી પોતાની શેન્યમાં જોયું, આ સ
ઘળા યુદ્ધ કરશે; ટંટાનો તંત નહી મુકુંતો, ઘણાક વઢીને મરસે. ॥૧૨॥
હર પરકારે નાશ થાશે,ખીલેલો લીલો બાગ;શા જીવ્યા.સારૂ એમ ક-
રવું, નથી લેવો રાજ ભાગ. ॥ ૧૩ ॥ એવો વૈરાગ મનમાં આવ્યો, છો-
ડી નાંખ્યાં હથીઆર; એટલે બોલ્યા અરજુન પ્રત્યે, પોતે જુગદાધાર.
॥૧૪॥ અરજુનજી કેમ હથીઆર છોડયાં,કેમ ફરી ગઇ મતી;કુન્તી સુત
કહે માહારાજા,મહારે તો વઢવું નથી. ॥૧૫॥ એકજ પાપી પેટને સારૂં
કરૂં કુટુંબનો નાશ; ગમે તે પ્રકારે પેટ ભરીશું,પુરીશું વનવાસ ॥૧૬॥
રાજ લીધે નહી વધે આવરદા, નહી લીધે નહી ઘટે;પ્રભુ કહે રાજકાજ
નથા વઢવું,વઢવું છે રાજ વટે.॥૧૭॥ જુઓ ક્ષત્રીનો ધર્મ છે કેવો,તેમતે
સમજો મર્મ;વેદ શાસ્ત્રથી ચારે વરણના,ચાર કર્યા છે ધર્મ. ॥૧૮॥ બ્રા-

ક્ષણ ક્ષત્રી વૈશને શુદ્ર, ચારેનાં ચાર કર્મ; ત્રૈણે વરણને ઉપદેશ કરવો, તે બ્રાહ્મણનો ધર્મ ॥ ૧૯ ॥ ત્રૈણે વરણનું રક્ષણ કરવા, ક્ષત્રીએ કરવું રાજ; ત્રણે વરણ માટે વેહેપાર કરવો, વઇશ તણું એકાજ. ॥ ૨૦ ॥ ત્રૈણે વરણની ચાકરી કરવિ, શુદ્રનો એ ધર્મ; પોત પોતાનો ધર્મ ન પાળે, તે જનનું વાકું કર્મ. ૨૧ ॥ તમે તમારો ધર્મ પાળો, તેમાં નહી કાંઈ પાપ; આયુદ્ધ ઝાલી યુદ્ધ આરંભો, લજવો નહી મા બાપ. ॥ ૨૨ ॥ અરજુન કહે ઓરે માહારાજા, શું સગાને નવ ગણવા, કીયા પરાયાને છે મારવાના, માહારાંને માહારે હણવા. ॥ ૨૩॥ કૃષ્ણ પ્રભુ કહે હું ને માહારૂં, માન્યું તે અજ્ઞાન; તમે નથી ને તમારૂં નથી. ઇંદ્રતણા સંતાન. ॥૨૪॥ સરવ સગાને કોહો મારાં, સમજ્યા વિનાની મની; બીજાને પછી કેહેજો પોતાનાં, દેહ તમારિ નથી ॥૨૫॥ જળ તેજ પ્રૃથ્વી આકાશ વાયું, તે પંચભુતનો દેહ; તેના ચોવીસ તત્વ થયાં છે; શરીર બંધાણું એહ ॥ ૨૬ ॥ પાંચ ભુતો પાંચ જ્ઞાન ઇંદ્રી, કરમ ઇંદ્રી વળી પાંચ; પંચવીશય ચાર અંતઃકરણ, તે સહુ સમજો ખાંચ. ॥ ૨૭ ॥ ચોવીસ તત્વનું શરીર બનીયું, તેમાં શું છે તમારૂં; કાળે કરીને નુકે પડે છે, તે કેમ કહીએ અમારૂં. ॥ ૨૮ ॥ શરીર છે તે પાંચ ભુતોનું આપણું કેમ કહેવાય; આપણું કેહેતાં પરાઇ પુંજી, પચાવવા તુલ્ય થાય. ॥ ૨૯ ॥ વળી કહોછો હું મારનારો, પુછુ તે ઉત્તર દીયો; હાથ મુકી બતાવો મુજને, હું કહે છે તે તું કીયો. ॥ ૩૦ ॥ તવ અરજુને દાઢી ઝાલીને, કહ્યું કે આ હું માહારાજ; કૃષ્ણ કહે જે ગ્રહી તે દાઢી, તમે કીઆ કહો આજ. ॥ ૩૧ ॥ રૂદીયે હાથ ધરી કહ્યું નરે, આ હું સુરાનો સાથી; કૃષ્ણ પ્રભુ કહે એ નહી તમે, એનું નામ છે છાતી. ॥ ૩૨ ॥ જે સ્થળ હાથ મુકીને બતાવો; તે સહુનાં છે નામ; હું કોહોછો તે તમો કીયા; સોધી કાહાડો આ ઠામ. ॥ ૩૩ ॥ એટલે અરજુનજી ગુંચવાયો, જોડયા પ્રભુને હાથ; ઓ માહારાજા હું નથી સમજતો, સમજાવો દીનાનાથ. ॥૩૪॥ દીન વચન એમ ઓચર્યો કે, કરી કૃપા ભગવાન; અષ્ટાદસ અધ્યાયની ગીતાનુ, કર્યું ગોવિંદે જ્ઞાન. ॥ ૩૫ ॥ આ સ્થળ ગીતા ગાવી જોઇએ; પણ ગ્રંથ થાય લંબાણ; તે છતાં ગીતા પ્રસીદ્ધ થઇ છે, માટે ન કર્યું લખાણ. ॥ ૩૬ ॥ તેથી શ્રોતાએ સંદે ન ધરવો, ન બોલવું કુભાન્ડ; ચારે વેદ પ્રભુએ બનાવ્યા, તે ચારના ત્રણ કાન્ડ. ॥ ૩૭ ॥ કરમ ઉપાસના જ્ઞાન કાન્ડ છે, તેમાં સૌ સમાયો સાર; ગીતાથી જ્ઞાન કર્યું અરજુનને, પોતે જુગદાધાર. ॥ ૩૮ ॥ વળી પ્રભુએ કહ્યું પારથને, તમે

બોલ્યા એમ વાણી; કે માહારે હાથે હણવા પડે છે, મુજ માર્યો મરશે પ્રાણી. ॥ ૩૯ ॥ પણ તમારૂ માર્યું ન મરે કોઇ, મીથ્યા માનો સુખ દુખ જોજો અરજુનજી જીવ રાખીને, કહી પોહોળું કર્યું મુખ ॥ ૪૦ ॥ તેમાં ચૌદ બ્રહ્માન્ડ બતાવ્યાં, ભોમી બતાવી સરવ; તેમાં કુરૂક્ષેત્ર બતાવ્યું, છોડાવા નરનો ગર્વ. ॥ ૪૧ ॥ કુરૂક્ષેત્ર કીરીટધરે જાયું, બહુ ઉપજ્યા મનસુબા પાંચ પાંન્ડવને છઠ્ઠા ક્રષ્ણ, છ જણ દીઠા ઉભા. ॥ ૪૨ ॥ બાકી બીજા સહુ પડેલા દીઠા, અરજુને જોડયા હાથ; એ પ્રભુ મુખ બંધજ કરો, દયાળુ દીનાનાથ. ॥ ૪૩ ॥ હું શું મારૂ છે મુએલા, મારૂ તે નીમીત માત્ર; તવ પ્રભુ મુખ બંધ કરી બોલ્યા, સાંભળો પુજનીક પાત્ર. ॥ ૪૪ ॥ તમારૂ કર્યું કાંઇ ન થાયે, હલાવ્યું પત્ર ન હાલે; બન્યું બનાવ્યું બની રહ્યું છે, મુરખ મમતામાં માહાલે. ॥૪૫॥ હું છું મદારીને જગત છે મરકટ, સહુ દોરી મુજ પાસ; જેમ રમાડુ તેમ રમે સૌ, તમો ન થાશો ઉદાય, ॥ ૪૬ ॥ એમ કહી ઘણું જ્ઞાન દીધું, અરજુન લાગ્યો ચરણ; ધર્મ હું મારો સાચવું છું, ઓરે અસરણા સરણ. ॥૪૭॥ એટલે બોલ્યા ભીસ્મપીતા, ઓરે કુન્તી કુંવર; કેહે બેટા તું શું સરમાયો, કેમ છોડયાં અથાગ્આર. ॥ ૪૮ ॥ આપણા ક્ષત્રીનો ધર્મ એ છે, સામા થઇ યુદ્ધ કરવું; યુદ્ધથી કદી કાહાર નવ થાવું, શીશ ભુજમાં લેઈ ફરવું. ॥૪૯॥ તવ તવ અરજુન કહે વારૂ દાદા, કહી લીધા હથીઆર; પછી પોતે ધનુષ ચઢાવી, પેહેલો કર્યો ટંકાર. ॥ ૫૦ ॥ તેનો શબ્દ ત્રીલોક પોહોચ્યો, ડોલ્યાં દસે દીગપાળ, ધરણ લાગી ધ્રુજવાને, ખળભળ્યું પાતાળ. ॥ ૫૧ ॥ લંકાથી કપી કુદીને આવ્યા, પાંન્ડવ દળમાં પેઠા, અરજુનના રથની ધજાયે, પુંછ વીંટાળી બેઠા, ॥ ૫૨ ॥ વળણ. કપીરાજ ધજા બીરાજીયા, સાંભળને તું રાય; કહે વલ્લભ શ્રોતા સુણો, યુદ્ધ તણો મહીમાય. ॥

કડવું ૨ રાગ ઉછંગી દોહરો.

વઇશમપાયન એણીપેર બોલ્યા,સુણજનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ભીસ્મ પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીસ્મપીતાએ આગના આપી, સોસાવું નહી મન સાથ; ઓરે માહારા અરજુન બેટા, ઉપાડ પેહેલો હાથ. ॥ ૨ ॥ તવ અરજુને મન વીચાર્યું, પ્રેમ દાદાપર ધરૂ યુદ્ધ આરંભવું પછી માહારે, પેહેલું પુજન કરૂ. ॥ ૩ ॥ એમ જાણી

એક બાણજ મુકયું, વરૂણનું સબળ; તે બાણે જઇ ભીસ્મ પીતાને, શીશ ચઢાવ્યું જળ. ॥ ૪ ॥ તે પછી બીજું બાણ મુકયું,દાદા પર મન મોહ્યું; વસ્ત્ર લેઈ બાણ સંચર્યું તે, દાદાનું મુખ લોહ્યું. ॥ ૫ ॥ ત્રીજુ બાણજ મોકલ્યું તેણે, ચંદન લેપન કીધાં; પછી ચોથું મુકીયું તેણે, હાર આરોપી દીધા. ॥ ૬ ॥ પાંચમે બાણે અબીલ ગુલાલ, છઠે દિવો અનુપ; સાતમે બાણે નૈવેદ મુકયું, આઠમે કીધો ધુપ. ॥ ૭ ॥ નવમું બાણ પ્રદક્ષણા ફરીયું, દસમું લાગ્યું પાય; અગીઆરમું ભમરા પેઠે ગગણી, ચેતાવાને જાય. ॥ ૮ ॥ ભીસ્મપીતા જોઇને થયા રાજી. બોલ્યા બેટા જય થાજો; દુરીયોધન મને લઢાવે છે,નખોદ એનું જાજો. ॥ ૯ ॥ એમ કહીને આયુદ્ધ લીધાં, મેઘનાદે ગડગડીયા; સામા સામી સ્થંભેથી છુટયા, વચમાં તુટી પડીયા. ॥ ૧૦ ॥ ભીસ્મને અરજુન બાણાવળી તે, અગણીત મારે બાણ; એકમાંથી અનેક છુટે, જાણે વઝ્યું હથરાણ. ॥ ૧૧ ॥ સેન્યાના લોકો સુરે ભરાયા, ક્રોધ ઘણેરા ધારે; જે જેની પાસે આયુધ જે જે, તે તે આયુધ મારે. ॥ ૧૨ ॥ તરવારીએ તરવારીઆ વઢતા, ગુપતીએ ગુપતીવાળા;અશ્વના સ્વારે સ્વાર વઢેછે,પગપાળે પગપાળા ॥૧૩॥ નીકુળ શેદેવ બાણ મારે, અગણીતાં તે જાય; જતાં જતાંમાં બાણ વધે છે, પાંચ પાંચ હજ્જાર થાય. ॥ ૧૪ ॥વઇરાટ રાજાને શીખંડી. ત્રીજો દ્રષ્ટપ્રદુમાન; તેમનાં ચાર ચાર હજ્જાર છુટે, બળ ભરેલાં બાણ ॥ ૧૫ ॥ દ્રૂપત રાજા ન ધરે માઝા, મારે અગણીત માર; એનું એક બાણ જતા જતામાં;થાય છે દસ હજાર, ॥ ૧૬ ॥ અરજુનનો સુત અભેમન્યું,મારે કરીને રીસ; તેનું એકજ બાણ જતામાં,થાય છે હજાર વિસ. ॥ ૧૭ ॥ અરજુનજી એક બાણ મારે. સુસવાટા કરતું જાય; એનું એક બાણ જતાં જતાંમાં, ચાળીસ હજ્જાર થાય. ॥ ૧૮ ॥ ભીસ્મપીતા અગણીતું મારે, જોઇ ન શકાય ચક્ષ;અગણીતા મંત્રથી બાણ બને, દાદાનાં એક લક્ષ. ॥ ૧૯ ॥ એ રીતે બહુ બળ જણાવે, ગંગા તણા કુંવર; નર એકવાર મારે તેટલામાં, ભીસ્મ મારે બે વાર. ॥ ૨૦॥ તેથી બહુ બાણની થાય વ્રષ્ટી; વરતે હાહાકાર; તરકસ ત્રીશુળને તીર ઉછળે, જમદઆને કટાર. ॥ ૨૧ ॥ ખપવા ખંજર સાંગ્ય છુટે જેવા તેવાને તો હણે; જાણે મદના ભમરા છુટયા, એ રીતે ગણગણે ॥ ૨૨ ॥ દાદાયે બહુ ડાટ વાળ્યો, માર્યો મન મુકી માર; મારતા મારતા કાઢીયા છે; પાંન્ડવને સ્થંભ બાહાર. ॥ ૨૩ ॥ જઇ પાંન્ડવને સ્થંભે ઉભા, પોતે ભીસ્મ પીતાય; બાણ જોઇને ભીમ ગભરાયો, જરા

ન આગળ થાય. ॥ ૨૪ ॥ એવે સમે સાંજ પડીને, સુરજ બેઠો મેર; વાજીંત્ર પાંડવનાં બંધ થયાં, વાગી કૌરવની ભેર. ॥ ૨૫ ॥ એટલે દાદા જીત્યા કેવાયા હારીયા કુન્તી તન; પેહેલેજ દાહાડે અરજુન જીનું ઉતરીયું વદન. ॥૨૬॥ પછી પારથે ભીમને કહ્યું, સૌ સેન્ય લૈ ઘેર જાવો; હું જાવું દાદાની શેવા કરવા, તમે પંથ પળાવો. ॥ ૨૭ ॥ એમ કહી રથથી ઉતરીયો, ગયો દાદાના પાસ; ભીસ્મ પીતા કહે આવો બેટા. આવો મુજ આવાસ॥૨૮॥ એમ કહીન રથમાં લાધો, તંબુએ સંચરીયા; આનંદ વાતો કરતા આવ્યા, રથમાંથી ઉતરીયા. ॥૨૯॥ વસ્ત્ર ઉતારી સ્નાન કીધાં, તવ તંબુમાં પેઠા; દુરીયોધન ત્યાં થાળ લાવ્યો, બેઉ જણ જમવા બેઠા. ॥ ૩૦ ॥ અરજુન ભીસ્મજી ભેગા જમીયા, મનમાં અતી હુલ્લાસ, જમી રહીને હાથ ધોયા, પછી લીધાં મુખવાસ. ॥ ૩૧ ॥ તે પછી દાદા સુઇ રહ્યાને, હરખે અંતઃકરણ; અરજુનજી દાદા કને બેઠો, ચાંપવા લાગ્યો ચરણ. ॥ ૩૨ ॥ ભીસ્મપીતા કહે દીકરા તુજને, સાહાય છે નંદ કીશોર; તેમ છતાં આજ યુદ્ધ વીશે, કાંઇ ન કીધું જોર. ॥૩૩ ॥ અરજુનજી કહે દાદા માહારે, માર તમારો સાલે, વિદ્વાન અનુભવી વૃધ આગળ, શું બળ મ્હારૂં ચાલે. ॥ ૩૪ ॥ ભીસ્મપીતા કહે દીકરા માહારા. હીમત રાખીએ ઘણા; વઢતી વેળા આડું અવળું, ન જોઇએ કો ભણી, ॥ ૩૫ ॥ ઉઠો બેટા જાઓ તંબુએ, છો લઢતા થાકેલા; જાવો જઇને સયન કરો; સવાર આવજો વેહેલા. ॥ ૩૬ ॥ એટલે અરજુન ઉભો થયો; ગયો પોતાને ઠામ; કુન્તીજી કહે આવો દીકરા, હાર્યો દીસે- છે હામ. ॥ ૩૭ ॥ અરજુન કહે શું કરૂં માતા, સાક્ષી છે નંદ કીશોર; અળગા રહી જોયા કર્યું સૂરવે, કોઇએ ન કર્યું જોર. ॥૩૮॥ એકલાની શું હીમ્મત પોહોચે, ડાહોળવાનો બધો દરીયો; ભીમ તમારો હાથી ઉપરથી, હેઠો નથી ઉતરીયે.. ॥ ૩૯ ॥ ભીમ કહે તારૂં પારખું જોયું, જો કાલે મારો ઝપાટો; નીશાન વગડાવું આપણજો, સવારમાં સપાટો ॥ ૪૦ ॥ તવ ગટોરગછ માયાવી બોલ્યો, પરમદાડે મ રો વારોઃ મેઘવરણ સુત ગટોરગછનો, તેણે કર્યો ખુંખારો. ॥૪૧॥ સાંભળો મારા ભીમસેન દાદા, સહુને જસ લગડાવું; ચોથે દાહાડે મારો વારો, નીશાન હું વગડાવું. ॥ ૪૨ ॥ અરજુન કહે બાપા બેટા, ત્રણ જણ વદીયા વાણ; પોતાનું બોલેલું પોતે, પાળી લેજો પરમાણ. ॥ ૪૩ ॥ એમ કહીને સરવે સુતા, તવ રૂજની વહી જાય; સરવે જાગ્યા નીંદ્રામાંથી, એવે વહાણું વાહાય. ॥ ૪૫ ॥ વળણ; વહાણું વાહાયું જે સમે, તે સમે જાગ્રત થાય; કહે વલ્લભ શ્રાતા સુણો, બીજા દનનો મહીમાય.

કડવું ૯ રાગ સુરી ચોપાઈ.

બોલ્યા વશમપાયે વચન, સાંભળ જનમેજે રાજન; વહાણું વાં-હયું ને જાગ્રત થયા, ખાઇ પીને પરવારી ગયા.॥ ૧ ॥ લીધાં સૌ સૌનાં હથીઆર, બેશી વાહન થયા ત્યાર;વાગ્યાં નિશાન ડુન્ડભી ડંકા;ચાલ્યા યુદ્ધ કરવા સહુ બંકા.॥૨॥ વાજતે ગાજતે ગયા સ્થંભ,કરવું છે યુદ્ધ આરંભ; સામા આવીયા ભીશમપીતાય, લાગ્યો અરજુન દાદાને પાય. ॥ ૩ ॥ પછી લીધું ધનુશ હાથ, ખેંચી ચઢાવ્યું સાક્ષાત; તેનો જબરો થયો ટંકાર, ગયો ત્રીલોક શબ્દજ સાર. ॥ ૪ ॥ સાંભળ્યો અંજનીને બાળ, આવી બેઠા ધજા તતકાળ; પછી અરજુન ઇંદ્રનો તન, કર્યું દાદાનું પેહેલું પુજન. ॥ ૫ ॥ દસ બાણે પુજન કરી, પછી બેઠો યુદ્ધ આદરી; તવ દાદાએ આશીશ દીધી, એમણે યુદ્ધ ત્યારી કીધી. ॥ ૬ ॥ ડુંડભી વાજા ગડગડીયાં,પછી યુદ્ધ કરવા મચી પડીયા; ભીસ્મપીતાને અરજુન, સર્વ શેન્યને અભેમુન. ॥ ૭ ॥ એક એકને દેતા કષ્ટી, ઘણી થાય છે બાણુની ત્રષ્ટી;લઢતાં વઢતાં જે ચુકે, તે તો જીવ્યાની આશા મુકે. ॥૮॥ સહુ દાખવે દારૂણ જોર,થાય બાણુથી અંધારૂં ઘોર; વરતેછે હાહાકાર, ઘણાં ઉછળે છે અથીઆર. ॥ ૯ ॥ એવે ભીશમપીતા બહુ નડીઆ, નેત્ર મીચીને ઉપર પડીઆ; ધસી ધસીને દાદા વડતા, તેથી પાન્ડવ પાછા પડતા. ॥ ૧૦ ॥ દીધો ભીસ્મપીતાએ માર, બીજે દાહાડે કાઢયા થંભ બહાર;કોઇનું નવ ચાલ્યું જોર પછી બોલ્યા નંદકીશોર, ॥૧૧॥ વ્રકોદર વાયુના તન, તમારૂં ગયું મીથ્યા વચન; ત્યારે બોલ્યા હતા શું કામ, લજવાણું ભીમસેન નામ ॥ ૧૨ ॥—ઝડપની ચાલનો દોહરો ॥ ભીમે એવું સાંભળ્યુંને, કોપ્યો અપરમપાર;ભલે મરવું ધાર્યું કરવું; ડરવું નહી લગાર.॥૧૩॥ એમ કહી ગદા લેઇને, ઉપડયો એ બહુ બળીયો;સહુને સામા ઉભા રાખી, અવળે પંથે પળીયો. ॥ ૧૪॥ ફેર ખાઈ ચાલી આવ્યો,કૌરવ દળની પુઠે; આંખો મીચી પડયો શેનમાં મારે ઢીચણ મુઠે. ॥ ૧૫ ॥ રાતો તાતો માહા મદમાતો, મેઘનાદે ગડ-ગડીયો; ઓચીતો ગયો ભીશમ પાસે,જઇને બાજી પડીયો. ॥૧૬॥ દાદા દાદા કહીને વળગ્યો, વાયુનો કુંવાર; આંચકો મારી હાથમાંથી લેઇલીધાં અથીઆર ॥ ૧૭ ॥ ભીશમપીતા તો બન્યા બાવરા, વ્રકોદર કે હેડ બાંધો, આવો દાદા આવો દાદા, કહીને લીધા ખાંધે. ॥૧૮॥ એટલે હે-ડંબાનો નંદન, પોતે ગગને ચઢીયો; અગીઆર ક્ષોણી શેન્યા વીશે,

જઇને ટુટી પડીઓ ॥૧૯॥ તવ તેનો તન મેઘવરણ તે, દોડયો તેણી વાર; કૈરવ શેન્યના યોદ્ધાઓને, દેવા માંડયો માર. ॥ ૨૦ ॥ બાપને બેટા બેઉ મળ્યા તે, પાકી પડાવી પોક; લઢવું વઢભું વેગળું મુકી,નાઠું શેન્યનું લોક. ॥ ૩૧ ॥ એવામાં વાયુ નંદને કેવો કર્યો મનસુબો; દાદાને ખાંધે લેઈ જૈ, કૈરવ સ્થંભે ઉભો. ॥ ૨૨ ॥ તવ અરજુનને અભેમન્યું, બીજા મારથી જેહ;રથ દોડાવી આવી ઉભા, કઉરવ સ્થંભે તેહ. ॥ ૨૩ ॥ એવામાં તો સાંજ પડીને, સુરજ બેઠો મેર; કઉરવ હાર્યા પાન્ડવ જીત્યા, વાગ્યાં ભોંગળ ભેર. ॥ ૨૪ ॥ પછી ભીમની ખાંધે બોલ્યા, પોતે ભિશ્મપીતાય છોડ ભીમડા દગો તેં કીધો, તે વેહેર કેમ ભુલાય. ॥ ૨૫ ॥ એટલે વાયુના નંદને, વૃધને મુકયા ધર્ણ; ભીમ કહે લ્યો મારી નાંખો; કહીને લાગ્યો ચર્ણ. ॥ ૨૬ ॥ તવ દાદાની રીસ હોલાણી,મુખથી બોલ્યા એમ; ઓ ગાંડા સામું થાવું હતું, કપટ કીધું કેમ. ॥ ૨૭ ॥ ભીમ કહે સામા થવાનું, જોઇએ અમમાં જોર; જયાં ત્યાં કરી વાજાં વગડાવ્યાં, બનવું પડયું ચોર ॥ ૨૮ ॥ ભીશમપિતા કહે વારૂ દીકરા, હવે પડી છે રાત; કાલે યુધ્ધે આવજે ત્યાં, આગળ તારી વાત ॥૨૯॥ એમ કહી જઇ રથે બેઠા, સાથે અરજુન ભુપ; તે બન્ને ગયા તંબુએ, તે વેળા એક રૂપ. ॥ ૩૦ ॥ ભેળા બેશી ભોજન કીધું, સુતા ભીશમપીતાય; અરજુનજીએ બેઠા બેઠા, ચાંપ્યા વૃધના પાય. ॥ ૩૧ ॥ પછી ભીશમે આગના આપી, પારથ થયો વીદાય; પોતાના તંબુએ આવ્યો, જય ભીમની વરતાય. ॥ ૩૨ ॥ વળણ; ॥ બીજો દીવશ પુરો થયો, સાંભળ તું રાજન; કહે વલ્લભ રૂજની ગઇ ઉગ્યો ત્રીજો દન. ॥

કડવું ૪ રાગ સાખીનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું,ભીશ્મપરવ મહીમાય;॥૧॥ ત્રીજે દીવશે પાન્ડવ ભીશ્મ; આવીને ઉભા સ્થંભ;અરજુને ટંકાર કરીને,કર્યું પુજન આરંભ. ॥૨॥ દસ બાણથી પુજન કર્યું પ્રેમે, કળકળી ક્રોધે ચડીયા, આયુધ લીધાં હાથમાંને, મારવા ટુટી પડીયા. ॥ ૩ ॥ અથીઆર છુટે બાણ વછુટે, ટુટે તનના ટેક; તે દીવશે ભીશમપાતાએ; જોર જણાવ્યું છેક. ॥૪॥ ભીમે જાણ્યું ભોગ મળીયા,વાળશે કચ્ચર ધાણ;જો હું પડીશ ઉધાડો તો,

લેશે મારો પ્રાણ. ॥ ૫ ॥ એવું જાણીને બળવંતો, મારો મારો મુખ ભાંખે; મુએલાં મડદાં લેઇને; દાદા ઉપર નાંખે. ॥ ૬ ॥ અરજુનના રથ પુંઠે રહીને, કરે તો બહુ તોફાન; પણ દાદાએ જુલમ કરી, ઘણા કર્યા હેરાન. ॥ ૭ ॥ મારતા મારતા પાછા પાડયા, કાહાડયા, થંભની બહાર, પાન્ડવનું બળ કાંઈ ન ચાલ્યું, દીવસ રહ્યો ઘડી ચાર ॥ ૮ ॥ એટલે બોલ્યા અંતરયામી, લીધું ગટારગછ કામ; સાંજ પડીને નહી જીતો તો, બોળાશે બાપનું નામ. ॥ ૯ ॥ એવું વચન સાભળીને, મેઘનાદે ગડગડીયો; વા વંટોળ વીજળી કરીને, પોતે ગગને ચડીયો. ॥૧૦॥ રેણું ઉડી સહુ ગાભરા થાય, બાવરા બનીયા ત્યાંય; ઓચીન્તો એ જઇને પડીયો, દાદાના રથની માય. ॥ ૧૧ ॥ દાદા દાદા કહીને બાહાજ્યો, હેડંબા કુમાર; ભીસ્મપીતાના હાથમાંથી, લૈ લીધાં અથીઆર ॥ ૧૨ ॥ ઉપાડીને ખાંધે લીધા, હરખ સહુને ચડીયો; દાદાને કબજે દેખીને, વાયુ સુત ઉપડીયો. ॥ ૧૩ ॥ ગદા લેઇને કૌરવ દળમાં, પડીયો તેણીવાર; બીજે જઇ મેઘવરણ પડીયો, દેવા માંડયો માર. ॥ ૧૪ ॥ એટલે કૌરવનું શેન્ય નાઠું, માઠુ વીચાર્યું મન; ભીસ્મને લેઈ કઉરવ સ્થંભે, ઉભો હેડંબા તન. ॥૧૫॥ એટલે આવ્યા મારથી લોકો, કૌરવ ને સ્થંભ સાર; જીત્યાનાં વાજીંત્ર વાગ્યાં, વરત્યો જય જય કાર. ॥૧૬॥ ભીસ્મપીતા કળકળવા લાગ્યા, કરીશ કાળો કેહેર; દગો દીઠો બે દાહાડાથી, માટે મારૂ ઠેર. ॥૧૭॥ ભીમ પોતે પુંઠળથી આવ્યો, કપટ કેવું રચીયું; વા વંટોળ કરી ઉંચેથી આવ્યું, ગાજીને ગટોડગચીયું. ॥૧૮॥ ગટોડગચે ભીસ્મ દાદાને, ખાંધેથી મુકયા ધરણ; ઓ દાદા શીદ ક્રોધ કરોછો, કહીને લાગ્યો ચરણ. ॥ ૧૯ ॥ વ્રકોદર કહે વૃદ્ધ દાદા, તમો પરહત વાધે; આતો તમને લાહાવો વીત્યો; ચઢયા બાળકની ખાંધે.॥૨૦॥ ભીસ્મપીતાને હસવું આવ્યું, પણ મુખ બોલ્યા એમ; સુરા હોતો સામા થઇને, જીતતા નથી કેમ. ॥ ૨૧ ॥ દગો કરવો તે નહી સારૂ, સાંમા થઈ જીત ધારો; મેઘવરણ કહે ચેતીને રેહેજો, કાલ છે મારો વારો. ॥૨૨॥ સનમુખ આવિ જીતું તમને, વગડાવું નીશાન; ભીસ્મ કહે સનમુખ રહી જીતે, તો તું ખરો સંતાન. ॥ ૨૩ ॥ એમ કહીને આગના આપી, પાન્ડવ થયા વીદાય; એક રથમાં બેશીને ચાલ્યા, અરજુન ભીસ્મપીતાય. ॥ ૨૪ ॥ દાદાને તંબુ જઇને નમીયો, ચરણ ચંપી કીધી; પછી ભીસ્મે અરજુનજીને, જાવા આગના દીધી. ॥ ૨૫ ॥ એટલે પારથ તંબુએ ગયો, રાતે કર્યું સદ્યન; એવે સમે રૂજની વીતી, થયો ચોથો દન

॥ ૨૬ ॥ વળણ. ॥ ચોથે દીવસ યુધ્ધે ચડયા, પાંન્ડવ ભીશ્મપીતાય; કહે વલ્લભ શ્રોતા સુણો, યુદ્ધ તણો મહીમાય.

કડવુ ૫ રાગ સુરી દોહરો.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ભીશ્મ પરવ મહીમાય ॥ ૧ ॥ ચોથે દીવસે યુધ્ધે ચઢીયા, ગરગડીયાં નીશાન; સાંમાસાંમી સ્થંભે આવ્યા, ભીશ્મ કુન્તી સંતાન. ॥ ૨ ॥ અરજુને તવ ટંકાર કીધો, ડોલ્યા દશે દીગપાળ; પ્રથવી લાગી ક્રુજવાને, ખળભળ્યું પાતાળ. ॥૩॥ ધડ લંકાથી હનુમાન આવ્યા, પાંન્ડવ દળમાં પેઠા, અરજુનજીના રથની ધજાપર, પુંછ વીંટાળી બેઠા. ॥૪॥ પછી પારથે બાણ લીધું, આનંદ પામી મન; પ્રથમ પેહેલું ભીશમપીતાનું, પ્રેમે કર્યું પુજન. ॥૫॥ અગીઆરમે બાણે ચેતાવ્યા, દાદા હરખે ભરીયા, દોડીને પછી વચમાં આવ્યા, રણ સંગ્રામ આદરીયા. ॥ ૬ ॥ ભીસ્મપીતાયે મન વીચાર્યું, બે દનથી ચઢયો ચાક; આખો દીવશજીત્યો હતો પણ; છેવટ ખોયું નાક. ॥ ૭ ॥ તે માટે આજ જુલમ કરવો. વગડાવવાં નીશાન; કરી છે સરત જીતવાની, ભીમ સુતને સંતાન. ॥૩૮॥ એમ વીચારી ભીશમપીતાયે, અરજુનને માર્યું બાણ; તેથી અરજુન હેઠો પડીયો, ઉંચા ચઢી ગયા પ્રાણ. ॥ ૯ ॥ પછી બીજુ બાણ લીધું, અભ.મન્યું ઢાળ્યો, શેદેવ નીકુળને પણ ઢાળ્યા, દાટ ડોસાએ વાળ્યો. ॥ ૧૦ ॥ ને પછી એક બાણ ચઢાવી, નાગપાસ મંત્રો સાધ્યા; ગટોડગછને ને ભીમશેનને, અવળે હાથે બાંધ્યા. ॥૧૧॥ પછી પાછું બાણ લીધું, ક્રોધ ઘણેરો વાધ્યો; મેઘવરણ સુત ગટોડગછનો, તેને અવળો બાંધ્યો. ॥૧૨॥ પછી ભીશ્મે કહ્યું કુંવરને, વાળું દલની દાજ; ઓ દીકરા કાલે બોલ્યા હતા તે, વાજાં વગાડો આજ. ॥ ૧૩ ॥ મેઘવરણ કહે વારૂ દાદા, ચીતમાં ચટકું લગાડયું; ભીમ કહે મેઘવરણ બેટા, કાલ બોલીને બગાડયું ॥૧૪॥ બાજ છુટવા પામવાના, નહી વાગે નીશાન, ચેતાવીને ખેલ બગાડયો, નામ લજવ્યું સંતાન. ॥૧૫॥ મેઘવરણ કહે ઓરે દાદા, ધીરજ ધરજો મન; વાજાં જો વગડાવું નહી તો, નહી તમારો તન. ॥૧૬॥ એમ કહીને ધીરજ આપી, રહ્યો બે ઘડી દન; તવ મેઘવરણ પ્રત્યે બોલ્યા; પોતે જુગજીવન. ॥૨૭॥ ઓરે નંદન ગટોડગછના, તમે લીધું છે કામ; જો આજ નીશાન નહી વાગે તો, બોળશો બાપનું નામ. ॥૧૮॥ એવું વચન સાંભળીને, ક્રો

ર્યો માયાવી ભુપ;એક સ્વરૂપે રહ્યો;બાંધેલો, બીજું ધરીયું રૂપ.॥૧૯॥
દુરીયોધનનું સ્વરૂપ લેઇ;ભીશમના સામો જાય;દાદાયે જાણ્યું આવે છે
મળવા, છત્રપતી જે રાય. ॥૨૦॥ એવું સમજી ભીશમ બોલ્યા, આવો
માહારા તન; જો આજ વલે પાન્ડવોની, ઓરે દુરીયોધન. ॥૨૧॥ તવ
તે રૂપે બોલ્યો માયાવી, દાદાજી સાબાસ; એમ કહીને હસતો હસતો, ગ
યો ભીશમની પાસ. ॥ ૨૨ ॥ રથપર ચડીયો જઇને નડીયો, લેઇ લીધાં
હથીઆર; એકદમ દાદાને બાથ ભીડાવી, ક્ષણુ ન લાગી વાર. ॥ ૨૩ ॥
ભીશમજી કહે આ શું કરે છે, એ દુરીયોધન ભુપ, એટલે ધર્યું મેઘવ-
રણે, પોતાનું મુળ રૂપ. ॥ ૨૪ ॥ ભીશમપીતા જોઈ બાવરા બનીયા,
નીસ્ચે દગો દીયો;એકને તો બાંધી મુકયો છે,આ આવ્યો તે કીયો॥૨૫॥
એમ બેઉને જોવા લાગ્યા, માયાવીને હેત વાધે; આવોરે દાદા, આવોરે
દાદા, કહીને ધીધા ખાંધે. ॥ ૨૬ ॥ એવે પારથની વળી મુરછા, વળી
ઉઠયો અભેમાન;ભીમ ગટોરગછના કર છોડયા,છોડયો નાહનો સંતાન
॥ ૨૭ ॥ સકળ સેન્યા ત્યાર થઇને, ઉપડીયા સહુ સુબા; કૌરવનું સે
ન્ય નસાડીને, સ્થંભે જઇ સહુ ઉભા. ॥ ૨૮ ॥ મેઘવરણ દાદાને લેઈ,
ઉભો જઇને સ્થંભ; ભીશમપીતા કહે છોડ મુજને, તમે તો નીકળ્યા
દંભ. ॥ ૨૯ ॥ દગા ભરેલા સહુ બાપ બેટા, મારી નાંખું ઠેર; આજ
તમે સહુ જાણુજો નીસ્ચે, નહી જાવો જીવતા ઘેર. ॥ ૩૦ ॥ મેઘવરણ
કહે તારૂ દાદા, ફાવે તેવું પોકારો; શું કરવા છુટા મુકું કે, તમે અમને
મારો. ॥ ૩૧ ॥ આને આ રીતે જાય જનમારો, પણ તમને નવ છોડું;
સોગન ખાવો કે નહી વેહેર રાખું,તો કાંક મતી મરોડું. ॥ ૩૨ ॥ એટલે
ભીશમે મન વીચાર્યું, કબજે પડયા શું કરશું; મુમત ભીથ્યા કરવો ન
ઘટે, ખોટી જક આદરશું, ॥૩૩॥ એવું સમજી ભીશમ બોલ્યા, મુકી
દો કુંવર માહારા;ઝર વેહેર કાંઇ રાખું તો, મુજને સોગન તારા. ॥૩૪॥
એટલે દાદાને મુકી દીધા, કુંવર લાગ્યો પાય; એટલે બોલ્યા રક્ત લો-
ચને, પોતે ભીશમપીતાય. ॥ ૩૫ ॥ વારૂ દીકરા દગા ભરેલા, કાલે ત-
મારી વાત; જોવું નીશાન કેવાં વગડાવો, જીત્યા છો આજની રાત.
॥ ૬ ॥ મેઘવરણ કરે દગા વીના, જીત્યો છું સનમુખ આવી; તેમ છતાં
કેમ રીસ ચઢાવો, મનમાં અંટસ લાવિ ॥ ૩૭ ॥ ભીશમપીતા કહે જાવો
તંબુએ,કહી કર્યો વીદાય;અરજુનજીને રથમાં લેઈ,પોતે તંબુએ જાય.
॥૩૮॥ ત્યાં જઇ ભેળા ભોજન કીધું, વાતો કરી લ્હાવ લેવા;પછી અ-
રજુન વીદાય થયો, કરીને દાદાની શેવા. ॥ ૩૯ ॥ સયન કીધું રૂજની

વીતી, એવે વહાણું વાહાય; ચાલ્યા સહુ ખાઈ પી પરવારી, આવ્યા ભીસ્મપીતાય. ॥૪૦॥ સામાસામી સ્થંભે ઉભા, સુરાના સરદાર; અરજુનજીએ ધનુશ લેઇ, પેહેલો કર્યો કંકાર. ॥૪૧॥ અંજની નંદન આવી બીરાજ્યા, પારથની ધજાય; દશ બાણે પછી પુજન કીધું, યુદ્ધની ત્યારી થાય. ॥ ૪૨ ॥ વળણ ॥ કીધી ત્યારી યદ્ધની, સાંભળને તું રાય; કહે વલ્લભ શ્રોતા સુણો, પાંચમે દન શું થાય.

કડવું ૬ રાગ સાખી.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ભીશમપરવ મહીમાય. ॥ ૧ ॥ પાંચમે દાહાડે યુધ્ધે દ્રુટયા, કરતા બાણની વ્રષ્ટી; ગંગાસુતની તે દીવશે, થઇ છે માહા કોપ દ્રષ્ટી. ॥૨॥ બળ કરીને બાણ ચઢાવ્યાં, નાગપાસ મંત્રે સાધ્ય ; ભીમ અભેમાન ગટોડગછને, અવળે હાથે બાંધ્યા. ॥ ૩ ॥ વળી અરજુનજીને બાંધ્યો, શેદેવને નીકુળ; દ્રૂપત વઇરાટને શીખંડી, દ્રષ્ટપ્રદુમાન મુળ. ॥ ૪ ॥ પછી બાંધ્યો મેધવરણને, અવળે હાથે તાણી; ઉપર કાળજ્વર બાણ મુકયું, બે રૂપ ધરતો જાણી. ॥ ૫ ॥ મેધવરણને મા માયાવી, વળી માયાવી બાપ; તેથી બીજુ રૂપ ધરી શકે, માટે મુકયું બાણ આપ. ॥૬॥ જો બીજુ રૂપ ધારણ કરે તો' તે બાણ છેદે શીશ પછી ભીમે મન વીચાર્યું; છુટા છે જુગધીશ. ॥૭॥ પ્રભુને પુછયું કોહો માહારાજા, તમારો શો છે વીચાર; તમારે વઢવું કે નહી વઢવું, સત્ય કહો મોરાર. ॥ ૮ ॥ કૃષ્ણ પ્રભુ કહે ઓ માહારાજા, રથ હાંકવાનો હું આપ; યુધ્ધ કરવા હથીઆર ઝાલું તો, બ્રહ્મહત્યાનું પાપ. ॥૯॥ ભીશમપીતા કહે બેસો છુટા, નહી તો બાંધત હાથ; તમ સામું હવે નથી જોવું, ઓરે દીનાનાથ ॥૧૦॥ એમ કહીને ભીશમપીતા, નીરવરતીથી ઉભા; કુન્તી નંદન ડંકા દેવાના, આજ કરો મનસુબા. ॥ ૧૧ ॥ એમ કહીને ઉભા રહ્યા છે આનંદ માન્યો અતી; જાણ્યું નીશાન પાન્ડવનાં, વાગવાનાં આજ નથી, ॥૧૨॥ એવે છ ઘટી દીવસ રહ્યો, પાન્ડવનો જય કાહાવ્યો, મણીપુરથી નરનો નંદન, ઇલેવાનજ આવ્યો ॥ ૧૩ ॥ વાહીત પ્રાણીને ખબર પછી, પાન્ડવ કૌરવ કયાં છે, તેણે કહ્યું કે પાંચે પાન્ડવ, પુરવ દીશામાં છે. ॥૧૪॥ તવ ઇલેવાન પાન્ડવ ભણી, જઇને ઉભો સાર; બંધાયેલા સરવને દીઠા, કોપ્યો અપરમપાર. ॥૧૫॥ ભીસ્મપીતાના સન-

મુખ થયો. વઢવા ઉલટ લાગ્યો; ભીસ્મપીતા વીચારમાં પડીયા, આ છોકરો કોણ આવ્યો. ॥ ૧૬ ॥ પાન્ડવો પણ ઓળખે નહી તે, જોઇને વીસ્મય થાય; આપણી પક્ષે આ કોણ આવ્યું પુછે છે માંયોમાંય.॥૧૭॥ એવામાં તો ભીસ્મ બોલ્યા, અલ્યા તું કોનો તન; ઇલેવાન કહે શુણુ ડોસા, નહી કહુ તુને વચન. ॥૧૮॥ એટલે ભીસ્મે મન વીચાર્યું, કુંવર કાફર જાણી; એકદમ આને નહી બાંધુ તો, યુદ્ધ કરશે ધુળધાણી. ॥૧૯॥ એમ જાણી નાગપાસ માર્યું, બાંધવાને નાગ જાય; ઇલેવાને ગરૂડાસ્તર માર્યું, તે નાગ વીણી ખાય. ॥ ૨૦ ॥ એટલે કોપ્યા ભીસ્મપીતા, બાણ કર્યા તૈઆર; અગણીતા મંત્રો ભણીને, દેવા માંડયો માર ॥૨૧॥ એક બાણથી લક્ષ લક્ષ છુટે, કરી નાંખે ઘનઘોર; એટલે અગણીતાં બાણ લેઇ, કર્યું કુંવરે જોર. ॥૨૨॥ અગણીતું એક બાણ મારે, સુંસવાટા કરતું જાય; એક બાણ એનું જતા જતામાં ત્રણ ત્રણ લાખ બાણ થાય. ॥૨૩॥ ભીસ્મપીતાનાં લક્ષ છુટે, ત્રણ ઘણાં સુતનાં સાર; ભીસ્મપીતા એકવાર મારે તો, કુંવર મારે ત્રણવાર. ॥ ૨૪ ॥ દેખી ડોસા બહુ ગભરાયા, નાહાનું છોકરૂં નડશે; જો માહારી ઇજ્જત લેશે તો ઘોળામાં ધુળ પડશે. ॥ ૨૫ ॥ એવું જાણી એક બાણ લીધું, પવનાસ્તરનું બળમાં, ઇલેવાનના રથ તળે મારી, રથ મોકલ્યો વાદળમાં, ॥ ૨૬ ॥ ઇલેવાનને રથ સુદ્ધાં મોકલીયો ગગન; અંતરીક્ષ જૈ રથ એનો ઉભો, પોતે વીચાર્યું મન. ॥ ૨૭ ॥ દેખાડવા દૈવત ડોસાને, કુંવરે શું કામ કીધું; અવળ સવળ મંત્ર ભણીને પવનાસ્તર બાણ લીધું. ॥૨૮॥ તે બાણ માર્યું ગગને રહીને, ભીસ્મના રથ તળે જાય; રથ ઉપાડી ગગને આવ્યું, તેમાં છે ભીસ્મપીતાય. ॥૨૯॥ ઉંચા લાવી સનમુખ રાખ્યા બળવંત ઇલેવાન; એણે અંત્રીક્ષ યુદ્ધ મચાવ્યું, વ્રધને કર્યા હેરાન॥૩૦॥ વાંકા વળીને ઇલેવાને, વઢતાં દૈવત દાખ્યું; પોતાના રથ નીચે બાણ હતું તે, ભાલાથી ભાગી નાંખ્યું. ॥૩૧॥ એટલે રથ પોતાનો ઉતરીયો, આવી ઉભો એ ધરણ; તે દેખી થયું ઉતરવાનું ભીસ્મનું અંતઃકરણ ॥૩૨॥ બાણ પોતાના રથની નીચે, તેને કર્યું છેદન; એટલે રથ ઉતરવા લાગ્યો, જોયું ઉલ્પીને તન. ॥ ૩૩ ॥ તેવુંજ બીજું બાણ માર્યું. મંત્ર ભણીને પવન; એટલે અધવચ આવેલા દાદા, પાછા ગયા ગગન ॥૩૪॥ પછી ભીસ્મે મન વીચાર્યું, મીથ્યા હું મરૂં મથી, છે છોકરો બહુ છાકે છકેલો ઉતરવા દેનાર નથી. ॥ ૩૫ ॥ એવું સમજી ગગન રહીને, દેવા માંડયો માર; કુંવર ઉપર અગણીતાથી, કર્યો ઘણો અંધકાર

॥ ૩૬ ॥ ઉંચેથી નીચે મારવું તે, ડોસાને માફક આવ્યું; નીચેથી ઉંચું મારવું કુંવરને, તેતો જરા નવ ફાવ્યું. ॥૩૭॥ એમ વીચારી ઇલેવાને કામજ કેવા કીધાં; પવનાસ્તર મંત્ર ભણીને, ચાર બાણુ સાથે લીધાં ॥૩૮॥ દાદાના રથ નીચે માર્યાં, વાળ્યો આડો આંક; રથને ચાર છેડે ચાર વળગ્યાં, તવ રથ ચઢીયો ચાક. ॥૩૯॥ ફેરજ ફુંદડી ફરવા લાગ્યો ભીસ્મપીતા ગભરાય; તાકીને જો બાણુ ફેકેતો, આડાંને અવળાં જાય. ॥૪૦॥ પછી ઇલેવાને બાણુ લીધાં, હાથીની પેરે ત્રાડે, ડોસાના રથ તળે બાણુ મારીને, અંત્રીક્ષ પાછા કાહાડે. ॥ ૪૧ ॥ પાછા કાઢતાં કાઢતાં કાઢયા, અંત્રીક્ષ સ્થંભની બહાર; એટલે કૌરવ કેરી શેન્યા, નાઠી ક્ષોણી અગીયાર. ॥૪૨॥ ગયો ઇલેવાન કઉરવ સ્થંભે હીમ્મત છે મન સાથ; પાંન્ડવ દળમાં બંધાયેલા તેમના છોડયા હાથ. ॥ ૪૩ ॥ તવ પાંન્ડવ દળ દોડયું આવ્યું, કઉરવ સ્થંભે ઉભા; આજે પણ વાજાં વાગવાના, એમ કરે મનસુબા. ॥૪૪॥ ડોસા તો અંત્રાક્ષ રહ્યા છે, સુરજ બેઠો મેર; કૌરવનાં વાજાં બંધ પડીયાં, વાગી પાન્ડવની ભેર. ॥૪૫॥ દેવાયા ડંકા જીત્યા બંકા. વરત્યો જય જયકાર; પછી ભીમે કહ્યું કુંવરને, ઓરે સુરા સરદાર. ॥૪૬॥ અંત્રીક્ષ છે તે દાદા અમારા એમને નીચે ઉતારો; સાંજ પડી તેથી જીતી ચુકયા, એજ અમારોધારો ॥૪૭॥ તવ ઇલેવાને બાણ મુકયાં, રૂડો મચાવ્યો રંગ, ભીસ્મના રથ નીચેનાં બાણો, તે કરી નાંખ્યાં ભંગ. ॥ ૪૮ ॥ એટલે રથ નીચે ઉતરીયો. બોલ્યા ભીસ્મપીતાય; આ વ્રકોદર કોણુજ છે આ, કીયા દેશનો રાય ॥૪૯॥ ભીમ કહે હું જાણુતો નથી, નીકુળ કે વેમ ખુઓ; કોનો દીકરો કયાંનો રેહેવાશી, ધીરેથી પુછી જુઓ. ॥૫૦॥ તવ વાયુનો નંદન બોલ્યો, ઓરે કુંવર બળવાન; અમોએ તમોને ઓળખ્યા નહી, છો કોના સંતાન. ॥૫૧॥ એટલે કહ્યું ઇલેવાને, હું અરજુનનો તન; મણીપુરનો છું રેહેવાશી, એમ વધે વચન. ॥ ૫૨ ॥ તવ ભીમે અરજુનને પુછયું, આ કીયો તારો બાળ; અરજુનજી કહે યાદ નથી, તવ બોલ્યા ગોપાળ. ॥ ૫૩ ॥ પોતાના પુત્રની ખબર નથી, ધન્ય તમારૂં ભાન; તવ ઇલેવાને ડાખલો દીધો, સુણો સતી સંતાન. ॥૫૪॥ યોગી થઇને આપ જતાતા, પંપા સરોવરે પેઠા. સાપણીયો થઇ અપછરાયો, જળ પીવા પછી બેઠા. ॥૫૫॥ ત્યાં આગળ બેઉ માહારી માતા, પાય પડી થઇ મગ્ન; એવામાં નારદજી આવ્યા, તવ તમે કીધું લગ્ન. ॥ ૫૬ ॥ ગામ મણીપુર વસાવી આપ્યું, વાલ્યું ભલું ઘર શુત્ર; ઉલ્પીને ચીત્ર

કળાતે, બેના થયા બે પુત્ર. ॥ ૫૭ ॥ તેમાંથી હું સુત ઉલ્પીનો, ઓરે માહારા તાત; ચીત્ર કળાનો બહુ છે બળીયો, બભ્રુવાહન મુજ ભ્રાત. ॥૫૮॥ તવ અરજુને કબુલ્ય કીધું, દાખલો દીધો પાકો; એટલે ભીમ કહે ભત્રીજા, હું થાવું તારો કાકો. ॥ ૫૯ ॥ એમ કહી કહ્યું ભીશ્મ પીતાને, આતો પારથનો તન; જુઓ દાદા અમારા ઘરમાં,કેવાં પડયા છે રતન. ॥ ૬૦ ॥ વળણ: ॥ રત્ન અમારા ઘર વિશે, એક એકથી છે શેર; તે કારણ દાદા જુઓ, વાગ્યાં ભુંગળ બેર.

કડવું ૭ રાગ ચોપાઇનો.

બોલ્યા વૈશમપાયે વચન,સુણ પરીક્ષતકેરા તન; પછી બોલીયા ગંગા કુમાર;છે આ છોકરાને અહંકાર. ॥૧॥ મને દારૂણ દુખ દેઇ દમીયો, વ્રદ્ધ જાણી જરાએ ન નમીયો;માટે મને વાધ્યુ બહુ ઝેર;આવતી કાલે કરવો છે કેહેર. ॥ ૨ ॥ પછી ભીમ વદ્યો વચન, તમે નમો દાદાને તન; તવ બોલ્યો ઇલોચન એમ, સામા શત્રુને નમુ કેમ. ॥૩॥ લાજે માહારી જનેતાનું પેટ, પોહોચે અપકીરતી સદા ઠેઠ; કહો તો દાદા તરીકે નમું; પણ બીજી રીતે કેમ ભમું.॥૪॥ત્યારે બોલીયા ભીશ્મ પીતાય,મારે નથી લગાડવો પાય; કાલે મારૂ નહી એને આપ,તોતો બ્રહ્મહત્યાનું પાપ. ॥૫॥ ત્યારે બોલીયો ઇલેવાન,સુણો ગંગા તણા સંતાન; મુને મારી નાખજો ઠેર, મુઆ પછી કરૂ હું કેહેર ॥૬॥ મર્ણ પામ્યા પછી ઉરાડું; સ્થંભથી છેક આઘા પાડું; વગડાવું મ્હારાં નીશાન, ત્યારે અરજુનનો સંતાન. ॥ ૭ ॥ પછી ભામસેન વદયા વાણી, ચાલો તંબુએ ઉલટ આણી; પછી સરવે પાછા વળીયા, અરજુન વણ તંબુએ પળીયા. ॥ ૮ ॥ ગયો દાદા સાથે નર ભુપ; કરી વ્રદ્ધની શેવા અનુપ; રમીજમીને થયો વીદાય, ગયો પોતાના તંબુ માય. ॥ ૯ ॥ સર્વે હળીમળીને બેઠા, ઘણી વાર વિચારમા પેઠા. બોલ્યો વાયુ તણો સંતાન, કાલે ઘેર રહે ઇલેવાન. ॥ ૧૦ ॥ ભીશ્મપીતાયે લીધું છે પાપ, તેથી ઉપજશે સંતાપ; તવ બોલ્યો ઇલેવાન એમ, મરવાથી ડરૂ હું કેમ. ॥ ૧૧ ॥ કહી રાતે કર્યું સહ્યન;એવે થયો છઠો દન; થયા વાહાણુ વાદ્યે તૈઆર, ચઢયા રણ યુદ્ધે તે વાર. ॥ ૧૨ ॥ આવ્યા પોતપોતાનો સ્થંભ, કરવું છે યુધ આરંભ; તવ ઇંદ્ર તણો જે તન, તેણે પ્રેમે કર્યું પુજન, ॥ ૧૩ ॥ પછી બોલ્યો ઇલેવાન, હવે અળગા ખશો નિધાન; માહારે ને વૃધ્ધને યુધ્ધ ક

રવું; કાંતો મરવું કે કાંતો મારવું. ॥ ૧૪ ॥ મારી સંગ નહી સેન્યાય, એકલા વઢવા ઇચ્છાય;કહી સર્વને અળગા કીધા,દાદા સનમુખ મોરચા દીધા. ॥૧૫॥ પછી ભીસ્મે કર્યો વીચાર, માહારે શેન્યા ન શોભે સાર; છોકરાએતો શેન્યા કાઢી,માટે હું તો દેખાવું અનાડી. ॥ ૧૬ ॥ એમ જાણીને આગના દીધી, સહુ શેન્યને અળગી કીધી; પછી કુંવર વઢયો તે ઠામ, હવે માહારે તમારે કામ. ॥ ૧૭ ॥ કહી લીધાં ધનુશને બાણ, યુધ્ધ આરંભ્યું બળવાન;મારવા લાગ્યા ભીસ્મપીતાય, એક બાંણનાં લક્ષજ થાય. ॥૧૮॥ બાણ જાય ઇલેવાન તણું, કરે બળ વૃધ્ધથી ત્રણ ઘણું;તેથી ભીસ્મપીતા ગભરાય, પોતે પાછા પડતા જાય. ॥ ૧૯ ॥ તેમ તેમ તે કુંવર ધશે,વૃધ્ધ દાદા તે પાછા ખસે; ઘણા ત્રાસ્યા ગંગા કુંવર, નીકળી ગયા સ્થંભ બાહાર. ॥૨૦॥ ઇલેવાને જુલમ કીધો, ઘણો બાણ તણો માર દીધો; રૂંવે રૂંવે ભોકીયાં બાણ, હાડેહાડ કર્યાં ભંગાણ. ॥ ૨૧ ॥ એમ બાહાજ્યો ઉલ્પીનો તન, એવે રહ્યો બે ઘટી દન; કર્યો ભીશમપીતાએ વીચાર. મ્હારૂં બોલ્યું જશે આ વાર. ॥ ૨૨ ॥ એવું જાણીને શું કામ કીધું, એક કાળજવર બાણ લીધું; બહુ બળમાં ન રાખી નુન્ય;મુકયું પાંચ વરસનું પુન્ય. ॥ ૨૩ ॥ પછી ફેંકયું કરિને રીસ,છેદયું ઇલેવાનનું શીશ; તવ ધડ તો ઝુઝવા ભળીયું, પડયું મુસ્તક તે તો ઉછળીયું. ॥૨૪॥ જઇ વાગ્યું દાદાની રૂદે, જાણે શત્રૂ થયો એક ઉદે; દાદાને લઇ ચઢયું ગગન, જઇ પડયું ચાર જોજન, ॥૨૫॥ તે તો પાન્ડવને જોધ્ધ જોયું, નથી છોકરે નામ ડબોયું; પછી દોડી પોહોચ્યા સહુ બળીયા, તે તો કૌરવને પંથ પળીયા. ॥ ૨૬ ॥ એવે સુરજ બેઠો મેર, વાગી પાન્ડવોની ભેર;જીત કેહેવાઇ પાન્ડવ કેરી,પછી સેન્યાને નાંખી વીખેરી. ॥ ૨૭ ॥ તેવે અરજુન દુરીયોધન, દાદાને સોધવાનું મન; બેઉ રથ દોડાવીને ગયા, જ્યાં પડયા ત્યાં ભેગા થયા. ॥૨૮॥ તવ દાદા સરમમાં પેઠા,પેલું માંથું ખોળે લેઇ બેઠા;અરજુનજીએ તવ બોલાવ્યા, ત્યારે તેના રથમાં આવ્યા. ॥ ૨૯ ॥ પછી રથ દોડાવતા ગયા, રણસ્થંભે ઉભા રહ્યા; ત્યાંતો કાષ્ટની ખડકી ચીતા, પેલું શીશ મુકયું ભીશમપીતા. ॥૩૦॥ મુકયો અરજુને અગની સાર, કર્યા સૌ ક્રીયા સંસસ્કાર; પછી સરવે કીધું સ્નાન, ગયા ડેરા તંબુ નિધાન. ॥૩૧॥ અરજુને કરી દાદાની શેવા, કર્યા દાદાએ બોધ કેવા; દીકરા મેં તો અનર્થ ધાર્યો,તારા રત્ન કુંવરને માર્યો.॥ ૩૨ ॥ તવ અરજુન બોલ્યો મુખ, દાદા તે વાતનું નહી દુખ; માહારા કુવરે ગજબ કીધો, તમને તો અતી માર દીધો. ॥૩૩॥

વગડાવ્યાં બે દન નિશાન, વળી ઉતાર્યું તમારૂં માન, ભીસ્મપીતા કહે વારૂ તન, જોવું હવે જીતો કીયે દન ॥ ૩૪ ॥ કહી નરને કર્યો વીદાય, તેથી અરજુન તંબુએ જાય, કર્યું રાત્રીએ સહન, એવે થયો સાતમો દ ન. ॥૩૫॥ વહાણું વાતે સહુ પરવાર્યા, બેશી વાહને સર્વે શીધાર્યા; ભીસ્મપીતા અને શેન્યાય, આવ્યા રણભોમીનિ માંય. ॥ ૩૬ ॥ આવ્યા પાન્ડવ શેન્ય લેઇ, ઉભા સ્થંભે તે ડંકા દેઇ; સામાસામીરહ્યાક્રોધ ભરીયા, સુરા તરવારે તરહરીયા. ॥ ૩૭ ॥ વળણ. ॥ સુરભર્યા સુરા સહુ, યુદ્ધે ઉભા સાર; કહે વલ્લભ શ્રોતા સુણો, યુદ્ધ તણો વીસ્તાર.

કડવું ૮ રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ ને સંભળાવું, ભીસ્મ પરવ મહિમાય. ॥ ૧ ॥ સાતમે દહાડે યુદ્ધ આદરીયું, પાંન્ડવ ગંગા તન; અરજુનજીએ ટંકાર કરી, કર્યું દાદાનું પુજન ॥૨॥ પછી સ્થંભથી છુટયા ને દુટયા, ઉપાડયાં હથીઆર, નીચું જોઇ મન મુકીને, દેવા માંડયો માર. ॥૩॥ ભીશમપીતા; જે બાણ મારે, તે બાણ રૂદીયા ભેદે: જેવો તેવો વચમાં આવે તો, મુસ્તક તેનું છેદે ॥૪॥ અરજુને એક બાણ મુકયું, કાળજ્વર કરી રીસ; તે બાણથી બે લક્ષ યોદ્ધાના, છેદી નાંખ્યાં શીશ. ॥૫॥ એવું જોઇને ભીશમપીતાયે, બળમાં માર્યાં બે બાણ; તે બાણથી દસ લક્ષ યોધ્ધાના, કાહાડી નાંખ્યા પ્રાણ. ॥૬॥ કેટલા હાથી કેટલા ઘોડા, ઢળીને પડયાધરણ; કઇ પડયા પડયા પાણી માગે, કઇ જીવ પામ્યા મરણ ॥૭॥ રૂધીરની થઇ રેલમ છેલા, શ્રોણીત ભોમી થાય; કૈના ચરણનેભુજકૈનાં, કૈનાંધડઅથડાય ॥૮॥ હાડને માંક્ષ તે પગ તળે આવે, વરત્યો હાહાકાર; સુર ભર્યા રણશીંગા વાગે, આવે સુર અપાર, ॥ ૯ ॥ સમળી સીચાણા વાયસ પક્ષી, માઉશની ચાંચો ભરતાં; ઉડી ઉડીને આકાશ ચઢે, તે તેમ આનંદ કરતાં, ॥ ૧૦ ॥ અરજુનના રથ પુંઠે રહીને, મારો મારો ભીમ ભાંખો; હાથી ઘોડાનાં પુછડાં ઝાલી, દાદાના ઉપર નાંખે ॥ ૧૧ ॥ ભુલે ચુકે નાંખે સુર સપાટે, તે ગગને ચઢી જાય; વંટોળીયો વિંટાઇ વળેતે, રહેછે આકાશ માય. ॥ ૧૨ ॥ એ રીતે બહુ જુલમ વરત્યો બહુ થઈ મારા માર; છેવટ પાંન્ડવને માર મારી, પાછાકાઢયા થંભ બહાર.॥૧૩॥ પાન્ડવ સ્થંભે દાદા ઉભા, થાકયા કુન્તી તન;પારથ કહે આજ કેમ થા

શે. ઓરે જુગજીવન. ॥૧૪॥ પ્રભુ કહે ગભરાવો છો શાને, વાગે છે તેનાં વાગે; અરજુન કહે જીતીએ તેવું, આજ મને નવ લાગે. ॥ ૧૫ ॥ એવામાં તો ભીશમપીતાયે, માર્યું બાણ પવન; તે બાણથી રથ અરજુન જીનો, ચઢી ગયો ગગન. ॥૧૬॥ પછી ભીમને અવળો બાંધ્યો, બીજો માયાવી ભુપ; ત્રીજો બાંધ્યો, મેઘવરણને, મારથી થૈ ગયા ચુપ. ॥૧૭॥ એટલામાં અભેમાનને બાંદયો, દાદો ક્રોધે ચડીયો; નીકુળને બાણમારી ઉરાડયો, ડેરા તંબુ તે પડીયો ॥૧૮॥ દ્રુપત વૈરાટ શીખંડીને, નાંખ્યા મુરછામાંય, દ્રષ્ટપ્રદુમાન શેહેદેવજીને, ઢાળ્યા ત્યાંને ત્યાંય ॥ ૧૯ ॥ તવ સહુ સેન્યા સ્થંભી ઉભી, પણ દાદા સત્ય ધારે; શેન્યામાંના કોઈપ્રાણીને પોતે જરા નવ મારે. ॥૨૦॥ એમજ બળ દાખવ્યું દાદાએ, રહ્યો બે ઘડીદન, અરજુન કહે કેમ કરિશું, ઓરે જુગજીવન. ॥ ૨૧ ॥ તવ પ્રભુએ ભીશમપીતાનું, બળ હરીને લીધું; એંશી શહસ્ર બાણનું બળ તે અરજુનજીને દીધું. ॥ ૨૨ ॥ પણ રહ્યો છે આકાશે તે, શું કર્યું જુગદાધાર; રથને ઉતારવા રથપર મેલ્યો, ચૌદ બ્રહ્માંડનો ભાર. ॥ ૨૩ ॥ એટલે તે રથ નીચે ઉતરીયો, કરતા નંદ કીશોર; એટલે ભાસ્મે બાણ લેઇને, દારૂણ દાખવ્યું જોર. ॥૨૪॥ અગણીત મંત્રનાં બાણ મારે, પણ વીસ હજ્જાર જાય; એક લાખ ચાળીસ હજારબાણો, અરજુનજીનાંથાય ॥૨૫॥ ભીસ્મપીતા બહુ વીસ્મે પામ્યા, પોતે પાછા પડતા; તેમ તેમ અરજુન બહુ બળ કરી, દાદાને કનડતા. ॥૬॥ પોતાના જે યોદ્ધ બાંધેલા, તેમના છોડયા હાથ; એવે મુરછા વળી સરવની, ઉડી પડયોસહુ સાથ. ॥૨૭॥ દાદા ઉપર દૈવત દાખ્યું, હાથ બતાવ્યા માઠા; ભીશ્મે જાણ્યું કાંઇ કપટ થયું, વઢવું મુકીને નાઠા. ॥૨૮॥ એટલે નાઠી અગીઆર ક્ષોણી, અરજુને હાથ બતાવ્યા; ભીસ્મપીતાને પાછા પાડી, કૌરવ સ્થંભે આવ્યા. ॥૨૯॥ એટલે શુરજ મેર બેઠો. ગરગડીયાં નીશાન, કૌરવનાં વાજાં બંધ રહ્યાં, જીત્યા સતી સંતાન. ॥ ૩૦ ॥ પછી અરજુન રથથી ઉતરીયો, દાદાના રથમાં જાય; ચાલો દાદા આવું શેવા કરવા, શેન્ય કર્યું વીદાય ॥ ૩૧ ॥ ભીસ્મને પારથ તંબુએ આવ્યા, ભેળું કર્યું ભોજન; અરજુન ચરણ ચાંપવા લાગ્યા, ભીસ્મે કર્યું સયન.॥૩૨॥ અરજુનજી કહે જુઓ દાદા, આજે તો મેં બળ દાખ્યું; ઘણા દહાડાથી તમે કહેતાતા, માટે પાણી લેઇ નાખ્યું.॥૩૩॥ ભીસ્મપીતા કહે અરજુન બેટા આજે તો કપટ ભાળ્યું; નીત્યાન દળી દળીને મુઓ, છેવટ કુલડીમાં વાળ્યુ. ॥ ૩૪ ॥ આખો દીવસ જીત પામુને, બે ઘડી છેવટે હા-

રૂં; માટે મુજને એમ લાગે છે, છે કાંઈ જાદુ તમારૂં. ॥ ૩૫ ॥ જાવો બેટા કાલ આવજો વેહેલા, કહી કર્યો વીદાય; અરજુન જૈ તંબુએ સુતો એવે વાહાણું વાહાય. ॥ જાગ્રત થઈ સરવે પરવાર્યા, કૌરવ પાંન્ડવ બળીયા; પોત પોતાનું શેન્ય લેઈને, પોતાને સ્થંભે પળીયા. ॥ ૩૬ ॥ વળણ. ॥ પોતાને સ્થંભે આવીયા, પાન્ડવ ભીસ્મ પીતાય; કહે વલ્લભ હુ સાંભળો, યુદ્ધ ઘણેરૂં થાય.

કડવું ૯ રાગ સુરી સાખીને.

વૈશમપયાન એણીપેર બોલ્યા, સુણુજનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ભીસ્મપરવ મહીમાય. ॥ ૧ ॥ આઠમે દાહાડે યુધ્ધે ઉભા, હાથ ગ્રહી હથીઆર; અરજુને ગાંન્જેવ નામા ધનુશનો, પેહેલો કર્યા ટંકાર. ॥૨॥ તેનો શબ્દ ત્રીલોક પાહોચ્યો, ડોલ્યાં દસે દીગપાળ; શબ્દ સુણીને લંકાથી આવ્યા, હનુમાન અંજની બાળ. ॥ ૩ ॥ દસ બાણે પછી પુજન કીધું, તવ સહુ કોપે ચડીઆ;એકદ્દમ ઉઠયા થંભેથી છુટયા વચમાં ટુટી પડીઆ. ॥ ૪ ॥ કરણ શકુની જેદ્રથ ભગવત, કૌરવ સોયે ભ્રાત; પોતાના તંબુ ભણી ઉભા રહા, જુધ જુએ નીચ જાત. ॥ ૫ ॥ આઠમે દાહાડે અતી ઉપડીયા,ભીસ્મપીતા બળવાન;પાન્ડવ ઉપર જુલમ કીધો; ગંગાને સંતાન. ॥ ૬ ॥ પવનાસ્ત્ર બે બાણ લેઈને, દાદાએ ખેલ લડાવ્યા; અરજુનનાને અભીમન્યુના, રથજ ગગને ચડાવ્યા.॥૭॥ બે બાપ દીકરા અત્રીક્ષ ઉભા, સાદે નંદ કીશોર: ગટોરગછ પણ રહ્યો છે ગગને, શું જણવી શકે જોર. ॥૭॥ ગંગા નંદને નાગપાસ લેઈ, બાંધ્યા મારથી સર્વ; સાત ક્ષોણી સહુ સેન્યા બાંધિ, ઉતરવાને ગર્વ. ॥૯॥ પછી ભીસ્મજી હરખી ઉભા,નીશાન કોણ વગાડે;જેવું જો આજે યુક્તી છે સારી, ખાંપણ કોણ લગાડે. ॥ ૧૦ ॥ એવું આદરી ભીસ્મ ઉભા, ચાર ઘડી રહ્યો દન;અરજુનજી કહે કેમ થાશે;ઓરે જુગજીવન. ॥૧૧॥ અંતરયામી એવું બોલ્યા,ધીરજ ધરો મન; ખાતો ખાશે ભરતો ભરશે, હજી ઘણો છે દન. ॥ ૧૨ ॥ એમ કહીને કૃષ્ણ પ્રભુએ, કપટ કેવું કીધું; ભીસ્મપીતા ઉભાછે તેનું, બળ હરીને લીધું. ॥ ૧૩ ॥ તે બળ આપ્યું અભેમન્યુને, વળી કેવો ખેલ કરીયો, એના રથ તળેનું બાણ છેદયું, તેથી રથ ઉતરીયો. ॥ ૧૪ ॥ તવ અભેમાને યુધ અરંભ્યું, સામા ભીસ્મપીતાય; કુંવરનાં બાણ એક લક્ષને, વીશ સહસ્ત્ર જાય. ॥૧૫॥ ગં-

ગા નંદન બાણુ મારે તે, છુટે વીસ હજાર; અભીમન્યુના બહુ બળથી તે, નીકળીયા સ્થંભ બાહાર. ॥ ૧૬ ॥ ભીશ્મપીતાએ મન વીચાર્યું, મનસુબો એમ ધાર્યો; કોહોના કોહો પણ દ્વારિકાધીશે, ઉંચેથી રથ ઊતાર્યો. ॥૧૮॥ બળ માહારૂં પળમાં જતું રેહે છે, તે હશે કૃષ્ણનું કામ; નીસ્ચે કર્યો વણ એકદમ માહારે, ન દેવું કોઇનું નામ. ॥ ૧૮ ॥ એમ ધારા મનમાં રહ્યા સમજી, ખંખેરી ઉભા હાથ; અત્યારે એમાંનું કાંઇ ન કહેવું, આવતી કાલે વાત. ॥ ૧૯ ॥ એવે રથ અરજુનનો ઉતરીયો, જોડે છે દીનાનાથ; પછી અરજુને સહુ સેન્યાના, છોડી નાંખ્યા હાથ. ॥ ૨૦ ॥ એટલે સહુ સેન્ય થંભે આવ્યું, કૃષ્ણનાં એજ ચરીત્ર; કૌરવનાં બંધ રહ્યાંને વાગ્યાં, પાંન્ડવનાં વાજીંત્ર. ॥ ૨૧ ॥ આઠમે દીવશે એમ જીત્યા, સહુ સહુને સ્થળ જાય; અરજુન ગયો શેવા કરવા, જ્યાં રહે ભીસ્મ પીતાય. ॥ ૨૨॥ પછી શેવા કરીને ગયો, પોતાને વીશરામ; તવ દુરીયોધન મોઢું ઉતારી, આવ્યો ભીસ્મને ઠામ. ॥ ૨૩ ॥ ઓ દદા બે દાહાડા તમરા, પછી શી મુજગત થાશે; કાંઇક માહારો કરો જીવારો, આવ્યો છું તમ પાસ. ॥ ૨૪ ॥ એટલે આવી ભીસ્મને દયા, સાંભળ દુર્યોધન; તારી નારીને તેડાવ્ય કાલે, આપું સોભાગ્ય વચન. ॥૨૫॥ સોભાગ્ય વંતીનું વરદાન આપું, પછી નહી તારૂં મરણ; જો માહારૂં બોલ્યું પાળવું મ્હારે, તું આવ્યો મુજ સરણ. ॥૨૯॥ દુરીયોધન કહે વારૂં દાદા, કહી તંબુમાં ગયો; કહ્યા સમાચાર શકુનીને, હું તો અમ્મર થયો. ॥ ૨૭ ॥ એમ કરતાં રજની વીતી, એવે વહાણું વાય; ભીશ્મપીતાને પાંન્ડવ યોદ્ધા, રણથંભ યુદ્ધે જાય, ॥ ૨૮ ॥ સાંડજ મોકલી દુરીયોધને, તેડવા હસ્તીનાપુર; આજજ હું અમ્મર થવાનો, આનંદ ઉભર્યો ઉર. ॥ ૨૮ ॥ રણસ્થંભે અરજુનજીએ, પેહેલો કર્યો ટંકાર; દસ બાણે દાદાનું પુજન કીધું; આશીશ લીધી અપાર. ॥ ૩૦ ॥ વળણ. ॥ આશીસ દીધી ભીશ્મજી, પછી વીપ્રીત થઈ બુધ; કહે વલ્લભ આરંભીયું, મન મુકીને યુદ્ધ. ॥

કડવું ૧૦ રાગ સામેરીનો છાંયો.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજ જને સંભળાવું, ભીશ્મપરવ મહીમાય. ॥૧॥ નવમે દીવસે યુદ્ધ આરંભ્યું, હળાહળ કોપે ચડીયા; સ્થંભથી છુટયા તેવાજ તુટયા,બળ કરી

બાઝી પડીયા. ॥૨॥ લથબથીઆ તે લથબેથ બાહાજ્યા, દારૂણ દૈવત દાખે; નિરદયપણું પુરણ જણવે, કાંઇ દયા નવ રાખે. ॥ ૩ ॥ મારે ઝુદે એવા ઉંડે, દાદાએ શું કામ કીધું; અગણીતો મંત્ર ભણીને, નાગ પાસનું બાણ લીધું. ॥ ૪ ॥ તે ફેર ફુદડી ફરીને ફેંકયું, બળ કરી બાણ એક; નાગના મંત્રથી અગણિત મંત્રે, નાગ થયા અનેક. ॥ ૫ ॥ તેથી સરવ સેન્યને બાંધ્યું, બાંધ્યો ઇંદ્રનો તંન; શેદેવ નિકુળ દ્રુપદ બાંધ્યો, વૈરાટને અભેમન. ॥ ૬ ॥ દ્રષ્ટપ્રદ્યુમાનને શીખંડી, વળી વાયુ સુત બળીઓ; તે જોઈ ગટોરગચ્છ માયાવિ, મેઘવરણ કળકળીયો ॥ ૭ ॥ બે બાપ દીકરા ગગન ચડીયા, પડીયા કૌરવ દળમાં; દસ સહસ્રનો ઘાણ વાળ્યો, બેઉ જણે એક પળમાં. ॥ ૮ ॥ તવ બોબાટો શેન્યનો થયો, ભીશ્મે લીધું બાણ; એટલે બંને છોકરા બીધા, જાણ્યું કે લેશે પ્રાણ. ॥ ૯ ॥ ગગન ચડીયા પોતામાં પડીયા, દાદાને નવ લાધ્યા; પછી નાગપાસ બાણ લેઇ, બાપ બેટાને બાંધ્યા. ॥૧૦॥ મેઘવરણ મુકયું કાળજ્વર, તે આડું અવળું ફરે; જોએ બીજું રૂપ ધરે તો, મુસ્તક છેદન કરે. ॥૧૧॥ એ રિતે સહુ મનુશ બાંધ્યાં, પછી બાંધ્યા ગજ ઘોડા; સારથી મારથી સર્વે બાંધ્યા, છુટા છે રણછોડા. ॥ ૧૨ ॥ છેવટ દાદાએ બાણ માર્યું, જ્યાં છે દીનાનાથ;નાગ પાસથી તાણી બાંધ્યા, પ્રભુના અવળા હાથ. ॥ ૧૩ ॥ પ્રભુએ જાણ્યું ભીશ્મજી ચેત્યા, મુજ ઉપર પડ્યો વેહેમ; આજ વાજાં વાગવાનાં નથી; છેવટ કરવું કેમ. ॥ ૧૪ ॥ એ રીતે ગોવીંદ ગભરાયા, દીવસ રહયો ઘડી ચાર; અરજુનજી કહે કેમ થાશે, ઓરે જુગદાર. ॥ ૧૫ ॥ પ્રભુ કહે ગભરાવો છો શાને, થતું હશે તેમ થાશે; અરજુન કહે કોઈ નથી છુટું, કેમ કરી ઝીતાશે. ॥૧૬॥ એવામાં અંતરામીયે, ખેલ ખરો લડાવ્યો; પ્રેરકે પ્રેરણા કરી ગરૂડને, એટલે ગરૂડ આવ્યો. ॥૧૭॥ નાગને સર્પ તે ભક્ષ છે એનું, દેખી દળમાં પળતો; જેને ને તેને નાગ વીંટાયા, ઝાલી ઝાલીને ગળતો. ॥ ૧૮॥ એ રિતે સહુ શેન્યનું બંધન, છોડવા માંડયું સાર,તે દેખીને કૃષ્ણના સામા, બોલ્યા ગંગા કુંવાર.॥૧૯॥કૃષ્ણ પ્રભુ કપટના ભરેલા,શાબાશ નંદકીશોર; ચાર ઘડી માટે ધુળ મેળવતા,આજ ઝલાયા ચોર.॥૨૦॥ઠીક છે પ્રભુ આ વતિ કાલે, તમને પોહોચાડું ઠેઠ; આટલા દિવસ નકામી કાઢી, કરેલી માહારિ વેઠ. ॥ ૨૧ ॥ તે બદલો હું વાળી આપવાનો, કહી મુકયાં અથીઆર; પોતાનો રથ પાછો હઠાવી, ચાલ્યા ગયા સ્થંભ બાહાર.॥૨૨॥ એવે પાન્ડવનું દળ છુટયું, છુટયા સતિ સુત સુબા; વાજતે ગાજતે કૌ

રવ કેરે, સ્થંભે જઇને ઉભા. ॥ ૨૩ ॥ એવે સમે સાંજ પડીને, સુરજ બેઠો મેર; વાજીંત્ર બંધ થયાં કઉરવનાં, વાગી પાંન્ડવની ભેર. ॥ ૨૪ ॥ પછી અરજુન રથથી ઉતરીયો, દાદાને રથ જાય; ચાલો દાદા શેવામાં આવું, તવ બોલ્યા ભીસ્મ પીતાય. ॥૨૫॥ આજ શેવા કરાવવી નથી, જાતું તારે ઠામ; ક્રોધ કરીને બોલ્યા તેથી,પાછો ગયો આપધામ ॥૨૬॥ સૌ સૌને સ્થળ રાત્રીયે ગયા, કરમની કરણી કહાવી; સાંડપર બેસી હ સ્તીનાપુરથી, ભાણુમતીજી આવિ ॥૨૭॥ તવ દુરીયોધનને એ રાણિ, દાદાની પાસે જાય; ઓરે દાદા આવીછે રાણી, બોલ્યા ભીસ્મ પીતાય ॥ ૨૮ ॥ નવ દન માહારે પુરા થયા છે, માટે તારૂં દુખ હરવું; આજની આખી રૂજની મારે,ભગતવ ભજન કરવું. ॥ ૨૯ ॥ તેથી માહારા તંબુ વિશે. લીંપી સ્વચ્છ કરી આપો; તમે જાવો તમારે તંબુએ અત્યારથી ન અદાપો. ॥ ૩૦ ॥ પાછલી રાતે પેહેલો મરગો, બોલે જેણીવાર; તે વારે નાહી ધોઇને આવે, મમપુજન તુજનાર ॥૩૧॥ એટલે રાણીને રા- જા ઉઠયાં, અંતર ઉલટ વ્યાપી; શેવક પાસે દાદાની ભોમી,સ્વચ્છ ક રાવી આપી. ॥ ૩૨ ॥ શેવા સામગ્રી પ્રરવે મુકાવી, દાદાના તંબુ માંય; સૌ પોતપોતાના તંબુમાં સુતા, શું કર્યું ભીસ્મ પીતાય. ॥૩૩॥ શીતળ જળ સ્નાન કરીને, બેઠા આરાધન કરવા; પરવરતિ બધી પરહરીને, લાગ્યા હરી ધ્યાન ધરવા.॥૩૪॥એવે સમે જ્યાં થઇ મધ્ય રાત્રી, ચીંતા તુર ભગવાન; ભક્તને માટે ભુધર જાગ્યા, દેવકીના સંતાન. ॥ ૩૫ ॥ છાના ગયા દ્રૌપતી પાસે, ખરિજ નીંદ્રા બગાડી; આંગ્રેજ્યો ચરણુનો અંગુઠો, પંચાળીને જગાડી.॥૩૬॥દ્રૌપતિ કહે કીશોર વીરા,કેમ આવ્યા મધ્યરાત; પ્રભુ કહે જરા બારણે આવે, તો કહું તુજને વાત. ॥ ૩૭ ॥ તવ દ્રૌપતી બારણે આવી,સાથે શામ શરીર;પંચાળી કહે શીવાત કહો છો, ઓરે માહરા વીર. ॥૩૮॥ ભગવાન કહે સાંભળ ભગનિ; અગનિ અંતઃકરણ;દુરિયોધન આજ અમ્મર થાયછે,થાશે અમારૂં મરણ.॥૩૯॥ ભાણુમતિને ભીસ્મપીતા, આપે છે વરદાન; તે સારૂ નીંદ્રા ન આવે; એમ વદ્યા ભગવાન ॥૪૦॥ દ્રૌપતી કહે કેમ કરીશું;કહો કાંઇ ઉપાય મને; પ્રભુ કહે આધું ઓઢીને, તું જા ભીસ્મજી કને. ॥૪૧॥ વળણ. ॥ જા ભગની ભીસ્મ કને, લાવે શોભાગ્ય વરદાન; કહે વલ્લ શ્રોતા સુણો કરતા હરતા ભગવાન.

———+*+———

કડવું ૧૧ રાગ ઢળકતા દોહારાની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા, શુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, શોભાગ્યનો મહીમાય. ॥ ૧ ॥ દ્રુપતી કહે વીરલા માહરા, હું તો અબળા જાત; પારકી હદમાં ચોરી કરવી, જાવાનું મધ્ય રાત. ॥ ૨ ॥ ચોકીદારોને પેરાદારો જાગ્રત સરવે હોય; જાતાં જાતાં મુજને ઝાલે, જાવા દે નહી કોય. ॥ ૩ ॥ તે માટે તમો સમજો છો વીરા, શી રીતે એકલી જાવું; કૃષ્ણ પ્રભુ કહે ચીંતા ન કરશો, હું તમ સાથે આવું. ॥ ૪ ॥ તવ પંચાળી હસીને બોલી, ઓરે જુગદાધાર; તમો માહરી સાથે આવો તો, કહો ત્યાં થાવું તૈયાર. ॥ ૫ ॥ એટલે બોલ્યા અંતરયામી, ભગની કરી લ્યો સ્નાન; એમ કહી જઇ પુષ્પ લાવ્યા, પોતે શ્રી ભગવાન. ॥૬॥ ચંદન ઘશી તૈયાર કીધું, અબીલ ને ગુલાલ; ધુપ દીપ ને નૈવેદ લીધું, પોતે શ્રી નંદલાલે. ॥ ૭ ॥ પંચાળીએ સ્નાન કીધું, પેહેર્યાં વસ્ત્ર શણગાર; રૂમઝુમ કરતી ગઇ પ્રભુ પાસે, છાબ દીધી મોરાર. ॥૮॥ ભાઇને ભગની વાતો કરતાં, પાધરે પંથ પળાય જાતાં જાતાં જુક્તા કીધી. પોતે શ્રી જદરાય. ॥ ૯ ॥ તામશી વીદ્યાનો મંત્રજ ભણીયો, પ્રભુજી ન જાય ચુકી, કૌરવ દળમાં સહુ પ્રાણીને ધારણ નીંદ્રા મુકી. ॥ ૧૦ ॥ એટલે સરવે ઉંઘમાં લાગ્યા, ઉંઘ્યા રાજા પ્રધાન; ચોકીદાર પરાદાર ઉંઘ્યા, ઉંઘ્યા ચંચળ સ્વાન. ॥ ૧૧ ॥ તે દળમાં ભાઇ ભગની ચાલ્યાં, નીરભયપણે જાય; એકલા ભીશ્મજી તંબુમાં જાગે, તેમની લગભગ થાય. ॥ ૧૨ ॥ પછી પ્રભુ કહે જાવો ભગની, આ રહ્યો તંબુ ઢુકડો; એમ કહીને કૃષ્ણ પ્રભુજી; આપે બનીયા કુકડો. ॥ ૧૩ ॥ કુકડા રૂપે કૃષ્ણ પ્રભુએ, ટાઉકા કર્યા બે ચાર; ભીશ્મે જાણ્યું કે વાહાણુ વાહ્યું, તોહે ન આવી નાર. ॥ ૧૫ ॥ એવામાં તો રૂમઝુમ રૂંમઝુમ, કરતી તંબુમાં પેઠી, આઘુ ઓઢીને દ્રુપતી, પુજન કરવા બેઠી. ॥ ૧૫ ॥ સનમુખ બેશી જળ ચઢાવ્યું, ચંદન લેપન કીધાં; અક્ષત અબીલ ગુલાલ ચઢાવી, હાર આરોપી દીધાં. ॥ ૧૬ ॥ ધુપદીપ નૈવેદ ધરીને, પ્રદક્ષણા ફરી સાર; પછી દાદાના ચર્ણ ગ્રહીને કીધો નમસ્કાર. ॥ ૧૭ ॥ એટલે ભીશ્મજી આનંદ પામ્યા, સેવા કરી ઘણી સારી; દુરીયોધન તો મુરખ છે પણ, ઘણી સુલક્ષણી નારી. ॥ ૧૮ ॥ એમ સમજી ગંગા સુત બોલ્યા; અખંડ સોભાગ્ય હજો; તારા સ્વામીનો આયુષ વધજો, સતરૂ સમુળા જજો. ॥ ૧૯ ॥ દ્રુપતી કહે

વારૂ દાદાજી, ફેડયું માહારૂ દુઃખ; વચન તમારૂ સફળ હજો, લ્યો જુ-
ઓ માહારૂ મુખ. ॥ ૨૦ ॥ એમ કહીને વદન બતાવ્યું, મળી માનુની
માઠી ભીશ્મપીતા જોઈ બાવરા બનીયા, પંચાળી ત્તવ નાઠી ॥ ૨૧ ॥
સાસ ભરી સુંદરી પડી પંથે સામા મળ્યા વનમાળી; દ્રુપતી કહે ફતે
થયું ભાઇ, પ્રભુ કે લેને તાળી ॥ ૨૨ ॥ હરખ ભર્યા ભાઇ ભગની ચા-
લ્યા. નીરવતી થયું મન; પોતાના તંબુએ આવી, સુખે કર્યુ સયન
॥ ૨૩ ॥ ગંગા નંદન બહુ અકળાયા છેતરી ગઇ મને નારી; ભાણુ-
મતીને શું વરદાન આપુ, ઇજ્જત લીધી માહારી ॥ ૨૪ ॥ એવે વા-
ચારે મુરછામાં પડીયા, ઢળીયા પોતે ધરણ, ભકતનો જીવારો કરીને
પોઢયા, પોતે અસરણા સરણ ॥ ૨૫ ॥ વળણ ॥ પ્રભુ પોઢયા પ્રેમથી,
સાંભળને તું રાય,; કહે વલ્લભ સાહાય સામળો તેનાં દુઃખ પળાય

કડવું ૧૨ રાગ સોભાગ્યની દેશી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ-
જને સંભળાવું, સોભાગ્યનો મહીમાય ॥ ૧ ॥ પરોઢ થયુંને કુકડા બો-
લ્યા, તવ ઉઠયો દુરીયોધન; અરેરે વાહણું વહી ગયું ને રાણી કરે છે
સયન. ॥ ૨ ॥ એમ જાણી ગયો રાણીની પાસે, દાદા કહેશે મને જુઠો;
લાગ્યો ઢંઢોળવા એ ભાગ્યશાળી, માનીતી રાણી ઉઠો. ॥ ૩ ॥
આંખો ચોળતી માંથું ખંજોળતી ઉઠી ભાણુમતી રાણી; એટલે આ-
ગળ લાવીને મુકયાં, રાજાએ દાતણ પાણી. ॥ ૪ ॥ વીખરેલાં પટીયાં
લબડતાં જટીયાં,આંખોમાં પાશેર પીઆ; નાશકોરાં તાણે ભુંડણી જાણે
મોહોડું તો શીયાવીયા. ॥ ૪૫ ॥ ઉઠીને કર્યાં દાતણ પાણી, દુરીયોધને
જળ દીધું; એટલે ચોટલો ઓળી વાળીને,ઉષ્ણોદકે સ્નાન કીધું. ॥૬॥
વસ્ત્ર આભુષણ અંગે ધરીયાં, જાવાને ઉલટ વ્યાપી; શેવા સામગ્રી
ત્યાર કરીને, છત્રપતીએ છાબ આપી. ॥ ૭ ॥ તે છાબ લેને ડમકેથી
ચાલી. ભીશ્મના તંબુમાં પેઠી; ઉઘાડે મોહોડે વાંકે અંબોડે, દાદા કને
આવી બેઠી. ॥ ૮ ॥ તે વેળા જરા આવી છે સુદ્ધી, મુરછાથી ભી-
સ્મપીતાય; ભાણુમતીએ સુતેલા દેખી, વીચાર્યું મન માંય. ॥ ૯ ॥
સુતા સુતા સમરણ કરે છે, પુજન કરૂં અત્યારે;શું સમજે સમરણ થા
ય કેવું, રંડાએ જોએલું કયારે, ॥ ૧૦ ॥ પછી પુજન કરવા ઉઠી, દા-
દાજી દુઃખ ફેડયું;ઉભા થઈ જઇ ઝારી લેઇને,શરીર ઉપર જળ રેડયું.

॥ ૧૧ ટગટગ ભીસ્મજી જોવા લાગ્યા, વારૂ શું કરેછે નારી; એમ જાણીને કાંઈ ન બોલ્યા, રાણીએ મુકી જળ ઝારી, ॥ ૧૨ ॥ વસ્ત્ર લઇને શરીર લુછયું, અંગ આખું ઘરઝોળ્યું; પછી ચંદન હાથમાં લેઇદાદાને મોઢે ચોળ્યું. ॥ ૧૩ ॥ હબચી ઉપર અક્ષત મુકયા, આંખોએ અબીલ ગુલાલ; રૂદીયા ઉપર પુષ્પ મુકયાં, ઠીક મેળવીયો તાલ. ॥૧૪॥ બે ભુજમાં પછી નઇવેદ મુકયું, માહરો સ્વામીઘણુંજીવો; આંગળીયોમાંઅ ગરબતી, મુકયો દુટીપર દીવો, ॥ ૧૫ ॥ એટલે ઝબ દેઈ દાદા ઉઠયા, મનમાં ઘણો ક્રોધ ધરી; અવળચંદી અભાગણીયે, અવળી પ્રદક્ષણા ફરી. ॥૧૬॥ સનમુખ આવી પાય પડી બોલી, અખંડ શોભાગ્યઆપો; ભીશ્મપીતા કહેકરક્ષા નારીતુનેહજો રંડાપો. ॥૧૭॥રાગ ઝડપનોદોહરો.॥ એવું વચન સાંભળીને, ઉભી થઇ રંડાય; મારા રડયા માહરા પીટયા, તારૂં કાળુ થાય. ॥૧૮॥ એ નખોદીયા એ ઉછેદીયા, શીદ મુજને તે ડાવી; ઇજ્જત તારી લેવરાવું છું, છત્રપતીનેલાવી. ॥૧૯॥ લાબાલાંબા હાથ કરીને, ગાળો દેતી જાય; કળકળતી બરબડતી આવી, જ્યાંદુરી યોધન રાય. ॥ ૨૦ ॥ ધીક ધીક મારા નાથ તમને, ગાળ મને ભંડાવી; સોભાગ્ય તો સુઇ ગયું ને, ડોસાએ રંડાવિ. ॥ ૨૧ ॥ રંડાપાનું વરદાન આપ્યું, નિરલજને શું કૈયે; દુરીયોધન કહે ગભરાશો નહી, ચાલો વઢ વા જૈએ. ॥૨૨॥ એમ કહીને શંખણો શંખણી.વઢવા માટે જાય; ઉછળતાં ઉકળતાં આવ્યાં.જ્યાં ભીસ્મપીતાય.॥૨૩॥ દુરીયોધન કહે ઓરે ડોસા,અવળું વદીયા કેમ;તમારૂં કહ્યું કાંઇ નહી થાયે, રહીશ કુશળ ક્ષેમ.॥૨૪॥વીસ્વાસે વામાને તેડાવી,હું પણ મુરખ જન;સત્યવાદી શાના થયા છો, મીથ્યા ગયું વચન. ॥ ૨૫ ॥ ઘડપણમાં ગતી ગઇને, પડી ઘોળામાં ધુળ; વરસ સૌ ગયા પાણીમાં,પેટ ચોળી કીધું સુળ. ॥૨૬॥ દાદા કહે સાંભળ રાજા,ઓરે દુર્યોધન.જોલક્ષણ તારી નારીનાં;કેવું કર્યું પુજન ॥૨૭॥ આખે અંગે પાણી વેડયું, ચોપડયું ચંદન મુખ; આંખો ઉપર અબીલ મુકયો, એવું દિધું દુખ. ॥૨૮॥ દુટીપર દીવો સળગાવ્યો, શી કહું બધી પેર;એણે તે કયારે જોએલું, સાસરે કે પીહેર. ॥૨૯॥ પુન્ય પુજન કાંઇ નહી થયેલું, બાપ દાદાને ઘેર;તે પ્રાણી શું કરી જાણે, મીથ્યા જીભમાં ઝેર. ॥૩૦॥ એવાં વાચક સાંભળીને, બોલ્યો દુરીયોધન; છો રહી માહારે એવી નારી, બળ્યું આ પુજન. ॥૩૧॥ એમ બરબડતાં બેઉ જણુ ચાલ્યાં, તંબુ વિશે જાય;સાંડ પર રાણીને બેસાડી,તર્ત કરી વિદાય.॥૩૨॥એવામાંભીસ્મપીતાયે,કીધો મનવિચાર;ચોકીમાં શું આવી

શકે, દ્રુપતી જે નાર.॥૩૩॥ અબળાનું એ તો નહી ગન્જુ, સાથી થયેલું હોય; એમ સમજી સમાધી કીધી, જ્ઞાન દ્રષ્ટીએ જોય, ॥ ૩૪ ॥ જોતાં જોતાં એમ જાણ્યું, જોડે વઇકુંઠ ભુપ;મધ્ય રાતે મુજને ચેતાવ્યો ધરી કુકડાનું રૂપ. ॥ ૩૪ ॥ છેતર પન્ડી કરી છબીલે, નહી અબળાની હાંમ, બ્રહ્મહત્યાનું પાપ લગડાવ્યું, પોતે શ્રી ઘનશામ. ॥ ૩૬ ॥જીતેલો મને નિત્ય હરાવે, લેઇ લેછે મુજ જોર;સમાધીમાં તે સૌ જાણ્યું, કપટી નંદકીશોર. ॥ ૩૭ ॥ કૃષ્ણે કર આયુદ્ધ ઝાલવાને, લીધા, છે સોગન; તેથી હથીઆર હાથ ઝલાવું, તો હું ગંગા તન. ॥ ૩૮ ॥ બ્રહ્મત્યા પાપ લાગશે એમને, તો તો મુજને લાગે; જો કદી પોતાનું ભંગ કરશે,તો મહારૂં પણ ભાગે. ॥ ૩૯ ॥ એવો મનથી નિશ્ચય કીધો, ગંગાજીને તન; એવામાં તો વાહાણું વાયું, થયો દસમો દન. ॥ ૪૦ ॥ વળણ. ॥ દસમો દિવસ ઉગીયો, સાંભળને તું રાય; કહે વલ્લભ જમ્યા વિના, ચઢીયા ભીષ્પીતાય. ॥

કડવું ૧૩ રાગ સાખા ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, ભીસ્મ પરવ મહીમાય ॥ ૧ ॥ દસમે દીવસે દાદા ચઢીયા, ભય ભર્યું કુરૂક્ષેત્ર, ક્રોધ અતિશે ઉરમાં ઉપજ્યો, રક્ત થયેલાં નેત્ર ॥ ૨ ॥ સ્વેતજ વસ્ત્રો સ્વેતજ આયુદ્ધ, આવ્યા ધોળે વેશે;પોતાને સ્થંભ રહ્યા ઉભા, ઘણા ભરેલા દ્વેશે. ॥૩॥ એવે સનમુખ પાન્ડવ આવ્યા, યુદ્ધ કરવાને સાર; અરજુને ગાંડેવ નામનો, પેહેલો કર્યો ટંકાર. ॥ ૪॥ તેનો શબ્દ ત્રીલોક પોહોચ્યો,ડોલ્યાં દસેદીગપાળ;ધરણુલાગી ધ્રુજવાને, ખળભળ્યું પાતાળ. ॥ ૫ ॥ ચડ લંકાથી હનુમાન આવ્યા, પાન્ડવ દળમાં પેઠા; અરજુનના રથની ધજાએ, પુંછ વીટાળી બેઠા. ॥૬॥ તે પછી અરજુન બાણાવળીએ,પુજનનું મન કીધું; દસ બાણુથી પુંજન કરવાને; પ્રથમ એક બાણ લીધું ॥ ૭ ॥ એટલે બોલ્યા ભીસ્મપીતા, મીથ્યા મરે શીદમથી; પુંજા કરીશ નહી આજ માહારી,કરવા દેવાનો હુ નથી. ॥ ૮ ॥ તુ તું તાહારે હાથ ઉપાડ પેહેલો, નહી તો હું ઉપાડું;નરે જાણ્યું નહી કરવા દે પુંજા,મીથ્યા વખત શીદ કાહાડું. ॥૯॥ એમ જાણીને બાણ મુકયું,તેવાજ તુટી પડીયા;તે દહાડે તો ભીસ્મપીતા,ઘણાજ ક્રોધે ચડીયા. ॥ ૧૦ ॥ અગણીત મંત્રને મોહાસ્ત્ર મંત્રનાં,માર્યાં બાણ

અપાર; તેથી જેને તે મુરછામાં પડે, વરતાવ્યો હાહાકાર, ॥ ૧૧ ॥ હાથી ઘોડાને ઉંટ સુદ્ધાં,ઢાળી નાંખ્યા ધરણ; સેન્યાપતીને શેન્યા ઢાળી, કૈંજન પામ્યા મરણ. ॥ ૧૨ ॥ ખછી ઢાળ્યો દ્રુપત રાજા, પંચાળ દેશનો રાય; ત્રીજો વૈરાટ ચોથો શીખંડી,દ્રષ્ટપધુમાન ત્યાંય. ॥ ૧૩ ॥ શેહેદેવ નીકુળ ભીમને ઢાળ્યો, પછી ઢાળ્યો અભેમન; નાંખ્યો ગટોરગછને મુરછામાં પછી એનો સંતાન. ॥ ૧૪ ॥ તે પછી મહાબળમાં બાણ લીધું, વૃધ્ધ બહુ ક્રોધે ચડીયો; અરજુનજીની રૂદીયા ભેદી, તવ નર ઢળી પડીયો.॥૧૫॥ પછી એકલા કૃષ્ણજી રહ્યા,ભાસ્મે વીચાર્યું એમ;હવે એકલા હાથ આવ્યા છે, દાવ જવાદેઉ કેમ. ॥ ૧૬ ॥ એમ જાણીને રણછોડ ઉપર, રકત કર્યાં લોચન; પ્રભુને દુખ દેવા બાણ લીધું, ચેત્યા જુગજીવન. ॥ ૧૭ ॥ જાણ્યું કે ઘાટ ઘડશે માહારો,ભરેલા રાતના રીસે;એમ જાણીને ચરીત્ર કીધું, પોતે શ્રી જુગદીસે ॥ ૧૮ ॥ રથમાંથી ઢળી ધરણ પડીયા, અરજુનજીની પાસ; માર્યા વીના એમ કીધું, પોતે શ્રી અવીનાસ. ॥ ૧૯ ॥ ભીશ્મ પીતા જોઇ વીસ્મય પામ્યા, કપટી કૃષ્ણજી કાળા; પોતાને વઢવું પડે માટે, રછાના કર્યા ચાળા. ॥૨૦॥ આયુધ્ધ હાથમાં ઝાલવું નથી, લેવું નથી શીશ પાપ;રાત્રીએ મુજને પાપ લગાડી, કોરા રેહેવું છે આપ ॥ ૨૧ ॥ એમને જેવા ચાળા માંડયા, તેવા કરૂં હું ચાળા; અરજુનને ઠેર મારવો ધાર્યો;શું જોઇ રેહેશે છોગાળા. ॥૨૨॥ એવું સમજી ફરશી લેઇને રથથી ઉતર્યા હેઠા; અરજુનજ્યાં મુરછામાં પડીયો, તેની રૂદે જઇ બેઠા ॥૨૩॥ પ્રભુને સંભળાવવા બોલ્યા, આજ કરૂં છું કેહેર;કોકને માટે હણવો પડેછે,બેટા તુજને ઠેર. ॥૨૪॥ મુજને જેણે પાપ લગાડયું, તે પણ લે શીશ પાપ;નહીંતો તુજને મારી નાખું,થાય તેને સંતાપ.॥૨૫॥ એમ કહી ફરશી ઉગામી,સમજ્યા સુંદરશામ;જો હથીઆર નહીં ઝાલું તો, નરને હણે આ ઠામ,॥૨૬॥એવું જાણી પુરૂશ પુરાણી,ડાહાપણ કવું લડાવ્યું; સુદરષણ ચક્ર પોતાનું, સુતાં ચાક ચડાવ્યું. ॥૨૭॥ તે જોઇ ભીશ્મજી હસી પડીયા,ટળીયો તનનો તાપ,ધન્ય દયાળું દેવકી નંદન, લાગ્યું તમોને પાપ ॥ ૨૮ ॥ કૃષ્ણ કહે મુને પાપ ન લાગે, બોલ્યા ગંગા કુંમાર; એ માહારાજા પણ કરીને, કેમ ગ્રહ્યુ હથીઆર. ॥ ૨૯ ॥ સુદરસણ લેઇ ચાક ચડાવ્યું,તે પાપ લાગ્યું તમને; પ્રભુએ કહ્યું પાપજ નથી, કાં મને કાં તમને. ॥૩૦॥ મે કહ્યું હતું યુદ્ધ કરવાના, હેતુથા લો હથીઆર; તો તો બ્રહ્મહત્યા પાપ મુને,શબ્દનો કરો વીચાર. ॥૩૧॥ તો યુધ કરવાના હેતુથા, ચક્ર નથી કર લીધું; તમોએ મુમત ઝાલ્યો

માટે; ભુજમાં ધારણ કીધું. ॥૩૨॥ તે હેતુ નોહોતો વઢવાનો, માટે ન લાગે પાપ; એટલે ભાશ્મજી અકળાઈ બોલ્યા,શું પાપ લીધું મેં આપ. ॥૩૩॥ એટલે અંતરયામી બોલ્યા, સાંભળજો સત્ય મતી; તમોએ શોભાગ્યમાં થાપ ખાધી, તે પાપ તમને નથી. ॥ ૩૪ ॥ દ્રુપતી સતીએ સોભાગ્ય લીધું, આઘો ઘુંઘટ તાણી; તમોએ એને વરદાન આપ્યુ, ભાણુમતીને જાણી. ॥૩૫॥ તમે તમારે બોલ્યા પ્રમાણે, વરત્યાછો માહારાજ, દ્રૂપતી જાણીને નથી દીધું, હેતુ વીચારો આજ. ॥૩૬॥ તેથી તમને પાતક નથી, ઓરે ભીશ્મ પીતાય, એવું વચન સાંભળીને,પોતે લાગ્યા પાય ॥ ૩૭ ॥ પછી જઈ દાદા રથ બેઠા, ઉઠયા પ્રાણજીવન; એવે મુરછા વળીને ઉઠયો, ઇંદ્ર તણો જે તન. ॥ ૩૮ ॥ એવે બીજા સરવની મુરછા, વળી ગઇ તે વાર; ઉભા થઇને કુદવા લાગ્યા, હાથ ગ્રહી હથીઆર. ॥ ૩૯ ॥ એટલે પોતે ભીશ્મપીતાયે, મુકી દીધાં હથીઆર; હવે માહારે વઢવું નથી, ઘણું ઢાળો કુંવાર. ॥ ૪૦॥ દરૂપતનો સુત સીખંડી છે, તેને હાથે મુજ મર્ણ; તેની પાસે બાણ મરાવો, એટલે પોઢું ધરણ. ॥ ૪૧ ॥ એવું સાંભળી સાંમળો નાઠા, સેન્યમાં સુસરા આવ્યા, દરૂપતનો વડો સુત શીખંડી, તેને શોધી લાવ્યો. ॥ ॥ ૪૨ ॥ પ્રભુએ કહ્યું શીખંડીને બાણ મારો બળ કરી; તમારે હાથે એમનું, મ્રત્યુ એમ વધા શ્રી હરી. ॥ ૪૩ ॥ એટલે એ બોલ્યો શીખંડી,ડોશા છે કુશળ. ક્ષેમ, એમના હાથમા હથીઆર નથી તો પછી મારૂં કેમ ॥ ૪૫ ॥ હથીઆર મુકી વ્રદ્ધ થયા છે, તેને મારૂ હું આપ; તો ક્ષત્રીની રીત પ્રમાણે, મુજને લાગે પાપ. ॥ ૪૫ ॥ પ્રભુ કહે સુત દરૂપતના. ઉતાવર કરો આપ; તેથી જો પાતક લાગે તો, તે મુજ માંથે પાપ. ॥ ૪૬ ॥ એવું કહ્યું તવ શીખંડી, બળ કરી બાણ લીધું; સનમુખ ભીસ્મજી ઉભા તેની, રૂદેમાં ભોંકી દીધું. ॥૪૭॥ ભીસ્મપીતાએ આનંદ માન્યો, સમર્યો અસરણા સર્ણ, રામક્રષ્ણ નામ જપતા જપતા, પોતે ઢળીઆ ધર્ણ. ॥૪૮॥ એટલે લીલા વાવટા ચઢીઆ, બંધ થયુ યુદ્ધ સર્વ;વાગ્યાં નીશાન પાન્ડવ કેરાં, પછી મુકયો યુદ્ધ ગર્વ. ॥ ૪૯ ॥ વળણઃ ॥ યુદ્ધ કરવું બંધ પાડીયું, મુકી દીધાં હથીઆર; કહે વલ્લભ કલેશ ઉપડયો, તેનો કરૂ નીસ્તાર. ॥

કડવું રાગ ઝડપનો.

વઇશમ પાયે એણીપેર બોલ્યો સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ઉતપાતનો મહીમાય. ॥ ૧ ॥ ભીશમજી પડીયા પાન્ડવ જીત્યા, એટલે ભીમનો તન;બબરીકનું શીશ સ્થંભ ઉપર છે, તેણે વીચાર્યું મન. ॥૨॥ માહારી માએ એમ કહ્યું છે, હારે તેની પક્ષ કરજે; તે વેણ કેમ જવા દેઉં મીથ્યા ચાહ્યતો વીધન સરજે. ॥ ૩ ॥ એમ વીચારી શીશ ઉપડીયું, પડીયું પાન્ડવદળમાં;જીવ લેવા માંડયા જોધાના વાગે છે બહુ બળમાં. ॥ ૪ ॥ ત્રણ અયુત પ્રાણીને હણીયા, વરત્યો હાહાકાર; તે દેખી ગદા લઇ ઉપડયો, વાયુનો કુંમાર. ॥ ૫ ॥ એ દીકરા એ દાટ વાળ્યો, માટે દૈવત દાખુ; કાંતો એને હાથે મરૂં, કાંતો મારી નાખું. ॥ ૬ ॥ એટલે ભીમનો હાથ ઝાલ્યો, પોતે પુન્ય શ્લોક; જો ભીમ એના સામા થશો તો,જીવ્યાની આશા ફોક. ॥ ૭ ॥ ધારણ ખમો હું સમજાવું, કહી પ્રભુ આગળ થાય; હાંહાં બબરીક આ શું કરો છો. અણઘટતું દેખાય. ॥ ૮ ॥ ક્ષમા રાખો તાતના કુળને, સંહારવું તે ખોટું; કેહેશે પોતાનું કુટુંબ માર્યું; મેહેણું થવાનું મોહોટું. ॥ ૯ ॥ એટલે મુસ્તક ઊભુ રહ્યું, સામાં માંડયાં ચક્ષ; માહારી માનું બોલેલું પાળું. હારે તેની કરૂં પક્ષ. ॥૧૦॥ કહ્યું કે વચન પળાઇ ચુકયું, એમ વદયા ભગવાન;આટલેથીક્ષમા કરો તો, એક આપુ વરદાન. ॥ ૧૧ ॥ બબરીક કહે વરદાન આપો,રાખુ ક્ષમા માહારાજ; એટલે વરદાન આપવા લાગ્યા, કરવા પોતાનું કાજ. ॥ ૧૨ ॥ ઓરે બબરીક વીશ્વ આખું, કરે તમારી શેવ; નામ તમારૂં જગતને વીશે, બળીયાકાકા દેવ. ॥૧૩॥ તમે જેનાપર અમલ કરો, ત્યાં અન્યથી નવ થાય; તમોને એકલાને આરાધે, બીજો નહી ઉપાય. ॥ ૧૪ ॥ એવું વરદાન આપ્યું પ્રભુએ, બળીયો થયો પરસન; લીમડાના એક વ્રક્ષ નીચે, કરી દીધું સ્થાપન ॥ ૧૫ ॥ વળણ. ॥ તવ બબરીક શાન્તજ પડયો, સાંભળને તું રાય; કહે વલ્લભ સૌ શેનને, કરી દીધું વીદાય. ॥

કડવુંર ૧૫ રાગ સવૈયાનો.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું ભીશ્મ પરવ મહીમાય. ॥ ૧ ॥ સરવ સૈન્યને વીદાય કીધું, પાન્ડવ રહ્યા પાસ;દાદાનિ કને આવીને બેઠા,બેઠા શ્રી અવીનાસ. ॥૨॥

તવ તંબુથી કઉરવ આવ્યા,સો ભાઇને કારભારી;ભીસ્મપીતાની પાસે બેઠા, દાદા બોલ્યા વીચારી. ॥ ૩ ॥ ઓરે માહારા દીકરા તમે, ઉઠીને ઉભા થાવો; કોરાણે વ્રક્ષ છે પીંપળાનું, ત્યાં મુજને લેઇ જાવો. ॥ ૪ ॥ દુરીયોધન કહે ઓરે દાદા, તંબુમાં લૈ જૈએ; ભીસ્મ કહે માયા મુકવા બેઠા, કેમ માયામાં ભરૈએ. ॥ ૫ ॥ માટે મુજને પીંપળા નીચે, લેઈ જાઓ સહુ બાળ; પાન્ડવ કૌરવ ભેગા થઈને, ઉપાડયા તતકાળ. ॥ ૬ ॥ પીંપળાની નીચે લેઇ ગયા,ભોમી સુવાડી દે છે; આરપાર બાણજ નીકળેલું તે,છાતી ઉંચી રહે છે. ॥૭॥ તેથી કરીને ભીસ્મ બોલ્યા, સાંભળો સુત સુમતી;ચરણ મુસ્તક ઉંચા રહ્યાવણ, મુજને ફાવતું નથી ॥ ૮ ॥ તવ દુરીયોધન તંબુ વીશેથી, ઉશીકાં લઇ આવ્યો; ભીસ્મ કહે માયાની વસ્તુ, શીદ મુજ પાસે લાવ્યો. ॥ ૯ ॥ અરજુન બેટા આપો ઉશીકાં, તુ છે ચતુરસુજાણ; તવ અરજુને ઉભા થઇ, ચઢાવીયું એક બાણ. ॥ ૧૦ ॥ દાદાના લેલાટમાં માર્યું,આરપાર નીકળ્યું બાહાર; મુંસ્તક દાદાનું ઉંચું થયું, બાણ લીધું બીજી વાર. ॥૧૧॥ બે બાણ બે ખભામાં માર્યા,કાઠું ઉંચું થાય, પછી બે બાણ કેહેડમાં માર્યાં.બે માર્યા ઢીચણ માંય. ॥૧૨॥ બે માર્યા પગની પાહાનીમાં,દસ બાણની સજ્યાય, તે બાણ સજ્યા ઉપર પોઢયા, પોને ભીસ્મ પીતાય. ॥ ૧૩ ॥ એટલે ભીશ્મજી આનંદ પામ્યા, સુતા બહુ સુખ જાણી; હશીને કહ્યું દીકરા માહારા, પાવો મુને શુદ્ધ પાણી. ॥ ૧૪ ॥ રત્ન જડીત્ર પાત્ર ભરીને, લાવ્યો દુરીયોધન;ભીસ્મપીતા કહે પાત્ર માયાનું,લાવ્યો તું મુરખજન ॥ ૧૫ ॥ અરજુન બેટા જળ પાવો તમો, અરજુને શું કામ કીધું, ગંગાસ્તરનો મંત્ર ભણીને, ધનુશપર બાણ લીધું. ॥ ૧૬ ॥ મંત્ર ભણી ભોમીમાં માર્યું. નીકળી ગંગાધાર; ગાંગેવજીના મુખમાં પડી;જળ પીધુ તે વાર. ॥ ૧૭ ॥ ભીશ્મપીતા કહે સાબાશ બેટા, વચન માનો માહારૂં; એક એકને રાજ્ય આપી, સંપ કરો તો સારૂં. ॥ ૧૮ ॥ ધરમ કહે જેમ કહો તેમ,કબુલ કરીએ અમો;દુરીયોધન કહે આપવા લેવાની વાત ન કરશો તમો. ॥ ૧૯ ॥ ભીશ્મ કહે જાવો સ્થળ પોતાને, જેમ ફાવે તેમ કરજો; ઉપદેશ કરવો વ્યાજબી નથી; કાં મારજો કાં મરજો. ॥૨૦॥ એમ કહીને વીદાય કીધા, રહ્યા એકલા આપ; તે સમે દેવ દુત આવ્યા, ભીસ્મ કને તદાપ. ॥૨૧॥ ભીસ્મજીને લેવા સારૂ, યત્ન કર્યું અનુપ, ભીસ્મપીતાએ તે દુતોને,બનાવીઆ શ્વાન રૂપ. ॥ ૨૨ ॥ દુતોને કહ્યું છ માસ પછી, મુકીશ માહારો દેહ; ત્યાં લગી શ્વાન રૂપે મુજ પાસે, રહો

સુભ સુખ તેહ. ॥૨૩॥ એમ કહીને દુતોને રાખ્યા, સાંભળને તું રાય; ભીમે હાથી ઉછાળેલા, તે હજી આકાશ માંય ॥ ૨૪ ॥ જનમેજય કહે ઓ માહારાજા, નાંખો છો છાશમાં પાણી;ગપોડાં ગોઠવી મુકો છો, કેમ સત્ય માનું વાણી. ॥૨૫॥ વળતું વઇશમપાય બોલ્યા.જો તેં ધર્યો સંદેહ; ભીસ્મ પરવનિ જે બ્રહ્મ હત્યા, રહી તારે શીશ તેહ. ॥ ૨૬ ॥ પરીક્ષા જો જોવી હોયતો, કહિ જળ અંજળી લીધી; એક વરસનું તપ મુકી ને, વાયુ ગતી બંધ કીધી. ॥ ૨૭ ॥ એટલે આકાશથી હાથીનાં, ખોખાં પડીયાં ધરણ; તે દેખીને જનમેજયના, થરથર ફરૂજ્યા ચરણ ॥ ૨૮ ॥ જાણ્યું કે આ વાત છે સાચી, ખોટો સંદે ધર્યો આપ; મેહેનત માહારી વ્યર્થ ગઇને. મોંથે રહ્યું એક પાપ. ॥ ૨૯ ॥ એવુ જાણીને રડી પડયો આંસુ ભર્યા લોચન;ઓ માહારાજા ભુલ્યો ચુકયો,મુને કરો પાવન.॥૩૦॥ એટલે વશમપાયે બોલ્યા,કરીશ નહી અદાપ; કળીયુગમા તારૂં વેહેચાઇ જાશે, ભીસ્મ પરવનું પાપ. ॥ ૩૧ ॥ કળીયુગમાં કથા સાંભળશે, કુ-બુદ્ધી સંદેહ ધરશે;તેવા જે જે પ્રાણીને તે. પાતકમાં ભાગ કરશે. ॥ ૩૨ ॥ જનમેજે કહે વારૂ માહારાજા,સંભળાવો બીજું પરવ, ભુલચુક માહારી ક્ષમા કરજો; હવે નહી ધરૂ ગરવ. ॥ ૩૩ ॥ શ્રધા રાખી શ્રવણ કરે, તેના પાતક જાય; નાસ્તીક પણે સાંભળે ને,પાતક ભોકતા થાય ॥૩૪॥ વળણ.॥ શ્રદ્ધા રાખી સાંભળ્યું, તેના પોહોચ્ચા કોડ; ભીસ્મ પરવ પુરણ હવું, બોલો જે જે શ્રી રણછોડ.

ભીસ્મ પર્વ સમાપ્ત.

દ્રોણ પર્વ.

કડવું ૧ રાગ સાખી.

વઇશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, દ્રોણ પરવ મહિમાય. ॥ ૧ ॥ કૈરવ પાન્ડવ તંબુએ ગયા, સહુસહુને સ્થળ બેઠા, દુરીયોધન ને કર્ણ શકુની, વિચારમાં બહુ પેઠા ॥ ૨ ॥ ભીસ્મપીતાએ યુધ કીધું; સત્યમાંથી ન કાઢયા હાથ;પણ ગુરૂ માહારાજ કહયું માનીને, લ્યો તમો અમને સાથ. ॥ ૩ ॥ દ્રોણ ગુરૂએ કબુલ કીધું, આવજો સરવે સવારે;દુરીયોધને પત્ર લખીયો,પાન્ડવને તે વારે. ॥ ૪ ॥ પછી રાત્રીયે સહન કીધાં, એવે વાણુ વાય; જાગ્રત થઈ જમી પરવારી, યુદ્ધ કરવાને જાય. ॥ ૫ ॥ વાજતે ગાજતે સ્થંભે આવ્યા, પાન્ડવમાં ચાર ભ્રાત,દ્રૂપત ધ્રષ્ટપ્રદુમાન આવ્યા, સાથે ક્ષોણી સાત, ॥ ૬ ॥વઇરાટ રાજા અભેમન્યુ, ગટોરગછ મેઘવરણ; રથ હાંકવા રથે બેઠેલા, પોતે અસરણાસર્ણ. ॥ ૭ ॥ કૈરવમાં કીરપાચાર આવ્યા, દ્રોણને અશ્વસ્થામા, જેદ્રથ ભગદત ને શલ્ય આવ્યા, સાથે શકુની મામા ॥ ૮ ॥ ભુરી શ્રવાને સુસરમા, શકુનીના સાત પુત્ર; ચંદ્રકેતુ ને વર્ણકેતુ, સો ભાઇનું ઘરસુત્ર. ॥ ૯ ॥ વાજતે ગાજતે સ્થંભે આવ્યા, મન માઠા મનસુબા; અરજુનજીના સામા આવી; મોખરે ગુરૂ ઉભા. ॥ ૧૦ ॥ અરજુનજી કહે ગુરૂ માહારાજા, બોલુ છું રાજવટે; અસત્ય યુધનો આરંભ કરવો, તે તમને નવ ઘટે, ॥ ૧૧ ॥ એટલે દ્રોણને ખોટું લાગ્યું, દુષ્ટે સલા દીધી ઉંધી; અણઘટતું કામ કર્યું એ, દુરીયોધનની બુદ્ધી ॥ ૧૨ ॥ ખોટી સલા મુને એણે આપી,નખોદ એનું જાજો; અંતરમાંથી એવુંજ કહયું, તોડાવ્યો માહારો માઝો. ॥ ૧૩ ॥ એમ જાણીને નીચું જોયું, અરજુનજી થયો ત્યાર; ગાંજેવનામા ધણુષ ચઢાવી. પેહેલો કર્યો ટંકાર ॥ ૧૪ ॥ તેનો શબ્દ ત્રીલોકમાં પોહોચ્યો, ડોલ્યાં દસે દીગપાળ; ધરણ લાગી દ્રૂજવાને,ખળભળ્યું પાતાળ. ॥ ૧૫ ॥ ધડલંકાંથી હનુમાન આવ્યા, પાંડવદળમાં પેઠા; પારથના રથની ધજાએ, પુંછ વીંટાળી બેઠા. ॥ ૧૬ ॥ એટલે અરજુન સાવધ થયો, મંત્ર ભણી બાણ લીધું;તેવાંને તેવા દસબાણે, ગુરૂનું પુજન કીધું. ॥ ૧૭ ॥ દ્રોણગુરૂ ઘણા આનંદ પામ્યા, દીધી ઘણેરી આશ; તુજ સાથે મને લડાવે તેનું, જાજો સત્યાનાશ ॥ ૧૮ ॥ એમ કહીને આયુધ લીધાં,કળકળી કોપે ચડીયા; સામાસામી

બેથી દોડયા; વચમાં ટુટી પડીયા. ॥ ૧૯ ॥ મારજ મારે દયા ન ધારે,
બહુ બાઝ્યા કોણ કોણ, કરણને અભેમાન બાઝ્યા, અરજુનજીને દ્રોણ
॥ ૨૦ ॥ ધ્રુપતને દુસ્યાસન બાઝ્યા, વૈરાટ સુસરમાય; શીખંડીને ભ-
ગદત બાઝ્યા, જેદ્રથને શલ્ય રાય. ॥ ૨૧ ॥ દુરીયોધનને ભીમ બાઝ્યા,
ગટોરગછને દમન, મેઘવરણને વરશકેતું, ધ્રુપત દંતુનો તન. ॥ ૨૨ ॥ શે
દેવને દુરદમન બાઝ્યા, દેવકને નીકુળઃએ રીતે અન્યોઅન્ય ગોઠવાણા
જે જેને અનુકુળ. ॥ ૨૩ ॥ તરવારીએ તરવારીયા બાઝ્યા, અશ્વના
શ્વારે શ્વાર; પગપાળે પગ પાળા બાઝ્યા, વરતાવે હાહાકાર ॥ ૨૪ ॥
ગાજે બાજે કોઈ ન લાજે, આયુધથી અંગ ભેદે, કૈના ચરણ ભુજ
કૈના, કૈના મુસ્તક છેદે. ॥ ૨૫ ॥ કૈક જણા અવની અટવાણા, કૈકની
છેદમ છેદા; રક્ત રૂધીરનિ છોળ્યો ઉડે, માંઉશના કેદમ કેદા ॥ ૨૬ ॥
રૂધીર માઉશનો કીચડ થયો, સહુનાં બગડે શરીર; એ રીતે યુદ્ધ વીક
રાળ જામ્યું, ધૈર્ય ધરે રણધીર. ॥ ૨૭ ॥ ઘણા પ્રાણીનો ઘાણ વાળીયો,
વરત્યો હાહાકાર; લડતાં કોઈ પાછા ન પડીઆ, દાહાડો રહ્યો ઘડી ચાર
॥ ૨૮ ॥ એવામાં બેઉ માયાવિ તે, ગાજીને ગગને ચડીયા, વા વંટોળ વી
જળી કરીને, કૈરવ દળમાં પડીયા. ॥ ૨૯ ॥ જેને ને તેને ઝુડવા માંડયા.
વાળતા કચ્ચર ઘાણ; એટલે કૈરવની સહુ સેન્યે બહુ કરી બુમરાણ.
॥ ૩૦ ॥ તે દેખીને દ્રોણ ગુરૂએ, મારવા કીધો વીચાર; તવ મેઘવરણે શકુ
નીના, ઝાલ્યા સપ્તકુંવાર. ॥ ૩૧ ॥ જોરથી ઝાલ્યા, બગલમાં ઘાલ્યા,
લેઈને ગગને ચડીયો; વા વંટાળ વીજળી કરી જે, પોતાના દળમાં પ-
ડીયો. ॥ ૩૨ ॥ ગટોરગછ જતો રહ્યો આડો, ના રહ્યા કોઈના ઝાલ્યા;
મેઘવરણે સાતે પુત્રો, વરકોદરને આલ્યા. ॥ ૩૩ ॥ લ્યોરે દાદા લ્યોરે
દાદા, આપ્યા એવી વદી વાણે; ભીમે બગલમાં ઘાલી દબાવ્યા, કાહાડી
નાંખ્યા પ્રાણ. ॥ ૩૪ ॥ તવ શકુનીએ પોક મુકી બેહેક બેશી ગયો,
અરેરે માહારૂ કરમ ફુટયું, હું તો વાંઝીયો થયો. ॥ ૩૫ ॥ એમજ ત્યાંથી
ત્રાસતો નાઠો, મનમાં ધરીને શોક; તેને નાસતો દેખીને નાઠું, શેન્યાનું
સહુ લોક. ॥ ૩૬ ॥ એટલે જોર કર્યું પાન્ડવે. ક્રોધ જગાવ્યા માઠા; તવ
દ્રોણાચાર કાહાર થઈને, સ્થંભની બારણે નાઠા. ॥ ૩૭ ॥ પાન્ડવ ગયા
કૈરવ સ્થંભે, સુરજ બેઠો મેર; કઉરવનાં વાજાં બંધ પડીયા, વાગી પા-
ન્ડવની ભેર. ॥ ૩૮ ॥ દ્રોણગુરૂ તવતંબુએ ગયા, પારથે વીચારી મતી;
અસત્ય યુદ્ધ ગુરૂએ કર્યું તે, શેવામાં જાવું નથી. ॥ ૩૯ ॥ એમ જાણી
ગયો પોતાને તંબુ, સાથે સહુજન બળીયા; ગુરૂજી પોતાને તંબુ ગયા,

ત્યાં, કઉરવ સરવે મળીયા. ॥ ૪૦ ॥ દુરીયોધન કહે ઓરે માહારાજા, આજે તો હાર્યા કેમ; એવું વચન સાંભળીને, ગુરૂજી બોલ્યા એમ. ॥ ૪૧ ॥ તું અધરમીની સંગ ચઢીને, વાપ્રીત કીધી બુધ; મેં માહારૂં પરોજણ ખોઇ, અસત્ય માંડયું યુદ્ધ. ॥ ૪૨ ॥ અધ્રમનાં ફળ નીકળે કડવાં, હાર્યાનું કારણ એહ; દુરીઓધન કહે હારીએ ભલે, કરવું તેહનું તેહ. ૪૩ ॥ એમ કહીને રહ્યા રૂજની, સાંભળજે રાજન; તેહ સમે વીચારે ચઢીયા, પોતે જુગજીવન. ॥ ૪૪ ॥ વળણ ॥ રાત્રીએ રણછોડજી, કરતા બહુ વીચાર; કહે વલ્લભ શ્રોતાસુણો, જપીએ જુગદાધાર.

કડવું ૨ જું રાગ સામેરીની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, દ્રોણ પરવ મહીમાય. ॥ ૧ ॥ અંતરયામીએ એમ વીચાર્યું, વીત્યા એકાદસ દન;સપ્ત દીવસનું યુધ રહ્યું છે, નહી મરે અભેમન ॥ ૨ ॥ અષ્ટાદશ વર્શ પુરણ થાશે, પછી ભાણેજ નહી મરશે;મારશે મુને સ્વર્ગ મત્યુને, પાતાળનું રાજ્ય કરશે. ॥ ૩ ॥ માટે એને મારવો જોઇએ, વીચારી જગતનું હીત; આવતી કાલે સવારમાંથી, ખેલકરૂ વીપ્રીત ॥ ૪ ॥ એમ વીચારતાં રાત્રી વીતી, થયો પ્રાતઃકાળ; પોતે બીજુ રૂપ વીપ્રનું ધરીયું, પરવરીયા પાતળ. ॥ ૫ ॥ બ્રાહ્મણની જ્યાં વસ્તી હતી ત્યાં, ગયા દીન દયાળ; તવ સહુ બ્રાહ્મણ કેહેલા લાગ્યા, કેમ આવ્યા પાતાળ ॥ ૬ ॥ આ પાતાળમાં તાડુકી નામે અસુર છે મુંઢ મતી; તે અમારા બ્રાહ્મણનાં ચીન્હ, રાખવા દેતો નથી. ॥ ૭॥ ઉપવીત જો અંગે ધરીએ તો, તે સ્થળ દે છે ડામ; દેવ દેવસ્થાન ભાગી નાંખ્યાં, ફેડયા ધર્મના ઠામ. ॥ ૮ ॥ ઉભુ તીલક આડુ તીલક, જો કરીએ લેલાટ, તો તેવે આકારે ડામ દે છે, નથી બ્રાહ્મણનો ઘાટ, ॥ ૯ ॥ તે માટે તમે પાછા પધારો, નહી રહે વીપ્રનું ચીન્હ;તવ પ્રભુ કહે માહારે તમારે, વાડવમાં નહી ભીન્હ. ॥ ૧૦ ॥ માટે તમને દઉછુ ઠપકો, શું બેઠા વીપ્રના બાળ; જગતમાંથી શું મરી ગયા છે, ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ. ॥ ઘણા છે બળીયા નવ જાય કળીયા, તેવાને સરણે જાવો; કુન્તી સુત અરજુન દયાળું, તેને તેડી લાવો. ॥ ૧૨ ॥ તે આવી રાક્ષસનો ક્ષય કરશે, જાશે જનમનું સાલ, ચાલો હું આવું તમારી સાથે, એમ વધા નંદલાલ. ૧૩ ॥ તવ પાતાળના વાપ્ર સરવે નીકળ્યા પ્રભુની સાથ, વીપ્રોનું વ્રંદ તેડીને ચાલ્યા,

પોતે દીનાનાથ.॥૧૪॥ એવામાં કુરૂક્ષેત્ર વીશે, ડુંન્ડભી બહુ ગડગડી-
યા; વાજતે ગાજતે કઉરવ પાન્ડવ,યુદ્ધ કરવાને ચડીયા. ॥૧૫॥ પોત-
પોતાને સ્થભે આવ્યા સંગ્રામ કરવો તાકે;બીજે સ્વરૂપે કૃષ્ણ પ્રભુજી,
પારથનો રથ હાકે. ॥ ૧૬ ॥ સામા સામી આવી ઉભા તેવે આવ્યા મુ-
કંદ; વાણી વડે આશીરવાદ દેતા, આવ્યું વિપ્રનું વ્રંદ. ॥૧૭॥ તવ સ
રવે બ્રાહ્મણને દીઠા, ચઢીયાં સ્વેત નીશાન; એટલે સરવે અથીઆર મુ
કયાં, દેખી બ્રહ્મ સંતાન.॥૧૮॥ એવે અરજુનજીની પાસે, આવ્યું વી-
પ્રનું વ્રંદ; ઓરે ગૌ બ્રાહ્મણના પાળક, કહી કીધું આક્રંદ. ॥ ૧૯ ॥ પા-
તાળમાં એક તાડુકી નામે, દહીત નડે છે અમને; પુરણ ભ્રષ્ઠ કર્યો તે
માટે, તેડવા આવ્યા તમને. ॥ ૨૦ ॥ પાતાળ આવી પાપીને મારો, વી
પ્રનું વચન થાપો; ક્ષત્રીનો કુળ ધર્મ છે માટે, એટલી કષ્ટી કાપો.॥૨૧॥
અરજુન કહે ઓ મહારાજ, કેહેનામાં આગળ થાવું; પણ દ્રોણની
આજ્ઞા અપાવો, તો તમ ક્રીંકર આવું. ॥ ૨૨ ॥ તવ વીપ્રોએ દ્રોણને
કહ્યું, ઘો નરને આજ્ઞાય;અમારૂ સંકટ ભાગવા આવે, પોતે પાતાળમાંય
॥ ૨૩ ॥ બ્રાહ્મણનું હીત બ્રાહ્મણધારે,અનાદીની રીતઃ વીપ્ર વીના હોય
અવર જાતી, ને વરતે વીપ્રીત. ॥ ૨૪ ॥ બ્રાહ્મણીને પેટ પ્રગટ થાયે,
બ્રાહ્મણ બીજથી જેહ; બ્રાહ્મણ દેખી આનંદ પામે, મહીમા વધારે તેહ.
॥૨૫॥ અવર વીર્યથી ઉત્પન્ન થાયે, બ્રાહ્મણીને પેટ કોય; પણ લક્ષણ
વીલક્ષણ તેનાં,બ્રહ્મદ્વેષશી હોય.॥૨૬॥બ્રાહ્મણની ભાંખે મુખ નીંદા,વળી
સોધ્યા કરે છીદ્ર; સુજે શેડાઇ બ્રાહ્મણ કેરી, ભોગવે બહુ દળીદ્ર. ॥૨૭॥
વિપ્રને દેખી દંતીયાં કરે, લાતો ફેંકે ફાવે તેમ; મુખ મરડી મહીમા ઘ-
ટાડે, ઘાલી વીપ્રોપર વ્હેમ. ॥ ૨૮ ॥ પોતાની વિદ્વતા બતાવે, પરાયાને
વખોડે; અવરજાતીનું દાસત્વ કરે, વીપ્ર ઉપર ચઢે મોહોડે. ॥ ૨૯ ॥
અવર જાતીનું એઠું ઉપાડે, વેશધારીને શેવે; ભોજન માટે ભટકતો
ફરે, ખુશી નીચાં દાન લેવે. ॥ ૩૦ ॥ આમંત્રણ વણ જમવું ધારે, શુ
દ્રોની કરે પળશી; સરવને વ્રક્ષ સરખું જાણે, કાં પીંપળો કાં તળશી,
॥ ૩૧ ॥ સૌ પશુ સરખી ગાયને જાણે, માને નહી વીવેક; સરવ
વરણ સરખી ધારે, જાતી કુજાતી એક. ॥ ૩૨ ॥ અવર વરણના ચરણ
ચાંપે, મીઠું વદે જેમ ગમે;જાતી જાણ્યા વણ વેશ ધારીને,આતુરતાથી
નમે. ॥ ૩૩ ॥ એવાં અતી અપલક્ષણ હોયે, તે નહી વીપ્રનું વીર્ય, તે
સહુ સમજોછો દ્રોણ ગુરૂ, મોકલી દો રણધીર્ય. ॥ ૩૪ ॥ આવી
અમારી કષ્ટી કાપે, વાડવનું દુખ જાય, એવું સાંભળી દ્રોણ બોલ્યા,

વિપ્રોને નમી પાય. ॥ ૩૫ ॥ ભલે માહારાજા તેડી જાવો, અરજુનને પાતાળ; પરોપકારે આડી જીભ ધાલે, તેતો કરમચંડાળ. ॥ ૩૬ ॥ તે પછી કહ્યું અરજુનજીને દીકરા તતપર થાવો; પ્રતીપાળ છો ગૌ બ્રાહ્મણના, વિપ્રોની સાથે જાવો. ॥ ૩૭ ॥ અરજુનજી કહે જાવું માહારાજા, પણ મુકી દો ધંધ; માહારા આવતા સુધી કરો, સ્થંભે આવવું બંધ. ॥ ૩૮ ॥ દ્રોણ કહે નહીં આવું સ્થંભે કરીશ નહી સંતાપ; રણસ્થંભ આવી યુદ્ધ કરૂં તો; બ્રહ્મહત્યાનું પાપ. ॥૩૯॥ એટલે અરજુનજી એમ બોલ્યો, ઓ વ્રકોદર વિર; પાતાળ વીશે જૈએ છૈએ, હું ને શામ શરીર. ॥ ૪૦ ॥ સેન્યને લેઈ તંબુએ જાવો,કરશોમાં વીપ્રીત મતી; ભીમ કહે શું તમારા વીના, વઢનારા અમે નથી. ॥ ૪૧ ॥ પારથ કહે નથી વઢવું, બે દન રાખજો ધીર; હું આવ્યા પછી યુદ્ધ આદરવું; માનજો માહારા વીર. ॥૪૨॥ એવું સાંભળી સુત વાયુનો, શેન્યાને લેઇ વળીયો; અરજુન વીપ્રનું વ્રંદ લેઇને, પાતાળ વીશે પળીયો. ॥ ૪૩ ॥ બ્રાહ્મણોએ કહ્યું પારથને, આ સ્થળ રહો આજ; કાલે સવારે દેખાડીશું, અસુર તમને માહારાજ. ॥ ૪૪ ॥ એમ કહિને વીશ્રામ આપ્યો. રહ્યા નર રણછોડ; પૃથ્વીમાં રહ્યા પાન્ડવ કૌરવ, મનમાં ધરીને કોડ. ॥ ૪૫ ॥ વળણ:॥ પોત પોતાને સ્થળ રહ્યા, સાંભળને તું રાય; વદે વલ્લભ શ્રોતા સુણો, ચક્રાવાનો મહીમાય.

અભેમાનનો ચક્રાવો.

કડવું ૪ રાગ સાખી.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ॥ ૧ ॥ અરજુનજી પાતાળે ગયો છે, તાડુક્ષી દહીતને હણવા; કૈરવ પાન્ડવ પ્રથવી વીક્ષે, રહ્યા ઉમંગે ઉખેણવા. ॥ ૨ ॥ તંબુમાં જઇ દુરીયોધને, તેડયા મારથી યોદ્ધ; ગુરૂ સહીત બેસાડીને, કરવા લાગ્યો બોધ ॥ ૩ ॥ ઓરે ગુરૂજી ઓરે ગુરૂજી, આપણ યુદ્ધ આદરવું; ફાવશે વઢતાં નર નહી માટે, કાલે આરંભ કરવું. ॥ ૪ ॥ લાગ ભલો છે શત્રુને હણવા, માટે ખેલ બતાવુ; દ્રોણ કહે તું મરે તોહે પણ, રણસ્થંભે નહી આવું. ॥ ૫ ॥ અરજુનને મેં વિશ્વાસ દીધો, ત્યારે ગયો પાતાળ; માટે રણથંભ યુદ્ધ ન કરૂં, ધત્રાષ્ટરના બાળ ॥ ૬ ॥ તવ દુરીયોધન રડી પડીયો, આરંભો યુધ્ધ માબાપ; તમોએ પ્રતીગના કરી છે,તે સહુ મુજને પાપ ॥૭॥ દ્રોણ કહે ફાવે તેમ કહે પણ, તે નહી કરૂ બુધ; તે કરતાં તારી મરજી હોયે તો, આરંભુ કોઠા યુદ્ધ. ॥ ૮ ॥ દુરીયોધન કહે તે યુદ્ધ કેવું,કહો માંડીને વાત;ગુરૂ કહે કે વઢવા માટે, રચવા કોઠા સાત. ॥ ૯ ॥ પેહેલો કોઠો પાશાણ કેરો, લોહ વજ્રનો બીજો; મંત્રવડે તેછે રચવાના, ત્રાંબાનો કોઠો ત્રીજો. ॥૧૦॥ ચોથો કોઠો રૂપાનો રચવો, પાંચમો કનકકેરો; છઠ્ઠો કરવો સપ્તધાતુનો, સાતમો ગોબર ઘેરો. ॥૧૧॥ પેહેલાને સો બીજાને બશે; ત્રીજાને ત્રણસે દ્વાર; ચોથે-ચારસે પાંચમે પાંચસે, છઠ્ઠે છ ઘણા સાર. ॥૧૨॥ સાતમો કોઠો છાંણ માટીનો,તેને સાતસે દ્વાર; દ્વારે દ્વારે દસ દસ યોદ્ધા,સાતમે સાત હજાર॥૧૩॥ તે પ્રમાણે શીખ્ર ધજા, ચઢતા ચઢતી હોય;મોખરે મારથી એક એક શોભે, ત્યાર થાવો તે કોય, ॥ ૧૪ ॥ છત્રપતી કહે આ મહારાજા, બેશ કર્યા મનસુબા;તમો જેને આગના કરો, તે રહે કોઠે ઉભા. ॥૧૫॥ દ્રોણે કહ્યું કે પેહેલે કોઠે, મોખરે રેવું માહારે; બીજો કોઠો લોહ વજરનો, રેહેવું ક્ષીરપાચારે. ॥૧૬॥ એટલે બોલ્યા અસ્વસ્થામા, સાંભળો માહારા તાત; ત્રીજે કોઠે હું રહેવાનો. કબુલ કરો વાત. ॥ ૧૭ ॥ દ્રોણ કહે તું રેહેજે બેટા, ચોથે રહો રાય કરણ; પાંચમે દુરીયોધનતું રેહેજે,આણજે શત્રુનુ મરણ. ॥ ૧૮ ॥ છઠે કોઠે શલ્યરાય રેહેજો; સાતમે જેદ્રથ રાય, તવ સરવે

મળી કબુલ કીધું,રેહવાનું કોઠા માંય. ॥ ૧૯ ॥ પછી શકુની મામો બો-
લ્યો,ગુરૂએ કીધો વીવેક;ઓ દુરીયોધન પાન્ડવ દળમાં,પત્ર લખી દ્યો
એક,દુરીયોધને પત્ર લખીયો;કુવચનેકુમતી;ઓરે પાન્ડવ યુદ્ધ વીનાતો,
અમથી રેહેવાતુ નથી.॥૨૦॥ પણ અરજુન સાથ કોલ કીધો, વઢવું ન
હી રણથંભ; તે માટે અમે ઉભુ કર્યું છે,કોઠા યુદ્ધ આરંભ. ॥ ૨૧ ॥ તે
કોઠામાં આવજો કાલે,સવારે પરવારી; એમ લખીને સાતે કોઠાની, સર્વે
બીના ગુજારી. ॥૨૨॥ પછી નીચે એમ લખીયું. છત્રપતી રાજન; આ-
વવું ન હોય તો એમ લખજો.નહી અમે ક્ષત્રી તન. ॥ ૨૩ ॥ એવું લ-
ખજો કાંતો આવજો, ખાશો નહી ભુલથાપ; બેમાંથી એક કરો નહીતો,
બ્રહ્મહત્યાનું પાપ. ॥૨૪॥ એવો પત્ર લખી મોકલીયો, શેવક કેરી સાથ;
પાન્ડવ સભા કરી બેઠેલા, ત્યાં દીધો ધર્મને હાથ. ॥ ૨૫ ॥ ધરમે આ-
પ્યો નીકુળજીને,વાંચો મહારા વિર; તે વેળા વન રમવા ગયેલો, અભે-
મન્યુ રણ ધીર. ॥૨૬॥ ગયેલો ગટોરગછ તેની સાથે, તે નવ જાણે વા-
ત;નીકુળજીએ વાંચવા માંડયો, સભાવીશે સાક્ષાત. ॥ ૨૮ ॥ કોઠાયુદ્ધની
બીના વાંચી, પડી પેટમાં ફાળ; વાજીંત્ર વાગતાં બંધ કરાવ્યાં, યુધી-
ષ્ટીર ભુપાળ. ॥૨૯॥ શોકમાં પડીયા સહુ સભાસદો, બોલીયા ધરમ-
રાય; ઓ ભીમ વીરા આ યુદ્ધ કેરી, કોણ જાણે બીનાય. ॥૩૦॥ ભીમ
કહે હું જાણતો નથી, દુષ્ટ તેવું યુદ્ધ માગે; શરીરનો કોઠો કે વાવ્યનો
કોઠો, કોઠો એનો લાગે. ॥ ૩૧ ॥ એટલે બોલ્યા દ્રુપત રાજા,સાંભળો ધ-
ર્મ સુમતી; કોઠાયુદ્ધ સાંભળ્યું છે કાને, પણ હું શીખ્યો નથી. ॥ ૩૨ ॥
ગમે તે કોઇ જાણતું હશે, વાત નથી જરા જુઠી;બાસડપાનનું બીડુંબના
વો,લે કોઇ સભામાં ઉઠી.॥૩૩॥તવ શેદેવ બાસડ પાંનનું,બીડુંબનાવ્યું
એક:ભરી સભામાં ફેરવ્યું કોઇ, રાખો અમારો ટેક. ॥૩૪॥ પણ કોઇએ
બીડું નવ લીધું, મુકી દીધુ સભા માંય; તંબુ વીસે સરવે તારૂણી, ર-
ડવા લાગી ત્યાંય. ॥ ૩૫ ॥ ધરમને ઝર ઝરીઆ ચાલ્યાં, ભીમના નેત્ર-
માં નીર; એવે વનમાંથી રમીને આવ્યો,અભેમન્યું રણધીર. ॥૩૬॥પો-
તાનાં વાજાં શાંભળ્યાં નહી,મનમાં થયો ઉદાસ;માયાવી વીર વિઘનછે
કાંઇ, જૈ કરીયે તપાસ. ॥ ૩૭ ॥ એમ જાણી સભાની પાશે,રથેથી ઉત-
રીયા; આકુળ વ્યાકુળ થઈ ગયલા, સ્વાસ ભર્યા પરવરીયા. ॥ ૩૮ ॥
સરવેને ઉદાશમાં દેખી, માયાવી બેશી ગયો; આઉકાર લેવા અભેમ-
ન્યું, સભામાં ઉભો રહ્યો. ॥ ૩૯ ॥ તો પણ આઉકાર એને ન દીધો.
॥લાવેલી લાગી તનમાં;એટલે ઘણું ઓછું આવ્યું. અભીમન્યુના મ-

નમાં. ॥ ૪૦ ॥ પીતા માહારો પાતાળ ગયો, તે કોણ દે આઉકાર; એવું વીચારતાં ધરમ સમજ્યા, રીસાઈ જાશે કુંવાર. ॥ ૪૧ ॥ ભીમને કહ્યું ધરમરાયે, વીરા ઉભા થાવો; રીસાળવો પેલો રીસાઈ જાશે, સમજાવી આંહી લાવો ॥ ૪૨ ॥ આંસુ લુચતો ભીમ ઉઠયો, બોલ્યો મુખ વચન; આ વેળા શું માન્ય માગો છો, પધારો માહારા તન. ॥ ૪૩ ॥ તાત તારો પાતાળ ગયો છે, જોડે નંદ કીશોર; સોમણ દીવેલે દીવા વીના, છે અંધારૂ ઘોર. ॥ ૪૪ ॥ દુરીયોધને પત્ર લખ્યો છે, ચલાવિ કબુધ; હરામખોરે ઉભુ કર્યું છે, વઢવાનું કોઠાયુદ્ધ. ॥ ૪૫ ॥ તે કોઠા કોઈ જાણતા નથી, તે સારૂં બીડુ કીધું; ભરી સભામાં પડી રહયું છે, કોઈ જને નવ લીધું. ॥ ૪૬ ॥ સાંભળીને અભેમાન ચાલ્યો, ખરવણ બાળ ન ચુકયું; સભાની વચમાં બીડું પડેલું, લેઇને મુખમાં મુકયું. ॥ ૪૭ ॥ છ ભાગનું બીડું પોતે ખાધું, સાતમા ભાગનું નેહ;સરવ સભાને દેખાડીને, ભોમી મુકયું તેહ. ॥ ૪૮ ॥ તે પછી પોતે એવું બોલ્યો, મુજ જનેતાયે જણીયો; તે સમે માતાના ઉદરમાં, છ કોઠા વીદ્યા ભણીયો. ॥૪૯॥ સાતમો કોઠો કૃષ્ણ મામાએ,ભણાવ્યો નથી મને; તે કોઠો ગમે તે રાખો માંથે; જે કોઈનાથી બને. ॥ ૫૦ ॥ એવું સાંભળી વૃકોદરે, મનમાં કર્યો વીચાર; છાણ માટીનો ભાગવો કોઠો, તેમાં શી લાગે વાર. ॥ ૫૧ ॥ એવું સમજીને ભીમ ઉઠયો, મનમાં ધરી બહુ રીસ; પાનનો કટકો મોઢમાં મુકયો,સાતમો કોઠો માહારે શીશ.॥૫૨॥ એટલે સરવ સભા હરખાઇ, વગડાવ્યાં નીશાન; બીડુ ચાવતો તંબુમાં ગયો, અરજુનનો સંતાન. ॥ ૫૨ ॥ શુભદ્રા તવ પુછવા લાગી, ઓ માહારા સંતાન; કોઠે જવા બીડુ કોણે લીધું, ગરગડીયાં નીશાન. ॥ ૫૪ ॥ અભેમન્યુ કહે માતા માહરી, સુરાતણ કામ કીધું; જો મુખ માહારૂં રક્ત થયું છે, યુદ્ધ બીડું મેં લીધું. ॥ ૫૫ ॥ વળણ ॥ બીડું લીધું મેં માવડી, યુધ્ધે જાવું કાલ; નદે વલ્લભ તે સાંભળી, માતા બની બેહાલ.

કડવું ૨ રાગ સવૈયાનો.

વઇશમપાયન એણીપેર બોલ્યા, સુણુજનમેજે રાય;વીસ્તારા તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ॥ ૧ ॥ અભીમન્યુએ માતાને કહ્યું, બીડું બતાવ્યું વદન;તવ તંબુપર કાગ બોલ્યા, માઠા થયા શુકન.॥૨॥ સુભદ્રાનું નેત્ર ફરકયું,પડી પેટમાં ફાળ;યુધ્ધે તુજને જાવા ન દેવું, એ-

રે માહારા બાળ. ॥ ૩ ॥ ખેલ લડાવ્યો, કોણે ચડાવ્યો, કરાવી મતી માઠી; શું માહારૂં ઘર ઘાલવા બેઠા, કેહેતી સભામાં નાઠી. ॥ ૪ ॥ રૂદીયા ફાટે તેમ રડે છે, જરાએ ન રહે છાની;સુભદ્રાની નહી જોયેલી; કોઇએ પગની પાહાની. ॥ ૫ ॥ તે નારીએ મરીયાદા મુકી, ચાલી ઉઘાડે શીશ; આંસુડાં છુટે છાતી ટુટે, નાંખે કારમી ચીસ. ॥ ૬ ॥ સભામા આવી ક્રોધ ભરેલી. સરવ થયા ઉદાસ; રક્તલોચનની રામા દેખી, ધરમ પામ્યા ત્રાસ. ॥ ૭ ॥ એવામાં સુભદ્રા બોલી,ઠીકજ ખેલ લડાવ્યો; દીયરને જેઠ ભેગા થઇને, કુંવર માહારો ચઢાવ્યો. ॥ ૮ ॥ એકનું એક છે છોકરૂં માહારે, પીતા એનો પાતાળ; તેથી તમે મરાવી નાંખો, ક્યાં પેટનું છે બાળ. ॥ ૯ ॥ ધીક્કાર ધરમ જેઠ તમને, શાના તમે સત્યવાદી; પારકાં છોકરાં લડાવી મારો, ભોગવો હોને ગાદી. ॥ ૧૦ ॥ શેદેવ દીયર ધીક્કાર તમને, ફરોછો ટીપણુ ખોસી; કોઠા વીદ્યા શું જાણતા નથી, નામ ધરયુ. શીદ જોશી. ॥૧૧॥ લંગોટી વાળી વન સધારો, શરીરે ભશ્મ ચોળો, વીદ્યા તમારી નાશી ગઇ તે, પોથાં પાણીમાં બોળો. ॥ ૧૨ ॥ નીકુળ દીયર ધીક્કાર તમને, છુટી પડી વરણાગી; છોકરૂં ચડાવી પોતે બેઠા, છેલાઇમાં લાહ્ય લાગી. ॥ ૧૩ ॥ આ ભીમસેન જેઠ હોરણી હોડો, આંખેમાં આંજો મેશ; ખાઇ ખાઇ ખાલી દીલ વધારયું, થયા ભાદરવાની ભેંશ. ॥ ૧૪ ॥ ભીમ કહે મુજને નવ કેહેતી, હું છું જવાનો સાથે; મેં માહારા ભાગનો લીધો છે,સાતમો કોઠો માંથે. ॥૧૫॥ એટલે અતી આકળી થઇને, સુભદ્રા વદી વાણ; માહારા છોકરાને સમજાવો નહીતો કાઢીશ પ્રાણ. ॥ ૧૬ ॥ સ્ત્રી હત્યા હું આપીશ તમને, નહી પાડવા દઉ સાંસો; એમ કહી મુસ્તકને કેશે,ઘાલ્યો ગળામાં ફાંસો. ॥૧૭॥ ધરમ રાજા થરથર ધ્રુજ્યા, સાંભળ બાઈ વચન; ધીરજ ધર તું નહી જાય યુધ્ધે, રોકું છું તારો તન. ॥ ૧૮ ॥ એમ કહી અનુચર દોડાવ્યો, તેડાવ્યો અભેમાન; સભામાં બોલાવી ધરમે કહ્યું, સાંભળ તું સંતાન. ॥૧૯॥ તારી મા બહુ કલેશ કરે છે, વીપીત થઇછે મતી; માટે કહુછુ યુધ્ધે જવાનું, દીકરા તારે નથી. ॥ ૨૦ ॥ અભીમન્યુ કહે વડીલ કાકા, બીડુ લીધું મે આપ; જો કાલ યુધ્ધે જાવું નહીતો, બ્રહ્મહત્યાનું પાપ. ॥ ૨૧ ॥ માહારી માતાનું પેટ લાજે, લાજે અરજુન તાત; નારીનો સ્વભાવ હોય એવો, છોને રડે મુજ માત. ॥ ૨૨ ॥ કોઇનું કહ્યું નહી માનવાનો, માટે ન કેહેશો અતી; ભરી સભામાં પાન ચાવ્યું છે, કોહલા ચાવ્યા નથી. ॥ ૨૩ ॥ એમ કહીને કુંવર નાઠો, પો-

તાને તંબુ જાય; શુભદ્રા કહે જેઠ હમારા, હવે વલે શી થાય. ॥ ૨૪ ॥ એટલે શેદેવ પ્રત્યે બોલ્યા, પોતે ધરમ રાય; ત્રીકાળ જ્ઞાની વીદ્વાન જો શી બતાવો કાંક ઉપાય. ॥ ૨૫ ॥ શેદેવ કહે સાંભળો વીરા, જો ભાગશું હોય દુઃખ; તો એની નારીને તેડાવો, દેખાડો ઓત્રાનું મુખ ॥ ૨૬ ॥ ઓત્રાનું એ મોઢું જોશે તો, નહી નીકળે ઘર બાહાર; માટે જેમ તેમ કરી તેડાવો, ઓત્રા એની નાર. ॥ ૨૭ ॥ ખાધેલું બીડું ગળી જવાનો, નહી લે યુદ્ધનું નામ; તે માટે બીજુ બધુ મુકીને, પેહેલું કરો એ કામ. ॥ ૨૮ ॥ ધરમ કહે શેદેવ વીરા, તમે બતાવ્યું એમ; પણ સત જોજન વૈરાટ નગરી, તેથી આવી શકે કેમ. ॥ ૨૯ ॥ જતાં આવતાં આડસેં ગાઉ, તેડાવવી કેમ ફાવે; એકજ રાતમાં જનારો જૈને, શી રીતે તેડી આવે ॥ ૩૦ ॥ શેદેવ કહે વડીલ વીરા, શા સારૂ ગભરાવો,સાંડ સપાટે જઇન આવે રાયકા લોક તેડાવો. ॥ ૩૧ ॥ એટલે આગના ધરમે કીધી, ઉઠો માહારા છડીદાર; તમે જાવો રાયકાને લાવો, જરા ન લાગે વાર. ॥ ૩૨ ॥ એટલે દશ વીસ દાસ ઉઠયા, રાયકા શોધવા સાર; સોધતાં સોધતાં હાથ આવ્યા, પંકાતા રાયકા ચાર. ॥ ૩૩ ॥ રાજો કાજો રૂપો રતનો, એવાં ચારના નામ; તેમને તેડી શેવક આવ્યા, જ્યાંછે સભાનો ઠામ. ॥ ૩૪ ॥ બારણે ઉભા રાખી સભામાં, ગયો છડીદાર એક; ધર્મને કહ્યું ચાર જણ આવ્યા, લાવ્યા કરી વીવેક ॥ ૩૫॥ એટલે બોલ્યા ધરમ રાજા, સાંભળો માહારા દાસ; વારા ફરતી એકેક જણને, મોકલો માહારી પાસ ॥ ૩૬ ॥ તવ છડીદાર બારણે ગયો, રાયકા ઉભા જ્યાય; તેમાંથી રાજા રઇકાને કહ્યું, જાતું સભાની માંય. ॥ ૩૭ ॥ વળણ ॥ જાતું સભામાં રાયકા તેડે છે રાજન; વ્યાસ વલ્લભ વાણી વદે, સુણજો શ્રોતા જન.

કડવું ૫ રાગ થેકાવળી.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણજનમેજે રાયરે;વીસ્તારી તુજને સંભળાવું, ચકાવાનો મહીમાય; ॥ ૧ ॥ રાજા રઈકાને આગના આપી, જા તું સભામાં સારરે; તવ હરખીને ગયો સભામાં, ક્ષણ ન લાગી વારરે. ॥ ૨ ॥ ધર્મના સનમુખ આવી ઉભો. પેહેલો કર્યો જુહારરે;મુજ હરખું કાંઇ કામ બતાવો, રાજાજી હું તૈયારરે ॥૩॥ ધરમ કહે રાજા રાયકા વઇરાટ નગ્રે જાવોરે; અભીમન્યુની નારીને તેડી, કહોભાઈ કયારે આવોરે ॥ ૪ ॥ એટલે રાજો રાયકો બોલ્યા, હું હત્યારે જાવું રે; ઓતરા રાણીને તેડીને હું, કાલે હાંઝે આવું રે.॥૫॥સુભદ્રા કહે એ નહી કામનો, કાઢી મુકે

બાહારરે; એટલે છડીદારોએ કાઢયો, ક્ષણુ ન લાગી વારરે ॥ ૬ ॥ એટલે આવ્યો કાળો રઇકો, એણે કર્યો પરણામરે; હું હે રાઝાજી, હું હે રાઝાજી હુરે પડયું હે કામરે ॥૭॥ ધરમ કહે કાળા રૈકા, વઇરાટ નગ્રે જાવોરે, ઓત્રા રાણીને તેડીને ભૈયું કહો કયારે તમો આવોરે. ॥૮॥ એટલે કાળો રાયકો બોલ્યો, હું હત્યારે ઝાવું રે, ઓત્રા વહુને તેડીને કાલ, ત્રીજે પોહોરે આવું રે. ॥ ૯ ॥ શુભદ્રા કહે એ નહી કામનો. કાહાડી મુકો બાહારરે; તવ છડીદારે ઝાલ્યું પાંગોહું, ધપ્પા માર્યા બે ચારરે. ॥ ૧૦ ॥ એટલે આવ્યો રૂપો રૈકો, એણે કરયો જુહારરે; મુજ હરણું કાંઈ કામ બતાવો, કરવા હું તૈયારરે ॥૧૧॥ ધરમ કહે રૂપા રૈકા, વેરાટ નગરી જાવોરે; આપણી ઓત્રા વહુને તેડી, કહો ભાઈ કયારે આવોરે. ॥ ૧૨ ॥ એટલે બોલ્યો રૂપોરૈકો, હાંઢય લેઇ હું ઝાવું રે; તમારી ઓત્રા વહુને તેડીને, કાલે મધ્યાને આવું રે. ॥ ૧૩ ॥ શુભદ્રા કહે મધ્યાન સુધી, કેમ રહે કુંવારરે; મારા રડયાને ધક્કે મારી, કાઢી મુકો બાહારરે.॥૧૪॥ તવ છડીદારે બારણે કાઢયો, જુઓ સભાનો સાથરે; એટલે આવ્યો રતનો રાઈકો, હુકો ગ્રહ્યોછે હાથરે. ॥૧૫॥ હાથમાં સોનાનાં સાંકળાં છે, મંડીલ બાંધ્યુ શીશરે; આંખ તાણાતી મુછ મરડતો; આવ્યો ધોળે દાશરે.॥૧૬॥ ધર્મ સનમુખ જૈને ઉભો, પેહેલો કર્યો પરણામરે; હું હે રાઝાજી હું હે રાઝાજી, હુરે પડયું હે કામરે ॥૧૭॥ ધરમ કહે રતના રૈકા, વૈરાટ નગ્રે જાવોરે; ઓત્રા વહુને તેડીને ભૈ, કોહો તમે કયારે આવોરે. ॥૧૮॥ રતનો રૈકો એમજ બોલ્યો, હું હત્યારે ઝાવું રે; ઓત્રા વહુને તેડીને કાલે, પોહોર દીવશમાં આવું રે.॥૧૯॥ પવન ગમની હાંઢયસે મારે, કંઠે ઘુઘર માળરે; હુલાળી આકાશ ચઢેને પાણી પીએ પાતાળરે. ॥૨૦॥ શુભદ્રા કહે પોહોર લગીતો, કરીશ કુંવરને વાર રે; જો વીરા વાયદો જુઠો ન પડે, લે મોતીનો હાર રે. ॥૨૧॥ કયાં છે તારી પવન ગમની, બોલ્યામાં પડશે ફેરરે; હવે દીવશ રહ્યો નથી, સુરજ બેસશે મેર રે. ॥૨૨॥ એટલે બોલ્યો રતનો રાઇકો, ઘેર જઇને લાવું રે; પત્ર લખીને ત્યાર કરોહું, એટલી વારમાં આવું રે. ॥ ૨૩ ॥ પોહોર દિવસનું સાટું કર્યું છે, તેડી લાવું તમ ઠામરે; સુર્યના ઉદય પેહેલો આવું, તો રતનો મુજ નામ રે.॥૨૪॥ એવું સાંભળી સુભદ્રાને, વળીઓ મન આરામ રે; સુર્યના ઉદય પેહેલો આવે તો; આપું દસવીશ ગામ રે. ॥૨૫॥ એટલે ચાલ્યો રતનો રૈકો, ગયો પોતાને ઘેરરે; સળેકડી સરખી સાંડ છોડી, લાવ્યો આનંદ ભેર રે. ॥ ૨૬ ॥ શરીરે લાંબીને ઉંચી, હાડકાંનો છે માળો રે; સુભદ્રા કહે આ સાંડ લેઈ, શું તું જાવા વાળો રે.

॥ ૨૭ ॥ રૈકો કહે તું ધીરજ ધરજે,ઓરે માહારિ બેહેન રે;એ સાંડ સ-રખી ન મળે બીજી;નહી જવા દેઉ એન રે.॥૨૮॥પરમ રાયે પત્ર લખા ચ્યો, બીના લખી તે માંઇરે;ઓ ઓત્રા વહુ કોગળો જળનો, આવીને કરજો હ ઇરે. ૨૯॥ એમ લખાવીને સહી કીધી, ધર્મ વૈરાટ રાયરે; રત્નાને કર પત્રજ આપી,કહ્યું કે થા વીદાય રે. ॥૩૦॥ એવે દીનમણી મેર બેઠો, સાંઢે થયો સવાર રે,આવીશ વેહેલો કહીને હંકારી;વાયુ વેગે તે વાર રે. ॥૩૧॥ સુર સપાટે જાય ઝપાટે,લાંબી છલંગો ભરતીરે; પવન ગમની પવન પેરે, ભોમીનું ગમન કરતી રે. ॥ ૩૨ ॥ વૈરાટ નગ્રમાં ઓત્રા કુંવરી, સુદ્રષ્ણા એની માત રે; મોહોલ વીશે શયન કર્યુ છે, પેહેલા ચોઘડીઆની રાત રે. ॥ ૩૩ ॥ તે સમે ઓત્રાને સ્વપન આવ્યું, ઝબકીને એ જાગીરે; સુદ્રસણાને બહાજી પડી, રડીને કેહેવા લાગીરે. ॥ ૩૪ ॥ વળણ. ॥ ઝબકી જાગી કુંવરી, કરતી આંસુ પોતરે; વદે વલ્લભ આતા સુણો, કહે સપનાની વાતરે.

કડવું ૬ રાગ હાલાજરી.

ઓ મા પેહેલા ચોઘડીયાની રાતરે,સપનું લાગ્યું ઓ માહારી માતરે; મને અઘોર સપન આવીયાં રે, ઓ હોહોહો રે.॥ટેક.॥ ઓ મા હું અને માહારો નાથરે,બેઉ વનમાં નીકળીયાં સાથરે ॥ એવું વન નોહોતું જોયું કદી રે, જાતાં જાતાં આવી એક નદી રે. ॥ અમે નદીના નીરમાં પેઠાંરે, નરનારી નૈકામાં બેઠાં રે. અડધી નદીયે ગયાં પાપ જાગ્યું રે, ઉંડા જ-ળમાં એ નૌકુ ભાગ્યું રે. ॥ તેથી તણાયો મુજ ભરતાર રે, હું તો તરીને નીકળી બહાર રે. ॥જળમાં બુડી મુઓ મુજ નાથ રે, માહારે હેવાતણુન રહ્યું હાથ રે. ॥ મુને એવાં સપન આવીયાં રે, ઓ હો હો હોરે. ॥ માયે કહ્યું દીકરી રહે છાની રે,તારી રક્ષા કરે મા ભવાનીરે. તારૂ સપનું સ-મુદર બેટ રે, પડજો ઘોજારી રાંડને પેટ રે ॥ તારૂ સમણુ સુકે લાકડેરે, ઓ હો હો હો રે. ॥ વળણ. ॥ એમ કહી સયન કરાવીયું, બીજું ચોઘ-ડીયું થાય; વદે વલ્લભ રડીને કહ્યું, સાંભળ તું મુજ માંય. ॥

કડવું ૭ રાગ ઉપરનો.

ઓ મા બીજા ચોઘડીયાનિ રાત રે, સમણુ લાગ્યું ઓ મહારી મા-તરે ॥ મને અઘોર સ્વપન આવીયાં રે, આ હો હો હોરે ॥ ટેક ॥ ઓ

મા હું. અને માહારો કંથ રે,અમો નીકળીયા વન પંથ રે. માહારા કંથે મને તરછોડી રે,તોહે પુઠે પડી કર જોડી રે. એવે સળગતો દવ આવ્યો રે, તેમાં સ્વામીએ દેહ જંપાવ્યો રે, તેમાં બળી ગયો મુજ નાથરે, જાણે ઉતર્યું હેવાતણ હાથ રે. ॥ મુને એવાં સ્વપન આવીયાં રે, હો હોહો હો રે. ॥ માયે કહ્યું દીકરી રહે છાની રે. તારી રક્ષા કરે મા ભવાનીરે, તારૂ સમણુ જેની રૂદે ઝેર રે, પડજો બ્રહ્મ નીંદાળાને ઘેરરે. ॥તારૂ સમણું વિશ્વાસ ઘાતીનેરે,ઓ હો હો હો રે. ॥ વળણ ॥ એમ સમજાવી દીકરી, કરાવીયું સયન; ત્રીજે ચોઘડીએ જાગીને, કરતી બહુ રૂદન.

કડવું ૮ રાગ ઉપરનો.

ઓ મા ત્રીજા ચોઘડીયાની રાત રે,સમણું લાગ્યું ઓ માહારી માત રે,મુને નઠારાં સપન આવીયાં રે,ઓ હો હો હો રે.॥ માતા મુજ નાથ બનીયો કેવો રે, જાણે ભુતના ભાઇના જેવો રે. થયો પાડા ઉપર સ્વાર રે, કોટે પેહેર્યા કરેણુના હાર રે, અંગે લોહ તણા સણગાર રે,માંથે શઘડીમાં ધીખે અંગાર રે, ગળે મનુશ મુસ્તકની માળા રે, મોઢે રૂધીરના ઓઘરાળા રે,એ તો દક્ષીણ દીશામાં જાય રે,ઠીબમાં ખીર રોટલી ખાય રે. આગળ ભુત ને ભૈરવ નાચેરે, વળી વંતરી ચુડેલ જાચે રે, માંથે સમળી સીચાણા ભમે રે, તે તો તારા જમાત્રને ગમે રે. ॥એવાં ભયંકર સ્વપ્ન આવીઆંરે, ઓહો હો હો હોરે; ॥ માયે કહ્યું દીકરી રહે છાની રે, તારી રક્ષા કરે મા ભવાની રે, તારૂં સમણુ સમુદર બેટ રે, પડજો ઘોજારી રાંડને પેટ રે, ॥ તારૂ સમણુ સુકે લાકડે રે ઓ હો હો હો રે. ॥વળણ.॥ એમ કહી સયન કરાવીયું,ચોથે ચોઘડીયું થાય; વદે વલ્લભ કહ્યું જાગીને, સાંભળ તું મુજ માય. ॥

કડવું ૯ રાગ ઉપરનો.

ઓ મા ચોથા ચોઘડીયાની રાત રે,સમણું લાગ્યું ઓ માહારી માતરે; મને સાચાં સપન આવીયાં રે,ઓ હો હો હો રે. ॥ માહારો સસરો ગયા પાતાળ રે;સાથે મામાજી શ્રીગોપાળરે,રડયા કૌરવ કેડે મચીયારે, દ્રોણ ગુરૂએ કોઠા રચીયારે. માહારા કાકાજીએ બીડુ ઝીધુંરે,તે તો તારા જમાત્રે લીધું રે, તેથી મુજ સાસુ

ડવા આવેરે, મને એવાં સ્વપન આવીયાં રે.ઓ હો હો હોરે ॥ વળણ ॥ માતા કહે સુણ દીકરી, જાણે છે સહુ લોક; સમાં જુઠાં જાણજે, જે દીઠું તે ફોક. ॥ દોહરો—સપ્ને દીઠું સંપ જે, મન ચીતવ્યું જો થાય; જળથી માંખણ નીકળે, તો કોણ લુખું ખાય. ॥

કડવું ૧૦ રાગ ઢળકતા દોહરાની છાલ.

સમણાં સાચાં નોહ્ય રે ઓ દીકરી, સમણાં સાચાં નાહોય. ॥ટેક॥ સમણામાં એક વાંજીઓ તે,પુત્ર પામ્યો રસાળરે. ઘોડીયું બાંધ્યું ઘોજારમાને, પારણું ઝુલે પરસાળરે. હાલો હાલો કહીને હીંચોળે, થયો પ્રાત સકાળ રે; જાગીને જોવા જાય તો, કોનું લાવે બાળ રે. ॥સમણું સાચાં નોહ્યરે ઓ દીકરી, સમણાં સાચાં નાહોયરે. ॥૧॥ સમણામાં એક બોબડો તે, બહુ ભણ્યો વીદ્યાય રે; જાગી ભણવા ગયો તો, મોહોઢે નવ બોલાય રે ॥ સમણાં સાચાં નોહ્ય રે ॥ ઓ દીકરી, સમણાં સાચાં ના હોયરે. ॥ ૨ ॥ સમણામાં એક કુંવારો તે, કન્યા પરણ્યો બહુ રે, જાગીને ઘરમાં જોવા જાય તો, દીઠી બાપની વહુરે. ॥ સમણાં સાચાં નો હોય રે ઓ દીકરી, સમણાં સચાં ના હોયરે. ॥ ૩ ॥ સમણામાં એક નીરધનીયો તે દ્રવ્ય પામ્યો અપારરે; દેશ પ્રદેશ હુંડીયો ચાલી, ઘેર ગુમાસ્તા એક હજાર રે; આબરૂ ઇજ્જત ઘણી વધીને, વધ્યો જગતમાં ટેક રે; જાગીને ઘરમાં જાય જોવા તો ન મળે કોડી એક રે. ॥ સમણા સચાં નોહોય રે ઓ દીકરી, સમણાં સાચા ના હોય રે. ॥ વળણ. ॥ સપનાં સાચાં હોય નહી, ઓરે માહારી તન; બેશ મુજ સાથે વાતમાં, કરતી નહીં સહયન. ॥

કડવું ૧૧ રાગ ચોપાઇનો.

બોલ્યા વૈસંપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; બેઠી ઓત્રાને એની માત- કરે બીજી ત્રીજી બહુ વાત. ॥ ૧ ॥ એવે રાત ગઇ દોઢ પોહોર, આવ્યો રાયનો નગરને દોર; ઠોકયો દરવાજામાં ભાલો, અલ્યા દરવાન ખબર આલો. ॥ ૩ ॥ આવ્યો કુરૂક્ષેત્રથી હું તો, દરવાજા ઉઘેડી દે તું તો; તવ દરવાન ઉભો થયો, કુંચી દરવાજાની લેવા ગયો. ॥ ૩ ॥ ગયો દોડતો રાજભોવન. ધાટો કાહાડીને કહ્યું વચન;આપો કુંચી કોઇ

જન આવ્યો, કુરૂક્ષેત્રથી પત્રજ લાવ્યો. ॥ ૪ ॥ ઓત્રા બેહેનને તડવા સારૂં, તેથી મન ગભરાયું માહારૂં;સાંભળ્યું સુદ્રષ્ણાએ એમ,દીકરીનું ખોટું કહ્યું કેમ. ॥ ૫ ॥ એનું બોલવું ભાસ્યું કાચું, પણ છેવટ પડીયું સાચું; એમ જાણીને મુરછા ચડી, એતો બે શુધ થઇને પડી. ॥ ૬ ॥ તવ ઓત્રાને ચીંતા વ્યાપી, દરવાજાની કુંચી આપીઃજઇ દરવાને ઉઘાડયાં દ્વાર, આવ્યો રાયકો તેણીવાર. ॥ ૭ ॥ પેલો વૈરાટનગ્રમાં પેઠો, રહયો છે સાંડ્ય ઉપર બેઠો; પત્ર આપ્યો ઓત્રાને હાથ, બાઇ ચાલો તમો મુજ સાથ. ॥ ૮ ॥ તવ ઓત્રારાણી ગઇ ઘરમાં, એને ફાળ પડી છે ઉદરમાં; જઇ ઉઠાડી પોતાની માત, પત્ર વંચાવીને કહી વાત ॥ ૯ ॥ તું તો સાંભળ માહારી માય, મુને કરી દે તું વીદાય; બોલી સુદ્રષ્ણા મુખ એમ,મધ્ય રાત્રીએ મોકલુ કેમ ॥ ૧૦ ॥ દીકરી રાતે આણાં આવ્યાં, એવા કરમ કઠોરાં કાહાવ્યાં, એ છે આચુંરટતું તે તપાસો, કરૂં રાતે શું સાસરવાસો. ॥ ૧૧ ॥ બોલી ઓત્રા રાણી મુખ વાણી, માતા કેમ ભુલે છે જાણી, જો જીવશે તુજ જમાત્રઃ તો તો હું છું પુજનીક પાત્ર. ॥ ૧૨ ॥ જેવું હેત છે તેવું ધરજે, ઘણા દાહાડા સાસરવાસો કરજે; કાંઇ કરીશ નહી કલ્પાન્ત, તારા મનમાં પુ રજ શાંન્ત. ॥ ૧૩ ॥ રાખી ડાહાપણ આપ્ય વીદાય, એટલું માગું છું માય; બોલી સુદ્રષ્ણા સુભમતી, રાતે મોકલવાની નથી. ॥ ૨૪ ॥ વલણ. ॥ રાતે ન મોકલું દીકરી, થાશે થયાકાળ; કુંવરીને વલ્લભ કહે, પડી પેટમાં ફાળ.

કડવું ૧૨ રાગ સવૈયા.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય. વિસ્તારી તુજને સંભળાવું ચક્રાવાની કથાય. ॥ ૧ ॥ ઓત્રા બોલી એમ જે જનેતા, કાંઇ કરી લે વીચાર; તારો મુમત ઝાલીને માહારો, [illegible] અવતાર.॥૨॥ સાસરે મોકલતાં શું માઠું, મુમત ઝાલોછો આડ. [illegible] હોય તો સાસરવાસો, કરજે ઘણા છે દાહાડા. ॥ ૩ ॥ પુત્રીને સાસરે મોકલતાં, જનેતા જણાવે લાડ;મોકલે નહીને સમીપ રાખે, તે બુદ્ધીનો બીગાડ. ॥૪॥ કેહેશે કે મારે પેટે સમાઇ, હાંલ્લે સમાશે તેહ; ધીક્કાર એવી કામનીને, દીકરીનું ઇછે ન એહ.॥૫॥દિકરી સાસરે સંચરે તવ,વળાવવાને જાય; મીઠું બોલી પુત્રી રડાવે, રડવા લાગે માય. ॥૬॥ રડતી જાય તે ખબર મુઆની, લઇને આવે ઘેર; સપુત હોય તો કલેશ ન કરે,સમજે સંસાર

રૂ.॥ ૭ ॥ એમ કહી માને સમજાવી, તવ બોલી મુખ રાણી; થાય તેવો કરૂ સાસરવાસો, પ્રથમ આણું જાણી, ॥ ૮ ॥ પોતાના છડીદારને કહ્યું, વેહેપારી તેડવા જાઓ; કાપડીયા સરઇઆ ચુડઘર, તેને બોલાવી લાવો. ॥૯॥ તવ છડીદાર તેડવા ગયા, વેહેપારીને બોલાવ્યા; કાપડ લેઈને કાપડીઆ, કપુરચંદજી આવ્યા ॥૧૦॥ સરઇયા સરૂપચંદ આવ્યા, ચુડગર ચતુરચંદ; રાણીના મેહેલમાં જઇ બેઠા, મનમાં અતી આનંદ ॥૧૧॥ સુદ્રષ્ણા કહે માલ કહાડી, કીમ્મત તેની આપો ;ઓત્રા બેહેનને સાસરે જાવું, શુકનનું સારૂ આપો ॥૧૨॥ તવ કાપડીયા કપુરચંદે, કાપડ કાડવા માંડયો; મોઢે વીખાણે માલ પોતાનો; કાળાં ગજકણુ કાહાડયાં. ॥ ૧૩ ॥ પ્રથમ શુકન માઠા બતાવ્યા, કીધો રાણી તીછકાર; તવ દાસોએ ધપ્પા મારી, કાહાડી મુકયો બાહાર.॥૧૪॥ સરૂપચંદ સરઈયાએ સારૂ, કંકુ કાઢવા માંડયું; ઉંધમાં ને ઉંધમા ડબો ઉગેડયો, તેમાંથી કાજળ કાહાડયું. ॥ ૧૫ ॥ શેવક તેને મારવા લાગ્યા. કાડતાં ન ધરી સર્મ; ઓત્રાએ વચમા પડી છોડાવ્યો, એસહુ માહારૂં કર્મ. ॥૧૬॥ મુજ ભવીશમાં થવાનું જેવું, તેવુ નીકળે બાહાર, તેમા એ શું કરે બીચારા; મીથ્યા મારો છો માર. ॥ ૧૭ ॥ તવ ચતુરચંદ ચુડગર બોલ્યા, કોણ હતું નાહાનું છયું; શુકનમાં સારોમાલ દેવો, શું ફુટી ગયુંહૈયું- ॥ ૧૮ ॥ એ બે વેહેપારી મુરખ જેવા, લ્યો હું શુકન થાપુ. બેહેનનું અખંડ હેતાવણ રે, રાતો ચુલ્લો આપું ॥ ૧૯ ॥ એમ કહીને કોથળામાંથી; કાહાડે ચુડા રૂપાળા; કાહાડતામાં પ્રથમ પેહેલાં, નીકળ્યાં બલ્લીયાં કાળાં. ॥૨૦॥ તવ તેને પણ પરસાદ મળીયો, નાશી ગયો બેહાલ; ઘેર જઇને ત્રણે વેહેપારી.સારો લી આવ્યા માલ. ॥૩૧॥ તે લાવી ઓત્રાને આપ્યો, ગાંસડી બાંધી તાંણી; ઓત્રાએ પોતાની માને કહ્યુ, આગનાદો હેત આણી.॥૨૨॥ સુદ્રષ્ણા કહે દીકરી માહારી , તુને જાવાનો પ્રેમ; પણ મધ્યરાતે આણુ આવ્યું, જાવોજીભે કહું કેમ. ॥ ૨૩ ॥ એમ કહી ઓત્રાને લીધી, ચાંપી રૂદીયા સાથ; ઓ લાડકડી કેમ જવાદો, કહી રડે રૂદીયા ફાટ. ॥૨૪॥ ઓત્રાએ કહ્ય ઓરે જનેતા, સીદ કરે મને વાર; માહારેને મારાકંથને વીયોગી, છ છ ગયા અવતાર. ॥ ૨૫ ॥ સાતમો જનમ આછે હમારો, ઓરે માહારી માત; રાણી કહે તને શાથી સુજયું, તે કહે મુને વાત. ॥ ૨૬ ॥ ઓત્રા કહે આજ સુજી આવ્યુંછે, ઈશ્વરની ઇચ્છાય; સુદ્રષ્ણા કહે સંભળાવ્ય મુને, પછી કરૂ વીદાય. ॥ ૨૭ ॥ ઓત્રા કહે મુનેવાર થાશે, તો જાતાં વહાણું વાહાશે; હઠીલો

છે જમાત્ર તારો, જુદ્ધ કરવાને જાશે. ॥ ૨૮ ॥ સુદ્રષ્ણા કહે યુધ્ધે જસે. ને કદાપી વીધન થાશે; તો તેનો ઉપાય બતાવું,આવેલું સંકટ જાશે. ॥૨૯॥ આપણે સાતમે માળ પેટીમા,અમરકુપો એક;તે લેઇ જા તું તારી સાથે, સાચવજે વીવેક ॥૩૦॥ તુજ પતી પડયો હોય ભોમી, તોપણ અમર પાજે; મર્ણ પામેલો સજીવન થાશે, ગોવીંદ ગુણ ગાજે. ॥૩૧॥ ઓત્રા રાણી સાતમે માળે, લેવાને ગઇ સાર; પેટીમાંથી કુપ્પો લીધો, જાણ્યું જુગદાધાર ॥ ૩૨ ॥ પાતાળમા પોઢયા છે પ્રભુજી, પેટમાં પડી ફાળ; પથારીમાંબેઠા થયા, પોતે શ્રી ગોપાળ. ॥ ૩૩ ॥ ભાણેજને મરાવવા માટે. પ્રેરક કેમ જાય ચુકી; ઓત્રા અમર લેઇ ઉતરે નીચી, તેને તરશા મુકી. ॥ ૩૪ ॥ તેવીજ ઓત્રા ઝટપટ નાઠી, દોડીને કામ કીધું- કુપો મુકયો પાણીઆરામા, પછી પાણા લેઈ પીધું, ॥ ૩૫ ॥ પાણી પીતામા મુકી ભુલવણી, ભુલીને ઉતરી હેઠી; પોતાની સુદ્રષ્ણા માતાને, અવતાર કહેવા બેઠી. ॥૩૬॥ એવે પાતાળમાંથી નીકળીયા. વિશ્વતણા જે ભુપ; અદર્શ થૈને મેહેલમાં આવ્યા, ધરી ઉંદરનું રૂપ ॥૩૭॥ ઉંદર રૂપે અલબેલાયે, કપટ કેવું કીધું; કુપ્પાને વાંકો વાળીને, અમ્ર જળ બધું પીધુ ॥૩૮॥ કુપ્પાને પછી ફોડી નાખ્યો. પોતે શ્રી ગોપાળ; કટકે કટકા ચાચમા ઘાલી, પરવરીયા પાતાળ. ॥ ૩૦ ॥ તે વારતા કોઇ જાણતું નથી, ન જાણે પુત્રી માત; પોતાના છ અવતારોની, કહેવા માંડી વાત. ॥ ૪૦ ॥ વળણ ॥ ઓત્રા કહે છે માતયે, પોતાના અવતાર; વદે વલ્લભ સોતાજનો સમચે જુગદાધાર.

કડવું ૧૩ રાગ બીહાવર.

ઓ મા પેહેલેને અવતાર અવતરી મા હું રાજાની કુંવરી નીધા નરે; ઓ મા અભેમન્યુ તો અવતર્યો માતા, બ્રાહ્મણનો સંતાનરે. ॥૧॥ નાહાની ઉમરમા એ ભણ્યો ગણ્યો મા, ઘેર ઘેર નવ જાયેરે; માહરા બાપની સભામા આવીને,કથા વારતા વાંચેરે. ॥૨॥ તેથી કરી મને મોહ લાગ્યો મા. કહાવ્યું મેં દાસીની સાથરે;કેહેવરાવ્યુ કેરાજાનીકુંવરી, ઝાલવા ઇછે તુજ હાથ રે. ॥૩॥ તવ તે બ્રાહ્મણે મુજને કહાવ્યું કે, ખોટાં ન કરીએ ચેન રે;ઓ બાઇ હું તારો ધર્મનો બંધુને, તું માહારી ધર્મની બેન રે. ॥ ૪ ॥ ઓ મા તેથી મુને હઠ ભરાણી, જાણ્યું કે ધાર્યું કરવું રે;એનું બોલ્યું એના મોહોમાં રહેને, માહારે એની સંગ વરવું રે.॥૫॥

એમજાણી મે માહારા પીતાને માંડીને, કહી વાત રે; કહ્યું કે બીજા મહારે બાપને બંધવા તે, પરણાવો પ્રીતમની સાથ રે. ॥ ૬ ॥ તવ મુજ તાને એને તેડાવ્યો ને, સમજાવ્યો અપરંમપાર રે; તો પણ બ્રાહ્મણ સમજ્યો નહી ત્યારે, પરણાવ્યો બળાતકાર રે. ॥૭॥ પછી રેહેવાને મેહેલજ આપ્યો, રહ્યાં અમે નરનારી રે; પણ મુજ સાથે બોલેચાલે નહી, વાત ન સાંભળે માહારી રે, ॥૮ ॥ માહારૂં આપ્યું જળ પીયે નહી ને, માહારૂં રાંધ્યું નવ ખાયરે; માહારાથી આઘો ને આઘો ફરે એ, મન માહારૂં મુઝાયરે. ॥ ૯ ॥ તેથી મેં વીપ્રનો કેડો લીધો ને, પડવા ન દીધો સાંશોરે, એટલે બ્રાહ્મણે અકળાઇ ઓરડામાં; ગળે ઘાલ્યો ફાંસો રે. ॥ ૧૦ ॥ ફાંસો ખાઇને દેહત્યાગ કીધો, કીધો મેં વિચાર રે; જાણ્યું કે માહારે જીવી શું કરવું, વ્યર્થ ગયો અવતાર રે. ॥ ૧૧ ॥ મેં મરતાં માગ્યું ઇશ્વર પાસે, વીપ્ર ચાહના માહારી કરજો રે; હવેને અવતારે એના પેહેલાં, હું આપઘાત કરી મરજોરે. ॥ ૧૨ ॥એમ કહીને મેં દેહ પાડયો, ત્યાગ થયો મુજ પ્રાણ રે; એ રિતે બે મરણ પામ્યાં, થઇ બે જીવની હાણરે. ॥ ૧૩ ॥ તું તો સાંભળ માહારી માયરે, માહારૂ પાપે હેવતણ જાય રે; એવાં પાપે હેવાતણ જાય રે, માહારો પહેલો અવતાર પુરો થાય રે. ॥૧૪॥ વલણ ॥ પહેલો અવતાર પુરણ હવો, સાંભળ માહારી માત; વદે વલ્લભ કહે છે ફરી, બીજા જનમની વાત.

કડવું ૧૪ રાગ ઉપરનો.

ઓ મા બીજેને અવતાર અવતરી મા હું, માળણની કુંવારરે; ઓ મા અભેમન્યુ પુત્ર થઇ અવતરીયો, પોતે રાજ દરબાર રે. ॥ ૧ ॥ તેની સભામાં પુષ્પ મુકવા જાતો તો, હરનીશ મારો તાતરે; તે મુજતાતને તાવ આવ્યો તે, મુજને મોકલી મહારી માત રે ॥૨॥ મેં જઇ સભામાં પુષ્પ મુકયાં,નહી સભાને દ્રોણરે;ત્યાં મુને જોઇને રાજ્ય કુંવરને, લાગ્યો મુજપર મોહરે. ॥ ૩ ॥શેવક સાથે કુંવરે કહાવ્યું, હું તુજપર છું મગ્નરે; તારા બાપની અપાવું આગના, કર મુજ સાથ લગ્નરે, ॥ ૪ ॥ ઓ મા મુજને અવળું સુજ્યું તે, કહાવ્યું શેવક સાથરે: કેવરાવ્યુ કે હું તુજ ભગની, અને તું મારો ભ્રાત રે, એક દહાડો બાગમાં પુષ્પ લેતીતી, ત્યાં આવી કુંવરે રોકી રે. ॥ ૬ ॥ તેથી મેં જાણ્યું મા-

હારી આબરૂ લેશે, થાશે ઇજ્જતની હાણ રે; એવું સમજીને પડી કુવા માં કહાડયો મેં માહારો પ્રાણરે. ॥૭॥ તે જોઈ કુંવર થરથર ધરૂજ્યો. જાણ્યું જીવીનેસું કરૂં રે; માહારે માટે મુઇ માળીની પુત્રી તે, હું પણ સાથે મરૂંરે. ॥૮॥ એમ જાણીને રાજ્ય કુંવર એ, પડીયો કુઆ માંયરે; એ રીતે બંનેનો દેહ છુટયો, જળમાં જંપાયાં ત્યાંયરે. ॥૯॥ તુતો સાંભળ માહરી માયરે. માહરા પાપે હેવાતણ જાયરે; મારા પાપે હેવાતણ જાયરે, માહારે બીજો અવતાર પુરો થાયરે. ॥ ૧૦ ॥ વળણ ॥ એમ અવતાર બીજો ગયો. સાંભળ માહારી માત; વદે વલ્લભ કહેછે ફરી, ત્રીજા જનમની વાત,

કડવું ૧૫ રાગ ઉપરનો

આ મા ત્રીજેને અવતાર અવતરિયાં અમે. મેના પોપટ અવતારરે; એક નદીની ધોધમાં રેહેતાં, પાસે ને પાસે સારરે. ॥ ૧ ॥ માહારાં માબાપને પારધીએ આવી, જાળ નાંખીને ઝાલ્યાં રે; એટલે અમે બેઉ ત્રાસજ પામી, ઉડીને ભેળાં ચાલ્યાં રે. ॥ ૨ ॥ વનમાં જતાં બેઉ વખુટાં પડીયાં તે, હું એક નગ્રમાં પેઠીરે; એક ગુણકાની બાહારીને હેઠે, બોલતી બોલતી બેઠીરે, ॥૩॥ ગુણકાને માહારૂં બોલ્યું બહું મીઠું લાગ્યું તે; વસ્ત્ર નાંખી મુને ઝાલીરે; પાળવા પોસવા પાસેજ રાખવા, પાંજરામાં મને ઘાલીરે, ॥૪॥ પોપટ માહારો વનમાં ભટકતો, ખાતો પક્ષીઓનો મારરે; ઘણે દહાડે આવ્યો માહારા નગરમાં, ટાઉકો સાંભળ્યો માહરો સાર રે. ॥ ૫ ॥ મુજને સોધતો સોધતો આવ્યો એ, ગુણકાના ઘરમા પેઠો રે; બોલતો બોલતો આવીને એતો, પાંજરા ઉપર બેઠો રે. ॥ ૬ ॥ તે દેખી ગુણકાને દાઝજ આવી, વસ્ત્ર નાંખીને ઝાલ્યો રે; પગ પાખો એની તોડી નાંખીને, અગ્નીના ચુલામાં ઘાલ્યો રે. ॥ ૭ ॥ તે દેખી મુજથી ખમાયું નહી તે, કરવી ધારી જીવ હાણ રે; પાંજરાના શરીયામાં ડોકું ઘાલીને મેં, માહારો કાઢયો પ્રાણ રે. ॥ ૮ ॥ તુંતો સાંભળ માહારી માય રે, માહારાં પાપે હેવાતણ જાય રે; મહારા પાપે હેવાતણ જાય રે. માહરો ત્રીજો અવતાર પુરો થાય રે. ॥ ૯ ॥ વળણ ॥ ત્રીજો અવતાર એવો ગયો. સાભળ માહારી માત;. વદે વલ્લભ કહે છે ફરી, ચોથા જનમની વાત.

ડવું ૧૬ રાગ ઉપરનો.

ઓ મા ચોથેને અવતાર અવતર્યો મા, હરણા હરણીનો અવતાર રે; હરણ મહ કુંડળ પડીયો, વીશયવ્રતી અપાર રે. ॥ ૧ ॥ પણ મેં હરણને માન્ય ન કીધો તે, લીધો મહારો કેડો રે; ચારો મુજને ચરવા દે નહી ને, પુરણ લાગ્યો હેડો રે, ॥ ૨ ॥ એકવીસ અપવાસ થયા મા મુને,તવ ગયો મારો પ્રાણ રે;એટલે હરણે પણ પાડી કાય;કરી જીવની હાણ રે. ॥ ૩ ॥ તું નો સાંભળ માહારી માય રે, મારાં પાપે હેવાતણ જાય રે;માહારાં પાપે હેવાતણ જાય રે,માહારો ચોથો અવતાર પુરો થાયરે.॥૪॥ વળણ;॥ ચોથો દેહ એવો ગયો; સાંભળ માહારી માત; વદે વલ્લભ કહે છે ફરી, પાંચમા જનમની વાત.

કડવું ૧૭ રાગ ઉપરનો.

ઓ મા પાંચમે અવતાર અવતર્યો મા, હોલાહોલીનો અવતાર રે; ઓ મા હું પડી હોલાની પુઠે, વીશયનો વીકાર રે. ॥૧॥ પણ હોલાની નહી મુજપર પ્રીતી, માટે એ નાસતો ફરે રે; તોપણ જ્યાંને ત્યાં હું રહી વળગી; ચારો કાંઈ નવ ચરે રે. ॥૨॥ ઘણે દીવશે એ અકળાયો સળગતા દવમાં પડીયો રે; એને આપઘાત કરતાં દેખીને, કાળ ઘણો મને ચડીયોરે. ॥ ૩ ॥ મેં જાણ્યું માહારે શું કરવું જીવિને, મુજ માટે થઈ એની હાણ રે; એવું સમજીને હું પણ પડીને,ત્યાગ કર્યો મેં પ્રાણ રે ॥ ૪ ॥ તું તો સાંભળ માહારી માય રે; મારૂં પાપે હેવાતણ જાય રે; માહારૂં પાપે હેવાતણ જાય રે, માહારો પાંચમો જનમ પુરો થાયરે.॥ વળણ ॥ પાંચમો દેહ એમ પરહર્યો, સાંભળ માહારી માત; વદે વલ્લભ વળી ઓચરી, છઠ્ઠા જનમની વાત.

કડવું રાગ ૧૮ ઉપરનો.

ઓ મા છઠેને અવતાર અવતરી મા હું, બોરસલીનો અવતાર રે; અભેમન્યુ તો અવતર્યો માતા, અસુરનો કુંવર રે. ॥ ૧ ॥ હેદાનવ મેદાનવ નામના,હતા અસુર બે ભ્રાતરે; તેનો સુત થઇ અવતરેલો, વૈર પ્રભુની સાથ રે. ॥ ૨ ॥ તેના બાપ કાકા કૃષ્ણે હણ્યાતા, તે હેર લેવા માટેરે;માહાદેવનુ તેણે તપજ કીધું ને, રીઝાવ્યાશંભુ સપાટે રે. ॥૩॥આ

વી શીવે કહ્યું શું માગે છોકરા, તવ તે લાગ્યો ચરણ રે,કરજોડીને મા- હાદેવ પાસે; માગ્યું પ્રભુનું મરણ રે. ॥૪॥ ત્યારે શીવે કહ્યું લાવ્ય એક પેટી, એવી વ્રત્તી ચડાવી રે; પેટી કરાવા વનમાં મુજને કાપીને, સુ- થાર પાસે ઘડાવી રે. ॥ ૫ ॥ તે પેટીમાં ઘાલ્યો હઇલોચનને, કૃષ્ણે ક- પટથી હણીયો રે; હું તારે ઘેર અવતરીને એને, શુભદ્રાએ જણીયોરે. ॥ ૬ ॥ એકે જનમ અમે હળીમળીને, બેઠાં નહી કોઇ વારરે; છછ જ નમ ગયા વીયોગનાને; આ સાતમો અવતાર રે. ॥ ૭॥ તું તો સાંભળ માહારી માય રે,માહારાં પાપે હેવાતણ જાય ર; માહારાં પાપે હેવાતણ જાય રે, મારો છઠો અવતાર પુરો થાય રે.॥ વળણ.॥ છ અવતાર પુરણ હવા, સાંભળ માહારી માય; વદે વલ્લભ ઓત્રા કહે, હવે કરી દે વીદાય. ॥

કડવું ૧૯ રાગ સાખાંનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ- ને સંભળાવું,ચકાવાનો મહીમાય ॥ ૧ ॥ ઓત્રા કહે મા આગના આપો હવ ન કરશો વાર; જાતાં જાતા વહાણું વાહાશે તો, યુધ્ધે જશે ભરથાર. ॥ ૨ ॥ તો પછી રોકયો નહી રેહેવાનો, હઠીલો નરનો બાળ; તો મારૂં જીવતર છુટી પડશે, એ મોહોટી પેટમાં ફાળ. ॥ ૩ ॥ તવ માતાએ કં સાર રાધ્યો, પુત્રાને બોલાવી પાસ; ખોળે બેસાડી શુદ્રષ્ણાએ, પાંચ ભરાવ્યા ગ્રાસ. ॥૪॥ પછી કહ્યું દીકરી સીધારો ભલુ કરશે ભગવાન; સાસરવાસાની ગાંસડી લેને, થઇ ગઇ સાવધાન. ॥ ૫ ॥ જૈ રઇકાની સાંઢપર બેઠી,પોહોરવાર સાંડ ત્યાં ઢુકી;જાણ્યું કે દોડ પોહોર રાત રહી છે સાંડને હાકી મુકી ॥ ૬ ॥ વાયુ વેધે સાંડ ચાલી, લાંબે પંથ પળાય; અડધો પોહોર રાત જતા જતામાં, બસે ગાઉ વહી જાય. ॥૭॥ એટલે ઓત્રાને સાંભર્યો, કુપો,કંપી ગયું શરીર;હાં હાં રે સાંડ રાખ્ય ઉભી,ઓ ર રતના વીર. ॥ ૮ ॥ જનમની દુખીઆરી હું છું; કરણી માઠી કાહા વી; અમર કુંપો પાણીઆરામા,ભુલીને હું આવી ॥ ૯ ॥ તે માટે સાંડ પાછી વાળો, લાવીએ કુંપો જઇ; એમ કહીને હાર મોતીનો પેહેરા- વ્યો ગળા મહી. ॥૧૦॥ રઇકો કહે ઓત્રા બેની, સાંડ છે વાયુ વેગી તારો સ્વામી સુતેલો હોયને, તુને કરૂં ત્યાં ભેગી. ॥ ૧૧ ॥ પછી તું કં થને રાખજે રોકી, લાગી પતીને ચરણ;તવ અટકશે યુધ્ધે જવાનું, તો

શાને પામશે મરણ. ॥ ઓત્રા કહે ઓ વીરા માહારા, હઠીલો હ-
ઠ કરે; રોકયો રહે . જાય જુધ્ધે,ધડ ચક્રાવામાં મરે. ॥૧૩॥ ત્યારે
હું ગરીબ બેહક બે નહી ઉપાય;માટે સાંડને પાછી વાળો, લા-
ગુ તુજને પાય. ॥૧૪ કહે ઓ ઓત્રા બેહેની, શીદ મરોછો મથી;
સાંડ છે તે પણ જ ૬, લોહું લાકડું નથી. ॥૧૫॥ ચારસેં ગાઉ
પેહેલી ચાલી, બસ ગાઉ હાંઇ આવી; પાછી બસે ગાઉ ત્યાં જાયે, કે
ટલી કષ્ટી કાહાવી. ॥૧૬॥ પાછી બસે ગાઉ હાંઈ આવે, તોહ્યે બસે
રહે બાકી; વળી બે જણનો બોજ ઉચકે; શી રીતે રહે આખી ॥૧૭॥
ઓત્રા કહે ઓ વીરા માહારા, એકલા તતપર થાવો; આ વ્રક્ષ ઉપર મુ
જને મુકો, તમે તમારે જાવો; ॥૧૮॥ પાણીઆરામાં કુપો મુકયો છે,
તે લાવવા કરો કામ; જો માહરો કંથ જીવશે તો, દેઇશ દસવીસ ગામ
॥ ૧૯ ॥ રૈકો કહે સાચુ છે બેહનિ, તુને ન વનમાં મુકાય; મોહોટાની
દીકરી મોહોટાની રાણી, મુકીને કેમ જવાય. ॥૨૦॥ વાઘ વરૂ જીવ
જંતુ આવે, વીધન કરે અતી; ઓત્રા કહે હું દુખીઅણને, કોઈ ખાવાનું
નથી. ॥૨૧॥ એ વાત સાચી માનજે વીરા મુજ માઉશ કોને ન ભાવે;
સુખીયાનું મોહોત ! સૌ રાગે, દુખીઆને મોહોત નાવે. ॥૨૨॥ માટે
વીરા ચીંતા ન કરશો મુને મુકીને જાવો:પાણીઆરામાં પાણી પીતા મુ
કયો છે, તે લેઇ વેહે આવો.॥૨૩॥ તવ રૈકાએ સાંડ બેસાડી, બેહે-
ની તુ ન જૈશ ચુકી; આવું તે રાખજે સુરતા, કહીને વ્રક્ષે મુકી.
॥૨૪॥ પછી સાંડપર ચઢી વળીયો, પળીયો પંથ પુર પાટે; પવન ગ-
મની પવન પેરે, ઉપ સુરસપાટે ॥૨૫॥ અડધા પોહોરમાં વૈરાટ ન
ગ્રે આવી કહ્યા સમાચાર; પાણીઆરામાંથી કુપો આપો, જરા ન કરશો
વાર. ॥ ૨૬ ॥ સુદ્રષ્ણ. અમ્મર કુપ્પો, સોધી જોયો ઠેર ઠેર; તોપણ
તેનો પતો ન લાગ્યો. રાયકાને પેર. ॥૨૭॥ ઓ ભાઇ કુપ્પો કોઇ
સ્થળ નથી, દીવસ કાહાવ્યો;માહારી પુત્રીને અરણ્ય મુકી, શું
સમજીને આવ્યો. ॥૨ વાઘ વરૂ એને નાંખશે મારી, જારે જા જોર
ઝપાટે; છળી મરશે દીકરી માહારી, જૈ પોહોંચ સુર સપાટે ॥૨૯॥તવ
રઇકાયે સાંડ દોડાવી પાછા પંથે પળીયો; અડધે પોહોર બસે ગાઉગ
યો, જૈ ઓત્રાને મળી. ॥૩૦॥ ઓત્રા રાણીએ ધાંટો કહાડયો, રઇ-
કાએ સાંડ રાખી, વ્ર ઉપરથી ઉતારીને, સાંડ ઉપર એને નાંખી ॥૩૧॥
ઓત્રાએ કહ્યુ કયાં છે કુપો, હર્શે આવે ઉર અતી; રઇકો કહે આખા
ઘરમાં અમ્મર કુંપો નથી.॥૩૨॥ ઓત્રાએ કહ્યું વૈરાટ નગ્રે, નથી ગ-

યો બીજી વાર રઇકાએ કહ્યું લેતું પાછો, તા મોતીનો હાર. ॥૩૩॥ તારી માતા એમ કહે કે, રઇકો આવ્યો હતો; તે દાડે હાર આપજેમુને, નથી રહેવાનો જતો.॥૩૩॥ઓત્રા કહે નથી લેવા ..., સાંડને સારી હંકારશે; વાર નથી વાહાણુ વાહ્યામાં, મન મુક્રી લલકારા. ॥ ૩૫ ॥ એવે સાંડ સપાટે ચલાવી, પ્રભુ પોઢયા પાતાળ;જાણ્યું કે સાંડ જાસેવેહેલી, પડી પેટમાં ફાળ. ॥ ૩૬ ॥ તે માટે એ સાંડને રોકું, ઉઠયો શ્રી નંદલાલો; મારગમાં આવીને પડીયા, થૈ લોહ વજનો ભાલો. ॥ ૩૭ ॥ તવ સાંડે તે ભાલો દીઠો,ઓળંગીને ચાલી; પાછો ભાલો જઈ આગળ પડીયો, સાંડને ભુલવણી ઘાલી. ॥૩૮॥ તેવો ભાલાપર ચરણ પડીયો, સુંસરો પગમાં વાગ્યો; તેવી બરાડીને ધરણ ઢળી,હેલકારો રઇકાને લાગ્યો ॥૩૯॥ તેથી રઇકાને ઓત્રા રાણી, ઉછળી આવા પડીયાં; ઓત્રાએ જાણ્યું સાંડ રઇકાને, ભવીશ માહારાં નડીયાં, ॥૪૦॥ ગભરાઇ રઇકો રડતો ચાલ્યો,સાંઢની પાસે જાય;લોહ ભાલો પગ પેઠો દીઠો, કરે છે ત્રાહ્ય ત્રાહ્ય. ॥ ૪૧ ॥ શાંઢને પગે બે પગ દૈને, ભાલો ખેંચી કાહાડયો; પછી અગ્રી સળગાવીને, પાથ પોતાનો ફાડયો.॥ ૪૨ ॥ શેક કરીને પાટો બાંધ્યો, રૂધીર બંધ ન થાય; એવી ગડમથળ ... છે, એવે વાહાણુ વાય ॥૪૩॥ બળાતકાળે ઉભી કીધી, સાંઢયને ધીરે ધીરે; પછી ઓત્રાને બેસાડી બેઠો. સોસના થઈ શરીરે.॥ ૪૪ ॥ ધીરે ધીરે પંથ ચલાવી, ઓત્રાએ કહ્યું એમ; ઓ ભાઇ મારૂં કરમ નડીયું, તેમાંતું કરે કેમ. ॥૪૫॥ રઇકો કહે ઓત્રા બેહેની, વીઘન થયું વનમા; બોલ્યા પ્રમાણે કામ ન થયું, હોંશે રહી ગઇ મનમાં. ॥૪૬॥ જાતવંતી સાંઢ ત્રૈણે ચરણે, મારગે ચાલતી જાય; તે વેળા કુરૂક્ષેત્રમાં, જાગી સુભદ્રાય ॥ ૪૭ ॥ સર્વે પ્રાણી જાગ્રત થયુ છે,કુંવર યુદ્ધમાં રાજી; વઢવા જાવા ઉમંગ એને, સુભદ્રા જઈ બાહાજી.॥૪૮॥ ઓ દીકરા યુદ્ધે નથી જાવું, લાગુ તુજને પાય; અભેમન્યુ કહે નીસ્ચે જવાનો, ઓરે માહારી માય. ॥૪૯॥ બીડુ ખાઇને બેશી રહુ તો, લાજે અર્દજુન તાત; જગતમા તમારૂં પેટ લાજે, ઓરે માહરી માત ॥૫૦॥ માટે મીથ્યા કલેશ ન કરશો, કરશો નહી વિલાપ; યુદ્ધે ગયા વણ જો રહું તો, બ્રહ્મહત્યાનું પાપ.॥૫૧॥ એવિ પ્રતીજ્ઞા કરી કે, થર થર ધ્રુજી કાય; અભેમન્યુનો છેડો ઝાલા, રડવા લાગી માય. ॥ ૫૨ ॥ વળણ. ॥ રડવા લાગી છે માવડી,પુરણ પડી છે ફાળ;વદે વલ્લભમાયેકહ્યું, યુધ્ધેન જાશો બાળ.

કડવું ૨૦ રાગ પરજનો

તું તો યુદ્ધે ન જઈશ માહારા બાળરે, ઓ હઠીલા રાજા; દીકરા ત્યાં તો થશે ના તાહરો કાળરે; ઓ હઠીલા રાજા. ॥ ટેક ॥ બેટા બીડું કાલે તેં લીધું જ્યારે ત્યારે, ફરકયુ મારૂં લોચન રે; ડેરા તંબુપર કાગજ કળકળ્યો, માહા માઠા થયા શુકન રે, ઓ હઠીલા ॥૧॥ ધોળે દાહાડે થયા શબ્દ શીઆળીઆના, ફરકયું માહારૂં બધું અંગરે; તે વેળાથી તું બેઠો દગો દેવા, હાંશો પડી ગઈ ભંગ ઓ. ॥ ૨ ॥ કેવી આશાથી ઉછેર્યો દીકરા, કેવી હોંશે પરણાવ્યો રે; તે સઘળી હોંશો હૈઆમાં રહી ગઈ, દારૂણ દુખ દન આવ્યો રે. ॥ ઓ. ॥૩॥ વૈરાટે દીકરી દીધી ઉમંગથી, લાંબી આશાથી તનરે; તે બદલે તેને નિરાશ કરે છે, તું, કાંઇ વીચાર્યું નહી મનરે. ઓ. ॥ ૪ ॥ પીતા તારો પરવરીયો પતાળે, સાથે મામો મોરારીરે; તુજ તાત કેહેશે કેમ યુદ્ધે મોકલીયો, તો પછી શીગત માહારીરે ઓ. ॥ ૫ ॥ દીકરા દુશમન દાવો વાળેછે, તું, દેછે મુજને છેહરે; માહારાથી જુધે જાતો દેખી ખમાશે નહી, પાડીશ મારો દેહરે. ઓ. ॥૬॥ ॥ વળણ. ॥ દેહ તજીશ હું માહરો, નીસ્ચે માનો તન, વદે વલ્લભ એવું કહી કીધું બહુ રૂદન. ।

કડવું ૨૧ રાગ કાફી.

હાંરે બોલ્યા વૈશમપાયે વચન; સાંભળ જનમેજે રાજન. ॥ ૧ ॥ હાંરે કરે શુભદ્રા રૂદન, યુદ્ધે નહી જાવાદેઉં તન. ॥ ૨ ॥ હાંરે માહારૂં નીકળ્યું કરમ કઠોરૂં; નહીતો નાહોય હઠીલું છોરૂં. ॥ ૩ ॥ હાંરે એવું કેહેતી ઉઠી કહાડી હડી, ડેરા તંબુ ઉપર એ ચડી.॥૪॥ હાંરે કરે અતી ઘણો ઉચાટ, જુએ ઓત્રા વહુની વાટ. ॥ ૫ ॥ હાંરે હજી કરમ ફુટેલી ન આવી, રઇકા સાથે ખબર ન કહાવી; હાંરે રડયા રઇકાયે વીશ્વાસ દીધો, મોરો જીવ નારાશી કીધો. ॥ ૬ ॥ હાંરે બરબડી આંસુડાં ભરતી, પાછી જઇ સુતને કરગરતી. ॥ ૭ ॥ હાંરે બેટા નહી દેઉં યુદ્ધે જાવા, છેક હઠીલા શું થાવો હાવા. ॥ ૮ ॥ હાંરે માહારા કુંવર કોમળ અંગી, તુજ વીના ન કો મારૂં શંગી. ॥ ૯ ॥ હાંરે દીકરા પુત્રવડે મારૂં માન્ય, નહીતો કોઇ ન દે ધન્ય. ધાન્ય ॥ ૧૦ ॥ હાંરે દીકરા પુત્ર વીનાની જે માય. તેનું સગું કોઈ નવ થાય.॥૧૧॥ હારે તેને વહુ કયાંથી લાગે પાય, તેની સ્મશાને સુની ચીતાય. ॥ ૧૨ ॥ હાંરે તેની લક્ષ્મી પરઘેરરે જાય,

તેતો વીશ્વમાં વંઝા કહેવાય. ॥ ૧૩ ॥ તેનાથી લ્હાવો નવ લેવાય, તેને શોકય તણું સાલ થાય. ॥ ૧૪ ॥ હાંરે દીકરા તે જગમાં જાણીતી, એને કંથ ન કરે માતી, ॥ ૧૫ ॥ હાંરે દિકરા પુત્ર વીનાની જે નાર, તેનો છુટી પડયો અવતાર. ॥ ૧૬ ॥ હાંરે પુત્ર વીનાની નારી બાહાર માહાલે, પણ ઘરમાં ચલણ નવ ચાલે. ॥ ૧૭ ॥ હાંરે પુત્ર વીના ન શોભે રૂપાળી, સદા રેહેવું પડે ઓશીઆળી. ॥ ૧૮ ॥ હાંરે દીકરા એવા એવા સંતાપ; મને ધીક્કારશે તુજ બાપ. ॥ ૧૯ ॥ હારે આવશે પાતાળમાથી જ્યારે, પોતાનો પુત્ર માગશે ત્યારે; હારે હુંતો તે વેળા કેમ કરીસ, શીયો દીકરો આગળ ધરીશ. ॥૨૧॥ હારે તારા મરણની જાણશે વાત, તે વેળા કરશે ઉતપાત ॥ ૨૨ ॥ હારેકહેશે પાપની લાંચ માહારો તન, નહી તો કાયા કરૂંછું પતન. ॥ ૨૩ ॥ હારે દીકરા તે વારે શી ગત માહારી, મરવું પડે લેઇ કટારી. ॥ ૧૪ ॥ હારે દીકરા દયા માતાની લાવો, મને દુખ દરીયાથી બચાવો. ॥ ૨૫ ॥ હારે દિકરા ગાય થયા માહારા ઢીલા, એ તો રણ લડવાના દોહીલા. ॥ ૨૬ ॥ વળણ ॥ રણ લડવા બહુ દોહ્યલા, ઓરે માહારા બાળ; વદે વલ્લભ અંતર બળે, દાવાનળ વીકરાળ.

કડવું ૨૨ રાગ હાલાવરી ટેકીલો.

ઓ બાળુડા રણ દોહીલા રે, ઓ હો હો હો રે, ॥ટેક॥ દીકરા પેહેલે કોઠે ગુરૂ દ્રોણ રે, તેને જીતી શકે એવું કોણરે, તારા કાઢસે પલકમા પ્રાણરે. ॥ ઓ બાળુડા. ॥ ૧ ॥ દિકરા બીજે કોઠે કૃપાચારરે, તેનો કેમ જેરવશો મારરે; માહારા કોમળ અંગી કુંવારરે. ॥ ઓ ॥ ૨ ॥ દીકરા ત્રીજે કોઠે અશ્વસ્થામા રે, તમે કેમરે થાશો તેના સામારે, તને મોહોત ભમાવે છે ભામારે. ઓ ॥૩॥ દિકરા ચોથે કોઠો કપરો કરણરે. એનાથી કરૂજે આખી ધરણ રે, એ તો આણસે તારૂં મરણરે. ॥ ઓ ॥ ॥ ૪ ॥ દિકરા પાચમે દુરીયોધન પાપીરે, એને રીસ રહી છે વ્યાપીરે, તારૂં મુસ્ત નાખશે કાપીરે ॥ ઓ. ॥ ૫ ॥ દિકરા છટ્ઠે કોઠે રાજા શલ્લરે, રડયો જનમનો એ મલ્લરે, તને ટકવા નહી દે પલ્લરે. ॥ઓ. ॥૬॥ દિકરા સાતમે કોઠે જેદ્રથરે, એતો લડાઇઓ સમ્રથરે, તમે કેમ થાશો લથપથરે. ॥ ઓ. ॥ ૭ ॥ દિકરા સહુ મળી તુજને મારારે, તેથી સુમત તું શીદ ધાલરે, જોયો જનમીને વૈભોગ કયારેરે.॥ઓ. ॥૮ વળણ. ॥

જગ વૈભવ ભોગવ્યો નથી,તુજને ભમાવે કાળ; વદે વલ્લભ માયે કહ્યું, હજી તું નાહાનો બાળ.

કડવું ૨૩ રાગ ઉપરનો.

એ મા બાળો કેહેતાં લાજીએ રે, એ હો હો હો રે. ॥ ટેક ॥ અભીમન્યુ કહે સુણ માતરે, તને સમજાવું સઘળી વાત રે; બાળક કરાવે સૌને ઉતપાત રે. એ ॥ ૧ ॥ એ મા બાળો તો વીછુ દેખાયરે, ડંશ કરે તો વેદના થાયરે, એની પીડા કોથી ન ખમાય રે. ॥ એ ॥ ૨ ॥ એ મા જીવ લે બાળો ભંફાડેરે, એ મા બાળો કાળો મંકોડે રે; બાજ્યો ટુટે પણ એજ અંકોડારે. ॥ એ ॥ ૩ ॥ એ મા બાળો દીપક દેખાયરે, કોપે તો મોહોટો વહની થાયર, બાળી મુકે તે ખાખ થઇ જાયરે. ॥ એ ॥ એવા ડાખલા જો મુજ માય રે, હું કરૂં તે કોથી નવ થાય રે, કાંતો રહે શીશ કે કાંતો જાય રે. ॥ એ ॥ ૪ ॥ વળણ. ॥ એકવાર મરવું સર્વને, મીથ્યા કરે વીલાપ; વદે વલ્લભ કુંવરે કહ્યું, નહી લજવું, મા બાપ૦

કડવું ૨૪ રાગ કાફી.

હાંરે બોલ્યા વઇશમપાયે વચન,સાંભળ પરીક્ષત રાયના તન. ॥૧॥ હાંરે માઠાં વચન કુંવરનાં જાણી, પડી પ્રથ્વીમાં પછડાઈ રાણી. ॥ ૨ ॥ હાંરે માહરૂં સરવ થયું ધુળ ધાણી, દૈવડા જીવ લે માહારા તાણી. ॥ ૩ ॥ હાંરે મારૂં રત્ન રમકડું જાશે, ખરખરો હીરો ગળાશે ॥૪॥ હાંરે કાળુ મોઢું લેઇને શું જીવું, હાય વિશ ઘોળી ઘોળી પીવું. ॥૫॥ હાંરે દીકરા જા તુજ હાથેથી મારી, નહી તો દો મુજ કરમાં કટારી. ॥૬॥ હાંરે રાખ્યો અઢાર મહીના પેટ, તેતો છુટી પડી માહારી વેઠ. ॥૭॥ હારે દીકરા ખાધુ નહી ખાટુ ખારૂ,રાખ્યું ગળપણથી મુખ બંધ માહારૂ ॥ ૮ ॥ હાંરે દીકરા જન્મ્યો પછી થઈ રાજી; કરતી ચુંબન બાહાજી બાહાજી. ॥ ૯ ॥ હાંરે દીકરા ભીનેથી કોરે કીધો, સાચો શેવવા સોડમાં લીધો. ॥ ૧૦ ॥ હારે બહુ કષ્ટીથી ઉછેર્યો તુને, ઘણી ઘણી આશા થઇ મુને. ॥ ૧૧ ॥ હાંરે મેહેતા જાણ્યું બેટા મોહોટા થાશે, મારા ભવની ભાવટ બધી જાશે. ॥૧૨॥ હારે લાંબી આશાએ મેં પરણાવ્યો, તેમાથી દુખ

દાહાડો આવ્યો. ॥ ૧૩ ॥ હારે વહુજી આવીને પાવલે ન લાગી, માહારી ચણેલી દેરડી ભાગી. ॥ ૧૪ ॥ હારે એવું કહી કહીને શીશ કુટે, એને આસુ ચોધારે છુટે. ॥ ૧૫ ॥ હારે માહારા ખોળે બેશી રમનારા, હાય નૈ જાવા દો પુત્ર પ્યારા. ॥ ૧૬ ॥ હારે એવું કલ્પાન્ત જોઇ સોક ચડીયો, કુવર માતાને બાહાજી પડીયો. ॥ ૧૭ ॥ હારે માહારી માડી હૈયું બળે તાહરૂં; પણ આવી બન્યું છે માહારૂં. ॥ ૧૮ ॥ હારે મુને સુજી છે જ્ઞાન ગતી, જીવતો ઘેર આવવાનો નથી. ॥ ૧૯ ॥ હારે માહારે તારે એટલો સંસ્કાર, માજી છેલ્લા વેલા છે જુહાર. ॥ ૨૦ ॥ હારે મને ઉછેરી કર્યો મોહોટો, તારા ખરો ને થાઉ છું ખોટો. ॥ ૨૧ ॥ હારે તારો હરખ હઇયાનો ટાળ્યો, ઉછેર્યો તે બદલો નથી વાળ્યો. ॥ ૨૨ ॥ હારે માહારી માતા તુ ન હતી, વારે વારે શું સામું જોતી. ॥ ૨૩ ॥ હારે માહારી માડી મુકીદો શોક, રાખો દીકરાની આશા ફોક. ॥૨૪॥ હારે હોઉ વાહાલો તો કામ આદરજે, માહારી પુઠે રૂડા પુન્ય કરજે. ॥ ૨૫ ॥ હારે માહારા વસ્ત્રને શણગાર જે જે, તે તે વીપ્રોને પેહેરાવી દેજે. ॥૨૬॥ હારે તુજથી થાય તે અન્ન ભોજન કરજે, હવે આશા માહારી પરહરજે. ॥૨૭॥ હારે એવું કહીને બન્યો બેભાન, રહી નહી કાંઇપણ સુધ સાન. ॥૨૮॥ હારે ટોકું નાખ્યું માતાને અંગે; તવ ઢળી પડ્યા બેઉ સંગે. ॥૨૯॥ હારે તે તો કુન્તાજીએ જાણી વાત, ત્રાહ્ય ત્રાહ્ય કરતા ગયા માત. ॥૩૦॥ હારે કેન કુંવરે નાખી કાયા, હાય આશું કર્યું લાડવાયા. ॥ ૩૧ ॥ હારે ધાઇ દ્રુપદી વચમા પડી, છોડાવ્યા બળાતકારે તે વડી. ॥ ૩૨ ॥ વળણ. ॥ મા દીકરાને છોડવ્યા, બોલ્યાં કુન્તા માય; વદે વલ્લભ સતીએ કહ્યું, કેમ કરુ ઉપાય.

કડવું ૨૫ રાગ સાખી.

વઇશમપાયન એવું બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ॥ ૧ ॥ કુન્તા દ્રૂપદીયે મળીને, છોડાવ્યા પુત્ર ને માય સુભદ્રાને શીખામણ દીધી તું શીદને ગભરાય. ॥ ૨ ॥ છોકરો તારો છે હઠીલો, કહ્યું કોનું નવ માને; તેથી યુધ્ધે જવા દે એને, અધિર રાખે શાને. ॥ ૩ ॥ સુતરના સાત તાર લાવ, ભેગા કરી દે મને; પછી અભેમન્યુને બોલાવી, બેસાડ માહારી કને. ॥ ૪ ॥ રક્ષા દોરો કરી બાધુ, છો યુધ્ધે જાય બાળ; જોવું જો બ્રહ્મા વાણુ કે શં-

ભુ, કોણ કરે વાંકો વાળ. ॥ ૫ ॥ સાજો સમો સાત કોઠા જીતે, લેજે ખરી વાત માની; દોરો રાખે ને વીઘન થાયે, તોતો સતી હું સાની. ॥૬॥ એટલે બોલ્યા ધરમ રાજા, મારી માતાની વાણી; કોઈ કાળે અ ફળ નહી થાયે, રામબાણ લેજે જાણી. ॥ ૭ ॥ જરા ન ડરતી ચીંતા ન કરતી, ડોશીનું નહી કેહેણ કાચું; વચન ઉપર રાખજે શ્રદ્ધા, માની લેજે સહુ સાચું. ॥ ૮ ॥ ધર્મના કેહેવાથી શ્રદ્ધા ચોટી, કહ્યું કે લઈ આવું તાર; એમ કહી ગભરાતી ઉઠી, આવી ન ઓત્રા નાર. ॥ ૯ ॥ એમ જાણી ઓત્રાને જોવા, ચઢી તંબુપર પોતે; લાંબી દ્રષ્ટી કરીને જોયું, ન દીઠી જોતે જોતે. ॥ ૧૦ ॥ નીરાશ થઇને ઉતરી હેઠી, પુત્રના તંબુમા જાય; ઓ દીકરા યુધ્ધે ન જાશો, કહીને થઇ વીદાય. ॥૧૧॥ ગાડા જેવી બની ગઇ છે, બાવરી બાવરી ફરતી; સુતરના સાત તાર લાવી, આંખે આંસુ ભરતી. ॥૧૨॥ તાર લાવી કુન્તાને આપ્યા, કુંવરને બોલાવ્યો; વૃદ્ધ માતાનું વચન સુણી, અભિમન્યુ ત્યાં આવ્યો, ॥ ૧૩ ॥ કુન્તાએ સન્મુખ બસાડયો, રક્ષા કરૂ સુત તારો, રાખજે આ દોરો તુજ હાથે, બોલ્યા આશીશ માહારી. ॥ ૧૪ ॥ અભિમન્યું કહે વારૂ માતા, જેમ ગમે તેમ કરો; જે જે કહો તે કબુલ કરૂં, પણ યુધ્ધે જાઉં ખરો. ॥ ૧૫ ॥ એવામાં કુન્તા સતીએ, ભેગા કર્યા સાત તાર; વણીને દોરડો બનાવ્યો, કીધો મુખ ઉચ્ચાર. ॥ ૧૬ ॥ ગાંઠો વાળવી શુભ વચને, એવિ મરજી કીધી; સતીએ સત્ય ઉપજાવીને, ગાંઠ્યો વાળવા લીધી. ॥ ૧૭ ॥ તેમાં શું શું વચન બોલ્યાં, સત્યવંતી કુન્તાય; રક્ષા સાંભળી દાન દે તેની, પ્રભુ કરે રક્ષાય. ॥ વળણ ॥ ગાંઠયો વાળે સુભ સતી, શાશા બોલી બોલ; કહે વલ્લભ શ્રોતા સુણો, સુખ થાશે અતોલ.

કડવું ૨૬ રાગ દુહા સાખીયો.

ગાંઠ વાળતાં સતી બોલીયાં, એક બેને ત્રણ ચાર; પાંચ ને છ રક્ષા કરો, દીનમાં દસ દસ વાર. ॥ ૧ ॥ ગાંઠ બીજી. ॥ સાત આઠને નવ દસ. વળી અગીઆરને બાર, એટલા તુજ રક્ષા કરો દીનમાં દસ દસ વાર. ॥ ૨ ॥ ગાંઠ ત્રીજી ॥ તેત્રી છત્રી અડતાળીસા, ઓગણપચ બાવન સાર; ચોસઠ બોહોતર અઠાશીઆ, કરો રક્ષા દન વાર. ॥૩॥ ગાંઠ ચોથી સુતા બેઠા ઉભલા, વળી ભીત્તર વળી બાહાર; તે બહુ તુજ રક્ષા કરો દનમાં દસ દસવાર. ॥૪॥ ગાંઠ પાંચમી. ॥ બે જળચરા બે વનચરા,

બન્યો રાજ કુંવર; તેપણ તુજ રક્ષા કરો, દ... દસ દસ વાર. ॥૫॥ ગાઠ છઠી. ॥ કાંણો કટોને કુબડો, વળીમાંકડ ...ર; તે પણ તુજરક્ષા કરો, દીનમાં દસ દસ વાર. ॥૬॥ ગાઠ સાતમી ...શી જોશી ફોશીને ફાતડો, વળી ભાડ ભડવાર; તે પણ તુજ રક્ષા ...દનમાં દસદસવાર ॥૭॥ પહેલી ગાઠનો અર્થ. ॥ એક, પરમે... બે સુર્ય, ચંદ્ર, ત્રણ, ગુણ. ચાર, વેદ. પાચ, વીશય, છ શાસ્ત્ર, ...ડનો અર્થ. ॥ સાત; સમુદ્ર. આઠ તે, અષ્ટકુળ, પર્વત, નવ તે, ન... નાગ. દસ તે, દસ અવતાર. અગીઆર, તે અગીઆર રૂદ્ર. બ... ...ાર મેઘ. ॥ત્રીજીગાઠ નો અર્થ. ॥ તેત્રીસ તે, તેત્રીસ કોટી દેવ. છ... ..., છત્રીસ રાગણી. અડતાળીસ તે, અડતાળી અગની. ઓગણ... તે, ઓગણપચાસ વાયુ બાવન તે, બાવન વીર, ચોસઠ તે, ચો... ...ણિ. બોહોતેર તે, બોહોતેર કોટી દાનવ. અઠયાશી તે, અઠયાશી ... ...સ્ત્ર રૂશી. ચોથીગાઠ નો અર્થ. ॥ સુતા, શેક્ષઇ, બેઠલા પારસનાથ ... રણછોડરાય. ભી તર તે, ચૈતન્યઆત્મા, બાહાર તે, સ્વસ્વરૂપે ... ...માનિ પાંચમી ગાં ઠનો અર્થ. ॥ બે જળચરા તે, મચ્છા અવતાર ... કુચ્છા અવતાર બે વનચરા તે, નરસીંહ અવતાર ને વ્યાહેરા અ... ... બે રાજકુંવાર તે, રામા અવતાર ને ક્રષ્ણા એવતાર. છઠ્ઠી ગાંઠ... અર્થ. ॥ કાણો તે, દહીતોના ગોર શુક્રાચાર્ય. કટો તો શીવનો પુત્ર ગ... ...પતી, કુબડો તે, કુ- બડા અંજીરા રૂશી. માંકડ તે, હનુમાનજી મંઝાર... ...ઈંદરાજા ગૌતમના ઘરમાંથી બીલાડા રૂપે નાઠો હતો. ॥ સાતમી ગાંઠ... અર્થ, ॥ ડોશી તે, હું, જોશી ને શેહદેવ, ફોશી તે ધર્મ, કે જેને યુધ્ધે જાતાં કંટાળો આવે. ફાતડો તે અરજુનજી, બાર માસ સુધી વૈરાટ નગરના વ્યંઢળ વેશે રહ્યો. ભાંડ નારદજી, કે જ્યાં ત્યાં લડાઈઓ કરાવવી, ભડવાડ તે ક્રષ્ણજી ગોકુળમા અગીઆર વરસ ને બાવન દીવસ રહી ગાયો ચારી. ॥ એ રીતે સાતે ગાઠયોના અર્થ. ॥

કડવું ૨૭ રાગ સવૈયા...

વૈશંમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે ...ય; વીસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ॥૧॥ કુન્તાજી ... રક્ષા બાંધી, જુદ્ધે જાવો મુજ બાળ રક્ષા સાચવિ રાખશો તા, નહીં થાય વાકો વાળ. ॥૨॥ શેહદેવ નીકુળ ભીમ સરવે, સૈન્યા લઇને જાવે.; જાવોરે ગટોડગછ

બેઠા, શત્રૂને હાથ બતાવો. ॥ ૩ ॥ એવં વધે આજ્ઞા આપી, કુંવર
ઉભો થાય; પોતાના તંબુમાં ગયો, ત્યાં ગઈ એની માય. ॥ ૪ ॥ ઓ-
દીકરા જરાવાર થંભો,આવે છે ઓત્રા નારી; અભીમન્યુ કહે જાવો પા
છાં,શીદ કરો છો લવારી॥૫॥તવ સુભદ્રા બાહાર નીકળી હૈયું ભરીને
રોતી,તંબુ ઉપર ચઢીને એ,ઓત્રાનો મારગ જેતી ॥૬॥ ઓત્રાને આવ-
તી નવ દીઠી, તંબુથી ઉતરી હેઠી; અભીમન્યુની પાસે જઇને, રડવા
માટે બેઠી. ॥૭॥ ઓ દીકરા તું હઠ લૈ બેઠો, કરે થોડીશક વાર; સાંઢપર
બેશી આવતી હશે, ઓત્રા તમારી નાર. ॥ ૮ ॥ અભીમન્યુ કહે ભલે
આવે, તેનું શું માહારે કામ; કોઇને રોકે નહીં [illegible] કરવા જવું સં-
ગ્રામ. ॥ ૯ ॥ એટલે શુભદ્રા એમ બોલી. ઉતા[illegible] નવ થાવો;તે કરતાં
માતાના કરનો, કંસાર જમીને જાવો. ॥ ૧૦ ॥ અભીમન્યુ કહે હું સ-
મજ્યો, કરવી છે તારે વાર, પણ તે હું માનવાનો નથી; જાવા થાઉં તે
આર.॥૧૧॥ શુભદ્રા કહે દીકરા માહારા,માનો મારૂં વચન; અન્ન ઠે-
લીને જો જઇએ તો; બહુ માઠા શુકન, ॥ ૧૨ ॥ ભોજનનું નામ દીધું
હોય તો,પાંચ ગ્રાસ ભોજન કરવું;તે વીના તે [illegible] ન પામે,અન્નને ન
હી પરહરવું. ॥૧૩॥ કુંવરે તવ કહ્યું માની, વચન ચડાવ્યું માથે; ચુલો
સળગાવીને કીધો, કંસાર પોતાતે હાથે. ॥ ૧૪ ॥ માતાને ખેંચીને લા-
વ્યો, પોતે પોતાની પાસ;કંસાર કાઢી માતાને [illegible], પાંચજભરીયા ગ્રા
સ.॥૧૫॥ પછી શેન્યને આગના આપી, થાવો [illegible] તૈયાર; એમ કહીને
પેહેરવા લાગ્યો વસ્ત્ર અને સણગાર. ॥ ૧૬॥ એવે શું થયું કૌરવદળ.
માં, બોલ્યો દુરીયોધન; ઓ ગુરૂજી કોઠા બનાવો; થાવો; સાવધ સહુ
જન. ॥૧૭॥ એટલે દ્રોણ ગુરૂ એમ બોલ્યા; મુએલાં શબ મંગાવો; પે-
લા મેદાનમાં લાવીને, ઢગલા સાત કરાવો. ॥ ૧૮ ॥ તવ રાજાએ આ-
ગના આપી, શેવક બહુ પરવરીયા, મનુશનાં શબ ખોળી લાવી, તેના
ઢગલા કરીયા. ॥ ૧૯ ॥ એટલે દ્રોણે અંજળી જળની, મંત્ર ભણીને
લીધી; એક ઢગલાને જળ છાંટીને,પાશાણ રચના કીધી. ॥ ૨૦ ॥ મંત્ર
વડે ત્યાં કોઠો બનીયો, પાકટ પાશાણ કેરો; આંટી ઘુંટી ફરવી ફાવે,
તેટલો ઘાલ્યો ઘેરો,।૨૧। આંટી ઘુંટી ભમતા ભુલે, યુક્તી કરી અપાર;
સો શીખ્ખર સો ધજા મુકી, મુકયાં એકસો દ્વાર. ॥ ૨૨ ॥ દ્વારે દ્વારે
દસ દસ યોદ્ધા, લડવઇઆ અપાર, તેવા તેવા મુકી દીધા, પગપાળા
હજાર ॥ ૨૩ ॥ બીજી જળની અંજળી લૈને, બીજે કોઠો રચ્યો સાર;
લોહવજનો તે બનાવ્યો, બસેં મુકયાં દ્વાર. ॥ ૨૪ ॥ બસેં શીખ્ખર

બસેં ધજા, ત્યાં રહે શીરપચાર; ત્રીજો કોઠો તાંબાનો કીધો, તેને ત્રણસેં દ્વાર. ॥ ૨૫ ॥ ત્રણસેં શીખ્ખર ત્રણસેં ધજા; યોધ્ધા ત્રણ હજાર, ચોથો કોઠો કર્યો રૂપાનો, તેને ચારસે દ્વાર ॥ ૨૬ ॥ ચારસેં શીખ્ખર ચારસેં ધજા, યોધ્ધા શહસ્ર ચાર; પછી જળની અંજળી લીધી, વીદ્યા તણો નહીં પાર ॥ ૨૭ ॥ મંત્રવડે કર્યો પાંચમો કોઠો, કનક કેરો સરસ; તેને પાંચસેં દ્વાર મુકયાં, જોતાં ઉપને હરસ. ॥ ૨૮ ॥ પાંચસેં શીખ્ખર પાંચસેં ધજા,ફરકયા કરે નીશાન;દ્વારે દ્વારે દસ દસ યોધ્ધા,લડવઇઆ મસ્ત ન॥ ૨૯ ॥ છઠ્ઠો કોઠો સપ્ત ધાતુનો, છસેં તેનાં દ્વાર;છસેં શીખ્ખર છસેં ધજા. યોધ્ધા છ હજાર. ॥ ૩૦ ॥ સાતમો કીધો છાણ માટીનો, સાતસેં દ્વારો શોભે; એક એક દ્વારે દશ દશ યોદ્ધા, સપ્ત શહસ્ર થોભે ॥૩૧॥ સાતસેં શીખ્ખર સાતસેં ધજા,સાતમો કોઠો બનાવ્યો; ભણેલો હોય તો ભુલો ન પડે, ગુચવણી ખેલ રચાવ્યો. ॥ ૩૨ ॥ કોઇ વીદ્યા જાણે નહી તે, જો માંહી પેશી જાય; પછી નીકળવા પંથ ન મળે, આયુશ પુરો થાય. ॥ ૩૩ ॥ એવા આંટીઓ છે ફરવાની,વીહુ રચના ભારી, એવી કોઠા રચના કરીને, કરી રહ્યા સૌ ત્યારી. ॥ ૩૪ ॥ એવામાં સુત અરજુનજીનો, હાથે લીધાં અથીઆર; રાતાં નેત્રે કરૂક્ષેત્રે, નીકળ્યો તબુની બાહાર. ॥ ૩૫ ॥ એટલે સૌ શેન્ય ત્યાર થયેલું, તે સહુ ઉઠયા બંકા. રણનાં વાગ્યાં રણસીંગાં ને, દુન્દભી વાગ્યા ડંકા ॥ ૩૬ ॥ પગપાળા તે પગથી ચાલ્યા, સવારો ઘોડે સવાર; રથવાળા રથમાં બીરાજ્યા. હાથગ્રહી હથીઆર. ॥ ૩૭ ॥ હસ્તીવાળા હસ્તી બેઠા. ઉંટવાળા છે ઉંટે; મારથી સારથી ને અતીરથી, હીમ્મત કોની ન ટુટે. ॥ ૩૮ ॥ ભીમ ગદા ગ્રહી ગજપર બેઠો, સુતનો સુત સંગ રાખે; અક્રોડા ઝાલી અભીમન્યુનો રથ ગટોડગછ હાંકે. ૩૯ ॥ શેદેવ નીકુળ વૈદશટ રાજા શીખંડી દ્રુપતરાય; ધ્રષ્ટપ્રદ્યુમાન સાથે ચાલ્યા, વાજતે ગાજતે જાય. ॥ ૪૦ ॥ શુભ શુકન જોઇને નીકળીયા, ચાલ્યા પાધરે પંથ; ક્રોધ ભરેલા રક્ત લોછનથી. દાજમાં પીસે દંત. ॥ ૪૧ ॥ પાતાળમાં પ્રભુએ વીચાર્યું ડોશીએ રક્ષા બાંધી; મુજ સહીત સરવે દેવોને, સાથે લીધા છે સાંધી. ॥ માટે ભાણેજ નહી મરવાનો, નહી થાય વાંકો વાળ; જો જઇને રક્ષા છોડાવું તો થાય એનો કાળ. ॥ ૪૩ ॥ ઓત્રાને લાવતાં કુંપો ભુલાવ્યો, સાંઢનો ભાગ્યો ચરણ; તો પાછો ડોશીએ દાટ વાળ્યો, દોરે ઉગાર્યું મરણ. ॥ ૪૪ ॥ માટે તે દોરો તોડાવું, તો તો ભાણેજ મરશે; જીવતો રહેતો તો મુજને મારી, ત્રીલોકનું રાજ કરશે. ॥ ૪૫ ॥

એવું જાણીદોશ તોડાવા,ઉઠયા વીશ્વના ભુપ;એક સ્વરૂપે પાતાળ રહ્યા; બીજુ ધરીયું રૂપ. ॥૪૬॥ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી, ભોમી આવ્યા ભગવાન; કુરૂક્ષેત્રમાં પોતે નીકળીયા, જ્યાં જાય છે અભેમાન. ॥૪૭॥ વળણ ॥ અભેમાન જ્યાં જાય છે, ત્યાં આવે ભગવાન;વદે વલ્લભ શ્રોતા સહુ, દેજો પુરણ ધ્યાન.

કડવું ૨૮ રાગ ઉછીગતી ચોપાઇ.

ચરીત્ર વાળા વીશ્વના ભુપ, ભોમી આવ્યા ધરી વીપ્રનું રૂપ. ॥ ચાર છેડે પેહેરી છેરે ધોતી,બગલમાં મારી છેરે પોથી, કંઠમાં હાર રહ્યો છેરે ઓપી, મસ્તક ઉપર રાતીરે ટોપી.॥ કાનમાં રૂદ્રાક્ષ મણકાની વાળી; કોટમાં માળા શોભા રસાળી. ॥ આડું તીલક કીધું લલાટ, પાંપણો પર ભસ્મ પુરપાટે ॥ આડીને અવળી ભસ્મજ ચોળી, ડાબી ખાંધે ભરાવિ છે ઝોળી, એકજ હાથમાં તુંમ્બીનું પાત્ર; ગોવીંદે ધર્યું, ધરડુંરે ગાત્ર.॥ જેષ્ટીકા કરમાં છે ઝાલેલી, શેવા સામગ્રી બગલમાં ધાલેલી વૃદ્ધ છે માટે આંખે નવ સુજે, ચામડું લટકે ને થર થર ધ્રુજે, દાંત પડયા ને ડાચાં રે મળીયાં; મોઢે ને માંથે ઉગેલાં પળીયાં. ॥ નેત્ર નાશીકાથી પાણી ચુએ છે, લેલાટ કર દેઇ પંથ જુએ છે, કેહેડયોમાંથી ખુંધા વળેલા, જ્યાંથી ને ત્યાંથી હાડ ગળેલા, એવે રૂપે આવ્યા ભગવાન; જાય છે જે પંથ અભેમાન. ॥ વળણ ॥ અભેમાન જ્યાં જાય છે, ત્યાં આવે જગરાય; વદે વલ્લભ કળા કૃષ્ણની, કોઇથી નવ્ય કળાય.

કડવું ૨૯ રાગ સવૈયાનો.

વઇશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું,ચક્રાવાનો મહીમાય. ॥૧॥ અભીમન્યુના પંથમાં આવ્યા, શેન્યમાં સુંસરા પડીયા, શેન્યના લોકે હાથ ઝાલ્યા,ખાય પ્રભુ અડબડીયાં. ॥ ૨ ॥ તવ સહુ યોદ્ધા પુછવા લાગ્યા,માહારાજા કયાં જાવું;કૃષ્ણ કહે માહારો અરજુન સ્નેહી, તેના કને હું આવું. ॥ ૩ ॥ યોદ્ધાએ કહ્યું અરજુનજી તો, ગયા છે પાતાળ; હાંઇ અધીપતી છે અભેમન્યુ, અરજુનજીનો બાળ. ॥ ૪ ॥ એટલે બોલ્યા અંતરયામી,મુજને મુખ બતાવે; કયાં છે દીકરો અરજુનજીનો એની કને લેઈ જાવો. ॥ ૫ ॥ તવ શેવકોએ હાથ ઝાલ્યા, વૃદ્ધ જાણી કરી દયા; કુંવરનો રથ ઉભો રખાવી,

તેની કને લેઈ ગયા ॥ ૬ ॥ કુંવર કહે આવો માહારાજા, આપ પધાર્યા ક્યાંથી, પ્રભુ કહે અરજુનજીને મળવા, આવ્યો અરન્યમાથી. ॥ ૭ ॥ પણ તે તો પાતાળ ગયો છે,મેં સાંભળ્યા સચાચાર; પણ તું અરજુનનો સુત જાણી, હરખ્યો હું અપાર. ॥ ૮ ॥ માહારે તાહારૂં મુખ જોવું છે, ઉરમા આનંદ થાય; અભીમન્યુ તવ રથમા બેશી, વીપ્રને લાગ્યો પાય. ॥ ૯ ॥ બ્રાહ્મણે મુખ નીરખી જોયું, નર ભાગ્યશાળી પુરો; જેવો પારથ તેવો તું નીકળ્યો, સંગ્રામ કરવા સુરો. ॥ ૧૦ ॥ કુંવર કહે એ માહારાજા, આશીરવાદ તમારો; જાવો તંબુએ આવશે કાલે, તાત ને મામો અમારો. ॥૧૧॥ વીપ્ર કહે તમે શીદ સીધારો,એમ પુછયું ઘનશામ; કુંવર કહે કોઠા રચ્યા છે, કરવા જાવું સંગ્રામ. ॥ ૧૨ ॥ કૌરવોએ કપટ કરીને, કોઠા રચાવ્યા સાત, યુદ્ધ નહી કરીએ એમ કહીને,કાડયો છે મારો તાત. ॥ ૩ ॥ અચાનક આ યુદ્ધ ઉપાડયું, તેમા હું વઢવા જાવું; કૃષ્ણ કહે શાબાશ તુને; પ્રાક્રમ કરે છે આવું. ॥ ૧૪ ॥ તાતથી તું નીકળ્યો સવાયો, દેખીને પ્રગટે ભાવ; સપ્ત ગાંઠોનો દોરડો બાંધ્યો, શું કાંઈ આવે છે તાવ. ॥૧૫॥ અભીમન્યુ કહે નારે મહારાજા, નથી મને રોગ વ્યાધી; માહારા મર્ણના ભયથી માહારી, વૃદ્ધ માયે રક્ષા બાંધી. ॥૧૬॥ સાંભળી પ્રભુએ મોઢું મરડયું, કુંવરને પડયો વેમ; એ માહારાજા ડોકું ધુણાવી, મોઢું મરડયું કેમ. ॥ ૧૭ ॥ એટલે ધીરે રહીને બોલ્યા, પોતે સુંદીર શામ; રક્ષા બાંધવી રાંડેલીની, નહી સુરાનું કામ ॥૧૮॥ રણમા જાતા રાંડેલીની,રક્ષા કેમ બંધાય; પેહેલા તો એ અપશુકન ખોટા, સમજી લે મનમાય. ॥૧૯॥ કોઠાયુદ્ધમા યુદ્ધ કરીને, જીતીશ તું તારે આપ; પણ લોક કેહેશે કુંવર જીત્યો, ડોશીના દોરા પ્રતાપ ॥૨૦॥ તારી મેહેનત મીથ્યા જવાની,જશ ડોશીને મળશે; સુરાતણ તારૂં ઢંકાઈ જાશે,તાત તારો કળકળશે.॥૨૧॥ એવું સાંભળી અભીમન્યુના, ધ્યાનમા બેઠી વાત; મેહેનત માહારી ને જશ પામે, કું૰ તાજી વૃદ્ધ માત ॥૨૨॥ માહારૂં કરેલું ધોવાઇ જાશે,બ્રાહ્મણ સાચું ભાખ્યો,હ્યો માહારાજા એવું કહીને, દોરડો તોડી નાખ્યો. ॥ ૨૩ ॥ તેમાથી તાર છુટો થઇને પડયો ગટોરગછ પાસ; તેણે લૈપડપંચાયે વીંટયો, રમતને આભાસ. ॥ ૨૪ ॥ અભેમન્યુના ધનુશ કેરી,પડપંચાયે વીંટાળ્યો; આખો દોરડો ભોસી નાખ્યો, ભગવાને તે ભાળ્યો. ॥ ૨૫ ॥ પગવતી પ્રભુએ તાણી લીધો, કહ્યું ભાઇ હવે જાવો; સાબાશ તારા સુરાતણને, જીતીને વેહેલા આવો. ॥ ૨૬ ॥ એમ કહીને વીદાય કીધો, કુંવરને તે વાર; સાથે.

ચાલી સઘળી સેન્યા, પુઠે રહ્યા મોરાર. ॥ ૨૭ ॥ ત્યાંથી સૌ શેન્ય ચા-લ્યું ગયું કે, દોરી લીધો ભગવાન; પુરણ પોતાનું કામ સાધીને, થયા અંતરધ્યાન. ॥ ૨૮ ॥ અરજુન નંદન વાજતે ગાજતે, ચક્રાવે વઢવા જાય; ઘણાં જોરમાં નીશાન વાગે, દ્રોણને ચીંતા થાય. ॥ ૨૯ ॥ આતે કોણ આવે છે યુધ્ધે, મોકલ્યા શેવક ચાર; ખબર લાવો કોણ આવેછે, યુદ્ધ કરવા આ વાર. ॥૩૦॥ એટલે શેવક સંચરીઆ તે, લાવીયા સ-માચાર; યુદ્ધ કરવા શેન્ય લૈ આવે છે, અરજુનનો કુંવાર. ॥ ૩૧ ॥ એ-ટલે સરવે ખુશી થયા,ઉભા હીમ્મત ધારી;પાન્ડવ દળ જાય છે એવા-માં, આવી ઓત્રા નારી. ॥ ૩૨ ॥ સાંઢે બેશીને આવે સપાટ, દળ દીઠું તે વાર; અભેમન્યુએ સાંઢ દીઠી, મનમાં પડયો વીચાર. ॥ ૩૩ ॥ એવા-માં તો ઓત્રા રાણી, મનમાં કરે વીચાર; રખેને દળ હોય પાન્ડવનું, હોય માહારો ભરથાર. ॥૩૪॥ એવું સમજી રાયકા પ્રત્યે, પુછવા લાગી વાત રત્ના ભાઇ જે પુછુ તે, સાચું કહે સાક્ષાત. ॥ ૩૫ ॥ વળણ. ॥ પુ-છવા લાગી પ્રેમદા, રત્નાને તે વાર; વદે વલ્લભ શ્રોતા સુણો, જીભે જ-પો મોરાર.

કડવું ૩૦ રાગ કંથાજીનો,

ઓત્રા રાણી બોલીયાં, માહારા રાયકારે; પેલું શેન્ય તે કોનું જાય, ઓ રતના રાયકારે.તેમાં વચ્ચે લીલો રથ શોભતો,માહારા રાયકારે,કો-ઇ રૂપાળો બેઠો છે માંય, ઓ રતના રાયકારે. ॥૧॥ એની સુર્ય સરીખી ક્રાન્તી દીસે, મારા રાયકારે; કેવું શોભે છે નમણું નાક,ઓ રતના રાય કારે કપરી કીકી લાગે ઘણી, મારા રાયકારે; છબી દેખતાં લાગે ધાક, ઓ રતના રાયકારે. ॥ ૨ ॥ એની નારીએ શાં પુન્ય કર્યાં હશે, મારા રાયકારે; ઘણાં ઘણાં કરેલાં ધર્મ, ઓ. વરત વચુલાં આદર્યાં હશે, મારા; વળી કર્યાં હશે શુભ કર્મ, ઓ. ॥ ૩ ॥ કાશીનાં કરવત લીધાં હશે, મા; ગાળ્યાં હશે હીમાળે હાડ, ઓ. વળી ભેરવજવ ખાધા હશે, મા; તપ કરેલું ગીરનાર પહાડ. ઓ. ॥ ૪ ॥ તે તારૂણી એની થઇ હશે, મા; પુ-ર્વનાં પુન્યે ઝાલેલો હાથ, ઓ. ધન્યભાગ્ય એ ભામનીતણું, મા; હાવો રૂડો મળ્યો ભરથાર, ઓ. ॥ ૫ ॥ રાયકોજી તવ બોલીયો, મારી બેહે-નીરે;તમે કીધાં બહુ પુન્યદાન,ઓત્રા બેનીરે. સઘળાં શુભકૃત તમે ક-ર્યાં, મા; તને રીઝેલા શ્રી ભગવાન, ઓ. ॥ ૬ ॥ એ તો અરજુનજીનો

દીકરો, મા; એ તો સુભદ્રાનો કુંવાર, ઓ ઓત્રા. છે અભેમાન નામ એહનું, મા; બાઈ તાહરો એ ભરથાર. ઓ, ॥ ૭ ॥ વળણ. ॥ સાંભળી ચમકી થઈ ચાતુરા, પતી પર ઉપજ્યું હેત; હાવો પીઉ જાણતી હોયતો, પરણી પીહર નવ રેહેત. ॥

કડવું ૩૧ રાગ દુહારૂપ દોહરો.

ઓત્રા દીઠી આવતી, અરજુનને સંતાન; ગટોરગછને પુછતો, પોતે એ અભેમાન. ॥ રાગ ઉપરના કડવાનો. કુંવર વાણી બોલીયો, મારા વીરારે; પેલા કોણ આવે છે નાર, એ કુળના હીરારે. એના જેવું રૂપ જોયું નથી, મા; જાણે વીજળીનો ચમકાર, ઓ. ॥ ૧ ॥ એના પતીએ સાં પુન્ય કર્યાં હશે, મા; કરેલાં જપ તપ પુન્ય દાન, ઓ. હીમાળે હાડ ગાળ્યાં હશે, મા; વળી રીજ્યા હશે ભગવાન, ઓ. ॥ ૨ ॥ ગટોરગછ તવ બોલીયો, મા; તમે કરેલાં જપતપ દાન, ઓ. હીમાળે હાડ ગાળ્યાં તમે, મા; તમને રીજેલા ભગવાન, ઓ. ॥ ૩ ॥ એ તો વૈરાટ રાજાની દીકરી, મા; જુઓ છે રૂપરૂપની ધામ, ઓ. ભાઈ આવી એ નારી તમતણી, મા; રાણી ઓત્રા એનું નામ, ઓ. ॥ ૪ ॥ વળણ ॥ એવું વચન સાંભળી, ચમકયો નર કુંવાર; પેહેલી હાવી જાણતો હોત તો, નાનીકળત ઘર બાહાર. ॥

કડવું ૩૨ રાગ સાખીનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, મેળાવડાનો મહીમાય. ॥ ૧॥ ઓત્રાએ કહ્યું રાયકાને, વીરા ધીરજ ધારો; સાંઢ તમારી બેસાડીને, મુજને નીચે ઉતારો.॥૨॥ હું જઈ રોકું માહારા પતીને. તવ સાંઢને બેસાડી; વસ્ત્ર ને સણગાર બદલી લીધાં ગવાળામાંથી કહાડી. ॥ ૩ ॥ બીજો ગવાળો રૈકાને આપ્યો, માહારી સાસુને દેજો; ઓત્રા વહુ આવી છે તમારિ, માહારી સાસુને કેહેજો. ॥૪॥ કહીએ કે વહુ ગઈ છે તમારી, રાખ્યો છે તમસુત ખાળી; ચાલશે તેટલું કરીને પોતે, પતીને લાવશે વાળી. ॥ ૫ ॥ પુન્ય તમારૂ આવશે આડે, તો લાવશે સમજાવી, સમજાવ્યે જો નહી સમજે તો, વાંકી કરની કાહાવી. ॥ ૬॥એમ કહીને આપ્યો ગવાળો, રઈકો થયો વીદાય; ઓત્રા

રાણી સુર ભરેલી, કંથને રોકવા જાય. ॥ ૭ ॥ આવતી દીઠી સકળ સૈન્યે ભીમે કર્યો વીચાર; ભલે આવી ભલે આવી, અભેમન્યુની નાર. ॥ ૮ ॥ કુંવર યુદ્ધનું બીડું લેઈને, જીવ સરવના બાળે; સારૂં થાય જો ઓત્રા રાણી, પતીને પાછો વાળે. ॥ ૯ ॥ સરવે સન્યા નજરે જુએ, એ નહી મોહોટાનો ધર્મ; અમથી દેખી નર નારીને, આવશે મનમાં સર્મ. ॥ ૧૦ ॥ એવું સમજી વ્રકોદરે, સર્વને સાન બતાવી; પછી પોતે જઇ આઘો ઉભો, શૈન્ય ખસ્યું હેત લાવી. ॥ ૧૧ ॥ ગટોરગછ રથનો હાંકનારો, તેને પરી સાન; ઓત્રા આવે એટલે ખસજે તું, છો રહ્યો અભેમાન. ॥ ૧૨ ॥ એમ કરી સહુ અળગા ઉભા, ઓત્રા સપાટે ચાલી; હસ્તે મોઢે માનુનિએ, ઘોડાની લગામ ઝાલી. ॥ ૧૩ ॥ એટલે નંદન હેડંબાના, રથપરથી ઉતરીયો; રાશ પરોણો રણુમાં મુકી. સેન્ય વાસે પરવરીયો. ॥ ૧૪ ॥ એટલે અભેમન્યુ એમ બોલ્યો; છો કીયા નરની નારી; કેઇ જનેતાની જાએલી, કોણ રાયની કુંવારી. ॥ ૧૫ ॥ એવું સાંભળી મધુર બોલે,બોલી મુખ વચન; કેઇ નારીના નાથ તમે છો,કીયા રાયના તન. ॥ ૧૬ ॥ અભેમન્યુ કહે ઓત્રા કુંવરના, છૈયે પુજનીક પાત્ર, સુદ્રષ્ણા થાય સાસુ અમારી,વૈરાટનો જમાત્ર ॥ ૧૭ ॥ તવ ઓત્રા કહે સુભદ્રાજી, થાય છે સાસુ માહારી; અરજુનજી બાણાવળીના દીકરાની હું નારી. ॥ ૧૮ ॥ એવું સાંભળી અભીમન્યુને, ઉલટ આવી અપાર; આવી ત્યારે શીદ મોડી આવી,'મુજ મન ગમતી નાર. ॥ ૧૯ ॥ શૈન્ય લેઇ હું રણુમાં આવ્યો, હવે નહી ઉપાય; મીથ્યા મુજને રોકી ઉભાં, અણુઘટતું દેખાય. ॥૨૦॥ ઓત્રા કહે અણુઘટતું દીસે, તેમાં શી છે નવાઈ; યુધ્ધે ચઢીને હાથે કરીને, તમે માંડી છે ભવાઇ. ॥ ૨૧ ॥ જો સારૂ દેખાડવું હોય તો,પાછા વળો મુજ કંથ;નાનપણુમાં સાં લઢવાં વઢવાં, ઝાલો તંબુનો પંથ ॥ ૨૨ ॥ અભેમાન કહે સુણુ અબળા, સમજયા વણુ વદે એમ; બીડું લેઇ રણુ યુદ્ધ ચઢેલો, ક્ષત્રી પાછો વળે કેમ ॥ ૨૩ ॥ બીડું ચાવી બેશી રહે ઘરમાં, કાયરનું એ કામ; જનેતાનું ઉદર લાજે, બોળાય બાપનું નામ. ॥ ૨૪ ॥ તંબોળ બદલ કહેવાય લાહાળા, તો પછી જીવ્યું વ્યર્થ;મનુશનો દેહ ધારણુ કરી,કાંઇ ન સરીયો અર્થ. ॥૨૫॥ જણે તો હરીજન જણજે, કાં દાતા કાં સુર; નહીતો રંડા વાંઝણી સારી, ગુમાવે નહી નુર. ॥ ૨૬ ॥ એવાં વચન છે જ્ઞાની પુરૂશનાં, માટે ન ખાવિ ગાળ;યુધ્ધે ચઢેલો પાછો વળુ તો, નહી અરજુનનો બાળ. ॥ ૨૭ ॥ માટે મીથ્યા મેહેનત મુકો, તંબુએ પાધરાં જાવો; સગાં

વાહાલાંને શેન્ય જુએ છે. મરમ મનમાં લાવો. ॥ ૨૮ ॥ સંસાર વેહેવારની રીત કેવી, તે નથી જાણતાં મર્મ; સરમ મરાયાદામાં રહેવું, એ અબળાનો ધર્મ. ॥ ૨૯ ॥ એટલે બોલી ઓત્રા નારી, જાણું છું સ્ત્રી ધર્મ; ઘરબાર બેઠું ડુલવા ત્યાં, કેવી રાખવી સર્મ. ॥ ૩૦ ॥ સરમને શું પાથરવી કે, સરમ શું હોડાય; સંસાર વેહેવાર સારો ચાલે તો, સરમ ધરમ સચવાય. ॥ ૩૧ ॥ મરીયાદામાં રાખવી હોય તો, પાછા વળો મુજ નાથ; તે વીના નહી લગામ છોડુ, કેમ ઝાલ્યો તો હાથ. ॥ ૩૨ ॥ એટલે બોલ્યો અભેમન્યું, માનુની મુમત મુકો; કોઇનો પાછો વાળ્યો ન વળુ. મરીયાદા શાદ ચુકો. ॥ ૩૩ ॥ વળી સ્વભાવ આકળો હોયે, પુરૂશનો અપાર; માટે સમજી લગામ મુકો,નહી તો ખાશો માર. ॥૩૪ ॥ એટલે ઓત્રા હશીને બોલી, બોલે નીકળીયો હાવો; મારશો તો માંથાના મુગટ છો, મુજને રીતે લાહાવો. ॥ ૩૫ ॥ હાથ તમારો મુજને અડે તો થાવું પાવન;એ વાતની નથી શોસના મુને,આનંદ પામે મન.॥૩૬॥ અભીમન્યુ કહે સાંભળ નારી,ચાર હઠયો જગમાંય; રાજહઠ બાળહઠને જોગી હઠ, સ્ત્રીહઠ પણ કહેવાય. ॥ ૨૭ ॥ તેમાની બે હઠ મુજ પાસે, તે સમજો વિવેક;માટે હઠ લઇને નહી જીતી,તમ પાસ હઠ એક ॥૩૮॥ હરી ફરીને સ્ત્રી હટ તારી મારી હઠ બે બતાવું,બાળક હઠ છે ને રાજહઠ છે, તુજને જીતી જાવું.॥૩૯॥ એટલે બોલી ઓત્રા નારી; સાંભળો મુજ વીવેક; ત્રણ હઠયો છે માહરામાં, તમથી વધારે એક. ॥ ૪૦ ॥ રાજની પુત્રીને રાજની રાણી,તેથી રાજહઠ માહારી;બાળક છું તે બાળહઠ બીજી, ત્રીજી સ્ત્રીહઠ ભારી. ॥ ૪૧ ॥ બેહઠ તમારી ત્રણ હઠ માહારી, માટે નહિ પડું પાછી;અરજુનની નીશાળે ભણેલી, ન જાણશો મને કાચી. ॥ ૪૨॥ એવું વચન સાંભળીને, કુંવરે જાણી પુરા;દેખાય નાહાની પણ બોલવામાં દીસે બહુ બાહાદુરિ. ॥ ૪૩ ॥ અભેમાન કહે ઓ અબળા,માહારો નથી ઉપાય;રણ ચઢેલો ન વળું પાછો, વળુ તો ઇજ્જત જાય. ॥ ૪૪ ॥ તુજ પર મુજને પ્યાર ઘણો છે,પણ વીધાતાની ટાંક;હુ રણ ચઢીયો તું મોડી આવી, બેના ભવિશનો વાંક. ॥ ૪૫ ॥ એવે આવ્યાં આંખે ઝરઝરિયા, હસ્ત ઝાલ્યો તેં ફાસુ; પીઉના એવા વચન સુણી, ઓત્રાને આવ્યા આસુ. ॥ ૪૬ ॥ વળણઃ ॥ આસુ અતીસે આવીયાં, દેતી કંથને આણ; વદે વલ્લભ એ તારૂણી, તજવા બેઠી પ્રાણ.

કડવું ૭૩ રાગ પરજનો.

તમે ચાલો તો કહું માહારા પ્રાણરે, માહારી નણદીના વીર; રથને હાંકો તો ધરમરાયની આણરે, માહારી સાસુના જાયા. ॥ ટેક ॥ રણમાં રઝળતી શું મુકીને જાવો છો, ઓ અલબેલા નાથરે; પર પુત્રી નોહોતી નાંખવી અપાયમાંને, નોહોતો ઝાલવો મુજ હાથરે. ॥ મહારી. ॥ ૧ ॥ સોળ કળાનો જેવો ચંદ્ર બીરાજે સ્વામી, તેવી છે કાન્તી તમારીરે; હસ્તીનાપુર સરખી ગાદી બેસવાની તેવી, અરધંગના હું છું નારી શે માહારી ॥ ૨ ॥ રાજ્ય હંસલો મેંતો જાણી કરીને પીઉજી, કીધો પરણતાં સંગરે; જો જાણતી હોત બગલો બાપડો તોમહારૂં, કદીએ ન રાખત અંગરે.॥ મહારી ॥ ૩ ॥ હૈયામાં મુજને હોંશ હતી કે પીઉજી, બેસશું જોડા જોડ રે; છ છ જનમનાં વેહેર ભોગવી રહ્યાં ને, સાતમે નડેછે રણ છોડરે. ॥ મહારી. ॥ ૪ ॥ નાહનપણામાં ગમે ખાવા પીવાનું ને, ગમે પેહેરવું નવ રંગરે; ગ્રહસ્થાશ્રમના વૈભોગ મુકી આશું, લઢવા વઢવાનો ઉમંગરે. ॥માહારી॥૫॥ આશો ઉમંગ તમને વઢવા તણો છે પીઉજી, જનમથી હઠની વાતરે; ભીમ સરીખા કાકા છે વઢનારા વળી, અરજુન સરીખા છે તાતરે. ॥ માહારી ॥ ૬ ॥ ગટોરગચ્છ સરખા બંધુ વઢનારા પીઉજી, સસરા વઇરાટ રાયરે; તેમ છતાં તમે આગળ પડયા તે તો, માહારા ભવીશે ભુલાયરે. ॥માહારા॥૭॥ સારા શુકનમાં મુને મોહેરે પધરાવીને, પરણાવા બેઠો માહારો બાપરે; તેરે વેળા મને કેમ નવ ડંશ્યો પીઉજી, કારમો કાળુડો સાપરે.॥ માહારી ॥૮॥ નાનપણામાં મારો રામજી રૂઠયો તે, પરણયાનું મીંઢળ નથી છુટયુંરે; સુખની લેહેરમાંતો કેહેર થવા બેઠો, ભુંડું ભવીશ માહારૂં ફુટયું રે. ॥ માહારી. ॥ ૯ ॥ ચક્રાવો ઘડ ચોરી રચ્યો છે પીયુજી, ભાલુડે પોંખાશોરે; બાણરૂપી ત્યાંતો લોહુ વછુટે તમે, રૂધીર વરણા થૈ જાશોરે. ॥ માહારી. ॥ ૧૦ ॥ ચક્રાવે ચઢશો ત્યાં માર ખાઇ પડશો ને, અપછરા લેઇ જાશેરે; આજપછી મોહું નથી દેખવાની આતો, છેલું દરસણ દુર્લભ થાશેરે.॥ માહારી ॥૧૧॥ અગમ નીગમ મુને સુજે છે પીયુજી, નહી મુકે દુશ્મન લોકરે; માઠા શુકન મને ઘણા થયા છે માટે, જીવતા આવ્યાની આશા ફોકરે. ॥માહરા ॥ ૧૨ ॥ અરેરે જોબન માહારૂં કેમ જળવાશે પીઉજી; વ્રેહે વેહેરા થઇ લાગેરે; હુંરે અભાગણી રડીશ રૂજની તે, તમ ભીડ કયાંથી ભાગેરે. ॥માહારી ॥ ૧૩ ॥ રૂપ રંગ રૂપી માહારી પુષ્પની વાડી તે, દીવશે દી

वशे करमायरे; माळी विना पुष्प वीणाय नही तेथी,दीनदीन करमाई जाय रे. ॥ माहारी ॥ १४ ॥ पेहेरी ओढीने हुं हरी फरी नही, नाजेयुं, सैयर समाणी रे;सासरेथी पीहरे पीहरथी सासरे हुं,आवी नही घुं-घट ताणीरे. ॥ महारी ॥ १५ ॥ हाथ झालीने मुने अधवच मुकी पी-उजी, ए नही राजनी रीतरे; सदा दुखीअणने दगो देइ दुख दो छो स्वामी, तोडो छो परणयानी प्रीतरे. ॥ माहारी ॥ १६ ॥ आ छबी फ-रीने हुं नथी देखवानी स्वामी, देखुं तो पाधरा पासा रे; रंक रामाने शिद रडती मुकोछो पीउजी, भागोछो भवो भवनी आशा रे; महारी ॥ १७ ॥ तम वीना ठरवानुं ठेकाणुं नही माहारे,ना वळे शीतळ छा-या रे; छेवट खाज्या नही खळेतो पछी, कंथ वीयोगे पाडु कायारे. ॥ माहारी, ॥ १८ ॥ वळणु. ॥ काया पाडु कंथजी, आंसु वहेचोधार, व्या-स वल्लभ वाणी वदे, कहेछे नर कुंवार.

कडवुं ३४ राग उपरनो.

गोरी महारी मुको घोडलीयानी बागरे, कुंवरी वैराटनीरे; मा-हारा रथने जवानो दोने मागरे;कुंवरी वइराटनी रे.॥ टेकः ॥उभांछो सामाने रडोछो रामा तेथी, आवे नीरदयने दयायरे;कोमळ कंठथी कर-गरोछो पण, हवे नथी उपायरे. ॥ कुंवरी ॥ १ ॥ रडी रडीने मने शीद रडावोछो, सळगे हैयामां होळीरे;वण वहनीए मने उभो बाळे छे ने, कलेश करेछे चोळीचोळीरे. ॥ कुंवरा. ॥२॥ तुज पेठे मुजने पण होंश हती के गोरी; बेशीशुं जोडा जोडरे; छ छ जनम वीती सातमे जन्मपु ठे, पडयो मामो रणछोडरे. ॥ कुंवरी. ॥ ३ ॥ एरे मामाए मन गमतुं कर्युंने गोरी जुठां वचन वरणाव्यांरे; मननी होश बेना मनमां रहीने मामे, पाटा बांधीने परणाव्यांरे. ॥ कुंवरी. ॥ ४ ॥ पण एकवार जो हुं आवुंछुं जीवतो गोरी, जो लावे आपणो इशरे; तो तो मोसाळ पे हेलुं उजड करूने छेदुं, कृष्ण मामा केरू शीशरे. ॥ कुंवरी. ॥ ५ ॥ ते पछी ताहरी हुं संभाळ लेउ गोरी, पछी सकळ वेहेवाररे; त्यां सुधी मुज जीवने जंप वळे नही, हठीलो क्षत्री कुंवाररे. ॥ कुंवरी. ॥ ६ ॥ एक एकना मोढा सामुं जोइ जोइने गोरी, मननी संगाथे बळवुंरे; जीवता आव्यानी आशा ईश्ट करावे नहीतो; पेले भव म्हारे तारे ळवुंरे ॥ कुंवरी. ॥ ७ ॥ तुज तातने माहरा काका देख छे गोरी, सरम

આવેછે અતી મનમાંરે; કંકાશ કરી શાને કાળજુ બાળો છો માહારૂં. તપત ઉઠે છે બહુ તનમાંરે. ॥ કુંવરી. ॥ ૮ ॥ જગતને તમે શીદ હશાવોછો, સામા જુએ શતરૂ લોકરે; ચાહ્યતો તારી માહારી કાયા પડે પણ, પાછા વળ્યાની આશા ફોકરે કુંવરી. ॥ ૯ ॥ વળણ ॥ પાછો વળવાનો નથી. હઠ મુકી દે નાર; વદે વલ્લભ તવ પ્રેમદા, કરતી હાહાકાર.

કડવું ૩૫ રાગ કાફી.

હાંરે બોલ્યા વૈશમપાયે વચન;સુણ પરીક્ષત રાયના તન; હાંરે વાંકા વચન પતીનાં સુણી; ધુસકા મુકી રડે છે તારૂણી. ॥ ૧ ॥ હાંરે પતી દગો દેવાનો તેં ધાર્યો; માહારો સ્વારથ કૈ ન વીચાર્યો; હાંરે મને ભર્યારે અમ્રીતમાંથી કાહાડી. ઉંચા પરવતપરથી પછાડી. ॥ ૨ ॥ હાંરે પેટમાં પેશીને મારી પાળી, મુને ઢીંચણમાંથી તેં ઢાળી; હાંરે સોડ તણો ઘાવ તે કીધો, દાવ રાખીને દગો દીધો. ॥ ૩ ॥ હાંરે એ તો ટળવળવા લાગી એમ, વનમાં ટીટોડી ટળવળે તેમ; હાંરે એતો દુખદરીયામાં પેઠી, વાગ ઝાલીને ગગળી બેઠી. ॥૪ ॥ હાંરે એતો પાશાણ શીશ પછાડે, ખેંચી મુસ્તકના કેશ કાહાડે,હાંરે કાલાં વાલાં વચન ઓચરતી,ત્રાસ ભરેલા વીલાપ કરતી. ॥ ૫ ॥ હાંરે રામા રૂદે ફાટે તેમ રડતી, મુને કંથે મુકી રખડતી;હાંરે માહારૂ આ રણમાં કોણ બેલી,પરણ્યો પીઉ જાય છે મેલી. ॥ ૬ ॥ હાંરે એવું જોઈ કહે રાજ કુંવાર, હવે હઠ મુદીદો નાર; હાંરે એવું વચન પતીનું સુણી, ઉભી થઇ કહેછે તારૂણી. ॥ ૭ ॥ હાંરે સ્વામી શીખામણ દો વીચારી, તમે જાવોછો વણ મોહોતે મારી; હાંરે સ્વામી હઠીલા ન થાઓ ઝાજા, યુદ્ધની રડ મુકો માહારાજા. ॥ ૮ ॥ વળણ ॥ રઢ મુકીદો યુદ્ધ તણિ, ઓરે બાળા રાય; વદે વલ્લભ શ્રોતા સુણો વીલાપનો મહીમાય.॥

કડવું ૩૬ રાગ બાળારાજારે.

મને મારીને રથડા ખેડ, બાળા રાજા રે; નહી તો યુદ્ધ જોવા સંગ તેડ, બાળા રાજા રે. ॥ ૧ ॥ રથ રખાવું તેમ રાખ, બાળા રાજા રે; નહીતો માહારિ રૂદે પર હાંક, બાળા રાજારે. ॥ ૨ ॥ મને આપ્ય તારી તરવાર, બાળા રાજા રે; કરૂ કૌરવનો સંહાર, બાળા રાજારે. ॥ ૩ ॥ મને

આપ ઢળકતી ઢાલ, બાળા રાજારે, મને સાથ લઇને ચાલ, બાળારાજા રે. ॥ ૪ ॥ હું તો અગણીત ગુણને ગણેવા, બાળા રાજા રે; વ્યંઢળ મેહેતાની વિદ્યા ભણેલી, બાળા રાજા રે. ॥૫॥ તમને એકલા જાવા નહે઼ઉં, બા. હું તો ધનુશને બાણ લેઉં, બાળા. ॥ ૬ ॥ મુને માઠા થયા છે શુકન. બાળા. માટે સમજો સાસુડીના તન. ॥ બાળા ॥ ૭ ॥ માહારાં કીયાં જનમના કૃત, બાળા,કુએ ઉતારી વાઢયા વ્રત. ॥ બાળા ॥ ૮ ॥ જેમ હરણી ટોળેથી ટાળી, બાળા, પેટમાં પેશીને મારી પાળી. બાળા. ॥ ૯ ॥ મને ઢીચણીએથી ઢાળી, બા.મને વૈભોગમાંથી બાળી. બાળા. ॥ ૧૦ ॥ ધરી અમ્રતને લઈ લીધું, બા. આપી વીશ્વાસને વિખ દીધું. બાળા. ॥ ૧૧ ॥ મને કીયાં કીયાં નડયાં પાપ, બા. કાંતો નડયો કોઇનો સ્રાપ. બાળા. ॥ ૧૨ ॥ મે શું ગંગામાં ધોયુ મળ મુત્ર, બાળા;માહારૂં ભાગે ઘર શત્ર, બા. ॥ ૧૩ ॥ મેં શું અભડાવી વિપ્રની થાળ, બા; મેં શું મળતાં ભાગ્યાં વેવીશાળ, બા. ॥ ૧૪ ॥ મેં શું તોડી સરોવર પાળ, બાળા; મેં શું ધાવતા વછોડયાં બાળ બા. ॥ ૧૫ ॥ કોઇને દુઃખ દેઇ શું ધર્યો ગરવે,બા; મે શું હુનાળે ઉઠાડી પરવ, બા. ॥ ૧૬ ॥ મેં શું છાણે છાણું ભાગ્યું, બા. તેનું પાપ આવીને શું લાગ્યું બા. ॥૧૭॥ તે વીના છેક આમ ન હોય, બા. માહારૂં ન મળે બેલી કોય, બા. ॥૧૮॥ મને સુજી અગમની પેર, બા;તમે આવવાના નથી ઘેર, બા. ॥ ૧૯ ॥ પછી દીવસ માહારા કેમ જાય,બા.માહારૂં જોબન કેમ સચવાય, બા. ॥ ૨૦ ॥ માહારૂ ફરકેછે લોચન, બા. આવે રંડાપાના દન, બા ॥ ૨૧ ॥ એવા દાહાડા શી રીતે જાય, બા. ખાતે પીતે શરીર સોસાય, બા ॥ ૨૨ ॥ વિધવાનું સગું કોણ થાય, બા, જેનીને તેની ઠેસો ખાય, બા. ॥૨૩॥ સ્વામીવાળી તો સોનાથી મોંઘી,બા; કંથ વીનાની કુસ્કાથી સોંગી, બા. ॥ ૨૪ ॥ વીધવાનું જગત સહુ ઝેરી, બાળા; થાય વાડના કાંટા વેહેરી, બા. ॥ ૨૫ ॥ વીધવા જ્યાં જ્યાં ડગ ભરે, બાળા; ત્યાં ધરતી ભારે મરે, બાળા. ॥ ૨૬ ॥ પાલવ અડતાં લાન્છન લાગે, બાળા. ઉપર આભ ભડાકે ભાગે, બાળા, ॥ ૨૭ ॥ કરી જુઓ એ સરવ વીચાર, બાળા; માહારો છુટી પડે અવતાર, બાળા. ॥ ૨૮ ॥ કહી રથશું શીશ પછાડે, બાળા; એ તો મુસ્તકના કેશ કાહાડે, બાળા. ॥ ૨૯ ॥ એવું રૂદન બહુ આરંભ્યું, બાળા. ગંગ જમુનાનું નીર થંભ્યું, બાળા. ॥ ૩૦ ॥ ત્યાં તો વાવલીયો નવ વાય. બા; હાથી ઘોડા તે ઘાસ ન ખાય. ॥ ૩૧ ॥ ચારે દીશાં

રડતાં સ્વાન; બાળા બધી ભોમી ભાસે સમશાન બાળા. ॥૩૨॥ આવી વાદળાં છાયાં ગગન, બા. લાગે ઉદાશી સરવને મન. બાળા. ॥૩૩॥ વલણ. ॥ ઉદાશી કુરૂક્ષેત્રમાં, લાગે અપરંમપાર; વદે વલ્લભ તેણે સમે કેહે છે નર કુંવાર.

કડવું ૩૭ રાગ સવૈયાનો.

વઇશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ॥ ૧ ॥ અતી કલ્પાંન્ત જોઇને બોલ્યો અરજુનનો કુવાર; જરાક વેહેલી આવી હોતતો, ન નીકળત ઘર બહાર. ॥ ૨ ॥ હવે નથી ઉપાય માહારો, ચાવ્યુ છે મુખ પાન; તેતો ઠરે કોહલા ચાવેલા, નામ શાનું અભેમાન. ॥૩॥ તે માટે તું હઠ મુકી દે, માહારે તારે સંસ્કાર; વઇભોગ લેવા આટલું યત્ન, કરે છે તું નાર. ॥૪॥ પણ વઇભોગ વ્યાધી તે ઉપાધી મીથ્યા સંસાર સુખ; જેટલું જેટલું સુખ તુ માને; તેટલું જાણજે દુખ. ॥૫॥ મોહોટા મોહોટા સસાર તજે, તે શુભ કરણી સારૂં, સંસારના વઇભોગ ઇછે, તેને અતી અંધારૂ. ॥૬॥ એવું સાંભળી ઓત્રા બોલી, તજવો કીયો સંસાર; અનીતી જેણે તજી તેણે, તજ્યો બધો વેહેવાર. ॥ ૭ ॥ મોહોટા મોહોટા જે કેહેવાયા, તેણે નથી તજી નારી, ઇંદ્રી કુબેરને વરૂણ અગ્ની, તે સરવે સંસારી. ॥૮॥ બ્રહ્માએ બ્રહ્માણી રાખી, લક્ષ્મી વીષ્ણુ દેવે, મહાદેવજી યોગી હતા પણ, ઉમીયા રાખી એવે. ॥ ૯ ॥ નારી વીના સંસાર કયાંથી, નારીથી થયું જગત; નારીથી જ્ઞાની અવતરીયા; નારીથી થયા ભક્ત. ॥૧૦॥ નારી વીના કોણ થયેલું, બતાવો મુજ નાથ; સ્વરગ આપવા વાળી નારી, સાચી માનજો વાત. ॥ ૧૧ ॥ એટલે બોલ્યો અભેમન્યુ, બોલ્યામાં બહાદુર આપ; પણ જો હું પાછો વળુતો, બ્રહ્મહત્યાનું પાપ. ॥ ૧૨ ॥ પાનને બદલે કેહેવાય કોહલા, માટે જવું છે ઠેઠ; નામ લાજે મુજ તાત તણુને, લાજે જનુની પેટ. ॥ ૧૩ ॥ રણ ચડયો પાછો ન વળે, તેનું નામ છે સુરો; તે સુરાતણ ખોઇને જીવું, તો તો જન્મ અધુરો. ॥૧૪॥ યુધ્ધે ચડતાં મુજ માતાએ, બહુ કીધું કલ્પાંન્ત; તેનો ખાળ્યો ખળ્યો નહી હું, સમજાવે ન થયો શાંન્ત. ॥ ૧૫ ॥ હવે તારો ખાળ્યો ખળુ તો, વાંઝ્યની કેહેણી થાય; કેહેશે બહુ રડીને થાકી, પોતાની જનેતાય. ॥ ૧૬ ॥ તેની જરાએ દયા ન આવી, તેનો ખાળ્યો નવ ખળીયો; કેહેશે કે નારીનું

મોડું દીઠું, એટલે પાછો વળીયો. ॥ ૧૭ ॥ માતા કરતાં માન્યની વધી, કામમાં લબધાયો કામી; એવી કેહેણી લાગે મુજને, પડે ખરામાં ખામી. ॥ ૧૮ ॥ પછી જીવું તોહે મુવા જેવો, તે જીવવું ધીક્કાર; માટે નહી વળુ પાછો નહી વળુ, હઠ મુકી દો નાર. ॥ ૧૯ ॥ એટલે ઓત્રા રાણી વાણી, વદી તેણીવાર; તમે સોગન લેઇને બેઠા; ઓ માહારા ભરથાર. ॥ ૨૦ ॥ હવે માહારો ઉપાય નથી, ઓરે માહારા નાથ; પાછા વળવા નહી કહુ તમને, પણ એક સાંભળો વાત. ॥ ૨૧ ॥ યુધ્ધે જવું હોય તો તમે જાજો, પણ મુજ કષ્ટ કાપો;તમારી કને લઉછું માગી, પુત્ર મને એક આપો. ॥ ૨૨ ॥ ઇશ્વર ઇચ્છાએ પુત્ર થશે તો, સરશે સંસારી કામ;મહારી તમારા કીયા તે કરશે, રેહેશે જગતમાં નામ. ॥૨૩॥ તે માટે રતુદાન દો મુને, વાધે ભલું ઘર સુત્ર;મુજ મનને ભાસે છે એવું નીશ્ચે થવાનો પુત્ર. ॥૨૪॥ એટલે બોલ્યો અભેમન્યુ, આતે શું વદી વાણ; રણ જાતાં નારીને ન અડીએ, નારી તે નર્કની ખાણ. ॥ ૨૫ ॥ ખરા નર નારીને ન ગાંઠે;નારીછે ગોબરૂ ગાત્ર;તે માટે કેમ કહ્યું કરીએ, નર્ક છે નારી માત્ર. ॥ ૨૬ ॥ એટલે બોલી ઓત્રા નારી, સમજીને વદો વાણ, અભીમન્યુ કહે સમજીને કહુંછું સૌ નારી નર્કની ખાણ. ॥ ૨૭ ॥ ઓત્રા કહે હજુ સમજીને બોલો,ઓરે સ્વામી સુપાત્ર;કુંવર કહે ખાણ મોહોટી, નર્કની નારી માત્ર ॥ ૨૮ ॥ ઓત્રા કહે હું કહીશ ત્યારે,રીસાશો ભરથાર;રણધીર બોલ્યો કેહે કેહેવું હોયત, ખરી વાતે નહી ખાર. ॥ ૨૯ ॥ એટલે બોલી ઓત્રા રાણી, સાભળો મહારી વાત; સૌ નારીને નર્ક કોહોછો તો, નાર: તમારી માત. ॥ ૩૦ ॥ તમારી માતા માહારી માતા, સરવની માતા નારી; અભેમાને તવ નીચુ ધાલ્યું, ન્યાયની વાત વીચારી. ॥ ૩૧ ॥ ઓત્રાએ તવ મન વીચાર્યું,સ્વામીને માઠુ લાગે, એવું સમજી કેહેવા લાગી; કંથ તણો ભેદ ભાગે. ॥૩૨॥ સાંભળો માહારા સુજ્ઞ સ્વામી,હું અબળાની વાણ; તીછકારવી નવ ધટે નારીને,નારીતો રત્નની ખાણ. ॥ ૩૩ ॥ તમારા સરખા રત્ન જેવા, પ્રાક્રમી પ્રગટ થાય; તેની જનેતા નારી છે પણ, રત્નની ખાણ કેહેવાય. ॥ ૩૪ ॥ યોગાભ્યાશી જ્ઞાની તપસ્વી, કૈં સુરા કૈં દાતા; કૈં જન ભકતો કંઈ દેવહંશી રત્ન સરીખા થાતા. ॥ ૩૫ ॥ તે સરવે નારીના ઉદરથી,સુણો ચતુર સુજાણ; તે માટે સઘળી નારીને, ન કહેવી નર્કની ખાણ. ॥ ૩૬ ॥ સમજવી ખાણ રત્ન કેરા, વીચારી વદવી વાણ; તમારૂં કેહેવું પણ સાચું, છે ,નારા નર્કની ખાણ. ॥ ૩૭॥ જે નારીને પેટે જનમે, નાસ્તીક નીર-

દય પાપી;અવળચંદો અધર્મી અન્યાઇ,વીવેક હીન વણ માપી. ॥૩૮॥ મશ્કરી ખોરો તસ્કરી ચોરો, અવગુણનું એધાણ; તેવાં પ્રાણીની જનેતા નારી, તે નારી નર્કની ખાણ. ॥ ૩૯ ॥ નારીનું એવું બોલવું સુણી, ટુટી ગયો બધો તોડ; કુંવરે જાણ્યું પ્રવીણ ઝાઝી, કરી બતાવ્યો ફોડ, ॥ ૪ ॥ એની સાથે બોલી ચાલીમાં, હું તો નહી બર આવું; એવું સમજીને કહ્યું એણે, ઓ અબળા હવે જાવું; ॥ ૪૧ ॥ ઓત્રાએ કહયું સાંભળો સ્વામી,બુદ્ધી મુકી છે નેવ; એકજ વીચાર હરા ફરીને, હઠ લીધાની ટેવ. ॥ ૪૨ ॥ એકજ પ્રકારની હઠ લેવી, બીજા નહી વીચાર; તેવાને ચાતુર કોણ ગણસે, ઓ માહારા ભરથાર. ॥ ૪૩ ॥ આ ઉપરથી હું એમ સમજી, બુદ્ધી નથી વીશેશ, સવળા રસ્તાને નવ જાણો, વીચાર શકતી લેશ. ॥ ૪૪ ॥ એટલે અભેમન્યુ બોલ્યો, જાણે છે સહુ કોય, પ્રેમદા કરતાં પુરૂશમાં શું, બુદ્ધી ઓછી હોય. ॥ ૪૫ ॥ ઓત્રા કહે વીશેશ બુધી, પુરૂશમાં કયારે જાણું;પ્રશ્ન પુછું તેનો ઉત્તર આપો, તો બુદ્ધી પરમાણું. ॥ ૪૬ ॥ પછી હું જાણીશ કે સમજીને, હઠ ઝાલી છે નાથ; તરત તંબુએ ચાલી જવાની, નહી આડો કરૂં હાથ ॥ ૪૭ ॥ તમથી ઉત્તર દેવાય નહી તો, પુત્ર આપીને જાવો; હું તમ સાથે તમે મુજ સાથે, વચનથી બંધાવો.॥ ૪૮ ॥ એટલે બોલ્યો અભેમન્યુ,તારે છે પુત્રની ત્રષ્ણ; પણ ઉત્તર થાય બુદ્ધીશાળીથી, તેવું પુછવું પ્રષ્ણ. ॥ ૪૯ ॥ માહારાથી ઉત્તર દેવાય નહી તો, તારે દેવો પડશે; જો પછી ઉત્તર નહી દેતો, ક્રોધ મને બહુ ચડશે. ॥ ૫૦ ॥ માહારાથી ઉત્તર થાય નહીં તો,તુજથી ઉતર થાય;એવું પ્રષ્ણ પુછજે નારી, વેણ દીધું કરમાંય. ॥ ૫૧ ॥ ઓત્રાએ પણ વચન આપ્યું, તવ બોલ્યો રાજન; તારા પ્રષ્ણનો ઉત્તર દેવો, સેહેજ છે માહારે. મન. ॥ ૫૨ ॥ ઉત્તર આપીને જૈશ જુદ્ધે, તુજથી નવ રોકાય; ઉત્તર ના દેઉં તો સુત દેઇ, મારે જાવું વઢવાય. ॥ ૫૩ ॥ હવે પ્રેમદા પ્રષ્ણ પુછો, ઓત્રાએ જોડયા હાથ; ધ્યાન દેઇને સાભળી લેજો, ઓરે મારા નાથ. ॥ ૫૪ ॥ એકાદશી વ્રત આવીયું તે, દન પીતરનું શ્રાધ, તે દીન ગર્ભનો દહાડો નારીને, એ ત્રણનો પડયો બાધ. ॥ ૫૫ ॥ શ્રાધ સારીને જમે નહીતો; પીતરૂ બાધ લાગે; શ્રાધ સારીને જો જમે તો, એકાદશી વ્રત ભાગે. ॥ ૫૬ ॥ તે દન નારીને રતુ અપે તો, એકાદશ પાપ થાય;નારાને રતુ આપે નહી તો, લાગે બાળ હત્યાય ॥ ૫૭ ॥ ત્રૈણે વાતમાં બાધ ભાસે, વીચારો વીવેક; ત્રૈણે કારજશાધ્ય કરવાં, રેહેવા ન દેવું એક. ॥ ૫૮ ॥

બે કાજ કરીએ એકપર હરીએ, તો તે નહી ચતુરાઇ, ત્રણે કરવાં ને બાધ ન બેસે; તેની બુદ્ધી સવાઇ. ॥ ૫૯ ॥ અભેમાને વીચાર કરી, ધારી જોયા વિવેક; તો પણ એને કાંઇ ન સુજ્યું, રસ્તો ન જડીયો એક. ॥ ૬૦ ॥ વળણ઼ઃ ॥ રસ્તો કાંઈ જડયો નહી, કુંવર મન અકળાય; વદે વલ્લભ શ્રોતા સુણો, પ્રષ્ણોતર કથાય. ॥

કડવું ૩૮ રાગ ચોપાઈ.

બોલ્યા વૈશંનપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; બોલ્યો અભેમન્યુ મુખ એમ; આનો ઉત્તર થાયે કેમ. ॥ ૧ ॥ મોહોટા મોહોટા મથીને મરે, પણ ઉત્તર કોઇ ન કરે; પુછયું પ્રષ્ણ તેં કચવું અતી, તેનો ઉત્તર જડવાનો નથી. ॥ ૨ ॥ એક મુકી દે એકાદશી, તોતો આંટી એમાં નથી કશી; તવ ઓત્રા બોલી મુખ એમ, એકાદશી તે મુકાય કેમ ॥ ૩ ॥ એક મુકીને એક શીધ રાખે, તેમાં શાની ચતુરાઈ દાખે; કરે એક ખરૂં એક ખોટું, તેનું અજ્ઞાન જાણવું મોહોટું. ॥૪॥ જેમ વેદમાં ભેદ અપાર; કહે સાકાર નીરાકાર; તેમાં એક જુઠું એક સાચુ, કહે તે તણું ભણતર કાચું. ॥ ૫ ॥ ભણે શટ શાસ્ત્ર ચાર વેદ; પણ તે નહી સમજેલો ભેદ; તેથી એક ખરૂ એક ખોટુ, કહે તેને તો પાતક મોહોટું ॥૬॥ સર્વ વચનનો સમજે ભેદ, તે તો ભણ્યો છ શાસ્ત્રને વેદ; પુછયાં પ્રષ્ણમાં જે ત્રણ ટાંણાં, તે તો સાચવે સુજ્ઞજ શાણાં.॥ ૭ ॥ તવ અભેમન્યુ એમ બોલે. નહી તારૂણી કો તુજ તોલે; આપો ઉત્તર તો મન માને, હવે વાર કરો છો શાને. ॥ ૮ ॥ બોલી ઓત્રા બોલેલુ થાપો, મુને પુત્ર તમો એક આપો; પછી ઉત્તર કરૂં સ્વામી, મુને જાણશો નહી હરામી. ॥૯॥ તવ અભેમાને વીચાર્યું, ડેરા તંબુ તણાવવા ધાર્યું; જોયું શેન્યના સામુ છેક, થઈ ભાઇશું દ્રષ્ટી એક. ॥ ૧૦ ॥ કરી માયાવીને તવ સાન, આવ્યો ભીમ તણો સંતાન; તવ આડુ જોઇને કેહે છે, વીરા વામા અતી હઠ લે છે. ॥ ૧૧ ॥ માટે તંબુ તણાવો ભ્રાત, આડી દ્રષ્ટીએ કીધી વાત; સુણી ગટોરગછ સંચરિયો, પોતે શેન્ય વિશે પરવરિયો. ॥ ૧૨ ॥ કરિ શેવકને આગનાય, જાવો જૈ તંબુ તાણો ત્યાંય; કાંઇ કરતાં સુધરે કામ; રહે અભેમન્યુનું નામ. ॥ ૧૩ ॥ તવ શેવક લોક સંચરીયા, ડેરા તંબુ તાણી ત્યાર કરીઆ; પછી દાસો થયા વિદાય, તવ રથેથી ઉતર્યા રાય. ॥ ૧૪ ॥ મુકી ઓત્રાએ અશ્વ લગામ, જઈ તંબુ કર્યો વી-

વીશ્રામ; તવ કૃષ્ણ પ્રભુ પાતાળ,કીધો વીચાર દીનદયાળ. ॥ ૧૫ ॥ મા-હારે કરવો ભાણેજનો દૂંશ, પણ રાખવો ભક્તનો વંશ; કદી નરનારી સુખ આદરશે, થોડી વેળામાં અર્થ શું સરશે. ॥ ૧૬ ॥ એવું જાણ્યું શ્રી અવીનાશ, ટકાવું બેઉને છ માસ; કરી સુર્ય ઉપર આગનાય, સ્થંભી રેહેજો ત્યાંને ત્યાંય. ॥ ૧૭ ॥ ખટ માસ લગી રવી દેવ, ખસવું નહી અ વશ્ય મેવ; પછી જગતપર કરૂણા કીધિ, એક અંજળી જળની લીધી. ॥ ૧૮ ॥ મુખ વાણી વદ્યા ઘનશામ.પશુ પક્ષી પતંગ તમામ;દેવ દાનવ માનવ કીટ, થાજો આળસ નીંદ્રા અદીઠ. ॥ ૧૯ ॥ ક્ષુધા પીપાસાને દ-સ્ત, થાજો લઘુ શંકા સૈત હસ્ત;થાશો નહી વેળા કવેળા ભ્રાન્તી,રેહેજો નીરવરતીને શાન્તી. ॥ ૨૦ ॥ એમ કહી જળ આચમન કીધું, પછી જળ ફરીથી લીધું; એમ જાણ્યું જાદવરાય, દીવશે કદી ગર્ભ ધરાય, ॥૨૧॥ તેવા ગર્ભની પ્રજા જે થાય, તે તો વર્ણશંકર ગણાય; તેનાં અ-વળાં હોયે લક્ષણ, કરે ખોટી વસ્તુ ભક્ષણ. ॥ ૨૨ ॥ થાય અધરમીને અન્યાઈ, શુભ મારગ સમજે ન કાંઈ; એવી વરણસંકર પ્રજાય. દીવશે ગર્ભ રેહેવાથી થાય. ॥ ૨૩ ॥ નહી દીવશે મનુશ ધર્મ, પશુ પક્ષીને કી-ટનું કર્મ; એવું સમજીને જુગદાધાર;તંબુપર વરસાવ્યો ધુમાર. ॥ ૨૪॥ તેથી નાવે સુર્યનો બાધ,એવું કાર્ય કર્યું નિરવાદ; કરી કરૂણા દીનદયા ળ,કર્યું કામ રહી પાતાળ ॥ ૨૫ ॥ વળણ. ॥ પાતાળ રહીને કારજ કર્યું સાંભળને તું રાય; ભક્તને આધીન ભુધરો, વ્યાસ વલ્લભ ગુણ ગાય. ॥

કડવું ૩૯ રાગ ધોળનો.

બોલ્યા બોલ્યા વૈશમપાયે વચનરે, સાંભળ સાંભળ પરીક્ષત રાય ના તનરે. ॥ ૧ ॥ નરનારીને ઉપજ્યું હેત અપારરે, પ્રેમ ધરીને માંડયો શુભ સંસારરે ॥ ૨ ॥ રમતાં જમતાં બહુ વેળા વીતી નેટરે, પ્રભુ કૃપાયે ઓત્રાને ગર્ભ રહ્યો પેટરે. ॥ ૩ ॥ પરીક્ષત રાયના ગર્ભતણી એ કથાય રે, શ્રદ્ધા રાખી સુણો તો વંશ વૃદ્ધી થાયરે. ॥ ૪ ॥ જેણે રાખ્યો ધર્મ પાયો એકરે, કળીયુગને તો, વાપરવા દીધો નહી છેકરે. ॥ ૫ ॥ સપતા સુણી, પ્રભુ પદ પામ્યો જેહરે,શ્રોતા સુણતાં મનમાં ધરે સંદેહરે. ॥ ૬ ॥ હાશજ સમજે તે જન નરક પળાયરે, પરીવાર ખુવે, અનધન નાસ્તી થાયરે. ॥૭॥ શ્રધાળુ જન, સુણી કરે પુન્ય દાનરે, તેને પ્રભુ આપે સુખ સંતાનરે.॥૮॥ શ્રોતા જનના, પુરણ પોહોચ્યા કોડરે, સરવે સભા, બો-

હો જે જે શ્રી રણછોડરે. ॥ ૯ ॥ વળણ. ॥ સકળ સભા જય જય વદો, વંશની વૃદ્ધા થાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, જેજે શ્રી જગરાય. ॥

કડવું ૪૦ રાગ સાખીનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, દ્રોણ પર્વ મહીમાય. ॥ ૧ ॥ છ માસ સુખ સંસારનું લીધું, ૦ભ રહ્યો રૂડી રીતે; ઓત્રાને મન આનંદ થયો,પાવલે પડી પ્રીતે, ॥૨॥ ઓરે માહારા પ્રાણ પતીજી, વાંચ્યુ ભલુ ઘર સુત્ર; તમારે વૃધ્ધીને પુન્યે કરીને, આપશે પ્રભુ પુત્ર. ॥ ૩ ॥ જીભડી મારી કાપવી ઘટે, કઠોરૂ વચન કેહેતાં; રાખજો સદાએ કૃપા દ્રષ્ટી, હાથ હૈયાં નથી રેહેતાં. ॥ ૪ ॥ ઓરે પતીજી ઓરે પતીજી, દારૂણ આવ્યું દુઃખ; ચાર ઘડી કાજે કરી પ્રીતી, ફરી કયાં દેખીશ મુખ. ॥ ૫॥ એમ કહીને રડવા લાગી, આંસુ વહે ચોધાર; અભેમન્યુએ સમજાવીને, છાની રાખી તે વાર. ॥ ૬ ॥ પછી અરજુન સુત એમ બોલ્યો, વદેલું વચન થાપો; પ્રષ્ણ તમોએ જે પુછયું છે, તેનો ઉત્તર આપો. ॥ ૭ ॥ ઓત્રા કહે એ કંથ માહારા, સાંભળજો ધ્યાન દેઇ; પ્રષ્ણનો ઉત્તર સેજમાં છે, શાસ્ત્રનો આધાર લેઇ. ॥ ૮ ॥ એકાદશી વૃત આવીયુ, તે દન પીતરનું શ્રાધ, સ્ત્રીને દન હોય ગર્ભનો તે,ત્રણનો પડીઓ બાધ. ॥ ૯ ॥ શ્રાધ સારીને જમે નહીનો, પીતર રહે નીરાશ; જો જમેતો એકાદશીનો, ભાગી પડે અપવાસ. ॥ ૧૦ ॥ તે દન નારીને રતુ આપેનો, એકાદસ પાપ થાય; જો કદી રતુ આપેનહીતો, લાગે બાળ હત્યાય ॥ ૧૧ ॥ એવી એમાં આંટી ઘુંટી છે, તેનો શો ઉપાય: પાપ જરાએ આવે નહીને. ત્રણે કારજ થાય. ॥ ૧૨ ॥ એવો તમને આપુ ખુલાસો. તવ કર નાંખશો મુછે; જાણયા પછી કોયડો કોડીનો, કેહેશો કે એમાં શું છે. ॥ ૧૩ ॥ અભેમાન કહે સુણ નારી, વાંકુ કેમ વદાય,જાણયા પછી ઓહો કરી કાઢે,તે નર ખર કહેવાય.॥૧૪॥ એટલે બોલી ઓત્રા રાણી, ઉત્તરમાં ચીત દેજો; ઘણોક ઉંડો વીચાર રાખી, વચન સાંભળી લેજો. ॥ ૧૫ ॥ શ્રાધ કરીને પીન્ડ સુધીએ, જમ્યા બરોબર થાય; મધરાત પછી દીજીએ રૂતુ, ત્રણે તીથી સચવાય. ॥ ૧૬ ॥ મુખમાં અન ઘાલે અપવાસ ભાગેઃ વાસનાથી નાવે બાધ; જમવાની કાંઇ જરૂર નથી,પરીપુરણ થાય શ્રાધ.॥૧૭॥ અડધી રૂજની જતાં સુધી, એકાદશી કેહેવાય,અડધિ રાત્રી ગયા પછી,દ્વા દશીમાં મ-

ણાય. ॥ ૧૮ ॥ તેથી એકાદસ પાપ ન લાગે, લાગે ન બાળહત્યાય, એ રીતીથી કામ કરેતો, ત્રૈણે તીથી સચવાય.॥૧૯॥ ન્યાય ભરેલો ઉત્તર સુણી, હરખ્યો અભેમાન; સાબાશ નારી બુદ્ધીશાળી, વઇરાટની શંતાન ॥ ૨૦ ॥ જાવો તમે તંબુએ પધારો, શીખામણ મન ધરજો, માહારી માતા રાંકડી છે, તેની સેવા કરજો. ॥ ૨૧ ॥ પીહેરીઆંની પ્રાસરીયાંની, આબરૂ રાખજો ઉભી;કંથને લાન્છન લગાડશો માં ચાતુર નારીની ખુબી.॥૨૨॥ દાંતમાં છેડો ઘાલીને દહાડા,કાઢજો રૂડી રીતે;મનમુકીને માહારી પછાડે, પુન્યજ કરજો પ્રીતે. ॥ ૨૩ ॥ આશીશ વચન દેઉંછુ તુને, ઇશ્વર કલ્યાણ કરશે; જનમો જન્મ સુખની પ્રાપ્તી, ઉદર તારૂ ઠરશે. ॥ ૨૪ ॥ રડશો કળકળશો નહી કોઇ, સૌ ગુણની જાણનાર; હેતજ રાખજો જેવું છે તેવું, છેલ્લા વેલ્લા જુહાર. ॥ ૨૫ ॥ એમ કહીને ઉભો થયો, હવે ન કાંઇ કહીશ; એટલે ઓત્રાયે આગળ આવી, ચરણમાં મુકયુ શીશ. ॥ ૨૬ ॥ વળણ. ॥ પાય પડી ઉભી થઈ, સનમુખ જોડયા હાથ; વદે વલ્લભ ઉભી રહી; નીરખે પોતાનો નાથ.

કડવું ૪૧ વૈદ્રભીનો રાગ નાટકની છાયા.

કંથજી કયારે ભેગા થશો, કયારે દેખાડશો મુખ; તમવણ દીવશ જાશે નહી, નહી તમ વણ સુખ. ॥ કંથજી ॥ટેક.॥ અધુરામાં પુરી પ્રીતી કરી, તે તો વીસરશે કેમ;વારે વારે આવશે સાંભરી, પતી તમારો પ્રેમ. કંથજી. ॥ ૧ ॥ લખી લખી કાગળ કયાં મોકલું, બુડેલું તરે વાણ તમારા સુખનો સંદેસડો, મુને કેહેવાનું કાંણ. ॥ કંથજી. ॥ ૨ ॥ કયારે જશો ને કોના થશો, ફરી જવાનું ચીત; વીસરસો વઇભોગ આજનો, ચાર ઘડીની પ્રીત. કંથજી. ॥ ૩ ॥ પ્રાણપતી પ્યારા માહારા, છબી દેખવાની કયાંય; જાણે નજરે નીરખ્યા કરૂ, માહારી રૂદીયામાંય॥ કંથજી. ॥ ૪ ॥ જયાં જાઓ ત્યાં મારા નાથજી, રહો માસ છ માસ, એટલે મુને તેડાવજો,દાશીને તમ પાસ. ॥ કંથજી. ॥ ૫ ॥ જાવો તો જગો કરજો માહારી, સાંકડે મોકળે સમાસ; ચરણ ચાપીશ કને આવિને, તમ રજની હું દાસ. કંથજી. ॥ ૬ ॥ વળણ. એમ કહી પાલવ ગ્રહ્યો ઉડયો નર કુંવાર; વદે વલ્લભ તતપર થઈ,*રણધીર નીકળ્યો બાહાર.

કડવું ૪૨ રાગ સાખી.

વઇશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, ચક્રાવાનો મહીમાય. ॥ ૧ ॥ ઓત્રાને રડતી મુકીને, રણધીર નીકળ્યો બાહાર;જઇ પોતાના રથમાં બેઠા, હાથે ગ્રહી હથીઆર ॥ ૨ ॥ એટલે આવિ સકળ સેન્યા, હળીમળી સહુ જાય; દુન્દભી ડંકા દેતા દેતા, યુદ્ધને પંથ પળાય. ॥ ૩ ॥ અભેમન્યુની આગનાથી સેવક બે ત્યાર થયા, રણમાંથી ઓત્રા રાણીને; તંબુએ તેડી ગયા. ॥૪॥ સુભદ્રાની પાસે આવી, ઓત્રા લાગી પાય; હું અપરાધણ મોંડી આવી, તે કરજો ક્ષમાય. ॥ ૫ ॥ માહારે ભવીશે ઘણી ભુલાવી, કાળ કેડે થઈ લાગ્યો;આવતાં સાંઢના ચરણ વીશે, મારગે ભાલો લાગ્યો. ॥ ૬ ॥ માટે મુજથી મોંડા અવાયું, પણ તમસુતને ખાળ્યા; માહારાથી થયું તેટલું કીધું; ઘણાએ પાછા વાળ્યા. ॥ ૭ ॥ તો પણ તે પાછા નવ વળીયા છેવટ થાકીને આવી;પણ સાસુજી તમારે પુન્યે,પુત્ર હું એમનો લાવી. ॥ ૮ ॥ લેલાટ ઉપર હાથ મુકયો, સુભદ્રાએ સાર; મોહોઢામાં આવેલો કોળીયો ગયો,શું અન્ય આશા લગાર.॥૯॥તારૂને માહારૂં ભવીશબાઈ, થઇ બેઠાં નીરાશ;અભેમન્યુ અતી આનંદે ચાલ્યો, મન ધરી ઉલ્લાશ. ॥ ૧૦ ॥ એવે કોઠાની લગભગ થયા,તવ બોલ્યો અભેમાન; સભળો માહારા ભીમ કાકા,વાયુ તણા સંતાન ॥૧૧॥કોઠામાં શેન્યા નવ શોભે, હોય મારથી વઢનારા;ત્યાં તો છે યુદ્ધ યુક્તી ભરેલું,અન્ય શું કરે બીચારા. ॥ ૧૨ ॥ માટે શેન્યને અળગી બેસાડો, પછી ચાલો ચઢે ઘોડે, છે એક કોઠો તમારે માથે,માટે ચાલો અમ જોડે. ॥ ૧૩ ॥ હું ને ગટોડગછ ત્રીજા તમે, જૈએ તેમાં નહિ કેહેણી;તવ શેન્યાની પ્રત્યે ગદાધર, બોલ્યો રક્તજ નેણી ॥૧૪॥ જાવો જઇને સરવે કરો,છાંયો જોઇ વીસરામ; અમે ત્રણે જણા જાશું કોઠામાં, ત્યાં નહિ કોઇનું કામ. ॥ ૧૫ ॥ એટલે નીકુળ સરવને લેઇ,અળગો ગયો તે વાર, છાંયો જોઇને વીશ્રામ કીધો, શાન્તી પામ્યા અપાર. ॥ ૧૬ ॥ ભીમ ગટોડગછ ને અભેમન્યુ પ્રથમ કોઠે જાય; ત્યાં તો ઉભા છે દ્રોણ ગુરૂ, પાશાણ કોઠા માંય. ॥ ૧૭ ॥ ત્યાં જઇને ત્રણે જણાએ, કીધો નમસ્કાર;એટલે બોલ્યા મધુરે મુખે,હશીને દ્રોણાચાર. ॥ ૧૮ ॥ આવો દીકરા ભલેજ આવ્યા, યુદ્ધની મને ઇચ્છાય; અભીમન્યુ કહે ધન્ય મહારાજા, તમથી આમ ન થાય. ॥ ૧૯ ॥ માહારા બાપને વીશ્વાસ આપી. મોકલીયા પાતાળ; કપટનું કોઠાયુદ્ધ

માંડયું, શીખવ્યું તે ચાન્ડાળ. ॥ ૨૦ ॥ ગુરૂજીને કેહેવું ન ઘટે, પણ કર્યું કહ્યા જેવું; તમોએ યુદ્ધ માગી લીધું છે,તો તમને યુદ્ધ દેવું.॥૨૧॥ તમારી સાથે હારીશ વડતાં, તેમાં ઇજ્જત નહી જાય, કેહેશે છોકરૂ જીતે બીચારૂં, બાળકથી શું થાય. ॥૨૨॥ તમોને લોકો એવું કહેશે ગુરૂ જાતે કઠોર; વીદ્યારથીનું છોકરૂં માર્યું તેમાં શું કીધું જોર. ॥ ૨૩ ॥ જસ તમને નથી મળવાનો, જીતશો તોહે લગાર; કદાપી વઢતાં હારશો તો, ફજેતીનો નહી પાર. ॥૨૪॥ હલકાઇ તમારી ઘણી ગણાશે કેહેશે ગુરૂ હારી પડીયા; મુજને લોકો એવું કહેશે, ગુરૂથી ચેલા ચડીયા. ॥ ૨૫ ॥ મહીમા મારો વીશ્વમાં વધશે, માટે ગુરૂ સંગ ગાજુ; હારશો કે જીતશો તમો પણ, નહી મળે જસ બેઉ બાજુ. ॥ ૨૬ ॥ એવાં વચન સાંભળીને, પસ્તાયા ગુરૂ દ્રોણ; આ કામ મેં કર્યું હોત નહી તો, દેનારૂં ઠબકો કોણ. ॥ ૨૭ ॥ દુરીયોધને બુદ્ધી ભમાવી, એને શી દેઉં આશ; ઠબકો સાંભળ્યો પાપીને માટે, જાજો સત્યાનાશ. ॥ ૨૮ ॥ એમ કહીને દ્રોણ બોલ્યા, સાંભળ માહરા તન; જે કામ કરવા બેઠા તે કરો, સમજ્યો સર્વ વચન. ॥ ૨૯ ॥ કરતાં શું કર્યું તે કેમ કરીયે, હવે તો ધનુષ તાણો, કુંવર કહે શું યુદ્ધ કરશો, વીપ્ર લાડુ ખાઈ જાણો. ॥ ૩૦ ॥ એવું સાંભળી દ્રોણ ગુરૂને, ક્રોધ ચઢયો અપાર; શું સહુ જેવો મુજને જાણ્યો, લાડુનો ખાનાર. ॥૩૧॥ જો છોકરા હવે હેર મારૂ, ઢાળુ રથથી હેઠ; કુંવર કહે જોજો માહારાજા, પોહોંચાડી દેઉ ઠેઠ. ॥ ૩૨ ॥ એમ કહીને સામાસામી હાથ ગ્રહ્યાં હથીઆર;ધનુશની પણછ ચઢાવી, બેઉએ કર્યા ટંકાર. ॥ ૩૩ ॥ પેહેલો કોઠો પાશાણ કેરો, પેહેલો દરવાજો એક; રથ બેશી તે દરવાજામાં, ગુરૂ રહ્યા ધરી ટેક. ॥ ૩૪ ॥ અભીમન્યુ બાહાર ઉભો છે, ક્રોધજ આડે આંકે; ગટોરગછ શુત હેડંબાનો, તે રથ એનો હાંકે. ॥ ૩૫ ॥ ગદા દસહજ્જાર મણુની, લેઇ ઉભો છે ભેમ; પછી બાણાવળી બાણ લેઇને, ટુટી પડયા ફાવે તેમ. ॥ ૩૬ ॥ વળણ.॥ ફાવે તેમ ટુટી પડયા, ગુરૂને અભેમાન; વદે વલ્લભ શ્રોતા સહુ, ભજજો શ્રી ભગવાન.

કડવું ૪૩ રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ સંભળાવું, પેહેલા કાકાની કથાય. ॥ ૧ ॥ દ્રોણ ગુરૂએ બાણ લેઇ

ને દેવા માંડયો માર; અગણીતા મંત્ર ભણીને, મારે નર કુંવાર. ॥ ૨ ॥ એક એક બાણે ચાળીશ હજાર, બાણુ કુંવરના જાય; દ્રોણગુરૂ એક બાણુ મારેતે, એંશી હજાર થાય. ॥ ૩ ॥ ત્યાં તે કેટલું જોર કુંવરનું, ગુરૂજી દૈવત દાખે; અભીમન્યુને રૂંએ રૂંએ, ભાલોડાં ભોંકી નાખે. ॥ ૪ ॥ ચામ્ર શરીરનું ચુંથી નાંખ્યું ચારણી જેવું થયું; થર થર કાયા કંપવા લાગી, રૂધીર બહુ વહી ગયું. ॥૫॥ ડોળા બે ડગમગવા લાગ્યા, પ્રાણ જવાનો બાકી; એ રીતે અભીમન્યુની, માઠી દશાથઇ પાકી.॥૬॥ રક્ષાનો એક તાર સુતરનો, ધનુશે વીંટેલો સાર; તેને પ્રતાપે આયુશ કેરો. સંધાઇ રહ્યો છે તાર. ॥ ૭ ॥ કુંવર ઘણો કાહ્યર થયો, મનમાં અતી બડબડીયો, તે જોઇને ગટોરગછ બળીયો, ગાજીને ગગને ચઢીયો. ॥ ૮ ॥ એટલે ગુરૂએ બાણ લીધું, દારૂણ દૈવત દાખી; મોહાસ્તરથી ગટોરગછની રૂદીયા ભેદી નાંખી. ॥ ૯ ॥ બેભાન થઇ તંબુએ પડીયો, ન રહી સુધકે સાન; કુંવરને ઉડાડયો જાણી, કોપ્યોવાયુ સંતાન.॥૧૦॥ ગદા ગ્રહીને આગળ આવ્યો, વાળું કચ્ચર ઘાણ; એટલામાં તો દ્રોણ ગુરૂએ, ભોંકયું ભીમને બાણ. ॥ ૧૧ ॥ તવ વ્રકોદર અવની ઢળીયો, ગુરૂએ કીધો કેહેર; લાડુ ખાનારો મુજને કહ્યો, મારૂં કુંવરને ઠેર.॥૧૨॥ એવું સમજી અભેમન્યુને, બાણનો માર્યો માર; ભયોભય ભાલોડાં ભોંકયાં, કંઇ નીકળે આરપાર. ॥ ૧૩ ॥ કંઇક શરીરમાં ભરાઇ રહે, વહે ઘણું રૂધીર; એવી રીતે રૂંએ રૂંએ. બહુજ ભોકયાં તીર. ॥૧૪॥ ચામડું થયું ચારણી જેવું, જાણે પડશે ઢળી; એવે સમે વ્રકોદરની, તરત મુરછા વળી. ॥ ૧૫ ॥ ઉભો થઇને જોયું ભીમે, દાજ્યું અંતઃકરણ; જાણ્યું કે કર્યો જુલમ વીપ્રે, કુંવર પામશે મર્ણ. ॥ ૧૬ ॥ એવું સમજી મડદાં પડેલાં, તે લેઇ દીધો માર; તેથી ગુરૂ કાહ્યર થયા, પાછા પડયા તે વાર. ॥૧૭॥ એવામાં ગટોરગચ્છ આવ્યો, હાંકવા રથપર બેઠો; ત્રણેનુ જુથ મળવાથી ગુરૂનો, જીવ ચીંતામાં પેઠો. ॥ ૧૮ ॥ અભીમન્યુને હીમત આવી, છોડવા માંડયાં બાણ; ગુરૂ પેશા ગયા અડધે કોઠે, ઘણા થયા ગભરાણ. ॥ ૧૯ ॥ તોપણ પાછી હામ રાખી, ટકી ઉભા ત્યાં સાર; કોઠાના દ્વારમાં કુંવર પેઠો, તેને મારે છે માર. ॥૨૦॥ વ્રકોદરને માહા રીસ વ્યાપી, બળથી ગયો છે બેહેકી; બે ભુજમાં ગદા ઘાલીને દ્રોણ પર છુટી ફેંકી. ॥ ૨૧ ॥ તે ગદા ગુરૂએ આવતી દીઠી, જાણ્યું કે વીઘન થાશે; અયુત મણની મુજપર પડશે, તવ રોટલો વળી જાશે. ॥૨૨॥ રાજ ભોગવનારો ભોગવે પોતે; હું શીદ પામું મરણ; એવું સમજીરથવી

શેથી, તરત ઉતર્યા ધર્ણ. ॥ ૨૩ ॥ લડવું વઢવું વેગળું મુકી, નાઠા
દ્રોણાચાર;બીજે દ્વારે પેશી જઇને,નીકળી ગયા બહાર. ॥ ૨૪ ॥ ઉછ-
ળેલી ગદા હેઠી પડી, તવ ભીમે લેઇ લીધી; અભેમન્યુને કેહેવા લા-
ગ્યો,કેવી બાહાદુરી કીધી. ॥ ૨૫ ॥ કુંવર કહે સાબાશ કાકા, નીકળ-
વા પંથ ઝાલો; આડા અવળા કાંઈ ન ખસશો, રથની પુંઠળ ચાલો.
॥૨૬ ॥ રથ મુકીને આઘા ખસશો, તો બીજે પંથ ચડશો; જો કોઇ દ્વા-
રમાં પેશી ગયા તો, જરૂર ભુલા પડસો. ॥ ૨૭ ॥ આખો આયુષ વહી
જવાનો,પણ નહી નીકળો બાહાર; આંટીઘુંટી ભમ્યા કરશો;પણ નહી
આવે પાર. ॥૨૮॥ ભુલ ભુલામણી ભારે કોઠાની, ભમી ભમીને થાકો;
હું આંગળી બતાવું તે રીતે,રથ ગટારગછ હાકો. ॥ ૨૯ ॥ ઉભા રહ્યા
ની શક્તિ નથી,મુજને માહારા વીર; શરીર જુઓ સ્વેત થએલું, ન-
થી જરા રૂધીર. ॥ ૩૦ ॥ માટે રથમાં બેઠો બેઠો, તમને બતાવું શાન;
તે રસ્તે રથ હાંકે જાજો, જોજો ભુલતા ભાન ॥ ૩૧ ॥ એમ કહી રથમાં
બીરાજ્યો, અરજુનનો કુંવર; આંગળી બતાવે તે પરમાણે, માયાવિ
હાંકે તોખાર. ॥ ૩૨ ॥ દ્વારે દ્વારે પેસવા લાગે, ત્યાં યોદ્ધા યુધ ધારે;
હેડંબાનો દીકરો તે,પરોણો લેઇને મારે. ॥ ૩૩ ॥ ને મારતા બહુ રહી
જાય બાકી, તેને વૃકોદર ઝાલે; માંથા ઉપર ફેરવીને, બળથી બગલમાં
ઘાલે. ॥ ૩૪ ॥ દબાવીને પ્રાણ કાઢે,એમ ફર્યા સાત દ્વાર; દ્વારે દ્વારે દસ-
દસ યોદ્ધા; માર્યા એક હજાર. ॥ ૩૫ ॥ પ્રથમ કોઠો ફરી નીકળ્યા, તવ
કામ કેવું કીધું;અભીમન્યુએ બેઠા બેઠા, વજરાસ્તર બાણ ઘીધું ॥૩૬॥
તે બાણ બળ કરીને મુકયું,વજરનો મંત્રજ નડીઓ; પહેલો કોઠો પા-
શાણનો તે, મુળમાંથી ભાગી પડીયો. ॥ ૩૭ ॥ દ્રોણગુરૂ જે નાશી ગયે
લા, પોહોચ્યા કઉરવ દળમાં; મોઢામાં તો સ્વાસ ઘણેરો; પણ તે આ
વ્યા પળમાં. ॥ ૩૮ ॥ આવી કહ્યું દુરીયોધનને, હાર્યોરે ભાઇ હાર્યો; તણે
જણાએ હળી મળીને, મન મુકી મુજને માર્યો. ॥ ૩૯ ॥ છત્રપતી કહે
છોકરાઓથી, હારી ગયા માહારાજ; બ્રાહ્મણ તો લાડવા ખાઇ જાણે,
ખોઇ જગતમાં લાજ. ॥ ૪૦ ॥ જાવો કૃપાચાર ગોર માહારાજા, બીજો
કોઠો તમારો; વીપ્રના કોઠા થઇ રહે પુરા, પછી ઝપાટા અમારો ॥ ૪૧॥
એટલે કીરપાચાર ચાલ્યા, બીજા કોઠામાં જાય; લોહ વજ્જરનો કારમો
કોઠો, જઈ ઉભા તે માય. ॥ ૪૨ ॥ વળણ. કોઠે જઈ ઉભા રહ્યા, હાથ
ગ્રહી હથીઆર; બારણે રથ રાખી રહ્યા,અરજુનનો કુંવાર,

કડવું ૪૪ રાગ સામેરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, બીજા કોઠાની કથાય. ॥ ૧ ॥ ભીમ અભેમાનને માયાવી, ઉભા રહ્યા છે બાહાર;કુંવર કહે ભીમ કાકા, કાયાને કષ્ટ અપાર. ॥ ૨॥ માહારા અંગમાં બાણ પેઠાં છે, તેની ઘણી વેદનાય; સાચવીને તે ખેચી કાહાડો, તો નીરવરતી થાય. ॥ ૩૩॥ ભીમ કહે બાણ કાઢીશું તો પવન પરવેશ કરશે; તેથી વીશેશ પામીશ પીડા, પ્રાણ તારો નીસરશે ॥ ૪ ॥ કુંવર કહે ભત્રીશ માહારૂં, પણ કાઢી લ્યો બાણ; શરીર સકસ રહી ગયું છે, દુખી થાય છે પ્રાણ. ॥ ૫ ॥ તવ માયાવી એમ બોલ્યો. ધીર્ય ધરોને ભ્રાત; વસ્ત્ર તણી કરો કાકડીયો, ઓ વૃકોદર તાત. ॥ ૬ ॥ બાણ કાઢી મહી મારવા ડુચા, પ્રવેશે નહી પવન; સાચવીને બાણ ખેચી લેઉં, એમ વદયો વચન. ॥ ૭ ॥ તવ ભીમે વસ્ત્રો ફાડીને, કાકડીયો કરી આપી; માયાવીએ બાણ કાઢવા માંડયા, શરીરે કર ચાંપી. ॥ ૮ ॥ હાથ દેઇ બાણ ખેંચી કાઢે, છીદ્રમાં કાકડી ઘાલે; તે વેળાએ અભીમન્યુને, શરીરમાં બહુ સાલે. ॥ ૯ ॥ એ રીતે બહુ બાણ કાઢી, વસ્ત્રના ડુચા દીધા;રૂધીરવાળું શરીર લુછી, વસ્ત્રો ધારણ કીધાં. ॥૧૦॥ કુંવરના જીવને વળી શાન્તી, થઈ ગયો તઇઆર; ખુંખારીને ઉભો થયો, હાથ ગ્રહ્યાં અથીઆર ॥ ૧૧ ॥ ચાલો કાકા બીજે કોડે, બન્યો હતો જેવો તેવો;હીમ્મત હારવાનો નથી જરા,ગોરનો કોઠો લેવો. ॥ ૧૨ ॥ ગટોરગછે રથ હંકાર્યો,બીજે કોડે તવ જાય;ગોર કૃપાચાર.ઉભ છે તેને, લાગ્યો વૃકોદર પાય. ॥ ૧૩ ॥ ઓ માહારાજા તમો કયાં ઉભા, અમને પાતક નડશે; પુજન કરવા યોગ્ય તમે તો, પણ માર મારવો પડશે. ॥ ૧૪ ॥દ્રોણગુરૂ બનેવી તમારા, તેમને અમોએ માર્યા; ઘણા જોરાવર છે પણ અમથી, લઢતાં વઢતાં હાર્યા. ॥ ૧૫ ॥ એ હાર્યા તો તમે શું જીતો, કરજો મન વીચાર; વચન સાંભળી ગોર બોલ્યા, સાંભળ વાયુ કુંવર. ॥ ૧૬ ॥ પાપીએ મુને પરાણે મુકયો, તે કેમ કેહેવાય નાય; આવિ ફરયારે આવિ ફસાયા, તે તણો શો ઉપાય ॥ ૧૭ ॥ ભીમ કહે ઉપાય બતાવું, આપણ યુદ્ધ ન ધાગે; દુષ્ટને દેખાડવાને માટે, આયુદ્ધ ઉંચે મારો, ॥ ૧૮ ॥ બુમો પાડો બળ દેખાડો, બે ઘડી ખેલ મચાવો; પછી હાર્યો હાર્યો કેહેતા, કોઠાથી નાશી જાવો. ॥ ૧૯ ॥ છેવટ હારશો માર ખાઇને,તેથી ભલું આ કામ;માર ખાધાવણ હાર્યો કેહેવાશો, તેથી

ન બુડે નામ. ॥ ૨૦ ॥ માર ખાઇને હારવું પડે, તેથી આ શું ભુંડું; એટલે ગોર હશીને બોલ્યા, તેં તો બતાવ્યું રૂડું. ॥૨૧॥ હાથ ઉપાડો ને બાણ કહાડો, દેખાડો દુષ્ટને જોર; કોઈ કોઇને માર ન દેવો, સાક્ષી નંદકીશોર. ॥ ૨૨ ॥ એમ કહીને આયુદ્ધ લીધાં મેઘનાદે ગડગડીઆં; કુંવર ને ગોર બાણ લઇને, ફેંકવા ટુટી પડીયા. ॥ ૨૩ ॥ બેજણ ઉંચાં બાણ ફેંકે, જુલમ કરી નાંખ્યો; કોઠા ઉપર દેખાય જાણે, ઉડી મદની માંખ્યો ॥૨૪॥ ભીમ કોઠામાં ધુમવા લાગ્યો, બરકા બુમો પાડે; બે ભુજમાં ગદા ઘાલીને, પૃથ્વીપર પછાડે. ॥ ૨૫ ॥ કઉરવ લોકો બાહારથી જુએ, જોયા કરે રાજન;તે જોઇ દ્રોણની પ્રત્યે બોલ્યો,દુરીયોધન વચન ॥ ૨૬ ॥ જુઓ ગુરૂજી જુઓ ગુરૂજી, થાય છે સોરબકોર; તમારા કરતા ગોર મહારાજા, કેવું કરે છે જોર. ॥૨૭॥ આટલાં બાણ છે કોઠા ઉપર, તો મહી નહી હોય પાર;ભીમને માર પડેલો તેથી,કર્યો કરે પોકાર ॥૨૮॥ એવું સાંભળી ગુરૂએ ધર્યું, માહારી થઈ નરસાઇ;આ વેળાએ મુજ સાળકની, ઘણી થઇ સરસાઈ. ॥ ૨૯ ॥ પુન્ય માહારૂં કાંઇ આવજો આડે ઓરે શ્રી રણછોડ; ગોર કૃપાચાર હારજો ને, થાજો માહારી જોડ. ॥૩૦॥ એવામાં થઇ બે ઘટીકા, કોઠામાં વાયુનો તન; ગાજીને કૃપાચાર પ્રત્યે એમ વદ્યો વચન. ॥ ૩૧ ॥ બે ઘડી વેળા વીતી ગઈ છે, પ્રેમ કરીને પધારો; નહી નાસો તો ઝાલ્યો ન રહે, ઉપડે હાથ અમારો.॥૩૨॥ એવું વચન સાંભળીને, ભય ભાસ્યા બહુ માઠા; આયુદ્ધ ફેંકી રથથી ઉતરી, જીવ લેઇ ગોર નાઠા. ॥ ૩૩ ॥ હાર્યો હાર્યો મુજને માર્યો, મરણનો ભય ભાસે; એવું કેહેતા આવ્યા નાઠા, કૌરવને દ્રોણ પાસે. ॥ ૩૪ ॥ દ્રોણગુરૂ તવ હસવા લાગ્યા, બહુ બાંધેલી હોડ,દુરિયોધન જસ બહુ ગાતો તો, પધારો માહારી જોડ. ॥ ૩૫ ॥ એટલે છત્રપતી એમ બોલ્યો, જોયો તમારો ઝપાટો;હરી ફરી લાડુ ખાઈ જાણો, જોજો ક્ષત્રીનો સપાટો. ॥ ૩૬ ॥ એ રીતે ત્યાં વાતો ચાલે; કોઠામાં અભેમાન; તેણે કહ્યું ભાઇ રથ હંકારો, ચાલો કાકા બળવાન. ॥૩૭॥ એટલે માયાવીયે રથ હાંકયો, દ્વારે દ્વારે એ ફરતા; દસ દસ યોદ્ધા ત્યાં ઉભા છે, સંહાર તેનો કરતા. ॥ ૩૮ ॥ એમ બસે દ્વાર ફરી વળીયા, યોદ્ધા હણ્યા બે હજાર, લોહવજ્જરનો કોઠો કરિને, ત્રણે નીકળ્યા બાહાર. ॥૩૯॥ અભેમાને વજરાસ્તર લીધું, જીતીને ખોડો કાહાડયો; તે બાણ મુકી બીજો કોઠો,લોહનો તોડી પાડયો. ॥૪૦॥ એવામાં તો ત્રીજે કોઠે,જાવા કર્યા મનસુબા; તે સમે જઇ ત્રીજે કોઠે; અશ્વસ્થામા ઉભા. ॥૪૧॥ દ્રોણના નંદન ચી-

રનજીવી, ક્રોધ ભર્યો અપાર; માહારા મામાને ને માહારા તાતને,જીત્યો એ કુંવાર. ॥ ૪૨ ॥ માટે આંઇ આવે તો મારૂ, લેઉ તાતનું વેહેર; અરજુન સુતને જીવતો હું, જાવા ન દેઉં ઘેર. ॥ ૪૩ ॥ એમ ધારિને અશ્વસ્થામા, ત્રીજા કોઠામાં રહ્યા; ભીમ ગટોરગછને અભેમન્યુ, તે ત્રણ ત્રીજે ગયા. ॥ ૪૪ ॥ વળણ ॥ ત્રીજે કોઠે ત્રણ ગયા, સુણો સૌ શ્રોતાય; વ્યાસ વલ્લભ મુખ ઓચરે; યુદ્ધ તણો મહીમાય.

કડવું ૪૫ રાજન રાચેજીને: રાગ.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; બળવંત બાહાજેજી; વીસ્તારી તુજને સંભળાવું, ત્રીજા કોઠાનો મહિમાય. બળ ॥ ૧ ॥ અભેમાને નમસ્કાર કીધો, ગુરૂના પુત્રને સાર; બળ. તવ અશ્વસ્થામા એમ બોલ્યા, લે તું હાથે હથીઆર. બળ. ॥ ૨ ॥ માહારા તાતને જીતીને આવ્યો, કીધી પાકી ભવાઈ. બળ. એ વૃધને તું યોબન વયનો, જીતે તેમાં શી નવાઇ. બળ. ૩॥ માહારો મામો ગોરપદુ જાણે તેને જીતે શું જસ; બળ. જેવડો હું છું તેવડો તુછું; જો લે માહારો કસ. બળ. ॥ ૪ ॥ અભેમાન બોલ્યો ઓરે મહારાજા, થોડો ગરવ મન આણો; બળ.લડાઇનું કામ ક્ષત્રી સમજે, વીપ્ર લાડુ ખાઇ જાણો.બળ. ॥૫॥ ધારૂતો એક બાણે ઉડાડુ, જાણુ છું તમારૂ માપ. બળ. અશ્વસ્થામા કહે ઉરાડે મુજને, તો અરજુન તુજ બાપ. બળ. ॥ ૬ ॥ એવું સાંભળી કુંવર બોલ્યો, એકજ બાણનું કામ; બળ. તે એક બાણે ઉરાડુ નહીતો, નરકે પીત્રુ તમામ. બળ. ॥ ૭ ॥ એટલે અશ્વસ્થામા બોલ્યા, દેખાડું રંગના ચટકા; બળ. તારા એક બાણને એક બાણ મારી, કરી નાંખું ત્રણ કટકા. બળ. ॥૮॥ નીશ્ચે સમજજે અરજુન તન તું, થનારૂં હોય તે થાય; બળ. બાણના ત્રણ કટકા ન કરૂં તો, મુજપીતરૂનર્કે પળાય. બળ. ॥૯॥ સામા સામી એમ સોગન લીધા, એટલે બોલ્યો ભેમ, બળ. અભેમાન બેટા આશું કીધું, બકયા જેમ ફાવે તેમ. બળ.॥૧૦॥ જવાને જવાનીયા મુમતે ચઢીયા, જણાવ્યો જોબનનો તાપ; બળ.તેમાં પીત્રને નર્ક બતાવ્યું, તેમણે શાં કર્યા પાપ. બળ. ॥ ૧૧ ॥ યોબન વચના ઉતપાતવાળા, ક્રોધ કામજ્વર રોગ; બળ. તાત માત ભગની સામી દે ગાળો, તે સગીયોના ભોગ. બળ. ॥૧૨॥ કુંવર કહે કાકા ભુલમાહારી, ન રહ્યો કાંઇ વીચાર; બળ. બોલતાં શું બોલાઇ ગયું માઠું,

હવે પસ્તાઉ અપાર. બળ. ॥ ૧૩ ॥ અશ્વસ્થામાને પણ પસ્તાવો લાગ્યો, આ શી વદી ગયા વાણુ, બળ; સપુત નીકળ્યા તે ત્રધ પીતરૂને, બતાવી નર્કની ખાણુ. બળ; ॥૧૪॥ અભેમાને જાણ્યું એકજ બાણે, નહી ઉડે તો શું કરવું; બળ. પીતરૂ માહારા નર્ક જવાના. માટે માહારે બળી મરવું. બળ. ॥ ૧૫ ॥ અશ્વસ્થામાએ પણ એમ આદરીયું, પછી કોપ્યા બળવાન, બળ; અભેમન્યુને કેહેવાને લાગ્યો, ભીમ વાયુ સંતાન. બળ. ॥૧૬॥ અકળાતો નહી અભેમાન બેટા, તું તારો રાખજે ટેક, બળ; સોગન પાળવા અશ્વસ્થામાને, તું મારજે બાણુ એક. બળ. ॥ ૧૭ ॥ બીજુ બાણુ તું તો નવ લેતો, લઢીશ હું એનિ સાથ, બળ; કુંવરે કહ્યું એના ઉપર તમારે. ઉંચો ન કરવો હાથ. બળ. ॥ ૧૮ ॥ એમ કહીને એક બાણુ લીધું, ગરવ મનથી હણીયો, બળ; મંત્રશક્તિનો ને મંત્ર વાયુનો, પ્રથમ પેહેલો ભણીયો બળ. ॥ ૧૯ ॥ બાણુને પેહેલે ભાગે બ્રહ્મા મુકયા, વચે વીષ્ણુ તતખેવ, બળ; મંત્ર ભણીને છેલ્લે ભાગે, મુકયા શ્રી માહાદેવ. બળ. ॥ ૨૦ ॥ એવા મંત્રોનું બાણુચડાવ્યું; કાંઇ ન રાખી નુન્ય, બળ, વળી તેનાપર ધર્મ કાકાનું પોતેમુકયું પુન્ય. બળ ॥ ૨૧ ॥ એ રીતે શર તૈયાર કીધો, પોતે ચતુરસુજાણુ. બળ; એનું જોઇને અશ્વસ્થામાએ,તરત લીધું બાણુ. બળ. ॥ ૨૨ ॥ પ્રથમ વજાસ્તર મંત્રજ ભણીયા, શક્તીનો મંત્રજ બીજો. બળ; બાણુને ત્રણ ભાગે ત્રણ દેવ મુકયા, જુએ ભીમનો ભત્રીજો. બળ. ॥ ૨૩ ॥ તે બાણ ચઢાવ્યું અશ્વસ્થામાયે, જાણે તોડવો મોહોટો મેરૂ, બળ; તે બાણુ ઉપર પુન્યજ મુકયું, બ્રહેસ્પતી દાદા કેરૂ, બળ. ॥ ૨૪ ॥ એવે અભેમાને બાણુજ ફેકયું, સુસવાડા કરતું જાય; બળ; તે જોઇ અશ્વસ્થામાએ માર્યું, બે બાણુ ભેગાં થાય, બળ. ॥૨૫॥ તવ તે બાજ્યાં, ગણુગણી ગાજ્યાં, જુએ બે બળીયા તન; બળ; એક એકને એ ટક્કરો મારે, લઢતાં ચઢયાં ગગન. બળ. ॥ ૨૬ ॥ એવે બેઉના ત્રધ પીતરૂઓ, અંત્રીક્ષ આવી ઉભા. બળ; અરેરે આપણે નરકે જવાનુ એમ કરે મનસુબા. બળ ॥ ૨૭ ॥ અભેમાનના ત્રધ ઇશ્વર આરાધે, જીતજો અમારો બાળ. બળ; અમ્મરના પીતરૂઓ અમ્મરને જીતવા, સમરે શ્રી ગોપાળ. બળ. ॥ ૨૮ ॥ એવામાં બે બાણુ બહુ ચઢયાં ઉંચા મારતાં ઝટકે ઝટકા, બળ; એવામાં અભેમાનના બાણુના, થઇ ગયાત્રણુ કટકા. બળ. ॥ ૨૯ ॥ તવ તેના પીતરૂ થયા રાજી, ઘણાજ હરખે ચઢીયા બળ; કુંવરના બાણુના ત્રણે કટકા આવી કોઠામાં પડીયા. બળ

॥ ૩૦ ॥ અશ્વસ્થામાએ મુછે હાથ નાખ્યો, હસ્તુ કીધું મુખ, બળ; તેવું જોઇને અભેમન્યુના દલમા લાગ્યું દુઃખ. બળ ॥ ૩૧ ॥ એવામાં વીષ્ણુના મંત્રનો કટકો ઉછળવાને લાગ્યો, બળ. ધર્મને પુન્યે પવન પેરે ઉડયો, વીપના રૂદીએ વાગ્યો. બળ ॥ ૩૨ ॥ વાગી ઉપાડી ગગને ચાલ્યો, એમ્મરને ઉચા લીધા, બળ; દ્રોણ કૃપાચાર જ્યાં બેઠા છે, ત્યાં તેને ફેંકી દીધા. બળ. ॥૩૩॥ તવ અભીમાનના વધ થયા રાજી, બેઉનું રહી ગયું માપ, બળ; અભીમન્યુ પણ આનંદ પામ્યો, ટળીયો તનનો તાપ. ॥બળ ॥ ૩૪ ॥ ભીમે કહ્યું લાજ ભગવાને રાખી, સુરા સુત સાબાશ. બળ; ચાલો કોઠો ફરિ બાહાર નીકળીયે, કરી યોધ્ધાનો નાશ. બળ. ॥ ૩૫ ॥ તવ ત્રણે રથ લઇને ફરતા, ફરીયા ત્રણ સે દ્વાર, બળ; દ્વારે દ્વારે દસ દસ યોધ્ધા, માર્યા ત્રણે હજાર. બળ ॥૩૬॥ પછી બાહાર નીકળી બાણ ચઢાવ્યું કુંવરે જણાવ્યું સુર. બળ. વજરાસ્તરથી તાંબાનો કોઠો, ત્રીજો કર્યો ચકચુર. બળ. ॥ ૩૭ ॥ એવું જોઇને છત્રપતી બોલ્યો, બોળ્યું બામણોએ નામ. બળ; ત્રૈણે કોઠેથી ત્રણે હાર્યા, કર્યાં નહી સંગ્રામ. બળ. ॥૩૮॥ હવે સપાટો ક્ષત્રીનો જોજો, નથી રેહેવાની નુન્ય, બળ. દ્રોણ કહે સહુ મુજપેરે હારજો, આડેઆવજો પુન્ય. બળ. ॥ ૩૯ ॥ વળાણ એમ ગુરૂજી કળકળે, સાંભળજેતું રાય; કહે વલ્લભ સહુ સાંભળો, ચોથાનો મહીમાય.

કડવું ૪૬ રાગ સાખી.

વૈશમપાયન એણીપેર બોલ્યા, સુણજનમેજે રાય; વીસ્તારીનુજને સંભળાવું, ચોથા કોઠાનો મહીમાય. ॥૧॥ ચોથો કોડો રૂપાનો છે, તેને ચારશેં દ્વાર; ચારસે શીખ્ખર ચારસેં ધજા, જોધ્ધા ચાર હજાર ॥ ૨ ॥ કરણ રાજા ત્યાં જઇ ઉભો, સંગ પોતાના બે બાળ; વર્શકેતુને ચંદ્રકેતુ, લડવઇઆ વીકરાળ. ॥ ૩ ॥ એવામાં અભેમાન બોલ્યો, ચાલો તતપર થઇએ, ચોથો કોઠો સમુદ્ર કાળો, તે તરવાને જૈએ. ॥૪॥ એમ કહીને ત્રૈણે ચાલ્યા, ચોથે કોઠે જાય; કહ્યું કે આવો રકત લોચને, બોલીયો કરણ રાય. ॥ ૫ ॥ તવ અભેમાન આવીને ઉભો, રાખીને યુધ્ધનો હેતુ એવામાં કરણ પ્રત્યે બોલ્યો, મોહોટો વરશ કેતુ ॥ ૬ ॥ કર્ણ પીતાજી અળગા ઉભારો, અને બે બંધવ વઢશું; આ ત્રણે છે તરણા સરીખા, પુરણ પુર પડશું. ॥ ૭ ॥ એટલે કરણ રાજા બોલ્યો, લડનારા એવિ-

કરાળ; અભેમન્યુ નહી જેવો તેવો, સીંહ તણો [redacted]ર્શકેતુ કહે પીતા મહારા, એછે સીંહનું બાળ; તો અમે શું નથી એના જેવા, અમ તાત શું શીયાળ. ॥૯॥ કરણ કહે મરજી તમારી, જોવું જે કેવા લડોછો; મુજ નામને લાંન્છન નવ લાગે, એનાથી કેવા ચડોછો. ॥૧૦॥ એમ કહી મહી અળગો બેઠો, તવ બોલ્યો અભેમાન; કાકા તમે પણ અળગા બેસો, વાયુ તણા સંતાન. ॥ ૧૧ ॥ બે સાથે અમે બે વઢીશું, સંગ્રામ કરશું સારો; કરણ રાજા વઢવા ઉઠે; એટલે તમારો વારો. ॥૧૨॥ ભીમે કહ્યું કે ન્યાય ખરો છે, ખસ્યો હીમ્મત દેઈ; વૃકોદર જઇ અળગો બેઠો, પોતાની ગદા લેઈ. ॥ ૧૩ ॥ એટલે બોલ્યો વરસ કેતુ, સાંભળ પારથ તન, મુકજે આશા જીવ્યા તણી તું, દેખાડું સ્વર્ગ ભોવન. ॥૧૪॥ અભેમન્યુ તવ કેહેવા લાગ્યો, શું વણુ વીચારયું બોલે; તું પરીવાર છે દાસીનો તે, નાવે ક્ષત્રીની તોલે. ॥૧૫॥ એમ કહીને અથીઆર લીધાં, કીધાં ધનુષ ટંકાર; મન મુકીને સામા સામી, દેતા બાણના માર. ॥૧૬॥ વર્શકેતુ ને ચંદ્રકેતુતે, બે જણનાં બાણ જાય; એકેકું બાણ મારે તેનાં, દસ દસ હજાર થાય. ॥ ૧૭ ॥ બે જણાના વીસ હજાર છુટે, કપરા કરણ કુંવાર; અભીમન્યુ એક બાણ મારેને, થાય ચાળીસ હજાર. ॥ ૧૮ ॥ ત્યા કુંવરનું જોર શું ચાલે, બહુ બળ કરવા લાગ્યા; અભેમાને વજરાસ્તર મારી, બે ભાઇના રથ ભાગ્યા. ॥૧૯॥ બીજે બે બાણે બેઉને બાંધ્યા, જોઇને કરણ રૂઠયો; બે દિકરાએ નામજ બોળ્યું, એમ કહીને ઊઠયો. ॥૨૦॥ પોતાનો રથ આગળ લાવ્યો, ક્રોધાતુર મન સાથ; ગરૂડાસ્તરથી બે તનના, છોડી નાંખ્યો હાથ. ॥૨૧॥ પછી બે પુત્રને પોતાના રથમાં, લીધા કરણ રાય, તેને દેખીને, ગદા લેઇને. ભીમશેન ઉભો થાય. ॥૨૨॥ અભીમન્યુ કહે આવો કાકા કરજો ખરેખરૂં જોર; એટલે ભીમશેન કુદવા લાગ્યો, કરતો શોરબકોર. ॥ ૨૩ ॥ કરણરાયે આયુધ લીધાં, ક્રોધ ભરેલા અપાર; અગણીતા મંત્ર ભણીને, દેવા માંડયો માર. ॥ ૨૪ ॥ કરણે બહુ કેર કીધો, વળી બે દીકરા સંગ; બાણવડે અભીમન્યુનું, વીંધી નાંખ્યું અંગ. ॥ ૨૫ ॥ તે ત્રાસ દેખી માયાવી કોપ્યો, ગરજના કીધી છેક; તે દેખીને કરણ રાયે, બાણજ ભોંકયું એક. ॥ ૨૬ ॥ તે બાણે માયાવી ઉછળીયો, હેલકારે આકાશ ચઢીયો; સુધી બુધી રહી નહીને, ડેરા તંબુ જઈ પડીયો. ॥૨૭॥ તવ ભીમને બહુ રીસ વાપી, ઉછળી આગળ થાયે; તવ કરણે મોહાસ્તર માર્યું, ભીમની રૂદીયા માંય. ॥૨૮॥ ભીમ ઢળી ચતાપાટ પડીયો, ન રહિ સુદ્ધ કે સાન; પછી બહુ માર દે

ગભરાવ્યો અરજુનનો સંતાન. ॥ ૨૯ ॥ અંગમાં ભોંકાય છે ભાલોડાં, કરણ બહુ માર દેછે; કૈં બાણ નીકળે સુંસરાંને, કૈ બાણ અંગમાં રહેછે ॥ ૩૦ ॥ તેનાપર બીજું બાણ વાગે, તવ પેલું નીકળે પાર; રૂધીર વહે માંઉસના લોચા, નીકળી પડે બાહાર. ॥૩૧॥ ડોળા બે ડગમગવા લાગ્યા, ભોંકાયાં બાણ અનેક; શરીરમાં શોધે નવ મળે, રૂધીર છાંટો એક ॥ ૩૨ ॥ ધોવાઇને ધોળો થઇ ગયો, પણ પાસે છે ધનુષ; તેણે તાતણો ડોશીનો છે, તેથી ટકયો આયુષ. ॥૩૩॥ એવામાંતો કરણરાયે, બે બાણુ માર્યા સાર, એકજ બાણે રથ ભાગ્યો, એકે ઘોડા ચાર. ॥૩૪॥ એટલે કુંવર પગપાળ થયો, ન રહ્યું અંતઃકર્ણ પછી આવ્યાં અરબડીયાં તે, કરૂજીને ઢળીયો ધરણ. ॥૩૫॥ તે દેખીને કરણરાજા, રથમાંથી ઉતરીયો; ફરશી લીધી હાથમાંને, પ્રાણ લેવા પરવરીયો. ॥ ૩૬ ॥ જે અભેમાનની રૂદીયા ઉપર, બેઠો રાજા કરણ; જો છોકરા આજ દાવમાં આવ્યો, આણુંછું તારૂં મરણ. ॥ ૩૭ ॥ આટલો મોહોટો તું થયો પણ, કાકો નથી કહ્યો મુને; દાશીનો દીકરો સદા કહ્યો છે, તેથી મારૂં તુને. ॥૩૮॥ તે બધો બદલો આજવાળુ, જીવજ તારો લેવું; તે કરતાં જો કાકા કેહેતો, જીવતો જાવા દેવું. ॥ ૩૯ ॥ અભેમાને તવ વીચાર્યું, ઉગરવું ખરિ ખાંચે કાકો કેહેવામાં શું જવાનું, ગઇ તક વીપ્ર ન વાંચે. ॥ ૪૦ ॥ અણી ચુકયો સો વરષ જીવે, છો થાય ખુશી પાકા; એવું સમજી હશીને બોલ્યો, શું કોહોછો કરણ કાકા. ॥ ૪૧ ॥ એટલે કરણ હશીને ઉઠયો, પોતાને રથ પરવરિયો; વર્શકેતુ ને ચંદ્રકેતુની, આગળ ગર્વ ધરિયો. ॥૪૨॥ કેવા મેં કેહેવરાવ્યા કાકા, ત્યારે એનાપર ત્રૂટયો; એવી વાત કરે છે એવામાં, અરજુનનો સુત ઉઠયો. ॥૪૩॥ વળણ. ॥ ઉઠયો સુત અરજુનનો, કરતો મન વિચાર; વદે શ્રોતા સુણો, જપવા જુગદાધાર.

કડવું ૪૭ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાર; વિસ્તારી તુજને સંભળાવું, ચોથાનો મહીમાય. ॥ ૧ ॥ અભીમન્યુ ઉભો થયો, મનમાં કર્યો વીચાર; મુજ કને કાકા કેવરાવી, એને ચઢયો હંકાર. ॥ ૨ ॥ સત્રૂને ખુશી થવા ન દેવો, મરશું તો એકવાર; એવું જાણી કુંવર બોલ્યો, કાકા પાંચ પ્રકાર. ॥૩॥ કાકા કેવરાવ, શું થયો રાજી, દગલબાજી કરીને; પાંચ પ્રકારના કાકા કહ્યા, સાંભાળ ચીત ધરીને. ॥૪॥ તાત ત-

ણ સગો ભાઈ હોયે, પ્રથમ કાકો એક; તાત તણો કોઇ મીત્ર હોયે; તે કાકો વીવેક, ॥ ૫ ॥ પાડોશી કોઇ વ્રધ હોય તેને, કાકા કહીએછૈયે; અજાણ્યો વૃદ્ધ રસ્તે જનારો, તેને કાકા કહીએ. ॥ ૬ ॥ ઘરનો ગુલામ ઘરડો હોયે, બહુ દીનનો રેહેવાશી;તેને પણ કેહેવાય છે કાકો, જો ન્યાય નીતી તપાશી. ॥ ૭ ॥ એ રીતેછે પાંચ પ્રકારે, શબ્દ સમજજે પાકો; જનમથી તું ઘરમાં રહેલો, માટે ગુલામ કાકો, ॥ ૮ ॥ કરણે એવું સાંભળ્યુંને, હળ હળ પ્રગટી રીસ; હવે ન મુકુ જીવતો હુ.છેદુ તારૂં શીશ ॥ ૯ ॥ વર્શકેતુ કહે તાતજી માહારા, જીતી બાજી ગયા ચુકી; જનમારા નો જાણોછો એને, મીથ્યા દીધો મુકી. ॥ ૧૦ ॥ તવ કરણને બહુ ક્રેધ વાપ્યો. હાથ લીધા હથીઆર; ધનુસ ઉપર બાણ ચઢાવી, દેવા માંડયો માર. ॥ ૧૧ ॥ બહુ બાણ મારે દયા ન ધારે, કુંવરે વીચાર્યું મન; હવે મને મુકવાનો નથી, સત્રૂ સુર્યનો તન ॥ ૧૨ ॥ એકવાર મરવું જરા ન ડરવું, સમજીને શું કીધું; ક્રોધ ભરેલો કુંવર એણે, બાણ કાળજવર લીધું. ॥ ૧૩ ॥ તેબાણ બેહુ બળ કરીને માર્યું, પુરણ જણવી રીસ, કરણનો સુત ચંદ્રકેતુ, તેનુંછેદયું શીશ. ॥ ૧૪ ॥ લીધું બીજુ બાણ પવનનું, મહા વીકટ કામ ધાર્યું; મોટો પુત્રજે વર્શકેતુ, તેની રૂદેમાં માર્યું ॥ ૧૫ ॥ એટલે વર્શકેતુ ઉડયો, વાયુથી ગગને ચડીયો; ધ્રત્રાસ્ટરના ધામ પાસે, હસ્તીનાપુર પડીયો ॥૧૬॥ તવ ધ્રત્રાસ્ટરના દુતોએ, ઉઠાડયો તેણી વાર; અંધની પાસે તેડી ગયા, તવ પુછયા સમાચાર. ॥ ૧૭ ॥ પછી આંધળે એને રોકયો, નથી જાવું યુદ્ધ કરવા; તુ તારે રહે મારી પાસે, શેવા માહારી આદરવા. ॥૧૮॥ એમ કહીને એને રાખ્યો, શું જાણ્યુ રાજા કરણ; એમ સમજયો કે પુત્ર બે માહારા, નીસ્ચે પામ્યા મરણ. ॥ ૧૯ ॥ આ છોકરાએ જુલમ કીધો, માટે મારૂ કે મરૂ; અરજુનજીને માહારા જેવો, હું પણ વાજીઓ કરૂ. ॥ ૨૦ ॥ એમ વીચારી માર માર્યો, કેહેતા ઉપજે ત્રાસ; ચાપ્ર શરીરનું છુંદી નાખ્યું, અભેમાનનું ચોપાસ, છેકજ કુંવર કાયર થયો, દુભાયુ અંતઃકરણઃ જણ્યું કે આયુશ આવિ રહયો, નીસ્ચે પામીશ મરણ ॥ ૨૨ ॥ એવામાં ઇશ્વર ઇચ્છાએ, ભીમની મુરછા વળી; ગાજીને ગદા લેઇ ઉઠયો, વૃકોદર માહા બળી, ॥ ૨૩ ॥ એવામાં ગટોરગચ્છ આવ્યો, ચડીને ગગન; અંત્રીક્ષથી ભાઇની ભીડ દીઠી, વિચાર કીધો મન. ॥ ૨૪ ॥ કરણ નથી જાણતો કે. માયાવિ ગગને ચડીયો; એવે કરણના રથ નિચે આવિને એ પડીયો ॥ ૨૫ ॥ રથ ઉપાડી માંથે લીધો ચઢી ગયો ગગન; વાયુ

વંટોળ વિજળી કીધી, પછી વધો વચન ॥ ૨૬ ॥ સાંભળજે તું કરણ
રાજા. ભુંડી વાત ભંડાવું; તને નાંખું દરીઆમાં ને. કાકીને રંડાવું
॥ ૨૭ ॥ એટલે કરણ રાજાએ જાણ્યું; કપટનું કામ રચીયું; વેહેરે વે-
હેર લેવાયુ નહીને, આવ્યું ગટોરગચીયું.॥ ૨૮ ॥ વાંકા વળીને માર-
વાને માટે, કરણે ભાલો લીધો; ગટોરગછે રથ ઉપાડી, દ્રોણ કને ફેંકી
દીધો. ॥ ૨૯ ॥ કરણનું તવ વપુ કુટાયુ, રથમાંથી નીકળ્યો બાહાર;
ઓરે ગુરૂ હું વાંજીયો થયો, ખોયા મેં બેઉ કુમાર. ॥ ૩૦ ॥ દ્રોણ કહે
ભાઇ ભલે ખોયા, કરતો તો સોર બકોર; દ્રોણ કહે દુરીયોધન કેમ છે, હવે, શું
માર્યું ક્ષત્રીએ જોર. ॥ ૩૧ ॥ એટલે દુરીયોધન એમ બોલ્યો, હાથજ
નાંખી મુછે; પ્રધાનથી જો જોર થાયે તો, કોણ રાયનો ભાવ પુછે. ॥૩૨॥
જો જો હવે છે માહારો કોઠો, નવું જુનું કાંઇ કરૂ; ગાદીપતી ગાંજ્યો નવ
જાવું, પગ પાછો નવ ભરૂ ॥ ૩૩ ॥ એટલે કહ્યું કરણ રાયે, મુજ જેવું
તારે હજો; માર ખાઇને હારજે તું, વળી વાંજીઓ થજો. ॥ ૩૪ ॥ એવે
ગટોરગછ ગગનેથી, પોતાની શન્યામાં ગયો; ભાઇને માટે રથ લેઇને.
તરત તતપર થયો. ॥ ૩૫ ॥ ચાલીને આવ્યો ચોથે કોઠે, કહ્યું કે આવ્યો
વીર; એમ કહીને રથમાં લીધો, કુંવરને વળી ધીર. ॥ ૩૬ ॥ પછી
વૃકોદર પુછવા લાગ્યો, કહો ભત્રીજા કેમ; આ વેળા તને બહુ માર પ-
ડીયો, માટે પડેછે વેહેમ ॥ ૩૭ ॥ અભેમાને કહ્યું એ કાકા, માર પ-
ડયો, બહુ પાકો, રથમાં સુતાં સુતાં બતાવું, તે રસ્તે રથ હાકો. ॥ ૩૮ ॥
એકવાર કોઠો ફરીને નીકળીયે, તે પછી બીજી વાત; તવ માયાવીએ
રથ હંકાર્યો, ભીમશેન બળીયો સાથ.॥ ૩૯ ॥ સુતાં સુતા સાન બતાવે,
તે રસ્તે રથ હાકે; દ્વારે દ્વારે યોદ્ધા રહ્યા તે, ભીમશેન મારીનાંખે ॥૪૦॥ એ
રીતે ચારસેં દ્વાર ફરી, માર્યા ચાર હજાર; એ કોઠો ફરી વળીને, ઝટ પટ ની
કળ્યા બહાર.॥૪૧॥ અભેમન્યુ એ સુતાં સુતાં પ્રાક્રમનું કામ કીધું; વજરા
સ્તરનો મંત્ર ભણીને, ધનુશપર બાણ લીધું ॥૪૨॥ પવન મંત્ર ભણીને ફેં
કયું, પુરણ જણાવ્યું સુર; ચોથો કોઠો રૂપાનો તે. કરી નાંખ્યો ચકચુર.॥૪૩॥
પછી ભીમશેન પુછવા લાગ્યો, તુજ જીવને છે કેમ, તંબુમાં લેઇ જઇએ
તુને આવ્યા તા એમને એમ ॥૪૪॥ અભીમન્યુ તવ એવું બોલ્યો,
મુજ કને રેહેજો આપ; પણ મુજને પાછો વાળો તો, બ્રહ્મ હત્યાનું પાપ
॥૪૫॥ બાણ તણું દુખ છે બહુ મુને, તેથી સાન્ત પમાડો; શરીરમાં
ભાલોડાં ભરેલાં, તે સહુ વીણી કાહાડો ॥૪૬॥ તવ વૃકોદરને માયાવી,
ચપટીમાં ભાલોડુ ઝાલે; હાથ દેઇને ખેંચી કાહાડે, છીદ્રમાં ચીંથરી ઘાલે.

॥ ૪૭ ॥ એ રીતે બાણ કાહાડી નાંખ્યાં,જળથી ધોયું શરીર;વસ્ત્રવતી તે લુછી નાંખ્યું, વહેલું જે રૂધીર. ॥૪૮॥ પછી બીજાં વસ્ત્ર પેહેરાવ્યા, સણગાર પહેરાવ્યા સાર; એક ઘડી વાર સ્વાસ ખાઇને,કુંવર થયો તૈયાર. ॥ ૪૯ ॥ ભીમશેને કહ્યું કેમ છે બેટા, તવ બોલ્યો અભેમાન; હતા તેનો તે છું કાકા, શું કરે તમ સંતાન ॥ ૫૦ ॥ મુજ જેવો માર ગટોરગછને, જો મારે રાજા કરણ; તો તે એક ઘડી નવ જીવે, તરત પામે મરણ. ॥ ૫૧ ॥ એવી વાત કરે છે એવે, પ્રભુએ જાણ્યું પાતાળ;ગટોર ગછ જોડે હશે તો, નહી થાય એનો કાળ. ॥ ૫૨ ॥ કરણ મરણ આણત એનું, પણ તેમાં ભંગ થયો; ગગનેથી આવી રથ ઉપાડી, ગટોરગછ લેઇ ગયો, ॥ ૬૩ ॥ માટે એ બેને પાડુ વખુટા, વીચાર્યું જુગદાધાર; લડાઇ કરાવવા બેઉ જણને,મુકયો પ્રભુ હંકાર.॥ ૫૪ ॥ એવામાં ગટોરગછ બોલ્યા શું તને મુકત કરણ;હું એને લેઇ ગયો નહોતે, તો થાત તારૂ મરણ॥ ૫૫ ॥ હું આવ્યો તેથી તું ઉગરીયો,નહી તો જતું રેહેતુ નામ,અભીમન્યુ કહે તેં શું ઉગાર્યો;તું તો મહારો ગુલામ. ॥૫૬ ॥ હરી ફરી તું રથ હાંકી જાણે,તુજથી ન જેરવાય તાપ;માયાવી કહે હવે રથ હાંકું તો, બ્રહ્મ હત્યાનું પાપ. ॥ ૫૭ ॥ એમ કહી રાશ પરોણો પછાડી, શેન્યમાં ચાલ્યો ગયો; રીસાઇને સહુને સંગ બેઠો,સંદેશો કોને ન કહ્યો. ॥ ૫૮ ॥ એવામાં વ્રકોદર બોલ્યો,ઓ બેટા અભેમાન; માંહો માંહી બે ભાઇ ચડભડીઆ, મદના ભર્યા જવાન. ॥ ૫૯ ॥ હવે રથ તારો કોણ હાંકે, મુજથી નવ હંકાય;હાંકુ તો ઘોડા નવ ચાલે,રથ પણ ભાગી જાય. ॥ ૬૦ ॥ એટલે બોલ્યો અભેમન્યું કાકા હું નહી થાકું; પગ અંગુઠે ઝાલુ હછોડા, ઘોડા રૂડી રીતે હાંકું. ॥ ૬૧ ॥ એમ કહી ઘોડાના અછોડા, પગ અંગુઠે લીધા; પરોણો પગ આંગળીમાં ઘાલ્યો, જવાના વીચાર કીધા. ॥ ૬૨ ॥ વળણ, ॥ ત્યારી કરી જાવા તણી, વ્રકોદર અભેમાન; વદે વલ્લભ શ્રોતા સહુ, સમરો શ્રી ભગવાન.

કડવું ૪૮ રાગ આસાવરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, પાંચમાનો મહીમાય. ॥ ૧ ॥ અભેમન્યુ કહે ચાલો કાકા; પાંચમે તતપર થૈએ; સોનાને કોઠે છત્રપતી છે, તેના સનમુખ જૈએ; ॥ ૨ ॥ એવામાં દુરીયોધન પાપી, સાથે લખમણ સુત; બે બાપ દીકરા

પાંચમે કોઠે, ઉભા આકળા ભુત ॥ ૩ ॥ એવામા અભીમન્યુને, ભીમશેન બે જણ આવ્યા;છત્રપતી કહે આવો વઢવા, એમ કહી બોલાવ્યા ॥ ૪ ॥ તવ આવિ બે સનમુખ ઉભા, બોલીયો દુરીયોધન; અભીમન્યુને મારજે તું,ઓરે લક્ષમણ તન. ॥ ૫ ॥ ભીમશેનને હું નાંખુછું મારી, નહી લાગે. મુજને વાર;એટલે ભીમે અભેમન્યુને, ગાજી કહ્યું નીરધાર. ॥ ૬ ॥ લક્ષમણને તું નાંખજે મારી, કરજે કાળો કેહેર; દુરાયોધનની બોચી ઝાલી, મારી નાંખુ હું ઠેર.॥ ૫૭॥ સામા સામી એમ કહીને, કર્યા માહા મનસુબા; લખમણ સામો અભેમન્યુ, ભીમ દુરીયોધન ઉભા ॥ ૮ ॥ એવામાંતો લખમણાએ, કીધો ધનુશ ટંકાર; તેવું જોઇને અભેમાને, મનમાં કર્યો વિચાર. ॥ ૯ ॥ લખમણ માહારા ગણતીમાં નથી તેમાં શુ ચીત્ત પરોઉં; બે કાકા કેવી રીતે લઢે છે,જીવ રાખી જુદ્ધ જોઉં. ॥ ૧૦ ॥ એમ જાણીને આયુદ્ધ લીધાં, યુદ્ધ નથી॥આદરતો; લક્ષમણ સામા બાણ ફેંકે, રમતનું યુદ્ધ કરતો. ॥ ૧૧ ॥ એવામાં ભીમને દુરીયોધન, મેઘ ગરજનાયે ગાજ્યા;સામા સામી દોટ મુકી, લથબથ બળથી બાજ્યા ॥ ૧૨ ॥ મુખ પોકારે માર મારે, રાઢ ઘણેરી લાગે; મન મુકીને ગડદા મારે, બ્રહ્મા જાણે ભાગે.॥ ૧૩ ॥ ઢીચણ કોહોણી ખંભ પછાડે જણવે ઝાઝો દ્વેશ; આંટી ઘુંટી પગની ભરાવે. તાણે મુસ્તકના કેશ. ॥ ૧૪ ॥ લડથડતા પડતા આખડતા, ફરીને ઉભા થાય; ગાજે બાહાજે જરા ન લાજે, હાડ બહુ કુટાય. ॥ ૧૫ ॥ એવે સમે દાવ જોઇને, દુષ્ટજ બેઠો ધરણ; બહુ બળ કરી વ્રકોદરનો, ઝાલ્યો જમણો ચરણ. ॥ ૧૬ ॥ ખેંચોટીને નીચે નાંખ્યો, ભીમશેન પડયો હેઠો; એની રૂદીયા ઉપર પોતે, પાપી ચઢીને બેઠો. ॥ ૧૭॥ મોઢામાં રેણું ભરીને, દે ગડદાનો માર; ઓ ભીમડા ભલે દાવામાં આવ્યો, કુટયો તો મુને અપાર. ॥ ૧૮ ॥ આજે તુજને ઠેર મારૂ, કોણછે તારા પક્ષ; એમ કહિ ગળે નખ દીધો, તરી ગયાં તવ ચક્ષ. ॥ ૧૯ ॥ હાથની નસો ખેંચાવા લાગી,ખેંચાવા લાગ્યા ચરણ; ભીમે બુમ પાડી ભત્રીજા,તુજ કાકો પામે મરણ. ॥ ૨૦ ॥ એટલે અભીમન્યુએ જાણ્યું. કાકાનું મરણ થાશે; એવું સમજી એક બાણ લીધું, કાળજ્વરનું પાસે. ॥૨૧॥ ધનુશ ઉપર ચઢાવીને,ફેંકયું કરીને રીસ;લખમણ દીકરો દુરીયોધનનો, તેનું છેદયું શીશ.॥ ૨૨ ॥ દુરીયોધને તે દેખીને, મનમા કર્યો વીચાર; લઢીને હવે નવરો થયો, અરજુનનો કુંવાર.॥ ૨૯ ॥ એના કાકાની પક્ષ કરીને, મુજને મારશે બાંણ; કદાપીને મરણ માહારૂ થશે તો,આદિ ભોગવશે કોણ

॥ ૨૪ ॥ માહારો પૈસો માહારી પુંજી, ઘરબાર લુંટાઇ જાશે; હું પન્ડે જીવતો હઇશ તો, દીકરા ઘણા થાશે. ॥ ૨૫ ॥ પુત્ર મુઓ તો ધુળ નાંખી, મનસુબો કર્યો માઠો; ભીમની રૂદીયાપરથી ઉઠી, જીવ લેઇને નાઠો. ॥ ૨૬ ॥ માર માર કરતો ભીમશેન ઉઠયો, છત્રપતી બહુ નાસે; ગુપત બારણેથી નીકળીને, ગયો દ્રોણની પાસે. ॥ ૨૭ ॥ ઓરે ગુરૂજી ઓરે ગુરૂજી, હું પણ વાંજીયો થયો; ગુરૂ કહે ભાઇ ભલે થયો ને, તું કેમ જીવતો રહયો. ॥૨૮॥ કરણ કહે રાજા થઇને, હારી ગયો તું કેમ; છત્રપતી કહે ગાદી ભાગવવા, આવ્યો હું કુશળ ક્ષેમ. ॥ ૨૯ ॥ એમ કહીને હેઠો બેઠો, પાંચમે કોઠે શું થાય; ભીમ પાપીને ખોળવા લાગ્યો, કનક કોઠા માંય. ॥ ૩૦ ॥ અભીમન્યુ તવ કેહેવા લાગ્યો, કાકા ફાંફાં નવ મારો; પાંચમો કોઠો ફરી વળીને, બાહાર નીકળવું ધારો. ॥ ૩૧ ॥ એમ કહીને રથ હંકાર્યો, ભીમશેન પુઠે પળીયો; દ્વારે દ્વારે યોદ્ધા મારે, વ્રકોદર માહા બળીયો. ॥ ૩૨ ॥ પાંચ શહસ્ત્ર યોદ્ધા હણીયા, ત્યાંથી નીકળ્યા બાહાર; વજરાસ્તરનું બાણ લીધું, અરજુનને કુંવાર. ॥૩૩॥ બહુ બળથી તે બાણ માર્યું, જણવ્યું જાદે સુર; પાંચમો કોઠો કનક કેરો, તેને કીધો ચકચુર. ॥૩૪॥ છઠ્ઠો કોઠો સપ્ત ધાતુનો, ત્યાં ઉભો શલરાય; માલીક મારવાડ દેશનો તે, મામો પાન્ડવનો થાય. ॥ ૩૫ ॥ વળણ. ॥ મામો એ પાન્ડવ તણો, મારવાડનો માલીક, યુદ્ધ કરવા ઉભો રહયો; નહી કો જનની બીક.

કડવું ૪૯ રાગ ધન્યાશ્રી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, છઠ્ઠા કોઠાની કથાય. ॥ ૧ ॥ છઠે કોઠે છે શલ્ય રાજા, ત્રણ યુદ્ધનો જાગુનારો; ભીમને અભેમન્યુ ગયા ત્યાં, સંગ્રામ કરવા સારો. ॥ ૨ ॥ સલ્લે કહ્યું આવો ભાણેજા,યુદ્ધ કરવાને આપ; ભીમ કહે ભાણેજને મારો, તેમાં ઘણું છે પાપ. ॥ ૩ ॥ બ્રાહ્મણ હણવો ને ભાણેજ હણવો; તે બેઉ સરખા સરખી; જ્ઞાની જનને પુછી જુઓ, ધર્મ તણો ન્યાય પરખી. ॥ ૪ ॥ એવું સાભળીને શલ્લ બોલ્યો, આ કોઠો મુજ શીશ; યુદ્ધ કર્યા વીના કેમ ચાલે, વેહેવારમાં શી રીશ. ॥ ૫ ॥ તે કરતાં યુદ્ધ બંધ રાખું, તેમાં ઇજ્જત જાય; ભીમ કહે ઇજ્જત નવ ઘટે, એવો કહુ ઉપાય. ॥૬॥ કરો કીરપાચારના જેવું, તવ શલ્લ પુછે એમ

સાચું કેહેજો ક્રીરપાચારે, કર્યું કોઠામાં કેમ. ॥ ૭ ॥ ભીમ કહે અમે ને ગોરે, ન કરી કોઈની હાણ; બુમો બરકા મીથ્યા પાડી, ઉંચાં ફેંક્યાં બાણ. ॥ ૮ ॥ બે ઘડી બકોર કરીને એ, નાઠા ક્રીરપાચાર; પેટમાં ટાઢું ને મોહોડેથી કહ્યું, હું પણ પામ્યો હાર. ॥ ૯ ॥ એ રીતે કર્યું ક્રીરપાચારે, મામા તમે કરો તેમ; શલ્ય કહે મુજ ધ્યાનમાં બેઠું, સાબાશ ભાણેજ ભેમ. ॥ ૧૦ ॥ કોઠામા આવો ખેલ મચાવો, બતાવો સૌને સપાટો બાહારના બધા એમ જાણે કે, કીધો જોર ઝપાટો. ॥ ૧૧ ॥ તવ અભેમાનને વ્રકોદર, છઠ્ઠા કોઠામાં જાય; ધનુશના ટંકાર કરીને, બાણ લીધાં કરમાંય. ॥ ૧૨ ॥ જાણે જબરૂ જુદ્ધ મચીયું, મારો મારો મુખ ભાંખે; અગણીતા મંત્ર ભણીને; બાણજ ઉંચાં નાંખે. ॥ ૧૩ ॥ દુરિયોધને બાહારથી જોયું, બહુ બાણ દેખી ગમે; છઠ્ઠે કોઠે મધનીમાંખ્યો, પેરે બહુ બાણ ભમે. ॥ ૧૪ ॥ ગુરૂને કહ્યું જુઓ માહારાજ, આ યુદ્ધ થાય છે કેવું; તવ ક્રીરપાચાર સમજી ગયા, આ યુદ્ધ માહારા જેવું. ॥૧૫॥ છઠે કોઠે શલ્ય અભેમાન, કરે બહુ બાણ વૃષ્ટી; દ્વારે દ્વારે યોદ્ધા છે તેને, ભીમ કરે બહુ કષ્ટી. ॥ ૧૬ ॥ એવું વઢતાં બે ઘડી થઇ, થઈ વખત વધારો; એટલે ભીમે મામાને કહ્યું, હવે તો તમે સધારો ॥૧૭॥ તવ શલ્ય આયુદ્ધ ફેંકી નાઠો, હાર્યોરે હું હાર્યો;દ્રોણની જોડે જઇને બેઠો, ગુરૂજી મુજને માર્યો. ॥ ૧૮ ॥ દ્રોણ કહે બેસો અમ સાથે, લઢીયા લાડે કોડે; ક્રીરપાચાર કહે આંઇ આવો, તમે તો મારી જોડે. ॥ ૧૯ ॥ શલ્યરાયે કહ્યું વાત છે સાચી, કહીને બેઠા પાસ; સપ્તધાતુના કોઠામા તો,ભીમે પડાવ્યો ત્રાસ; ॥ ૨૦ ॥ કાકોને ભત્રીજો બેઉ, ફરીયા દ્વારે દ્વારે; દસ દસ યોદ્ધા મારિ નાંખ્યા, હણ્યા ખટ હજારે. ॥ ૨૧ ॥ પછી બે બારણે નીકળીયા, શરિરમાં બહુ સુર; વજરાસ્તરનું બાણ મારિ, કોઠો કર્યો ચકચુર. ॥૨૨॥ પછી સાતમે કોઠે આવી, ઉભો જેદ્રથ બળીયો;અભેમાન મેદાનમાં ઉભો, ભીમશેન સાથે મ'ગીયો. ॥ ૨૩ ॥ એવામાં શ્રી કૃષ્ણ પ્રભુએ, વાત જાણી પાતાળ;ભાણેજ સંગે ભીમ હશે તો;નહી થાય એનો કાળ.॥૨૪॥ માટે ભાણેજને એકલો રાખું,ભીમને અળગો કાહાડું; તોતો અભેમાન નીશ્ચે મરશે, માટે વખુટો પાડું. ॥ ૨૫ ॥ એવામાં તો અરજુન પ્રભુ, નાહી જમી પરવાર્યા; તાડુકી દહીતને મારવા જવા, મનશુબા મન ધાર્યા. ॥ ૨૬ ॥ અભંગ રથ અરજુનજીનો, પ્રભુએ જોતરિયો; તવ અરજુનજી રથમાં બેઠા, કૃષ્ણે પરોણો ધરિયો. ॥ ૨૭ ॥ ઘોડાના અછોડા ગ્રહીને, હાંકે રણછોડરાય; તાડુકી દહીતની રેહેવાની જગા, બતાવા પ્રા-

હણુ જાય ॥૨૮॥ એક ગફામાં દુષ્ટ રહેછે, તે સ્થળ જઇ દેખાડયું; પછી અરજુને વીપ્ર કેરૂ. ફરજંદ પાછું કહાડયું. ॥૨૯॥ એવામાંતો અરજુનજીએ, ધનુસ ગ્રહ્યું તેવાર;તેની પડપંચા ચઢાવી, પેહેલો કર્યો ટંકાર. ॥૩૦॥ તે ટંકારનો શબ્દ સુણી, તાડુકી આવ્યો બહાર; ગફાની બારણે આવી ઉભો,ક્રોધે ભર્યો, અપાર. ॥ ૩૧ ॥ અસુર કહે કોણછે તું, કેમ આવ્યો પાતાળ; રથમાં બેશી ટંકાર કીધો, તું છે કોનો બાળ. ॥૩૨॥ એવું સાંભળી અરજુન બોલ્યો, ઓરે કરમ ચંડાળ; અધરમી તું વીપ્રને નડે, આવ્યોછે તારો કાળ ॥૩૩॥ એટલે તાડુકી ત્રાડીને બોલ્યો, જો કરૂં કાળો કેહેર; બ્રાહ્મણનો દયાળુ આવ્યો. નહી જાય જીવતો ઘેર. ॥૩૪॥ એમ કહીને પાહાડ પરવત, લીધા હણવા માટ; કૃષ્ણ પ્રભુએ એમ જાણ્યું, કથલશે આ ઘાટ. ॥૩૫॥ એક બાણે અરજુનજી હણશે, તવ જાશે ભોમીમાં લક્ષ; ભાણેજ હજી જીવતો છે, તેની કરશે પક્ષ ॥ ૩૬ ॥ પછી ભાણેજ નહી મરવાનો ધાર્યું અસરણા સરણ; પછી થોડે દાહાડે મહારૂં, ભાણેજ કરશે મરણ. ॥ ૩૭ ॥ માટે અસુર યુધ્ધ ટકાવે, એવો કરવો ઉપાય;એમ સમજીને એક કળાનું બળ દીધું; જાદવરાય. ॥ ૩૮ ॥ તવ તાડુકીમાં બળ આવ્યું, કોપ્યો અપરમપાર; ઝાડ તાડને પાહાડ તણો ત્યાં, દેવા માંડયો માર. ॥ ૩૮ ॥ અરજુનજીએ બાણ લેઇને, કરવા માંડયો પ્રાહાર; એ બેનું એવું યુધ્ધજમાવ્યું, પોતે જુગદાધાર. ॥ ૩૯ ॥ સાતમે કોઠે અભેમાન ઉભો, સાથે બળીયો ભેમ; ભગવાને જાણ્યું ભીમ છે સાથે; તેનું કરવું કેમ. ॥૪૦॥ ચાહ્ય તે રીતે વ્રકોદરને, વછુટો પાડી દેવો; એવું વીચારી કૃષ્ણ પ્રભુએ, ખેલજ કીધો કેવો. ॥ ૪૧ ॥ કોઠાથી શેન્ય અળગું બેઠેલું, પાન્ડવ કેરૂં જ્યાંય ભીમશેનનો જયમંગળ હાથી, તે પણ છુટો ત્યાંય. ॥ ૪૨ ॥ તેને ગોવીંદે ગાંડછા મુકી,ચસકયો હાથી અપાર,સુંડમાં શેન્યના લોકોને ઝાલી, દેવા માંડયો માર. ॥ ૪૩ ॥ કૈંકને ઝાલી ગગને ઉછાળે, કૈંક ઉપર દે ચરણ, કૈંકને દંતુસરથી દાબે; પલમાં આણે મરણ. ॥ ૪૪ ॥ એમ એ તોફાન કરવા લાગ્યો, જોઇ જોઈ બળીયા રૂઠયા; લાંબાં ભાલા લાંબી કરશી, લૈ લૈ મારવા ઉઠયા. ॥ ૪૫ ॥ તોપણ તે કોઇને નવ ગાઠે; થાકયું શેન્યનું લોક; ભીમશેન ધાજો,ભીમશેન ધાજો,કારમી પડી પોક.॥૪૬॥ ભીમે તે શબ્દ સાંભળીયો, બોલ્યો અભેમાન પ્રત્યે; જો ભાઈ શેન્યમાં બુમ પડી છે, માટે હું જાવું અગત્યે. ॥૪૭॥ તવ અભેમાનનું લોચન ફરકયું, ભોમી ભયંકર ભાશી;ના કાકા મુજ પાસે રેહેજો,તમે ન જાશો

નાશી.॥૪૮॥અત્યારે મુજને ભય ભાસે છે,ભાગી ગયા મુજ ચરણ; હવે મુને લાગે છે એવું, જાણે આવ્યું મુજ મરણ.॥૪૯॥ તે મરવાનો ભય નથી પણ;મુજ ચામડું ચુંથાશે;અગની સંસ્કાર હું નહી પામું,હાડ મારાં પીંખાશે.॥૫૦॥ તે વેળા પ્રભુએ મુમત મુકયો, ભીમશેનને માહા માઠો; જાવું સપાટે આવું ઝપાટે; એમ કહીને નાઠો. ॥ ૫૧ ॥ ભત્રીજાનો ભય ન લાવ્યો, આવ્યો શેન્યમાં પોતે; ઘણું તોફાન કરતો જોયો, હાથી પોતાનો હતો તે.॥૫૨॥ હા હાં કહી ભીમ પાસે ગયો, હાથીનો સ્વભાવ ખશીયો; ભીમ તણો ભય મનમાં ન રાખ્યો, મારવા માટે ધશીયો. ॥ ૫૩ ॥ એટલે ભીમને ક્રોધ ચઢીયો, હવે જણવું જોર; તવ પાતાળમાં વીચાર કીધો, પોતે નંદકીશોર. ॥ ૫૪ ॥ ભીમશેન હાથીને નાંખશે મારી, નહી લાગે કાંઈ વાર; પછી અભીમન્યુની પક્ષે,જાશે વાયુ કુંવર ॥૫૫॥ તો પછી ભાણેજ નહી મરવાનો, મનમાં એવું વાપ્યું; ભીમના સામો ગજને લઢાવા, એક કળા બળ આપ્યું. ॥૫૬॥ એટલે હાથીને ભીમ બાહાજ્યા, પારથ દહીત પાતાળ;સાતમે કોઠે એકલો ઉભો અરજુનજીનો બાળ. ॥ ૫૭ ॥ ભય ભરેલી ભોમી ભાશી, હૈયું ભરાઈ આવ્યું; એકલો રણમાં રડવા લાગ્યો, કાકાયે કામ કથલાવ્યું ॥ ૫૮ ॥ વળણ. એમ મનમાં સોસાય છે, અરજુનજીનો બાળ; વદે વલ્લભ તેણે સમે, શું કામ કર્યું ચંન્ડાળ.

કડવું ૫૦ રાગ ચોપાઈનો.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; ઉભો જેદ્રથ સાતમે કોઠે, સંગ બે યોદ્ધા રાખેલા ઓઠે. ॥૧॥ જુએ જેદ્રથ સુતનું મુખ, જાણ્યું ઉપજ્યું છે દલમાં દુખ; આવેળા ગભરાયો છે એહ, હાર્યો હીમ્મત નહી સંદેહ. ॥ ૨ ॥ માટે મરવાનો આ ઠામ, તેથી હાથો હાથનું કામ; એકલો માટે અહીં નહી આવે, મુને સામા જવું.નહી ફાવે. ॥૩॥ હું તો એકલો સામો જાવું, તેના કરતાં સહુને બોલાવું; એમ સમજી શેવકને સાર, મોકલી કાવ્યા સમાચાર. ॥૪॥ તેણે જઈ કહ્યું છત્રપતીને, સુર ભરાયું દુષ્ટ મતીને; લાગ્યો દ્રોણગુરૂને પાય, ચાલો સાતમા કોઠા માંય. ॥ ૫ ॥ તવ દ્રોણાચારે કહ્યું એમ, દગો કરવામાં હરખે કેમ, તારો દગો તે તુજને નડશે, ઘણું વીઘન માંથે પડશે. ॥ ૬ ॥ રાય બોલ્યો ગમે તેમ થાય, પણ જાવું છે કોઠા માંય;કહી લીધા દ્રોણાચાર, વળી કીર-

પાચાર નીરધાર. ॥ ૭ ॥ વળી અશ્વસ્થામા સહ્ર રાય, શકુનીને કરણ કેહેવાય; વળી કૌરવ સાએ ભ્રાત, લીધાં આયુદ્ધ સહુને હાથ. ॥ ૮ ॥ પુત્ર સો ભાઇના સમશેર, ચાલ્યા ચારશેં ઇગણોતેર; તેતો સરવ સાતમે કોડે, જઈસંતાઇ રહ્યા ઓઠે. ॥ ૯ ॥ ડોકાં કરી કરી બાહાર જુએ, અભીમન્યું મેદાનમાં રૂએ; તેણે કોઠામાં કૌરવ લોક, દીઠાને ઉપજ્યો મન શોક. ॥ ૧૦ ॥ એનું હૈયું ઘણું ગભરાયું, ધુંશકા મુકી રોઇ દેવાયું; એતો ભીમ કાકાને સંભારે, છુટે આંસુડાં ચોધારે. ॥૧૧॥ વળણ. ॥ ચોધારે આંસુ વહે, કાકાને કરે પોકા ; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, સુણજો શ્રોતા સાર.

કડવું ૫૧ મધુબનમાં એ રાગ.

માહારા ગદા ધારણ ગુણવાનરે, કાકા આવો;માહારી જતી રહી છે સુધને સાનરે, કાકા આવો. ટેક ॥ રણમાં મુકીને નાશી ગયા તે મુજને કર્યે નીસવાસરે માહારી માયે મને પહેલું કહ્યું તું, કાકાનો નહી વીસવાસરે. કાકા. ॥ ૧ ॥ તેમ છતાં મેં વીશ્વાસ રાખ્યો, સંગ્રામ આરંભ કીધોરે; દરીયો તરીને કીનારામાં આવ્યો, તે વેળા દગો દીધોરે, કાકા. ॥૨॥ સો શત્રુ સાતમે કોઠે સંતાયા, મારવા રહ્યા છે ઢુંકીરે; તમારે લીધે મુમત કરી આવ્યો, મારી માત ને રડતી મુકારે, કાકા. ॥ ૩ ॥ સતજોજનથી ઓત્રા આવેલી,આંખોમાં આંસુની હેલીરે;ઘણું કરગરી પણ કહ્યુ ન માન્યુ, રણગાં રડતી મેલીરે. કાકા. ॥ ૪ ॥ તે અબળા કોને આધારે રેહેશે, કંથ વીયોગી વામારે; બાળક વય કેમ કરીને કાહાડો;રડી રડી મરશે શામારે, કાકા. ॥ ૫ ॥ માહારો પીતા પાતાળ પડયોછે, તે ન જાણે આરોગરે; નથી હળ્યા મળ્યા બાપને બેટા,રહી જાશે વીયોગરે, કાકા ॥ ૬ ॥ પાતાળથી જ્યારે આવશે ત્યારે, સાંભળશે ઘર સુત્રરે; માહારી માતને એ આવીને કેહેશે,લાવો કયાંછે મુજ પુત્રરે, કાકા.॥૭॥ તવ માહારી મા કીયો દીકરો દેશે, સમે થાશે કેહેરરે; મુજ માતાનું એ મરણ કરશે, પોતે પણ મરશે ઠેરરે. કાકા. ॥ ૮ ॥ મુજ મ્રત્યુ સુણતાં તુજ તાત મરશે, એવો હું વાહાલો અપારરે; રાંકડી મુજ માતાને એ દમશે, વરતાશે હાહાકારરે. કાકા. ॥ ૯ ॥ જમ જેવા કૌરવ ભાશે છે મુજને, જરૂર જીવડો જાશેરે; મરવે નહી ડરૂં પણ અગની નહી પામું, ચામડું માહારૂં ચુંથાશેરે, કાકા.॥ ૧૦ ॥ એક કીડીપર કટક ચડયું છે,

કરશે જુલમ મુજ સાથરે; એથ વીના બધી લોથ વળવાની, મુજહાડ નહી આવે હાથરે. કાકા. ॥ ૧૨ ॥ મુએ મોઢું માહારી મા નહી દેખે, નહી દેખે ઓત્રા નારારે; એક ઉપર અનેક આવ્યા છે, શી ગતી થાશે માહારીરે. કાકા. ॥ ૧૨ ॥ ડાબુ અંગ ને લોચન ફરકે. માઠા શુકન મને થાય રે; ધોળે દાહાડે થાય શબ્દ શીયાળના, ધરતી તો ખાવા ધાય રે કાકા. ॥ ૧૩ ॥ એમ ટળવળીને ડુશકા મુકે, ગભરાયો રાજકુમારરે; થરથર કાયા કંપવા લાગા, આંસુ વહે ચોધારરે, કાકા. ॥ ૧૪ ॥ વળણ. ॥ ચોધારે આંસુ વહે, હૈયું બહુ ગભરાય; વદે વલ્લભ તેવે સમે, કૌરવ અતી હરખાય.

કડવું પર રાગ સાખી.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, યુદ્ધ તણો મહીમાય. ॥ ૧ ॥ અભીમન્યુ અતી અકળાયો, જોયું જેદ્રથે દ્રષ્ટ; છત્રપતીને સમાચાર કહ્યો, કુંવરને મન કષ્ટ. ॥ ૨ ॥ આ વેળા ઘણો ગભરાયો છે, ગભરાટે ગભરાટ કરીયે; છોકરૂં હૈં નથી આવવાનું, આપણ ત્યાં સંચરીયે. ॥ ૩ ॥ દુરીયોધન કહે એકે એકે, નીકળો સરવે બાહાર; મરા રહેલો સેજમાં મરશે, અરજુનનો કુંવાર. ॥ ૪ ॥ એટલે પેહેલો જેદ્રથ નીકળીયો, તેની પુંઠે સોભ્રાત; દ્વારે દ્વારના દસ દસ યોદ્ધા; નીકળ્યા હજ્જાર સાત. ॥ ૫ ॥ દ્રોણ કપાચાર અશ્વસ્થામા, શલ્લને રાજા કરણ; ચારસેં ઇગણોતેર સુત નીકળ્યા, કરવા કુવરનું મરણ. ॥ ૬ ॥ નવાણું ભાઈના દીકરા તેતો, સર્વે આવ્યા ચડીચોટ; અભેમાનનો રથ વચમાં ઘેરી, ઉભા કરીને કોટ. ॥૭॥ પછી છત્રપતી એમ બોલ્યો,સાંભળ અરજુન તન; હવે તમારૂં આવી પોહોંચ્યું માનજે સત્ય વચન. ॥ ૮ ॥ તવ અભેમાને મન વીચાર્યું,હવે રડીને શું કરવું; ઘેરથી નીકળ્યા મરણું ધારી, તો પછી શીદ ડરવું. ॥૯॥ રડવાથી શતરૂ લોકોના,પગમાં આવશે જોર,દુષ્ટોને દયા નહી આવે,કાળજડાં કઠોર. ॥ ૧૦ ॥રડવાથી નથી લાભ થવાનો, ઉલટી થાશે હાની; હીમત રાખીને યુદ્ધ કરવું, કરવી ન પાછી પાની. ॥૧૧॥ એવું સમજી આંસુ લુછયાં, વળી સાંભળી માત;પોતાની તારૂણી સાંભળી આવી, સાંભર્યો અરજુન તાત. ॥ ૧૨ ॥ અરેરે માહારો રણધીર પીતા, માહારા વીના શું કરશે- માહારી માતા માહારી નારી, માહારો પીતાજી મરશે. ॥ ૧૩॥

એવું સાંભરી આવયું કે, આંસુ વહ્યાં ચોધાર; તેમ તેમ શત્રુ હસવા લાગ્યા, હરખે અપરમપાર. ॥૧૪॥ પાછો અભેમન્યુ મન વાળે, આંસુ લુછતો જાય; વળી સુંન્દરી સાંભરેને, નેત્ર જળે ભરાય. ॥૧૫॥ એવામાં દુરીયોધન બોલ્યો, જો તારો જીવ લેવું; રાઈ રાઇ જેટલા કટકા કરાવું, અગની ન પામવા દેવું. ॥૧૬॥ તવ અભેમાને મનથી આદરીયું, કોના માતને તાત; કોની નારી કોનાં સગાં, કોઇ ન આવે સાથ. ॥ ૧૭ ॥ જા જીવડા જંજાળ મુકી દે, ધારણા ધારી મન; પછી હીમ્મત રાખીને બોલ્યો, દુષ્ટ સામો વચન. ॥૧૮॥ ઓ આખલાના દીકરા તું, જો જે મહારા હાથ, મરવું તેમાં ડરવું નથી, યુદ્ધ કરૂં તુજ સાથ. ॥ ૧૯ ॥ ધીક્કાર છેરે દ્રોણગુરૂજી, હારેલા પાછા આવ્યા; મોટમ પણું છુટી પડીયું, કેમ મનમાં નવ લાવ્યા. ॥ ૨૦ ॥ ધીક્કાર છેરે કરણ રાજા, કરમહીણો કાહાવ્યો; છતે છોકરે વાંજીઓ થયો, શું મોઢું લેઇ આવ્યો. ॥૨૧॥ તવ દ્રોણે કરણે નીચું ઘાલ્યું તવ કોપ્યો નર નાથ; શું જુઓછો જોદ્ધા માહારા, કહીં ઉપાડયો હાથ. ॥ ૨૨ ॥ આયુદ્ધ લેઇને મારવા માંડયો, અભેમન્યુને માર; ગુપ્તી ગેડી ગદાયો ફેંકે, તરકસ તીર તરવાર. ॥૨૩॥ બાણ વર્ષાડે મુમત તોડે, કુંવરને દે કષ્ટી; બારે મેઘની ધારા છુટે, તેમ કરી બાણ વૃષ્ટી. ॥૧૪॥ અભીમન્યુએ બાણ લેઇને, દેવા માંડયો માર; પાછો ન પડતો વઢતો ને નડતો, સુરાનો સરદાર. ॥ ૨૫ ॥ તે સમે શેન્યાને વીશે, ભીમનો હાથી જેહ; મન મુકીને વઢવા લાગ્યા, ક્રોધ ભરેલા તેહ. ॥ ૨૬ ॥ હાથી ધશીને મારવા દોડે વૃકોદર જાય ખશી; પુઠે જઇને પુછડું પકડે, માહા બળમાં દંત ડશી. ॥૨૭॥ બળ કરી ગજ પુછ છોડાવે, ભીમપર કરે હડી; પગ વચેથી નીકળી જાયે, ભીમશેન નીચો પડી. ॥ ૨૮ ॥ એવી રીતે લઢતા વઢતા, મેદાનમાં બેઉ ગયા; ખરેખરૂં એ યુદ્ધ જામ્યું, પરશેવા પુષ્કળ થયા. ॥ ૨૯ ॥ તેજ સમે પાતાળ વીશે, તાડુકીને અરજુન; સામા સામી તે યુદ્ધ કરતા, કોપેલા ધુન ધુન. ॥ ૩૦ ॥ તાડપુર ઉંચો છે તાડુકી, દ્વેશ ઘણેરો ધારે; મોહોટા મોહોટા પરવત લેઇ, અરજુનજીને મારે. ॥ ૩૧ ॥ અરજુનજી પણ બાણ ગ્રહીને, જોર કરે ભરપુર; વજરાસ્તરનું બાણ મારિને, પાહાડ કરે ચકચુર. ॥ ૩૨ ॥ એવું વજરાસ્તર મારવાથી, પરવત મોટા ભાગે; તેના કટકે કટકા પડે, કૃષ્ણ પ્રભુને વાગે. ॥ ૩૩ ॥ ભાણેજને મરાવવા માટે, પોતે ખાયછે માર; પારથ કેરાં બાણ તાડુકી, ગણે નહી લગાર. ॥૩૪॥ એવી રીતે ત્રણે ઠેકાણે, યુદ્ધ મચ્યું અપાર; કુરૂક્ષેત્રમાં સરવે યોદ્ધા, દે-

છે કુંવરપર માર. ॥૩૫॥ અભીમન્યુ એકલો તે, કયાં કયાં દ્રષ્ટી રાખે; એક તરફ યુધ્ધ કરેતો, બીજા વીંધી નાંખે. ॥ ૩૬ ॥ કુંવરને બહુ-બાણ વાગે, તે નીસરે આરપાર; પછી કુંવર કાહ્યર થયો, મનમાં કર્યો વીચાર. ॥ ૩૭ ॥ મોહાસ્તરનો મંત્ર ભણીને, બાણ અગણીતું લીધું; તેના ઉપર ધર્મ કાકાનું, પુન્યજ મુકી દીધું. ॥ ૩૮ ॥ ફેર ફુંદડી ફરીને ફેંકયું, બહુ બળમાં બાણ એક; અગણીતા મંત્રને લીધે, બાણ થયાં અનેક. ॥૩૯॥ તે બાણ સૌની રૂદીયામાં વાગ્યાં, પ્રાણજ ઉંચા ચડીયા; વ્રધ જોબનને બાલ્યાવયના, ઢળી ઢળીને પડીયા. ॥ ૪૦ ॥ તવ અભે-માને એમ ધાર્યું,ઘડી કેડે શું થાય;દેહ માહારો હોય કે નવ હોયે,તે વાત કેમ કળાય. ॥ ૪૧ ॥ અત્યારે હાર્યા મુજથી પણ, જીત્યા એવું કેહેશે; પણ છેવટ છોછવા પડયા તે, નીશાની શી રેહેશે. ॥ ૪૨ ॥ એમ ધારી પવનાસ્તર મુકયું, સૌને નીશાની આપી; સરવે જનની ડાબી નગની, મુછ અકેકી કાપી. ॥૪૩॥ પછી પોતે ઉભો રહ્યો છે,એવે બે ઘડી થાય; જે જેની મુરછા વળે તે, જીવ લઈ નાશી જાય. ॥૪૪॥ જૈ જેને કોડામાં પેસે, એમ ઉઠી ગયા સર્વ;તે દેખીને અભેમન્યુના,મનમાં આવ્યો ગર્વ ॥૪૫॥ કેવા સૌ હાર્યા માહારાથી, એમ થયો મનસુબો; રથપર ધનુશ ઉભું રાખી, છેડે મુઠી દેઇ ઉભો. ॥ ૪૬ ॥ ધનુષના છેડાપર મુઠી, મુઠી-પર ધર્યું ડાચું;વાંકો વળી હબચી દેઈ ઉભો, કાળજડુ નહી કાચુ.॥૪૭॥ કૃષ્ણ પ્રભુએ પાતાળ જાણ્યું,દાજ્યું અંતઃકરણ; શા કારણથી ભાણેજ માહારો, પામતો નથી મરણ. ॥ ૪૮ ॥ એમ કહી જોયું જ્ઞાન દ્રષ્ટી, પોતે જુગદાધાર; તવ સમજાણું રક્ષા કરે છે, કુન્તા સતીનો તાર. ॥ ૪૯ ॥ વળણ. ॥ રક્ષાનો જે તાર છે, તે કરે છે રક્ષાય; વદે વહ્લભ શ્રોતા સુણો, શું કર્યું જાદવરાય.

કડવું ૫૩ રાગ સવૈયાનો.

વઇશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, કુંવર મરણ મહીમાય. ॥૧॥ કૃષ્ણ પ્રભુએ એમ ધાર્યું, ચા હ્ય તે મરે મથી; પણ રક્ષાનો તાર છે તેથી, એ મરવાનો નથી. ॥ ૨ ॥ ગટોરગછે ધનુષ સરસો, વીંટી મુકયો છે તાર; તે તાર માહારે તોડાવો પડશે, એમ કર્યો વીચાર. ॥૩॥ આખું જગત જનમે મરે, તે સહુ મા-હારી ગતી; નાહાનું મોહોટું મરે તે હું, નીમત લેતો નથી. ॥૪॥ કોઇ

કોગળીયે, કોઇ ત્રીદોશે, કોઇ ક્ષઇ કોઈ તાવે; એવુ નીમીત રોગને મા થે, પણ મુજને નવ આવે. ॥૫॥ આજ તો માહારે લેવું પડશે, વીચાર્યું વિશ્વને ભુપ;એક સ્વરૂપે રથ હાંકે છે, બીજું ઉંદરનું રૂપ. ॥ ૬ ॥ ઉંદરનું રૂપ લેઇને પોતે,પૃથવીમાં પરવરીયા;અભેમન્યુના રથની નીચે,આવીને ચાળા કરીયા. ॥ ૭ ॥ આડા અવળા ઉંચા નીચા, કુદેછે ભગવાન તેની રમત જોવા લાગ્યો,અરજુનજીનો સંતાન. ॥૮॥ તેમ તેમ પ્રભુ ગમ્મત કરતા, રથ્થે ચઢવા લાગે; અભીમન્યુ તવ સ્થીર ઉભો,રખેને રમત ભાગે. ॥ ૯ ॥ એવે એના ચરણ વચમાં, આવ્યા વિશ્વના ભુપઃ કુવરે જાણ્યું શું કરે છે, જોવા થયો તદરૂપ, ॥ ૧૦॥ તેમ તેમ વીશેષ ગમ્મત કરે, પોતે નંદ કીશોર; આડી અવળી ખાય ગુંલાટો, ચઢે ધનુષની દોર. ॥૧૧॥ નીચે ઉતરે ઉપર ચઢે, ભાણેજના એ દંભી; અભેમાનનો કાળ આવ્યો તે,પોતે રહયો છે થંભી.॥૧૨॥ દોરાપર ચઢતા ઉપર ચાલ્યા, જ્યાં રક્ષનો તાર,ટગટગ કુંવર જોયા કરેછે, અરજુનનો કુંવાર ॥ ૧૩ ॥ ને તાર દેખી કૃષ્ણ પ્રભુને, રીસ ઘણેરી વ્યાપી; ચંચા દાબીને પડપંચા; તાંતણા સહીત કાપી ॥ ૧૪ ॥ એટલે ધનુશ તરછોડાયું છટકીને શીધું થયું,અભેમાનની હબચીમાંથી,તાળવે પેશી ગયું॥૧૫॥ માંથાપર એક હાથ નીકળીયું,તાળવું ફોડી બાહાર; એ હેલકારાથી ઉછળીયો, ઉચો માંથોડાં ચાર. ॥ ૧૬ ॥ આંખોના ડોળા લંબડી પડીયા, પ્રાણજ ઉંચો ચડીયો: હાથ પગોનિ નસો ખેચાણી, તરફડી ભોમી પડીયો. ॥૧૭॥ તેવું દેખી જેદ્રથ બોલ્યો, છત્રપતી તમે જુઓ; આપણા માર્યો વીના એતો,અભીમન્યુ મુઓ.॥૧૮॥ દુરીયોધને ડોકુ કાઢી, કુંવર જોયો ભાળી; ગુરૂ પ્રત્યે કેહેવા લાગ્યો, હું તો છું ભાગ્યશાળી, ॥ ૧૯ ॥ પછી ઘાંટા કાઢી બોલ્યો, કયાં ગયા સૌ કુંવાર; આપણા ચારસેને ઇગણોતેર, ઝટપટ નિકળો બાહાર, ॥ ૨૦ ॥ જાવો જઇને એ છોકરાને, તરવારના દો ઝટકા, અંગ એનું અગની નવ પામે, તેવા કરીદો કટકા, ॥૨૧॥ એવી આપી આગના કે, ઉપડીયા કુંવર; નવાણું ભાઇના દીકરાએ, હાથ લીધાં હથીઆર ॥ ૨૨ ॥ એટલે ગુરૂ દ્રોણ બોલ્યા, આ શું કરે નીચ કર્મ; મરતાને શીદ માર મરાવે, અતી થયું અધર્મ. ॥૨૩॥ આ જગોએ,આપણે કોઇ, ઉભા રહેવું નવ ઘટેઃનાહાનામાં નાહાનું છોકરૂં મુઉં, ચાલો મોહોટાને વટે. ॥ ૨૪ ॥ દુરીયોધન કહે નહી માહારાજા, દાવ ખરા આદરવા; નીશાની એની હાથ ન આવે,તેવા કટકા કરવા. ॥૨૫॥ દ્રોણ કહે એ છોકરૂં એના, બાપને લાકડે બળશે; તેમ છ–

તાં અધર્મ કરે છે, તે ફળ તુજને મળશે. ॥ ૨૬ ॥ દુષ્ટ કહે કે ભોગવી-લેશું, દીકરા તતપર થાવો; સાતે હજાર આ કોઠાના, યોદ્ધા સાથે જાવો. ॥ ૨૭ ॥ તવ ચારસેં અગણોતેર પુત્રો, નવાણુ ભાઇના જેહ; સાતમા કોઠામાંથી નીકળીયા, માહા બળીયા સુત તેહ. ॥ ૨૮ ॥ કરવત કોહો-વાડા તરવારો, કાપવા માટે લાવ્યા; તેમની સાથે સાતે સહસ્ત્ર; યોધ્ધાઓ ચાલી આવ્યા. ॥ ૨૯ ॥ ગભરાએલો કુંવર પડયો છે, મોઢેથી નવ બો-લાય; ડોળા બે નીકળી પડેલા, નેત્રે નવ દેખાય. ॥ ૩૦ ॥ તેને આવી દેવા માંડયા. તરવારોના ઝટકા; કુંવરના લાંબા કર કરી, કુહાડીથી કરે કટકા. ॥૩૧॥ અભેમન્યુ લાગ્યો તરફડવા, વેદના નવ વેઠાય; બોલાય નહિ કે દેખાય નહી, મનમા બહુ મુઝાય. ॥૩૨॥ અરેરે મુને મરતાને મારે. દુષ્ટને દયા શાની; વગર માર્યે ઘડીએ બે ઘડીએ, થવાની જીવની હા-ની. ॥ ૩૩ ॥ એ રીતે મનમાં કલેશ કરતો, પરાણે આણે છે મરણ; સુ-તાં સુતાં સુરે ભરાયો, ફેરવ્યો આઘો ચરણ. ॥ ૩૪ ॥ એવામાં એક રથનું પીંન્ડુ, અંગુઠે ખેંચ્યું આવ્યું; અગુઠાપર જોર કરીને, તેને ચાક ચડાવ્યું ॥૩૫॥ પછી બાળ બહુ કરીતે નાંખ્યું, હોલવવા બધી રીસ. તે પીંન્ડુ ચાક ચઢેલું ફરીયું, છેદયાં સહુનાં શીશ. ॥ ૩૬ ॥ ચારસેંને ઇગણોતેર પુત્રો, કૌરવ કેરા જેહ; ધડ મસ્તકો જુદાં થઇથઇ, મરણ પામ્યા તેહ. ॥૩૭॥ તેમની સાથે સાત હજાર, જોધ્ધાઓ પામ્યા મરણ; તે દે-ખીને ખુશી થયું, દ્રોણનું અંતઃકરણ. ॥ ૩૮ ॥ જો દુરીયોધન અધમ કેરાં, ફગ નીકળીયાં ભારા; દુષ્ટ કહે તેમાં શું થયું, મુઆતો ખાસડે મારી. ॥૩૯॥ નવાણું ભાઇ રડવા લાગ્યા, ગુરૂ માહારાજા જુઓ; સરવેને મરાવત્રા રાજી, આ ભાઇ કેમ ન મુઓ. ॥ ૪૦ ॥ દુષ્ટ કહે મારો પ-ણ મુઓ, તેમાં શું વંશ જાશે; આપણ જો જીવતા હોઇશું તો, ઘણાએ દીકરા થાશે. ॥૪૧॥ એવે: અપછરા સ્વર્ગકેરી, વૈમાન લૈને આવી; અભી મન્યુનો જીવ કાહાડી, પોપટ દીધો બનાવી ॥૪૨॥ તેને લૈને સ્વરગે ચાલી ખોળીયું રહ્યું ધરણ; હાલતો કુંવર બંધ થયો, દુષ્ટોએ જાણ્યું મરણ. ॥ ૪૩ ॥ પછી છત્રપતી એમ બોલ્યો, આયુધ્ધ ઝાલો હાથે; જેદ્રથ બને-વી માહરા આ. કોઠો તમારે માંથે. ॥૪૪ ॥ માટે તમે એકલા જાવો; હિમ્મત મનમાં રાખો; એ છોકરાના ખોળીયાના, કટકા કરી નાંખો. ॥૪૫॥ એટલે જેદ્રથ ખડગ લૈને, તરત નીકળીઓ બાહાર, અભીમન્યુ ના મડદાને જૈ, દેવા માંડયો માર. ॥ ૪૬ ॥ પ્રભુએ જાણ્યું ભાણેજ મુ-ઓ, પછી કેવું કામ કીધું; હાથીનુંને દહીતનું ત્યાં, બાળ હરીને લીધું.

॥ ૪૭ ॥ એવામાં નંદન વાયુનો, દારૂણ દૈવત દાખ્યો; હાથીના બે ચરણ ઝાલી, તરત ચીરી નાંખ્યો. ॥ ૪૮ ॥ એવે પાતાળમાં અરજુને ફેંકયું કાળજ્વર બાણ; તે બાણે તાડુકી ફેરો, નીકળી ગયો પ્રાણ.॥૪૯॥ હાથીને મારી ભીમ નાઠો, એકલો કુંવર જાણી; ભત્રીજાની સંભાળ કાઢુ, એ વાત મનમાં આણી ॥ ૫૦ ॥ જાય છે નાઠો મનસુબો માઠો, છલંગ મોહોટી ભરતો;સાતમાં કોઠાની આગળ જોયો;જેદ્રથને ઘા કરતો. ॥ ૫૧ ॥ કુંવરને રથમાં નવ દીઠો, મનમાં પ્રગટયો શોક; ઓરે અભેમાન દીકરા કહિ,મુકી કારમી પોક.॥૫૨॥ જેદ્રથે તે પોક સુણી, મન ભય થયા મઠા; પોતે ને સાતમાં કોઠામાં; જે જે હતા તે નાઠા. ॥ ૫૩ ॥ પછી રહ્યું અભીમન્યુનું, મડદું ત્યાને ત્યાય; ભીમશેન દોડતો પાસે આવ્યો જોઇ કરે ત્રાહ્ય ત્રાહ્ય. ॥ ૫૪ ॥ પાન્ડવ દળમાં શબ્દ ગયો તે, આવ્યું સઘળું લોક;મરણ જાણી સરવના મનમાં, ઉપજીયો બહુ શોક. ॥૫૫॥દેહેરા તંબુએ ખબર પોહોચી, તવ નાઠાં સૌરડતાં;ઓત્રા શુભદ્રા કુન્તાજી, પૃથ્વી નાંખે પડતાં ॥૫૬॥ ધરમને દ્રૂપતી સરવે,એકજસ્વાસે જાય; અભીમન્યુ જ્યાં પડયો છે, જ્યાં રડે શૅન્યાય. ॥ ૫૭ ॥ ત્યાં આવાને મડદું દીઠું, પડતુ નાખ્યું માય; સુત સુભદ્રાએ ખોળે લીધો, રૂદીયા ફાટી જાય. ॥ ૫૮ ॥ જેને તે ઘણું રડવા લાગ્યું, સરવના તનમાં તાપ; હૈયું ફાટે તેમ રડે છે, કરે બહુ વીલ્લાપ. ॥ ૫૯ ॥ વળણ. ॥ સુભદ્રા બહુ વલવલે, પાસે ઓત્રા નાર, કહે વલ્લભ શ્રોતા સુણો; વિલાપનો વિસ્તાર.

કડવું ૫૪ રાગ પંઝાબની કાફીનો.

મારે જાયારે, જુલમ હાવો નર કીજીએ, લાડકવાયારે, જનેતાને દગો નવ દીજીએ. ॥ ૧ ॥ માહારા જાયરે, રઝળાવી રણમાં તેં મુજને; લાડકવાયારે, દયા ન આવા તુજને. ॥ ૨ ॥ મુકી ઓત્રારે, હૈઆ ઉપર તેલ તાવડા, કોણ કેહેશેરે, હવેથા મુજને માવડી. ॥ ૩ ॥ નથા મુકયો રે, નીશાળે પુરો તુજને, ખોળે બેશીનેરે, કોણ કરશે લાડ મુજને ॥ ૪ ॥ રડી રડીનરે. ખાવા પીવા કોમ માગશે,માતા કેહેતોરે, હુંગમાંથી કીયો જાગશે. ॥ ૫ ॥ તુજ વીનારે, શું કરે ઓત્રા લાડકી; તુજ વીનારે વધારે પડી મહારી વાડકી ॥ ૬ ॥ ઓ સુંવાળારે, આછા અમ્મર કયાં ક્રોડશો, સેજે સુનારારે, કાષ્ટમાં કેમ કરી પોઢશો. ॥૭॥ હવે આવશેરે પાતાળથી તાત તાહારો, તવ માગશેરે. કેહેશે લાવો સુત માહરો. ॥૮॥ તેવીવેળાએરે, આગળ કરૂ કીયો દીકરો, તુતો પોઢયોરે, રણમાં થઈને

બે ફીકરે. ॥ ૯ ॥ તાત તાહારેરે, દેશે મને ઘણું દુખડું; કેહેશે વંઝારે, નહીં જુએ માહારૂં મુખડુ કેહેશે વંઝારે, નહી જુએ મા'રૂ મુખડું. ॥ ૧૦ ॥ હાય બેટારે, રઝળાવી માતા રાંકડી; કયાં દેખીશરે, પુત્ર છબી તારી ફાંકડી. ॥ ૧૧ ॥ ઓ દૈવડારે, કરમ માહારૂં કઠોરૂ થયું; પુત્ર રૂપીરે; રત્ન રણમાં રોળી ગયું. ॥ ૧૨ ॥ ફુટયું ભવિશરે, ચકલું ચુંથયું માહારૂં, ખોયું રમકડું પ્રભુ શું બીગાડયું મેં તાહારૂ. ॥ ૧૩ ॥ બેટા બોલોર, કહી મુખ ઝાલી હલાવતી; લાડકવાયારે, કેમ દયા નથી આવતી ॥ ૨૪ ॥ હાય શું થયુંરે કહી કહા રૂદાઆયે ચાંપતી; કરે ચુંબનરે, થરથર કાયા કાંપતી ॥૧૫॥ બેઉ નેત્રમાંરે, ચોધારી ધારા છુટતી; કેશ કાઢતારે, છાતી ને શીશ કુટતી ॥ ૧૭ ॥ છુટે રૂધીરરે, ચચરી ચીરાતી ચામડી; કુન્તાધ્રુપતીરે; ધર્મ રડે ઘણુ તે ઘડી ॥ ૧૭ ॥ ગટોરગછ રડેરે, જોડયોમાં ખોડયો પડી ગઇ; માહારા બુદ્ધીરે, ચાથે કોઠે કઠોરી થઇ. ॥ ૧૮ ॥ વીરા માહારારે, તારૂં બોલ્યું મે મન ધર્યું; હું રીસાયોરે, એટલું ભુંડું મેહેતો કર્યું. ॥ ૧૯ ॥ બંધુ બોલણોરે, તોપણ પોતાની બાંય છે; સોધું સઘળેરે પણ હવેવીરો કયાંય છે. ॥ ૨૦॥ એક રડતારે. પડતો ભોમીમાં દુખથી; ભીમ ગભરાયોરે, બોલી શકયો નહી મુખથી ॥ ૨૧ ॥ આવશે અરજુનરે, તેને શું મોઢું દેખાડીયે, તેના કરતારે, પેહેલેથી કાયા પાડીયે ॥ ૨૨ ॥ વળણ ॥ એમ સરવ જન ટળવળે, થાય ઘણા પરીતાપ; વદે વલ્લભ તેવે સમે, ઓત્રા કરે શીલ્લાપ ॥

કડવું ૫૫ રાગ ચાંદલીયાનો ગડીને ગાવો.

મુજ સાંમુ જરા જુઓ માહારા કંથજી, સુનમુનથૈને કેમ પડયા છો નાથજો; નથી હાલતા ચાલતા કે નથી બોલતા, શું કાંઇ આંટી તમને પડી દલ સાથજો, મુજ ॥ ટેક ॥ જો રીસાયા હો તો મનાવું નાવલા, પણ આ વેળા શો માહારો ઉપાયજો; દુખ દરીઆમાં ડુબાડીતે પીઉજી, તાહારા પેહેલી કેમ ન પડી મુજ કાયજો, મુજ ॥ ૧ ॥ હાય હૈયામાં ઉઠે છે બહુ હોળીયો; બે ઘડા માટે શીદ કર્યો મેળાપ જો; કરમ માહારૂફુટા ગયું અત્યારથી, હાય રડયો મને કેમ ન ડંશ્યો સાપ જો મુજ ॥ ૨ ॥ નીરદય થઇને પોઢયા મુકા એકલી; કાળજડામાં કાઇનઆવી દયાયજો, નીરાધાર હું નાર. તમારાનાવલા, કેવી રીતે દીવસ માહારાજાયજો, મુજ ॥ ૩ ॥ હોઉં ભુખી તરશી તે ખબર કોણ પુછશે, જોઈતું મુજને લાવી ને આપશે કોણ જો; હઠ કરી માગવાનું માહારે ના રહ્યું, હૈયા ધારણ ભાગી ગઇ બધી હામ જો. મુજ. ॥૪॥ કોની આગળ કહીશ રડીને દુ-

ખડુ. તમવીના માહારે દુખે ન દાજે કોયજો;હાયરે પાપી પ્રાણ તું કેમ જતો નથી,કહી ઢળી પડી બેભાન અબળા હોય જો મુજ. ॥ ૫ ॥ વલણ. બેભાન થૈ ધરણી ઢળી, સર્વે કરે ત્રાહ્ય ત્રાહ્ય; વ્યાસ વલ્લભ વાણી વદે, પાતાળમાં શું થાય.

કડવું ૫૬ રાગ સાખી.

વૈશંમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, દ્રોણ પરવ મહીમાય. ॥ ૧ ॥ પાતાળમાં પાપીને માર્યો, અરજુને જેવાર;તે સમે સૈ બ્રાહ્મણ આવ્યા, કરતા જેજેકાર. ॥ ૨ ॥ વીપ્રોને પારથ પાય પડીયો, પછી માગી વીદાય; બ્રાહ્મણોએ આશીશ દેઇ દીધી છે આગ્નાય, ॥ ૩ ॥ તવપૃથવીની પ્રાર્થના કીધી, અરજુનને સાંમળીયા; બ્રાહ્મણોનું કષ્ટ કાપી, ભોમીમાં નીકળીયા. ॥ ૫ ॥જેવો રથ ભોમીમાં નીકળીયો, તેવા શુકન થયા કુડા; ધજા ઉપર કાગ બેઠો, ભય ભારયા બહુ ભુંડા. ॥૫॥ અરજુન કહે આમ કેમ થાયે,ઓરે જુગજીવન; મને એવું ભાસે છે કાંઇ, કુંવરને વિઘ્ન. ॥ ૬ ॥ કૃષ્ણ કહે મુજને પણ ભાસે, કેવી થશે માહારી ગતી; લ્યો પારથ રથ તમે હાંકો. હું હાંકવાનો નથી. ॥૭॥ એમ કહી પ્રભુ રથમાં સુતા,અરજુન અછોડા ઝાલ્યા,ચાબક મારી અશ્વ હંકાર્યા, વાયુ વેગે તવ ચાલ્યા. ॥ ૮ ॥ કુરક્ષેત્રની લગભગ આવ્યા,જાણ્યુ સેન્યને લોક; કોઇ ન રડશો અરજુન આવ્યા, આવ્યા પુત્ર સ્લોક ॥ ૯ ॥ ધર્મ કહે ઘાંટા કાઢી રડસો,પારથને થશે જાણ; તો તો તે આપઘાત કરવાનો, કાઢશે પોતાનો પ્રાણ ॥૧૦ ॥ ડાહ્યા ડાહ્યા દસવીસ યોદ્ધા, અરજુન સામાજાવો;એકાએક ચમકે નહી તેવી રીતે સમજાવી લાવો. ॥ ૧૧ ॥ તવ દસ વીસ જણ સામા ચાલ્યા સમજાવવા કામ કીધું; તે વેળા શેન્યામાં કુંવરને,વસ્ત્ર હોરાડી દીધું. ॥ ૧૨ ॥ વાયુ વેગે દોડતા આવ્યા, રથના ઘોડા બળીયા; સમજાવવા સામા ગયેલા, તે જઇ તેમને મળીયા. ॥૧૩॥ હાંહાં પારથ ધિરા આવો નર કહે ઘરમાં કેમ; યોદ્ધા કહે કાંઈ ના ગભરાશો, સરવે કુશળ ખેમ ॥ ૧૪ ॥ એમ કહિને રથજ રોકયો, અરજુન વેમે ભરીયો; માટે રાસ પરોણો મુકી રથ પરથી ઉતરીયો, ॥૧૫॥ કોઇનો રોકયો એ ન રોકાયો દડબટ મુકી દોટ; પોતાનું જ્યાં શેન્યજ બેઠું,ત્યાં તે આવ્યો ચડીચોટ ॥ ૧૬ ॥ હાંહાં કહીને ધીરજ દેવા, લાગ્યા શેન્યના લોક; સુભદ્રાથી રેહેવાયું નહી, કારમી મુકી પોક. ॥૧૭॥ અરજુને બંધુ સેન્ય જોયું, આંસુ વહ્યા લોચન;પછી કહ્યું કે એ ઘોઝારી; લાવ્ય માહારો તન ॥ ૧૮ ॥

એમ કહીને પાસે ગયો, ભાગ્યું માહારૂં ઘરસુત્ર; વસ્ત્ર ઉઘેડી રૂબ જો-યું તો, દીઠો પોતાનો પુત્ર, ॥ ૧૦ ॥ વળણ. પુત્ર દીઠો પોતા તણો, લા-ડવાયો અભેમાન; કહે વલ્લભ તે જોઇને બની ગયો બેભાન.

કડવું ૫૭ રાગ કાફી.

હાંરે બોલ્યા વૈશમપાયે વચન, તું તો સુણ જન મેજે રાજન;હાંરે દીઠો દિકરો ને ગભરાટે ચઢીયો,હાય કહી પૃથવી પર પડીયો. ॥ ૧ ॥ હાંરે માહારૂં કરમ ગયું આજ ફુટી, બધા ભવની આશાયો ટુટી હારે હું તો જાણતો હતો મન એવું,હાલ જેમ તેમ નભાવી લેવું. ॥ ૨ ॥ હાં રે માહારો આજકાલમાંમોહોટો થાશે, તવ ઉપાદી માહારી જાશે; હાંરે હતી આશા કે ભાગ્ય ભળશે; માહારો પુત્ર કાલ મને આવી મળશે. ॥ ૩ ॥ હાંરે પછી બેલ થવાની માહારે;ચીતની ચીંત્તા સૌ ટળશે તે વારે;હાંરે એવી આશાયે કાહાડયા મેં દાહાડા,તેમાં નવ ગ્રહો પડયા આડા. ॥ ૪ ॥ હાંરે કોઇ વીખ દેતો પીને પોઢું, ભાઇભાઇ કહેતા સુકાતું મોઢું;હાંરે માહારો કાલુંકાલું બોલનારો, હાય ઉડી ગયો પુત્ર પ્યારો. ॥ ૫ ॥ હાં રે મને ધીરજનો દેનારો, સુરવીર સુત જશ લેનારો; હાંરે ખોળે બેશીને મીઠું ઓચરતો, ડાહી ડાહી વાતો બહુ કરતો ॥૬॥ હાંરે હતો નાહાના ને ડાહાપણ મોહોટું, મહારૂ જીવતર કરી ગયોખોટું;હાં રે દીકરા બહુ લાડવાયોતું તો,મને દગો દેઇને શું સુતો. ॥ ૭ ॥ હાંરે બેટા જનમ તણો તું નારોગી, કેમ બાપને રાખ્યો વીયોગી; હાં રે દીકરા મોકલ્યો મને પાતાળ, હવે આશું કરી બેઠો બાળ. ॥ ૮ ॥હાં રે માહારે વાત તણો વીસરામ,કેમ સુતા છો દીકરા આમ;હાંરે એમ કહી કહિને ઢંઢોળે, ખેંચી ખેચીને લે ખોળે. ॥ ૯ ॥હાં રે તવ સુભદ્રા ગ્રહી રાખે, નર ની સાસા બહુ નાંખે;હાંરે એતો ચોધારે આંસુ ભરતો, સુભદ્રાપર બહુ રીસ કરતો. ॥ ૧૦ ॥ હાંરે માહારો કુંવર કયાં કાળછારી, માહારૂ ઘર ઘાલું ઘોઝારી; હારે મને ધુટણીએથી બેસાડયો, બાપ બેટાનો વીયોગ પાડયો.॥૧૦॥હાં રે તારૂં કરમ થયુરે કઠોરૂં, સીદ યુધ્ધે જવા દીધું છોરૂં; હાં રે તારૂ કાળુ મોઢું શું લૈ બેઠી, નેસ પગલાની ઘરમાં પેઠી. ॥ ૧૨ ॥ હારે મને કાઢી નાંખ્યો વૃણ બાહાર,બળ્યું ઘરબાર ને સંસાર;હાંરે હવે પ્રાણ હું માહારો તજીશ,કહી પાશાણ પછાડયુ શીશ. ॥ ૧૩ ॥ હાંરે બેઉ ભુજે છાતી નાંખી ઝુડી.બહુ રૂધીર છોડ્યો ઉડી;હાંરેપોતે મરવાની ઇચ્છા કીધી, એણે જીભડી દંતમાં લીધી. ॥ ૧૪ ॥ હાંરેતવ સૌ લોક ત્રાસ ચડીયા,ઝાલો ઝાલો કહી બાહાજી પડીયા;હાં હાય હાય સરવે સે

ન્ય ભાંખે, જાતી મુસ્તક કુટી નાંખે. ॥ ૧૫ ॥ વળણ ॥ ત્રાસ ધણો વરતાઇ ગયો, થઇ રહી કુટા કુટ; કહે વલ્લભ તેવે સમે, ત્રાસની લુટા લુટ.

કડવું ૫૮ રાગ ચોપાઇ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન, નરે મરવાની ધારણ કીધી, પોતે જીભડી દાંતમાં લીધી.॥૧॥ તવ કુન્તાને ધરમરાય, જઇ બાઝ્યાં કરી હાય હાય; અરજુન તણુ મુખ ઝાલી, રાજા ધરમે આં ગળીયો ઘાલી. ॥૨॥ એવે કૃષ્ણ પ્રભુએ વીચાર્યું, આતો અરજુને મરવું ધાર્યું; એતો આપઘાત કરીને મરશે, કોણ ભુ ભાર હલકો કરશે. ॥ ૩ ॥ મને શેહેવનું વેણ નડશે, માહારે પણ જોડે મરવું પડશે; એમ જાણીને ચરીત્ર કીધું એક ભાલોડું બાણ લીધું. ॥ ૪ ॥

કડવું ૫૯ રાગ ઝડપનો દોહરો.

ભાલોડું ભગવાને લીધું, મારે જીવી શું કરવું; ભાણેજ મારો મરણ પામ્યો, માટે માહારે મરવું. ॥ ૧ ॥ એમ કહીને પડતું નાંખ્યું, હૈઆમાં આનંદ; રડવા લાગ્યા, કુટવા લાગ્યા, કીધો ફોકટ ફંદ. ॥ ૨ ॥ કુદીને કટારી લીધિ, જીવીને શું કરૂં, આધારોરે, આધારો હું પેટે મારી મરૂં. પુત્ર કરતાં પ્રભુ વહાલા, અરજુનને અપાર; એણે જાણ્યું મોહન મરશે, માહરા પ્રાણાધાર. ॥ ૪ ॥ દીકરાને ભુલી ગયોને, ચીંતા થઇ મન સાથ; હાં હાં તમને સોગન માહારા, કહી જૈ ઝાલ્યા હાથ. ॥ ૫ ॥ થવા કાળ હતું તે થયું, આપણ તે શું કરીયે; નથી ઉપાય આપણો શું, મુઆ પુઠે મરીયે. ॥ ૬ ॥ ઓ માહારાજા ક્ષમા રાખો લાગુ તમને પાય, એટલે અરજુન પ્રત્યે બોલ્યા, પોતે જાદવરાય.॥ ૭ ॥ માહારા મનમાં લાગત ઓછું, ભાગત નહી મુજ ચરણ; પણ તમે મરવું ધાર્યું તે, આદરૂ માહારૂં મરણ. ॥ ૮ ॥ જેમ જેમ તમે કલેશ કીધો, તેમ તેમ લાગ્યું માઠું; અરજુન કહે કાઇ નહી કરૂં, તમો ન કરશો કાઠું ॥ ૯ ॥ થવા કાળ હતું તે થયું, ઓરે જુગજીવન; ભગવાનના મરણના ભયથી, પોતે વાળ્યું મન. ॥૧૦॥ સાબાશ એના પ્રેમ ભક્તીને, પુત્રથી પ્રભુ વાહાલો; એ રીતે કેમ વશ નવ થાયે, પોતે શ્રી નંદલાલો. ॥૧૧॥ પછી સરવે શાન્તી રાખી, છાના રહ્યા લગાર; ત્યા ચીતા ખડકીને સબને, કર્યો અગની સંસ્કાર. ॥ ૧૨ ॥ અસ્ત સરીતામાં વેવરાવ્યાં, સરવે કીધું સ્નાન; શોકીક કરતાં તંબુએ આવ્યા, અરજુન ભીમ ભગવાન.

॥ ૧૩ ॥ વળણ. ॥ ડેરા તંબુ સૈ આવીયું, મનમાં કલેશ અપાર; સુનમુન સૈ બીરાજીયા, વલ્લભ કરે વીસ્તાર.

કડવું ૬૦ રાગ સવઈઆનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી મુજને સંભળાવું,દ્રોણ પરવ મહીમાય. ॥ ૧ ॥ સુનમુન થઇ સહુ તંબુએ બેઠા,શોક ભર્યા સહુ કોઇ; અનુચરે છાનામાના, કીધી ક્ષીપ્ર રસોઇ ॥ ૨ ॥ પછી બે ચાર ડાહ્યા સેવક, ગયા પાંન્ડવની પાસ;ઉઠો ખાવા કડવે મોહોઢે, ભરીલો બબે ગ્રાસ. ॥ ૩ ॥ તવ પ્રભુ કહે અરજુન ઉઠો, ઉઠો સઘળા વીર; કુન્તા ચાર ભાઇ દ્રૂપતી ઉઠી, ઉઠયા શામસરીર. ॥ ૪ ॥ એકલો અરજુન ઉઠતો નથી, તવ બોલ્યા ભગવાન; અરજુનજી તમે મુમત મુકો, વીચારો ગટમાં જ્ઞાન. ॥ ૫ ॥ કોનાં છોકરાં કોની નારી,કોના માને બાપ;કોનાં સગાં કોનાં વાહાલાં. મીથ્યા સહુ સંતાપ.॥૬॥ જો હોય તમારો દીકરો તો,મુકીને કેમ જાય;કો કોનું કોઇ નથી સગું; ભગની ભ્રાત કે માય. ॥ ૭ ॥ મીથ્યા માહારો માહારો કરોછો, ખોટા મરોછો મથી; રડશો કે કળકળશો તોહે તે મળવાનો નથી, ॥૮॥ જે જે ગયું તે પાછું ન આવ્યે, પુંઠે સગા બહુ રોતાં; શપને દુર્લભ જે જાય છે તે, પાછુ વાળી નથી જોતાં ॥ ૯ ॥ રડી રડીને નેત્ર ખોશો, પણ પાછો નહી આવે; આજ ખાવા નહી ઉઠો એવું, કેટલા દાહાડા ફાવે. ॥ ૧૦ ॥ તમે ઉઠો તો સહુ ખાયે. ન થાવો એકલ મતે; જીવતું હોય તે જીવતા ગતે, મુઉ ને મુઆ ગતે. ॥ ૧૧ ॥ તવ અરજુન કરજાડી બોલ્યો, સંદે માહારો નીસ્તરે; પ્રષ્ણ પુછુછું આત્મા ચૈતન,મરે કે નવ મરે॥૧૨॥ એટલે બોલ્યા અંતરયામી, સાંભળો શાસ્ત્ર ને વેદ;આત્મા છે તે અખંડ અમ્મર, અદગ્ધ ને અછેદ. ॥ ૧૩ ॥ એટલે અરજુને હાથ ઝાલ્યો, પ્રભુ દયા કાંઇ લાવો; અભેમન્યુનો આત્મા કયાં છે, તે મુજને બતાવો. ॥ ૧૪ ॥કૃષ્ણ પ્રભુ કહે શું જોવું છે, જે દેઈ ગયો દગો; કેહેશો તો બતાવીશ પણ તે, નહી થાય તમારો સગો. ॥૧૫॥ જે જ્યાં જાયે તે ત્યાંનો થાયે. એ છે અનાદીનો ચાલ; અરજુન કહે તે પણ જોશું, બતાવો નંદલાલ. ॥ ૧૬ ॥ તે વીના તો અન જળ માહારે, લેવું નથી માહારાજ; અન જળ જો લેવરાવું હોય તો, દેખાડો આજને આજ. ॥૧૭॥ મોહને જાણ્યું મુમત ઝાલ્યો, જોવો છે સંતાન; એવું સમજી પ્રેરણા કરીને, મંગાવ્યું વૈમાન. ॥ ૧૮ ॥ તવ સ્વરગેથી વૈમાન આવ્યું, બેઠા ગરૂડાગામી; અરજુનજીને સાથે વીધા, પોતે અંતરયામી. ॥ ૧૯ ॥ એ

ટલે વૈમાન ઉડી ચાલ્યું, સ્વર્ગ સુદન પરવરીયા;અપછરાના મેહેલની પાશે, વૈમાનથી ઉતરીયા. ॥ ૨૦ ॥ પછી પ્રભુએ કહ્યું પારથને સામા ભોવનમાં જાવો;પાંજરામાં પોપટ રૂપે છે; તેને જઇ બોલાવો. ॥ ૨૧ ॥ તવ તે ધામમાં અરજુન ચાલ્યો, બોલતા મુખ વચન;ઓરે અભેમાન ઓરે અભેમાન, ઓરે અભેમાન તન. ॥ ૨૨ ॥ કેહેતો કેહેતો ધામમા આવ્યો, પોપટ જોયો સાર; અરજુન તને કેહેવા લાગ્યો, ઓ માહારા કુંવાર. ॥ ૨૩ ॥ તવ પાંજરેથી પોપટ બોલ્યો, મુરખના સરદાર; જેમ ફાવે તેમ કેમ બોલે છે;નીકળ અહીંથી બાહાર. ॥ ૨૪ ॥ પોપટનો એવો બોલ સુણી, અરજુન વદયો વાણ; અભેમાન તું ખરો કે નહી, પરમેશ્વરની આણ. ॥ ૨૫ ॥ એટલે પોપટ એમ બોલ્યો,સુણ સતી સંતાન; મનુશ ખોળીયે હતો ત્યારે, હું નામ અભેમાન. ॥ ૨૬ ॥ પ્રથમ અભેમાન હતો હું, ત્યારે તો તુજ તન; તારા વીર્યથી દેહ માહારો, થયો હતો રાજન. ॥ ૨૭ ॥ તે તારૂં ખોળીયું ત્યાં તે ત્યાં મુક્યું. પંચભુતોની સાખ; તેને તેં અગની મુકીને,બાળી કીધું ખાખ. ॥ ૨૮ ॥ હવે દિકરા કેહેતો આવ્યો, તેતો તારી ઠગાઇ; આત્મા તુજથી નહિઉપજેલો ખોળીયાની સગાઈ. ॥ ૨૯ ॥ જે તારાથી ઉપજ્યું તે,કેહેવાય સગું તારૂં; તુજથી ઉપજ્યું તે ત્યાં મુક્યું, હવે નહિ ત માહારૂં. ॥ ૩૦ ॥ તે નહિ માહારૂં તો હું નહિ તારો,સગપણ ગયું તુટી,સગાઇ મનાય શરીરની તે,શરીર ગયું છુટી. ॥ ૩૧ ॥ સગપણ નહિ હવે માહારે તારે, કોણ બેટો કોણ બાપ; હવે બેટો કહીશ મને તો, નહિ રહ તારૂં આપ. ॥ ૩૨ ॥ નર બોલ્યો આ શું કેહે છે બેટા, કેમ બદલાયો આપ; પોપટ રૂપે અભેમાન બોલ્યો, તું બેટો ને હું બાપ.॥૩૩॥ મેં ને તેં બહુ દેહ ધરેલા, પશુ પક્ષી કેરા; કીટ પતંગ કે વનસ્પતી, મનુશ કેટલી ફેરા. ॥ ૩૪ ॥ કેટલી વેળા બાપ થયેલો, હું તારો ને તું માહારો. અનાદીથી રેટ એવો, વારાફરતી વારો. ॥૩૫॥ મીથ્યા માયા તું સત્ય માને. કોઈ ન જાણીશ તારૂં; આગળ દીસે અજવાળું ને, દીવા પુઠે અંધારૂં. ॥ ૩૬ ॥ જગતરૂપી જેલખાનું, ઘરરૂપી ઓરડીયો; ધુનેગાર રૂપી જીવ છે તે, દેહરૂપ બેડીમાં પડીયો ॥ ૩૭ ॥ બબે ચાર ચાર, કેદીને રેહેવા, ઓરડી દે અકકેક;તેમ એક ઘરમાં બબે ચાર ચાર,સગાં વસે વીવેક. ॥ ૩૮ ॥ એક ઓરડીમાં ભેગા કેદી, દુખ સુખની કરે વાતો; એક એકને દુખે દાજે ને, એક એકનો સ્નેહી થાતો. ॥ ૩૯ ॥ એક એકની એ પક્ષ તાણે, એક એકપર હેત વાપે; એક એકનું માંથું દુખે તો, એક એકનું એ ચાંપે. ॥ ૪૦ ॥ એવી રીતે સગાં વાહાલાં, એક એકને દુખે દાઝે; એક એકની કરે આકરી સેવા, ઘડી હસે ઘડી બાહાજે.

॥ ૪૧ ॥ જે કેદીને જેટલા દનની, થઈ હોયે સજાય; તેની મુદત પુરી
થયે; બેડીથી છુટી જાય. ॥ ૪૨ ॥ બેડી તુટી તવ જેલમાંથી, નીકળે
છે સરવથી; સ્નેહી કેદી જેલમાં રહ્યા તેની, ખબર લેતો નથી. ॥૪૩॥
તે રીતે જીવ દેહથી છુટી, નીકળ્યો જગત બાહાર;પાછળનાં સગાં વા
હાલાંને, સંભારે નહિ લગાર. ॥ ૪૪ ॥ પાછુ વાળીને તે નવ જુએ,
સંભારે નહિ કોઇ દન; કેદીમાં આવવા બેડી પેહેરવા, ધારે નહિ કોઈ
જન. ॥ ૪૫ ॥ તેમ છતાં જાય બીજી બેડીમાં, તમાં નહી ઉપાય, જ્યાં
થી ત્યાંથી છુટી નાસે, જાણું ન ધારે ત્યાંય. ॥ ૪૬ ॥ એ રીત છે આ
જગત કેરી, માટે સગપણ કાચું; અજ્ઞાની જીવ જ્ઞાન વીનાનો, તેને લા
ગે સાચું. ॥ ૪૭ ॥ તું નહી કોનો કો નહી તારૂં. જા ભાઇ નીકળ બા-
હાર; આજથી સત્ય માનતો નહી, જુઠો આ સંસાર ॥ ૪૮ ॥ અરજુન
કહે ખોળે રમાડયો, ખવરાવ્યું પીવરાવ્યું તને;બદલો વળાવાની આ
સાયે, મોહ ચડયો તો મને ॥ ૪૯ ॥ એટલે પોપટ રૂપે બોલ્યો, ફરીથી
અભેમાન; પુત્ર પાસે બદલો વળાવા; ઇછે કોઇ નાદાન. ॥૫૦॥ ચકલા
ચકલી જેવાં પક્ષી, પુત્રને પુષ્ટી આલે;જીવની પેઠે જાળવે ને, ચંચામાં
લાવી ઘાલે.॥૫૧॥ આશા રાખ્યા વણ ઉછેરે છે, રક્ષણમાં નવ ચુકે;બ-
ચ્ચાંને હરતાં ફરતાં કરી,પછીથી છુટાં મુકે.પણ તે બચ્ચાં તેની સંભાળ
ન લે, તેનો નહી કાંઇ દ્વેશ; તેથી નાદાન મનુશ જાતી, હક રાખે હમેશ
॥ ૫૩ ॥ પરણ્યાંને પાળે જણ્યાં જીવાડે, તેમાં સાની નવાઇ; માબાપને
માબાપના માબાપે, ઉછેર્યો કર સાહી ॥ ૫૪ ॥ માટે એમાં બદલો શા-
નો, બદલો લેવા ધારે જેહ; જીવ ઉછેર્યાનું ફળ નહી તેને વાસના બં
ધન તેહ. ॥ ૫૫ ॥ એવો બોધ અભેમાને કીધો, અરજુનને હેત આણી;
તેથી પારથ સમજી ગયો, માયા મીથ્યા જાણી. ॥ ૫૬ ॥ પછી મેહેલ-
માંથી વળ્યો પાછો, ફોગટ સંસાર લાહાવો; કૃષ્ણ પ્રભુ કહે ઓરે બ-
નેવી, વઈમાનમાં તમે આવો. ॥ ૫૭ ॥ અરજુન કહે કોનો બનેવી કોના
સાળક તમો; બનેવી બનેવી કહી ફુલાવ્યો, તેથી ફુલી ગયા અમો.
॥ ૫૮ ॥ સગાવહાલાં સાચાં માન્યાં, સદમારગ નવ સુજયો, અભેમા
નનો ઉપદેશ સુણ્યો, તે થકી આત્મા દ્રજ્યો ॥ ૫૯ ॥ અવસ્થા આટ
લા દન કાઢયા, સત્ય માનીતી સગાઇ; સગાં મળી સંસારમાં રાખ્યો,
તે હવે જાણી ઠગાઈ. ॥ ૬૦ ॥ એમ કહી ઉદાશ થઇને, ઉભો ત્યાંને
ત્યાંય;આ સ્થળ ચકાવો થયો પુરો જે જે વઇકુંઠરાય. ॥૬૧॥ વળણ. ॥
ચકાવો પુરણ હવો, સુણતાં પોહોચે કોડ;કહે વલ્લભ શ્રોતા સહુ, બોલો
જે જે શ્રી રણછોડ.

દ્રોણ પર્વ.

કડવું ૬૧ રાગ સાખીનો.

વઇશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજેરાય;વીસ્તારી તુજને સંભળાવું, દ્રોણ પરવ મહીમાય. ॥ ૧ ॥ અરજુનજી ત્યાંને ત્યાં થંભ્યો ભગવાને ઝાલ્યો હાથ;વઇમાનમાં બેસાડીને આવ્યા, ભોમીમાં ભુનાથ. ॥૨॥ કુરૂક્ષેત્રમાં તંબુએ આવ્યા, વઇમાનથી ઉતરીયા; એટલે સૌ સગાં વાહાલાંએ, ભાઇ ભાઇ ભાઇ ભાઇ કરીયા. ॥૩॥ એટલે અરજુન એમ બોલ્યો, ભાઇ ભાઈ કરી ચડાવ્યો; ખરી કમાણી કરવા ન દીધી, મોહ માયામાં પડાવ્યો. ॥ ૪ ॥ નહી તમે માહારા નહી હું તમારો, એટલે બોલ્યો ભેમ; ઓરે માહારા કૃષ્ણ પ્રભુજી, નર આમ બોલે કેમ. ॥૫॥ પ્રભુએ સહુને સમજાવ્યા, નરને થયો વઇરાગ; માટે એને વળગી પડો, નહી તો કરે બધુ ત્યાગ ॥ ૬ ॥ તવ વરકોદર કુન્તા દ્રૂપતી, બાહાજી લાગ્યાં કરગરવા; ઓ અરજુન તમે આમ કેમ બોલો, આઘા ખસો શું કરવા. ॥ ૭ ॥ પણ કોઇનું કહ્યું મનમાં ન આવે રદય થયું પવીત્ર; છેવટ માયામાં નાંખવાને, કૃષ્ણે કર્યું ચરીત્ર. ॥૮॥ અરે અરજુન ખાવા ઉઠો, કયાં લગી ભુખ્યા રહીશું; અભીમન્યુના ગુણ ઘણા તે,સંભારીને શું કહીશું. ॥૯॥એના જેવો સુરો પુરો;કોઇ નહિ રણધીર; દાંગવ ને શરણે રાખેલો, ખરૂં બજાવેલ તીર. ॥ ૧૦ ॥ દ્વારીકાં આવી સુરેખાનું,શનમુખ કીધું હરણ;જાદવ હરાવ્યા કૌરવ હરાવ્યા, હરાવ્યો રાજા કરણ. ॥૧૧॥ આપણ ગયા પાતાળ વિશે, કોઠાનો સંગ્રામ લીધો; કરણના બે પુત્ર મારી, એને વાંજીયો કીધો. ॥ ૧૨ ॥ દુરીયોધનનો લખમણ માર્યો, જોદ્ધાને કીધા જેર; છેવટ માર્યા નવાણું ભાઇના, ચારશે ઇગણોતેર. ॥૧૩॥ સાત શહસ્ત્ર યોદ્ધાને માર્યા, ધરણ ઢળ્યો પછી પોતે; સરવનો બદલો વાળી મુઓ છે, સુરો પુરો, હતો તે. ॥ ૧૪ ॥ અનેકને મારી એક મુઓ,તો પણ પોતાનો આપે;એના મુઆનું દુખ નથી દલમાં,પણ એક રીસ બહુ વ્યાપે. ॥ ૧૫ ॥ મુએલાને કોણ મારતુ તુ, તે માહરે જાણવું જોઇએ;શરીરપર બહુ ઘા પડયાતા,દીઠા હશે હરકોઇએ

॥૧૬॥ ભીમશેન કહે મેં દીઠો તો, જેદ્રથને ઘા કરતાં; તે દ્વેશ છે બહુ મારા મનમાં, હણી આવું હરતાં ફરતાં ॥ ૧૭ ॥ તે સાંભળીને અરજુનજીના, મનમાં ભરાયો દ્વેશ,જેદ્રથે બહુ જુલમ કીધો, તે કેમ મટે કલેશ. ॥ ૧૮ ॥ વેહેરે વેહેરે એ લેવું ઘટે છે, કાલે કરૂં હું કેર;સુર્ય ઉદયથી સુર્યના હસ્તમાં,મારવો માહારે કેર. ॥ ૧૯ ॥ એટલામાં કાલ મારૂ નહીતો, બળી મરૂ હું આપ; બેમાંથી એક કામ કરૂ નહીતો, બ્રહ્મહત્યાનું પાપ. ॥ ૨૦ ॥ એવા પોતે સોગન ખાધા, ખાવા ઉઠયો સહુ સાથ; પણ લીધું તે કૌરવ દળમાં,જેદ્રથને ગઇ વાત. ॥ ૨૧ ॥ જેદ્રથતે દુરીયોધનના પાસે. ઉઠી ગયો તે વાર; આવતી કાલે હું મરવાનો, કહ્યા સૌ સમાચાર. ॥ ૨૨ ॥ કોઈ પ્રકારે ઉગાર મુને, નહી તો દેહ છંડાશે; સો ભાઈ વચ્ચે એક બેન તારે, તે તો હવે રંડાશે. ॥ ૨૩ ॥ મુએલા કુંવરને મારવાને, તેં મને મોકલ્યો પાપી; અરજુને તે વાત જાણી, તેની એને રીસ; વ્યાપી ॥ ૨૪ ॥ કુપુત તેં કુબુદ્ધી આપી, બેનની દયા ન ધારી; દુરીયોધન કહે થોડું બોલો મરશો તો ખાશડે મારી, ॥૨૫॥ સરવ મરો તેની નહી ચીંતા, હું હૈશ તો સૌ થાશે; જેદ્રથ કહે કાંઇ વિચારો; હું આવ્યો તમ પાસે. ॥ ૨૬ ॥ દુરીયોધન કહે એવું બોલો, તે વાત વહાલી અમને; જરાએ મન ભય નવ ધરશો, ગુપ્ત કરી દઉં તમને. ॥૨૭॥ સાતમે માળે સંતાડું તે, જાણી શકે નહી કોય; અરજુનને હાથ નહી આવો તો, મરવાનું એને હોય. ॥ ૨૮ ॥ તવ વણ માર્યો શત્રૂ મરશે, વળી તમો ઉગરશો; બેઉ બાજુનો લાભ છે માહરે. તેથી તમો નવ ડરશો. ॥ ૨૯ ॥ એમ કહી દ્રોણને તેડાવ્યા; બીજા કીરપાચાર; અશ્વસ્થામાને કરણ રાજા, વળી તેડયો સહ્લસાર. ॥ ૩૦ ॥ સાત કોઠાના સાતે મળીયા, તવ બોલ્યો ભુપાળ; જેદ્રથનું રક્ષણ કરવાને, ચાલો સહુ પાતાળ. ॥ ૩૧ ॥ સાત કોઠે જેમ સાત રહ્યાતા, તેમ રહો પાતાળ; તે વાત કોઇ જાણશે નહિ, કયાં જશે કુન્તાબાળ. ॥ ૪૨ ॥ માટે ઉઠો ઝટપટ ચાલો. જો જો જુકતી લાવું: શલ્લ કહે માહાતા તંબુમાં,જઇને હમણાં આવું. ॥ ૩૩ ॥ એમ કહીને પાંડવનો મામો, પોતાના તંબુમાંજાય; છડીદારને એમ કહ્યું કે જજે પાંન્ડવને ત્યાંય, ॥ ૩૪ ॥ અરજુનને તું ગુપ્ત રીતે, કેહેજે સમાચાર; બીજે સોઠ્યા વણ પાતાળ જવો, જેદ્રથ ત્યાં નીરધાર. ॥ ૩૫ ॥ અહીએ તમારા મામે કહ્યું છે,તમે તમારે જાજો; એમ કહીને આવજે તંબુ, રાખછે વાતનો માઝો. ॥ ૩૬ ॥ શેવક કહે

વારૂ માહારાજા; ચીંતા ન ધરશો મન;અરજુનને જઇ કહી આવવાનો સાક્ષી જુગજીવન. ॥ ૩૭ ॥ તવ શક્ષ રાજા આયુદ્ધ લૈને, છત્રપતી કને જાય; ચાલો પાતાળમાં પરવરીયે, થનારૂં હોય તે થાય. ॥ ૩૮ ॥ તવ દુરીયોધન દ્રોણને કરણ;ગોરને અશ્વસ્થામા; જેદ્રથને સહ્ સાતે ચાલ્યા થાણું છે અરજુન સામા. ॥ ૩૯ ॥ પાતાળની પોણી વીદ્યાનો, ભણેલો ભુપાળ; પૃથ્વીનું સ્તવન કરીને, પરવરીયો પાતાળ. ॥ ૪૦ ॥ પ્રથમ પેહેલે પાતાળ ગયા, ત્યાં ઉભા દ્રોણાચાર; કહ્યું કે અરજુન અહીં આવે તો, કરજો યુદ્ધ અપાર. ॥ ૪૧ ॥ લઢી વઢીને કાઢજો દહાડો, કહીને મુકયા ત્યાંય; બાકીના છએ જણ ચાલ્યા, બીજા પાતાળમાંય. ॥ ૪૨ ॥ ત્યાં ક્રીરપાચાર ગોરને મુકયો,કહ્યું કે યુદ્ધ કરજો;દ્રોણને જીતીને આવેતો ક્રોધ ઘણો આદરજો. ॥ ૪૩ ॥ જેમ તેમ કરીને વાર કરવી, દીવસ નાંખવો કાહાડી; ત્યાંથી ત્રીજે પાતાળ ગયા, પાંચ જણે સુજ પાડી. ॥૪૪॥ ત્યાં મુકયા અશ્વસ્થામાને,દ્રોણ તણા જે બાળ; પછી રહ્યા ચાર જણા તે, ચાલ્યા ચોથે પાતાળ. ॥ ૪૫ ॥ કરણ રાજાને ત્યાં મુકયો,વીરા ટકાવજો યુદ્ધ;પાંચમે પાતાળ ત્રણ જણ ગયા,કપટની બહુ બુધ. ॥૪૬॥ તેવું તે પાતાળ ખાલી રાખ્યું, છઠે પાતાળ જાય; ત્યાં આગળ યુદ્ધ કરવા મુકયો, મારવાડનો શક્ષ રાય. ॥ ૬૪ ॥ પછી જેદ્રથને લેઈ ગયો, સાતમા પાતાળ વીશે; ત્યાં મહા મોહોટું સરોવર જળનું, ભય ભરેલું દીસે. ॥ ૪૭ ॥ તેની ક્રીનારે પોતે બેઠો,મનસુબો મન કીધો; સરોવરનું કમળ લેઇ,પ્રતીકાનો કુંભ લીધો. ॥ ૪૮ ॥ તે કુંભમાં જરા જળ ભરીયું, કમળ ડાંડી મહીં ઘાલી; કુંભ કેરા મોઢાપર મેલ્યું, કોમળ કમળ ઝાલી. ॥ ૪૯ ॥ તેને બત્રીશ પાંખડીયો છે, તેપર શું કામ કરીયું; મંત્ર ભણી જળ અંજળી લેઈ, પાંખડીયો પર ધરીયું. ॥ ૫૦ ॥ તેથી દસ દસ યોદ્ધા બનાયા, જુ જુ જેવડા સાર; જાળવે કમળનો વચલો વેસર, આવતાં ભાગે અથીઆર. ॥ ૫૧ ॥ તેથી ત્રણસેંને વીશ યોદ્ધા, મુકયા રક્ષણ કરવા; પછી જેદ્રથ બનેવીનો; બેઠો ખેલ આદરવા. ॥ ૫૨ ॥ પોતાની ડાબી હાથેળીમાં, જેદ્રથ ઉભો કીધો; મંત્ર ભણી જળ અંજળી છાંટી, પોરો બનાવી દીધો. ॥ ૫૩ ॥ તવ તે જીણો તંતુ બનીયો, તરફડતો કરમાંય; તેને જાળવી મુકી દીધો, કમળ વચમાં ત્યાંય. ॥ ૫૪॥ એવી વીદ્યાથી કરી યુક્તી, કુંભ પછી કર લીધો;મંત્રવડે સરોવર કેરે, મધ્ય ભાગ મુકી દીધો. ॥ ૫૫ ॥ તે પછી પોતે નીકળ્યો ત્યાંથી, પાં-

ચમે પાતાળ જાય; કદી જો અરજુન આવે તો, યુધ્ધ તણી ઇચ્છાય ॥ ૫૬ ॥ એમ કરીને રૂજની રહ્યા, થયો પ્રાતઃકાળ; જાગ્રત થયા શત્રુને હણવા, અરજુનજી ને ગોપાળ. ॥ ૨૭ ॥ એવે શત્રુનો છડીદાર આવ્યો, છાના કહ્યા સમાચાર; પાતાળ જાજો શત્રુ મળશે, કહી પાછો વળ્યો સાર. ॥૫૮॥ એવામાં સહુ જાગ્રત થયા, શેન્યાને રાજન; કુન્તાજીએ રસોઇ કીધી, વેહેલું કર્યું ભોજન. ॥ ૫૯ ॥ વળણ. ॥ ભોજન કરી પરવરીયા, પેહેર્યા વસ્ત્ર સણગાર;આયુદ્ધ લીધાં હાથમાં, જાવા થયા તૈયાર. ॥

કડવું ૬૨ રાગ આશાવરી.

વઇશમપાયે એણીપેરે બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું દ્રોણ પરવ મહીમાય. ॥ ૧ ॥ રણછોડરાયે રથ જોતરીયો, મહી બેઠો નર ભુપ; અછોડા ઝાલી હાંકવા બેઠા, પોતે શામ સ્વરૂપ. ॥ ૨ ॥ તવ વ્રકોદરે વસ્ત્ર પેહેર્યા, કટી કશીને બાંધે, બંધુ સાથે જાવા નિકળ્યો,ગ્રહી ગદા ધરિ ખાંધે. ॥૩॥ તંબુથી અળગા જઇને, ભોમીનું કીધું સ્તવન; તવ પૃથ્વીએ મારગ મુકયો, તવ ચાલ્યા રાજન. ॥ ૪ ॥ પેહેલે પાતાળ પરવર્યા કે, દીઠા દ્રોણાચાર; અરજુનજીએ રક્ત નેત્રે, કીધો નમસ્કાર. ॥ ૬ ॥ ધન્ય ગુરૂજી ધન્ય ગુરૂજી, તમે કર્યું કાળુ ગોરૂ; કોઇ નહિ ને વીદ્યારથીનું, માર્યું નાહાનું છોરૂ. ॥ ૬ ॥ નાદાન સાથે નાદાન થયા, તોપણ નકસ આપી; નાહાને છોકરે તમારા સહુની, મુછ એકેકી કાપી. ॥૭॥ એવા એવા અરજુનજીએ, બોલ કહ્યા બહુ કાઠા; નાહાનું છોકરૂં મારેલું માટે,ઓશીયાળા થઇ નાઠા.॥૮॥જાણ્યું કે એક ટંટો મટીયો, પછી ત્યાંથી પરવરીયા; પૃથ્વી સ્તવન કરિને બીજે, પાતાળે ઉતરીયા. ॥૯॥ ત્યાં કીરપાચાર ગોર ઉભા, તવ ભીમે કર્યો બોધ; ગોર હતા આપણી સભામાં, નહોતા જરા વીરોધ. ॥ ૧૦ ॥ માટે એમને કાંઇ ન કેહેશો, તવ નમ્યો ઇંદ્રનો બાળ; કીરપાચારે સાન કીધી, જાજો સાત પાતાળ. ॥ ૧૧ ॥ એમ કહીને વીદાય થયા; અવનીમાં સંચરીયા; અરજુન ભીમ ને ભગવાન પોતે, ત્યાંથી નીચે ઉતરીયા. ॥ ૧૨ ॥ ત્રીજા પાતાળમાં ગયા એ. અશ્વસ્થામાં ત્યાં માઠા ત્રેણે જનનું જુથ જોઇને, જીવ લેઇને નાઠા. ॥ ૧૩ ॥ એટલે ચોથે પાતાળ ચા-

લ્યા,ઉભો રાજા કરણ;નર કહે શું મુખ લેઇ ઉભો,બે સુત પામ્યા મરણ ॥૧૪॥ એટલે કરણ સરમાઈ ગયો,નાશી ગયો ભુમાંય;તવ પાંચમે,પાતાળ ઉતરીયા, છત્રપતી છે ત્યાંય. ॥૧૫॥ તેણે દીઠા ત્રૈણે જણને, જાણ્યું કે હાર્યો દ્રોણ;જો મુજને મારી નાંખશે તો,રાજ ભોગવશે કોણ. ॥૧૬॥ એવો ભય ભાસવાથી નાઠો,દુરીયોધન ભુપાળ; તેથી ત્રણે ત્યાંથી ચાલ્યા, ગયા છે પાતાળ. ॥ ૧૭ ॥ ત્યાં શલ્ય મામા ઉભા રહ્યા છે, તેણે કહ્યું કે આવો;શત્રુ તમારો હાથમાં આવે, સાતમે પાતાળ જાવો. ॥૧૮॥ એમ અહીં એ વીદાય થયા, ભગવાન હરખે ભરીયા; ત્યાંથી રથ લેઇ ત્રણે ચાલ્યા,સાતમે જઈ ઉતરીયા. ॥૧૯॥ અરજુનને મન ગર્વજ થયો, માહારા ભય માહા માઠા;કપરી માઝા મારી પડી તે,જીવ લઇ સૌ નાઠા. ॥૨૦॥ મુજ જેવી કોઇની નહી માઝા, થયો અતી અહંકાર; અહંકારથી હરી ઘણોજ આઘો, જાણ્યું જુગદાધાર. ॥ ૨૧ ॥ એવામાં અરજુનજી બોલ્યા, પ્રભુ કરૂં હું કેહેર,બતાવો શત્રુ એકજ બાણે, મારી નાખું ઠેર. ॥૨૨॥ અહંકાર ઉતારવાનો ધાર્યો, પોતે જાદવરાય; કૃષ્ણે કહ્યું સરોવર વચ્ચે, શત્રુ પેલા કુંભ માંય. ॥ ૨૩ ॥ તવ અરજુને બાણ ચઢાવ્યું, કહ્યું કે દૈવત દાખું; એક બાણે એ કુંભમાંથી, શત્રુને મારી નાંખું. ॥ ૨૪ ॥ એમ કહીને બાણ ફેંકયું, કુંભની લગભગ થાય; પાંખડીના જોધની ક્રીયાથી, બાણુજ આડુ જાય. ॥ ૨૫ ॥ તવ અરજુને બીજુ માર્યું, પણ ગયું આડું; તેમ તેમ નરે બહુ બાણ માર્યા, ધાર્યું કે કમળ કાડું.॥૨૬॥ પછી બાણ અગણીતાં મુકયાં,મનમાં ધરીને ટેક; તે પણ બહુ મારીને થાકયો, બાણ વાગ્યું નહી એક. ॥ ૨૭ ॥ એવે છ ઘડી દીવસ રહ્યો, પ્રભુએ શું ખેલ કીધો;પોતાનું સુદરશન મુકી, સુર્યને ઢાંકી દીધો. ॥ ૨૮ ॥ તવ અરજુને બાણ બંધ કીધાં, હવે જીવી શું કરવું;ચાલો પ્રભુ હવે સાંજ પડી છે, ભોમી જઇ બળી મરવું॥૨૯॥ કૃષ્ણ પ્રભુ કહે ચાલો ભાઇ, કહીને પાછા વળીયા; ત્રણે જણા સ્તવન કરીને, પૃથ્વીમાં નીકળીયા. ॥ ૩૦ ॥ પોતાના રણસ્થંભ પાસે, રથથી આપ ઉતરીયો, કાષ્ટ લાવી ત્યાં ચીતા ખડકી, મનમુબો મરવા કરીયો. ૩૧ ॥ તે વાત જાની સગાવાહાલાએ, તંબુથી દોડી આવ્યાં; કુન્તા સુભદ્રા દ્રૂપતી; આંખે આંસું લાવ્યાં. ॥ ૩૨ ॥ ધરમ શેદેવ નીકુળ રૂએ, રડવા લાગ્યો ભેમ; ઓ અરજુનજી મરવું ધારો, પણ મરવા દેઉં કેમ. ॥ ૩૨ ॥ એમ ભીમ આડો ઉભો, અરજુન બોલ્યો આપ; જે મુ

મરતાં રોકે તે- , બ્રહ્મહત્યાનું પાપ. ॥ ૩૪ ॥ પાપના ભયથી ભીમ ખ-શીયો, એ મરે તો મારે મરવું,કૃષ્ણ પ્રભુ કેમ બોલતા નથી, કહો હવે કેમ કરવું. ॥ ૩૫ ॥ કૃષ્ણ કહે વાત રાખજો મનમાં, હું મરવા નહી દેવું; એવે સાંજ પડી જાનીને, કોરવે કર્યું કેવું. ॥ ૩૬ ॥ સાતમે પાતાળ પાપી ગયો, કાઢયો બનેવીને બાહાર; હતો તેવો બનેવિને, લૈ ચાલ્યો અંધ કુવાર. ॥ ૩૭ પૃથ્વમાં તંબુએ આવ્યો સકટવીહુ કરયું કાષ્ટ તણું એક ગાડું,તેમાં કાષ્ટની પેટી;તેમાં જેદ્રથને બેસાડયો, ઉંચો થી બાંધી છેટી. ॥૩૯॥ તે પેટીને બે બાંકાં છે,જેદ્રથને જોવા કાજ; એવું સકટ વીહુ રચીયું દુરીયોધન મા ારાજ ॥ ૪૦ ॥ પછી કહ્યું અર-જુન મરે છે, ત્યાં જોવાને જૈ ; સુરજ નથી તેથી નહી મારે, ધીરજ ધરજો હૈયે. ॥ ૪૧ ॥ એમ કહી સરવેને લાવ્યો, હસવાના મનસુબા; પો-તાને સ્થંભે આવીને, ચરચા જોવા ઉભા. ॥૪૨॥ એટલે છાના બોલ્યા છબીલો, ભીમશેન હાલો હલાવો, ગમે તેજુક્તીથી નરને, હાથે બાણ ઝાલાવો. ॥ ૪૩ ॥ તેઉપર ત્રણ મંત્ર ભણવો, કાળજ્વર વીવેક; વા-યુનો મંત્રને શીવનો મંત્ર, ભણવો અકેક. ॥ ૪૪ ॥ એટલે સુરજ બ-તાવું છું,દીવસ છે બે ઘડી; સનમુખ શત્રૂ આવ્યા છે તેને,તેવું તે બાણ દે જડી. ॥ ૪૫ ॥ મરવાને માટે ઉશ્કેરો; અરજુનજીને સાર; ગમે તે બાનું કાઢીને, ઝલાવો હથીઆર. ॥૪૬॥ ભીમ કહે શો ઘાટ કરૂં છું, વાર નથી કાંઇ અમને; સુર્ય નહીં હોય નર બળશે તો, જોડે હું બા-ળીશ તમને. ॥ ૪૭॥ કૃષ્ણ કહે કે કબુલ માહારે, તવ અરજુન નવ ચુકયો; કાષ્ટ તણી ચીતા ખડકેલી તેમાં અગ્નિ મુકયો, ॥ ૪૮ ॥ પછી ધરમને ચરણ લાગ્યો, આગના દો શુભ મતી; ધરમ કહે મુને ન પુછો, કાંઇ કેહેવાનો નથી. ॥ ૪૯ ॥ એટલે ભીમને મોહોટો જાણી, પારથ લાગ્યો પાય; ઓ ભાઇ અગ્નીમાં બળવાની આપો તમો આગ્નાય. ॥ ૫૦ ॥ ભીમ કહે હું આગ્ના આપું, ખરી વાતે કેમ ડરવું; પણ ત-મારાં હથીઆર દેખી, દેખીને દાજી મરવું. ॥ ૫૧ ॥ પણ હાથમાં હથીઆર હ્યોતો, આપું પછી આગનાય; તવ અરજુને ધનુશ ભાથો, લેઇ લીધો કરમાંય. ॥ ૫૧ ॥ ભીમ કહે કે છેલી વારનો, ખુશી થાયે અમ પ્રાણ; તમારી લટક જોવાની ઇચ્છા, એક ચઢાવો બાણ. ॥ ૫૩ ॥ તવ અરજુને બાણ ચઢાવ્યું, હવે દો આગ્નાય;ભીમ કહે કાળજ્વર ભણો,

કમળ તમારો થાય. ॥ ૫૪ ॥ એટલે નર કાળજવર ભણીયો, તવ ભીમ બોલ્યો એમ; વાયુનો ને શીવજીનો, મંત્ર ભણો ધરી પ્રેમ ॥૫૫॥ અરજુને તે મંત્ર ભણીયો. મરવામાં મન મોહ્યું; એટલે બળવંત વ્રકોદરે, જુગદીશ સામું જોયું. ॥ ૫૬ ॥ એટલે સમજ્યા સામળીયોજી, કારીગરી કામ કીધું; સુદરષણ ચક્ર પોતાનું, તેને બોલાવી લીધું. ॥ ૫૭ ॥ તવ બે ઘડી દહાડો દેખાયો, થયાં રવી દરશન; તે દેખીને કૌરવ નાઠા, નાઠો દુરીયોધન ॥ ૫૮ ॥ સકટના આસપાસ યોદ્ધા, તે પણ નાસી જાય; ગાડું ત્યાંનું ત્યાં રહ્યું ને, જેદ્રથ પેટી માંય. ॥૫૯॥ એણે જાણ્યું એકલો રહ્યો, નાસવા કર્યો વીચાર; માથુ મારી દ્વાર પેટીનું ભાગ્યું, ડોકું કાઢયું બાહાર- ॥ ૬૦ ॥ તે દેખીને અરજુનજીએ, મનમાં કર્યો વીચાર; સુર્યને શતરૂ સનમુખ છે વળી, શર કરમાં તૈયાર. ॥ ૬૧ ॥ એવું જાણી બાણ માર્યું. જુએ છે જુગદીસ; તે બાણે જઈ જેદ્રથ કેરૂં, છેદી નાંખ્યું શીશ, ॥ ૬૨ ॥ પવનાસ્તર મંત્ર વડે તે, શીશ ચઢયું ગગન; જેદ્રથનો બાપ વૈદ્રથ નામે, તપ કરે છે વન. ॥ ૬૩ ॥ તેને એવું વરદાન છે કે, પુત્રનું જાણે મરણ; તે વેળા શીવ મંત્ર હોયેતો, પડે તેનું શીશ ધરણ. ॥ ૬૪ ॥ તેની પાસે જઈને મુસ્તક, પડયું એણી વાર; નેત્ર ઉઘેડી વૈદ્રથે જોયું, તવ દીઠો કુંવાર. ॥ ૬૫ ॥ શીવનો મંત્ર તે વેળાએ, બાણ ઉપર છે તેહ;વૈદ્રથનું તેણે શીશ છેદયું, મરણ પામ્યો તેહ. ॥ ૬૬ ॥ અરજુનજીનું બોલ્યું પળીયું, ગયો પોતાને ઠામ; શૈન્ય સહીત તંબુએ આવ્યો, પોતે શ્રી ઘનશામ. ॥૬૭॥ વળણ. ॥ સૌ તંબુ બીરાજીયા, સાંભળને રાજન; વદે વલ્લભ શભા કરી, બેઠો દુરીયોધન.

કડવું ૬૩ રાગ ચોપાઈ.

બોલ્યા વઈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; બેઠો તંબુએ દુરીયોધન; રૂડી સભા કરીને રાજન. ॥૧॥ બોલ્યો દ્રોણની પ્રત્યે વચન,તમારા રહ્યા કેટલા દન;બોલ્યા દ્રોણગુરૂ તે વાર માહારા વીત્યા દીવશ ચાર, ॥ ૨ ॥ હવે રહ્યો છે દીવશ એક, થંભે વઢવા જવું વીવેક; તે તું સમજને રાજન, તારૂ મ્રત્યું અરાડમે દન. ॥૩॥ માટે દીવશ સઘળા ગણાય, તે તું વીચારી લેને રાય; દસ દીવસ ભીસ્મપીતાય; યુધ કર્યું હતું રણમાંય. ॥ ૪ ॥ પછી એક દન વઢીયો હુંતો, માહારી સાથે

આવેલો તું તો; બીજે દીવસ થંભે ગયા, સામા સામી આયુદ્ધ લેઇ થ
યા. ॥ ૫ ॥ તે વેળા આવ્યું વીરનું ટોળું, યુધ્ધ થવામાં પડયું રોળું;
ગયો અરજુનજી પાતાળ;કોઠા વઢવા ધાયો તત્કાળ. ॥ ૬ ॥ તાહરા કહે
વાથી ઉણુ કીધું, અભેમન્યુએ બીડું લીધું; ત્રીજે દહાડેકોઠામાં થયો;
ચોથો દન જેદ્રથમાં ગયો,॥૭॥ પાંચમો દન કાલે થાશે, માટે એકજ દન
લડાશે, લખો પત્ર પાન્ડવને રાજન, ગુરૂ વઢવાના કાલનો દન. ॥ ૮ ॥
માટે આવજો પાંન્ડવ તમો, સ્થંભે આવીશું વઢવા અમો; એમ પ-
ત્ર લખાવી મોકલીયો, દાસ લેઇને શેવક પળીયો. ॥ ૯ ॥ જઇ આ-
પ્યો પાન્ડવને હાથ, કાલે વઢવું છે ગુરૂ સાથ; કહી શેવક થયો વીદાય
રાતે સુતાને વાહાણું વાય. ॥ ૯ ॥ તવ પાન્ડવ ગુધ્ધે ચડીયા,ડુંડભી ડં
કા ગરગડીયા; ચાર ભાઇને પાંચમા નાથ,વઇરાટ શીખંડી સાથ ॥૧૦॥
રાય દ્રુપત ધ્રષ્ટ પ્રદ્યુમાન,વળી માયાવી બે સંતાન;સાથે સાત ક્ષોણી સ
ન્યાય,વાજતે ગાજતે સ્થંભ જાય ॥૧૧॥ તવ આવિયા કૈરવ લોક, સા
થે શેન્યના યોદ્ધ અથોક; વળી સેન્યા ક્ષોણી અગીઆર,શલ્ય કરણ કી
રપાચાર. ॥૧૨॥ વળી અશ્વસ્થામાને શકુની, વા એવા આવ્યા સહુ
ખુની; કીધા યુદ્ધ તણા મનસુબા, આવી સામા સામી ઉભા. ॥ ૧૩ ॥
તે દહાડે બેઠો ખપ્પર યોગ;આવી જોગણી લેવા ભોગ; સોને યુદ્ધ કરવા
ની હુંશ, લીધું અરજુનજીએ ધનુશ. ॥૧૪॥ ખેંચી દોર ચઢાવી સાર,
પેહેલ વહેલો કર્યો ટંકાર; તેનો શબ્દ ત્રીલોકમાં જાય, સ્વર્ગ મ્રત્યુને
પાતાળ માંય. ॥૧૫॥ બધાં ડોલ્યાં દસે દિગપાળ,ધરા ધ્રુજી. ખળભળ્યું
પાતાળ; ઘડ લંકામાં હનુમાન, તેણે શબ્દ સાંભળીયો કાન. ॥ ૧૬ ॥
હુક કરીને ગગડીયા,રામ નામ લેઇ ગગને ચડીયા; કપી કુરૂક્ષેત્રમાં પ
ડીયા, દાટ મુકીને જઇ ચડીયા. ॥ ૧૭ ॥ એતો પાન્ડવ દળમાં પેઠા,
અરજુનની ધ્વજા પર બેઠા; અહીં બાણ કુંતાને તન,દસ બાણે કર્યું પુ-
જન. ॥ ૧૮ ॥ વળણ. ॥ દસ બાણે પુજન કર્યું, સાંભળને તું રાય; વદે
વલ્લભ શ્રોતા સુણો,યુદ્ધ તણો મહીમાય.

કડવું ૬૪ રાગ સાખી.

વઇશમપાયે એણીપેરે બોલ્યા સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને
સંભળાવું, દ્રોણ પરવ મહીમાય. ॥ ૧ ॥ અરજુનજીએ પુજન કીધું,

તે પછી ક્રોધે ચડીયા; રણ તણા રણસીંગા વાગ્યાં, તેવાજ ટુટી પડીયા ॥ ૨ ॥ અરજુને કાળજ્વર ફેંકયું, જબરી જણવી રીસ;તે બાણેથી ભગદત કેરૂ,છેદી નાંખ્યું શીશ. ॥ ૩ ॥ તે જોઇ ગુરૂએ તેજ લીધું,દારૂણ દૈવત દાખ્યું; દ્રૂપતના સુત શીખંડીનું, મુસ્તક છેદી નાંખ્યું. ॥ ૪ ॥ ખપ્પર યોગનો દીવસ છે તે,વાગતામાં જાય પ્રાણ; ખપ્પર ભરવા આવેલી દેવી, તેથી લેછે પ્રાણ બાણ. ॥ ૫ ॥ શીખંડી મુઓ જાણીને, અરજુનને સુર વાપ્યું; કાળજ્વરથી ભુરીસ્યેવાનું મુસ્તક એણે કાપ્યું. ॥ ૬ ॥ એટલે દ્રોણે સામુ માર્યું, વાળવા કચ્ચરઘાણ; જબરો જોદ્ધો દ્રૂપત રાજા, તેનો કાહાડયો પ્રાણ. ॥ ૭ ॥ ચડશીલો સુત ઇંદ્ર તણો તે, જણાવી ઝાજી રીશ; બાણ મારીને સુસરમાનું,છેદી નાંખ્યું શીશ.॥૮॥ તવ કાળજ્વર લેઇને ફેંકયું, પોતે રાજા કરણ; વૈરાટ રાજાની રૂદીયા ભેદી, તરત પમાડયો મરણ. ॥ ૯ ॥ અરજુને અગણીતા મંત્રનું, માર્યું કાળજ્વર બાણ; કૌરવ કેરી ત્રણ ક્ષોણીનો, વાળી નાંખ્યો ઘાણ.॥૧૦॥ એટલે દ્રોણે બાણ માર્યું, દાવે દાવો ધારી, તે બાણથી પાંચ પાંન્ડવોની, બે ક્ષોણીને મારી. ॥ ૧૧ ॥ એવે ગટારગછ માયાવી, ગાજીને ગગને ચડીયો; ગુરૂ ન જાણે ને ગુરૂની પુંઠે, જૈ શેન્યામાં પડીયો. ॥ ૧૨ ॥ જેને તેને મારવા માંડયો, લેવા માંડયો પ્રાણ,એક ઘડીમાંએક ક્ષોણીનું, કરી નાંખ્યું હથરાણ. ॥ ૧૩ ॥ જબ્બા જબી સરવે થઇ ગયા, એક એકને માર મારે; જેને તે ધરણીમાં ઢળતા,હાહાકાર પોકારે. ॥ ૧૪ ॥ રૂધીરની બહુ છોળ્યો ઉડી, એમ બન્યું ન્હોતું કદી; હાડને માંઉશનો કીચડ થયો, વહી રૂધીરની નદી. ॥ ૧૫ ॥ કૈંનાં ધડને કૈંનાં મુસ્તક, કૈંનાં રઝળે ચરણ; કૈંક પડયા તરફડે છે, કૈં જન પામ્યા મરણ. ॥ ૧૬ ॥ ભમે ભુત ભૈરવ પીસાચો,જોગણી ખપ્પર ભરતી;એવું થયું પણ દયા ન આવે,એવી નીરદય ધરતી. ॥ ૧૭ ॥ નીચેથી રૂધીર છાંટા ઉડે, વસ્ત્ર તેથી છંટાય; આકાશથી સમળી સીચાણ, માંઉશ લોચ્યા લેઇ જાય. ॥ ૧૮ ॥ હાથી ઘોડા ઉંટનાં મડદાં, ચરણ તળે પીસાય; કૈ અદકચરા જીવતાં હોયે; તે પણ પુરાં થાય. ॥ ૧૯ ॥ પછી દ્રોણે ઘણું જોર કીધું દીધો બાણનો માર;મારતા મારતા પાન્ડવોને,કાઢી દીધા થંભ બહાર. ॥ ૨૦ ॥ જુલમ કીધો કરણ દ્રોણે, ભોંકયાં નરને તીર; રૂંએ રૂંએ અરજુનજીનું, વીંધી નાંખ્યું શરીર. ॥ ૨૧ ॥ તવ ત્રાસ પામ્યો પારથ પોતે, જુએ અસરણા સરણ; હવે હું નથી જીવવાનો, થાશે મહારૂં મરણ

૨૨ ॥ નરના રથ પુઠે ભીમ ઉભો, તેને કહ્યું શ્રીશોર; વાયુ નંદન શું સંતાયા, કાંઇક મારો જોર. ॥ ૨૩ ॥ ભીમ કહે શું જોર મારૂં, બહુ છુટે છે બાણ; રખે વાગે પેટમાં તો,નીકળી જાયે પ્રાણ. ॥ ૨૪ ॥ એવું વચન સાંભળીને, બોલ્યા જાદવરાય; આગળ ન થાવો તો એક બીજો, બતાવું ઉપાય. ॥ ૨૫ ॥ તેટલું કામજ તમે કરજો, રાખી રૂદીયે હામ; તમે ઉભા રહોને નર તમે, પેહેલું કરો એક કામ. ॥ ૨૬ ॥ પવનાસ્તરનો મંત્ર ભણીને, બળ કરી બાણ કહાડો; દ્રોણના દીકરા અશ્વસ્થામા, તેને હૈંથી ઉરાડો. ॥ ૨૭ ॥ તવ અરજુને બાણ લીધું, ભણીયો મંત્ર પવન; અશ્વસ્થામાની રૂદેમાં મારિ, ઉડાડયા ગગન, ॥ ૨૮ ॥ વાયુ મંત્રે ચીરનજીવી, ઘણાજ ઉંચા ચડીયા; સાન ભાન વીના થઇને એ, કુંકણ કાંઠે પડીયા. ॥ ૨૯ ॥ પછી પ્રભુએ ભીમને કહ્યું, દ્રોણને તંબુ જાવો; અશ્વસ્થામા નામનો હાથી, ગુરૂ તણો મારિ આવો. ॥ ૩૦ ॥ તવ ગદા લેઇને ભીમ ચાલ્યો, અવળે પંથે જાય;દ્રોણ તણે તંબુએ ગયો, ગજ બાંધેલો ત્યાંય. ॥ ૩૧ ॥ ભીમે તેના ચરણ ઝાલી, ચીરિ ચીતાળીયાં કીધાં; સોધતાં કોઇને હાથ ન આવે, એવાં ફેંકી દીધાં. ॥૩૨॥ પછી આવ્યો પ્રભુની પાશે, તવ પુછયું ઘનશામ; ભીમે તેનો જવાબ દીધો, સીદ્ધ કર્યું મેં કામ. ॥ ૩૩ ॥ કૃષ્ણે કહ્યું કે બુમ પાડો,ગુરૂને કહીએ જુઓ;તમારો દીકરો અશ્વસ્થામા, મેં માર્યો ને મુઓ. ॥૩૫॥ દ્રોણને નીમ છે પુત્ર મુઆની, જાણ્યામાં જો આવે વાત;તો કોઈ સાથે યુદ્ધ ન કરવું, ધરવું ન આયુદ્ધ હાથ. ॥૩૫॥ એવામાં ભીમે બુમ પાડી;ગુરૂ માહારાજા જુઓ, તમારો દીકરો અશ્વવસ્થામા મેં માર્યો ને મુઓ. ॥ ૨૬ ॥ તવ દ્રોણે યુદ્ધ બંધ કીધું, નાંખી દીધાં હથીઆર; શું જુઓ છો યોદ્ધા માહારા,શોધી કાઢો કુમાર. ॥ ૩૦ ॥ તવ સરવે સેન્યામાં સોધ્યા, ત્યાં નહી અશ્વસ્થામા, દ્રોણ કહે ભીમ બોલજે સાચુ, શીદ ભમાવે ભામા. ॥ ૩૮ ॥ ભીમ કહે મેં મારિ નાંખ્યો, હોય તો સોધી લાવો;દ્રોણ કહે જો માર્યો હોય તો,ખોળી યું એનું બતાવો. ॥૩૯॥ ભીમે કહ્યું કે ગદા વડે મેં,રૂજે રૂજા કીધા; તે રૂજા કોઇને હાથ ન આવે; એવા મેં ફેંકી દીધા. ॥ ૪૦ ॥ ગુરૂ કહે તારા બોલ્યાનો, મુને નહી વીશ્વાસ; અરજુન કહેતો સાચુ લાગે, કાંતો કહે અવીનાશ. ॥ ૪૧ ॥ ઘણા મારથી કાહાર થઇને,બોલ્યો અરજુન મીઠો; અશ્વસ્થામા ભીમે માર્યો, તેતો મેં નજરે દીઠો. ॥૪૨॥ દ્રોણ કહે કાહાર

થઇ બોલ્યો, માટે એ વચન કાચું, દેવકીનંદન ઓ જુગજીવન, તમો કેહેજો સાચું. ॥૪૩॥ એટલે બોલ્યા અંતરયામી, કૃષ્ણ પ્રભુ સાક્ષાત; અશ્વસ્થામાનું મરણ થયું, સાચે સાચી છે વાત. ॥૪૪॥ ગુરૂ કહે આપ ફાવે તે બોલો, તમારે કોની બીક;સાક્ષી પુરો તમે સરવે, પણ નવ લાગે ઠીક. ॥૪૫॥ હું તો માહારે યુદ્ધ કરવા, આયુદ્ધ ઝાલું હાથ; ધરમ જો આવીને કહેતો, માનું સાચી વાત. ॥ ૪૬ ॥ તવ પ્રભુએ ભીમને કહ્યું, એક ઝપાટે જાવો; ધરમને સમજાવી સામા, લાવીને કેવરાવો. ॥ ૪૭॥ ભીમશેન તવ તંબુએ દોડયો, જ્યાં છે ધરમરાય; ઉઠો વીરા રથમાં બેસો, આવી દુરદશાય. ॥૪૮॥ આજ અમો ચારે ભાઈ મરશું, જાણે છે જાદવરાય; ઉગરવા પ્રભુના કેહેવાથી; કીધો છે એક ઉપાય. ॥૪૯॥ ગુરૂના પુત્રને અરજુનજીએ, ઉરાડી નાંખ્યો વન,તેનાજ નામનો ગુરૂનો હાથી;મેં જઇ કર્યો પતન.॥૫૦॥ પછી અમે એમ ઠરાવ્યું, ગુરૂ ભાગ્યું ઘર સુત્ર; નીમ છે માટે હથીઆર મુકો, મુઓ તમારો પુત્ર. ॥ ૫૧ ॥ તેથી હમણાં મારતા મુકયા, કરતા રહ્યા છે કેહેર; સુત મુઆનું સાચું ઠરાવ્યા, વીના એ મારે ઠેર. ॥૫૨॥ કોઈના કેહેવાથી માનતા નથી, પુત્ર મુઆની વાત; તમારૂં કેહેવું માનશે સાચું, માટે ચાલો મુજ સાથ, ॥ ૫૩ ॥ ધરમ કહે જારે ગાંડા, આ કામ તેં શું આણ્યું; હાથી મુઓને પુત્ર જીવે છે, તે સઘળું મેં જાણ્યું. ॥ ૫૪ ॥ તે માટે તમે ફાવે તે કરો, મીથ્યા ન મરશો મથી;ભાઇ મરો કે પંન્ડે મરૂતો, જુઠું કેહેવાનો નથી ॥ ૫૫ ॥વળણ. ॥ જુઠું તો કદી નહી કહું ઓરે માહારા વીર; કહે વવલ્લભ જરા વાર થઈ, આવ્યા શામ શરીર.

કડવું ૬૫ રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું દ્રોણ પરમ મહીમાય. ॥ ૧ ॥ અંતરયામી દોડતા આવ્યા, બોલ્યા મુખ વચન, શું બેઠા છો નીરભયપણે, ઉઠો ધરમ રાજન. ॥૨॥ નહીતો તમારા બંધુ ખોશયો,દ્રોણ કોપ્યા છે અતી; ધરમ કહે આવીને કહું, જુઠું કેહેવાનો નથી ॥ ૩ ॥ ધરમ માહારૂં નામ ધરેલું, જુઠું બોલું શાથી;કોહોતો ગુરૂને કહુ આવીને, મુઓ તમારો હાથી. ॥ ૪ ॥ તવ કુન્તા કરગરવા લાગ્યાં,ઉઠો માહારા તન; નહીતો ચારે ભ્રાત મરશે, વી

ચારી લ્યો મન. ॥ ૫ ॥ જીવ ઉગારવા બોલવું જુઠું; તેમાં નહિ કાંઇ દોશ; તોપણ ધરમે શીશ ધુણાવ્યું, કુન્તા થયાં અફશોસ. ॥ ૬ ॥ વળણ. ॥ અફસોશી થઇને ઉકળ્યાં, જુએ જુગજીવન; વદે વલ્લભ ત્યાં શું કહ્યું, કુન્તાએ વચન.

કડવું ૬૬ જાગ્યરે જાદવરાય એ રાગ.

કુન્તા ભરીયાં ક્રોધે,તું કેમ નથી ઉઠયો બોધેરે; સત્યવાદી તુજ સરખા શું હશે નહીરે. ॥ ૧ ॥ સંગ્રામ ચાર ભાઇ કરતા, એ વઢી વઢીને છો મરતારે, તારા મનમાં મરશે તો જાશે ભાગીયારે. ॥ ૨ ॥ તને જોયો જોયો સત્યવાદીરે,કોઇ મરે તું ભોગવે ગાદીરે;ખરા વાદી હોય તે એવું કરે નહીરે. ॥૩॥ ઝાલી તેં સત્યની ધજા,અન્ય રળેને તારે મઝારે,સામા જઇને કેહેવું તેમાં જોર પડેરે.॥૪॥ પેહેર કાંછળી બેશ ઘરમાં, માહારે આગ લાગી ઉદરમાંરે, અરેરે ચુંટી નાંખુ માહારી ચાંમડીરે. ॥૫॥ જાણી જોઈ ભાઈ મરાવે, તું સત્યવાદી શાનો કાહાવેરે, આપઘાત કરૂં તુંજ ઉપર હું બેટડારે. ॥ ૬ ॥ હવે ન ખાવો સાંસો, હું ઘાલું ગળા ફાંસીરે, દેહ તજુ તેતો સ્ત્રીહત્યા તુજનેરે. ॥ ૭ ॥ કહિ લીધું દોરડું હાથરે, કર્યો ધરમે વીચાર દલ સાથરે, માતા મરશે તો પાતક મુજને લાગશેરે. ॥ ૮ ॥ વળણ. ॥ હત્યા મુજને લાગશે, સ્ત્રીહત્યાનું પાપ; વદે વલ્લભ રાય ધર્મને, બે બાજુ સંતાપ.

કડવું ૬૭ રાગ સવૈયાનો.

વઇશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું,દ્રોણ પરવ મહિમાય. ॥ ૧ ॥ ધરમે જાણ્યું માતા મરશે, તો પણ લાગશે પાપ; જૈને જુઠું બોલીશ તોહે પાપમાં પડીશ આપ ॥૨॥ એ બે પાપનો વીચાર કરતાં, શું હલકું શું ભારે; હલકું હોય તે માંથે લેઉં, છુટકો નથી ત્યારે. ॥ ૩ ॥ સ્ત્રી હત્યાનું પાપ મોહોટું, વળી માતવણુ થાવું; હવે નથી ઉપાય માહારો, જુઠું બોલવા જાવું ॥ ૪ ॥ એવું સમજી ધરમ ઉઠયા તવ સારથી રથ લાવ્યો; તેમાં જઇ યુધીષ્ટીર બેઠા માઠો દિવસ આવ્યો. ॥ ૫ ॥ એ સત્યવાદીનું સત્ય કેહેવું, રથમાં બેઠો

જે વાર;એટલે પ્રથ્વીથી રથ ઉંચો, થયો છે ગજ ચાર. ॥ ૬ ॥ એટલે રથ સારથીએહાંકયો,સાથે ભીમભગવાન;દ્રોણ સામો રથ લાવી રાખ્યો તેમાં સતી સંતાન. ॥૭॥ ધર્મ રાજાને દ્રષ્ટીએ દેખી, બોલ્યા ગુરૂ દ્રોણ; ઓ સત્યવાદી માહારા ત્રરમાં,આજ મુઉ છે કોણ.॥૮॥ ધર્મરાયે વિચાર કીધો, જુઠું તો બોલવું હાંઇ; તે દોશ લાગવાનો તેમાંથી, બચાવ કરૂં કાંઇ, ॥ ૯ ॥ એવું ધારી કાને હાથ દાધા, બોલ્યા કરી વીવેક; કાં નરો વા કે કુંજો વા,બેમાંથી મુઉ એક. ॥ ૧૦ ॥ જાણ્યા છતાં ભેદ રાખીને,ધરમે ઉચ્ચાર કરીયો; કારણથી બે ગજ નીચો, રથ એમનો ઉતરીયો. ॥૧૧॥ એટલે પોતે છાતી કુટી,કુટયું પોતાનું શીશ; અરેરે આટલું સત્ય ખોયું તે,કે વારે ભેગું કરીશ. ॥૧૨॥ એવું આક્રંદ કરતા કરતા તંબુએ ચાલ્યા જાય; દ્રોણે જાણ્યું ખુલાસા સાથે,ન કહ્યું ધરમરાય. ॥ ૧૩ ॥ કુંજર કહેતાં હાથી મુઓ, કાં મુઓ મુજ સુત; તેનું સાચુ સોધન કરૂં, થયા આકળા ભુત. ॥ ૧૪ ॥ રથમાં પદ્માસન કરી બેઠા, મુકી યુદ્ધ ઉપાધી; સ્વાસો સ્વાસને ઘેરી લીધો, ચઢાવી છે સમાધિ. ॥૧૫॥સ્વાસે સંધાઇ ખોળીયું રથમાં,કહ્યું છે રાજન;જ્ઞાન સ્વરૂપે દ્રોણ ગુરૂ, ગયા સ્વર્ગ સુદન. ॥૧૬॥ પુત્રની ખબર પુછવા માટે,ઇંદ્રપુરીમાં જાય; તવ પ્રથ્વીમાં શું કામ કીધું; પોતે જાદવરાય. ॥૧૭॥ દ્રુપતનો સુત ધ્રષ્ટપ્રદ્યુમાન, તેને લાવ્યા સોધી;જો તુજ તાતને દ્રોણે માર્યા.એવો એ વિપ્ર વીરોધી. ॥ ૧૮ ॥ આ વેળાયે લાગ છે તારો, લે હાથમાં તું બાણ;જો દ્રોણનું ખોળીયું છે રથમાં,તે તું કર ભંગાણ. ॥ ૧૯ ॥ ધ્રષ્ટપ્રદ્યુમાન એમ બોલ્યો, શું સમજાવો આપ; એ આયુદ્ધ વણ સમાધીમાં, મારૂં તો લાગે પાપ. ॥ ૨૦ ॥ કૃષ્ણજી કહે કાંઇ નહી લાગે, ઝટપટ લે બાણ હાથે;જો પાપનો ભય હોય તને તો, તે પાપ માહારે માંથે. ॥૨૧॥ તારે હાથે એમનું મ્રત્યુ, માટે તું દે બાણ, પછીથી એ ખોળીયાને, ભીમ કરશે ભંગાણ.॥૨૨॥ એવું સાંભળી દ્રુપત સુને, મહા બળથી બાણ લીધું; દ્રોણનું ખોળીયું છે રથ વીશે, તેને ભોંકી દીધું. ॥ ૨૩ ॥ એટલે ખોળીયું ધરણ ઢળીયું,તવ ભય ભાગ્યો છેક;એટલે કૌરવ લોકો નાઠા,મુકી પોતાનો ટેક. ॥ ૨૪ ॥ એટલે ભીમે દોટ મુકી, દારૂણ દેવત દાખ્યું;દ્રોણ ગુરૂના ખોળીયાને,ચકચુર કરી નાંખ્યું. ॥ ૨૫ ॥ ઇંદ્રપુરીમા ગયા ગુરૂજી,જયાં બેઠો સુરનાથ; ત્યાં જઇ પોતે પુછવા લાગ્યા, પોતાના ત્રરની વાત. ॥ ૨૬ ॥ ઓ સુરપતી માહારા ત્રરનું, કોહો

કોણ છે આવેલું; ઇંદ્ર કહે કોઈ પણ નથી આવ્યું, કેહોતો ગણતરી મેલું. ॥ ૨૭ ॥ એટલે ગુરૂ ત્યાંથી ચાલ્યા, વૈકુંઠ કીધો તપાસ, ત્યાંથી પણ પતો નવ લાગ્યો, ગયા જમપુરી વાસ. ॥૨૮॥ યમરાજા કહે આવો માહારાજા,આવવું પડયું શાથી;તમ ઘરથી આજ નથી બીજુ, આવ્યો છે એકલો હાથી. ॥ ૨૯ ॥ એટલે દ્રોણ ગુરૂ વળ્યા પાછા, પ્રથ્વી વીશે જાય; જઇ પોતાનું ખોળીયું સોધ્યું, તે નવ દીઠું ત્યાંય. ॥૩૦॥ તવ ગુરૂને બહુ ક્રોધ વાપ્યો. પાંન્ડવે કપટ કીધું;ખોળીયું માહારૂ નાશ પમાડયુ; ભંગજ કરી દીધું. ॥ ૩૧ ॥ એવામાં એક અશ્વ જાતી; ટટ્ટુ પડેલું ધરણ;ઘડીયે બે ઘડીયે મરે એવું,કપાયલો એક ચરણ. ॥ ૩૨ ॥ તેના શરિરમાં પ્રવેશ કીધો,ગુરૂએ તેણીવાર;તે ત્રણ ટાંગાનું ટટ્ટુ કુદયું, દેવા માંડયો માર. ॥૩૩॥ પાંન્ડવની શેન્યના યોદ્ધાનો, મારિ મારિ ક્ષય કરતા; કૈને પુંછડું કૈને લાતો, કૈને બચકાં ભરતા. ॥૩૪॥ એ રિતે બહુ જુલમ કીધો,દિધો મોહોકમ માર; એક ઘડીમાં મારિ નાંખ્યા, યોદ્ધા સાત હજાર. ॥૩૫॥ પાંન્ડવના યોદ્ધા ત્રાસ પામ્યા, અશ્વ હાવો કેમ રૂઠયો; ક્રોધ ભરેલો વાયુ નંદન; ગદા ગ્રહીને ઉઠયો. ॥ ૩૬ ॥ કૃષ્ણ પ્રભુએ ભીમને રોકયો, અશ્વને જાણો કોણ;એ ત્રણ ટાંગાના ટટ્ટુમાં, પેઠા છે ગુરૂ દ્રોણ. ॥ ૩૭ ॥ તેમના સામા જો જાશો તો,કાઢી નાંખશે પ્રાણ; એને વારિને આગળ થયા, પોતે પુરૂષ પુરાણ. ॥ ૩૮ ॥ વાવા ગુરૂજી વાવા ગુરૂજી, આતો મરિયાદ મટે;જ્ઞાનવાન વિદ્વાન ગુરૂ તમોને, અશ્વ વપુ નવ ઘટે. ॥ ૩૯ ॥ એવું કહી પ્રભુએ સરમાવ્યા, તવ લાજ ગુરૂએ આણી; અશ્વના દેહમાં રહ્યા થકા, દ્રોણ વદ્યા મુખ વાણી. ॥૪૦॥ ઓરે કીરટધર કપટ કીધું,તે મૂજને બહુ રિસ;શ્રાપ છે માહારો દીકરો તારો, છેદજો તારૂં શીશ ॥ ૪૧ ॥ એમ કહીને તોખાર કેરૂં, ખોળીયું નાંખી દીધું; સંચરિયા સુધામ ગુરૂજી, પ્રાક્રમ પ્રૌઢજ કીધું, ॥ ૪૨ ॥ પછે પાંન્ડવ રણ થંભેથી, ગયા છે તંબુ વિસે;ભક્તને સાહ્યતા બહુ વાર કીધી, પોતે શ્રી જુગધીશે. ॥ ૪૩ ॥ દ્રોણ પરવ હાંઇ પુરણ હવું, સુણ જનમેજે રાય; પુરણ પ્રીત્યે સાંભળી કથા; ઉતરી તુજ હત્યાય. ॥૪૪॥ કાળા પડદા ધોળા થયા, કાળી ધોળી થઇ ગાય;કાળા તલ તે ધોળા થયા,પ્રમાણ એ દેખાય. ॥ ૪૫ ॥ સવાલક્ષ બ્રાહ્મણ કેરૂં, રાયે દીધું ભોજન; સવાશોને ઉપવીત દીધાં,વીપ્રના હતા તન. ॥૪૬॥ બ્રાહ્મણ કેરી પુત્રીઓનાં, સવાશો કન્યાદાન; સવાસો બ્રહ્મપુરીઓ આપી, જનમેજય

રાજન. ॥ ૪૭ ॥ સવાસો ગઉદાન દીધાં,વીધીથી સંકલ્પ કરી; [illegible] આસન વાળી બેઠો, સાંભળને ફરી ॥ ૪૮ ॥ તે રીતે સહુ શ્રોતા વક્તા, શ્રદ્ધા રાખવિ મન; શક્તો પુર્વક પુન્ય કરવું, જપવા જુગજીવન ॥ ૪૯ ॥ સાંભળે પણ તત્વ નવ સમજે, તો સાંભળીયું નીરાર્થ શક્તી પુરવક પુન્ય ન કરે, તો તેનું બધું વ્યર્થ. ॥ ૫૦ ॥ તાલ વાજીંત્રને રાગણી માટે, કથા સાંભળે જેહ; તાન બાજીની વાણી સુણે,તો ફળ અફળ તેહ. ॥ ૫૧ ॥ જ્ઞાન મારગનો નહી ભાગ જેમાં,તે નહી હરી કથાય; અજ્ઞાની જીવ પશુ સરીખો, સાંભળવાને જાય. ॥ ૫૨ ॥ સત્ય વસ્તુ સમજવા સારૂ,'સંભળાવું કરજોડ; શ્રોતા વક્તા બોલજો સૌ જે જે શ્રી રણ-છોડ. ॥ ૫૩ વળણ. ॥ જય જય શ્રી રણછોડજી; પુરણ થયું દ્રોણ પરવ; કરણ પરવની કહું કથા; સાંભળી લેજો સરવ.

દ્રોણ પર્વ સમાપ્ત.

કર્ણ પર્વ.

કડવું ૧ રાગ સાખી.

વઇશમપાયે એણીપેર બોલ્યા સુણુ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, કર્ણ પરવ મહીમાય. ॥ ૧ ॥ દ્રોણુના દીવસ પુરા થયા, એવે થઇ મધ્ય રાત;અંતરયામી ચીંતામાં પડીયા,એવે થયો પરભાત. ॥ ૨ ॥ મોહોટા પરોઢમાં મરગડા બોલ્યા, તે સમે ઉભા થયા; કુન્તા માતા સહન કરે છે, તેમની પાસે ગયા. ॥ ૩ ॥ જઇ આંબળ્યો પગનો અંગુઠો, ઉઠીયાં કુન્તા માય; કહો વારૂ મને કેમ ઉઠાડી, ઓરે જાદવ રાય. ॥ ૪ ॥ કૃષ્ણ પ્રભુ કહે બારણે આવો, ઓરે મહારી માત ખરે પરી ભીડ પડી છે, તે કહુ તમને વાત. ॥ ૫ ॥ શુભ સતી તવ બારણે ગયાં, બોલ્યા અસરણા સરણ; કાલે કરણ યુધ્ધે ચઢશે, કરશે અમારાં મરણ. ॥૬॥ એક બાણે અરજુનને હણશે, બીજુ બાણથી મને; કુન્તાજી કહે ઉપાય તેનો, શો છે માહારી કને. ॥ ૭ ॥ તવ કુન્તાજીને સમજાવે, પોતે દીનાનાથ;ઓ માતા જીવવાનું અમારૂં, તેતો છે તમ હાથ. ॥૮॥ અત્યારે કરણ જાગ્રત થઇને, બેઠો છે શેવા કરવા; તેના તંબુમાં તમે જાવો, જનેતા એની ઠરવા. ॥ ૯ ॥ માતા થાતાં કરણ કને, જઇ વદજો મુખ વાણ;કેહેશે કે મા કેમ પધાર્યાં, તો માગજો બે બાણ.॥૧૦॥ ફરશુરામના આપેલાં છે, બે બાણ એની પાસ; તે એક બાણે અરજુન મરે, બીજે હું અવીનાશ. ॥ ૧૧ ॥ માગી લેશો બે બાણ તમે, એટલે પડશે વેમ; એને હાથે એ નહી આપે, તમને કહેશે એમ. ॥ ૧૨ ॥ લ્યો મા પેલા ભાથામાંથી, તમને ગમે તે બાણ; માતા તેમાંથી કાઢી લેવાં, તો અમારા બચે પ્રાણ. ॥ ૧૩ ॥ કરણ પોતે ખોટાં બાણ આપે, તો સત્ય એનું પળાય; જો ગુરૂનાં આપેલાં આપે તો, હીંમત એની જાય ॥૧૪॥ માટે તમને લેવાનાં કેહેશે, તેથી લેજો પ્રીતે, કુન્તાજી કહે તેતો ખરૂ પણ, હું ઓળખું શી રીતે. ॥ ૧૫ ॥ પ્રભુ કહે બધાં બાણ કાઢીને,ધરણ પર પાથરજો; ભેળાં ભેળાં રાખશો નહી, છુટાં છુટાં કરજો. ॥ ૧૬ ॥ એટલે હું અદર્શ થઇને, તંબુમાં પેશીશ; મોહોટી લાલી માંખ થઇને; બાણ ઉપર બેશીશ. ॥૧૭॥ જે પર બેસુ તે લેઇ લેજો, તરત

આવજો નાશી; કરણ રાજા નહી રોકવાનો, રેહેશે મુખ વીકાશી. ॥ ૧૯ ॥ એવું સાંભળી કુન્તા ઉઠયાં, કૌરવ દળમાં જાય; નહી ઘોઇ શેવા કરે છે, તંબુમાં કરણ રાય. ॥ ૧૯ ॥ તે તંબુમાં કુન્તાજી પેઠાં, બોલે મુખ વચન;હું છું માતા હું છું માતા,કરણ તું મુજ તન. ॥૨૦॥ કરણ કહે ભલે પધાર્યા, મુને કર્યો પાવન; એમ જાણીને ઉભો થયો, બેસવા દીધું આસન. ॥ ૨૧ ॥ તે આસન પર કુન્તા બીરાજ્યાં, કરણે દાભડી કાહાડી; સુર્યની આપેલી ચુંદડી તે, કુન્તાજીને હોરાડી. ॥૨૨॥ તવ સતીના સ્થાન વીશેથી,છુટી પયની ધાર;કરણ કેરા મુખમાં પડી, હરખ્યો સુર્ય કુંવાર. ॥ ૨૩ ॥ ઓરે જનેતા ઓરે જનેતા, આજજ વી ત્યો લાહાવો; જનમ આપી મુકયો રખડતો, તરછોડયો તરછટ હાવો. ॥ ૨૪ ॥ કુન્તાજી કહે હતી કુંવારી, તે વારે માગી લીધો, સુર્યના મં ત્રનો જાય જપવાથી, દીન મણીયે દીધેલો. ॥ ૨૫ ॥ તે વારે રખાય નહી માહારાથી, જુમનામાં મુકયો તને; અળગેથી જોઇ રાજી થતીતી, ઉછર્યો છે આંખ કને. ॥ ૨૬ ॥ કરણ કહે આગના આપો, આવી વસુ તમ ઘેર; પાંન્ડવ બંધુની પક્ષ કરીને, કૌરવ મારૂં હેર. ॥ ૨૭ ॥ કુન્તાજી કહે દીકરા માહારા, એવું ન કરીએ કામ; એનું અન ખાઇને ઉછર્યો છે, થૈયે ન લુણ હરામ ॥ ૨૮ ॥ એમ કરવાથી જગત વીશે, કુંખ વગોવાય માહારી, ત્યારે કરણ કહે જનેતા હું, શી શેવા કરૂં તારી. ॥ ૨૯ ॥ તમે મુજને અવતાર આપ્યો, નીસ્ચે જનેતા લા ગો; તે બદલો વાળવો છે માટે, માહારી કને કાંઇ માગો. ॥ ૩૦ ॥ કુન્તાજી કહે દીકરા માહારા, માતાની કષ્ટી કાપો; બીજું ત્રીજું કાંઇ જોઇતું નથી, બે બાણ મુજને આપો. ॥૩૧॥ એટલે કરણે મન વીચાર્યુ, પેલાં બે કેમ અપાય?સારાં રાખીને ખોટાં આપું તો. સત્યજ મ્હારૂ જાય. ॥ ૩૨ ॥ એવું સમજી કરણ બોલ્યો, નાહ્યેલો ન અડુ ભાથે; ઓ રહયો ખંટીએ ભરવેલો, લૈ લ્યો તમારે હાથે. ॥ ૩૩ ॥ તવ કુન્તાએ ભાથો લીધો, જોયા કરે છે કરણ; બાણ બધાં બારણે કાઢીને, પોહોળાં પાથરીયાં ધરણ. ॥ ૩૪ ॥ અદર્શ રૂપે અંતરયામી; આવી તંબુમાં પેઠા; લીલી મક્ષીકા થઇ અરજુનના, મ્રત્યુને બાણે બેઠા. ॥ ૩૫ ॥ કુન્તાએ તે બાણ ઉપાડયું, જોઇને લીધું જાગે; ત્યાંથી ઉડીને મક્ષીકા રૂપે, બેઠા પોતાને બાણે. ॥ ૩૬ ॥ એટલે કુન્તાએ તે બાણ લીધું. તરત ઉભાં થયાં, જો બેઠા આ બે લઇ જઉછું, કહી બાહાર નીકળી ગયાં. ॥ ૩૭ ॥ કરણ રાજા બાવરો બનીયો,

આ શું થયું ઓ રામ; હવે જય પામવાનો નથ ; ભાગી ગઇ બા । હા
મ. ॥ ૩૮ ॥ એ રીતે હામલીને બેઠો, કુન્તા થયાં વીદાય; હતું તે સ્વ-
રૂપ ધારણ કરી, મળીયા જાદવ રાય. ॥૩૯॥ લાવોરે માતા બાણ બેઉ,
કહીને માગી લીધાં;તવ કુન્તાએ ક્રષ્ણ પ્રભુને, બે બાણ સાંપી દીધાં,
॥ ૪૦ ॥ તે લેઈ ભગવાને ભાગી નાંખી; આધાં ફેંકી દીધાં; તે બે બા-
ણનાં ભાલેડાં તે, પારધીએ લેઇ લાધાં. ॥ ૪૧ ॥ તેના સુંદીર શર બ-
નાવ્યા, લેઇને પંથે પળીયો; તેમાંનો એક શર અરજુન નંદન, બબરૂ-
વાહનને મળીયો. ॥ ૪૨ ॥ કુરૂક્ષેત્રમાં વાહાણું વાયું, કૌરવ થયા ત્યાર;
સૈન્યા સહુ સાવધાન થઇને, હાથે લીધાં હથીઆર. ॥ ૪૩ ॥ તોપણ ક-
રણ નવ દેખાયો,દુષ્ટને પડીયો વેહેમ;તંબુમાં જઈ કરણને પુછયું,બેસી
રહ્યા ભાઈ કેમ. ॥૪૪॥ કરણ કહે પાન્ડવ સાથે, કરવો નથી સંગરામ;
અમુલ્યે વસ્તુ જતી રહી માહારી;માટે ભાગી ગઈ હામ. ॥ ૪૫ ॥ દુરી
યોધન કહે આ શું કહોછો,ઓરે વીરા કરણ; બે દીવસનું યુદ્ધ તમારૂ,
મુને રાખ્યો છે સરણ. ॥૩૬॥ કરણ કહે વાત ખરી છે, પણ શી રીતે
જાવું; તે કરતાં શલ્ય રથ મારો હાંકે, તોતો યુધ્ધે આવું. ॥ ૪૭ ॥ માર-
વાડનો ધણી સારથી બને, તો યુદ્ધ કરવા હામ; શલ્ય કહે તું બોલ વી
ચારી, શું તારો હું ગુલ્લામ. ॥ ૪૮ ॥ કરણ કહે છત્રજ માહારા, ગુલામ
હુંછું તમારો, પણ મુજ મનમાં પ્રેમ એવો,હાકો રથ અમારો. ॥ ૪૯ ॥
તવ શલ્યરાયે કબુલ કીધું, રથ કર્યો તૈયાર; કરણે વસ્ત્ર આભુશણ પેહે
ર્યાં, હાથ લીધાં હથીઆર. ॥ ૫૦ ॥ હીમ્મત રાખી રથે બેઠો, ગરગડીયાં
નીશાન; આઠજ ક્ષોણી શેન્યા સાથે, વળી અંધ કુંવર. ॥ ૫૧ ॥ વા-
જતે ગાજતે સ્થંભે ગયા,ઉભા સુર ભરેલા; એટલે સામા પાન્ડવ આ-
વ્યા, યુધ્ધ કરવુ આદરેલા. ॥ ૫૨ ॥ રહી છે પોતાની ચાર ક્ષોણી, તે
લાવેલા સાથ;અરજુન મારથી મોખરે ઉભો,સારથી દીનાનાથ. ॥ ૫૩ ॥
વળણ.॥ સામા સામી આવીયા, પોત પોતાને સ્થંભ; કહે વલ્લભ
તવ આદર્યું, યુધ્ધ કરવું આરંભ.

કડવું ૨ રાગ રાજન રાચેજી.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; બળવંત બા-
જેજી, વીસ્તારી તુજને સંભળાવું, કરણ પરવ મહીમાય. બળવંત
બાજેજી. ॥ ૧ ॥ હવે અરજુનજીએ ધનુશ લીધું, ચઢાવ્યું તેણીવાર.

બળ૦ જોર કરી પડ પંચા ચઢાવે , પેહેલો કર્યો ટંકાર.બળ૦ ॥૨॥ શબ્દ તેનો ત્રણ લોકમાં પોહોચ્યો, ડોલ્યા દસે દીગપાળ,બળ૦ ધમ ધમ ધમ ધમ ધરતી ધ્રુજી, ખળભળ્યુ પાતાળ. બળ૦ ॥૩॥ તે સાંભળી લંકાથી આવ્યા, હનુમંત અંજનિ બાળ. બળ૦ અભંગ રથ ઉપર એ ચડીયા, કાન્તી મહા વીકાળ. બળ૦ ॥ ॥ અરજુનની ધજા ઉપર બીરાજ્યા, પછી ક્રોધે સહુ ચડીઆ. બળ૦ રથંભેથી છુટયા એકદમ ઉઠયા,મારવા તુટી પડીયા.બળ૦॥૫॥અરજુને એક અગણીતું માર્યું, સાઠ સહસ્ત્ર થયાં બાણ. બળ૦જાય ઝપાટે સુર સપાટે, વાળે કચ્ચરઘાણ. બળ૦ ॥૬॥ કરણ રાયે પણ માર્યું અગણીતું, તે સુર ભરીયું જાય બળ૦ એનુ એક બાણજતા જતામાં,એંશી હજાર બાણ થાય બળ૦ ॥૭॥ મરણ વેળા બળ કરણનું ઝાઝું, વરતે હાહાકાર. બળ૦ બહુ બાણ આગળ બળ નવ ચાલે, શું કરે માયાવી કુંવર. બળ૦ ॥ ૮ ॥ એવામાં અરજુને એક બાણ લીધું, કીધો કાળો કેહેર, બળ૦ કરણ કેરી સન્યામાં માર્યું, બે ક્ષોણી હણી ઠેર. બળ૦ ॥૯॥ તે જોઈ કરણે કાળજ્વર લીધુ, ફેંકયું કરીને રીશ.બળ૦ દ્રષ્ટપ્રદ્યુમાન પુત્ર દ્રુપતનો, તેનુ છેદયુ શીશ, બળ૦॥૧૦॥ બીજે બાણે કાળો કેહેર કીધો, લીધા પ્રાણીના પ્રાણ, બળ૦ પાન્ડવ કેરી ત્રણ ક્ષોણીનો, વાળ્યો કચ્ચર ઘાણ. બળ૦ ॥ ૧૧ ॥ પછી અરજુનને રૂવે રૂવે ભેદયોઃ નીકળે બહુ રૂધીર.બળ૦ વાગેલાં ઉપર વિશેશ વાગે, ભોંકાઈ રહેલાં તીર. બળ૦ ॥૧૨॥ શેદેવ નીકુળને તેવાજ ભોકયા, ચક્ષુ ડગમગ થાય. બળ૦ ભીમ રહે નરના રથ પુંઠે. એનો ન ચાલે ઉપાય. બળ૦ ॥૧૩॥ એમ કરતાં ત્રણ ઘટી દન રહયો. બોલ્યા શ્રી ભગવાન બળ૦ ઓરે વ્રકોદર જીવવું હોય તો, કરો સલ્યને સાન. બળ૦ ॥ ૧૪ ॥ તમારા એ મામા જોશે કાંઇ સામા, એમ કહયું મોરાર. બળ૦ તવ ભીમે પારથની પુંઠેથી, ઠોકુ કાહાડયું બાહાર બળ૦ ॥૧૫॥ સલ્ય મામાને સાન બતાવી, ભાણેજા ખાય છે માર. બળ૦ દયા કાંક લાવો અમને બચાવો, ચેત્યો સલ્ય તે વાર. બળ૦ ॥ ૧૬ ॥ ભાણેજનું દુખ જોઇ દુભાયો. પોતે પીસ્યા દંત, બળ૦ ખેચ્યા એણે ઘોડાના અછોડા, હાંકયા અવળે પંથ. બળ૦ ॥ ૧૭ ॥ એટલે માયાવી બે બાપ બેટા, ગાજીને ગગન ચઢીયા. બળ૦ છ ક્ષોણી શેન્ય રહ્યું છે કઉરવનું, તેમાં ઉછળી પડયા. બળ૦ ॥ ૧૮ ॥ ત્રીજો ગદા લઇને ભીમ પડીયો, પારથ પડયો લેઈ બાણ. બળ૦ કૌરવ કેરી પાંચ ક્ષોણીનું, વા

ળી નાંખ્યું હથરાણ. બળ૦ ॥ ૧૯ ॥ હરી ફરી રહી એક ક્ષોણી શેન્યા, ભય ભર્યા સહુ માઠા.બળ૦ એક ક્ષોણી સો ભાઈને શકુની,જીવ લેઇને નાઠા,બળ૦ ॥૨૦॥ સલ્ય રાજા રથ લૈ ગયો આડો, બોલ્યો કરણ મુખ એમ.બળ૦ ઓ સલ્ય રાય રંગમાં ભંગ પાડયો, આડા ઉતરીયા કેમ, બળ૦ ॥ ૨૧ ॥ શલ્ય રાજા કહે મરજી અમારી, તુ કેમ પુછે દંભ બળ૦ એવે પાન્ડવ એક ક્ષોણી લેઇને, ગયા કૌરવને સ્થંભ,બળ૦ ॥ ૨૨ ॥ એવે સમેતો સાંજજ પડી, સુરજ બેઠો મેર. બળ૦ કૌરવનાં વાજાં બંધ પડયાં, વાગી પાન્ડવની ભેર. બળ૦ ॥ ૨૩ ॥ એકએક ક્ષોણી રહી બેઉ બાજુ, પોત પોતાને સ્થળ જાય.બળ૦નીરદય ભોમીમાં ભાર ઉતરીયો,એવું બન્યું રણ માંય. બળ૦ ॥ ૨૪ ॥ વલણ ॥ દન પેહેલો પુરણ થયો, કરણ કેરો સાર; કહે વલ્લભ શ્રોતા સુણો, રાત્રીનો વિસ્તાર.

કડવું ૩ રાગ સાખી.

વૈશમપાયન એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું,કરણ પરવ મહીમાય.॥૧॥ સૌ સૌને સ્થળ રાત્રીએ ગયા, પાન્ડવ જુગજીવન;જમી કરીને સરવે પ્રાણી, કરી દીધું સયન ॥ ૨ ॥ કૌરવ દળ સહુ સુઈ રહયું છે, દુષ્ટ વિચારમાં પેઠો, કર્ણ શકુની દુસ્યાસનને, બોલાવી વાતોમાં બેઠો.॥ ૩ ॥ દુરીયોધન કહે કરણ વીરા; પાન્ડવો બહુ બળવાન; આજેતો અતી જુલમ કીધો, વાળી નાખ્યું હથરાણ. ॥ ૪ ॥ આપણી બરોબર પાન્ડવ થયા, ન રહયો આપણો ટેક; એમના જેવા આપણે બનીયા, ક્ષોણી રહી એકેક. ॥ ૫ ॥ તેથી આપણ અત્યારે ઉઠો. સાચા શત્રુવટે થૈએ; પાન્ડવનું શેન્ય સુતેલું હણવા, ઉઠો ચારે જૈએ. ॥ ૬ ॥ કરણ કેરી બુદ્ધિ ફરી તે, કબુલ કીધું સાર; દુષ્ટ કરમ કરવાને ઉઠયા, હાથ ગ્રહી હથીઆર ॥ ૭ ॥ છાનામાના સંતાઇ ચાલ્યા, જાણ્યુ નંદકીશોર; જાણી જોઇને સહુ સેન્યાને નીંદ્રા મુકી અઘોર. ॥ ૮ ॥ તવ સહુ પ્રાણી નીંદ્રાએ ભરીયા, જાગ્રત નહી પેરાદાર; ચારે જણાએ ખડગ ખેંચી, કરના માડયો સંહાર. ॥ ૯ ॥ મારતા મારતા સુંસરા ચાલ્યા, કીધો કારમો કેહેર; એક ક્ષોણી બધુ સુઇ રહયુતુ, તે સહુ માર્યુ ઠેર. ॥ ૧૦ ॥ એવે તંબુમાં પેસવાગયા, રણછોડરાયજી રૂઠયો; માયાવીને નીંદ્રા ન હોયે, તેથી અટારગ્રછ ઉઠયો. ॥ ૧૧ ॥ બીજો એનો નંદન ઉઠયો

કીધો ખરો ખુંખારો; તવ ચારેજણ જીવ લેઇ નાઠા. મેઘવરણ કહે મારો. ॥ ૧૨ ॥ શકુની દુરીયોધન દુશાશન, તે ત્રણ એક પા જાય; તેમ નાથી જુદી દીશાએ નાઠો, પોતે કરણરાયે. ॥ ૧૩ ॥ તેની પુઠે ગટોરગછ પડીયો, એવે ઝલાયો કરણ, હેડંબા સુતે કેશ ઝાલી, તરત ઢાળ્યો ધરણ ॥ ૧૪ ॥ સુર્યનો નંદન કરે વંદન, પડયો ચતાપાટ હેઠો; ગટોરગછ ઘણી ગાળો દેતો, રૂદેપર ચઢી બેઠો. ॥ ૧૫ ॥ માહા રીસ ધારે બહુ માર મારે, તરફડે રાજા કરણ; જાણ્યું કે રહુ વિચારમાં તો, આણસે માહારૂં મરણ. ॥ ૧૬ ॥ ઇંદ્રની આપેલી સાંગ્ય કાહાડી, કટી માથી કરી રીસ; પડયા પડયા મારી ગટોરગછને, તરત છેદ્યું શીશ. ॥ ૧૭ ॥ શીશ છેદીને સાંગ્ય જતી રહી, ઇંદ્ર રાજાની પાસ; પછી કરણ ઉભો થયો, જાણ્યું થશે જીવ નાશ. ॥ ૧૮ ॥ ધડ મુસ્તક ત્યાં પડયાં રહ્યાં ને, પોતે તંબુમાં પળીયો; મેઘવરણ પેલા ત્રણે જણને, નસાડી પાછો વળીયો. ॥ ૧૯ ॥ તાતજી તાતજી કેહેતો આવ્યો, કયાં હોય એનો તાત; એટલે વિશેશ બુમો પાડી, નીંદ્રા ખેંચી જગનાથ. ॥ ૨૦ ॥ એટલે સરવે પાન્ડવ જાગ્યા, ગભરાઇ આવ્યા બાહાર જોયું તો બધું શૈન્ય મારેલું, વળી માયાવી કુંવર. ॥ ૨૧ ॥ ધડ મુસ્તક જડયું ગટોરગછનું. ભીમશેને મુકી પોક; રડવા લાગ્યા સઉ ત્રાશી ત્રાશીને, પુરણ પ્રગટયો શોક. ॥૨૨॥ કલેશમાં નુન્ય રહી નહી કાંઇ, મન વળાવે રણછોડ, અરેરે માહારાજ રત્ન સરીખી, બે ભાઇની ગઈ જોડ, ॥ ૨૩ ॥ એમજ કરતાં કાષ્ટ લાવ્યા, ચીતા ખડકી સાર; મેગવરણે વીધી પ્રમાણે, કર્યો સહુ સંસકાર. ॥ ૨૪ ॥ પછી નહી ધોઇને મન વાળ્યાં, દુષ્ટોએ કીધો દગો; તો આવતી કાલે દગાખોરોને, દગો દેઇને ડગો. ॥ ૨૫ ॥ એમ ધારીને રાત્રીએ સુતા એવામાં વાહાણું વાય; કૌરવ સો ભાઇ તૈઆર થયા, એક ક્ષોણી સેન્યાય. ॥ ૨૬ ॥ સહ્ય શકુની કરણ રાજા, યુધ્ધ કરવા સ્થંભ જાય. ગોર કૃપાચાર તેમની સાથે, આવી ઉભા રણ માંય. ॥ ૨૭ ॥ એટલે આવ્યા પાન્ડવ પાંચે, છઠ્ઠા અસરણા સરણ; બીજો શેવક ન મળે સાથે, સાતમો છે મેઘવરણ. ॥ ૨૮ ॥ તે આવ્યા પોતાને સ્થંભે, કરણ ઉપર બહુ ક્રોધ; શાનો સતીયો દગા ભરેલો, કરણ કપટી જોધ્ધ. ॥ ૨૯ ॥ ભીમ કહે સુત સુર્યકેરા તુજને છે ધીક્કાર; દગો કરીને મારી નાંખ્યો, માહારો જેષ્ટ કુંવાર. ॥ ૩૦ ॥ તે ફળ ઇશ્વર તુને દેશે, કહી ગાજ્યો અપાર; ગાંજેવધરે ગાંજેવ નામનો, તર્ત કર્યો ટંકાર. ॥ ૩૧

॥ વળણ ॥ ટંકાર કીધો પારથે, ડોલ્યાં દસે દીગપાળ; ધરણ લાગી કરૂજવા, ખળભરીયું પાતાળ.

કડવું ૪ રાગ સવૈયાનો.

વૈશંધપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, કરણ પરવ મહીમાય. ॥ ૧ ॥ બીજે દીવશે યુધ્ધ આરંભ્યું, અરજુને માર્યું બાણ; તે બાણથી અડધી ક્ષોણીનાં, કાહાડી નાંખ્યા પ્રાણ. ॥ ૨ ॥ તેવું કરણે વાયુનું માર્યું. જ્યાં છે માયાવી તંન; તે બાણ મેઘવરણને લૈને, ચઢી ગયું ગગન. ॥ ૩ ॥ એવું જણાયું કે સુત મુઓ, એવો ગગને ચડીયો; સાન ભાન વીનાનો થઇને, હેડંબા વન પડીયો. ॥ ૪ ॥ તે દેખી અરજુનજીએ, જોર કર્યું અપાર; એક બાણ મારીને ઉરાડયા, ગોર કીપાચાર. ॥ ૫ ॥ તે જોઈ કરણે ભાલોડાં ભોંકયાં,અરજુન પામ્યો ત્રાસ;રથ પુંઠે ભીમ કરે હોકારા, તેને કહ્યું અવીનાસ. ॥ ૬ ॥ ઓરે વ્રકોદર જુલમ થયો અરજુનનું ગયું ભાન; જો જીવવાની આશા કરો તો, કરો મામને સાન. ॥ ૭ ॥ તવ ભીમે રથ પુંઠે રહીને, સલ્લને બતાવી સાન; ઓરે મામા દયા કાંઇ લાવો, ઘણા થયા હેરાન. ॥ ૮ ॥ સલ્લ રાજાને ઉપની દયા, ભાણેજ માહારા થાકયા; ઘોડાના અછોડા ખેંચી, અવળે પંથે હાકયા. ॥ ૯ ॥ રૂધીર માંઉશને કીચ્ચડ ઝાઝો, તેમાં રથ લેઇ જાય; એટલે સો ભાઇ શકુની નાઠા, સેન્ય રહી ગયું ત્યાંય. ॥ ૧૦ ॥ ગદા ગ્રહી ભીમશેન્યમાં પડી. ક્રોધાતુર થઇ ઉડે; આંખો મીચી નાંખે ટીચી, ઉંધુ ઘાલીને ઝુડે. ॥ ૧૧ ॥ અડધી ક્ષોણીનો ઘાણ વાળ્યો, પુરણ પાન્ડવ નડીયા; રણછોડરાયે રથ દોડાવ્યો, કરણ કેડે પડીયા. ॥ ૧૨ ॥ રથ કરણનો જાય સપાટે, ફરસુનું વચન ફળીયું; જાતાં જાતાં રથનું પરડું, પ્રથવી માતાએ ગળીયું. ॥ ૧૩ ॥ એટલે એનો રથ અચકયો, શલ્લ રાજા પોકારે ચાલો તમારો ધણી મરે કહી, અશ્વને ચાબક મારે. ॥ ૧૪ ॥ એટલે બોલ્યો કરણ રાજા, શીદને બરકા પાડો; પીંડુ કાંક ભરાયું છે માટે, નીચે ઉતરી કાહાડો. ॥ ૧૫ ॥ શલ્લ કહે તારો નોકર નથી, શોદર માયો આલ્યો; એમ કહીને અછોડા પછાડયા, રથેથી ઉતરી ચાલ્યો. ॥ ૧૬ ॥ એકલે લગભગ પાન્ડવ આવ્યા, તવ બોલ્યો રાય કરણ; એટલે રથ રાખીને રેહેજો, ઓરે અસરણા શરણ. ॥ ૧૭ ॥ રથ મા-

હારો ભોમીમાં ભરાયો, તે કાઢવા દો બાહાર; તવ ત્યાં રથ રાખીને ઉભા, પોતે જુગદાધાર. ॥ ૧૮ ॥ પાંચ ભાઇને છઠ્ઠા પ્રભુજી, અળગા ર હ્યા છે ઉભા; કરણે ઉતરી રથ કાઢવાના, મનમાં કર્યા મનસુબા. ॥ ૧૯ ॥ ગભરાટે ભરીયો નીચે ઉતરીયો, જુએ નંદ કીશોર; પીંડાને બેઉ ભુજથી ઝાલી,ઘણું કરે છે જોર. ॥ ૨૦ ॥ તો પણ રથ નીકળતો નથી, ધાર્યું અસરણા સરણ; ત્રણ વસ્તુ એની પાસે હશે ત્યાં, સુધી નહી મરે કરણ. ॥ ૨૧ ॥ કલ્પક નામનો રથ એનો, કુન્ડળ પેહેરેલાં કાન; ત્રીજુ કવચ હોય ત્યાં સુધી, ન મરે સુર્ય સંતાન. ॥ ૨૨ ॥ એવું સમજી સામળો બોલ્યા, ઓરે કરણ રાય, રૂધીરના છાંટા ઉડશે તો, કુન્ડળ કોડીનાં થાય. ॥ ૨૩ ॥ અમુલ્ય કુન્ડળ છે તમ પાસે, ત્રીલોક માં નહી બીજે; માટે માહારૂં કહ્યું માનીને; રથમાં મુકી દિજે. ॥ ૨૪ ॥ આયુશ આવી રહયો કરણનો, તવ માની સત્ય વાત; કુન્ડળ કાઢી રથમાં મુકયાં, બોલ્યા પ્રભુ સાક્ષાત ॥ ૨૫ ॥ કવચ તમારૂં શીદ બગાડો, તે પણ નાંખો કાહાડી; તેથી તે પણ કાહાડી મુકયું, ભવીશ રેખા આડી. ॥ ૨૬ ॥ પછી પ્રભુ કહે જોર કરિને, શીદ પેટના નળ ટાળો; એક વાર પેલી ટેકરીએ જઈ, ઠીક કછોટા વાળો. ॥ ૨૭ ॥ એ-ટલે કરણ અળગા ખશીયો, રથથી જેણી વાર; અરજુન પ્રત્યે કેહેવા લાગ્યા, પોતે જુગદાધાર. ॥ ૨૮ ॥ આ વેળા તમે બાણ મારો, છે ખરા લાગમાં કરણ; તે વીના મથી મરો પણ, એ નહી પામે મરણ. ॥ ૨૯ ॥ અરજુને કહયું પાતક લાગે, ઓરે શ્રી જુગદીશ; કૃષ્ણ પ્રભુ કહે પાતક લાગે, તે સહુ માહારે શીશ. ॥ ૩૦ ॥ તવ અરજુને બાણ ચ-ઢાવ્યું; માર્યું કરિ મનસુબો;કરણે આવતું બાણ દીઠું, રૂદીયા ધરીને ઊભો. ॥૩૧॥ તેવું બાણ ભોંકાયું રૂદેમાં, પ્રાણજ ઊંચો ચડીયો; રા-મ કૃષ્ણજી રામ કૃષ્ણજી, કરતો કરતો પડીયો. ॥૩૨॥ તેવાજ પ્રભુ પા છા વળીયા, પાન્ડવને લેઇ સાથ; તંબુ મધ્યે પાન્ડવને મુકીને, ચાલ્યા દીનાનાથ. ॥ ૩૩ ॥ કરણને વરદાન દિધું છે, મરતાં દરસન દેવા; મા-ટે ભક્તને મળવા ચાલ્યા, બનીયા બ્રાહ્મણ જેવા. ॥ ૩૪ ॥ વૃદ્ધ વ-પુ ધારણ કર્યું છે, પોતે જાદવ રાય;કરણના રથના દાગીના તે, તસ્ક રો લેઇ જાય. ॥ ૩૫ ॥ એવામાં આવ્યા વીપ્ર રૂપે, પોતે અસરણા સ રણ; પોકાર કીધો કૃષ્ણ પ્રભુએ, કયાં છે રાજા કરણ. ॥ ૩૬ ॥ પડયો પડયો તવ કરણ બોલ્યો, આવો વીપ્ર માહારાજ; એમ કહીને પાસે બોલાવ્યા, પધારો ગરીબ નીવાજ. ॥૩૭॥ એટલે બોલ્યા અંતરય

મી, પ્રસન હજો ભગવાન;યાચના કરવાને આવ્યોછું, દેવું છે કન્યા દાન. ॥ ૩૮ ॥ એક અયુત રૂપૈયા જોઇએ, તવ બોલ્યો કરણ રાય; જુઓ માહારાજા ધન પડયું હશે, માહારા રથની માંય. ॥ ૩૯ ॥ પ્રભુ કહે રથમાં નથી કાંઇ, કહે કેમ કરીએ આપુ;કરણ કહે મુજ દંતમાં રેખો, હીરાની છે તે આપુ ॥ ૪૦ ॥ પેલો પડેલો પાશાણ આપો, દંત પાડુ ધરી હામ; પ્રભુ કહે શાનું દાન કરે છે,વીપ્રને દેછે કામ.॥૪૧॥ તવ કરણ ગરબડતો જઇને, પાશાણ લાવ્યો પાસ; દંત પાડી રેખો કાઢીને ધરી, તવ વધા અવિનાશ. ॥ ૪૨ ॥ તારા મુખની અજીઠી થયેલી, તે કેમ હું લેઉ દાન; ભ્રષ્ટ દાન તું વીપ્રને આપે, તેથી કોપે ભગવાન. ॥ ૪૩ ॥ એટલે કરણ રાજા બોલ્યો, સત્ય કહી તમે વાણી; ઓ માહારાજા તુંબડીમાંથી, ધોવાને આપો પાણી ॥ ૪૪ ॥ કૃષ્ણ પ્રભુ કહે મુજ કને પાણી, લેઇને રેખો દેછે; તો પાણીને બદલે આપ્યું, એમ માહારૂં મન કેહે છે. ॥ ૪૫ ॥ એવું સાંભળી કરણ રાજા, ટેકરીથી ગરબડીયો;ચાલી આવ્યો રથની પાસે, પયડે બાહ્રાજીને ચડીયો.॥૪૬॥ પોતાનું ધનુશ બાણ લીધું, પાછો પડીયો ધરણ; ગડબડતો ટેકરી પર આવ્યા, દાનેશ્વરી રાય કરણ ॥ ૪૭ ॥ સુતા સુતા ધનુશ ઉપર; બાણ ચઢાવ્યું સાર; ગંગા મંત્ર ભણી માર્યું ભોમી, તવ નીકળી જળ ધાર. ॥ ૪૮ ॥ તે જળમાં રેખો ધોઇ નાંખી, પોત કરણ રાય; પછી પ્રભુને કહયું લ્યો માહારાજા, કહીને લાગ્યો પાય. ॥ ૪૯ ॥ વળણ. ॥ પાય પડી રેખો ધરી, એજ કરણ દાતાર; કહે વલ્લભ શ્રોતા સુણો, હરખ્યા જુગદાધાર.

કડવું ૫ રાગ ધન્યાસરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું કરણ પરવ મહીમાય. ॥ ૧ ॥ રેખો ધોઇને સામી ધરી કે, હરખ્યા વિશ્વના ભુપ; વિપ્રનું સ્વરૂપ ત્યાગ કરીને, ધર્યું ચતુર્ભુજ રૂપ. ॥ ૨ ॥ મોર મુગટ પીતાંમ્બર શોભે,કર શંખ ચક્ર ધરેલા; શ્રી મુખ બોલ્યા શાબાશ તુજને, તેં બહુ પુન્ય કરેલા. ॥ ૩ ॥ તુજ જેવો કોઈ દાતા ન દીઠો, માટે તારૂં કષ્ટ કાપું; માગવું હોય તો માગ્ય મુજ પાસે, જે માગે તે આપુ. ॥ ૪ ॥ કરણ કહે પાંચ વસ્તુ, માગવાની ઇચ્છાય; તવ કહયું સુખ રૂપે માગી લે, રીઝ્યા વૈકુંઠ રાય. ॥ ૫ ॥

એટલે કરણ માગવા લાગ્યો,સાંભળજો જગતપતી; માગું તેમાં ધ્યાન દેજો, માયા માગવી નથી. ॥ ૫ ॥ તીલક વીપ્રના હાથનું પામું, માતાને હાથ ભોજન; પુત્રના હાથનો પીન્ડ મળે, દેહીમાં મદુસુદન ॥ ૭ ॥ એ રીતે ચાર વરદાન માગ્યાં,તથાસ્તુ પ્રભુએ કહ્યાં;તે ચારમાથી ત્રણ વચન, કળીયુગે અવળાં થયા. ॥ ૮ ॥ તીલક ગમે પોતાના કરનું, સ્ત્રી કરનું ભોજન; પીંન્ડજ પ્રીય પુત્ર તણા છે, મંદીરે મધુસુદન. ॥ ૯ ॥ પાંચમું વરદાન કરણે માગ્યું, સાંભળો દેવ મોરાર, કુંવારી જગોમાં તમ હાથે, કરો વહ્‌ની સંસ્કાર. ॥ ૧૦ ॥ કૃષ્ણ પ્રભુએ કબુલ કીધું, કરણે જે કહ્યું તેહ; એટલે ભાણુના નંદને, તરત મુકયો દેહ. ॥ ૧૧ ॥ એટલે બન્યા કૃષ્ણ સ્વરૂપે, પોતે દીનાનાથ; ઉપર ભેથી કટી બાંધી, પરોણો ઝાલેલો હાથ. ॥ ૧૨ ॥ ભકતોને વશ ભુધરજી છે, વચન માટે વાધે; કરણનું શબ ઉપાડીને, પોતે લીધું ખાંધે, ॥ ૧૩ ॥ કુંવારા જગો જોતા જોતા, નર્મદા ત્રડે જાય; તલપુર ત્યાં જોઈ કુંવારી જગો, હરખ્યા જાદવરાય. ॥ ૧૪ ॥ નર્મદા જળમાં સબ નવડાવ્યું, મુકી દીધું કીનાર; જઈ વનમાંથી કાષ્ટ લાવ્યા, દેવકીના કુંવાર. ॥ ૧૫ ॥ તલપુર જગોમાં ચીતા ખડકવી, તે શી રીતે ખડકાય; બુદ્ધી ચલાવી પરોણાની, આરજ મુકી ત્યાં. ॥ ૧૬ ॥ પરોણો તો ઉભો રાખ્યો, પોતે દીનાનાથ; તેના ઉપર મુકયો પ્રભુએ, ડાભો કુંવારો હાથ. ॥ ૧૭ ॥ હાથેળીમાં ચીત ખડકી, શબ મુકયું મોરાર; પછી પ્રભુએ કરણ શબને, કર્યો અગની સંસકાર. ॥ ૧૮ ॥ પુરણ એનો દેહ પ્રજાળ્યો, અશત દીધાં વેવરાવી; સ્નાન કરીએ શામળીયોજી, તંબુમાં બેઠા આવી. ॥ ૧૯ ॥ કરણનો એવો ઓદ્ધાર કીધો, ભક્તને વશ ભગવાન; સદાય પ્રભુ ભક્તના તારણ, સમજે તે ધરે ધ્યાન. ॥ ૨૦ ॥ કરણ પરવ પુરણ થયું, જનમેને કર્યું દાન વીધી પ્રમાણે સૌ પુન્ય કીધું, પરીક્ષતને સંતાન. ॥ ૨૧ ॥ વળણ. ॥ બ્રહ્મહત્યા તવ ઉતરી, પોહોચ્યા સૌના કોડ; કહે વલ્લભ સૌ બોલજો જેજે શ્રી રણછોડ.

કર્ણ પર્વ સમાપ્ત.

શલ્લ પર્વ.

કડવું ૧ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, શલ્લ પરવ મહિમાય. ॥ ૧ ॥ રાત્રીએ પોત પોતાને સ્થંભે, કૌરવ પાંન્ડવ રહ્યા, તે સમે રાજા દુરિયોધનને,વિચાર વીશેશ થયા. ॥ ૨ ॥ પીંપળા નીચે ભીશ્મ પોઢયા છે, બાણ તણી સજ્યાયે; ત્યાં આવીને દાદાને પુછયું; પોતે દુરિયોધન રાયે. ॥ ૩ ॥ ઓરે દાદા કેમ કરૂં હું, સરવ કો પામ્યા મરણ; એક સો બે જણ જીવતા રહ્યા, આજ પડયો રાય કરણ. ॥ ૪ ॥ ભીશ્મપીતા કહે પેહેલું ન માન્યું, તે માટે કથલ્યું કાજ; હજી જો તારે જીવવું હોય તો, દઈ દે પાન્ડવને રાજ. ॥ ૫ ॥ દુરીયોધન કહે ઓરે દાદા, મીથ્યા ન મરશો મથી, મુજ શરીરના છો થાય કટકા, પણ રાજ્ય દેવાનો નથી. ॥ ૬ ॥ માટે તે વિશે વાત ન કરશો, વઢવું છે કાલનો દન; સરવ મરે પણ હું નવ મરૂં, એવું કૈં કાઢો વચન. ॥ ૭ ॥ ભીશ્મ પીતા કહે હું નવ જાણું, શેહેવને પુછી આવો; અવળું કદી કાળ નહી બતાવે, કેહેજે કે સત્ય બતાવો.॥૮॥ તવ દુરીયોધન પુછવા ચાલ્યો, વીચાર કરતો મન; શેદેવના તંબુમાં આવ્યો, દીધું જોશીયે આસન. ॥ ૯ ॥ કહ્યું મોટા ભાઈ કેમ પધાર્યા તવ બોલ્યો મુંઢ રાય, સરવ મરે પણ હું નવ મરૂં, બતાવો એવો ઉપાય. ॥ ૧૦ ॥ શેદેવજીએ મન વિચારયું, વિસ્વાસે આવ્યો આપ; તેથી જો સત્ય નહી બતાવું, તો મુજને અતિ પાપ. ॥૧૧॥ એ નહી મરે ને મારે અમને,તોપણ શું થઇ જાશે; સાચવનારો છે સામળીયો, કેમજ મરવા દેવાશે. ॥ ૧૨ ॥ એવું જાણી જોશીએ કહયું, અત્યારે તતપર થાવો; ગાન્ધારી સતી માત તમારી, નગ્ન તેની કને જાવો. ॥ ૧૩ ॥ સુતરનો તાર રાખવો નહીં ને, જાવું ધરી ઉમંગ; તે તમારી મા નિરખશે કે, વજરનું થાશે અંગ. ॥ ૧૪ ॥ પછી ભય નહી મરવાનો તમને,પધારો મોહોટા વિર;તવ દુરીયોધન ઉઠી ચાલ્યો, ન રહી મનમાં ધીર. ॥ ૧૫ ॥ ભીશ્મપીતાને જઇને કહયું, દાદા એ શતરૂ સાચો; નગ્ન મોકલે મુજ માતા પાસે, એ ખેલ નહી કાંઈ

કાચો. ॥ ૧૬ ॥ ભીશ્મ પીતા કહે મુરખ પ્રાણી, મોહોટાનું વચન મોહોટું; એના પીંન્ડનો ભરોંસો મુને, કદી કહે નહી ખોટું. ॥ ૧૭ ॥ દુરીયોધનને શ્રદ્ધા ચોટી, તંબુમાં ગયો ભુપ, વસ્ત્ર વપુ પર એક ન રાખ્યું, થયો નગ્ન સ્વરૂપ. ॥ ૧૮ ॥ મનસુબો માઠો સુર ભર્યો નાઠો, હસ્તીનાપુર ભણી જાય; નિંદ્રામાંથી જાગી ઉઠયા, જાણ્યું જાદવરાય, ॥ ૧૯ ॥ જાણ્યું કે જોશીએ જુલમ કીધો, પાપી વજરનો થાશે; એટલે પાન્ડવોને હણશે, મુજથી શું સચવાશે. ॥ ૨૦ ॥ આગળથી ઉપાય કરતો, કાંઇક બચાવ થાય;એમ જાણી અંતરધ્યાન થઇને,ગયા શ્રી જાદવરાય. ॥૨૧॥ હસ્તિનાપુરના દરવાજા પાસે સોહામણી છે વાડી; તેમાંથી પુરૂપ વીણ્યા, દીનોનાથ ખેલાડી. ॥ ૨૨ ॥ તે ફુલનો તંગીયો બનાવ્યો, કટીથી જંગા સુધી; પછી વાડીને મોઢે ઉભો, વીચારી વાત વીરૂધિ. ॥ ૨૩ ॥ એવામાં દુરીયોધન આવ્યો, વાડી કને થઇ ચાલ્યો; છબીલે છાબ નીચે મુકી, ઝડપ જઇને ઝાલ્યો. ॥ ૨૪ ॥ નાગો નાગો આવ્યો કયાંથી, ઓરે હરામખોર; ચોરાય છે ફુલ વાડીમાંથી, આજ ઝલાયો ચોર. ॥ ૨૫ ॥ એમ કહીને મારવા માંડયો, ઢીંચણ ગડદાને પાટું; પોતાને દોડાવ્યા તેનું, વાળી નાંખ્યું સાટું. ॥ ૨૬ ॥ છત્રપતી કહે શીદ મારો છો, વીચારીને કરો જોર; હસ્તીનાપુરનો રાજીયો હું,નથી વાડીનો ચોર. ॥ ૨૭ ॥ પેહેલું જોઇ લે મોઢું માહારૂં, તે પછી દેજે દુખ; તવ વાડીમાંથી અગની લાવી, જોયું રાયનું મુખ. ॥ ૨૮ ॥ માળી રૂપે મોહન બોલ્યા, નગ્ન રૂપે છો કેમ; હાવો ટુચકો કોણે બતાવ્યો, કોણે ઘાલ્યો વેમ. ॥ ૨૯ ॥ દુરીયોધન કહે શેદેવજીએ. બતાવીયો ઉપાય; જનેતા કને નગ્ન જાવું તો, વજરની કાયા થાય ॥ ૩૦ ॥ પ્રભુ કહે કે શું સત્ય માન્યું, વાચાર્યું નહી પાપ; નગ્ન દેખીને ગાન્ધારી સતી, તમોને દે શ્રાપ. ॥ ૩૧ ॥ શ્રાપજ દેવરાવવાને ઇરાદે, તમને બતાવ્યું એવું, દુરીયોધન કહે ભીસ્મ પીતાયે; કબુલ કીધું તેવું. ॥૩૨॥ તે કારણથી સાચું લાગ્યું, થઇ ગઇ મનની શુદ્ધા; મોહન કહે મરણ વેળા, વ્રદ્ધની બગડી બુદ્ધી. ॥ ૩૩ ॥ તે કરતાં સત્ય લાગતું હોય તો, નહી મટે લેખ ટાંકયા; તંગીયો આપુ નગ્નના નગ્ન, વળી ઢાંકયાના ઢાંકયા. ॥ ૩૪ ॥ પુષ્પનો પેહેરવો નહી બાધ તેમાં, જંગાથી કટી લગી; એવાં માળીના વેણ સુણ્યાં એટલે મન ગયું ડગી, ॥ ૩૫ ॥ છાબડીમાંથી પુષ્પ કેરો, તંગીયો રાયને દીધો, જંગાથી કટી લગી પોતે, રાજાએ પેહેરી લીધો. ॥ ૩૬ ॥ પછી પ્રભુ કહે પધારો પ્રી

તે, આ યોગ સારો થયો; તવ કુબુદ્ધી નગ્રમાં પેઠો, માતાના મોહોલમાં ગયો. ॥ ૩૭ ॥ ગાન્ધારી સતી બેસી રહી છે, ચક્ષુએ પાટા બાંધી; પુત્ર થયા પછી અંધાપો વેઠે, તજી વેહેવાર ઉપાધી. ॥ ૩૮ ॥ પોતાનો પતી અંધ છે માટે, ભોગવેછે અંધાપો; દુરીયોધન કહે પાટો છોડીને, મુજને વરદાન આપો. ॥ ૩૯ ॥ શરીર માહારૂં નીરખો નજરે, હઇયે ધરી ઉમંગ; તવ ગાન્ધારીએ પાટો છોડી,જોયું પુત્રનું અંગ. ॥ ૪૦ ॥ નખ શીખ સુધી નરખીને કહ્યું. વજરનું વપુ થાશે, જાળવજે કટીને જંગા, ત્યાથી જીવડો જાશે. ॥ ૪૧ ॥ આખા નગ્ન આવવું તું, ડાહાપણ કોણે કરાવ્યું; સુતરના તારનો તંગીયો તે, વસ્ત્રજ અંગ ધરાવ્યું. ॥ ૪૨ ॥ એ માતા બાગના માળીએ, પેહેરાવ્યો નગન ભાળી; ગાન્ધારી કહે માળી નહોતો, એતો હતો વનમાળી. ॥ ૪૩ ॥ દુરીયોધન કહે વનમાળી ક્યોયો,એરે માહારી માય; ગાન્ધારી કહે દ્વારીકા વાળા, કૃષ્ણજી જાદવરાય. ॥ ૪૪ ॥ તવ દંત પીશી વસ્ત્ર પેહેર્યાં, પ્રભુપર ક્રોધ માઠો; વૈકુંઠવાશીને ગાળો, દેતો નગ્ર વીશેથી નાઠો. ॥ ૪૫ ॥ કુરૂક્ષેત્રે તંબુમાં ગયો, રૂજની કર્યું સહ્યન; રાત્રી વીતી વાણું વાયું, ઉઠયો દુરીયોધન. ॥ વળણ. ॥ દુરીયોધન જાગૃત થયો,શલ્યની પાસે જાય, ઉઠો યુદ્ધ કરવા ચઢો, રણભોમીની માંય.

કડવું ૨ રાગ ચોપાઇનો.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન, થયો જાગ્રત તવ શલ્ય રાય, તુનો સુણ દુરીયોધન રાય. ॥ ૧ ॥ જરા રહીને તતપર થાવું, પેહેલો પાંન્ડવને મળીઆવું; એતો ભાણેજા છે માહરા, તને વશ જેમ મામા તારા. ॥ ૨ ॥ એમ કહીને ઉઠયા શલ્ય રાય, એતો પાન્ડવ તંબુએ જાય. જ્યાં બેઠા પાન્ડવ બળીયા ત્યા આવીને મામા મળીયા. ॥ ૩ ॥ આજ અડધો દન મારો વારો, તમે વઢવાનું શું ધારો; બોલ્યો વ્રકોદર મુખ આપ, મારો ભાણેજને તે પાપ. ॥ ૪ ॥ પુછો જાણ છે દિનાનાથ, કેમ ઉપાડી શકાય હાથ; ભાણેજોને બ્રાહ્મણ ગગુવા, કેમ વઢાય અમને હણુવા. ॥૫॥ બોલ્યો શલ્યરાજા મુખ એમ, કહો ભાઇ ત્યારે કરૂ કેમ; રહુ સ્થંભે આવીને ઉભો,પણ તમે કરો મન સુબો. ॥૬॥ મારો, કૌરવને તમે માર, ત્યારે જોવાય નહી લગાર; એને રાખેલો સરણ, તમો વીચારો અંતઃકરણ. ॥ ૭ ॥ પાસે રહીને મારવા દેવું,

તે તો સરણે રાખ્યો તે કેવું; બરોબર થાય મધ્યાનકાળ; પછી માહારે માંથે નહી આળ. ॥ ૮ ॥ બોલ્યો ભીમ આવીશુ સ્થંભ, નહી કરીયે યુદ્ધ આરંભ ઉભા રહીશું મધ્યાન સુધી, પછી વીપ્રીત કરશું બુદ્ધી ॥ ૯ ત્યારે બોલીયો સલ્લરાય મુખ, પછી મારો તેનું નહી દુઃખ; ભીમ સારો છે તારો વિચાર, સુણો ધરમ કુન્તી કુંવાર. ॥ ૧૦ ॥ કહુ તે સાંભળજો વાત, માહારૂ મ્રત્યુ તમારે હાથ; માટે તમે રેહેજો તૈઆર. સમજાવી દેવું સહુ સાર. ॥ ૧૧ ॥ પેહેલા સો મંત્ર શીરનો ભણજો, પછી કાળજ્વરથી હણજો; વળી પવન મંત્ર ભણીને, મારજો એકસો બે ગણીને. ॥ ૧૨ ॥ તેમાં કાળજ્વર હશે જેહ, માહરૂં મુસ્તક છેદશે તેહ; પછી વાયુના મંત્રે શું થાશે. મહારૂં મુસ્તક લઇ બાણ જાશે. ॥ ૧૩ ॥ તેતો ઉતરશે પાતાળ, તેની વાત કહું ભુપાળ; માહારા સો મામા છે ત્યાંય. તપ કરે છે પાતાળ માંય. ॥ ૧૪ ॥ તેની આગળ મુસ્તક પડશે, પછી બાણ સોયેને નડશે; શીવના સો મંત્રો જેહ, શીશ છેદશે સોએના તેહ. ॥ ૧૫ ॥ એટલું થાય તો તમે જીતો, નહીતો ને થાય પલીતો; મારા મામા જાણે મુજ મરણ, આવે પાતાળમાંથી ધર્ણ. ॥ ૧૬ ॥ તેનો તમોને મારે કેર, બહુ બળીયા કરે કાળો કેહેર; માટે ચેતીને રહેજો ધર્મ, મેંતો સમજાવ્યો બધો મર્મ. ॥ ૧૭ ॥ તવ બોલ્યા યુધીષ્ઠર રાય, મામા તમ તુલણા નહી થાય; પછી શલ્લ થયો વીદાય, પોતે કૈરવ દળમાં જાય. ॥ ૧૩ ॥ જઇ કરી ધીધું ભોજન, થયા તૈયાર અંધના તન. વળી શકુની મામા સાથ, બેઠા રથ મારવાડનો નાથ. ॥ ૧૯ ॥ ચાલ્યા એકસોને બે જોધ, આવી સ્થંભે ઉભા અક્રોધ; એવે આવી પાન્ડવની જોડ, સાથે છત્રા શ્રી રણછોડ. ॥ ૨૦॥ આવી ઉભા પોતાને સ્થંભ, તવ બોલ્યો દુરીયોધન દંભ, શલ્લ રાજા યુદ્ધ આરંભો, હવે નકામા શીદ થંભો. ॥ ૨૧ ॥ તવ બોલીયો શલ્લ રાય ડાહયો, યુદ્ધ કરવા નથી બંધાયો; તને મરણ રાખ્યો છે ભુપાળ, તારો ન થવા દ્યા વાંકો વાળ. ॥ ૨૨ ॥ બોલ્યો દુરીયોધન અમે જૈએ. નકામા શીદ ઉભા રૈયે; કરયું શલ્લ રાયે જાવો તમો, તેતો પેહેલા નાશીએ અમો. ॥ ૨૩ ॥ તવ પાન્ડવ દોડીને મારે, તેતો અવજસ નહી અમારે; એવું સાંભળીને દુષ્ટ રાય, એણે વીચાર્યું મનમાંય. ॥૨૪॥ નાસશું તો નાશે શલ્લરાય. તોતો મરણ આપણું થાય; એમ જાણીને રહ્યા ઉભા, મુકયા વઢવાના મનસુબા. ॥ ૨૫ ॥ વળણ. ॥ લઢવું વઢવું મુકીને, ઉભા રહ્યા ભુપાળ; કહે વલ્લભ એવે સમે, થયો મધ્યાન કાળ.

કડવું ૩ રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજ-
ને સંભળાવું, શલ્ય પરવ મહીમાય. ॥ ૧ ॥ મધ્યાનકાળે ધરમરાયે,
બાણ કર્યું તૈયાર; શલ્લરાયે શાન કરી કે, ફેંકયું તેણીવાર. ॥ ૨ ॥
સુંસવાટા કરતું તે ચાલ્યું, જોયા કરે જુગધીશ; કાળજ્વર મંત્રે શલ્લ
કેરૂં, છેદી નાંખ્યું શીશ. ॥ ૩ ॥ વાયુ મંત્રથી મુસ્તક લૈને, બાણ ગયુ
પાતાળ; સલ્લના સો મામાની પાસે, નાંખ્યું તે તતકાળ. ॥ ૪ ॥ તપ
કરતાં શોએ ભાઇઓએ, મુસ્તક જોયું તે દીસ; એટલે શીવના સો
મંત્રોથી, સોનાં છેદાયાં શીશ; ॥ ૫ ॥ પાન્ડવને બધી મટી ઉપાદી,
ટળી ગયો ભય શોક; શલ્ય તણું મુસ્તક છેદયું કે, નાઠા કૌરવ લોક.
॥ ૬ ॥ નવાણું ભાઈ સોમો શકુની. તે નાઠા એક પાસ; દુરીયોધન તો
આડો નાઠો મનમાં પામીને ત્રાસ. ॥ ૭ ॥ એવામાં ભીમ તાકી રહેલો,
તે વાયુ વેગે ચડીયો,સો જણનું સામટું ટોળું છે, તેમાં ગદા લેઇ પડીયો
॥ ૮ ॥ કરે સપાટા દેછે ઝપાટો, ગદા જે જનને અડે, તે દીવશનો યોગ
એવો કે, તરફડી હેઠા પડે. ॥ ૯ ॥ પડતામાં પ્રાણ નીકળી જાયે, આ-
યુશ ખુટયો સાથે, નવાણું ભાઇ મરણ પામ્યા, વ્રકોદરને હાથે ॥ ૧૦ ॥
પછી શકુની ભોમી પડીયો, સુતો લાંબો થઇ હેઠો, ભીમસેન એની રૂ
દીયા ઉપર, ગદા લેઇને બેઠો. ॥૧૧॥ શકુની કહે શીદ મારે છે, ન્યાય
કરી જો આપ; પાસે રહીને ભાણેજ મરાવી, કાઢયું તમારૂં પાપ. ॥૧૨॥
ભીમ કહે શું સમજાવે અવળું, કૌરવ ભાણેજ તારા,શા કારણે તું મ-
રાવે તેને, ટાળી દે સંદેહ મારા. ॥૧૩॥ શકુની કહે સાચું કહુંછું, વાંકી
કરમની કરણી; માહારા ભગની ગાન્ધારી ને આખલો ગયો પરણી.
॥ ૧૪ ॥ તે મેહેણું મોટું થયું મુને, જગતની કેહેણી લીધી, મરતી
વેળા મારા કાકાયે; મુને શીખામણ દીધી. ॥ ૧૫ ॥ કહયું કે હોય ભ-
ત્રીજો મારો, રાખજે રૂદે દંશ; બેનના પક્ષમાં પેસીને તું,કાઢજે બેનનો
વંશ. ॥ ૧૬ ॥ જો તુજ ભગનીનો વંશ રેહેશે, તો નહીં મેહેણું જાય;
આખલાનો પરીવાર કેહેવાશે, મોશાળ પણ વંચાય. ॥ ૧૭ ॥ તે માટે
મેં મરાવી નાંખ્યા, ભાણેજ ઉપર રહીને;તમારી સાથે વેહેર કરાવ્યું,
અવળી શીખામણ દઇને. ॥ ૨૮ ॥ ખરી વારતા માનજે માહારી,વાળી
છે પેટની દાજ; હવે તમે નીરવતી પામ્યા, એકલા ભોગવો રાજ-
॥ ૧૯ ॥ મેંતો તમારૂં દુખ નીવાર્યું; માટે લ્યો ઉગારી; તમારે ઘેર સુ-

લામ પણુ, કરીશ થઇ કારભારી. ॥૨૦॥ ભીમ કહે તું ઉંધી મતીનો, તારૂ નહા મારે કામ;મેહેણું હતું પણ વીશ્વને વીશે, કાકાનું હતું નામ ॥ ૨૧ ॥ તે નામનો તેં નાશ કરાવ્યો, તે તુજ ઉપર રીશ; એમ કહીને વ્રકોદરે માર્યું શીશમાં શીશ. ॥ ૨૨ ॥ શકુનીનું શીશ ફાટયું, વળીયો કચ્ચર ઘાણુ; ખોપરીનો રોટલો વળી ગયો, નીકળી ગયા પ્રાણ. ॥૨૩॥ એટલે વ્રકોદર થયો ઉભો, પવન કેરો તન;સરવે મડદાં તપસ્યાં તે-માં, ન દીઠો દુરીયોધન. ॥ ૨૪ ॥ એટલે ભીમ વીમાસી ઉભો, સાંભળજે તું રાય; શલ્ય પરવ પુરણ હવું, ઊતરી તુજ હત્યાય. ॥૨૫॥ તવ શામ પડદા સ્વેત થયાને,સ્વેત થઇ શામ ગાય;કાળા તલ ધોળા થાય, એ;પુર્ણ પરીક્ષા દેખાય. ॥૨૬॥ રાજાએ બ્રહ્મ ભોજન કીધાં, દીધા ભર્યા ભંડાર; વીપ્રોના પુત્રને ઉપવીત દીધાં, આપ્યા બહુ અલંકાર. ॥૨૭॥ વીપ્ર તણી પુત્રીયો કેરાં, દીધાં કન્યાદાન; પાછો સાંભળવાને બેઠો, જનમેજે રાજન. ॥ ૨૮ ॥ વળણ. શલ્ય પરવ પુરણ હવું, વલ્લભ વદે કરજોડ; શ્રોતા વક્તા બોલજો, જે જે શ્રી રણછોડ.

———×○×———

શલ્ય પર્વ સમાપ્ત.

ગદા પર્વ.

કડવું ૧ રાગ સવઈયાનો.

વૈશમપાયે એણિ પેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ગદા પરવ મહીમાય. ॥ ૧ ॥ વ્રકોદર વીચારમાં પડીયો, આ શું થયું વીધન; આખું ટોળું અમણાં રોળ્યું, કયાં ગયો દુરીયોધન. ॥ ૨ ॥ ક્રષ્ણજી કહે કેમ ગભરાયા, પંચાળી સતીના પતી; ભીમે કહયું નવાણું પડયાં છે, દુષ્ટ દેખાતો નથી. ॥ ૩ ॥ એક માટે રહી જાય છે શત્રુ, ઓરે જુગજીવન; તે માટે કહો કેમ કરીશું, કયાં નાઠો દુરીયોધન. ॥ ૪ ॥ છત્રપતી નાશી ગયેલો, ક્રીયા કરીને અનુપ; સરોવરમાં સંતાયેલો, ધરીને પોયરા રૂપ. ॥ ૫ ॥ તે સહુ જાણે છે શામળીયો, બોલ્યા મુખ વચન; પેલા સરોવરમાં પેઠો છે, અંધ તણો એ તન. ॥ ૬ ॥ ભીમ કહે કે ન હાથ આવે, ઓરે શ્રી ગોપાળ; પાપીને શોધી કાડવાને કોહોતો નંખાવું જાળ. ॥ ૭ ॥ પ્રભુ કહે પોયરા રૂપ ધરા, પેશી રહયો છે જળમાં, માટ મીથ્યા મેહેનત મુકી, કાઢવાનો કહુ કળમા, ॥ ૮ ॥ કટુ વચન કહી મેહેણાં મારો, ફરો જળ કીનાર, એટણે એ સાંભળી નહી રહે, ડોકું કાઢશે બાહાર. ॥ ૯ ॥ જનમનો એ છે અહંકારી, તે કેમ સાંભળી રહેશે; કદાપી બહાર નહી આવે તો, ડોકુ કાઢી કંઈ કહેશે. ॥ ૧૦ ॥ ભીમ કહે ચાલો માહારાજા, આપણ સરવે સાથ; એટલે ભીમની સાથે ચાલ્યા, ચાર ભાઇ દીનાનાથ. ॥ ૧૧ ॥ આવ્યા સરોવરની કીનારે, નીશ્ચે કરી મનસુબા; ચાર ભાઇને પાચમા પ્રભુ, એક કોરાણે ઉભા. ॥ ૧૨ ॥ વ્રકોદર ખાંધે ગદા લેઇને, કીનારે લાગ્યો ફરવા; ફરતા ફરતા કટુ વચનથી, કેવું લાગ્યો ઓચરવા. ॥ ૧૩ ॥ વળણ ॥ કેવું કેવું ઓચરે, સાંભળજે તું રાય;કહે વલ્ભ શ્રોતા સુણો ; મેહેણાનો મહીમાય.

કડવું ૨ રાગ ઝુલણાની ચાલ.

અરે તું સુણ દુરીયોધન રાય,તારૂં હસ્તીનાપુર જાય; તારૂં હસ્તી

નાપુર જાય, તારી મા કરે ત્રાહ્ય ત્રાહ્ય ॥ ટેક. ॥ અલ્યા કુટુંબ કબીના મરાવી નાંખી, સરોવરમાં શું પેઠો; ધીકાર તારા જીવવામાં, એકલો કાગડો બેઠો. અરે તું સુણ દુરીયોધન રાય, તારૂં હસ્તીનાપુર જાય; અરે તારૂં હસ્તીનાપુર જાય, હવે રાજ પાન્ડવનું થાય. ॥ ૧ ॥ તારા માલ ખજાના દેઈ લુટાવી, ધોળે દાહાડે ધાલું ધાડયો; ગામના કોટ કાંગરા પાડીને, કાંટાની કરૂં વાડયો. અરે તું સુણ દુરીયોધન રાય, તારૂં હસ્તીનાપુર જાય; અરે તારૂં હસ્તીનાપુર જાય, તારૂં રળેલું ભીમ ભાઇ ખાય. ॥ ૨ ॥ તારા સોનાના મોલ ઉજડ પડાવું, ભીંતે ચડાવું લુણા; હીંચોળે હીંચનારી સુંદરી શો ભાઇની, તેને ભોગવાવું ખુણા, અરે તું સુણ દુરીયોધન રાય, તારૂં હસ્તીનાપુર જાય; અરે તારૂં હસ્તીનાપુર જાય, હવે આણ અમારી વગ્તાય. ॥૩॥ તુજ માતાને દાશી બનાવી, વાશીદા વળાવું; તારો બાપ છે આંધળો તેની, પાસે દેણાં દળાવું; અરે તું સુણ દુરીયોધન રાય, તારૂં હસ્તીનાપુર જાય; અરે તારૂં હસ્તીનાપુર જાય, જો હવે ભીમશેન ભાઇ મકલાય. ॥ ૪ ॥ છત્રપતીથી સાંખી ન રેહેવાયું; જાણ્યું કે બોલતા રોકું; મુળ સ્વરૂપ પોતે ધારણ કરીને, કાહાડયું જળમાં ડોકું, અરે તું સુણ દુરીયોધન રાય, તારૂં હસ્તીનાપુર જાય; અરે તારૂં હસ્તીનાપુર જાય, તારો પૈસો પુંજી લુટાય. ॥ ૫ ॥ વળણ. ॥ ભીમશેન ભાઇ મકલાય છે,સાંભળ દુરીયોધન; કહે વલ્લભ શ્રોતા સુણો, દુષ્ટ તણાં વચન.

કડવું ૩ રાગ સાખાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા; સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, ગદા પરવ મહિમાય. ॥ ૧ ॥ દુરીયોધને ડોકું કાહાડી બોલ્યો, સાંભળ કુન્તી તન; માહાલી લેજે તું મન મુકીને; સુખ લેજે ચાર દન. ॥ ૨ ॥ હું પન્ડે છું જીવતો તો, લેઈશ વેહેરે વેહેરે; એમ ન સમજીશ તુજ ઉપરથી, મહારૂં જવાનું ઝેર. ॥ ૩ ॥ એકલો રહી ઉતપાત કરવાનો. બાળીશ દલની દાજ; મહારો પરિવાર મારીને જોઉં, ભોગવે કેવું રાજ. ॥ ૪ ॥ એવાં દુષ્ટનાં વચન સુણી બોલીયા ધરમ રાય; ઓ ભાઈ તમે બાહાર આવો. સમજાવું સત્ય ન્યાય ॥ ૫ ॥ દુષ્ટ કહે કે બાહાર આવું તો, દગાથી ભીમ સંહારે; તમે સરવે વ-

ળગો મુજને, પછી શું કરવું માહારે. ॥ ૬ ॥ એવું પાપીનું વચન સુણી, ધરમ વદીયા વાણ; અન્યાયથી કોઇને બોહાજવા દઉં તો, પરમેશ્વરની આણ. ॥ ૭ ॥ એટલે પાપી દુરીયોધનને, બેઠો દ્રઢ વીશ્વાસ; જળની બારણે નીકળીયો એ, જુએ છે અવીનાશ. ॥ ૮ ॥ પછી ધરમ રાજા બોલ્યા, બીજે ન ધરશો વેમ; કહો મોહોટા ભાઇ અમારી સાથે, તમારે કરવું કેમ. ॥ ૯ ॥ કાંતો તમો અમને મારો, કાંતો મરો તમે આપ; પછી એક બીજાના મનના,ટળે શોક સંતાપ. ॥ ૧૦ ॥ તવ દુરીયોધન એમ બોલ્યો, ખરી કહી તે ખાંચ; પણ હું પન્ડે એકલોને, તમે છો પાંચ. ॥ ૧૧ ॥ માટે હું તમ સાથે લડતાં, જીતું નહી લગાર; માટે યુદ્ધ માગીને શું કરૂં, ઓરે કુન્તી કુંવાર. ॥ ૧૨ ॥ તમોને મારવાની મુને ઇચ્છા, પણ નથી કાંઇ ઉપાય; મરવું તો પણ લડી વઢીને, એમને એમ ન મરાય. ॥ ૧૩ ॥ ધરમ કહે વીરા મહારા, સાંભળો માહારી અરજી; તમે તમારે યુદ્ધ માગી લ્યો, કહો કોની સંગ મરજી. ॥૧૩॥ એક જણ પાસે યુદ્ધ લ્યો માગી, બીજે કોઇ નબાહાજે, બીજાને પક્ષ કરવા દો તો; ધરમ રાજા નામ લાજે. ॥ ૧૪ ॥ એટલે દુરીયોધન એમ બોલ્યો, હવે હું લઢવા રાજી; બોલ્યા, પ્રમાણે પળજો તતે, કરશો ન દગલબાજી. ॥ ૧૫ ॥ ધર્મ કહે વિશ્વાસ ધરજો, ઓરે દુરીયોધન; છ જણ અમે ઉભા તેમાં, કોનાથી યુદ્ધનું મન. ॥ ૧૬ ॥ કોહો તો હું યુદ્ધ આપું તમને, વાત માંનો નીરદોશી, દુરીયોધન કહે તું શું લઢે, જનમનો છે ફોશી. ॥ ૧૭ ॥ એટલે અરજુન વાણી વદીયો,જો મુજ પર મન માને;દુરીયોધન કહે હરી ફરીને, તું બાણનું યુદ્ધ જાણે. ॥ ૧૮ ॥ શેદેવ કહે હું ત્યાર થાવું, જો માને અંતઃકરણ, દુરીયોધન કહે ત્રીકાળજ્ઞાની, તું જાણે મુજ મરણ. ॥૧૯॥ નિકુળ કહે ઓ દુરીયોધન, આપણ બે યુદ્ધ કરીએ; દુરીયોધન કહે તુજ સંગ લઢતાં,અમે તો લાજી મરીએ. ॥૨૦॥ એક કુટુંબના એકસોને પાંચ,તેમાં હું સૌથી મોહોટો; સૌથી તું નાહાનો જો હું લઢું તો, દેખાઉં વિશ્વમાં ખોટો. ॥ ૨૧ ॥ એટલે ધીરે રહીને બોલ્યા, પોતે પ્રભુવર હરજી; ઓ દુરીયોધન માહારી સાથે, જો હોય તમારી મરજી. ॥૨૨॥ એવું સાંભળી દુષ્ટ બોલ્યો, તુજ વાત કાને ન ધરૂં; હું ક્ષત્રીને તું ભરવાડો, લઢતાં લાજી મરૂં. ॥ ૨૩ ॥ વળતું વાયુ નંદન બોલ્યો, મુજ સંગ છે ઇચ્છાય;દંત પીશી દુરીયોધન કહે છે,આવી જા મેદાન માંય. ॥ ૨૪ ॥ એટલે ભીમશેન સનમુખ થયો, બોલીયો દુરીયોધન;

બોલજે સાચું યુદ્ધ કેવું, કરવાનું છે મન. ॥ ૨૫ ॥ તુ કેહેતો ગદા યુદ્ધ કરીયે, કેહે તો મલ્લ કુસ્તાઇ;કેહેતો ધનુશ બાણુ લઇયે, શી ઇચ્છા મનમાંઇ. ॥૨૬ ॥ ભીમ કહે કે યુદ્ધ બાણુ કેરૂં, બૈરીઓનું ઠામ; આપણુ પેહેલી કુસ્તાઇ કરીયે, રાખી રૂદીયે હામ, ॥ ૨૭ ॥ એમ કહી બેઉએ કછ ભીડયા,કરી માઠા મનસુબા; રાતા તાતા મદના માતા,ખંભ ઠોકીને ઉભા. ॥ ૨૮ ॥ ક્રોધ ભરેલા મુમત ધરેલા, કરતા મુખ બકોર; મરતી વેળા દુરીયોધનમાં,ઘણું વધ્યું છે જોર.॥૨૯॥ સામા સામી દાવ જોઇને,દડ બડ મુકી દોટ; બહુજ ગાજ્યા બળમાં બાજ્યા,એક એકની ગ્રહી કોટ. ॥ ૩૦ ॥ ગડદા પાટુ ઢીંચણુ મારે, ધારે મારવું મરવું; લાગે ઘાંટી ભીડાવે આંટી, મારવામાં નથી ડરવું. ॥૩૧॥ ધીકો મારે હીકો આવે; એક એકના ગ્રહે કેશ; કાન ઝાલીને કોહોણી મારે, મારે પગની ઠેશ. ॥ ૩૨ ॥ લડતા વડતા પડતા ગબડતા, ધરણુ ઢળે ને ઉઠે;એવું વાગે કે હાડ ભાગે, રોશ ભર્યા બેઉ રૂઠે. ॥ ૩૩ ॥ સ્વાસ ન માયે આંફી જાયે, પરશેવા વળે દીલે; વ્રકોદર માર દુરીયોધનનો, વજ્જર પાસે ઝીલે. ॥ ૨૪ ॥ બહુ બળ કરી ભીમ મારે, કાંઇ ન રાખે ભુલ; દુરીયોધન વજ્જરનો થયેલો, એને મન અડયું ફુલ. ॥ ૩૫ ॥ એવી રીતે લઢતાં વઢતાં,દુષ્ટ બેઠો ધરણુ; વાયુ સુતનો વાયુ વેગે, ઝાલ્યો જમણો ચરણુ. ॥ ૩૬ ॥ એક દમે ઉચકી થયો ઉભો,બળ કરી નાંખ્યો હેઠો;ચતાપાટ ભીમ પડયો એની, રૂદે ઉપર એ બેઠો ॥ ૩૭॥ વ્રકોદર નીચે તડફડતો, દુષ્ટ દયા નવ ધારે, ભીમના મોહોમાં ધુળ ભરીને, ગાલમાં ગડદા મારે. ॥ ૩૮॥ ઓરે ભીમડા ઘણાએ દાહાડા,માર્યો છે મુને અઘોર; ભીમે જાણ્યું દુરીયોધનનું કયાંથી વધ્યું આ જોર. ॥ ૩૯ ॥ બહુ દાહાડાનો વાળશે બદલો, મેં હાવું જાણ્યું નહોતું; મુમતે ચઢી હું થયો સામો, માહારૂં આવી પોહોત્યું. ॥૪૦॥ એવામાં તો દુરીયોધને, દીધો ગળામાં નક્ષ; તવ તણાઇ નસો નાડી, ઉચાં ચડીયાં ચક્ષ. ॥ ૪૧ ॥ એટલે પ્રભુએ મન વીચાર્યું, નીસ્ચે ભીમશેન મરશે;છું વચનનો હું બંધાએલો,માહારે મરવું પડશે ॥૪૨॥ એવું જાણી પુરૂષ પુરાણી, તે તો કેમ જાય ચુકી; પોતાના સામરથની એક કળા, ભીમને અંગે મુકી. ॥૪૩॥ તવ ભીમશેનમાં બહુ બળ આવ્યું,મારો મારો મુખ ભાંખ્યો;ઉંચો પગ લેઇ દુષ્ટની રૂદે,દેઇ ઉછાળી નાંખ્યો. ॥ ૪૪ ॥ ઉછાળેથી ઉંચો ચઢીયો, ભીમને ભય ભાસ્યો માઠો; એકા એક ઉભો થઇને, જીવ લઇને નાઠો. ॥૪૫॥ પ્રભુએ જાણ્યું પુત્ર પવનનો, નાઠો તે માઠુ થાશે;જો પાપીનું મન ભમશે તો, ગમે ત્યાં

નાશી જાશે. ॥ ૪૬ ॥ એમ જાણી રથથી ઉતરીયા, પોતે પુરૂશ પુરાણ; ઉભા રો ભીમ ઉભા ન રોહો તો, ધરમ રાયની આણ. ॥ ૪૭ ॥ સોગ નથી ભીમ અચક્યો ઉભો,શું કોહોછો માહારાજ; પ્રભુ કહે કે નાશી જવાથી,જાશે તમારી લાજ.॥૪૮॥ એક શત્રૂ માટે શત્રૂ રહે છે, નીરવતી નહી પામો; શત્રૂને મારી રાજ લેશો, રેહેશે નહી ઉધામો ॥૪૯॥ તે સારૂ તમે વળો પાછા, બહુ બાહાદુરી ઠરસે;જાવો જઈ ગદા જુદ્ધ માંડો,તેથી પાપી મરશે. ॥ ૫૦ ॥ ભીમ કહે માહારા હાડ ભાગે, શરીરે દુખ પામુ; પ્રભુ કહે લઢતાં હારો તો, જોજો માહારા સામું ॥ ૫૧ ॥ એટલે તમને સાન બતાવું તેવું કારજ કરજો; પણ લઢતા પાછા નવ પડશો. યુધ્ધ ખરૂ આદરજો. ॥ ૫૨ ॥ સાંભળી વાયુ નંદન બોલ્યો. લડાશે તેવુ લડીશ; સામુ જોયે સાન નહી કરેતો, તમને બાહાજી પડીશ. ॥ ૫૩ ॥ કૃષ્ણ કહે કે કબુલ માહારે,એમ કહી પાછો વાળ્યો, ઉછળો રાય ભોમી પડીયો,આવતો ભીમને ભાળ્યો. ॥૫૪॥ તેરોજ ટટાર ઉભો રહયો છ, આવ્યો વાયુ તન; તેનિ પ્રત્યે કેહેવા લાગ્યો, કુબુદ્ધી રાજન. ॥ ૫૫ ॥ ધીક્કાર ભીમડા લડતાં નાઠો, સુરાતન લજવાણુ; ભીમે કહયું કે આ વેળાયે મ્રત્યુ તારૂ આણું. ૨૬ ॥ વભાણ. ॥ મ્રત્યુ આણું તાહારૂં, પોહોચાડુ જમલોક, વદે વલ્લભ ભીમે કહયું, હવે મુજ આશા ફોક.

કડવું ૪ રાગ મારૂ.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, ગદા પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીમનાં એવાં વચન સુણી, બોલ્યો દુરીયોધન; તારેજ માંથે મ્રત્યુ આવ્યું, ઓ વાયુના તન. ॥ ૨ ॥ ધરમરાયે ધીરે રહીને, પુછયું પ્રભુને પ્રશ્ન; કોણ મરશે કોણ જીવશે, સાચું કહો શ્રી કૃષ્ણ. ॥ ૩ ॥ એટલે અંતરયામી બોલ્યા ગદા તણું યુદ્ધ કરશે; તેથી તમારો મોહોટો બંધુ, છત્રપતી રાય મરશે. ॥ ૪ ॥ ધરમને તવ ત્રાસ પડીયો, બોલ્યા ગુણ ગંભીર; અરજ માહારી એક સુણો; ઓ દુરીયોધન વીર. ॥ ૫ ॥ આયુશ તમારો આવી રહયો છે, મરવાના આવાર; માટે કૈં કેહેવું હોય તો કહો. મશ્કરી નથી લગાર. ॥ ૬ ॥ ધરમને ધ્યાન પુન્ય અને દાન, જે જે કહો તે કરૂં; દ્રવ્ય તમારૂં હું નહી લેવું, કો તે રીતે વાવરૂ. ॥ ૭ ॥ દુષ્ટ કહે પુછ તારા ભાઇને, જે ભીમશેન મરવાનો; આયુસ માહારો નથી ખુ-

ટચો, રાજધાની કરવાનો. ॥ ૮ ॥ ધરમ કહે રાજ કરજો, હું નથી કેહેતો કે મરજો; પણ પ્રભુ જાણે કેમ થાશે, માટે મુખ ઓચરજો. ॥ ૯ ॥ દુરીયોધન કહે જા જા મુરખા, મરવો ધારે મને કેવો; પુન્ય નથી કરવું પૈસો મેળવતા, ઉનોં છે પરશેવો. ॥ ૧૦ ॥ એવાં પાપીનાં વચન સુણી, બોલ્યા જુગદાધાર; ધરમરાજા બોલવું મુકો, મીથ્યા કરો પોકાર. ॥ ૧૧ ॥ ગર્ધવને શી શીખ દેવી, મુરખને શું જ્ઞાન; વાયશને શું વાણી દેવી, કુપાત્રોને શું દાન. ॥ ૧૨ ॥ પાપીને શું પુન્ય બતાવો, બતાવવે દુખ લાગે; મનમાં મ્રત્યુનો ભય નહી તેનો, દેહ અચાનક ભાગે. ॥ ૧૩ ॥ પુન્ય ન થાયે, દાન ન થાયે; ન થાય પ્રભુની શેવા, સમરણ ન થાય સામળીયાનું, જાય જેવા જાયા તેવા. ॥ ૧૪ ॥ પાશાણ ઉપર પાણી રેડયે; ભીંજે નહી પાશાણ; કોટીક વરશ ભણાવે તો હે વાયશ ન વદે વાણ. ॥ ૧૫ ॥ તેથી સાધુએ શ્રમ ન કરવો, સત્યવાદી રહો શાન્તી;સત્ય અસત્યને સમજે નહી એ, માયામાં ભુલ્યો ભ્રાન્તિ ॥ ૧૬ ॥ એવામાં દુરીયોધન બોલ્યો, ભીમ જાવા નહી દેઉં, થઇ માહારા સનમુખ વઢવા, યુદ્ધ કરવું છે કેવું. ॥ ૧૭ ॥ તવ ભીમ કહે ગદા ગ્રહી,યુદ્ધ કરીએ આવાર;એટલે દુષ્ટે ગદ લીધી; નવાણુ મણની સાર. ॥ ૧૮ ॥ એની કને છે મંત્ર ગદાનો, તેથી બહુ બળ લાગે, મણની મારે તો હજ્જાર મણનો, બોજ બરોબર વાગે. ॥ ૧૯ ॥ ભીમ કને નથી મંત્ર ગદાનો એટલી છે બહુ ખામી; તે બે બળીયા ગદાયો ગ્રહીને, થાયે સામા સામી. ॥ ૨૦ ॥ અયુતમણની ભીમની ગદા, તે લેઇ મુકી ડોટ; ધશીને એક એક પર આવ્યા, કરતા કારમી ચોટ. ॥ ૨૧ ॥ ભીત્તર ભાગે એવી વાગે, ભારે થાય ભડાકો; જાણે આભા મન્ડળ તુટયું, મેઘનો જેમ કડાકો. ॥ ૨૨ ॥ જે દેખે તે ત્રાસ પામે, રૂંવાટાં ઉભા થાય; ચીતળી ચઢે માર પડે, કંપે કાહયરની કાય. ॥ ૨૩ ॥ બાહાજે ગાજે હાડ ભાજે, પરશેવા વળે દીલે, દુરીયોધન પોતાની ગદાપર, ભીમની ગદા ઝીલે. ॥ ૨૪ ॥ ઉછાળીને ભીમ ગદા મારે, તેમાં ન રાખે ભુલ; પણ દુરીયોધન વજર શરીરે, એને મન અડયું ફુલ. ॥ ૨૫ ॥ ભીમ માર જેરવે ડાબે પાસે, તવ દુષ્ટ વજરનું ધારે; તેથી ડાબુ પાસુ મુકી, જમણે પાશે મારે. ॥ ૨૬ ॥ બહુ દાજ આણી મારે તાણી, દારૂણ દૈવત દાખે, પગનો નળોને જમણું લમણું, ભીમનું ભાગી નાંખે. ॥ ૨૭ ॥ શોણીત કેરી છોળો છુટી, બહુ રૂધીર

વહી ગયું; એકાએક એ ફેગાઇ ગયો, રૂ તુલ્ય ધોળું થયું. ॥ ૨૮ ॥ ડોળા બે ટગમગવા લાગ્યા,અંધારાં આંખે આવે; ભીમે જાણ્યું હું મરવાનો, મુજને કોણ બચાવે. ॥ ૨૯ ॥ યાદ આવ્યું મને કહયું છે કષ્ણે, શા સારૂ દુખ પામું; એવું સમજી વઢતાં વઢતાં, જોયું સામળીયા સામું. ॥ ૩૦ ॥ તવ ભીમની ભીડ સમજી ગયા, પોતે દિનાનાથ; વ્રકોદરને સાન કરીને, જંગાએ મુકયો હાથ. ॥ ૩૧ ॥ એટલે ભીમશેન સમજી ગયો, રિશ ઘણેરી ધારી; બે ભુજમાં ગદા ઘાલીને; દુષ્ટની જંગાએ મારી. ॥ ૩૨ ॥ તે સમે સતીનો શ્રાપ આવ્યો, પ્રાણુજ ઉંચો ચડીયો; હાય માહારો પૈસો હાય મારી પત્નિ, હાય રાજ્ય કહેતો પડીયો. ॥૩૩॥ હાય માહારા ભંડાર હાય ખજાના, સહુ જાશે લુંટાઈ; હાય વઇભોગો હાય સુખસજ્યા; કોણ સુશે તે માંઇ. ॥ ૩૪ ॥ એવું એવું બોલતો પડીયો, ન જાય જીવ નીસરી;બેઉ જંગા પર વ્રકોદરે, ગદાઓ માર માર કરી. ॥ ૩૫॥ સુતરને તારે વળગી રહે એવા, વળગી રહ્યા બે ચરણ; પણ ભ્રમણામાં જીવ એનો, પામતો નથી મરણ. ॥ ૩૬ ॥ પ્રભુ કહે ભામ બંધ રાખો, ચાલો આપણે ઘેર; દુરીયોધન કહે મરતાં મરતાં; લેઇશ વેહેરે વેહેર. ॥ ૩૭ ॥ એમ કહી પડી રહયો પાપી, પાંન્ડવ તંબુએ જાય;એવે સાંજ પડી તવ આવ્યા, જે અશ્વસ્થામાય. ॥ ૩૮ ॥ કુંકણ કાંઠે પડયા હતા તે, છેવટ દીવસે આવે; હાંરે કૌરવ ઓ દ્રોણ પીતા, કહી રાત્રે બોલાવે. ॥ ૩૯ ॥ દુરીયોધને શબ્દ સુણ્યો, બોલ્યો કરીને અવાજ; હાંઇ પધારો હાંઇ પધારો, ઓ ગુરૂ સુત માહારાજ. ॥ ૪૦ ॥ એટલે અશ્વસ્થામા ગયા, દુરીયોધનની પાસ; સરવ સમાચાર પુછી જોયા, મનમાં થયા ઉદાસ. ॥ ૪૧ ॥ તે પછી કહ્યું દુરીયોધનને, ઉજડ થયું હતુ તેહ; અલ્યા તારો જીવ છે શામાં, મુકી દે તુજ દેહ. ॥ ૪૨ ॥ દુરીઓધન કહે ઓ માહારાજા, લાગુ તમારે ચરણ; જો વેહેરે વેહર લૈ આપો તો, તરત પામું મરણ. ॥ ૪૩ ॥ જીવજ માહારો જાતો નથી. દુખી થાઉં અપાર; પાન્ડવનાં શીશ લાવી બતાવો, મરતાં ન લાગે વાર. ॥ ૪૪ ॥ પાન્ડવે બહુ દગો કરાને, માર્યા તાત તમારા; બાપ બેટાને વિયોગ રાખ્યો, ત્ય વીચાર અમારા. ॥ ૪૫ ॥ તે માટે તમે સુરા હોતો, કપટ કરવા જાવો, હળી મળી પાન્ડવને યાં રહીને, મુસ્તક છેદી લાવો. ॥ ૪૬ ॥ અશ્વસ્થામાનું મન ભમ્યું, કહયું કે હું જાવું; ભર નીદ્રામાં હશે તે વેળા, મુસ્તક છેદી લાવું. ॥ ૪૭ ॥ એમ કહી પાન્ડવની પાસે, ગયા

તે વાર; સતી સુતે વીપ્ર જાણી, દીધો બહુ આવકાર. ॥ ૪૮ ॥ આસન આપી ભોજન દીધું, પાથરી એક પથારી; પાંચ ભાઇની પથારી પાસે, કરી આપી સુવા સારી. ॥ ૪૯ ॥ પછી કહ્યું પોઢો મહારાજા, કહી ગુરૂ સુત સુવાડયા;પાસે પથારીમાં પાન્ડવ સુતા, પ્રભુએ જુદા કાહાડયા. ॥ ૫૦ ॥ વળણ. ॥ એમ રાત્રે સહુ સુઇ રાહ્યા કૃષ્ણે કર્યો વિચાર; વદે વલ્લભ શ્રાતા સુણો, વિઘન તણો વીસ્તાર.

કડવું ૫ રાગ સામેરી.

વૈશંપાયન એણીપેર બોલ્યા સુણુજનમેજે રાય;.વીસ્તારી તુજને સંભળાવું, ગદા પરવ મહામાય. ॥ ૧ ॥ કૃષ્ણ પ્રભુએ મન વીચાર્યું, વિપ્ર એ વિઘન કરશે; આટલા દહાડા બચાવ્યા પણ, આજ તો નિસ્ચે મરશે. ॥ ૨ ॥ એવું જાણી પુરૂશ પુરાણી, ચાતુર નવ જાય ચુકી; તામશી વીદ્યાનો મંત્ર ભણીને, સરવને નીંદ્રા મુકી. ॥ ૩ ॥ એકલા પોતે ઉભા થયા, પુરણ ચરીત્ર કાહાવ્યા; દ્રૂપતી પાસે પાંચ પુત્રો તેને ઉચકી લાવ્યા, ॥ ૪ ॥ જે સ્થળ પાન્ડવ સુઈ રહેલા, પુત્રો સુવાડયા ત્યાંય; પાન્ડવને લેઇ જઈ સુવાડયા, પુત્રોનિ પથારીમાંય. ॥ ૫ ॥ પછી સરવનું ધારણ ખેંચ્યું, ગઇ હતી તે નીંદ્રાય; એવામાં તો અશ્વસ્થામાઁ, ઝબકી જાગ્રત થાય. ॥ ૬ ॥ જાણ્યું કે મેં દુરીયોધનને, દિધો છે વીશ્વાસ; જો એટલું કામ નહી કરતો, રાય થશે નીરાશ. ॥ ૭ ॥ એમ સમજીને છાના ઉઠયા; જાણે છે જગધીશ; પાન્ડવની જગે પાંચ પુત્રો, તેનાં છેદયાં શીશ. ॥ ૮ ॥ મુસ્તકની ચોટલીયો ઝાલી, દડબડ દોડયા જાય;દ્રૂપતી તવ જાગી ઉઠી, પગ પડઘી સંભળાય. ॥ ૯ ॥ પછી પથારીમાં કર નાંખ્યો, પુત્રનો કરવા તપાસ; શરીર મોહોટાં માલુમ પડીયા, ઉપન્યો તનમાં ત્રાસ. ॥ ૧૦ ॥ વપુ વરતી કંથ જાણ્યા, એવામાં જાગ્યો ભેમ; દ્રૂપતી કહે મારી પાસે, કંથ સુતા છો કેમ. ॥ ૧૧ ॥ એટલામાં પાંચે ભાઇ જાગ્યા, દીપક પ્રગટ કીધો; અદલ બદલ ભોમી જાણિ. પુત્રનો તપાસ લીધો. ॥ ૧૨ ॥ જૈ પોતાની પથારીમાં જોયું, પુત્ર તણાં ધડ જોયાં, દ્રૂપતી કહે કપટ થયું, મુસ્તક કોણે ખોયાં. ॥ ૧૩ ॥ અશ્વસ્થામાને નવ દીઠા, એટલે બોલ્યા ધર્મ; વગર કહે વીપ્ર ગયો, એણે કર્યું આ કર્મ. ॥ ૧૪ ॥ એવામાંતો અશ્વસ્થામા, દુષ્ટની પાસે જાય; પાંચેનાં મુસ્તક લાવ્યો છુ, ઓ દુરીયોધન રાય.

॥૧૫॥ એવું આઘેથી વચન સુણિ, પાપી ઘણો હરખાય; એવે મુસ્તક આગળ ધરીયાં જે અશ્વસ્થામાય. ॥ ૧૬ ॥ તે ઓળખ્યાં મુસ્તક પાપીએ, એટલે ઉપજ્યો શોક, દેહમાંથી પ્રાણ નીકળી ગયો,જઈ પોહોચ્યો જમ લોક. ॥ ૧૭ ॥ દુરીયોધનને વરદાન હતું, હરખને શોક થાય; એટલે એનો પ્રાણ છુટે, તેથી બન્યું એમ ત્યાંય, ॥ ૧૮ ॥ એવી હકીકત ત્યાં બની છે, તંબુમાં બન્યું કેમ; અસ્વસ્થામાએ પુત્રો માર્યા સરવ ને પડીયો વેમ.॥૧૯॥ દ્રુપતી કહે કંથ માહારા, શત્રુના શીશપર નાહાવું; તે વીના બ્રહ્મહત્યા મુને, અન્ન નવ્ય નવ ખાવુ. ॥ ૨૦ ॥ એવું સાંભળી અરજુન બોલ્યો, ઓરે રણછોડરાય; રથ જોડો જૈ ઝાલીએ શત્રુ, નહીતો નાશી જાય. ॥ ૧૨ ॥ તવ પ્રભુએ રથ ત્યાર કીધો, હાંકવા બેઠા પોતે, અથોઆર લઇને માંહી બીરાજ્યો. અરજુન સુરો હતો તે, ॥ ૨૨ ॥ એટલે અશ્વ દોડાવ્યા પ્રભુએ; થયો તેનો ઘઘડાટ; અશ્વસ્થામાએ અવાજ સુણ્યો. તેથી નાઠા પુરપાટ, ॥ ૨૩ ॥ તેવે રથ પુઠે જઈ પોહોચ્યો, નાગપાસ પારથે સાધ્યા,તે બાણ મુકી ગુરૂ નંદના, બે ભુજ અવળા બાંધ્યા, ॥ ૨૪ ॥ અશ્વસ્થામા થર થર ધ્રુજ્યા, વાંકા દીવસ કાહાવ્યા; રથ સારસા અરજુને બાંધ્યા, તેડી તંબુએ લાવ્યા, ॥ ૨૫ ॥ દ્રુપતી રાણી રડયા કરે છે, વીપ્ર ઉપર ધરી દ્રેશ; એવે અસ્વસ્થામાને દીઠા, ઝડપીને ઝાલ્યા કેશ. ॥ ૨૬ ॥ એવે સમે અલબેલો બોલ્યા, ભગની સમાવો તાપ; જો હણશો ડેર બ્રાહ્મણને તો,લાગશે તમને પાપ. ॥ ૨૭ ॥ માટે વીપ્રનો જીવ ન લેવો, બોલીયા દીનાનાથ; ઓરે પારથ અશ્વસ્થામાના, છોડી નાંખો બે હાથ. ॥ ૨૮ ॥ અરજુને તવ હાથ છોડયા, અમ્મર નાસવા જાય; માંથાની ખોપરી નીકળી આવી દ્રુપતના કર માંય. ॥ ૨૯ ॥ ખોપરી સાથે મુસ્તક કેરો, મણી આવ્યો નીધાન; સોગન પાળવા તે પર બેશી, સતીયે કીધુ સ્નાન. ॥ ૩૦ ॥ ખોપરી વીના જીવ લેઇ નાઠા,દ્રોણ તણા સંતાન;આઘે જઇને ધનુશ ઉપર એક ચઢાવ્યું બાણ.॥૩૧॥ જાણ્યું કે માહારી ખોપરી કાઢી,માટે પ્રાક્રમ માંડું; પાન્ડવનો વંશ કાઢવા માટે, ઓત્રાનો ગરભ પાડુ. ॥ ૩૨ ॥ એવુ સમજી બાણ માર્યું, તે તંબુમાં જાય;ઓત્રા ઉપર તે બાણ આવ્યું, સમજ્યા જાદવરાય. ॥ ૩૩ ॥ પોતાનું સુદરસણ મુકયું, ગર્ભની રક્ષા કરવા; તે સુદરસણ ઓત્રા ઉપર, આવીને લાગ્યું ફરવા. ॥ ૩૪ ॥ એવે પેલું બાણ આવ્યું, ભેદવા ઓત્રાનું અંગ; પણ પ્રભુના સુદરસણે, તે બાણ કીધું ભંગ. ॥૩૫॥ ઓત્રાનો એમ ગર્ભ ઉગાર્યો; ભક્તનો વધવા

વંશ; એવો વશ ભુધરો ભકતોને,દુષ્ટોથી કરે દ્વંશ. ॥ ૩૬ ॥ સત્યવાદીનું પાલણુ કરે, ભક્તની વાહારે ધાય; ઓ જનમેજય એવી રીતે ઉ, ગર્યો તુજ પીતાય. ॥ ૩૭ ॥ ગદાપરવ હાંઇ પુરણુ થયું; ઉતરી તુજ હત્યાય,કાળા પડદા ધોળા થયા; કાળી ધોળી થઇ ગાય. ॥ ૩૮ ॥ કાળા તલ તે ધોળા થયા; પ્રત્યક્ષ એ પ્રમાણુ; કથા સાભળીને જનમેજે,કીધા ઘણું ગાૈદાન. ॥ ૩૯ ॥ સવાશો વિપ્રને ઉપવીત દીધાં, ઉલટ મનમાં વ્યાપી; સવાશો કન્યાદાન દીધાં, બ્રહ્મપુરીયો પણુ આપી. ॥ ૪૦ ॥ બ્રાહ્મણોને ભોજન દીધાં શ્રદ્ધા પુરવક સાર; ગદાપરવ પુરણુ હવું, જય જય જુગદાધાર. ॥ વળણુ. ગદાપરવ પુરણુ હવું, સુણુતા પોહોચે કોડ; વદે વલ્લભ સહુ બોલજો, જે જે શ્રી રણુછોડ.

ગદા પર્વ સમાપ્ત.

સ્ત્રી પર્વ.

કડવું ૧ રાગ સાખી.

વઇશમપાયે એણીપેર બોલ્યા,સુણ જનમેજેરાય;વીસ્તારી તુજને સંભળાવું સ્ત્રીય પરવ મહીમાય. ॥ ૧ ॥ ખોપરી વીના અશ્વસ્થામા, નાઠા થઈ ઉદાશ; નર્મદા ત્રડે સુરપાણ કેરી, ઝાડીમાં પુર્યો વાસ. ॥ ૨ ॥ એવે સમે સુર્ય ઉગ્યો, થયો છે પરભાત; સંજેજ્ઞાનીએ હસ્તીનાપુરમાં ગાન્ધારીને કહી વાત; તે સાંભળી ગાન્ધારી નાઠી, કલેશ ઘણો મન લાવી; રડતી પડતી ઉઠતી કુટતી, નીરદય ભોમીમાં આવી. ॥ ૪ ॥ ત્રાસ ભરેલી રડે તારૂણી, કારમો કરે પોકાર; રૂદન એનું સાંભળીને, રડીયા કુન્તી કુંવાર. ॥૫॥ કુન્તાજી તવ રડવા લાગ્યાં, સો પુત્રોની એ માડી; અરેરે પેટ બળે એનું કેવું, ભવીશ રેખા આડી. ॥ ૬ ॥ એ બાપ કોઇના પુત્ર ન મરશો,મરજો પેહેલાં મા બાપ; એવું એવું મનમાં લાવી; કરે ઘણો વીલાપ. ॥ ૭ ॥ સામળાયે સમજાવવા માંડયાં, પણ નવ સમજે વાત; અરેરે બધું ઉજડ થયું, કહી કરે આંસુપાત. ॥ ૮ ॥ પ્રભુયેં જાણ્યું દાખલા દીધા, વીના નહી રહે રોતાં;ગાન્ધારીની લીલા બતાવું, છાના રહે તે જોતાં. ॥૯॥ એવું સમજી ગાન્ધારીને, મુકી ક્ષુધા અપાર, તે વેળાએ રડવું ભુલી, ખાવા ખોળે તે વાર. ॥૧૦॥ એવામાં એક આંબો બનાવ્યો,મોહોટા ફળની કેરી;તવ જાણ્યું કે તે લેઇ ખાવું ક્ષુધા થઇ છે વેહેરી. ॥ ૧૧ ॥ એમ જાણિને રડવું મુકી, ફળ લેવાને જાય; તે સમે કુન્તા પ્રત્યે બોલ્યા, પોતે શ્રી જાદવ રાય. ॥ ૧૨ ॥ શાને રડો છો શાને રડો છો, મીથ્યા ધરો છો દુખઃ જુઓ રડતાં ગાન્ધારીને વાહાલામાં વાહાલી ભુખ. ॥૧૩॥ એવું કહીને દેખાડવાને, ઉભાં કર્યાં એકાન્ત; ગાન્ધારીની ચરચા જુએ છે, તેની રહી નહી ભ્રાન્ત. ॥ ૧૪ ॥ ચાલીને ગઇ આંબા નીચે, ખાવા પર છે રૂચી; લાંબે ભુજે ગઈ લેવા તો, એક વેહેંત કેરી ઉંચી. ॥૫॥ પોતાના સૌ પુત્રો પડેલા, તેમાંથી લાવી એક; તેના પર ચડીને ગઈ લેવા, તો પણ ઉંચી છેક. ॥ ૧૬ ॥ બીજો દીકરો લાવિ ખડકયો,જેમ જેમ ઊંચી થાય;તેમ તેમ કેરી પ્રભુ લીલાથી, ઉંચી ને ઉંચી જાય. ॥ ૧૭ ॥એટલે ત્રીજો ચોથો ખડકયો,

ચઢી લેવા આશ રાખે; તોપણ કેરી હાથ ન આવે, તેમ તેમ પુત્રો નાંખે ॥૧૮॥ સો એ પુત્રોને ઉપરા ઉપરી,નાંખી ઢગલો કરિયો; તેના ઉપર ચઢીને ઉભી, કેરિનો બાચ્કો ભરિયો. ॥ ૧૯ ॥ તવ તંબુમાં મોહન બોલ્યા,જુઓ ભ્રાતને માત; જનેતા પણ ખાધાની સગી, તમે કર્યું કલ્પાંત. ॥ ૨૦ ॥ તે જોઈ કુન્તા વિસ્મય પામ્યાં, ગાજીને બોલ્યાં વાણી, અરેરે તમે આ શું કરો છો, ગાન્ધારી જેઠાણી. ॥ ૨૧ ॥ તવ ગાન્ધારાએ સાંભળ્યું કાને, સરમાઇ મતીની માઠી;પુતરોથી પડતુ મુકી, જીવ લેઇને નાઠી.॥૨૨॥ કુન્તાજી કહે વાહાલામાં વાહાલું, પ્રાણી માત્રને પેટ; તે પછી બીજુ બધુ વ્હાલુ; પણ પેટથી સૌ હેઠ. ॥ ૨૩ ॥ જનેતાને દાઝ ન લાગી, તો પછી બીજાને શાની; ઓ માહારાજા સંસાર લીલા, સ્વારથની મેં માની. ॥૨૪॥ એમ કહી સરવે મન વાળ્યું, તંબુમાંથી નિસરીયા; જ્યાં કૌરવનાં શબ પડયાં છે; ત્યાં આગળ પરવરિયા. ॥ ૨૫ ॥ બહુ કાષ્ટ લાવી ચીતા ખડકી, શબ મહી મુકયાં સાર; વીધી પ્રમાણે નીકુળ પાસે, કરાવ્યો સૌ સંસ્કાર. ॥ ૨૨ ॥ અગ્નિથી દહન કરીને, શુભ સરોવરે જાય; સ્નાન કરીને લોકીક કરતાં, આવીયાં તંબુ માંય. ॥ ૨૭ ॥ પછી પાન્ડવ છઠ્ઠા શ્રી કૃષ્ણ, ભીશમજી પાસે જાય; બાણ સજ્યા પર પોઢેલા છે, પોતે ભીશમ પીતાય. ॥ ૨૮ ॥ ત્યાં આવીને ચરણે લાગ્યા, કરવા બેઠા મનસુબા; ઓ દાદા નિરદય ભોમીમાં, છ જણ છીએ ઉભા. ॥ ૨૯ ॥ બીજા બધાનો નાશ થયો, કહો હવે કેમ કરીયે, ભીશમપીતા કહે ચાલો સરવે, હસ્તીનાપુર પરવરીયે. ॥ ૩૦ ॥ થવાકાળ હતું તે થયું, બનવાનું બન્યું કાજ; ધત્રાષ્ટ્ર પાસે અપાવું; તે તમે ભોગવો રાજ. ॥ ૩૧ ॥ કુટુંબ મરણની ક્રીયા કરવી, હઈ રેહેવું કેમ ફાવે; તવ પાન્ડવ રથ પોતાનો જોડી, ભીશમને તંબુએ લાવે. ॥ ૩૨ ॥ રથમાં દાદાને સુતા રાખ્યા, સરવે થયા તઇયાર; કુન્તા દ્રૂપદીને સુભદ્રા, ઓત્રા આવી બાહાર. ॥ ૩૩ ॥ ચારે અબળા એક રથ બેઠી, જુજવા રથે સહુ સાથ; અરજુનનો રથ હાંકવા બેશી, સંગ ચાલ્યા શ્રી નાથ. ॥ ૩૪ ॥ એવે બળદેવ યાત્રા કરીને,આવ્યા કુરૂક્ષેત્ર; કૌરવ મરણની વાત સુણિ, ફરી ગયાં છે નેત્ર. ॥ ૩૫ ॥ શામળીયો તવ સંતાયા રથમાં, નરને શીખામણ દેઇ; બળભદ્રને નમી પડજો, દુષ્ટના એ છે સ્નેહી. ॥ ૩૬ ॥ એવે હળધર પાંન્ડવ પાસે, આવીને પુછી પેર; અરજુન કહે કર્મસંયોગે, થયો કારમો કેહેર. ॥૩૭॥ રાજ અમારૂં અમને ન આપ્યું, સમજાવ્યા સમજ્યા ન-

કોય; પુછી જુઓ ભીશમપીતાને, તવ મન શાન્તી હોય. ॥ ૩૯ ॥ એવાં દીનતાનાં વચન કહ્યાં, બળદેવ પાછા વળીયા; એટલે પાછા રથ હાંકવાને,બેશી ગયા શામળીયા. ॥ ૩૯ ॥ પાંચ પાંન્ડવને છઠ્ઠા પ્રભુજી, સાતમા ભીસ્મપીતાય;કુન્તા સહીત ચાર નારી, કુરૂક્ષેત્રથી જાય. ॥૪૦॥ નીરદય ભોમીની બહાર નીકળીયા,આવ્યો દયા ભોમી ભાગ; એટલે પાન્ડવને હાય લાગી,ઉજડ થયો લીલો બાગ. ॥ ૪૧ ॥ ચાર નારીને પાંચ પાન્ડવ, પ્રથવી નાંખ્યાં પડતાં, રૂદીયા આંસુ છુટે, ત્રાસ ભરેલાં રડતાં. ॥ ૪૨ ॥ વળણુ. ॥ ત્રાસ ભર્યા રડતાં બહુ, પ્રગટયો તનમાં તાપ; વદે વલ્લભ બેહે બાકળાં, થઇને કરે વીલાપ.

કડવું ૨ રાગ કાફીનો.

હાંરે બોલ્યા વઇશમપાયે વચન,સુણ પરીક્ષત કેરા તન, હાંરે રડે કુન્તા કરીને પોકાર; હાય નાશ થયો પરીવાર, હાંરે કીધો ધનને સારૂ મેં દ્વંશ; કાઢયો જેઠ તણો બધો વંશ હાંરે પુત્ર પરીવારથી વાહાલી પુંજી; એવું કરવાની કરણિ સુજી. હાંરે હુંતો જીવતી રહી ઘોજારી, આવી સગાને ગરદન મારી. હાંરે લીલી વાડી નાંખી સુકાવી, મને કાંઈ દયા ન આવી; હાંરે હવે નગ્ર સામુ શું ભાળું, હુંતો કરી આવી માહારૂ કાળું; હાંરે માહારૂ મોડુ શું જગમાં બતાવું; હવે હસ્તીનાપુર કેમ જાવું. હાંરે મારે જોઇતું નથીરે વતન, કરૂ કાયા હું માહારા પતન. હાંરે રાજા ધર્મ રડે છે અપાર; હાય આ શું થયું કીરતાર, હાંરે માહારી કેમ ફરી ગઇ મતી, નામ પ્રમાણે ગુણ ગ્રહયો નથી; હાંરે લાગ્યું લાન્છન મુજને મોહોટું, બધા વીશ્વમાં કહેવાયું ખોટું; હાંરે મહારે રામજી મુજપર રૂઠયો, કુળ ક્ષય કરવા પ્રેમ ઉઠયો; હાંરે એમ રડતા પાંચે વીર, વહે ચોધારે નેતરોમાં નીર. હાંરે ઘણું સમજાવે ભીશ્મપીતાય, વળી સમજાવે જાદવરાય; હાંરે ઘણા યત્નથી પંથ ચલાવ્યાં, સરવે હસ્તીનાપુર આવ્યાં, હાંરે તવ સોએ ભાઇની સો નારી, આવી રડતી સાથે ગાન્ધારી; હાંરે એક એકને આંસુ છુટે; કૌરવ કેરી કામનીયો કુટે;હાંરે ભાણુમતી ઘણી વલવલતી; એતો કોઇની ખાળી નથી ખળતી, હાંરે કરે પ્રથવી પડીને પોકાર, હાય કયાં ગયો રાજ કરનાર; હાંરે જગમાં કહેવાયા છત્રપતી, માહારૂં વેણ ઉથાપ્યું નથી, હાંરે સુને સુખ સાગરનું દીધું, શતરૂ પાંન્ડવે છીનવી લીધું, હાંરે

મુને ભર્યારે અમરતમાંથી કાહાડી, બધુ જીવતર નાંખ્યું બગાડી, હાંરે પછી સરવે વળાવ્યુ મન, એવે આવ્યા ક્રીયાના દન; હાંરે તેડયા ધરમે સૌ દેશના રાય, કરી દશા એકાદશ ત્યાય; હાંરે કરી દ્વાદશાની ક્રીયા, ત્રયોદશા સહીત સારીયા. ॥ વળણુ ॥ પરીપુરણ ક્રીઆ કરી, બે દીવસ વહી જાય; વ્યાશ વલ્લભ વાણી વદે, તો પણ રહ્યા સહુ રાય.

કડવું ૩ રાગ મારૂની છાયા.

વૈશમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સ્ત્રીયા પરવ મહીમાય. ॥ ૧ ॥ ચોરાશી હજ્જાર દેશના રાજા, લોકીકે આવ્યા હતા; પાન્ડવ ગાદીએ બેઠા વીના, ઘેર કોઇ નથી જતા. ॥ ૨ ॥ નજર બાગ છે મોહોલ પાસે, પીંપળાનું વૃક્ષ માંય; બાણ સજ્યાયે ભીસ્મપીનાને, રાખી મુકયા છે ત્યાંય. ॥ ૩ ॥ તેમની પાસે સારા સારા, ક્ષત્રીના સુત જાય; જઇ કહ્યું રાજ દો પાન્ડવને, ઓરે ભીસ્મપીતાય. ॥ ૪ ॥ એટલે ધ્રત્રાષ્ટરને બોલાવ્યો, બાગમાં ગંગા તન; સરવના સાંભળતાં પુછયું, વદ્યા વૃદ્ધ વચન. ॥ ૫ ॥ રાજ્યાસન સુનુ નવ શોભે, સુની રહે નવ ગાદી; તારા કહ્યા વણ ગાદી ન બેસે, ધર્મ રાજા સત્યવાદી. ॥ ૬ ॥ માટે શી છે મરજી તાહારી, ક્ષત્રીયો પુછવા આવ્યા; એવે અનુચર મોકલીને, પાન્ડવ કૃષ્ણ બોલાવ્યા. ॥ ૭ ॥ એવામાં ધ્રત્રાષ્ટર બોલ્યો, છે દલમાં બહુ દાજ; સો સો દીકરે વાંજીયો કીધો, માટે ન આપું રાજ. ॥ ૮ ॥ ભીસ્મપીતા કહે જો કહુ તુને, હાથે કરીને દેવું; નહીતો સરજોરીથી લેશે, તો માન્ય તારૂં કેવું, ॥ ૯ ॥ હૈયાનાં હેત તુટી જાશે, ફરીથી નહીં સે ભાવ; તે કરતાં દે તુ તારે હાથે, લે જગતમાં જસ લાહાવ. ॥ ૧૦ ॥ એવું સાંભળી અંધ બોલ્યો, સરજોરીથી છો લેતા, જોવું જો રાજ્ય ભોગવે કેવું, કેવાક સુખમાં રેહેતા. ॥ ૧૧ ॥ એટલે ધરમ રાજા બોલ્યા, સાંભળજો મુજ તાત; તમારી સાથે કોઇ કાળે. કરવો નથી ઉતપાત ॥ ૧૨ ॥ રાજ દેવાની મરજી તમારી, હશે નહી કદાપી; તો વનમાં વ. ા વશીશું. સઘળું તમને આપી. ॥ ૧૩ ॥ તમારૂં મન દુભવીને, જો લેઇએ આ રાજ; તો તેમાં સુખી નવ થૈયે, કાંઇ ન સુધરે કાજ. ॥ ૧૪ ॥ જીવ દુભાવીને કોઇ લે કાંઇ, તે નવ થાયે સુખી; ચાર ઘડી સુખડુ દેખે પણ, છેવટ દુખીનો દુખી ॥ ૧૫ ॥ એટલે બોલ્યા ભીસ્મપીતા, સુણ ધ્રત્રા-

ષ્ટર રાય; કેવી નીરમળ વાણી ધરમની, શત્રુને આવે દયાય. ॥ ૧૬ ॥ વચન વદે છે દીનતાનાં, વચન સરવનું થાપો; ઓ ધત્રાષ્ટર અમારે કહયે, રાજ્યાસન તમે આપો. ॥ ૧૭ ॥ ધત્રાષ્ટર તવ રડી પડીયો, મારૂં ભાગ્યું ધરસુત્ર; ભીશમપીતા કહે કૈં નથી ભાગ્યું, આ યાંચ તારા પુત્ર. ॥ ૧૮ ॥ તારાથી વીપ્રીત નહી વરતે, પાળશે તુજ આજ્ઞાય; નથી અધરમી ધર્મરાજા, કરશે તુજ શેવાય. ॥ ૧૯ ॥ એવી રીતે બહુ સમજાવ્યો, પુરણ વળાવ્યું મન; એટલે છેવટ અંધ બોલ્યો, દાદા સુણો વચન. ॥ ૨૦ ॥ રાજી થઇને રાજ આપુ, જો દ્વેશ બુદ્ધી ટળે; તો પાંચે ભાઈ પાવલે લાગે, એક એક મને મળે. ॥ ૨૧ ॥ હું જાવું માહારા મેહેલ વીશે, ત્યાં મળવાને આવે; તે પછી કાંઈ વહેર ન રાખું, પ્રપંચ મનમાં લાવે. ॥ ૨૨ ॥ એમ કહીને મેહેલમાં ગયો, સાંભળજે રાજન; પાન્ડવને લેઈ મેહેલમાં ગયા, પોતે જુગજીવન. ॥ ૨૩ ॥ ધત્રાષ્ટરે મન વીચાર્યું, સઉપર રાખુ મેહેર; એકલા ભીમને બાથમાં ઘાલી. મારી નાંખું કેર. ॥ ૨૪ ॥ એટલે મહારૂં વેહેર વળીયું, મનમાં ન રાખવું ઝેર; એવા વીચાર એના મનના, જાણી પ્રભુએ પેર. ॥ ૨૫ ॥ ધત્રાષ્ટર ઉભો એક જગે, કહ્યું કે વીતે લાહાવો; ઓરે દીકરા એક એકે મળવા મુજને આવો. ॥ ૨૬ ॥ એટલે પેહેલા ધરમ ચાલ્યા, જઇને જોડયા હાથ; ધરમરાયને પાસે બોલાવિ, ચાંપ્યો રૂદીયા સાથ. ॥૨૭॥ મુસ્તક ઉપર હાથ મુકયો, ઘણુ જીવો મુજ તન; કુશળ રેહેજો ધરમ બેટા, ભોગવો રાજ્યાસન. ॥ ૨૮ ॥ એવું કહીને ધરણે મુકયા; એટલે અરજુન જાય; દો આશીરવાદ મુને પીતાજી, કહીને લાગ્યો પાય. ॥ ૨૯ ॥ તવ તેને રૂદે ચાંપીને, દીધી બહુ આશીશ; શેદેવ નીકુળ તે પણ મળીયા, પછી ચેત્યા જુગધીસ. ॥ ૩૦ ॥ લોહ વજ્જરનો ભીમ બનાવ્યા, સમજાવ્યો વાયુના તનને; ધત્રાષ્ટરે ભીમને બોલાવ્યો, કપટ ધારી મનને. ॥ ૩૧ ॥ એટલે બોલ્યો સુત વાયુનો, તાતજી લઇયે લાહાવો; હું છું જાડો તે નથી ચલાતું, તમો આગળ આવો. ॥૩૨॥ લોહ તણા ભીમની કનેથી, કાકાને ભીમે બોલાવ્યો; એટલે આંધળો મીઠુ મીઠુ, બોલતો લગભગ આવ્યો. ॥ ૩૩ ॥ તવ વ્રકોદર આઘો ખશીયો, જોયા કરે સહુ સાથ; આંધળે આવી લોહના ભીમને, બળમાં ભીડાવી બાથ. ॥ ૩૪ ॥ આંધળો બોલ્યો સો સુત માર્યા, તેં બહુ કીધો કેર; તેથી એકલા તુને મારૂ, લેઉછું વેહેર વેહેર. ॥ ૩૫ ॥ એમ કહીને બહુ બળ કીધું, જણાવ્યું સાચુ સુર; લોહના ભીમને દ-

બાવીને કરી નાંખ્યો ચકચુર. ॥ ૩૬ ॥ તવ અરજુને પાખંડ ક્રીધું, આ શું કર્યું મુજ તાત; દગો કરી મુજ બંધુ માર્યો, કીધી વીશ્વાસઘાત. ॥ ૩૭ ॥ ધત્રાષ્ટર કહે કોઇ ન રડશો, સમજાવો દીનાનાથ; હવે હું કોઇપર નહી વેહેર રાખુ, ચારે ઉપર ચાર હાથ. ॥ ૩૮ ॥ માહારા પુત્રે પ્રથમ પેહેલું, ભીમને દીધું ઝેર; તો પણ મુએલો, જીવતો થૈને, ચાલી આવ્યો ઘેર. ॥ ૩૯ ॥ લાખાભોવનમાં મરણ પામેલો, ફરીથી જીવતો થયો; પણ આ વેળા એવો માર્યો, જીવ સમુળો ગયો. ॥ ૪૦ ॥ અરજુનજી કહે નારે કાકા, એતો જીવતો થાશે;અંધ કહે તું મીથ્યા બોલે, વાત સાચી નવ ભાસે. ॥ ૪૧ ॥ તે કરતાં જો જીવતો થાયે, તો સત્ય માનુ આપ; તે પછી કદી વેહેર રાખું તો, બ્રહ્મહત્યાનું પાપ.॥૪૨॥ એટલે અરજુનજી એમ બોલ્યો, બોલાવો ભીમ કહીને; એટલે તમને જવાબ દેશે, મુએલો જીવતો થૈને. ॥ ૪૩ ॥ આંધળાયે તવ ઘાંટો કાહાડયો, બેટા હું તુજપર ત્રૂઠયો;એવું વચન સાંભળીને, ભીમશેન બોલી ઉઠયો. ॥ ૪૪ કેમ છે કાકા કેમ છે કાકા, જીવ્યો તમ પરતાપ; ધત્રાષ્ટર કહે મળી જા મુને, દગો કરૂં તો પાપ. ॥ ૪૫ ॥ એટલે ભીમશેન ગયો મળવા, જાતાં જરા નવ કાંપ્યો, ધત્રાષ્ટરે હેત કરીને, રૂદીયા સરસો ચાંપ્યો. ॥૪૬॥ જાવો બેટા જીવતા રેહેજ્યો, સુખ રૂપ ભોગવો રાજ; હવે ભય રાખીશ નહી માહારો, ના રહી તુજ પર દાજ. ॥ ૪૭ ॥ એવી રીતે આશીશ દીધી, સુણ જનમેજે રાય; સ્રી પરવ હાઇ પુરણ થયું, ઉતરી તુજ હત્યાય. ॥ ૪૮ ॥ તવ શામ પડદા સ્વેત થયાને, સ્વેત થઇ કાળી ગાય; કાળો પડદો ધોળો થયો, તર્ત પ્રમાણ દેખાય. ॥૪૯॥ રાજાએ બ્રહ્મ ભોજન કરાવ્યાં, વિપ્ર ઉપર બહુ હીત; સવાસો કન્યાદાન દીધાં, સવાશો ઉપવીત. ॥ ૫૦ ॥ સવાશો બ્રહ્મપુરીઓ આપી, વળી દીધાં ગૌદાન; શ્રદ્ધા રાખી સુણવા બેઠો, સુણ જનમેજે રાય. ॥ ૫૧ ॥ વળણ. ॥ શ્રોતાજન સહુ સાંભળો, પોહોચે મનના કોડ; વદે વલ્લભ સહુ બોલજો, જે જે શ્રી રણછોડ. ॥

સ્રી પર્વ સમાપ્ત.

અનુશાસન પર્વ.

કડવું ૧ રાગ સાખી.

વૈશમપાયે એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, અનુશાસન પર્વ કથાય. ॥ ૧ ॥ કાકાને મળી પાન્ડવ નીકળ્યા, નજર બાગમાં જાય; ધત્રાષ્ટર પણ પુઠે આવ્યો, જ્યાં છે ભીસ્મપીતાય. ॥ ૨ ॥ ત્યાં આવીને અંધ બોલ્યો, સુણે છે સહુ રાજન; એ દાદા હવે વેર ઝેર મુકી, આપીયું રાજ્યાસન. ॥ ૩ ॥ પૈસો પુંજીને રાજધાની, સઘળી પાન્ડવ કેરી; સરવ મળી ગાદીએ બેસાડો, લે દેશ સઘળા ઘેરી. ॥ ૪ ॥ એમ કહીને મેહેલમાં ગયો, બોલ્યા ભીસ્મપીતાય; સરવ રાજાને જગધીસ મળી, બેસાડો ધરમરાય. ॥ ૫ ॥ ધરમને ગાદીએ બેસાડો, તે પછી થાવો વીદાય; એટલે સરવે રાજી થઇને, સ્થીતી કરી સહુ રાય. ॥ ૬ ॥ અઠયાસી શસ્ત્ર રૂશી તેડાવ્યા, કર્યો પક્કા અભીશેક; નગ્રને ફરતી ધારાવાડી, પયની કરી વીવેક. ॥૭॥ બ્રાહ્મણના કેહેવા પ્રમાણે, કીધી સરવે વીધી; પ્રથમ ગાદીનું પુજન કીધું, કરૂપતી સાથે લીધી. ॥૮॥ નગ્રમાં દુદંભી ડંકા વાગે, આનંદ છે ઘેર ઘેર; આશોપાલવ તોરણ બાંધ્યાં, રહીઅત ઉપર મેહેર. ॥ ૯ ॥ ઢોલક ભુંગળ છત્રીસ વાજાં, મરદંગ ઝાંઝને તાલ; ઘેર ઘેર નીશાન ફરકે, ઉડે અબીલ ગુલાલ. ॥ ૧૦ ॥ વસ્ત્ર આભુશણ પેહેરીને ફરે, રાજાને રહીઅત લોક; આનંદ ઉરમાં ઉભરાય સહુને, ન મળે સંતાપ શોક. ॥ ૧૧ ॥ ગાયને ગળે ગાળો ન મળે, કોઇ નહી દુઃખ દરીયે; પશુ પક્ષી કો નહી બંધન, પોપટ નહી પીંજરીએ. ॥ ૧૨ ॥ બંધીજનોની બંધી તોડી, વરત્યો જય જયકાર; યાચક લોકો યાચવા આવ્યા, જે જેનો અધીકાર. ॥ ૧૩ ॥ પરદેશી લોકોને ઉતરવા, બંધાવ્યા છે વીસરામ; પરાયાને જમવા અન ક્ષેતરો, જળ થળ ઠામો ઠામ. ॥ ૧૪ ॥ આખા ગામમાં રોશનાઇ રાતે, ચાલ્યા કરે ધામધુમ; કોઇ સ્થળે ચોરી ચખારીની, કાંઇ ન પડે બુમ. ॥ ૧૫ ॥ એવામાં શુભ મુહુરત આવ્યું, ચાર ઘડી દન ચડતે; તે વેળા ગાદીએ બેસવાનું,દુદંભી ડંકા પડતે. ॥ ૧૬ ॥ વળણ. ॥ દુંન્ડભી પર ડંકા પડે, ગરગડે બહુ નાશાન, વદે વલ્લભ તેવે સમે, ધર્મ રહ્યા સાવધાન. ॥

કડવું ૨ રાગ ધોળનો.

બોલ્યા બોલ્યા વૈશમપાયે વચનરે, સાંભળ સાંભળ જનમેજે રાજનરે. ॥ ૧ ॥ નાહી ધોઇ સ્વચ્છ થયા ધર્મરાયરે; પંચાળી પણ આવી ઉભી છે ત્યાંયરે; ॥ ૨ ॥ ધરમરાયે અંગ ધર્યા હથીઆરરે; દ્રૂપતીએ પેહેર્યા છે શોળ સણગારરે. ॥ ૩ ॥ નગ્ર કેરી નારીયો ગીતાં ગાયરે; બ્રાહ્મણ મુખથી આશીશ વચન થાયરે. ॥૪॥ રણછોડરાયને ભક્ત ઉપર પ્રીત વ્યાપીરે; સરવે ધરમનો કર ગ્રહી ગાદી આપીરે, ॥૫॥ ધરમરાજા બેઠા ધરીને ઉમંગરે, દ્રૂપતીને પોતે લીધી અરધંગરે. ॥ ૬ ॥ તે વેળાએ જય જય બોલી સૌ શ્રષ્ટીરે, રહીયત રાયે કરી બહુ પુષ્પની વૃષ્ટીરે, ॥ ૭ ॥ કુમકુમ કેશર ચંદન છાંટયાં છે તાંયરે; દેખી દેખી સહુજન ખુશી થાયરે. ॥ ૮ ॥ કનક મોહોરો રૂપા મોહેરો ઉછાળીરે; નીરધન લોકો તે લે છે વાળી વાળીરે. ॥ ૯ ॥ ગાદી બેશી વીવીધનાં કર્યા પુન્યરે, દાન દેવામાં કાંઇ ન રાખી નુન્યરે. ॥ ૧૦ ॥ જાચક જાચે મન રાચે તેવું આપેરે; બ્રાહ્મણોને દે છે બ્રાહ્મણના માપેરે. ॥ ૧૧ ॥ પછી દીધી આગના ધર્મ રાજનરે, હવે સરવે પ્રાણીને કરાવો ભોજનરે. ॥ ૧૨ ॥ એટલે દીધી આગના જુગજીવનરે; સરવ સરવના વીવેકે કરો આસનરે. ॥ ૧૩ ॥ એટલે આસન કીધાં વરણ પ્રમાણેરે; સહુને ભોજન પીરસાવીયાં તે ટાણેરે. ॥ ૧૪ ॥ બહુ પરકારે સામગરીને સોઇરે, ત્રપ્ત થયા જમનારા સહુ કોઇરે. ॥ ૧૫ ॥ પછી સહુને અપાવીયાં મુખવાસરે કોઇ જીવને રાખ્યો નહી નીરાશરે. ॥ ૧૬ ॥વળણ ॥ સહુ પ્રાણી ત્રપ્તી કર્યા, પછી કરે સભાય; વદે વલ્લભ મુખ બોલીયા, પોતે ધરમરાય.

કડવું ૩ રાગ સવૈયાનો.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, અનુશાશન પર્વ કથાય, ॥ ૧ ॥ સભા કરીને ધરમ બેઠા, કીધો મુખ ઉચ્ચાર; ભીમશેનભાઇ તોડી નાંખીને, લુંટાવી દો ભંડાર. ॥ ૨ ॥ અધર્મનું અતી ધન મેળવેલું, આપણે નહી ઉપયોગી દુરિયોધનનું દ્રવ્ય છે એવું, તેના ન થાવું ભોગી. ॥ ૩ ॥ એવી આજ્ઞા ભીમને આપી, ચાલ્યો વાયુ કુંવાર; ખરેખરા ખજાના ભરેલા, તે તોડયા ભંડાર. ॥ ૪ ॥ લોકોને બોલાવી લુંટાવી દીધો; એક ન રાખી

કોડી, ખાદી કરીને આવ્યો સભામાં, ખબર કહી કરજોડી. ॥ ૫ ॥ ઓ ભાઇ ભંડાર દીધો લુંટાવી,તવ બોલ્યા ભગવાન; ક્ષત્રીઓને સરપાવ દેવા, ઓ કુન્તી સંતાન. ॥ ૬ ॥ તમે તો ધન ઉડાવિ બેઠા, વિચાર્યો નહી દાવ; ખજાના ખાલી કર્યા તે, કયાંથી દેશો સરપાવ. ॥ ૭॥ એટલે ધરમે ગામના ગ્રહસ્થો, બોલાવ્યા પોતાની પાસ; દેવું કરીને નાણાં લીધાં, પ્રસન થયા અવીનાશ. ॥ ૮ ॥ જેવો જેવો રાજા તેવો, આપે છે સરપાવ; તે દેખીને સર્વનો થયો, પાંડવ ઉપર ભાવ. ॥૯॥ એકે એકે જઇ જુહાર કીધા, ધર્મ કને જઇ ઠેઠ; સઉ સઉની સંપત પરમાણે, પાડવને કરી ભેઠ. ॥ ૧૦ ॥ પછી સરવે વીદાય માગી, થયા વાજીંત્રના નાદ; બ્રાહ્મણોએ ઉભા થઇને, દીવા આશીરવાદ. ॥ ૧૧ ॥ જય જય કહેતાં સરવે પ્રાણી; થઇ ગયાં વીદાય, અનુશાસન પરવની કથા, આ સ્થળ પુરણ થાય. ॥૧૨॥ જનમેજેજય તારી ઉતરી હત્યા, પાપથી થયો મુક્ત; પ્રેમ થકી બહુ પુન્ય કીધાં, રાજાએ વીધી યુક્ત. ॥ ૧૩ ॥ કાળા પડદા ધોળા થયા, ધોળી થઇ ગઇ ગાય; કાળા તલ તે ધોળા થયા, પ્રમાણ એ દેખાય. ॥ ૧૪ ॥ બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં. લળી લળી લાગ્યો પાય; પુરણ મનથી શ્રદ્ધા રાખી, તવ ઉતરિ હત્યાય. ॥ ૧૫ ॥ વળણ. ॥ હત્યા એની ઉતરી, શ્રોતા સણો કરજોડ; કહે વલ્લભ સહુ બોલજો, જે જે શ્રી રણછોડ.

અનુશાસન પર્વ સમાપ્ત.

શાન્તી પર્વ.

કડવું ૧ રાગ સાખીની ચાલ.

વૈશમપાયે એણીપેર બોલ્યા; સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, શાન્તી પરવ મહિમાય. ॥ ૧ ॥ ધરમરાજા ભોગવે ગાદી, દિવસ વિત્યા સાત; પોતાનું કુટુંબ હણ્યું તે, સાંભળી આવી વાત. ॥૨॥ એટલે ગયા ભીશમની પાસે, પોતે ધરમરાય; પાસે બેશી રડવા લાગ્યા, પુછયું ભીશમપીતાય. ॥ ૩ ॥ ઓ દિકરા તું કેમ રડે છે, તવ બોલ્યા રાય ધર્મ; કુટુંબનો મે નાશ કીધો,માહા માઠું થયું કર્મ. ॥૪॥ મુજ માથે થઇ જગતની કેહેણિ, મુજ મન એમ કહે છે; દાદા મુજને એ શું સુજ્યું, માટે આંસુડાં વેહે છે. ॥ ૫ ॥ રાજ્યાસન નોહોતું જે વારે, તે વારે પેટ ભરતો; રાજ્યાસન હાલ પામ્યો તોહે તેટલું ભોજન કરતો ॥ ૬ ॥ તે દાહાડે શું હાની હતી, અત્યારે શો લાભ; નકામી ઉપાધી લીધી, ઘાલ્યું ઉંડળમાં આભ. ॥ ૭ ॥ કુળ નિકંદન કરિને બેઠા; પડી ગઈ ભુલ ભ્રાન્તિ; કંકાસ ચાલે છે મુજ મનમાં, વળતી નથી કાંઇ શાંન્તિ. ॥ ૮ ॥ માટે ગાદી સોંપો કોઇને, મુજને વનમાં કહાડો; સંસારમાં રાખવો હોય મુને, તો તો શાન્ત પમાડો. ॥ ૯ ॥ એવું સાંભળી ભીશ્મ બોલ્યા, મનથી મીથ્યા લે માની;કરો સમાગમ સામળીયાનો, માહા જ્ઞાનીના જ્ઞાની. ॥૧૦॥ જગતપતી છે મોક્ષના દાતા તે તુને કરશે જ્ઞાન; કોણે માર્યા ને કોણ મુઆ, ભુલી ગયો તું ભાન. ॥૧૧॥ કોઇનો માર્યો નથી મરતો, આત્મા ચૈતન્ય જેહ; અછેદ અભેદ અમ્મર સદા, અખંડ જાણવા તેહ. ॥૧૨॥ પરમાત્મા પુરણ બ્રહ્મ જે છે, ચૈતન્ય સદાકાળ; તેની ગતીના આત્મા સરવે, ઓરે ધર્મ ભુપાળ. ॥ ૧૩ ॥ જેવો સુર્યને સુર્યનો પ્રકાશ; સમજાવું તે ભેદ; ઘણુ કઠીણુ સમજવાનું, મર્મમાં વદે છે વેદ. ॥ ૧૪ ॥ સુર્ય ઠેકાણે પરમાત્મા જાણો પ્રકાશ સ્થળ આત્માય; વળી બીજો દાખલો દેવું, ઓરે ધરમરાય. ॥૧૫॥ દિપક જેવો પ્રકાશ તેવો, પણ તેમાં બહુ ફેર; તે રિતે આત્મા પરમાત્મા, સમજતાં થાય ઝેર. ॥ ૧૬ ॥ પરમાત્મા દીપક ઠેકાણે,

જીવાત્મ પ્રકાશરૂપે સરખા પણ શક્તીમાં, જુદા જુદા તપાસ. ॥ ૧૭ ॥ દીપક કશી વસ્તુ માંહી, પ્રવેશ નવ્ય કરાય; જો કદી પ્રવેશ થાયે તો તે વસ્તુ બળી જાય. ॥ ૧૮ ॥ પ્રકાશનો પ્રવેશ સઘળે, થાય તો પણ નવ બળે; દીપકમાંને પ્રકાશમાં બહુ, જોતાં ફેર નીકળે ॥ ૧૯ ॥ જડ બુદ્ધીવાળો એક માને, ઓરે ધરમરાય; જોનારને જોવાની વસ્તુ, બેઉ જુદાં જણાય. ॥ ૨૦ ॥ દીપક સદાકાળ હોયે તો, પ્રકાસ સદાકાળ; પ્રકાશ રૂપી પરમાત્માનિ, ગતિ સમજ ભુપાળ. ॥ ૨૧ ॥ તે ગતીના સૌ જીવાત્મા, દીપક પુરણ બ્રહ્મ; સંસ્કારિ હોય પુરવ જન્મનો, તે જનને પડે ગમ. ॥ ૨૨ ॥ ખસખસના દાણાનો અંકુર, તેના અણુનો અણુ, વાસના લીંગે બંધાઈ રહ્યો, પ્રકાશમાં શું ગણુ. ॥ ૨૩ ॥ બ્રહ્મને બ્રહ્મની ગતી બીજી, ત્રાજી છે જડ માયા; તે માયા ચૈતન્યથી ચૈતન્ય, થૈ બંધામણિ કાયા. ॥ ૨૪ ॥ એ મુળ માયા છે ત્રીગુણિ, રજો તમો ને સત્વ; તે ત્રણ ગુણોથી ઉત્પન થયાં, કાયાનાં ચોવીશ તત્વ. ॥ ૨૫ ॥ પચીસમો આત્મા ગણ્યો છે, કોઇ ગણે વીશેશ; જ્યાં ત્યાં એનું એ સમજવાનું, તેથી મુક્તી નહી લેશ ॥ ૨૬ ॥ સમજીને સમજવું કહું તે, સાંભળ ધરમરાય; પ્રથમ સુખ્યાત્મા થઇને, જાણવા પરમાત્માય. ॥ ૨૭ ॥ પુરણ તેનું જ્ઞાન લેઇ, તેમાં દેવું લક્ષ; પુરણ યોગાભ્યાસ કરતાં; ઉઘડે છે જ્ઞાન ચક્ષ. ॥ ૨૮ ॥ જ્ઞાન વડે મુક્તા પામીને, મોક્ષ તણું પદ પામે, આવાગમન ટળે તેનો, લક્ષ ચોરાશી વામે. ॥ ૨૯ ॥ એટલે બોલ્યા ધરમરાજા, ઓરે ભીસ્મપીતાય; મનુશ કેરો દેહ પામી પ્રથમ શો ઉપાય. ॥ ૩૦ ॥ વળણ. ॥ પ્રથમ ઉપાય શો મનુશને, સમજાવો કરિ કરૂણાય; વ્યાસ વલ્લભ એમ ઓચરે, કેહે છે ભીસ્મપીતાય.

કડવું ૨ રાગ સામેરા.

વૈશમપાયે એણિપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારિ તુજને સંભળાવું, શાન્તી પરવ મહીમાય. ॥ ૧ ॥ મનુશ કેરો દેહ ધરિને, પેહેલ વેલું શું કરવું; આત્માની રિતી સમજાવું, તેમાં લક્ષજ ધરવું. ॥ ૨ ॥ ઝાડ પાહાડ જેવા જે જીવો, જડાત્મ કેહેવાય; તેને કાંઇ જ્ઞાન ન મળે, ઓરે ધરમરાય. ॥ ૩ ॥ વ્યવહારનું પરમારથનું જડાત્માને નહી જ્ઞાન; તેથી તે જીવ જડાત્મા છે, ઓરે ધરમ રાજાન. ॥ ૪ ॥ કીટ પતંગ કે પશુ પક્ષી, જીવાત્મા છે તેહ; વ્યવહારનું એકલુ

જ્ઞાન એને સર્વની ભૌતિક દેહ. ॥ ૪ ॥ એને નહી જ્ઞાન પરમારથનું, માટે જીવ કેવાયા, મનુશ દેહીને બે જ્ઞાન થાયે, તેથી આત્મા ગણાયા, ॥ ૬ ॥ વ્યવહારનું ને પરમારથનું, બેઉ થઈ શકે જ્ઞાન; તે સારૂ તે આત્મા ગણાયે, સુણ સતી સંતાન, ॥ ૭ ॥ મનુશ જાતી વ્યવહાર સમજે, પરમાથ નવ જાણે; તો તે આત્મા જીવ દશાનો, પશુ પક્ષી પરમાણે. ॥ ૮ ॥ બે જ્ઞાન થવાની શક્તી છતાં, ગ્રહણ કરે એક જ્ઞાન; પરમ વસ્તુને નવ સમજ્યો, તે જીવાત્મા સમાન. ॥૯॥ પરમ પદનું જ્ઞાન તને છે, હવે શું માગે શાન્તી; મેં માર્યા માહારે મારવે મુઆ, એ તુજમાં ભુલ ભ્રાન્તી. ॥૧૦॥ તેં તો તારો ધર્મ બજાવ્યો, તેમાં નહી તને દોશ; જગંતની થઇ મિથ્યા કેહેણી, તેમાં શું અપસોશ. ॥ ૧૧ ॥ ધર્મે કહ્યું કે ભીસ્મ દાદા, બતાવો સર્વના ધર્મ; કોણ પ્રાણીએ કોણ પ્રકારે, કરવાં દેહિક કર્મ. ॥ ૧૨ ॥ બ્રાહ્મણ ક્ષત્રી વૈશને શુદ્રો; વરણાશ્રમ છે ચાર; તે ચારનો શું ધર્મ પીતાજી, કેમ વરતે વેહેવાર. ॥ ૧૩ ॥ એટલે બોલ્યા ભીસ્મ દાદા, સાંભળો દીકરા જેષ્ટ;ચારે વરણમાં બ્રાહ્મ જાતિ, ત્રણે વરણથી શ્રેષ્ટ ॥ ૧૪ ॥ અનાદીથી ઉત્તમ દેહી, વાડવ કેરી જાણો; ત્રણે વરણના તેતો ગુરૂ, શ્રદ્ધા ઉરમાં આણો ॥ ૧૫ ॥ શટ કરમો દ્વીજેએ કરવાં, સ્નાન સંધ્યાને હોમ;ગાયત્રી જપ પીતરૂ તરપણ, સ્વાધ્યાયમ શુભ ભોમ. ॥ ૧૬ ॥ ત્રણે વરણને ઉપદેશ કરવો, ભણાવવી વીદ્યાય; પાતક મુકતનાં કર્મ કરવે, વળી દાન લેવાય. ॥ ૧૭ ॥ એ દેહી ધરમ બ્રાહ્મણ કેરો, કેહે છે ભીસ્મ પીતાય;દેહીક ધર્મ કહુ ક્ષત્રીનો,સાંભળો ધરમરાય. ॥ ૧૮ ॥ ક્ષત્રીએ બહુ પાળવી નીતી, હાથે આયુદ્ધ ધરવું; ત્રણે વરણને ન્યાય દેવો, રાજ ભોમીપર કરવું ॥ ૧૮ ॥ ત્રણે વરણની રક્ષા કરવી, ગૌ બ્રાહ્મણની રક્ષા,નિતિ પાળી પળાવવી સહુને; સદા રહેવું અપેક્ષા. ॥ ૧૯ ॥ હવે વઇશનો ધર્મ કહુ તે, ધ્યાનમાં લેજો ધર્મ; અન ઉપજાવવા ખેતી કરવી, કરવાં વેહેપાર કર્મ ॥ ૨૦ ॥ વસ્ત્ર આભુશણને પરચુરણ, વેચવું નફો ખાઇ; નીતીથી કરવી સત્તર આની, કરવી નહી સવાઈ. ॥ ૨૧ ॥ દેહીક ધમ વઇશ તણો એ, શુણો યુધીષ્ટર રાય; શુદ્રનો દેહીક ધર્મ બતાવું, શાસ્ત્રમાં જે વીખણાય. ॥ ૨૨ ॥ ત્રણે વરણોની ચાકરી કરવી; શુદ્રનો એ અધીકાર; અવર ઉદ્યોગ હાથ ન લેવો, સાંભળો કુન્તી કુંવાર. ॥ ૨૩ ॥ એટલે બોલ્યા ધરમ રાજા; એતો સમજ્યો મર્મ; પણ માહારાજા રાજાને રહીઅત, તે બેનો સો ધર્મ. ॥ ૨૪ ॥ એટલે બોલ્યા ભીસ્મ પી-

તા રહીઅતનો કહ્યુ ધર્મ; માતા પીતા તુલ્ય રાજાને ગણવો, માનવો ઉતકૃષ્ટ પર્મ. ॥ ૨૫ ॥ સોગન પાળવા રાજગાદીના, આમન્યા નવ પરહરવી; રાયને માંથે કષ્ટી પડે તો, રહીઅતે મદદ કરવી. ॥ ૨૬ ॥ રહીઅત કેરો ધર્મજ એ છે, સાંભળો કુન્તી તન; ધરમ કહું હવે રાજા કેરો, દ્રઢતા રાખવી મન. ॥ ૨૭ ॥ આવદાનીમાંથી ઉપજ લેવી, બીજુ ન કરવું ફંડ; હરામખોરોને શીક્ષા દેવી, વળી દેવો ડંડ. ॥ ૩૮ ॥ જેવો અપરાધ તેવી સીક્ષા; તેથી નહિ વિશેશ; અપરાધી અજ્ઞાની ફાવે તે બોલે, તેનો ન રાખવો દ્રેશ. ॥ ૨૯ ॥ પક્ષ વીનાનો ન્યાય કરવો; કાં હોય છોટો કે મોહોટા; લાંચ ન લેવી લેવા ન કહેવી; ન દેવો ઇનશાફ ખોટો. ॥ ૩૦ ॥ ન્યાયાધીસ થઇને બેસે, પછી કરે અન્યાય; ગરીબોને ગરદન મારે, ગ્રસ્થની સરમે લેવાય. ॥ ૩૧ ॥ રાતા ચક્ષે ઘાંટા કાહાડી; બહુ બોલે ન્યાય કરતાં; ધમકી આપે બીક બતાવે, તેથી ઘણાં જન ડરતાં. ॥૩૨॥ અપરાધી બધુ કહિ ન શકે, મનમાં તે મુંઝાય; અરજદાર શી અરજ કરે, કોઇનો નહી ઉપાય. ॥ ૩૩ ॥ ન્યાઇ થઇને ધ્યાન દેઇને, બેઉ ન સાંભળે વાત; તે જન શો ન્યાય આપી શકે, ચાહ્ય તેની કરે ઘાત. ॥ ૩૪ ॥ એવો ન્યાઇ લક્ષ ચોરાશી, જનમ નર્ક પળાય; તે પ્રાણીનું ન થાય સારૂં, જડામુળથી જાય. ॥ ૩૫ ॥ નવ્ય રહે ખાવાની ખોરાકી, નવ્ય રહે પરીવાર; લીલે લીલું તે વારે દેખે, અજવાળું ઘડી ચાર. ॥ ૩૬ ॥ રાજને અંતે નરક પામે, અન્યાય કરે માટે; વળી વીશ્વની ખાય ગાળો, લાન્છન લે લેલાટે. ॥ ૩૭ ॥ ખરૂ ખોટું કાઢવું ખોળી, એ રાજની ચતુરાઇ; શત્રૂ સુતનો ન્યાય સરખો, કરે તે જન ન્યાઇ. ॥ ૩૮ ॥ રહીઅત જાણવી બેટા બેટી, ડંડી ધન નવ હરવું; દુનીયાને દુખ પડે તેવું, કામ નહી આદરવું. ॥ ૩૯ ॥ રહીઅત છે દુખી કે સુખી, તે કરવું શોધન, ગરીબને પુછી પ્રવીણ થાવું, વીચાર લેવો મન. ॥૪૦॥ ધનવંતને પુછી નવ જોવું છે કોઇ દુઃખ કે સુખ, કષ્ટ કંગાલનું એ શું જાણે, સુખે કહે હશી મુખ. ॥૪૧॥ વેઠને વેરો પણ વાવેક, દેવો નહી કો કાળ, શાસ્ત્રમાં શ્રદ્ધા રાખા થાવું, ગૌ બ્રાહ્મણ પ્રતીપાળ. ॥ ૪૨ ॥ વીના અપરાધીને શીક્ષા, કરવી તે બહુ પાપ, અપરાધીને શીક્ષા ન આપે, તેને નડે ત્રીતાપ. ॥૪૩॥ પક્ષ કરે તો પતનો વ્યાધી, નિકળે તેને અંગ, રૂધીર પરૂ વહે શરીરે, કોઇ ન બેશે સંગ. ॥ ૪૪ ॥ લાંચો લેતો લખવો થાયે, રહી જાય અડધુ પાસુ, શરીર જીભ્યા વાળી ન વળે, નેત્રે સદા ચોમાસ,

॥૪૫॥ અનેક રીતે વ્યાધી પામે, થાય પ્રભુનો ચોર; આ લોક પરલોક સુખ ન પામે, વેઠે નરક અઘોર. ॥ ૪૬ ॥ રઇયતને રાખવી રાજીમાં દુખ પડે તો હરવું; જે કોઈ અધર્મ કરે તેના, સામું યુદ્ધ આદરવું. ॥ ૪૭ ॥ ધર્મ એવો છે રાજા કેરો, સાંભળો ધર્મ ભુપાળ; એટલે યુધીષ્ટર એમ બોલ્યા. ઓરે સંતનું બાળ. ॥ ૪૮ ॥ પુરૂશ કેરો પ્રેમદા કેરો, ધર્મ બતાવો આજ; ભીશમપીતા કહે પુરૂશ કેરૂં, કીયું કીયું છે કાજ. ॥ ૪૯ ॥ રીતીમાં રહિ નીતી પુરવક, અન ધન પેદા કરવું; માતા પીતા પુત્ર પત્ની, તેનું ઉદર ભરવું. ॥ ૫૦ ॥ નીતીમાં અબળા રહેતો, તેને ન દેવું દુખ; પાળણુ પોશણુ સારી રીતે, કરીને આપવું સુખ. ॥ ૫૧ ॥ રૂપ વીશયથી પોતાની મુકી, પરદારાશું હળે; તેવા વીભીચારી પ્રાણીને, રગદકોડ નિકળે. ॥ ૫૨ ॥ પત્નીને પાળવી ધર્મ પતીનો, સાંભળો ધરમરાય; નારી કેરા ધર્મ તણી હું. કહું તુને કથાય. ॥૫૪॥ પતીને પરમેશ્વર ગણવો, નેત્ર કીકી પરમાણે, કંથના દુખે દુખી થાવું, કાં સુખ માણે ન માણે. ॥ ૫૪ ॥ પતિની મરજી પરમાણે રેહેવું. જે કહે તે શીશ ધરવું; કષ્ટી પડે તે વેઠી લેવી, જે કહે તે આદરવું. ॥૫૫॥ પર નરશું નજર નવ કરવી; કુદ્રષ્ટી રાખીને; પાશે પતી નવ હોય તો સુવું, દર્ભાસન નાંખીને. ॥ ૫૬ ॥ પતિ પેહેલું ભોજન નવ કરવું, પતી ન હોયે ઘેર; તો સારા શણગાર ન સજવા, માણવી નહી સુખ લેહેર. ॥ ૫૭ ॥ કંથ પોતાને ઘેર હોય તો, સજવા સહુ શણગાર; સ્વામીને જમાડીને જમવું, શેવામાં રેહેવું ત્યાર. ॥ ૫૮ ॥ શરીર શેવા ચરણ ચંપી, કરવી પ્રભુ તુલ્ય જાણી, બોલાવે તવ આધીન થાવું, વદવી દીનતા વાણી. ॥ ૫૯ ॥ વળણ. ॥ એવા ધરમ બહુ નારના, લાંબો છે વિસ્તાર;થોડામાં ઘણું જાણવું, ઓ કુન્તી કુમાર. ॥

કડવું ૩ રાગ ધન્યાસરી.

વૈશમપાયે એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, શાન્તી પરવ મહીમાય. ॥ ૧ ॥ એટલે યુધીષ્ટર એમ બોલ્યા, મુજ પર પ્રસન્ન થાવો; જ્ઞાનિને અજ્ઞાની કેરા, ધર્મ મને બતાવો. ॥૨॥ જ્ઞાન ન હોયે પરમ પદનું, તે જનને શું કરવું; ભીશમ પીતા કહે તેવા જનને, પ્રથમ કર્મ આદરવું. ॥ ૩ ॥ નાહાવું ધોવું વરત

વર્તુલાં, કરવા વળી અપવાસ; દેવ સેવાને દેવનાં દરશણ, કરવા ધરી હુલાસ. ॥૪॥ તીલક છાપાં માળા સમરણ, હરી કથા કીરતન; સત્ય મ યજ્ઞ યાગાદીક, કરવું ગુરૂ પુજન. ॥ ૫ ॥ જ્ઞાનીની સેવા જ્ઞાનજ લેવા; દેવાં અનધન દાન; અજ્ઞાનીનો ધર્મજ એ છે, તેમાંથી થાય જ્ઞાન. ॥ ૬ ॥ સાંભળજે યુધિષ્ટર હવે, જ્ઞાનિનો ધર્મજ કેહેવું જ્ઞાનિ જનને નહી કાંઈ કરમો સમજી આનંદમાં રેહેવું. ॥ ૭ ॥ માન્ય કે અપમાન કાં સુખ કે દુખ; નહિ દીલગીર નહિ રાજી; સમજે સારી રીતે જ્ઞાની; છે જુઠી જગ બાજી. ॥ ૮ ॥ પરમ પદમાં લક્ષ સદાયે, મનમાં દ્રઢતા કરી; આત્મરૂપે પરમાત્મા દેખે, માયા ન માને ખરી. ॥ ૯ ॥ સત્ય અસત્યને સારી રીતે, સમજી આનંદ રહે છે; જગત કેહેણીથી નવ બીહે, નીરભય પદ પામે છે. ॥ ૧૦ ॥ દેહીક કરમ કાંઇ ન કરે, સમજાવે જ્ઞાન મર્મ; પરમપદનો ઉપદેશ કરે, એ જ્ઞાનિનો ધર્મ. ॥ ૧૧ ॥ એટલે પુછયું યુધિષ્ટરે, બતાવો એક મરમ, કોણ ત્યાગીને કોણ ગ્રસ્થી, તેમના શા શા ધર્મ. ॥ ૧૨ ॥ એટલે બોલ્યા ભીશ્મપીતા, સાંભળજે કુંવાર, સંસાર તજી સન્યસ્ત લેવું બ્રાહ્મણનો અધીકાર. ॥ બાર વરસ લગી બાલ્યા વસ્થા; તે પછી વરસ બાર; બ્રહ્મચર્યવૃત પાળવું વિપ્રે, કરવું પછી ઘરબાર. ॥ ૧૪ ॥ દ્વાદશ વરસ તે કાજ કરવું, તે પછી વાનપ્રસ્ત; દ્વાદશ વરસ તે ભોગવીને, પછી લેવું સન્યસ્ત. ॥ ૧૫ ॥ તેની પછી પરમંશ દીક્ષા, તેના જુદા નેક; એ રીતે જે રીતી બતાવી,તેના કહું વીવેક. ॥૧૬॥ બ્રહ્મચર્યમાંથી ઇચ્છા હોયે, સન્યસ્ત લેવા જેને, ઉપર બતાવ્યા તે પ્રમાણે, કારજ કરવાં તેને. ॥૧૭॥ તે વણુ નાહાની ઉમ્મરમાંથી, સન્યસત ધારણ કરતા; કામદેવે તેન નવ મુકયા, તદરૂપ થઇ મહી ફરતા ॥ ૧૮ ॥ પાંચમી દ્વાદશીમાં શન્યાશી, થવાનું શુભ સાર, તે વીના જે થાય છે, તેને વળગે છે વેહેવાર. ॥ ૧૮ ॥ બ્રાહ્મણ વણ ત્રણ વરણમાંથી, જો કોઇ ત્યાગી થાય; તેને પણ પાંચમી દ્વાદશીએ, કરવો એ ઉપાય. ॥ ૨૦ ॥ પાંચમી દ્વાદશીએ થઇ ત્યાગી, પાળવો કેવો ધર્મ; પા જોજન વસ્તીથી અળગા, રહી કરવાં શુભ કર્મ. ॥ ૨૧ ॥ કો જનનું જોતીશ ન જોવું, કોઈની ન કરવી દવા; કોઇને કાંઇ બોધ ન કરવો, ગુરૂ પદવી થવા. ॥ ૨૨ ॥ નારીનું દરસણ નવ કરવું, દરશન કદી કરાય; પણ પરછાયો તેનો ન લેવો, લીધાથી પુન્ય પળાય. ॥ ૨૩ ॥ પોતાને સ્થળે બેશી રહેવું. ત્યાં ન મળે ફળ અન્ન, તો ભીક્ષા કરવાને જાવું, વસ્તીમાં

બીજે દન. ॥૨૪॥ સ્વાદ વીનાની ભીક્ષા લેવી, ન લેવું વ્રત કે ગળ્યું; ખાટું તીખું ખાવા ચાહે, ત્યાગી પણ તે બળ્યું ॥૨૫॥ દર્ભાસને ચર્મા સને,બેસવું નીત્ય વીચારી,ખાટે પાટે બીરાજવું નહી, પૃથ્વીપર પથારી. ॥ ૨૬ ॥ ધાતુ પાત્ર પાશે નવ લેવું, વીશેશ નહી પટકુળ. ઉષ્ણોદકથી સ્નાન ન કરવું, કરેતો મળે ધુળ. ॥૨૭॥ એવા ધર્મછે ત્યાગી તણા, મનુ સમ્રતી વિચારી, વસ્તીમાં વસી મીષ્ટાન મારે, તે જાણવા વેશ ધારી. ॥ ૨૮ ॥ ઠટ શેવકની મઠ રેહેવાનો, વામાતણા ઉતારા; જમણ જમે પુંજા કરાવે, તે જાણવા ધુતારા. ॥ ૨૯ ॥ હવે ધર્મ કહુ ગ્રસ્થીનો,સાંભળજો ચીત દેઇ;વ્યવહારમાં વીવેકે વરતવું,ધરીને મનુશા દેહી. ॥૩૦॥ ગૌબ્રહ્મણનું પોશણ કરવું, શુભ જનને દેવું અન્ન; ગ્રહસ્થી બ્રાહ્મણ વીના કોઇ, ત્યાગીને ન દેવું ધન. ॥૩૧॥ બ્રાહ્મણ ભીક્ષુક બારણે આવે, કાઢવો નહી નીર મુખ; ચપટી ચાંગળુ મળે તે દેવું, વચને ન કરવું દુખ. ॥ ૩૨ ॥ બ્રાહ્મણે બ્રાહ્મણો ચાહ્ય તે બોલે, એક એકને તીછકારે; માંહો માંહી શીખામણ દે, ગમે તે મેહેણાં મારે. ॥૩૩॥ તેમના છીદ્રો જોવાનાં નથી, ત્રીવર્ણનો અધીકાર; તેમ છતાં કોઈ છીદ્ર જુએ તો નર્ક વેઠે જુગ ચાર. ॥૩૪॥ બ્રાહ્મણો જે કહે તે કરવું, કરે તે કરવું ન કદી; વળી વીપ્રના સામા ન થાવું, ખોટા ખોટા વાદ વદી. ॥ ૩૨ ॥ ઉપદેશકપણુ ધારણ કરી,કહે કથા વારતાય, તેની વાણી શ્રવણ કરવિ, જ્ઞાન લેવું ગટમાય. ॥ ૩૬ ॥ પુરાણી બની પુરાણ વાંચે, વળી કહે કથાય; ચાળા ચટકા લેહેકા નટકા, કરે તો જાવું ન ત્યાંય. ॥૩૭॥ તેવાને અન્ન ધન્ન નવ દેવું, પુજવું નહી પાખંડ; તેમ છતાં તેની વાણી સુણે, તેને પ્રભુ દે દંડ ॥ ૩૮ ॥ કરે કીરતી કીમીયો જાદુ, તેનો તજવો સંગ; ખરૂ કહેને ખોટું લગાડે, ત્યાં ધરવો ઉમંગ. ॥ ૩૯ ॥ સ્વાન વાયસ ગૌગ્રાસ કાઢી, કરવું નીત્ય ભોજન બરોબર ત્યાગી ભાસે તો, દેવું એકલું અન્ન. ॥ ૪૦ ॥ શ્રાધ સંવચ્છરી પીતરૂનો દાહાડો, સાચવવો ધરી પ્રેમ; બ્રાહ્મણોને ભોજન દેવું, શક્તા હોયે તેમ. ॥ ૪૧ ॥ પેંદાશમાંથી પુન્યને પંથે, કાઢવું દસમે ભાગે; તેતો વાવેકે વાવરવું, જ્યાં જ્યાં શુભ કામ લાગે. ॥૪૨॥ જસ લેવાને પુન્ય ન કરવું, કરેતો તે નહી પુન્ય; નંમળા વાપ્રને છાંયે ન રેહેવું, સમજીને થાવું મુન્ય. ॥ ૪૩ ॥ પોતાથી નીચી વરણ કેરો, શુણવો નહી ઉપદેશ ; સાંભળીયે પણ છુટી પટે, ગુણ ન લાગે લેશ, ॥ ૪૪ ॥ પોતાના કરતાં નીચી વરણનો, ગમે તેવો હોય જ્ઞાની;

પણ તેનુ પુજન નવ કરવું, નમવું, નહી મોટા મા. l, ॥ ૪૫ ॥ જે બ્રાહ્મણથી સ્વારથ હોયે, તેને જમાડે પ્રીત્યે; પણ તેતો પુન્યમાં ન ગણાયે. જમાડયો વેહેવાર રીતે. ॥ ૪૬ ॥ સ્વારથ ન હોયે ને જાણીતો, જમાડે તો નહી બાધ; પુન્યમાં ગણાય પ્રભુ પ્રત્યે, નહી સ્વારથ સાધ્ય. ॥ ૪૭ ॥ નોહોતરા વીના જમવા પડતું, નાંખે બ્રાહ્મણ કોય; તેવા વીપ્રને જમાડયાનું પુન્ય જરા નવ હોય. ॥ ૪૮ ॥ તેવાને એક વાર જમાડે, અટલે લાલચ લાગે; પછી જ્યાં ત્યાં પડતાં મુકે, મહતા વીપ્રાની ભાગે. ॥૪૯॥ તેનું દેખી બીજા શીખે, નીતીથી થાય નષ્ટ; પછી તે નીચ ઉંચ ન જુએ, થૈ જાય બ્રાહ્મણ ભ્રષ્ટ. ॥ ૫૦ ॥ ભ્રષ્ટ થયો સૌને ભ્રષ્ટ કરે, ભરવા અનમય કોશ; તેથી ભ્રષ્ટ કર્યાનો લાગે, જમાડનારને દોશ. ॥ ૫૧ ॥ જેમ પાપી પક્ષી પકડેને, ધનથી ધરમી છોડાવે; તેથી પાપીને લાલચ લાગે, બીજા ઝાલી લાવે. ॥૫૨॥ અનેક જીવને હેરાન કરે, ધન લેવાની હોંશ; માટે પ્રથમ લલચાવે ધનથી. તેને લાગે દોશ ॥ ૫૩ ॥ બોધિક કથાનું નામ દેઇને, બોલે વીશઈ ચાળા; નરનારી સહુ વીશઇ બને, જેહ સાંભળવા વાળા. ॥ ૫૪ ॥ હરિ કથામાં ઉપદેશ વીના, ગાયન કળા બતાવે; કાવ્ય કળાથી શ્રોતા જનને, પ્રેમ ઘણો ઉપજાવે. ॥ ૫૫ ॥ એમ કરીને પંચ વીશેયના સ્વાદમાં નાંખે જેહ; તેની વાણી શ્રવણ કરે તો, કુંભીપાકે પડે તેહ. ॥ ૫૬ ॥ વળી તેવાને માન્ય આપે. આપે વીવીધ દાન; બોધ મુક્ષી વીશઈ વાણી, વદવામાં મસ્તાન. ॥ ૫૭ ॥ એ રીતે વીપ્ર વડે, તવ કોણ રહે ઉપદેશી; માટે તેવાને વીખાણવો નહી, વાણી ન સુણવી બેશી. ॥ ૫૮ ॥ પ્રપંચથી દાન કોનું ન લેવું, વિશ્વાસઘાત ન કરવી; શ્રદ્ધા પુરવક દાન દેવું, દીનની દયા ધરવા. ॥ ૫૯ ॥ એવા બહુ ધરમો ગ્રહસ્થીના, તેમાં વડો વીવેક; સંસારમાં સરસા રેહેવું ને, ની તીનો ધરવો ટેક. ॥ ૬૦ ॥ બત્રીસ દંતુમા જીભ્યા રહે છે, રેહેવું તે, વી રીતે; મોક્ષનો મારગ ઝાલવા માટે, એક પોહાર કાઢવો નીત્યે ॥ ૬૧ ॥ વળણ નીત્યે એક પોહોર કાઢવો, મોક્ષ પદ પામવા કાજ; વદે વલ્લભ શ્રોતા સુણો, મોક્ષનો મારગ આજ.

કડવું ૪ રાગ સાખી.

વઇશંમપાયે એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને

ને સંભળાવું, શાન્તિ પરવ મહીમાય. ॥ ૧ ॥ ભીસ્મપીતાએ કહ્યું ધરમને, મોક્ષનો મારગ કહીયે; જાણીતાને નથી કેહેવાનું, તોપણ ધરજો હઇયે. ॥ ૨ ॥ જ્ઞાન વિના મુક્તિ નવ થાયે, માટે લેવું જ્ઞાન; સીધાન્ત છે વેદની સ્તુતીનો, સુણ કુન્તી સંતાન. ॥ ૩ ॥ વ્યવહારમાં નીતી જ્ઞાન લેવું, લેવું ધરવા ધ્યાન; સ્વજાતીનો ધર્મ સમજવો; સમજવું પુન્યને દાન. ॥ ૪ ॥ વ્યવહારનાં કામ મીથ્યા કે સાચાં, તે જ્ઞાન ગ્રહણ કરવું; આપણ ચૈતન્ય તે કેઈ વસ્તુ, તે જાણવા આદરવું ॥ ૫ ॥ પોતાનું સ્વરૂપ નિસ્ચે સમજી, તે રૂપનું મુળ કોણ; તે સમજીને તેમાં વૃતી, ધાલી પોરવવો પ્રાણ. ॥ ૬ ॥ પોતાના ચૈતન્યનું મુળ ચૈતન્ય, જાણી લેવું અનુપ; નીરાકાર કે સાકાર તે છે, નિરગુણ સગુણ રૂપ ॥ ૭ ॥ જ્ઞાની પાસે તે જ્ઞાન લેઇ, તપ તેનું આદરવું, એ પદને પામવાને માટે, સમાધિ લક્ષ કરવું. ॥ ૮ ॥ તવ તે સ્વરૂપ જ્ઞાન દ્રષ્ટીએ, જ્ઞાન થકી દેખાય, દેહનો નીમીત પુરણ થાયે, તે પદ પામી થાય ॥ ૯ ॥ હોમકાર મંત્રે આવા ગમનનો, સૌ ફેરો ટળી જાય; અખંડાનંદ નીરભય પદથી, પછી છુટો નવ થાય. ॥ ૧૦ ॥ એટલે બોલ્યા ધરમ રાજા, કયા જાવું જ્ઞાન લેવા; નીરાકાર કે સાકાર મુળ પદ, પરમેશ્વર તે કેવા. ॥ ૧૧ ॥ ભીસ્મપીતા કહે ધરમ રાજા, વરણવે છે જે વેદ; મોહોટા મોહોટા વિદ્વાન તેનો, જાણતા નથી ભેદ. ॥ ૧૨ ॥ તે ભેદ હું સમજાવું તુને, સમજે નહી વિદ્વાન; વેદ મહી ભેદ ભર્યો છે, તે ભેદનું નામ જ્ઞાન. ॥ ૧૩ ॥ પરમેશ્વરના સ્વરૂપ કેરો જો સમજાવું સ.ર; પંચ ભુતોથી નીરાકારા, જ્ઞાન સ્વરૂપ સાકાર. ॥ ૧૪ ॥ ત્રીગુણે નીરગુણ સદા છે, જ્ઞાન ગુણે છે ગુણી; ગતીથી કરતા રૂપે અકરતા, વેદનો ભેદ લ્યો સુણી. ॥૧૫॥ ગતીથા વ્યાપક સ્વરૂપે ન્યારા, અકરતા કહેવાય; એમની શક્તીથી સહુ બને, માટે કરતા ગણાય ॥ ૬ ॥ ત્રણે અવસ્થાથી તુરીઆતીત, જાણી લેવા મુળ નાથ; એવું સમજી ધ્યાનમાં લેવું, દઢ કરી મન સાથ. ॥૧૭॥ લક્ષ લગાડી લક્ષણા ભક્તા, કર્યા કરો હરનીશ; તેવી મતીથી ત્યાં થાય ગતી, પ્રાપ્ત થાયે જગધિશ. ॥ ૧૮ ॥ અનાદીનો ધર્મજ એ છે, કોથી નવ છુટાય; જ્ઞાન વિનાના અજ્ઞાના તે, પાખંડ પંથે કુટાય. ॥૧૯॥ એટલે યુધીષ્ટર એમ બોલ્યા, ઓરે ગાંગેવ ભુપ; પાખંડ ધરમ જાણીએ શાથી, તેનાં બતાવો રૂપ. ॥ ૨૦ ॥ એટલે પોતે ભીશમપીતા, લક્ષણ રૂપ બતાવે; પેહેલો પાખંડ ધર્મ એજે, પરસાદથી લલચાવે. ॥ ૨૧ ॥ બીજો પાખંડ ધર્મ

એચે, પૈશા મેળવવા પ્રીતી;સ્થાવર જંગમ મીમકત સાંચે,દેખાડે ત્યાગી ની રીતી. ॥ ૨૨ ॥ ત્રીજે પાખંડ ધરમ એજે, ગાયન સહુ સંભળાવે; શબ્દ વીસયનો મોહ લગાડી, ભકતને હેત ઉપજાવે. ॥ ૨૩ ॥ ચોથો પાખંડ ધર્મ એજે, રૂપને રંગ બતાવે; કેવા રૂપાળા તેજસ્વી છે, એ રીતે કેહેવરાવે. ॥ ૨૪ ॥ પાંચમો પાખંડ ધર્મ એજે, ચમત્કાર દેખાડે; છઠ્ઠો પાખંડ ધરમ એજે, ઘોડા ગાડી દોડાવે. ॥ ૨૫ ॥ સાતમો પાખંડ ધરમ એજે, મસ્તાન થઇને ફરતા, નહી કાંઇ રીતી નહી કાંઇ નિતી, મીષ્ટાન ભોજન કરતા. ॥ ૨૬ ॥ આઠમો પાખંડ ધર્મ એજે, દેવ નામે ધન લેતા; ગુરૂ ગુરૂ સમરણ કરાવે તું બ્રહ્મ છે બોધ દેતા. ॥ ૨૭ ॥ એવા છે બહુ પંથ પાખંડી, સાંભળો ધરમ રાય; તેવા ધરમને માન્ય કરે તે, લક્ષ ચોરાશી જાય ॥ ૨૮ ॥ અસત્ય વસ્તુને ખરી, ખોટી, નક્કી કરિ બતાવી; સત્ય તણું સોધન નવ કરે,જેમ તેમ લે ચલાવી. ॥ ૨૯ ॥ ખળ ભક્ત છે નામ તેનું, ઓરે ધરમ રાય;ખરા મર્મનો ધર્મ બતાવ્યો તે સમજે સુખ થાય. ॥ ૩૦ ॥ સમાગમ જ્ઞાનીનો કરવે, જ્ઞાની બોલે જે બોલ;દ્રષ્ટાન્ત સીધાન્ત સઘળું જોઈ તેનો કરવો તોલ. ॥૩૧॥ મુમુક્ષુની છે ચતુરાઇ, ન્યાય તણી વાત જોવી; ખરૂગ્રહ્યા વણ ખોટું ગ્રહીને એળે ઉમર નવ ખોવી. ॥ ૩૨ ॥ વળણ. ॥ એળે ઉમ્મર ખોવી નહી, જ્ઞાન વણ કાડો ન વ્યર્થ; મનુશ દેહથી મોક્ષને, પામવા જીવ સમર્થ.

કડવું ૫ રાગ ચોપાઇની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણ પરીક્ષત કેરા તન; ધર્મ ભીશ્મ તણો સંવાદ,સુણતાં ટળે માયાનો નાદ. ॥૧॥ સુણતાં વાંચતાં જન જેહ, સમજીને મન કરે તેહ; જ્ઞાન પામીને મોક્ષ પળાય, માયા ઘંટીમાં નવ્ય દળાય. ॥ ૨ ॥ કણુકો વચલા ખીલે વળગે, પછી તે નવ પડે અળગે; ઘંટીના પડમાં ન પીલાય, રહે મુળ રૂપ લોટ ન થાય. ॥ ૩ ॥ ખીલડેથી ખસે કણ જેહ, પડની વચ્ચે પીલાય તેહ; લોટ થઇને પડે બાહાર, પછી અગ્નીના સંસ્કાર. ॥ ૪ ॥ કણ મટી થયો લોટ દેહ, લોટ થી થયો રોટલો તેહ;પછી બત્રીસ દંતે દબાય,લોચા રૂપ થયું કેહેવાય ॥ ૫ ॥ પડે પેટમાં જ્યાં મળ મુત્ર, બને મળ દેહ સળંગ શુત્ર; પછી ગુદા દ્વારે પડે બાહાર, થાય વીષ્ટાનો અવતાર. ॥ ૬ ॥ પછી વીષ્ટાથી થાય ભોગ રૂપ, ભામથી કણ અંશ અનુપ; એવા અનંત સ્વરૂપ ધરી

કણ સ્વરૂપ પામે ફરી. ॥ ૭ ॥ તેમાંથી ખીલાને પડે વળગી, તવ ઉપા-દીયો થાય અળગી; એવિ રીતે મનુશ દેહ જેહ; મુળ રૂપને વળગે તેહ ॥ ૮ ॥ આવાગમનથી ટળી જાય; ઉપાદી અંશ ન રહે ત્યાય, જે કણ રૂપ બદલાયાં જેમ; જીવ ચોરાશી ભોગવે તેમ. ॥ ૯ ॥ પછો મનુસની દેહ પામે, ચઢે જ્ઞાને તો અવતારો વામે; તવ દુઃખ તણી નીરવરતી, ચોરાશી નવ આવે ફરતી. ॥ ૧૦ ॥ જીવ માત્રે સમજવું એ જ્ઞાન, ચાહ્ય અભણ કે વિદ્વાન; સમજ્યા વણ સરવે સરખા, જેવા શંભુ તેવા હરખા. ॥ ૧૧ ॥ વળણ. ॥ સરખા સરવે થઇ જશે, સમજ્યા વણ જીવ માત્ર; વ્યાસ વલ્લભ એમ ઓચરે, સમજે કોઇ સુપાત્ર ॥

કડવું ૬ રાગ સાખીની ચાલ.

એવી રીતે જ્ઞાન ચરચા ચલાવે, ભીશમપીતાને ધર્મ; તે પછી યુધીષ્ટરે પુછયું. પીતાજીને પ્રષ્ણ પરમ. ॥ ૧ ॥ પ્રાણી માત્રને શી હશે ઇચ્છા, ને કહો મુજને મર્મ, શા સુખને સારૂ સહુ પ્રાણી, કરે શુભા શુભ કર્મ. ॥ ૨ ॥ એટલે બોલ્યા ભીશમપીતા, સાંભળ ધરમ નરેશ; પ્રાણી માત્રો માયા તણું, સુખ ઇછે છે હમેશ. ॥ ૩ ॥ પ્રાણીમાં બે પ્રકાર છે તે, જો સમજાવું અનુપ; મનુશ દેહ વાના પશુ પક્ષી, સદા છે જીવ રૂપ. ॥ ૪ ॥ મનુશ દેહીના જે પ્રાણી, તેમાં બે પ્રકાર; જીવ-દશાને આત્મદશા, મનુશને અવતાર. ॥ ૫ ॥ મનુશને જ્ઞાન છે બે તરફનું, તે સમજાવું સાર; આ લોકનું ને પરલોકનું તે, સમજ બે પ્રકાર ॥ ૬ ॥ પરલોકનું જેને જ્ઞાન નથી તે, જીવ દશાના પ્રાણિ; હરિ ફરિ જ્ઞાન માઇક લોકનું, એજ મોહોટી એંધાણી. ॥ ૭ ॥ આ લોકનું ને પરલોકનું જેહ, પ્રાણીને હોયે જ્ઞાન; એતો આત્મદશાનો પ્રાણી, સુણ કુન્તી સંતાન. ॥ ૮ ॥ આત્મદશાનો આત્મા સમજવો, જીવ દશાનો જીવ આત્મા પરમાત્માને પામે, જીવ ન થાય શીવ. ॥ ૯ ॥ મનુશ દેહના પ્રાણી કેરો બતાવો પ્રકાર; જીવને આત્મા એ બેઉને, શી ઇચ્છા છે સાર. ॥ ૧૦ ॥ તે તુજને સમજાવું જ્ઞાને, પરોવ પુરણ ચીત્ત જીવ છે તેને હરી ફરીને, માઇક ઉપર પ્રીત. ॥ ૧૧ ॥ આશા ત્રષ્ણા લોભ લલુતા, મોહ મદ મછર ભારે; હમતા મમતા કામ અને ક્રોધ, વીંટાયલો અહંકારે. ॥ ૧૨ ॥ હુંપમાં ભુખમાં રૂપમાં રંગમા, મોહોટાઇમાં મસ્તાનો; કીરતીમાં કપટમાં કારભારમા, પર ડાહાપણમાં દાનો. ॥ ૧૩ ॥ માન્યમાં જ

સમાં પંચ વીશમાં, વસ્તી વાડીમાં ધ્યાની; વૈભોગને ધનાઘ થવામાં, માઇક વિદ્યાનો જ્ઞાની. ॥ ૧૪ ॥ જીવ દશાના જીવ હોયે, તે માઇક સુ. ખ ઇછે; માઇકિ દુખની નીરવરતી માગે,એ માઇકને ન પીછે ॥ ૧૫ ॥ આત્મદશાના પ્રાણી હોયે તે, માઇક પદમાં જાગે, માઇક સુખની નીવરતીને, અમાઇકિ સુખ માગે. ॥ ૧૭ ॥ માઇકિ છે તે ચળીત છેને, અચળીત અમાઇક;માઇક છે તે નાશ વસ્તુ,અચળીતને નહી બીમ. ॥૧૭॥ નહી ક્ષુધાને નહી પીપાસા, નહી લોભ મોહને ક્રોધ;નહી આળસ કે નહીભય નીંદ્રા,નહી વીશય નહી બોધ. ॥૧૮॥ સદા અખંડ આનંદ પદમાં, સરવ સુખનું મત્ય; તે વણુ આનંદ નામ ન પડે,માટે તે તત્વનું તત્વ ॥૧૯॥ નાશ ન પામે ચળીત ન થાયે, આવાગમન નહી કદા;આત્મા છે તે એ સુખ ઇછે, સ્થીરને સ્થંભીત સદા. ॥ ૨૦ ॥ વળણું. ॥ સ્થીર સ્થંભીત સુખ જે સદા, તે ઇછે આત્માય; માયા સુખ જીવ ઇછિતો, વલ્લભ કહે કથાય. ॥

કડવું ૭ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા વૈશમપાયે વચન, સુણુ પરીક્ષત કેરા તન, સમાગમ કરે ભીશ્મને ધરમ, તેમા અચળ સુખ પદ પરમ. ॥૧॥ એવે ધરમ પીતાને પુછે. માયા તત્વ આગેવાન શું છે; બોલ્યા ભીશ્મપીતા તવ વાણી; સુણુ યુધીષ્ટર હેત આણી. ॥ ૨ ॥ માયાનું તત્વ કનક દીસે, જીવ ચાહ્યા તેને જગ વીશે; તે માયાનું લક્ષ્મી નામ; તે તો વસે છે ઠામો ઠામ. ॥ ૩ ॥ સરવ સ્થળે તે બાઇ જાય, બને બેટી સ્ત્રી કે માય; જેવી જેવિ જે પ્રાણીની મરજી; તેવે તેવે રૂપે ત્યાં સરજી. ॥ ૪ ॥ બેટીની રીતે વાપરે જેહ, પામે પરમ પદને તેહ; માત રૂપ જે લક્ષ્મી જાણે, તે તો મન શુ દેહનું સુખ માણે. ॥ ૫ ॥ જાણે લક્ષ્મીને સ્ત્રી રૂપ, તેતો પડયો નરકને કુપ; તલ બોલ્યા યુધિષ્ટર એમ, ત્રણ પ્રકારે વપરાય કેમ. ॥ ૬ ॥ તેનું સ્વરૂપ મને સમજાવો, મુને બોધ મળે કયાંથી આવો; તવ ભીશ્મજી બોલ્યા વાણી, ત્રણ પ્રકારે મનુશ પ્રાણી. ॥ ૭ ॥ વળણુ. ॥ ત્રણ પ્રકારના પ્રાણીયો, તે સમજાવું સાર, ત્રણ રીતે ત્રૈણે સ્થળે, લક્ષ્મીનો વ્યવહાર. ॥

કડવું ૮ રાગ દુહા દેશી.

ભીશમજી કેહે છે યુધીષ્ટરને, શ્રોતા સું વ્યાસજી વદે; સાંભળજો આ વારતા ઝીણી, દઢ કરવી તે રદે. ॥ ૧ ॥ ત્રણ પ્રકારના પ્રાણી છે ત્યાં,લક્ષ્મી ત્રણ રૂપ થાય; ઉત્તમ મધ્યમ કનીષ્ટ પ્રાણી, ગુણ તેવા તે માંય. ॥૨॥ ઉત્તમને ઘેર બેટી બને છે, મધ્યમને ઘેર માત; કનીષ્ટને ઘેર કામની રૂપે, વૈભોગ દે દીન રાત. ॥ ૩ ॥ ઉત્તમ પ્રાણી બેટી સમજી, કરે વીવેક વીચાર; લક્ષ્મીના કંથ કૃષ્ણ વીષ્ણુ, નહી અન્યનો અધીકાર. ॥૪॥ તે તેને ઘેર વળાવિ દેવી, અન્યથી કેમ વવરાય; એમ સમજીને ઉત્તમ વાવરે, જ્યાં કૃષ્ણાર્પણ થાય. ॥ ૫ ॥ વીષ્ણુની વામા વિષ્ણુને દુવારે, વળાવે તે તાત તુલ્ય;કોઇ કાળે પાતક ન લાગે, જગત માં યસ અમુલ્ય. ॥ ૬ ॥ જેની છે તેની તેને દેવી, તેથી વધે વેહેવાર; જ્યાં વવરાય યાં ધર્મ કામે, કીરતીનો નહી વિકાર. ॥ ૭ ॥ મધ્યમને ત્યાં માતા ભાવે, લક્ ી વાસ વસે છે; જીવત સુધી રહે ત્યાંની ત્યાં, ગત થયે ખસે છે. ॥૮॥ મધ્યમને પેટ પોશણ કરે, નહી બીજો ઉપીયોગ; સાસરે વળાવાય નહી માને, નવ્ય લેવાય વઇભોગ.॥૯॥ કનીષ્ટ ને ત્યાં ભામની ભાવે, લક્ષ્મી પુર વાસ, તેને કનીષ્ટ પંચ વીશયમાં, વાવરે ધરી હુલ્લાસ. ॥૧૦॥ લક્ષ્મીથી લાવે સુખ સજ્યા, લક્ષ્મીથી લાવે લલના, લક્ષ્મીથી નાત જાત જમાડે, લે વઇભોગ પળ પલના.॥૧૧॥ કર્ણ દ્વારે શબ્દ વીશય સુખ લે, વાજીંત્રને ગાન તાન,નાશીકા દ્વારે ગંધ વાશય લે, અત્તર પુષ્પને પાન. ॥ ૧૨ ॥ નેત્ર દ્વારે રૂપ વાશય વ્હાલો, જુએ નવે નવા રંગ; વપુ દ્વારે સ્પર્શ વીશય વાહાલો, ગોષ્ટી કરે અંગો અંગ. ॥ ૧૩ ॥ જીભ્હા દ્વારે ભોગવે રસ વીશય, ગળ્યું તીખુ ખાટુ ખારૂ; વીશય વઇભોગ લે લક્ષ્મીથી, છેક વાળે અંધારૂ. ॥ ૧૪ ॥ એટલે બોલ્યા ધરમરાજા, પુછુછુ પુરણ પ્રીતે; માતા બેટી સ્ત્રી ભાવ વાળા, વ.વરે કૈ કૈ રીતે, ॥૧૫॥ તે સમજાવો સમજણ પડે, કીયો કેઇ રીતે ખરચે; વવરાતુ જોઇ વાવરતાની તુલના મનડુ ખરચે. ॥ ૧૬ ॥ ઉત્તમ મધ્યમ કનીષ્ટ પ્રાણી, વાવરતા વરતાય; લક્ષ્મીને કીયા ભાવે માને છે, તે સઘળું સમજાય ॥૧૭॥ ઉત્તમ પ્રશ્નથી પ્રસન્ન થયા, પોતે ભીશ્મ પીતાય;વવરાતી ન વવરાતી લક્ષ્મી,વાવરતો વરતાય. ॥૧૮॥ વારસા પુંજી આવે તે લક્ષ્મી. માતા સ્વરૂપે સાર; કુમારગે કે સુમારગે તે, વવરાય નહી તલ ભાર. ॥૧૯॥ માતા ભાવે લક્ષ્મી મળે, તે પ્રા-

જ્ઞી કપણુ થાય; સુમારગ સાસરૂ લક્ષમીનું, પુત્રથી ના વળાવાય, ॥ ૨૦ ॥ દીકરો સાસરે મોકલે માને, તે ન બને કોઇ કાળ; કુમારગે મોકલે માતાને, તો સુતને પડે ગાળ. ॥ ૨૧ ॥ માટે માતાને રાખી મુકે, ન વાવરે કોઈ પંથે; તે લક્ષમી સંચરે સ્થળ બીજે, પેહેલા પુત્રની અંતે. ॥૨૨॥ લક્ષમીને માતા જાણનારો, હોય સ્વભાવે કેવો; પંડ પોસેને પરને ન પોસે, દીસે કંજુસ જેવો. ॥૨૩॥ પોતે પોતાની પત્નીને પુત્રો, પોશીને થાય સુખી; કુમારગે સુમારગે ન કાહાડે, પોતે ન થાય દુખી, ॥ ૨૪ ॥ માતાનું પય પાન કરવું, તેમાં નહી કાંઇ દોશ; માતા રૂપે લક્ષ્મી તેને, પોવાને નહી અપસોશ. ॥ ૨૫ ॥ વળણુ. ॥ અપસોશ નહી તે પ્રાણીને શાંન્તીવાન દેખાય; ઉપદેશ વલ્લભ વ્યાસનો સમજી લ્યો શ્રોતાજન. ॥

કડવું ૯ રાગ ધનાશ્રીની ચાલ.

વઇશમપાયે એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, શાન્તી પરવ મહીમાય. ॥૧॥ ભીશમપીતા કહે છે ધરમને, શ્રોતાને વક્તા જન; ધ્યાન દેઈ જ્ઞાન શ્રવણુ કરે, તે પ્રાણી પર્મ પાવન. ॥૨॥ માતા ભાવે લક્ષમી હોયે, તેનો કહ્યો રૂપ રંગ; મધ્યમ પ્રાણીના ગુણને લક્ષણુ, કહ્યાં ધરી ઉમંગ. ॥૩॥ માતા ભાવમાં રૂપ છે બીજુ,તે સમજાવું સાર;વડી આઇ દાદી તે પણુ માત ,તેનો જો તુ મકાર ॥ ૪ ॥ મધ્યમમાં પ્રાણી બે રૂપે મધ્યમને ચન્ડાળ; મધ્યમને ત્યા માતા રૂપે, લક્ષમી સદાકાળ. ॥૫॥ મધ્યમમાં ચંડાળને ત્યાં, લક્ષમી વડીઆઇ દાદિ; ધવાય નહી વડીઆઈ દાદીને, સાચવવા ઉપાદી. ॥૬॥ કુમારગે કે સુમારગે પણુ,વાવરવી નવ ઘટે;ધવાય નહી તેમ ધારણુ નાવે જુઓ દુનીયાને વટે ॥૭॥ પીન્ડ ન પોસે પુત્ર ન પોશે,ન પોસે,પરિવાર પેહેરેહાઢે નહી દળીદ્રી સદા;ચન્ડાળનો અવતાર. ॥૮॥ બળેલા મોહોનો ઉદાશ મનનો, ઝેરી જીવનું ઝાડ;જો કોઈ ઉપદેશ કરવા જાયે તો,ક્રોધ ચડે હાડો હાડ.॥૯॥વપુ પર વસ્ત્ર ન હોડે,ચરણે નહિ ઉપાન; માહા દુખીનો દુખી સદાયે, સ્વારથમાં સાવધાન. ॥૧૦॥ હવે કહુ કનીષ્ટના લક્ષણુ, સ્ત્રી ભાવ લક્ષમી તેને; તે કેવી વવરાય કેવે કામે, જાણો જાણવું જેને ॥ ૧૧ ॥ સ્ત્રીથી સઘળો વઇભોગ ભોગવે, પંચ વીશય સુખ માણે; તે વણુ વીશઇ સુખ ન હોયે, વીવેકી જન જાણે. ॥ ૧૨ ॥ લક્ષમીથી વી-

શય ભોગ ભોગયે, ગણાય લક્ષમી સંગ; લક્ષમી વણ ભોગ ભોગવે કયાંથી, કયાંથી બને નાટારંગ. ॥ ૧૩ ॥ લક્ષ્મીથી વૈભોગ ભોગવે, બને લક્ષ્મીપતી; તેથી વઇકુંઠ વાશી કકળે, પાપ થવા દે અતી. ॥૧૪॥ભોગ ભોગવવાદે લક્ષમીના, પુરણ પાપે ભરાવા; તે પછી તેની ખબર લે છે કોદીન ન દે જાવા. ॥ ૧૫ ॥ સ્ત્રી ભાવ જાણે તેને લક્ષ્મી, અવળું ઘણું સુઝાડે. કેવું કનીષ્ટને સુઝે અવળું, તે ભીશ્મપીતા દેખાડે. ॥ ૧૬ ॥ કનીષ્ટ પ્રાણીને સ્ત્રી ભાવ લક્ષ્મી, તે વીશયમાં દોરે; વીશયમાં કનીષ્ટ તદાકાર. રંગ ભોખે ઘણો ઘોરે. ॥ ૧૭ ॥ ઘોડા દોડાવે ગાડી દોડવે, ચઢે પ્રેમી પલંગે;તળે ઉશીકાં ગાલે મસુરીયાં,સુવાળાં ઓઢણ અંગે. ॥૧૮॥ અત્તર ફુલેલ પુષ્પ ગજરા,એળચી પાન સોપારી; ધર્મના ધામોમાં પર સાદ લેવા,થાય મોહોટા કારભારી. ॥ ૧૯ ॥ કેહેવરાવે ધરમ પર નેષ્ટા, ધરમ નાણું જમે માંડે, જે સ્થળ લક્ષમી લાભ ન દેખે, તે સ્થળ પોતે છાંડે. ॥ ૨૦ ॥ સૌકારી બતાવે વીશ્વાસ પાડે,લાભ કહી ધન તાણે; જેમ પરનારીને ફોસલાવી, જાર કરમી જન આણે. ॥૨૧॥ તે લક્ષમી આવે સ્ત્રી રૂપે, તો તે મોજ કરાવે; માડવા બંધાવે નાચ પડાવે, મીજલસી સભા ભરાવે. ॥૨૫॥ ધામ સોહાવે, રોષણાઇ કરાવે,ગ્રહસ્તાઈ દેખાડે જગમાં; લક્ષમીપતી કેવરાવવાને, ફરે ફુલાશોની વગમાં. ॥ ૨૩ ॥ વ્યસન વ્યભીચારને વાસના, મોહોટાઇને મચ્રરૂભી; દયા દીનતાને દાનવાળા તેનાથી જુદી ખુંભી.॥૨૪॥ હું કરતાનો અહંકાર મનમાં ગરીબ ઉપર ગાજે, નીર્ધન નાહાનો ને કદ્રુપો, તે સંગ બોલતાં લાજે. ॥ ૨૫ ॥ માન્ય લોભીને જસ લોભી,ધન કેફ રૂંએ રૂંએ,વળી અંતર આશા એવી વીખણાઇ શું બહુ મુંએ ॥ ૨૬ ॥ ભાગ્યશાળી બુદ્ધી શાળી, હીમતવાન ગણે શું પાછળ કીરતી કેહેવાશે માહારી, જીવતા મુઆ જણે શું. ॥૨૭॥ કનીષ્ટનાં કુકરમને લક્ષણ,કહેતાં ન આવે નીવેડા; સાક્ષાત કળીનું લક્ષણ કનીષ્ટ,એટલે આવ્યો છેડો. ॥૨૮॥ વળણ.॥ એટલે છેડો આ વીચો,કનીષ્ટ કળજુગ રૂપ;વ્યાસ વલ્લભ એમ ઓચરે,પડે નરકને કુપ.

કડવું ૧૦ રાગ દુહા દેશી.

ભીશ્મપીતા કહે યુધીષ્ટરને,સાંભળ કુન્તી તન,બેટી તુલ્ય લક્ષ્મી ઉત્તમ, તે ઉત્તમ પ્રાણીનું વરણંન. ॥ ૧ ॥ પુત્રી ભાવે લક્ષમી જાયે, ઉત્તમ પ્રાણીને ધામ, ત્યાં લક્ષમા વપરાય કયાં કયાં, ઉત્તમ શું કરે કામ

॥૨॥ ઉત્તમ પ્રાણીને લક્ષ્મી આવે ઉત્તમ જાણે એમ; આ પર ગોત્રીનો પર માલીક, આપણી માનીએ કેમ. ॥ ૩ ॥ લક્ષમી પતી કૃષ્ણ વીષ્ણુ, લક્ષ્મી તેની નારી; રોમ રોમ થાઉં નર્ક નીવાસી, જો કહુ લક્ષ્મી મા- હારી ॥ ૪ પીતા તુલ્ય મને જાણ્યોને, પીહર તુલ્ય મુજ ધામ; તેને સાસર દેઉં વળાવી, હું રાખું શું કામ. ॥ ૫ ॥ એમ જાણી કરે કૃષ્ણા ર્પણ, હતી ત્યાંની ત્યાં કાહાડે;ગોર રૂપી બ્રાહ્મણ હસ્તક;સાસરીયે પોહો ચાડે. ॥ ૬ ॥ બેટી રૂપી આવી જાણવી કયારે, સુમારગે વવરાય; જ્યા વાવરે ત્યાં વિપ્રદ્વારાયે, પ્રભુને ધામ પળાય, ॥ ૭ ॥ તે બેટી ભાવ આ વેલી જાણો, ઓ યુધીષ્ટર રાય; સુમારગે વાવરનાર પ્રાણી, સરવોતમ ગણાય. ॥ ૮ ॥ ઉતમ પ્રાણીનાં લક્ષણ કેવાં, તે સમજાવું સાર; દીનતા દયાને દાનસ્તાઈ, નહી મોટાઈ હંકાર. ॥ ૯ ॥ બાળક સાથે બાળક જેવો, વ્રદ્ધ સાથે વ્રદ્ધ રૂપ; ગરીબ સાથે ગરીબ જેવો, અજ્ઞાની સાથે ચુપ. ॥ ૧૦ ॥ કીરતીનિ નહી ઇચ્છા મનમાં, નહા ફુલણનો ફંદ; નહી કળેશ કંકાશ કશો,સરવ રીતે આનંદ. ॥૧૧॥ રાચ રચીલુ કે વસ્તમાનું, હોય પોતાને ઘેર; માગ્યું આપે પાડોશીને, વ્હારે ચઢે બહુ પેર. ॥૧૨॥ પરને દુખે દુખ માને, પરને સુખે સુખી; જ્ઞાન નાતીને વઇરાગ વાળો, નહી હરી વીમુખી. ॥૧૩॥ જગત રીતીના નહા, પ્રીતી નીતીની રીતી રૂદે; નાશ વસ્તુનું અજ્ઞાન અતી, અવીનાશી જ્ઞાન ઉદે. ॥ ૧૪ ॥ સદ ગુણ શીળતા સંતોશ શાન્તિ, ખરા ખોટાના પરીક્ષા; સત્ય સમાગમ જ્ઞાની સાથે, અજ્ઞાની નહા દીક્ષા. ॥ ૧૫ ॥ એવા અનંત લક્ષણ જેમાં; તે જન ઉતમ પ્રાણી, લક્ષમી બેટી ભાવ તેને ત્યાં, એજ મોહોટી એંધાણી. ॥ ૧૬ ॥ માઇકને ને અમાઇકને, જ્ઞાન વડે સમજાય; અવીવેકને વીવેક રીતિ, વડા વીચારે જણાય, ॥૧૭॥ ન્યાયને અન્યાય ખરૂને ખોટુ, સારૂને નરતુ જેહ; સમાગમથી સમજાય સવળુ, નહી તો તેનું તેહ. ॥૧૮॥ આ લોકનીને પરલોકની જે, નીતી તે જુદે જુદી; પ- રલોકની અતી ઉલટી લાગે, નહી જાણેલી સમુદી. ॥ ૧૯ ॥ તે કોઇ જ્ઞાની સમજાવે ત્યારે, સમજાય પરલોક કેરી; નહીતો આ લોકની રી તીમાં, કરે ડેરાને ડેરી. ॥ ૨૦ ॥ પરલોકનું જ્ઞાન ગુપ્ત ઘણું છે, જાણે જે વહ્વા કોઈ; તે જાણનારાની આ લોકના જીવ, કર્યા કરે બગદોઈ ॥ ૧૨ ॥ અતડુ લાગે ને રહે અતડા, મહાં જઇ જુએ ન સાર; જોઇને કરવું કે ન કરવું, તે કરવો વિચાર. ॥૨૨॥ તેવી રીતનો હોય પ્રાણી, તો કાંક સમજ્યામાં આવે; અળગો રહે તે અળગોને અળગા, લક્ષ ચોરાશી

ધાવે.॥૨૩॥ ધાવણ ધાઠ્યો લક્ષ ચોરાશી,રહે સદા અપ્રોક્ષ; વેદ વદે છે જ્ઞાન વીના, કદી ન હોયે મોક્ષ. ॥ ૨૪ ॥ વળણ. ॥ મોક્ષ ન પામે કો કદી, જ્ઞાન વીનાના કોય; વ્યાસ વલ્લભ વાણી વદે, કર્મ ન્હાય તે હોય.

કડવું ૧૧ રાગ ચોપાઇ.

ભીશ્મપીતા વદેમુખ વાણી,સુણ યુધિષ્ટર હેત આણી;મોક્ષનો મારગ દોહલો ભારે;તે રસ્તે ચડે જીવ કયારે.॥૧॥ કરે ભાવાર્થી જ્ઞાનીનો સંગ; તવ પુર્ણ પડે ઉમંગ; ભાવાર્થી વણ અર્થીક જેહ; જ્ઞાની જન જાણુવો નહી તેહ. ॥૨॥ વેદ શાસ્ત્ર તણા જે અર્થ, હેતુ જાણ્યા વીનના વ્યર્થ; ભાવ સમજીને અર્થજ કરે, તેતો તત્વ દર્શી નીસરે. ॥૩॥ એમ કહે છે ભીશ્મપીતાય; તેતો સુણો યુધીષ્ટર રાય; સુણી શંકા થઇ અપાર; બોલ્યા કુન્તી તણા કુંઆર. ॥ ૪ ॥ મહ પીતા બોલ્યા તમે જેહ, તેમાં મુને થયા સંદેહ; અર્થને ભાવાર્થ બે જુદા;કે તે બેઉ એક સમુદા. ॥૫॥ તવ બોલીયા ભીશ્મપીતાય, અર્થ ભાવાર્થ જુદા કેહેવાય; એકલા અર્થથી અનર્થ થાય, અને ભાવાર્થ સત્ય ગણાય. ॥૬॥ તવ ધર્મ બોલ્યા કરજોડી, મ્હારો સંશય નાંખો તોડી; જેમ વેદના મ્હા વાક્ય જોઇ,બ્રહ્મ છે એમ કહે સહુ કોઇ.॥૭॥ સાંખ્ય શાસ્ત્ર તણે આધારે, આત્મા પરત્મા એક ધારે; તેતો ખરૂં હશે કે ખોટું, તેની ભ્રમણામાં હું લોટું. ॥ ૮ ॥ તવ ભીસ્મજી બોલ્યા એમ,વારૂ તને ભાસે છે કેમ;તાહારી મ્હારે સાંભળવી વાણી, કહે તું શું બેઠો છે જાણી. ॥ ૯ ॥ તવ ધર્મ કહે સુણો તાત, વેદ વીશ્વ વીશે પ્રખ્યાત; વેદ તે નહોય ખોટું; ભાસે સાંખ્ય તણુ જ્ઞાન મ્હોટું. ॥ ૧૦ ॥ માટે હુંતો જાણું છું એમ: બ્રહ્મ સચરાચર છે તેમ; નથી હું તું અવર કોઈ, મીથ્યા ભ્રાન્તિ જીવોને હોઇ; ॥૧૧॥ નથી જીવ સરવ છે બ્રહ્મ, વેદ વાકયોથી તે પડી ગમ;પુન્ય પાપ ન મોક્ષ અમોક્ષ, નથી પરમાત્મા પરોક્ષ. ॥ ૧૨ ॥ છે આત્મા ચૈતન્ય જેહ, છે અજર અમર તેહ; તેતો ત્રણે અવસ્થા જાણે,સત્ય સદાયે આનંદ માણે. ॥૧૩॥ સ્થુળ સુક્ષ્મ કારણ દેહ, તેને પણ જાણનારો તેહ; સત્ય આત્મા તે ઉપદેશ, નથી કોઇ બીજો પરમેશ. ॥ ૧૪ ॥ મને બેઠો છે એ સીધાન્ત,ઘણાં સ્રવણ કર્યાં વેદાન્ત, અહં બ્રહ્માસમી હું બ્રહ્મ, સત્ય જ્ઞાનજ એ ઉત્તમ. ॥૧૫॥ તવ ભીશ્મપીતા બોલ્યા હશી, તેંતો યુક્તા

ન વીચારી કશી, જો તું બ્રહ્મ બને આપો આપ, તો નથી ટાળવા ત્રી તાપ. ॥ ૧૬ ॥ જપ તપ કરવાનાં વ્યર્થ, ઠીક ગ્રહણ કર્યો છે એર્થ; જો હ્યા બ્રહ્મ સદા સર્વજ્ઞ, પણ તું તો દીસે અલ્પજ્ઞ ॥ ૧૭ ॥ વળણ ॥ અ લ્પજ્ઞ તું દીસે અતી, ઓ યુધિષ્ટર રાય; સાક્ષાત બ્રહ્મ તું હોયતો, સંભવે સહુ સતાય.

કડવું ૧૨ રાગ દુહા સાખી.

ભીશ્મપીતા યુધીષ્ટર પ્રત્યે, બોલ્યા એમ વચન; શંકા ઉપને તારી વાણીમાં, ઓરે કુન્તી તન. ॥૧॥ ત્રીદેહનો હું જાણવા વાળો, એમ કહે છે તું કથી; પણ તારૂં વ્યર્થ છે બોલ્યું, તું કાંઇ જાણતો નથી. ॥૨॥ તારા સ્થુળને તું જાણે છે, તો દે ઉતર મુને; તારા શરીરે કેશજ કેટલા કેટલા તલ છે તુને. ॥ ૩ ॥ જો વળી અલ્પજ્ઞ છે તું તો, સરવજ્ઞ નથી જરા; સરવજ્ઞ હોતો સરવને જાણો, ત્યારે તો કહીએ ખરા. ॥૪॥ મ્હારા મનના જે મનસુબા, તે તો તું નવ જાણે; તો સરવ રીતે બ્રહ્મ તું શાનો, મીથ્યા બ્રહ્મ છું તાણે. ॥૫॥ ત્રણે અવસ્થા તું જાણે તો, સ્વન્પન જાયે ભુલી, ખોટું એવું જ્ઞાન ગ્રહીને, આ દેહ જાશે દુલી. ॥ ૬ ॥ નહિ મળે ભગવત ભજવાનો, અમુલ્ય મનુશ દેહ; કળયુગી કયાં વેણ વદોછો, કાંક ધરો સંદેહ ॥૭॥ સરવ શક્તીમાન પરમેશ્વર છે, આપણી તે કયાં શકતી, નીરોપાધી પરમાત્મા છે, ઉતમ એની ભકતી ॥ ૮ ॥ ત્રીગુણી માયામાં રહેલો, તે પરમાત્મા ન હોય; મત તાણી પરમાત્મા કહે, કેવળ મુરખ કોય. ॥૯॥ ભાંગ પીને જેમ ગાંડો બોલે, હું સ્રષ્ટીનો ભુપ; સિંહને અજાનો સંગ કયાંથી, સમજીને રહો ચુપ. ॥ ૧૦ ॥ જ્ઞાનમાં અ જ્ઞાન કદી ન આવે, સુર્યમાં નહી અંધકાર; અગનીમાં શીતળતા ન આવે, પર્ણ લેવો વિચાર. ॥ ૧૧ ॥ બ્રહ્મમાં ભ્રાન્તી કદી ન થાયે, કેહેનારો જખ મારે; વેદ વચનનો હેતુ ન સમજ્યા; કુટાઇ મુઆ અંધારે. ॥૧૨॥ એક બ્રહ્મ વણ બીજો બ્રહ્મ નથી, વળી સદા અવીનાશી, અચળ ઇશ્વર વેદ વદે છે, તે સરવ લેજો તપાશી. ॥ ૧૩ ॥ જે આ દેહ વીશે આ વેલો, તે અન્ય દેહે ન જાય, જે દેહે બદલે તે વસ્તુને, ચળીત વસ્તુ કેવાય. ॥ ૧૪ ॥ વળણ. ॥ ચળીત બ્રહ્મ હોયે નહી, સુણ કુન્તી કુંવાર; વ્યાસ વલ્લભ વાણિ વદે, સુણો શ્રેતા સાર.

કડવું ૧૩ રાગ ચોપાઈ.

બોલ્યા ભીસ્મ પીતા મુખ વાણી, રાય સાંભળ ઉલ્લટ આણી; પર
શ્વર સહુથી ન્યારો,એતો જ્ઞાની જનોને પ્યારો. ॥ ૧ ॥ પરમેશ્વર છે
અનુપ. સત્ય માનજે ધરમ ભુપ; પરમેશ્વર માયા તીત, સદા સર્વદા
અચળીત. ॥ ૨ ॥ તુરીયા તીત છે અવીનાશી, ત્રીગુણાતીત અલખ
ાસી;જ્ઞાન સ્વરૂપ જ્ઞાનાકાર, મોક્ષ રૂપે એ કીરતાર. ॥ ૩ ॥ એને કોઈ
ોરલા જાણે, મીથ્યા ગરવ વેદાન્તી આણે; જેનો વેદ ન પામ્યા પાર,
થી વઢી મરે વેદ ચાર. ॥ ૪ ॥ યોગી તપશ્વી નવ જાણે, તેનો ભેદ
ગતો ન પ્રમાણે;ન લે પરમેશ્વર અવતાર, છે અજન્મા પરમેશ્વર સાર
૫ ॥ અશંક વદે છે વેદ, જેમાં નહી શંકા નહી ભેદ; એવા અનંત
ણુ અવીનાશી, આળસુ સુણતાં જાય ત્રાસી. ॥૬॥ જાણે પરમેશ્વરને
ાની,બાકી કેહેવાની સરવની કાહાણી;જ્ઞાની જન જે જાણે છે વાત,તેજ
રી શકે પ્રખ્યાત. ॥ ૭ ॥ કોઈ માયા મોહ તજે પ્રાણી, તેને સત્ય ન
ાગે વાણી,વળી વીદ્વાન શાસ્ત્રી વેદાન્તીની,તેની વળે વિદ્યામાંજશાન્તી
૮ ॥ જેનો અવતારીમાં લક્ષ, તેના ત્યાં ને ત્યાં રહે ચક્ષ; જેની કર્મ
ાન્ડ પર પ્રીતિ, તેને રૂચક નહી અન્ય રીતી. ॥ ૯ ॥ જેને ઉપાસના
ર પ્યાર, તેને જ્ઞાન ન રૂચે લગાર; ગયા જન્મોનું સ્હેજ સ્હેજ જ્ઞાન,
ળે કર્યું હોય સંપાદાન ॥ ૧૦ ॥ તેથી છેવટ આવ્યો હોય છે
., તવ તે લે જ્ઞાનીનો કેડો; તવ પુરણ જ્ઞાનજ પામે, જન્મો જન્મ
અજ્ઞાન વામે. ॥૧૧॥ અક્ષર ઓળખનો હોય પેહેલો તોજ વંચકમાં
ાય વેહેલો, નવ્ય ઓળખે અક્ષર જેહ, કદી વાંચી શકે નહી તેહ.
૧૨ ॥ તેમ કેટલાક જનમોની શીખ,હોય તો જ્ઞાન ગ્રહે ઠીક, પહેલાનુ
ેક્ષણ નવ હોયે,તેવો જ્ઞાન ન પામે કોયે. ॥ ૧૩ ॥ કદી જ્ઞાન તો સુણે
ન, પણ તેમાં ન લાગે ધ્યાન, કદી ધ્યાન લાગે તે વેળાય, તેને તે
ઢ ન થાય. ॥ ૧૪ ॥ કદી દ્રઢ થાયતો કો સમે, તેનું ચૈત્વન જરૂર ભ-
, કદિ ન ભમે ને રહે સ્થીર, તેવોતો જાગે કોક વીર. ॥૧૫॥ વળણુ ॥
કજ જાગે વીરલા, અયુતમાં તો એક, વ્યાસ વદે શ્રોતા સહુ, જોજો
ાત વીવેક.

કડવું ૧૪ રાગ ચોપાઈ.

વદે વળતા ભીસ્મ પીતાય, તુંતો સુણ યુધીષ્ટર રાય, સરવ બ્રહ્મ

માને છે જેહ, ફક્ત[redacted] .હ. ॥ ૧ ॥ સરવ જીવને મા-
પરમેશ,ત્યારે કોને કરે ઉપદેશ;નહી વક્તાને નહી શ્રોતા, નહી જોવાનું
ને નહી જોતા. ॥ ૨ ॥ નહા જ્ઞાની નહી અજ્ઞાની, જો સહુ બ્રહ્મ લેઈએ
માની; નહી કોઇ દુખી કોઇ સુખા, હી તાબેદારો નહી મુખી. ॥ ૩ ॥
સરવ સરખા જોઇએ અનુપ, નહી કો જન માયાને કુપ; નહી કોઈ
ગ્રહસ્થી નહી ત્યાગી, નહી રાગી કો નહી વેરાગી ॥ ૧૪ ॥ નહી
કો નીચકે કો ઉંચ,સમજી લેવાની ખરી ખુંચ,નહી નારીકે નહી માતા
નહી પુત્રકે નહીકો તાતા.॥૫॥નહી કેહેવું કે નહી સાંભળવું;પછીશાસારૂ
પુછ આંબળવું;એ શ્રષ્ટીમાં પરમેશ્વર સરવ,હું જ્ઞાનીનો ધરે શીદ ગરવ.
॥૬॥ પોતે જ્ઞાનીને અન્ય અજ્ઞાની, એવું એકમાં શાથી લે માની, કે-
હેશે અવરમાં ઉપાદી, તવદ્વૈત થયાં જો વીવાદી. ॥૭॥ કેહેશો કો દુખી
કરમે કરીને,તેનો બોલોછો કેમ ફરીને; દુખા કીયો કરમ કરનારો, કોઈ
અકરમી તે બીજો ધારો. ॥ ૮ ॥ વારૂ સરવ ઇશ્વર છે માનો, તવ મોક્ષ
અમોક્ષજ શાનો;કહે પાપ કરનારો કરે, ત્યારે નર્ક કીયો સંચરે; કેહેશો
નર્ક એનો એ જાય, ધીક જીભ્યાયે કેમ કેહેવાય. ॥ ૧૦ ॥ કહેતો તે ન-
રક વાશી, તેનું મ્હોં જોતાં થાય ઉદાસી; વળી અચળ ઇશ્વર કહીયે,
તો બીજા ગર્ભે કયાંથી જઇએ. ॥૧૧॥ જઇએ માટે ચળીત થયા જા-
ણો,તો અચળ ઇશ્વર કયાં પ્રમાણો;એવી અનંત શંકા જાગે, બ્રહ્મ અ-
શંકવેદને લાગે. ॥ ૧૨ ॥ વદે ભીશ્મપીતા એવો બોધ, જ્ઞાની જન સંગ
કરો શોધ; તવ યુધીષ્ટર લાગ્યા ચર્ણું,મહપીતા થાવું જ્ઞાની સર્ણું ॥૧૩॥
વળણ. ॥ જ્ઞાનીના સતસંગથી, થાય યથાર્થ જ્ઞાન, વ્યાસ વલ્લભ વાણી
વદે, જ્ઞાને વશ ભગવાન.

કડવું ૧૫ રાગ સરળ સાખી.

ભીશ્પીતા વાણી વદીયા, સુણ સતી સંતાન; વેદ શાસ્ત્ર કે ઈ-
તીહાસ પુરાણ, તેથી જુદુ બ્રહ્મ જ્ઞાન. ॥૧॥ બ્રહ્મ ગતીને બ્રહ્મ કેહેવાય,
બ્રહ્મ સ્વરૂપને બ્રહ્મ; એ સઘળું સવળું સમજવું, તે જ્ઞાનીને પડે ગમ.
॥૨॥ શ્રવણ જ્ઞાની અનુભવ જ્ઞાની, અનુમાની પણ જ્ઞાની; વાંચક જ્ઞા-
ની કર્મ જ્ઞાની, તેમાં કીયો લેવો માની. ॥ ૩ ॥ જો સતી સુત સત્ય સ-
મજાવું, જ્ઞાની જાણવો શાને; વંચક જ્ઞાની વાંચી જોયેલું. શ્રવણી તે
સુણેલું કાને . ॥ ૪ ॥ અનુમાની ત્રીજુ પદ છે, ચોથો જ્ઞાની અનુભવી;

તે ચાર પ્રકાર જ્ઞાન મળેલું, તેજ જ્ઞાની મ્હા કવી. ॥ ૫ ॥ તેવા જ્ઞાનીનું જ્ઞાન સાંભળતાં, જ્ઞાન યથારથ થાય;તે જ્ઞાન વડે મુક્તી મળે, મોક્ષ પદે પળાય.॥૬॥ મોક્ષ વીના અવર ઇચ્છાથી, આચાર અતિશે પાળે; ફળ લેવાની વાન્છના રાખે, તે ન તરે કોઇ કાળે ॥૭॥ શાન્તીપરવહાંઇ પુરણ થયું,કેહેછે વૈશમપાય; ઓરે પુત્ર પરિક્ષત કેરા,ઉતરી તુજ હત્યાય. ॥૮॥ એટલે પરિક્ષતના પુત્રે, આપ્યાં છે ગૌદાન; બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં, ભાવે ભજ્યો ભગવાન. ॥ ૯ ॥ સવાસો વીપ્રને ઉપવીત દીધાં, સવાશો કન્યાદાન, સવાસો બ્રહ્મપુરીયો આપી, પરિક્ષતને સંતાન. ॥ ૧૦ ॥ શામ પડદા સ્વેત થયાને,સ્વેત થઇ શામ ગાય; કાળા તલ ધોળા થયા એ, પ્રમાણે તર્ત દેખાય. ॥ ૧૧ ॥ વળણ. ॥ પ્રત્યક્ષ પ્રમાણે દરસે ગયું સુણતાં પોહોચ્યા કોડ;વદે વલ્લભ શ્રોતા સહુ,બોલો જેજે શ્રી રણછોડ.

શાન્તી પર્વ સમાપ્ત.

श्री.

અશ્વમેઘ પ્રારંભ.

અશ્વમેઘ પર્વ કડવું ૧ રાગ સાખી.

ગીરજાનંદન ગણુપતીને, પ્રથમ લાગુ પાય;સરસ્વતી માતાને નમું માજી વશે જીભ્યાય ॥ ૧ ॥ વઇશમપાયે તેર પરવની, સંભળાવે કથાય;પછી જનમેજયની પાસે, પોતે માગી વીદાય. ॥ ૨ ॥ પુરણ કથા હું નહી સંભળાવું,એક સ્થળે હરનિશ; સાંભળજે જયમુનીના મુખથી, પાતક તું નિસ્તરીશ. ॥ ૩ ॥ એકના મુખથી એક જગોયે, ભારથ પુર્ણ કેહેવાય; કાં શ્રોતાને કાં વકતાને, વિકટ વિઘન થાય. ॥ ૪ ॥ શ્રોતાયે વકતાનું ઇછવું સારૂં, વકતાએ શ્રોતા જનનું;માટે પુરણ કેહેવી કે સુણવી, પરીણામ એ વિઘનનું. ॥ ૫ ॥ માટે છ માસ જવા દેઇને, સાંભળજે તું કથાય; તે વારે આવશે જયમુનિ,ઓ જનમેજય રાય. ॥૬॥ એમ કહીને વીદાય થયા,એવે વિત્યા ખટ માસ; તેવામાં જયમુનિ આવ્યા, જનમેજયની પાસ. ॥ ૭ ॥ તવ જનમેજય ચરણે લાગ્યો; પધારો ૠશીરાય; અધુરી કથા શ્રવણ કરાવી, ૠશી વઇશમ પાય. ॥ ૮ ॥ તેતો મુજને કહી ગયા જે,જયમુની આવે જ્યારે,પાંચ પરવની કથા રહી તે સાંભળી લેજે ત્યારે. ॥ ૯ ॥ પરવ અષ્ટાદસ ભારથનાં, પુરણ તે સંભળાય, બ્રહ્મહત્યા મુજને લાગી છે, પાતક તે પાળાય. ॥ ૧૦ ॥ જયમુનિ સંભળાવવા બેઠા, વાળી પદમાસન; સનમુખ આસન વાળી બેઠો,સાંભળવા રાજન. ॥ ૧૧ ॥ સાંભળ રાજા છે હરિ ચરચા, સાંભળ રાખીને પ્રીતિ;કથામાં બીજુ કાંઇ ન જોવું; જોવું સત્યને નિતી. ॥ ૧૨ ॥ બીજા વીશયમાં વ્રત્તી રાખી, જે જન સુણે કથાય; તે જનનુ પુન્ય ધોવાઇ જાયે, ઉલટુ પાતક થાય. ॥ ૧૩ ॥ રાગ વીશયમાં હાસ્ય વિશયમાં, વ્રત્તી ધરી સુણે જેહ; પ્રભુતણા પદને નવ પામે, પામે ખગનો દેહ. ॥૧૪॥ હાસ્ય વીશય વાહાલો હોયે તો,ભવાયો થૈ અવતરે; વાન્નર કેરો દેહપામે, કામ વીંશય ચીત ધરે. ॥ ૧૫ ॥ માટે ચીત હરી ચરચામાં, રાખી સાંભળજે રાય; અશ્વમેધનું પરવ કહું છું,પાપ તારૂ પળાય. ॥૧૬॥ વ-

શુભ વદે સાંભળો શ્રોતા, ટુંકામાં સૌ સમજાવું; આ ગ્રંથ છપાઇ ગયો છે માટે, સંક્ષેપમાં હું ગાવું. ॥ ૧૭ ॥ ત્રણ કવીની છે રચેલી, અશ્વમેધ કથાય; તેથી ટુંકાણમાં રચ્યુછું, સંદે ન ધરશો કાંય. ॥૧૮॥ પાન્ડવ ગાદી બેઠા ત્યાં સુધિ,સારિ રીતે રચી કથા; અશ્વમેધ છે બાહાર પડેલો,મેહેનત લેઉ તે વ્રથા. ॥ ૧૯ ॥ વળણ. ॥ વ્રથા મેહેનત લેતો નથી; ટુંકો ટુંકો કહુ સાર; ના કહુતો અધુરો કહે; ભારત ગ્રંથ નિરધાર. ॥ ૨૦ ॥

કડવું ૨ રાગ સવૈયાનો.

જયમુનિ રૂશી એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ મહિમાય. ॥ ૧ ॥ હસ્તીના પુરની ભોગવે ગાદી, કુન્તીના તન ધર્મ;નિતિ પુર્વક રાજ ચલાવે, નીત્ય કરે શુભ કર્મ. ॥ ૨ ॥ છ માસ સુધી ભોગવિ ગાદિ, સમરે શ્રી અવિનાશ; એવામાં અણચીતવ્યા આવ્યા, વીષ્ણુ વેદમ વ્યાસ. ॥ ૩ ॥ પાન્ડવ ઉઠીને પાયે પડીયા, પ્રેમે આપ્યું આસન; પધારો પધારો કહી બેશાડયા,અમને કર્યા પાવન. ॥ ૪ ॥ એમ કહીને ધરમ રાજા, ચાંપવા બેઠા પાય; કૃપાનીધી એક પ્રશ્ન પુછુંછુ, સંકલ્પ વીકલ્પ થાય. ॥ ૫ ॥ કુળ નીકંદન અમે કીધું, રાજ્ય લેવાને આપ; તે મુજને મનમાં ખટકે છે જાણુંછુ બેઠું પાપ. ॥ ૫ ॥ એટલે વ્યાસજી એવું બોલ્યા, સુણ યુધિસ્ટીર રાય;ક્ષત્રા ધરમ તેં સાચવ્યો તારો,તેમાં શું પાપ કહેવાય. ॥૭॥ પણ લોકીક અપવાદ બેઠો,ફીન્ચીત એનો દોષ;દોશ તણું નામ સાંભળ્યું કે, ધર્મ થયા અફસોસ. ॥ ૮ ॥ઓ મહારાજા અપવાદ બેઠો, એ મુજને પસ્તાવો; તે પણ નીરવાણ થાય તેવું, કાર્ય મુને બતાવો. ॥૯॥ એટલે વેદમવ્યાસ બોલ્યા,સાંભળી થાજે મગ્ન;જેવો કર્યો હતો રામચંદ્રે તેવો કરો તમે યજ્ઞ. ॥૧૦॥ અશ્વમેધનો યજ્ઞ કરવો,તેથી બહુ જય થાશે,લોકીક અપવાદ જક્તમાં બેઠો, તે તમારો જાશે. ॥૧૧॥ એમ સુણી યુધીષ્ટર બોલ્યા, માહારાજા પડુ પાય; અશ્વમેધ એ યજ્ઞ મોહોટો, દ્રવ્ય વીના કેમ થાય. ॥૧૨॥ છ માસથી રાજગાદી પામ્યા;ધન નથી સંચીત કીધું;દુરીયોધનનું મેળવેલું તેતો લુટાવિ દીધું. ॥ ૧૩ ॥ માટ નીરધન છેએ હમણાં, કેમ કરીએ માહારાજ;મન મોકળું મુકીને વાવરવું

મ કરાયે કાજ. ॥ ૧૪ ॥ વ્યાસજી બોલ્યા સાંભળ રાજા, બતાવું
ઉપાય;આગળ મોહોટો યજ્ઞ કર્યો તો,થઈ ગયો મરયુત રાય ॥૧૫॥
વિપ્રોને દાન કર્યાં ત્યાં,નરદમ કનક કેરાં;દળીદ્રીનાં દળદર કાપ્યાં
ાં મેરા ॥૧૬॥ વીપ્રોએ જે કનક લીધાં, તે ડુંગરોમાં દાટયાં;
ાં ના અકળાયેલાં,લક્ષ્મીજી ઉભરાટયાં ॥ ૧૭ ॥ તે ધન જઈ
લાવો, તવ બોલ્યા ધરમરાય; કૃષ્ણાર્પણ થયેલું ધન એ, મુ-
કેમ લેવાય. ॥ ૧૮ ॥ એટલે વ્યાસજી એવું બોલ્યા, સાંભળજે
તી: ભીમાંથી ધન તું લાવે, તો તું છે ભુપતી. ॥ ૧૯ ॥ એ ધન
માં વીપ્રો, તેમાંનું નથી કોય; ધરતીના ધન કેરો ધણી, ધરણ
ય. ॥૨૦॥ માટે તે ધન તું લૈ આવે, તેમાં નથી તને દોશ;
ર્વો યજ્ઞ આરંભો, થાશો નહિ અપશોશ. ॥ ૨૧ ॥ ધરમ કહે
મ ા, હવે તો આવી હામ;કૃપા કરીને બતાવો તમે, શાંશાં
॥ ૨૨ ॥ એટલે વેદમ વ્યાસ બોલ્યા, સાંભળ રાજકુંવાર;
કર ાવવા તેડી, વીપ્રો વિસ હજાર. ॥૨૩॥ તે સરવેના વરૂ-
રવ સેંને સાઠ દન; આનંદમાં જીવ રાખવો સૌએ, દેવું ઇ-
ભે ॥૨૪॥ યજ્ઞની પુરણાહુતી થાય ત્યારે, ધેનું દેવી ધરમાં
અ થ બેસવાને દેવો, અકકેક દેવો હાથી. ॥૨૫॥ બે બે જો-
વળી દેવા સણગાર; વીસ મણ સુવર્ણ પ્રમે દેવું,સાંભળ
કું ૨૬ ॥ એક એક ખોબો મોતિ દેવાં, વીપ્રોને પ્રેમ ધરી;
શા સમરણ કરવું; સત્ય શ્રદ્ધા આદરી. ॥ ૨૭ ॥ યજ્ઞ આરં-
ભ ન, હું કહું તે આદરવું; તમારે ને દ્રૂપતીને; ધારા વ્રત
કર ૮ ॥ તમારે ને દ્રૂપતીને, સુવું એક સજ્યાય; ઉઘાડું
યમાં, મનવ્રતી સ્થીર થાય. ॥ ૨૯ ॥ વળી તમારે ને
ી એકજ અન્ન; બીજો પદારથ કાંઇ ન ખાવો, વળી સાં
ર. ॥ યજ્ઞને સારૂ અશ્વ લાવો, જોઇએ પંચ કલ્યાણી;
રાવવું તેને, પુજવો દૈવી જાણિ. ॥ ૩૧ ॥ તે અશ્વનાં
યુધિષ્ટર રાય;પુંછડુ પીળુ કાન કાળા,સ્વેતજ એની
લા રંગના ચરણ હોયે, એવો એનો રંગ; તેના જે
યમ દુતનો ભય ભંગ. ॥ ૩૩ ॥ તે તોખારને લાવી
સ ઘેર;ચૈતર સુદિ પુરણમીએ, છોડવો આનંદ ભર.
ટ કનક કેરૂ, પત્રજ બાંધવું એક, તે પત્ર પર લખવું

કેહુ, તે સાંભળ વીવેક. ॥૩૫॥ ક્ષત્રી કેરો પુત્ર હોય તે, આ ઘોડાને બાંધે; એટલું લખીને મુકવો ફરવા, ખુશી આવે ત્યાં વાધે. ॥ ૩૬ ॥ તેની પુઠે બળીઆ બણાવી, શેન્ય લઇને જાય; હરનીસ એની ચોકી કરવિ, કે કબજે નવ થાય ॥૩૭॥ પંચકલ્યાણી ફરતાં ફરતાં, લાદ કરે જે ઠામ; ધરમશાળા તે સ્થળ કરવી, કાં કરવો વિસરામ. ॥ ૩૮ ॥ જે સ્થળ કરે લઘુશંકા, ત્યાં કુઓ કે વાવ, ખરચમાં ખામી નવ કરવી પુરણ લેવો લાહાવ. ॥ ૩૯ ॥ એ અશ્વને ક્ષત્રી નંદન, બંધન કરે જેહ, તેની સાથે યુદ્ધ કરીને, અશ્વ લેવો તેહ. ॥૪૦॥ એ રીતે ત્રણસેં સાઠ દાહાડા, ફેરવવો હામ ધરી; એટલે ધરમ પુછવા લાગ્યા, વ્યાસજીને કર ગરી. ॥૪૧॥ ઓ માહારાજા ઠીક બતાવ્યું, વાત પુછુ વાતમાંથી; એવો અશ્વ પંચ કલ્યાણી, કહો લાવિએ કયાંથી. ॥૫૨॥ એટલે વેદમ વ્યાસ બોલ્યા, બતાવુ વિવેક; ભદ્રાવતી નામની છે નગરી, ઉત્તમ દિશા એક ॥ ૪૩ ॥ યુમનેશ્વ નામનો રાજા તેનો, સુવેધ નામનો તન; દસક્ષોણી સેન્યાનો ધણી છે, અશ્વ તેને ભોવન. ॥૪૪॥ એ અશ્વની ચોકી કરે છે, દસ ક્ષોણી સેન્યાય; તેની સાથે યુદ્ધ કરીને, અશ્વ લાવવો હોય.॥૪૫॥ તે ઘોડો છે દેવ લોકનો, સાચવવા દીધો છે; શેવા કરવા દરસણ કરવા, યમુનાશ્વ લીધો છે. ॥૪૬॥ આઠે દીવસે આદીતવ રે, તે ઘોડો છોડાય. ક્ષીપ્રા નામની નદીમાં તેને, નવરાવવા લેઇ જાય. ॥ ૪૭ ॥ તે દન બહુ લોક પુજા કરે છે, શેવે છે પુરણ પ્રીતે, તે ઘોડાને જઇ લઇ આવો, ક્ષત્રીવટની રીતે. ॥ ૪૭ ॥ લાવવો નહિ તે છાનો [illegible] ન લાવવો માગીને; લાવવો નહિ રાય મર્ણ પમાડી, લાવવો હઠ [illegible]ને.॥૪૮॥ લાવવા યુદ્ધ કરી જીતીને, ઓ કુન્તી સંતાન; એમ કહી આજ્ઞા માગીને, થયા અંતરધ્યાન.॥૪૯॥ પછી પોતે ધરમ રાયે, ભાઇ ભાન્ડુ તેડાવ્યા; ભીમસેનને વળી શેદેવ જોશી, નિકુળ સહિત આવ્યા.॥૫૦॥ હેડં[illegible] વનથી આવી આ છે, ગટારગજનો તન; વરસકેતુ સુત કરણનો રેહે છે ધર્મ ભાવન ॥૫૧॥ તે સરવે ત્યાં ભેગા થઇને, બેઠા ધરમની પાસ. તવ ધરમે કહ્યું યજ્ઞ કરવા, કહી ગયા વેદમ વ્યાસ. ॥૫૨॥ તે કામ કરવું મન આંદરવું; લેવાનો છે લાહાવો; માટે માહારા વ્રકોદર વિરા, ક્રષ્ણજીને તેડી આવો, ॥૫૩॥ ગદા લેઇ તવ ભીમ ઉઠયો, દ્વારીકાં નગરી જાય; આવો આવો કહી ભીમને તેડયો, ઘરમાં જાદવરાય. ॥ ૫૪ ॥ કહો વ્રકોદર કેમ પધાર્યા, ભીમ બોલ્યો સુખ ભેર; હસ્તીના પુરમાં પધારો, યજ્ઞ ધાર્યો એમ

ઘેર. ॥૫૫॥ કૃષ્ણ પ્રભુ તવ તૈઆર થયા, ઉમંગ ઉપજ્યો ઉર; વ્રકોદરની સાથે આવ્યા. પોતે હસ્તીનાપુર. ॥ ૫૬ ॥ ધરમરાયે કહી સહુ બીના, રાજી થયા દિનાનાથ; પછી સહુને તેડાવીને, બેઠા સરવે સાથ. ॥ ૫૭ ॥ એટલે બોલ્યા ધરમ રાજા; પ્રથમ અશ્વને લાવો; આપણામાંથી સુરો પુરો, લેવાને કોણ જાઓ. ॥૫૮॥ ભીમે કહ્યું કે હું જાઉં છું. લાવવાને મુજ હેતુ; મેઘવરણ કહે હું જાવું, તવ બોલ્યો વરસકેતુ. ॥૫૯॥ ઓરે પીતાજી હું જાવું છું, કરૂ જઇને ચડાવો; ધરમ કહે ત્રણ જણ બોલ્યા, તેથી ત્રણે જાઓ. ॥ ૬૦ ॥ વળણ ॥ ધરમે આપી આગના, ત્રણ જણ તતપર થાય; વદે વલ્લભ શ્રોતા સુણો, ભદ્રાવતીમાં જાય

કડવું ૩ રાગ ચોપાઇ.

બોલ્યા જય મુનીજી વચન, સુણ પરીક્ષત કેરા તન; "જ્યિહી ધરમે જ્યાં આગનાય; તવ ત્રેણે પંથ પળાય. ॥૧॥ જાતાં જાતાં દીવસ બહુ થયા, એક માસે ભદ્રાવતી ગયા; એનો પુરમાં હરખે ભરીયા, જઇ ગીરી ગફામાં ઉતરીયા. ॥ ૨ ॥ રાતા દોડગનો ॥ પછી મેઘવરણ એમ બોલ્યો, કહોતો તતપર થાવું; ભદ્રાવતીમાં પંચ કલ્યાણી, ઘોડાને જોઇ આવું ॥૩॥ એમ કહીને આગના લીધી; સરવ સમાચાર લાવ્યો: ઓળખ્યો રાયને અશ્વ દીઠો. પછી ગફામં આવ્યો. ॥ ૪ ॥ ઓરે દાદા અશ્વ દેખી, આનંદ ઉપજ્યો મન; નવરાવવા લાવશે ક્ષીપ્રાયે, આદિતવારને દન. ॥૫॥ એવામાં રવીવાર આવ્યો, તવ સભ્યાગી શન્યાય; પંચ કલ્યાણી અશ્વને લેઇ, ક્ષીપ્રાનદીએ જાય. ॥ ૬ ॥ તવ મેઘવરણ એવું બોલ્યો, કાહોતો દાદા જાવું: અશ્વને નવરાવવા લાગ્યા છે, કોહુતો જૈ લૈ આવુ ॥૭॥ એટલે ભીમે આગના આપી, મેઘનાદે ગડગડીયો; વાવંટોળ વીજળી કરીને, તોખાર પાસે પડીયો. ॥૮॥ વાયુથી રેણુ ઉરાડી, ગટારગછને તન; સેન્યાના શરવે યોદ્ધાનાં, પુરી દીધાં લોચન. ॥૯॥ તે શહુ આંખો ચોળવા લાગ્યા, માયાવી એવો નડીયો; અશ્વ ઉચકી ખાંધે લઇને, જઈ ગફામાં પડીયો ॥૧૦॥ તે પછી શેન્યાને વળી શાન્તી, ઉઘડીયાં લોચન; જોયું તો અશ્વ નવ દીઠો, ઉદાસ થયું મન. ॥૧૧॥ અરેરે આપણો અશ્વ કયાં ગયો, કોઇક શત્રુ જાગ્યા, દસ ક્ષોણીના શકળ યોદ્ધા જ્યાં ત્યાં સોધવા લાગ્યા. ॥ ૧૨ ॥ એવામાં એક બે સેવકે, ગફામાં દી

ઠો તોખોરણ તેહ જઇ યમુનાસ્વરાજાને, કહ્યા છે સમાચાર. ॥ ૧૩ ॥ ઓ માહારાજા રાજાધીરાજા, ચાલો જણુવીએ જોર; આપણા અસ્વને લેઇ ગફામાં, બેઠા છે ત્રણ ચોર. ॥ ૧૪ ॥ એવું સાંભળી રાજા કોપ્યો, હાથ ગ્રહ્યાં હથીઆર; દસ ક્ષોણી શેન્યાને લીધી,વળી લીધો કુંવાર. ॥૧૫॥ સુવેધ સુતને શાથે લઇને,રાજાએ કીધી ચડાઇ; ડુંગરની ગફાએ આવ્યા, કરવી ધારિ લડાઇ. ॥ ૧૬ ॥ તવ વ્રકોદર વરશકેતુ, મેઘવરણ માયાવી; અસ્વને ગફામાં બાંધી નીકળીયા,યુધ્ધે ઉભાએ આવિ ॥૧૭॥ સુમનાસ્વ સામો વરસકેતુ, સુવેધ સામો ભીમ; મેઘવરણ સૌ શેન્યના સામો, લીધો લડવાનો નિમ. ॥ ૧૮ ॥ ભદ્રાવતીનો રાજા બોલ્યો; શું જુઓ સૌ સાથ; દયા ન ધારો ઠેર મારો, કહી ઉંચો કર્યો હાથ. ॥૧૯॥ પછી પોતે આયુદ્ધ લીધાં,ક્રોધ ઘણેરો ચડીયો; કરણ નંદન તેના સામો, મન મુકી ટુટી પડીયો. ॥૨૦ ॥ બાણ વછોડે માહા તન તોડે, સામ સામી કરે કષ્ટી; દ્વાદશ મેગની ધારા છુટે, એવી કરે બાણ વ્રષ્ટી. ॥ ૨૧ ॥ સામા સામી શરીર ભેદે,વહે સોણીત ધાર;દેખીને માહા ત્રાસ પાડે, વરતે હાહાકાર. ॥૨૨॥ ભીમને સુવેગ ગદા ગ્રહીને,ગદા તણુ યુદ્ધ કરતા; થાય ઝપાટા મારે સપાટા, નહી પાછો પગ ભરતા. ॥ ૨૩ ॥ એવામાં મેઘવરણ માયાવિ, શેન્યમાં પડીયો સાર; એક ઘડીમાં મારી નાંખ્યા; યોદ્ધા ચાળી હજાર. ॥ ૨૪ ॥ એટલે વરશકેતુએ ત્યાં, પ્રાક્રમ કેવું કીધું, મોહાસ્તનો મંત્ર ભણાને, માહા બળમાં બાણ લીધું, ॥ ૨૫ ॥ સુમનાસ્વ રાજાને માર્યું,પ્રાણજ ઉંચે ચડીયો સાન સુદ્ધી બુદ્ધી વિનાનો, થઇને પ્રથવી પડીયો. ॥ ૨૬ ॥ તવ પોતે પસ્તાવા લાગ્યો. વીપ્રીત થયું આ ઠામ; જો રાજા મરણ પામે તો, અસ્વ ન આવે કામ. ॥ ૨૭ ॥ વેદમાં વ્યાસે એમ કહ્યું છે, વરતવું તે રીતીને; વાજી લાવવો માર્યા વિના, રાજાને જીતીને. ॥ ૨૮ ॥ તેમ છતાં મેં આશું કીધું, મનમાં અતી શોક ભરીયો; યુમનાશ્વ રાજાની પાસે, જાવાને ઉતરીયો. ॥૨૯॥ સૌ શેન્યે રાયને પડયો જાણ્યો,યુદ્ધ બંધ કર્યું સાર;સૌ આવ્યા યુમનાશ્વની પાશે, કરતા હાહાકાર. ॥૩૦॥ તે વારતા ગઈ ગામ વિશે, રાયનું કષ્ટ પ્રમાણ્યું;યમુનાશ્વની જેનેતા જડદંબા,તેણ વિઘન જાણ્યું. ॥ ૩૧ ॥ વળણ. ॥જડદંબાયે જાણીયું, રક્ત થયાં તવ ચક્ષ; કહે વલ્લભ ઉઠી થઇ ચાલી પુત્રને પક્ષ.

કડવું ૪ રાગ કુખમની છાયા.

ઉઠી યુમનાશ્વની માય, જડદંબા ચાલીયાંરે, એતો દીકરાની પક્ષે જાય,જડદંબા ચાલીયાં રે.॥૧॥ એની રાક્ષશ વર્ગની કાય૦ જડ૦ દોઢ જોજન ઉંચી દેખાય૦ જડ૦ ॥ ૨ ॥ એનું દરવાજા જેવડું મુખ, જડ૦ એની સરોવર જેવડી કુખ૦ જડ૦ ॥ ૩ ॥ એનું અદગાઉ પેહોળુ કાઠું૦ જડ૦એનું ડુંગર જેવડુ માથું. જડ.॥૪॥ એનાં છાછર જેવડા કાન૦ જડ૦ એનાં નેત્ર ધનુશ કમાન૦ જડ૦॥૫॥એના ગંઢાળા તુલ નાસ્કોરા૦ જડ૦ આંખે પોપચાં પુરણ કઠોરોં૦જડ૦ ॥૬॥ એના સાત તાડ ઉંચા ચરણ૦ જડ૦એના ચાલ્યાથી ધ્રુજે ધરણ૦જડ૦॥જડ૦॥૭॥ માંથે કેશ છે વાંસના જાળ. જડ૦ એના કરણુ મોહોટા વિકરાળ૦ જડ૦ ॥ ૮ ॥ એનાં વાંસ પુર લાંબા સ્થાન૦જડ૦ માહા ભય ભરેલું વાન૦ જડ૦ ॥૯॥ વળણ.॥ વરણુન કરતાં થાકીયે, ભય ભરેલું વાન; તવ શૈન્યમાં મુરછા થકી,ઉઠયો છે રાજાન.

કડવું ૫ રાગ ધન્યાસરી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા સુણુ જનમેજે રાય; વાસ્તારી તુ જને સંભળાવું, અશ્વમેધ મહીમાય. ॥૧॥ યુમનાશ્વ રાજાની મુરછા વળી, ઉઠીને શરીર લુછે; વર્ષકેતુને, ને વ્રકોદરને, ખબર પોતે પુછે. ॥ ૨ ॥ કોણુ છો તમે કયાંના રેહેવાશી, કેમ આવ્યા મુજ ઠામ; ભીમ કહે અમે કુન્તી નંદન, હસ્તીનાપુર ગામ. ॥ ૩ ॥ પાન્ડવમાં વ્રકોદર હું છું, યજ્ઞ અમારે ઘેર;માટે અશ્વ લેવાને આવ્યા,કહી તુજને ખરી પેર. ॥ ૪ ॥ સાંભળી રાજા આનંદ પામ્યો, તમને ઓળખે જક્ત; પરબ્રહ્મ પ્રભુ ક્રશ્નજીના, તમો લાડીલા ભક્ત. ॥ ૫ ॥ ચાલો અમો આવીએ તમ સાથે, વાજીને જોડે લેઇ; દીન બંધુના દરસણ થાશે, કામ કરશું તન દેઇ. ॥૬॥ પુરણ યજ્ઞ થતાં સુધી, કામમાં મેહેનત કરશું; તમારે લીધે અમે પાપી. દુસ્તર સંસાર તરશું. ॥૭॥ ભીમે કહ્યું ભલે ચાલો જોડે, કહીને સરવ મળીયા;પરોણાગતે સાથે લેઇને, યુમનાશ્વ ગામમાં વળીયા. ॥ ૮॥ એવે રાયની મળી જડદંબા, યુમનાસ્વ લાગ્યો પાય; કયાં જાઓછો ક્રોધ ભરેલાં, ઓરે માહારી માય. ॥૯॥ જડદં બા કહે ઓરે

બેટા,જો માહારાં રાતાં ચક્ષ;યુદ્ધ કરતાં મેં સાંભળ્યો તુને, કરવા આવું છું પક્ષ. ॥૧૦॥ રાય કહે પાછાં વળો માતા, આપણે ભોવન જઇએ; હસ્તીનાપુરમાં કૃષ્ણ પ્રભુ છે, દરસણે ત્યાર થૈએ. ॥૧૧॥ જડદંબા કહે એ શું બોલ્યો,કયાં ઉભુ કરે દુખ;ગોવાળીયાનાં દરસણ કેવાં,કાળાનું કાળુ મુખ. ॥૧૨॥ એ વ્યભીચારી છળનારો નારી, મામા માશી માર નારો; કામણ ગાળો જાદુ વાળો, ઝેરીલોને નઠારો. ॥ ૧૩ ॥ યુમનાશ્વે મનમાં વીચાર્યું,રાક્ષસ ગુણ મુજ માય;સમજાવીને ત્યા લૈ જઇએ, લગાડુ પ્રભુને પાય. ॥૧૪॥ એવું ધારીને એમ બોલ્યો, માતાજી ચાલો ઘેર; જવાની વાત જઇશું તે વારે, રહોને આનંદ ભેર. ॥ ૧૫ ॥ એમ કહી માને ઘેર લીધી, સાથે કુન્તી તન; આદરભાવે પરોણાગતે, કરાવ્યાં ભોજન. ॥૧૬॥ પછી નગ્રમાં સાદ પડાવ્યો, ભદ્રાવતીનો નાથ; દરસણની ઇચ્છા હોયે તે સૌ આવજો અમ સાથ. ॥ ૧૭ ॥ તવ નગરીના હરીજનો તે, જાવા થયા તૈયાર; રાજા પુત્ર પરીવાર લેઇ, નીકળ્યો તેણી વાર. ॥૧૮॥ પોતાની જનેતા જડદંબાને, સમજાવી અવળી પેર; ચાલો જનેતા હસ્તીનાપુરમાં, પાન્ડવોને ઘેર. ॥ ૧૯ ॥ જડદંબા કહે હું નહી આવું, કાળીયો ત્યાં કારભારી; મુજ ભાણેજ સકટાસુર હનો,તેને એણે નાંખ્યો મારી. ॥ ૨૦ ॥ યમનાશ્વ કહે જાણું છું માતા, ત્યાં જઈ કરવો કેહેર; છળ કરી હણશું પ્રભુને, લેવું છે વેહેરે વેહેર. ॥ ૨૧ ॥ સાંભળી જડદંબા થઇ રાજી, ચાલ તું મારિ સંગ;વીચાર તેં બહુ સારો કીધો, થયો મુને ઉમંગ. ॥૨૨॥ અવળું સમજાવી તવ ઉઠી, પુત્રની જોડે જાય; વાજતે ગાજતે નીકળ્યો રાજા, સાથે સૌ સંન્યાય. ॥ ૨૩ ॥ મેઘવરણ જઈ ગફામાંથી, લાવ્યો પંચ કલ્યાણી; હળી મળી હસ્તીનાપુર, આવ્યા ઉલ્લટ આણી. ॥૨૪॥ આવો આવો કહિ સનમુખ ઉભા, પોતે અસરણા સરણ;જુમનાશ્વે જબરદથી માને,લગાડી પ્રભુને ચરણ ૨૫ ॥ પ્રભુએ મુસ્તક હાથ મુકયો, કુકરણી દુર કાહાવી; કુબુદ્ધી ટળી જડદંબાની, તરત સુબુદ્ધી આવી. ॥ ૨૬ ॥ પ્રભુની પ્રદક્ષણા ફરી, પ્રેમે લાગી પાય; માહારાજ હું કાંઇ બોલી હોઉ તો, તે કરજો ક્ષમાય. ॥૨૭॥ કૃષ્ણ ચરણથી સુમતી પામી, સહુ જન રાજી થાય; ભીમે પંચકલ્યાણી આપ્યો, સૌ જન લાગ્યા પાય. ॥૨૮॥ પછી એ વાજીને ઘોડીમાં રાખ્યો, ધર્મ કરે શેવાય;આવેલાં સૌ રહ્યાં હસ્તીનાપુરમાં પછી બોલ્યા જદુરાય. ॥૨૯॥ પાન્ડવો હું દ્વારિકા જાવું છું, આવે ચઇતર

માસ, તવ ભીમ મુને તેડવા આવે; દ્વારિકાં મુજ વાસ. ॥ ૩૦ ॥ એમ કહીને પોતે પધાર્યા, દ્વારામતી અવીનાશ; એવે થોડા દિવસ ગયા, આવ્યો ચૈતર માસ. ॥ ૩૧ ॥ તવ ધરમે કહ્યું ભીમ વિરા; કૃષ્ણને તેડવા જાવો; કુટુંબ કબીલા સાથે પ્રભુને, હસ્તીનાપુર લાવો. ॥ ૩૨ ॥ એટલે ભીમ ગયો દ્વારિકામાં,જઇ કહ્યા સમાચાર;સઘળી નગરી સાથે લેઇ, પ્રભુ થયા તૈયાર. ॥ ૩૩ ॥ ઉગ્રસેનને, વાસુદેવને, દ્વારિકાં રેહેવા દીધા; નગ્ર સાચવવા બે વરસ મુકી, સરવને સાથે લીધા. ॥૩૪॥ હસ્તીનાપુર જાવા સહુ પ્રાણી,પ્રભુની સાથે પળીયા;મારગમાં જુમનાજી આવ્યાં, ગોપ ગોપી ત્યાં મળીયાં. ॥ ૩૫ ॥ નંદ જસોદા સરવે મળીયા, મળ્યાં મોહનના મીત્ર; કૃષ્ણને સરવે કહેવા લાગ્યા, બાળપણનાં ચરિત્ર. ॥ ૩૬ ॥ પ્રભુ કહે સરવે ગોપ ગોપી, પંથ હમારો ઝાલો; પાંન્ડવ મોહોટો યજ્ઞ કરે છે, તે માહાલવાને ચાલો. ॥ ૩૭ ॥ કૃષ્ણના કેહેવાથી ગોપ ગોપી નંદ જસોદા સરવ; હસ્તીનાપુર આવીયાં છે,મુકી સ્વારથ ગરવ. ॥૩૮॥ વળણ. ॥ ગરવ મુકી સરવકો,રહ્યાં હસ્તીનાપુર; વલ્લભ વદે સહુ નારિને, ઇચ્છા ઉપની ઉર.

———×o×———

કડવું ૬ રાગ સાખી.

જયમુની રૂશી એણિપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ કથાય. ॥૧॥ એક દાહાડો સરવે નારીને, ઇચ્છા ઉપની એમ; પંચકલ્યાણીનું પુજન કરીયે, પુર્ણ ધરી પ્રેમ. ॥૨॥ દ્રુપતીને સુભદ્રા વળી, પ્રભુ તણી પટરાણી; બીજી નારાયો કૈરવ કેરી, બેઠી નીશ્ચય જાણિ. ॥ ૩ ॥ મંગાવી આગના ધર્મરાજાની, અશ્વનું પુજન કરવા; તેથી ધરમે આગના આપિ,પુંજો પાપ નિસ્તરવા ॥૪॥ તવ નારીઓયે વાજી મંગાવ્યો, ઘરના ચોકની માંય; સરવે પ્રેમદા નાહી ધોઇને, પુજવા ચાલી ત્યાંય. ॥ ૫ ॥ એવામાં અનુસાલ્વ નામે, આવ્યો માયાવી અસુર; માયા કરી વા વંટોળ કીધો, ઉરાડી રજ ભરપુર. ॥૬॥ સૈ નારીનાં નેત્ર મીચાયાં, ત્રાશ ઘણેરો થયો; પંચકલ્યાણિનું હર્ણ કરીને,અનુસાલ્વ લેઇ ગયો. ॥ ૭ ॥ તે પછી સહુનાં નેત્ર ઉઘડીયાં,તવ નવ જોયો વાજી;એટલે હાહાકાર વરતાયો, થઇ કાંઇ દગલબાજી. ॥૮॥ તે વાત જાણી પાન્ડવોયે; જઇ જોયું પડયો ત્રાસ,

ઉદાશ પામી પુછવા, ગયા કૃષ્ણ પ્રભુનિ પાસ. ॥૯॥ પાય પડીને કેહેવા લાગ્યા, સુણો અસરણાશરણ; પ્રેમદા પુજન કરતિતિ ત્યાંથી, અશ્વનું થયું હરણ. ॥ ૧૦ ॥ એટલે બોલ્યા અંતરયામી, હું સમજ્યો પુરપાટે; રહદાક્ષવ રાજાના ભાઇએ, અશ્વ હર્યો મુજ માટે. ॥ ૧૧ ॥ ચીંત્તા ન ધરશો મંગાવું છું,કહી એક બીડુ કીધું,કહ્યું કે સુરો હોય તે લે બીડુ, તવ પ્રદુમાને લીધું. ॥ ૧૨ ॥ ઘોડાને લાવવા જીતિને આવવા. લીધા જાદવ સરવ;વાજતે ગાજતે યુધ્ધે ચડીયો,મનમાં ધરિને ગરવ. ॥ ૧૩ ॥ નગ્રનિ બારણે અશ્વ ગ્રહીને અસુર ઉભો સાર;એની સાથે ઉભા રહ્યા છે, અસુર ચૌદ હજાર. ॥ ૧૪ ॥ તેના શામો પ્રદુમાન આવ્યો, વાજી લાવ્યો કેમ દંભ; એમ કહી આયુદ્ધ ગ્રહીને;યુદ્ધ કર્યું આરંભ, ॥ ૧૫ ॥ પ્રદુમાનને જાદવ દળ સહુ, મારે ઘણાં હથીઆર; માયાવી અસુરને નવ વાગે, ગણે નહી લગાર. ॥૧૬॥ એવામાં અનુસાલ્લવે, બાણ લેઇ બળ ધાર્યું; પ્રદુમાનની રૂદિય વીશે. પવનાસ્તર એક માર્યું. ॥ ૭ ॥ પવન મંત્રે પ્રદુમાન ઉડયો, તેતો ગગને ચડીયો;હસ્તીનાપુરનિ રાજ્ય સભામાં,પ્રભુની સાથે પડીયો. ॥ ૧૮ ॥ તેને દેખી કોપે ભરાયા, પોતે શ્રી ઘનશામ; ઉઠી પુત્રને લાત મારી, તેં બોળ્યું મુજ નામ. ॥ ૧૯ ॥ એવામાં ભીમ વરસકેતુ,બે જણ જુધ્ધે ચડીયા;જાદવ દળનિ પક્ષે આવી વઢવા તુટી પડયા. ॥ ૨૦ ॥ તેજ સમે અનુસાલ્લવે, દૈવતનો ખેલ દાખ્યો; વાયુ મંત્રે વ્રકોદરને, ઉશાડી સભામાં નાંખ્યો. ॥ ૨૧ ॥ તવ એકલો વર્શકેતું લડે છે,માટે ચઢયા ઘનશામ;અનુસાલ્લવના સામા આવી કરવા માંડયો સંગ્રામ. ॥ ૨૨ ॥ કોપનિ દ્રષ્ટિ કરે બાણ વ્રષ્ટિ, બળથી ઝપાટા લીધા; અનુસાલ્લવે કૃષ્ણ પ્રભુને, સભામાં ફેંકી દિધા. ॥ ૨૩ ॥ એટલે રૂક્ષમણી રાણી આવી; કટુ વચન બહુ કીધાં; પુત્ર પડયો પણ આપ કેમ પડીયા, બહુ બહુ મેહેણાં દિધાં, ॥ ૨૪ ॥ અસુર સામો વરસકેતુ,કર્યા કરે છે યુદ્ધ,લડતાં લડતાં કરણ પુત્રે, શીવ બાણ ધીધુ સુદ્ધ ॥ ૨૫ ॥ માહા બળ કરિને બાણ ફેંકયું,થયો કારમો કોપ, અનુસાલ્લવના માયાવિ દુતને, શીવ બાણે કર્યો લોપ. ॥ ૨૬ ॥ પછી બાણ અનુસાલ્લવને, ભોકયામાં ન રહી ભુલ. શરિરે બહુ છીદ્ર પાડયાં, બનાવ્યો ચારણી તુલ્ય. ॥ ૨૭ ॥ એટલે અસુર હિમ્મત હાર્યો, મનમાં બહુ ભય વાધ્યો. વર્શકેતુએ નાગપાસ મારિ. અવળે હાથે બાંધ્યો. ॥૨૮॥ તવ પાપીએ શીશ નમાવ્યું, લ્યો આ તમારો વાજી;વર્શકેતુ તવ કોપે ભરેલો

ચોટલીએ પડયો બાહાજી. ॥ ૨૯ ॥ ઝાલીને લાવ્યો હસ્તીનાપુરમાં રાજ્યસભાની માંય; અનુસાલ્વ નીચો નમીને, લાગ્યો પ્રભુને પાય ॥ ૩૦ ॥ અપરાધ મારો ક્ષમા કરજો, જાણ્યા મે વિશ્વના નાથ; તવ પ્રભુએ ઉભા થઇને, છોડી નાંખ્યા હાથ. ॥ ૩૧ ॥ પછી કહ્યું પાન્ડવોને, સાંભળો માહારી વાત;તમે જેવા પાંચ બંધું, તેવો આ છઠ્ઠો ભ્રાત.॥૩૨॥ ધરમ બોલ્યા વારૂ માહારાજા, બોલ સુસ્તક ધરી દિધો;તેને રેહેવા ધામ આપ્યું, પંચકલ્યાણી લીધો. ॥ ૩૩ ॥ યુધિષ્ટર કહે વરસકેતુ. સાબાશ માહારા તન;મન કામના તેં પુરણ કીધી,છે તુજને ધન્ય ધન્ય. ॥ ૩૪ ॥ એક કરી સરવે રહ્યા છે, બોલ્યા કૃષ્ણ વચન; વીશ શહસ્ત્ર વરૂણ કરવા,લાવો વીપ્રના તન. ॥ ૩૫ ॥ તવ ભીમ જઇ વિપ્રો લે આવ્યો, સાર સારા વિધાન; તેમને રેહેવા મઠ બાંધી આપ્યો, સતિ તણે સંતાન ॥ ૩૬ ॥ એવે ચઇતર માસ આવ્યો, પુરણમીનોદનઃ તે દીન વિપ્રાન વરૂણ કીધા, પ્રેમે કરી પુજન. ॥ ૩૭ ॥ ગણીત પ્રમાણે કુન્ડ બનાવ્યો ઉપમ મન્ડપ કીધો;અમુલ્ય શોભા એમાં બનાવી,લાહાવ ઘણેરો લીધો ॥૩૮॥ કનક આસન પર બેસાડયા, બ્રાહ્મણો બ્રહ્મ રૂપ; એવી રીતે યજ્ઞ આરંભ્યો, પોતે યુધિષ્ટર ભુપ. ॥ ૩૯ ॥ પછી પંચકલ્યાણી ઘોડો, છોડીને કાહાડયો બાહાર; વિધિ પ્રમાણે તેનું પુજન, કીધું કુન્તી કુંવાર. ॥ ૪૦ ॥ સોનાનું એક પત્ર લીધું, તેમાં લખીયું કેવું; વાચીને ક્ષત્રી નંદનને,સુરાતન થાય તેવું. ॥૪૧॥ લખ્યૂં કે પાન્ડવનો વાજી, પરભારે પંથ વાધે; ક્ષત્રીનો ખરો સુત હોયે તે, આ ઘોડાને બાંધે. ॥ ૪૨ ॥ એમ લખી અશ્વને લેલાટે,બાંધ્યું રેશમ દોરે; પછી છુટો મુકવાની, આજ્ઞા કરિ કીશોરે. ॥ ૪૩ ॥ તેની કેડે જબરા જોદ્ધા, ફરવાને નિકળીયા; અરજુન સુમનાશ્વ વરસકેતુ,સુવેધ સહીત બળીયા,॥૪૪॥ સાથે દસક્ષૌણિ શેન્ય લીધું, અશ્વની પુંઠે ફરવા; વૃકોદરને ઘેર રાખ્યો, યજ્ઞની રક્ષા કરવા. ॥૪૫॥ અશ્વ ત્યાંથી નીકળ્યો તે,ગયો નર્મદા તિર; માહેશ્વરી નગરી એક ત્યાં છે, તેનો રાજા રણધીર. ॥ ૪૬ ॥ નીલધ્વજ છે નામ તેનું,બહુ બળીયો રાજન; પોતે પુરણ ભાગ્યશાળી, પાંચ છે તેને તન ॥ ૪૭ ॥ તેમાં મોહોટો પુત્ર એનો, પરવીર એનું નામ; એક શહસ્ત્ર નારી લેઇને, ગયો છે ક્રીડાને કામ. ॥૪૮॥ નગ્રની બારણે બાગ વીશે ક્રીડા રમે છે જયાંય;ફરતો ફરતો તે બાગ વિશે,ઘોડો આવ્યો છે ત્યાંય ॥૪૯॥ એક નારીયે અશ્વ દીઠો, તેણે બંધન કીધો; પોતાનો પતી પ-

રવિર તેને, જઇને સોંપી દીધો. ॥ ૫૦ ॥ પરવીરે તે કબજે કીધો,અરજુને જાણી વાત; સેન્યા સહીત ત્યાં વઢવા ચાલ્યા, પરવીર કેરી સાથ. ॥ ૫૧ ॥ વળણુ. ॥ યુદ્ધ કરવાને સંચર્યા,સાંભળજે તું રાય; વદે વલ્લભ શ્રોતા સુણો, યુદ્ધ તણો મહીમાય.

કડવું ૭ રાગ ચોપાઈ.

બોલ્યા જયમુની ફરી વચન,સુણ પરીક્ષત કેરા તન;ગયા બાગ કને જે વાર, અરજુને કર્યો ટંકાર. ॥૧॥ તવ સામો આવ્યો પરવીર, યુદ્ધ કરવાને રણધીર;સામા શામી તે ક્રોધે ચડીયા,એક એક પર તુટી પડીયા. ॥૩॥ કરે ઘણી ઘણી બાણ ત્રષ્ટી, થઇછે સહુની કોપ દ્રષ્ટી; પરજારે માર્યું એક બાણ, દસ શહસ્ત્રનો વાળ્યો ઘાણ. ॥૩॥ તવ પારથને ચઢી રીસ, છેદયું પરવીર કેરૂ શીશ; તવ સરવે નારીયો નાઠી, આજ કરણી થઇ માહા માઠી. ॥ ૪ ॥ નીલદ્ધજને કહ્યા સમાચાર; સુણી ક્રોધ ચઢયો છે અપાર; એના જમાત્ર અગની દેવ, તેને તેડાવ્યો તતખેવ. ॥૫॥ જ્વાળા નામની રાયની નારી,સ્વાહા નામે એક કુંવારી;તે કુંવરીએ કરેલુ તપ; અગનિ વરવાને ખપ. ॥ ૬ ॥ સાત દીવસે અગની ફળીયો, વીપ્ર વેશે કન્યાને મળીયો; કન્યા તેડીને લૈ ગઇ ઘેર, નિલદ્ધજે પુછી તવ પેર. ॥ ૭ ॥ તમે છો કોણ વીપ્રના રૂપ, તવ બોલ્યો અગની અનુપ, સર્વ જક્ત કરે મુજ શેવ,ઓળખી લે હું અગની દેવ. ॥૮॥ બોલ્યો રાય તણો પરધાન, તમારૂંતો વીપ્રનું વાન; માટે અગની માનું કેમ, આપો પરિક્ષા તો ટળે વેહેમ. ॥૯॥ ત્યારે અગનીને ચઢયો કાળ, ફુંક મારિને કાઢાડી જ્વાળ;દીધું પુરણ પારખું દેખાડી, બાળી પ્રધાનની મુછ દાઢી. ॥૧૦॥ ત્યારે રાયની માશી વૃદ્ધ ડોશી, થઈ અગની ઉપર બહુ રોશી; એતો જાદુથી ચાળા બતાવે, એવા ઘણા ધુતારા આવે. ॥ ૧૧ ॥ નથી કાળજુ માહારૂં કાચું, મને પારખું દેતો કહું સાચું, તવ અગની રોશે ભરિયો, ડોશી સામો ઉત્તર કરિયો. ॥ ૧૨ ॥ મુને તેડી જાવો તમ ઘેર. પછી બતાવું માહારિ પેર;તવ ડોશી તેડી ઘેર ચાલી, એક માંચી બેસવા આલી. ॥૧૩॥ તવ બેઠા અગની દેવ, બોલી ડોશી મુખ તતખેવ; બતાવો કાંઇ પારખું અમને, તવ પુત્રા પરણાવીએ તમને. ॥ ૧૪ ॥ તવ કોપ્યો અગની ભુપ, પોતે ધરિયું જ્વાળા રૂપ; થઈ ડોશીની દ

શા માઠી; અગની જોઇ જીવ લેઈ નાઠી. ॥ ૧૫ ॥ બધું બળી ગયું ભો-
વન,વસ્ત્ર રાચરચીલું ને અન્ન; પછી પોતે અગની ભુપ, પાછું લીધું
વીપ્રનું રૂપ. ॥ ૧૬ ॥ પછી ડોશી તે અગનીને જાચ્યા, હવે માન્યા મેં
તમને સાચા;પછી નીલદ્વજ કને લાવી,હવે દીકરી દો પરણાવી. ॥૧૭॥
તવ રાજી થયો રાજાન, પોતે દીધું કન્યાદાન; પછી બોલ્યો થઇ રાજી,
કાંઇ માગો તમે સસરાજી. ॥૧૮॥ બોલ્યો નિલદ્વજ પડી પાય, તમ પાસે
કાંઇ ન મગાય; તેમ કરતાં હું માગું એક, તમો રાખજો માહારો ટેક.
॥ ૧૯ ॥ બોલ્યો અગની કહોતે દુખ કાપું, તમો જે માગો તે આપું;
ત્યારે એમ બોલ્યો રાજન, મને થાય હરિ દરસન. ॥ ૨૦ ॥ ત્યાં લગી
રહો માહારે ઘેર,એટલી કરો મુજપર મેહેર;તેથી અગનિ રહ્યોછે ત્યાંય
તેને તેડયા છે સભા માંય.॥૨૧॥ નીલદ્વજે કહ્યું જમાત્ર,જાવો જુધ્ધે પુ
જનીક પાત્ર; માહારા પુત્રને માર્યો જેણે,ઘણો જુલમ કીધો તેણે. ॥૨૨॥
તેના સામુ કરો યુદ્ધ તમો;ત્યારે રાજી થઇએ અમો;તવ કોપ્યો અગનિ
ભુપ,ગયો પાન્ડવમાં જ્વાળા રૂપ. ॥૨૩॥ બાળવા માંડી સૌ સેન્યાય;
બધા કરવા લાગ્યા ત્રાહ્ય ત્રાહ્ય, પરવીરની નારિયો જેહ, ઘોડાને લેઇ ગ
ઈ છે તેહ. ॥ ૨૪ ॥ નીલદ્વજને આપ્યો વાજી,ઘોડો કબજે રાખ્યો થઇ
રાજી; પણ અગની કરે છે તોફાન,જવાળ છુટે છે મહા મસ્તાન. ॥૨૫॥
સૌનાં બળે છે વસ્ત્ર ને કેશ, ઘણા થાય છે નગન વેશ; જાણ્યું અરજુને
જાશે પ્રાણ, એણે લીધાં મેઘાસ્તર બાણ. ॥ ૨૬ ॥ તેથી મેઘના ધારા
છુટે, તેમ અગનીના ભડકા ઉઠે; જેવું અગનીમાં ઘી હોમાય,તેવો અ-
ગની પ્રબળ થાય. ॥૨૭॥ ત્યારે થાકયો અરજુન બળીયો, તેથી સમર્યા
શ્રી સામળીયો;તવ આવીયા જુગદાધાર,બેઠા રથ હાંકવા મોરાર. ॥૨૮॥
પછી અરજુન બોલ્યો નામી,હવે શું કરવું શ્રી સ્વામી;તવ બોલ્યા પુ-
રૂશ પુરાણ,મારો નારાયણાસ્તર બાણ ॥ ૨૯ ॥ માર્યું અરજુને તે બાણ
ત્યારે, અગની બળવા લાગ્યો તે વારે; ઉઠી અગનીના અંગમાં લાહા-
ય, જઇ અરજુનને પડયો પાય. ॥ ૩૦ ॥ વળી કૃષ્ણને બે કરજોડી,
વીનવે વઢવાનું છોડી; મેં તો ઓળખીયા આજ તમને, મટાડયું તું અ-
જીરણ અમને. ॥ ૩૧ ॥ પેલું ખાન્ડેવ વન બધું બાળી, માહારી અજી
રણ પીડા ટાળી; નરનારાયણ છો તમો, આજ ઓળખી લીધા અમો.
॥ ૩૨ ॥ જરા રેહેજો કરૂણા કરી, તમો દીનબંધુ શ્રી હરી; કહી ગયા
ગામની માંય; બેઠો નિલદ્વજ રાય ત્યાંય. ॥ ૩૩ ॥ કહ્યા સસરાને સમ

आर, चाह। आव्या छे जुगदाधार,तेनां कराव्युं दरसन, तेथी तमो था शो परशन. ॥ ३४॥ तव नीलद्रज गयो साथ,तेने देखाडया दीनानाथ; करी दरशण ने पडयो पाय, पछी अगनी बोल्यो थई साहाय. ॥३५॥ हवे वचन माहारू थापो,एमनो अश्व लावीने आपो, तमे नीरख्या श्री घनशाम,हवे जावुं माहारे मुकाम. ॥ ३६ ॥ कही अगनी थयो वीदाय, राजा अश्वने लेवा जाय; एतो गयो पोताने घेर, कही प्रेमदाने बधी पेर. ॥३७॥ तव एनि नारीनी नीची मती, बोली क्रोधातुर थई अति, शत्रुने वाजी देवानो नथी, होतो फांसो खावुं सरवथी. ॥३८॥ माहारा लडशे दीकरा चार, वेहेरे वेहेर लइश आ वार, कही तेडयाछे आर तन, राणिये पोताने भोवन. ॥ ३९ ॥ माहारा पुत्र होतो वेहेर धारो, तमो शत्रुने जइ मारो, तव चारे पुत्रो चडीया, जइ अरजुन सामा अडीया. ॥ ४० ॥ वळणु. ॥ अरजुन सामा जई अडीया, युद्ध क रवाने माटे, कहे वल्लभ श्रोता सुणो, केहेर थयो पुरपाट.

कडवुं ८ राग सवईयानो.

जयमुनी रूशी एणीपेर बोल्या, सुण जनमेजे राय; वीस्तारी तुजने संभळावुं अश्वमेघ कथाय. ॥१॥ नीलद्रजना चार पुत्रो, हाथ ग्रह्यां हथीआर, अरजुन सामुं युद्ध मचाव्युं, देवा मांडयो मार. ॥२॥ अरजुन अगणीता मंत्रे, भोकी दीधां तिर; निलद्रजना चार पुत्रोनां वींधि नांख्या शरिर. ॥ ३ ॥ एवामा वरसकेतुए, छोडयां काळज्वर बाण;ते बाणथी चारे भाइओना, काहाडीनांख्या प्राण; ते खबरगई निलद्रजने, पोते आव्यो युद्ध करवा, स्त्रीना केहेवाथी बुद्धी भमीते, मनथी धार्युं मरवा. ॥५॥ आविने एणे संग्राम मांडयो, बहु बळवंतो राजा; पांन्डव दळने काहार कीधुं, राखी नही कांइ माजा. ॥६॥ मारता मारता अरजुन दळने, पाछा पाडया पा जोजन; अरजुन काहार थइने बोल्यो, शुं करूं जुगजीवन ॥७ ॥ निलद्रज मार्यो नथी मरतो, तेनि समजण पाडो; प्रभुकहे पवनास्तर मारी, एने अहिथी उरांडो. ॥८॥ तव पारथ पवनास्तर मारयुं,तेथी गगने चडीयो; पोतानोजमात्र ज्यां छे अग्नी,तेनी कने जई पडीयो. ॥ ९ ॥ हाथ झाली अग्नीए उठाडया, पुछयुं कुशळक्षेम;कोणे तमने मुज कने नांख्या, कहो बन्यु छे केम

મ. ॥ ૧૦ ॥ નિલધ્વજ કહે તમ સાસુએ, સંગ્રામ પાછા કરાવ્યા; મારા ચાર બાળક જીવતાતા, તેને પાછા મરાવ્યા. ॥ ૧૧ ॥ તે પછી સુજને મોકલ્યો લડવા, મેં જઇ સંગ્રામ કીધો;છેવટ અરજુને બાણ મારિ, મુજને ફેંકી દીધો. ॥ ૧૨ ॥ એટલે અગનિ દેવ બોલ્યો નર નારાયણ એવે; અરજુનજી નથી હારવાના, સાહાય છે શ્રી જગદેવ. ॥૧૩॥ તેથી અરજુન નહી હારવાનો,મીથ્યા કેમ કુટાય,નારિનું કહ્યું માનશો નહી ને,અશ્વ આપી પડો પાય. ॥ ૧૪ ॥ તવ નિલધ્વજ ઘેર આવ્યો, અશ્વને સાથે લાધો; નર નારાયણને નમીને, અશ્વ આપી દીધો. ॥ ૧૫ ॥ પોતાનું ઘરબાર મુકી, ચાલ્યો અરજુન સાથ;પોતાનું સઘળું શૈન્ય લૈને, આયુદ્ધ ગ્રહિને હાથ. ॥ ૧૬ ॥ એટલે એનિ જવાળા રાણી,ગઇ પોતાને પીએર; દુલમુખ નામે ભ્રાત એનો, જબરો કરનાર જેર. ॥ ૧૭ ॥ તેની કને જઇને રડી પડી, ઓરે માહારા વિર; માહારા પાંચે દિકરા માર્યા, કુન્તી સુત રણધીર. ॥ ૧૮ ॥ તેને મારી વેહેર લ્યો તો, તમે માહારા ભ્રાત; દુલમુખ બોલ્યો એ હાંઇ આવે, તે વારે એની વાત. ॥ ૧૯ ॥ માંડી ધરીને નહી લેઉ ટંટા. મીથ્યા મુમત ઝાલી; એવું વચન સાંભળીને, જવાળા રીસાઇ ચાલી. ॥૨૦॥ જતાં જતાં ગંગાસ્થળ આવ્યું. તેના જળમાં પેઠી,પગ અંગુઠા જળમાં બોળીને,નઉકા વીશે બેઠી.॥૨૧॥ એટલે એક જણે કહ્યું એને,તું છે મુરખ કેવી; ગંગાજળથી અતડી રેહે છે, છે કોઇ મલીચંત જેવી. ॥૨૨॥ જવાળા કહે છે ગંગા છે વંજા, તેમાં ન બોળું વાન; તવ ગંગાજી સ્વરૂપ લૈને, પ્રગટ થયાં નીદાન. ॥ ૨૩ ॥ જવાળાને કહ્યું નથી હું વંજા, મે માંડયું છે ઘરસુત્ર; કુરૂ કુળમાં હું પરણેલી, ભીશ્મજી માહારે પુત્ર. ॥ ૨૪ ॥ જવાળા કહે તુજ પુત્ર સામું, યુદ્ધ કર્યું આપ; તેનું તું વેહેર લે નહી તે,તુજને જે ધીક્કાર. ॥ ૨૫ ॥ તવ ગંગાને ક્રોધ વાપ્યો. બોલ્યાં કરીને રીસ; છ માસમાં અરજુન કેરૂં, છેદાઇ જાજો શીશ. ॥૨૬॥ શ્રાપ દેઇને ગુપ્ત થયાં, બદલી નાંખ્યું શરીર; જવાળા રાણી શ્રાપ દેવરાવી, ઉતરી સામી તીર. ॥૨૭॥ ચીતા ખડકીને બળી મુઇ,એવી અદેખી જાત,નીલધ્વજને ત્યાંથી ઘોડો, ફરે છે દીવશ રાત. ॥ ૨૮ ॥ કૃષ્ણ હસ્તીનાપુર ગયા છે, એપામાં શુ થાય; પંચકલ્યાણી ફરતો ફરતો, મોહોટા અરન્યમાં જાય. ॥ ૨૯ ॥ ચાર ગાઉની એક લાંબી શલ્યા, રસ્તે પડેલી ધરણ; પંચકલ્યાણીએ તેના ઉપર, મુકી દીધો એક ચરણ. ॥ ૩૦ ॥ વજરબરાબર તે ગયો ચો-

ટી,તવ સહુ શોકે ભરીયા;ચર્ણ ઉખેડવા વરસકેતુ, અરજુનજી ઉતરીયા. ॥ ૩૧ ॥ અશ્વનો ચરણ ગ્રહી જોર કીધું, પણ નવ છુટયો તેહ; અરજુન કહે આયુદ્ધ વડે, સલ્યા ભાગો એહ. ॥ ૩૨ ॥ પ્રદુમાનને નીલધ્વજ વળી, યુમનાશ્વ જે રાય;બાણ મારી મારીને થાકયા, શલ્યાનવ છેદાય. ॥૩૩॥ એવામાં એક રૂશી દીઠા, તપ કરતાતા ત્યાંય; શોભ્રી રૂશી મહા તપસ્વી, તેને જઇ પડયા પાય. ॥ ૩૪ ॥ ચરણે લાગી પુછવા લાગ્યો, માહારાજા ટાળો વેહેમ; શલ્યાપર પગ અસ્વનો ચોટયો, તે નવ્ય ઉખડે કેમ. ॥ ૩૫ ॥ એટલે શોભ્રી રૂશી બોલ્યા, કોણ તમે રાજન; અરજુન કહે દાસ તમારા, પાન્ડવ કુન્તી તન. ॥ ૩૬ ॥ શોભ્રી રૂશી તવ રાજી થયા, ભલે આવ્યા હાંઇ હોણ; અરજુન કહે એ રૂશીજી, શલ્યારૂપ છે કોણ. ॥ ૩૭ ॥ વળણ. ॥ આ શલ્યા તે કોણ છે, તે કહો મુને કથાય; શાથી પગ છોડે નહી, તે સાંભળ મહિમાય.

કડવું ૯ રાગ આશાવરીનો છાયાનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ મહીમાય. ॥ ૧ ॥ શોભ્રીરૂશી અરજુન પ્રત્યે, શલ્યાની કહે કથાય; ગરૂડ પુરાણમાં એરે પારથ,કહ્યો છે મહીમાય ॥૨॥ તે કથા તુજને સંભળાવું, સાંભળજે થઇ ખુશી; વનને વીશે તપ કરતાતા, એક ઉદ્દાલક રૂશી. ॥૩॥ તેમણે ભોમીનું પડ ઉખેડયું, સેહેજ સ્વભાવે છેક;તેની નીચે કુન્ડ નરકનો,તેમાં જીવ અનેક.॥૪॥તે જીવોએ ઉદાલકને, કરગરવા માંડયું ઘણું; બહુ દિવસથી આ દુખ સહિએ, તે નીવારો અમ તણું. ॥૫॥ હાથ ઝાલીને બાહાર કાઢો, વાલેશરી છો અમારા; ઉદ્દાલક કહે કોણ તમો છો, તવ કહ્યું પીતરૂ તમારા. ॥૬॥ એટલે રૂશીએ હાથ ગ્રહીને,કાઢયા કુન્ડની બહાર;પછી સહુ જીવ કહેવા લાગ્યા, મોક્ષ પમાડો સાર. ॥ ૭ ॥ એટલે પુછયું ઉદ્દાલકે, મોક્ષ પામો શી રીતે; તવ જીવોએ કહ્યું સુત તારો, શ્રાદ્ધ કરેજો પ્રીતે. ॥ ૮ ॥ તો તો પામીએ મોક્ષ ગતી,કહી ભોમી ભમતા રહ્યા;તેમને મોક્ષ પમાડવાની, આવી રૂશીને દયા. ॥૯॥ જાણ્યું કે દિકરો ઉત્પન્ન કરૂ, તો પીતરૂ દુખ વામે. તે દીકરો પછી શ્રાદ્ધ કરેતો, મોક્ષ ગતી સહુ પામે. ॥૧૦॥ એવું સમજી કામ ઉપજાવ્યો, મનથી ગમન માંડયું; વીર્યને ઉંચું ચડાવીને.

નાશીકા દ્વારે કાઢયું. ॥૧૧॥ સરોવરમાંથી એક કમળ, ખેંચીને પોતે લીધું; સાચવીને તે કમળ વચ્ચે, વીર્યજ મુકી દીધું. ॥૧૨॥ તે કમળ મુકયું સરોવરમાં, સરોવરને કહ્યું એમ; ફરજન થાય તવ સોંપજે મુને, દીકરો કુશળ ક્ષેમ. ॥૧૩॥ એમ કહિ મહી મુકીને ગયા, પોતે રૂશીરાય; એવામાં એક અયોદ્ધાનો, રઘુ રાજા કહેવાય. ॥૧૪॥ તેની પુત્રી સખી યોને લૈ સરોવરમાં ગઇ નાહાવા; જળ ઝીલે ઉઘાડે દીલે, જાય કમળ ફુલ સોહાવા. ॥૧૫॥ એવે રૂશીના વીર્ય વાળું, કમળ કુંવરીએ લીધું; તેમાં રમતાં જળ ભરીને, અજ્ઞાનતાથી પીધું. ॥૧૬॥ તેથી કુંવરીને ગર્ભજ રહયો, તેને થયા ચાર માસ;તે વાત તેના તાતે જાણી,કું વરી પર કર્યો ત્રાસ. ॥૧૭॥ અનુચરને આગના આપી, આ પુત્રી લેઈ જાવો; માહારે એનું મુખ નથી જોવું, અરણ્યમાં મુકી આવો. ॥૧૮॥ એટલે શેવક પુત્રીને તેડી,લેઇ ગયા અરણ્ય; જૈને રણમાં રડતી મુકી, મહા વીકટ જ્યાં વન. ॥૧૯॥ એવે ગર્ભને દસ માસ થયા, જન્મનો સમય છેક; સુભ ચોઘડીયે રાય તનીયાને, પુત્ર પ્રસવીયો એક. ॥૨૦॥ માહા રૂપવંતો,માહા તેજસ્વી,પુત્ર થયો નીરધાર; કુંવરિએ જાણ્યું કુંવારકા છું, ગંગામાં મુકુ કુંવાર. ॥૨૧॥ એમ જાણીને ગંગાજીમાં નાંખવાને ગઇ જ્યારે; હાં હાં કહીને એને રોકી, ગંગાજીએ ત્યારે. ॥ ૨૨ ॥ ઓરે બાઇ આ દીકરાની,તું છે ધરમની માત;ઉદાલક રૂશીનો તન છે, આપી આવ એમને હાથ. ॥ ૨૩ ॥ પુત્ર લેઇને ફરજે વનમાં, મળશે તુજને રૂશી; તેને તેનો સોંપી દેજે, તવ કુંવરિ થઈ ખુશી. ॥ ૨૪ ॥ રાજાની પુત્રી પુત્ર લેઇને, વનમાં લાગી ફરવા; એવામાં ઉદાલક રૂશી,આવ્યા સંધ્યા કરવા. ॥૨૫॥ એવામાં પેલી પુત્રીએ, કાષ્ટનું ખોખું કીધું ગંગામાં તરતુ મુકી તેમાં,છોકરૂ મુકી દીધું. ॥ ૨૬ ॥ એવે સમે સ્નાન કરિને, રૂશીએ સમાધી કીધિ,એવામાં પેટી આવી તણાતી, ઉદાલકે તે લીધી. ॥ ૨૭ જ્ઞાન દ્રષ્ટીથી રૂશીજીને, જણાયો મતલબ સારો; તણાતી પેટીમાં પુત્ર આવ્યો, તે દીકરો છે માહારો. ॥ ૨૮ ॥ એમ જણાયું કે પેટી લીધી, તેમાંથી લીધો તન; તે જોયું પેલી કુંવરિએ, આવી વદી વચન. ॥૨૯॥ ઓ રૂશી આ છોકરૂં કોનું,રૂશી કહે કે માહારૂં, કુંવરિ કહે તમારે માટે, માહારે વળ્યું અંધારૂ. ॥૩૦॥ તમ સંગ વીશય વીના મુજને,ગર્ભ રહેલો શાથી;રૂશી કહે તેં વીર્ય પીધેલું, સરોવર કમળમાંથી ॥ ૩૧ ॥ તેથી તુજને ગર્ભ રહેલો, કુંવરિ કહ્યું ભલે; વ-

શુ દોશે દોશ મુક્ષી કાડી તાતે, માહારાજ શી મુજ વલે. ॥ ૩૨ ॥ રૂશી કહે ચાલ તુજ તાત પાસે, હું તુજને મુક્ષી આવું; કુંવરી કહે ચાલો મા-હારાજા, કહિકિ સુખી થાવું. ॥ ૩૩ ॥ એમ કહીને કુંવરિ ચાલી; પુત્ર રૂશીની પાસ, રઘુ રાજાની સભામાં ગયા કે, રાજાને પડયો ત્રાસ. ॥૩૪॥ ઉદ્દાલક કહે ભય નવ ધરતો, સાંભળજે કહુ પેર, પવિત્ર પુત્રી છે આ તાહારિ, રહેવા દે તુજ ઘેર. ॥ ૩૫ ॥ નથી એણે વીશય કીધો, આળ આવ્યું પગ હેઠ; કમળમાં મુજ વીર્ય હતું તે, પીધાથી ગર્ભજ પેટ, ॥ ૩૬ ॥ રઘુરાજા કહે વારૂ માહારાજા, તમથી થયો સંતાન, માટે તમે પરણો એ કન્યા, કહિ દીધું કન્યાદાન. ॥ ૩૭ ॥ પોતાના ગાંમમાં ધામ આપી, રાખ્યા રૂશી રાય; પુત્રનું નામ નાશીકેત પાડયું, પુત્ર ભણ્યો વિદ્યાય. ॥૩૮॥ નાશીકાના વીર્યથી થયેલા, તેથી નાશીકેત નામ; એ-વામાં પીતરૂ શ્રાધ આવ્યું, ઉદાલકને ધામ. ॥ ૩૯ ॥ નાશીકેતને કહ્યું રૂશીએ, દર્ભ જઇ લઇ આવ્ય, વાર ન કરતો બીજે ન ફરતો, ઝટપટ વહેલો લાવ્ય. ॥ ૪૦ ॥ તવ નાશીકેત દર્ભ લેવા, ગામ ભાગોળે ગયા; ત્યાં શીવજીનું શીવાલય છે, છે શીવ ભેગા થયા. ॥ ૪૧ ॥ શંભુ સાથે વાતો કરવા, બીરાજ્યા રૂશી રાય; દર્ભ લેવાને ને શ્રાધની વારતા, વા-તોમાં ભુલી જાય. ॥ ૪૨ ॥ ઉદ્દાલકે વાટ જોઇને, શ્રાધ કર્યું આપ ઘેર; પછી પુત્રને સોધવા ચાલ્યા, ભાગોળ ઉદાસ બેર. ॥ ૪૩ ॥ એવે નાશી-કેતને સાંભર્યું, પોતાને ઘેર શ્રાધ; એરેરે હું ભુલી ગયો, દર્ભવીના બહુ બાધ. ॥ ૪૪ ॥ એક જાણીને દર્ભ લીધો, ઘેર જવાને પળીયા; એવામાં ઉદાલક રૂશી, સામા મારગમાં મળીયા. ॥ ૪૫ ॥ એટલે નશીકેત બો-લ્યો, ક્ષમા કરજો તાત; શીવ સાથે સમાગમ કીધો, ભુલ્યો શ્રાધની વાત. ॥ ૪૬ ॥ ઉદ્દાલકે તેને શ્રાપ દિધો, જા પડ નર્કને કુન્ડ; હવે તું નથી કામનો માહારે, મુરખ મતિ મુન્ઢ. ॥૪૭॥ તાતનું વચન શીશ ચઢાવિ, સમાધી નીષ્ટ થયા; યોગયાભ્યાસે યોગ્ય સાધનથી, જમપુરિમાં ગયા. ॥૪૮॥ ત્યાં યમરાજા બીરાજેલા, યમ લોકોના નાથ; નાશીકેત નીરખ-વા લાગ્યા, યમ ડંડ જેને હાથ, ॥ ૪૯ ॥ તે બહુ જીવના ન્યાય કરે છે, લેછે પુર્ણ પરિક્ષા; પુનવંતાને ફળ આપે આપેછે, પાપીને દે છે શીક્ષા. ૫૦ કેં પાપીને ઉંચા ટાંગેલા, કેં જન લોહને સ્થંભ; કેં જનને ચીરટાથી તાણે, દુખી થાયછે દંભ. ॥૧॥ કેંકને ખાણિયામાં ખાંડે છે, કેંની ચામ-ડી ચીરે; કેંના હાથ પગ બાંધી બાંધીને, વળગાડયા વિછુ શરિરે. ॥૫૨॥

કારમા બરાડા પાડે પાપી,પડેછે દારૂણ દુખ;પુન્યવંતા ૯ ઠેલા સભામાં, લેછે માન્યને સુખ. ॥૫૩॥ ત્યાં આવિ નાશીકેત ઉભા, યમે દીધુ આસન; યમ પતીયે ચરણે લાગી; પ્રેમે કર્યું પુજન. ॥ ૫૪॥ પછી કહ્યું તમે દક્ષણા માગો,ઇચ્છા હોયતો ભાંખો; નાશાકેત કહે દક્ષણામાં,મુને નરકમાં નાંખો. ॥ ૫૫ ॥ માહારા તાતનો શ્રાપછે મુને, માટે એજ ઇચ્છાય, તવ યમરાયે પાલખી આણિ, બેસાડયા તેનિ માંય. ॥ ૫૬ ॥ નર્કના કુન્ડ દેખાડવા માટે, તેડી ગયા યમરાય;સત્યાવીશ કુન્ડ નર્ક કેરા, બહુ જીવ તરફડે ત્યાંય. ॥ ૫૭ ॥ કૈં જીવ ઉંધા કૈં જીવ ચીતા,કૈં ડોકાં કઢેલા બાહાર; કૈં જીવને કાગડા કોચે છે, ગડધલો અપાર. ॥ ૫૮ ॥ તે સરવે કુન્ડ રૂશીયે દીઠા,પામ્યા મનમાં ત્રાસ; અરેરે બહુ જીવ છે દુઃખી,કીધો મનમાં કયાસ. ॥ ૫૯ ॥ યમરાયને કહ્યું નાશીકેતે, સૌ જીવને બાહાર કાહાડો;એમના વતી મુજને નાંખો, એઓને શાન્તી પમાડો. ॥ ૬૦ ॥ યમરાજા કહે ન થાયે એવું, તે કરતા કરો કામ. તમારો શ્રાપ ટળેને આ જીવો,તે પણ છુટે તમામ. ॥૬૧॥ જાવો તમો તમારા તાત પાસે,કહુ તે કામ આદરજો, તમારા તાત આદરમાન દેશે,જઇ પણ યજ્ઞ કરજો. ॥ ૬૨ ॥ શ્રાપ નીવારણ થાશે તમારો, વળી આ જીવ સૌ તરસે; એમ કહીને વીદાય કીધા, ભોમી પધાર્યા હરશે, ॥ ૬૩ ॥ તાતને ત્યાં જઇ ત્રણ યજ્ઞો, કીધા પોતાને હાથ; શ્રાપ ટળ્યો તર્યા નર્કના જીવો. ઓધાર પમાડી માત. ॥૬૪॥ પછી પોતે વનને વીશે, તપ કરવાને ગયા; એકલા ઉદાલક રૂશીજી, ઘર ગામ વીશે રહ્યા ॥ ૬૫ ॥ વળણ ॥ એકલા ઉદાલક રહ્યા,કોણ કરે શેવાય;વદે વલ્લભ એ રૂશીને,થઇ વરવાઇચ્છાય

કડવું ૧૦ રાગ ધનાશ્રીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ કથાય. ॥૧॥ ઉદાલકે એમ વીચાર્યું, વૃદ્ધ વસ્થા થઇ માહારી; મારી ચાકરી કરનાર જોઇએ, માટે પરણુ નારી ॥ ૨ ॥ એકલ રૂશીની દીકરી હતી, અવળચંદ્રિ નામ,તેની સાથે પોતે પરણ્યા, કરાવવા ઘર કામ. ॥૩॥ પરણી પોતાને ઘેર રાખી, કરાવવાને શેવા, જે બતાવે તે કરે કામ અવળું, નામ જેવું ગુણ તેવા. ॥૪॥ રૂશી કહેસે ચરણ ચાંપો, તવ તે પુસ્તક ચાંપે, રૂશી કહેશે ઝાડુ કરજે, તો

ખીચડી કરી આપે. ॥૫॥ પાણી માગે તો તેલ આપે, તેલ માગે તો પાણી; નાહવાનું કહે તો જાજરૂ જાયે, અવળી સૌ એંધાણી. ॥ ૬ ॥ તેથી રૂશી બહુ થયા દુખી,જ્યાં ત્યાં પડે બહુ બાધ; એવામાં ઉદાલક કેરા, તાતનું આવ્યું સ્રાધ. ॥૭॥ તવ રૂશી સોસાવા લાગ્યા, હવે કરૂ શી પેર; એવામાં કૌડંડ રૂશી,આવ્યા એમને ઘેર. ॥ ૮ ॥ તવ ઉદાલક કહેવા લાગ્યા, ગાંડી નારી મુજ ધામ; જે જે સવળુ બતાવું તે ને; અવળુ કરે છે કામ ॥૯॥ એટલે કૌડંડ એમ બોલ્યા, કામ બતાવજે અવળું;તેથી તમારી અવળચંદી,કારજ કરશે સવળું ॥૧૦॥ તવ ઉદાલકે અવળચંદિ,બોલાવી પોતાની કને,જો શ્રાદ્ધ કાલે મુજ તાત કેરૂ, કરવા ઉલટ નહી મને. ॥ ૧૧ ॥ એટલે અવળચંદી બોલી, શ્રાધ તો કાલે કરવું;રૂશી કહે આપણા બે વિના, બીજુ નવ નોતરવું. ॥ ૧૨ ॥ એટલે અવળચંદી બોલી, હું તો માહારે નોહોતરીશ; રૂશી કહે એક જણને કહેજે, નારી કહે કે વીસ. ॥૧૩॥ રૂશી કહે કે રોટલા કરજે, જેમ તેમ જમાડી કાહાડું;અવળચંદિ એવું બોલી,કરવાના છે લાડુ ॥૧૪॥ રૂશી કહે કે ઉઠજે મોડી,કામ કરવા દીન જાતે. નારી કહે કે ઉઠીશ વહેલી કરીશ મધ્યાન થાતે. ॥૧૫॥ એમ કહી નરનારી સુતાં. એવે વાહાણુ વાહાય અવળચંદી વેહેલી ઉઠી, ઠીક કર્યું ઘરમાંય. ॥ ૧૬ ॥ વીસ વિપ્રોને નોહોતરી આવી, શ્રાધ સામગ્રી કરી,ગોમયે લીંપી દર્ભ ત્રભાણુ, આછમની ત્યાં ધરી. ॥ ૧૭ ॥ રૂડે પ્રકારે રસોઇ કીધી, અળગુ દાંકી દીધું; ઉદાલકે તાતજી કેરૂ, પરી પુરણ શ્રાધ કીધું. ॥ ૧૮ ॥ ભોજન કરી રહ્યા સરવે,ભુલી બોલ્યા રૂશીરાય;શ્રાધના પીન્ડને શ્રાધની વસ્તુ, નાંખી દો ગંગામાંય. ॥ ૧૯ ॥ એટલે અવળચંદીએ તો, શ્રાધ તણા પીન્ડ લીધા; મળમુત્રનું સ્થાનક જ્યાં છે, ત્યાં જઇ નાંખી દીધા.॥૨૦॥ તેવું જોઇને ઉદાલકને,તનમાં પ્રગટયો તાપ;અતી આકુળવ્યાકુળ થૈને નારીને દીધો શ્રાપ. ॥૨૧॥ અવળચંદી અવળું કરે છે, તે પાપ પુરણ નડજો; શ્રાપ છે માહારો આ ભોમીમાં, સલ્યા થઇને પડજો. ॥ ૨૨ ॥ એટલે અબળા થરથર ધ્રુજી, અવગુણ કરો માફ; ભુલી ચુકીને જખ મારી,નિવારો માહારો શ્રાપ. ॥ ૨૩ ॥ એટલે રૂશીને દયા આવી, શ્રાપ નાંખું છું નીવારી;અરજુનનો ચરણ અડશે કે,શલ્યા ટળી થાશે નારી ॥૨૪॥ માટે શલ્યા થઇ પડી છે, અવળચંદી ધરણ; એવાં વચન સુણીને સૌ, રૂશીને લાગ્યા ચરણ. ॥ ૨૫ ॥ રૂશીનાં વચન સાંભળીને,

અરજુને અરાડયો પાય; શલ્યા ટળીને નારી થઇ ગૈ,અશ્વ છુટી ગયો ત્યાંય ॥૨૬॥ અત્રળચંદ્રી ઓદ્ધાર પામી, શ્રાપ નીવારણ થયો, પછી ઘોડો ફરતો ફરતો, ચંપાવતીમાં ગયો. ॥૨૭॥ વળણ. ॥ ચંપાવતી.ઘોડો ગયો,સુણ જનમેજે રાય;વ્યાસ વલ્લભ વાણી વદે,સુધન્વાની કથાય.

સુધન્વા આખ્યાન.

કડવું ૧૧ રાગ સાખી.

પ્રથમ પેહેલા પાર્વતી નંદન,વંદન કરૂં વિશેશ; પછી નમુ શંભુજેનો, ધારણ યોગી વેશ. ॥ ૧ ॥ રૂંઢ માળાને મુંઢ માળા, સર્પ તણા સણગાર; શીશ જટામાં ગંગા બીરાજે, સદા વહે જળ ધાર. ॥ ૨ ॥ ઉમીયાજી અરધંગ બીરાજે,તેહ તણા જે બાળ;સુધ બુધ નારી સુંદીર શોભે, ગણેશ દીન દઆળ. ॥ ૩ ॥ પેહેલા કરમાં જળ કંમડળ, બીજે મોદીક આર; ત્રીજા કરમાં ફરશી શોભે, ચોથે માળા નીરધાર. ॥ ૪ ॥ શીંદુર લેપન અંગે ઓપે, નંદન લાભને લક્ષ; મુખક કેરૂ વાહન જેને વિશાળ જેનાં ચક્ષ. ॥ ૫ ॥ સર્વ ભુદેવમાં પ્રથમ પેહેલુ, પુજન અનું થાય; મંગળીક ટાણે સર્વ ઠેકાણે, ગણેશ ગુણ ગવાય, ॥ ૬ ॥ પંથી સમરે પથ પળતાં, તવ તેને આવે લાભ; પ્રથમ ગણેશનું નામ લેઇ, ખેડે નીરમાં ન્હાવ. ॥૭॥ વેહેપાર કરતા વેહેપારી સમરે, તે જય પામે અપાર; સાસરવાશણી સુંદરી સમરે, સમરી સજે સણગાર. ॥૮॥ પુર્ણ પ્રતાપી દે કષ્ટ કાપી,એવા ગુણી શગણે; તેથી પેહેલા આરાધુ તેને, દે બુદ્ધી હમેશ ॥ ૯ ॥ બીજુ સમરણ સરસ્વતીનું કરૂ કરી પરણામ જીભ્યાયે વસો જગ માતા, વિશ્વમાં તારૂં નામ ॥ ૧૦ ॥ જ્ઞાન શક્તીનિ તું આપનારી, તુજ વડે વદુ વાણી; પછી સરવ દેવને સમરૂ, સ્હાય કરો રૂદ્રાણી. ॥ ૧૧ ॥ ભારથ કથા પાતક હણે, એવી પર્મ પવીત્ર; જેમાં ન્યાય નીતીને પ્રાક્રમ. સ્વામી શેવકનાં ચરીત્ર, ॥ ૧૨ ॥ સાંભ; જ્યાથી જ્ઞાન પ્રાપ્ત થાએ,લક્ષ ચોરાશી વામે; સંસારનું સુખ કમળવત લે, છેવટ મોક્ષજ પામે. ॥૧૩॥ એવી પાવન કથા વીશે, સુધન્વા આખ્યાન;તે સુધન્વ નું સંકટ ટાળી,સ્હાય કરી ભગવાન, ॥ ૧૪ ॥ તેવી

સ્હાય કરે શ્રાતાને, શ્રદ્ધાળુ જન જેહ; દ્રઢતા રાખી રટન કરે, મ્હા સુ-ખ પામે તેહ. ॥ ૧૫ ॥ અશ્વ છુટી ફરતો ફરતો, લાંબે પંથ પળાય; સુંદીર સોભાવંતી નગરી, ચંપાવતીમાં જાય. ॥૧૬॥ તે નગરીમાં રા-જ્ય કરે છે હંસદ્વજ એક રાય; બાહુ બળવંતો બાણુવળી છે, બાહુ બળીયો ગણાય. ॥ ૧૭ ॥ ગદા યુદ્ધનો પ્રવિણ પોતે, ચલવે ભલુ ઘર શુત્ર; ખરે ખરો છે ભાગ્યશાળી, પોતાને પાંચ પુત્ર. ॥ ૧૮ ॥ સુધન્વા નામનો સુત મ્હોટો, છે હરીજન જ્ઞાન વાન; પરમારથને સ્વારથ સમ જે, નીતિ વાળો નીધાન. ॥ ૧૯ ॥ પ્રાતઃકાળે ઉઠવું વેહેલા, કરવું સં-ધ્યા સ્નાન; નીત્ય નીયમ પોતે પરવારી,પ્રભુ શેવા સાવધાન. ॥ ૨૦ ॥ પછી જાવું દેવ દરસન,માત પીતાને નમવું; પરમારથ પાંચ વીપ્ર લા-વી, જમાડીને જમવું. ॥ ૨૧ ॥ વીપ્રનું ઉચીષ્ટ અન્ન લેઈ,ભરી લેવા પાચ ગ્રાસ; તે પછી બીજું ભોજન કરવું. રટવા શ્રી અવીનાશ. ॥૨૨॥ ગૌ બ્રાહ્મણના ગુલામ થઇને, કરવિ સદા શેવાય; અસત્ય ભાશણ મુખ ન ભાંખે, સમરે દેવાધી દેવાય. ॥ ૨૩ ॥ એવો ઉત્તમ ભગત હરીનો,જા ણે સૌ સંસાર; હંસદ્વજનો એ સુત મ્હોટો, કર્ણ સમો દાતાર. ॥ ૨૪ ॥ બીજો નંદન સુરથ નામે, તે પણ પ્રાક્રમી પુરો, સુનળ નામે પુત્ર ત્રીજો નહી કોઇ ગુણે અધુરો. ॥ ૨૫ ॥ ચોથો સુદીર શેન્ય નામે; પાંચમો સુ ખેન બાળ, કોવળીકા નામે એક પુત્રી, ઘણું તપોવંત ભાળ. ॥ ૨૬ ॥ સુખવતી નામની છે નારી, હંસદ્વજની જેહ, પુરણ પ્રેમદા ભાગ્યશા-ળી, સુખમાં નહી સંદેહ. ॥ ૨૭ ॥ તેવા રાજાની નગરીમાં આવ્યો, પા ન્ડવ કેરો વાજી, હંસદ્વજે નજરે જોયો, અંતર થયો રાજી. ॥ ૨૮ ॥ વળણ. ॥ અશ્વ જોઇ રાજી થયો. હંસદ્વજ રાજન; વ્યાસ લક્ષ્મભ વાણી વદે, શ્રાતા દેજો મન. ॥

કડવું ૧૨ રાગ ચોપાઈનો.

બોલ્યા જયમુની મુખવાણી, સુણ જનમેજય હેત આણી; બળવંતા એ નીરખ્યો વાજી,રૂપાળો જોઇને થયો રાજી.. ॥૧॥ એની કાંતી ઘણી રૂ પાળી,શોભે કનકશમ કેશવાળી;એના કરણ ચરણનો દેખાવ;જોઇ રાજા ને ઉપજ્યો ભાવ ॥૨॥ કપાળે છે કનકનું પત્ર, લખેલું વાંચી જોઇ તત્ર કીધો રાજાએ મન વીચાર,આતો પાન્ડવનો તોખાર.॥૩॥ એને નહી બાં

શું તો કેવો, થૈશ દાશી નંદનજેવો; મારૂં ક્ષત્રી પણું બધું જાશે, આખા વિશ્વમાં કેહેણી થાશે ॥ ૪ ॥ કોઇ કરપ મારો નહી માને, જાશે પ્રાક્રમ પાછળ પાને; લાજી મરશે સહોદર સર્વ, કેહેશે મીથ્યા કરતો તો ગર્વ. ॥૫॥ ભોમીમાં ફરતો તો થૈ મોહોટો, પણ આજ જણાયો ખોટો; કેહેશે અસલ આદી લજાવી, એણે પોતાની દેહ બચાવી. ॥૬॥ એને જીવવું વાહાલું લાગ્યું, માટે વઢવામાં મન ભાગ્યું; એવી કેહેણી જગતની થાશે, વળી પાન્ડવ બહુ પોમાશે. ॥ ૭ ॥ માટે અશ્વ બાંધી યુદ્ધ કરવું, ક્ષત્રી સુતે કદી નવ ધરવું; જ્યારે ત્યારે છે એકવાર કરવું, શીશ હાથમાં લેઇને ફરવું. ॥ ૮ ॥ એવો ક્ષત્રી તણો વેહેવાર, માટે બાંધવો આ તોખાર; છોને કોપે કુન્તી કુંવાર, એમને વશ દેવ મોરાર. ॥ ૯ ॥ તેથી સામળીયો સહાય કરસે, માટે પાન્ડવ હિમ્મત ધરશે; મને હરાવશે યુદ્ધ કરી, પણ દેખીશું શ્રીહરી. ॥૧૦॥ માહારી નગરી પાવન થાશે, યમકંકરનો ભય જાશે; કરવા પાન્ડવની વાહાર, આવશે આંઇ વિશ્વાધાર. ॥૧૧॥ અશ્વ રોકયા વીના નવ આવે, મળે પ્રભુ ભાવે કભાવે, એમ જાણી ઉઠયો રાજન; ઘોડાને કરવા બંધન. ॥૧૨॥ તવ સાથે ઉઠયા ખાસદાર, વળી શેવક પણ દસ બાર; લાવ્યા દોર સાંકળ બાંધવાને, લાગ્યા અશ્વ ભણી ધાવવાને ॥૧૩॥ જઇ અનુચરે ઘેરી લીધો, તવ રાજાએ બંધન કીધો; લેઈ ગયા એકાન્ત ભોવન, ચોકી મુકયા શેવક જન. ॥૧૪ ॥ તેતો ઉઘાડાં ખડગે ફરે; વારા ફરતી તે પેરા ભરે, રખે ચોરી અમારી થાય, રખે મેહેનત મીથ્યા જાય. ॥ ૧૫ ॥ એમ ચોકસ રાખ્યો વાજી; આજ ઠીક આવી રંગબાજી; એમ હરખે ભરેલો રાય, જઈ બેઠો સભાની માંય. ॥ ૧૬ ॥ એવે પાન્ડવનું દળ જેહ; આવ્યું નગ્ર ભાગોળે તેહ-તેને ખબર આવી એવી, હવે અશ્વની આશા કેવી. ॥૧૭॥ મહા બળવંતાએ બાંધ્યો, હવે વાજી મળ્યોનો વાંધો; એક શેન્યા છાની વાત કરે, કૈક મુમત વાત ઓચરે. ॥ ૧૮ ॥ કૈંક કહે હંસધ્વજ બળીયો, એના માંયાનો કોઇ નથી મળીયો; એતો અરજુનને પણ જીતે, સાંમો બાજે તેને બહુ ચિતે. ॥૧૯॥ સશી સરખો હંસધ્વજ રાય, તારા તુલ્ય પાંન્ડવો દેખાય; કૈંક કહે તમે શું પરખો, અરજુનજી છે શેશ સરખો ॥૨૦॥ બાકી સર્વ અગશીયા જેવા. જેને કૃષ્ણ પ્રભુની શેવા; આપો આપ મોહનવર સાથે, આપ્યું છે બળ વૈકુંઠ નાથે. ॥૨૧॥ માટે પાન્ડવની જીત થાશે, વાજી બાંધીને રાયે પસ્તાશે; એમ માંહોમાંહી, વાત કરતા, એવે અનુચર

આવ્યા ફરતા. ॥૨૨॥ જોડયા અરજુનજીને હાથ, તમો સુણો અમારી વાત; બાંધ્યો આપણો અશ્વ આ રાયે, હવે કહો માહારાજા શું થાયે. ॥૨૩॥તવ અરજુન બોલ્યો એમ; થાઓછો ઓશીયાળા કેમ; એને જીતીને તોખાર લેવો,મન મુકીને દંડ દેવો. ॥૨૪॥ એતો હંસદ્વજ કોણ તોલે, એવાં અભીમાનનાં વેણ બોલે; તવ વ્રકોદર એમ કહે છે, ભાઈ ગર્વ શું મીથ્યા ધરેછે ॥૨૫॥ એતો પુરણ છે ભાગ્યશાળી, એનો વૈભોગ જુઓ નીહાળી, એક પુત્રીને પાંચ પુત્ર, ઘણું શોભામણ ઘર સુત્ર. ॥૨૬॥ પતિવર્તા એને ઘેર નારી, જેને વાહાલા દેવ મોરારી; રાજા ત્રઇણે જુધ જાણનારો, ઘણા દેશ જીતી આણનારો. ॥ ૨૭ ॥ એનો સુધન્વા જે બાળ, તેને વશ છે શ્રીગોપાળ; એતો કહેવાય છે બહુ બળીયો, તમથી જાદે સાહ્ય શામળીયો. ॥ ૨૮ ॥ એને મહાસતિ સાધવી નારી, જેનું પુન્ય તપો બળ ભારી; એના સત્યથી સામ્રથ સ્વામી; માટે વાત કરો શીશ નામી. ॥૨૯॥ તવ અરજુન હંકારે ભરીયો, ઘણા ગર્વે વચન ઓચરિયો;વ્રકોદર વીરા શું જાણો, મુજ આગળ શીદ વિખાણો. ॥ ૩૦ ॥ વળણ.॥ વિખાણો શીદ મુજ કને, જોયા બહુ નરેશ; વાજી લેઉં તે નવે નહી, પણ લેઉં એનો દેશ.

કડવું ૧૩ રાગ સાખીનો.

જયમુની રૂશી એણીપેરે બોલ્યા,સુણુ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું. સુધન્વા મહીમાય. ॥૧॥ અરજુનજી એમ કહેવા લાગ્યો,બંધુ બુદ્ધી નરસાઈ; પોતાના પક્ષની હીમ્મત ભાગી, શત્રુની કહી સરસાઇ.॥૨॥સામા વાળાની બાહાદુરી ગાઇ, પોતાનો પક્ષ ડરાવો;હીમ્મત તો કયાંથી આપો ને, ચરણ ઢીલા કરાવો. ॥૩॥ હોંશ હોય તે નાંખો ભાગી,તે કેમ ચઢે સરાડે;કેવળ મુરખાઇનું એ કારણ, વણ સમજ્યું બરાડે.॥૪॥ હેતસ્વી જન કોને કેહેવો, ખરી વાતે ખંભ ઠોકે; હીત શત્રુ સમજવો કોને, શત્રુ સામો થતા રોકે. ॥૫॥ તેથી શત્રુનો દાવ ફાવે,જય પામીને જાય; શીઆળવું જઈ સીંહને જીતે, નવાઈ શી દેખાય. ॥૬॥ પોતે પોતાનો પગ ભાગોછો, શત્રુના વિખાણ કરી;હાલું બોલવું ઘટે ન તમને, હવે ન બોલશો ફરી ॥૭॥ તવ ભીમે મન એમ વિચાર્યું, સામો ગમે તેમ હોય; પણ તેના વિખાણ કરવાથી, હામલે સન્ય સહુ કોય.

॥૮॥ સરવેનું મન ડર ખાઇ જાયે, તો ન ભરાયે સુર; કાયર થાય તે પેહેલો મરે, રાખવી હીમત ઉર. ॥ ૯ ॥ એમ સમજી વૃકોદર બોલ્યા, ઓરે મહારા વીર; તમારૂં મન જોવા હું બોલ્યો, સાબાશ છે રણધીર. ॥ ૧૦ ॥ પાછા ન પડવું યુધ્ધે ચડવું, લેવો અશ્વ હરાવિ; કાહારપણું કાંઇ નવ કરશો, નરનું નામ ધરાવી. ॥૧૧॥ એમ કહિ ઉશ્કેર્યો વીર. ને, ઉપજ્યો ઉર આનંદ; અરજુન કહે વાજી લેવા, હવે કરવો ફંદ. ॥૧૨॥ કરણ નંદન વરશકેતુને, નરે કરી આજ્ઞાય; સાવચેતીથી સંચરો તમે, હંસદ્વજને ત્યાંય. ॥ ૧૩ ॥ જઇ કહો કે અશ્વ આપો, નહીં તો વીપ્રીત થાશે; પાન્ડવને આવી પાલવે લાગો, ચાલો અરજુન પાસે. ॥ ૧૪ ॥ એટલે રવીના સુત તણો સુત, ઉઠયો આનંદ પામી, વસ્ત્ર આભુષણ ધારણ કીધા; ખડગ લીધાં શીશ નામી. ॥ ૧૫ ॥ પછી પોતાના બે દાસ લીધા,ચાલ્યો સુર સપાટે; મોટી આંખડી મુછ વાંકડી આવ્યો જોર ઝપાટે. ॥ ૧૬ ॥ સભાને દરવાજે જઇને ઉભો, કાહાવ્યું છડીદાર સાથ; કહીએ કે પાન્ડવની તરફથી; કરવા આવ્યા છે વાત. ॥૧૭॥ કરણ નંદન વરશકેતુ, વારતા કરવા માગે; કેહેજો કે પ્રતીજ્ઞા સાથે; તવ મનનો ભય ભાગે. ॥૧૮॥ એટલે છડીદારે જઇને, કર્યો સભામાં જુહાર; કહ્યું કે પાન્ડવના કેહેવાથી, આવ્યા કર્ણ કુંવાર. ॥ ૯ ॥ તમ સંગ વારતા કરવા ઇછે,શી આગના મહારાજ; હંસદ્વજ કહે આવવા દો, વાતે શું બગડે કાજ.॥૨૦॥ એટલે છડીદારે જઇ કહ્યું, પધારો સભા વીશે; તવ વરશકેતુ સભામાં ચાલ્યો, ઉમંગ ઉર અતીશે.॥૨૨॥ હંસદ્વજે આસન આપી, સનમુખ બેસાડી દીધો;ક્ષત્રીની રીતી પ્રમાણે આદરભાવજ કીધો. ॥ ૨૨ ॥ પછી કહ્યું કે કેમ પધાર્યા, વદ્યો વરશકેતુ વાણી; તમે એમારો કેમ લીધો છે, વાજી પંચ કલ્યાણી. ॥ ૨૩ ॥ હંસદ્વજે કહ્યું પત્ર અશ્વ લેલાટે, પત્ર લખેલું એવું; ક્ષત્રી હોય તે આ વાજી બાંધે, તો કેમ બાંધી ન લેવું. ॥ ૨૪ ॥ શું સહુ ક્ષત્રી નાશ પામ્યા, શું ગયું ક્ષત્રી બીજ; શું એક પાન્ડવ ક્ષત્રી નંદન, કેમ ન આવે ખીજ. ॥૨૫॥ શું એ એકલા ખડગ ધારી, બીજાએ શું પેહેરી ચુડી; શું એ સુરા બીજા અસુરા, માટે હું પડયો ઉડી. ॥ ૨૬ ॥ જો વાજી જોઇતો હોય તો, આપીશું નહી તમને; અરજુન આવી પત્ર વાજીનું, છોડી મુકે ભેડ અમને. ॥ ૨૮ ॥ વર્શકેતુ કહે આ શું બોલોછો, એહંકાર રાખો થોડો; કુરૂ કુળના પાન્ડવ એ છે, સમજીને આપો ઘોડો. ॥ ૨૮ ॥

જગતમાં જેની જય વરતે છે, પોતે લાવ્યા પંચાળી; અવનીમાંથી અસુર કાઢયા; સાહાય જેને વનમાળી. ॥૨૯॥ બળીયા સાથે બાથ ન દીજે,વિવેકની એ વાત;સશાહ સંપથી નીપજે સારૂ નહીતો થાશે ઉત્પાત.॥૩૦॥ એટલે ક્રોધ કરી રાય બોલ્યો,સાંભળો વરસકેતું; બોલવાઉપરથી હું સમજ્યો, તમારા મનનો હેતું. ॥૩૧॥ તોખાર લેવો ભય બતાવી, હું સમજું છું ઘણું; પણ અશ્વ આપુ તો મેં ખોયું, પોતાનું ક્ષત્રી પણું. ॥ ૩૨ ॥ હું હારૂ ને પાંન્ડવ જીતે,તો તેમાં શું થાશે; કુન્તીસુત એમ સોમા બાહાજી, પાછળથી પસ્તાશે. ॥ ૩૩ ॥ પત્રમાં એમણે એમ લખ્યું છે ક્ષત્રી હોય તે બાંધે;તેમાટે મેં અશ્વ બાંધ્યો, આપુ નહી એ વાંધે. ॥ ૩૪ ॥ શું એકલા એ ક્ષત્રીની જાતી, બીજા શું કોળીનાળી; લઢવું વઢવું પાછાશું પડવું, મરવું નહી પુંઠ વાળી ॥૩૫॥ શું એમની માએ દીકરા જણિયા,બીજીએ શું પાશાણ;શું એકલા એ મનુશ જનમ્યા, બીજા શું જનમ્યા સ્વાન. ॥૩૬॥ પાંન્ડવ શું બેશીશ ધરાવે, બીજાને શું એક;અશ્વ અમારે આપવો નથી, ક્ષત્રી તણો એ ટેક, ॥ ૩૭ ॥ ઉઠો તમે મારી સભામાંથી, હું છું આકળો ભુત; તું શું પંચાત કરવા આવ્યો, દાશીના સુતનો સુત. ॥૩૮॥ એમ કહીને ચર્ણ પછાડયો,વર્શકેતુ તવ ઉઠયો;હંસદ્ધજનો મીજાજ દેખી, રોસ ભરેલો રૂઠયો. ॥૩૯ વર્શકેતુ કહે તતપર થાજો, કરવા રણ સંગ્રામ; બળીયા સાથે બાથ ભીડાવી, ખોવાના ઘર ગામ. ॥૪૦॥ કૃષ્ણ પ્રભુથી કો નથી બળીયા, તે પણ રહે છે પાસ; ભગની દીધીને રથ સદા હાંકે,થઇ રહ્યા છે. દાસ. ॥૪૧॥ પંચાળ દેશના સ્વયંવરમાં, જરાશન શીશુપાળ; સલ્ લ સરીખા કર્ણ સરિખા. સુર્ય તણા જે બાળ. ॥ ૪૨ ॥ તેવા તેવા મછવેધ કરવા,ઉઠયા સભાની માંય;ચોરાશી શહસ્ત્ર દેશનો રાજા, દુરીયોધન કેહેવાય.॥૪૩॥મછવેધ સ્થંભે ચડયાને પડયા, ભરી શભાની માંય;તે મછવેધ અરજુને કીધો, પરણ્યા સતી કન્યાય. ॥ ૪૪ ॥ તેની તુલના તમે કયાં આવો, ઉમંગ પુરણ કરજો;એક ખુણામાં પડી રેહેનારા,યુદ્ધ કરવું આદરજો ॥૪૫॥ હંસદ્ધજ કહે યુદ્ધ કરવાનું, ના પાડીયે છીએ કયારે; તૈઆર થાજો તૈઆર થાશું, આવતી કાલ સવારે. ॥૪૬॥ એમ કહીને વીદાય દીધી, વર્શકેતુ તવ વળીયો;ક્રોધ ભરેલો રકત લોચને, જઇ અરજુનને મળીયો. ॥૪૭॥ ઓરે પીતાજી ઓરે પીતાજી, જઇ રાયને સમજાવ્યો; પણ સુમત મુકતો નથી માટે,યુદ્ધ નોહોતરૂ દે આવ્યો. ॥૪૮॥

ધર્યા છે સુરોપડે પુરો, નથી અધુરો એહ; બહુ છે બળીયો વાળ્યો ન વળીયો, વઢવાને ટાંપ્યો તેહ. ॥૪૯॥ વળણ. ॥ વઢવા માટે ટાંપીયો, જણાયું બહુપેર; વલ્લભ વદે એમ સાંભળા; કર્યો અરજુને સોર.

કડવું ૧૪ રાગ ધન્યાસરીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું સુધન્વાની કથાય. ॥૧॥ અરજુનજીએ સોર કીધો, સૌ શેન્ય તતપર રહેજો; કાલે સવારે હંસધ્વજને, મન મુકી યુધ્ધ દેજો, ॥૨॥ એવી પોતે આગના આપી, નગરમાં શું થાય, હંસધ્વજે પ્રધાન તેડયા, રાજ્ય સભાની માંય ॥૩॥ શંખને લેખ પ્રધાન પોતાના, બ્રાહ્મણના છે બાળ, પણ કુબુદ્ધી અતી અદેખા, સ્વભાવના ચાન્ડાળ.॥૪॥ કલેશ વહાલો ટંટો ઠાલો કરવા જયાં ત્યાં ચાહાય, અસ્તીક નહીને નાસ્તીક પુરા, ખટપટીયા કેહેવાય ॥૫॥ છે બ્રહ્મદ્વેશી કુથલી કલેશી, ધર્મમાં ફાંશીયા બેઉ, પણ તેણી આંખે રાયદેખે, લેણદેણ પુર્વનું એવું.॥૬॥ તે બેઉને દાસ મોકલી તેડયા, રાજ્ય સભાની માંય, પોતાને આસન આવી બીરાજ્યા, સભા સોભી રહી ત્યાંય, ॥ ૭ ॥ પછી પ્રધાન પુછવા લાગ્યા, માહારાજા તેડયા કેમ. હંસધ્વજ તવ પુછવા લાગ્યો. પ્રધાનોને એમ. ॥૮॥ કુન્તીનંદન પાન્ડવ કેરો. અશ્વ આવ્યો છે હાંઈ; તેને લેલાટે પત્ર બાંધ્યો છે, લખ્યું છે તે માંઇ.॥૯॥ ક્ષત્રીપણાનો જે સુત હોયે તે.અશ્વ અમારો બાંધે; એવું વાંચીને મેં બાંધ્યા. ક્ષત્રીપણાને વાંધે. ॥ ૧૦ ॥ તેથી વરશકેતુ વિષ્ટી કરવા, આવ્યો અમારી પાસ;અહંકારનાં વચન બોલવાથી, ઉપજ્યો મન વિનાસ ॥૧૧॥ અશ્વ દેવાનું ના કહ્યું મેં માટે માગ્યું રણ યુદ્ધ; કહો એ કામ ઠીક કર્યું કે, કીધી વીપરીત બુધ. ॥ ૧૨ ॥ તવ શંખને લેખ એમ બોલ્યા; રાય તમોને ધન્ય; તમ સરખાને જીતે તેવો, દેખાતો નથી અન્ય. ॥૧૩॥ પછી છાની ગોષ્ટી કીધી, મળીને બેઉ પરધાન; આપણે પંડે લડવું નથીને, નથી થાવું હેરાન. ॥ ૧૪ ॥ વઢનાર વઢશે મરનાર મરશે, આપણે જોવો તમાસો; તો શાને સારૂ ના કહીએ, જોવાનો ખેલ ખાસો.॥૧૫॥ એમ વિચારીને બેઉ બોલ્યા, કરો ખરો સંગ્રામ; ક્ષત્રીનંદન શું નથી તમે, શું બોળવું છે નામ. ॥ ૧૬ ॥ ગાદી શું લજાવવી છે, વળી લાજે પરધાન, કુટુંબ કબીલા લજાવવો

શું, ચડી પડો મેદાન. ॥ ૧૭ ॥ ભાઇ સાથમાં ને સહુ સૈન્યમાં ઢંઢેરો પીટાવો રાય, કાલે સવારે પોહોર દહાડામાં,દરવાજે ભેગા થાય. ॥૧૮॥ વખત નિમ્યાથી વેહેલો આવે, તેને સરપાવ મ ળવો;વખત વિત્યે આવે તેને,તેલ કઢામાં તળવો. ॥૧૯॥ વળી દવૈ દેવરાવો તમારી,તો સહુ વેહેલા આવે, મોડો આવે તેને તળવો, નિશ્ચે કરો તો ફાવે. ॥ ૨૦ ॥ રાજા કહે કબુલ છે માહારે, ચાર છડીદાર જાવો; કુટુંબમાંને સૈન્ય સકળમાં, સંદેસો સંભળાવો. ॥૨૧॥ એટલે ઉંડાડી આગના લૈને, ચાર જણા છડીદાર; પડો વગાડી પોકાર કર્યો,કહેલા સમાચાર. ॥૨૨॥ કાલ સવારે પોહોર દહાડામાં સરવે થાજો સાવધાન;આયુદ્ધ બંધા આવી મળજો, નહીં તો થશો હેરાન. ॥૨૩॥ વેહેલો આવીને ઉભો રહેશે, તેને સરપાવ મળશે; મોડો આવે તેને રાજા, તેલ કઢામાં તળશે. ॥ ૨૪ ॥ પક્ષપાત કોઇની નહી ચાલે, રાય તણી છે દવાઇ; નહીંતો અકાળ મ્રત્યુ થાશે, જાણશો નહી નવાઇ. ॥ ૨૫ ॥ એ રીતે સૈન્યમાં સંભળાવી, ત્યાંથી થયા વીદાય; રાય તણા કુટુંબમાં કહ્યું, જાણ સરવને થાય. ॥ ૨૬ ॥ સુધન્વા બેઠો છે સયનમાં, પોતાના પ્રેમદા પાસ; તેને કહ્યું કાલ યુદ્ધે જાશું, સામા હશે અવિનાશ. ॥ ૨૭ ॥ એવું કહેતામાં સુધન્વાનું, ફરકયું ડાબુ લોચન;અબળા કેરૂં અંગ પણ ફરકયું ભરાયું ભારે વિઘન. ॥૨૮॥ મેહેલમાં દીપક રાણા થયા, કરમાયો નજરબાગ; સુધન્વાનિ બારીએ બેશી; કકળ્યા કાળા કાગ. ॥૨૯॥ સમળી સીચાણા ભોવન ઉપર, ભમવા લાગ્યા અપાર; તેવું જોઇને ત્રાસ પામી; સુધન્વાની નાર. ॥૩૦॥ પાછુ મનમાં એમ ભાસ્યું;કાંઇક વિઘન થાશે, માઠા શુકન કેમ થયા, બુદ્ધીથી બાળા વિમાશે.॥૩૧॥એમ કરતાં દિવસ વિત્યો, રૂજની થઇ તે વાર; અચાનક એને નિંદ્રા આવી, સઘન કરયું તવ નાર. ॥૩૨॥ તેમાં ભયંકર સ્વપ્ન ભાસ્યું,જાણે ગયો ભરથાર, અંગતણું હેત્રાતણુ ગયું, ઉતર્યા સોળ સણગાર. ॥૩૩ જાણે મુખકે કેશ કરડયા, શીશના એકે એક; સાળુ ઉતરી સિંધુરી અંગે, પેહેલી દીઠી અનેક. ॥૩૪॥ તવ ભયની ભરી ભામની જાગી રડવા લાગી અપાર;અરેરે આમ કેમ લાગ્યું, શું થાશે મોરાર. ॥ ૩૫ ॥ સુખ સજ્યામાં સુધન્વાયે, કીધું છે સઘન; ત્યાં જઇને પીછોડી ઉઘેડી, જોયું પતીનું વદન ॥૩૬॥ ઢંઢોળીને જગાડવા લાગી, જાગો જાગો મમનાથ; અરેરે માહારે વિયોગ પડીયો, કહી ઝાલ્યા બેઉ હાથ. ॥ ૩૭ ॥ તવ સ્વપ્ન થયું સુધન્વાને, પડશે મારો

દેહ, અબળા માહારી અટવાઇ મરશે, માહા દુખી થઈ એહ. ॥ ૩૮ ॥ એવામાં જુવતીને જગાડે, જાગ્યો સુધન્વા સુર; જાગ્રત થઈ જોઇ અબળાને રડતી દીઠી ભરપુર. ॥ ૩૯ ॥ તવ સુધન્વા પુછવા લાગ્યો, શું દુખ દરીયે ડુબી, એટલે અબળા કહેવા લાગી, ભયભરી સ્વપ્નની ખુબી. ॥૪૦॥ ભયંકર મને સ્વપ્ન ભાસ્યું, તે નવ જાણે કોઇએ; આગળની વાત કેહેતાં માહારી, જીભ્યા કાપવી જોઇએ. ॥૪૧॥ સુધન્વા કહે સ્વપ્ન કેવું. સાચી વદજે વાણી, તુજને દવાઇ દવુંછું માહારી, સત્ય કહે સતી રાણી. ॥ ૪૨ ॥ તવ હૈયાફાટ રડવા લાગી, નેત્રે વહે બહુ પાણી; અરેરે એમ કહેતી વેળા, કેમ ન જીભ વઢાણી. ॥ ૩૫ ॥ કહ્યા વિના હવે છુટકો નથી, કંથે દીધી છે દવાઇ; રડી રડીને કહેવા લાગી, અગની ઉઠયો ઉરમાંઇ. ॥૪૪॥ વળણ. ॥ અગનિ ઉઠયો ઉરમાં, રડતી હૈયા ફાટ; કેહેવા લાગી કામની, સોગન દીધા માટ. ॥ ૪૫ ॥

કડવું ૧૫ રાગ હલાવરી.

માહારા કંથજી શું કેહેવરાવોરે, ઓ હો હો હોરે. ટેક.॥મુજને સ્વપ્ન ભયંકર લાગ્યુંરે જાણે પેલા ભવનું પાપ જાગ્યુંરે, માહારૂં ચાલતું ઘર સુતરૂ ભાગ્યુંરે. માહારા ॥૧॥ જાણે રણયુદ્ધમાં તમે ચડીયારે, એક વિઘ્નને જીવી બીજે પડીયારે, પેહેલા સસરા શત્રૂ થઇ નડીયારે; ॥ માહરા ॥૨॥ જાણે સસરાએ તેલમાં તળીયારે; તમો તાત વચને પળીયારે, તમને સહાય કરી શામળીયારે." માહરા ॥૩॥ પછી શત્રૂએ સંહાર કીધોરે, મન મુકીને માર દીધોરે મારો શણગાર ઉતારી લીધોરે. ॥ માહરા ॥૪॥ હું તો અભાગણી રડી રઝળતીરે, મારી કારમી કાયા નથી ગળતીરે, સપનાની વાત લાગે છે મળતીરે. ॥ માહારા ॥૫॥ તમ તાતે દવૈ દેવરાવીરે, કાલે વઢવાની વાત કેવરાવીરે; વળી તળવાની બીના આવીરે. ॥માહરા ॥૬॥ એવું સ્વપ્નનું સીશ્રાન્ત મળીયુંરે, માહારૂં પ્રારબ્ધ પાછું વળીયું-રે. જાણે સંસારનું સુખ ટળીયુંરે. ॥ માહારા ॥૭॥ મુજને માઠા થયાતા શુકનરે, કાગ કકળીઆ ભોવનરે, અવળું ફરકયું છે અંગ લોચનરે. ॥ માહરા ॥ ૮ ॥ માહારા દીપક થયા રાણારે, તમો પણ નહી હો અ-જાણારે, સહુ સમજો છો સ્વામી શાણારે. ॥ માહરા ॥ ૯ ॥ માટે કાલ યુદ્ધે નવ જાશોરે, તમો જઇને પુરણ પસ્તાશોરે; જાણી જોઇને દુખી

શાશેરે. ॥ માહારા ॥ ૧૧ ॥ વળણ. ॥ દુખી થાશો નાથજી, ઉપજશે વં-ધન; કરો પ્રતીજ્ઞા નહી જવા, તો માને મુજ મન. ॥

કડવું ૧૬ રાગ સાખી.

જયમુની ફરી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું,સુધન્વા મહીમાય, ॥ ૧ ॥ સુંદરી કહે સ્વામી માહારા પ્રતીજ્ઞા કરો કાંઇ; તો મુજ જીવને શાન્તી વળે, ઉચાટ છે મનમાંઈ. ॥૨॥ એટલે સુધન્વા એમ બોલ્યો, સાંભળ સાધવી સતી, સુરા નરની નારી થઇને,કયાં દે કાહાર મતી. ॥૩॥ મુજ તાતે હેવરાવી દવાઈ,તે કેમ લોપુ વેણ; જગત કીરતી થાય માંથે, થાવું સુરાતન હેણ. ॥૪॥ જગતમાં કીરતી કરાવી, જીવવું તે જીવ કેવો; ગમે તેટલો ઉભો ફરે પણ, જીવતો મુઆ જેવો. ॥ ૫ ॥ સુત શાચો હોય ક્ષત્રીનોતો, મરવાથી નવ ડરે; રણ સંગ્રામે ન પડે પાછો, મુસ્તક કર લઈ ફરે. ॥૬॥ મરવું માને તો અજ્ઞાની,આત્મા મરતો નથી;ખોળીયું છે તે પંચભુતોનું, જીવ ન્યારો સરવથી. ॥૭॥ જેવાં વસ્ત્રો ઉતારવાનાં,તેવી ઉતારવી કાયા; ભીયા માહાદેવના બનાવ જેવી, ચૈતન્યને આ માયા. ॥ ૮ ॥ વસ્ત્ર વપુ ઉતારવાં સરખાં, તેમાં ન જાણવો ફેર; કષ્ટ કાયાને નહિ આત્માને, માટે કરૂ જગ જેર. ॥૯॥ રણમાં મરીએ તો ભવ તરીયે, મોક્ષની પદવી લૈયે; ક્ષત્રી જાતીનો ધર્મજ એ છે, માટે બેશી કેમ રહીએ. ॥ ૧૦ ॥ કુળ લાજે જ્ઞાની લાજે, લાજે પોતાનો ધર્મ; મનુનાં વચન શાસ્ત્ર વીસે, અબળા શું સમજે મર્મ. ॥ ૧૧ ॥ જીવવું મરવું મીથ્યા કેહેણી, તે કેમ માનીયે સાચું; અસત્યને સત્ય માને તેનું, ઇશ્વરી જ્ઞાન કાચું. ॥ ૧૨ ॥ આ દેહ તજી બીજો દેહ લેવો, જ્યારે ત્યારે એક વાર; નિશ્ચે છતાં કેમ ડરવું, સુંદરવતિ નાર. ॥ ૧૩ ॥ એટલે સુંદરવતિ બોલી, તમે તો મરવું ધાર્યું; તેથી તમને નહી દેવું જાવા, કરો માહારૂં વાર્યું. ॥ ૧૪ ॥ પીઉજી પાવલે લાગું તમને, કોણ પછી માહારૂં બેલી,એમ કહેતામા બેઉ ચક્ષુએ, ચાલી આંસુની હેલી. ॥ ૧૫ ॥ એવે સમે મધ્ય રાત્રી થઇ છે, અબળા ` વીલાપ; ભાઇ ભગની વીનાની ભામ, વળી નથી મા બાપ. ॥ ૧૬ ॥ આશરો પરણ્યા પતીનો. બીજો વિશ્વંભર કેરો; તે વણ સગુ ન મળે મ્હારૂં,કલેશનો ઘટમાં ઘેરો. ॥ ૧૭ ॥ દુખે ઘેરાણી નેત્રમાં પાણી, વાણી વીમળ કાઢે; પોતાના પતીનો પાલવ ઝાલી, રડ

વા લાગી રાદે. ॥ ૧૮ ॥ આક્રંદ કરતં બહુ વલવલતી, કળકળતી કામની; તે વેળાએ ભયંકર ભાસે, ઝમ ઝમતી જામની ॥ ૧૯ ॥ કોમળ કાયા મહા રૂપવંતી, જોબન બાળે વેશ; પ્રગયાનેણી નહી કાંઇ કેહેણી, મુસ્તક સુંદીર કેશ. ॥ ૨૦ ॥ દંત જેના દાઢમની કળીયો, આંગળી ચંપક કળી; હાથેળી જેની કમળ સરખી. હોડ રેખાયો મળી. ॥ ૨૧ ॥ જંઘા કદળી સ્થંભા સરખી, કુમકુમ પગની પાની; બોલવું કાલું લાગે વાહાલુ, બુદ્ધી મોહોટી વય નાહાની. ॥ ૨૨ ॥ સુઘડતા ચંચળાઇ ચોખાઇ, કોઈ વાતે નહી ખામી; વાણી મધુરી શુભ ગુણ પુરી, અક્કલે નહી અધુરી. ॥૨૩॥ વીવેકી વીદ્વાન વડી છે, જાણે પતીવ્રત ધર્મ; આચરણ એના ઉત્તમ અતી, મતી સદા શુભ કર્મ. ॥ ૨૪ ॥ આભુષણ વણ અંગ ઓપે, લોપે નહિ મરીયાદ; તેથી અબળા રડવા લાગી, કંઠ વેણુનો નાદ. ॥ ૧૫ ॥ વળણ. ॥ વેણા નાદે રામા રડે, મધ્ય રાત્રીનો યોગ; વલ્લભ વદે સુણો સહુ, અતી ઉપજ્યો હીત રોગ.

કડવું ૧૭ રાગ મને ભુલી ગયો મારો છેલડોરે.

હુંતો જુધ્ધે ન જાવા દેઉં નાવલારે, માહારે તમ વીના નથી આધાર માહારાજ, જુધ્ધે ન જાવા દેઉં નાવલારે. ટેક. મેહેતો જનમીને જેયા છે આપનેરે, નથી બીજા ત્રીજાની વાહાર. ॥માહારારાજ॥ તમને આશો ઉજમ વડવા તણોરે, હજુ શું જોઇ થાકયા સંસાર. ॥માહારારાજ. ॥૧॥ માહારે પીયર પનોતુ થવાનું નથીરે, નથી ભાઇ ભોજાઈની મોવાઈ. ॥ માહારારાજ. ॥ નથી તાત માતકે મોસાળીયુંરે, નથી સૈપની બૈપણી બાઈ. ॥ માહારારાજ. ॥ ૨ ॥ તમો રણ ચઢી મુને રઝળાવશોરે; પુરણ પડી છે પેટડામાં ફાળ; ॥ માહારારાજ ॥ આવ્યું વીધન વાજ્યું વળશે નહીરે, માટે પેહેલો આણું માહારો કાળ. ॥ માહારારાજ. ॥ ૩ ॥ હળી મળી પુરણ બેઠાં નથીરે, નથી કરી દુખ સુખ તણી વાત; માહારારાજ ॥ નથી હશી રમીને બોલીયાંરે, મીથ્યા વટલાવી છે મેં માહારી જાત. ॥ માહારાજ. ॥ ૪ ॥ પુરણ પરણ્યાનો લાહાવો લીધો નથીરે, નથી પીરશીને જમાડયા મેં નાથ ॥મામારારાજ. ॥ નથી ઘુંઘટ તાણ્યો કુટુંબમાંરે, ગઇ આવી નથી સૈયર સાથ. ॥ માહારારાજ. ॥ ૫ ॥ વળણ. ॥ એમ અતીશે વલવલે, કરે અતી આક્રંધ; સુધન્વા કહે સુંદરી, રડવું રાખો બંધ, ॥

કડવું ૧૮ રાગ સામગ્રીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારિ તુજને સંભળાવું પર્મ પવિત્ર કથાય.॥૧॥ સુધન્વા કહે સુંદરી સુણો, રડવું રાખો બંધ;થવા કાળ હશે તે થાશે,સીદ કરો આક્રંધ.॥૨॥ માહારે તમારે સંબંધ જેટલો તેટલો લીધો લ્હાવો;રણ સંબંધ પુરણ થયો તો, દૈવ ઉપર શો દાવો. ॥૩॥મુને પણ એવું સ્વપ્ન આવ્યું, પડશે માહારી કાય; છે છેલ્લું વેહેલું આપણે મળવું,કાલે થાશું વીદાય.॥૪॥ ધણીનું ધારેલું બને છે,આપણી ધારણા ખોટી,રડેથી નથી રોકાવાનું, નીકર આશા તો મોહોટી. ॥૫॥ તું કહે છે માહારૂં નથી બેલી,કોઈ અવની માંય; વીશ્વંભર વિના નથી બેલી,કોઈનું હાંય કે ત્યાંય. ॥૬॥ જેમ બને તેમ માનવો આનંદ,શા સારૂ કરવો શોક;શોક ધરેથી શોક ન નાસે,આનંદથી શોક ફોક. ॥૭॥અંધારે અંધારૂ ન નાસે,નાસે જો થાય પ્રકાશ;તેમજ આનંદ માની લેવાથી,કલેશ પામે નાશ.॥૮॥આનંદનું ઘર ઉત્તમ સહુથી, આનંદે આનંદ;થયું ગયું મીથ્યા માનવાનું,માયાનો ફોગટ ફંદ. ॥૯॥ હું નતો તાહરો તું નોતી માહારી, કોણ કોને સંગલાવ્યું, જેજેને જેમફાવ્યું તેવું, પોતાને કરમે આવ્યું. ॥૧૦॥ એકજ જનમે ભળાં થયાં,તેમાં શું તાહારૂં માહરૂં; સંઘાત છુટયો કે પુંઠવાળી, કોણ જુએછે વારૂ.॥ ૧૧॥ દેહ છતિ પડી હોય ઘરમાં, તોપણ ભાવ ન પુછે; જીવ સામું જોઈ કોઇ ન રડે, તો પછી સગાઇ શું છે.॥૧૨॥ ખોળીયાની સગાઇ હોયતો,ખોળીયું કોઇ ના બાળે; જો જીવની સગાઇ હોયેતો, ફરી જીવ સામુ ન ભાળે.॥૧૩॥ થાય કદાપી પ્રેતરૂપે, આવી ધુણીને બોલે;તોતે જાઝ કરી કાઢે,મારમારે ખર તોલે.॥૧૪॥જો સુંદરી સગાઇ છે સાની; સમજીને કાઢય શોધી; જો ખોળીયાને બાળે છે માટે, ખોળીયાનાં વીરોધી. ॥૧૫॥ જીવનાં વીરોધી હોય નહીતો, જીવને હાંકી ન કાઢે;કોઇકોઈનું સગુ નથી, મીથ્યામુંઢબ રાઢે.॥૧૬॥ તું નથી માહારી હું નથી તારો, સપ્નાવંત સંસાર; માટે કાંઈ કલેશ ન કરતી, એ સતી સાધવી નાર.॥૧૭॥યુદ્ધ વીના હું નથી રેહેવાનો, પડશે વેઠશું દુખ; રણમાંન જાવું નેબેશી રહુતો,લાજે જનુનીની કુંખ. ॥૧૮॥ વળી માહારા બંધુ લાજે, લાજે, હંસદ્વજ બાપ; યુધ્ધે ગયા વણ હું રહુતો,બ્રહ્મહત્યાનું પાપ. ॥૧૯॥ ખાલી ખોટા કરે ભવાડો, જગતને જણુવે નારી; એમાં કહેવાયે નહી સારૂ, ફજેતી માહારી ને તારી ॥૨૦॥ માહારાં સાથ સહોદર જાણે, જાણે સઘળુ જગત; કેહેશે કે વશ છે નારીને, શાનો સુધન્વા ભક્ત. ॥૨૧॥ માટે મનવાળો માનુની, શીદ ડ-

સાવો દંત; અત્યારે ।એમ જાણજો કે, ગત થયો મુજ કંથ. ॥૨૨॥કંથ રડે કામનીને શા સારૂ, તે સમજાવું સાર; કામનીજોજીવતીહોતતો, થાત માહારો પરીવાર.॥૨૩॥ વળી કરત શેવા માહારી; રાંધી પીરસત મુને; બીજી મળશે કેવી નીકળશે, એમ પીડા સહુને. ॥૨૪॥ પ્રેમદા રડે પતીને તે, પોતાના સુખ માટ; અરેરે માહારો વૈભોગ ગયો, પ્રથમ એ ઉચાટ. ॥૨૫॥ માંથા ઉપર હોય દેવું તો, અબળા રડે એમ;જીવતા હોતતો કરત નિરવાણ, હવે આ વળશે કેમ. ॥૨૬॥નીરધન હોયતો એમ રડે; મર્ગું કીયા કરૂ કયાંથી; છૈયાં છોકરાં પેટ પડયાં તે, ખવરાવીશ શામાથી.॥૨૭॥ કદાપી ધન મેળવી મરે, તો તેને રડે એમ. ઝાજા જીવીને રળત ઝાજુ ભોગવત ફાવે તેમ. ॥ ૨૮ ॥ એવાં ગમે તે કારણ વીના, રડતું નથી જનકોય; વીવેકથી વીચારમાં આવે, સ્વારથ સગપણહોય॥૨૯॥હું નહી તારો, તું નહી માહારી. કોઈનું કોઇ ન થાય; જો કોઇ કોઇનું થતુંહોય તો, કેમ જોડે નવ્ય જાય. ॥૩૦॥ જો કદી જોડે જવાય નહી તો, આનંદ તજવો જોઇએ; વરસબેવરશેઆણંદ માણે, રમે જમેસહુ કોઇએ॥૩૧॥ મુએલુ જન મુઆ ગતે, જીવતું જીવતા ગતે; અનાદીથી રેંટએવો, સમજો શાસ્ત્રને મતે ॥૩૨॥ એમકહીસુંદરી સમજાવ્યાં,એવે રહ્યા પોહોરરાત, સુધન્વાયે દંત ધાવન, કીધું કામના સાથ. ॥ ૩૩ ॥ પછી ઉષ્ણોદકે સ્નાન કીધું. કીધુ પછી નીત્ય કર્મ; સંધ્યા ગાયત્રી સમાધી, લેઇસાચવ્યો ધર્મ. ॥૩૪॥ પરવારતાં પા પોહોર દાહાડો, ચઢી ગયો પાવન; સુધન્વાએ વિપ્ર જમાડી, પોતે કરયું ભોજન. ॥ ૩૫ ॥ એવે સમે સાથ સહોદર, વળી સહુ સન્યાય; જમી પરવારી આયુદ્ધ બાંધી, નગ્રની બારણે જાય. ॥૩૬॥ તે સમે હંસદ્વજ રાજા, સહુથી પરવાર્યો પેહેલો; દરવાજા બહાર ખુરશી નાંખી, જઇને બેઠો વેહેલો. ॥૩૭॥ રાતા નિશાન રોપાવ્યાં છે, પથરાવ્યાં છે બીછાના; શંખને લેખ બે પ્રધાન આવી, બેઠા છે મસ્તાના. ॥૩૮॥ એકજ મોટો ચુલો કરાવ્યા, તેમાં કરાવ્યો તાપ; તે ઉપર કઢા તેલ તણી, ઉકળતી કરી આપ. ॥૩૯॥ જે જન આવે તે જન જુવે, થરથર કંપે કાય; અરેરે આ તેલમાં તળાતાં,વેદના કેમ વેઠાય. ॥૪૦॥ એ રીતે જોઇને સહુ ત્રાસ, કે વેહેલા આવેલા, તે પાછા જઇ હેતશ્રીને, તેડી લાવ વેહેલા ॥ ૪૧ ॥ એ રીત અડધા પોહોર દનમાં, આવી રહ્યું સહુ કોઇ; સુધન્વા આવ્યો નથી તે, પ્રધાન રહ્યા છે જોઇ. ॥૪૨॥ તે સમે અડધો પોહોર થયો, તવ ઉઠયા હરીદાસ; ભોજન કરી મુખ પખાળી, લેઇ કીધો મુખવાસ. ॥ ૪૩ ॥ પછી

પોતે યુદ્ધે જાવા, થાવા લાગ્યો તૈયાર; ઉભા થઇને પેહેરી લીધા, પોતાના સણગાર.॥૪૪॥ રૂપે ગોરો કહેડે કંદોરો તોરો મોતીનો માથે; કડાં સાંકળાં વેઢ વીંટી. બાંધ્યા બાજુ બંધ હાથે.॥૪૫॥ નાહાનો ને નાજુગ ઘણેરો, ચપળ જેની ચાલ; પ્રથમ પેહેલી કચ્છી લીડી, પછી પેહેર્યો સુરવાલ. ॥૪૬॥ કમર પટો કવચ બખતર, અંગ ઘણી ઉલટ; કાનમાં કુન્ડળ હાર મોતીના, જરી જામો મુગટ, ॥ ૩૭ ॥ ચરણમાં ઉપાન પેહેર્યાં. પટકેથી કટી બાંધે; બાણનો ભાથો ને ધનુશ તે, ભેરવ્યાં ડાબી ખાંધે ॥ ૪૮ ॥ ખપવા ખંજર ત્રીશુળ લીધું, જમૈયોને કટાર; ફરશી ભાલો કર્વત કુહા, તર્કસ તિર તરવાર. ॥૪૯॥ બાંધી બોકાની ઉમ્મર નાહાની,આંખડી મ્હોટી મ્હોટી, ચક્ષુ રાતાં ચોળ ચળકે,ન મળે ખાંપણ ખોટી. ॥૫૦॥ ભમ્મર ખુબજ ખેંચાયેલી, લાગે અતિ વિકરાળ; તતપર થઇ કહ્યું તારૂણીને, ઓ સતી જે ગોપાળ. ॥૫૧॥ વલણ ॥ જે ગોપાળ છે માહરા, જાવું છું રણસંગ્રામ; એમ કહેતાં વલ્લભ વદે, ગગળો થયો તે ઠામ. ॥

કડવું ૧૯ રાગ સાખી.

જયમુની રૂશી એમ બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું; સુધન્વાની કથાય. ॥૧॥ સુધન્વાએ ગગળો થઇને, કહ્યા જે ગોપાળ; એટલે સુંદરવતી નારીને. પડી પેટમાં ફાળ, ॥ ૨ ॥ જાણ્યું કે જીવશે નહીં સ્વામી, ઉદાશ પામી નારી; પતીનો જઇ પાલવ ઝાલ્યો, અરજ સાંભળો માહારી. ॥૩॥ મમત શું માન્યનીનો ચાલે, યુધ્ધે જવા થયા ત્યાર; તો મુજને મળીને પધારો, ઓ માહરા ભરથાર. ॥૪॥ છેવટનો આ પ્રેમ પ્રગટયો, આટલું વચન પાળો; થનારૂં હશે તે થાશે, પ્રેમની પીડા ટાળો. ॥ ૫ ॥ માગી માગી માગુ તમ પાસે, સાસુડીના સંતાન; પુરણ વીકાર વપુમાં વાપ્યો, માટે દો રતુદાન, ॥૬॥ સુધન્વા કહે એ શું બોલી, રણ યુદ્ધ જાતાં નારી; સમય વણ વદીએ તે, છુટી પડે નીરધારી. ॥૭॥ સમા વીના બોલે તે હારે, સમા વીના સહુ ખોટું રોકાઉને વેળા. વિને તો, થઇ પડે દુખ મોહોટું. ॥૮॥ સ્વામીને જીવવો તાકો તો, મુમત મુકી દેવો; તારૂણી મમ પીતાને તું, જાણે છે મુમતી કેવો. ॥૮॥ તેલ તણી કઢા ઉકળાવી, બેઠા છે દરવાજે; વેળા વીતીને ત્યાં જાવું તો,તેલમાં તળે આજે.॥૧૦॥માનની જાણતી નથી એવું,જીવતો

હશેતો મળશે;જાણું છે કે મોડા જાશેતો,તેલ કઢામાં તળશે. ॥ ૧૧ ॥ જાણી જોઇ પતી તણો તું, જીવ લેવો કેમ ધારે; ઉશ્કેરી મોકલવો જોઇએ. વીધનથી ઉગરે.॥૧૨॥ વેળા વીતે છે વેળા વીતે છે,કર્મ કઠોરૂં જાગ્યું, રજની રામા બોલી નહીને, આ વેળા શું માગ્યું. ॥૧૩॥ મેલ્ય પાલવડો મુમત આવડો, કદી કાળે નવ કરીયે; તારૂણી કહે કેમ મુકું, બેઠીછું ભર દરીયે. ॥૧૪॥ વેહેલા જાશોતો તેલથી બચી, શત્રૂને હાથે મરશો મોડા જશોતો તાતને હાથે, પણ નહી ઉગરશો. ॥ ૧૫ ॥ નિશ્ચે મુજને એમ થયું છે,ઉતરવે શણગાર,માઠા શુકન માહારા સાચા,નહી કાંઇ ફેર ફાર. ॥૧૬॥ આમે મરવું ને આમે મરવું, મરવાનું મુજ કંથ,હર પ્રકારે પીઉજી માહારા, આવી રહ્યો છે અંત. ॥૭॥ તો શા સારૂં ડરવું સ્વામી, અબળાનું ઉર ઠારો, નહીતો લાગશે બાળ હત્યા, સમજી પાપ નીવારો. ॥૧૮॥ મુજ મન ઇચ્છા પુરણ કરો, પામશો વૈકુંન્ઠ વાસ, સાન્તી રાખીને બેસો જરા ન લ્યો ત્રીયાનો ત્રાસ. ॥૧૯॥ વળી માહારો દેહ તજીને, આપીશ હું હત્યાય. કાયા માહારી પાડું નહીતો;સુકીતસૌ ફોક થાય. ॥૨૦॥ એટલે સુધન્વા એમ બોલ્યો, આ નહી મનુશ ધર્મ દિવશે રતુદાન દેવું. પશુ પક્ષીનુ કર્મ.॥૨૧॥ સુંદરવતી સતિ એમ બોલી,ઓ માહારા ભરથાર,એક વરસનું મમ તપ મુકી, વરસાવું ધુમાર ॥૨૨॥ પર્છા બાધ નહી દીવસનો ઓરે માહારા નાથ. કહ્યું માહરૂં કબુલ કરો. જોડુ તમને હાથ. ॥૨૩॥ સુધન્વા લ્હે કામની મુને, રૂચે નહી તુજ વાત; તાહારૂં બોલ્યું પાળવા રહુંતો, ક્રોધ કરે મુજ તાત. ॥૨૪॥ તવ અબળાયે જીભ્યા કાહાડી,દંતુમાં દબાવિ;સુધન્વા કહે રતુ દેઉંછું, વિપ્રીત વળા આવી, ॥ ૨૫ ॥ એમ કહીને વસ્ત્ર ઉતાર્યાં અબળાયે જીભ મેલા; ધુમાર વરસાવી નર નારી, પ્રેમે રમ્યા રંગરેલી ॥ ૨૬ ॥ પોહોર દીવશ પુરણ થયો,સંકટ આવ્યું ભારી;સુધન્વાએ વસ્ત્ર પહેર્યા, ચાલ્યો આયુદ્ધ ધારી. ॥૨૭॥ છડીદારને આગના આપી, રથ અમારો લાવો, તવ સારથી રથ જોડી આવ્યો;શુકન માઠો કહાવ્યો, ॥૨૮॥ જેવો સુધન્વા બારણે નીકળ્યો,તેવોજ કકળ્યો કાગ,દ્વારને ઉમરે ચરણ દેતા, આડો ઉતર્યો નાગ, ॥ ૨૯ ॥ તવ સુધન્વાએ વિચાર્યું. નીશ્ચે આવ્યો કાળ; જાણ્યું કે જનેતાને મળી આવું, ધારી ચાલ્યો ભુપાળ; ॥૩૦॥ પોતાની માતાના મેહેલમાં ચાલ્યો; જઇને લાગ્યો ચરણ; તે વેળા માતાને ભાસ્યું, આ સુત પામે મરણ. ॥૩૧॥ માથે કર ઝાલ્યો દીકરાનો,એવે આવી ભગની;સહુના મનમાં મરણ ભાસ્યું, અંતર ઉ-

ઠ્યો અગનિ. ॥૩૨॥ માતા કહે ઓ દીકરા મહારા,મુજને લાગ્યું એમ; આજે જો જુધ્ધે જાશો તો, નહી રહો કુશળ ક્ષેમ. ॥ ૩૩ ॥ માટે તુજને નહી દેઉં જાવા; ઘરમાં બેસો તન,લોચન માહારૂં લાગ્યું ફરકવા, માઠા થયા શુકન. ॥ ૩૪ ॥ ભગની કહે અગની ઉઠયો,મુજ ઉરમાં અતીશે; ઓરે વિરા મડા સરખું, મુખડું તારૂં દીશે. ॥ ૩૫ ॥ માટે બેશી રહો ભોવનમાં, હું જાવા નહી દેવું; તાત તણો ઠબકો આવે તે, શીશ ચઢાવી લેવું. ॥ ૩૬ ॥ માતા કહે હું તાત તારાને; જવા મની દેનારી; તારે માટે ક્રોધ કરીને, છો મને નાંખે મારી. ॥ ૩૭ ॥ અમે મા દીકરી બે મરશું, તે પછી બીજું થાય;ચીંતા તે કાંઈ નવ ધરતો, જો જાયતો પાડુ કાય. ॥૩૮॥ સુધન્વા કહે માતા માહારી, રણ ચઢયો કેમ રહેવું; મારા તાતે દવાઈ દીધી, તેમને શું સામું કેહેવું.॥ ૩૯ ॥ ચાર ભાઈ ચડીયા જે પેહેલા, તેમણે શ કરી ચોરિ; તેને ન રોકયાને મુને રોકેછો, મુક્ી દો સરજોરી, ॥૪૦॥ તાત તણું શું વચન લોપું, લોપે તે સુત કેવો, નાસ્તીક પ્રાણી જાણવો એને, વળી દીકરી જેવો. ॥ ૪૨ ॥ નર થઈને નારી સરખો, જગમાં હું ગણાવું; માટે મરવું તેમાં ન ડરવું, રણ યુદ્ધ વીશે જાવું. ॥૪૨॥ માતાજી હું નહી કરૂં વાર્યું,ધાર્યું યુદ્ધે જાવા; ના જાવું તો તાતજી કકળે, પાછળ થાય પસ્તાવા. ॥૪૩॥ માત પીતાનું વચન લોપે, તે જન પાપી પ્રાણી; એવાં પુત્રનાં વચ સુણી, સુખવંતી વદી વાણી. ॥૪૪॥ માબાપનું બોલ્યું ઓલંગે, તે પર ઈશ્વર કોપે; તોદીકરા જવાનું ના કહુ છુ, તે વચન કેમ લોપે. ॥ ૪૫ ॥ સુધન્વા કહે સુણો માતા, ન્યાયનીતી સમજાવું;માતાપીતાનુંવચન વારોધી, તેમાંકોનેવશ થાવું. ॥ ૪૬ ॥ માતા કહે એમ બને તો, તેનું કરવું કેમ; સુધન્વા કહે સમજાવું તમને, સાચુ માનજો એમ. ॥૪૭ ઘણું કરીને માતાનું બોલ્યું પુત્રીએ પાળવું ઘટે; પુત્રે પાળવું પીતાજીનું, કહું છું શાસ્ત્રને વટે. ॥૪૮॥ તવ માતા બોલતી બંધ પડી, સુતે સમજાવ્યું મેવું;ઓ દીકરા તારો નાશ થવાનો, જુધ્ધે જાવા નહિં દેવું. ॥૪૯॥ વળણ.॥ જુધ્ધેજાવા દઉં નહિં, ઓરે મારા બાળ;વલ્લભ વદે એવું કહી, રડતી એતતકાળ.॥

કડવું ૨૦ રાગ ચોપાઈ.

બોલ્યા જયમુની મુખ વાણી, તું તો સાંભળ પુન્યવંતપ્રાણી; સુખવંતી રડવા લાગી, માહારે રાહુની દશા જાગી. ॥ ૧ ॥ એવે શું થયું

નગરની બાહાર,સહુ શેન્ય મળ્યું તે વાર; સંખ લેખે કર્યો તપાસ, દળ માં ફરી જોયું ચોપાસ ॥૨॥ દીઠું સર્વ સગું સેંન્યાચ, એક ન દીઠો સુધ ન્વાચ;નથી રાયનો મોહોટો સુત; થયા પ્રધાન આકળા ભુત.॥૩॥ શંખ લેખે કર્યો વીચાર,ઠીક લાગ આવ્યો છે આવાર;એ રેહેતો તો મત્રરૂપી રાખી;આજ કસુર આવી છે આખી. ॥૪॥ આપણી સંગ રેહેતો તો રો શે,આવેલોલાગ તે કોણ ખોશે;એ કહીને બેઉ પરધાન, ગયા રાય કને મસ્તાન. ॥૫॥ પુછ્યું હંસદ્વજે સુભમતી, કહો કીયો આવ્યો નથી,તવ પ્રધાન ક્રોધે ભરીયા, મોહોટે ઘાંટે બેઉ ઓચરીયા. ॥ ૬ ॥ અમે તપાસ કીધો રાય, થયો તમ ઘરમાં અન્યાય; નથી આવ્યો સુધનવાય, એનો ઇનસાફ કેવો થાય. ॥ ૭ ॥ પેહેલો દીકરાનો ન્યાય કરો; જોવું થાય છે ખોટો કે ખરો; એવાં મર્મનાં વચન સુણી, ખુનસે ભરાણો ખુની. ॥ ૮ ॥ બોલ્યો હંસદ્વજ ક્રોધે કરી, શું હું બોલેલું જવાનો ફરી;જાવો ન્યાય કરો તમો બેઉ, વચમાં વાંધો નહી લેવું. ॥ ૯ ॥ તવ સંખને લેખ પ્રધાન, રક્ત લોચન વદીયા વાણ; જાવો એક સત જોદ્ધા સપાટે, લાવો બાંધી જોર ઝપાટે. ॥ ૧૦ ॥ સાથે ઉઘાડાં ખડગ રાખો, કરે તોફાન તો મારી નાંખો, કહીએ તેડે ચંપાવતી નાથ, કહી બંધન કરજો હાથ. ॥૧૧॥ લાવો મારી મુશકે હાંઇ,કે ડરશો નહી મનમાંઇ; શું એ રાજાનો સુત તે સારૂ,બોલવું વેણ લોપે અમારૂં. ॥૧૨॥ એમ કેહેતા શેવક સત ઉઠયા;ઘણા રોશ ભરેલા રૂઠયા;લીધાં ઊઘાડાં ખડગ હાથ;રક્ત નેત્રેચા લ્યા સહુ સાથ. ॥૧૩॥ ગયા સુધન્વાને ધામે, કર્યો પોકાર મ્હોટે નામે,ત વ સુધન્વાની નારી, આવી રડતી પોતાની બાહારી. ॥ ૧૪ ॥ કહ્યું ન- થી સ્વામી મુજ વાસ, એતો ગયા જનુની પાસ; તવ સાંભળી શેવક વળીયા, સુખવંતીન મેહેલમાં પળીયા. ॥ ૧૫ ॥ ત્યાં તો દીઠો સુધ- ન્વા ભક્ત, કીધાં દાસોએ લોચન રક્ત; કેમ ઊભા રહ્યા છો હાંઇ, તાત તેડે છે શેન્યા માંઇ. ॥ ૧૬ ॥ કહ્યું છે તમો તેડવા જાવો, એને બંધન કરીને લાવો; માટે બાંધીયે હાથ તમારા, નહીતો મળે ભોગ અમારા. ॥ ૧૭ ॥ માટે બાંધવા દો રૂડી રીતે, નહીતેઃ બાંધીશું વીપરીતે; સુણી ચઢયો સુધન્વાને ક્રોધ, આ શું બોલે છે ગુલામ ચોદ્ધ. ॥ ૧૮ ॥ એમ ધારી તાણી તરવાર, કર્યો દશ વીશનો સંહાર;તવ ત્રાશીને બીજા ના- ઠા, જાણ્યા રાજકુંવરને માઠા. ॥ ૧૯ ॥ ગયા શેન્ય વીશે બુમ કરતા, માહા ત્રાસ ભર્યા ઓચરતા, માહારાજા કરી કુંવરે રીસ, મારી નાંખ્યા ચોદ્ધા વીસ. ॥ ૨૦ ॥ અમે જાણી જોઇ પાછ વળીયા, તમ સુત જાણી

ને પળીયા; તવ ચીઠી લખી એમ, તાતનું વેણુ લોપો કેમ. ॥ ૨૧ ॥ આવો બંધન થઇને બેટા, નહીતો થઇજાશો છેટા; એમકહિ મોકલ્યા યોદ્ધા એંશી, ગયા રાણીના મેલમાં પેશી. ॥ ૨૨ ॥ આપી સુધનવાને ચીઠી, તે વાંચી નજર કરી મીઠી; કહ્યું તાત વચન કેમ લોપું, કરો બંધન હવે નહી કોપુ. ॥ ૨૩ ॥ તવ સુખવંતી માતા કેહેછે, શીદ બંધન માગી લેછે, આવનારાનો કર સંહાર, નહી તો દે મુને તરવાર. ॥ ૨૪ ॥ તવ સુધન્વા બોલ્યો આપે, સર્વને હણું તમ પરતાપે; પણ તાત વચન લોપાય; એતો અનરથ મોહોટો થાય. ॥૨૫॥ એમ કહીને બે કર દીધા, તવ શેવકે બંધન કીધા; જરા કબજેથયો જે વારે, કોપ્યા અનુચરો તે વારે. ॥ ૨૬ ॥ પેહેલા વીસ મારેલા તે કાજે, એતો ભરાયા પુરણ દાજે; કશી કશીને બંધન કીધો, ચાલ કહીને અચરકો દીધો ॥ ૨૭ ॥ તવ સુધન્વા ગભરાયો, હુંતો શીદ થવા ગયો ડાહ્યો; ચાલો આવું છું તમ સાથ, પણ નરમ કરો મુજ હાથ. ॥૨૮॥ માહારી ચાંમડી બહુ ચુસાય, તેથી નસોને નાડી તણાય; એતો વેદના નવ વેઠાય; જાણે જીવડો મારો જાય. ॥ ૨૯ ॥ એવાં દીનતાનાં વચન બોલે, પણ જોધ્યા બાહાજ્યા જમ તોલે; દાજ આણીને ઠોંસા મારે, કેમ સામો થયો તો તે વારે. ॥ ૩૦ ॥ અલ્યા પેહેલું શું જાણ્યું નહોતું, હવે તાહરૂં આવી પોહ્યું; એમ કહી ખેંચી લીધો જ્યારે, સુખવંતી ગભરાઇ ત્યારે ॥૩૧॥ એની આંતરડી બહુ દાજી, ઉઠી સુધન્વાને બાજી; ઓરે બેટા આ દશા આવી, તેંતો બગાડયું કર બંધાવી. ॥ ૩૨ ॥ હવે કબજે પડેલો શું કરે; સુત મરવાને સંચરે; માહારે જોઇને જીવવું ધીક, મુકવી મર જાદાને બીક. ॥ ૩૩ ॥ વળણ. ॥ એમ ધારી ગઇ તન કને, વિપ્રીત થઇ ગઇ વાત; વ્યાસ વલ્લભ વાણી વદે રડવા લાગી માત.

કડવું ૨૧ રાગ વઇદરભીના નાટકની રાહ.

માતા રડે રૂદે ફાટતી, નહી જાવાદઉ બાળ; માઠા શુકન મુજનેથયા માંથે ભમે છે કાળ. માતા રડે રૂદે ફાટતી. ॥ ટેક. ॥ તું સપગલાનો સભાગીયો, તાહરે જનમ્યે થૈ લેહેર; કોમળ કાયાના દીકરા, આશો તુજપર કેહેર. ॥ માતા. ॥૧॥ ચક્ષુએ ચોમાસું ચાલતું, દીધી દીકરાને બાથ, લાડકવાયા જાશો નહી, ચાંપે રૂદીયા સાથ. ॥ માતા. ॥ ૨ ॥ મોહો જોયા માહારા બેટડા, મરવા મોકલું કેમ; દેશવટો દેશે રાજીયો, તે

વેઠીશું તેમ. ॥ માતા. ॥ ૩ ॥ તેલ કઢા તુજ કારણે, કરીછે તાતે ત્યાર; સગો શતરૂ થઇ લાગીયો, તેમાં કોણ કરે વાહાર. ॥ માતા. ॥ ૪ ॥ તુજ પછી બીજા બેટડા, પણ મોભી કુંવાર; તું ગયો પછી શું રહ્યું; ગાદીના બેસનાર. ॥ માતા. ॥ ૫ ॥ મેં તુને સુનો મુકયો નથી, બહુ લડાવ્યાં લાડ; બાંધાનો બાંધેલો બેટડો, ઉછર્યો પ્રભુને પાડ. ॥ માતા.॥ ॥ ૬ ॥ સુવાવડમાં ઘણો સાચવ્યો, રાખી વશ જીભ્યાય, ખાટું તીખુ ખાધુ નહિ. કષ્ટી ભોગવી કાય. ॥ માતા ॥ ૭ ॥ સપુત સુત આ શું થયું, આવ્યો કારમો કોપ; દેહ તજવા વેણુ તાતનું, કેમ કરીયેન લોપ; ॥માતા. ॥૮॥ કારમી કાન્તી તાહારી જનમની, નોહોતી મુજને આશ, છેવટ પણ એનું એ થયું, થૈ નીરભાગી નીરાશ. ॥માતા. ॥ ૯ ॥ તારા બંધવ તારી બેનડી, સતી સાધવીનાર, હું રાંકડી તારી માવડી, રહીશું કોને આધાર. ॥ માતા. ॥ ૧૦ ॥ આ છબી દેખશું કયાં હવે, પડશે પાપી વીયોગ; અરેરેરે હાય હાય શું થયું, આવ્યા ભુંડા ભવ ભોગ.॥ માતા. ॥ ૧૧ ॥ વળણ. ॥ એમ કહી મુરછામાં પડી, મીચાયાં છે નેન; તવ બંધુને ઘેરીયો, સુધનવાની બેહેન. ॥

કડવું ૨૨ રાગ કાફી.

હાંરે બોલ્યા જયમુની મુખવાણી, ઝાડઉગે તોરહે એધાણી; કાંઇક્લેશમાં બાકી રેની, બંધુનેબાહાજી કોવલીકા બેની. ॥૧॥ હાંરે વીરા માહારે જીવીને શું કરવું, તાહારૂં મરણ થતાં પેહેલાં મરવું, મારે વીરત્રીના પીયર શાનું, કેમ દેવે ન ખોળ્યું પાનું. ॥૨॥ હું તો પીયરમાં છુંપનોતી, કહી ધુસકા મુકીને રોતી, બાહાજી શેવક કેરે સાથ, છોડો મમ બંધુના હાથ. ॥ ૩ ॥ હાંરે નહી તો આપીશ મુજ હત્યાય, હું તો પાડીશ મારી કાય, મારો તાત વેચાણો વણુ ધને, શંખ લેખ પ્રધાનોની કને. ॥ ૪ ॥ હાંરે થયા સાચા શતરૂપ્રધાનો, વેહેર વાળેછેમુંઢ મસ્તાનો, કીયાજનમ તણી દાજ વાળે, બધો હરખ હૈયાનો ટાળે. ॥ ૫ ॥ હાંરે અમને રાંકડીયોને રોવરાવે, આખા જનમની ઓથ ખોવરાવે; એનું કીયે કાળ ભલુ થાશે, કરેલી કરણી ભોગવાશે. ॥ ૬ ॥ હાંરે અલ્યા શેવકો કષ્ટ કાપુ, છોડો બંધુને તો કાંઈ આપું, કાહાડું દળદળ કહો તે આપી, કેમ જીવ લેવા બેઠા પાપી. ॥ ૭ ॥ રાગ ઝડપનો ॥ શેવકોયે સાંભળીને, બળમાં અચરકો દીધો, સુધનવા તો ધરણુ ઢળીયો, પાછો ઉભો કીધો. ॥ ૮ ॥

સુધનવા કહે શું બળ દાખો, બંધાયો હું આપે; નહીં તો કેવો બતા-
વ્યો તો હાથ તમારા બાપે. ॥૯॥ વિસ યોદ્ધાના પ્રાણ લીધા, કેમ નાઠા
તે વેળા; મુજ તાતની ચીઠી લૈ આવ્યા, ત્યારે થયા ભેળા. ॥ ૧૦ ॥
નહી તો રાજપુતને શું બાંધો, વાંધો લીધો એહ; છેવટ શું ગત થાશે
તમારી, વિચારી લો તેહ. ॥ ૧૧ ॥ એમ કહીને પંથે પળીયો, બળીયો
બાહુ બંધાવી; ચાલ્યો ચાલ્યો ઉભો રહ્યો,નગ્રની બારણે આવી. ॥ ૧૨॥
જ્યાં પોતાના પીતા બીરાજ્યા,ત્યાં જઈ નામ્યું શીશ;તવ હંસદ્વજના
મન વિશે, પુરણ પ્રગટી રીસ. ॥૧૩॥ નોહોય તું માહારો દીકરો, તેં
વચન લોપ્યું માહારૂં;છે હંકારી ને અભીમાની, આવી બન્યું તાહારૂં.
॥૧૪॥ હવૈ દેવરાવી માહારી પણ, તુજને મનમાં નાવ્યું; અન્યાય કર-
વાથી તારાપર, જોર સરવનું ફાવ્યું. ॥૧૫॥ શત્રુ સામા વાટ જુએ છે.
કાહારપણું તેં કીધું; માહારે પેટ પેદા થઈ ને, નામ લજાવી દીધું.
॥ ૧૬ ॥ ન્યાય તારો માહારે શું કરવો, નથી પડતી સુજ; પડો વગડા-
વ્યો તેની તેં, કાંઇ ન કીધી બુજ. ॥ ૧૭ ॥ તાત તણો તને ડર નવ
લાગ્યો, શું ધરીયા બે શીશ; પ્રધાનને ઇનસાફ સોંપ્યો; કયાંથી
તું બચીશ. ॥ ૧૮ ॥ સુધનવા કહે ક્ષમા કરો, ઓરે માહારા તાત;
કાં થોડા કામનીયે રોકયો, સત્ય કહુ છું. વાત. ॥૧૯॥ છોરૂ તો કછોરૂ
થાયે,તાત તણી નહી રીત;ભારે ભયંકર શબ્દ સુણી, થયોછું ભયભીત.
॥૨૦॥હશીને મુને આગના આપો,યુદ્ધે તતપર થાવું;તમ પરતાપે અરજુ-
નજીને,જીતી નગ્રમાં આવું.॥૨૧॥હંસદ્વજ કહે જીત્યો બેટા,બોળ્યું તે માહા
રૂં નામ; તમો શીક્ષાને પાત્ર થયા છો, કરશું અમો સંગ્રામ. ॥ ૨૨ ॥
તાતજી અપરાધ ક્ષમા કરો, બહુ ભુલ થઇછે માહારી, તમે ન છોડો તો
કોણ છોડે, પુત્રની દયા ધારી. ॥ ૨૩ ॥ તો પણ શીશ ધુણાવે પીતા,
એકનો બે નવ થાય; તેલ કઢામાં તળાશો તમે, માહારો નથી ઉપાય.
॥૨૪॥ એટલે વારતા નગ્રમાં ચાલી, બોળાવા બેઠુ જગત; અરેરે તેલમાં
તળાશે, સુધનવા હરી ભક્ત. ॥ ૨૫ ॥ આખા ગામમાં ત્રાસ પડીઓ,
જાણ્યું સુધનવા નારી; તેલમાં તળાવા હુકમ થયો, મુજ કંથને દુખ
ભારી. ॥ ૨૬ ॥ ત્રાસ ભરી નીકળી તારૂણી, વિપ્રીત આંખડી કાહાવી;
સુખવંતી સુધનવાની માને, મુરછાથી સુદ્ધી આવી. ॥૨૭॥ કોવળીકા
કહે માતા માહારી, દૈવે તો દગો દીધો; તેલમાં તળવા મુજ બંધુને

મમતાતે હુકમ કીધો. ॥ ૨૮ ॥ તે સાંભળી સુખવંતી ચમકી, ઉઠયો ઉરમાં અગની; રડતી રડતી સુધનવાની, નીકળી માતા ને ભગની. ॥૨૯॥ ત્રણે અબળા ત્રાસ ભરેલી, રડતી કુટતી ચાલી; સાથે દાશીયો દસ વિસ દોડી, તે કર રેહે છે ઝાલી. ॥ ૩૦ ॥ નેત્ર વિશે નિર માતુ નથી, આંશુ વહે ચોધાર; પ્રથવીમાં પછાડયો ખાતી, વરત્યો હાહાકાર. ॥૩૧॥ વલણ૦ ॥ હાહાકાર વરત્યો ઘણો, પુરણ પ્રગટયો શોક; વલ્લભ વદે શ્રોતા સુણો, ખળભળીયું બહુ લોક. ॥

કડવું ૨૩ રાગ સાખીનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું સુધનવાની કથાય.॥૧॥ હાહાકાર ત્યાં થઇ રહ્યો છે, રડે છે ભગની ને નારી;જનુનીજુલમ રડે છે, નેત્ર નાહાનું આંસુ ભારિ॥૨॥ રૂદીઆ કુટે, શ્રોણીત છુટે, પશુની પેરે બરાડે; અવની ઉપર પડતાં નાં મુસ્તકના કેશ કાહાડે. ॥૩॥ રોળાય શરીર રેણુ વીશે, મુકી મરિયાદ લાજ;ભાન રહ્યું નહી વેહેવાર વટનું,રડે મોહોટે અવાજ.॥૪॥ વસ્ત્ર તણી તો શુધી નથી,અંગ ઉઘાડું થાય,પગપાની કોઇએ ન દીઠેલી, તેની ઉઘાડી કાય.॥૫॥તવ ગામનું લોક ભેળું થયું, રઇયત રડવા લાગી;નરનારી ને છોકરાં નાહાનાં,સર્વને પીડા જાગી. ॥ ૬ ॥ રાંધ્યાં ધાન રહ્યાં લોકોનાં; ખાવું પીવું કેમ ભાવે; ઘરકામકાજમુકીને સહુ,રડતુ રડતુ આવે. ॥ ૭॥ ઘણાં મનુશની મેદની મળી,રડેછે હૈયાફાટ; સુખવંતીની સાથે ચાલ્યુ,કરતાં અતી ઉચ્ચાટ ॥૮॥સીમમાં મોર બપૈયા રોતાં;નગ્રમાં રોતાં સ્વાન; મેહેલે ચઢીને દાસીયો રડતી, ભુમી ભાસે શમશાન.॥૯॥ હયનેહસ્તી ઘાસ ન ખાયે,પોપટ પાંજરે રડતાં; અરેરે આ બેઠુ બગડવા હરીજનને કનડતાં, ॥ ૧૦ ॥ સુધનવાનું સંકટ જાણી, નર ને નારિ ત્રાસે; ધાવતાં બાળક નાંખે મારગમાં, ભક્તને મળવા નાસે. ॥ ૧૧ ॥ મનુશ મેદની ઘણી થઇ છે, અટે વાળીયે વળે, જવાનીયાં જન જોરમાં ચાલે, ઘરડાં ધરણ ઢળે.॥૧૨॥ કૈંક પ્રાણી કહે શું કરીયે, થાય છે કાળો કેહેર; કૈંક કહે મને લાગ મળે તો,રાજાને મારૂ ઠેર. ॥૧૩॥ મુઓ એ રાજા મરતો નથી,દીકરાને દુખ દેછે;પ્રધાનના કેવા પ્રમાણે,હાએહા એ કહેછે. ॥૧૪॥ કૈંક કહે સુધનવાના, કયાં ગયા ચાર ભ્રાત; બંધવની એ પક્ષ કરે તો,શું કરે એકલો તાત. ॥૧૫॥ ભરથાર ભામની ભગની ને માતા, તે

તો છે એક રૂપ; તે સાથેચારભાઇ હોયભેળા, શું કરે એકલોભુપ.॥૧૬॥ સુધન્વાની પક્ષમાં આપણ, સરવે રઇયત થાવું; સુધન્વાને દેશવટો દે, તો તેની સંગ જાવું ॥ ૧૭ ॥ કદી જીવનો નાશ કરે તો, આપણે જી-વી શું કરવું; ખરેખરૂં તોફાન કરીને, ગમે તે ઉપાયે મરવું. ॥ ૧૮ ॥ એવા એવા વીચાર ચાલે, લોકના ઉઠે તરંગ; શુખવંતી દીકરાનેદુખે, ભાગી નાંખે છે અંગ. ॥ ૧૯ ॥ કોવળીકા કલપાન્ત કરેછે પીહર જા વા બેઠું; આનંદ આખો વરશી રહ્યો તો, તેમાં વીઘન પેઠું. ॥ ૨૦ ॥ બીજા બંધવ ઘણું જીવો, મોભીના તુલના કયાંથી; પાંચ બંધુનીજુગ-લ જોડી, ખોડ પડે તેમાંથી. ॥૨૧॥ શુંદરવંતી શુંદરી છે, શુધન્વાની જેહ; બાળકી બેભાન થઇ છે, ધુન્યમાં ચાલે તેહ. ॥ ૨૨ ॥ દરવાજાની લગભગ આવ્યું, શેન્યાયે જોયું સાર; હંસદ્વજને પ્રધાન બેઠા, ત્યાંગયા સમાચ્યાર.॥૩॥ શુખવંતી કોવળીકાને શુંદર, વળી રહીઅત આવે; તોફાન થાસે એમ ભાસે છે, તવ રાય વીચાર લાવે. ॥૨૪॥ રહીઅતને તો રોકી શકું પણ, અબળા આવે માહારી,કોવળીકા દીકરી સંગ આ વે, આવે પુત્રની નારી. ॥ ૨૫ ॥ કહો ના કહો પણ કલેશ મોટો, દુર દશા કાંઇ કાહાવી; એવામાં તો રહીયત સાથે ત્રણે અબળા આવી. ॥ ૨૬ ॥ શુખવંતીયે દીઠો શુધન્વા, સભાની વચ્ચે પડી; કોમળ દીકરા કોણે બાંધ્યો, વળગીને બહુ રડી. ॥ ૨૭ ॥ બીજી કોમળીકા બેહેન બાજી, ત્રીજી પ્રેમદા પેઠી; ફાટી આંખે ક્રોધી શરીરે,કંથ કને જઈ બેઠી ॥ ૨૮ ॥ છુટે કેશે કારમે વેશે, દંત દાબીને ડસ્તી; આડી અવળી ડોક નાંખે, ભુજ ભેગા કરી ઘસ્તી, ॥ ૨૯ ॥ અરેરે આ શો ઉતપાત થયો, સસરા શતરૂ જાગ્યા, પોતે મુનેપરણાવીને, શોભાગ્ય લેવાલાગ્યા ॥ ૩૦ ॥ એવામાં હંસદ્વજ બોલ્યો, ઓ શુખવંતી નારી; મરીયાદમુકી સભામાં આવી, એ નહી શોભા માહારી. ॥ ૩૧ ॥ જેવો એ દીકરો છે તારો, તેવો માહારો એહ; તુને ને મુને સરખો વાહાલો તેમાં નહિ સંદે-હ. ॥ ૩૨ ॥ પણ પુત્રે પીતાની દવાઇ, ધારીને કીધી લોપ; તેકારણથી એના ઉપર, પુરણ ચડીયો કોપ. ॥ ૩૩ ॥ જે પુત્રે પીતાને લજાવ્યો; તે શુતને શું કરીયે, બળાત્કારે નાંખવો મારી, ખરા વાતે નવ ડરીયે ॥ ૩૪ ॥ વળણુ ॥ ડરવાના નહી તારૂણી, સત્ય વદુછું વાણ; તેલ ક-ઢામાં નાંખીને, લેશું એના પ્રાણ.

કડવું ૨૪ રાગ શીંધુ,

કેહેછે શુખવંતી, કોણ મમ શુત મારનારૂં; જગતમાં શું તમેજ જબરા, બળી ગયું અંધારૂંરે કહે છે શુખવંતી, કોણ મમ શુત મારનારૂ. ॥ ટેક ॥ પુત્ર પોતાનો માનતા હોતો, જુલમ ન કરવો ધારો; તેલમાં તળવા નીશ્ચે કર્યો, તેથી નહી તમારોરે. કહે છે. ॥ ૧ ॥ આણ દાણ વરતે શેન્યા ઉપર ઘરમાં તે નવ ચાલે; નથી ચલણ ચલાવાનું, કુમત કીધો આલેરે. કહે છે ॥૨॥ એ દીકરાના પગલે તમે, શુખ પામ્યા છો પતી; કાંક બગડવા કાળ થયું તે; શુજી માઠી મતીરે. કહે છે, ॥૩॥ વાંજીઆ મેહેણું માંથે હતું, તે આ દીકરે ટળીયું; તેને તમે મારવા બેઠા, આભજ ઉંધુ વળીયુંરે કહે છે. ॥૪॥ નથી કાહાર જનેતાનો,જનમેલો શુત માહરો; હું જીવતી બેઠેલી છું તો કોણજ છે મારનારોરે કહેછે. ॥૫॥ ઘર ના જોઇએગામ નજોઇએ,નજોઇએ ૨ જગાદી;મનેમાહારોદીકરો આપો, જાશું વન વીવાદીરે. કહેછે. ॥૬॥ જીવખોઇને જર ભોગવવું એ ન્યાય કોના ઘરનો,આશરો નથી જોઈતો તમારો, જોઇએ વીઠ્ઠલવરનોરે. કહે છે. ॥ ૭ ॥ પુત્રની પીડા નરી પીતાને, મીથ્યા ડોળ બતાવે. પુરૂશ તેતો વામા મરેને, તર્તજ બીજી લાવેરે. કહેછે. ॥ ૮ ॥ પુરૂશ સગા વૈભોગના છે, ફીકર નહી ફરજનના, બીજી લાવી થાય બીજીના આશા તેના તનનીરે કહે છે. ॥ ૯ ॥ તાત તણી ઘોડા ગાડીમાં પુત્રે નવ પલવાયે, રીંટીયાની કાતનારી માડી, તેમાં શત સમાયોરે. કહે છે. ॥ ૧૦ ॥ વળણ. ॥ શુત સમાય નહી તાતમાં, માતમાં શુત સમાય. કહે વલ્લભ તવ રાજીયો, ક્રોધે બોલ્યે. ત્યાંય ॥

કડવું ૨૫ રાગ ઉપરનો.

હંસદ્વજ કહે છે, વીચારીને વદો વાણી; મરજાદ મુકી બહુબોલશો તો થૈ જાશે ધુળધાણીરે ॥ હંસદ્વજ કહે છે વીચારીને વદો વાણી.॥ટેક॥ માહારા ઘરની રીતી છોડી, દોડી આવી હાંઇ, કુળ લજાવ્યું કુટુંબ લજાવ્યું, શરમ નહી મનમાંઇરે. ॥ હંસદ્વજ કહે છે. ॥ ૨ ॥ બાપ તણી બહુ સાખ વધારી, પધારી તું પંથે, વગર વીચાર્યું સાંભળશો, હારીને જાશો અંતેરે. ॥ હંસદ્વજ. ॥ ૨ ॥ પીતા વીના પુત્રો કયાંથી, પુત્રો પુરૂશ કેરો; અમારા મન ધાર્યું કરશું, મીથ્યા મારો ફેરોરે. ॥ હંસદ્વજ. ॥ ૩ ॥ શું માહારૂં બોલ્યું પડે પાછું, શું મીથ્યા દવાઈ;તમારૂં ધારયું નહી થાયે

મુકી દો ભવાઇરે. ॥ હંસદ્વજ ॥ પીતાજીનું વચન લોપે, તો તો છોકરૂં હેણું;એક જશે પણ ચાર બીજા છે,નહી થાય વંઝા મેણુંરે, હંસદ્વજ. ॥ ૫ ॥ નરનો સ્વભાવ હોય માહા માઠો, માટે તમે પસ્તાશો; ક્રોધાતુર થઇ:માર દેશું; ત્યારે નાઠાં જાશોરે. ॥ હંસદ્વજ ॥ ૬ ॥ માટે સમજી મેહેલ પધારો; પુત્રની આશા મુકો; એક ઘડીમાં ઘરબાર તારૂં, ભાંગી કરૂ ભુકોરે. હંસદ્વજ ॥ ૭ ॥ દીકરીને દરવાજે લાવી, શું તેં મનમાં ધાર્યું; પોતાનો જીવ જાળવિ જાવો,કરો માહારૂં વાર્યુંરે. ॥ હંસ. ॥ ૮ ॥ આખો વળ ચડવાનો મુજને, જેમ જેમ મુમત કરશો; તેમ તેમ હું થવાનો હઠીલો, ભારત્રોજથી ઉતરશોરે. હંસ. ॥ ૯ ॥ પ્રેમદાનું કહ્યું પતી સાંભળશે, ભુતળ રસાતાળ જાશે; કેહેવાઉં વશ વામાને રાજા, હાહાકાર વરતાશેરે. ॥ હંસ. ॥ ૧૦ ॥ રાજરીતીથી રામા તમે, આપણે ઘેર પધારો; નહી તો નવા જુની થાશે, શાને વીષ વધારોરે, ॥ હંસ. ॥ ૧૧ ॥ વળણ. ॥ માઠો સ્વભાવ મરદ તણો, સત્ય સમજજો નાર; આંખડી ફાટે અમ તણી, તો તમે ખાશો માર. ॥

કડવું ૨૬ જાગ્યારે જાદવરાય એ રાગ.

સુખવંતી તવ બોલે, નેત્રોમાં નિર મેઘ તોલેરે, ધિક્કાર ધિક્કાર ધિક્કાર તમને નાથજીરે. ॥ ૧ ॥ અબળાની દયા નાવી, કઠીણ રૂદીયા કાહાવીરે;હવે મેં પણ મરવું નિશ્ચે ધારિયુંરે. ॥ ૨ ॥ મારો મોભી દીકરો જાશે, તો મુજ જીવે શું થાશેરે;નથી નથી નથી માહારે જીવવુંરે ॥ ૩ ॥ કહી રીસ કરી મન સાથે,એણે ખડગ લીધું હાથેરે; સુધન્વાનાં બંધન કાપી નાંખીયાંરે. ॥ ૪ ॥ તવ કોવળીકા ભગની, જેના ઉરમાં ઉઠયો અગનીરે; રક્ત લોચનથી પીતા પ્રત્યે ઓચરીરે. ॥ ૫ ॥ તાત તમે શું જાણો;કાંઇ ગરવ ઘણેરો આણોરે;માણોછો જે સુખ તે સૌના સંપથીરે. ॥૬॥ જેમ જેમ શાન્તી રાખી, તેમ હકુમત ચલવી આખીરે; તમ પાખી હજારો દાહાડા ચાલશેરે. ॥૭॥ શું છો તમો કરનારા, અમે છૈયે ત્યાં મરનારારે; જે ફાવે તે કરજો, ડરશો નહીં જરારે. ॥ ૮ ॥ કાયા કામની કેરી, પણ આત્મામાં શી ફેરીરે; જે જેને ઉમંગ હોય તે પુરો કરોરે. ॥ ૯ ॥ ભાઇ વળુદી બેહેની; પીહર પનોતી તેનીરે; નહી તો શેની મોંઘી સાસરી સાથમાંરે. ॥ ૧૦ ॥ દીકરો હણવા ધારી, કેહેવાઇરે વીપીરીત મત ભારી થયેલા વરસ તે પાણીમાં ગયારે. ॥ ૧૧ ॥

પોતાના કેશની ગાંઠ, છોડી ફાંસો નાંખ્યો કંઠેરે; રાયે જાણ્યું વઠે વાત વીપરીતનીને. ॥ ૧૨ ॥ વળણ. ॥ રાય સમજ્યો વીપરીત છે, સહુને પ્રગટયો દ્વેશ, હાંહાં કહિ કુંવરી તણા, છુટા કીધા કેશ. ॥

કડવું ૨૭ રાગ સાખીનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સુધન્વાની કથાય. ॥૧॥ રાયે કુંવરીના કેશ છોડયા આમ ન કરીશ બેહેની; ગમે તે કાંઇ મારગ કાઢું, જરાક ધારણ રેની ॥ ૨ ॥ એમ કહિને શાન્તી પાડી, જોયું પ્રધાનોના સામું; કહો ભાઇ હવે કેમ કરવું, અપકીરતી હું પામું. ॥૩॥ માહારા ઘરમાં કંકાસ ચાલ્યો,માટે નથી ઊપાય; જો તમો બેઉ કહોતા હોતો હું કરૂં નિતીનો ન્યાય. ॥ ૪ ॥ શંખને લેખ બે આઘા જઇને, કરવા લાગ્યા વિચાર; આપણો દ્વેશી શુધન્વા છે; નડે છે ઘણીકવાર. ૫ ॥ રાજમાં આપણી ખટપટ ચાલે, તેમાં પડે છે આડો; માટે ભલેરો લાગ આવ્યો, ફરિ ન આવે આ દાહાડો. ॥૬॥ ગમે તે કરિ સુધન્વાનો, કરાવી નાંખવો નાશ; પછી આપણ નીરભય થાશું, નહિ રહે કોનો ત્રાસ. ॥ ૭ ॥ એવિ ધારણા ધારિને ઉઠયા, આવ્યા રાયની પાસ; દીકરાનો ન્યાય કરે તમે, અમે કરિશું તપાસ. ॥ ૮ ॥ તવ હંસદ્વજ ન્યાય કરવા, બેઠો સ્વ આસન; ઇનસાફ હું તારો કરૂં છું,સુણો સુધન્વા તન. ॥૯॥ તવ સુધન્વા બે ભુજ જોડી, બોલ્યો તાતની પ્રત્યે; છુટો છું ને ઉભો રહ્યો છું, તેતો હું માહારે સત્યે. ॥૧૦॥ પીતાનું વેણ પાળવા સારૂં, બંધન થયો તો આપે;સીધો ચાલીને હું આવ્યો, તમારિ દવાઈપાપે. ॥૧૧॥ જે કેહેશો તે કબુલ માહારે, લોપવું નથી વેણ; પીતાનું વેણ પુત્ર લોપે, તે થાય સુકીત હેણ. ॥ ૧૨ ॥ નહી તો તમ પરતાપે મુને, સામર્થ છે અપાર; એટલે પ્રધાન પ્રત્યે રાજા, કેહેવા લાગ્યો વીચાર. ॥૧૩॥ આ દીકરાને દો દેશવટો, કેવો કેહેવાશે ન્યાય; તેલમાં તળવા હુકમ કરવે, દીકરો માહારો જાય. ॥૧૪॥ વળી ઘરમાં ઉતપાત પેસે, નારિ માહારી દેહ છાંડે; પુત્રની નારી નાંખે નીસાસો, દીકર મરવા માંડે ॥ ૧૫ ॥ સુધન્વાના ચાર બંધુ, ટગટગ રહ્યા જોઇ;નબોલ્યા પણ લોચન રાતાં, કરી રહ્યા સૌ કોઇ. ॥૧૬॥ વળી નગ્રની રહીઅત સરવે, આવ્યાં સુધન્વા પુઠે; સુધન્વાને મારો કેહેતાં, નરનારી સૌ રૂઠે. ॥ ૧૭ ॥ તેમાંથી થાયે

મોહોટો દંગો, ત્યારે કરીયે કેમ; તમે મુને આપો ખુલાસો, બહુ વાતે છે વેમ. ॥ ૧૮ ॥ એટલે શાન્તી રાખીને બોલ્યા, શંખને લેખ પ્રધાન; અરે રાયજી આશું કહોછો, કયાં ગયું અભીમાન. ॥ ૧૯ ॥ પોતાની પ્રેમદાથી બીધા, દીકરીનો ડર લાગ્યો; મરદ જાણી પ્રધાન થયા; કરમે વંઢળ ભાગ્યો. ॥ ૨૦ ॥ શું કરશે દીકરાને દારા, રહિઅત શું કરનારિ; હુકમ કરો તો આપણા યોદ્ધા, કાહાડી મુકે ડાંગ મારી. ॥૨૧॥ જોર ન કેહેશો કોઈ જનનું, હિમત ભાગી તમારી; બોલ્યા પ્રમાણે પોતે પળવું; એજ સલ્હા છે અમારી. ॥૨૨॥ એટલે હંસદ્ધજ એમ બોલ્યો, ઈનસાફ રહેવા દઇએ; એક વેળા તો અરજુન સામા, યુદ્ધ કરવાને જઇએ. ॥ ૨૩ ॥ વળણ. ॥ રાયે કીધી આગના, યુધ્ધે ચઢો સૈ યોદ્ધ; ન્યાય કરશું પાછા વળી, ચડયો પ્રધાનન ક્રોધ. ॥

કડવું ૨૮ રાગ શંઘેરી.

પ્રધાન બેઉ ઉઠી બોલ્યા, કરીને પોકાર, ધીક ધીક ધીક તુને ક્ષત્રીના કુંવાર. ટેક॥ જોયો તારો નેક ટેક, એક સ્વારથી; પક્ષપાત પુરી રાખે ન્યાય તો નથી, જોઈ જોઈ જોયો તુને, ગરવી ગુમાર; ધીક. ॥૧॥ સોનુ જાણી સંગ કર્યો, નીકળ્યો કથીર; નક્કી કાહાર કુળનો તું, નોહ્ય રણધીર. ॥ બોલેલું મોઢામાં પેઠું, શુ પડી બોલનાર. ધીક. ॥૨॥ જામો જરીનો ઉતારી, ચુડો પેહેરો હાથ; હોડો ચીર ચુંદડી ચંપાવતીના નાથ, ચક્ષુમાં કાજળ સારી, મુકી દે હથીઆર. ॥ ધિક ॥૩॥ કુન્તી સુત પારથ સામો, શું કરે સંગ્રામ; ગાદીએ બેસી લજાવ્યું તાત તણુ નામ; નારી લોભે લલચાયો, ભય પામ્યો અપાર. ॥ ધીક ॥૪॥ તારા નગ્રે નથી રહેવું, જાશું વનવાસ; કરમ ફુટયો હોય તે થાયે, અન્યાડીનો દાસ; પોતાના વાહાલા પારકાં ખોટા, કેમ રીજે કીરતાર.॥ ધીક. ॥૫॥ અમે તારે ઘેર રહીને, ખાધું અન્ન ઉચીષ્ટ; તે છાંટા અમને લાગે, ગણાશું પાપીષ્ટ; આટલેથી સમજી ગયા, છેલ્લા છે જુહાર. ॥ ધિક. ॥ ૬ ॥ વળણ. ॥ એમ કહિ ચાલવા માંડીયું, જુએ શેન્યનો સાથ; તવ રાયે ઉભા થઇ, ઝાલ્યા બેઉના હાથ. ॥

કડવું ૨૯ રાગ આશાવરી.

જયમુની રૂશી એમ બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને

સંભળાવું, સુધન્વાની કથાય. ॥૧॥ રાયે પ્રધાનોના હાથ ઝાલ્યા, ક્રોધાતુર કેમ થાવો, રીતીસર કેહેવું હોય તે કહો, રીસાઇને શું જાવો ॥૨॥ એટલે પ્રધાન ગાજીને બોલ્યા,અન્યાયનો તું સ્વામી;પડો તેં વગડાવતી વેળા,કાંઈ ન રાખી ખામી. ॥૩॥ તેલ તણી કઢા ઉકળાવી,તેતો કોના માટે, બીજાને તળવા ધર્યાતા, દીકરો તે શીર સાટે. ॥ ૪ ॥ પોતાનો બાળક બચાવી લેવો, પારકાને શું હણવો; ન્યાય વાળા સુત શત્રુને, સરખે ભાગે ગણવો. ॥૫॥ ગ્રહસ્થના જેટલાં હોય વહાલાં, તેટલાં ગરીબ જનને; ગ્રહસ્થે પ્રાણી ગરીબે પ્રાણી, વિચાર કરજો મનને. ॥ ૬ ॥ કોઈક આવ્યું હોત મોડું તો; તેને નાંખત તળી; પોતાના પુત્રનો પક્ષ કરોછો, કેવળ બુદ્ધિ બળી. ॥ ૭ ॥ અરેરે રસાતાળ જાશે, વરસસે નહી મેઘ; આ ગાદી પર પુન્ય હતું તે, થયો પાપનો ભેગ. ॥ ૮ ॥ પોતાના પાળી અવર હણવા, એ નહી ઉત્તમ ન્યાય; વચન ભ્રષ્ટ થાવું તે ભુંડું, જાવા નર્કની માય. ॥ ૯ ॥ ઇન્સાફ કરવો સોંપ્યો અમને, બોલીને સીદ ફરો, વેણ ગયું તેનું સરવસ્વ ગયું, જીવતાં મુઓ ખરો. ॥૧૦॥ પોતાનું બોલેલું પાળવા માટે, રામ સધાર્યા વન;વચન પાળવા રાજ મુકી,નિકળ્યો નળ રાજન. ॥૧૧॥ વચન પાળવા હરીચંદ્રે, વેચ્યા પુત્ર ને નારી; મસાણની નોકરી કીધી, કષ્ટજ વેઠયું ભારી. ॥ ૧૨ ॥ તેવા પ્રાણિ માહા સત્યવાદી; ગાદી ભોગવવા યોગ, ધન્ય છે તેનું જીવવું ને, ધન્ય તેનો વડભાગ. ॥૧૩॥ પોતાનું બોલ્યું પોતે ન પાળે, તે વાળે શો દન; વચન ભષ્ટને છાંયે ન રહેવું,મુખે ન મુકવું અન્ન. ॥ ૧૪ ॥ વાહાણામાં વદન નવ જોવું,જોવે સુકીત નાસે;તમારિ સંગત કરવામાં અમને, પાતક ઝાઝું ભાસે. ॥ ૧૫ ॥ માટે અમપર કૃપા રાખી, જાવો દો આગનાય; રૂંએ રૂંએ પાપ ચઢે છે,અમારૂં પુન્ય ધોવાય. ॥ ૧૬ ॥ ચાંન્ડાળનો ચાંન્ડાળ કેહેવો, જેની જીભડી જુઠી; ઓરે પ્રભુ જુઠા જીવડા, જગમાંથી જાજો ઉઠી. ॥ ૧૭ ॥ એવાં એવાં વચન કહ્યાં, રાજાને દ્રઢતા બેઠી; માહારૂં બોલ્યું હું કેમ લોપુ છું, પાપ મતી કાંક પેઠી. ॥ ૧૮ ॥ મમ અબળાયે મમ કુંવરિયે, બોલી મુને દબાવ્યો, વચન ભ્રષ્ટ થવા મનસુબો, માહારા મનમા આવ્યો. ॥ ૧૯ ॥ આટલી વય માહારિ થઇ પણ, ભ્રષ્ટ નોહોતો થયો કદી; આજ મુને આ મતી સુજી, ફરવું ધાર્યું વદી ॥ ૨૦ ॥ પુત્ર જાયે પરિવાર જાયે, જાયે રીધ શીધ ધન; કટકા થાયે દેહ તણાતો લોપીયે નહિ વચન. ॥ ૨૧ ॥ એવો મનમાં નીશ્ચે કરીને, ખુરશીયે બેઠો રાય; સાંભળજો તમે સરવે સભા, સુધન્વાનો ન્યાય

॥ ૨૨ ॥ સુધન્વા જો સપુત હોય તો, બાપ તણો ઘાલ પળવો; હુકમ માહારો થાય છે એવો, તેલ કઢામાં તળવો. ॥ ૨૩ ॥ એવો હુકમ થયો રાજાનો, થરથર કંપ્યું લોક; હરીજનોએ ત્રાસ પામી, મુકી કારમી પોક, ॥ ૨૪ ॥ નરનારીને બાળક ઘરડાં, રડવા લાગ્યાં અપાર; પોંચા કરડી હાથ ઘસે છે, નેત્રે વહે જળધાર. ॥ ૨૫ ॥ સરવેના મનને એમ આવ્યું, રાજાને થૈતી દયાય; પણ પરધાનો કુબુદ્ધીના, તેણે ચડાવ્યો રાય. ॥૨૬॥ અરેરે એમનું ભુંડું થાજો, જાજો સત્યાનાશ, સાતે જનમ એ બે જણને, પડજો ત્રાસે ત્રાસ. ॥ ૨૭ ॥ બ્રાહ્મણનો એ દેહ પામ્યા છે, પણ જાતી ચાંન્ડાળ; એ બેઉ જણને હણવા ઘટે, ફોડવાં જોઇએ કપાળ. ॥ ૨૮ ॥ ચોટલીઓ ગ્રહી ચીરી નાખતાં, કાંઇ ન લાગે પાપ; એમની માને પેટ જનમતાં, કેમ ન ડશ્યા સાપ. ॥ ૨૯ ॥ કુકરમીને કુરબુદ્ધી, કપટના કરનારા; છરે ભરેલા છાકે છકેલા, કયારે થશે મરનારા. ॥ ૩૦ ॥ વળણ. ॥ એ પાપી કયારે મરે, મરેતો ઠરે સૌ લોક; વલ્લભ વદે સહુ જીવને, પુરણ પ્રગટયો શોક. ॥

કડવું ૩૦ રાગ ચોપાઇ.

જયમુની રૂશી વધા વાણી, રાજા સાંભળ ઉલટ આણી; સરવે લોક દેતું શ્રાપ, ઘણા ભક્ત કરે વીલાપ. ॥ ૧ ॥ કાચા કાળજાની જે નારી, તેતો ધરૂજવા લાગી ભારી; છૈયાં છોકરાં નાંખી દેઇ, લાગી રડવા ડસકાં લેઇ. ॥ ૨ ॥ કૈંક ભકતોને થયું એમ, અરેરે કરી નાંખીયે કેમ; બળીયા સાથે શું બાથ દીજે, ભાઇ ટંટો કરતાં બીજે, ॥૩॥ કાં સસલોને સીંગ સરખો, કયાં બીલાડો વાઘ નરખો, કયાં ખાબડું ને કયાં દધી, કયાં કુપ અને કયાં નદી. ॥૪॥ કયાં આગીયોને કયાં ચંદ્ર; કયાં ગ્રાસીયોને કયાં ઇંદ્ર; કયાં અળશીયું કયાં સર્પ, કયાં રહીઅત કયાં નર્પ. ॥ ૫ ॥ એમ વિચારતાને ડરતા, સહુ રડી રડીને મરતા; થઇ રહી છે કુટાકુટ, ઘણા કલેશની લુટા લુટ. ॥ ૬ ॥ કૈંક પ્રભુને પોકારે, બચશે સુધન્વા કયારે; કૈંકે રોટલા મથી ખાધા, તેણે રાખી અનની બાધા, ॥૭॥ નહી સુધન્વા સરખું કોઇ, થાય આણંદ મુખડું જોઇ; જેના દરસણથી પાપ નાસે; હરનીશ પ્રભુ એની પાસે ॥૮॥ એના પુન્યેથી નગરી સુખી, કોઇ ગામમાં નોહોતું દુખી; એમ કહી કહી વીચાર કરતાં, કેમ જોઇશું

ભક્તને મરતાં. ॥ ૯ ॥ કૈંક કહે જીવી શું કરવું, મરે ભક્તતો આપણે મરવું; ગળે ફાંસો ઘાલી દેહ તજવા, છેલા વેલા ભગવત ભજવા ॥ ૧૦ ॥ આપણા પરધાનો ને પાપ; લાગ્યા દેવા કકળીને શ્રાપ; એમ જગ્તની ઉપાધી ચાલી, દુરમતી પ્રધાનોએ આલી. ॥ ૧૧ ॥ બેઉ પ્રધાન તે સાંભળે છે એક એકના કાનમાં કેહે છે;ઠીક રાય આપણાથી ડરીયો, એણે હુકમ સારો કરીયો. ॥ ૨૨ ॥ આપણા મન ગમતું થયું, બધુ સાલ જનમનું ગયું, આપણે જેજે કામ કરતા, રાજા હાયે હા ઓચરતા. ॥ ૧૩ ॥ પણ તેમાં આ અવળો પડતો, જેમાંને તેમાં આવી નડતો, એના વીના એના ચાર ભાઇ,તેમાં અક્કલ નથી કાંઇ. ॥૧૪॥ પછી રાજના ધણી થાશું, લુંટાશે તેમ લુંટી જાશું; એમ હશીને તાળીયો લેતા, છોને સૌ લોક ગાળો દેતા. ॥ ૧૫ ॥ એમાં ગાળે શું ગુમડાં થાશે; બોલનારાનાં મોહો ગંધાસે; જે બોલે તેને ઓળખી લેવા,દાવ આવે ત્યારે ડંડ દેવા. ॥૧૬॥ કોક દીવશ નાંખવા પીલી, ફરી વાત કરે નહી ૦હીલી;એકવાર આનો નાશ કરીયેં,પછી મુછો ઉપર કર ધરીયે,॥૧૭॥ એમ હરખીને કર્યો ઉચ્ચાર, રાયજી કેમ કરોછો વાર;કર્યો હુકમ તેવું પાળો, સુતને તેલ કઢામાં બાળો. ॥ ૧૮ ॥ પછી કરવા જવો સંગ્રામ, જુઓ શત્રુનો સામો મુકામ;તમો વીલંબ કરો જેમ; ફાવશે શત્રુને તેમ તેમ.॥૧૯॥ કોક પરાયું મનુશ હોય, તેને વીલમ કરે ન કોય; સહુ ગરીબોને ગર્દન મારે, હોય ગ્રસ્થ તેને ઉગારે. ॥ ૨૦ ॥ સહુ અજા ઇદ કરનારા વાઘ ઇદે પાછા ફરનારા; સહુ પોતાનું પાળે ને પોસે, અન્ય જનનું વાડમાં ખોસે. ॥ ૨૧ ॥ બોલ્યો લેખ સુણો શંખભાઈ ત્યારે શું થાશે કળજુગ માંઈ; જુઓ આ જુગમાં છે આવું, ત્યારે કળીયુગમાં કેમ થાવું. ॥ ૨૨ ॥ ત્યારે શંખ બોલ્યો શંખ જેવું, કળીયુગમાં થાશે કેવું; તને સંભળાવું વરતાન્ત, તે સાંભળીને થૈસ શાન્ત. ॥૨૩॥ તે સાભળી ભાગશે ભ્રાન્ત; કહુ ઉઘાડુ કે એકાન્ત; તવ લેખ બોલ્યો મુખ એમ; કહો સરવે સાંભળે તેમ. ॥૨૪॥ ત્યારે શંખભાઇ એમ વદે, સહુ સાંભળી ધરજો રદે; કળીયુગમાં રાજની રીતી, બતાવું રાય પ્રજાની પ્રીતી. ॥ ૨૫ ॥ પ્રભુ જાણે કયારે રાય મરશે, વેઠ વેરેથા સૌ ઉગરશે; કયારે આપણુ નીરભય ફરશું,નહી કરવાનાં કામ કરશું. ॥૨૬॥ કયારે આવે બીજો રાય ચડી;લુંટ પાડે ભંડારમાં પડી;તેના ભેળા આપણુ પડીયે,માલ લુટી લેવાય તે ઘડીયે. ॥૨૭॥ એવું રાખે પ્રજા જન હીત.સાથી રઇયત વીપરીત;કરી અન્યાયને ન્યાય માગે,થાય વીરૂધ તો દુઆ

લાગે. ॥૨૮॥ પોતાનો સ્વારથ નવ શરે,તવ વાંકાંવેણ ઓચરે;એવી રીતી રહીયતની થાશે, વળી ચાડી ચુગલી ખાશે, ॥૨૯॥ હશેરાજતણાકારભારી, તેતો થવાના કામ વીકારી;આંખડી કપરી કરી ફરે,વાતકરતાં ક્રોધજ કરે.॥૩૦॥સહુને જેહમાં દાબી મારે,જેમાંને તેમાં સ્વારથધારે;પેહેલો આવે ફરીઆદકોય,તેના ઉપર આકળો હોય. ॥૩૧॥ તારી ફરીઆદ લાગે છે જુઠી, સામોવાળો જવાનો છુટી; તારી ફરીઆદ જુઠી ઠરશે;તુજને રાજા કેદ કરશે ॥૩૨॥ ઉલટો તું જવાનો માર્યો, વળી કેહેશેલઢતાંહાર્યો; એમ ખરૂ ખોટુ જોયા વિના, બોલે બીવરાવવાની બીના ॥ ૩॥તવ ફરીઆદી જન ડરે, બળે કાળજાુને થરથરે.હવે ફરિયાદી પાછીલેવું,તવ કારભારિ કેહેશે કેવું. ॥૩૪॥ તાહારિ જુઠીતે પાછી લીધિ, કેમ ફરિયાદ ખોટી કીધી; મ્હારા બેઉ બાજુ ભોગ મળશે, હવે શી રિતે વેળા વળશે. ॥૩૫॥ જો ફરિયાદ કરવા નાવું. તોતો શત્રૂ તણો :માર ખાવું; માર ખાતો રહુ કયાં લગી, નથી રેહેવાતુ એક વગી. ॥૩૬॥ એમગભરાઇ પળશી કરે, નમી નમીને અરજઓચરે;તવ કારભારિનાહાથનીચે;પાશી બોલાવવા આંખ મીચે,॥૩૭॥ આઘો બોલાવીને કહે એમ,કરોસમજણ બતાવું તેમ; કાંઇ પાન સોપારિ દેમુને; તોતો અક્કલ આપુ તુને ॥૩૮॥ એમ કહીને લે લાંચ કાહડી, પછી કેવું એ બોલે અનાડી;કોકકારભારિને સમજાવું, ભેડ મુકીને તુને જીતાવું. ॥૩૯॥ એતો નથી લેતા કોઇલાંચ, પણ ખોળી કાઢી છે ખાંચ; ઘેર જઇ તારિ વાત ભુંકુ, એમનાબાળના હાથમાં મુકુ ॥૪૦॥ તવ રિજી જશે કારભારિ, તારિ ફરિયાદ નહી જાય મારિ; કેહેશે અમલદારને કાંઇ, શત્રૂનેખોશશે કેદ માંઇ ॥૪૧॥તવ કાયર થયેલો શું કરે, જેનું તેનું લાવીને ત્યાં ભરે; ડાહ્યો થઇનેકોશના ખાય, એનો બીજો શો ઉપાય.॥૪૨॥ પછી ફરિઆદનું કામ ચલવે,એતો આરોપીને હલવે; તેની થરથર ધ્રુજે કાય.મેંતોનથી કર્યો અન્યાય॥૪૩॥ તવ કારભારિ દબાવી મારે, રડે આરોપી ચોધારે;તવકારકુનનેકામદાર અળગો લેઈ સમજાવે સાર. ॥૪૪॥ અલ્યા ગધેડા જાવાનો મરિ, તારિ ખરાબી થાશે ખરિ; બધું ઘરબાર લુટાઇ જાશે, તને કેદની શીક્ષાથાશે ॥૪૫॥ આવશે તારૂં ધન શા કામ; કાંક વાવરી દે આ ઠામ;એમતેમ કરિ લે લાંચો, કરે પૈસા પુંજીથી ટાંચો. ॥૪૬॥ બેઉ જણનું બે હાથેખાય, પછી મોકલે થવા ન્યાય; આવ્યો નીરધન કે ધનવાન,પેહેલવહેલુતેમાં દે ધ્યાન. ॥૪૭॥ પછી દેખે તેવો ઘાટ ઘડે, મળે ધન તે બાજુપર પડે;હોય ખરો તે બીચારો રડે, પેલો ખોટો અભીમાને ચડે. ॥૪૮॥ એમ રહીયત

નો મરો થાશે, સુખી દુખી સહુ અટવાશે; રાજા નાંખશે વેરાને વેઠચે વાહાલી લાગશે લેવાની ભેઠયો. ॥૪૯॥ ન્યાય કરનારા સમજશે એ ગાદી છું ત્યાં સુધી લાંચ લેવું; પછી નથી કોઇઆપનારૂં, માટેઘરભ લેઉ માહારૂં ॥ ૫૦ ॥ જે વેહેપારને વેરિ કાહાવે, ફરી ફરી હાથ આવે; એમ જાણીને લે લુંટી; નાંખે ગરીબગરબાંને કુટી. ॥૫૧॥ જ્ય કળયુગના ન્યાયકેવા,ઇચ્છે પ્રેમદા પૈસા લેવા,બધોન્યાયરહેશેએ બેમ રાજ્ય પાટ પૈસોપુંજીતેમાં. ॥૫૨॥ એવી કળીનીરીતી થાશે. ઉભે ગ લુંટી ખાશે; એવાં કળીયુગ કેરાં રાજ, તેવું બનવું જોઇએ આજ.॥૫૩ તવ રાયને ભરાયુ સુર, હું શું કળીયુગી રાજા અસુર;એમકહીસુધન્વ ને કેહે છે, ઢામાં નાંખવો નીશ્ચે છે. ॥૫૪॥ કદી નહી હોય મરજી હારી, પણ નાંખવા મરજી માહારી; શું તું સુત ને માથું લાવ્યો, મેં તે કાલે પડો વગડાવ્યો. ॥૫૫॥ વલણ. ॥ કાલેપડો વગડાવીયો,શું ફુટયા કાન; જાણી જોઇ મોડો થયો. માટે થાવો હેરાન.

કડવું ૩૧ રાગ ધનાસરી.

જયમુની રૂશી એમ બોલ્યા, શુણ જનમેજે રાય; વિસ્તારી તુજ સંભળાવું, સુધનવાની કથાય. ॥૧॥ હંસદ્વજકહે ગયે કાલે, પડો મે વ ગડાવ્યો; ળી માહાગી દવૈ દેવરાવી, તોપણ મોડો આવ્યો. ॥૨॥ મ હારૂં બોલ્યુ માહરા મોઢામાં, ઘાલવા તેં આમ કીધું, જાણી જોઇને ડો આવ્યો, વચન ઘોળી પીધું. ॥૩॥ હવે જોતને મુકી દેઉં તો, અન્ય હું કેહેવાવુ; નહી મુકું તો તુજ માતાનો, સાચો શત્રૂ થાવું.॥૪॥તુજમ ભ્રાતનોથાઇશશત્રૂ, પણ મુજ બોલ્યુ રેહેશે;હુંમાહારૂં ધાર્યુંકરવાનો, હેવું હશે તે કેહેશે. ॥૫॥ બાપનું વચન પાળવા વિશે, શું છેતમારી રજી; મરજી હોય તો બીજી ત્રીજી, કાંઇ ન કરશો અરજી. ॥૬॥ કદી નહી હોય પાળવાનું, પણ અમેઅમારૂપાળંશુ,અવળાહાથનેચરણબાં તેલમાં નાંખી તળસું. ॥૭॥ પરાણે અમે પ્રાણ લેઇસું, સાચુ સમજ સાર; જેમ ખુશી હોય તેમ કહી દો, ઓ માહરા કુંવાર. ॥૮॥ તવ શ ન્વા બે કર જોડી, મુખથી બોલ્યો એમ, ભકતથઇને તાત તણું હું, ન લોપુ કેમ. ॥૯॥ તમથી આ દેહ બંધાયો છે, માટે આદેહ તમારી, કરતા છે પંચભુતોની, નથી લગારે અમારી. ॥૧૦॥ તમારી દેહ તમા કહેવાથી,તેલમાં તળી દેવિ; હુંતો આત્મા અમ્મર ચૈતન્ય, તેની ચીં

કેવી. ॥ ૧૧ ॥ નથી અવતરતો નથી મરતો, નથી ડરતો લગાર;આવાં તો બહુ ખોળીયાં પેહેર્યાં, ગણતાં ન આવે પાર. ॥ ૧૨ ॥ મરવું અવતરવું તમે માનો, હું તો માનતો નથી; દુખ સુખ મુને નથી મનમાં,હરખ કે શોક રતી. ॥૧૩॥ ફરી એક કલ્પના મુને,થયા કરેછે એ તાત; તેટલી પુરણ થૈ હોતતો, સહુ મન ગમતી વાત. ॥૧૪॥ એટલે હંસદ્વજ એમ બોલ્યો,સાબાશ માહારા તન; શી ઇચ્છા રહી જાય છે તાહારી, કહેજે સત્ય વચન. ॥ ૧૫ ॥ સુધન્વા કહે કેહેવું તેમાં, શો દન માહારો વળે,બોલીને પાછું ઘાલવું મોહોમાં,જગત બધુ સાંભળે. ॥૧૬॥ તે કરતાં મનની વારતાતે, મનમાં રાખવી ઘટે; મીથ્યા લવારી કરીયે તેમાં, માન્ય મરીયાદા મટે. ॥ ૧૭ ॥ તવ હંસદ્વજ એમ બોલ્યો, ઓરે મારા તન; ઇચ્છા માહારે પુરણ કરવી, શું છે તાહારૂં મન. ॥ ૧૮ ॥ તાતજી તમારા હાથમાં નથી, પરવશ પડેલા તમે, પાછી તમોને થાય ઉપાદી, ઘડી ઘડી મન ભમે. ॥ ૧૯ ॥ રાય કહે તને તેલમાં તળવો, તે તો નિશ્ચય માહારો; તે વીના ગમે તે માગો,કોણ છે ભમાવનારો. ॥૨૦॥ સુધન્વા કહે સુણો પીતાજી, સાચા વચને ચડવું;આભને અવન એક થશે પણ,મારે તો તેલમાં પડવું. ॥ ૨૧ ॥ તેમાં ફેરફાર કાંઈ ન કરવો, નહી લજવું માબાપ; નીશ્ચે હું વચન પાળુ નહી તો, બ્રહ્મહત્યાનું પાપ. ॥ ૨૨ ॥ પીતાજી તમે જાણો છો મેં, શેવ્યા છે પુન્ય શ્લોક; તેલમાં પડવા ખુશી ન હઉં તો, શુક્રીત માહારૂ ફોક. ॥ ૨૩ ॥ વેણ તમારૂ લોપવું નથી, લોપું તો કેટલીવાર; અત્યારે ઉછળી આઘો પડું,કોણ મને ઝાલનાર. ॥ ૨૪ ॥ ઝાલવાને જે જન આવે તે, પોચી મુકયો ઠેઠ; આવનારો તો અવતરયો નેહોતો, એની માને પેટ. ॥ ૨૫ ॥ પ્રધાન તમારા શું જાય બોલી, મારી નાંખુ એક પળમાં, પણ તમારે વચને બાંધેલો, આવો ઉભો છું દળમાં. ॥ ૨૬ ॥ અમે કપુત પુત્રો નથી, નહાતો કેટલી વાર; હોકારે માહારિ પક્ષ કરતા, ઉઠે બંધવ ચાર. ॥ ૨૭ ॥ વાત થતામાં ઉઠી ઉભા, સુરથ સુનળ વીર; સુંદર શાન ચારે ઉઠયા, રક્ત નેત્રે રણધીર. ॥ ૨૮ ॥ ચારભાઇ કહે મોટા બંધુ, આગના આપો અમને; જોઇએ જો અમારી દ્રષ્ટે, કોણ અડે છે તમને. ॥ ૨૯ ॥ એક તરફ સરવે શેન્ય આવે, એક તરફ અમે ચાર; ક્ષત્રાણીના જો હઇશું તો, કરીશું સંહાર. ॥ ૩૦ ॥ બોલી કોવળીકા ભગની, અગની ઉઠયો અંગ; ખડગ આપો મુજને તો, બતાવી દૌ રંગ. ॥ ૨૧ ॥ પેહેલા બે પ્રધાનને મારૂ, પછી મારૂં તમને; તે પછી સેન્યાને મારૂ, કોઈ શુ કરે અમને,

॥ ૩૫ ॥ તવ સુખવંતી માતા બોલી, સાબાશ માહારી કુખ, સાબાશ માહારા બેટા બેટી; પ્રમાણ વેઠયું મેં દુખ. ॥ ૩૬ ॥ એટલે સુધન્વા એમ બોલ્યો, શાન્તી રાખો સર્વ, આપણે એવું કરવું નથી, માટે ન ધરાવો ગર્વ ॥ ૩૪ ॥ બાપનું બોલ્યું પાળવું માહારે, ખામી નહી લગાર; એ વાતે કોઇ આડા પડોતો, તમને હત્યા ચાર. ॥ ૩૫ ॥ નર્કમાં નાખવો હોય મને તો, કરજો અવળું આડું; તેમ કરો પણ હું નહી જીવું, જીભ્યા ડશી જીવ કાહાડું. ॥ ૩૬ ॥ ચંદ્ર ચળે રવી પશ્ચીમ પ્રગટે, પાવક શી તળ થાય; કદી દધી મરીયાદા લોપે, પણ મમ વેણ ન જાય. ॥ ૩૭ ॥ માટે કોઇ કાંઇ ન કરશો, કરશો તો છુટી પડશે; જે જન વચન લોપશે માહારૂ, તેને પાપ કનડશે. ॥ ૩૮ ॥ એમ કહીને શાન્ત પમાડયા, પોતાના ચાર ભાઇ, કોવળીકાને સમજાવીને, બેસાડી ત્યાંની ત્યાંઇ ॥ ૩૯ ॥ પછી સુધન્વા પ્રેમે પડીયો, પોતાના પીતાને પાય, કહો પીતાજી કહો પીતાજી, હવે શી આગનાય. ॥ ૪૦ ॥ હંસદ્વજ કહે શુત સુણો, આગ્ના થઇ છે તે સાચી; તેલમાં તમને છે તળવાના, તે વ્રતી નહી કાચી ॥ ૪૧ ॥ ઉભો રહે દીકરા માહારા, તારી શી ઇચ્છાય; તે ઇચ્છા હું પુરણ કરૂ, તળુ તેલની માંય. ॥ ૪૨ ॥ સુધન્વા કહે તાતજી મ્હારા. ચરચા જોશે લોક, મુમત કરો પણ તમારૂં, બોલવું થાશે ફોક. ॥ ૪૩ ॥ કેમકે જે પર સ્વાધીન પ્રાણી, તેવું કહેવું કાચુ, અજ્ઞાની હોય તે જન માને; પરવશ પ્રાણીનું સાચુ. ॥ ૪૪ ॥ વ્યસનને વશ જે હોય તેને, વ્યસન વીના નવ શુજે, વ્યશન વીના મારે બગાસાં વ્યસન વીના ધ્રુજે. ॥ ૪૫ ॥ ચોમાસામાં ચરણ ખસે, તેવી વ્યસનીની વાણી, તેની તુલના આવી બેશે, પરવશનો જે પ્રાણી. ॥ ૪૬ ॥ માટે પરવશ જાણું છું તમને, તમારૂં બોલેલું વ્યર્થ, ગાદીપતી પરવશ રહે તે, જાણવો બહુ અનર્થ. ॥ ૪૭ ॥ પોતાની પાસે પેટ ભરનારા, તેની બુદ્ધીએ ચાલે, તેના કહેવા પ્રમાણે કરીને, કોકને ગરદન ઘાલે. ॥ ૪૮ ॥ કરતો હતો જાણવો તેને, ગાદીપતી એક ઓડુ, એવા ગાદીપતીએ પોતાનું, દાટવું જોઇએ મોહોડું. ॥ ૪૯ ॥ એટલે હંસદ્વજ એમ બોલ્યો, હું વશ કોઇને નથી; કોઇને વશ હોઉં ત્યારે, શાનો હું ગાદીપતી. ॥ ૫૦ ॥ સુધન્વા કહે ઇચ્છા માહારી, પુરણ કરવી ધારો, તો તે ઇચ્છા કહી બતાવું, વીશ્વાસ નથી તમારો, ॥ ૫૧ ॥ એટલે હંસદ્વજ એમ બોલ્યો. સત્ય વદુ છું આપ, ઇચ્છા પુરણ કરૂ નહીતો, બ્રહ્મહત્યાનું પાપ. ॥ ૫૨ ॥ તેલમાં તળાવા માહી માગે, તોપણ તે નહી આપું, તે વણ ઇચ્છા પુરણ કરશું. મોદ

માગી લે બાપુ. ॥ ૫૩ ॥ વળણ. ॥ મોઢે માગો બેટડા, કરશું પુર્ણ ઇચ્છાય; વ્યાસ વલ્લભ વાણી વદે, હેવે સમે શું થાય.

કડવું ૭૨ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સુધન્વાની કથાય- ॥ ૧ ॥ હંસદ્દજ વચને બંધાયો, સુણે સવે સભાય; જોઇએ જો હવે શું માગે છે, સત્યવંત સુધનવાય. ॥૨॥ એમ જાણી સહુ ચીત દેઇને, સાભળવા કર્યું મન; કોઇ ન બોલે કોઇ ન ચાલે, માંડયાં શ્રવણુવ લોચન. ॥૩॥ પછી પીતાજીને કર જોડી, સુધનવા મુખ કહે છે; પોતાના મનની ઇચ્છા તે, મોઢે માગી લે છે, ॥૪॥ ઓ તાતજી તેલમાં પડીને, મરણ મ્હારે સત્ય; પક્ષ કરીને ઉગારો તો, જાય તમારૂ પત્ય. ॥૫॥ હું જાણું અધર્મી તમને, વળી ઘણા ધિક્કારૂ, બોલ્યું વચન પળો છો તે, છે ખુશી મન મ્હારૂ. ॥૬॥ કાં પોતાનું કે પરાયુ, વચન નવ્ય રખાય; દીકરા કેરો દુશમન કેરો, સરખો કરવો ન્યાય ॥ તેમાં ઇશ્વર રાજી રેહે છે, સુખ મળે ચોપાસ; પક્ષ રાખી, ને ન્યાય કરે તો, થાય નર્ક નીવાસ. ॥ ૮ ॥ પક્ષ તમે કાંઇ નથી રાખી તે મુજને ગમી વાત; દ્વેશ બુદ્ધીથી મુજને તમે, તળતા નથી તાત. ॥૯॥ પ્રાણ પ્રીય છુ પુત્ર તમને, અમને તો એમ સુજે; પણ પોતાનું વચન પળવા, ન્યાય કર્યો રમુજે. ॥૧૦॥ તે વાતનું નથી દુખ મુજને. કહું છું ઇશ્વર સાખે; જાણું છું કે સદા તમે, જોતાતા મુજ આંખે. ॥ ૧૧ ॥ તે તમે કેમ હણવા ઇછો, કેમ હું માનુ દ્વેશ; હવે જે માગુ તે સુણો, લવરી ન કરશો લેશ. ॥ ૧૨ ॥ આપણી નગરી પાન્ડવ આવ્યા, પુર્ણ પ્રભુના દાસ; એવા ભક્તતો કોકજ થાશે, વશ જેને અવિનાશ. ॥૧૩॥ એ પાન્ડવ બહુ બળીયા નથી, જ્યાં ત્યાં પામે હાર; પણ તે વેળા કૃષ્ણ પ્રભુજી, આવી કરે છે વાહાર. ॥ ૧૪ ॥ આપો આપ પધારે પ્રભુ, તવ થાય છે દરશન; પાન્ડવ સાથે લઢનારાને, પુર્ણ નફો પાવન. ॥૧૫॥ માટે મુને કૃષ્ણ પ્રભુનાં, દરસણની છે મરજી; અરજુનને જઇ હરાવું તો, પધારે પોતે હરજી. ॥૧૬॥ એટલે એમનાં દરશણ પામુ, તો થાય મુએ મુકતી, પુત્રનું પુરણ ભલું કરવું, તે તાત તણી યુકતી. ॥ ૧૭ ॥ સગા વાહાલાનો ધર્મ શું છે, તે સમજું સાર; પાછળનાં એ સુકીત

કરી, કરવો કુળ ઓદ્ધાર. ॥ ૧૮ ॥ તીરથ કરવાં, યાત્રા કરવી, કરવાં પુન્યને દાન; શ્રાધ કરવાં તરપણ કરવાં. પ્રાપ્ત થવા ભગવાન. ॥ ૧૮ ॥ પાતકમાંથી છોડાવવો તે, કુટુંબાનું કામ; પરીવારનું ભલું કરે, ધન્ય તેણે ધર્યું નામ. ॥૨૦॥ તેટલા માટે તાતજી માહારા; કરાવો હરી દરસન; તમારે પેટ અવતરીને, એટલો થાવું પાવન ॥૨૧॥ છબી નીરખું નર હરીની, ત્રીતાપો ટળી જાય; માગીને એટલું માગું છું, પુર્ણ કરો ઇચ્છાય. ॥ ૨૨ ॥ હંસદ્વજ વીચારમાં પડીયો, હરિ દરસણ કેમ થાય; ક્યાં છે રણછોડ રખડતા તે, પુરણ કરૂ ઇચ્છાય. ॥ ૨૩ ॥ કેમ કરીને પ્રભુની ઝાંખી, પુત્રને કરાવી દેવું; ઇચ્છા પુરણ કરવાને હું, બંધાઈ ગયો કેવું. ॥૨૪ ॥ કૃષ્ણની કરાવુ નહી ઝાંખી. તો સુતનો સંતાપ; કબુલ કરેલું કરૂ નહી તો, બેસે સોગન પાપ ॥ ૨૫ ॥ એમ રાજા ઘણો ગુચવાયો, હવે શી થાશે ગતી, અરજુનજીના શેન્યની સાથે, અલબેલો આવ્યા નથી. ॥ ૨૬ ॥ તો દરસન કયાંથી કરાવું, અકળાયો અતી રાય; સુધન્વા કહે શું ધુંચવાયા, કહો મને મમ પીતાય. ॥૨૭॥ હંસદ્વજ કહે કૃષ્ણ કેરાં દરસણ કયાંથી કરાવું; દ્વારીકાંધીશ નથી હાંઈ આવ્યા, તે કયાંથી લૈ આવું ॥૨૮॥ સુધનવા કહે સામળીયાને, કોણજ શકે લાવી; ભક્ત આધીન ભુધરો તે, તર્ત ઉભો રહે આવી. ॥૨૯॥ બ્રહ્મા સરખા મથી મરે પણ, સેહેજ નથી દરસન; તપશ્વી તપ કરીને થાકે, મુશ્કલ જુગજીવન. ॥૩૦॥ ધરમીષ્ટ ધરમ કરીને હારે, તોહે મળે નહી નાથ; ભાવીક ભકતના પ્રેમ ભાવે, કબજ એમને હાથ, ॥૩૧॥ ભગવાન ભકતના ભાવનો ભુખ્યો, અરજુનને વશ એહ; અરજુનને જરા રૂખ પડેતો. આવી ઉભો રહે તેહ. ॥ ૩૨ ॥ માટે મુજને આગના આપો, રણ યુદ્ધ કરવા જાવું; માર મારી પાન્ડવ દળને, શેન્ય સહીત હરાવું ॥ ૩૩ ॥ એટલે ભકતની ભીડ જાણી, આવશે શ્રી ભગવાન; તેમનાં દરશન કરીને હું ચાલ્યો આવું સંતાન. ॥ ૩૪ ॥ તમારી ઉકળેલી કઢામાં આવીને પડતું નાખું; સુત હઇશ શતી તણો તો બાપનું બોલેલું રાખું. ॥૩૫॥ તમારે નથી કાંઈ કરવાનું. કરીશ હું બળ દાખી; અરજુનના હારવાથી આવે. કરીશ પ્રભુની જાંખી. ॥૩૬॥

વળણ. ॥ જાંખી કરીશ હું આપથી, નહી આવે તમને જોર; કષ્ટી દેશ અરજુનને, તવ આવશે કીશોર.

કડવું ૩૩ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા જયમુની રૂશી વાણી, રાજા સાંભળ ઉલટ આણી, કહી સુ
ધનવાએ વાત, તવ વીચાર કરતો તાત. ॥૧॥ એણે વીચારમાં ચીત્ત
પ્રોયું, પછી પ્રધાનસામુ જોયુ;પુછયું પ્રધાનોને એમ, આવાતનું કરવું કેમ
॥૨॥કહે પ્રધાન એમાં શું કરવું પોતાનું બોલ્યું નવ ફરવું;પેહેલું બો
લેલા હોઇએ જેહ;કરવું કામ પેહેલું તેહ ॥૩॥ પછીનું બોલ્યું પછી પ-
ળવું,પેહેલું કરો તેલમાં તળાવું;તવતવરાજાવીચારેચડીયો,એતોમોહો
ટો વાંધો પડીયો॥૪॥પહેલો તેલમાં પડીને મરે,પછી દરસણ કયાંથી કરે
ત્યારે બોલેલું માહારૂં જાય, મુને લાગે બ્રહ્મહત્યાય. ॥ ૫ ॥ પહેલું બો
લ્યું પાછળ થાય;તોહે કહે કર્યો અન્યાય;પેહેલું પાછળનું કરાય,તોપણ
થયો નહી ન્યાય.॥૬॥આતો આવી ખરેખરી ઘાંટી,બેઉ બાજુએ ઉપની
આંટી;હવે આ ઘુંચવણ કોણ કાહાડે, સુરલભસુજ કીયો પાડે. ॥૭॥
એમ રાજા અતી અકળાયો, એતો મનમાં મહા મુઝાયો; નથી સુજતો
એકે પંથ,હાથ કરડે દેઇને દંત. ॥૮॥સુદ્ધી બુદ્ધી પડી ગઈ બંધ, છતેલો
ચને જાણે અંધ;પડયો બેઉ બાજુનો વીચાર; એમ કરતાં થઇ બહુવાર
॥૯॥તવ પ્રધાન લેખનેશંખ,બ્રણે સુધનવા પરડંખ;કાનમાં પેશીનેકરી
વાતો, જુઓ રાજા હવે અકળાતો. ॥૧૦॥ એને સુજતું નથી કાંઈ, આ
પણે શું કરવું હાંઇ;હાવો નહી આવે ફરી લાગ,લાગ લેતાં થશે બે ભાગ
॥૧૧॥આપણે બે મુમત લેશું, એને કડામાં નાંખવા કહેશું, તવ રાજા
પડશે આડો,કદી કહેશે પ્રધાનોને કહાડો. ॥૧૨॥ ત્યારે આપણે કરવું કે
મ,પેહેલો ટાળવો ઘટે વેહેમ; એમ ધારી બેઉએ વીચાર્યું, રાજ્ય મુકી
નીકળવું ધારયું.॥૧૩॥ચાહ્યતો વેઠવો વનવાસ,ચાહ્યતો દેહકરવો નાશ,
પણ મુમત મુકાવો નહી,એમ નીસ્ચે કર્યો મનમહી, ॥૧૪॥એમ વીચાર
માં થઇ વાર,બોલવાને ઉઠયા થઇ ત્યાર;કહો રાય તમારે શું કરવું; બો
લેલું પાળવું કે ફરવું.॥૧૫॥કેમ ડગુ મગુ જીવ કીધો. તમે વીચાર શો
કરી લીધો;કયારના નથી બોલતા તમો, વાર જોઇ રહ્યા છીએ અમો
॥૧૬॥તેમ પાંડવ કુન્તી સુત,વાટ જુએ આકળા ભુત;તેતો કયાં લગી
જોશે વાટ; ચઢીને આવશે પુરપાટ. ॥૧૭॥ ઘાલશે એકાએક ઘેરો, તેનો
નહી થાય નિસ્ફળ ફેરો એમનો ઘોડો લેઇ લેશે,વળી શીક્ષા તમોનેદેશે
॥૧૮॥પેહેલો માર તે કદી ન હારે,કરસો શું ઉપાય તે વારે,રહે વીચાર
માંજે જન,તેને મારી જાયે દુશમન.॥૧૯॥ પછી પાછળથી વીમાસી,પણ

ઉપાય નહી તેપાસે;રાજા કબજ મુલકટેટે,પડયો બંધન તે થયો હેઠે ॥૨૦॥પછી શુ મારવાનું જોર,વળી ગયું અંધારૂં ઘોર;એવું વીચારના રાને થાય,સુજે નહી કાંઇ ઉપાય. ॥૨૧॥ માટે સમજી લ્યો રાજન, ચઢી આવશે કુંતી તન;તે વેળા નહી ઉપાય ચાલે,પેલા પાંડવો ગરદન ઘાલે ॥૨॥ માટે ઉતાવળા થાઓ સ્વામી,કાંતો નજર દીસે હરામી, દીકરાને ઉગારવા સારૂ,મન ભમ્યા કરે છે તમારૂં. ॥૨૩ અમને તો લાગે છે એવું, કહો મનમાંધાર્યું છે કેવું;તોહ્યે રાજા કાંઇ નવ બોલે, થયા પ્રધાન ક્રોધી અતોલે.॥૨૪॥કેમ બોલતા નથી રાય,શું પાછી પેઠી જીભ્યાય, શું મુગા થયા માહારાજ,શું મુન્ય વ્રત લીધું આજ॥૨૫॥શું પુત્ર જીવાડવા માટ, લઇ બેઠા આવો ઘાટ;શું રાણી તણી બીક લાગી, તેથી બોલતા નથી સભાગી. ॥ ૨૬ ॥ આવી રઇયત સરવે કોઇ, ભય પામ્યા શું તેહને જોઇ; બીજા ચાર પુત્રોને ક્રોધે, ડરી ગયા ઘર વીરોધે;શું કુંવરીથી કરમાયા, સુતની સ્રીથી શું સરમાયા, જેવું હોય તેવું કહો અમને, નહીતો કાંક કહેશું તમને. ॥ ૨૮ ॥ એવાં કટુ વચન સુણી રાય, પાય પડી કહે સભામાંય; માહારાજા ક્રોધે શીદ થાવો, મને મારગ કાંક બતાવો. ॥૨૯॥ કઢામાં સુત નાંખવો સાચો, તેતો મનસુબો નથી કાચો; તેતો પાળીશ માહારૂ વચન, પણ કરવા દેવાં દરસન. ॥ ૩૦ ॥ એની પ્રભુ સાથે છે પ્રીતી. મુજ કને માગ્યું શુભ રીતી; તેતો કબુલે કર્યું છે આપ, હવે ફરતો લાગે પાપ; ॥ ૩૧ ॥ માટે તે પણ બોલ્યું ન ફરીયે, વળી તજવાનો પણ આદરીયે; મારાં બેઉ વચન સચવાશે નહીતો બે માંથી એક જાશે. ॥૩૨॥ જુઓ હઠ કરશો માહારાજા, તો તો નહી રહે તમારિ માઝા; મત તાણી કોપાવોતો કોપુ, એકે વેણ માહારૂં નહી લોપુ. ॥ ૩૩ ॥ જવા’દો જુદ્ધ કરવા એને, તેમાં કષ્ટી પડવાની કેને, એતો મરશે કે મારશે આપે, નરને જીતે ભક્તિ પ્રતાપે. ॥ ૩૪ ॥ નવ નરની વાહારે આવે નાથ,થાસે દરસણ તેની સાથ; એની કલ્પના પુરી થાશે પછી બીજું શું બોલાશે. ॥ ૩૫ ॥ માહારૂં બોલવું વચન પળશે, પછી તેલ કઢામાં બળશે;તવ સઉનાં વેણ સચવાશે, માટે કબુલ કરો ખુલાસે. ॥ ૩૬ ॥ એવાં વચન રાયનાં સુણી,ખુનસે ભરાયા ખુની; ક્રોધેથી બેઉ બોલ્યા પરધાન, રાજા વચને વીલો નાદાન. ॥ ૩૭ ॥ હાલ બોલી ને હાલ ફરવું, એવું જીવ્યાથી ભલુ મરવું;જેહ વચનનો વીહીલો પ્રાંણી, તેનું જીવતર છે ધુળધાણી. ॥ ૩૮ ॥ એવા જુઠા જીવ શીદ જીવે, ક્રાંક દાહાડો વળે વીખ પીવે; જુઠા જનમતા શીદ હશે, આતો ભોમી

રહાતાળ જશે.॥૩૮॥ જુઠા જનમે જનુનીને પેટ. મીથ્યા માતાને કરાવે વેઠ; ફરે વિશ્વમાં કાળે મુખ. વગોવે જનુનીની કુખ.॥૪૦॥ વળી લજવે બાપનું નામ, એવા જનમે છે શું કામ; રાજા કહે તમે કોને કોહો છો, બોલો સાચું કોને ગાળ દો છો. ॥૪૧॥ બોલ્યા પ્રધાન આણીને કાળ, દેઈશું જુઠા જનને ગાળ; તમને દુખ લાગે શા સારૂં, તમે જુઠા કે સાચા છો વારૂ. ॥૪૨॥ હશો સાચા તો પુત્રને તળશો, પેહેલું બોલેલા પેહેલું પળશો; જુઠા હશે તો ગાળ તમને, વારૂં શું કરવાના છો અમને ॥૪૩॥ ખરા છીએ તે કહી શું ખરૂં; ચાલતો દુનીયાં પરહરૂ, રોપો ફાંશી તો અમે મરીયે, ખરી વાતે જરા નવ ડરીએ. ॥૪૧॥ તમે તમારા મુખ વદો વાચા,તમે છો જુઠા કે સાચા;સાચા હોતો સાચુ વેણુ રાખો, તમ સુતને કઢામાં નાંખો. ॥૪૫॥ નહી તો જુઠા જનમ્યા તમે, હંસદ્વજ જુઠો કહીશું અમે;ત્યારે ક્રોધ ભર્યો કહે રાય; તોયે એક વચન માહારૂં જાય. ॥૪૬॥ સુધન્વાને કહ્યું જેહ, નથી પળાતું વચન તેહ; તોયે જુઠો ગણવાનો હું તો, મારા પ્રધાન સમજ તું તો. ॥૪૭॥ એને દરસણ કરવા દૈયે, પછી તેલમાં પડવાનું કૈહીયે; તવ તેલમાં પડીને મરશે. બેઉ વચન સાચા ઠરશે. ॥૪૯॥ માટે કબુલ કરો આ વાત. તમને જોડું બેઉ હાથ; તવ પ્રધાન બોલ્યા એમ; અમને તું પુછે છે કેમ ॥ ૫૦ ॥ અમે અમારો કહ્યો વિચાર, તે તો ફરવાનો નથી લગાર; આભ અવની એકાકાર થાય, પણ બોલ્યું અફળ કેમ જાય, ॥ ૫૧ ॥ વલણ. ॥ બોલ્યું અફળ જાશે નહી. સત્ય વદીએ છીએ વાણ, નહી તો એમાંથી જશે, અમારા બેઉના પ્રાણ. ॥

કડવું ૩૪ રાગ રૂપાવળીની છાયા.

વાણી વધા જયમુની રૂશી,સુણ પરીક્ષત તન; સુધનવાનું આખ્યાન સુણતાં, પાપી થાય પાવન. ॥૧॥ પુર્ણ હઠીલા પ્રધાન બેઉ, ન મુકે મુમત ગર્વ,તે જોઇ નગ્રની પ્રજા, કોપે ભરાણી સર્વ. ॥ ૨ ॥ સુધનવાની સુંદરવંતી, પ્રભાવતી બીજુ નામ; સઘળી લાજ મરજાદા મુકી,ઉભી થઈ તે ઠામ, ॥૩॥ સાંભળો શંખ લેખ તમોછો બ્રાહ્મણના બાળ;પણહું સતી સત્ય કહુ તમને;છો કોઇ કર્મે ચંડાળ. ॥૪॥ ગાય જીવાડી રતન કાહાડે, એનું નામ પ્રધાન; રાય તણું વચન લોપવું ને. વળી હણુવો સંતાન. ॥૫॥ જે જનનું અન્ન ખાવું તેનું. ભલુ ન વાંચો લગાર; એવા તમે દુષ્ટ બુદ્ધી, નહી વાડવ કુંવાર. ॥૬॥ જે તેલમાં નહી પડે પ-

તીજી,તુજ થકી શું થાશે;તવ રહીઅત કહે મારો મારો, પ્રધાનનું મોહોત ભાસે ॥૭॥ તવ હંસદ્ધજ ઉભો થયો, રહીતને પડયો પાય; તમારે કોઇને કાંઇ ન કેહેવું, રાખો સર્વ ક્ષમાય ॥૮॥ એમ કહાને પ્રધાન પ્રત્યે, નમી પડયો રાજન; સુધનવાને પેહેલો મારૂં તો, બીજું જાય વચન. ॥૯॥ દરસણ કરવાને રાખું તો, તમો કરો વિઘન; બેઉ બાજુથી ગભરાયો,ભ્રમીત થયું મન,॥૧૦॥ તમો મરવું આદરી બેઠા, તે કેમ હા કહેવાય; આપઘાત કરી તમો મરો તો, લાગે મુને હત્યાય,॥૧૧॥ તે માટે કાંઇ દયા કરીને ગમે તે કાઢો બાહારિ; જેથી કરીને ઇજ્જત રહે, માહારીને તમારી, ॥૧૨॥ એટલે પ્રધાન એવું બોલ્યા, ઠીક કરીશું રાય; પણ અમો કરીએ તે કબુલ વચન દો કરમાંય. ॥૧૩॥ એટલે મનમાં નીશ્ચે ધાર્યું, પ્રધાનો કહે તેમ કરવું; ગમે તે તરફનું પાતક બેસે, પણ નવ ફરવું. ॥ ૧૪ ॥ એવું ધારીને એ બોલ્યો, હસંદ્ધજ રાજન; તમોને ઘટે તેવું કરજો, લ્યો માહારૂં વચન. ॥ ૧૫ ॥ હું તો હવે કાંઇ નહી બોલું, મનને ગમે તે કરો, પ્રધાન કહે પુત્ર તમારો, ન માને કે માને ખરો. ॥ ૧૬ ॥ તમે ન બોલોને પુત્ર તમારો, કહ્યું ન કરે કદાપી, ત્યારે શું કામ કહીએ અમે, ગણીએ પુરાણ પાપી. ॥૧૭॥ માટે પુત્ર વચને બાંધો, તે પછી અમને ફાવે; શું કાંઇ તરછટ ખોટું કરશ, નહી કાંઇ વિચાર આવે. ॥૧૮॥ બોલીને એવો આપ્યો ભરૂસો,રાયે વિચાર્યું એમ; મોઢેથી ગમે તેમ બોલે, પણ પુત્રને મારે કેમ॥૧૯॥એમ ધારી સુધન્વા પ્રત્યે,તાતજી વદીઓ વાણી; દીકરા જે પ્રધાન કહે તે, કબુલ કરો મન આણી. ॥૨૦॥ થવાકાળ હશે તે થાસે. વચન દો કુંવાર; જે આપણું અન્ન ખાય છે તેને, નહી કેમ હોય વિચાર.॥ ૨૧ ॥ વિશ્વાસ રાખી કબુલ કરો, એ કેમ દે છેહ; તાતનું કહ્યું માન્ય કરો, બુદ્ધીવંત છે એહ. ॥૨૩॥ ખાય તેનું ખોટું નવ વાંચે, નીશ્ચે જાણજો પુત્ર; માહારૂં અન્ન ખાઇને શું માહારૂં, ધુળ કરશે ઘર સુત્ર. ॥ ૨૩ ॥ હું કહું કઢામાં પડો પેહેલા, તો તારૂં માગેલું જેહ; કબુલ મેં જીભ્યાયે કરેલું, મીથ્યા જાય છે તેહ. ॥૨૪॥ દરસણ કરવાનું કહ્યુ પેહેલું, તો મરે પ્રધાન આપ; છે બેઉ બ્રાહ્મણની જાતી, તેનું લાગે પાપ. ॥૨૫॥ માહારે તો નથી મારગ એકે, વીચારીને જુઓ; આ બાજુ છે વાઘ્ય મોહોટી. આ બાજુ છે કુઓ. ॥૨૬॥ માટે પ્રધાનોને હાથે કરવા દે તું ન્યાય; ભરી સભામાં કરજોડીને; બોલ્યો સુધનવાય. ॥ ૨૭ ॥ તાત તમારી મરજીએ મરજી, વચને બાંધેલો આપ; સુખ દુખ હું કાંઇ માનતો નથી; ગુરૂના

જ્ઞાન પ્રતાપ. ॥૨૮॥એવું પોતે કબુલ કીધું, તે જાણી સરવે વાત; એટલે ભરી સભામાં ઉઠયા, સુધનવા ભ્રાત. ॥ ૨૯ ॥ગરજના કરીને તે બોલ્યા, પુરણ કરીને રીસ; નહી સોંપવા દઇએ બંધુને,શત્રુને ખોળે શીશ.॥૩૦॥ અમારા ઘરનો પેટ ભરોશું;કરે અમારો ન્યાય; જો કદી એવું બનેતો, ઉતપાત મોહોટો થાય. ॥ ૩૧ ॥ મરશું મારશું ધારશું માઠું, સૌ જણવીસું જોર, એટલે રહીઅત ગામ તણી તે, કરતી સોરબકોર ॥ ૩૨ ॥ મારો મારો પ્રધાનોને મારો, કહી ઉછાળી રેણુ, સું સમજી એને ન્યાય સોંપે, હેંણે તે કરશે હેંણુ. ॥ ૩૩ ॥ ભલો તે ભલાઇ ન મુકે. ભુંડો ન મુકે ભુડાઇ, બ્રાહ્મણને પેટ અવતર્યો તે, તેમાં શી થઈ નવાઈ. ॥ ૩૪ ॥ વિપ્ર તણાં તો લક્ષણ નથી. અવર વીર્યના એહ. તે વણ પીપ્રીત કોઇ ન ધારે, સમજવાનું તેહ. ॥ ૩૫ ॥ એટલે સુધન્વા ઘણો ગાજ્યો, બોલ્યો પળમાં વાણ, વચન મહારૂં સુણે ન તેને,પોતાના ધર્મની આણ. ॥૩૬॥ તવ સરવે લોક છાના રહ્યા. બોલ્યો સુધનવા મુખ, એ ન્યાય કરે તે કબુલ માહારે, તો અન્યને શું દુખ. ॥૩૭॥હું માહારે વચને બંધાયો, તે કોણ છે છોડનાર, મુજ માટે ઉતપાત કરો તો,તમને હત્યા ચાર.॥૩૮॥ તવ સહુ લોકે હાથ ઘસીયા, હવે નહી ઉપાય; મોઢેથી મોહોત માગી લેછે પોતે સુધનવાય. ॥૩૯॥ આયુશ એનો આવી રહ્યોછે, માટે આ મતી સુજી,શત્રુની પાસે શીખ માગે, અન્ય કરે શું ઝુઝી. ॥૪૦॥ એમ ધારી સહુ મુન્ય બનીયા, બોલ્યો સુધનવા ભકત, કહો પ્રધાનો હુકમ શું છે, લોચન રહ્યાં છે રકત ॥૪૧॥ પ્રધાન બે ઉભા થયા, હુકમ કરવા માટ; લોકોયે જાણ્યું બહુ થઇ કેહેણી, માટે ફેરવશે ઘાટ. ॥ ૪૨ ॥ તેલમાં તળવાનું નહી બોલે શું કાંઇ નહી હોય લાજ, એવે બેઉ પ્રધાનો બોલ્યા, કાઢીને મોહોટો અવાજ. ॥૪૩॥ સુધનવા જો હુકમ અમારો,તે હુકમ માન્ય કરો તેલ કઢા કકળાવી છે તેમાં, પડીને તમે મરો. ॥૪૪॥ એવી પાપીએ આગના દીધી, વરત્યો હાહાકાર, અરેરે આ વેણ નિકળીયું, તેતો નથી ફરનાર ॥૪૫॥ મુમત ભરેલા પ્રધાનો છે, સુધનવા બળવાનો. એણે કબુલ કર્યું છે માટે, બોલેલું પળવાનો. ॥ ૪૬ ॥ વળણ. ॥ બોલ્યું પળશે ભક્ત એ, હંસધ્વજનો તન. કહે વલ્લભ એમ લોકના નીકળીયાં વચન.

કડવું ૫ રાગ કાફી.

હાંરે બોલ્યા જયમુની મુખ વાણી, પછી રહીયત સૌ ગભરાણી; હાંરે સહુ આંસુડાં પાડીને રડતું,મુરછાવંત થઈ થઈ પડતું. ॥ ૧॥ હાંરે નાંખે બાળક કારમી ચીસ; કૈંક કકળીને કુટે શીશ; હાંરે કૈંક લમણે કર દઈ ડોલે, નીસાસા નાંખી હાય હાય બોલે. ॥ ૨ ॥ હાંરે દૈવ કોપ થયો આ તારો. મરવા બેઠો સૌને તારનારો; હાંરે કૈંક ઉઠી ઉઠી કરે જાંખી, પાછા બેસે નીસાસા નાખી. ॥ ૩૩ ॥ હાંરે બળ્યું જીવતર જીવી શું કરવું,મરે ભકત તો આપણે મરવું;હાંરે નજરે દેખી દાજવું દલમાં; તે કરતાં રૂડું મરવું આ પણમાં. ॥ ૪ ॥ હાંરે કૈંક કહે ન કરવો તંત, પરણ્યા પહેલું તે શાનું શ્રીમંત, હાંરે પાણી પેહેલાં શું મોજડાં ઉતારો મુરખાઈથી મરવું ધારો.॥૫॥હાંરે એમ એક એકને સૌવારે,જરા જપ્યું જગત લોક ત્યારે. હાંરે પછી પ્રેમદા જે પ્રભાવતી.તમને મરવા નહીદે ઉ પતી. ॥૬॥ હાંરે પડું કઢામાં તમ વતી, પીઉ સંગ બળે તે સતી હાંરે જીવવા આશા ન રાખું રતી, તેથી થાશે માહારી મોક્ષ ગતી.॥૭॥ હાંરે એવું કહી કહી વારણાં લેતી.સ્વામીને અતી આશીશ દેતી;હાંરે માહારા કંથ સુખાળા સ્વામી;પેલા ભવના પાપે પડી ખામી.॥૮॥ હાંરે માહારી લીલી વાડીના રમનારા. યોબન બાગ વીશે ભમનારા, હાંરે માહારો સાચવ્યો ાગ કરમાશે, માળી વિના પાણી કોણ પાસે. ॥ ૯ ॥ હાંરે માહારી પુસ્પ શેજે પોઢનારા, પીઉ આછાં અમર ઓઢનારા; હાંરે પોઢતાં સુવાળી સેજમાં પ્રીતે, સુશો તેલ કઢામાં શી રીતે. ॥ ૧૦ ॥ હાંરે તમે તાપે અકળાતા ભારી, પડુ તેલમાં પવન ઢોળનારી; હાંરે એ વું કહી કહી આક્રંધ કરતી,બેઉ આંખે આંસુડાં ભરતી. ॥૧૧॥ હાંરે પૃથ્વી પડીને પછાડયો ખાતી. કાળ ભરી કુટે શીશ છાતી; હાંરે એમ પ્રભાવતી વલવલતી;એની આંખડી અતીશે ગળતી. ॥૧૨॥ તવ કોવ ળીકા કારમી ચીસે. માંડયું આક્રંધ એણે અતિશે;હાંરે એની સુખવં તી જે માડી, નાંખે પાશાણ શીશ પછાડી. ॥૧૩॥ હાંરે તેથી છુટે શ્રો ણીત ધારા,હાંરે દેખી રડે છે લોક બીચારા; હાંરે એમ અતી વલોપાત ચાલ્યો; માયે પુત્ર તણો કર ઝાલ્યો. ॥૧૪॥ હાંરે તમે શી રીતે મલશો વાહાલા, કાલું બોલોને કુંવર કાલા; હાંરે માહરે ખોળે બેસીને રમતો; મોઢે માગી માગીને જમતો. ॥ ૧૫ ॥ હાંરે માહારા પુત્ર પુરણ ભાગ્ય-શાળી, આજ માતાને ઉભીજ બાળી; હાંરે મરતાં ચક્ષુથી કેમ જોવું,

તારા પહેલો મારેપ્રાણ ખોવું. ॥ ૧૬ ॥ વળણ. પ્રાણજ ખોવું માહારે, એવું ધાર્યું માય, વદે વલ્લભ સમજાવતો. જનુની સુધનવાય. ૪

કડવું ૩૬

સાને ચોરાશીનો ફેરો ટળ્યો છે એ રાગ.

માતાજી શું કરશો મરીને. છાનામાંના સમરો હરીને; માતાજી શું ટેટ. ॥ આપને મરવું તે પાપ કરવું, નહી આવે આ દેહ ફરીને ॥ માતાજી શું ॥૧॥ તાતને વચને તેલમાં તળાવું, શું લાહાવો લેવો છે ઉગરીને ॥ માતાજી શું ॥ ૨ ॥ હજી તો થાશે ધાર્યું ધણિનું, કેમ જાણ્યો મરવો નીશ્ચે કરીને ॥ માતાજી શું, ॥૩॥ માહારે તારે સંસ્કાર હશે તો, જીવા શકાય કઢામાં ધરીને ॥ માતાજી શું ॥૪॥ રણ સબંધ પુરો થયો હશે તો ઉગારશો તમે કેમ કરીને, માતાજી ॥૫॥ જો શેવક હૈશ હરીનો, તો આવીશ તેલમાંથી નીસરીને. માતાજી શું,॥૬॥નાથ વલ્લભનોછેવશ માહારે, તો પછી શું કરવું ડરીને,માતાજી,॥૭॥વળણ.॥ એમ સમજાવી માતને, સાહ્ય કરશે ભગવાન; જે હેતુથી માહરાં, તે ધરજો હરી ધ્યાંન ॥

કડવું ૩૭ રાગ આશાવરીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું,સુધન્વાની કથાય.॥૧॥સર્વ સજનને સુચના આપી કોઇ ન કરશો કલેશ; વચને પળવું તેલમાં બળવું,વેહેવારમાં નહી દ્વેશ ॥૨॥ પ્રધાનોને અમલ સોંપી, બેઠો માહારો બાપ; તે વારતા કબુલ્લ કરીછે મે પણ માહારે આપ ॥૩॥ મને ગમ્યું મેં કબુલ કીધું, કોઇને શા સંતાપ હવે ગરબડ કરે તેને, ગૌહત્યાનું પાપ ॥૪॥ એટલે સર્વ સ્તબ્ધ થઇને, અળગા રહ્યા છેક;સુધન્વાને ઇશ્વર સાથે,સાચેસાચો ટેક. ॥૫॥ ગોવિંદને ગમતું હશે તો, ગોવીંદ કરશે એવું;જો નહી ગમતું હોય હરીને તોપછી વિઘન કેવું.॥૬॥ ધારણા ધણીની ધારી થાશે,અવરનું સું જોર, આવેળા સું મારી વાહારે, નહી ચઢે કીશોર. ॥૭॥ સત્યે ચડવું તેલમાં પડવું,રડવું નહી લગાર; આંખમાંથી આંસુ નીકળે તો જગત ગણે ગુમાર. ॥૮॥

તે કરતાં દહન થાશું તો,શું ગયુંને શું આવ્યું; કૃષ્ણ દરસણની ઈચ્છા રેહેછે,એટલે મને ન ફાવ્યું. ॥૯॥ હરી ફરીને સગાં વ્હાલાનું,દુખડું ઉપજે મનમાં,પણ તે મનથી નાખવું કાહાડી, રેહેવું આનંદ ભોવનમાં ॥૧૦॥કોનાં સગાંને કોના વાહાલાં, કોના ભાઈને ભગની, કોનાં માતપીતાને નારી,વારતા વેહેવાર વગની. ॥૧૧॥ શાને માટે માનું માહારૂં, સાચી નથી સગાઈ; માયાનો વેહેવાર વીપ્રીત, ખોટી ઠાઠ ઠગાઈ. ॥૧૨॥ એવું ધારી કલ્પના કહાડી,મરવા થયો તૈયાર;સભા વિશે ઉભા રહીને ઉતાર્યા સણગાર,॥૧૩॥ મુગટ જામા કવચ બકતર,પટકોને સુરવાલ, કમરપટો ઉતારી મુકયો, ચરણ મોજડી લાલ.॥૧૪॥કટી લગી કછભીડી લીધો, સમરતો શ્રીહરી;પછી પીતાને પાયે પડીયો, આજ્ઞા આપો ફરી. ॥૧૫॥એટલે હંસદ્વજ એમ બોલ્યો,ફરિ શું માગે વિચારી, પ્રધાનો એ આગના દીધી,તે માનીલેજે માહારી.॥૧૬॥ તવ સહુ લોકે હાથઘરીયા, રાય નથી જરા હાલ્યો;પ્રધાન આગળ કાંઈ ન ચાલ્યું,શા કારણ બેચાયો ॥૧૭॥એવે તાતનું વચન સુણી, આનંદ રૂપમાં માહાલ્યો. હસ્તોરમતો રાજી ખુશીથી.તેલમાં પડવા ચાલ્યો.॥૧૮॥ તવ પ્રધાને ઉઘાડાં ખડગે ત્યાર કર્યા બહુ યોદ્ધ;અયુત શેવક સુધન્વાની,સાથે રહે ધરી ક્રોધ.॥૧૯॥ આડો અવળો ન જાય નાશી,કુડુલાં કરશે કેહેર, આડું અવળું પગલું ભરેતો,મારી નાંખજો ઠેર. ॥૨૦॥ સુધન્વાની પુંઠળ કોઈ, આવે નહીનર નારી;જો આવે તો રાખજો રોકી બંધન કરજો ભારી. ॥૨૧॥ હુમલો કોઈ કરી નવ શકે. તેવા ચેતન રહેવું;આખો હુકમ આપુંછું તમને, તો પછી ડરવું કેવું. ॥૨૨॥ પુરણ સત્તા સૌ વાપરજો કરજો અમારૂં ધાર્યું, રાજાનુ કે પ્રધાનોનું,હવે નકરસો વાર્યું.॥૨૩॥ એટલે બકતરીયા બહુ બળીયા,ઉપડયા ચડી ચોટ;સુધનવાને વચ્ચમાં ઘેરી, વળીયો મોટોકોટ ॥૨૪॥ ઉઘાડાં ખડગે ઉંચા ચોહોળા,યોદ્ધાએ ઘાલ્યો ઘેરો. પારજ પાડવો ગમે તે કરી,મનસુબો પ્રધાન કેરો.॥૨૫॥એવે સમે સુધનવા સતીયો,મતીયો અપરંમપાર;રાય બેઠો છે તેના સામી,તેલ કઢા તૈયાર ॥૨૬॥ તે રાજાથી દેખાય નજરે,તેમ ઉભું છે લોક; દુષ્ટોને મન આનંદ અતિ હીરટનોને સોક.॥૨૭॥અસુર બુદ્ધીના એમ ધારે, તેલના ઉભરા ચડસે; તેમાં બળતાં કુદકારા કરશે,જોવાનીમજા પડશે.॥૨૮॥હિમત રાખીનેહ વણાંતો પડશે,પણપછી પોકાર કરશે;એકાએકએસેકાઈ જાશે,તડફડતો એ મરશે॥૨૯ એ ગમ્મત આવશે જોવાની, પાપે વહી પેટ ભરતા; કોમળ જીવનાને દયાળું, કેવું ઓચરતા. ॥૩૦॥ અરેરે એ જીવને કેવું

થાશે, જાગ્યો છે શત્રૂ બાપ; કોમળ કાયાનો સુધનવા,કયાં દિઠેલો તાપ. ૩૧॥ ત્રણે રત્યોની રાખે બેડકો,જુદા જુદા વગની;ઉષ્ણ રતુએ તડકો ન ખમે,તે કેમ ખમશે અગ્ની. ॥૩૨॥ તન તવ તપે મન નવ તપે સદા રહે સુખ રીતે;ઉકળતું તેલ તે કેમ ખમશે,પ્રાણ જશે વીપરીતે. ॥૩૩॥ પડતું નાંખતાં તેલ કકડશે,ચરચર ચામડી બળશે;ફોલ્લા ઉઠશે ઉઠીનેફુટસે, ભજીયાંની તુલ્ય તળશે.॥૩૪॥ આપણાથી દેખી કેમ ખમાશે, દેખીને દાજતું દલમાં;કેંક કહે જીભડી કરડીને,હું પ્રાણ કાઢીશ પલમાં ॥૩૫॥ કૈકના મનમાં એવું આવ્યું,ચાલો પેલે વ્રક્ષ જૈયે, ભકતને મરતો નજરે દેખી,વસ્ત્રના ફાંસા ખૈયે. ॥૩૬॥ કૈંક કહે નજરે જોવાને,કઢાની કને અડવું;સુધનવાની સાંથ સરણે,ઉછળી તેમાં પડવું. ॥૨૭॥ કૈંક જનોએ બાધા રાખી, જો ઉગરે હરીજન; તો ઘેર તેડીને જમાડું, સંત બ્રાહ્મણના તન.॥૩૮॥ કૈંક કહે દસ ગૌદાન આપું,એમ કરે શૌ કોઇ; પ્રથમ મનને દઢતા રાખી.લોક રહ્યું છે જોઇ.॥૩૯॥ એવે સમે હંસધ્વજ બોલ્યો ચરીત્ર સું કરે બાળ;તલપીને પડે તેલ કઢામાં,તવ સમેમાહારો કાળ, ॥ ૪૦ ॥ વાળણ ॥કાળ સમે માહરો, ક્રોધે વદ્યો એમ તાત; વ્યાસ વલ્લભ તહે તે સમે, ગઇ પાન્ડવમાં વાત. ॥

કડવું ૨૫ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય વિસ્તારી તુજને સંભળાવું, સુધન્વાની કથાય. ॥૧॥ એ વારતા ગઇ પાન્ડવ દળમાં, અરજુને કર્યો વિચાર; અરેરે વણ મોહોતે મરે છે, રાય તણો કુંવાર. ॥૨॥ ચાલો ચાલો ચાર પાંચ મારથી જૈયે; જોવા મળ્યું હશે જગત; કહેવાયછે પવિત્ર સુધનવા, પ્રભુ તણો છે ભકત.॥૩॥એટલે વર્શકેતુ એમ બોલ્યો, સુધન્વા, છે જ્ઞાની;સાક્ષાત પ્રભુને મળી ચુકેલો, હરનીશ હરનો ધ્યાની. ॥૪॥ અરજુનજી કહે હોય એવો તો, તેલમાં નવ્ય તળાય; કોહો ના કહો પણ સામળીયોજી કરશે એની સાહાય.॥૫॥ ચાલો ત્યાં જઇએ જોવાને, જણાશે, જુઠું કે સાચું; તેલમાં જો કાયા બળશે તો, ભકતપણું એનું કાચું. ॥૬॥ વર્શકેતુ કહે ભકતપણામાં કાચાને સાચા કહેવા; અરજુન કહે લે સમજાવું,સાચાને જોયા જેવા ॥૭॥ સાચો શેવક હોય તેનો, ન હોય ઝાઝો ઠાઠ; જગતમાં ભકતપણું ન બતાવે, સાદે સાદો હોય ઘાટ. ॥ ૮ ॥ જાજાં ટીલાં ઝાઝાં ટપકાં,

ઝાઝી કોટમાં માળા ઝાઝો ડોળ ડમાક કરે તે, જગત ધુત્યાના ચાળા. ॥૯॥ ભગવાનનો એ ભકત ન કહેવો, જગતનો બકતજ સાચો; છેવટ હરીને ચરણે જાતાં,જરૂર પડે કાચો. ॥૧૦॥ ખોટા ભકતની ધારણા કેવી તે સમજાવું તુને; શ્રીકૃષ્ણે કુરૂક્ષેત્રમાં, સમજાવ્યો તો મુને. ॥૧૧॥ પાખંડી મનમાં એમ જાણે, ઓળખશે બધુ જગત; કોઇનું પાડેલું નામ ફેરવસું કેહેવાઇશું હરી ભકત. ॥૧૨॥ પધારો કહીને બોલાવશે સૌ, વળી કરે નમસ્કાર; પુજાઇસું આખા દુનીયામાં, ચઢશે પુષ્પના હાર ॥૧૩॥ વીધવીધનાં વળી ભોજન મળશે વળી ટળશે ક્ષુધા પીપાશા;શેવાના કરનારા મળશે રાખા હરી પદ આશા. ॥ ૪ ॥ કૈંક પ્રાણી મને ઢોળશે વાયુ, કૈં જન ચાંપશે ચરણ; પાણી માગતાં દુધ દેશે,કૈં જન રેહેસે સરણ. ॥૧૫॥ ભગવાન મળવાના હસે તો મળશે, પણ સેવા ચાકરી થાસે; મોઢે બરબડી માળાયો લેવી, તેમાં સું આપણુ જાસે. ॥ ૧૬ ॥ તાળીયો પાડી પડાવવી સૌને, ગમ્મત બે ઘડીવાર; નાચીને નચાવીસું તમાસો થાશે અપાર. ॥ ૧૭ ॥ અબળાઓ આવશે શેવામાં, આપણુ વેણુ ન ચુકે; ગમે તે કરસું પણ ભકત જાણી, જગત નાહ આળ મુકે. ॥૧૮॥ કેહેશે કે એ સંત પ્રાણી, કુબુદ્ધી નહિ હોય; દેખશે નજરે ને વાત કરશે, પણ નહી માને કોય. ॥ ૧૯ ॥ રાજ દરબારે માન્ય પામીસું, જેને તે રાખસે શ્રદ્ધા; બોલીસું જુઠું મનાસે સાચું, વશ રહે યોબન વૃદ્ધા. ॥૨૦॥ કોઇ વાતે નથી કષ્ટી હામાં, માટે આ ધંધો કરવો; જેમ જેમ દુનિયા વિષેશ માને, તેમ તેમ વેશજ ધરવો. ॥ ૨૧ ॥ રીધ સીધ્રને વઇભોગ મળશે,ટળસે વેહેવાર વ્યાધી;દેવું લેહેણુંને નાત જાત કરવી;તે સૌ જાસે ઉપાધી ॥૨૨॥ નાહી ધોઇને સ્વચ્છ રેહેવાસે, કહેવાસે જગમાં સારૂં; આગળનું કયાં જાણીએ છીએ; અજવાળું કે અંધારૂ. ॥૨૩ ॥ પ્રભુ મળવાનો કયાં છે મારગમાં,પણ તેને નામે પોસાસું સગાંને છોકરાં ન ખત્તરાવે, તેવા પદારથ ખાસું. ॥ ૨૪ પ્રભુની પ્રતમાં સ્થાપન કરસું, પેટ ભરસું તેને બાને, ઠાકોરજીનો રાજભોગ કહીને; જમસું જેવું મન માને ॥ ૨૫ ॥ પાયસાન પુરીને માલપુડા, સામગ્રી જુદી જુદી, આજ ધસવવા જોઇએ લાડુ, જોઇએ આજ બાસુદી ॥ ૨૬ ॥ એમ કહીને ભોજન કરસું, મન ગમતું વારોવાર, એવું ધારી ઘણા ભકત બને છે, આરે કર્ણ કુંવાર. ॥૨૭॥ પણ તેના સંગી ન તે ભકતો, પડસે પ્રભુ કને કાચા, વૃક્ષકેતું કહે ઓરે પીતાજી, કીયા સમજવા સાચા. ॥ ॥૩૮॥ અરજુનજી કહે સાંભળ બેટા સમજાવું સાચાનો

સાર; નહી ટીવાં ટપકાં નહી માળા મણુકા, નહી તજેલો વ્હેવાર. ॥૨૯॥ પુત્ર પરીવાર સંસાર વીશે, સત્ય સેવક રહે કેવો; જગત જંજાળી જાણે પણ. જળમાં કમળવત જેવો. ॥ ૩૦ ॥ વ્યવહાર વરતે સારે ને નરતે, ઉદ્યોગમાં બહુ પ્રોત; બાળ બચ્ચાં દેખી લાડ લડાવે, પણ પ્રભુ સાથે ચીત. ॥૩૧॥ જગતમાં જીવે નિંદ્યા કરે, પણ તે મનમાં ન લાવે; રટણ રૂદેમાં રામજી કેરૂં, હોઠને નવ ફફડાવે. ॥ ૩૨ ॥ જગતમાં ભક્ત કેહેવરાવવાની, જરે નહી ઇચ્છાય; દાનત નહી દેખાડવાની, જીભ જપે જગરાય. ॥ ૩૩ ॥ માળા ગ્રહ્યા વણ હોઠ ફફડયા વણ, શું નહી સમરાતા હોય; સાચા ભકતો ભજે છે મનથી, જ્ઞાન વારતા કરી જોય. ॥ ૩૪ ॥ જ્ઞાનની વારતા થતી હોય ત્યાં, જ્ઞાન કથન કરી જાણે; વેહેવાર જ્યાં વરતાતો હોય ત્યાં, વ્યવહારનો પક્ષ તાણે. ॥ ૩૫॥ જગત જાણે જંજાળી છે, પણ ન્યારોને ન્યારો; દુનીયાં દેખે દુષ્ટ સરીખો, મનથી સત્યબોધ પ્યારો. ॥ ૩૬ ॥ ન્યાય નીતીની રીતી સમજે, પેહેરે ઓઢેને ફરે; સાચા ભકતો તેવા રેહે છે, કોક પરીક્ષા કરે. ॥ ૩૭॥ એવાના પરીક્ષક હોય થોડા, સાચાને શું જાણે જુઠા; જુઠે જુઠાનો મેળ બેસે, કર્યા કરે કડાકુટા, ॥ ૩૮ ॥ બેઉની રીતી બતાવી તુને, ઓરે માહારા બાળ; ચાલો આપણુ જોવા જઇએ, શું સાહાય કરે ગોપાળ. ॥ ૩૯ ॥ એમ ધારીને દસ વીસ યોદ્ધા, રથપર બેશી ગયા;સુધન્વાનું સંકટ જોવા, એકાન્ત ઉભા રહ્યા. ॥ ૪૦ ॥ વળણ. ॥ એક સ્થળ ઉભા રહ્યા, સુણ પરીક્ષતના તન; વલ્લભ વાણી ઓચરે સાંભળજો હરીજન. ॥

કડવું ૩૯ રાગ ચોપાઇનો.

બોલ્યા જયમુની મુખ વાણી, રાજા સાંભળ ઉલટ આણી; બોલ્યો હંસદ્ધજ મુખ એમ,પુત્ર વાર કરે તુ કેમ. ॥૧॥ તવ સુધનવા કહે તાત, તમો સાંભળો માહારી વાત;તેલ્લમા પડવા છું ત્યાર, મને સાહાયછે જુગદાધાર, ॥૨॥ જેને સામળીયો હોય સાહ્ય,તેને શત્રૂથી શું થાય; માહારી ભક્તી જો સાચી હશે, નોતો પ્રભુના દરસણ થસે. ॥ ૩ ॥ કરૂ દરસણ ને પછી મરૂ, તેલ્લ કઢા થકી ઉગરૂ; નથી તેલમાં હું બળવાનો; છે સંબંધ હરી મળવાનો. ॥ ૪ ॥ મુને સાહ્ય છે પુરૂષ પુરાણી. તમારૂ તેલ્લ દેખુ છું પાણી; તમે દેખો છો ઉષ્ણ અતીરો, પણ મુને શીતળતા

દીસે. ॥૫॥ તમે ચુલામાં પાવક નરખો, હું તો દેખું છું બરફ સરીખો; માટે અગની ધીક ધીકાવો; કાષ્ટ નાંખી ઘણો સરગાવો. ॥ ૬ ॥ તાપ કરી કકડાવો તેલ, પછી જો જો પ્રભુનો ખેલ,હશે દરસણની સાચી મરજી,તોતો સાંભળશે માહારી અરજી. ॥ ૭ ॥ હશે ધણીની સાથે સાચું; કદી કહેલું નહી પડે કાચું; જેને સાચો સામળીઆનો સ્નેહ; કદી કષ્ટ ન ભોગવે તેહ. ॥ ૮ ॥ જેને વશ હશે વનમાળી, તેને કોણ સકે છે બાળી;જેને માથે બીરાજે મોરારી, તેને કાળ ન નાંખે મારી ॥ ૯ ॥ જેનો સ્નેહી ગોવર્ધન ધારી; તેતો ન જાય કોઇથી હારી;જેને માંથે મોહોટા મુકુંદ, તેને સદાકાળ આનંદ. ॥ ૧૦ ॥ જેને માંથે દેવાધી દેવા, તેના શત્રુતો તરણા જેવા; જેને દયા કરેલી દયાળે, તેને પાવક સુર્ય ન બાળે, ॥૧૧॥ જેને માંથે વીશ્વંભર ધણી, તેને ન અડે ખડગની અણી; જેનો કર ઝાલ્યો મોરારે, તેતો ન મરે તરવારે ॥ ૧૨ ॥ જેણે સાધેલો પોતાનો ઇશ, તેને શું કરે સોમલ વીશ; વળી વાઘ ને નાગ શું કરે, ભક્ત પાશાણ મારે ન મરે. ॥ ૧૩ ॥કોક શત્રુમાં જીતીને આવે, હરી વિમુખને નવ ફાવે; માહારા હૈયેરે હીમત ઝાજી, હવે જોઇ લેજો રંગ બાજી. ॥ ૧૪ ॥ એવે હંસધ્વજ જે ગાય, તેને સંકલ્પ વીકલ્પ થાય; પુત્ર કેહે છે તે જુઠું કે સાચું મને બોલેલું લાગે કાચું. ॥ ૧૫ ॥ જોયું બેઉ પ્રધાનોના સામું, હું તો સાંભળી વીસ્મય પામુ;તવ પ્રધાન સાંભળી રૂઠયા. કરી ગર્જના બોલી ઉઠયા. ॥ ૧૬ ॥ અલ્યા જોયા ઘણા તુજ જેવા, તેં શી કરી છે હરીની શેવા; ઘણા મુની તપશ્વી ત્યાગી, તેને પ્રભુની શોધ ન લાગી. ॥ ૧૭ ॥ ઘણા ધ્યાની વીવેકી વેરાગી, તે તો ભટકીને ખાય છે માગી; તુતો ઘરબારીને સંસારી, લ્હારે સગું વ્હાલું ને નારી. ॥ ૧૮ ॥ ખાનપાન વાળો વ્યભીચારી, કયાંથી રીઝે તુને મોરારી; ભકતપણું દેખાડી ડરાવે, તેતો અમારી ધ્યાનમાં નાવે. ॥ ૧૯ ॥ અમે ટુંકારો કરીશું ફરીથી,નથી ડરતા તારા હરાથી;ખરો સવક કયારે ભાસે,કેહેવરાવ હરીની પાસે. ॥૨૦॥ તવ આકાશથી થઇ વાણી, થવા બેઠું તારૂ ધુળધાણી;સાચો હરી તણો એ ભક્ત, એને વશ જગધીશને જગત. ॥ ૨૧ ॥ નથી તેલ થકી બળવાનો, મુકો મનસુબો તળવાનો; એવો શબ્દ થયો આકાશ, પડયો હરી જનોને વીશ્વાસ.॥ ૨૧ ॥ રાજા કહે પ્રધાનો કેમ,મુજ મનમાં પડયો બહુ વેમ;માહારૂં કે તારૂં ધુળધાણી; કરશે શ્રી પુરૂષ પુરાણી. ॥ ૨૩ ॥ પછી પ્રધાન બોલ્યા ગાજી, તારા પુત્રની ખડપંચ બાજી, તે હું સર્વે જાણુછું રાય, એવા શબ્દ થકી

શું થાય. ॥ ૨૪ ॥ થઇ વાણી તે તો છે તુત, એનું સાધેલુ બોલ્યું ભુત; તેવું થવાથી શું અમે ડરીયે, કદી પગ પાછો નવ ભરીયે. ॥૨૫॥ અમારૂં ધુળધાણી છો થાતું, અલ્યા સુધન્વા પડ જા તું, તારા મુકી દે ચટકાને ચાળા, મહારા પેટમાં લાગે છે લાહાળા. ॥ ૨૬ ॥ ઉષ્ણ તેલમાં જૈ પડ આપે, દુખ નિવાર્યું શું તુજ બાપે; તારો ઇશ્વર શું નિવારે, તેલ માં તળવો છે અમારે.॥ ૨૭ ॥ ચાલ્યો જઇને નાંખ પડતું, તેને દેખી મરે ઝેર ચડતું; વળી ભકતનો ડોળ બતાવે, સહુ દુનીયાને સમજાવે. ॥૨૮॥ પણ અમે ન માનીયે જરા, તને બાળીયે ત્યારેજ ખરા, તુજ જેવા ધુતારા જોયા, અમે કૈકના જીવજ ખોયા. ॥ ૨૯॥ અલ્યા પડપંચી પાખંડી, હણીયે તુજ પુંઠળ મંડી; પોતાને આપે પડસો તો સારૂં, નહી તો મન ભમશે અમારૂ. ॥ ૩૦ ॥ પછી પડપંચમાં અમે ફરશું તને બાંધવા હુકમ કરશું; કરશું કબજે બળ કરી, દુખ પામીને જાશો મરી ૩૧ ॥ તવ સુધન્વા એમ કહે છે, તમ જેવા ઘણા વસે છે; અલ્યા ઇશ્વર જેનો સાચો, તેતો કદી પડે નહી પાછો ॥ ૩૨ ॥ વળણ. ॥ સાચો પાછો પડે નહી, સાહાય મુન ભગવાન; જો જે તાહારાં ચક્ષુથી. તેલમાં કરશું સ્નાન.—

કડવું ૪૦ રાગ સાખીનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા શુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું; હરીજનનો મહીમાય. ॥૧॥ સુધન્વા સેવક હરીનો, મરવા થયો તૈયાર; કચ્છ ભીડેલો તાવડા ભણી, ચાલ્યો તેણીવાર ॥૨॥ પ્રભુ સમરનો ધ્યાનજ ધરતો, મરવું છે મનમાં લાવ્યો; ઇશ્વર ઉગારે તો ઉગરવું, તાવડા પાસે આવ્યો. ॥ ૩ ॥ ટગમગ સરવે લોક જુએ છે, વળી જુએ માબાપ, સંખ લેખે કહ્યું દાસોને ચુલામાં ઘાલો તાપ. ॥ ૪ ॥ બહુ બળ દાખો કાષ્ટજ નાંખો, ન નાખસો જીવ ચોળી; તાવડાની આસપાસ દીસે, જાણેસળગી હોળી. ॥ ૫ ॥ નીકળે જ્વાળા ઉછળે લાહાળા, તતડીને તનખા છુટે; એવો વીકરાળ વહની કરો, દેખીને ત્રાસ છુટે. ॥ ૬ ॥ એવી જયાં આગના આપી મે, સેવક ઉઠયા સાત; કાષ્ટ નાંખી ચુલો ભરીએ; અગની થયો પુરપાટ ॥૭॥ તાવડામાં અતી તેલ નાખ્યું, ખળખળ ઉભરો ચડીયો, સેવકો સળગાવે અગની કરતા દોટા હડીયો. ॥૮॥ અગનીનો ઉતપાત અતીસે, નીકળે લાંબી

જ્વાળા, તનખા ઉડે તતડી તતડી, તેલને આવે ઉકાળા. ॥ ૯ ॥ તાપ થકી લોક ખસે આઘું. કૈ રહે અવળા આડા; બળી બળી તેલબળવા લાગ્યું. નીકળે છે ધુમાડા. ॥ ૧૦ ॥ તે તેલમાંથી નીકળે ભડકા. જોઈ જોઈ પ્રગટયો ત્રાસ; સુધન્વા જીવે આમાંથી, તે ન પડે વિસવાસ. ॥ ૧૧ ॥ હાથ ઘસે છે હોઠ ડસે છે, બહુ ભય પામ્યું લોક; સુધન્વાને જીવવા કેરી, આશા સમજવિ ફોક. ॥ ૧૨ ॥ અરેરે કારમો કોપ થયો છે, એવો ચાલે મનસુબો; તેલ તણા તાવડા પાસે જૈ, સુધન્વા તો ઉભો. ॥ ૧૩ ॥ એટલે સુંદર પ્રભાવતી,સુધન્વાની નારી, ચીર બરોબર અંગ લપેટયું, મરવું મન વીચારી. ॥ ૧૪ ॥ સ્વામી પડે તવ મારે પડવું, જીવવું નથી જરાયે;મુજ કંથનું કોઈ નથી સગુ, શું જોર મારું માયે ॥ ૧૫ ॥ રડીરડીને સૌ રહ્યું આઘું,કાં ભ્રાત કે કાં ભગની સૌ જીવતાં રહીને જોઇ રેહેશે, સળગ્યો દાવાનળ અગની ॥ ૧૬ ॥ પતીની સંગ સતી થાવું,તરૂણીનો તે ધર્મ;નરે ગ્રહો માહારા થયા વાંકા ફુટી ગયું આજ કર્મ. ॥ ૧૭ ॥ એ રીતે અબળાએ ધારી, સુધન્વા હરીજન તાવડા પાસે ઉભો રહીને,કરે પ્રભુનું સ્તવન. ॥ ૧૮ ॥ વળણુ ॥ સ્તવન કરવા લાગીયો, ઉભો રહ્યો એક ચર્ણ;વલ્લભ વાણી ઓચરે, સમરે અસરણા સર્ણ.

કડવું ૪૧.

મ કેહર કાંટો વાગ્યો એ રાગ.

ઓ રામરે; રામ રામ રામ, તમે છો ઘનશામા, કરો પુરણ મનકામા,હો રામ રામ રામા. ॥ ૧ ॥ ઓ રામરે; તમે સાચા સ્વામી, ગોવિંદ ગરૂડા ગામી,વિનવું છું નામી નામી, ઓરામ રામ રામા. ॥૨॥ ઓ રામરે;ભક્તને વશ વનમાળી, પાન્ડવની પીડા ટાળી, કરી કુબજાને રૂપાળી. ઓરામ રામ રામા. ॥ ૩ ॥ ઓ રામરે; શવરીનાં બોર લીધા અચળ સુખ તેને દીધાં. પાપીને પાવન કીધાં; ઓરામ રામ રામા. ॥૪॥ ઓ રામરે; દ્રુપતી જે રાણી,દુષ્ટે ચીરલીધાં તાણી, તે પુર્યાં દાશી જાણી. ઓરામ રામ રામા. ॥ ૫ ॥ ઓ રામારે મુકંદ વર મોરારી, ગોકુલ વરશ્યો મેઘ ભારી, કરા સાહાય ગોવરધન ધારી. ઓ રામ રામ રામા. ॥ ૬ ॥ ઓ રામરે, બાળકને હણુનારી. પાતકને ન ગણુનારી, તે પુતના મારી મારી, ઓ રામ રામ રામા. ॥ ૭ ॥ ઓ રામરે, પીઉનુ

વેણુ ઉથલાવી,રૂખી પત્નીયો આવી. ત વૈકુંઠમાં વસાવી. ઓરામ રાંમ રામ. ॥૮॥ રામરે, દશાનનને હણીયો, વિભીક્ષણ શેવક ગણીયો, પામ્યો ગાદી નામ ભણીયો, ઓ રામ રામ રામા. ॥ ૯ ॥ ઓરામરે, હું શેવક અપરાધી, મેં ભજ [illegible] ખાધી, તેથી થૈ ઉપાધી ઓ રામ રામરામા. ॥ ૧૦॥ ઓ રામરે, રાંકડો જાણી રાચો, હું તો છું શેવક [illegible], પણ ભરૂસો તમારો સાચો. ઓ. રામ રામ રામા. ॥ ૧૧ ॥ ઓ રામરે, હું પાંખડી પુરો,નહી પાતકમાં અધુરો, વળી કુડ કપટમાં સુરો, ઓરામ રામ રામા. ॥ ૧૨ ॥ ઓ રામરે, અવગુણીયો શીશ નામુ, [illegible] મ હારા સામું, અત્યારે કાંઈ પામુ ઓ રામ રામ રામા ॥ ૧૩ ॥ [illegible] રામરે, નથી ઉગર્યાનો આરો, પણ ભરૂસો તમારો, તમે મારો [illegible] ઉગારો ઓ રામ રામ રામા. ॥૧૪॥ વળણ. મારજો કે ઉગારજો,શેવક [illegible] ન,સકલ વદે એમ ઓચરે, ભીડ ભાગો ભગવાન.॥

[illegible]

[illegible] નારેરેરે હો, રડે શેવક રાંકડોરે ॥ ટેક. ॥ બોલ્યા બોલ્યા [illegible] વચન, સાંભળ [illegible] પરીક્ષત રાયના તન; [illegible] સ્તવન. ॥વાહારે [illegible] વાહાલા રેરેરે. હો.રડે ॥ [illegible] ગેહા ગોપાળ, [illegible]ની સ્તુતીથીદોડયાતા [illegible] ઉગારો રેરેરે હો.રડે ॥ [illegible] માંડયું [illegible] તમારૂં કહીને આ [illegible] ઉભુ [illegible] પધારો રેરેરે હો રડે. [illegible] ને હાથી ત્રાડી તમોને [illegible] ઉગાર્યો, [illegible] ધાજોરેરેરે હો. [illegible] ॥ [illegible] ને [illegible] ॥ ૬ ॥ તમ હીમ્મત [illegible] માં લાવતા ખામી [illegible] થી [illegible] અંતરયામી [illegible] હેવા હેવા રેરેરે હો

રડે ॥ ૭ ॥ વળણુ. ॥ લેવા દેવા માહરે, ન મળે દેવ મોરાર, શોભા લજ્યા તમ તણી. બાનાનો આધાર.

કડવું ૪૩ રાગ ધનાસરી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું, તેલ કઢા મહીમાય. ॥૧॥ સુધનવાયે સમરણ કરી, રાખ્યો દ્રઢ વિસવાસ; પડવું ધાર્યું પુરણ પ્રેમે, મનમાં ન રાખ્યો ત્રાસ ॥ ૨ ॥ પછી પોતાના સામુ જોઈ, કીધો નમસકાર;માત તાત ભગનીને નમીયો, છેલ્લા વેલ્લા જુહાર. ॥ ૩ ॥ બોલ્યું ચાલ્યું માફ કરજો, એક જ નમનો સ્નેહ; અવગુણને અપરાધો કરેલા, ક્ષમા કરજો તેહ. ॥ ૪ ॥ તમારા ઘરમાં દેહ ધરીને, સુખ નથી દીધું તમને; ભાઈએ મહારૂં કહ્યું કરીને, પાડ ચઢાવ્યો છે અમને. ॥૫॥ ઓ મુજ માડી આંસુડાં પાડી; રડશો નહી યાદ લાવી; રણ સબંધ થયો હવે પુરો; આયુશ રહ્યો છે આવી; ॥૬॥ નવ માસ મુજને ઉદર રાખ્યો, ન ખાધું ખાટું તીખું; મમ શરીરને સાચવવાને, આરોગ્યાં મોળું ને ફીકું. ॥ ૭ ॥ ગંદા ભીનામાં પોતે પોઢયાં, સ્વચ્છમાં મુને સુવાડયો; પડવા ન દીધો રડવા ન દીધો, ટાઢ તાપ ન દેખાડયો. ॥ ૮ ॥ પ્રાણની પેઠે પાળ્યો મુને; તે બદલો નથી વળીયો; તે સૌ અપરાધ ક્ષમા કરજો, કહી મુખ ફેરવી વળીયો. ॥ ૯ ॥ જે જે હરીજન લોક આવેલા. તે સામુ લાગ્યો જોવા; સરવેને કહ્યા જુહાર છેલ્લા. તવ લોક લાગ્યું રોવા ॥ ૧૦ ॥ ધ્રુંશકા મુકીને રડે છે, કૈંક લુછયા કરે આંસુ; અરેરે આપણ કકળીયે પણ, બળ વિના બધું ફાંસુ. ॥ ૧૧ ॥ પછી ભકતે તેલ કઢાના, સામું નમાવ્યું શીશ; ઉગારજે અગની દેવતા તું, પેરણા કરે જગધીશ. ॥ ૧૨ ॥ એટલે શંખને લેખ બોલ્યા, કેમ માંડયા છે ચાળા; જાણ્યો તુને ભગતડાને, પાખંડ કરવા વાળા. ॥ ૧૩ ॥ ઉંચુ જોઇને શું બડબડીયો, જાણ્યું તું મનનું પાપ;ઉંચેથી ઉગારવા તુને, કોઈ ન આવ્યો બાપ. ॥૧૪॥ સુધનવા કહે આવશે હમણાં, જનમો જનમનો બાપ; જો રાંડે જણ્યા તમારા બેના, પુરણ મળીયાં પાપ. ॥ ૧૫ ॥ નથી બળવાનો નથી બળવાનો, હુંતો નથી બળવાનો, અદેખાઇ કરે છે તેમાં, શો તારો દન વળવાનો; ॥ ૧૬ ॥ તેલમાં સ્નાન કરી નીકળું છું, બચાવનાર દયાળું; ઉજ્વળ મોઢું નહી રહે તારૂં; જોજે થશે મુખ

કાણું. ॥ ૧૭ ॥ કાળા મોંઢાના કર્મ ફુટેલા, નજર રાખી રેહેજે; વીશેષ અગની સળગાવવાનું કહેવું હોયતો કેહેજે. ॥૧૮॥ એમ કહીને પડવા માટે, તલપીને કરી ત્યારી, એટલે દોટ મુકીને આવિ, વળગી એની નારી ॥ ૧૯ ॥ નાથજી હું પણ પડુ તમે સાથે, સતી તણો એ ધર્મ; સુધનવા કહે સૌ લોક દેખે; કેમ ના લાગે સર્મ. ॥ ૨૦ ॥ મુમત મુકોને રહો અળગાં, મીથ્યા મરો છો મથી; તમારા મનમાં રાખજો નીશ્ચે, હું બળવાનો નથી. ॥ ૨૧ ॥ ઇશ્વર ઉપર આકીન રાખી, અળગાં બેસો નારી; રક્ષણ મારૂ કરવાના છે, ગોવીંદ વર ગીરધારી. ॥ ૨૨ ॥ આઘાં ખસો જોડે ન ધસો, દેખે છે મુજ માત; ભગની દેખે કુટુંબ દેખે, દેખે માહારો તાત. ॥ ૨૩ ॥ પ્રભાવતી કહે પીઉજી મારા, મરજાદા શું કરવી; ઘરબાર ભાગે તવ લજ્યાને, હોઢવીકે પાથરવી. ॥૨૪॥ સુખસાતા હોય તવ શોભે લજ્યા, સૌ ગયે લજ્યા સાની; તમારી સાથે હું પડવાની, નહી કરૂ પાછી પાની. ॥ ૨૫ ॥ સુધન્વા કહે કયાં બળવું છે, ટગ ટગ જોજે નારી; ન જીવું તો પડજે કઢામાં, એટલી આગના માહારી ॥૨૬॥ તો પણ કામની છોડતી નથી, તવ બોલ્યા પ્રધાન; શું જુઓછો શેવક માહરા, ઉઠી કરો હેરાન. ॥ ૨૭ ॥ બેઉ જણાંને પાડો વખુટાં, જણવો પુરણ રીશ; સુધન્વા કહે અબળા રે આઘી, જો શું કરે જુગધીસ. ॥ ૨૮ ॥ ટકા ટકાના ગુલામ જાતી, તે તારો કર ઝાલે; સમજી જાને અળગી થાને, લાન્છન તું કેમ આલે. ॥ ૨૯ ॥ એમ કહી આંખ વીપ્રીત કીધી, તવ અળગી થઇ નારી; પછી પોતે પરકંમા કરીને, પડવા કીધી ત્યારી. ॥ ૩૦ ॥ વળણ. ॥ પડવાની ત્યારી કરી મનમાં નહી ભય શોક; હરી ભજન કરતા સહુ, જોવા મળેલા લોક.

કડવું ૪૪ રાગ સાખીનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, સુધનવાની કથાય. ॥૧॥ રણછોડ રાયની જય જય બોલ્યો; કીધી દોટા હડીયો; રામકૃષ્ણનું નામ લેઇને, ઉછળી કઢામાં પડીયો. ॥૨॥ પડતામાં તો કૃષ્ણ પ્રભુએ, વાયુને આગના કીધી; પવન દેવ પ્રવેશો તેમાં, કઢા સીતળ કીધી. ॥૩॥ હિમની તુલ્ય તે તેલજ ટાઢું, પણ નીકળે ધુમાડા; તે તેલમાં પડી નાહાવા લાગ્યો, અગનીના ભડકા ટાહાડા. ॥૪॥ કોઈ જગે હુંનું નવ લાગે, હરે ફરે મહી માહાલે; તેલ નાં-

ખો બે ખોબા ભરીને, મુસ્તક કેશમાં ઘાલે. ॥૫॥ જગત જોઇને વીસ્મય પામ્યું, પ્રધાન નજરે ભાળે; સુધન્વા તાવડામાં બેઠેલો, ખોબે તેલ ઉછાળે. ॥ ૬ ॥ શરીરે છાંટે મોહોટે ધાટે, રણછોડ રણછોડ રટે, ડુબકી મારે ડોકું કહાડે. નાહાય વચનને વટે. ॥ ૭ ॥ ઉંચો નીચો ઉછળે હસે, સાહાય ઘણા ગોપાળ;શરીરને શીતળતા વળે છે, દગ્ધ ન થાયે વાળ, ॥ ૮ ॥ એટલે પ્રભાવતી સતીને; હળ હળ પ્રગટયો કાળ; લ્યો બાળવા હોય તેટલા બાળો, પ્રધાનો કર્મ ચંડાળ.॥ ૯ ॥ કાળાં મોંઢાં લેઈ-શું બેઠા છો, ભાળવું હોય તો ભાળો;કાષ્ટ નંખાવો અગની વીશે,તેલ ઘણું ઉકાળો.॥ ૧૦ ॥ મુજ સ્વામી શેવક સામળાનો, કેવા કરે છે સ્નાન; જે કરવું હોય તે કરી નાંખો, નહી થાય ભક્ત હેરાન. ॥ ૧૧ ॥ પાપી જનો તમે પુરણ ધાર્યું તું, દેવાને દારૂણ દુખ;હવે શું નીચું જોઇ બેઠા, લેઇને કાળાં મુખ. ॥ ૧૨ ॥ દઈવત હોય તેટલુ દાખો, કરશોમાં પાછી પાહાની; બાકી ન રાખશો કોઇ પ્રકારે. એક રતી એક આની, ॥ ૧૪ ॥ ધીક્કાર છે તારા મનખાને, નથી જરાયે લાજ; મનુશ જાતી શું કરવાનું, જેને માંથે માહારાજ. ॥ ૧૪ ॥ તવ શંખે જોયું લેખના સામું, કીરતી ચાલી કેડે;વગોણું ચાલ્યું વીશ્વ વીશે, બેઉ ચડયા ગધેડે. ॥ ૧૫ ॥ લેખ કહે મુજને એમ લાગે, કાંઇક કપટ સાચું; ધુમાડા બળતણના નીકળે, પણ તેલ નરદમ કાચુ. ॥ ૧૬ ॥ કારણ કે તાવડો લોહનો છે, જાડું દળ અપાર, હજી તો તપ્યો નહી હોયે, તો તેલ તપ્યાની વાર. ॥ ૧૭ ॥ માટે આપણ ઉંડો ઉધાડા, પુરણ દઇવત દાખો; જાડાંને મોહોટાં કાષ્ટ લાવીને, તાવડા તળે નાંખો. ॥ ૧૮ ॥ એમ ધારી બેઉ દુષ્ટ ઉઠયા; ખરી વાતે નવ ખાંખે;કટી કસીને દંત ડશીને, સરપણ ઉપાડી નાંખે. ॥૧૯॥ અતી કાષ્ટથી અતી પ્રકાશ્યો, જવાળા થઇ ચોપાસ; તનખા તતડી ઉડે અતીશે,ધુમ્ર ચાલે આકાશ.॥૨૦॥ ગગને ઉડતાં પક્ષીયોને,ધુમ્રની જવાળા અડે;આંખોથી અંજાઇ જઇને,તરફડી તેલમાં પડે.॥૨૧॥ જેમ જેમ અગ્ની સળગે અતીશે,તેમ તેમ ટળે વેહેમ, તાવડો જરા તપે નહીને, તેલતો ટાઢું હેમ.॥૨૨॥ સળગાવી શંખ લેખ થાકયા, લાગે ઉષ્ણ હવાય;હાથ ઘાલીને ટાઢુ હુનુ, જોવા નવ્ય જવાય. ॥ ૨૩ ॥ અગનીનો ભય લાગે અતીશે, તપાસ કેમ કરાય; કોહો ના કોહો પણ સુધન્વાની કને જાદુ વીદ્યાય.॥૨૪॥ દુષ્ટ જનો એમ જાણતા નથી, જેને સામળીયો સાહાય, મીથ્યા મેહેનત કરીયે તેથી. હરીજનને શું થાય. ॥૨૫॥ તેવું સમજયામાં આવતું નથી, નાસ્તીકજન શું પેખે; કપટ

જેના કાળજા વિશે,કપટ વિદ્યા તે દેખે ॥ ૨૬ ॥હરીજનોએ જોઈ જોઇ ને,સમર્યા શ્રી વનમાળી,જે જે રણછોડ જે જે રણછોડ, કહીને દેતા તાળી॥૨૭॥તેલમાં તેમ તેમ સુધનવાને, સારૂં લાગે અપાર; ઉંડે બેશે નીચો ઉંચો તેલમાં તેણીવાર.॥૨૮॥ જોઇ પ્રધાનોનાં પેટ બળીઆં, આપણુ સંદેહ ખોઇએ;મંગાવો શ્રીફળ ગામમાંથી.તેલમાં નાંખી જોઇએ. ॥૨૯॥ છડીદારને આગના આપી, એટલે દોડયો સ્વારે; નગ્રમાંથી જઇશ્રીફળ લાવી, આપ્યું સભામાં તે વાર. ॥ ૩૦ ॥ પ્રધાનોએ આઘા રહીને, ઊંચો કીધો હાથ; તાકીને તાવડા ભણી ફેંકયું.જુએ શેન્યનો નાથ ॥ ૩૧ ॥ પડ્યું તે શ્રીફળ તાવડામાં, લાગી તેલની જ્વાળા; ચચણી તતડીને એક દમે;થયાં બે ચીતાળાં. ॥ ૩૨ ॥ શ્રીફળની શી ગતી બને છે, સૌજન જોવા મળીયાં;ચીતાળાં થૈ તાવડામાંથી, એક દમે ઊછળીયાં. ॥૩૩॥ બેઊ પ્રધાનો ઊભા ઊભા, જોયા કરે છે ઘાટ; ચીતાળીયાં બેઊ આવીને વાગ્યાં, બે જણને લેલાટ. ॥ ૩૪ ॥ કપાળ ફુટયા રૂધીર છુટયાં કરણી નદી કાળી;સૌ લોક જોઇને ખડખડ હશીયા,બે ભુજ દેતા તાળી ॥૩૫॥ હંસદ્વજ જોઇ વિસ્મય પામ્યો,મુજ સુત નહી દાસ કાચો; તેલમાં એને આંચ ન આવી,શેવક હરીનો સાચો.॥૩૬॥ એવું સમજી આપે ઊઠયો, કીધો મુખ પોકાર; સાબાશ સતીયા પુત્ર તમને, નીકળો કઢાની બહાર. ॥ ૩૭ ॥ તું સત્યવાદી તું સત્ય ધર્મી, તું ભગવાનનો ભક્ત; તાહારે પુન્ય હું રાજ્ય કરૂ છું,તુજને વશ છે જગત ॥ ૩૮ ॥ આખા ઘરમાં એકજ હોયે, પુન્યેસ્વરી ભાગ્યશાળી; તેથી આખા કુટુંબ કેરૂ, ભલું કરે વનમાળી. ॥ ૯ ॥ ઢાંકયું રત્ન તું ફરજન માહારે, તારે વડે સહુ સુખી; ઓરે માહારા લાડકવાયા, તને કર્યો મેં દુખી. ॥ ૪૦ ॥ અપરાધ હમારો ક્ષમા કરજે;નમી નમીને માગું; તાવડામાંથી બારણે આવો. પુત્ર હું પાયે લાગુ. ॥ ૩૧ ॥ સ્ધાનના કેહેવા પરમાણે, વરત્યો છું માહારા તન; પણ તાહારા સત્ય આગળ થયું, કાળુ માહારૂં વદન.॥૪૨॥પ્રધાનોએ પાસે રહીને,કાળુ કરાવ્યું મુનેઃ તેલમાંથી બાહાર ન નીકળે તો, ઇશ્વરની આણ તુને. ॥ ૪૩ ॥ તાવડામાં તવ ઊભો થયો ક્ષણ ન લાગીવાર;ઉછળીને કુદકારા મારી, કુદી પડયો બાહાર. ॥ ૪૪ ॥ આકાશમાં તવ દુન્દભી વાગ્યાં, સાંભળે સરવે શ્રસ્ટી;ચંદનનાં વદસાદ વરસ્યા, પુસ્પતણી થઇ વ્રષ્ટી. ॥ ૪૫ ॥ સરવે જાણ્યું ઇશ્વર કૃપા, તેમાં નહી મીનમેશ;અગની ભરેલા તેલમાં નાહ્યો,રૂવાડું ન બળ્યું લેશ ॥ ૩૬ ॥ સર્વના મનને શ્રદ્ધા બેઠી, કરતા નમસ્કાર; જળ મગાવી ઉ

ષણ કરાવ્યું, નાહાવા આપ્યું તે વાર. ॥ ૪૭ ॥ સુધનવાયે સ્નાન કીધું વસ્ત્રથી લુછયું અંગ; પછી પોશાક પોતાતણો તે,ધારણ કર્યો નવરંગ ॥ ૪૮ ॥ હતા તેવા ધારણ કીધા, પોતાના સણગાર, કટી કશીને ખોશી લીધાં,યુદ્ધ તણાં હથીઆર. ॥ ૪૯ ॥ પછી સરવે હરીજન લોકો, નમી નમી પડયા પાય;રૂધીર વરણા પ્રધાન બેઉ, તેની શીગત થાય. ॥૫૦॥ એ પાપીની પાસે રેહેનારા. શેવકને છડીદાર; રૂધીર લુછીં પાટા બાંધ્યા, પીડા પામ્યા અપાર. ॥ ૪૧ ॥ કાળું મોઢું લેઇ ઉભા થયા, દાજે છે અંતઃકરણ. [illegible] જયાં ઉભો ત્યાં આવી,બેઉ જણ લાગ્યા ચરણ. [illegible] અપરાધિ અમે, દીધું તમને દુખ; હસીને અમ [illegible] થાયે સુખ. ॥[illegible]॥ વળાણ.ઉજ્વાળ થાયે મુખ ડાં, ક્ષમા કરો [illegible] વિના,મીથ્યા કર્યો વિવાદ

કડવું ૪૫ રાગ ચોપાઇ.

બોલ્યા જયમુની મુખ વાણી,રાજા સાંભળ ઉલટ આણી;કરગરતા બેઉ પ્રધાન, તમોને છે પ્રમ ભગવાન ॥૧॥અમે સુમત મીથ્યા ઝાલ્યો તમને તો અતી શ્રમ આલ્યો,ધાર્યો મર્ણ પમાડવા અમે,પાળ્યું તાતનું વચન તમે ॥૨॥અમે ન જાણી તમારી રીતી,હવે જાણી પ્રભુસંગપ્રીતી; એમ કાલાવાલા બહુ કરે,તવ હંસધ્વજ ઓચરે ॥૩॥ ધિક ધીક તમોને પ્રધાન,મમ સુતને કીધો હેરાનઃદીધી મને કુમતીઅતી,નથી અક્કલ તો એક રતી.॥૪॥જેનો બુદ્ધીહીન કારભારી,તેની રાજ નીતી નહીસારી;જેનો કારભારી બુદ્ધીનો મંદ,તેની આવક સઘળા બંધ. ॥૫॥ જેનો કારભારી સ્વારથી, તેનું કાંઇ સુધરતું નથી;જેનો કારભારી પક્ષપાતી, તેની લક્ષ્મી જાય વેરાતી॥૬॥જેનો કારભારા હોય દ્વેશી.તેનો માલીકસદા કલેશી;જેનો કારભારી હોય કપટી,તેનો માલીક પડે લપટી॥૭॥જેનો કારભારી અર કરમી,તેનો માલીક થાય અધરમી;જેનો કારભારી લંપટ લોભી,તેની [illegible]ીલકત ન રહે થોભી. ॥૮॥ જેનો કારભારા અજ્ઞાન,તેનો માલીક મુર્ખ નાદાન;જેનો કારભારી કોઠાસુનો,તેનો લુટાયભંડાર જુનો ॥૯॥જેનો અવળી મતી કારભારી, તેનો માલીક થાય ભીખારી; જેનો કારભારી કારમો કેહેરી,તેનો માલીક બહુનો વહેરી.॥૧૦॥જેનો કારભારીગરીબનું બાળ,તેતો ભીખ માગે ભુપાળ જેનો કારભારી નીચ જાતી તેતો માલીક નીપજે ઘાતી॥૧૧॥જેનો કારભારી હત્યારો, તેનો માલીક

થાય ગોઝારો;તેવો કારભારી તું મને મળીયો,હું તો સુબુદ્ધીથી ટળીયો ॥૧૨॥મહારા પુત્રને મારવા તેં તાકયો;મને સમસોગનમાં નાંખ્યો; માહરે હાથે પુત્ર તળાવ્યો,બહુ બળ કરીને બળાવ્યો;॥૧૩॥તમારૂ શામ મોંહો શંતાડો, કોઇ આ દુષ્ટોને કાહાડો;મહારા ઘરમાં કલેશ કરાવ્યો, મને મુમતથી જારમાવ્યો. ॥૧૪॥ મહારી નારી રડીને થાકી, કાંઇ કલેશમાં ન રહ્યું બાકી;મહારી કુંવરી રડીપુરપાટે, એતો પોતાના બંધુને માટે.॥૧૫॥ મહારા દીકરા જે ચાર નાહાના,તેતો રડીને થાકયા છ છાના;પુત્રની પ્રેમદા પ્રભાવતી,રડીરડી થાકી શુભશતી.॥૧૬॥બધુ ઘર હલાવી માર્યું, તમે વિપ્રીત કરવું ધાર્યું;પણ પ્રભુએ પુત્ર બચાવ્યો, તમે તો ખરો ખેલ મચાવ્યો. ॥૧૭॥ દુખ દેવામાં ન રાખી નુન્ય,આડે આવ્યું એનું ખરૂ પુન્ય; એનિ નારીના પુન્યે ઊગરીયો,તમારે કેહેવે મેં પરહરીયો. ॥૧૮॥ હુંતો જાણુતો હતો પવિત્ર,હવે જોયાં તમારાં ચરીત્ર; ભલે પામ્યા વિપ્ર શરીર, પણ અવર વીર્ય રૂધીર. ॥૧૯॥ જેનું ખાધું તેનું ભુંડુ તાકયું, કાંઇ પરોજન નવ રાખ્યું;મહારા નગ્રવીશે નહિ તમો,જાવો જંગલ્ર વીશે ભમો. ॥૨૦॥ નથી જોવાં તમારાં મુખ, મમ સુતને દીધું દુખ; કરે કારભારીનો વીશ્વાસ,તેને નીપજે આવા વિનાશ. ॥૨૧॥ મુજ પેઠે જે વીશ્વાસ કરશે,તેતો પાછળ પસ્તાઇ મરશે;રાયે રજા દાસોને આપી, અહીંથી લેઇ જાઓ આ પાપી. ॥૨૨॥ તવ સુધનવા એમ કહે છે,પોતાનાતાતને શીખ દેછે; શીદ કહાડો પરાયો વાંક,આપની ભુલ આડો આંક॥૨૩॥ આપ કહેવાઇએ રાજધણી, તેને જોઇએ ચાલાકી ઘણી; પોત પોતાનું જાળવી રહીએ,અને દોશ અવરને ન દઇએ.॥૨૩॥ધણી હોય તેને ધણી ના કરીએ,કરીએ તો ચગદાઇ મરીયે;સોંપીએ કોહને કારભાર, ફક્ત લેઇએ તેતો વીચાર.॥૨૨॥ સામાના મનનો પારલેઈ,બેશીએ ફાવતુ કરી દેઇ; ઘણા જનના સાંભળીએ બોલ,પછી તેનો કરીએ તોલ. ॥૨૬॥ બીજાનું કહ્યું માને જેહ, નારી તુલ્ય પ્રમાણીક તેહ, કહેનારાનું કહ્યું લીધુ માની, તેમાં કરનારની અક્કલ શાની. ॥૨૭॥ કોક તો ગમે તેવી દે શીખ, પણ માનનારો માગે ભીખ; કેહેનારાનું કહ્યામાં શું જાય, પણ કરનારો ગોદા ખાય. ॥૨૮॥ કેહેનારાનું છે ખરૂ કે ખોટું, નાખવું વીચારે મન મોહોટું;ખરૂ ખોટુ સમજ્યા વણ જેહ, કહ્યું કરે તો મુરખતેહ.॥૨૯॥ જેમ મરનારો કરે ત્રષ્ટી,તેનાં પાછલાં પામે કષ્ટી; છેતે જીવતે કોઈ કારભારી હુઓ, તેને જીવતો જાણવો મુઓ. ॥૩૦॥ પોતે જીવને સોંપે પરને તેતો બીગાડે આખા ઘરને; તેતો સાચું સમજજો તાત, હૈયે ધરજો

આટલી વાત. ॥ ૩૧ ॥ સુત થઇને દેઉછું શીખ, વળી રાખવી પ્રભુની બીક; નવ કરવો નાસ્તીકનો સંગ, કરવે થાય સુક્રીત ભંગ. ॥ ૩૨ ॥ નીચ સંગે થાયે નીચ બુદ્ધી, ઉંચને સંગ રહે શુભ સુદ્ધી; જેવો સંગ તેવો રંગ લાગે,કોક દીવસ પીડા જાગે. ॥ ૩૩ ॥તવ હંસધ્વજ એમ બોલે, કોણ ઉંચ છે બ્રાહ્મણ તોલે; બોલ્યો સુધનવા તવ એમ,તમો બ્રાહ્મણ સમજો કેમ.॥ ૩૪ ॥ હોય ઉંચનું ખોળીયું કદી; ભર્યું સરોવર પણ નહી નદી; જેને છે ઉંચ જ્ઞાનની ગતી,તેની સદાયે નિરમળ મતી. ॥ ૩૫ ॥તેને ઉંચજ માનવો તાત, નીચ બુદ્ધી વાળો નીચ જાત; નીચાં કર્મ તે જાણવો નીચ, કરે સદાઇ પાપનો કીચ. ॥ ૩૬ ॥ હોય ઉંચ અને નીચ મતી, તેને નીચો જાણવો અતી,હોય નીચ અને ઉંચ ગતી તેને ઉંચો સમજવો અતી. ॥ ૩૭ ॥ માહારી સહુ શીખ રાખજો રૂદે, તેથી પુન્ય થવાનું ઊદે;હુંતો છેલ્લો વેલો શીખ દેવું, માહારૂં જીવ્યાનું જાણો છો કેવું. ॥૩૮॥ જો જો જુધ્ધે જાવુંછુ પીતા, ખડકી મુકજો કાષ્ટ ચીતા; હુંતો જીવતો નહી ઘેર આવું,સાચી વાત તમોને સમજાવું. ॥૩૯॥ તવ રાજાયે ધરીયા હાથ, બેટા સાંભળ માહારી વાત; તને યુધ્ધે જાવા નહી દેવું, પછી મ્રત્યુ થવાનું કેવું. ॥ ૪૦ ॥ બોલ્યો સુધનવા સુણો વાત; કેમ લજવું ક્ષત્રીની જાતે; માહારે કરવા જવો સંગ્રામ, કેમ બોળીયે બાપનું નામ. ॥ ૪૧ ॥ લડવા વઢવા જાવું કેડે, નહી તો લાજે માતાનું પેટ; લાજે કુળ કુટુંબ પરીવાર, મારૂં જીવતર થાય ધીક્કાર. ॥૪૨॥ જુધ્ધે ના જાવું તો હું કેવો, છતો જીવતો મુઆ જેવો; શું મોહું લેઇ ભોમી ફરવું, એવું જીવ્યાથી ભલુ મરવું. ॥ ૪૩ ॥ આવી ખોટી શીખામણ દો છો, તમે ક્ષત્રી ધરમ શાને કોહો છો; કરે રણ ચઢતાં પાછી પાહાની,તેની જનેતા નહી ક્ષત્રાણી. ॥ ૪૪ ॥ પડે પાછો દાશીનો જાયો, વઢવું ક્ષત્રી ધર્મનો પાયો;માટે એવી ન બોલશો વાત, પછી હું નહી કહુ મમ તાત. ॥ ૪૫ ॥ તવ હંસધ્વજ એમ બોલે, થોડા સુત થશે તુજ તોલે; એમ કહી જોયું પ્રધાનો સામું,જાવો તમને દેખી ખેદ પામુ. ॥૪૬॥ તવ પ્રધાનો ચાલ્યા ઉઠી,પુંઠે લોકની મેદની છુટી; હાડ હાડ કહી તાળી પાડે, કૈંક પુંઠળ રેણું ઊરાડે, ॥ ૪૭ ॥ કૈંક મોઢે ચઢી ગાળ ભાંડે,કૈંક કાંકરા મારવા માંડે,એવી સંકટદશા આવી,કર્યા ર્મની રેખા કાહાવી, ॥ ૪૮ ॥ જેનું ખાઇને ખોદે જેહ, એવી કરણીને પોહોચે તેહ, જેનું ખોદવું જે કોઇ ધારે,તેને યમકીંકર માર મારે.॥૪૯॥ થાય છેવટ નર્કનીવાશી, મુખ જુએ નહી અવીનાશી, ગયા ભુંડે હવા

લ પ્રધાનો, થઇ ગયાતા બહુ મસ્તાનો, ॥ ૫૦ ॥ વળણ. ॥ મસ્તાન બહુ થયા હતા, થઈ માહા દુરદશાય;વ્યાસ વલ્લભ વાણી વદે, શ્રોતા સુણો કથાય. ॥

કડવું ૪૬ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, સુધન્વાની કથાય. ॥ ૧ ॥ ભુંડે હવાલે પ્રધાન ગયા વરત્યો જેજેકાર; થવાનું હશે તે થાશે, યુદ્ધ વીશે નીરધાર. ॥ ૨ ॥ સુરો જન યુદ્ધ વીશે મરે, તેમાં નહી કાંઇ લાજ, તેલમાં તળાઇને નવ મુઓ, એ શુભ થયું આજ. ॥૩॥ રહીયત સઘળી નગ્રમાં ચાલી, વળી રાજાની રાણી, કુંવરી ચાલી કામની ચાલી, મનમાં ઉમંગ આણી. ૪ ॥ એટલે પાન્ડવ દળના યોદ્ધા; અરજુન સહિત જેહ; પોતે પોતાની શેન્યમાં ગયા,તતપર થઇ રહ્યા તેહ. ॥ ૫ ॥ત્યાં રહ્યું શેન્ય હંસદ્ધજનું. બોલ્હ્યા સુધનવા સુરો; પહેલો મુને જાવા દો જુધ્ધે. મોરચો કરી આવું પુરો ॥ ૬ ॥ અરજુનજીને હાર પમાડું, શું જાણે સતી સંતાન; કષ્ટી દેઇશ તવ એમની વાહારે, આવશે શ્રી ભગવાન. ॥ ૭ ॥ તેમના મુને દરસણ થાશે, મરણ સમે મમ તાત;મનુશ દેહ સફળ થયો માહારો, આ વેળા ન આવે હાથ. ॥ ૮ ॥ તે માટે હવે ત્યારી કરીને, વગડાવો નીશાન;દુન્ડભીના ડંકા દેવરાવો, શેન્યા થાયે સાવધાન. ॥ ૯ ॥ રાતી ધ્વજાયો દો રોપાવી; પછી દો આગના અમને; માહારી પક્ષે આવવા સારૂ, ના પાડું છું તમને, ॥ ૧૦ ॥ હંસદ્ધજે તવ ખુશી થઇને, રોપાવ્યા રકત નીશાન, દુંડભીના ડંકા વગડાવ્યા, સેન્ય થયું સાવધાન ॥ ૧૧ ॥ રણનાં વાગ્યાં રણસીંગાં તે, સુરાને પ્રગટયું સુર, મારીએ મરીયે જરા ન ડરીયે, ઉભરાટ આવ્યો ઉર. ॥ ૧૨ ॥ ચાલો ચાલો આયુદ્ધ ઝાલો એમ થયો પોકાર, એટલે ઝડપો ઝડપ સરવે,હાથ ગ્રહ્યાં હથીઆર. ॥ ૧૩ ॥ વાજીંત્ર વાગ્યાં વીધ્ર વીધનાંને, ઉભા થયા પગ પાળા, હાથીવાળા હાથીએ બેઠા, અશ્વે અશ્વજ વાળા. ॥ ૧૪ ॥ ઉંટ વાળા ઊંટ ઉપર બેઠા. રથ વાળા રથ માંઇ, સુધનવા હથીઆર લેઇને; રથે બીરાજ્યો ત્યાંઇ, ॥ ૧૫ ॥ કપરિ આંખડી મુછજ વાંકડી, બોકાની કશીને બાંધી, ? દળ મેદળ શેન્ય ઊપડીયું, જેવી પવનની આંધી. ॥ ૧૬ ॥ હલમલ હલમલ હાથી ચાલે, થન થન કરે તોખાર, અતી ઉ

છળતાં ઉંટ ચાલે, ઉડે રેણું અપાર. ॥ ૧૭ ॥ પાન્ડવ દળમાં તે વાત પોહોચી, એકલો સુધનવા આવે; મદદ નથી લીધિ બીજાની, શેન્યાને સાથે લાવે. ॥ ૧૮ ॥ અરજુનજી કહે ગમે તે આવે, મને છે કોની બીક; જે આવે તેને એક ઘડીમાં, કરીશ ઠીકા ઠીક. ॥ ૧૯ ॥ એવો અતી અભીમાન કરીને; ઉભો છે કુન્તી તન; ભીમ કહે માહારા અરજુન વીરા, ન બોલો ગર્વ વચન. ॥૨૦॥ ગર્વથી ગોવીંદ છે ઘણો આઘો, કરી લો મનમાં કયાસ; અરજુન કહે ગોવીંદજીને, રાખુ છું સદા પાસ ॥ ૨૧ ॥ રણછોડ સરખા રથ હાંકનારા; માહારા સમીપ છે હરી; માટે કોટીક બળીઆ આવે, પણ કેમ જાવું ડરી. ॥ ૨૨ ॥ ભીમ કહે એ હીમત તમને, પ્રભુ પ્રસન્ન છે ઝાજા; તેવા સુધનવાને પ્રસન્ન છે, તે સારૂ ખોશો માજા ॥ ૨૪ ॥ તમ કરતાં એને વશ વનમાળી, તે ચરચા જોઇ લાધી; સાક્ષાત હરીએ કરૂણા કરી, કઢાને શીતળ કીધી ॥ ૨૪ ॥ એવાતો તમે ભકતજ નથી, વીચાર કરજો મનમાં; કોણ લેખામાં આપણ છૈયે, એવું હોયે હરીજનમાં, ॥ ૨૫ ॥ અરજુનજી કહે જુઓ બતાવું, પ્રભુ છે એનો કે માહારો; એક સપાટે શેન્ય નસાડું, જોયા છે એવા હજારો. ॥૨૬॥ તવ ભીમે મન એમ વીચાર્યું, અભીમાનનો આ ભારો; કહો ના કહો પણ આજ મમ બંધુ, નીસ્ચે છે મરનારો. ॥ ૨૭ ॥ હશે એમાં આપણે શું છે, જોઇએ જો શું થાય; એવે સનમુખ સુધનવાનું, શેન્યજ આવ્યું ત્યાંય. ॥ ૨૮ ॥ તવ સામા સામી મોરચા બાંધ્યા, કીધી યુદ્ધની ત્યારી; રકત લોચને રાતા તાતા, મદના ભરેલા ભારી. ॥ ૨૯ ॥ પછી અરજુન એમ બોલ્યો, સુધનવા હરી ભકત; પણ તમથી હું શ્રેષ્ટ સેવક છું, મને જાણે સહુ જગત. ॥૩૦॥ ઉગરીયા તમે તેલ કડાથી, તેથી હશે અભીમાન; પણ મુજ સમાન્ય નથી કોઇ, વશ સદા ભગવાન. ॥ ૩૧ ॥ અવર ભકત હજારો હશે, પણ શું રીજે નંદલાલો; હું ભકતને પુજનીક પ્રભુનો, માટે સર્વેથી વાહાલો. ॥૩૨॥ મુજ સમાન નથી કોઇ બીજો, એમ કર્યો અભીમાન; સુધન્વા કહે તમારો છે ને, શું મારો નહી ભગવાન. ॥૩૩॥ તમને ફાવે તેવું જોર કરજો, ચઢેલાં રાખજો ચક્ષ; જોવું જો વિશ્વંભર સ્વામી, કરે છે કોની પક્ષ. ॥ ૩૪ ॥ પક્ષવાદી પ્રભુ ન હોય કદી, એને તો સરખા સર્વે; ગમે તેમ તમે તો બોલો નથી કરતો હું ગર્વ. ॥૩૫॥ સાચામાં સાચા શેવક તમે, બીજો નહી તમ જેવો; કેહેવા માત્રજ કીંકર હું છું ગુલામ જેવો તેવો. ॥૩૬॥ છું પાપી પાખંડી પુરો, કરનારો કુરકામ; લાલચ લબ્ધ માયામાં સ્ત

બધું ન જપુ પ્રભુનું નામ. ॥૩૭॥ નીરાભીમાની વેણુ વદે છે, હંસદ્વજનો તન; સામ સામી પછી તતપર થયા; સાંભળને રાજન. ॥૩૮॥ રાતાં નીશાન રોપી દીધાં, હદ બાંધી બેઉ બાજુ; નોબત ઉપર ડંકા પડીયા, વાગ્યું સુરી વાજું. ॥ ૩૯ ॥ સુરા જનોને સુર ભરાયાં, જોર ભરેલા જુજે; જનમના કૈં કાયર પ્રાણી, તેના તો ચરણ ધ્રુજે. ॥૪૦॥ પાન્ડવનું દળ મહા બળવાળું, સારથી મારથી ઘણા; અતી રથી નથી ખામી જરાયે, સ્વાધીન અરજુન તણા. ॥૪૧॥ તે સરવે યોદ્ધા સાથે ઉભો, સામો સુધનવા એક; બાકી બીજી શેન્યા જોડે, વઢવું છે વિવેક. ॥૪૨॥ વળણ. ॥ વઢવું છે વિવેકથી, સહુ સુરા સરદાર; વ્યાસ વલ્લભ વાણી વદે. સુણજો શ્રોતા સાર.

કડવું ૪૭ રાગ આશાવરીનો દોહરો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, સુધન્વાની કથાય, ॥૧॥ વીવેકથી વઢવું આદરીયું. બાણાવળી બેઉ સુભા; અરજુનજીને સુધનવા તે, સામા સામી ઉભા. ॥૨॥ બરાબર બળીયા બેઉ તેજશ્વી ન મળે જુગમાં જોડા; કપરી કાન્તીના સુંદર શોભે. ઘડ લંકાના તોડા. ॥૩॥ મુછોના આંકડા વળેલા વાંકડા, ફાંકડા સુરાના સાથી, લોચન રકતો છે બેઉ ભકતો, બળવંત ઈંદ્રના હાથી. ॥૪॥ કારમા કપરા જોરાવર જબરા, જેવા વનના વાઘ; સરખે સરખા બેઉ દીસે છે, મણીધર ફણીધર નાગ. ॥૫॥ પછી સુધનવા મુખથી બોલ્યો, ઉપાડો અરજુન હાથ; પ્રથમ તમે માગી લીધુ છે, યુધ અમારી સાથ. ॥૬॥ માટે તમારો હક્ક છે પેહેલો, ઓરે કુન્તીના તન; તવ અરજુને કરી તઇયારી, સમર્યા જુગજીવન. ॥ ૭ ॥ ગાંજેવનામાં ધનુશ લીધુ, ક્ષણુ ન લાગી વાર; ખેંચીને પડપંચા ચડાવી, તર્ત થયો ટંકાર. ॥ ૮ ॥ તેનો શબ્દ ત્રીલોકમાં પોહોચ્યો, ડોલ્યા દસે દીગપાળ, થર થર થર થર ધરણુ ધ્રુજી; ખળ ભળ્યું પાતાળ. ॥ ૯ ॥ અવનીથી તરૂવર ઊખડીયાં, ભોમીમાં પડી ચીર; આકાશનાં વાદળાં વેરાયાં, કુપમાં સોસાયાં નીર. ॥૧૦॥ અવાજથી ઘણાં પશુને પક્ષી, વૃક્ષોથી પડીયાં ધરણુ; તરતનાં જનમેલાં જીવો, ઘણાંક પામ્યાં મરણુ. ॥૧૧॥ ગર્ભવંતીના ગર્ભ વછુટયા, ટંકાર બહુ બળવાન; લંકામાં કપીવરછે તેને, શબ્દ પડીઓ કાન. ॥૧૨॥ તવ રામનું નામ દૈને ઉડયા, ગાજીને ગગન અ-

ડીયા;વાયુ વેગેઉછળી આવ્યા; ચંપાવતીએ પડીયા. ॥૧૩॥ રણમાંપાન્ડ
વનું દળદેખી.પાન્ડવદળમાં પેઠા;નરના અભંગ રથની ધજાયે, પુંછવી
ટાળી બેઠા. ॥૧૪॥ કપીવરની થઇ શોભા કેવી,જાણે પધાર્યા રામ;પછી
કહ્યું સુધનવાતે આરંભો સંગ્રામ.॥૧૫॥ તવ સુધન્વા ભકત હરીનો,તેને
પ્રગટી હુંશ.ડાબીખાંધેથીજમણે ભુજે;તરતલીધું ધનુશ॥૧૬॥ પડપંચા
ખેંચાને ચઢાવી,તવ થયો ટંકાર;પછી બીજા મારથીઓએ,ધનુષ કીધાં
ત્યાર.૧૭॥ પછી અરજુને બાણ લેઇને માર્યું ઢાળવા ધર્યું; સુધનવાએ
સામુ મારીને, કીધા કડકા ત્રણ ॥૧૮॥ અરજુને નાગપાસ માર્યું, સરપ
બાંધવા જાય; સુધનવે ગરૂડાસ્તર માર્યું, નાગને વેણી „ખાય. ॥૧૯॥
અરજુને પપ્રાસ્તર માર્યું,ચાલ્યું પરવતપુર;સુધનવે વજરાસ્તર મારી,
પર્વત કર્યા ચકચુર.॥૨૦॥ અરજુને અગનાસ્તર માર્યું, અગની બાળવા
જાય; સુધનવે મેઘાસ્તર માર્યું,અગ્ની બધો હોલવાય ॥ ૨૧ ॥ અરજુને
વંટોળાસ્તર માર્યું, વંટોળીયા તવ ચડીયા; સુધનવે શીતળાસ્તર
માર્યું, વંટોળીયા ભોમ પડીયા ॥૨૨॥ એટલે અરજુન અતી અકળાયો,
એકે ન સરીયો અર્થ;જેટલાં બાણ માર્યા તેટલાને, સુધનવે કર્યા વ્યર્થ,
॥૨૩॥ ધન્યજય નામ ધરાયું મહારૂં. તે સહુ છુટી પડીયું; આબરૂને
અતી લાગે હાની, એમ ધારી સુર ચડીયું. ॥ ૨૪ ॥ અગણીતા મંત્ર
ભણીને, ફેંકવા માંડયા બાણ; કાચો પોચો વચમાં આવે તો, નિસ
રી જાએ પ્રાણ. ॥૨૫॥ અગણીતું એક બાણ મારે તે, સુસવાટા કરતું
જાય; તે બાણ સામું જતા જતામાં, અષ્ટ અયુત બાણ થાય. ॥૨૬॥તવ
સુધનવે અગણીત ફેંકયાં; જેમ મધમાખી ઉડે; તેવી રીતે એક બા-
ણમાંથી, બાણ સવાલક્ષ છુટે. ॥૨૭॥ અરજુનજી તવ વિસ્મય પામ્યા,
વાળે છે આડા આંક;આજ કાલનું આ છો રંત લે છે માહારૂ નાક.
॥૨૭॥ સાખ માહારી હું ખોવા બેઠો, ઉચો કીધો હાથ; સરવે જોદ્ધા
શું જુઓ છો, ઉપડો માહારી સાથ. ॥ ૨૯ ॥ શરવે સુરા ઉપડી પડી-
યા, આયુદ્ધ ફેંકે અતી;એકલો સુધન્વા પડે પુરો, પાછો પડતો નથી.
॥ ૩૦ ॥ અરજુન બહુ ઝડપ કરીને, નાંખે બાણ અપાર, પારથ એ-
ક વેળા ફેંકે તો, સુધનવા બે વાર ॥ ૩૧॥ એક ફેરે સવા લક્ષ છુટે,
ત્યાં કોનું ચાલે જોર,અંત્રીક્ષ બહુ બહુ બાણ ભમ્યાથી, થયું અંધારૂ
ઘોર. ॥૩૨॥ ધમ ધમ ધમ ધમ ધમધણાટ ચાલે, સમ સમ સમ થાય સુંસ
વાટા; ઢાલ્યો ઊપર ખડગ ઝીલે, વાગે જોર ઝપાટા. ॥૩૩॥ જોર ઝપા-
ટે સુર સપાટે; કહ્યું ન કરે દ્રષ્ટી; બાણ ધારા છુટે છે જેવી, દ્વાદશ મેઘ-

ની વ્રષ્ટી. ॥ ૩૪ ॥ ઉછળે ગુપતી ગેડી ને ગદા, તરકસ તીર તરવાર; કર્વત કુહા ગોફળ ગોળા, જમઇઆને કટાર. ॥ ૩૫ ॥ જેષ્ટીકા ડાંગને દાંતી કેકે, છરા રહે બહુ વરશી; ખપવા ખંજર સાંગ્યને ત્રીશુળ.ભાલા બાણુ ને ફરશી. ॥ ૩૬ ॥ એ રીતે અતી ઉતપાત ચાલ્યો. નિકળે કૈના પ્રાણુ મેદનીમા માલમ નવ પડે, પણુ વળે કચ્ચર ઘાણુ. ॥ ૩૭ ॥ અશ્વના સ્વારે સ્વાર લડે છે, રથ વાળે રથવાળા; હસ્તીપર હસ્તીના યોદ્ધા, પગપાળે પગપાળા. ॥૩૮॥ કૈંક મારે ને કંક મરે છે, કૈંક ઢળે છે હેઠે; કૈંક જણાતો જનમ્યા નોહોતા, પોતાની જનેતા પેટે. ॥ ૩૯ ॥ કૈંક પડયા રણુમાં રીબે છે, કૈંક ભોમી ઘસે ચરણુ; કૈંક પડયા પાણી માગે છે. કૈં જન પામેલા મરણુ. ॥ ૪૦ ॥ વલણુ ॥ પામે મરણુ અતી ઘણા, વરતે હાહાકાર; વ્યાસ વલ્લભ વાણી વદે, સુણો શ્રોતા સાર. ॥

કડવું ૪૮ રાગ રેકારી ચેપાઈનો.

બોલ્યારે જયમુની મુખ વચન; સાંભળ પરીક્ષત રાયનારે તન; મરણુ પડયા તે પુરણુ થયા, કૈં જન ભોમીમાં એટવાઇ ગયા. ॥ ૧ ॥ કૈં જનનાં રખડે ધડ શીશ; કૈં અદકચરા પાડે છે ચીસ; કૈંકનાં કપાયેલાં નાશીકા કર્ણુ, કોકના ભુજને કોકના ચર્ણુ. ॥૨॥ કૈંકના ચાંત્ર ઉતરડી ગયાં, કૈંકનાં હાડમાંસ જુદાંરે થયાં; સમળી શીચાણા ચંચ ભરી જાય વાયશ કેરાં ઉદર ભરાય. ॥૩॥ સેન્યાના લોકો લડતારે એમ; મારથી યોદ્ધ બહુ બાજે તેમ તેમ; એવામાં અરજુને માર્યું એક બાણુ; અયુત યોદ્ધના લીધારે પ્રાણુ. ॥ ૪ ॥ તવ સુધનવા કોપીયા છેક, અગણીતું કાળ જવર લીધુંરે એક; ફેરપુંદડી ફરી માર્યું કરી રીસ, શેન્યાનાયોદ્ધ માર્યા શસ્ત્ર વીસ. ॥ ૫ ॥ તવ એક બાણુ માર્યું કુન્તીને તન; સુધનવાનિ કરી ધજા છેદન; તે જોઇ સુધનવે માર્યું બાણુ; અરજુનના સારથીના લીધારે પ્રાણુ. ॥ ૬ ॥ બીજે બાણે વર્શકેતનો સારથી; હાંકનાર વીના થયા મારથી; ત્રીજે બાણે એણે જમાવ્યો રંગ; વર્શકેતુંનો રથ કીધો ભંગ. ॥૭॥ પછી અરજુન પર ટુટીરે પડયો, હંસધ્વજનો સુત કોપેરે ચડયો; મારે અરજુનને બાણુ તણો માર, ફાડયાં વસ્ત્રને તોડયા સણુગાર, ॥ ૮ ॥ તે પછી માર્યા તીર પર તીર, વીધી નાંખ્યુ પારથનું શરીર, કૈં બાણુ ભોંકાઈ રહ્યાં અંગમાય, કૈં વાગીને આરપાર સરી જાય, ॥ ૯ ॥ તેની સાથે નિકળેરે સોણીત, અરજુનજી બનીયો ભય ભીત; રૂધીર વપુમાં

થી વહી ગયું, શરીર ચારણી જેવુંરે થયું. ॥૧૦॥ કેંક ભાલોડાં ભોં કાઇ રહ્યાં, કેંક કાયામાં સુંસરાંરે ગયા; થઇ ગઇ કાયા રૂની સમાન, અરજુનજી થયો અતી હેરાન. ॥૧૧॥ તવ એણે કીધો કારમો પોકાર બેટા વરસકેતુ કરો માહારી વાહાર; તેવો વરસકેતુ આગળ થયો, સુધન વા સામો વઢવાને ગયો, ॥ ૧૨ ॥ તવ સુધનવાયે લીધું બાણ એક, પવન મંત્રનું માર્યું વિવેક; તે લાગ્યું વર્શકેતુની રૂદે મહી, ઉછળી પડીયો બે જોજન જઇ. ॥૧૩॥ પછી પ્રભુનો પુત્ર પ્રદુમાન, નિકળ્યોઆગળ લે ઇનેરે બાણ, તવ સુધન્વે કર્યો વિચાર, ભલે આવ્યો ભગવાનનો કુંવર ॥ ૧૪ ॥ જેના તાત છે નંદકીસોર, એકવાર એનું જોઇ લઉં જોર; એમ ધારીને ધીમો પડયો, તવ પ્રદુમાન બળમાંરે ચડયો. ॥ ૧૫ ॥ જેટલા બાણ પ્રદુમાન તણાં જાય, તેટલાં ભાગે છે સુધનવાય; એક બાણ એનું વાગવાદે નહી, ત્યારે પ્રદુમાન થાકયોરે તહીં. ॥ ૧૬ ॥ પછી શુધન્વા- એ લીધું નાગપાસ, પ્રદુમાનને બાંધી કર્યો નિરાસ; તવ પ્રદુમાન વદયોરે વચન, કેં જોર મારો વાયુના તન. ॥૧૭॥ એટલે બોલ્યો અરજુન એમ; વ્રકોદર વીરા ગભરાયા કેમ; આજે નથી કરતારે જોર, નહીતો કર- તાતા સોરબકોર . ॥ ૧૮ ॥ કેહેતા હતા હુંછું બળવંત અતી, તેમાંનું જોર જણાતુંરે નથી; મીથ્યા મનમાં ધારતા ગર્વ, આજતો બળ ખોઇ બેઠારે સર્વ. ॥૧૯॥ તવ ભીમ બોલ્યો લોચન કરી રકત, શુધનવાથી તમો વડા ભકત; કેહેતાતા કે મારે વશ છે શ્રીનાથ, કર્યો તો ગર્વ ઘણો મન સાથ. ॥ ૨૦ ॥ બોલો હવે સાચો છે કીયો ભગ્ત, તમ સરખાતો ધ્રુતનારા જગ્ત, હવે તમારૂં જણવોરે જોર, હંકારથી ગયા અળગા કીશોર. ॥૨૧॥ તવ અરજુનને સત્ય લાગી વાત, મેંતો અભીમાન કીધો મારી જાત; તે ગર્વ મુજને નડીયોરે આજ, માટે મુને હરવ્યો શ્રી માહા રાજ. ॥ ૨૨ ॥ વળણ ॥ હાર્યો હું હંકારથી; કયાં ગયું માહારૂ જોર, કહે વલ્લભ કરગરે ઘણો, આવો આવો કીશોર.

કડવું ૪૯

મને ભુલી ગયો મારો છેલ્લડોરે એ રાગ.

આવો આવોને ભીડ વેળા ભુધરારે; તારા ભગ્ત તણું પત જાય વ્રજરાજ, આવોને ભીડ વેળા ભુધરારે, હુંતો હંકાર કરીને હારીયોરે

માહારૂ ચાપ્ર આ રણમાં ચુંથાય, વ્રજરાજ. ॥ ૧ ॥ માહારૂં ભક્તપણું ઘણું ધારીયુંરે, તેથી જીતી બેઠા છે સુધનવાય; વ્રજરાજ. ॥ આતો લ જયા જતી નથી માહારીરે, પ્રભુ તારી ફજેતી લુંટાય. વ્રજરાજ ॥૨॥ હું તો જગમાં કેહેવાયો વાહાલો તાહારોરે, તેથી હલકાઈ તારી દેખાય; વ્રજરાજ.॥વળી કેહેતું તું લોક નર નાથનોરે,તેતો છુટી પડયું જદુરાય. વ્રજરાજ. ॥૩॥ તમે વીપત વેળાના વાલમારે, કરી વીશમાં વ્રકોદરને સાહાય; વ્રજરાજ.॥ અમને લાખાભોવનથી ઉગારીયારે,બધી લાગીતી દશે દીશા લાહાય. વ્રજરાજ.॥ ૪ ॥ ત્યાંથી તમોએ અમોને ઉગારીયારે, આપ્યું સામથ ભીમની કાય;વ્રજરાજ.॥પછી હેડંબાસુર ચોરી ગયોરે, લેઈ જઇ પુર્યાં વજ્રકોટ માંય; વ્રજરાજ . ॥ ૫ ॥ યોગી વેશ લેવા કરી તમે પ્રેરણારે, ભીમ યોગી બનીને આવ્યો ત્યાંય; વ્રજરાજ. ॥ એણે શોચે બંધુ નાંખ્યા વાવ્યમાંરે, ત્યાંથી છુટીયાં તારા કૃપાય. વ્રજરાજ ॥ ૬ ॥ ત્યાંથી બકરાક્ષસને મરાવીયોરે, કરી નગ્રીમાં સૌને સાહતાય; વ્રજરાજ. ॥ હું તો યોગી થઇ આવ્યો દ્વારીકારે, મને પરણાવી પોતે ક ન્યાય વ્રજરાજ. ॥૭॥ અમે જુગટું રમીને રાણી હારીયારે, દુષ્ટે લેવિ ધારી નારીની લજ્યાય;વ્રજરાજ.॥તેનાં ચીર તમે પુર્યાં ચત્રુભુજજીરે. કરી દાસી જાણીને ક્ષમાય. વ્રજરાજ. ॥ ૮ ॥ પછી દ્વાદસ વરસ વનમાં વહ્યારે, આવ્યાવિપ્ર જમવાની ઇચ્છાય; વ્રજરાજ. ॥તવ અનનો દાણો ઘરમા નતોરે. ભાજીતાર જમી ભાગી ક્ષુધાય; વ્રજરાજ. ॥ ૯ ॥ પછી જેદ્રથ લેઇ ગયો પ્રેમદારે, તવ ભીમને મુક્યા તમે ત્રશાય; વ્રજરાજ.॥ જેમ તેમ કરી છોડાવી સાધવીરે;રાખ્યું સતીનું સત્ય સદાય. વ્રજરાજ॥ ૧૦ ॥ વળી કૈયાથી ઉગારી કામનીરે, તારા કરેલા ગુણ ના ભુલાય; વ્ર જરાજ. ॥ તમ તુલ્ય તાત માત કરે નહીંરે, આજ વાહરે ચઢો હું પડું પાય. વ્રજરાજ. ॥ ૧૧ ॥ વળણ. ॥ જ્યાંને ત્યાં વાહારે ચઢયા, તેવા ચઢો તમે આજ; વ્યાસ વલ્લભના નાથજી, દાસ તણી ધરો દાજ.

કડવું ૫૦ રાગ સાખીની ચાલ.

જયમુની રૂષી એણીપેર બોલ્યા, શુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, શુધન્વા કથાય. ॥ ૧ ॥ અરજુનજીએ સ્તુતી કીધી, કરીને આંશુપાત; અંતરયામી ગરૂડા ગામી,પ્રભુએ જાણીવાત ॥ ૨ ॥ ભકતની ભીડે ભગવાન ઉઠયા, દાસની દયા લાવ્યા; અદર્શ રૂપે પાન્ડવ

દળમાં, કૃષ્ણ પ્રભુજી આવ્યા. ॥ ૩ ॥ પછી પ્રતક્ષ રૂપ ધરીને, પાન્ડવ દળમાં પેઠા; રાશ પરોણો કરમાં ઝાલી, પારથને રથ બેઠા. ॥ ૪ ॥ સુધન્વાયે શ્રીહરી દીઠા, નીચો પડી લાગ્યો પાય; હવે વઢયું માહારૂં સફળ થયું, કૃપા કરી જદુરાય. ॥ ૫ ॥ હું પાપીને પાવન કીધો, મળીયા અસરણા સરણ; મોક્ષની પદવી હું પામવાનો, હવે કયારે થાય મરણ. ॥૬॥ મ્રત્યુની ઇછા ઉપની મુજને, હવે નથી કાંઇ કષ્ટી; મર્ણ સમે પ્રભુ તમ સામી, સ્થીર રહે મુજ દ્રષ્ટી. ॥૭॥ એટલું મુજને વરદાન આપો, ઓરે વિશ્વાધાર; એવિ સ્તુતી સાંભળીને, રીજ્યા દેવ મોરાર. ॥ ૮ ॥ સુધન્વાને શેવક જાણી, દયા કરી જગભુપ; કોઇ ન દેખે એવી રીતે, ધર્યું ચત્રભુજ રૂપ. ॥ ૯ ॥ દરસણ દીધાં સુધન્વાને, ભકતજને જોડયા હાથ; શીંકર ઉપર કરી કરૂણા; ધન ધન વીશ્વના નાથ. ॥ ૧૦ ॥ પછી કૃષ્ણનું રૂપ ધરીને, બોલ્યા નંદકીશોર; અરજુનજી શું હામ્રી ગયા જણવો તમારૂં જોર, ॥ ૧૧ ॥ અરજુન કહે માહારાજા, કે વારનો મરૂ મથી; પણ સુધન્વા છે બહુ બળીયો. જીતી શકાતો નથી. ॥ ૧૨ ॥ એટલે બોલ્યા અંતરયામી; તમને અભીમાન ચડીયો; તમે કહ્યું કે હું ભકત વહાલો, તે ગર્વ તમને નડીયો ॥ ૧૩ ॥ તમ કરતાં તો આ સુધન્વા, શ્રેષ્ટ શેવક છે સાચો; જ્ઞાનીધ્યાનીને વળીદાની, કોઇ કામેનહી કાચો, ॥૧૪॥ વળી મનમાં એમજ આવ્યું, પુજનીક હું પ્રભુ કેરો;એવો એવો ગરવ ધર્યાથી; આવી ગયો આ ફેરો. ॥ ૧૫ ॥ તવ અરજુને બે કર જોડયા, ભુલ થઇ માહારાજ, આખી ઉમ્મરમાં માર હાવો, મેં તો દીઠો આજ. ॥ ૧૬ ॥ ઘણાની સાથે યુદ્ધ કરયુ પણ, હાવો ન દીઠો બળીયો; અહંકાર સરવે ઉતરી ગયો, મારા માથાનો મળીયો. ॥ ૧૭॥ કૃષ્ણ કહે તમે ઘણીક વેળા. જાણોછો મનમાં એવું; મુજ સમાન નથી કોઇ બળીયો, પ્રાક્રમ માહારૂં કેવું. ॥ ૧૮ ॥ એવા એવા હંકાર તણો, ઉભરો ચઢે છે તમને, છેવટ કષ્ટ પામાને પાછા, દોડાવો છો અમને. ॥૧૯॥ અરજુનજી કહે કૃષ્ણ કૃપાળુ, મમ મન જાય છે ભમા; તમારા બોધથી ગરવ તણી જે, ઉરમી હતી તે સમા. ॥ ૨૦ ॥ તવ પ્રભુ કહે આયુદ્ધ ઝાલો, મન મુકી કરો જોર; હવે તમારી પક્ષમાં હું છું, એમ કહ્યું કીશોર. ॥ ૨૧ ॥ તવ અરજુને આયુદ્ધ લીધાં. મેઘનાદે ગડગડીયો; સુધન્વાપર રીસ ચઢાવી, મન મુકી ટુટી પડીયો. ॥ ૨૨ ॥ બાણ મારે બહુ બળ કરીને, અગણીત મંત્ર ગણીને, સુધનવાયે કર્યોસપાટો,

ભગવત નામ ભણીને. ॥૨૭ ॥ ફરી પાછો કેંદયો પારથને, પોતે ચતુર
સુજાણ; અરજુનને રૂંએ રૂંએ, ભાકી દીધાં બહુ બાણ. ॥ ૨૪ ॥ રૂ એ
છીદ્ર પાડયાં, અરજુન પામ્યો ત્રાસ; હવે માર નથી જેરવા તો, સાધ
કરો અવીનાશ. ॥૨૫॥ એટલે અંતરયામી બોલ્યા, ધર્મ તણું પુન્ય
ધારો; કાળજ્વરતે વિષ્ણુ કેરો, મંત્ર ભણી બાણ મારો. ૨૬॥તે વણ
સુધનવા નહી મરે, બતાવ્યું કારજ સીધું; તવ અરજુને કાળજ્વરના,
મંત્ર તણું બાણ લીધું; ॥૨૭॥ તે પર વિષ્ણુનો મંત્ર ભણીયો કાંઇ ન
રાખી ન્યુન્ય; તે બાણ ઉપર ધર્મરાજાનું. પોતે મેલ્યું પુન્ય ॥૨૮॥ પછી
બહુ બળ કરીને માર્યું, સુંસવાટા કરતું જાય; આવતું દેખી સ્થંભી
ઉભો, પોતે સુધનવાય. ॥ ૧૯ ॥ સામી છાતી રાખી રહ્યો, જુએ સરવે
શ્રષ્ટા; અવર વાસના બંધ કરીન, રાખા પ્રભુ પર દ્રષ્ટી. ॥૩૦॥ એવા-
માં બાણ લગભગ પોહોચ્યું, જુએ છે જગધીશ;તે બાણે જઇ સુધન-
વાનું, છેદી નાંખ્યું શીશ ॥૩૧॥ ધડને મુસતક જુદાં થયાં, તવ શી-
શ ઉંચુ ચડી ' કૃષ્ણ પ્રભુ રથ હાંકવા બેઠા; જઇ ખોળામાં પડીયું,
॥૧૨॥ અંતરયામી રીઝ્યા અતીશે. જમણે કર શીશ લીધું ;ભકતનું
ભલુ કરવા બળથી મુસ્તક ફેંકી દીધું, ॥૩૩॥ તે જઇને ગલકીમાં પડી-
યું, કૃપા કરી જગભુપ; વિષ્ણું સરણે શીશ શેવકનું, બનીયું વીષ્ણુ-
રૂપ. ॥૩૪ ॥ ધડ રથમાંથી ધરણે પડીયું, વરત્યો હાહાકાર તેવાંજ
લીલાં નીશાન ચડીયાં, યુધ્ધ બંધ થ । વાર. ॥ ૩૫ ॥ સુધનવા પ-
ડયો તે વારતા, હંસદ્વજને જાય;ખબર સાંભળીને એ હબકયો, ગજબ
થયો ધરમાંય. ॥૩૬॥ શાશને છાતી કુટતો ઉઠયો, માહારે જીવીને શું
કરવું; ભકત દીકરો મરણ પામ્યો જીભ્યા કરડી મરવું. ॥૩૭॥ સુધન-
વાના ચાર બંધુ, મુરછા ખઇ પડીયા; બીજા ત્રીજા હરીજનો હતા તે
ધ્રુશકા મુકીને રડયા. ॥ ૩૮ ॥ નયને વિશે વારતા પોહોચી, જાણ્યૂં
ભારજા ભગની; સુધનવાની માતાયે જાણ્યું; અંતર ઉઠયો અગની
॥૩૯ ॥ સહુ રડતું કળકળતું ચાલ્યું, સગું સહોદર સાથ; નગ્રની બા-
રણે ચાલી આવ્યું, બહુ થાય આંસુપાત. ॥ ૪૦ ॥ તવ પાન્ડવે
સેન્ય લેઇને, આગો કર્યો મુકામ; કલેશ મટયા પછી આવતી કાલે
આરંભશું સંગ્રામ. ॥ ૪૧॥એમ કહી જઇ પાલ તણાવ્યા, સરવે કર્યો
વિસરામ સુધન્વાનું શેન્ય સુધળું, બેઠું હારી હામ ॥ ૪૨ ॥ એવે સાથ
સહોદર આવ્યું, આવી સુધનવાની માડી; ધઢ દીઠું સુખવંતીએ
સુતનું, ઉછંગ લીધું ઉપાડી. ॥૪૩ ॥ વળણ ॥ ધડ લીધુ ઉછંગમાં,

પુરણ પ્રગટયો શોક, વલ્લભ વદે એ માવડા, મુકે કારમી પોક. ॥

કડવું ૫૧

અભેમાન બોલોનેરે એ રાગ

માહારા બાધાના બાંધેલા બાળ, શુધનવા બોલોનેરે; તાહારો અણુ ચીતવ્યો થયો કાળ, શુધનવા બોલોનેરે. ॥૧॥ આજ દીવશ ઉગીયો કેવો, સુધનવા; જાગ્યાં ત્યાંથી જોયો કાળ જેવો. શુધનવા બોલોનેરે. ॥૨॥ માથે ભમતાતા સમળી સીચાણા; સુધનવા; થયા અખંડ દીપક રાણા શુધનવા બોલોનેરે. ॥ ૩ ॥ દ્વારે કકળીયા કાળા કાગ; શુધનવા; આંગણે આડા ઉતરીયા નાગ, શુધનવા, ॥૪॥ માહારા ફરકયાંતાં અંગ લોચન, શુધનવા; ખોઇ બેઠી લાડકડો; તન; સુધનવા. ॥૫॥ માહારા ભાગ્ય શાળી સંતાન, સુધનવા, તુજ વિના હું થઇશ હેરાન; શુધનવા ॥ ૬ ॥ અણુસમજે તાતે દીધું દુખ, શુધનવા, તેથી સંતાડી દીધું શું મુખ સુધનવા. ॥૭॥ માહારો સાચો શત્રુ સ્વામી કહાવ્યો, સુધનવા, તારામન માં ગુસ્સો ઉપજાવ્યો, શુધનવા. ॥૮॥ મરતાં સુધી તે રહી તને રીસ શુધનવા; તેથી સંતાડયું મુખને શીશ. સુધનવા. ॥૯ ॥ મને વિયોગ પડાવ્યો પાકો, શુધનવા. માહરો કીયો ગ્રહ થયો વાંકો; સુધનવા. ॥૧૦॥ માહારૂં કીયા જનમનું આ કર્મ, સુધનવા; કેમ આડે ન આવ્યું ધર્મ; શુધનવા. ॥ ૧૧ ॥ મેં શું ધોયુ ગંગામાં મળમુત્ર, સુધનવા. તેથી દગો દેઇ ગયો પુત્ર; સુધનવા. ॥૧૨॥ મેં શું ભાંગી સરોવરની પાળ, સુધનવા. મેં શું અભડાવી વીપ્રની થાળ. સુધનવા. ॥ ૧૩ ॥ મેં શું ધાવતાં વછોડયાં બાળ, શુધનવા, મેં મળતું ભાગ્યું વેવીશાળ શુધનવા. ॥૧૪॥ મેં શું પરને દુખ દેઇ ધાયો ગરવ, શુધનવા; મેં શું ઉનાળે ઉઠાડી પરવ. શુધનવા. ॥ ૧૫॥ મેં શું કરેલી વિશ્વાસઘાત્યો, શુધનવા; મેં શું નોહોતરીને ન કરી નાત્યો, શુધનવા. ॥૧૬॥ મેં શું ભાણા અંતર કરેલાં, શુધનવા; મેં શું પ્રપંચ દ્રવ્ય હરેલાં શુધનવા, ॥ ૧૦ ॥ કેવી કેવી મેં કરણી કરેલી, સુધનવા; આજ ઉભી બળું છું ઠરેલા. શુધનવા. ૧૮ ॥ એમ કહી શીશના કેશ કાહાડે, શુધનવા; હસ્ત ચરણ પ્રથ્વી પછાડે, શુધનવા. ॥ ૧૯ ॥ ચોધારે નેત્રોમાં નીર, શુશુધન્વા; કંપી જાય છે આખું શરીર, શુધનવા. ॥એવો વરત્યો છે હાહાકાર, શુધનવા, ત્રાસ પડીયા છે અપરમપાર શુધનવા. ॥ ૨૧ ॥

ઘણું કલપાન્ત સરવે આરંભ્યું, સુધનવા; ગંગા જમનાનું નીરથંભ્યું. સુધનવા. ॥૨૨॥ વળણ. ॥ ત્રાહ ત્રાહ કરતાં સર્વકો, રોઇ રોઈ પુછયાં નેન; વલ્લભ વદે વીલાપથી, રડે કોવળીકા બેન ॥

કડવું પર રાગ પંજાબી કાફીનો.

મારા વીરારે, ભગનીને અગની ઉઠાડીયો, કુળના હીરારે, આનંદમાં ધ્રાસકો પાડીયો. ॥ ૧ ॥ માહારા વીરારે, પીયેર પનોતી હું હતી, બંધુ જીવોરે, પણ તુજ તુલ્ય થનારૂ નથી. ॥૨॥ હેત તહારૂંરે, વીશરે નહી મુજને ઘડી; કેઇ કરણીરે, આ વેળાયે વીપત પડી. ॥ ૩ ॥ તુજ મહોલમાંરે, જોર કરીને પેસતી; મન ગમતુરે, હઠ કરી લેવા બેસતી. ॥ ૪ ॥ મુને પુછીનેરે, વીરાતું કરતોતો વારતા; જેજે બોલુંરે, તે તમે મન વીચારતા. ॥ ૫ ॥ ઉંચે સાદેરે કાંઈ કહ્યું નથી મુજને, ઘણી વાહાલીરે, વીરા હતી હું તુજને, ॥ ૬ ॥ મુને દેખીનેરે, અડધો અડધો થઇ જતો; કોઈ દાહાડોરે, મુજ પર રીસાયોનતો. ॥૭॥ખેંચી તાણીનેરે, મન ગમતુ હું માગતી; તુજ પ્રીયાનેરે, પ્રાણુથી વ્હાલી લાગતી. ॥૮॥ તારી દ્રષ્ટીથીરે, ભોજાઇ લેતી ઉવારણાં; હવે અમારેરે તજવાં પડશે બારણાં. ॥૯॥ ભાઈ વીનારે, ભાવ કોઇ પુછે નહી; પીયર બંધુથીરે, સુખ સંપત શોભે સહી. ॥ ૧૫ ॥ બંધુ વિનારે ભગનીતો ઓશીઆળી અતી; વીર કયાં ગયોરે, વિયોગ જીરવાતો નથી. ॥ ૧૧ ॥ ઓ દૈવડારે, મુજપર તુ રૂશણે થયો; દુખ વેળાનોરે, વીરો હીરો હડતે ગયો. ॥ ૧૨ ॥ કયાં ખોવાયોરે, ખોળીઆપોકોઈ બંધવો, ભાઈ લીડનોરે, દુર્લભછેભેગો થવો. ॥૧૩॥ એમ વલ્લવલેરે, ધર્ણુ પડેને ઉઠતી, ઘણું રડીનેરે, છાતીને માંથા કુટતી. ॥ ૧૪ ॥ છુટે છોળ્યોરે, રૂધીરની અતી અંગથી; દીસે વીકરાળરે, શ્રોણીતના રાતા રંગથી. ॥ ૧૫ ॥ વળગેસ બનેરે, હાથ ઝાલીને હલાવતી; કયાં છે મુખડુરે, બોલો બોલો કહી બોલાવતી. ॥૧૬॥ વળણ.॥ એવી ગાંડી થઇ ગઇ, કોવળીકા જે બેન; પછી પ્રભાવતી રડે નીર ભરેલાં નેન. ॥

કડવું ૫૩

સૌને ચોરાશીનો ફેરો ટળ્યો છે એ રાગ.

ઝુરી ઝુરી મરૂ માનની તમારી, હવે શી ગત થાશે અમારિ; ઝુરી

ઝુરી મરૂ. ટેક; પ્રથમ વીઘનથી પ્રભુએ ઉગાર્યો, સાચો સેવક પોતાનોજ ધારી; ॥ ઝુરી ॥ ૧ ॥ કારમો કાળ તે પાછો ન પડીયો;વાહાલાંજ નતે શુ રાખે વારી૦ ઝુરી ॥ ૨ ॥ અતી ઉમંગ હતો રણ વઢવાનો, લડી વઢીને કીધી ખુવારી ॥ ઝુરી ॥ ૩ ॥ નીર વરતીથી પોઢયાતમે તો રાખી રઝળતી રણ વીશે નારી ॥ ઝુરી ॥ ૪ ॥ દગો દેઇને મુન્યથયાછો, થઇ નહી વાત સારી કે નઠારિ ॥ઝુરી॥૫॥ હળી મળીને મેળાપન કીધો, લીધો નહી લ્હાવો સંસારિ ॥ ઝુરી ॥ ૬ ॥ અરેરે હવે આ દન કેમ જાશે, દુખ આવીને પડયું ઘણું ભારી ॥ ઝુરી ॥ ૭ ॥ હાયહાયરે આ કાયાશું કરવી, જતો રહ્યો ભરથાર ભોગદારી ॥ ઝુરી ॥ ૮॥ આરે જોબનીયુંકેમ જળવાશે, કનડશે કામદેવ વિકારી ॥ ઝુરી ॥ ૯ ॥ કંથજી મુખડું કયાં સંતાડયું, વાત કરતા સહુ દુખડું વિસારી ॥ ઝુરી ॥૧૦॥ વળણ॥ એમ વામા બહુ વલ વલે, કરતિ આંશુપાત; વ્યાસ વલ્લભ વાણી વદે,નીચું જોઇ રડે તાત. ॥

કડવુ ૫૫ કોઈ લ્યોરે એ રાગ

કયાં ગયોરે કયાં ગયો માહારો લાડકવાયો તન. ટેક ॥ રમકડું ખોવાઇ ગયું, રોળાયું રતન; અરેરે મુજથ. એહનું કાંઇ થયું નહીજતન કયાં ॥ ૧ ॥ પ્રધાનોના કેહેવાથકી, કલેશ કર્યો ઉતપન; તેલમાં તળવા નાંખીયો, હું શું દેખાડું વદન, કયાં ॥ ૨ ॥ એ દીકરાએ 'માહરૂં', પાળ્યું મરવા લગી વચન; પણ એની સાચી ભક્તીથી, વાહારે ચડીયા જુગજીવન. ॥કયાં॥૩॥ મેંતો થયું તેટલું કરયું,નીર્દેથતો તદન;હલમલીયા બેટા વિના સૌ, શુનાંપડયાં સદન, ॥કયાં ॥ ૪ ॥ અરેરે એની પ્રેમદા કકળી કરે છે રૂદન; મોહોલમાં રડે દાશીયોને, ભયંકર .ભાસે ભોવન. ॥ કયાં ॥ ૫ ॥ ઘરબાર માહારે શા કામનું, જઇ વસુ અરન; ક્ષુધા પીપાશા છો પીડે, મ્હારે નહી લેવું જળ અન. ॥ કયાં ॥ ૬ ॥ વળણ. ॥ એમ કલ્પાંત કરે ઘણું, ભુ ભાસે ભયંકાર; વ્યાસ વલ્લભ એમ ઓચરે, વરત્યો હાહાકાર. ॥

કડવું ૫૪ રાગ સાખી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારિ

તુજને સંભળાવું, સુધનવાથી કથાય ॥ ૧ ॥ તાત રડે છે માત રડે છે. ભ્રાત રડે છે ચાર; ભગની રડે છે ભાર્જા રડે છે, વરત્યો હાહાકાર. ॥૨॥ બહુ બહુ રોતાં પૃથ્વી પડતાં, કુટી નાંખે કાયા;શૌને હરધડી સાંભળી આવે, સુધનવાની માયા ॥ ૩ ॥ સ્વભાવ સારો તેથી પ્યારો, ઘડને વારંવાર જુએ; અકેકો ગુણ સંભારીને ચોધાર આંસુએ રૂએ. ॥ ૪ ॥ તેવે સમે શેન્યાપતી સારો જ્ઞાની ગુણ ગંભીર; સરવેને બોધ કરવાલા ગ્યો. રડતાં રહી જાઓ સ્થીર. ॥ ૫ ॥ સુધનવાને સીદ રડોછો, એ ગયો એને ઠામે; જ્યાંથી આવ્યો ત્યાં જઇ બેઠો, વળગ્યો પોતાને કામે. ॥ ૬ ॥ તમારે આંહી આવ્યો હતો,કરવાને ગુમાસ્તી;અંજળ હતું ત્યાં લગી કરી, કાં થોડી કાં જાસ્તી. ॥ ૭ ॥ વળી જે સ્થળ પડયો હશે ત્યાં તેની એને હોય જંજાળ;જેની દુકાનેથી ઉઠયો તેની,ફરી નલે સંભાળ ॥૮॥ જેને ત્યા ગયો તનું સંભાળે, કે સંભાળ તમારૂં; માહારો માહારો કરોછો તેતો,જ્ઞાન વિના અંધારૂં.॥૯॥નહિ તમારો તમે નહિ એના,જ્ઞાન ગતિ વિચારો;જેનો સંગ થયો તેને શૌ: માની લે છે માહારો ॥ ૧૦ ॥ પુત્ર હતો માટે પોતાનો માન્યો, પણ એ મીથ્યા ગર્વ; પોપટ પાળ્યો તે પોપટને, માહારો કહે છે સર્વ. ॥ ૧૧ ॥ હય હસ્તી કે બળધ બાંધે, તેને પણ કહે માહારો;નથી જ્ઞાતી નથી જાતી, પણ દુનીયાનો ધારો, ॥ ૧૨ ॥ તેવાજ તમે માહારો કહોછો,પણ તે નહી તમારો; તેવા તમે તેના નથી, વિવેક વાત વિચારો. ॥ ૧૩ ॥ તેના તમે ને તે તમારો, સત્ય રીતે જો હોય, તો અન્યો અન્ય તરછોડીને,ચાલ્યું ન જાયે કોય ॥ ૧૪ ॥ ચૈતન્યની માયા નથી ને,માયાનું નથી ચૈતન્ય; તેવા તમે અન્યના નથી,નથી તમારૂ અન્ય ॥ ૧૫ ॥ એક ખોળીએથી જીવ છુટી, બીજે ખોળીએ જાય; જે જે ખોળીએ જીવ પ્રવેશે, તે ખોળીયાનો તે થાય. ॥ ૧૬ ॥ એક જીવ અનેક જનમો લે છે, તજે છે પુર્વ સગાઇ; સામા શત્રુને ઘેર જનમે, તવ કયાં ભગની ભાઇ. ॥ ૧૭ ॥ આપણા શામી કટી કશીને,તે જીવ વઢવા આવે; પેહેલાનું સગપણ ભુલી જઇને, ગાળો ખોટી ખવરાવે.॥૧૮ ॥ પ્રથમના જનમનું લાન્છન, પોતાનું હોય જેહ;સામા થઇને મારે મેહેણું, જે કત્ય કરેલું તેહ. ॥૧૯॥ તેતો મેહેણું નહી પોતાને,જુઓ જગતની બાજી;મીથ્યા વસ્તુ એ સાચી માની, અજ્ઞાનથી થાય રાજી. ॥ ૨૦ ॥ તેવું અજ્ઞાન છે તમોને, માટ માનો છો માહારૂં;પણ નથી કો કોનું: કોઇ, દીપક કેડે અંધારૂં. ॥ ૨૧ ॥ કોનાં સગાંને કોનાં વાલાં કોના પીતાને પુત્ર; કોના બંધવ

કોની બેહેની,કોનું છે ઘર સુત્ર. ॥ ૨૨ ॥ ભામાની કોની ભરથાર કોનો, કોનાં ઘરને બાર, કોની રીધસીધ કોની નવનિધ; કોના વસ્ત્ર શણુગાર. ॥ ૨૨ ॥ રળી રળીને ભંડાર ભરીને, છેવટ મુકી જાય; બીજે જનમે આવે લેવા, તવ તે ખાસડા ખાય. ॥ ૨૪ ॥ એક કોડી માંહીથી નવ પામે, ત્યારે તે રળેલો કેવું, વિવેકથી વારતા લ્યો વીચારી, ઝાંઝવાના જળ જેવું. ॥ ૨૫ ॥ ના ખાધુને ના ખવરાવ્યું, ના દેખાડયું ને ન જોયું, એવા પ્રાણીએ મેહેનત કરી; કહો રળ્યો કે ખોયું. ॥ ૨૬ ॥ રળેલું ખોયું જીવતર ખોયું,માહારૂં માહારૂં કરી મુઓ;પોતાનુંપોતાને કામ ન લાગ્યું,કેહેણીમા નાદાન હુઓ. ॥૨૭॥ અજ્ઞાની અથડાય છે અવળો, સવળો ન ઝાલ્યો પંથ, કાકા બાપા કેહેવરાવવાને,લીધો લક્ષમી તંત ॥૨૮॥ મામા માસા ફુઆ મોટા ભાઇ, કેવરાવવા કરે એવું; શૌને આપે સારા કેવરાવવા, પોતાને લેવાનું નેવું. ॥ ૨૯ ॥ ઠાલો આવ્યો ને ઠાલો ગયો ન ખવરાવ્યું ન ખાધું;ન લાહાવ લીધો ન લાહાવ દીધો, નહી સુખીયો નહી સાધુ. ॥ ૩૦ ॥ સ્વારથ પોતાનો સર્યો નહ‌ી ને, પરમારથ નવ થયું,જસની આશાયે સગાં સંતોસ્યાં,એનું તો એળે ગયું ॥ ૩૧ ॥ કરમ ચંડાળ કરમ ફુટેલો; પોતાનો જીવ ન પોસ્યો, તો પછી પરનો કયાંથી પોસે,સગામાં ખજાનો ખોસ્યો ॥૩૨॥ તે પણ હાથે કરીને ન આપે,મરતાં સુધી મુઝી;સાસહોયે ત્યાં સુધી સમજે,છે બધીમાહારી પુંજી॥૩૩॥એવું સમજી દીવસ કહાડે,તવ ત્યાંનું ત્યાં રહે; માટે અભાગીયો અજ્ઞાની,માહારૂં માહારૂં મુખ કહે॥ ૩૪ ॥ ઘણાંક પ્રાણી એવું સમજે, લેએ હરીનું નામ; તેથી કલ્યાણ થઇ જવાનું, કેમ ખરચીએ દામ ॥૩૫॥ વારૂં એમ સમજીને સાચે, ન કરે ઉંચો હાથ; પણ છેવટ ત્યાંનું ત્યાં રહે છે, શ્રીયો લેઇ ગયો સાથ ॥ ૩૬ ॥ વળણ ॥ સાથે લેઇ ગયો નહી, માહારૂં કહે મીથ્યાય; વ્યાસ વલ્લભ વાણી વદે, બોધ કર્યો બહુ ત્યાંય. ॥

કડવું ૫૬ રા ચોપાનીઈ ચાલ

બોલ્યા જયમુની મુખ વાણી, રાજા સાંભળ ઉલટ આણી; શેન્યાપતીયે બોધજ કરીયો,સર્વના મનમાં ઉતરીયો. ॥ ૧ ॥ કોનાં સગાં ને કોનાં વ્હાલાં, માહારાં માહારાં કહીએ તે ઠાલાં;નથી કોઇનું સગું કોઇ, હવે શું હીએ છીએ જોઇ. ॥ ૨ ॥ ઉંડો અગની સંસકાર કરીયે, થયું

ધારેલું જે શ્રી હરીએ, કહીને ધડ ભોમ શુવાડ્યું, પછી ક્રીયા કારજ માંડ્યું. ॥૩॥ લાવ્યા કાષ્ટને ખડકી ચીતા, વહે જ્યાં નીરમળ સરીતા, પછી ચીતામાં શબ દીધું મુકી,પ્રગટાવ્યો વહની ફુંકી. ॥ ૪ ॥ શબને કરયુ સારૂ દફન; જળમાં વેહેવરાવ્યું પાવન: પછી સરવે કીધું સ્નાન; વળ્યા પાછા ભજી ભગવાન. ॥૫॥ એવે દીવસ વીતી ગયો, તવ રાયને વીચાર થયો; કાહાવ્યો શેવક શું સમાચાર. જ્યાં કુન્તી તણા કુવાર. ॥ ૬ ॥ અમો કાલે યુધ્ધે આવવાના, સર્વ શૈન્ય સાથે લાવવાના, તમે તમારે તઈયાર રહેજો,કાલે મન મુકી યુદ્ધ દેજો. ॥૭॥ એમ કહીને કીધું સદ્યન, થાય નીર્વંત કુન્તી તન;એત્રે સમે રેણી ગઇ વિતી,ઉઠયા પ્રભાતે ધરી ભયભીતી. ॥૮॥ નાહી ધોઇને ભોજન કીધાં, પછી સરવે આયુદ્ધ પીધાં; વળી કવચીયા બકતરીયા, સહુ યોધે હથીઆર ધરીયા. ॥ ૯ ॥ થયા મારથી સારથી ત્યાર, કરી સ્વારી ઘોડાને સ્વાર; હાથીવાળા તે બેઠા હાથી,ઉંટ ઉપર સુરાના સાથી. ॥ ૧૦ ॥ પગ પાળા જબ્બર જસી, ગ્રહ્યાં ઉઘાડાં ખડગો હસી; જેના શરીરમાં જોર જુસ્સો; તેને વ્યાપી રહ્યો છે ધુસ્સો. ॥ ૧૧ ॥ રાતા તાતા ને મદ માતા;વઢવાને ઉતાવળા થાતા;પગ પાહાનીની પડઘી પછાડે;અતિ આંખના ડોળા કહાડે. ॥ ૧૨ ॥ એવે અરજુનજી થયો ત્યાર, એણે હાથ ગ્રહ્યાં હથીઆર, પોતે કટી કસીને બાંધે, બાંધ્યો બાણનો ભાથો ખાંધે. ॥ ૧૩ ॥ લીધું ગાંજેવનામા ધનુશ; રણ સંગ્રામ જાવાની હુંશ; બેઠો અભંગ રથ પર ચઢી; ઉઠયા કૃષ્ણ પ્રભુ તે ઘડી. ॥ ૧૪ ॥ રાશ પરોણો ઝાલ્યો હાથ; બેઠા હાંકવા દીનાનાથ;તવ રણશીંગાં રણનાં વાગ્યાં; સુરા પુરાને સારાં લાગ્યાં ॥ ૧૫ ॥ ઘણાં ગડગડીઆં નીશાન, ચઢયો સતી તણો સંતાન જેણે જુગમાં નર ધર્યું નામ,કીધો મેદાનમાં મુકામ. ॥ ૧૬ ॥ એવે હંસદ્વજ જે રાય, તેની તતપર થઇ શૈન્યાય;સુરા પુરાને પરચંડ જમ જેવા,ગ્રહ્યા યમદંડ. ॥૧૭॥ લીધાં ખડગ ખુસી થઇને, ઉભા રાજાની પાસે જઇને; તવ હસદ્વજ જેવો વાઘ, એણે સ્વેત ધર્યો પોશાગ. ॥ ૧૮ ॥ બાંધી બોકાની સ્વેત પટકે,એને પુત્ર મુએલો ખટકે; એને હસ્ત ગ્રહ્યાં હથીઆર;મનમાં વેહેર લેવા વીચાર. ॥ ૧૯ ॥ એના સુખે ન સુંદર સુત, તે તો સર્વ છે આકળા ભુત;સૌને પારથ પર છે રીસ; કેમ બંધુનુ છેદયું છે શીશ;એવા રીસ ભરેલા સર્વ, બળ તણો ઘણો છે ગર્વ; સહુ વાજતે ગાજતે પળીયા,ચાલ્યા યુદ્ધ કરવા માહા બળીયા. ॥ ૨૧ ॥ તવ હંસદ્વજની નારી,સુખવંતી સતી શુભ સારી,આવી પતીની પ્રત્યે કેહે

છે, મનમાં એક ઇચ્છા મને છે, ॥ ૨૨ ॥ તેટલી પુરણ કરો નાથ, હું તો માગુછું જોડી હાથ; તવ હંસધ્વજ એમ પુછે, પ્રેમદા તુજ ઇછા શું છે. ॥૨૩॥ તવ સુખવંતી કહે સ્વામી, તમ ઘેર અતિ સુખ પામી; સહુ સ્વારથ વૃતિ થૈ પુરિ, પરમારથ છે અધુરિ, ॥૨૪॥ તવ હંસધ્વજ એમ કહે છે, માગ્ય માગ્ય શું માગી લેછે; તાહારે કરવું હોય કાંઈ પુન્ય, નથી ઘર માં દ્રવ્યની નુન્ય. ॥ ૨૫ ॥ આપો હય હસ્તી ગૌદાન, આપો ઘર ગામ ભંડારવાન; તવ સુખવંતી સતી બોલી, સદા મુષ્ટી મુકી છે પોલી. ॥ ૨૬ ॥ પુન્ય કીધાં છે તમ પ્રતાપે. નથી ભગવાન મળીયા આપે, આ જ ઘેર બેઠે આવી ગંગા, પધાર્યા છે પ્રભુ સરવ રંગા. ॥૨૭॥ રાશપરોણો ઝાલી હાથ, રથ હાંકે છે દીનોનાથ; અરજુનની સંગે સામળીયો, આજ દીવસ આપણો વળીયો. ॥૨૮॥ તેને નગ્રમાં તેડી લાવો, મુજને દરશન કરાવો; વળી રહીઅત દરશન કરશે, હશે પાપીષ્ટ તે પણ તરશે ॥૨૯॥ તેથી તમને થાશે બહુ પુન્ય, પછી નહી રહે કાંઈ નુન્ય; એવા સાંભળી યા નારીના બોલ, રાયે કીધો મનમાં તોલ. ॥ ૩૦ ॥ નારીએ ઠીક માગ્યું આજ. પણ કેમ થશે તે કાજ; નમીને ઘેર લાવું તેડી, તો તો લાજે ઇકોતેર પેહેડી. ॥ ૩૧ ॥ કેહેશે યુદ્ધનું નોહોતું જોર, તેથી સમજાવ્યા નંદકીશોર; પરણીપતથી તેડયા ઘેર; તેથી અરજુને રાખી મહેર. ॥ ૩૩ ॥ એવી જગત કીરતી થાશે, માહારૂં ક્ષત્રી પણું બધું જાસે; માટે એમ કરવું નવ ઘટે, હું તો તેડી લાવું રાજવટે. ॥૩૩॥ યુદ્ધ કરીને હું હરાવું, મારતા મારતા હાંઈ લાવું; આખા નગ્રમાં ફેરવું જોરે, અરજુનની સંગ કિશોર. ॥ ૩૪ ॥ એમ સમજીને બોલ્યો રાય, નારી બેશી રહો ઘરમાંય; લાવું નર નારાયણ બેઉ, દરસન રહીઅતને દેવું. ॥ ૩૫ ॥ સરવ પ્રજાને લેવરાવું લાહાવો, સહુ કેહેશે મળ્યો રાય હાવો, એમ નીશ્ચે કરી નીકળીયો; લેઈ આયુદ્ધ ઉપડયો બળીયો. ॥ ૩૬ ॥ સાથે પુત્રને વળી સન્યા, યુદ્ધ કરવું તેમાં નહી અન્યા; માહા બળીયા પુત્રો ચાર, સર્વના હાથમાં હથિયાર. ॥ ૩૭ ॥ સહુ આવ્યા નગ્રની બહાર, વાગે વાજીંત્ર અપરમપાર; ફરૂકે છે ધજા નીશાન. રક્ત લોચને બહુ બળવાન ॥૩૮॥ ધાર્યો જય પામવા મનસુબા, આવી પાન્ડવ સામા ઉભા; સામાસામી મોરચા રાખ્યા, પછી ક્રોધ ઘણેરા દાખ્યા. ॥૩૯॥ કર્યો અરજુને ટંકાર આવ્યા અંજનિના કુંમાર; બેઠા ધજા ઉપર ચઢી, સારી શોભા થઈ તે ઘડી. ॥ ૪૦ ॥ પછી સુરથ સુત છે જેહ, બોલ્યો પીતા પ્રત્યે તેહ; તાત તમે સૌ રહો દુર, હું તો યુદ્ધ કરૂં ભરપુર. ॥ ૪૧ ॥ મારા બંધુને

માર્યો ડેર, માટે લેવું છે વેહેરે વેહેર; કાંતો જીવતો નાવું ઘેર, કાંતોકરૂં કાળો કેહેર. ॥૪૨॥ તવ હંસદ્વજ જે રાય, થયો અળગો લઇ સેન્યાય; તવ સુરથ કોપે ચડીયો, લેઈ ધનુશ ટુટી પડીયો. ॥ ૪૩ ॥ વળણ. ॥ ટુટી પડીયો ટેકથી, ધાર્યું છે વીપરીત; વલ્લભ વદે સુરથ તણું, કૃષ્ણ સમીપે ચીત.

કડવું ૫૭ રાગ સાખીની ચાલ.

જયમુનિ રૂશી એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાય; વીસ્તારિ તુજને સંભળાવું, કહું યુદ્ધ તણો મહીમાય. ॥ ૧ ॥ સુરથ છે માહા સુર ભરેલો, મન મુકી વઢવું ધારે; અગણીતા મંત્ર ભણીને, બાણુ વ-ણેરાં મારે. ॥૨॥ અરજુનજી એક બાણુ મારે, એંશી હજાર બાણુ થાય; સુરથ એક બાણુ મારે, તેના બાણુ સવાલક્ષ જાય. ॥૩॥ અરજુન એક વાર મારે તેમાં, સુરથ ત્રણવાર મારે; જેને વાગે તેને લાગે, ત્રાહ્ય ઘણી પોકારે. ॥૪॥ પાન્ડવ કેરી સૌ સૈનામાં, બાણુ સુરથનું દમે; જેવા કોટીક મધપુડા ઉડયા, મક્ષીકા પેરે ભમે. ॥૫॥ વળી સૌ સૈન હથીઆર ફેંકે, થાય છે સોરબકોર; દીવશે દીનમણી ન દીશે, થાય અંધારૂં ઘોર. ॥૬॥ સણુસણુ શુસવાટે સર ચાલે, વાગે તેને પડે કષ્ટી; ઉપરા ઉપરિ આયુદ્ધ આવે, જેવી મેઘનિ વ્રષ્ટી. ॥ ૭ ॥ રાતા તાતા મદના માતા, થાતા બળીયા યોદ્ધ; શાન્તી ન મળે કોઇ જીવને, વ્યાપી રહ્યોછે ક્રોધ ॥૮॥ મારવું મરવું પાછા ન ફરવું, એનું એ લાગેલું ધ્યાન; ઘા વાગે તેની ગણુતરિ નથી, શુરમાં શુરા બેભાન. ॥૯॥ કૈંક મારેછે કૈંક મરેછે, કૈંક કપાયને કાપે; કૈંક જણા જીવ લે સામાના, કૈંક જણા જીવ આપે. ॥૧૦॥ કૈંક પડેલા પાડે અવરને, રઝળે રણુમાં શીશ; કૈંક પડયા પાણી માગે, નાંખે છે કારમી ચીસ. ॥૧૧॥ ઘણો સમર્થ શુરથ બળીયો, દારૂણુ દૈવત દાખ્યો; અરજુનજીને રૂંએ રૂંએ, બાણેથી વીંધી નાંખ્યો. ॥ ૧૨ ॥ વસ્ત્ર વપુનાં ફાડી નાંખ્યાં, વાગ્યાં બહુ હથીઆર; શરીર છીદ્રથી ચારણિ જેવું, વહે રૂધીરની ધાર. ॥ ૧૩ ॥ કુન્તાનો કું-વર કાહાર થયો, ગયો શરીરનો રંગ; પરોણાથી પુરશ પુરાણી, પોતાનું જાળવે અંગ. ॥૧૪॥ એવે અરજુન કહેવા લાગ્યો, કેમ કરૂં ઘનશામ; શુધનવાથી આ બહુ બળીયો, હાર્યો માહારી હામ. ॥ ૧૫ ॥ પ્રભુ કહે પાછા પડો છો, કરો જરાએક જોર; મારિયે મારયે, પણ યુદ્ધ કરિયે, એમ

કહ્યું કીશોર ॥૧૬॥ તવ અરજુનને સુર ભરાયું, મુકી મરવાની બીક; અગણીતા મંત્રો ભણીને, દીધી બાણુની ઝીક. ॥૧૭॥ પછી કાળજ્વર બાણુ લીધું,જુએ છે જગધીસ,સુરથનાસારથીનું તે બાણે,છેદીનાંખ્યું શીશ. ॥ ૧૮ ॥ બીજુ કાળજ્વર અગણીત મંત્રનું, બળ કરીને માર્યું; તે બાણેથી સુરથ તણું,એક ક્ષોણી સેન્ય સંહાર્યું. ॥૧૯॥ તવ શુરથને મહા રીસ વ્યાપી, વિપ્રીત ખેલ લડાવ્યો. પવનાસ્તર મારી પારથનો, આકાશ રથ ચડાવ્યો. ॥૨૦॥ તે રથ અંત્રીક્ષ જઇને સ્થંભ્યો, શુરથે શું કામ કીધું;કાળજ્વરનો મંત્ર ભણીને,અગણીતુ બાણુ લીધું ॥ ૨૧ ॥ તે પાન્ડવની શેન્યમાં માર્યું,તેનાં થતાં બહુ બાણ,જેને વાગ્યું તેનેલાગ્યુ બે ક્ષોણીનો ઘાણ. ॥ ૨૨ ॥ ઘાણુ વળી હથરાણુ થયું ને, બીજા પામ્યા ત્રાસ; તેવું શુરથે ભાથામાંથી,બાણુ લીધું નાગપાસ, ॥૨૩॥ પ્રદુમાન છે પુત્ર પ્રભુનો, તેને બંધન કીધો; કરણાનંદન વર્શકેતુને, અવળો બાંધી લીધો. ॥૨૪॥ એટલે ભીમે મન વીચાર્યું, વળીઓ આડો આંક; આતો નાહાના છોકરાયે, ધરીને વાઢયું નાક. ॥ ૨૫ ॥ એકવાર મરવું પણ યુદ્ધ કરવું, કહીને કટી કશીબાંધે;હસ્તીની પેરે કરી ગરજના,બળમાં ગદા ધરી ખાંધે. ॥ ૨૬ ॥ હડુડુ લઇને હાક મારી, ક્રોધ ઘણેરો ચ-ડીયો; મરવું આદરી નેત્ર મીચી, સનમુખ ટુટી પડીયો. ॥ ૨૭ ॥ આવ્યો સપાટે શુરથ સામો, ક્રોધ હળાહળ લાગ્યો; બે ભુજે ગ્રહી ગદા મારી, અશ્વ સહીત રથ ભાગ્યો. ॥ ૨૮ રથ વણુ થયો ને ગભરાયો, હં-સદ્વજનો તન; ઘાંટો કાઢી શેન્યમાં કહ્યું, રથ લાવો કોઇ જન ॥ ૨૯ ॥ એટલામાં ભીમ ધશીને આવ્યો,કાઢું શુરથનો પ્રાણ;તેવો કુંવર ચેતી ગયો તે, ઝડપ ચડાવ્યું બાણુ. ॥૩૦॥ મોહાસ્તરનો મંત્ર ભણીને, ભી-મના સામું ધાર્યું;વ્રકોદરના આવતા પહેલાં,હ્રદેમાં ભોંકી માર્યું. ॥ ૩૧ ॥ તેથી ભીમની હ્રદે ભેદાણી,પ્રાણુજ ઉંચો ચડીયો; શરીરની શુદ્ધી ગઇ ને ઢળી ધરણુ પડીયો. ॥ ૩૨॥ તવ ત્રાસ પામ્યા શેવક સઘળા, આજ જવાનો પ્રાણુ;ઘણા ઘણા અજમાવ્યા પણુ,આતો બહુ બળવાન.॥૧૩॥ અરજુનનો રથ આકાશ વીશે, ત્યાં હરીને કરગરતો; ઓ મહારાજા હવે શું કરવું, જીવ માહારો નથી ઠરતો ॥૩૪॥ શેન્ય વીશે સથરાણુ વાળ્યું; જુઓ વરકોદર પડીયો, મુજને અંત્રીક્ષ ટાંગી દીધો, સુરથ સ-રવને નડીયો. ॥૩૫॥ તવ પ્રભુ કહે પ્રથમ પેહેલાં, ટીશી કરેલી નાગી; વાંકા વળીને રથ નીચેનું બાણુજ નાંખો ભાગી. ॥૩૬॥ એટલે અર-જુને બાણુ લીધું, દૈવત પોતાનું દાખ્યું;વાંકા વળીને રથ નીચેનું,બા-

ણુ મારિ બાણુ ભાગ્યું ॥ ૩૭ ॥ એટલે રથ ઉતરવા લાગ્યો, સમજ્યો અરજુનરાય; આકાશથી ઉતરવાનો માહારે, હાથ હતો ઉપાય. ॥૩૮॥ કેટલો કરગર્યો ત્યારે કૃષ્ણે,આટલો બતાવ્યો ઘાટ, તે વિદ્યા છે માહારી પાસે, ઓશીઆળા શા માટ. ॥ ૩૯ ॥ એવો મનમાં અભીમાન આવ્યો જાણ્યું નંદકીશોર;એટલામાં રથ દીઠો સુરથે,તરત કીધું જોર. ॥ ૪૦ ॥ બીજું પવનનું બાણ લીધું, રથમાં માર્યું મુકી મન;તેથી અભંગ રથ અરજુનનો, ફરી ચઢયો ગગન. ॥ ૪૧ ॥ તવ અરજુને અરજ કીધિ, ઓરે જુગદાધાર; સુરથ રથ નહી દે ઉતરવા, વરત્યો હાહાકાર. ॥૪૨॥ માટે ઉપાય કાંક બતાવો મેં તો મારૂં બળ નાણ્યું;પ્રભુ કહે વીદ્વાન તમેછો. શું છે તમારૂં અજાણ્યું. ॥ ૪૩ ॥ અંતરયામી જેવા તમેછો, વળી ઘણા વીદ્વાન; રથ હાંકનારાની કેટલી બુદ્ધી, કયાંથી તમો સમાન ॥ ૪૪ ॥ એટલે અરજુન એમ સમજ્યો,મેં કર્યોતો હંકાર; માટે મોહન મઇડ બોલ્યા,રીસાયા જુગદાધાર, ॥ ૪૫ ॥ એવો પુર્ણ પસ્તાવો કીધો, પછી પ્રાર્થના કીધી, તવ પ્રભુને ઉપની દયા, સત્તા સુરથની લીધી. ॥ ૪૬ ॥ એટલે સુરથ નીરબળ થયો. ખશી ગયું બધું જોર; પછી પારથને ઉતરવાને,કામ કર્યું કીશોર. ॥ ૪૭ ॥ ચઉદ બ્રાહ્માન્ડનો ભાર મુકયો, બળ તણો ખેલ કરીયો, એટલે અભંગ રથ ગગનેથી, પૃથ્વીપર ઉતરીયો, ॥ ૪૮ ॥ વળણ ॥ રથ પૃથ્વી પર ઉતર્યો, ઊભો સુરથ સનમુખ; વ્યાસ વલ્લભ વાણી વદે, દળમાં દારૂણ દુખ. ॥

કડવું ૫૮ રાગ સામેરીનો દોહરો.

જયયુની રૂશી એણીપેરે બોલ્યા, સુણ પરીક્ષત સંતાન;વીસ્તારી તુજને સંભળાવું, સુધનવા આખ્યાન. ॥ ૧ ॥ દળમાં દારૂણ દુખ દીઠું. અરજુનજીએ દ્રષ્ટ, અરેરે માહારી શેન્યાને, પુરણ પાડયું કષ્ટ. ॥૨॥ હવે વીશ્વંભર મુજપર રાજી; થયા એવું મને લાગે; નહી તો રથ કયાંથી ઉતરે હેઠો, ઉતરતાં બાણ વાગે. ॥ ૩ ॥ બહુ બાણ સુરથ મારી ચુકયો પણ નવ લાગ્યું એક;એટલી સાહાય કરી સામળીયે રેહેશે મારો ટેક. ॥ ૪ ॥ એવી રીતે શ્રદ્ધા ચોટી, હાથમાં લીધાં બાણ; સુરથ સુર જણાવજે તારો હવે વાળું છું ઘાણ. ॥ ૫ ॥ એમ કહી સુત સતીનો, મેઘનાદે ગડગડીયો, અગણીતા મંત્રો ભણીને મારવા ટુટી પડીયો, ॥ અરજુનજીનું એક બાણ છુટે, અનેક તેનાં થાય; જેને વાગે તે ધ-

રણ ઢળે, યોદ્ધા કરે ત્રાય ત્રાય, ॥ ૭ ॥ જેને વાગ્યું તે જન ભાગ્યું, ઢળીને પડે ધરણ; કૈંક ઘડી વાર તરફડે કંઈ, તરત પામે મરણ ॥ ૮ ॥ કૈં જીવ સ્વરગે કૈં જીવ નરકે, કૈં પામ્યો વૈકુંન્ડ વાસ; ફળ પામે કર્યા કર્મ પ્રમાણે, દાતા શ્રી અવીનાશ. ॥ ૯ ॥ એવો સપાટો નરનો જોઈ, સુરથે કીધું જોર, તવ બળ આકરશણ કર્યું એનું, પોતે નંદ કીશોર ॥૧૦ ॥ તેથી કરી સુરથ બાણ ફેંકે, ઘણું નીરબળ જાય; પેહેલાં ત્રણ લક્ષ છુટતાંતાં તે , અષ્ટ અયુત બાણ થાય. ॥ ૧૧ ॥ તવ સુરથ મન વીસ્મય પામ્યો,કોણે કરી બાણ ચોરી; કહો ના કહોપણ શામ્રથ ગયું, પારથ ગણાયો ધોરી. ॥ ૧૨ ॥ ઇશ્વર વીના કો નહી સામર્થ હરણ બળ કરવાને; નકામી શીદ તસ્દી લેઉ, ત્યારા થઇ મરવાને, ॥ ૧૩ ॥ એવું સમજી ખડગ પોતાનાં, નાંખી દીધાં ધરણ; એટલે શુરથ પ્રત્યે બોલ્યા, પોતે અસરણા સરણ, ॥ ૧૪॥ કેમ આયુદ્ધ તમે ફેંકી દીધા, યુધ્ધ કરી જીતો અમને, શુરથ કહે સામળીયાજી;હાવું ઘટે નહી તમને ॥ ૧૫ ॥ શમ વીશમ પણું તમે કરો છો, ધણીને તે નવ ઘટે; અરજુનને વઢવા દ્યો તમે, મુજ સંગે રાજવટે. ॥ ૧૬ ॥ ક્ષત્રી પણું એવું બતાવું, ઓરે દીનાનાથ; મન મુકી મેં નથી બતાવ્યા, નરને મારા હાથ. ॥ ૧૭ ॥ મેં શું અપરાધ કીધો તમારો ઓરે નંદકીશોર; હતું તેવું પાછું આપો, મુજનં માહારૂં જોર. ॥ ૧૮ ॥ મોહનજીએ મન વીચાર્યું, શુરથે જાણી વાત; લોક જાણે તે એવું કહેશે, પ્રભુએ કરી પક્ષપાત. ॥ ૧૯ ॥ અન્યાઇ આરોપ આવશે મુને, એમ વીચારી લીધું; આકરશણ બળ કરેલું તે, શુરથને દેઇ દીધું; ॥ ૨૦ ॥ તવ શુરથને શામર્થ આવ્યું, હાથ ગ્રહાં હથીઆર, અરજુનના સામો રહીને,દેવા માંડયો માર, ॥ ૨૧ ॥ હતું તેવું બળ દાખવ્યું એણે બહુ બળથી દીધાં બાણ. આવી અરજુનની આખર વેળા, બાકી રહ્યો જવો પ્રાણ. ॥ ૨૨ તવ પારથે પ્રાર્થના કીધી. કૃષ્ણ પ્રભુની જ્યારે, દયા ઉપની રણછોડજીને. રસ્તો બતાવ્યો ત્યારે. ॥૨૩॥ પુન્ય મુકીને મારેતો મરશે. તે વણ નહી થાય કાંઇ, એટલે અરજુન સમજી ગયો. પોતાના મનમાંઇ. ॥૨૪॥ કાળજ્વરનું બાણ લીધું, તેમાં ન રાખી ન્યુન; તે બાણ ઉપર ધર્મરાજાનું, પારથે મુકયું પુન્ય. ॥૨૫॥ પછી વાંકા વળીને ફેંકયું, બાણ અપાર,તે આવતું જોઇ શુરથે, મનમાં કર્યો વિચાર. ॥ ૨૬ ॥ આ બાણ આવે તે મારે મુને, તેમાં નહી ફેર જરા; ત્રતી રાખું વિઠ્ઠલ વરમાં, ઢળવાનુ છે ધરા. ॥ ૨૭ ॥ એમજાણિને મન

વિશેથી, દુર કરી માયાવી શ્રષ્ટી, સકળ વાસના બંધ કરીને, કૃષ્ણમાં દીધિ દ્રષ્ટી, ॥૨૮॥ એવે કાળજવર બાણ બાંધ્યું, હણવા ધાળે દીશ; પ્રભુ સામુ જોઇ સુરથ ઉભો;તેનું છેદયું શીશ. ॥૨૯॥ તેનું ધડ ઢળી ધરણ પડીયું, મુસ્તક ઉછળ્યું ત્યાંય; શુર સપાટે જેને પડીયું, કૃષ્ણના ખોળા માંય. ॥૩૦॥ તેનું પ્રભુએ મુસ્તક લેઈ, ચાંપ્યું રૂદીયા સાથ; ભગતને આધીન ભુધરો છે, પોતે દીનાનાથ. ॥૩૧॥ પછી પેરણા કરી પ્રભુએ ગરૂડના ગટ માંય; તેવો ગરૂડ કરજોડીને, આવી ઉભા ત્યાંય ॥૩૨॥ કેમ મહારાજા મુને બોલાવ્યો, મુજ સરખું કહો કામ; એટલે ગરૂડ પ્રત્યે બોલ્યા, પોતે શ્રીઘનશામ. ॥૩૧॥ લ્યો આ મુસ્તક મમ ભકતનું આકાશ મારગે જાવો; આજ્ઞા માહારી એટલી છે, પ્રાગ વિશે નાંખી આવો. ॥૧૪॥ એમ કહીને ગોવીંદજીએ, શીશ ગરૂડને દીધું; પ્રભુનું વચન માંથે ચઢાવી, ઝડપી મુસ્તક લીધું. ॥૩૫॥ તે લઇને આકાશે ચડીયો. નારદે નજરે જોયું; જાણ્યું કે ઠીક વઢવાડ થાશે, લડાઇમાં ચીત્ત પરોયુ.॥૩૬॥ મહાદેવજીની પાસે જઇને,કરૂ ઉપાશન સાચું ગરૂડ નંદીનું યુધ્ધ કરાવું, કાંઇ ન રાખું કાચું.॥ ૩૭ ॥ એમ જાણી અંતરધ્યાન થઇને, પોતે ગયા કૈલાશ; ઉભીયાને શંકર બીરાજ્યા છે આવ્યા તેમની પાસ. ॥૩૮ ॥ શંકર કહે આવો નારદજી, કેમ કરી કરૂણાય; નારદ કહે સેજ સ્વભાવે, આવ્યો છું કૈલાસ માંય. ॥ ૩૯ ॥ તવ મહાદેવે આસન આપ્યું, બેઠા નારદ રૂશી; પછી કહ્યું તમારી મુઢ માળા, જોઈ થયો હું ખુશી. ॥ ૪૦॥ આ માળા અતી શુંદર દેખી, દેવતણુ મન લોભે; ભેગું શુરથનું શીશ હોય તો, સરવથી સારૂં શોભે. ॥૪૧॥ મહાદેવજી કહે બતાવો મુજને, એ મુસ્તક છે કયાંય; નારદ કહે અંત્રીક્ષ પંથે, જુઓ ગરૂડ લેઇ જાય, ॥૪૨॥ લક્ષમીએ માગ્યું છે પ્રભુ કને, શુરથ કેરૂ શીશ; માટે મુસ્તક ગરૂડ સાથે, મોકલે છે જુગધીશ, ॥૪૩॥ પ્રભુનું વાહન જાય છે લઇ. મોકલો તમ વાહન; તમે જશો તો ખોટું દેખાશે, વિચાર કરજો મન. ॥૪૪॥ તવ માહાદેવે ઉંચું જોયું,દીઠો ગરૂડને શીશ; તે સમે નંદીને બોલાવવાને,માહાદેવે પાડી ચીસ. ॥૪૫॥ ધાંટો કાઢી નંદીને બોલાવ્યો, આવ્યો તે ત્રત કાળ કહો મહારાજા શું આજ્ઞા છે; ત્યાર તમારો બાળ. ॥૪૬॥ એટલે મહાદેજી એમ બોલ્યા, હિમ્મત નવ તજીશ, પેલો ગરૂડ લઇ જાય છે, તે લઇ આવો શાશ.॥૪૭॥ નંદીએ નમસ્કાર કીધો, મહારાજા હું જાવું; તમ પ્રતાપે ગગને જઇને, એ મુસ્તક લઈ આવું. ॥૪૮॥ વળણ

એમ કહીને નંદીયો, અભીમાને થયો ત્યાર; વ્યાસ વલ્લભ વદે શાં ભળો, વાહનનો વિસ્તાર. ॥

કડવું ૫૯ રાગ ચોપાઈનો.

બોલ્યા જયમુનિ મુખ વાણિ, રાજા સાંભળ ઉલટ આણિ, નંદીએ લીધી આગના જ્યારે, શીશ લાવવું ધારયું ત્યારે. ॥૧॥ એતો તાડુક્કીગગને ચડિયો; જઈ મુસ્તકને બાહાજી પડાયો; તવ ગરૂડ બોલ્યો એમ, મુઢ મુને તું વળગે કેમ. ॥૨॥ તવ નંદી વધો મુખ વાણિ, કેમ કરે ટુંકારો જાણિ; હું તો શીવ તણું વાહન, મુને ઓળખે જગતના જન. ॥૩॥ શીવ સરિખો તમો ગુણિ, માહારિ કીરતી તેં નથી શુણિ, એમ કહીને ધડુકી બાહાજ્યો, તવ ગરૂડ ગણેરો ગાજ્યો, ॥ ૪ ॥ મારે પાંખ તણે ઝપાટે. વળી અંત્રિક્ષ જાય સપાટે: લઢે વઢેને પંથ પળાય, તેમ નંદી વળગતો જાય. ॥ ૫ ॥ એવે ફાટી ગરૂડનિ આંખ, બહુ બળમાં મારિ એક પાંખ; તેથી નંદી ઘણો ગબડિયો, જઈ માહાદેવ પાસેપડિયો ॥ ૬ ॥ તવ હસ્યાં પારવતી રાણિ, લીધું નંદી તણું જોર જાણિ; એતો આખલીયું આર પગુ, આવી પડયું કૈલાસ લગુ. ॥૭॥ એનું કેટલું ચાલે જોર, પેલાને ધણી નંદકીશોર, કરે ગગન ગમન ગરૂડ, મહાબળ વંતો છે ગરૂડ ॥૮॥ એવે નંદીની મુરછા વળી, શીવને નમ્યો ધરણ ઢળી; માહારાજા હું તમ વાહન, પેલાને માથે જુગજીવન. ॥ ૯ ॥ માટે જોર ગરૂડે કીધું, મુજને પુસ્તક નવ દીધું; મુને માર માર્યો બહુ ભારી, એતો ઈજત લીધી તમારી. ॥૧૦॥ કોહેતો આબરૂ ખોઈ રહું બેશી, મુછો મરડુ ખુણામાં પેશી, તવ શીવને લાગ્યું ખોટું; આતો આબરૂનું કામ મોહોટું. ॥૧૧॥ એમ જાણીને ભશ્મજ લીધી, નંદીઆને ચોળી દીધી; કહ્યું શીવે તારૂં દુખ ગયું, હવે શરીર વજરનું થયું. ॥૧૨॥ તું જ અંગે કાંઈ નવ વાગે, વાગે તો પણ તુંને ન લાગે; જા મેં આપ્યું તુને વરદાન, હવે રહેજે માહા મસ્તાન, ॥૧૩॥ એમ કહીને આગના દીધી, તવ નંદીએ ત્યારી કીધી; ગણે ધડકી ગગને ચડીયો જઈ ગરૂડને બાહાજી પડીયો. ૧૪॥બેઉ લડવા લાગ્યા આકાશ, ઘણો ધાર્યો વીપ્રીત વીનાશ; કરે ગરૂડ પાંખનો પ્રાહાર, વળી હસ્ત ચરણુથી દે માર. ॥૧૫॥ પણ નંદીઆને નવ વાગે, કદી વાગે તોહે નવ લાગે; પોતે ગરૂડ સામો ગાજે, કુદી કુદીને એ બાહાજે. ॥૧૬॥ મારે સીંગ તણો

બહુ માર, વળીપુછ પછાડે અપાર; વળી ફેંકે છે ચરણની ખરી;રોકે ગરૂડને ફરી ફરી. ॥ ૧૭ ॥ એક એકનો મુકે ન તંત, લઢે વઢેને કાપે પંથ; એમ કરતાં પોહોચ્યાપ્રાગ,આવ્યો મુસ્તક ફેંકયાનો લાગ. ॥૧૮॥ ગરૂડે શીશ નાંખી દીધું, તેનું નંદીયે ઝીલી લીધું; ચાલ્યો શુરથનું શીશ લેઇ, ગયો ગરૂરડને ધાપ દેઈ. ॥૧૯॥ આવ્યો મહાદેવજીની પાસ, લ્યો હું લાવ્યો તમારો દાસ; કહી મહાદેવને શીશ આલ્યું, શાવે મુંઢ માળામાં ઘાલ્યું.॥૨૦॥પણે યુદ્ધ વિષે શું થાય હવે તેની કહું કથાય;જેવે શુરથ પામ્યો મરણ,દાઝ્યું રાજાનું અંતઃકરણ. ॥ ૨૧ ॥ એતો નર સામો કોપે ચડીયો, માર મારવા ટુટી પડીયો;એનું અગણીતું એક જાય, તેનાં ત્રણ લક્ષ બાણજ થાય. ॥ ૨૨ ॥ એકલા અરજુનને ઝાલ્યો, મારી મારીને ગરદન વાલ્યો;રૂંએ રૂંએ પાડયાં છીદ્ર,જાણે ભગંદ્ર પામ્યો ઇંદ્રિ. ॥ ૨૩ ॥ નામ્યું અરજુને પ્રભુને શીશ, આજ કેમ થાશે જુગધીશ; આતો રાયને છે બહુ રીસ, હું તે હારીશ કે જીતીશ. ॥ ૨૪ ॥ માહારે તમારો છે આધાર,તમ વિના કોણ કરે વ્હાર;ગાજુ બાજુને કરૂ જોર,માંથે સમજી નંદકીશોર.॥૨૫॥કરૂ હંકારને અભીમાન. માંથે સમજીને ભગવાન; છકું છાકમાં ગર્વજ ધરી,જાણીને મુજ સાથે શ્રીહરી ॥ ૨૬ ॥ ફરૂ નીર્ભયપણે જગમાં, મનથી જાણી પ્રભુની વગમ; જ્યા ત્યાં રહુછુ આખી અણી, માથે સમજી વિશ્વંભર ધણી. ॥ ૨૭ ॥ એવાં દીનતાનાં કાઢયાં વચન, તવ રીઝ્યા જુગજીવન;બોલ્યા યશોમતીના તન, તમો સાંભળો ભક્ત પાવન. ॥ ૨૮ ॥ જીતવાના નથી સંગ્રામ પણ જય પામસો આ ઠામ;એવું વચન કહ્યું જે વારે, આવી નરને હીમ્મત ત્યારે ॥૨૯॥પછી હસ્તમાં લૈ હથીઆર,યુદ્ધ આરંભ્યું કુન્તી કુંમાર;તેવો હંસ ધ્રુજ મહા બળીયો, માર મારવા અઢળક ઢળીયો. ॥ ૩૦ ॥ એનાં બાણ તણી થાય વૃષ્ટી, જોઇને ત્રાસ પામે શ્રષ્ટી; દેખીને સ્થીર ન રહે દ્રષ્ટી, એવી અરજુનને કરી કષ્ટી. ॥ ૩૧ ॥ સર્વ શેન્ય કાહાર થઇ જાય, ઘણા યોદ્ધા કરે ત્રાહ ત્રાહ; પણ કેવા મારે છે બાણ, કોઇનો નવ જાય પ્રાણ. ॥ ૩૨ ॥ કરે કાહારને હેરાન; કોઈની ન રહે સુધ્ય સાન; એવો યુદ્ધનો મચાવ્યો રંગ. પ્રભુ જાળવે પોતાનું અંગ. ॥ ૩૩ ॥ હલાવે પરોણોદ્રષ્ટ રાખે, આવતાં ખડગો ભાગી નાંખે; પછી હંસદ્ધજે વિચાર્યું, એક શુભ કામ કરવા ધાર્યું. ॥ ૩૪ ॥ માહારી નારીને પરીવાર, તેને નીરખવા છે મોરાર;માહારી નગરીને ઘણું મન, કરવાં છે હરી દરશન ॥ ૩૫ ॥ માટે યુક્તિનાં બાણ દેઉં, નરનો રથ નગ્રમાં લેઉં; તેની સાથે

નારાયણ હોય, કરશે દરસન સહુ કોય. ॥૩૬॥ તેથી નગરી પાવન થા- શે, સૌનાં ભવો જવાનાં પાપ જાશે; તેમાંથી મને પુન્યનો ભાગ, ફરી ન હી આવે હાવો લાગ. ॥૩૭॥ એમ જાણી કેવાં કામ કીધાં. પોને પવ નાસ્તર બાણ લીધાં; અરજુનનો અભંગ, રથ જેહ, કોઇ પ્રકારે ભાગે ન તેહ. ॥૩૮॥ એવું સહુ સમજ્યો છે રાય, કરી સાધવ સૌ સેન્યાય;ક હ્યું યોદ્ધા તમે સર્વે, ધરજો મન પુરણ ગર્વ ॥૩૯॥ હોય પાન્ડવ દળનો જેહ, કોઇ અળગો ખસે નહિ તેહ; રાખજો પકી હોશીઆરી, તેમ કો ઇને ન નાંખશો મારી. ॥૪૦॥ રોકી ઘેરીને ગામમાં વ.ળો; એટલો મુમત મન ઝાલો; તવ શેન્યા થઇ સહુ રાજી, આનો ઠીક થઇ રંગ બા જી. ॥૪૧॥ રાજાએ મનમાં સારૂ ધાર્યું, બધી પ્રજાનું પાપ નીવાર્યું; શે ન્યાપતી કહે મહારાજ, તમે ઉત્તમ ધાર્યું કાજ. ॥૪૨॥ કહી ઉંચો કી- ધો હાથ. સુરાતન આદરો મન સાથ; નરનારાયણની જોડે. શેન્ય નગ્ર માં લેવું હોડે. ॥૪૩॥ સાવચેત કર્યા એમ કહી, રાયે યુકતી કરી તવ તહી. ॥૪૪॥ વળણ. રાયે યુકતી શી કરી, સુણો સહુ શ્રોતાય; વ્યાસ વલ્લભ વાણી વદે, સુણતાં પાપ પળાય.

કડવું ૬૦ રાગ ધવળ ધન્યાસરીનો.

બોલ્યા જયમના મુખ વચનજી, તું તો સાંભળ પરક્ષતતનજી; કેવી યુકિત કરે રાજનજી, સંભળાવું કથા પાવનજી. ॥ટેક.॥ પાવન કથા સં- ભળાવું તુને;જેથી જાયજયથાય;હંસધ્વજે આદરીને,બાણ લીધાં કરમાં ય. ॥૧॥ પવનાસ્તરનો મંત્ર ભણીને, અભંગ રથમાં મારે, વીશ ધનુશ પાછો ખસે. અશ્વ સહિત રથ ત્યારે ॥૨॥ સાથે શેન્યા પડે પાછી. પાછે પગે સહુ ખસે;તેમ તેમ હંસધ્વજ શેન્યા સાથે,આગળ આગળ ધસે॥૩॥ પાન્ડવનું દળ ફેરવ્યું અવળું,અરજુનનનું નવચાલ્યું;સર્વેસ્થળેથીકબજો દાખી, નગ્ર વીશે શેન્ય ઘાલ્યું॥૪॥અવળે ચરણે રથ અરજુનનો, અવ- ળે ચરણે સન્ય; અવળે ચરણે વાહન માત્રો, હંસધ્વજને ધન્ય ॥૫॥ પો તે પોતાનું શેન્ય સઘળું,સવળે ચરણ જાય; અરજુનનું ને પોતાનું સૌ- આવી રહ્યું ગામ માંય. ॥૬॥ તવ હંસધ્વજે આગના કીધી, થોડો મચા વો ધંધ; નગ્ર તણા દરવાજા સઘળા, ઝડપથી કરો બંધ ॥૭॥ તવ શેવકોએ બંધ કીધા, નગ્ર તણા દરવાજા; પોતાના ગામમાં જાણ કરા- વ્યું, હંસધ્વજ જે રાજા. ॥૮॥ તવ સહુ રહીયતે વાત જાણી, મનમાં થયા પરસન; ઘેર બેઠાં ગંગા પધાર્યાં, થાશે હરી દરસન. ॥૯॥ નરના

રાયણ નગ્રમાં આવ્યા, પાપી થાશે પાવન;ભવોભવના પાતક જાશે, નીરમળ હશે મન॥૧૦॥એમ આનંદ થયો સૌ જીવને,નાહી ધોઇને સ્વચ્છ થયા, પવિત્રપણે એટલે આગણે, આવીનેઉભા રહ્યા.॥૧૧॥ કે લોકઉભા પુશ્પ લેઇને, વધાવવાને માટ; કૈં લોક કેસર ચંદન લેઇને, ઉભા રહ્યા પુરપાટ. ॥૧૨॥ કૈં જન મોતી કૈં જન રત્ને, વધાવવાને ઉભા; ગરીબ જન અક્ષત લેઇને, કરે ૩ડા મનસુબા. ૧૩॥ કૈં જન અબીલ ગુલાલ લેઇ, જોઇ રહ્યા છે વાટ; આજનો દહાડો સફળ થાશે, દરશણ દેશે માટ. ॥ ૧૪॥ આપણા રાજાની જય થાજો, સરવનું કલ્યાણ કરશે. એરંડો જળ પીયે કેળ વળુંદો, ભવસાગર સૌ તરસે. ॥ ૧૫ ॥ દરબારમાં પણ સરવે જાણ્યું, પધારે પુરૂશ પુરાણી; પુંજાપાની થાળ ભરીને, ઉભી રહી છે રાણી. ॥૧૬॥ કુટુંબ કબીલો સાથે લેઇને, ઉભાં રહ્યાં છે સર્વે; નીશકામનાથી જ્ઞાનવાન ઉભાં, તજી અભીમાન ગર્વે. ॥૧૭॥ હેદળ મેદળ નગ્રમાં આવ્યું, અરજુન બોલ્યા એમ; ઓરે ઘનશામ ઘેરાઈ, ગયા, હવે કરીશું કેમ.॥ ૧૮॥ પ્રભુ કહે હવે કાંઇ ન કરશો, જે કરે તે દો કરવા; નહી તો કોકને નાંખશે મારી, છો લે ગામમા ફરવા. ॥૧૯॥ આયુધ ઝાલીને રહો ઉભા, તેમાં પામશો સુખ; સાંમી બાખરી બાંધવામા, દેશે દારૂણ દુખ. ॥ ૨૦ ॥ એ રીતે નરને સમજાવ્યો, સૌ જન સમજ્યું સાર; હંસદ્વજ ફેરવે તેમ ફરે; ફેંકે નહી હથીઆર. ॥ ૨૧ ॥ હંસદ્વજ તવ શાન્ત પામ્યો, મુછ રહી હવે ઉંચી; માર માર્યા વણ રથ હઠાવી, ફેરવે છે ગલી કુંચી.॥૨૨॥ પોળ શેરીને બજાર ચઉટું, દરસાવે બધુ ગામ, રણછોડરાયની જય જય બોલે; રહીયતજે તમામ ॥ ૨૩ ॥ હરીજન લોકો દરસણ કરે, ઊલટ પુરણ લાવે;મોતી પુસ્પને અબીલ અક્ષત ગુલાલથી વધારે ॥ ૨૪॥ એ રીતે ગામમા ફેરવીને, લાવ્યો રાણીને મેહેલ; તવ સુખવંતી બારણે આવી, જાવા છોગાળા છેલ. ॥ ૨૫ ॥ પુજન કરવાની છાબ કરમાં, આવી પ્રભુ સનમુખે; નર નારાયણની કરી જાંખી, ભાગી સરવની ભુખ ॥૨૬॥ પુરણ પ્રેમે પુજન કીધું સાષ્ટાંગ લાગી ચરણ, વિશ્વપતી વીશ્વંભર સ્વામી; છેવટ લેજો સરણ. ॥૨૭॥ એટલે અંતરયામી રીજ્યા, પુરણ થયા પ્રસન; કોમળ દ્રષ્ટીએ કૃષ્ણે દીધાં, ચતરૂભુજ દરસન ॥૫૦ ॥ તવ હંસદ્વજ રથથી ઊતરીયો, મન કરી કોમળ સુધ; કરજોડી શ્રી કૃષ્ણને કહ્યું, કહો તો આરંભ યુધ્ધ. ॥ ૨૯ ॥જો યુધ્ધ કરવા વ્રતી ન હોયે, તો સાભળો ભગવાન; નરને લેઇ મારે મેહેલે; પધારો મેમાન. ॥ ૩૦॥ પ્રભુએ જોયું પા-

રથ સામું, શી મરજી અરજુન; પારથ કહે તમે જાણો, હુતો રહેવાનો મુન. ॥ ૩૨ ॥ એટલે હંસદ્વજની પ્રત્યે, બોલ્યા અલબેલો હરજી; સાબાસ ભકત ભાવીક રાજા; જેવી તમારી મરજી. ॥ ૩૨ ॥ તત્ર રાયે અથીઆર પોતાનાં. નાંખી દીધાં દુર;લાંબો થઇને ચરણે લાગ્યો,ઉલ્લટ આવી ઉર. ॥ ૩૩ ॥ એટલે ધોળાં નીશાન ચડીયાં, યુદ્ધ થયું બંધ; પારથને હંસદ્વજ મળીયા, કીધો સ્નેહ સબંધ. ॥ ૩૪ ॥શૈન્ય ગયાં શૈન્યને ઠેકાણે,સરવે હરખે ભરીયા; કુન્તી કુંવરને શ્રી કૃષ્ણ, રથમાંથી ઉતરીયા ॥૩૫॥ રાયતણા મેહેલમાં પધાર્યા, સુખવંતી રહી જોઇ; ભાવથી ભોજન કરાવવાને,કરાવી રસોઇ. ॥૩૬॥ પછી સરવને જમવા તેડયા છે ભાવતાં ભોજન;વીવેકથી પીરસી જમાડયા, રીઝ્યા જુગજીવન. ॥ ૩૭ ॥ અરજુનજી કહે ઓ મહારાજ,તમ લીધે આ પેર;નહી તો બહુ બળીયો રાજા છુ, મારી નાંખત ઠેર. ॥ ૩૮ ॥ પ્રભુ કહે હવે સમજ્યા, સાચુ ન રાખત કાંઈ; આને જીતીને નહોતા જવાના, રહત હાંઇને હાંઈ. ॥૩૯॥ પછી જમી મુખવાસ લેઇ, સભા કરી બીરાજ્યા,માન્ય આપવા હંસદ્વજના,વાજીંત્રો બહુ વાગ્યાં. ॥ ૪૦॥ પછી રાયે પ્રેમ ધરીને, દરસાવ્યો પૂરણ ભાવ; નરનારાયણની આગના લૈ, સારો કર્યો સરપાવ. ॥૪૧ ॥ તે પછી પ્રભુને પાયે પડીયો, તમો છો વિશ્વપતી; મુજ થકી તમારા સરખુ, કાંઈ અપાયું નથી ॥૪૨॥ માટે કરૂણા કરી કાંઇ માગો, વચન ચઢાવું માંથે; કૃષ્ણ કહે આયુધ ગ્રહીને, નીકળો નરની સાથે. ॥ ૪૩ ॥ અશ્વ ફેરવી હસ્તીનાપુર, યજ્ઞ વિશે તમે આવો; એટલું માગુંછું તમ પાસે; લેવાનો છે લાહાવો. ॥૪૪॥ રાયે વચન માંથે ચડાવ્યું, નીકળવા મન કીધું, રાજપાટ ઘર ગામ સરવે, પુત્રોને સોંપી દીધું. ॥ ૪૫ ॥ પંચકલ્યાણી અશ્વ પાન્ડવનો, લાવી પારથને દીધો; એટલે સરવે આનંદ પામી, વાજીને આગળ કીધો. ॥ ૪૬ ॥ પાન્ડવનું દળ પુઠે ચાલ્યું, સુરા તોડે મંકોડે; હંસદ્વજ શૈન્ય પોતાનું લેઇ, નીકયો અરજુન જોડે. ॥૪૭॥ હસ્તીનાપુર પ્રભુ પધાર્યા, અશ્વ તો ફરવા જાય; શ્રોતા વકતા સાંભળો આ,પુરણ થઇ કથાય. ॥૪૭॥ભકતનો ને ભગવાનનો મહીમા, શ્રવણ કરે જે જન; પાતક તેનાં નાશ પામી, પુરણ થાય પાવન.॥૪૯॥ મનવાન્છીત ફળ પ્રાપ્ત થાશે, પોહોચ્યા મનના કોડ; વલ્લભ વદે શ્રોતા બોલો, જે જે શ્રી રણછોડ. ॥

સુધન્વાખ્યાન સમાપ્ત.

કડવું ૬૧ રાગ સાખી.

જયમુની રૂશી એણીપેરે બોલ્યા, સુણુજનમેજેરાય; વીસ્તારીતુજનેક હું હવે તેનો મહિમાય. ॥૧॥ સુંદર એક સરોવર આવ્યું, ત્યાંઅશ્વે,શુ કીધું; પીપાસા બહુ લાગેલી તે, પેશીને પાણી પીધું. ॥૨॥ એટલેઘોડો ટળી જઇને, બનીયો ઘોડી રૂપ; તે જોઇને વીચારમાં પડીયો,પોતે અર જુન ભુપ. ॥ ૩ ॥ ઘોડી વેશે ઘોડો ચાલ્યો, વનમાં આગળ જાય; એવે બીજુ સરોવર આવ્યું, હય પેઠો તે માંય. ॥૪॥ તવ ઘોડીનું રૂપ બદલાયું, થયું વાઘનું રૂપ; તે જોઇ બહુ પસ્તાવા લાગ્યો, પોતે અરજુન ભુપ. ॥ ૫ ॥ આયુદ્ધથી તે વાઘ હંકાર્યો, ગયા એક જોજન; તવ વાઘ ટળી અશ્વ બનીયો, હરખ્યો નર રાજન. ॥ ૬ ॥ એવામાં એક રૂશી દીઠા, તેને પુછયો સંદેહ; રૂશીયે તે નીવારણ કીધો, ત્યાંથી ચાલ્યાતેહ ॥ ૭ ॥ અશ્વને લેઈને આગળ ગયો, કુન્તી સુત નરેશ; એવે આગળ જાતાં જાતાં, આવ્યો ત્રીયાદેશ. ॥ ૮ ॥ તે દેશમાં પુરૂષ નહી કોઇ, એકલી અબળા જાતી; પ્રમેલા નામની રાજ્ય કરે છે, બળવંતી મદ માતી. ॥ ૯ ॥ ચંદ્રાણી નામની પ્રધાન એની, સૌ જાણે જાદુ વીદ્યાય; પુરૂષને પ્રેમદા બનાવી; રાખે નગ્રની માંય. ॥ ૧૦ ॥ વળી બનાવે પશુ પક્ષી, એવી જાદુ વાળી, તે નગ્રમાં ઘોડો પેઠો, સ્ત્રીઓએ જોયો નીહાળી. ॥ ૧૧ ॥ પત્ર સોનાનું વાંચી જોઇને, તાણી બાંધ્યો તો ખાર; અરજુન સામા યુધ્ધે જાવા, સર્વ થઈ તઈયાર. ॥ ૧૨ ॥ નાના પ્રકારનાં આયુદ્ધ લીધાં, માનુનીયો મદ માતી; કેટલી નારિના અશ્વ બનાવ્યા, કેટલીના કર્યાં હાથી. ॥૧૩॥ ઉંટ આકારે હય આકારે. ગજ આકારે બનાવી; તેવા હાથીપર રાણી, બેઠી યુદ્ધ કરવાને આવી.॥૧૪॥ સેન્યા સૌ સુંદરીની ચાલી. જોયા જેવી ખુબી; અરજુન સૌ શેન્ય સાથે ઉભો, તેની સનમુખ ઉભી. ॥૧૫॥ એટલે અરજુન એમ બોલ્યો કેમ આવી સરવે નાર; પ્રથમ અમને પાય પડીને, આપી દો તોખાર. ॥ ૧૬ ॥ પ્રમેલા કહે સાંભળ નરપ તું, ઘોડો લેવો અમ હાથ; માટેઅમારૂં કહ્યું કરીને, પરણો અમારી સાથ. ॥૧૭॥ અરજુન કહે જારે કુજાતી, વિપ્રીત કયાં કરે બુધ; પરણીને અશ્વ નથી લેવો, આવો કરીએ યુદ્ધ ॥૧૮॥ એમ કહીને અરજુનજીએ, હાથ લીધાં અથીઆર; સકળ સેન્યા ઉપડી સાથે, દેવા માંડયો માર. ॥ ૧૯ ॥ એટલે સઘળી અબળા કોપી, પાન્ડવમાં ભગશણ; સર્વ પુરૂષના સામુ જોઇને, મારે છે નેનબા

ણુ. ॥ ૨૦ ॥ નેન બાણુ વાગે ને મોહ લાગે, વાગે નેન કટારી; ગબડી ને મુરછામાં પડતા, જુલમ કરે છે નારી. ॥ ૨૧ ॥ જે જન પડીયો તે રડવડીયો, ન રહે સુધ કે સાન; એ રીતે સરવે યોદ્ધ પડીયા, નથી કોઇને ભાન ॥ ૨૧ ॥ એકલો અરજુન આખો નર છે, તેને મોહ નવ લાગે, બાણુ વડે બહાજ્યો છે બળમાં, મન પાછું નવ ભાગે. ॥ ૨૩ ॥ તવ સહુ તારૂણીયે એમ જાણ્યું, આ નર મોહીત નધારો; સરવ ક્રીયામુકીને એને આયુદ્ધ લેઈને મારો. ॥ ૨૪ ॥ એવું સમજીને સુંદરી સરવે હાથ ગ્રહ્યાં અથીઆર; ગુપતી ગેડી ગદાયો લેઈ, દેવા માંડયો માર. ॥ ૨૫ ॥ અરજુનજીને પાછો હરાવ્યો, જીતી પ્રમેલા રાણી; ઈંદ્રતણો સુત કાહ્યર થયો, તવ થઇ આકાશ વાણી. ॥ ૨૬ ॥ એ અબળા નહી જીતાય કોથી, ઓરે કુન્તી તન; મુમત તારો મુકી દેઇને, મનાવ્ય સરવનું મન. ॥ ૨૭ ॥ અસુરોને હણવા જોગણીયે, જુલમ કરેલો જેવો; અરજુન ઉપર કામનીઓએ, કેર કર્યો છે તેવો. ॥ ૨૮ ॥ તેથી નર હીમ્મત હારેલો, વળી સાંભળી વાણી; તેથી અરજુન પુછવા લાગ્યો, કહો શું કોહોછો રાણી ॥ ૨૯ ॥ નારીયો કહે એકવાર કહ્યું, વિશેષ શું કેવરાવો, અરજુન કહે કબુલ માહરે, હસ્તીનાપુર જાવો. ॥ ૩૦ ॥ અશ્વને ફેરવી આવું ત્યારે, પરણું તમારી સાથ, તવ અબળાએ સાચુ માન્યું, વચન લીધું હાથ. ॥ ૩૧ ॥ પછી પ્રેમદા સરવને જીતી, શેન્યનાં ખ્યુંતું ઢાળી; જાદુ વિધાથી સરવેની, મુરછા નાખી વાળા. ॥ ૩૨ ॥ એટલે સકળ સેન્ય ઉઠયું, સાજુ તાજુ રૂડી પેર; પ્રમેલા પરોણાગત કરવા, લૈ ગઇ પોતાને ઘેર. ॥ ૩૩ ॥ બે દીન રાખી ભોજન દીધાં, પછી કર્યા વીદાય; ઘોડો દીધો છુટો કીધો, તેનો આગળ થાય. ॥ ૩૫ ॥ પુંડળ નરનું શેન્ય ચાલ્યું, આનંદ ઉપજે ઉર; ત્રી આ દેશનીસ્ત્રીઓ સરવે ગઇ હસ્તીનાપુર ॥ ૩૫ ॥ પંચકલ્યાણી પથે પળે છે, પુંડળ નર નરેશ; એવો આગળ જાતાં જાતાં, આવ્યો ભીષણ દેશ. ॥ ૩૬ ॥ તે દેશનો છે ભીષણ રાજા, અસુર જાતી જન; ભીમે એક રાક્ષસ માર્યો તો, તે રાક્ષસનો તન. ॥ ૩૭ ॥ તેને જઇ નારદે ચઢાવ્યો, લડાવવાને સારૂ; તારા બાપનું વેહેર લે તું, ઉઠ કહ્યું કર માહારૂં. ॥ ૩૮ ॥ એટલે ભીષણ યુદ્ધે ચઢીયો, રાક્ષસ રાક્ષણી જોડે; મેદાનમાં આવી અશ્વ બાંધ્યો, ઉભો હઠની હોડે. ॥ ૩૯ ॥ અરજુન સામું યુદ્ધ આરંભ્યું, હાથ ગ્રહી હથીઆર; ઇંદ્રનો નંદન અગણીતા મંતરે, બાણનો મારે માર. ॥ ૪૦ ॥ હંસધ્વજ નીલધ્વજ સરવે, કરતા ઝાઝુ જોર; ભીશણની રાક્ષસ રાક્ષણીયો, કરતી

સોર બકોર. ॥ ૪૧ ॥ ચાર ચાર ગાઉનાં શરીર લાંબાં, વીકટ વઢણું ધારે; એવા અસુરો તાડ પાહાડ લાવિ, પાન્ડવ દળને મારે. ॥૪૨॥ રાક્ષણીઓયે રોળ વાળ્યો, "આડીને અવળી ઉડેઃ ગાઉ ગાઉ લાંબા સ્થાન પોતાના, તેણે વતી બહુ ઝુડે. ॥૪૩॥ કેકને ઝાલી કાનમાં ઘાલે, કૈં જનને ગળી જાય; ઃકૈંને ઘાલે નાસ્કોરામાં, ઘણા જીવ અટવાય. ॥૪૪॥ કૈંને કેશમાં કેંને બગલમાં, કરતી સોર બકોર; ખોબે ખોબે રેણુ ઉછાળી, કરે અંધારૂ ઘોર. ॥૪૫॥ પાન્ડવનું દળ ત્રાસ પામ્યું, સર્વેનું થાશે મરણ; અરજુન અતીશે ગભરાયો, ધ્રુજવા લાગ્યા ચરણ. ॥ ૪૬ ॥ વલણ. ॥ ચરણ લાગ્યા ધ્રુજવા, અરજુનના જે વાર, વદે વલ્લભ શું નીપન્યું સુણજો શ્રોતા સાર.

કડવું ૬૨ રાગ ચોપાઈ.

બોલ્યા જયમુની મુખ વાણી. રાજા સાંભળ ઉલટ આણી ધ્રુજયા અરજુનજીના પાયઃ હવે યુદ્ધમાં શી ગત થાય. ॥૧॥ જોયું હનુમાનજીના સામું; જુઓ કપીવર દુખ પામુ; માટે કરો અમોને સાહાય; કેમ બેશી રહ્યા છો ધજાય. ॥ ૨ ॥ તવ અંજની કેરા સુત, એ તો થયા આકળા ભુત, જોયું, અસુરો સામું જ્યારે, ડરી રાક્ષણીયો સહુ ત્યારે ॥ ૩ ॥ આ તો લંકા તણો બાળનારો, રાજા રાવણને મારનારો; એની આંખો થઇ મહા માઠી, ભય પામી સૌ રાક્ષણી નાઠી. ॥૪॥ તેવા હનુમંત કોપે ચડીયા;હુક કરી અસુરમાં પડીયા; લેવા માંડયા રાક્ષસના પ્રાણ, પુંછ પછાડી વાળે ઘાંણ. ॥ ૫ ॥ એવે અરજુનને ચઢી રીસ. છેદયું ભીશણ કેરૂ શીશ;હનુમાને વાળી નાંખ્યો છેક, જીવતો નવ મુકયો એક. ॥૬॥ પછી પરવત મોહોટો લીધો, દુષ્ટના ગામપર મુકી દીધો તેથી કછરાયા સહુ પાપી, પછી પરવત નાંખ્યો ઉથાપી, ॥૭॥ બધુભીશણનું ધન લીધું, હસ્તીનાપુર પોચાડી દીધું, ત્યાંથી પાન્ડવ યોદ્ધ પરવર્યા, વાજી લેઇને સૌ સીધાર્યા. ॥૮॥ ઘોડો જેમ ફાવે તેમ જાય. એને ફાવે ત્યાં વીશ્રામ ખાય; જ્યાં વીસામો કરે તોખાર, ત્યાં વીસામો બંધાવે સાર. ॥ ૯ ॥ જ્યાં પેશાબ અશ્વનો હુંઓ, ત્યાં તો બંધાવે વાવ્ય કે કુઆ; એ અશ્વ કરે લાદ જ્યાંય ધર્મશાળા બંધાવે ત્યાંય. ॥ ૧૦ ॥ એવી રીતે વાવરે ધન, જાતાં આવીયું પ્રતક વન; તે વનના પ્રાણી જેહ, એક દીવશમાં મરે તેહ. ॥ ૧૧ ॥ હરી ફરા જીવે પોહોર

ચાર, તેમાં માંડી લે સંસાર; એવીભોમીથી નીકળીયા, અશ્વ પુઠે મ-
ણીપુર પળીયા. ॥ ૧૨ ॥ ઘણું સુંદીર છે એ ગામ, મોહોટાં મોહોટાં
બાંધેલાં ધામ; રાજ કરે અરજુનનો તન; એનું નામ છે બભ્રુવાહન,
॥ ૧૩ ॥ એતો ઇલેવાનનો ભ્રાત ચીત્રકળા છે એની માત; જ્યારે
અરજુન જોગી થયો તો, પંપા શરોવરે ગયોતો, ॥૧૪॥ તેમાં શર્પણીયો
બે હતી; મુળ અપછરાની ગતી; તેને દુરવાશાનો હતો શ્રાપ, તેથી શ-
ર્પણો થઇતી આપ. ॥ ૧૫ ॥ અરજુનના ચરણ પરતાપે, હતો તે દેહ
પામીતી આપે; વરીતી અરજુનની સાથ, નારદે ઝલાવ્યો તો હાથ
॥ ૧૬ ॥ એતો કથા આગળ આવી ગઇ, માટે વીસ્તારતા નથી એહી;
તે ઉલપીનો સુત ઇલેવાન, ભીસ્મ સામો લઢયોતો નીધાન. ॥ ૧૭ ॥
ત્યાં પામ્યો હતો એ મરણ. તે તો જાણે બધી ધરણ, એના ગામમાં
ગયો તોખાર; આવ્યો કુન્તી કુમાર. ॥ ૧૮ ॥ તેવા કળકળવા મ-
ચ્યા કાગ, રસ્તે આડો ઉતરીયો નાગ; એવા માઠા થયા શુકન તોહે
નાવ્યું અરજુનને મન. ॥ ૧૯ ॥ એવે ઘોડો ગામમાં જાય, એક શેવકે
દીઠો ત્યાંય; તેને દોરડે બંધન કીધો, બભ્રુવાહનને જઇ દીધો. ॥૨૦॥
અશ્વને બાંધ્યું પત્ર જેહ, બભ્રુવાને વાંચી જોયું તેહ; જાણ્યું મુજ
તાતનો તોખાર, કેમ રાખી શકું લગાર. ॥ ૨૧ ॥ એનો સુબુધી નામે
પ્રધાન, તેને પુછયું નર સંતાન; આતો મુજ તાતનો તોખાર, તેનો શો
કરવો વિચાર. ॥ ૨૨॥ તવ પ્રધાન બોલ્યો એમ; બાપના સામા બાહા
જીએ કેમ. ચાલો લ્યો મોતી પુષ્પનીથાળ, સહુ સામા જૈએ પગપાળ
॥ ૨૩ ॥ લેઇ જઇએ સાકરનાં પાણી, પીતાનેપાઇએ પ્રેમ આણી;એવુ
કહ્યું પ્રધાને જ્યારે, ઉઠયો બભ્રુવાહન ત્યારે. ॥ ૨૪ ॥ ગયો ઘરમાં પુ-
છવા વાત, જ્યાં બેઠી પોતાની બે માત; તેને જઇ કહ્યા સમાચાર, આ-
વિયા છે કુન્તી કુંવાર. ॥ ૨૫ ॥ તવ બેઉ માતા કહે એમ; બેટા અશ્વ
તેં બાંધ્યો કેમ; વાજી લેઇને સામા જાવો, પાયે પડીને ગામમાં લાવો
॥ ૨૬ ॥ એવું કહ્યું એનિ બે માત, મળી પ્રધાનનિ વાતે વાત; એતો
ઘણોક હરખે ભરીયો, આગના લેઇ હેઠો ઉતરીયો. ॥ ૨૭ ॥ લીધો પ્ર
ધાનશેન્યા સાથ, પોતે બંધાવ્યાઅંત્રળાહાથ; જોડે લીધો પંચકલ્યાણી;
જાય વદતો દીનતા વાણી,॥૨૮॥ગામબારણે અરજુન ઉભો,એનામનમાં
કરે મનસુબો; પુછયું હંસદ્ધજનેતે ઠામ, આતો કોણ રાજાનું ગામ॥૨૯॥
બોલ્યો હંસદ્ધજ વચન. અહીં રાજાછેબભ્રુવાહન; એનાથી સહુ ડરેહું
ડરૂં, માહારી ખંડણી એને ભરૂ, ॥૩૦॥ સાત ગાડાંનાં સોવરણના સાર,

હું તો ભરૂછું કુન્તી કુંવાર;ઘણું સુંદરછે આ ગામ,મણીપુર છે નગ્રનું નામ. ॥૩૧॥ એવી વાત કરે છે જ્યાંય,આવ્યો બભ્રૂવાહન ત્યાંય; પેઠો પાન્ડવના શેન માંહી, પુછી જોયું શેવકને ત્યાંહી, ॥૩૨॥ કીયો અરજુન કુન્તી તન, ત્યારે શેવક વદયો વચન;પેલા રથ પર છે હનુમાન, તેમાં અરજુન સતિ સંતાન. ॥૩૩॥ તવ પુત્રને હરખ ચડીયો, જઇ અરજુનને પાય પડીયો;છોડી બંધન જોડયા હાથ; ભલે પધાર્યા મુજ તાત. ॥૩૪॥ અશ્વ બાંધ્યો હતો મેં આપ, તે તો અપરાધ કરજો માફ; મને જનમ્યે થયા ભહુ દન, પણ આજ થયાં દરશન, ॥૩૫॥ મને નોહોતો રમડયો બાપ, પણ આજ થયો મેળાપ; લોહાવો વીત્યો મુને અપાર, માહારો સફળ થયો અવતાંર, ॥ ૩૬ ॥ વળણ; ॥ સફળ જનમ થયો માહરો, રહી નહી ખામી લગાર; વ્યાસ વલ્લભ મુખ ઓચરે, વીપ્રત થયું તે વાર,

કડવું ૬૩ રાગ સવઇયાનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ મહીમાય. ॥૧॥ બભ્રૂવાહન એવાં વચન બોલ્યો, નરને પડયો વીચાર; આ દેશમાં હું કયારે આવેલો, કયાંથી માહારો કુંવાર. ॥ ૨ ॥ એવામાં વરસકેતુ બોલ્યો પારથ પ્રત્યે વચન; ઓરે માહરા અરજુન પીતા, આ કીયો તમ તન.॥૩॥ એટલે કીરટધર એમ બોલ્યો,મુને નથી કાઇ દયા તવ બભ્રૂવાહન વદયો વાણી,કરશો નહી વીવાદ.॥૪॥તમારો સહુ સંદેહ ટાળું સાંભળજો વચન; હઠી વરસ જોગી થઇને, નીકળ્યાતા તમે વન. ॥૫॥ તવ પંપા સરોવરે અપછરા, બે પરણ્યા તમે તાત; તેનો હું છું દિકરો એ, થાય છે માહારી માત. ॥૬॥ ઉલ્પીનો ઇલેવાન હતો તે, આવ્યો નો તમ સરણ; ભીસ્મના સામુ યુધ્ધ કરીને, તે પામ્યો મરણ. ॥૭॥ ચીત્રકળાનો દીકરો હું, ઓરે માહરા તાત; હવે મુજને ઓળખી લેજો, કરી માંડીને વાત. ॥ ૮ ॥ વીનાશકાળે વીપ્રીત બુદ્ધી, થઇ અરજુનની સાર; તેથી બભ્રૂવાહન સામો અવળો કર્યો ઉચ્ચાર. ॥ ૯ ॥ તારી માતા વેસ્યા સરીખી અનેક એને સ્વામી; માહરો દીકરો કહું તને તો, લાગે કુળમાં ખામી. ॥ ૧૦॥ એટલે બભ્રૂવાહન બોલ્યો; તાતજી બોલો વીચારી, હું છું તમારો દીકરોને, સતી જનેતા મારી. ॥ ૧૨ ॥ એટલે અરજુન

એમ બોલ્યા, શું મુજને સમજાવે; માહારો દીકરો હોય તો ઘોડો,લઇ-
ને આપવા નાવે. ॥ ૧૨ ॥ જા જારે નંદન વેસ્યાના, હું નહિ તારો તાત;
એમ કહી બબ્રૂવાહનની, છાતીમાં મારી લાત ॥ ૧૩ ॥ એટલે બબ્રૂ-
વાહન કોપ્યો, બોલ્યો મુખ વચન; હવે ઘોડા લઇને જાજે, ઓ કુન્તી-
ના તન. ॥૧૪॥ જો હઇશ સતીનો દીકરો ને હઇશ તમારો બાળ; તો
તો પાછી પાની ન કાઢું, આણું તમારો કાળ ॥ ૧૫ ॥ એવું કહીને
ઘોડો લેઇને, પાછો વળ્યો મહા બળીયો; રાતો તાતો થઈ ગયેલો,
અરજુન પર કકળીયો. ૧૬ ॥ ગામમાં જઇને અશ્વ બાંધ્યો. પોતે થયો
તૈયાર; વસ્ત્ર આભુષણ ધારણ કીયાં, હાથ લીધાં હથીઆર. ॥ ૧૭॥
સત્તરક્ષોણી શૈન્ય પોતાનું, લીધું લડવા સંગ; પ્રધાન સહિત સરવે
ચાલ્યા,યુદ્ધ તણો ઉમંગ.॥૧૮॥વાજતેગાજતે આવ્યો ભાગોળે,પુરણકી-
ધી ચઢાઈ;અરજીનજી પણ તતપર થયો,આદરી મોહોટી લડાઇ. ॥૧૯॥
ઊંચો કર કર્યો કીરટધરે,મરવું તો એકવાર પાછી પાની કોઇનાકરશો,
વરતાવો હાહાકાર.॥૨૦॥ એમ કહી ગાંગે વનામાધનુશ લીધું હાથ;ટંકાર
કીધો કીરીટધરે,હામ ધરી મન સાથ ॥૨૧॥ તે શબ્દ ત્રાલોકમાં પોહોં-
ચ્યો, ડોલ્યા દશે દીગપાળ; ધરણ લાગી ધ્રુજવાને; ખળ ભળ્યું
પાતાળ. ॥૨૨॥ વરસકેતુ ને મેઘવરણ, અનુશાલ્વ જેહ; પ્રદુમાન અણી
રૂધ બળીયો. યુમનાસ્વ બળ દેહ ॥૨૩॥ સુવેધ ને નીલદ્રુજ રાજા વળી
હંસદ્રુજ રાય; એવા એવા અતીરથી છે. મારથી બહુ કેહેવાય ॥૨૪॥
તેમણે સરવે બાણ ચઢાવ્યાં, દેવા માડયો માર; રોશમાં રૂડે બાણ છુટે.
જેમ વરસે મેઘ બાર. ॥ ૨૫ અરજુનજી એક બાણ ફેંકે. સુંસવાડા
કરતું જાય; એક બાણ એનું જતા જતામાં, એંશી શહસ્ત્ર થાય. ॥૨૬॥
યુમનાશ્વનાં સાઠ સહસ્ત્ર સુવેધનાં સવાયાં, નેવું શહસ્ત્ર નીલદ્રુજનાં.
જાણે બાણ વીયાયાં. ॥૨૭॥ હંસદ્રુજનાં બે લક્ષ છુટે, વરતે હાહાકાર;
વરસકેતુના એક સરથી, છુટે ચાળીશે હજાર.॥૨૭॥ પ્રદુમાનનાં પચીસ
શહસ્ત્ર, અણીરૂધનાં અઠાવી, બીજા જોદ્ધાનાં બહુ બહુ છુટે, કોણ
શકે ગણાવી. ॥૨૯॥ અરજુન તરફથી એવાં છુટે, જોઈ ન શકાય ચક્ષ;
બબરૂવાહનનું એક છુટે, તેના થાયે દશ લક્ષ ॥૩૯ ॥ હંસદ્રુજ નીલ-
દ્રુજ અરજુન, બાણ મારે એક વાર; એટલામાં બબરૂવાહન તે મારી
વળે બે વાર ॥૩૧॥ જુલમ કરતો જરા ન ડરતો ભરતો નહા પગ
પાછો; અરજુન મનમાં જાણી ગયો, નથી છોકરો કાચો ॥ ૩૨ ॥ એ
વામાં અરજુનજીએ. પુરણ જણાવી રીસ; બબ્રૂવાહનના સારથનું

દી નાંખ્યું શીશ. ॥ ૩૩ ॥ એટલે બબ્રૂવાહન કોપ્યો, લીધું કાળજ્વર બાણ; અરજુનજીની ત્રણ ક્ષોણીનો, વાળી નાંખ્યોઘાણ. ॥ ૩૪॥એટલે વરશકેતુ ફકળ્યો,દીધું દૈવતદાખી; બબ્રૂવાહનનારથનીધ્વજા,તરતછેદી નાંખી.॥૩૫॥ તવ બબ્રૂવાહને બાણ માર્યું જ્યાં છે અંજની તન, વજ્ર દેહી હનુમંત છે પણ, ઉરાડયા ગગન. ॥૩૬॥ તે જઇને ઘડલંકા પડયા અરજુન પામ્યો ત્રાસ; અરેરે આ બળીયા સાથે, મેં કયાં કર્યો વીનાસ. ॥૩૭॥ એવે બબ્રૂવાહને બીજું, બાણ માર્યું કરી રીસ; કરણ કુંવર વરશકેતુનું છેદી નાંખ્યું શીશ, ॥૩૮॥ ત્રીજે બાણે પ્રદ્યુમાનને મારી નાંખ્યો ઠેર; પારથ થરથર ધ્રુજવા લાગ્યો, થઇ ગયો કાળો કેહેર.॥૩૯॥ આંખોમાંથી આંસુ છુટયાં, ભાગી ગયું ઘરસુત્ર; અભેમન્યુને વીશાર્યો તો, દેખીને આ પુત્ર, ॥૪૦॥ અરેરે આટલાદીકરાથી,હતુ કરણનુંનામ; મ્હારી ભીડનો ભાગીયોગયો કથલ્યું સઘળું કામ.॥૪૧॥એની જનેતાને જઇને, દેઇશ શોજવાબ;અરેરે કરમ થયુંકઠોરૂં,ટુટીપડીયો આભ॥૪૨॥ એવી રીતે રડવા લાગ્યો કુન્તા સતીનોતન; તે જોઇને બબ્રૂવાહન,બોલ્યો મુખ વચન.॥૪૩॥ઓરે નંદન કુન્તાજીના, હવેશું રડવાબેઠો;પેહેલુ કહ્યું ત્યારે નવ માન્યું, ગર્વ ઘણેરો પેઠો॥૪૪॥ ખરો પુરૂશ નથી તુતો,કાળજડાનો કાચો; વંઢળનો વેશ ધર્યો હતો તે, વંઢળ સાચેસાચો. ॥૪૫॥ જનુનીનું પેટ લજાવ્યું, બોળ્યું બાપનું નામ, કાળજડુ કાચુ હતું તો શીદ માંડયો સંગ્રામ॥૪૬॥ એવાં કટુ વચન સુણી, કોપ્યો ઇંદ્ર કુંવાર બબરૂવાહનની સાંમો બાજ્યો, દેવા માંડયો માર, ॥૪૭॥ તે મારને કુંવર નથી ગણતો, વછોડે બાણ જળ ધારા; ભાલોડાં ચળકે જાણે ગગનથી, ખરખર ખસે તારા. ॥૪૮॥ દીનમણી જાણે દબાઇ ગયો, બંધપડયો પરકાસ; જેવો જુલમ રામે કીધો, તેવો પાડયો ત્રાસ. ॥૪૯॥ એવામાં બબરૂવાહને, કામજ કેવું કીધું; મોહાસ્તરનો મંત્ર ભણીને,બાણ અગણીતું લીધું. ॥૫૦॥ તે ફેંકયું ફેરવું દડી ફરીને, બહુ બળમાં બાણએક; અગણીતા મંતરે કરીને, બાણ થયાં અનેક. ॥૫૧॥ તેણે સૈની રૂદીયા ભેદી, પ્રાણજ ઉંચા ચડીયા;હાથી ઘોડા ઉંટ સુદ્ધાં,ઢળીઢળીને પડીયા. ॥૫૨॥પછી એકલો અરજુન રહ્યો, તેને મારયો બહુ માર; રૂંએ રૂંએ છીદ્ર પાડયાં, તોડયાં વસ્ત્ર શણગાર. ॥ ૫૩ ॥ એવે ફરશુરામજીના, બાણનું ભાલોડું જેહ; પારધીના પાસેથી આવેલું, બાણજ કાહાડયું તેહ, ॥ ૫૪ ॥ તે બાણ અરજુનનઃ મ્રત્યુનું, બબરૂએ લીધું આપ; તે વેળા કુન્તીનંદનને, આવ્યો દ્રોણનો શ્રાપ ॥ ૫૫ ॥ એવો જોગે જોગ

મળીયો; બાણ ફેંક્યું તે દીશ; ઇંદ્રના નંદન અરજુનજીનું, છેદી નાંખ્યું શીશી. ॥ ૫૬॥ સરવેને પૃથ્વી પોરાડયા, શેવકને કહ્યું છુટો; સરવેને માહારી આગના છે, પાન્ડદળને લુટો. ॥૫૭॥ એવી આપી આગના કે, શેવક છુટયા સાર; પાન્ડવની સરવે શેન્યાના, લુટી લીધા સણગાર ॥૫૮॥ પછી પાન્ડવનો અશ્વ લેઇને, સૌ સંગ ગામમાં જાય; ઉલ્પી ચીત્રકળા બે માતા, તેને જઇ પડયો પાય ॥ ૫૯ ॥ ઓ માતા પાન્ડવ દળ માર્યું, મારયો અરજુન તાત, વેશ્યાનો સુત કહ્યો માટે શીશછેદયું મુજ તાત. ॥ ૬૦ ॥ વળણ ॥ તાતનું મુસ્તક છેદીયું, ઓરે માહારી માત, વલ્લભ વદે તવ બેઉજણી, કરતી આંસુપાત.

કડવું ૬૪ રાગ શીંધુ,

લાડકવાયા દિકરા,માતાને દિધો રંડાપો;સગપણ જાણ્યાછતાં માર્યો શું, આંવ્યોતો અંધાપોરે, લાડકડા. ॥ ટેક. ॥ તાતને તેડવા મોકલ્યો તેમાં, તેંતો રણ યુદ્ધ ધાર્યું; કયાંથી આનંદતો ઉપજાવે, હેવાતણ ઉતાર્યુંરે. લાડકડા ॥૧॥ દિકરા થાજો સોશો વરસના, મરજો વીધવા માડી; માંથે કંથ હોયે ત્યાં સુધી, હાથીની અંબાડીરે. લાડકડા. ॥ ૨ ॥ જોર જવાનીનું જા‌ગ્યું ઘરમાં, જનમ અમારો બાળ્યો;પેટ કોહ્યું પાટોકયાં કરીયે; દાવ દુશ્મનનો વાળ્યોરે. ॥ લાડકડા ॥ ૩ ॥ ઢીંકે ઢીંચણમાંથી ઢાળી, એથી સુત શું ભુંડો; ખાંખત કરી ખોવરાવી નાંખ્યો, ચોટલો ચાંલ્લો ચુડોરે, લાડકડા. ॥ ૪ ॥ તાતને કેહેવે તમો ગુણ વાપ્યો, તરછટ ઉતરયો આડો; હરતાં ફરતાં બંધ કરી આણ્યો,ખુણા ખોળવાદાહાડોરે ॥લાડકડા.॥ ૫ ॥ શરીરની સંસાર શોભા ટાળી, ગોરણી ગણાતી કાહાડી; ચીર ઉતરાવીને પેહેરાવી, સ્વેત સીંધુરી સાડીરે.॥ લાડકડા ॥ ૬ ॥ કાળાટીલીકપોળ ચોટી, કંથ મરાંવ્યો નારી; તે જીવવું ધીક્કાર અમારૂં, ઘાલું પેટ કટારીરે. ॥ લાડકડા, ॥૭॥ ભોગવે છે પીતાની પુંજી તે કાંઇ મનમાં નાંવ્યું; છોકરવાદી છેકજ કીધી, ફાટયો ફરયો જેમફાવ્યુંરે. ॥ લાડકડા. ॥ ૮ ॥ વળણ, ॥ માના મેહેણાં સાંભળી, અતીથયો ઉચાટ; કહે વલ્લભ રડવા મચ્યો, કુંવર હૈયા ફાટ.

કડવું ૬૫ રાગ કાફી.

હાંરે બોલ્યા જયમુની મુખ વાણી, સૌનાં નેત્રે ભરાયું પાણી; હરોં

બેઉ અબળાઓ નીકળી રડતી, કેશ કાહાડીને પૃથ્વી પડતી ॥ ૧ ॥ હાંરે ત્રાહ્ય ત્રાહ્ય કરતી બાહાર આવી, લીધું કંથનું શીશ સોધાવી; હાંરે ઉલપી ઉછંગમાં લેઇ રોતી, નાહાની ચીત્રકળા ધડ જોતી ॥ ૨ ॥ હાંરે ઓળીને ખોળામાં ધડ લીધું, પછી કલ્પાન્ત કારમુ કીધું; હાંરે ત્યાંતો બબ્રૂવાહન આવ્યો રડતો. બેઉ માતાને પાવલે પડતો. ॥ ૩ ॥ હાંરે માહારી જનુની કહો તે કરૂં; કોહો તો આપઘાત કરીને મરૂ; હાંરે મેં તો છોકરવાદી છર ધારયો, ભુલ્યો ચુકયો પીતાજીને મારયો.॥૪॥ હાંરે મને કહ્યો ક્ષારીનો સુત, તેથી થઇ ગયો આકળો ભુત; હાંરે માહારી થઈ ગઇ વાંકી કરણી, કહી કટાર લઈ ઢળ્યો ધરણી. ॥ ૫ ॥ હાંરે તવ ઉલ્પી બોલી મુખ એમ; બેટા મરણ કરે તુ કેમ; હાંરે તુને બતાવુએક ઉપાય; તેવું કરે તો સજીવન થાય; હાંરે તેથી કાળા ટીલી બધી જાશે, પુન્ય હશે તો સજીવન થાશે; હાંરે તેથી લાજ જગતમાં રેહેશે, આખું વીશ્વ સાબાશી દેશે. ॥૭॥ રાગ સાખી. ॥ એટલે બબ્રૂવાહન બોલ્યો, માતાજી લાગું પાય; ઝટપટ મુને ઈલાજ બતાવો, ઓરે માહારી માય. ॥ ૮ ॥ તવ બેઉ માતાએ ઉતારી આપ્યા, પોતાના શણગાર; લે આ લેઇને જા પાતાળે, ઓ માહારા કુંવાર. ॥ ૯ ॥ શેશનાગ છે તાત અમારો, ત્યાં જઇને એમ કેહેજે, થઇ પુત્રીયો વિધવા તમારી એમ કહી શણગાર દેજે. ॥ ૧૦ ॥ જમાત્ર તમારો મરણ પામ્યો, પણ ધડ શીશ છે પાસ; બેઉ બેહેનો બહુ રડે છે, પડી રહ્યો છે ત્રાસ; જમાત્ર તમારા જીવતાથાયે, એવો આપો ઉપાય; નહિતો તમારીપુત્રીયો મરશે, થાય બેઉ મુજ માય. ॥૧૨॥ એટલે જીવાડવાની બુટી; આપશે બેટા તુને; તેથી સહુ જીવતા થાશે. આનંદ ઉપજે મુને ॥ ૧૩ ॥ એવાં વચન માતાનાં સુણી, તરત થયો તૈયાર; પાતાળ જાવા જનુનીના લીધા થોડા શણગાર. ॥૧૪॥ પ્રથવી પારથનાથી પાતાળ ગયો, જ્યાં આગળ શેષનાગ; પાસે જઈને શણગાર મુકયા, દરશાવ્યોવઇરાગ॥૧૫॥ જુઓ તમારી પુત્રીયોના, શણગાર સૌ ઉતરીયા, વીધવાપણું એમને આવ્યું, સુખના દીવસ ફરીયા. ॥૧૬॥ તમારી પુત્રીનો પુત્ર હું થાવું. મેં વીપ્રીત કરી વાત; સેજ સ્વભાવ યુદ્ધ થવાથી, મેં મારયોમુજતાત. ॥૧૭॥ ધડ મુસ્તક મેં જુદાં કીધાં, કળકળી મુજ માય; માટે અરજુન જીવે તેવો, આપો કાંઇ ઉપાય. ॥ ૧૮ ॥ તવ શેષનાગે પાતાળકેરા, તેડ્યા સહુ નાગ; બેસાડીને પુછે પોતે, દેખાડે વઇરાગ. ॥ ૧૯ ॥ મુજ પુત્રી વીધવા થઇ છે, આવી ગયો સુખ અંત; સજીવન કરવા આપુ

મણીતો, જીવે એનો કંથ. ॥ એટલે સરવે નાગ બોલ્યા; પુત્રીનું કષ્ટ કાપો; ઝટપટ આપી જાય પાછો તો સુખ રૂપે મણી આપો. ॥૨૧॥ એ મણી આપણો પ્રાણજીવન છે, નાગોને ગરૂડનો ભય; હીડતાં ચાલતાં આપણા વંશનો, કરી જાય છે ક્ષય, ॥૨૨॥ માટે મણી આપણે રાખ્યો છે, તે જાણોછો વાત;આપણું જીવન બગડે નહી એમ કરજો જાતો જાત ॥૨૩॥ એટલામાં ધુત્રાષ્ટર નામે, દુરીયોધનનો સ્નેહી; કહ્યું કે આપવો નથી, પાછો ન પોહોચાડે લેઈ. ॥૨૪ તે એકલાનું કહ્યું ન માન્યું, બભ્રૂને મણી આપ્યો ધુત્રાષ્ટર નાગ બહાજ્યો, બભ્રૂને ક્રોધ વાપ્યો; ॥ ૨૫ ॥ સામાસામી બેઉજણ થયા, વીપ્રીત થઇ છે બુધ; મન મુકીને પાતાળ વિશે, આરંભ કીધું યુદ્ધ. ॥૨૬॥ ધુત્રાષ્ટરના સામો થયો, બભ્રૂવાહન લેઇ બાણ; કીડીયાસ્તરથી કીડીયો કેરૂં વાજ્યું બહુ હથરાણ. ॥૨૭॥ તે કીડીયો નાગને પડી બાહાજી, નાગને કાયર કીધો; તેથી ધુત્રાષ્ટર ગયો નાસી, બભ્રૂએ જાવા દીધો ॥૨૮॥ પણ ધુત્રાષ્ટરના બે પુત્ર, હુંપદ ને હંકાર; રાસ ભરેલા ભોમીમાં ગયા, વેર લેવા તે વાર. ॥૨૯॥ બેઉ અપછરાના ખોળામાં, ધડ ને મુસ્તક જેહ; અચાનક લઇ નાશી ગયા, રમણ દીપમાં તેહ. ॥ ૩૦ ॥ તે સમે કુન્તાને એમ ભાસ્યુ, અરજુન પામ્યો મરણ; વશકેતુ પણ મરણ પામ્યો, જેનો પીતા કરણ. ॥૩૨॥ એવા એવા બહુ જન આ એવું ભાસ્યું જ્યારે; કુન્તાજીએ જાગ્રત થઇને, પુછયું પ્રભુને ત્યારે. ॥ ૩૩ ॥ ઓ પ્રભુ મને એમ ભાસ્યું, તેમાં કરવું કેમ;સતીનું એવું વચન સુણી,પડયો પ્રભુને વેમ. ॥૩૪॥ ખપર જોગણી દ્રુપતીને, જઇને પુછી વાત; ઓરે ભગની સાચું કેહજો, જાણી મને તુજ ભ્રાત. ॥ ૩૫ ॥ અસ્વ લેઇને જે જે ગયા છે, તેઓની શી છે ગતી; તવ પ્રભુ આગળ ધરી હથેળી, પોતે દ્રુપતી સતી. ॥૩૬॥ તે હથેળામાં જુગધિશ જોયું, દાજયું અંતસકરણ; પારથ વરસકેતું પ્રદમાન, સરવ પામેલા મરણ. ॥૩૭॥ સરવ શેન્ય પડેલું દીઠું, પોતે જુગદાધાર; ઉદાશ પામી ઉભા થયા, વળી બોલ્યા મોરાર, ॥૩૮॥ ઓ ભગની તેં ખપર ભરીયું, ઉતર્યો તુજ શણગાર; પણ હાલમાં મુકી દે સરવને; જીવવા દે લગાર. ॥૩૯॥ એટલે ખપર જોગણી બોલી, આ જુગ થાય છે પુરો; થોડે દીવશે કળયુગ બેસે, મુજ ભક્ષ રહે અધુરો. ॥૪૦॥ કળીયુગના જીવોનું ભક્ષણ, મારે કરવું નથી; તે માટે મેં ભક્ષ લીધું, તવ બોલ્યા જદુપતી, ॥ ૪૧ ॥ હમણા તું મુકી દે સરવને, વેણ વદેલું થાપું; છપનકોટી યાદવ માહારા, થોડે દીવસે

આપુ ॥ ૪૨ ॥ એટલે દ્રુપતી સતી બોલી વચન પાળી લેજો; જાવો
સરવેને મુકી દીધા, જાદવ મુજને દેજો, ॥ ૪૩ ॥ એમ કહ્યું તવ ઇશ્વર
ચાલ્યા, બહુ ચીંતામાં પેઠા; ભીમ કુન્તાને સાથે લેઇને, ગોવીંદ ગરૂડે
બેઠા. ॥૪૪॥ આકાશ મારગે ઉડી ચાલ્યો, ગરૂડ તેણી વાર, મણીપુરમાં
એમે પધાર્યા, પોતે દેવ મોરાર. ॥ ૪૫ ॥ ગરૂડ ઉપરથી ઉતરીયા; પ્રભુ
કુન્તી ભીમ બળીયો: તે સમે મણી લૈને આવ્યો, તે બબ્રૂવાહન મળી
યો. ॥ ૪૬ ॥ તેને પ્રભુએ ઠબકો દીધો, તુજને આવું ન ઘટે બબરૂ કહે
મેં યુધ્ધ કર્યું છે, તાત સામુ રાજવટે. ॥ ૪૭ ॥ મુજે વેશ્યાનો નંદન કહયો
માટે ચઢી બહુ રીસ; યુધ્ધ કરીને તાત તણું મેં, છેદી નાખ્યું શીશ.
॥ ૪૮ ॥ પાછળથી પસ્તાયો ઘણો, મુજ માનો ઠબકો આવ્યો; માટે
સરવને જીવાડવાને, પાતાળથી મણી લાવ્યો ॥ ૪૯ ॥ એમ કહીને હળી
મળીને. શેન્ય પડયું ત્યાં જાય; બબરૂએ માતાને પુછયું ધડ પુસ્તક છે
કયાંય. ॥ ૫૦ ॥ તવ અપછરા બેઉ બોલી, એક થયું વીઘન, કોઇક ના
ગના પાતળમાંથી, આવ્યાતા બે તન. ॥ ૫૧ ॥ તે ધડ મુસ્તક લેઇને
નાઠા, ઓરે માહરા બાળ; એટલે ભીમશેન ગાજીને બોલ્યો, સાંભળો
શ્રી ગોપાળ. ॥ ૫૨ ॥ કેવા કનીષ્ટ માણસ તમે, પગલાં તમારાં થયાં;
એટલે ધડ ને મુસ્તક બેઉ, મુજ બંધુના ગયા. ॥ ૫૩ ॥ એવું સાંભળી
કૃષ્ણ પ્રભુને. પુરણ પ્રગટી રીસ; પોતાના સુદરસણ ચક્રને, આગના કરી
જુગધીસ. ॥ ૫૪ ॥ જા જઇ ધડ મુસ્તક લાવી દે, કહી મુકયું મોરાર;
રમણદ્વીપમાં સમુદ્ર વીશે, પોહોંચ્યું તેણીવાર. ॥ ૫૫ ॥ હંકાર હુંપદ
બે ભાઇના, મુસ્તક નાંખ્યાં કાપી, અરજુનનું ધડ મુસ્તક લાવી;દીધાં
પ્રભુને આપી. ॥ ૫૬ ॥ તે ધડ મુસ્તક ભેગાં કીધાં, પછી મણી ચળકા
વ્યો; એટલે અરજુનના વપુમાં, એક પલકે પ્રાણ આવ્યો. ॥ ૫૭ ॥ મા
ર માર કરતો ઉભો થયો, ખડગ લીધું હાથ; તવ ભીમશેને બળ કરીને,
ભીડાવી દીધી બાથ. ॥ ૫૮ ॥ ઓ ભાઈ મારવા જાવોછો કોને, મીથ્યા
કરો શું સોર, કેવારના કેમ મરી પડયાતા, કયાંરે ગયું તું જોર. ॥૫૯॥
મુમત મુકો બહુ નાબોલો, વીચારી વદીયે વચન; બબરૂવાહન સુતતમા
રો, શુભ સતીનો તન. ॥ ૬૦ ॥ અરજુન કહે સત્ય છે વીરા, જનેતા એની
સતી, તવ બબ્રૂ પીતાને નમ્યો, નીરમળ થઇ ગતી મતી. ॥ ૬૧ ॥ પ-
છી શેન્યમાં મણી ચળકાવ્યો, સરવ થયા સજીવન; કૃષ્ણ કુન્તાજીને ભીમ
ની પ્રત્યયે, બોલ્યા એમ વચન, ॥ ૬૨ ॥ હસ્તીનાપુર તમે પધારો હું,
રહીશ અરજુન સાથે; આગળ વીકટ દેશ આવે છે, બહુ બહુ વીઘન

માંથે. ॥ ૬૩ ॥ એમ કહીને વીદાય કીધાં, રહ્યા શ્રી રણુછોડ; ગામને વિશે લૈ ગયો સૌને બબરૂ ધરી મન કોડ. ॥ ૬૪ ॥ પાંચ દાહાડા પરોણા ગત કીધી, પ્રેમ ગણેરો વાપ્યો; પંચકલ્યાણી વાજી પીતાનો, પ્રેમકરીને આપ્યો. ॥ ૬૫ ॥ પોતે પોતાનું સૈન્ય લેઇને, તાતની જોડે જાય; અશ્વ ચોકી કરતા ચાલ્યા, આનંદ ઉર ન માય. ॥ ૬૬ ॥ વળણ, ॥ આનંદ ઉર માતો નથી, આગળ ચાલ્યા છેક; લક્ષ્મ વદે અળગા જતાં આવી નગરી એક. ॥

કડવું ૬૬ રાગ સામેરીનો દોહરો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, અશ્વમેઘ મહીમાય.॥ ૧ ॥ આગળ જાતાં નગરી આવિ, ત્રંબાવતી છે નામ; તેનો, રાજા મોરૂદ્ધજ છે, પુન્ય તણો વિસરામ ॥ ૨ ॥ તાંમ્રધજ છે દીકરો તેનો, સદા રહે છે મગ્ન, પાન્ડવ જેવો મોરૂદ્ધજને ઘેર થાય છે યજ્ઞ. ॥ ૩ ॥ મોરૂદ્ધજે પણ ઘોડો છોડયો, તેને કાડયો ફરવા; તેનો પુત્ર તાંમ્રધજ તે, નીકળ્યો રક્ષા કરવા. ॥ ૪ ॥ ભાગોળે એ અશ્વ આવ્યો. પુંઠે આવ્યા બળીયા, એવામાં બે સામા સામી યજ્ઞના ઘોડા મળીયા, ॥ ૫ ॥ તે એક એકનું મોઢું સુંગી, બાહાજ્યા અપરમપાર, બચકે લાતે લડવા લાગ્યા, મસ્તાન બે તોખાર. ॥ ૬ ॥ તામ્રધજે પાન્ડવના વાજીનું, પત્ર વાંચી જોયું સાર જાણ્યો કે લાવ્ય ઘોડો બાંધુ, હું છું ક્ષત્રી કુંવાર ॥ ૭ ॥ એવું સમજી ઘોડો બાંધ્યો, કબજેકીધો પોતે; પોતાનો પણ કબજે કીધો, ઘોડો છોડયો હતો તે ॥ ૮ ॥ એવે દળ પાન્ડવનું આવ્યું, તેણે માગ્યો તોખાર; તામ્રજ કહે હું નહી આપું, વઢવાછું તૈયાર. ॥ ૯ ॥ એમ અન્યો અન્ય કહી સાંભળીને, ઘણાજ કોપે ચડીયા; આયુદ્ધ લીધા હાથમાં ને,વઢવા ટુટી પડીયા.॥૧૦॥ તામ્રધજ છે જબરો ઝાઝો, એને ન જીતે કોય; બાણ તણો બહુ માર માર્યો, પાન્ડવ કાહાર હોય. ॥૧૧॥ એવામાં એક બાણ લીધું, મોહાસ્તરનું સાર; અગણીતો મંત્ર ભણી, ફેંકયું તેણીવાર. ॥ ૧૨ ॥ તેથી શહુની રૂદીયા ભેદી, પ્રાણજ ઉંચા ચડીયા; હાથી ઘોડા ઉંટ સુદ્ધાં. મુરછામાં સૌ પડીયા. ॥ ૧૩ ॥ પછી બેઉ અશ્વ લૈને, ગામમાં ગયો આપ; યજ્ઞ કરે ત્યાં ચાલી આવ્યો; જ્યાં પોતાનો બાપ. ॥ ૧૪ ॥ તેને આવી અશ્વ આપ્યો, પીતાજી જીતીને આવ્યો; અરજુન કૃષ્ણને હરાવીને, એમ-

ને ઘોડો લાવ્યો. ॥ ૧૫ ॥ એટલે મોરૂધ્વજ એમ બોલ્યો, એ શું કર્યું મુજ બાળ; યજ્ઞ માંડયો પ્રભુ પ્રાપ્ત થવા, શીદ ચીઢવ્યા ગોપાળ. ॥૧૬॥ એમ અતી સોસના કરે છે, એવામાં શું થાય; પાન્ડવ યોદ્ધના મુરછા વળી ઉઠયા જાદવ રાય. ॥ ૧૭ ॥ એટલે પારથ પુછવા લાગ્યો. કેમ કરવું મહારાજ; પ્રભુ કહે લડવાથી તમારી,નથી રહેવાની લાજ. ॥ ૧૮ ॥ માટે મુમત મુકી દેઇને, બીજી કરિએ પેર; તમે માહારિ સાથે ચાલો, જઇએ એને ઘેર. ॥૧૯॥ એમ કહી બભ્રૂવાહનને, સોંપી સૈ સેન્યાય; વીપ્ર બનીયા,જુક્તીવંત જુગધીશ; અરજુનજીને વીપ્ર વેશે, બનાવીયો છે શીશ્ય. ॥૨૧॥ ગુરૂ શીશ્ય બે બનીને ચાલ્યા, ગયા મોરૂધ્વજ ધામ; એટલે રાજાએ ઉઠીને, કીધો પ્રેમે પરણામ. ॥૨૨॥ પધારો મહારાજા રાજધીરાજા,મુને કર્યો પાવન;એમ કહીનેઉભા થઇને,બેસવા દીધું આસન. ॥ ૨૩ ॥ પછી પોતે પુછવા લાગ્યો, વીપ્રની પ્રત્યે એમ; કહો મહારાજા કીપા કરીને, હાંઇ પધાર્યા કેમ, ॥૨૪॥ એટલે બોલ્યા અંતરયાગી, માહારે હતો એક તન; તેને તેડી જાત્રા જતાતા, મારગે આવ્યું વન. ॥૨૫॥ ત્યાં અમને અઘોરી મળ્યો, લઇ ગયો મુજ પુત્ર તેને અમે કરગરિ પડીયા, કહ્યું ભાગે ઘર સુત્ર. ॥૨૬॥ માહારાજ માહરા પુત્રને મુકો, બીજું માગો તે આપુ; એટલે અઘોરી એમ બોલ્યા, જા તારૂં કષ્ટ કાપું. ॥૨૭॥ મોરૂદ્ધજ રાજાનું મને, આપે અડધું અંગ; જમણું પાસુ ભક્ષ કરવા, છે મુજને ઉમંગ. ॥૨૮॥ તે અંગનું હું ભક્ષ કરીને, પાછો આપુ તુજ તન; એવું સાંભળી તારી પાસે, હું આવ્યો રાજન. ॥૨૯॥ બ્રાહ્મણને દીકરો ઉગરે છે, શરીર તારૂં દેતો; તને પુરો ધરમીષ્ઠ જાણી, યાચના કીધી મેં તો. ॥ ૩૦ ॥ એટલે મોરૂદ્ધજ એમ બોલ્યો, મહારાજ ધરજો હામ; બહુ પુન્યશાળી શરીર માહારૂં, આવે વિપ્રને કામ. ॥૩૧॥ કહો કેવી રીતે આપું, તવ કહ્યું જુગજીવન; એક બાજઠ પર બેશ તું તો, બોલાવ તારો તન ॥૩૨॥ કરવત લાવેને હાંઈ આવે, બીજી આવે તુજ નારી;બેઉ મળી કેરવત મુકે તુજ શીશઅડધે ધારી. ॥ ૩૩ ॥ કાષ્ટ વહેરે તેમ વહેરે તુજને; ધરીને ધર્મનોટેક; કોઇના મનમાં દુખ ન ઉપજે, આંસુ ન આવે એક, ॥ ૩૪ ॥ તેમજ તું પણ દુખ નવ ધરે. ચોરવે નહી જરા અંગ;તને પણ આંસુ નવ આવે ટેક ન કરવો ભંગ. ॥ ૩૫ ॥ એટલે મોરૂધ્વજ એમ બોલ્યો, માહારાજ વચન થાપું; તમારા કહેવા પ્રમાણે શરી માહારૂં આપુ ॥ ૩૧ ॥ એમ કહી પોતા-

ની નારી, બોલાવી પોતાની કને; માતા પુત્રને ભેગાં કરી કહ્યું, કરવત મુકો મને. ॥૩૭॥ માહારા મર્ણનું દુખ ન ધરશો, વીપ્ર તણું કષ્ટ કાપો; કરવતથી વહેરી નાંખીને, શરીર જમણું આપો. ॥૩૮॥ મહારી આત્મના લોપશોમાં, કરશો નહી સંતાપ;અંગએ વિપ્રને આપો નહી તો, બ્રહ્મહત્યાનું પાપ. ॥૩૯॥ એમ કહી બાજઠપર બેઠો, સમરણ હરીનું કીધું;તામ્રધજે ને એની માયે,કરવત કરમાં લીધું. ॥૪૦॥ સામા સામી બેઉ જણ ઉભા,જોયા કરે જુગદીશ,રામ રામ રામ રામ કેહેતાં કેહેતાં, કરવત મુક્યું શીશ. ॥૪૧॥ કાષ્ટ વેહેરે તેમ વહેરવા લાગ્યાં, કઠીણ કારજ કરીયું; વેહેરતાં વેહેરતાં છાતી સુધી તે કરવત ઉતરીયું. ॥ ૪૨ ॥ વેહેરાવનારાં કે વેહેરનારાં,મનમાં નવ સોસાય;આનંદથી તે કામ કરે છે, એવામાં શું થાય. ॥૪૩॥ મોરૂધ્વજનું અંગ ડાભું, દુખધરીને રડીયું; ડાભા લોચન વિશેથી.ગરગર આંસુ પડીયું.॥૪૪॥ એટલે અંતરયામી બોલ્યા,વેહેરી ન નાંખો ફાંસુ;એ અંગ કામમાં નહી આવવાનું. નીકળ્યું નેત્રનું આંસુ. ॥ ૪૫ ॥ એમ કહીને રીસાઇ ચાલ્યા, પોતે દીનાનાથ; તવ મોરૂધ્વજની નારીયે; ઝાલ્યો પ્રભુનો હાથ. ॥૪૬॥ માહારાજ રીસાઇ જાવો છો શાને, આંસુનો સંદે ખુઓ, શાથી રડયું તે સજીવન કરી, પોતે પુછા જુઓ. ॥૪૭॥ તવ પ્રભુએ આખો કીધો, મોરૂધ્વજને સાર; પછી પ્રેમે પુછવા લાગ્યા, પોતે જુગદાધાર. ॥૪૮॥ કહે ભાઇ કેમ રડી પડીયું, તારૂં ડાભુ લોચન;મોરૂધ્વજ કહે સાચુ કહુ છું,સાંભળજો વચન. ॥૪૯॥ માહારા ડાભા અંગના મનમાં, ઊપજ્યું દારૂણ દુઃખ; એમ થયું કે અરેરે માહારૂં કોઇ ન ઇછે મુખ. ॥ ૫૦ ॥ ડાભે પાસે શાં પાપ કરેલાં, ડાભાનું ક્રત શું કહાવ્યું; મોહોટા પુરૂષે માગ્યું નહીને, શુભ કામે નવ આવ્યું. ॥૫૧॥ એવું મનમાં ઓછું આવ્યું, તેથી નીકળીયું આંસુ, બીજુ દુખ મનમાં ન લાગ્યું, તેમાં રીસાયા ફાંસુ- ॥૫૨॥ એવાં દીનતાનાં વચન સુણી,હરખ્યા વીશ્વના ભુપ; ઉભા થઇને દરસન દીધાં, ધરયું ચતરૂભુજ રૂપ. ॥૩૫॥ મોરૂધ્વજ પરદક્ષણા ફરીયો,પ્રેમે લાગ્યો પાય;મહારાજ મુજને પાવન કીધો,જયજયરે જગરાય ॥૫૪॥ એવામાં શેન્યા લેઇને, બભ્રૂવાહન આવ્યો, મોરૂધ્વજે અરજુન સુતને, માન્ય દેઇ બોલાવ્યો. ॥ ૫૫ ॥ તે સહુને પાંચ દીવસ રાખ્યા, મેમાન રીતે ઘેર; પોતાનો ઘોડો દીધો પાન્ડવને, ધન દીધું બહુ પેર. ॥ ૫૬ ॥ પછી પોતે પાન્ડવ દળમાં, જાવા થયો તૈયાર,યજ્ઞનો સામાન મોકલી દીધો, હસ્તીનાપુર નીરધાર. ॥૫૬॥ તામ્રધજને બેસાડયો ગા-

દી, પોતે ચાલ્યો શેન્ય સાથ; અતી આનંદ ઉપજ્યો ઉરમાં,સાથેદીનાનાથ. ॥ ૫૮ ॥ એવે જાતાં જાતાં આવ્યું, સારસ્વતપુર ગામ; તેનોરાજા વીરવરમા છે, પુશ્યક પુત્રનું નામ. ॥ ૫૦ ॥ રાજાનો જમાત્ર જમરાજા છે, રેહે છે રાજાને ધામ; તેના નગ્રમાં અશ્વ પેઠા, પુશ્યકે જોયા તે ઠામ, ॥ ૬૦ ॥ તેવાજ તેણે બાંધી લીધા,યુદ્ધ કરવા ઇચ્છાય; આયુધ્ધ લીધાં હાથમાંને, ત્યાર કરી શેન્યાય. ॥ ૬૧ ॥ વળણ. તૈયાર કીધું શેન્યને, યુધ્ધ કરવાને જાય; કહે વલ્લભ શ્રોતા સુણો, જપતાં શ્રી જગરાય.

કડવું ૬૭ રાગ ધવળ ધન્યાસરી.

બોલ્યા જયમુની વચનજી, સુણ પરીક્ષત કેરા તનજી; ચઢયો યુધ્ધે પુશ્યક માહા બળીયોજી; એનો કોઇનો ન જાય કળીયો. ટેક; કોઇનો કળીયો નવ જાયે; વીર વરમાનો તન; તેની પક્ષે વીરસરમા, આવ્યો છે રાજન. ॥ ૧ ॥ જમાત્ર એનો છે જમરાજા, યમદંડ સાથે લાવ્યો;એ કસોને આઠ રોગ તાબામાં, તેને લેઇને આવ્યો. ॥ ૨ ॥ પાન્ડવ સામા આવિ ઉભા, કરવાને સંગ્રામ; સામા સામી વેહેંચણ કીધી, રાખી રૂદીયે હામ. ॥ ૩ ॥ અરજુન સામો વીરવરમા, ઉભો રહ્યો યુધ્ધ કરવા; પુશ્યકને વરસકેતુ ઉભા, સંગ્રામ બહુ આદરવા. ॥ ૪ ॥ બબરૂવાહનને યમ રાજા, સામા સામી થયા ત્યાર; બાણાવળીયે ધનુસ લૈને, બળમાં કર્યા ટંકાર. ॥ ૫ ॥ પછી એકાએક હાથ ઉપાડયા, મેઘનાદે ગડગડીયા રાતા તાતા મદના માતા,મારવા ટુટી પડીયા. ॥ ૬ ॥ ઉંચા નીચા ઉછળે યોદ્ધા, બાણ બહુ રહે વરશી; ભેરી માળને ગોળા ચાલે ભાલા કટારીને ફરશી. ॥ ૭ ॥ ભાલોડાં ભેદે શરીર છેદે, પડે છે પુરણ ત્રાસ; શ્રોણીત કેરી છોળો ઉડે, હથીઆરો ચોપાસ. ॥ ૮ ॥ યમરાજાના રોગ ઉપડીયા, પાંન્ડવ દળમાં પેઠા; કૈં જનને જઇને ખસ વળગી, તે તો વલુરવા બેઠા, ॥ ૯ ॥ કૈં જનને ખાંશી રોગ વળગ્યો, તેતો ખુંખુ કરતા; કૈં જનને ખંજવાળ વળગી, તે ખંજોળી મરતા. ॥ ૧૦ ॥ એવા બહુ રીતે રોગ વળગ્યા,શેન્યા થઇ બહુ રોગી; યમરાયને બબરૂવાહને બાણ માર્યાં ઉપયોગી. ॥ ૧૧ ॥ તેથી યમરાજા ગભરાયો, પણ બહુ બળમાં ચઢીયો યમદંડ લીધો હાથમાંને શેન્યામાં ટુટી પડીયો. ॥ ૧૨ ॥ તવ બબરૂએ બાણ લાધું,દારૂણ દૈવત દાખ્યો;યમરાજાની રૂદીયા ભેદી, ધરણ ઢાળી નાંખ્યો. ॥૧૩॥ એવું જોઇને વીરવરમા, ઉછળી ઉંચો ચ-

ડીયો; અરજુનજીના રથની નીચે, અણુચીતગ્યો જઇ પડીયો. ॥ ૧૪ ॥ પારથનો રથ ઉપાડીને, ચઢી ગયો ગગન;વાંકા વળીને બહુ બાણુ મા ર્યાં,કુન્તાસતીને, તન ॥૧૫॥ તેનું એકે બાણુ ન ગણીયું, એવો કઠીણુ જાત;છેવટ પ્રભુએ પોતાના પગની, મારી છાતીમાં લાત, ॥૧૬॥ તવ અરજુનનો રથ લઇને,ઉતરી પડીયો ધરણુ, રથની નીચેથી નીકળીને લાગ્યો હરીને ચરણુ, ॥ ૧૭ ॥ અરે પ્રભુ મારૂં કઠીણુ રદે, હવેથી કોમળ થશે; તમોએ મુજને લાત મારી તે, ચરણુમાં વાગ્યું હશે. ॥ ૧૮ ॥ એમ કહી પ્રભુનો પાય લેઇ, ચાંપ્યો રૂદિયા સાથ. તવ ચત્રભુજ દરસણુ દીધાં, પોતે દીનાનાથ. ॥ ૧૯ ॥ એવે ચમરાજાની વળી મુરછા, તવ વીરવરમા રાય; સરવેને ચરણે લાગીને, તેડી ગયો ગામ માંય. ॥ ૨૦ ॥ પરોણાગતે બે દન રાખ્યા,સનમાન સારૂં કીધું;પછી પોતાના દીકરાને રાજપાટ સોંપી દીધું. ॥ ૨૧ ॥ પોતે નીકળ્યો પાંન્ડવ સાથે, અસ્વની પુંઠે જાય, જાતાં જાતાં કુંદનપુર આવ્યું, ન્યાં કુંદન શેન્ય રાય ॥૨૨॥ ચંદ્રહાસ છે જમાત્ર તેનો,તેને છે બે તન;ચીત્રશેન્યને મકરદ્ધજતે, બહુ બળીયા પાવન. ॥૨૩॥ તેના દેશમાં અસ્વ ગયા; તેને બંધન કીધા;યુદ્ધ તણી હીમ્મત ધરીને, પોતાના નગ્રમાં લીધા. ॥ ૨૪ ॥ ગામ ભાગોળે શેન્ય ઉભું, પાંન્ડવ કેરૂ સાર; એવે અરજુન પાસે આવ્યા, નારદજી તે વાર,॥ ૨૫ ॥ એટલે અરજુનજીએ પુછયું, ઓરે નારદ રૂશી; આ રાજા કેવો છે બળીયો, તે કહો થઈને ખુશી. ॥૨૬॥ એટલે બોલ્યા નારદ રૂશી, કુંદનશેન્ય છે રાય; તેતો નીરબળ છે જનમનો; તુને જીતી નવ જાય, ॥ ૨૭ ॥ પણુ એનો જમાત્ર જે છે, તે છે બહુ બળવાન; પારથ કહે કયાંનો રહેવાશી, કોનો એ સંતાન ॥ ૨૮ ॥ એની કથા મુજને સભળાવો, લાગુ તમારે પાય;કેમ પરણ્યો કુંદનની પુત્રી; ઓરે રૂશીરાય ॥ ૨૯ ॥ વળણુ, ॥ એ હકીકત કહો મુજને, લાગું તમને પાય; વલ્લભ વદે નારદ રૂશી, કહે છે તે મહીમાય.

કડવું ૬૮ રાગ સવૈયાનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાય; ચંદ્રહાસનિ વીસ્તારીને તુજને કહુ કથાય. ॥ ૧ ॥ નારદ કહે છે અરજુનજીને સાંભળી લે નરેશ; ઉત્તર દીશાયે કૈકલ નામે હતો સુંદીર દેશ, ॥ ૨ ॥ તે દેશનો કૈકલ સેન્ય રાજા,ચલવે ભલુ ધરસુત્ર;તેની રાણીને ગર્ભ રહેલો,

એનો થયો એક પુત્ર. ॥ ૩ ॥ નામ તેનું ચંદ્રહાસ પાડયું, છ માસનો થયો તન; એવામાં એ રાજાને માથે, દહીત થયો દુશમન. ॥ ૪ ॥ તે દહીતોએ કૈકલને ને, કૈકલની નારીને; ભંડાર સહીત લુટી લીધા, બેઉ જણને મારીને. ॥૫॥ કૈકલના એક ઘરની દાશી, તેને લાગી બીક ઝાઠી; છ માસના છોકરાને ઉચકી, જીવને લઇને નાઠી.॥૬॥ ચંદ્રહાસને લેઇને આવી, કુંદન શેન્યને ગામ; બ્રાહ્મણ લોકોના ફળીયામાં, જઇ કર્યો વિસરામ. ॥૭॥ એક વીપ્રના ઓટલા ઉપર, બેઠી છોકરૂ લેઈ; કને કાંઇ નહી ખાવા પીવા, પણ રહી ધારણ દેઇ. ॥૮॥ બાળકને બહુ ભુખ લાગી, રડી આંસુડા લાવ્યું; ઇશ્વર ઈચ્છાયે પાળક દાશી, તેને ધાવણ આવ્યું. ॥૯॥ તવ ચંદ્રહાસને ધવરાવ્યો, પણ પોતે ભુખી સાર; બેઠી બેઠી રડવા લાગી, નહી અનનો આધાર. ॥૧૦॥ એવે ફળીયાની બ્રાહ્મણીયો, ટોળે મળી ગઇ જોવા; દાસીને સહુ પુછવા લાગી, કેમ બાઇ બેઠી રોવા. ॥૧૧॥ તું કોણ છે ને કયાંની રેહેવાશી, તવ દાશી બોલી વચન; વખાની મારી નાશી આવીછું, આછે માહારો તન ॥૧૨॥ ખાવા પીવા પહેરવા નથી, નથી માહારે વીસરામ; માટે મને કોઇ ભાડુ લેઇને, રેહેવા આપો ઠામ. ॥ ૧૩ ॥ પછી કોકની મજુરી કરી, ભરીશ માહારૂ પેટ; જેમ તેમ ઉછેરીશ છોકરાને, તમ જેવાની કરૂ વેઠ. ॥૧૪॥ એટલે સર્વને ઉપની દયા, ઓરડી આપી એક; તેમાં જઇને બેઠી પોતે, ક્ષુધાતુર છે છેક. ॥૧૫॥ એવામાં એક બ્રાહ્મણે તો, લાવીને આપ્યું અન્ન; કોઇએ લાવીને પાણી આપ્યું, તેણે કર્યું ભોજન ॥ ૧૬ ॥ કોઇએ આપ્યો ગોદડી ઘડો, કોઇએ કાષ્ટ તપેલી, કોઈએ થાળી વાટકી કોઈએ, કોઇએ કાંઇ ચીજ મેલી. ॥૧૭॥ જેમ તેમ કરી ઘર મંડાવ્યું, પોતાનું પોશણ કરતી; ઘેર ઘેર આખા ફરીયામા તે મજુરા કરવા ફરતી. ॥૧૮॥ કોઈનું ખાંડે કોઈનું ઝાટકે, કોઈનો એઠવાડ કાહાડે; કોઈનાં લાવીને દેણાં દળે; પેટનું પુરૂ પાડે. ॥ ૧૯ ॥ એમ કરીને ઉછેરે છે, પોતાનો ચંદ્રહાસ; એ રીતે ત્યાં રહેતાં રહેતાં, વીતી ગયા બાર માસ. ॥૨૦॥ એવામા એક દિવસ રાત્રે, સુતાં માતા સુત ધરણ; ત્યાં દાસીને સરપ કરડયો, તે તા પામા મરણ. ॥ ૨૧ ॥ એટલામાં પરભાત થયો, જાગીયો ચંદ્રહાસ; રડતો રડતો રડતો બેઠો થઇને, બેઠો માની પાસ.॥૨૨॥ તવ તે મડકું કયાંથી બોલે, માતાનું મોઢું હલાવે; શરીર ઉપર આડો પડીને સ્થાન ગ્રહીને ધાવે. ॥૨૩॥ ધાવે પણ ધાવણ નવ આવે, તેમ તેમ વાશેષ રડે; આડોશી પાડોશી થૈ ગયાં ભેગાં, સરવેને વેંમ પડે. ॥ ૨૩ ॥

ક્યાં ગઈ હશે રડતો મુકીને, કરીએ એનો તપાસ;દ્વાર ઠેલ્યાં તો શાંકળ દીઠી, રડે મહી ચંદ્રહાસ. ॥૨૪॥ જાણ્યું કે મહી ઉંઘી ગયેલી, સમજી બરકા પાડે; બારણું ઠોકે શાંકળ ઠોકે, પણ કોણ દ્વાર ઉઘાડે. ॥ ૨૫ ॥ એટલે લોકોએ દ્વાર ઉતાર્યાં, જોયું તો મરણ પામેલી; છોકરાને તવ ઉપાડી લીધો, એનો તો ઈશ્વર બેલી. ॥૨૬॥ શબ ઉપડાવી દફન કરાવ્યું, મા વીના રઝળ્યો બાળ; ફળીઆમાં એક બ્રાહ્મણ બ્રાહ્મણી, હતાં બેઊ દયાળ. ॥ ૨૭ ॥ તેને પેટે પ્રજા નોહોતી, તેણે સુત કરી લીધો; નવરાવે ધવરાવે ઊછેરે, ઘણોજ આશરો દીધો. ॥ ૨૮ ॥ પેટના પુત્ર સરીખો ગણે છે, તાકે છે એનું હીત; રમતાં જમતાં બોલતાં શીખ્યો, શૌને એના પર પ્રીત. ॥૨૯॥ બોલે છે બહુ કાલુ કાલુ, વાહાલુ સરવને લાગે; જેને ત્યાં જાય ત્યાં થાય ડાહ્યો, ધીરે રહી ખાવા માગે. ॥ ૩૦ ॥ જેને તે એને આપે ખાવા ખોળે લેઇ રમાડે; જ્યાં કાંઇ જમણવાર હોયે જેને ત્યાં, બોલાવી જમાડે. ॥ ૩૧ ॥ એવી રીતે એ ઊછરે છે, પ્રેમ રાખે સહુ કોઇ; રાખનાર વીપ્રે પાંચ વરશે, દીધી એને જનોઇ, ॥ ૩૨ ॥ ત્યારથી એ ખટ કર્મ શીખ્યો, ગલકી નાહાવા નીત જાય; નાહાના નાહાના છોકરાં સાથે. જઇ ગલકીમાં નાહાય. ॥ ૩૩ ॥ નહાતાં નહાતાં ગલકીમાંથી, જડીયાસારંગરામ; ચંદ્રહાસેતેનું પુજનકીધું, શખો પાડયું નામ. ॥૩૪॥ બીજા છોકરાને બતાવ્યો, જુવો મને શખો જડીયો; એટલે જુંટાવી લેવાને બીજો, છોકરો બાહાજી પડીયો. ॥૩૫॥ લાવ્ય મને દે લાવ્ય મને દે, કહીને જુલમ કીધો; તવ ચંદ્રહાસ રડવા લાગ્યો, મુખમાં ઘાલી દીધો. ॥૩૬॥ બુમો પાડી જુઓરે લોકો, મુજપર જુલમ થાય; ગલ્કીમાંથી શખો જડયો મુને, આ છોકરાં લેઇ જાય. ॥૩૭॥ એટલે મોહોટા મોહોટા ભરાયા,છીનવવા નવ દેવો; લોકે કહ્યું દેખાડ અમને, શખો છે તારો કેવો. ॥૩૮॥ ચંદ્રહાસે મુખમાંથી કાઢી, સરવેને દેખાડયો; માહારો છે હું કેમ આપું, કહી મુખમાંસંતાડયો. ॥ ૩૯ ॥ સારંગરામના પ્રતાપ વડે, લોકોનાં મન ફરીયાં; દયા આવી ચંદ્રહાસ કેરી, બાળકો આઘાં કરીયાં॥૪૦॥ પછી ચંદ્રહાસ ઘેર ગયો, શખાને મુખમાં રાખે; જે જોવા ઇછે તેને દેખાડે, પાછો મુખમાં નાંખે. ॥૪૧॥ નીત્ય સવારે વહેલો ઉઠી, ગલકીમાં કરે સ્નાન; સારંગરામની કરે પુજા, રીઝે શ્રી ભગવાન.॥૪૨॥ પુશ્પ ચઢાવે ચંદન ચઢાવે, વળી નાંખે મુખમાંય; દરસણ કરવા ઇછે તેને, દેખાડે છે ત્યાંય. ॥૪॥ જે દેખે તે થાય ખુશી, વાહાલો લાગે ચંદ્રહાસ; પ્રભુ સર્વને મો-

હુ લગાડે, રીઝ્યા છે અવીનાશ.॥ ૪૪ ॥ જેને ને તેને પ્રેમ ઉપજે, વીષ્ણું દેવ પરતાપ; સૌ લોક ફરે છોકરા પુઠે. શું કરી શકે મા બાપ ॥૪૫॥ ગામમાં છોકરાં લખાટે રમે, તેના ભેગો ભમે; મુખમાંથી શખો કાઢીને લખોટા રીતે રમે. ॥૪૬॥ લોકના ટોળાં ઉભાંરે જોવા, બાળ રમે ખરી રીતે; શખાના પરતાપ વડે એ, ચંદ્રહાસ તો જીતે. ॥૪૭॥ જેને ને તેને હરાવે, સાળંગરામને વડે; ગમે તેવા હોંશીઆર સાથે, રમતાં પાછો ન પડે. ॥૪૮॥ તેથી સરવે બાળકોને પડીયો પેટમાં વેમ; શખાથી ચંદ્રહાસ જીતે છે, તે લેવો જેમ તેમ ॥ ૪૯ ॥ અનેક પડપંચ કરે બાળકો, પણ હાથમાં નવ આવે; બદલે બીજુ આપવા જાયે, પૈસાથી લલચાવે ॥ ૫૦ ॥ પણ કોઇનો છેતર્યો નવ જાયે. વળી કોઇથી નવ હારે, વળી વીશેશ બુદ્ધી વધે, કલેશ ન થાયે કો વારે, ॥૫૧॥ વળી શરીરનું તેજ વધે છે, થઇ મનોહર કાન્તી; જેને ને તેને મોહ લાગે, દેખે તો વળે શાન્તી. ॥ ૫૨ ॥ જેને તે ચંદ્રહાસને તો, માન્ય દઇ બોલાવે; ડાહીડાહી વાતો કેવરાવે. સારૂ સારૂ ખવરાવે. ॥૫૩॥ આખા ગામમાં લાડકવાયો શું બનીયું એક દન, કુબુધ્ધી પ્રધાન રાજાની કરાવે બ્રહ્મ ભોજન. ॥૫૪॥ ત્યાં વીપ્રો બેઠાતા જમવા, પીરસણું નીકળીયાં, તે વરની બહાર ચોકઠામાં, દસ વિસ છોકરાં મળીયાં. ॥ ૫૫ ॥ ચંદ્રહાસ છે તેના ભેગો, લખોટેથી રમે; બ્રાહ્મણ પેલા જમે તેનું, ચંદ્રહાસમાં ચીત ભમે ॥ ૫૬ ॥ જમવામાં જીવ રેહેતો નથી, ચંદ્રાહાસને નરખે; એનું બોલવું એનું રમવું, જોઇ જોઇ વીપ્રો હરખે. ॥ ૫૭ ॥ તવ કુબુદ્ધી પ્રધાન બોલ્યો, ભોજનપર નથી પ્રેમ; માહારાજે પેલા છોકરા સામું, જોઈ રહ્યા છો કેમ ॥૫૮॥ મુરખ જેવું છોકરૂં રમે, તેને નીરખો કેવા; ભોજન કરવા ભાન ભુલ્યા, બ્રાહ્મણ મુરખ જેવા. ॥ ૫૯ ॥ એનામાં એવું શું દીઠુ તે, નીરખો એનું ગાત્ર, તવ વીપ્રો ક્રોધ કરીને બોલ્યા, એ છે તુજ જમાત્ર ॥ ૧૦ ॥ એવું સાંભળી ક્રોધે ચડીયા, કહ્યાં કટુ વચન; વીપ્રો કહે તું શીદ કકળે છે, કરશે એ રાજ્યાસન ॥૬૧॥ ધનમાલ તારો એ ભોગવશે વીપ્રોનું વચન સાચું, પ્રધાન કહે તમારૂ બોલવું, કરી આપવાનો કાચું, ॥ ૬૨ ॥ વળણ. ॥ કાચું વચન કરૂં તમ તણું, જોઇ લેજો માહારાજ, વલ્લભ વદે પ્રધાનને, ઉપજી દલમાં દાજ.

કડવું ૬૯ રાગ સામેરીનો દોહરો,

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય, વીસ્તારી તુ

જને સંભળાવું, ચંદ્રહાસનો મહીમાય. ॥ ૧ દુષ્ટ બુદ્ધી પ્રધાનને આવ્યું કુંવર ઉપર ઝેર;વીપ્રનું બોલ્યું જુઠું પાડું, કરૂં કુંવરપર કેહેર॥૨॥ એવે વીપ્રો ભોજન કરી,ગયા પોતાને ઠામ; તે પછી પાપી પરધાને,કેવું કીધું કામ ॥૩॥ બોલાવ્યા ચાર ચંડાળોને, લેઇ ગયો એકાન્ત; ચંડાળો કહે કામ બતાવો, કશી ન રાખશો ભ્રાન્ત. ॥ ૪ ॥ એટલે પ્રધાન એમ બોલ્યો,વારતા રાખજો મનમાં, પેલો ચંદ્રહાસ છોકરોછે, તેને તેડી જાઓ વનમાં ॥ ૫ ॥ કોઇ ન જાણે એવી રીતે, મારી નાંખીને આવો; નીશાની માટે કોરી કાઢીને, આંખ્યો એની લાવો, ॥૬ ॥ જમણે ભુજે છ આંગળી છે, તે છઠ્ઠી લાવજો કાપી;એટલું કામ કરો તો તમને,ખુશી કરૂં ધન આપી ॥૭॥ એટલે ચારે ચંડાળ બોલ્યા, એમાં શું છે કામ ભારે; ગમે તે વેળા મારી નાંખીને, દેશું નીશાની સવારે. ॥ ૮ ॥ એમ કહીને દુષ્ટ ઉઠયા,મનસુબા મન કરતા; ન માબાપુ જાણીને એને લેવાને સારૂ ફરતા. ॥૯॥ એવે સમે સાંજ પડી ને, મળીઓ ચંદ્રહાસ; ફોસલાવી અળગો બોલાવી, લીધો પોતાની પાસ. ॥ ૧૦ ॥ પછી એકાએક ઉચકીને;નાઠા ચંડાળ ચારે; ધાંટા કાઢી ચંદ્રહાસ રડે છે,કોણ ચઢે એની વારે. ॥૧૧॥ નગ્રથી ચાર ગાઉ છેટે જઇને, પૃથ્વીપર ઉતાર્યો રાત અજવાળી જાય ઝગારે, મનસુબો મારવા ધાર્યો ॥ ૧૨ ॥ એટલે ચદ્રહાસ બોલ્યો, મરો ગમે તેમ નથી; ચાહ્ય તો મારી નાંખો તોહે, શખો દેવાનો નથી; ॥ ૧૩ ॥ એટલે ચારે ચંડાળ બોલ્યા, તારો શખો નથી લેવો; વારૂ તું દેખાડ અમને, જોઈએ શખો છે કેવો. ॥ ૧૪॥ એટલે ચંદ્રહાસ બોલ્યો, મોહોમાંથી નહી કાહાડું; ચારે જણ આઘા ઉભા રો તો તમને દેખાડું ॥ ૧૫ ॥ તવ ચંડાળો અળગા ખશીયા, શખો જોવાને કામ; ચંદ્રહાસે મુખમાંથી કાઢી, દેખાડયા સાળંગરામ. ॥૧૬॥ તે દેખીને ચંડાળોનું, ફરી ગયું છે મન; પ્રરેક પ્રભુએ પ્રેરણા કીધી, જીવાડવા તે તન. ॥ ૧૭ ॥ ચંડાળોને ઉપની દયા મનમાં આવ્યું એમ અરેરે આ ગરીબડાને, આપણે મારીએ કેમ, ॥ ૧૮ ॥ એટલે બીજો ચંડાળ બોલ્યો, મુકી દો દયા આણી; પણ પ્રધાનની પાસે જઇને, શું દેશું નીશાની ॥૧૯॥ માટે એના જમણા ભુજની, છેલ્લી લ્યો અ ગળી કાપી; પછી જીવતો મુકીદો એને, એવી દયા મન વ્યાપી. ॥ ૨૦ ॥ પછી ચંદ્રહાસને વળગી સમજાવીને છરી દીધી, જમણા ભુજની આંગળી છઠી, તે તો કાપી લીધી. ॥૨૧॥ ચંદ્રહાસે કારમી ચીસ પાડી, કંપી ગયું શરીર; કળ ચડી તે ધરણુ બેઠો. બહુ નીચળ્યું રૂધીર. ॥૨૨॥

ચારે ચંડાળ વનમાં મુકી, ચાલ્યા તેણીવાર; લોચન લીધા વીનાજઇ એ. તે તો ભુલ અપાર. ॥૨૩॥ એવામાં એક મ્રગને માર્યો, તેનાં લીધાં લોચન;પછી ચારે નગ્રમાં ગયા, ચંદ્રહાસ રહ્યો વન. ॥૨૪॥ રાત્રી બહુ ભયંકર ભાસે, ચાલે આંસુ હેલી;થરથર એનું કાળજું કંપે,અરન્યમાં કોણ બેલી ॥૨૫॥ એવે ચંદ્રમા અસ્ત પામ્યો;થયું અંધારૂં ઘોર; વાઘ વરૂ કરે ઘુઘવાટા, થાય શીયાળોના સોર. ॥૨૬॥ એવા વનમાં બાળક રડે, મોઢું રહ્યું છે પોહોળું; એવામાં ત્યાં ફરતું ફરતું આવ્યું હરણનું ટોળું. ॥૨૭॥ સુતુ સુતુ છોકરૂં રડે, પશુને આવી દયાય; કાપેલી આંગળી ચાટવા લાગ્યાં, તેણે શીતળતા થાય. ॥ ૨૮ ॥ શીતળતા વળવાથી એનાં. મીચાયાં લોચન; નીંદ્રાવશ બાળક થઇ ગયો, મુકી દીધું રૂદન. ॥૨૯॥ પશુમાં પ્રેરણા કરી પ્રભુએ, બાળક કરવા સુખી; શખો મુખમાં રાખીને ઉંઘ્યો; ન થયો વીશેશ દુખી. ॥ ૩૦ ॥ એવામાં તો વાહાણું વાહાયું,તવ જાગ્યો ચંદ્રહાસ;તોપણ હરણનું ટોળું તે,બેઠું એની પાસ. ॥૩૧॥ બાળકથી ઊઠાતું નથી, પીડાથી રહ્યો પડી; હરણાંએ વનમાંથી લાવી,ફળ દીધાં તે ઘડી. ॥૩૨॥ ચંદ્રહાસને જે મીઠાં લાગે, તે ફળ લૈને ખાય, એટલે જીવને શાન્તી વળી, બેઠો થયો વન માંય. ॥ ૩૩ ॥ એવે સુર્યનો તાપ આવ્યો, તડકો લાગ્યો તે સમે; આકાશ. ઉડતી સમળીયો તે,ચંદ્રહાસ ઉપર ભમે. ॥૩૪॥તેથી પુત્રને થયો છાંયો પ્રભુ તણિ મેહેરબાની, શખાને અળગો નવ મુકે, પ્રાણ પોતાનો જાણી. ॥૩૫॥ એ રીતે વનમાં ને વનમાં, વીતી ગયા દસ દન; એવામાં કોળંદર નામનો ત્યાં આવ્યો રાજંન. ॥ ૩૬ ॥ ઘેરથી ઘોડે બેશી આવેલો, મ્રગીયા રમવા વન; જ્યાં છે ચંદ્રહાસ ત્યાં તે આવ્યો, દિઠો નાહાનો તન. ॥૩૭॥ એ રાજાને ફરજન નથી, તેણે કર્યો વીચાર, આ છોકરૂં કોઇ માબાપ વિના, વનમાં નીરાધાર. ॥ ૩૮ ॥ પુત્ર નથી કાંઇ માહારે પેટે, મારે એને લેઇ જવું, દિકરો કરી મુજઘેર રાખું સારૂસારૂ ખવરાવું. ॥ ૩૯ ॥ એવું સમજી કોળંદરે, પુત્રને આકાર દીધો; પાંગોઠું ઝાલી ઉપાડીને,અશ્વનાઉપર લીધો.॥૪૦॥સાથેસુતલેઇનેઘેરગયો, હરખ્યું ગામનું લોક;ચંદ્રહાસનું મોઢું જુએ, તેનો ટળે સૈ શોક.॥૪૧॥ કોળંધરે મુકયો નીશાળે, ભણે નહિ વીદ્યાય; કકો કેહેતાં ક્રષ્ણ બોલે બીજું ન ભણે કયાંય, ॥૪૨॥ હરી ફરી શાળંગરામ શેવે, રાખે પોતાની પાશ; એક ઘડી અળગા નવ મુકે,તેથી રીઝ્યા અવીનાશ॥૪૩॥ એમ કરતાં સોળ વરસનો થયો, તાતને જોડયા હાથ; પીતાજી દેશજી

તવા જાવું; શેન્યા દો મુજ સાથ. ॥૪૪॥ તેથી તાતે શેન્ય આપ્યું, જી-
તવા ચાલ્યો દેશ; મોહોટા સામી બાથ ન દીધી.જીત્યો નાહાના નરેશ,
॥૪૫॥ ઘણું ઘણું ધન પોતે લાવ્યો, પીતા અતી રાજી થાય; કોળંધર
કને ખંડણી લેછે, કુન્દનપુરનો રાય. ॥ ૪૬ ॥ તેને ત્યાં મોકલ્યો નજ-
રાણો; સો ગાડાં ભરી ધન, કહાવ્યું કે બહુદેશ જીત્યો, વગડેથીલાવેલો
તન. ॥ ૪૭ ॥ કુન્દન રાજાને દ્રવ્ય પોહોચ્યું, ઉડતી જાણી વાત;
કોળંધરનો પાળક પુત્ર, થઇ ગયો પ્રખ્યાત. ॥ ૪૮ ॥ છે ચંદ્રહાસ નામ
તેનું, રૂપે ગુલાબનો ગોટો; માહા ગુણવંતો માહા બળવંતો પ્રાક્રમમાં
બહુ મોહોટો. ॥૪૯॥ કુંદન રાજા આનંદ પામ્યો, પ્રધાનને પડયો ત્રાસ;
મેં મરાવવા મોકલ્યો તો તે તો, નહિ હોય ચંદ્રહાસ ॥ ૫૦ ॥ એવામાં
કુંદનરાય બોલ્યો, પ્રધાન તમે જાવો; કોળંધરનો દીકરો કેવો, તેનાસ-
માચાર લાવો, ॥૫૧॥ તવ કુબુદ્ધી પ્રધાન ગયો. કોળંધરને ઘેર;
માન્ય દેઇને ઉતારો આપ્યો; કોળંધરે ભલી પેર. ॥ ૫૨ ॥ પછી કુબુદ્ધી
પુછવા લાગ્યો, કયાં છે તમારો તન; તેને જોવા માટે મુજને, મોકલીયો
રાજન. ॥ ૫૩ ॥ તવ ચંદ્રહાસને બોલાવ્યો, તે આવ્યો પ્રધાન પાસ; ન
જરે દેખી ઓળખ્યો ને, મનમાં લાગ્યો ત્રાસ. ॥૫૪॥ જાણ્યું મરાવવા
મોકલ્યોતો, તેવો તે ચંદ્રહાસ. બ્રાહ્મણનું બોલ્યું સત્ય થાશે, હું તોથ-
ઇશ નીરાશ, ॥૫૫॥ એવું જાણી કુબુદ્ધીયે કપટનો ખેત્ર ક્રીધો; છાનો
માનો એક પત્ર લખીને, ચંદ્રહાસને કર દીધો, ॥૫૬॥ દીકરો પોતાનો
મદન નામે તેને લખ્યું પત્ર લેજો; આ કાગળના લાવનારાને તુરતા તુ-
રત વીષ દેજો. ॥ ૫૭ ॥ વીલમ ન કરશો: કોને ન કેહેશો, કાંઇ ન ક-
રશો વાર; આવેલી બાજી હાથથી જાશે, ઓરે મદન કુંવાર. ॥ ૫૮ ॥
એવો પત્ર લખીને આપ્યો. ચંદ્રહાસ કેરા કરમાં; જાવો જઇ પત્રઆપી
આવો, એમ સુતને અમ ઘરમાં. ॥ ૫૯ ॥ જોજો પત્રને ઉકેલવોમાં,ઝટ
પટ ચાલ્યા જાવો; મારા પુત્રને પત્ર આપી, પછી વીસામો ખાવો॥૬૦॥
વળણ. વીસામો ખાજો પછી, જાવો ચંદ્રહાસ; શ્રોતા જન સહુ સાંભ-
ળો કહે છે વલ્લભ વ્યાસ.

કડવું ૭૦ રાગ ચોપાઇ.

બોલ્યા જયમુનીજી વચન, સુણ પરીક્ષત કેરા તન;ચંદ્રહાસને કા-
ગળ દીધો. એણે જાવાનો વીચાર કીધો. ॥ ૧ ॥ એતો અશ્વ ઉપરથયો

સ્વાર, પેહેરી લીધા વસ્ત્ર શણગાર; સાથે રાખ્યાં સહુ હથીયાર, સાથે સેવક લીધા ચાર, ॥ ૨ ॥ તેવા તે અશ્વે સ્વાર, ચાલ્યા પત્ર દેવા તેણી વાર; મન મુકીને ઘોડા દોડાવ્યા. થોડી વારે કુંડનપુર આવ્યા. ॥ ૩ ॥ ગલકી ગંગાની કીનાર, એક બાગ સોભીત અપાર; તેમાં રૂડાં વ્રક્ષની છાયા, તેના શીતળ વાયુ વાયા. ॥૪॥ તેથી ચંદ્રહાસ બોલ્યો વચન, આવો છાયામાં ફરીયે સહન; થોડી થોડી નિદ્રા લૈશું, પછી પત્ર જઇને દૈશું. ॥૫॥ એમ કહીને બાગમાં પેઠા, દીઠો છાંયો ત્યાં જઇને બેઠા; વસ્ત્ર પાથરી બાગમાં સુતા, આવ્યો વાયુ નીંદ્રા વશ હુતા ॥ ૬॥ બાગ સરસુ ગલદી તીર ત્યાં તો નીરમળ વહે છે નીર; ત્યાં તો નહાવા આવી છે કુંવારો, પુત્રી કુંદનરાયની સારા ॥ ૭ ॥ એ તો છે રૂપરૂપની ધામ, એનું ચંપક માલ્યની નામ; તેની સાથે પ્રધાનના બાળ, વિખ્યા નામે રૂપે રશાળ. ॥ ૮॥ બેઉ બાળીયે કર્યું સ્નાન, ઘેર જાવા થઈ સાવ ધાન; તવ વિખ્યા બોલી બેહેન જાવો, મુજ માયે કહ્યું પુસ્પ લાવો. ॥૯॥ માટે હું પુસ્પ લેવા જાવું, બાગમાં વીણીને આવું; એમ કહી ફરી કુંવરી વીદાય, પોતે બાગને વીશે જાય. ॥૧૦॥ પુશ્પ વીણવા લાગી પોતે, દીઠો ચંદ્રાહાસ સુતો તે, એનાં દરસણે જાય દુખ, જઈ વીખીયાયે જોયું મુખ. ॥ ૧૧ ॥ દીઠો પુરૂષ બહુ અલબેલો, હાલ આ નર છે ઉંઘેલો; એવે પત્ર જામાનિ કસે, તે તો વાંચવાને મન વસે. ॥૧૨॥ ધીરે રહીને છોડયો સાર; વાંચી જાણ્યા સમાચાર; મુજતાતે ધાર્યો છે કેહેર મોકલ્યો કપટે મુજ ઘેર ॥ ૧૩ ॥ વીખ દેવા લખ્યું મુજ તાત. દેશે કપટથી વિખ ભ્રાત; પછી કુંવરીએ શું કીધું, પોતે નેત્રનું કાજળ લીધું; ॥૧૩॥ વિખ શબ્દ લખ્યો છે જ્યાંય; ખની જોડે લખ્યો ય ત્યાંય; તવ વીખીયા એમ વંચાય છાનું માનું લખ્યું કન્યાય ॥ ૧૫ ॥ એનું નામ છે વીખીયા માટ; એણે સમજી બેસાડયો વાટ; પછી હતો તેમજબાંધી દીધો, પછી પંથ પોતાનો લીધો. ॥ ૧૬ ॥ ચાલી ચાલી ગઈ આપ ઘેર, કોઇને કહી નહી તે પેર; એમ કરતાં થઇ પડી ચાર, ચંદ્રહાસ જાગ્યો તેણીવાર. ॥૧૭॥ એતો જાગ્રતથઇને ગયો, કુબુદ્ધીને ત્યાં જઈ ઉભોરહ્યો પત્ર મદન કુંવરને દીધો, એણે ઉકેલી વાંચી લીધો ॥૧૮॥ મુજ તાતે મોકલીયો હાને રૂડા જમાત્રથી મન માને; એણે જાણ્યું જાણે કોઇ વાત, હાવો જમાત્ર નાવે હાથ. ॥૧૯॥ એમ શમજીને વિપ્ર બોલાવ્યો, પોતાના ઘરનો ગોર આવ્યો, કીધું સમે વરતે સાવધાન, દીધું મદને કન્યાદાન, ॥૨૦॥ વિખ્યા ભગનીપોતાની જેહ, પરણાવી દીધી પ્રેમે તેહ; એવે આવ્યો

કુબુદ્ધી તાત, એણે લગ્નની જાણી વાત. ॥૨૧॥ દિઠો ચુડો પુત્રીને હાથ. શતરૂ પરણ્યો દીકરી સાથ;વિપ્રોનું વેણ ના પડયું કાચું, માહારૂંજુઠુંને એમનું સાચું. ॥ ૨૨ ॥ પણ હું કયારે ખરો ખેલાડુ, બોલ્યું બ્રાહ્મણનું ખોટું પાડું, એકવાર હું શંદે ખોવું, આમ કેમ થયું પુછી જોવું ॥૨૩॥ પછી પોતાનો મદન તન, તેને તેડયો એકાન્ત ભોવન; બેટા તેં શીખ કોની લીધી, વિખ્યા બેહેન પરણાવી દીધિ. ॥૨૪॥ત્યારે મદન બોલ્યો એમ; પત્ર લખીને પુછો છો કેમ; જુઓ પત્ર તમારો લખેલો, મીથ્યા આરોપ મુજને મેલો. ॥ ૨૫ ॥ તવ પ્રધાને પત્ર લીધો, શબ્દ વાંચીને વિચાર કીધો; માહારી લખવામાં થઈ ભુલ, હાથેથી બન્યો મુરખ તુલ ॥ ૧૬ ॥હવે વીધવા વેઠું કુંવારી, પણ જમાત્ર નાંખુ મારી; એમ મનમાં રાખી એ વાત, ઘેર બેશી રહ્યા છે તાત ॥૨૭ ॥ એવે મદનસભામાં ગયો, જઈ રાજાને સંદેશો કહ્યો, સુણોકુંદનશેન્ય વાત વગની. મેં તો પરણાવી માહારી ભગની. ॥૨૮॥ કોળંદરનો સુત ચંદ્રહાસ, તેની સાથે ધરીને હુલ્લાસ;સુણી કુન્દનસેન્ય એમ બોલે, કામ કીધુ રૂડુ અતોલે. ॥૨૯॥ જાતું જ્યાં હોય ચંદ્રહાસ, ત્યાંથી મોકલ મારી પાસ એને પુત્રી માહારી પરણાવું, સદા હાંઇ રેહેવાને ઠરાવું. ॥૩૦॥ એવ વચન સુણીને મદન, ચાલ્યો દુષ્ટ બુદ્ધીનો તન; એવે કબુદ્ધી શુ ખેલ લાવ્યો. એણે જમાત્રને બોલાવ્યો. ॥ ૩૧ ॥ કહ્યું ચંદ્રહાસને કામ તમે સ્નાન કરો આ ઠામ; પછી પુંજાપો હાથમાં સાહાવો, ચામુન્ડાના પુજન સારૂ જાવો. ॥૩૨॥ અમારા કુળ રીત એવી, જઇ જમાત્ર પુંજે દેવી. નવ્ય પુંજે તો વિઘન થાય, દીકરાનું હેવાતણ જાય. ॥૩૩॥ તવ બોલ્યો ચંદ્રહાસ એમ,વેણ લોપું તમારૂં કેમ;કહીને કરવા ગયો સ્નાન તવ કપટ કર્યું પરધાન. ॥ ૩૪ ॥ અણ બોલાવ્યા બે ચંડાળ, દીધી કુબુદ્ધી તતકાળ; તમે ચામુન્ડા માતાએ જાવો, ડેરામાં પેશીને સંતાવો ॥૩૫ ॥ રેહેજો ઉઘાડી તરવારે, ગફલત નવ ખાસો લગારે; કોઇ આવે ત્યાં પુજન કરવા, તેને જાણજો આવ્યો મરવા. ॥ ૩૬ ॥ ભય ધરશો નહી ઘાળે દીશ,આવનારનું છેદજો શીશ; એવું કહી મોકલ્યા ચંડાળ જઈ સંતાયા તે તતકાળ. ॥ ૩૭ ॥ હાથમાં ઉઘાડી તરવાર, રહ્યા મારવાને તઈયાર, એવે ચંદ્રહાસે કર્યું સ્નાન, સ્વચ્છ વસ્ત્રે થયો સાવધાન. ॥૩૮॥ લીધી પુંજાપાની છાબ હાથ, જાતાં સમરે ચામુન્ડા માત, ઘરથી નીકળી પંથ પળીયો, એવે સુત પ્રધાનનો મળીઓ. ॥૩૯॥પોતાનો બનેવી ચંદ્રહાસ આવ્યો મદન તેની પાસ, કહો વારૂ કયાં જાઓછો

તમો, તમને તેડવા આવ્યા અમે. ॥૪૦॥ તવ બોલીયો ચંદ્રહાસ, જાવું ચામુન્ડાને અવાસ; તમ તાતે બતાવ્યું છે કામ, દેવી પુજવા જાવું તે ઠામ. ॥૪૧॥ તવ મદન વદયો વચન, તમને તેડે છે રાજન;સેવા સામગ્રી મુજ કને લાવો, તમે રાજ્ય સભામાં જાવો. ॥૪૨॥ તમ વતી માતાયે હું જાવું, પુજા કરી સભામાં આવું, એવું કહીને સામગ્રી લીધી, ચંદ્ર-હાસે તે આપી દીધી. ॥૪૩॥ પોતે ચાલ્યો રાજ્ય સભાયે; પેલો મદન દેરામાં જાય;જેવો પેઠો દેરાની માંય,તેવા ચંડાળ ઉભેલા ત્યાંય. ॥૪૪॥ ઉઘાડાં ખડ્‌કે કરી રીમ;મારી છેદયું મદનનું શીશ,ધડ મુસ્તક પડીયા ચરણ; પામ્યો પાપી તણો સુત મરણ. ॥૪૫॥ ચંદ્રહાસ ગયો સભા-માંય; રાયે માન્ય દીધું ઘણું ત્યાંય;બધી વાત કહી વરણાવી, પોતાની પુત્રી પરણાવી. ॥ ૪૬ ॥ જેનું ચંપક માલ્યણી નામ, ઘણી ગુણવંત રૂપની ધામ; તેનું કન્યાદાનજ દીધું. સહુ રાજ્યજ અરપણ કીધું. ॥ ૪૭॥ તે તો વાત પ્રધાને જાણી, આવ્યો સભામાં વીચાર આણી; જોયું તો પરણ્યો ચંદ્રહાસ. જઇ બેઠો રાજાની પાસ.॥ ૪૮ ॥ લગ્નની, તમામ જાણી, એની મતી ઘણી ઘભરાણી; પુછયું ચંદ્રહાસને એમ, દેવી પુજવા ન ગયા કેમ. ॥૪૯॥ બોલ્યો ચંદ્રહાસ વચન, ગયો પુજવા તમારો તન; મને સભામાં મોકલી દીધો. પુજાપો એમણે હાથ લીધો ॥ ૫૦॥ ગયા પુજન કરવાને એહ, પડયો પ્રધાનને સંદેહ; દોટ મુકીને પ્રધાન, પોતે જોવા ગયો સંતાન. ॥૫૧॥ વળણ. સંતાન જોવા સંચર્યો જ્યાં છે દેવસ્થાન; વ્યાસ વલ્લભ વદે, સમરે સહુ ભગવાન.

કડવું ૭૧ રાગ સવૈયાનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા સુણ જનમેજે રાયે; વિસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ કથાય, ॥૧॥ પ્રધાન સંચર્યો દેવીને દેરે, જોયું ઘોળે દીશ, દેરામાં પડેલું દીઠું, પુત્રનું ધડ ને શીશ. ॥ ૨ ॥ પ્ર-ધાને જાણ્યું બ્રાહ્મણોનું, વચન સાચું પડીયું, જે જે કપટ મેં કર્યું તેમ હારૂં મુજને નડીયું.॥૩॥હવે હું શું કરૂ જીવીને, દીકરાની થઇ હાણ, એમ કહીને શીશ પછાડયું, નીકળી ગયો પ્રાણ. ॥ ૪ ॥એ વારતા સહુ લોકો જાણી, જોવા ગયો રાજન;તેની સાથે ચંદ્રહાસ ગયો, આ શું થયું વી-ચન. ॥૫॥ ચંદ્રહાસનું મોઢું ઉતરી ગયું, પગલાંનો હુંકાળો જગતની

કેહેણી થઇ મુને, મુઓ સાસરો ને સાળો. ॥૬॥ એવું સમજી ચામુન્ડા નો, વહન પોતે કીધો; તેથી દેવી પ્રસન થયાં,હશીને ઉત્તર દીધો. ॥૭॥ શું માગે છે શું માગેછે,જે માગું તે આપું,ચંદ્રહાસ તું ચીંતા નધરતો, તું કહે તે કષ્ટ કાપું. ॥ ૮ ॥ સાંભળી ચંદ્રહાસ બોલ્યો, માતાજી કષ્ટી કાપો; માહારો સસરો માહારો સાળો, સજીવન કરી આપો. ॥ ૯ ॥ માતાયે અમી દ્રષ્ટી કીધી, તવ થયા સજીવન; ચંદ્રહાસને ચરણે લાગ્યો, કુબુદ્ધી ને મદન, ॥ ૧૦ ॥ દુષ્ટ બુદ્ધી જઇ જમાત્રને પડીયો પ્રેમે પાય; માહારૂં કૃત મુજને નડયું છે, તમે તો કીધી સાહાય ॥ ૧૧ ॥ પોતાનું કર્યું પોતાને નડે,તેમાં નહી મીન મેશ;કપટ તેનું ચપટ થાયે, સંદે નહી કાંઇ લેશ. ॥ ૧૨ ॥ વિપ્રનું વચન સત્ય ન માને મુજ જેવો નાસ્તીક; પાછળથી તે પસ્તાય પાપી, પેહેલી ન ધરે બીક. ॥ ૧૩ ॥ મુંમત બાંધે વીપ્રની સાથે, તે નવ પોહોચે ઠેઠ;એમ કહી ઘરબાર પોતાનું,જમાત્રને કર્યું ભેઠ. ॥૧૪॥ પોતાનો મદન દીકરો તે, ચંદ્રહાસને દીધો;વરાગ આણી તપ કરવાને, જાવા વીચાર કીધો. ॥ ૧૫ ॥ એટલે કુંદનશેન્ય રાજાયે. જોડે જાવા ધાર્યું;રાજા પ્રધાન નીકળ્યા બેઉ,ઉતપાત સર્વ નિવાર્યું ॥ ૧૬ ॥ તેમણે વનમાં વાસ પુર્યો, રાજ્ય કરે ચંદ્રહાસ; મદનને પ્રધાન કરીને પોતે રાખ્યો પાસ. ॥૧૭॥ રૂડી રીતે રાજ ચલાવે, ધર્મ ધોરીન્ધર રાય; ગૌ બ્રાહ્મણને વીશેશ માને. તેમ તેમ જય વરતાય. ॥ ૧૮ ॥ તે ચંદ્રહાસને બેદીકરાછે,બાણાવળી બળવાન;એ બીના કહી નારદજીયે જાણ્યું સતી સંતાન, ॥ ૧૯ ॥ નારદે કહ્યું અરજુનજીને, મુકીદો સોરાસોર,એણી જોડે જુદ્ધ કર્યામાં, નહીં ચાલે તુજ જોર.॥૨૦॥ માટે સલ્હા કરી લ્યો ઘોડો, કહી થયા અંતરધ્યાન; અરજુનજીએ વખત વીચારી, શું કરયું સતી સંતાન. ॥૨૧॥ હંસદ્વજને ને નિલદ્વજને, મોકલી સંદેશા કરાવ્યા, કહીએ કે અરજુન ને પ્રભુ; પરોણાગતે આવ્યા. ॥૨૨॥ એવું કહાવ્યું તે વાત પોહોચી, જ્યાં ચંદ્રહાસ રાય; સારા સમાચાર સાંભળીને, સામો તેડવા જાય. ॥ ૨૩ ॥ સામા આવી માન્ય દીધું, લેઈ ગયો આપ ઘેર; પાંચ દીવસે પરોણાગતે; રાખ્યા આનંદ ભેર. ॥૨૪॥ પછી પોતાના પુત્રોને, સોંપી દીધું રાજ; અશ્વ લેઇને પાન્ડવ સાથે, નાકળ્યો ફરવા કાજ, ॥૨૫॥ યજ્ઞના અશ્વ બે આગળ ચાલે, પુંઠે સહુ શેન્યાય; શર્વના જીવને આનંદ ઘણો, હૈયે હરખ ના માય. ॥ ૨૬ ॥ જાતાં જાતાં આઘા ગયા,લાંબે પંથે ચડીયા; એવામાં સમુદ્ર આવ્યો,તેના જળમાં પડીયા ॥ ૨૭ ॥ વળણ.॥ પડીયા તેના જળ વીશે, સાંભળજું

કડવું ૭૨ રાગ સાખી.

જયમુની રૂશી એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારિતુજને શંભળાવું, અશ્વમેધ કથાય. ॥ ૧ ॥ બેઉ અશ્વ શીંધુમાં પડીયા, તરતા જળમાં જાય; જળ વિશે એક ટેકરી છે, તે જઈ પોહોચ્યાત્યાંય ॥ ૨ ॥ શીંધુ કીનારે સા શેન્ય ઉભું, અશ્વ ગયા કેમ કરીએ; પ્રભુ કહે જળ તરણવાજી, લેઈ પુંઠે પરવરીયે. ॥ ૩ ॥ એમ કહી અરજુનને પ્રભુ બેઉ થયા તઈયાર; જળ તરવાણજી પર બેઠા, ચાલ્યા તેણીવાર. ॥૪॥ ટેકરી ઊપર તે પણ ગયા, અશ્વ લેવાને કામ; ઘણા કાળથી તપકરેછે, બકદાલવ તે ઠામ. ॥૫॥ તેમની પાસે અરજુન ગયો, ગયા અશરણા શરણ; માહા તપશ્વી મુની દેખી, પ્રેમે લાગ્યો ચરણ. ॥ ૬ ॥ અરજુનકહે ઓ માહારાજા, એક વાત પુછી લેવું; તડકો વરશાદ નડતો હશે, ઝુંપડી કરો તો કેવું, ॥ ૭ ॥ એટલે બકદાલવ કહે બેટા, શાંભળજે વેણમાહારૂં; ઝાડાં લાવિ ઝુંપડી બાંધુ, કેટલું જીવવા શારૂ ॥૮॥ એવું શાંભળી પારથે પુંછયું, મનમાં ધરાને હર્ષ; ઓ મહારાજા તમ કાયાને, કેટલાંથયેલાં વરશ, ॥૯॥ બકદાલવ કહે ખબર નથી પણ કહું વિવેક; જન્મથી મહારા મુસ્તક ઊપર, પત્ર મુકયું છે એક. ॥૧૦॥ મોહોટાં મોહોટાં છીદ્ર પડેલાં, હશે તેની માંય; છીદ્રો જેટલા માહારી આગળ, થઇ ગયા બ્રહ્માય ॥ ૧૧ ॥ તવ અરજુને છીદ્ર ગણીયાં, ગણીયાં શ્રી જુગદીશ; ગણતી કરતાં વીશ છીદ્રોના બ્રહ્મા થએલા વીશ. ॥ ૧૨ ॥ અરજુનજી મન વિસ્મય પામ્યો, આ કેવી મતી ટુંકી, કહે હે કે ઝુંપડી બાંધીને છેવટ જાવું મુકી. ॥ ૧૩ ॥ આપણો આયુષ છે બહુ ટુંકો, પણ આશા બહુ મોહોટી, અજ્ઞાનતાથી આપણ જીવો. આશા કરીએખોટી.॥૧૪॥ એમ કહીને ઉભા થયા, યજ્ઞના અશ્વ હંકાર્યા, પુંઠળ પોતાના અશ્વો મુકયા, શેન્ય હતું ત્યાં ઉતર્યા. ॥૧૫॥ ભોમી ભાગમાં અશ્વ ચલાવ્યા, જાતાં જાતાં જાય; ચારો ચરતા મારગે ફરતા, ગયા શીંધું દેશ માંય. ॥ ૧૬ ॥ ત્યાં રાજ્ય કરે સુત જેદ્રથનો, દુર્યોધનનો ભાણેજ, જુગમ એવું નામ એનું, મોહોપર ઝાઝુ તેજ. ॥ ૧૭ ॥ તેના ગામમાં ઘોડા ગયા જુગમે જાણી વાત; અશ્વ લેલાટનું પત્ર વાંચી, જાણ્યા પાન્ડવ પ્રખ્યાત, ॥૧૮॥ તેવોજ તે મુરછામાં પડીયો, થઇ ગયો બે ભાન, તે વાત જાણી દુશાલીયે, ગભરાયો સંતાન. ॥ ૧૯ ॥ એવું જાણી ઘર બાહાર ચાલી દોડી ગઈ ભાગોળે, ત્રાસ ભરેલી રડવા લાગી, અવળામોઢે

પોળે. ॥૨૦॥ આ મુજ બંધુ આ મુજ બંધુ, કરતી કરતી આવી; કુન્તી નંદન અરજુનજીયે, ભગની કહી બોલાવી. ॥ ૨૧ ॥ આવ મારી ભગની શો લાગ્યો અગની, વગની કહે મન વાત; હું તારો ભાઇબેઠો છું ને કેમ કરે આંસુપાત. ॥ ૨૨ ॥ એટલે દુશાલી એમ બોલી, દુર દશા માહારિ જાગી; તને આવ્યો શાંભળી તારા, ભાણેજને બીક લાગી. ॥૨૩॥ એના મનને એ ભય લાગ્યો, લેઇ લેશે મુજ રાજ; દુરિયોધન ના વતની માહરા, ઊપર કાઢશે દાજ. ॥૨૪॥ એવો ભય તુજ ભાણેજ પામ્યો, મુરછામાં ઢળી પડીયો, એવાં બેનનાં વચન સુણી, પારથને પ્રેમ ચડીયો. ॥ ૨૫ ॥ સેન્ય સહીત એ ગામમ ગયો, ભાણેજ પડીયો જ્યાંય; ભાઇ ભાઇ કહેતો કેહેતો, આવીને ઊભો ત્યાંય. ॥ ૨૬ ॥ હાથ ગ્રહી જુગમને ઉઠાડયો, કેમ તું મન ભય લાવ્યો, આપણે ઘેર યજ્ઞ થાય છે તે, તુજને તેડવા આવ્યો. ॥ ૨૭ ॥ ચાલો ભાણેજ ચાલો ભગની, ચાલો આપણે ઘેર, એટલે જુગમ રાજી થયો, ઉપડયા આનંદભેર. ॥ ૨૮ ॥ વાજતે ગાજતે ચાલ્યા સરવે, હસ્તીનાપુર ભણી, વરશકેતુ આગળ ગયો, કેહેવા વધામણી. ॥ ૨૯ ॥ ધરમને સમાચાર કહ્યા, તવ ઉઠયા સામા જાવા, મોતી પુસ્પોની થાળો ભરી, બેઉ અશ્વ વધાવા. ॥૩૦॥ કુન્તા દ્રોપતી સુભદ્રા, ભીમશેન આદે જાય; હરખીને શો શામા આવી, અશ્વને લાગ્યા પાય. ॥૩૧॥ મોતી પુષ્પે વધાવ્યા સૌને, તેડયા ગામની માંય; રૂડા ઉતારા આપ્યા, સૌ જન ઊતરયુ ત્યાંય. ॥૩૨॥ આનંદ ઓચ્છવ ગામમાં થાયે, હરીજન લોકો માહાલે; અનીતીનો ન મળે કોઇ, રૂડી રીને શહુ ચાલે. ॥ ૩૩ ॥ યજ્ઞના મંડપની બહુ શોભા, કાંઇ ન રાખી ભુલ; સ્ફટીક મણીના સ્થંભ રોપેલા, ફરતી મોતીની ઝુલ. ॥૩૪॥ હીરા ચળકે લીલમો લળકે મલકે જોનાં મુખ; બ્રાહ્મણો નાં દરશન કરતાં, ટળે દળદર દુખ. ॥ ૩૫ ॥ વેદ મંત્રના સુર ચાલે, નાકળે વાણી પવીત્ર; લોકોના જય જય શબ્દ થાયે, વાગે રૂડાં વાજીંત્ર ॥૩૬॥ ઊછળે અબીલ ગુલાલ પુષ્પો, ભજનની થાય ધુન્ય; આપવું મેલવું તે શહુ કરે માહાબળીઓ અરજુન. ॥૩૭॥ દેશ દેશાન્તર પત્ર લખીને, તેડયા સહુ રાજન,અઠાસી શહસ્ત્ર રૂશી તેડયા,નગ્ર થયું પાવન, ॥ ૩૮ ॥ રાજા રહીઅતને વળી રૂસી, જાદવ છપન્ન કરોડ, યજ્ઞના વીશે કારભાર કરે, પોતે શ્રી રણછોડ. ॥ ૩૯ ॥ શરવને શારૂ લાગે છે, ભાગે છે ભવનાં પાપ, ખાન પાન પાન્ડવ પુરૂ કરે, નહી કોઇને શંતાપ. ॥ ૪૦ ॥ ચોરી ચખારી જરા ન થાયે,વરકોદરની ચોકી, નિચ વરણુ

બેગા નવ આવે, ભીમશેન રાખે રોકી. ॥ ૪૨ ॥ બેસવાની સભા અરજુને રચી, સર્વ ક્ષત્રીઓએ જાણ્યું; મેઘવરણ સાથે શેવક મોકલી, પરવતનું ધન આણ્યું. ॥૪૩॥ કનક કેરા ઓરડા ભરીયા, સૌ શેન્ય કીધી ત્યાર; ચૈત્ર સુદી પુર્ણમીને દન, પુરણાઉતી વીચાર. ॥ ૪૪ ॥ વળણ ॥ પુરણમીનો દન થયો, સુણ જનમેજે રાય; વલ્લભ વાણી ઓચરે, યજ્ઞ તણી કથાય.

કડવું ૭૩ રાગ ધોળ.

બોલ્યા બોલ્યા જયમુની મુખ વચનરે; સાંભળ સાંભળ પરીક્ષત કેરા તનરે. ॥૧॥ યજ્ઞ કરવા બેઠાં ધરમને ધ્રુપતીરે; જગતનો જસ લેછે કુન્તા સતીરે. ॥૨॥ વેદ મંત્રે, બ્રાહ્મણો કાર્ય કરાવેરે; જવત લચતને, શીફળ સરવે હોમાવેરે. ॥ ૩ ॥ તે યજ્ઞની ધુમ્ર આકાશે જાયરે; તેથી તેત્રી, કોટી દેવતા ત્રપ્ત થાયરે. ॥૪॥ વાગે છે ત્યાં ભેરભુંગળને ઢોલરે; જય જય શબ્દ, થાયને ઉપજે કલોલરે. ॥૫॥ હરીજનો, જુએ છે રૂડેરી ચરચારે; સૌને કીધી, કપાળે કુમકુમ અરચારે॥૬॥ અશ્વ પુજન કરી અવયવ ભાગ લીધોરે; પુરણ પ્રેમે, તેવો અશ્વ હોમ કીધોરે ॥૭॥ અશ્વને તો સજીવન કીધા વિદાયરે; પરી પુરણ યજ્ઞ થયો છે ત્યાંયરે ॥૮॥ પછી ધરમે, આગના કરી તે વારરે; સહુને ભોજન કરાવો જુગદાધારરે. ॥ ૯ ॥ તવ પ્રભુએ, સર્વને આગના દીધીરે, જમવા માટે, વિવેક પંગત કીધીરે. ॥ ૧૦ ॥ પીરસવાને જાદવ છપન કોડરે; દેખ રેખ રાખે સઘળે શ્રી રણછોડરે. ॥ ૧૧ ॥ કરાવિ છે જમવા સામગ્રી અપારરે; વરણન કરતાં, ઘણીક લાગે વારરે. ॥ ૧૨ ॥ પછી સરવે, ભાવતાં ભોજન કીધારે; સઊ પ્રાણીને, સોપારીમુખવાસદીધાંરે.॥ ૧૩ ॥ પછી પંગત,ઊઠીને ઉલટ વ્યાપેરે; ધરમ રાજા, કનકનું દાન આપેરે. ॥ ૧૪ ॥ ધ્રુપતી તો કરે મોતીનું દાનરે, પાસે રહીને અપાવે શ્રી ભગવાનરે ॥૧૫॥બ્રાહ્મણોને ભરેલી બ્રહ્મપુરી આપેરે; અવર જાતી, યાચકના કષ્ટ કાપેરે.॥૧૬॥ આપ્યાં પોતે ગૌદાનને વસ્ત્ર દાનરે; આપ્યાં પાત્રો, કુન્તા સંતીને સંતાનરે. ॥ ૧૭ ॥ પછી કીધી, પુરણ પ્રેમે સભાયરે, તેમાં બેઠા, ક્ષત્રીનંદન સહુ રાયરે. ॥ ૧૮ ॥ યુધીષ્ટરને, વાવરવાનો ભાવરે; જેવો રાજા, તેવો કીધો સરપાવરે. ॥ ૧૯ ॥ ધનમાલ આપી, સરવને દીધી વિદાયરે; પછી

સહુજન, પોત પોતાને સ્થળ જાયરે. ॥ ૨૦ ॥ તે પછી સૌ, યજ્ઞ સ્થળે ભેગા થાયરે; પાંચ પાન્ડવને, છઠ્ઠા શ્રીજાદવરાયરે. ॥૨૧॥ યજ્ઞ કેરો કચરો નાંખ્યો જ્યાંયરે;સ્વર્ગે વીસેથી, નોળાયો આવ્યો ત્યાંયરે. ॥ ૨૨ ॥ તે કચરામાં, આળોટે ધરી ઉમંગરે, પણ ન થયું સોના રૂપાનું અંગરે ॥૨૩॥ ત્યારે ધરમે પ્રભુને પુછયું પ્રશ્નરે; કાયા હાની, કેમ બદલાઈ નહી કૃષ્ણરે ॥ ૨૪ ॥ એટલે બોલ્યા અંતરયામી એમરે; દ્વાપર ઉતર્યો, તેથી કાયા બદલે કેમરે. ॥ ૨૫ ॥ એટલે ટળીયા, ધરમનો સંદેહરે; સરીતા સ્નાન, કરી સ્થળે ગયાં તેહરે, ॥ ૨૬ ॥ નગ્રમાંથી, રાજા રૂપી સહુ જાયરે; બીજી ત્રીજી રહીયત થઇ વીદાયરે. ॥ ૨૭ ॥ બળદેવ ગયા, લઇને છપનક્રોડરે;હસ્તીનાપુર, રહ્યા શ્રી રણછોડરે. ॥ ૨૮ ॥ યજ્ઞ કથા પુરણ હવીઆ ઠામરે;શ્રોતાજનને,સુણતાં રીઝેશ્રીરામરે. ॥૨૯॥ યજ્ઞ કથા,સુણીને દાન અપાયરે;તે પ્રાણીને, યજ્ઞ તણુ ફળ થાયરે.॥૩૦॥ શ્રધા રાખી,શ્રવણ કરે જે જનરે;તેને પ્રભુ,આપે અનધન તનરે ॥૩૧॥ શ્રોતા વકતા, સૌ બેસજો કરજોડરે; વલ્લભ વદે, બોલો જે જે શ્રી રણછોડરે. ॥ ૩૨ ॥ વળણ ॥ જય બોલો રણછોડની, તો રણછોડે નાથ; વલ્લભ વાણી ઓચરે, નીરમળ રહો મન સાથ.

કડવું ૭૪ રાગ સવઇયાનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણુજનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું સાંભળ જે કશ્રાય. ॥ ૧ ॥ પરી પુરણ યજ્ઞ કીધો; રહ્યા સુખી થઈ જ્યારે;એવામાં એક કણબીને બ્રહ્મણ વઢતા આવ્યા ત્યારે. ॥ ૨ ॥ ધરમ રાજાની સભામાં, આવીને ઉભા બેઉ; ધરમ કહે ટંટોશો છે, જુબાની તમારી લેઉ. ॥ ૩ ॥ તે વેળા શ્રી કૃષ્ણ બેઠા છે, પોતે જુગજીવન; તે સમે પાટીદાર બોલ્યો,મુખ થકી વચન. ॥ ૪ ॥ માહારાજા મેં ખેતર માહારૂ, વીપ્રને અરપણ કીધું, માહારા બાપ પછાડે મેં આ, વીપ્રને આપી દીધું. ॥ ૫ ॥ આકાશથી કે પાતાળ સુધી, આપ્યું હતું રાજન. પણ તે ખેતરમાંથી નીકળ્યું,ચાર ચરૂ ભર્યું ધન. ॥ ૬ ॥ તે ધન એ બ્રાહ્મણ લેઈ ગયો, તે મુજને અપાવો, તે કરતાં મુને પાપ છો થાતુ ખેતર પાછું લાવો. ॥૭॥ બ્રાહ્મણ કહે પાછું ન આપું, ખેતર કણબી કેરૂ;માહારા બે પુત્રો લૈ જૈઇને,ખેતરમાં વધેરૂ. ॥૮॥ કણબી કહે વધેરે

નેતો,તેમાં માહારૂં શું જાશે; મારીશતો મરસે સુત તારા, નીરવતી મને થાશે. ॥૯॥ તું મારીશ તે પાપ તુને, મુને ન લાગે રતી; બ્રાહ્મણ કહે એવા પાપો,હું કાંઇ ગણુતો નથી. ॥૧૦॥ બેઉની વીપ્રીત વાત સુણી, ગભરાયા ધરમરાય, પ્રભુને પુછ્યું ઓ માહારાજા; આતે શું કહેવાય ૧૧ ॥ એટલે અંતરયામી બોલ્યા,બંને કાળ સમાવો;છ માસ પછી ન્યાય કરીશું;અત્યારે ઘેર જાવો. ॥૧૨॥એમ કહી બ્રાહ્મણ કણબીને, પાછા કાઢયા ઘનશામ; પછી ધરમ પ્રત્યે બોલ્યા, કૃષ્ણ પ્રભુ તે ઠામ. ॥ ૧૩ ॥ ઓ યુધિષ્ટર હવે ન કરશો, કોઇ જનનો ન્યાય; દ્વાપર ઉતરી કળીયુગ બેઠો, ઓરે ધરમ રાય. ॥ ૧૪ ॥ એવું સાંભળી ધરમ બોલ્યા. ઓરે દેવાધીદેવા;મુને ગુણ લક્ષણ બતાવો,કળીયુગના જીવ કેવા ॥૧૫॥ કૃષ્ણ પ્રભુ તવ કહેવા લાગ્યા, સાંભળો ધરમરાય; વ્યાસજી તમને તે સહુ કેહેશે,ઉપદેશની કથાય. ॥ ૧૬ ॥ મુજને તમે આગના આપો, દ- વારકાં હું જાવું; થોડે દીવસે વળી પાછો. મળવા માટે આવું. ॥ ૧૭॥ વળણ. ॥ મળવા માટે આવશું, એમ કરે છે વાત; એવામાં ત્યાં આ- વીયા, વઢતા પુરૂશ સાત. ॥

કડવું ૭૫ રાગ દુરઘા સાખીનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, અશ્વમેધ કથાય. ॥૧॥ કૃષ્ણ જવાની ત્યારી કરે છે, સપ્તપુરૂશ ત્યાં આવ્યા, ખટ વીપ્રો એક અતીશુદ્રને,તાડન કરતા લાવ્યા ॥ ૨ ॥ યુધિષ્ટરને કૃષ્ણ બીરાજ્યા, ત્યાં આવી વીપ્રો બોલે; આ અતી શુદ્ર આચાર્ય થયો છે, વીપ્ર આચાર્યની તોલે. ॥ ૩ ॥ ઉપવીત અંગે ધારણ કર્યું છે,વધાર્યા છે પંચકેશ, દર્ભાસનને જળ કમંડળ, ધર્યો છે માહાત્માનો વેશ. ॥૪॥ વેશ ધરી ઉપદેશ કરે છે, વાંચે છે કથા પુરાણ, તે ઉંચ જાતી શ્રવણ કરેછે, નીચના મુખની વાણ. ॥૫॥ નેવનુ પાણી મોભ ચઢયું ને, અવની ગઈ આકાશ; અવળી ગંગા વ્હેવા માંડી; વાઘને અજાનો ત્રાસ. ॥ ૬ ॥ મંઝારથી સ્વાન સંતાવા લાગ્યાં, કાગથી સંતાયા હંસ; નીચ જાતીનો ઉંચ જાતીપર,ઉપન્યો અતી દ્વંશ. ॥૭॥ આતે કારણ શુંછે કૃપાળુ, કેમ બને વીચીત્ર;કાળ બળ કેમ કર્યો ભાસે છે વળી દીસે અપવિત્ર, ॥ ૮ ॥ એવું સાંભળી ધરમ રાયે, એવું

જુગધિશ સામુ, ઓ કૃપાનીધી હું તો આ વાતો;સાંભળી વિસ્મય પામું ॥ ૯ ॥ કૃષ્ણ પ્રભુ કહે ઓરે યુધીષ્ટર, કળીયુગનાં એ કર્મ;હજીતો આ ગળ જાતાં થાશે. અતી ઉપાદીના ધર્મ. ॥ ૧૦ ॥ શુદ્ર લોકો આચાર્ય થઇને, રોમ રોમ નરકે પડશે; વૈશ્ય ક્ષત્રીને વીપ્ર લોકો, તેને પંથે ચડશે. ॥ ૧૧ ॥ તેથી તે પણ નરક પળાશે, તવ લય પામશે શ્રષ્ટી; ધર્મ વીશે અધર્મ થવાનો, સૌ જીવ ભોગવે કષ્ટી. ॥ ૧૨ ॥ શ્રોતા નરકે વક્તા નરકે; નરકે ઉંચને નીચ; ભક્તાણીયો ભારજા થવાની, પાતકના થશે કીચ. ॥ ૧૩ ॥ ધર્મને નામે ઢોંગ થવાના, આગળ અબળા વ્હેશે; હું મ્હારૂં સાર્થક કરૂંછું,કામની કંથને કેહેશે. ॥૧૪ ॥ મીઠાઇ મેવા દુધ કઢેલાં, ઢોંગીને જઇ દેશે; પતી તેની પુંઠ ન જુએ,મુખ વીકાશી રહેશે ॥ ૧૫ ॥ પરણ્યા પતીનું પોશાણ કરતાં, કંજુસાઈ દેખાડે; ઢોંગી ધુતારાને ધવરાવીને, પ્રેમપુર્વક જમાડે. ॥૧૬॥ કંથ તણી નહી સાચવે વેળા ઢોંગીની તક નહી ચુકે, ઢળતી વસ્તુ ઢળવા દેશે, બાળક રડતાં મુકે- ॥ ૧૭ ॥ ઢોંગીની છબી નીરખ્યા કરશે, ઢોંગીના ગુણ ગાશે, ચરણ ચાંપશે કાંમે ટાંપશે, પતીથી મુખ મરડશે ॥૧૮॥ ધર્મના નામનો ધંધો ગ્રહીને,ધન મેળવશે ભારી; ભારે વૈભોગ ભોગવશેને, દુનીયાની કરસે ખુવારી. ॥ ૧૯ ॥ પણ ઉંચ્ર કરમી કળયુગી અબળા; ધણીનું ધન વેફરસે, કળીયુગના આચાર્યોને પોશી, મોહીત ફંદમાં ફરશે. ॥ ૨૦ ॥ તે સહુ લક્ષણ કળયુગ કેરાં; આ બધી તેની લડાઇ; તમાં આપણે ચીત ન દેવું, જ્ઞાનમાં રાખો ચડાઈ. ॥૨૧॥ હાવા તો અનેક ઉતપાત થાશે, તેમાં ન દેશો ધ્યાન; કળયુગ બેઠો નીશ્ચે માનો, એમ વદે ભગવાન. ॥ ૨૨ ॥ યુધીષ્ટરને ચાલી ચીંતા, આનો આવ્યું દુખ મ્હોટું; ધર્મના કામમાં ધાડ પાડે, એ દુખ સહુથી ખોટું.॥૨૩॥ અરેરે ધર્મનું ધરબોળ જાશે,અવળી મતી જગ ઝાલે;દેખાશે સવળું હશે અવળુ. પણ તે પંથે ચાલે. ॥ ૨૪ ॥ એવો અતી ઉદ્વેગ ધરીને,થઇ બેઠા નીરાશ; અરેરે એ યુગ ભુંડો, સાંભળી પામ્યા ત્રાસ. ॥ ૨૫ ॥ પ્રભુ કહે તમે ત્રાસ ન ખાસો, વ્યાસજીને તમે મળજો; હવે હું આગના માગુંછે, ધર્મ કહે વળી વળજો. ॥ ૨૬ ॥ એવું સાંભળી કૃષ્ણ પ્રભુજી, પોતે થયા વીદાય; એટલે અતી ઉદાશી રેહે છે.પોતે ધરમ રાય. ॥૨૭॥ એમ કહીને કૃષ્ણ પ્રભુજી, પોતે થયા વીદાય;ઉદ્વેગ ભોગવે ધરમ રાજા, હવે કયારે દેહ જાય. ॥ ૨૮ ॥ એટલેથી અશ્વમેધ પર્વ, પુર્ણ થઇ કથાય, ઓ જનમેજે રાજા તારી; ઉતારી બ્રહ્મહત્યાય. ॥ ૨૯ ॥ કાળા પડદા ધોળા થયા, સ્વે

ત થઇ શામ ગાય; કાળા તલ ધોળા થયા એ, પરીક્ષા દેખાય. ॥૨૯॥ પરીક્ષત સુતે વીધી પ્રમાણે,પુરણુ કીધાં દાન; યજ્ઞની કથા શ્રવણુ કીધી, ફળ તે યજ્ઞ સમાન. ॥૩૦॥ શ્રોતા વકતા સરવે જનના, મનના પોહોચે કોડ, વલ્લભ વદે બોલજો સૌ, જે જે શ્રી રણુછોડ. ॥ ૩૧ ॥

વળણુ. ॥ જય જય શ્રી રણુછોડ રાયનિ, બોલો શ્રોતા જન; અશ્વમેધ પર્વ કહ્યું, પાપી થાય પાવન.

અશ્વમેધ પર્વ સમાપ્ત.

વ્યાસાશ્રમ પર્વ.

કડવું ૧ રાગ સાખીનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, વ્યાસાશ્રમ કથાય. ॥૧॥ ધરમરાજા ને રહે ઉદાશી ગમતું નથી લગાર; ખાવું પીવું કાંઇ ન ગમે, ગમે નહી વ્યવહાર. ॥૨॥ ઉદવેગ ધરીને નીકળીયા, ઘેરથી ધરમરાય; વેદમવ્યાસનો આશ્રમજ્યાં છે, ત્યાં ગયા મન મકલાય. ॥ ૩ ॥ વ્યાસજીને જઇ ચરણે લાગ્યા, માહારાજા ટાળો વેમ; સંસારમાં હવે નથી ગમતું, ઉદાશ રહું છું કેમ. ॥૪॥ એટલે વ્યાસજી એમ બોલ્યા, નહિ ગમે આ સમે; કળયુગ બેઠો તે કારણથી મનડું તમારૂં ભમે. ॥ ૫ ॥ શતીયાને સારૂં નવ લાગે, કળીયુગવીશે રેહેવું; ધરમ કહે કળીયુગ કેવો, વ્રતાંન્તમુજને કહેવું. ॥૬॥ કેહેવું ઘટે છે વ્યાસ માહારાજા, લાગુ તમને પાય, કળયુગના ગુણલક્ષણ કેરી, કહો મુને કથાય. ॥૭॥ વ્યાસજી બોલ્યા ધરમ સુણો, કળીમાં કમ આયુશ; થોડા દિવશ જીવવું તેમાં, હૈયામાં ઘણી હુંસ. ॥૮॥ અનેક પ્રકારના રોગની વ્યાધી; ને થાય નાડી પરીક્ષા; બ્રાહ્મણ વીના અવર જાતી; માગે ઘેરે ઘેર ભીક્ષા. ॥૯॥ દુરાચરણ દુર વ્યસન વધશે, દુરબુદ્ધીને દુકાળ; ઉંચ વરણ રાખશે નીચ વ્રતી, ઉંચ વ્રતી ચંડાળ. ॥૧૦॥ નાસ્તીકને સૌ આસ્તીક કેહેશે, આસ્તીક ને નાસ્તીક; સ્વારથ સરશે તેમ સહુ વળશે. નહી પ્રભુની બીક. ॥૧૧॥ ખરા બોલાને પાડશે ખોટો, ખોટો ખરો કેહેવાશે; વેદના અર્થના અનર્થ થાશે; પાખંડી પુજાશે. ॥૧૨॥ શીવાર્પણનું ખાવા ઇચ્છે; વીપ્રને તીછકાર થાશે; ગુરૂ પદવીનો ડોળ કરીને, મહતાથી મદીરા પાસે. ॥૧૩॥ ધર્મની જગોના ધણી થાશે, પ્રપંચ પગલાં ભરશે; કન્યા વિક્રય વધશે ઝાઝો, જુવતી જારમાં ફરશે. ॥૧૪॥ રાજ્યનીતીમાં ન્યાય થાશે, સ્વારથ સરે તેવા; લાંચો લેવાશે ડંડ દેવાશે, ઉંચ નીચની કરે શેવા. ॥૧૫॥ સરવ વરણ એક આરે થાશે, ખાશે પુત્રીની કમાણી; બાપનિ બેટી પર કુદ્રષ્ટી, ભ્રાત ભગની વેહ આણી. ॥૧૬॥ વાહાલામાં બહુ વેર વધશે, નાત જાતમાં નહી જંપ; કલેશ કંકાશ નીત્યે ઘરમાં, પાડોશમાં નહી સંપ. ॥૧૭॥ ગરીબને સહુ ચાલશે ગોદા, ગ્રહસ્થની પક્ષ તણાશે, બે મુખી દુનીયા બોલવાની, સત્ય

ત્યાં અસત્ય જણાસે. ॥૧૮॥ સાચી વારતા સંતાઇ જાશે, જુઠી વાત વણાશે; ધરમીષ્ટ તે અધરમી કેહેવાશે, અધરમી ધરમી ગણાશે.॥૧૯॥ ધરમનું દ્રવ્ય ખાવા ચાહાશે, નહી માને પુન્ય પાપ. બાપ નહી ગણે દીકરાને, દીકરો નહી ગણે બાપ ॥ ૨૦ ॥ સાસુને વહુ નહી સંપવાનાં; ટંટામાં સહુ રાજી; નીતીનો ઉદયોગ નહી ઝાલે, ચાલશે દગલબાજી. ॥ ૨૧ ॥ બેહેની બારણ સાળી ઘરમાં, કુટુંબમાં કલેશ કરશે; પત્નિયો પીત્રાઇથી વેહેરી, પીએરમાં ધન ભરશે, ॥ ૨૩ ॥ જમાત્રોનું ખાવાચાહાશે, વઢશે વાંકી વાટે; ન્યાય નિતિથી કોઇ ન બોલે, ચાટે તેનું દાટે. ॥ ૨૪ ॥ ખાશે ત્યાં સુધી ગુણ ગાશે, નહી ખાય તો ગાય ખોટું; પરના સુખે દુખ દલમાં, ઝેર વેહેર મનમાં મોહોટું. ॥ ૨૫ ॥ વણ દીઠી વાતો વધવાની, નીંદાનો સહુને ધંધો; કળીયુગનો જીવ કામે ક્રોધે, રહે રાત્ત દીન અંધો. ॥ ૨૫ ॥ ગાંઠનું ખાઇને ખોદણી પરનિ, બીજો નહી ઉદ્યોગ, છળ પડપંચને પાપ ઘણેરા, વિવેક વણ વૈભોગ. ॥ ૨૬ ॥ ઉત્તમમાં અવતરીને પાળે, નીચ વરણનો ધર્મ; મુળ જાતીનો મારગ મુકી અન્યનાં ગ્રહે કર્મ. ॥૨૭॥ હીંદુ કુળમાં અવતરીને, યવનનો પંથ ઝાલે; સુપાત્રને ગ્રહસ્થ ગણીને, કુપાત્રોને આલે. ॥ ૨૮ ॥ દુરબળ દેખી ગધેડીને નિરે; તાજી દેખે ગાય; ધરાએલી કહી હાંકી મુકે, દેખાડે અવળો ન્યાય. ॥૨૯॥ ચૈતન્ય મુકી પુજશે જડને, વેદ મુકી સુણે વાતો; ગાયનું ગોથું ખમશે નહી ને, ખમશે ખરનિ લાતો. ॥ ૩૦ ॥ સારાને નરતો કેરવવા, સૌને રહે ઇચ્છાય;કુથલી કરે હલકો કરવા,કેહેશે સૌહાયેહાય. ॥ ૩૧ ॥ કુજાતીનિ કથા સુણે, સુજાતીને નીંદે; ઉંચનિ સાથે બાકરી બાંધે, નિચ જાતીને વંદે. ॥૩૨॥ વિપ્ર વીના વેદ વિદ્યા ભણીને. ચલાવશે બહુ પંથ; તેવાની શેવા સહુ કરશે, અજ્ઞાની કેહેવાસે સંત, ॥ ૩૩ ॥ એકારે શર્વે વરણ થાશે, એવો ઉપદેશ કરશે; ત્યાગીપણું દેખાડીને, ખુબ ખજાના ભરશે. ॥ ૩૪ ॥ હું બ્રહ્મછું જેને તે કેહેશે, થઈ ફરશે બ્રહ્મરૂપ;-આપ વીના અન્ય ઇશ્વર નથી; કયાં છે માયાનો કુપ. ॥૩૫॥ ત્રૈણે કાળમાં નથી માયા, જેમાં ને તેમાં છે બ્રહ્મ; બ્રહ્મે બ્રહ્મને હળેમળે, કરે ફાવે તેમ, ॥૩૬॥ પાપજ કયાં છે પુન્યજ કયાં છે, કયાં છે મોક્ષ અમોક્ષ; જુદો ઠરાવે તો ભજવો પડે, ઠરવે તેથી અપ્રોક્ષ ॥૩૭॥ સાકર કહેતો શેવવો પડે, માટે કહે નીરાકાર, શગુણ કેહે તો ગુણ ગાવા પડે, નીરગુણનો શો વીસ્તાર, ॥ ૩૮ ॥ એવાં વીચીત્ર કામ કળીનાં; ઓરે ધરમરાય, ભષ્ટ ભષ્ટ થવાની ઝાઝી; જીભ્યાચે કહી નશ

કાય. ॥ ૩૯ ॥ વળણ. ॥ કેહેતાં થાકે જીભડી, સુણ યુધીષ્ટર રાય; વ્યાસ વલ્લભ વાણી વદે, કળીયુગનો મહીમાય.

કડવું ૨ રાગ ચોપાઇ.

બોલ્યા જયમુની મુખ વચન, સુણ પરીક્ષત કેરા તન, કેહે છે ધર્મને વેદમ વ્યાસ; વળી મનમાં ધરીને હુલ્લાસ. ॥ ૧ ॥ પુછયું ધરમ રાજાયે એમ, ચારે વરણ ચાલશે કેમ; બોલ્યા વ્યાસજી મુખથી વાણી, તમો સાંભળો ઉલટ આણી. ॥ ૨ ॥ ચારે વરણમાં બ્રાહ્મણ શ્રેષ્ટ, તેને કળી યુગ કરશે નેષ્ટ, એવા એવા વિપ્રો અવતરશે,ત્રણ વરણની સેવાકરશે. ॥૩॥ ગોર થઇ યજમાનોમાં ફરશે, ફાંફાં મારીને પેટ ભરશે; પૈસા માટે કાસદાં કરશે, નીચવરણ આગળ હાથ ધરશે. ॥ ૪ ॥ ગાળ દેઇને કાઢે રડતાં,તોહે બ્રાહ્મણો નાંખશે પડતાં, વણ નોતરે જમવા જાશે, છાંડયુ છુ ડયું મુકેલું ખાશે. ॥ ૫ ॥ નીચવરણ હશે બાવા, બેસશે તેના ગુણ ગાવા; જ્યાં ત્યાં લાડવા લુટી ખાવા, મોકલે ત્યાં જાયે અથડાવા. ॥૬॥ શુદ્રોનાં છોકરાં તેડી ફરશે, ઘણી ગાંડ ગુલામી કરશે.પૈસા માટે નચાવે તો નાચે, માન્ય ભ્રષ્ટ થઇને યાચે. ॥ ૭ ॥ શુદ્રોનું અન્ન આપશે રાંધી. લેશે પાપોની પોટલી બાંધી; ખાવા માટે ઘેર ઘેર ભમશે, શુદ્રના સોળ દનમાં જમશે. ॥૮॥ શુદ્રના નીમીત જે અન્ન; તેનું બ્રાહ્મણ કરશે ભોજન; શુદ્રના એઠવાડામાં ફરશે, એવું ગોરપણું આદરશે ॥ ૯ ॥ બીજી વરણ મુખમાં ઘાલે, પછી વિપ્રોને આગના આલે,જમે પાછળથી નહી છોશ, પેટ માટે નહી ગણે દોશ. ॥ ૧૦ ॥ એક પૈસો મળવાનો જ્યાંય, બીજા પાઈ માટે પડે ત્યાંય;એવિ રીતે થશે માન્ય ભ્રષ્ટ; કળીયુગમાં બ્રાહ્મણ ભ્રષ્ટ. ॥ ૧૧ ॥ વળી વીપ્રની પત્નીયો જેહ, કરશે શુદ્ર સુવાવડ તેહ, ચાંપશે શુદ્ર નારીનું અંગ, ધોઇ લાવે વસ્ત્રો નવરંગ. ॥ ૧૨ ॥ ખરો બ્રાહ્મણ માન્યમાં રેહેશે, તેને હંકારી સહુ કેહેશે:પણ તે કીરતી નહી ગણે, એક ભગવતનું નામ ભણે. ॥૧૩॥ નહી રાખે કોની ઓશીઆળ, તે તો સાચો વીપ્રનો બાળ; પણ કળીયુગમાં એવો ટેક, રાખનારો હાજરમાં એક. ॥૧૪॥ એવા વીપ્ર કળીમુગના સાર;કહુ ક્ષત્રી તણો વીસ્તાર; જાસે સુરપણું ક્ષત્રીમાંથી, રાજ્ય ગાદી તે ભોગવે કયાંથી. ॥ ૧૫ ॥ નીચી વરણની નોહોકરી કરશે, મરવાનો ઘણો ભય ધરશે; નહી રહે ઘરમાં અનાવાસ, થાશે દાસ તણા તે દાસ. ॥ ૧૬ ॥

વળી દુર વ્યસન બહુ કરશે,રળીરળીનેદેવાં ભરશેઃ ખોઇ બેસશે ઘરને ગામ, બોળશે ક્ષત્રીઓનું નામ. ॥ ૧૭ ॥ થઇ જાશે ગણા ગેરાડી, નહી જુએ નેત્ર ઉઘાડી;ઉતારી મુકશે ઉપવીત,હંસા કરવામાં પરોવે ચીત. ॥૧૮॥ જ્યાં ત્યાં કાઢશે દોહલા દન, કરે અભક્ષા ભક્ષ ભોજન; આદરે અન્ય વરણની સેવા, કળીયુગના ક્ષત્રી એવા ॥ ૧૯ ॥ હવે વંશ તણો વિસ્તાર તમો સાંભળો કુન્તી કુંવાર, કરસે અવીવેકી વેહેપાર, નહી નેકને દયા લગાર. ॥ ૨૦ ॥ આપવા લેવાના જુદા ભાવ, ઘાપ મારે જેવો જેવો દાવ; નહી જમતાને જમાડે, નહી રમતાને રમાડે ॥ ૨૧ ॥ નહી જમે તેને નોહોતરશે, જમશે તેને તીછકાર કરશે; વળી નૈવેદનું લેઈ નામ, કરશે કાયા પોશણુ કામ. ॥ ૨૨ ॥ માગશે તેને નહી આપે, નહી લે તેને દેવા ટાંપે;ખરાંને માનવાનો ખોટો ખોટાને માનવાનો મો-હોટો. ॥૨૩॥ નાંખસે ઉપવીત ઉતારી, સદા રેહેસે વૃતી ધુતારિ; ના-તો જાતો રૂડી આદરસે, વળી વીપ્રોમાં કસર કરશે. ॥ ૨૪ ॥ મોહો-ટાં ટીલાં તણીને ફરસે, છાપા છપ્પન માળાયો ધરશે; લેવું દેવું તે ગાંડાનું કામ, ધારશે બતક ધરવું નામ. ॥ ૨૫ ॥ પરસાદોના પડીયા મ ળહે તેવા પંથમાં ભેગા ભળશે, એવા કળીયુગના વંશ જાતી, વેહેવા રમા વીશ્વાસઘાતી. ॥ ૨૬ ॥ હવે શુદ્ર તણી કહુ રીતી, તું તો સાંભળ કળીયુગ નીતી;શુદ્ર જાતી થસે માહા ઘાતી, ઘણો જીવ તણા નીપાતી ॥ ૨૭ ॥ એવા શુદ્રોથી શુદ્ર નીકળશે, અતી શુદ્રનાં નામમાં ભળશે, અને શુદ્ર જાતી થશે સારા, પાળસે મુળ ધર્મના ધારા. ॥ ૨૮ ॥ ગાય વીપ્ર ઉપર પ્રેમ ધરશે, પુન્યને દાન પ્રે કરસે; રાખસે શ્રદ્ધા ધર્મને કામે, વેચ્યા વેચાસે ભગવત નામે. ॥ ૨૯ ॥ પાપી વીપ્રને ગણસે મોહોટો,કદી નહી કહે જીભ્યાયે ખોટો,નહી છીદ્ર વીપ્રનાં સોધે,ચાલશે બ્રાહ્મણને બોધે. ॥૩૦॥ ચાલશે બ્રાહ્મણ કહે જેમ,નહી કરે બ્રાહ્મણ કરે તેમ; એવો સુ પંથ નીચમાં જાસે, ઉંચ વરણ તે નીચ થાસે. ॥ ૩૧ ॥ એવો ઘણો વાંબેઃ વિસ્તાર,કેહેતાં કેહેતાં ન આવે પાર, વળી ગ્રંથ લં બાણે જાય, તેથી ટુંકામાં કહી કથાય. ॥ ૩૨ ॥ ત્યારે ધરમ બોલ્યા વ-ચન, સુણો પારાશ્વરના તન;મુને એક છે શંકા અપાર; બ્રહ્માના મુખ-ના વેદ ચાર. ॥ ૩૩ ॥ તેમાં સત્ય માનું કીયો વેદ, એવા જુદા જુદા છે ભેદ; ત્યારે વ્યાસજી વદીયા એમ, વેદને જુઠા કહીએ કેમ. ॥ ૩૪ ॥ પ-ય દધી માંખણ તક જેમ, વેદ જુજવા દીસે તેમ;લાગે ખાટુ મોળુ ને મીઠું, પણ તેમાં શું તત્વ દીઠું. ॥ ૩૫ ॥ કરે યુકતીથી મથન જે વારે.

આવે વ્રત તત્વ તે વારે; નેમ વેદ વીવેક વીચારે, જ્ઞાન તત્તવ નીકળે ત્યારે. ॥૩૬॥ તેનું તે જ્ઞાન વેદથી ન્યારૂ, લાગે મુમુક્ષુને પ્યારૂ; તેમાં નિશ્ચય વત્તી કરે, તેનું આવાગમન નિસ્તરે. ॥૩૭॥ તવ બોલીયા ધરમ રાય, એક બીજી પુછુ શંકાય; તેનું જ્ઞાન લેઇને શું કરવું. એમાં શું શું કામ આદરવું. ॥૩૮॥ તવ બોલીયા વેદમ વ્યાસ, સાંભળી કરજે કાંઇ કયાશ;જ્ઞાન થયા પછી નહી કર્મ,જેણે શત્યવસ્તુ જાણી પર્મ ॥૩૯॥ તેણે લક્ષણા ભક્તી કરવી; અતી ઉપાસના આદરવી: નથી દેહાદી કર્મનું કામ, ચઇતન્યનું ચૈતન્ય સુખધામ. ॥૪૦॥ નથી જ્ઞાનીને કર્મ બંધન, કરે સત્યતણુ વંદન;કહ્યું મનુશમરતી માંય, તેમાં શંશય નથી કાંય.॥૪૧॥ સર્વ માયામાં ચૈતન્ય જેહ, મળે ચૈતન્યે ચૈતન્ય તેહ; એતો ચૈતન્ય ગ્રહે જ્ઞાન; તેનું તેને તે ધરે ધ્યાન. ॥૪૨॥ રહે મુળ ચૈતન્યમાં મતી, તેથી તેની ત્યાં થાયે ગતી;મળે ચૈતન્યે ચૈતન્ય રૂપ,તવ ટળે માયાનો કુપ. ॥૪૩॥ ટુટે માઇક વાસના જ્યારે, પામે અભય પદ તે વારે; રહે માયામાં વાશના જરી, તવ અવતરે તે ધરા. ॥ ૪૪ ॥ માયામાં રહીને એમ બોલે. અંહબ્રહ્માસ્મી બ્રહ્મ તોલે, એવું કેહેનારો નહી બ્રહ્મ, એનું પોગળ પોલું ભ્રમ. ॥૪૫॥ બ્રહ્મનું જ્ઞાન થયેલું જેને. દેહ છુટે મળે પદ તેને, તેથી ચૈત્વન ચૈતન્યતણું; હોય જ્ઞાનીના લક્ષમાં ઘણું ॥ ૪૬ ॥ તેતો છુટેલો શુભ કર્મ કરવા, હોય ખુશી તો એસે આદરવા; તેથી તેને નહી કાંઇ બાધ; જ્ઞાનિ ન ગણે જગ અપવાદ. ॥ ૪૭ ॥ જ્ઞાન લેવાનો સર્વનો ધર્મ,ઝાલી રહે અજ્ઞાની કર્મ; જેહ આગળ ડગ નવ ભરે, તેમાંને તેમાં અવતરે મરે. ॥૪૮ ॥ જ્ઞાન વીના મુક્તી નવ થાય, કહ્યું વેદ સ્મરતિની માંય; તવ બોલીયા ધર્મ ભુપાળ, આતો દીસેછેમાયાની જાળ.॥૪૯॥ એતો માયા તેતો અજ્ઞાન; તેથી જ્ઞાન કીયું ભગવાન; જ્ઞાન અજ્ઞાન કયાંથી ને કયારે, કરો બોધ શંકા ટળે ત્યારે॥૫૦॥ વળણ ॥ બોધ કરો શંકા ટળે, લાગું તમને પાય; વ્યાશ વલ્લભ વાણી વદે, સાંભળો જ્ઞાન કથાય.

કડવું ૭૧ રાગ સવઇઆનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વ્યાસાશ્રમ ર્વ તણી હું, શ્રવણ કરાવું કથાય, ॥ ૧ ॥ વેદમ વ્યાશજી કહે છે ધરમને, વલ્લભ શ્રોતાજનને, અજ્ઞાની જન શાંભળે તોહે; ડાવ ન લાગે

મનને. ॥ ૨ ॥ આ વિશ્વ ઉપજે લય પામે, અનાદિનો નેક; વિશ્વ હોયે તવ દ્વેત ગણવાં, લય પામે તવ એક. ॥ ૩ ॥ માયા રૂપે હોય માયા તવ, માયાને બ્રહ્મ બેય, માયા બ્રહ્મ રૂપ થાય તવ એકજ, પણ મુળમાં દ્વૈત છેય. ॥૪॥ પયમાં જળને ઘ્રત બે વસ્તુ, પણ દીશે છે એક; જે વેળાએ જુદાં પડે,તે વેળા બે વીવેક. ॥૫॥ તે રીતે મુળ બ્રહ્મ વીશે; માયા હતી બ્રહ્મરૂપ; કાળે કરિને જુદી પડે, તવ બે જુદાં સ્વરૂપ. ॥ ૬ ॥ માયાનું સ્વરૂપ ફરવાને, અનાદીનો સ્વભાવ; જેવું દુધી દધીરૂપથાયે, તેવોનેનો ઉથલાવ. ॥ ૭ ॥ તે રીતે માયા રૂપે, ચૈતન્ય શક્તીથી થાય; ચૈતન્ય શક્તી બ્રહ્મ કેરી, સુણો યુધીષ્ટર રાય.॥૮॥ જડ માયામાં શક્તી ચૈતન્ય, તેથી ચઇતન્ય માયા; માયાની વસ્તી દ્રષ્ટીયે દીસે,માયાની ભૌતીક કાયા. ॥૯॥ ત્રીગુણી માયાથી ત્રણ ગુણ થયા, ત્રણ ગુણના પંચ ભુત; તે પંચ ભુતનાં ચોવીશ તત્વો, શાંભળ કુન્તી સુત. ॥૧૦॥ છે શાંખ્ય શાસ્ત્રમાં વીવેચન એ,જીજ્ઞાશા શકુ જન;ગ્રંથ લંબાણુના ભયથકી એ, કરતા નથી વરણુન. ॥ ૧૧ ॥ માયાની કાયામાં ચૈતન્ય બ્રહ્મનું,તેને કહે છે જીવ; તે જીવ જ્ઞાન લે ચઇતન્ય બ્રહ્મનું, તવ જીવ થાયે શીવ. ॥૧૨॥ માયાથી વાશના છુટીને, જો બ્રહ્મને રહે વળગી, દેહથી છુટી બ્રહ્મ પદ પામે, તવ થાય વાશના અળગી.॥ ૧૩ ॥ વાશના નવ રહે માયા નવ રહે,ન રહે હું ને અન્ય;એવા જે પુરશારથી જ્ઞાની,તે પુરૂશોને ધન્ય. ॥૧૪॥ એટલે બોલ્યા ધરમ રાજા, એક પુછું વિચાર; મુળ બ્રહ્મને ચઇતન્ય કહોછો,તેતો કેવો આકાર. ॥ ૧૫ ॥ એટલે વેદમ વ્યાશ બોલ્યા, આત્માનો આકાર જેવો; ચંદ્ર શમ બીંબ બીંબ શમચંદ્ર,પરમાત્માનો તેવો. ॥૧૬॥ જેવો આત્મા તેવો પરમાત્મા, આકારમાં નહી ફેર; પણ શકતીમાં અધીકને નુન્ય, ગુણ ફેર મેર શમેર. ॥ ૧૭ ॥ એમ અતીશય જ્ઞાન ક્રીધું,ત્રપ્ત થયા રાય ધર્મ;શ્રોતાજનથી આટલું કહેતાં, શમજાઇ ન શકે મર્મ. ॥ ૧૮ ॥ તો નીમીત માત્ર મુજ દેહ, રચેલા છે ગ્રન્થ અનેક; ભાવાર્થ પ્રકાશ વિજ્ઞાન વલભ,તેમાં સરવ વીવેક.॥૧૯॥ છપાઇ તે ગ્રન્થ બહાર પડયા છે, તે જોતાં થાશે જ્ઞાન; વલ્લભ વદે સરવે શોતા, શમરો શ્રી ભગવાન. ॥ ૨૦ ॥ વ્યાશાશ્રમ પરવ થયું પુરણ, ઉતરી ગઇ હત્યાય, જનમેજયે પરણાવિ આપી,શવાસો કન્યાય.॥૨૧॥ શવાસો વીપ્રને ઊપવીત દીધાં,ઉલટ મનમાં વ્યાપી;શવાસો બ્રહ્મપુરીયો તેતો, બ્રાહ્મણોને આપી ॥૨૨॥ શવાસો ગઉદાન દીધાં, પુન્યવંત પરીક્ષત તન; શવા લક્ષ બ્રાહ્મણોને. કરાવીયું ભોજન. ॥૨૩॥ તેણે એ

ની ઉતરી હત્યા, સ્વેત થઇ શામ ગાય; કાળા પડદા ધોળા થયા, શામ તલ ધોળા થાય, ॥ ૨૪ ॥ શ્રોતા વકતા સરવે સુણી, પોહોચ્યા મનના કોડ; વલ્લભ વાણી વદે સહુ બોલો, જે જે શ્રી રણછોડ. ॥ ૨૫ ॥ વળણ. જય જય રણછોડ બોલજો, રણછોડે જગરાય, ચીત્ત રાખીને સાંભળો, મુશળ પરવની કથાય.

વ્યાસાશ્રમ પર્વ સમાપ્ત.

મુશળ પર્વ.

કડવું ૧ રાગ ધન્યાસરી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાયઃ વિસ્તારી તુજને સંભળાવું, મુશળ પરવ મહીમાય. ॥ ૧ ॥ વ્યાસાશ્રમથી ઉપદેશ લેઇ, ધરમ આવ્યા ઘેર, દ્વારીકાંથી શ્રી કૃષ્ણઆવ્યા, મળવા આનંદ ભેર. ॥ ૨ ॥ સાત દિવસ શ્રી કૃષ્ણ રહ્યા ત્યાં, પછી માગી વીદાય; એટલે અરજુન પ્રત્યે બોલ્યા, પોતે ધરમ રાય. ॥ ૩ ॥ અરજુન વીરા પ્રભુની સાથે, મુકવા દ્વારીકાં જાવો, શુભ સમાચાર સર્વના લેઇ,પાછા વેહેલા ઘેર આવો. ॥૪॥ તવ પારથ વસ્ત્ર આભુષણ, પેહેરીને નીકળીયા; રથે બેશી વાતો કરતા, જાય નરને સાંમળીયા. ॥ ૫ ॥ મારગમાં એક ગામ આવ્યું, ત્યાં બન્યું કેવું કામ; બ્રાહ્મણ બ્રાહ્મણી બે જણ આવી, ઉભાં રહ્યાં તે ઠામ. ॥ ૬ ॥ નરનારાણનો રથ ઘેરી, કહેવા લાગ્યાં એમ; આ યુગમાં માબાપ પહેલાં, છોકરાં મુઆં કેમ. ॥૭॥ સુત સાત માહારા મરણ પામ્યા, તેનું કારણ બતાવો; સંદેહ માહારો ભાગો નહીં તો, પુત્ર મહારા લઇ આવો. ॥ ૮ ॥ કૃષ્ણ પ્રભુ કહે પુત્ર મુઆ, માબાપ પહેલા આ ઠામ; કળીયુગ બેઠો તે કારણથી, કાળ બળે થયું કામ ॥ ૯ ॥ અરજુન બોલ્યો પ્રભુની પ્રત્યે, વીચારવું રાજવટે; આપણને આવી યાચના કીધિ,પુત્રો લાવવા ઘટે. ॥ ૧૦ ॥ કૃષ્ણ કહે કે ચાલો જઇએ, કહીને રથ હંકાર્યો; દ્વારિકાંથી ડાબી બાજુએ,જાવાવિચાર ધાર્યો. ॥૧૧॥ વાતો કરતા પંથે પળીયા, જુદી ભોમી આવી; ત્યાં તો નરો અંધકાર દીશે, નેત્ર નાંખે અંજાવી. ॥૧૨॥ પ્રભુએ સુદરસણ મુક્યું, તવ થયો પ્રકાશ; ચક્ર તણે અજવાળે ચાલ્યા. અર્જુનને આવી નાશ. ॥ ૧૩ ॥ આગળ જાતાં પ્રકાશ આવ્યો, તીમરથી ટળીયો શોક; આગળ જાતાં વસ્તી આવી, ત્યાં ચતરૂભુજ લોક; ॥ ૧૪ ॥ તેને હળી મળી આગળ ગયા, શહસ્ત્રભુજા લોક ત્યાંય; તેમને સહુને હળીમળીને, વિશેષ આગળ જાય ॥ ૧૫ ॥ ત્યાં તેજનો બીંબકાર દીઠો ઉજ્વળતા અનુપ; મહા તેજનો એક ઢગલો ત્યાં છે. ભોમા નારાયણ રૂપ. ॥૧૬॥ વાસ્રપુર ખંડીત તે જોત દીસે, અરજુન પડીયો પાય, કૃષ્ણ પ્રભુજી આરૂપ કોનું, સંશય મુજને થાય, ॥ ૧૭ ॥ એટલે અવીનાશી એમ બો-

લ્યા, ટાળું તમ સંદેહ; પુરણ બ્રહ્મ ભોમા નારાયણ, જોતી સ્વરૂપ એહ ॥ ૧૮ ॥ એટલે અરજુનજી એમ બોલ્યા, મુને પડે છે વેમ; પુરણ બ્રહ્મ કહો છો ત્યારે, ખંડીત જરા કેમ ॥ ૧૯ ॥ એવું નરનું વચન સુણી, બોલ્યા જુગદાધાર; ખંડીત ભાગ છે તેટલો હું, નીકળેલો છું બહાર ॥ ૨૦ ॥ તેથી તે ભાગ ખડીત દીસે; કાંઇ ન ધરશો વેમ; અરજુન કહે એમાંથી તમે, નિકળ્યા માંનું કેમ. ॥ ૨૧ ॥ તવ પ્રભુ કહે જોયા કરજો, કહી ઉઠયા સાંમળીયા, પંચભુતી દેહ અળગી મુકી, ભગવત તેમાં ભળીયા. ॥૨૨॥ એટલે પુરણ જોત હવી. અરજુન પડીયો પાય; પરકંબા કરી કીધિ પ્રારથના, નીકળો જાદવરાય. ॥૨૩॥ કૃષ્ણ અંશ તવ બહાર નીકળીયો, ખોળીયું પેહેરી લીધું; અરજુન જોડે રથે બીરાજ્યા, ચમત્કારી કામ કીધું. ॥ ૨૪ ॥ તવ જોત પાછી ખંડીત દીઠી, નીકળ્યા દેવ મોરાર, પછી અરજુનના સાંભળતાં, કૃષ્ણે કર્યો ઉચ્ચાર. ॥ ૨૫ ॥ઓ માહારાજા વીપ્ર કેરા કેમજ લીધા બાળ;તવ જોતમાંથી નીકળી વાણી સાંભળો શ્રી ગોપાળ. ॥ ૨૬ ॥ કળીયુગ બેઠો ને કયાં સુધી, ભોમીમાં રાજ કરશો; મુળ અધીષ્ટાનમાં પધારો, ભુભાર કયારે હરશો. ॥ ૨૭ ॥ એટલે કૃષ્ણજી એમ બોલ્યા, થોડા દીનમાં આવું, વાયદો વીપ્રને કર્યો છે, દીકરા તારા લાવું. ॥ ૨૮ ॥ એમ કહી સાત પુત્રો લીધા જુગવિસે સત્ય ધાટે; માબાપ પહેલા પુત્ર લીધાતા, કૃષ્ણને લેવા માટે. ॥ ૨૯ ॥ વીપ્રના પુત્રો લેઇને વળીયા, અરજુનને ભગવાન;બ્રાહ્મણને ઘેર જઇને આપ્યા, બ્રાહ્મણના સંતાન. ॥ ૩૦ ॥ પછી ચાલ્યા દ્વારીકાં ભણી,વાતો કરતા જાય; એવામાં દ્વારીકાંપુરીમાં વીઘન કેવું થાય. ॥ ૩૧ ॥ દુરવાસા રૂષી પધાર્યો;દ્વારીકાં નગરી માંય;પ્રભુના પુત્રોએ મશ્કરી કરવા, વીચાર કીધો ત્યાંય. ॥૩૨॥ વીનાશકાળે વીપ્રીત બુદ્ધી,જદુકુળમાં આવી; સાંભ નામના છોકરાને,કન્યારૂપ બનાવી. ॥૩૩॥ ચીર ચણીયો ચોળી પેહેરાવી, તાંસળું બાંધ્યું પેટ; નારી બનાવી દુરવાસા પાસે તેડીગયા. ઠેઠ. ॥ ૩૪ ॥ લજ્યા તણાવી ઉભી રાખી, બીજા બોલ્યા વચન; કહો મહારાજા આવી આ વહુને, આવશે તનીયા કે તન. ॥ ૩૫ ॥ તવ દુરવાસાએ સમાધી માંડી;સૌ વાત સમજી લીધી;રૂષીને એમ ક્રોધ વાધ્યો મશ્કરી મારારિ કીધી. ॥ ૩૬ ॥ સમાધી ઉતારી દુરવાસા બોલ્યા, કકળાવી અંતઃકરણ; જાઓ એને પેટ અવતરવાનું, જાદવ કુળનું મરણ. ॥૩૭॥ સૌ છોકરા તવ ધ્રુજવા લાગ્યા, તવ વ્રદ્ધ બોલ્યા વચન; બગડવા કાળે બ્રાહ્મણ કેરી,મશ્કરીનું થયું મન, ॥ ૩૮ ॥ પછી બહુ પ-

સ્તાવા લાગ્યા, રૂષી થયા વીદાય; શામ્બે વેશ ઉતારી નાંખ્યો, ભરી સભાની માંય. ॥ ૩૯ ॥ પેટ તાંસળું બાંધેલું તે, છોડતાં શું નીવડયું; એક હાથ લાંબું મુક પોહોળું. મુશળ ભોમી પડીયું. ॥ ૪૦ ॥ તવ સરવેને ચીંતા ચાલી, દેખીને બનીયા બહોત; અચાનક આ મુશળ નીકળ્યું; એજ જદુનું મોહોત. ॥ ૪૧ ॥ ત્રશ્યોએ શીખામણ દીધી, શીંધુ ઉપરજાવો, પાશાણુ ઉપર ઘશીનાંખી. ઝીની રજકરીઆવો. ॥ ૪૨ ॥ તવ સહુ બાળક મુશળ લેઈ, ગયા સીંધુ કીનાર; પાષણ પર જઈને ઘશી નાંખ્યું, કરચ વધી લગાર ॥ ૪૩ ॥ તે દરીયામાં નાંખી દીધી તવ માંછલી ગઈ ગળી;ઢીંમરે તેમાં જાળ નાંખેલી, તેને તે મચ્છા મળી. ॥ ૪૪ ॥ તે મચ્છામાંથી મુશળ કેરી, કરચ હાથમાં આવી; તેણે એક પારધીને આપી, તે બાણુમાં બેસાવી. ॥ ૪૫ મુશળ ઘશી નાંખીને ગયા, ગામમાં સહુ સંતાન; મુશળનો જે વસારો વેરાયો, તેની ઉગી પાન. ॥ ૪૬ ॥ તે પછી બે દીવસ ગયા, મેળાનો આવ્યો દન; સમુદ્ર કીનારે જાદવ ગયા, વળી પ્રભુના તન. ॥ ૪૭ ॥ બાળ બચ્ચાં નર નારી સરવે,નગ્રવી બારણે જાય;સીંધુ કીનારે શીવનું દેરૂં, ત્યાં મોહોટો મેળો ભરાય. ॥૪૮॥ વેહેપારી મીઠાઇ મેવા વેચે. રમકડાં નવ રંગી,દુધ કઢેલા હુંનાં ચાઉનીઉની. ભાંગ વેચે છે ભંગી ॥૪૯॥ ત્યાં કુસુદ્ધી થઇ જાદવની, ન કરવાનું કીધું; નાહાના મોહોટાયે આનંદ જાણી, મદીરા લેઇને પીધું. ॥ ૫૦ ॥ વળણ ॥ મદીરાપાન કર્યું સહુ,થઇ ગયા બે ચીત વલ્લભ વદે આવી બન્યુ, તવ સુજ્યુ વીપ્રીત.

કડવું ૨ રાગ સાખી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા. સુણ જનમેજે રાય,વીસ્તારી તુજને સંભળાવું, જાદવ સ્થળી મહીમાય. ॥ ૧ ॥ મધુપાન કીધું નર નારીએ, નાહાના મોટાંએ સર્વ; પછી પુરણ નીસો વાપ્યો; ઉપજ્યો ગાંડો ગર્વ. ॥ ૨ ॥ એક એકનો તીછકાર કરતા, પોતાની કરતા વડાઇ, ખાય અડબડીયાં આવે લથડીઆંતેમાંથી થઇ લડાઈ. ॥ ૩ ॥ સીંધુ કીનારે પાન ઉગેલી, તે માંડી ખેચી લેવા; એક એકનાપર ક્રોધ કરીને, બહુ માર માંડયો દેવા. ॥ ૪ ॥ દુરવાસાનો શ્રાપ નડીયો, વાગે તે ઢળે શરણુ;જેને ઝપાટો પાન્યનો વાગે.તે જન પામે મરણ. ॥ ૫ ॥ એમ અન્યો અન્ય મારા મારી, કીધી અપરંમપાર; લોથે લોથો પડવા માંડી,

વરત્યો હાહાકાર ॥ ૬ ॥ બીજા ત્રીજા લોક નાશી ગયા, જાદવ કુળ પરવાર્યું; ખપ્પર જોગણીયે ભક્ષ લીધું, મ.હો માંહી શંહાર્યું. ॥ ૭ ॥ એવે અરજુન કૃષ્ણ આવ્યા, દ્વારીકાં લગભગ થાય; કુંટુંબ કબીલો પડેલો દીઠો, પોતે જાદવરાય. ॥૮॥ પોંચો કરડી શીશ મરડી, રથથી ઉતરીયા ધરણ; અરેરે શો જુલમ થયો, શરવે પામ્યું મરણ. ॥ ૯ ॥ પીંપળા નીચે જઈ પ્રભુ બેઠા, કરૂ કોનાપર દાવો; ઘાંટા કાઢી અરજુનને કહ્યું, તમ ઘેર તમે જાવો. ॥ ૧૦ ॥ કળયુગ પાપી પુરણ બેઠો, અરજુનજી દલ દાઝો; હવે રેહેવામાં માલ નથી, શરવ હીમાળે જાજો. ॥ ૧૧ ॥ અમારિ બીના નજરે દીઠી, ધર્મને તે જઈ કેહેજો; અરજુનજી બાહુ રડવા લાગ્યા, દાશને શરણે લેજો. ॥૧૨॥ પ્રભુ કહે ટુંકામાં કહુંછું, થાવો તમે વીદાય; એટલે અરજુન રડતો રડતો, રથે બેશીને જાય. ॥૧૩॥ એવે પ્રભુનો દારૂક નામે, શારથી બોલ્યો એમ; ઓરે પ્રભુ હું દાશ તમારો, માહારે કરવું કેમ. ॥ ૧૩ ॥ મોક્ષનો મારગ મુજને આપો, તવ બોલ્યા જદુરાય; હસ્તીનાપુર વીદુર કને, જઈને પાડજે કાય. ॥ ૧૫ ॥ તેથી તારો મોક્ષ થાશે, કહી કર્યો વીદાય; એવામાં ઉધવજી આવ્યા. લાગ્યા પ્રભુને પાય ॥ ૧૬ ॥ ઓ મહારાજા નગ્રમાં ચાલો, કેમ બેઠા છો આમ, કૃષ્ણ પ્રભુ કહે ભકિતીક દેહી, મુકીને જાવું શધામ. ॥૧૭॥ ઉધવ કહે ભલે માહારાજા, મુને સો વીત્યો લાહાવો; જનમ મરણનો ફેરો છુટે, મોક્ષ મારગ બતાવો. ॥૧૮॥ તવ ત્રીલોકના નાથ બોલ્યા. હું ક્ષત્રી અવતાર; બ્રાહ્મણવીના ઉપદેશ કરવો. નહી અન્યનો અધીકાર. ॥ ૧૯ ॥ અન્ય વરણના મુખથી સુણે, જ્ઞાન મારગ ઉપદેશ; શાંભળનારાને ફળ તેનુ. લાગે નહી લવલેશ. ॥ ૧૦ ॥ ગુરૂ પદવી ધારણ કરે, વીપ્ર વીના અન્ય જાત; શવાસો જન્મ સ્વાનના વેડે, સુકીત થાય નીપાત. ॥ ૨૧ ॥ અન્ય વરણનો ઉપદેશ લે તે, કથીરા થઇ અવતરે; સ્વાનને વળગી સ્વાનનું રૂધીર, પીપીને પેટ ભરે. ॥૨૨ ॥ વીપ્ર વીના કેહેનારાને, શાંભળનારો પાપી; મનથી માને મોક્ષ થાશે, નહિ કલ્યાણ કદાપી. ॥ ૨૩ ॥ માટે ઉપદેશ હું નહી કરૂ, ભલે તમે મુજ દાશ; મોક્ષ થવાને માટે જજો, મૈત્રી રૂપી પાશ. ॥ ૨૪ ॥ તેમને જ્ઞાને મોક્ષ મળશે, કહી કર્યો વીદાય; એવે સુરજ મેર બેઠો, તવ અંધારૂ થાય, ॥ ૨૫॥ પીંપળાને થડ ટેકો દેઇને, બેઠા અશરણાશરણ; તે શમે પોતે ચઢાવ્યો, ચરણ ઉપર ચરણ. ॥ ૨૬ ॥ રામા અવતારે વાળી વાનર, રામે માર્યો તો જેહ; કૃષ્ણા અવતારે પારધી થઇને, અવતર્યો છે તેહ. ॥ ૨૭ ॥ તે પારધીને હાથ આવ્યું તું, કૃષ્ણ ના

મરણનું બાણ;ફરશુરામે કરણને આપેલું,કરણ કને નીરવાણ. ॥ ૨૮ ॥ કુન્તાયે માતા થઇ કર્ણ કને, તે બાણ લીધેલું માગી; કુન્તા કનેથી કષ્ણે લેઇને, તે નાંખેલું ભાગી. ॥ ૨૯ ॥ તે ભાલોડું પારધીને મળેલું, તેનું કરેલું બાણ; તે બાણમાં મુશળની કટકી, ઘાલેલી પરમાણ. ॥૩૦॥ તે બાણ લઇને પારધી આવ્યો; યદુ સ્થળી થઇ જ્યાંય;પીંપળા નીચે પ્રભુને પગે, પદમ ચળકયું ત્યાંય ॥૩૧॥ તે ચળકાટો જોઈ પારધીએ, વીચાર કીધો મન;કોહો ન કોહો પણ પ્રભુ બેઠા છે, ચળકે તેનું લોચન. ॥૩૨॥ એવું શમજી બાણ ચઢાવ્યુ, ભોંકી દીધું તે ઠામ; ભગવાને ભઉતીક કાયા મુકી, ગયા પોતે શધામ, ॥ ૩૩ ॥ એવે અરજુન હસ્તીનાપુર પોહોચ્યો તેણી વાર; ચોધારે આંસુ છોડીને કહ્યા શમાચાર. ॥ ૩૪ ॥ તેથી શઊ બહુ રડવા લાગ્યાં, કીધું ઘણું કલ્પાન્ત; વિદુરજીએ શાચું ન માન્યું. રહી ગઇ મનમાં ભ્રાન્ત ॥ ૩૫ ॥ વળણ ॥ ભ્રાન્ત રહી ગઇ મન વીશે, ગુચવણ બહુ મનમાંય; વલ્લભ વદે પ્રભુતણો, શારથી આવ્યો ત્યાંય.

કડવું ૩ રાગ મારૂ.

બોલ્યા જયમુનીજી વચન,સુણ પરીક્ષત કેરા તન; આવ્યો દારૂક હસ્તીનાપુર, જઈ મળ્યો જ્યાં વીદુર. ॥ ૧ ॥ કહિ દ્વારીકાની બધી વાત, તવ વાત માંની શાક્ષાત; એને વીદુરજીએ બેશાડયો, દેઇ શીખામણ શાન્ત પાડયો. ॥ ૨ ॥ પોતે ગયા ધત્રાષ્ટર પાશ, કહી બતાવ્યો શર્વે વિનાશ; તવ આંધળે કહ્યું એમ, કહો વિરા કરીશુ કેમ, ॥ ૩ ॥ બોલ્યા વિદુર મુખ વચન, હવે તજો ધનને ભોવન; ચાલો વનમાં જઇ તપ કરીયે, પ્રભુ પદ પામવા શંચરીયે ॥ ૪ ॥ તવ ધત્રાષ્ટર ગાન્ધારી, વળી ભક્ત વિદુરની નારી; પોતે વિદુર તતપર થાય,શાથે દારૂકને લેઇ જાય. ॥ ૫ ॥ જઇ બેઠાં અઘોર વન, યોગ્યાભ્યાશ કરી પાડયાં તન; તે તો પાન્ડવે જાણી વાત, થયો ધર્મને મન ઉતપાત. ॥ ૬ ॥ ભાઈ આપણ કેમ બેશી રહીયે,ચાલો હીમાળે ગળવા જઇએ; તવ શરવે જાવા મન કીધું, રાજ પરીક્ષતને દેઈ દીધું. ॥ ૭ ॥ પછી બોલીયા ધરમ રાય; ચાલો ત્યારે વેળા વહિ જાય; તે વાત શઉને બેઠી ધ્યાન, ધરમ રાયની શત્ય છે વાણ. ॥ ૮ ॥ આતો મુશળ પરવની કથાય, સાંભળી જનમેજય રાય; તારી ઉતરી બ્રહ્મ હત્યાય, તેની પરીક્ષા નવ

દેખાય. ॥૯॥ શામ પડદા થયા સ્વેત, તલ ઘોળા થયા અચેત; કાળી ઘેનું ઘોળી થઇ જાય, એવાં રૂડાં પ્રમાણે દેખાય. ॥ ૧૦ ॥ તવ જનમેજે પડયો પાય. મારી ઉતરી ગઇ હત્યાય; પછી પુન્યદાન પ્રેમે કીધાં, સવાસોને ઉપવીત દીધાં, ॥ ૧૧ ॥ દીધાં સવાસો કન્યાદાન, બ્રહ્મપુરીયો આપી નીધાન; પછી કરાવ્યું બ્રહ્મ ભોજન, ગઉદાન દીધાં રાજન. ॥ ૧૨ ॥ સાંભળી શ્રોતાજન કથા, શ્રદ્ધા વાળાને ન જાય વ્રથા; થયું પુરણ મુશળ પર્વ, આસપાસનું સીધાર્યું સર્વ. ॥ ૧૫ ॥ વળન. આસપાસનું સીધારીયું પાન્ડવ તતપર થાય; કહે વલ્લભ જે દ્રુપતી, પીઉ પુઠે પળાય.

મુશળ પર્વ સમાપ્ત.

ચાન. પર્વ

કડવું ૧ ધનાસરીની ચાલ.

પ્રથમ પેહેલા પાચે નમીને, ઉમીયા પુત્ર ગણેશ;શંકર કેરા નંદન એ છે, કૃપાળુ હમેશ.॥૧॥બીજાં સમરૂં સરસ્વતિને, જીભ્યાયે વસો માત; ત્રીજા સકલદેવને નમું,પરમેશ્વર પ્રખ્યાત.॥૨॥ ભારથ વીશે મોક્ષ કથા, સ્વર્ગારોહણી પર્વ;સુણતાં પાપી પાપથી છુટે,ટળે અભીમાન ગર્વ. ॥૩॥ હીમાળે પાન્ડવ પરવરીયા,એજ કથા પવીત્ર;ભક્તજનોને સાંભળવાનું;દાસ દાતાનું ચરીત્ર.॥૪॥ કૌરવ સાથે કુન્તી સુતે,યુદ્ધ કરી રાજ લીધું;ઘણાક જીવોનો ક્ષય થયોને,કુળ નીકંદન કીધું.॥૫॥ એવોલોકીક અપવાદ બેઠો,પાન્ડવોને શીશ;તેથી અશ્વમેઘ કીધો,સાથે શ્રી જગદીશ ॥૬॥ તે પછી પ્રભુ દ્વારીકા ગયા,ત્યાં થઇ જાદવાસ્થળી,પછી પ્રભુ વૈકુંઠ પધાર્યા, અરજુન આવ્યા મળી.॥૭॥ ઊદ્વેગથી હસ્તીનાપુરમાં, આવ્યા ધરમની પાસ;દ્વારીકાંના સમાચાર કહ્યા,સર્વ થયા ઉદાશ. ॥૮॥ધર્મ કહે શ્રીકૃષ્ણ પ્રભુએ,શું કહ્યું છે તમને;ઃ ખરી ખબર આપી દો વિરા, શાન્તી થાસે અમને.॥૯॥અરજુનજી કહે કહેવા માટે, નથી રહી સુદ્ધ સાન; અરેરે મુજને મુકીને, ગયા શ્રી ભગવાન.॥૧૦॥એમ કહી પડયો મુરછામાં,દેખી ધરમ ઢળીયા;અરેરે વિયોગ રાખીને. સીધાર્યા સામળીયા ॥૧૧॥ એમ અતી કલપાન્ત કીધું,પોતે યુધીષ્ટર રાય;સેહેવ નીકુળ ભીમ ઢળીયા, ઢળીયાં કુન્તા માય. ॥૧૨॥દ્રુપતી બહુ બની બાવરી; ઊઠી ગયા ઘનશામ;હવે આપણ અવની ઉપર, રેહેવાનું શું કામ. ॥૧૩॥ એમ અતીસે સોસના કરે,દ્રુપતી ધરમ ભુપ;તવ એકાએક પ્રગટ થયું,ધામમાં કૃષ્ણ સ્વરૂપ.॥૧૪॥ વઈકુંઠ વાશી પોતે પધાર્યા,દુખના દીવસ ગયા;મુરછામાં જે ઢળ્યા હતા તે, તરત બેઠા થયા. ॥૧૫॥ આંધળાને જેમ આખ આવે,પાંગળાને જેમ પાચ;મુગાને જેમ જીભ્યા આવે,તેવું પાંન્ડવને થાય. ॥૧૬॥ પ્રભુને દેખી પ્રેમ પ્રગટયો; લળી લળી લાગ્યા પાય; વીઠલ વૈકુંઠ વીશે પધાર્યા,અમારી શી ગત થાય.॥૧૭॥એટલે બોલ્યા અંતરયામી,સાંભળો ધરમભુપ; હવે કળીયુગનું રાજ બેઠું,અતી અધર્મ રૂપ. ॥૧૮॥ એના વારામાં સુત સતીના,નહી થાય તમથી રાજ;જોરા

જ કરવા ઇચ્છા કરશો, તો તમે ખોશો લાજ.॥૧૯॥ભાર તમારો ભાગી જવાનો,સત્યનો થાશે નાશ;સુક્રીત સઘળું ધોવાઇ જાશે,પુરણ પામશો ત્રાસ. ॥૨૦॥ યુગ પ્રમાણે બુદ્ધી થાશે,ડહાપણ જાશે ડુબી,તમોને એ અનુભવ નથી;કળીયુગ કેરી ખુબી. ॥૨૧॥ સત્યવાદીનું સત્ય છોડાવે,અસત્ય પંથ ચડાવે; વાહાલામાં વીખવાદ થાયે, ખોટી લડત લડાવે. ॥ ૨૨ ॥ મુનીને નાંખે ગબડાવી, ડાહ્યાનું ડહાપણ છુટે; પીતા પુત્રને સાસુ વહુને, માન મરીયાદા ટુટે. ॥ ૨૩ ॥ એવાં અનેક અપલક્ષણો, કળી તણાં કેહેવાય;એવા યુગમાં સત્યવાદીથી,શી રીતે રેહેવાય.॥૨૪॥ માટે તમોએ રહેવું ન ઘટે, ઓરે કુન્તી તન;રહેસો તો કુબુદ્ધી થાસે, પડશે ઘણાં વીઘન. ॥ ૨૫ ॥ સુક્રીત સઘળું ધોવાઇ જાશે; થાશે;પાપનો પાહાડ; તે પાપને લીધે ભોગવશો,નરક કુન્ડનો ખાડ. ॥૨૬ ॥ વળણ ॥ ભોગવશો કુન્ડ નરકનો, તેમાં નહી મીન મેશ;વલ્લભ વદે એણી રીતે; ક્રીધો હરી ઉપદેશ.

કડવું ૨ રાગ સામેરીની ચોપાઈ.

બોલ્યા જયમુની મુખ વાણી,રાજા સાંભળ ઊલટ આણી;ક્રીધો ઉપદેશ હરિયે જ્યારે, થયા ઉદાશ પાન્ડવ ત્યારે, ॥૧॥ બોલ્યા યુધીષ્ઠરમુ મુખવાણી,તમે સાંભળો પુરૂશ પુરાણી;હવે અમારેકહો કેમ કરવું,આયુગથી કેમ નીસરવું,॥૨॥ આ પંચભુતોની દેહ,કેમ કરીને તજીએ તેહ, વિશથી કાયા તજીએ આપ,લાગે આત્મહત્યાનું પાપ.॥૩॥ માટે શી રીતે દેહ તજવો, શ્રષ્ટી છાંડવા સમો સજવો;તેનો બતાવો કાંઇ ઉપાય, દેહ તજતાં પાતક નવ થાય.॥૪॥ ત્યારે બોલીયા અંતરયામી,મનમાં અતી આનંદ પામી;તમે સાંભળો કુન્તીના તન,બહુ બુદ્ધી તમારીપાવન ॥૫॥ માટે આ યુગ વીશે તમારે,રહેવું ઘટે નહી લગારે, વીશ વડે તજો તમો દેહ;ઘણું પાતક લાગે તેહ.॥૬॥પણ શાસ્ત્ર તણે આધાર,દેહ ત્યાગ કરો આ વાર;તેનું પાતક કદી ન લાગે,કહું તેથી સંદેહ ભાગે.॥૭॥ કાશીમાં કરવત મુકાવે,તેનેઆત્મહત્યા નવ આવે;વળીભેરવજવ જે ખાય,તેને પણ પાતક નવ થાય.॥૮॥ સતી નારી સ્વામીની સંગ,કરેદહન પોતાનું અંગ,તેને આત્મહત્યા નવ લાગે,ભવોભવનાં પાતક ભાગે.॥૯॥ વળી કોઇજન જાયહેમાળે,જઇશરીર પોતાનું ગાળે,નહી તે જીવને જરા પાપ, શાસ્ત્ર આધારે સજો આપ. ॥ ૧૦ ॥ માટે હીમાળે તમે જાવો, હવે

સ્વર્ગે નીવાશી થાવો;નથી હવેઆઅવનીમાં મઝા,તેથી તમને આપુછુ રજા. ॥૧૧॥ આતો કળીયુગનું થયું રાજ,નહી રહે કોઇની લાજ;તવ યુધીષ્ટર વદયા એમ,કરતો હશે કળયુગ કેમ. ॥ ૧૨ ॥ એવા ગુણ લક્ષણ કહો અમને, એટલો શ્રમ દઇએ તમને,તવ શ્રી મુખબોલ્યા વાણી તમો સાંભળો ઉલ્લટ આણી.॥૧૩॥ દીન દીન કળી કેવો થાશેએનું જોર ઘણું વધી જાશે;તે વારે ચારવરણ બોળાશે,ચારે આશ્રમ ધુમ થઇજાશે ॥૧૪॥બવિ વરણવીને કહુ બીના, સુણો લક્ષણ કળી પાપીના,તન મન ધન અનમાં કળી,કરશે કલેશ ભેગો મળી.॥૧૫॥ સુણો ચારે વરણની રીતી,તમે પામી જશો ભયભીતી;તવ ધરમરાજા એમ બોલે,થાશેવિપ્ર વરણ શા તોલે, ॥૧૬॥ તવ કૃષ્ણજી વદયા વચન, સુણો યુધીષ્ટર રાજન;થાશે વીપ્ર ઘણા અદેખા, નહી જોઈ શકે કર રેખા.॥૧૭॥ નહી જાણે જોતીશ વીધાય, કરશે માંહોમાહી નીંદાય; નહી ભણે શાસ્ત્ર કે વેદ; ભણશે તો રેહેસે ભેદ.॥૧૮॥નહી સમજે તત્વજ્ઞાન,એવા નીકળસે વીદ્વાન મોહોટાં ટીલાં ટપકાં કરસે,કોટે માળાચો ઘાલી ફરશે. ॥ ૧૯॥ વળી ભસ્પનો રાખશે ભબકો, લોકને ધુતવાનો હબકો;જ્યાંથી ત્યાંથી લક્ષમી લેવી, પાઈમાટે આશીશ દેવી. ॥ ૨૦ ॥ એક કોડીનું મળે દાન, તેથી કહેસે હજો ધનવાન;પુત્રવાન ને આયુશવાન,ઘણા પ્રસનહજો ભગવાન ॥ ૨૧ ॥ જુજ કીમતે મોહોગુ આપે, તેવું બોલ્યું ઇશ્વર નવ થાપે; તેથી જુઠું પડશે વેણ; થોડું લેઇ ઘણું કહે કેણ ॥ ૨૨ ॥ વળી ગોરથઇ ઘેરઘેર. વરતે દાસપણાની પેર, યજમાનોના બાળ હીચોળે, અધ્રાવે મુતરાવે ખોળે. ॥ ૨૩ ॥ વળી તેડી તેડીને ફરે;શેવા ચાકરી સારી કરે; વળી કાકા બાપા ઓચરે, એમ દાસપણે પેટ ભરે. ॥ ૨૪ ॥ જુનાં ઉતરેલાં વસ્ત્રો માગે, ટેકીલાની ત્રતીઓ ભાગે;નાંખે ઉપરા ઉપરી પડતું બોલે યજમાન આગળ રડતું. ॥ ૨૫ ॥ નીંદા અવર વીપ્રની કરે, પોતાનું સારૂ ઓચરે, હોય યજમાનને ઘેર ટાણું, ગોર જાણે હું વૈભોગ માણું, ॥ ૨૬ ॥ જાણે પોતાના ઘરનું વરે, એવી રીતે કારભાર કરે; પોતાનાં સગાંને નોહોતરે, બીજા જમે તો સોસના ધરે. ॥ ૨૭ ॥ પેટ ને પાશુ બળી જાય, હાયહાય બીજા કેમ ખાય; કરાવે રશોઇ રહી પાસ, જાદે વરે તો પડે ત્રાસ. ॥ ૨૮ ॥ એમ યજમાનનું ઉગારે, વાહાલા થવાને મન ધારે; કરે તેવડ ખરેખરી, બ્રાહ્મણોને ગળે દે છરી, ॥ ૨૯ ॥ કરે દંતૈયા વિપ્રને દેખી; પેટ પાસાં નાંખે સેકી; વળા મારવા માટે ઊઠે ભબડાટ કરીને રૂઠે. ॥૩૦॥ આવાને જમાડે શું થાય, એમ યજમાનને

કેહેતો જાય; જોજો વધારે લેજો વિચારી, છાંડસો તો ટંટો ભારી. ॥૩૧॥ કહી શાક ઓછુ મુકાવે,શાક ભાજી થોડી પીરસાવે;કોઇ ભોજનમાં લે ભાત, તવ કરે ટંટાની વાત. ॥૨૨॥ પુંઠે છે જજમાન જમનાર, માટે મુકો લગાર લગાર; કહી યજમાનનું ભલું તાકે, બ્રાહ્મણોને ભુખ્યા રાખે. ॥૩૩॥ વધારે શાક ભાજી ને ભાત, પછી જાય નીચ વરણને હાથ; પણ વીપ્રોને નવ દે ખાવા, યજમાનોને વાહાલો થાવા. ॥ ૩૪ ॥ એવા કરમચંડાળ થાસે, વણુ નોહોતરે જમવા જાસે; પેટ માટે પડતાં નાંખે, રાજા ધીરાજા મુખ ભાંખે. ॥૩૫॥ કેહેશે નાદાર ને દાતાર, હાથ ધરશે વારોવાર; ભીખ માગશે ઘેર ઘેર, કરશે મહેનત બહુ પેર. ॥ ૩૬ ॥ બેસશે લોકને ઘેર અડી,સ્વાસ ખાશે નહી એક ઘડી,મોહોઢામાં જીભડી નહી ઘાલે, ઘરધણી કળકળી આલે. ॥ ૩૭ ॥ સાંભળે નીચના તુંકારા, ખાશે ગાળને હુંકારા.લોક ધક્કે મારીને કહાડે,તોહે આપો આપો બરાડે ॥૨૮॥નહી ચાલે ધર્મને જોઇ,કરે નાતતણી રસોઈ;થાયભ્રષ્ટાભ્રષ્ટ કદાપી, તોહે બોલે નહીં મુખ પાપી,॥૩૯॥ બોલે યજમાનની હાયે હાય, શુદ્રનું અડયું ઢાંકવા જાય;ગણે નહી એંઠા જુઠાનોબાધ,નગણે જગતનોઅપવાદ. ॥૪૦॥ જ્યાં ત્યાં જજમાન કરવો રાજી, પાઇ માટે પડે બાહાજી;વાહ્મ વીપ્રને વાહાણું જેવારે, ઉંડે પરાઈ આશાયે તારે, ॥ ૪૧ ॥ રાખે નોહોતરા તણી આશા, નવ હોય તે; નાંખે નીરાશા; ભાળ કાઢવાને કેહેડ બાંધે; ન હોયે તો મક્યાને રાંધે. ॥ ૪૧ ॥ નીસાસા નાંખી ઘરમાં ખાય, એવી વીપ્રોની બુદ્ધી થાય; હોય વીપ્રની રસોઈ જ્યાંય, આવે અજમાનનું બાળ ત્યાંય॥૪૩॥ કદી ખાવાને માગે બાળ, વીપ્ર આપવા ઉઠે તે કાળ, થયું હોય બ્રહ્મભોજન, આપે તે પહેલાં રાંધેલું અન્ન ॥૪૪॥ નહીં બાળકની ચીંતાય, એમ બોલીને વહાલા થાય;રાખે જમાડનારની શરમ, ખુએ પોતાનો કુળ ધરમ ॥ ૮૫ ॥ વલણ ॥ ધરમ ખુએ પોતાતણો, પાપ ન ગણે લવલેશ; વલ્લભ વદે શ્રોતા સુણો, વિપ્ર ચરચા વીશેશ.

કડવું ૩ રાગ સામેરીનો દોહરો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજય રાય; વીસ્તારી તુજને સંભળાવું યાન પર્વ મહીમાય. ॥ ૧ ॥ વીસેશ ચરચા વીપ્ર તણી તને, સંભાળવું રાજન;એ બધાં લક્ષણ કળીયુગ કેરાં,વીભળ કરે મન

॥૨॥ શુકલ થઇને શુદ્રનું જમે,લે સરવેનું ધાન;ઇશ્વરે ઉંચ પદવી આ-પેલી, તેનું નહી અભિમાન. ॥૩॥ વીપ્રો વીપ્ર પણું દરશાવા, નીત્ય કરે શટ કર્મ; પણ પોતાની જાતી તણો, ધરબોળ ઘાલે ધર્મ.॥૪॥ ભસ્મ ચોળે ટીલાં તાણે,પણ જાતી ધર્મ ન પાળે;લક્ષમી માટે લપોડ જેવા, પોતાનો અવતાર બાળે ॥૫॥ દસ શુદ્રનું રાંધીને પોતે, એક કરે ભોજન, પૈદક્ષણા માટે બ્રાહ્મણ બને, કુટીલ કપુત તન. ॥ ૬ ॥ યજમાન જાણે વીપ્ર જમાડયો, એમજ વાડવ જમે,યજ્ઞ યાગાદીક હોમ હવન,સોધવા સારૂ ભમે. ॥૭॥ પાઠ પુંજા કરવાનું મળે એવી આશા ધારે; જો કોઇ બેસાડે પાઠ કરવા, તો ત્યાં ગપાટા મારે. ॥૮॥ હોઠ ફફડાવે પાઠ બતાવે, જીભ ભમે દો દીશ; યજમાનને અવળુ સમજાવે. પ્રપંચથી અહરનીશ. ॥ ૯ ॥ હોમ હવનમાં પોતાના પક્ષનો, વીપ્રને લેઇ જાય, ન આવડયાની નહી કંઇ ચીંતા. વરૂણમાં ગણાય. ॥૧૦॥ અભણ સગાને વરૂણમાં લે, તેને બતાવે કેવું; ગૌમુખીમાં હાથ ઘાલી રહેજે, ચાલશે પોગળ એવું. ॥ ૧૧ ॥ એમ હાથે કરી કરશે ઉધું, બ્રાહ્મણ કળીયુગ કેરા; અતી અરીશ્આ લાલચું લોભી, લંપટ મારે ફેરા. ॥૧૨॥ પાઇ મળે તો સોમ જનોને, કરણ રાજા કહી બોલે; યજમાન આગળ યાચના કરે, છો તમો માબાપ તોલે. ॥૧૩॥ અમારે આશરો છે તમારો, ભીખારીના બોલ કાડે જીવારો અમારો છે તમ થકી,કરજોડી શીશનમાડે ॥૧૪॥ નીચાં નીચાં દાનજ લેને, કરે પ્રેત ભોજન; શુદ્રનું સુતક ગયા પેહેલાં, રાંધી જમે તેનું અન. ॥ ૧૫ ॥ નીચ જાતી સાધુમાં મુડાઇ, આવે નગ્નની પાસ; તેનો મહીમા વીપ્ર વધારે, પોતે થાયે દાસ. ॥ ૧૬ ॥ સાધુ જમે તેની જોડે જમવા, પુરણ આશા રાખે; ટેલ ટકોરો ઘેર ઘેર કરે માત્મા છે એમ ભાંખે. ॥ ૧૭ ॥ જ્યાં ત્યાં મહીમા વધારીને, જોડે જમવા જાય; સારી રીતે સેવામાં રહી; વધારે મહીમાય. ॥ ૧૮ ॥ પેહેલું પીરસવાનું બ્રાહ્મણને,સાધુને પીરસાવે,વિપ્રોને પેહેલું જમવા ન દે, સાધુને ખવરાવે. ॥૧૯॥ ચંદન ચરચાવે સાધુને, આરો પાવે હાર; નીચને પાસે રહિ નમાવે, વાડવનો કુંવાર. ॥ ૨૦ ॥ પોતાનું ભુષણ પોતે ખોઇને, પરને ઉપમા આપે, ઘાંયજા ગોલાની શેવા કરાવે, જાતે જાતનું કાપે. ॥ ૨૧ ॥ જાતે જાતનું પોત ઉઘેડે, અન્યને છીદ્ર બતાવે; પોતે પણ દેખાય એવા, હાથે કરીને જણાવે. ॥૨૨॥ જાતે જાતીની જાત જણાવે, આંખમાં અદેખાઇ;પડપંચ ને જાુઠ ડગલે ડગલે, કપટ કાળજામાંઇ, ॥૨૩॥ એમ અતી અવગુણ ભરેલા, નીપજે વાડ સુત; વ્યસની વ્યલી

ચારી ને વાંકા; વળી આકળા ભુત. ॥ ૨૧ ॥ બ્રાહ્મણ કેરી ભામનીઓ તે. ભમસે ઘેરે ઘેર; ખભે ખડીયા નાંખીને ફરસે, પુરૂષ કેરી પેર ॥૨૫॥ સુદ્રોની સુવાવડ કરસે, કૈંકના કાછવા ધોશે; સુદ્રનાં એઠાં વાસણ ઉટકે ધનકાજ વાંકુ જોસે. ॥ ૨૬ ॥ ઘેર ઘેર જઇ રાંધણું રાંધે, નહી ગણે સુતક છોત; હશી રમી જજમાનો રીજવે ધારે ન દલમાં દોશ, ॥૨૭॥ ઉંધાં ચતા વેવીશાળ કરાવે. કૈંકતણાં; છંડાવે; કૈંકતણા ઘર ભગાવે ને કંના ઘર મંડાવે. ॥૩૮॥ એવી અતી ઉતપાત વાળી, વીપ્રની વામા થાસે; બ્રાહ્મણોનાં બાળક તેતો, દુરીજન સંઘે જાસે ॥ ૨૯ ॥ બેઉ છેડે પીતાંબર પેહેરે, વીચીત્ર રાખશે કેસ; લેલાટ લુખાં લૈને કરશે, ધરશે યવનનો વેશ, ॥ ૩૦ ॥ રાજદુતો થઇને રહેવાના, વીચીત્ર વેશ કરશે; વરણમાં નહી ધરણમાં નહી, એવા થઇને ફરશે. ॥ ૩૧ ॥ માહારાજ કેહેતો માઠું લાગે, રખે કો ભીક્ષુક ભાળે; ઉપવીત દેખાય નહી માટે; કોટે કે કેહેડે વીંટાળે. ॥૩૨॥ એવી રીતી વીપ્રની થાશે, ઓરે કુન્તી તન; કળીયુગ કુબુદ્ધી દેવાનો, કેહે છે જુગજીવન. ॥ ૩૩ ॥ હવે ક્ષત્રી નંદન કેરી, બુદ્ધી બતાવું તમને; કળીયુગમાં કેવા થાશે તે, કેહેવા ઇચ્છા અમને ॥ ૩૪ ॥ વળણ. ॥ ઇચ્છા છે કહેવા તણી, સુણો યુધીષ્ટર રાય; વ્યાસ વલ્લભ વાણી વદે, શ્રવણ કરો શ્રોતાય. ॥

કડવું ૪ રાગ ધન્યાસરીનો.

જયમુની શા એણીપેર બોલ્યા, સુણ જનમેજયરાય; વીસ્તારી તુજને સંભળાવું, યાન પર્વ મહીમાય. ॥ ૧ ॥ કળીયુગમાં કેવા ક્ષત્રી થાશે; સાંભળો કુન્તી તન; એમ કહીને કેહેવા લાગ્યા પોતે જુગજીવન, ॥૨॥ ક્ષત્રીપણું ખોઇ બેસવાના; થાશે બહુ બળહીન; બાણ વીદ્યા નીશ્ફળ થવાની જાતીમાં ભેદ ભીન. ॥૩॥ કાયરપણું પુરણ થાશે, વ્યસનમાં તદરૂપ; સત્તા સઘળા બેશશે ખોઇ, મીથ્યા કેહેવાશે ભુપ, ॥૩॥ રંગ ભોગમાં રાત દીવસ રેહેશે, નહી રાજપાટનું ભાન; નોકરી કરી પેટ ભરશે, છોડશે કુળ અભીમાન. ॥ ૫ ॥ ટંટાથી નાસશે ત્રાશીને, પરાણે પેટ ભરશે; જાત કજાત કાંઇ નહી જુએ, રૂપ જોઇનાર વરસે. ॥૬॥ તેમાં વર્ણ શંકર પ્રજા, ઉત્પન્ન થાસે અતી; ધર્મ ધ્યાનમાં પુન્ય દાનમાં, પાછી પડસે મતી. ॥૭॥ માંનસે ભાટ ચારણ ઘડવીને, બ્રાહ્મણને દુઃખ દેસે; વેદ શાસ્ત્રને માનસે જુઠાં, નાસ્તીકનો પંથ લેસે. ॥ ૮ ॥ યજ્ઞ યાગાદીક

ઉંચા મુકી નાચકાથી લે લાહાવો; દેવદેવસ્થાન માનશે જુઠાં કળીયુ-
ગ આવશે હાવો. ॥ ૯ ॥ દેવ વીપ્રનાં વરશાસનો. મુળમાં નાંખસે તો
ડી; લડવૈયો સાંમો હસે તો, તેને રેહેસે કર જોડી. ॥ ૧૦ ॥ વીપ્રની
વીદયાની લેસે પરીક્ષા શ્રદ્ધા નહી રહે મનમાં, લક્ષમી લલનાનો
લાવો લેવા. ચટપટી રાખસ તનમાં ॥ ૧૧ ॥ આકીન વીપ્રોનાં
વચનો પર, રહેસે નહી લગાર, ગૌ બ્રાહ્મણોને તીછકાર કરસે; થાસે
ગરવી ગુમાર. ॥ ૧૨ ॥ ન્યાય વીધા તો નાશજ થાસે, પક્ષપાત
કામ કરસે; યવન કેરા ધરમઊપર, પ્રેમ અતી આદરસે. ॥૧૩॥ એવાઅ
તી અવગુણવાળા. કળીયુગ પાપી કરસે.હથીઆર વીના ઠાલે હાથે, દા
સ પણે પેટ ભરસે.॥૧૪॥એવી રીતી ક્ષત્રી કેરી,ઓર ધરમ રાજન; હ-
વે વૈશ્યની રીતી બતાવું, કહે છેજુગજીવન. ॥ ૧૫ ॥ વૈશ્યની વીપ્રીત
બુદ્ધી બનસે, છોડી દેસે મુળ ધર્મ;નારીની ખોટે નાદાર થઈને,ઉપજાવ
સે નીચ કર્મ. ॥૧૬॥ નાતરાંનો રીંવાજ કરસે, સ્વારથથી બ્રહ્મ ભોજન
ભીક્ષુક જનને કાઢસે પાછો, નહી દે મુષ્ટી અન. ॥૧૭॥ બ્રાહ્મણોનાં છી
દ્ર જોસે,કરસેઅતીસેનિંદા;ધુતારાનો માંડસે ધંધો, નહી શીખે ગણીત
વીદ્યા. ॥૧૮॥ નોહોકરી કરવાના થાસે મરજી,રાજી પરને નડયામાં, વે
હેવાર છોડી વેહેપાર જાસે ગાળાગાળી લડાયામાં, ॥૧૯॥ અનાદીના જે
નહી ગુરૂ,તેને ગુરૂ થાપે,જગત ગુરૂ વીપ્ર છે તેને,એક ચપટી નવ આપે
॥૨૦॥ જમણ વેહેવાર બ્રાહ્મણ સાથે, બાંધસે ઉલટ આણી; કારભાર ક
રસે ઘરમાં પેશી, પણ મન લેવાનું તાણી, ॥૨૧॥ દલાલી ખાસે દગા
કરીને, મીઠુ મીઠુ મુખ બોલી;નહીજુએ બ્રાહ્મણ નહીજુએ ભગની,ધુ
તસે ફોલી ફોલી. ॥૨૨॥ લોકોનું નાણું માંડસે જમે, દેખાસે પુરણ કૃપા
ળું; પેટ ટાઢું રાખીને પાપી,કાઢી દેસે દેવાળું. ॥૨૩॥ ધર્મને નામે ધન
મેળવીને,તેમાંથી પેટ ભરસે;ધર્મ તણું ધન જમે માંડીને;વ્યાજનો વેહે
પાર કરસે. ॥૨૪॥ જગતમાં દેખાડવાને સારૂ, વ્યાજમાંથી થોડુ ખરચે;પ
છી ચોખાઇ પણું દર્શાવંવા,વારતા વીશ્વમાં ચરચે.॥૨૫॥અમે તોધરમા
દા કામ કરીયે,જ્યાંને ત્યાં એવું ભુકે; જાણેકે લોક પ્રમાણીક જાણી,થા
પણ મુજ ઘેર મુકે,॥૨૬॥ એવા ડોળથી ઓળવે નાણું, કુમારગપર ચ
ઢસે; ધર્મના કામનું કારભારૂ કરી, પોતે પચાવી પડસે. ॥ ૨૭ ॥ જ્ઞાતી
ભોજન ભારે કરસે બહ્મભોજનમાં ટાંચું;અજીઠવાડમાં વીપ્ર બેસાડે,એ
કુથની કયાં વાંચું.॥૨૮॥ જગત ભયથી ભોજન કરાવે,દુનીયાના ડરથી
દે દાન; પ્રીત્યર્થે કાંઇ કરે નહી, કરે મેળવવા માન. ॥ ૨૯ ॥ ખોટા તી

લક તાણી ફરશે; કરશે છાપાંઅંગ; મીથ્યા માળાચો કોટમાં પેહેરે, દેખાડે ભકતીનો રંગ. ॥ ૩૦ ॥ વેસધારીને વીસેસ માને, ચમતકારીને શોધે; એમાં કુમારગે ચઢી જવાના; નહી ચઢે સત્ય બોધે ॥૩૧॥ અતી અનર્થ આદરવાના; દીનતા દયાન નહી લેશ; અતી અવગુણુકળીયુગ વીષે વર્ણવિન શકે શેશ. ॥ ૩૨ ॥ ચારે વરણુની એવી રીતી કળીયુગે કુપંથ થતા; ચારે આશ્રમ કેવા થાસે, તેની કહુ હવે કથા, ॥૩૩॥ બ્રહ્મચારીને ગ્રહસ્થાસરમી, વાનપસ્ત સંન્યાસી; તેતણી કેવી રીતી થાશે, જો તે તારણુ તપાશી ॥૩૪॥ બ્રહ્મચારી એવું નામ ધરીને, વધારશે પંચ કેશ એના લોભી ધનના લોભી, મીથ્યા રાખવો વેશ. ॥ ૩૫ ॥ ધામ બાંધીને ધંધા કરશે, હરશે પરાયાંવીત, જોતીશ જોશે વઇદા કરશે, ઠરસે દારાપર ચીત. ॥૩૬॥ તીલક માળાના કરી ચાળા, ગાળા ગર્થના લેવા. કળીયુગ કેરા બ્રહ્મચારી તે, થાશે ગુણુના એવા. ॥૩૭॥ ગ્રહસ્તી લોકો કેવા નીપજશે સાંભળો ધરમરાય. ભગતનું કે બ્રહ્મચારીનું, ધન ફોસલાવી ખાય ॥૩૮॥ પ્રસાદની નીત રાખે આશા, એવા લંપટ થાશે; જગતને જણુાવવા માટે, તીરથ યાત્રા જાસે ॥૩૯॥ નહી કરે ધરમ બાંધસે કરમ, કઠીણુ કાળજું કરસે, પછી પોતાના દેશમાં આવી યાત્રાવાશી થઇ ફરસે. ॥૪૦॥ ગંગાપુજન કરવું ધારી, સગા સહોદર તેડે નાત સગાંનાં સીધાં ગણે, બ્રાહ્મણો તે કેડે ॥૪૧॥ લોકીક લાજે ગંગાપુજનની વિપ્રોથી વીધી કરાવે તેમાં પોતાના સ્વારથવાળા. વીપ્રાને નોહોતરાવે. ॥૪૨॥ એકતો નોહોતરો મેહેતાજીને કે, છોકરાને ભણુાવે; બીજા નોહોતરો જોશીનેકે, વરસફળ ઉપજાવે. ॥૪૩॥ ત્રીજા નોહોતરો વઇદ ઘરના વખતે ઐાષધ આપે. ચોથા નોહોતરો ગોર ઘરના, છોકરાના વીવા થાપે ॥૪૪॥ પાચમા નોહોતરો પાડોશીને કામકાજે કેહેડ બાંધે, બીજા ઓળખીતા કાહાડો સોધી, આવી રાંધણુ રાંધે. ॥૪૫॥ વળણુ ॥ વિશેષ વારતા ઓચરૂ, સુણુજો શ્રોતાજન, વ્યાસ વલ્લભ વાણી વદે કળીયુગનો કુદન.

કડવું ૫ રાગ ચોપાઈનો ચાલ.

બોલ્યા જ્યુમુની મુખવાણી; તમે, સાંભળો ઉલ્લટ આણી, થાસે ગ્રહસ્તીજન વળી કેવા, કરાવે વીપ્રો કને સેવા. ॥૧॥ વળી ઘેર આવે વીવાટાણું, તવ કાઢે વાવરવાનાણું, તેમાંથી નહીકાંઇ પુન્યદાન, બનેમલપતા મસ્તાન. ॥૨॥ વગડાવેવાજીંત્રો નીશાન, ધરેધનવંતનો અભીમાન ઘેરમાંડ

વડા બંધાવે, વળી ખાનપાન બહુ રંધાવે. ॥૩॥ અતી શાહ્યબીના ઢોંગમ ચાવે, વળી નાયકા લાવી નચાવે; વળી ફટાણાં ગીત ગવરાવે કાંઇધર્મતો ધ્યાનમાં નાવે. ॥૪॥ કદી વૃદ્ધનું મ્રત્યું થાય, તેની પુરે રૂડી સજ્યાય તેતો કેહેવાય સજ્યાદાન, આપે ભગનીને દઈ માન્ય ॥૫॥ સગા વાહાલાને રાજી કરે, વીપ્ર સાથે વાંકુ આચરે; વળી પરઠે સજ્યાદામ, એવી બુધી થાસે હરામ. ॥૬॥ વળી જગતમાં સોભા લેવા; વિપ્રના દામ વિપ્રને દેવા એવી ગ્રહસ્તીની થાશે દ્રષ્ટી, તેથી નહી થાય મેઘની વ્રષ્ટી. ॥૭॥ કુડાંકરમોથી વેઠશે કષ્ટી, એમ દુભાસે આખી શ્રષ્ટી; હવે વાનપ્રસ્તનીરીત, તુંતો સાંભળજે દઇ ચીત, ॥ ૮ ॥ વાનપ્રસ્ત છું જગતમાં કહેશે, પણ નગ્ર સમીપે રેહેશે, રાખસે ગ્રહસ્તીની રીતી, નહી ધારે ભગવત ભીતી ॥૯॥ કળીમાં વાનપ્રસ્તી કોય, કોટી જનમમાં એકજ હોય; હવે સંન્યાશીની પેર ભટકે કળીમાં ઘેર ઘેર ॥૧૦॥ દેવાદાર કે દુખનો ત્રાશી; કાંઇ કષ્ટે થસે, સંન્યાશી; નાહીની વયમાં નહી અધિકાર. તોહે થાશે સંન્યાશી સાર. ॥૧૧॥ હરી ફરીને ભગવો વેશ, મનમાં શ્રદ્ધા નહી લેશ; રાખશે બ્રાહ્મણ પર દ્વેશ, વળી પર સુખથી અતી કલેશ. ॥૧૨॥ થોડાદીન ગ્રહસે દંડ, પછી પ્રપંચના પાખંડ, પર્મ હંશની દીક્ષાલેસે, ઉંચ નીચને ઉપદેશ દેસે ॥ ૧૩ ॥ વળી સેવક મુડશે ઝાજા, ખાઇપીને રહેસે તાજા; જેનું ને તેનું ભોજન જમસે, વળી રામા સંગાથે રમસે ॥ ૧૪ ॥ કરસે કામનિને બોધ; વળી રૂંએ રૂંએ રમે ક્રોધ, રેહેવાનાં રૂડાં બાંધસે ધામ. લેસે ઢાલીયામાં આરામ ॥ ૧૫ ॥ વળી પંખીને પવન ચક્કી, બધી વાતે રહેવાના નક્કી; થાસે જગત સાથે જક્કા, રાખશે બુદ્ધિ બહુ પક્કી. ॥ ૧૬ ॥ વ્હાલાં પુષ્પ અને ચંદન વળી પ્રીય; પોતાનું વદન; અતિ; માન્યને મોટાઇ ગમે, ભોગવે નહિ કષ્ટ કો સમે. ૧૭॥ એવાઅતિ વીકારી થાસે, નહી જવાને સ્થળ જાસે; કોઇ ઉવેખે તેને બાહાજે, લઢતાં વઢતાં નહી લાજે. ॥ ૧૮ ॥ પોતાનું બોલ્યું કરસે સાચું; અન્ય જનનું પાડસે કાચું, પોતાનાં જે જન્મ ચરીત્ર જાણે દેશ જ્ઞાનીને મીત્ર. ॥ ૧૯ ॥ માટ જન્મ ભોમી છોડી દેઇ, બીજે દેસે જાસે વેશ લેઇ; જઇ સાધ્યપણું બતાવે, મુંઢ જનોના મનને ભાવે. ॥૨૦ ॥ અગનાનીને માને દેવ, નવ જાણે મુળની ટેવ; તેથી પડે પાપીને પાય, તેની જોડે નર્કે પળાય.॥ ૨૧ ॥વળિ કળિયુગમાં સાધુ વેશ, ધરી ફરસે દેશ પ્રદેશ વિદેશ, જંગી ભંગીપણું ઘણું રાખે; નારિ વિનાનિશાસા નાંખે. ॥૨૨॥ પણ જગત આંધળું થઇ, કરસે સેવા સમીપ જઇ

નહી જુએ તેની કરણી, કરે વીખાણુ વાતો વરણી. ॥૨૩ ॥ એવું કરશે કળીયુગ પાપી,સત્યની વાત નાંખે ઉથાપી;વળી અસત્યપંથજ્યાંહશે, સત્ય સરખો કળીમાં થશે. ॥૨૪॥ એ તો કળીયુગનાં પાખંડ, સાચા જનને દેસે ડંડ,કળી અવળું અવળું સુજાડે,સત્યવાદીને જુદો પાડે. ॥૨૫॥ હસે ઘરબારી કોઇ સાચો,પણ તેને કેસે સહુ કાચો; હશે વેશધારી પાખંડી,તેને નમસે દુનીયાં ગંડી,॥ ૨૬ ॥ એવી કળીયુગ કેરી રીતી, ઘણી થવાની અનીતી; ઘણો કરતા નથી વીસ્તાર, કરીએ તો ન આવે પાર. ॥ ૨૭ ॥ વળણ ॥ પાર ન આવે કળી તણો, સુણો શ્રોતાજન; વ્યાસ વલ્લભ વાણી વદે, પરમ કથા પાવન.

કડવુ ૬ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, યાન પર્વ કથાય. ॥ ૧ ॥ કળીયુગ કેરા ભુપતી તે, રહીયતને દુઃખ દેસે; હરામની નજર રાખીને. સરવનું ધન લેસે. ॥૨॥ પ્રજાની નારી પુત્રી સરીખી, તે શું કરે કુદ્રષ્ટી;મેઘરાજા દેખા દેસે પણ, નહી કરે જળ વ્રષ્ટી. ॥ ૩ ॥ અવનીમાંથી રસકસ જાસે, અન પાકશે નહી પુર; અન તણો પાક દેખાસે તો, ઉતરશે અધુરૂ. ॥૪॥ પીતા પુત્રી શું જાર રમસે, રમસે ભગની ભ્રાત; પુત્ર પત્નીને વશ થઇને,મુકી દેશે માત તાત. ॥૫॥ નર છોડશે પરણી નારીને.નારી છોડે નર તેહ; વ્યભીચારણી ચાહ્ય તેમ વરતી, ભ્રષ્ટ કરસે દેહ. ॥૬॥ ધનવંત લોકો જમે માંડીને, ગુદા કરસે ટાઢી; પુરણ લક્ષમી સપેટીને,બેસસે દેવાળું કાઢી. ॥૭॥ કપટના કાગળો કરશે કપટનાં કાંધા;શ્રીમંત લોકો જમે માંડીને, કાઢશેવાંધેવાંધા.॥૮॥પીરસનારા વગીયાં કરશે,ભરસે પોતાનુંપેટ;લઢીવઢીને જ્ઞાતી જાતીમાં,થૈ પડવાના સેઠ.॥૯॥પંકતીમાં એકજણો જમેને,એકજણો જોઇ રહેશે,ધ્રતના ભેગુ તેલભેળવી,ભોજન નૈવેદ દેશે. ॥૧૦॥ બ્રાહ્મણને ભીખારી ગણશે,દેવસ્થાન દુકાનો;હોમ હવનને પાખંડ માની, રહેસે મહામસ્તાનો. ॥૧૧॥ ગરીબ જનને મારવા ઉઠે, જબરાથી જાય નાશી; વૈશ વરણ ભીખ માગી ખાસે, થૈને તીરથ વાશી. ॥૧૨॥ અનેકે પ્રપંચ અનેક પાખંડ, અનેક કપટ બાજી;સામા જનનું દુખ દેખી, ને થાસે પુરણ રાજી. ॥૧૩॥ સામાને સુખે દુઃખી દલમાં, ડગલેડગલે ઝેર; પરના ઉપર રાખસે પ્રતી, વ્હાલા ઉપર વેહેર. ॥ ૧૪ ॥ જાર વ્ર-

મને પરની નિંદા વધસે ચોરીને ચાડી;અનેક રીતે ઉલટી બુદ્ધી, સત્ય પંથ નાંખસે કાહાડી. ॥૧૫॥ ગુરૂ દ્રોહી મીત્ર દ્રોહી, વિશેસ વિશ્વાસઘાતો;પાપના કામમાં પેહેલો થાશે, ધર્મમાં મારસે લાતો. ॥૧૬॥ બાધાયો રાંખી બંધન રહેસે, કહેસે આગળ કરશું;કરવું ધારે તવ જીવ ચોરીને દેવ બંધન નીસ્તરવું, ॥૧૭॥ બળાતકારે બરબડીને, દેવના બંધને છુટે; તેવા જનને રળ્યા ખપ્યામાં, સાત સાંધે તેર ટુટે. ॥ ૧૮ ॥ તો પણ તેને જ્ઞાન ન આવે,એવા થસે અજ્ઞાની;જગતમાં કીરતીને સારૂ બનસે દાનીને ધ્યાની.॥૧૯॥ શુદ્રજાતી બહુ આચાર પાળે,શ્રદ્ધા રાખસે પાકી; ધર્મ ધ્યાનમાં કુશળ રેહેસે,ઉત્તમથી નહી બાકી. ॥૨૦॥ ઇશ્વરનો ભય રાખસે ભારે,માનસે મનમાં કેવું આ અવતાર ભોગવીએ આવો તો પાતક કયાં લેવું. ॥૨૧॥ અનેક જાતના રોગ વધસે, વદક શાસ્ત્ર ન જાણે;જોતીશ શાસ્ત્રો પડસે જુઠાં,તર્કને સરવ વીખાણે.॥૨૨॥ થોડું કહ્યામાં સમજો ઝાઝુ, ઓરે ધરમરાયે;એવાંવચન સાંભળી,પ્રેમે પડીયા પાય. ॥૨૩॥ યુધીષ્ટર કહે ઓરે માહારાજા, મુને પડે છે વહેમ;આટલું બધું અવળું થાસે, તે સત્ય માનુ કેમ ॥૨૪॥ ઉંચવરણ શું નીચ થાસે,પીતાશુ પુત્ર પર હરસે, ઉત્તમ બાહ્મણ નીચ વરણની, સેવા તે શું કરસે ॥૨૫॥ અસત્ય વારતા લાગે છે મુને,ઓરે અંતરયામી;એટલે ધરમ પ્રત્યે બોલ્યા પોતે કમળા સ્વામી.॥૨૬॥નગ્રની બારણે પાંચે બંધુ, જાવો એક યોજન;ત્યાં જઇ તમે બેશીરહેજો.ધર્મ પુરણ પાવન.॥૨૭॥ પછી તમારા ચાર બંધુને, મોકલો ચાર દીસે;જે દેખે તે જોઇને આવે,વાર ન કરે અતીસે,॥૨૮॥ એમ કહિને પાંચ બંધુને,મોકલ્યા નગ્રની બાહાર;એક યોજન જઇ ધરમ બેઠા, કુન્તીના કુંવાર.॥૨૯॥ વ્રકોદર ગયો પુરવ દીશા, ઉત્તરમાં અરજુન,સેહદેવ ચાલ્યા દક્ષીણ દીશા,પશ્ચીમ માદરી તન.॥૩૦॥ ભીમ ગયો ત્યાં નગ્ર આવ્યું, તે એક દીઠી લડાઇ;બંધુએ બંધુના ઉપર, સંપુર્ણ કરી લડાઇ. ॥૩૧॥ ફરીયાદી કરી રાજા પાસે, સાંભળો અરજમાહારી;મમ પુત્રી સામાને આપીને,સાટે પરણ્યો નારી ॥૩૨॥ તે પછી માહારી નારી ગત તૈ,હું થાઉં દુખી છેક;મમબંધુની પ્રેમદાને પુત્રી થઇ છે એક. ॥૩૩॥ માહારે પરણવી નથી પુત્રી, સાટામાં આપતો નથી,શું હું માહારો અવતાર બાળુ,અરજ સુણો ભુપતી. ॥૩૪॥ ભીમસેન એવું સાંભળીને,ત્યાંથીપાછો વળીયો ઉત્તરદીશામાં ગયોછે,અરજુનજી માહાબળીયો. ॥૩૫॥ ત્યાં એક નગરી આવી, ચાલ્યો સુંસરો છેક; ઘરબાર બજાર સોહામણા પણ મનુશ ન મળે એક. ॥ ૩૬ ॥ એવું જોતો ગયો

રાજ મેહેલે,ત્યાં એક હીંચોળા ખાટ;તેના ઉપર બે કાગ બેશી.રમ છે ચોપાટ. ॥ ૩૭ ॥ હંસપક્ષી નાંખે હીંચોળો, પોપટ પવન ઢોળે; ઉંચ-જાતી નીચની કરે શેવા. દીઠું દીવસ ઘોળે. ॥૩૮॥ વીશમય પામી પા-રથ ચાલ્યો,શેદેવનું શું થાય;દક્ષીણ દિશામાં પરવરેલો,જોયો ચમત્કાર ત્યાંય, ॥ ૩૯ ॥ બ્રાહ્મણો બેઠા બાવળ પાસે, ચંદન પુજાથી પુંજે; મે-લડી ઝાંપડીના કરે સાધન, અવર દેવ ન સુજે. ॥૪૦॥ તે જોઈ શેદેવજી વળ્યા પાછા, નીકળનું શું થાય;એક ગામમાં પવીત્ર પતી,અબળાનો માર ખાય. ॥ ૪૧ ॥ તે જાઇ નીકુળ પાછા વળીયા, જ્યાં છે ધરમરાય; યુધીષ્ટર બેઠા તે સ્થળે, આઠ કુવા ઉભરાય. ॥૪૩॥ તે ઉભરાઇ નવમા કુવામાં, પાણી ભેળું થાય, પણ તે પ્રથવી જળ લે ચુશી, કુઓ નવ્ય ભરાય. ॥ ૪૩ ॥ ધરમે જઇને વિચાર કીધો, વરશશે મેઘબાર, પણ પ્ર-થવિ જળ ચુશી લેશે, નહી રહે ભેજ લગાર. ॥૪૪॥ એવામાં ચાર બંધુ આવ્યા, પાંચે ભેળા થાય,પોતપોતાની હકીકત લૈને. પુર વિસે પ-ળાય. ॥૪૫॥ જે સ્થળ બેઠા અંતરયામી, ત્યાં આવિ પડયા પાય; સર્વે સમાચાર કહ્યા પ્રભુને,ધર્મ કરે ત્રાહ્ય ત્રાહ્ય. ॥ ૪૬ ॥ ઓરે પ્રભુ હવે આ અવનીમાંરેહેવું નથી એકદન; અમને તમારી સાથે તેડો, ઓરેજુ ગજીવન. ॥૪૭॥ ક્રષ્ણ પ્રભુ કહે હેમ ગીરીપર, સ્થીર મન રાખી જાવો; સીખ્ખર પાસે સ્થળ છે માહારૂ, ત્યાં થઇને તમે આવો. ॥ ૪૮ ॥ એમ કહીને અંતરયામી. થયા અંતરધ્યાન;ધર્મરાજાને ચૈત્વન ચાલ્યુ, શુભ સતી સંતાત. ॥ ૪૯ ॥ વળણ ॥ ચૈત્વન કરે સુત સતી તણા, નથી ક-રવું રાજપાટ;હીમાલય માહારે જવુ, પ્રભુ પદ પામવા માટ.

કડવું ૭ રાગ મારૂ

બોલ્યા જયમુની મુખ વાણી,રાજા સાંભળ ઉલટ આણી; આખી નીશા ચૈત્વન ચાલ્યું,ધર્મનું મન ન રહે ઝાલ્યું,॥૧॥ એવે,થયો પ્રતઃકા-ળ, થયા જાગ્રત સતી બાળ,તવ ધર્મે તેડયા ચાર વિર, બોલ્યા બંધુ પ્રત્યે ધરી ધિર. ॥૨॥ સુણો ભીમશેન વિરા વાત;કરશેકળીયુગ ઉતપાત માટે માહારે હીમાલય જાવું, તેથી તમને કામ બતાવું, ॥૩॥ સુખરૂપેક રજો રાજ,તમે ગાદી બીરાજો આજ;પ્રજા પુત્રની પેરે પાળો,કુળ ધર્મને સત્ય સંભાળો.॥૪॥ કરજો ગૌ વિપ્રની શેવા,રેહેજો આજ સુધી રહ્યા એવા;વ્રધ માતાને પાળજોપ્રીતે.રાખજો સર્વ બંધુને રીતે.॥૫॥ ન્યાયમુ[illegible]

અન્યાય નવ કરસો,પ્રજાનું ધન કદી ન હરસો,થોડું કહ્યેસમજજો ઘણું, પાપમાં પેસસો નહી ક્ષણું.॥૬॥ એવાં વચન વીરનાં સુણી, બોલ્યો વ્ર-કોદર મહા ગુણી;મોહોટા બંધુ તમેશીખ દીધી.મેંતો માથેચઢાવિલીધી ॥૭॥ પણ અરજ માહારી એક,મુજ મનતણો વીવેક;કોને પ્રભુપદવાહા લું ન લાગે,કીયો નીરભાગી માયા માગે.॥૮॥જેવું પ્રભુપદ તમને વાહા લું,તેવું પામવા હું પણ ચાલું;તમસંગઆવીશું અમો,સાથે લઇનેચાલો તમો.॥૯॥નથી રાજકાજની મમ ખુશી,હીમાલય આવવાનેહુંશી;એવાં વ્રકોદરના વેણ,સુણી પારથને કહ્યું કેહેણ.॥૧૦॥ તમો સાંભળો અરજુન વીર,રૂડું રાજ કરો રણધીર;દ્રુપતીને અરધંગલેઇ,રાજ કાજ કરો ચીત દેઇ. ॥૧૧॥વળતા વદ્યા પારથ વાણી,રાજ કરવું નથી કંઈ જેણી;આ તો વ્યવહારનીમાહા વ્યાધિ,મુને ગમતીનથી ઉપાધી ॥૧૨॥ઘણા દીવસ કીધાં કામ,જરા ઠરી ન બેઠા ઠામ;માયા મીથ્યાને માની સાચી,રહીજ્ઞાન ગતી ઘણી કાચી.॥૧૩॥ માહારે આવવું છે તમ સાથ, કોને નહી વા હાલા વૈકુંઠનાથ; એવો પારથનો ભેદ જાણી, વદ્યા સેદેવ પ્રત્યે વાણી. ॥૧૪॥મમ વીરા તમે જ્ઞાનવાન,માટે રાજકરોનીધાન;તમે ત્રીકાળજ્ઞાની જોશી,માટે સદા રહેસો નીરદોસી.॥૧૫॥ તવ સેદેવજી એમ કેહેછે, મા-યામાં અજ્ઞાની રહે છે; કદી જોઇ વિચારી ચાલે, તાહો માયા કુમતી આલે. ॥૧૬॥ માટે માહારેતો રેહેવું નથી,માયાની ઉપાદીઅતી; હા મગીરી આવવું માહારે, બોલ્યા ધરમરાજા ત્યારે. ॥૧૭॥ કરો નિકુળ-વિરા કામ, રાખો રાજગાદીનું નામ; તના કનિષ્ઠ બંધુ છેક,જોઇએગા દીપર એક ॥ ૧૮ ॥ તવ નિકુળ લાગ્યા પાય, હવે મુને નથી ઇચ્છાય; હુંતો આવિશ તમ રિ સંગ, પ્રભુ પદનો અતી ઉમંગ ॥૧૯॥ પછી ધ રમ બોલ્યા વાણી,તમો સુણો દ્રુપતી રાણી;તુજ સરખી સતીનથીકોય, મુજ મનને નિરવતી હોય. ॥૨૦॥ આપણા અભેમાનનો તન, નામ પ-રીક્ષત પાવન; એને બેસારજો રાજગાદી, બીજી કરસો નહી ઉપાદી. ॥૨૧॥ તમથી ઉછરેલો એ બાળ, માટે રાખજો શુભ સંભાળ; તવ દ્રુપ-તી બોલી વાણી, સુણો સ્વામીજી ઉલટ આણી. ॥૨૨॥ કંથ વિના રહે જે નારી તેતો કહેવાય જગમાંવિકારી;વળી આવ્યો છે કળીયુગપાપી, નાંખે સતીનું સત્ય ઉથાપી. ॥ ૨૩ ॥ તેથી લાંછન લાગસે તમને, માટે સમજીને સંગલ્યો અમને;તેમ છતાંનહીલ્યો સાથ;તોતો પ્રાણ તજુ હું નાથ. ॥૨૪॥ તેતો સ્ત્રી હત્યા લાગે તમને; માટે હીમાંલય લ્યો અમને; નારીનો કેવો છે ધર્મ;તેતો તમે જાણોછો મરમ. ॥ ૨૫ ॥ પ્રેમદાને પતી

પ્રભુ તુલ્ય,એથી અવર નહી અમુલ્ય;પતી તજી પ્રભુને ઝાલે,તેનેમુક્તિ મોહન નવ આલે, ॥ ૨૬ ॥ જમકીંકર ગરદન ઘાલે, પાપ તણો ફેલાવો ફાલે; માટે ઇશ્વર પેહેલો કંથ,કામનીનો એછે પંથ. ॥ ૨૭ ॥ કંથ કકળાવી મંદીર જાય, તેને બેશે કીટ હત્યાય; કંથની ન કરે કાંઇ સેવા, શોધતી ફરે દેવાધીદેવા.॥૨૮॥વદે કંથને મહા રીસ આણી,એતોગુણકા તુલ્ય ભગતાણી; જેમ ગુણકા પરને ઇછે, પોતાના પતીને નવ પીછે. ॥ ૨૯ ॥ તેવી સુંદરી સમજવિ સ્વામી, કંથ વિના કેઇ મોક્ષ પામી; માટે હુંતો તમો સંગ આવું, તમ સેવાથી પ્રભુપદ જાવું. ॥ ૩૦ ॥ તવ જાણીયુ ધરમરાય, આતો હેવાની નથી હાંય; પછી ધરમે કહ્યું સુણુ નારી, તુંતો આવજે સંગ અમારી. ॥ ૩૧ ॥ એમ કહીને ધરમરાય, લાગ્યા કુન્તાજીને પાય; માતા હેમગીરી અમે જાશું,તમ પ્રતાપ સુખીયા થાશું ॥ ૩૨ ॥ તવ કુન્તાને આવ્યાં આંસું, વ્રધાવસ્થાયે હું જીવી ફાસું; આવતું નથી મુજને મરણ, દુભાયા કરે અંતઃકરણ ॥ ૩૩ ॥ મુજથી ચરણે ન ચલાય;હેમગીરી કેમ જવાય;વળી આપઘાત કેમ કરાય, કરૂં તો બેસે હત્યાય. ॥૩૪॥ દીકરા મુકીને મરવા જાય, મુજથી તે કેમ ખમાય;કહી રડવા લાગ્યાં માત, તવ ધરમે જોડયા હાથ. ॥ ૩૫ ॥ જનુની કંકાસ ન કરશો, અમને પાપમાં નવ ભરસો; આપો આગના રાજી થઇને, પ્રભુ પદ પામશું ત્યાં જઇને. ॥ ૩૬ ॥ માટે આશીષ વચન બોલો,સ્થીર દલ્લડુ રાખી નવ ડોલો, આપણો છે પરીક્ષત બાળ.તેહને થાપીયે ભુપાળ. ॥૩૭ ॥ રાજગાદી બેસારીએ એને, પછી અકળામણ રહી કેને; માટે કલેશ મુકી થાઓ રાજી, તમને શું દેઉ શીખ ઝાજી. ॥ ૩૮ ॥ એમ માતાને સમઝાવિ, ધાર્યું કારજ વિપ્ર બોલાવિ; કરાવ્યો પટા અભીસેક; રાજનીતીનો વીવેક. ॥ ૩૯॥ આશીરવાદ વીપ્રોના લેઇ, આપી ગાદી આશીશ દેઈ; વરતી પરીક્ષતની આણ, વધા વીપ્રો સૌ વેદવાણ.॥૪૦॥ વળતી થયો જયજયકાર, પુન્યદાન કીધાં અપાર;બાધ પ્રજા જેવાને આવે, પરીક્ષતને પુષ્પે વધાવે.॥ ૪૧ ॥ એમ થઇ રહ્યો આનંદ અતી, થયાં રાજી ધરમ ધ્રુપતી; રીજ્યા સરવે પ્રાણી માત્ર, પરીક્ષત છે ઘણો સુપાત્ર. ॥ ૪૨ ॥ એની કીરતી ચાલી એવી, સોભે કાન્તા શશીના જેવી, જેવી સોભા યુધીષ્ટર કેરી; તેવી થઇ તેમાં નહી ફેરી. ॥ ૪૩ ॥ વળણુ ॥ ફેર નહી સોભા મહી, વરત્યો જયજયકાર; વ્યાસ વલ્લભ વાણી વદે, સુણજો શ્રોતા સાર.

કડવુ ૮ આશાવરીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણુ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, યાન પરવ કથાય. ॥૧॥ વડા પ્રધાનને સોંપણુ કીધી ચલાવજો તમે રાજ, અધર્મ અન્યાનું કોઇ પ્રાણી, કદી ન કરસો કાજ ॥ ૨ ॥ પુરણ રિતે પરિક્ષતને, જાણજો તારો બાળ; અનાદીની એ રીતી છે, પ્રધાનથી ભુપાળ. ॥ ૩ ॥ કળી બેઠો તે દેશે કુબુદ્ધી, પણ મન રાખજો સ્થીર; તેથી ભવોભવ જય પામશોને, રિઝશે શામ શરીર.॥૪॥ એમ પ્રધાનને શીખ દેઇને, માતાનીપાશે જાય;ઓરે જનુની હીમાલય જાવા; દો અમને આગનાય.॥ ૫ ॥ સુ ગતી થાશે અમ તણી તે, માતા તમારૂ પુન્ય;સગપણ એક અવતાર તણુછે,તેમાંરહીછે નુન્ય.॥૬॥શેવા તમારી કઇ નથી કીધી,જ્યાં ત્યાં કાઢયો અવતાર;અમારે દુખેદુખીથયાં છો, એ કેમ ભુલુ આભાર. ॥૭॥ કષ્ટી વેઠી શ્રષ્ટીમાં રાખ્યા, ભોગવિયાં વનવાસ;નીરવરતીથી પાંચે પુત્રો, નથી બેઠા તમે પાસ. ॥ ૮ ॥ અતી ઉપકાર તમતણો મા,અમથી ભુલાતો નથી.પણ હવે કળયુગ બેઠોમાટે, આગના આપો સતી.॥૯॥ આ અવનીમાં રહેવું ન ઘટે, પાપ થકી પેટ ભરવા,તમ પ્રતાપે સધામ જાશું, સ્રષ્ટી સીંધુ નીસરવા.॥૧૦॥ એવાં પુત્રોનાંવચન સુણી,મહા દુખ પામ્યાં માત, આશું બોલો છો આશું બોલોછો કહી માંડયું આંસુપાત. ॥ ૧૧ ॥ અરેરે બળ્યું આ જીવવાનું, માતા પેહેલા મરે પુત્ર, મહારી દ્રષ્ટીએ કેટલી વેળા, ભાગવા બેઠું ઘરસુત્ર. ॥ ૧૨ ॥ ઓરેઇશ્વર મરણુ આપો, માગુછું કરજોડી, નથી તાંતણો સુતરનો કે, તાણિને નાખું તોડી. ॥ ૧૩॥ પુત્ર પધારે મરવા માટે, તે કેમ નજરે જોવાય; એમ ધારીને કુન્તા માતા, બહુ કરે ત્રાહ્ય ત્રાહ્ય, ॥૧૪॥ પંડ પછાડે આંસુડાં કહાડે, બળી આ કારમી કાય; સરવ ગયુંને અભાગણી હું, રહી છું અવની માંય. ॥ ૧૫ ॥ તવ રાય ધરમ એવું બોલ્યા, જ્ઞાનની ગોઠડી કરાયે; સાંભળો માતા મીથ્યા માયા, મુકી છે શ્રી હરીયે. ॥ ૧૬ ॥ કોની માતા કોના પીતા, કોનાં પરીવાર પુત્ર; કોનાં બંધુ કોની બેહેની, કોનાં સગાં ઘર સુત્ર. ॥ ૧૭ ॥ કોની પ્રેમદા કોના પતી, કોના છે ધનમાલ;સરવ જાય છે મુકી મુકીને,કોઇ આજ કોઈ કાલ, મહારૂ માને મુર્ખમતિના, નથી કોઇનો કોઇ, ઓરે માતા ભણી ગયો છું, જ્ઞાન દ્રષ્ટિએ જોઈ. ॥ ૧૮ ॥ સરપ કાંચળી ઉતારે છે, પણ પોતે તેનો તેજ; તેમ સહુ જીવ દેહ ઉતારે, આત્મા એનો એજ. ॥ ૧૯ ॥ ન-

થી મરતો નથી અવતરતો, અખંડ આત્મા જાણે;વસ્ત્ર પ્રમાણે વપુ ઉ-
તારે, તેમાં શું શોક આણો ॥૨૦॥ તમોને અમો હીમગીરીએ, લૈ જાત
અમારી સંગ;પણ ચરણે તમે ચાલી ન શકો, વૃદ્ધ તમારૂં અંગ.॥૨૧॥
શરીર અશક્ત થાય તેવારે, જીવ માત્રે શું કરવું; પોતાના સ્થળમાં બે-
ઠા બેઠા, હરિ ભજન આદરવું. ॥ ૨૨ ॥ સંપત પ્રમાણે પુન્ય કરવું,
માયાનો તજવો સ્નેહ; સાથ સહોદર માનવા મીથ્યા મીથ્યા માનવો
દેહ. ॥ ૨૩ ॥ જે જીવ કેહે છે હું ને મ્હારૂ, તે મોક્ષપદ નવ પામે; મા-
યામાં બંધન રહિને ભટકાય ઠામો ઠામે. ॥ ૨૪ ॥ માટે માતા અહંતા
મમતા,મુકીને આગના આપો; તમે રડો છો તે અમ થકી, જોવાય નહિ
અદાપો. ॥ ૨૫ ॥ તવ માતાની મતી ફરિને, મનમા લાગ્યું સાચું; નહિ
કોઇ માહારૂં હું નહિ કોનિ. સગપણ સઘળું કાચું,॥૨૬॥ એવો નિશ્ચય
મનમાં આણી. બોલીયાં કુન્તા માત; જાવો બેટા પ્રભુને પદ જાજો.
મુસ્તક મુકયો હાથ ॥૨૭॥ માહારાપણું જ્યા જતું રહ્યું ત્યાં, નહિં હ-
રખ કે શોક; આનંદ પામી આગના આપી. જોઇ રહ્યું અન્ય લોક.
॥૨૮॥ પછી પાંચે પંથ ઝાલ્યો, સાથે છઠી નારિ; દુનિયાને દંડવત ક-
રિને નિકળ્યા શુભ સંસ્કારિ. ॥ ૨૯ ॥ મારગ જાતા હરિગુણ ગાતા,
પોતે ધરમરાય; અરજુન ભીમને શેહેદેવ નિકુળ, મનમાં ઘણા મુઝાય.
॥ ૩૦ ॥ સાંભળે માતા સાંભળે નગરી, સાંભળે સુખ વઇભોગ; અનેક
વારતા યાદી આવે. દલમાં નડે વીયોગ. ॥ ૩૧ ॥ એ રીતે ટળવળતા
મનમાં, કુન્તાના ચાર તન; ત સાથે દ્રુપતી ટળવળતી; ગયા એક યો-
જન. ॥૩૨॥ ધરમરાજા ત્યાં ખમચાયા. બોલ્યા બંધન પ્રત્યે; માહારે
તમારે ન બને સાથે, કયાં સત્યે કયાં અસત્યે. ॥૩૩॥ તમો પધારો અ-
વર પંથે, અમે ગમે તેમ જાશું; જુદે પંથે હેમગીરિમાં સરવે ભેગા થા
શું. ॥ ૩૪ ॥ તવ અરજુને હાથ જોડયા, અમારો શો અપરાધ; ધર્મ ક-
હુ માયા ચૈત્વન કરવી, એ ઘણો આવે બાધ. ॥ ૩૫ ॥ અરજુન કહે
મોહોટા બંધુ, કરીએ તમ કહો તેમ; પણ તમને મુકીને અમોથી, અ-
ળગા ખસાય કેમ ॥ ૩૬ ॥ જો તમો અમોને તરછોડો તો, કાહાડીએ
અમારા પ્રાણ; તમો કહો તે રીતે વરતીયે, સત્યજ વદીએ વાણ,॥૩૭॥
એવા દીનતાના વચન સુણી, બાલીયા ધરમ રાય;મનમાં રણનું રટણ
કરવું, મુખથી ન બોલાય. ॥ ૩૮ ॥ મુન્ય ગ્રહી મમ સાથે ચાલો ચાર
બંધુને નારી;એથી આનંદ પામીશ હું તો મતી થશે શુભ સારી ॥૩૯॥
મોહ માયા બધી મુકવી પુઠે, આગળનું આરાધન; અખંડ સુખને વિ

શે જાવું, મળશે જુગજીવન. ॥૪૦॥ તવ સરવ ભાઇએ નિશ્ચય કીધો, હવે ન ધરવું દુખઃહિમાલય જાવું તે ઉત્તમ. માનવું સાચું સુખ. ॥૪૧॥ એમ મન વાળિ મુન્ય ગ્રહિને; ચાલ્યા પાધરે પંથ, મનને વીસે દ્રઢ વરતીથી, સમરે કમળા કંથ. ॥૪૨॥ તાપ તડકો વાયુ વેઠે. ચરણમાં કાંટા વાગે પણ મન એવાં વશ કીધાં કે, દુખ જરા નવ લાગે. ॥ ૪૩ ॥ ક્ષુધા લાગે તો વનફળ તોડી, રૂચી પ્રમાણે ખાય; વન વિશે સરોવર આવે, ત્યાં છીપે તરષાય. ॥ ૪૪ ॥ થાક લાગે તવ ટોળે મળીને, વ્રક્ષની નીચે બેસે; આરામ લેઇને થાય છે ઉભાં, પાછાં પંથ પ્રવેશે.॥૪૫॥ ॥વળણ.॥ વન પ્રવેશે પ્રેમથી, પુરણ ભકતીભાવ; વ્યાસ વલ્લભ વાણી વદે, ગ્રહ્યું તરવા નામ નાવ.

કડવું ૯ ચોપાઈની ચાલ.

બોલ્યા જયમુની મુખ એમ, સુણો જનમેજય ધરી પ્રમ; ચાલ્યા અરન્ય શતીના સુત, જેનાથી નાસે યમદુત.॥૧॥ એવા ભજનનીધુન્ય ચાલે,માયામા ચીત વરતી ન ઘાલે;માન્યું જુઠું સંસાર સુખ, માન્યું જુઠું દેહનું દુખ. ॥૨॥ નથી આત્માને સુખ દુખ, છતાં છૈયે ચૈતન્ય દેહથી પરા; આપણે દેહ સગાઇ શાની, એ અજ્ઞાનતાથી લે માની, ॥ ૩ ॥ તે તો માયામાં રહે સદા, મોક્ષ મારગ ન મળે કદા;એવું સમજીને વનવહે પડે રૂજની ત્યાં પડી રહે,॥૪॥ થાય પ્રભાતને પંથ કાપે;એવી કાયાને કષ્ટી આપે;વાગે ચરણમાં કાંટા ઘણા,તેની વેદનામાં નહી મણા. ॥ ૫ ॥ પણ તે દુખ મનમાં ન ગણે,મુખ ભગવત ભગવત ભણે; રટે રામ તણુ એક નામ, સમાવી દીધો ક્રોધ કામ. ॥ ૬ ॥ નીરમળ મતી અતી રાખે, રૂંએ રૂંએ રામરસ ચાખે,આવે વીકટ વનનીવાટ; તેનો મનમાં નહીં ઉચાટ. ॥ ૭ ॥ વાંકી વાટને ટેકરા ટૈયા, ઓધ્યો ખોયો ને ખાડા ખૈયા, પહાડ પરવત ગફાને ગીરી,બીડ બીહામણાં ને બધીરી. ॥ ૮ ॥ વ્રક્ષ વેલી વનસ્પતી ઝાઝી, પશુ પક્ષી રહે ઘણાં ગાજી; એવું બહુ બીહામણુ વન, તેમાં પરવરે કુંન્તી તન. ॥૯॥ એવા સત્ય પણે ચાલ્યા જાય,એનો મહીમા નવ્ય કહેવાય;તેથી સ્વર્ગ તણા સહુ સુર, થયા દરસણે આતુર ॥૧૦॥ તવ ઇંદ્રરાયે કહ્યું એમ, સરવ આકળા થાવો છો કેમ, એકવાર પરીક્ષા લઇયે.પછી દર્શને આતુર થઇએ, ॥ ૧૧ ॥ એમ કહી દીધા ખમચાવી, પોતે અપછરાને બોલાવિ, જાવો જઈ કરો નાટારંગ,કરો પાંડ

વનું સત્ય ભંગ. ॥ ૧૨ ॥ ત્યારે તમોને જાણુ સાચી, નહીતો નૃત્ય કરનાર કાચી;એવિ આગના ઇંદ્રે દીધી, તવ નારિએ ત્યારિ કીધી. ॥૧૩॥ જેહ પથે પાડવ પળાય,આવિ આગળ અપછરાય;બહુ કોમળ અંગની કામા, રૂપ રમણિક બહુ સુખ ધામા. ॥૧૪॥ કરિ રહિ છે થેઇ થેઇ કાર, થાય ઝાંઝરનો ઝમકાર;અતિ નખરાં કરિને નાચે, જોઇ તપસ્વિનું મન રાચે. ॥૧૫॥ નજરો નજર પાંડવ દેખે, પણ મનથિ ગણે તુછ લેખે, નૃત્ય કરિ અપછરા થાકી, એણે કાંઈ ન રાખ્યું બાકી. ॥૧૬॥ પછી માન્યનિ થઈ મસ્તાન,કીધું વસ્ત્ર વીનાનું વાન;એમ માઠા ધાર્યા મનસુબા તવ પાંડવ ખમચાઈ ઉભા. ॥ ૧૭॥ નેત્રો મીચીને નિચું જોયું,અરે માતા શું આસત્ય ખોયું;તવ વારાંગના સરમાણિ,માહારિ મેહેનત થઇ ધુળધાણિ. ॥૧૮॥ બંધ રાખ્યો નાટારંગ, કર્યાં વસ્રો ધારણ અંગ; પછી ગઈ સ્વર્ગ સુદને, જ્યાં સ્વર્ગવાશિ રાજન.॥ ૧૯॥ ત્યાં આવિને લાગી ચરણ,સ્વામી નિરખી નવ ખંડ ધરણ;સત્ય વાદીને તપશિલોક,તેનાં વ્રત કર્યાં મેં ફોક. ॥ ૨૦ ॥ પણ આવા દ્રઢ મનવાળા, આજ સુધા નથી નીહાળ્યા; સતિથિ સુત સત્યવંત સાચા, એથા અવર નર સહુ કાચા ॥૨૧॥એને ચરણે લાગે જન જેહ,પામે મોક્ષ મારગને તેહ;એવું અપછરા બોલી જ્યારે, દેવ વઇમાન બેઠા ત્યારે. ॥ ૨૨ ॥ કર્યા અંતરિક્ષ રહિ દરસન,સતિ સુત વહિ જાયે વન, એમ ઘણા દીવશ પંથ પળિયા, સત્યવાદી મન વશ બળિયા. ॥ ૨૩ ॥ એવે એક દીવશ શું થાય, પંથ પળતાં લાગી તરશાય,ધર્મ વિના બંધુ ચાર, થયા તરશ્યા ;અપરમપાર. ॥ ૨૪ ॥ એવે આવ્યું સરોવર એક, ત્યાં વડનું વૃક્ષ વિવેક; તેની નીચે બેઠાં નરનાર;જળ પીવા ઉઠયા વિર ચાર. ॥ ૨૦ ॥ જઇ બેઠા સરોવર તિર, જળ પીવા લાગ્યા સુરવિર; પીધું અડધું જળ નીરવાણ, તવ થઇ ગયા પાશાણ ॥ ૨૬ ॥ ભીમ અરજુનને સેદેવ, થયો નીકુળજી તતખેવ;બળવંતા ચારેભુપ,થઈ પડયા પાશાણ રૂપ. ॥૨૭॥ જોઈ ધરમ વિસ્મય થાય, મમ બંધુ ચારે કયાં જાય; તવ દ્રપતિ ભય પામી,આતે શું થઇ ગયું સ્વામી.॥૨૮॥ એમ બેઉને પ્રગટયું દુખ ઉતરી ગયુ કોમળ મુખે; આવ્યું ધર્મના દીલમાં એમ, હવે ગીરી જવાશે કેમ. ॥ ૨૯ ॥ અતી થઇ ગયા ઉદાસ, પડયો પેટમાં પુરણ ત્રાસ;છુટયાં નેત્રોમાંથી પાણી,સામી ગફામાંથી થઇ વાણી. ॥૩૦॥ એક ગાંધર્વનો ત્યાં વાસ,બોલ્યો મનમાં ધરી હુલ્લાસ;શીદ શોશ ધરોછો રાય, બંધુની થઇ પાશાણ કાય, ॥ ૩૧ ॥ ચાર પ્રષ્ણ પુછુછુ તમને, તેના

ઊત્તર આપો એમને; તોતો ચારે તમારા વીર, હતા તેવા પામે શરીર ॥૩૨॥ સુણી બોલીયા ધરમરાય, પુછો પ્રષ્ણનો ઊત્તર થાય; બોલ્યો ગાંધર્વ આણી પ્રીત,સુણો ધર્મ દેઈને ચીત.॥ ૩૩ ॥ વળણ॥ ચીત્ત દેઇને સાંભળો ઓ યુધીષ્ટર રાય;વ્યાસ વલ્લભ વાણી વદે,પ્રષ્ણો ચાર પુછાય.

કડવું ૧૦ રાગ સામેરીનો દુહો.

જયમુની રૂશી એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય; વિસ્તારિ તુજને સંભળાવું, પર્મ પવીત્ર કથાય. ॥ ૧ ॥ ધરમ રાજા સાંભળેને, જીભે જપે રામ કૃષ્ણ; ગુફામાંથી ગાંધરવે ત્યાં પુછવા માંડયાં પ્રષ્ણ; ॥ ૨ ॥ બ્રાહ્મણ શાથી જાણીયેને, શાથી જાણું સંન્યાશી; શાથી તપસી સમજી લેવો, ગ્રહસ્થી બતાવો તપાસી. ॥ ૩ ॥ એ રીતે ચાર પ્રશ્ન પુછયા, સાંભળ્યુ ધરમરાય; પછી પોતે કહેવા લાગ્યા.બ્રાહ્મણનો મહીમાય. ॥૪॥ બ્રાહ્મણ શાથી જાણવો તે, સમજાવું શુભ સાર; બ્રહ્મ યોનીથી ઉત્પન્ન થયો, બ્રાહ્મણ નહી નિરધાર. ॥ ૫ ॥ બ્રહ્મ યોનીથી ઉપજ્યા માટે, સુદ્ધ સમજવો દેહ; ઉપવીતનો સંસ્કાર થવાથી, દ્વીજ જાણવો તેહ. ॥૬॥ વેદાભ્યાશે વિપ્ર સમજવો, પણ બ્રાહ્મણ નવ ભણવો યથાર્થ રીતે બ્રહ્મને જાણે, તેને બ્રાહ્મણ ગણવો, ॥ ૭ ॥ પ્રથમ પ્રષ્ણનો ઊત્તર એ છે, એમ કહ્યું જે વાર; હતો તેવો વૃકોદર થયો, વાયુ તણો કુંમાર. ॥ ૭ ॥ બીજું પ્રશ્ન છે સંન્યાસીનું, તેનો ઊત્તર દેવું; ચોથી સ્થીતી વય થાય ત્યારે, બ્રાહ્મણે સન્યસ્ત લેવું. ॥ ૯ ॥ તે પણ રેહેવું નગ્રથી અળગા;નારીનો નહી પરછાયો, સ્વાદ રહીત અન ભોજન કરવું, ન કરવો વીતમાયો. ॥૧૦॥ ઉપદેશકપણું કદી ન કરવું, નહી વાત બીજી ત્રીજી; દર્ભાસને શયન કરવું, રેહેવું જ્ઞાનમાં રીજી. ॥ ૧૧ ॥ ઈશ્વર આપે તે આહાર કરવો. જમવું ન ભોજન મીષ્ટ,મોહોટ મમતા ત્યાગ કરવી, રેહેવું સઉથી કનીષ્ટ.॥ ૧૨ ॥ એવી અનેક રીતી પાળી, રહેતે જન સંન્યાશી, વેશ ધરેથી નહી સંન્યાશી, જુઓ જ્ઞાન તપાસી ॥ ૧૩ ॥ એવો બીજે ઉત્તર આપ્યો, અરજુન પામ્યો દેહ; ત્રિજે ઉતર તપસ્વિનો કહી ટાળું સંદેહ. ॥ ૧૪ ॥ ત્રીજે પ્રશ્ન છે તપશ્વાનો, તે સમજાવું સાર, કામ ક્રોધ લોભ તજીને, કંદમુળનો કરે આહાર. ॥૧૫॥ ઓછામાં ઓછી અડધી ઉમ્મર, તપ કરે તન દેઈ, જગતનો જસ ન ધારે મનમાં, અનેક બંધન લેઈ. ॥ ૧૬ ॥ તેને તપશ્વી જાણવો પુરો,

એમ કહ્યું જે વારે; પાશાણુ મટી મનુષદેહી, પામ્યા શેદેવ ત્યારે. ॥૧૭॥ ગ્રહસ્થી કોને કેહેવો એવો, પ્રષ્ણનો ઉત્તર દે છે, ગાંધર્વ પ્રત્યે ધરમરાજા; નિરમળ મનથી કેહે છે. ॥ ૧૮ ॥ નિતિમાં રહી રોજગાર કરેને, કુટુંબ કબીલો પોસે; સરવને સુખે થાય સુખી, કો પર ન રહે રોશે. ॥૧૯॥ સગાં સહોદરને પાળેને, કરે ગૌ વિપ્રની સેવા; આંગણે આવ્યાને અન્ન આપે, એકાદશી ફળ મેવા. ॥૨૦ ॥ એવા એવા વ્યવહાર વરતે, તેને જાણવો ગ્રહસ્થી; પાડોશી પોતાનું જાણી, ઇચ્છે શુભ વસ્તી. ॥૨૧॥ એવો ચોથો ઉત્તર, આપ્યો, નીકુળ પામ્યો દેહ; ગાંધરવના પ્રશ્નના ઉત્તર દૈ ટાળ્યા સંદેહ. ॥૨૨॥ હતા તેવા ચારે બંધુ બન્યા જેણીવાર; પાછા પંથે પળવા લાગ્યાં પાંચ પુરૂષને નાર. ॥ ૨૩ ॥ મારગ જાતાં હરિ ગુણ ગાતા, લાગી ભજનની ધુન્ય; રામ નામ રટે રૂદેમાં, મુખ ગહ્યું છે મુન્ય. ॥ ૨૪ ॥ એવી રીતે પંથે પળતા, રેહેતા મનમાં ખુશી; એવામાં અંત્રીક્ષ મારગથી, જોયું નારદ રૂષી. ॥ ૨૫ ॥ તે નારદે મન વિચાર્યું, આજ મને ઠીક ફાવે; આ ઠેકાણે લડાઇ થાય તો, મઝા જોવાની આવે. ॥૨૬॥ એવું સમજી નારદ રૂષી, ત્યાંથી થયા વિદાય, એ વનમાં એક ડુંગર મોહોટો; ત્યાં ગયા રૂશી રાય. ॥ ૨૭ ॥ તે ડુંગરમા નગ્ર અવલોક્ષીક, વસે રાક્ષસ લોક; ભયંકર દેશ બિહામણો છે, સુરને ઉપજે શોક. ॥ ૨૮ ॥ મેઘનાદ નામે રાક્ષસ રાજા, બળવંતો અપાર; લાબો પોહોળોને પોચતો છે, ક્રોધ ઘણો ગુમાર. ॥ ૨૯ ॥ તેના મેહેલમાં નારદ આવ્યા, મેઘનાદ લાગ્યો પાય, આજ માહારાજ મુજ ઘેર આવ્યા, શી થઇ ઇચ્છાય. ॥ ૩૦ ॥ કરૂણા કરીને દરસણ દીધાં મુને કર્યો પાવન, એટલે નારદ જાણી જોઇને, જોવા લાગ્યા ભોવન ॥૩૧ ॥ ધન તારા સુખને ધન તુછ સોભા, ધન તારો વઇભોગ દંપતી સંપતી સાચી તાહારે, નગરી પણ નીરોગ. ॥ ૩૨ ॥ આ વઇભવને આ સુખ સોભા, શું કહું કથી કથી, પણ તુજ ઘરમાં તારા લાયક, અબળા એકે નથી. ॥૩૩॥ તવ દાનવને માઠું લાગ્યું વાણી વદયો મુખે એમ; આ મહારાજા એટલી ખામી, તે સારૂ કરૂં કેમ. ॥ ૩૪ ॥ મુજ લાયક અબળા બતાવો. તો આપું સરપાવ; આ વારતાનો માહારા મનમાં ઘણા દીવસથી ભાવ. ॥૩૫॥ પણ ભાળ લાગતી નથી કાંઇ, તમો શોધી લાવો; નહી તો હું પડે લઇ આવું, જ્યા હોય તૈથી બતાવો. ॥ ૩૬ ॥ વળણુ, ॥ બતાવો અબળા મુને ઓરે નારદ મુન્ય; પ્રેમદા કાજ લલ્લભ વદે દાનવ થઇ ગયો સુન્ય.

કડવું ૧૧ રાગ દુહા દેશી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું ધ્રુપતી હરણ કથાય. ॥૧॥ મેઘનાદ અપસોશ થઈ બેઠો, તારૂણીમાં તદાકાર; નારદજી કહે કલેશ ન કરતો, બતાવું અમુલ્ય નાર. ॥૨॥ તુજ જેવો કો નહી ભાગ્યશાળી,કર્મ રેખા સારિ કાહાવી,ત્રીલોક મોહનિ તુજ નગ્રની,સમીપ ચાલી આવી.॥૩॥ જેને સારૂ શીવ સરીખા, ભસ્મ ચોળીને બેઠા; વીષ્ણુવૈકુંઠ મુકી વહ્યા, પાતળવીશે પેઠા ॥ ૪ ॥ તેવી અબળા એ હેમગીરી, ગળવા ઝાલ્યો છે પંથ; પણ તેની સાથે જાય છે ગળવા, પાંચે એના કંથ. ॥ ૫ ॥ કામની માટે કંથ એના, ગળવા સારૂ જાય; એતો નારી દુર્લભ સપને, દર્શન કયાંથી થાય. ॥૬॥ કબીરાજે કુટુંબ તારૂં, તેને વાગ્યમાં માર્યો, તે મારનારા સ્વામી એના કોથી નવ જાય હાર્યા. ॥૭॥ જો સામ્રથ હોય તુજમાં તો,જા જઇનેલાગ્ય નારી;જો એ નારી આવે તોતો સફળકરણી તારી.॥૮॥એવું કહીનેનારદ રૂશી, થયા અંતરધ્યાન;ભામની ભાગોળે આવી જાણી, ઉઠયો અસુર મસ્તાન. ॥૯॥ મનડું ચીડાવિ કચ્છ ભીડાવી, ભુજમાં ભાલો ઝાલ્યો; રક્ત લોચને રાતો તાતો, થાતો પોતે ચાલ્યો. ॥ ૧૦ ॥ ડુંગર ઉપર ચઢીને જોયું, દીઠાં નરને નાર, ધ્રુપતીનું સ્વરૂપ દેખીને, બનીયો તદાકાર. ॥૧૧ અહો આજે માહારૂ ભાગ્ય ભળીયું, ટળીયુ જનમનુ દુખ; જન્મ ધરીને આજથી મુને, મળશે સંસાર સુખ. ॥ ૧૨ ॥ હરખ્યું રૂદે ભાગ્યજ ઉદે, આજથી થયું માહારૂં; નાર લેઇ જઇનારદજીને.સરપાવ દેવો ધારૂં, ॥૧૩॥ કામનીના કંથ મને શું કરશે,કરૂં કાળો કેહેર; રામા લેતાં રોકે મુજને, તો તો મારૂં ઠેર. ॥૧૪॥ એમ સમજી નીચે ઉતરીયો, કર્યો વઢવાનો ચાળો; પાંડવની આસપાસ ફરેને. દે છે કવડધી ગાળો. ॥ ૧૫॥ ફાવે તેમ બોલે મુઢની તોલે, રીસ ચઢાવવા સારૂં, પણ પાંન્ડવ મનમાં એમ સમજ્યા; શું લે છે અમારૂ. ॥૧૬॥ બોલે છે તે એને મોડે, કયાં અડકેછે ગાળો જેવી વાણી તેવો પ્રાણી છે વઢવાનો ચાળો. ॥૧૭॥ પરાણે બોલાવવા ધારે, પણ મુખ બોલવું નથી;શ્વાનની માફક ભસ્યા કરે છે, છોને મરતો મથી. ॥ ૧૮ ॥ એવી મનમાં શાન્તી રાખી, સુત સતીના જાય;છેવટ અસુર બોલી થાકયો, ચાલ્યો નહી ઉપાય. ॥૧૯॥ ત્યારે રેણુના ખોબા ભરીને, મારગમાં ઉછાળે; નેત્ર મીચી તવ પાંડવ ચાલે, ઉચું જરા ન ભાળે. ॥૨૦॥ એટલે અસુરે ઉતપાત માંડયો, કટી

કશીને વાધે; પુઠેથી પ્રેમદાને ઉપાડી, પોતે લીધી ખાંધે. ॥૨૧॥ તવ દ્રુપતીએ બુમ પાડી, વારે ચઢો મમ નાથ; શત્યવંતાની સુંદરી પડી પાપીને હાથ. ॥૨૨॥ મુને મુકીને જાવું ન ઘટે, છોડાવો મમ કંથ; તે પછી સહુ હળીમળીને, ઝાલીએ પુન્યનો પંથ. ॥૨૩॥ રાંકડી રામા રાઢ નાંખે, સાંભળીને પડે ત્રાસ, એટલે ધરમે વીચારકી ઘો નારિ થઈ નીરાશ. ॥૨૪॥ એને છોડાવવા ચીત ચોટાડું, તો ચુકું મમ ધ્યાન;મુશ્કેલ મારગ કો ન મુકાવે. સાચો સગો ભગવાન. ॥૨૫॥ એ ઉપાધીમાં આપણ કયાં પડીએ,સહુના લાગ્યાં સહુ વેઠે;સુમારગે ચડતા ચાતુરા; સરવને નાંખે હેઠે. ॥૨૬॥ એવું સમજી ધરમરાયે;જુવતી સામુ ન જોયુ, અરજુનજીએ પોકાર સુણી,પ્રેમદામાં મન પરોયું. ॥૨૭॥પણ મનમાંએવું આદરીયું, માનુનીનો મોહ સદા; જ્યાંને ત્યાં અબળાને માટે, થાય છે. આપણે અદા. ॥૨૮॥ જંજાળ છોડવા સમો આવ્યો, તેમ છતાં શીદવળગું, આ વેળા અબળાનું સગપણ, માહારે મુકવું અળગુ॥૨૯॥ એવું શમજી મુન્ય ગ્રહીને,ધર્મની પુઠે જાય;તવ શેદેવજી જ્ઞાન દ્રષ્ટીએ,સમજી રહ્યા મનમાંય. ॥૩૦॥ નીકુળના મનને એમ લાગ્યું; મન માહારે કયાં ધરવું; મોહોટા બંધવોને મરજી નથી તો,માહારે બોલી શું કરવું. ॥૩૧॥ એમ સમજી શાન્તી ગ્રહીને,નીકુળજી વહે વાટ,વાયુ નંદન વરકોદરને અતિ થયો ઉચાટ ॥૩૨॥ અરેરે નીરાધાર અબળા, એનું નહી કોઈ સંગી; માહારે તો પક્ષ કરવી એની,છો થાતા વૃત ભંગી. ॥૩૩॥ વળણ॥ વરત ભંગ છો થાય માહારૂં, ઝટ છોડાવવી નાર; વ્યાસ વલ્લભ વાણી વદે, થયો વકોદર તૈયાર.

કડવું ૧૨ રાગ ઝુલતી ચોપાઈ.

બોલ્યા જયમુની મુખવાણી, રાય સાંભળોઉલટ આણી;ચડી વરકોદરને રીસ;માર અસુર ધોળે દીશ ॥૧॥ ચાર ભાઇમાં નથી વીવેક એતો જાળવી બેઠા ટેક;પણ પાપી સતીને હરે; સતીનું સત્ય સૌભંગ કરે ॥૨॥ તેથી પાતક મોહોટું થાય. આપણું કુળ નર્ક પળાય, એતો પહેલું બેસે પાપ બીજા અબળાતણા અદાપ ॥૩॥ રામા રઝળતી મુકીને જાવું. એતો વિશ્વાસઘાતી થાવું; પડે બ્રહ્માન્ડનો નીસાશો, કદી નમળે વઇકુંઠ વાશો. ॥૪॥ તે તો સમજતા નથી મમ વીર, એમ વિચાર્યું ગુણ ગંભીર, રૂંએ રૂંએ વાપ્યું સુર, થયો ક્રોધાતુર ભરપુર. ॥૫॥ રકત થઈ

ગયા લોચન ઉછળ્યો કુન્તીનો તન; મુઠી વાળીને મુકી દોટ. જઇ પાપીને કીધી ચોટ. ॥૬॥ ગાજ્યો પાપી મહાબળ દાખી. પેહેલી અબળાને ધરણુ નાખી; પછી કચ્છ ભીડાવી દીધો, ખરેખરો ખુંખારો કીધો ॥૭॥ મહાદુષ્ટ બુદ્ધિનો દંભ. ભીમ સામી ઠોકી ખંભ, તવ ભીમશેન સામો થયો, પેહેલો પાપી બાજવા ગયો. ॥ ૮ ॥ તવ બે બળવંત ગાજ્યા, જાણે અઇરાવત ગજ બાહાજ્યા; તવ નગરીના અસુર લોક. આવ્યા જોવાને થોકા થોક ॥ ૯ ॥ સૌ ડુંગર ઉપર ઉભા; સૌને જોવાને મનસુબા બાજ્યા બળીયા બેઉ અપાર- એક એકને મારે માર ॥ ૧૦ ॥ મારે ગડદા પાટુને કુણી, તેથી શરીર જાયે સુણી વળી મારે છે ધીકા ધીક તેથી ઉપડે હૈયામાં હીક. ॥ ૧૧ ॥ હાડે હાડ જુદાં થઇ જાય, ઘાલે ગાંઠ્યોં એમની માય; કાળા લાલ ચકામાં પડે. દાંત પીશી પીશીને લડે, ॥ ૧૨ ॥ નાંખે કારમી ચીશે ચીસ. વળી લડાવે શીશે શીશ. વળી ખભે ખભા પછાડે. પગની આંટી ઘુંટી પાડે. ॥ ૧૩ ॥ જેમ જેમ જેનો દાવ આવે, લડે છે જેમ જેને ફાવે, કોઇ પાછો ન પડે લેશ. એક એકના તાણે કેશ ॥૧૪॥ ડોક નિચી કરીને નમાવે. એક એકના દાવમાં નાવે મારે ગાલમાં ગડદા તાણી તેથી રૂધીર રેલ રેલાણી ॥૨૫॥ નિચા નમી ગ્રહે ચરણુ એક બીજાને ઢાળવા ધરણુઃ પણ દાવ કોઇ નવ ચુકે જોઈ જોઇને પગલાં મુકે. ॥૧૬॥ એક એકના આમળે કાન બેઉ થાય અતી હેરાન એવે વરકોદર જોઇ લાગ,બેશી ઝાલ્યો પાપીનો પાગ. ॥૧૭॥ ઝાલ્યા ચરણુ ઉભા થયો. તવો અસર ઢળી ગયો તેવો દાવ વ્રકોદરે કીધો, એના ચરણુ ચરણુ તળે લીધો. ॥૧૮॥ બીજો ચરણુ છે એના કરમાં ઘણું સુર આવ્યું વરકોદરમાં, એતો દારૂણ દઇવત દાખ્યો પોહોળા પાય કરી ચીરી નાખ્યો ॥૧૯॥ થયાં ચીતાળીયાં બે જ્યારે, ગયો મેઘનાદનો જીવ ત્યારે જાણ્યા ભીમ તણા ભુજ માઠા, તવ જોનારા અસુર નાઠા. ॥૨૦॥ સહુ નગરીમાં ગયા નાશી; ભીમે મનમાં જોયુ તપાસી; આતો પાપી તણું છે ગામ. તેનું રેહેવા ન દેવું નામ. ॥૨૧॥ એમ સમજીને ડુંગર લીધા એના નગ્રમાં ફેંકી દીધા તેથી કચરાણા સહુ પાપી ભીમે સર્વને જમપુરી આપી ॥૨૨॥ એવો અસુર નીકંદન બળીયો પછી પેમદા લઇને વળીયો જઇ પોતે ભ્રાતોને મળીયો સહુની સાથે પંથે પળીયો ॥૨૩॥ ચાલ્યા જાય હરીગુણુ ગાતા મનથી અતી આનંદ થતા,એવે મારગમાં શું થાય;જે મેઘનાદનો પીતાય. ॥૨૪॥ તે તો થયો છે પેતની જાત;તેવા તેના છે ત્રણુ ભ્રાત; તેવાતેમણે

જાણી વાત. કરી મેઘનાદની પ્રાણ ઘાત. ॥ ૨૫ ॥ માટે આપણ જઇ વેહેર લઇએ, પેલા પાંન્ડલને દુખ દૈયે; એમ ધારીને ચારે ભુત,ગયાં જ્યાં છે સતીના સુત. ॥ ૨૬ ॥ જઇ વરકોદરને નડીયા; ભીમને પગે બાહાજી પડીયા; તવ ભડકયો ભીમ ભરપુર, મને બાઝ્યોકીયો બાહા દુર. ॥ ૨૭ ॥ એમ ત્રાસીને અળગા પડીયો, કરી પ્રેતે દોટા હડીયો; ભીમે ઓળખીયાં તે પ્રેત, પછી થઇ ગયો શાવચેત. ॥ ૨૮ ॥ લાંબા ભુજ કરીને ઝાલ્યાં, બન્ને બેઉ બગલાં ઘાલ્યાં; પછી દાબીને નરમ કીધાં, તવ ચારે પ્રેતો બીધાં. ॥ ૩૦ ॥ ક્ષમા કરો લાગીયે ચરણ,શીદ કરો અમારાં મરણ; ત્યારે ભીમ બોલ્યો તે ઠામ, કરો હું કહું તેટલું કામ. ॥ ૩૧ ॥ તો તો જીવતા તમને મુકુ, નહી તો આ. વેળા કેમ ચુકુ; તવ પ્રેત બોલ્યા રહી પાસ, અમો છૈએ તમારા દાસ. ॥ ૨૩ ॥તમો જે કહો તે કામ કરીએ, તમારૂ વેણ મસ્તક ધરીયે; ભીમ કહે છુટાં કરૂ તમને, પણ વીશ્વાસ શું આવે અમને. ॥ ૩૩ ॥ પ્રેત કહે લ્યો આ વચન, રજા લેઇને જાશું સદન;તવ ભીમે બગલમાંથી કાહાડયાં, પેહેલાં પોતાને પાય લગાડયા. ॥ ૩૪ ॥ વળણ. ॥ પાયે લગાડયાં પ્રેતને, સુણ જનમેજય રાય, વ્યાસ વલ્લભ વાણી વદે,સુણજો સહુ શ્રોતાય. ॥

કડવું ૧૩ રાગ આશાવરી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું. પર્મ પવીત્ર કથાય. ॥ ૧ ॥ ચારે પ્રેતને પાય પડાવી, બોલ્યો વરકોદર એમ; કોણ તમે છો કયાંથી આવ્યા, મુજને વળગ્યા કેમ. ॥ ૨ ॥ તવ પ્રેત ભુજ જોડીને બોલ્યા, સુણો અમારી વાત; જે મેઘનાદને તમે માર્યો, તેનો હું થાવું તાત. ॥ ૩ ॥ આ ત્રણ જણ છે મારા બંધુ,અમો અતી અધર્મી પાતકથી પ્રેત યોની પામ્યા,ઘણા હતા કુકર્મી. ॥ ૪ ॥ જનમીને જોઈ નથી નીતી, અનીતીનો ભારો, ડગલે ડગલે જીવો હણીયે, સત્ય તણો ઉધારો. ॥ ૫ ॥ જીવતા જીવોને માહાદુખ દૈયે, રીબાવીયે મન મુકી; ઉંચી વરણ વટલાવી દૈયે, મોઢામાં થુંકી થુંકી. ॥ ૬ ॥ બ્રાહ્મણને તો ભક્ષણ કરીયે, ઘેનુંને ઢાળીયે ધરણ; ધર્મ સ્થાપનમાં ધાંધલ કરીયે, પુન્યમાં દઇયે ચરણ. ॥૭॥ કુંવારકાથી જાર રમીયે, મદ્યપાન દીવસ રેહેણી; ગરીબોના ગર્થ હરીયે, ન ગણીએ જગ કેહેણી. ॥ ૮ ॥ ઢોંગ ધુતારાને ધુત વીદ્યા, પાખંડનો

પરપંચ; જ્યાંથી ત્યાંથી વીત હરીને, સાંચીએ અમારા સંચ. ॥ ૯ ॥
સુરની સાથે દ્વેશ કરીએ, આખો દીવસ નીંદાય; રીબાવીને પશુ પક્ષી હ
ણીયે, ગણીએ નહી હત્યાય. ॥૧૦॥ વળી પશુને કુકર્મ કરીએ, તેડી એગંગા
તીર; સરોવરમાં તરસ્યા જીવને, પીવા ન દીજીએ નીર. ॥૧૧॥ સજી-
વન જીવને આખા ગળીયે, ધરીયે ન મનમાં ત્રાસ; તે જીવ ત્રાસે તે દે
ખીને, થઇયે મન હુલ્લાસ. ॥ ૧૨ ॥ અવર જીવનું સુખ દેખીને થઇએ
દલમાં દુખી; અવર જીવને દુખી દેખી; અત્યંત રહીએ સુખી. ॥૧૩॥
ભ્રષ્ટ વેડામાં ભારે રાજી; અનીતીમાં અતી; આ ચાર વીચાર દેખી બ
ળીયે, નીતીપર અપ્રીતી. ॥ ૧૪ ॥ સર્વેથી શ્રષ્ટ થવાની ઇચ્છા, શ્રેષ્ટ
દેખી દુભૈયે; ભગની દીકરી દોહીતાનું, ધન અન ખુશીથી ખૈયે. ॥૧૫॥
રૂસવત લાંચોમાં નહી ટાંચો, હસી હસી તે હરીયે, પક્ષપાતો રાખીરાખી
ને, રાજ્ય તણા ન્યાય કરીએ. ॥૧૬॥ અવર જીવની ખોળીએ ખોડચો,
પોતાનું રાખીએ ઢાંકી; લેવામાં સુધાં વેણ વદીએ દેવામાં વાતવાંકી
॥ ૧૬ ॥ જથા વાળાની જોડમાં મળીયે, એકલ્લ વાયના સામા; અધ
મોનો ઉગારો કરીયે, ધર્મને ઘેર ધામા. ॥ ૧૮ ॥ પાપી જનને પુષ્ટિ દૈને,
પુન સાળિને પીડુ; અધર્મ કરવા ઉસ્કેરૂ સૌને, ધરમીષ્ટ ઉપર ચીડુ.
॥ ૧૯ ॥ ગુણિ જનને ગોદા ઘાલુ, અવગુણિયાનો સંગી; નાસ્તીક જ-
નપર આસ્તીક હુંતો, તપવ્રત નિમનો ભંગી. ॥ ૨૦ ॥ સકળ વરણ
એકે આરે, ચાલે તેમાં રાજી; અમારે તો ડગલે ડગલે; વાહાલી દગલ-
બાજી. ॥ ૨૧ ॥ એવા અતિ અવગુણ અમારા, કહેતાં ન આવે પાર;
એવાં અતીશે પાપ કરિને; પામ્યા પ્રેત અવતાર. ॥ ૨૨ ॥ વરકોદરે
એવિ વારતા સુણિ, મનમાં ધાર્યું એમ; આવા જુલ્લમીજીવોને મુજથી
જીવતા મુકાય કેમ. ॥૨૩॥ ઠીક છે વારૂ, પછી વેત ધારૂ; માહારૂ કાઢી
લેઉ કામ; એવું સમજીને ભીમ બોલ્યો, ચારે થાઓ ગુલ્લામ ॥૨૪॥ તવ
પ્રેત બોલ્યા દાસ તમારા, જે કહોતે કામ કરિએ; ભીમ કહે લાવો ફળમે
વા, ક્ષુધાતુર પેટ ભરિએ. ॥૨૫॥ પ્રેત કહે લેવાને જઇએ, લાવતાં લાગે
વાર, ભીમ કહે નહી આવતો, કકળિયે અપરમપાર. ॥ ૨૬ ॥ જ્યાં
હશો ત્યાંથિ શોધી કાઢીને, કરિશ કાળો કેર; ઘણા દન રિબાવિ, રં-
જાડી, મારિશ તમને ઠેર. ॥ ૨૭ ॥ પ્રેત કહે પુરાં પાપ હોય તો; તમ કને
જુઠા પડિયે; અમો સૌ સમજીએ છીયે, જંપી ન બેશીએ ઘડિએ॥૨૮॥
એમ કહીને આગના લીધી, પરવર્યા પ્રેત ચાર; વિવિધનાંસોધિ સોધિને
લાવ્યા ફળ અપાર, ॥ ૨૯ ॥ પાન્ડવ આગળ લાવિ મુકયાં, ભીમથયો

બહુરાજી; તવ અરજુન કહે જાવા દો જીવતા, ન કરો દગલ બાજી. ॥ ૩૦ ॥ તે વાત ધ્યાનમાં ન લીધી ભીમે. હળવે રહીને ઉઠયો; ચારે પ્રેતને પકડયા પળમાં, રોશે ભરેલો રૂઠયો. ॥૩૧॥ એટલે પરેત તરફડવા લાગ્યા, આ તમને નવ ઘટે; પોતાનું બોલ્યું પોતે ન પાળો, કાંક ચાલો સત્ય વટે. ॥ ૩૨ ॥ ભીમ કહે તમે અનંત જીવને, છો દુખના દેનારા, સધરમીના સાચા શત્રુ; બહુ જીવના લેનારા. ॥૩૩॥ દોશ નથી કાંઇ તમને હણતાં,કહી બગલમાં ઘાલ્યા; બળ કરીને દબાવ્યાં કે પ્રાણુજ નીકળી ચાલ્યા. ॥૩૪॥ પછી શરોવરમાં સ્નાન કીધું, પરેમ કર્યો ફળ હાર; પુરણ રીતે ત્રપ્તજ થયાં, પાંચભાઇને નાર. ॥ ૩૫ ॥ પછી અરજુનજી એમ બોલ્યા, ઓરે ભીમસેન ભ્રાત; વીશ્વાસ આપી પરેતોને માર્યા, કીધી વિશ્વાસ ઘાત. ॥૩૬॥ એતો પુરણ પાતક બાંધ્યું, વીચારો મમવીર; તવ વરકોદર અરજુન પ્રત્યે, બોલી ઉઠયો રણધીર, ॥ ૩૭ ॥ પારથ વીરા વીવેક વીના, તમારી પાશે જ્ઞાન; એકજ જીવ અનેક જીવોને, કરતો હોય હેરાન. ॥૩૮॥ તેવા જીવનો ગમે તે રીતે, પરાજય કરવો ભ્રાત; તેથી કાંઇ દોશ ન લાગે, ન થાય વીશ્વાસઘાત. ॥ ૩૯ ॥ જેવા અધરમી, તેવાઅધરમીથૈને તેને હણીએ;એહણવાથીપુન્યઅતી છે, પાતક ત્યાં નવ ગણીએ. ॥૪૦॥ વળણ. ॥ પાતક ત્યાં ગણીએ નહી ઓરે માહારા વીર; વ્યાસ વલ્લલ વાણી વદે, શું કહે છે રણધીર.

કડવું ૧૪ રાગ ચોપાઈની ચાલ.

બોલ્યા જયમુની મુખ એમ,રાજા સાંભળ રાખી પ્રેમ;બોલ્યોવરકોદર વાયુ તન, સુણો અરજુન વીરા વચન. ॥૧॥ જીજ્ઞાસા નીતીને દયા, પરાક્રમ પુરશારથ કહ્યા;રાખે ચારે પુર્શારથ જેહ,વીવેકી જ્ઞાના જન તેહ. ॥૨॥ વણ વીવેકના જે જ્ઞાની, તેતો એક જાતના અભીમાની, રામચંદ્રે,પુર્સારથ ચાર, રાખીને ભોગવ્યો સંસાર ॥૩॥ પુરૂસારથ ચાર જેહ, તેનો ભાગીઆપુ સંદેહ; પેહેલું જીજ્ઞાસા તે જાણી લેવું,કોઇવાતે અજાણ્યા ન રહેવું. ॥૪॥ જ્યારે જાણવું ત્યારે શું બાકી, નીતી; સાથે અનીતી પાકી, પણ વચનનો એવો વીવેક; જાણવું અનીતી તજી નેક ॥ ૫ ॥ બીજુ પુર્શારથ તે નીતી, માટે જાણતાં રાખવી ભીતી; માટે જાણવાનું જાણી લેવું, નીતી રહીને છોડી દેવું. ॥ ૬ ॥ ત્રીજુ પુરશારથ છે દયા, તેના મારગ કયા કયા;રહીએ દયા સૌપર રાખી,તો તો થાય, અનીતી આખી. ॥૭॥ જેમ તસ્કર ઘરમાં આવે,ખુન કરવા ઇરાદો લાવે તે વેળા મન લાવીએ એમ, અરેરે બુમ પાડુ કેમ. ॥ ૮ ॥ જે પાડીશ

કારમી પોક, તો તો ઘરમાં ભરાશે લોક; બીચારા તસ્કરને ઝાલે , મા-
ર મારે ને ગરદન ઘાલે. ॥ ૯ ॥ એવું સમજીને દયા રાખે, તવ તસ્કર
ખુન કરી નાંખે; પુત્ર પુત્રી પરીવાર મરે, એવિતો દયા અજ્ઞાની કરે.
॥ ૧૦ ॥ આ સ્થળે દયા રાખવી કેવી, રાખે મતી મુરખ જેવી; ચા-
ણુ પુર્શાર્થ પ્રાક્રમ જેહ, દાખવવું જોઇએ તેહ. ॥ ૧૧ ॥ ખુની તસ્કરને
દેવો માર. જીવ જતાં લગી, નીરધાર; દયા લાવવી નહી લગાર, કરવો
પુરતો પોકાર. ॥ ૧૨ ॥ બને ત્યાં સુધિ શીક્ષ દેવી, ફરી અનીતી ન
કરે તેવી; જેથી અનેક જીવો બચે, ખોટું કૃત્ય કરવા નવ મચે. ॥૧૩॥
માટે પાપી શું દયા છોડી, નાંખો દુષ્ટનાં શીશ તોડી; શું રામ હ-
તા અજ્ઞાની,થયા રાવણ સંગ તોફાની. ॥ ૧૪ ॥ના ના નહી અજ્ઞાની
રામ, કર્યું વીવેકનું એ કામ; એક અનેક જીવને પીડે,તેના સામો સુરો
જન ભીડે. ॥ ૧૫ ॥ અતી અધર્મીને દે દુખ, કરે અનેક જીવને સુખ;
તો તે જનમ્યો જનુનીને પેટ, નહીતો ઉઠયો દૈવની વેઠ. ॥૧૬॥ પરદુ-
ખે ન દાઝયો દલમાં, તેણે જીવતર ખોયુ પલમાં;જ્ઞાનીનું જ્ઞાન વીવેક
સાથે, તોલ કરી લ્યો તમારે હાથે, ॥ ૧૭ ॥ વણ વિવેકે જ્ઞાન લાવી,
એતો અંધકાર જેષ્ટીકા આવી; જેષ્ટીકા વડે પંથ પળાય, ફ્રીયે મારગે
ચઢી જાય. ॥૧૮॥ તેની ગમ તેને નવ પડે, અંધ એકજ મારગે ચડે;
તેવું વીવેક વીના જ્ઞાન, કદી રીઝે નહિ ભગવાન. ॥૧૯॥ એવી ભીમે
કહિ જ્ઞાન વાત, કહે શેદેવ ધન મમ ભ્રાત; તુજ પાસે જ્ઞાન વિવેક, ન-
થી અંધ રૂપી જ્ઞાન એક. ॥૨૦॥ સર્વ સાચવે તે જ્ઞાનવાન, એક દેશી
કેહેવો અભાન;એમ જોશીએ દીધો ટેકો, જ્ઞાન સાથે જોઇએ વીવેકો.
॥૨૧॥ એમ વાત કરી બહુ વાર, પછી જાવા થયા તઇયાર; એક કા-
મનીને પાંચ કંથ,ઝાલ્યો હીમાળાનો પંથ. ॥ ૨૨ ॥ રામ નામનુ રટણ
કરતાં, પૃથ્વી પર ડગલાં ભરતાં;શીતળતાથી ચાલ્યાં જાય, યાન પરવ
આંહી પુરણ થાય.॥૨૩॥ તવ રાયની ઉતરી હત્યાય, કાળા પડદા ધો-
ળા દેખાય;શામ હતી તે થઇ સ્વેત ગાય,પ્રતક્ષ પારખું તે દેખાય.॥૨૪॥
રાજાએ દીધાં ગાયોનાં દાન, પરણાવ્યા વીપરોના સંતાંન; ઉપવીત દી
ધાં પ્રેમજ ધરી, અનાજ ભરી આપી બ્રહ્મ પરી. ॥ ૨૫ ॥ કરાવ્યાં બહુ
બ્રહ્મ ભોજન,આનંદ અતી પામ્યો રાજન;યાન પરવ આંહી પુરણ હવું
જ્ઞાની જનને બહુ અનુભવું. ॥ ૨૬ ॥ વળણ. અનુભવું જ્ઞાની લોકને
મોહોચ્યા મનના કોડ; વદે વલ્લભ સહુ બોલજો, જ જે શ્રી રણછોડ. ॥

યાન પર્વ સમાપ્ત.

સ્વર્ગારોહીણી પર્વ.

કડવું ૧ રાગ ચોપાઇ.

બોલ્યા જયમુની મુખ એમ, સુણ રાજા રાખીને પ્રેમ; કહુ સ્વર્ગારોહીણી કથાય, સુણતાં પાપ દુર પળાય. ॥ ૧ ॥ હીમાલયને પંથે જાતાં, એતો ગુણ ગોવીંદના ગાતાં; પાંચ પાન્ડવ છઠ્ઠી નારી, સમર્યા કરે દેવ મોરારી. ॥ ૨ ॥ રામ નામનું રટણ કરતાં, જાયે આનંદે પગલાં ભરતાં; જાતાં જાતાં આવ્યું એક વન. લાંબુ પહોળું વિશ યોજન. ॥ ૩ ॥ મળે નહી વૃક્ષકે વાડી, મોહોટુ મેદાન રેતી જાડી; ત્યાં છે બોડીયો ડુંગર એક, તેમાં ઉંડી ગુફા છે છેક. ॥ ૪ ॥ તે ગુફામાં તપસ્વી રેહે છે, કોદી કોકને દર્શન દે છે; તે ડુંગરપર પાંન્ડવ જાય જઇ ઉતર્યા ગુફામાંય. ॥ ૫ ॥ ત્યાં તો દીઠો બહુ પ્રકાશ, ભીમ બોલ્યો ધરી હુલ્લાસ; ભાઇ દેવ જગો આ ભાસે, કહી જળ પીવાનું તપાસે ॥૬॥ એમ આગળ ગયા જ્યારે, દીઠા તપશ્વી પુરૂષ ત્યારે, તેને જઇને લાગ્યા ચરણે, સ્વામી આવ્યા તમારે શરણે. ॥ ૭ ॥ અમને મોક્ષ મારગ આપો, ભવોભવ તણાં કષ્ટ કાપો; તવ તપશ્વીએ જોયું સામુ, આ તમને દેખી કષ્ટ પામુ. ॥ ૮ ॥ તમો દીસો છો જ્ઞાનવાન,કોક સતી તણા સંતાન કેમ નીકળ્યા છો વનવાસ,કેમ કરો તીરથ નીરાશ. ॥૯॥ તવ ધરમ પડીયા પાય,જુઠી જાળમાં કેમ રેહેવાય; પાપી પેટની વેઠ છે ઝાજી,તેથી કરવી પડે ઠગ બાજી. ॥ ૧૦ ॥ વળી છૈયાં છોકરને નારી છે,જંજાળ જુલમ ભારી; નથી મળતી નીકળવા બારી,કયારે જીવતર લેશું સુધારી, ॥ ૧૧ ॥ તમે રહ્યા એકલા આંહી, તેથી નથી ઉપાધી કાંઇ; તવ તપશી કહે બેશો ભક્ત, તમે જુઠું જાણ્યું છે જગત. ॥ ૧૨ ॥ માહારે થઇ છે ભોજન વેળા, તમે પણ કરો ભોજન ભેળા; તમે સરમાશો નહી કોઈ, આંહી આવશે ત્યાર રસોઇ. ॥ ૧૩ ॥ વળણ ॥ એમ કહી બેસાડીયા, સુણ જનમેજે રાય; વ્યાસ વલ્લભ વાણી વદે, તે સમે શું થાય. ॥

કડવું ૨ રાગ ધન્યાસરી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ પરીક્ષત તન; વીસ્તારી તુજને સંભળાવું, પર્મ કથા પાવન.॥૧॥ પાન્ડવોને બેસાડીયા તવ, જોયા

જેવું થાય; ગુફા માર્ગે તેમાંથી નારી, રસોઈ લાવી ત્યાંય ॥ ૨ ॥ રૂમઝુમ કરતી અતી રૂપાળી, શૌભાગ્યવંતી આવી; એક ભુજમાં થાળ બીજા ભુજમાં, જળની ઝારી લાવી. ॥ ૩ ॥ તવ તપસ્વી એમ બોલ્યા, બીજા છ થાળ લાવો; હરીજન મેમાન આજ પધાર્યા, ભોજન ભાવે કરાવો. ॥ ૪ ॥ તવ તારૂણી તપશીની પાસે, તે થાળ મુકી ચાલી, અવર ગુફામાં ગઈ અબળા, પાત્ર કર્યાં બધાં ખાલી. ॥ ૫ ॥ છ થાળ પીરસી લાવી અબળા, છયેને મુકી દીધી; વીવીધની તે રસોઇ કરેલી, પાન્ડવે વહેંચી લીધી. ॥ ૬ ॥ અહો આતે વૈભોગ શું છે, આપણે જાણ્યાતા તપશી; પણ કામ ક્રોધને મોહ લોભમાં, પડેલા છે લપશી ॥ ૭ ॥ પછી તપશ્વીએ આચમન કરિ, કરવા માંડયું ભોજન, પાન્ડવને કહ્યું તમે આરોગો, ધર્મ વદયા વચન. ॥ ૮ ॥ ઓ માહારાજા સંદેહ પુછુ, તે ટાળો તન તાપ; તપશ્વી કહે ભોજન કરો, નહીતો દેઇશ શ્રાપ. ॥૯॥ એટલે પાન્ડવ ભય પામીને, કરતા હતા ભોજન; પરેમ પુર્વક જમી રહીને, કીધાં જળ આચમન. ॥ ૧૦ ॥ પછી તપશીની તારૂણિ આવી, લાવી રૂડાં મુખવાશ; ખુશીથી તે સરવેને આપ્યાં, પામ્યા મન હુલ્લાસ. ॥૧૧॥ પછી તપશ્વી એમ બોલ્યા, કહોટો કાંઇ જ્ઞાન વાત; એટલે ધરમ સનમુખ બેસી, જોડી દીધા બે હાથ. ॥૧૨॥ ઓરે માહારાજા ઘણા છે પ્રશ્નો, પુછવાની ઇચ્છા આખી. તમોને ક્રોધ ચડે માટે, પુછુ મરિયાદ રાખી. ॥ ૧૩ ॥ એવુ વચન સાંભળીને, તપશી વદયા વાણ, મરિયાદ રાખીને પુછો તો, પરમેશ્વરની આણ. ॥ ૧૪ ॥ મરજાદ મુકી પ્રષ્ણ પુછો, મુને નહી થાય શોક; જો હું કાંઇ ક્રોધ કરૂં તો, તપ થાય માહારૂ ફોક. ॥ ૧૫ ॥ એટલે યુધીષ્ટર એમ બોલ્યા, તમે તપશ્વી ભારિ; તેમ છતાં શા સ્વાદને વૈભોગ, યોવન વયની નારિ. ॥ ૧૬ ॥ આ ઉપાધિ દેખીને હું, વીમાસુ છું સ્વામી; અગાધ તપ મેં જોયું તમારૂં, પણ આ દીઠી ખામી. ॥ ૧૭ ॥ રામા સાથે રંગ ભોગ રમવો, સુખ સજ્યા સદન; પાથરવાં પેહેરવા ઓઢવાને; મોહો ભાવતાં ભોજન. ॥ ૧૮ ॥ તપશ્વી જન હોય ત્યાગી પણ, તમે ગ્રહસ્થી પુરા; કામ ક્રોધને મોહ લોભમાં, નથી જણાતા અધુરા. ॥ ૧૯ ॥ તપ બધુ જાય છે ધોવાઇ, અમને તો લાગ્યું એમ; ન્યાય નીતીથી ઉત્તર આપો, ટળે અમારો વહેમ ॥ ૨૦ ॥ તપશ્વી કહે ઠીક પુછયું, સાંભળો સતી સુત; હું પણ કાંઇ કહું તમને તો, ન થશો આકળા ભુત. ॥૨૧॥ એમ કહીને તપશ્વી બોલ્યા કાયાને કેમ દેવિ કષ્ટી, કષ્ટી દેવાથી કાયા ભાગે, તેથી ભાગે શ્રષ્ટી ॥૨૨॥

ખાધે પીધે કાયા રહે તો, થાયે જપ તપ ધ્યાન;જ્ઞાન મેળવે કાયા હોય તો, રીઝવે શ્રી ભગવાન. ॥ ૨૩ ॥ ઇચ્છા ભોજન કરવા થકી, સાવધ રહે શરીર;તે રહેવાથી ભક્તી કરીને, જીવ ઉતરે ભવ તીર. ॥૨૪॥ શરીર ભાગ્યું તો શક્તી નાઠી, જપ તપ ધ્યાનસું ધારે; ક્ષુધા થી પીડા પડે તેથી, જીવડો ભટકાં મારે. ॥ ૨૫ ॥ ધ્યાન ન સુજે જ્ઞાન ન સુજે, મોક્ષ પછી કયાં પામે; શરીરથી સુકીત કરીને, પાતક સઘળાં વામે. ॥૨૬॥ માટે સ્વાદીષ્ટ ભોજન કરી, શરીરે સાવધ રહેવું; સાવધ રહીને સુકીત કરવાં, કષ્ટ શા સારૂ શેહેવું. ॥ ૨૭ ॥ જ્ઞાન ધ્યાન વણ કષ્ટી કરેથી, મુક્તી લખીછે શેમાં; ખરો બોધ છે તમને માહારો; ધુંચ વાશો નહી તેમાં.॥ ૨૮ ॥ વળી તમો એ અબળા દેખી, મુને માન્યો ત પશી;જાણ્યું કે આ કામ જ્વરમાં,તપશી પડયા છે લપસી. ॥૨૯॥ પણ તે વાતનો સંદેહ ભાગુ,સાંભળજો ચીત ઘાલી; જીવને કામ જ્વર જાગે તવ, બુદ્ધિ રહે નહી ઝાલી. ॥ ૩૦ ॥ જ્ઞાનમાં ધ્યાનમાં ભંગ પડેને, દો દેશ મનડું ભટકે;સ્થીર મન વીના ભક્તી ન થાયે,જ્ઞાનને ધ્યાનજ અટકે. ॥ ૩૧ ॥ માટે સુંદીર સમીપ રાખી,કામથી નીવૃત થાવું; તો શુભ વૃત્તીમાં ભંગ ન પડે, જો દ્રષ્ટાંન્ત બતાવું. ॥ ૩૨ ॥ બ્રહ્માએ રાખી વિષ્ણુએ રાખી,શીવે રાખી નારી;શું તે અજ્ઞાની હતા કે, શું અક્કલ ગઇ મારી. ॥ ૩૩ ॥ મોટા મોટા રૂશીએ રાખી,જનક વીદેહીજેહ; ઘણા જ્ઞાની પણ અબળાઓ, રાખી રહ્યાતા તેહ. ॥ ૩૪ ॥ ઇશ્વરે અબળા ઉપજાવી,તેને જે જન ત્યાગે; તો શ્રષ્ટી ભાગ્યાનું પાતક, પુરણ તેને લાગે ॥૩૫॥ કામજ્વર શાન્તી પામે તવ,અબળા કરવી ત્યાગ; તે વણ ત્યાગે તો શ્રષ્ટી ભાગે, લાગે પાપ અથાગ. ॥૩૬॥ કૈંક કહેશે કામ વસ કીધે, શું કામ નથી ટળીયા, પણ તે કેહેનારા જખ મારે છે, શું શીવથી તે બળીયા. ॥ ૩૭ ॥ માહાદેવથી નથી જીતાયો, કામજ્વર વીકારિ, તો બીજો કોણ જીતવા વાળો, લ્યો વારતા વિચારી. ॥ ૩૮ ॥ મોહોટાઇ રાખવા મુમત તાણે. જાણે મનમાં સર્વ, કબુલ કરેતો ગણાય કામી, માટે ન મુકે ગરવ. ॥ ૩૯ ॥ વળણ ॥ ગર્વ ન મુકે જાણીને સમજે મનમાં સત્ય;વ્યાસ વલ્લભ વાણી વદે, હા કહે તો જાય પત્ય. ॥

કડવું ૨ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ પરીક્ષતના બાળ;વિસ્તારી

તુજને સંભળાવું ધ્યાન દેજે ભુપાળ. ॥૧॥ મહંતા વાળો એમ કહે કે. કામદેવ નવ જીતાય;તો તેને કેહેશે તમે પણ કામી,તે દુખ કેમ ખમાય ॥૨॥પછી પોતાનિ હલકાઇ પડે,મોહોટા ન માને કોઇ,માટે કામવશછેઅ મારો,જુઠુ બોલે જાણી જોઇ ॥૩॥ મન જાણે પાપ, મા જાણે બાપ, અવર જીવ શું જાણે;હૈયાના ભોળાને ભોટ સરીખા,તે મનવશ પરમાણે. ॥૪॥ એ વાતનું મન વશ ન ગણવું,ઓરેયુધીષ્ટરરાય;નપુશક પુરૂશ કામવશ કહે,તેતો વાત મનાય. ॥૫॥ કામી દ્રષ્ટી મુળથી મુએલી, તે જન શું કામ જીત્યો; નહીતો કામ વશ કહેનાર કપટી, છાંનાં કરે વીપરિતો. ॥૬॥ કાંતો વય વૃધ થાય વપુની. તવ કામ તાગ્યો ગણવો; તે વણ મો હોટાઇ બતાવે તે, ભેળવનારો ગણવો. ॥ ૭ ॥ યોવન વયમાં ઘરબાર મુકી, થાય યોગી શન્યાશી; તેને તારૂણી ન મળે તેથી, ન જાણવો અ પવાશી. ॥ ૮ ॥ માનુની મળે નહી તોપણ, વીર્ય તો ખલીત થાય; ભોમી ભીજાવે તેથી તેને બેસે બાળ હત્યાય. ॥ ૯ ॥ મનુસમ્રતીમાં એમ કહ્યું છે, ઓરે કુન્તી તન;ત્યાગી જનને ચોપડવાળુ, માષ્ટ નદેવું ભોજન. ॥ ૧૦ ॥લુખો આહાર કરાવવો તે પણ, પેટ ભરીને નહી; પેટ ભરીને જો દઇએ તો, વીકાર પ્રગટે મહિ. ॥ ૧૧ ॥ તેવાને ખાનપાન દે તે, પાતક ભોકતા થાય; તે કરતા નારી ન તજે તો, કાંઇ ન લાગે લાય ॥ ૧૨ ॥ તપસી મુની કે યોગ સાધક, સુંદરીને તજે, કામજ્વર નિર્વંત પમાડી,સુખરૂપ કાર્ય સજે. ॥ ૧૩ ॥ માટે કદી કાળ નારા ને તજવી; તજવે ન મળે મુકતી;શીશ બ્રહ્મા વિષ્ણુ સરખાયે,કેવી ગ્રહી છે યુકતી ॥૧૪॥ ખરી વારતા કહી ખોળીને, ભગવત લીલા ભજવી; પડ પંચનુ ધનને પરદારા, અનીતી ને તજવી. ॥ ૧૫ ॥ તે વેવારને નવ તજ- વા, તજવે ત્રષ્ણા ચોટે;સત્ય રાખીને સાચપણેથા, ઘુંમવું સુંસરા સોટે ॥ ૧૬ ॥ મોહ જાળનું આ જગત બનેલું, તેમાં રેહેવું કેમ; કઠીણ બ- ત્રીસ દંતુ વિસે, જીભ્યા રહે છે જેમ. ॥ ૧૭ ॥ દંતની સાથે રમણ કરે છે, જીભલડી સુંવાળી; પણ પોતે નથી ચગદાતી, રેહે છે બહુ સંભા- ળી. ॥ ૧૮ ॥ તેવી યુક્તીથી જ્ઞાની રહે છે, અજ્ઞાની છેટો છટકે; પછી પુરણ પસ્તાય પોતે મરકટ રૂપ મન ભટકે. ॥ ૧૯ ॥ તેથી વિશેશ પા પમાં પડે, તે પાપ કદી ન છુટે; તેવાનો સંગ કરે તેનું, લેલાટ જોડે ફુટે ॥૨૦॥ મનુસ્મ્રતીમાં એજ કહ્યું છે, ત્યાગી થયો જન જેહ; પરેમદાનો પરછાયો ન લેવો, તો ઠીકમાં કાંક તેહ. ॥ ૨૧ ॥ ત્યાગી ને સંન્યાશીની શેવા કરવા કામની જાય; તેને પુરણ પાતક બેસે, યમપુરિમાં પળાય

॥ ૨૨ ॥ ભુખ્યાની પાસે રસોઇ આવે, દાઢ ન ડળકે કેમ; મોહોટા મોહોટા માહાનંત મુની, તેમનાં ચીત ચળકે. ॥ ૨૩ ॥ મનુસમતીમાં એકહ્યું છે, તે કેમ જુડું મનાય; તેમ છતાં જુઠુ માને તે, જાતે જુડો કહેવાય. ॥૨૪॥ નીતી વીવેકમાં રહીને, લેવું સંસાર સુખ; તે વાતનું કાંઇ પાતક નથી, સત્ય વદું છુ મુખ. ॥ ૨૫ ॥ આથી વીશેશ શું જાણવું છે, શુભ સતીના બાળ, વીવેકથી વ્યવહાર વઇભોગ, લેતાં નહી કાંઇ ગાળ. ॥૨૬॥ ધર્મરાજાની ધ્યાનમાં બેઠું, પુરણ ચીતડું પ્રોયું; મોઢુ ભીમે મલકાવીને, ધરમ સામું જોયું. ॥૨૭॥ દ્રુપતીનું જ્યારે હર્ણ થયું ત્યારે, મેં કહી વીવેક વાત; પણ તે ધ્યાનમાં નોહોતું આવ્યું, ઓરે માહારા ભ્રાત. ॥ ૨૮ ॥ ધર્મ કહે સત્ય વાત છે તારી, ઓરે માહરા વીર; પછી તપશ્વી એમ બોલ્યા, પધારો ગુગ્રુ ગંભીર. ॥ ૨૯ ॥ એમ કહીને આગના આપી, ઉઠયા પાંચે ભ્રાત; છકી દ્રુપતી સતીતે, ચાલી કથની સાથ. ॥૩૦॥ હરી ગુણ ગાતાં મારગ જાતાં, રૂજની પડે ત્યાં રહે; દિવસ ઉગે એટલે પાછા, પાધરે પંથે વહે. ॥ ૩૧ ॥ વનફળ કેરો આર કરે ને, સરોવરમાં પીયે પાણી; બને તેટલું રટન કરે, દુખી ન થાયે રાણી. ॥ ૩૨ ॥ વળણ. ॥ એવી રીતે જાય છે, પાંચ પુરૂશ એક નાર; વ્યાસ વલ્લભ વાણી વદે, આગળ કરૂં વીસ્તાર.

કડવું ૪ રાગ રગતાવળીની ચોપાઈ.

બોલ્યા જયમુની મુખવાણી; રાજા સાંભળ ઉલ્લટ આણી, કળીયુગ બેઠો જે વારે. ધરમે રાજ છોડયું તે વારે. ॥૧॥ કળીના મનમાં થયું એમ, હીમાળે ગયા પાન્ડવ કેમ; મને જાણ્યો નબળો ને નીચ, એમને ન ગમ્યો મારો કીચ. ॥૨॥ પણ મારા કીચમા રોળું, એતો સતીયાનું સત્ય બોળું; ત્યારે કળી કહાવું નામ, સત્ય છોડાવું જઇ તે ઠામ. ॥૩॥ મહારાઝપાટામાંથી જાય, હું તો હાર પામ્યો ગણાય; એતો કહેવાય સતીના છોરા, માહારા વારામાં શું જાય કોરા. ॥૪॥ નળરાય સરીખા બળીયા, તેવા મોહોટાને પણ મેં છળીયા; દમયંતી સરીખી સતી, જેણે એકજ કીધો પતી. ॥૫॥ તેને દુખ દીધું મેં અતી, કરી નાખી મહા માઠી ગતી; તેના કરતાં શું દ્રુપતી સતી, જેણે કીધા છે પાંચ પતી, ॥૬॥ એને ભ્રષ્ટ કરી કષ્ટ દેવું, થકવી મુજ પંથમાં લેવું; નળ સબળ ગણાતો જગમાં, પણ ઠગાયો હું ઠગમાં. ॥ ૭ ॥ પછી પાન્ડવ તો શા લેખે, જેને ઘણા પ્રાણી ઉવેખે;

મારા વારામાં આવેલા જાશે, તો તો વગોણું માહારૂં થાશે. ॥ ૮ ॥ હ-
વે કરવુ છે માહારે રાજ, કોણ કરવા દેશે ધાર્યું કાજ, હજી ઘણા દહાડા
મારે લેવા,કેમ પાન્ડવ જાવા દેવા. ॥૯॥ એમ જાણીને કળીયુગ કોપ્યો.
સત્યવાદીનીમરીયાદા લોપ્યો;જાયછે પાન્ડવજે પંથ, પાપી આવ્યોકરીને
ખંત ॥ ૧૦ ॥ એક નગ્ર બનાવ્યું વનમાં, જોઇને મોહ પ્રગટે મનમાં;
કર્યો કોટ કાંગરા ઝાજા, કર્યા ફરતા દસ દરવાજા. ॥ ૧૧ ॥ ત્યાં બેઠા
દશ દરવાન. ઉઘાડાં ખડગે મસ્તાન; કળી થઇ બેઠો ગામ રાજા,
એના તાબામાં શેવક ઝાજા. ॥ ૧૨ ॥ વળી રહી મનમાં ઘણી મઝા,
વાગે દુદભી ડંકાને વાજાં; એવું નગ્ર દીઠું સતી તન; તવ ધર્મ વધ્યા વ-
ચન. ॥ ૧૩ ॥ ચાલો ભાઇ આ ગામમાં જઇએ, અન લેઇને રાંધી ખઇ-
એ; ઘણા દહાડા અન વન ગયા, માટે અનના આતુર થયા. ॥ ૧૪ ॥
એમ વીચારી નગ્રમાંજાય;કળીનું કર્યું કયાંથી કળાય;ધામધુમને શોભા
જોઇ, સ્તબ્ધ થઈ ગયા સહુ કોઇ. ॥ ૧૫ ॥ રૂપ રંગમાં રહીયત સર્વે,
દ્રુપતી શું ધરી શકે ગર્વ;એના સરખી રામા રૂપાળી, થયા ત્રપત નગ્ર
નિહાળી. ॥ ૧૬ ॥ તવ વ્રકોદર વધ્યો વાણી, તુચ્છ દીસે દ્રુપતી રાણી;
તવ કળીએ કર્યા બે દુત;તે ગયા જ્યાં સતીના સુત. ॥ ૧૭ ॥ ભીમની
વાત સુણી તે બોલે, નથી રૂપ કોનું રાય તોલે; રાજાને નીરખ્યો તમે,
તવ જીવ તમારો ભમે. ॥૧૮॥ ઇંદ્ર ચંદ્ર તારાને ભાણુ, તેતો થાકયાં ક-
રીને વીખાણ; વીષ્ણુ સરખા વીચારમાં પડીયા,આવા રૂપાળા કોણે ઘડી
યા. ॥૧૯॥ ગૌર વરણ તેજ રૂપ ધામ, દેખી વીષ્ણુ થઇ ગયા શામ, આ-
વી વારતા થાય છે જ્યારે, કળી અશ્વે બેશી આવ્યો ત્યારે. ॥૨૦॥ અ-
તી રૂપ રૂપનો અંબાર,જોવા લાગ્યા કુન્તી કુંવાર; એવે દ્રુપતીએ જોયો
દ્રષ્ટ, સતી સમજી ગઇ સ્પષ્ટ. ॥ ૨૧ ॥ નોહ્ય મનુશ દહીત કે દેવ; કોઇ
કપટી અશ્વ મેવ; મને મોહ લગાડવા આવ્યો, એણે રૂપાળો ચેરો
બતાવ્યો. ॥ ૨૨ ॥ પતી વીના અવરજન ભ્રાત, તેતો દુષ્ટ શું જાણે વા-
ત; એનું રૂપ શું કરવું માહારે, ખાલી પીલી ખોટો મોહ ધારે. ॥ ૨૩ ॥
એમ ધારીને નીચું ઘાલ્યું, તવ કળીનું કાંઇ ન ચાલ્યું;તવ કળીએ મ-
ન વીચાર, મન ચમકયું નહી લગાર.॥ ૨૪ ॥ જો જરા મન વીભળ થા-
ય. તો પ્રવેશુ બુદ્ધી માંય; પછી કુપંથ દેવું ચડાવી,એના કંથની સાથે
લડાવી. ॥૨૫॥ એમ ધાર્યુંને થયો નીરાશ, એણે અબળાની મુકી આ-
શ; પછી પાન્ડવ ક્ષુધાતુર, ઉતર્યાં છે જોદ્ધાનાં નુર. ॥ ૨૬ ॥ એક વીટી
અરજુનની પાસ, વેચી નાંખી અનની આશ;તેવાતે ધનનું અન લીધું,

રાંધી જમવાનું મન કીધું. ॥ ૨૭॥ ગયા વાડવની ફળી માંય, એક બ્રાહ્મણ દીઠો ત્યાંય; તેને કહ્યું કે ઓ મહારાજ, અમારે રાંધિ ખાવું આજ ॥૨૮॥ તમારી માંડવી સ્વચ્છ જોઇ.તેમાં કરવા દો રસોઇ; બોલ્યો વિપ્ર અરે ઓ બાપુ; લાવો મુજ ઘરમાં રાંધિ આપુ. ॥૨૯॥ તવ પાન્ડવે શીધાં દિધાં, તેતો વિપ્રે ઉપાડી લીધાં; અન મુકી દીધું ઘરમાંય, અજામ ઉશજ રાંધ્યું ત્યાંય. ॥ ૩૦ ॥ પછી છયે જણાને જોડે, માંડવીમાં બેસાડયા કેડે;પછી ઘરમાં પીરશા થાળ,બહાર લાવી મુકયા તતકાળ ॥૩૧॥ તવ પાન્ડવ વિસ્મય થાય;આ શું વિપ્રને ત્યાં કહેવાય;ઉઠી ઉભા થયા સતી તન.કરવું નથી ભાઇ ભોજન. ॥૩૨॥ તવ વિપ્રે જઇ કર ઝાલ્યા નાણું આપ્યા વીના કયાં ચાલ્યા; કહે પાન્ડવ શીધા દીધાં, તોહે કપટનાં કામ કીધાં. ॥ ૩૩ ॥ અમે આપ્યું છે પહેલું અન. તોયે શાનુ માંગો છો મન;અમને અભક્ષા ભક્ષ મેલી, ભાણે બેસાડી કાઢયા ઠેલી. ॥ ૩૪ ॥ તોયે ગળે પડયા માહારાજ,કેહેતાં અમને આવે છે લાજ; તમે સમજીને રહો અળગા, તવ બીજા લોકો આવી વળગયા. ॥ ૩૫ ॥ કરેલું આપો નહી તો શું થાશે,વારતા રાજદરબાર જાશે;એમ લોકે કર્યો બોભાટ,ભીમ જોઇ રહ્યો એ ઘાટ. ॥૩૬॥ આતો વિપ્ર જાતીને શું કરીએ કાંઈ શીક્ષા દેતાં ડરીએ;એવે કળીરાય જાણી જોઇ,આવ્યોલાવ્યો હુતો અહુ કોઇ. ॥૩૭ ॥ ઘેર્યા પાન્ડવને એકાએક, કર્યા હુંકારા ટુંકારા છેક આવ્યા ગામમાં કરવા તોફાન, માર ખાશોને થાશો હેરાન ॥ ૩૮ ॥તવ પાન્ડવ બોલ્યા એમ,રાય અન્યા કરોછો કેમ; વેચાતું અન લાવી દીધુ પછી બ્રાહ્મણે કપટ કીધું,॥૩૯॥ માઉંશ આર લાવી મુકયો અમને, કહી શું દેખાડીએ તમને;તેથી કર્યું નહી ભોજન,મુકીને જઈએ છીએ અન ॥૪૦॥ વળણ.॥ અન મુકી જઈએ અમે,ઓરે નગ્રના રાય, વ્યાસવલ્લભ વાણી વદે રાય કરે છે ન્યાય. ॥

કડવું ૫ રાગ ધન્યાસરીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું,કળીયુગ કેરી કથાય.॥૧॥કળીરાજા ન્યાય કરવા,વિપ્રને પુછયું એમ, તુને અન આપ્યું છે છતાં, વીશેષ વળગે કેમ. ॥ ૨ ॥ એટલે વાડવ એમબોલ્યો,સુણો હકીકતરાય;માહારી બીના સાંભળીને પછી કરજો ન્યાય. ॥ ૩ ॥ અનનું અજામાંઉંશ બનાવી, રસોઇ સારી

કીધી;ન ખાધું તો નસીબ એમનુ,મેહેનત નથી દિધી. ॥૪॥ રસોઇની કું મેહેનત માગુ, વળી વાસણનું ભાડુ;વિશ્રામ કીધો તેનું પણ માગુ, હામાં શું છે મારૂ આગુ. ॥૫॥ તવ કળી રાજા એમ બોલ્યો, વીપ્ર તણી ન્યાય વાત; માગે તે આપો નહી તો તમારા બંધન કરશું હાથ. ॥ ૬ ॥ વ્રકોદર કહે ઓરે રાજા, વીપ્ર મરેછે મથી;વપુનેવસ્ત્ર વીના બીજુ, અ મારી પાસે નથી. ॥૭॥ રાંધેલું રહેવા દીધુ એને ત્યાં, તે ભાડુ માની લે ભારી;કળી કહે કાંઇ હોય નહીતો, આપો તમારી નારી, ॥ ૮ ॥ ભીમ કહે ઓ દુષ્ટ મતીના, એ શું બોલ્યો વાણી; તારી સાથે વારતા કીધી, ન્યાય ભરેલો જાણી. ॥૯ ॥ જેવો રાજા તેવી પ્રજા,અધરમી દીસે ગામ, કળી કહે સત્ય ધરમી છોતો,હાંઇ આવ્યા શું કામ॥૧૦॥ કોના કો પણ કોકની નારી,લાવ્યા છો વેચી ખાવા,ચાલોરેદુતો કેદકરી દો, અબાળને છોડવા, ॥૧૧॥ એટલે ઉછળ્યા દુત કળીના, કર બાંધવ કરી ત્યારી; એડલે કળી કળ ઝાલીને ખેચોટવા ગયો નારી. ॥૧૨॥ તેવી વ્રકોદરની આંખ ફાટી.પુરણ પ્રગટયો કોપ, તેવીજ કળીએ માયા કરેલી, તે કરી નાંખી લોપ ॥૧૩॥ જોઇને પાન્ડવ વિસ્મય પામ્યા,કાંક માયાવિ કામ, આ ભોમી કયાં આપણ આવ્યા, જઇએ બીજે ઠામ. ॥૧૪॥ એવું ધારીને ધશી ચાલ્યા,અવર પંથે;જાય;આગળ મારગમાં ગયો કળી, તેણે કર્યો ઉપાય. ॥ ૧૫ ॥ વન વીશે એક ઝુંપડી કીધી, પાણીની પરવ કાહાડી, આવતા જતા મુસાફર માટે, બેઠો સદાવ્રત માંડી. ॥ ૧૬ ॥ પાન્ડવ વનમાં વાટ વહે છે, ક્ષુધાને તરશા પીડે;શરીરમાં શકતીવિનાના, ડોલતા ડોલતા હીડે.॥૧૭॥એવામાં ત્યાં કુપ દીઠો;પરણકુટીકાપાસ, ધર્માદાનું અન મળે ત્યાં, ભીક્ષુકને એ આશ, ॥ ૧૮ ॥ પાન્ડવ ત્યાં જઇને બીરાજ્યા,કળી બેઠો જળ પાવા;આવો મુસાફર અનાજ મળશે,ન લાગશો ગભરાવા. ॥૧૯॥ ધરમ કહે છે ધરમાદાનું,અમે ન પીયે પાણી કુપમાંથી જળ કાઢીને પીશુ. પાત્ર દો દયા આણી ॥ ૨૦ ॥કળીયે કહ્યું એ કુપ વિસે,ઉતરોતો ઉતરાશે;પણ નર નારી સાથે ન જાવું, જાશોતો વિઘન થાશે. ॥ ૨૧ ॥ પ્રથમ પુરૂશો પાણી પીઓ. પછીથી જાશે નારિ, તવાભીમ મનમાં એમ સમજ્યો છે,કોઈ પાપી વિકારી, ॥૨૨॥ વિકારી જાણી વ્રકોદરે કહ્યું, નારી પીયે જળ પહેલું; અમથી શરીર અબળા કેરૂં, કષ્ટીથી કથલ્યું વેહેલું. ॥ ૨૩ ॥ માટે જા જુવતી જળ પીવા દ્રુપતી ઉઠી ત્યારે; કુપ વિશે ઉતરવા લાગી, ગઇ અડધે સુમારે. ॥૨૪॥ કળીયે કુપમાં ગુફા બનાવી, સુંદર શોભા સારી; બ્રહ્મા વિષ્ણુ શીવ

સરીખા, માહા મોહ પામે ભારી. ॥ ૨૫ ॥ હીંચોળા ખાટચો ઢાળી ચોપાટચો, અત્તર ફુલેલ સોડે;સતી નારી થાય વીકારી, કામ કરેલું કોડે. ॥ ૨૬ ॥ દેવ રૂપે થંઇ કળી બેઠેલો, ધ્રુપતીએ દીઠો દ્રષ્ટ; જાણ્યું કે છે કોક દેવનો વાસો, એવું સમજી સ્પષ્ટ. ॥ ૨૭ ॥ દરસન કરીયે પાપ નીસ્તરીએ,અબળાએ ધાર્યું મનમાં;શાસ્ત્ર રીતીથી ન્યાય નીતીનો, તોલ કર્યો વળી તનમાં. ॥ ૨૮ ॥ જો હોય કપટ તો થાઉં દુખી, માટે જવું નહી સારૂ; એમ સમજી ઉભી રહી અબળા, કળીયે કર્યું અંધારૂ. ॥૨૯॥ ભયંકર કુપ ભાસવા માંડયો, ગોરી ઘણી ગભરાણી, તે સમે ગુફામાં કપટી કળીએ, તારૂણી લીધી તાણી. ॥ ૩૦ ॥ ગુફામાં પ્રકાશ કુપમાં તિમીર, કપટ કીધું પાપી, એકાએક અબળા ગભરાણી, નોહોતું દીઠું કદાપી. ॥ ૩૧ ॥ જાણ્યું સ્થાનક દેવનું નોહોયે, કપટી કળી કોઇ પુરો, અરે આ વેળા કયાં ગયો. ભીમશેન સ્વામી સુરો. ॥ ૩૨ ॥ આ કુકરમી ઘેરી બેઠો, સતીને પ્રગટયો કોપ; કળીએ જાણ્યું શ્રાપ દેશે, પોતે થયો અલોપ. ॥ ૩૩ ॥ પાન્ડવ કુપની બાહાર બેઠા છે, ત્યાં કળીએ ખેલ કીધો, એકજ અબળાને એક રાક્ષસ, પોતે બનાવી દીધો. ॥ ૩૪ ॥ તે રાક્ષસની ખાંધે અબળા, ધ્રુપતી સરખું રૂપ; તેને લૈને બહાર નીકળીયો જ્યાંથી બનાવટ કુપ. ॥ ૩૫ ॥ તે કુપમાંથી નીકળી નાઠો. કરત્રીમ રાક્ષસ જેહ; તવ પાન્ડવે નજરે જોયો, રાક્ષસ જાતો તેહ. ॥ ૩૬ ॥ એવામાં ધ્રુપતી સ્વરૂપે,બોલી કરત્રીમનારી;ભીમશેનસ્વામી વાહારે ધાજો, ભુંડી ગતી થઇ માહારી.॥૩૭॥ ધરમ પ્રત્યે ભીમ બોલ્યો,કુપમાં ગઇતીનારી, જુઓ તેને હરીને ચાલ્યો, રાક્ષસ વ્યભીચારી. ॥ ૩૮ ॥ એટલે ધરમ રાજા બોલ્યા, ઉંડો માહરા ભ્રાત; અબળાને છોડાવી લાવો, અતી થયો ઉતપાત. ॥ ૩૯ ॥ વળણ, ॥ ઉતપાત આતો બહુ થયો, દોડો મારા વિર; વ્યાસ વલ્લભ વાણી વદે, તવ ઉઠયો રણધીર.

કડવુ ૬ રાગ સાખીની ઢબનો.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણુ જનમેજે રાય;વીસ્તારી તુજને સંભળાવું, કળીની કષ્ટ કથાય. ॥ ૧ ॥ વીર વ્રકોદર ઉઠીને નાઠો રાક્ષસ પુંઠે જોય;તેમ તેમ રાક્ષસ આગળ નાસે, ભીમને ભેગો ન થાય. ॥ ૨ ॥ એવિ રીતે દોડયો દોડયો, ગયો એક જોજન; એવે સમે લગભગ થયો; વાયુ કેરો તન. ॥ ૩ ॥ કોટમાં ચોટ કરી ભીમશેને, દુષ્ટે કાળાગ-

રી કીધી, કરત્રીમ કામની ખાંધ ઉપર તે, અવની નાંખી દીધી. ॥ ૪ ॥ પછી ભીમના સામો થઇને, કોપ કળીએ કીધો; વૃક્ષ સાથે વકોદરને, બળથી બાંધી લીધો. ॥ ૫ ॥ પછી પોતે અદર્શ થયોને, અદર્શ કીધિ નારી; ભીમ વડા વીચારમાં પડીયો, આ કોઇ માયાવિ ભારી. ॥ ૬ ॥ નહી પંચાળી નહી કો રાક્ષસ, નહી કોઇ મનુશ દેવ; ખરેખરો માયાવી મોહોટો, અલોપ થયો એવ. ॥ ૭ ॥ એમ વડા વીચારમાં પડીયો, થયો અતી ઉદાશ; અરેરે માહારા બંધુ કયાં, કરશે માહારો તપાસ. ॥ ૮ ॥ એમ એતો ટળવળ્યા કરે છે, જ્યાં બેઠા ચાર ભ્રાત; ત્યાં કળી આવ્યો વીપ્ર રૂપે, કહી અરજુનને વાત.॥૯॥ આ ભાઇ હું આ પંથથી આવ્યો, ત્યાં મેં જોયું તોફાન; એક અબળાને લેઇને કોઇ, વહી ચાલ્યો મસ્તાન ॥ ૧૦ ॥ તેની પુંઠે કોઇ હલમસ્ત પ્રાણી, જતો તો દોટા દોટે; અબળા હરનાર વળગી પડીયો, પુંઠે પડેલાની કોટે. ॥૧૧॥ અવળા ભુજે વૃક્ષની સાથે, બંધન કીધો બળીયો; અબળા હરનાર પાપી પ્રાણી, નારી લેઈ પંથ પળીયો. ॥૧૨॥ બાંધ્યો છે બળમાં કેવી કળમાં, કોનો છોડયો નવ છુટે; પોતાને બળે છુટાતું નથી, વૃક્ષમાં માંથા કુટે. ॥૧૩॥ રાઢયો નાંખી નાંખી રડેછે, કેહે છે નીસાશા મેલી; અરેરે આવી વિપતવેળા, બંધવ ન થયા બેલી. ॥૧૪॥ સર્વની સહીઆરી અબળાછે, પણ પક્ષ ન કરી કોઇ; અનજળ વણ સુકાઇ જવાનો, બાંધેલો રોઇ રોઈ. ॥ ૧૫ ॥ એવાં ત્રાસનાં વેણ વદે છે, ઉપજી મુજને દયા; મને પણ એવું લાગ્યું કે, બંધુઓ નગણા થયા. ॥ ૧૬ ॥ જોએ તમારો બંધુ હોય તો, ચઢો એની વાહારે; ભુખ્યો ને તરસ્યો બંધાએલો, રડીને રડીને પોકારે. ॥૧૭॥ એવાં ત્રાસ ભર્યાં વેણ સુણી; ઉઠયા ચારે વિર, સુંણીને બંધુ બે થયાં દુખી, ચાલ્યા પાંસરા તીર. ॥ ૧૮ ॥ વનને વિશે દોડતા જુએ, કરે ભાઇને પોકાર; કયાં છો બંધુ કયાં છો બંધુ, વાયુ તણા કુમાર. ॥૧૯॥ એવી રીતે ટળવળેને, કરે સોર બકોર; તવ કળિએ વા વ ટોળકીધો, થયું અંધારૂ ઘોર. ॥૨૦॥ રેણુ ઉરાડી તોફાન માંડી; ગભરાવ્યા સતી સુત; દીશા ન સુજે કાયા ધુજે, બનીયા આકળા ભુત. ॥૨૧॥ ભાઇ તણું દુખ ભુલી ગયાને, પોતાને દુખે દુલ્યા; જે દીશાએ ભીમ ગયેલો, તે દીશા એ ભુલ્યા. ॥૨૨॥ અવળ પંથે ચારે પડીયા, મોહોટા અઘોર :વનમાં; નારીનો વિયોગ સાલે, તનખા ઉડયા તનમાં. ॥ ૨૩ ॥ એવે સમે અરજુનજી બોલ્યો, એકજ પંથ ન ઝાલો; ભીમને ભેગા થાવું હોય તો. છુટા છુટા ચાલો. ॥ ૨૪ ॥ પા પા જોજન છેટે રહીએ, તો તો ભાળજ લાગે; એ

વારતા સહુને સત્ય લાગી; ચાલ્યા આઘે આઘે. ॥ ૨૫ ॥ એમજ છુટાં છએ પડીયાં, કનડે કળયુગ પાપી; ધ્રુપતી છે કુપ વીશે, એને વેદના વ્યાપી. ॥ ૨૬ ॥ કુપ વીશે ગુફામાં ઉભેલી, જડે નહી કોઇ પંથ, વેદના જાગી રડવા લાગી; કયાંરે ગયા મુજ કંથ. ॥ ૨૭ ॥ વળણ ॥ કયાંરે ગયા કંથ માહારા, કપટીનો છે કેહેર; વ્યાસ વલ્લભ વાણી વદે, રડે અબળા દુખ ભેર.

કડવું ૭ રાગ કાફીની ચાલ.

હાંરે બોલ્યા જયમુની મુખવાણી, રડે કુપ ધ્રુપતી રાણી; હાંરે હું તો આવી પીવાને પાણી, તવ તરકટીએ લીધી તાણી. ॥૧॥ હાંરેમુઠીગુફામાં ગયો નાશી, કરી કપટીએ આ ફંદ ફાંશી; હાંરે હવે નીકળવાનોજે પંથ, નથી જડતો એ માહારા કંથ. ॥૩॥ હાંરે જુઓ છે અંધારૂં ઘોર, સુણો હું પ્રેમદાનો સોર; હાંરે સ્વામી સુણીને વાહારે ધાવો, દુખી દારાને દુખથી બચાવો. ॥૩॥ હાંરે શીદ શત્રુ થયા જગભુપ, કષ્ટ દેવા દીધું મને રૂપ; હાંરે જ્યાં જ્યાં જાવું ત્યાં દુખી થાવું, જોડે પરણ્યા પતીને પીડાવું. ॥૪॥ હાંરે મહારે માટ થયા કંથ દુખી, કદી બેઠા નહીં થઇ સુખી; હાંરે રહ્યા નહી દુખમાંથી થોભી, કેમકે કામી રૂપના લોભી. ॥ ૫॥ હાંરે કામી જન મુજને જ્યાંત્યાં નડીયા, મમ સ્વામીને દુખહન પડીયા; હાંરે વણું કષ્ટ વેઠયું મુજ માટે, માહારૂં સત્ય રાખ્યું શીર સાટે. ॥ ૬ ॥ હાંરે આખો ભવ મને ઉગારી, છેવટ એનુંએ થયું મોરારી; હાંરે પ્રભુ તમ વિના નથી બેલી, છેવટ દુખ દરીઆમાં મેલી. ॥ ૭ ॥ હાંરે વારમવાર ચઢયા છો વાહારે; દાશીને દુભી છે તમે કયારે, હાંરે આજ લાજ જવાની સ્વામી, તારી શેવામાં શું આવી ખામી ॥૮॥ હાંરે પ્રભુ શું સમરણ તારૂ ચુકી, મને દુખ દરીઆમાં મુકી; હાંરે મેલ્યો વૈભોગ તુજને મળવા, છેવટ નીકળ્યા હીમાળે ગળવા. ॥૯॥ હાંરે જ્યાંત્યાં થાય બધે, ઉપાધી પ્રગટે વણુવ્યાધીએવ્યાધી; હારેજીવતાંસુધીઆવ્યોનહીછેડો, કામી લોકો એ મુકયો ન કેડો ॥૧૦॥ હાંરે પ્રભુ તેનો ઉપાયશું કરીએ, હવેડુબીગયાં દુખ દરીએ, હાંરે પ્રભુ બુડતાની બાંહ ઝાલો, વણ ગુન્હે ગરદન શીદ ઘાલો. ॥૧૧॥ હાંરે કદી થયો હોય અપરાધ માહારો, તોએ દાસોનાં દુખ નીવારો; હાંરે સુણો અરજ ગરીબની ગોવીંદા, કહાડો કોટ માંથી ફાંસી ફંદા. ॥ ૧૨ ॥ હાંરે પ્રભુ તમ વણ સમરથ કીયો, આ વેળા મુને

આધાર દીયો;હાંરે એમ તારૂણી ટળવળતી,ખરી આંતરડી કળકળતી ॥ ૧૩ ॥ વળણ. ॥ આંતરડી કકળી ઘણી, આંસુ વહે ચોધાર, વ્યાસ વલ્લભ વાણી વદે, એકલી ગુફમાં નાર. ॥ ૨૦ ॥

કડવું ૮ રાગ સામગ્રીનો દોહરો.

જયમુની ફરી એણીપેર બોલ્યા સુણ જનમેજે રાયજી; વીસ્તારી તુજને સંભળાવુ., પરમ પવાત્ર કથાયજી. ॥૧॥ ધ્રુપતી એકલી રડેચોધારે, દીઠો છે કષ્ટનો કુપજી; એવે ગુફામાં પ્રગટ થયો,કળયુગ રાજ સ્વરૂપજી. ॥ ૨ ॥ આવી હીંચોળા ખાટ બેઠો, જોયું નારીના સામુ જી; ઓરે અબળા શીદ રડે છે, અહાં નહીં દુખ તું પામુંજી. ॥ ૩ ॥ બેસો હીંચોળે દાશી વા ઢોળે, મોંને પુછીને જમોજી, પેહેરો ઓઢાને વૈભોગ ભોગવો. અમ સાથે રંગ રમોજી. ॥ ૪ ॥ પાંચ પતીની પંચાળી તું. નહી કાંઇ ધણી એકજી; જો તારે રણમાં પડે રખડવું. દુખનો દરીયો છેકજી. ॥૫॥ જો પાંચ પતી નથી બેલી તારા, મુકીને ગયા ચાલીજી; નહી ખાવા પીવા પેહેરવા ઓઢવા, ભટકી મરે છે ખાલીજી. ॥ ૬ ॥ એમને પાલે પડી શું સુખ દીઠુ, બાર વરસ વન વેઠયુંજી;તેરમે વરસે વૈરાટ નગ્રમાં,દુખનું વસ્ત્ર લપેટયુજી. ॥૭॥ તે દુખમાંથી નીકળી ચાલ્યાં, તોપણ રાજ ન મળીયુંજી;કુટુંબ કબીલોને પોતાના પુત્રો, તેવિગેરે દળ દળીયુંજી. ॥ ૮ ॥ જો તારા પાંચ પુત્રો મુઆ. કે વાણી વંઝા નારીજી, નીરભાગી પતીના સંગે કરીને; કષ્ટ પામી માહા ભારિજી. ॥૯॥ વળી જંપીને બેસવા વેળા, આવી પહોંચી જ્યારેજી; નહી સુખ લીધુંને હીમાળે ગળવા, નીકળી પડીયા ત્યારેજી. ॥ ૧૦ ॥ એવા કરમ હીન કંથોના સંગે, તું કષ્ટ વેઠે શાનેજી; હું વશ રહીને વઇભવ આપુ. જેમ તારૂ મન માનેજી, ॥ ૧૧ ॥ મનુષ દેહ નહી આવે ફરીને, લેના સંસારીક લાહાવોજી;પશુ પક્ષીમાં કયાં છે લાહાવો,સમજી હીંદોળે આવોજી. ॥ ૧૨ ॥ માહારે તમારા વશમાં રહેવું, જેમ કહો તેમ ચાલુજી;બોલ્યું અબોલ્યુ ન કરૂં તમારૂં,જે માગો તે આલુજી ॥ ૧૩ ॥ બેશ કહો તો બેશી રહુને,ઉઠ કહો તો ઉઠુંજી;નાચ નચાવો તો થેઇથેઇ નાચું, જરા ન જાણશો જુઠુજી. ॥ ૧૪ ॥ સેવક સમ સદા રહુ તાબામાં, બેસોને સુખડું પામીજી, જુઓ જોબન મુજ રંગને રૂપમાં,બતાવો મુજમાં ખામીજી. ॥ ૫ ॥ તવ ધ્રુપતી રોતી રહીને, આંસુ લુછયા લોચન

જી, તવ કળીએ જાણ્યું રોતી રહી તે, કાંઈક માન્યું મનજી. ॥ ૧૬
એવું જાણીને કર ઝાલવાને, ઉઠયો તેણીવારજી; પંચાળીએ કહ્યું બેશ
ઠેકાણે, મુરખના સરદારજી; ॥ ૧૭ ॥ કળી કહે છે જે કેહેશો તે, સાક
સમ વેણ લાગેજી; ગાળ દેશો તે ગોળ સરખી, કાળજડે નહી વાગેજી
॥ ૧૮ ॥ તમે બોલોછો તે પુસ્પ ગરે છે, ધન્ય ઘડી આજ માહારેજી
કામીને કાંઈ લાજ ન હોયે,બોલી સતી મુખ ત્યારેજી. ॥ ૧૯ ॥ ઓ
મુરખ જન એ શું બોલ્યો, ઓળખતો નથી અબળાજી;ઉંચી દ્રષ્ટીર્થે
જોનારા બુડયા, પુરૂષ સબળા સબળાજી. ॥ ૨૦ ॥ પરદારા છે ડુંગ
દુખનો, સુખનો સાગર જે ધારેજી; તેટલા પ્રાણી રવડીને મુઆ, કથ
પુરાણ પોકારેજી. ॥૨૧॥ સમજ સમજરે અજ્ઞાની જીવડા. શું રૂપ રં
ગે મોહયોજી; રાવણ સરખા ખવાર થયાને, ઘરબાર પરીવાર ખોયો-
જી ॥૨૨॥ વઇરાટમાં જોને કૈચા કચકે, કુ દ્રષ્ટ કરી જ્યાંયેજી; નીશા-
ળ વિશે પાશાણ નીચે, કચરાઇ મુઓ ત્યારેજી ॥ ૨૩ ॥ જેણે એ કૃત્ય
કીધાં તેણે સ્વપને ન દીઠું સુખજી; પરાણે પરદારા લેતાં, થઇ ગયાશા
મ મુખજી ॥૨૪॥ પતીને કષ્ટે કષ્ટજ ભોગવે, તેને જાણવી નારીજી;
પ્રેમદા પોતાનું સુખ ચાહે તો, નરક ભોગવે ભારીજી. ॥ ૨૫ ॥મનુશા
દેહનો લાહાવો મુજને, લેવરાવ્યો છે મુજ કંથજી.;મીથ્યા માયામાંથી
મનડું ઉઠાડી દેખાડયો મોક્ષનો પંથજી ॥ ૨૬ ॥ જેથી તરવું ન અવ-
તરવું,કરવું,એવુંએવું કામજી,એ સ્વામી સમાનઅવર નથી,જેનેપ્રસ
નશ્રી રામજી. ॥૨૭॥ દરબાર રાજપાટ રીદ્ધી તેમાં; સર્વનું મન ભમેજી;
તેવી મોહમાયા છોડી છટકવું, શ્રષ્ટીમાં કોને ન ગમેજી. ॥ ૨૮ ॥ જ્ઞાન
વિનાના અજ્ઞાની જીવને, વાહાલો લાગે સંસારજી; તેવા જીવ સદા શ્ર
ષ્ટીમાં ભમે, ન ઉતરે ભવ પારજી. ॥૨૯॥ રૂપાળી કાયાનો મોહ કરી-
ને,વશ થાય છે જન જેહજી;જેવું અન્નનું નર્ક બને છે,તેવો જીવ બને
તેહજી.॥૪૦॥ ખાવાના પદારથો કેવાં સારાં,કેવી સારી તેની બાશજી;
તેવું અમુલ્ય અન જાય ઉદરમાં, થાય છે મળસંગ વાસજી ॥ ૩૧ ॥
એટલે એનું સ્વરૂપ બદલાઈ, દુરગંધ વાળું થાયજી; એ રીતે કાયાનો
મોહ રાખે છે, તેનું સ્વરૂપ ભદલાયજી. ॥૩૨ ॥ માટે મોહ માહરો મુકી
દેઇને,લે નર હરીનું નામજી;એત્રણ શ્રષ્ટીમાં કષ્ટી સમજીનેકર પરમા
રથ કામજી. ॥૩૩॥ તવ કળીએ રક્ત લોચનથી, કીધો મુખ અવાજ-
જી,સમજી જા નહિતો બળાતકારથી લેઇશ તારી લાજજી. ॥૩૪॥ એ-
મ કહી કરઝાલવા ઉઠયો, જણાવ્યો તારૂણીપર તાપજી; સતીકહે રડયા

આઘો રેહેજે, નહીતો દેઇશ શ્રાપજી. ॥ ૩૫ ॥ વળણ. ॥ શ્રાપ દેઇ-શ હું તુંજને, એવું બોલી નાર, વ્યાસ વલ્લભ વાણી વદે, આગળ કરૂં વિસ્તાર. ॥

કડવુ ૯ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, કળીની કથાય. ॥ ૧ ॥ જાણ્યું કે મુજને શ્રાપજ દેશે,કામનીને થયો કોપ;એવું સમજી કપટી કળી,ત્યાંથી થયો અલોપ ॥ ૨ ॥ પાછો બારણે જઇને બેઠો, સદાવરત દેવા; ભીમસેનને સોધવા ચાર બંધુ,બાવરા બનીયા કેવા.॥૩॥ ઓ ભાઇ ઓ ભાઇ કરતા કરતા, છુટે છુટા જાય; એવામાં ધરમને શેદેવ, વનમાં ભેગા થાય. ॥૪ ॥ યુધી ષ્ટર કહે ઓરે વિરા; ભીમ દુખ દરીએ ડુલ્યો, મને લાગે છે મારી નાં ખેલો, જરૂર રણમાં ઝુલ્યો. ॥ ૧ ॥ અરેરે અબળા કયાં રહી, કયાં વૃ-કોદર વિર; પારથ નીકુળ કયાં રખડશે, કેમ કરી રહે ધિર. ॥ ૬ ॥ અરેરે રાંકડી અબળાને, અસુરશું દુખ દેશે, માહા સત્ય વાળી સતી છે તે, દંતુમાં જીભ્યા લેશે. ॥૭॥ નીશ્ચે એ આપઘાત કરસે, મરશે પરાણે પો-તે; ગમે તેમ ઘેરાઇ ગયેલો, ભીડનો ભીડ હતો તે. ॥૮॥ નહીતો નારી લેઇને પોતે, આવી મળ્યો હોય હાંઈ. આપણા દુખે થાય દુખી, એવો બીજો કોણ ભાઇ. ॥ ૯ ॥ એવામાં નીકુળને ધનંજે આવી પોહોચ્યા ત્યાંય; ઓરે બંધુ વિર વૃકોદર, દેખાતા નથી કયાંય. ॥ ૧૦ ॥ અરેરે હવે જીવી શુ કરાંએ. મરીએ તો બહુ સારૂં; સતી સુંદરીની શું ગતી, છેક વળ્યુ અંધારૂ. ॥ ૧૧ ॥ એમ કહી અરજુન નીકુળ, રડવા લાગ્યા અપાર,ઓ ભીમ ભાઈ ઓ ભીમભાઇ,કરે ઘણા પોકાર.॥૧૨॥ મા બા-પે વનમાં જન્મ દીધો, નગ્રમાં એ ભાઈ લાવ્યો,પ્રેત તણી હવેલીમાંથી, સહુનો જીવ બચાવ્યો. ॥૧૩॥ અરજુન આંબલી પીપળી રમવા, કઉ-રવ સંઘ સંધાર્યો; નારાં પડયા તેવો માર પડતો, ત્યાંથી ભીમે ઉગાર્યો. ॥ ૧૪ ॥ લાખા ભુવનથી સહુને ઉગાર્યા, હેડંબા સુર હરી ગયો; ત્યાં આવીને એણે બચાવ્યાં, ઘણોક દુખી થયો. ॥ ૧૫ ॥ તે પછી લઇ ગ-યા કબીરા, આપણને મધરાતે; તે પાપીને વાવ્યમાં નાંખી, ઉગાર્યા એ ભ્રાતે. ॥ ૧૬ ॥ અવર જીવો ઘણા ઉગાર્યા, કહેતાં ન આવે પાર; ભીડ-વેળાનો ભાઇ એતો, સુરાનો સરદાર ॥ ૧૭ ॥ એમ કહીને આક્રંદ કર-

તા, ભરતા આંસુ અતીશે; અરેરે આ કેમ થવાનું, શું ધાર્યું જગદીશે ॥ ૧૮ ॥ એવું એવું સંભાળીને, રડે હૈયાફાટ; તે વેળાએ ધરમ રાયે. મુકયો કર લેલાટ. ॥૧૯॥ પછી અતીશે અકળાઇને, મરવું આદર્યું પોતે; શેદેવ પ્રત્યે કહેવા લાગ્યા, ધરમ રોતે રોતે. ॥ ૨૦ ॥ ઓ વીરા તું ત્રીકાળ જ્ઞાની, તુને રહે કેમ ધીર, સાચુ કેહેજે કયાં આગળ છે, વ્હાલો વ્રકોદર વિર. ॥ ૨૧ ॥ બતાવો બંધુ કૃપા સીધું, સોધન કરવા જૈએ, તવ જોશી કહે ચાલો બતાવું;પુરવ દીશાએ વહીએ. ॥ ૨૨ ॥ એમ કહ્યું તવ સરવે ઉઠયા, પુરવ દીશાએ જાય,વૃક્ષ સાથે વરકોદરતો,બંધન છે માહાકાય. ॥ ૨૩ ॥ ઉભો ઉભો એ રડયા કરે છે, બંધનને સંભારી; કેવી રીતે આક્રંદ કરતો, ડુબેલો દુખમાં ભારી. ॥ ૨૪ ॥ વળણ. ॥ ભારે દુખમાં દુલીયો, વાયુ કેરો તન; વ્યાસ વદે ભીમશેનતો, કેવાં કાઢે વચન. ॥

કડવું ૧૦ ગદધારણનો રાગ.

માહારા બાણાવળા નર વીરરે, વ્હારે ધાવો મને ચાલે છે નેત્રમાં નીરરે, વ્હારે ધાવો. નથી રેહેતી રૂદેમાં ધીરરે,વ્હાર ધાવો. ઘણું શોસાય છે શરીરરે. વ્હારે ધાવો. દ્રોણના શીશ્ય ગુણ ગંભીરરે, વ્હારે ધાવો ॥ટેક.॥ દ્રુપતી સેતી સારૂ ધાઇને દોડયો,બંધન થનો બળવાનરે; આજ અસુર માહારા માંથાનો મળીયો; કરી ગયો હેરાનરે. વ્હારે. ॥૧॥ કસી કશીને માહારી કાયારે બાંધી, નાઠો નારીને લેઈરે; પંચાળી પોતાનો પ્રાણ તજવાની, જીભ્યા ઉપર દંત દેઈરે. ॥ વ્હારે ॥ ૨ ॥ પંપા સરોવર ગાન્ધર્વ. મળીયો, જળ ભરતાં ડરાવ્યો મુનેરે; ધશી દોડીને હું નાશી આવ્યો, બનેલી બીના કહી તુનેરે. વ્હારે. ॥ ૩ ॥ તવ તમે આવી અંગારક બાંધ્યો, ધનુષ ધનંજય લીધુરે; અક્ષે ભાથોને અભંગ રથ મળીયો; પ્રથમ પ્રાક્રમ એ કીધુરે;. ॥ વ્હારે. ॥ ૪ ॥ દ્રવિત વનમાં જેદ્રથ આવ્યો, કીધુ સતી તણુ હરણરે, તેને છોડાવવા હું પુંઠે પડીયો, તવ બંધાયા ભુજ ચરણરે. ॥ વ્હારે. ॥૫॥ તે તકે તમે અતી બળ દાખ્યું, મુજ ભુજ છોડાયા બે વારરે; પાછો જેદ્રથને બંધન બધો,ત્યારે છુટી એ નારરે. ॥ વ્હારે ॥૬॥ એવા તમે ભીડ વેળાના ભાઈ, કીંધન બંધુ છોડાવોરે; અબળા અસુરને હાથ ગયેલી, તેમાં તમે જીવ જોડાવોરે. ॥વ્હારે ॥ ૭ ॥ કર ચપશેલા ચુસાય માહારારે ક્ષુધા અતીસે

પીડેરે; અટવાઇ અમુઝાઇ રડુ ચોધારરે,ઝટ આવો ભાઇની ભીડેરે.॥ વ્હારે ॥૮॥ થાઉ છું દુખી નથી જરા સુખી,ડોક દુખી વાટ જોઇરે;હવે હીંમત હૈયાતણી ભાગી, નેત્ર ફુલ્યા રોઇ રોઇરે. ॥૯॥ અઘોર વનમાં હું છું એક લડો, નથી વાતનો વીસરામરે; રજની પડશે તવ કેમ થાશે,ઉભા કેમ જાશે જામરે. ॥ વ્હારે ॥૧૦॥વળણ ॥ કેમ જવાની જામની, રડશું હૈયા ફાટ; વ્યાસ વલ્લભ વાણી વદે, જુએ બંધુની વાટ. ॥

કડવું ૧૧ રાગ સાખી ચાલ.

જયમુનિ રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજેરાય; વીસ્તારી તુજને સંભળાવું,પર્મપવિત્ર કથાય. ॥૧॥ ભીમશેન એકલો ટળવળે છે, બંધુ બંધુ ઓચરતો;અઘોર વનમાં ગભરાએલો, આક્રંદ ઝાઝુ કરતો. ॥ ૨ ॥ એવે સમે ચારે ભાઇ, ભીમને સોધતા જાય;સેદેવજીના કેહેવા પ્રમાણે, વનને પંથે પળાય. ॥૩॥ ભીમશેન ભીમશેન કેહેતા કેહેતા, જાય સતી સંતાન; ભીમસેન પોકારે ભાઇઓને, તે સ્વાલ પડયો કાન. ॥૪॥ તવ ચારે જણ દોડી આવ્યા,બોલતા બોલતા આપ; વરકોદરે દુરથી દીઠા,ટળીયો તનનો તાપ. ॥૫॥ અરજુનજી કહે ગભરાસોમાં, ધારણ રહી મન સાથ;વૃક્ષના સરશો બાંધેલો તે,છોડી નાંખ્યા હાથ. ॥ ૬ ॥ વળતો વાયુ નંદન વદયો,અબળાની વાહારે ધૈયે;શેદેવ જોશી કયાં હશે જુવતી,બતાવો ત્યાં જૈયે. ॥૭॥ આ કામ કરનારો કોણ હશે, સર્વ કહો વીસ્તારી; ત્રીકાળ જ્ઞાની છો માહાજોશી, કોણે પીડા કરી ભારી ॥ ૮ ॥ એટલે શેદેવજી એમ બોલ્યા,ઓરે માહારા ભ્રાત;તમે મને પુછયું ત્યારે હુ કહુ માંડીને વાત. ॥ ૯ ॥ નથી રાક્ષસ નથી જમડા,કોઇ નથી પડયુ લપટી અસુરી નગરી હણ્યા પછી,કેડે પડયો કળી કપટી. ॥૧૦॥ તેણે વીચીત્ર લીલા બતાવી;લૈ નારી કુપમાં પેઠો;પાણીની પર્બને અનનુ સદાવ્રત,કાહાડીને પોતેજ બેઠો. ॥ ૧૧ ॥ અબળાને ઉચકી નાઠો તો,તે નહી અબળા સાચી; દ્રુપતી અતી રડે છે કુવામાં કાળજડાની કાચી. ॥૧૨॥ ચાલો સદાવ્રત આપેછે ત્યાં, પીડાથી નીવૃત થાશુ,કળીનેસીક્ષામળસે તો હીમાલયમાં જાશું. ॥ ૧૩॥ નળને નડીયો તે પુંઠે પડીયો,જોર ઝપાટે આલો; અનેક ઉપાધીનો કરનારો, એને ખરેખર ઝાલો. ॥ ૧૪ ॥ એવી વારતા કરિતે ઉઠયા,વડા વીચારે વીર;સેદેવના બતાવ્યા પ્રમાણે,ચાલ્યા પાંશરા તીર.॥૧૫॥જયાં કળી પાપી બેઠો છે તે,પોતે દાતાર થૈ અનદેવા

તેવો ઝડપીને ઝાલ્યો ભીમે, આજ કરૂ તુજ સેવા.॥૧૬॥ કહી પાંગોઠું ઝાલી ઉઠાડયો,ચોઢયો તમાચો એક;કાન ઝાલી બીજો ચોઢયો, તાડણુ કીધું છેક. ॥૧૭॥ કળી કહે કેમ મારો છો મુને, ધર્મનો પંથ શું ભાગો. મુસાફરોને ખાનપાન આપુ,ઘરમી જોઇ પાય લાગો. ॥૧૮॥ આ રણમાં અન જળ કોણ આપે,કરણી જુઓ માહારી;ઉલટો ઉપકાર માનવો ઘટે શું કરણી નઠારી.॥૧૯॥ તવ ભીમ કહે ઓળખ્યો તુને, નળરાયને નડનારો; સતી સાધવી જે દમયંતી, તેની પુંઠે પડનારો. ॥૨૦॥ ભલું થયુ તે તું હાથ આવ્યો,લાવ્ય અમારી નારી;ઝટપટ મુને દે દેખાડી, નહી તો નાંખુ મારી.॥૨૧॥ તવ કળીએ સંકેલી માયા, કુપમાં પ્રકાશ કીધો તવ સતીને મારગ સુજયો, તે મારગ ગ્રહી લીધો. ॥૨૨॥ બાળા બારણે નીકળી આવી; વ્રકોદરે જોઇ દ્રષ્ટી;ભીમે કળીને માર મારયો,તેં કરીપુરણ કષ્ટી. ॥૨૩॥ જોરે આ અવનીમાં અસુરો, થયા હતા અતીશે; તે સરવેનો નાશ કીધો,પક્ષ કરી જગદિશે. ॥૨૪ ॥કુબુધીના સૌ હાથ આવ્યા, તું હાથ આવ્યો નહોતો;હીમાળે જાતાં હરફેટે ચઢીયો,હવે ન મુકુ જતો ॥૨૫॥ ઘણાને ગરદન ઘાલનારો, હવે તને કેમ છોડુ; કળી કહે મુને મારશોમાં, તમને બે કર જોડુ. ॥ ૨૬ ॥ ભીમ કહે મને રણમાં બાંધ્યો, નારીને કુપમાં પુરી;બીજાને અવળે પંથ લીધા,બહુ કરી બાહાદુરી.॥૨૮॥ તારો વારો બેઠો તેથી, અમે છોડયો સંસાર;હીમાળે ગળવા નીકળીયા, મુકીને ઘરબાર. ॥ ૨૮ ॥ તુ પાપી જન પાપને પંથે; સહુ જીવને ચડાવે; મોક્ષનો મારગ ન દે મળવા, યમદુત હાથ પડાવે. ॥૨૯॥ તારો વારો વીશ્વમાં બેઠો,લાગ્યા પરીણામ માઠા; પુત્ર પરિવાર સરવે છોડી, નરમાશ રાખી નાઠા, ॥ ૩૦ ॥ તોપણ તેં દિધિ ઉપાધી,દુખ ઘણેરૂ દીધુ; અમારે તારે વેહેર નોહોતો ને, આ કત્ય શું કામ કીધું.॥૩૧॥ કળી કહે મારો વારો બેઠો,તવ આવ્યું મુજ મનમાં;શું મુજને નબળો સમજીને પાન્ડવ ચાલ્યા વનમાં.॥૩૨॥ જાવા દેઉકેમ સુખે,એવું મનમાં આવ્યું;પણ સત્યવંતા સુત સતીના,માહારૂં કાંઇ ન ફાવ્યું. ॥ ૩૩ ॥ હારયો થાકયો ને હું પાકયો,મુકી દો માહારાજા,તમે તમારે જાવો હિમાળે,પ્રભુએરાખી માઝા. ॥ ૩૪॥ ભીમ કહે તારા વારામાં,સર્વને નાસવું પડે, જો નવ નાસે તો સુકીત છોડી, પાપને પંથે ચડે. ॥ ૩૫ ॥ ત્યારે તું જંપવાદે કોને, અવગુણનો છે ભારો; તેથી તુને ઠેર કરતો, તારો ન આવે વારો. ॥૩૬॥ અતી તુ અવગુણનો ભરેલો,જીવતો મુકુ કેમ; એવુ કહીને મારવા લાગ્યો, ક્રોધ ભરેલો ભીમ. ॥ ૩૭ ॥ પાટુનો બહુ માર કરેને, મારે ધીંક

ધીક; કળી કારમી ચીસ નાખે, આવે હૈયે હીક. ॥ ૩૮॥ બરબડીને પડે હેઠો,મુખમાંરેણુંભરાય,થુથુ કરતોથીર ઉભો,માર ઘણેરો ખાય ॥ ૩૯॥ ઉચકીને ભીમ હેઠો પછાડે, ઉપર પાટુ પ્રાહાર, કેશ ઝાલી રેતમાં રગદોળે, મારે કોણીનો માર. ॥૪૦॥ તેથી પાપી વળી જાય વાંકો, ત્રાસથી નાસવું ધારે; વાયુ સુતના કરથી કયાં જાયે, બાપરે બાપ પોકારે. ॥ ૪૧ ॥ અંગે ઉઠે ઢીંમડા ને,ઉઠે સોળે સોળ;નખને ઉઝરડે રૂધીર છુટે,થયું દુખીયાનું ડોળ. ॥ ૪૨ ॥ મુખમાં રેણુ નાકમાં રેણુ નેત્રમાં રેણુ ભરેલી, કરણુ વિશે રેણુના દાટા; ભુંડી કરણી કરેલી. ॥ ૪૩ ॥ પાપીને મોઢે સ્વાસ ન માયે.જીભ્યા નીકળે બહાર;નાસ્કોરાં તો જાયફુલ્યી ત્રાસ્યો અપરંમપાર.॥૪૪॥ ઓરે દયાળુ માતા પીતા, છોડાવો ધરમ રાય;થોડી માહારી વારતા સુણો,કહુંછું લાગી પાય. ॥ ૪૫ ॥ પછી મારી નાંખજો મને,એવું કહ્યું જ્યારે;કુન્તી નંદન યુધીષ્ટરને,ઉપનીદયા ત્યારે. ॥ ૪૬ ॥ ધાંટો કાઢીને ધરમરાજા, મુખથી વદીયા વાણ; ધીર્ય ન કરેતો ભીમ તુને, પરમેશ્વરની આણ. ॥ ૪૭ ॥ તવ વરકોદર ખમચાઈ ઊભો,કળીને ઝાલી રાખ્યો;કળીયે પોતાને ઉગરવા, વાણીમાં ખેલ દાખ્યો. ॥ ૪૮ ॥વળણ, ઉગરવા ખેલ દાખીયો, ઉભો જોડી હાથ; વલ્લભ વદે યુધીષ્ટરે, પુછવા માંડી વાત.

કડવું ૧૨ રાગ ધન્યાશ્રીનો છાયા.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય; વિસ્તારી તુજને સંભળાવું, કળીની કથાય. ॥ ૧ ॥ કળી કહે મહારી વારતા સુણો, હું ત્રણ જુગથી સારો;જો જ્ઞાન દ્રષ્ટીએ જોશો તો,બહુ રૂડો મમ વારો. ॥ ૨ ॥ સત્ય ત્રેત ને દ્વાપર યુગનો,આયુશ લાંબો હોય; આ માયા માંથી નીકળીને, ઝટ તાગ્યો નહી કોય.॥૩॥ જપ તપ ધ્યાન દાન કરીને થાકે,પણ પ્રભુ મળવા માઠા; મન વાન્છીત ફળ કોઈ ન પામ્યા, થાકીને મુક્ષી નાઠા.॥૪॥ એ યુગમાં નહી પાપને પ્રપંચ, નહી અધરમને અન્યા; નહી જુલમ જુઠને જુગારૂ, નહી જાર કરમી કન્યા ॥પ॥ નહિ ઝેર વેહેરને માઠી દ્રષ્ટી,નહી રાજ કાજમાં લાંચો; એવી અનેક નીતી દેખીને, એ જુગની જય વાંચો. ॥૬॥ પણ મારા વારાનો મહિમા, સાંભળી લ્યો ખરી રીતે,અવગુણ દેખાડું ગુણ દેખાડું,પછી થાજો વીપરીતે. ॥ ૭ ॥ કહો પહેલો અવગુણ ગાવું, કે ગુણ ગાવું માહારાજ; ભ્રમ

બોલ્યો કહે અવગુણ તારા, ઊપડે દલમાં દાજ. ॥૮॥ એટલે તુજને ફેર મારૂ, પાપ જગતનું જાય;કળી કહે અવગુણ કહુ પહેલા,સુણો સુધીષ્ટર રાય, ॥૯॥ પણ પછી સાહરા ગુણ સુણ્યા વણ,મુને ન શીક્ષાકરવી;એટલું વચન આપો મુને,તે પછી વાત ઓચરવી. ॥૧૦॥ ધર્મ કહે વકોદર વીરા,સાંભળ માહારી વાણ;અવગુણ ગુણ સુણ્યા વણ સીક્ષા,કરે તો માહારીઆણ. ॥૧૧॥ ભીમ કહે વેણ શીશ ચઢાવું, ઓરે માહરા વિર;પછી ભીમે કહ્યું કળીને, બોલ ધરીને ધીર.॥૧૨॥કળી કહે કે ખરૂ કેહેતાં,નહી કરૂ પાછી પાની;અવગુણ કેડે ગુણ સાંભળતાં;ખુશી થશો મન માની. ॥૧૩॥ મુજને જીવતો જાવા દેશો, તમે તમારે આપે; તેથી પ્રથમ અવગુણ કહુછું, ભરાશો નહી કડાપે ॥૧૪॥ જુઓ મહારાજ વીશ્વ વિષે, બેસે માહારો વારો;એટલે આવરદા થાય ટુંકો,શ્રષ્ટીનો અવળો ધારો ॥૧૫ પીતા પેહેલો પુત્ર મરે ને, માતા પેહલી બેટી; ચલણ ચલવી વહુ સાસુને, રાખે ચરણ હેઠી. ॥૧૬॥ પુરૂષ દે પ્રેમદાને પુંજી, નારીને પુત્રી વાહાલી,દીકરાને દેવું બનાવે,દીકરીને ધન આલી ॥૧૭॥ પુત્રની પત્નીને શતરૂ દેખે, કરે જમાત્રને વાહાલો, પુત્રના પુત્રો પ્યારાંનલાગે;ભાણેજનજાય ઠાલો. ॥૧૮॥ રીસાએલાજમાત્રને મનાવે,પુત્રનો ભાવ નપુછે;માતાના વશમાં રહે પીતા, પુત્રને લાન્છન લુછે. ॥૧૯॥ સાસુ બેઠી છોબલા પાડે, વહુના વારમવાર;સુતને શીખવી રાઢકરાવી, મરાવે મોહકમ માર. ॥ ૨૦ ॥ પુત્ર કદી તેમ કરે નહિ તો, બાપ બેટાને લડાવે; કુસંપ કરી ભેળાં ન રાખે, ઝઘડે જુદાં કરાવે. ॥ ૨૧ ॥ પછી પુત્રની કુથલી કરે, વામાને વશ થયો; કામની કહે તેટલું કરે,બહાવરો બની ગયો. ॥ ૨૨ ॥ પુત્રીને દેખી દોડે માતા, ન જુએ પુત્રનાસામુ, જમાત્ર જોવા જીવ તલસે,દેખું તો આનંદ પામૂ.॥૨૩॥જમાત્રથી પર ઘર ઉઘાડુ, પુત્રથી પોતાતણું;તન મન ધન જમાત્રોને અરપે,જે દુખ હોય તેહણુ. ॥ ૨૪ ॥ પણ શંખણી મનમાં ન ધારે, હું વહુ હતી પેહેલી; તે પછી માતા થઈ બેઠી, એટલે બની ઘેહેલી. ॥૨૫॥ પુત્રને પરણાવી વહુ લાવીતે વેળા રાજી રાજી;-પછી સાસુ છોબલા ઝાલે, શોપે અવગુણ બાજી. ॥ ૨૬ ॥ પ્રથમ વહુના તાત ભ્રાતને, માને સગા સપુત; પછી વહુના ભાઈ બાપ ભાંડે, કેહેશે કુળ કપુત. ॥ ૨૭ ॥ વઢે ખીજી લાગુછું ખીજી, કલેશ ઘરમાં ઘાલે; માહારા વારામાં નહિ કોઈ સુખી, જ્યાં ને ત્યાં ટંટો ચાલે. ॥૨૮॥ રળે સુખે તો ખાય દુખે, ઘરમાં લોહિ ઉકાળો, તો પણ જીવને જ્ઞાન ન આવે, માયામાં મોહ ચાળો. ॥ ૨૯ ॥ સુખે ન

બેસે ધણી ધણીઆણી, ન બેસે તન તાત; સુખે ન બેસે સાસુને વહુ, ન બેસે પુત્રને માત ॥ ૩૦ ॥ સુખે ન બેસે નણંદ ભોજાઇ, નહિ સુખે ભ્રાત ભગની;ન મળે ટાઢક કોઇ જીવને, સહુને અંતર અગની. ॥ ૩૧ ॥ કો તનદુખીકો મન દુખી, કો ધન દુખી પ્રાણી;કોઅન દુખીકોજનદુખી દુખી દુનીયાસમાણી. ॥૩૨॥બાપથી બેટો ખાય છાનુ,બેટાથી છાનુબાપ; ભાઇથી ભગની ભગનીથી ભાઇ, પેટજ પોસે આપ. ॥ ૩૩ ॥ સાસુથી વહુ વહુથા છાનુ, સાસુ આરોગી બેસે;નારીથી નર નરથીનારી, પેટ પોશણમા પેશે. ॥૩૪॥ તેમ કરે તેતો કંઈ સારૂ, પણ વીપ્રીત બતાવું; એક ચુલે રસોઇ કર્યામાં, ફેરફાર રાંધે ખાવું. ॥ ૩૫ ॥ ભાણાં અંતર કરતાં ન બીહે,ન ગણે પાપ કે પુન્ય;પીરસે પીરસણુ પીરસ્યામાં, કોને અધીક કે નુન્ય. ॥૩૬॥ વાહાલામાં વહાલુ પેટ સહુને,તે પછી વાહાલું બીજુ; પ્રેમદાને પીયરિયું વ્હાલું;ફરજન વાહાલુ ત્રીજુ. ॥ ૩૭ ॥ પુરૂષને વ્હાલુ સાસરિયું, કુટુંબીથી વેહેર; કરે સાળા સસરાની સેવા, રેહેવું ગમે તેને ઘેર, ॥ ૩૮ ॥ માબાપને દુશમન સરિખાં, નજરે ભાળે નેઠ, ભાઇને ગ્રહસ્થ થયો જાણે તો, બાળે પાસુ પેટ. ॥૩૯॥ સાસરિયાંની સાહ્યબી દેખી મહા મલપતો માહાલે; કુટુંબ કેરિ સાહ્યબી દેખી, બળતોને ભળતો ચાલે. ॥ ૪૦ ॥ વળણ. ॥ ચાલે બળતો બાવરો, એ અવળી મમ રિત; વ્યાસ વલ્લભ વાણી વદે, કહે છે કળી વીપરિત.

કડવું ૭૧ રાગ સાખીની ચાલ.

જયમુની રૂષી એણિપેર બોલ્યા, સુણ પરિક્ષત તન. વીસ્તારિ તુજને સંભળાવું,કળિતણાં વચન. ॥૧॥ કળિ કહે યુધીષ્ટર સુણો, માહારિ ચરિત્ર કથાય; સાંભળી સાંભળી વીસ્મય થાશો, મહિમા કહ્યો ન જાય. ॥ ૨ ॥ પાડા પાડોશીમાં વેહેર કરાવું; એક એકને અદેખાઇ;પડોશીઓના સુખનું દુખ મનમાં,દાઝે વભોગ જોઇ. ॥૩॥ ગ્રહસ્થ પડોશીને દેખીને, ગરીબ પડોસી બળે;આને આશું મહારે આમ કેમ, રાત દાહાડો કળકળે. ॥ ૪ ॥ પડોશીનો વસ્તાર દેખી.હાય હાય આશું હોય; માહારે પેટ નથી કેમ કાંઇ,અદેખાઇથી જોય. ॥ ૫ ॥ એમ ગરિબો ગ્રહસ્થને દેખી,દીલગીર દીવસરેણી;ગ્રહસ્થ પડોસીની રિત કેવી,કહી બતાવું કેહેણિ ॥ ૬ ॥ ગરિબ પડોસી ઉપર ગ્રહસ્થો, ગ્રહસ્થ પણું દેખાડે. વાત કરતાં વાતેને વાતે. ગરિબને છોછો પાડે. ॥ ૭ ॥ ગરિબજનને

ડગલે ડગલે,દાબી મારે ગ્રહસ્થ;ગરીબને ગણે ગુલામ સરખા,પોતે થઇ ફરે મસ્ત. ॥ ૮ ॥ મોટાઇ વધારે વાતેને વાતે, બોલે અભીમાન બોલ, આ ખાધુને આ મેં ખાધું, ગરીબ કયાં અમ તોલ. ॥ ૯ ॥ સોનું રૂપુ તે શા લેખામાં, અમારે તરણા લેખે; તમારા છોકરા છૈયા તે; સપને પણ નવ દેખે. ॥ ૧૦ ॥ અમારૂ દાસ પણું કરે તો,કોક દાહાડો કાંક પામે;અમારી તાબેદારી ન કરે તો,રહી ન શકે આ ઠામે. ॥૧૧॥ લક્ષમીનુ નહી લેખું એમારે, પૈસો તે જાણે લુંડી;અમારા સામી બાકરી બાંધે તે જાય પળમાં ઉડી.॥૧૨॥અમારાં છોકરાંતેતમારાં,છોકરાંને મારી આવે; તેથી તમે લડવા આવો તો,તમારૂં કાંઇ ન ફાવે. ॥ ૧૩ ॥ અમારે ચાકર નફર નોકર, તે તમને નાંખે કુટી; દરબાર લડવા કહાડીએ નાણું, ક્યાં પુજી જાય ખુટી. ॥ ૧૪ ॥ અમારી સાથે બાકરી બાંધો, તેથી જાઓ હારી; કોઇ તમારૂં સંગી ન થાયે, બહુ સાક્ષી અમારી. ॥૧૫॥ પૈસેથી હારો માણુસે હારો, આરો તમારો ન મળે; અમારા તાબેદાર રેહેવાથી કો દન વેળા વળે. ॥ ૧૬ ॥ એવા એવા અભીમાનના શબ્દો, ગ્રહસ્થ બોલે બહુ ગાજી; ગરીબ ગ્રહસ્થોમાં આવે તો, ગ્રહસ્થ ન થાયે રાજી. ॥ ૧૭ ॥ માહારા વારામાં ગ્રહસ્થ લોકોની, કબુદ્ધિ કેવી થાય; તે વારતા સંભળાવું તમને, ઓ યુધિષ્ટર રા ॥૧૮॥ જેમ જેમ ગ્રહસ્થને મળસે પૈસો,તેમ તેમ કંજુસ થાશે;રાત દાહાડો મેળ મેળવ્યા કરે,ગણીગણીને ખાશે. ॥ ૧૯ ॥ આટલું થયુંને આટલું થાયે, તો તો વળે નીરાંત; તેટલું થયું તો વિશેષ ધારે,જરા ન વળે શાન્ત. ॥ ૨૦ ॥ જેમ જેમ લક્ષમી વૃદ્ધી પામે, તેમ તેમ હાય પટીરા;પુન્યને દાનમાં ટાંચુ કરે, ધરમ કામે અધીરા. ॥૨૧॥ આટલું છે ને આટલું થાશે,ત્યારે વાળીશું શાન્તી; એમને એમ લલુતા કરે, માયા ભુલાવે ભ્રાંતી. ॥૨૨॥ ઘરો ઘણેરા વેહેપાર વડા,સોધી સોધી સંતાડે; છોકરૂં છૈયું પાઇ ખુએ તો ત્રાસ ઘણેરો પમાડે. ॥૨૩॥ પેટ ન ખાયે પોસે પુત્રો, તો પુન્ય કરે શાનુ; રાતને દાહાડો ફેરવ્યા કરે, મળે હીસાબનું પાનું ॥૨૪॥ પેહેરવા ઓઢવા ન દે કોને, તેમ કરતાં ધન વધે;તો પછી દોડાવેઘોડા ગાડી,ધરમને નવ બદે ॥૨૫॥ પુન્યની વાતમા પાછળ જુએ;ઘેર આવે જવ ટાણું; ગ્રહસ્થાઇ દેખાડવા માટે, ખુશીથી ખરચે નાણુ ॥ ૨૬ ॥ કીરતી થવાને કરે ઉફાંદો, જમણુ જબરાં કરે;દશે દીશાયે નજર રાખે, રખે બીજુ પેટ ભરે. ॥ ૨૭ ॥ એંઠવાડો આપે બેચાથી, કરે કસર કસાઇ; લોકમાં સારૂ દેખાડવામાં, ખરચે પડે ફસાઇ. ॥૨૮॥ સોહાવે ધામ બાગ બગીચા, મનમાં મોટાઇ

ધરે;પાન સોપારી ચાવતા ચાવતા,ધીરે ધીરે પગ ભરે.॥૨૯॥ આશું કરાવ્યું આશું ઠરાવ્યું આશું સોઇ બનાવી;આ મંડપ કેમ હાવો બાંધ્યો, બરોબરશોભા નાવી. ॥૩૦॥ તેડાવો નાયકા થઇ જાય વાયકા,નાચભલેરા પડાવો; કોઈ કવીકને કાવ્ય કરાવો, કાગળીયે ચડાવો ॥૩૧॥નોકરને સરપાવ બંધાવો, જ્યાંને ત્યાં કીરતી ચાલે; બ્રાહ્મણ સરવણને દેખીને,ઉપાન હાથમાં ઝાલે ॥૩૨॥ ગરીબ ગરબાંને ધક્કા મારે, કરે ટંટાને ટીશી; રાજ્ય દુતોના સુણે ટુંકારા, એ સ્થળ પોતાની ફીશી ॥ ૩૩ ॥ નહી દયાદલમાં રંકપર પલમાં, ઉડી પડે હુંકારી;છત દેખી છકી ગયેલો કીરતીનો લોભ ભારી. ॥ ૩૪ ॥ મોહોટાઈમાં મરડાઇને ચાલે, બોલવું મોહોટાઈ ભેર, ગરીબને પશુશમ દેખે છે લક્ષ્મી મુજ ઘેર, ॥ ૩૫ ॥ ફાટેલો ફરે કપરી આંખે, જવાબ ઉછળતા આલે; જેને ને તેને તુચ્છ ગણે, ગરીબ સંગ ન ચાલે. ॥૩૬૬ રંક સંગાંથી શરમાઇ જાયે કહે નહી મમ સગો;રૂંએ રૂંએ અભીમાન ચઢેલો,ચાલ્યા કરે એક વગો. ॥૩૭॥ ગરીબનું બોલ્યું કાને ન ધરે, ગ્રહસ્થની સાથે યારી; ન રહે આસ્તિક બને નાસ્તિક, ગર્વમાં ધુમે ભારી. ॥૩૮॥ અવની ઉપર અદ્ધર ચાલે, જાણે નહી મરવું છે,આજ તો આને કાલે તો બીજું, કર્મ પેલું કરવું છે, ॥૩૯॥ આશા અતીશે ઉમર રાખે,મરણ શમેશું થાશે; તે વારતાની ગમ નહી તેને, હઈયામાં અતી જીવાશે. ॥ ૪૦ ॥ વૈળણ. ॥ અતી,જીવાસે મુજથી; મરવાનું કોઇ કાળ; વ્યાસ વદે એમ જાણિને, ગ્રહસ્થ અને ચંડાળ. ॥

કડવું ૧૪ રાગ મારૂની ચોપાઈ.

બોલ્યા જયમુની મુખવાણી,રાજા સાંભળ ઉલટ આણી;કહુ કળી તણી કથાય; જેથી ત્રાસ પડે તન માય. ॥ ૧ ॥ કળી કરાવે વાહાલામાં વેહેર; સાખ પાડોશી સાથે ઝેર;એમાં જોર માહારૂ ગણુ ચાલે, તેમાં કોઇ ચરણ નવ ચાલે. ॥૨॥ માહારો જુલમ જાણવો અતી, જેની ને તેની બગાડુ મતી; જ્ઞાન મારગ સુઝે ન રતી,કોઇ પામે નહી મોક્ષગતી. ॥૩॥ આજના જ્ઞાની જન જેહ, ભ્રષ્ટ બુદ્ધિને પામે તેહ;ઘણો ચેતીચેતીનેચાલે પણ મુજ માયામાં ફાલે ॥ ૪ ॥ શાન્ત પામેલો સંત બોધી, તેનો સ્વભાવ કરૂ ક્રોધી;હોય કો જન ત્યાગીને તપશી, માહારી માયામાં પડે લપશી. ॥૫॥ હોય જ્ઞાન પામેલો જ્ઞાનિ, તેને કરિ મુકુ મસ્તાની, હોય

હરિજન ભક્તિવાળો, તેનિ પાસે કપટનો ચાળો ॥૬॥ મોહ માયા તણો વઇરાગી. તેનું વરત ન ખાતું ભાગી; મારા વારામાં જ્ઞાન ક્ષિણ થાશે વળી ધર્મને નામે ધુતાશે. ॥૭॥ બીજા યુગમાં ધરમ એક, પણ માહરા વારામા અનેક; જુદી જુદી પ્રણાલિકા બાંધે, ધન હરવાનો શ્વારથ સાધે ॥૮॥ ધર્માચાર્ય ગુરૂ થઇ ફરશે, ભોળા માણસના ધન હરશે; ગુરૂ ગાદી બેશી સેલ કરશે, પોતે પરેમદાને સંગ ફરશે. ॥૯॥ બીજા ત્રીજાને કરશે બાવા, પોતા માટે કાઢે અથડાવા; સેવકોને મ્હો માયા છોડાવે પોતાનામાં જીવ જોડાવે. ॥૧૦॥ તારે પૈસો પુંજી શા ખપની, હરિફરિ જરૂર તારે તપનિ; કહિ ઘરબાર ધન હરિ લેશે, અજ્ઞાની જીવ સૌ દેઇ દેશે. ॥૧૧॥ પર પૈસે ગુરૂ સુખ લેશે, રંગ મોહોલ કરિને રેહેશે; ઢાળે ઢાલીયા હાંડીને તકતા, સરવ શ્રોતાને પોતે વકતા. ॥૧૨॥ કરે શેવકને ઉપદેશ, માયાને તજવિ વિશેષ; કાયાને કાંઇ સુખ ન દેવું, નામના રાયણનું લેવું. ॥૧૩॥ શબ્દ સ્પર્શ રસ રૂપ ગંધ પંચ, વિશેય કરવા બંધ; પોતે બંધ કર્યું રાખોડી, શબ્દમાં સદા જીવડો જોડિ ॥૧૪॥ સ્પર્શ વાહાલો અંતઃકર્ણ,સુતા બેઠા ચંપાવે ચરણ;રસના વિષય બહુ વાહાલો, બીજાને બંધ કરો કહે હાલો. ॥૧૫॥ પોતે રસનાથી મીઠું બોલે, વાહાલા લાગતા સાકર તોલે; રાંધે સાકરનિ સોઇ મીષ્ટ, પોતે પ્રસાદ તે પાપીષ્ટ ॥૧૬॥ સારૂ શરીર ચોળિને નહાય, રૂપે રૂપાળા બહુ થાય; હોય રૂપાળુ ને લાગે વહાલ; મોઢે બોલવાનું ઠાલે ઠાલ ॥ ૧૭ ॥ રૂપાળા પાસે ચંપાવે પાય, કદ્રુપ મેલાને ન અડે કાય; જો જો પરીક્ષા સહુ જન, ફાટાં મેલાં વસ્ત્રો ધરો તન. ॥૧૮॥ શરિરે ડાઘા ડુગી પાડિ, કાચાનો મંદવાડ દેખાડિ; જઈ ચાંપવા લાગજો પાય, તવ કેવી ફજેતી થાચ. ॥૧૯॥ જા જા દુરગંધી બહુ આવે, કહિ નાશિકા પોતે દબાવે, એવાનો ન થવા દે સ્પર્શ, રૂપાળુ દેખી આવે હર્ષ ॥ ૨૦ ॥ ત્યારે રૂપ વિષય શું ત્યાગ્યો, લોકને જુઠું કેહેવા લાગ્યો, ખોટી બાશથી નાક દબાવે પુષ્પ ચંદન મનને ભાવે. ॥ ૨૧ ॥ ત્યારે કીયો વિષય ત્યાગ કીધો, લોકને બોધ મીથ્યા દીધો; ભોળા ભરમાઇ પડિયા, જે કહ્યું તે મારગે ચડિયા. ॥ ૨૨ ॥ પણ વિચાર્યું નહિ એમ, તું તો વઇભોગ લે છે કેમ; લોકના વઇભોગ છોડાવે, તો તો પોતાના ખપમાં આવે ॥ ૨૩ ॥ હોય વઇભોગ વસ્તુ જેહ, લાવી અર્પણ કરિદે તેહ; તેનુ સુખ પોતે બેઠો માણે, કંઇક પંખાની દોરિઓ તાણે. ॥૨૪॥ કંઈક ચરણ ચાંપે આવિ, આપે ઉત્તમ ભોજન લાવિ; પથારિ પાથરે સુંવાળી, તળે ઉશીકાં

ઢાળીઆ ઢાળી. ॥ ૨૫ ॥ આવિ જેને તે લાગે પાય, પછી એથી શું વિશેષ ચાહાય; કઇક મોટી દુકાનો વાળા, તેને કેવાક સુજે ચાળા, ॥ ૨૬ ॥ મોટાં મંદિરો સોવરાવે, સોને રૂપે જડાવે મડાવે, કરે કાચ મહોલ બેઠકો બાગ, ઘોડાગાડી તણો નહી તાગ. ॥ ૨૭ ॥ ઉંટ હાથી બંગલા બગીચા, વળી પાથરવાને ગલીચા; એવા સુખના વૈભોગ માણે, તોયે અજ્ઞાની મનમાં ન આણે. ॥ ૨૮ ॥ કરે સામગ્રી ઠાકોર નામે, પછી લગાડે પોતાને કામે; પહેરે ભારે દાગીના અંગ, વિધ વિધ વાઘા નવરંગ. ॥ ૨૯ ॥ ગરીબોનું લુંટી ભેગુ કરે, પોતે પોતાનો ભંડાર ભરે; ભોળા જનને ભોળવ્યાં વિના, કયાંથી વઇભોગની બને બીના. ॥ ૩૦ ॥ બધા ભોળા ભક્ત લુટાય, આંધળા સમ સદા કુટાય; એવા કહાડીશ પાખંડી પંથ, લોકને તો લગાડીશ તંત. ॥ ૩૧ ॥ તેથી તેમાંનો તેમાં કુટાશે, સદા કાળે લાલચે લુંટાશે; અંતે નહિ પામે ખરૂ જ્ઞાન, અવગતી થાશે નીધાન. ॥ ૩૨ ॥ મોક્ષનો મારગ નહી ઝાલે, આંધળો જેષ્ટીકાયે ચાલે; એવા હૈયા ફુટા અજ્ઞાની, ઠાઠ પાડને લે સત્ય માની ॥ ૩૩ ॥ મળે પરસાદીનો પડિયો, કરે ત્યાં અજ્ઞાની હડિયો; જરા માન દેઇને બોલાવે, તવ અજ્ઞાનિને પ્રેમ આવે. ॥૩૪॥ એતો અછકલો કુટાય, માનના લોભમાં લુંટાય; રળેલી સમરથી જેહ, કરે અરપણ જઇને તેહ.॥૩૫॥ પોતે પઇશાથી થાય ખાલી, લોભી ગુરૂનો પાલવ ઝાલી; પોતે પામે પુરણ દુખ, ગુરૂ થયેલો લે છે સુખ. ॥ ૩૬ ॥ તેમાં પહોંચેલા શેવક જેહ, કારભારી થૈ બેસે તેહ; મોહોટો ભક્ત થઈ ટીલું તાણે, એમાંથી રળીને ઘેર આણે. ॥ ૩૭ ॥ બીજા લોકોને ઉપદેશ કરે, લાવી ગુરૂ તણુ ઘર ભરે, તેમાંથી ખાય પોતે પગાર, ઘરમાંથી ન દેવું લગાર. ॥ ૩૮ ॥ નિત્ય પડીયા પ્રસાદોના ચાટે, તેથી ગુરૂના છીદ્રો દાટે; ભોળા જનોને કરે ઉપદેશ, પણ પોતાને મન નહી લેશ. ॥ ૩૯ ॥ જ્યાં ને ત્યાં મહીમ વધારે, કયાંથી ગુરૂ ઘેર પધારે; ગુરૂનાં પગલાં ઘેર થાય, તવ પાતે બળી જાય. ॥ ૪૦ ॥ એમ રળાવીને પોતે રળે, નિત્ય ભોજન ગુરૂને મળે; તેથી મહીમા વધારે અતીશે, શ્રદ્ધા નહી પોતે મન વીશે ॥ ૪૧ ॥ પણ ભોળીયા જન ભોળવાય, એતો અજ્ઞાની જીવ ગણાય તેવા અજ્ઞાની તરે કયાંથી, મળે નહિ મોક્ષ ગુરૂમાંથી, ॥૪૨॥ ઘણા ગુરૂ શેવી મોક્ષ માગે, તેનો પતો કદી નવ લાગે, મોક્ષ મારગ ગુરૂથી ન્યારે ગુરૂ મારગ બતાવનારો. ॥૪૩॥ તેનો માની લેવો ઉપકાર, પણ રાખવો પ્રભુ શું પ્યાર; તેથી ખરી વારતા જેહ. નેચ્ય સમજવા દેઉં તેહ. ॥૪૪

ખરી જ્ઞાન કથે જન કોઇ,તેની કરાવું બદબોઇ;ખરી વાતને નાંખું મારી, ખોટી વાત દીપાવું સારી. ॥ ૪૫ ॥ સાચા જનને અવજસ મળે, ખોટા જનની વેળા વળે; એવી અવળી રીતી માહારી, વેદ પુરાણ કહેછે પો કારી. ॥૪૬॥ તોયે જગતના સમજ્યામાં નાવે ખોટી વાત ખરી સોવ-રાવે; એવી સરવેની કરૂ બુદ્ધી, આવવા ન દેવું સુદ્ધ સુદ્ધી. ॥ ૪૭ ॥ ચઢાવું અવળે પંથ પ્રેમે, સવળામાં નો નાખું વહેમે; ખોટું નાણું નવ ખોવાય, સાચુ નાણું નવ સચવાય. ॥ ૪૮ ॥ મારા રાજમાં ખોટું ખલવું, વળી ખોટાનું ચલણ ચલવું; ગણું ખોટું તે ખરૂ મનાશે, ખરૂ હશે તે માર્યું જાશે. ॥ ૪૯ ॥ વલણ. ॥ ખરેંખરૂ મારયું જશે, ખોટું ખરૂં મ નાય; વ્યાસ વલ્લભ વાણી વદે, કળી તણી સત્તાય.

કડવું ૧૫ રાગ સાખીની ચાલ.

જયમુની રૂશી એણીપેરે બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવુ,,કળીની કરણી કથાય, ॥ ૧ ॥ કળી કહે યુધીષ્ટર સુણો, સત્ય મારગને છેદુ;પણ કોઈ ખરો જ્ઞાની હોય તે, થઇ જાય માહારો ભેદુ.॥૨॥ ધુતારાનો મર્મ વધારૂ, સાચાનો નાંખુ ભાગી; પાખંડીનું પુજન કરાવું સત્ય દેવરાવું ત્યાગી. ॥ ૩ ॥ એવી અવળી રીતી માહારી. અવળું સૈ સવળું માને, ખરાની ખરી વાત હોયે તે,ધરવા ન દેઉકાને. ॥ ૪ ॥ કલ્પીત સંસ્કૃત ઉભુ કરીને, જગતમાં સાચા મનાવું; પુરાણ પુસ્તકના જે અરથો તે ઉલટા ઠરાવું. ॥ ૫ ॥ સતીને શીશ લાન્છન લાવુ, શાહુકારન કરૂ ચોર; સધરમીને પાછો પાડું, અધરમીનું કરૂં જોર ॥૬॥ સાચા જનને જુઠો ઠરાવું, જુઠાને ઠરવું સાચો; કાયરને સુરો કેવરાવું, સુરાને પાડું પાછો. ॥ ૭ ॥ જોતીશ વિદ્યા જુઠી પાડું, જગતની શ્રદ્ધા ઉડાડું; વઇદોને અજાણ ઠરાવા, નવા નવા રોગ કહાડું. ॥ ૮ ॥ વઇદ લોકો રોગ કળી ન શકે, ન જાણે રોગનું નામ;એવા એવા ઉતપાત કરવા, એતો માહારૂ કામ ॥૯॥ સર્વની સ્વારથ બુદ્ધી બનાવું, પરમારથ કયાં વસે;કીરતી દાનનોરીવાજ કાહાડું જ્ઞાનીજનો જોઇ હસે.॥૧૦॥ બ્રહ્મ ભોજન કરાવે કોઇ, તે ધરે બહુ હંકાર;જસ લેવા તે વેળા પુછે, કેવો છે સ્વાદ વધાર. ॥૧૧॥ અધરમી બ્રાહ્મણ વખાણ કરે; દાળ તો દુધપાક તોલે; ખારી હોય ને કહે મીઠી, અનપર જુઠું બોલે. ॥ ૧૨ ॥ તત્ર પુછીએ શીદ બોલ્યા ખોટું,દાળમાં ન્હોતો સ્વાદ; મોદીકથી મરડાય

છે મોઢું, જો એમ લઇયે વાદ. ॥૩॥ તવ કેહેશે કે અન દેવતાને ખોટું કેમ કેહેવાય; માટે સારૂ કેહેવું પડે, એમ વદે તદાય ॥૧૪॥ અન ખોટું કેહેતાં પાતક લાગે, વાત વિચારો આપ, પણ અન પર બેશી બોલવું જુઠું, એથી તે કીયું પાપ ॥૧૫॥ તવ વિપ્ર કહેશે જેમ હોય તેમ, ધણીને ખોટું ન કહીએ; ખોટું કહીએ તો નોહોતરૂ ન દે, તેથી તેના ગુણ ગઇએ. ॥૧૬॥ જાણી જોઇને અનપર બેશી જુઠુ બોલે અજ્ઞાની; જુઠુ બોલાવે માલધણી તે, કીરતિનો અભીમાની. ॥ ૧૭ ॥ એવા અતીશેઉતપાત માંડુ, માહારા વારામાં હુંતો; પ્રેમદાઓ એવી થાવાનિ સ્વામીને વેચે સુતો. ॥ ૧૮ ॥ પર પુરૂષ બહુ પ્રીય લાગે, મુખડાં દેખી મોહોસે; આબરૂ ઇજત આધી મુકી, ધન લોભે પેહેરવેશ જોશે ॥ ૧૯ ॥ સારાં નરતાં સ્વરૂપ જોશે, સારા નરતા પોશાગ; પેહેરવેશ દેખી પ્રેમદા પલળશે, રીધ સીધ બગીચા બાગ. ॥ ૨૦ ॥ વદ્ધ ચોવનની કરશે પરિક્ષા, લંપટ લલના થાશે; સ્વામી જ્યાં જવાનું ના કેહેશે, ત્યાં તે બમણિ જાશે. ॥૨૧॥ બાંધશે મુમત કંથની સાથે, કરશે કોટીક કલેશ, વદ્ધાવસ્થાની થાશે તોયે; ફરશે ચોબન વેશ. ॥ ૨૧ ॥ અયુત સ્વામી કરશે તે નારિ કહેવાશે કપુત, સત સ્વામી કરશે તે નારી, ગણાશે સપુત. ॥૧૩॥ પશુનુ મઇથુન દેખી વામાને વરહ ચડશે; શુભ શીખામણ દેશે તેને, ગળે અવળી પડશે. ॥૨૪॥ માથે કુડુ કલંક મુકી, કંથને સામો લડાવે સ્વામીનો સ્નેહી હોય તેની, સાથે રાંટ પડાવે. ॥ ૨૫ ॥ પછી છીદ્રો સોધે નહિ ને, ન દે શીખામણ કદી, સતીયાને જાર કરમી ઠરાવે, નિરમળ વાણી વદી. ॥ ૨૬ ॥ મુરખ પુરૂષ માનશે સાચું, અબળાનાં ચીન નહી વરતે; ધારે જેટલું કરે તેટલું માનુની એક સરતે. ॥૨૭॥ માહારા વારામાં વામા કેરૂ, ચલણ ઘરમાં ચાલે; બોલ્યું અબોલ્યુ નરને કરાવે, હલાવ્યુ પાંદડું હાલે. ॥૨૮॥ માતા તજાવે પીતા તજાવે, તજાવે ભ્રાતને ભગની; પુરૂષ જો તેમ તજે નહીતો, કલેશનો ઉઠે અગ્નિ. ॥ ૨૯ ॥ નારી ન જંપે ન જંપવા દે, નરનાં પુરણ પાપ; માહારા રાજમાં કામની કેરો, કોઇ ન જેરવે તાપ. ॥ ૩૦ ॥ પુરૂષનું પુરશાતન ઘટશે, વધશે વરેહે વામાને; પોતે કુડાં કૃત્ય કરીને, મુકે આળ સામાને. ॥ ૩૧ ॥ પોતાની સરસાઇ બતાવા. કરે સામાની વાતો; નવરી બેઠી વગોવે પરને, કરે વિશ્વાસઘાતો ॥૩૨॥ વાદજ ઝાલે સ્વામી કેરા, કેમ પરણ્યા બે નારી, અમારે પણ બે નર જોઇએ, થાશું વ્યભીચારી. ॥ ૩૩ ॥ અબળા પોતાનો ધર્મ ન સમજે, નરનો ધર્મ ન જાણે; એક નારીને ન હોય નર બે, નર લક્ષ નારી

આણે. ॥૩૪॥ ધરમ શાસ્ત્રે આપી છે છુટી સ્વતંત્ર પુરૂશ સર્વે; પરતંત્ર જાણવી પ્રેમદા સઘળી, તેમ છતાં કરે ગર્વ ॥ ૩૫ ॥ વાદ કરાવું ગર્વ ધરાવું, તે મમ રાજ્યની રીતી, નર થાકશે પણ નારી જાતી, પરાણે કરશે પ્રીતી. ॥ ૩૬ ॥ એક નર પુઠે નવ નવ નારિ, ફરશે દીવસ રેણી; વામાનો વહે નહી સમજવાનો, નજર સદા હેણિ; ॥ ૩૭ ॥ પશુ સમ-વ્યવહાર વરતશે, કાં કન્યા કાં બેટી; કાં ભગની કાં કાકી માશી, સરમ મુકશે છેટી ॥ ૩૮ ॥ નર નારી એક વાહન બેશી, ફરશે સુખડુ લેવા; નર સરીખા પોશાગ પેહેરે, પુરણ વૈભોગ દેવા. ॥ ૩૯ ॥ અબળા ઉપાન પેહેરશે ચરણે, ખડા ચલાવી ચાલે; જાણી વીદ્યા વીદ્વાન બનીને, છત્તર રૂમાલ ઝાલે. ॥ ૪૦ ॥ પતીનેઃ કર ગ્રહી પંથે પળશે, નહી ભ્રાત તાતની સર્મે; કેહેશે કયાં કર પરનો ગ્રહયો છે, કરતી નથી અધર્મે ॥ ૪૧ ॥ એવા એવા ઉત્તર દેશે, બોલ્યામાં બાહાદુરી; ભણી ગણીને પ્રવીણ થાશે; સકળ ગુણે સુરી. ॥ ૪૨ ॥ પુત્રીના માત તાત દેખીને, થાશે ખુશી ખુશી; કેહેશે કે દીકરી છે બહુ શુખી, જમાત્ર જબરો હુંશી ॥૪૩॥ સાસરેથી દીકરિ આવે તવ, દે માન્યને આવકાર; આવો બેની બેસો બેનિ, શું જમશો આવાર. ॥ ૪૪ ॥ એવાં એવાં લાડ કરિને, પીતા પુત્રી બગાડે; માતા કેરિ વાણી મીઠી, દીકરિનો મોહ લગાડે. ॥ ૪૫ ॥ વળણ. ॥ મોહ ચઢાવે માવડી, કરિ તનયાનાં વખાણ; વ્યાસ વલ્લભ વાણી વદે, કળીનું એ પરમાણ. ॥

કડવું ૧૬ રાગ મારૂની ચોપાઇ.

બોલ્યા જયમુની એમ વાણી, રાજા સાંભળ ઉલટ આણી; કળીકહે સુણો રાય ધર્મ, મારા ગુમ ચરિત્રના મર્મ. ॥ ૧ ॥ મારા વારામાં જે જે થાય, તે તે માહારૂં કરાવ્યું કરાય; મારા વારામાં સુમતી નાસે, રમેકુમતી ચારે પાસે. ॥ ૨ ॥ મારા વારામાં વાહાલામાં વેહેર, જેની ને તેની આંખમાં ઝેર; વળી કંગાલ ઉપર કેર; સહુ જબરાની માગે મેર. ॥ ૩ ॥ વળી સગાં સહોદર જેહ, સાચુ શત્રુપણુ કરે તેહ; વળી પાસેના પાડોશી બળે, જ્ઞાની ભાઇ ઘણા કળકળે. ॥ ૪ ॥ જાતી ટળીને જ્ઞાતી થાશે, એક એગનું ઘસાતું ગાસે; તેમાં બનશે શેઠ પટેલ, કરશે ચાન્ડાળના ખેલ. ॥૫॥ જેને ને તેને કનડવા ધારે, ઘણા ગરિબોને ગરદન મારે; વળી લાંચો લેવાની ધારે, કાંઇ મળ તો તેને ઉગારે. ॥ ૬ ॥ હોય

ચંડાળ જાતી જેહ, પણ તેવું ન કરે તેહ; શેઠ પટેલ જે કેહેવાશે, તેતો કરમ ચંડાળ થાશે. ॥ ૭ ॥ હોય વણીક વીપ્ર ઉંચ, પણ નીચપણાની ખુંચ; દેખાશે ભક્તી ભાવમાં પુરો, તેતો પ્રપંચે નહી અધુરો. ॥ ૮ ॥ અને સાદે સ્વરૂપે જે ફરે, તેતો પ્રભુથી કાંઇક ડરે; નારિ નર તણા વેશ ધરશે, માત પીતાને મારગ કરશે. ॥ ૯ ॥ બાળકી અવતરે જ્યારે, પેહેરાવે પુત્રનો વેશ ત્યારે; તેથી પુત્ર રૂપે પુત્રી ફરે; મોહોટપણે તો ચાળો કરે. ॥૧૦॥ પછી ગુણ કેવા નીસરે, કેમ નાનપણનું વીસરે; પછી તેમાં કેવા ગુણ આવે, બોલે ચાલે જેવું તેને ફાવે. ॥ ૧૧ ॥ તેથી કેહેવાય જગમાં એવું, માત પીતા બગાડે છે તેવું; પણ માતા પીતા શું કરે, માહારી છાયામાં બુદ્ધી ફરે. ॥ ૧૨ જેવો કરતા હરતા ભગવાન, તેવો હું કરતો મસ્તાન, નર નારિ તણા વેશ લેશે, વામા રૂપે આલીંગન દેશે. ॥ ૧૩ ॥ નરને નારિ થવા મન થાશે, દેવને નામે વેશ લેવાશે, નહી આવે લંપટને લાજ એમ ઉંધે ઉંધું માહારૂ રાજ. ॥૧૪॥ ત્રણે યુગમાં સવળા ચરણ, માહારે અવળી અષ્ટાદશ વરણ; માહારા વારામાં મેઘ આછો, ચઢી આવી જતો રહે પાછો. ॥ ૧૫ ॥ આવ્યો આવ્યો સહુને દેખાડે, પણ એક ફોરૂ નવ પાડે; જગત જે દન આવવો ધારે, વાદળુ ન દીસે તે વારે. ॥ ૧૬ ॥ કદી વરશે તો અન બોળે જાય, નવ જાય તો જંતુ થાય, તે તો વીણી વીણીને ખાય, કાંતે ખાનારા ખોવાય ॥૧૭॥ દેખાડું નવા નવા રંગ, પણ તે રંગમાં નહી ઢંગ, કરે જે જે આશાને ઉમંગ, તેની માહારે કરવી ભંગ. ॥ ૧૮ ॥ ધર્મ ધ્યાન જે કરવું ધારે, તેને નાંખુ વીઘન નઠારે, પરિપુરણ કરવા ન દેવું થાય, પુરણ તો કરૂ કેવું. ॥૧૯॥ મન ફેરવી અભીમાન લાવું, એનું કર્યું કારવ્યું ધોવરાવું; ઘણી ફુલાશોમાં ફુલાવું, કરેલું સુક્રીત ઢુલાવું. ॥૨૦॥ માહારા વારામાં જુજવા પંથ, વળી કરાવું કલપીત ગ્રંથ; કોઇ પ્રતમાને પ્રભુ માને, કોઇ પ્રતમા પાશાણ જાણે. ॥૨૧॥ કોઇ કેહેશે પ્રભુ નિરાકાર, કોઇ કેહેશે પ્રભુ સાકાર; કોઇ કેહેશે પ્રભુ અકરતા, કોઇ કહેશે કરતા હરતા. ॥૨૨॥ કોઇ કેહેશે સગુણ સ્વામી, કોઇ નિરગુણ માને નામી; કોઈ કેહેશે ન્યારો રામ. કોઇ પુરૂશ વ્યાપક કહે શામ. ॥૨૩॥ કોઈ સુતાને માનસે પ્રીતે, કોઇ બેઠાને રૂડી રિતે; કોઈ ઉભાને માલીક માને, કોઈ નહી કાંઇ એવું જાણે. ॥ ૨૪ ॥ કોઇ છબીને પીતળ પુંજે, કોઇ ને તે અવળુ સુજે; કોઈ કાષ્ટ પ્રતિમા સેવે, કોઇ એ વાત મુકે નેવે, ॥ ૨૫ ॥ હુસ જુજવા પંથે પળે, પણ સાર તેનો નવ કળે; કોઈ તીલક

ઉભાં તાણે, કોઇ આડાં તીલક વિખાણે. ॥૨૭॥ કોઇ ઉભામાં બીનગી કાળી, કોઇ કપાળે ભસ્મજ ભાળી; કોને ઉભામાં ચાંદલો એક; કોઇને બે ત્રણનો નેક. ॥ ૨૭ ॥ કોઇ કરે ઉભી બે શળીયો, કોઇ જેવો બદામ નો કળીયો; કોઇ ધનુશ બાણાકાર, કોઈકે શર સુખડ સાર. ॥ ૨૮ ॥ કોઇ રૂદ્રાક્ષ તુલશી વાળા, કોઇ સ્ફટીક મણિની માળા; એવા જુજવા જુજવા મત, તેમાં કીયો સત્ય અસત્ય. ॥ ૨૯ ॥ સહુ કેહેશે સત્ય અ-મારા, બાકી બીજા બધા ધુતારા; નીરાકાર વાળા એમ બોલે, અમારા વેદ પંથ સત્ય તોલે. ॥ ૩૦ ॥ કહે સાકાર તે જુઠાણું, મું ઢ સત્ય માને સાંજ વાણું; બોલે સાકારવાળા એમ, નીરાકારમાં કુટાઓ કેમ. ॥૩૧॥ નીરાકારનો પંથજ ખોટો, કાઢનારેવાળ્યો છે ગોટો; એમ અપખોડેસાકાર વાળા, દેખાડે પોત પોતાના ચાળા. ॥ ૩૨ ॥ પેલો પેલાને જુઠો પાડે. પેલો પેલાની ખોડયો કાડે; ત્યારે જાણવો કીયો સાચો, માહારા વારામા સૌ પંથ કાચો. ॥ ૩૩ ॥ જુઓ સૌ પંથ સાચા હોયે, તો તો જુજવાન પડે કોય; સાચો સર્વ સ્થળે પરખાય, કોઈ કોઇને ટંટો ન થાય. ॥ ૩૪ ॥ બધા વિશ્વનો છે ધણિ એક, તેના ન હોય પંથ અનેક; ઉપજે પંથ અ નેક જેહ, જુડે જુઠા જાણવા તેહ. ॥૩૫॥ જે જે વસ્તુ જે જે ખાય, તેનેતે નો સ્વાદ જણાય; તેથી તેને તે માને મીઠું. શાથીકે બીજુ નથી દીઠું. ॥૩૬॥ માહારા વારામાં કાચે કાચું, કોઇનું નવ્ય જાણવું સાચુ. તેહુ કળી કુટાવી મારૂ, કોઇનુ ન થવા દઉં સારૂ. ॥૩૭॥ કોઇને હાથ સાચી વાત, આવે તે ન કરે પ્રખ્યાત; પ્રસીધ કરાવાની બુદ્ધી ન આપુ, કરે પ્રસીધ તો મત કાપુ. ॥ ૩૮ ॥ કોઇનો મનમાં ઠરવા ન દેવું; માહારૂ પ્રબળ જ ણવું એવું; જગતની મતી ફેરવું એવિ, ધુતારો ગણી કહાડો તેવી. ॥ ૩૯ ॥ જેનામાં હું ન શકું પેશી; તેના મનમાં સત્ય જાય બેશી, સાચુ જ્ઞાન થઈ ગયું જેને, મુકુ આળસ સુસ્તુ તેને. ॥ ૪૦ ॥ તેથી હાથ આ-વેલું ખુએ, પછી નવા નવા રંગ જુએ; દેખાડું રંગ ભારે ભારે, તેથી ખરી વસ્તુ વીસારે, ॥ ૪૧ ॥ એટલે અવળે પંથ લેઉં; પછી છુટો થવા ન દેઉં; ખરો હીરો નાંખુ ખોવરાવી, જુજવા ભપકા જોવરાવી. ॥૪૨॥ પુરણ પ્રારબ્ધી પ્રાણી હોય, તેતો ખરી વસ્તુ નવ ખોય, તેની પાસે માહારૂં નવ ચાલે, એતો મન માને તેમ માહાલે. ॥ ૪૩ ॥ વળણ. ॥ મન માને તેમ મહાલવા, જ્ઞાની જનને છુટ; પણ માહારા વારા વિશે, જગત જાણે જુઠ. ॥

કડવું ૧૭ રાગ ધનાશરીની ચાલ.

જયમુની ફરી એણીપેરે, બોલ્યા, સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને સંભળાવું,કળીની કરમ કથાય. ॥૧॥ કળી કહેછે યુધીષ્ટરને,સાંભળો માહારી કરણી; એકા એક કોયે નવ થાશો;બધિ કહુ વાત વરણી ॥૨॥ ખરી બીના કહુ છું તમને, ચાલ્ય રીજો કે રૂડા; મમ રાજમાં જુડો તે સાચો,સાચો તે જણવું જુડો.॥૩॥ સાચાની રીતી સવળીને, અવળી સહુને ભાસે; કરતા હોઈએ તેજ કરીએ, એમ કહિને નાસે. ॥ ૪ ॥ ખરામાં કોને ન દેઉં ટકવા, બકવા કર્યા કેવરાવું,ન્યાયમાં વારતા દીશે તોહ્યે,યુક્તીથી ફેરવાવું. ॥ ૫ ॥ ખરૂ લાગે પણ એમ મન ફેરવું, અવર પંથ છે મોહોટા; તે સરવે કેમ વળગ્યા હશે, કેમ કહિ શકીયે ખોટા. ॥ ૬ ॥ એવું સમજી રચ્યો પચ્યો, રાત દીવસ રહે તેમાં; સુજવા ન દેઉં ખરો રસ્તો,કાંતો બોળાવું બેમાં, ॥૭॥ ખરામાં મન દ્રઢ નવ રાખુ, એવું પરિબળ માહારૂ;અનેક અવગુણનો હું ભરેલો.કોઈનું ન કરૂ સારૂ ॥ ૮ ॥ પોતાનું સારૂ કરવા માટે, કૈં જન થાયે ત્યાગી;તેને વીશેશ પાપમાં નાંખું, બહુ કરૂં બેરાગી. ॥૯॥ સંસારી કરતાં ત્યાગી જનમાં અપલક્ષણો હજાર; અતી પાપમાંએને નાંખુ; ખેલાવું નગ્ર બજાર, ॥ ૧૦ ॥ બનાવું કામીને ક્રોધી,લોભી વંપટ લાલ;ઉપરથી દેખાય રૂડાને,અંતર ખોટી ચાલ. ॥ ૧૧ ॥ તે કોઇના વરત્યામાં નાવે, તે કરતાં કદી આવે; પણ પાપ થાવા મેં મતી આપેલી, મનમાં કાંઈ નવ લાવે. ॥ ૧૨ ॥ લંપટ સંગે રહે લપટાઈ, પર પાસે ગુણ ગાય; એવો મેં અંધાપો આપેલો, પાતકમાં લપટાય. ॥ ૧૩ ॥ માહારા વારામાં વેરાગી, સંન્યાશી બ્રહ્મચારી;તેમની શેવા પુરૂશ કરતાં, વીશેશ કરસે નારી ॥૧૪॥ નારીનું હલન નારીનું ચલન;નારીકરે તે થાય;વીશેશ વીધવા વામાવળગે, કેહેશે કરૂ શેવાય. ॥૧૫॥ યોબન વયની વિધવા વામા, વીદ્યા અભ્યાસ કરશે; માહરા છે ગુરૂ માહારા છે ગુરૂ, કહીં કહી પુંઠે ફરશે.॥૧૬॥ મહતા વધારે મીષ્ટાન આરે, શેવા કરે બહુ સારી; પોતાને પતી નહીને, ત્યાગીને નહી નારી. ॥ ૧૭ ॥ એકેને આડ નહી કશી વચમાં, શું છે તે જગદીસ જાણે;અજ્ઞાનિ જીવ એવું કેહેશે, ત્યાગી તે તાત પ્રમાણે.॥૧૮॥ ત્યાગી કહેશે શેવક અમારી,ગંગારૂપ છેબાઈ;હરનીસએનેજ્ઞાન વાહાલુ શેવાકરે ધાઈધાઈ॥૧૯॥ વીધવા કેહેશે કંથ ગયો તો, શું કરવો વ્યવહાર; આ સ્વામીની સેવા કરીને, ઉતરીયે ભવ પાર. ॥૨૦॥ એવું કહી સે

વામાં રહીને, મન ગમે તેમ ચાલે, જગત નીંદા ન કરે માટે, હરનીશ માળા ઝાલે. ॥ ૨૧ ॥ ભોળીયા કહેશે ભકત છે બાઇ, સંસારની લત નથી! ગુરૂની શેવા કર્યા કરે છે, વીદ્યા ભણી છે અતી ॥ ૧૨ ॥ ભણી ભણીને શું જ્ઞાન ભણે, પ્રથમ સમજે કેવું; પંચભુતોની આ છે કાયા, માહારે શું લેવું. ॥ ૨૩ ॥ દેહ તે હું નહી, દેહ માહારો નથી હુ દેહ નાથી ન્યારી; માટે દેહથી કર્મ બને છે, તેની હું નહી ભોગદારી.॥૨૪॥ દેહના કરમ દેહ કરેછે,તેથી મુને નહી દોશ;એવું ગુરૂનું જ્ઞાન મળ્યાથી કોઇ વાતનો નહી છોશ. ॥ ૨૫ ॥ ગુરૂ કહીને ગોદમાં બેશે, ચેલી થઈ ચાંપે ચરણ; ન રહે વ્યભીચાર થયા વણ, ભીજાય અંતઃકરણ ॥૨૬॥ કામદેવને શીવ સરખા ન જીત્યા, કોણ મનુશ જાતી; અચળપણુ બતાવે મીથ્યા, દુનીયા ભોળી છેતરાતી. ॥૨૭॥ કીયા ગ્રંથમાં કહ્યું છે કે ત્યાગી કને જાય નારી નારીનો પરછાયો ન લે,સન્યાશી કે બ્રહ્મચારી ॥૨૮॥ તેમ છતાં શેવામાં રાખે, એ બધો માહારો જોરો; કાજળની કોટડીમાં પેઠેલો, કોઈ રહે નહી કોરો. ॥૨૯॥ નાહાતીવેળા પેસાબ કરે, પાણી ભેગુ જાય પાણી, ગુરૂસેવકમાં એ રીતે.કોણ વારતા જાય જાણી ॥ ૩૦ ॥ એવા અતી અવગુણ માહરા, કેહેતાં ન આવે પાર; મારા રાજમાં ડગલે ડગલે, વધશે વીભીચાર. ॥૩૧॥ રાજ્ય વંશી રઝળતા થાસે ગુલામ કરશે રાજ; સગા સહોદર કોઇ કોઈની, ન માગે લગાર લાજ. ॥૩૨॥ રાજા રઇયતને દુખ દેઇ, ધન હરીને લેશે; ન્યાય તજી અન્યાય કરીને, દુનિયાને ડંડ દેશે. ॥ ૩૩ ॥ રઇયત રાજાનુ વાંચશે ભુંડું.રાજા રઇયતને રગડે;દુખડુ પડશે વસ્તી વીશે આનંદ થાશે વગડે. ॥૩૪॥ વળણ. ॥ વગડે આનંદ ભોગવે, સુણો યુધિષ્ટર રાય; વ્યાસ વહ્લભ વાણી વદે, કળીની કરમ કથાય ॥

કડવું ૧૮ રાગ ઝુલણાની ચોપાઈ.

બોલ્યા જયમુની મુખવાણી, રાજા સાંભળ ઉલટ આણી;કહેકળી ધરમરાય પ્રત્યે, દુનીયાને ચલાવું અસત્યે, ॥૧॥ ઓછા આયુશની સહુ શ્રષ્ટી. નવી નવી ભોગવશે કષ્ટી; સપ્ત વર્શની સ્ત્રી થઈ કરશે નવ વર્શની ગરભ ધરશે. ॥૨॥ નીપજે નીરબળ પ્રજાય; મંદ બુદ્ધિસરવની થાય;ટુંકો આયુશ ટુંકી બુદ્ધી,તેથી નાવે પ્રભુની સુદ્ધી.॥૩॥ થોડા આયુસમાં સુખ સર્વે, લોભ લાલચ ગમ્મત ગર્વ; કામ ક્રોધ માહારૂને તારૂ.

લપટાયા કરી લેવા સારૂ॥[illegible]વહુ સોળ વરસની થાસે તવ સાસુના મેહેણા ખીસે; કેહેશે વાં[illegible] ઘરમાં આવી, બધી જીંદગાની ડુબાવી ॥૫॥ નાહાનિ વયમાં વસ્તાર માગે. કાચો કચીઆરો ખપ લાગે; એતો ટુંકા આયુશનું જોર, સહુનો મોહ માયાનો સોર,॥૬॥ નાહાની નાહાની વયનાં બાળ મોહ મૈથુનનો મમકાળ; અતી અપલક્ષણ અવગુણ કાંટે તોળાશે જણ ત્રણ ॥૭॥ હવે કહોતો કહુ વીશેશ, સુણતામાં ઉપજસે કલેય; તવ ધરમ ભરાયા ક્રોધે, થાય ભ્રષ્ટ બુદ્ધી તુજ બોધે. ॥૮॥ તું કરાવે વાલામાં વેર, તારૂ કરણી કેર; સુણી આવ્યું આંખમાં જેર, પાપ નહી તુને મારતાં ઠેર. ॥૯॥ માટે વાયુ સુત મમ વીર, મહા બળવંત ગુણ ગંભીર;તને આપુ આગના આજ. કાઢે આખા વીશ્વની દાઝ॥૧૦॥તવ કળીએ કર જોડયા,તમારા સહુ સંદેહ તોડયા;બધા અવગુણ કહ્યા મારા, હવે સાંભળી લ્યો ગુણ સારા.॥ ૧૧ ॥ પછીથી મારજો સુખરૂપે, તવ ધીર્ય ધરી ધર્મ ભુપે; વીરા વ્રકોદર ધરો ધીર, જોઇએ કેટલું છે નીર ॥ ૧૨ ॥એમ કહીને રોકાણ કીધું. ગુણ સાંભળવા લક્ષ દીધું;બોલ્યા યુધીષ્ટર મુખ વાણી,સુણ કુકરમી હેત આણી ॥૧૩॥ ગુણ સાચા હોય તો કેહેજે, નહી તો સમજી ચુપ રહેજે;જો જુઠી અડાવીશ વાતો, તો તો ખાઇશ ભીમની લાતો . ॥૧૪॥ દુખી થઈ યઇ થાસે મરણ, ઘણું દુભાશે અંતઃકરણ; માટે બોલજે સાચે સાચું. જુઠી વાતે હું નહી રાચું. ॥૧૫॥ તારાં કઠીણ કુડાં કરમ, ઘણો દીઠો અમે અધરમ, તવ કળી કહે સુણો રાય.પન્ડે નહી બોલુ જુઠું જરાય. ॥ ૧૬ જુઠું બોલું તો જગદીશ પુછે, ખોટું કહેવાનું કારણ શું છે; બોલુ અસત્ય માહારે આપ, મને કોટી ગૌહત્યા પાપ ॥૧૭॥ બ્રહ્મહત્યાનું પાપ અનંત, આ જગે નથી ખોટી ખંત;તવ ધરમ કહે ગુણ તારા, જોઇએ જો કેવા છે સારા. ॥૧૦॥ ત્યારે કળી કહે સુણો રાય, સત્યસદ્ધા પર ત્રતા ગણાય;તેવા ત્રણ યુગો બહુ કાઠા,માહારા કરતાં જાણવામાઠા ॥૧૯॥ તેવા વાતે યુગમાં સહુ કોઇ,ચાલેસત્ય પંથે જોઇ જોઈ; જુઠું બોલે નહી મુખ જરા,ચાલે ખડગધારાએ ખરા. ॥૨૦॥કરે પુન્ય ન કરે પાપ, ટાળવાને ત્રીવીધી તાપ; કરે જપ તપ કાયાને કષ્ટી,રાખે સદાય નીરમળ દ્રષ્ટી ॥ ૨૧ ॥ તેવું કરતાં કાઢે બહુ દન તોએ ન મળે જુગજીવન; મારા વારામાં ખટમાસ, કરે યત્ય કરમ અભ્યાસ.॥૨૨॥તેને તુરત મળે મોહન, થાય પુરવનો પાપી પાવન;જપતપથી નખુએ આયુશ,થોડામાં કરૂં પુરણ હુંશ ॥૨૩॥ એવું પરીબળ માહારામાં એક, જુઓ ધરમ

રાય વીવેક; બીજો ગુણ બતાવું નાથ, કહું જોડીને હાથ ॥ ૨૪ ॥ ત્રણ યુગમાં કરે પુન્ય,કરે અદકું ને રહે તુન્ય;તેથી દુભાય જીવ ગરીબ,જેના ઘરમાં ન હોયે ઠીબ.॥૨૫॥ તેને ક્યાંથી અતી ધન મળે,પુન્ય કરવાની વેળા વળે;ત્રણ યુગમાં એ અવગુણ, આપે ડુંગરને મળે ત્રણ ॥૨૬॥ મારા વારામાં એક દાન તણું; ફળમળવાનું હજાર ઘણું;એક જનાવાદી પુન્ય રળે, તેને સહસ્ત્ર જનાવાદી મળે ॥૨૭॥ મને એવું હરીનું પ્રદાન, તમે સાંભળ્યું હશે કાન; વળી ત્રીજો ગુણ બતાવું, ત્યાર પછીથી માર ખાવું. ॥૨૮॥ ત્રણ યુગમાં ઘણાં વરશ, ધ્યાન ધરે ધરીને હર્શ,તે ગણાય તરણા શમ ધ્યાન, મુજમાં ઘડી મેરૂ સમાન. ॥૨૯॥ ત્રણ યુગમાં સરવે નારી, શેવે સ્વામી અને મોરારી;તવ સગતી પામે અબળા; એવા ત્રણે યુગો છે નબળા, ॥૩૦॥ મારા વારામા શેવ્યો સ્વામી, તેતો પ્રભુ તણું પદ પામી; પોતાના પતીની શેવા કરે, ચાહ્યતો હરિધ્યાન ન ધરે ॥૩૧॥ તેને રીઝે ત્રીલોકના નાથ, એવી સ્વતંત્રતા તેને હાથ; મારામાં ગુણ એવા ચાર, કરો તોલ સતીના કુંવાર,॥૩૨॥ તવ ધરમ વિશ્મય થયા, બધા અવગુણ ઢંકાઈ ગયા; તુંતો દેખાયો સપાત્ર, તારા અવગુણ તરણા માત્ર. ॥૩૩॥ કોટી દીવા આગળ એક રવી, એવી તુલના મુજને હવી;કોટીઅવગુણ દીપક તુલ્ય, પણ ગુણ આદીત અમુલ્ય ॥૩૪॥ સુણો સુણો વ્રકોદર વીરા,કળીની કને ગુણના હીરા;એવાને કેમ શકીયે મારી, જો જે કુમતી કરતો તારી, ॥૩૫॥ એને મુકીદો મારા ભ્રાત, તવ કહી વ્રકોદરે વાત; એણે આપણને દુખ દીધું, કળી કહે મે પારખુ લીધું, ॥૩૬॥ તાવી જોઇ ભ્રુપતિ સતીને, પડુ પાય એની સુમતીને;જોઈ તમારી ન્યાય નીતી, તેથી ઉપજી પુરણ પ્રીતી.॥૩૭॥ ધન્ય ધન્ય સતી સંતાન, તમને પ્રસન શ્રી ભગવાન, જાવો જય તમારો થાસે, વીઘ્ન આવ્યે નહી કોઇ પાસે. ॥ ૩૮ ॥ વળણ. ॥ વીઘ્ન તમોને આવે નહી, સીધારો સતી સંતાન; વ્યાસ વલ્લભ વાણી વદે, કળીયે દીધું માન. ॥

કડવું ૧૯ રાગ સાખીની ચાલ.

જયમુનિ રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજેરાય;વિસ્તારી તુજને સંભળાવું, હીમાળય મહીમાય. ॥૧॥ કળીયે માન્ય અતીશે આપ્યું, બોલ્યા યુધીષ્ટર એમ, હવે એને છુટો મુકો, ઓરે બળીઆ ભેમ. ॥૨॥ આપણને શું લાગે વળગો, જે એના મતમાં જાશે; કુબુદ્ધી એવા પ્રાણી

ની જાશે ત્યારે થાશે ॥૩॥ નહિ ડગે ને સ્થીર મન રાખે, તેને નહિ ડાગ લાગે; લંપટ થતી કરે તેનું સત્ય સમુળુ ભાગે. ॥૪॥ આપણે એ શી કરવિ ઉપાધી, પંથે પળો મમ વીર; તવ વ્રકોદરે મુકી દીધો,ચાલ્યાપાં શરા તીર. ॥૫॥ હરી સમરણ કરતા કરતા, પાધરે પંથ પળાય; પાંચ પુરૂષને છઠી નારી, હિમાળા લગભગ થાય. ॥૬॥ એવામાં એક સરોવર આવ્યું,નીરમળજળ લે લેહેરિ.પાણી પીવા પાન્ડવ બેઠા, ઉંચાંવન કુળ ગેહેરિ.॥૭॥ એવામાં થઇ વાય ગરજના,જેમ ગાજે બાર મેઘ; તેવો ગાજતો દોડયો આવ્યો, વાઘ્ર વાયુ વેધ ॥૮॥ દેખી ભય પામ્યા ભુપતી, હવે આયુશ ખુટયો;તવવરકોદરે હિમ્મત આપી,ક્રોધ ભરેલોઉઠયો ॥ ૯ ॥ કચ્છ ભીડાવિ મનડું ચીડાવિ, વાઘ્રના સનમુખ ચાલ્યો; જરા ન ડરિયો હોકારો કરીયો, ઝડપી વાઘ્રને ઝાલ્યો. ॥૧૦॥ ઝડપી ઝાલ્યો બગલમાં ઘાલ્યો, પછી પુંછ પકડી કાહાડયો,મુસ્તક ઉપર ફેરવીને પાશાણમાં પછાડયો. ॥૧૧॥ તેવો વાઘ્રનો દેહ તજીને, થયે ગાન્ધર્વ રૂપ; તે દેખીવિસ્મય પામ્યા, કુંન્તી નંદન ભુપ. ॥૧૨॥ બે કરજોડી ગાન્ધર્વ ઉભો, પુછી વરકોદરે વાત;વાઘ ટળીને આ દેહ પામ્યો,પણ તારી મુળ જાત. ॥૧૩॥ ગાંધ્રવ કહે સુત સતીના, હુંતો સ્વરગનો વાશી એક વેળા આવ્યો અવનીમાં; મમ બુદ્ધી થઇ રાશી. ॥૧૪॥ દુરવાસારૂષી તપ કરતાતા, તેનિ કને હું આવ્યો;રૂશીને બીવરાવવા માટે,મને દેવે વાઘ બનાવ્યો ॥ ૧૫ ॥ રૂશીજી તવ ઓળખી ગયા, ક્રોધે ભરાણા આપ; નેત્ર ઉઘાડી કળકળાને, મુજને દીધો શ્રાપ. ॥ ૧૬ ॥ કહ્યું જા વાઘને વાઘ રેહેજે, તવ હું નમી પડીયો;ઓ રૂશી શ્રાપ શીદ દીધો,શું વાઘરૂપે નડીયો. ॥ ૧૭ ॥ શ્રાપ માહારો અનુગ્રે કરો, ઓ માહારા મા બાપ; ભુલ્યો ચુકયો ને જખમારિ, ટાળો ગરિબનો શ્રાપ. ॥૧૮॥ એટલે આવી રૂશીને દયા; હાલતો આ દેહ મળશે;પણ વાયુ સુત ભીમને હાથે, વાઘ તણો દેહ ટળશે. ॥ ૧૯ ॥ એટલે ગાંધર્વ એમ બોલ્યો, મળે વાયુ સુત કયારે, રૂશી કહે હિમાળે જાશે, પાંન્ડવ મળશે ત્યારે. ॥૨૦॥ એવી વાણિ કહીતી રૂશીયે, માટે રહ્યો છું આંઇ; વટેમારગુ જળ પીએછે, આ સરોવરની માંઈ. ॥ ૨૧॥ હું જાણું કે ભીમ મળે તો, પામુ પુર્વનો દેહ; તેથી જેને ને તેને ગ્રહુછુ. કાર્ય કરૂં છું એહ, ॥ ૨૨ ॥ ઘણે દીવશે તમો પધાર્યા, ત્યારે આ દેહ આવી,અતી ઉપકાર માન્યો તમારો. અંતર ઉ-વટ લાવી. ॥૨૩॥ ઇશ્વર જય કરશે તમારિ, પામશો પ્રભુના ચરણ; પાતક ટળિ પુન્ય વધશે, થાશે હરિને સરણ. ॥ ૨૪ ॥ એમ કહિ અં-

તરક્યાન ગયો, સ્વર્ગ સુદન; ઇંદ્રને જઇને ચરણે લાગ્યો, ઈંદ્રનું હરખ્યું મન. ॥૨૪॥ આવ્ય ભાઈ ભલે તું આવ્યો: આ દેહ સાથી મળીયો; ગાન્ધરવ કહે હીમાળે જતાં.બેગો થયો ભીમ બળીયો.॥૨૫॥ એ અડવાથી આ દેહ પામ્યો.નહી તો હતો સુન્ય મુન્ય;તેની સાથે વનકુળ પહેરિ, જાય છે તમ અરજુન ॥૨૬॥ કે મહા દુર્ખ નથી સુખી, પામે છે ઘણી કષ્ટિ, માહારા દલમાં તેની દયા. દેખી ન શકાયુ દ્રષ્ટિ. ॥૨૭॥ એટલે બોલ્યો ઇંદ્રરાજા, આલોને સરવે દેવ, અરજુનને આંઈ લાવીએ તેડી; જરૂર આવશે એવ ॥૨૮॥ એવિ આપી આગ્ના કે, ઉઠયા તેત્રિશ કરોડ;પુસ્પ તણા વઇમાન બેશી આવ્યા જોડાજોડ.॥૨૯॥ ઉતરી આવ્યા અવની વીશે. જ્યાં હીમાલય પંથ.પાન્ડવને જાતા ત્યાં દીઠા,મારગ રોકયો અત્યંત. ॥ ૩૦ ॥ પાંન્ડવો કરજોડી ઉભા, ઉભો અરજુન ભુપ;એટલે નરને ઇંદ્રે પુછયું, કેમ થયું આ રૂપ. ॥૩૧॥ શા દુખમાં તું દુબી ગયો છું, ઓરે મારા બાળ: શરીરે નથી વસ્ત્ર વાઘા, શું આવ્યું આળ. ॥ ૩૨ ॥કોણે ઘરબાર છીનવી લીધું કોણે લીધું રાજપાટ; રાજ્યવંશીનો વેશ મુકીને કેમ કર્યો આ ઠાઠ ॥ ૩૩ ॥ અરજુનજી કહે પીતા મારા.કોઇએ કાંઇ નથી લીધું; કુડો કળીયુગ બેસવા થિ, જાણિ જોઈ ત્યાગ કીધું. ॥૩૪॥ અવની વીશે રાજ કળિનું, બેઠું જાણ્યું મમ તાત; એના રાજ્યમાં રેહેવું ન ઘટે. માટે મુકી સહુ વાત. ॥૩૫॥ એટલે બોલ્યો ઇંદ્ર રાજા; અવનિમાં કળિયુગ આવ્યો, તો તાહારે આવવું તું સ્વર્ગે, કોણે આ પંથ બતાવ્યો. ॥ ૩૬ ॥ વળણ ॥ આ પંથ કોણે બતાવિયો, ઓરે માહારા તન; વ્યાસ વદ્મલ વાણિ વદે, સુણજો શ્રોતાજન.

કડવું ૨૦ રાગ ધનાશ્રીની ચાલ.

જયમુનિ રૂશી એણિપેર બોલ્યા, સુણ જનમેજે રાય વીસ્તારી તુજને સંભળાવું, પર્મ પવીત્ર કથાય. ॥૧॥ ઇંદ્ર કહે આ પંથ તુંને. કોણે બતાવ્યો બાળ; આ કરવે શું સુખ માનો છો, ભુલ ખાધી ભુપાળ ॥૨॥ ઈશ્વર મુનશા દેહ સારૂ. કીધા છે સહુ વઇભોગ; તે તજીને કીયા પ્રાણિએ, માગી લીધા રોગ દોગ. ॥ ૩ ॥ સુખ સંપત કોણ તજી બેઠો, તજવે શું વઇકુંઠ પામ્યો; કીયો પ્રાણિ મોક્ષ મળિયો, લક્ષ ચોરાશી વામ્યો. ॥ ૪ ॥ એટલે અરજુન હાથ જોડીને, બોલ્યો નિરમળ બોલ; ઓરે પીતાજી ઉતર આપું, તેનો કરજો તોલ. ॥ ૫ ॥ પંચભુતોનિ આ કા-

યા છે. આપણિ નથી જરા, તેછે શા કારણ સુખ દેવું; આપણુ દેહથિ પરા. ॥ ૬ ઇંદ્ર કહે ઓ દીકરા માહારા, વપુ સાથે શું વેહેર; વેહેર વીના વપુને દુખ દેવું, એ ઝેરિલાનું ઝેર.॥૭॥ પંચભુતોના વહેરિ નથિને. ઝેર કરવું સામાટ; એ દેહ વડે જ્ઞાન ધ્યાન થાયે, મળે મોક્ષનિ વાટ ॥ ૮॥તેના પર કાળો કેર કરિને, દેવું દારૂણ દુઃખ; તે પાતક આપણને લાગે, ન મળે મોક્ષનું સુખ ॥ ૯ ॥ લેણું લેવાને દેણું દેવા, લેવા પડે અવતાર; વેહેરે વેહેર પડે લેવું દેવું, મોક્ષ ન મળે લગાર. ॥૧૦॥ એટલે અરજુન એમ બોલ્યો, દેહ તો જડ છે સાર,ત્યારે તેને શું સુખ દુખ દેવું, અનુભવ નહી લગાર. ॥૧૧॥ ઇંદ્ર કહે તે જડ જાણોછો, તો તેને શીદ દુખ દેવું, જડ પર આટલું ઝેર કરો તો,ચૈતન્ય ઉપર કેવું જડને સુખ દેવું સારૂ નથી તો,દુખ દેવાનું કેમ સારૂ;જડને અનુભવથા તો નથી તો,શીદ દુખ દેવું વારૂ ॥૧૩॥ એટલે :અરજુનજી ખમચાયો વીચારીને વદે વાણ; સુણો પીતાજી ઉત્તર આપુ. સમજી લેજો રામબાણ. ॥૧૪॥ તમારા પ્રશ્નનો ઉતર મારે, દેવાની નથી ગતી; અમે અમારે એવું સમજ્યા દેહમાં રેહેવું નથી. ॥૧૫॥ ઇંદ્ર કહે એક મમત ઝાલી,સમજ્યા વીના જાઓ ચાલ્યા;શાથી મોક્ષ મળે તે ન જાણ્યું, કોણે ખોટા વેહેમ ઘાલ્યા. ॥૧૬॥ ચાલો જઇએ સ્વર્ગ સુદનમાં, અરજુન બોલ્યો વાણ;તાતજી મુજને કહોતો, પરમેશ્વરની આણ. ॥૧૭॥ ઇંદ્રે જાણ્યું સંવાદ કર્યા વણ, કયાંથી આવે જ્ઞાન; ભગવત પદને પામવાના, નહી મોક્ષનો અભીમાન. ॥૧૮॥ એવું સમજી વૈમાન બેશી, સ્વર્ગ ગયા સહુ દેવ;હીમાલયને પંથે ચાલ્યા, પાંડવો અશ્વમેવ. ॥૧૯॥ હરી ગુણ ગાતા મારગ જાતા, હવે શું આગળ થાય;તે કથા સંભળાવું તુને, ઓ જનમેજે રાય. ॥૨૦॥ હીમાળાની લગભગ થયા. આવી સરીતા એક, પાન્ડવે ત્યાં સ્નાન કીધું, રાખી હરીજન નેક. ॥૨૧॥ પંચ દેવોનું સ્થાનક દીઠું,તેનું કરયું પુજન; પછી હીમાલય ચઢવા લાગ્યા પવીત્ર પુરણ મન ॥૨૨॥ હેમગીરી પંથ જાતાં જાતાં, લય સરોવર આવ્યું; સ્નાન કરવા તતપર થયા ભગવત પદમન ભાવ્યું.॥૨૩॥ કીનારા પર જાતાં જાતાં, નીકુળ લાગ્યા ગળવા; શીતળતા ચઢીને ધ્રુજ વાપી, શરીર લાગ્યું ડળવા ॥૨૪॥ જેવી રીતે સબરફ ગળે, તે રીતે ગળવા લાગ્યો; રામ રામ રામ રામ સહુ ભાઇ બોલે, જોતાં જોતાં દેહ ભાગ્યો ॥૨૫॥ અરજુન શેદેવને ધ્રપતી, થયાં શોકાતુર, ધર્મની બીકે આંસુ ન-

લાવે મહા દુખ થયું ઉર.॥૨૬॥ ધરમ પ્રત્યે પુછવા લાગ્યો, વાયુ નંદન
ભેમ, ઓ મોહોટા વિરા સુજ્ઞ સધીરા, પ્રથમ નીકુળ કેમ. ॥ ૨૭ ॥
મોહોટા રહ્યાને નાનો ગળીયો, તેનું કારણ શું છે; તે માહારા મનનો
સંદેહ ભાગો, કરજોડીને ભીમ પુછે. ॥ ૨૮ ॥ ધરમ કહે વિરા માહારા,
એ નાહાનો લાડકવાયો; જેને ને તેને કરતો ટુંકારા, થઇ ફરતો હરાયો.
॥ ૨૯ ॥ માતને તાતને તીછકાર કરતો, એ પાપ એને નડીયું; તે કારણ
થી આપણા પેહેલોં. શરીર એનું પડીયું. ॥૩૦॥ વરકોદર નીર શંશય
થયો; પણ મન થયું ઉદાશ; સરવે સરોવરમાં સ્નાન કીધું, સમર્યા શ્રી
અવિનાશ. ॥ ૩૧ ॥ દેહો તજવાના વીચાર વડે, ઝાઝે ન ધરીયોશોક
માયામાં વીશેશ લક્ષન રાખે, સમરે પુન્ય શ્લોક ॥૩૨॥ ધર્મને અતી આ
તુરતા છે. પ્રભુને ભેગા થાવા; હરખ ઉરમાંમાતો નથી, આગળ લાગ્યા
જાવા. ॥ ૩૩ ॥ જાતાં જાતાં શેદેવજીનો, દેહજ ગળવા લાગ્યો; બીજા બં
ધુ જોઇ રહ્યાં છે, પંચ ભુતી પીન્ડ ભાગ્યો. ॥ ૩૪ ॥ ભીમ કહે ઓ મો-
હોટા બંધુ, મને પડયો બહુ વેમ; શેદેવ આપણો ત્રીકાળ જ્ઞાની, વેહેલો
ગળીયો કેમ, ॥૩૫॥ એણે શો અપરાધ કરેલો, તે સમજાવો સાર, ધરમ
કહે સુણો વીરા, વાયુના કુંવાર, ॥ ૩૬ ॥ હસ્તીના પુરમાં દ્યુત રમ્યાતા,
દુરીયોધન સંગ જ્યારે; પુછયા છતાં રમવા કહ્યુંતું; જાણી જોઇને ત્યારે
॥ ૩૭ ॥ સમજ્યા છતાં અસત બોલ્યો, તેથી પેહેલો ગળીયો; ભીમ ક
હે છે વાવા વીરા. સઘળો સંદે ટળીયો.॥૩૮॥ પછી પાછુ સ્નાન કરીને
આગળ ચાલ્યા એહ; એવે સમે અરજુનજીની ગળવા લાગી દેહ.
॥ ૩૯ ॥ વળણ. ॥ દેહ ગળવા લાગી તહી; અરજુનજીની સાર; વ્યાસ
વલ્લભ વાણી વદે, હીમાલય વિસ્તાર. ॥

કડવું ૨૧ રાગ ચોપાઇનો.

બોલ્યા જયમુની મુખ વાણી, રાજા સાંભળ ઉલ્લટ આણી; ધનંજે
જેણે ધરીયું નામ, પોતે ગળવા લાગ્યો તે ઠામ. ॥૧॥ ધીરે ધીરે ગળી
ગયો દેહ, ભીમ પુછવા લાગ્યો તેહ; આતો અરજુન ગળીયો શાથી, મા
હા બળવંત રણનો હાથી ॥ ૨ ॥ ત્યારે બોલ્યા યુધિષ્ટર રાય, એની
મોહોટી ભુલ કહેવાય; બધા વિશ્વ તણા જે ધણી, ભુજ નરને નોહોતી
તે તણી, ॥ ૩ ॥ પ્રભુ પાસે રથ હંકાવ્યો, એના મનમાં વિચાર નાવ્યો,
નવ જાણ્યા વિશ્વના પતી, એણે બનાવ્યા સારથી, ॥ ૪ ॥ દિધું દાસ

ત્વનું કામ. તેથી વેહેલો ગળ્યો આ ઠામ, એમ સંદેહ નાંખ્યો ભાગી પછી સ્નાન તણી ચટ લાગી. ॥ ૫ ॥ સ્નાન કરી આગળ ડગ ભરીયું એવે શરીર ભીમનું ઠરીયું; જાણ્યું વ્રકોદરે મન એમ,હવે નહિ રહુ કુશળ ક્ષેમ. ॥૬॥ હવે શાથી હું ગળવા બેઠો, પ્રષ્ણ પુછવામાં જીવ પેઠો. ગળતાં ગળતાં બોલ્યો મુખ ભેમ, ભાઈ ગળવા લાગ્યો હું કેમ. ॥ ૭ ॥ ટાળો સંદેહ ઝટપટ વિર.જાવા બેઠું માહારૂ શરીર; તવબોલ્યા યુધીષ્ટર રાય તું તો ભોળો ભક્ત ગણાય. ॥૮॥ પણ કોઇ વેળા ચઢે તાન, ત્યારે ન રહેતું બોલ્યાનું ભાન; હોય શીવ વિષ્ણુ બ્રહ્માય, હોય યોગી મુની રૂશીરાય. ॥ ૯ ॥ તેનું અપમાન કરતો મુખ, કોપ ચઢે તો દેતો દુખ; પછી મનમાં તો દયા ખરી, પણ તે વેળા કરીદે પરી. ॥ ૧૦ ॥ માટે વેહેલો ગળેછે વિર,હવે સમરો શામ સરીર; એમ કેહેતામાં ભીમ બળીયો,જોતા જોતામાં ઓગળીયો. ॥ ૧૧ ॥ બોલી દ્રુપતી સતી વીચારી, હવે દેહ ગળવાની માહારી;શાથી ગળીશ પુછી જોઉં, માહારા મનનો સંદેહ ખોઉં, ॥ ૧૨ ॥ કહો સ્વામી હું ગળીશ કેમ, મારા મનનો ટાળો વેહેમ; બોલ્યા ધરમ સાંભળ નારિ,ઘણી પ્રીતી પારથમાં તારી. ॥૧૩॥ પાંચ પતીમાં વાહાલો એહ, શમ વીશમનો દોશ તેહ; માટે તે કારણ ને નારી, ટળ્યો સંદેહ દ્રુપતીનો ભારી. ॥ ૧૪ ॥ ત્યાંથી ખડડગ, આગળ જાય,ગળવા લાગી સતીની કાય;ગળી ગઇ સબરસની તોલે,ધરમ રાજા રામ રામ બોલે. ॥ ૧૫ ॥ પેઠા ધર્મ સરોવર માંય, ગળવા લાગી આગળી ત્યાંય; ટચલીનું ટેરવું ગળીયુ, બીજા શરીર રૂપમાં વળીયું. ॥૧૬॥ સારી સ્વચ્છ થઇ ગઇ દેહ, પોતે વાત વિચારી તેહ,ગળ્યું ટેરવું તે મે જાણ્યું. દ્રોણ સામુ જુઠાણું તાણ્યું. ॥ ૧૭ ॥ ગુરૂના સુત અશ્વસ્થામાં, મુઆ ત્યારે ગયાઅમે સામા;મને દ્રોણે પુછી વાત,કોણ મરણ પામ્યું સાક્ષાત. ॥૧૮॥ હુંતો જાણતો.હતો મનમાં,હાથી મુઓ તે માહારા તનમાં તોયે નરોવા કુંજેવા બોલ્યો, જાણ્યા છતાં ન પડદો ખોલ્યો. ॥ ૧૯ ॥ એટલું રાખ્યું પેટમાં પાપ, આવિ પડયો તો સૌનો સંતાપ, તેનું ફળ મળ્યું મને આજ, ગળ્યું ટોચડું સમજ્યા માહારાજ. ॥ ૨૦ ॥ એવીધારણ ધારી ધરમે, ગયું ટોચડું માહારે કરમે, પછીસરોવરમાં કર્યું સ્નાન ભાવે ભજ્યા શ્રી ભગવાન, ॥ ૨૧ ॥ પછી ગયા સામી તીર, ગભરાયા ગુણ ગંભીર, હવે પરવત પર ચઢવાનું, ત્યાંથી કયાં ઉતરી પડવાનું. ॥ ૨૨ ॥ એમ વિમાસે છે અપાર, કોઇ પંથે ન સુજે લગાર; પછી મનમાં ધાર્યું એમ.જઇશું જેમ જવાશે તેમ. ॥ ૨૩ ॥ એમ ધારીને પથે

પળીયા,સમરે સુંદીર સામળીયા;જાતાં જાતાં આવ્યા ત્રણ પંથ,તવ ગભરાયા અત્યંત.॥૨૪॥ માહરે કીયે મારગ જાવું,ભગવાનના ભેગા થાવું એક મારગ કૈલાશ જાય,બીજો બ્રહ્મપુરીમાં પળાય.॥૨૫॥ ત્રીજો મારગ વૈકુંઠ કેરો, જેને જમ નવ ઘાલે ઘેરો;ત્રણમાંથી કયે પંથ પળવું, મારે વિશ્વપતીને મળવું. ॥૨૬॥ એવે કૈલાશથી શીવ દુત, આવ્યા તેડવા સતી સુત; કહ્યું ધર્મને જોડી હાથ,ચાલો તેડાવે ભોળાનાથ. ॥૨૭॥ બોલ્યા યુધીષ્ઠર વાત સુણી,શીવ છે સદા તમોગુણી;માટ હું નહી આવુત્યાય,માહારે જાવુંછે વૈકુંઠ માંય. ॥૨૮॥ કહી શીવ દુત પાછા વાળ્યા, તવ બ્રહ્મા તણા દુત ભાળ્યા,કહ્યું બ્રહ્માના દુતે આવિ,ચાલો બ્રહ્મા લે છે તેડાવી. ॥૨૯॥ તેવે બોલ્યા ધર્મ ભુપાળ, એતો રજોગુણી સદાકાળ, માટે બ્રહ્મપુરી નહી આવું, માહારે વૈકુંઠ વિશે જાવું. ॥ ૩૦ ॥ એમ કહી પાછા વાળ્યા જ્યારે, આવ્યા વીષ્ણુ તણા દુત ત્યારે, જોડયા ધર્મ રાજાને હાથ, ચાલો તેડે છે વૈકુંઠનાથ, ॥ ૩૧ ॥ એવે યમપુરીથી રાય ધર્મ, આવ્યા તેડવા આનંદ પમે;ચાલો યુધીષ્ટર મમ બાળ, પેહેલા તાતની લ્યો. સંભાળ. ॥૩૨॥ પછી વઇકુંઠ જાશું લેઇ, કાઢો આ દુતને શીખ દેઇ; બોલ્યા યુધીષ્ટર જોડી હાથ, પેહેલા નીરખું વૈકુંઠ નાથ. ॥ ૩૩ ॥ તે પછી બીજી બધી વાત, ત્યાં હું જરૂર આવિશ તાત; એવું કહીને પાછા વાળ્યા, વિષ્ણુ દુતને પ્રેમે ભાળ્યા. ॥ ૩૪ ॥ પછી બીરાજ્યા વ-ઈમાન, ગયા વઇકુંઠ જ્યાં ભગવાન;માહા સોભીતું સુંદીર ધામ, તેમાં બીરાજેલા ઘનશામ. ॥ ૩૫ ॥ મુકયું ચરણમાં જઈ શીશ,તવ ઉભા થયા જગદીશ; આવો આવોરે રાજા ધર્મ,તમો ભક્ત અમારા પર્મ.॥૩૬॥ કહી આલીંગન દીધુ સ્વામી, પ્રભુ રીજ્યા ગરૂડા ગામી;તવ વઇકુંઠવાશી સર્વ, બધા ભક્તના ઉતર્યો ગરવ. ॥ ૩૭ ॥ આપણાથી શ્રેષ્ટ આભગત, જીતી આવ્યા માયાવી જગત; પછી બોલ્યા અંતરયામી, રહ્યા ચત્રુભુજ રૂપ પામી. ॥ ૩૮ ॥ તવ કહી યુધિષ્ટરે વાત, કયાં છે ધ્રુપતીને મમ ભ્રાત; તવ રીજેલા શામ શરીર, બોલાવી ધ્રુપતી ચાર વીર ॥ ૩૯ ॥ વળણ. ॥ ચાર બંધુને પ્રેમદા, તેડયા ધરમની પાસ, ચતરૂભુજ રૂપ તેહ છે, વદતા વલ્લભ વ્યાસ.

કડવું ૨૨ રાગ ધન્યાસરીની ચાલ.

જયમુની રૂશી એણીપેર બોલ્યા,સુણ જનમેજે રાય;વિસ્તારી તુજને

સંભળાવું, મોક્ષ મારગ કથાય.॥૧॥ ચાર બંધુને પ્રેમદા દીઠી, ખુશી થયા રાય ધર્મ;ઓરે પ્રભુ આપને સરણે, સહુ જીવને સુખ પર્મ. ॥ ૨ ॥ મમ તાત સાથે બંધાયોછું,ધર્મ પુરીમાં જાવું;પ્રભુ કહે ભક્તને વશ હુ છું. ચાલો તમ સંગ આવું. ॥૩॥ એમ કહીને તતપર થયાં, પાંચ બંધુ એક નાર; છએ સેવકોની સાથે, નીકળ્યા યુગદાધાર ॥૪॥ ધર્મ પુરીમાં પ્રેમે પધાર્યા,ધરમે દીધાં આસન,મમ સુત તુજ સંગ પ્રભુજી આવ્યા, મુને કર્યો પાવન. ॥૫॥ ધન્ય તારી કરણી પાર ઉતરણી.વરણવી નજાવે વાતો, યુધીષ્ટર કહે પીતાજી માહારા, કયાં કઉરવ મમ ભ્રાતો. ॥૬॥ ધર્મ કહે તું આશું બોલે,કઉરવભ્રાતો કેના, કોટાણુ કોટી દુખ દીધેલું. એતે સબંધી શેના. ॥૭॥ હણવાના કીધા હુમલા, તમને એણે બહુવાર; દીધ સીધને રાજ પાટ લીધું, લેવી ધારી સતી નાર. ॥૮॥ તમ દેહપર દારૂણ દુખ દીધું,તેની સાથે શી સગાઈ;રત્ન સરીખા પુત્રો માર્યા, મરતા કરી ઠગાઈ, ॥૯॥ એવા અસુરીનું મુખ ન જોવું,ઓરે યુધીષ્ટર રાય; ધર્મ તણાં એવાં વેણ સુણી, બોલ્યા પડીને પાય. ॥ ૧૦ ॥ યુધીષ્ટર કહે સમજ્યો હું તો,તમે કહી ખરી વાત;ગમેતો ગમે તેવા પણ. એતો માહારા ભ્રાત. ॥૧૧॥ સારા નરતો પણ મમ બંધુ,દેખાડો એમનાં મુખ; એ વાતનું માહારા મન વીશે, રમી રહ્યું છે દુખ. ॥૧૨॥ સુખજ દે તે સાચો શત્રુ,દુખદેતે મમવીર;સુખમાં સાંભરે સુંદરી શોની,દુખમાંશામ શરીર. ॥ ૧૩ ॥ પ્રભુ સંભારે તવ જગ તરીયે, નારીથી લક્ષ ચોરાશી દુખ તણા દેહ પડે ભોગવવા,માયાની માઠી ફાંસી. ॥૧૪॥ માટે એ ભ્રાતોએ વનકહાડયાતો, વાહાલા લાગ્યા વિનમાળી;જ્ઞાની બ્રહ્મરૂપ ભેગા થયા તો, લક્ષ ચોરાશી ટાળી. ॥ ૧૫ ॥ માટે એ બંધુઓ તોલે, નાવે બીજું કોઇ; આપણા સુખ દાતા છે તે,, સઘળાં લીધાં જોઇ. ॥૧૬॥દુખે દાઝીને સુખ આપે,તે સુખમાં સહુ ફુલે, પંચ વિશયના ભોગવે ભોગો, ભગવત ભજન ભુલે. ॥૧૭॥ વૈભોગમાં ભગવત ભુલાવે, સગાંને વાહાલાં સર્વે જ્યારે સગાં સુખ આપે ત્યારે, પેસે ઘરમાં ગરવ. ॥ ૧૮ ॥ આ માહારાં સગાં આ માહારા ઘરના,જીવને ચઢે અભીમાન;એ અભીમાને મરે માયામાં,સાભરે નહી ભગવાન. ॥૧૯॥ તેથી તે જીવ મોક્ષ ન પામે ભોગવે લક્ષ ચોરાશી; જો દુખ દેનારા હોય સગાં તો, સાંભરે શ્રી અવિનાશી. ॥૨૦॥ તેથી પાપ નીવારણ થાયે,જાયે ચોરાશીનો ફેરો; છેવટ પામે પ્રભુના પદને, ન ઘાલે યમ દુત ઘેરો; ॥૨૧॥ આવા ગમનનું જે સુખ દુખ તે, સગાં બંધાવે છોડાવે; કઉરવ બંધુ મુને દુખ દેઈ,પ્રભુ

માં જીવ જોડાવે. ॥ ૨૨ ॥ હું એમનો ઉપકાર માનું છું, ઝટપટ ભેગા કરો; તવ પ્રભુ કહે એમના બંધુ, દેખાડી દુખ પરહરો. ॥ ૨૩ ॥ તવ યુધીષ્ટરને તેડીને ચાલ્યા ધરમરાય;નર્ક તણા કુન્ડો છે જે સ્થળે; પાપી જીવ બહુ ત્યાંય. ॥ ૨૪ ॥ છે એક કુન્ડમાં કઉરવ લોકો, જોડે એવા દુરાચારી;તે કુન્ડ પાસે તેડી લાવ્યા, યમપુરીના ભોગદારી. ॥ ૨૫ ॥ યમરાજા કહે આ કુન્ડ વિશે, કઉરવ કેરો સાથ;શેન્યા કારભારીનેમીત્રો, શકુનીને સો ભ્રાત. ॥ ૨૬ ॥ ધરમ ધશીને ગયા જોવા, મનસુબા મનમાં કરતા;કીનારાપર જઈ જોવા લાગ્યા, બહુ દુખી જીવ ફરતા ॥ ૨૭ ॥ અનંત તરેની પીડાયો પામે, મળ મુત્રોમાં રહીને; કર્યાં કર્મનાં ફળ ભોગવે છે,કયાં દુખ રડે જઈને. ॥ ૨૮ ॥ તે કુન્ડમાં એક તરે તરખલું,વળગ્યા તેને જીવ ઘણા; તેના ભેગો દુરીયોધન છે, નહી તેને કષ્ટીમાં મણા. ॥ ૨૯ ॥ યમરાજા કહે ઓ યુધીષ્ટર, પેલું તરખલુ તરે; તેને બહુ જીવ બાઝ્યા તેમાં,જુઓ એક જીવ ફરે. ॥ ૩૦ ॥ તેજ તમારો મોહોટો બંધુ,હસ્તીનાપુરનો રાય;તવ તે જીવે સાંભળ્યું કાને, દીઠા ધરમને ત્યાંય. ॥ ૩૧ ॥ તેથી તે સરમાઈ ગયોને, કુન્ડમાં ડુબકી મારી; તવ યમરાયે ઉપર બોલાવ્યો, તે આવ્યો દેહ ધારી. ॥ ૩૨ ॥ દેહ ધરી દુરીયોધન ઉભો, બોલ્યા યુધીષ્ટર રાય; આવ અલ્યા ભાઈ બાહાર કાહાડું, નર્ક નીવારણ થાય. ॥૩૩॥ શું કરવા કષ્ટી ભોગવે છે, કયાં લગી દુખ બેઠાશે;આવ્ય હું ઝાલુ હાથ તારો, તવ તુજ પાતક જાશે. ॥૩૪॥ તેં મુજને ઘણા અવગુણ કીધા, પણ મુજ મનને નથી, ભુંડુ તુ કરે ને હુ ભલુ તાકુ, જેમ મતી તેમ ગતી. ॥ ૩૫ ॥ એટલે દુરીયોધન એમ બોલ્યો, ઓરે ધરમરાય, તમારે હાથે બહાર ન આવું, કોટી યુગ વહી જાય. ॥ ૩૬ ॥ નાના વીધના નરક વેઠું, કોટીક દુખી થાઉં; પણ શતરૂનો હાથ ઝાલી,કુન્ડની બાહાર ન આવું. ॥૩૭॥ ધરમ કહે કહ્યું માની, નીકળ વીરા બાહાર; દુરીયોધન કહે જા તુજ સાથે બોલીશ નહિ લગાર. ॥ ૩૮ ॥ આઘેથી સાંભળ્યું પ્રભુએ, હસવા લાગ્યા છેક; કોટાણુ કોટી દુખી થયો પણ, મુકતો નથી ટેક. ॥ ૩૯ ॥ સાબાશ છે ખરો ટેક એનો, હુ જઈ નર્ક નીવારૂ;એની સાથે સહુ જીવ તરશે, એ વળશે અંધારૂ. ॥ ૪૦ ॥ પણ એનો ટેક જોઇને હુંતો, ખુશી થયો અપાર; ભલે સરવે વઈકુન્ઠ આવે, જાણ્યું જુગદાધાર. ॥ ૪૧ ॥ ચાતુરભુજ ભગવાન પોતે,આવ્યા કુન્ડ કીનારે; ખડ ખડ ખડ ખડ હસવા લાગ્યા, ધરમ બોલ્યા ત્યારે. ॥ ૪૨ ॥ ઓ માહારાજા આપ શું હ-

શીયા, તવ સામળીચો બોલે; આખા વીશ્વમાં ટેક ન જોયો, દુરીયોધનની તોલે. ॥ ૪૩ ॥ એના ટેકથી હું રીજ્યો છુ કોહોતો નરક નીવારૂં; યુધીષ્ટર કહે ભલે માહારાજા, હરખે હૈયું માહારૂં. ॥ ૪૪ ॥ કુન્ડ ઉપર શ્રી કૃષ્ણ આવ્યા, બોલ્યા હસ્તે વદન; શાબાશરે ભાઈ ટેક તારો. ગાન્ધારીના તન. ॥ ૪૫ ॥ વળણ. ॥ ધન્ય છે તારા ટેકને, ગાન્ધારીના તન; વ્યાસ વલ્લભ વાણી વદે, રીજ્યા જુગજીવન.

કડવું ૨૩ રાગ ધન્યાસરી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ પરીક્ષત રાય; વીસ્તારી તુજને સંભળાવું, પાપીની પાવન કથાય. ॥ ૧ ॥ અંતરયામી ગરૂડાગામી, રીજ્યા અપરંમપાર; દુરીયોધનની પ્રત્યે બોલ્યા, પોતે યુગદાધાર. ॥ ૨ ॥ ધન્ય ટેક તારો જીવ અમારો, હરખ પામ્યો આ દીશે; ટેકમાં ટેક મેં જોયો તારો, આખા વીશ્વને વીશે ॥ ૩ ॥ ટેક જોઇ ત્રસમાન થયો છું,હવે ન બોલીશ આડું;જો મન માનતુ હોય તારૂં તો,હું મારે હાથે કાહાડુ. ॥ ૪ ॥ દુરીયોધન કહે હા માહારાજા, તમથી હું આવું બાહાર; પણ માહારો હાથ ઝાલીને કાહાડો, ઓરે દેવ મોરાર. ॥ ૫ ॥ તવ પ્રભુ લાંબો કર કીધો, હરખ્યો કઉરવ નાથ; પોતે ખુશી થઇને બાજ્યો, ગ્રહ્યો પ્રભુનો હાથ. ॥૬॥ હાથ ઝાલીને દુરીયોધન બોલ્યો, કુન્ડના જીવોને કાજ;નરક નીવારણ થાય સહુનું;મુજ પગ પકડો આજ ॥ ૭ ॥ એટલે નરકના સહુ જીવો, વળગ્યા દુષ્ટને ચરણ; પ્રભુ પ્રતાપે બાહાર આવ્યા, થયા હરીને સરણ. ॥ ૮ ॥ પાપ તણાં રણ ચઢેલાં તે, રણછોડે રણ છોડયાં,પ્રભુ સ્પર્શથી અનેક જન્મનાં, બંધન હરીએ તોડયાં. ॥ ૯ ॥ પછી પોતાથી અળગા રાખી, કીધી ટેકની ભુજ; નરકી જીવોનું નરક નીવારી,બનાવ્યા ચતરૂભુજ. ॥ ૧૦ ॥ સાલોકય મુકતી આપી એઓને,પુરણ કૃપા કામ કીધું;તે પછી રાજા યુધષ્ટરને, હરીએ આલીંઘન દીધું. ॥૧૧॥ તવ ચતરૂભુજ સ્વરૂપ પામ્યા; પોતે યુધીષ્ટર રાય;સમીપ મુકતી એમને આપી, સદા રહે શેવા માંય. ॥ ૧૨ ॥ એવું સરવને સુખ કરીને,ચાલ્યા વૈકુન્ઠ લેઈ, આનંદ ઓચ્છવ થાય અતીશે સર્વે પ્રભુના સનેહી. ॥ ૧૩ ॥ જેને ને તેને વિઠલ વાહાલા, વરતે જય

જય કાર; કમળા પતીને વઇકુન્ઠ વાશી, નીરખે વારંવાર. ॥ ૧૪ ॥ વઇકુન્ઠના જીવ વઇભોગ લે છે, દરસણુનો અપાર; અવર વઇભોગ કોઇ ન ચાહે, દેખે દુસ્તર સંસાર. ॥ ૧૫ ॥ ત્રીતાપ નહી કોઇના તન વીશે, નહી કામ કરોધ કે લોભ; આનંદ આનંદ અતીશે આનંદ, કોઇને નહી કાંઇ ક્ષોભ. ॥૧૬॥ ક્ષુધા પીપાશા નીંદ્રા ન પીડે,ભય મૈથુન કોણુ માત્ર;પ્રભુ ચરણુનો પ્રતાપ એવો;સુજ્ઞ જ્ઞાનીને સપાત્ર.॥૧૭॥ સમા સમાના ભોગ થાયે, ગાયે વઇષ્ણવ ગીત;અવરવસ્તુ પ્રીય નલાગે હરીના ચરણુમાં ચીત. ॥ ૧૮ ॥ અબીલ ગુલાલ ચંદન પુસ્પો, ઉછળે છે હરનીશ;કીરતન ઓચ્છવ ચાલ્યા કરે છે,રીઝવે સૌ જગદીસ.॥૧૯॥ સ્વરગનુસુખ તુજસરખું,વઇકુંઠ વઇભોગ સામે;અવરઆનંદકાંઇનગમે પુર્ણ પદારથ પામે. ॥ ૨૦ ॥ નિરખવાથી પાપ નાશ પામે, પાય પડે પુન્ય થાય,સમરણુથી સરવે બે ભાગે, આવાગમન વહી જાય. ॥ ૨૧ ॥ એવો અમુલ્ય અવસર સહુને,વઇકુન્ઠ વિશે સદા;પાપ ન સાંભરેસપના વીશે,કુબુદ્ધી ન થાય કદા, ॥૨૨॥ વઇકુન્ઠ સુખ સદા કાળ એવું ભકત જનો તે જાણે;નાસ્તીક જન અજ્ઞાને ભરેલો,ઉરમાં સત્ય ન આણે॥૨૩॥ સ્વર્ગારોહીણીની કહી કથા,સુણુજનમેજેરાય; સાંભળીને જે શ્રદ્ધા રાખે તે જનને ફળ થાય. ॥૨૪॥ દુર્યોધનનું નરક નીવારયું, નારાયણે કરી દયા, તે સાથે અજ્ઞાની જીવો, તે પણ વઇકુન્ઠ ગયા. ॥ ૨૫ ॥ એ રીતે અધરમી જીવો, સધરમી થઇ જાય;કથા સુણીને સમરણુ કરે, તો ફળ પુરણુ થાય. ॥ ૨૬ ॥ હરી સમરણુ શ્રેષ્ટ સરવથી, સમરે તે સુખ પામે; સાચા દલથી શ્રદ્ધા રાખે લક્ષ ચોરાશી વામે. ॥ ૨૭ ॥ એટલું નીરભય વઇકુંઠ વીશે,પણુ રેહેવાનું પ્રોક્ષ; પણુ જ્ઞાન વીના અપ્રોક્ષ ન થાય, તે નવ પામ્યો મોક્ષ.॥ ૨૮ ॥ મોક્ષ વીના અખંડાનંદ નહિ, સમજજો શ્રોતાય; તે વારતા ઘણી છે ઝીણી, વીરલાથી સમજાય. ॥૨૯॥ વલણુ ॥ સમજે કોઈક વીરલા, તે પામે પદ મોક્ષ; કહે વલ્લભ શ્રોતા સુણો, જાણો પ્રભુ પરોક્ષ.

કડવું ૨૪ રાગ ચોપાઇ.

બોલ્યા જયમુની મુખ એમ, રાજા સાંભળ રાખી પ્રેમ; મોક્ષ મારગની કથાય, સુણુતાં સહુ પાતક જાય. ॥ ૧ ॥ મુમુક્ષુ જન પામે જ્ઞાન,

તવ પરોક્ષમાં રહે ધ્યાન; લક્ષ લાગે પરોક્ષની સંગ, તવ તેનો ફરે અં-
ગ રંગ. ॥ ૨ ॥ હરે ફરે પણુ નહી બીજો. ચાહ્ય કોઈ રીજે કે ખીજો;
દ્રઢ લાગેલો જેનો લક્ષ. તેનો ન થાય બીજો પક્ષ. ॥ ૩ ॥ આવે અનંત
જાતના બોધી, પણ પોતે ન થાય વીરોધી; સમજે જેનું જે જે કરેલું,
તેમાં તે તે જ્ઞાન ઠરેલું. ॥ ૪ ॥ જ્ઞાની જન હોય બહુ વિવેકી,
કોઇ પંથને ન નાંખે છેકી; છે વિવેકી દસમો નીધી, એતો વાણી જ્ઞા-
નીયે કીધિ. ॥ ૫ ॥ હોય વિવેક વણુ વિદ્વાનો, અંધ જેષ્ટીકાથી મ-
સ્તાનો; દેખતાને નહી જેષ્ટીકાય, ચોખી, દ્રષ્ટીએ ચાલ્યો જાય. ॥૬॥
તેમ વિદ્વાનને જેષ્ટીકાય, કર ગ્રહીને પંથ પળાય, તેની પુંઠળ વળગે-
લા જન. નહી જેષ્ટીકા નહી લોચન. ॥ ૭ ॥ તેતો દોરે તેમ દોરાય,
તેથી દેખતો તે નવ્ય થાય; અનુભવ નવ પામે કાંઇ, રહે સદાએ જં-
જાળ માંહી. ॥૮॥ વિદ્વાનને જ્ઞાની બે જુદા. તેતો સમજાવું સમુદા; તવ
ટળી જસે સંદેહ. સહુને સમજવું ઘટે એહ. ॥ ૯ ॥ વિદ્વાનો લખ્યું
વાંચી જાણે, ખુશીમાં આવે તે અર્થ આણે, વળી વિભકતીયો વળગાડે
વળી વ્યાકરણથી દોશ કાહાડે. ॥૧૦॥ શ્રોતા અજ્ઞાની અંધ જેવા. કેહેશે
આતો બોલે છે કેવા, પણ મુદો ન સમજે કાંઇ, તેથા લપટાય છે જ્યાં
ઇ ત્યાંઇ. ॥ ૧૧ ॥ મોક્ષના ઇચ્છનારા જેહ વિદ્વતાને ન જુએ તેહ; મુળ
વસ્તુનુ સાધન કરવું; બાકી બીજુ ન કરણે ધરવું ॥ ૧૨ ॥ મુળ વસ્તુ
પરમેશ્વર જાણો. મુમુક્ષુ તેનું તારણ આણો; તેતો સમજાવી રાખશે
જ્ઞાની, ભમાવી મારશે વિદ્વાની. ॥ ૧૩ ॥ ધરે મોક્ષ ઇચ્છા જે જન, તે-
ને સોધવાં નહી વચન; નહી વીદ્વાનનું છેદણુ કરવું, સત્ય સમજીને ધ્યા-
ન ધરવું. ॥ ૧૪ ॥ મુળ ધર્મ મારગ છે જેહ, કર્યા વિપ્રીત વિદ્વાને તેહ;
એક શબ્દના અનેક અર્થ. કરી સત્ય મારગ કર્યો વ્યર્થ. ॥ ૧૫ ॥ ઘા-
લ્યું ધરમમાં ઘરબોળ, ચઢાવી દુનીયાં ચગડોળ; કર્યું સરવ જીવોનું અ-
હીત, તેતો નરકના વાશી ખચીત ॥૧૬॥ કરે શાસ્ત્રાર્થે લડાઈ. અજ્ઞાની
જન જાણે વડાઇ; મુમુક્ષુને તે કામમાં નાવે, જ્ઞાની જન જ્ઞાન વાત બ-
તાવે. ॥ ૧૭ ॥ વેદ ભણે તે જાણો વેદાન્તી, તેને જ્ઞાન વીના નહી શાન્તી
ભણે શાસ્ત્રી તે શાસ્ત્રી ગણાયે, ભણે પુરાણો પુરાણી થાયે. ॥૧૮॥ જ્ઞાનીને
નહી ગ્રંથોનું કામ, જ્ઞાન મતીયે જ્ઞાન તમામ; કોઇ જ્ઞાન કથે મુખજ્ઞાની,
તવ દ્વેશ ધરે વીદ્વાની. ॥૧૯॥ જ્ઞાની પાશે માગે પરમાણુ, એવા જ્ઞાની થકી
અંજાણ; જુઓ જ્ઞાનીનું બતાવુ રૂપ, તેતો વારતા અતી અનુપ. ॥૨૦॥
જ્ઞાની જન વદે વચન જેહ, હોય વિવેકમાં ઘણું તેહ; વળી આત્માને યથાર્થ

ભાસે, બાધ દીસે નહી ચોપાસે ॥ ૨૧ ॥ માગે અંધાર તે વીદ્વાન, તેને કદી ન જાણવું જ્ઞાન, જ્ઞાન જ્ઞાનીના ઘટ માંય બહુ સત વિવેકને ન્યાય. ॥ ૨૨ ॥ વીદ્વાનોને વીદ્યા અભીમાન, તેથી તેને ન જાણવું જ્ઞાન; થયા આગળ જ્ઞાની જેહ, નોહોતા આધાર લેતા તેહ. ॥૨૩॥ વળણ. ॥ આધાર તે લેતા નતા, જ્ઞાનીની તે ગમ; કહે વલ્લભ વીદ્વાનને, જષ્ટીકાથી શ્રમ. ॥

કડવું ૨૫ રાગ સાખી.

જયમુની રૂશી એણીપેર બોલ્યા, સુણ જનમેજે રાય; વીસ્તારી તુજને સંભળાવું, જ્ઞાની તણો મહીમાય. ॥ ૧ ॥ જ્ઞાની જન વાલ્મીક રૂશી,જ્ઞાની વેદવ્યાસ; જ્ઞાની જન પાતાંજલી રૂશી, તેનો કરવો કયાસ. ॥ ૨ ॥ જ્ઞાનીનો શ્રી કૃષ્ણ પ્રભુ. જ્ઞાની મનુ ભગવાન; તે સરવે વેદ શાસ્ત્ર બાંધ્યાં. કર્યાં લીખ્યું પરમાણ. ॥ ૩ ॥ વ્યાસજીએ કીયાં પુરાણ જોઇ, પુરાણ ગ્રંથ બનાવ્યા; વાલ્મીકે કેઇ રામાયણ જોઇ, રામજીને ગવરાવ્યા. ॥ ૪ ॥ પાતાંજલી કીયું શાસ્ત્ર જોઇ, શાસ્ત્ર રચના કીધી; મનુ ભગવાને કેઇ સમર્તિ, જોઇને સમર્તિ લીખી. ॥ ૫ ॥ ઉપનીશદના કરવા વાળાએ,પ્રથમ કીયું જોયું; કીયાં પ્રમાણ કરતાએ આપ્યાં, કીયે ગ્રંથે મન પ્રોયું. ॥૬॥ જ્ઞાનીના જ્ઞાનમાં ન હોય પ્રમાણ, જ્ઞાની જે ભાંખે તે સત્ય; જ્ઞાની જન જે વદે તે વેદ, બાકીનાં સહુ ગત્ય. ॥ ૭ ॥ જ્ઞાની જન છે ચાર ચક્ષુને, વીદ્વાન ત્રીલોચન દ્વીલોચન છેસરવને, તે ન જોઇ વીચારો સહુ જન. ॥૮॥ જ્ઞાની તુલ્ય નથી કો પ્રાણી, જ્ઞાની ઇશ્વરી અંશ ચાર ચક્ષુવાળાના સામો, ત્રીલોચની કરે દ્વંશ. ॥ ૯ ॥ વિવેક વાળો ને ન્યાય વાળો, જ્ઞાની હોયે કોઇ જન; વળી પુરણ અનુભવી હોયે, તેને અનંત લોચન. ॥ ૧૦ ॥ શાસ્ત્રાર્થના વિવાદ માંડે, તે વિદ્વાનોનું કાજ; મોક્ષ મારગ તેનો નવ જાણે, મીથ્યા કરે અવાજ. ॥ ૧૧ ॥ પરમેશ્વરનું જ્ઞાન જેને, તેને કહેવો જ્ઞાની; વીદ્યા કેરૂં જ્ઞાન જેને,તેને કહેવો વીદ્વાની ॥ ૧૨ ॥ કર્મ કાન્ડનું જ્ઞાન જેને, તે જન કરમ કાન્ડી, પ્રેત ભુત પીશાચના સાધક, તેતો સદા કુભાન્ડી. ॥ ૧૩ ॥ પ્રભુને ચરણે સદા શરણે રહ્યા સતીના સુત,વહ્નિકુન્ડ વીશે સપને ન આવે,યમપુરીના દુત.॥૧૪॥ શ્રોતા વકતા સાભળ્યું કહ્યું, પુરણ હવા મન કોડ; શ્રદ્ધા રાખીને સહી

બોલો, જય જય શ્રી રણછોડ. ॥ ૧૫ ॥ વળણ. જય જય રણછોડરાયની. બોલો સહુ હરીજન; વ્યાસ વલ્લભ વાણી વદે જય જય જુગજીવન. ॥

સ્વર્ગારોહીણી પર્વ સમાપ્ત.

માહાભારતની કથા અઢારે-
પર્વ. સહીત સમાપ્ત.

બુકસેલર લલ્લુભાઇ અમુલખ.
ઠે. માણેકચોક,
અમદાવાદ.